Ordinary Gazette Part - I / 2001

Issue No.	Date	Department
Issue No.1	04-01-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.2	11-01-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.3	18-01-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.4	25-01-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.5	01-02-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.6	08-02-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.7	15-02-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.8	22-02-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.9	01-03-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.10	08-03-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.11	15-03-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.12	22-03-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.13	29-03-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.14	05-04-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.15	12-04-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.16	19-04-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.17	26-04-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.18	03-05-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.19	10-05-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.20	17-05-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.21	24-05-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.22	31-05-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.23	07-06-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.24	14-06-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.25	21-06-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.26	28-06-2001	This Gazette may contain multiple departments/offices

Ordinary Gazette Part - I / 2001

Issue No.	Date	Department
Issue No.27	05-07-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.28	12-07-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.29	19-07-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.30	26-07-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.31	02-08-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.32	09-08-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.33	16-08-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.34	23-08-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.35	30-08-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.36	06-09-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.37	13-09-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.38	20-09-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.39	27-09-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.40	04-10-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.41	11-10-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.42	18-10-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.43	25-10-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.44	01-11-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.45	08-11-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.46	15-11-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.47	22-11-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.48	29-11-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.49	06-12-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.50	13-12-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.51	20-12-2001	This Gazette may contain multiple departments/offices
Issue No.52	27-12-2001	This Gazette may contain multiple departments/offices

REGISTERED No. G—BA-14-I

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, JANUARY 4, 2001 / PAUSA 14, 1922 [No. 1

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1 — 267	Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	1-24
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-I) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	1	Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I,I V-A, IV-E and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	1-392

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળનું.

નંબર ઉ/ગપક/એસ. બી./વશી / જાહેરનામું/૭૩ / ૨૦૦૦.— સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું કે. એન. શર્મા, આઈ.પી.એસ. પોલીસ કમિશનર સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંથી પેટા કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૭મી ડિસેમ્બર ૨૦૦૦ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૦૦ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠાં કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી ચાળા પાડવાથી નકલ કરવાથી અથવા નિશાનીઓ જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી ભાષણ આપવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરેટના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ 'ક' નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકાર નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અગર લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી ડિસેમ્બર ૨૦૦૦ નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી-એમએજી/જા.નં. ૬૩૬૧/૨જી. નં. ૧૦/૨૦૦૦.—ગત તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ ચીખલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ કોમી વિગ્રહને ધ્યાને લઈ તથા તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૧મી ડીસેમ્બર ૨૦૦૦ સુધીના સમય દરમ્યાન કોમી રમખાણો થવાની અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં. જેથી નવસારી જિલ્લામાં ઉપરોકત દિવસો દરમ્યાન ૨૪-૦૦ કલાક સુધી ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવા પર તથા સભા ભરવા પર હું આર. આર. ચૌહાણ, જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું

ઉપરોકત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, સ્મશાનયાત્રા, એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મુસાફરો, મંદિર મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ અધિકારીશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિઓ.

(૩) આ અર્થે કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.

આજરોજ તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭ (૧) મુજબ.

ક્રમાંક ડી.બી.પી.ઓ. ૧૨/૨૦૦૦ / વશી / ૬૪૯૦ / ૬૫૪૪.—માહે ડીસેમ્બર, ૨૦૦૦ ના માસમાં કિસાન સંઘ દ્વારા તાજેતરમાં વિજાદરમાં થયેલ ભાવ વધારા સંધાણે ચાલતા આંદોલન, મુસ્લીમોના પવિત્ર રમજાન માસ ઈદનો તહેવાર તથા નાતાલનો પર્વ નિમિત્તે તહેવારો આવતા હોઈ લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાની મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી, અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ કંઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવુ નહીં;

(ગ) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી અકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

INDEX

(છ) અહંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂએ અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ.

વાસ્તે હું એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઈ કરૂ છું. આ હુકમ તારીખ ૫ મી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૨૦૦૦ થી સુધી બંન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૫ મી માહે ડીસેમ્બર, સને ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/ જાહેરનામું/મં/૩૭(૧)/વશી ૭૧૪૯/૨૦૦૦. – ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા સચિવાલય રાજ્યભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો ખાતાના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆતો કરવા આવતાં હોય કાયદોન્વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૦ કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૮ મી ડિસેમ્બર, ૨૦૦૦ કલાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્ય નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા નકલ કરવાની તથા ચીત્રો નીશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :– ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) **જ-૩ થી ધ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.**
(૨) ધ-૩ થી ધ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર
(૩) ધ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ કુવાર, સે. ૨૧, ૨૨ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર.
(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ. સે.૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.
(૫) છ-૫ થી છ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)
(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનાં દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)
(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજ્ભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર. રાજ્ભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજ્ભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધી કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.
(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીનગર જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.
(૪) ફાયર બ્રિગેડ, એબ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.
(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

INDEX

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ, તારીખ ૪થી ડીસેમ્બર ૨૦૦૦ ના રોજ મારા સહી-સીક્કા કરી આપ્યા.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ ૩૭ની પેટા કલમ ૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)વશી/૩૧૪૯ / ૨૦૦૦.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ્થાનો ખાતાઓના વડાઓની કચેરીઓ એમ.એલ.એ. ક્વાર્ટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુ આતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તાર માં (જેમનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ મુંબઈ ૨૨મા) ની કલમ ૩૭ ની પેટા કલમ-(૩) થી મારી સત્તાની રૂઈએ હુ જયશ્રી દેવાંગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૪થી ડીસેમ્બર ૨૦૦૦ કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૮મી ડીસેમ્બર ૨૦૦૦ કલાક ૪.૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

(૧) જ-૩ થી ધ-૩ સુધીનો રોડ સિવાયનો ઉત્તર તરફનો સમગ્ર વિસ્તાર.

(૨) ધ-૩ થી ધ-૫ સુધીનો રોડ સિવાયનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર.

(૩) ધ-૫ થી ચ-૫ સુધીનો રોડ સિવાયનો તથા ચ-૫ ફુવારા, સે. ૨૧,૨૨ ના ખુણાનો ભાગ છોડી દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર

(૪) ચ-૫ થી છ-૫ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર તથા ઉત્તર તરફનો સદસ્ય નિવાસ સે. ૨૧ના રહેણાંકથી ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

(૫) છ-૫ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૬) છ-૬ થી જ-૬ સુધીનો રોડ તથા તેનો દક્ષિણ તરફનો સમગ્ર વિસ્તાર (અક્ષરધામ મંદિર તથા કંપાઉન્ડ સિવાયનો)

(૭) જ-૬ થી જ-૩ સુધીનો રોડ તથા તેનો પૂર્વ તરફનો રાજ-ભવન તથા મંત્રીશ્રીઓના રહેણાંકનો સમગ્ર વિસ્તાર.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે રાજ-ભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજ-દારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૪થી ડીસેમ્બર ૨૦૦૦ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

———

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો જાહેર.

નંબર ઉ/મકમ/પલસ/મજસ/વશી/૪૫૧૪ થી ૪૫૨૫.—પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલ ફાયરીંગ બટ વિસ્તાર સેનાપતિ રાજ્ય રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાના તાબા હેઠળ જુદા જુદા અસ. ઓર. પી યુનિટો તથા જિલ્લા પોલીસ યુનીટોએ અન. સી. સી.યુનીટો આરફોર્સની ફાયરીંગ પ્રેકટીસ માટે પસંદ કરવામાં આવેલ છે આ ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૧લી જાન્યુઆરી ૨૦૦૧થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૦૧ સુધીના સમય માટે ચાલુ રહેવા સંભાવના હોવાથી ફાયરીંગ પ્રેકટીસના સમય દરમિયાન ઉપરોકત વિસ્તારની પ્રજાની સલામતી જળવવા સારૂ અને લોકોની આવર જવર રહે તે માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો પ્રતિબંધીત હુકમ પ્રસિધ્ધ કરવા માટે સેનાપતિ રાજ્ય અનામત પોલીસ દળ જુથ. વડોદરા એ તેઓના પત્રો ક્રમાંક સીબી-૪-૮૭//૮/૨૦૦૦ તારીખ ૧.૧૨.૨૦૦૦થી વિનંતી કરેલ છે.

સબબ હું એ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ ઉપર તારીખ ૧લી જાન્યુઆરી ૨૦૦૧ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૦૧ બંને દિવસો સહીત સેનાપતી રાજ્ય અનામત પોલીસ દળ જુથ વડોદરાના યુનીટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળને ફાયરીંગ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉપરોકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૧૩મી ડિસેમ્બર ૨૦૦૦.

———

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબ.

નંબર ઉ-મકપ/પલસ/મજસ/વશી/૪૫૮૪ થી ૪૬૨૪.—આગામી તારીખ ૨૨મી ડિસેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૦૧ દરમ્યાન નાતાલ રમજાન ઈદ તથા મકર સંક્રાંતિ જેવા તહેવારોની ઉજવણી થનાર છે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમના ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૨મી ડિસેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૦૧ બંને દિવસો સહીત.

(ક) શસ્ત્રો, દંડા તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાની યંત્રો સાધનો લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લિલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા ભાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજાકોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યકિતઆને જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યું હોય હોય અથવા આવું હથીયાર લઇ જવાની જેથી ફરજ હોય પોલીસ સબ ઇન્સપેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.૪૫/૨૦૦૦.—મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ, કિરીટ કે. દધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી નાતાલ અને રમઝાન ઈદના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૧૮મી ડિસેમ્બર ૨૦૦૦ થી તારીખ ૧લી જાન્યુઆરી ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયારી કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જવતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરૂચિ અથવા નતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત,

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ,

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજરોજ, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

કલેક્ટર દ્વારા

વાંચનમાં લીધું.

૧ અત્રેના હુકમ નંબર એસયુપી/કસન/ભાવ વધારો/વશી-૨૩૩૬ થી ૨૩૭૧/૨૦૦૦ તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૦.
૨ સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગના પત્ર ક્રમાંક કસન/૧૦/૨૦૦૦/૫૩૬/બ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૦.
૩ સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બાં. વિભાગના પત્ર ક્રમાંક કસન/૧૧૯૭/૨૩૫૪/બ/ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૦.
૪ ક્રમાંક કસન/૧૦/૨૦૦૦/૫૩૬/બ/ તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૦.
૫ ઈન્ડીયન ઓઈલ કોર્પોશન લી. સુરતનો પત્ર નંબર અસડીઓ/સી/એસ/૬/તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૦.
૬ ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર ૧૯૯૩.

હુકમ

નંબર એસયુપી/કસન/ભાવબાંધણી/કમિશન/૧/૨૦૦૦.—આમુખ-૧માં દર્શાવેલ હુકમથી વલસાડ જિલ્લા માટે જાહેર વિતરણ વ્યવસ્થા યોજનાના હેઠળના એક્ષ વાપી ડેપોની કેરોસીનના ભાવમાં થયેલ વધારો તથા ડીઝલના ભાવમાં વધારો થતાં ટ્રાન્સપોર્ટ દરમાં વધારો કરી કેરોસીનના ભાવ નકકી કરવામાં આવેલ છે.

હાલમાં સરકારશ્રી તરફથી આમુખ-૨માં દર્શાવેલ પત્રથી કેરોસીનમાં ભાવ વધારો કરી આમુખ-૪ માં દર્શાવેલ પત્રથી કેરોસીનના ભાવમાં ઘટાડો કરવામાં આવેલ છે તથા આમુખ-૩ ના સરકારશ્રીના પત્રથી કેરોસીનના કંપની નિયુકત જથ્થાબંધ વિક્રેતા ના કમિશનના દરમાં વધારો કરેલ છે. કેરોસીનના ઘટાડેલા ભાવ મુજબ એક્ષ વાપી ડેપોથી એક કિલો લીટર (૧૦૦૦ લીટર) કેરોસીનનો ભાવ રૂા. ૬૮૯૧-૧૫ પૈ. નકકી થયેલ છે જયારે કમિશન દરમાં એક કિલો લીટર રૂા. ૪૪/- નો વધારો કરેલ છે.

આમ એક્ષ વાપી ડેપોના કેરોસીનના ભાવમાં થયેલ ઘટાડો તથા સરકારશ્રી તરફથી કંપની નિયુકત કેરોસીનના જથ્થાબંધ વિક્રેતાઓના કમિશન દરમાં કરેલ વધારાને લક્ષમાં લઈ આમુખ-૧ના હુકમથી નકકી કરવામાં આવેલ ભાવોમાં જરૂરી ફેરફાર કરી કેરોસીનના ભાવમાં ઘટાડો તથા કમીશન દરમાં વધારો કરી નવેસરથી કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક વિતરણ ભાવો નકકી કરવાના થાય છે.

સબબ હું પંકજકુમાર, આઈ. એ. એસ., કલેકટર, વલસાડ તે ધી કેરોસીન ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ ઓર્ડર ૧૯૭૦ની કલમ-૩ હેઠળ મળેલ સત્તા અને અધિકારીની રૂએ ટેબલ-એ તથા ટેબલ-બીમાં જણાવેલ વલડસાડ જિલ્લાના સેન્ટરો માટે કેરોસીનના જથ્થાબંધ તેમજ છૂટક ભાવોમાં તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે નીચે દર્શાવેલા શરતોને આધિન ભાવો નકકી કરવા હુકમ કરૂ છું.

શરતો :—

(૧) જથ્થાબંધ વિક્રેતા માટેના ટેબલ-એમાં નિર્દિષ્ટ કરેલા ભાવ સ્થાનિક જકાત સિવાયના છે. જેથી જેમના તરફથી સ્થાનિક જકાત ભરવામાં આવતી હોય તેઓ મ્યુનિસીપાલીટી/નગરપંચાયત/ગ્રામ પંચાયતે ઠરાવેલ જકાત અનુસાર સ્થાનિક જકાત ચઢાવી વેચાણ કરી શકાશે.

(૨) જયારે એજન્ટ તરફથી છૂટક વિક્રેતાઓને દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબ નો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનિસીપાલીટી/નગર પંચાયત/ગ્રામ પંચાયત વિસ્તાર માટે વેપારીઓ પાસેથી ૧કિ.લી. ના એટલે કે ૧૦૦૦ (એક હજાર લીટરના) અલાયદા વસુલ કરી શકશે.

(૧) ૧ થી ૧૦ કિ.મી. ના અંતર માટે	રૂા. ૧૭૮
(૨) ૧૧ થી ૨૦ કિ.મી. ના અંતર માટે	રૂા. ૧૯૦
(૩) ૨૧ થી ૩૦ કિ.મી. ના અંતર માટે	રૂા. ૨૦૭
(૪) ૩૧ થી ૪૦ કિ.મી. ના અંતર માટે	રૂા. ૨૧૮
(૫) ૪૧ થી વધુ કિ. મી. ના અંતર માટે	રૂા. ૨૩૬

(૩) છૂટક વિક્રેતાઓ કે ફેરીયાઓ સ્થાનિક જકાત અલગ વસુલ કરી શકશે નહિ.

(૪) ઉપરોકત નક્કી કરેલ ભાવોથી ડીલર-જથ્થાબંધ વિક્રેતા / છૂટક ફેરિયાઓ વધારે ભાવ લઈ શકશે નહિ.

(૫) કેરોસીનનો વેપાર કરતા ડીલર/જથ્થાબંધ વિક્રેતા/છૂટક વિક્રેતાઓ પોતાની દુકાનના પ્રવેશ દ્વાર આગળ ભાવ તથા જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરીયાઓએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૬) ઉપરોકત મુકરર કરેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ અન્વયે કાયદાની કોર્ટમાં ધારાકીય જોગવાઈ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

(૭) ટોલટેક્ષ રદ થયેલ હોય પ્રતિ. કિ. લી. રૂા. ૨-૫૦ પૈ. નો ખર્ચ પરત ખેંચી લેવામાં આવેલ છે જે મળવાપાત્ર રહેશે નહિ.

INDEX

ટેબલ-એ

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટોએ / હોલસેલરો/રીટેઈલરો/સબ-ડીલર્સોએ જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરીયાઓને એક કીલોલીટર અને ૨૦૦ (બસો) લીટર એટલે કે એક બેરલના વેચાણ આપવાના કેરોસીનના ભાવો.

અ.નં.	વિગત	વાપી ડેપોથી એજન્ટનાં ધંધાના સ્થળેથી સપ્લાય સ્થળે લાવવાના કેરોસીનના ગુરુત્તમ ભાવ.			
		ધરમપુર	વલસાડ ઉમરગામ	પારડી	વાપી
૧	૨	૩	૪	૫	૬
૧	૧૦૦૦ લીટર એટલે કે ૧કી.લી. ના જથ્થાબંધ વેચાણ આપવાના ભાવ.	૭,૩૫૭.૪૫	૭,૩૩૯.૪૫	૭,૩૧૧.૪૫	૭,૨૯૯.૪૫
૨	૨૦૦ લીટર એટલે કે એક બેરલના ભાવ.	૧,૪૭૧.૫૦	૧,૪૬૭.૯૦	૧,૪૬૨.૩૦	૧,૪૫૯.૯૦

ટેબલ- 'બી '

અધિકૃત હોલસેલરો, સબડીલર્સ, રીટેઈલર્સ, ફેરીયાઓએ એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે દીવાબત્તી તથા રાંધવાના હેતુ માટે વાપરનાર ગ્રાહકોને કેરોસીનના છૂટક વેચાણ આપવાના એક લીટરના ભાવ.

આ.નં.	વિગત	એજન્ટોનો ધંધાના સ્થળેથી જુદાજુદા અંતર માટે છૂટક કેરોસીનનો વેચાણ આપવાનો ગુરૂત્તમ એક લીટરનો ભાવ (વાપી ડેપોથી)			
		ધરમપુર	વલસાડ ઉમરગામ	પારડી	વાપી
૧	૨	૩	૪	૫	૬
૧	મ્યુનીસીપાલીટી/નગર પંચાયત સ્થાનિક વિસ્તાર માટે તથા ૦ થી ૧૦ કિ.મી. ના અંતરે.	૭.૭૦	૭.૭૦	૭.૬૫	૭.૬૫
૨	૧૦ કી.મી. થી ઉપર ૨૦ કી.મી. સુધીના અંતર માટે. ...	૭.૭૦	૭.૭૦	૭.૬૫	૭.૬૫
૩	૨૧ કી.મી. થી ઉપર ૩૦ કી.મી. સુધીના અંતર માટે. ...	૭.૭૦	૭.૭૦	૭.૬૫	૭.૬૫
૪	૩૧ કી.મી. થી ઉપર ૪૦ કી.મી. સુધીના અંતર માટે.	૭.૭૦	૭.૭૦	૭.૭૦	૭.૬૫
૫	૪૧ કી.મી. થી ઉપરના કી. મી. સુધીના અંતર માટે. ...	૭.૭૫	૭.૭૦	૭.૭૦	૭.૭૦

ઉપરોકત મુકરર કરેલ ભાવો તારીખ ૨૩મી નવેમ્બર-૨૦૦૦ થી અમલી બને છે. જેથી અત્રેની કચેરીનો આમુખ-૧માં દર્શાવેલ હુકમથી નક્કી થયેલ ભાવો રદ થયેલા ગણાશે. પરંતુ અગાઉ નક્કી કરેલ ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ બનેલા હશે તેને આ હુકમ કોઈ અસર થશે નહિ.

વલસાડ, તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૦.

પંકજ કુમાર,
કલેકટર, વલસાડ.

નંચાણમાં લીધું :--

(૧/ અત્રેની કચેરીનો હુકમ નંબર :એસયુપી/કસન/વશી. ૭૬૩ -૮૦૮/૨૦૦૦, તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૦.

(૨) સેક્રેટરીશ્રી, પેટ્રોલીયમ ડીલર્સ એશોશીએસન, વલસાડનો કેરોસીનના જથ્થા બંધ વિક્રેતાને મળતા કમીશનમાં વધારો કરવા બાબતની અરજી તા. ૩જી નવેમ્બર, ૨૦૦૦.

(૩) સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો નો વિભાગ ગાંધીનગર ના પત્ર નંબર : કસન/૧૦/ ૨૦૦૦/૫૩૬/ખ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ,૨૦૦૦.

(૪) નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનો પત્ર નંબર : એલપીજી/૧૦/૨૦૦૦/૫૪૦/બ, તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૦.

(૫) સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૧૯૭/ ૨૩૫૪/બ, તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૦.

(૬) ધી કેરોસીન રેસ્ટ્રીકશન ઓન યુસ એન્ડ ફિકસેશન ઓફ સેલીંગ પ્રાઈસ ઓર્ડર, ૧૯૯૩.

INDEX

હુકમ

નંબર એસયુપી /કસન/વશી ૨૮૦૫-૫૩/૨૦૦૦.—આમુખ-૩માં દર્શાવેલ હુકમથી ભારત સરકારે કેરોસીન ભાવમાં વધારો કરેલ હોવાથી તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના કેરોસીનના ભાવો નક્કી કરવા સરકારશ્રી તરફથી જણાવવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ કેરોસીનમાં લીટર દીઠ રૂા. ૧/નો ઘટાડો ભારત સરકારશ્રી તરફથી કરવામાં આવતા આમુખ ૪માં દર્શાવ્યા મુજબના પરિપત્ર મુજબ જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ભાવો નક્કી કરવાના થાય છે. વળી આમુખ-૫માં દર્શાવેલ હુકમથી ભારત સરકારે કેરોસીન ના જથ્થાબંધ વિક્રેતાઓ (કંપની એજન્ટો)ને મળતા કમીશનમાં વધારો કરેલ હોય તે મુજબનો કમીશનમાં વધારો કરી સરકારશ્રીના કેરોસીનના છેવટના ભાવ વધારાને ધ્યાને લઈ, જિલ્લામાં કેરોસીન ના ભાવો નક્કી કરી આપવા સારું પેટ્રોલીયમ ડીલર્સ એશોસીએશન વલસાડ એ આમુખ-૧માં જણાવેલ અરજીથી રજુઆત કરેલ છે.

આમુખ-૪માં દર્શાવેલ સરકારશ્રીના તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૦ ના પત્રમાં જણાવ્યા મુજબ, સદરહુ પત્ર સાથે સામેલ એસ.એલ. સી. ગુજરાત તથા ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી.. ના તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૦ ના પત્ર ક્રમાંક. જીઓસઓ/એસએલસી/૦૦૦૪ તથા તેની સાથેના એનેક્ષચરમાં દર્શાવ્યા મુજબ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે કેરોસીનના ભાવોમાં વધારો કરવામાં આવેલ છે. એનેક્ષચરમાં દર્શાવ્યા મુજબ હજીરા(સુરત) ડેપોના ભાવમાં નીચે મુજબ વધારો જાહેર કરવામાં આવેલ છે.

સપ્લાય પોઈન્ટ	તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૦ ના રોજથી ભાવ વધારો	થયેલ વધારો
હજીરા	૬,૮૭૦.૭૫	૧,૭૪૪.૪૭

ઉપર જણાવ્યા મુજબ સરકારશ્રી તરફથી રૂા. ૧૭૪૪.૪૭ પ્રતિ-કિલો લીટર ભાવ વધારો થયેલ છે જે ધ્યાને લઈ આમુખ-૫માં દર્શાવેલ પરિપત્ર મુજબ કેરોસીનના જથ્થાબંધ વિક્રેતાઓને તેમનુ કમીશન રૂા. ૧૭૦-૦૦ પ્રતિકિલો લીટર કરવામાં આવેલ હોય તે મુજબ નવેસરથી કેરોસીનના જથ્થા બંધ તેમજ છૂટક વિતરણના ભાવો નક્કી કરી આપવાના થાય છે.

સબબ હું, આર. આર. ચૌહાણ, જી.એ.એસ. કલેકટર, નવસારી, તે ધી કેરોસીન ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ ઓર્ડર ૧૯૯૩ની કંડિકા-૨(ડી) હેઠળ મળેલ સત્તા અને અધિકારની તથા રૂએ, ટેબલ-એ-તથા ટેબલ-બી માં જણાવેલ નવસારી જિલ્લાના સેન્ટરો માટે કેરોસીનના જથ્થા બંધ તથા છૂટક ભાવોમાં તારીખ ૨૩મી નવેમ્બર ૨૦૦૦ થી અમલમાં આવે તે રીતે નીચે દર્શાવેલ શરતોને આધિન ભાવો નક્કી કરવા આથી હુકમ કરું છું.

શરતો:-

૧. જથ્થા બંધ વિક્રેતાઓ માટેના ટેબલ-એ, માં નિર્દિષ્ટ કરેલ ભાવો સ્થાનિક જકાત સિવાયના છે. જેથી જેમના તરફથી સ્થાનિક જકાત ભરવામાં આવતી હોય તેઓ મ્યુનિસિપાલીટી /નગર પંચાયત/ ગ્રામ પંચાયતે ઠરાવેલ જકાત અનુસાર સ્થાનિક જકાત ચઢાવી વેચાણ કરી શકશે.

૨. જ્યારે જ્યારે એજન્ટ તરફથી છૂટક વિક્રેતાઓને દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબનો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનિસિપાલીટી/નગર પંચાયત/ /ગ્રામ પંચાયત વિસ્તાર માટે વેપારીઓ પાસેથી ૧(એક)કિલો-લીટરના અલાયદા વસુલ કરી શકશે.

૩. ઉપરના છૂટક વિક્રેતાઓ કે ફેરિયાઓ સ્થાનિક જકાત અલા-યદી વસુલ કરી શકશે નહી.

૪. ટેબલ-એ, અને બીમાં નક્કી કરેલ ભાવોથી ડીલર/જથ્થાબંધ વિક્રેતા/છૂટક વિક્રેતાઓ પોતાની દુકાનના પ્રવેશ દ્વારા આગળ ભાવ તથા જથ્થાનુ બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. ફેરિયાઓએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાના રહેશે.

૫. ઉપરોકત મુકરર કરેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ અન્વયે કાયદાની કોર્ટમાં ધારાકીય જોગવાઈ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે.

ટેબલ - એ

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટો/હોલસેલરો/સબ-ડીલર્સોએ જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરિયાઓએ એક કિલોલીટર અને ૨૦૦લીટર એટલે કે એક બેરલના વેચાણ આપવાના ભાવો :

અનું. નંબર	વિગત	હજીરા ડેપોથી સપ્લાય થતા એજન્ટના ધંધાના સ્થળે લેવાના કેરોસીનના નક્કી થતા ગુરુત્તમ ભાવો નવસારી (શહેર), નવસારી(ગ્રામ્ય) જલાલપોર	ગણદેવી, ચીખલી, બીલીમોરા, વાંસદા
(૧)	(૨)	(૩)	(૪)
૧.	૧૦૦૦ લીટર એટલે કે ૧ કિલો-લીટરના જથ્થાબંધ વેચાણ આપ-વાના ભાવ.	૭,૩૫૬.૫૫	૭,૩૭૪.૩૦
૨.	૨૦૦ લીટર એટલે કે ૧ બેરલનો ભાવ	૧,૪૭૧.૩૦	૧,૪૭૪.૮૫

ટેબલ-બી

અનુ. નંબર	વિગત	એજન્ટના ધંધાના સ્થળે જુદા જુદા અંતર માટે કેરોસીનના છૂટક વેચાણ આપવાના ગુરૂત્તમ એક લીટરનો ભાવ (હજીરા ડેપોથી) નવસારી(શહેર) નવસારી(ગ્રામ્ય) જલાલપોર	ગણદેવી, બીલીમોરા, ચીખલી,વાંસદા
(૧)	(૨)	(૩)	(૪)
૧.	મ્યુનિસીપાલીટી, નગર પંચાયત, સ્થાનિક વિસ્તાર માટે ૦.૪૦ કીલોમીટરના અંતર માટે	૭.૭૫	૭.૭૫
૨.	૪૧ થી ૬૦ કીલોમીટરના અંતર માટે.	૭.૭૫	૭.૭૫
૩.	૬૧થી વધુ કીલો મીટરના અંતર માટે.	૭.૮૦	૭.૮૦

INDEX

ઉપરોકત મુકરર કરેલ ભાવો તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૦ થી અમલી બને છે. જેથી અત્રેની કચેરીએથી આમુખ-૧ માં દર્શાવેલ હુકમથી મુકરર કરેલ ભાવો રદ થયેલા ગણાશે. પરંતુ આગાઉ નક્કી કરેલા ભાવો અંગે જે કોઈ ગુન્હાઓ મળેલ હશે તેને આ હુકમથી કોઈ અસર થશે નહી.

નવસારી, તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૦.

આર. આર. ચૌહાણ,
કલેકટર, નવસારી.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૮૫(૧) મુજબ.

નંબર એમ.એ.જી. -બિનવારસી / જાહેરનામું/ વશી / ૭૭૮ થી ૭૯૫/૨૦૦૦.—ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કોર્ટ તરફથી લાગતા વળગતાઓને ખબર આપવામાં આવે છે કે સાણંદ પોલિસ સ્ટેશન તરફથી નીચેની વિગતોનો બિનવારસી હોવા સબબ આ કોર્ટને નિકાલ સારૂં મોકલી આપવામાં આવેલ છે. આ ચીજવસ્તુઓમાં જે કોઈ શખ્સો માલિકી હક્ક ધરાવતાં હોય તેઓએ આ જાહેરનામાની તારીખથી છ માસમાં તેમનો હક્ક દાવો આ કોર્ટમાં સંપુર્ણ પુરાવા સાથે રજુ કરવો.

મુદત વિત્યા બાદ કોઈ હક્ક દાવો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. અને તે તમામ મુદ્દામાલનો જાહેર લીલામથી નિકાલ કરીને રકમ ઉપજશે તે સરકારમાં જમા કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

બિનવારસી મુદ્દામાલની વિગત :-

અનુ. નંબર	મુદ્દામાલનું વર્ણન	વેચાણ કિંમત
૧	૨	૩
(૧)	લોખંડના બેરલ નંગ-૧૩ કેરોસીનથી ભરેલાં એક બેરલમાં ૫૦૦મી.લી. જેટલુ કેરોસીન સેમ્પલ.	૭,૮૦૦

સાણંદ, તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૦.

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાણંદ.

INDEX

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ ૨, ૯, ૧૬, ૨૩, ૩૦, ૭, ૧૪, ૨૧, ૨૮ માહે નવેમ્બર, / ડીસેમ્બર સને ૨૦૦૦ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૭૯/૧૮મી ઓક્ટોબર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૨	૧૮૦/૧૮મી ઓક્ટોબર ૨૦૦૦	અધિક પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૩	૧૮૧/૧૯મી ઓક્ટોબર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૪	૧૮૨/૨૪મી ઓક્ટોબર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૫	૧૮૩/૨૪મી ઓક્ટોબર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૬	૧૮૪/૨૪મી ઓક્ટોબર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૭	૧૮૫/૧લી નવેમ્બર ૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૮	૧૮૬/૬ઠ્ઠી નવેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.
૯	૧૮૭/૬ઠ્ઠી નવેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર.
૧૦	૧૮૮/૬ઠ્ઠી નવેમ્બર ૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૧	૧૮૯/૮મી નવેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર.
૧૨	૧૯૦/૮મી નવેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૧૩	૧૯૧/૯મી નવેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર.
૧૪	૧૯૨/૧૪મી નવેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૫	૧૯૩/૧૩મી નવેમ્બર ૨૦૦૦	કલેકટર, વડોદરા.
૧૬	૧૯૪/૧૮મી નવેમ્બર ૨૦૦૦	કલેકટર, ખેડા (આઈ.એ.એસ.).
૧૭	૧૯૫/૨૭મી નવેમ્બર ૨૦૦૦	કલેકટર, ખેડા (આઈ.એ. એસ.).
૧૮	૧૯૬/૨૮મી નવેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૯	૧૯૭/૨૮મી નવેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૦	૧૯૮/૨૭ ડિસેમ્બર ૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૧	૧૯૯/૪થી ડિસેમ્બર ૨૦૦૦	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૨	૨૦૦/૧૬મી ડિસેમ્બર ૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, JANUARY 11, 2001 / PAUSA 21, 1922 [No. 2

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	268—349
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	2
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	25—38
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	393—1411

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ ૧ હેઠળનું.

નંબર ઉ / ગપક / એસબી / જાહેરનામું/વશી/૭૧ / ૨૦૦૦.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે, હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૦ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૦ ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આપવાદ :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

Read —(1) Honourable High Court Letter No. : C-2103 / 2001, dated 8th December, 2000.

No. ADM-1766 of 2000.—In accordance with para-625 of Chapter-XXXI of civil manual Vol-I, 1960, the District Judge, Kheda At NADIAD, is pleased to notify the Holiday, as shown below to be observed in the Year—2001. The District Court, Kheda at Nadiad and all Subordinate Courts to it in Judicial District of Kheda shall remain closed on those days :—

Sr. No. 1	Name of the Holidays 2	Date According to Gregorian Calender 3	Day 4
1	Republic Day	.. 26th January, 2001	Friday
2	Mahasud Purnima (*) (Sakarvarsa)	.. 8th February, 2001 (Only at Nadiad H.Q.)	Thursday
3	Mahashivratri	.. 21st February, 2001	Wednesday
4	Bakri-Id (Id-ul-aza)	.. 6th March, 2001	Tuesday
6	Holi—2nd Day (Dhuleti)	.. 10th March, 2001	Saturday
6	Cheti Chand	.. 26th March, 2001	Monday
7	Ramnavmi	.. 2nd April, 2001	Monday
8	Muharram	.. 5th April, 2001	Thursday
9	Mahavir Jayanti	.. 6th April, 2001	Friday
10	Good Friday	13th April, 2001	Friday
11	Dr. Baba Saheb Ambedkar's Birthday	.. 14th April, 2001	Saturday
12	God Shri Parshuram Jayanti	.. 25th April, 2001	Wednesday
13	Id-a-Milad-Un-Nabi	5th June, 2001	Tuesday
14	Raksha Bandhan	.. 4th August, 2001	Saturday
15	Independence Day	.. 15th August, 2001	Wednesday
16	Parsi New Year Day (Parsi Shahenshahi)	.. 21st August, 2001	Tuesday
17	Samvantsari	.. 22nd August, 2001	Wednesday
18	Mahatma Gandhi's Birthday	.. 2nd October, 2001	Tuesday
19	Dusshera	.. 26th October, 2001	Friday
20	Sardar Vallabhbhai Patel's Birthday	.. 31st October, 2001	Wednesday
21	Diwali (Extra)	.. 12th November, 2001	Monday
22	Diwali (Extra)	.. 13th November, 2001	Tuesday
23	Diwali	.. 14th November, 2001	Wednesday
24	Diwali (Extra)	.. 15th November, 2001	Thursday

INDEX

1	2	3	4
25	(1) New Year Day (2) Bhai-Bij	.. 16th November, 2001 ..	Friday
26	Diwali (Extra)	.. 17th November, 2001	Saturday
27	Guru Nanak's Birthday	.. 30th November, 2001	Friday
28	Ramzan-Id (Id-Ul-Fitra)	.. 17th December, 2001	Monday
29	Christmas—Day	.. 25th December, 2001	Tuesday

Note .—

(1) The following Public Holiday have not been notified as Public Holiday on account of

(1) Makarsankranti .. 14th January, 2001
(2) Janmashtami .. 12th August, 2001

as they fall on Sunday.

(2) In addition to the Holidays notified above, members of the staff may avail of a maximum of any two (2) Holidays on the festival occassion at their option and irrespective of their Religious denomination out of the list of Optional Holidays declared for the Year—2001. Permission for availment of those optional holidays should however, be applied for in wrtting in advance and will normally be granted by the Officer Competent to grant casul live with due regard to the exigencies of the function of the Court and of the Office work, These leave of two days taken by Government servants at their option on the Festival of their choice will not be debited to their casual live accunt.

(3) If any of the Muslim Holidays notified above does not fall on the day notified, the Muslim Servants may be granted Optional Holiday on the day on which the holiday is actually observed.

(4)* In the list of the above Holidays, 8th February, 2001 (Thursday) has been declared as Holiday on account of Maha-Sud-Purnima Sakar Varsha Faire celebrated in " Santram Mandir at Nadiad " for the Courts established at Nadiad Head-Quarter only, and in lieu thereof, the Courts at Nadiad Head-Quarter, 24th February, 2001 (4th Closed Saturday) shall be working day.

Nadiad, 12th December, 2000.

M. D. SHAH,
District Judge, Kheda
At Nadiad.

Notification

No. C-3163 of 2000.—In accordance with the provision contained in para 625, of the Civil Manual, Volume-I, 1960, the District Judge, Panchmahals, at Godhra is pleased to notify the following Holidays to be observed the Year-2001.

The District Court, and all the subordinate Courts in the Panchmahals District of shall remain closed on these days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
1	2	3	4
1	Republic Day	.. 26th January, 2001	Friday
2	Mahashivratri	.. 21st February, 2001	Wednesday
3	Bakri-Id (Id-ul-Aza)	.. 6th March, 2001	Tuesday
4	Holi-2nd day Dhuleti	.. 10th March, 2001	Saturday
5	Cheti Chand	.. 26th March, 2001	Monday
6	Ramnavmi	.. 2nd April, 2001	Monday
7	Muharram	.. 5th April, 2001	Thursday
8	Mahavir Jayanti	.. 6th April, 2001	Friday
9	Good Friday	13th April, 2001	Friday
10	Dr. Baba Saheb Ambedkar's Birthday	.. 14th April, 2001	Saturday
11	Bhagvan Shri Parshuram Jayanti	25th April, 2001	Wednesday
12	Id-e-Millad-Un-Nabi (Prophet Mohammad's Birthday).	.. 5th June, 2001	Tuesday

INDEX

1	2	3	4
13	Raksha Bandhan	.. 4th August, 2001	Saturday
14	Independent Day	.. 15th August, 2001	Wednesday
15	Parsi New Year Day	.. 21st August, 2001	Tuesday
16	Samvatsari (Chaturthi Paksha)	.. 22nd August, 2001	Wednesday
17	Mahatma Gandhi's Birthday	.. 2nd October, 2001	Tuesday
18	Dussehra	.. 26th October, 2001	Friday
19	Sardar Vallabhbhai Patel's Birthday	.. 31st October, 2001	Wednesday
20	Diwali (Extra)	.. 12th November, 2001	Monday
21	Diwali (Extra)	13th November, 2001	Tuesday
22	Diwali	14th November, 2001	Wednesday
23	Diwali (Extra)	.. 15th November, 2001	Thursday
24	(1) Diwali New Year Day	.. 16th November, 2001	Friday
	(2) Bhai-Bij	.. 17th November, 2001	Saturday
25	Diwali (Extra)	.. 30th November, 2001	Friday
26	Guru Nanak's Birthday	.. 17th December, 2001	Monday
27	Ramzan-Id (Id-Ul-Fitra)	.. 25th December, 2001	Tuesday
28	Christmas Day		

Note : (1) (1) Makarsankranti 14th January, 2001 (2) Janmashtmi (Krishna jayanti) 12th August, 2001 have not been notified as they fall on Sunday.

(2) If any of the Muslim Holidays notified above, does not fall on the day notified, the Muslim Government servants may be granted optional Holiday on the day.

(3) In addition to the Holidays, notified above, Government Servants may avail of maximum of any Two Holidays on the festival occassions Mentioned in Government of Gujnrat, GAD Notification No. GS / 2000-41-PHD/102000/3672/GH, dated 1st November, 2000 at their option and irrespective of their religious dennomination. Permission for availament of those optional holiday should however, be applied for in advance and will normally be granted by the Office competent to grant Casual Leave with the due regard to exigencies of Government work. This leave of Two days taken by Government servants at their choice will not be debited to their casual leave account.

Panchmahals, Godhra, 4th December, 2000.

C. K. RANE,
District Judge,
PanchMahals, at Godhra.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક ૩૪૬૩ સને ૨૦૦૦.– સીવીલ મેન્યુઅલ વોલ્યુમ નં. ૧-૧૯૬૦ ના ફકરા નં. ૬૨૫ અન્વયે પંચમહાલ જિલ્લાની તમામ અદાલતોમાં સને ૨૦૦૧માં નીચેના દિવસો જાહેર રજા તરીકે પાળવામાં આવશે અને તે તમામ દિવસોએ તમામ અદાલતો બંધ રહેશે.

અનુ. નંબર ૧	જાહેર રજાનું નામ ૨	અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ ૩	વાર ૪
૧	પ્રજાસત્તાક દિન	... ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧	શુક્રવાર
૨	મહાશિવરાત્રી	... ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૧	બુધવાર
૩	બકરી-ઈદ (ઈદ-ઉલ-અઝા)	... ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૧	મંગળવાર
૪	હોળી-બીજો દિવસ (ધુળેટી)	... ૧૦મી માર્ચ, ૨૦૦૧	શનિવાર
૫	ચેટીચંદ	... ૨૬મી માર્ચ, ૨૦૦૧	સોમવાર

INDEX

૧	૨	૩	૪
૬	રામનવમી	... ૨જી એપ્રિલ, ૨૦૦૧	સોમવાર
૭	મોહરમ	... ૫મી એપ્રિલ, ૨૦૦૧	ગુરૂવાર
૮	મહાવીર જયંતી	... ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૧	શુક્રવાર
૯	ગુડ-ફ્રાઈડે	... ૧૩મી એપ્રિલ, ૨૦૦૧	શુક્રવાર
૧૦	ડો. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિન	... ૧૪મી એપ્રિલ, ૨૦૦૧	શનિવાર
૧૧	ભગવાનશ્રી પરશુરામ જયંતી	... ૨૫મી એપ્રિલ, ૨૦૦૧	બુધવાર
૧૨	ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મોહંમદ પયગંબરનો જન્મદિન)	... ૫મી જુન, ૨૦૦૧	મંગળવાર
૧૩	રક્ષાબંધન	... ૪થી ઓગષ્ટ, ૨૦૦૧	શનિવાર
૧૪	સ્વતંત્ર દિન	... ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૧	બુધવાર
૧૫	પારસી નૂતન વર્ષ દિન	... ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૧	મંગળવાર
૧૬	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	... ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૧	બુધવાર
૧૭	મહાત્મા ગાંધીનો જન્મદિન	... ૨જી ઓકટોબર, ૨૦૦૧	મંગળવાર
૧૮	દશેરા	... ૨૬મી ઓકટોબર, ૨૦૦૧	શુક્રવાર
૧૯	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	... ૩૧મી ઓકટોબર, ૨૦૦૧	બુધવાર
૨૦	દિવાળીની રજાઓ (વધારાની)-૨	... ૧૨મી નવેમ્બર, ૨૦૦૧	સોમવાર
૨૧	" " "	... ૧૩મી નવેમ્બર, ૨૦૦૧	મંગળવાર
૨૨	દિવાળી	... ૧૪મી નવેમ્બર, ૨૦૦૧	બુધવાર
૨૩	દિવાળી (વધારાની)	... ૧૫મી નવેમ્બર, ૨૦૦૧	ગુરૂવાર
૨૪	(૧) દિવાળી—નૂતન વર્ષ દિન	... ૧૬મી નવેમ્બર, ૨૦૦૧	શુક્રવાર
	(૨) ભીઈ-બીજ	...	
૨૫	દિવાળી (વધારાની)	... ૧૭મી નવેમ્બર, ૨૦૦૧	શનિવાર
૨૬	ગુરૂનાનકનો જન્મ-દિન	... ૩૦મી નવેમ્બર, ૨૦૦૧	શુક્રવાર
૨૭	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	... ૧૭મી ડિસેમ્બર, ૨૦૦૧	સોમવાર
૨૮	નાતાલ	... ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૧	મંગળવાર

નોંધ :

(૧) મકરસંક્રાન્તિ તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૧, (૨) જન્માષ્ટમી (કૃષ્ણ જયંતી) ૧૨મી ઓગસ્ટ ૨૦૦૦ ના દિવસો રવિવારે આવતા હોવાથી તહેવારોને રજા તરીકે જાહેર કરેલા નથી.

(૨) ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

(૩) ઉપર જાહેર કરેલ રજાઓ ઉપરાંત ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક નં. ગસ/૨૦૦૦-૪૧-પીએચડી/૧૦૨૦૦૦/૩૬૭૨/જીએચ, તારીખ ૧લી નવેમ્બર ૨૦૦૦ માં જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મીક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજિયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજુર કરનાર યોગ્ય અધિકારી સરકારી કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે સરકારના કર્મચારીઓને તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

પંચમહાલ, ગોધરા, તારીખ ૪થી ડિસેમ્બર ૨૦૦૦.

સી. કે. રાણે,
જિલ્લા ન્યાયાધિશ,
પંચમહાલ, ગોધરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક પી. ઓ એલ. / વશી / ૨૬૦૫ થી ૨૬૧૫ / ૨૦૦૦.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉકત કલમ-૩૩ ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારૂ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક પીઓએલ/વશી/૨૩૯૬ થી ૨૪૦૫/૨૦૦૦ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો. અને સદર ખરડો, સરકારી રાજયપત્રોમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ પુરો થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા દ્વારા વિચારણામાં લેવા ઠરાવવામાં આવ્યું હતું.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી લેખિત વાંધાના સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણાને મળેલ નથી. જેથી આ બાબતે આખરી જાહેરનામું બહાર પાડવાનું થાય છે

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ની કલમ-સી થી મને મળેલ સત્તાની રૂએ હું એ. એસ. પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મહેસાણા જિલ્લાના મહેસાણા શહેરના રસ્તા અને ટ્રાફિકને અનુલક્ષી પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેની વિગર મુજબનાં રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા આદેશ કરું છું.

પરિશિષ્ટ

અનુ. નંબર	રીક્ષા સ્ટેન્ડની નિયત થયેલ જગા	રીક્ષાની સંખ્યા
૧	૨	૩
૧	એસ. ટી. સ્ટેન્ડના આઉટ ગેટ જેમાં સીટી બસ સ્ટેન્ડની બન્ને બાજુએ રીક્ષા સ્ટેન્ડ.	૧૫
૨	લાયસન્સ જનરલ હોસ્પીટલ, આગળ ...	૧૦
૩	રાધનપુર રોડ, સર્વોદય બેન્ક, માર્કેટ પાસે ...	૫
૪	રાધનપુર ચાર રસ્તા પાસેના સ્વામીનારાયણ મંદિર આગળ.	૫
૫	મોઢેરા ચાર રસ્તા એસ.ટી. સ્ટેન્ડની પાસે ...	૫
૬	નાગલપુર પાટીયા પાસે બન્ને બાજુએ ...	૨૦
૭	સોમનાથ સર્કલ, મહાત્મા ગાંધી બાગ પાસે ...	૫
૮	વિસનગર રોડ ગુજરાત વિદ્યુત બોર્ડની ઓફિસના દરવાજા સામે રોડની દક્ષિણ તરફ.	૫
૯	સોમનાથ રોડ, હીરાનગર પાસે ...	૧૦

આજ, તારીખ ૨૨મી માહે ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એ. એસ. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.—

ક્રમાંક એમ. એ. જી. / વશી. / ૩૫૨૩/૪૫.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું શ્રી બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું. કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૫ મી જાન્યુઆરી, ૨૦૦૧ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી, પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ. એકઠા કરવા નહિ. તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા સબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) આપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ. તેવા હાવ ભાવ કરવા નહિ. તથા તેવા ચિત્રો પ્રત્રિકા પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેને અધિકૃત કરેલા કોઈ પણ પોલીસ અધિકારી ને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને,

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંથન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે

ક્રમાંક એમ.એ.જી. / વશી / ૩૫૪૬/૬૬.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ ફરમાવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧, (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) મને મળેલ સત્તાની રૂએ હું શ્રી બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપલા) આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના દિવસથી સવારના ૦૦-૦૦ કલાક થી તારીખ ૫મી જાન્યુઆરી,૨૦૦૧

INDEX

ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી. (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમની નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫ નાં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨ મી ડીસેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ:૧૪૪ (૧) અને (૨) અન્વયે

ક્રમાંક એમ.એ.જી. / જાહેરનામું / વશી / ૩૫૭૦.— તાજેતરમાં નાતાલ, રમઝાન ઈદ અને મકર સંક્રાંતી જેવા ધાર્મિક તહેવારો આવતા હોઈ જાહેર સૂલેહ શાંતિ નો ભંગ થવાનો સંભવ છે. સમગ્ર નર્મદા જિલ્લામાં કોમી એખલાસ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર ન પહોંચે તે હેતુથી જાહેર સૂલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું શ્રી બી.ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપળા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ (૧) અને (૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નર્મદા જિલ્લામાં ૪ (ચાર) થી વધુ વ્યકિતઓએ એક સાથે એકત્રિત થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેના ફરજ ઉપરના પોલીસ / હોમગાર્ડ / ગ્રામ રક્ષકદળના કર્મચારી તથા અધિકારી,

(૨) લગ્ન, વરઘોડો, સ્મશાન યાત્રામાં જોડાયેલ વ્યકિત,

ઉકત હુકમ તારીખ ૨૫ મી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૨૪ મી જાન્યુઆરી, ૨૦૦૦ સુધી અમલમાં રહેશે. (સવારના ૦૦-૦૦ કલાક થી રાત્રી ના ૨૪-૦૦ કલાક સુધી બંન્ને દિવસો સહીત).

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫મા) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

બી. ડી. નિનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા–રાજપીપળા.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મા) ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૫૩/૨૦૦૦.— જિલ્લામાં આગામી રમઝાન ઈદ તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૨૦૦૦ થી ૨૦મી ડિસેમ્બર ૨૦૦૦ સુધી (બંને દિવસો સુધ્ધાં) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમા મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી / એમ.એ.જી. / બી.પી.એ / ૨જી. નં. ૫૪/૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૪૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. બી. રહેવર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી રમઝાન ઈદના તહેવાર પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જીલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવુ છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૨૦૦૦ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રા, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા - લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

INDEX

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ અવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી મુદ્રા કરી આપી છે.

———

હુકમ

મુબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૩૭ (૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી. નં. ૫૫/૨૦૦૦.— જિલ્લામાં આગામી નાતાલ અને રમઝાન ઈદના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મુબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, વલસાડ જિલ્લામાં તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૦૦ થી ૪ થી જાન્યુઆરી, ૨૦૦૧ સુધી (બંન્ને દિવસ સુધ્ધા) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં. સરઘસ કાઢવુ નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી. નં. ૫૬/૨૦૦૦.— મુબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨માં) અધિનિયમ કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી નાતાલ અને રમઝાન ઈદના તહેવાર પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવુ છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૧ મી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૪ થી જાન્યુઆરી, ૨૦૦૧ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૦ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

———

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ / પી.ઓ.એલ. / વશી-૫૨૬૪-૭૯ / ૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને-૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી.યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી નાતાલ તથા રમઝાન ઈદનાં તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેરશાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૩૦મી ડીસેમ્બર, ૨૦૦૦ (બંને દિવસો સહિત)નાં સમય માટે નીચે ના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ પણ સરઘસમાં જ્વલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨ માં) નાં કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

———

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ.

ક્રમાંક / ઉ/મકડ/પીઓએલ/વશી / ૫૨૭૯-૯૭/૨૦૦૦.—જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી નાતાલ તથા રમઝાન ઈદનાં તહેવારને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨માં) નીકલમ-(૩૭) (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૨૦૦૦ (બંને દિવસો સહિત) નાં સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈ પણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬મી ડીસેમ્બર, ૨૦૦૦ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. 2 *Gujarat Government Gazette*, Part-I, dated 11th January, 2001 and for pages VAD-1 to VAD-72 (in 1 set) *read* page No. 278 to 349.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બાકાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૧થી જાન્યુઆરી ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૨ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું, અને પાના વીએડી-૧ થી વીએડી-૭૨ (૧-બંચમાં) ને પાન નંબર ૨૭૮ થી ૩૪૯ વાંચવા.

Vadodara, 11th January, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

વંચાણે લીધા :—

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ (લી.રી.) પાલનપુરનો તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૬ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના ઓડીટનો તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૩થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે, ૧૯૬૮ ના ઠરાવ નંબર : ધ (ખ)/૨૭૭/ડી.ડી.સી. / ૧૧૬૮ / ૧૮૪૯૬ / બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેનો તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૪ નો ફડચાનો વચગાળાનો હુકમ નંબર ફડચ/ગ/૧૮૨૦/૯૪.

હુકમ

પત્ર ક્રમાંક ફડચ/ગ/૨૨૮૨ / ફડચા નંબર ૧૦૧૧૨.— ધી સરોત્રા પછાતવર્ગ કો.ઓ. હા. સો. લી. મુકામ સરોત્રા તાલુકો પાલનપુર, જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. પંચાયત, પાલનપુરના તારીખ ૮મી માર્ચ, ૧૯૬૧ ના નોંધણી ક્રમાંક ધ-૫૭ નોંધાયેલી સહકારી સંસ્થા છે. તેને ફડચામાં લઈ જવા આ મુજબ-૧ માં દર્શાવિલ ઓડીટરશ્રીએ, અહેવાલ કરેલ તેના અનુસંધાનમાં આમુખ-૪ માં દર્શાવિલ હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો જે હુકમ, મંડળીને ફડચામાં લઈ જવા વાંધો હોય તો, એક માસમાં રજુ કરવાના શેરા સહ મંડળીના હોદ્દેદારોને રવાના કરેલ પણ મંડળી તરફથી આજ દિન સુધી કોઈ જ રજુઆત થયેલ નથી આથી એવું માનવાને રહે છે કે, મંડળીને ફડચામાં લઈ જવી તેના હોદ્દેદારો સંમત છે. આથી હવે મંડળીને ફડચામાં લઈ જવા આવશ્યક હોઈ, સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. ફડચા ફી અંગેના રજિસ્ટ્રારશ્રી, સ. મં., ગુજરાત રાજ્ય અમદાવાદના તારીખ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૬૮ ના પરિપત્ર મુજબ ફડચા ફી આકારવાની રહેશે. તેમજ ફડચાની કામગીરી ૨ વર્ષમાં પુરી કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

એલ. પી. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

———

વંચાણે લીધા :—

(૧) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, આણંદના જા. નં. આણ/૦૧/૧૬૫/૯૩, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩ નો વહીવટી રિપોર્ટ.

(૨) અત્રેની કચેરીના જા. નં. ચકસ/૪૩૧૦/ખ/૮૪૭/૯૪, તારીખ ૧૧મી મે, ૧૯૯૪ ની કારણદર્શક નોટીસ.

ક્રમાંક : ઉ.ખ.સ./સવન.ઓ.૮૧/ખ/૯૭૬ / ૯૪.—શ્રી રતનપુરા સેવા સહકારી મંડળી લી. રતનપુરા, તાલુકો : આણંદ, જિલ્લો : ખેડા એ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેને આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી સેવા સહકારી મંડળી છે (કે જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સદર સંસ્થાનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા નિયમો તથા સહકારી કાયદા કાનુન અને નિયમોનુસાર કરવાનો હોય છે. સંસ્થાના માન્ય કરવામાં આવેલ પેટા નિયમોથી અને કાયદા કાનુન અને નિયમોનુસારથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ બજાવવાની હોય છે.

સદર સંસ્થાનું તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૦ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૨ ના સમયનું વૈધાનિક અન્વેષણ, સબ-ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, આણંદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર ઓડીટ સમયમાં કેટલીક વહીવટી અનિયમિતતાઓ જણાય આવતા આમુખ ૧ માં બતાવેલ તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૩ ના અહેવાલથી ધ્યાન દોરી મંડળીમાંની વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ વહીવટદાર નિમવા ભલામણ કરેલ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) મંડળી તરફથી અગાઉના દુરસ્તી અહેવાલો તૈયાર કરી સબંધિત ઓડીટરને મોકલી આપેલ નથી.

(૨) સંસ્થાના વ્ય. કમીટી સભ્ય પાસે મુદતવીતી બાકી રૂા. ૨,૨૩૭ બાકી હોવા છતાં વ્ય. કમીટી સભ્યપદે ચાલુ રહેલ છે.

(૩) સંસ્થાની વ્ય. કમીટીની બેઠકો પેટા નિયમથી નક્કી થયા મુજબ દર માસે બોલાવવામાં આવતી નથી.

(૪) સંસ્થાના મંત્રીશ્રી શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા છતાં હિસાબી કામકાજનું પુરેપુરૂ પાન નથી.

(૫) સંસ્થાના કર્મચારીઓની ફરજો અને જવાબદારીઓ ઠરાવથી નક્કી કરી સુપ્રત કરવામાં આવેલ નથી.

(૬) બેંક લોનની વસુલાત માટે વ્ય. કમીટી તરફથી કોઈ સક્રિય પ્રયાસો કરવામાં આવેલ નથી.

(૭) તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૧ ની વા. સા. સભામાં થયેલ ઠરાવમાં ચેક ચાક થયેલ છે ત્યાં સહી નથી.

(૮) બેંક ઈન્સ્પેકટરનો દુરસ્તી અહેવાલ બેંકને મોકલી આપવામાં આવેલ નથી.

(૯) સંસ્થાના સંચાલકોને તેમજ કર્મચારીઓને સંસ્થા ચલાવવામાં રસ નથી.

(૧૦) તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર ૧૯૯૧ ની વ્યવસ્થાપક કમીટી ની સભામાં થયેલ ઠરાવોમાં થયેલ ચેકચાક બદલના સહી નથી.

(૧૧) રોજમેળમાં ચેરમેનશ્રી સહીઓ થયેલ છે પરંતુ વેચાણ રજી કે સ્ટોક પત્રકમાં મામલતદારની સહીઓ નથી.

(૧૨) નવા મંત્રીની નિમણુંક તેમજ જુના મંત્રીને છુટા કરવા બાબતે કરેલ ઠરાવ નથી તેમજ સંસ્થાનું દફ્તર મંત્રીશ્રી પાસે રાખવામાં આવતું નથી.

(૧૩) ચેરમેનશ્રી મંડળીના સભાસદ થયેલ નથી.

(૧૪) સંસ્થાનુ દફ્તર સિલક અને માલ સ્ટોક ક્યાં અને કોની પાસે રાખવા તેમજ સંસ્થાની વેપારી પ્રવૃત્તિ ક્યા અને કઈ જગ્યાએ કરવી તે અંગેના ઠરાવ થયેલ નથી.

આમ ઉપર જણાવેલ ૧૦૧૪ મુદ્દાઓ જોતાં મંડળીની વ્યવસ્થાપક કમીટી પેટા નિયમ મુજબ ફરજો બજાવવામાં કસુર કરતી હોય તેમજ નિષ્કાળજી રાખતી હોય તેવું જણાતા આ કચેરીમાંથી આમુખ ૨માં બતાવેલ તારીખ ૧૧મી મે ૧૯૯૪ થી કારણ દર્શક નોટીસથી મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીમાં વહીવટદારની નિમણુંક કેમ ન કરવી તે અંગે કોઈ રજુઆત કરવી હોય તો આધાર પૂરાવા સાથે તારીખ ૨૧મી મે ૧૯૯૪ ના રોજ રૂબરૂમાં રજુઆત કરવા માટે તે તારીખે સુનાવણી રાખેલ હતી. ઉપરોકત તારીખે અને

INDEX

સમયે સંસ્થાના કોઈપણ વ્યવસ્થાપક કમીટી સભ્યો હાજર રહેલ નથી તેમજ લેખિતમાં કોઈ રજુઆત કરેલ નથી તેથી ફલિત થાય છે સંસ્થાના અત્રેની કચેરીના નિમણુંક સાથે સંમત છે તેમ માની સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરવી મંડળી તથા સભાસદોના હિતમાં જરૂરી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી રતનપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ રતનપુરા તાલુકા આણંદ જિલ્લા ખેડાની વ્યવસ્થાપક કમીટી તેના ઉપર કાયદા કાનૂન અને પેટા કાયદા અન્વયે નાંખેલ ફરજો અને જવાબદારીઓ ઉપરોકત કારણોસર સંતોષકારક રીતે બજાવવામાં આશકિતમાંન ન હોવાથી અને અને મંડળીની હાલની અધિનયમિતતાઓ દૂર કરવામાં ઉપરની છણાવટની દ્રષ્ટિએ નકકર પગલાં ભરવા નિષ્ફળ ગયેલ હોવાથી ખાત્રી થવાથી આથી મંડળીની હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરીને તેની જગ્યાએ ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. નડીઆદની મંડળીનું કામકાજ ચલાવવા માટે વહીવટદાર તરીકે નિમણુંક કરૂ છું. સદર મંડળીનો તમામ વહીવટ પોતાને હસ્તક લેશે તે તારીખથી એક વર્ષ સુધીના સમય સુધી વહીવટ ચલાવશે. વહીવટદારની મુદત વધુ સમય લંબાવવી મંડળીના હિતમાં જરૂર જણાવી હોય તો મુદત પૂર્ણ થતા પહેલાં આ કચેરીએ જરૂરી દરખાસ્ત કરવાની રહેશે.

નડીઆદ, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

———

વાંચ્યો :

(૧) ઘોરા સેવા સહકારી મંડળી લી. તાલુકા આણંદ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૨૧/ગ-૨/૮૧૯/૧૯૯૪ તારીખ ૧૭મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/૨૧/ગ-૨/૯૮૫/૧૯૯૪.—ઘોરા સેવા સહકારી મંડળી લી. મુકામ ઘોરા તાલુકો આણંદ જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર સે-૯૯૯૧ તારીખ ૧લી એપ્રિલ ૧૯૬૭ ની નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આસીસ્ટન્ટ ઈન્સ્પેકટર પો. જિ. મ.સ. બેન્ક લી., ઉમરેઠ ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

———

વાંચ્યો :

(૧) ખીજલપુર સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૫૮/ગ-૨/૮૨૧/૧૯૯૪ તારીખ ૧૭મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/૫૮/ગ-૨/૯૮૬/૧૯૯૪.— ખીજલપુર સેવા સહકારી મંડળી લી. મુકામ ખીજલપુર તાલુકો ઠાસરા જિલ્લો ખેડા ને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસનો નોંધ નંબર ૧૯૭૭૯ તારીખ ૨૭મી ડીસેમ્બર ૧૯૫૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આસીસ્ટન્ટ ઈન્સ્પેકટર ખે. જિ. મ. સ. બેન્ક લી. ઠાસરા ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

———

વાંચ્યો :

કિંખલોડજુથ પિયત સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૪/ગ-૨/૭૧૧/૧૯૯૪/તારીખ ૧૮મી મે ૧૯૯૪

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./૦૪/ફડચા/ગ-૨/૯૮૪/૧૯૯૪.—કિંખલોડ જુથ પિયત સહકારી મંડળી લી મુકામ કિંખલોડ તાલુકો બોરસદ જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ૩૨૨૫ તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી રાજય મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર-૨ નડીઆદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયત મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

———

વાંચ્યો :

(૧) મહેમદાવાદ તાલુકા હરીજન સંયુકત ખેતી સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાની વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૮૮૩/૧૯૯૪/તારીખ ૨જી જુલાઈ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૯૯૩/૧૯૯૪.—મહેમદાવાદ તાલુકા હરીજન સંયુકત ખેતી સહકારી મંડળી લી મુકામ મહેમદાવાદ તાલુકો મહેમદાવાદ જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ખે-૨૪૯૪ તારીખ ૧લી નવેમ્બર ૧૯૮૩ થી નોંધવામાં આવી હતી મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના

INDEX

કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૪ નડીઆદ ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૪.

વાંચો :

ખેડૂત પિયત સહકારી મંડળી લી મુકામ અરડી ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૩૦/ગ-૨/૮૧૮/૧૯૯૪ તારીખ ૧૭મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખા.સ./૩૦/ક.જ./ફડચા/ગ-૨/૯૯૯/૧૯૯૪.—ખેડૂત પીયત સહકારી મંડળી લીં. મુકામ અરડી તાલુકો પેટલાદ જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ખે-૩૨૩૪ તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૨ નડીઆદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૪.

વાંચો :

બોરસદ આણંદ તાલુકા શ્રમજીવી કારીગર સહકારી મંડળી લી. ત્રણોલને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૩૩/ગ-૨/૮૨૦/૧૯૯૪ તારીખ ૧૭મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખા.સ./ફ.જ./૩૩/ફડચા/ગ-૨/૧૦૦૦/૧૯૯૪.— બોરસદ આણંદ તાલુકા શ્રમજીવી કારીગર સહકારી મંડળી લી મુકામ ત્રણોલ તાલુકો આણંદ જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર થી ૨૭૭૬ તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૫૫ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર-૧ નડીઆદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૪.

વાંચો :—

(૧) ગુંગળીયા દુધ ઉત્પાદક સ. મં. લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૯૬/ગ-૨/૮૨૩ ૧૯૯૪, તારીખ ૧૮મી જુન, ૧૯૯૪.

હુકમ

ક્રમાંક : ઉ.ખા.સ./ક.જ./ફડચા/૯૬/ગ-૨/૧૦૦૩ / ૯૪.—ગુંગળીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ ગુંગળીયા, તાલુકો કપડવંજ, જિલ્લો : ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. દુ-૧૭૨૪૬, તારીખ ૨૨મી જુન, ૧૯૮૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪, નડીઆદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરું કરવું.

નડિયાદ, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૪.

જા. નં. નધણુ/૭૦૪/ખ/૧૧૧૫ / ૯૪ સે-૨૭૦૬૮-૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી સર્વોદય બચત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રહુ તાલુકો માતર, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૪.

જા. નં. નધણુ/૭૦૩/ખ/૧૧૧૭ સે-૨૭૦૬૭ / ૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી ત્રણોલ પીપલ્સ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ : ત્રણોલ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૪.

વાંચો:—

જરગાલ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૮૯/ગ-૨/૮૩૪/૧૯૯૪ તા. ૨૧મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક : ઉ.ખા.સ. /ક.જ./ફડચા/ગ-૨/૮૯/૧૦૧૧/૯૪.—જરગાલ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ. જરગાલ, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ૨૨૬૨૭ તા. ૮મી જાન્યુઆરી ૧૯૯૦થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૨ નડીયાદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

INDEX

વાંચ્યો:-

પેટલાદ ઓટો વ્હીકલ ઓનર્સ કન્ઝ્યુમર્સ સો. લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૬૧/ગ-૨/૮૩૫/૧૯૯૪ તા. ૨૧મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક : ઉ.ખા.સ./ક.જ./ફડચા/ગ-૨/૬૧/૧૦૧૨/૯૪.—પેટલાદ ઓટો વ્હીકલ ઓનર્સ કન્ઝ્યુમર્સ કો. ઓ. સો. લી. મુ. પેટલાદ, તાલુકો પેટલાદ જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ભં-૨૯૯૬ તા. ૨૩મી ડીસેમ્બર ૧૯૮૫ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓ ના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૪ નડીઆદ ની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તા. ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

વાંચ્યો:—

જનરલ મીકેનીકલ વર્કશોપ ના કર્મ. ધિરાણ, ગ્રા. સ. મં. લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૧૧૨/ગ-૨/૮૮૪/૧૯૯૪ તા. ૨જી જૂલાઈ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક : ઉ.ખા.સ./ક.જ./ફડચા/ગ-૨/૧૧૨/૧૦૧૩/૯૪.— જનરલ મીકેનીકલ વર્કશોપના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ, મુ. કરમસદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ૧૨૩૨૭ તા. ૧૧મી ઓગસ્ટ ૧૯૭૬થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચા માં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨, નડીયાદ ની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

વાંચ્યો:-

ક્ષારયુકત જમીન સુધારણા મંડળ સ. મં. લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૯૧/ગ-૨/૮૪૧/૧૯૯૪ તા. ૨૩મી જુન ૧૯૯૪.

હુકમ

ક્રમાંક : ઉ.ખા.સ./ક.જ./ફડચા/ગ-૨/૯૧/૧૦૧૪/૯૪.—વલ્લી ક્ષારયુકત જમીન સુધારણા સ. મં. લી. મું. વલ્લી, તાલુકો ખંભાત, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૨૪૪૯૧ તા. ૭મી મે ૧૯૯૧થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૨, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

જા. નં. નધણ/૭૦૬/ખ/૧૨૦૭-૯૪ ભં-૪૨૩૯.—આથી જાહેર કરે છે કે, શ્રી એશર ફાર્મર્સ સર્વીસ ગ્રાહક સહકારી ભંડાર લિ. મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૪.

જા. નં. નધણ/૭૦૭/ખ/૧૨૦૯/૯૪ -ભં-૪૨૪૦.—આથી જાહેર કરે છે કે શ્રી રાધ્ધા ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લિ. મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવો છે.

નડીઆદ, તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૪.

જા. નં. નધણ/૭૦૮/ખ/૧૨૧૨/૯૪-ભં-૪૨૪૧.—આથી જાહેર કરે છે કે, શ્રી નિજાનંદ ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકાર ભંડાર લિ. મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
નડીઆદ, તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૪.

જા. નં. નધણ/૭૦૫/ખ/૧૨૧૩/ભં-૪૨૩૮/૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી બોરસદ તાલુકા કો. ઓ. ફાર્મર્સ સર્વિસ સ્ટે. લિ. મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૪.

જા. નં. નધણ/૭૦૯/ખ/૧૨૫૦/૯૪/સે-૨૭૦૬૯.—આથી જાહેર કરે છે કે શ્રી ખેડા ડિસ્ટ્રીક્ટ પંચાયત એમ્પ્લોઈઝ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ કો. ઓ. સોસાયટી લિ. નડીયાદ, મર્યાદિત સ્થળ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧/ સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (દૂધ) આણંદના જાવક નંબર અપણ / ખા.અ. /વહીવટ, તારીખ ૩ જી ફેબ્રુઆરી, ૧૯૯૪ નો ખાસ-- અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ચ.ક.સ. ૧૭-ખ-૮૧૯, તારીખ ૧૩ મી જૂન, ૧૯૯૪ થી સંસ્થાની-- વ્ય. ક. સભ્યોને પાઠવવામાં આવેલ કારણ દર્શક નોટીસનો પત્ર.

(૩) જા. નં. તારીખ ૨૭ મી જૂન, ૧૯૯૪ના રોજની સંસ્થાની લેખિત રજુઆત (૮ વ્ય. ક. સભ્યોની) નો પત્ર.

(૪) જા. નં. —તારીખ ૨૫ મી જુલાઈ, ૧૯૯૪ ના રોજ ની સંસ્થાના ૨ વ્ય. ક. સભ્યોની વહીવટદારના નિમણુંક કરવા અંગેની રજૂઆતનો પત્ર.

(૫) જા. નં. — તારીખ ૨૮ મી જુલાઈ, ૧૯૯૪ની સંસ્થાની લેખિત રજુઆતનો પત્ર.

(૬) ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી., આણંદનો પત્ર.

ક્રમાંક સ.વ.ન. / ૦૧ ૨૫ / ખ / ૧૨૫૬/૧૯૯૪.— શ્રી કઠલાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કઠલાલ, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પણ પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. સદર સંસ્થાનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા-નિયમો તથા સહકારી કાયદા કાનુન અને નિયમોનુસારનો કરવાનો રહે છે. સંસ્થાના માન્ય કરવામાં પેટા નિયમોથી અને કાયદા કાનુન અને નિયમોનુસારથી સંસ્થાના હોદ્દેદારો અને સંચાલકો ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ બજાવવાના હોય છે. આમ ઉપર મુજબના નિયમોથી જવાબદારી અને ફરજોથી સંચાલકો તથા હોદ્દેદારો વાકેફ હોવા છતાં સંસ્થાના તારીખ ૧ લી ઓકટોબર, ૧૯૯૩ થી તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૩ ના અન્વેષણ સમય દરમ્યાન જણાય આવેલ કેટલીક વહીવટી અને આર્થિક અનિયમિતતાઓથી સંસ્થાને ગયેલ આર્થિક નુકશાન માટે વ્યવસ્થાપક કમિટિના સ્થાને સહકારી કાયદાની કલમ ૮૧ અન્વયે પગલાં લેવાની અત્રેના કચેરીને ભલામણ કરેલ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નં. ૧ :

પેટા-નિયમ ૩૮ (૫) મુજબ બેંકના ખાતામાં નાણાંકીય લેવડ દેવડ કરવાની સત્તા આપતો ઠરાવ ચેરમેન મંત્રી અને વાઈસ ચેરમેનના નામનો થયેલ છે. તે પૈકી ગમે તે બે વ્યકિતની સહી આધથા-- વ્યવહાર કરવાનું ઠરાવેલ હોવાં છતાં ઓડીટ સમય દરમ્યાન નીચેના વ્યવહારો કેશીયરના નામે થયેલ છે.

(૧) બેંક ચાલુ ખાતું ચેક નંબર સી-૪૯૨૭૧૩ રૂા. ૨૦,૦૦૦
(૨) " " " સી- ૪૯૨૭૧૪ રૂા. ૩૫,૦૦૦
બન્ને તારીખ ૧-૧૧-૧૯૯૩.

(૩) બેંક બચત ખાતું ચેક નંબર એ/સી ૦૭૨૯૯૯૯ રૂા. ૨૦,૦૦૦ નામ અને તારીખ લખ્યા વગરનો ખાનગી વ્યકિતને વળતર આપી રકમો લખી બેંકમાં રજુ નહી કરી રોજમેળમાં જમા લેવામાં આવેલ ન હોઈ સદર રકમ અંગત કામમાં કેશીયરે વાપરેલ છે. તે અંગે વ્યવસ્થાપક કમિટિ તરફથી કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

મુદ્દા નંબર ૨ :

પે. નિ. ૩૮ (૭) ની જોગવાઈ અનુસાર રોજમેળમાં સહીઓ નિયમીત કરવી. વખતો વખત સિલકની મર્યાદા નક્કી કર્યા પછી વધુ પડતી સિલક હાથ ઉપર રહેતી હોવાની માહીતી ઓડીટ સમય દરમ્યાન જણાય આવેલ હતી. અને ચાલુ ઓડીટ સમય દરમ્યાન સંસ્થાનો કેશીયરે પણ અન-અધિકૃત સિલક હાથ ઉપર રાખી અંગત કામમાં વાપરેલ છે. અને બીજે નાંણા લાવી સંસ્થાનો વહીવટ-- ચલાવવામાં (દૂધના નાણાં ચુકવવામાં) મંડળીના મંત્રીને મદદરૂપ થયેલ છે.

મુદ્દા નંબર ૩ :

પે. નિ. ૩૮ (૮) સંસ્થાનું દફતર પુરેપુરૂ છેવટની માહિતી સાથેનું રાખવાનું (લખવામાં) આવેલ ન હોય અને ઓડીટ સમયે તૈયાર કરી ઓડીટર સમક્ષ ઓડીટ માટે દફતર રજુ કરવામાં આવેલ નથી. તેમજ આ બાબતે કોઈ નક્કર પગલાં વ્યવસ્થાપક કમિટિ તરફથી લેવામાં આવેલ નથી.

મુદ્દા નંબર ૪ :

પે. નિ. ૩૮ (૧૫) ઓડીટર તરફથી ઓડીટ નોંધમાં બતાવેલ ખામીઓ અને સુચનાઓનો ચુસ્તપણે અમલ કરી વાસ્તવીક દુરસ્તી રિપોર્ટ લાગતા-વળગતા ઓડીટરને મોકલી આપેલ નથી.

મુદ્દા નં. ૫

મુદ્દા નંબર ૩ ((૧૭) મુજબ આવક--જાવક ખરીદ--વેચાણ માલ સ્ટોક વિગેરે હિસાબી પત્રકો તૈયાર કરી ચકાસણી કરવી અને તે અંગે વ્ય. ક. માં જરૂરી મંજુરી મેળવી લેવાની કાર્યવાહી ઓડીટ સમય દરમ્યાન કરવામાં આવેલ નથી. તેમજ (હિસાબો તૈયાર ન હોવાથી વ્યવસ્થાપક કમિટીની સભામાં બીજી કામ અંગે કોઈ નિર્ણય લેવામાં આવતાં નથી.

મુદ્દા નંબર ૬ :—

પેટા-નિયમ ૩૮ (૨૧) સંસ્થાનું બાકી લ્હેણું વસુલ કરવા બાબતે કોઈ સક્રિય પગલાં લેવામાં વ્યવસ્થાપક કમિટિ નિષ્ફળ નિવડેલ છે.

આમ ઉપરના મુદ્દાઓ પરત્વે વહીવટી ક્ષતિઓ બાબતે સંસ્થાની વ્ય. ક. સભ્યોને ન્યાયના હિતમાં વ્યાજબી રજુઆત કરવાની તક આમુખ--૨ માં જણાવેલ કારણદર્શક નોટીસ આપી તારીખ ૨૭ મી જુન, ૧૯૯૪ ના રોજ રાખવામાં આવેલ હતી. ઉપરોકત દિવસે અને સમયે સંસ્થાના મોટાભાગના વ્ય. ક. સભ્યો હાજર રહી સંસ્થાના લેટર--પેડ ઉપર સંયુકત નિવેદન આપી સહીઓ કરી લેખિતમાં રજુઆત અત્રેની કચેરીને કરેલ છે. ત્યારબાદ સંસ્થાના ૨ વ્ય. ક. સભ્યો તરફથી સંસ્થામાં વહીવટદાર નિમવામાં આવે તેવી લેખિત રજુઆત પણ કરવામાં આવેલ છે. તેમજ સંસ્થાની પુન :

INDEX

રજુઆત આમુખ-૩ અને ૫ થી કરેલ તે રજુઆત અને ઓડીટરશ્રીના મુદ્દાઓ જોતાં મહદઅંશે સંસ્થાની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર થતી ન હોવાથી સહકારી કાયદાની કલમ ૮૧ અન્વયે સંસ્થાની વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેનો (સંસ્થાનો) વહીવટ ચલાવવા વહીવટદારની નિમણુંક અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી કઠલાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કઠલાલ, તાલુકે કપડવંજ, જિલ્લો ખેડાની હાલની વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે ધી ખેરા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., આણંદની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંકના સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે.

નડીઆદ, તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૪.

———

જાવક નંબર નધણ / ૭૧૧ / ખ / ૧૨૬૩ / ધ-૧૧૪૬૨/૯૪.— આથી જાહેર કરે છે કે શ્રી કૃષ્ણદર્શન એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

જાવક નંબર નધણ / ૭૧૨ / ખ / ૧૨૬૫ / સે-૨૭૦૭૦/૯૪.— આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય કો. ઓપ. સેવિંગ્સ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ડાકોર, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

જાવક નંબર નધણ / ૭૧૦ / ખ / ૧૨૬૭ / ધ-૧૧૪૬૧/૯૪.— આથી જાહેર કરે છે કે શ્રી પારેખ પ્લાઝા કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ખંભાત, તાલુકો ખંભાત, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

નડીઆદ, તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

વંચાણે લીધાં :—

શ્રી શ્રીજી ગ્રાહક સહકારી ભંડાર લી., નડીઆદના ફડચા અધિકારીનો પત્ર તારીખ ૩૦ મી જુલાઈ, ૧૯૯૪. પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ન / ૩૭૩/૯૪.

હુકમ

જાવક નંબર ઉ.ખ.સ. / ફડચ / ખ / ૧૨૮૩/૯૪.— શ્રી શ્રીજી ગ્રાહક સહકારી ભંડાર લી., મુકામ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ભાં-૩૦૨૪, તારીખ ૪ થી મે, ૧૯૯૧ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ. / ક.જ. / ફડચા / ગ-૨ / ૪૫૨૯, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નંબર ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

વંચાણે લીધા:-

(૧) સંસ્થાના સભાસદ શ્રી એસ. આર. નારંગની તા. ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૩ની તથા તા. ૪થી નવેમ્બર ૧૯૯૪ રોજની મંડળીના વહીવટ બાબતની અરજીઓ
(૨) સંસ્થાના સભાસદ શ્રી જે. જે. પાઠકની તારીખ નવેમ્બર-૧૯૯૩ની સંસ્થાના વહીવટ અંગેની અરજી
(૩) સંસ્થાના ૩૭ સભાસદોની સંયુકત અરજી
(૪) અત્રેની કચેરીના ક્રમાંક સ.વ.ન. ૦૧૧૫-ખ-૭૫૯/૯૪ તા. ૧૮મી એપ્રિલ ૧૯૯૪ના રોજથી પાઠવેલ સંસ્થાના વ્યવસ્થાપક કમીટીના સભ્યોની કારણદર્શક નોટીસ.
(૫) તા. ૯મી મે ૧૯૯૪ ના રોજ વ્ય. ક. સભ્યો શ્રી ઘનશ્યામ વી. જોષી અને શ્રી આર. કે. જોષીની લેખિતમાં હાજર રહી આપેલ રજુઆત.
(૬) વ્યવસ્થાપક કમિટિ સભ્ય શ્રી સુધીર એસ. ભટ્ટ અને શ્રી પી. એન. દેસાઈના લેખિતમાં હાજર રહી કરેલી રજુઆત તથા બીજા ૪ સભ્યોની લેખીતમાં આપેલ રજુઆતો.

ક્રમાંક સ.વ.ન./૦૧૨૭/ખ/૧૨૮૭/૧૯૯૪.—શ્રી ઉન્નતિ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. ડાકોર તા. ઠાસરા જિ. ખેડા એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે અધિનિયમ તરાકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા નિયમો કાયદા-કાનુન અને નિયમોનુસારનો કરવાનો હોય છે. સંસ્થાના સંચાલકો તથા હોદ્દેદારોએ તેમના શિરે લાદવામાં આવેલ પેટા-નિયમ મુજબની ફરજો અને જવાબદારીઓ નિભાવવાની હોય છે. સંસ્થાના સંચાલન બાબતે આમુખ નં. ૧, ૨ અને ૩માં જણાવ્યા મુજબના સભાસદો તરફથી સંસ્થાના વહીવટ બાબતે અલગ અલગ વિગતો જણાવી અરજીઓ અત્રેની

INDEX

કચેરીને મોકલી આપી સંસ્થાનો વહીવટ સારી રીતે ચાલે તે માટે કાર્યવાહી કરવા અત્રેની કચેરીને જણાવેલ છે.

આ કચેરીએ આવેલ અરજીઓ તથા અત્રેના સંસ્થા પાસેથી અરજીઓ બાબતે માંગવામાં આવેલી વિગતો તથા તે માટે સંસ્થાના દફતરી પુરાવા સંસ્થાની રૂબરૂમાં મુલાકાત લઈ જોતા અને તેમાં જણાય આવેલ કેટલાક વહીવટી ક્ષતિઓને લક્ષમાં લઈ સંસ્થાના વહીવટી સામે કાનુની પગલાં લેતી પહેલાં સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યોને ન્યાયની હિતમાં રજુઆત માટેની યોગ્ય અને ન્યાયિક તક આપવી જરૂરી બનતાં અત્રેની કચેરીના આમુખ ૪ થી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસ રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી પાઠવી તા. ૯મી મે ૧૯૯૪ના રોજ અત્રેની કચેરીએ આધાર પુરાવા સાથે હાજર રહેવાનું જણાવવામાં આવેલ હતું. તે મુજબ હાજર રહી આમુખ ૫ અને ૬ની વિગતો મુજબ રજુઆત લેખિતમાં કરેલ છે. સંથામાં જણાય આવેલી વહીવટી અનિયમિતતાઓ બાબત ના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના હતા.

મુદ્દા નં. ૧ :

તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૩ના રોજની સંસ્થાની ખાસ સાધારણ સભાની બેઠકમાં ઠરાવ નંબર ૯ થી દુર કરાયેલ સભાસદ તરફથી ઠરાવ નંબર ૯મી હોદ્દેદારો તરફથી લેખિત રજુઆત તથા સભ્યોની મળેલ અરજી તથા સહકારી અધિકારી સમક્ષ સંસ્થાના મેનેજરશ્રીનું રૂબરૂ આપેલ નિવેદન તથા દિલીપભાઈ જોષનું તા. ૨૫મી નવેમ્બર ૧૯૯૩નું સોગંદનામું તથા મેનેજર તરફથી તેમના કચેરીને મળેલ (નિવેદન) રજુઆત તેમજ મંડળીની મુલાકાત સમયે મંડળીના ચેરમેનશ્રીનું દફતરી રજુ નહીં કરવાનું આપખુદી વર્તન તથા સભામાં થયેલ ઠરાવ શંકાસ્પદ જણાય છે.

ઉપરોકત આક્ષેપ અંગે સંસ્થા તરફથી જણાવેલ છે કે આ આક્ષેપ સત્યથી વેગળો છ. અમોએ (ચેરમેનશ્રીએ) મંડળીનું દફતર રાખવાનું હોતું નથી. પરંતુ મેનેજરશ્રીએ રાખવાનું હોય છે. એટલે અમોએ દફતર રજુ નહીં કરવાનું આપખુદી વર્તન રાખેલ છે તે હાસ્યાસ્પદ છે અને મંડળીની મુલાકાત વખતે આપની કચેરીના કર્મચારીને કેવું વલણ લીધેલ છે તે સ્પષ્ટ કરે છે.

મુદ્દા નંબર ૧ બાબતે થયેલ રજુઆત અત્રેના મુદ્દા સાથે સુસંગત નથી. સંસ્થાનું દફતર મેનેજરશ્રી પાસે છે, તેની રજુઆતથી સંસ્થાની અન્ય વિગતો છુપાવી શકાતી નથી અને સંસ્થાની જવાબદારોનો જવાબ આપ્યા મુજબની વિગતો પણ મુદ્દા-૧ ને વધુ મજબુત બનાવે છે. અત્રેની કચેરીના અધિકારીઓ મંડળીની મુલાકાત સમયે સંસ્થાનું દફતર રજુ કરવા માટે ચેરમેને સંસ્થાના મેનેજરને જણાવ્યું હોત તો સંસ્થાનું દફતર રજુ થઈ શકયુ હોત આમ મુદ્દા નંબર-૧ના રજુઆત સાચી નથી.

મુદ્દા નંબર ૨ :

તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૩ ની વ્યવસ્થાપક કમિટીની સભાના ઠરાવ નંબર ૬ થી કર્મચારીઓની નિમણુક બાબતે સહકારી અધિકારી તરફથી ઉકત સંસ્થાની રૂબરૂ મુલાકાત દરમ્યાન નિણુંક આપેલ કર્મચારીઓને પુછતાં આવા કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી અને ચેરમેનશ્રીએ પોતાની સત્તાની રુઈએ પોતાના ભાઈને નોકરી માં લેવા હોદ્દાનો દુર ઉપયોગ કરી સગાવાદ વાપરી હિત સંબંધની કાર્યવાહી કરેલ છે. અને વ્યવસ્થાપક કમિટીએ તે મંજુર રાખેલ છે.

આ બાબતે સંસ્થાના કાર્યવાહકોએ જણાવેલ છે કે પુરાવા સહિત જવાબ અમોએ આપશ્રીને તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ના રોજ રુબરુમાં આપેલ છે. જેના પેરા નંબર ૨માં આપેલ સ્પષ્ટતાથી વધુ કાંઈ જણાવવાનું નથી. તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ના રોજના પેરામાં જણાવેલ છે કે નિમણુક પામનાર કર્મચારીની જ્યારે પસંદગી ની વાત આવી ત્યારે ચેરમેનશ્રી સભા છોડી ચાલ્યા ગયેલા અને અરજદારના ભાઈને પણ પટાવામાંથી કલાર્કમાં બઢતી આપેલ છે. જેથી સંસ્થા તરફથી થયેલ કાર્યવાહી સાચી છે. અને સંસ્થાના દફતર બાબતે સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી તરફથી સંસ્થાના દફતરની સલામતી ન હોવાથી સહકારી અધિકારીની રુબરુ મુલાકાત સમયે રજુ કરવામાં આવેલ દફતર વ્યવસ્થાપક કમિટી સભ્યને ત્યાં સુરક્ષિત રાખવામાં આવેલ હતું. મુદ્દા નં. ૨માં બાબતની રજુઆત અને અત્રેના મુદ્દાની વિગતો જોતા સંસ્થાની રજુઆતમાં સંસ્થાને કરેલી કામગીરી મુદ્દા નંબર ૨ની વિગત મુજબની હોય તેમ જણાય છે. જેથી ખુલાસો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

મુદ્દા નંબર : ૩ :

તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૪ના રોજની ખાસ સાધારણ સભામાં ઉપર જણાવેલ મુદ્દા નંબર ૧ અને ૨ની વિગતો ધ્યાનમાં લેતાં આવી સભા મળી હોય તેના નક્કર પુરાવા સહકારી અધિકારીની રુબરુ મુલાકાત દરમ્યાન રજુ થયેલ નથી.

આ અંગે ઓજન્ડા કાઢી બજાવ્યા બદલ કોઈ જવાબદાર કર્મચારી -ઓ તરફથી જણાવેલ નથી. આ અંગે કો. ઓપ. ટ્રીબ્યુનલ તકરારી કેસ નંબર ૧૩૪ના ચુકાદા નંબર ૯માં સામાન્ય સભાની જાણ કેટલાક સભ્યોને થયેલ નહોતી. જેથી સદર સભાને ગેરકાયદેસર ઠરાવેલ છે. આ અંગે કેટલાક સભાસદોની અરજીમાં ફરિયાદ છે.

આ અંગે સંસ્થાના કાર્યવાહકોને સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે ડાકોર નગર પંચાયતનો વિસ્તાર છે. એટલે સરકારશ્રીની નીતી અન્વયે ખાસ સાધારણ સભા કાયદેસર છે કે કેમ તે અંગેનો નિર્ણય મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી પંચાયતે લેવાનો છે. કો. ઓપ. ટ્રીબ્યુનલ સામે દાખલ કરેલ તકરારી કેસ નંબર ૧૩૪ ના ચુકાદા નંબર ૯માં આ કિસ્સામાં લાગુ પાડી શકાય નહીં, કારણ કે જે તે સંસ્થાને લાગુ પડે છે અને ખાસ સાધારણ સભા નિયમ મુજબ અને અમારા પેટા નિયમ મુજબ મળેલ છે તે સભ્યોને તે અંગે તકરાર હોય તો તેમને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારની જિલ્લા પંચાયતને કાયદેસર કાર્યવાહી કરવા લખવું જોઈએ. જે ઉપર પણ અપીલ થઈ શકે છે. આ મુદ્દો કલમ-૮૧ અન્વયે સુસંગત નથી. મુદ્દા નંબર ૩ સામેની રજુઆત જોતા સંસ્થા તરફથી કરવામાં આવેલ ખાસ સાધારણ સભાની કાર્યવાહી અંગેના આધાર પુરાવા સહકારી અધિકારીની સંસ્થાની રૂબરૂમાં લેવામાં આવેલી મુલાકાત દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી. જે ઉપરથી રજુઆત સાથે સુસંગત નથી. આમ ખાસ સાધારણ સભા બોલાવેલ છે કે કેમ તેની ખાત્રી કરાઈ શકેલ નથી જેથી રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૪ :

પેટા નિયમ-૨૭ માં સુધારો થવાથી વ્યવસ્થાપક કમીટી ૧૧ સભ્યોથી ઓછી અને ૯ થી વધુ સભ્યો નહીંનો સુધારો થતા તારીખ ૧૭મી જુન, ૧૯૯૪ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૪ ના સંદર્ભથી ૭ વ્ય. કમીટી સભ્યોની જગ્યાએ ૯ વ્ય. કમીટી સભ્યો રાખવાના સુધારાથ (૧) યોગેન્દ્ર આર. પરમારને તથા (૨) આનંતભાઈ એસ. જોષીને નવા સભાસદો બનાવ્યા તથા દાખલ ફી તથા શેર ફીની રકમ જમા કરાવેલ છે. જેની સામે સંસ્થામાં સભાસદ થવા માટે કોઈ અરજી જોવા મળેલ નથી તેમજ સભાસદ થવા માટે પેટા નિયમ-૮ (૨) ની જોગવાઈનો ભંગ કરીને ચેરમેનશ્રીએ ખાસ સાધારણ સભામાં બન્નેને સભાસદ બનાવીને ત્યારબાદ તેઓને વ્ય. કમીટી સભ્ય અને ત્યારબાદના ઠરાવ નં. ૪ થી કો-ઓપ્ટ કરેલ છે. નવા

INDEX

સભ્યો દાખલ કરવાની સત્તા વ્ય. કમીટીને હોઈ સાધારણ સભામાં તે અંગે ઠરાવ કરેલ છે તે યોગ્ય નથી.

આ અંગે સંસ્થાના કાર્યવાહકોએ જણાવેલ છે કે આ અંગેના પુરાવા સાથેના અમારો જવાબ તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના રોજ પેરા નં. ૪ થી કરેલ છે જેમાં અમારે વધારે કહેવાનું નથી. તેમાં જણાવ્યા મુજબ કામ એજન્ડામાં લેવામાં આવેલ છે. સભાસદ અરજી પણ લેવામાં આવેલ છે અને સાધારણ સભા વ્ય. કમીટી કરતાં સર્વોપરી હોય સદર કામો ખાસ સાધારણ સભામાં થયેલ છે. અરજદાર તરફથી અન્ય વ્ય. કમીટી સભ્યોની વ્ય. કમીટી સભામાં આવતા રોકવામાં આવતા હતા. તેથી સદર કામ ખાસ સાધારણ સભા બોલાવી પેટા નિયમમાં સુધારો અમલ બનાવવાની ફરજ પડેલ છે.

મુદ્દા નં. ૪ અંગે કરેલ સ્પષ્ટતા અંગે સંસ્થાના વ્ય. કમીટી સભ્યોની રજુઆત સાથે સુસંગત નથી તેથી સભાસદ બનાવવા માટે સભાસદની અરજી વ્ય. કમીટીમાં મંજુર કરવાની હોય છે. તેની સત્તા વ્ય. કમીટ ને હોવાથી તેમાંજ મંજુર થવી જોઈએ સાધારણ સભામાં લેવાની રહે નહીં, આ અંગે જણાવેલ કારણ વ્યાજબી જણાતું નથી જેથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. મુલાકાત સમયે જણાયી આવેલ વિગતો પણ તેટલી જ સાચી છે, અને હોદ્દેદારોએ કરેલ સત્તાનો દુરૂપયોગ સાબિત થાય છે.

મુદ્દા નં. ૫ :
સંસ્થાની વ્ય. કમીટીની કામગીરી અંગેના એજન્ડા જે તે સભ્યોને પેટા નિયમ મુજબ મીટીંગની તારીખથી ૭ દિવસ અગાઉ પહોંચાડવા જોઈએ તેમ ન કરી તેનો ભંગ કરેલ છે.

આ અંગે સંસ્થાના કાર્યવાહકોએ જણાવેલ છે કે આ અંગેની રજુઆત અમારા તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના રોજનાં પત્રના પેરા નં. ૪ પુરાવા સાથે જણાવેલ છે તે સિવાય વધુ કાંઈ કહેવાનું નથી. તેમાં જણાવેલ છે. સામાન્ય રીતે મીટીંગની તારીખ અગાઉ ઉદિવસ પહેલાં એજન્ડા મોકલવામાં આવે છે. અને હાજર નહીં રહેનાર સભ્યોને યુ.પી.સી. થી મોકલી આપવામાં આવે છે.

આમ ઉપરની વિગતો તથા મુદ્દાની વિગતોને ધ્યાનમાં લેતા સંસ્થાના વ્ય. કમીટી સભ્યોએ સુચના મુજબ અમલ કરવાની ખાત્રી આપેલ છે. પરંતુ ખરેખર ઉકત કેસમાં નિયમ વિરૂધ્ધ થયેલ છે, તે આના ઉપરથી ફલિત થાય છે. જેથી સ્પષ્ટતા ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૬ :
કચેરી તરફથી તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ ની સ્પષ્ટતા તારીખ ૮મી ફેબ્રુ આરી, ૧૯૯૪ ના રોજ આવેલ સહકારી અધિકારીને પત્ર આપેલ હોવા છતાં તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૪ ના રોજ મોકલી આપવાની ખોટી માહિતી પુરી પાડેલ છે.

આ અંગેની રજુઆત અમારા તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના રોજના પત્રના પેરા નં. ૫ માં પુરાવા સાથે જણાવેલ છે તે સિવાય વધુ કાંઈ કહેવાનું નથી. તેમાં જણાવ્યાનુસાર આપની કચેરીના તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પત્રનો પ્રત્યુત્તર ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૪ ના રોજ મોકલી આપેલ છે. તેથી આપની કચેરીની અવગણના કરવાનો પ્રશ્ન રહેતો નથી. આમ મંડળીએ જે સ્પષ્ટતા કરેલ છે તે ગેરવ્યાજબી છે અને ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૭ :
સંસ્થાની તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૩ ની વ્યવસ્થાપક કમિટીમાં થયેલ ઠરાવ નં. ૮ માં ઠરાવ્યાનુસાર ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાંથી રોકડ શાખ મેળવવાનું ઠરાવેલ છે. જેની તપાસ કરતાં આવો ઠરાવ બેંકને મોકલી આપી બેંક સાથે છેતરપીંડી કરવાનો પ્રયાસ થયેલ છે અને તેઠરાવો બે અલગ અલગ સ્વરૂપમાં જોવા મળેલ છે.

આ અંગે વ્ય. કમીટી સભ્યો તરફથી જણાવેલ છે કે તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના પત્રથી આપેલ પેરા નં. ૭ ના જવાબ સિવાય વધુ પ્રકાશ પાડવાનો રહેતો નથી, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના પત્રના પેરા નં. ૭ માં જણાવેલ છે કે સદર ઠરાવ મેનેજરશ્રીની બેદરકારીને કારણે શરત ચુકથી લખવાનો રહી ગયેલ છે અને તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૩ ની વ્ય. કમીટીમાં પ્રમુખ શ્રી તરફથી સદર કામ મુકવામાં આવેલ હતું. જેથી ગુન્હાહિત કૃત્યનો પ્રશ્ન રહેતો નથી.

આમ અત્રેની કચેરીના મુદ્દાની વિગત અને થયેલરજુઆત જોતા ફલિત થાય છે કે જે તે વ્ય. કમિટીની બેઠકમાં થયેલ ઠરાવ બાબતે સંસ્થાના સંચાલકોની બેદરકારી સ્પષ્ટ જણાય આવેલ છે જેથી જોવા મળેલ ઠરાવો સાચા છે તેમ માની થયેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૮ :
સંસ્થા પાસે સભાસદ તરફથી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધ સરકારી કાયદાની કલમ-૩૩ તથા નિયમ-૨૦ ની જોગવાઈ અનુસાર સભ્યોને એક બહાના બતાવી સભાસદના હક્ક ઉપર તરાપ મારી ઉકત નિયમોનો ભંગ કરી કાર્યવાહીની નકલ પુરી પાડવામાં આવેલ નથી.

આ અંગે વ્ય. કમિટી સભ્યો તરફથી જણાવેલ છે કે તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના પત્ર પેરા નં. ૮ થી પુરાવા સાથે જવાબ કરેલ છે. આમ છતાં તેઓને કાયદા વિરૂધ્ધની કાર્યવાહી લાગતી હોય તો કાયદેસર કાર્યવાહી કરી શકે છે. આ મુદ્દો કલમ-૮૧ સાથે સુસંગત નથી. તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના પત્રના પેરા નં. ૮ માં સંસ્થાના સભાસદ શ્રી પી. ઓસ. જોષીને વાર્ષિક સાધારણ સભાની તેમની માંગણી મુજબ નકલો આપવામાં આવી છે, વધારાની નકલોની માંગણી બોર્ડ ઓફ નોમીનીઝમાં મેટર સબજ્યુડીસ હોવાથી નકલ આપેલ નથી.

આ ઉપરની રજુઆત તથા અત્રેની કચેરીના મુદ્દાની વિગતો જોતા થયેલ રજુઆતે અંગે કોઈ કરવાનું રહેતું નથી.

મુદ્દા નં. ૯ :
અત્રે મળેલ પુનરાવર્તન અરજીઓ જોતાં ઘણા સભાસદોને મંડળીની વ્ય. કમિટીના વહીવટમાં અસંતોષ હોવાનું જણાયેલ છે.

આ અંગે થયેલ રજુઆતમાં ઘણા સભ્યોને મંડળીના વહીવટથી અસંતોષ છે તેમ જે આક્ષેપ છે તે સત્યથી વેગળો છે. હકીકત એ છે કે ફકત ફકત ૩ સભ્યો જેઓ અમારા વિરોધ પક્ષના સભ્યો છે તેઓને આ સંસ્થા અસ્તિત્વ મીટી જાય તે માટે અવિરત પ્રયત્ને ખોટી સહીઓ મેળવી કરે છે જે બાબત નિષ્પક્ષ ન્યાયી તપાસ થશે તો આપને માલુમ પડશે.

સંસ્થાના વ્ય. કમિટીના સભ્યોની રજુઆત અને અત્રેની કચેરીએ કેટલાક અન્ય સભ્યોની રજુઆત જુદી બાબતોએ થયેલ છે તેથી ત્રણ જ સહીઓની રજુઆત છે તેવી સ્પષ્ટતા ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નંબર ૧૦ :
સંસ્થાની ચાલુ વ્ય. ક. ના સભ્યોમાં પણ કેટલાંક સભ્યોને વહીવટ સામે અસંતોષ હોય તથા રસ ન હોય તેવા વ્યવસ્થાપક કમીટીની સભામાં આવતાં નથી.

INDEX

આ બાબતે વ્ય. ક. સભ્યો તરફથી થયેલ રજુઆતમાં જણાવેલ છે કે ચાલુ વ્ય. ક. માં અમારા પક્ષે ૬ સભ્યો છે અને વિરોધ પક્ષે ૩ સભ્યો હતા જે પૈકી ૨ સભ્યોને કાયદા પ્રમાણે કમી કરેલ છે. આ અંગે શ્રી સુરેન્દ્રપ્રકાશ આર. નારંગ કે જેમને કમી કરેલ તેઓએ બોર્ડ ઓફ નોમીનીઝમાંથી મનાઈ હુકમ મેળવેલ હતો અને તે મનાઈ હુકમ મે. બોર્ડ ઓફ નોમીનીઝ, સાહેબ આણંદે તારીખ ૧ લી ડિસેમ્બર, ૧૯૯૩ થી ઉઠાવી લીધેલ છે જેથી પણ આપશ્રીને ફલિત થશે કે અમારી કાર્યવાહી કાયદેસરની છે. આપે જે કેટલાંક સભ્યોને વહીવટમાં રજુ ન હોય અસંતોષ હોય તેઓ વ્ય.ક. માં આવતા નથી તે હકીકત સારી નથી તેઓનું મંડળીનું ઔવરડયુ છે તેથી તેઓને રકમ ભરવી ન પડે તેથી રસ લેતા નથી.

આમ અત્રેની કચેરીનો મુદ્દો તથા થયેલ રજુઆત જોતા જે સભ્યોને અસંતોષ હોય અને રસ ન લેતાં હોય તેવા સભ્યો કે જે સંસ્થાના મુદતવીતી બાકીદાર છે તેમ જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. તેથી તે ગ્રાહ્ય રાખવા પાત્ર બનતી નથી.

આમ ઉપરની વિગતો આમુખ-૬ માં જણાવેલ વ્ય. ક. સભ્યોની રજુઆતો થયેલ છે. તદ ઉપરાંત આમુખ-૧ થી-૨ વ્ય. ક. સભ્યોએ કરેલ રજુઆત પણ અત્રેની કચેરીના મુદ્દાઓ સાથે સરખાવતા નીચે મુજબની વિગતો જણાય આવે છે.

મુદ્દા નંબર ૧ :

આ બાબતે ઉપરોકત બન્ને વ્ય. ક. સભ્યોની લેખિત રજુઆતમાં જણાવે છે કે તારીખ ૩૦ મી ઓકટોબર, ૧૯૯૩ વા. સા. સભામાં મંડળીની કેટલીક અનિયમિતતાઓ બાબતે જરૂરી સ્પષ્ટતાઓ માંગતો પત્ર લખી પ્રશ્ન પુછવામાં આવતાં ચેરમેનશ્રીના મળતીયાઓ મારફતે અઘટિત વ્યવહાર કરી વ્ય. ક. ના સભ્યપદેથી શ્રી નારંગને દુર કરવાની દરખાસ્ત મુકી તે અંગેની કાર્યવાહી કરેલ હતી. આ અંગે ફકત ચેરમેન તથા તેમના ટેકેદારો કમીટી સભ્યો જવાબદાર છે.

આ બાબત અત્રેની કારણદર્શક નોટીસનો મુદ્દા નં. ૧ સાથે મળતી આવે છે, જેથી રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્રની છે.

મુદ્દા નંબર ૨ :

આ બાબતે જણાવેલ છે તારીખ ૨ જી સપ્ટેમ્બર ૧૯૯૩ ની વ્ય. ક. ની સભાની બેઠકની સભાના ઠરાવ નં. ૬ થી થયેલ કર્મચારીઓની ભરતી અંગેનો ઠરાવ માન્ય રાખેલ નથી આ પ્રશ્ન વા. સા. સભામાં રજુ થયેલ છે અને સંસ્થાને ખોટા નુકશાનમાં ઉતારી રહ્યા હોવાથી તારીખ ૧૭ મી નવેમ્બર, ૧૯૯૩ ની કમીટીની મીટીંગમાં કર્મચારીઓને તાત્કાલીક દુર કરવા ઠરાવ પણ કરેલ છે.

આ બાબતો અત્રેના મુદ્દા સાથે મળતી આવતી હોવાથી રજુઆત અંગે કાંઈ કરવાનું રહેતુ નથી.

મુદ્દા નંબર ૩ : આ બાબતે પણ કાંઈ કરવાનું રહેતું નથી.

મુદ્દા નંબર ૪ :

મુદ્દા નંબર ૫ : આ બાબતે કાંઈ પણ કરવાનું રહેતું નથી.

મુદ્દા નંબર ૬ : —સદર—

મુદ્દા નંબર ૭ : —સદર—

મુદ્દા નંબર ૮ : આ મુદ્દા બાબતે કાંઈ કરવાનું રહેતું નથી.

મુદ્દા નંબર ૯ : આ રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

મુદ્દા નંબર ૧૦ : આ મુદ્દા બાબતે કાંઈ કરવાનું રહેતું નથી.

આમ આમુખ ૫ થી ૨ વ્ય.ક. સભ્યોની રજુઆત સંસ્થામાં વહીવટદાર નિમવાના હિતમાં કરેલ છે. તથા આમુખ નં. ૬ થી ૬ સભ્યોની રજુઆતો જોતાં અત્રેની કચેરીથી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ જોતાં સંસ્થાના વ્ય.ક. સભ્યોની મોટા ભાગની રજુઆતો ઉપર મુજબ અત્રેની કચેરીના મુદ્દાઓ સાથે સુસંગત નથી. મોટા ભાગના મુદ્દાએ પરત્વેની રજુઆત સાચી અને યોગ્ય ન જણાતા સંસ્થાની હાલની વ્ય.ક. ને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણુંક કરવી તે સંસ્થાના તથા સભાસદ ના હિતમાં હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ નડીયાદ આથી મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકારની રુઈએ શ્રી ઉન્નતિ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુકામ ડાકોર, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડાના વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ વહીવટદાર તરીકે શ્રી સી. એન. પટેલ ઠેકાણું : ૧૦ વિજયનગર સોસાયટી મુકામ નડીયાદ, તાલુકો નડીયાદ જિલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યાં તારીખથી એક વર્ષનો રહેશે.

નડીયાદ, તારીખ ૩૦ મી ઓગષ્ટ ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) એડીશનલ ઓડીટર, સહકારી મંડળીઓ, નડીયાદના જા. નં. અપણુ/૩૩૯/૯૩, તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૩ ના પત્રની સાથે મોકલી આપેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક : ખવમ/૦૧/ચ/૮૮ / ૯૪, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ ના રોજથી સંસ્થાના વ્ય. ક. સભ્યોને રજિ. પો. એ. ડી. થી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા.નં. ચકસ/૪૩૧૭/ખ/૮૪૧ / ૯૪, તારીખ ૧૦મી મે, ૧૯૯૪ નો પાઠવેલ સ્મૃતિ પત્ર.

(૪) અત્રેની કચેરીના જા. નં. ચકસ/૪૩૧૭/ખ/૮૪૨ / ૯૪, તારીખ ૧૦મી મે, ૧૯૯૪ નો મદદનીશ સહકારી અધિકારી (બજાર) ને સંસ્થાની મુલાકાત લઈને અભિપ્રાય આપવા અંગેનો પત્ર.

(૫) આમુખ-૪ ની વિગતો મુજબ ક્રમાંક : ખવમ/૦૧/ચ/૧૬૪ / ૯૪, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪નો અભિપ્રાય આપતો પત્ર.

ક્રમાંક સવન/૨૩૬/ખ/૧૩૪૦/૯૪.—શ્રી મહોળેલ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ, મુકામ મહોળેલ, તાલુકો નડીયાદ, જિલ્લો ખેડા એ (કે જેનો આ કામે હવે પછી સંસ્થા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી રૂપાંતર સહકારી મંડળી છે. સંસ્થાનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર

INDEX

થયેલા પેટા-નિયમો, કાયદા કાનુન અને નિયમોથી નક્કી થયા મુજબનો ચલાવવાનો હોય છે. સંસ્થાના પેટા નિયમોથી લાદવામાં આવેલ સંસ્થાના સંચાલકો તથા હોદ્દેદારોના શીરે નક્કી થયા મુજબની ફરજો અને જવાબદારીઓ અદા કરી નિભાવવાની હોય છે.

સદર સંસ્થાના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૧ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ના વૈધાનિક અન્વેષણ, ઓડીશનલ ઓડીટર, સહકારી મંડળીઓ, નડીઆદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર અન્વેષણ સમય દરમ્યાન જણાય આવેલ કેટલીક વહીવટી તથા આર્થિક અનિયમિતતાઓ બાબતે સંસ્થાના સંચાલકો તથા હોદ્દેદારો તરફથી પેટા નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ જવાથી સંસ્થાની વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનાં વહીવટ ચલાવવા વહીવટદારની નિમણુંક અંગે કાર્યવાહી કરવા ભલામણ કરેલ છે. જેનો અહેવાલ આમુખ-૧ થી અત્રેની કચેરીને મોકલી આપેલ છે. જેના મુદ્દાઓ નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧.—સંસ્થાની વ્યવસ્થાપક કમીટી સભ્યો તથા ચેરમેન / મંત્રી વિગેરે કાયદા કાનુન તથા પેટા-નિયમો..... મુજબ. કાર્યવાહી કરેલ નથી અને પેટા નિયમ મુજબ તેમના શિરે લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરેલ નથી અને સંસ્થાને આર્થિક નુકશાનમાં ઉતારેલ છે. જેમ કે ઉધાર ખાતર વેચેલ છે. એડવાન્સ રકમો ચૂકવેલ છે. ધર્માદા ફંડ વાપરેલ છે. વિગેરે.

મુદ્દા નં. ૨.—ઓડીટ મેમોની દુરસ્તી કરેલ નથી. તેમજ પેટા-નિયમ મુજબ કામગીરી કરેલ નથી, જેવાં કે પેટા નિયમ ૧૩, ૨૮ (અ), ૩૮, ૩૯, ૪૦, ૪૯, ૫૨ નો ભંગ કરેલ છે.

મુદ્દા નં. ૩.—સંસ્થા ઉત્તરોત્તર ખોટમાં કામ કરે છે. ગત વર્ષની તથા ચાલુ વર્ષની મળી કુલ રૂા. ૧,૩૪,૯૫૩.૯૪ પૈસાની ખોટ છે.

મુદ્દા નં. ૪.—સને ૧૯૯૨-૯૩ ના વર્ષમાં સંસ્થાએ રાયડો તથા મગફળીનો વેપાર કરેલ નથી.

મુદ્દા નં. ૫.—શ્રી આણંદ રીઝીયોનલ કો-ઓપ. ઓઈલ સીડસ-ગ્રોઅર્સ યુનિયન, ચિખોદરાના ખાતા ખામી નં. ૨૦ મુજબ મેળવેલ નથી. રકમો નિયમિત મેળવેલ નથી, રકમો નિયમિત જમા કરાવેલ નથી. જેથી ઉધાર વેચાણમાં નાણાં શંકાસ્પદ રહેશે. જે રકમો વસુલ લેવા પાત્ર થાય.

મુદ્દા નં. ૬.—ખામી નં. ૧૮ મુજબ રૂા. ૯,૦૦૦ ઓફિસ ભાડા / ગોદામ ભાડા તરીકે ઠરાવ કરી ચુકવેલ છે, તે રકમ ખાતર વકરામાંથી ચૂકવેલ છે. તેવીજ રીતે ખામી નં. ૧૯ મુજબ સાર્વજનિક પુસ્તકાલય મહોળેલને રૂા. ૪,૦૦૦ ચુકવેલ છે. તે પણ ખાતર વકરામાંથી ચૂકવેલ છે. સદર રકમ પછી વસૂલ લેવાના થાય છે.

મુદ્દા નં. ૭.—ખામી નં. ૨૫ મુજબ કાયદા કાનુન અને પેટા નિયમ વિરૂધ્ધ ઠરાવો કરી ૩૩ સભાસદોને રૂા. ૧,૨૦,૦૩૩.૧૦ નું ઉધાર ખાતરનું વેચાણ કરેલ છે. જે રકમો ૧૩.૫ ટકાના વ્યાજ સહિત પરત લીધેલ નથી. જે અંગેની જવાબદારી હોદ્દેદારો અને સંચાલકોની સંયુકત રીતે છે.

મુદ્દા નં. ૮.—તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૨ થી ખાતરનાં ભાવફેરમાં સંસ્થાને ખાતર વેપારમાં રૂા. ૩૪,૭૮૬.૨૦ નું આર્થિક નુકશાન થયેલ છે. સંસ્થામાં સ્ટોક હોવા છતાં, હોદ્દેદારો / સંચાલકોએ સમયસર તેનો નિકાલ કરેલ નથી જે માટે તેઓની જવાબદારી ગણાય.

મુદ્દા નં. ૯.—ખાતર બાકી રૂા. ૧,૨૦,૦૩૩.૧૦ ની વસુલાત માટેની કાર્યવાહી કરેલ નથી.

મુદ્દા નં. ૧૦.—સંસ્થાના મંત્રીશ્રી હિસાબી / વહીવટી કામકાજના જાણકાર નથી. તેથી તેમની જગ્યાએ નવા તાલીમ પામેલા મંત્રીની નિમણુંક કરવી જરૂરી છે.

મુદ્દા નં. ૧૧.—પેટા નિયમ કર્મચારીઓની ફરજો અને જવાબદારીઓ નક્કી કરતાં ઠરાવ કરેલ નથી. બી, બિયારણની ખરીદ અને વેચાણની કામગીરી માટે ઠરાવ કરેલ નથી.

ઓડિટ નોંધની દુરસ્તી આવક જાવકના હિસાબો તથા સિલક અને માલ સ્ટોકની ચકાસણી કરવાનો ઠરાવો કરેલ નથી.

મુદ્દા નં. ૧૨.—સંસ્થાની પ્રગતિ અંગે કોઈ સક્રિય પગલાં સંસ્થાની વ્ય. કમિટીએ લીધેલ નથી.

આમ ઉપરના મુદ્દાઓ બાબતે સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યોને ન્યાયના હિતમાં રજુઆત માટે વ્યાજબી તક આમુખ-૨ માં જણાવેલ ક્રમાંકથી કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ ના રોજ સુનવણી માટે જાણ કરવામાં આવેલ હતી. સદર તારીખે સંસ્થાની વ્ય. કમિટી સભ્યો પૈકો કોઈપણ સભ્ય હાજર રહેલ નથી તેમજ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમુખ-૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી વિગતો મોકલી આપવા જણાવવા છતાં વિગતો ન મોકલી આપતા આમુખ-૪ થી અત્રેની કચેરીના ફેરણી અધિકારીશ્રી મદદનીશ સહકારી અધિકારી (બજાર) સંસ્થાન સ્થળ ઉપર મુલાકાત લઈ સંસ્થા તરફથી થયેલ વાસ્તવિક કાર્યવાહીની વિગતવાર માહિતી મેળવી અહેવાલ આપવા જણાવેલ હતું. તે આધારે આમુખ-૫ થી અત્રેની કચેરીના ફેરણી અધિકારીના જણાવ્યાનુસાર સંસ્થા તરફથી કોઈ સક્રિય પગલાં લેવામાં વ્ય. કમિટી સભ્યોને રસ હોય તેમ જણાતું નથી અને ઓડીટ સમય દરમ્યાનજણાયેલ બાબતો પરત્વે કોઈજ કાર્યવાહી કરેલ નથી. જેથી ઉપરની વિગતોને ધ્યાનમાં લઈ સંસ્થાને વ્યવસ્થાપક કમિટીની નિષ્ક્રિયાતાને લીધે વ્ય. કમિટીને દૂર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણંક કરવી. સંસ્થાના અને સભાસદોના હિતમાં ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી મહોળેલ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મહોળેલ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડામાં એડીશનલ ઓડીટર, સ. મં., નડીઆદના અન્વેષણ મુદ્દાઓ તથા કારણદર્શક નોટીસના મુદ્દાઓ પ્રત્યે સંસ્થાની વ્યવસ્થાપક કમીટી તરફથી કોઈ સક્રિય પગલાં લેવામાં આવેલ ન હોય તથા વહીવટી કામગીરી બજાવવામાં નિષ્ફળ જવાથી તેની જગ્યાએ

સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી ગુણવંતભાઈ એમ. જોષી, ઠે. પુરૂષોત્તમનગર, સોસાયટીપાસે, વૈશાલી રોડ, મુ.તા. નડીઆદ જિલ્લો : ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે.

નડીઆદ, તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૪.

જા. નં. : નધણુ/૭૧૩/ખ/૧૩૫/સે-૨૭૦૭૧ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી સરદાર પટેલ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ નાપાડતળપદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) કપડવંજ મ્યુનિ. સ્ટાફ ધિરાણ અને ગ્રાહક સ. મં. લી., ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૦૨૩/૧૯૯૪, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

ક્રમાંક ઉ.ખ.સ./ક. જ. ફડચા / ગ-૨ / ૨૦૩૫ / ૯૪.—કપડવંજ મ્યુનિસિપલ સ્ટાફ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ કપડવંજ, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ, પં., નડીઆદની ઓફિસના નોંધ નંબર : ૭૬૬૪, તારીખ ૩જી માર્ચ, ૧૯૩૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪, નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં " ૦૪૨૫— સહકાર " સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

જા. નં. નધણુ/૭૧૫/ખ/૧૪૦૮/ સે-૨૭૦૭૨ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી કિશ્ના બચત સહકાર મંડળ લિ. મર્યાદિત સ્થળ : સેવાલીયા, તાલુકો ઠાસરા જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળાઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

જા. નં. નધણુ/૭૧૬/ખ/૧૪૧૦-સે-૨૭૦૭૩ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી અન્યોઅન્ય બચત કરનારી સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ આણંદ, તાલુકો આણંદ. જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૪.

જા. નં. : નધણુ/૭૧૪/ખ/૧૪૧૨ સા-૨૩૪૪ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી ભાગ્યમ મજૂર કામદાર સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ કઠલાલ, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (દૂધ) પેટલાદના જા. નં. અધણુ/૦૧/તારીખ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૪ નો ખાસ અહેવાલ

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ગકસ/દસમ/ખ-૫૬૮-૯૪, તારીખ ૧૬મી એપ્રિલ ૧૯૯૪થી વ્યવસ્થાપક કમીટી સભ્યોને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) તારીખ ૫મી મે ૧૯૯૪ ના રોજની વ્યવસ્થાપક કમીટી સભ્યોની સંયુકત લેખીત રજુઆત.

ક્રમાંક સવ.ન./૦૧૨૮/ખ-૧૩૯૭૧૯૯૪,—શ્રી મહુંડીયા પુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મુકામ મહેરીયા પુરા, તાલુકા પેટલાદ, જિલ્લા ખેડા એ (કે જેને ના આ કામ હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામ હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી જેનો રોજ બરોજનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા નિયમો મુજબ ચલાવવાનો રહે છે. સંસ્થાના સંચાલકો તથા કર્મચારીઓના શિરે લાદવામાં આવેલ પેટા નિયમો કાયદો કાનુન અને નિયમોથી ફ રજો અને જવાબદારીઓ અદા કરવાની હોય છે.

સદર સંસ્થાના તારીખ ૧લી જુલાઇ ૧૯૯૧ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૩ ના સમયનું વૈધાનિક અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (દૂધ પેટલાદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર અન્વેષણ સમય દરમ્યાન સંધાથામાં કેટલીક વહીવટી અને આર્થીક અનિયમિતતાઓ જણાય આવતાં અને સંસ્થાની વ્યવસ્થાપક કમીટી તથા કર્મચારીઓ તેમની ફરજો અને જવાબદારીઓ અદા (બજાવવામાં કરવામાં નિષ્ફળ જવાથી વ્યવસ્થાપક કમિટીને દૂર કરી તેની જગ્યાએ વહીવટ દાર નિમવા સારૂ અત્રેની કચેરીને ભલામણ કરેલ છે.

આમ સંસ્થા સામે કાનુની કાર્યવાહી કરતાં અગાઉ સંસ્થાના સંચાલકોને સંચાલકોને રજુઆત માટે ન્યાયના હીતમાં વ્યાજબી તક આપના આમુખ-૨માં જણાવ્યા મુજબની વિગતોથી કારણદર્શક નોટીસ રજી. પો. એ. ડી. થી પાઠવી તારીખ ૨જી મે ૧૯૯૪ ના રોજ રૂબરૂમાં અત્રેની કચેરીએ હાજર રહી રજુઆત માટે તક આપવામાં આવેલ હતી જે આધારે તારીખ ૨જી મે ૧૯૯૪ના રોજથી આમુખ-૩માં જણાવ્યા મુજબની વિગતોથી છ વ્યવસ્થાપક કમીટી સભ્યોએ લેખીતમાં રજુઆત સંયુકત સહીઓથી મોકલી આપેલ છે. સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવા માટેના મુખ્ય મુદાઓ નીચે મુજબના છે. મુદા નંબર-૧.

પેટા નિયમ ૨૧ મુજબ વર્ષ પુરૂ થયા બાદ વાર્ષિક સાધારણ સભા સને ૧૯૯૨-૯૩માં બોલાવી નથી.

INDEX

સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મળેલ છે જે ઠરાવેલ સમયમાં મળેલ નથી અને પેટા નિયમ ૨૧ નો ભંગ કરેલહે હોય રજુઆત વ્યાજબી નથી.

મુદા નંબર ૨:—પેટા-નિયમ ૩૮ (૩) ફાજલ નાણાંના રોકાણ સહકારી કાયદાની કલમ-૭૧ મુજબ કરેલ નથી. આ અંગે સભ્યોએ જણાવેલ છે કે માજી મંત્રીની ગેરરીતી ઓને કારણે આવું રોકાણ કરેલ નથી.

મુદા નંબર ૩:—પેટા નિયમ ૩૮ (૭) હિસાબો તપાસવા સિલક ગણવી તથા રોજ મેળમાં નિયમિત સહીઓ પ્રમુખ/કમિટી સભ્યોને અધિકાર આપનો જોઈએ જે આપેલ નથી.

આ અંગેની રજુઆતમાં જણાવેલ છે કે પેટા નિયમ મુજબ પ્રમુખજ સહીઓ કરતા હોઈ અન્યને અધિકાર આપેલ નથી.

આમ અત્રેની કચેરીના મુદાની તથા રજઆત માંથી વિગતો જોતાં પેટા નિયમનો ભંગ કરેલ છે અને ચેરમેન શ્રીનેજ અધિકાર આપેલ હોય રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી.

મુદા નંબર ૪ ;— પેટા નિયમ ૩૮ (૧૭) માં હિસાબો માગવા તપાસવા અને મંજુર કરવા જે કરેલ નથી.

આ સામે થયેલ રજુઆતમાં જણાવેલ છે કે માજી મંત્રી એ કોર્ટમાં કાર્યવાહી કરેલ છે. તેને ઢાંકવા સંસ્થાનું દફતર ગુમ કરેલ હોઈ દફતર નવેસરથી તૈયાર કરાવી ઓડીટ કરાવેલ છે.

આ સંસ્થાની રજઆત ખામી નંબર ૪ સાથે સુસંગત ન હોવાથી ગ્રાહય રાખી શકાય નહી.

મુદા નંબર ૫ : –પેટા-નિયમ ૩૮(૮)મુજબ હિસાબી પત્રકો પુરેપુરા લખાયેલ નથી માજી મંત્રી પાસેથી ચાર્જ તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૨ ના રોજ મળેલ છે આ અંગેની રજુઆતમાં સંસ્થાના હોદ્દેદારો એ જણાવેલ છે કે માજી મંત્રીએ ચોપડા ગુમ કરેલ છે. આ અંગે પોલીસ સ્ટેશને અને ડી. એસ. પી, ને તથા કોર્ટમાં રજુઆત કરેલ છે. અને તેમાં મદદ કરનાર પટાવાળાને તપાસણી કરીને દૂર કરવામાં આવેલ છે.

આમ ઉપરના મુદાઓમાં મોટા મોભારે સેક્રેટરીએ ઉચાપત કરી છે ચોપડા લખેલા નથી દફતર ગુમ થયેલ છે આમ જણાવેલ છે જેની વિગતો ઓડીટરના મુદા સાથે સુસંગત નથી.

મુદા નંબર ૬:—પેટા નિયમ ૩૯ (૪)મુજબ દર ત્રણ માસે સિલક સ્ટોક, રેડસ્ટોક વિગેરેની ચકાસણી કરવા બાબત.

આ અંગે હોદ્દેદારોએ જણાવેલ છે કે અગાઉ આવી પ્રથા અમલમાં હતી. માજી મંત્રીએ ઉચાપત કરેલ હોવાથી બંધ હોય હવેથી અમલ કરવામાં આવશે.

આમ અત્રેનો મુદા તથા સંસ્થાની રજુઆત જોતા હવે પછીથી અમલ કરવામાં આવશે તેમ જણાવેલ છે. આમ આના ઉપરથી જણાય છે કે વ્યવસ્થાપક કમિટીએ મંડળીના કામકાજ ઉપર દેખરેખ રાખેલ નથી અને સહકારી કાયદાની કલમ-૭૪ મુજબ મંડળીની કામગીરી વિહોત કરેલ છે તે મુજબ ફરજો અને જવાબદારીઓ નિભાવી નથી જેથી સંસ્થાની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી.

મુદા નંબર ૭:—પેટા નિયમ ૩૩ મુજબ વ્યવસ્થાપક કમિટીની બેઠક બોલાવી જોઈએ તેમજ વ્યવસ્થાપક કમીટીને મંડળી ચલાવવામાં રસ નથી.

આ અંગેની હોદ્દેદારોની રજુઆતમાં જણાવેલ છે કે સંસ્થા ચલાવવામાં વ્યવસ્થાપક કમીટીને સભ્યોને રસ નથી.

આ પેટા નિયમનો ભંગ કરેલ છે અને વ્યવસ્થાપક કમીટીની સભા બોલાવવામાં આવેલ હોય તેવા આધાર પુરાવા રજ કરેલ નથી જેથી રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી.

મુદા નંબર ૮:—પેટા નિયમ ૩૬ મુજબ ઉધાર માલનું વેચાણ કરેલ છે આ અંગે હોદ્દેદારોની રજુઆતમાં જણાવેલ છે કે સદર ઉધાર માલના વેચાણથી રકમ વસુલ આવી ગયેલ છે અને હવેથી પ્રથા બંધ કરવામાં આવેલ છે. આ અંગે કોઈ કહેવાનું રહેતુ નથી.

મુદા નંબર ૯:—પેટા નિયમ મુજબ ઓડીટ દૂરસ્તી રિપોર્ટ કરેલ નથી આ અંગે સંસ્થાની રજુઆતમાં જણાવેલ છે કે ઓડીટ દૂરસ્તી જે તે ઓડીટરને મોકલી આપેલ છે.

આ સંસ્થાની રજુઆતો સાથે આધાર પુરાવા મોકલી આપેલ ન હોઈ, ગ્રાહય રાખવા પાત્ર નથી.

આમ ઉપરની તમામ વિગતો ધ્યાનમાં લેતાં સંસ્થાની વ્યવસ્થાપક કમિટીઓ પોતાની ફરજો અને જવાબદારીઓ કે જે પેટા નિયમોથી લાદવામાં આવેલ છે તે મુજબ અદા કરી સંસ્થાનો વહીવટ ચલાવવામાં નિષ્ફળ ગયેલ છે. અને સંસ્થા ચલાવવામાં કોઈ સભ્યને રસ હોય તેમ જણાતું ન હોવાથી સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યએ સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદારની નિમણુંક કરવી તે સંસ્થાના તથા સભાસદોના હિતમાં હોય વહીવટ-દારની નિમણુંક માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી મહુડીઆપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મહુડીયાપુરા તાલુકાં પેટલાદ જિલ્લા ખેડામાં ઓડીટરના મુદાઓ તથા અત્રેથી પાઠવવામા આવેલ કારણદર્શક નોટીસના મુદાઓને ધ્યાનમાં લેતાં સંસ્થાન હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ સંસ્થાની વહીવટ ચલાવવા વહીવટદાર તરીકે શ્રી અંબાલાલ આર. પટેલ ઠે. અર્જુન ફળિયા, મુકામ પેટલાદ, તાલુકો પેટલાદ, જિલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે સદર નિમણુંકનો સમય આજે ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે.

નડીઆદ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ઓડીટ ગ્રેડ-૨ દૂધ નડીઆદના જા. નં. અપણ ક-/૧૯૩ તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૩ નો ખાસ અહેવાલ.

(૨) અત્રની કચેરીના ક્રમાંક મ.ક.સ./૪૨૧૬/ખ/૨૫૭/૯૪ તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૪થી પાઠવેલ વ્યવસ્થાપક કમીટીના સભ્યોને કારણ દર્શક નોટીસ.

(૩) સંસ્થા વ્યવસ્થાપક કમીટી સભ્યોની લેખીતમાં રજુઆત તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજની

INDEX

(૪) જા. નં. ચ.ક.સ.'૪૨૧૬-ખ-૪૯૩-૧૯૯૪ તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૪ નો વિગતો માગતો પત્ર.

(૫) જા. નં. ચ.ક.સ.'૪૧૨૬-ખ-૯૭૦-૯૪ તારીખ ૧૧મી જુલાઈ ૧૯૭૪ નો સ્મૃતિપત્ર

(૬) જા. નં. તારીખ ૨૩મી જુલાઈ ૧૯૯૪ના પત્રથી સંસ્થાની લેખિત રજુઆત.

(૭) જા.નં. તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૪ ના પત્રથી સંસ્થામાં વહીવટદારની માંગણી કરતો ઠરાવની નકલ.

ક્રમાંક સવન/૦૧૨૯/ખ/૧૩૯૯/૧૯૯૪.—શ્રી આલીણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ આલીણા તાલુકા નડીઆદ જિલ્લા ખેડા એ કે જેનો આ કામે (હવે પછી મંડળી તરીક ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ આલીણાબ તાલુકા નડીઆદ કે જેનો રોજ રોજનો વહીવટ સંસ્થાના મંજૂર થયેલા પેટા નિયમો સહકારી કાયદો કાનુન અને નિયમોનુસાર કરવાનો હોય છે. સંસ્થાના મંજુર થયેલા પેટા નિયમોનુસાર તથા નિયમોથી લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવાની હોય છે.

સંસ્થાના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૩ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના સમયનું વૈધાનિક અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨ (દૂધ) નડીઆદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું. સદર અન્વેષણ સમય દરમ્યાન જણાય આવેલ કેટલીક વહીવટી અને આર્થિક અનિયમિતતાઓ બાબતે સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે કાનુની કાર્યવાહી કરવા સારૂ ભલામણ કરી આમુખ-૧માં જણાવ્યા મુજબની વિગતોથી ખાસ અહેવાલ મોકલી આપી કાર્યવાહી કરવા જણાવેલ છે જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નંબર ૧:—તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૧ના ઓડીટ નોંધની વાસ્તવીક દૂરસ્તી કરવામાં આવેલ નથી.

મુદ્દા નંબર-૨:—વધારાના બાંધકામની મંજુરી મેળવવામાં આવેલ નથી.

મુદ્દા નંબર ૩.—સંસ્થાના માજી મંત્રી પાસેથી રૂા. ૯૩૫૭૦/ અગાઉના ઉચાપતના બાકી લ્હેણા સરવૈયે બોલે છે. જેની વસુલાત માટે સંસ્થાના સંચાલકો તરફથી કોઈ નક્કર પગલાં લેવામાં આવેલ નથી તેમજ માજી મંત્રીને વ્યવસ્થાપક કમીટીના ઠરાવથી દૂધ ભરનાર કર્મચારી તરીકે નિમણુંક કરેલ છે.

મુદ્દા નંબર ૪:—પેટા નિયમ મુજબ દુધના નાણાં ટકે ટકે ચુકવવાને બદલે ૧૦ ટકેાએ ચુકવાય છે.

મુદ્દા નંબર ૫ :—સંસ્થામાં ખર્ચાઓ ઉપર બજેટ પધ્ધતિ અપનાવી મર્યાદા રાખવામાં આવેલ નથી તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના સમયમાં રૂા. ૧,૬૬,૨૨૬.૯૪પૈ. સામે વહીવટી ખર્ચ રૂા. ૧,૧૯,૦૧૪.૩૨પૈ. થયેલ છે આવકના પ્રમાણમાં ૭૫ % ખર્ચ થયેલ છે.

મુદ્દા નંબર ૬.—સંસ્થાએ ઓડીટ સમય દરમ્યાન પેટા નિયમ ૩૯ (૪) (૨) (૩) નો ભંગ કરેલ છે. ચાલુ મંત્રીએ રૂા. ૫૦૩૧૫/ તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૩ ના રોજ ઓડીટર સમક્ષ રજુ કરેલ નથી.

આમ ઉપરની વિગતોએ સંસ્થાને આમુખ-૨થી કારણ દર્શક નોટીસ પાઠવી વિગતવાર માહીતી આ સાથે ન્યાયના હીતમાં વ્યાજબી તક આપી તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૪ નો રોજ તમામ વ્યવસ્થાપક કમીટી સભ્યોને આપેલ હતી તે આધારે સંસ્થાએ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ આમુખ-૩ થી ૫ વ્યવસ્થાપક કમીટી સભ્યોએ હાજર રહી લેખીતમાં રજુઆત કરેલ છે જે રજુ-આતની વિગતો જોતાં ગ્રાહય રાખવા પાત્ર ન હોવાથી અને ઓડીટરની કચેરીના આમુખ ૪ અને ૫ થી વિગતવાર સ્પષ્ટતાઓ માંગવામાં આવતાં સંસ્થાએ આમુખ-૬ થી લેખીત માં રજુઆત કરેલ છે તેમજ આમુખ ૭ થી સંસ્થાએ વહીવટદારની નિમણુંકની માંગણી કરતો તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૪ ના રોજની વ્યવસ્થાપક કમીટીની સભાના ઠરાવ નંબર ૩ ની નકલ મોકલી આપી વહીવટદાર નિમવાની ભલામણ કરેલ છે.

આમ ઉપરની તમામ વિગતો ધ્યાનમાં લેતા અને સંસ્થાની માંગણી વંચાણે લેતાં સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ અને ઓડીટરના અહેવાલ મુ દ્દાઓ તથા ઓડીટરની કારણ દર્શક નોટીસના મુદ્દાઓ બાબતે સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી સંસ્થાનો વહીવટ ચલાવવા વહીવટદારની નિમણુંક કરવી તે સંસ્થાના તથા સભાસદોના હિતમાં હોવાથી નીચે મુજબનો વહીવટદારશ્રીની નિમણુંકનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી કે. એન. એસ. જોષી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ અને સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી આલીણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ આલીણા તાલુકા નડીઆદ જિલ્લો ખેડામાં હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી મુસ્તુફામીયા એચ. ઠાકોર ઠે. નિશાંત કોલોની ચર્ચ પાસે મુકામ આણંદ તાલુકે આણંદ જિલ્લો ખેડા માં નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંક ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ ની રહેશે.

નડીઆદ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૧૭/ખ/૧૪૨૦/૧૯૯૪:-ધ-૧૧૪૬૩.—આથી જાહેર, કરે છે કે શ્રી કિશોર પ્લાઝા બીલ્ડીંગ સર્વિસ કો. ઓ. સો. લી. મર્યાદિત સ્થળ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

જા.નં.નધણુ/૭૨૦/ખ/૧૪૨૫/૧૯૯૪/સે-૨૭૦૭૪/૯૪.— આથી જાહેર કરે છે કે શ્રી સહયોગ કો. ઓપ. ક્રેડીટ સો. લી., બાલાસિનોર મર્યાદિત સ્થળ બાલાસિનોર તાલુકો બાલાસિનોર જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

INDEX

જા.નં નધણુ/૭૧૮/ખ/૧૪૪૭/૧૯૯૪/ખે-૩૦૯.—આથી જાહેર કરે છે કે શ્રી ખેડૂત પિયત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ટેકરીયાપુરા, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૧૯/ખ/૧૪૫૬/૧૯૯૪/સે-૨૭૦૭૫.— આથી જાહેર કરે છે કે શ્રી કપડવંજ અનાજ઼ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કપડવંજ તાલુકો કપડવંજ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૨૧/ખ/૧૪૬૫/૧૯૯૪/ભં-૪૨૪૨/૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી મહાવીર ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૨૨/ખ/૧૪૮૦/૧૯૯૪/ભં-૪૨૪૩/૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

વાંચ્યો :

દિપક નાના અને સિમાન્ત ખેડૂતોની પિયત સહકારી મંડળી લી. મુ. ઉન્દેલને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૧૦૨૦/૧૯૯૪/તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખા.સ./ફ.ક.જ./ગ-૨/૨૦૭૨/૧૯૯૪.—દિપક નાના અને સીમાન્ત ખેડૂતોની પિયત સહકારી મંડળી લી. મુકામ ઉન્દેલ તાલુકો ખંભાત જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર ખે-૨૨૬૫ તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૭૮થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૧ નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

વંચાણે લીધા :

(૧) વાસણા (કે) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. વાસણા (કે) તાલુકો ખંભાત જિલ્લો ખેડાના જા.નં. તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજના પત્રથી વ્યવસ્થાપાયક કમીટી સભ્યોના આપેલ રાજીનામાના પત્રો તથા સંસ્થાની તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૪ ના રોજની વાર્ષિક સાધારણ સભા ના ઠરાવોની નકલો.

(૨) અત્રેની કચેરીના ગ શાખાના પત્ર ક્રમાંક દઆમ-૦૧-ગ-૧/૧૪૨૩ ૧૯૯૪ તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૪ ની નોંધ.

ક્રમાંક સવન-૦૧૨૮-ખ-૧૪૬૬-૧૯૯૪:—શ્રી વાસણા (કે.) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ વાસણા (કે) તાલુકો ખંભાત જિલ્લો ખેડા એ (કે જેનો હવે પછી આ કામે મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે, નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. સંસ્થાનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા નિયમો કાયદા કાનુનો અને નિયમોનુસાર કરવાનો હોય છે. સદર સંસ્થા તરફથી આમુખ-૧ માં જણાવેલ વિગતો એ સંચાલકો અને જવાબદાર હોદ્દેદારોએ તેમની કરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ જતાં સંસ્થાની વ્યવસ્થાપક કમીટી સભ્યોએ સંયુકત રીતે રાજીનામા આપેલ છે અને સદર સંસ્થાના વહીવટમાં શુન્યાવકાસ સર્જાયેલ છે. આ સંજોગોમાં સંસ્થાનો વહીવટ નિયમોનુસાર અને સરળતાથી ચાલે તેને ધ્યાનમાં તથા આમુખ-૨ ની વિગતને લક્ષમાં લઈ સંસ્થાનો વહીવટ ચલાવવામાં કસ્ટોડીયનની નિમણુંક કરવી તે સંસ્થાના તથા સભાસદોના હિતમાં હોઈ સંસ્થામાં કસ્ટોડીયનની નિમણુંક અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીઆદ અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૭૪ (ઘ) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી વાસણા (કે) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ વાસણા (કે) તાલુકા ખંભાત જિલ્લો ખેડામાં સંસ્થાની થયેલી રજુઆતને લક્ષમાં લઈ સંસ્થાની વહીવટી કામગીરી નિયમિત રીતે ચાલે તેને ધ્યાને લઈ સંસ્થામાં કસ્ટોડીયન તરીકે શ્રી અંબાલાલ આર. પટેલ ઠે. અરજન ફળિયા મુકામ પેટલાદ, તાલુકો પેટલાદ જિલ્લો ખેડાની નિમણુંક કરૂ છું. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ માસનો રહેશે. મહેનતાણાનો રકમ હવે પછી મંજૂર કરવામાં આવશે.

નડીઆદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, ગ્રેડ-૨ (દૂધ) સહકાર મંડળીઓ, માતરના જાવક નંબર અષણ ૦૧-૯૪, તારીખ ૧-૧-૧૯૯૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. ચ. ક. સ૪૩૦૧—ખ ૭૪૧'૯૪, તારીખ ૮-૪-૧૯૯૪ ન પાઠવવામાં આવેલ વ્ય. ક. સભ્યોને કારણદર્શક નોટીસ.

INDEX

(૩) સંસ્થાના જા. નં. — તા. વગરનો મુદત માગતો પત્ર.

(૪) અત્રેની કચેરીના જા. નં. ચ. ક. સ.—૪૩૦૧—ખ—૮૪૦' ૯૪, તારીખ ૧૦—૫—૧૯૯૪ ના પત્રથી આપેલ મુદત.

(૫) તારીખ ૧૩—૫—૧૯૯૪ ના રોજ રૂબરૂ હાજર રહી પાંચ વ્ય. ક. સભ્યોએ વિગતવાર માહિત દિન ૧૦ માં મોકલી આપવાની આપેલ ખાત્રી.

(૬) અત્રેની કચેરીના જા. નં. ચ. ક. સ. —૪૨૯૧—ખ—૯૬૯' ૯૪, તારીખ ૧૧—૭—૧૯૯૪ થી આપેલ આખરી તક.

(૭) જા. નં. — તારીખ ૨૫—૭—૧૯૯૪ ના આમુખ—૨ થી પાઠવેલ કારણદર્શક નોટીસનો મુદ્દાવાર સંસ્થાની રજુઆત.

(૮) અત્રેની કચેરી તરફથી જા. ન. ચ. ક. સ. —૪૨૯૧—ખ—૧૦૮૮' ૯૪, તારીખ ૬—૮—૧૯૯૪ ના પત્રથી માગેલ વિગતો.

ક્રમાંક સ. વ. ન. / ૦૧૨૯ / ખ / ૧૫૧૦ / ૧૯૯૪.— શ્રી લવાલ દુધ ઉત્પાદક સહકારી મંડળ લી., મુકામ લવાલ, તાલુકા માતર, જિલ્લો ખેડા એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ હેઠળ (કે જે નો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી દુધ ઉત્પાદક સહકારી મંડળી છે.

સદર સંસ્થાના તારીખ ૧—૭—૧૯૯૩ થી તારીખ ૩૦—૬—૧૯૯૩ ના સમયનું વૈધાનિક અન્વેષણ આમુખ—૧ માં જણાવ્યા મુજબના જા. નં. — ના પત્રથી ઓડીટર ગ્રેડ-૨ (દુધ) સહકારી મંડળીઓ માતર તરફથી હાથ ધરી પુર્ણ કરવામાં આવતા ખાસ અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપી સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ કાર્યવાહી કરવા ભલામણ કરેલ છે. કાનુની કાર્યવાહી કરતાં અગાઉ ન્યાયના હિતમાં રજુઆત માટે વ્યાજબી તક આપવાનું મુનાસીબ જણાતાં આમુખ—૨ થી સંસ્થાના જવાબદારોને કારણ દર્શક નોટીસ પાઠવી તારીખ ૨૮—૪—૧૯૯૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. તે તારીખે અને સમયે સંસ્થાના પાંચ વ્યવસ્થાપક સભ્યોએ આમુખ નં. ૩ માં જણાવ્યાનુસારના પત્રથી મુદત માટે માંગણી કરેલ હતી. જે આમુખ ૪ થી પુન : તારીખ અને સમય આપી ને તારીખ ૧૩—૫—૧૯૯૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. અને તે દિવસે પણ વિગતવાર માહિતી આમુખ ૫ અને ૬ માં સુચવ્યા મુજબ આધાર પુરાવા સાથે દિન—૧૦ માં મોકલી આપવાની લેખિતમાં બાંહેધરી આપેલ હતી. પરંતુ સમય મર્યાદામાં કોઈપણ પ્રકારની વિગતો અત્રેની કચેરીને મોકલી આવામાં ન આવતાં આમુખ ૬ થી છેલ્લી તક આપવામાં આવેલ હતી અને આમુખ ૭ થી સંસ્થાએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોવાથી સંસ્થાની વ્ય. ક. ને દુર કરી, વહીવટદારની નિમણુંક સંસ્થાના અને સભાસદોના હિતમાં જણાતા વહીવટદારની નિમણુંક નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈ કરવાનું નક્કી કરવામાં આવે છે.

મુદ્દા નં. ૧ :—

સંસ્થાએ તારીખ ૧—૭—૧૯૯૨ થી તારીખ ૩૦—૬—૧૯૯૩ ના સમયના તમામ ત્રિમાસિક અન્વેષણ અહેવાલની વાસ્તવીક દુરસ્તી કરી, દુરસ્તી અહેવાલ સંબંધિત ઓડીટરને મોકલી આપેલ નથી.

આ અંગે અરજદારોએ જણાવેલ છે કે, ઉપરોકત સમયનો અન્વેષણ અહેવાલ માજી મંત્રીશ્રી પાસેથી મળેલ નથી. જેથી દુરસ્તી થઈ શકેલ નથી.

આમ ઉપરના મુદ્દાની રજુઆતમાં અન્વેષણ નોંધની નકલ મેળવી દુરસ્તી કરી શકાય તેમ હોવા છતાં સંસ્થાએ ઓડીટ નોંધની નકલ મેળવવા પ્રયાસ કરેલ નથી. જેથી સંસ્થાની રજુઆત બરાબર ન જણાતા ગ્રાહ્ય રાખવા પાત્રની નથી.

મુદ્દા નંબર ૨ —:—

તારીખ ૧—૧—૧૯૯૧ થી તારીખ ૩૦—૬—૧૯૯૩ તથા ૧—૭—૧૯૯૩ થી ૩૧—૮—૧૯૯૩ દરમ્યાન વધુ સિલક હાથ ઉપર હોવા છતાં કોઈ નક્કર પગલાં ભરવામાં આવેલ નથી.

આ અંગે લેખિતમાં રજુઆત કરી જણાવેલ છે કે, ચેરમેનશ્રી ચેકો ઉપર સહી કરવાની બંધ કરેલ છે. અને વા. ચેરમેનને પણ લેખિતમાં જણાવેલ છે. જવાબદારો ઉપર લવાદી દાવાઓ દાખલ કરવામાં આવેલ છે.

આમ સંસ્થાની રજુઆત, ઓડીટરના મુદ્દા સાથે સુસંગત ન હોવાથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નંબર ૩ —:—

તારીખ ૧—૧—૧૯૯૩ થી તારીખ ૩૦—૬—૧૯૯૩ સુધીના સમય દરમ્યાન આવક—જાવક, દૂધ—વધ—ઘટ, સસ્તી—મોંઘી વિગેરે મંજુર કરેલ નથી.

આ અંગે સંસ્થાના જવાબદારોએ જણાવેલ છે કે, માજી મંત્રી મંડળી ઉપર બોલાવવા છતાં આવતા નહી હોવાને કારણે કોઈ કાર્યવાહી થયેલ નથી.

આમ સંસ્થાની રજુઆતમાં મુદ્દા મુજબની પ્રથાનો કોઈ અમલ કરેલ ન હોવાથી રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નંબર ૪—:—

સંસ્થાની વ્યવસ્થાપક કમિટિની બેઠકમાં પેટા-નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આ અંગે જવાબદારોએ જણાવેલ છે કે, માજી મંત્રી મંડળીમાં બોલાવવા છતાં આવતા નથી. તેમજ સંસ્થાનું દફતર પોતાની પાસે રાખી સોંપેલ નથી. જેથી કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી.

આમ ઉપરની રજુઆતમાં કોઈ પ્રયાસ સંસ્થાની વ્ય. ક. તરફથી કરવામાં આવેલ હોય, તેમ જણાતું નથી. જેથી રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નંબર ૫ —:—

પેટા-નિયમ મુજબ ભૌતિક માલ—સામાન, ડેડસ્ટોક, સિલક સ્ટોક વિગેરે ની ખાત્રી કરેલ નથી.

આ અંગેની રજુઆત મુદ્દા નંબર-૪ ની રજુઆત જેવી જ હોવાથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

INDEX

મુદ્દા નંબર ૬ :—

પેટા–નિયમ મુજબ હિસાબો તપાસવા, રોકડ સિલક ગણવી, રોજ-મેળમાં સહીઓ કરવી, તેવી કામગીરી થયેલ નથી.

આ અંગે જવાદારોએ જણાવેલ છે કે, સંસ્થાના માજી મંત્રી પાસે સંસ્થાનું દફ્તર માંગવા છતાં નહીં આપવાને કારણે અને નોટિસ આપેલ હોવાં છતાં કોઈ પ્રતિભાવ પડેલ નથી.

આમ અત્રેની કચેરીનો મુદ્દો તથા સંસ્થાની રજુઆત જોતાં સંસ્થાએ માજી મંત્રીશ્રી પાસેથી દફ્તર મેળવવા માટે કોઈ રસ લઈ પ્રયાસ કરેલ ન હોઈ, રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નંબર ૭ :—

વેચાણ અને વકરો નિયમિત જમા કરવામાં આવતો નથી. જેને કારણે સ્થાનિક દૂધ વકરાની રકમ માસના અંતે છેલ્લા ચાર માસથી જમા લેવામાં આવે છે.

આ અંગે જવાબદારોએ જણાવેલ છે કે સંસ્થાના માજી મંત્રી-સંસ્થામાં આવતા ન હોવાથી સ્થાનિક–વકરાની રકમ વહીવટી-ખર્ચમાં વાપરેલ હોવાથી સ્થાનિક વકરાની બાકી રહેતી રકમ માસના અંતે જમા કરાવેલ છે.

આમ અત્રેની કચેરીના મુદ્દાનો વાસ્તવિક જવાબ અરજદારોએ આપેલ ન હોવાથી કરવામાં આવેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર થતી નથી.

મુદ્દા નંબર ૮ :—

રૂા. ૮૭૦૩૬/૦૦ પૈસાની મંત્રીએ કાયમી ઉચાપત કરેલ છે. આ અંગે જવાબદારોએ જણાવેલ છે કે, માજી મંત્રી સામે પોલીસ કેસ તેમજ લવાદી દાવો દાખલ કરેલ છે.

પોલિસ કેસની વિગતો અત્રેની કચેરીએથી તપાસેલ છે. અને લવાદી દાવા માટેની કોઈ વિગતો આધાર પુરાવા સાથે રજુ કરેલ નથી જેથી રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નંબર ૯ :—

ગાય દુધના–વેપારમાં એસ. એન. એફ. જતાં ઘટ પડવા પામેલ છે.

આ અંગે જવાબદારોએ જણાવેલ છે કે ગામના દુધમાં પડેલ-એસ. એન. એફ ના કારણે નુકશાની બદલ જવાબદારો (લગતા-વળગતા કર્મચારીઓ) પાસેથી રૂા. ૬૬૦ રૂા. ૬૭૫ અને રૂા. ૧,૩૩૫ મળી કુલ રૂા. ૨,૬૭૦ વસુલ આવેલ છે. અને બોનસ પગાર અને રજા પગારની રકમ નુકશાની પેટે જમા કરાવેલ છે.

મુદ્દા નંબર ૧૦ :—

પેટા–નિયમ મુજબની ફરજો અને જવાબદારીઓ વ્ય. ક. બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

આ બાબતે સંસ્થાના માજી મંત્રીને કારણ-દર્શક નોટીસ આપેલ છે. અને આમુલ ડેરીને પણ જાણ કરેલ છે. સંઘમાંથી ડેરી સુપરવાઈઝર તરફથી મુલાકાત સમયે વા. ચેરમેનને સહીઓ ચેક ઉપર કરવી નહી. તેવી સુચના આપવા છતાં વા. ચેરમેન ચેકો ઉપર સહીઓ કરવાનું ચાલુ રાખેલ હોવાથી આમ બનેલ છે.

આમ અત્રેની કચેરીનો મુદ્દો તથા સંસ્થાની રજુઆતમાં ફક્ત વાઈસ ચેરમેનની ચેક ઉપર સહીઓ કરવાની પ્રથા ચાલુ રાખવાને કારણે આમ બનેલ છે. તે રજુઆત સાચી ન હોય ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

આમ ઉપરની વિગતો ધ્યાનમાં લેતાં સંસ્થાની વ્ય. ક. ને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણુંક કરવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નડીયાદ મેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ-૮૧ અન્વયે મળેલ સત્તાની રૂઈએ શ્રી લવાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ લવાલ, તાલુકો માતર, જિલ્લો ખેડામાં ઓડીટરના તથા અત્રેની કચેરીના કારણ-દર્શક નોટીસના મુદ્દાઓ પ્રત્યે સંસ્થાની વ્યવસ્થાપક કમિટી તરફથી કોઈ સક્રિય પગલાં લેવામાં અવેલ ન હોવાથી તથા વહીવટી કામગીરી બજાવવામાં નિષ્ફળ જવાથી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા વહીવટદાર તરીકે શ્રી ભગવતીપ્રસાદ એસ. બારોટ, ઠેકાણું : ૩૨, કૃષ્ણજીવન હાઉસીંગ સોસાયટી લી., મુકામ નડીયાદ, તાલુકો નડીયાદ, જિલ્લો ખેડાની નિમણુંક કરું છું. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે.

નડીયાદ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

જાવક નંબર નધણ / ૭૨૩ /ખ / ૧૫૩૦ સે°૨૭૭૭૬]૯૪.

આથી જાહેર કરે છે કે શ્રી આદર્શ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., આણંદ મર્યાદિત સ્થળ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૪.

જાવક નંબર નધણ/ ૭૨૪/ ખ/ ૧૫૪૭/૯૪-ભં ૪૨૪/ ૯૪.—

આથી જાહેર કરે છે કે શ્રી જલારામ ફાર્મર્સ સર્વિસ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ ખંભાત તાલુકો ખંભાત, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

ઉન્દેલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. ઉન્દેલ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચા /૦૧/ ગ-૨ / ૧૦૨૧ / ૧૯૯૪ તારીખ ૧૧મી ઓગષ્ટ ૧૯૯૪

INDEX

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ. / ક.જ. ફડચા / ગ૨ / ૨૦૮૩/૯૪.— ઉન્દેલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., ઉંદેલ, તાલુકો ખંભાત જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર સે ૨૬૦૨૬, તારીખ ૮ મી ઓકટોબર, ૧૯૯૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદા ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧, નડીઆદ ની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરું કરવું.

નડિઆદ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

ડાકોર મરઘાં ઉછેર સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ / ૯૦ / ગ ૨ / ૯૭૮ / ૧૯૯૪, તારીખ ૪-૮ -૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ. / ક.જ. ફડચા / ગ૨ / ૨૦૮૪/૯૪.— ડાકોર મરઘાં ઉછેર સહકારી મંડળી લી., મુકામ ડાકોર, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર સે--૨૪૪૭૨, તારીખ ૨૮ મી સપ્ટેમબર, ૧૯૯૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની, નડીઆદ ની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો : —

વણસોલ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. વણસોલ, તા. આણંદ ને ફડચા માં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૮૪/ ગ-૨/૯૭૭-૧૯૯૪, તા. ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ. ખ. સ./ક.જ./ફડચા/ગ-૨/૨૦૮૫/૯૪.—વણસોલ તેલીબીયાં -ઉત્પાદક સહકારી મંડળી લી. વણસોલ, તાલુકો આણંદ, જિ ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૧૮૩૬૦, તા. ૨૮ મી મે ૧૯૮૨થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળી ના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ નડીયાદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

વાંચ્યો : -

ધી પોરડા-(ભાટરા)સેવા સહકારી મંડળી લી., પોરડા(ભા.) તા. કપડવંજ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૧૧૬/ગ-૨/૯૮૦/૧૯૯૪ તા. ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ. /ક.જ./ ફડચા/ગ-૨/૨૦૮૬/૯૪.—ધી પોરડા (ભાટેરા.) સેવા સહકારી મંડળી લી., પોરડા (ભાટેરા), તાલુકો કપડવંજ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી ઓ, જિલ્લા પંચાયત, નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૧૨૩૬૯ તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૭૪થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદા ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૧, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

વાંચ્યો :—

નાના-સીમાન્ત ખેડુત પિયત સહકારી મંડળી લી. મુ. રીમોલ-તા. પેટલાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૧૦૯૦/૧૯૯૪, તા. ૩૦મી ઓગસ્ટ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક : ઉ.ખ.સ. /ક.જ./ફડચા/ગ-૨/૨૦૮૭/૯૪.—નાના અને સિમાન્ત-ખેડુતોની પિયત સહકારી મંડળી લી., રામોલ, તા. પેટલાદ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, ઓ, જિલ્લા પંચાયત, નડીઆદની ઓફીસના નોંધ નંબર ખે.૨૫૬૨ તારીખ ૨૯મી ડીસેમ્બર ૧૯૮૬થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૧ નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

વાંચ્યો :—

ધો જોરાપુરા જુથ સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૮૬/ગ-૨/ ૯૭૯-૧૯૯૪ તા. ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

INDEX

હુકમ

ક્રમાંક : ઉ. ખ. સ./ક.જ./ ફડચા/ગ-૨/૨૦૮૮/૯૪.—ધી જોરાપુરા જુથ સેવા સહકારી મંડળી લી. મું. જોરાપુરા તાલુકો, કપડવંજ જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસનો નોંધ નંબર ૨૨૨૬૮ તા. ૧૭મી જુન ૧૯૫૭થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાનો કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા -૨ નડીયાદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુકે કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

———

વાંચ્યો : —

વાઘાવા (ચેલાવત) જૂથ સેવા સહકારી મંડળી લી ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧ ગ-૧૨/૧૦૧૮/૧૯૯૪ તા. ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ. /ક.જ./ફડચા/ગ-૨/૨૦૮૯/૯૪.—ધી વાધાવા (ચેલાવા) જૂથ સેવા સહકારી મંડળી લી. મું. વાધાવત તાલુકો કપડવંજ જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર સે-૧૮૭૦૪ તા. ૪થી ડીસેમ્બર ૧૯૮૭થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.
નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

———

વાંચ્યો : —

વાલવોડ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/ ૧૦૨૨/૧૯૯૪ તા. ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૨૦૯૦/૯૪.—ધી વાલવોડ સામુદાયિક ખેતી સહકારી મંડળી લી. મુ. વાલવોડ તાલુકો બોરસદ જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર મે-૫૮૮ તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૫૮થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ ની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.
નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

———

વાંચ્યો : —

ધી ઉકરડીના મુવાડા સેવા સહકારી મંડળી લી. ફડચામા લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાક : ફડચ/૦૧/ગ-૨/ ૯૮૧/૧૯૯૪ તા. ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ. ખ. સ./ક.જ./ફડચા/ગ ૨/૨૦૯૧/૯૪.—ધી ઉકરડીના મુવાડા સેવા સહકારી મંડળી લી. ઉકરડીના મુવાડા તાલુકો કપડવંજ જિલ્લો ખેડા ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર સે. ૨૬૯૨૪ તા. ૨૫મી માર્ચ ૧૯૬૦થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમા પુરૂ કરવું.

નડિયાદ, તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૪.

———

વંચાણમાં લીધા :"

૧. ધી નડીઆદ તાલુકા કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લિ. ના સભાસદોની ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪એ મળેલ ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૨

૨. સહકારી અધિકારી ફડચા ૧ નડીઆદ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદના જા. નં. ફડચ/૦૧/૪/૧૯૯૪ તા. ૪થી ઓકટોબર ૧૯૯૪.

આમુખ :

જા. નં. ઉખસ/ફડચ/ગ-૨/૨૦૯૫/૯૪.—ધી નડીયાદ તાલુકા કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લિ. નડીઆદ ને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદના હુકમ ક્રમાંક ઉખસ/ક.જ/ફડચા/ખ/૩૪૫૯ તા. ૨૦મી ઓકટોબર ૧૯૮૬થી ફડચામાં લઈ જવામાં આવેલી છે. મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ નડીઆદ લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ તા. ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ ચાર્જ સંભાળેલ છે.

ઉપરોકત સંસ્થાની રચના થયા બાદ અગાઉના સંચાલકોની ચોક્કસ પ્રકારે ધ્યાન રાખી નહી શકવાના કારણે તેમજ સતત નિષ્કાળજીને લીધે તથા પેટા નિયમના ઉદ્દેશો મુજબની કામગીરી કરી શકેલ ન હતી. વ્યવસ્થાપક કમીટીની મીટીંગો મળતી ન હતી. ઓડીટ કરાવવાનું બાકી રહેતું હતું. ઓડીટ માટે રેકર્ડ તૈયાર કરી રજુ થઈ શકતું ન હોવાથી અને અવગણવાનું રહયાનું તથા મંડળી સ્થગીત હોવાથી ફડચામાં લઈ જતાં સબબ બાબતે કાર્યવાહકોની અવાર નવાર સંપર્ક અને માર્ગદર્શન કરી રેકર્ડનું બાકી પડતું ઓડીટ કરાવી લઈ નિયમ" મુજબ ફડચા અધિકારીને દફતર માહીતી રજુ કરતાં તથા મંડળીને પુનર્જીવિત કરવા રજુઆત કરતાં ફડચા અધિકારીએ તેમના આ" આમુખ નં. ૨માં દર્શાવેલ પત્રથી મંડળીને પુનર્જીવીત કરવા ભલામણ કરેલ છે. જેને ધ્યાનમાં લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું શ્રી એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂઈએ ધી નડીયાદ તાલુકા કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લિ. નડીઆદ તા. નડીઆદ જિલ્લે ખેડાને ખુનજીવિત કરવાનો હુકમ કરું છું.

નડીઆદ, તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ (ગ્રાહક) નડીઆદના જા. નં. અપણ ૦૧--૮૮ તા. ૨જી મે ૧૯૯૪ના પત્ર થી મોકલી આપેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીમાં ના જા. નં. ચકસ ગ-૪-૮૩૨ ૧૯૯૪ તા. ૨૧મી જુન ૧૯૯૪ના પત્રથી સંસ્થાના તમામ વ્યવસ્થાપક કમીટી સભ્યોને પાઠવેલ કારણ દર્શક નોટીસ.

(૩) સંસ્થાના જા. નં. ૯૪/૯૫/૦૧'૧૯૯૪ તા. ૪થી જૂલાઈ ૧૯૯૪નાં પત્રની રજુઆત

ક્રમાંક સવન-૦૧૩૦-ખ-૧૫૧૫-૧૯૯૪.—શ્રી એફ્ર્ટસના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ. નડીઆદ તા. નડીઆદ જિ. ખેડા એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી છે. સંસ્થાનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર થયેલ પેટા નિયમો કાયદા કાનુન અને નિયમોનુસારનો ચલાવવાનો હોય છે. સદર સંસ્થાના પેટા નિયમોથી સંસ્થાના જવાબદારોને શીરે નાખવામાં આવેલી જવાબદારીઓ અને ફરજો નિભાવવાની હોય છે.

સદર સંસ્થાના તા. ૧લી જૂલાઈ ૧૯૯૨થી તા. ૩૦મી જૂલાઈ ૧૯૯૩ના સમયનુ વૈધાનિક અન્વેષણ એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ (ગ્રાહક) નડીઆદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું. સદર ઓડીટ સમય દરમ્યાન જણાય આવેલ કેટલીક પતાવટ અને આર્થિક અનિયમિતતાઓ અંગે આમુખ ૧ થી ખાસ અહેવાલ મોકલી આપી સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ કાર્યવાહી કરવા માટે ભલામણ કરેલ છે. કાનુની કાર્યવાહી કરતાં અગાઉ સંસ્થાના જવાબદારોને ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી તક આપવી જરૂરી છે. તે આધારે અત્રેની કચેરીના જા. નંબર આમુખ ૨માં જણાવ્યા મુજબની વિગતે કારણદર્શક નોટાસ પાઠવી તા. ૪થી જૂલાઈ ૧૯૯૪ની રોજ સુનાવણી રાખવામાં આવી હતી તે આધારે સંસ્થા એ આમુખ-૩ની વિગતો મુજબ લેખિતમાં રજુઆત આપેલ છે. છે. સંસ્થામાં વહીવટદારની નિમણુંક અંગેના ઓડીટરના મુખ્ય હકમે મુદ્દાઓ પાન નં. ૩ ઉપર છે.

મુદ્દા નં. ૧.—મંડળીના પેટા નિયમ-૮ મુજબ કંપનીને સભાસદ બનાવી શકાય નહી તેમ છતાં એફ્ર્ટસ પ્રા. લિ. કું. ને સભાસદ બનાવી રૂા. ૨૦૦૦ ના શેર આપેલ છે.

આ. બાબતે સંસ્થાએ જણાવેલ છે કે કું. ને સભાસદ બનાવ્યે ઘણો સમય થયો છે. મંડળીની આર્થિક સધ્ધરતા માટે અને બેંકમાંથી ધિરાણ મેળવવું શકય ન બન્યું તે કું. ને સભ્યપદ આપેલ હતું. છતાં આપની કચેરીને વાંધો હોય તો સંસ્થાને શેર પરત આપી દઈશું.

આ અંગેનો મુદ્દો જોતાં પેટા નિયમ-૮ મુજબની કાર્યવાહી સંસ્થાએ કરેલ નથી અને જણાવેલ છે કે સંસ્થાને શેર પરત આપી દઈશું. જેથી સંસ્થાની થયેલ રજુઆત મુદા સાથે સુસંગત ન હોય ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૨.—મંડળીએ એફ્ર્ટસ પ્રા. લિ. કું. ના રૂા. ૫૦,૦૦૦ ના શેર લીધેલ છે. જે લઈ શકે નહિ તેમ છતાં રોકાણ કરી સહકારી કાયદાની કલમ-૭૧ નો ભંગ કરેલ છે.

આ મુદ્દા બાબતે સંસ્થાએ જણાવેલ છે કે સંસ્થાએ કરેલ શેર રોકાણ માટે ખાતાકિય મંજૂરી મેળવવાની કાર્યવાહી કરી વ્યવહાર નિયમોનુસાર કરી દઈશું.

આમ સંસ્થાની રજુઆત કાર્યવાહી કરી દઈશું તેમ જણાવે છે જે યોગ્ય અને વ્યાજબી જણાતી ન હોય ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૩.—મંડળીના પેટા નિયમ-૨૧ (૩) મુજબ રૂા. ૧,૫૦૦ થી વધારે શેરભંડોળ કોઈપણ વ્યકિત લઈ શકે નહિ કેટલાક સભ્યોનું શેરભંડોળ રૂા. ૧,૫૦૦ કરતાં વધુ છે. અને પેટા નિયમનો ભંગ કરેલ છે.

આ અંગે સંસ્થાએ જણાવેલ છે કે મંડળીની આર્થિક સ્વનિર્ભરતા માટે સભાસદોએ શેર અને બચતમાં રોકાણ કરેલ છે. જેનાથી મંડળીને કોઈ આર્થિક નુકશાન ગયેલ નથી. સૂચના મુજબની કાર્યવાહી કરેલ છે.

આમ ઉપરા મુદ્દા સાથે સંસ્થાની રજુઆત જોતાં સંસ્થાએ કરેલ કામગીરીમાં આધાર-પૂરાવા રજુ કરેલ ન હોવાથી રજુઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

મુદ્દા નં. ૪.—મંડળીએ ઓડીટ સમય દરમ્યાન રૂા. ૩૫,૦૦૦ એફ્ર્ટર્સ પ્રા. લિ. નડીઆદને વગર વ્યાજે કોઈપણ જાતના ઠરાવ કર્યા સિવાય અનામત આપેલ છે. જેનું વ્યાજ ઓડીટ નોંધમાં જણાવ્યા પ્રમાણે જમા લેવું.

આ અંગે મંડળીએ જણાવેલ છે કે મંડળીની શરૂઆતમાં વિકટ સમયે સંસ્થાએ તન, મન, ધનથી મદદ કરેલ છે. મંડળીને સાધનો, મકાન તથા વિજળી વિનામૂલ્યે આજદિન સુધી પૂરી પાડેલ છે. જેથી સંસ્થા પાસે વ્યાજ લેવું હિતાવહ નથી.

આમ અત્રેનો મુદ્દો અને સંસ્થાની રજુઆતમાં મુદ્દાની વિગતો મુજબ અમલ કરેલ નથી, જેથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

INDEX

મુદ્દા નં. ૫.—મંડળીએ ઓડિટ સમય દરમ્યાન કરેલ લેવડ-દેવડના વાઉચરો આપેલી લીધેલ નથી.

આ અંગે સંસ્થાએ કરેલી રજુઆતમાં જણાવેલ છે કે તમામ વ્યવહારો નિયમોનુસાર થયેલ છે. અને લેવડ દેવડના વાઉચરો રજુ કરેલ છે.

આમ મુદ્દામાં જણાવેલ વિગતે સંસ્થાની રજુઆત સાથે સુસંગત નથી. જેથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૬.—મંડળીએ સભાસદોને આપેલ શેર સર્ટિફીકેટના અડધિયાં દફતરે રાખેલ નથી. તેમજ એફર્ટસ પ્રા. લિ. કું. ના શેર સર્ટિ. રૂા. ૫,૦૦૦ ઓડિટ સમયે રજુ કરેલ નથી.

આ બાબતે સંસ્થાએ જણાવેલ છે કે શેર સર્ટિફિકેટની તમામ માહિતી લોકરમાં ઉપલબ્ધ છે.

આ બાબતે ઓડીટરના મુદ્દાની વિગતો જોતાં સંસ્થાના ઓડીટર સમક્ષ શેર સર્ટી ના આધાર-પુરાવા અગાઉથી લોકરમાંથી લાવી રજુ કરી શકયા હોત. જે રજુ કરેલ હોવાથી સંસ્થાની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૭.—મંડળીએ શેર ભંડોળની રકમ પરત કરતાં શેર સર્ટી. પરત મેળવી દફતરે રાખેલ નથી.

આમ, આ બાબતે મુદ્દા નં. ૬ ની વિગતો પ્રમાણે સંસ્થાએ આપેલ જવાબ યોગ્ય ના હોવાથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૮.—મંડળીની વ્ય. કમીટીની મીટીંગો પેટા-નિયમ મુજબ મળતી નથી. માસિક હિસાબો ખર્ચા, ઘટ મંજૂર કરવામાં આવતી નથી.

આ બાબતે મંડળીએ રજૂઆત કરી જણાવેલ છે કે મંડળીની ૬ મીટીંગો મળેલ છે. ઓડીટરે (વ્ય. ક. સભ્યોને રૂબરૂ બોલાવી ખાત્રી કરેલ છે. અને હિસાબો તથા વધ-ઘટ નિયમ મુજબ મંજૂર થયેલ છે.

આમ ઓડીટરના મુદ્દાની વિગતો અને સંસ્થાની રજુઆતમાં કોઈ તથ્ય જણાતું ન હોવાથી રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

મુદ્દા નં. ૯.—મંડળીના સરવૈયામાં જણાવેલ લેણી રકમો વસુલ કરવા માટે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. વ્ય. કમિટીએ નિષ્કાળજી સેવેલ છે.

આ અંગે સંસ્થાએ જણાવેલ છે કે કાયદસરની કાર્યવાહી કરવી પડે તેવી કોઈ લ્હેણી રકમ નથી છતાં આમ નામ જોગ જણાવો તો અમે કાર્યવાહી કરવા તૈયાર છીએ.

આ અંગે અત્રેની કચેરીના મુદ્દાની વિગતોથી સંસ્થાની રજુઆત ભિન્ન હોવાથી ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

આમ, ઉપરની તમામ વિગતો ધ્યાનમાં લેતાં સંસ્થાની વ્ય. કમિટીને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદારની નિમણુંક કરવી તે સંસ્થાના તથા સભાસદોના હિતમાં જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ, મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી એફટર્સના કર્મચારીઓની ધિરાણ અને સહકારી મંડળી ગ્રાહક લી. મુકામ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડામાં સંબંધિત ઓડીટરના મુદ્દાઓ અને અત્રેથી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ ધ્યાનમાં લઈ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી આર. એ. પટેલ, ઠે. દેવચકલી મુકામ નડીઆદ, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંક ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષના સમય માટેની રહેશે. મહેનતાણાની રકમ હવે પછી મંજૂર કરવામાં આવશે.

નડીઆદ, તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સ.મં. ગ્રેડ-૨ (દૂધ) આણંદના જા. નં. : આપણ / મોગર/૭/૧૯૯૪, તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા.નં. . દઆમ-૦૧/ગ-૧/૧૨૩૨/૯૪, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૪ ના પત્રથી પાઠવેલ કારણદર્શક નોટિસ.

(૩) સંસ્થાના ૨ વ્ય. ક. સભ્યોના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજની રજૂઆત.

(૪) તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજની વ્ય. કમિટીની સંસ્થામાં વહીવટદારની નિમણુંકની માંગણી કરતો પત્ર.

ક્રમાંક : સવન-૦૧૩૨-ખ-૧૫૯૦-૯૪.—શ્રી મોગર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મોગર, તાલુકો આણંદ, જિલ્લો ખેડાએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા-નિયમો, કાયદા-કાનુન અને નિયમોનુસાર કરવાનો હોય છે. સંસ્થાના જવાબદારો, હોદ્દેદારો અને સંચાલકોના શીરે લાદવામાં આવેલી જવાબદારી અને ફરજો અદા કરી નિભાવવાની હોય છે.

સંસ્થાના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૪ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨ (દૂધ) સ. મં., આણંદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું. સદર અન્વેષણ સમયે સંસ્થામાં કેટલીક વહીવટી ક્ષતિઓ જણાય આવતા આમુખ-૧ માં જણાવેલી વિગતોએ ખાસ અહેવાલ મોકલી આપી અત્રેની કચેરીને સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ કાનુની કાર્યવાહી કરવા ભલામણ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબનાં છે.

મુદ્દા નં. ૧ : મંડળીના પેટા-નિયમની જોગવાઈ મુજબ માસે ત્રિમાસે સિલક / સ્ટોક પ્રત્યક્ષ તપાસીને બદલની નોંધ કમિટીમાં થતી નથી.

મુદ્દા નં. ૨ : પેટા-નિયમની જોગવાઈ તથા સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૩ થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ ના સમયની ઓડીટ નોંધની બિલકુલ દુરસ્તી કરી નથી.

મુદ્દા નં. ૩ : મંડળીના ચેરમેનશ્રીએ પેટા નિયમની જોગવાઈ મુજબ તેમની ફરજો અને દાયિત્વ અદા કર્યું નથી.

INDEX

મુદ્દા નં. ૪ : મંડળીમાં દુધ વેપાર અંગે સજાગ રહ્યા નથી. દૂધ વેપારમાં મળવાપાત્ર નફા-નુકશાન બાબતે તથા કર્મચારીઓની કામગીરી ચકાસવા દેખરેખ રાખવા વ્ય. કમિટી કાર્યક્ષમ રહી નથી. કર્મચારીઓની કામગીરી ઉપર નિયંત્રણ રાખેલ નથી. મંત્રીશ્રીની કામગીરી ઉપર પણ અંકુશ રાખી નિયમિત તેમની પાસેથી લેવાની કામગીરી રજુ કરાવવાની કામગીરી પ્રત્યે વ્ય. કમિટીએ કાળજી લીધેલ નથી.

મુદ્દા નં. ૫ : સને ૧૯૯૩-૯૪ ના વર્ષમાં તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના ત્રિમાસમાં રૂા. ૪૭,૧૪૧.૯૨ પૈસા ચોખ્ખો નફો મેળવેલ હતો તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ રૂા. ૨૦,૧૮૮.૨૯ પૈ. ચોખ્ખી ખોટ તથા તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ના રોજ રૂા. ૨૫,૧૧૩.૯૮ પૈસા. ચોખ્ખી ખોટ કરેલ છે. મંડળીએ દૂધ વેપારમાં પૂરતી કાળજી રાખી ન હોય નફાનું ધોરણ જળવાયેલ નથી. મંત્રીશ્રીની કામગીરી ઉપર નિયંત્રણ રાખવા વ્ય. કમિટી સક્ષમ નીવડેલ નથી. મંત્રી / વ્ય. કમિટીએ નીચેના સ્ટાફ ઉપર કામ પ્રત્યે પુરતી કાળજી દેખરેખ રાખી નથી.

મુદ્દા નં. ૬ : સમગ્ર વર્ષ દરમ્યાન જોતાં તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ સુધીમાં તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના નફામાંથી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૩ તથા તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ની ચો. ખોટ બાદ જતાં મંડળીમાં રૂા. ૧,૮૩૯.૬૫ પૈસાનો નફો મંડળીને રહેલ છે. આમ મંત્રી / કર્મચારીગણ મંડળીની દૂધ પ્રવૃત્તિમાં પુરતી કાળજી રાખી કામગીરી કરી હોય તેમ જણાયેલ નથી. વ્ય. કમિટીએ એ પણ કર્મચારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખી વહીવટ કરેલ નથી.

મુદ્દા નં. ૭ : મંડળીની વ્ય. કમિટીએ તારીખ ૨૯મી જુન, ૧૯૯૪ ની કમિટીની બેઠકની ઠરાવ નં. ૭ થી મંડળીમાં વહીવટદાર નિમવા બાબતે ઠરાવ કરેલ છે.

મુદ્દા નં. ૮ : સભાસદ રજિસ્ટર તથા બીજા અન્ય પત્રકો પેટા નિયમની જોગવાઈ મુજબ પુરા કરેલ નથી.

મુદ્દા નં. ૯ : પેટા નિયમ મુજબ મંત્રીએ ફરજો અને જવાબદારીઓ અદા કરેલ નથી.

આમ ઉપરની વિગતોને ધ્યાનમાં લઈ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાનુની કાર્યવાહી કરતાં અગાઉ સંસ્થાના જવાબદારોને રજુઆત માટેની યોગ્ય અને ન્યાયિક તક આપવી મુનાસીબ જણાતાં આમુખ-૩ થી કારણદર્શક નોટીસ પાઠવી. તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ રજુઆત માટે તક આપવામાં આવેલ હતી. સદર તારીખે અને સમયે સંસ્થાના જવાબદાર તમામ વ્ય. કમિટી સભ્યો હાજર રહ્યાં હતાં. અને સંસ્થામાં વહીવટદારની નિમણુંક કરવા લેખિતમાં રજુઆત કરેલ હતી. જે આધારે સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણુંક કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ. મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી મોગર દૂધ ઉત્પાદક સહકારી મંડળી મુકામ મોગર, તાલુકો આણંદ, જિલ્લો ખેડામાં સંબંધિત ઓડિટરના ખાસ અહેવાલના મુદ્દાઓ તથા અત્રેની કચેરી તરફથી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓને ધ્યાનમાં લઈ સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદાર તરીકે શ્રી ખેડા જિલ્લા સહકાર દૂધ ઉત્પાદક સંઘ લી. મુકામ આણંદ, જિલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે.

નડીઆદ, તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૨૫/ખ/૧૫૮૯/સિ/૨૭૭૭૭ / ૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી **મંગલમ બચત સહકારી મંડળી લિ.** મર્યાદિત સ્થળ સેવાલીયા, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૨૬/ખ/૧૬૦૧/ભં/૪૨૪૫ / ૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી શકિત ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લિ. મર્યાદિત સ્થળ આંકલાવ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૨૮/ખ/૧૬૨૪/ભં/૪૨૪૬ / ૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી ઉમરેઠ વિભાગીય ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ ઉમરેઠ, તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૨૯/ખ/૧૬૨૬/ધ/૧૧૪૬૪ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી તૈયબીયાહ એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ. ખંભાત મર્યાદિત સ્થળ ખંભાત, તાલુકો ખંભાત, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૩૦/ખ/૧૬૦૫/ભં/૪૨૪૭ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી સંતરામ ફાર્મર્સ ગ્રાહક સહકારી ભંડાર લિ. ચકલાસી મર્યાદિત સ્થળ ચકલાસી તાલુકો નડીઆદ જિલ્લો ખેડા.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૪.

જા. નં. નધણ ૭૩૧/ખ/૧૬૨૬ ભં/૪૨૪૮ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી કેવલ ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લિ. મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૪.

જા. નં. નધણ/૭૩૨/ખ/૧૬૧૨૮ ભં-૪૨૪૯ /૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી જવારામ ફાર્મર્સ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહ કારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) રૂપિયાપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ રૂપિયાપુરાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૫૯/ ગ-૨/૮૨૪/૧૯૯૪, તારીખ ૧૮મી જુન, ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ. ખા.સ./ક.જ./ફડચા/૨૧૩૮/ગ-૨/૯૪.—ધીરૂપિયાપુરા સેવ સહકારી મંડળી લી. મુકામ રૂપિયાપુરા, તાલુકો પેટલાદ, જિલ્લો ખેડા, ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., નડીઆદની ઓફીસના નોંધ નંબર સે-૧૦૦૩૭, તારીખ ૯મી ઓકટોબર, ૧૯૬૭ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આસી. ઈન્સ્પેકટર RDCC પેટલાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સબ-ઓડીટર લગત સ્પેશ્યલ ઓડીટર(મિલ્ક)મિલ્ક ઓડીટ ઓફીસ, આણંદના જા. નં. અષણ/૦૧-ખ. અ. /૫૫૦૩/ઉં-૧૯૮૪ તારીખ ૭મી જૂન ૧૯૯૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. દઅમ-૦૧-ગ-૧-૯૧૦- ૧૯૯૪ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ ના પત્રથી સંસ્થાના જવાબદ રીને પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના ક્રમાંક દઅમ-૦૧-ગ-૧-૯૮૩ ૧૯૯૪ તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૪ નો બીજી મુદત આપતો પત્ર

(૪) સંસ્થાના તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૪ ના જા. નં. થી આમુખ-૩ની નોટીસના જવાબમાં વિગતો દિન-૧૦માં મોકલી આપવાની ખાત્રી આપતો પત્ર.

(૫) અત્રેની કચેરીના જા. નં. દઅમ-૦૧-ગ-૧-૧૨૭૭-૧૯૯૪, તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્રથી વિગતો મોકલી આપવા જણાવતો પત્ર.

(૬) જા.નં. તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪નો મુદત માગતો પત્ર

ક્રમાંક સવન-૦૧૩૧-ખ-૧૬૪૨-૧૯૯૪.—ધી રાસ્કા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રાસ્કા તાલુકા મહેમદાવાદ જિલ્લા ખેડાએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ જેનો આ કામે હવ પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ આવેલ છે.? નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. સંસ્થાનો રોજબેરોજનો વહીટ તેના મંજૂર થયેલા પેટા નિયમો કાયદા કાનૂન અને નિયમોનુસાર ચલાવવાનો હોય છે. સંસ્થાના જવાબદાર હોદ્દેદારો તથા સંચાલકોને શીરે પેટા નિયમથી નકકી કરવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની હોય છે.

સંસ્થાના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૪ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ના સુધીના સમયનું વૈધાનિક આન્વેષણ સબ ઓડીટર લગત સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફીસ આણંદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું. સદર ઓડીટ સમય દરમ્યાન જણાય આવેલ કેટલીક વહીવટી અનિયમિતતાઓ બાબતે આમુખ-૧માં જણાવેલી વિગતો મુજબનો ખાસ અહેવાલ મોકલી આપી સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયેની કાનુની કાર્યવાહી કરવા અત્રેની કચેરીને ભલામણ કરેલ છે.

આમ ઉપર મુજબની કાનુની કાર્યવાહી કરતાં અગાઉ જવાબદારોને ન્યાયના હિતમાં રજુઆત માટે યોગ્ય અને વ્યાજબી તક આપી સુનાવણી કરવાનું યોગ્ય જણાતા અત્રેની કચેરીના આમુખ-૨માં જણાવેલી વિગતો એ સંસ્થાના જવાબદાર ઈસમોને કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ અને તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૪ના રોજ સુનાવણી રાખેલ હતી પરંતુ તે દિવસે અને સમયે કોઈ જવાબદાર વ્યકિતઓ હાજર રહેલ નથી અને લેખિતમાં પણ કોઈ રજુઆત કરેલ ન હોવાથી આમુખ-૩થી પુન: સુનાવણી માટે તારીખ આપી તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પરંતુ આમુખ-૪ થી નોટીસના મુદ્દાઓની વિગતવાર માહિતી દિન-૧૦માં મોકલી આપવાની ખાત્રી આપવામાં આવેલ હતી. તે આધારે સંસ્થા તરફથી કોઈ વિગતો ન મોકલી આપતા આમુખ-૫થી વિગતો મોકલી આપવા સંસ્થાને જાણ કરેલ હતી પરંતુ સંસ્થાએ આમુખ-૬ થી પણ બીજી મુદત માગેલ હતી. સંસ્થાના પત્રમાં જણાવ્યાનુસાર તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૪ સુધીમાં મેવિગતો મોકલી આપીશું તેમ છતાં આજદિન સુધી સંસ્થા તરફથી કોઈ વિગતવાર માહિતી મોકલી આપેલ ન હોવાથી ફલિત થાય છે કે સંસ્થા કોઈ વિગતવાર માહિતી મોકલી આપવા માગતી નથી અને સંસ્થાનો વહીવટ હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેના જગ્યાએ ઓડીટરના અહેવાલના મુદ્દાઓ ધ્યાનમાં લઈ વહીવટદારની નિમણુંક અંગેના કાર્યવાહી કરવા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈ વહીવટદારની નિમણુંક કરવાની કાનુની કાર્યવાહી કરવી જરૂરી અને યોગ્ય જણાય છે.

મુદ્દા નંબર-૧ મંડળીના તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૩થી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૩ સુધીની ઓડીટ નોંધમાં જણાવેલ ખામીઓ અને સૂચનોની મંડળી દૂરસ્તી કરેલ નથી.

INDEX

મુદ્દા નંબર ૨ દર માસે માલ સ્ટોક સિલકની ખરાઈ કરવામાં આવતી નથી. માસિક વહીવટી ખર્ચ મંજૂર કરવામાં આવેલ નથી.

મુદ્દા નંબર ૩ મંડળીના દૂધ વેપાર અંગે દર માસે સારૂ ખોટું હલકું દૂધની વધઘટ વિગેરેની નોંધ વ્યવસ્થાપક કમીટીમાં લેવાવી જોઈએ જે લેવાતી નથી.

મુદ્દા નંબર-૪ મંડળીની હિસાબી તપાસણીની નોંધની વ્યવસ્થાપક કમીટીમાં ચર્ચા કે નોંધ વંચાયેલ નથી.

મુદ્દા નબર.૫ રીઝર્વ ફંડ ૨૫ ટકાના બદલે ૧૦ ટકા કાઢવામાં આવે છે જે સહકારી કાયદા અન્વયે ખાતાની મંજૂરી મેળવવાના સૂચનાનો અમલ કરી મંજૂરી મેળવેલ નથી.

મુદ્દા નંબર-૬ મંડળીનું કેટલુંક દફ્તર જેવું કે સભાસદ વ્યકિત દૂધ ખાતાવહી કે ડેરી રજીસ્ટર વિગેરે ઓડીટ નોંધમાં સૂચનો કર્યા મુજબ લખવામાં આવતા નથી.

મુદ્દા નંબર-૭ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં માસિક ત્રિમાસિક વેપારી નફા નુકસાન સરવૈયું તથા આવક જાવક વિગેરેની નોંધ લેવામાં આવતી નથી.

મુદ્દા નંબર-૮ ભેસ દૂધ વેપારમાં નફાનું ધોરણ જળવાતું નથી નિયમિત જનરલ ટેસ્ટ રીટેસ્ટ સસ્તી મોંઘી વિગેરે કાઢવામાં આવતી નથી.

મુદ્દા નંબર-૯ મંડળીના કર્મચારીઓની જવાબદારી નકકી કરતા સ્પષ્ટ ઠરાવો કરવામાં આવેલ નથી.

આમ ઉપરની વિગતોને ધ્યાનમાં લઈ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણુંક અંગેનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ ધી રાસ્કા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રાસ્કા તાલુકા મહેમદાવાદ જિલ્લો ખેડામાં સંબંધિત ઓડીટરના અને અત્રેથી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓને ધ્યાનમાં લઈ સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમીટીને દૂર કરીને તેની જગ્યાએ વહીવટદાર તરીકે શ્રી એમ. એસ. સૈયદ, ઠે. ૧૨૦૪, ઈકબાલ સ્ટ્રીટ, મુકામ મહેમદાવાદ તાલુકા મહેમદાવાદ જિલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે. મહેનતાણું હવે પછી નકકી કરવામાં આવશે.

નડીઆદ, તારીખ ૨૬મી ઓકટોબર ૧૯૯૪.

———

જા.નં. નધણ/૭૩૩/ખા/૧૬૫૭/૧૯૯૪/ભં-૪૨૫૦.—આથી જાહેર કરે છે કે શ્રી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ મહુધા, તાલુકો નડીઆદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૪

———

વંચાણે લીધા :

(૧) મેઘવા (ગાના) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ મેઘવા (ગાના) તાલુકો આણંદના જિલ્લા ખેડાના જા. નં. ૧૭-૯-૯૪ ના પત્રથી તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૪ના રોજની વાર્ષિક સાધારણ સભાની બેઠકના ઠરાવ નંબર ૮ ની નકલ.

(૨) આસી. જનરલ મેનેજર ધી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. આણંદના ક્રમાંક એમ. પી. વહીવટદાર '૭૨૩૭' (૧૯૯૪ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ના પત્રથી કામ કરવા માટે આપેલ સંમતિ.

ક્રમાંક સ.વ.ન/૦૧૩૫-ખ-૧૬૬૪-૧૯૯૪.—શ્રી મેઘવા (ગાના) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ મેઘવા (ગાના) તાલુકા આણંદ જિલ્લો ખેડાએ (કે જેના આ કામ હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ હેઠળ (કે જેનો આ કામ હવે પછી) અધિનિયમ તરીકે ઉલ્લેખ કરેલ છે. નોંધાયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. સંસ્થાનો રોજ બરોજનો વહીવટ તેના મંજૂર થયેલ પેટા નિયમો કાયદા કાનુન અને નિયમોનુસાર કરવા હોય છે સદર સંસ્થા તરફથી આમુખ-૧માં જણાવેલ વિગતોએ સભ્યોકો અને જવાબદાર હોદેદારોએ તેમની ફરજો અને જવાબદારીઓ બજાવવામાં અસમર્થ રહેલ છે અને કમીટીની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવીને કમીટીને સુસ્પેન્ડ કરવામાં આવતાં સંસ્થાના વહીવટમાં શુન્યાવકાસ સર્જાય છે આ સંજોગોમાં સંસ્થાનો વહીવટ નિયમોનુસાર અને સરળતાથી ચાલે તેને ધ્યાનમાં લઈને કસ્ટોડીયનની નિમણુંક કરવી તે સંસ્થાઓના અને સભાસદોના હિતમાં હોઈ સંસ્થામાં આમુખ-૨ થી ધી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી આણંદે આપેલ સંમતિ લક્ષમાં લઈ સંસ્થામાં કસ્ટોડીયનની નિમણુંક અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું, એન. એમ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૭૪ (ઘ) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી મેઘવા (ગાના) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ મેઘવા (ગાના) તાલુકા આણંદ જિલ્લા ખેડામાં સંસ્થાની રજુઆતને લક્ષમાં લઈ સંસ્થાની વહીવટી કામગીરી નિયમિત રીતે ચાલે તેને ધ્યાને લઈ સંસ્થામાં કસ્ટોડીયન તરીકે શ્રી ખડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. મુકામ આણંદ તાલુકા આણંદ જિલ્લા ખેડાની નિમણુંક કરું છું સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી માર્સનો રહેશે મહેનતાણાની રકમ હવે પછી મંજૂર કરવામાં આવશે.

નડીઆદ, તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૪.

———

વંચાણે લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨ લગત સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ આણંદ ના જા. નં. તારીખ ૨૪મી જુન ૧૯૯૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક દઆમ-૦૧-૧૨૬૬-૯૪ તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૪ ના રોજની કારણ દર્શક નોટીસ.

(૩) તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્રથી મંડળીએ માગેલ મુદતનો પત્ર અને પાંચ વ્યવસ્થાપક કમીટીના સભ્યોની રજુઆત.

(૪) તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજની સંસ્થાના પ્રમુખશ્રી અને વ્યવસ્થાપક કમીટીના સભ્ય તરફથી મુદત માગતી માંગણી કરતો પત્ર.

ક્રમાંક સવન/૦૧૩૩/ખ/૧૬૭૩/૧૯૯૪ —ધી દેવા તળપદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ દેવા તળપદ તાલુકા પેટલાદ જિલ્લા ખેડાએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં

INDEX

આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) હેઠળ નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી છે. સદર સંસ્થાનો રોજ બેરોજનો વહીવટ તેના મંજૂર થયેલ પેટા-નિયમોનુસારનો કરવાનો રહેશે અને સંસ્થાના જવાબદારીનો શીરે નાખવામાં આવેલી અને પેટા-નિયમોનુસારથી નકકી થયા મુજબની જવાબદારી અને ફરજો નિભાવવાની હોય છે.

સદર સંસ્થાના તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૪ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ના સમયના વૈધાનિક અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨ લગત સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ આણંદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું સદર ઓડીટ સમય દરમ્યાન જણાય આવેલ કેટલીક વહીવટી અને આર્થિક અનિયમિતતાઓ જણાય આવતા આમુખ-૧માં નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રથી ખાસ અહેવાલ મોકલી આપી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવા ભલામણ કરેલ છે જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નંબર ૧ મંડળીની વ્યવસ્થાપક કમીટીએ પેટા નિયમ-૩૮ અને મંડળીના ચેરમેનશ્રી એ પેટા નિયમ-૩૯ મુજબની ફરજો અને સત્તાઓ ન બજાવતા મંડળીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે જેથી સંસ્થાની વ્યવસ્થાપક કમીટી સંસ્થાનો વહીવટ ચલાવવા માટે સક્ષમ નથી તેમ જણાવેલ છે.

મુદ્દા નંબર ૨ સંસ્થાની વ્યવસ્થાપક કમીટીએ સંસ્થાના હિસાબો અને દૂધ વેપારની સ્થિતિ તપાસી મંજૂર કરેલ નથી સંસ્થાના રોજમેળની સિલકની ખાતવણીની ખાત્રી ઠરાવ કરેલ નથી. સંસ્થાના પ્રમુખ સંસ્થાના પેટા નિયમ-૩૯ (૨) ૩૯ (૩) ૩૯ (૪) ૩૯(૬) અને ૩૮, ૩૯નો ભંગ કરેલ જેથી સંસ્થાનો ગેરવહીવટ અને ગેર વ્યવસ્થા સતત ચાલુ રાખેલ છે.

મુદ્દા નંબર ૩ સંસ્થાની તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૪ના ઠરાવ નંબર ૬થી સંસ્થાના સભાસદોને આમૂલ ડેરી કણજરી ફેકટરી જોવા માટે લઈ જવા ઠરાવેલ હતું અને સહકારી પ્રચારફંડ કરતાં વધુ ખર્ચનો ફાળો સભાસદો પાસેથી લેવાનું ઠરાવવામાં આવેલ હતું ખર્ચાઓ અંગે અંદાજપત્ર નકકી કરેલ નથી આમ સંસ્થાની વ્યવસ્થાપક કમીટીએ પ્રવાસ ખર્ચ રૂા. ૫૯૭૨૦/૨૫ પૈસાનું કરી સંસ્થાને નુકશાન પહોંચાડેલ છે સહકાર પ્રચાર ફંડમાં રકમ કરતાં રૂા. ૪૮૭૨૦/- નો વધુ ખર્ચ કરી મંડળીને આર્થિક નુકશાનમાં ઉતારેલ છે અને બીન ઉત્પાદક માટે ખાતાકીય મંજૂરી મેળવેલ નથી.

સંસ્થાએ બીન બંધારણીય ખરાવો પસાર કરી મંત્રીશ્રીને પગાર એડવાન્સ રૂા. ૪૦૦૦ તથા કાનુની ખર્ચ રૂા. ૧૫૦૦૦ નકકી ચુકવેલ છે. સંસ્થાએ સ્ટાફ પ્રોવીડંડ ફંડના નિયમો ઉપરાંતની સ્ટાફ પ્રો. ફંડ લેખ આપેલ છે અને મંત્રીને ફંડ કરતાં વધુ રકમ ચુકવેલ છે અને સંસ્થાની વ્યવસ્થાપક કમીટીએ અને ચેરમેનશ્રીએ મંડળીને વહીવટ પેટા નિયમો અને સહકારી અધિનિયમ અને કાનુન મુજબનો કરેલ નથી પરંતુ મનસ્વી વહીવટ કરેલ છે.

આમ ઉપરની વિગતો જોતાં સંસ્થાને ન્યાયના હિતમાં રજુઆત કરવા માટે વ્યાજબી અને યોગ્ય તક આપી આમુખ-૧ થી૨જી. પો.એ. ડી. થી કારણદર્શક નોટીસો સંસ્થાના તમામ વ્યવસ્થાપક કમીટી સભ્યોને પાઠવી રજુઆત માટે તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રૂબરૂમાં હાજર રહેવાની જાણ કરી સુનાવણી રાખવામાં આવેલ હતી પરંતુ સંસ્થા એ આમુખ-૩થી ૩ વ્યવસ્થાપક કમીટી સભ્યોએ વકીલ રોકવાના હોવાથી મુદતની માંગણી કરતો પત્ર રજુ કરેલ છે તેમજ બીજી પાંચ વ્યવસ્થાપક કમીટી સભ્યોએ લેખિતમાં રજુઆત કરી જણાવેલ છે કે સને ૧૯૯૩-૯૪ના વર્ષમાં જે પક્ષ બહુમતીમાં હોવાથી અને અમારી લઘુમતી હોવાથી બહુમતીના જોરે ચેરમેનશ્રીએ મનસ્વી વહીવટ કરી સંસ્થાનો ગેરવહીવટ કરેલ છે અને આ અંગે સેક્રેટરી તેમજ ચેરમેન શ્રી પોતે જવાબદાર છે. તેમ જણાવેલ છે અને હાલમાં ૧૯૯૪-૯૫ ના વર્ષમાં ચૂંટણી પછી જે પક્ષ લઘુમતીમાં હતો તેની બહુમતી થયેલ છે જેથી હાલમાં ચેરમેનની ચુંટણી આપે તો અમારો પક્ષ બહુમતી હાંસલ કરી શકે તેમ છે તેથી લેખિત રજુઆત કરેલ છે અને આ બાબતે જવાબદારી સામે પગલાં લેવાનું જણાવેલ છે. ત્યારબાદ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના આમુખ-૪માં જણાવેલ વિગતો મુજબ અપીલ કરવા માટે મુદતની માંગણી કરતો પ્રમુખશ્રી તથા વ્યવસ્થાશક કમીટી સભ્યો એ માગણી કરેલ છે. આમ ઉપરની રજુઆત સિવાય મુદ્દાઓ પરત્વે કોઈ ખાસ રજુઆત કરેલ નથી. જેથી ઉપરની રજુઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોવાથી કાનુની કાર્યવાહી કરવી યોગ્ય જણાય છે.

આમ ઉપરની વિગતો ધ્યાનમાં લેતા સંસ્થાની વહીવટી અનિયમીતતાઓ બાબતે સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમીટી દૂર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદારશ્રીની નિમણુંક કરવા સારૂ નીચે મુજબનો હુકમ કરવાનો જરૂરી જણાય છે.

હુકમ.

હું, એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીઆદ મને સને ૧૯૬૧ના ગુજરાત રાજય મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકારની રૂએ શ્રી દેવા તળપદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ દેવાતળપદ તાલુકો ચેટલાદ જિલ્લા ખેડામાં ઓડીટના મુદ્દાઓ તથા કારણદર્શક નોટીસની મુદ્દાઓને ધ્યાનમાં લઈ સંથાની હાલની વ્યવસ્થાપક કમીટીની દૂર કરી સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદાર તરીકે શ્રી એ. આર. પટેલ, ઠે. અરજન ફળિયા મુકામ તાલુકા ચેટલાદ જિલ્લો ખેડાની નિમણુંક કરૂ છું વહીવટદારશ્રી મુદત ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષની સમયની રહેશે મહેનતાણું ચાર્જ સંભાળ્યા બાદ આવેલ મોકલી આપેથી નકકી કરવામાં આવશે.

નડીઆદ, તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૪.

જા. નં. નધણુ/૭૩૪/ખ/૧૬૯૦/૧૯૯૪/સે-૨૭૭૭૮. –આથી જાહેર કરે છે કે, શ્રી નડીઆદ ટૂક' ટ્રાન્સપોર્ટ કોસોસાઈએશન કો. ઓ. સોસાયટી લિ., મર્યાદિત સ્થળ નડીયાદ, તાલુકો નડીયાદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૪.

જા. નં. નધણુ/૭૩૫/ખ/૧૬૯૨/૧૯૯૪/સે-૨૭,૭૭૯.—આથી જાહેર કરે છે કે શ્રી કપડવંજ વાહન વાહક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ, કપડવંજ, તાલુકો, કપડવંજ. જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નીકલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૪.

INDEX

જા. નં. નધણુ / ૭૩૬ /ખ/૧૦૦૭ ધ-૧૧૪૬૫/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી કિશન એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નડીઆદ તાલુકો નડીયાદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૪.

જા. નં. નધણ /૭૩૮/ખ/૧૭૨૬/સે-૨૭૭૮૧/૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી પીપલ્સ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સંતોકપુરા તાલુકો બોરસદ જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૪.

જા. નં. નધણ/૭૩૭/ખ/૧૭૨૮/સે-૨૭૭૮૦/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી અલીન્દ્રા અર્બન કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ અલીન્દ્રા તાલુકો માતર જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :

ઉમિયાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી ને ફડામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૨૧૧૩-૧૯૯૪ તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૨૨૧૦/૯૪.— ઉમિયાનગર કો. હાઉસીંગ ઓપ. સોસાયટી લી. નડીયાદ તાલુકો નડીયાદ જિલ્લો ખેડા ને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીયાદની ઓફીસના નોંધ નંબરધ-૧૦૦૩૨ તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૮૩થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૨ નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામ કાજ ત્રણ વર્ષ પુરૂ કરવું.

નડીયાદ, તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, (નવી જગ્યા) નડીયાદ ના ક્રમાંક અધણુ/૦૧/૧-૯૪ તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક : ખ.શ.મ.-૦૧-ચ-૧૭૫-૯૪ તારીખ ૨૫મી જુલાઈ ૧૯૯૪ ના પત્રથી સંસ્થાના વ્ય. ક. સભ્યોને રજિ. પો. એ. ડી. થી પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૩) સંસ્થાના વ્ય. ક. સભ્યોની તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજના પત્રથી કરેલ સંયુકત લેખિત રજુઆત.

ક્રમાંક સ.વ.ન.-૦૧૩૪-ખ-૧૭૬૩-૧૯૯૪.—શ્રી માતર તાલુકો કો-ઓપરેટીવ કોટન સેલ સાસોયટી લિ. મુકામ માતર તાલુકો માતર જિલ્લો : ખેડાએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી કપાસ વેચાણ સહકારી મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના મંજૂર થયેલા પેટા નિયમોનુસાર કરવાનો હોય છે. સંસ્થાના સંચાલકો તથા હોદ્દેદારોના શીરે સંસ્થાના મંજૂર થયેલા પેટા-નિયમો નુસાર તથા સહકારી કાયદા કાનુન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરી નિભાવવાની હોય છે.

સંસ્થાના તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૦ થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ ના સમયનું વૈધાનિક અન્વેષણ સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, (ન.જ.) નડીઆદ તરફથી હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ હતું. સદર અન્વેષણ સમય દરમ્યાન સંસ્થાના કાર્યવાહકો અને સંચાલકોએ પોતાની ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળતા દર્શાવેલ હોય અને ઓડીટ દરમ્યાન કેટલીક વહીવટી અનિયમિતતાઓ જણાય આવતા આમુખ-૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબનો અત્રેની કચેરીને ખાસ વહીવટી અહેવાલ મોકલી આપી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ કાર્યવાહી કરવા અત્રેની કચેરીને ભલામણ કરેલ છે. જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબના છે.

મુદ્દા નં. ૧ : સને ૧૯૮૭-૮૮ ના વર્ષમાં થયેલ નાણાંકીય ગેરરીતિઓ અંગે સહકારી કાયદાની કલમ-૯૩ હેઠળ નિમાયેલ તપાસણી અમલદારે રૂા. ૪,૫૩,૩૭૬.૨૮ ની રકમની વ્ય. કમિટી સભ્યો મેનેજર ગોડાઉન-કલાર્કની જવાબદારી નક્કી કરેલ છે. તેઓ ટ્રિબ્યુનલ અમદાવાદ જતાં ચુકાદામાં તપાસણી અધિકારીએ નક્કી કરેલી જવાબદારી જવાબદારો સામેની કાયમી રાખેલ છે. આમ વ્ય. કમિટીએ સહકારી કાયદા-કાનુન મુજબની કોઈ કાર્યવાહી ન કરતાં જવાબદારી અદા કરેલ છે.

મુદ્દા નં.૨ : પેટા-નિયમ ૪૭ (૫) (૬) (૮) (૧૧) (૨૪) ૫૧ (૧) ૩૯૩ (૨) ૪૪, ૪૫ નો પૂરતો અમલ કરેલ નથી.

મુદ્દા નં. ૩ : તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૧ ની વ્ય. કમિટીની સભાના ઠરાવ નં. ૪ મુજબ આણંદના મહંમદમીયા ના.કુરેશીને ચેરમેનશ્રી જ. પ્ર. પટેલના કહેવાથી ખાતર ઉધાર આપેલ જેની વસુલાત ન આવતા સદર રકમ ચેરમેનશ્રી ખાતે ઉધારવા ઠરાવેલ છે.

મુદ્દા નં. ૪ : સંસ્થામાં ઉધાર માલ આપવાની જોગવાઈ ન હોવા છતાં જ. પ.પટેલ વ્ય. કમિટી સભ્યોએ જુદી જુદી તારીખોએ રૂા. ૫૩,૧૧૮.૩૫ તથા ઓ.ગો. પરમાર વ્ય. કમિટી સભ્યોએ જુદી જુદી તારીખોએ રૂા. ૧૦,૮૧૧.૦૦ ના ઉધારબીલ બનાવી માલ લીધેલ છે. પેટા નિયમમાં જોગવાઈ ન હોવા છતાં વ્ય. કમિટીએ માલ ઉધાર વેચી મનસ્વી વહીવટ કરેલ છે.

INDEX

મુદ્દા નં. ૫ : તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૧ ની વ્ય. કમિટીની સભાના ઠરાવ નં. ૫ મુજબ રૂા. ૧,૭૦૦/માજી મેનેજર ખાતે ઉધારેલ છે. તે રકમની વસુલાત માટે કોઈ પગલાં લીધેલ નથી.

મુદ્દા નં. ૬ : તારીખ ૨૫મી મે, ૧૯૯૨ ના રોજની વ્ય. કમિટીની સભાના ઠરાવ નં. ૭માં ઠરાવ્યાનુસારના અમલ માટે કોઈ કાર્યવાહી કરેલ નથી.

મુદ્દા નં. ૭ : તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ની વ્ય. કમિટીની સભાના ઠરાવ નં. ૧૪ મુજબ રાસાયણિક ખાતરમાં તારીખ ૨૯મી જુન, ૧૯૯૧ થી તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ. ૧૯૯૧ દરમ્યાનમાં વેચાણમાં યુરિયા એક થેલીએ રૂા. ૭. એક ટને રૂા. ૨૦૦ ડી.એ.પી. એક થેલીએ રૂા. ૧૦ તથા એક ટને રૂા. ૩૦૦ કમીશન આપ્યું તેને બહાલી આપેલ છે. જે રકમો મંડળીને મળતાં કમિશન ઉપરાંત આવેલ છે. આમ મંડળીને આર્થિક નુકશાન થાય તેવા ઠરાવો કરેલ છે.

આમ ઉપરની વિગતો અંગે કાનુની કાર્યવાહી કરતાં અગાઉ જવાબદારોને ન્યાયના હિતમાં રજુઆત માટે વ્યાજબી તક આપવી જરૂરી જણાતા અત્રેની કચેરીના આમુખ-૨ માં નિર્દિષ્ટ કર્યા મુજબની વિગતોએ કારણદર્શક નોટીસો જવાબદારોને પાઠવી તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. જેના સંદર્ભમાં તારીખ ૮મી ઓગષ્ટ ૧૯૯૪ ના રોજ સંસ્થાની વ્ય. કમિટી સભ્યોની લેખિતમાં રજુઆત કરેલ છે. જે રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોય સંસ્થાની વહીવટી કાર્યવાહી માટે હાલની વ્યવસ્થાપક કમિટીને દુર કરવી તે સંસ્થાના તથા સભાસદોના હિતમાં મુનાસીબ જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. એસ. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ. મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ અધિકારની રૂઈએ શ્રી માતર તાલુકા કો-ઓપરેટીવ કોટન સેલ સોસાયટી લિ. મુકામ-તાલુકો માતર, જિલ્લો ખેડામાં અત્રેની કચેરીની કારણદર્શક નોટીસના તથા અન્વેષકના મુદ્દાઓ બાબતે સંસ્થાની હાલની વ્યવસ્થાપક કમિટી દુર કરી તેની જગ્યાએ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી એમ. એસ. સૈયદ ઠે. ૧૨૦૪ ઈકબાલ સ્ટ્રીટ જદુપોટ પાસે, મુ. તા. મહેમદાવાદ, જિલ્લો ખેડાની નિમણુંક કરવામાં આવે છે. સદર નિમણુંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે અને મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

નડીઆદ, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

જા. નં. : નધણુ/૭૨૭/ખ/૧૭૩૫/ભં-૪૬૭૧-૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી શીવ ફાર્મર્સ સર્વિસ કો-ઓપરેટીવ કન્ઝયુમર સ્ટોર લિ., મર્યાદિત સ્થળ : આણંદ. તાલુકો : આણંદ, જિલ્લો : ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૪.

———

જા. નં. : નધણુ/૭૪૦/ખ/૧૭૩૦-ભં-૪૬૭૨ / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી દીપમ એગ્રો ગ્રાહક સહકારી ભંડાર લિ. મર્યાદિત સ્થળ : નડીઆદ તાલુકો : નડીઆદ જિલ્લો : ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૪.

———

વાંચો :—

(૧) જાનકી કો-ઓ. હા સો. લી. નડીયાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૨૧૧૫ / ૧૯૯૪. તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૪.

હુકમ

ક્રમાંક ઉ.ખા.સ./ક.જ./ફડચા / ગ-૨/૨૧૯૯ / ૯૪.—જાનકી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ : નડીયાદ તાલુકો : નડીયાદ જિલ્લો : ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હ. પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર : ધ-૧૧૪૩૨ તારીખ ૧૭મી ઓગષ્ટ ૧૯૯૪ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ નડીયાદ ઃ સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૪.

———

જા.નં. નધણુ/૭૪૧/ખ/૧૮૨૬/ભં-૪૬૭૩/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી જયઅંબે ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ પેટલાદ, તાલુકો પેટલાદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૪.

———

જા. નં. નધણુ/૭૪૨/ખ/૧૮૯૩/ભં-૪૬૭૪/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી મહાલક્ષ્મી ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ નડીયાદ, તાલુકો નડીયાદ, જિલ્લો ખેડા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૪.

———

જા.નં.નધણુ/૭૪૬/ખ/૧૯૮૮/સે-૨૭૭૮૨/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી નવી ગોઠાજ દૂધ ઉ પાદકોની સહકારી મંડળી લીમી. મર્યાદિત સ્થળ નવી ગોઠાજ તાલુકો મહેમદાવા જિલ્લો ખેડા,

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૧૩મી ડિસેમ્બર ૧૯૯૪.

જા.નં. નધણુ/૭૪૭/ખ/૨૦૪૦/સે-૨૭૭૮૩/૧૯૯૪. –આથી જાહેર કરે છે કે, શ્રી શૈશવ બાળસેવા મહિલા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૪.

એન. એસ. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

વાંચ્યો:—

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ધ/૧૪૬૬ તા. ૧૩મી એપ્રિલ ૧૯૯૪.

(૨) ફડચા અધિકારી અને સીનીયર ઈન્સ્પેકટરશ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાનો પત્રક્રમાંક ૭૯/લોન/ફડચો/૧૯/૧૩૪/તા. ૫મી મે, ૧૯૯૪.

પ્રસ્તાવના

પત્રક્રમાંક : ઉખસ/ફડચ/૨૧૩૩/૯૪.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈ અન્વયે ધી હરિકૃપા પિયત સહકારી મંડળી લી. મું. વિડજ, તા. કડી, ની નોંધણી નં. ૨૧૩૫ તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૭૨થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનું અન્વેષણ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૨ થી ૩૦મી જુન ૧૯૯૨ સુધીનું કરવામાં આવેલ જેમાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થા પેટાનિયમ મુજબ કામગીરી કરતી નથી.

(૨) છેલ્લાં પાંચ વર્ષના ઓડીટ નોંધોની દુરસ્તી બિલકુલ કરેલ નથી.

(૩) મંડળીમાં તારીખ ૩૦મી જુન ૧૯૯૨ના રોજ રૂા. ૧૪૨૮/- ની ખોટ છે.

(૪) સભાસદોની થાપણો રૂા. ૨૬૫૫૦ તથા બિન સભાસદો ની થાપણો રૂપિયા ૧૯૬૪૫/- ચૂકવવાની બાકી છે. જેની સામે મંડળી પાસે આવકનું કોઈ સાધન નથી.

(૫) મંડળીનો છેલ્લાં ૪ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' આવે છે.

(૬) ઓડીટ ફી રૂા. ૧૦૦/- ભરવાની બાકી છે.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્રક્રમાંક : ઉખસ/ફડચ/ધ/૧૪૭૬/તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૪થી વચગાળાનો હુકમ કરેલ હતો. જેની સામે મંડળીના કાર્યવાહકોએ રજુઆત કરેલ નથી. અને વચગાળાના હુકમ સંદર્ભમાં ફડચા અધિકારીશ્રીએ તા. ૪થી મે ૧૯૯૪ના રોજ ચાર્જ મેળવી લીધેલ છે. માટે મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરુ છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને લોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ નો આદેશ કરું છું કે ધી હરિકૃપા પિયત સહકારી મંડળી લી. મુકામ વિડજ, તા. કડી, જિલ્લો મહેસાણા ના નોંધણી ક્રમાંક : ૨૧૩૫ તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૭૨થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૩(૧) ક,ગ,ખ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણા ની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરું કરવું.

મહેસાણા, તારીખ ૨૮મી જુન ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/સે. દુ/૨૭૨૯૩/૨૧૫૩.-આથી જાહેર કરે છે કે શ્રી પટેલપરા (પિલવાઈ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ પટેલપરા, (પિલવાઈ), તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૦મી જુન ૧૯૯૪.

વાંચ્યો:—

૧. અત્રેના કાર્યાલયનો તા. ૧૮મી જુન ૧૯૯૪ના હુકમ ક્રમાંક ઉ/ફ/ધ/૨૦૯૫/૯૪.

આદેશ

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૨૧૫૯/૯૪.—શ્રી વાંસા સેવા સહકારી મંડળી લી. મુ. વાંસા, તા. હારીજ, જિ. મહેસાણા (ફડચામાં) ના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની નિમણૂંક સંદર્ભ-૧ મુજબ કરવામાં આવી હતી. જે નિમણૂંક સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ રદ કરી તેમની જગ્યાએ સહકારી મંડળીના ફડચા અધિકારી તરીકે મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મહેસાણાની નિમણૂક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઇ ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૯/૯૪, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

(૨) પ્રમુખ / મંત્રીશ્રી ધી સુધીર ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. તા. પાટણનો તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૪ નો પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૨૧૬૭/ધ/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી સુધીર ગ્રાહક સહકારી ભંડાર લી. મુકામ-તાલુકો : પાટણ નોંધણી નં. : -૩૧૦૦ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું અન્વેષણ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી ૩૦મી જુન, ૧૯૯૨ સુધીનું કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) સંસ્થા નોંધણી કર્યા તારીખથી સ્થગિત છે. પેટા નિયમ મુજબ ઉદ્દેશો પૂર્ણ કરવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૨) મંડળીની વ્ય. કમિટીની એક પણ બેઠક છેલ્લા ત્રણ વર્ષથી બોલાવેલ નથી.

INDEX

(૩) છેલ્લા ત્રણ વર્ષથી વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી.
(૪) છેલ્લા ત્રણ વર્ષથી ઓડિટ વર્ગ "ડ" છે.
(૫) છેલ્લા તમામ ઓડીટની દુરસ્તી કરેલ નથી.
(૬) મંડળીમાં છેલ્લા ત્રણ વર્ષથી ઓડિટ ફી ભરેલ નથી.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉ/ફ/૦૧/ધ/૨૨૯/૯૪, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરેલ જેની સામે મંડળીના કાર્યવાહકોએ તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૪ ના પત્રથી ફડચામાં લઈ જવા જણાવેલ હોઈ મંડળીના હિત ખાતર હું નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી સુધીર ગ્રાહક સહકારી ભંડાર લી. મુકામ : પાટણ, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણાના નોંધણી નંબર : ભ-૩૧૦૦ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૧, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪.

———

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૦/૯૪, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૨૨૭૯/ધ/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ- ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ શ્રી નાગલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : નાગલપુર, તાલુકો-જિલ્લો મહેસાણાએ નોંધણી નં સેદૂ ૯૨૭૮, તારીખ ૨૩મી જાન્યુઆરી ૧૯૯૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાનું તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ સુધીનુ અન્વેષણ સબ-ઓડીટર સ. મં., દૂધ મહેસાણા-૨ એ કરેલ છે. અને નીચે મુજબની ખામીઓ જણાવેલ છે.

(૧) સંસ્થા તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૨ થી તેના ઉદ્દેશો મુજબની દૂધ ખરીદ-વેચાણની પ્રવૃત્તિ બંધ થયેલ છે.
(૨) સંસ્થાએ તેનો ડેડસ્ટોક જાહેર હરાજીથી વેચાણ કરી દીધેલ છે.
(૩) મંડળીના નામનો ટેલીફોન પ્રમુખશ્રીના ઘેર શીફટ કરી દીધેલ છે.
(૪) મંડળીનું પોતાનું મકાન તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી માસિક ભાડે રૂ. ૧,૧૦૦ થી આપેલ છે.
(૫) મહેસાણા શહેર નજીક હોવાથી ગ્રાહકોને પ્રાઈવેટ દૂધ વેચાણમાં વધુ ફાયદો મળતો હોઈ દૂધ ભરાવવા તૈયાર સભાસદો નથી.
(૬) મંડળી હાલ સ્થગિત છે.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા આવશ્યક જણાતાં અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૦/૯૪, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરેલ હતો. જેની સામે મંડળીએ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી રજુઆત કરેલ હતી. પરંતુ રજુઆત આધાર વિનાની અને ગ્રાહ્ય રાખે તેવી ન હોવાથી રજુઆતને માન્ય રાખેલ નથી. મંડળી સ્થગિત અવસ્થામાં છે. તેના પેટા નિયમો મુજબ કોઈ કામગીરી કરતી નથી. માટે સદર સંસ્થાને ચાલુ રાખવા છતાં મૂળભૂત હેતુ સિધ્ધ ન થતાં મંડળીને ફડચામાં લઈ જવામાં મંતવ્ય ઉપર આવતાં નીચે મુજબનો હુકમ કરુ છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે ધી નાગલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ : નાગલપુર, તાલુકો : મહેસાણા, જિલ્લો : મહેસાણાના નોંધણી ક્રમાંક : સેદૂ-૯૨૭૮, તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૪૧) ક, ગ અને ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૩/૧૦૧/૯૪, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ની ધી જોગી રાવળ કો-ઓ-હા.સો. લી., મુ : વડુ, તા. કડી ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના કાયદાની કલમ-૨૦ મુજબ.

હુકમ

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૪૩/ધ૨૨૮૦ / ૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી જોગી રાવળ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુકામ વડુ, તાલુકો કડી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૧૨૩૪, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૫૨ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉ/ફ/૪૩/૯૨૩૯/૨૪૦૪/૯૧, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી ફડચો-૩ તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૦૧/૩/૧૦૧/૯૪, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે મંડળી નામે

INDEX

ધી જેગી રાવળ કો-ઓપરેટીવ હા. સો. લી., મુકામ વડુ, તાલુકો કડી ની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યાની તારીખથીમંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૪.

———

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૩૦૮/ધ/૧૬૦૩ / ૯૪, તારીખ ૨જી મે, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/ધ/૨૩૪૭ / ૯૪.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી કુણઘેર સેવા સહકારી મંડળી લી., મુકામ : કુણઘેર, તાલુકો : પાટણની નોંધણી નં. : સે-૧૨૦૯, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૦ થી નોંધવામાં આવેલ સહકારી સંસ્થા છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧. ગુજરાત સહકારી મંડળીઓ, બાબતના નિયમો-૧૯૬૧ તથા મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના ઉપર નાંખવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી. અને તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ના અન્વેષણમાં નીચે જણાવેલ હકીકતો જણાઈ આવેલ છે.

(૧) મંડળી ઘણા સમયથી સ્થગિત છે.

(૨) મંડળીનો ઓડિટ વર્ગ "ડ" આવેલ છે. સને ૧૯૯૧-૯૨ માં રૂા. ૫,૬૧૬.૬૦ ની ખોટ છે.

(૩) મંડળીમાં રૂા. ૩,૩૬૨.૭૮ ની ખોટ છે. મંડળી ચલાવવાની સભાસદોને રસ નથી.

(૪) મંડળીમાં વ્ય. કમીટીની મીટીંગ નિયત સમયે મળેલ નથી.

(૫) મંડળી પેટા નિયમ મુજબ કામગીરી કરતી નથી.

(૬) મંડળી વેપારી કે ધિરાણની પ્રવૃત્તિ કરતી નથી.

આમ ઉકત વિગતો જોતાં મંડળી ઘણા સમયથી સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઈ જવી યોગ્ય જણાતી હોઈ મંડળીને અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૩૦૮/ધ/૧૬૧૩, તારીખ ૨જી મે, ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરેલ હતો. જેની સામે મંડળીના કાર્યવાહકોએ તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૪ થી રજુઆત કરેલ છે. જે રજુઆત ગ્રાહય રાખે તેમ નથી. મંડળીને આપવામાં આવેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી. મંડળીનો મૂળભૂત હેતુ સિધ્ધ થતો ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું કે ધી કુણઘેર સેવા સહકારી મંડળી લી., મુકામ : કુણઘેર, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણા સે-૧૨૦૯, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૪.

———

નં. : ઉખસ/નધણુ/ધ/૧૬૪૯૫ / ૨૩૫૨.—આથી જાહેર કરે છે કે શ્રી નવરત્ન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ : મહેસાણા, તાલુકો : મહેસાણા, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૪.

———

નં. : ઉખસ/નધણુ/ખે-૨૭૫૭ / ૨૩૬૦.—આથી જાહેર કરે છે કે સિધ્ધપુર તાલુકા બક્ષીપંચ ખેતમજુર સામુદાયિક ખેતી સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ : સિદ્ધપુર, તાલુકો : સિદ્ધપુર, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર ખાતાના હુકમ ક્રમાંક : કખ/૬૦-ડી.પી.સી./૧૧૦૩/૪૩૯૦૫, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૬૫.

(૨) રજિસ્ટ્રાર સહકારી મંડળી, ગુજરાત રાજય, અમદાવાદના પરિપત્ર નં. : સકક/૧૧/આ/૪૨૮૫/૧૯૬૬, તારીખ ૧૬મી જુન, ૧૯૬૬.

(૩) આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૯૨૬૬/૨૪૦૧/૯૩, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩.

(૪) સહકારી અધિકારી (ફડચો-૩) શ્રી આમજા વિભાગ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી., (ફડચામાં) તા. કલોલના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૩/૧૧૨/૯૪, તારીખ ૧૩મી જુન, ૧૯૯૪.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૯૪/૯૪.—ધી આમજા વિભાગ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુકામ : આમજા તાલુકો : કલોલને આ કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૯૨૩૬ / ૨૪૦૧ / ૯૩, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણૂંક કરવામાં આવેલ હતી. જે આધારે તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના રોજ મંડળીના દફતરનો હવાલો ફડચા અધિકારીશ્રીએ સંભાળી લીધેલ હતો. સદર મંડળીને પુન : જિવીત કરવા માટે તારીખ ૭મી જુન, ૧૯૯૪ ના

INDEX

રોજ ખાસ સાધારણ સભા મળેલ હતી. અને મંડળીને પુન : જિવીત કરવા માટે સર્વાનુમતે ઠરાવ કરેલ અને તારીખ ૭મી જુન, ૧૯૯૪ ના રોજ મંડળીને પુન : જિવીત કરવા સભાસદોએ લેખિત માંગણી કરેલ છે. મંડળીના ઉદ્‌શો પેટા નિયમ મુજબ કામગીરી કરવા માટે મંડળીના સભાસદોએ ઠરાવ કરી ખાત્રી આપેલ છે. મંડળીને આર્થક્ષમ બનાવી તેના સભાસદોને રોજી-રોટી મળી રહે તે હેતુથી મંડળીને પુન : જિવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ આમુખ નં. ૪ દ્વારા મંડળીને પુન : જિવીત કરવાની દરખાસ્ત કરી અભિપ્રાય આપેલ છે તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે શ્રી આમજા વિભાગ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મુકામ : આમજા, તાલુકો : કલોલ (ફડચામાં) ને આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતાં પુન : જિવીત કરતો હુકમ કરું છું. મંડળીનો નોંધણી નંબર તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૪.

———

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૧૩૨૫/ધ/૯૪, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪.

(૨) પ્રમુખ/મંત્રીશ્રી ધી પડુસ્મા સેવા સહકારી મંડળીનો તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૪ નો ફડચામાં લઈ જવાનો પત્ર.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૬૭/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલી ધી પડુસ્મા સેવા સહકારી મંડળી લી., મુકામ : પડુસ્મા, તાલુકો : વિજાપુર, નોંધણી નં. ૧૫૪૨૭, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૫૮ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. મંડળીને ફડચામાં લઈ જવા મંડળીએ સર્વાનુમતે ઠરાવ કરી મંડળીને ફડચામાં લઈ જવા નીચેના કારણોસર જણાવેલ છે.

(૧) મંડળીનો ઓડિટવર્ગ છેલ્લા સાત વર્ષથી "ડ" છે.
(૨) છેલ્લા ત્રણ વર્ષથી ઓડિટ દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી.
(૩) પેટા નિયમ મુજબ વ્ય. કમીટીની મીટીંગ ભરવામાં આવતી નથી.
(૪) મંડળીમાં રૂા. ૧,૫૧,૭૧૭ ની ખોટ છે.
(૫) બેન્ક ઈન્સ્પેકશન દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી.
(૬) મંડળીને ફડચામાં લઈ જવા માટે તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૩ ના રોજ ખાસ સાધારણ સભામાં ઠરાવ કરેલ છે.

આમ મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪ ના રોજ કરતાં મંડળીએ તારીખ ૩૦મી મે, ૧૯૯૪ થી મંડળીને ફડચામાં લઈ જવા જણાવેલ છે. મંડળી જાતે ફડચામાં લઈ જવા જણાવતી હોઈ મંડળીને ચાલુ રાખવી એ મંડળીના હિતમાં ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું. ધી પડુસ્મા સેવા સહકારી મંડળી લી., મુકામ, પાડુસ્મા, તાલુકો : વિજાપુર, જિલ્લો : મહેસાણાના નોંધણી ક્રમાંક : ૧૫૪૨૭, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૫૮ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)-બી, ક, ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સરદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂં કરવું.

મહેસાણા, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૨૨૬/૯૪, તા. ૨૪-૧-૯૪ થી વચગાળાનો હુકમ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૫૬૯/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી જામઠા સેવા સહકારી મંડળી લી., મુકામ: જામઠા, તાલુકો : પાટણની નોંધણી નં. : સે-૧૨૨૨૮, તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ગુજરાત સહકારી મંડળીઓના બાબતના નિયમો-૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલ પેટા નિયમ મુજબ તેના ઉપર નાંખવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી જે નીચે દર્શાવેલ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળી છેલ્લા ૧૫ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.
(૨) મંડળીમાં છેલ્લા પાંચ વર્ષ ઉપરાંત થી ઓડીટ વર્ગ "ડ" છે.
(૩) ઓડીટ અંગેની દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી.
(૪) કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.
(૫) બેન્ક ઈન્સ્પેકશનના દુરસ્તી રીપોર્ટ મોકલવામાં આવતા નથી.
(૬) મંડળીએ સને ૧૯૭૬-૭૭ ની સાલ પછી ધિરાણ કરેલ નથી.

આમ ઉકત વિગતોને ધ્યાનમાં લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/૨૨૬/૯૪, તારીખ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૪ થી વચગાળાનો હુકમ કરેલ હતો. જેની સામે મંડળીના કાર્યવાહકોએ આજદિન સુધી મંડળી ફડચામાં નહિ લઈ જવા રજુઆત કે વિરોધ કરેલ નથી. માટે મંડળીને ચલાવતા સભાસદો કે કાર્યવાહકોને રસ નથી. તેમ માની સભાસદોનાં હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતાં નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું કે, ધી જામઠા સેવા સહકારી મંડળી લી., મુકામ : જામઠા, તાલુકો : પાટણ, જિલ્લો : મહેસાણાના નોંધણી ક્રમાંક સે-૧૨૨૨૮, તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૭૪ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

INDEX

વંચાણે લીધા :—

(૧) મદદનીશ સહકારી અધિકારીશ્રીનો તારીખ ૧૨મી મે, ૧૯૯૪ નો અહેવાલ.
(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ-૦૧-ધ-૧૯૮૮ ૯૪, તારીખ ૩જી જુન, ૧૯૯૪.
(૩) મંડળી તરફથી તારીખ ૨૧મી જુન, ૧૯૯૪ ના પત્રથી આવેલ રજુઆત.
(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૬૦૫ / ૯૪.—શ્રી ફતેહ દરવાજા ખેડૂત સેવા સહકારી મંડળી લિ., મુકામ : વિસનગર, તાલુકો : વિસનગર, જિલ્લો : મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર : ૧૫૮૩, તારીખ ૧૦મી જુન, ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરેલ છે.) સદર મંડળીના પેટા નિયમ મુજબ તેના ઉદ્દેશો તેમજ ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરેલ ન હોવાનું અત્રેની કચેરીના ધ્યાને આવતા આ કચેરીના મદદનીશ સહકારી અધિકારીએ સદર મંડળીની તારીખ ૫મી મે, ૧૯૯૪ ના રોજ મુલાકાત લઈ તારીખ ૧૨મી મે, ૧૯૯૪ ના રોજ રજૂ કરેલ અહેવાલ મુજબ તેમજ મંડળીના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના ઓડિટ અહેવાલમાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીએ પેટા નિયમ મુજબ તેમજ તેના ઉદ્દેશો મુજબ ધિરાણ પ્રવૃત્તિ તેમજ અન્ય પ્રવૃત્તિ હાથ ધરી શકેલ નથી.
(૨) ઓડિટ મેમા તેમજ બેન્ક ઈન્સ્પેકશન મેમાની વાસ્તવિક દુરસ્તી થતી નથી.
(૩) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડિટ વર્ગ "ક" છે. તથા મંડળી ખોટમાં છે.
(૪) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી. તેમજ મંડળી સ્થગિત છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લઈ આમુખ-૨ માં દર્શાવેલ કારણદર્શક નોટિસ મંડળીના કાર્યવાહકોને પાઠવવામાં આવેલ, જેના જવાબમાં મંડળીએ તારીખ ૨૧મી જુન, ૧૯૯૪ ના પત્રથી કરેલ રજુઆત જોતાં મંડળીમાં કોઈ કર્મચારી નથી તેમજ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી થતી નથી. તેવું ફલિત થાય છે. જે લક્ષમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવે તો પણ વચગાળાનો હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદત સુધીમાં મંડળીના કાર્યવાહકોને બચાવમાં રજૂઆત કરવાની પૂરતી તક મળી રહે છે. જેથી મંડળીની સ્થગિત અવસ્થા ધ્યાનમાં લેતાં તેમજ ઉદ્દેશો મુજબ મંડળી ધિરાણની મુખ્ય કામગીરી કરતી નથી, મંડળી ધિરાણની મુખ્ય કામગીરી કરતી નથી તેમજ મંડળી આર્થક્ષમ બની શકે તેમ નથી. જે ધ્યાને લઈ મંડળી તથા સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવી આવશ્યક અને જરૂરી જણાતાં નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું.

વચગાળાનો આદેશ

શ્રી ફતેહ દરવાજા ખેડૂત સેવા સહકારી મંડળી લિ., મુકામ : વિસનગર, તાલુકો : વિસનગર, જિલ્લો : મહેસાણા એ નોંધણી નંબર : ૧૫૮૩, તારીખ ૧૦મી જુન, ૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેને સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ક, ગ, ખ,) (૨), અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી (ફડધા-૩) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા ફરજ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪.

કૌશિક જે. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

ક્રમાંક સહક / નધણુ / વ / ૩૬૫/સે-૨૫૧૬૦/૯૫.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી ભાર્ગવ ઉ. બુ. પ્રાંતિજના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ પ્રાંતિજ તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૨૦–૪–૧૯૯૫.

જાહેરનામું

ક્રમાંક સહક / નધણુ / વ / ૪૦૨ / ઉ/૧૦૨૦૦/૯૫.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી શીવ શકિત વિવિધલક્ષી મહિલાગ્રુપ ઓ. સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ અમડાસણ તાલુકો ઈડર જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૨૩–૪–૧૯૯૫.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણુ/વ / ૪૧૨ / સે/૨૫૧૬૧/૯૫.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી એસ. એમ. હાઈસ્કુલ, વિજયનગર મા. અને ઉ. મા. ના કર્મ. ની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ વિજયનગર તાલુકો વિજયનગર જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૨૩–૪–૧૯૯૫.

જાહેરનામું

ક્રમાંક સહક /નધણુ / વ / ૪૫૮ /સે/૨૫૧૬૨/૯૫.— સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી સરસ્વતી વિદ્યાલય (ખેતીવાડી) પાલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ પાલ તાલુકો વિજયનગર જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર તા. ૩૧–૫–૧૯૯૫.

જાહેરનામું

ક્રમાંક સહક / નધણુ/વ-૪૪૯/ઉ/૫૭૮૧/૯૩.—સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી ઢોડિયાવાડા મહિલા ગ્રામોદ્યોગ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ઢોડિયાવાડી તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હીંમતનગર, તા. ૩૧–૫–૧૯૯૫.

અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ (જ. ૫), હિમતનગર.

નં. જી. ૫../સહકાર/વહટ/વશી/૩૦૪-૩૧૦/સે-૩૭૫૬/૯૩.– મદદનીસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે, અંધાત્રી વિભાગ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., અંધાત્રી, તા. વાલોડ, જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ—૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૯–૨–૧૯૯૫.

નં. જી. પં./સહકાર/વહટ/વશી/૪૧૦ થા. ૧૬/ખે-૩૮૦૪/૯૩.—મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે, ચાંપાવાડી ઉદ્વહન સિંચાઈ સહકારી મંડળી લી., ચાંપાવાડી, તા. વ્યારા, જીલ્લા સુરતનો ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ—૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૮–૨–૧૯૯૫.

નં. જી. પં./સહકાર/વહટ/વશી/૪૫૧–૫૭/ભ-૩૮૨૧/૯૩.– મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે, બાલઢા સહકારી ભંડાર લી., બાલઢા, સહકારી મંડળી લી., બાલઢા, તા. નિઝર, જીલ્લા સુરતનો ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ—૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪–૨–૧૯૯૫.

INDEX

જા. નં. જી. પં. સહકાર/વહટ/વશી/ઉ—૧૦૫૧૦ ૧૨૬૬—૭૧/૯૫.—મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે શ્રી દત્તાત્રય મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી., સારોલી, મુ. પો. સારોલી તા. ચોર્યાસી, જી. સુરત. જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની કાયદાની કલમ—૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

સુરત, તા. ૨૨–૫–૧૯૯૫.

નં. જી. પં. સહકારા / વહટ/ વશી ૯૩.–૧૨૭૧–૭૬ / સે.–૨૭૪૧૦.—મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પચા. વતી જાહેર કરે.છે કે ઓલપાડ હળપતિ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., ઓલપાડ, જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૬–૫–૧૯૯૫.

જા. નં. જી. પં. સહકાર/વહટ/ભં. ૩૮૨૨ / વશી/૯૫. ૧૨૭૭,—૮૩.–મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે શ્રી ખેડુત સહકારી ગ્રાહક ભંડાર લી. લખાલી તાલુકો ભ્યારા જીલ્લો સુરતને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૯–૫–૧૯૯૫.

જા. નં. જી. પં. સહકાર/વહટ/૧૨૮૪–૯૦/ખે. ૩૮૦૫ ૯૫.—મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે. શ્રી ધલા ગામ આદીવાસી સંયુકત ખેતી સહકારી મંડળીઓ લી. ધલા, તા. કામરેજ જીલ્લા સુરતન ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓની કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૯–૫–૧૯૯૫.

જા. નં. જી. પં./સહકાર/વહટ/વશી/ખ/૩૮૦૬/૧૫૪૫/૯૫.– મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે શ્રી વાસકુઇ ઉદવહન સહકારી મંડળી લી. વાસકુઇ તા. બારડોલી જીલ્લા સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫–૬–૧૯૯૫.

જા. નં. જી. પં./સહકાર/વહટ/સે/૨૭૪૧૧/૧૫૪૬-૫૧/૯૫.– મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર; સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ઉકાઇ અસરગ્રસ્ત સરકારી કર્મચારીઓની ક્રેડીટ અને ગ્રાહક સહકારી મંડળી લી. ઉકાઇ તા. સોનગઢ જીલ્લા સુરતને સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓની કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫–૬–૧૯૯૫.

જા. નં. જી. પં. સહકાર/વહટ/વશી-૧૪૬૫૭૦/ધ/૧૨૨૧૮/ ૯૫.—મદદનીશ જીલ્લા સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે સૂર્યનગર કો. ઓ. હા. સો. લી. સહકારી મંડળી લી. કાસોડ તા. ચોર્યાસી, જીલ્લા સુરતને સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫–૬–૧૯૯૫.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, સુરત.

વંચાણે લીધાં :

(૧) અત્રેની કચેરીના તા. ૫–૧– ૯૫ ની કારણદર્શક નોટિસ ક્રમાંક ફડચ-ઉખસ/ગ/૫૯.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ–૧૦૭.

શ્રી ડુંગરડા ખેતી પિયત સહકારી મંડળી લી. સહકારી મંડળી લી. ડુંગરડા, તા. આહવા, જિલ્લે ડાંગને નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧નાં અધિનિયમની કલમ ૧૦૭ (૧) નાં પેટા ખંડ (ગ)(૧)(૨) હેઠળ આરોપી લેવા ફડચામાં લઇ જવા આમુખ–૧થી કારણદર્શક નોટિસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઇ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી આમુખ–૨થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા નથી માન્ય રાખી શકાય નહિં.

(૧) મંડળી પે. નિ. અનુસાર ઉદ્દેશો અનુસારની કામગીરી કરતી બંધ થયેલ છે અને સ્થગિત છે.

(૨) વ્ય. સમિતિની સભા મળતી નથી તથા વા. સા. સભા મળતી નથી.

(૩) મંડળીના સભાસદોને ફરી મંડળી શરૂ કરવામાં રસ જણાતો નથી.

INDEX

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-ગ/૮૪૩/૯૫.—શ્રી ડુંગરડા ખેતી પયતિ સહકારી મંડળી લી. ડુંગરડા, તા. આહવા, જિ. ડાંગ કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ, નોંધણી ક્રમાંક એ-૩૩૮૦ તા ૩૦-૩-૧૯૯૧ થી થયેલ છે, તેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) નાં પેટા ખંડ (ગ)(૧)(૨) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરૂ છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી-૧ લગત જિલ્લા રજી. સ. મં. વલસાડની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

આહવા, તારીખ ૯-૨-૧૯૯૫.

વાય. એ. બલોચ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ડાંગ-આહવા.

મેનેજ , (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ન જીઉકે/અમદ/નોંધણી/૧૪૬૯/ઉ-૫૬૭૩/૧૯૯૫.— આથી જાહેર કરે છે કે, સરદાર હસ્તકલા ઔદ્યોગિક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ધોલકા, તાલુકો ધોલકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધમાં આવી છે.

અમદાવાદ, તા. ૧૮-૧-૧૯૯૫.

ક્રમાંક જીઉકે / અમદ / નોંધણી/૧૪૭૧/ઉ-૫૬૯૪/૧૯૯૫.— આથી જાહેર કરે છે કે, નવજીવન મહિલા હસ્તકલા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અમદાવાદ, તાલુકો અમદાવાદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૧૮-૧-૧૯૯૫.

ક્રમાંક જીઉકે / અમદ/નોંધણી/૧૬૪૫/ઉ-૫૭૪૨/૧૯૯૫.— આથી જાહેર કરે છે કે, શ્રી કૃષ્ણ ઉન ગાલીચા ઉત્પાદકને વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અમદાવાદ. તાલુકો અમદાવાદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૯-૧-૧૯૯૫.

ક્રમાંક જીઉકે / જમે/નવણુ / ૧૬૪૬/ઉ-૫૭૪૧/૧૯૯૫.— આથી જાહેર કરે છે કે, સમન્વય ચર્મોદ્યોગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ધંધુકા, તાલુકો ધંધુકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)નીં કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા, ૧૯-૧-૧૯૯૫

ક્રમાંક જીઉકે / અમદ / નોંધણી/૨૪૭૧/ઉ-૫૭૪૩/૧૯૯૫.— આથી જાહેર કરે છે કે, શ્રી ગીતાંજલી મહિલા સેવા ઔદ્યોગિક સ્ટેશનરી ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અમદાવાદ, તાલુકો અમદાવાદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦-૧-૧૯૯૫.

આથી હું શ્રી કે. વી. ભટ્ટ, મેનેજર (કે. વી. સી. આઇ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સદર મંડળીના ફડચા અંગેની કાર્યવાહિ સમાપ્ત થયેલી જાહેર કરું છું. અને સદરહું કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મને મળેલી સત્તાની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરું છું સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૧–૧–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) ની જોગવાઇ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦(૧) ની જોગવઇ.

(૩) આ કચેરીનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/છ/૩૭૫૪/૩૪૫૧૬ તા. ૧૭–૯–૯૬ (ફડચા અધિકારીની નિમણુંકનો હુકમ)

(૪) તા. ૩૦–૧૧–૯૪ ના દૈનિક અખબાર "સંદેશ" માં પાન નં. ૧૪ ઉપર સદર સંસ્થાને આપેલ જાહેર નોટિસ.

આમુખ

ક્રમાંક જેમ/જીઉકે/અમદ/ફ-૧/૮/૨૭૧૫/૯૫.—શ્રી સ્વપ્ન [illegible]મ્સ સહકારી મંડળી લી., (ફ) અસારવા અમદાવાદની નોંધણી ક્રમાંક ઉ/૪૨૮૧ તા. ૨૫–૧૦–૮૩ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતી તેને મેનેજર (કે.વી.સી.આઇ.) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અમદાવાદના તા. ૧૭–૯–૮૬ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/છ/૩૭૫૪/૮૬ થી ફડચામાં લઇ જવામાં આ વી હતી તે અન્વયે ફડચા અંગેની કાર્યવાહિ કરવા છતાં અને અંતે વંચાણમાં લીધા–૪માં જણાવેલ તા, ૩૦–૧૧–૯૪ના રોજ "સંદેશ" દૈનિક પેપરમાં જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમ છતાં આમુખમાં જણાવેલ મંડળીના કોઈપણ કાર્યવાહક કે સભ્ય તરફથી નોટિસમાં જણાવેલ સમય મર્યાદામાં કોઈ લેખિત કે મૌખિક રજુઆત થયેલ નથી જેથી નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી કે. વી. ભટ્ટ, મેનેજર (કે.વી.સી.આઇ.) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સદર મંડળીના ફડચા અંગેની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરું છું. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવાનો હુકમ કરું છું. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૩૧–૧–૧૯૯૫.

નં. જીઉકે/અમદ/નોંધણી/ ૫૬૦૬/ઉ-૫૭૪૫/૯૫.—આથી જાહેર કરે છે કે શ્રી હર્ષિદા મહિલા વિવિધ ઔધો. ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત રથળ અમદાવાદ તા. અમદાવાદ જી. અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૬ અ-વયે આજરોજ નોંધવમાં આવી છે.

અમદાવાદ, તા. ૬–૩–૧૯૯૫.

INDEX

નં. જીઉકે/અમદ/નધણ/૧૦૧૧૩/ઉ-૫૭૪૬.— આથી જાહેર કરે છે કે સુર્યોદય કો. ઓ. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ લી. મર્યાદિત સ્થળ અમદાવાદ, તા. અમદાવાદ જી. અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨–૫–૯૫.

કે. વી ભટ્ટ,
મેનેજર (કેવીસીઆઇ) અને જિલ્લા
રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
(ઉદ્યોગ), અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, અને બહુવિધ ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુકામ છાપી, તાલુકો વડગામ (ફડચામાં) ની નોંધણી ૨૬ કરવા અંગેની તા. ૨૦–૭–૧૯૯૪ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ ૨૦(૫) તથા ૧૧૪(૧) મુજબ નોંધણી ૨૬ કરવા અંગે.

(૩) સદરહું મંડળીની ફાઈલ ઉપરની તા. ૩૧–૧૨–૧૯૯૪ ના રોજની નોંધ પરનો આદેશ.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ–૮૮૧/૧૯૯૪.—ધી બહુવિધ ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુકામ છાપી, તાલુકો વડગામ (ફડચામાં) ને નોંધણી ક્રમાંક ઉ–૨૧૭૮, તા. ૨૧–૧–૧૯૬૬ થી નોંધવામાં આવી હતી. અને અત્રેની કચેરીના હુકમ નંબર ઉખસ/ફડચ / ૦૧ / ગ–૫૩૦ / ૧૯૯૧, તા. ૩૦–૭–૧૯૯૧ ના રોજથી આટોપી લેવામાં (ફડચામાં લઈ જવામાં) આવી હતી. અને ફડચાની કામગીરી સંબંધમાં આમુખ ૧માં દર્શાવેલી વિગતેના ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઉક્ત મંડળીની ફડચાની આગળની કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના કાયદાની (ગુજરાત અધિનિયમ) ક્રમાંક ૧૦ અને ૧૯૬૨ ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ ૨૦(૫) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીનો નોંધણી નંબર ૨૬ કરતો આદેશ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ નંબર અને તારીખથી સદરહું મંડળીનું વિસર્જન કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૩૧–૧૨–૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી. અને મેનેજર, બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. રાજગઢી, પાલનપુરની ધી જય ભારત હાથ વણાટ કાપડ ઉત્પાદક સ. મં. લી. (ફડચામાં) મુ. કાણોદર તા. પાલનપુરની નોંધણી ૨૬ કરવા અંગેની તા. ૬–૧૨–૯૪ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ ૨૦(૫) તથા ૧૧૪ (૧) મુજબ નોંધણી ૨૬ કરવા અંગે.

(૩) સદરહું મંડળીની ફાઈલ ઉપરની તા. ૨૧–૧૨–૯૪નાં રોજની નોંધ પરનો આદેશ.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૮૭૪/૯૪.— ધી જય ભારત હાથ વણાટ કાપડ ઉત્પાદક સં. મં. લી. (ફડચામાં) મુ. કાણોદર તા. પાલનપુરને નોંધણી ક્રમાંક ઉ/૨૪૭૨ તા. ૧૬–૨–૬૯થી નોંધવામાં આવી હતી. અને અત્રેની કચેરીમાં હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ગ/૩૩૫/૮૨ તા. ૨૪–૩–૮૨નાં રોજથી આટોપી લેવામાં (ફડચામાં લઈ જવામાં) આવી હતી. અને ફડચાની કામગીરી સંબંધમા આમુખ–૧મા દર્શાવેલી વિગતમાં ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઉકત મંડળીની ફડચાની મુદત સાત વર્ષ ઉપરની થઈ ગયેલ હોઇ તથા ફડચાની આગળની કાર્યવાહી કરવાની રહેતી ન હોઇ તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧નાં કાયદાની (ગુજરાત અધિનિયમ) ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ ૨૦ (૫) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીનો નોંધણી નંબર ૨૬ કરતો આદેશ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ નંબર અને તારીખથી સદરહું મંડળીનું વિસર્જન કરવામાં આવે છે.

પાલનપુર, તા, ૩૧–૧૨–૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) શ્રી ફડચા અધિકારી અને મેનેજર, બનાસકાંઠા જીલ્લા સહકારી બેંક લી. રાજગઢી, પાલનપુર શ્રી બનાસકાંઠા જીલ્લા ઉન ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. તા. ડીસા (ફડચામાં) ની નોંધણી ૨૬ કરવા અંગેની તા. ૬–૧૨–૯૪ ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ–૨૦(૫) તથા ૧૧૪(૧) મુજબ નોંધણી ૨૬ કરવા અંગે.

(૩) સદરહું મંડળીની ફાઇલ ઉપરની તા. ૨૧–૧૨–૯૪ના રોજની નોંધ પરનો આદેશ.

INDEX

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૮૭૫/૯૪.— ધી બનાસકાંઠા જીલ્લા ઉન ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. તા. ડીસાને ક્રમાંક પી–૨૮૮૧ તા. ૨૨–૨–૬૧થી નોંધવામાં આવી હતી. અને અત્રેની કચેરીનાં હુકમ નંબર ફડચ/૯૧/૫૫૯ તા. ૩૦-૧૧-૭૩ નાં રોજથી આટોપી લેવા નાં (ફડચામાં લઇ જવામાં) આવી હતી અને ફડચાનો કામગીરી સંબંધમાં આમુખ–૧માં દર્શાવેલી વિગતોનાં ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઉકત મંડળીની ફડચાની મુદત સાત વર્ષ ઉપરની થઇ ગયેલ હોઇ તથા ફડચાની આગળની કાર્યવાહી કરવાની રહેતી ન હોઇ તેથી ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૨ના કાયદાની (ગુજરાત અધિનિયમ) ક્રમાંક ૧૦ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ–૨૦(૫) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીનો નોંધણી નંબર રદ કરતો આદેશ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ નંબર અને તારીખથી સદરહુ મંડળીનું વિસર્જન કરવામા આવે છે.

પાલનપુર, તા. ૩૧–૧૨–૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી અને મેનેજર, બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લા., રાજગઢી, મુ. પાલનપુરની ધી જસલેણી વણકર સ. મં. લી. (ફડચામાં) મુ. જસલેણી તા. પાલનપુરની નોંધણી રદ કરવા અંગેની તા. ૬–૧૨–૯૪ની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧ ની કલમ ૨૦ (૫) તથા ૧૧૪ (૧) મુજબ નોંધણી રદ કરવા અંગે.

(૩) સદરહુ મંડળીની ફાઇલ ઉપરના તા. ૨૧–૧૨–૯૪નાં રોજની નોંધ પરનો આદેશ

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૮૭૬/૧૯૯૪.—ધી જસલેણી વણકર સ. મં. લી., (ફડચામાં) મુ. જસલેણ, તા. પાલનપુરને નોંધણી ક્રમાંક ગ–૩૪૯૩ તા ૨૨–૬–૭૭ થી નોંધવામાં આવી હતી. અને અત્રેની કચેરીના ઉખસ/ફડચ/૦૧/ગ/૨ ૧/૮૬ના રોજથી આટોપી લેવામાં (ફડચામાં લઇ જવામાં) આવી હતી. અને ફડચાની કામગીરા સંબંધમાં આમુખ–૧માં દર્શાવેલી વિગતોના ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઉકત મંડળીની ફડચાની મુદત સાત વર્ષ ઉપરની થઇ ગયેલ હોઇ તથા ફડચાની આગળની કાર્યવાહી કરવાની રહેતી ન હોઇ તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના કાયદાની (ગુજરાત અધિનિયમ) ક્રમાંક ૧૦ સને ૧૯૬૨નો કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ ૨૦ (૫) અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીની નોંધણી નંબર રદ કરવાનો અદેશ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ નંબર અને તારીખથી સદરહું મંડળીનું વિસર્જન કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૩૧–૧૨–૧૯૯૪.

એમ. ડી. ખારોટ,

જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉ) અને મેનેજર (કેવીસીઆઇ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર.

———

વંચાણે લીધા :

૧ શ્રી સહકારી અધિકારી (ફડચો) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની ધી ખાંચડા ચર્મ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. ખાંચડા, તા. વડગામ, (ફડચામાં) ની નોંધણી રદ કરવા અંગેની તા. ૧૦–૪–૯૫ના રોજની દરખાસ્ત

૨ ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧ની કલમ ૨૦ (૫) તથા ૧૧૪/૧ મુજબ નોંધણી રદ કરવા અંગે.

3 સદરહું મંડળીની ફાઇલ ઉપરની તા. ૩–૫–૯૫ ના રોજની નોંધ પરનો આદેશ.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૩૪૦/૩૨૧/૯૫–ધી ખાંચડા ચર્મ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. ખાંચડા, તા. વડગામ, (ફડચામાં)ને નોંધણી ક્રમાંક ઉ/૬૦૩૬ થી નોંધવામાં આવેલ હતી. અને અત્રેની કચેરીના હુકમ નંબર ફડચ/૦૬/ગ/૨૨૫/૯૪ ના રોજથી આટોપી લેવામાં (ફડચામાં લઇ જવામાં) આવી હતી. અને ફડચાની કામગીરી સબધમાં આમુખ–૧ માં દર્શાવેલી વિગતોમાં ફડચા અધિકારીશ્રી પાસેથી આવેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઉકત મંડળીની ફડચાની મુદત એક વર્ષ ઉપરની થઇ ગયેલ હોઇ તથા ફડચાના આગળની પ્રક્રિયા હાથ ધરવાની રહેતી ન હોઇ તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના કાયદાની (ગુજરાત અધિનિયમ) ક્રમાંક ૧૦ સને ૧૯૬૧ નો કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ (૫) ૨૦ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ મંડળીનો નોંધણી નંબર રદ કરવાનો આદેશ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ નંબર અને તારીખથી સદરહું મંડળીનું વિસર્જન કરવામાં આવે છે.

પાલનપુર, ૨૨–૫–૧૯૯૫.

કે. કે. મકવાણા,

જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉ) અને મેનેજર (કેવીસીઆઇ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર.

———

INDEX

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી અધિનીયમ, ૧૯૬૧ની કલમ ૨૦ અને ૧૧૪.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક જીઉકે/ફડચ/૦૧/ધ/૮૬૮ સને ૧૯૯૨ તારીખ ૨–૯–૯૨નો હુકમ.

(૩) સભ્ય ઓડીટરશ્રી સહકારી મંડળીઓ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરાનો સદર મંડળીનો છેવટનો ઓડીટ અહેવાલ તા. ૧૬–૧–૯૫.

(૪) સહકારી અધિકારી/ફડચા/જી.ઉ.કે. વડોદરાના જા. નં. જીઉકે/ફડચ/૦૧/સને ૧૯૯૫ તા. ૨-૨-૯૫નો મંડળીને રૂબરૂ કરવાનો અહેવાલ.

હુકમ

જા. નં ફડચ/૦૧/ગ/૨૪/૧૯૯૫.—આથી હું નીચે સહી કરનાર શ્રી ડી. જે. રોજસરા ઇન્ચાર્જ મેનેજર ખાદી ગ્રામોદ્યોગ અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ઉદ્યોગ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરા મને મળેલ આમુખ–૧ની સત્તાને ધ્યાને લઈ ધી આશિર્વાદ મહિલા ગૃહ ઉદ્યોગ સ. મં. લી., મુકામે ટુંકી-અનોપ તા. દાહોદ જી. પંચમહાલ કે જેને નોંધણી નંબર ઉ/૫૭૪૩ તા. ૩૦-૧૦-૮૬ થી નોંધાયેલ હતી. તેને આમુખ–૨ ના હુકમથી ફડચામા લઈ જવામાં આવેલ હતાં. જેની ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં આમુખ–૨ અને ૪ના અહેવાલનો ધ્યાને લઇ સદર મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તારીખ ૧૭–૨–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ અને ૧૧૪.

(૨) આ કચેરીના હુકમ ક્રમાક જીઉકે/ફડચ/૦૧/૫/૪૯૫ સને ૧૯૯૨ તારીખ ૨–૯–૯૨ નો હુકમ.

(૩) સભ્ય ઓડીટરશ્રી સહકારી મંડળીઓ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરાનો સદર મંડળીનો છેવટનો ઓડીટ અહેવાલ તા. ૩૦–૧–૯૫.

(૪) સહકારી અધિકારી ફડચા/જી.ઉ.કે. વડોદરાના જા. નં. જેઉકે/ફડચા/૦૧ સને ૧૯૯૫ તા. ૨–૨–૯૫ નો મંડળીને રૂબરૂ કરવાનો અહેવાલ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/૫/૨૫/૧૯૯૫.—આથી હું નીચે સહી કરનાર શ્રી ડી. જે. રોજસરા ઇ. ચા. મેનેજર ખાદી ગ્રામોદ્યોગ અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ઉદ્યોગ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરા મને મળેલ આમુખ–૧ નીં સત્તાને ધ્યાને લઈ ધી કોલીયારી મહીલા ઔદ્યોગિક સ. મં. લી. ગોધરા મુકામ ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ કે જેને નોંધણી નંબર ઉ/૪૪૭૨ તા. ૨૮/૫/૮૦ થી નોંધાયેલ હતી. તેને આમુખ–૨ ના હુકમ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. જેની ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં આમુખ–૩ અને ૪ના અહેવાલને ધ્યાને લઈ સદર મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આ વે છે.

ગોધરા, તા. ૧૭–૨–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક જીઉક ફડચ/૦૧/ધ/૩૨/૪૩૬ સને ૧૯૯૫ તારીખ ૩૦–૭–૯૨ નાં હુકમ.

(૩) સભ્ય ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરાનો સદર મંડળીનો છેવ૮નો ઓડીટ અહેવાલ તા. ૨૭–૧–૯૫.

(૪) સહકારી/અધિકારી/ફડચા/જી.ઉ.કે. વડોદરાના જા. નં. જેઉકે/ફડચ/૦૧/સને ૧૯૯૫ તા. ૨–૩–૯૫નો મંડળીને રૂબરૂ કરવાનો અહેવા પ,

હુકમ

જા. નં, ફડચ/૦૧/ધ/૨૯/૯૫.— આથી હું નીચે સહી કરનાર શ્રી ડી. જે. રોજસરા ઇ. સી. મેનેજર ખાદી ગ્રામોદ્યોગ અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગોધરા મને મળેલ આમુખ–૧ની સત્તાને ધ્યાને લઈ ધી આદિવાસી સ્વેટર ઉત્પાદક સ. મં, લી. મુ. પીપલોદ તા. ઝારીઆ જી પંચમહાલ કે જેને નોંધણી નં. ઉ-૮૫૭૧ તા. ૨૩–૯–૮૩થી નોંધાયેલ હતી. તેને આમુખ–૨ના હુકમ ફડચામાં લઇ જવામાં આવેલ હતી. જેની ફડચાની કાર્યવાહી પુર્ણ થતા આમુખ–૩ અને ૪ના અહેવાલને ધ્યાને લઇ સદર મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તા. ૯–૩–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી અધિનીયમ ૧૯૬૧ની કલમ–૨૦ અને ૧૧૪

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક જીઉકે/ફડચા/૦૧/ધ/૫૧૯ સને ૧૯૯૨ તારીખ ૧૭/૯/૯૨ નો હુકમ.

INDEX

(૩) સબ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરાનો સદર મંડળીનો છેવટનો ઓડીટ અહેવાલ તા. ૨૭–૧–૯૫.

(૪) સહકારી અધિકારી ફડચા જી. ઉ, કે. વડોદરાના જી. નં. જેઉકે/ફડચ/૦૧/સને/૧૯૯૫ તા. ૨–૩–૯૫માં મંડળીને રદ કરવાનો અહેવાલ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ/૩૦/૧૯૯૫.— આથી હું નીચે સહી કરનાર શ્રી ડી. જે. રોજીસરા ઇન્ચા. મેનેજર ખાદી ગ્રામોદ્યોગ અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ઉદ્યોગ જિલ્લા ઉદ્યોગ કે ગોધરા મને મળેલ આમુખ-૧ ની સત્તાને રૂઇએ લઇ ધી બારીઆ સુથારી લુહારી ઔદ્યોગિક ઉત્પાદક સ. મં. લી. મુકામે બારીઆ તા. બારીઆ જિ. પંચમહાલ કે જે ને નોંધણી નં. ઉ/૨૪૫૮ તા. ૨–૫–૫૪ ધી નોંધાયેલ હતી. તે ને આમુખ-૨ ના હુકમ ફડચામાં લઈ જવામાં આવેલ હતી. જેની ફડચાની કાર્યવાહી પુર્ણ થતાં આમુખ-૨ અને ૪ ના અહેવાલનો રૂઇએ લઈ સદર મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તા. ૯–૩–૧૯૯૫.

નોંધણી નંબર ઉ–૫૬૫૧/૧૯૯૫.– આથી જાહેર કરે છે કે, પંચજન્ય વિવિધ લક્ષી ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગોધરા, તાલુકો ગોધરા, જીલ્લો પંચમહાલ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

ગોધરા, તા. ૭–૪–૧૯૯૫.

વંચાણે લીધા :–

(૧) ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ અને ૧૧૪.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક જીઉકે/ફડચા/૦૧/ધ–૧૫૧ સને ૧૯૯૨, તા. ૧૭–૨–૧૯૯૨નો હુકમ.

(૩) સબ–ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગોધરાનો સદર મંડળીનો છેવટનો ઓડીટ અહેવાલ, તા. ૨૨–૫–૧૯૯૫.

(૪) સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરાના જા. ક્રમાંક જીઉકે/ફડચ/૦૧ સને ૧૯૯૫, તા. ૨૭–૪–૧૯૯૫ નો મંડળીને રદ કરવાનો અહેવાલ.

હુકમ

જા. નંબર ફડચ/૦૧/ધ–૧૦૪/૧૯૯૫,– આથી હું નીચે સહી કરનાર શ્રી ડી. જે. રોજાસરા, ઇન્ચાર્જ મેનેજર, ખાદી ગ્રામોદ્યોગ અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ઉદ્યોગ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરા, મને મળેલ આમુખ ૧ની સત્તાને રૂઆને લઈ ધી મોટી પથ્થર ઉત્પાદક ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુકામ દાહોદ, તાલુકો દાહોદ, જીલ્લો પંચમહાલ કે જે તે નોંધણ નંબર ઉ–૪૪૮૦, તા. ૪–૧–૧૯૮૩થી નોંધાયેલ હતી. તેને આમુખ ૨ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. જેની ફડચાની કાર્યવાહી પૂર્ણ થતાં આમુખ ૨ અને ૪ ના અહેવાલનો રૂઆને લઈ સદર મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તા. ૧–૬–૧૯૯૫.

ડી. જે. રોજાસરા,
મેનેજર, ખાદી ગ્રામોદ્યોગ,
અને જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળી ઓ. (ઉ.)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગોધરા.

વંચાણે લીધો. :—

(૧) અત્રેનાં કાર્યાલયનો આદેશ ક્રમાંક, ઉખસ / ફડચ /૦૧/ ૧૫૫૪ તા. ૩–૧૨–૮૩.

(૨) કામશનરશ્રી કુટીર–ગ્રામો. ગુ. રા. ગાંધીનગરનો ક્રમાંક, ફડચ/૦૧/૮–૧૪૨૯ તા. ૧૫–૧૦–૯૪.

જા. નં. ફડચા-ચ-૧૪/૧૯૧૦૪/૧૯૯૪.–ચીખલી તાલુકા સહકારી હાયછડ મં. લિ.. ચીખલી તા. ચીખલી જી. વલસાડ કે જેની નોંધણી સ. કા. અન્વયે નોંધણી નં. પી–૧૫૬૭ તા. ૬–૬–૧૯૫૨ થી થયેલ જેનો અત્રેના ઉપર ટાંકેલ આમુખ-૧ ના આદેશથી આટોપી લેવા ફડચામાં લઇ જતાં કાયમી આદેશ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે અત્રેનાં સહકારી અધિકારી (ફડચા) લગત જી. ઉ. કેન્દ્ર, વલસાડની નિમણુંક હોદ્દો જોગ કરવામાં આવેલી, ફડચાની કાર્યવાહી નિર્ધારીત સમયમાં પૂર્ણ કરવા જરૂરી મુદ્દત વધારશે વખતો વખત આપવામાં આવેલ/મેળવાયેલ ન હોવાનું ધ્યાન ઉપર આવેલ. સ. કા. ની કલમ–૧૧૪(૧)ની જોગવાંધઓમાંથી કલમ (૧૬૧) અન્વયે મુક્તિ મેળવવાની દરખાસ્ત વડી કચેરી તરફથી આઠમ રખાયેલ નથી સ. કા. ની કલમ–૧૧૪(૧) અનુસાર ફડચાનાં આદેશથી તા. ૨–૧૨–૧૯૯૦ના રોજ સુધીમાં મંડળીની નોંધણી રદ કરવવાની થતી હતી છતાં તેમ થયેલ નથી.

આદેશ

ચીખલી તાલુકા સહકારી હાયછડ મં. લિ: મુ. તા. ચીખલી જિ. વલસાડ કે જેની નોંધણી સ. કાયદા હેઠળ નોંધણ

નં. પી/૧૫૬૭ તા. ૬–૬–૧૯૫૨ થી થયેલ જેનો આમુખ-૧ અન્વયેનાં અત્રેનાં તા. ૩-૧૨-૮૩ના કાયમી આદેશથી ઝાટોપી લેવા ફડચામાં લઈ જવામાં આવેલ, જેની સાત વર્ષની કાયદાકીય અવધિ આગળ ઉપર જણાવેલ વિગતે તા. ૨–૧૨–૧૯૯૦ના રોજ પૂરી થયેલ, અને સ. કા. ની કલમ-૧૧૪(૧) અન્વયેનો મુદત વધારો મળેલ ન હોતા, સને ૧૯૬૧ના ગુ. સ. મં. ઓનાં અધિ. ની કલમ-૧૧૪(૧) હેઠળ સમાપ્ત થયેલી જાહેર કરું છું, અને એજ કાયદાની કલમ-૧૧૫ હેઠળ કાર્યવાહી કરવા ફડચા અધિકારીનો આદેશ આપું છું.

વલસાડ, તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૯૪.

એચ, એમ. શાહ,
મેનેજર (કે. વી. સી. આઈ.) જિલ્લા
રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ), વલસાડ.

———

નં. ક્રમાંક ઉ-૧૫૬૫/નવણુ/ઉ-૫૫૩૫/ક-૨૫૩૧-૨૭૦૬/૯૫.– આથી જાહેર કરું છે કે સોલઙ ઇલેકટ્રીકલ્સ એન્ડ ઇલેકટ્રોનીકસ ઔદ્યો. સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વલસાડ તા. વલસાડ, જીલ્લો વલસાડ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૫–૧–૯૫.

એન. સી. પટેલ,
મેનેજર (કે. વી. સી. આઈ.) જિલ્લા
રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ), વલસાડ.

———

વાંચ્યો :

(૧) શ્રી ખેરગામ વિ. કાર્પેટ હેન્ડી. સહકારી મંડળી લિ. (ફડચામાં) નો ફડચા અધિકારીનો તા. ૨૮–૩–૧૯૯૫ નો અહેવાલ

(૨) શ્રી મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વલસાડનો તા. ૧૬–૧૨–૯૪ ના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૧૭૯૯૫ થી કરેલ ફડચાનો આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર, સ. મ. ઉ. વલસાડનો ૧–૭–૯૨ થી તા. ૨૭–૩–૯૫ સુધીનો છેવટનો અન્વેષણ હેવાલ.

આદેશ

ક્રમાંક ફડચા/ચ/ /૧૦૨૩૭—૧૯૯૫.— શ્રી ખેરગામ વિભાગ કાર્પેટ હેન્ડીક્રાફટ સહકારી મંડળી લિ. ખેરગામ, તા. ચીખલી. જી. વલસાડ, કે જેને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ઉ-૬૦૩૦ તા. ૧૬–૯–૮૯ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપુર્ણ થઈ ગયું હોવાનુ ફડચા અધિકારીશ્રી એ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ(૨૦) અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. આ આદેશની તારીખથી મંડળી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તા. ૩૦–૩–૧૯૯૫.

કે. આર. પટેલ,
મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા
રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ)
વલસાડ.

———

વંચાણે લીધા :–

(૧) ધી પાદરા ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. પાદરા જિ. વડોદરાની મંડળી નોંધણી કરી અત્રેની કચેરીના જા. ન. જીઉકે/નવણુ/૦૧/ગ/ઉ/૫૬૯૯/૩૭૧/૨૦૧૦૭, તા. ૧૫-૧૦-૯૪ થી મોકલેલ પ્રમાણપત્ર તેમજ પેટા કાયદો.

(૨) સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની જોગવાઇ કલમ ૧૦૭(૧) અ.

જા. નં. જી.ઉ.કે./વડ૬/૦૧/૪/૧૩/૧૦૨૧.–ધી પાદરા ચર્મોદ્યોગ સહકારી મંડળી લી., પાદરા તા. પાદરા. જિ. વડોદરાની નોંધણી નંબર ઉ/૫૬૯૯, તા. ૨૨–૬–૯૪થી કરવામાં આવેલ છે. જે મંડળી નોંધણી અંગેનું પ્રમાણપત્ર તથા પેટા કાયદાની નકલ અત્રેની કચેરીના જા. નં. જીઉકે/નવણુ/૦૧/૪/ઉ/૫૬૯૯/૩૭૧/૨૦૧૦૭, તા. ૧૫–૧૦–૯૪થી મંડળીના મુખ્ય પ્રયોજકશ્રીને ટપાલ રજીસ્ટર એ. ડી. થી મોકલવામાં આવેલ જે (રીફયુઝ) થઇ ટપાલ પરત આવેલ છે. જેથી મંડળીના મુખ્ય પ્રયોજકોને મંડળી ચલાવવા રસ ન હોય તેમ માલુમ પડેલ છે. જેથી સદર મંડળીને ઉપરોકત હકીકતને ધ્યાનમાં લઈ ફડચામાં લઇ જવામાં આવેલ છે.

અંતિમ આદેશ

હું, એન. એ. શાહ, મેનેજર (ખાદી ગ્રામ ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ઔ. (ઉદ્યોગ,) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા મને મળેલ સત્તાની રૂએ ધી પાદરા ચર્મોદ્યોગ સહકારી મંડળી લી,, પાદરા, તા. પાદરા, જી. વડોદરાને સહકારી કાયદા ની કલમ-૧૦૭ (ક) પ્રમાણે ફડચામા લઇ જવાનો અંતિમ આદેશ કરું છું, અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરાની નિમણુક સદર અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ કરું છું.

વડોદરા, તા. ૧૨–૧–૯૫.

———

INDEX

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઇઓ.

(૨) ધી વડોદરા જીલ્લા ચર્મોદ્યોગ સ. મં. લી., વડોદરાના પેટા નિયમો.

(૩) ઓડિટશ્રી સ. મં. (વીવર્સ) વડોદરાના જા. નં. અવણ/૦૧/૨૭૮/૬૪/તા. ૧–૧૧–૬૪નો વહીવટી અહેવાલ અને સને ૧૯૬૩–૬૪ના વર્ષનો ઓડિટ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના તા. ૧૫–૧૨–૬૪ના ક્રમાંક જીઉકે/વડ૬/૫૬૬ થી ૫૭૫ કારણદર્શક નોટીસ.

જા. નં. જીઉકે/વડ૬/૪/૨૭/૧૬૮૭/૧૯૬૫.—ધી વડોદરા જીલ્લા ચર્મોદ્યોગ સ. મં. લી, વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સંસ્થા છે. જેનો નોંધણી નંબર પી–૨૪૫૫ તા. ૮–૭–૧૯૫૪ જેનો ઉલ્લેખ હવે પછી મંડળી તરીકે કરવામાં આવેલ છે.

ઓડિટરશ્રી સ. મં. (વીવર્સ) વડોદરાને તા. ૧– ૧–૬૪નો વહીવટી ખાસ અહેવાલ તથા ૬૩–૬૪નો ઓડીટ અહેવાલ જોતાં મંડળીમાં સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વ્યવસ્થાપક સમિતિના સભ્યોને દૂર કરી વહીવટકાર નિમવા માટે ભલામણ થયેલ છે. ઉકત બંને અહેવાલો જોતાં મુખ્યત્વે નીચેની વિગતે મંડળીમાં ગેરવહીવટ જણાઇ આવે છે.

(૧) મંડળીના વહીવટ માટે અવાર નવાર મળતી ફરીયાદરૂપી અરજીઓ સંબંધમાં અત્રેથી મંડળીને અનેકવાર કાયદા પેટા કાયદા નિયમોને અનુરૂપ રહી વહીવટ કરવા માટે જણાવવામાં આવેલ છે. જે બાબત વહીવટ કર્તાઓએ ધ્યાન પર લીધેલ નથી.

(૨) વ્ય. કમીટીના સભ્યોએ દર વર્ષે મનસ્વી રીતે ચોખ્ખા નફાની જુદી જુદી રીતે ફાળવણી કરીને પેટા નિયમોનો ભંગ કરેલ છે.

(૩) પેટા કાયદામાં દર્શાવાયેલ સભ્યપદની જોગવાઇઓ અંગેનું પાલન ન કરી મનસ્વી રીતે સભાસદપણા માટેની કાર્યવાહીઓ કરેલ છે.

(૪) મંડળીનું કાર્યક્ષેત્ર વડોદરા જીલ્લો છે. છતાં મંડળીએ પૂરતી પ્રગતી સાધેલ નથી.

(૫) કાયદાની કલમ ૭૦ મુજબ ધર્માદાખર્ચ કરવા અંગેની જોગવાઇનું પાલન કરેલ નથી.

(૬) મંડળીમાં અયોગ્ય રીતે તબીબી ખર્ચ તથા વકીલ ખર્ચ કરી મંડળીને નુકસાન કરેલ છે.

(૭) મંડળીના પેટા કાયદા અનુસાર ચૂંટણીની પ્રક્રિયા થતી નથી અને ચૂંટણીના નિયમોનું પાલન થતું નથી.

આમ ઉકત વિગતો જોતાં મંડળીની વ્યવસ્થાપક સમિતિ સહકારી કાયદા કાનુન તથા મંડળીના પેટા નિયમ મુજબ વહીવટ ચલાવવામાં નિષ્ફળ નીવડેલ છે. તેમ જણાઈ આવતાં ઉકત મુદ્દાઓ સંબંધમાં રજુઆત કરવા માટે મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ અને મંડળી વ્ય. સમિતિના સભ્યોને લેખિત તથા મૌખિક બંને રીતે રજુઆત કરવા એક તક આપવામાં આવેલ.

આ અનુસંધાનમાં મંડળી તરફથી લેખિતમાં જે રજુઆત થયેલ છે તે બિલકુલ અસ્પષ્ટ છે. ને તેનાથી અત્રેની કારણદર્શક નોટીસમાં બતાવાયેલ મુદ્દાઓ અંગે કોઈ સ્પષ્ટતા થતી નથી. મંડળી તરફ મંડળીના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા કમીટી સભ્ય પૈકી શ્રી ચંદુભાઈ ગોહિલ સિવાય અન્ય કોઇએ રૂબરૂ રજુઆત માટે હાજરી આપેલ નથી. અને રૂબરૂ રજુઆત દરમ્યાન તેઓ અત્રેની કારણદર્શક નોટીસના કોઇપણ મુદ્દાનો સમાધાનકારી જવાબ આપી શકયા નથી. અન્ય કમીટી સભ્યો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. તેમ જ રજુઆત કરવા બીજી તક આપવા માંગણી કરવામા આવેલ નથી. આમ તેઓને અન્ય રજુઆત કરવાની નથી. તેમ માની તથા તેઓની લેખિત રજુઆત ધ્યાનમાં રાખી અત્રેથી નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એન. એ. શાહ, મેનેજર (કે.વી.સી.આઇ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ન કલમ–૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી વડોદરા જીલ્લા ચર્મોદ્યોગ સ. મં. લી. વડોદરાની વ્યવસ્થાપક સમિતિને દૂર કરી મંડળીના વહીવટકાર તરીકે શ્રી બી. એ. પટેલની માસિક રૂા. ૨૦૦૦ના મહેનતાણાથી મંડળીનો ચાર્જ લીધા તારીખથી એક વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધિન નિમણુંકનો હુકમ કરું છું.

(૧) સહકારી મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટકારનો મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ખાતેળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટકર્તાએ વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત મેનેજર (કે.વી.સી.આઇ.)ના નિયંત્રણ અને સમિત હેઠળ કરવાનો રહેશે.

(૩) વહીવટકારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટાનિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી કરવાના રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૫–૧–૧૯૬૫.

———

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના વચગાળાના હુકમ નં. જીઉકે/ફડચ/૦૧/૬/૩૨૬ થી ૩૩૨ તા. ૧૪–૧૨–૯૪.

(૨) સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમની જોગવાઇ કલમ ૧૦૭ (૧) અ.

જા. નં. જોઉકે/વડ૬/ફડચ/૦૧/૬/લોન/૩૭. — શ્રી પાદરા તાલુકા ગ્રામ્ય ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મહુવડ તા. પાદરા, જી. વડોદરા. જી. વડોદરા અને ઉપરોક્ત વંચાણે લીધેલા હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સંસ્થાના હોદ્દેદારો તરફથી તેના અનુસંધાને ત્યાર પછી કોઇ લેખીત કે મૌખિક રજુઆત થયેલ નથી. તેમજ ઓડીટર સહકારી મંડળીઓ ઉદ્યોગ, વડોદરાના છેલ્લા ઓડીટ અહેવાલ પ્રમાણે મંડળી કામકાજ કરતી ન હોવાથી તેનો ફડચાનો વચગાળાનો આદેશ અંતીમ કરવા માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું એન. એ. શાહ, મેનેજર (ખાદી-ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા મને મળેલ સત્તાની રૂએ પાદરા તાલુકા ગ્રામ્ય ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મુ. મહુવડ તા. પાદરા, જી. વડોદરાને સહકારી કાયદાની કલમ ૧૦૭(૩) પ્રમાણે ફડચામાં લઇ જવાનો અંતીમ આદેશ કરું છું. અને તેના ફડચા તરીકે સહકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરાની નિમણુંક સદરહું અધિનિયમ કલમ ૧૦૮(૧) અન્વયે મળેલ અધિકારીની રૂએ કરું છું.

વડોદરા, તા. ૩૧–૧–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના વચગાળાના હુકમ નં. જોઉકે/ફડચ/૦૧/૬/૩૨૫ થી ૩૨૮ તા. ૧૪–૧૨–૯૪.

(૨) સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમની જોગવાઇ કલમ ૧૦૭(૧) અ.

જા. નં. જોઉકે/વડ૬/ફડચ/૦૧/૬/લોન/૪૩.— શ્રી ભંગીયાવાડ વિભાગ ફાઇબર (રેષા ઉદ્યોગ) સહકારી મંડળી લી., ઠે. c/o રંગપુર આશ્રમ તા. છોટાઉદેપુર, જી. વડોદરા અને ઉપરોક્ત વંચાણે લીધેલા હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સંસ્થાના હોદ્દેદારો તરફથી તેના અનુસંધાને ત્યાર પછી કોઈ લેખીત કે મૌખિક રજુઆત થયેલ નથી. તેમજ ઓડીટર સહકારી મંડળીઓ ઉદ્યોગ વડોદરાના છેલ્લા ઓડીટ અહેવાલ પ્રમાણે મંડળી કામકાજ કરતી ન હોવાથી તેનો ફડચાનો વચગાળાનો આદેશ અંતિમ કરવા માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું એન. એ. શાહ, મેનેજર (ખાદી - ગ્રામ -ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા મને મળેલ સત્તાની રૂએ ભંગીયાવાડ વિભાગ ફાઇબર (રેષા ઉદ્યોગ) સહકારી મંડળી લી. મુ. c/o રંગપુર આશ્રમ તા. છોટાઉદેપુર, જી. વડોદરાને સહકારી કાયદાની કલમ ૧૦૭(૩) પ્રમાણે ફડચામાં લઇ જવાનો અંતીમ આદેશ કરું છું અને તેના ફડચા તરીકે સહકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરાની નિમણુંક સદરહુ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મળેલ અધિકારીની રૂએ કરું છું.

વડોદરા, તારીખ ૩૧–૧–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. સ. મં. ઉદ્યોગ વડોદરાના હુકમ નં./ફડચ વડ૬/ફડચ/૦૧/૬/લોન/૩૩૯ થી ૩૪૫ તા. ૧૪–૨–૯૪ નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં. જીઉકે/ફડચ/૦૧/૫૩/૯૪ તા. ૧૩–૨–૯૫ મોકલેલ નોંધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની ૧૧૪ અને ૨૦ની જોગવાઇ.

આદેશ

જા, નં. જોઉકે/વડ૬/ઉમસ/ફડચ/૦૧/૬/લોન/૧૦૨/૯૫.— શ્રી પાર્શ્વ ઔદ્યોગીક સહકારી મંડળી લી. સીમળી તા. શીનોર, જી. વડોદરાની નોંધણી, નોંધણી નંબર ઉ/૧૧૦૩૬ તા. ૨૬–૫–૯૪ થી થયેલ હતી. અને જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ. મં. ઉદ્યોગ વડોદરા હુકમ નંબર જીઉકે/વડ૬/ફડચ/૦૧/૬/લોન/૩૩૯ થી ૩૪૫ તા. ૧૪–૧૨–૯૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહુ મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ થઈ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૧૩–૨–૯૫ થી આ કચેરીને સાદર કરેલ છે જે ધ્યાનમાં લઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ અને ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૩૧–૩–૯૫.

INDEX

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ ઉદ્યોગ, વડોદરાના હુકમ નંબર જીઉકે/વડઢ/ફડચ/૦૧–૬/લોન/૨૯૯ થી ૩૦૪, તા. ૧૨–૧૦–૧૯૯૪નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા), વડોદરા પત્ર નંબર જીઉકે/ફડચ/૦૧/૫૪/૧૯૯૫, ૧૩-૨–૧૯૯૫ મોકલેલ નોંધણી રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ.

આદેશ

જા. નંબર જીઉકે/વડઢ/ઉખસ/ફડચ/૦૧/૪/લોન/૧૦૩/૧૯૯૫.—શ્રી શીવમ્ ઇંટ ઉત્પાદક સહકારી મંડળી લી., સાવલી, જી. વડોદરાની નોંધણી નંબર ઉ–૫૪૭૧, તા. ૨૬–૧૧–૧૯૮૬ થી થયેલ હતી. અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ઉદ્યોગ, વડોદરા હુકમ નંબર જીઉકે/વડઢ/ફડચ/૦૧/૬/લોન/૨૯૯ થી ૩૦૪, તા. ૧૨–૧૦–૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની ફડચાની કામગીરી પુર્ણ થઈ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ, તા. ૧૩–૨–૧૯૯૫ થી આ કચેરીને સાદર કરેલ છે. જે ધ્યાનમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ અને ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૩૧–૩–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. સ. મં. ઉદ્યોગ વડોદરાના હુકમ નં. જીઉકે/વડઢ/૦૧/૬/૧૨ થી ૧૮/૯૫ તા. ૧૨/૧/૯૫ નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં. જીઉકે/ફડચ/૦૧/૫૭/૯૫ તા. ૧/૩/૯૫ મોકલેલ નોંધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ ના કાયદાની ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ.

આદેશ

જા. નં. જોઉકે/વડઢ/ઉખસ/ફડચ/૦૧/૬/લોન/૧૦૪.— શ્રી પાદરા ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. પાદરા તા. પાદરા જી. વડોદરાની નોંધણી, નોંધણી નંબર ઉ/૫૬૯૯ તા. ૨૨/૭/૯૪ થી થયેલ હતો અને જીલ્લા રજીસ્ટાર શ્રી સ. મં. ઉદ્યોગ વડોદરા હુકમ નંબર/જીઉકે/વડઢ/૦૧/૬/૧૨ થી ૧૮/૯૫ તા, ૧૨/૧/૯૫ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળી ની ફડચાની કામગીરી પુર્ણ થઇ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૧/૩/૯૫ થી આ કચેરીને સદર કરેલ છે. જે ધ્યાનમાં લઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમની કલમ-૧૧૪ અને ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૩૧–૩–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. સ. મં. ઉદ્યોગ વડોદરાના હુકમ નં. જીઉકો ફડચ/વડઢ/૬/લોન/૧૧૦/૮૮ તા. ૧૬–૮–૮૮નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં. જીઉકે/ફડચ/૦૧/૬૧/૯૫ તા. ૪–૩–૯૫ મોકલેલ નોંધની રદની દરખાસ્ત

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની ૧૧૪ અને ૨૦ની જોગવાઈ.

આદેશ

જા. નં. જોઉકે/વડઢ/ઉખસ/ફડચ/૦૧/૬/લોન/૧૦૫ શ્રી છોટાઉદેપુર તાલુકા ઔદ્યોગીક તાલીમાર્થીઓની ઉત્પાદક સહકારી મંડળી લી. કરજવાંટ તા. છોટાઉદેપુર જી. વડોદરા ની નોંધણી નોંધણી નંબર ઉ/૭૮૬૫, તા. ૨૪–૫–૮૨ થી થયેલ હતી, અને જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ. મં. ઉદ્યોગ વડોદરા હુકમ નંબર/જીઉકે/ફડચ/વડઢ/૦૧/૬/૧૧૦/૮૮ તા. ૧૬–૮–૮૮ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની ફડચાની કામગીરી પુર્ણ થઇ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૪–૩–૯૫થી આ કચેરીને સદર કરેલ છે. જે ધ્યાનમાં લઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ અને ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૩૧–૩–૧૯૯૫.

INDEX

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. સ. મં. ઉદ્યોગ વડોદરાના હુકમ નં. ફડચ/વડદ/૦૧/૪/લોન/૪૨ થી ૪૭ તા. ૩૧–૧–૯૫નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં, જીઉકે/ફડચ/૦૧/૮૨/૯૫ તા. ૨૮–૩–૯૫ મોકલેલ નોંધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ ના કાયદાની ૧૧૪ અને ૨૦ની જોગવાઈ.

આદેશ

જા. નં. જોઉકે/વડદ/ઉખસ/૦૧/૪/લોન/૧૨૩/૬૮૩૭.— શ્રી ભંગીયાવાડ વિભાગ ફાઈબર (રેષા ઉદ્યોગ), સ. મં. લી., રંગપુર આશ્રમ, તા. છોટાઉદેપુર, જી. વડોદરાની નોંધણી, નોંધણી નંબર ઉ/૬૫૫૫ તા. ૨૩–૧૧–૮૭ થી થયેલ હતી. અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી સ. મં. ઉદ્યોગ વડોદરા હુકમ નંબર જીઉકે/ફડચ/વડદ/૦૧/૪/લોન/૪૨ થી ૪૭/૯૫ તા. ૩૧–૧–૯૫ થી ફડચામાં લઈ જવામાં આવે છે. સદરહું મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ થઈ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૨૮–૩–૯૫ થી આ કચેરીને સાદર કરે છે. જે ધ્યાનમાં લઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ અને ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનો આદેશ કરવામા આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૧૮–૪–૧૯૯૫.

વંચાણે લીધા :

(૧) જીલ્લા રજી. સ. મ. ઉદ્યોગ વડોદરાના હુકમ નં. ફડચ/વડદ/૦૧/૪/લોન/૩૦૫ થી ૩૧૦/૯૪ તા. ૧૨–૧૦–૯૪ નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં, જીઉકે/ફડચ/૦૧/૮૧/૯૫ તા. ૨૮–૩–૯૫ મોકલેલ નોંધની રદની દરખાસ્ત

(૪) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ ના કાયદાની ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ.

આદેશ

જા. નં. જાઉકે/વડદ / ઉખસ / ફડચ/૦૧ /લોન/૧૨૪— શ્રી ઝેર વિભાગ ફાઈબર રેષા ઉદ્યોગ સહકારી મંડળી લી. ઝેર, તા નસવાડી C/o રંગપુર આશ્રમ, તા. છોટાઉદેપુર, જી-વડોદરા,ની નોંધણી, નોંધણી નંબર ઉ/૬૫૫૪ તા. ૨૩–૧૧–૮૭ થી થયેલ હતી. અને જીલ્લા રજીસ્ટ્રાર, શ્રી સહકારી મંડળી ઉદ્યોગ વડોદરા હુકમ નંબર /જીઉકે/ફડચ/વડદ/ ૧/૪/લોન/૩૦૫ થી ૩૧૦/૯૪ તા. ૧૨–૧૦–૯૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે સદરહુ મંડળીની ફડચાની કામગીરી પુર્ણ થઈ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૨૮–૩–૯૫ થી આ કચેરીને સાદર કરેલ છે. જે ધ્યાનમાં લઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ અને ૨૦ ની જાગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૧૮–૪–૯૫.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. સ. મં. ઉદ્યોગ વડોદરાના હુકમ નં. ફડચ/વડદ/૦૧/ ૪ / લોન /૩૫ થી ૪૧ / ૯૦૧૦ / ૯૫. તા. ૩૧–૧–૯૫નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચ) વડોદરા પત્ર નં. જીઉકે/ફડચ/૦૧/૧૨૧/૯૫ તા. ૮–૫–૯૫ મોકલેલ નોંધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની ૧૧૪ અને ૨૦ની જોગવાઈ.

આદેશ

જા. નં. જોઉકે/વડદ/ઉખસ'ફડચ/૦૧/૪/લોન/૯૦૧૦/૧૪૫– શ્રી પાદરા તાલુકા આયુર્વેદ ઔષધિ. ઉત્પાદક સહકારી મંડળી લી , મહુવડ, તા. પાદરા જી. વડોદરા નો નોંધણી નંબર ઉ/૯૫૯૦ તા. ૨૭–૮–૯૧ થી થયેલ હતી. અને જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ. મં. ઉદ્યોગ વડોદરા હુકમ નંબર/જીઉકે/ફડચ/વડદ/૦૧/૪/ લોન/૩૫ થી ૪૧/૯૫ તા. ૩૧-૧-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સદરહું મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ થઇ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૮–૫–૯૫ થી આ કચેરીને સાદર કરેલ છે. જે ધ્યાનમાં લઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ અને ૩૦નાં જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદરહુ મંડળીની આથી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૧૭–૫–૧૯૯૫.

INDEX

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયના વચગાળાના હુકમ નં. જેઉકે/ફડચ/૦૧/૪/લોન/૩૫૬, તા. ૮-૧૧-૯૩.

(૨) સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમની જોગવાઇ કલમ ૧૦૭(૧) અ. શ્રી પાડું સેવાસ વિભાગ ગાલીચા અને હસ્ત ઉદ્યોગ કારીગરોની સહકારી મંડળી લીમીટેડ મુ. પાડું તા. સાવલી, જી. વડોદરા. જી. વડોદરા અને ઉપરોક્ત વંચાણે લીધેલા હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સંસ્થાના હોદેદારો તરફથી તેના અનુસંધાને ત્યાર પછી કોઇ લેખીત કે મૌખિક રજુઆત થયેલ નથી. તેમજ ઓડીટર સહકારી મંડળીઓ ઉદ્યોગ વડોદરાના છેલ્લા ઓડીટ અહેવાલ પ્રમાણે મંડળી કામકાજ કરતી ન હોવાથી તેનો ફડચાનો વચગાળાનો આદેશ અંતીમ કરવા માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

જા. નં. જેઉકે/વડદ/ફડચ/૦૧/૪/લોન/૧૫૮.— હું શ્રી એન. એ. શાહ, મેનેજર (ખા.ગ્રા.-ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા મને મળેલ સત્તાની રૂએ પાડું સેવાસ વિભાગ ગાલીચા અને હસ્ત ઉદ્યોગ કારીગરોની સહકારી મંડળી લીમીટેડ મુ. પાડું, તા. સાવલી, જીલ્લો વડોદરાને સહકારી કાયદાની કલમ ૧૦૭(૩) પ્રમાણે ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરું છું. અને તેના ફડચા તરીકે સહકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરાની નિમણુંક સદરહું અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મળેલ અધિકારીની રૂએ કરું છું.

વડોદરા, તા., ૩-૬-૧૯૯૫.

એન. એ. શાહ,
મેનેજર (કે. વી. સી- આઇ.) અને
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મ. ઉ;
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા.

વાંચ્યો :-

(૧) મેનેજર (કે.વી.સી.આઇ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉ.) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, હિંમતનગર.

(૨) સરકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની નોંધણી રદ કરવા અંગેની તા. ૨૬-૯-૯૪ના જા. નં. ફડચ/૦૧ ની દરખાસ્ત.

વિસર્જન હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/૧૩૯૮/૨૪૯.—ધી સાબરકાંઠા જીલ્લા પ્રજાપતિ ઔ. સ. મં. લી મુ. લાલોડા, તા, ઇડર, જી. સાબરકાંઠા કે જેનું કામકાજ આટોપી લેવા અંગે સંદર્ભ-૧ ના હુકમથી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવેલ હતી.

ફડચા અધિકારીશ્રીના જણાવ્યા મુજબ ઉકત મંડળીની ફડચા અંગેની કામગીરી આટોપી લઇ મંડળીની નોંધણી રદ કરવા ભલામણ કરેલ છે. જેને ધ્યાને લઇ ઉકત મંડળીની નોંધણી નં. ઉ. ૨૦૬૦ તા. ૧-૯-૬૦ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરતો અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે નોંધણી રદ કરતી આથી હુકમ કરવામાં આવે છે.

હિંમતનગર, તા. ૧૧-૧-૧૯૯૫.

વંચાણે લીધા :-

સદર કચેરીએ કરેલ વચગાળા હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૧૪૦૨/૧૨૭, તા ૩૧-૧૨-૯૪.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૫/૨૧૧૬/૯૫.— ધી શક્તિ વણકર ઓ. સ. મં. લી. મોતીપુરા તા. હિંમતનગર જી. સાબરકાંઠા નોંધણી નંબર ઉ, ૪૬૩૬, તા. ૧૧-૬-૯૦ થી નોંધાવેલ છે, ઉકત મંડળીને ઉપરોકત વંચાણમાં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ છે,

(૨) સદરહુ હુકમ સામે મંડળી કે તેના સભ્યો તરફથી આજદિન સુધીમાં કોઇ મૌખિક કે લેખિત રજુઆત આ કચેરીને થયેલ નથી. વધુમાં કમિટીને બજાવેલ તમામ વચગાળાના હુકમો પરત આવેલ છે. પરિણામે ઉપર નોંધાવેલ વચગાળાના હુકમમાં જણાવેલ કારણોસર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૧(૩) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૮(૧) હેઠળ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

હીંમતનગર, તા. ૨-૬-૧૯૯૫.

(સહી) અસ્પષ્ટ,
મેનેજર (કેવીસીઆઇ) અને
જિલ્લા રજિ. સ. મં. (ઉ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, હિંમતનગર.

INDEX

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર. સુરતનો તા. ૨૬–૧૨–૬૪ નો પત્ર.

હુકમ

જા. નં. જિઉકે-સુ-ઉખરા-અધગ-ફડચ/૫૬૭/૬૪.— ધી ઉમરવાવકર વિભાગ હીરા ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. પો. ઉમરવાવકર તા. વ્યારા જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૬૫૬૦ તા. ૨૩-૧૦-૮૬ થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (કેવીસીઆઇ) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી ઉ.કે સુ/ઉખરા/અધગ/ફડચ ૩૩૬ તા. ૩૦–૭–૬૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવુ. અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૨૮–૧૨–૧૯૬૪.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા. ૧૬–૧૨–૬૪. નો પત્ર

હુકમ

જા. નં. જિઉકે/–સુ–ઉખરા–અધગ–ફડચ/૫૬૮/૬૪.— ધી ઉમરવાવકર વિભાગ કાર્પેટ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. ઉમરવાવકર, તા. વ્યારા, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ–૫૮૩૬ તારીખ ૧૬ –૬–૮૫ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કેવીસીઆઈ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/ઉખસ/ખધગ/ફડચ/૬૭ તા. ૨૬—૩ —૬૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવુ અગર લેણું નથી તેમજ કોઈ પણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત. તા. ૨૮—૧૨—૧૯૬૪.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧૬–૧૨–૬૪નો પત્ર.

હુકમ

જા. નં. જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૫૬૯/૬૪.— ધી દક્ષિણ વ્યારા તાલુકા સુથારી ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. ડોલવણ (ચાર રસ્તા) તા. વ્યારા જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૨૬ તા. ૨૦–૬–૮૪ થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (કેવીસીઆઇ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૨૬૪ તા. ૧-૬–૬૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇ પણ જાતનું દેવું અગર લેણું નથી. તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૨૮ –૧૨–૧૯૬૪.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૩૦–૧૨–૬૪નો પત્ર.

હુકમ

જા. નં. જીઉકે-સુ-ઉખરા-અધગ-ફડચ / ૬૦૧ / ૬૪.—ધી પીઠાદરા વિભાગ કાર્પેટ ઉદ્યોગ સહકારી મંડળી લી., મુ પો. પીઠાદરા, તા. વ્યારા, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૩૮ તારીખ ૧૬–૬–૮૫ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કેવીસીઆઇ) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/ઉખસ/અધગ/ફડચ/૨૪૦ તા. ૨૩–૬–૬૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમા કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી. તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમના તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૩૧–૧૨–૧૯૬૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭–૮–૧૯૯૪નો હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૩૭૫/૧૯૯૪ થી મંડળીને ફડચામાં લઈ ગયાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧૯–૧૨–૧૯૯૪નો પત્ર જીઉકે/સુ/ઉખ/અધગ/ફડચ/૧૪૭/૧૯૯૪.

પ્રસ્તાવના

ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૬૦૨/૧૯૯૪.— જયશ્રી આશાપુરી વાંસ કામદાર સહકારી મંડળી લી., એસ. ટી. ડેપો રાંદેર રોડ, સુરતને અનુક્રમ નંબર ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. અને મંડળીનો ફડચાનો ચાર્જ સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતે તા. ૧૯–૧૧–૧૯૯૪ના રોજ મેળવી લીધો હતો. ચાર્જ લીધા બાદ મંડળી પ્રમુખ, મંત્રી તરફથી મંડળીને પુનઃજીવીત કરવાની માંગણી સાથે અરજી આવતા મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતે તા. ૧૯–૧૨–૧૯૯૪ ના રોજ મંડળીના સભ્યોની સાધારણ સભા મેળવી હતી. મંડળીની સાધારણ સભામાં હાજર રહેલા ૧૮ સભ્યોએ મંડળીને ચાલુ કરવા જણાવેલ છે. મંડળીને જો પુનઃજીવીત કરી આપવામાં આવે તો મંડળીના તમામ સભાસદો ક્રેટવાળીયા જાતિના એટલે કે અનુસુચિત જાતિના સભાસદો છે. મંડળીને ચાલુ નાણાંકીય વરસમાં વાંસ મળે તેવી અશકયતા છે. જેથી મંડળીના ક્રેટવાળીયા જાતિના અનુસૂચિત જાતિના સભાસદોને વાંસ મળે તો વાંસમાંથી વિવિધ જાતની વસ્તુઓ બનાવીને રોજી મેળવી શકે તેમ છે. આમાં મંડળીના સભ્યોને રોજીનું સાધન મળી રહેશે. મંડળીના પ્રમુખ/મંત્રીએ ઓડીટ દુરસ્તી રીપોર્ટ પણ મોકલી આપેલ છે. તેમજ જરૂરી રજીસ્ટર્ડ બનવેલા છે. મંડળીએ ઓડીટ ફી ભરપાઈ કરેલ છે. તેમજ તા. ૩૦–૬–૧૯૯૪ સુધીના સમયનું ઓડીટ પણ કરાવેલ છે. હાલમાં મંડળી પાસે કોઈ સરકારી લેણું બાકી નથી. સબબ આ વિગતો ધ્યાને લઈ મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી ફડચા (લગત) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના તા. ૧૯–૧૨–૧૯૯૪ના પત્રથી કરેલ ભલામણને ધ્યાને લેતા અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૬ તથા સહકારી કાયદાની કલમ ૧૮ અન્વયે મંડળીને સંદર્ભ ૧નો ફડચાનો અંતિમ આદેશ રદ કરીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આદેશ

હું, નીચે સહી કરનાર શ્રી એન. એન. પટેલ, મેનેજર (ક્રે.વી.સી.આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ જયશ્રી આશાપુરી વાંસ કામદાર સહકારી મંડળી લી., અડાજણ, એસ. ટી. ડેપો પાસે, રાંદેર રોડ, સુરતને કચેરીના તા. ૧૭–૮–૧૯૯૪ના હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધણુ/૩૭૫/૧૯૯૪ થી ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ રદ કરવામાં આવે છે. સદર મંડળીની નોંધણી ચાલુ રાખી મંડળીને પુનઃજીવીત કરી નોંધણી ચાલુ રાખવાનો હુકમ કરૂં છું.

સુરત, તા. ૩૧–૧૨–૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૮–૧૧–૯૨નો હુકમ ક્રમાંક/જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૮૬૦/૯૨થી મંડળીને ફડચામાં લઈ ગયાનો અંતીમ આદેશ

(૨) સહકારી અધિકારી ફડચા લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના તા, ૧૧-૧-૯૪ તથા તા. ૧૯-૧૨-૯૪નો પત્ર.

પ્રસ્તાવના

ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૬૦૩/૧૯૯૪.—શ્રી. પંચોલ વિભાગ હીરા ઉદ્યોગ સહકારી મંડળી લી. પંચોલ તા. વ્યારા જી. સુરતને સંદર્ભ ૧ના હુકમથી મંડળીને ફડચામા લઈ જવામાં આવી હતી અને મંડળીને ફડચાનો ચાર્જ સહકારી અધિકારી (ફડચ) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતે તા. ૧૮–૬–૯૪ના રોજ મેળવી લીધો હતો. ચાર્જ લીધા બાદ મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતે તા. ૭-૧-૯૪ના રોજ મંડળીના ખાસ સાધારણ સભા મેળવી હતી મંડળીની સાધારણ સભામાં હાજર રહેલા સભ્યોએ મંડળીને ચાલુ કરવા માટે જણાવે છે મંડળીને જો પુનઃ જીવીત કરવામાં આવે તો મંડળીમાં હાલમાં જે ખોટ છે તે ભરપાઈ કરવા માટે તૈયાર છે. તેમજ મંડળીના તમામ સભ્યો આદિવાસી જાતીના હોઇ હીરા ઉદ્યોગમાં મંદી આવવાને કારણે જે તે સમયમાં મંડળીના ઉદ્દેશો મુજબના કર્યવાહી હાથ ધરી શકાય ન હતી. હવે આ ઉદ્યોગમાં તેજી આવવાની હોઇ મંડળીના આદિવાસી જાતીના સભાસદોને ઘર આંગણે મજુરી મળી રહે તેમ છે. અને રોજીરોટી તેઓ મેળવી શકે એમ છે. મંડળી પાસે હાલમાં કોઇ સરકારી લ્હેણુ ઓડીટ ફી બાકીમાં નથી. તથા ઓડીટ પણ થયેલ છે આમ મંડળીના ફડચા અધિકારી એ સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના તા. ૧૯–૧૨–૯૪ના પત્રથી કરેલ ભલામણને ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૬ તથા સહકારી કાયદાની કલમ ૧૮ અન્વયે મંડળીને સંદર્ભ–૧ના અંતીમ આદેશથી ફડચામાં લઈ જનો અંતીમ આદેશ રદ કરીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હું નીચે સહી કરનાર શ્રી એન. એન. પટેલ, મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી પંચોલ વિભાગ હીરા ઉદ્યોગ સહકારી મંડળી લી. પંચોલ તા. બારડોલી જી. સુરતને કચેરીના તા. ૨૮–૧૧–૬૨ના હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૮૬૦/૬૨થી ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ ૨૬ કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી ચાલું રાખી મંડળીને પુનઃ જીવીત કરી નોંધણી ચાલુ રાખવાનો હુકમ કરું છું.

સુરત, તા. ૩૧–૧૨–૧૯૬૪.

ક્રમાંક જીઉકે/સુ/નધણ/૧૧/૩–૫૬૩૦.—આથી જાહેર કરે છે કે, ફીમ વિભાગ ઔદ્યોગિક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મુ. પો. મોટા ઓરસરા, તાલુકો માંગરોળ, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત યાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા, ૫–૧–૧૯૬૫.

વંચાણે લીધા :—

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, ઉદ્યોગ, સુરતને તા. ૧–૭–૧૯૬૨ થી તા. ૩૦–૬–૧૯૬૪ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ / ફડચ / ૧૨ / ૧૯૬૫.— શ્રી મઢી વિભાગ વાંસ કામદાર સહકારી મંડળી લી., વાત્સલ્યધામ, તાલુકો બારડોલી, જીલ્લો સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર, કે.વી.સી.આઈ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મારફતેશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ. જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ–૭૫૭૪, તા. ૧૩–૨–૧૯૭૮થી નોંધવામાં આવી હતી, મંડળીનું અન્વેષણ, તા. ૧–૭–૧૯૬૨ થી તા. ૩૦–૬–૧૯૬૪ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) પાછલા ઓડીટ રીપોર્ટની દુરસ્તી ન કરી સહકારી કાયદાની કલમ વિગેરેનો ભંગ કરેલ છે. તથા દાખલ અરજીઓ લીધેલ નથી. શેર સર્ટીફીકેટ આપેલા નથી.

(૨) સરકારશ્રીનો શેર લોન, શેર ફાળાના હપ્તાઓ ભરપાઈ કરેલા નથી.

(૩) સરકારશ્રીનો શેર ફાળો હોવા છતાં લી. કંપનીમાં સરકારી પ્રતિનિધિની નિમણુંક કરેલ નથી. તેમજ મિટીંગો પેટા-નિયમ મુજબ મેળવાતી નથી. એજન્ડા મોકલવામાં આવેલ નથી.

(૪) વાંસ ખરીદી રૂ. ૧૩,૮૦૩/–નું ચલણ રજુ કરેલ નથી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એ. પટેલ, મેનેજરશ્રી કે. વી. સી. આઈ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી ઉદ્યોગ : જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉ–ફડચા લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો નિમણુંક કરું છું.

સુરત, તા. ૫–૧–૧૯૬૫.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૦–૧૧–૬૪નો વચગાળાનો આદેશ ક્રમાંક જિઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૫૧૮/૬૪,

અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૧૬/૬૫.—વી માંડવી વણકર સહકારી મંડળી લી. મુ. પો. માંડવી (ખત્રીવાડ) તા. માંડવી, જી. સુરત, સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૩૦–૧–૬૬ ના નોંધણી ક્રમાંક પી–૬૭૩ થી નોંધવામાં આવી હતી. ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧–૭–૬૨ થી ૩૦–૬–૬૪ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે.

(૧) સંસ્થાએ સુરત મુકામે પાવરલુમ શરૂ કરતાં અગાઉ ખાતાની પૂર્વ મંજુરી મેળવેલ નથી તેમજ પ્રયત્નો કરેલાં નથી

(૨) સંસ્થાએ લોનની શરતો અનુસાર શેરમેળ અલગ રાખેલ નથી. તેમજ હિસાબો અલગ રાખેલા નથી.

(૩) સંસ્થાએ બ્ય. કે. માં સરકારી પ્રતિનિધિની નિમણુંક કરેલ નથી. લોનના હપ્તાઓ ભરપાઈ કરેલા નથી.

(૪) ઓડીટ પેટા કલમ મુજબના રજીસ્ટ્રારો બનાવેલા નથી.

(૫) બા. ક. ની મીટીંગો પેટા નિયમ મુજબ મળેલ નથી.

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કોઈપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતા સને

INDEX

૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ, હું શ્રી એન. એન. પટેલ, મેનેજર, (કે.વી.સી.આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉ) સુરત, આથી ધી માંડવી વિભાગ વણકર સહકારી મંડળી લી., મુ. પો. માંડવી, તાલુકો માંડવી જીલ્લો સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. સી. ગાંધી, સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૨–૧–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૬–૧૧–૯૪નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૫૪૨/૯૪.–

અંતિમ આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૨૦/૯૫.— ધી ભીતખુર્દ વિભાગ કાર્પેટ એન્ડ હેન્ડીક્રાફ્ટ સહકારી મંડળી લી. મુ. પો. ભીતખુર્દ તા. ઉચ્છલ જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનેયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ.) સુરતના તા. ૧૬–૫–૮૪ના નોંધણી ક્રમાંક ઉ-૫૦૪૮થી નોંધવામાં આવી હતી. સભ-ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧–૪–૯૧થી ૩૦–૬–૯૪ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે.

(૧) સંસ્થા 'ડ' વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટોની દુરસ્તી કરેલ નથી.

(૩) સરકારી લેણાના હપ્તાઓ ભરપાઇ કરેલા નથી.

(૪) પેટાનિયમ મુજબ વ્ય. ક. ની મીટીંગો બોલાવેલ નથી.

(૫) સરકારી શેરફાળો હોવા છતાં સરકારી પ્રતિનિધિત્વની નિમણુંક કરેલ નથી.

(૬) પેટાનિયમ ૧૬(ખ) ૨૧(ખ)(૨) ૨૨(ખ)(૬)(૭)(૧૨) (૧૯), ૨૪(૧ થી ૮) ૨૫(ખ) ૧ થી ૧૦નો ભંગ કરેલ છે,

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કોઇપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. એન. પટેલ, મેનેજર (કે.વી.સી.આઇ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (ઉ), સુરત આથી ધી ભીતખુર્દ વિભાગ કાર્પેટ એન્ડ હેન્ડીક્રાફ્ટ સહકારી મંડળી લી. મુ. પો. ભીતખુર્દ તા. ઉચ્છલ જી. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. સી. ગાંધી, સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૨–૧–૧૯૯૪.

વંચાણે લીધા :—(૧) અત્રેની કચેરીનો તા. ૨૧–૧૧–૯૪નો વચગાળાનો આદેશ ક્રમાંક જિઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૬૫૭/૯૪.

અંતિમ આદેશ

ક્રમાંક જિઉકે/સુ/અધગ/ઉખસ/ડચ/૨૧/૯૫.—ધી અનુરાધા ડાયમંડ ઇન્ડસ્ટ્રીયલ કો. ઓપ. સોસાયટી લી., અશ્વનીકુમાર રોડ, સુરત સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૧૮–૨–૯૧ ના નોંધણી ક્રમાંક ઉ-૧૦૪૯૧ થી નોંધવામાં આવી હતી. સભ્યઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરત તા. ૧–૧–૯૨ થી ૩૦–૬–૯૪ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે.

(૧) મંડળી સ્થગિત અવસ્થામાં છે. "ડ" વર્ગમાં છે.

(૨) મંડળીએ ઉદેશો મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવા પ્રયત્નો કરેલાં નથી.

(૩) મંડળીએ સરકારી લેણાના હપ્તાઓ ભરપાઇ કરેલાં નથી.

(૪) સહકારી કાયદાની કલમ–૮૫ નો ભંગ કરેલ છે.

(૫) ઓડીટ માટે અગત્યની માદીઓ /પાસબુક પુરી પાડેલ નથી.

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સદર્ભમાં કોઇપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ, મેનેજર (કેવીસીઆઇ) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉ) સુરત આથી ધી અનુરાધા ડાયમંડ ઇન્ડસ્ટ્રીયલ કો. ઓપ. સોસાયટી લી., અશ્વનીકુમાર રોડ, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપું છું અને એ જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. સી. ગાંધી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂ છું.

સુરત, તા. ૧૨–૧–૧૯૯૫.

INDEX

વંચાણે લીધા :—

(૧) ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ / ઉદ્યોગ સુરતનો તા. ૧–૭–૧૯૯૩ થી તા. ૩૦–૬–૧૯૯૪ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/સુ-અધગ-ઉખસ-ફડચા/૭૩૨૭/૨૮/૯૫.—શ્રી પાલભાઠા ડાયમંડ ઈન્ડ. વર્કસ ડેવલપમેન્ટ સહકારી મંડળી લી., ભાઠા, તા. ચોર્યાસી, જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર કે. વી. સી. આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મદદનિશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૭૫૮૬, તા. ૧૯–૫–૭૮ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧–૭–૯૩ થી ૩૦–૬–૯૪ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટોની દુરસ્તી કરેલ નથી. અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.

(૩) સરકારી લોનના હપ્તાઓ ભરપાઇ કરેલ નથી. તથા મંડળીમાં સરકારી શેર-ફાળો હોવા છતાં સરકારી પ્રતિનિધિની વ્ય. ક.માં નિમણુંક કરેલ નથી.

(૪) વ્ય. ક. ની મીટીંગો પેટા નિયમો મુજબ મળતી નથી. ખર્ચનું પ્રમાણ ઘણું છે.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. એન. પટેલ, મેનેજર કે.વી.સી.આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉદ્યોગ, ઉ-ફડચા, લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૬–૧–૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૯–૬–૯૪નો હુકમ ક્રમાંકઃ જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ / ૨૮૬ / ૯૪ થી મંડળીને ફડચામાં લઈ ગયાનો અંતીમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧૩–૧–૯૫નો પત્ર ક્રમાંકઃ જીઉકે/સુ / ઉખસ/અધગ/ફડચ/૭/૯૫.

પ્રસ્તાવના

ક્રમાંક/જીઉકે/સુ/ઉખસ/અધગ/પુનઃજીવીત / ૩૮ / ૯૫.—શ્રી મહુવરીયા ગામની વાંસ કામદારોની સહકારી મંડળી લી., મુ. પો. મહુવરીયા તા. મહુવા જી. સુરતને સંદર્ભ: ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી અને મંડળીનો ચાર્જ સહકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતે તા. ૪–૧–૯૫ ના રોજ મેળવી લીધો હતો. ચાર્જ લીધા બાદ મંડળીના પ્રમુખ/મંત્રી તરફથી મંડળીને પુનઃજીવીત કરવાની માંગણી સાથે અરજી આવતા મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતે તા. ૧૧–૧–૯૫ના રોજ મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા મેળવી હતી. મંડળીની ખાસ સાધારણ સભામાં હાજર રહેલા ૩૦ સભ્યોએ મંડળીને ચાલુ કરવા જણાવેલ છે મંડળીને જો પુનઃજીવીત કરી આપવામાં આવે તો મંડળીના તમામ સભાસદો કોટવાળીયા જાતીના એટલે કે અનુસુચીત જાતીના સભાસદો છે. મંડળીને ચાલુ નાંણાકીય વરસમાં વાંસ મળે તેવી શકયતા છે. જેથી મંડળીના કોટવાળીયા જાતીના અનુસુચીત જાતીના સભાસદોને વાંસ મળે તો વાંસમાંથી વિવિધ જાતની વસ્તુઓ બનાવીને રોજી મેળવી શકે તેમ છે. આમ, મંડળીના સભ્યોને રોજીનું સાધન મળી રહેશે મંડળીના પ્રમુખ/મંત્રીએ ઓડીટ રીપોર્ટ પણ મોકલી આપેલા છે. તેમજ જરૂરી રજીસ્ટરો બનાવેલા છે. મંડળીએ ઓડીટ ફી ભરપાઇ કરેલ છે. તેમજ તા. ૩૧–૩–૯૪ સુધીના સમયનુ ઓડીટ પણ કરાવેલ છે. હાલમાં મંડળી પાસે કોઇ સરકારી લ્હેણુ બાકી નથી. સબબ આ વિગતો ધ્યાનમાં લઇ મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના તા. ૧૩–૧–૯૫ના પત્રથી કરેલ ભલામણને ધ્યાને લેતા અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ: ૧૦૬ તથા સહકારી કાયદાની કલમ ૧૮ અન્વયે મંડળીને સંદર્ભ: ૧નો ફડચાનો અંતીમ આદેશ રદ કરીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આદેશ

હું નીચે સહી કરનાર શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઇ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ મહુવરીયા ગામની વાંસ કામદારોની સહકારી મંડળી લી. મુ પો. મહુવરીયા તા. મહુવા જી. સુરતને કચેરીના તા. ૨૯–૬–૯૪ના હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/

INDEX

૨૮૬/૯૪થી ફડચાનાં લઈ જવાનો અંતિમ આદેશ રદ કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી ચાલુ રાખી મંડળીને પુનઃ જીવીત કરી નોંધણી ચાલુ રાખવાનો હુકમ કરું છું.

સુરત, તા. ૨૩–૧–૯૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭—૯—૯૪ નો હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખચ/અગ/ફડચા/૩૭૪/૯૪ થી મંડળીને ફડચામાં લઈ ગયાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા. ૧૯ ૧—૯૫ નો પત્ર ક્રમાંક જીઉકે/સુરત/ઉખસ/અધગ/ફડચા/ગ/૧૦/૯૫.

પ્રસ્તાવના

ક્રમાંક જિ ઉ. કે. મુ. અધગ/પુનઃજીવિત ૧૫/૯૫.— શ્રી જય ભવાની વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. પો. વેલંજા, તા. કામરેજ, જિ. સુરત, ને સંદર્ભ ૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. અને મંડળીના ફડચાનો ચાર્જ સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતને તારીખ ૧૪—૧—૯૫ ના રોજ મેળવી લીધો હતો. ચાર્જ લીધા બાદ મંડળીના પ્રમુખ/મંત્રી તરફથી મંડળીને પુનઃ જીવિત કરવાની માગણી સાથે તા. ૪—૧—૯૫ ના રોજ અરજી આવતા મંડળીનાં ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતે તા. ૧૮—૧—૯૫ ના રોજ મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા મેળવી હતી. મંડળીની ખાસ સાધારણ સભામાં ૫૦ સભ્યોએ મંડળીને ચાલુ કરવા જણાવેલ છે, મંડળી પુનઃ જીવિત કરી આપવામા આવે તો મંડળીના તમામ સભાસદો કોટવાળિયા જાતિના એટલે કે અનુસુચિત જાતિના સભાસદો છે. મંડળીને ચાલુ નાણાકીય વર્ષમાં વાંસ મલે તેવી શકયતા છે. જેથી મંડળીના કોટવાળિયા જાતિના અનુસુચિત જાતિના સભાસદોને વાંસ મલે તો વાંસમાંથી વિવિધ જાતની વસ્તુઓ બનાવીને રોજી મેળવી શકે તેમ છે આમ મંડળીના સભ્યોને રોજિંદુ સાધન મલી રહેશે મંડળીના પ્રમુખ/મંત્રીએ ઓડીટ દુરસ્તી રીપોર્ટ પણ મોકલી આપેલ છે. તેમજ જરૂરી રજિસ્ટ્રાર પણ બનાવેલા છે. તેમજ ૩૦–૬–૯૩ સુધીના સમ્મતુ ઓડીટ પણ કરાવેલ છે. હાલમાં મંડળી પાસે કોઇ સરકારી લેણુ બાકી નથી. સમ્મ આ વિગતો ધ્યાને લઇ મંડળીને મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના તા. ૧૯—૧—૯૫ ના પત્રથી કરેલ રજુઆતને ધ્યાનમાં લેતા અને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૮ અન્વયે સંદર્ભ ૧નો ફડચાના અંતિમ આદેશ રદ કરીને પુનઃ જીવિત કરવાનો હુકમ કરવામા આવે છે.

આદેશ

હું નીચે સહી કરનાર કી એન. એન. પટેલ, મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ જય ભવાની વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. પો. વેલંજા, તા. કામરેજ, જિ. સુરતને કચેરીના તારીખ ૧૭–૮–૯૪ ના હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચા ૩૭૪/૯૪ થી ફડચામાં લઈ જવાનો આદેશ રદ કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી ચાલુ રાખી મંડળીને પુનઃ જીવિત કરી નોંધણી ચાલુ રાખવાનો હુકમ કરું છું.

સુરત, તા. ૨૩—૧–૯૫

વંચાણે લીધો :—

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૩૦–૧–૯૫ નો પત્ર.

હુકમ

જા. નં. જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૪૮/૯૫.—ધી મહુવરીયા વિભાગ કાર્પેટ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. મહુવરીયા, તા. મહુવા, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૬૫૭૧ તા. ૧૧–૨–૯૧થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (કેવીસીઆઇ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/ઉખસ/અધગ/ફડચ /૨૨૬/૯૪ તા. ૧૮–૭–૯૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇ પણ જાતનું દેવું., અમર લેણું નથી, તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૩–૨–૧૯૯૫.

ક્રમાંક જીઉકે/સુ / નધણા/૫૦ —૨૮૮૩—ઉ—૫૬૩૧ / ૯૫.— આથી જાહેર કરે કે, સર્વોદય ઇન્ડસ્ટ્રીયલ કો.—ઓપ. સોસાયટી લી., ૨૨/એ, શ્રદ્ધા સોસાયટી, સુમુલ ડેરી રોડ, કતારગામ સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

સુરત, તા. ૧૦—૨—૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૭—૮—૧૯૯૪ નો હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ / ફડચા / ૩૭૮ / ૧૯૯૪થી મંડળીને ફડચામાં લઈ ગયાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની તા. ૧૯—૧—૧૯૯૫નો ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધસ/ફડચા/૯/૧૯૯૫.

પ્રસ્તાવના

ક્રમાંક જીઉકે/સુ/અધગ/પુન:જીવીત/૫૬/૧૯૯૫.— શ્રી જય અંબેમા વાંસ કામદાર સહકારી મંડળી લી., મુ. પો. પરીયા, તાલુકો ઓલપાડ, જીલ્લો સુરતને સંદર્ભ ૧ વાળા હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. અને મંડળીને ફડચાનો ચાર્જ સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને તા. ૮—૧— ૯૫ના રોજ મેળવી લીધો હતો. ચાર્જ લીધા બાદ મંડળીના પ્રમુખ/મંત્રી તરફથી મંડળીને પુન:જીવીત કરવાની માંગણી માટે અરજી આવતા મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને તા. ૧૭—૧—૧૯૯૫ના રોજ મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા મેળવી હતી. મંડળીની ખાસ સાધારણ સભામાં હાજર રહેલ ૫૦ સભ્યોએ મંડળીને ચાલુ કરવા જણાવેલ છે. મંડળીને પુન:જીવીત કરી આપવામાં આવે તો મંડળીના તમામ સભાસદો કોટનવાળિયા જાતિના એટલે કે અનુસૂચિત જાતિના સભાસદો છે. મંડળીને ચાલુ નાણાંકીય વર્ષમાં વાંસ મળે તેવી શકયતા છે. જેથી મંડળીના કોટવાળિયા જાતિના અનુસૂચિત જાતિના સભાસદોને વાંસ મળે તો વાંસમાંથી વિવિધ જાતની વસ્તુઓ બનાવીને રોજી મેળવી શકે તેમ છે. આમ મંડળીના સભ્યોને રોજીનું સાધન મળી રહેશે. મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીએ વચગાળામાં દર્શાવેલ તમામ કારણોની પુર્તતા કરેલ છે. એવું ફડચા અધિકારીએ જણાવેલ છે. મંડળીનું તા. ૩૦—૬—૯૩ સુધીનું ઓડીટ થઇ ગયેલ છે. મંડળીએ સહકારી લેણું ભરપાઇ કરવાની બાંહેધરી આપેલ છે. સબબ આ વિગતો ધ્યાનમાં લઈ મંડળીને મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના તા. ૧૯—૧—૧૯૯૫ ના પત્રથી કરેલ જલામણને ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૬ તથા કાયદાની કલમ ૧૮ અન્વયે સંદર્ભ ૧ને ફડચાનો અંતિમ આદેશ રદ કરીને પુન:જીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આદેશ

હું, નીચે સહી કરનાર શ્રી એન. એન. પટેલ મેનેજર (કે.વી.સી.આઇ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯ અન્વયે મળેલ અત્રેની રૂએ જય અંબેમા વાંસ કામદાર સહકારી મંડળી લી., મુ. પો. પરીયા, તાલુકો ઓલપાડ, જીલ્લો સુરતને કચેરીના તા. ૧૭—૮—૧૯૯૪ ના હુકમ ક્રમાંક જીઉકે / સુ/ઉખસ/અધગ/ફડચ/૩૭૮/૯૪ થી ફડચામાં લઈ જવાનો અંતિ આદેશ રદ કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી ચાલુ રાખી મંડળીને પુન:જીવીત કરી નોંધણી ચાલુ રાખવાનો હુકમ કરૂં છું.

સુરત, તા. ૧૩—૨—૧૯૯૫.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા, ૧૭—૮—૯૪નો હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચા/૩૭૭/૯૪થી મંડળીને ફડચામાં લઇ ગયાનો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા, ૨—૨—૯૫નો પત્ર ક્રમાંક જીઉકે/સુ/ઉખચ/અધગ/ફડચા/૧૨/૯૫.

પ્રસ્તાવના

ક્રમાંક જિઉકે/સુ/અધગ/પુન: જીવિત/૫૭/૯૫.— શ્રી જનતા વાંસ કામદાર સહકારી મંડળી લી. સીમાડી પો. નાનાવરાછા જિ. સુરતને સંદર્ભ-૧ વાળા હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી, અને મંડળીનો ફડચાનો ચાર્જ સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને તા. ૧૮-૧-૯૫ના રોજ મેળવી લીધો હતો ચાર્જ લીધા બાદ મંડળીના પ્રમુખ/મંત્રી તરફથી મંડળીને પુન: જીવીત કરવાની માંગણી સાથે અરજી આવતા મંડળીના ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતે તા. ૨૮—૧—૯૫ ના રોજ મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા મેળવી હતી. મંડળીના ખાસ સાધારણ સભામાં હાજર રહેલા ૫૦ સભ્યોએ મંડળીને ચાલુ કરવા જણાવેલ છે, મંડળીને પુન: જીવીત કરી આપવામાં આવે તો મંડળીના તમામ સભાસદો કોટવાળિયા જાતિના એટલે કે અનુસુચિત જાતિના સભાસદો છે. મંડળીને ચાલુ નાણાંકીય વર્ષમાં વાંસ મળે તેવી શકયતા છે. જેથી

INDEX

મંડળીના કોટવાળિયા જાતિના અનુસુચિત જાતિના સભાસદોને વાંસ મળે તો વાંસમાંથી વિવિધ જાતની વસ્તુઓ બનાવી ને રોજી મેળવી શકે તેમ છે. આમ મંડળીના સભ્યોને રોજીનું સાધન મળી શકે તેમ છે. મંડળીના પ્રમુખ/મંત્રીએ ઓડીટ દુરસ્તી રિપોર્ટ પણ મોકલી આપેલ છે. તેમજ જરૂરી રજિસ્ટર પણ બનાવેલાં છે. મંડળીએ ઓડીટ ફી પણ ભરપાઇ કરેલ છે. તેમજ ૩૦–૬–૯૨ સુધીના સમયનું ઓડીટ પણ કરાવેલ છે. હાલમાં મંડળી પાસે કોઇ સરકારી લેણું બાકી નથી, સબબ આ વિગતો ધ્યાનમાં લઈ મંડળીને ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના તા. ૨–૨–૯૫ના પત્રથી કરેલ ભલામણને ધ્યાનમાં લેતાં અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ ૧૦૬ તથા કાયદાની કલમ ૧૮ અન્વયે સંદર્ભ–૧નો ફડચાનો અંતિમ આદેશ રદ કરીને પુનઃ જિવિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આદેશ

હું નીચે સહી કરનાર શ્રી. એન. એમ. પટેલ, મેનેજર (કે. વી. સી. આઇ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના આધનિયમની કલમ ૧૯ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી જનતા વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. સીમાડી, પો. નાનાવરાછા તા. ચોર્યાસી જી સુરતને કચેરીનાં હુકમ ક્રમાંક જીઉકે/સુ/ઉધ્યઅ/અધગ/ફડચા/૩૭૮/૯૪ થી ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ રદ કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી ચાલુ રાખી મંડળીને પુનઃજીવીત કરી નોંધણી ચાલુ રાખવાનો હુકમ કરું છું.

સુરત, તા. ૧૩–૨–૧૯૯૫,

ક્રમાંક જી.ઉં.કે.સુ./નધણુ / ૭૩ / ઉ-૫૬૩૨/૯૫.—આથી જાહેર કરે છે કે ધી અલકુરેશ ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. આરીવાવ ખાટકીવાડ, સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૮–૩–૧૯૯૫.

વંચાણે લીધો :—

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ ઉદ્યોગ સુરતનો તા ૧–૧–૧૯૯૨ થી તા.૩૦–૬–૧૯૯૩ સુધીના અન્વેષણની નોંધ :

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચા/૮૮/૯૫.—શ્રી અમલખાડી સુથારી લુહારી કારીગરોની ઉત્પાદક સહકારી મંડળી લી. અમલખાડી, તા. પલસાણા, જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર કે.વી.સી.આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૫૮૩૮, તા. ૬–૬–૮૫ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧–૧–૯૨થી તા. ૩૦–૬–૯૩ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ,

(૧) સંસ્થા સ્થગિત અવસ્થામાં છે.

(૨) પાછલા ઓડિટ રીપોર્ટોની દુરસ્તી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૪) શેર ધિરાણની વસુલાત કરેલ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. એન. પટેલ, મેનેજરશ્રી કે.વી.સી.આઈ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ઉ) ફડચા, લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરું છું.

સુરત, તા. ૩૦–૬–૧૯૯૫.

વંચાણે લીધો . (૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૨૭–૩–૯૫ નો પત્ર

જા. નં. જિઉકે-સુ-ઉખરા-અધગ-ફડચ/૯૮/૯૫.—ધી ગ્રામ્ય આદીજાતિ સુથારી કારીગરોની ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. લાડકૂવા, તા. માંડવી, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૪૭ તારીખ ૧૪–૬–૮૫ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કેવીસીઆઇ) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ઉખસ/ફડચ/૩૩૭/૯૪, તા. ૩૦–૭–૯૪ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તારીખ ૩૧–૭–૧૯૯૫.

વંચાણે લીધો :

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર. સુરતનો તા. ૨૯/૩/૯૫નો પત્ર.

હુકમ

જા. નં. જિઉકે-સુ-ઉખરા-અધગ-ફડચ/૯૯/૯૫.—ધી એકતા કો. ઓપ. પ્રીન્ટીંગ પ્રેસ લી. મુ. પો. ક્રોસંબા, તા. માંગરોળ જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૪૪૬૬ તારીખ ૮-૪-૮૮થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (ક્વીસીઆઇ) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી. ઉ. કે. સુ/ઉખરા/અધગ/ફડચ/૯૯/૯૪ તા. ૨૯/૩/૯૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીન રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવુ, અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા ની કલમ ૬૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખ થી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૩૧–૩–૧૯૯૫.

વંચાણે લીધો ;—

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ / ઉદ્યોગ સુરતનો તા. ૧–૭–૧૯૯૨ થી તા. ૩૦–૬–૧૯૯૪ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/સુ-અધગ-ઉખસ-ફડચા/૧૩૨/૯૫.—શ્રી વ્યારા તાલુકા કોશેટા રેશમ ઉદ્યોગ સહકારી મંડળી લી., વ્યારા, તા. વ્યારા, જી. સુરતને સહકારી મંડળીઓના આધનિયમ અન્વયે મેનેજર કે.વી.સી.આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ. (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મહદનિશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૫૮૩૧ તા. ૧૬–૧૧–૮૪ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧–૭–૯૨ થી તા. ૩૦–૬–૯૪ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે. ફડચામાં લઈ જવાની ઓડીટરે જાહેર ભલામણ કરેલ છે.

(૨) ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરેલ નથી.

(૩) વ્ય. ક. ની મીટીંગો બોલાવેલ હતી. વા. સા. સભા મેળવેલ નથી.

(૪) ઓડીટ ફી ભરપાઇ કરેલ નથી. બેન્ક લોનનો હપ્તો ભરપાઈ કરેલ નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ, મેનેજરશ્રી કે.વી.સી આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ઉદ્યોગ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ઉ ફડચા : લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરૂં છું.

સુરત, તા. ૨૯–૪–૧૯૯૫.

વંચાણે લીધો :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૦-૩-૯૫નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ./ઉખસ/અધગ/ફડચ/૮૮/૯૫.

અંતિમ આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૧૩૩/૯૫.—ધી અમલસાડી સુથારી લુહાર કારીગરોની ઉત્પાદક સ. મં. લી. અમલસાડી, તા. પલસાણા જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના આધનિયમ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (ઉ) સુરતના તા. ૬–૬–૮૫ના નોંધણી ક્રમાંક ઉ ૫૮૩૮ થી નોંધવામાં આવી હતી. સબઓડીટર સહકારી મં. (વણકર) (ઉદ્યોગ) સુરતના તા. ૧-૧-૯૨ થી ૩૦-૬-૯૩ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે.

(૧) સંસ્થા સ્થગિત અવસ્થામાં છે.

(૨) પાછલા ઓડીટ રીપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૪) શેર ધિરાણની વસુલાત કરેલ નથી.

(૫) સંસ્થાની પ્રમુખશ્રીએ ફડચામાં લઈ જવા સંમતિ આપેલ છે.

INDEX

ઉક્ત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને આગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કરેલ રજુઆત ગ્રાહ્ય ન રાખતા ફોજપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ, મેનેજર (ડેવીસીઆઈ) અને જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉ) સુરત આથી ધી અમલસાડી સુથારી લુહારી કારીગરોની ઉત્પાદક સહકારી મંડળીની અમલસાડી તા. પલસાણો સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. સી. ગાંધી, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂ છું.

સુરત, તા. ૨૯–૪–૧૯૯૫.

વંચાણે લીધો :—(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા. ૨૪–૪–૯૫ નો પત્ર.

હુકમ

જા. નં. જિઉકે-સુ-ઉખરા-અધગ-ફડચ/૧૩૮/૯૫.— ધી ઓરદા વિભાગ ક્રાપડ અને ગાલીચા વણાટ ઉદ્યોગ સહકારી મંડળી લી., મુ. પો. ઓરદા, તા. સોનગઢ, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૯૦૭૯ તારીખ ૧૪–૭–૮૮ થી નોંધવામાં આવી હતી જેને મેનેજર (ડેવસીઆઇ) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/ઉખસ/અધગ/ફડચ/૧૬૨/૯૪ તા. ૧૩–૫–૯૪ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૯ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તારીખ ૨૯–૪–૧૯૯૫.

વંચાણે લીધો :—(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૨૭–૪–૧૯૯૫ નો પત્ર.

હુકમ

જા. નંબર જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૧૩૯/૧૯૯૫,—ધી મગરકૂઈ વિભાગ ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુ.પો. મગરકૂઈ, તાલુકો વ્યારા, જીલ્લો સુરતના નોંધણી ક્રમાંક નં. ઉ–૧૦૫૫. તા. ૩૧–૩–૧૯૯૪ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર, (કે.વી.સી.આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), સુરતના આદેશ પ્રમાણે જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૨૩૮/૧૯૯૪, તા. ૨૩–૬–૧૯૯૪ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી. સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૯ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે. તેમ ગણાશે.

સુરત, તા. ૨૯–૪–૧૯૯૫.

વંચાણે લીધો :—

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૨૮–૪–૯૫નો પત્ર.

હુકમ

જા. નં. જીઉકે-સુ-ઉખસ-અધગ-ફડચ / ૧૪૦ / ૯૫.—ધી કાકડવા વિભાગ વિવિધ કલાત્મક ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. કાકડવા, તા. વ્યારા, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૧૦૫૦૨ તારીખ ૩૧–૩–૯૩ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ઉખસ/ફડચ/૨૩૫/૯૪ તા. ૨૩–૬–૯૪ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈ પણ જાતનું દેવું અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૯ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૨૯–૪–૧૯૯૫.

વંચાણે લીધો :—

(૧) ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ ઉદ્યોગ. સુરતનો તા. ૧–૭–૧૯૯૩ થી તા. ૩૦–૬–૧૯૯૪ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચા / ૧૬૧ / ૧૯૯૫.—શ્રી ડોલવણ વિભાગ વણાટ સહકારી મંડળી લી., ડોલવણ, તા.

INDEX

રસ્તા. તાલુકો વ્યારા, જીલ્લો સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર, કે.વી.સી.આઈ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ–૫૦૨૬, તા. ૧૮–૬–૧૯૮૨ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વે તા. ૧–૭–૧૯૯૩ થી તા. ૩૦–૬–૧૯૯૪ સુધીના અન્વેષણ ગાળામાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે.
(૨) પાછલા ઓડીટ રીપોર્ટની દુરસ્તી કરેલ નથી.
(૩) વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી. વ્યવસ્થાપક કમિટીની સભાઓ મેળવેલ નથી.
(૪) સંચાલકોને મંડળી ચલાવવામાં રસ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. એન. પટેલ, મેનેજરશ્રી કે. વી. સી. આઈ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ઉ) ફડચા લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૨–૫–૧૯૯૫.

વંચાણે લીધો :—
(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ / ઉદ્યોગ સુરતનો તા. ૧–૧–૧૯૯૩થી તા. ૩૦–૬–૧૯૯૪ સુધીના અન્વેષણનો નોંધ,

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકેસુ–અધગ–ઉખસ–ફડચા/૧૭૦/૯૫.—શ્રી લુહારી વિભાગ મહિલા ખેતી ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી., મુ. પો. લુહારી તા. વાલોડ જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર કે.વી.સી.આઈ. અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરત મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ–૯૫૫૩ તા. ૪–૫–૮૯ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧–૧–૯૩ થી તા. ૩૦–૬–૯૪ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે.
(૨) વાર્ષિક સાધારણ સભાઓ મેળવેલ નથી. વ્ય. ક. ની મીટીંગો મેળવેલ નથી.
(૩) પાછલા ઓડીટ રિપોર્ટોની દુરસ્તી કરેલ નથી. અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.
(૪) સરકારશ્રીના શેરફાળા, શેર લોનના હપ્તાઓ ભરેલ નથી મંડળીના લેણાંની વસુલાત કરેલ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું. શ્રી એન. એન. પટેલ મેનેજરશ્રી (કે.વીસીઆઇ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ઉદ્યોગ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ કલમ ૧૦૭ (૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ઉ) ફડચા લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની નિમણુંક કરું છું.

સુરત, તારીખ ૨૩–૫–૧૯૯૫.

વંચાણે લીધો :
(૧) અત્રેની કચેરીનો તા. ૨૯–૪–૯૫નો વચગાળાનો આદેશ ક્રમાંક જિઉકે/સુ/ઉખસ/અધગ/ફધચ/૧૩૨/૯૪.

અંતિમ આદેશ

ક્રમાંક જિઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૧૯૭/૯૫.—વી વ્યારા તાલુકા કોશેટા રેશન ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. પો. તા. વ્યારા જી. સુરત સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૧૬–૧૧–૮૪ ના નોંધણી ક્રમાંક ઉ–૫૮૩૧ થી નોંધવામાં આવી હતી. સબઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧–૭–૯૨ થી ૩૦–૬–૯૪ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે

(૧) સંસ્થા 'ડ' વર્ગમાં છે સ્થગિત અવસ્થામાં છે.
(૨) ઉદ્દેશો મુજબની પ્રવૃત્તાઓ હાથ ધરેલ નથી.
(૩) વ્ય. કમીટીની મીટીંગો બોલાવેલ નથી.
(૪) વાર્ષિક સાધારણ સભાઓ મેળવેલ નથી.
(૫) ઓડીટ ફી ભરપાઇ કરેલ નથી. શેર ફાળાનો હપ્તો ભરપાઇ કરેલ નથી.

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશ સંદર્ભમાં કોઇપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, શ્રી એન. એન. પટેલ, મેનેજર (કેવીસીઆઇ) અને જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉ) સુરત આથી વી વ્યારા તાલુકા કોશેટા રેશમ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. પો, તા. વ્યારા જી. સુરત સુરતને સને ૧૯૬૧ ના

INDEX

ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છુ અને એ જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. સી. ગાંધી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉધોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂં છુ.

સુરત, તા. ૮–૬–૯૫.

વંચાણે લીધો.—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૧–૧–૯૫નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૨૮/૯૫-

અંતિમ આદેશ

ક્રમાંક જીઉકે / સુ /અધગ/ઉખસ/ફડચ/૧૯૪/૯૫.— ધી પાલભાઠા ગૃપ ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ વર્કસ ડેવલપમેન્ટ કો. ઓપ. સોસાયટી લી. મુ. પો. ભાઠા તા. ચોર્યાસી જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૧૯–૫–૧૯૭૮ ના નોંધણી ક્રમાંક ઉ–૭૫૮૭ થી નોંધવામાં આવી હતી. સભ્ય-ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧–૭–૯૩ થી તા. ૩૦–૬–૯૪ સુધીના અહેવાલ પ્રમાણે.

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે.
(૨) પાછલા ઓડીટ રીપોર્ટોની દુરસ્તી કરેલ નથી.
(૩) અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.
(૪) સરકારી લેણાના હપ્તાઓ ભરપાઇ કરેલ નથી. તથા મંડળીમાં સરકારશ્રીનો શેરફાળો હોવા છતાં સરકારી પ્રતિનિધિની વ્ય. ક. માં નિમણુંક કરેલ નથી.
(૫) વ્યવસ્થાપક કમીટીની મીટીંગો પેટા-નિયમ મુજબ મળતી નથી. ખર્ચનું પ્રમાણ ઘણું છે.

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં મંડળીને તથા અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમા કોઇપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઇ.) અને જિલ્લા રજીસ્ટ્રાર, સ. મ. (ઉ) સુરત આથી ધી પાલભાઠા ગૃપ ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ વર્કસ ડેવલપમેન્ટ કો. ઓપ, સોસાયટી લી. મુ. પો. ભાઠા તા. ચોર્યાસી જી. સુરત સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (૨) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપું છું અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી. પી. સી. ગાંધી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂં છું.

સુરત, તા. ૮–૬–૯૫.

વંચાણે લીધો :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૨–૫–૯૫નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૧૬૨/૯૫.

અંતિમ આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૧૯૮/૯૫.—ધી ભાટપૂર વિભાગ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. ભાટપૂર, તા. વ્યારા, જી. સુરત સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ.), સુરતના તા. ૩૧–૩–૯૩ના નોંધણી ક્રમાંક ઉ-૧૦૫૦૪ થી નોંધવામાં આવી હતી. સભ્ય ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧–૩–૯૪ થી ૩૧–૩–૯૫ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે.

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગિત અવસ્થામાં છે.
(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.
(૩) અગત્યના તમામ હિસાબી રજીસ્ટરો બનાવેલા નથી.
(૪) વાર્ષિક સાધારણ સભાઓ મેળવેલ નથી.
(૫) વ્ય. કમીટીની ઓડીટ મીટીંગ મેળવેલ નથી.
(૬) સંચાલકોને મંડળી ચલાવવામાં રસ નથી.

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કોઇપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ. મેનેજર (કે.વી.સી.આઇ.) અને જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉ.) સુરત આથી ધી ભાટપૂર વિભાગ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. ભાટપૂર, તા. વ્યારા. જી. સુરત સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છું અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી પી. સી. ગાંધી સહકારી અધિકારી (ફડચા), લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂ છું.

સુરત, તા. ૧૯–૬–૧૯૯૫.

એન. એન. પટેલ,
મેનેજર કે. વી. સી. આઈ. અને
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(ઉદ્યોગ) સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, JANUARY 18, 2001 / PAUSA 28, 1922 [No. 3

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	350—365
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	3
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	39—42
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1412—2102

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ૩ / ગપક / વિ. શા. / ૫૨૮/૨૦૦૦.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૭ ડિસેમ્બર, ૨૦૦૦ કલાક ૦૦--૦૦ થી તારીખ ૧૫ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના કલાક ૨૪--૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રાઓએ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યાં.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ મુજબ ૩૭ (૩) મુજબ.

નંબર ૩ / ગપક / વિ. શા. /૧૨૯/૨૦૦૦.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭ મી ડિસેમ્બર, ૨૦૦૦ ક્લાક ૦૦--૦૦ થી તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના ક્લાક ૨૪--૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતની સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ, જેઓ ફરજ પર હોય, તેઓ તથા સ્મશાનયાત્રાઓ, અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યાં.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબ.

નંબર ૩ / ગપક / વિ. શા. / ૫૩૦/૨૦૦૦.— અમદાવાદ શહેર પોલીસ હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના (૨૨)મા અધિનિયમની કલમ-૩૭ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૧ ક્લાક ૦૦--૦૦ થી તારીખ ૧૫ મી જાન્યુઆરી, ૨૦૦૧ ના ક્લાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ, ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ--૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના (૨૨ માં) અધિનિયમની કલમ ૩૭-(૧) મુજબનો હુકમ.

નંબર ૩ / ગપક / વિ. શા. / ૫૩૧/૨૦૦૦.— અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે, તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારો માં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુવેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના (૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧ લી જાન્યુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ આણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની

INDEX

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો, અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો, અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યકિત અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(છ) લોકોએ ભુમો પાડવાની, ગીતો ગાવાનો તથા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા– છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની. દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતી હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ના અધિનિયમ નં. ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ મી માહે ડીસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યાં.

પી. સી. પાંડે,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

જાહેરનામું

નંબર ઉ/ગપક/મોર / હજીરા રોડ / ૪૩૦૪.—સુરત મોરા હજીરા રોડ ઉપર ભાઠા ગામે હયાત પાઈપ સી. ડી. વર્કસની જગ્યાએ નવો પૂલ બનાવવાની કાર્યવાહી ચાલુ છે. આ કામગીરી વિના અવરોધે થાય અને પુલનું બાંધકામ સમયસર પુરૂ થાય તે હેતુથી હું કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરું છું.

(૧) સુરત મોરા હજીરા રોડ ઉપર ભાઠા ગામે પુલના બાંધકામ અંગે તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૦ થી ૨૫મી જૂન, ૨૦૦૧ સુધી પ્રથમ તબક્કા પુરતું સદર બાંધકામની બંને બાજુ (છેડા) થી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવે છે.

(૨) ડાયવર્ઝન ઉપરથી ફકત હલકા પ્રકારના પેસેન્જર વાહનો જેવા કે ઓટોરીક્ષા, કાર, જીપ, સુમો, ટ્રેક્ષ જેવા વાહનો પસાર થવા દેવામાં આવશે.

સુરતથી હજીરા રોડ ઔદ્યોગિક વિસ્તારમાં આવવા જવા માટે ઉપર જણાવેલ વાહનો સિવાયના ભારે વાહનો માટે નીચે મુજબનો રૂટ રહેશે.

(૧) સુરત રાંદેર રોડ, મોરા ભાગળ, ચાર રસ્તાથી, સુભાષચોકથી દાંડી રોડ ઉપર થઈને ઓ.એન.જી.સી. ચાર રસ્તા (ઈચ્છાપોર) જઈ તથા આવી શકશે.

(૨) સુરત રાંદેર રોડ મોરાભાગળ ચાર રસ્તાથી ભેસાણ અને બરબોધન રોડ ઉપર થઈને ઓ.એન.જી.સી. ચાર રસ્તા તથા

(૩) સુરત ડુમ્મસ રોડ ઉપરના મગદલ્લા જંકશન (સર્કલ) ચાર રસ્તાથી ઓ.એન.જી.સી. ચાર રસ્તા (ઈચ્છાપોર) જઈ શકશે.

ઉપરોકત જણાવેલ જગ્યાએ જરૂરી સાઈનબોર્ડ, બમ્પ તથા જુના પુલની ઉપરથી ભારે વાહનો પસાર ના થાય એ માટેની સ્ટીલની ફેમ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ-૧ તરફથી મુકવાની રહેશે.

આજરોજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિક્કા કર્યા છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક / એસ.બી. / જાહેરનામું / ૭૪ / ૨૦૦૦.—તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૦ નાં રોજ સુરત શહેરમાં ૩૧મી ડિસેમ્બર ઉજવવામાં આવે છે, તે દિવસે અઠવાગેટથી ડુમ્મસ લંગર સુધી મોટી સંખ્યામાં માનવમેદની વાહનો સાથે ભેગી થાય છે, તેના લીધે ટ્રાફિકની અવરજવરને ઘણીજ અગવડતા ઉભી થાય છે. તેથી આ પ્રસંગે જાહેર વ્યવસ્થા જળવાય રહે અને સુલેહશાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે, તે હેતુસર હું કુલદીપ શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩-(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૦ નાં રોજ કલાક ૧૮-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી તથા તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી

INDEX

સવારના કલાક ૦૬-૦૦ વાગ્યા સુધી જાહેર જનતાના હિતાર્થે નીચે મુજબની ટ્રાફિક વ્યવસ્થા કરું છું.

(૧) કુવાડા ત્રણ રસ્તાથી લંગર સુધીનો માર્ગ વાહનો ચલાવવા માટે એકમાર્ગીય વન-વે તરીકે જાહેર કરું છું, જેમાં કુવાડાથી ડુમ્મસ તરફ જઈ શકાશે પરંત તે રાસ્તે આવી શકાશે નહીં.

(૨) લંગરથી ચોપાટી સુધી અને ચોપાટીના તમામ વિસ્તારમાં કોઈ વાહન પ્રવેશ કરી શકશે નહીં. "નો પાર્કીંગ".

(૩) લંગર સુધી પહોંચેલા વાહનો જે વાહનો ડુમ્મસ ગામ તરફના રસ્તે વળશે, તે વાહનો ડુમ્મસ ગામ થઈ, કુવાડા ત્રણ રસ્તા થઈ પરત સુરત જશે.

(૪) લંગર સુધી પહોંચેલા વાહનો પૈકી જે વાહનો ભીમપોર ગામ તરફના રસ્તે જશે, તે વાહનો ભીમપોર ગામમાં થઈ પીઠાવાલા હાઈસ્કુલ થઈ, જય જલારામ બાપાના મંદિર માધવ-નગર થઈ ડુમ્મસ રોડ પર આવશે અને ત્યાંથી વાયા લંગર ડુમ્મસ ગામ થઈ, કુવાડા ત્રણ રસ્તે આવી પરત સુરત જશે.

અપવાદ :—સરકારી આવશ્યક સેવાના વાહનો, ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી-સિક્કા કરી આપેલ છે.

પ્રાથમિક જાહેરનામું

ક્રમાંક/ઉગપક/૪૩૭૫/૨૦૦૦.—સુરત શહેરના મહીધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારની હીરાબજાર ચોકી વિસ્તારમાં હીરા બજાર તેમજ રહેણાંક એકજ જગ્યાએ છે. આ રહેણાંકના વિસ્તાર અને હીરા બજારવાળા વિસ્તાર ખૂબજ સાંકડા રસ્તા તેમજ અતિશય ગીચ વસ્તી હીરાના વેપારી, હીરા દલાલ અને કાંટાવાળાઓના કારણે સવારથી મોડી સાંજ સુધી મોટા પ્રમાણમાં વસ્તી રોડ રસ્તા પર હોય છે. ચાર પૈડાવાળા વાહનો અને ત્રણ પૈડાવાળા વાહનો વેપારી કામકાજના સમય દરમ્યાન કલાક ૯-૦૦ સવારથી સાંજે કલાક ૧૯-૦૦ સુધી લઈ પ્રવેશવા માટે ખૂબજ મુશ્કેલી સર્જાય છે. અને ટ્રાફીક જામ થાય છે. શાળામાં જતાં મોટા ભાગની રિક્ષા તેમજ મોટા ભાગના વેપારીઓ કામકાજ સારૂ ટ્વિચકી વાહનો લઈને આવતા હોય છે. જેના કારણે જાહેર માર્ગ તેમજ રહેણાંકના માર્ગમાં મોટા પ્રમાણમાં વાહનોનું પાર્કીંગ હોય છે. જેના કારણે સ્કુલે જતાં બાળકોની રીક્ષા વાહનો લઈને બહારથી આવતા પેસેન્જરો ખાસ કરીને વૃધ્ધો અને વજન લઈ આવતા વાહનોને પ્રવેશવાનું ખૂબજ મુશ્કેલી ભર્યું બને છે. અને આ બજારના રહીશો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરે છે. આ સંજોગોમાં નીચે જણાવેલ વિસ્તારમાં હું, કુલદીપ શર્મા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ની બાબત "બી" થી મળેલ અધિકારની રૂએ નીચે મુજબનો પ્રતિબંધ જાહેર કરૂ છું.

હુકમ

(૧) હીરાબજાર ચોકી વિસ્તારના બોજાભાઈના ટેકરાથી અમીષા હોટલ થઈ સ્ટેશન તરફ જતાં રસ્તા ઉપર આવેલ પીપળા શેરી નાગર શેરી, ચોભાશેરી, જદાખાડી અને દાલમીયાં મહોલ્લો તેમજ ભોજાભાઈની શેરીના નાકાથી હવાડા શેરીના નાકા સુધીના વિસ્તારમાં ટ્વિચકી વાહનો સિવાયના તમામ વાહનોની અવર જવર પર સવારે કલાક ૯-૦૦ થી સાંજના કલાક ૧૯-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) ઉપરોકત વિસ્તારમાં ટ્વિચકી વાહનોને એકી તારીખ એકી નંબરના તેમજ બેકી તારીખે બેકી નંબરના ટ્વિચકી વાહનોને સવારે કલાક ૯-૦૦ પહેલા પ્રવેશ આપવામાં આવશે અને સાંજે કલાક ૧૯-૦૦ બાદ તે લઈ જઈ શકાશે.

(૩) ઉપરોકત વિસ્તારમાં રહેણાંકના ઘરો ધરાવતા રહીશોને તેમજ ઓફીસ ધરાવતાં માલિકોને પોતાના વાહનો પોતાના મકાનની સામે પાર્ક કરી શકાશે. અને તે માટે ખાસ ઓળખ પત્ર ઈસ્યુ કરવામાં આવશે.

(૪) ઉપરોકત વિસ્તારમાં કોલમ નંબર-૨ મુજબ કલાક ૯-૦૦ થી કલાક ૧૯-૦૦ દરમ્યાન (ટ્વિચકી વાહનો) નિયત કરેલ પીળ પટ્ટાવાળી જગ્યા ઉપર પાર્ક કરી શકાશે. તેમજ યે એન્ડ પાર્ક વાળી જગ્યાઓ ઉપર પાર્ક કરી શકાશે. આ પાર્કીંગ "વહેલા તે પહેલા" ના ધોરણે કરી શકાશે.

(૫) સ્કુલ રીક્ષાઓ, એમ્બ્યુલન્સ કલાક ૯-૦૦ થી કલાક ૧૯-૦૦ દરમ્યાન પ્રવેશી શકાશે. પોલીસના વાહનો ફરજ પરના અધિકારીના વાહનો આગ બુઝાવવાના બંબાઓને ઉપરોકત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાં સંબંધમાં કોઈને વાંધો અરજ હોય તો પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયા પછી દિવસ-૩૦ ની અંદર લેખિત જાણ કરવી. આ સમય દરમ્યાન કોઈ વાંધા વગેરે ન મળે તો આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી સિકકા કરવામાં આવ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૧ હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/એસબી / જાહેરનામું/વશી/૧/ ૨૦૦૧.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું, કે. એન. શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંના પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૪થી જાન્યુઆરી ૨૦૦૧ ક. ૦૦.૦૦ થી તારીખ ૧૬મી જાન્યુઆરી ૨૦૦૧ કલાક ૨૪.૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.;

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાનો, એકઠાં કરવાનો.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતીઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

INDEX

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા શાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ. :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૦૧નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને. ૧૯૫૧નો ૨૨)ની કલમ ૩૭(૩) અન્વયે.

નંબર ઉ/ગપક/એસબી/જાહેરનામું/વશી/૨/૨૦૦૧.—સુરત શહેરમાં હાલમાં હીરાના મજુરીના ભાવ ઘટાડવાના વિરોધમાં હીરાના મજુરો કામ કરતા કારીગરો તરફથી આંદોલન ચાલુ હોય જે બાબતે વરાછા પોલીસ સ્ટેશન તથા કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં બનાવ બનવા પામેલ છે. તેમજ વિવર્સો તરફથી વિજળીના ભાવ વધારવા બાબતે પણ કાર્યક્રમ ચાલુ હોય, જે લક્ષમાં લઈ સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા સારૂં તથા સુરત શહેરની જનતાની સુલેહશાંતી તથા સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે. જે અટકાવવા અંગે સાવચેતીના પગલા રૂપે.,

વાસ્તે હું, કે.એ.ન.શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને. ૧૯૫૧ની ૨૨મીની કલમ ૩૭ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૧ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૧૬મી જાન્યુઆરી ૨૦૦૧ કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતા વધારે માણસો એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર :-પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વરાછા પો. સ્ટેશન., કાપોદ્રા પોલીસ સ્ટેશન., કતારગામ, પો. સ્ટે. લીંબાયત પો.સ્ટે. પાંડેસરા પો. સ્ટે., ઉધના પો. સ્ટે., સલાબતપુરા પો. સ્ટે., સચીન પો. સ્ટે. વિસ્તારનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ.:-રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને / કોઈ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૦૧નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

———

જાહેરનામું

સને. ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) બી મુજબનું.

ક્રમાંક ઉ/ગપક /એસ.બી./મકર સંક્રાતિ / જાહેરનામુ/૩/૨૦૦૧.— નં.ઉ/ગપક/વશી/ ૨૦૦૧, તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ મકરસંક્રાતીનો તહેવાર આવતો હોય, સુરત શહેરમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેરમાર્ગો, રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. રસ્તાઓ ગલી- ઓમાં કપાયેલા પતંગો અને દોરો વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ ગલીમાં શેરીઓમાં દોડાદોડીકરતા હોય છે, જેના કારણે ટ્રાફિકને અડચણ થાય છે. અને કેટલીક વખતે ગંભીર અકસ્માતો થાય છે, તેમજ સુલેહશાંતીનો ભંગ થવાની પણ શકયતાઓ ઉભી થાય છે. જેથી જાહેર સલામતી માટે આવી રીતે જાહેર રસ્તા ઉપર પતંગો ઉડાડવા હાથમાં ઝંડા તથા વાંસ અથવા અન્ય વસ્તુઓ લઈ દોડાદોડી કરી પતંગો લુંટવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતું હોય વાસ્તે હું કે.એન.શર્મા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, સને. ૧૯૫૧ની મુંબઈ અધિનિયમ ની કલમ-૩૩ (૧) બી. થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૧ કલાક. ૦૦.૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૦૧ કલાક. ૦૦.૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર રસ્તામાં અથવા જગ્યા ઉપર પતંગો ઉડાડવા નહીં તથા હાથમાં લાંબા ઝંડા કે વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો અથવા દોરા મેળવવા જાહેર રસ્તા ઉપર અથવા જગ્યાઓમાં દોડા દોડી કરવી નહીં કે હરવું ફરવું નહીં તથા ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લંગર દોરી નાંખવાનું કૃત્ય કરવું નહીં કે કરાવવું નહી.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરેટની હદમાં આવતો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ.-રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સદરહુ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ રૂપિયા ૧૦/-સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૦૧નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. એન. શર્મા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

———

INDEX

નાયબ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ ગપક / ૪૩૦૬ / ૨૦૦૦.—સુરત શહેરમાં ગુજરાત ગેસ કંપની લી. તરફથી પુણા કુંભારીયા રોડ ઉપર ગેસ પાઈપ-લાઈન નાંખવાની કાર્યવાહી તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૦ કલાક ૨૨-૦૦ થી તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૦ સુધી (૩૧ કલાક સતત) કરનાર છે. જેથી સહારા દરવાજા બહારથી પુણા કુંભારીયા રોડ ઉપર ગેસ પાઈપલાઈનની કામગીરી વિના અવરોધે અને સરળતાથી થાય તે માટે હેતુ માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરું છું.

(૧) તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૦ થી ૨૨-૦૦ થી તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૦ સુધી (૩૧ કલાક માટે સતત) સહારા દરવાજાથી સુરત બહાર પુણા કુંભારીયા તરફ જતા તથા પુણ કુંભારીયાથી સુરત શહેરમાં પ્રવેશતા વાહનો માટે કરણીમાતા ચોક પાસેથી વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

વિકલ્પ :—

ઉપરોકત રસ્તો બંધ થતા વાહનવ્યવહારનો રૂટ નીચે મુજબ રહેશે.

(૧) સહારા દરવાજાથી સુરત બહાર પુણા જકાતનાકા તરફ જતા તમામ વાહનોને સહારા દરવાજાથી સીધા દિલ્હીગેટ, ઉના પાણી રોડ મુકી બાગ થઈ વરાછા ગરનાળાથી બોમ્બે માર્કેટ થઈ બોમ્બે માર્કેટ સર્કલથી પુણા કુંભારીયા તરફ જઈ શકશે.

(૨) પુણા કુંભારીયા રોડથી સુરતમાં પ્રવેશતા તમામ વાહનોને બોમ્બે માર્કેટ સર્કલ પાસે બંધ કરી સર્કલથી જુની બોમ્બે માર્કેટ થઈ લંબેહનુમાન ગરનાળા તથા વરાછા ગરનાળા તરફથી દાખલ થઈ શકશે.

આજ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ સહી સિક્કા કર્યા.

સી. આર. પરમાર,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read.—Honourable High Court letter No. C.2103/91, dated 7th January, 1991.

Notification

No. B.8 / 2 / 45 of 2001.—Under praragraph 628 of Chapter-XXXI of the Civil Manual Volume-I, 1960, the District Judge, Ahmedabad (Rural) at Ahmedabad directs the closing of all Civil Courts of the Judicial District of Ahmedabad (Rural), for the Annual Summer Vacation for Six weeks commencing from Monday, 30th April, 2001 to Sunday the 10th June, 2001 (both days inclusive).

The offices of the Nazir and the Record Keeper of the District Court, Ahmedabad (Rural) at Ahmedabad and of the Nazirs of the subordinate Civil Courts in the District will remain open during the vacation of working days

Ahmedabad, 3rd January, 2001.

Sd /-
R. P. DHOLARIA,
District Judge (Rural),
Ahmedabad.

Notification

No. H-6 / 6005 / 2000.—In accordance with the provision contained in para-625 of Civil Manual Volume-I, 1960 the District Judge, Banaskanta at Palanpur is pleased to notify the following Holidays to be observed in the Year—2001. The District Court and all Courts Subordinate ot it in the Judicial District of Banaskantha shall remain closed on those days.

Sr. No.	Name of the Holiday	Date according to Gregorian calendar	Day
1	2	3	4
1	Republic Day	.. 26th January, 2001	Friday
2	Maha Shivratri	.. 21st February, 2001	Wednesday
3	Bakri-Id (Id-Ul-Aaza)	.. 6th March, 2001	Tuesday
4	Holi—2nd Day (Dhuleti)	.. 10th March, 2001	Saturday
5	Chetichand	.. 26th March, 2001	Monday
6	Ram Navmi	.. 2nd April, 2001	Monday
7	Muharram	.. 5th April, 2001	Thursday
8	Mahavir Jayanti	.. 6th April, 2001	Friday
9	Good-Friday	.. 13th April, 2001	Friday
10	Dr. Baba Saheb Ambedkar's Birthday	.. 14th April, 2001	Saturday
11	Bhagvan Shri Parshuram Jayanti	.. 25th April, 2001	Wednesday
12	Id-E-Milad-Un-Nabi (Prophet Mohammed's Birthday)	.. 5th June, 2001	Tuesda
13	Raksha Bandhan	.. 4th August, 2001	Saturday
14	Independence Day	.. 15th August, 2001	Wednesday
15	Parsi New Year Day (Parsi Sahenshahi)	.. 21st August, 2001	Tuesday

INDEX

1	2	3	4
16	Samvantsari	.. 22nd August, 2001	Wednesday
17	Mahatma Gandhi Birthday	.. 2nd October, 2001	Tuesday
18	Dusshera	.. 26th October, 2001	Friday
19	Sardar Vallabhbhai Patel Birthday	.. 31st October, 2001	Wednesday
20	Diwali (Extra)	.. 12th November, 2001	Monday
21	Diwali (Extra)	.. 13th November, 2001	Tuesday
22	Diwali	.. 14th November, 2001	Wednesday
23	Diwali (Extra)	.. 15th November, 2001	Thursday
24	Diwali (1) New Year Day	.. 16th November, 2001	Friday
	(2) Bhai-Bij	.. 16th November, 2001	Friday
25	Diwali (Extra)	.. 17th November, 2001	Saturday
26	Guru Nanak's Birthday	.. 30th November, 2001	Friday
27	Ramzan-Iad (Id-Ul-Fitra)	.. 17th December, 2001	Monday
28	Christmas Day	.. 25th December, 2001	Tuesday

Note : (1) The following days have not been notified as Public Holiday as they fall ON SUNDAY.

1	Makar-Sankranti	.. 14th January, 2001
2	Janmasthmi	.. 12th August, 2001

Note : (2)In addition to the Holidays notified above Government Servants may avail of maximum of any two of the holidays on the festival occasions at their option are irrespective of their religious denomination, out of the list of Optional Holidays declared vide Government Notification No. : GAD / No. GS / 2000-41 / PHD / 102000 / 33672 / GH, dated 1st November, 2000.- Permission for availment of those Optional Holidays should however, be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant casual leave with due regard to exigencies of the Court work which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Servants at their option on the festival of their choise which is not be debited to their Casual Leave Account.

Note : (3) If any of The Muslim Festival notified above, days not fall on the day notified, the Muslim servants of Government who choose the particular holidays may be granted an optional holiday on the day on which the festival actually fall,s in lieu of a holiday on the day notified.

Palanpur, 20th December, 2000.

MISS P. S. SHUKLA,
District Judge,
Palanpur.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા.

જાહેરનામું

નંબર એચ-૬/૬૦૦૫/૨૦૦૦.—સીવીલ મેન્યુઅલ વોલ્યુમ-૧ અને ૧૯૬૦ ના પેરા -૬૨૫માં જણાવેલ અધિકારની રૂએ જિલ્લા ન્યાયાધીશ, બનાસકાંઠા, પાલનપુર, સને ૨૦૦૧ ના વર્ષ માટે નીચેના દિવસો રજાના દિવસો તરીકે જાહેર કરેલ છે બનાસકાંઠા જિલ્લાની જિલ્લા અદાલત તથા તેના તાબા હેઠળની અદાલતો સદરહું રજાના દિવસોને બંધ રહેશે.

અનુ. નંબર	રજાનું નામ	તારીખ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે	દિવસ
૧	૨	૩	૪
૧	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧	શુક્રવાર
૨	મહા શિવરાત્રી.	૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૧	બુધવાર
૩	બકરી ઈદ (ઈદ ઉલ અઝા)	૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૧	મંગળવાર

INDEX

અનુ. નંબર	રજાનું નામ	તારીખ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે	દિવસ
૪	હોળી બીજા દિવસ (ધુળેટી)	૧૦મી માર્ચ ૨૦૦૧	શનિવાર
૫	ચેટીચાંદ	૨૬મી માર્ચ ૨૦૦૧	સોમવાર
૬	રામનવમી	૨જી એપ્રિલ, ૨૦૦૧	સોમવાર
૭	મહોરમ	૫મી એપ્રિલ, ૨૦૦૧	ગુરૂવાર
૮	મહાવીર જયંતિ	૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૧	શુક્રવાર
૯	ગુડ ફ્રાઈડે	૧૩મી એપ્રિલ, ૨૦૦૧	શુક્રવાર
૧૦	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ દિવસ	૧૪મી એપ્રિલ, ૨૦૦૧	શનિવાર
૧૧	ભગવાન શ્રી પરશુરામ જયંતિ	૨૫મી એપ્રિલ, ૨૦૦૧	બુધવાર
૧૨	ઈદ-એ-મિલાદ-ઉન-નબી (મોહંમદ પયગંબરનો જન્મદિન)	૫મી જુન, ૨૦૦૧	મંગળવાર
૧૩	રક્ષા બંધન	૪થી ઓગસ્ટ, ૨૦૦૧	શનિવાર
૧૪	સ્વાતંત્ર્યદિન	૧૫મી ઓગસ્ટ, ૨૦૦૧	બુધવાર
હિતા. ગ. પંડ્યા,
જિલ્લા ન્યાયાધીશ,
સુરત.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ માં) ની કલમ ૩૭ (૧) (છ) અન્વયેનો.

નંબર ડી.સી./પી.ઓ.એલ./એમ.ઓ.જી. / એસ.આર. ૪૩/૨૦૦૦.— મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૧) (છ) ના આધારે મળેલ સત્તાની રૂઈએ, હું, એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ સુરુચિ અથવા નીતિનો ભંગ ન થાય તે સારું ફરમાવું છું કે, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૦ થી તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૦૧ દરમ્યાન કોઈપણ વ્યકિત અગર ઈસમોએ જાહેર માર્ગ કે મકાનના ભયજનક ધાબા ઉપર તેમજ જેના કારણે તેની અસર બીજી કોઈ વ્યકિતની જિંદગી ભયમાં મુકાય અથવા મીલ્કતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાવવો નહી, પતંગ લુંટવો નહી, પતંગ ઉપર કોઈપણ જાતની ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહીં કે રાખવા નહીં, લાઉડસ્પીકરના અવાજ કે એના ઘોંઘાટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહી કે આવાં અવાજો ઉપર ચેનચાળાં કરવા નહી.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ મારી સહી સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭ (૧) મુજબ .

નંબર ડીસી / પી.ઓ.એલ. / એમ.ઓ.જી. / એસ.આર-૪૪/૨૦૦૦.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ ઓર્ડરની જાળવણી વાસ્તે હું એચ. કે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ નં. ૨૨)ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૨૦૦૦થી તારીખ ૧૪ મી જાન્યુઆરી,૨૦૦૧ સુધી નીચેના કૃત્ય ઉપર ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટો, બંદુક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને આઠી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પાનું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈચથી વધારે લંબાણુ ધરાવતું આણીવાળુ ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈજવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાનો યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરંજસ સાથે રાખવાની,

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૬) લોકોએ ભુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રથ્વનિનો ભંગ થતો હોય જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની, દેખાડવાની અથવા તેવી ફેલાવો કરવાની .

વિસ્તાર :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સીવાય).

અપવાદ :— આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને, જે તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓએ લાગુ પડશે નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ--૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ મી ડિસેમ્બર, ૨૦૦૦ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

એચ. કે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૭૮૭૭.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. બી. કશ્યપ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૧ના દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૧ના રાત્રીના ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાં) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાનાં અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવાં હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લે કાર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બતાવવા નહી, તથા તેનો ફેલાવો કરવો નહી તથા સરકારી રેકર્ડ, નોટીસો, પરિપત્ર, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

મેં આજરોજ તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ક્રમાંક એમએજી-વશી-૧૩૬.—ભરૂચ જિલ્લામાં આવેલ જાહેર માર્ગ તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટામ્પ ગોઠવી કેટલાંક લોકો છોકરાઓ બોલબેટથી ક્રિકેટ રમતા તથા જાહેર રસ્તા પર પતંગ ચગાવતાં હોય છે. આગામી તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૧, નાં રોજ મકર-સંક્રાંતિનો તહેવાર આવતો હોય, જેથી જાહેર રસ્તાઓ તેમજ શેરીઓમાં છોકરાઓ ઉભા રહી ક્રિકેટ રમતા હોય કે પતંગ ચગાવતાં હોય તેવા કારણે વાહન વ્યવહાર તથા અવર-જવર કરતાં લોકોને અવરોધ ઉભો થઈ અકસ્માતો થવાનો સંભવ રહે છે. તે ઉપરાંત બેટથી બોલ ઉછાળીને જતો હોય, લોકોને વાગવાનો તથા જાહેર માલ મિલ્કતને નુકશાન થવાનો સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર રસ્તામાં તેમજ શેરીઓમાં ક્રિકેટ રમવા તથા પતંગ ઉડાડવા લૂંટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

આથી હું આર. બી. કશ્યપ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (બી) અને કલમ-૧૧૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તા અથવા જગ્યાઓ તથા શેરીઓમાં બોલબેટથી ક્રિકેટની રમત રમવી નહિ તેમજ પતંગ ઉડાવવા કે લૂંટવા નહિ.

ઉપરોકત જાહેરનામાનો અમલ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૧ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૧ (બંને દિવસ સહિત) પ્રતિબંધ મુકવામાં આવે છે. ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂા. ૫૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી માહે જાન્યુઆરી સને ૨૦૦૧નાં રોજ મારી સ હી તથા સિક્કો કરી આપ્યો છે.

આર. બી. કશ્યપ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માંની) કલમ-૩૩ (૧) બી મુજબનું.

નંબર ડીસીબી / એમએજી / બીપીઓ / મકરસંકાંતિ / રજિ. ૧ / ૨૦૦૧.—તારીખ ૧૪મી જાન્યુઆરી ૨૦૦૧ નાં રોજ મકરસંકાંતિનો જાહેર તહેવાર આવે છે. આ તહેવારના દિવસે ઘણા લોકો પતંગો રસ્તા ઉપર ઉડાવે છે અને કપાયેલા પતંગો તથા દોરો મેળવવા ઘણા લોકો હાથમાં લાંબા ઝંડા તથા વાંસ રાખી જાહેર રસ્તા અને જગ્યાઓમાં દોડાદોડી કરતા હોય છે. જેથી જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં અડચણો ઉભી કરી ભયજનક રીતે અથવા અગવડભર્યા રીતે વર્તવા સંભવ છે. જેને લીધે વાહન વ્યવહારને અવરોધ ઉભો થવા તથા અકસ્માતો થવાની સંભાવના રહે છે. તે ઉપરાંત લાંબા ઝંડા તથા વાંસ ટેલીફોન તથા ઈલેકટ્રીક તારને અડવાથી સંદેશા વ્યવહાર ખોટકાય જવા તથા ટેલીફોનના તારને નુકશાન થવા તેમજ ઈલેકટ્રીક તારને અડવાથી અકસ્માતો પણ સર્જાવા સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર આવી રીતે જાહેર રસ્તાઓ ઉપર પતંગો ઉડાડવા હાથમાં લાંબા ઝંડા તથા વાંસ વગેરે લઈ જાહેર રસ્તામાં તથા જગ્યાઓમાં હરવા ફરવા દોડાદોડી કરવા

INDEX

લંગરો નાંખી પતંગો કે દોરી લુટવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે. જે વાસ્તે હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૧ સુધીના દિવસો દરમ્યાન નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તામાં અથવા જગ્યાઓ ઉપર પતંગો ઉડાડવા નહિ તેમજ હાથમાં લાંબા ઝંડા કે વાંસ લઈ જાહેર રસ્તાઓ તેમજ જગ્યાઓમાં ફરવું ફરવું નહિ કે કપાયેલા પતંગ અથવા દોરા મેળવવા જાહેર રસ્તા અગર જગ્યાઓમાં દોડાદોડી કરવી નહિ તથા ટેલીફોન કે ઈલેકટ્રીક તાર પર લંગર દોરો નાંખવા જેવું કૃત્ય કરવું કે કરાવવું નહિ.

સ્પષ્ટીકરણ.—રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

ઉપરના હુકમનો ભંગ કરનાર વ્યકિતને સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ રૂપિયા ૧૦ સુધી દંડની શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી / એમએજી / બીપીઓ / રજિ. ૧ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી મકરસંક્રાંતિના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓને જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું :—

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

INDEX

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની, તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાના ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. *4 Gujarat Government Gazette*, Part-I, dated 25th January, 2001 and for pages VAD-73 to VAD-120 (in 1 set) *read* page No. 380 to 427.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૪ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું, અને પાના વીએડી-૭૩ થી વીએડી-૧૨૦ (૧-બંચમાં) ને પાન નંબર ૩૮૦ થી ૪૨૭ વાંચવા.

Vadodara, 25th January, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ-સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૦૯ /ક-૨/૧૫૨૫/૧૬૭૩૮/ સ-૨૯૪૫૫/૧૯૯૬.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે. કે શ્રી. મોટેશ્વરી કો-ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સહકારી સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩૧–૧૨–૯૬.

પરવાનો

જા. નં. વખર/૦૧/ચ-૫૯૯/ ૯૬.– સને ૧૯૫૯ના મુંબઇ વખારધારાના અધિનિયમ સને ૧૯૬૦ ના મુંબઇ વખાર ધારાના કાનુન અન્વયે સેન્ટ્રલ વેર. હાસીંગ કોર્પો, વખારધારા સેન્ટ્રલ વેર હાઉસ ઇસનપુર, વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે રૂા. ૯૦૦/— (અંકે રૂપિયા નવસો પુરા) નું લવાજમ લાયસન્સથી ભરેલ હોવાથી વખારદાર વટવા રોડ, ઇસનપુર ખાતે આવેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઇને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૭ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહી.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા ફરોથી માલ સંગ્રહ માટે લઇ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઇ શકશે નહીં,

(૫) નિયત કરેલા અધિકારીના મંજૂરી સિવાય મુંબઇ વખારધારાના કાનુન નં. ૧૭ થી નકકી થયેલ ફરોનો અનુસુચિમાં કોઇ જાતના ફેરફાર યા સુધારો થઇ શકશે નહી.

(૬) સને ૧૯૫૯ ના મુંબઇ વખારોના અધિનિયમ કલમ ૮ અને કલમ ૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામ ચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વિહિત કરેલ અધિકારીને સોપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૩૧–૧૨–૯૬.

રંચાણમાં લીધા :–

(૧) આ કચેરીના અંતિમ હુકમ માંક ફડચ / ૦૧/ધ-૨/ ૨૬૫/તા. ૧૧–૩–૧૯૯૪.

(૨) ફડચા અધિકારીશ્રી, શીવનગર કામદાર ક્રેડીટ સોસા. લી. અને સહ. અધિકારી ફડચા–૧/૨ના તા. ન પત્ર ક્રમાંક ફડચ/ક્યો થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇ.

હુકમ

જા. નં. ફડચ / ૦૧ / ધ-૨ / ૧૩૬૯/૯૬.—ધી શીવનગર કામદાર ક્રડીટ સોસા. લી. ની નોંધણી ક્રમાંક સે / ૧૭૧૧૨ તા. ૩૧–૧૨–૮૦થી નોંધાયેલ સહકારી મંડળી લી. તેને જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૧–૩–૯૪ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ચ-૨/૨૬૫થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૧–૧૨–૧૯૯૬.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૧૫૨/ધ-૧/ ૧૪૪૮ તા. ૧૭-૭-૧૯૮૯.

(૨) ફડચા અધિકારીશ્રી, ભારત સર્વોદય મીલ્સ એમ્પ. કોપો. ક્રેડીટ સોસયટી અને સહકારી અધિકારી ફડચા-૨ના તા. ૧૬/૧૧/૯૬ના પત્ર ક્રમાંક : ફડચ/ક-૧/૨૫૦ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઇ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૭૦/૯૬. – ધી ભારત સર્વોદય મીલ્સ એમ્પ. કોપો. ક્રેડીટ સોસયટી લી. ની નોંધણી ક્રમાંક સે/ ૨૦૨૩૦ તા ૨૪/૩/૪૪ થી નોંધાયેલ સહકારી મંડળી લી. તેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૭/૭/૮૯ ના હુકમ ક્રમાંક ફડચ/૧૫૨/ધ-૧/૧૪૪૮ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર

INDEX

મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૧–૧૨–૧૯૯૬.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૭૫ તા. ૯–૬–૧૯૯૨.

(૨) ફડચા અધિકારીશ્રી, અર્બુદા ગ્રાહક સહ. ભંડાર લી. અને સહકારી અધિકારી ફડચા/૨ ના તા. ૩૦–૬–૯૬ ના પત્ર ક્રમાંક ફડચ/ક-૨/૭૬ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૭૧/૯૬.—ધી અર્બુદા ગ્રાહક સહ. ભંડાર લી. ની નોંધણી ક્રમાંક ૮૫/૩૫–૫ તા. ૧૬–૧૦–૮૬ થી નોંધાયેલ સહકારી મંડળી લી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૯–૧–૯૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૭૫ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૩૧–૧૨–૧૯૯૬.

વાંચો લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૮૭/ધ-૨/૨૮૨ તા. ૭–૩–૧૯૯૪.

(૨) ફડચા અધિકારીશ્રી એસ. ટી સ્ટાફ ગ્રાહક સહ. ભંડાર લી. અને સહકારી અધિકારી ફડચા–૧/૨ના તા. ૨૬–૩–૯૬ના પત્ર ક્રમાંક ફડચ/ક/૨/૩૦ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૭૨/૯૬.— ધી એસ. ટી. સ્ટાફ ગ્રાહક ભંડાર લી. ની નોંધણી ક્રમાંક-ભ-૨૯૨૧ તા. ૩૧–૧૨–૭૭ થી નોંધાયેલ સહકારી મંડળી લી. તેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૭–૩–૯૪ ના હુકમ ક્રમાંક ફડચ/૧૮૭/ધ-૨/૨૮૨/૯૪ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ–૨૦(૧) અન્વયે સદર નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ. તા. ૩૧–૧૨–૧૯૯૬.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૫૧/ધ–૨/૬૬૦ તા. ૫–૭–૧૯૯૬.

(૨) ફડચા અધિકારી પેસ્ટ કંટ્રોલ મજુર કામ સરકારી મંડળી લી., અને સહકારી અધિકારી ફડચા–૨ના તા. ૧૮–૫–૯૬ ના પત્ર ક્રમાક ફડચ/ક–૨/૭૫/થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ–૨/૧૩૭૩/૯૬.—ધી પેસ્ટ કંટ્રોલ મજુરકામ સરકારી મંડળી લી., ની નોંધણી ક્રમાંક ઉ/૨૫૮૪ તા. ૨–૫–૬૨ થી નોંધાયેલ સરકારી મંડળી લી. ને જીલ્લા-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૫–૭–૯૩ ના હુકમ ક્રમાંકઃ ફડચ/૧૫૧ / ધ–૨ / ૬૬૦ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળી નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૧–૧૨–૯૬.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૧૮૫/૯૫ તા. ૧૬–૧૦–૧૯૯૫.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર કો. ઓ. હા. સો. લી.. અને સહકારી અધિકારી ફડચા–૧ના તા. ૧૭–૧૨–૧૯૯૬ના પત્ર ક્રમાંક ફડચ/ક-૧–૧૯૨ થી થયેલ દરખાસ્ત,

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇ.

INDEX

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૭૪/૯૬.—ધી સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર કો. ઓ. હા. સો. લી., ની નોંધણી ક્રમાંક ધ/૩૫૧૧ તા. ૮–૪–૧૯૬૯ થી નોંધાયેલ સહકારી મંડળી લી., તેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૬–૧૦–૧૯૯૫ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૧૮૫/૯૫ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના આધનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૧–૧૨–૧૯૯૬.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૦૮૫/ક-૨/૦૩/ધ-૧૭૭૯૦/૧૯૯૭.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સાંઈનાથ (સરસપુર) કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૦૮૬/ક-૨/૦૫/ધ-૧૭૭૯૧/૧૯૯૭.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સમતા (આપુનગર) કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા, ૨–૧–૧૯૯૭

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૦૮૭/ક-૨/૦૪/ધ-૧૭૭૯૨/૧૯૯૭.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સર્મપણ (પોટલીયા) કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) નીં કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૦૯૬/ક-૨/૦૭/ધ-૧૭૭૯૩/૧૯૯૭.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી એક કલી કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૨૦૮૫/ક–૨/૧૫૨૭/૯૩/સો.–૨૯૪૫.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી એલ. ડી. ઈન્ડોલોજી. એમ્પ, કો. ઓ. કે. સો. લી, સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સાટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૧–૧૨–૯૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૧૦૧/ક–૨ /૨૦/૯૭–ધ/૧૭૭૯૪.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી મંથન કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) નીં કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૪–૧–૧૯૯૭.

નોંધણીનું પમાણપત્ર

ક્રમાંક ઉ–સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૦૯૫/ક–૨/૧૫૨૮/૯૬–ભં/૪૬૬૮–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી પારસ સહકારી આવક મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) નીં કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩–૧–૯૭.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૧૦૦/૬—૨/૩૦/૯૭/ધ/ ૧૭૭૯૫.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ઓમ ત્રિપુરેશ્વરી કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, ૭—૧— ૯૬૭

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ—સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૧૦૨/૬—૨/૨૮/૯૭/ભાં/ ૪૬૧૦.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી તિ:પતા સહકારી ગ્રાહક ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૧ ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭—૧—૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ—સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૧૦૩/૬—૨/૨૯/૯૭/ભાં/ ૪૬૬૯— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી મહેશ્વરી ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા કલમ—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭—૧—૧૯૯૭.

---

(૧) આ કચેરીનો તા. ૧૧—૮— ૯૬૪નો હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ધ—૨/૧૦૨૬/૧૯૬૪.

(૨) ગેરતપુર ભા.ગ્યલક્ષ્મી કો.—ઓપ. હાઉસીંગ સો.સાયટી લી., અમદાવાદના સભ્યોની તા. ૭—૮—૧૯૯૬ની અરજી.

(૩) સહકારી અધિકારી ફડચા—૧ લગત આ કચેરીના તા. ૯—૮—૧૯૯૬ના પત્રની રજુઆત,

(૪) આ કચેરીનો તા. ૨૦—૮—૧૯૯૬નો હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ધ—૨/૯૮૭/૧૯૯૬.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના આધનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૯(ખ)ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ધ—૨/૩૪ / ૧૯૯૭.— ધી ગેરતપુર ભાગ્યલક્ષ્મી કો.—ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે રજીસ્ટર્ડ નંબર ધ—૯૧૫૫, તા. ૩—૮—૧૯૮૧થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. સદર સોસાયટીના ઓડીટ માટે ઓડીટરશ્રી દ્વારા સમન્સ/નોટીસ આપી. ઓડીટ માટે પ્રયત્નો કરવા છતાં ઓડીટ ન થઈ શકતા આ કચેરીના તા. ૨૫—૧—૧૯૯૪ ના ફડચાના વચગાળાના હુકમથી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટે એક માસમાં રજુઆત કરવા જણાવેલ છતાં સોસાયટીના હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત ન થતા, સંદર્ભ ૧ના હુકમથી સોસાયશ્રીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ, સદર ફડચાના હુકમથી નારાજ થઈ સોસાયટીના હોદ્દેદારોએ અધિક રજીસ્ટ્રારશ્રી અપીલ સહકારી મંડળીઓ, ગાંધીનગરને અપીલ કરવામાં આવતા. અપીલ અરજી નબર ૭૪/૧૯૯૪માં અધિક રજીસ્ટ્રારશ્રી અપીલ દ્વારા કેસના નિકાલ સુધી ફડચાના હુકમ સામે તા. ૩—૧૦—૧૯૯૪નો મનાઈ હુકમ આપેલ, ત્યારબાદ સંદર્ભ ૨ના પત્રથી સોસાયટીનું ઓડીટ થઈ ગયેલ હોઈ, સોસાયટીને પુનઃજીવીત કરવા અંગે ફડચા અધિકારીશ્રીને રજુઆત કરવામાં આવતા ફડચા અધિકારી-શ્રીએ સંદર્ભ ૩ના પત્રથી જણાવેલ કે સોસાયટી સ્થગિત હોઈ તથા ઓડીટ ન કરાવેલ હોઈ, ફડચામાં લઈ જવામાં આવેલ, પરંતુ સોસાયટીનું તા. ૧—૭—૧૯૮૪ થી તા. ૩૦—૬—૧૯૯૫ સુધીનું ઓડીટ થયેલ છે. અને ઓડીટ ફી પણ ભરવામાં આવેલ છે. તેમજ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, પંચાયત અમદાવાદના તા. ૨૩—૩—૧૯૯૨ના પત્રથી સોસાયટીએ નવી જમીન ખરીદવાની મંજુરી મેળવેલ છે. અને સોસાયટીએ શ્રી અનિલભાઈ પાલખીવાલાએ લીધેલ વાંધા સિવાયના વેજલપુરના જુદા જુદા સર્વે નંબરવાળી પર૧૧૮ ચોરસ વાર જમીનની ખરીદી કરતાવેજ કરાવેલ છે. જેથી મંડળી ફડચામાં લઈ જવા પાત્ર ન હોઈ સહકારી કાયદા કાનુન તથા જમીન મહેસુલના કાયદાઓની જોગવાઈઓનું પાલન કરવાની શરતે પુનઃજીવીત કરવા ભલામણ છે. ઉપરોક્ત વિગતોને ધ્યાને લઈ સદરહુ ગેરતપુર ભાગ્યલક્ષ્મી કો.—ઓપ. હાઉસીંગ સોસાયટી લિમિટેડનો સહકારી કાયદા કાનુનઅને જમીનનેલગતા કાયદાની જોગવાઈઓનું તથા શરત નંબર ૪થી સોસાયટીએ કરેલ અપીલ/મેળવેલ સ્ટે પાછો ખેંચી લેવાની શરતે સંદર્ભ ૪ના હુકમથી પુનઃજીવીત કરવામાં આવેલ પરંતુ સોસાયટીના હોદ્દેદારોએ અપીલ અરજી પાછી ખેંચી તેની જાણ અત્રેની કચેરીને કરવામાં આવેલ ન હોઈ, ત.. ૨૧—૧૨—૧૯૯૬ ની નોટીસથી સોસાયટી દ્વારા કરવામાં આવેલ અરજી પાછી ખેંચી, દિન ૭માં અત્રેની કચેરીને જાણ કરવા જણાવેલ તેમ છતાં સોસાયટી તરફથી અપીલ

INDEX

પાછી ખેંચવામાં આવેલ નથી. અને સોસાયટીના હોદ્દેદારોએ તા. ૨૦–૮–૧૯૯૬ના હુકમની શરતોનો સ્પષ્ટ ભંગ કરેલ છે. તેમ માનવાને પુરતા કારણો રહે છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૩ અને ૧૬ (ખ)ની સત્તાની રૂએ ધી ગેરતુપર ભાગ્યલક્ષ્મી કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. અમદાવાદને તા. ૧૧–૮–૯૪ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૦૨૬/૯૬થી ફડચામાં લઇ જવામાં આવેલ અને તા. ૨૦–૮–૯૬ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૯૮૭/૯૬થી પુનઃજીવીતના હુકમોનાં શરતોનુ પાલન કરેલ ન હોઇ, મંડળીને ફડચામાં ચાલુ રાખી આ કચેરીનાનો, તા. ૨૦–૮–૧૯૯૬ નો પુનઃજીવતીનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૯૮૭/૧૯૯૬ આથી રદ કરૂં છું.

અમદાવાદ, તા. ૯–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ/ક્રમાંક નંધણ/૪૦૯૭/ક-૨/૦૬૮/ધ/૧૭૭૬.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી રેણુકા (હસનપુર) કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તારીખ ૧૦–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નંધણ/૪૧૦૪/ક-૨/૦૬૯/ધ:૧૭૯૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી છાયાપુષ્પ કો. ઓપ. હા. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ નો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૦–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક/નંધણ/૪૦૯૪/ક-૨/૭૭/ધ/૧૭૭૬.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ખ્યાતિ એનેક્ષી કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર,તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામા આવેલ છે.

અમદાવાદ, તા. ૧૩–૧–૧૯૯૭.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તા. ૧૩–૭–૯૫ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૮૪૬/૯૫.

(૨) સોસાયટીના બહુમત સભ્યોની વહીવટ પરત લેવા અંગેની સંયુક્ત અરજી.

(૩) ફડચા અધિકારીશ્રી–૨ લગત કચેરીની તા. ૨૦–૧૨–૯૬ ના રોજની દરખાસ્ત.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૬(ખ) ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચા ૦૧/ધ-૨/૫૯/૯૭.—ધી હેમા ફ્લેટસ કો. ઓ. હા. સો. લી. ચંદ્રનગર, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધણી નંબર ૫૯૦૧ તા. ૧૫–૧–૧૯૭૫થી નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે. અને આમુખ–૧ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ છે.

સદર સોસાયટીના સભ્યોની સંયુકત અરજી આમુખ–૨ ના સંદર્ભથી તથા આમુખ–૩ના સંદર્ભથી ફડચા અધિકારી દ્વારા મળેલ દરખાસ્તને ધ્યાને લેતા સોસાયટી ચંદ્રનગર, અમદાવાદના સરનામે બંધાયેલ સોસાયટી છે. અને સભ્યો ઘણા વખતથી વસવાટ કરે છે.

હાઉસીંગ ફાયનાન્સની તમામ બાકી રકમ ચુકવી દેતા હાઉસીંગ ફાયનાન્સનું દેવું બાકી રહેતું નથી. અને સોસાયટીના સભ્યોએ સોસાયટીનો વહીવટ પરત મેળવવા વિનંતી કરેલ છે.

ઉકત વિગતો જોતાં સોસાયટી જુની બંધાયેલ છે. અને સોસાયટીના સભ્યોની વહીવટ પરત મેળવવા અંગેની માંગણી તથા ફડચા અધિકારીનો અહેવાલ જોતાં સોસાયટીની કાર્યવાહી અંગે નીચે દર્શાવ્યા મુજબનો હુકમે કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું કે. એચ. રાઠોડ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ મને ધી ગુજરાત સહકારી

INDEX

મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૯(ખ) અન્વયે મળેલ અધિકાર અને સત્તાની રૂએ ધી હેમા ફ્લેટસ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. રજી. નં. ધ-૫૯૦૧ તા. ૧૫–૧–૧૯૭૫ ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે કરાવી લેવાનું રહેશે.

(૨) ફરીથી ઓડીટ ઇન્સ્પેકશનમાં સોસાયટી ફડચામાં લઇ જવાનો અભિપ્રાય થઇ આવેથી દાદ ફરીયાદ સાંભળવામાં આવશે નહી.

(૩) સહકારી કાયદા કાનુન તથા પેટાનિયમ, લેન્ડ સીલીંગ એકટ જમીનના કાયદા તથા અન્ય લાગુ પડતા સંબંધિત તમામ કાયદા કાનુનનો સોસાયટીએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે,

સદરહુ શરતોનું સંપૂર્ણપણે પાલન કરવાની શરતે સોસાયટીને પુનઃજીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૫–૧–૧૯૯૭.

———

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તા. ૫–૨–૯૬ના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/૫–૨/૧૯૨/૯૬.

(૨) સોસાયટીના બહુમત સભ્યોના વહીવટ પરત લેવા અંગેની અરજી,

(૩) ફડચા અધિકારીશ્રી, ૨ લગત કચેરીના તા. ૨૯-૧૧-૯૬ ના રોજની દરખાસ્ત.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૯(ખ) ના જોગવાઇ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ક–૨/૬૦/૯૭.— ધી બાન્દુગ કો. ઓ. હા- સો. લી. જુના વાડજ, બસ સ્ટેન્ડ પાસે, વાડજ, અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનેયમ ૬૧ની કલમ–૯ અન્વયે નોંધણી નંબર ધ–૨૬૯૯ તા. ૧૨-૯-૬૭થી નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે. અને આમુખ–૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદર સોસાયટીના બહુમત સભ્યોની સંયુકત અરજી આમુખ–૨ના સંદર્ભથી તથા આમુખ–૩ના સંદર્ભથી ફડચા અધિકારી દ્વારા મળેલ દરખાસ્તને ધ્યાને લતા સોસાયટી જુના વાડજ, અમદાવાદના સરનામે નોંધાયેલ સોસાયટી છે અને સભ્યો લણા વખતથી વસવાટ કરે છે.

સોસાયટીમાં હાઉસીંગ ફાયનાન્સનું દેવું બાકી નથી. અને સોસાયટીના બહુમત સભ્યોએ સોસાયટીનો વહીવટ પરત મેળવવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતો જોતાં સોસાયટી જુની બંધાયેલ છે. અને સોશાયટીનં બહુમત સભ્યોની વહીવટ પરત મેળવવા અંગેની માંગણી તથા ફડચા અધિકારીનો અહેવાલ જોતાં સોસાયટીની કાર્યવાહી અંગે નીચે દર્શાવ્યા મુજબનો હુકમ કરવા મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું કે. એચ. શઠોડા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ મને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૯(ખ) અન્વયે મળેલ અધિકાર અને સત્તાની રૂએ ધી બાન્દુગ કો. ઓ. હા. સો. લી. રજી નં. ધ–૨૬૯૯ તા. ૧૨–૯–૬૭ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃ જીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનો ઓડીટ દર વર્ષે કરાવી લેવાનું રહેશે.

(૨) ફરીથી ઓડીટ ઇન્સ્પેકશનમાં સોસાયટી ફડચામાં લઇ જવા અભિપ્રાય થઇ આવ્યેથી દાદ ફરીયાદ સાંભળવામાં આવશે નહી.

(૩) સહકારી કાયદા કાનુન તથા પાયલોગ, એન્ડ સીલીંગ એકટ, જમીનના કાયદા તથા અન્ય લાગુ પડતા સંબંધિત તમામ કાયદા કાનુનનો સોસાયટીએ ચુસ્તપણે અમલ કરવાનો

સદરહુ શરતોનું સંપુર્ણપણે પાલન કરવાની શરતે સોસાયટીને પુનઃ જીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૫--૧–૧૯૯૭

———

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૧૦૫/ક-૨/૮૧/ધ-૧૭૭૯૯૯/૧૯૯૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ન્યુ અંબર કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાદને સને ૧૯૬૧ ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬–૧–૧૯૯૭.

———

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નવણુ/૪૧૦૫/ક–૨/૧૧૬ /ધ–૧૭૮૦૦ / ૧૯૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઉપાસના (નરોડા) કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭–૧–૧૯૯૭.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૧૪૬/ધ-૧/૯૩૪ તા. ૧૭/૪/૧૯૮૯.

(૨) ફડચા અધિકારી આબીદ ગ્રાહક સહ ભંડાર લી. અને સહકારી અધિકારી ફડચા-૨ ના તા. ૨૬/૮/૯૬ ના પત્ર ક્રમાંક : ફડચ/ક-૨/૧૪૭ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૬૭/૯૭.—ધી આબાદ ગ્રાહક સહ ભંડાર લી. ની નોંધણી ક્રમાંક ભ/૩૧૩૮ તા. ૧૧/૬/૮૦ થી નોંધાયેલ સહકારી મંડળી લી તેને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૭/૪/૮૮ ના હુકમ ક્રમાંક ફડચ/૧૪૬/ધ-૧/૯૩૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૭–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નવણુ/૪૧૦૬/ક–૨/૧૪૨ /ધ–૧૭૮૦૧ / ૧૯૯૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નિલમ પાર્ક (નરોડા) કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૨–૧–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નવણુ/૪૧૦૭/ક–૨/૨૦૮/ધ–૨૯૪૫૬ / ૧૯૯૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કિસાન એગ્રી. એન્ડ પ્રોસેસીંગ એન્ડ માર્કેટીંગ કો–ઓપ. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩–૨–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નવણુ/૪૧૦૮/ક–૨/૨૫૫ / ધ–૧૧૮૦૩/૧૦૦૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સેફ્રોન કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, ૧૦–૨–૧૯૯૭.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧–૨–૯૭ ના પત્ર ક્રમાંક ધરમ/૦૧/ખ/૧/૨૦૭/૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ક–૧૧૩૦૧ / ધ–૨ / ૧૫૨ / ૯૭–ધી ન્યુ રૂતુલ પાર્ક કો- ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૯ અન્વયે નોંધાયેલી સહકારી ગૃહ મંડળી છે, જેનો નોંધણી નંબર ધ–૯૩૦૪ તા. ૧–૧–૯૨ છે.

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડિયન હેઠળ હતી. અને આ આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ. ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. સહકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદાર / કસ્ટોડીયનની મહતમ અવધિ વિતી ગયેલ હોવા છતા સદર મંડળીનો વહીવટ કસ્ટોડિયન / વહીવટદાર પાસેથી

INDEX

સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતા નથી. તથા વહીવટદાર / કસ્ટોડીયન દ્વારા આ મંડળીઓના કામગીરી અસરકારક રીતે સંચાલિત થઇ શકેલ નથી, જેથી સંસ્થાને ફડચામાં લઇ જઇ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ. ની નિમણુંક કરવી મુનાસીફ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ શહેર અમદાવાદ મને મળેલ અધિકારીની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ ૧ અન્વયે ધી ન્યુ રૂતુલ પાર્ક કો. ઓ. હા. સો. લિ. અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ, હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ. અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઇ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આશે છે. આ સમયમાં રજુઆત નહી થાય તો આ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૩–૨–૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા: ૧–૨–૧૯૯૭ના પત્ર ક્રમાંક ધરમ/૦૧/મ.૧/૨૦૫/૧૯૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચા/ફ–૧૧૩૦૨/ધ–૨/૧૫૩/૯૭.—ધી કેતકી મધુ મંગલ કો. ઓ. હા. સો. લી., અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ–૬૨૧૦ તા. ૧૦–૧૨–૭૫ છે.

સદર મંડળી વહીવટદાર / કસ્ટોડીયન હેઠળ હતી, અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર / કસ્ટોડીયન મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન / વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતા નથી, તથા વહીવટદાર / કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઇ જઇ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા–૧/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. (શહેર), અમદાવાદની નિમણુંક કરવી મુનાસીફ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારીની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ (૧) અન્વયે ધી કેતકી મધુ મંગલ કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા–૧/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઇ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૩–૨–૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. ઓડીટર, સ. મં. (શહેર) અમદાવાદની કચેરીનો તા. ૨૨–૧૧–૯૫નો પત્રક્રમાંક:અષણ/૧૦૭/ખા.–અ/ગ–૩/૬૦૯૨/૯૫.

(૨) આ કચેરીની તા. ૧૦–૧–૯૬ ની કલમ–૧૦૭ની કારણ–દર્શક નોટીસ.

(૩) આ કચેરીની તા. ૭–૨–૯૬ તા. ૧૧–૩–૯૬ અને તા. ૨૪–૪–૯૬ના નોટીસો.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચા/ફ–૧૧૩૦૩ / ધ–૨ / ૧૫૪/૯૭.—ધી સ્વાશ્રય સેવા સહકારી મંડળી લી., અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજી. નં. ૨૩૨૫૨ તા. ૨૮–૧–૮૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીના ઓડીટ માટે નોટિસ–સમન્સ આપવા છતાં હોદ્દેદારોએ ઓડિટ ન કરવતાં સંદર્ભ–૧ના પત્રથી મંડળીને ફડચામાં લઇ જવાની ભલામણ થયેલ. જે અન્વયે આ કચેરીના સંદર્ભ–૨ની નોટીસથી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે અંગે રજુઆત કરવા જણાવતાં કોઇ રજુઆત થયેલ નહી. જેથી સંદર્ભ–૩ના પત્રથી રજુઆત કરવા જણાવેલ. જે અન્વયે સંસ્થાના હોદ્દેદારોએ તા. ૩૦–૩–૯૬ના

INDEX

રોજ રૂબરૂ હાજર થઈ જણાવેલ કે મંડળી પાસે કામ નથી. જ્યારે કોઈ કામ આવશે ત્યારે સભાસદ બહેનોને કામ આપવામાં આવે છે. મંડળી સમાજ સેવાનું કામ કરે છે. રજુઆત અન્વયે સંદર્ભ–૩ના તા. ૨૪–૪–૯૬ના પત્રથી મંડળીનું ઓડીટ દિન–૩૦માં કરાવી રજુઆત કરવા જણાવેલ. પરંતુ આજદિન સુધી મંડળી તરફથી કોઇ રજુઆત થયેલ નથી. જે જોતાં માનવાને કારણ રહે છે કે મંડળીએ ઓડીટ કરાવેલ નથી. સંસ્થા સ્થગિત છે. અને કાયદા કાનુન મુજબ વહીવટ ચાલતો નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

વચગાળાનો હુકમ

હું, કે. એચ. રાઠોડ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ ની ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી સ્વાશ્રય સેવા સહકારી મંડળી લી. અમદાવાદને ફડચા માં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને આ હુકમ બાબતે હુકમની તારીખથી દિન–૩૦માં રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો સમયમર્યાદામાં રજુઆત થાય અને વ્યાજબી નહી થાય તો ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવશે. તથા સહકારી કાયદાની કલમ ૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા–૧ લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૩–૨–૯૭.

વંચાણે થીધા :—

(૧) જીલ્લા સ્પે. ઓડીટર, સ. મં, (શહેર) અમદાવાદની કચેરીનો તા. ૨૦–૧–૯૭નો પત્ર ક્રમાંક અપણ/૧૬૦/ખા. અ/બ–૩/૩૬૪/૯૬.

(૨) આ કચેરીની તા. ૧૨–૪–૯૬ની કલમ–૧૦૭ની કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૧૧૩૦૪/૫–૨/૧૫૫/૯૭.—ધી ગુજરાત મેટલ બોક્ષ કર્મચારી કેડીટ સો. લી. અમદાવાદએ સહકારી કાયદા અન્વયે રજી. નં. ૧૭૫૩૪ તા. ૧૮–૯–૭૧થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીના ઓડીટર દ્વારા મંડળી ની મુલાકાત લેતાં ગુજરાત મેટલ બોક્ષ કંપનીના એકાઉન્ટન્ટ શ્રીએ તા. ૯–૧૧–૯૫ના પત્રથી જણાવેલ કે કંપની બે વર્ષથી બંધ છે. તથા કંપનીના કારીગરો કે જે આ સોસાયટીના સભ્ય છે. તેમને છુટા કરેલ છે. અને મંડળી સ્થગિત છે. જેથી સંદર્ભ ૧ના પત્રથી જીલ્લા સ્પે. ઓડીટરશ્રીએ મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરતાં સંદર્ભ–૨નં. આ કચેરીની કલમ–૧૦૭ની કારણદર્શક નોટીસ આપી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે બાબતની રજુઆત કરવા જણાવેલ પરંતુ આજદિન સુધીમાં કોઇ રજુઆત થયેલ નથી. જેથી મંડળી બંધ છે. અને પેટા નિયમ મુજબ વહીવટ ચાલતો નથી. તેમ માનવાને કારણે રહે છે. જેથી નીચે મુજબનો મુનાસીબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી ગુજરાત મેટલ બોક્ષ કર્મચારી કો. ઓ. ક્રેડીટ સોસા. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. મને આ બાબતે દિન–૩૦મા રજુઆત કરવા જણાવું છું, જો સમયમર્યાદા બાદ્ય અને વ્યાજબી રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ કરવામાં આવશે. તથા સહકારી કાયદાના કલમ–૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા–૨ લગત રજીસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરું છું.

અમદાવાદ, તા. ૧૩–૨–૯૭.

વંચાણે લધા :

(૧) જીલ્લા સ્પે. ઓડીટર, સ. મં. (શહેર) અમદાવાદના કચેરીનો તા. ૨૧–૧૨–૯૫નો પત્રક્રમાંક : અપણ/૧૩૪/ખા. અ./ગ–૩/૭૪૯૨/૯૫.

(૨) આ કચેરીની કલમ–૧૦૭ની તા. ૯–૪–૯૬ની કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૧૧૩૦૫/ધ–૨/૧૫૬/૯૭.— ધી સહયોગ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજી. નં. ૩૨૫૪થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીના ઓડીટ અર્થે નોટીસ સમન્સ આપવા છતાં ઓડીટ કરાવેલ નથી. અને મંડળીના હોદ્દેદારો સામે નામ. કોર્ટમાં કેસ નં. ૨૮૫૧/૯૫ તા. ૧૧–૧૨–૯૫ એ નોંધાવવા છતાં ઓડીટ ન કરાવતાં સંદર્ભ–૧ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરેલ. જે અત્રેની કચેરીએથી કલમ–

INDEX

૧૯૭૬ની સંદર્ભ–૨ મુજબ મંડળી નોટીસ આપી મંડળી કડચામાં કેમ ન લઈ જવી તે બાબતે રજુઆત કરવા જણાવેલ. છતાં મંડળીના હોદેદારો તરફથી આજદિન સુધી આ બાબતે કોઈ રજુઆત થયેલ નથી જેથી મંડળી સ્થગિત છે. મંડળીએ ઓડીટ કરાવેલ નથી. અને હોદેદારો મંડળીની પ્રવૃત્તિમાં રસ નથી. અને મંડળી કાયદા કાનુન અને પેટા નિયમ મુજબ ચાલતી નથી તેમ માનવાને પુરતા કારણો રહે છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મુ. (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી સહયોગ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લીમીટેડ અમદાવાદને કડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને આ બાબતે દિન–૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય અને વ્યાજબી રજુઆત નહિ થાય તો કડચાનો હુકમ કાયમ કરવામાં આવશે સહકારી કાયદાની કલમ–૧૦૮ અન્વયે મંડળીના કડચા અધિકારી તરીકે સહકારી અધિકારી કડચા–૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (શહેર) અમદાવાદની નિમણુંક કરું છું.

અમદાવાદ, તારીખ ૧૩–૨–૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની હાઉસીંગ શાખાનો તા. ૧૧/૪/૯૬નો પત્ર ક્રમાંક હા ૧૫/બ-૩/૬૬૪/૯૬

(૨) આ કચેરીની તા. ૭/૬/૯૬નો કલમ-૧૦૭ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇ

પ્રસ્તાવના

જા. નં. કડચ /૦૧ /ધ૨/ક–૧૩૦૬/૧૫૭/૧૯૯૭.—ધી મનુપાર્ક કો.–ઓપ. હા. સોસાયટી લી. દાણીલીમડા, અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે નોંધણી નં. છ-૪૩૬૭થી નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. સદર મંડળીના ૫ જીલ્લા વર્ષના બાકી ઓડીટ માટે નોટીસ સામન્ય આપવા છતાં ઓડીટ થઇ શકેલ નહી, અને મંડળીની રૂબરૂ મુલાકાત લેતાં મુળ સભ્યો સ્થળાંતર કરી ગયેલ તથા સોસાયટીમાં પાવર ઓફ એટર્ની હોલ્ડર રહેતા હોવાનું તથા સોસાયટીમાં કોઇ વ્યવસ્થાપક કમીટી કાર્યરત હોવાનું જણાવેલ. જેથી જીલ્લા રજી. ઓડીટર, સ. મં. (શહેર) અમદાવાદના તા. ૨–૧–૯૬ના પત્રથી સોસાયટીમાં કરોડોયનના નિમણુંક કરવા ભલામણ થયેલ. પરંતુ સોસાયટીના મકાનમાં પાવર ઓફ એટર્ની હોલ્ડર હોઇ સંદર્ભ-૧ના પત્રથી કડચાની કાર્યવાહીનો નિર્ણય લેવાતાં, સંદર્ભ-૨ની નોટીસથી મંડળીનો કડચામાં કેમ ન લઇ જવી તે બાબતમાં સોસાયટીને રજુઆત કરવા જણાવેલ. પરંતુ સદર નોટીસ 'નોટ ટોન' ના શેરાથી પરત આવેલ. જેથી માનવાને કારણ રહે છે કે સોસાયટીમાં વ્યવસ્થાપક કમીટી નથી. અને મંડળીનો વહીવટ કાયદા કાનુન મુજબ ચાલતો નથી. તથા ઓડીટ થયેલ નથી. નીચે મુજબનો મુનાસીબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી મનુપાર્ક કો. ઓ. સો. લી. અમદાવાદને કડચામાં લઈ જવાનો હુકમ કરું છું. અને સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના કડચા અધિકારી તરીકે સહકારી અધિકારી કડચા-૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદને નિમણુંક કરું છું આ હુકમ બાબતે દિન ૩૦મ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય અને વ્યાજબી રજુઆત નહી થાય તો કડચાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૧૩–૨–૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. ઓડીટર, સ. મં, (શહેર) અમદાવાદની કચેરીનો ચામુંડા કો. ઓ. હા. સો. લી, અમદાવાદનો કલમ–૨૦નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૦–૧–૯૬, તા. ૭–૨–૯૬, તા. ૮–૩–૯૬ની કલમ–૨૦ની નોટીસ.

(૩) ઇન્દીરાબેન વી. વાંચેલાની તા. ૪–૩–૯૬ના પત્રની રજુઆત.

(૪) આ કચેરીનો તા. ૭–૬–૯૬નો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. કડચ/૦૧/ક-૧૦૬૭/૧૫૮/૯૭.— ધી ચામુંડા કો. ઓ. હા, સો. લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજીસ્ટ્રર નં. ૫-૧૦૮૧૨ તા. ૫–૧–૮૫ની નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. સદર મંડળીએ સભ્યોને રહેઠાણ પુરા પાડવા જમીન મેળવવાની કોઇ પ્રવૃત્તિ કરેલ ન હોઇ, જીલ્લા

INDEX

રૂપે. ઓડીટરશ્રીના સંદર્ભ–૧ના પત્રથી મંડળીની નોંધણી કલમ–૨૦ અન્વયે રદ કરવા ભલામણ થયેલ. જે અન્વયે આ કચેરીની કલમ–૨૦ની સંદર્ભ–૨ની નોટીસોથી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી તે બાબતે રજુઆત કરવા મંડળીના હોદ્દેદારોને જણાવતાં સંદર્ભ–૩ના પત્રથી ઇન્દ્રાબેન વી. વાઘેલાએ જણાવેલ કે મંડળીએ ખાનગી રાહે જમીનનું બાનાખત કરેલ છે. પરંતુ મંડળીના સભ્યો પછાતવર્ગના અંધ મીલના કામદાર હોઈ નાણાં ભરી ન શકતાં બાનાખત રદ થયેલ છે. મંડળીએ સરકારશ્રીમાં જમીનની માંગણી કરેલ છે. મંડળીની સદરહુ રજુઆત અન્વયે મંડળીના સભ્યોના નામ સરનામાની ચકાસણી અંગે સંદર્ભ–૪ના પત્રથી વિગત મંગાવતાં મંડળી તરફથી આજદિન સુધી કોઇ રજુઆત થયેલ નથી. જેથી મંડળી કાયદા-કાનુન મુજબ કામ કરતી નથી. અત્રેની કચેરીએ જણાવેલ માહિતી અત્રે રજુ કરેલ નથી. અને સભ્યોને મકાનો આપવા માટે કોઇ નકકર કાર્યવાહી કરેલ ન હોઇ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

વચગાળાનો હુકમ

આથી હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી લી. (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી ચામુંડા કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આ બાબતે દિન ૩૦માં રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો સમય-મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ કરવામાં આવશે. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ–૧૦૮ અન્વયે સહકારી અધિકારી ફડચા–૨ લગત કચેરીના નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૩–૨–૧૯૯૭.

———

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રૂપે. ઓડીટર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદનો તા. ૨૭–૭–૧૯૯૫ નો પત્ર ક્રમાંક અપણ/ગ–૫/૩૬૨૭/૧૯૯૫.

(૨) આ કચેરીની કલમ ૧૦૭ ની, તા. ૨૫–૯–૧૯૯૫, તા. ૨૧–૧૦–૧૯૯૫ અને તા. ૨૦–૧–૧૯૯૬ની નોટીસ.

(૩) પરમહંસ નગર કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લિમિટેડના તા. ૧–૨–૧૯૯૬ના પત્રની રજુઆત.

(૪) આ કચેરીના તા. ૧–૩–૧૯૯૬ તા. ૪–૫–૧૯૯૬ અને તા. ૭–૬–૯૬ નો પત્રો.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચા/૬–૧૩૦૮/ધ–૨/૧૫૮/૧૯૯૭.—ધી પરમહંસ નગર કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદએ સહકારી કાયદા અન્વયે રજી. નં. ધ–૧૧૧૮૩, તા. ૨૩–૨–૧૯૮૪ થી નોંધાયેલ ગૃહ મંડળી છે. સદર મંડળીના અને ૧૯૯૩–૯૪ના ઓડીટ અન્વયે મંડળીએ પેટાનિયમના ઉદ્દેશ મુજબ કામગીરી કરેલ ન હોઇ કલમ ૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવા જીલ્લા રૂપે. ઓડીટર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદની કચેરી દ્વારા સંદર્ભ ૧ના પત્રથી ભલામણ કરવામાં આવતા, આ કચેરીના સંદર્ભ ૨-ની કલમ ૨૦ની નોટીસથી મંડળીની રજુઆત કરવા જણાવતાં સંદર્ભ-૩ના પત્રથી મંડળીએ રજુઆત કરેલ કે, સોસાયટીએ હાથીજણના સર્વે નં. ૩૪૮ની જમીન દસ્તાવેજથી ખરીદ કરેલ છે. અને પઝાત પણ મંજુર કરાવેલ છે. તથા એન.એ. વિગેરેની કાર્યવાહી હાલ ચાલુ છે. મંડળીની સદર રજુઆત અન્વયે અત્રેથી સંદર્ભ ૪ના પત્રથી મંડળીના સભ્યોના નામ, સરનામા અંગેની વિગત મોકલાવવા નોટીસ આપવા છતાં હજુ સુધી કોઇ રજુઆત કરેલ નથી. જેથી મંડળીની નોંધણીને ઘણા વર્ષો થવા છતાં સભ્યોને મકાનો પુરા પાડવામાં આવેલ નથી. તથા અત્રેની કચેરી દ્વારા જણાવેલી વિગતો જણાવવામાં વારંવાર કસુર કરેલ છે. અને માહિતી આપેલ નથી. જેથી મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિમાં રસ જણાતો નથી. અને પેટાનિયમ મુજબ કરજો બજાવવામાં મંડળીના હોદ્દેદારો નિષ્ફળ ગયેલ છે. તેમ માનવાને પુરતા કારણો રહે છે. જેથી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

વચગાળાનો હુકમ

હું, કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી પરમહંસ નગર કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું, તથા આ બાબતે દિન ૩૦માં રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય અને વ્યાજબી રજુઆત નહીં થાય તો ફડચાનો હુકમ કાયમ કરવામાં આવશે, મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ–૧૦૮ અન્વયે સહકારી અધિકારી ફડચા ૧ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદની નિમણુંક કરું છું.

અમદાવાદ, તા. ૧૪–૨–૧૯૯૭.

———

વંચાણે લીધા, :—

(૧) અત્રેની કચેરીના તા. ૩–૧૦–૧૯૯૬ના પત્ર ક્રમાંક:ધરમ/૦૧/ખ–૨/૧૭૭૦/૯૬.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

ન. ફડચ/ફ-૧૧૩૦૯/ધ–૨/૧૬૦/૯૭.–ધી પીન્કીપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ૬૯૭૭ તા. ૨૩-૧૧-૭૭ છે.

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડીયન હેઠળ હતી. અને આ મંડળીનાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર/કસ્ટોડીયન મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન/વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતાં નથી, તથા વહીવટદાર/કસ્ટોડયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જઈ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૦/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સમ/(શહેર) અમદાવાદની નિમણુંક કરવી મુનાસીફ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળા ! હુકમ

હું કે. એચ રાઠોડ, જીલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારોની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭(૧) અન્વયે ધી પીન્કીપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૦/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ. (શ) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહિ થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૩–૨–૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૫–૭–૧૯૯૬નાં પત્ર ક્રમાંક ધરમ/૦૬/ખ-૧/૧૨૪૪/૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ક-૧૧૩૧૦/ધ-૨/૧૬૧/૯૭.–ધી નૂરે એહમદી કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૯૭ તા. ૨૫–૭–૬૧ છે.

સદર મંડળી વહીવટદાર / કસ્ટોડીયન હેઠળ હતી. મને આ મંડળીનાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર / કસ્ટોડીયન મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન / વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતાં નથી. તથા વહીવટદાર / કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જઈ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૦/૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર સ.મ. (શહેર) અમદાવાદની નિમણુંક કરવી મુનાસીફ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ રાઠોડ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારોની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭(૧) અન્વયે ધી નૂરે એહમદી કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૦/૨ લગત જિલ્લા રજીસ્ટ્રાર સમ. (શ) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૩–૨–૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧–૬–૧૯૯૬ના પત્ર ક્રમાંક ધરમ/૦૬/ખ-૧/૯૬૦/૯૬.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ક-૧૩૧૧ / ધ-૨ / ૧૬૨ / ૯૭.— ધી ન્યુ જોગેશ્વરી કો. ઓ. હા. સો લી., અમદાવાદ એ ગુજરાત

INDEX

સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ–૭૦૭૨ તા. છે.

સદર મંડળી વહીવટદાર / કસ્ટોડીયન હેઠળ હતી. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર / કસ્ટોડીયન મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન / વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતા નથી, તથા વહીવટદાર / કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઇ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઇ જઇ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા–૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવી મુનાસીફ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. અને આ મંડળીનાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ ની જે તે કલમ નીચે વહીવટદાર મહત્તમ અવધિવિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતાં નથી, તથા વહીવટદાર/ઓડીટયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઇ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઇ જઇ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા / ૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવી મુનાસીબ જણાય છે જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી–ઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૧૦૭ અન્વયે સ્વયંભુ નારાયણનગર કો. ઓ. હા. સો. લિ., અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ્ટમ. (શ) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઇ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઇ જવાનો આંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૩૧–૩–૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા ૨૫–૩–૧૯૯૭ના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ–૧/૭૭૬/૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૨૨૪૨૦/ધ–૨/૪૧૧/૯૭.–ધી ચતુર્ભુજ દર્શન કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નમ્બર ધ–૨૭૫૦ છે

INDEX

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડીયન હેઠળ હતી. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર/કસ્ટોડીયન તરીકે અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન/વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતાં નથી તથા વહીવટદાર/કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જઈ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સ.મ. (શહેર) અમદાવાદની નિમણુંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) અન્વયે ધી ચત્રભુજ દર્શન કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સ. મ. (શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહી થાય તો આ મંડળી ફડચામા લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૩૧–૩–૧૯૯૭.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના તા. ૨૫–૩–૯૭ નપત્ર ક્રમાંક ધરમ/૦૧/ખ–૧/૭૬૯/૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચા/૬–૨૨૪૨૧/ધ–૨ / ૪૧૨–૯૭.–ધી પટેલ મીલ્સ એમ્પ્લો. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નો કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર શ/૩૭૪૩ તા. ૩૦–૬–૮૫ છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. અને પટેલ મીલ બંધ થતા આ મંડળી પણ બંધ થયેલ છે. મંડળીના હોદેદારો મળતા નથી. મીલ ફડચામાં ગયેલ હોઈ મીલમાં કોઇને પ્રવેશ કરવા દેવામાં આવતા નથી. હોદેદારો મળતા નથી. મંડળી સ્થગિત છે. અને વહીવટ સહકારી કાયદા કાનુન મુજબ ચાલતો નથી. અને મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલિત થઇ શકેલ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારીની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ– ૧૦૭ (૧) અન્વયે ધી પટેલ મીલ્સ એમ્પ્લ. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા–૨, લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઇ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહી થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવા અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૩૧–૩–૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નવણુ/૪૦૯૮/ક–૨ / ૫૦૪ / સે–૨૯૪૬૧/ સને ૧૯૯૭.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મ્યુ. સેન્ટ્રલ એમ્પ્લ. વર્કશોપ કો–ઓપ. ક્રેડીટ સોસાયટી લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨–૪–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નવણુ/૪૧૯૦ / ક–૨ / ૫૩૩ / ધ–૧૭૮૧૩/ ૧૯૯૭.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઇશ્વર ગ્રામ કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતનો કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો

INDEX

સને ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૯-૪-૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૧૩-૨-૧૯૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચા/ફ-૧૧૩૦૮/ધ-૨/૧૫૯/૧૯૯૭.

(૨) પરમહંસ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદની તા. ૩-૩-૧૯૯૭ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ની જોગવાઇમાં.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૦૮/ધ-૨/૪૩૨/૧૯૯૭.—ધી પરમહંસ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ધ-૧૧૧૮૩, તા. ૨૩-૨-૧૯૮૪થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. આ મંડળીએ ૧૯૮૪માં રજીસ્ટ્રેશન મેળવેલ અને ત્યારબાદ લાંબા સમય પસાર થયા છતાં સભ્યોને રહેઠાણની સગવડ પેટાનિયમ મુજબ પુરી પાડવામાં મંડળીના હોદ્દેદારો નિષ્ફળ ગયેલ સોસાયટીને ફડચામાં લઈ જવા જીલ્લા રૂપે. ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ તરફથી ભલામણ થતા અત્રેથી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી. તે બાબતે નોટીસ પાઠવી રજુઆત કરવા જણાવવા છતાં મંડળી તરફથી માંગવામાં આવેલ જરૂરી માહિતી પુરી પાડવામાં ન આવતા સંદર્ભ-૧ના હુકમથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરી દિન ૩૦માં રજુઆત કરવા જણાવતા, સંદર્ભ-૨ના પત્રથી મંડળીએ રજુઆત કરેલ કે મંડળીએ હાથ જણુના સર્વે નંબર ૩૪૮ પૈકી ૨૩૭૩૧ ચોરસ વાર જમીન રજીસ્ટર દસ્તાવેજથી ખરીદીને પ્લાન મંજુર કરાવેલ છે. અને મંડળીએ તા. ૩૧-૬-૧૯૯૪ સુધીનું ઓડીટ કરાવેલ છે. ઓડીટ વર્ગ બ છે. તથા આર્થિક રીતે નબળા વર્ગના દસ સભ્યો છે. જેમના નામ સરનામાં જણાવી મંડળી ફડચામાં જાય તો સભ્યો મકાનની સગવડથી વંચીત થાય તથા સભ્યોને પારાવાર નુકશાન થાય તેમ હોઈ મંડળીને ફડચામાં ન લઈ જવા ભલામણ કરેલ. પરમહંસ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તરફથી ઉપરોક્ત વિગતે થયેલ રજુઆતનામા મંડળીને ફડચામાં લઈ જવી ઉચીત જણાતી નથી. બાંધકામની કામગીરી તાત્કાલીક ચાલુ કરવાની શરતે મંડળી સામેની ફડચાની કાર્યવાહી મોકુફ રાખી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ, ધી પરમહંસ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીનો તા. ૧૩-૨-૧૯૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૩૦૮/ધ-૨/૧૫૯/૧૯૯૭ સોસાયટીની રજુઆતને ધ્યાને લઈ આથી રદ કરતો હુકમ કરૂં છું.

અમદાવાદ, તા. ૯-૪-૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના તા. ૨૯-૫-૯૫ના હુકમ ક્રમાક ફડચ/૦૧/ધ-૨/૬૭૧/૯૫.

(૨) સાંઇકૃપા કો. ઓ. હા. સો. લી., ના સભ્યોની તા. ૨૭-૬-૯૫ તથા તા. ૨૫-૩-૯૫ની મંડળા પુનઃજીવીત કરવાની અરજી ફડચ અધિકારીના તા. ૧૫-૪-૯૭ના પત્ર ક્રમાંક ફ-૧/૩૭થી થયેલ ભલામણ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૯(૫) ની જોગવાઇ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૪૫૩/૧૯૯૭.—ધી સાંઇકૃપા કો. ઓ. હા. સો. લી., તે સહકારી કાયદા અન્વયે રજી. નંબર ધ-૮૦૮૦ તા. ૧૬-૨-૮૦ થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળીને વંચાણે લીધેલ હવલા નંબર ૧ વાળા હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતી.

આ મંડળી વીકર સેકશનના લોકો માટે પ્રસ્થાપિત થયેલ હતી અને તેની અમદાવાદ ડી. બેંકની લોન તથા અન્ય લોન ડીસપ્રુયુડ બનેલ હતી. અને આ મંડળીને ફડચામાં લઇ જતાં ધી અમદાવાદ ડી. કો: ઓ. બેંક લી. તથા ધી ગુજ. સ્ટેટ કો. ઓપ. હા. ફા. કોર્પોરેશન લી. ની લોન બાબતે બીલ્ડર્સ ઓર્ગેનાઇઝર તથા છેવટના કસ્ટોડીયને વહીવટીય ગેરરીતિઓ કરેલ છે. જે બાબતે ઇલાયદી રીતે કલમ ૮૬/૯૩ની કાર્યવાહી ચાલુજ છે.

જે તે વખતે સભ્યોને છેવટના કસ્ટોડીયન શ્રી કે. આઇ. પટેલ તેમની મહત્તમ સમયમર્યાદામાં સભ્યોને વહીવટ સુપ્રત કરેલ નથી. સભ્યો વહીવટ પરત માંગતા છતાં આ કસ્ટોડીયને તેવા પ્રયત્નો કરેલ ન હતી. અને કસ્ટોડીયન તો કામગીરી અસરકારક રીતે સંકલીત થયેલ ન હતી. સબબ સભ્યોની વંચાણે

લીધેલ હવાલા નંબર ૨૧૩૭ સભ્યોની ફરિયાદ અધિકારીની ભલામણથી આવેલ અરજીઓ ધ્યાને લેતા ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૯ (ખ) અન્વયે નીચે મુજબ હુકમ કરવાનો મુનાસીક જણાય છે.

હુકમ

આથી હું નીચે સહી કરનાર શ્રી કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯(ખ) અન્વયે મળેલ અધિકારી તથા સત્તાની રૂએ ધી સાધકૃપા કો. ઓપ. હાં. સો. લી. ને પુનઃજીવીત કરવાનો નીચે દર્શાવેલ શરતોને આધીન હુકમ કરું છું.

શરતો :—

(૧) ધી અમદાવાદ ડી. કો. ઓમ. બેંક લી. તથા ધી ગુજ. સ્ટેટ હાઉ. કોર્પોરેશન લી.ની લોન બાબતે મંડળીએ કરેલ કેસોનો નિકાલ આજ્યેથી તે ચુકાદાઓને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

(૨) સદરહુ મંડળીની લોનો તથા વહીવટ બાબતે ડીસ્પુટ હોય તો કલમ–૮૬/૯૩ માટ નિમાયેલ ઇન્કવાયરી ઓફિસરીને સહકાર આપીને તે બાબતનો નિકાલ કરવાનો રહેશે.

(૩) મંડળીએ વખતો વખત સહકાર ખાતા દ્વારા થનાર ઓડીટ કરાવી લેવાના રહેશે.

(૪) મંડળીની હાલ ઉપલબ્ધ કોમન મીલ્કત બાબતે સત્યસાધ-કૃપા તથા સાઈકૃપા બને મંડળીએ જરૂરી પરામર્શ કરી સમજુતી કરાર કરવાના રહેશે. અને કોમન સેવાઓ બાબતે પણ બંને મંડળીએ સમાન વ્યવહારો કરવાના રહેશે.

(૫) મંડળીનું વહીવટ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિ-યમ–૧૯૬૧ તથા નિયમ ૧૯૬૫ તથા મંડળીના બાયલોઝ અનુસાર કરવાનો રહેશે.

અમદાવાદ, તા. ૧૭–૪–૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નવણ/૪૧૨૫/ક–૨/૫૯૮/૯૭ સે. ૨૯૪૬૪.— અત્રથી પ્રમાણપત્ર આપે છે કે, નિદ્ધિ સિદ્ધિ અમદાવાદ કો. ઓપ. ક્રડીટ સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકા સીટી જીલ્લા અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત ના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૮–૪–૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંવણ/૪૧૩૩/ક–૨/૫૯૯/૯૭.— સે. ચ–૪૬૫.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ઓમ લક્ષ્મી નાગરિક બચત સ. મં. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૯–૪–૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) શ્રી અહતાક જી. શેખ (એડવોકેટ)ની તા. ૨૯–૩–૧૯૯૭ નાં નોટીસ તથા ૮૭ થી ૯૧ નો ઓડીટમેમો

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૦૩ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૧/ધ–૨/૪૮૧/૯૭.— રાધાપાર્ક કો. ઓપ હાઉસીંગ સો. લી. ઘોડાસર અમદાવાદ તે જી. નંબર ધ–૧૦૨૯૩ તા. ૨૯–૧૨–૮૨થી નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. સદર મંડળીનું તા. ૧–૭–૮૭થી તા. ૩૦–૬–૯૧ સુધીનું ઓડીટ ઓડીટર ગ્રેડ–૨ સ. મ. ગ. જ. ૬ (શહેર) અમદાવાદ એ કરેલ હતુ. આ ઓડીટમેમોના ભાગ–૧માં જણાવ્યા મુજબ જમીન શહેરી ટોચ મર્યાદા અધિનિયમ–૧૯૭૬ અન્વયે કલમ ૨૬ હેઠળ એન.એ.સી. મળેલ તે રેવન્યુ ખાતાના તા. ૨૭–૩ ૮૪ના હુકમ ક્રમાંક યુ.એલ.સી. /૩૪૮૨/૭૮૯/૫૦/ધ–૩થી રદ કરવામાં આવેલ છે. અને એન.એ. પરમીશન પણ બાકી છે એન.એ સી. રદ થવાથી વેચાણ દસ્તાવેજ પણ કરવામાં આવેલ નથી. તેવુ ઓડીટમેમોમાં દર્શાવેલ છે આમ મંડળી જે હેતુ માટે નોંધવામાં આવેલ છે. તે હેતુ પણ બર આવેલ નથી. અને લાંબા સમયથી જમીનનુ બાનાખત બાદ બાંધકામ શરૂ કરેલ નથી. જેથી મંડળી તેના ઉદ્દેશો પાર પાડવામાં નિષ્ફળ ગયેલ છે. અને બાકી સભ્યો રાજીનામુ આપતા ૧૮ સભ્યો જ રહે છે.

વિશેષમાં આ જમીન બાબતે એડવોકેટ તરફથી મળેલ નોટીસમાં પણ આ જમીન અંગે દાવાદુવીઓ કોર્ટમાં ચાલે છે. સબબ આ મંડળી તેના ઉદ્દેશો મુજબ કામકાજ કરી શકે તેમ નથી. જેથી સદરહું મંડળી સહકારી કાયદા કાનુન તથા પેટા નિયમો મુજબ ચાલતી નથી. તેમ માનવાને પુરતા કારણો રહે છે. સબબ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

INDEX

વચગાળાનો હુકમ

આથી હું કે. એચ. રાઠોડ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ની કલમ ૧૦૩ અન્વયે મળેલ સત્તા ની રૂએ ધી રાધાપર્ક કો. ઓપ. હાઉસીંગ સો. લી. ઘોડાસર અમદાવાદ જેનો રજી. નંબર બ—૧૦૨૫૪૩ તા. ૨૯—૧૨—૮૨ છે તેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું. તથા સહકારી કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આર. આઇ. સૈયદ સહકારી અધિકારી ફડચા—૧ લગત આ કચેરીનાને નિમણુંક કરૂં છું. આ હુકમ જાહેરાત દિન—૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમયમર્યાદામાં વિરુધ્ધ રજુઆત નહીં થાય તો ફડચાનો હુકમ કાયમ કરવામાં આવશે,

અમદાવાદ, તા. ૩૦—૪—૯૭

બંધારણ લીધો :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૩—૨—૯૭નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૩૧૬/ધ-૨/૧૬૭/૯૭.

(૨) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ., અમદાવાદનો તા. ૨૫—૩—૯૭નો પત્ર ક્રમાંક ૧૪૭૦૧.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૧૬/ધ-૨/૫૦૬/૯૭.—ધી ઇન્ડીરાબાગ કો. ઓ. હા. સો. લિ., અમદાવાદને ઉકત સંદર્ભ—૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ અને સદર સોસાયટીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા—૨ ની નિમણુંક કરવામાં આવેલ. સંદર્ભ—૨ના પત્રથી ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ., અમદાવાદ તરફથી રજુઆત થયેલ કે સદર સંસ્થા પાસે હાઉસીંગ ફાઇનાન્સનું લેણું બાકી છે અને સભ્યો સામે દાવા કરી એવોર્ડ મેળવેલ છે જેથી તેમની સંસ્થાને સદર મંડળીમાં ફડચા અધિકારી તરીકે નિમણુંક આપવા વિનંતિ કરેલ છે. જે રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી ઇન્દીરાબાગ કો. ઓ. હા. સો. લિ., અમદાવાદના ફડચા અધિકારી તરીકે સહકારી ફડચા—૨ લગત આ કચેરીની નિમણુંક કરેલ, જેમાં ફેરફાર કરીને સદર સોસાયટીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિ., અમદાવાદની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તા. ૧—૫—૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણ/૪૧૮૫/ક-૨ / ૬૩૧ / ૯૭.—ધ/૧૭૮૧૩.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કર્મયોગ (સાબરમતી) કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧—૫—૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણ / ૪૧૩૪ / ક-૨ / ૬૩૨/૯૭/ ધ/૧૭૮૧૪.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી દેવદર્શન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧—૫—૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણ / ૪૧૪૬ / ક-૨ / ૬૩૩/૯૭/ સે./૨૯૪૩૬.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વૈષ્ણવ નાગરીક કો ઓપ. ક. એન્ડ સપ્લાય સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧—૫—૧૯૯૭.

કે. એચ. રાઠોડ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર) અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E



The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, FEBRUARY 1, 2001 / MAGHA 12, 1922 [No. 5

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	428--472
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	5
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	52—57
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2617—3169

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક ઉગપક/જાહેરનામું / ૧૪૧ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨ માં) નાં કલમ-૩૩ ની પેટા-કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો, તેનાથી અસર થતાં લાગતાં વળગતાં તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહું જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા સુચનો પોલીસ કમિશનર સાહેબ શ્રી, વડોદરા શહેરનાઓને લેખિતમાં મોકલવામાં આવશે. તો, તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

INDEX

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

અનુ. નંબર	રસ્તાનો રૂટ	ઝડપ કી. મી. માં
૧	મ્યુ. કોર્પો. હદ વિસ્તારમાં આવેલ માંડવી ચાર દરવાજાની અંદરના વિસ્તારમાં તમામ પ્રકારનાં વાહનો માટે સવાર ક્લાક ૦૭-૦૦ થી ૨૨-૦૦ સુધી.	૨૦ કિ. મી.
૨	પાણીગેટથી પાણીની ટાંકી ત્રણ રસ્તા પર વાઘોડીયા ચોકડી જકાત નાકા સુધી, પાણીની ટાંકીથી આજવા જવા રોડ પર આવેલ જકાત નાકા સુધી ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટ વ્હીકલ માટે. સદર રોડ ઉપર ભારદારી વાહનો માટે. ...	૨૦ કિ. મી.
૩	ગેંડીગેટથી મકરપુરા પો. સ્ટે. સુધી જતા આવતાં રોડ પર તમામ પ્રકારનાં વાહનો માટે.	૩૦ કિ. મી.
૪	ચાંપાનેર દરવાજાથી હરણી ગામ જકાત નાકા સુધી તમામ પ્રકારનાં વાહનો માટે.	૩૦ કિ. મી.

ઉપરોકત નં. ૧ થી ૪ માં જણાવેલ જાહેર રસ્તાઓ ઉપર વાહનોની ગતિ મર્યાદા ઝડપ નક્કી કરવા અંગે જુદા જુદા પ્રકારનાં વાહનો માટે લોકોને ભય અગર અગવડ ન પડે અને ટ્રાફિક નિયમન જળવાય તે હેતુસર વાહનોની ગતિ મર્યાદા રહેશે.

મેં, આજરોજ તારીખ ૨૩મી માહે જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક જાહેરનામું / ઉગપક/૧૪૨ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈનાં ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો. તેનાથી અસર થતાં લાગતા વળગતાં તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહું જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) ની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા સુચનો પોલીસ કમિશનર સા.શ્રી, વડોદરા શહેરનાઓને લેખિતમાં મોકલવામાં આવશે, તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

(૧) મ્યુ. કોર્પો.ની હદ વિસ્તારમાં આવેલ ગોત્રી મેઈન રોડ પર આવેલ ટી. બી. હોસ્પીટલ મુખ્ય પ્રવેશ દ્વારથી પૂર્વ તરફ આવેલ કમ્પાઉન્ડ વોલ પાસેથી પસાર થતા રોડનો ૨૦૦ મીટર વિસ્તાર. અને હોસ્પીટલનાં મુખ્ય પ્રવેશ દ્વારથી પશ્ચિમ દિશા તરફ પસાર થતા રોડનો ૨૦૦ મીટર વિસ્તારમાં.....

(૨) મ્યુ. કોર્પો.ની હદ વિસ્તારમાં આવેલ ભાઈલાલભાઈ અમીન હોસ્પીટલનાં મુખ્ય પ્રવેશ દ્વારની પૂર્વ તરફ હોસ્પીટલનાં કમ્પાઉન્ડ વોલ પાસેથી પસાર થતાં રોડનો ૧૦૦ મીટર વિસ્તારમાં.....

ઉપરોકત નં. ૧, ૨ હોસ્પીટલનાં દર્દીઓને ઘોંઘાટથી થતી પીડા નિવારવા ચોવીસ (૨૪) ક્લાક માટે જણાવેલ હોસ્પીટલ વિસ્તારમાં આવેલ રોડ પર તમામ પ્રકારનાં વાહન ચાલકોને હોર્ન કે તેવા અવાજ ઉત્પન્ન કરે તેવા સાધનોનો ઉપયોગ નહીં કરવા અંગે "શાન્તી વિસ્તાર" (સાયલન્સ ઝોન) વિસ્તાર રહેશે.

મેં, આજરોજ તારીખ ૨૩મી માહે જાન્યુઆરી, સને ૨૦૦૧નાં રોજ સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈના અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક જાહેરનામું/ ઉગપક / ૧૪૩ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈનાં ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતાં તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા સુચનો પોલીસ કમિશનર સા.શ્રી, વડોદરા શહેરનાઓને લેખિતમાં મોકલવામાં આવશે, તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

(૧) મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં આવેલ નરહરી હોસ્પીટલ પ્રવેશ દ્વારથી ફરતે આવેલ કંમ્પાઉન્ડ વોલ પાસેથી પસાર થતા રોડનો ૨૦૦ મીટરનાં રોડ વિસ્તારમાં.....

(૨) મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં આવેલ ફતેગંજ વુડા ઓફિસ પાછળ આવેલ "લેડી ઓફ પીલર" હોસ્પીટલ પ્રવેશ દ્વારથી ફરતે આવેલ કમ્પાઉન્ડ વોલ પાસેથી પસાર થતા રોડના ૧૦૦ મીટર રોડનો વિસ્તાર.....

(૩) મ્યુ. કોર્પો. હદ વિસ્તારમાં આવેલ જીવન ભારતી ચાર રસ્તા પાસે આવેલ "મેન્ટલ હોસ્પીટલ" પ્રવેશ દ્વારથી કમ્પાઉન્ડ વોલ પાસેથી પસાર થતા રોડનો ૩૦૦ મીટરનો વિસ્તાર એટલે કે, જીવન ભારતી ચાર રસ્તાથી મુકતાનંદ ત્રણ રસ્તા સુધી.

ઉપરોકત નં. ૧, ૨, ૩ હોસ્પીટલનાં દર્દીઓને ઘોંઘાટથી થતી પીડા નિવારવા ચોવીસ (૨૪) ક્લાક માટે જણાવેલ હોસ્પીટલ વિસ્તારમાં આવેલ રોડ ઉપર તમામ પ્રકારનાં વાહન ચાલકોને હોર્ન કે તેવાં અવાજ ઉત્પન્ન કરે તેવા સાધનોનો ઉપયોગ નહીં કરવા અંગે "શાન્તી વિસ્તાર" (સાયલન્સ ઝોન) વિસ્તાર રહેશે.

મેં, આજરોજ તારીખ ૨૩મી માહે જાન્યુઆરી, સને ૨૦૦૧ નાં રોજ સહી કરી સિક્કો મારેલ છે.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક ઉગપક / જાહેરનામાં / ૧૪૪ / ૨૦૦૧ .—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈનાં ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો, તેનાથી અસર થતાં લાગતાં વળગતાં તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટ માં અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી- દિન ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા-સુચનો પોલીસ કમિશનર સાહેબ શ્રી, વડોદરા શહેરનાઓને લેખિતમાં મોકલવામાં આવશે, તો તે અંગે યોગ્ય વિચારણામાં કરવામાં આવશે

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

અનુ. નંબર	રસ્તાનો રૂટ	ઝડપ કિ. મી. માં
૧	મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં આવેલ કારેલીબાગ, વી આઈ.પી. રોડ, માણેકપાર્ક ચાર રસ્તાથી, ઉત્કર્ષ ત્રણ રસ્તા પર ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટ વ્હીકલ, વાહનો માટે	૪૦ કિ. મી.
	સવાર કલાક ૦૭-૦૦ થી ૨૨-૦૦ સુધી ...	૩૦ કિ. મી.
	સદર રોડ પર ભારદારી વાહનો માટે. ...	
૨	મ્યુ. કોર્પો.ની હદ વિસ્તારમાં આવેલ સંગમ ચાર રસ્તાથી કિશનવાડી ગધેડા માર્કેટ થઈ મહાવીર હોલ થઈ વાઘોડીયા રોડ, ઉમા ચાર રસ્તા સુધી.	૪૦ કિ. મી.
	ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટ વાહનો માટે ...	૩૦ કિ. મી.
	સદર રોડ પર ભારદારી વાહનો માટે	
૩	સંગમ ચાર રસ્તાથી મુકતાનંદ ત્રણ રસ્તા સુધી ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટ વ્હીકલ માટે સવાર કલાક ૦૭-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી.	૪૦ કિ. મી.
	સદર રોડ પર ભારદારી વાહનો માટે ...	૩૦ કિ. મી.

ઉપરોકત નં. ૧ થી ૩ માં જણાવેલ રસ્તાઓ ઉપર વાહનોની ગતિ-મર્યાદા ઝડપ નક્કી કરવા અંગે જુદા જુદા પ્રકારનાં વાહનોથી લોકોને ભય અગર અગવડ ન પડે અને ટ્રાફિક નિયમન જળવાય તે હેતુસર વાહનોની ગતિ મર્યાદા રહેશે.

મેં, આજરોજ, તારીખ ૨૩મી માહે જાન્યુઆરી, ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક ઉગપક/જાહેરનામા / ૧૪૫ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા, પોલીસ કમિશનર, વડોદરા શહેર મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં મ્યુ. કોર્પો. દ્વારા નવો ભીમનાથ બ્રીજ રોડ બનાવવામાં આવેલ છે. આ નવા ભીમનાથ રોડથી અકોટા તરફ જતા લોકોને ભય અગર અગવડતા ના પડે અને વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુસર નીચે મુજબનાં નિયમ કરું છું.

(૧) ભીમનાથ બ્રીજ રોડથી જેતલપુર ગરનાળા થઈ અકોટા તરફ જતા તમામ વાહનો પર સવાર કલાક ૦૯-૦૦ થી ૧૨-૦૦ અને સાંજે કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ સુધી નિયંત્રણ મુકવામાં આવે છે. અને ભીમનાથ બ્રીજ રોડથી જામવાડી ઝુંપડપટ્ટી થઈ પરશુરામનગર થઈ સુભાષનગર ઝુંપડપટ્ટી થઈ દિનેશ મીલ અકોટા રોડ થઈ (ભારદાર વાહનો સિવાયનાં) વાહનો પસાર થઈ શકશે.

(૨) સવાર કલાક ૦૯-૦૦ થી ૧૨-૦૦ સુધી અને સાંજનાં કલાક ૧૭-૦૦ થી ૨૦-૦૦ સુધી ભીમનાથ રોડ થઈ પરશુરામ-નગર ત્રણ રસ્તા પર આવતાં ટ્રાફિકે ફરજિયાતપણે ડાબી બાજુ વળવાનું રહેશે.

મેં, આજરોજ તારીખ ૨૩મી માહે જાન્યુઆરી, ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઉ/ગપક/એસ.બી./જાહેરનામું/૪/૨૦૦૧.—સુરત શહેરમાં હાલમાં ચાલતા હીરાના કારીગરોના ભાવ ઘટાડાના આંદોલન અનુસંધાને તથા વીજળી ભાવ અંગે-ગ્રે કાપડ ઉત્પાદક સંઘ અને વિવર્સોની પ્રવૃત્તિ ધ્યાનમાં લઈ સુરત શહેરના નીચે જણાવેલા પોલીસ સ્ટેશનના તેના સામે જણાવેલ વિસ્તારોમાં કોઈ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરના પોલીસ કમિશનરની હકૂમત હેઠળના નીચે જણાવેલા પોલીસ સ્ટેશનના નામ સામે જણાવેલ વિસ્તારોમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

INDEX

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, આથી ફરમાવું છું કે, નીચે જણાવેલ પોલીસ સ્ટેશનના નામ સામે જણાવેલ વિસ્તારોમાં ચાર કરતાં વધુ માણસો એકઠા થવા તથા રાભા સરઘસ ભરવા અંગે તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી દિન ૧૫ માટે એટલે કે તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અનુ. નંબર	પોલીસ સ્ટેશનનું નામ	વિસ્તાર
૧	ચોકબજાર પો. સ્ટે. વિસ્તાર	વેડ રોડ ચોકી, ઉધના ચોકીનો સમગ્ર વિસ્તાર વેડ દરવાજાથી વાળીનાથ ચોક સમગ્ર વિસ્તાર.
૨	ચોકબજાર પો. સ્ટે.તથા કતારગામ પો. સ્ટે બોર્ડર વિસ્તાર	કેશવપાર્ક, જલારામનગર, રામજીનગર, બેચરનગર, વિહારનગર, પ્રાણનાથનગર, વિરામ નગર.
૩	કતારગામ પો. સ્ટે. વિસ્તાર	પારસચોકી, કોમ્યુનીટીચોકી, જની જીઆઈડીસી ચોકી, નવી જીઆઈડીસી ચોકીનો સમગ્ર વિસ્તાર, કતારગામ દરવાજાથી આનાથ આશ્રમ સર્કલ સુધી જે રામ મોરાની વાડી સુધીનો વિસ્તાર.
૪	કતારગામ પો. સ્ટે. તથા મહિધરપુરા પો. સ્ટે.	ગોટાલાવાડી થઈ બી. સીસીવીંગ-સેન્ટર થઈ વસ્તાદેવડી ત્રણ રસ્તા થઈ ગાયત્રી મંદિર સુધીનો સમગ્ર રોડ.
૫	વરાછા પો. સ્ટે. વિસ્તાર	વરાછા મેઈનરોડ, ખાંડબજાર ગરનાળાથી બરોડા પ્રિસ્ટેજ સુધીનો વિસ્તાર, પ્રાસની વાડી, પટેલનગર ફાટક, ઉમીયા મંદીરનો ચોક, સવાણી એસ્ટેટ, મહાદેવનગર, મહાદેવનગર, માતાવાડી ચોક, કમલપાર્ક, સોસાયટી સામે મેઈનરોડ સુધીનો વિસ્તાર.
૬	કાપોદ્રા પો. સ્ટે. વિસ્તાર	ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, રચના સોસાયટી પુણાગામ, અક્ષર ડાયમંડ, સ્નેહમુદ્રા, ડાયમંડ, કપુરવાડી ડાયમંડ, મોહનબાગ ડાયમંડ ખોડીયારનગર આર. કે ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ.

અપવાદ :

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળનું.

ક્રમાંક ઉ-ગપક / વર્શા / એસ.બી. / જાહેરનામું /૫ / ૨૦૦૧.— સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતા હોવાથી વાસ્તે હું, વિનયકુમાર ગુપ્તા, આઇ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ માંની પેટા-કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૧ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું :-

(ક) શસ્ત્રો દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની.;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની ;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો, આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિનો અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી ભાષણ આપવાથી અથવા નિશાની, ચિત્રો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.— સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :-

૧. સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને;

૨. પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીઓએ જેને આશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની સજા કે દંડની રકમને મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજરોજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :—

આ કચેરીના પત્ર નં. ડી / એમએજી/૧/હોટલ જા.ના. ૨-૯૦ લગત નં. : ડી / એમએજી / પીઓએલએમ, તારીખ ૨૨મી જુન, ૧૯૯૦ થી બહાર પાડેલ જાહેરનામું.

સુધારો

નંબર ડી/એમએજી / ૨/ હોટલ/ વશી.— આ કચેરીના આમુખમાં દર્શાવેલ જાહેરનામાથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ખંડ ડબલ્યુ. અને વાય. હેઠળની જોગવાઈઓ મુજબ સને ૧૯૮૯ ની જાન્યુઆરી માસની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે સને ૧૯૮૯ ના આહારગૃહોના નોંધણી (રજિસ્ટ્રેશન) બાબતના નિયમો બહાર પાડવામાં આવેલ છે. સબબ સદરહુ આહાર ગૃહો માટેના પરવાના આપવા અંગેના અધિકારો પરંપરાગત રીતે બનાસકાંઠા જિલ્લામાં જે તે વિભાગના પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ ધરાવતા હોઈ સદરહુ આહારગૃહો માટેના નોંધણી પ્રમાણપત્ર લેવાના અંગેના નિયમોના નિયમ-૧ માં પેટા નિયમ (૬) ઉમેરવા આથી સુધારો કરવામાં આવે છે.

નિયમ : ૧ (૬) આહાર ગૃહો ખોલવા / ચલાવવા માટે નોંધણી પ્રમાણપત્ર આપનાર તથા આપેલ નોંધણી પ્રમાણપત્ર તાજુ કરી આપનાર પ્રાધિકારી સબંધિત વિભાગના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ રહેશે.

સદરહુ સુધારો સને ૧૯૮૯ ના જાન્યુઆરી માસની ૧લી તારીખથી અમલમાં ગણાશે.

પાલનપુર, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૧.

એમ. કે. દાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૪૦૩.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું આર. બી. કશ્યપ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો"

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

આર. બી. કશ્યપ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું

નંબર મકય/પલસ/મજસ/વશી-૧૩૯/૧૯૪:—આગામી તારીખ ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી થનાર છે. સદર રાષ્ટ્રીય તહેવારની ઉજવણી સંદર્ભના કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એચ. કે. કટારા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૩મી જાન્યુઆરી ૨૦૦૧ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૧ (બંને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ જ્વલનકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં, એકઠા કરવા નહી, તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા શબો

INDEX

અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહીં.

(ધ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પ્રતિકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહી બતાવવા નહી અથતા તો તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરથી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી-લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૨૨મી જન્યુઆરી ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજિ. ૨ / ૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી પ્રજાસત્તાક દિન, તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૨મી જન્યુઆરી, ૨૦૦૧ થી તારીખ ૩૧મી જન્યુઆરી, ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલાં કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો, અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠાં કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પ્રતિકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેમણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી ઝલઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૮મી જન્યુઆરી, ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર એમ. ઈ. ડી. / કોલેરા / વશી / ૧૬૪ / ૨૦૦૧.—કરજણ તાલુકાના કરજણ ગામે કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કિ. મી. ના વિસ્તારને કોલેર ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક ઈએમઓ / કોલેરા / જાહેરનામું / ૧૧ થી ૧૪, તારીખ ૧૫મી જન્યુઆરી, ૨૦૦૧ થી અત્રે નિવેદન કરેલ છે.

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે, ૧૯૫૬ ના મુંબઈ સરકારશ્રી ના એકસ્ટ્રા ઓર્ડી નરી ભાગ-૪ માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કરજણ તાલુકાના કરજણ ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી, કરજણને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે, તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૫મી જન્યુઆરી, ૨૦૦૧.

અનીલ મુકીમ,
કલેકટર, વડોદરા.

INDEX

જાહેરનામું

નંબર સીએચ/સીટીએસ./વશી-૧૩૭/૨૦૦૧.—ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડઝ, વલસાડ, મુકામ જલાલપોર, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના (૧) મોજે ભીલાડ (૨) સોળસુંબા ગામના કસ્બાના રેવન્યુ સર્વે નંબર સીટી સર્વે લીમીટમાં દાખલ કરવા દરખાસ્ત કરી છે. જે ધ્યાને લઈ,

હું, પંકજ કુમાર, આઈ.એ.એસ., કલેકટર, વલસાડ, તે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૨૬ હેઠળ મને મળેલી સત્તાની રૂએ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ-અમાં જણાવ્યા મુજબના ઉમરગામ તાલુકાના (૧) મોજે ભીલાડ (૨) સોળસુંબા ગામના રેવન્યુ સર્વે નંબર સીટી સર્વે લીમીટમાં દાખલ કરવા નકકી કરૂ છું.

વલસાડ, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૧.

પંકજ કુમાર,
(આઈ.એ.એસ.)
કલેકટર, વલસાડ.

ભાગ–૧

અસાધારણ રાજપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે).

તારીખ ૪, ૧૧, ૧૮, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૧ ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૨૦૧ / ૧૫-૧૨-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨	૨૦૨ / ૧૨-૧૨-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિઆદ.
૩	૨૦૩ / ૨૦-૧૨-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ
૪	૨૦૪ / ૨૦-૧૨-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિમતનગર.

INDEX

૧	૨	૩
૫	૨૦૫ / ૨૦-૧૨-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૬	૨૦૬ / ૨૧-૧૨-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૭	૨૦૭ / ૨૧-૧૨-૨૦૦૦	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૮	૨૦૮ / ૨૭-૧૨-૨૦૦૦	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૯	૨૦૯ / ૨૭-૧૨-૨૦૦૦	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ.
૧૦	૧ / ૧-૧-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૧	૨ / ૧-૧-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૨	૩ / ૧-૧-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૩	૪ / ૧-૧-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૪	૫ / ૧-૧-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૫	૬ / ૨-૧-૨૦૦૧	ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, સુરત.
૧૬	૭ / ૨-૧-૨૦૦૧	કલેકટર, પંચમહાલ, ગોધરા.
૧૭	૮ / ૨-૧-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૮	૯ / ૫-૧-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૯	૧૦ / ૬-૧-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૦	૧૧ / ૯-૧-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અને અધિક કલેકટર, સાબરકાંઠા.
૨૧	૧૨ / ૯-૧-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિમતનગર.
૨૨	૧૭ / ૧૭-૧-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. 5 *Gujarat Government Gazette*, Part-I, dated 1st February, 2001 and for pages VAD-121 to VAD-157 (in 1 set) *read* page No. 436 to 472.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૫ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું, અને પાના વીએડી-૧૨૧ થી વીએડી-૧૫૭ (૧-બંચમાં) ને પાન નંબર ૪૩૬ થી ૪૭૨ વાંચવા.

Vadodara, 1st February, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) મદદનીશ સહકારી અધિકારીશ્રીનો તારીખ ૧૬મી મે, ૧૯૯૪ નો અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ-૦૧-ધ-૧૯૪૪-૯૪, તારીખ ૩૦મી મે, ૧૯૯૪.

(૩) શ્રી વિસનગર તાલુકા ફળ અને શાકભાજીના ઉત્પાદકોની સહકારી મંડળી લિ., મુ. વિસનગર, તા. વિસનગર તરફથી ૧૭મી જુન, ૧૯૯૪ તેમજ તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪ ના રજૂઆત પત્રો.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૩૬૦૬/૯૪.—થી વિસનગર તાલુકા ફળ અને શાકભાજીના ઉત્પાદકોની સહકારી મંડળી લિ., મુકામ-તાલુકા : વિસનગર એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નં. : સે-૧૮૭૩૧, તારીખ ૨૬મી જુન, ૧૯૮૬ થી નોંધાયેલ સહકાર સંસ્થા છે. (જેને હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.) સદર મંડળ તેના મુખ્ય ઉદ્દેશો તેમજ પેટા-નિયમ મુજબ કામગીરી કરતાં ન હોવાનું અત્રેની કચેરીના ધ્યાને આવતા અત્રેની કચેરીના મદદનીશ સહકાર અધિકારીએ સદર મંડળીની મુલાકાત લઈ રજૂ કરેલ અહેવાલ તેમજ મંડળના અન્વેષણ મેમાની સમીક્ષા કરતાં નીચે મુજબ ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી તેના પેટા નિયમ તેમજ ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી. તેમજ મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીએ ઓડિટ મેમાની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૩) મંડળીએ પોતાના નાણાં વિસનગર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ. ના વ્યવહારોમાં વાપરેલ છે આવા વ્યવહારો અંગે સહકારી કાયદા મુજબ કોઈ મંજુરી મેળવેલ નથી.

(૪) મંડળીમાં કોઈ કર્મચારી ન હોવાથી કોઈ પ્રવૃત્તિ હાથ ધરી શકાએલ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક સમિતિની બેઠક પેટા નિયમ મુજબ મળતી નથી, આમ હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

ઉપરોકત વિગતોની સમીક્ષા કરી મંડળીને આમુખ-૨ માં દર્શાવિલ કારણદર્શક નોટિસથી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી, તે અંગે રજૂઆત માટે તક આપવામાં આવેલ, પરંતુ હોદ્દેદારો તરફથી રજૂઆતના કોઈ કારણો રજૂ થયેલ નથી અને વારંવાર રજૂઆત માટે મુદત માંગેલ છે. આમ હોદ્દેદારો તરફથી નોટિસનો જરૂરી બચાવ થયેલ નથી કે બચાવમાં કોઈ રજૂઆત કરેલ નથી. જે દર્શાવે છે કે મંડળી સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો મુજબની કામગીરી કરતી બંધ થઈ ગયેલ છે. કાયદાકીય જોગવાઈઓનો અમલ કરેલ નથી. તેમજ ઓડિટની ક્ષતિઓના વાસ્તવિક દુરસ્તી કરેલ નથી. તેમ છતાં મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરવામાં આવે તો પણ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ મંડળીને બચાવ માટે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસ સુધી પુરતી તક મળી રહે છે. જેથી ઉપરોકત વિગતોને ધ્યાને લઈ મંડળી તેમજ સભાસદોના હિતમાં આ મંડળીને આટોપી લેવાનું આવશ્યક અને જરૂરી જણાય છે, જેથી મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો વચગાળાનો હુકમ કરું છું.

વચગાળાનો આદેશ

શ્રી વિસનગર તાલુકા ફળ અને શાકભાજીના ઉત્પાદકોની સહકારી મંડળી લિ. મુકામ-તાલુકો : વિસનગર, જિલ્લો મહેસાણાને નોંધણી નં. : સે-૧૮૭૩૧, તારીખ ૨૬મી જુન, ૧૯૮૬ થી નોંધવામાં આવેલ છે, તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)(ક, ખ, ગ,) (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી (ફડચા-૧) હસ્તક જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે ઉભરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીનો તારીખ ૧૬મી મે, ૧૯૯૪ થી રજૂ કરેલ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટિસ ક્રમાંક : ફડચ-૦૧-ધ-૧૯૪૫-૯૪, તારીખ ૩૦મી જુન, ૧૯૯૪.

(૩) મંડળી તરફથી આવેલ તારીખ ૧૭મી જુન, ૧૯૯૪ તેમજ તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪ ના પત્રો.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૨૬૦૬/૯૪.—શ્રી વિસનગર તાલુકો કો-ઓપરેટીવ એગ્રો. પ્રોડયુસ પ્રોસેસીંગ એન્ડ સેલ્સ સોસાયટી લિ., મુકામ : વિસનગર, તાલુકો : વિસનગર, જિલ્લો : મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈ અન્વયે નોંધણી નં. : ૩૯૦૭, તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરેલ છે.) સદર મંડળી તેના પેટા નિયમ તેમજ ઉદ્દેશો મુજબ કામ ન કરતી હોવાનું અત્રની કચેરીના ધ્યાને આવતાં અત્રે ની કચેરીના મદદનીશ સહકારી અધિકારીએ મંડળીની મુલાકાત લઈ તારીખ ૧૬મી મે, ૧૯૯૪ થી અહેવાલ કચેરીમાં રજૂ કરતાં તેમજ સંસ્થાના થયેલ ઓડિટ મેમોની સમીક્ષા કરતાં નીચે મુજબની ક્ષતિઓ જણાઈ આવેલી છે.

(૧) મંડળી તેના પેટા નિયમ મુજબ તેમજ ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી.

(૨) મંડળીના ઓડિટ મેમાની ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી કરી અમલ થતો નથી.

(૩) મંડળીના પેટા નિયમ-૩૬ (૧) મુજબની જોગવાઈ મુજબ વ્ય. કમિટીમાં ચૂંટાવાપાત્રતાની લાયકાત કોઈ કમિટી સભ્ય ધરાવતા નથી.

(૪) મંડળીનું કામકાજ સ્થગિત અવસ્થામાં છે.. મંડળી રોજ-બરોજની કામગીરી માટે કોઈ કર્મચારી નથી તેમજ કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

ઉપરોકત સ્થિતિને ધ્યાનમાં લઈ આમુખ-૨ માં દર્શાવિલ, મંડળીને ફડચામાં લઈ જવા અંગેની કારણદર્શક નોટિસ મંડળીના કાર્યવાહકોને પાઠવી યોગ્ય તક આપવામાં આવેલ, પરંતુ કાર્યવાહકો તરફથી એક યા બીજા કારણે મુદત માંગી ઉપરોકત મુદ્દાઓ સબબ રજૂઆત

INDEX

કરવામાં કાર્યવાહકો નિષ્ફળ ગયેલ છે. જેથી મંડળી સ્થગિત અવસ્થામાં છે, તે સ્પષ્ટ દેખાઈ આવે છે. મંડળીએ પેટા નિયમ તેમજ ઉદ્દેશો મુજબની કામગીરી કરી નથી. મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે તો પણ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ આ આદેશ નીકળ્યા તારીખથી એક માસની મુદત બચાવ તેમજ રજૂઆત કરવા માટે મળી રહે છે. જે લક્ષમાં લઈ ઉપરોકત કારણોને અનુલક્ષીને મંડળી તેમજ સભાસદોના હિતને લક્ષમાં લઈ મંડળી આટોપી લેવાનું આવશ્યક અને જરૂરી જણાતાં મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો વચગાળાનો હુકમ કરું છું.

વચગાળાનો આદેશ

શ્રી વિસનગર તાલુકા કો-ઓ એગ્રો. પ્રોડયુસ પ્રોસેસીંગ એન્ડ સેલ્સ સોસાયટી લિ. મુકામ : વિસનગર, તાલુકો : વિસનગર એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નં. ૩૯૦૭, તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૭ થી નોંધાયેલ છે, તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭-(૧), (ક, ખ, ગ) (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારીશ્રી (ફડચા-૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪.

———

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીની કા. દ. નોટીસ ક્રમાંક ફડચ-૦૧-૫-૨૫૩૭-૯૪ તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૪.
(૨) મંડળીનો તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ નો ઓડીટ અહેવાલ.
(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૬૦૮/૧૯૯૪:—શ્રી અંબિકા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુકામ સાતુસણા, તાલુકા વિસનગર એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઉ-૧૦૯૪૧ તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.) સદર મંડળીના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ સુધીના ઓડીટ અહેવાલની સમીક્ષા કરતાં નીચે મુજબની ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંળી તેના પેટા નિયમ મુજબ તેમજ ઉદ્દેશો મુજબ કામ કરતી નથી.
(૨) મંડળીના તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના સરવૈયા મુજબ મંડળીનું સ્વકીય ભંડોળ ખોટમાં વપરાઈ ગયેલ છે. જેથી મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી તેમજ આર્થક્ષમ બની શકે તેવા સંજોગો નથી.
(૩) મંડળીના પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટિની બેઠકો મળતી નથી.
(૪) મંડળી ઓડીટ મેમાની વાસ્તવિક દુરસ્તી નથી થતી તેમજ ખોટ વધતી જાય છે.
(૫) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉપરોકત વિગતો ધ્યાનમાં લઈ મંડળીના કાર્યવાહકોને આમુખ ૧૫ દર્શાવેલ કારણદર્શક નોટીસ પાઠવી રજૂઆત કરવાની તક આપવામાં આવી હતી તેમ છતાં તેઓ તરફથી આ અંગે કોઈ રજૂઆત આવેલ નથી જેથી મંળીના લોદૃદારોને મંડળી ચલાવવામાં રસ નથી તેવું ફલિત થાય છે. આમ મંડળી સ્થગિત છે, ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી, મંડળીનું સ્વકીય ભંડોળ ખોટમાં વપરાઈ ગયેલ છે જેથી આર્થક્ષમ બની શકે તેમ નથી તેમજ મંડળીને ફડચામાં લઈ જવાનો લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે તો પણ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદત બચાવ માટે મળી રહે છે, આમ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ બચાવની પૂરતી તક મળી રહે છે. આમ ઉપરોકત હકીકત ધ્યને લેતા મંડળી તથા સભાસદોના હિતમાં મંડળી આટોપી લેવાનું આવશ્યક અને જરૂરી જણાય છે, જેથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો નીચે મુજબનો હુકમ કરું છું.

વચગાળાનો આદેશ

શ્રી અંબિકા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુકામ સાતુસણા તાલુકો વિસનગર જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ઉ-૧૦૯૪૧ તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૨ ની નોંધવામાં આવેલ છે-તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ક,ખ,ગ)(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારીશ્રી ફડચા (૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૪.

———

(૧) મદદનીશ સહકારી અધિકારીનો તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૪ નો તપાસણી અહેવાલ કરવાની નોંધ.
(૨) મંડળીનો તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ સુધીના અન્વેષણની અન્વેષણ નોંધ.
(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-૨૫૩૯-ધ-૯૪ તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૪.
(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના.

ક્રમાંક ફડચ-૦૧-૨૬૦૯-ધ-૧૯૯૪.—શ્રી દેણપ ગામની પિયત વિસ્તારમાં પાણી વહેચણી માટેની સહકારી મંડળી લી.મુ. દેણપ તાલુકા વિસનગર જિલ્લા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી

INDEX

અધિનિયમ, ૧૯૬૧ના અન્વયે નોંધણી નંબર ખ-૨૧૯૩ તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે આ મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સુધીનું અન્વયે કરવામાં આવેલ છે તેમજ મંડળીની તપાસણી અત્રેની કચેરીના મદદની સહકારી અધિકારી તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૪ના રોજ કરવામાં આવેલ ઉપરોકત તપાણી દરમ્યાન તથા અન્વેષણ નોંધમાં નીચે મુજબની ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી પેટા નિયમ મુજબ તેમજ ઉદ્દેશો મુજબ કામ કરતી બંધ થઈ ગયેલ છે.
(૨) મંડળી છેલ્લા બે વર્ષથી નાડિસ વર્ગ "ડ" ધરાવે છે.
(૩) મંડળીની ૧૯૯૨-૯૩ના વર્ષથી વાર્ષિક સાધારણ સભા મળેલ નથી જે દર્શાવે છે કે મંડળીને સભાસદો તેમજ વહીવટ કર્તાઓને મંડળી ચલાવવામાં રસ નથી.
(૪) મંડળીના સ્વકીય ભંડોળ કરતાં ખોટ પાંચ ગણી છે જેથી સંસ્થાની આર્થિક સ્થિતિ અર્થક્ષમ નથી.
(૫) ઓડીટરશ્રીએ તેમના ઓડીટ મેમોમાં આ મંડળી સ્થગિત હોઈ ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

ઉપરોકત સ્થિતિને ધ્યાનમાં લઈ આ મંડળીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી તે અંગેની અત્રેની કચેરી દ્વારા આમુખ-૩માં દર્શાવેલ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. પરંતુ કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત થયેલ નથી. તેમજ મંડળીએ રજૂઆત માટે કોઈ મુદત માગેલ નથી તે છતાં આ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરવામાં આવે તો પછી આ મંડળીના કાર્યવાહકોને આ હુકમ નીકળ્યાની તારીખથી એક માસની અંદર મુદત રજૂઆત માટે મળી રહે છે આમ આ મંડળીને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવની પૂરતી તક મળી રહે છે તેમ છતાં પ્રસ્તાવનામાં જણાવેલ કારણોને ધ્યાને લેતાં આ મંડળીના વ્યવસ્થાપકોને મંડળીના વહીવટમાં રસ નથી તેમજ આ મંડળી અર્થ-ક્ષમ થઈ શકે તેવા કોઈ સંજોગો જણાતા ન હોવાથી સભાસદોના હિતમાં આ મંડળી આટોપી લેવાનું મંડળીના હિતમાં આવશ્યક અને જરૂરી હોઈ હું નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું અને મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ નીચે મુજબ કરું છું.

વચગાળાનો આદેશ.

શ્રી દેણપ ગામના પિયત વિસ્તારમાં પાણી વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુકામ દેણપ તાલુકા વિસનગર જિલ્લા મહેસાણા ને નોંધણી નંબર ખ-૨૧૯૩ તારીખ ૧૨મી ઓકટોબર ૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ક, ગ, ખં,) (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે શ્રી ફડચા અધિકારી (ફડચો-૧) વગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુંઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-૨૫૩૮-૯૪ તારીખ ૮મી ઓગષ્ટ ૧૯૯૪.
(૨) મંડળીની તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના સમયની ઓડીટ નોંધ.
(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના.

પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૬૧૦/૧૯૯૪.—શ્રી ઉમતા ગામની પિયત વિસ્તારમાં પાણીની વહેચણી માટેની સહકારી મંડળી લી. મુકામ ઉમતા તાલુકો વિસનગર એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૧૮૮ તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. જેનું ઓડીટ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ સુધીનું કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબ ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) સંસ્થાના પેટા નિયમ તથા ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી. સંસ્થાનો છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે
(૨) મંડળીએ ઓડીટ નોંધમાં દર્શાવેલ ક્ષતિઓની વાસ્તવિક દૂરસ્તી કરેલ નથી.
(૩) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીની બેઠક નિયમિત મળતી નથી.
(૪) તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના સરવૈયા મુજબ સ્વકીય ભંડોળ કરતાં બે ગણી ખોટ છે. જેથી મંડળી અર્થક્ષમ બની શકે તેમ નથી. તેમજ મંડળી આર્થિક રીતે અર્થક્ષમ નથી.

ઉકત વિગતો ધ્યાનમાં લઈ આમુખ-૧માં દર્શાવેલ કારણદર્શક નોટિસ મંડળીને પાઠવવામાં આવેલ પરંતુ મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત થયેલ નથી. તેમ છતાં જો મંડળીને ફડચમાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે તો પણ મંડળીને હૂકમ નીકળ્યા તારીખથી અક માસ સુધી બચાવ માટેની પૂરતી તક મળી રહે છે. ઉકત વિગતો જોતાં મંડળી સ્થગિત છે તેમજ મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી કાર્યવાહકોને મંડળીના વહીવટમાં રસ જણાતો નથી આ સંજોગોને ધ્યાનમાં લઈ મંડળી તથા સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવાનું જરૂરી અને આવશ્યક જણાતા મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ હૂકમ કરૂ છુ.

વચગાળાનો આદેશ

શ્રી ઉમતા ગામની પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મુકામ ઉમતા તાલુકો વિસનગર જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૨૧૮૮ તારીખ ૧૯મી ઓગષ્ટ ૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ક,ખ,ગ) (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી (ફડચો-૩) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હૂકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪.

INDEX

નંબર ઉખસ/નધણુ/ધ/૧૬૪૯૬/૨૬૩૧ —આથી જાહેર કરે છે કે, સોહમ બંગલોઝ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વિજાપુર તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીનો હુકમ ક્રમાંક ધરમ/૦૬૫/ધ/૪૪૫૯/૯૩ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૩.

(૩) તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ ના રોજ વહીવટદારશ્રીની બેઠકની સમીક્ષા નોંધ.

પ્રસ્તાવના

ક્રમાંક ધરમ/૦૬૫/ધ/૨૬૩૯/૧૯૯૪.—શ્રી સીમંધરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ નાગલપુર તાલુકો મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર જી. પ. ધ. ૯૮૫૯ તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૮૯થી **નોંધાયેલ ગૃહ મંડળી છે. (જેનો હવે પછી ઉલ્લેખ મંડળી, તરીકે કરવામાં આવેલ છે.) સદર મંડળીનો વહીવટ નોંધાયેલા પેટા કાયદા અને કાયદાની જોગવાઈઓને આધીન કરવાનો હોય છે. મંડળીની વ્યવસ્થાપક સમિતિએ સહકારી કાયદા અને પેટા કાયદાની જોગવાઈ ઓનું ઉલ્લંઘન કરી પોતાની ફરજો પ્રત્યે નિષ્કાળજી દર્શાવી મંડળીના હિત વિરૂધ્ધ વારંવાર કસૂર કરતાં આ કચેરીના હુકમ ક્રમાંક ધરમ/૦૧/ચ/૨૯૩૧/૯૦ તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૦ ના હુકમથી** મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી વહીવટદાર તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી ફાઈનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદને વહીવટદાર તરીકે નિમણુંક થતાં વીહીવટ ચાર્જ તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૦ થી સંભાળી લીધેલ છે.

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પો. લી. અમદાવાદના તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૩ ના પત્ર અન્વયે મંડળીની બાકી પડતી ધિરાણની વસૂલાતની કામગીરી તેમજ મંડળીના બાકી વહીવટી પ્રશ્નોને ધ્યાને લઈ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ સુધી વહીવટદાર તરીકે નિમણુંકની મુદત વધારવા માંગણી કરેલ છે. જેને ધ્યાને લઈ આમુખમાં વંચાણે લીધેલ ક્રમ-૨ તારીખ ૨૨મી ડીસેમ્બર ૧૯૯૩ ના હુકમથી મંડળીના વહીવટદાર તરીકે શ્રી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પો. લી. અમદાવાદની નિમણુંકની મુદત તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ સુધી લંબાવવામાં આવેલ.

કલમ-૮૧ હેઠળ કામ કરતાં વહીવટદારશ્રીઓની કરેલ કામગીરીની સમીક્ષા માટેની બેઠક અત્રેની કચેરીમાં તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ના રોજ યોજવામાં આવેલ સદર બેઠકમાં ઉપરોકત મંડળીની કામગીરીની તેમજ મળેલ અહેવાલની સમીક્ષા કરતાં મંડળીને તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ વહીવટ હેઠળ ચાર વર્ષ પુર્ણ થાય છે.

મુદત વધારા માટેની કોઈ દરખાસ્ત વહીવટદારશ્રી તરફથી કરવામાં આવેલ નથી બેઠકમાં મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી, ના પ્રતિનિધિ તરફથી રજુઆત થવા મુજબ બેંકનું મંડળી પાસે ૨૦,૦૦૯૯૭/-જેવી માતબર રકમ બાકી છે. હાઉસીંગ ફાઈનાન્સનું લેણું રૂા. ૪,૨૨,૩૧૬/- નું છે. જેથી વહીવટ ન લંબાવતા મંડળીએ ફડચામાં લઈ જઈ ફડચા અધિકારી તરીકે બેંક ની નિમણુંક કરવા રજુઆત કરેલ જ્યારે હાઉસીંગ ફાયનાન્સના પ્રતિનિધિએ હાઉસીંગ ફાઈનાન્સ પાસે વહીવટ વધુ એક વર્ષ રાખવા રજુઆત કરેલ છે. હાઉસીંગ ફાયનાન્સના તરફથી મુદત વધારાની કોઈ દરખાસ્ત અત્રે રજુ થયેલ નથી. તેમજ વહીવટ હેઠળના ચાર વર્ષના સમય દરમ્યાન કોઈ વસૂલાત નોંધપાત્ર કરી શકી ન હોઈ મંડળીના વહીવટ હેઠળની સમાપ્ત કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવી વધુ યોગ્ય જણાતી હોઈ તેમજ બેંકનું મોટું લેણુ મંડળી પાસે બાકી હોવાથી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. મહેસાણાની મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવી ઉચીત અને આવશ્યક જણાય છે. જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મંડળીમાં વહીવટદાર થી વહીવટ ચલાવવાની વ્યવસ્થા સમાપ્ત કરતો નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું, કૌશિક જે.જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ (૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી સીમંધરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. નાગલપુર તાલુકા મહેસાણામાં પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને અનુલક્ષીને વહીવટદાર થી વહીવટ ચલાવવાની વ્યવસ્થા તારીખ ૨જી જુન ૧૯૯૪ ના રોજ સમાપ્ત થારરરરપ્રમાણેની સમાપ્તિનો હુકમ કરૂં છું.

મહેસાણા, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/ખે/૨૭૫૮/૨૬૮૩.—આથી જાહેર કરે છે કે, શ્રી મહેસાણા જિલ્લા ખેડૂત સિંચાઈ સુવિધા સહકારી સંઘ લી. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૨૪૨-૯૪, તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪થી શ્રી અનાવાડા ગોપા વસટ ગણોતીયા સહકારી મંડળી લી. અનાવાડા, તાલુકા પાટણની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ના કાયદાની કલમ-૨૦ મુજબ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૨૬૭૮/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ થી અનાવાડા ગોપા વસટ ગણોતીયા સહકારી મંડળી લી. મુકામ અનાવાડા, તાલુકો પાટણ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર એફ-૭૩૭ તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૬૦ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/૭૭/

INDEX

૮૬૬૧/૮૬૮૬, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૦ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૨૪૨-૯૪ તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી અનાવાડા ગોપા વસટ ગણોતીયા સહકારી મંડળી લી. ની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધાં :

(૧) સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧ ૨૪૩/૯૪, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૪ થી વિશ્વબંધુ કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. મુકામ મહેસાણાની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ મુજબ

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૭૯/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી વિશ્વબંધુ કો. ઓપ હા. સો. લી., મહેસાણા, તાલુકો મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ધ-૪૧૮૦, તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૭૨ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચો/૦૨૬૨/ધ/૩૪૬૬/તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૪૩/૯૪, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વિશ્વબંધુ કો. ઓપ. હાઉ. સોસા. લી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩/૧૨૯/૯૪, તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ થી શ્રી ગાયત્રી મહિલા ગ્રાહક સહકારી સ્ટોર્સ લી. મુ. કડીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના કાયદાની કલમ-૧૨૦ મુજબ.

હુકમ

જા.નં. ઉપસ/ફડચ/૦૧/ધ/૨૬૮૦/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગાયત્રી મહિલા ગ્રાહક સહકારી સ્ટોર્સ લી. મુકામ કડી તાલુકો કડી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૧૭૩ તારીખ ૩જી મે, ૧૯૭૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેનો શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૧૨૦૧/ચ-૯૨, તારીખ ૧૦મી ઓગસ્ટ ૧૯૯૨થી હુકમ કરવામાં આવેલી ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩ તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧-૩-૧૨૯-૯૪ તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચા કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ગાયત્રી મહિલા ગ્રાહક સહકારી સ્ટોર્સ લી., મુ. કડીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચો-૩)મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૧૨૫-૯૪, તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪થી રાધાસ્વામી કો. ઓપ. હાઉસીંગ સો. લી. મુકામ ઉપેરા તાલુકા સિધ્ધપુરના નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ મુજબ.

હુકમ

જા. નં. ઉપસ/ફડચ/૦૧/ધ/૨૬૮૧/૧૯૯૪.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી રાધાસ્વામી કો. ઓપ. હા. સો. લી., મુકામ ઉપેરા, તાલુકા સિધ્ધપુરની નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૧૦૮૩૪, તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૨૩૫/ધ/૨૪૯૭, તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૩ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩) તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩/૧૨૫/૯૪, તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી રાધાસ્વામી કો. ઓપ હા. સો. લી. ની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે.દુ/૨૭૨૯૪/૨૬૮૪.—આથી જાહેર કરે છે કે, શ્રી લ્હોર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ લ્હોર, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

INDEX

નંબર ઉખસ/નધાણુ/સે.તે./૨૭૨૯૫/૨૬૮૫.— આથી જાહેર કરે છે કે, શ્રી અમુઢ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અમુઢ, તાલુકો સિધ્ધપુર, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક ધરમ/૦૬૫/ધ/૨૬૩૯/૯૪ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૦૬/૧૯૯૪.— શ્રી સીમંધરનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. નાગલપુર, તાલુકા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર જી. પ. ધ-૯૮૫૯ તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૮૯ થી નોંધાયેલ ગૃહ મંડળી છે (જેના હવે પછી ઉલ્લેખ "મંડળી" તરીકે કરવામાં આવેલ છે) મંડળીનો વહીવટ નોંધાયેલા પેટા કાયદા અને કાયદાની જોગવાઈઓને આધીન કરવાનો હોય છે. જેની વારંવાર કસૂર થતાં આ કચેરીના હુકમ ક્રમાંક ધરમ/૦૧/ચ/૨૯૩૧/૯૦ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦ ના હુકમથી મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરવા વહીવટદાર તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંક હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદની નિમણુંક થયેલી. મંડળીને તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ વહીવટ હેઠળ ચાર વર્ષ પૂર્ણ થાય છે. મુદત વધારા માટેની કોઈ દરખાસ્તની વહીવટદારશ્રી તરફથી કરવામાં આવેલ નથી. વહીવટ હેઠળ ની ચાર વર્ષના સમય દરમ્યાન કોઈ વસૂલાત નોંધપાત્ર થયેલ નથી. જેથી બેન્કનું મંડળી પાસે રૂા. ૨૦,૦૦,૯૯૭/- જેવી માતબર રકમ બાકી છે. હાઉસીંગ ફાઈનાન્સ લ્હેણુ રૂા. ૪,૨૨,૩૧૬/- નુ છે. આથી મંડળીને વહીવટ હેઠળની સમાપ્ત કરી ગુજરાત સહકારી મંડળી અધિનયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવી વધુ યોગ્ય જણાતા હોઈ તેમજ બેન્કનું મોટું લ્હેણુ મંડળી પાસે બાકી હોવાથી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મહેસાણાની મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવી જરૂરી અને આવશ્યક જણાય છે. આમ ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ફડચાનો નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું. ધી સીમંધરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ નાગલપુર, તાલુકા મહેસાણા, જિલ્લા મહેસાણા પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને લઈ ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે બેન્કની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

વાંચ્યો :

(૧) મેનેજરશ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાના પત્ર ક્રમાંક ૭૮/લોન/૭૦૨ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી આવેલ દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૭૧૪/૯૪ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી આપેલ કારણદર્શક નોટીસ તેમજ પત્ર ક્રમાંક ફડચ/૩૧૨/ધ/૧૭૫૩/૯૪ તારીખ ૧૧મી મે, ૧૯૯૪ નો પત્ર.

(૩) મંડળીના તારીખ ૮મી માર્ચ, ૧૯૯૪ ના તથા તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૪ ના રજૂઆત ના પત્રો.

(૪) ઉત્તર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૨ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તવના.

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૫૬/૧૯૯૪.—શ્રી દેલા સેવા સહકારી મંડળી લી. મુકામ દેલા તાલુકા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૫૦૭૬ તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૫૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે ઉલ્લેખ 'મંડળી' તરીકે કરેલ છે) સદર મંડળીના પેટા નિયમ મુજબ તેના ઉદ્દેશો તેમજ ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરી વસૂલાતની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેને કારણે મંડળીની ખોટ કુલ રૂા. ૭૪૭૬૧/ ની થવા પામેલ છે. આથી મંડળીની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી થયેલ છે. આ સંજોગોવસાત બેંકના તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા કરેલ દરખાસ્તમાં નીચેના મુદ્દાઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીના ૧૦ સભાસદો પાસે રૂા. ૧,૧૮,૦૩૮ / મુદતવીતી ધિરાણ બાકી છે.

(૨) બેન્ક લોન રૂા. ૩,૧૨,૮૦૯/- મુદતવીતી બાકી પડે છે. જે ભરપાઈ કરવા કાર્ય વાહકો તરફથી કોઈ પ્રયત્ન થતા નથી.

(૩) મંડળીની કુલ ખોટ રૂા. ૭૪૭૬૧ ની થવા પામેલ છે.

(૪) મંડળીના છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે અને મંડળી સ્થગિત છે. કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

ઉપરોકત વિગતોને ધ્યાને લઈ આમુખ-૨માં દર્શાવેલ કારણદર્શક નોટીસ મંડળીના કાર્યવાહકોને પાઠવવામાં આવેલ છે. જેના જવાબમાં મંડળીએ તારીખ ૮મી માર્ચ, ૧૯૯૪ તથા તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૪ ના પત્રથી રજૂઆત કરેલ છે. જેમાં ઓડીટ/ ઈન્સ્પેકશન તેમાની દુરસ્તી કરેલ છે. તે સિવાય મંડળીની વસૂલાતની ખાસ કામગીરી થયેલ નથી. જે ધ્યાને લઈ મંડળી તથા સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવી આવશ્યક અને જરૂરી જણાતા નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરૂં છું.

વચગાળાનો આદેશ

. શ્રી દેલા સેવા સહારી મંડળી લી. મુકામ દેલા તાલુકા મહેસાણાનો નોંધણી નંબર ૧૫૦૭૬ તારીખ ૮મી ડીસેમ્બર, ૧૯૫૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ક, ખ, ગ,) (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

INDEX

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે આવે છે.
મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) સબ ઓડીટ સહકારી મંડળીઓ, પાટણનો તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ નો પત્ર.
(૨) આ કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/ ૦૧/ધ/૨૫૭૮ / ૯૪ તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૪ના ફડચાની કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના.

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૨૮૫૮/ધ/૧૯૯૪.—ધી કે. ડી. પોલીટેકનીકના વિદ્યાર્થીઓના ગ્રાહક સહકારી ભંડાર લી. પાટણ ગુજરાત સહકારી મંડળીઓ બાબતના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના ઉપર નાખવામાં આવેલ ફરજો અને તેને મળેલ અધિકારનો ઉપયોગ કરેલ નથી જે નીચે દર્શાવેલ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળી કોઈ કામગીરી કરતી નથી આને સ્થગિત છે.
(૨) મંડળીનું ઓડીટ છેલ્લા ૧૫ વર્ષથી બાકી છે.
(૩) મંડળીનું દફતર કે તેના લોદેદારો અંગેની કોઈ માહિતી મળતી નથી.
(૪) મંડળીનું અસ્તિત્વ હોય તેમ જણાતું નથી.

આમ ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અને મંડળીના સંજોગો જોતાં મંડળીનો વચગાળાનો હુકમ નહી કરતાં મંડળીને આટોપી લેવી યોગ્ય જણાતા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરૂં છું.

હુકમ.

આથી હું કૌશિક જે. જોશી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને લોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું. ધી કે. ડી. પોલીટેકનીકના વિદ્યાર્થીઓની ગ્રાહક સહકારી ભંડાર લી. પાટણ જિલ્લો મહેસાણા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭-(૧) ક-ગ-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આસ. ફડચા અધિકારી (જી. જી. લાકડાવાલા) મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) કસ્ટોડીયન મજૂર શાખા અને પુરવઠા સહકારી મંડળી લી. મુ. સિધ્ધપુર તારીખ ૬ઠી ફેબ્રુઆરી ૧૯૯૩ ની દરખાસ્ત.
(૨) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧ /ધ/ ૨૧૫૮/૯૪ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ/ફડચ/૦૧/ધ/૨૮૫૯/૧૯૯૪.—ધી મજૂર શાખા અને પુરવઠા સહકારી મંડળી લી. મુકામ સિધ્ધપુર જિલ્લા મહેસાણા નામની સહકારી સંસ્થાની નોંધણી ક્રમાંક ઉ-૧૫૪૪૩ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૫૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીમાં પેટા નિયમ અને ઉદ્દેશો મુજબ કામગીરી થયેલ ન હોવાથી કલમ-૮૧ નીચે વહીવટદારની નિમણુંક કરી હતી વહીવટદારનો સમય પૂરો થઈ જતાં ૧૯૬૧ના કાયદાની કલમ-૭૪ ધ નીચે કસ્ટોડીયનની નિમણુંક કરવામાં આવી તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૩ ના રોજ વાર્ષિક સાધારણ સભા ભરી સભાસદોને વહીવટ સંભાળી લેવા સમજાવ્યા છતાં અંદરો અંદરના જૂથ વાદને લઈને વહીવટ સંભાળી શકે તેમ ન હોઈ અને શેર ભંડોળ પરત માગણીઓની અરજીઓને નિકાલ કરવા તથા ગેરરીતી આચરનારા સામેની પગલા લેવાની કામગીરી સંભાળવા પૂરતા કસ્ટોડીયનની નિમણુંક ચાલુ રાખવી તે વ્યાજબી જણાતું નથી અને સભાસદોએ વહીવટ સંભાળવા ના પાડતા મંડળીના જાહેરહીત-ખાતર મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ મને મળેલ અધિકાર પરત્વે કરવામાં આવે છે.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને લોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું ધી મજૂર શાખા અને પુરવઠા સહકારી મંડળી લી. મુકામ સિધ્ધપુર જિલ્લા મહેસાણા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક,ખ,ગ, ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળી ના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. મહેનતણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવાનું રહેશે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) મેનેજરશ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાના પત્ર ક્રમાંક ૭૮/લોન/૭૪૫/તારીખ ૩જી જુલાઈ ૧૯૭૪ થી આવેલ દરખાસ્ત.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૯૦૦/૯૪ તારીખ ૯મી માર્ચ ૧૯૯૪ થી આપેલ કારણદર્શક નોટીસ.
(૩) શ્રી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળી (પ્રમાણિત-૧) મહેસાણાની તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪ ની મંડળીને ફડચામાં લઈ લઈ જવાની દરખાસ્ત.
(૪) મંડળીનો તારીખ ૧૧મી એપ્રિલ ૧૯૯૪ નો રજૂઆત બાબતનો પત્ર.
(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૬૮/૯૪.—શ્રી ગમાનપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ ગમાનપુરા તાલુકા મહેસાણા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૩૦૦૧ તારીખ ૧૧મી મે ૧૯૬૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરેલ છે સદર મંડળીના પેટા

INDEX

નિયમ મુજબ તેના ઉદ્દેશો તેમજ ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરેલ ન હોવાનું ઓડીટરગ્રેડ-૨ સહકારી મંડળી (પ્રમાણીત-૧) મહેસાણાના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ ના ખાસ અહેવાલમાં નીચે મુજબની ખામીઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળી ખેતી વિષયક ધિરાણ તથા ગ્રાહક પ્રવૃત્તિની કાંઈજ કામગીરી કરતી નથી.

(૨) મંડળીમાં તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના રોજનું મુદતવીતી બાકી ધિરાણ રૂા. ૧૨૩૮૦/-૪૫નું છે.

(૩) મુદતવીતી ધિરાણની વસૂલાત માટે મંડળીએ કોઈપણ કાર્યવાહી છેલ્લા ૧૫ વર્ષથી કરી નથી.

(૪) મંડળી કેટલાય સમયથી સ્થગિત છે અને છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૫) મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી

(૬) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ની એકત્ર ખોટ રૂા. ૮૬૭૨/૨૨ છે.

ઉપરોકત વિગતોને ધ્યાને લઈ આમુખ-૨માં દર્શાવેલ કારણદર્શક નોટીસ મંડળીના કાર્યવાહકોને પાઠવવામાં આવેલ જેનો જવાબમાં મંડળીએ તારીખ ૧૧મી એપ્રિલ ૧૯૯૪ ના પત્રથી કરેલ રજૂઆત અને તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ નો ફડચાનો ખાસ અહેવાલ જોતાં મંડળી તેના ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરતી નથી તેવું ફલીત થાય છે. મંડળી ધિરાણની મુખ્ય કામગીરી કરતી નથી તેમજ મંડળી આર્થક્ષમ બની શકે તેમ નથી જે ધ્યાને લઈ મંડળી તથા સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવી આવશ્યક અને જરૂરી જણાતાં નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરૂં છું.

વચગાળાનો આદેશ

ધી ગમાનપુરા સેવા સહકારી. મંડળીલી મુકામ ગમાનપુરા તાલુકો જિલ્લો મહેસાણાનો નોંધણી નંબર ૩૦૦૧ તારીખ ૧૧મી મે ૧૯૬૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ક,ગ,ખ, (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ખાસ ફડચા અધિકારી (જી. જી. લાકડાવાલા) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હકમ સામે મંડળીએ કંઈ રજઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ સુધીની અન્વેષણ નોંધ.

(૨) ઓડીટર સહકારી મંડળીઓ (ગ્રાહક) પાટણનો પત્ર ક્રમાંક અપણ/ફડચ/૫૧૭/૯૩ તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૯૩ નો નો અભિપ્રાય પત્ર

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૨૭૭/૯૪ તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૪ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૪) ફરીથી આ કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/ ૨૬૪૫ /૯૪ તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૪ થી કરેલ જાણ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૬૯/૧૯૯૪:—ધી ખાનપુરડા સેવા સહકારી મંડળી લી. મુકામ ખાનપુરડા તાલુકો પાટણ જિલ્લા મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૦૧૭૫ તારીખ ૨૫મી મે ૧૯૭૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.) સદર મંડળીના પેટા નિયમ મુજબ તેના ઉદ્દેશો તેમજ ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરી વસૂલાતની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. બેંક લોન રૂા. ૪૬૦૫૬/-મુદતવીતી બાકી છે. સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧૦૩૧-૯૦ ભરવાના બાકી છે. મંડળીએ ઓડીટ મેમાની વારસતવીક દુરસ્તી કરેલ નથી વ્યવસ્થાપક કમીટી સભ્યોની મીટીંગ અનિયમિત મળે છે આમ કાર્યવાહકોને મંડળી ચલાવવા કોઈ રસ નથી. આમુખ-૨ અને ૩ થી મંડળીને જાણ કરવા છતાં કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત થયેલ નથી આથી મંડળી તથા સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવા આવશ્યક અને જરૂરી જણાતા નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરૂં છું.

વચગાળાનો આદેશ

શ્રી ખાનપુરડા સેવા સહકારી મંડળી લી. મુકામ ખાનપુરડા તાલુકા પાટણ જિલ્લા મહેસાણા નો નોંધણી નંબર ૧૦૧૭૫ તારીખ ૨૫મી મે ૧૯૭૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) (ક ગ) ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૨ સુધીની અન્વેષણ નોંધ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૨૩૪૮/૯૪ તારીખ ૩૧ ઓગષ્ટ, ૧૯૯૪ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) મંડળીનો તારીખ ૨૩મી ઓગષ્ટ, ૧૯૯૪ નો રજુઆતનો પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૭૦ / ૯૪.—શ્રી જોટાણા સેવા સહકારી મંડળી લી. મુકામ જોટાણા તાલુકો મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૦૫૪૮ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૪૮ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે.) સદર મંડળીના પેટા નિયમ મુજબ તેના ઉદ્દેશો તેમજ ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરી વસુલાતની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. કાર્યવાહકોએ મંડળીની મિલ્કતનું વેચાણ કરી બેન્ક લોન તેમજ પાછલી ખોટ સરભર કરી પેપર ઉપર નફો દર્શાવેલ છે. હજુપણ ૩૫ સભાસદો પાસે રૂા. ૪૪૨૬૧ તથા વ્યાજ રૂા. ૬૦૧૨૫ મુદતવીતી લેણું વસુલ થયેલ નથી. અન્ય વ્યકિતઓ પાસેનું પરચૂરણ લેણું કુલ રૂા. ૧૯,૩૪૦ ની વસુલાત માટે કાર્યવાહકોએ કોઈ કાર્યવાહી કરેલ નથી. જેના જવાબમાં મંડળીએ તારીખ ૨૩મી ઓગષ્ટ, ૧૯૯૪ ના પત્રથી કરેલ રજૂઆતમાં પણ ઉપરોકત મુદ્દાઓની કાર્યવાહી બાકીમાં છે. તેનો સ્વીકાર કરેલ છે. આમ મંડળી તથા સભાસદોના હિતમાં મંડળીને આટોપી લેવી આવશ્યક અને જરૂરી જણાતા નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરું છું.

વચગાળાનો આદેશ

શ્રી જોટાણા સેવા સહકારી મંડળી લી. મુકામ જોટાણા, તાલુકો : મહેસાણાનો નોંધણી નંબર : ૧૦૫૪૮ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૪૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ક, ખ, ગ, ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ફડચો-૩ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસમાં મુદતમાં આ કચેરીએ રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

નંબર ઉખસ/નધણ/ઉ / ૧૦૪૩૦/૨૮૮૨ / ૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી બહુચર મજૂર કામદાર સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ કાલરી, તાલુકો ચાણસ્મા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

નંબર ઉખસ/નધણ/ધ/૧૬૪૯૭ / 3000 / ૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી ઈન્દ્રપ્રસ્થ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ.. મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૪૧/૯૩ તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૩.

(૨) મંડળીનો તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૩ નો રજૂઆતનો પત્ર.

(૩) સબ ઓડીટર સહકારી મંડળી વિજાપુરનો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તારીખ ૩જી મે, ૧૯૯૪.

પ્રસ્તાવના.

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૯૧/૧૯૯૪.—ધી ગુંદરાસણ સેવા સહકારી મંડળી લી ગુંદરાસણ તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા નામની સહકારી સંસ્થાની નોંધણી નંબર સે-૧૩૧૦૫ તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૭૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીના પેટા નિયમ અને ઉદ્દેશો મુજબ કામ કરતી બંધ થતાં અને મંડળીની વ્યવસ્થાપક સમિતિએ પોતાની ફરજો બજાવવામાં નિષ્કાળજી બતાવતાં વંચાણે નંગ-૧ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ મંડળીએ મંડળીએ વંચાણેલ-૨ થી મંડળીને ફડચામાં ન લઈ જવાનો રજૂઆતનો પત્ર રજૂ કરેલ તે પછી વંચાણે ૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ રજૂ થયેલ જેમાં નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થા સભાસદોને ખેતી ઉત્પાદન, પશુપાલન અને જીવન જરૂરીયાતની વસ્તુઓ માટે ટૂંકી મુદતનું અગર મધ્યમ મુદતનું ધિરાણ કરતી નથી.

(૨) છેલ્લાં ચાર વર્ષથી ઓડીટ મેમાની દૂરસ્તી થયેલ નથી.

(૩) મંડળી ફકત રેશનીંગ માલ સામાન ખરીદ વેચાણ કરે છે જે જન્યાથી વહીવટી ખર્ચ જેટલો પણ નફો થતો નથી અનામતો મેળવીને ખરીદી થાય છે.

(૪) જાન્યુઆરી ૧૯૯૩ થી મંડળીમાં રેશનીંગનો કવોટા બંધ કરેલ છે હાલ મંડળી સ્થગિત અવસ્થામાં છે અને તેનો ઓડીટ વર્ગ વર્ગ "ડ" છે

(૫) મંડળીએ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી ૩૦મી જૂન ૧૯૯૩ ના વર્ષમાં રૂા. ૭૯૯.૧૦નું નુકશાન કરેલ છે.

આમ ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં અને સભાસદોના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતાં નીચે મુજબનો હકમ કરૂ છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું ધી ગુંદરાસણ સેવા સહકારી મંડળી લી મુકામ ગુદરાસણ તાલુકો વિજાપુર જિલ્લા મહેસાણા પ્રસ્તાવનામાં

INDEX

નિર્દેશીત કરેલ કારણોને લઈને મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક.ગ. ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) પ્રમુખ / મંત્રીશ્રીનો તારીખ ૨૨-૬-૧૯૮૮ ના મંડળીની નોંધણી રદ કરવા અંગેનો પત્ર.

(૨) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૫૭૭/૯૪ તારીખ ૧૮-૮-૧૯૯૪

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ / ફડચ / ૦૧ / ૨૯૯૨/૯૪.— ધી મહાવીરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મહેસાણા ના નામની સહકારી સંસ્થાની નોંધણી નં. ધ/૭૩ તારીખ ૭-૫-૧૯૮૬૧ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીચે નોંધવામાં આવેલ છે. સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેથી કારણ દર્શક નોટીસ તારીખ ૧૮-૮-૧૯૯૪ થી આપવામાં આવેલી મંડળીના કાર્યવાહકોની મંડળીને ફડચામાં લઈ જવાની માગણી કરવામાં અવેલ છે.

આમ મંડળીને ફડચામાં લઈ જવા માટે મંડળીએ જાતે જ માંગણી કરતાં વચગાળાનો હુકમ નહિ કરતાં મંડળીને ફડચામાં લઈ જતો-અંતિમ હુકમ કરૂં છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ મહેસાણા મને હોક્ષની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું. ધી મહાવીરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મહેસાણા નોંધણી ક્રમાંક ધ/૭૩ તારીખ ૭-૫-૧૯૮૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી ઓના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૨૬૦૯/૯૪, તા. ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪નો વચગાળાનો હુકમ.

(૨) મંડળીનો તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪નો રજૂઆત પત્ર.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ/ફડચ/૦૧/ધ/૩૦૨૫/૯૪.—ધી દેણપ ગામના પિયત વિસ્તારમાં પાણી વહેંચણી માટેની સહકારી મંડળી લી. મું. દેણપ, તા. વિસનગર, જિ. મહેસાણાની નામની સહકારી સંસ્થાની નોંધણી નંબર એ/૨૧૯૩ તા. ૧૨મી ઓકટોબર, ૧૯૮૩થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર મંડળીનું ઓડીટ તારીખ ૧લી જૂલાઈ ૧૯૯૨ થી તા. ૩૦મી જૂન ૧૯૯૩ના સમયનું રાબ-ઓડીટર વિસનગરે કરેલ છે. મંડળી તેના પેટા-નિયમ અને ઉદ્દેશો મુજબ કામ કરતી બંધ થતાં અને વ્ય. સમિતિ એ પોતાની ફરજો બજાવવામાં નિષ્કાળજી બતાવતાં વંચાણે-૧ થી મંડળીનો ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ મંડળીએ વંચાણે-૨ થી મંડળીને ફડચામાં ન લઈ જવા રજુઆતનો પત્ર રજૂ કરેલ છે. મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત હોવા છતાં ધરોઈ કેનાલના અધિકારીઓ સાથે સહકાર થી કામ લઈ મંડળીની કાર્યવાહી ચાલુ રાખી નથી. ૧૯૯૨-૯૩ના વર્ષની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. આમ મંડળીના સભાસદો તેમજ વહીવટકર્તાઓને મંડળી ચલાવવામાં રસ નથી. મંડળીના સ્વકીય ભંડોળ કરતાં ખોટ પાંચ ગણી થતાં **મંડળીની આર્થિક સ્થિતિ અર્શક્ષમ નથી.**

ઉપરોકત સ્થિતિ જે ધ્યાનમાં લઈ સભાસદોના હિત ખાતર મંડળી ના બાકી સ્વકીય ભંડોળ ખોટમાં વિલીન ન થાય તે ખાતર મંડળીને ફડચામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ હોદ્દાની મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું. ધી દેણપ ગામના પિયત વિસ્તારમાં પાણી વહેંચણી માટેની સહકારી મંડળી લી. મું. દેણપ તા. વિસનગર જિ. મહેસાણાને પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને લઈને મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ -૧૦૭(૧)ક, ગ ખ-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા-૧, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પુરૂં કરવું.

મહેસાણા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના ફડચાનો વચગાળાના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ/૨૬૦૮/૯૪ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

(૨) મંડળીનો તા. ૨૨મી ઓગસ્ટ ૧૯૯૪ અને તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪નો રજુઆત પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈ.

INDEX

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ/ફડ્યા/૦૧/ધ/૩૦૨૬/૯૪.—શ્રી અંબિકા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મું. સાતુસણા તા. વિસનગર, જિલ્લો મહેસાણા નામની સહકારી સંસ્થાની નોંધણી નંબર ઉ/૧૦૯૪૧, તા. ૨૦મી એપ્રિલ ૧૯૯૨થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર મંડળીનું ઓડીટ તા. ૧લી જુલાઈ ૧૯૯૨ થી તા. ૩૦મી જન, ૧૯૯૩ સુધીનું કરવામાં આવેલ છે. મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. મંડળીની મંત્રીશ્રી બીન અનુભવી હોઈ મંડળીના ઉદ્દેશ મુજબ કામકાજ કરી શકતા નથી. તેમજ વ્ય. કમિટી સભ્યો પણ પેટાનિયમ, પ્રમાણે દર મહિને કમીટી બેઠક બોલાવેલ નથી. જેથી કાર્યવાહકોને મંડળી ચલાવવા કંઈ રસ નથી. અને મંડળી બે વર્ષથી ખોટમાં રહેલ છે. આથી વંચાણે-૧ થી મંડળીને ફડ્યામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. મંડળીએ વંચાણે-૨ થી રજૂઆતના પત્રો મોકલી આપેલ છે. મંડળીને આયોજન પૂર્વક ચલાવવા માટેનો કોઈ પ્રોગ્રામ બનાવેલ નથી. મંડળીનું સામાન્ય કામકાજ બનાવી રૂા. ૧૩૦/-નો નફો તા. ૧લી જુલાઈ ૧૯૯૪ થી તા. ૯મી ઓગસ્ટ, ૧૯૯૪ના સમયમાં દર્શાવેલ છે. જે મંડળીના સ્વગ્રાહી ઉદ્દેશોને બર આવી શકે તેમ નથી. આ સંજોગોમાં મંડળીની આર્થિક સ્થિતિ અર્થક્ષમ થઈ શકે તેમ નથી. મંડળીના કામકાજ માટે અનુભવી મંત્રીની નિમણુંક થયેલ નથી.

ઉપરોકત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સભાસદોના હિત ખાતર મંડળીને ફડ્યામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું. શ્રી અંબિકા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી. મું. સાતુસણા, જિ. મહેસાણાને પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને લઈ મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૩(૧) ક ખ ગ-૨ અને ૪ અન્વયે ફડ્યામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડ્યા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડ્યા-૧ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડ્યાની કામગીરી ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવી.

મહેસાણા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડ્યા / ૦૧ / ધ/ ૨૬૦૬/૯૪, તારીખ ૨૪--૮--૧૯૯૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ / ફડ્યા / ૦૧ / ધ / ૩૦૨૭/૯૪.— શ્રી વિસનગર તાલુકા ફળ અને શાકભાજીના ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુકામ તાલુકા વિસનગર, જિલ્લો મહેસાણા નામની સહકારી સંસ્થાની નોંધણી નંબર સે--૧૮૭૩૧, તારીખ ૨૬--૬--૧૯૮૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. સદર મંડળી તેના મુખ્ય ઉદ્દેશો તેમજ પેટા-નિયમ મુજબ કામગીરી કરતી ન હોવાનું અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીના અહેવાલમાં જણાવ્યા મુજબ મંડળી સ્થગિત અવસ્તામાં છે. મંડળીએ ઓડીટ મેમોની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી. મંડળીની વ્યવસ્થાપક સમિતિ પેટા-નિયમ મુજબ મળતી નથી. એટલે કાર્યવાહકોને મંડળી ચલાવવા કોઈ રસ નથી. ઉપરાંત મંડળીમાં કામકાજ માટે કોઈ કર્મચારી રાખેલ નથી. મંડળીઓ પોતાના નાણાં વિસનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ના વ્યવહારોમાં વાપરીને મંડળીને સ્થગિત બનાવી છે. આમ મંડળી તેના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી બંધ થઈ ગયેલ છે. આથી વંચાણે-૧ થી મંડળીને ફડ્યામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ મંડળીને આ અંગે કોઈ વ્યવસ્થિત રજૂઆત નહિ કરતાં વકીલ મારફત રજૂઆત કરવા માટેની મુદત માંગવામાં આવેલી. કાર્યવાહકો તરફથી મંડળીને ચલાવવા માટે આયોજન પૂર્વક કોઈ પ્રોગ્રામ બનાવી રજૂ કરેલ નથી. જે દર્શાવે છે કે મંડળી કોઈ કામકાજ કરતી નથી. અને સ્થગિત છે.

ઉપરોકત પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સભાસદોના હિત ખાતર મંડળીને ફડ્યામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું. શ્રી વિસનગર તાલુકા ફળ અને શાકભાજીના ઉત્પાદકોની સહકારી મંડળી લી. મુકામ તાલુકા વિસનગર જિલ્લો મહેસાણાને પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને લઈ મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૩ (૧) ક, ખ, ગ, ૨ અને ૪ અન્વયે ફડ્યામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડ્યા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડ્યો-૧, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડ્યાની કામગીરી ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવી.

મહેસાણા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડ્યા/૦૧/ધ/ ૨૬૧૦/૯૪, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.
(૨) મંડળીનો તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૪નો રજૂઆત પત્ર
(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્રક્રમાંક : ઉ/ફડ્યા/૦૧/ધ/૩૦૨૮/૯૪.—શ્રી ઉમતા ગામની પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. મું. ઉમતા, તા. વિસનગર, જિ. મહેસાણા નામની સહકારી સંસ્થાની નોંધણી

INDEX

નં. ૨ ૨૧૮૮, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૮૩થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર મંડળીનું ઓડીટ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૨થી તારીખ ૩૦મી જુન ૧૯૯૩ સુધીનું કરવામાં આવેલ છે. મંડળી તેના પેટા-નિયમો અને ઉદ્દેશો મુજબ કામ કરતી બંધ થવાથી વ્ય. કમીટીની મીટીંગ અનિયમિત મળતાં ઓડીટ નોંધોની વાસ્તવિક દુરસ્તી ન થતાં મંડળીના કામકાજને લઈને છેલ્લા ચાર વર્ષ થી ઓડીટ વર્ગ "ડ" મળેલ છે. અને મંડળીની ખોટ તેના રોકીય ભંડોળ કરતાં બે ગણી થવા પામેલ છે. આમ વ્ય. કમીટીએ પોતાની ફરજો બજાવવામાં નિષ્કાળજી બતાવતાં વંચાણે-૧થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. મંડળીએ વંચાણે-૨ થી મંડળીને ફડચામાં ન લઈ જવા રજૂઆતનો પત્ર મોકલી આપેલ છે. તેમાં જણાવ્યા મુજબ ધોઈનાં પાણીની વહેંચણી માટે સરકારશ્રી સાથે સમાધાન થયેલ નથી અને મંડળી હાલ સુષુપ્ત છે. આથી મંડળીની ખોટમાં વધારો થવા સંભવને લઈ મંડળીની આર્થિક સ્થિતિ અર્થક્ષમ રહી નથી.

ઉપરોકત મંડળીની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સભાસદોના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, **મહેસાણા મને મળેલ હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ નો આદેશ કરું છું. ધી ઉમતા ગામના વિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી, મંડળી લી. તા. વિસનગર, જિ. મહેસાણા ને પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને લઈ મંડળીને સને ૧૯૬૧-ની કલમ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) ક,ખ,ગ, (૨) અને (૪) અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો ૧ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવેલ છે. મહેનતાણાની રકમ સામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાની કામગીરી ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવી.**

મહેસાણા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ ફડચ/૦૧/ધ/૨૬૦૫/૯, તારીખ ૨૪--૮--૯૪.

(૨) મંડળીનો રજૂઆત પત્ર તારીખ ૧૯--૯--૧૯૯૪.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ/ફડચ/૦૧/ધ/૩૦૨૯/૯૪.—શ્રી ફતેહ દરવાન ભેડૂત સેવા સહકારી મંડળી લી. મુકામ વિસનગર જિલ્લો મહેસાણા નામની સહકારી સંસ્થાનો નોંધણી નંબર ૧૫૮૩, તારીખ ૧૦--૬--૧૯૭૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરેલ છે. સદર મંડળીની મુલાકાત અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીએ લઈ રજૂ કરેલ અહેવાલ મુજબ મંડળીએ તેના પેટા-નિયમ મુજબના ઉદ્દેશો પ્રમાણે ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. મંડળી ખોટમાં છે. ઓડીટ મેમો-ઈન્સ્પેકશન મેમાની ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી કરી નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી. અને મંડળી સ્થગિત છે. આથી વંચાણે ૧ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. તે સામે મંડળી એ વંચાયેલ-૨ થી રજૂઆત કરેલ છે. મંડળીએ એક હિસ્સા પૂરતો દિવેલા ખરીદ-વેચાણનો વ્યવહાર કરેલ છે. મુખ્ય ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. અન્ય મુદ્દાઓ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેવી મોમ રજૂઆત કરી છે. વાસ્તવમાં મંડળી સ્થગિત રહી છે. મંડળી અર્થક્ષમ બની શકે તેમ નથી. જે બાબતે લઈ મંડળી તથા સભાસદના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો અંતિમ હુકમ કરું છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું. ધી ફતેહ દરવાન ભેડૂત સેવા સહકારી મંડળી લી. મુકામ તાલુકા વિસનગર જિલ્લો મહેસાણાને પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણો લઈ મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત **સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) ક, ગ, ખ, ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.**

મહેનતાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાની કામગીરી ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવી.

મહેસાણા, તારીખ ૧ લી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૬૦૭, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉ/ફડચ/૦૧/ધ/૩૦૩૦/૧૯૯૪.—ધી વિસનગર તાલુકા કો. ઓપ. એગ્રો પ્રોડયુસ પ્રોસેસીંગ એન્ડ સેલ્સ સો. લી. મુકામ તાલુકા વિસનગર, જિલ્લા મહેસાણા નામની સહકારી સંસ્થાનો નોંધણી નંબર ૩૯૦૭, તારીખ ૪થી ડીસેમ્બર, ૧૯૮૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે સદર મંડળી તેના પેટા-નિયમો અને ઉદ્દેશો મુજબ કામકાજ કરતી ન હોવાનું અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીના તપાસણી અહેવાલ જણાવેલ છે મંડળીને ઓડીટ મેમાની ક્ષતિઓની વાસ્તવિક દુરસ્તી કરી અમલ કરેલ નથી મંડળીના પેટા નિયમ ૩૬(૧) મુજબની જોગવાઈ પ્રમાણે વ્યવસ્થાપક કમીટીમાં ચૂંટાવા પોતાની લાયકાત

INDEX

કોઇ કમીટી સભ્ય ધરાવતા નથી. મંડળીની રોજબરોજની કામગીરી કરવા માટે કોઇ કર્મચારી રાખેલ નથી. કાર્યવાહકોને મંડળી ચલાવવા કોઇ રસ નથી.. જેથી મંડળીનું કામકાજ સ્થગિત છે આથી વંચાણ ૧થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. મંડળીએ તે સામે કોઇ વ્યવસ્થિત રજુઆત કરી નથી. વકીલ મારફત રજુઆત કરવા કચેરીને જણાવેલ પરંતુ આપેલ મુદતમાં રજુઆત નહીં કરતાં મુદત પૂર્ણ થતાં વકીલ મારફત વકીલાતનામાં સાથે પત્ર રજુ કરી વધુ મુદત માગવામાં આવેલી કાર્યવાહકો તરફથી સુગ્રથિત રજુઆત માટે કોઇ પ્રયત્ન કરેલ નથી. જે દર્શાવે છે કે કાર્યવાહકોને મંડળી ચલાવવા કોઇ રસ નથી.

ઉપરોકત પરિસ્થિતિને ધ્યાનમાં લઇ સભાસદોના હિત ખાતર મંડળીને ફડચામાં લઇ જવાના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો અંતિમ હુકમ કરું છું.

હુકમ

આથી હું, કૌશિક જે. જોષી, જિલ્લા, રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ સત્તાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છું. ધી વિસનગર તાલુકા કો. ઓ. એગ્રો, પ્રોડયુસ પ્રોસેસીંગ એન્ડ સેલ્સ સો. લી. મુકામ તાલુકા વિસનગર જિલ્લા મહેસાણાને પ્રસ્તાવનામાં નિર્દેશીત કરેલ કારણોને લઇ મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૩ (૧) ક,ખ,ગ ૨ અને ૪ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહે છે ફડચાની કામગીરી ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવી.

મહેસાણા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩/૨૯૧/૯૪, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ થી શ્રાકલોલ મરચન્ટ શોપ્સ એન્ડ વેર હાઉસીંગ કો. ઓ. સો. લી., કલોલની નોંધણી રદ કરવાની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ મુજબ.

હુકમ

જા.નં.ઉપસ/ફડચ/૦૧/ધ/૩૦૫૪/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી કલોલ મરચન્ટ શોપ્સ એન્ડ વેરહાઉસીંગ કો. ઓ. સો. લી. મુકામ કલોલ, તાલુકો કલોલ નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર ધ-૪૬૪૨/૭૯ તારીખ ૩જી નવેમ્બર ૧૯૭૯થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/૧૩૨૩/૯૪ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૪ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો ૧) તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩/૨૯૧/૯૪ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામેથી ધી કલોલ મરચન્ટ શોપ્સ એન્ડ વેર હાઉસીંગ કો. ઓ. સો. લી.ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩-૨૯૨-૯૪, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ થી શ્રી આસરા ટેનામેન્ટ કો. ઓ. હાઉસીંગ સો. લી., કલોલની નોંધણી રદ કરવાની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના કાયદાની કલમ-૨૦ મુજબ.

હુકમ

જા. નં. ઉપસ/ફડચ/૦૧/ધ/૩૦૫૫/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી આસરા ટેનામેન્ટ કો. ઓ. હા. સો. લી., મુકામ કલોલ, તાલુકો કલોલનો નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ધ-૧૦૯૧૧, તારીખ ૨૧મી મે ૧૯૮૪ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/૯૨૪૭/૯૪, તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૯૪ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૧) તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૧-૩-૨૯૨-૯૪ તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી આસરા ટેનામેન્ટ કો. ઓ. હા. સો. લી., ની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૪.

નંબર ઉખસ/નંધણ/સે/૨૭૨૯૭/૩૦૯૩.—આથી જાહેર કરે છે કે શ્રી પંચશીલ નાગરિક શરાફી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૪.

નંબર ઉખસ/નંધણ-સે/૨૭૨૯૮/૩૦૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી દિવ્યજ્યોત નાગરિક શરાફી સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૪.

વાંચ્યો :
(૧) અત્રેનો કાર્યાલયનો તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૯૪ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૬૭/૧૯૯૪.

આદેશ.

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૪૦૦૩/૧૯૯૪.—શ્રી પડુસ્મા સેવા સહકારી મંડળી લી. મુકામ પડુસ્મા તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણા (ફડચામાં) ના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાની નિમણુંક સંદર્ભ-૧ મુજબ કરવામાં આવી હતી. જે નિમણુંક સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ સત્તાની રૂએ રદ કરી તેમની જગ્યાએ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાના જા. નં. ફડચ/૦૧/ધ/૧૭૪/૯૪, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ ની મંડળીની નોંધણી રદની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.

હુકમ

જા. નં. ઉપસ/ફડચ/૦૧/ધ/૪૦૦૫/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ શ્રીજી કન્ઝુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી., મુકામ કલોલ તાલુકો કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૩૦૯૮ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૮૮ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૩૪૬૮/૦૧૭૦/ચ/૯૨૧૫, તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) તરફથી તેઓને પત્ર ક્રમાંક જાવક નંબર ફડચ/૦૧/૩/૧૭૪/૯૪, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે શ્રીજી કન્ઝુમર્સ કો. ઓ. સ્ટોર્સ લી. કલોલની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.
મહસાણા તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાના જા. નં. ફડચ/૦૧/૩/૧૭૫/૯૪, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ ની જોગવાઈ.

હુકમ.

જા.નં. ઉપસ/ફડચ/૦૧/ધ/૪૯૦૯/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી સર્વોદય આશ્રમ ડભોડાના કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ ડભોડા, તાલુકો ખેરાલુ, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૧૩૮૬૪ તારીખ ૧લી જુલાઈ ૧૯૭૬ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ચ/૨૩૨૬/૯૪, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧-૩-૧૭૫-૯૪, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૪થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી સર્વોદય આશ્રમ ડભોડાના કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ના નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :
(૧) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-ના પરીપત્ર નંબર સકક/૧૧/અ/૪૨૮૫/૧૯૬૬ તારીખ ૧૬મી જૂન ૧૯૬૬.
(૨) આ કચેરીના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૧૦૬૨/ધ/૯૪, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪.
(૩) સહકારી અધિકારી (ફડચો-૧) શ્રી રામપુરા (ચા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફડચામાં) તાલુકા ચાણસ્માના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૩૧૫/૯૪, તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૪.
(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૯ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના.

પત્ર ક્રમાંક ઉ/ફડચ/૦૧/ધ/૪૦૧૦/૧૯૯૪.—શ્રી રામપુરા (ચા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રામપુરા તાલુકા ચાણસ્માના આ કચેરીના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૧૦૬૨/ધ/૯૪, તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ અને તેના ફડચા અધિકારી ફડચો-૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ હતી. જે આધારે ફડચા અધિકારીશ્રીએ મંડળીના દફતરનો હવાલો તારીખ ૨૮મી જૂન ૧૯૯૪ ના રોજ સંભાળી લીધેલ છે. સદર મંડળીને પુનઃ જીવીત કરવા માટે તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ ખાસ સાધારણ સભા મળેલ હતી. જે સર્વાનુમતે મંડળીને પુનઃ જીવીત માટેનો ઠરાવ કરેલ છે. અને સભાસદો એ લેખીત માગણી કરેલ છે. મંડળીના ઉદ્દેશો પેટા નિયમ મુજબ કામગીરી કરવા ઠરાવથી ખાત્રી આપેલ છે. અને મંડળીને આર્થક્ષમ બનાવવા અને સભાસદોને રોજીરોટી મળી રહે તે હેતુથી મંડળીને પુનઃ જીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ આમુખ-૩ દ્વારા મંડળીને પુનઃજીવીત કરવાની દરખાસ્ત કરી અભિપ્રાય આપેલ જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂ છું.

INDEX

હુકમ.

આથી હું કૌશિક જે. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયે શ્રી રામપુરા (ચા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રામપુરા તાલુકા ચાણસ્મા (ફડચામાં) ને આમુખ અને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો જે ધ્યાનમાં લેતા પુનઃનિર્ણીત કરતો હુકમ કરૂ છું.

મંડળીનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા ૨૪મી ઓકટોબર, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે/૨૭૩૦૧/૪૧૧૯.—આથી જાહેર કરે છે કે મહેસાણા જિલ્લા કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીઝ ફેડરેશન લી. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪

નંબર ઉખસ/નધણ/સે/૨૭૩૦૨/૪૧૧૬.—આથી જાહેર કરે છે કે શ્રી ઉમાભાવન કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વિસનગર, તાલુકો વિસનગર જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૬૯/૯૪ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૨) મંડળીનો તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૪ નો રજૂઆત પત્ર

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૪૧૩૧ / ૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી ખાનપુરડા સેવા સહકારી મંડળી લી. ખાનપુરડા તાલુકો પાટણ નોંધણી નંબર ૧૦૧૭૫ તારીખ ૨૫મી મે ૧૯૭૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સદર મંડળીના પેટા નિયમ મુજબ તેના ઉદ્દેશો અને ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરી વસુલાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી. મંડળીમાં હજુ પણ બેન્ક લોનના રૂપિયા ૩૪૧૮૬ મુદતવીતી બાકી છે. સરકારશ્રીની ૧૯૯૨-૯૩ વર્ષની ઓડિટ ફી રૂ. ૨૮૧ ભરેલ નથી. મંડળીએ પુનઃ વસન ધિરાણના રૂ. ૩૮,૩૩૦ તેમજ ટૂંકી મુદત ધિરાણના રૂ. ૨ ૦૦૦ મળી કુલ રૂ. ૪૦ ૩૩૦ ની વસુલાતની કામગીરી હાથ ધરેલ નથી. મુદતવીતી ધિરાણની પૂરેપૂરી વસુલાત થાય નહિ ત્યાં સુધી અન્ય સભાસદોને નવા ધિરાણથી વંચિત છે. તદઉપરાંત મંડળીએ ખાતર દવાઓનું ખરીદ-વેચાણ કામકાજ હાથ ધરેલ નથી. બેંન્ક સેવિંગ્સ ખાતે મંડળીના ફકત રૂ. ૮.૪૪ નું બેલેન્સ છે. ૩૦મી જુન ૧૯૯૪ એ હાથ ઉપરની સિલક રૂ ૮ ૬૬૪.૫૨ ની દર્શાવી છે. આમ મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. મંડળી ફકત અનામતો મેળવી સસ્તા અનાજનું વિતરણ કરે છે. આથી મંડળીના મુખ્ય ઉદ્દેશો પ્રમાણેની કામગીરી થતી નથી.

ઉકત વિગતોને ધ્યાને લેતાં વંચાણે-૧ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જે હુકમ સામે વંચાણે-૨ થી રજુઆત પત્ર મોકલી આપેલ છે. રજુઆત પત્રમાં મંડળીઓ વાસ્તવિક દુરસ્તી કરવાની ખાત્રી આપી છે. બાકી ધિરાણની વસુલાતની ખાત્રી આપી છે. મંડળીને જાન્યુઆરી ૧૯૯૪ માં ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને મંડળી અપીલમાં જતાં ફડચાની ફરીથી કાર્યવાહી દરમ્યાન મંડળીએ હજુ પણ પેટા નિયમ મુજબની કામગીરી કરેલ નથી. આથી કરેલ રજુઆત ગ્રાહ્ય રાખે શકાય નહિ. અને સભાસદોના વિશાળ હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવાના મંતવ્ય ઉપર આવતા નીચે મુજબનો અંતિમ હુકમ કરૂં છું.

હુકમ

આથી હું કૌશિક જે. જોષી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને લોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું.

શ્રી ખાનપુરડા સેવા સહકારી મંડળી લી. ખાનપુરડા તાલુકો પાટણ જિલ્લો મહેસાણા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ નીચે નોંધણી નંબર ૧૦૧૭૫ તારીખ ૨૫મી મે ૧૯૭૦ થી નોંધાયેલ સંસ્થાને ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૭ (૧) ક, ૧-૨ અને ૪ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી ફડચો-૧, મહેસાણા ની નિમણુક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાનું રહેશે. ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવી.

મહેસાણા તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૪૦૧૧/૦૪ તારીખ ૨૪મી ઓકટોબર ૧૯૯૪ નો ફડચાની કારણદર્શક નોટિસ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૪૧૩૨ / ૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ગુંગડીપાટી પિયત સહકારી મંડળી લી. મુકામ-તાલુકો પાટણનો નોંધણી નંબર ખ-૭૯ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૬૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીનું અન્વેષણ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦મી જૂન

INDEX

૧૯૯૩ ના સમયનું કરવામાં આવેલ છે. જેમાં સૂચન થયા મુજબ મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. તેના પેટા નિયમ મુજબની કોઈ કામગીરી કરતી નથી. મંડળીનું શેર ભંડોળ રૂા. ૧૫૦ નું છે. મંડળીના તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૩ ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા સ્વૈચ્છિક માંગણી કરેલ છે.

ઉકત વિગતોને લઈને મંડળીને ફડચામાં લઈ જવા માટે વંચાણે-૧ થી ફડચાની કારણદર્શક નોટીસ આપવામાં આવેલી જેની સામે કોઈ રજૂઆત થયેલ નથી. અને સભાસદોની માંગણી મુજબ મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરૂં છું.

હુકમ

નંબર ડીસીબી /એમ.એ.જી. /રજી. ૫/૨૦૦૧.— ગુજરાત રાજ્યના ૨૨ જેટલા જિલ્લામાં અછત / અર્ધ અછતની પરિસ્થિતિ છે. રાજ્યના પશુધનને બચાવવા માટે ઘાસ / પેડીનો જથ્થો વલસાડ જિલ્લા તેમજ મહારાષ્ટ્ર સરહદ વિસ્તારમાં ઘાસ / પેડીનો જથ્થો સરકારશ્રીના માન્ય કોન્ટ્રાકટર તેમજ ખાનગી વેપારીઓ, સંસ્થાઓ મારફત અછતગ્રસ્ત વિસ્તારમાં મોકલવાની કાર્યવાહી અમલમાં છે. આ પ્રક્રિયા દરમ્યાન મોટા પ્રમાણમાં ઘાસ / પેડીનો જથ્થો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે અને સંલગ્ન બીજી તમામ કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

ઘાસ / પેડીનો જથ્થામાં આગ લાગવાના બનાવો આ અગાઉ બનેલ છે. આવા બનાવો ન બને તેમજ સંગ્રહિત ઘાસ / પેડીના જથ્થાને નુકશાન ન થાય તે બાબત ધ્યાને લેતાં, ઘાસ / પેડીનો જથ્થો અત્યંત જવલનશીલ / નાશવંત હોય તેની સલામતી / સુરક્ષા રાખવા, માનવ જાનહાનિ ન થાય તે ધ્યાને લેતાં જિલ્લાના વિવિધ સ્થળોએ ઘાસ / પેડીનો જથ્થો સલામત / સુરક્ષિત રાખવો આવશ્ક જણાય છે. વાસ્તે, ઘાસ / પેડીની સલામતી / સુરક્ષા બાબતે નીચે મુજબનો આદેશ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી પંકજકુમાર, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ જિલ્લો વલસાડ આથી ફરમાવું છું.

(૧) ઘાસના સંગ્રહ સ્થળે સલામતી / સુરક્ષાના સાધનો ઉપલબ્ધ રાખવા.

(૨) ઘાસ / પેડી જથ્થાના સંગ્રહ સ્થળે ઓવરહેડ ઈલેકટ્રીક સીટીના વાયરો પસાર થતાં હોય તો સંગ્રહ સ્થળમાં ફેરફાર કરવો.

(૩) ઘાસ / પેડીનું સંગ્રહ સ્થળ માનવ વસાહતથી દુર રાખવું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૧ મા અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજા થશે. આ હુકમની વર્તમાનપત્ર મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમ તારીખ ૨૫ મી જાન્યુઆરી, ૨૦૦૧ થી તારીખ ૩૦મી જુન, ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૫ મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરવામાં આવેલ છે.

પંકજકુમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર પી.ઓ.એલ. / વશી / ૧૧૪ થી ૧૩૪/૨૦૦૧.— મહેસાણા જિલ્લાના મહેસાણા શહેર અને ખેરાલું શહેરમાં સેન્ટ્રલ ઘાસ ડેપો ખોલવામાં આવેલ છે. મહેસાણા શહેરમાં એરોડ્રામ ખાતે, સરકીટ હાઉસની બાજુમાં અને ખેરાલું શહેરમાં સરકારી પશુ દવાખાનામાં, રેલ્વે સ્ટેશનની બાજુમાં આ ઘાસ ડેપોની જગા આવેલ છે. આ બંન્ને વિસ્તારોની આજુબાજુમાં રહેણાંક વિસ્તાર આવેલ છે. અને લોકોની અવર--જવર સતત ચાલું રહે છે. આ રહેઠાણના વિસ્તારની જનતા અને લોકો મારફતે લગ્ન પ્રસંગે, ધાર્મિક પ્રસંગે તેમજ સામાજિક પ્રસંગોએ તેમજ તહેવારના દિવસોએ ફટાકડા અને સ્ટોટક પદાર્થો ટોડવાના તેમજ રાખવાના પ્રસંગોએ ઘાસ ડેપોના ઘાસને નુકશાન થવાની અગર આગથી નાશ થવાની શકયતા રહેલી છે. જેથી આવો પ્રકાર બને નહીં તેની સાવચેતીના પગલાં રુપે આ બંન્ને ઘાસ ડેપોની આજુબાજુનાં ૧૦૦૦ (એક હજાર) મીટરની ત્રિજ્યાના વિસ્તારનાં ફટાકડા, સ્ફોટક પદાર્થો રાખવાની અગર ફોડવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવો જરુરી જણાય છે.

વાસ્તે, હું આઈ. જી. પરીખ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (યુ) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે — મહેસાણા શહેરમાં આવેલ સેન્ટ્રલ ઘાસ ડેપો સ્થળ એરોડ્રામ, સરકીટ હાઉસની બાજુમાં મહેસાણા તેમજ ખેરાલું શહેરમાંના સેન્ટ્રલ ઘાસ ડેપોના સ્થળ સરકારી પશું દવાખાનું, રેલ્વે સ્ટેશનની બાજુંમાંના વિસ્તારથી ૧૦૦૦ (એક હજાર) મીટરની ત્રિજયામાંના વિસ્તારમાં દારુખાનું, ફટાકડા તેમજ સ્ફોટક પદાર્થો ટોડવા, અગ્નિ સળગાવીને નાંખવા, આતશ--બાજીનું બલુન અથવા રોકેટ ઉડાડવાની તેમજ આગ લાગે તેવાં પ્રશ્નો--પાત્રો રાખવા / ફોડવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ ૨૪ મી માર્ચ, ૨૦૦૧ સુધીના સમય માટે અમલમાં રહેશે.

INDEX

આ જાહેરનામાનો ભંગ કરનાર / કરાવનાર અગર તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી માહે જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું જાહેર કર્યું.

આઈ. જી. પરીખ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

[હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૭ (૩) અન્વયે.

નંબર ઉ / મકપ / મજસ / વશી / ૨૯૪ થી ૩૧૯.— પંચમહાલ જલ્લાના કઠાણા તાલુકામાં ઘોડીયાર તથા કઠાણા ગામે પ્રતિવર્ષ નદીનાથનો મેળો ભરાય છે. ચાલુ વર્ષે તારીખ ૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી ૯ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ દરમ્યાન મેળો ભરાનાર છે. આ મેળામાં ઘણી મોટા પ્રમાણમાં માનવમેદની એકત્ર થાય તેમ છે. ચાલુ વર્ષે સમગ્ર પંચમહાલ જિલ્લો આછતગ્રસ્ત હોઈ તેમજ તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ રાજ્યમાં થયેલ ભુકંપના કારણે રાજ્ય સરકારશ્રીએ ગુજરાત રાજ્યને "સ્ટેટ ઓફ એલર્ટ" જાહેર કરેલ હોઈ, જાહેર વ્યવસ્થા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવાના હેતુથી ઉકત નદીનાથના મેળા માટે લોકોને એકત્ર થતા રોકવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગોધરા આથી ફરમાવું છું કે તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી ૯ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી કઠાણા તાલુકાના ઘોડીયાર તેમજ કઠાણા ગામોએ નદીનાથના મેળા માટે લોકોએ એકત્ર થવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર શખ્સ ઈન્ડીઅન પીનલ કોડની કલમ ૧૮૮ અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગોધરા, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૧.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. 6 *Gujarat Government Gazette*, Part-I, dated 1st February, 2001 and for pages VAD-158 to VAD-199 (in 1 set) *read* page No. 479 to 520.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજપત્રના રાજપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૦૧ના ગુજરાત રાજપત્ર ભાગ-૧ના અંક ૬ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું, અને પાના વીએડી-૧૫૮ થી વીએડી-૧૯૯ (૧-બંચમાં) ને પાન નંબર ૪૭૯ થી ૫૨૦ વાંચવા.

Vadodara, 8th February, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

ક્રમાંક ઉખસ/નધણુ/દસમ/ઇ-૨૭૫૦/ક-૪/૧૪૦૯/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી પિછોડા દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પિછોડા, તાલુકો ઝાલોદ, જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

વાંચો :
(૧) સહકારી અધિકારી (ગ્રાહક) સદર કચેરીની તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪નો પત્ર.
(૨) અત્રેની તારીખ ૨૭મી મે, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.
(૨) સંસ્થા હોદ્દેદારોનું તારીખ ૨૭મી જુન, ૧૯૯૪નું નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા.નં. ઉખસ/૦/ફડચ/૦૧/છ/૧૫૪૦/૧૯૯૪:—ધી વાંકોલ ગ્રાહક સહકારી મંડળી લી, વાંકોલ, તાલુકા ઝાલોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૦૫૪, તારીખ ૨૭મી મે, ૧૯૯૪થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

વાંચ્યો :
(૧) સહકારી અધિકારી ગ્રાહક સદર કચેરીના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪નો પત્ર.
(૨) અત્રેનો તારીખ ૪થી જુન ૧૯૯૪ ની વચગાળાનો હુકમ.
(૩) સંસ્થાના હોદ્દેદારોનું તારીખ ૨૭મી જુન ૧૯૯૪નું નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા.નં. ઉખસ/૦ફડચ/૦૧/છ/૧૫૫૦/૯૪:—ધી આગાવાડા વિ. ગ્રાહક સહકારી ભંડાર લી. આગાવાડા તાલુકા દાહોદ અત્રેની કચેરીના જા. નં.ફડચ/૦/ચ/૧૧૦૨ તારીખ ૪થી જુન ૧૯૯૪ થી સદર હું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી ફડચા ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણુ/ગસભ/ભ-૪૪૭૧/ક-૪/૧૫૨૦/૧૯૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે શ્રી સન્મિત ઉપભોકતા સહકારી મંડળી લી. ગોધરા મર્યાદિત સ્થળ ગોધરા તાલુકા ગોધરા, જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ક્રમાંક ઉખસ/નધણુ/દસમ-ક. ૪ / ૨૭૫૦૨/૧૫૨૧ /૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ઘેંગાપુર દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઘેંગાપુર, તાલુકો લુણાવાડા,જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વાંચ્યો :—
(૧) ઓડીટર સ. મં. (પ્ર) કાલોલનો તારીખ ૧લી જુન, ૧૯૯૪ નો ખાસ અહેવાલ.
(૨) અત્રેની કચેરીનો તારીખ ૨જી જુન, ૧૯૯૪ની કારણદર્શક નોટીસ.
(૩) અત્રેનો તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૪નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/૦/ફડચ/૦૧/ચ/૧૯૭૩ / ૯૪.—ધી કોટીયાર્ડ કો-ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી. ટીમ્બારોડ, તાલુકો ગોધરા, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૩૬૪, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૪ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામા આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા), ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :
(૧) ફડચા અધિકારી કચેરીના તારીખ ૮મી ઓગસ્ટ ૧૯૯૪ ના પત્ર નંબર ફડચ/૦૬૪૨/જ/૨૪૮/૧૯૯૪ની દરખાસ્ત
(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી (લી. રી.) ગોધરા નો ઓડીટ અંગેનો દાખલા ઓડીટમેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૧૯૭૪/૦૧/ચ/૧૯૯૪:—ધી નવજીવન ગ્રાહક સહકારી ભંડાર લી. ફડચામાં મુકામ રળીયાતા તાલુકા ગોધરા, જિલ્લા પંચમહાલના નોંધણી તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૪ ના રોજથી નોંધણી નંબર ૨૨૦૨૨ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦૧/ચ/૮૧૯/ક તારીખ ૪થી જુન ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદર હું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૪.

INDEX

વાંચ્યો :

(૧) સબ ઓડીટર સહકારી મંડળી સંતરામપુરનો તારીખ ૧૪મી ઓકટોબર ૧૯૯૩ નો પત્ર.

(૨) અત્રેનો તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪ નો પત્ર તેમજ તારીખ ૮મી ઓગષ્ટ ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૭૭/૨૦૦૭/૧૯૯૪.—ધી રાજકોય મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. રાજકીય તાલુકો ઝાલોદ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૪૧૮/૯૪ તારીખ ૮મી ઓગષ્ટ ૧૯૯૪થી સદર હું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૪.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/નસબ/સે.૪૦૩૧/ક.૪/૧૪૬૯ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી નવજીવન બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. સ્થળ આગરવાડા, તાલુકો લુણાવાડા, જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/દઆમ/સે.૨૭૫૦૩ / ક.૪/૧૪૭૦/૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી વડવાસ દુધ ઉત્પાદકોની સહકારી મંડળી મર્યાદિત સ્થળ વડવાસ, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/મસમ/ઉ.૧૦૫૪૭/ક-૪/૧૭૧૮ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે, શ્રી હરી મજુર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ : બળીયાદેવ, તાલુકો : હાલોલ જિલ્લો : પંચમહાલ સને ૧૯૬૨ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૪.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/મસમ/ઉ.૧૦૫૪૮ / ક.૪/૧૭૧૯ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ગોધરા તિરમાર પછાત જાતિ રંગકામ કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ ગોધરા તાલુકા ગોધરા, જિલ્લો ગોધરા. સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી-મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/મસમ/ઉ.૧૦૫૪૯/ક.૪/૧૭૨૦ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ઉંબેર વિભાગ મજુર કારીગર સહકારી મંડળી મર્યાદિત સ્થળ ઉંબેર, તાલુકો સંતરામપુર, જિલ્લો પંચ મહાલ સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણ/ધરમ/ધ. ૯૪૯૩/ક.૪-૧૭૨૧ / ૯૪.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ભાગ્યોદય કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ તળાવ રોડ, દાહોદ તાલુકો દાહોદ જિલ્લો દાહોદ. સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. સવન/૦૪૨/ચ/૧૫૭૩/૯૪, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૪.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૩૨૦૪ જે તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૪) ધી ગોધરા મધ્યસ્થ સહકારી ગ્રાહક ભંડાર લી. ની વ્ય. કમીટીના સભ્યોએ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્રથી કરેલ લેખિત ખુલાસા તેમજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ આપેલ લેખિત નિવેદન.

(૫) શ્રી સી. કે. શાહ, વ્ય. કમીટી સભ્યશ્રી, ધી ગોધરા મધ્યસ્થ સહકારી ગ્રાહક ભંડાર લી. એ તેમના તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્રથી કરેલ લેખિત ખુલાસા.

પ્રસ્તાવના

જા.નં. સવન/૦૪૨/ચ/૨૦૭૮/૯૪.—ધી ગોધરા મધ્યસ્થ સહકારી ગ્રાહક ભંડાર લી. ગોધરા જિલ્લો પંચમહાલની વ્ય. સમિતિ સહકારી અધિનિયમ નિયમો અને ઉપનિયમોથી તેના ઉપર મુકેલી ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ હોવાનું અથવા તેમાં બેદરકાર રહેલ હોવાનું જણાતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ આ ભંડારની વ્ય. સમિતિને દુર કેમ ન કરવો ? તે અંગે આમુખ-૧ માં જણાવેલ કારણદર્શક નોટિસથી દિન-૧૫ માં જો કોઈ રજુઆત કરવી હોય તે લેખિતમાં રજુઆત મોકલી આપવામાં અથવા આ સંદર્ભમાં આ કચેરીએ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ ૧૧-૩૦ કલાકે ઉપસ્થિત રહી રજુઆત કરવા માટે આ મધ્યસ્થ ભંડારની વ્ય. કમીટીની તમામ સભ્યોને જણાવેલ હતું. તેના સંદર્ભમાં આ મધ્યસ્થ ભંડારની વ્ય. સમિતિના સભ્યોએ આમુખ-૪માં જણાવેલ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્રથી સંયુકત રીતે લેખિત ખુલાસો રજુ કરેલ છે. તથા તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ અત્રેની કચેરીમાં ઉપસ્થિત રહી આમુખ-૪ માં દર્શાવેલ નિવેદનથી તેઓએ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્રથી આપેલ લેખિત ખુલાસા સિવાય આ અંગે વિશેષ કંઈ જણાવવાનું નથી તેમ જણાવેલ છે.

૨. અત્રેની તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૪ ની કારણદર્શક નોટીસ અને તે અન્વયે તેમના સભ્યોએ કરેલ લેખિત ખુલાસા

INDEX

જોતાં સમિતિનાં સભ્યો પૈકી શ્રી ચંપકલાલ કે. શાહે તેમના તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્રથી અત્રેની કારણદર્શક નોટીસથી જણાવેલ તમામ મુદ્દાઓ સાથે સંમત હોવાનું જણાવેલ છે તથા ભંડારની વ્ય. સમિતિને કલમ-૮૧ હેઠળ બરતરફ કરવા જણાવેલ છે. જ્યારે બાકીના સભ્યોએ સંયુકત રીતે રજુ કરેલ લેખિત ખુલાસા ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. અત્રેથી આપેલ કારણદર્શક નોટીસ શ્રી ચંપકલાલ કેશવલાલ શાહની તારીખ ૧૯મી મે, ૧૯૯૪ ની " પ્રીન્ટેડ પત્રિકા " ના આધારે આપી છે. તે વાત સાચી છે પણ અરજદારની પત્રિકા અન્વયે અત્રેથી ભંડારની મુલાકાત લઈ તપાસ કરતાં જણાય આવેલ ગંભીર ગેરરીતિઓને અનુલક્ષીને જ કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે. આ ભંડારની વ્ય. સમિતિમાં અત્રેની કચેરીના પ્રતિનિધિની નિમણુંક થયેલ છે. જેથી કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવા કે હુકમ કરવા અત્રેને સત્તા પહોંચતી નથી તેવું જણાવેલ છે તે યોગ્ય નથી. આ ભંડારની વ્ય. સમિતિની રચનામાં ભંડારના પેટાનિયમ-૧૪ (૧) (૧) અનુસાર એક સહકારી ખાતાના એક પ્રતિનિધિની જોગવાઈ છે જે અન્વયે અત્રેથી આ ભંડારની વ્ય. સમિતિમાં ખાતાના પ્રતિનિધિ તરીકે અત્રેના હુકમ ક્રમાંક : ગસભ/૦૧/છ/૮૩૫/૯૪ તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૪ થી અત્રેની કચેરીના સહકારી અધિકારી (ગ્રાહક) ની નિમણુંક કરવામાં આવેલ છે. આ અગાઉ ખાતાના પ્રતિનિધિની નિમણુંક અંગેના કોઈ હુકમો થયેલ નથી એટલે આ ભંડારની વ્ય. સમિતિમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીની નિયુકિત થયેલ નથી અથવા જિલ્લા રજિસ્ટ્રારશ્રી હોદ્દાની રૂએ પણ અન્ય કોઈપણ રીતે વ્ય. સમિતિનું સભ્યપદ ધરાવતા નથી. જેથી કલમ-૮૧ હેઠળ કાર્યવાહી કરવા માટે અત્રેને કોઈ સત્તા પહોંચતી નથી તેવી રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. આમુખ-૨ માં જણાવેલ સરકારશ્રીના જાહેરનામા અન્વયે કલમ-૮૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવાના અત્રેને અધિકાર પ્રાપ્ત થયેલ છે. તે અન્વયે આ ભંડાર સામે કલમ-૮૧ હેઠળ કાર્યવાહી હાથ ધરેલ છે અને તે મુજબ અત્રેથી તારીખ ૨૬મી ઓગષ્ટ ૧૯૯૪ ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જે અન્વયે વ્ય. સમિતિના એક સભ્ય શ્રી ચંપકલાલ કે. શાહે સંપુર્ણ સંમતિ દર્શાવેલ છે. બાકીના સભ્યોએ સંયુકત રીતે ભરેલ રજુઆત જોતાં કારણદર્શક નોટીસના મુદ્દાઓ અન્વયે જણાવેલ છે કે—

(૧) ભંડારના પેટા નિયમ-૧૪ (૧) મુજબ દર વર્ષે ચુંટણી કરવાની જોગવાઈ હતી. જેમાં તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૮૧ ના રોજ સુધારો કરી મુદત ત્રણ વર્ષની કરવામાં આવેલ હતી. ત્યારબાદ તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૧ ના રોજ ફરીથી સુધારો કરાવી મુદત પાંચ વર્ષની કરેલ છે જે જોગવાઈ અનુસાર હવે દર પાંચ વર્ષે ભંડારની વ્ય. સમિતિની ચુંટણી કરવાની થાય પરંતુ ભંડારના ચુંટણી નિયમો જોતાં નિયમ ૩ અને ૪ ની જોગવાઈ મુજબ દરવર્ષે ચુંટણી કરવાની થાય જ્યારે ભંડારે તેની છેલ્લી ચુંટણી સને ૧૯૯૦-૯૧ ના વર્ષમાં કરેલ છે. પેટા નિયમની તે વખતની જોગવાઈ અનુસાર આ ચુંટણીમાં ચુંટાયેલ સભ્યોને જે તે વખતે ત્રણ વર્ષ માટે ચુંટાયેલા જાહેર કરેલા હતા. જે પેટા નિયમ અનુસાર બરાબર છે. પરંતુ ચુંટણી નિયમો સાથે સુસંગત નથી. એટલું જ નહીં પણ આ સભ્યોને ત્રણ વર્ષ માટે ચુંટાયેલા જાહેર કરેલા હતા. જે મુદત સને ૧૯૯૧-૯૨ ના વર્ષમાં પુરી થવા છતાં આજ પર્યન્ત વ્ય. કમીટીની ચુંટણી કરવામાં આવેલ નથી. તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૧ ના સુધારા મુજબ વ્ય. સમિતિની મુદત પાંચ વર્ષની કરેલ છે. પરંતુ ૧૯૯૦-૯૧ ના વર્ષમાં ચુંટાયેલા સભ્યોને ત્રણ વર્ષ માટે ચુંટાયેલા જાહેર કરેલ હોવાથી તેઓની મુદત ત્રણ વર્ષ પછી પુરી થયેલી ગણાય એટલે ત્યાર બાદ નવેસરથી ચુંટણી કરી તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૧ ના સુધારા મુજબ પાંચ વર્ષની મુદત માટે ચુંટણી કરવાની રહે. જો કે તે બાબત પણ ભંડારના ચુંટણી નિયમો સાથે સુસંગત નથી આ બાબતે રજુ કરેલ ખુલાસામાં ચુંટણી નિયમો ચુંટણી પ્રક્રિયા માટેની ફકત " ગાઈડ લાઈન " અને તેમાં શરતચુકથી શુધ્ધબુધ્ધિ થી કોઈ ભુલ રહી જવા પામી હોય તો કોઈ ગુનો બનતો નથી તેમાં કોઈ ગેરરીતિ કે બેદરકારી નથી તથા આ માત્ર ટેકનીકલ ભુલ છે. તેવો ખુલાસો ગ્રાહ્ય રાખી શકાય નહીં. ભંડારની ચુંટણી હંમેશા પેટા કાયદાને અનુલક્ષીને તેના ચુંટણી નિયમ અનુસાર કરવાની રહે છે. પરંતુ પ્રસ્તુત કિસ્સામાં ચુંટણી નિયમોનો કોઈ અમલ થયેલ નથી. ભંડારે જ્યારે જ્યારે તેના પેટા નિયમના સુધારા કરાવેલ છે. ત્યારે ત્યારે તેને સુસંગત ચુંટણી નિયમોમાં પણ સુધારા કરાવવાં જરૂરી હતા પરંતુ તેમ કરેલ નથી. એટલું જ નહીં પરંતુ ત્રણ વર્ષની મુદત માટે ચુંટાયેલા જાહેર કરેલ વ્ય. સમિતિના સભ્યોની મુદત પુર્ણ થયેલ હોવા છતાં પાંચ વર્ષની મુદત અંગે થયેલ નવા સુધારાની ઓથ હેઠળ સમયસર ચુંટણી કરેલ નથી.

(૨) ભંડાર સરકારી તથા અર્ધ સરકારી કચેરીઓમાં માલસામાન સપ્લાય કરવાનું કામ કરે છે. આ કામગીરીમાં ભંડાર તેનો કોઈ અલગ વિભાગ ધરાવતો નથી. પરંતુ જે તે સંસ્થા પાસેથી ઓર્ડર મેળવી કોઈ એક પાર્ટી પાસેથી માલ લઈ બારોબાર માલ સપ્લાય કરવામાં આવે છે. આ માલ ખાસ કરીને સુશીલ ટ્રેડર્સ તથા યમુના ટ્રેડીંગ કું. મારફતે બારોબાર સપ્લાય કરેલ છે. આ બન્નેને પાર્ટીનાં બીલ જોતાં એકજ માલિકના નામની બે અલગ અલગ પેઢી દર્શાવી માલ સપ્લાય કરવામાં આવેલ છે. જો કે અન્ય કેટલીક પાર્ટી મારફતે આવો વ્યવહાર થયેલ છે. પરંતુ મુખ્યત્વે ઉકત જણાવેલ એક જ પાર્ટીના બે અલગ અલગ નામથી મહત્તમ વ્યવહાર થયેલ છે. આ અંગે ભંડારે કોઈ નંબરવાળી બીલબુકો છપાવેલ નથી પરંતુ જે તે પાર્ટી પાસેથી ખરીદેલ માલમાં ચાર કે પાંચ ટકા કમીશન ચઢાવી બીલેબીલ મુજબ ભંડારનું બીલ બનાવી જે તે સંસ્થાને આપવામાં આવેલ છે. જેમાં અનુક્રમ નંબર હાથથી દર્શાવવામાં આવે છે. અને તેની કોઈ સ્થળપ્રત રાખવામાં આવતી નથી. તથા સપ્લાયર તરફથી આપવામાં આવતું ચાર થી પાંચ ટકા કમીશન ભંડારમાં જમા લેવામાં આવે છે. તદ-ઉપરાંત અડધા ટકો કમીશન કમિટી સભ્યો માટે સપ્લાયર તરફથી અલગ આપવામાં આવે છે. અને તેમાંથી કમીટીના ચાર્જિયાર સભ્યો તથા મેનેજરને કોઈ વસ્તુ જેવી કે સુટકેશ ફુલજગ વાસણો આપવામાં આવે. કોઈકવાર રોકડ રકમ પણ આપવામાં આવે છે જે અન્વયે એક કમીટી સભ્ય શ્રી ચંપકલાલ કે. શાહે તેમને આવી વસ્તુ અથવા રોકડ રકમ અવારનવાર મળેલ છે. તેવું જણાવેલ છે. જે અન્વયે અન્ય સભ્યોએ કરેલ ખુલાસો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. એટલે આમાં ગેરરીતિ થયેલ હોવાનું સ્પષ્ટ જણાય છે.

(૩) ભંડારે તેના ૨૫ વર્ષ પુરા થતાં તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૪ ના રોજ " રજતજયંતિ " (જ્યુબીલી મહોત્સવ) ઉજવેલ છે. જે અન્વયે રૂા. ૧,૨૩,૮૮૫.૮૬ નો અનઅધિકૃત ખર્ચ કરેલ છે. પેટા નિયમમાં જોગવાઈ ન હોવા છતાં રૂ. ૮૨,૬૪૯.૮૦ જ્યુબીલી ફંડ તરીકે ચોખ્ખા નફામાંથી અલગ કાઢવામાં આવેલ છે. તથા ભંડારની એક દુકાન બંધ કરી મકાન માલિકને દુકાન પરત કરીને તે પેટે તેમની પાસેથી રૂા. ૧૫૫,૦૦૦ લઈ આ રકમ જ્યુબીલી ફંડ ખાતે લઈ ગયેલ છે. અને આ અન્વયે અત્રેની કોઈપણ જાતની મંજુરી મેળવ્યા સિવાય અનઅધિકૃત રીતે ફંડ કાઢી ખર્ચ કરેલ છે. અને સહકારી કાયદાની કલમ-૬૬ નો ભંગ કરેલ છે. આ બાબતે રજુ કરેલ ખુલાસો યોગ્ય નથી. સાધારણ સભાની મંજુરી મેળવેલ છે. તેવું જણાવેલ છે હવે પછીના મુદ્દા નં. ૪ માં જણાવ્યા અનુસાર સાધારણ સભા કાયદેસર મળેલ નથી. આ બાબતને સાધારણ સભાની મંજુરી મળેલ છે તેમ ગણી

INDEX

થકાય નહીં. આમ પોતાની સત્તાનો દુરપયોગ કરી ભંડારના ફંડનો દુરઉપયોગ કરેલ છે.

(૪) પેટા નિયમ-૩૪ અનુસાર વાર્ષિક સાધારણ સભાની નોટીસ દરેક સભાસદને પોસ્ટથી અગર હાથોહાથ પહોંચાડવી જોઈએ. પરંતુ તેમ થયેલ નથી. ભંડારની સભાસદ સંખ્યા ૪૧૮૦ છે. જે સામે દર વર્ષે વાર્ષિક અહેવાલ માત્ર ૪૦૦ થી ૫૦૦ છપાવવામાં આવે છે. વાર્ષિક સાધારણ સભાના એજન્ડાની નોટીસ પણ અહેવાલમાં જ છાપેલ છે. એટલે તમામ સભ્યોને આ નોટીસ પહોંચેલ નથી. તેવું સ્પષ્ટ થાય છે. ભંડારના મેનેજરશ્રીએ પણ છેલ્લા પાંચ સાત વર્ષથી સભાસદોને વાર્ષિક રીપોર્ટ મોકલવામાં આવતા નથી તેમ જણાવેલ છે. તે જોતાં ભંડારની દર વર્ષે મળતી સાધારણ સભાઓ કાયદેસરની ગણી શકાય નહીં એટલે સાધારણ સભાની બહાલી હેઠળ થયેલ તમામ કાર્યવાહી ગેરકાયદેસર ગણાય આ બાબતે કરેલ ખુલાસામાં પોસ્ટેજ ખર્ચ, છપામણી ખર્ચ બચાવવાના શુભ આશયથી આવું થયેલ છે. તેમ જણાવેલ છે. તે યોગ્ય નથી. તેમજ સાધારણ સભાની નોટીસ સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર તેમજ તમામ શાખાઓ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેવો કરેલ ખુલાસો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણકે પેટા નિયમ-૩૪ માં સાધારણ સભાની નોટીસ દરેક સભ્યોને પોસ્ટથી અથવા હાથોહાથ પહોંચાડીને આપવાની સ્પષ્ટ જોગવાઈ છે. જેનો અમલ થયેલ નથી.

૭. ઉક્ત તમામ હકીકત જોતાં સ્પષ્ટ જણાયેલ છે કે, ધી ગોધરા મધ્યસ્થ સહકારી ગ્રાહક ભંડાર લી. ની. વ્ય. સમિતિએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અથવા નિયમો અથવા ભંડારના ઉપ નિયમોથી તેમના ઉપર મુકવામાં આવેલી ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ છે. અથવા તેમાં બેદરકાર રહેલ છે. અથવા મંડળીના હિતને બાધ આવે તેવા કાર્ય કરેલ છે. તે જોતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ આ ભંડારની વ્ય. સમિતિને દુર કરી વહીવટદાર નીમવાનું જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા મને મળેલ સત્તાની રૂએ ધી ગોધરા મધ્યસ્થ સહકારી ગ્રાહક ભંડાર લી. ગોધરાની વ્ય'સમિતિને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ દુર કરીને ભંડારના વહીવટદાર તરીકે શ્રી મનુભાઈ ઝવેરભાઈ પટેલ રહે. ડેરોલ ગામની નિમણુંક નીચેની શરતોને આધીન કરું છું.

શરતો :—

(૧) વહીવટદારની નિમણુંકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીનો તમામ ચાર્જ તુરત જ ભંડારની વ્ય. કમીટી પાસેથી મેળવી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતોવખત આપવામાં આવતી સુચનાઓને આધીન ભંડારનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીનો માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમિત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૫) વહીવટદારશ્રીના મહેનતાણાની રકમ હવે પછી નક્કી કરવામાં આવશે.

(૬) વહીવટદારશ્રીએ આ કચેરીની પુર્વ મંજુરી સિવાય અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં ભંડાર વતી મત આપી શકશે નહીં તેમજ ચુંટણીમાં ઉમેદવારી પણ કરી શકશે નહીં.

ગોધરા, તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૪.

વાંચ્યા :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્ર નંબર ફડચ/૦૬૧૫/જ/૨૯૯/ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી દુધ ગોધરા ના ઓડીટ અંગેનો દાખલો ઓડીટમેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૨૧૦૩/૯૪:—ધી રામા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં મુકામ રામા તાલુકા દેવગઢબારીયા જિલ્લા પંચમહાલની નોંધણી તારીખ ૩૦ની સપ્ટેમ્બર ૧૯૮૭ ના રોજથી નોંધણી નંબર ૧૯૯૦૦ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૩૩૩/ચ/૪૧૧/૯૩/ક તારીખ ૯મી માર્ચ ૧૯૯૩થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૭મી ઓક્ટોબર ૧૯૯૪.

વાંચ્યા :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્ર નંબર ફડચ/૦૬૨૬/જ/૩૦૨/ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી દુધ (લી. રી.) ના ઓડીટ અંગેનો દાખલો ઓડીટમેમો.

હુકમ

ક્રમાંક ફડચા/૦૧/ચ/૨૧૦૪/૧૯૯૪.—ધી આમલી મેનપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં મુકામ આમલી મેનપુર તાલુકા લીમખેડા જિલ્લા પંચમહાલની નોંધણી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૭૯ ના રોજથી નોંધણી નંબર ૧૬૪૨૦ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦૧/ચ/૫૫૧/ક-તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૭મી ઓક્ટોબર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) આ કચેરીની કારણદર્શક નોટીસ જા. નં.સવન/૦૪૧/ચ/૧૧૬૫/૯૪ તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૪

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૩૨૦૪/જે, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

INDEX

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૪) ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ મળેલ મીટીંગમાં ઠરાવ નંબર ૧૨ (૪)

પ્રસ્તાવના.

જા. નં. સવન/૦૪૧/ચ/૨૧૭૪/૧૯૯૪.—ધી મલાવ આર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. મલાવ તાલુકો કલોલ જિલ્લો પંચમહાલની વ્યવસ્થાપક સમિતિ સહકારી અધિનિયમ, નિયમો અને ઉપનિયમોથી તેના ઉપર મુકેલી ફરજો બજાવવામાં વારંવાર કસૂર કરેલ હોવાનું અથવા તેમાં બેદરકાર રહેલ હોવાનું જણાતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ આ મંડળીની વ્યવસ્થાપક સમિતિ ને દૂર કેમ ન કરવી તે અંગે આમુખ-૧માં જણાવેલ કારણદર્શક નોટીસ થી દિન-૧૫માં જો કોઈ રજુઆત કરવી હોય તો તે લેખિતમાં મોકલી આપવા અથવા આ કચેરીએ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ ૧૨-૩૦ કલાકે ઉપસ્થિત રહી રજુઆત કરવા માટે આ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના તમામ સભ્યોને જણાવેલ હતું જે અન્વયે કોઈપણ વ્યવસ્થાપક કમીટી સભ્ય રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી પરંતુ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્રથી મંડળીના તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ મળેલ વ્યવસ્થાપક કમીટીના ઠરાવ નંબર-૩ની નકલ મોકલેલ છે જે ઠરાવની વિગતો જોતા આ કચેરીની કારણદર્શક નોટીસ અન્વયે મંડળીનો વહીવટ સુધારવા માટે નિયમિત મીટીંગ બોલાવવા અને વસૂલાત અંગે કાર્યવાહી કરવા ઠરાવ કરેલ છે. આમ વ્યવસ્થાપક કમીટીએ આ કચેરીની કારણદર્શક નોટીસના મુદ્દાઓ અન્વયે સંતોષકારક ખુલાસા કરેલ નથી અને નોટીસના મુદ્દાઓ અન્વયે જણાયેલ છે કે.

(૧) તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ના આખરે સભ્યો પાસે કરજ ધિરાણ બાકી રૂા. ૧૨,૫૧,૩૯૪/- છે જે પૈકી મુદતવીતી બાકી રૂા. ૮,૬૯,૪૫૨/- જેટલી છે ૧૯૯૨-૯૩ ના વર્ષમાં કન્વર્ઝન ૮૭ તથા કન્ટર્ઝન ૮૮ અને મધ્યમ મુદત ધિરાણની બિલકુલ વસૂલાત આવતી નથી અને સભાસદો કર્જ ભરવાની મનોવૃત્તિ ધરાવતા નથી બેંક તરફથી પણ જાણીબુઝીને કર્જ નહી ભરતા સભ્યો સામે કાનુની રાહે કાર્યવાહી કરવા અંવાર નવાર સુચનાઓ આપવ છતાં વ્યવસ્થાપક કમીટી સભ્યોનું વલણ એવું રહયું છે કે મંડળીની સ્થાપના બ દ આજદિન સુધી કોઈપણ મુદતવીતી બાકીદાર સામે મંડળીએ કાનુની કાર્યવાહી કરી નથી જેથી કમીટી આવી કોઈ કાર્યવાહી હાથ નહી ધરવા નિર્ણય લીધેલ છે. આમ વ્યવસ્થાપક કમીટી મુદતવીતી કર્જની વસૂલાત અંગે કાયદેસર દાવા દાખલ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨) બેંક દર વર્ષે લોન ઉપર મંડળી પાથી વ્યાજ વસૂલ કરે છે જ્યારે બીજી બાજું મંડળીને કર્જ ઉપર વ્યાજ વસૂલ આવતું નથી. જેના પરીણામે મંડળીને આવક કરતાં ખર્ચ વધે છે. અને નુકશાન જાય છે. અને દિન પ્રતિદિન મંડળીની આર્થિક સ્થિતિ બગડતી જાય છે.

(૧) તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ આખરે સભાસદો પાસે કર્જ બાકી રૂા. ૧૨,૫૧,૩૯૪/- છે જેની સામે બેંક લોન બાકી રૂા. ૧૩,૮૮,૩૯૯/૮૩ છે. આમ બેંક લોન અને કર્જ બાકી વચ્ચે રૂા. ૧,૩૭,૦૦૫/૮૩નો મોટો ગાળો પડે છે. જે તફાવત સરભર કરવા વ્યવસ્થાપક કમીટી તરફથી કોઈ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ નથી.

(૪) સંસ્થાના પેટા નિયમ નકકી કર્યા છતાં વ્યવસ્થાપક કમીટીએ નીચે જણાવ્યા મુજબ પોતાનો ફરજો બજાવી નથી અને ફરજ બજાવવામાં કસુર કરેલ છે.

(૧) પેટા નિયમ ૯ (૧) અનુસાર દરેક સભાસદે તેના કુટુંબના પોષણ સારૂ જોઈશે તે સિવાયની તમામ પાક મંડળી મારફતે વેચવી જોઈએ જેનો અમલ વ્યવસ્થાપક સમિતીના સભ્યોએ પોતે કરેલ નથી કે અન્ય સભાસદો પાસે કરાવેલ નથી.

(૨) પેટા નિયમ ૪૧ (૨) અનુસાર જે સભ્યોએ પેટા નિયમ ૯ ના આગલા સહકારી વર્ષમાં ભંગ કર્યો હોય તે વ્યવસ્થાપક કમીટીમાં ચુંટાવાને લાયક નથી. દરેક વ્યવસ્થાપક કમીટી સભ્યોએ આ જોગવાઈઓમાં ભંગ કરેલ છે. જેથી તેઓ વ્યવસ્થાપક કમીટી પણ માટેની ગેરલાયકાત ધરાવે છે.

(૩) પેટા નિયમ ૪૪ (૪) અનુસાર વ્યવસ્થાપક કમીટીએ કર્મચારીઓના જામીન લીધા નથી દરેક ઓડીટ નોંધમાં સુચના આપવા છતાં અમલ કરેલ નથી.

(૪) પેટા- નિયમ ૪૪ (૭) અન્વયે વ્યવસ્થાપક કમીટીએ લેણા થઈ ગયેલા કર્જના હપ્તાઓ વસૂલ કરવા માટે નોટીસો આપેલ નથી.

(૫) પેટા નિયમ ૪૪ (૧૦) અનુસાર રોજમેળમાં નિયમિત સહીઓ કરવાના અધિકાર કોઈને આપેલ નથી.

(૬) પેટા નિયમ ૪૪ (૧૬) અનુસાર વ્યવસ્થાપક કમિટીએ સ્ટોક/સિલકની તપાસ કરવી જોઈએ જે કરી નથી.

(૭) પેટા નિયમ ૪૫ (૯) થી ફરજ નકકી કર્યા છતાં ચેરમેનશ્રી ખર્ચના વાવચરો મંજુર કરતા નથી.

(૮) પેટા નિયમ ૪૭ (૪) અનુસાર રોજમેળમાં ચેરમેન મંત્રી તથા વ્યવસ્થાપક કમીટીના સભ્યની સહી લેવી જોઈએ જેનો અમલી કરેલ નથી.

૨. ઉકત તમામ હકીકત જોતાં સ્પષ્ટ જણાયેલ છે કે, મંડળીના વ્યવસ્થાપક સમિતિએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અથવા નિયમો અથવા ઉપનીયમોમાંથી તેમના ઉપર મુકવામાં આવેલી ફરજો બજાવવામાં વારંવાર કસૂર કરેલ છે અથવા તેમાં બેદરકાર રહેલ છે. અથવા મંડળીના હિતને બાધ આવે તેવા કાર્ય કરેલ છે જેતે જોતાં ગુજરાત સહકારી મંડળઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ આ મંડળીની વ્યવસ્થાપક સમિતિને દૂર કરી, વહીવટદાર નીમવાનું જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી ઓ. વી. મછાર, જિલ્લા રજિસ્ટાર, સહકાર મંડળીઓ, ગોધરા મને મળેલી સત્તાની રૂએ ધી મલાવ આર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. મલાવ તાલુકો કલોલ જિલ્લા પંચમહાલની વ્યવસ્થાપક સમિતિને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકાર બેંક લી. ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરૂ છું.

શરતો

(૧) વહીવટદારની નિમણંકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીના તમામ ખર્ચ તુરત જ મંડળીની વ્યવથાપક કમિટી પાસેથી મેળવી કરવાનો રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતો-વખત આપવામાં આવતી સુચનાઓને આધીન મંડળીનો વહીવટ કરવાના રહેશે.

(૪) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીનો માસિક પ્રગતિ અહેવાલ દર માસે પાંચમી તારીખ સુધીમાં નિયમિત મોકલી આપવાની રહેશે.

INDEX

(૫) વહીવટદારશ્રીએ મહેનતાણાં પેટે કોઇ ખર્ચ મંડળીમાં પાડવાનો રહેશે નહી.

(૬) વહીવટદારશ્રી આ કચેરીની પૂર્વ મંજૂરી સિવાય અન્ય કોઇ સંસ્થામાં મંડળી વતી મત આપી શકશે નહી તેમજ ચુંટણીમાં ઉમેદવારી પણ કરી શકશે નહી.

ગોધરા, તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) આ કચેરીની કારણદર્શક નોટીસ જા.નં. સવન/૦૩૬/ચ/૧૨૩૮/૯૪ તારીખ ૩૦મી જૂન, ૧૯૯૪ તથા જા. નં. સવન/૦૩૬/ચ/૧૩૩૩/૯૪ તા. ૨૬મી જૂલાઈ, ૧૯૯૪.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ના જાહેરનામા નં. જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/ ૧૧૮૮/૩૨૦૪/જે તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ. ૮૧ હેઠળની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૩૬/ચ/૨૧૩૬/૯૪.- ધી જયનારેશ્વર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ગોધરા, જિ. પંચમહાલની વ્યવસ્થાપક સમિતિ સહકારી અધિનિયમ, નિયમો અને ઉપનિયમોથી તેના પર મૂકેલ ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ હોવાનું અથવા તેમાં બેદરકાર રહેલ હોવાનું જણાતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ. ૮૧ હેઠળ આ મંડળીની વ્યવસ્થાપક સમિતિને દુર કેમ ન કરવી? તે અંગે આમુખ-૧ માં જણાવેલ કારણદર્શક નોટીસથી દિન ૧૫માં કોઈ જો રજુઆત કરવી હોય તો તે લેખિતમાં રજુઆત મોકલી આપવા અથવા આ કચેરીએ તા. ૧૮મી જૂલાઈ, ૧૯૯૪ના રોજ ૧૧-૩૦ કલાકે ઉપસ્થિત રહી રજુઆત કરવા માટે આ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યોને જણાવેલ હતું. પરંતુ વ્યવસ્થાપક સમિતિ તરફથી સુનાવણીની તારીખ સુધીમાં કોઈ-પણ જાતની લેખિત યા મૌખિક રજુઆત કરવામાં આવેલ ન હતી. જેથી ન્યાયના હિત ખાતર બીજી તક આપી. તારીખ ૮મી ઓગસ્ટ, ૧૯૯૪ના રોજ બપોરના ૧૩-૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલી હતી. તેમ છતાં બીજી સુનાવણી દરમ્યાન પણ કોઈપણ વ્ય. કમિટિ સભ્યો હાજર રહેલ નથી. તેમજ કારણદર્શક નોટીસના લેખિત ખુલાસા રજુ કરેલ નથી. આમ સંસ્થાની વ્યવસ્થાપક સમીતીને આપવામાં આવેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓ અન્વયે જણાયેલ છે કે,

(૧) સંસ્થાની વ્ય. કમિટીઓ પાછલી ઓડીટ નોંધોમાં જણાવેલ ખામીની વાસ્તવિક દુરસ્તી કે અમલ કરેલ નથી અને જેના કારણે સદરહુ ખામીઓનું વારંવાર પુનરાવર્તન થયેલ છે.

(૨) સંસ્થા પાસે માન્ય પેટા નિયમ ઉપલબ્ધ ન હોવા છતાં જેની નકલ મેળવવા કોઈ કાર્યવાહી થયેલ નથી.

(૩) સંસ્થાની વ્ય. કમિટી ઘણી જુની છે. અને વ્ય. કમિટિની મીટીંગો નિયમિત મળતી નથી. અને કામકાજ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૪) સંસ્થાએ સહકારી કાયદા, કાનુન અને પેટાનિયમથી ઠરાવ્યા મુજબના હિસાબી દફતરો જેવા કે લોન, ખાતાવહી, ધિરાણ ખાતા-વહી, શેર ખાતાવહી, જમીન બાંધકામ ફાળાની ખાતાવહીઓ નિભાવેલ નથી. અને સદરહુ ખાતાવહીઓ નિભાવેલ ન હોવાથી સદરહુ ખાતાઓની બાકીઓની યાદીઓ છેલ્લા ઘણા વર્ષોથી ઓડીટમાં રજુ કરવામાં આવતી નથી. જેના પરિણામે સરવૈયામાં જણાવેલ દેવા-લ્હેણા મેળવણી થઈ શકતી નથી.

(૫) મંડળીએ ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ સો.લી. અમદાવાદ પાસેથી રૂા. ૪.૦૦ લાખ પુરાની જે લોન મેળવેલ છે. તે લોનની શરતો અને બોલીઓનું પાલન થયેલ નથી. હપ્તાઓ નિયમિત ભરાતા નથી. અને ધિરાણ કરેલ તમામ સભ્યો પાસે કર્જ મુદત વીતી બાકી પડે છે. વ્ય. કમિટી સભ્યો પણ મુદત વીતી બાકીદાર છે. જેથી વસુલાત અંગે નિષ્ક્રીયતા દાખવે છે.

૨/- ઉકત તમામ હકીકતો જોતાં સ્પષ્ટ જણાય છે કે, ધી જયનારે-શ્વર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ગોધરાની વ્ય. સમિતીએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અથવા નિયમો અથવા મંડળીના ઉપનિયમોથી તેમના ઉપર મુકવામાં આવેલી ફરજો બજા-વવામાં વારંવાર કસુર કરેલ છે. અથવા તેમાં બેદરકાર રહેલ છે. અથવા મંડળીના હીતને બાધ આવે તેવા કાર્ય કરેલ છે. તે જોતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ આ મંડળીની વ્ય. સમિતિને દુર કરી વહીવટદાર નિમવાનું જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા મને મળેલ સત્તાની રૂએ ધી જયનારેશ્વર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ગોધરા જિ. પંચમહાલની વ્ય. સમિતિને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ દુર કરીને મંડળીના વહીવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી લી. અમદાવાદની નિમણુંક નીચેની શરતોને આધીન કરૂં છું.

શરતો

(૧) વહીવટદારની નિમણુંકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીના રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીના તમામ ચાર્જ તુરત જ મંડળીની વ્ય. કમિટિ પાસેથી મેળવી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતો-વખત આપવામાં આવતી સુચનાઓને આધીન મંડળીનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીની માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમિત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૫) વહીવટદારશ્રીએ મહેનતાણા પેટે કોઈપણ જાતનો ખર્ચ આ કચેરીની પૂર્વમંજુરી સિવાય મંડળીમાં પાડવાનો રહેશે નહીં.

(૬) વહીવટદારશ્રીએ આ કચેરીની પૂર્વ મંજુરી સિવાય અન્ય કોઈ સંસ્થાની ચૂંટણીમાં મંડળી વતી મત આપી શકશે નહીં તેમજ ચૂંટણીમાં ઉમેદવારી પણ કરી શકશે નહીં.

ગોધરા, તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ કાલોલનો તારીખ ૧લી જૂન, ૧૯૯૪ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીનો તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

INDEX

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/૨૧૯૨.—કાલોલ તાલુકા સહકારી સંસ્થાઓના કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી. કાલોલ, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૫૪૯/૯૪, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા), ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ, કાલોલની તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૪નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦ ફડચ/૦૧/ચ/૧૧૯૩ / ૯૪.—ધી કાંકરીયા પેપર મીલ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. કાલોલ અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૧૫૯૩/૯૪ તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૪થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) ઓડીટર સહકારી મંડળીઓ, કાલોલનો તારીખ ૧લી જુન, ૧૯૯૪નો ખાસ અહેવાલ.

(૨) અત્રેનો તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/ચ/૨૧૯૬/૯૪.—ધી વેજલપુર હરીજન કો-ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી. વેજલપુર, તાલુકો કાલોલ, અત્રેની કચેરીના જા. નં. / ફડચ/૦૧/ચ/૧૫૫૨/૯૪, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી શ્રી (ફડચા), ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) આ કચેરીનો હુકમ નં. સવન/૦૩૩/ચ/૮૦૩/૯૪, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ તથા હુકમ નં. / સવન/૦૩૩/ચ/૧૦૮૩/૯૪, તારીખ ૩જી જુન, ૧૯૯૪.

(૩) વહીવટદારશ્રી, ધી લક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ સો. લી. હાલોલનો તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૪નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૩૩/ચ/૨૨૧૨/૯૪.—ધી લક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. હાલોલ, જિલ્લો પંચમહાલની વ્ય. કમિટીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ દુર કરી વહીવટદાર તરીકે શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૧ (બેંકીંગ) લગત સદર કચેરીના આમુખ (૨) માં જણાવેલ આ કચેરીના તારીખ ૩જી જુન, ૧૯૯૪ના હુકમથી કરવામાં આવેલ છે. વહીવટદારશ્રીએ તેમના આમુખ (૩) માં જણાવેલ પત્રથી સંસ્થાનો વહીવટ કરવા માટે સ્થાનિક વહીવટકર્તાઓને નિમણુંક કરી વહીવટદાર બોર્ડ બનાવવા ભલામણ કરેલ છે. જેના સંદર્ભમાં આથી નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું, એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી લક્ષ્મી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. તાલુકો હાલોલ, જિલ્લો પંચમહાલના વહીવટદાર તરીકે સહકારી અધિકારી ગ્રેડ-૧ (બેંકીંગ) સદર કચેરીના આમુખ (૨)માં જણાવેલ હુકમથી કરવામાં આવેલ નિમણુંક આથી રદ કરવા આદેશ કરું છું. અને તેની જગ્યાએ નીચે જણાવેલ સભ્યોના વહીવટદાર બોર્ડની નિમણુંક કરું છું. નિમણુંકની શરતો અગાઉના હુકમની શરત નં. ૫ સિવાયની શરતો યથાવત રહેશે.

(૧) શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૧ (બેંકીંગ) લગત સદર કચેરી અધ્યક્ષ
(૨) શ્રી ઉપેન્દ્ર ભીખાલાલ શાહ. રહે. હાલોલ ... સભ્ય
(૩) શ્રી યોગેશ પ્રફુલ્લચંદ્ર દેસાઈ રહે. હાલોલ. ... ,,
(૪) શ્રી પ્રકાશભાઈ નટવરલાલ પરીખ રહે. હાલોલ ... ,,
(૫) શ્રી વિપુલભાઈ રમણલાલ પટેલ રહે. હાલોલ ... ,,

ગોધરા, તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :

(૧) આ કચેરીની કારણદર્શક નોટીસ નંબર સવન/૦૪૩/ચ/૧૬૪૯ તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૪.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેર નામા નંબર જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૩૨૦૪/જે તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૪.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૪) ધી ડુંગરી સેવા સહકારી મંડળી લી., તાલુકો ઝાલોદના વ્યવસ્થાપક કમીટી સભ્યોએ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્રથી કરેલ લેખિત ખુલાસા તથા રૂબરૂમાં આપેલ લેખિત નિવેદન.

INDEX

પ્રસ્તાવના

સવન/૦૪૩/ચ/૨૧૭૫/૯૪.—ધી ડુંગરી સેવા સહકારી મંડળી લી. તાલુકો ઝાલોદ જિલ્લા પંચમહાલની વ્યવસ્થાપક સમિતિ સહકારી અધિનિયમ નિયમો અને ઉપનિયમો થી તેના ઉપર મુકેલી ફરજો બજાવવામાં વારંવાર કસૂર કરેલ હોવાનું અથવા તેમાં બેદરકાર રહેલ હોવાનું જણાતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ સદરહું મંડળીની વ્યવસ્થાપક સમિતિને દૂર કેમ ન કરવી તે અંગે આમુખ-૧માં જણાવેલ કારણદર્શક નોટીસથી દિન-૧૫માં જો કોઈ રજુઆત કરવી હોય તો તે લેખિતમાં રજુઆત મોકલી આપવા અથવા આ સંદર્ભમાં ધી ડુંગરી સેવા સહકારી મંડળી લી. ની ઓફીસો તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ સવારના ૯-૦૦ કલાકે ઉપસ્થિત રહી રજુઆત કરવા માટે આ મંડળીના વ્યવસ્થાપક કમિટીની તમામ સભ્યોને જણાવેલ હેતુ તેના સંદર્ભમાં મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કારણદર્શક નોટીસના લેખિત ખુલાસા રજુ કરેલ છે. જે અન્વયે રૂબરૂમાં ચર્ચા કરી, મંડળીના રેકર્ડ ખાત્રી કરતાં કારણદર્શક નોટીસના મુદ્દાઓ અન્વયે જણાવેલ છે કે,

(૧) તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૨થી ૩૦મી જૂન ૧૯૯૩ સુધીના સમયનો ઓડીટ મેમો મંડળીને તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ મળેલ છે. જેને દશ માસ જેટલા સમય થયો હોવા છતાં ઓડીટ મેમો બોર્ડની મીટીંગમાં વંચાણે લેવામાં આવેલ નથી અને ઓડીટ નોંધમાં જણાવેલ ખામી નંબર ૧ થી ૮૦ સુધીની ખામીઓ ગંભીર પ્રકારની હોવા છતાં વ્યવસ્થાપક કમીટીએ તેની વાસ્તવિક દુરસ્તી કે અમલ કરવા કોઈજ કાર્યવાહી કરેલ નથી.

(૨) મંડળીના તમામ સભ્યોને પાસબુકો આપવામાં આવેલ નથી તથા કાર્યક્ષેત્રના ચાર ગામ પૈકી બે ગામના મિલ્કત પત્રકો બનાવેલ નથી તેમજ એકરાર રજિસ્ટ્રાર છેવટ સુધીનું તૈયાર કરેલ નથી તેમ છતાં સદરહું કામગીરી પૂર્ણ કરાવવા વ્યવસ્થાપક કમીટીએ કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

(૩) સભાસદ કર્જ બાકી અને યાદી અને સરવૈયા મુજબની બાકી વચ્ચે તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ ના અંતે રૂા.૩,૮૦,૪૯૪-૫૪નો તફાવત છે અને યાદીએ ઘટ છે. સદરહું તફાવત આગાઉના સમયથી ચાલ્યો આવે છે. અને જેથી મેળવણી કરવા દરેક ઓડીટમાં સુચના આપવા છતાં વ્યવસ્થાપક કમીટીએ કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

(૪) તારીખ ૩૦મી જૂન ૧૯૯૪ આખરે સભાસદ કર્જ રૂા. ૨૩,૪૦,૯૯૭-૨૦ બાકી છે જે પૈકી મુદતવીતી બાકી રૂપિયા ૨૦,૪૮,૧૨૫ છે. આમ ૯૦ટકા કર્જ મુદતવીતી બાકી છે. તેમ છતાં મુદતવીતી કર્જની વસૂલાત અંગે કલમ ૧૦૬ હેઠળ કાયદેસર દાવા દાખલ કરવા વ્યવસ્થાપક કમીટીએ કોઈજ કાર્યવાહી કરેલ નથી.

(૫) મંડળીમાં મુદતવીતી વ્યાજની વસૂલાત આવતી નથી અને બેંકલોન ઉપર દર વર્ષે વ્યાજ આકારતા દિન પ્રતિદિન ખોટનું પ્રમાણ વધતુ જાય છે ૩૦મી જૂન ૧૯૯૪ આખરે એકત્ર ખોટ રૂા. ૯,૮૨,૮૪૩.૭૧ છે જેમાં મંડળીના તમામ ફંડો ચવાઈ ગયેલ છે તેમ છતાં ખોટ સરભર વ્યવસ્થાપક કમીટી તરફથી કોઈજ પ્રયત્નો થયેલ નથી.

મંડળીએ આગાઉ ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંક લી. પાસેથી જુદા જુદા હેતુઓ માટે ખોટ મેળવેલ હતી જે પૈકી આજની તારીખ રૂા.૧,૧૬,૧૭૩/- મુદતવીતી બાકી પડે છે. સામે માલ સ્ટોક નથી અને માર્જીન તુટી પડેલ છે. કેશ ક્રેડીટની શરતો અને બોલીઓનો જે થયેલ છે. તેમ છતાં વ્યવસ્થાપક કમીટીએ મુદતવીતી રકમ ભરપાઈ કરવા કોઈજ કાર્યવાહી કરેલ નથી.

(૭) મંડળીએ ડી. પી. ઓ. પી. ની સહાયક તથા ધી પંચમહાલ ડી. કો. ઓપ. બેંક લી ની લોનથી તારીખ ૨૭ માર્ચ, ૧૯૯૪ના રોજ ટ્રેકટર નંબર જીઓએમ/૬૦૪૬ ખરીદેલ હતું સદરહું ટ્રેકટરની લોન તથા વ્યાજના હપ્તા નિયમિત ન ભરતાં ઈન્સ્પેકટરશ્રી ધી પંચ. ડી. કો. ઓપ બેંક લી. લીમડી શાખાના તારીખ ૧૨મી જુન ૧૯૯૬ના પત્ર મુજબ બેંકના હેડ ઓફીસની સુચનાથી ધી ઝાલોદ તા. સ. ખ. વે. સંઘ લી. ને વહીવટ કરવા અને સંઘ બારોબાર હપ્તા જમા કરશે તેવા લેખિત આદેશથી જે તે સમયે મંડળીએ ટેકટર વહીવટ માટે સંઘને આપેલ છે. સંઘના વહીવટ દરમ્યાન તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૯૬ ના રોજ ટ્રેકટરને એકસીડન્ટ થયેલ છે જેનો વીમા ક્લેઈમ આજ દિન સુધી મંજૂર કરાવવા બેંક સંઘ કે મંડળીએ કોઈ જ કાર્યવાહી કરેલ નથી અને બેંક દર વર્ષે લોન ઉપર વ્યાજ આકારે છે પરીણામે મંડળીને આર્થિક નુકશાન જાય છે સંઘે તેના વહીવટ દરદરમ્યાન લોન પેટે કેટલી રકમ બેંકમાં જમા કરાવી તેની કોઈજ માહિતી મંડળી પાસે નથી વધુમાં ડી. પી. ઓ. પી. ની સહાયની શરતો મુજબ ટ્રેકટરનો ઉપયોગ મંડળીએ જાતે સભ્યોના હિતાર્થે કરવાનો હતો તેમ છતાં શરતોનો અમલ ન કરતાં મંજુરી વગર બેંકમાં આદેશથી સંઘને વહીવટ સુપ્રત કરી સહાયની શરતોનો ભંગ કરેલ છે તેમજ એકસ્સીડન્ટ બાદ છ વર્ષ જેટલો સમય થવા છતાં ટ્રેકટર હાલ કઈ જગ્યાએ કઈ પરિસ્થિતિમાં કોના હાથમાં છે જે અંગે વ્યવસ્થાપક કમીટી કોઈ જ ખુલાસો કરી શકેલ નથી.

મંડળીના સેક્રેટરી શ્રી ભુરસીંગભાઈ એસ. ડામોર, મંડળીમાંથી રૂા. ૯૪,૯૩૫-૯૯ની ઉચાપત કરેલ છતાં સદરહું રકમ વસૂલ લેવા વ્યવસ્થાપક કમીટીએ કાયદેસર લવાદી દાવો દાખલ કરેલ નથી.

મંડળીના સરવૈયે ડેડસ્ટોક રૂા. ૧૫૪૧૭/- નો બોલે છે જે પૈકી ડેડસ્ટોક હયાત છે કે કેમ? તે અંગે વ્યવસ્થાપક કમીટીએ અત્યાર સુધી કોઈજ ખાત્રી કરેલ નથી.

(૧૦) મંડળીએ વકીલ ફી પેટે રૂા. ૮૦૦૦/- ચુકવેલ છે. સદરહું વકીલ ફી ચુકવવા વ્યવસ્થાપક કમીટીમાં કોઈ જ ઠરાવ થયેલ નથી અને ઓડીટ રીપોર્ટમાં લીગલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ જણાવેલ સ્પષ્ટતા કરવા જણાવવા છતાં વ્યવસ્થાપક કમીટીએ કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી.

(૧૧) મંડળીએ આગાઉ નેશનલ સેવીંગ્સ સર્ટી. રૂા. ૨૩૫૦/- ના ખરીદી ડીપોઝીટ પેટે મામલતદાર કચેરીમાં જમા કરાવેલ છે જેની મુદત પુરી થવા છતાં પરત મેળવી બટાવવી કોઈજ કાર્યવાહી કરેલ નથી જેના પરિણામે બીન જરૂરી વ્યાજ ખાદ્ય સહન કરવા પડે છે.

(૧૨) મંડળી દર વર્ષે ઉત્તરોત્તર ખોટ કરતી હોવા છતાં કર્મચારીઓને ઓવર ટાઈમ બોનસ ચુકવે છે ઉપરાંત કેડરના કર્મચારીઓને કેડરે નકકી કરેલ પગાર ધોરણ ઉપરાંત ઠરાવથી મંડળીમાંથી વચગાળાની રાહત પેટે વધારાનો પગાર ચુકવે છે પરીણામે મંડળીને આર્થિક બોજા વધે પડે છે અને દિન પ્રતિદિન ખોટ વધતી જાય છે.

(૧૩) મંડળીમાં હાલ સેક્રેટરીની જગ્યા ખાલી હોવાથી કેડર તરફથી અન્ય ધી કુટી લેમ્પસના સેક્રેટરીને ચાર્જ સુપ્રત કરેલ છે. અને તેઓને મંડળી તરફથી વધારાના ચાર્જ પેટે રૂા. ૬૦૦/- પગાર ચુકવાય છે. જેના કારણે મંડળીને વધુ આર્થિક બોજા પડે છે.

(૧૪) ગત વર્ષે મંડળીએ સભ્યોને માલના રૂપમાં ખાતરનું જે ધિરાણ કરેલ હતું જેમાં જે તે સમયના સેક્રેટરીએ પહોંચ પત્રકમાં સભ્યોની સહીઓ લીધા બાદ જે તે સભ્યને પુરેપુરૂ ખાતર આપેલ ન હતું અને ગેરરીતી કરેલ ખાતરનો બીન અધિકૃત જથ્થો ગોડાઉનમાં રાખેલ હતો જેની જાણ થતાં વ્યવસ્થાપક કમીટીએ આ ખાતર ચાલુ

INDEX

વર્ષ અન્ય સભ્યોને ધિરાણ પેટે આપી નિકાલ કરેલ છે પરંતુ ગત વર્ષે કયા સભ્યોને ઓછું ખાતર આપેલ છે. જેની ખાત્રી કરી તેમના ખાતે જમા આપવા કોઈજ કાર્યવાહી કરેલ નથી.

(૧૧) મંડળીના હાલની વ્યવસ્થાપક કમીટીના સભ્યશ્રી રામસીંગમાઇ નાનકાભાઈ પાસે મધ્યમ મુદત કર્જ રૂા. 3000/- મુદત વીતી બાકી હોવા છતાં વ્યવસ્થાપક કમીટીમાં નિમણુંક આપેલ છે જે પેટા-નિયમ વિરૂધ્ધ છે.

(૧૬) મંડળીના સરવૈયે જુના દેવા લેણા ખુબ લાંબા સમયથી ખેચાતા આવે છે. તેમ છતાં જેનો નિકાલ કરવા વ્યવસ્થાપક કમીટીએ કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

૨. ઉકત તમામ હકીકત જોતાં સ્પષ્ટ જણાય છે કે, મંડળીની વ્યવસ્થાપક સમિતિએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અથવા નિયમો અથવા મંડળીના ઉપનિયમોથી તેમના ઉપર મુકવામાં આવેલી ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ છે. અથવા તેમાં બેદરકાર રહેલ છે. અથવા મંડળીના હિતને બાધ આવે તેવા કાર્ય કરેલ છે. તે જોતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ આ મંડળીની વ્યવસ્થાપક સમિતિને દૂર કરી વહીવટદાર નિમવાનું જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એ. વી. મછાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા. મને મળેલ સત્તાની રૂએ ધી ડુંગરી સેવા સહકારી મંડળી લી. તાલુકો ઝાલોદ જિલ્લા પંચમહાલની વ્યવસ્થાપક સમિતિને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ દૂર કરીને મંડળીના વહીવટદાર તરીકે નીચે જણાવેલ સભ્યોના વહીવટદાર બોર્ડની નિમણુંક નીચેની શરતોને આધીન કરૂ છું.

(૧)	શ્રી સહકારી અધિકાર (ટ્રાયબલ) ઝાલોદ	અધ્યક્ષ
(૨)	શ્રી હિરાભાઈ સોમજીભાઈ ડામોર રે. ડુંગરી, તાલુકો ઝાલોદ	સભ્ય.
(૩)	શ્રી માનજીભાઈ ફનાભાઈ હઠીલા મુકામ વાંકોલ, તાલુકો ઝાલોદ.	સભ્ય
(૪)	શ્રી નરસીંગભાઈ સીસ્કાભાઈ ભાભોર મુકામ થાળા, તાલુકો ઝાલોદ.	સભ્ય
(૫)	શ્રી વરસીંગભાઈ રૂણાભાઈ આમલયારા મુકામ પીપળીયા, તાલુકો ઝાલોદ.	સભ્ય.
(૬)	ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ના પ્રતિનિધિ.	સભ્ય.

શરતો :

(૧) વહીવટદાર બોર્ડની નિમણુંકની મુદત હુકમની તારીખથી બે વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદાર બોર્ડે મંડળીના તમામ ચાર્જ તુરતજ મંડળીની વ્યવસ્થાપક કમીટી પાસેથી મેળવી તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૩) આ કચેરી તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનાઓને આધીન મંડળીનો વહીવટ કરવાનો રહેશે.

(૪) વહીવટદાર બોર્ડે કરેલ કામગીરીનો માસિક પ્રગતિ રીપોર્ટ દર માસે નિયમિત પાંચમો તારીખ સુધીનમાં મોકલી આપવાની રહેશે.

(૫) વહીવટદાર બોર્ડે આ કચેરીની પૂર્વ મંજૂરી સિવાય મહેનતાણાં પેટે કોઇપણ જાતનો ખર્ચ મંડળીમાં પાંડવાનો રહેશે નહીં.

(૬) વહીવટદાર બોર્ડે આ કચેરીની પૂર્વ મંજૂરી સિવાય અન્ય કોઇ સંસ્થામાં મંડળી વતી મત આપી શકશે નહી તેમજ ચુંટણીમાં ઉમેદવારો પણ કરી શકશે નહીં.

ગોધરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણુ / દસમ/સે. ૨૭૫૦૫ ક-૪ ૧૯૯૪:— જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી બલુજીના મુવાડા (ક) દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી, મર્યાદિત સ્થળ બલુજીના મુવાડા તાલુકો સંતરામપુર જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ નધણુ/દસમ/સે.૨૭૫૦૬ ક-૪/૧૩૫૯/૧૯૯૪:— જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી દેદાવાડા દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દેદાવાડા તાલુકો સંતરામપુર જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ નધણુ/દસમ/સે-૨૭૫૦૭/ક-૪/૧૩૬૦ ૧૯૯૪.— જિલ્લા રજિસ્ટારશ્રી સહકારી મંડળીઓ ગોધરા આથી જાહેર કરે છે કે ધી માછીના નાધ્રા દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ માછીના નાધ્રા તાલુકો સંતરામપુર જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણુ/દસમ/સે-૨૭૫૦૮/ક-૪/૧૩૬૧/૧૯૯૪:— જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી મોકમસિહના ભેવાડા દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મોકમ સિહના ભેવાડા તાલુકો લુણાવાડા જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યા :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૪ના પત્ર નં. : ફડચ/૦૬૬૭/જ/૩૩૪/૯૪ ની દરખાસ્ત.

(૨) શ્રી રાજ-ઓડીટર સ. મં. (લી.રા.) ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા (ખ) / ૨૩૨૦ / ૯૪.—ધી રળીયાતી ભુરા પિયત સહકારી મંડળી લી. ફડચામાં મુકામ રળીયાતી ભુરા તાલુકો ઝાલોદ,

INDEX

જિલ્લો પંચમહાલની નોંધણી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ના રોજથી નોંધણી નંબર સે-૩૨૬૮ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચા/૦૧/ચ/૫૮૭/ક, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૪ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીના ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યા :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૪ ના પત્ર નં. : ફડચ/૦૭૨/જ/૩૩૩/૯૪ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ-ઓડીટર, સ. મં. (લી.રી.) ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા (ખ)/૨૩૩૭/૯૪.—ધી કાલોલ તાલુકાના ખેડુતોની શંકર હાઈ. બ્રીડ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં મુકામ : કાલોલ, તાલુકો : કાલોલ, જિલ્લો : પંચમહાલની નોંધણી તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૩ ના રોજથી નોંધણી નં. : ૭/૮૫૭૨ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચા-૦૧/ચ/૭૧૪/૯૨ ક-, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૨ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪ ના પત્ર નં. /: ફડચ/૦૬૧૭/જ/૩૧૩/૯૪ની દરખાસ્ત.

(૨) શ્રી સબ-ઓડીટર સ. મં., દૂધ (લી.રી.), ગોધરાનો ઓડીટ અંગેનો દાખલો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા/(ખ)/૨૪૩૪/૯૪.—ધી જાનવડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં મુકામ : જાનવડ, તાલુકો : સંતરામપુર, જિલ્લો : પંચમહાલની નોંધણી તારીખ ૧૨મી જૂન, ૧૯૭૯ ના રોજથી નોંધણી નં. : ૧૬૭૧૯ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક : ફડચા/૩૩૧/ચ/૪૧૪/ક, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૩ થી કરવામાં આવેલો હતો. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૪.

સે. ક્રમાંક ઉખસ/નધણુ/દસમ/સે. ૨૭૫૦૯/ક-૪/૧૪૧૯ / ૯૪.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી નેલસુર દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. નેલસુર, મર્યાદિત સ્થળ : નેલસુર, તાલુકો : દાહોદ, જિલ્લો : પંચમહાલ. સને ૧૯૬૨ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) સંસ્થાનો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી ૩૦મી જૂન ૧૯૯૩ સુધીનો ઓડીટ મેમો.

(૨) અત્રેની તારીખ ૧૧મી ઓગષ્ટ, ૧૯૯૪ ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેનો તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૪ નો વચગાળાનો હુકમ.

ફડચા અંગેનો અંતમ આદેશ

જા. નં. ઉખસા/૦/ફડચ/૦૧/૬૭/૨૪૫૨ / ૯૪.—ધી ફતેપુરા વિ. વિવિધ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ફતેપુરા, તાલુકો સંતરામપુર, અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ચ/૨૧૭૦, તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૪ થી સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા), ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

ફડચા અધિકારી એ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ (ત્રણ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવી.

વડોદરા, તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૪.

નંબર સે ૨૭૩૫૮ /૯૪/નધણ / ગ-૨/ ૩૯૮/૯૪. — આથી જાહેર કરે છે કે કેમ્પસ કોર્નર પ્રિમાઈસીસ ઓનર્સ કો. ઓપ. સર્વીસ સોસાયટી મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આ દરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીની તારીખ ૭ મી ઓકટોબર, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ નંબર ૬૯૮ / ૦૧ / ઝ ૩ ૧૭૦૯.

(૩) તાલુકા વિકાસ અધિકારી કરજણનો તારીખ ૧૨ મી ઓગસ્ટ ૧૯૯૨ નો પત્ર.

(૪) નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો— તારીખ ૨૯ મી ઓગષ્ટ ૧૯૯૨ નો પત્ર.

નંબર ૬૯૮ / ૦૧ / ઝ-૩૭૬૬.— છંછવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ છંછવા તાલુકા કરજણ જિલ્લો વડોદરા ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કામે હવે પછી મંડળ. તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખ (૩) ના તારીખ૧૦ મી ઓગષ્ટ ૧૯૯૨ ના તાલુકા વિકાસ અધિકારી કરજણનો પત્રથી મંડળીના લોદ્દેદારોએ મંડળીના ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓને દુધાળા જનવર આપવા સભ્ય બનાવી તે અંગેના જરૂરી ઠરાવ સરકારશ્રીની યોજના હેઠળ આપવા છતાં આપેલ નથી આમુખ (૪) ના તારીખ ૨૯ મી ઓગસ્ટ ૧૯૯૨ તથા ૧૯ મી નવેમ્બર ૧૯૯૨ના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના પત્ર મુજબ મંડળી આઈ. આર ડી. પી. હેઠળ ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓને યોગ્ય સહગીર નહીં આપવા તથા પ્રમુખ / મંત્રી તરફની મંડળીના પેટા-નિયમ મનસ્વી ઉપયોગ કરેલ છે. મંડળીના સભાસદો ના હીતનું રક્ષણ કરવાની કાયદાની જોગવાઈઓનું પાલન થતુ નથી.

મજકુર બાબતે સીઓ (દૂધ) વગત જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, વડોદરા તરફથી મંડળીને વરંવાર જણાવવા છતાં મંડળીના લોદ્દેદારો તરફથી સહકાર મળેલ નથી. જેથી આમુખ (૨) ની તારીખ ૭ મી ઓકટોબર, ૧૯૯૩ ની કારણદર્શક નોટીસ અંગેની મુદ્દાઓ સબબ આપવામાં આવેલ છે.

INDEX

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી કરજણ તરફથી તા. ૧૨ મી ઓગષ્ટ, ૧૯૯૨ ના પત્ર નં. તા. પં. / સીમાન્ત / ૨૦૩૨૦૫/ ૯૨ મા જણાવ્યા મુજબ મંડળીએ સરકારશ્રીની યોજના અનુસાર ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓને દૂધાળા જાનવર આપવા માટે સભ્ય બનાવી જરૂરી ઠરાવો વારંવાર જણાવવા છતાં આપેલ નથી.

(૨) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરાના તારીખ ૨૮ મી ઓગષ્ટ, ૧૯૯૨ તથા ૧૯ મી નવેમ્બર, ૧૯૯૨ ના પત્રની મંડળી તરફથી આઈ. આર. ડી. પી. લાભાર્થી લોન કપાત કરવા જરૂરી ઠરાવ રજુ કરી અસંકારક વલણ દાખવેલ છે.

(૩) વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના તારીખ ૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ના પત્રથી ગરીબી રેખા હેઠળ જીવતાં લાભાર્થી ઓને સરકારશ્રી તરફથી આઈ. આર. ડી. પી. સ્કીમ હેઠળ દૂધાળા ઢોર માટે લોન મળે તે માટે સભાસદ બનાવવા અને લોન કપાત અંગેનાં જરૂરી ઠરાવો આપવા સૂચના આપેલ તેનો અમલ થયેલ નથી.

(૪) અત્રેની કચેરીના જ-૧ ટેબલની તારીખ ૨૪ મી સપ્ટેમ્બર, ૧૯૯૨ તથા ૩૦ મી નવેમ્બર, ૧૯૯૨ થી લાયકાત ધરાવતા વ્યકિતને સભાસદ બનાવી દૂધાળા ઢોર માટે લોન મળે તથા લોન હપ્તા કપાત કરવા અંગેના મંડળીના ઠરાવ રજુ કરી જાણ કરવા જણાવેલ અને તારીખ ૨૫ મી નવેમ્બર, ૧૯૯૨, ૨૫ મી જાન્યુઆરી, ૧૯૯૩, ૧૬મી એપ્રિલ, ૧૯૯૪થી સ્મુતિપત્રો પાઠવેલ જેનો જવાબ આવેલ નથી. તારીખ ૧૫ મી જુલાઈ, ૧૯૯૩ ના પત્રની જરૂરી ઠરાવો રજુ કરી દિન-૧૫ માં ખુલાસા સહીત જાણ કરવા જણાવેલ છતાં તેનો અમલ થયો નથી.

(૫) મંડળી તરફથી રજુ થયેલ તારીખ ૨૯ મી જુલાઈ, ૧૯૯૩ ના પેટા સભાના ઠરાવની નકલ મુજબ કાર્યક્ષેત્રની અંદરના ગ્રાહકોનું દુધ સ્વીકારવાનું ઠરાવેલ છે. પરંતુ નાણાંકીય લેવડ દેવડની કોઈ જવાબદારી સ્વીકારવામાં આવતી નથી અને લોનના હપ્તા કપાત કરી બેન્કમાં જમા કરવાની જવાબદારી સ્વીકારવામાં આવતી નથી.

(૬) તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૧૯૯૩ ના રોજ અગાઉથી જાણકારી બેંક લોન વસુલાત અંગેની ટીમે મુલાકાત લેતાં મંડળીના પ્રમુખશ્રીને સમજાવવા છતાં ઉધ્ધત જવાબો આપી અસહકારી વલણ વસુલાત ટીમ સમક્ષ દાખવેલ છે. માજી પ્રમુખ રમેશભાઈએ પણ ઉધ્ધત જવાબો આપેલ છે. પ્રમુખશ્રીને જણાવ્યા છતાં કમીટી સભ્યોને બોલાવેલ નથી. મંત્રીશ્રીને પણ હાજર રાખેલ નથી. વસુલાત ટીમ સભાસદો દાખલ કરવાનો દૂધાળા ઢોર માટે નવીન ધિરાણનો ઠરાવ આપવાનો, અગાઉ આપેલ ધિરાણનાં હપ્તાં લોનમાં જમાં કરવાના ઈન્કાર કરેલ છે તેના કારણે સહીતનું નિવેદન આપવાનો પણ ઈન્કાર કરેલ છે જેથી વસુલાત ટીમ તરફથી કાયદેસરનાં પગલાં લેવા જણાવેલ છે.

(૭) સહકારી મંડળીના કાયદાની કલમ ૨૪ (૧) અને નિયમ ૧૨(૧) મુજબ સામાસર માટે યોગ્ય રીતે લાયકાત ધરાવતાં કોઈ વ્યકિતને સભ્ય તરીકે દાખલ કરવાની ના પાડી શકાય નહીં મંડળીનો હેતુ સહકારી સિધ્ધાંતો અનુસાર પોતાના સભ્યો અથવા બેન્કોમાં આર્થિક હીતો કે સામાન્ય કલ્યાણ આગળ વધારવાનો છે. પરંતુ મંડળીઓ હેતુ બર આવે તેવી કામગીરી કરી નથી.

સદર મુદ્દા સબબની નોટિશથી તારીખ ૨૫ મી ઓકટોબર, ૧૯૯૩ ની સુનાવણીમાં પ્રમુખશ્રી / મંત્રી તથા અન્ય ૪ સભ્યોએ હાજર થઈ જણાવેલ છે કે અનુસૂચિત જાતિ જન જાતિના કોઈપણ ઈસમ મંડળીમાં સભાસદ થવા માંગશે તો તેને સભ્ય બનાવવાની તેમજ સંકલીત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ દુધાળા ઢોર માટે લોન લેવા માંગતો હશે તેવા ઈસમો માટે સબંધીત ધિરાણ કરનાર સંસ્થાઓ તેમજ ગ્રામ્ય વિકાસ એજન્સી તરફથી ઠરાવો, દાલવાં વિગેરે માટે સહકાર આપવા બાંહેદારી આપેલ ઉપરાંત અત્રેની કચેરીનાં તારીખ ૨૭ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી જે પાંચ સભ્યોને દાખલ કરવા જણાવેલ તેઓને ૫ મી નવેમ્બર, ૧૯૯૩ સુધીમાં દાખલ કરી ધિરાણ સંસ્થાઓ તરફથી લોન મંજુર કરવા માટે જે કાગળો માંગે તે પુરા પાડવા ખાત્રી આપેલ છે ઉકત કાર્યવાહી પૂર્ણ કરી તારીખ ૧૦ મી નવેમ્બર, ૧૯૯૩ સુધીમાં કચેરીને જાણ કરવા ખાત્રી આપેલ.

વધુમાં વસુલાત ટીમની મુલાકાત દરમ્યાન અન્ય ઈસમોએ જુદાં જુદાં પ્રશ્નો પુછેલ છે તેમ રજુઆત કરી ગ્રામ્ય વિકાસ કાર્યક્રમનો સરળતાથી અમલ થાય તેમાં સહકાર આપવા જણાવેલ છે. અને તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૩ની કારણદર્શક નોટીસ ફટકર કરવ ભલામણ કરેલ છે સુનાવણી દરમ્યાન તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૩ સુધીમાં પાંચ સભ્યોને દાખલ કરી તારીખ ૧૧ મી નવેમ્બર, ૧૯૯૩ સુધીમાં જાણ કરવાની ખાત્રી આપેલ તે મુજબના જવાબ રજુ કરવા જણાવેલ તેનાં સંદર્ભે મંડળી તરફથી જવાબમાં જણાવવામાં આવ્યું કે ફરીયાદ કરનાર એક પણ સભ્ય દૂધાળા પશુ ધરાવતા નથી પેટા નિયમ મુજબ છ માસ સુધી દૂધ ભર્યા બાદ તેઓને સભાસદ તરીકે દાખલ કરવા જણાવેલ છે. પરંતુ કરજણ ખાતે મીટીંગમાં જણાવ્યા મુજબ સભાસદ દુધ ભરે કે ન ભરે છતાં સભાસદ તરીકે દાખલ કરવા બાબતે પેટા નિયમ સુધારાની નકલની માગણી કરેલ છે જેથી ઉકત સભ્યોને મંડળીના સભાસદ બનાવી શકાય વધુમાં જણાવેલ હતું કે સદરહુ ઈસમો નિયમિત મંડળીમાં દૂધ ભરતા નથી જેના કારણે બેંકના નાણાંની ઉઘરાણી કરે છે અધિકારીઓ તરફથી લોન આપ્યા બાદ તાલુકા કક્ષાએ વસુલાતનાં પ્રયત્નો થતાં નથી.

મંડળી તરફથી ઉકત થયેલ રજુઆત મુજબ કરજણ ખાતેની મીટીંગમાં કોઈ ઈસમ દુધ ભરે કે ન ભરે તો પણ સભ્ય બનાવવા બાબતે ચર્ચા થયેલ જે કરજણ ખાતેની મીટીંગ કોણે બોલાવેલ અને કોની સાથે સભાસદો બનાવવા ન બનાવવા બાબતે ચર્ચા થયેલ છે તે સ્પષ્ટ થતું નથી ઉપરાંત જે સભ્યોને સભાસદ બનાવવા બાબત સુનાવણીમા ખાત્રી આપવામાં આવેલ અને તે મુજબની કાર્યવાહી કરી તારીખ ૧૧મી નવેમ્બર ૧૯૯૩ સુધીમાં કચેરીને જાણ કરવાની ખાત્રી આપેલ તે મુજબની કાર્યવાહી પૂર્ણ થયાનુ જણાતું નથી.

મંડળીની સમિતિ સરકારશ્રી તરફથી ગ્રામ્ય ગરીબી રેખા હેઠળ જીવતાં ઈસમો માટે ગ્રામ્ય વિકાસ સૌજન્યશ્રી દ્વારા લાભો આપી આર્થિક ઉન્નતી સાધવા માટેના અમલી કરણમાં સહકાર ન આપી અવરોધો ઉભા કરેલ છે અને સહકારી પ્રવૃતિ દ્વારા વ્યકિતગત આ આર્થિક વિકાસ અને તે દ્વારા સહકારી પ્રવૃત્તિનાં વિકાસ માટે અસહકારી વલણ રાખેલ છે આમ સદર મંડળીની સમિતિ સહકારી સિધ્ધાંતો તેમજ સહકારી કાયદા કાનૂન અને પેટા-નિયમોનો અનુરૂપ વહીવટ ચલાવવામાં નિષ્ફળ નિવડવાનું સ્પષ્ટ પણે ફલિત થાય છે. જેથી સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર નીચે મુજબ કામ કરવામાં આવે છે.

હુકમ.

હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૮૧ હેઠળની પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ છંછવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. છંછવા તા. કરજણ જીલ્લા વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. બરોડા ડેરી વડોદરાની મંડળીઓ

INDEX

ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે અત્રે જણાવેલ શરતોને આધીન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ અને વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીનાં ભંડોળમાંથી કરવાના રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રાર શ્રીના નિયંત્રણને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારએ મંડળીના વહીવટ કાયદા કાનૂન અને પેટા નિયમોને સાતત રહી કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોમાં લીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમય હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧, ઈકબાલ પાર્ક, કો. ઓ. હાઉસીંગ સોસાયટી, સાંસરોદ, તા. કરજણ, જિ. વડોદરા, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., વડોદરાની તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચા/૦૧/ઝ-૨ /૭૫૮ .—ધી ઈકબાલ પાર્ક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ : સાંસરોદ, તાલુકો : કરજણ ની નોંધણી ક્રમાંક : ધ-૧૧૦૭૨, તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૮૩થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૫૧૫/ક.૨/૧૩૪૮, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ ઈન્દ્રપુરી સહકારી ગ્રાહક ભંડાર લી. વડોદરા લગત જિલ્લા રજિસ્ટાર સં. મં., વડોદરાની તારીખ ૩૦મી મે ૧૯૯૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચા/ઝ૨ /ક-૨/૭૫૯ સને ૧૯૯૪.—ધી ઈન્દ્રપુરી સહકારી ગ્રાહક ભંડાર લી. મુકામ. વડોદરાની નોંધણી ક્રમાંક : ભ-૪૮૪ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૭૫ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૫૩૨/૦૧/ઝ૨/૧૯૨૦ તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનો હેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, તેમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧, ઈલેકટ્રો પ્રીન્ટર્સ કર્મચારી સહકારી ગ્રાહક ભંડાર લી. લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., વડોદરાની તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ ૨ / ૭૬૦ સને ૧૯૯૪.—ધી ઈલેકટ્રો પ્રીન્ટર્સ કર્મચારી સહકારી ગ્રાહક ભંડાર લી. મુકામ નંદેસરી, તાલુકો વડોદરાની નોંધણી ક્રમાંક ભ/૩૨૬૩, તારીખ ૨૭મી મે, ૧૯૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૫૩૨/૦૧/ઝ ૨/૨૩૪ / ૯૪ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી કરવા ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખ સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, ઝાખરપુરા શાકભાજી અને ફળફળાદિ સ. મં. લી., (ફડચામાં) તા. સંખેડા, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., વડોદરાની તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા / ૦૧ / ઝ ૨ / ૭૬૧ સને ૧૯૯૪.—ધી ઝાખરપુરા શાકભાજી અને ફળફળાદી સહકારી મંડળી લી. મુકામ ઝાંખરપુરા, તાલુકો સંખેડાની નોંધણી ક્રમાંક સે ૨૮૯૭, તારીખ ૨૬મી જુન, ૧૯૬૯ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૫૩૧/૦૧/ઝ ૨/૧૫૦, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ

INDEX

હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—આ કાર્યાલયને તારીખ ૭મી મે ૧૯૯૪નો ક્રમાંક ફડચા/૦૧/ઝ-૨/૫૪૫/નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૭૨૫/૦૧/ઝ૨/૭૬૨/૧૯૯૪.—ની તુલજા ગ્રાહક સહકારી ભંડાર લી. મુકામ ડભાસા, તાલુકા પાદરા જે તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૦ ના નોંધણી ક્રમાંક ભ-૩૯૫૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭(૧) (ક) (ગ) (૨)(૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવામાં તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નંબર ૩ ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી એક વર્ષ ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા : આ કાર્યાલયને તારીખ ૨૩મી મે ૧૯૯૪ નો ક્રમાંક ફડચા/૦૧/ઝ-૨/૫૯૧નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૭૨૬/૦૧/ઝ-૨/૭૬૩/૯૪.—ની દુગ્ધા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ દુગ્ધા, તાલુકા નરસવાડી જે તારીખ ૨૬મી માર્ચ ૧૯૮૪ ના નોંધણી ક્રમાંક સે- ક ૨૦૮૦૪થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નંબર-૧) ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષ (ત્રણ વર્ષ) ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—આ કાર્યાલયને તારીખ ૨૩મી મે, ૧૯૯૪ ના ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૫૯૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૭૨૭/૦૧ / ઝ-૨ / ૭૬૪/૯૪.—ની વાસણુ (તિ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : વાસણુ, તાલુકો : નિલકવાડ, જે તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૮૨ ના નોંધણી ક્રમાંક : સે.દુ. ૧૨૭૭૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૧) ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ (૩) વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—આ કાર્યાલયને તારીખ ૨૫મી મે, ૧૯૯૪ નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૫૯૩ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૭૨૮/૦૧/૭૬૨/૭૬૫ / ૯૩.—ની ધરમપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ ધરમપુર, તાલુકો સાગબારી જે તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૮ ના નોંધણી ક્રમાંક : સે. દુ-૨૨૪૭૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરી ના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૩) ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષ ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪.

નંબર સે-૨૭૩૫૯/નધણુ/ગ-૨/૪૧૦/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે પી.ટી.પી.એલ.એન્ડ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪.

INDEX

નંબર ધ-૧૬૪૬૨/નધણુ/ગ-૨/૪૧૧/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, નટેશ્વર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર ધ-૧૬૪૬૪/૯૪/નધણુ/ગ-૨/૪૧૬.—આથી જાહેર કરે છે કે, તત્‌સત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર નધણુ/ગ/૨/૪૨૩/૧૯૯૪/ભ/૪૪૯૯.—આથી જાહેર કરે છે કે, ધી ઈ.એપી.ઓફ. સ્ટાફ કો. ઓપ. કેન્ટીન લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

વડોદરા, તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર ધ/૧૬૪૬૩/૧૯૯૪.—નધણુ/ગ/૨/૪૨૯/૧૯૯૪ :—આથી જાહેર કરે છે કે સૌરભ પાર્ક આઈ.પી. સી. એલ. એમ્પ. કો. ઓપ. હાઉસીંગ સોસાયટી, લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા;

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર સે-૨૭૩૬૦/૧૯૯૪/નધણુ/ગ-૨/૪૩૦/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, શ્રી હરિભકિત કોલોની કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી..રેસકોર્સ સર્કલ, વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો. ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

વડોદરા, તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા:—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨/લીયર્સ મ્યુઝિયમ કો. ઓ. ક્રેડીટ સો. લી. વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. વડોદરા ની તારીખ ૨૨મી ડીસેમ્બર ૧૯૯૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ઝ-૨/૮૦૭/સ થી ૮૧૩/સને ૧૯૯૪.— ધી લીયર્સ મ્યુઝિયમ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. વડોદરા ની નોંધણી ક્રમાંક ૨૫૭૮ તારીખ ૨૨મી જુલાઈ ૧૯૪૮ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ઉખાસ/ફ-૯૧૯૩/ચ-૩/૪૦ થી ૪૮ તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળી ની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪

નં. . સે. ૨૭૩૬૧/નધણુ/ગ-૨/૪૪૭/૯૪.—આથી જાહેર કરે છે કે, કરખડી નાગરિક કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ કરખડી, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૪.

વંચાણે લીધા : (૧) આ કચેરીનો અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/ફ-૮૫૬૫/ગ/ચ-૧/૪૬૭૩. તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૮૮.
(૨) શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. સયાજીગંજ, વડોદરાનો પત્ર, તારીખ ૨૬મી મે, ૧૯૯૯.

હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/૧/ગ-૨/ધ-૩/૮૭૫ થી ૮૮૦ / ૯૨.—સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ. કાયદાની કલમ-૧૦૮(૪) અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ નીચે જણાવેલ ફડચા મંડળીના ફડચા અધિકારી તરીકે આ ખેડળ નિર્દેશ કર્યા મુજબ ફેરફારી બદલી; કરવાનો આથી હુકમ કરૂ છું.

INDEX

અનુક્રમ નંબર	ફડચા મંડળીનું નામ અને તાલુકો	હાલના ફડચા અધિકાર નો હોદો	નવા નિમાયેલ ફડચા આધકાર નો હોદો
૧	૨	૩	૪
૧. ડભોઈ વિભાગ મજૂર કામદારસ. મં. લી., મુકામ ડભોઈ, જિલ્લો : વડોદરા	સહકાર અધિકારી (ફડચા નં. ૩) વગત જિ. રજિ., સ. મં., વડોદરા.	ફડચા અધિકારી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., સયાજીગંજ, વડોદરા.	

ઉપર કોલમ નં. ૩ માં જણાવેલ ફડચા અધિકારી કોલમ નં. ૨ માં જણાવેલ ફડચા મંડળીનો ચાર્જ કોલમ નં. ૪ મુજબ નિયુક્ત કરવામાં આવેલ ફડચા અધિકારીને સત્વરે સોંપી દેવો. નવા ફડચા અધિકારીએ વહેલી તક ચાર્જ સંભાળી લઈ તે બાબતે અત્રેની કચેરીએ રીપોર્ટ કરવો.

મજકુર મંડળી ફડચાની મુદતનો સમય મંડળીનો પૂર્ણ આપી લીધા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૩ થી ગણવાનો રહેશે.

વડોદરા, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

નં. સે-૨૭૩૬૨ /નધણુ / ગ-૨ /૪૫૯/ ૯૪.—આથી જાહેર કરે છે ગજાનન પ્રિમાઈસીસ ઓનર્સ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ. વડોદરા, તાલુકો, વડોદરા, જિલ્લો, વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી ઓગષ્ટ ૧૯૯૪.

ક્રમાંક ભાં.૪૫૦૦/૯૪ નધણુ નં.૯૫૬૭/ગ-૨/૪૬૭.—આથી જાહેર કરે છે કે જલારામ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરાની તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ની દરખાસ્ત-૧૦૮૮૩.

(૩) અત્રેની કચેરીની તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૩ ની કારણ-દર્શક નોટિસ વહટ/૦૧/ક-૩/૨૧૮૦.

જા. નં. વહટ/ ચેક / ૧૦૦૬.—ધી માંકણ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. કરજણ, જિલ્લો વડોદરા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો અત્રે "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો.-ઓપ. બેન્ક લી., વડોદરાના ઉકત આમુખ (૨) ની દરખાસ્તથી અત્રે જણાવેલ મુદ્દાઓ સબબ મંડળીને વહિવટમાં લઈ જવાની ભલામણ કરવામાં અવેલ છે.

(૧) બેંક લોન પુન : વસન લખ્તા તેમજ લાંબો મુદત લખ્તા રૂા. ૮,૪૬,૨૭૫ તેમજ વ્યાજ રૂા. ૨૧,૧૫,૭૩૭ સભાસદ ધિરાણે રૂા. ૭,૯૩,૦૨૮ બાકીછ.

(૨) મંડળી ૫૧ મુદતવીતી બાકીદારો છે. કલમ-૧૦૬ મુજબ દાવા કરવામા આવતો નથી. તેમજ દાવા કરવા રેકર્ડ આપેલ નથી.

(૩) મંડળીમાં પાંચકમીટી સભ્યો પાસે ધિરાણ રૂા. ૧,૦૮,૭૫૨.૨૧ વસુલ કરવાના બાકી છે. જે મુદતવીતી લોઈ કમીટીમાં ચાલુ રહી શકે નહીં.

(૪) સભાસદ ભૂમિ છંટકાવ રૂા. ૧૧,૭૪૭.૨૧, કપાસ એડવાન્સ, રૂા. ૯૭૮, દેવા ફેણી ધિરાણ રૂા. ૨૭૧૮ ની પણ વસુલાત માટે કોઈ પગલાં લેવામાં અવતાં નથી.

(૫) સરકારકી દેવા-ફેણીલોન રૂા. ૬,૯૫૫ બાકી પડે છે

(૬) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષથી ઓડિટ વર્ગ-'ડ" છે. ઓડિટ રીપોટમાં ઈન્સ્પેકશન રીપોર્ટની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

(૭) સરકારકી દેવા રાહત યોજના-૯૦ હેઠળ હજુ રૂા. ૧,૦૮,૨૦૫ લખ્તાની રકમ મળવાની બાકી છે.

મંડળીની આર્થિક સ્થિતિ નબળીપડી ગયેલી છે. કામકાજ બિલકુલ સ્થગિત છે. વહીવટી વ્યકિર્તાઓ મંડળી ચલાવવામાં બીલકુલ રસ નથી સભાસદોના પાકો કરી વેચાણ વ્યવસ્થા ગોઠવી ધિરાણ વસુલાત માટે કામગીરી કરવામાં આવતી નથી. મંડળી ચાલુ થઈ શકે તેમ નથી.

ઉકત વિગતોએ આમુખ (૧) ની જોગવાઈ મુજબ મંડળીની કમિટીને રજુઆત કરવાની તક આપવામાં આવતાં તારીખ ૧૦ની જાન્યુઆરી, ૧૯૯૪ની સુનાવણીમાં મંડળીના પ્રમુખ વતી ઉમર અલી તેમજ કમીટી સભ્ય યાકુબ આદમ મુસા તેમજ બેન્ક તરફથી ઈન્સ્પેકટરશ્રીની દેસાઈ હાજર રહેલ.

મંડળી તરફથી જવાબ રજુ કરવા તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૪ નીમુદત માંગવામાં આવી તેમજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪ સુધીમાં રૂા. ૨.૫૦,૦૦૦ વસુલાત આવશે તેમજ બાકી રહેતી રકમ માટે તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ સુધીમાં દાવા કરવાની કબુલાત આવેલ. પરતુ આપેલ કબુલાત મુજબની કાર્યવાહી કર્યા બદલના કોઈ પુરાવા તેમજ જવાબ મંડળી તરફથી રજુ કરવામાં આવેલ નથી. તેથી અત્રેની કચેરીના પત્ર વહટ/૦૧/ઝ-૩ ૫૬ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪નાં પત્રથી કારણદર્શક નોટીસ ના મુદ્દા મોકલેલ જવાબ રજુ કરવા તેમજ આવેલ કબુલાત મુજબના પુરાવા તારીખ

૧૫મી માર્ચ, ૧૯૯૪ સુધીમાં રજુ કરવા જણાવ્યા છતાં રજુ કરવામાં આવેલ નથી. જેથી મંડળીની કમીટીને મંડળીનો વહીવટ ચલાવવામાં રસ નથી. તેવું ફલિત થતાં અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ ની મળેલ સત્તાની રૂએ ધી માંકણ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી માંકણ, તાલુકો કરજણ, જિલ્લો : વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો-ઓપ બેન્ક લી., વડોદરાની માસિક રૂા. ૨૫ ના પ્રતિક મહેનતાણાથી મંડળીનો ચાર્જ સંભાળવા તારીખથી ૧ વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધીન નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજ-બ-રોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીનાં નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા-નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) આનમીલન કો. ઓ.પ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાની તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૩ નો તથા ૧૮મી ઓકટોબર ૧૯૯૩નો પત્ર.

(૩) આનમોલન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાનો તારીખ ૧લી જુલાઇ ૧૯૯૨ થી ૩૦મી જુન ૧૯૯૩ નો આડીટ અહેવાલ.

(૪) અત્રેની કચેરીના તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪ નો કારણદર્શક નોટીસ વહીવટ/૦૧/ઝ/૩/૪૭૩૬

ન. નં. વહટ/૦૧/ઝ/૩/૧૦૦૯ થી ૧૦૧૯/૧૯૯૪ — આનમીલન કો.ઓપરેટીવ હાઉસીંગ સો. લી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલો સહકારી સંસ્થા છે. જેથી આ કારણદર્શક નોટીસમાં મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. મંડળીનો નોંધણી નંબર ૭૦૪૬ તારીખ ૩જી માર્ચ ૧૯૭૮ છે.

આનમીલન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી વડોદરાના હોદેદારોએ આમુખ-૨ ના પત્રથી મંડળના વહીવટમાં લઇ જવા ભલામણ કરેલ જે સંદર્ભ તારીખ ૧લી જુલાઇ ૧૯૯૨ થી ૩૦મી જુન ૧૯૯૩ નો અન્વેષણ નોંધ જોતાં અને મુજબના ખામીઓ જણાઇ આવેલ છે તેમજ મંડળીની ઉકત પત્રથી અત્રે જણાવેલ મુદાઓ સબબ મંડળીને વહીવટમાં લઇ જવા જણાવેલ છે.

(૧) મંડળીએ ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશનનું ધીરાણ કરેલ છે જેની ચુકવણી પેટે સભાસદોએ ચુકવવાના માસિક હપ્તાની રકમ કેટલીક સભાસદો ચુકવતા નથી.

(૨) કેટલાક સભાસદો સોસાયટીને રસ્તાફાળો તેમજ ખર્ચના અન્ય ફાળા ન ચુકવવા ખોટા વાદવિવાદ ઉભા કરી રહેલ છે. જેથી મંડળીમાં સુલેહ શાંતિનો ભંગ થાય તેમ છે.

(૩) મંડળીએ દરેક સભાસદ પાસેથી વાર્ષિક રૂા. ૧૦૦/- વહીવટી ખર્ચના વસૂલ લેવાનું ઠરાવેલ છે પરંતુ કેટલાંક સભાસદો છેલ્લા બે વર્ષનો વહીવટ ખર્ચ ચુકવવા કસૂરવાર પુરવાર થયેલ છે.

(૪) ઉપરોકત કારણોસર મંડળીની આર્થિક પરિસ્થિતિ ઉતરોત્તર કથળી રહેલ છે અને અને આજ પરિસ્થિતિ ચાલુ રહે તો સોસાયટી અત્યાર સુધી નિયમિત લોન હપ્તા ચુકવણી રહેલ છે તે બાબતે હવે કસૂરવાર પુરવાર થાય તેમ છે.

(૫) મંડળીની મુદતવીતી લોનની વસૂલાત માટે કોર્ટ કચેરીની કાર્યવાહી અનિવાર્ય બનેલ છે પરતુ સંબંધોની મર્યાદા નડતી હોવાથી કાયદેસરની કાર્યવાહી કરી શકે તેમ નથી. મોટાભાગના સભાસદો નોકરીયાદ હોવાથી કોર્ટ કચેરીની કાર્યવાહીમાં સમય ફાળવી શકે તેમ નથી.

(૬) ઉપરાંત ૯૨-૯૩ના અન્વેષણ અહેવાલ મુજબ છેલ્લા અન્વેષણ રીપોર્ટનો દુરસ્તી અહેવાલ મોકલેલ છે પરંતુ તેનો અમલ થયેલ નથી.

(૭) મુદતવીતી બાકીદારોને મંડળીનો વહીવટ સોંપી શકાય તેમ નથી.

(૮) ૧૯૯૨-૯૩ ના અન્વેષણ રીપોર્ટની ખામીઓ-૯ મુજબ મંડળીના પ્લોટની સંસ્થા ૬૦ કરતાં પહેલા મે જિલ્લા રજિસ્ટ્રારશ્રીની મંજરી લીધેલ નથી તેમજ ખામી નં. ૧૧ મુજબ ભાડું આપેલા મકાનોમાં ભાડાની આવકના ૫ ટકા રકમ મંડળીને આપવાની રહે છે આવી રકમ રીટ્રંડ ખાતે જમા નથી

ઉકત ખામીઓ સબબ મંડળીની કમીટીને દૂર કરી મંડળીમાં વહીવટદાર નિમવાનું તારણ સ્પષ્ટ થતાં મંડળીની કમીટીને ઉકત ખામીઓ સબબ આમુખ-(૪) ની નોટીસથી રજુઆત કરવાની તક આપતા સુનાવણી દરમ્યાન મંડળી તરફથી મંડળીના પ્રમુખશ્રી, મુકુંદલાલ વાડીલાલ બ્રહમભટ્ટ, કારોબારી સભ્ય શ્રી સદાશીવ નારાયણરાવ, સેક્રટરીશ્રી મહેશચંદ્ર લાલજીભાઇ જોષીએ હાજર થઇ અત્રેની આમુખ-૪ ની અપાયેલ કારણદર્શક નોટીસ માન્ય રાખી મંડળીમાં વહેલી તકે વહીવટદાર નિમાય તે અંગે સમિતિ આપેલ છે જેથી મંડળીમાં વહીવટદાર નિમવાનું સ્પષ્ટ થતાં અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નો કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ આનમીલન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી વી. બી બ્રહેરેની માસિક રૂા. ૨૫૦/- ના મહેનતાણાની મંડળીનો ચાર્જ સંભાળવાની તારીખથી ૧વર્ષ માટે અત્રે જણાવેલ શરતોને આધિન નિમણુંક કરૂ છું.

(૧) મંડળીના રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક સમિતીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

INDEX

(૩) વહીવટદારે મંડળીના વહીવટ કાયદા કાનૂન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.
(૨) સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સ.મં., વડોદરાના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૪ ના દરખાસ્ત.
(૩) અત્રેની કચેરીના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૪ ના કારણદર્શક નોટીસ : વહટ/૦૧/ઝ,-૩/૪૬૮.
(૪) મંડળાના પ્રમુખશ્રીનો તારીખ ૨જી મે, ૧૯૯૪ નો જવાબ.

નંબર વહટ/૦૧/ઝ-૩/૧૦૨૦ થી ૧૦૩૦ /૯૪.—સુવર્ણપુરી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., કરજણ જિલ્લો. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર : ૭૧૩૧ તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૨ જે. જેનો આ ક્રમે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સ. મં., વડોદરાના આમુખ (૨) ના દરખાસ્ત સાથે સામેલ થઈ આવેલ ઓડીટર ગ્રેડ-૧, કરજણ (૪) સહકારી મંડળી, વડોદરાના તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૩ ના અહેવાલથી મંડળીના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ થી ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના કરેલ અન્વેષણ દરમ્યાન અત્રેની વિગત દર્શાવેલ ખામીઓ સબબ મંડળીને કલમ-૮૧ હેઠળ વહીવટમાં લઈ જવાના દરખાસ્ત કરેલ છે.

(૧) મંડળીના ઓડીટ નોંધના મુદા નં. ૮ મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભાન ઠરાવબુક જોતાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ લખેલ છે. જેનો કોઈ એજન્ડા નથી તેમજ વાર્ષિક સભામાં કોઈ સભ્યની સહી નથી. ૧૯૯૨-૯૩ ના વર્ષમાં વાર્ષિક સભા મળેલ નથી. જે કાયદા-કાનુન તથા પેટા નિયમની વિરૂધ્ધ છે.

મંડળીના સભાસદોએ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૩ ના રોજ ખાસ સાધારણ સભા બોલાવી ઈલાયદી ઠરાવબુક રાખી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ની વાર્ષિક સાધારણ સભાનો બહિષ્કાર કરેલ છે. તથા મંડળીના પ્રમુખશ્રી જગદીશભાઈ વસંતભાઈ પટેલ પાસેથી મંડળીના હિસાબી દફતરનો ચાર્જ સંભાળવા તૈયાર નથી. મંડળીનું હિસાબી દફતર પ્રમુખશ્રી જગદીશભાઈ વસંતભાઈ પટેલ પોતે લખી છેલ્લા ઘણા વર્ષોથી ઓડીટ કરાવે છે સભાસદો તેઓ પાસે ચાર્જ લેવા તૈયાર નથી.

તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના કમિટિ સભ્યોએ રાજીનામાં આપેલ છે. અને તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ ખાસ સભાએ કામચલાઉ અલગ કમિટીના રચના કરેલ છે. નવીન કમિટિએ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૨ નાં રોજ વ્યવસ્થાપક કમિટીની મીટીંગ બોલાવેલ છે

નવીન કમીટીઓ પરંતુ પ્રમુખશ્રી જગદીશભાઈ વી. પટેલ ચાર્જ સોંપતા નથી તેમજ નવી કમિટી સંતોષકરક ખુલાસા વગર ચાર્જ લેવા તૈયાર નથી તેમજ શ્રી જગદીશ વી. પટેલ જે મંડળીના રેકર્ડનો કબજો ધરાવે છે તે મંડળીના હીત વીરૂધ્ધ છે. અને રેર્ક સાથે ચેડા થાય અગર રેર્ક નાશ થાય એવી રજુઆત કરેલ છે.

(૨) ઓડીટ રીપોર્ટની ગંભીર ખામીઓ જોતાં
(૧) મંડળીના ગત ઓડીટ નોંધની દોષ દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૨) અન્વેષણ દરમ્યાન બે નવીન સભાસદ દાખલ કરેલ છે. (૧) શ્રીમતી જ્યાબેન ચતુરભાઈ પટેલ (૨) શ્રી રવાજી પુનમાજી જેની વ્યવસ્થાપક કમીટીમાં ઠરાવ કરે પ્રમુખ તરીકે શ્રી જગદીષભાઈ વિ. પટેલ સહી કરેલ છે જ્યારે અન્ય કમિટી સભ્યોનો સહીઓ નથી જેથી ઠરાવ બીન કાયદેસર છે.

ઉપરાંત તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૧ ના મીટીંગથી બે સભાસદો (૧) ભીખાભાઇ કાનજીભાઇ મીસ્ત્રી (૨) રોહીતકુમાર શાંતીલાલ શાહ ને છુટા કરેલ છે જેના ઠરાવમાં પ્રમુખ તરીકે શ્રી જગદીશભાઈ સી પટેલે સહી કરેલ છે અન્ય કમિટી સભ્યોની સહી નથી જેથી ઠરાવ બીન કાયદેસર છે.

આમ બે નવીન સભ્યોને દાખલ કરી બે સભાદોને છુટા કરેલ છે જે અંગેનાં વેચાણ દસ્તાવેજ રજુ થયેલ નથી આ બાબતની જવાબદારી પ્રમુખશ્રી જગદીશ વી. પટેલથી રહેલ છે.

(૩) મંડળીએ બે સભાસદોને છુટા કરી બે નવીન સભ્યો લઈ મકાન ટ્રાન્સફર હવાલા નાખેલ છે જેનો નોં ; શેર ટ્રાન્સફર રજીસ્ટર રાખી કરવામાં આવેલ નથી તેમજ શેર ખાતાવહી તથા સ્ટોક પત્રક જેવો મળેલ નથી.

(૪) સને ૧૯૯૧-૯૨ અને ૧૯૯૨-૯૩ના વર્ષથીમાં મંડળીની કોઈ વ્યવસ્થાપક કમીટી મળેલ નથી તથા જે મળેલ છે તેમાં ફકત ઠરાવ છે જે બીન કાયદેસર છે તેમજ તારીખ ૧૯મી જાન્યુઆરી ૧૯૯૨ની ખાસ સાધારણ સભામાં નીમાયેલ નવી કમીટીએ પણ કોઈ ઠરાવ કરેલ નથી.

(૫) અન્વેષણ સમયના ટ્રાન્સફરના હવાલા તેમજ ખર્ચ કોઈ કમીટીમાં મંજૂર કરેલ નથી જેની જવાબદારી પ્રમુખશ્રી જ જગદીશભાઈ વી. પટેલની જણાયેલ છે.

(૬) અન્વેષણ સમયના બે મકાનો ટ્રાન્સફર થયેલ છે જેની ટ્રાન્સફર ફી અગાઉ મે. રજિસ્ટ્રાર સાહેબ સહકારી મંડળી ગાંધીનગરથી મંજૂર થયેલ છે જે ટ્રાન્સફરના નિતિ નિયમ અનુસાર જમા થયેલી નથી જે તે સભ્યો પાસેથી વસૂલાત મેળવા જમા કરવાની જવાબદારી પ્રમુખશ્રી જગદીશભાઈ વી. પટેલની જણાવેલ છે.

(૭) તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ સરવૈયા અન્વયે ખર્ચ રૂા. ૮૯૭૦૩૦-૭૧ જે જ્યારે બાંધકામ ફાળો રૂા. ૮-૮૬ ૮૯૯/ છે તફાવત રૂા. ૧૦ ૧૪૧ ૧૫૦ છે વ્યકિતગત ખાતાવહી રાખેલ નથી. જેથી મંડળીએ તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ ના સરવૈયા પ્રમાણે આપેલ વ્યકિતગત સભાસદોની યાદીની ચકાસણી કરી શકાયેલ નથી ઉપરાંત દસ્તાવેજ અને ખર્ચ નાસરવૈયે રૂા. ૮૯૧-૫૦ જમા છે યાદી રૂા. ૧૪ ૦૦૦ તફાવતની રકમ રૂા. ૧૨ ૧૦૮/૫૦ છે આકસ્મિક ફી સરવૈયે રૂા. ૨૧૫૦૦/- યાદી મુજબ રૂા. ૩૦ ૫૦૦/- રૂા. ૯૦૦૦/- નો તફાવત છે વિકાસ ફાળો સરવૈયે રૂા. ૨૨ ૮૪૯ ૩૪ છે યાદી મુજબ રૂા. ૪૧૪૬૫-૩૪ છે તફાવત રૂા. ૧૮૬૧૬/- છે.

INDEX

ઓડીટ નોંધની ખામીને ૧૯ મુજબ મંડળીએ અગાઉના વર્ષોમાં મકાનો બાંધેલ છે કેટલાંક મકાનો સભાસદોએ ભનાવેલ છે કેટલાંક અન્ધુરા હોઈ સભાસદોએ પુર્ણ કરેલ છે કેટલીક પ્લીંથો છે કેટલાંક ખુલ્લા પ્લોટો છે તે મુજબ તૈયાર મકાન-૪૨ છે પ્લીંથ લેવલના-૮ છે કુલ ૫૮ પ્લોટ છે જેથી પ્લીંથોમાં ચુનો વપરાયાની સભાસદોએ રજઆત કરેલ છે અન્વેષણ સમયના અગાઉના વર્ષોમાં મકાન બાંધકામ અંગે અંકુર કન્સ્યુમેશન કંપની તરફે તેના ભાગીદારશ્રી ધનજીભાઈ એસ અપટેલ સામે જરૂરી બાંધકામના કરાર તારીખ ૨૬મી જુન ૧૯૮૨ ના રોજ થયેલ ૮ અને સી ટાઈપનાં ૨૮ જેથની કુલ અંદાજે કિમત રૂા. ૨૯૯૮૯૭૪-૬૦ છે. જયારે ૩૦મી જન ૧૯૯૩ ના રોજ બાંધકામ ખર્ચ રૂા. ૮૯૭૦-૩૦-૨૧ થયેલ છે જેમાં સભ્યોએ પોતે મકાન બનાવેલ છે જેથી કોન્ટ્રાકટરે પુરા મકાનો અગાઉના સમયમાં બનાવેલ નથી તથા કરારની શરતો નં. ૫ મુજબ સીમેન્ટ મંડળીએ ઘણાં જુના વર્ષો અગાઉ પુરા પાડવાના હતાં જેનો ભાવ રૂા. ૪૦-૦૦ લેખે લેવાનો હતો આ અંગે અગાઉના વર્ષોથી સીમેન્ટ ખરીદવાનું હેડ ચાલતુ આવે છે. જેમાં અન્વેષણ સમયમાં કોઈ બાંધકામ ખર્ચ નથી કે કોઈ સિમેન્ટ ખરીદી નથી જયારે અગાઉના વર્ષથી સિમેન્ટ ખરીદી બાકી નીકળતી રૂા. ૬૬ ૧૫૦-૬૦ ખેચાત આવે છે આ બાબતે પ્રમુખશ્રી જગદીશભાઈ વી પટેલે કરાર મુજબ ભાવ તફાવતની રકમ જણાવેલ છે સભાસદોએ તથા ખાસ સાધારણ સભા દ્વારા નિમેલ કમીટી નિવેદનમાં સદર રૂા. ૬૬ ૧૫૦-૫૬ સીમેન્ટ ખરીદી ભાવ તફાવત અગાઉના વર્ષનો શંકાના સ્થાને જણાવેલ છે તથા સભ્યોએ મકાન બનાવેલ છે તથા પ્લીંથો ચુનાથી બનાવેલ છે આ બધા મુદા ટેકનિકલ મુદા હોઈ તથા આધારભૂત પુરાવા ન હોઈ જરૂરી તપાસની માંગણી કરવા કમીટીએ જાણ કરેલ છે.

ઉકત ખામીઓ સબબ મંડળીમાં કલમ-૯૧ અન્વયેનો કાર્યવાહી કાર્યવાહી કરવાની ભલામણ થતાં આમુખ-(૧) ની કારણદર્શક નોટીસથી મંડળીના કાર્યવાહકોને ઉકત ખામીઓ સબબ આધાર પુરાવા સહીત સુનાવતીમાં હાજર થઇ રજુઆત કરવાની તક આપવામાં આવેલ જેના સંદર્ભે અગાઉના પ્રમુખશ્રી જગદીશભાઈ વી પટેલ તારીખ ૨જી મે ૧૯૯૪ ના પત્રથી જવાબ રજુ થયેલ છે જેમાં મંડળીનું કામકાજ પેટા નિયમ તથા સહકારી કાયદા કાનુનની જોગવાઈ મુજબ વ્યવસ્થિત ચાલતુ હોઈ..... અનુસાર મંડળીમાં વહિવટદાર મુકવાનો પ્રશ્ન નથી તેમ રજુઆત કરેલ છે.

જયારે તારીખ ૯ મી મે, ૧૯૯૪ ની સુનાવણીમાં મંડળીની તરફથી મંડળના પ્રમુખશ્રી—

(૧) શાંતીલાલ ગોરધનદાસ પટેલ તથા કમિટિ સભ્યો.
(૨) જશવંતસિંહ ઉદયસિંહ રાજ
(૩) પારેખ રમેશભાઈ લલ્લુભાઈ
(૪) નગીનભાઈ આર. પટેલ
(૫) જયંતીલાલ મણીભાઈ નાયી

(૧) ભીખાભાઈ બી. પટેલ હાજર થઈ આમુખ (૩) ની કારણ દર્શક નોટીસ સંદર્ભમાં રજુઆત કરી છે. મંડળીના ગેરરીતીઓ અનિયમિતતા થતાં તારીખ ૧૯ મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ મંડળીના સભ્યોએ ભેગા મળી નવી કમીટી બનાવેલ છે જે ઉપર મુજબની છે. આ કમીટી પાસે મંડળીના કોઈપણ પ્રકારનો દફતરનો કે મિલ્કતનો ચાર્જ નથી. પરંતુ મંડળીનું દફતર શરુઆતથી શ્રી જગદીશભાઈ વી. પટેલ જેઓ મંડળીના પ્રમુખ કહેવાય છે તેમણે જે કમીટી બનાવેલ છે તેમાં સોસાયટીમાં રહેતા કોઈ સંસ્થાનું કમીટી-સભ્ય તરીકે નામ નથી એટલે અત્રેની કમીટીમાં કોઈ સભ્ય છે તેની માહિતી નથી તેથી જે કોઈ કમીટી હોય તેને હોદ્દા ઉપરથી દૂર કરી વહીવટદાર નિમાય તેમાં તેઓના કોઈ વાંધો નથી. મંડળીમાં આ સિવાય ની કોઈ અધિકૃત વ્યવસ્થાપક કમીટી અસ્તિત્વમાં નથી પરંતુ કહેવાતા પ્રમુખ જગદીશભાઈ વી. પટેલ બીન અધિકૃત રીતે દફતરો હવાલો સંભાળી આપખુદ વલણથી વહીવટ ચલાવે છે. દફતર કોઈને આપતાં નથી. કાયદા કાનુનની પ્રોસીજર પ્રમાણે કોઈ સાધારણ સભા મળતી નથી, કમીટી મળતી નથી. કોઈપણ પ્રકારની કાયદા-કાનુન પ્રમાણે પ્રોસીજર કર્યા વિના સત્તા પ્રપ્ત કરી બીન અધિકૃત દફતરની હવાલો તેઓ પાસે છે. જેથી વહીવટદારની નિમણુંક કરી દફતર સંભાળી લઈ ગેરરીતીઓ પ્રકાશમાં લાવવામાં આવે તેમાં હાજર રહેવાઓની--માંગણી છે. આમ રજુઆત કરી મંડળીના વહીવટમાં ગેરરીતીઓ છે અને તે તપાસી મંડળીનું સંચાલન કાયદા-કાનુન મુજબ થાય તેવી માંગણી હોવાથી મંડળી સામે જે કોઈ કાનુની કાર્યવાહી થાય તેઓની સંમતિ દર્શાવેલ છે.

ઉકત વિગતો જોતાં તારીખ ૯ મી મે, ૧૯૯૪ ના રોજની સુનાવણી દરમ્યાન હાજર થયેલ કમીટીઓ રજુઆત જોતા મંડળીના અગાઉના પ્રમુખશ્રીએ નવી કમીટીને ચાર્જ સુપ્રત કરતા નથી. નવી કમીટી પણ તેઓશ્રી પાસેથી ચાર્જ સંભાળવા તૈયાર નથી. શ્રી જગદીશ ભાઈ અનઅધિકૃત રીતે દફતરનો હવાલો સંભાળી આપખુદીથી--મંડળીનો વહીવટ ચલાવે છે. અનઅધિકૃત હવાલો સંભાળેલ હોઈ તેઓએ રજુ કરેલ જવાબ આમુખ (૪) નો જવાબ ગ્રાહ્ય રાખી શકાય નહી. આમ મંડળી આમુખ (૧) ની જોગવાઈઓ તેમજ મંડળીના પેટા નિયમોનું ઉલ્લંઘન થયેલ તે જોતાં અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ, વડોદરા ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ સુવર્ણપુરી કો. ઓપ. હા. સો. લી., કરજણ, તાલુકા કરજણ, જિલ્લો વડોદરાથી કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી વી. આર. દેસાઈની માસિક રૂા. ૩૦૦/-- ના મહેનતાણાથી મંડળીનો વહીવટ સંભાળ્યાની તારીખની ૧ વર્ષ માટે અત્રે જણાવેલ શરતોને આધીન નિમણંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબના મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રાએ વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિ--સ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ લેઠળ તમામ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોનાં હીતમાં કાર્યવાહી કરવાની રહેશે.

(૫) મંડળીની કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૫ મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધાં :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ--૮૧ ની જોગવાઈઓ.

INDEX

(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનો તારીખ ૮ મી ઓકટોબર, ૧૯૯૩ નો પત્ર લોન ૧૧૯૨૫.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ વહટ / ૭૧ / ઝ-૩ / ૧૩૯, તારીખ ૭ મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

(૪) મંડળીનો તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૪નો જવાબ.

(૫) બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાના તારીખ ૮ મી એપ્રિલ, ૧૯૯૪ નો અભિપ્રાય.

જાવક નંબર વહટ/ગ/ ઝ-૩ / ૧૦૭૫ થી ૧૦૮૫.— ધી કાનાકુવા વાઘેથા ગૃપના ગામોની વિ. કા. સેવા સ. મં. લી., કાનાકુવા, તાલુકા સંખેડા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનાં તારીખ ૮ મી ઓકટોબર, ૧૯૯૩ નો પત્ર લોન / ૧૧૯૨૫ ના આમુખ (૨) થી અત્રે જણાવેલ ગેરરીતીઓ સબબ મંડળીને વહીવટમાં લઈ જવાની ભલામણ કરવામાં આવેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન મુદલ રૂા. ૧૩૪૨૧૯/૫૩ તથા વ્યાજ રૂા. ૧૧૭૮૫૧ વસુલ કપાતો બાકી છે જ્યારે સભાસદ ધિરાણ રૂા. ૪૯૭૯૭/૮૫ બાકી છે.

(૨) મંડળીના ૧૫ મુદતવીતી બાકીદારો પૈકી ૧૦ ઉપર દાવા થયેલ છે હજુ પાંચ બાકી દારો સામે દાવા કરવાના બાકી છે.

(૩) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે કાર્યકર્તાઓને મંડળી ચલાવવામાં ધિરાણ વસુલાતની પ્રવૃત્તિમાં બિલકુલ રસ નથી.

(૪) મંડળીમાં વર્ષોવર્ષ ખોટનું પ્રમાણ વધતું જાય છે. ઓકંદર ખોટ રૂા. ૧,૦૨,૩૫૬/- જેટલી છે. મંડળીના ભંડોળો ખોટમાં વપરાઈ ગયેલ છે. ભંડોળ કરતા ખોટ બમણી થાય છે.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ ડી છે કર્જ કરવાની કોઈ મર્યાદા રહેતી નથી. મંડળી કાર્યરત અને અર્ધક્ષમ બને તેવા કોઈ સંજોગો નથી.

(૬) બળદ ધિરાણ રૂા. ૨૩૪૬૮/૨૫, દેવા મુકિત ધિરાણ રૂા. ૧૨૨૪૫/૨૫ની વસુલાત માટે કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

(૭) સરકારશ્રી દેવારાહત યોજના હેઠળ ૧૦ટકા સભાસદોને રૂા. ૪૬૯૮૫૫/-ની રાહત મળેલ છે જે પૈકી રૂા. ૭૩,૨૨૫/-મળવાના બાકી છે. બીજી કોઈ રોક્કડ વસુલાત આવતી નથી.

(૮) મંડળીની આર્થિક પરિસ્થિતિ કથળી ગયેલ છે. મંડળી સ્થગિત છે. ચાલુ થાય તેવી સ્થિતિ નથી. મંડળી ચલાવવામાં કોઈને રસ નથી. જેથી મંડળીની કમીટીને દૂર કરી વહીવટદારની નીમણુંક કરવાનું તારણ ઉપસ્થિત થતાં મંડળીના કમીટી સભ્યોને આમુખ(૩) ની કારણદર્શક નોટિશથી ઉકત ખામીઓ સબબ રજુઆત કરવાની તક આપવામાં આવેલ સુનાવણી દરમ્યાન મંડળી તરફથી કોઈ હાજર થયેલ નથી. પરંતુ મંડળીના કમીટી સભ્યોની સહીવાળો જવાબ આમુખ (૪) મુજબનો બેન્ક ઈન્સ્પેકટરશ્રીએ રજુ કર્યો જે વિગતે અત્રે મુજબ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૧,૩૪,૨૧૯/૫૩ તથા વ્યાજ રૂા. ૧,૧૭,૮૧૨/- વસૂલ કરવાના બાકી છે. અને મંડળી પાસે ધીરાણ રૂા. ૪૯,૭૯૭/૮૫ બાકી છે. તેમજ સભાસદો પાસે વ્યાજ લેવાનું બાકી છે.

(૨) મુદતવીતી બાકીદારો પાસે પાંચ સભાસદોનાં દાવા બાકી તેની પૂર્તતા કરવી.

(૩) મંડળી છેલ્લાં ત્રણ વર્ષથી સ્થગિત છે. ખરેખર વ્યાજ વસૂલ આવવાનુ ચાલુ છે. ગયા વર્ષે આવેલ વ્યાજ ઓડીટસ ભરેલ છે. અને વસૂલાતની પ્રક્રિયા ચાલુ છે.

(૪) દર વર્ષે મંડળીમાં વસૂલાત નહીવત આવવાથી ખોટનું પ્રમાણ છે. પણ ચાલુ વર્ષે ધિરાણ-વસુલાતની પ્રવૃત્તિથી ફેરફાર થાય તે બદલ બાંહેધરી આપીએ છીએ.

(૫) ચાલુ વર્ષે મંડળીનો ઓડીટ વર્ગ 'ડ' છે. જેથી ધિરાણ-પ્રવૃત્તિ થશે તેની ભલામણ કરેલ છે.

(૬) બળદ ધિરાણ રૂા. ૨૩૪૬૮/૨૫, દેવામુકિત ધિરાણ રૂા. ૧૨૨૪૨/૨૫ની વસુલાત માટે કોઈ પગલાં લેવામાં આવેલ નથી જેની વસુલાત માટે યોગ્ય કાર્યવાહી ચાલુ છે. આવેલ વસૂલાત લોન માટે જમા કરાવેલ છે.

(૭) જવાબ નથી.

ઉપર મુજબનો જવાબ રજુ કરી મંડળીને વહીવટમાં નહીં લઈ જવા ભલામણ કરી જે પરત્વે આમુખ (૫) નો બેન્કનો અભિપ્રાય અત્રેની વિગતે છે.

(૧) દાવાની પૂર્તતા કરેલ છે. પરંતુ વસૂલાતની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૨) સભાસદ ધિરાણ લ્હેણાં બાકી રાને આયોજન ગોઠવી વસુલાતની સક્રીય વ્યવસ્થા ગોઠવાયેલ જણાતી નથી.

(૩) મંડળીએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખેલ નથી.

(૪) મંડળીમાં ચાલુ વર્ષે ધિરાણ વસૂલાતની પ્રવૃત્તિથી ફેરફાર થાય તે બદલ બાંહેધરી કમીટી સભ્યોએ આપેલી છે પણ કોઈ નક્કર વસુલાતની પ્રગતિ જણાતી નથી.

(૫) ઓડીટ વર્ગ 'ક' મળેલ છે. પરંતુ ખોટનું પ્રમાણ જોતાં કર્જ કરવાની મર્યાદા રહેતી નથી જેથી મંડળીમાં ધિરાણ પ્રવૃત્તિ ચાલુ થઈ શકે તેવા કોઈ સંજોગો નથી.

(૬) રજીસ્ટ્રારશ્રીની લોન-ધિરાણ સવલત મુજબની વસુલાત માટેના કોઈ કાયદેસરનાં પગલ લેવામાં આવેલ નથી.

(૭) સરકારશ્રીના થયેલ ભલામણ હેઠળ રાહત પૈકી રૂા. ૨૨,૯૦૦/-હાલની રકમ હાલ મળેલ છે.

આમુખ (૫) મુજબ મંડળીનો રજુ થયેલ જવાબ અને તે સમય બંનેનો અભિપ્રાય જોતાં મંડળીએ જવાબમાં રજુ કરેલ કારણો બરોબર નથી બેન્ક લોન તથા સભાસદ ધિરાણ માટે આયોજન પૂર્વક વસુલાત ગોઠવી સક્રીય પ્રયાસો થાય તેમ જણાતું નથી સુનાવણી દરમ્યાન મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી જે કમીટીનો નિરસતા સાબીત કરે છે મંડળીએ રજુ કરેલ તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના હીસાબો જોતાં શેર ભંડોળના પ્રમાણમાં ખોટનું પ્રમાણ વધુ છે કર્જ કરવાની મર્યાદા રહેલ નથી ઉકત ખામીઓ જોતાં તેમજ બંનેના અભિપ્રાય મુજબ મંડળી હાલમાં ચાલુ થઈ શકે તેવી પરિસ્થિતિમાં જણાતી નથી અત્રે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા મુજબના સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ કાણાકુવા વાઘેથા ગૃપના ગામોની વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. તાલુકા

INDEX

સંખેડા જિલ્લો વડોદરા ની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી બરોડા સેન્ટલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની માસિક રૂા. ૨૫ ના મહેનતાણાથી મંડળીનો ચાર્જ મળવાની તારીખથી ૧ વર્ષ માટે અત્રે જણાવેલ સભ્યોને આધીન નિમણુંક કરૂ છું.

(૧) મંડળીના રોજબેરોજનો ચાલુ ખર્ચ અને વહીવટદાર શ્રીનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે

(૨) વહીવટદારશ્રીએ મંડળીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનૂન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોને હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાની તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૧૦૯૧ થી ૧૦૯૯ સને ૧૯૯૪.—ધી ચિખોદરા ખેતી પિયત સહકારી મંડળી લી. મુકામ ચિખોદરા, તાલુકો-જિલ્લો વડોદરા ની નોંધણી ક્રમાંક ખે-૩૦૪૯ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ઉખસ/ફ-૯૭૧૬/૦૧/ઝ-૨/૫૨૬/૯૪, તારીખ ૫મી મે, ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તેં અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

વંચાણે લીધા

(૧) અત્રેની કચેરીનો હુકમ / ક્રમાંક/વહટ/૦૧/ઝ-૩/ ૫૩૯/ /૯૩ તારીખ ૮મી અપ્રિલ ૧૯૯૩

(૨) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક/વહટ/૦૧/ઝ-૩/૫૧૬/૯૩ તા. ૧૪મી મે ૧૯૯૩

(૩) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક/વહટ/૦૧/ઝ-૩/૪૮૦/૮૪ તારીખ ૨૯મી અપ્રિલ ૧૯૯૪

(૪) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક /વહટ/૦૧/ઝ-૩/૭૧૬/૧૮ તારીખ ૨૩મી જુન ૧૯૯૪

(૫) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધી નગરનાં તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૪ ના પત્ર નં. નસમ/૦૧/૮૮-૮/૨૧૫૦/૯૪ તથા તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ નો હુકમ નલવ/ ગત-૮/૨૨૫૧/ ૧૯૯૪.

જા. નં. વહટ/ઝઝ૩/૧૧૪૪/થી ૨૧૪૯.— અત્રેની કચેરીના સંદર્ભ-૧ હેઠળનાં તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૩ના હુકમથી ધી સંખેડા-જેતપુર-પાવી તાલુકા જીનીંગ પ્રેસીંગ અને કાંસવેલ કો. ઓ. સોસાયટી લી. બોડેલી (ઢોકળીયા) તા. સંખેડામાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમનો ૧૯૬૧ની કલમ-૭૪ અનુસાર ૩ લોન નં. ૧ ના તરીકે શ્રી બી. ડી. ત્રિવેદીની નિમણુંક કરેલ શ્રી ત્રિવેદીએ રાજીનામુ આપતા સંદર્ભ-૨નાં તારીખ ૧૪મી મે ૧૯૯૩નાં હુકમથી મજકુર મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી બી. એ. પટેલની ભલામણ કરવામાં આવેલ શ્રી બી. એ. પટેલ ૩૦મી અપ્રિલ ૧૯૯૪નાં રોજ નિવૃત્ત થયેલ હોઈ સંદર્ભ-૩ના તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૪ના હુકમથી શ્રી પટેલની જગ્યાએ મજકુર મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી એમ. એ. ડાભીની નિમણુંક કરવામાં આવેલ શ્રી ડાભીની બદલી થતાં તેઓની જગ્યાએ મજકુર મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી એન. એ. ચૌહાણ સંદર્ભ-૪નાં હુકમથી નિમણુંક કરવામાં આવેલ પરંતુ વડીકચેરીનાં સંદર્ભ-૫ના હુકમથી શ્રી ચૌહાણને તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૪થી બીજી સૂચના ન મળે ત્યાં સુધી ગાંધીનગર ખાતે વડી કચેરીની ધિરાણ શાખામાં ફરજ બજાવવાનો હુકમ થયેલ હોઈ શ્રી ચૌહાણની જગ્યાએ મજકુર મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી રમેશચન્દ્ર ચંદુલાલ પુરોહીતને આમુખ(૧)માં જણાવેલ તારીખ ૮મી એપ્રિલ ૧૯૯૩નાં હુકમથીમાં નિર્દેશ કરેલ શરત નં. ૧ થી ૫ને આધીન કસ્ટોડીયન તરીકેનો હવાલો સંભાળવા હુકમ કરવામાં આવે છે. શરત નં. ૧ થી ૫ પૈકીની શરત નં. ૪ માં જણાવ્યા મુજબ મહેનતાણાના પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫૦૦/- અંકે રૂપિયા બેહજાર પાંચસો પુરા નક્કી કરવામાં આવે છે. કસ્ટોડીયનથી શ્રી મંડળીનાં કામકાજ અંગે બહાર ગામ જવાનું થાય તેવા પ્રસંગે મંડળીનાં સ્થળથી કામકાજના સ્થળ સુધી આવવા જવાનો પ્રવાસ-ખર્ચ મંડળીના નિયમો પ્રમાણે મળવાપાત્ર અને જે ખર્ચ મંડળીએ ભોગવવાનો રહેશે.

વડોદરા, તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

નં. નધણુ / ગ-૨ / ૫૧૦ / સે-૨૭૩૬૩ / ૧૯૯૪.— આથી જાહેર કરે છે કે આદર્શ મહિલા બચત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નસવાડી, તાલુકો નસવાડી, જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નં. ધ-૧૬૪૬૫/નધણુ/ગ-૨/૫૨૧/૯૪.—આથી જાહેર કરે છે કે શ્રી રામદેવનગર કુટીર ઉદ્યોગ કામદાર કો. ઓ. હાઉસીંગ સહકારી મંડળી લી. વડોદરા, મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયને તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૩ નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ ૨/૧૯૮૭/૯૩ નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. : ફડચ/ફ ૯૭૨૯/૦૧/ઝ-૨/૧૧૮૦ થી ૧૧૮૮ / ૯૪.—ધી બરોડા મ્યુ. સ્ટાફ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. (સાધનાનગર) મુકામ કરેલીબાગ, વડોદરા જે તારીખ ૨૩મી ઓગષ્ટ, ૧૯૬૨ના નોંધણી ક્રમાંક : ધ-૩૬૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ખ) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૨) વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીઓ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ (એક) વર્ષની મુદ્દતમાં પુરી કરવી.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

સે.-૨૭૩૬૪ નધણ/ગ-૨/૫૩૫ / ૯૪.—આથી જાહેર કરે છે કે ધી સાંઈનાથ હાઈટસ પ્રિમાઈસીસ ઓનર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. મર્યાદિત સ્થળ . વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નં. નધણ/ગ-૨/૫૫૭/સે-૨૭૩૬૬/ ૯૪.—આથી જાહેર કરે છે કે મિશન બ્રધર હુડ મહિલા બચત કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

નં. સે-૨૭૩૬૫ નધણ/ગ-૨/૫૫૮/૯૪.—આથી જાહેર કરે છે કે ધી અશ્વમેધ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) ઓડીટર સ. મં., પાદરાના જા.નં. : અજણ/૦૧/ક-૪/૯૯ તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૯ ની દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીની તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૩ની કારણદર્શક નોટીશ: વહટ/૦૧/ચ-૧/૧૦૬૭.

(૪) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક વહટ/૦૧/ઝ-૧/૧૯૩૦, તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૦.

(૫) ધી બરોડા સેન્ટલ કો. ઓપ. બેંક લી. વડોદરાનો તારીખ ૨૫મી જલાઈ, ૧૯૯૪ નો પત્ર.

નં. વહટ/૯૫૩/૧૨૩૯ થી ૧૨૪૯.—ધી દરાપુરા અંત્યોદય ખેડૂત વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. દરાપુરા તા. પાદરાના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. અત્રે ક્રમાંક : ૧૨૧૨૫ તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૩ છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સામેલ સહકારી મંડળી નો પાદરાની આમુખ (૩) ની દરખાસ્તથી અત્રે જણાવેલ ખામીઓ સબબ મંડળીને વહીવટમાં લઈ જવાની ભલામણ કરવામાં આવે છે.

મંડળી છેલ્લા છ વર્ષથી સ્થગિત હોઈ કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરતી નથી. મંડળીની વાર્ષિક સાધારણ સભા તથા ખાસ સભા ૧૯૮૫-૮૬ નાં વર્ષથી મળેલ નથી. મંડળી સભ્યોને તેથી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. મંડળીની તપાસણી સમયમાં ધીરાણ વસુલાત બિલકુલ થયેલ નથી. મંડળીએ અગાઉ ધિરાણ કરેલ તે પૈકી રૂા. ૨૯,૮૨૫ મુદતવીતી બાકી પડે છે. મંડળીએ છેલ્લા ચાર વર્ષથી ઓડીટ નોંધની દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

ઉકત ખામીઓ સબબની ભલામણ મુજબ મંડળીને અત્રેના આમુખ (૧) ની જોગવાઈ હેઠળ આમુખ (૩) ની કારણદર્શક નોટિસથી રજુઆત કરવાની તક આપવામાં આવી. પરંતુ કારણ દર્શક નોટિસના સંદર્ભમાં મંડળી તરફથી કોઈપણ વ્ય. કમીટી સભ્ય હાજર રહેલ નથી કે લેખિત રજુઆત કરેલ નથી. મંત્રી તરફથી મુદત અંગેનો રીપોર્ટ રજુ થયેલ. પરંતુ મંડળીના કોઈપણ કમીટી સભ્યોની કોઈ રજુઆત નહીં થતાં અત્રેના આમુખ (૪) નાં હુકમથી મંડળીનો વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની પ્રાથમિક તબકકે નિમણુંક કરવામાં આવેલ આમુખ (૪) નાં બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાના તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૪ ની રજુઆત મુજબ :—

(૧) મંડળીએ સને ૧૯૯૨-૯૩માં પોતાના ભંડોળમાંથી ધિરાણ શરૂ કરેલ છે.

(૨) મંડળીની તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૧ ના રોજ તથા ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ ના રોજ સાધારણ સભાઓ મળેલ છે.

(૩) મંડળીએ સને ૧૯૯૦-૯૧ તથા ૧૯૯૧-૯૨ નાં વર્ષનાં ઓડીટની ખામીઓની દુરસ્તી કરેલ છે. અને ઓડિટ વર્ગ 'બ' આપવામાં આવેલ છે.

(૪) મંડળીએ સને ૧૯૯૩ ના વર્ષ માં રાસાયણિક ખાતર વહેંચણી કરવા જણાવેલ છે.

(૫) મંડળીની તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૨ ની ખરીદ, નફા-નુકશાન પત્રક તેમજ સરવૈયા મુજબ મંડળી નફામાં કામ કરેલ છે. પગાર ખર્ચ પાડેલ મંડળી તરફથી નુકશાનમાં થયેલ સભાસદોની

INDEX

વસુલાત આવવાની શકયતા છે. તેમ જણાવી વહીવટદારની નિમણુંકનો હુકમ રદ કરવાની ભલામણ થતાં મંડળીને અર્થક્ષમ બનાવવાના હેતુસર અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ન કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ દરાપુરા અત્યુદય ખેડૂત વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ : દરાપુરા, તાલુકો : પાદરા, જિલ્લો : વડોદરામાં વહીવટદારની નિમણુંક કરતો આમુખ (૪) નો હુકમ આથી રદ કરું છું.

વડોદરા, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૪.

ટાંચાણ લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઇ.

(૨) બરોડા સેન્ટ્રલ કો. આ. બેન્ક લી. વડોદરાની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૩ ની દરખાસ્ત ૧૧૯૩૫

(૩) અત્રેની કચેરીની કારણદર્શક વહટ/૦૧/ઝ/૩/૩૫૭ તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૪

(૪) મંડળીઓ રજુ કરેલ તારીખ ૨૩મી મે ૧૯૯૪નો જવાબ.

(૫) બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાનો તારીખ ૩૦મી મે, ૧૯૯૪ નો અભિપ્રાય.

જા. નં. વહવટ/પૈકી ૧૨૫૩થી ૧૨૬૫—થી સામરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તાલુકા કરજણ જિલ્લો વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની હેઠળ નોંધાયેલ સંસ્થા છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

થી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્કની વડોદરાના આમુખ (૨)ની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૩, ની દરખાસ્તથી અત્રેની વિગતે જણાવેલ ખામીઓ સબબ વહીવટદારની નિમણુંક કરવા ભલામણ કરેલ છે.

(૧) મંડળી પાંસે બેન્ક લોન રૂા. ૧૦,૮૫,૮૬૦/ પૈકી રૂા. ૧૦,૮૧,૮૧૦/ મુદતવીતી બાકી પડે છે વ્યાજ રૂા. ૨૯,૪૭,૧૪૪/ વસૂલ કરવાના બાકી છે.

(૨) મંડળીના ૬૩ મુદતવીતી બાકીદારો સામે રૂા. ૧૧,૪૮,૮૦૪/ વસૂલ કરવાના પડે છે. જે પૈકી ૨૩ ઉપર દાવા કરેલ છે. જ્યારે બાકી ૪૦ સભ્યો ઉપર દાવા કરવાના હોઇ કાર્યવાહી કરેલ છે.

(૩) મંડળી સ્થગિત દશામાં છે વ્યવસ્થાપક કમિટીની મીટીંગો દરમાસે નિયમિત મળતી નથી પેટા કમીટી સભ્યો વસૂલાતમાં તદ્દન નિષ્ક્રિય છે મંડળીની ધિરાણ વસૂલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ નથી.

(૪) સભાસદ કપાસ એડવાન્સ રૂા. ૮૩,૧૪,૧૬૮ અને દેવા ફુંડણી રૂા. ૧૮૩૮/ ની વસૂલાત માટે બીલકુલ પ્રયાસો કરવામાં આવતા નથી.

(૫) ઓડીટ મેમો તથા બેન્ક તપાસણી રિપોર્ટની ખામીઓની દુરસ્તી થયેલ નથી.

(૬) અગાઉ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાનો હુકમ તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૦ ની થયેલ હતો જે મંડળીના સંચાલકોની રજઆત મુજબ બાંહેધરી આપી હોવાથી તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૧ થી ૨૬ કરવામાં સદરહુ વહીવટ સુધારેલ નથી વસૂલાત આવતી નથી વ્યાજનું ભારણ વધતું જાય છે. વહીવટી ખર્ચના કારણે ખોટ વધતી જાય છે.

ઉકત સંજોગોમાં ચાલુ કમીટી સભ્યો પાસે મંડળીનો વહીવટ ચાલુ રાખવો હીતાવહ નથી મંડળી તથા બેન્ક લોનના નાણાંની મોટી રકમ જોખમમાં મુકાયેલ છે. જેથી મંડળીની કમીટીને બરતરફ કરી મંડળીમાં વહીવટદાર નિમવા ભલામણ કરવા મંડળીની કમીટીને આમુખ-૩ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪ની કારણદર્શક નોટીસથી ઉકત ખામીઓ સબબ રજુઆત કરવાની તક આપતાં આમુખ(૪)ના તારીખ ૨૩મી મે ૧૯૯૪ની અત્રેની વિગતે જવાબ રજુ કર્યો.

(૧) પાછલા વર્ષોમાં પાકની ખરાબ પરિસ્થિતિ તેમજ દેવા નાબુદ અંગે લોકોમાં ફેલાયેલ ગેર સમજના કારણે મુદતવીતી બાકી વસૂલ કરવાની બાકી પડે છે. ચાલુ વર્ષ પાકના સંજોગો સારા હોઇ તેમજ મંડળીઓ બેન્કના અધિકારીઓ તથા ખાસ વસુલાત અધિકારી સહીત માળખું ગોઠવી મંડળીના હોદ્દેદાર તથા અધિકારી ઓના પ્રયત્નોથી સભાસદોમાં આવેલ જાગૃતિના પરિણામે મંડળીએ ચાલુ વર્ષ રૂા. ૪૪,૭૮૦/-ની રકમ પ્રાથમિક તબક્કામાં ૨૩ સભાસદો પાસે વસૂલ કરી છે. વધુ વસુલાત માટે ગોઠવેલા માળખા મુજબ સભાસદોને એક માત્ર તુવેરના પાકનું વેચાણ થાય તે મુજબ મંડળી ચાર લાખની વસૂલાત કરી ૬૪ મુદતવીતી બાકી સભાસદો પૈકી ૩૦ જેટલા સભાસદોને રેગ્યુલર બનાવી શકશે.

ચાલુ વર્ષે શાખા પત્રક બનાવ્યું છે જે મુજબ ચાલુ વર્ષે ચોખ્ખા થયેલ ૧૧ સભાસદો જે હાલ નવીન ધિરાણ મેળવવા પાત્ર છે તેઓ ૩૩ ટકા તેમજ ૨૦ ટકાની બેન્ક યોજનાનો લાભ મેળવશે તેવા ૨૬ સભાસદો મળીને કુલ ૩૭ સભાસદોને નવીન ધિરાણ આપી શકાય તેવી ઉજળી તક ઉપસ્થિત કરી છે. જે કામગીરી બેન્ક યોજનાની મુદત ૩૦મી જુન ૧૯૯૪ સુધીમાં સધ્ધર વસુલાત કરી નવીન ધિરાણ સહકારી મંડળી સધ્ધર દિશામાં આવી જશે જેથી મુદત વીતી બાકીનું પ્રમાણ ૬૦ ટકા જેટલું ઘટી જશે તેવી ખાત્રી આપી.

(૨) ચાલુ વર્ષે મંડળીઓ કરેલ વસુલાતની શકયતાના તબક્કામાં દાવા થયેલ પૈકી ૧૦ સભાસદો અને દાવા સિવાયના ૧૧ સભાસદોની વસુલાત કરી છે. બેન્ક યોજનાની મુદત ૩૦મી જુન ૧૯૯૪ સુધીમાં દાવા કરવામાં બાકી રહેલ સભાસદો પૈકી ૨૦ જેટલા સભાસદો રેગ્યુલર થાય તેમ છે. છતાં મંડળી બાકીના બેદરકાર સભાસદો ઉપર ૩૦મી જુન ૧૯૯૪ સુધીમાં દાવાની કાર્યવાહી સંપૂર્ણ કરી આપવા બાહેધરી આપે છે.

(૩) મંડળીઓ વસૂલાતની કામગીરી ગોઠવી કામ શરૂ કરેલ છે. વ્યવસ્થાપક કમીટીની મીટીંગો દર માસે મળે છે ચાલુ વર્ષે મંડળીએ શાખા પત્રક મંજૂર કરાવવા કાર્યવાહી કરેલ છે જેની ચાલુ વર્ષે નવીન ધિરાણ થતાં મંડળી ૩૦મી જૂન ૧૯૯૪ સુધી કાર્યરત થઇ જશે. ઉપરાંત તારીખ ૩૦મી જૂન ૧૯૯૩ નો ઓડીટ વર્ગ "ક" મળેલ છે. ચાલુ વર્ષે પાછલી ઓડીટ ફી બાકી પેટે રૂા. ૫૪૨૫/- ભર્યા છે. બીજા રૂા. ૧૬૦૦૦/- જેટલી રકમ ભરવા ધારેલી છે જે બેન્ક સેવીંગ્સમાં જમા છે.

(૪) ચાલુ વર્ષે વસૂલાત માટે ચાલતી પ્રવૃત્તિમાં મંડળી વસૂલાત કરી શકે તેમ છે.

(૫) ઈન્સ્પેકશન રીપોર્ટની ખામીઓની દુરસ્તી બેંકને મોકલેલ છે. તેમજ ઓડીટ મેમોની દુરસ્તી રીપોર્ટ તૈયાર કરી દિન-૧૫માં પૂર્તતા કરી આપવા મંડળીએ ખાત્રી આપેલ છે.

INDEX

(૬) ૨૩ દાવાઓની કામગીરી કર્યા બાદ મંડળીએ વસૂલાત તથા મંડળીનો વહીવટ કાર્યક્ષમ બનાવવા બેન્કના અધિકારી સાહેબો તથા ખાસ વસૂલાત અધિકારીની મદદ મેળવી અવાર નવાર સભાસદોનો સંપર્ક અને વસૂલાતની કાયદેસરની કાર્યવાહી મારફત સભાસદોમાં ઉત્સાહ લાવી વસૂલાતની કામગીરી શરૂ કરેલ છે. ટૂંકા ગાળામાં મંડળી કાર્યરત થઈ જશે તેવી ખાત્રી મળી.

આમ ઉકત વિગતે મંડળીના સંચાલકોએ લાગતા-વળગતા અધિકારી સાહેબોનો સહકાર લઈ મંડળીને કાર્યરત બનાવવા નક્કર શરૂઆત કરી છે. હાલ મુદતવીતી બાકી અંગેની બેન્ક યોજના તારીખ ૩૦મી જુન ૧૯૯૪ સુધી ચાલુ છે. તેનો લાભ મંડળી તથા સભાસદ લઈ શકે તેમજ મંડળી આ લાભથી કાર્યક્ષમ બની શકે તે સંજોગોમાં મંડળીના સંચાલકોને તક આપવા રજુઆત કરી.

મંડળી તરફથી રજુ થયેલ ઉપર મુજબનો જવાબ પરત્વે બેન્ક તરફથી આમુખ (૫) ના પત્રથી અત્રે મુજબનો અભિપ્રાય રજુ કરેલ છે.

(૧) મંડળી પાસે હાલ બેન્ક લોન રૂા./- ૧૦,૭૩,૮૬૦/- પૈકી રૂા. ૧૦,૬૦,૫૬૦/- મુદતવીતી બાકી છે વ્યાજ રૂા. ૩૪,૩૩,૫૫૪/૩૬ વસૂલ કરવાનું બાકી છે. મંડળીની વસૂલાત માટે પ્રગતિ જણાતી નથી. પાકોની સીઝન પુરી થયેલ છે. મંડળી તરફથી વસૂવાત માટેની નક્કર કાર્યવાહી અંગે આધાર/માહિતી કોઈ રજુ થયેલ નથી તેમ છતાં જુનના અંત સુધીમાં બેન્કની પુનઃવસન યોજનાઓ કેટલે અંશે લાભ મળ્યો છે તેના ઉપર છેવટની પરિસ્થિતિ નકકી થઈ શકે તેમ છે.

(૨) જુન ૧૯૯૪ ના અંત સુધીમાં જે સભાસદો પુનઃવસન બેન્ક યોજનાનો લાભ મેળવે છે તે ૯૪ના બાકી રહે તેમના સામે માહે જુલાઈ ૧૯૯૪માં તાત્કાલીક દાવાની કાર્યવાહી કરવી પડે મંડળીમાં ૪૦ મુદતવીતી બાકીદારોના હજુ દાવા કરવા કોઈ કાર્યવાહીની સ્પષ્ટતા કરેલ નથી.

(૩) તારીખ ૩૦મી જુન ૧૯૯૪ સુધીમાં જો નક્કર કામગીરી હાથ ધરવામાં ન આવે તો મંડળીને વહીવટમાં લેવાની રહે તેમ છે.

(૪) સરવૈયાની હકીકત મુજબ રૂા. ૫૪૨૫/- ઓડીટ ફી ભરેલ જણાય છે બીજી ઓડીટ કી ભરવાની બાકી છે.

(૫) ચાલુ વર્ષે વસુલાતની તજવીજ માટે જણાવેલ છે પરંતુ તેમ ન થતાં કલમ-૯૬ હેઠળ જે તે બાકીદાર સામે જુલાઈ ૧૯૯૪માં લવાદી દાવા દાખલ કરવાના રહે.

(૬) હજુ શાખામાં દુરસ્તી રીપોર્ટ મળેલ નથી. જે તાત્કાલિક તૈયાર કરી રજુ કરાવાના રહેશે.

(૭) મુદ્દા ને અનુરૂપ જવાબ નથી અગાઉની બાંહેધરી મુજબ કોઈ અમલ કરેલ નથી હજુ પણ વસુલાત માટે કોઈ નક્કર કાયદેસરના પગલાં લીધા નથી. જૂન-૯૪ અંત સુધીમાં વસુલાત માટે જણાવવામાં આવેલ છે. અસરકારક વસુલાત ન આવે તો મંડળીને વહીવટમાં લેવાની રહે.

ઉકત અભિપ્રાય રજુ કરેલ છે. તેમજ વધુ જણાવેલ છે કે મંડળીએ રજુ કરેલ લેખિત જવાબના કારણો બરાબર નથી. બેન્ક લોન તથા સભાસદ ધિરાણ વસુલાત માટે આયોજન પૂર્વક નક્કર કાર્યવાહી હાથ ધરેલ જણાતી નથી. વસુલાતમાં પ્રગતિ નથી. જુન-૯૪માં વસુલાત આવશે તેમ જણાવેલ છે. દાવાની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી. જુલાઈ-૯૪માં દાવા કરવાનું જણાવેલ છે. વ્યવસ્થાપક કમીટી ને મંડળીમાં રસ હોય તેમ જણાતું નથી. જેઓ એક શેર ધારણ કરી નામના જ હોદ્દા ઉપર ચાલુ છે. આ સંજોગોમાં બેન્ક ધીરાણની મોટી રકમ બાકી પડતી હોઈ વસુલાત સંતોષકારક થઈ શકે તેમ જણાતું નથી. મંડળી હાલ ચાલુ થઈ શકે તેમ નથી. આથી મંડળીને બેન્ક હસ્તક વહીવટમાં મુકવાનું તારણ રજુ કરેલ છે.

આમ ઉપર મુજબ આમુખ(૪) નાં મંડળીનો ના જવાબ તેમજ આમુખ (૫)ની બેન્કનો અભિપ્રાય જોતા આમુખ(૩) ની કારણદર્શક નોટીસનાં મુદ્દા નં. ૨ મુજબ ૨૩ સભાસદો સામે દાવા દાખલ કરેલ છે. ૪૦ સભ્યો સામે દાવા દાખલ કરવાના બાકી છે. જે હાલ પણ ૨૩ સભાસદો સામે દાવા દાખલ કરેલ છે. બાકીના ૪૦ સભાસદો સામે દાવા દાખલ કરવા જુલાઈ-૯૪ સુધીમાં ખાત્રી આપ્યા મુજબનો કોઈ પુરાવા રજુ કરેલ નથી. ઓડીટ ફી પેટે રૂા. ૫૪૨૫/- ભરપાઈ કરેલ છે. રૂા. ૧૬૦૦૦/-જેટલી ઓડીટ ફી ની રકમ બેન્ક સેવીંગ્સમાં જમા હોવા છતાં ભરપાઈ કરેલ નથી. ઈસ્પેકશન રીપોર્ટની ખામીઓની દુરસ્તી તેમજ ઓડીટ મેમાની દુરસ્તી રીપોર્ટ રજુ કરેલ નથી. ઉપરાંત વસુલાત બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવેલ નથી. તે જોતાં મંડળીની કમિટિને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી તેમની બેન્કની મોટી રકમ બાકી પડતી હોવાથી મંડળીને વહીવટમાં લઈ જવાનું તારણ સ્પષ્ટ થતાં અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ સામરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. સામરા તા. કરજણની વ્યવસ્થાપક કમીટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળ્યાની તારીખથી ૧વર્ષ માટે માસીક રૂા. ૨૫/-ના પ્રતિ મહેનતાણાથી અત્રે જણાવેલ શરતો ને આધિન નિમણૂંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામ કાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારી ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટાનિયમને આધીન રહી કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત મોકલવાનો રહેશે અને મંડળીના સભાસદોનાં હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ વડોદરાની તારીખ ૪—૩—૧૯૯૪ ની દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ વહટ/૦૧/ઝ-૩ / ૭૯૨, તારીખ ૯/૮/૧૯૯૪.

INDEX

જાવક નંબર/૦૧/વહટ/ઝ ૩/૧૩૨૭ થી ૧૩૩૯ /૯૪.— કુંન્દનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કુંન્દનપુરા, તાલુકા પાવી જેતપુર જિલ્લો વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર એ-કૂ-૧૮૫૮૦, તારીખ ૨૭ મી એપ્રિલ, ૧૯૮૧ છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખ (૨) ના સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ વડોદરાની દરખાસ્ત સાથે સામેલ સબ ઓડીટર (બી. ટી.) લગત મીલ્ક ઓડીટ ઓફીસ વડોદરાએ મંડળીના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૩ થી ૩૦મી જુન, ૧૯૯૩ સુધીના હાથ ધરેલ અન્વેષણ દરમ્યાન જણાઈ આવેલ અત્રે મુજબની ગેર રીતીઓ તેમજ ગેરવહીવટ સબબ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવાની ભલામણ કરવામાં આવી છે.

(૧) મંડળીએ છેલ્લા ચાર વર્ષમાં ઓડીટ મેમાની ખામીઓ સુચનોના સંપૂર્ણ અને વાસ્તવિક અમલ કરી દુરસ્તી રીપોર્ટ મોકલાવેલ નથી. અને ઓડીટ મેમાની દુરસ્તી નહી કરવાનું સતત દુર્લક્ષ સેવેલ હોવાનું જણાવેલ છે. આમ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૫ નું સતત ઉલ્લંઘન કરવામાં આવેલ છે.

(૨) મંડળીના પેટા નિયમોની ફાઈલ મંડળીના દફતરે નથી અગાઉ ના ઓડીટમાં કરેલ સુચન છતાં મંડળીના વહીવટકર્તાઓએ નોંધાયેલ પેટા નિયમોની ફાઈલ મેળવેલ નથી કે તેની ખરી નકલ રજુ કરેલ નથી.

(૩) પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના પેટા નિયમોના નિયમ-૨૫ મુજબ દર માસે ઓછામાં ઓછી એકવાર વ્યવસ્થાપક કમીટીની બેઠક મળવી જોઈએ. સદર મંડળીના સને ૧૯૯૨-૯૩ ના વર્ષ દરમ્યાન ફક્ત પાંચ (૫) બેઠકો મળેલ છે. કમીટીએ પોતાની ફરજો બજાવવામાં કસુર કરેલ છે.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટીએ તારીખ ૧૮ મી માર્ચ, ૧૯૯૩ ની બેઠકના ઠરાવ નં. ૨ થી કુન્દનપુરા ગામના ભગતપંચને એક માસની મુદત માટે રૂા. ૨૦,૦૦૦/ ઓડવાન્સ આપવાનું અને સદર રકમ મંડળીના રાજમેળ સભાસદ ઓડવાન્સ ખાતે ઉધરાવવા અને વસુલાત આવે જમા કરવાનું મંત્રીને સમજ આપવાનું ઠરાવેલ છે. સદર ઠરાવના આધારે વા. નં. ૯૫ / ૨૯મી માર્ચ, ૧૯૯૩ થી રૂા. ૧૯,૫૦૦/ અને વા. નં. ૧૦૬ / તારીખ ૨૦ મી મે, ૧૯૯૩ થી રૂા. ૪,૫૯૯/ મળી કુલ રૂા. ૨૪૦૯૯/ સભાસદ ઓડવાન્સ ખાતે ઉધારેલ છે. ઉકત બન્ને વાઉચરો પર રેવન્યુ સ્ટેમ્પ પર નાણાં મળ્યાની જે તે સમયના પ્રમુખશ્રી તુલસીદાસ ગોકળભાઈની સહી છે જ્યારે કમીટી સભ્યો સર્વશ્રી જગદીશભાઈ બકુલભાઈ, સુનીલભાઈ પટેલ અને ઈન્દ્રવદન ઈશ્વરભાઈ પટેલએ ઉકત બન્ને વાઉચરો ઉપર સહીઓ કરેલ છે. આમ મંડળીના કાર્યવાહકો મંત્રીશ્રીને ખોટી સલાહ આપી મનસ્વી રીતે સરકારી કાયદા કાનુન અને પેટા નિયમોની વિરુધ્ધ ઠરાવ કરી મંડળીના નાણાં ખોટી રીતે ઉધાર કરી મંડળીનું નાણાંકીય અહીત ઉભુ કરેલ છે અને મંડળીને આર્થિક સંકટમાં ઉતારેલ છે. સદર સભાસદ ઓડવાન્સ ખાતે ઉધારેલ રકમ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધી જમા આવેલ નથી.

(૫) તારીખ ૧૮ મી માર્ચ, ૧૯૯૩ ની વ્યવસ્થાપક કમીટીના ઠરાવ નં. ૨ થી ફક્ત ભગત કોમનાં જ કમીટી સભ્યોને બોલાવી નાણાં આપવા ઠરાવ કરવામાં આવેલ છે. આમ સહકારી સિધ્ધાંતોના વિરુધ્ધ કોઈ એક ખાસ કોમના સભાસદોની સંસ્થાને ખોટી રીતે લાભ આપી મંડળીના અન્ય કોમના સભાસદોને અન્યાય કરેલ છે અને મંડળીનું આર્થિક હીત જોખમમાં મુકેલ હોવાનું જણાયેલ છે.

(૬) સદર મંડળીના મંત્રીશ્રીને મંડળીના નાણાંકીય રોકડમાં વ્યવહારો નિયમીત રીતે લખેલા નથી અને મોટી રકમની સિલક અવાર નવાર પોતાની હસ્તક બીન જરુરી રીતે રાખે છે મંડળીના કાર્યવાહીકોએ આ બાબતે કોઈ કાળજી રાખેલ ન હોય મંડળીની કમીટી તેની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના રોજની વાર્ષિક સાધારણ સભામાં મંત્રીશ્રી હસ્તક રૂા. ૪૦૦૦/ ની મર્યાદામાં સિલક રાખવા ઠરાવેલ છે જેનું ઉલ્લંઘન કરેલ છે.

(૭) મંડળીના પેટા નિયમો કે કાયદા-કાનુનમાં ઉધાર-વેચાણ અંગે ની કોઈ જોગવાઈ નહી હોવા છતાં મંડળીમાં સ્થાનિક દુધ વેચાણ ઉધાર કરવામાં આવે છે અને તેનો કોઈ સ્પષ્ટ વિગતવાર આધાર રાખવામાં આવેલ નથી તેમજ સેમ્પલ દૂધ વકરો નિયમીત રીતે રોજમેળજમા કરવામાં આવતો નથી. વ્યવસ્થાપક કમિટિએ આ બાબતે નિષ્કાળજી દાખવેલ છે.

(૮) મંડળીના નિયમોમાં કે કાયદા-કાનુનમાં ઉધાર વેચાણ અંગે નું કોઈ જોગવાઈઓ નહી હોવા છતાં મંડળીમાં સ્થાનિક દૂધ વેચાણ ઉધાર કરવામાં આવે છે. અને તેનો કોઈ સ્પષ્ટ વિગતવાર આધાર રાખવામાં આવેલ નથી તેમજ સેમ્પલ દુધ વકરો નિયમિત રીતે રોજમેળ જમા કરવામાં આવતો નથી ઓડીટ મેમામાં સામાન્ય શેરા ભાગ-૨માં ખામી નં. ૧૨ અને ૧૩માં વિગત જણાવેલ છે. વ્યવસ્થાપક કમીટીએ આ બાબતે નિષ્કાળજી દાખવેલ હોવાનું જણાયેલ છે

(૯) મંડળીએ દૂધ સંઘમાં થાપણ-પાવતી નંબર-૪૮૫ થી રૂા. ૧૬૦૦/-નું રોકાણ કરેલ છે જે થાપણ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૧ ના રોજ પાકી ગયેલ હોવા છતાં ઓડીટની તારીખ સુધી રીન્યુ કરાવેલ નથી. જેથી મંડળીને તેટલી રકમની વ્યાજની નુકશાની થયેલ છે.

(૧૦) મંડળીએ છેલ્લા ચાર વર્ષના શિક્ષણ ફાળો રૂા. ૨૫૨૮. ૭૦ વડોદરા જિલ્લા સહકારી સંઘમાં જમા કરાવેલ નથી તેમ છતાં દરેક વર્ષ સભાસદોને શેર ડીવીડન્ડ અને બોનસની વ્હેચણી કરેલ છે. આમ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના નિયમ-૬૯ નો સતત ભંગ કરેલ છે.

(૧૧) સને ૧૯૯૨-૯૩ના વર્ષ દરમ્યાન સદર મંડળીની વ્યવસ્થાપક કમીટીએ એકપણ વાર મંડળીના માલિક કે જે તે સમયના હિસાબો વેપાર આવક જાવક દૂધ વધ-ઘટ ખર્ચાઓ વિગેરેની વિગતો મેળવેલ નથી. મંડળીના મંત્રી હસ્તકના રોજમેળ મુજબની સિલક તેમ માલ-સ્ટોકની પ્રત્યક્ષ ચકાસણી કરેલ નથી. ફાજલ નાણાંનું રોકાણ સહકારી મંડળીઓના કાયદાની કલમ-૭૧ મુજબ કરેલ નથી. મંડળીના મકાન બાંધકામ માટેની કાર્યવાહી કરેલ નથી. તેમજ છેલ્લા વર્ષથી અધુરૂ રહેલ બાંધકામ પુર્ણ કરાવેલ નથી. અને મકાન ખાતે રૂા. ૨૧.૨૯૮/૦૫નું કરેલ રોકાણ મંડળીના કોઈપણ હીત વગરનુ કરવામાં આવેલ છે. દુરસ્તી રીપોર્ટ સમયસર મોકલાવેલ નથી. મંડળીના વિકાસ માટેનો અને દૂધનો પુરવઠો વધે તેવા કોઈ કાર્યો કરેલા નથી. આમ મંડળીની વ્યવસ્થાપક કમીટી તેની તમામ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૨) મંડળીના મંત્રીશ્રીની ફરજો મુજબ મંડળીના રોજમેળ હિસાબો લખવાની સિલક રાખવાની માલસ્ટોક સંભાળવાની તેમજ સાધારણ સભા વ્યવસ્થાપક કમીટીની સુચના મુજબ મંડળીનો વહીવટ કરવાની છે. તેમ છતાં ઓડીટ દરમ્યાન સદર મંડળીના મંત્રીશ્રી દેવેન્દ્રકુમાર તિવારી તેઓની ફરજ બજાવવામાં બેદરકાર હોવાનુ જણાયેલ છે તેમજ મંત્રીશ્રીની બેદરકારી રોકવા કમીટી નિષ્ફળ નિવડેલ છે જે અત્રે મુજબ છે.

INDEX

(અ) ઓડીટ નોંધની ખામી નં. ૬ મુજબ મંત્રીશ્રી દેવેન્દ્રકુમાર આર. તિવારીએ મંડળીના બેન્ક ખાતામાંથી ઉપાડેલ રોકડ રકમ જે તે તારીખે રોજમેળ જમા નહી કરતાં પાછળથી જમા કરી સિલક ઘટાડવાનો પ્રયત્ન કરેલ છે. અવાર-નવાર ખોટી એન્ટ્રીઓ પાડી રોકડ રકમ પાછળથી જમા લઈ ખોટી સિલકો રજુ કરી મંડળી તેમજ વ્યવસ્થાપક કમીટી સમક્ષ ખોટી માહિતી સિલક રજુ કર્યાનું જણાવેલ છે.

(બ) તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૨ ની વાર્ષિક સાધારણ સભાનાં ઠરાવ-૯ થી મંત્રીશ્રી દેવેન્દ્રકુમાર આર. તિવારી હસ્તક રૂા. ૪,૦૦૦ સિલક રાખવા ઠરાવેલ છે. મંત્રીશ્રી બિનજરૂરી રીતે ઠરાવ વિરૂધ્ધ સતત ૪ હજારથી વધુ રકમની સિલક હાથ પર રાખી ગેરવહીવટ કરેલ છે જેના કારણે મંડળીને વ્યાજની નુકશાની પડેલ છે. સદર વ્યાજની રકમ મંત્રીશ્રી પાસેથી દંડનીય વ્યાજ સહ વસુલ લેવા કમીટીને ભલામણ કરેલ છે. (ઓડીટ નોંધ ખામી નં. ૭).

(ક) ઓડીટ નોંધ ખામી નં. ૮ મુજબ ઉકત (અ) (બ) ના અનુસંધાનો મંત્રીશ્રીને દૂર કરવા કમીટીને ભલામણ કરેલ છે.

(ડ) ઓડીટ નોંધની ખામી નં. ૧૦ મુજબ મંડળીએ વડોદરા જિલ્લા મ. સંધ બેન્ક લી., ચલામણી શાખાના સેવીંગ્સ ખાતાની ચેકબુકમાં નીચેની વિગના ચેક નંબરના ચેક લખીને રદ કરેલ છે. તે રદ કર્યાનું કારણ વિગત કે વ્યવસ્થાપક કમીટીના ઠરાવ કરી મંજુરી આપેલ નથી. તેમના કેટલાક કિસ્સામાં રદ કરેલ ચેક રાખેલ નથી.

ચેક નં.	૪૭૭૨૮૧	તા. ૨૦-૧૧-૧૯૯૨	રૂા. ૧૫,૦૦૦
,,	૪૭૭૨૮૯	તા. ૯-૨-૧૯૯૨	રૂા. ૨૮,૦૦૦
,,	૪૭૭૨૯૦		...

(ઈ) ઓડીટ નોંધની ખામી નંબર-૧૧ મુજબ સિલકની મર્યાદા રૂા. ૫૦૦ કરવા ભલામણ કરેલ છે.

(ફ) ઓડીટનોંધની ખામી નંબર-૧૨મુજબ મંડળીમાં સ્થાનિક દૂધ વેચાણ માટે કેશમેમો, જમા પાવતી કે કુપન પધ્ધતિ પૈકી કોઈપણ જાતનો આધાર રાખેલ નથી. તેમજ સ્થાનિક દૂધ-વેચાણ રજિસ્ટર રાખેલ નથી. દૂધ ખરીદ રજિસ્ટર ઉપરથી બારોબાર વકરો દૂધ દૈનિક-પત્રક બનાવીને જમા લેવાની પ્રથા છે. તેમજ કેટલાંક સભાસદોને સ્થાનિક દૂધ વેચાણ-પાસબુકમાં નોંધ કરી ઉધાર સ્થાનિક વેચાણ કરવાની પ્રથા રાખેલ છે. સદર પ્રથા સહકારી કાયદાની જોગવાઈ વિરૂધ્ધ અને મંડળીને અહિતકર્તા હોઈ સત્વરે બંધ કરવા અને બાકી રહેતી રકમની વસુલાત કરી લેવા વ્યવસ્થાપક કમીટીને ભલામણ કરેલ છે.

(જ) ઓડીટ નોંધની ખામી નં. ૧૩ મુજબ સેમ્પલ દૂધ કેનમ રેડવાની પ્રથા હોય સેમ્પલ દૂધ વકરો ખરીદ રજિસ્ટર પેમેન્ટ રજિસ્ટર મુજબ દર પેમેન્ટની ચુકવણી સમયે જમાં લેવાના બદલે કેટલીકવાર દર માસનાં અંતે જમા કરેલ છે. જે પ્રથા અયોગ્ય હોય સેમ્પલ દૂધ વકરો નિયમિત રીતે જમા કરાવેલા નથી.

(ઝ) ઓડીટ નોંધની ખામી નં. ૧૪ મુજબ દૂધ સંધની થાપણ એ પાવતી નં. ૪૮૫ રૂા. ૧,૬૦૦ ની તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૧ ના રોજ પાકી ગયેલ છે જેને રીન્યુ કરાવેલ નથી.

(વ) ઓડીટનોંધની ખામી નંબર-૧૪ મુજબ મંડળીએ દાણાથી વગેરેના વેચાણ માટે કોઈ વેચાણ રજિસ્ટર કેશ મેમો વગેરે રાખેલ નથી. તેમજ કેટલાક કિસ્સામાં ઉપલક ઉધાર-વેચાણ કર્યાનું જણાય છે.

(૧૩) મંડળીના મંત્રી હસ્તક તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૩ થી ૨૪મી નવેમ્બર ૧૯૯૩ સુધી રૂા. ૭૦ ૧૮૨.૭૦ જેટલી સિલક રહેવા પામેલ છે. ઉપરાંત તારીખ ૮મી ઓગષ્ટ ૧૯૯૩ થી ૨૪મી નવેમ્બર ૧૯૯૩ દરમ્યાન રૂા. ૭૨ ૦૦૦ નો ઉપાડ કરેલ. તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૩ નાં રોજનાં રોજમેળ મુજબની રૂા. ૭૦ ૧૮૨. ૭૦ અને ત્યારબાદ તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૩ સુધીમાં ઉપાડેલ રકમો રૂા. ૭૨,૦૦૦ માંથી ગ્રાહકોને દૂધના નાણાં ચુક વામાં આવેલ. આમ બિનજરૂરી સિલક હાથ પર રહેવા પામેલ છે. જે તે વખતે પેમેન્ટ થતું નહીં હોવાનાં કારણે રહેલ છે. જે અંગે મંત્રીશ્રી જવાબદાર છે.

(૧૪) મંડળીના તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ નાં વ્યવસ્થાપક કમીટીના ઠરાવ નં. ૫ થી કુન્દનપુરા ગામના જલારામ મંદિરનાં પુજારીને સવાર-સાંજ ૫૦૦ ગ્રામ દૂધ આપવાનું અને સદર દૂધની રકમ સ્થાનિક વકરા ખાતે જમા કરી ખર્ચ ખાતે ઉધારવાનું ઠરાવેલ છે. જેનો તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૩ ના વર્ષમાં રૂા. ૧ ૫૯૦ નો ખર્ચ ઉધારેલ છે. સદર ખર્ચ મંડળીના હિતમાં ન હોઈ વ્યવસ્થાપક કમીટીએ ખોટી રીતે ઠરાવ કર્યાનું જણાવેલ છે. જેની અસર મંડળીના નફાને થયેલ છે.

ઉકત વિગતો જોતા મંડળીના કાર્યવાહકો સહકારી મંડળીઓના અધિનિયમની જોગવાઈઓ તેમજ મંડળીના પેટા નિયમો મુજબ કાર્યવાહી કરતા નથી તેમજ મંડળીનું નાણાંકીય હિત જોખમાયેલ હોઈ મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવાનું તારણ ઉપસ્થિત થતાં મંડળીની કમીટીને અત્રેના આમુખ (૩) ની કારણદર્શક નોટીસથી ઉકત ખામીઓ સબબ રજુઆત કરવાની તક આપવામાં આવી. તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ સુનાવણીમાં પ્રમુખશ્રી તેમજ અન્ય સાત કમીટી સભ્યોએ હાજર થઈ અત્રેની તારીખ ૯મી ઓગષ્ટ ૧૯૯૪ ની આમુખ (૩) કારણદર્શક નોટીશના મુદ્દા નં. ૧ થી ૧૪ ની હકીકત સાચી છે. જેથી મુદાવાર જવાબ નહી લાવી આમુખ (૩) ની કારણદર્શક નોટીસનાં સંદર્ભમાં મંડળીમાં વહીવટદારની નિમણુંક થાય તેમાં વાંધો નથી તો વહેલી તકે મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા રજૂઆત કરી.

ઉકત રજૂઆત જોતાં મંડળીની કમીટી સહકારી મંડળીઓના અધિનિયમની જોગવાઈઓ તેમજ મંડળીના પેટા નિયમો મુજબ કાર્યવાહી કરવામાં નિષ્ફળ નિવડેલ છે. મંડળીનું નાણાંકીય હિત જોખમાયેલ છે. કમીટીને મંડળી ચલાવવામાં રસ નથી તેમ સ્પષ્ટ થતાં અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એસ. પી. ભટ્ટ, જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ કુન્દનપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., કુન્દનપુરા તાલુકો : પાવી-જેતપુર જિલ્લો : વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીનાં વહીવટદાર તરીકે ધી વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. બરોડા ડેરી, વડોદરાની મંડળીનો વહીવટ સંભાળ્યાની તારીખથી ૧ વર્ષ માટે અત્રે જણાવેલ શરતોને આધીન નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

INDEX

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીનાં તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીની નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) હીવટદારે મંડળીના વહીવટ કાયદા-કાનૂન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીનાં સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે.

(૫) મંડળી કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધો :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત જિલ્લા રજિસ્ટાર સ. મં. વડોદરાની તારીખ ૨૫મી જુલાઈ ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચા/૦૧/ઝ-૨/૧૪૧૯ થી ૨૫ સને ૧૯૯૪.—ધી છોટા-ઉદેપુર ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. છોટા-ઉદેપુર જિલ્લો : વડોદરાની નોંધણી ક્રમાંક : ... તારીખ ... થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૪૯૧/ચ-૩/૭૬ થી ૮૪/૯૩ તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ જે તે સ્થિતિમાં અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધો :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., વડોદરાની તારીખ ૧૦મી ઓગષ્ટ ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧ /ઝ-૨/૧૪૨૬ થી ૩૨ સને ૧૯૯૪.—ધી મહાત્મા ગાંધી હરિજન ઘરો બાંધવાની સહકારી મંડળી લી. મુકામ : પાદરા ની નોંધણી ક્રમાંક : ધ-૫૭૩૭ તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૭૬ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૦૧૪/૦૧/ધ-૩/૩૪૬ તારીખ ૨૭ મે, ૧૯૯૧ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધો :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., વડોદરાની તારીખ ૧૬મી ઓગષ્ટ ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૧૪૩૩ થી ૪૦ સને ૧૯૯૪.—ધી જુની બોડેલી શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : બોડેલી તાલુકો : સંખેડા ની નોંધણી ક્રમાંક : સે-૧૦૨૨૭ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૬૭ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૫૨૯/૦૧/ઝ-૨/૧૪૬/૯૪ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ -૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

વંચાણે લીધો :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ મહુવડ વિ.કા. સહકારી મંડળી લી. તા. : પાદરા વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., વડોદરાની તારીખ ૨૩મી મે ૧૯૯૪ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૧૪૪૧ થી ૪૮ સને ૧૯૯૪.—ધી મહુવડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ : મહુવડ તાલુકો : પાદરાની નોંધણી ક્રમાંક ... તારીખ ... થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૯૫૦૬/ચ-૩/૨૧૧ થી ૨૧૯ તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

INDEX

ક્રમાંક સેગો-૨૭૩૬૭-નધણુ/ગ-૨/૫૯૮/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, ઉત્તર ગુજરાત ગોપાલક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો, વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૬મી ઓક્ટોબર ૧૯૯૪.

ક્રમાંક સે-દૂધ-૨૭૩૭૨-નધણુ-ગ-૨/૬૭૦/૧૯૯૪.—આથી જાહેર કરે છે કે, વણુધા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વણુધા, તાલુકો, જેતપુર પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૪.

ક્રમાંક સે-દૂધ-૨૭૩૭૧-.—નધણુ / ગ-૨ / ૬૭૧ / ૧૯૯૪ .— આથી જાહેરકરે છે કે, વાઘવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાઘવા, તાલુકો જેતપુર પાવી, જિલ્લો વડોદરા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૪.

ક્રમાંક સે-દૂધ-૨૭૩૭૦-નધણુ / ગ-૨/૬૭૨/૧૯૯૪.— આથી જાહેર કરે છે કે, શ્રી લીમડી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ લીમડી, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૪.

ક્રમાંક સે-દુધ-૨૭૩૬૯-/નધણુ / ગ-૨ / ૬૭૩ / ૧૯૯૪.—આથી જાહેર કરે છે કે ઠીકરીયા મુબારક દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ઠીકરીયા મુબારક, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૪.

ક્રમાંક ભં-૪૫૦૧—નધણુ/ગ-૨ / ૬૭૫ / ૧૯૯૪.—આથી જાહેર કરે છે કે તેજસ્વીની મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૮મી મે, ૧૯૯૧ના હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ધ-૩ / ૩૮૭/૯૧.

(૨) શ્રી સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ વડોદરાના તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૧ના ક્રમાંક અપણુ / ખ-૨ / ૬૧૭૮ / ૫૮૨૧/૯૧.

(૩) શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૩) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના તારીખ ૧૫ મી જુલાઈ, ૧૯૯૧ ના ક્રમાંક ફડચ / ૦૧ / ફ-૩/ ૩૩૨/૯૧.

(૪) શ્રી સ્પેશ્યલ ઓડીટર, મીલ્ક ઓડીટ ઓફીસ, વડોદરાના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના ક્રમાંક અપણુ / ખ-૨ / ૧૫૪૯/૯૪.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૯૭૩૦ / ઝ-૨ / ૧૬૧૨ થી ૨૧/૯૪.— શ્રી રણોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રણોલી, તાલુકા વડોદરા નોંધણી નંબર સે-ક-૧૦૨૫૩, તારીખ ૨૫ મી એપ્રિલ, ૧૯૬૮ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે જેને આમુખ (૧) થી વંચાણે લીધેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી.

મજકુર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રજિસ્ટર્ડ એ. ડી. થી મંડળીના સરનામે રવાના કરતાં મજકુર મંડળી બંધ હોવાના શેરાસહ પરત આવેલ હતો. ઉકત આમુખ (૨) થી વંચાણે લીધેલ પત્રમાં શ્રી સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ, વડોદરાએ જણાવ્યા મુજબ મજકુર મંડળીનું દફતર મંડળીનાં મંત્રીશ્રી મગનભાઈ દુધાભાઈ સોલંકી તથા શ્રી સંવતસિહ સોમાભાઈ લખતા હતાં. અને મંડળીનું દફતર ચેરમેનશ્રી પાસે રહેતું હતું. આમુખ (૩) થી વંચાણે લીધેલ ફડચા અધિકારીશ્રીના પત્રમાં જણાવ્યા અનુસાર મજકુર-મંડળી બંધ થઈ ગયેલ હોય પ્રમુખ / મંત્રી અને અન્ય હોદ્દેદારોની જાણ નથી. ફડચા અધિકારીએ પંચાયત ઓફીસનો સંપર્ક સાંધતા મંડળી કે હોદ્દેદારો બાબત કોઈ માહિતી મળેલ નથી.

આમ ઉપરોકત વિગતે મજકુર મંડળી ૧૦ વર્ષ જેટલા સમયથી સ્થગિત હોય પ્રમુખ અને મંત્રી કે હોદ્દેદારોની વિગતો મળતી ન હોય, મજકુર મંડળીનું અસ્તિત્ત્વ ચાલુ રાખવાનો કોઈ હેતુ જણાતો નથી. ઉકત આમુખ (૪) થી વંચાણે લીધેલ શ્રી સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ ઓફીસ વડોદરાનાં પત્રથી મજકુર મંડળીને ફડચાનો વચ-ગાળાનો હુકમને લાંબો સમય પસાર થયેલ હોય, ફડચાનો અંતિમ આદેશ કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત જણાવેલ હકીકતો ધ્યાને લઈ મજકુર મંડળીને જે તે સ્થિતિમાં ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ નીચેની વિગતે કરવામાં આવે છે.

અંતિમ હુકમ

શ્રી રણોલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રણોલી, તાલુકા જિલ્લો વડોદરા નોંધણી નંબર સે-ક-૧૦૨૫૩, તારીખ ૨૫ મી એપ્રિલ,

INDEX

૧૯૬૮ને આમુખ (૧) ના વચગાળાના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ. સદર વચગાળાનો હુકમ ઉપરોકત જણાવેલ હકીકતો ધ્યાને લેતા મજકુર મંડળીને મળેલ ન હોય મજકુર મંડળી સ્થગિત અને બંધ હોય તેમજ હોદ્દેદારો મળતા ન હોય ગુજરાત સહકારી મંડળીઓના-અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મજકુર મંડળીનો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અને મજકુર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા નં. ૩) લગત આ કચેરીની નિમણુંક કાયમ રાખવામાં આવે છે.

વડોદરા, તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪.

એસ. પી. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વડોદરા.

નંબર ઉખસ/નધણુ/૧૦૧/૩/૧૧૧૭/ સે. દૂ ૨૭૬૦૮.—આથી જાહેર કરે છે કે ધી પહાડીયા (પંચાલ) દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ પહાડીયા પો. ગુરડી, તાલુકો મેઘરજ, જિલ્લો સાબરકાંઠા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩૦મી જુન ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/૦૧/૩/૧૧૨૫/૯૪ સે. ૨૭૬૦૯.—આથી જાહેર કરે છે કે ધી આકરૂન્દ નાગરિક શરાફી સ. મં. લી. મર્યાદિત સ્થળ આકરૂન્દ, તાલુકો બાયડ, જિલ્લો સાબરકાંઠા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨જી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા:—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૩ તારીખ ૨૭મી મે ૧૯૬૮.
(૩) સબ ઓડીટર, સ. મું. ભીલોડાનો તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૨નો ખાસ અહેવાલ.
(૪) આ કાર્યાલયના તારીખ ૨૫મી ઓપ્રિલ ૧૯૯૪ના જા.નં. ફડચ/૦૧/ગ/૧૩૦૯નો વચગાળાનો આદેશ.
(૫) આ કચેરીની તારીખ ૮મી જુન ૧૯૯૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૨૯૨/૦૧/ગ/૧૮૭૪/૯૪.—ધી આદીનાથ કો. ઓપ. હાઉ. સો. લી. મુ. પો. તા. ભીલોડા, જિ. સાબરકાંઠા કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક ૪૮૫૩ તારીખ ૩જી જુલાઈ ૧૯૭૨થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં પ્રી. ૩માં જણાવેલ ખાસ અહેવાલથી ધી સબ ઓડીટર સ. મં. ભીલોડાએ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી આ કાર્યાલયના પત્ર તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૩, ૧૨મી ઓપ્રિલ ૧૯૯૩ તેમજ તારીખ ૩જી માર્ચ ૧૯૯૪ થી નોટીસ આપી રજુઆત કરવાની તક આપેલ હતી. તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત અગર મૌખિકમાં રજુઆત ન થતાં પ્રી. ૪માં જણાવેલ આ કાર્યાલયના વચગાળાના આદેશ તારીખ ૨૫મી ઓપ્રિલ ૧૯૯૪ થી સુનાવણીની તારીખ ૨૩મી મે ૧૯૯૪ની મુદત આપી રજુઆત કરવાની તક આપવા છતાં મંડળી તરફે કોઈ હાજર રહેલ નથી. કે લેખિત અગર મૌખિક માં રજુઆત ન થયેલ હોઈ સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતા ન હોવાનું માનવાને કારણ રહે છે. જેથી સદર સંસ્થાને ફડચામાં લઈ જવા પ્રી. ૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી નીચે મુજબ અંતીમ આદેશ કરું છું.

આદેશ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. હિંમતનગર મને મળેલ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૦૭(૩) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારોની રૂઇએ ધી આદીનાથ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ., મુ. પો. તા. ભીલોડા, જિ. સાબરકાંઠાને પ્રી ૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું.

સદરહું સંસ્થાના ફડચા અધિકારીશ્રી તરીકે ઉકત અધિનિયમની કલમ-૧૭૮(૧) મુજબ શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીના હુકમ થયા તારીખથી ત્રણ વર્ષ માટે નિમણુંક કરું છું સદર સમય દરમ્યાન સંસ્થાનો ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીશ્રી એ મહેનતાણા પેટેની રકમ સરકારશ્રીના નિયમોનુંસાર આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૩ તારીખ ૨૭મી મે, ૧૯૬૮.
(૩) સબ ઓડીટર સ.મં. દુધ પ્રાંતિજનો તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૨નો ખાસ અહેવાલ.
(૪) આ કાર્યાલયના તારીખ ૨૫મી ઓપ્રિલ ૧૯૯૪ના જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૦૭નો વચગાળાનો આદેશ.
(૫) આ કચેરીની તારીખ ૮મી જૂન ૧૯૯૪ની મંજૂર થયેલ નોંધ

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૨૯૩/૦૧/ગ/૧૮૭૫/૯૪.—ધી સબરાજીના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સબરાજીના મુવાડા તાલુકા પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠા કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક. તારીખ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે સદરહું સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં પ્રી.-૩માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડીટર સહકારી મંડળી દૂધ પ્રાંતીજ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી આ કાર્યાલયના પત્ર તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૩, ૧૨મી ઓપ્રિલ, ૧૯૯૩ તેમજ તારીખ ૩જી માર્ચ, ૧૯૯૪થી નોટીસ આપી રજુઆત કરવાની તક આપેલ હતી. તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત અગર મૌખિક રજુઆત ન થતાં પ્રી-૪માં જણાવેલ આ કાર્યાલયના વચગાળાના આદેશ તારીખ ૨૫મી ઓપ્રિલ, ૧૯૯૪ થી સુનાવણીની તારીખ ૨૩મી મે, ૧૯૯૪ની મુદત આપી રજુઆત કરવાની તક આપવા છતાં મંડળી તરફ કોઈ હાજર

INDEX

રહેલ નથી કે લેખીત વગર મૌખિકમાં રજુઆત ન થયેલ હોઈ સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોવા માનવાને કારણ રહે છે. જેથી સદર સંસ્થાને ફડચામાં લઈ જવા પ્રી-૪માં જણાવેલ વચગાળાના આદેશ કાયમ રાખી નીચે મુજબ અંતિમ આદેશ કરું છું.

આદેશ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિમતનગર મને મળેલ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી સબરાજીના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.સબરાજીના મુવાડા તાલુકા પ્રાંતીજ જિલ્લા સાબરકાંઠા ને પ્રી-૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું.

સદરહુ સંસ્થાના ફડચા અધિકારીશ્રી તરીકે ઉકત અધિનિયમની કલમ-૧૦૮ (૧) મુજબશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીનાની હુકમ થયા તારીખથી ત્રણ વર્ષ માટે નીમણુંક કરૂ છું સદર સમય દરમ્યાન ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીશ્રીએ મહેનતાણા પેટેની રકમ સરકારશ્રીના નિયમોનુસાર આકારી સરકારી તીજોરીમાં જમાં કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૬/તારીખ ૨૭મી મે ૧૯૬૮.
(૩) સબ ઓડીટર સ. મુ. દુધ બાયડનો તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૨નો ખાસ અહેવાલ.
(૪) આ કાર્યાલયના તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪ના જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૦૪/ના વચગાળાનો આદેશ.
(૫) આ કચેરીની તારીખ ૮મી જુન ૧૯૯૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૨૯૪/૦૧/ગ/૧૮૮૦/૧૯૯૪.—ધી પાંચ કુહાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. પાંચ કુહાડા તાલુકા બાયડ,જિલ્લા સાબરકાંઠા કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક તારીખ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે સદરહું સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં પ્રી-૩માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડીટર સહકારી મંડળી દુધ બાયડે મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે જેથી આ કાર્યાલયના પત્ર તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૯૩, ૧૨મી એપ્રિલ ૧૯૯૩ તેમજ તારીખ ૩જી માર્ચ ૧૯૯૪ થી નોટીસ આપી રજુઆત કરવા તક આપેલ હતી તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત અગર મૌખીકમાં રજુઆત ન થતાં પ્રી-૪ માં જણાવેલ આ કાર્યાલયના વચગાળાના આદેશ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪થી સુનાવણીની તારીખ ૨૩મી મે ૧૯૯૪ ની મુદત આપી રજુઆત કરવાની તક આપવા છતાં મંડળી તરફે કોઈ હાજર રહેલ નથી કે લેખીત અગર મૌખીકમાં રજુઆત ન થયેલ હોઈ સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતાં ન હોવાનું માનવાને કારણ રહે છે જેથી સદર સંસ્થાને ફડચામાં લઈ જવા પ્રી-૪ માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી નીચે મુજબ અંતીમ આદેશ કરું છું.

આદેશ.

આથી હું, એમ. જી.રાવત જિલ્લા, રજિસ્ટાર સહકારી મંડળીઓ, હિમતનગર મને મળેલ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી પાંચ કુહાડા ઉત્પાદક સહકારી મંડળી લી. પાંચ કુહાડા તાલુકા બાયડ જિલ્લા સાબરકાંઠા ના પ્રી-૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું.

સદરહુ સંસ્થાના ફડચા અધિકારીશ્રી તરીકે ઉકત અધિનિયમની કલમ-૧૦૮ (૧) મુજબ શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીનાની હુકમ થયા તારીખથી ત્રણ વર્ષ માટે નિમણુંક કરું છું સદર સમય દરમ્યાન ફડચાની કામગીરી આટોપ લેવાની રહેશે..

ફડચા અધિકારીશ્રીએ મહેનતાણા પેટેની રકમ સરકારશ્રીના નિયમાનુસાર આકારી સરકારી નિજોરીમાં જમાં કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૪૪૯૬/તારીખ ૨૭મી મે ૧૯૬૮.
(૩) સબ ઓડીટર સહકારી મંડળી (દુધ) ભીલાડાના તારીખ ૧લી નવેમ્બર ૧૯૯૩નો ખાસ અહેવાલ.
(૪) આ કાર્યાલયના તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪ ના જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૦૮ નો વચગાળાનો આદેશ
(૫) આ કચેરીની તારીખ ૮મી જુન ૧૯૯૪ ની મંજુરી થયેલ નોંધ

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૨૯૫/૧/(ગ)/૧૮૮૧/૧૯૯૪.—ધી મહેરૂ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મહેરૂ તાલુકા ભીલોડા જિલ્લા સાબરકાંઠા કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક સે. દૂ ૨૦૯૦૧ તારીખ ૧૮મી મે ૧૯૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે સદરહું સંસ્થાની વહીવટી સ્થિતિ કથળી જતાં પ્રી-૩ માં જણાવેલ ખાસ અહેવાલથી સબ ઓડીટર સ. મં. દૂધ ભીલોડાએ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી મંડળીના કાર્યવાહકોને આ કાર્યાલયના પત્ર તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૩ તેમજ તારીખ ૩જી માર્ચ ૧૯૯૪ (રજી. પો. એ. ડી થી) નોટીસ આપી રજુઆત કરવાની તક આપેલ હતી છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત અગર મૌખીકમાં રજુઆત ન થતાં પ્રી-૪માં જણાવેલ આ કાર્યાલયના વચગાળાના આદેશ તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪થી સુનાવણીની તારીખ ૨૩મી મે. ૧૯૯૪ ની મુદત આપી રજુઆત કરવાની તક આપવા છતાં મંડળી તરીકે કોઈ હાજર રહેલ નથી કે લેખીત અગર મૌખિકમાં રજુઆત થયેલ ન હોઈ સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોવાનું માનવાને કારણ રહે છે જેથી સદર સંસ્થાને ફડચામાં લઈ જવા પ્રી-૪ માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી નીચે મુજબ અંતિમ આદેશ કરું છું.

INDEX

આદેશ.

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી મહેડુ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી મહેડુ તાલુકા ભીલોડા જિલ્લા સાબરકાંઠાને પ્રી-૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમી રાખી ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું

સદરહુ સંસ્થાના ફડચા અધિકારીશ્રી તરીકે ઉક્ત અધિનિયમની કલમ ૧૦૮ (૧) મુજબ શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીનાની હુકમ થયા તારીખથી ત્રણ વર્ષ માટે નિમણુંક કરું છું સદર સમય દરમ્યાન ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીશ્રીએ મહેનતાણા પેટેની રકમ સકારશ્રીના નિયમોનુસાર આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮ / ૧૪૪૯૩, તારીખ ૨૭મી મે, ૧૯૬૮.

(૩) સબ ઓડીટર સ. મં. દૂધ પ્રાંતિજનો તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૨નો ખાસ અહેવાલ.

(૪) આ કાર્યાલયના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ના જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૦૩નો વચગાળાનો આદેશ.

(૫) આ કચેરીનો તારીખ ૮મી જુન ૧૯૯૪ની મંજૂર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૨૯૬/૦૧/ગ/૧૮૮૨/૯૪.—ધી લાલાની મુવાડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. લાલાની મુવાડી તાલુકો પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા જે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક : સે.દુ. ૧૮૦૭૩ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૦ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદરહુ સંસ્થાની વહીવટી પરિસ્થિતિ કથળી જતાં પ્રી. ૩માં મંગાવેલ ખાસ અહેવાલથી સબ-ઓડીટર ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેથી આ કર્યાલયના પત્ર તારીખ ૧૨મી અપ્રિલ ૧૯૯૩ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૩ તેમજ તારીખ ૩જી માર્ચ, ૧૯૯૪ (રજિ. પો. એ. ડી. થી) નોટીસ આપી રજુઆત કરવા તક આપેલ હતી. તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત અગર મૌખિક રજુઆત થયેલ ન થતાં પ્રી. ૪ માં જણાવેલ આ કાર્યાલયના વચગાળાના આદેશ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ થી સુનાવણીનો તારીખ ૨૩મી મે, ૧૯૯૪ની મુદત આપી રજુઆત કરવાની તક આપવા છતાં મંડળી તરફે કોઈ હાજર રહેલ નથી કે લેખિત અગર મૌખિકમાં રજુઆત ન થયેલ હોઈ સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોવાનું માનવાને કારણ રહે છે. જેથી સદર સંસ્થા ફડચામાં લઈ જવા પ્રી. ૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમી રાખી નીચે મુજબ અંતિમ આદેશ કરું છું.

આદેશ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિંમતનગર મને મળેલ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૩) હેઠળ પ્રાપ્ત થયેલા સત્તા અને અધિકારની રૂઈએ ધી લાલાની મુવાડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.લાલાની મુવાડી તાલુકો પ્રાંતિજ જિલ્લા સાબરકાંઠાને પ્રી. ૪માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ રાખી અંતિમ આદેશ કરું છું.

સદરહુ સંથાના ફડચાધિકારી તરીકે ઉકત અધિનિયમની કલમ-૧૦૮-(૧) મુજબ શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીનાની હુકમ થયા તારીખથી ત્રણ વર્ષ માટે નિમણુંક કરું છું. સદર સમય દરમ્યાન ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચાધિકારીશ્રીએ મહેનતાણા પેટેની રકમ સરકારશ્રીના નિયમોનુસાર આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમત નગર, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની, કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સબ ઓડીટર સ. મં., હિંમતનગરનો તારીખ ૨૩મી માર્ચ ૧૯૯૩ નો ખાસ અહેવાલ.

(૩) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/ગ/ચ/૧૩૦૧/૯૪ તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪.

(૪) આ કચેરીનો તારીખ ૮મી જુન, ૧૯૯૪ ની મંજૂર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચા/ફ/૯૨૯૮/૦૧/ગ/૧૮૮૪ / ૯૪.—ધી બાવસર કંપા બીજ ઉત્પાદક સહકારી મંડળી લી., બાવસર, તાલુકો હિંમતનગર, એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૯ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદરહું સંસ્થાની આર્થિક તથા વહીવટી સ્થિતિ કથળી જતાં સબ-ઓડીટર સ. મં., હિંમતનગર મંડળી ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ છે. સદર ખાસ અહેવાલ આધારે સંસ્થાના કાર્યવાહકોને રજિ. એ. ડી. પત્રોથી નોટીસો આપી તારીખ ૩જી જાન્યુઆરી ૧૯૯૪ તથા ૨૪મી માર્ચ, ૧૯૯૪ના રોજની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત રજુઆત કરેલ નથી જેથી પ્રી-૩માં જણાવ્યા પ્રમાણે આ કચેરીના વચગાળાના આદેશથી સંસ્થાને ફડચામાં કેમ ન લઈ જવી ? તે રજુઆત સારું તારીખ ૨૩મી મે,૧૯૯૩ ની મુદત આપવામાં આવેલ હતી તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી જેથી માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી જેથી મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરું છું.

અંતિમ આદેશ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ, હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર અને સત્તાની

INDEX

રૂઈએ ધી બાવસર કંપા બીજ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકે હિંમતનગરને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું તથા સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે ફડચાધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની નિમણુંક કરું છું. ફડચા અધિકારીએ ચાર્જ મેળવ્યાથી ૧ વર્ષની અંદર ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ફડચાધિકારીએ નિયમાનુસાર ફડચા ફી આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સબ ઓડીટર સ. મં. (દૂધ) પ્રાંતિજનો તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૨ નો અહેવાલ.

(૩) આ કચેરીના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ ના વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચા/ગ/મ/૧૩૦૦/૯૪.

(૪) આ કચેરીના તારીખ ૮મી જૂન, ૧૯૯૪ની મંજૂર થયેલ નોંધ

આલોચના

ક્રમાંક ફડચા/ફ/૯૨૯૯/૦૧/ગ/૧૮૮૫ / ૯૪.—ધી સબલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકો મોડાસા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક સેદુ-૧૭૨૯૯ તારીખ ૧૫મી મે, ૧૯૮૦ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદરહું સંસ્થાની આર્થિક તથા વહીવટી સ્થિતિ કથળી જતાં સબ ઓડીટર પ્રાંતિજ મંડળી ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ છે. સદર અહેવાલના આધારે મંડળીને તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩, ૨૯મી માર્ચ, ૧૯૯૪ તથા ૨૪મી માર્ચ, ૧૯૯૪ ના રોજની મુદતો આપેલ હતી. જેમાંથી પ્રથમ મુદ્દતે મંડળીના ચેરમેનશ્રીએ હાજર રહી મંડળી ૧ માસમાં ચાલુ કરવાની ખાત્રી આપેલ હતી. પરંતુ તેનો કોઈ આધાર રજૂ કરેલ નથી તથા ત્યારપછી બે મુદતોમાં મંડળ વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી. છેલ્લા પ્ર.૩ માં જણાવ્યા પ્રમાણે વચગાળાનો આદેશ કરી છેલ્લે તારીખ ૨૩મી જૂન, ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી. છતાં આ મુદતે મંડળ વતી કોઈ હાજર રહી શકેલ નથી. જેથી માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવા માટે નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂઈએ ધી સબલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકો મોડાસાને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું. તથા સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે તેના ફડચાધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણુંક કરું છું.

ફડચાધિકારીએ ચાર્જ આપ્યા તારીખથી ૧ વર્ષમાં ફડચાની કામગીરી આટોપવાની રહેશે. તથા નિયમાનુસાર ફડચા ફી આકારી સહકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/૦૧/૩/૧૨૮૨/૯૪.—સે.દુ.૨૭૬૧૦.—આથી જાહેર કરે છે કે, ધી વૈયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વૈયા, તાલુકો મેધરજ, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ (ક).

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ના જાવક નંબર ક્રમાંક(૧) એચ. કે. એલ. -૨૪- ૯૦-ડી.કી.જી. / ૧૪૮૪/૫૨૦૪, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧.

(૩) શ્રી સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિ) સહકારી મંડળી અમદાવાદના જાવક નંબર અધણુ / ખા / અ / ૬૫૩ / ગ-૩ / ૧૮૭, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪.

(૪) ચેરમેનશ્રીનો તારીખ ૩૦ મી જુન, ૧૯૯૪ નો પત્ર તથા તમામ વ્યવસ્થાપક મંડળ સભ્યોનો તારીખ ૩૦મી જુન, ૧૯૯૪ નો પત્ર.

આલોચના

ક્રમાંક વહટ / ૦૧ / ૩ / ૧૨૬૮.—ધી પેન્ટર પુરા ગૃપ તે ઉ. સ. મં. લિ., તાલુકા બાયડ ઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળોઓના અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન થયેલ છે. જેથી ઉક્ત મંડળી સહકારી કાયદા કાનુન અને મંડળીના મંજૂર થયેલા પેટા નિયમોથી નક્કી થયેલ તમામ ફરજો અને જવાબદારીઓ બજાવવા બંધાયેલ છે. ાને ઉકત નિયમો પ્રમાણે મંડળીનો વહીવટ ચલાવવો જોઈએ પરંતુ આ બાબતે આમુખ ૩ માં લીધેલ પત્રમાં જણાવ્યા મુજબ કારણ દર્શક નોટીસમાં જણાવ્યા મુજબ પેટા નં. ૧ થી ૮ સુધીની કોઈ દુરસ્તી થયેલ નથી. અને હાલમાં કોઈ વેપાર પણ કરતી નથી. જેથી કમીટીને બજાવવાની ફરજોમાં નીચેના મુદ્દાઓમાં જણાવ્યા પ્રમાણે બેદરકારી દાખવેલ છે.

(૧) મંડળી શરૂથી તારીખ ૩૦મી જુન, ૧૯૯૧ અને તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૨ નું ઓડીટ થયેલ. જેની વ્યવસ્થાપક કમિટીએ દુરસ્તી કરેલ નથી. આમ સહકારી કાયદાની કલમ ૮૫ નો ભંગ કરેલ છે.

(૨) મંડળીના પેટા નિયમો ઉદ્દેશો મુજબ કામ કરતી નથી. પે. ની ૩૨ મુજબ વ્યવસ્થાપક કમિટી માસે મળતી જોઈએ તે મળતી નથી. જેથી પે. ની નો ભંગ કરેલ છે. આ બાબતે ચેરમેનશ્રીએ પણ એકરાર કરેલ છે.

INDEX

(૩) મંડળીના પેટા નીયમ ૨૯ (૮) મુજબ જે વ્યવસ્થાપક કમિટી સભ્યે મંડળી મારફતે માલ વેચેલ હશે તે જ વ્યવસ્થાપક કમિટી માં ચુંટાવાને / રહેવા લાયક ગણાશે. જે પાત્રતા ધરાવતા નથી.

(૪) પે. ની. ૩૮ (૭) (૮) (૧૩) (૧૫) (૧૭) (૧૮) (૨૧) પે. ની. ૨૪ (૩) મુજબ મંડળીની વ્યવસ્થાપક કમિટી ફરજે બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. મંડળીના ચુંટાયેલ પ્રમુખ પણ પે. ની. ૩૯ (૨) (૩) (૪) મુજબ ફરજે બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૫) મંડળીના મંત્રીશ્રી કાન્તીભાઈ એન. પટેલ સને ૧૯૯૧-૯૨ ના વર્ષમાં નાણાંકીય ગેરરિતિ, આચરેલી જેની પોલીસ ફરિયાદ પણ દાખલ થયેલ છે. અને ધી પેન્ટર પુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., માં ચેરમેનશ્રીના હોદા ઉપર રહી નાણાંકીય ગેરરિતિઓમાં મદદગારી તરીકે પણ ફરિયાદ દાખલ કરેલ છે. આમ મંત્રીશ્રી સામે ત્રણેક પોલીસ ફરિયાદ દાખલ થયેલ છે. તેમજ જામીનખત પણ મેળવેલ નથી. આમ વ્યવસ્થાપક કમિટી તદ્દન નિષ્ફળ રહેલ છે.

(૬) મંડળીમાં જરૂર કરતાં વધુ ખરીદી કરી મંડળીને આર્થિક નુકશાનમાં ઉતારેલ છે. યાદી મુજબ ૪૬ સભ્યોના નામે રૂા. ૮૬૫૩૩ નું ખાતર બાકી આપી મંડળીને વ્યાજ ખાદ્ય પડેલ છે. ઉકત બાબત નો કોઈ ઠરાવ થયેલ નથી.

(૭) સને ૧૯૯૦-૯૧ માં મંડળીએ પુલીંગથી માલ સરદાર સંઘ ઈડર ખાતે માલ આપેલ જેના ફાઈનલ હિસાબો મુજબ હિસાબો રાખલ. જે નીચે મુજબ છે.

વર્ષ	શેરઆનામત	મજૂરી ભાડું	સર્વિસ ચાર્જ
૧૯૯૦-૯૧	૩૩૨૧૩-૭૦	૬૦૩૦-૭૦	૯૪૮૩-૨૫

૯૯૫૭-૧૭

ઉપર મુજબના હિસાબો પધ્ધતિસર ન રાખતા ખોટા રજૂ કરી - વાર્ષિક સાધારણ સભાને સાચી પરિસ્થિતિ રજૂ કરેલ નથી.

(૮) સને ૧૯૯૦-૯૧ માં તેલીબીયાં પુલીંગ એડવાન્સ સરવૈયા ખાતે રકમો ન લેતા વેપાર પત્રકમાં લેવા હિસાબી દ્રષ્ટિએ યોગ્ય નથી સરદાર યુ. એ.રા. ૯૭૮૨૬૭-૫૫ જમા કરી પુલીંગ ખાતે ઉધારેલ રૂા. ૯૮૫૯૬૧-૨૫ જે રકમા સરવૈયામાં ન લેતા વેપાર ખાતે આવેલ રકમ કરતાં રૂા. ૭૬૯૩-૩૦ સભ્યોને વધુ ચૂકવણું કરી સંસ્થાને નુકશાન કરેલ છે.

ઉપરોકત નોટીસનો ખુલાસો કરતા વ્યવસ્થાપક કમિટી સભ્યોએ ચેરમેન / સેક્રેટરીશ્રીએ તારીખ ૩૦ મી જુન, ૧૯૯૪ ના રોજ રૂબરૂ કરેલ નિવેદન મુજબ મંડળીનાં વહીવટદાર પ્રથા દાખલ કરવા સંમતી આપેલ છે. વ્યવસ્થાપક કમિટી કાયદા-કાનૂન પેટા કાયદાથી નાખવામાં આવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઆના અધિનિયમની કલમ ૮૧ અન્વયે વહીવટદાર નીમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, હિમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી પેન્ટર પુરા ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા બાયડ, જિલ્લો સાબરકાંઠામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ રીજીયોનલ ઓઈલસીડસ ગ્રોઅર્સ કો. ઓ. યુનિયન લી., ઈડરને મંડળીની ચાર્જ સંભાળ્યા તારીખ થી એક (૧) વર્ષ માટે નીચેની શરતોને આધીન નિમણુકનો આદેશ કરૂ છું.

શરતો

(૧) વહીવટદાર ને સદર મંડળીના કામકાજ ના બદલામાં માસિક રૂા. ૪૦૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.

(૨) વહીવટદાર ઑત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે. તેમજ નાણાંકીય ખર્ચ ઑત્રેની પૂર્વ મંજૂરી થી કરવાનો રહેશે.

(૩) મંડળી વતી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહીં.

(૪) દરમાસે કામગીરીનો પ્રગતિ અહેવાલ ઑત્રેની કચેરીએ અચૂક મોકલવો તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવી.

હિમતનગર, તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

વંચાણે લીધા:-

૧. ઑત્રેની કચેરીના હુ. નં. સવન/૦૧/૧૭૨/તારીખ ૨૭ ઓગષ્ટ ૧૯૯૧.

૨. કસ્ટોડીયનશ્રીના તા. ૨૪મી જુલાઈ ૧૯૯૩નો નં. લોન્સ/વહટ/૩૬/૧૩૩૧૨.

આલોચના

નંબર વહટ/૦૧/૩/૧૨/૭૪.—ધી એકલારા ગ્રુ. સે. સ. મં. લી. તા. ઈડર જિ. સાબરકાંઠા ઉકત પ્રિયમ્બલ-૧ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૭૧ (ધ) અન્વયે કસ્ટોડીયન પ્રથા અમલમાં છે.

કસ્ટોડીયનશ્રીના તારીખ ૯મી જુલાઈ ૧૯૯૪ના ઉકત પ્રીએમ્બલ -૨ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભા તા. ૧૫મી જુન ૧૯૯૪ના રોજ મળેલ તેના ઠરાવ નં. ૩થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે. અને કસ્ટોડીયન સમાપ્તીની ભલામણ કરેલ છે. જેથી કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવાની થતાં કલમ ૭૪(ધ) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ. મં. હિમત-નગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૭૪(ધ) અન્વયે ધી એકલારા ગ્રુપ સે. સ. મં. લી. તા. ઈડર માં કસ્ટોડીયન પ્રથા અમલમાં જે ઉકત આલોચનાની વિગતે કલમ-૭૪(ધ) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોંપ્યા તારીખથી કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂ છું.

હિમતનગર, તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૪.

INDEX

વંચાણે લીધાં:

(૧) શ્રી એ.સી.ઓ.દૂધ લગત જિલ્લા રજિ. કચેરી સ. મં. હિમતનગર તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૯૪નો અહેવાલ

(૨) અત્રેની કચેરીના જા. નં. વહટ/૦૧/૩/૮૭૩/તા. ૧૫મી માર્ચ ૧૯૯૪.

ક્રમાંક નધણ/ગ/૦૧/૩/૧૨૮૧.—ધી સાગપુર-રોઝડ દૂ. ઉ. સ.મં. લી. સાગપુર તા. પ્રાંતિજ જિ. સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટી પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રિએમ્બલ -૧ પત્રથી ધી એ.સી.ઓ. દૂધ લગત જિલ્લા રજિ. કચેરી સ.મં. હિમતનગરે કલમ ૮૧(ક) અન્વયે વહીવટદારની નીમણુંક કરવા ભલામણ અહેવાલ રજૂ કરતાં તે અન્વયે જણાવેલ મુજબના અત્રેના ઉકત પ્રીએમ્બલ-૨ના જા. નં. થી મંડળીનાં વ્યવસ્થાપક કમીટી સભ્યોને રજીસ્ટર પોષ્ટથી નોટીસ આપી તા. ૧૧મી એપ્રિલ ૧૯૯૪ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજૂઆત કરવા તક આપવામાં આવતાં સદર તારીખે હાજર રહેલ અને લેખિત રજૂઆતથી મંડળીમાં વહીવટદાર નીમવા માંગણી કરેલ છે. આમ સહકારી કાયદા-કાનૂન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિના હિતમાં તેમજ સભાસદોના બહોળાહિતને લક્ષમાં લેતા નિયમ અનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દાઓ અન્વયે મંડળીની કમીટીને દૂર કરી વહીવટદારની નીમણુંક કરવાની રહે છે.

૧. મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યો-૯ પૈકી ૭ કમીટી સભ્યો પેટાનિયમ ૮ બ(ક) તથા નિયમ ક(૫) (ઈ) મુજબ લાયકાત ધરાવતા નથી.

૨. મંડળીના સેક્રેટરીના સગાભાઈ ઝાલા ખુમાનસિહ વાઘસિહ વ્યવસ્થાપક કમીટી સભ્ય છે. જે પેટા નિયમ ૩૦(૫)નો ભંગ થાય છે.

ઉપરોકત વિગતે વ્યવસ્થાપક કમીટી કાયદા-કાનૂન પેટા કાયદાથી નાંખવામાં આવેલ ફરજો બજાવવામાં વારવાર નિષ્ફળ રહેલ છે. નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧(ક) અન્વયે વહીવટદાર નીમવાની જરૂર જણાતા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ. મં. હિમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી સાગપુર-રોઝડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ સાગપુર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧(ક) અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. હિમતનગર મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી બાર માસ માટે નીચેની શરતોએ ને આધીન નીમણુંકનો આદેશ કરું . છું.

શરતો :

(૧) વહીવટદારને સદર મંડળીનોના કામકાજના બદલામાં માસિક રૂા. બસો મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચૂકવવામાં આવશે.

(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકિય ખર્ચ અત્રેની પૂર્વ મંજૂરીથી કરવાનો રહેશે.

(૩) મંડળી વતી અન્ય કોઈ પણ સંસ્થામાં મતદાન કરી શકશે નહી.

(૪) દર માસે કામગીરીની પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ અચૂક મોકલી આપવાનો રહેશે. તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

હિમતનગર, તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૪.

વંચાણમાં લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) શ્રી મેનેજર, ધી સાકો બેંક લી. હિમતનગરના મંડળી ફડચામાં લઈ જવા તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૩ થી કરેલ ખાસ અહેવાલ

(૩) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૪૧૧/૯૪ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૪

(૪) આ કચેરીની તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ ની મંજૂર થયેલ નોંધ.

આલોચના :

નંબર ફડચ/ફ/૯૩૦૦/૦૧/ગ/૨૦૨૯/૧૯૯૪.—ધી સીમલી ગામની સે. સ. મં. લી. સીમલી તાલુકા બાયડએ સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક ૨૪૧૨ તારીખ ૨૯મી માર્ચ ૧૯૬૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની આર્થીક તથા વહીવટી સ્થીતી કથળી જતાં મેનેજરશ્રી ધી સાબરકાંઠા જિલ્લા સહકારી બેંક લી. હિમતનગરને તેમના તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૩ના ખાસ અહેવાલથી મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરતો ખાસ અહેવાલ કરેલ છે. ખાસ અહેવાલમાં જણાવેલ મુદ્દાઓની સમીક્ષા કરવા સારૂ મંડળીના કાર્યવાહકોને તારીખ ૨૭મી ડીસેમ્બર ૧૯૯૩ તથા ૨૮મી માર્ચ ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી. જેમાં ૨૪મી માર્ચ ૧૯૯૪ ના રોજ ચેરમેન સેક્રેટરી તથા વ્યવસ્થાક કમીટી સભ્યશ્રી હાજર રહી મંડળી ચાલુ થયાની શક્યતા ન હોઈ ફડચામાં લઈ જવા ઉચીત છે પણ જરૂર પડે મંડળી પુનઃ જિવીત પ્રયત્ન કરીશું એવું લેખીત નિવેદન આપેલ છે જે આધારે કાયદાની જલદી વીધી પુરી કરવા સારૂ પ્રી-૩માં જણાવેલ વચગાળાના આદેશથી મંડળી ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરી તારીખ ૩૦મી મે ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી જે મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિતમાં મૌખિક રજૂઆત કરેલ નથી ત્યારપછી છેલ્લે ૨૩મી જુન ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી જે લેખિત મૌખિક રજૂઆત કરેલ નથી જેથી માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી જેથી મંડળી ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતીમ આદેશ કરૂ છું.

અંતીમ આદેશ

આથી હું એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, હિમતનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર તથા સત્તાની રૂએ ધી સીમલી ગામની સેવા સહકારી મંડળી લી. તાલુકા બાયડને ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરૂ છું તથા તેના ફડચા અધિકારી તરીકે ઉકત અધિનિયમની કલમ ૧૦૭ (૧) અન્વયે ધી સાબરકાંઠા જિલ્લા સહકારી બેંક લી., હિમતનગરની નીમણુંક કરૂં છું.

INDEX

ફરચાધિકારીઓ ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષમાં ફરચાની કામગીરી આટોપવાની રહેશે તથા નીયમાનુસાર ફરચા ફી આ સા. ક્રે. બેંક લી., હિંમતનગરને ચુકવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/ગ/૩/૧૩૬૪/૧૯૯૪-૨/૨૭૬૧૧.—આથી જાહેર કરે છે કે ધી મોડાસા વિનિમય કોલેજ અધ્યા. ધિરાણુ ગ્રાહક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મોડાસા, તાલુકો મોડાસા, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/૦૧/૩/૧૩૬૫/૧૯૯૪સે-૨૭૬૧૨.—આથી જાહેર કરે છે કે ધી મદ્રસા મોઈનુલ ગ્રાન્ટેડ કર્મ. પ્રા. સા. ધીરાણુ ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ હિંમતનગર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૧મી ઓગસ્ટ ૧૯૯૪.

નંબર ઉખસ/નધણુ/૦૧/૩/૧૪૪૨/સે.દુ./૨૭૬૧૩.—આથી જાહેર કરે છે કે ધી ગઠિયા વસાહત કંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દલજીતપુરા કંપા, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૪.

વંચાણે લીધા

(૧) ધી સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષણ (વિ.) સહકારી મંડળી અમદાવાદના જાવક નંબર અપણ/ખ (અ) ૧૨૭/૩/૪૧૦, તારીખ ૨૯મી મે, ૧૯૯૩.

(૨) અત્રેની કચેરીના જાવક નંબર વહર/૦૧/૩/૧૩૬/તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૩.

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ નંબર તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ના નેનંબર જીએચકે/એસ/-૨૪૭૧/ડી. ડી. ૧૧૮૮/૫૨૦૪

ક્રમાંક વહર/૦૧/૩/૧૪૩૭.—ધી સાઠંબા ગ્રુપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. સાઠંબા તાલુકો બાયડ જિલ્લા સાબરકાંઠાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળનો નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટી પરિસ્થિતિ કથળતા ઉકત પ્રિયેમ્બલ-૧ના પત્રથી શ્રી સંયુકત રજિસ્ટાર અને ખાસ અન્વેષક વિભાગ સહકારી મંડળી, અમદાવાદ કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજૂ કરતાં તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રિયમ્બલ (૨) ના જાવક નંબરથી મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યોને રજિસ્ટર પોસ્ટથી નોટીસ આપી તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૩ ના રોજ માર્કેટ કમિટી બાયડ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતા સદર તારીખે ૫ વ્યવસ્થાપક કમીટીના સભ્યો હાજર રહી મંડળીમાં વહીવટદાર નિમવા માગણી કરેલ. પરંતુ સદર તારીખે ચેરમેનશ્રી હાજર નહી રહેલ અને બીજી મુદતની માંગણી કરેલ તેમને તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૩, ૯મી નવેમ્બર, ૧૯૯૩, ૪થી જાન્યુઆરી, ૧૯૯૪ અને ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૪થી જણાવવા છતાં હાજર રહેલ નથી કે ખુલાસો કરેલ નથી. જેથી નીચેના મુદ્દાઓને કારણે મંડળીનો વહીવટ સરકારી કાયદા કાનુન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિના હિતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતા નિયમ અનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દાઓ અન્વયે મંડળીની કમીટીને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવાની જરૂરીયાત રહે છે.

૧. કમીટીમાં એકત્ર કરેલ માલ સરદાર રીજીયોનલ યુનિયન લી. ઈડરને મોકલેલ છે જેની એડવાન્સ રકમ મળેલ છે. તેના કરતાં એડવાન્સ રકમ રૂા. ૪૧,૬૫૪-૭૫ ૩ સભ્યોને વધુ ચૂકવેલ છે. આમ મંડળીના પે. નિ. ૩૮/૨૦ નો ભંગ કરેલ છે.

૨. મંડળીમાં ગેરરીતી તથા ગેરવહીવટદાર કારણે સભ્યોના વિશ્વાસ ઉઠી ગયેલ છે. કર્મચારી ત્રણ છે જેથી પગાર ખર્ચ વધુ પડે છે એક કર્મચારીના પિતાશ્રી વ્યવસ્થાપક કમીટીના સભ્ય છે આમ પેટા-નિયમ મુજબ ૨૯ (૫) નો ભંગ કરેલ છે.

૩. દર માસે ઓછામાં ઓછી એક વખત વ્યવસ્થાપક કમીટીની મીટીંગ મળવી જોઈએ જે મળતી નથી આમ પેટા-નિયમ ૩૨ નો ભંગ કરેલ છે.

૪. હિસાબી દફતર નિયમિત લખાતું નથી જેથી હાથ પર વધુ સિલક રહેવા પામેલ હિસાબી પત્રકો રજિસ્ટરો ન લખવાના કારણે મંડળીની સાચી પરિસ્થિતિ જાણી શકાતી નથી.

૫. વ્યવસ્થાપક કમીટી મીટીંગમાં માસિક હિસાબો પત્રકો ખર્ચ આવક ખરીદ વેચાણની વિગતો વંચાણે લેવામા ન આવવાના કારણે પગાર ખર્ચ માલ ખરીદી ખર્ચ, મુસાફરી ખર્ચ, વધુ થયેલ છે.

૬. જમીન ખરીદ રૂા. ૨૧૯૯૫-૦૦ કરેલ છે. જેથી ખાતાની મંજુરી મેળવેલ નથી કલમ-૭૧નો ભંગ કરેલ છે.

૭. મંડળીના ચેરમેનશ્રી પેટા નં. ૩૯ અન્વયે ફરજ ન બજાવતાં મોટાપાયે સિલકો હાથપર રહેવાથી રૂા. ૬૨૫૯-૫૬ જેવી વ્યાજબાદ પડેલ છે. તેમજ સિલક સ્ટોક તપાસેલ નથી. દર ત્રણ મહિને સિલક તથા સ્ટોક તપાસતો નથી આમ પે. નિ. ૩૯૦ (૪) નો વ્યવસ્થાપક કમીટી ભંગ કરેલ છે.

૮. મંડળીની વ્યવસ્થાપક કમીટીએ બજાવવાની ફરજો પ્રત્યે દુર્લક્ષ સેવવાના કારણે મંત્રીશ્રીઓ પેટા નિયમ ૪૦નું સરિયામ ઉલ્લંઘન કરી મનસ્વી રીતે વહીવટ કરેલ છે.

૯. સરદાર રીજીઓનલ યુનિયન ઈડર તેમજ વિભાગીય ઓફીસેથી ખરીદેલ ખાતર સ્ટોક ૭ વેચાણ કરી રૂા. ૩૪૭૦૬૩-૦૦ જમા કરાવેલ નથી સદર રકમ અન્યત્ર ખર્ચી નાખેલ છે સદર રકમ મંડળી ચુકવી શકે તેમ નથી.

INDEX

૧૦. સરદાર કૃષિ સેવા કેન્દ્ર બાયડમાંથી ખરીદેલ માલનું વેચાણ રૂ. ૬૨૫૯૦-૦૦ થયેલ છે. જેનું પેમેન્ટ બાકી છે. સદર રકમ હાલના સંજોગોમાં વસુલી શકાય તેમ નથી. અને ઉકત રકમ ગેરરીતી ગેર વહીવટમાં વપરાયેલ છે.

૧૧. તારીખ ૨૯મી મે, ૧૯૯૩ ના રોજ રૂ. ૨૨૧૬૫-૦૦ ના દિવેલા રોકડ ખરીદ કરી વ્યવસ્થાપક કમીટી સભ્યશ્રી કુલસિંહ જીવાજીની અંગત ભાગીદારી પેઢી "હરીહર સીડસ" માંથી ખરીદેલ છે. વ્યવસ્થાપક કમીટીમાં કોઈ ઠરાવ થયેલ નથી. આમ પે. નિ. ૨૯ (૨) નો ભંગ થયેલ છે.

ઉપરોકત નોટીસનો ખુલાસો કરેલ નથી. વ્યવસ્થાપક કમીટી કાયદા કાનુન અને પેટા કાયદા થી નાખવામાં આવેલી ફરજે બજાવવામાં વારંવાર નિષ્ફળ ગયેલ છે. નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર નીમવાની જરૂર જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. જી. રાવલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિમતનગર મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ઉકત આલોચનાની વિગતે ધી સાઠંબા ગૃપ ઉત્પાદક સહકારી મંડળી લી. સાઠંબા, તાલુકા બાયડ, જિલ્લા બનાસકાંઠામાં સને ૧૯૬૨ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર તરીકે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ રીજીયોનલ ઓઈલ સીડઝ ગ્રોઅર્સ કો. ઓ. યુનિયન લી. ઈડરને મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી ૧૨ માસ માટે નીચેની શરતોને આધિન નિમણુંકનો આદેશ કરૂં છું.

શરતો

૧. વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં માસિક રૂપિયા ૫૦૦/- મહેનતાણું મંડળીમાં ખર્ચ માંડી વાળવામાં આવશે.

૨. વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારી રોકી શકશે તેમજ નાણાંકીય ખર્ચ અંગેની પૂર્વ મંજૂરીથી કરવાના રહેશે.

૩. મંડળી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહી. મંડળી અન્ય કોઈપણ સંસ્થામાં મતદાન કરી શકશે નહી.

૪. દરમાસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીએ ચોકકસ મોકલી આપવાનો રહેશે તેમજ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

વંચાણમાં લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) મેનેજર, ધી. સા. કો. બેંક લી., હિમતનગરના તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૩ ની મંડળી ફડચામાં લઈ જવા કરવામાં આવેલ દરખાસ્ત.

(૩) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૪૧૨ / ૯૪, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

(૪) આ કચેરીની તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૪ની મંજુર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૮૦૧/૦૧/ગ/૨૫૯૫ / ૯૪.—ધી બારનોલી ગૃપ સેવા સહકારી મંડળી લી., તાલુકો મોડાસા, જિલ્લો સાબરકાંઠાએ સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ૨૩૩૫, તારીખ ૧૪મી મે, ૧૯૫૭ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની આર્થિક તથા વહીવટી સ્થિતિ ક્થળી જતાં મેનેજરશ્રી, ધી સાબરકાંઠા બેંક લી., હિમતનગરે પ્રી. ૧ માં જણાવેલ ખાસ અહેવાલથી મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે જે આધારે મંડળીના સંચાલકો તથા હોદ્દેદારોને ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૩ અને ૨૮મી માર્ચ, ૧૯૯૪ ના રોજની મુદતો આપવામાં આવેલ હતી. પરંતુ મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી. જેથી પ્રી. ૩ માં જણાવેલ વચગાળાનો આદેશ કરીને મંડળીને ફડચામાં લઈ જતાં પહેલાં અંતિમ મુદત ૩૦મી મે, ૧૯૯૪ના રોજ આપવામાં આવેલ હતી. સદર મુદતે મંડળી વતી ચેરમેન તથા વ્ય. કમીટી સભ્યો હાજર રહેલ હતા તથા તારીખ ૨૩મી જૂન, ૧૯૯૪ સુધીમાં રૂા. ૫૩,૦૦૦ વસુલાત કરીને તે અંગેના પત્રકો અત્રેની કચેરીએ સમીક્ષા અર્થે રજુઆત કરવા ખાત્રી આપેલ હતી. જે ખાત્રી મુજબ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી જેથી માનવાને કારણ રહે છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી. જેથી પ્રી. ૩ માં જણાવેલ વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબ અંતિમ આદેશ કરું છું.

અંતિમ આદેશ

આથી હું, એમ. જી. રાવલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની અન્વયે મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી બારનોલી ગૃપ સેવા સહકારી મંડળી લી., બારનોલી, તાલુકો મોડાસા, જિલ્લો સાબરકાંઠાને ઉકત અધિનિયમની કલમ-૧૦૭ (૬) હેઠળ ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું તથા અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચાધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિમતનગરની નિમણુંક કરું છું. ફડચાધિકારીએ સંસ્થાના ફડચાની કામગીરી ત્રણ વર્ષમાં આટોપી લેવાની રહેશે.

ફડચાધિકારીએ ફડચા ફી નિયમાનુસાર આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/૦૧/૩/૧૪૬૩ / સે. દુ./૨૭૬૧૪ / ૯૪.— આથી જાહેર કરે છે કે, ધી પગીયાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ પગીયાના મુવાડા, પો. મલજાપુરા, તાલુકો બાયડ, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિમતનગર, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક હ.૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫ / ગ, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪.

(૨) ફડચા અધિકારીશ્રી ધી કોલાવા દુધ ઉત્પાદક સહકારી મં.લી., (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તારીખ ૩૧મી આગષ્ટ, ૧૯૯૪નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૧૩૦ / ૯૪.—ધી કોલાવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કોલાવા, તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠા, જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે.દુ. ૨૦૪૭૧, તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૮૩ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા/તારીખ ૩૦મી મે, ૧૯૯૨ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૪ ના સરખા ક્રમાંક ના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીઓ સદરહુ સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન ૧૫ માં આ કચેરીની સંમત્ત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિમતનગર, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/૦૧/૩/૧૪૯૬/૧૯૯૪/સે ૨૭૬૧૫.—આથી જાહેર કરે છે કે, ધી કડીયાદરા બચત અને ધીરાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કડીયાદરા, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિમતનગર, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

અત્રેની કચેરીના હુકમ નંબર વહટ/૦૧/૩/૭૧૦ તારીખ ૨૩મી અપ્રિલ, ૧૯૯૨ કસ્ટોડીયન વહીવટદારશ્રીના તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪ ના પત્ર નંબર લોન્સાવહટ.

આલોચના :

જા. નં વહટ/૦૧/ક/૧૫૫૨.—ધી જુના બાકરપુરા દુધ ઉત્પાદક ગૃ. સે. મં.-લી, તાલુકો પ્રાંતિજ, જિલ્લા સાબરકાંઠા, ઉકત પ્રીએમ્બલ ૧ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪ ના ઉકત પ્રીએમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૪ ના રોજ મળેલ તેના ઠરાવ નંબર ૫ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટદાર સમાપ્તીની ભલામણ કરેલ છે. જેથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતા તથા કલમ-૮૧ (ક) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટારશ્રી. સહકારી મંડળી, હિમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે ધી જુના બાકરપુરા દુધ ઉત્પાદક ગૃપ સેવા સહકારી મંડળી લી., તાલુકા પ્રાંતિજમાં વહીવટદાર પ્રથા અમલમાં છે. જે ઉકત આલોચનાની વિગતે ધ ૮૧(ક) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂં છું.

હિમતનગર, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

અત્રેની કચેરીના હુકમ નંબર સવન/૦૧/૩/૧૬૦૮, તારીખ ૨૮મી ઓગસ્ટ ૧૯૯૦ વહીવટદારશ્રીના તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૪ના પત્ર નંબર લોન્સ/વહટ

આલોચના

જા. નં. વહટ/૦૧/ક/૧૫૫૩.—ધી સપલાપુર ગ્રુપ સેવા સહકારી મંડળી લી., તાલુકા ઈડર, જિલ્લા સાબરકાંઠા ઉકત પ્રીઅમ્બલ-૧ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(ક) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૪ ના ઉકત પ્રીએમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની-વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૪ના રોજ મળેલ તેના ઠરાવ નં. ૪થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટદાર સમાપ્તીની ભલામણ કરેલ છે. વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતાં તથા કલમ-૮૧ (ક) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, હિમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે ધી સપલાપુર ગૃપ સેવા સહકારી મંડળી લી., તાલુકા ઈડરમાં વહીવટદાર પ્રથા અમલમાં છે જે આલોચનાની વિગતે ૮૧ (ક) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂં છું.

હિમતનગર, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા : અત્રેની કચેરીના હુકમ નંબર વહટ/૦૧/૩/૫૭૧/તારીખ તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૪ કસ્ટોડીયન વહીવટદારશ્રીના તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્ર નંબર લોન્સ/વહટ.

આલોચના

જા. નં વહટ/૦૧/ક/૧૫૭૯.—ધી લીંબાદરા દૂધ ઉત્પાદક ગ્રુ. સેવા સહકારી મંડળી લી., તાલુકા મેઘરજ જિલ્લો સાબરકાંઠા ઉકત પ્રીઅમ્બલ ૧ ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે કસ્ટોડીયન-વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૪ ના ઉકત પ્રીઅમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીના વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૭મી ઓગષ્ટ ૧૯૯૪ ના રોજ મળેલ તેના ઠરાવ નંબર ૭ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટદાર સમાપ્તીની ભલામણ કરેલ છે. જેથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતાં તથા કલમ-૮૧ (ક) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જી. રાવત જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી હિમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(ક) અન્વયે ધી લીંબાદરા દૂધ ઉત્પાદક ગ્રુપ સેવા સહકારી મંડળી લી. તાલુકા મેઘરજ માં કસ્ટોડીયન વહીવટદાર તથા પ્રથા અમલમાં છે જે ઉકત આલોચનાથી વિગતે ૮૧ (ક) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂ છું.

હિમતનગર, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :—

(૧) ઓ. સી. ઓ. દુધ લગત જિલ્લા રજિ. સ. મં. હિમતનગર નો પત્ર તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૪ નો પત્ર.
(૨) અત્રે કચેરીના જા. વ. નં. વહ-૦૧-૩-૧૪૧૧, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૪.
(૩) સરકારશ્રીના ફ. સ. અને ગ્રામ વિભાગ ઠ. નં. ૩૦૩-૯૧ જીઓસકે.એસ.-૨૪૭૧ ડી. ૬-૧૧૮૮-૫૨૦૪.

આલોચના

ક્રમાંક વહટ/૦૧/૩/૧૫૮૪.—ધી. મોટી ડેમાઈ —દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકો હિમતનગર, જિલ્લો સાબરકાંઠા ઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટી પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રિએ.અલ ૧ પત્રથી ધી એ.સી.ઓ. દુધ લગત આ કચેરી તરફથી કલમ-૮૧ ક. અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ભલામણ અહેવાલ રજુ કરતાં તે અન્વયે જણાવેલ અત્રેના પ્રિએમ્બલ-૨ ના જા. ન. થી મંડળીની વ્ય. કમિટિના સભ્યોને રજિ. પો. થી નોટીસ આપી . તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતાં સદર તારીખે હાજર રહી ખુલાસો કરેલ પરંતુ નીચેના મુદ્દાઓને કારણે મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિના હિતમાં તેમજ સહકારી સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતા નિયમ અનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દાઓ અન્વયે મંડળીની કમિટિને દૂર કરી વહીવટદારની નિમણુંક કરવા જરૂરીયાત રહેલ છે.

(૧) મંડળીનો વ્ય. કમિટિ સભ્યો (૧) કાન્તીભાઈ સોમાભાઈ ચમાર (૨) પ્રજાપતિ ભીખાભાઈ સોમાભાઈ પેટા નિયમ-૮ બ કલમ (ક) તેમજ યુ નિયમ ૩ (૫) ઈ. નો ભંગ થયેલ છે. તેમ છતાં વ્ય. કમિટિએ લાયકાત ગુમાવતાં વ્ય. કમિટિના સભ્યોને છૂટા કરેલ નથી.

(૨) મંડળીના ચેરમેનશ્રી નરસિંહભાઈ મગનભાઈ પટેલ તેમના દુધાળા ઢોરનું દૂધ મંડળીમાં નિયમિત રીતે આપતાં નથી. તેમજ બહારના વેપારીને દૂધ આપે છે. આમ મંડળીના મુખ્ય વહીવટ કર્તાજ મંડળીના હિત વિરૂધ્ધનાં કૃત્ય કરે છે. આમ તેવો પણ મંડળીના જવાબદાર હોદ્દારો માટેની લાયકાત ગુમાવે છે.

(૩) મંડળીને તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪ થી જણાવવા છતાં સુચનાઓનો અનાદર કરી પેટા નિયમ વિરૂધ્ધ ઠરાવ કરી અનાદર કરેલ છે. અમલ કરેલ નથી. આમ ૧૯૬૫ ના ગુજરાત સહકારી મંડળીઓના પેટા નિયમનો ભંગ કરેલ છે.

ઉપરોકત નોટીસનો ખુલાસો કરેલ અધુરો છે. વ્ય. કમિટિ કાયદા કાનુન પેટા કાયદાથી નાંખવામાં આવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. નિષ્ક્રિય રહેલ છે. વહીવટમાં નિષ્ફળ જણાયે સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧-ક અન્વયે વહીવટદાર નિમવાની જરૂરિયાત જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ હિમતનગર મને સત્તા અને અધિકારોની રૂઈએ ઉકત આલોચના ની વિગતે ધી. મોટી ડેમાઈ દૂધ સહકારી મંડળી લી. તાલુકો : હિમતનગર, જિલ્લો સાબરકાંઠામાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧-ક અન્વયે વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. (સાબર ડેરી) હિમતનગરને મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી ૧૨-માસ માટે નીચેની શરતોને આધિન નિમણુંકનો આદેશ કરૂં છું.

શરતો

(૧) વહીવટદારને સદર મંડળીના કામકાજના બદલામાં માસિક રૂા. ૨૦૦.૦૦ મહેનતાણું મંડળીમાં ખર્ચ પાડી ચુકવવામાં આવશે.
(૨) વહીવટદાર અત્રેની પરવાનગીથી મંડળીના કામકાજ માટે કર્મચારીને રોકી શકશે. તેમજ નાણાંકીય ખર્ચ અત્રેની પુર્વ મંજુરીથી કરવાનું રહેશે.
(૩) દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને અચુક મોકલી આપવાનો રહેશે. તેમજ સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.
(૪) મંડળી વતી અન્ય કોઈ સંસ્થામાં મતદાન કરી શકશે નહીં.

હિમતનગર, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં. વહટ/૦૧/૩/૧૬, તા. બાયડ કસ્ટોડીયનશ્રીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્ર નં. લોન્સ/વહટ.

આલોચના

જા. નં. વહટ/૦૧/ક/૧૬૫૭ / ૯૪.—ધી પેન્ટરપુરા દૂધ ઉત્પાદક ગૃપ સેવા સહકાર મંડળી લી., તાલુકો બાયડ, જિલ્લો : સાબરકાંઠા ઉકત પ્રીઅમ્બલ-૧ ના આદેશથી ગુજરાત સહકાર મંડળીઓના અધિનિયમની કલમ-૭૪-ધ, -૮૧-ક અન્વયે કસ્ટોડીયન પ્રથા અમલમાં છે.

કસ્ટોડીયન વહીવટદારશ્રી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના ઉકત પ્રીઓમ્બલ-૨ નાપત્રથી જાણાવ્યા મુજબ મંડળ ની વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ મળેલ તેના ઠરાવ નં. ૫ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે. અને કસ્ટોડીયન સમાપ્તીની ભલામણ કરેલ છે. જેથી કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવાની થતાં કલમ-૭૪-ધ તથા કલમ-૮૧-ક અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકાર મંડળી હિમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧-ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૭૪-ધ અન્વયે ધી પેન્ટરપુરા દુધ ઉત્પાદક ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો બાયડમાં કસ્ટોડીયન પ્રથા અમલમાં છે જે ઉકત આલોચનાની વિગતે કલમ-૭૪-ધ, અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોંપ્યા તારીખથી કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવા આદેશ કરું છું.

હિમતનગર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના હુકમ નં. સપ૫/૦૧/ગ/૧૬૮૯, તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૨ કસ્ટોડીયનશ્રીના તારીખ ૨૦મી ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના પત્ર નં. લોન્સ/વહટ.

આલોચના

જા. નં. વહટ/૦૧/ક/૧૬૫૮ / ૯૪.—ધી ઊંચી ધનાલ ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠા ઉકત પ્રીઓમ્બલ-૧ ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમનો કલમ-૭૪-ધ અન્વયે કસ્ટોડીયન પ્રથા અમલમાં છે.

કસ્ટોડીયનશ્રીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના ઉકત પ્રીઓમ્બલ-૨ ના પત્રથી જાણાવ્યા મુજબ મંડળ ની વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ મળેલ તેના ઠરાવ નં. ૭ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને કસ્ટોડીયન સમાપ્ત ની ભલામણ કરેલ છે. જેથી કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવાની થતાં કલમ-૭૪-ધ અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. જી. રાવત,, જિ. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી લી., હિમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૭૪-ધ, અન્વયે ધી ઊંચી ધનાલ ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો ખેડબ્રહ્મામાં કસ્ટોડીયન પ્રથા અમલમાં છે જે ઉકત આલોચનાની વિગતે કલમ-૭૪-ધ. અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોંપ્યા તારીખથી કસ્ટોડીયન પ્રથા સમાપ્ત કરવા આદેશ કરું છું.

હિમતનગર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

———

વંચાણમાં લીધા :—

(૧) સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના વૃચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૪૧૩/ ૯૪, તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪.

(૩) આ કચેરીની તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૪ ની મંજર થયેલ નોંધ.

આલોચના

ક્રમાંક ફડચ/ફ/૯૮૦૨/૦૧/ગ/૨૨૦૦ / ૯૪.—ધી શરદીકંપા ગૃપ સેવા સહકારી મંડળી લી. શરદીકંપા, તાલુકો : બાયડ આ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક ૨૫૧૪ તારીખ ૨જી માર્ચ, ૧૯૬૩ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની આાથક તથા વહીવટી સ્થિતિ કથળી ગયેલ છે. જેમાં ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળી, બાયડે ૧લી જુલાઈ, ૧૯૯૧ થી ૩૦મી જુન, ૧૯૯૨ સુધીના સમયનું ઓડીટ હાથ ધરેલ, જેમાં વહીવટી ખામીઓ જણાતાં તેઓને સહકારી કાયદાની કલમ-૮૧ મુજબ વહીવટદારની પ્રથા દાખલ કરવા ખાસ અહેવાલ કરેલ છે. પરંતુ તેમનો ખાસ અહેવાલ શ્રી સંયુકત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળી, અમદાવાદ મારફતે સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ કાર્યવાહી કરી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જેમાં જણાવેલ મુદ્દાઓ જોતાં છેલ્લાં ૧૫ વર્ષથી મંડળીએ સભાસદોને ધીરાણ કરેલ નથી. વસુલાત શુન્ય છે. સંસ્થાએ સભાસદ પાસેથી વસુલાત કરવાની થતી રકમ કરતાં બેંકનું દેવું લગભગ બમણું છે. મંડળીમાં છેલ્લે બેંકની ખોટ રૂા. ૧,૦૬,૬૮૮. રહે છે. સંસ્થાના સરવૈયાનો અભ્યાસ કરતાં સંસ્થાની આસ્કયામતો કરતાં દેવું વધારે છે. આ ઉપરાંત સંસ્થા સ્થગિત છે. આ ખાસ અહેવાલ આધારે મંડળીના કાર્યવાહકોએ કોઈ રજુઆત કરવી હોય તો તે સારૂ તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૪ ના રોજ, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૪ ના રોજની મુદત આપેલ હતી. તેમ છતાં મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી. છેલ્લે પ્રી. ૨ માં જણાવેલ વૃચગાળાના આદેશથી સંસ્થાને તારીખ ૩૦મી મે, ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી. તેમ છતાં પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી. જેથી છેલ્લે તારીખ ૨૩મી જૂન, ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી. આમ છતાં પણ મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખિત / મૌખિક રજુઆત કરેલ નથી. જેથી માનવાને કારણ રહે છે કે સંસ્થા ચલાવવામાં કોઈને રસ નથી. જેથી મંડળી ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ આદેશ કરું છું.

INDEX

અંતિમ આદેશ

આથી હું, એમ. જી. રાવત. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, હિંમતનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર અને સત્તાની રૂએ ધી શરડીકંપા ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકો : બાયડને ફડચામાં લઈ જવા વચગાળાના આદેશને બહાલ રાખતો અંતિમ આદેશ કરું છું. તથા ફડચાધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરું છું.

ફડચાધિકારી મંડળીનો ચાર્જ લીધા તારીખથી ત્રણ વર્ષ સુધીમાં ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે. તથા નિયમાનુસાર ફડચા ફીની આકારણી કરી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરને ચુકવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/૦૧/૩/૧૬૩૬/૯૪/સે. ટુ/૨૭૬૬૧૬.—આથી જાહેર કરે છે કે ધી કાંઠેયા વાઘડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ કાઠીયાવાઘડીયા પોસ્ટ દાણમપુડી તાલુકો ખેડબ્રહ્મા જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના જાહેર નામાં ક્રમાંક હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૫૨/પાગ, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૪.

(૨) આ કચેરીના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના પત્ર નંબર ફડચ/૦૧/ગ/૯૪ થી એસાઈનમેન્ટ આપેલ મંજુરી.

(૩) શ્રી મેનેજર, ધી સાકો બેંક લી હિંમતનગરની તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૪ ની દરખાસ્ત.

(૪) આ કચેરીની તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૪ ની મંજુર થયેલ નોંધ.

જા. નં. ફડચ/૦૧/ગ/૨૨૦૬/૧૯૯૪. -ધી મોડાસા કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લી. મોડાસા જિલ્લા સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સી/૫૩૮/તારીખ ૧૦મી એપ્રિલ ૧૯૯૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે, સદર મંડળીના આ કચેરીના હુકમ નંબર ફડચ/૦૧/ખ/૨૩૭/૮૦, તારીખ ૫મી મે ૧૯૮૦ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે મંડળીને ફડચામાં મુક્યા બાદ ફડચાની ૭ વર્ષ ઉપરની વૈધાનિક સમય મર્યાદા પુરી થતાં અને સરકારશ્રી તરફથી કલમ-૧૧૪ (૧)માંથી કલમ-૧૬૧ અન્વયે મુકતી ન મળવાથી મંડળી કાર્યવાહી સમાપ્ત કરવાની ફરજ પડે છે. જે અન્વયે મંડળીને એસાઈનમેન્ટ થયા મુજબ મળનારની રકમમાંથી સૌ પ્રથમ સરકારશ્રીના દેવા ચુકતે કરવા ત્યારબાદ ધી જી. મ. સે. બેંક લી ના દેવા ચુકતે કરવા અને વર્ષની રકમ પી. ઓલ. ઓ. જટુ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓના હેડ જમા કરાવવી તથા પ્રીએમ્બલ બેમાં જણાવેલ કચેરીના પત્રથી મંજુરી આપવામાં આવેલ છે તે અન્વયે કાર્યવાહી પૂર્ણ થતાં ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું, શ્રી એમ જી. રાવત, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી હિંમતનગર સદરહું મંડળીની ઉપર જણાવેલ એસાઈનમેન્ટ સાથે મંડળીની નોંધણી આથી રદ કરું છું.

હિંમતનગર, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૪.

એમ. જી. રાવત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

વંચાણે લીધા અત્રેની કચેરીના હુકમ નંબર વહટ/૦૧/૩/૧૪૬૧ તારીખ ૯મી સપ્ટેમ્બર ૧૯૯૩ કસ્ટોડીયન વહીવટદારશ્રીના તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર ૧૯૯૪ ના પત્ર નંબર વહટ.

આલોચના

જા. નં. વહટ/૦૧/ક/૧૭૮૮.—ધી રસુલપુર દુધ ઉત્પાદક ગુ. સેવા સહકારી મંડળી લી, તાલુકા પ્રાંતિજ, જિલ્લા સાબરકાંઠા ઉક્ત પ્રીએમ્બલ એક ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે વહીવટદાર પ્રથા અમલમા છે.

કસ્ટોડીયન વહીવટદારશ્રીના તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર ૧૯૯૪ ના ઉક્ત પ્રીએમ્બલ-૧ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૮૪ ના રોજ મળેલ તેના ઠરાવ નંબર ૪ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટદાર સમાપ્તીની ભલામણ કરેલ છે જેથી કસ્ટોડીયન વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતાં તથા કલમ-૮૧ (ક) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એસ. એચ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી હિંમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે ધી રસુલપુર દૂધ ઉત્પાદક ગ્રુપ સહકારી મંડળી લી. તાલુકા પ્રાંતિજમાં વહીવટદાર પ્રથા અમલમાં છે. જે ઉક્ત આલોચનાની વિગતે કલમ-૮૧ (ક) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોંપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરું છું.

હિંમતનગર, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૪.

વંચાણે લીધા : અત્રેની કચેરીના હુકમ નંબર સવન/૦૧/૩/ખ/જ/ તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૦ વહીવટદારશ્રીના તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૪ના પત્ર નંબર વહટ.

આલોચના

જા. નં વહટ/૦૧/ક/૧૭૯૪/૯૪.—ધી આંબલીયા ગુ. સે. સહકારી મંડળી લી. તાલુકા માલપુર જિલ્લા સાબરકાંઠા ઉક્ત પ્રીએમ્બલ-૧ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(ક) અન્વયે વહીવટદાર પ્રથા અમલમા છે.

INDEX

કસ્ટોડીયન વહીવટદારશ્રીના તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૪ ના ઉકત પ્રીઓમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ મળેલ. તેના ઠરાવ નંબર ૫ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટદાર સમાપ્તિની ભલામણ કરેલ છે. જેથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતાં તથા કલમ-૮૧(ક) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એચ. ઓસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી, હિંમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળાઓના અધિનિયમની કલમ ૮૧ (ક) અન્વયે ધી આંબલીયા ગૃપ સેવા સહકારી મંડળી લી. તાલુકા માલપુરમાં વહીવટદાર પ્રથા અમલમાં છે. જે ઉકત આલોચનાની વિગતે ૮૧(ક) અન્વયે વ્યવસ્થાપક કમિટિને ચાર્જ સોપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂ છું.

હિંમતનગર, તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/૦૧/૩/૧૮૦૨/૯૪/સે-૨૭૬૧૭.—આથી જાહેર કરે છે કે ધી બજાર સમિતિ કર્મચારી ધીરાણ ગ્રાહક સહકારી મંડળી લી. હિંમતનગર મર્યાદિત સ્થળ હિંમતનગર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૪.

વંચાણે લીધા : અત્રેની કચેરીના હુકમ નંબર ૨૦૫૯, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૧ વહીવટદારશ્રીના તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૪ ના પત્ર નંબર લોન્સ/વહટ.

આલોચના

જા. નં. વહટ/૦૧/ક/ ૧૯૦૬.—ધી બોલા દૂધ ઉત્પાદક ગ્રુપ સેવા સહકારી મંડળી લી. તાલુકા પ્રાંતિજ, જિલ્લા સાબરકાંઠા ઉકત પ્રીઓમ્બલ-૧ ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૮૧(ક) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૪ ના ઉકત પ્રીઓમ્બલ-૨ ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ મળેલ તેના ઠરાવ નંબર ૭ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલ છે અને વહીવટદાર સમાપ્તીની ભલામણ કરેલ છે જેથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવાની થતાં અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એસ. ઓસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી હિંમતનગર મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ (ક) અન્વયે ધી બોલા દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. તાલુકા પ્રાંતિજમાં વહીવટદાર પ્રથા અમલમાં છે. જે ઉકત આલોચનાની વિગતે ૮૧(ક) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂ છું.

હિંમતનગર, તારીખ ૯મી નવેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના હુકમ નંબર વહટ/૦૧/૩/૨૧૩૩, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૩,
(૨) વહીવટદારશ્રીના તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૪ નો પત્ર

આલોચના:

ક્રમાંક વહટ/૦૧/૩/૧૯૪૯.—ધી મુખ્ય ઈન્દ્રાણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકા બાયડ જિલ્લા સાબરકાંઠા ઉકત પ્રિઓમ્બલ-૧ ના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧(ક) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં છે.

વહીવટદારશ્રીના તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૪ ના ઉકત પ્રિઓમ્બલ-૨ના પત્ર જણાવ્યા મુજબ મંડળીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ મળેલ તેના ઠરાવ નંબર ૬ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવેલી છે અને વહીવટદાર સમાપ્તી કરવાની થતાં કલમ-૮૧(ક) અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું, શ્રી એસ. ઓસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, હિંમતનગર, મને મળેલ અધિકાર અને સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ (ક) અન્વયે ધી મુખ્ય ઈન્દ્રાણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો બાયડમાં વહીવટદાર પ્રથા અમલમાં છે જે ઉકત આલોચનાની વિગતે કલમ-૮૧ (ક) અન્વયે વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સોપ્યા તારીખથી વહીવટદાર પ્રથા સમાપ્ત કરવા આદેશ કરૂ છું.

હિંમતનગર, તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના કૃષી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક : ધખ/૨૪/૯૧-ડીડીજી-૧૧૮૮/૫૨૦૪/જ તા. ૩૦મી માર્ચ, ૧૯૯૧.
(૩) સબ-ઓડીટર સહકારી, મંડળીઓ, બાયડના તા. ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૪નો ખાસ અહેવાલ.
(૪) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૨૧૦/૯૪, તા. ૩જી ઓકટોબર ૧૯૯૪.
(૫) આ કચેરીની તા. ૯મી નવેમ્બર, ૧૯૯૪ની મંજૂર થયેલ નોંધ.

INDEX

આલોચના

જા. નં. ફડચા/ફ/૯૮૦૪/૦૧/ગ/૨૫૦૦/૯૪.— ધી સાઠંબા વિભાગીય શાકભાજી ઉત્પાદકની સહકારી મંડળી લી. તા. બાયડ, જિ. સાબરકાંઠાએ સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક ૫૨૦૧ તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૮૨ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની આર્થીક તથા વહીવટી સ્થિતિ કથળી જતા સબ ઓડીટર, સહકારી મંડળીઓ, બાયડે જણાવ્યા પ્રમાણે ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ છે. જે આધારે મંડળીના હોદ્દેદારોને આ કચેરીના તા. ૨૬મી જુલાઈ ૧૯૯૪ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૯૦૮/૯૪થી કારણદર્શક નોટીસ આપી તા. ૯મી ઓગસ્ટ ૧૯૯૪ ની મુદત રજુઆત સારૂ ખેતીવાડી ઉત્પાદન સમીતી, માલપુર ખાતે આપેલ હતી. સદર મુદતે મંડળીના ચેરમેન તથા માનદમંત્રી હાજર રહી મંડળી છેલ્લા ત્રણ વર્ષથી બંધ છે. તથા છેલ્લા ત્રણ વર્ષ થી ઓડીટ વર્ગ-૩ છે. અને છેલ્લે ખોટ રૂા. ૩૮,૩૧૭.૦૯પૈસા છે. સાધારણ સભા ન બોલાવી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે જે આધારે સંદર્ભ-૪ માં જણાવ્યા મુજબ જે વચગાળાનો આદેશ કાઢી તા. ૨૭મી માર્ચ ૧૯૯૪ના રોજ રૂબરૂ રજુઆત કરવા માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળી વતી કોઈ હાજર રહેલ નથી કે લેખીત/મૌખીક રજૂઆત કરેલ નથી. આમ ઉપર જણાવ્યા મુજબ ના સંજોગો તથા સ્થિતિની સમીક્ષા કરતાં જણાય છે કે મંડળી ચલાવવામાં કોઈને રસ નથી. જેથી મંડળી ફડચામાં લઈ જવા નીચે મુજબ આદેશ કરૂં છું.

આદેશ

આથી હું એસ. એસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર ને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ અને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂઈએ ધી સાઠંબા વિભાગીય શાકભાજી ઉત્પાદનની સહકારી મંડળી લી. તા. બાયડ ને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરૂં છું. તથા ઉકત અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. ફડચાધિકારીએ ચાર્જ લીધા તારીખ થી ૧વર્ષમાં તમામ કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચા અધિકારીએ નિયમાનુસાર ફડચા ફી, આકારણી કરી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક. ૨૪/૯૧, ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/ જ, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી લાલાજીપુરા ગૃ.-સે. સહકારી મંડળી લીમીટેડ, (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીનાં તા. ૩૦મી નવેમ્બર ૧૯૯૪નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૦૯/૯૪.—ધી લાલજીપુરા ગૃ. સેવા સહકારી મંડળી લી. મુ. લાલજીપુરા, તા. બાયડ, જિલ્લો સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. ૧૩૮૪૭ તા. ૨૮મી એપ્રિલ ૧૯૭૬થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક: સરખા/તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૭થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને સંદર્ભ-૨માં જણાવ્યા પ્રમાણેનાં પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૨૦ અન્વયે હું શ્રી એસ. એસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂં છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત્ત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકારી ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક. ૨૪/૯૧, ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ/તા. ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી પાંચકુલાડા/દૂધ ઉત્પાદક સ.મં., લી. પાંચ કુલાડા તા. બાયડ (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તા. ૨૭મી ઓકટોબર ૧૯૯૪ના અહેવાલ.

આદેશ

ક્રમાંક. ફડચ/ફ/૯૨૯૪/૦૧/ગ/૨૫૧૦/૧૯૯૪.—ધી પાંચકુલાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પાંચકુલાડા, તા. બાયડ, જિ. સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. દૂ.૧૯૩૭૭ તા. ૨૭ જી ફેબ્રુઆરી ૧૯૯૨થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક. સરખા/તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. સંદર્ભ-૨માં જણાવેલ પત્રથી જણાવ્યા પ્રમાણે ફડચા અધિકારી તરફથી આ મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીના છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું એસ. એસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂં છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત્ત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૩૦મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક. ૨૪/૯૧, ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ/તા. ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી ધી આદીનાથ કો. ઓ. હા. સો. લી. ભીલોડા, (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીનો તા. ૨૭મી ઓકટોબર ૧૯૯૪નો અહેવાલ.

INDEX

આદેશ

ક્રમાંક. ફડચ/ફ/૯૨૯૨/૦૧/ગ/૨૫૧૧/૧૯૯૪.—ધી આદીનાથ કો. ઓ. હાઉ. સો. સહકારી મંડળી લી. મુ. ભીલોડા, તા. ભીલોડા, જિ. સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ૪/૫૩. તારીખ ૩જી જુલાઈ ૧૯૭૨થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક. સરખા/તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. સંદર્ભ-૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ -૨૦ અન્વયે હું, એસ. એસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંબંધ શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૪.

———

વંચાણે લીધા :—

(૧)સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામવિકાસ વિભાગના હુકમ ક્રમાંક : ધખ/૨૪/૯૧/ડીડીઈ-૧૧૮૮-૫૨૦૪-જ,તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧.

(૩) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૨૦૮/૯૪, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

આલોચના

જા. નં. ફડચ/ફ/૯૮૦૫/૦૧/ગ/૨૫૬૧ / ૯૪.—ધી વોરાવાડ ગુપ સેવા સહકારી મંડળી લી., તા. ઈડર, જિલ્લો : સબરકાંઠા એ સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક : ૨૩૯૮ તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૬૫ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની આર્થિક તથા વહીવટી સ્થિતિ કથળી જતાં મેનેજર ધી સાબરકાંઠા. કો.બેંક લી. હિંમતનગરે તેમના તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૩ ના ખાસ અહેવાલથી મંડળી ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર મંડળીને આ કચેરીના હુકમ ક્રમાંક : વહટ/૦૧/ક/૫૭૧, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩ થી વહીવટદારની પ્રથામાં લઈ જવામાં આવેલ હતી. પરંતુ સદર મંડળીની સ્થિતિ સુધરી શકે તેમ ન હોવાથી મંડળી ફડચામાં લઈ જવા સારૂ ફડચા વહીવટની મીટીંગમાં ચર્ચા થયેલ હતી જે સારૂ ઓમુખ-૩ માં જણાવ્યા પ્રમાણે વચગાળાનો આદેશ કરી મંડળી ફડચામાં લઈ જવા સારૂ રજુઆત માટે તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૪ ની મુદત આપવામાં આવેલ હતી જે મુદતે મંડળીના વહીવટદાર શ્રી હાજર રહીને મંડળીને ફડચામાં લઈ જવા રજુઆત કરેલ છે. તથા મંડળીની સાધારણ સભા તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના રોજ મળેલ જેમાં ઠરાવ નં. ૪થી મંડળી ફડચામાં લઈ જવાં સર્વાનુમતે ઠરાવેલ છે જે ઠરાવની ખરી નકલ પણ રજુ કરેલ છે. મંડળીની સ્થિતિની સમીક્ષા કરતાં ખાતેદાર તથા સભાસદ સંખ્યા ૮૫ છે જેમાંથી કરજ લેતાં ૧૨ સભ્યો છે જે પૈકી ૧૨ મુદતવીતી બાકીદાર છે. જેમાંથી ૮ સભ્યો સામે ૧૦૬ ના કેસ કરેલ છે. મંડળી પાસે બેંક લોન રૂ. ૫,૦૫,૬૧૧ તથા ઓદી. કોર્પો ની લોન રૂ. ૩૭,૮૭૫ ચૂકવવાની બાકી છે. મંડળીમાં કુલ્લે રૂ. ૪,૦૨,૦૦૦ ની ખોટ ૩૦મી જૂન, ૧૯૯૪ એ પડેલ છે. તથા માજી મંત્રી કાં એનં. જી. ગાંધીની ઉચાપત રકમ પણ રૂ. ૧,૨૫,૨૧૦ બાકી છે. આ ઉપરાંત મંડળીનાં કાર્યક્ષેત્રમાં બે નવીન મંડળીઓની રચના થયેલ છે. આમ મંડળી ચાલુ થઈ શકે તેવી કોઈ શકયતા નથી. જેથી મંડળી ફડચામાં લઈ જવા વચગાળાના હુકમને કાયમી કરી અંતિમ આદેશ કરું છું.

અંતિમ આદેશ

આથી હું, એસ. એસ. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મને પ્રાપ્ત થયેલ અધિકાર અને સત્તાની રૂએ ધી વોરાવાડ ગુપ સેવા સહકારી મંડળી લી. તાલુકો : ઈડર, જિલ્લો : સાબરકાંઠાને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરું છું. તથા ઉકત અધિનિયમની કલમ-૧૦૮ (૧) હેઠળ ફડચાધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરું છું. ફડચાધિકારીએ ચાર્જ લીધા તારીખથી ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી આટોપી લેવાની રહેશે.

ફડચાધિકારીએ નિયમાનુસાર ફડચા ફી આકારણી કરી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરને ચૂકવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

———

નં. ઉખસ/નધણુ/૦૧/૩/૨૦૬૧/૮૦૫૭/ધ-૧૨૪૧૩/૯૪.—આથી જાહેર કરે છે કે ધી પાવનધારા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., હિંમતનગર, મર્યાદિત સ્થળ હિંમતનગર, તાલુકો હિંમતનગર, જિલ્લો : સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

એસ. એસ. ત્રિવેદી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

———

વાંચ્યો :—સહકારી અધિકારી ફડચા-૨, સુરતના જા. નં. : ફડચા/૦૧ / ૨૫/૯૪, તારીખ ૮મી જુન, ૧૯૯૪.

હુકમ

જા.નં. ફડચા/ઉખસ/૧૩૯૬/ખ/૧૧૨૪ સને ૧૯૯૪.—ધી ગાયત્રી ઉમા એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ સર્વીસ સોસાયટી લી. મુકામ અડાજણ પાટીયા, સુરત તાલુકો ચોર્યાસી, જિલ્લો : સુરતના નોંધણી ક્રમાંક : સે/૨૩૧૪, તારીખ ૨જી એપ્રિલ, ૧૯૮૮ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના

INDEX

આદેશ ક્રમાંક : નં. ફડચ/૧૩૯૬/ખ/૧૯૧૨, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૩ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાવનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧-ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાનો કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૪મી જૂન, ૧૯૯૪.

———

વાંચો :—

(૧) અત્રેની કચેરીના સદર જા. નં. : ફડચ/૧૪૪૯/ખ/૮૨૮/૯૪ તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચા/ઉખસ/૧૪૪૯/ખ / ૧૧૨૫ / ૧૯૯૪.—જેને મે કુમકોતર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ કુમકોતર, તાલુકો મહુવા, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક સે.દુ-૧૭૩૧૧, તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૭૮ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજૂ નહીં થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણૂંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૪મી જૂન ૧૯૯૪.

———

વાંચો :—

(૧) અત્રેના તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૮૭ ના આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૧૧૨૬/ખ/૨૧૦૨.
(૨) મે. સરકારશ્રીના સહકાર વિભાગનાં ઠરાવ નં. : એમકેટી/૨૧૮૭/૪૩૯૧/૨૨/ધ, તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૮૮.
(૩) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશ ક્રમાંક મકમ/૩૧૫૨/ચ/૩૭૫૩, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૮.

આદેશ

ક્રમાંક : ફડચ/૧૧૨૬/ખ/૧૧૩૮/૯૪.—શ્રી સરદાર સહકારી પેપર મીલ લી. ગંગાધરા, તાલુકો પલસાણાને ફડચામાં લઈ જતા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ સુરતની નિમણૂંક કરવામાં આવેલ હતી. પાછળથી સરકારશ્રીના તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૮૮ ના સહકાર વિભાગના ઠરાવ નં. એમકેટી/૨૧૮૭/૪૩૯૧/ધ થી આ પેપર મીલના ફડચાની કામગીરી માટે વર્ગ-૨ ની જગ્યા ઉભી કરવામાં આવેલ હતી. અને તે અન્વયે શ્રી જે. એ. તાપીયાવાલા ફડચા અધિકારી તરીકે નિમણૂંક થતા સેવા બજાવતા હતા. ત્યારબાદ સરકારશ્રી તરફથી ઉભી કરેલ જગ્યાને મુદત લંબાવી ન આપતા અને આ જગ્યા બંધ થતા ઉપરોકત સહકારી પેપર મીલના ફડચા અધિકારીના નિમણૂંકનો પ્રશ્ન બાકીમાં હતો. અને અત્રેની કચેરીના મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર ચાર્જ સંભાળતા હતા.

ઉપરોકત કામે ઉભી કરેલ જગ્યા બંધ થતા શ્રી સરદાર સહકારી પેપર મીલના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણૂંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૭મી જૂન, ૧૯૯૪.

———

વાંચો :

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ/૧૪૫૧/ખ/૧૦૧૮/૯૪ તારીખ ૧૨મી મે ૧૯૯૪ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચા/ઉખસ/૧૪૫૧/એ/૧૧૧૦/૧૯૯૪.—જે ને મે મહુવા તાલુકા ખેડૂત સહકારી સંઘ લી. મુકામ અનાવલ, તાલુકો મહુવા, જિલ્લા સુરત નોંધણી ક્રમાંક ૧૬૬૭૨/તારીખ ૧૦મી માર્ચ ૧૯૫૦ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૧૨મી મે ૧૯૯૪ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજૂ નહીં થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૨ સુરતની નિમણૂંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૮મી જૂન ૧૯૯૪.

———

વાંચ્યું :

(૧) અત્રેની કચેરીના વચગાળાના આદેશ નંબર ફડચ/૧૪૪૪/ ૫/૬૮૭/તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૪.

અંતિમ આદેશ

પત્ર ક્રમાંક ફડચ/ઉખસ/ખ/૧૧૫૧/૯૪.—જેને મે માલેવ સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. મુકામ ડુમસ, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક એફ ૭૬૦, તા. ૧૯૬૦ થી નોંધવામાં આવી હતી. જેને આ કચેરીના તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ ના ઉપરોકત આદેશ મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ કરેલ હતો. જેના નીચેના કારણો દર્શાવેલ હતા.

INDEX

(૧) મંડળીએ જમીનમાં શું શું ઉત્પાદન મેળવેલ છે તેની વિગતો જણાવી નથી. આવક જાવકના હિસાબો પણ રજુ કરેલ નથી. ખરેખર ઉત્પાદન મેળવેલ હોય તો પાકની ઉત્પાદન દર્શાવવી જોઈતી હતી જે પણ દર્શાવેલ નથી.

(૨) મંડળીની જે ઉપજ બતાવી છે તે ઘાસ વિગેરેની છે. આથી ધન્યની ઉપર થતી નથી.

(૩) મંડળીના જણાવ્યા પ્રમાણે જમીન ખેતી લાયક બનાવી છે. પરંતુ તેના સમર્થનમાં કોઈ આંકડા રજુ કરેલ નથી. અને તેથી ખરેખર ઉત્પાદન મેળવેલ નથી.

મંડળી ૧૯૬૦માં નોંધાયેલ છે ૩૪ વર્ષ જેવો સમય પસાર કરેલ છે તેમ છતાં જમીન ખેતી લાયક બનાવી શકેલ નથી. મંડળીએ પાંચ વર્ષમાં ઉત્પન્ન મેળવશે તે રજુઆત બાબતે વાસ્તવિકતા દર્શાવી નથી. આથી મંડળીનું કારણ માનવાને કારણ નથી વળી મંડળીની જમીન સરકાર હસ્તક છે. કલેકટરશ્રીએ જમીનને રાજયસાત કર્યાનો હુકમ કરેલ છે અને જમીન સરકાર હસ્તક છે.

(૪) આટલા વર્ષ સુધી મંડળીએ જણાવ્યા પ્રમાણે પ્રયત્નો થવા છતાં જમીન નવસાધ્ય થઈ શકતી ન હોઈ ત્યારે મંડળી કાળજી રાખશે તે અંગેની ખોત્રીનો અર્થ જણાતો નથી.

(૫) મંડળીએ તેમનો ઉદ્દેશ પાર પાડેલ નથી આર્થિક સધ્ધરતા-વાળા સભાસદો મહેનત કરવા જવાના નથી.

(૬) જમીન ખેતી લાયક બનાવી છે પરંતુ ઉત્પન્ન મેળવેલ નથી.

ઉપરની વિગતો જોતા ૩૪ વર્ષના પ્રયત્ન છતાં મંડળી ભરતીનું પાણી અટકાવી શકેલ નથી. હવે પછીના ટુંકા સમયમાં પરિણામ આવશે, ઉત્પન્ન થઈ શકશે કે પાણી અટકાવી શકશે તેમ માની શકાય તેમ નથી તેના સંદર્ભે મંડળીની રચનાનો હેતુ પાર ન હોય બીન અર્થક્ષમ મંડળીને ચાલુ રાખવાનો કોઈપણ હેતુ પાર પાડી શકાય તેમ નથી અને તે કારણે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. આ સામે મંડળીએ રજુઆત કરવી હોય તો તે રજુઆત કરવા તથા વાંધો હોય તો તે રજુ કરવા પણ આદેશ આપેલ હતો.

ઉપરોકત વચગાળાના આદેશ સામે મંડળી તરફથી મંડળીના મંત્રીશ્રીએ જણાવેલ કે પ્રમુખશ્રી સારવાર માટે બહારગામ હોઈ દિન-૧૫ની મુદત માંગેલ હતી આ હુકમ તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪નો હતો તે દરમ્યાન રજુઆત કરી શકાય હોત, પરંતુ છેક તારીખ ૩જી મે ૧૯૯૪ ના પત્રથી એટલે કે મુદત પુરી થયાના તારીખે વધુ મુદતની માંગણી કરેલ છે. તેમ છતાં અત્રેના તારીખ ૯મી મે ૧૯૯૪ના પત્રથી દિન-૧૫ની મુદત આપવામાં આવેલ હતી.

ઉપરોકત બાબતે મંડળીના મંત્રીશ્રીએ તારીખ વગરના પત્રથી રજુઆત કરેલ જે આ કચેરીમાં તારીખ ૨જી જુન ૧૯૯૪-ના રોજ મળેલ છે.

ઉપરોકત પત્રના સંદર્ભમાં સંબંધિત મંડળીને તારીખ ૨૭મી જુન ૧૯૯૪ ના રોજ આ કચેરીમાં ૧૨-૦૦ કલાકે હાજર રહી તે રજુઆત કરવા અત્રેના તારીખ ૧૩મી જુન ૧૯૯૪ ના પત્રથી જણાવેલ હતું આજ પત્રમાં એવું પણ જણાવેલ કે આ છેવટની તક હોઈ અચુક હાજર રહેવું આમ કારણદર્શક નોટીસમાં ૧ મહિનાની મુદત દર્શાવી હોવા છતાં તારીખ ૨૭મી જુન ૧૯૯૪ એટલે ૨ માસ સુધી મુદત આપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળીના સંચાલકો હાજર ન રહેતા અને હવે જવાબ રજુ કર્યા પછી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવાનું જણાવ્યા છતાં હાજર ન રહેલા વધુ મુદતમાં રજુઆતનો કોઈ હેતુ રહેતો નથી. અને આ કામે પુરતો સમય અને પુરતી તક મંડળીના હોદ્દારોને આપેલ છે. મંડળીએ તેમના તારીખ વગર ના પત્ર જે તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૪ ના રોજ મળેલ તેમાં લેખિત રજુઆત કરેલ છે કે,

(૧) વચગાળાનો આદેશ ખરો નથી. અને કબુલ નથી.

(૨) આદેશ કાયદેસરનો નથી. તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૪ના રોજ લેખિત જવાબ કરેલ જે ધ્યાનમાં લીધેલ નથી. તથા સ્થળ તપાસ કરેલ નથી.

(૩) ઓડીટરશ્રીએ મંડળીને ફડચામાં ફઈ જવા માટે કોઈ રિપોર્ટ કરેલ નથી. તેમજ જિલ્લા રજિસ્ટ્રાર તરફથી બંધારણ કાર્યવિધિ અને નાણાંકીય પરિસ્થિતિ બાબતે તપાસ કરવામાં આવેલ નથી મંડળીએ તપાસની કોઈ અરજી આપી નથી મંડળીના ૧/૩ સભ્યો કે મેજોરીટી સભ્યોએ કોઈ અરજી આપેલ નથી તેમજ આ કચેરીને કલમ-૮૬ મુજબ કોઈ તપાસ કરવાનો કોઈ હક્ક કે હકુમત નથી.

(૪) સરકારશ્રી તરફથી ખારની જમીન ખેતી લાયક બનાવવા માટે મંડળીને સુપ્રત કરવામાં આવેલ હતી. મંડળીએ જમીન ડેવલપ કરવા ભગીરથ કાર્ય કર્યા છે. ૪૦ એકર જમીનમાં વર્ગીકરણ કરેલ છે. અને બાકીની જમીનમાં ખેતી કરી ઉત્પન્ન મેળવવામાં આવે છે. મંડળીએ ખાર જમીન વિકાસ મંડળ તાંત્રિક માર્ગદર્શન હેઠળ જમીન ખેતી લાયક બનાવેલ છે. તથા ખેતી અંગેનું કાર્ય ચાલુ જ છે. ગામના કેટલાંક વિઘ્ન સંતોષીઓની અરજી ઉપરથી કલેકટરશ્રી સુરતના તારીખ ૨૧મી ડીસેમ્બર ૧૯૯૧ ના હુકમથી તાત્કાલીક અસરથી જમીન સરકાર હસ્તક દાખલ કરવા હુકમ કરેલ છે. તે સામે મંડળીને સરકારશ્રીમાં રીવીઝન અરજી કરેલ અને સચિવશ્રીના તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૪ના રોજ ચુકાદાના લાભમાં હુકમ કરેલ છે.

(૫) વચગાળાના આદેશ આપતા પહેલા સુનાવણીની અને દસ્તાવેજ રજુ કરવાની યોગ્ય તક હકીકતે આપવામાં આવી નથી.

(૬) સરકારશ્રીએ ફાળવેલ જમીનમાં અમે કોઈ ગેરરીતી કરીએ તો ખારલેન્ડ કાયદા મુજબ કાર્યવાહી કરવા જુદી ઓથોરીટી છે. અમોએ સહકારી કાયદાની જોગવાઈનો ભંગ કરેલ નથી. અને તેનો કોઈ ઉલ્લેખ વચગાળાના આદેશમાં પણ નથી અને તેનો કોઈ ઉલ્લેખ વચગાળાના આદેશમાં પણ નથી આથી અત્રેની કલમ-૧૦૩ હેઠળ કરેલ વચગાળાનો આદેશ પાછો ખેંચવો.

(૭) મંડળી ઘણાં વર્ષથી બ વર્ગમાં છે. મંડળી જે ઉત્પન્ન કરે છે, તે અંગેના વધુ પુરાવો સુનાવણી વખતે રજુ કરીશું દરેક સભ્યોને ૩ એકર જમીન ફાળવેલ છે અને તેથી દરેક સભ્યો જરૂરી પુરકાર છે.

(૮) સવાલવાળી જમીનમાં બાવળ, નાળિયેરી સુર્યમુખી, ડાંગર વિગેરેનું ઉત્પાદન કરીએ છીએ.

સુનાવણીની તારીખે કોઈ હાજર રહેલ નથી. અત્રેની તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ ના રોજ જે વચગાળાનો આદેશ કરેલ છે તેમાં મંડળીને કયા સંજોગોમાં ફડચામાં લઈ જવામાં આવી તે અંગેના સ્પષ્ટ કારણો જણાવેલ છે. વળી મંડળીએ આ કચેરીમાં મળેલ તારીખ ૨જી જુન ૧૯૯૪ ના રોજના પત્રના જવાબમાં સહી મંત્રીશ્રીએ કરેલ છે. જયારે મંત્રીશ્રીની સહી અરજીના જવાબમાં નથી. મંડળીના જવાબદાર અને મુખ્ય વ્યકિત તરીકે પ્રમુખશ્રીએ સહી

INDEX

કરવી જોઈએ તે કરેલ નથી. અને કરવાની દરકાર રાખવી જોઈએ રાખેલ નથી વળી મુદત માંગવા માટે મંડળીએ જે કાગળ લખેલ તેના ઉપર પ્રમુખશ્રીએ સહી કરેલ નથી પણ મંત્રીએ સહી કરી જણાવેલ છે કે પ્રમુખશ્રી બહારગામ છે જે દર્શાવે છે કે મંડળીના પ્રમુખશ્રી આ કામમા કોઇ રસ નથી. અત્રેનો મુદ્દો એવો છેકે મંડળીને જે હેતુસર નોંધાયેલ હોઈ તે હેતુ મંડળીએ પાર પાડવા જોઈએ અને તે રીતે હેતુ પાર પાડેલ નહી અને મંડળી કોઇ કામકાજ કરે નહી ત્યારે મંડળીને આટોપી લેવાની કાર્યવાહી કરવાની થાય છે. આ મંડળી સામુદાયિક ખેતી મંડળી તરીકે નોંધાયેલ છે. અને સભ્યોની રોજીરોટી મળી રહે તે માટે સહકારી ધારી જમીન આપવામાં આવેલ છે. જેમાં જમીનને ખેતી લાયક બનાવી સભ્યોએ જાત મહેનત કરી પોતે ઉત્પન્ન મેળવી તેમાંથી ફાળે પડતો હિસ્સો મેળવવાનો હોય છે. મંડળીએ એવું જણાવેલ છે કે જમીન સભ્યોને ફાળવી દીધિલ છે આજ કાર્ય મંડળીના પેટા નિયમ વિરૂધ્ધનું છે. અને જે ઉદ્દેશ પ્રમાણે કામ કરવાનું છે તે પ્રમાણે કરતી નથી. મંડળી આવક જાવકના કોઇ હિસાબો રજુ કરેલ નથી. જમીનમાં વનીકરણ કરવાની બાબત છે તે બતાવે છે કે મંડળીને કે સભ્યોને ખેતી કરવામાં રસ નથી. મંડળી જો ખરેખર ખેતી કરતી હોઈ કેટલા એકરમાં કેટલો પાક વાવેતર કર્યુ, અને કેટલું ખેત ઉત્પન્ન મેળવ્યું તે ખેતી કાર્યના સંદર્ભમાં રજુ કરવું જોઈતું હતું. પરંતુ તે માહિતી મંડળી રજુ કરેલ શકેલ નથી. ફડચાના વચગાળાના આદેશ અગાઉ જ્યારે કારણદર્શક નોટીસ આપેલ હતી, ત્યારે પણ આંકડા વિષયક માહીતી કે સરવૈયું રજુ કરેલ નથી. વચગાળાના આદેશનો મુદ્દા નંબર ૧માં પણ આ બાબતનો ઉલ્લેખ કરેલ છે. તેમ છતાં મંડળી ઉત્પાદનની કોઈ જ માહિતી આપી શકી નથી. તે જોતાં મંડળીમાં ખેત ઉત્પાદન થાય છે એમ માનવાનું કોઈ કારણ નથી અને માની શકાય તેમ પણ નથી. મંડળીની નોંધણી થયાને ૩૩ વર્ષ પુરા થયા છતાં જમીન ખેતી લાયક બનાવી શકી નથી.મંડળીની રજુઆત નથી પણ મંડળીના મંત્રીશ્રીની રજુઆત છે કે ભરતીના પાણી ફરી વળતા જમીન નવરાશ થતી નથી જો આટ આટલા વર્ષો પર્યંત મંડળીના કહેવા પ્રમાણે મારફેન્ટ બોર્ડ સાથે રહી અને પ્રતિકર્ષ ખાર્ડ કરવા છતાં જો પાણી રોકી શકાયા ન હોય તોજ પુરવાર કરે છે કે આ જમીન નવરાશ જ થવાને કોઈ કારણ નથી. અને ૩૪ વર્ષ બાદ પણ પણ નવરાશ થશે તેવી હકીકત સ્વીકારવાને પાત્ર નથી અને જે મંડળી ૩૪ વર્ષ થવા છતાં કહેવા પ્રમાણે પ્રયત્ન કરવા છતાં જે જમીન ખેતી લાયક બનાવી શકેલ નથી તે ખેતી લાયક બનવાની કોઈ શક્યતા નથી. આમ મંડળીને જે હેતુસર જમીન ફાળવવામાં આવેલ છે તે હેતુ ૩૪ વર્ષના લાંબા ગાળાબાદ પણ બર આવી શકેલ નથી અને મંડળી ખેતી કરી શકેલ નથી. અને મંડળી ખેતી કરી શકેલ નથી વળી મંડળી રચવાનો હેતુ પાર પાડી ન શકતા કલેકટરશ્રીના તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૧ના હુકમ નંબર જમન/માલવ/મંડળી/વશી/૫૫૦૨ થી આ સરકારી જમીનને રદ્દબાતલ કરેલ છે. આથી આજની તારીખે મંડળી પાસે કોઈ જમીનનું અસ્તિત્વ નથી. મંડળીનો એવી રજુઆત છે કે કલેકટરશ્રીના હુકમ સામે મંડળીએ અપીલ કરેલ છે કે અને સદર અપીલમાં માન સચિવશ્રી એ અરજદારના લાભમાં હુકમ કરેલ છે. આ હુકમની જાણ આ કચેરીને નથી. પણ સંબંધિત મંડળીએ તેમની રજુઆત સાથે આ હુકમની ઝેરોક્ષ નકલ બીડેલ છે. સદરહુ હુકમ જોતા જણાયા છે કે છે મંડળીની રીવીઝન અરજી અંશત: મંજુર કરવામાં આવી છે. અને કલેકટરશ્રીનો તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૧ને હુકમ રદ કરવામાં આવેલ છે એવું જણાવી પક્ષકારોને સાંભળવાની રજુઆત કરવાની તક આપી જમીનને એવી લાયક બનાવવા માટે મંડળી તરફથી થયેલ કાર્યવાહીની વિગતો મેળવી તપાસી નવેસરથી નિર્ણય લેવા આ કેસ કલેકટરશ્રી સુરતને પરત કરેલ હતો.

આ પરત્વે અપીલ બાદ કલેકટરશ્રીએ શું હુકમ કરેલ છે કે તે રજુ કરેલ નથી તેમજ મંડળી પક્ષે પણ જે જમીન રાજયસાત છે એ પરત મેળવી અને રીવીઝન અરજીની વિગતો ખેતી લાયક બનાવવા થયેલી કાર્યવાહી બાબતે રજુઆત કર્યાનું અને માહિતી પૂરી પાડયાનું કોઈ બાબત મંડળી તરફથી રજુ કરેલ નથી જ્યારે મંડળીની જમીન જતી રહેલ હોઈ ત્યારે તે પરત મેળવવા અને રીમાન્ડી થયેલ કેસના નિર્ણય લાવવા મંડળી તદ્દન નિષ્ફળ રહેલ છે.

મંડળીએ તેમના પત્રમાં એવું જણાવેલ છે કે આ કચેરીને ૮૬ મુજબ તપાસ કરવાનો કોઈ હક નથી. કાયદાની કલમ-૮૬ નો જોગવાઇ છે તે સ્પષ્ટ છે અને મંડળીને ના પાડવાનો કે આ કચેરીને ઇન્કાર કરવાનો કોઈ અધિકાર નથી વળી આ બાબત સાથે કલમ-૮૬ની જોગવાઈને કોઈ જ સંબંધ નથી, કે તેવી બાબત અત્રેના હુકમમાં પણ લેવામાં આવેલ નથી.

અત્રેની (૧) એક માસની મુદત આપવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી જવાબ ટાળવા માટે અને આ કાર્યવાહીને વિલંબમાં નાખવા માટે મંડળીઓના મંત્રીએ મુદત માગેલ હતી ખરેખર આ મુદત પ્રમુખશ્રીની સહીથી થવી જોઈતી હતી. વળી મંડળીની રજુઆત જે અત્રે તારીખ રજી જુન ૧૯૯૪નારોજ મળેલ છે તે રજુઆત તે અગાઉ પણ કરી ચૂકયા છે. અને એજ બાબતને રજુ કરવાની હોઈ તો હુકમની તારીખથી એક માસમાં રજુ કર શકયા હોય અને આ રજુઆતમાં મંડળીના પ્રમુખશ્રીએ સહી. કરેલ નથી. જે દર્શાવે છે કે અને પૂરવાર કરે છે કે મંડળીની કારોબારી કે મંડળીના પ્રમુખશ્રીને આ કામે કે મંડળીના કામે કોઈ રસ રહેલ જણાતો નથી.

ઉપરોકત બાબત જોતા મંડળી તેના ઉદ્દેશ મુજબ કામ કરતી નથી અને છે હેતુસર મંડળી રચાયેલ છે તે હેતુ ૩૪ વર્ષ બાદ પણ પાર પાડી શકે નહી. આથી આ કચેરીના તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૪ ૧૯૯૪ નો હુકમ નંબર ફડચ/૧૪૪૪/ખ/૬૮૭ થી મંડળીને ફડચામાં લઈ જવા સન ૧૯૬૫ના સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (૨) (૪) મુજબ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૯મી જૂન ૧૯૯૪.

પી. પી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G. BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

XLII] THURSDAY, MARCH 8, 2001 / PHALGUNA 17, 1922 [No. 10

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	927-994
સુરત, તા. ૨૯–૬–૯૮.

જા. નં. ૨૬૫૪ જી. ૫/સહકાર/વહટ/નોંધણી નંબર ઉ.૧૧-૬૯૪.—મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે માંડવી પ્રદેશ મહીલા સહકારી મંડળી લી. તા. માંડવી જી. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૬–૭–૯૮.

જા.નં. ૨૭૨૮–૩૪ જી. પં./સહકાર/વહટ/વશી/૯૮.—નોંધણી નંબર ભા. ૪૯૫૬.–મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે, શ્રી લક્ષ્મા ખેડા ગ્રાહક ભંડાર લી. લક્ષની ખેડા તા. નિઝર જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામા આવા છે.

સુરત, તા. ૨૭–૭–૧૯૯૮.

જા. નં. ૨૮૮૫–૯૧ જી પં./સહકાર/વહટ/વશી/૯૮. નોંધણી નંબર એ ૪૭૭૧.–મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે, સાદડી પિયત સહકારી મંડળી લી., સાદડી તા. બારડોલી જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૧–૮–૧૯૯૮.

જા. નં ૨૮૭૧-૭૭ જી. પં. સહકાર/વહટ/વશી/૯૮ નોંધણી નંબર એ.–૪૭૭૨.—મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે શ્રી પથરાડીયા પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. પથરાડીયા તા. બારડોલી જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૦–૮–૧૯૯૮.

જા. નં. ૨૮૬૪–૭૦ જી. પં. સહકાર/વહટ/વશી/૯૮ નોંધણી નંબર–એ ૪૭૭૩.-મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે કિકવાડ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી વાટેની સહકારી મંડળી લી. કીકવાડ તા. બારડોલી જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૧–૮–૧૯૯૮.

જા. નં. ૨૮૭૮–૮૪ જી. પં. / સહકાર /વહટ/વશી/૯૮–નોંધણી નં. એ–૪૭૭૪ –મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી આથી જાહેર કરે છે કે શ્રી ચીખલી ભેસકોટ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લી. ચીખલી ભેસકોટ તા. સોનગઢ જીલ્લા સુરતને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯–અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૧–૮–૯૮.

જા. નં. ૨૮૫૦-૫૬ જી. પ./સહકાર/વહટ/વશી/૯૮/નોંધણી નંબર એ/૪૭૭૫.–મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે મોટી–ખેરવાણ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લીમીટેડ મોટી-ખેરવાણ તાલુકો સોનગઢ જીલ્લા સુરતને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૧–૮–૧૯૯૮.

જા. નં. ૨૮૪૩-૪૯ જી. પં. સહકાર/વહટ /વશી ૯૮.— નોંધણી નંબર–એ-૪૭૭૬.–મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત વતી જાહેર કરે છે કે ધામડોદ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સહકારી મંડળી લીમીટેડ ધામડોદ તાલુકો પલસાણા જીલ્લા સુરતને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

સુરત, તારીખ ૧૧–૮–૧૯૯૮.

(સહી) અવાચ્ય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ
જીલ્લા પંચાયત, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA—14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXIII] THURSDAY, MARCH 15, 2001 / PHALGUNA 24, 1922 [No. 11

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	995-1063
Part-IA.	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	11
Part I-B—Government Notifications published under Land Acquisition Act only.		124-140
Part-I L-Notifications, Orders and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.		5768-6330

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ-/૩૭ (૩) મુજબ.

નંબર ઉ / ગપક / વિ. શા. / ૫૩૫/૨૦૦૧.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પો. કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ રુએ સત્તાથી ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨ જી માર્ચ, ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫ મી માર્ચ, ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી, અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર :– અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬ મી માહે ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબ.

નંબર ઉ/ગપક/૫૩૬/વિ.શા./૨૦૦૧.—અમદાવાદ શહેરની પરિસ્થિતિ લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારોમાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પાં, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૧ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્ય

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળુ કોઈપણ જાતનું ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબું છેડેથી આણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ટોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરવસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળી દેખાડવા નહીં.

(છ) લોકોએ ભુંગો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિન્હો, નિશાનીઓ, જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા ફેલાવો કરવાની, અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાની સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવા જેમની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવાં કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં,

(૩) પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાના પરવાનગી માંગેલ હોય તો તેવી વ્યકતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬ માહે ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યાં.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે.

નંબર ઉ/ગપક/૫૩૭/વિ.શા./૨૦૦૧.— તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૧ ના બકરી ઈદનો તહેવાર આવે છે. આ પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની-કતલના કારણે સુલેહ શાંતીનો ભંગ થવા સંભવ રહે છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબની પગલાં લેવા જરૂરી છે.

જેથી હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે તારીખ ૧ લી માર્ચ, ૨૦૦૧ થી તારીખ ૧૦ મી માર્ચ, ૨૦૦૧ (બન્ને દિવસો સહીત) પોલીસ કમિશનર અમદાવાદની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઈપણ

INDEX

વ્યકિત કોઈપણ પશુની જાહેર જગ્યામાં કે ખાનગી જગ્યામાં શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યા દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહીં. તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ–૪૫) ની ક. ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮ માહે ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ.

ક્રમાંક ઉ /ગપક /જાહેરનામું /૪૧૭ /૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ની મુંબઈના ૨૨માં ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવાની ધારેલા જાહેરનામાનો મુસદો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા સુચનો પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરનાઓને લેખીતમાં મોકલવામાં આવશે તો તેમના અંગેની યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા, પોલીસ કમિશનર વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ કારેલીબાગ પાણીની ટાંકી ચાર રસ્તા એટલે કે ચાર રસ્તાથી પૂર્વ તરફ જતો રોડ સંગમ ચાર રસ્તા પશ્ચિમ મુકતાનંદ તરફ જતો રોડ દક્ષિણ તરફ તુલસીવાડી તરફ જતો રોડ ઉત્તર તરફ અમીતનગર તરફ જતો રોડ આ ચાર રસ્તા પાસેથી જતા આવતા રોડનો ૧૦૦ -૧૦૦ મીટરના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે " નો પાર્કીંગ " વિસ્તાર રહેશે.

મેં, આજ તારીખ ૨જી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્ર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામું/૧૧/૨૦૦૧.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું વિનીતકુમાર ગુપ્તા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા-કલમ ૩૩ (૧) થી મળે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી માર્ચ ૨૦૦૧ કલાક 00-00 થી તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૧ કલાક ૨૪-00 વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જવાની અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ચ) વ્યકિતઓ અથવાતેના શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાનાં અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા પાડવાથી નકલ કરવાથી અથવા નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી ભાષણ આપવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હકુમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપર અધિકારીઓ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીઓ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સજા કે દંડની રકમનો મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧લી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

INDEX

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની કલમ-૩૩ (૧) બી

ક્રમાંક એસ.બી/૩/ગપક/વશી/૧૨/૨૦૦૧:—તારીખ ૯મી માર્ચ ૨૦૦૧ ના રોજ હોળી તથા તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૧ ના રોજ ધુળેટીનો તહેવાર છે. આ તહેવારના દિવસોએ લોકો એકબીજા ઉપર પાણી રંગ ગુલાલ વિગેરે ઉડાડી જાહેર જગ્યામાં એક સ્થળેથી બીજા સ્થળે દોડાદોડી કરતાં હોય છે જેના કારણે રસ્તાઓ ઉપર અડચણરૂપ અવરોધો ઉભા થઈ વાહન વ્યવહારને અડચણરૂપ તેમજ ભયજનક પરિસ્થિતિ ઉદભવવાની પુરતી સંભાવના રહેતી હોય અને તેનાથી કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતી સલામતી જોખમાય છે.

આથી હું વિનિતકુમાર ગુપ્તા (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છકે, તારીખ ૮મી માર્ચ ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી માર્ચ ૨૦૦૧ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી પોલીસ કમીશનર સુરત શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર એકબીજા ઉપર પાણી રંગ ગુલાલ તથા બીજા અન્ય પદાર્થો છાંટવા કે ઉડાડવા કે પીચકારી કરવી નહી તથા અન્ય કોઈપણ રીતે એકબીજા ઉપર કોઈ પદાર્થ નાંખવો નહી, તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં પાણી ભરીને પાણીના ફુગ્ગા મકાનો તથા એપાર્ટમેન્ટોમાંથી જાહેર રસ્તાઓ ઉપર જતા રાહદારીઓ તથા વાહન ચાલકો ઉપર ફેંકવા નહી, તેમજ સ્કુટરો તથા મોટર સાયકલો ઉપર બાલદી કે અન્ય સાધનોમાં કલરવાળું પાણી ભરીને લઈ જઈ મોટર સાયકલો ઉપર રાહદારીઓ તથા વાહન ચાલકો ઉપર ફેંકવા નહી તે માટે પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદર અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧લી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત.

BY DISTRICT MAGISTRATE

Order

Order requiring the Presence of Detenue under Section 3 (2) & 7 (1) (b) prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

No. PRV/ATK/Rg. No.-5/2000:—Whereas a detention order No. PRV/ATK/Rg No. 5/2000, Date 21st July 2000 has been made by me is respect of SHRI HOMIBHAI JAMSHETHAJI PANTHAKI Residence Room No. 8, Rajmahal Building, Churchgate, Mumbai. Where is it is reported that Shri Homibhai Jamshethaji Panthaki, is concealing himself to avoid the served of the above said detention order,

Now, therefore under the power vested in me under Section 3 (2) and 7 (1) (b) of prevention of Black Marketing and Maintenance of supplies of Essential Commodities Act, 1980, I, Sangeeta Singh, District Magistrate, Surat District, Surat hereby required the said Shri Homibhai Jamshethaji Panthaki, Resi-Room No. 8, Rajmahal Building, Churchgate, Mumbai to appear before the Commissioner of Police, Mumbai, (Maharashtra) within a week (7-days) of the publication of this order in the official Gazette.

Given under my hand and seal this 26th day of February 2001.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ.

નંબર પરવ/અટક-૨જી નંબર-૫/૨૦૦૦.—અત્રેના હુકમ નંબર: પરવ/અટક/૨જી. નંબર-૫/૨૦૦૦, તારીખ ૨૧મી જુલાઈ ૨૦૦૦ થી શ્રી હોમીભાઈ જમશેદજી પંથકી, રહેવાસી રૂમ નંબર ૮, રાજમહેલ બિલ્ડીંગ, ચર્ચ ગેટ, મુંબઈનો અટકાયત હુકમ કરવામાં આવેલ છે અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે શ્રી હોમીભાઈ જમશેદજી પંથકી, રહેવાસી રૂમ નંબર-૮, રાજમહેલ બિલ્ડીંગ, ચર્ચગેટ, મુંબઈને અટકાયત હુકમની બજવણી કરવા સતત પ્રયત્નો કરતા અત્રેના હુકમનો અમલ ન થઈ શકે તે માટે સદરહુ વ્યકિત છુપાતી ફરે છે.

જેથી હું સંગીતા સિંહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મને આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ-૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ઉપરોકત શ્રી હોમીભાઈ જમશેદજી પંથકી, રહેવાસી રૂમ નંબર ૮, રાજમહેલ બિલ્ડીંગ ચર્ચગેટ, મુંબઈએ પોલીસ કમિશનરશ્રી, મુંબઈ (મહારાષ્ટ્ર) ખાતે આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં હાજર થવું.

મારી સહી તથા સિકકો તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ કરવામાં આવેલ છે.

Order

Order requiring the Presence of Detenue under Section 3 (2) and 7 (1) (b) prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980.

INDEX

No. PRV/ATK/Rg. No. 6/2000,— Whereas a detention order No. PRV/ATK/Rg, No. 6/2000. Date 21st July, 2000 has been made by me is respect of SHRI DINESHBHAI AMRITLAL SHAH, Resi 62/A, Mittal Bhavan 4th Floor, Pader Road, Mumbai-36. Where is it is reported that Shri Dineshbhai Amritlal Shah, is concealing himself to avoid the served of the above said detention order.

Now therefore under the power vested in me under Section 3 (2) and 7 (*1*) (*b*) of prevention of Black Marketing and Maintenance of Supplies of Essential Commodities Act, 1980 I, Sangeeta Singh District Magistrate, Surat District, Surat hereby required the said Shri Dineshbhai Amritlal Shah Resi-62/A, Mittal Bhavan, 4th Floor, Pader Road, Mumbai-36 to appear before the Commissioner of Police, Mumbai (Maharashtra) within a week (7-days) of the publication of this order in the Official Gazette.

Given under my hand and Seal this 26th day of February 2001.

SANGEETA SINGH,
District Magistrate,
Surat.

હુકમ

આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૩ (૨) અને ૭ (૧) (બી) હેઠળ અટકાયતીને હાજર થવાનો હુકમ.

નંબર પરવ/અટક/૨જી. નંબર-૬/૨૦૦૦. -અત્રેના હુકમ નંબર પરવ/અટક/૨જી. નંબર-૬/૨૦૦૦ તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૦ થી શ્રી દિનેશભાઈ અમૃતલાલ શાહ રહેવાસી ૬૨/એ મીત્તલ ભવન ૪થો માળ પેડર રોડ, મુંબઈ-૩૬ નો અટકાયત હુકમ કરવામાં આવેલ છે અને ઉપરોકત હુકમના અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે, શ્રી દિનેશભાઈ અમૃતલાલ શાહ રહેવાસી ૬૨/એ મીત્તલ ભવન, ૪થો માળ પેડર રોડ, મુંબઈ—૩૬ ને અટકાયત હુકમની બજવણી કરવા સતત પ્રયત્નો કરતા અત્રેના હુકમનો અમલ ન થઈ શકે તે માટે સદરહુ વ્યકિત છુંપાતી ફરે છે.

જેથી હું સંગીતા સિંહ, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મને આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ ની કલમ-૩ (૨) અને (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, ઉપરોકત શ્રી દિનેશભાઈ અમૃતલાલ શાહ, રહેવાસી ૬૨/એ, મીત્તલ ભવન, ૪થો માળ પેડર રોડ, મુંબઈ-૩૬ એ પોલીસ કમિશનરશ્રી, મુંબઈ (મહારાષ્ટ્ર) રૂબરૂ આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં હાજર થવું.

મારી સહી તથા સિકકો તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ કરવામાં આવેલ છે.

સંગીતા સિંહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

વંચાણમાં લીધા :

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ મુજબનું.

ક્રમાંક પી.ઓએલ/વશી/૧૧૭૪.—ભરૂચ રેલ્વે સ્ટેશન સામે આવેલ સર્કલમાં કોઈપણ પ્રતીમાં મૂકવાના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે તેવી શકયતા છે. સબબ સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડા અટકાવી શકાય તે હેતુસર બન્ને પક્ષો વચ્ચે સુમેળ ભર્યા ઉકેલ ન આવે ત્યાં સુધી સદર સર્કલમાં કોઈપણ પ્રતીમા મૂકવા તેમજ સદર સર્કલની ઉપર કે તે સર્કલની અંદર કોઈપણ વ્યકિત કે વ્યકિતઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે

વાસ્તે હું, અંજુ શર્મા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ભરૂચ રેલ્વે સ્ટેશન સામેના સર્કલમાં કોઈપણ પ્રતિમાં મૂકવા તેમજ સદર સર્કલની ઉપર કે તે સર્કલનો અંદર કોઈપણ વ્યકિત કે વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ :—

(૧) ફરજ પરના પોલીસ, સરકારી અધિકારી, કર્મચારીઓને.
(૨) ટ્રાફીક સર્કલની જાળવણી સાથે સંકળાયેલ કોઈપણ વ્યકિતઓને.

આ જાહેરનામું તારીખ ૧લી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૩૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા કરવા બદલ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવાને પાત્ર રહેશે.

આજ રોજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નંબર ડી.સી./પી.ઓ.એલ./એમ.એ.જી./એસ.આર. ૧૦/૨૦૦૧.— આગામી હોળી અને ધૂળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાએ જતાં આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા-આવતાં મુસાફરો ઉપર કાદવ અને રંગ મિશ્રીત પાણી તથા તેની ઈત્યાદી વસ્તુઓ ફેંકવાની શકયતા છે. આવા કૃત્યોથી લોકોને અડચણ ત્રાસ અથવા ઈજા થવાનો સંભવ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની સંભાવના છે. તેમ થતું તાત્કાલીક અટકાવવું ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે. અને તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતાં કારણો છે.

INDEX

વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે,

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૨૦૦૧થી તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૧ સુધી કોઈપણ વ્યકિતએ જાહેર જગ્યાએ જતા-આવતાં રાહદારીઓ ઉપર મકાનો કે મિલ્કતો ઉપર વાહનોમાં જતા-આવતાં મુસાફરો ઉપર કાદવ, કિચડ, રંગ અથવા રંગમિશ્રિત કરેલ પાણી, તેલ તથા આવી કોઈ વસ્તુઓ નાંખવા કે નંખાવવી નહી. અથવા હોળી-ધૂળેટીનાં પૈસા ઉઘરાવવા નહી અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતાં-આવતા રાહદારીઓને અથવા વાહનોને રોકવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ના અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, -૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ની) કલમ-૩૭(૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૧૨/૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧લી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૧ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર શોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડે થી અણીવાળુ પાનુ હોય તેવુ ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણુ ધરાવતુ અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવુ છું. તેમજ લાકડી લાઠી, અથવા શારીરીક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાના તૈયારી કરવાની.

(૪) સળભગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયે, પ્રમાણે સુરૂચિ અથવા પદ્ધતિઓનો ભંગ થતો હોય જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર. અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમતને વિસ્તાર સીવાય)

આપવાદ. આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જે તે ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથીયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલા હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ -૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં -૨૨ ની કલમ-૭ (૩) મુજબ.

નંબર ડી. સી./પીઓએલ/એમએજી/એસ.આર/૧૧/૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨માંની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી માર્ચ ૨૦૦૧ ના કલાક ૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિત : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર. વિસ્તાર : (પોલીસ કમીશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સીવાયનો વિસ્તાર).

INDEX

ખુલસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ મારી સહી અને સીક્કો કર્યો.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.૪/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે. દલાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૧ના રોજ બકરી ઈદ તથા તારીખ ૯મી ૧૦મી માર્ચ ૨૦૦૧ ના રોજ હોળી-ધુળેટી નાં તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થતિ જાળવવા સારૂં જરૂરી જણાતા ફરમાવું છું કે, તારીખ ૩જી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૧ સુધી (બંને દિવસો શુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનો એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની;

(ચ) વ્યકિતએ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાની ઈરાદા થી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

INDEX

(ઝ) જનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવો ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીઓ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને. ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨મા કાયદા ની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ માં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૧નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. 11 *Gujarat Government Gazette*, Part-I, dated 15th March, 2001 and for pages VAD-392 to VAD-452 (in 1 set) *read* page No. 1003 to 1063

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૧ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૧૧ માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી-૩૯૨ થી વીએડી-૪૫૨ (૧-બંચમાં) ને પાન નંબર ૧૦૦૩ થી ૧૦૬૩ વાંચવા.

Vadodara, 15th March, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા

વંચાણે લીધાં :

(૧) આ કચેરીનો તા. ૨૮મી જુન ૧૯૯૬નો હુકમ ક્રમાંક. ધ-૧૩૧૪૭/ક/૫૪૧

(૨) આ કચેરીનો તા. ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૭નો મુસદ્દા હુકમ ક્રમાંક-ફડચ/ધ-૧૩૧૪૭/ક-૭/૧૦૬૧

(૩) ગુજરાત સહકારી મંડળીઓનાં સને ૧૯૬૧નાં અધિનિયમ ની કલમ-૧૯.

જા. નં. નધણ-ધ-૧૩૧૪૭/ક-૭/૧૧૭૬/૯૭.—શ્રી માધવનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. નવસારી તા. નવસારી જિલ્લો વલસાડ સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ધ-૧૩૧૪૭ તારીખ ૨૬મી ડિસેમ્બર ૧૯૮૮થી નોંધવામાં આવી હતી. જેને આ કચેરીનાં આમુખ-૧ વાળા તારીખ ૨૮મી જુન ૧૯૯૬નાં હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી અને ફડચા અધિકારી એ ચાર્જ સંભાળેલ ત્યારબાદ મંડળીનાં સભાસદો તરફથી મંડળીને પુન: જીવીત કરવા ફડચા અધિકારી ને રજુઆત કરતાં સભાસદોની માંગણી ધ્યાને લઈ ફડચા અધિકારીએ મંડળીને પુન: જીવીત કરવા તારીખ ૨૦મી જુન ૧૯૯૭નાં રોજ ખાસ સાધારણ સભા બોલાવતાં તે સભાએ ઠરાવ નં. -૨થી સર્વાનુમતે મંડળીને પુન: જીવિત કરવાનું ઠરાવેલ અને તે અનુસાર મંડળીને પુન: જીવિત કરવાની નિયત દરખાસ્ત ફડચા અધિકારીશ્રીએ તેઓની સત્તા અનુસાર તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૭ થી આ કચેરીને કરેલ હતી.

ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત ધ્યાને લઈ આ કચેરી આમુખ-૨નાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૭નાં હુકમ થી પુન: જીવિત અંગેનો મુસદ્દો બહાર પાડી પુન: જીવિત અંગે જે કાંઈ વાંધા કે કે સૂચનો હોઈ તો તે આ કચેરી ને મોકલવાનું જણાવેલ હતું.

સદર મંડળીના તેઓનાં તારીખ ૨જી ઓકટોબર ૧૯૯૭ નાં પત્ર થી સાધારણ સભા તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૭ ઠરાવ નં. ૪ થી કોઈપણ સભાસદનો વિરોધ નથી આમ મંડળીના માજી પ્રમુખશ્રી સહિતનાં સભાસદો તરફથી અત્રેની કચેરીએ પુન: જીવિત કરવા ભલામણ કરેલ હોય તે ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક -ધ-૧૩૧૪૭ તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૮૮ થી નોંધાયેલ અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડનાં હુકમ ક્રમાંક ધ-૧૩૧૪૭/ક/૫૪૧ તારીખ૨૮મી જુન ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી માધવનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. નવસારી તા. નવસારી, જિ. વલસાડને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૯ હેઠળ નીચેની જોગવાઈઓને આધિન પુન: રચના (પુન. જીવિત) કરવામાં આવે છે.

૧. મંડળીનાં લેણદારોની લેણી રકમ ઘટાડવામાં આવશે નહિ. પરંતુ સભ્યો પાસે જવાબદારી નક્કી કરી લેણદારોને પરત કરવામાં આવશે.

૨. સભાનું શેરભંડોળ કોઈ પણ રીતે ઘટાડવામા આવશે નહિ પરંતુ યથાવત રાખવામા આવશે.

૩. નવી ચૂંટાયેલ વ્યવસ્થાપક કમિટિ પોતાની સત્તા અને ફરજો મુજબ કામગીરી કરશે અને લેણદારો પાસે વસુલ કરવાની રકમ વસુલ કરી લેણદારો ને ચૂકવશે.

૪. મંડળીનું સરવૈયું (દેવાં-પુંજી)માં છેવટની જ સ્થિતિ છે. તે યથાવત રહેશે અને તેમાં કોઈ ફેરફાર કે ફરી થી મુલ્યાંકન કરવાનો પ્રશ્ન રહેશે નહિ.

૫. મંડળી ફડચામાં જતા પહેલાં જે પેટા નિયમો હતા તેમાં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી.

૬. મંડળી ફડચામાં જતાં પહેલાં કે ફડચામાં જતાં ફડચા અધિકારીએ કે અન્ય અધિકારીએ કે કોર્ટે મંડળીની તરફેણમાં કે વિરુધ્ધમાં જે કોઈ હુકમો હુકમનામાઓ-એવોર્ડો કરેલ હશે તે મંડળીને બંધનકર્તા રહેશે અને તેવા હુકમો-હુકમનામાઓ એવોર્ડોનાં મંડળી યોગ્ય રીતે અમલ કરશે. કરાવશે.

૭. મંડળી ફડચામાં જતાં પહેલા મંડળીનાં જે સભાસદો સભ્ય તરીકે ચાલુ હતા તે તમામ ચાલુ રહેશે.

વલસાડ, તારીખ ૧૦મી નવેમ્બર ૧૯૯૭.

વંચાણે લીધા .

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૭નો આદેશ ક્રમાંક ફડચ/ભ-૯૮૧/ક-૭/૧૦૯૧/૯૭

શ્રી વલસાડ મહિલા ગ્રાહક સહકારી મંડળી લી. વલસાડ, તા. વલસાડ જિલ્લે વલસાડને આમુખ-૧ વાળા આ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા ખંડ (ક)(ગ)(૧)(૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો નો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીએ કોઈ રજુઆત કરેલ નથી.

ક્રમાંક ફડચ/ભ-૯૮૧/ક-૭/૧૨૦૫/૯૭.—શ્રી વલસાડ મહિલા ગ્રાહક સહકારી મંડળી લી. વલસાડ તા. વલસાડ જિલ્લે વલસાડ જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ભ-૯૮૧ તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૭૬થી થયેલ છે. તેને અત્રેની કચેરીનાં આમુખ -૧ના તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૭ ના હુકમ ક્રમાંક ફડચ-ભ-૯૮૧/ક-૭/૧૦૯૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મંડળીઓ વલસાડએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૭

વાંચ્યો : -

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા.-૨) લગત જિ. રજી. સ.નં. મં. વલસાડ અને ફડચા અધિકારી શ્રી કાવડેજ વિ.આ. જુ. (બાઈલર) મરચાં ઉછેર સહકારી મંડળી લિ. ફડચામાં નો તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૭નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૮મી જુન ૧૯૯૬ નાં હુકમ ક્રમાંક ફડચ/સે. ૨૪૬૬૪/ /ક/૫૧૯/૯૬ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ. મં. નો તારીખ શરૂઆત થી તા. ૧૭મી ઓકટોબર ૧૯૯૭ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

INDEX

આદેશ

ક્રમાંક ફડચ-સે-૨૪૬૬૪-ક-૧૨૧૧-૯૭.—શ્રી કાવડેજ વિભાગ અંદિમજુથ (બોઈલર) મરઘાં ઉછેર સહકારી મંડળી લિ. મુ. કાવડેજ તા. વાંસદા, જિ. વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે. ૨૪૬૬૪ તા. ૧૨મી નવેમ્બર ૧૯૯૦થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રી એ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૨૧મી નવેમ્બર ૧૯૯૭.

વાંચો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા—૧) લગત જિલ્લા રજિ. સ. મં. અને ફડચાધિકારી શ્રી બારતાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ફડચામાંનો તારીખ ૨૭ મી નવેમ્બર, ૧૯૯૭ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૨૭ ફેબ્રુઆરી, ૧૯૯૦ ના હુકમ ક્રમાંક ફડચ/સે.દુ.—૧૩૯૬૭—ક—૧૮૪. થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ. મં. નો તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૦ થી તારીખ ૧૭ મી નવેમ્બર, ૧૯૯૭ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/સે.દુ./૧૩૯૬૭/ક-૭/૧૨૨૭.—શ્રી બારતાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ બારતાડ, તાલુકા વાંસદા, જિલ્લો વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે. દુ.—૧૩૯૬૭, તારીખ ૧૦ મી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪-(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૭.

વાંચો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા-૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, વલસાડ અને ફડચાધિકારી શ્રી ઉંડાચ લુહાર ફળિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ફડચામાંનો તારીખ ૨૭ મી નવેમ્બર, ૧૯૯૭ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૪ નાં હુકમ ક્રમાંક ફડચ/ઉખસ/સે. દુ./૨૪૧૮૩/ક-૭/૨૩૧૩/૯૪ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર, સહકારી મંડળી નો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪ થી તારીખ ૧૭ મી નવેમ્બર, ૧૯૯૭ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/સે.દુ./૨૪૧૮૨/ક-૭/૧૨૩૪.— શ્રી ઉંડાચ-લુહાર ફળિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ઉંડાચ, તાલુકા ગણદેવી, જિલ્લો વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે. દુ./૨૪૧૮૨, તારીખ ૧૩ મી માર્ચ, ૧૯૯૯ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ-કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ/૧૨૪૧/ધ/૧૮૨૪૫.— આથી જાહેર કરે છે કે ઘરોંદા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વલસાડ, તાલુકો વલસાડ, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ/૧૨૯૩/સેદુ/૨૯૬૧૯/૯૭.— આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત બાવીફળિયા (ગણદેવા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ગણદેવા, તાલુકો ગણદેવી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ/૧૩૦૦/સેદુ/૨૯૬૨૦/૯૭.— આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ઉતારાફળિયા (બારસોલ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ બારસોલ, તાલુકો ધરમપૂર, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૭.

INDEX

નંબર ઉખસ / ૧૩૦૬ / સેદુ / ૨૯૬૨૧/૯૭.— આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત મોટી કોળીવાડ (આમધરા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ આમધરા, તાલુકો ચીખલી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ / ૧૨૮૬ / સેદુ / ૨૯૬૨૨/૯૭.— આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ખૂંધ-ચોંકડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ખૂંધ, તાલુકો ચીખલી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ. ૧૬મી ડિસે મ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ / ૧૩૧૬/૯૭ ધ-૧૮૨૪૬.— આથી જાહેર કરે છે કે, લક્ષ્મી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વલસાડ, તાલુકો વલસાડ, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૬મી ડિસે મ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ ૧૩૨૬/ધ-૧૮૨૪૭ / ૯૭.—અથી જાહેર કરે કે, જલજ્યોત કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ : વાપી તાલુકો : પારડી જિલ્લો . વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૭.

નંબર ઉખસ/૧૩૨૧/સા-૨૯૬૨૩ / ૯૭.—આથી જાહેર કરે છે કે, મહેસાણા સેવિંગ્સ એન્ડ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. વાપી મર્યાદિત સ્થળ . વાપી તાલુકો : પારડી, જિલ્લો : વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૭.

વાય. ઓ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

વંચાણે લીધા:—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ લગત લોટીયાં મરઘાં ઉછેર સ. મં. લી. તા. સંખેડા, ની તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૫૯ સને ૧૯૯૭.—ધી લોટીયા મરઘાં ઉછેર સહકારી મંડળી લી. મુકામ : લોટીયા, તાલુકો : સંખેડા ની નોંધણી ક્રમાંક ઉ-૭૬૪૮ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૭૮ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર. ફડચ/ફ/૯૫૩૭/ઝ-૨/૫૨૨ / ૯૪, તારીખ ૧૫મી મે, ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨, વડોદરા લગત છોટાઉદેપુર ગૃપ પછાતવર્ગ ફળફળાદી અને શાકભાજી ઉ. સ. મં. લી., છોટાઉદેપુરની તારીખ ૨૪મી જૂન, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૬૦ સને ૧૯૯૭.—ધી છોટાઉદેપુર ગૃપ પછાતવર્ગની ફળફળાદી અને શાકભાજી ઉગાડનારી સહકારી મંડળી લી. છોટાઉદેપુર ની નોંધણી ક્રમાંક : સે-૨૧૧૫૮, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૮૮ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૮૪/ધ-૨ / ૧૬૮-૧૭૫/૯૬, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧, વડોદરા લગત ટ્રેલીકોમ સેન્ટર કો.ઓ' કેન્ટીન લી., વડોદરા ની તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

INDEX

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૬૮ સને ૧૯૯૭.—ધી ટેલીકોમ સેન્ટર કો-ઓપરેટીવ કેન્ટીન લી., વડોદરાની નોંધણી ક્રમાંક : એચ-૩૨૬૪, તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૫૩/ધ-૨/૧૬૯૪-૧૭૦૦, તારીખ ૧૧લી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરા લગત ઋષિનગર ઘરો બાંધનારી સહકારી મંડળી લી. વડોદરાની તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૬૨ સને ૧૯૯૭.—ધી ઋષિનગર ઘરો બાંધનારી સહકારી મંડળી લી., વડોદરાની નોંધણી ક્રમાંક ધ-૧૦૯૬૭ તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૮૩થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૧૬૩/૦૧/ધ-૩/૧૦૩૦/૯૧, તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીના ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલા જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ બેન્ક લી., વડોદરા લગત નર્મદેશ્વર સહકારી ગ્રાહક ભંડાર લી., રણોલી, તાલુકા વડોદરા ની તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨/૬૩ સને ૧૯૯૭.—ધી નર્મદેશ્વર સહકારી ગ્રાહક ભંડાર લી., મુકામ રણોલી, તાલુકા વડોદરાની નોંધણી ક્રમાંક ભ—૨૩૫૫, તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૫૩૬/૦૧/ઝ-૨/૫૨૧/૯૪, તારીખ ૫ મી મે, ૧૯૯૪થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ લગત તુલસીવાડી ગ્રાહક સહકારી ભંડાર લી. વડોદરા ની તારીખ ૨૪ મી જૂન, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨/૬૪ સને ૧૯૯૭.—ધી તુલસીવાડી ગ્રાહક સહકારી ભંડાર લી., મુકામ વડોદરાની નોંધણી ક્રમાંક ભ-૩૨૬૬ તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૪ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૪૨/ઝ-૨/૪૬૦.૬૮/૯૫ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૫થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત જયપ્રમુખ સ્વામી ગ્રાહક સહકારી ભંડાર લી. રાયસીંગપુરા તાલુકા છોટાઉદેપુરની તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨/૬૫ સને ૧૯૯૭.—ધી જયપ્રમુખ સ્વામી ગ્રાહક સહકાર ભંડાર લી. મુકામ રાયસીંગપુરા તાલુકા છોટાઉદેપુરની નોંધણી ક્રમાંક ભ-૩૪૭૪, તારીખ ૨૧મી માર્ચ, ૧૯૮૯ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી

INDEX

મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ / ફ / ૯૭૫૫ / ધ-૨ / ૧૭૦૯-૧૫/૯૫, તારીખ ૧૧ મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત શ્રીરંગકૃપા ખેતી વિષયત સહકારી મંડળી લી., મુકામ થુવાવી, તાલુકો ડભોઈ ની તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર/ફડચા/૦૧/ધ-૨/૬૬ સને ૧૯૯૭.— ધી રંગકૃપા ખેતી વિષયત સહકારી મંડળી લી., મુકામ થુવાવી, તાલુકા ડભોઈ ની નોંધણી ક્રમાંક ખે-૩૦૩૬ તારીખ ૨૮ મી જુન, ૧૯૮૮ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ / ફ / ૯૭૪૯ / ધ-૨ / ૧૬૬૨--૬૯/૯૫ તારીખ ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત-- રણું ગૃપ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા પાદરા, ની તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા / ૦૧ / ધ-૨ / ૬૭ સને ૧૯૯૭.— ધી રણું ગૃપ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રણું, તાલુકા પાદરા, ની નોંધણી ક્રમાંક સે--૨૦૭૮૨, તારીખ ૨૩ મી મે, ૧૯૮૪ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર/ફ / ૯૭૮૩ / ધ-૨ / ૧૬૦--૬૭/૯૬ તારીખ ૧૨ મી માર્ચ, ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

નંબર સે. ૨૮૯૩૩/નધણ / ગ-૨ / ૫૮/૯૭.— આથી જાહેર કરે છે કે, શ્રી શિવમ કો-ઓપ. ક્રેડીટ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

વડોદરા,, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા : -

શ્રી સહકારી અધિકારી ફડચા નં. -૩-લગત /ગવર્મેન્ટ સર્વન્ટસ કો. ઓ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. વડોદરાની તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૬ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૯૫ સને ૧૯૯૭.—ધી ગવર્મેન્ટ સર્વન્ટસ કો. ઓ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. વડોદરાની નોંધણી ક્રમાંક ભ. ૪૭૦ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૭૨થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૧૨૬/૦૧/ધ-૩/૫૫૯/૯૧ તારીખ ૨૫મી જુન ૧૯૯૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૯૭.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ -૮૧ હેઠળની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીની તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૬ના જા. નં. વહટ/૦૧/ધ-૩/૪૨૨/૯૬ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૬ના રોજ રૂબરૂ થયેલ સુનાવણીની કાર્યવાહીની નોંધ.

INDEX

જા. નં. વહટ/૦૧/ધ-૩/૧૪૧/૯૭.—ધી થડગામ ગૃપ મોટા કદની વિવિધ કાર્યકારી સેવા સ. મં. લી. મુ. થડગામ, તા. છોટાઉદેપુર, જિ. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૭૮૪ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૫૯ છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

ઉકત મંડળીમાં ધી બરોડા સે. કો. ઓપ. બેંક લી. હેડ ઓફીસ વડોદરાએ તેના જા. નં. લોન/૧૫૨૦૬ તારીખ ૮મી ફેબ્રુઆરી ૧૯૯૬ના પત્રથી મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ બેંકને વહીવટદાર તરીકે નિમણુંક કરવા જણાવેલ છે. જે સંદર્ભમાં અત્રેની કચેરીના આમુખ (૨) ના પત્રથી મંડળીને રૂબરૂ રજુઆત કરવા માટે કારણદર્શક નોટીસ આપી જમા કરેલ અને તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૬ના રોજ રૂબરૂ કરેલ સુનાવણી દરમ્યાન થયેલ કાર્યવાહીની નોંધ વંચાણે લેતાં સદર મંડળીમાં નીચે જણાવેલ મુદ્દાઓ બારામાં ક્ષતિઓ હોય કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા સંસ્થાના સભ્યોએ સંમતિ દર્શાવેલ છે.

(૧) બેંકલોન તથા સભાસદ ધિરાણ બાકી નીચે મુજબ છે. મુદ્દલ રૂા. ૩,૬૫,૮૦૦/-, વ્યાજ રૂા. ૯૧,૪૩૯/- કુલ બાકી રૂા. ૪,૪૧,૯૩૯/- છે. વ્યવસ્થાપક કમિટિ તેમજ મંત્રીશ્રીની નિષ્કાળજીને કારણે વસુલાત આવેલી નથી.

(૨) મંડળીના કુલ ૧૨૭ સભાસદો પાસે રૂા. ૪,૪૧,૯૩૯/- ધિરાણ બાકી પડે છે. તે પૈકી ૧૦૧ બાકીદારો પાસે રૂા. ૨,૮૦,૯૩૯/- મુદતવીતી બાકી પડે છે. તેની વસુલાત માટે કોઈ પ્રયાસ કે કાર્યવાહી થતી નથી. વસુલાત માટે આયોજન નહી હોવાથી નાણા જોખમમાં મૂકાયેલ છે. વ્યવસ્થાપક કમિટિ તેમજ મંત્રીશ્રીની કામગીરી સંતોષકારક ન થતા મુદતવીતી બાકી પડે છે.

(૩) તમામ બાકીદારો સામે કલમ-૧૦૬ હેઠળ દાવા કરવાની વારંવાર સૂચના આપવા છતા તેનો અમલ થતો નથી. દાવા અંગે વ્યવસ્થાપક કમિટિ એ મંત્રીને સૂચના આપવા છતાં ૧૦ના દાવાની કામગીરી કરેલ નથી.

(૪) મંડળીના ૭ કમિટિ સભ્યો મુદતવીતી બાકીદાર છે.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેનું વેચાણ મંડળી મારફત કરવાની કોઈ વ્યવસ્થા કરેલ નથી જેથી વસુલાત આવતી નથી. સભાસદો પાકનું બારોબાર વેચાણ કરે છે. તેમ છતા તેમને અટકાવાતા નથી કે નાણા વસુલાત કરવા કોઈ પગલા લેતા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ-વસૂલાતમાં કોઈ રસ નથી.

(૬) મંડળી વ્યવસ્થાપક ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહેલ છે. મંત્રી પણ કાળજી લેતા નથી. મંડળીની પેટા-કમિટિ, સાધારણ સભા નિયમોનુસાર બોલાવવામાં આવતી નથી. પેટાનિયમ અનુસાર કામકાજ અટકી ગયેલ છે. મંડળી ચલાવવામાં કોઈને રસ નથી.

(૭) મંડળીનું કામકાજ છેલ્લા ૨ વર્ષથી સ્થગિત દશામાં છે. ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાને કારણે ખોટનું પ્રમાણ વધતુ જાય છે. ધિરાણ પ્રવૃત્તી ચાલુ થઈ શકે તેમ નથી. મંડળીનો વહીવટ કથળી ગયેલ છે.

(૮) મંડળીની આર્થિક પરિસ્થિતી જોતા મંડળીના તમામ ભંડોળો ધિરાણ તથા ખોટમાં રોકાઈ ગયા છે. મંડળીને ઓડિટવર્ગ પણ 'ક' મળેલ છે. અને કઈ કરવાની મર્યાદા પણ રહેતી નથી.

(૯) મંડળીમાં સિલકભૂલ પાછલી તથા ચાલુ મળી કુલ રૂા. ૬૮,૩૪૨/૫૩ સરવૈયામાં ઉધાર બાકી છે. જે ભૂલની રકમ મેળવવા નિકાલ કરવા કોઈ કાયદેસરના પગલા લેવાયેલ નથી. મંત્રીશ્રીની આ અંગે જવાબદારી રહે છે.

(૧૦) મંડળીની કાર્યવાહી સ્થગિત દશામાં હોવાથી આર્થિક નાણાકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. અને ૯૪-૯૫ના હિસાબ પત્રકો રજુ કરેલ નથી. જેથી બેંકલોન તથા સભાસદ ધિરાણ જોખમમાં મૂકાયેલ છે.

(૧૧) મંડળીના મંત્રી તથા બે ગોડાઉન સંચાલકો મંડળીની સિલકનો અંગત ઉપયોગ કરી સિલકની હેરાફેરી કરે છે. સિલક ઉચાપત રૂા. ૨૭૬૩૯/૬૪પૈસા જેટલી થયેલ છે. ઓડિટરશ્રીએ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૫માં લખાણ મેળવેલ છે. હજી સુધી સિલક ભરપાઈ થયેલ નથી. હાથ ઉપર મોટી રકમ સિલકમાં રાખવામાં આવે છે.

(૧૨) મંડળીના મંત્રીશ્રી રમણભાઈ જેઠાભાઈ રાઠવા વધારાના ખર્ચની મંજુરી મેળવ્યા વગર મંડળીમાં ખર્ચ પાડી મનસ્વી વહીવટ કરેલ છે. હિસાબી રોજમેળ સમયસર લખાતા નથી. મંડળીની મુલાકાતમાં દફતરી માહિતી જોવા મળતી નથી. દફતરી કામકાજમાં તદ્દન નિષ્ક્રીય છે. રોજમેળ લખંતા પણ આવડતું નથી.

(૧૩) મંડળીના મંત્રી કામગીરીમાં તદ્દન નિષ્ક્રીય, બિન અનુભવી દફતરી કામકાજોમાં હિસાબો, ખાતાની મેળવણી, દરેક યાદીઓમાં તફાવત, મેળવણી અંગેની કોઈ કામગીરી કરતા નહી હોવા છતા માસિક રૂા. ૫૦૦/- પગાર ખર્ચ પાડવામાં આવે છે.

(૧૪) મંડળી તપાસણીમાં કોઈ સહકાર આપતા નથી. સને ૧૯૯૦થી ઓડિટમેમાની દુરસ્તી થયેલ નથી.

આમ મંડળીની આર્થિક નાણાંકીય પરિસ્થિતી કથળી ગયેલ છે. નબળી આર્થિક સ્થિતીના કારણે કામકાજ બિલકુલ સ્થગિત દિશામાં છે. સંચાલકોને ધિરાણ વસુલાત પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. મંડળી ચાલુ થઈ શકે તેવી કોઈ શકયતા નથી. મંડળીમાં મોટી રકમની સિલકની હેરાફેરી હપગપ હોય સિલક ઉચાપત થયેલ છે. જે માટે કાયદેસરના પગલા લેવાના રહે છે.

ઉકત સંજોગોમાં મંડળીની ચાલુ વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૬ના રોજ રાખેલ રિપરીંગમાં મંડળીના વહીવટકર્તાઓએ ભલામણ કરી સંમતી દર્શાવિલ છે. જેથી અત્રેથી નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. વડોદરા ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી થડગામગૃપ વિ. કા. સ. મં. લી. મુ. થડગામ, તા. છોટાઉદેપુર, જિ. વડોદરાની હાલની વ્યવસ્થાપક કમિટિને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાની માસિક રૂા. ૨૫/-ના મહેનતાણાથી મંડળીના ચાર્જ સંભાળ્યાની તારીખથી ૧ વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધિન રહી નિમણુંક કરવમાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજનો ચાલુ ખર્ચ અને વહીવટદારશ્રીના મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદાકાનૂન અને પેટાનિયમોને આધિન રહી કરવાનો રહેશે.

(૪) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી કરવાની રહેશે.

INDEX

(૫) મંડળીના કાર્યાલય પર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) ઓડિટર સહકારી મંડળીઓ ગ્રાહક (૨) વડોદરાએ કરેલ ખાસ અહેવાલ. જિલ્લા સ્પે. ઓડિટર સ. મં. વડોદરા તરફથી અત્રે મોકલાવેલ અહેવાલ જા. નં. અપણ/૦૧/ક-૧/૮૪૨/૯૬ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

જા. નં. વહટ/૦૧/ધ-૩/૧૫૧/૯૭.—વડોદરા શહેર માધ્યમિક શાળાના શિક્ષકોની સહકારી ક્રેડીટ મંડળી લી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર. સે-૨૭૨૬ તારીખ ૯મી નવેમ્બર, ૧૯૬૫ છે અને જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખ (૨) માં જણાવેલ ઓડિટ સ. મં. ગ્રાહક (૨) વડોદરાએ તેઓના જા. નં. અપણ/૦૧/ગ્રા-૨/૧૫૮/૯૬ તારીખ ૬ઠ્ઠી જુન ૧૯૯૬ થી એક ખાસ અહેવાલ જિલ્લા સ્પે. ઓડિટર સ. મં. વડોદરાને આપેલ. જિલ્લા સ્પે. ઓડિટ સ. મં. વડોદરાએ આમુખ (૨) માં જણાવેલ પત્રથી અત્રેથી સદર મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદારની નિમણુંક કરવા જણાવેલ છે. જે સંદર્ભમાં તેઓનો ખાસ અહેવાલ વંચાણે લેતા અને ક્ષતિઓ જોતા ઓડિટર સ. મં. ગ્રા (૨) વડોદરાએ ખાસ અહેવાલમાં નીચે મુજબની ક્ષતિઓ હોવાનું જણાવેલ છે. જેથી અત્રેથી આ અંગે કલમ-૮૧ હેઠળ કારણદર્શક નોટીસ આપવામાં આવે છે.

(૧) સદર મંડળીના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૫ સુધીના ઓડિટ સમયે મંડળીના પ્રમુખ/મંત્રી હિસાબનીશ તરફથી રજુ કરવામાં આવેલ સભાસદ ધિરાણ બાકીની યાદીઓ જોતાં જણાયેલ છે કે મંડળીની સામાન્ય ખાતાવહી અને તારીખ ૩૦મી જુન ૧૯૯૫ સુધીના સમયના સરવૈયામાં બતાવેલ બાકી રૂ. ૩,૭૭,૭૭૯.૪૫ લેણું બોલે છે. જેની સામે તેઓશ્રીએ રજુ કરેલ સભાસદ ધિરાણ બાકી લોનની ધિરાણ ખાતાવહી ઉપરથી તૈયાર કરેલ યાદી મુજબ લેણું રૂ. ૩,૨૯,૨૯૬ અને ઉચાપત લોન રૂ. ૧,૧૬,૦૦૦ ની બાકી બતાવેલ છે. આમ સદર બન્ને બાકી મળી કુલ લેણું રૂ. ૪,૪૫,૨૯૬ જ થાય છે. જ્યારે સરવૈયા મુજબ લેણું રૂ. ૩,૭૭,૭૭૦.૪૫ બોલે છે. આ લેણું બાકીમાં જ રૂ. ૩,૩૨,૪૭૪.૪૫ બોલે છે. જે તફાવત પાછલા ઘણા સમયથી બોલતો આવે છે. જે મેળવવા વ્ય. સમિતિ પ્રમુખ/મંત્રી હિસાબનીશ કે મેનેજર તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ જ નથી. આમ મંડળીએ રૂ. ૧,૧૬,૦૦૦ ની લોન ઉચાપત બતાવેલ છે. જ્યારે રૂ. ૩,૩૨,૪૭૪.૪૫ બાબતે કોઈ ખુલાસા કરેલ નથી અને તફાવત બતાવેલ છે. આમ સદર રકમનો પણ મંડળીના હિસાબોમાં ગોલમાલ કરી ઉચાપત કરેલ હોય તેમ જણાય છે.

તફાવતની બોલતી રકમ અંગે વ્યકિતગત ધિરાણ ખાતાવહીમાં છેલ્લા ૧૦-૧૨ વર્ષથી ખોટા હિસાબો તૈયાર કરાયેલા હોય તેમ જણાય છે. જે અંગે મંડળી તરફથી તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૧ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૧ સુધીના સમયનું રી-ઓડિટ હાથ ધરાયેલ છે. પરંતુ મંડળીનું રી-ઓડિટ કરાવતા જે ઉચાપત ગેરરીતિ જણાય આવે છે. તેમાં મંડળીના પ્રમુખ/મંત્રી અને હાલના એકાઉન્ટન્ટ પણ સંડોવાયેલ હોય તેમ જણાય છે અને મંડળીના રેકર્ડ સાથે ચેડાં થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી.

(૨) મંડળીના રૂ. ૪,૪૮,૪૭૪.૪૫ ની રકમ છેલ્લા ઘણા સમયથી બિલકુલ વસુલ આવતી જ નથી. જેના કારણે મંડળીને વ્યાજની દર વર્ષે રૂ. ૫૩,૮૧૭ ની નુકશાની ગયેલ હોવાનું જણાય છે. મંડળીને સદર રકમ વસુલાત થતા ઘણી મોટી આવક પણ થાય તેમ છે. જે વસુલ કરવા મંડળીએ આધાર તૈયાર કરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

(૩) મંડળીએ પોતાનું લેણું વસુલ કરવા માટે જે તે સ્કુલોમાં અથવા પગાર કરનાર અધિકારીને માંગણા પત્રકો મોકલવાની પ્રથા રાખેલ નથી. સભ્યો પોતાની જાતેજ રકમ ભરવા આવે તેના ઉપરજ વસુલાતનો આધાર રાખેલ છે. જે પ્રથા બરાબર નથી જે માટે વારંવાર ધ્યાન દોરવાં છતાં પ્રથાનો અમલ કરવા તૈયારી બતાવી સ્ટાફની નિમણુંક કરવામાં આવેલ નથી. મંડળીના કાર્યવાહકો પણ એક યા બીજી રીતે મંડળીમાંથી ઉચાપત થયેલ રકમ માટે સંડોવાયેલ હોય તેમ જણાય છે. અને તે કારણે જ મંડળીના રેકર્ડ સાથે ચેડાં કરી ધિરાણ ખાતાવહીમાં ખાતા પાડેલ નથી આ રકમ દર્શાવવામાં આવેલ નથી અને બાકી રકમ વસુલ કરવા કોઈપણ સભ્ય યા કર્મચારીઓ સામે પગલાં લીધેલ નથી. વ્ય. કમિટી પ્રમુખ/મંત્રી પણ પગલાં લેવામાં નિષ્ફળ ગયેલ છે અને મંડળીના વહીવટ ચલાવવામાં ગુનાહીત બેદરકારી બતાવેલ હોય તેમ જણાય છે અને સભ્યો તેમજ ઓડિટરને ગેરમાર્ગે દોરેલ છે.

(૪) મંડળીની વ્ય. સમિતિની કામગીરી સને ૧૯૯૩-૯૪થી લગભગ નિષ્ક્રીય જણાય છે. સને ૧૯૯૩-૯૪માં ૪ બેઠક અને નોન-કોરમ બેઠક જ ભરેલ છે. જ્યારે સને ૧૯૯૪-૯૫માં ફકત એકજ બેઠક જે ફકત બોલાવવા ખાતર જ ભરેલ છે અને ૩ બેઠક નોન કોરમ મળેલ છે. આમ સદર મંડળીના વહીવટમાં વ્ય. કમિટિ પણ નિષ્ક્રીય થઈ ગયેલ હોવાનું સ્પષ્ટપણે જણાય છે. ઓડિટ સમયે અમોએ તારીખ ૨૯મી મે, ૧૯૯૬ના રોજ ચર્ચા માટે પણ વ્ય. કમિટિની સભા બોલાવેલ તેમાં પણ પ્રમુખ/મંત્રી સિવાય કોઈ વ્ય. કમિટિ સભ્ય હાજર રહેલ નથી.

(૫) ઓડિટ સમયે બાકીદારોને ફરજ કબૂલાત માટે યા કોઈ રજુઆત કરવી હોય અગર ધિરાણ બાકી માટે કોઈ વાંધો હોય તો તે રજુ કરવા ૫૩ મુદતવીતી બાકીદાર સભ્યોને નોટીસો આપેલ તેમાંથી ફકત ફકત ૧૦ જ સભ્યો હાજર રહી જવાબ આપી ગયેલ જ્યારે બાકી ૪૩ સભ્યોએ બેદરકારી બતાવેલ છે અને મંડળી પ્રત્યે ઉદાસીનતા બતાવેલ છે અને બાકી લેણી રકમ ભરતા જ નથી.

(૬) મંડળીમાં સને ૧૯૯૧-૯૨થી ૧૯૯૪-૯૫ના વર્ષોમાં વાર્ષિક સાધારણ સભાઓ જ બોલાવેલ નથી અને હિસાબો પણ મંજુર કરાવેલા નથી કે વ્ય. કમિટિની નિમણુંક પણ સદંતર નિષ્ફળ નિવડેલ છે.

આમ ઉપરોકત હકીકત હોય સદર મંડળીની વ્ય. કમિટિને તાત્કાલિક સસ્પેન્ડ કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે વહીવટદારની નિમણુંક કરવા ઓડિટર સ. મં. ગ્રાહક (૨), વડોદરા એ અત્રે ભલામણ કરેલ છે. જે ધ્યાને લેતા અત્રેથી આપની મંડળીના ચાલુ વર્ષના ૧૯૯૪-૯૫ની વ્ય. કમિટિના (આપેલ લીસ્ટ મુજબના) સભ્યોને બરતરફ કરી કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા સંબંધમાં અત્રેની કચેરીમાં તારીખ

INDEX

૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના રોજ ૧૨-૩૦ કલાકે એક ફ્રૂટ સુનાવણીની કાર્યવાહી રાખવામાં આવેલ છે. જેમાં નિયત સમયે તમામ સભ્યોએ હાજરી આપવી.

પાછળથી આ અંગેની રજુઆત ધ્યાનમાં લેવાશે નહીં અને કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવી કે કેમ ? તે અંગે કાર્યવાહી કરવામાં આવશે. હાજર રહેવામાં ચૂક થશે તો આ અંગે આપને કોઈ રજુઆત કરવાની રહેતી નથી તેમ માની ગુણદોષના આધારે અત્રેથી નિર્ણય લેવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

વડોદરા, તારીખ ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૭.

નં. સે-૨૯૫૨૩ નધણ/ગ-૨/૯૩/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી રામ કો-ઓપરેટીવ ક્રેડાટ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ન કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નં. સે-૨૯૫૨૪ નધણ/ગ-૨/૯૪/૯૭.—આથી જાહે કરે છે કે જેતપુર-પાવી તાલુકો તુવેર ઉત્પા. અને પ્રોસેસીંગ ખરીદ અને વેચાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ જેતપુર-પાવી, તાલુકો જેતપુર-પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નં. નધણ/ગ-૨/૯૫ સે-૨૯૫૨૫/૯૭.—આથી જાહેર કરે છે કે ધી. ડ્રોઈંગ બ્રાન્ચ એમ્પ. કો-ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નં. સે. દૂ-૨૯૫૨૧ નધણ/ગ-૨/૯૬/૯૭.—આથી જાહેર કરે છે કે નવારાંજ (ક) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ નવારાજ, (ક) તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નં. સે. દૂ-૨૯૫૩૫નધણ/ગ-૨/૯૭ .—આથી જાહેર કરે છે કે મોટા એકલબારા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મોટા એકલબારા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નં. સે-૨૯૫૨૭ નધણ/ગ-૨/૧૧૯/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી ઉર્વશી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નં. સે-૨૯૫૨૬ નધણ/ગ-૨/૧૨૫/૯૭.—આથી જાહેર કરે છે કે ધી ડભોઈ મહેદવી એમ્પ. કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ડભોઈ, તાલુકો ડભોઈ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા .—

(૧) આ કચેરીના તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના પ્રાથમિક હુકમ ક્રમાંક . ફડચ/૦૧/ધ-૨/૧૬૪૧-૪૬/૯૫.
(૨) શ્રી ઓરસંગભાઠા રેતી કાચદાર સહકારી મંડળી લી. મુ. : બહાદરપુર તા. સંખેડાની તારીખ ૯મી ઓક્ટોબર ૧૯૯૫ ની રજુઆત.
(૩) શ્રી મદદનીશ સહકારી અધિકારી લગત આ કચેરીનો તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૬ નો સ્થળતપાસ અહેવાલ.
(૪) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ (૩) ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૧૦૧૯/ધ-૨/૩૮૯/૯૭.—શ્રી ઓરસંગભાઠા રેતી કામદાર સહકારી મંડળી લી. મુકામ . બહાદરપુર, તાલુકો સંખેડા ને આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જવાના આદેશ સામે આમુખ (૨) માં જણાવેલ રજુઆત મંડળી તરફથી કરવામાં આવતા મજકુર મંડળીની તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ સ્થળતપાસ આ કચેરીના શ્રી મદદનીશ સહકારી અધિકારીએ કરી તેમનો આમુખ (૩) માં જણાવેલ અહેવાલ રજુ કરેલ છે. અહેવાલમાં જણાવ્યા મુજબ મંડળી હાલ ફકત રાસાયણિક ખાતરનું વેચાણ કરે છ. મંડળીના પેટા નિયમમાં આવો કોઈ ઉદ્દેશસરની કામગીરી કરવાની જોગવાઈ નથી. મંડળીનો વહીવટ સુધારવા અને શેર ભંડોળની રકમ વધારવા ૧૭ નવા સભાસદો દાખલ કરેલા છે જેઓ મંડળીના પ્રમુખ અને મંત્રીના કુટુંબના સભ્યો જ છે અને

INDEX

નવી વ્યવસ્થાપક કમિટીમાં પણ એક જ કુટુંબના વ્યક્તિઓના સમાવેશ કરેલ છે. મંડળીએ તેના ઉદ્દેશો અનુસારની કોઈપણ પ્રકારની કામગીરી શરૂ કરેલી નથી જેથી ફડચાનો હુકમ કાયમ કરવાની ભલામણ કરેલ છે.

હુકમ

શ્રી ઓરસંગભાઠા રેતી કામદાર મંડળી લી. મુકામ . બહાદરપુર, તાલુકો સંખેડા, નોંધણી નં. . ઉ-૭૪૭૧ તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૭૭ ને આમુખ (૧) માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ પ્રસ્તાવનામાં જણાવેલ કારણે મંજુર રાખી કલમ-૧૦૭ (૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૨) લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૩) ફડચા અધિકારીએ ફડચાની કાર્યવાહી એક વર્ષમાં પુર્ણ કરીને મંડળીની નોંધણી રદ કરાવવાની રહેશે.

(૪) સરકારી બાકી લેણી રકમો જેવી કે ઓડીટ ફી લોન, વ્યાજ, સહાય વિગેરેનું ચુકવણું અત્રે પ્રથમ કરવાનું રહેશે.

વડોદરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૪ મી મે, ૧૯૯૬ ના હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ધ-૨ / ૫૧૭–૫૨૨/૯૬.

(૨) પ્રમુખશ્રી પાદરા તાલુકા શાકભાજી અને ફળ–ફળાદી ઉત્પાદકો સહકારી મંડળી લી. મુકામ ધાયજ તાલુકા પાદરા ના તારીખ ૨૪ મી જૂન, ૧૯૯૬ની રજુઆત.

(૩) આ કચેરીના તારીખ ૯ મી ઓકટોબર, ૧૯૯૬ અને તારીખ ૧૯ મી નવેમ્બર ૧૯૯૬ ના રુબરુ રજુઆત કરવાની મુદત જણાવતા પત્રો.

(૪) ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ફડચ / ફ–૧૧૦૨૦ / ધ-૨ / ૩૯૦/૯૭.— શ્રી પાદરા તાલુકા શાકભાજી અને ફળફળાદી ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ધાયજ, તાલુકો પાદરા નોંધણી નં. સે.–૨૧૧૪૦ તારીખ ૨૪મી જાન્યુઆરી ૧૯૯૬ ના આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જવાના હુકમ સામે મંડળીએ આમુખ (૨) માં જણાવેલ પત્રથી રજુઆત કરતાં રજુઆતના અનુસંધાને રુબરુમાં સાંભળવાની તક આમુખ (૩) માં જણાવેલ પત્રોથી આપવા છતાં કોઈ રજુઆતકર્તા હાજર રહેલા ન હોય આમુખ (૪) માં જણાવેલ કલમ ૧૦૭ (૩) મુજબ મજકુર મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા નં. ૩) લગત કચેરીની નિમણુંક કાયમ રાખવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર ધ-૧૭૦૩૦ / નધણ / ગ-૨ / ૧૨૯/૯૭.— આથી જાહેર કરે છે કે, શ્રી સાંઈનાથ પ્લાઝા (વિંગ-એ) કો. ઓપ. હાઉસીંગ સો. લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર ધ-૧૭૦૩૧ / નધણ / ગ-૨ / ૧૩૦/૯૭.— આથી જાહેર કરે છે કે, શ્રી સાંઈનાથ પ્લાઝા (વીંગ-બી) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર સે–૨૯૫૩૦ / નધણ / ગ-૨ / ૧૩૪/૯૭.— આથી જાહેર કરે છે કે, શ્રી કૃષ્ણ એપાર્ટ. કો. ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર સે-૨૯૫૨૮ / નધણ / ગ-૨ / ૧૩૫/૯૭.— આથી જાહેર કરે છે કે, વોલ્ગા એપાર્ટ. (એ–ડીવીઝન) હા. સર્વિસ સ. મં. લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર સે–૨૯૫૨૯ / નધણ / ગ-૨ / ૧૩૬/૯૭.— આથી જાહેર કરે છે કે શ્રી પુષ્પકુંજ એપાર્ટ. કો. ઓપ. હા. સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર સે. દુ.–૨૯૫૩૨ / નધણ / ગ-૨ / ૧૩૩/૯૭.— આથી જાહેર કરે છે કે, ધી મુજપુર (આથમણાપૂરા) દુધ ઉત્પાદક સ. મં. લી., ગુજપુરા (આથમણાપુરા) મર્યાદિત સ્થળ ગુજપુર (આથમણપુરા) તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

નંબર સે-દૂધ--૨૯૫૩૧ / નધણ / ગ-૨ / ૧૭૪/૯૭.— આથી જાહેર કરે છે કે, ધી રણોલી મહિલા દૂધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ રણોલી, તાલુકો વાઘોડીયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ની તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા / ૦૧ / ધ-૨ / ૪૧૨ સને ૧૯૯૭.— ધી જિલ્લા પંચાયત ચોથા વર્ગના કર્મચારીઓની કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા ક્રમાંક ધ-૧૦૯૭૧, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા ના હુકમ નંબર ફડચ / ફ / ૯૭૯૧ / ધ-૨ / ૬૫૯--૬૬૬/૯૬, તારીખ ૨૮મી જૂન ૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૭.

વંચાણે લીધા:—

શ્રી સહકારી અધિકારી ફડચા અધિકાર નં. ૨ વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાની તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૧૯૯૬ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૪૧૩/૧૯૯૭.—ધી દોડકા સિમાંત નાના ખેડૂતોની ખેતી પિયત સ. મં. લી. મુ. દાડકા, તા. વડોદરા ની નોંધણી ક્રમાંક ખે-૨૪૬૩, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૨થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૦૦૧/૦૧/ધ-૨/૧૧૯૮/૯૦, તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૯૦ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છ અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭.

વંચાણે લીધા:—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨, વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. વડોદરાની તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૬ના નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૪૧૪/૧૯૯૭.—ધી સુરખેડા દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. સુરખેડા તા. છો.ઉ.ના નોંધણી ક્રમાંક સે.દુ. ૨૪૪૬, તારીખ ૨જી જુલાઈ ૧૯૯૦ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૦૦૯/ધ-૨/૧૧૬૬-૭૨/૯૬ તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છ. અને સદર મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭

વંચાણે લીધા .—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરા લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાની તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૬ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૪૧૫ સને ૧૯૯૭.—શ્રી શકિતકૃપા મજુર બાંધકામ સહકારી મંડળી લી. મુકામ વેજપુર, તાલુકો સાવલીની નોંધણી ક્રમાંક . સે. ઉ. ૨૦૨૫૬, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ/ફ/૮૮૯૫/ધ-૨/૧૩૫૫ / ૯૦, તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૦ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. આ સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ

INDEX

કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છ. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૬ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૨૪૭/ તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૬.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. : ફડચ/ફ/૧૧૦૨૧/ધ-૨ / ૪૧૬ / ૯૭.—ધી જનતા શાકભાજી અને ફળફળાદી વેચનારાની સહકારી મંડળી લિ. મુકામ ડભોઈ, જિલ્લો વડોદરા, નોંધણી ક્રમાંક સે-૨૧૧૭૧, તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૯ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલા પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૩) લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫ માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી. સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યા:, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭.

વંચાણે લીધા.—

(૧) આ કચેરીના તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭ના હુકમ ક્રમાંક. ફડચ/૦૧/ધ-૨/૪૯ થી /૫૬ ૧૯૯૭

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ / ૧૧૦૨૨/ધ-૨/ ૪૧૭ / ૯૭.— ધી વજીરીયા કો-ઓપરેટીવ મલ્ટીપરપઝ સહકારી મંડળી લી., મુકામ વજીરીયા, તાલુકો તિલકવાડા, નોંધણી, ક્રમાંક સે-૧૭૫૬૨, તારીખ ૧૩મી મે ૧૯૫૯ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) (૫) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૧) લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫ માં મેળવી લઈ, મંડળીના દેવાં-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સહકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર-ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭.

નંબર સે-૨૯૫૩૩/નધણુ / ગ-૨ / ૧૯૭ / ૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી પંચશીલ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૭.

નંબર નધણુ/ગ-૨ / ૨૦૨-ધ-૧૭૦૩૫ /૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી અભિષેક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૭.

નંબર નધણુ/ગ-૨/૨૦૮/સે-૨૯૫૩૪ / ૯૭.—આથી જાહેર કરે છે કે કામધેનું કો-ઓપરેટીવ ક્રેડીટ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૭.

નંબર નધણુ/ગ-૨/૨૧૧/ધ-૧૭૦૩૩/૯૭.—આથી જાહેર કરે છે કે, શ્રીનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૭.

નંબર નધણુ/ગ-૨/૨૧૨/ધ-૧૭૦૩૪/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી શરણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૭.

નંબર નધણુ/ગ-૨/૨૨૫/ધ-૧૭૦૩૬/૯૭:—આથી જાહેર કરે છે કે પ્રાર્થના એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ ૧૯૯૭.

વંચાણે લીધા :

(૧) મહેસાણા સમાજ સહાયક સહકારી મંડળી લી. વડોદરાની મંડળીને બેંકમાં રૂપાંતર કરવાની જાવક નંબર ૩૯૩, તારીખ ૧૯મી માર્ચ ૧૯૮૭ ની દરખાસ્ત અરજી તેમજ તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૮૮ ના ઠરાવ નંબર ૪ ની નકલ તેમજ વા. સા. સભા તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૮૭ ને ઠરાવ નંબર ૧૪ (૨) ની નકલ.

(૨) રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્ર ક્રમાંક નસબ ૧/૩૪-૩/૧૪૫૭/૯૬, તારીખ ૧૮મી ઓકટોબર ૧૯૯૬.

(૩) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા મુંબઈના પત્ર ક્રમાંક બી. આર/૧૬-૫૧/૦૬/૯૬-૯૭, તારીખ ૨૬મી જુલાઈ ૧૯૯૬.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૭ (૧) મુજબ.

જાવક નંબર નધણુ/ગ-૨/૨૧૮/૯૭.—શ્રી મહેસાણા સમાજ સહાયક મંડળી લી. વડોદરાની ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ હેઠળ નોંધણી નંબર સે-૨૭૪૨, તારીખ ૨૪મી જુલાઈ ૧૯૭૦ થી નોંધાયેલ શરાફી મંડળી છે. મંડળીની તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૮૭ ની આમુખ-(૧)માં જણાવેલ વા. સા. સભામાં તેમજ તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૮૮ ના વ્યવસ્થાપક કમીટીના ઠરાવમાં મંડળીને નાગરીક સહકારી બેંકમાં રૂપાંતર કરવા ઠરાવ સર્વાનુમતે પસાર કરી મંડળીની દરખાસ્ત મંજુર કરેલ છે. આમ મંડળીને બેંકમાં રૂપાંતર કરવાનું ખાસ સાધારણ સભાએ ઠરાવેલ છે. જે આમુખ-(૪) ની કલમ-૧૭ (૧) કલમ મુજબની કરેલ કાર્યવાહી છે જે વ્યાજબી હોવાનું જણાવેલ છે.

બેન્કીંગ રેગ્યુલેશન એકટ-૧૯૪૯ (એપ્લીકેબલ ટુ કો. ઓપરેટીવ સોસાયટી, મુજબ આમુખ-૩માં દર્શાવ્યા મુજબના રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના પત્ર મુજબ સદરહુ સંસ્થાને "લીસ્ટ ઓફ પ્રાયમરી કો. ઓપરેટીવ બેન્ક માં સમાવેશ કરેલ છે. આમ રીઝર્વ બેંક સદરહું સંસ્થાને બેન્ક તરીકે માન્યતા આપેલ છે.

મજકુર મંડળીએ આમુખ-૧ અન્વયે કરેલ દરખાસ્ત અને પેરા (૧) અન્વયેની કાર્યવાહી, તેમજ આમુખ(૩) ની વિગતો ને ધ્યાને લઈ સભાસદોના હિતમાં ગુજરાત સહકારી અધિનિયમની કલમ-૧૭(૧) ની જોગવાઈ મુજબ ઉકત શરાફી સહકારી મંડળીને નાગરીક સહકારી બેંકમાં રૂપાંતર કરવા આથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ.

હું કે. કે. મકવાણા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, મને મળેલ સત્તાની રૂએ શ્રી મહેસાણા સમાજ, સહાયક સહકારી મંડળી લી. વડોદરાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૭ (૧) ની જોગવાઈ અન્વયે નાગરીક સહકારી બેંકમાં રૂપાંતર કરવાનો અને ઉકત કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે મંડળીને ફાળવેલ નોંધણી નંબર સે-૨૭૪૨, તારીખ ૨૪મી જુલાઈ ૧૯૭૦ આથી રદ કરવાનો હુકમ કરૂં છું. રૂપાંતર થયેલ મંડળી મહેસાણા સમાજ કો. ઓપ. બેન્ક લી. વડોદરાનો નવો નોંધણી નંબર સે-૨૮૯૨૫, તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૬ આપવામાં આવેલ છે.

વડોદરા, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૭.

નંબર સે-દુ-૨૯૫૪૦/નધણુ/ગ-૨/૩૪૩/૯૭.—આથી જાહેર કરે છે કે રણોલી સ્ટેશન વિસ્તાર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રણોલી, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૭.

નંબર સે-દુ-૨૯૫૩૬/નધણુ/ગ-૨/૨૨૮/૯૭.—આથ જાહેર કરે છે કે પાટીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાટીયા, તાલુકો જેતપુર પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૭.

નંબર સે-દુ-૨૯૫૩૭/નધણુ/ગ-૨/૨૪૫/૧૯૯૭.-આથી જાહેર કરે છે કે પાલીથા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાલીથા, તાલુકો જેતપુર પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા તારીખ ૧મી એપ્રિલ, ૧૯૯૭.

નં. સે. દુ. -૨૯૫૩૮/નધણુ/ગ-૨/૨૪૬/૧૦-૯૭.—આથી જાહેર કરે છે કે શેઝાનાર (તિ) દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ શેઝાનાર, તાલુકો તિલકવાડા, જિલ્લો વડોદરા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧મી એપ્રિલ ૧૯૯૭.

નં. સે. દુ.-૨૯૫૩૯/નધણુ/ગ-૨/૨૪૭/૧૯-૯૭.—આથી જાહેર કરે છે કે ચાપરગોટા દુધ ઉત્પાદક સહકારી મં. લી. મર્યાદિત સ્થળ ચાપરગોટા, તાલુકો જેતપુરપાવી, જિલ્લો વડોદરા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૭.

નં. સે. ૨૯૫૪૧/નધણુ/ગ-૨/૨૬૮/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી કુંજ રેસી. પ્લાઝા ડી-ટાવર હાઉસીંગ સર્વિસ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૭.

નં. નધણુ/ગ-૨/૨૬૯/સે/૨૯૫૪૨/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી ભાગ્યલક્ષ્મી પાર્ક કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૭.

નં. નધણુ/ગ-૨/૨૭૦/ સે/૨૯૫૪૩/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી પૂજા કોર્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા,। જિલ્લો વડોદરા, સને ૧૯૬૧ન ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ના કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૭.

નં. સે/૨૯૫૪૪ / નધણુ / ગ-૨ / ૨૭૬/૯૭.—આથી જાહેર કરે છે કે બ્લ્યુ ડાયમંડ પ્રીમાઈસીસ ઓનર્સ કો. ઓપ. સર્વીસ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૭.

નં. નધણુ/ગ-૨/૨૭૭/સે/૨૯૫૪૫/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી બ્લ્યુ ડાયમંડ કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૧મી એપ્રિલ ૧૯૯૭.

નં. નધણુ/ગ-૨/૨૭૮/સે/૨૯૭૨૧/૯૭.—આથી જાહેર કરે છે શ્રી મીરાજ ટાવર્સ કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૧મી એપ્રિલ ૧૯૯૭.

નં. ધ-૧૭૦૩૮/નધણુ/ગ-૨/૩૦૭/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી સિધ્ધિ વિનાયક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૭.

નં. સે. ૨૯૭૨૨/નધણુ/ગ-૨/૩૩૯/૯૭.—આથી જાહેર કરે છે કે ગુજરાત ગ્રામીણ મહિલા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા. છને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા તારીખ ૨૨મી મે, ૧૯૯૭.

નં. ક્ર. ધ-૧૭૯૫૧/નધણુ/ગ-૨/૩૪૬/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી વ્હાઈટ હાઉસ હાઉસીંગ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૯મી મે ૧૯૯૭

નં. નધણુ/ગ-૨/૩૪૯/સે-૨૯૭૨૩/૯૭.—આથી જાહેર કરે છે કે, શ્રી હાર્મોની એપાર્ટમેન્ટ ઓનર્સ સર્વીસ સહકારી મંડળી લીમીટેડ. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરા, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૯મી મે ૧૯૯૭.

નં. ક્ર. સે/૨૯૭૨૪/નધણુ/ગ-૨/૩૫૪/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી હાલવ્યુ કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સો. લી. મર્યાદિત સ્થળ રસુલાબાદ તાલુકો વાઘોડીયા જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છ.

વડોદરા તારીખ ૨૯મી મે, ૧૯૯૭.

ક્ર. નં. નધણુ/ગ-૨/૩૫૦/સે/૨૯૭૨૫/૯૭.—આથી જાહેર કરે છે કે શ્રી સેવાશ્રય કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા જિલ્લો વડોદરા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદા (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા તારીખ ૨૯મી મે, ૧૯૯૭ .

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ /૩જી એપ્રિલ, ૧૯૯૩ નો— ફડચાનો હુકમ ક્રમાંક ફડચ / ઉખસ / ફ-૯૪૯૮/ ચ. ૩/૧૩૯ થી ૧૪૭/૯૩.

(૨) શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૨) લગત કચેરીનો તારીખ ૨૨ મી ઓકટોબર, ૧૯૯૬ નો અહેવાલ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ / ૧૧૦૨૩ / ૦૧ / ધ-૨ / ૬૯૩--૬૯૯.— શ્રી પંચાયત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., વડોદરાને આમુખ (૧) માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેથી— હકીકત એવી છે કે, શ્રી ઓડીટર ગ્રેડ--૨ સ. મ. (૪) કરજણના તારીખ ૧૭ મી ઓકટોબર, ૧૯૯૨ ના અહેવાલ મુજબ મજકુર મંડળીનું નામ-સરનામું તેમજ અસ્તિત્વ હોવાનું ન જણાતા ફડચામાં લઈ જવાનો અહેવાલ કરતાં લોકસત્તા દૈનિકમાં જાહેર નોટીસ આપવા છતાં કોઈ કાર્યવાહકો તરફથી રજુઆત ન આવતા ફડચામાં લઈ જવામાં આવેલ હતી. ફડચા અધિકારીશ્રીએ આ અનુસંધાને મંડળીનો હવાલો મેળવવા માટે પ્રયત્નો કરતા જિલ્લા પંચાયત કચેરીમાં તપાસ કરતાં

INDEX

જિલ્લા પંચાયતના કર્મચારીઓની મંડળી ધ્યાને આવેલ છે. જેનું નામ કર્મયોગ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., વડોદરા અસ્તીત્વ ધરાવે છે. જેનો નોંધણી નંબર ધ-૬૪૪૮, તારીખ ૮ મી ઓકટોબર, ૧૯૭૬ છે. આ સિવાય અન્ય કોઈ ગૃહમંડળી ધ્યાને આવેલ નથી, સદર મંડળીના બેંક ખાતાની બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંકના સયાજીગંજ / માંડવી બ્રાચમાં તપાસ કરતાં આવી કોઈ ગૃહમંડળીનું એકાઉન્ટ જોવા મળેલ નથી. વળી ફડચાના હુકમમાં પણ સદર મંડળીના નોંધણી નંબર જણાવેલ નથી. અત્રેની કચેરીના નોંધણી રજિસ્ટરમાં પણ આવી કોઈ મંડળી નોંધાયેલ હોવાનું જણાવેલ નથી.

આમ મંડળીનું અસ્તિત્ત્વ હોવા બાબતનો કોઈ આધાર કે પુરાવો મળેલ નથી. જેથી મજકુર મંડળીનું અસ્તીત્ત્વ ન હોય ફડચાનો હુકમ રદ્ કરવાનો રહે છે.

હુકમ

શ્રી પંચાયત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., વડોદરાને આમુખ (૧) ના હુકમથી ફડચામાં લઈ જવાનો હુકમ પ્રસ્તાવનામાં જણાવેલ કાર્યકારણોસર મંડળીનું અસ્તિત્ત્વ જ ન હોય આથી રદ્ કરવામાં આવે છે અને સદર મંડળીનો કોઈ નોંધણી નંબર પ્રાપ્ત ન હોય, જો કોઈ નોંધણી નંબર ભવિષ્યમાં રજુ કરવામાં આવે તો તેને પણ આથી રદ્ કરવામાં આવે છે.

વડોદરા, ૩જી જૂન, ૧૯૯૭.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૧૪૯--૫૭/૯૫, તારીખ ૨૬--૧૦--૧૯૯૫.

(૨) મંત્રીશ્રી, નળવાંટ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ નળવાંટ, તાલુકા છોટાઉદેપુરની તારીખ ૧૬--૧૧--૧૯૯૫ ની રજુઆત.

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, વડોદરા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., વડોદરાના તારીખ ૫--૧૦--૧૯૯૬ ના ક્રમાંક એચ. પી. / ૭૮૦૨.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ/ફ/૧૧૦૨૪/ધ-૨/૬૨૬--૬૩૨.— શ્રી નળવાંટ ગૃપ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ નળવાંટ, તાલુકા--છોટાઉદેપુર જે તારીખ ૩૧ મી જાન્યુઆરી, ૧૯૮૪ ના નોંધણી ક્રમાંક સે. દુ. ૧૯૮૪૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને આમુખ (૧) માં જણાવેલ હુકમ અન્વયે કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) હેઠળ ફડચામાં લઈ જવાના પ્રાથમિક હુકમ સામે આમુખ (૨) માં જણાવેલ મંડળી તરફથી આવેલ રજુઆતને ધ્યાને લઈ મંડળીની સ્થળતપાસ કરાવતા મજકુર મંડળીએ દુધ ભરવાની કામગીરી શરૂ કરેલ હતી. આમુખ (૩) માં જણાવેલ બરોડા ડેરીના પત્ર અનુસાર સદર મંડળીમાં દૂધને પુરવઠો અપુરતો હોય અને મંડળીનું કામકાજ ચલાવવા માટે બારે માસ સક્ષમ દુધનો પુરવઠો ઉપલબ્ધ ન હોય સદર મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરેલ હોય, ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ આમુખ (૧) માં જણાવેલ હુકમને કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૩) ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે.

ફડચા અધિકારીએ ફડચાની કામગીરી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

વડોદરા, તારીખ ૪થી જૂન, ૧૯૯૭.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૬ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૦૮૩/થી /૧૦૮૮/૧૯૯૬

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૦૨૫/-૨/૬૫૩ થી ૬૬૦.—ધી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. મુ. ઈટોલા, તાલુકો વડોદરા, નોંધણી ક્રમાંક સે-૧૭૦૭૭ તારીખ ૧૩મી મે ૧૯૬૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ -૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૫) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા - સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨)માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં.-૧) લગત કચેરી ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ(૩) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીના લવાલે દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સહકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૭મી જૂન ૧૯૯૭

નંબર નધણ / ગ-૨ / ૯૯૪/૯૬.— આથી જાહેર કરે છે કે ધી મહેસાણા સમાજ સહકારી બેંક લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૬.

નંબર નધણ / ગ-૨ / ૧૦૫૮ / ધ/૧૭૦૨૯/૯૬.— આથી જાહેર કરે છે કે ચંદ્રદર્શન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૭.

INDEX

નંબર નધણુ / ગ-૨ / ૧૦૬૫ સે-૨૮૯૨૮/૯૬.— આથી જાહેર કરે છે કે આરાધના ક્રેડીટ કો. ઓપ. સો. લી., મર્યાદિત સ્થળ છોટા-ઉદેપુર, તાલુકો છોટાઉદેપુર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૬.

નંબર સે.૨૮૯૨૭નધણુ/ગ-૨/૧૦૮૬/૯૬.-આથી જાહેર કરે છે કે, સન શાઈન સર્વીસ કો. ઓપ. હા. સો. લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૬.

નંબર સે-૨૮૯૩૦ / નધણુ / ગ-૨ / ૧૦૮૮/૯૬.— આથી જાહેર કરે છે કે, શ્રી સીતારામ કો. ઓપ. ક્રેડીટ સો. લી., મર્યાદિત સ્થળ કરજણ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૬.

નંબર સે-૨૮૯૨૯ / નધણુ / ગ-૨ / ૧૦૯૨/૯૬.— આથી જાહેર કરે છે કે, પ્રયોશા પરિવહન સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડભોઈ તાલુકો ડભોઈ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. કાર્યક્ષેત્ર : વડોદરા જિલ્લો.

વડોદરા, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૬.

નંબર સે. ૨૮૯૩૧ / નધણુ / ગ-૨ / ૧૦૯૮/૯૬.— આથી જાહેર કરે છે કે, વાઘોડિયા નવી નગરી મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાઘોડીયા, તાલુકો, વાઘોડીયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૬.

નંબર સે. દૂધ ૨૮૯૩૨ / નધણુ / ગ-૨ / ૧૦૯૯/૯૬.— આથી જાહેર કરે છે કે, પાદરા (છીપવાડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાદરા. તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૬.

કે. કે. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
વડોદરા.

વંચાણે લીધા :(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ના સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

(૨) ધી બરોડા સે. કો. ઓપ. બેંકના જા.નં. લોન/૬૫૬૨ તારીખ ૨૨મી જૂન, ૧૯૯૬થી આવેલ દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીના જા. નં. વહી/૦૧/ધ-૩/૨૪ થી ૩૧ /૯૭ તા. ૩જી જાન્યુઆરી, ૧૯૯૭થી આપેલ કારણદર્શક નોટીસ.

(૪) તા. ૨૦મી જાન્યુઆરી ૧૯૯૭ના રોજ તથા તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૭ના રોજ રાખેલ હીયરીંગની કાર્યવાહી.

(૫) બરોડા કો. ઓ. બેંક લી. માસરરોડ શાખા તા. પાદરાના ઈન્સ્પેકટરનો વહીવટમાં લેવા બાબતનો રીપોર્ટ.

જા. નં. વહટ/૦૧/ધ-૩/૬૬૪/૯૭.—અંભોળ વિવિધ કાર્યકારી સેવા સરકારી મંડળી લી. મુ. અંભોળ, તા. પાદરા જિ. વડોદરાને એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સે. કો. ઓપ. બેંક લી. રે. ઓ. વડોદરાના આમુખ(૨) માં જણાવેલ પત્રથી સદર મંડળીને કલમ-૮૧ હેઠળ વહીવટમાં લઈ જવા માટે એક દરખાસ્ત અત્રે આવેલ છે. જેના સંદર્ભમાં આમુખ (૩)ના પત્રથી મંડળીના પ્રમુખ / મંત્રી કમિટિ સભ્યોને કા. દ. નોટીસ આપી તા. ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૭ અને તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૭ના રોજ હીયરીંગ રાખેલ. હીયરીંગ દરમ્યાન મંડળી તરફથી કોઈ સદસ્યોએ હાજરી આપેલ નથી કે આ અંગે કોઈ રજુઆત લેખીત કે મૌખીક આપેલ નથી. બેંક તરફથી શ્રી નવીનભાઈ પટેલ, બેંક ઈન્સ્પેકટર હાજર રહેલ હતા અને તેઓએ જણાવેલ છે કે મંડળના હોદ્દેદારોમાંથી કોઈને મંડળીનો વહીવટ ચલાવવામાં રસ નથી તથા કોઈ હાજર રહે તેમ પણ નથી. જેથી દરખાસ્તમાં રજુ કરેલ કારણોસર મંડળીને વહીવટમાં લઈ જવી. જેથી અત્રેથી નીચે જણાવેલ કારણોસર મંડળીને કલમ-૮૧ હેઠળ વહીવટમાં લેવા માટે અત્રેથી નિર્ણય લેવામાં આવે છે.

(૧) બેંક લોન બાકીની વિગત મુદ્દલ રૂા. ૧૫.૧૭ લાખ અને વ્યાજ રૂા. ૧૨.૮૧ લાખ બાકી બોલે છે.

(૨) મંડળીના કુલ ૮ સભાસદો પાસે સભાસદ ધિરાણમાં કુલ રૂા. ૧૭.૫૫ લાખ ધિરાણ બાકી પડે છે. તે પૈકી રૂા. ૧૭.૫૫ લાખ મુદતવીતી બાકી પડે છે. તેની વસુલાત માટે મંડળી તરફથી કોઈ સકીય પ્રયાસો કે કાર્યવાહી થતી નથી.

INDEX

(૩) મંડળીના ૮૧ મુદતવીતી બાકીદારોના લ્હેણા બાકી અંગેની નોટીસો આપવા તેમજ તેઓ સામે કલમ-૧૦૬ અન્વયે દાવાની કાર્યવાહી કરવા માટે બેંક તરફથી સૂચના આપેલ છતાં તેનો અમલ થતો નથી. તમામ ૮૧ મુદતવીતી બાકીદારો ઉપર દાવા કરવાના બાકી પડે છે.

(૪) મંડળીના ૭ કમિટિ સભ્યો પૈકી ૪ મુદતવીતી બાકીદાર પાસે રૂા. ૨,૦૩,૨૦૦/- મુદ્દલ મુદત વીતી ઉપરાંત વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી પડે છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહી તેમને છુટા કર્યા નથી.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ માટે મંડળી મારફત કાંઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોય તેમને અટકાવતા નથી. તો તેમાંથી વસુલાત કરવા માટે કોઈ પગલાં લીધા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઈ રસ નથી.

(૬) મંડળીના વ્યવસ્થાપક કમિટિ તેની ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહેલ છે. મંત્રી પણ બિમાર હોવાથી ચોપડા-કીય દફ્તરની કામગીરી પણ થતી નથી. મંત્રી ચાલુ રહેશે ત્યાં સુધી દાવાની કામગીરી થાય તેમ જણાતું નથી. મંડળીનું કામકાજ હાલ સ્થગિત છે.

(૭) મંડળીનું કામકાજ હાલ સ્થગિત દશામાં છે. ધિરાણ વસુ-લાતની કાર્યવાહી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાને કારણે ધીરાણ તેમજ બેંક લોનની વસુલાત સ્થગિત દશામાં હોય જે નાણાં જોખમમાં મુકાયેલ છે ધિરાણ પ્રવૃત્તી ચાલુ થઈ શકે તેમ નથી.

(૮) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોવાથી વાર્ષિક નાણાં-કીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેંક લોન તથા સભાસદ ધિરાણ વસુલાત જોખમમાં મુકાયેલા છે.

ઉપરોકત હકીકત હોય મંડળીની આર્થીક નાણાંકીય પરિસ્થિતિ કથળી ગયેલ તેમજ નબળી હોવાને કારણે કામકાજ બીલકુલ સ્થગિત દશામાં છે. સંચાલકોને ધિરાણ વસુલાત પ્રવૃત્તી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. મંડળી ચાલુ થઈ શકે તેવી કોઈ શકયતા નથી. આ સંજોગો માં મંડળીની હાલની ચાલુ વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી સહ-કારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરતો હુકમ અત્રેથી નીચે મુજબનો કરવામાં આવે છે.

હુકમ

આથી હું, ડી. એસ. ભાવસાર,જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની ક. ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી અંભેાળ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લીમીટેડ, તા. પાદરા, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધરોડા સે. કો. ઓપ. બેંક લી. વડોદરાની માસીક રૂા. ૨૫/-ના પ્રતિક મહેનતાણાથી મંડળી ના ચાર્જ વહીવટદાર સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે નીચે જણા-વેલ શરતોને આધિન નિમણુંક.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેના ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાની રહેશે.

(૩) માસીક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૪) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદાકાનૂન અને પેટાનિયમને આધિન રહીને કરવાનો રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૬મી જૂન, ૧૯૯૭.

ક્રમાંક સે-૨૯૭૨૬/નધણુ/ગ-૨/૪૧૪/૯૭ —આથી જાહેર કરે છેકે લાલબાગ કો. ઓપ બેંક લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૪મી જૂન, ૧૯૯૭.

વંચાણે લીધા : —(૧) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક વહટ /૦૧/ધ-૩ ૧૮૦૮થી૧૮૧૫/૯૫ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

(૨) શ્રી પી. એમ. પટેલનો તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૫ ના જાવક નંબર વહટ/૧૨૩/૯૫નો પત્ર

(૩) શ્રી પી. એમ. પટેલનો તારીખ ૧૧મી મે, ૧૯૯૭ નો પત્ર

જાવક નંબર વહટ/૦૧/ધ-૩/૯૧૪/૯૭.—ધી સરિતાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટીમાં આજુબાજુના હુકમ દ્વારા શ્રી પી.એમ. પટેલની કસ્ટોડીયન તરીકે નિમણુંક થતા તેઓએ આમુખ-૨ ના હુકમ દ્વારા તારીખ ૧૦મી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ મંડળીના પ્રમુખ પાસેથી તેઓએ ચાર્જ સંભાળી લીધાની અત્રે જાણ કરેલ છે બાદમાં વહીવટદારશ્રીએ સોસાયટીનો વહીવટ નવીન વ્યવસ્થાપક કમિટિ ને રચના કરી તારીખ ૧૧મી મે, ૧૯૯૭ નારોજ બપોર બાદ સુપ્રત કરેલ છે જેથી અત્રેથી કસ્ટોડીયનની નિમણુંક કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

હું, શ્રી ડી. એચ. ભાવસાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાને ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૭૪ (ધ) અન્વયે મળેલ સત્તાની રૂએ ધી સરિતાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ડભોઈમાંથી વહીવટદારે નવીન વ્યવસ્થાપક કમિટિને ચાર્જ સુપ્રત કર્યા તારીખથી એટલે કે તારીખ ૧૧મી મે, ૧૯૯૭ના બપોર બાદથી કસ્ટોડીયનની નિમણુંક અત્રેથી રદ કરૂં છું. જેથી કસ્ટોડીયનની વહીવટી વ્યવસ્થા અત્રેથી સમાપ્ત કરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૫મી જૂન ૧૯૯૭

વંચાણે લીધા:

અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંક : ધરમ/ગ-૧/૮૧ ૯૫/તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧નીં કલમ-૮૧

(૩) સૌરભપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાના પેટા નિયમો.

(૪) સહ. અધિ. (હાઉસીંગ) લગત જિલ્લા રજી. સ.મં. વડોદરાના તા. ૫મી જૂન ૧૯૯૭નો અહેવાલ.

જા. નં. ધરમ/ગ/૧/૪૪૮/૯૭.—ધી સૌરભપાર્ક આઈ.પી.સી.એલ એમ્પ્લોઈઝ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા નધણુ/ગ-૨/ ૪૨૯/૯૪ તારીખ ૯મી ઓગસ્ટ ૧૯૯૪ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સંસ્થા છે. સંસ્થા વ્યવસ્થાપક કમીટીએ સહકારી કાયદા કાનૂન તેમજ પેટા

INDEX

નિયમ મુજબ કામગીરી કરવાને બંધાયેલ છે. મંડળીની વ્યવસ્થાપક કમીટી સહકારી કાયદા કાનૂન તેમજ પેટા નિયમોના જોગવાઈઓ અનુસાર નીચે મુજબના કારણ હેઠળ ફરજો બજાવવામાં કસૂર કર્યાનું જણાતા સંદર્ભ-૧ હેઠળ કારણદર્શક નોટીસ આપી તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૭ના રોજ આ કચેરી સમક્ષ સુનાવણી રાખવામાં આવેલ. સદર મુદતે વકીલાતનામું રજુ કરી મુદતની માંગણી કરતાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૭ની મુદત આપવામાં આવેલ. મુદતના વ્યવસ્થાપક કમીટીના ૮ સભ્યોનો સામુહિક જવાબ તારીખ ૨૮મી એ એપ્રિલ ૧૯૯૭ના પત્રથી મુદ્દાવાર જવાબો અને સમર્થનમાં જરૂરી પુરાવા રજુ કરેલ છે.

મુદ્દા નં. ૧.—સંસ્થા રજીસ્ટર્ડ થયા બાદ પ્રથમ વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી. પેટા નિયમ-૩૭ નો ભંગ કરેલ છે.

સમિતિ સભ્યોએ સામુહિક જવાબમાં પ્રથમ સાધારણ સભા ભરાયેલ છે તેમ જણાવેલ છે. જવાબમાં તારીખ દર્શાવવામાં આવેલા નથી. તારીખ ૫મી જુન ૧૯૯૭ના પત્રથી તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ ૬-૩૦ કલાકે સભા ભરવામાં આવેલ હતી. તેમ જણાવી પ્રોસીડીંગની નકલ રજુ કરેલ છે. અગાઉ તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૭ ના જવાબ સાથે રજુ કરેલ પુરાવાઓમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના પ્રથમ સાધારણ સભા મળ્યાનો કોઈ ઉલ્લેખ નથી કે આ મુદતે પ્રથમ સામાન્ય સભા મળ્યા અંગેનું કોઈ પ્રોસીડીંગ કરેલ નથી. મંડળીની રાબેત મુજબની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના રોજ મળ્યા અંગેની વિગતો રજુ કરેલ છે. તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ પ્રથમ સાધારણ સભાના પ્રોસીડીંગ સાથે સાધારણ સભાનો એજન્ડા સામેલ કરેલ નથી. આ ઉપરાંત વખતોવખત મળેલી વાર્ષિક સામાન્ય સભાના પ્રોસીડીંગની વિગતો જોતા અગાઉની સામાન્ય સભાના પ્રોસીડીંગ વંચાણમાં લેવામાં આવેલ છે જે પ્રકારની કોઈ નોંધ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ની સાધારણ સભામાં નથી. આમ મંડળીની નોંધણી બાદ પેટા નિયમ-૩૭ અનુસાર પ્રથમ સામાન્ય સભા બોલાવ્યાની કે મળ્યાની રજુઆતને સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ સદર મુદ્દા પેટા નિયમ-૩૭નું ઉલ્લંઘન થયાનું સ્પષ્ટપણે ફલિત થાય છે.

મુદ્દા નં. ૨.—મંડળી તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૪ના રોજ રજીસ્ટર્ડ થયા બાદ સહકારી કાયદાની કલમ-૭૭ અનુસાર વાર્ષિક સામાન્ય સભા ૧૯૯૪-૯૫ અને ૧૯૯૫-૯૬ ન બોલાવી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થાય છે.

તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૭ના અને તારીખ ૫મી જુન, ૧૯૯૭ ના જવાબથી ૧૯૯૪-૯૫ અને ૧૯૯૫-૯૬ ની વાર્ષિક સાધારણ સભાઓ બોલાવેલ છે અને તેના પ્રોસીડીંગ્સની નકલ રજુ કરેલ છે. જવાબ સાથે મંડળીની વાર્ષિક સામાન્ય સભાઓ બોલાવવા માટે સભાસદોને મોકલેલ એજન્ડાની નકલ અને એજન્ડા બજવણીના પુરાવા રજુ કરેલ નથી. સહકારી કાયદાની કલમ-૭૭ અને પેટા નિયમ ૩૮ અનુસાર વાર્ષિક સાધારણ સભામાં કરવાની કામગીરીના વિસ્તૃત ઉલ્લેખ છે તે અનુસાર રજુ કરેલ પ્રોસીડીંગની વિગતે વાર્ષિક સાધારણ સભા ખરેખર મળેલ હોવાની રજુઆતને સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ સહકારી કાયદાની કલમ-૭૭ અને પેટા નિયમની કલમ-૩૭ અનુસાર મંડળીની વાર્ષિક સાધારણ સભાઓ બોલાવવામાં આવેલ નથી તેમ સ્પષ્ટપણે ફલિત થાય છે.

મુદ્દા નં. ૩.—પેટા નિયમ-૯૩ મુજબ મંડળીની વ્યવસ્થાપક કમીટીએ બાંધકામ પ્લાન એસ્ટીમેટ મુજબ આપવા માટે પેપરમાં જાહેરાત આપી ટેન્ડર મંગાવેલ નથી અને ઓછામાં ઓછી રકમનું ટેન્ડર સ્વીકારવા અંગે ઠરાવ થયેલ નથી. કોન્ટ્રાકટરને મંડળીના બાંધકામનો કોન્ટ્રાકટ આપતાં મંડળીએ કરેલ કોન્ટ્રાકટની નકલ થયા સ્પેશીફીકેશનની નકલ દરેક સભ્યોને બાંધકામ શરૂ થતા પહેલા આપવી જોઈએ જે આપેલ નથી. બાંધકામમાં ફેરફાર કર્યાની જાણ લેખિતમાં સભાસદોને કરવામાં આવતી નથી. બાંધકામ સમય મર્યાદામાં પૂર્ણ કરી દરેક સભાસદોને બાંધકામ પૂર્ણ કર્યાની જાણ કરેલ નથી. મંડળીના કાર્યવાહકોએ બાંધકામ એગ્રીમેન્ટ પ્રમાણે તેમજ પ્લાન અને સ્પેશીફીકેશન મુજબ થયું છે કે કેમ તેની ખાતરી સભાસદોને કોઈપણ દિવસ કરાવ્યાનો આધાર નથી. તેમજ દરેક સભ્યોને બાંધકામ પૂર્ણ કરી મકાનનો કબજો સુપ્રત કરેલ નથી. આમ પેટા નિયમ-૯૩નો ભંગ કરેલ છે.

તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૭ અને તા. ૫મી જુન, ૧૯૯૭ના જવાબમાં જણાવ્યા મુજબ સોસાયટીના સભાસદોને મકાનના બાંધકામ માટે જે ટેન્ડરો મંગાવવામાં આવેલા તે આવેલ ટેન્ડરો આઈ.પી.સી.એલ. ના અધિકૃત અધિકારી અને પર્સનલ મેનેજરશ્રી તથા સીવીલ એન્જીનીયરશ્રી તેમજ સોસાયટીના માન્ય આર્કીટેકશ્રી તેમજ સોસાયટીના મેનેજીંગ કમીટીના સભ્યોની હાજરીમાં તેમજ ટેન્ડર ભરપાઈ કરનાર અંદાજે ૧૨ થી ૧૪ કોન્ટ્રાકટરોની ટેન્ડરીંગ પાર્ટીની હાજરીમાં ટેન્ડર બોકસમાંથી આવેલ ટેન્ડરો ખોલીને જે ટેન્ડરોમાં સૌથી લોયેસ્ટ ભાવના ટેન્ડરો હતા. તે દરેકની જાહેરાત માઈક ઉપર જાહેર કરીને ખાસ કરીને આઈ.પી.સી.એલ. કંપનીના સીનીયર સીવીલ એન્જીનીયરશ્રી શર્મા સાહેબની જરૂરી સલાહ સૂચના અને માર્ગદર્શન મુજબ સૌથી લોયેસ્ટ ભાવના ટેન્ડર મંજુર કરેલા છે, વિગેરે રજુઆત કરેલ છે.

મંડળીના બાંધકામ કોન્ટ્રાકટર તથા સ્પેશીફીકેશનની નકલો સભાસદોને આપવામાં આવેલ નથી. તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭ સુધીમાં એ. બી. સી. ટાઈપના કુલ ૨૭ મકાનો કંપલીટ થયા છે બાંધકામ કોન્ટ્રાકટની કાર્યવાહી સને ૧૯૯૪ થી ચાલુ છે ત્યારબાદ બાંધકામ અંગેની પરવાનગી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫થી મેળવેલ છે અને જમીન બીન ખેતીની પરવાનગી કલેકટરશ્રી તરફથી તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૩ ના હુકમથી મળેલ છે. સદરહુ હુકમની શરત-૬ અનુસાર તારીખ ૪થી નવેમ્બર ૧૯૯૩ ના હુકમથી બાંધકામ ૬ માસ માં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાની શરતનું ઉલ્લંઘન થયેલ છે. આમ બાંધકામની શરતો અને પેટા નિયમની જોગવાઈઓ અનુસાર સમય મર્યાદામાં બાંધકામ પૂર્ણ કરી, સભાસદોને કબજો સુપ્રત કરવામાં વ્યવસ્થાપક કમીટી નિષ્ફળ નિવડેલ છે. આ ઉપરાંત તારીખ ૫મી મે, ૧૯૯૭ના રોજ મે. મહેશ વોરા આર્કીટેક કન્સલ્ટીંગ તેમજ તારીખ ૧૫મી જુન ૧૯૯૩ ના રોજ મે. બાલુન કન્સ્ટ્રકશન કંપની, વડોદરા સાથે બાંધકામ અંગેના કરાર થયેલા છે આ કરારો રજિસ્ટર્ડ કરવામાં આવેલા હોવાનું સ્પષ્ટ થતું નથી. કરારો રજીસ્ટર્ડ હોવા આવશ્યક છે. આ ઉપરાંત કરારો રજીસ્ટર્ડ ન હોવાને કારણે બાંધકામ અને મંડળી સાથેના વ્યવહારો બાબતે જોખમી પરીબળો બાબતે મંડળીના વ્યવસ્થાક કમીટી સભ્યો જવાબદાર છે અને આથી વ્યવસ્થા ગોઠવવા મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યો નિષ્ફળ નિવડ્યા છે.

મુદ્દા નંબર ૪.—પેટા નિયમ-૧૦૧ મુજબ જમીન ટોચ મર્યાદાની કલમ-૨૧ની શરતો વ્યવસ્થાપક કમીટીએ નિભાવેલ નથી સદર મુદ્દાના જવાબમાં જમીન ટોચ મર્યાદાની કલમ-૨૧નો ભંગ કરેલ નથી અને સક્ષમ અધિકારીએ કોઈ સૂચના કે નોટીસ આપેલ નથી તેવું જણાવેલ છે.

સહકારી કાયદા હેઠળ નોંધાયેલ પેટાનિયમની જોગવાઈઓ મંડળીએ અન્ય કાયદાની શરતો સહીત ચોક્કસ પ્રકારે યુ.એલ.સી. એકટ મુજબ ફાજલ જમીન મેળવી યુ.એલ.સી. એકટની જોગવાઈઓ અને મર્યાદા હેઠળ યુ.એલ.સી. એકટ તેમજ તેના અનુસંધાને પેટાનિયમોની જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી મંડળીના વ્યવસ્થાપક મંડળની

INDEX

છે. યુ.એલ.સી. એક્ટ હેઠળ મહેસૂલ વિભાગના તારીખ ૨૨મી મે ૧૯૮૮ના હુકમની શરત ૭ જમીનનો કબજો મેળવ્યાની તારીખથી બે વરસમાં બાંધકામ પુરું કરવાની શરતનું પાલન થયું નથી. શરતમાં ફાળવેલ જમીન બાંધકામ સહિત રાષ્ટ્રીયકૃત બેંકો અને સરકાર માન્ય નાણાં ધીરાણ સંસ્થાઓને કબજા વિના ગીરો મુકવાની જોગવાઈ છે. મંડળી અને સભ્યો દ્વારા લોનો મેળવી બાંધકામ કરાવવા માંગે છે તે નાણાં ધિરનાર સંસ્થાઓ, સરકાર માન્ય લીધાની બાંહેધરી કરેલી નથી. આમ મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યો યુ.એલ.સી. એક્ટની શરતે તે સંદર્ભ પેટા નિયમ-૧૦૧નું પાલન કરવાની કસૂર કરી છે.

મુદ્દા નં. ૫.—સોસાયટીના સભ્યોને શેર સર્ટીફીકેટ આપેલ નથી.

સદર મુદ્દા સંબંધે જવાબની વિગતે સભાસદો શેર સર્ટીફીકેટ લઈ ગયા છે. અને કેટલાંક સભાસદો શેર સર્ટીફીકેટ લઈ ગયેલ નથી.

મંડળીના પેટા નિયમ અને સહકારી કાયદા કાનૂન અનુસાર લાયકાત ધરાવતા ઈસમને સભ્ય તરીકે દાખલ કર્યા બાદ, શેર સર્ટીફીકેટ સભ્યોની આપવાની જવાબદારી મંડળીની વ્યવસ્થાપક કમીટીની છે. શેર સર્ટીફીકેટ સભ્યોને આપવા બાબતે ની કાર્યવાહીના સમર્થનમાં કોઈ પુરાવા રજા કર્યા નથી. શેર સર્ટીફીકેટ સભ્યોને આપેલની બાબતમાં મંડળીના કાર્યવાહકો નિષ્ફળ નિવડ્યા છે.

મુદ્દા નં. ૬.—સંસ્થાએ ચુંટણીની પ્રક્રીયા નિયમોનુસાર કરેલી નથી. સહકારી કાયદાની કલમ ૭૪ ડીનો ભંગ કરેલ છે.

સદર મુદ્દાના જવાબમાં પ્રથમ સામાન્ય સભામાં વ્યવસ્થાપક કમીટી ચુંટાયેલ છે. અને તેની મુદત મંજુર થયેલ પેટા કાયદાની જોગવાઈ મુજબ ત્રિકુ વર્ષની છે.

મંડળીની વ્યવસ્થાપક કમીટીની ચુંટણી બાબતના નિયમો પરિશિષ્ટ-અ હેઠળ મંજુર કરવામાં આવેલા છે. પેટા નિયમ-૪૭ અનુસારે પ્રમુખ અને કમીટી સભ્યોની સંખ્યાના ૧/૩ જટલા સભ્યો ફારેગ થશે તેવી સ્પષ્ટ જોગવાઈ છે. વ્યવસ્થાપક કમીટીની મુદત ત્રણ વર્ષની હોવાની રજુઆત ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. જવાબ સાથે વધિત સામાન્ય સભાઓના પ્રોસીડીંગ્સ રજુ કરેલા છે જે તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૪, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭ તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૮ ની તારીખોના છે. આ પ્રોસીડીંગની નકલોમાં વ્યવસ્થાપક કમીટીની ચુંટણી કરવામાં આવેલ હોય તેવા કોઈ ઠરાવો નથી કે ત્યારબાદ આવી ચુંટણી થયેલ હોય તેવા કોઈ પુરાવા રજુ કરેલા નથી.

આમ સમગ્ર વિગતો જોતાં મંડળીની વ્યવસ્થાપક કમીટીની રચના બાબતે મંડળીના નોંધાયેલ ચુંટણીના નિયમો તેમજ પેટા નિયમ-૪૭નો વારંવાર ભંગ કરેલ છે.

મુદ્દા નં. ૭.—મંડળીના હિસાબો નિયમીત લખવામાં આવતા નથી મનસ્વી રીતે ચીજવસ્તુઓ ખરીદ કરવામાં આવે છે અને ખરીદી માટે ટેન્ડરો તૈયાર કરેલ નથી.

સદર મુદ્દાના જવાબમાં મંડળીનો હિસાબો નિયમીત લખવામાં આવે છે મંડળીના હિસાબોની તપાસણી માટે ઈન્ટરનલ ઓડિટરની નિમણુંક કરવામાં આવી છે. અને ચીજવસ્તુઓની ખરીદી તમામ સભાસદોના હિત અર્થે ફાયદામાં કરેલ છે.

પેટા નિયમ ૪૭ અનુસાર ઈન્ટરનલ ઓડિટરની નિમણુંક કરવાના અધિકારો વાર્ષિક સાધારણ સભામાં જ છે. છેલ્લા વર્ષ સુધીની સામાન્ય સભાઓના પ્રોસીડીંગના વિગતો જોતા ઈન્ટરનલ ઓડિટરની નિમણુંક થયાનો કોઈ ઠરાવ નથી તેમજ હિસાબો નિયમિત લખવા બાબતેના કોઈ પુરાવાઓ રજુ કરેલા નથી.

આમ આ મુદ્દાના જવાબ ખોટા રજુઆત અને ગેરમાર્ગે દોરનારી રજુઆત કરેલ છે. સોસાયટીના ચીજવસ્તુઓની ખરીદી માટે બજેટ પ્રથા આવશ્યક છે જેનું પાલન કરવામાં મંડળીની વ્યવસ્થાપક કમીટી નિષ્ફળ નિવડેલ છે.

નંબર ઉખસ/નધણ/સે-૨૭૨૩૧/ઝ/૧૨૨૧/૯૪.—આથી જાહેર કરે છે કે ઘુંટવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ઘુંટવેલ, તાલુકો સોનગઢ, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૪.

નંબર ઉખસ/નધણ/સે-૨૭૨૩૦/ઝ/૧૨૨૨ / ૯૪.—આથી જાહેર કરે છે કે આમોદા તર્ફે તબોદા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ આમોદા તર્ફે તબોદા, તાલુકો નિઝર, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૪.

નંબર ઉખસ / નધણ / ધ-૧૬૪૩૧ / ઝ / ૧૨૧૦/૯૪.— આથી જાહેર કરે છે કે ગુંજન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ અડાજણ, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો; ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૪.

પી. પી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

નંબર ઉખસ/૧૬૭૦૨/૯૪.—આથી જાહેર કરે છે કે લાલજી એપાર્ટમેંન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ બીલીમોરા, તાલુકો ગણદેવી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો (કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૪.

એ. પી. સુથાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
વલસાડ.

નંબર ઉખસ / નધણ/ -૧૬૪૩૩/ઝ / ૧૨૨૦/૯૪.— આથી જાહેર કરે છે કે પરિમલપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ રાંદેરરોડ, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો (૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

સરકારી અધિકારી ફડચા–૨, સુરતના જાવક નંબર ફડચ / ૦૨ / ૧૨૪/૯૪, તારીખ ૧૦ મી ઓક્ટોબર, ૧૯૯૪થી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર.ફડચા / ઉખસ / ૧૪૨૫ / ખ / ૨૦૨૯ / સને ૧૯૯૪.— ધી ગોડધા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ગોડધા, તાલુકા માંડવી, જિલ્લો સુરતનાનો ક્રમાંક નંબર ઉ-૯૦૯૪, તારીખ ૩૧ મી જાન્યુઆરી, ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના આદેશ

INDEX

ક્રમાંક નંબર ફડચ / ઉખસ / ૧૪૨૫ / ખ /૬૭૪, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટમુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણુ નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

સહકારી અધિકારી ફડચા--૨, સુરતના જાવક નંબર ફડચા / ૦૨ / ૧૨૫/૯૪ તારીખ ૧૪ મી ઓકટોબર, ૧૯૯૪ થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જાવક નંબર ફડચા/ઉખસ/૧૪૦૦/ખ/૨૦૩૮/સને ૧૯૯૪.— ધી માંડવીનગર વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ માંડવી, તાલુકા માંડવી, જિલ્લો સુરતના નો ક્રમાંક નંબર ઉ-૯૫૬૩, તારીખ ૨૮ મી ડિસેમ્બર, ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નંબર ફડચ/ઉખસ/૧૪૦૦/ખ/૧૯૫૬ તા. ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૩ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત મંડળીઓ કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૪.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જાવક નંબર ફડચ/૧૪૬૨/ખ/ ૧૧૮૬/૯૪ તારીખ ૧૮ મી જુન, ૧૯૯૪ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

" અંતિમ આદેશ "

ક્રમાંક ફડચા / ઉખસ / ૧૪૬૨ / આ / ૨૦૬૫ / ૧૯૯૪.— જે ને મેં અંવાચ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લી., મુકામ-- અંરથાણ, તાલુકો પલસાણા, જિલ્લો સુરત નોંધણી ક્રમાંક પી-૩૯૬૧, તારીખ ૧૫ મી જુન, ૧૯૫૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૧૮ મી જુન, ૧૯૯૪ ના વચ-- ગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા--૧, સુરત ની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, ૭મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધું :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) રાનીપરજ ઘર બાંધનારી સહકારી મંડળી લી. સલાબતપુરા દોરીયાવાડ સુરતને અત્રેની કચેરીના તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્ર નંબર સવન/૦૧/ખ/૧૩૧૬/૯૪ થી આપેલ કારણ દર્શક નોટીસ.

(૩) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય ગાંધીનગરના તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૪ ના પત્ર નંબર ૨૮૮૪/ડીઓ ૧૪૮૨/૬૪૨૫ થી બહાર પાડેલ જાહેરનામું.

ક્રમાંક સડક/૦૧/ખ/૨૦૭૦/૧૯૯૪.— રાનીપરજ સહકારી ઘર બાંધનારી મંડળી લી સલાબતપુરા દોરીયાવાડ સુરતએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની અન્વયે નોંધણી નંબર બી/૮૮૬ તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૬૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે સદર મંડળી પછાત વર્ગના કલ્યાણ યોજના હેઠળ આદિજાતિના નબળા વર્ગના ઈસમોને આવાસો મળી રહે તે માટે રાજયસરકારશ્રીની પી.ડબલ્યુ.આર. સ્કીમ હેઠળ શીડ્યુલ ટ્રાઈબ વર્ગ માટે ઉભી કરવામાં આવેલી છે. નબળા વર્ગના માણસોના આવાસોનો પ્રશ્ન હલ કરવાના હેતુસર સદર મંડળીને કલેકટરશ્રી સુરત તરફથી સરકારી રાહે જમીન સંપાદન કરી તેમના હુકમ નંબર સી.ટી.એફ/વશી/૮૫૯/૭૧, તારીખ ૧૪મી જૂન ૧૯૭૧ થી સુરત શહેરનાં સીટી સર્વે નંબર ૨૩૩૩/આ/ ૨ તથા ૨૩૩૪ વાળી જમીન ફાળવવામાં આવેલ છે.

સદર મંડળીની વ્યવસ્થાપક કમીટીને વંચાણે લીધેલ ક્રમાંક (૨) વાળા પત્રથી નીચેના મુદ્દાસર કારણદર્શક નોટીસ આપી તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૪ ના રોજ અત્રેની કચેરીમાં રજૂઆત માટે હાજર રહેવા જણાવેલ હતું.

(૧) મંડળીને પછાત વર્ગના કલ્યાણ યોજનાની યુધ્ધોત્તર પુનઃરચના ૨૧૯ હેઠળ રચના કરી સરકારી રાહે જમીન સંપાદન કરી આવાસો ઉભાં કરવામાં આવેલ છે આ આવાસનો ઉપયોગ જે તે સભ્યએ પોતેજ કરવાનો રહે છે પરંતુ એવું જણાયું છે કે સભ્યો મંડળીના આવાસમાં રહેતાં નથી. અને જેને માટે આવાસો ઉભાં કરેલ છે તેને બદલે અન્ય ઈસમો જ વસવાટ કરે છે જે મંડળીના પેટા નિયમ વિરૂધ્ધ છે.

(૨) મંડળીની જે જમીન ફાળવેલ છે તે ચોકકસ વર્ગના ચોકકસ માણસ માટે ફાળવેલ છે તે સિવાય તેના ઉપયોગ અન્ય ઈસમો કે અન્ય હેતુ માટે કરી શકે નહી.

(૩) મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોને જે આવાસ ફાળવેલ તે સભ્યો પોતે રહેતા નથી. અને સભ્ય અન્ય ઈસમો વસવાટ કરી ભોગવટો કરે છે.તેમ છતાં કોઈ પગલાં મંડળીએ ભરેલ નથી.

(૪) મંડળીની સામુહિક સુવિધા માટે જે જમીન અનામત રાખવામાં આવેલ તે જમીનનો ઉપયોગ સુવિધાને બદલે વેપારી ધોરણે કરી રહેલ છે અને આ ભોગવટો મંડળીને બદલે અન્ય ધંધાદારી વ્યકિતઓને લીઝઉપર આપી મંડળીના અધિકાર અને ઉદ્દેશને અને મીલ્કતને હાની પહોંચાડી રહેલ છે.

INDEX

(૫) મંડળી વ્યવસ્થાપક સમિતિ યોગ્ય રીતે અને પેટા નિયમ મુજબ મંડળી તથા સભ્યોનાં હિતમાં કામ કરતી નથી.

(૬) મંડળી જે હેતુ માટે ઉભી કરવામાં આવેલ છે અને જેમને માટે આવાસો ઉભાં કરેલ છે તે સભ્યોને બદલે અન્ય સભ્યો વસવાટ કરી રહેલ છે. પરિણામે સરકારી યોજનાના સલાભો અને મંડળીની રચનાનો મુળ હેતુ નસ્તપ્રાય કરેલ છે અને તેની મંડળીની વ્યવસ્થાપક સમિતિ ને ચાલુ રાખવાની મંડળીના ઉદ્દેશો વિરૂધ્ધ છે કારણ કે યોજનાનો લાભ મૂળ સભ્યોને બદલે અન્ય મંડળી રહેલ છે.

(૭) મંડળીનાં હોદ્દેદારો તેના આવાસોમાં રહેતા નથી પણ અન્ય જગ્યાએ વસવાટ કરે છે અને તેથી તેઓ હોદ્દા ધારણ કરી શકે નહી.

અત્રેની સદર નોટીસનાં સંદર્ભમાં મંડળીનાં સેક્રેટરીશ્રી નાનુભાઇ ભાણાભાઇ રાઠોડ તથા વ્યવસ્થાપક કમીટી સભ્યશ્રી બચુભાઇ મકનભાઇ પટેલ તારીખ ૧૦મી ઓકટોબર ૧૯૯૪ના રોજ હાજર રહેલ તથા નોટીશનો જવાબ રજૂ કરવા વધુ એક મુદતની માંગણી કરેલ.

તેઓની વિનંતી ગ્રાહય રાખી બીજી સુનાવણીની તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૪ રાખવામાં આવેલા મંડળીના કુલ-૭ હોદ્દેદારોને આપેલ નોટિશ પૈકી પ્રમુખ તથા ૩ કમીટિ સભ્યોની આર.પી.એ.ડી. ટપાલ "માલિકી ઓળખ મળતી નથી" ના શેરા સહિત પરત મળેલ છે. તથા ૨૧મી ઓકટોબર ૧૯૯૪ ના રોજ મંડળી વતી પ્રમુખશ્રી બાબુભાઇ તથા સેક્રેટરીશ્રી નાનુભાઈનાં ઓડવોકેટ શ્રી જે. સી. જરીવાળા હાજર રહી (૧) સદર કામને લગતાં દસ્તાવેજી પૂરાવા મળી શકેલ ન હોવાથી જવાબ તૈયાર થઈ શકેલ નથી (૨) એડવોકેટ બીજા કામમાં રોકાયેલ છે (૩) કેટલાંક કારોબારી સભ્યો બહારગામ હોવાના કારણે આવી શકે તેમ નથી.

ઉપરોકત ત્રણ કારણો જણાવી અન્ય મુદત માંગેલ તેઓની રજૂઆત ધ્યાને લઈ તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૩ ના રોજ બીજી મુદત આપેલ પરંતુ તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૪ ના રોજ હાજર રહી વકીલશ્રીએ અન્ય મુદત માંગેલ તેઓ તરફથી હવે જે મુદત આપવામાં આવે તે આખરી મુદત ગણવા તથા ત્યારબાદ મુદત નહી માગવાની ખાત્રી આપતાં ચોથી મુદત તારીખ ૭મી ૭મી નવેમ્બર ૧૯૯૪ ના રોજ બપોરે ત્રણ કલાકની આપવામાં આવેલ આવેલ. આ ઉપરાંત તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૪ ના રોજ મંડળીના પ્રમુખશ્રીને ફરીથી આર.પી.એ.ડી. નોટીસ આપી તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૪ ના રોજ હાજર રહેવા જણાવેલ. જે નોટીસ આપી તારીખ ૨૯મી ઓકટોબર ૧૯૯૪ ના રોજ હાજર રહેવા જણાવેલ જે નોટીશ Left ના શેરા સહીત પરત મળેલ છે.

તારીખ ૭મી નવેમ્બર ૧૯૯૪ ના રોજ ફરી વકીલશ્રીએ હાજર રહી અન્ય મુદત આપવા અરજી આપેલ હતી આમ ફકત રજૂઆત કરવાને બદલે કે પૂરાવા અગર ખુલાસો રજૂ કરવાને બદલે કોમને વિલંબીત કરવાનોજ આશય રહેલ છે તેથી જે તેઓની અરજી ગ્રાહય રાખી શકાય તે મ ન હોવાથી ગ્રાહય રાખવામાં આવેલ નથી.

ઉપરોકત તમામ વિગતો જોતાં મંડળીના હોદ્દેદારોને કારણ દર્શક નોટીસ આપતા તેઓએ તેનો કોઇ જવાબ આપેલ નથી મંડળીનાં પ્રમુખશ્રી સુનાવણીમાં હાજર રહેલ નથી. ફકત તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૪ના રોજ મંડળીના સેક્રેટરી તથા એક કમીટી સભ્યજ હાજર રહેલ હતા. વકીલાતનામા પણ ફકત તેઓની સહી છે. અન્ય હોદ્દેદારોની સહિ નથી. તેઓના વકીલ મારફત વખતોવખત મુદતની માંગણી કરવામાં આવેલ ચાર વખતોવત મંડળીને રજૂઆતની તક આપવા છતાં તેઓ તરફથી કોઇ રજૂઆત કરવામાં આવેલ નથી મંડળીના પ્રમુખશ્રી તથા અન્ય કમીટી સભ્યો મંડળીનું સ્થળ છોડી ગયેલ છે જે જોતાં મંડળીનો કારોબાર મંડળીની વ્યવસ્થાપક કમીટી નહી પરંતુ બેજ વ્યકિત કરતી હોવાનું માનવાને કારણ રહે છે

આમ મંડળીની વ્યવસ્થાપક કમીટી મંડળીના પેટા-નિયમ મુજબ કામ કરતી નથી કેટલાંક કમીટી સભ્યો મંડળીના સ્થળે રહેતા જ ન હોવાથી મંડળીનો વહીવટ સહકારી કાયદા તથા પેટા નિયમ મુજબ કરવામાં નિષ્ફળ ગયેલ છે. મંડળીનો મૂળ ઉદ્દેશ નષ્ટપ્રાય કરવા કાર્યવાહી કરેલ છે. સહકારી કાયદો કાનૂન તથા પેટા નિયમને આધિન તેઓ ઉપર લાદવામાં આવેલ ફરજો બજાવવામાં કસૂર કરેલ છે અને તેમ કરી મંડળીના હિતને બાધ આવે તેવું કૃત્ય કરેલ છે જે જોતાં સદરહું કમીટીને વધુ ચાલુ રાખવી હિતાવહ જણાતી નથી આથી ભવિષ્યમાં મંડળીને વધુ નુકશાન ન થાય અને મંડળીનો ઉદ્દેશ સચવાય રહે તેને નજર સમક્ષ રાખી હાલની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી વહીટદારશ્રીની નિમણુંકની આવશ્યકતા જણાતી હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી પી. પી. ઉપાધ્યાય જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીના અધિનિયમની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ રાનીપરજ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી સુરતની વ્યવસ્થાપક કમીટી દૂર કરી પ્રથમ તબકકે વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે મજકુર કાયદાની કલમ-૮૧ (૧) હેઠળ અન્યને સંસ્થાના વહીવટદાર તરીકે શ્રી. એન. આર. ચોલચીવાળાને નીચેની શરતોને આધિન નિમણુંક કરૂં છું,

(૧) સંસ્થાના રોજ બરોજના કામકાજનો ખર્ચ સંસ્થાના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) સંસ્થાને પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો તથા ફરજો જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી સુરતના નિયંત્રણ હેઠળ ભોગવી શકાશે.

(૩) વહીવટદારે સંસ્થાના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અંગે કાર્યવાહી તપાસ કરવાની રહેશે અને દર માસની પાંચમી તારીખ સુધીમાં સંસ્થામાં કરેલ કામકાજ અંગેનો અહેવાલ કરવાનો રહેશે.

સુરત, તારીખ ૯મી નવેમ્બર ૧૯૯૪.

વંચાણે લીધો :—

(૧) અત્રેના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ઉખસ/૧૪૬૭/ખ/૧૩૬૫/૯૪, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૪.
(૨) સરકારી અધિકારી ફડચા-૨, સુરતના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૯૪, ૯૪-૯૫, તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૪.
(૩) અનાવલ વિભાગ મજુર સહકારી મંડળી લી. નો તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૪ નો પત્ર.

હુકમ

ક્રમાંક ફડચ/૧૪૬૭/ખ/૨૦૯૭ / ૯૪.—અનાવલ મજુર ગ્રાવલ સહકારી મંડળી લી. મુકામ : અનાવલ, તાલુકો : મહુવા, જિલ્લો સુરતને અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચા/ઉખસ ૧૪૬૭/ખ/૧૩૬૫/૯૪, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૪ થી ફડચામાં

INDEX

લઈ જવામાં આવેલ છે. પરંતુ સદર મંડળીનું અસ્તિત્વ નથી જેથી આમુખ (૨) (૩) ધ્યાને લઈ સદર મંડળીને આપેલ અંતિમ આદેશ રદ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/ભ-૨૨૮૦/૧૨૪૮ / ૯૪.—આથી જાહેર કરે છે કે, બારડોલી વિભાગ ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ : બારડોલી, તાલુકો : બારડોલી, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/સે-૨૭૨૩૨/ઝ/૧૩૩૭ / ૯૪.—આથી જાહેર કરે છે કે, કાકડકુવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : કાકડકુવા, તાલુકો : સોનગઢ, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના સદર જા.નં. : ફડચ/૧૪૮૩/ખ/૧૭૩૪/૯૪, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

ક્રમાંક : ફડચા/ઉખસ/૧૪૮૩/અ/૨૨૯૦ / ૧૯૯૪.—જેને મેં આપરફળિયા (વાલોડ) પછાતવર્ગની સહકારી ગૃહ મંડળી લી. મુકામ : આપરફળિયા તાલુકો : વાલોડ જિલ્લો : સુરત નોંધણી ક્રમાંક : ધ-૪૭૫૩, તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧), અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો આદેશ ક્રમાંક : ફડચ/ઉખસ/૧૪૬૫/ખ/૧૪૦૯ તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ ૧૯૯૪.

(૨) સહકારી અધિકારી ફડચા-૨ સુરતના જા. નં. : ફડચ/૦૧/૧૩૨/૯૪ તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૪.

ક્રમાંક ફડચ/૧૪૬૫/ખ/૨૩૦૨/૯૪.— ઘાટ ખેતમજૂર સહકારી મંડળી લી. મુ. : ઘાટ, તાલુકો : વ્યારાને અત્રેના આદેશ ક્રમાંક : ફડચ/ઉખસ/૧૪૬૫/ખ/૧૪૦૯, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદર મંડળીનું અસ્તિત્વ નથી. સદર અંતિમ આદેશમાં નોંધણી નં. : પી-૧૧૬૭, તારીખ ૧૫મી માર્ચ, ૧૯૮૬ ઘાટ ખેતમજૂર સહકારી મંડળી લી. મુકામ : ઘાટા, તાલુકો : વ્યારાનો છે. સદર મંડળી કાર્યરત હોઈ તથા મંડળીનો છેલ્લો ઓડીટ વર્ગ-બ હોઈ વંચાણે લીધેલ આમુખ (૨) ધ્યાને લઈ અંતિમ આદેશ રદ કરવા અંગેનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

હુકમ

ઘાટ ખેતમજૂર સહકારી મંડળી લી. મુકામ : ઘાટ તાલુકો : વ્યારાને અત્રેના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઉખસ/૧૪૬૫/ખ/૧૪૦૯, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. પરંતુ સદર મંડળીનું અસ્તિત્વ ન હોઈ અત્રેથી કરેલ આમુખ (૧) માં દર્શાવેલ અંતિમ આદેશ રદ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૪.

નં. ઉખસ/નધણ/સે-૨૭૨૩૩/૧૩૫૪ / ૯૪.—આથી જાહેર કરે છે કે બેડપાડા દૂધ ઉત્પાદક મહિલા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : બેડપાડા, તાલુકો : સોનગઢ, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાદા-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૪.

નં. : ઉખસ/નધણ/સા-૨૭૮૩/ઝ/૧૩૫૫ / ૯૪.—આથી જાહેર કરે છે કે સતાધાર કૃપા કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : ફુલપાડા, તાલુકો : ચોર્યાસી, જિલ્લો : સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના સદર જા. નં. : ફડચ/૧૪૮૫/ખ/૧૮૪૪/૯૪ તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૪થી કરવામાં આવેલ, વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ઉખસ/ફડચા/૧૪૮૫/અ/૨૩૩૨ / ૧૯૯૪.—જેને મે સિપોદ હરિજન પ. વ. કો-ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ : સિપોદ, તાલુકો : પલસાણા, જિલ્લો : સુરત નોંધણી ક્રમાંક : ૨૦૪૯, તારીખ ૧૯૫૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૪ ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના

INDEX

કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફરજ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફરજ્યા-૧, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચ્યો :—

(૧) અત્રેની કચેરીના સદર જા.નં. : ફરજ્ય/૧૪૮૪/ખ/૧૮૪૩/૯૪, તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૪ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફરજ્યા/ઉખસ/૧૪૮૮/અ/૨૩૩૪ / ૧૯૯૪.—જેને મે. હરિકૃષ્ણ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ : કરંજ, તાલુકો : ચોર્યાસી, જિલ્લો : સુરત નોંધણી ક્રમાંક : ઘ-૧૦૮૮૫, તારીખ ૮મી માર્ચ, ૧૯૮૪ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૪ ના વચગાળાના આદેશથી ફરજ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફરજ્યામાં લઈ જવા અંગેના દરખિલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફરજ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફરજ્યા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધું :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) પ્રેરણાનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. તાડવાડી રાંદેર રોડ સુરતમાં વહીવટદારની નિમણુંક અંગેનો જિલ્લા રૂપે. ઓડીટરશ્રી સુરત તરફથી મળેલ ખાસ અહેવાલ

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૩મી મે ૧૯૯૪ના પત્ર નંબર સવન/૦૧/ખ/૧૦૫૯/થી આપેલ પ્રાથમિક નોટીસ.

(૪) અત્રેની કચેરીનાં તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪ના પત્ર નં. સવન/ ૦૨/ખ/૧૨૩૮ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૫) અત્રેની કચેરીના તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૪ ના પત્રક નંબર સવન/૦૨/ખ/૧૫૧૪

(૬) સરકારશ્રીનાં સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તારીખ ૨૨મી માર્ચ ૧૯૮૪ના પત્ર નંબર ૨૮૮૪/ડીડીઓ/૧૮૨/ ૭૪૨૫/ગ થી બહાર પાડેલ જાહેરનામું.

ક્રમાંક સવન/૦૨/ખ/૨૩૩૫/૧૯૯૪.—પ્રેરણાનગર કો. ઓ. હા. સો. લી. તાડવાડી રાંદેર રોડ, સુરતએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે જેનો ઉલ્લેખ હવે પછી સદરહું હુકમમાં મંડળી તરીકે કરવામાં આવેલ છે.

મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ થી ૩૦મી જુન ૧૯૯૩ સુધીના સમયનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ સુરત મારફત હાથ ધરવામાં આવેલ ઓડીટ દરમ્યાન મંડળીના વહીવટમાં નીચે જણાવેલ વિગતે ક્ષતિઓ જણાય આવતા વંચાણે લીધેલ ક્રમાંક-૩ વાળા પત્રથી મંડળીને પ્રાથમિક નોટીસ આપી સ્પષ્ટતા માંગવામાં આવેલ હતી પરંતુ મંડળી તરફથી બે માસ સુધી કોઈ જવાબ મળેલ ન હતો. આથી વંચાણે લીધેલ ક્રમાંક-૪ વાળા પત્રથી મંડળીના તમામ હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી રૂબરૂ રજુઆત માટે તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૪ ના રોજ સુનાવણીમાં અત્રેની કચેરીમાં હાજર રહેવા જણાવેલ હતું.

(૧) મંડળીના આગલા ઓડીટ રીપોર્ટની દુરસ્તી કરવામાં આવેલ નથી. તેમ કરી કાયદાની કલમ-૮૫ તથા પે. નિ-૭૭ નો ભંગ કરેલ છે.

(૨) મંડળીની વાર્ષિક સાધારણ સભા નિયત સમયમાં ન મેળવી તારીખ ૨૪મી ડીસેમ્બર ૧૯૯૩ ના રોજ મેળવેલ છે તેમ કરી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

સદર સભામાં કુલ ૫૪ સભાસદો પૈકી૧૩ સભ્યો જ હાજર રહેલ હતા. જેથી સભાસદોને મંડળીના વહીવટમાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે સભાના ઠરાવ નંબર ૪માં જણાવ્યા મુજબ મંડળીના વ્યવસ્થાપક કમીટીમાં રહેવા કોઈ તૈયાર નથી આથી મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ છે.

(૩) કલમ-૩૭ અન્વયે રાખવાપાત્ર રજીસ્ટરો જેવા કે શેર ટ્રાન્સફર રજીસ્ટર જમા પહોંચ બુક વપરાશ રજીસ્ટાર ડેડસ્ટોક રજીસ્ટાર વિગેરે રાખેલ નથી અગાઉના ઓડીટ સમયે સૂચના આપવા છતાં તેનું પાલન કરેલ નથી અને આવું ઓડીટ દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી

(૪) મંડળીઓ સભાસદોને મળેલ લોન ભરપાઈ થવાનું તથા બાકી રહેલ લોન અંગેનું પત્રક પુરું પાડેલ નથી લોન બાબતે સભાસદોના કન્ફર્મેશન લેટર મેળવેલ નથી તેમજ તે અંગેના હિસાબો યોગ્ય રીતે રાખેલ નથી અને તેની વસૂલાત કરેલ નથી.

(૫) મોટા ભાગના સભાસદો તરફથી વહીવટી ફાળો સમયસર મેળવેલ નથી આવક કરતા ખર્ચ વધેલ છે જેથી મંડળી ખોટમાં ઉભી રહી છે અને તે રીતે વ્યવસ્થાપક કમીટી તેની ફરજ બજાવવામાં નિષ્ક્રિય રહેલ છે.

(૬) મંડળીએ ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોપો. લી. તથા ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી સુરત પાસેથી લીધેલ લોન સમયસર ભરપાઈ થયેલ નથી તે અંગે યોગ્ય ફાળવણી કરેલ નથી કે હિસાબો કરી તેની વસૂલાત કરી ભરપાઈ કરવા કોઈ દરકાર રાખેલ નથી મંડળી ઉપર વ્યાજનું ભારણ દિન પ્રતિદિન વધતુ જાય છે જેથી સભાસદોને આર્થિક નુકશાન થયેલ છે અને યોગ્ય રીતે વહીવટ ન કરવાથી આ અંગે સમિતિના સભાસદો જવાબદાર ઠરેછે

તારીખ ૧૧મી જુલાઈ ૧૯૯૪ની કારણદર્શક નોટીસના સંદર્ભમાં મંડળીના પ્રમુખ કે અન્ય હોદ્દેદારો સુનાવણીમાં તારીખ ૧લી ઓગસ્ટે ૧૯૯૪ના રોજ હાજર રહેલ નથી ફકત એક કમિટી સભ્ય શ્રી મનસુખલાલ હરકીશનદાસ ડેરીવાળા લેખિતમાં બીજી મુદત આપવા વિનવણી કરેલ છે મંડળીના પ્રમુખ ઉપ પ્રમુખ તથા એક કમિટી સભ્યની સહીથી તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ના પત્રની નોટીસનો જવાબ મળેલ છે મંડળી તરફથી જે જવાબ આપવામાં આવેલ તે અસ્પષ્ટ તથા અત્રેના ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાતા ફરીથી અત્રેના તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૪ના પત્રથી નીચેના વિગતે મંડળી તરફથી સમય માંગવામાં આવેલ હતો.

(૧) મંડળીએ સને ૧૯૮૯ થી ૧૯૯૧ ના સમયના ઓડીટ મેમાની દુરસ્તી અહેવાલ મોકલી આપવાનું જણાવેલ આથી રીપોર્ટ મોકલી આપવાના આધાર પુરાવા રજુ કરવા અત્રેથી જણાવેલ.

(૨) મંડળીએ મુદા નંબર ૨માં તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ ફરીથી ખાસ સાધારણ સભા બોલાવવાનું જણાવેલ તો સદર ખાસ અસાધારણ સભાનો એજન્ડા ક્યારે

INDEX

કાઢવામાં આવ્યો? મંડળીના તમામ સભાસદોને તે ક્યારે રવાના કરવામાં આવેલ? ખાસ સાધારણ સભામાં કેટલા સભાસદો હાજર રહેલ હતા તેના આધાર પુરાવા તથા સભાના કાર્યવાહીની નકલ તથા એજન્ડાની નકલ રજુ કરવા જણાવેલ હતું.

(૩) મુદ્દા નંબર ૪માં જણાવેલ મુજબ મંડળીએ રાખેલ લોન અંગેના હિસાબોનું પત્રક તમામ સભાદોના લોન વસુલાત તથા બાકીદાર સહિતનું રજુ કરવા જણાવેલ.

(૪) ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોપો. લી. ની લોન હિસાબનું પત્રક સભાસદવાર રજુ કરવું.

(૫) મંડળીએ ખાસ સાધારણ સભા તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મળેલ જેમાં નવી કમિટી રચેલ હોવાનું જણાવેલ હતું જો તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ નવી કમીટી અસ્તિત્વમાં આવેલ હોય તો મંડળીનું સને ૧૯૯૧ થી ૧૯૯૩નું ઓડીટ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૪ ના રોજ પુરુ થયું તેમાં ઓડીટરશ્રી ને નવી કમીટીના જાણ કયા સંજોગોમાં કરવામાં આવેલ નથી જો નવી કમિટી રચેલ હોય તો ઓડીટરશ્રીને આપેલ તમામ પત્રકોમાં માજી પ્રમુખશ્રીએ કયા સંજોગોમાં સહી કરેલ છે -વળી કારણદર્શક નોટીસના જવાબમાં પણ માજી પ્રમુખશ્રીએ જ સહી કરેલ તે બદલ સ્પષ્ટતા કરવા જણાવેલ છે.

સદર પત્રની મંડળી તરથી આજદિન સુધી કોઈ સ્પષ્ટતા થઈ આવેલ નથી. આથી મંડળી તરફથી થયેલ રજુઆત ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોવાનું નીચેના મુદ્દા પરથી ફલિત થાય છે.

(૧) મંડળી તરફથી આગાઉના ઓડીટ મેમાની વાસ્તવિક દુરસ્તી થયેલ નથી.

(૨) તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના રોજ કોઈ ખાસ સાધારણ સભા બોલાવાયેલ નથી તેમજ નવી કમિટી રચાયેલ નથી. જો રચાયેલ હોય તો તે અંગેના આધાર પુરાવા રજુ કરી શકી હોત.

(૩) હાલ જુની કમિટી જ અસ્તિત્વમાં છે. પરંતુ કલમ-૮૧ની નોટીસના સંદર્ભમાં મંડળીએ કાયદાની છટકબારી શોધતાં નવી કમીટીની રચના થયેલ હોવાનું જણાવેલ છે. જો કમિટી રચાયેલ હોય તો તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ નાં રોજ પુરા થયેલ ઓડીટ દરમ્યાન તેની જાણ ઓડીટરશ્રીને કરેલ હોત તથા તમામ પત્રકો નવા પ્રમુખશ્રીની સહીથી રજુ કર્યા હોત પરંતુ તેમ થયેલ નથી.

(૪) મંડળી તરફથી નીભાવવામાં આવેલ રજિસ્ટરો કે હિસાબો રજુ કરવામાં મંડળીનાં હોદેદારો નિષ્ફળ ગયેલ છે.

ઉપરોક્ત તમામ વિગતો જોતાં મંડળીની વ્યવસ્થાપક કમિટી સહકારી કાયદા કાનૂન તથા મંડળીના પેટા-નિયમ મુજબ મંડળીનો વહીવટ ચલાવવામાં નિષ્ફળ ગયેલ છે. સહકારી કાયદા-કાનુન તથા મંડળીના પેટા નિયમ આધિન તેઓ -પર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવેલ નથી. એટલું જ નહીં પણ ફરજો બજાવવામાં કસુર કરેલ છે અને તેમ કરી મંડળીનાં હિતને બાધ આવે તેવા કાર્યો કરેલ છે. મંડળીના નાણાંને જોખમમાં મૂકેલ છે. સભાસદોને આર્થિક નુકશાન થાય તેવું કૃત્ય કરેલ છે. જે જોતાં સદરહુ કમિટીને વધુ ચાલુ રાખવી હિતાવહ જણાતી નથી. તથા ભવિષ્યમાં સંસ્થાને વધુ આર્થિક નુકશાન ન થાય અને થયેલ નુકશાન અંગે યોગ્ય કાર્યવાહી પગલાં લઈ શકાય તથા સભાસદોનું હિત જળવાઈ રહે તેને નજર સમક્ષ રાખી હાલની વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરી વહીવટદારની નિમણુંક કરવાની આવશ્યકતા જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, પી. પી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ પ્રેરણાનગર કો-ઓ. હાઉસીંગ સોસાયટી લી. તાડવાડી, રાંદેર રોડ, સુરતની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી પ્રથમ તબક્કે વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે મજકુર કાયદાની કલમ-૮૧ (૧) (ક) અન્વયે મંડળીનાં વહીવટદાર તરીકે ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો-ઓ બેંક લી. સુરતની નિમણુંક નીચેની શરતોને આધીન કરું છું.

(૧) સંસ્થાના રોજબરોજના કામકાજ અંગેનો ખર્ચ સંસ્થાના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) સંસ્થાના પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીનાં તમામ અધિકારો તથા ફરજો જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., સુરતનાં નિયંત્રણ હેઠળ ભોગવી શકાશે.

(૩) વહીવટદારે સંસ્થાના હિતમાં કામગીરી કરવાની રહેશે. તથા દર માસની તારીખ ૧૫મી સુધીમાં સંસ્થામાં કરેલ કામકાજ અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

સુરત, તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધું :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ નીં કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) ધી કિર્તીનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., રાદેર રોડ, સુરતનો ઓડિટરશ્રી, ગ્રેડ-૨, સ. મં., સુરત તરફથી મળેલ ખાસ અહેવાલ.

(૩) અત્રેની કચેરીના પત્ર : સવન/૦૨/ખ/૧૩૭૫/૯૪, તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૪ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૪) સરકારશ્રીનાં સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૪ ના પત્ર નંબર : ૨૮૮૪/ડીડીસી / ૧૦૮૨/૭૪૨૫-ગ થી બહાર પાડેલ જાહેરનામું.

જા. નં. સવન/૦૨/ખ/૨૩૪૧ / ૯૪.—ધી કીર્તિનગર કો-ઓપ હાઉસીંગ સોસાયટી લી., રાંદેર રોડ, રૂપાલી સિનેમા પાસે, સુરતઓ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધાયેલ ગૃહમંડળી છે. જેનો ઉલ્લેખ હવે પછી હુકમમાં મંડળી તરીકે કરવામાં આવશે.

મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૯ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ સુધીનું ઓડીટ ઓડિટરશ્રી ગ્રેડ-૨, સ. મં., સુરત મારફત હાથ ધરાયેલ. ઓડિટ દરમ્યાન મંડળીનાં હિસાબોમાં નીચે મુજબની ગંભીર ક્ષતિઓ જણાય આવેલ.

(૧) સને ૧૯૮૮-૮૯ ના વર્ષનાં ઓડિટ મેમાની દુરસ્તી કરવામાં આવી નથી. અને તેમ કરી કલમ-૮૧ નો ભંગ કરેલ છે. અને વ્ય. કમિટી તેના ઉપર લાદેલ ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨) નવા દાખલ થયેલ સભાસદો પાસે નિયત નમૂનામાં ફોર્મસ પ્રમાણે એકરારો લીધેલ નથી. ટ્રાન્સફર ફી વસુલ કરેલ નથી. જરૂરી સ્ટેમ્પ દસ્તાવેજની નકલો મેળવી દફતરે રાખેલ નથી. અને તે રીતે પેટા નિયમમાં ઠરાવેલ ડોકયુમેન્ટ મેળવવામાં અને તેનું પાલન કરવામાં કસુર કરેલ છે.

INDEX

(૩) રાજીનામું આપેલ સભાસદોની રાજીનામાની અરજી દફતરે જોવા મળેલ નથી.

(૪) સભાસદ રજિસ્ટરમાં પુરી વિગતો જેવી કે વારસાઈ વિગેરે દર્શાવેલ નથી અને કલમ-૩૯ની જોગવાઈનું પાલન કરેલ નથી.

(૫) નવા દાખલ થયેલ સભ્યોને શેર પ્રમાણપત્ર આપવાનાં બાકી છે. શેર ટ્રાન્સફર કર્યાની નોંધ શેર ટ્રાન્સફર રજિસ્ટરમાં કરેલ નથી.

(૬) સહકારી કાયદાની કલમ-૭૭ની જોગવાઈ મુજબ વાર્ષિક સાધારણ સભા નિયત સમયમાં મળેલ નથી. તેમ કરી કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૭) મંડળીનાં પેટા–નિયમ અનુસાર વ્ય. કમીટીની મીટીંગ મળેલ નથી. હાજર રહેલ વ્ય. કમીટી સભ્યોની સહી ઠરાવબુકમાં જોવા મળેલ નથી.

(૮) તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯; ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૦ તથા ૩૦મી જૂન, ૧૯૯૨ નાં રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલ સભ્યોની સહી ઠરાવ બુકમાં જોવા મળેલ નથી. આથી મળેલ સભાને સમર્થન મળતું નથી.

(૯) મંડળીનાં રોજમેળ ઉપર જવાબદાર પ્રમુખ/મંત્રીશ્રીની સહી કરવામાં આવતી નથી. બંધ સિલ્લક શબ્દોમાં લખાયેલ હતા નહી.

(૧૦) ઠરાવેલ મર્યાદા કરતાં વધુ સિલ્લક હાથ ઉપર રહયાનું જણાયેલ છે.

(૧૧) તપાસણી દરમ્યાન નીચેની વિગતો રજૂ કરવામાં આવેલ નથી.

(૧) જેમાં પહોંચબુક ૨. ધી. સુ. ડી. કો.ઓપ. બેંકના ચાલુ ખાતા તથા રોકિંગ્સ ખાતાની પાસબુક ૩. ધી સુરત ડી. કો. બેંક તથા ગુજ. હા. ફા. કોર્પો. ના શેર સર્ટીફિકેટ ૪. ડેડસ્ટોક રજિસ્ટર.

(૧૨) તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ ના રોજના સરવૈયામાં મૂડી દેવાબાજુએ સુ. ડી. કો. ઓપ. બેંક લી. ની. વચગાળાની લોન પેટે રૂા. ૨,૭૯,૯૪૪.૬૦ છે. જ્યારે બેંકનાં સ્ટેટમેન્ટ મુજબ રૂા. ૪,૮૪,૪૧૩.૮૮ પૈસા છે. આ અંગે જરૂરી હવાલા કરેલ નથી. આમ નિયમ મુજબ અને યોગ્ય રીતે હિસાબો રાખવાની મંડળીની સમિતિ નિષ્ફળ ગયેલ છે.

(૧૩) લોન વસુલાત અંગે કોઈ સક્રિય કામગીરી કરવામાં આવેલ નથી.

(૧૪) મકાનનો કબજો સુપરત કરવા અંગેનું રજિસ્ટર રાખેલ નથી.

(૧૫) સભાસદોની વ્યકિતગત લોનની ખાતાવહી તથા અન્ય ખાતાવહિઓ રાખેલ નથી. તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ ના અંતની વ્યકિતગત તૈયાર કરી રજૂ કરેલ નથી. અનામત ખાતાની વ્યકિતગત ખાતાવહી નિભાવેલ નથી. તેમ કરી નિયત રજિસ્ટર નિભાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૬) સંપૂર્ણ તૈયાર થઈ ગયેલ મકાનોનું વેલ્યુએશન અને કમ્પ્લેશન સર્ટીફિકેટ પ્રમાણિત ઈજનેર પાસેથી મેળવેલ નથી.

ઉકત મુદ્દા અન્વયે અત્રેનાં તારીખ ૨૫ મી એપ્રિલ, ૧૯૯૪ નાં પત્ર નંબર સકક/૦૧/ખ/૮૦૨ થી મંડળીના પ્રમુખ મંત્રીને પ્રાથમિક નોટિસ આપી સ્પષ્ટતા માંગવામાં આવેલ પરંતુ સદર ખ્યાલ પ્રમાણેનાં સરનામે "Left" ના શેરાસહિત પરત મળેલ. આથી વંચાણે લીધેલ ક્રમાંક ૩ વાળા પત્રથી મંડળીના તમામ હોદ્દેદારોને કારણદર્શક નોટિસ આર. પી. એ.ડી તથા U.P.C. થી આપી રજુઆત માટે તારીખ ૧૬ મી ઓગષ્ટ, ૧૯૯૪ રોજ અત્રેની કચેરીમાં હાજરી રહેવા જણાવેલ હતું પરંતુ મંડળી તરફથી કોઈ હોદ્દેદાર હાજર રહેલ નહીં અને તારીખ ૨૪ મી ઓગષ્ટ, ૧૯૯૪ નાં પત્રથી મંડળીના મંત્રીશ્રી ઠાકોરભાઈ સુર એ અન્ય મુદત માંગેલ તેઓનાં પત્રને ધ્યાને લઈ બીજી સુનાવણી તારીખ ૨૬ મી સપ્ટેમ્બર, ૧૯૯૪ નાં રોજ રાખવામાં આવેલ તે અંગેની જાણ અત્રેનાં તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪નાં પત્ર નંબર સકક/૦૧/ખ/૧૫૯૭થી કરવામાં આવેલ પરતુ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪ નાં રોજ પણ સુનાવણીમાં મંડળી તરીકે હાજર રહેલ નથી. તેમજ લેખિતમાં કોઈ રજુઆત કરેલ નથી.

આમ મંડળીએ આપેલ નોટિસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ સુનાવણીમાં બે–બે વાર હાજર રહેવા જણાવવા છતાં હાજર રહેલ નથી. આથી નોટિસમાં જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીના હોદ્દેદારો જવાબદાર છે તે ફલિત થાય છે.

ઉપરોકત વિગતો જોતાં મંડળીની વ્યવસ્થાપક કમિટિ મંડળીઓ વહિવટ કાયદા કાનૂન મુજબ ચલાવવામાં નિષ્ફળ ગયેલ છે. સહકારી કાયદા કાનૂન તથા મંડળ ના પે–નિયમને આધિન તેઓ ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ નિભાવેલ નથી. એટલું નહીં પરંતુ ફરજો બજા લવામાંકસુર કરેલ છે. અને તેમ કરી મંડળીનાં હિતને બાધ આવે તેવું કૃત્ય કરેલ છે. જે જોતાં સદરહું કમીટીના વધુ ચાલુ રાખવી હિતાવહ નથી. તથા ભવિષ્યમાં મંડળીને વધુ નુકશાન ન થાય તથા સભાસદોનું હિત જળવાઈ રહે તેને નજર સમક્ષ રાખી હાલની વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરી વહિવટદારની નિમણૂક કરવાની આવશ્યકતા જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, શ્રી પી. પી. ઉપાધ્યાય જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, સુરત ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ધી કીર્તિનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., રાંદેરરોડ, સુરત ની વ્યવસ્થાપક કમીટીને દુર કરી પ્રથમ તબકકે વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે મજકુર કાયદાની કલમ ૮૧ (૧) (ક) અન્વયે મંડળીનાં વહિવટદાર તરીકે શ્રી એમ. જી. મુલ્વાની નિમણુંક નીચેની શરતોને આધિન–કરું છું.

(૧) સંસ્થાનાં રોજબરોજનાં કામકાજ અંગેનો ખર્ચ સંસ્થાનાં ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) સંસ્થાનાં પેટા-નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીનાં તમામ અધિકારો તથા ફરજો જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, સુરતનાં નિયંત્રણ હેઠળ ભોગવી શકાશે.

(૩) વહિવટદારે સંસ્થાનાં હિતમાં કામગીરી કરવાની રહેશે. તથા દર માસની તારીખ ૫ મી સુધીમાં સંસ્થાએ કરેલ કામકાજ અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

સુરત, તારીખ ૩૦ મી નવેમ્બર, ૧૯૯૪.

વાંચો :—

સરકારી અધિકારી ફડચા-૧ સુરતના જાવક નંબર ફડચ/૦૧/૧૦૨/૬૬/૯૯, તારીખ ૧૮ મી મે, ૧૯૯૪.

હુકમ

જાવક નંબર ફડચા/ઉખસ/૧૨૭૩/ખ/૨૩૪૩/સને ૧૯૯૪.— ધી ભીમપુરા દૂધ ઉત્પાદક સરકારી મંડળી લી., મુકામ ભીમપુરા

INDEX

તાલુકા સોનગઢ, જિલ્લો સુરતના નો ક્રમાંક નં. સે. દૂ. ૧૭૩૨૬, તારીખ ૪ થી ડિસેમ્બર, ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નંબર ફ૨ચ / ઉખસ / ૧૨૯૩ / ખ / ૨૪૭૧, તારીખ ૨૭ મી ડિસેમ્બર, ૧૯૮૯ ના હુકમથી ફરચામાં લઈ જવામાં આવી હતી ફરચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ અન્વયે ફરચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૪.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફરચ ઉખસ ૧૪૭૧ / ખ / ૧૪૪૯/૯૪, તારીખ ૨૨ મી ઓગ, ૧૯૯૪.

(૨) મંડળીનો તારીખ ૧૭ મી નવેમ્બર, ૧૯૯૪ ના રોજનો પત્ર.

(૩) સરકારી અધિકારી ફરચા-૨ સુરતના જાવક નંબર ફરચ/૦૨/૨૨૭૯૪, તારીખ ૧૯ મી નવેમ્બર, ૧૯૯૪.

ક્રમાંક ફરચ / ૧૪૭૧ / ખ / ૨૩૪૯/૯૪.— ઉચ્છલ ખેતમજુર સહકારી મંડળી લી., મુકામ પોષ્ટ, તાલુકા ઉચ્છલને અત્રેના આદેશ ક્રમાંક ફરચ / ઉખસ / ૧૪૭૧ / ખ / ૧૪૪૯/૯૪, તારીખ ૨૨ મીઓગષ્ટ, ૧૯૯૪ થી ફરચામાં લઈ જવામાં આવેલ છે. સદર અંતિમ આદેશમાં દર્શાવેલ નોંધણી નંબર ઉ-૧૧૪૮ સને ૧૯૮૪ ઉચ્છલ તાલુકા મજુર સહકારી મંડળી લી., મુકામ, પોષ્ટ, તાલુકા ઉચ્છલનો છે. ઉચ્છલ ખેતમજુર સહકારી મંડળી લી., નામની કોઈ મંડળી..... ઉચ્છલ તાલુકા મજુર કામદાર સહકારી મંડળી લી., કાર્યરત હોઈ..... હોવા આમુખ (૩) મ્યાને લઈ અંતિમ આદેશ ..... અગેના હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

હુકમ

ઉચ્છલ ખેતમજુર સહકારી મંડળી લી., મુકામ પોષ્ટ, તાલુકા ઉચ્છલને અત્રેના અંતિમ આદેશ ક્રમાંક ફરચ ઉખસ ૧૪૭૧ / ખ / ૧૪૪૯/૯૪, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૪ થી ફરચામાં લઈ જવામાં આવેલ છે. પરંતુ સદર મંડળીનું અસ્તિત્વ ન હોઈ અત્રેથી કરેલ આમુખ (૧) મા દર્શાવેલ અંતિમ આદેશ રદ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૪.

પી. પી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી ચો,
સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA
VAD—PART-I—62

REGISTERED No. G—BA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, MARCH 22, 2001 / CAITRA 1, 1923 [No. 12

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1064-1149
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-I) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	12
Part I-B-Government Notifications published under Land Acquisition Act only.	141—154
Part I-L-Notifications, Orders and Awards, other than those published in Parts I, I V-A, IV-E and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	6331-6845

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ ૧ બી હેઠળ.

ક્રમાંક જાહેરનામું/૩/ગપક/૪૩૩/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ સરદાર પટેલ ભુવન ખાંચાથી કારેલીબાગ ત્રણ રસ્તા બેન્ક ઓફ બરોડા ભુતડીઝાંપા શાખા સુધીના રસ્તા પર લોકોને ભય અગર અગવડ ન થાય અને વાહન વ્યવહારને સરળતાથી પસાર થવામાં કોઈ મુશ્કેલી કે અવરોધ ઉભો ન થાય તે હેતુસર સરદાર ભુવનના ખાંચાનો રોડ પૂર્વ તરફના નાકા પાસે આવેલ મેઈન રોડ પાસે આવેલ આનંદ ભુવન ભુરાભાઈની દુકાનથી બેન્ક ઓફ બરોડા ભુતડીઝાંપા શાખા સુધીના રસ્તાના રોડની કિનારીને અડીને એકીબેકી તારીખે પાર્કીંગ, નોપાર્કીંગ, ફકત બે પૈડાના વાહનો

INDEX

અંગે પ્રાથમિક જાહેરનામું અત્રે ક્રમાંક એફ/ટફક/ઉગપક/જાહેરનામું ૧૫૯૭/૨૦૦૦ તારીખ ૫મી સપ્ટેમ્બર ૨૦૦૦ થી પ્રસિદ્ધ કરેલ. આ જાહેરનામાં સામે વેપારી મંડળો ધારા સભ્યશ્રીઓએ વાંધા સુચનો મોકલતાં સદરહુ વાંધા સુચનો ધ્યાને લેવામાં આવેલ છે. આ જાહેરનામાં અનુસંધાને જણાવું છું કે,

રદ કરેલ જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની કલમ-૩૩નો પેટા કલમ(૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ હું, જે. મહાપાત્રા પોલીસ કમિશનર વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલી જ્યુબીલીબાગ પાછળ આવેલ મેઈન રોડ પાસે આવેલ સરદાર ભુવનના ખાંચાના નાકા પૂર્વ તરફ રોડથી બેન્ક ઓફ બરોડા ભુતડીઝાંપા શાખા સુધી એકી બેકી પાર્કીંગ અને જ્યુબીલી બાગ પાછળ આવેલ મેઈન રોડના પાસે આવેલ સરદાર ભુવનનાકાથી પશ્ચિમ તરફથી રોડની કિનારીને અડીને બેન્ક ઓફ બરોડા ભુતડીઝાંપા સુધીના વિસ્તારમાં એકીબેકી પાર્કીંગ અંગેનું પ્રાથમિક જાહેરનામું રદ કરવા નિયમ કરું છું.

મેં, આજ રોજ તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ ૧ (બી) હેઠળનો નિયમ.

ક્રમાંક ટફક/ઉગપક/જાહેરનામું/૪૩૪/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ની મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગત. વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈ કોઈપણ વ્યકિત તરફથી સુચનો વાંધાઓ પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ પોલીસ સ્ટેશન ત્રણ રસ્તા બેન્ક ઓફ બરોડા ભુતડીઝાંપા શાખાથી સરદાર ભુવન બીલ્ડીંગ સુધીના રસ્તાપર લોકોને ભય અગર અગવડ ન થાય અને વાહન વ્યવહારને સરળતાથી પસાર થવામાં કોઈ મુશ્કેલ કે અવરોધ ઉભો ન થાય તે હેતુસર નીચે મુજબનો નિયમ કરૂ છું.

(૧) કારેલીબાગ પોલીસ સ્ટેશન ત્રણ રસ્તા બેન્ક ઓફ બરોડા ભુતડીઝાંપા શાખાથી સરદાર ભુવન બીલ્ડીંગ સુધીના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે "પ્રવેશ બંધી" રહેશે તેમજ.

(૨) સરદારભુવન બીલ્ડીંગથી કારેલીબાગ પોલીસ સ્ટેશનના રસ્તા તરફ જવા ભારદારી વાહનો સિવાય ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટ વ્હીકલ માટે "એક માર્ગીય" રહેશે.

મેં, આજ રોજ તારીખ ૩જી ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ નિયમ

ક્રમાંક ઉગપક/જાહેરનામું/ ૪૫૩/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાની પેટા કલમ (૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો-તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામના જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકતિ તરફથી વાંધાસૂચનો પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરનાઓને લેખીતમાં મોલવામાં આવશે. તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧)(બી) થી મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા પોલીસ કમિશનર, વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ વી.આઈ.પી. રોડ એટલે કે, માણેક પાર્ક ચાર રસ્તાથી ઉત્કર્ષ સર્કલ સુધી નો અપ ડાઉન વી.આઈ.પી.મેઈન રોડ પર આવેલ સોસાયટી થી સ્કુલોનાં નાકાંની જમણી તરફનો ૧૦૦ મીટરનો વિસ્તાર અને નાકાનો ડાબી તરફ ૧૦૦મીટરમાં નાં વિસ્તારમા "નોપાર્કીંગ" રહેશે. અને આ સોસાયટીઓ, સ્કુલોનાં નાકાઓનાં ડાબી જમણી તરફ ૧૨૦ મીટરની નો વિસ્તાર છોડીને મેઈન રોડ પાસે આવેલ ફુટપાથને અડીને વાહનો માટે "પાર્કીંગ" રહેશે. અંગેનો નિયમ કરું છું.

મેં, આજ રોજ તારીખ ૫ માહે માર્ચ, ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક/ઉગપક/જાહેરનામું/૪૫૪/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં-૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રુએ બહાર પાડવા ધારેલા જાહેરનામાની નો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે, સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટ માં અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા સૂચનો પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર નાઓને લેખીતમાં મોકલવામાં આવશે. તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, સને (૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ (૧)(બી) થી મળેલ સત્તાની રુએ હું જે. મહાપાત્રા પોલીસ કમિશનર, વડોદરા શહેર મ્યુ. કોર્પોરેશનની હદ

INDEX

વિસ્તારમાં આવેલ કારેલીબાગ વી.આઈ.પી. રોડ અમીતનગર ચાર રસ્તા એટલે કે, ચાર રસ્તાથી પુર્વ તરફ જતો રોડ માણેક પાર્ક સર્કલ, પશ્ચિમ તરફ ઉત્કર્ષ સર્કલ તરફ જતો રોડ, દક્ષિણ તરફ કારેલીબાગ પાણીની ટાંકી તરફ જતો રોડ, ઉત્તર તરફ સમા તરફ જતો રોડ, આ ચાર રસ્તા પાસેથી અપડાઉન રોડનો ૧૦૦, ૧૦૦ મીટરનાં વિસ્તારમાં તમામ પ્રકારનાં વાહનો માટે "નો પાર્કીંગ" વિસ્તાર રહેશે.

મેં આજરોજ તા. ૫ માહે માર્ચ, ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ(૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક ઉગપક/જાહેરનામુ/૪૫૫/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં)ની કલમ-૩૩ ની પેટા કલમ(૧) (બી) હેઠળ મળેલ સત્તાની રુએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામનાં જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહુ જાહેરનામુ ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટ-માં અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા-સુચનો પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરનાઓને લેખીતમાં મોકલવામાં આવશે. તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧)(બી) થી મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા પોલીસ કમિશનર વડોદરા શહેર મ્યુ. કોર્પો. ની હદ વિસ્તારમાં આવેલ વી.આઈ.પી. રોડ એટલે કે, માણેક પાર્ક ચાર રસ્તાથી ઉત્કર્ષ સર્કલ સુધીનો અપડાઉન રોડને અડીને આવેલ ફુટ-પાથ પાસે સર્વિસ રોડ ઉત્તર દક્ષિણ દિશામાં મેઈન રોડ ને અડીને આવેલ ફુટપાથને અડીને આવેલ સર્વિસ રોડ ઉપર તમામ પ્રકારનાં વાહનો માટે "નો પાર્કીંગ" રહેશે. જે અંગેનો નિયમ કરું છું.

મેં આજરોજ તારીખ ૫ માહે માર્ચ, ૨૦૦૧નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી. / જાહેરનામું / વશી / ૫૩૦/૪૦.— નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૧૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૬ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી મહા-શિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં આજુબાજુના ગામેમાંથી ગુજરાત, મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્ર થવાનો સંભવ છે. આ મેળામાં લોકોને અડચણ રૂપ થાય તે રીતે હાથ લારીઓમાં માલ-સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા--રાજપીપલા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી અન્વયે મને મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, તારીખ ૧૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધીના સમય ગાળામાં (બન્ને દિવસો સહિત) દેવમોગરા ગ્રામ પંચાયત તથા સીમમાં યોજનાર મેળામાં કોઈપણ વ્યકિતએ પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યા-એથી બીજી જગ્યાએ ફેરવવી નહીં. ગ્રામ પંચાયત દેવમોગરા અગર પોલીસ ખાતા તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) યુ અન્વયે.

ક્રમાંક એમ.એ.જી. / જાહેરનામું / વશી / ૫૪૧/૫૦.— નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૧૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી મહા શિવરાત્રીનો મેળો યોજાનાર છે. આ મેળામાં આજુબાજુના ગામે ગામોમાંથી ગુજરાત મધ્યપ્રદેશ, તથા મહારાષ્ટ્રમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્ર થવાનો સંભવ છે. આ મેળામાં લોકો તથા વેપારીઓ દ્વારા ઘાસ-કામળા, વાંસ, વગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી આગ લાગવાના બનાવો બનવાની શકયતા રહેલી છે. જેથી ઉકત દિવસો દરમ્યાન દેવમોગરા ગ્રામ પંચાયત વિસ્તારમાં દારુખાનું ફોડવા પર, કોઈપણ ઘાસ અથવા બીજી વસ્તુ દેવતામાં મુકવાની, અગ્નિ સળગાવવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું શ્રી જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) યુ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, દેવમોગરા મુકામે મહા-શિવરાત્રીના મેળાના દિવસો દરમ્યાન દેવમોગરા ગ્રામ પંચાયત-વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારુખાનું-ફોડવું નહીં તથા સળગી ઉઠે તેવી બીજી કોઈ વસ્તુઓ સળગાવવી નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિતને ઉકત કાયદાની કલમ ૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૪૩ (૧) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી / વશી / ૫૨૫.— નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામે તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી-- તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી મહા શિવરાત્રીનો મેળો યોજનાર છે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી ગુજરાત, મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રમાંથી મોટા પ્રમાણમાં જન સમુદાય એકત્ર થવાનો સંભવ છે. જેથી મારા મંતવ્ય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પુરા સંભવ છે. દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરુરી છે.

(૧) જે સ્થળો પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમાં ૧૨ ફુટનાં વિસ્તારમાં અથવા તે જગ્યા ઉપર નહાવું, ધોવું, કપડાં ધોવા કે જાનવરોને નવડાવવા નહીં તેમજ વાસણો, વાહનો વગેરે ધોવા નહીં;

(૨) મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાએ પર ઝાડો--પેશાબ કરવા નહીં.,

(૩) ગંધાતા વાસી અને ઉતરી ગયેલ અગર માનવ ખાદ્ય માટે બિન ઉપયોગી એવા ફળ ફળાદિ, પીણું તથા ખોરાક વેચવા નહીં;

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહીં તથા આદ્ય પદાર્થ ઢાંકીને રાખવા.

(૫) જે ભાવિકો કોલેરા-શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમણે ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી રોગ અટકાવવા માટેની દવા, ઈન્જેકશન વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહીં.

વાસ્તે હું, જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રુએ દેવમોગરા મુકામે મહા શિવરાત્રીના મેળાનું આયોજન થશે તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવા આથી મનાઈ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે અથવા તેને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦ સુધીના દંડ અગર બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૧ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) કાઢેલ.

ક્રમાંક એમ. એ. જી./વશી/૬૧૨ થી ૬૩૦.— નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ પની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, શ્રી જી. જે. ચાંપાનેરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારમાં તારીખ ૫મી માર્ચ, ૨૦૦૧ સુધી તારીખ ૧૯મી માર્ચ, ૨૦૦૧ થી કલાક ૦૦-૦૦ થી ૨૪-૦૦ કલાક બંન્ને દિવસો સહિત).

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો, પ્રતિકો, પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી, બનાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

'નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર'

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૩જી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે

ક્રમાંક એમ.એ.જી/વશી/૬૩૧ થી ૬૪૮.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું શ્રી જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદર હું વિસ્તારમાં તારીખ ૫મી માર્ચ ૨૦૦૧ થી ના દિવસ સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૧ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બંન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમની નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧થી કલમ-૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦નાં ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
રાજપીપળા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડીસી / પી.ઓ.એલ. / એમ.એ.જી. / એસ.આર.-૧૧/૨૦૦૧.— આગામી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૧ ના રોજ "બકરી ઈદ" નો-તહેવાર આવે છે. જેથી કતલખાના બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે તેમજ કોઈ શેરીમાં કે મહોલ્લામાં અગર ગલીમાં દેખાય તે રીતે બકરા, ઘેટાં, ગાય, બળદ, ભેંસ, પાડા, વાછરડી કે વાછરડા જેવા કોઈપણ પશુની કતલના કારણે અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને તેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ- ૧૪૪ મુજબના પગલાં લેવાં જરૂરી હોવાનો મારો અભિપ્રાય છે.

જેથી હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, જિલ્લો અમદાવાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૪ થી માર્ચ, ૨૦૦૧ થી તારીખ ૧૦ મી માર્ચ, ૨૦૦૧ સુધી અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ બકરા, ઘેટાં, ગાય, બળદ, ભેંસ, પાડા, વાછરડી કે વાછરડા જેવા કોઈપણ પશુની શેરીમાં કે મહોલ્લામાં અથવા જાહેર જગ્યામાં દેખાય તે રીતે કતલ કરવી નહીં, તેમજ આવા કોઈ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે બીજી કોઈપણ રીતે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ ના અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨ જી માહે માર્ચ, ૨૦૦૧ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યાં.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ. ૩/૨૦૦૧/વશી.૨૨૯૧-૨૩૫૦.—માર્ચ-૨૦૦૧ ના માસમાં તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૧ના રોજ બકરીઈદ, તારીખ ૯મી/૧૦મી માર્ચ ૨૦૦૧ના રોજ હોળી ધુળેટી નો તહેવાર ઉજવનાર હોઈ તેમજ એસ.એસ.સી/એચ.એસ.સી. ની પરીક્ષાઓનો શરૂ થનાર હોઈ સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારુ માઈલના વિસ્તરમાં નીચે જણાવેલ કૃત્યોના મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, છરી, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવાં બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના, ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પૂતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતીનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું એમ. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં-ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઈ કરું છું આ હુકમ તારીખ ૧લી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

INDEX

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીને એ એવું કાઈપણ હથિય૨ લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓ જો તે શારીરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૨૮માહે ફેબ્રુઆરી સને ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ ૩૩ (૧) (ઓ) તથા કલમ--૩૭ (૧) મુજબ

નંબર પી.ઓ.એલ. / હોળી / વડનગર / વર્ષી / ૩૭૬ થી ૪૦૦/ ૨૦૦૧.— મહેસાણા જિલ્લાના વડનગર ગામે ગામમાં જુદા જુદા મહોલ્લામાંથી હોળીના તહેવારમાં એકજ દિવસે અડધા કલાકના અંતરે ઘેર ફરવા નિકળે છે. જુદી જુદી ઘેર બજારમાં ભેગી થાં તોફાનો થવાનો પ્રસંગ ઉપસ્થિત થવા સંભવ છે. જેથી વડનગરમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ નીચે પ્રમાણે હુકમ કરવાની-આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એન. સી. શાહ, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે હથિયાર બંધી ફરમાવું છું તેમજ કલમ-૩૩ (૧) (ઓ) થી મને મળેલ સત્તાની રૂએ વડનગરમાં હોળીના તહેવારો દરમ્યાન તારીખ ૭ મી માર્ચ, ૨૦૦૧ થી તારીખ ૧૧ મી માર્ચ ૨૦૦૧ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચે જણાવેલ કૃત્યો કોઈપણ ઈસમે નહીં કરવા હુકમ કરૂ છું.

(૧) ધીણોજીયા ઘેરવાળાઓએ ગોરવાડાના રસ્તેથી સોનીવાડાના માઢ આગળથી જુના ચાચરે થઈ માતોરની કુઈ થઈ દેસાઈવાડાના માઢ આગળ થઈને ઘેર લઈ જવી. આ ઘેરવાળાઓએ સાંજના ૫ થી ૬ વાગ્યા સુધીમાં લાયબ્રેરી આગળ થઈને ચાલ્યાં જવું.

(૨) મોઢની ઘેરવાળાઓએ ઘેરૈયા, ચૌદસના દિવસે મોઢ--વાડામાંથી નિકળી બજારમાં થઈ નવી લાયબ્રેરી આગળ થઈ પોતાના રસ્તે ચાલ્યાં જવું ત્યાં તેમણે સાંજના ૬--૩૦ થી ૭--૩૦ વાગ્યા સુધીમાં બહાર પસાર થવું. સાડા છ વાગ્યા પહેલાં સારામાં આવવું નહીં.

(૩) ધુળેટીના દિવસે માતોરવાળાઓએ માતોરથી નિકળ--દેસાઈવાડે થઈ બોકર મંડીના ચાચરે જવું ત્યાંથી તેજ રસ્તે પાછા ફરી મોચી ઓળ આગળ થઈ બજારમાં થઈ જુની લાયબ્રેરી પાસે આવી દેસાઈવાડીના માઢ આગળ થઈ વાસુદેવના ચાચર આગળ થઈ ભાવસાર વાડે જવું.

નડીઆદ, તા. ૩૦–૬–૧૯૯૮.

INDEX

વંચાણમાં લીધા :—

સહકારી અધિકારીશ્રી ફડચા લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર નડીઆદનો તા. ૨૯–૧–૯૮ નો પત્ર.

હુકમ

ક્રમાંક જીઉકે/નડદ/ખ-૧/ફડચ/૧૨૩૦૨/૧૧૮૦/૯૮.–થી અંત મેરી ડ્રેસ મેકીંગ કો. ઓ. સો. લી. મુ. ઉમરેઠ તા. આણંદ જી. ખેડાની નોંધણી નંબર ઉ/૪૫૯૫ તા. ૧૬–૭–૮૦ થી કરવામાં આવી હતી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદના હુકમ નંબર જીઉકે/નડદ/ખ-૧/૧૩૨૩/૯૭ તા. ૬–૭–૯૭ થી ફડચામાં લઈ જવામાં આવી હતી સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપુર્ણ થઈ ગયેલ હોવા થી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાનો કલમ–૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

નડીયાદ, તા. ૩૧–૭–૧૯૯૮.

———

વંચાણમાં લીધા :—સહકારી અધિકારી–ફડચા લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદનો તા. ૮–૧૦–૯૮ નો પત્ર ક્રમાંક જીઉકે/નડદ/ખ-૧/૧૪૪૪/૯૮ નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. જીકે/નડદ/ખ–૧/૧૪૫૨/૧૭૨૨૧/૯૮.—ધી ઉમરેઠ ભગિની સહાયક સહકારી ગૃહ ઉદ્યોગ સ. મં. લી., મુ. ઉમરેઠ તા. ઉમરેઠ જી. આણંદ નોંધાયેલ એ નોંધણી નંબર ૧૩૨ તા. ૩૦–૩–૫૦ થી નોંધાયેલ છે. સદર સંસ્થાનું ઓડીટ તા. ૧–૭–૯૮ થી તા. ૩૦–૬–૯૭ સુધીનું ઓડિટર શ્રી ગ્રેડ–૧ (ઉદ્યોગ) સ. મં. નડીયાદ તરફથી હાથ ધરી પુર્ણ કરી મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરતા અત્રેની કચેરીના તા. ૬–૧–૯૮ ના હુકમથી મંડળીને ફડચામાં લઇ જવાનો આંતિમ હુકમ કરેલ છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદની નિમણુંક કરેલ. ફડચા અધિકારીશ્રીએ તેમના તા. ૮–૧૦–૯૮ના વંચાણમાં લીધેલ પત્રથી મંડળીને પુનઃજીવિત કરી જરૂરી વિગતો રજુ કરી મંડળીને પુનઃજીવિત કરવા ભલામણ કરતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એન. ડી. પંચાલ, મેનેજર શ્રી (કેવીસીઆઈ) અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (ઉદ્યોગ) નડીયાદ એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ–૧૬ (૫) મુજબ મને મળેલ સત્તાની રૂએ ઉમરેઠ ભગિની સહાયક સહકારી ગૃહ ઉદ્યોગ સ. મં. લી., મુ. ઉમરેઠ તા. ઉમરેઠ જી. આણંદના ફડચાનો તા. ૬–૧–૯૮નો હુકમ રદ કરતાં મંડળીને પુનઃજીવીત કરતો આથી હુકમ કરૂં છું.

નડીયાદ, તા. ૧૨–૧૦–૯૮.

———

જાહેરનામું

ક્રમાંક : જીઉકે/નકદ/૫૭૨૭/ખ-૨/૧૫૦૨/૧૮૮૬૦/૯૮.–નોંધણી ક્રમાંક ઉ ૫૭૨૭ તા. ૨–૧૧–૯૮ મેનેજર (કુટિર ઉદ્યોગ અને ખાદી ગ્રામોદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) નડીયાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર નડીયાદ આથી નીચે મુજબ જાહેર કરૂં છું કે

ધી કપડવંજ વિભાગ ગાલીંચા અને ગ્રામોદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. તા. કપડવંજ જીલ્લો–ખેડા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૯ (નવ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૯–૧૧–૯૮.

(સહી) અવાચ્ય,
મેનેજર (કે. વી. સી. આઈ.)
અને જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. (ઉ), જિ.ઉ. કેન્દ્ર, નડીઆદ.

———

વંચાણે લીધા :—

(૧) ગુજરાત રાજ્ય સહકારી કાયદો, ૧૯૬૧ની કલમ ૧૬.

(૨) સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરાનો પત્ર ક્રમાંક જીઉકે/ફડચા/૦૧/૭૦, તા. ૧૧–૫–૧૯૯૮.

જા. નંબર જીઉકે/વડ૦/૦૧/૪–૧૨૪/૧૯૯૮.– ધી ઝોઝ વિભાગ આદિવાસી ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ઝોઝ, તાલુકો છોટાઉદેપુર, જીલ્લો વડોદરાને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક જીઉકે/વડદ/ફડચ/૦૧/૪–૧૬૩/૧૯૯૭, તા. ૧૦–૧૦–૧૯૯૭થી ફડચામાં લઇ ગયેલ હતા. અને સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરાએ તા. ૧૦–૩–૯૮ના રોજ ચાર્જ સંભાળેલ છે. તેમજ મંડળીના હોદ્દેદારોની રજુઆતને ધ્યાને લઇ. તા. ૫–૫–૧૯૯૮ના રોજ ખાસ સાધારણ સભા ભરેલ છે. તા. ૫–૫–૧૯૯૮ની ખાસ

INDEX

સાધારણ સભાના ઠરાવ નંબર ૩ થી મંડળી પુનઃજીવીત કરવા રજુઆત થયેલ છે. મંડળીના હોદેદારો મંડળી ચલાવવા તૈયાર હોઈ, મંડળીને નીચે મુજબની પરિસ્થિતિમાં રાખી પુનઃજીવીત કરવા અંગેનો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે

હુકમ

હું, એન. એ. શાહ, મેનેજર, (ખાદી ગ્રામ ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા, મને મળેલ સત્તાની રૂએ, ધી ઝોઝ વિભાગ આદિવાસી ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ ઝોઝ તાલુકો છોટાઉદેપુર, જીલ્લો વડોદરાને સહકારી કાયદાની કલમ ૧૬ મુજબ મંડળીને તા. ૧૧-૬-૧૯૯૮ના દિવસની પરિસ્થિતિ લક્ષમાં રાખી, મંડળીને નીચે જણાવેલ મુદ્દાઓ મુજબ પુનઃ જીવીત કરવા હુકમ કરું છું.

(૧) મંડળીની શેરની કિંમતમાં કોઈ ફેરફાર કરવાનો નથી.

(૨) મંડળીના દેવાં / લ્હેણાંમાં કોઈ ફેરફાર કરવાનો નથી.

(૩) મંડળીના પેટા નિયમમાં કોઈ ફેરફાર કરવાનો નથી.

(૪) મંડળી સરકારી લ્હેણાં નિયમિત ભરશે.

(૫) મંડળી હાલની પરિસ્થિતિએ અને પેટા નિયમ મુજબ કામગીરી કરશે.

(૬) મંડળીને પુનઃજીવીત કર્યા તારીખથી ત્રણ માસની અંદર કામગીરી શરૂ કરી સભાસદોને રોજગારી પૂરી પાડવાની કાર્યવાહી કર્યા અંગે તેની જાણ કરવાની રહેશે. અન્યથા મંડળીને ફરી ફડચામાં લઈ જવાની ફરજ પડશે.

વડોદરા, તા. ૨૯-૬-૧૯૯૮,

વંચાણે લીધો :—

(૧) આ કાર્યાલયના વચગાળાના હુકમ નં. જીઉકે/વડદ/ફડચ/૦૧/૬/૯૦/૯૮ તા. ૧૭-૪-૯૮.

(૨) સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમની જોગવાઇ કલમ-૧૦૭(૩)ની જોગવાઇઓ.

જા. નં. જોઉકે/વડદ/ફડચ/૦૧/૬/૧૫/૧૬૬૨૪/૯૮.— શ્રી વાંસ કામદાર સહાયક ઔદ્યોગિક સહકારી મંડળી લી. ઠે. ખંડેરાવ માર્કેટ પાછળ, વડોદરા. જી. વડોદરા અને ઉપરોકત વંચાણે લીધેલ હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સંસ્થાના હોદેદારો તરફથી તેના અનુસંધાને ત્યાર પછી કોઈ લેખીત કે મૌખિક રજુઆત થયેલ નથી. જેથી આમુખ (૨)માં જણાવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીનો ફડચાનો વચગાળાનો આદેશ અંતીમ કરવા માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું શ્રી એન. એ. શાહ, મેનેજર (ખાદી—ગ્રામ—ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા મને મળેલ સત્તાની રૂએ વાંસ કામદાર સહાયક ઔદ્યોગીક સહકારી ઠે. ખંડેરાવ માર્કેટ પાછળ, વડોદરા મંડળી લી. મુ. તા. વડોદરા. જીલ્લો વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) પ્રમાણે ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકાર તરીકે સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરાની નિમણુંક સદરહું અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મળેલ અધિકારોની રૂએ કરૂં છું.

વડોદરા, તા. ૨૯-૬-૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) મેનેજર (ખાદી ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજી. સ. મં. (ઉદ્યોગ) વડોદરાના હુકમ નં. જીઉકે/વડદ/ફડચ/૦૧/૬/લોન/૧૧૦/૯૭ તા. ૧૯-૫-૯૭ નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં. જીઉકે/ફડચ/૦૧/૧૩૨/૯૮ તારીખ ૨૯-૭-૯૮ મોકલેલ નોધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ ના કાયદાની કલમ ૧૧૪ અને ૨૦ની જોગવાઈ.

આદેશ

જા. નં. જીઉકે/વડદ/ફડચ/૦૧/૬/૧૭૦/૯૮.—શ્રી સાધી ઋષીક ઉની ગાલીચા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સાધી તા. પાદરા જી. વડોદરા ની નોંધણી, નોંધણ નંબર ઉ/૯૫૮૧ તારીખ ૧૯-૩-૯૧ થી થયેલ હતી. અને મેનેજર (ખાદી ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ. મંડળી (ઉદ્યોગ) વડોદરા હુકમ નંબર / જીઉકે / વડદ/ફડચ/૦૧/૬/લોન/૧૧૦/૯૭ તારીખ ૧૯-૫-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સદરહું મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ થઇ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તારીખ ૨૯-૭-૯૮થી આ કચેરીને સાદર કરેલ છે. જે ધ્યાનમાં લઇ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અને ૨૦ ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળી ની નોંધણી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૧૭-૮-૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :—

(૧) મેનેજર (ખાદી ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજી. સ. મં. (ઉદ્યોગ) વડોદરાના હુકમ નં. જીઉકે/વડઢ/ફડચ/૦૧/૪/૧૨૫ ૯૮ તા. ૧૫/૬/૯૮ નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં. જીઉકે/ ફડચ/૦૧/૧૧૩/૯૮ તા. ૧–૮–૯૮ મોકલેલ નોંધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની ૧૧૪ અને ૨૦ ની જોગવાઇ.

આદેશ

જા. નં. જીઉકે/વડઢ/ફડચ/૦૧/૪/૧૭૧/૧૧૬૭/૯૮.—શ્રી વાંસ કામદાર સહાયક ઔદ્યોગીક સહકારી મંડળી લી., ઠે. ખંડેરાવ માર્કેટ પાછળ વડોદરા, જી. વડોદરાની નોંધણી, નોંધણી નંબર ઉ/૨૪૩૧ તા. ૨૪-૯-૭૧ થી થયેલ હતી. અને મેનેજર (ખાદી ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સ. મ (ઉદ્યોગ) વડોદરા હુકમ નંબર/જીઉકે/વડઢ/ફડચ/૦૧/૪/૧૨૫/૯૮ તા. ૧૫–૬–૯૮ થી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સદરહુ મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ થઇ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૧–૮–૯૮થી આ કચેરીને સાદર કરેલ છે. જે ધ્યાનમાં લઇ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ અને ૨૦ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરફથી અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે,

વડોદરા, તારીખ ૧૩–૮–૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કાર્યાલયના વચગાળાના હુકમ નં. જીઉકે/વડઢ/ફડચ/ ૦૧/૪/૧૫૧/૯૮ તા.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની જોગવાઇ કલમ ૧૦૭(૩)ની જોગવાઇઓ.

શ્રી તેજગઢ ૪૦ટ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. તેજગઢ તા. છોટાઉદેપુર જી. વડોદરા. જી. વડોદરા અને ઉપરોકત વંચાણે લીધેલા હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સંસ્થાના હોદેદારો તરફથી તેના અનુસંધાને ત્યાર પછી કોઇ લેખિત કે મૌખિક રજુઆત થયેલ નથી. જેથી આમુખ (૨)માં જણાવેલ કલમ ૧૦૭(૩) અન્વયે સદરહું ફડચાનો વચગાળાનો આદેશ અંતીમ કરવા માટે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

જા. નં. જીઉકે/વડઢ/ફડચ/૦૧/૪/૧૯૧/ ૧૩૪૯ / ૯૮ —હું એન. એ. શાહ મેનેજર (ખાદી-ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા મને મળેલ સત્તા ની રૂએ શ્રી તેજગઢ ૪૦ટ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. તેજગઢ તા. છોટાઉદેપુર જી. વડોદરાને સહકારી કાયદાની કલમ ૧૦૭(૩) પ્રમાણે ફડચામાં લઇ જવાનો અંતીમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વડોદરાની નિમણુંક સદરહું અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ કરૂં છું.

વડોદરા, તા. ૨૧–૯–૯૮.

વંચાણે લીધા : —

(૧) મેનેજર (ખાદી ગ્રામ-ઉદ્યોગ) અને જીલ્લા રજી. સ. મં. ઉદ્યોગ વડોદરાના હુકમ નં. જીઉકે/વડઢ/ફડચ/૦૧/૪/૧૦૬ /૯૮ તા. ૨૮–૫–૯૮નો અંતિમ આદેશ.

(૨) સહકારી અધિકારી (ફડચા) વડોદરા પત્ર નં. જીઉકે/ફડચા/૦૧/ ૧૫૨/૯૮ તા. ૨૯-૯-૯૮ મોકલેલ નોંધની રદની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની ૧૧૪ અને ૨૦ની જોગવાઇ.

આદેશ

જા. નં. જીઉકે/વડઢ/ફડચ/૦૧/૪/૨૧૧/૧૫૫૨/૯૮.—શ્રી વડોદરા આદીજાતી મહિલા વિકાસ સહકારી મંડળી, લી., ઠે. જીવનનગર વાઘોડીયા રોડ નવજીવન, વડોદરા. જી. વડોદરા. ની નોંધણી, નોંધણી નંબર ૩/૫૬૧૧ તા. ૩૧–૫–૯૩ થી થયેલ હતી. અને મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી સ. મં. (ઉદ્યોગ) વડોદરા હુકમ નંબર જીઉકે/વડઢ/ ફડચ/૦૧/૪/૧૦૬/૯૮ તા. ૩૧–૫–૯૮ થી ફડચામાં લઇ જવામાં આવેલ છે. સદરહુ મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ થઇ ગયાનો અહેવાલ સહકારી અધિકારી ફડચા વડોદરાએ તા. ૨૯–૯–૯૮ થી આ કચેરીને સાદર કરેલ છે. જે ધ્યાનમાં લઇ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અને ૨૦ ની જોગવાઇઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનો આદેશ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળીનું સંસ્થા તરીકેનુ અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

વડોદરા, તા. ૨૬–૧૦–૧૯૯૮.

(સહી) અવાચ્ય,
મેનેજર (ખાદી-ગ્રામ-ઉદ્યોગ) અને
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વડોદરા.

INDEX

વંચાણે લીધા :-

(૧) સદર કચેરીએ વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/૧૭૯૨/૯૮ તા. ૨૯-૮-૯૮.

હુકમ

જા. નં. જીઉકે / સાકાં / ફડચ / ૧૩૯૦ / ૧૯૮૮/૯૮.-ધી લુહારી કામદાર કો. સ. મં. લી., મુ હિંમતનગર, તા. હિંમતનગર જિ. સા. કાં. ની નોંધણી નં. ઉ-૭૪૫૦ તા. ૨૯-૧૧-૭૭ થી નોંધાયેલ છે. ઉક્ત મંડળીને ઉપરોક્ત વંચાણમાં જણાવેલ વચગાળા ના હુકમથી ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર હુકમ સામે મંડળી કે તેના સભ્યો તરફથી આજદિન સુધીમાં કોઈ મૌખીક કે લેખિત રજુઆત આ કચેરીને થયેલ નથી. પરિણામે ઉપર નોંધાયેલ વચગાળાના હુકમમાં જણાવેલ કારણોસર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના કલમ ૧૦૮(૧) હેઠળ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર ની નિમણુંક કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૪-૯-૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) સદર કચેરીએ કરેલ વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ૨૩૩ / ૧૩૪૧ / ૯૭ તા. ૧૫-૧૦-૯૫.

હુકમ

જા. નં. જીઉકે/સાકાં/ફડચ/૧૩૪૮૮/૧૩૮૬/૯૭.-ધી સાબરકાંઠા વણકર ઉત્પાદક સ. મં. લી. મુ. સવગઢ પાણપુર તા. હિંમતનગર જિ. સા. કાં. ની નોંધણી નં. ઉ-૧૦૧૬૭ તા. ૨૬-૩-૬૨થી નોંધાયેલ છે. ઉક્ત મંડળીને ઉપરોક્ત વંચાણમાં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામા લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ સામે મંડળી કે તેના સભ્યો તરફથી આજદિન સુધીમાં કોઇ મૌખિક કે લેખિત રજુઆત આ કચેરીને થયેલ નથી પરિણામે ઉપર નોંધાયેલ વચગાળાના હુકમમાં જણાવેલ કારણોસર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮(૧) હેઠળ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની નીમણુંક કરવામાં આવે છે.

હિંમતનગર, તા. ૬-૧૦-૯૮.

(સહી) અવાચ્ય,
મેનેજર, (કેવીસીઆઈ) અને
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, હિંમતનગર

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧૭-૭-૯૮ નો પત્ર.

હુકમ

જા. નં. જીઉકે/સુ/ઉખસ/અધ્યગ/ફડચ/૨૬૯/૨૩૪૩૨/૧૨૨૬/૯૮-૯૯ પંચોલ વિભાગ હીરા ઉદ્યોગ સહકારીમંડળી લી. મુ. પો. પંચોલ તા. વ્યારા જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ. ૭૪૮૫ તા. ૮-૮-૯૮થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કેવીસીઆઈ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જીઉકે/સુ/અધ્યગ/ઉખસ/ફડચ/૧૭૬-૯૮ તા. ૩૧-૫-૯૮ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખ થી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૨૭-૮-૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૬-૬-૧૯૯૮ નો ફડચામાં લઇ જવા અંગેની નોટીસ ક્રમાંક જિઉકે/સુ/ઉખસ/અધ્યગ/ફડચ/૧૮૬/૧૯૯૮.

(૨) સંસ્થાનો તા. ૨૬-૮-૯૮ના રોજની વાર્ષિક સાધારણ સભાનો ઠરાવ ક્રમાંક ૩.

INDEX

અંતિમ આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૨૪૬/૩૨૯૫/૧૯૯૮.— ધી ઓલપાડ પ્રદેશ સહકારી પ્રિન્ટીંગ પ્રેસ લી., ઓલપાડ, તા. ઓલપાડ, જિ. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી (ઉ) સુરતના તા. ૩૦–૧૧–૧૯૯૧ના નોંધણી ક્રમાંક ઉ–૫૩૨૭ થી નોંધવામાં આવી હતી. સબ ઓડીટર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના તા, ૧–૭–૧૯૯૬ થી ૩૦–૬–૧૯૯૭ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે.

(૧) સંસ્થાનો ઓડિટ વર્ગ 'ડ' છે. સંસ્થા રથગિત અવસ્થામાં છે.

(૨) સંસ્થાએ ઉદ્દેશ મુજબની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૩) ઓડિટ અહેવાલની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૪) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીની મિટીંગ બોલાવવામાં આવતી નથી.

(૫) સરકારી શેરલોન–શેરફાળાની રકમ ભરવામાં આવેલ નથી.

(૬) સભાસદ રજીસ્ટરમાં વારસદારોની નિમણુંક કરેલ નથી.

(૭) શેર રેકાર્ડ રજીસ્ટર તૈયાર કરેલ નથી.

ઉકત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કરેલ રજુઆત ગ્રાહ્ય ન રાખતાં / કોઇપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એ. શાહ મેનેજર (કે.વી.સી.આઇ.) અને જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉ) સુરત આથી ધી ઓલપાડ પ્રદેશ સહકારી પ્રિન્ટીંગ પ્રેસ લી., મુ. પો. તા. ઓલપાડ, જિલ્લો સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (૨) અન્વયે ફડચામાં લઇ જવાને અંતિમ આદેશ આપું છું અને એજ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. જોગી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણુંક કરૂ છું.

સુરત, તા. ૩–૧૧–૧૯૯૮.

વંચાણે લીધો :—સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ/વણાટ/ઉદ્યોગ સુરતનો તા. ૧–૭–૧૯૯૬ થી તા. ૩૦–૬–૯૭ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે-સુ-અધગ-ઉખસ-ફડચા-૨૫૨-૩૪૫૧૭-૯૮.— શ્રી ગોથાણ ઇન્ડસ્ટ્રીઅલ કો. ઓપ. સ. મો. લી., મુ. પો. ગોથાણ, તા. ઓલપાડ, જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર મંડળીઓ જિલ્લા પંચાયત સુરતના નોંધણી ક્રમાંક ઉ–૪૪૪૫ તા. ૧૮–૭–૮૩ થી નોંધવામાં આવી હતી.

મંડળીનું અન્વેષણ તા. ૧–૭–૯૬ થી ૩૦–૬–૯૭ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થાનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૨) છેલ્લા ચાર વર્ષથી ઓડીટ અહેવાલની દુરસ્તી કરેલ નથી.

(૩) પે. નિ. મુજબ નિયત સમયમાં વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૪) પે. નિ. મુજબ વ્ય. કમીટીની મીટીંગો બોલાવવામાં આવેલી નથી.

(૫) ખાતાની પૂર્વ મંજુરી વિના કાર્ય ક્ષેત્ર બહાર જમીન ખરીદી નવો વિભાગ ઊભો કરેલ છે. સહકારી કાયદાની કલમ ૭૩નો ભંગ કરેલ છે.

(૬) ખાતાની પૂર્વ મંજુરી વિના અન્ય બેંકમાં ખાતુ બોલાવેલ છે

(૭) સંસ્થાના હોદ્દેદારોને સંસ્થા ચલાવવામાં રસ નથી.

(૮) ઓડિટ સમયે જાણ કરવા છતાં સંસ્થાના હોદ્દેદારો હાજર રહેલ નથી.

(૯) ઓડિટ સમયે તેમજ આજદિન સુધી જમીન દસ્તાવેજ તેમજ N A. પરમીશનની નકલ રજુ કરેલ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ શ્રી એન. એ. શાહ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું. અને એજ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરૂ છું.

સુરત, તા. ૧૨–૧૧–૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :—

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ/વણાટ/ઉદ્યોગ સુરત-નો તા. ૧–૧–૧૯૬૬ થી તારીખ ૩૦–૬–૬૭ સુધીના અન્વેષણની નોંધ.

(૨) આપનો તારીખ ૨૧–૮–૬૮ ના રોજ સંસ્થાને ફડચામાં લઇ જવા અંગેનો ઠરાવ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે-સુ-અધગ-ઉખસ-ફડચા-૨૫૩/૩૪૫૧૬/૬૯.—શ્રી રાંદેર વિભાગ મહિલા ઔ. સ. મં. લી. સહકારી મંડળી લી. મુ. પો. રાંદેર તા. ચોર્યાસી જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર કે. વી. સી. આઇ. અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા ઉદ્યોગ, કેન્દ્ર, સુરત મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર મંડળીઓ જિલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ–૪૪૭૩ તારીખ ૨૦–૧૧–૬૭ થી નોંધવામાં આવી હતી.

મંડળીનું અન્વેષણ તા. ૧–૭–૬૬થી તા. ૩૦–૬–૬૭ સુધીના અન્વેષણ અહેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) ગત ઓડિટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીનો ઓડિટ વર્ગ 'ક' છે.

(૩) દર મહિને પેટાનિયમ મુજબ વ્ય. કમિટિની મીટીંગ બોલાવવામાં આવતી નથી.

(૪) મંડળી ચલાવવામાં સભાસદને રસ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું એન. એ. શાહ મેનેજરશ્રી કે. વી. સી. આઇ અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ ૧ (ક) અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૨–૧૧–૧૯૬૮.

વંચાણે લીધા :—સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (વણાટ) ઉદ્યોગ. સુરતનો તા. ૧–૭–૧૯૬૬ થી તા. ૩૦–૬–૧૯૬૭ સુધીની અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૨૫૬/૩૪૫૧૮/૧૯૬૯.—શ્રી મહાત્મા ઇન્ડસ્ટ્રીયલ કો—ઓપ. સોસાયટી લી, ખટોદરા, સુરત, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર, કે.વી.સી.આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત. મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ–૪૪૨૫, તા. ૧૮–૧૦–૧૯૮૦ થી નોંધવામાં આવી હતી.

મંડળીનું અન્વેષણ તા. ૧–૭–૬૬ થી તા. ૩૦–૬–૬૭ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થાનો ઓડીટ વર્ગ 'ડ' છે. સંસ્થા સ્થગિત અવસ્થામાં છે.

(૨) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીની મિટીંગ બોલાવેલ નથી.

(૩) વિભાગ ૨ના જમીન ખરીદી દસ્તાવેજ પ્લાન સેફટીગેટ રજીસ્ટર, વિગેરે અગત્યના દસ્તાવેજ ઓડીટ સમયે જોવા મળેલ નથી.

(૪) ખાતાની મંજુરી વગર સંસ્થાએ વિભાગ ૨ ઊભો કરેલ છે.

(૫) પેટા નિયમ વિરૂદ્ધ કાર્યવાહી કરેલ છે.

(૬) સંસ્થાએ ઉદ્દેશ મુજબની કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૭) સભાસદ રજીસ્ટર વોટ એસેસ્ટમેન્ટ રજીસ્ટર જેવા અગત્યના રજીસ્ટરો બનાવેલ નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, એન. એ. શાહ, મેનેજરશ્રી, કે.વી.સી આઇ. અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) અન્વયે મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપું છું. અને એજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૩–૧૧–૧૯૬૮.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા. ૨૮–૧૦–૬૮ નો પત્ર.

હુકમ

જા. નં. જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૨૬૬/૬૮૪૪૩/૬૮.—ધી વણાટ પદ્મશાળી કાપડ કામદાર સ. મ. લી મુ. પો. લીબાયત સુરત

INDEX

તા. ચોર્યાસી જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ. ૪૪૬ તા. ૧-૧-૬૪ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કેવી સીઆઇ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો આદેશ પ્રમાણે જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૪૧૮ તા. ૨૮-૪-૬૨ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચા ની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાનાં કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૨૭-૧૧-૬૮.

વંચાણે લીધા :—સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ/વણાટ ઉદ્યોગ સુરતનો તા. ૧-૬-૧૯૬૬ થી તા. ૩૦-૬-૧૯૬૭ સુધીના અન્વેષણની નોંધ.

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૫-૬૮ ના પત્ર ક્રમાંક અપઢ/૧૭૪/૬૮ છેલ્લી નોટિસ.

વચગાળાનો આદેશ

ક્રમાંક જીઉકે/અધગ-ઉખસ-ફડચા-૨૭૧-૩૮૪-૪-૬૮.—શ્રી વિશ્વકર્મા ઇન્ડસ્ટ્રીયલ કો. ઓપ. સો. લી. પુલપાડા રોડ GIDC સુરત તા. ચોર્યાસી જિ. સુરતને સહકારી મંડળીઓ, અધિનિયમ અન્વયે મેનેજર કે. વી. સી. આઈ. અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૨૮૬૧ તા. ૨૧-૬-૭૬ થી નોંધવામાં આવી હતી.

મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૬૬ થી તા. ૩૦-૬-૬૭ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સભાસદોને મંડળીનું કામકાજ કરવામાં રસ જણાતો નથી.

(૨) ગત ઓડિટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૩) પે-નિયમ મુજબ દરમાસે બ્યા. કમિટિની મીટીંગ બોલાવામાં આવતી નથી.

(૪) અનુ. ૭-૮ ના સભ્યોની દાખલ અરજી મેળવેલ નથી તેમજ બે સભ્યોના રાજીનામાં દફતરે નથી. તેમ છતાં શેર ટ્રાન્સફર કરેલ છે. જે ગેર કાનૂની બાબત છે.

(૫) સંસ્થા પાસે પુરતુ નાણા ભંડોળ હોવા છતાં ગુજ. નાણાંકીય નિગમની લોન ભરપાઈ કરવામાં આવેલ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું. એન. એ. શાહ મેનેજરશ્રી કેવીસીઆઇ અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું. અને એજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લાગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરૂં છું.

સુરત, તારીખ ૨-૧૨-૧૯૬૮.

એન. એ. શાહ,
મેનેજર (કે. વી. સી. આઈ.)
અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી
મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા
ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૨–૫–૯૮ ના પત્ર ક્રમાંક ધરમ/૦૧/ખ-૧/૫૮૮/૯૮.

(૨) અત્રેની કચેરીના તારીખ ૧૮–૮–૯૮ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૭૦/ધ-૨/૯૩૮/૯૮ ના વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) ફસ્ટોડીયન શ્રી એચ. એમ. દેવીનો તારીખ ૨૮–૯–૯૮ નો પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની જોગવાઇઓ

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૪૭૦/ધ– ૨/૭/૫૬/૯૯— ધી ઉપયકા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. (વીંઝોલ) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૫૬૭૪ તારીખ ૨૮–૯–૭૫ છે.

સદર મંડળી ફસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે ફસ્ટોડીયનની મહત્તમ અવધી વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ ફસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતા નથી તથા ફસ્ટોડીયન દ્વારા આ મંડળીઓની કામગીરી અસરકારક રીતે સંચાલિત થઈ શકેલ નથી. જેથી સોસાયટીએ સંદર્ભ–૨ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરી દિન–૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવા સોસાયટીના સભ્યોને ફસ્ટોડીયન દ્વારા જણાવવામાં આવેલ, જેના સંદર્ભમાં સોસાયટીના ફસ્ટોડીયન શ્રી એચ. એમ. દેવીએ સોસાયટીની તારીખ ૨૦–૯–૯૮ ના રોજ વા. સા. સભા રાખી તેમાં એજન્ડા–૪ થી સભ્યોને વહીવટ પરત આપવા અંગે વિચારણા કરવા અંગેના મુદ્દાઓ સમાવેશ કરી સદર મીટીંગમાં સભ્યોને આ કચેરીએથી કરવામાં આવેલ સદર્ભ–૨ ના વચગાળાના ફડચાના હુકમથી વાકેફ કરી વાંચી સંભળાવીને કાયદાકીય પરિસ્થિતીની વિસ્તૃત ચર્ચા કરીને સોસાયટીનો ચાર્જ પરત સંભાળી લેવા સભ્યોને જણાવવા છતાં સોસાયટીની મીટીંગમાં હાજર રહેલા સભ્યને પૈકી કોઈ સભ્યો સોસાયટીનો વહીવટ જવાબદારી સ્વીકારવા તૈયાર થયેલ નહીં તે અંગે સંદર્ભ–૩ ના પત્રથી અને રીપોર્ટ કરેલ છે. આમ સભ્યોએ સોસાયટીનો વહીવટ સંભાળવા નિષ્ક્રિયતા દર્શાવેલ હોઈ અને સોસાયટી સ્થગિત અવસ્થામાં આવી જતી હોઈ સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ શહેર અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોએ પ્રાપ્ત થયેલ અધિકારની રૂઇએ ધી ઉપયકા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઇ. આઇ. સૈયદ, સહકારી અધિકારી ફડચા ૧ લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૪–૧–૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજી. ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદના તા. ૨૪–૮–૯૮ ના ક્રમાંક અપણુ/ખા. અ./ગ-૪/૬૦૫૩નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૮–૯–૯૮ના ક્રમાંક સકક/૦૧/ધ૨/૧૧૭૩/૯૮ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૭૬/ધ-૨/૮/૯૯/૧૦૨/૯૮— ધી વીજય ધીરાણ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ, રજી. નં. સે. ૧૧૦૮૫ તા. ૨૯–૬–૭૧ વાળો ગ્રાહક ભંડાર છે.

સદર સોસાયટીના બાકી ઓડીટ માટે ઓડીટરશ્રીએ સોસાયટીને પત્ર/સમન્સો પાઠવવા છતાં ઓડીટ માટે સોસાયટીએ રેકર્ડ રજુ ન કરતાં સોસાયટીની ઓડીટરે રૂબરૂ મુલાકાત લેતા એ બાબત સ્પષ્ટ પણે જણાવેલ છે કે સોસાયટી છેલ્લા ૨૫ વર્ષોથી બંધ અવસ્થામાં છે અને સહકારી કાયદા કાનુન મુજબ કામ કરતી નથી સોસા. ના ચેરમેનશ્રી રૂબરૂ નિવેદનમાં સોસાયટીને ફડચામાં લઈ જઈ ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ છે. તે બ્યાને લઈ ઓડીટરના અહેવાલને લક્ષમાં લઇ સંદર્ભ–૧ થી સોસા. ને ફડચામાં લઇ જવાની કાર્યવાહી કરવા ભલામણ થઇ આવતા સંદર્ભ–૨ થી સોસા. ને કારણદર્શક નોટીસ પાઠવીને સોસા. ને કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી તે અંગે રજુઆત કરવા જણાવતા સદરહુ નોટીસવાળો પત્ર/કવર એન. કે, અને લેનાર વ્યકિત ડિલીવરી સમયે મળતા નથી" તેવા

INDEX

શેરા સાથે પરત આવેલ છે. આમ મંડળી સ્થગિત અવસ્થામાં છે. અને સોસા. ના હોદ્દેદારોને સોસા. નો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ કરવામાં રસ નથી તેમ માનવાને પૂરતા કારણો હોઈ સોસા. ને ફડચામાં લઈ જઈને આટોપી લેવી જરૂરી બનતી હોઈ સોસા. ને ફડચામાં લઇ જવાનો નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના આધનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઇએ ધી વીજય ધીરાણ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો અંતીમ હુકમ કરૂ છું. સદર મંડળીના ફડચા અધીકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એમ. ટી. મિસ્ત્રી મદદનીશ સહકારી અધીકારી ના નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૪–૧૧–૯૯.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજી. ઓડીટરશ્રી સ. મં. (શ) અમદાવાદના તા. ૯–૯–૯૮ ના ક્રમાંક અબણુ/ા.ા./અ./ગ. ૮/૬૩૯૫/૯૮નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૧૭–૧૦–૯૮ ના ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૨૨૨/૯૮ ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઇઓ,

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ-૧૧૪૭૬/ધ-૨/૨૨/૧૩૧૧/૯૯.–ત્રી જ્યોતીસંધ કન્ઝયુમર્સ કો. ઓપ. સ્ટોર્સની અમદાવાદ તે સહકારી કાયદા અન્વયે નોંધાયેલ નોંધણી નંબર ભ-૧૮૦૫ તા, ૯–૧૨–૬૪ વાળો સહકારી ગ્રાહક ભંડાર છે સદર સોસા. નું આહે ૭/૯૩ થી ૬/૯૭ સુધીનું વૈદ્યાનીક ઓડીટ ખાતાકીય ઓડીટર દ્વારા કરવામાં આવેલ. સદર ઓડીટ દરમ્યાન મંડળી ધ્યાન ઉપર આવેલ છે. સોસા. દ્વારા પ્રત્યક્ષ ખરીદી કરી સભ્યોને જરૂરી વસ્તુ પુરી પાડવામાં આવતી નથી પણ સહકારી અને જાહેર સંસ્થાઓને જરૂરીયાત મુજબ ચીજવસ્તુ પુરી પાડે છે. અને ૯૪/૯૫ થી ૯૬/૯૭ દરમ્યાન કોઇપણ પ્રકારની કામગીરી કરેલ નથી અને સંસ્થા સ્થગીત અવસ્થામાં હોવાનું જણાતાં ઓડીટરશ્રીના અહેવાલને ધ્યાને લઇ સંદર્ભ–૧ થી સોસા. ને ફડચામાં લઇ જવા ખાસ અહેવાલ કરવામાં આવેલ. જે ધ્યાને લઇ કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સોસાયટીને પોતાનો કેસ/હકીકત રજુ કરવા માટે સંદર્ભ–૨ થી કારણદર્શક નોટીસ પાઠવી સોસા. ને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે જરૂરી આધાર પુરાવા સહ અમારી સમક્ષ તા. ૨૮–૧૦–૯૮ ના રોજ ઉપસ્થિત રહી રજુઆત કરવા જણાવેલ પણ સદર મુદ્દતે કોઈ ઉપસ્થિત રહેલ નથી કે રજુઆત લેખિતમાં કરવામાં આવેલ ન હતી જે ધ્યાને લઇ સોસા. ને પુનઃ તા. ૧–૧૨–૯૮ ના રોજની મુદ્દતની જાણ કરીને રજુઆત કરવા જણાવવા છતાં સદર મુદ્દતે/સમયે સોસાયટીના કોઈ હોદ્દેદાર ઉપસ્થિત રહેલ નહી કે લેખિત રજુઆત પણ કરવામાં આવેલ નથી.

ઉકત વિગતો જોતાં સોસાયટી સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા મુજબના ઉદ્દેશો માટે કામ કરતી નથી અને સંપૂર્ણપણે સ્થગિત અવસ્થામાં હોવાનું માનવાને પૂરતા કારણ હોઈ સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવી જરૂરી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઇએ ધી જ્યોતીસંધ કો. ઓપ. કન્ઝયુમર્સ સ્ટોર્સ લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વ્યવગાળાનો હુકમ કરૂ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ, આઈ, સૈયદ સહકારી અધિકારી ફડચો ૧ લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન–૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે જે સમય-મર્યાદામાં યોગ્ય રજુઆત આધાર–પુરાવા સહ કરવામાં આવશે નહીં તો ફડચાનો હુકમ કાયમ કરવામાં આવશે

અમદાવાદ, તા. ૬–૧–૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણુ / ૪૩૨૬/ક-૨/૦૬૨/૯૬/૩૦૪/૯૬. / ધ-૧૮૪૦૭/—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સંજ્ઞા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત ના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૮–૧–૧૯૯૯.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણુ/ ૪૩૨૬/ક–૨/૦૯૫/૪૭૭ સો.–૩૦૭૯૪/૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી જે. સી. સી. સ્ટાર, કો. ઓપ. કે. એન્ડ સપ્લાય સો. લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૮–૧–૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણુ/ ૪૩૨૭/ક–૨/૦૯૬/૯૯/૩–૯૩૨૧.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી જય ઉમીયા મજુર કામદાર સરકારી મં. લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૮–૧–૧૯૯૯.

નોંધણીનું પમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણુ/૪૩૨૮/ક–૨/ ૦૯૭/૪૭૯/૯૯/ ઉ-૯૩૨૨—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી જય મલ્હારણી મજુર કામદાર સ. મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૯–૧–૯૯.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૫–૯–૯૬ના પત્ર ક્રમાંક : ધરમ/ ૦૧/ખ-૧/૧૭૨૩.

(૨) આ કચેરીનો તા. ૧૭–૨–૯૭ના ક્રમાંક ફડચ/ફ.૧૧૩૨૭/ ધ.૨/૧૮૪નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) શ્રી સી. વી. વચ્છરાજાની, ક્લેટોડીયન, ગાંધીનગર હરિજન કો. ઓ. હા. સો. લી., અમદાવાદનો તા. ૯–૧૨–૯૮ નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧નો કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૩૨૭/ધ.૨./ ૧૦૬/ ૭૭૫/૯૯–ધી ગાંધીનગર હરિજન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી; અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર બી.૬૨૯ તા ૯–૪–૫૫ છે.

સદર સોસાયટી ક્લેટોડીયન હેઠળ હતી અને મંડળીના સભાસદો સોસાયટીનો વહીવટ પરત સંભાળી લેવા માટે અગ્રેસર થતા ન હોવાના કારણે અને સહ. કાયદા કાનુન અન્વયેનો ક્લેટોડીયનની મહત્તમ અવધિ પૂર્ણ થઈ જવાથી સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ સંદર્ભ-૨ થી કરી સોસાયટીના સભ્યોને રજુઆતની તક આપવામાં આવેલ જે અંગે સોસાયટીના સભ્યો દ્વારા તા. ૨૧–૯–૯૮ના પત્રથી વહીવટ સંભાળવા રજુઆત કરવામાં આવતાં આ કચેરીએથી આપવામાં આવેલ સૂચના મુજબ ક્લેટોડીયન દ્વારા સહકારી કાયદા કાનુન અને મંડળીના ચેટા કાયદા મુજબની પ્રક્રિયા કરીને સોસાયટીના સભ્યોની વ્યવસ્થાપક કમીટીની રચના કરીને ચૂંટાયેલ કમીટીને તા. ૩૦–૧૧–૯૮ના રોજ ચાર્જ સુપ્રત કર્યા અંગેની સંદર્ભ–૩થી જાણ કરેલ છે.

આમ સોસાયટીના સભ્યો દ્વારા સોસાયટીનો વહીવટ સંભાળી લેવામાં આવેલ હોઈ, સોસાયટીને ફડચામાં લઈ જવી જરૂરી જનતું ન હોઈ સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવા પાત્ર બનતો હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ–૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઇએ ધી ગાંધીનગર હરિજન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદનો ફડચામાં લઈ જવાનો આ કચેરીના સંદર્ભ-૨ મુજબનો વચગાળાનો હુકમ રદ કરું છું.

અમદાવાદ, તા. ૩–૨–૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નવણુ/૪૩ ૦/ક–૨/૧૩૦/સે–૩૦૭૯૫/ સને ૧૯૯૯.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કેશમી નાગરિક સહકારી મંડળી લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૬–૨–૧૯૯૯.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૩૧/ક-૨/૧૩૧/સે-૩૦૭૯૬/ સને ૧૯૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ચાર્ટર્ડ કો—ઓપ. ક્રેડીટ સોસાયટી લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬—૨—૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૩૭/ક-૨/૧૪૧/સે—૩૦૭૩૭ સને ૯૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સરખેજ નાગરીક સહકારી મંડળી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૯—૨—૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૩૪/ક-૨/૧૬૯/ધ—૧૮૪૩૮ સને ૧૯૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સહજાનંદ (રાણીપ) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૨—૨—૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઉ સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૩૬/ક-૨/૧૬૭/૧૬૯૪/ધ—/૧૮૪૩૯/ ૯૯—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કાલીન્દી કૃપા કો. ઓપ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા, ૨૨—૨—૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૩૩/ક-૨/૧૭૦/૧૬૯૨ ધ-૧૮૪૪૦/૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અક્ષરદીપ કો. ઓપ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) નીં કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૨—૨—૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૧૬૯/ક-૨/૧૭૦/૧૬૯૧ ધ-૧૮૪૪૩/૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સત્ય સંકલ્પ કો. ઓપ, હા સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૧ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા ૨૨—૨—૧૯૯૯.

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૩૩૮/ક—૨/૧૭૧ ૧૬૮૮/ધ/ ૧૮૪૪૩/૯૯— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી એકમે ન્યાવર કો—ઓપ. હા. સો. લી સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો, સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા—૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)નીં કલમ—૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, ૨૨—૨—૧૯૯૯.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૨૦—૧—૯૮ ના ક્રમાંક સકક/૦૧/ ધ—૨/૬૦ ની કારણદર્શક નોટીસ.

(૨) સોસાયટીનો તા. ૧૭—૩—૯૮ નો જવાબ.

(૩) આ કચેરીનો તા. ૧૮—૧૧—૯૮ ના ક્રમાંક ફડચ/ફ.[redacted] ૧૨૪૭૬/ધ—૨/૧૩૧૬/૯૮ નો વચગાળાનો ફડચાને હુકમ

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈ.

INDEX

પ્રસ્તાવના

જા, નં. ફડચ/ફ. ૧૧૪૭૫/ધ–૨/૧૭૨/૯૯/૧૨૯૯— ધી રાધાપાર્ક કો. ઓપરેટીવ હાઉ. સોસા. લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ધ–૧૦૨૯૩ તા. ૨૯–૧૨–૮૨ વાળા સહકારી ગૃહ મંડળી છે.

સદર મંડળીના તા, ૧–૭–૮૩ થી ૩૦—૬—૯૧ ના ઓડીટમેમાની વિગતો મુજબ સોસાયટીએ મંડળીના ઉદ્દેશો મુજબની સભ્યોના રહેઠાણ માટે આવાસો બંધાવી સભ્યોને પુરા પાડેલ નથી. તથા મંડળી દ્વારા બ્યાજબી સમયમાં બાંધકામ શરૂ ન થવાથી સભ્યો રાજીનામું આપી છુટા થયેલ છે. આમ મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ હોવાનું જણાતુ હોવાથી સદર સોસાયટીએ સંદર્ભ—૧ થી ફડચામાં કેમ ન લઇ જવી તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવીને રજુઆતની બ્યાજબી તક આપ્યા બાદ સંદર્ભ—૩ થી સોસાયટીના સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાના વચગાળાના હુકમ કરી દિન ૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપી વામાં આવેલ જેના સંદર્ભમાં સોસાયટીએ તેઓના તા. ૧૭–૧૨–૯૮ના પત્રથી સોસા. ના રેકર્ડ સાથે રૂબરૂ રજુ-આતની તક આપવાની વિનંતીસહ વચગાળાનો ફડચાનો હુકમ રદ કરવા વિનંતી કરેલ હતી. જે ધ્યાને લઇ સોસા. ને તારીખ ૪–૨–૯૯ના રોજ સોસા. ના રેકર્ડ સાથે જરૂરી આધાર પુરાવાસહ રૂબરૂ રજુઆત માટે ઉપસ્થિત રહેવા જણાવી સુનાવણી રાખવામાં આવેલ.

તા. ૪–૨–૯૯ની સુનાવણીએ સોસા. તરફે વિધ્વાન વકીલશ્રીએ ઉપસ્થિત રહી રજુઆત કરેલ કે. સા. સ્ત્રા. એ જમીન માલીક સાથે બાનાખત કરી પુરેપુરી કિંમત ચુકવેલ અને જમીનના કબજો મેળવેલો હતો. પરંતુ ટી. પી. સ્કીમ ફાઈનલ ન થઈ હોવાથી મંડળીઓના ઉદ્દેશો મુજબનું બાંધકામ થઈ શકેલ નથી. જમીન માલીક સમે દીવાની દાવો નં. ૧૯/૯૫ ચાલુ છે. સ્કીમશ્રીમાંથી સદરહુ જમીન અંગે ફોર્મ નં. ૧ બંધ કર્યાના હુકમો રેવન્યુ વિભાગ તરફ થયેલા છે, આ સંજોગોમાં મંડળીના ફડચામા લઇ જવાથી કોઈ ઉમયોગી હેતુ સરે તેમ નથી. મંડળીના વહીવટ સહકારી કાયદાની કાનુન અને નિયમો મુજબજ કરવાની બાહેધરી આપેલ છે. દાવાનો નિકાલ થયેથી ઉદ્દેશો મુજબ સભાસદના હિતમાં વહીવટ કરવા જણાવી અત્રેથા કરવામા આવેલ ફડચાનો વચગાળાનો હુકમ રદ કરવા વિનંતી કરવામા આવેલ છે.

ઉપર મુજબની સોસાયટીના તરફે રજુઆત ધ્યાને લેતા એ બાબત સ્પષ્ટ થાય છે કે, સોસાયટીએ ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ કરવા માટે રાખેલી જમીન અંગે દિવાની દાવો ચાલુમાં હોઇ તેના આખરી નિકાલ સુધી સોસાયટીને ફડચામાં લઈ જવાથી કોઈ બ્યાજબી હેતુ સરે તેમ ન હોઈ સોસાયટીને સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબની કામગીરી કરવાનો સૂચનાસહ નીચેની વિગતે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ શ્રી રાધાપાર્ક કો. ઓપરે-ટીવ હાઉસીંગ સોસાયટીવ લી. અમદાવાદનો ફડચામાં લઈ જવાનો આ કચેરીનો સંદર્ભ ૩ મુજબનો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૨૩–૨–૯૯.

વ ચાણે લીધા :—

(૧) ધી ગુજરાત ડાયસ્ટકસ મેન્યુફેકચરર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. અમદાવાદનો તા. ૮–૧૨–૯૮ અને ત.. ૮–૨–૯૯ના પત્રો.

(૨) ધી ગુજરાત સહકારી સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇ.

પ્રસ્તાવના

જા નં. સહક/૨૧/ધ–૨/૧૮૨/૯૯/૧૪૬૧.— ધી ગુજરાત ડાયસ્ટફ મેન્યુફેકચરર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી, અમદાવાદ તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ હેઠળ નોંધાયલ રજી. નં. સે. ૨૪૦૯૪ તા. ૧૨-૬-૧૯૯૧ વાળી સહકારી મંડળી છે. આ સોસાયટીની નોંધણી થયા બાદ મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી સરૂ કરેલ નથી. મંડળી શરૂઆતથી સ્થગીત અવસ્થામાં છે. અને મંડળીના ધ્યેય અને સભ્યોના હિતને ધ્યાનમાં લઇ કોઇ પ્રવૃત્તિ હાથ ધરી શકેલ નથી. સદર મંડળનું ભંડોળ તા.ખ તા ૧૯–૬–૯૮ સુધીમાં સભ્યોને હક્ક મુજબ વહેંચી દેવામાં આવેલ છે. સોસાયટીના સભ્યોને કે હોદ્દેદારોને મંડળીનું અસ્તિત્વ ટકાવી રાખવામાં કે મંડળી ચલાવવામાં કોઈ રસ નથી મંડળીના તમામ સભ્યોએ રાજીનામા આપેલ છે. જે તારીખ ૧૫–૬–૯૮ નાં રોજની કાર્યવાહક કમીટીની મીટીંગમાં ઠરાવ પસાર કરી સર્વાનુમતે મજુર કરવામાં આવેલા છે. સોસાયટીનું તારીખ ૧–૭–૯૬ થી તારીખ ૧૯–૬–૯૮ સુધીનું ઓડીટ્સબ ઓડીટર–સ. મં. (શહેર) અમદાવાદએ પૂર્ણ કરેલ છે. ઓડિટ

રીપોર્ટ મુજબ મંડળી નોંધણી તારીખથી ઓડીટ સમય સુધી સ્થગીત અવસ્થામાં છે. વ્ય. કમીટીને સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી. મંડળીમાં કોઈનું ધીરાણ લોન કે કોઇ બોજો નથી. મંડળી તાત્કાલીક અસરથી રદ કરવા પાત્ર હોવાની ભલામણ કરેલ છે. વળી મંડળીના હિસાબી પત્રકો શૂન્ય છે. જેથી મંડળીનું અસ્તિત્વ રહે તેમ નથી. સભ્યો પણ રાજીનામા આપી ચુકયા છે. મંડળીના સભ્યોને મંડળી ચલાવવામાં રસ ન હોઈ મંડળીને બંધ કરી દેવાની કાર્યવાહી કરવા ઓડીટ રિપોર્ટમાં સૂચના કરેલ છે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે મંડળી નોંધણી થયા બાદ તારીખથી સ્થગીત અવસ્થામાં છે. તેના ઉદ્દેશો મુજબની સભ્યોના હિતમાં કોઈ કાર્યવાહી કરી શકેલ નથી. મંડળીના તમામ સભ્યોએ રાજીનામા આપેલ છે. મંડળીને વ્ય. કમીટીને કે સભ્યોને મંડળીનું અસ્તિત્વ ટકાવી રાખવામાં કોઇ રસ નથી. મંડળીનું છેવટ સુધીનું ઓડીટ થયા પામેલ છે. ઓડીટ સરકેલા મુજબ હીસાબી-પત્રક નીલ છે મંડળીમાં કોઇનું ધીરાણ, લોન કે બોજો નથી. જે તમામ બાબતો ધ્યાને લેતાં સોસા.ટીની સહકારી કાયદાની કલમ ૨૦(૧)ની જોગવાઇ મુજબ નોંધણી રદ કરવા માટે પૂરતાં અને વ્યાજબી કારણો હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ થી ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી ગુજરાત ડાયસ્ટફકસ મેન્યુફેકચરર્સ કો. ઓપ. સોસાયટી લીમીટેડ અમદાવાદ નોંધણી નંબર સે. ૨૪૦૯૪ તારીખ ૧૨-૬-૬૧ની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ થયાના તારીખથી મંડળીનું વિસર્જન થયેલું ગણાશે.

અમદાવાદ, તા. ૨૬-૨-૧૯૭૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૪૦/ક-૨ / ૨૯૬ / ૧૫૧૨/ ભં-૫૦૦૫ ૧૯૬૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઓમ રણછોડ સ. ગ્રા. ભંડાર લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧—૩—૧૯૬૯.

VAD-Part-I-71

બંધારણ લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૮-૧૨-૬૮ના ક્રમાંક ધરજી-૦૧-ખ. ૧-૧૭૧૭-૬૮.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

ન. નં. ફડચ-ફ. ૧૧૪૭૮-વ-૨/૧૮૬/૧૫૮૫/૬૯.—ધી તેજેન્દ્રવિહાર કો. ઓપ. હાઉ. સોસાયટી લી. (ઓઢવ) વિભાગ-૧ અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ ને.ધાયેલ સહકારી ગૃહ-મંડળી છે, તેનો નોંધણી નંબર ધ-૮૮૪૨ તારીખ ૨૯-૧૨-૮૦ છે.

સદરહુ મંડળીમાં આ કચેરીના તારીખ ૨૯-૬-૬૩ ના આદેશથી વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ હતી સદર સોસા. માં કાયદા ધ્વારા નિયત મહત્મ અવધિ પૂર્ણ થવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પ.સેથી પરત સંભાળી લેવા માટે સભ્યો ધ્વારા કોઈ સક્રિય રસ દાખવવામાં આવેલ નથી. સોસાયટીના સભ્યોએ તથા વહીવટદારે પણ મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે. જે ધ્યાને લેતા સોસા. ને સહ કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઇ મુજબ ફડચામાં લઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી જરૂરી જણાતું હોઈ મંડળીને ફડચામાં લઇ જવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું. શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી તેજેન્દ્રવિહાર કો. ઓપ. હાઉસીંગ સોસા. લી., (ઓઢવ) વિભાગ-૧, અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા, સહકારી અધિકારી ફડચા લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ અન્વયે દિ૧—૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત આવકાર, પુરાવા સહ કરવામાં આવશે નહીં તો ફડચાનો આ હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૪—૩—૧૯૬૯.

વંચાણમાં ધારી :—

(૧) આ કચેરીના તારીખ ૪–૧–૯૯ ના ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૪૯/૯૬ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારી શ્રી આઈ. આઈ. સૈયદના તારીખ ૨૬–૧૨–૯૮ ના ક્રમાંક ફડચ/૬-૭/૫૩/૯૮ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૮૭/૧૫૮૧/૯૯.—ધી સર્વમંગલ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ એ નોંધણી ક્રમાંક નં.૫૨ ભ-૪૦૦૭, તારીખ ૨૪–૧૨–૮૫ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૪–૧–૯૬ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૪૯/૯૬ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને મદરહુ કાયદાની કલમ–૨૭(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ્દ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૪–૩–૧૯૯૯.

———

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો તારીખ ૫–૨–૧૯૯૬ ના ક્રમાંક ફડચ-૦૧-ધ-૨/૧૬૫-૯૬ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારીશ્રીના તારીખ ૧૦–૧૨–૯૮ ના જા. નં. ૬૧૬૦ અને તારીખ ૨૧–૧૨–૯૮ ના જા. નં. ૬૨૯૧ ના પત્રો.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ–૦૧–ધ–૨/૧૮૮/૧૫૭૬/૯૯.—નીલાપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ધ-૮૩ તારીખ ૧૪–૬–૬૧ વાળી ગૃહમંડળી છે.

સદરહુ મંડળીનો વહીવટ કરટોડીયન હેઠળનો હતો અને સહકારી કાયદાની જે તે કલમ હેઠળની કરટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કરટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઈચ્છતા ન હોવાથી તથા કરટોડીયન દ્વારા સદર સોસાયટીને અસરકારક રીતે સંચાલિત થઈ શકેલ ન હોવાથી પુખ્ત વિચારણાનાં અંતે સહકારી કાયદા કાનુન અને નિયમોનુસારની પ્રક્રિયા અનુસર્યા બાદ સંદર્ભ–૧ થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ, જે અન્વયે ફડચા અધિકારી દ્વારા સોસાયટીનો વહીવટ સંભાળી લેવામાં આવેલ છે.

આમુખ–૨માં દર્શાવેલ ફડચા અધિકારીના પત્રોથી કરવામાં આવેલ રજુઆત મુજબ સદર સોસાયટીમાંના સંસ્થાના લેણાંની સંપૂર્ણ વસુલાત કરવામાં આવેલ છે અને સંસ્થાની કોઇ લોનની વસુલાત બાકી રહેતી નથી અને તે બદલ જરૂરી નો ડયુ સર્ટીફીકેટ પણ મેળવવામાં આવેલ છે. સોસાયટીને પુનઃ જીવીત કરવા અને વ્યવસ્થાપક કમીટીની રચના કરવા પૂર્વ મંજુરી આપવા જણાવેલ છે.

ઉક્ત તમામ વિગતે જોતાં સોસાયટી વર્ષો જુની બંધાયેલી છે. સભ્યો વસવાટ કરે છે. સોસાયટીની તમામ બાકી રકમ સંસ્થાને ભરપાઈ કરી આપેલ છે. એન. ડી. સી. મેળવવામાં આવેલ છે, તે સંજોગોમાં સોસાયટીના સભ્યો સોસાયટીનો વહીવટ મેળવવા અગ્રેસર હોવાનું જણાતું હોઈ ફડચા અધિકારીશ્રીની રજુઆત જોતાં નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૬, ખ અન્વયે અમો પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી નીલાપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, રજી. નં. ધ–૮૩ તા. ૧૪–૬–૬૧ને નીચ દર્શાવેલ શરતોને આધિન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમનુસાર ખાતા મારફત કરાવી લેવાનું રહેશે.

(૨) સહકારી કાયદા-કાનૂન મંડળીના પેટા નિયમો, લેન્ડ સીલીંગ એક્ટ, જમીન સંપાદનને લગતા કાયદા તથા અન્ય લાગુ પડતા સંબંધી તમામ કાયદાઓનું સોસાયટીએ ચૂસ્તપણે અમલ કરવાના રહેશે.

સદરહું શરતોનું ચૂસ્તપણે પાલન કરવાની શરતે સોસા- પુનઃજીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૪–૩–૧૯૯૯.

———

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તા. ૨૩–૧૧–૯૮ના ક્રમાંક નસમાં / ૦૧/ ગ-૩/૧૦૦૪–૯૮નો પત્ર.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચા/૧૧૪૭૭૮/ધ/–૨/૧૮૯/૧૫૭૦ / ૯૯.— ધી ન્યુ રાજપુર મિલ્સ એમ્પ્લો. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી ધિરાણ મંડળી છે, તેનો નોંધણી નંબર ૨એ–૧૯૬૪૭, તારીખ ૧૮–૫–૧૯૫૨ છે.

સંદર્ભ–૧થી અત્રે થયેલ રજુઆત–રજી થયેલ માહિતી મુજબ સદરહું સોસાયટીનું સને ૯૨–૯૩ સુધીનું ઓડીટ થયેલ છે. ૯૨–૯૩ની વા. સા. સભા પણ મળેલ છે. ન્યુ. રાજપુર મિલમાં કામ કરતા કારીગરોની ધીરાણ મંડળી છે. જે મીલ સને ૯૨–૯૩થી બંધ હાલતમાં છે. મીલ બંધ થવાથી મીલના કારીગરો અને મંડળીના સભાસદો પોતપોતાના વતનમાં ચાલ્યા ગયેલા છે સને ૯૨–૯૩થી મંડળીની સહ. કાયદા કાનુન મુજબની પ્રવૃતિ બંધ થઈ ગયેલ છે અને તેના પેટા કાયદા મુજબ કામ કરતી નથી. મંડળી સ્થગીત અવસ્થામાં છે. મંડળીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાનું જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી કે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઇએ ધી ન્યુ રાજપુર મીલ્સ એમ્પ્લો. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ, સહકારી અધિકારી ફડચો–૧ લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન–૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત આધાર-પુરાવા સહ કરવામાં આવશે નહીં તો ફડચાનો આ હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૪–૩–૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૨૮૯/ક-૨/૨૧૩/૧૯૮૭/ધ-૧૮૪૪૬/ ૧૯૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી એથ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી,. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૫–૩–૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૩૪૨/ક-૨/૧૩૦/૧૯૬૦/ધ-૩૦૭૯૮/ ૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અપના કો. ઓપ. હા. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે

અમદાવાદ, તા. ૬–૩–૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૩૪૪/ક–૨/૨૨૯/૧૯૮૯/ભ-૫૦૦૧/ ૯૯.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મોમાદી મોરા મહિલા સહકારી ગ્રાહક ભંડાર લી., સ્થળ અમદાવાદ. શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવે છે.

અમદાવાદ, તા. ૮–૩–૧૯૯૯.

પરવાના

જા. નં. વખા૨/૦૧/ચ-૨/૧૬૨/૧૬૭૪/૯૯.—સને ૧૯૧૯ મુંબઈ વખાર ધારાનાં અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખાર ધારાના કાનુન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન વખારધારા, સેન્ટ્રલ વેર હાઉસ, ઈસનપુર વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે રૂા. ૯૦૦/– (અંકે રૂપિયા નવસો પુરા) નું લવાજમ ભરપાઈ-સથા ભરેલ હોવાથી વખાર દાર વટવા રોડ, ઈસનપુર ખાતે આવેલ વખારના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવે શરતોને અને

INDEX

ઉપરોક્ત વખારના કાયદા કાનુનની જોગવાઇને અધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોક્ત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહીં.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા ઠરાથી માલસંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઇ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજુરી સિવાય મુંબઈ વખાર ધારાના કાનુન નં. ૧૧૭ થી નકકી થયેલ ઠરાનો અનુસુચિમાં કોઈ જાતના ફેરફાર આ સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ મુંબઈ વખારોના અધિનિયમ કલમ-૮ અને કલમ-૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાનો પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે આ કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે,

અમદાવાદ, તા. ૯–૩–૯૯.

પરવાનો

જા. નં, વખર / ૦૧ / ચ-૨ /૧૬૬/૬૭૩૩/૯૯.— સને ૧૯૫૯ના મુંબઈ વખારધારાના અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખર ધારાના કાનુન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન વખારધારા, સેન્ટ્રલ વેર હાઉસીંગ કોસાનપુર વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે. રૂા. ૯૦૦/– (અંકે રૂપિયા નવસો પુરા) નું લવાજમ લાયસન્સથી ભરેલ હોવાથી વખારદાર વટવા રોડ, કોસનપુરા ખાતે આવેલ વખાર ના સ્થળે જે હવે પછી વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધો ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઇને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે નહી.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા ઠરાથી માલસંગ્રહ માટે લઈ શકશે,

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહી.

(૫) નિયત કરેલા અધિકારી ની મંજુરી સિવાય મુંબઈ વખાર ધારાના કાનુન નં. ૧૧૭ થી નકકી થયેલ ઠરાનો અનુસુચિમાં કોઈ જાતના ફેરફાર આ સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ–૮ અને કલમ–૯ અનુસર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાનો પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવેલા કામચલાઉ રદ કરવામાં અવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાનો રહેશે.

અમદાવાદ, તા. ૯–૩–૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૩૪૬/ક-૨/૨૩૩ ૧૭૭૨/ભં-૫૦૦૭/૯૯.–આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી યાસીન ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૨) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૧–૩–૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૩૪૫/ક-૨/૨૩૨/ધ-૧૮૪૪૮/૯૯. — આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સરદાર સ્મૃતિ (મકતમપુરા) કો. ઓપ. હા. સો. લી, સ્થળ અમદાવાદ, શહેર સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૧–૩–૧૯૯૯.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૩૪૭/ક-૨/૨૪૩/ધ-૧૮૪૪૯/૯૯.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, હિંગલાજ (ચાંદલોડિયા) કો. ઓપ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા

INDEX

૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭–૩–૧૯૯૯.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૮–૧૦–૯૮નો ક્રમાંક અપણ/ગ/૨/-૫૯૬૦ નો ખાસ અહેવાલ.

(૨) તા. ૯–૩–૯૮ના ગુજરાત સમાચાર દૈનિકના પાના નંબર–૧૧ ઉપર આ કચેરીએથી પ્રસિદ્ધ કરાયેલ જાહેર નોટીસ.

(૩) સોસાયટીનો તા. ૯–૩–૯૮નો પત્ર,

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૨૦ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

સબબ હું, એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) સદર જાહેરનામા સાથે સામેલ પરીશિષ્ટ મુજબના એસ.એસ. સી. /એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રો અને તેના સ્થળની આજુબાજુ ૨૦૦મીટર ત્રિજ્યા વિસ્તારમાં પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષા શરૂ થયાના એક કલાક અગાઉ અને પરીક્ષા પુરી થયાના એક કલાક પછીના સમય સુધી અવારનવાર બોર્ડ તરફથી આવનાર સ્કવોર્ડના સભ્યો, ઓળખપત્ર ધારણ કર્તા હોય તે ફરજ પરના અધિકારીઓ ઉપરાંત ફરજ પરના કર્મચારીઓ તથા ફરજ પરના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ અને પરીક્ષાર્થીઓ સિવાયના બિન-અધિકૃત /વ્યકિત /વ્યકિતઓએ દાખલ થવું નહી. હેરાફેરી કરવી નહિ.

(૨) પંચમહાલ જિલ્લામાં આવેલ જુદા જુદા પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપીયર મશીનના સંચાલકોએ પરીક્ષાના સમય દરમ્યાન ઝેરોક્ષ મશીનથી થતો દુરઉપયોગ રોકવા સારું તા. ૩જી એપ્રિલ ૨૦૦૧થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં થતી ગેરરીતી અટકાવવા માટે સવારના ૯.૦૦ કલાકથી સાંજના ૧૮.૦૦ સુધી તમામ ઝેરોક્ષ સેન્ટરો, કોપીયર મશીનનો ઉપયોગ સદંતર બંધ કરવો.

(૩) આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ સેન્ટરોની આજુબાજુ ૧કી.મી.ની ત્રિજ્યામાં આવેલ ઝેરોક્ષ કોપીયર.મશીનના સંચાલકોએ પણ ઉપરોકત હુકમનો અમલ કરવાને, રહેશે.

(૪) ઉકત પેરા ૨નો હુકમ સરકારી કચેરીઓની ઝેરોક્ષ મશીનોની કાર્યવાહીને લાગુ પડશે નહી.

(૫) ઉકત હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

પરિશિષ્ટ

એસ. એસ. સી. / એચ. એસ. સી. પરીક્ષાના કેન્દ્રો અને સ્થળોની વિગત.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
(૧)	ગોધરા	૧. અનાજ મહાજન સાર્વજનિક હાઈસ્કૂલ, ગોધરા. ૨. રોટરી ઈગ્લીશ મીડીયમ સ્કૂલ, ગોધરા. ૩. એમ એન્ડ મહેતા હાઈસ્કૂલ, ગોધરા. ૪. ન્યુ ઈરા હાઈસ્કુલ, ગોધરા.
(૨)	હાલોલ	૧. એમ. જી. એસ. હાઈસ્કૂલ, હાલોલ. ૨. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ. ૩. વી. એમ. ગુજરાતી માધ્યમિક સ્કુલ. હાલોલ.
(૩)	કાલોલ	૧. એમ. જી. એસ. હાઈસ્કૂલ, કાલોલ. ૨. શ્રીમતી સી. બી. ગર્લ્સ હાઈસ્કલ, કાલોલ ૩. કે. કે. હાઈસ્કૂલ, વેજલપુર.
(૪)	શહેરા	૧. શ્રીમતી એસ. જે. દવે સાર્વજનીક હાઈસ્કૂલ, શહેરા. ૨. શારદામંદિર સ્કૂલ, શહેરા.
(૫)	લુણાવાડા	૧. પંચશીલ હાઈસ્કૂલ, પંચશીલ ગર્લ્સ હાઈસ્કૂલ એસ. કે. હાઈસ્કૂલ, લુણાવાડા.
(૬)	વરધરી	૧. વી. વી. હાઈસ્કૂલ, વરધરી. ૨. સી. કે. શાહ., હાઈસ્કૂલ, વરધરી.
(૭)	સંતરોડ	૧. શ્રીમતી જે. આર. ભાટીયા હાઈસ્કુલ, સંતરોડ, પ્રાથમીક શાળા.
(૮)	કાંકણપુર	૧. એમ. જી. એસ. હાઈસ્કુલ, કાંકણપુર. ૨. એ. વી. શાહ પ્રાથમીક શાળા, કાંકણપુર.
(૯)	લીમડીયા	૧. એચ. એન. શાહ હાઈસ્કુલ, લીમડીયા.
(૧૦)	કોઠંબા	૧. ધી આઈડીયલ હાઈસ્કુલ, કોઠંબા.

INDEX

૧	૨	૩
(૧૧)	અડાદરા	૧. એમ. આર. હાઈસ્કુલ, અડાદરા.
(૧૨)	ઘોઘાંબા	૧. એચ. એસ. વરીયા હાઈસ્કુલ, ઘોઘાંબા.
(૧૩)	સાપા	૧. નવજીવન હાઈસ્કુલ, સાપા
(૧૪)	વાઘજીપુર	૧. નવજીવન હાઈસ્કુલ, વાઘજીપુર. ૨. પ્રાથમીક શાળા, વાઘજીપુર
(૧૫)	સુલીયાત	૧. ગંગા જમના મા. શાળા, સુલીયાત. ૨. રામ લક્ષ્મણ આશ્રમ શાળા, સુલીયાત.
(૧૬)	રીછવાણી	૧. એસ. પી. હાઈસ્કુલ, રીછવાણી. ૨. પ્રાથમીક શાળા રીંછવાણી
(૧૭)	નારુકોટ	૧. ઉત્તર બુનીયાદી આશ્રમ શાળા નારુકોટ
(૧૮)	ડેરોલ સ્ટેશન	૧. પી. કે. એસ. હાઈસ્કુલ
(૧૯)	ચાવડીબાઈના મુવાડા	૧. ડી. કે. હાઈસ્કુલ, ચાવડીબાઈના મુવાડા ૨. પ્રાથમીક શાળા ચાવડીબાઈના મુવાડા.
(૨૦)	વિરણીયા	૧. ધી ન્યુ ઈગ્લીશ સ્કુલ, વીરણીયા. ૨. પ્રાથમીક શાળા વીરણીયા
(૨૧)	મોરવા રેણા	૧. કે. એમ. મહેતા હાઈસ્કુલ, મોરવા. રેણા. ૨. પ્રાથમીક શાળા મોરવા રેણા.
(૨૨)	બીજલવાસા	૧. સાર્વજનીક હાઈસ્કુલ, બીજલવાસા
(૨૩)	શાલાવાડા	૧. મહીશ આર. મા. શાળા શાલાવાડા ૨. મહાત્મા ગાંધી કુલાર છાત્રાલય
(૨૪)	ખાનપુર	૧. શેઠ મ.લ. વિદ્યામંદિર, ખાનપુર ૨. પ્રાથમીક શાળા, ખાનપુર
(૨૫)	મોરવાહા	૧. ધી કે. એસ. હાઈસ્કુલ મોરવાહા ૨. પ્રાથમીક શાળા. મોરવાહા.
(૨૬)	મોરા	૧ આઈ. એચ. શેઠ હાઈસ્કુલ, મોરા
(૨૭)	ચોપડાબુઝર્ગ	૧. ભુપેન્દ્રકુમાર મા. વિદ્યા. ચોપડા બુઝર્ગ.
(૨૮)	સંતરામપુર	૧. એસ. પી. હાઈસ્કુલ, સંતરામપુર. ૨. જે. એચ. મહેતા હાઈસ્કુલ, સંતરામપુર ૩. કે. જી. એસ. હાઈસ્કુલ, કડાણા.

આજ તારીખ ૧૭મી માર્ચ ૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) મુજબનું.

નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી. ૮૧૫.—આગામી તા. ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તા. ૨૦મી એપ્રિલ ૨૦૦૧ દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. બોર્ડ દ્વારા જાહેર પરીક્ષા લેવાનાર છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ. ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તા. ૨૦મી એપ્રિલ ૨૦૦૧ (બંને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી,

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટ પદાર્થ સાથે લઈ જવો નહી,

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી, મનુષ્યો અથવા અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, આપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવાભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી,

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ રોજ તારીખ ૧૭મી માર્ચ ૨૦૦૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવ્યો.

એચ. કે. કટારા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી / એમજી / બીપીએ / ૨જી. નં. ૧૧/૨૦૦૧.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) અધિનિયમ કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જયંતકુમાર સેવક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી ચેટીચાંદના તહેવાર પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું: વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૧મી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧ (બંન્ને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવલી મશાલ લઈ જવાની.;

(ઘ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા તથા ફેલાવો કરવાની;

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતને આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં)ની ના કાયદાની કલમ ૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૯ મી માર્ચ, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૭(૩) અન્વયે :

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / ૨જી. નં. ૧૨/૨૦૦૧.— જિલ્લામાં આગામી ચેટીચંદના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘરા કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જાંતકુમાર સેવક અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડની મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) નો કલમ--૩૭ ની પેટા-કલમ--૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૧ મી માર્ચ ૨૦૦૧ થી ૧લી એપ્રિલ ૨૦૦૧ સુધી (બંન્ને દિવસ સુધ્ધાં) અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં., સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા મંદિર મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨ માનો) કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલ:

નંબર ડી.સી.બી. / એમ.એ.જી. / ૨જી. નં. ૧૩/૨૦૦૧.— વલસાડ જિલ્લામાં આગામી મહોરમ મહાવીર જયંતિ તેમજ ગુડફ્રાઈડેના તહેવાર તેમજ તારીખ ૩ જી એપ્રિલ ૨૦૦૧ થી શરૂ થતી એસ. એ.સ.એસ.સી. / એચ.એસ.સી. પરીક્ષા અંગેના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓની શાંતિ અને સમાલતી જાળવવા સારૂ સરઘસ કાઢવાની તથા સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જયંતકુમાર સેવક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ ૩૭ ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં ગુજરાત એસ. એસ. સી. બોર્ડ તથા એચ. એસ. સી. બોર્ડ સંચાલિત પરીક્ષાના તમામ કેન્દ્રની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૩ જી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૦૧ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ. ટી. માં મુસાફરી કરવા માગતા બોનાફાઈડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થી તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગું પડશે નહીં.

INDEX

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ ૧૩૫ (૩) મુજબ તેમજ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯ મી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી તેમજ મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી / એમએ / બીપીએ / ફાયર તાલીમ રજિ. ૧૪ / ૨૦૦૧.—પ્રિન્સીપાલ કમ આસી. સીક્યુરીટી કમિશનરશ્રી આર.પી.-એફ. ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ વલસાડનાં પત્ર નં. : જી / ટીઆરજી / ૯-બી તારીખ ૧૩મી માર્ચ ૨૦૦૧ થી જણાવ્યાનુસાર રીક્રુટ કોન્સ્ટેબલોની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિત ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જયંતકુમાર સેવક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨ મો) કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકો : ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૨૦મી માર્ચ, ૨૦૦૧ થી ૨૪મી માર્ચ, ૨૦૦૧ ના સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ-બાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જયંતકુમાર સેવક,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી /એમએજી/બીપીએ/૨જી. ૫/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી ચેટીચાંદ, રામનવમી, મહોરમ

INDEX

(તાજીયા) અને મહાવીર જયંતિના તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂર જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૫મી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૮મી એપ્રિલ ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો : —

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા, પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજ લઈ જવાની મનાઈ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો, ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાનો અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (જ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈ પણ હથિયાર લઈ જવાનુ હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માં કાયદા નીકલમ ૧૩૫(૧)મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૯મી માર્ચ ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. 13 *Gujarat Government Gazette*, Part-I, dated 29th March, 2001 and for pages VAD-532 to VAD-575 (in 1 set) *read* page No. 1160 to 1203.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ને તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૧ના ગુજરાત રાજ્યના ભાગ-૧ ના અંક ૧૩ માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી-૫૩૨ થી વીએડી-૫૭૫ (૧-બંચમાં) ને પાન નંબર ૧૧૬૦ થી ૧૨૦૩ વાંચવા.

Vadodara, 29th March, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણમાં લીધા :

(૧) આ કચેરીના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૩ ના ક્રમાંક ફ૬ચ/૧૭૬/ધ.૨/૧૧૫૧/૯૩ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારીશ્રી આઈ. આઈ. સૈયદના તારીખ ૧૪મી મે, ૧૯૯૮ ના ક્રમાંક ફડચ ફ.૧/૩૯/૯૮ થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/૧૭૬/ધ.૨/૮૫૫/૧૯૯૮.—ધી વિદ્યાર્થી ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ એ નોંધણી ક્રમાંક નંબર ભ-૬૬૪૨ તારીખ ૧૮મી જૂન ૧૯૮૮ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૩ ના હુકમ ક્રમાંક. ફડચ/૧૭૬/ધ-૨/૧૧૫૧/૯૩ થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) આ કચેરીમાં તારીખ ૧લી ઓકટોબર ૧૯૯૧ ના ક્રમાંક ફડચ/ફ/૧૧૪૩૬/ધ-૨/૧૧૪૫/નો ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ.

(૨) શ્રી એચ. કે. કાપડીયા સહકારી અધિકારી ફડચા લગત આ કચેરીનાનો તારીખ ૨૯મી જૂન ૧૯૯૮ ના પત્ર ક્રમાંક ફડચ/ફ/૨૧૨૩/૯૮ થી રાખેલ થઈ આવેલ પુનઃ જીવીત ની દરખાસ્ત અને સાથેના બીડાણો.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯ (૧) ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં ફડચ/ફ/૧૧૪૩૬/ધ-૨/૮૪૭/૯૮:—ધી શીતલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગૃહ મંડળી છે. જેના નોંધણી ક્રમાંક ધ-૬૫૬૦ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૭૭ છે તેને સંદર્ભ-૧ ના હુકમથી ફડચામાં લઈ જવા અંગેનો અંતીમ હુકમ કરવામાં આવેલ સદરહુ હુકમ કરવા અગાઉ સોસાયટીને કારણદર્શક નોટીસ અને વૃચગાળાનો ફડચાનો હુકમ કરીને રજૂઆતની પૂરતી તક આપવામાં આવેલ પણ તે અંગેના કાગળ કવર સાથે અત્રે "એલ. કે" ના શેરા સાથે પરત આવેલ અને સોસાયટી તરફથી કોઈ રજૂઆતો ન મળવાને કારણે અત્રેથી સંદર્ભ-૧ થી ફડચાનો અંતીમ હુકમ કરીને શ્રી એચ. કે. કાપડીયા સહકારી અધિકારી (ફડચા- ૨) ની સદરહુ સોસાયટીના ફડચા અધિકારી તરીકે નિયુકિત કરવામાં આવેલ હતી ફડચા અધિકારી દ્વારા સોસાયટીને પાઠવવામાં આવતા સમન્સો પરત ફરવાથી ડુબરૂ તપાસ કરીને સોસાયટીના વેર એબાઉટ મેળવી તેના ચેરમેનશ્રીનો સંપર્ક કરી તેઓની સોસાયટીને ફડચામાં લઈ ગયેલ લેવાના આ કચેરીના હુકમથી વાકેફ કરતાં સોસાયટીના હોદેદારોએ સોસાયટી ફડચામાં ચાલુ રાખવા માગતા ન હોવાથી અને સહકારી કાયદા કાનુન નિયમો અને મંડળીના પેટા કાયદા મુજબ ચલાવવામાં માંગતા હોવાની રજૂઆત સાથે ફડચા અધિકારીને તારીખ ૨૭ એપ્રિલ ૧૯૯૮ ના પત્રેથી ફડચાનો હુકમ રદ કરી મંડળીને પુનઃ જિવીત કરવા અને જરૂરી બીડાણો સાથે દરખાસ્ત રજુ કરેલ જે અંગે ફડચા અધિકારીશ્રી દ્વારા ચકાસણીના અંતે અત્રે સંદર્ભ-૨ ના પત્રથી મંડળીને પુનઃજિવીત કરવા અંગે સ્પષ્ટ ભલામણ સાથે દરખાસ્ત રજુ કરેલ છે. દરખાસ્તમાંની વિગતો સોસાયટીના ચેરમેનશ્રીનું રહેઠાણનું સરનામું બદલાવાથી અત્રેથી પાઠવવામાં આવતા સમન્સો પત્રો સોસાયટીને ન મળવાથી સૂનાવણીની કોઈ તબકકે સોસાયટી તરફથી રજૂઆત થઈ શકેલ ન હતી સોસાયટી અનુસૂચિત જાતીના ગરીબ અને મધ્યમ વર્ગની સભ્યોના બનેલી છે સોસાયટીએ મોજે દાણી લીમડી સર્વે નંબર ૩૫૫ખ/૩ ન. ૯૪૩૮ ચો. મી. જમીન અંગે બાનાખત જમીન માલીક સાથે કરેલ છે સદર જમીનની એન. ઓ. સી. માટે ઘણાં પ્રયત્નો છતાં સફળતા ન મળવાથી સોસાયટીએ નામદાર હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ ૨૯૭૬/૯૪ દાખલ કરેલ અને તે ઉપર નામ હાઈકોર્ટે તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૬ ના જજમેન્ટથી સોસાયટીનું એન.ઓ.સી. ની માંગણી નિર્ણય લેવા સક્ષમ અધિકારીને મોકલી આપેલ જે મુજબ સોસાયટીએ રેવન્યુ સચિવ અને તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૬ થી અરજી કરેલ છે જે ઉપર હાલ નિર્ણય લેવાનો બાકી છે સોસાયટી સભ્યોને મંડળીના પેટા કાયદા મુજબ રહેઠાણો પૂરા પાડવા કૃત નિશ્ચયી છે પણ જમીનનો એન. ઓ. સી. અંગે નિર્ણય લેવાના બાકી હોઈ જો મંડળી ફડચામાં લઈ જવામાં આવે તો ભરપાઈ ન થઈ શકે તેવું આર્થિક નુકશાન સભ્યોને વેઠવું પડે જે ધ્યાને લઈ સોસાયટીને પુનઃજિવીત કરવા વિનંતી કરેલ જે મુજબ ફડચા અધિકારીશ્રીએ પણ સ્પષ્ટ ભલામણ કરેલ છે.

ઉપર મુજબની રજૂઆતો ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે મંડળી સહકારી કાયદા કાનુન નિયમો અને મંડળીના પેટા નિયમો મુજબ રહેઠાણો સભ્યોને પૂરા પાડવા માગે છે અને તેના ભાગરૂપે દાદ મેળવવા નામદાર હાઈકોર્ટ કક્ષાએ રજૂઆત કરેલ તે ઉપરના જજમેન્ટ મુજબ રેવન્યુ કક્ષાએ અરજી કરેલી છે સોસાયટીના સભ્યો અનુસૂચિત જાતિના ગરીબ અને મધ્યમ વર્ગના સભ્યો છે. સોસાયટીની એન.ઓ.સી. મેળવવાની અરજી પેન્ડીંગ છે જે ઉપર સોસાયટીની તરફેણમાં નિર્ણય આવે તો સોસાયટીને ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે જેથી જમીન અંગેનો નિર્ણય આવેતે સોસાયટી તેના ઉદ્દેશ મુજબ રહેઠાણો માટે કામગીરી શરૂ કરશે તેવી બાંહેધરી આને રજૂઆત કરેલી છે. સોસાયટીની નોંધણી થયા બાદ વ્યાજબી સમયમાં મંડળીની લેતુ સિધ્ધ ન કરવામાં હોદેદારોની અંગત બેદરકારી જણાતી નથી સોસાયટી સ્થગીત અવસ્થામાં નથી સોસાયટીના હોદેદારોને મંડળીનો વહીવટ કાયદા કાનુન મુજબ ચલાવવામાં રસ છે જે ધ્યાને લેતાં નથી તથા સોસાયટીના ગરીબ અને મધ્યમવર્ગના સભ્યોના વિશાળ હીતને ધ્યાને લેતાં અને સહકારી અધિકારી (ફડચા-૨) ની મંડળીનો ફડચાનો હુકમ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯-ખ અન્વયે મંડળીને પુનઃજીવીત કરવા અંગેની સ્પષ્ટ ભલામણ નિગાહે લેતા નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯ (ખ) અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારોના રૂઈએ ધી શીતલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.

INDEX

અમદાવાદ નોંધણી નંબર ધ-૬૫૬૦ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૭૭ ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃ જિવીત કરવાને હુકમ કરૂ છું.

(૧) સોસાયટીએ તેનું બાકી ઓડીટ સહકારી કાયદાની કલમ-૮૪ અન્વયે પુર્ણ કરાવી લેવાનું રહેશે અને વખતો વખત ઓડીટ નિયમોનુસાર સમયસર કરાવી લેવાનું રહેશે.

(૨) મંડળીએ સોસાયટીનો વહીવટ સહકારી કાયદા કાનૂન નિયમો અને મંડળીના પેટા કાયદા સાથે સૂસંગત રહીને ઝડપી ઉદ્ શો પરિપૂર્ણ થાય તે મુજબ કરવાનો રહેશે.

અમદાવાદ, તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળી (શહેર) અમદાવાદનો તારીખ ૫ મી સપ્ટેમ્બર ૧૯૯૭ના ક્રમાંક અષણ / ખા. અ. / ગ-૪ / ૪૯૫૪ નો પત્ર.

(૨) આ કચેરીની તારીખ ૨૩ મી ડિસેમ્બર ૧૯૯૭ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તારીખ ૨૭ મી માર્ચ ૧૯૯૮ નો ક્રમાંક ફડચ / ફ-૧૧૪૬૦ / ધ-૨ / ૨૧૦/૯૮ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૧૧૪૬૦ / ધ-૨ / ૯૯૪/૯૮.— ધી નવી શાહવાડી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. અમદાવાદ તેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે નોંધાયેલ રજિસ્ટર નંબર સે-૯૪૭ તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૭૧ વાળી સહકારી મંડળી છે.

સદરહું સંસ્થાના બાકી ઓડીટ માટે ઓડીટરશ્રી દ્વારા વારંવાર પ્રયત્નો કરવા છતાં સંસ્થાના હોદ્દે દારશ્રી અજાભાઈ ભરવાડ દ્વારા રેકર્ડ રજુ કરવામાં આવેલ નહીં અને ઓડીટર સમક્ષ ઉપસ્થિત થઈ જાન્યુઆરી ૧૯૯૭ સુધીમાં ઓડીટ કરાવી લેવાની આપેલ ખાત્રી મુજબ ઓડીટ કરાવેલ ન હોઈ સંદર્ભ-૧ થી સોસાયટીને કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબ ફડચામાં લઈ જવા ભલામણ કરવામાં આવેલ જે ધ્યાને લઈ સોસાયટીને સંદર્ભ--૨ થી કારણદર્શક નોટીસ પાઠવીને સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે રજુઆત કરવાની તક આપવામાં આવેલ પણ સદર નોટીસ સ્વીકારવામાં વગર પરત ફરતા સોસાયટી સ્થગિત અવસ્થામાં હોવાનું માનવાને કારણ જણાતા સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરી દિન--/૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે હુકમ સોસાયટીને બજી ગયેલ જેના સંદર્ભે સોસાયટીના પ્રમુખ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ નાં રોજ અમારી સમક્ષ ઉપસ્થિત થયેલ અને ઓડીટ કરાવી લેવાની તૈયાર દર્શાવિલ પણ મંડળી ચાલુ હોવા અંગેની કોઈ આધારો / રેકર્ડ રજુ-કરવામાં આવેલ નહી. મંડળી ચાલુ છે તેવી મૌખિક રજુઆત કરેલ પરતુ મંડળીના કામકાજ સબંધ કોઈ વિગતો મૌખિક પણ રજુ કરેલ નહી. અને જરુરી આધારે રજુ કરવા દિન--૧૫ ની માંગણી રજુ કરેલ. પણ ત્યારબાદ કોઈ જવાબ / મૌખિક સોસાયટી તરફથી આજ સુધી મળવામાં નથી. આમ સોસાયટી દ્વારા સહકારી કાયદા કાનુન નિયમો અને પેટા કાયદા મુજબ મંડળીના ઉદ્શો મુજબની કામગીરી થતી નથી. મંડળ સ્થગિત અવસ્તામાં છે અને મંડળીને સહકારી કાયદા કાનુન મુજબ ચલાવવામાં સોસાયટીના હોદ્દેદારોને રસ નથી તેમ માનવાને પૂરતા કારણો હોઈ સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવી જરુરી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં-આવે છે.

હુકમ

આથી હું જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ના ક્લમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારીના રુએ ધી નવી શાહવાડી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી અધિકારી (ફડચા) --૧ લગત આ કચેરાની નિમણુંક કરું છું.

અમદાવાદ, તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પે. ઓડીટર સહકારી મંડળી (શહેર) અમદાવાદનો તારીખ ૧૫ મી નવેમ્બર ૧૯૯૫નો પત્ર ક્રમાંક : અષણ / ગ-૨ / ૫૬૯૪/૯૫.

(૨) આ કચેરીનો તારીખ ૨૭ મી માર્ચ, ૧૯૯૭ના ક્રમાંક ફડચ / ફ / ૧૧૩૪૩ / ધ-૨ / ૩૭૭/૯૭ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) આ કચેરીની ક્લમ-૨૦ અન્વયેની તારીખ ૨૭ જુલાઈ, ૧૯૯૬ ની નોટીસ.

(૪) ગુજરાત સમાચાર દૈનિકમાં તારીખ ૯મી માર્ચ ૧૯૯૮ ના રોજ પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૧૧૩૪૩ / ધ-૨ / ૯૬૨/૯૮. – પ્રસ્તુત કેસની વિગત એવી છે કે ધી સદગુરુ કિશનકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ લીમીટેડ અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ, ૧૯૬૧ ની ક્લમ--૯ હેઠળ નોંધાયેલ ગૃહ મંડળી છે. તેનો નોંધણી નંબર ધ-૧૨૫૮૯ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯ છે. સદરહું મંડળીના સને ૧૯૯૦--૯૩ ના ઓડીટમાં મંડળી--સ્થગીત હોવાનું અને જમીન મેળવવા કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનું જણાયેલ છે. મંડળીના હોદ્દેદારોને મંડળીની પ્રવૃત્તિમાં રસ ન હોઈ સંદર્ભ--૧ થી ખાસ અહેવાલ કરવામાં આવેલ જે ધ્યાને લઈ સંદર્ભ--૩ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને દિન--૩૦ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ તેમજ સોસાયટી ને પાઠવવામાં આવેલ ક્વરો પરત આવતાં હોઈ સંદર્ભ--૪ અન્વયે તારીખ ૯ મી માર્ચ, ૧૯૯૮ ના ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ કરાવવા માં આવેલ જાહેર નોટીસમાં ક્રમાંક--૩૯ ઉપર સદર સોસા[illegible]

INDEX

સમાવેશ કરવામાં આવેલ જે દરમ્યાન સોસાયટી તરફથી તારીખ--૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના પત્રથી વચગાળાના હુકમની માંગણી થતાં સોસાયટીને વચગાળાના હુકમની નકલ આપીને તારીખ ૩જી માર્ચ, ૧૯૯૮ ના રોજની મુદત આપી જરૂરી આધાર--પૂરાવા સહ રજુઆત કરવાની તક આપવામાં આવેલ તથા સોસાયટીની માંગણી મુજબ વખતોવખત અનુક્રમે તારીખ ૪ થી એપ્રિલ, ૧૯૯૮, ૩૦મી એપ્રિલ, ૧૯૯૮, ૨૬મી મે, ૧૯૯૮ અને ૩૦મી જૂન, ૧૯૯૮ની મુદતો આપી જરૂરી આધાર-પૂરાવા સહ રજુઆત કરવાની તક આપવામાં આવવા છતાં સોસાયટી તરફથી સોસાયટી સહકારી કાયદા કાનૂન, નિયમો અને મંડળીના પેટા-કાયદા મુજબ સભ્યોને રહેઠાણ પૂરા પાડવા માટે ઉદ્‌શો મુજબની કામગીરી કરતી હોવાનું પ્રસ્થાપીત કરી શકેલ નથી. કે સોસાયટીનું કોઈ રેકર્ડ અને હાજર રહી ઉપસ્થિત કરેલ નથી. આમ સોસાયટી સ્થગીત અવસ્થામાં છે. અને ઉદ્‌શો મુજબ કામ કરતી ન હોવાનું માનવાને સ્પષ્ટ કારણ હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી સદગુરુ કિશનકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ, સહકારી અધિકારી (ફડચા-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૨૧ મી એપ્રિલ, ૧૯૯૮ ના ક્રમાંક ફડચ / ફ-૧૧૪૬૪ / ધ-૨ / ૪૨૪ નો--ફડચાનો વચગાળાનો હુકમ.

ચે

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૧૧૪૬૪ / ધ-૨ / ૯૭૫/૯૮. ધી નારોલ ખેતી ઉત્પાદન સહકારી મંડળી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ--૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો રજિસ્ટ્રેશન નંબર સે--૧૧૭૪. તારીખ ૪ થી એપ્રિલ, ૧૯૭૦ છે.

ઓડીટરશ્રીઓ સદર સોસાયટીનું સને ૧૯૯૨--૯૩થી ૧૯૯૫--૯૬ સુધીનું ઓડીટ પૂર્ણ કરેલ અને ખાસ અહેવાલ કરતા જણાવેલ છે કે સદર સોસાયટીને અગાઉ ફડચામાં લઈ જવામાં આવેલ ત્યારે સોસાયટીને પૂન : જીવન કરવા અંગેના જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદના તારીખ ૨૯ મી જૂન, ૧૯૯૨ ના હુકમથી લાદવામાં આવેલ શરતોનું સોસાયટીએ પાલન કરેલ નથી. સોસાયટીમાં પેટા-નિયમો મુજબની કાર્યવાહી થતી નથી. સાધારણ સભાની ની મીટીંગ મળી નથી જેથી સોસાયટીને કલમ--૧૦૭ અન્વયે ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી કરવા જણાવાયેલ જે ધ્યાને લઈ અત્રેથી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ તારીખ ૨૩ મી ડિસેમ્બર, ૧૯૯૭ થી આપવામાં આવેલ અને તે સંદર્ભે અમારી સમક્ષ તારીખ ૧૬ મી જાન્યુઆરી, ૧૯૯૮ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૮, ૩ જી માર્ચ, ૧૯૯૮ના રોજની સુનાવણી રાખી સોસાયટીને લેખિત મૌખિક રજુઆત જરૂરી આધાર-પૂરાવા સહ કરવાની તક આપવામાં આવેલ પણ મંડળી તરફથી કોઈ જ રજુઆત ના મળતા પૂખ્ત વિચારણાને અંતે સંદર્ભ--૧ થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને સોસાયટીને તે અંગે કોઈ રજુઆત કરવા હોય તો દિન--૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે ને પણ ઘણો સમય પસાર થવો છતાં સોસાયટી તરફથી કોઈ જ રજુઆત મળવામાં નથી. આમ સમગ્ર વિગતો ધ્યાને લેતાં આ બાબત ફલિત થાય છે કે મંડળીના હોદ્‌દારો દ્વારા મંડળીને સહકારી કાયદા--કાનૂન, નિયમો અને મંડળીના પેટા નિયમો મુજબના ઉદ્‌શો પરિપૂર્ણ કરવામાં રસ નથી. મંડળી સ્થગીત અવસ્થામાં છે. મંડળીનું હેતુ માટે રચાયેલ છે તેવું કામકાજ કરતી નથી. જેથી ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (સી) (૨) ની જોગવાઈ મુજબ મંડળીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી કરવી જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી નારોલ ખેતી ઉત્પાદન સહકારી મંડળી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા, સહકારી અધિકારી (ફડચા--૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) જિલ્લા રજે. ઓડીટરશ્રી, સહકારી મંડળી(શહેર) અમદાવાદનો તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૭ નો પત્ર ક્રમાંક અષણ/ગપર/૬૦૦૯

(૨) તારીખ ૯મી માર્ચ ૧૯૯૮ના ગુજરાત સમાચાર દૈનિકમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ.

(૩) આ કચેરીનો તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૮નો પત્ર ક્રમાંક હસભ/ધ-૩/૪૩૬/૯૮

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧/૧૪૭૧/ધ-૨/૧૧૨૩/૧૯૯૮.—પ્રસ્તુત કેસની વિગત એવી છે કે, ધી પાંચકુવા નવા મહોલ્લા કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ ભંડાર લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ભ-૧૫૬૩ તારીખ ૧૫મી માર્ચ, ૧૯૬૮ વાળી સહકારી ભંડાર છે.

સદર સોસાયટીના ઓડીટ માટે ઓડીટરે પ્રયાસ કરતાં અને નોંધાયેલા સરનામે તપાસ કરતા અને આજુબાજુના રહીશોને પૂચ્છા કરતાં સંસ્થા બંધ હાલતમાં હોવાનું જાણવા મળેલ છે. સોસાયટી

INDEX

બંધ હાલતમાં છે, હોદ્દેદારો સોસાયટીના વહીવટમાં રસ ધરાવતા ન હોઈ સંદર્ભ-૧ થી સોસાયટીની કલમ-૨૦ (૧) હેઠળ નોંધણી રદ કરવાની ભલામણ થઈ આવતાં અત્રેથી સંદર્ભ-૨ મુજબ શહેર નોટીસ પ્રસિધ્ધ કરાવીને જાહેર નોટીસમાંની સોસાયટીની નોંધણી કલમ-૨૦ (૧) હેઠળ રદ કેમ ન કરવી તે અંગે દિન-૩૦માં રજુઆત કરવા જણાવેલ જેમાં સદર સોસાયટીનો ક્રમાંક ૬૧માં સમાવેશ કરેલ છે. તેમ છતાં સોસાયટી તરફથી કોઈ રજુઆત મળવામાં નથી સંદર્ભ-૩થી મળેલ માહીતી મુજબ સદર સોસાયટીમાંથી સરકારશ્રીના લેણાંની વસુલાત મેળવવાની બાકીમાં હોઈ સદર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ની જોગવાઈ મુજબ ફડચામાં લઈ જવી પ્રથમ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર. સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી પાંચકુવા નવા મહોલ્લા કન્ઝ્યુમર્સ સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું સદર મંડળીની ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ, સહકારી, અધિકારી (ફડચા૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે જો સમય મર્યાદ માં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૬નો પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/૬૬૪/૯૬.
(૨) આ કચેરીની તારીખ ૭મી જૂન, ૧૯૯૬ ની કારણદર્શક નોટીસ.
(૩) આ કચેરીનો તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭ ના ક્રમાંક : ફડચ/ફ-૧૧૩૦૬/ધ-૨/૧૫૭ નો વચગાળાનો ફડચાનો હુકમ.
(૪) તારીખ ૯મી માર્ચ, ૧૯૯૮ ના ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ.
(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૦૬/ધ-૨/૧૧૨૪ / ૯૮.—ધી મનુપાર્ક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજિ. નંબર . ધ-૪૩૧૭ ધરાવતી સહકારી ગૃહમંડળી છે. સદર મંડળીના બાકી ઓડીટ માટે નોટીસ / સમન્સ આપવા છતાં ઓડીટ થઈ શકેલ નથી. સોસાયટીની રૂબરૂ મુલાકાતમાં સોસાયટીમાંથી મૂળ સભ્યો સ્થળાંતર કરી ગયેલ હોવાનું અને હાલમાં પાવર ઓફ એટર્ની હોલ્ડર રહેતા હોવાનું તથા સોસાયટીમાં કોઈ વ્યવસ્થાપક કમીટી કાર્યરત ન હોવાનું જણાયેલ જેથી જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સ. મં., (શહેર), અમદાવાદના તારીખ ૨૭ જાન્યુઆરી, ૧૯૯૬ ના પત્રથી કસ્ટોડીયનની નિમણુંક કરવા ભલામણ થયેલ જે ઉપર પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ-૧ થી સોસાયટીને ફડચામાં લઈ જવાની કાર્યવાહી કરવા ભલામણ થઈ આવતાં સંદર્ભ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવ્યા બાદ સંદર્ભ-૩ થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જે સ્વીકારાયા વગર પરત આવતા સંદર્ભ-૩ થી પ્રસિધ્ધ કરાયેલ જાહેર નોટીસમાં સદર સોસાયટીનો ક્રમાંક : ૩૮ ઉપર સમાવેશ કરી સોસાયટીના હોદ્દેદારો, સભ્યો કે હિત ધરાવતી સંસ્થાઓ કે શખ્સોને રજુઆતની તક આપવામાં આવેલ હોવા છતાં આજ સુધી કોઈ રજુઆત મળવામાં ન હોઈ સોસાયટી સહકારી કાયદા-કાનુન, નિયમો અને પેટા-કાયદા મુજબ ચાલતી ન હોવાનું માનવાને પૂરતા કારણો છે. મંડળીનું ઓડીટ પણ થઈ શકેલ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી મનુપાર્ક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા, સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૩૦૫/ક-૨/૧૧૧૫ / ધ-૧૮૪૨૬ સને ૧૯૯૮.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આકાશ (થલતેજ) કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો : સીટી, જિલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પે. ઓડીટરશ્રી. સ. મં., (શહેર) અમદાવાદના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૭ના પત્ર ક્રમાંક અધણ/ગ-૨/૨૯૫૬/૯૭.
(૨) આ કચેરીની તારીખ ૧૬મી સપ્ટેમ્બર. ૧૯૯૭ ના ક્રમાંક : સકક/ફડચ/૦૧/ધ-૨/૧૦૨૯ થી કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ધ-૨/૧૧૪૦ / ૯૮.—ધી સદગુરૂ કો-ઓપરેટીવ-ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજિ. નં. સે-૨૧૧૦૯, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૮૫ ધરાવતી ક્રેડીટ સહકારી મંડળી છે. સદરહું સોસાયટીના બાકીથી ૩૦મી જૂન ૧૯૯૫ સુધીના ઓડીટ માટે સબંધીત ઓડીટરશ્રી દ્વારા પત્ર અને સમન્સ પાઠવવામાં આવતાં તે કવરો "નોટનોણ" ના શેરા સાથે પરત આવેલ છે. જેથી ઓડીટરે સોસાયટીના સરનામે રૂબરૂ તપાસ કરતાં આવી સંસ્થા અસ્તિત્ત્વ ધરાવતી ન હોવાનું ધ્યાને આવતા સંદર્ભ-૧ થી સદર સોસાયટીની કલમ-૨૦ (૧) હેઠળ નોંધણી રદ કરવા ખાસ અહેવાલ થઈ આવેલ જે ધ્યાને લઈને સદર સોસાયટીને સંદર્ભ-૨ થી સોસાયટીની નોંધણી રદ કેમ ન કરવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવતા કવર પણ "એન. કે." ના શેરા

INDEX

સાથે પરત આવેલ છે. આમ સદરહુ સોસાયટી નોંધાયેલ સરનામે અસ્તિત્વ ધરાવતી નથી. અને નોંધણી થયા બાદ વ્યાજબી સમયની અંદર સહકારી કાયદા કાનુન, નિયમો અને પેટા કાયદા મુજબ કામ કરતા થયેલ નથી. સ્થગિત અવસ્થામાં છે. મંડળીનું અસ્તિત્વ જ નથી. તેમ માનવાને પુરતા કારણ હોઈ સદર સોસાયટીની સહકારી કાયદાની કલમ-૨૦(૧) અન્વયે નોંધણી રદ કરવી જરૂરી બનતી હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦(૧) ની જોગવાઈઓ અન્વયે ધી સદગુરૂ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર : સે-૨૧૧૦૯, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૮૫ ની નોંધણી રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક / નધણ / ૪૩૦૭/ક-૨/૧૧૨૨/ભં-૪૯૯૪/૧૯૯૮. —આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વ્રજ કો-ઓપરેટીવ સોસાયટ લી., સ્થળ : અમદાવાદ શહેર, તાલુકો : સીટી, જિલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક / નધણ / ૪૩૦૬ / ક-૨ / ૧૧૨૩ / ૯૮-૪૯૯૫ સને ૧૯૯૮.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી બુંદેલખંડ ગ્રાહક સહકાર ભંડાર લી. સ્થળ : અમદાવાદ શહેર, તાલુકો : સીટી, જિલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ ધી ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અંકુર ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદના ચેરમેનની સહી-તારીખ વગરની અત્રે તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ મળેલ અરજી.
(૨) સહકારી અધિકારી (ગ્રાહક) ગ્રેડ-૨, લગત આ કચેરીનો તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૮ ના ક્રમાંક : અગભ-ગ-ગ-૧-૪૯૪-૯૮ નો સ્થળ તપાસ અહેવાલ.
(૩) આ કચેરીની તારીખ ૧૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ની ક્રમાંક ફડચ-૦૧-ધુર-૯૩૪ ની કારણદર્શક નોટીસ.
(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ક-૧૧૪૭૩-ધર-૧૧૬૮ / ૯૮.—ધી અંકુર ગ્રાહક ભંડાર લી., અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નં. ભ-૩૬૪૫, તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૮૮ વાળો સહકારી ગ્રાહક ભંડાર છે.

સંદર્ભ-૧ ના પત્રથી થયેલ રજુઆત મુજબ સદર સોસાયટીના સેક્રેટરી શ્રી રાજબરસીંગ તોમરનું અવસાન થવાથી સ્વર્ગસ્થના પત્ની ચેરમેન તરીકે હાવો કરે છે. દફ્તર તેમની પાસે છે. સોસાયટી કશું કામ કરતી નથી, તેથી તેને રદ કરવા વિનંતી કરેલ, જે ધ્યાને લઈ આ કચેરીના સહકારી અધિકારી (ગ્રાહક) ને અરજીમાંની વિગતે સ્થળ તપાસ કરી અહેવાલ રજૂ કરવા અત્રેથી જણાવવામાં આવતા તેઓએ સંદર્ભ-૨ થી અહેવાલ રજુ કરેલ છે, જે મુજબ સોસાયટીનું તારીખ ૩૦મી જુન, ૧૯૯૭ સુધીનું ઓડીટ થયેલ છે.

ત્યાં સુધીમાં સંસ્થાએ કોઈ કામગીરી કરેલ નથી. સંસ્થા સ્થગિત અવસ્થામાં છે. ફડચામાં લઈ જઈ સોસાયટીના નોંધણી રદ કરવા ભલામણ કરેલ છે. જે ધ્યાને લઈ સંદર્ભ-૩ થી સોસાયટીને કારણદર્શક નોટીસ પાઠવી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે તે અંગે આધાર પુરાવા સહ લેખિત-મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવેલ તથા અમારી સમક્ષ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૮ અને ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના મુદત સોસાયટી ના ચેરમેન શ્રીમતી શાન્તીદેવી રાજવીરસીંહ તોમર ઉપસ્થિત રહેલ અને જણાવેલ કે મંડળીની કોઈ કામગીરી ચાલુ નથી વર્ષોથી બંધ અવસ્થામાં છે. મંડળીને ફડચામાં લઈ જવામાં આવે કે નોંધણી રદ કરવામાં આવે તો કોઈ વાંધા નથી. મંડળીના કોઈ કારોબારી સભ્યોને પણ મંડળી ચલાવવામાં રસ નથી, તેમ જણાવેલ છે.

ઉપરની વિગતો જોતાં મંડળી સ્થગિત અવસ્થામાં છે. સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ કામ કરતી નથી, તેમ સ્પષ્ટ થતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી અંકુર ગ્રાહક સહકાર ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા, સહકારી અધિકારી ફડચા-૨, લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સોસાયટીના સભ્યોના ધ્યાન ઉપર લાવીને બાબતે દિન-૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત આધાર-પુરાવા સહ કરવામાં આવશે નહીં તો ફડચાનો આ હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી સપ્ટેમ્બર. ૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૫ના ક્રમાંક ફડચ-૦૧-ધ-૨-૮૨૧/૯૫. નો ફડચાનો-અંતીમ હુકમ.

(૨) ફડચા અધિકારીશ્રી, મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદના તારીખ ૨૨મી મે, ૧૯૯૮ અને તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૮.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ.

જાવક નંબર ફડચ / ૦૧ / ધ-૨ / ૧૧૬૯/૧૦૫૪૧/૯૮.— ધી ગંગાનગર (ઓઢવ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસા. લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ધ-૧૬૬૩, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૬૬ વાળી ગૃહ મંડળી છે.

સદરહુ મંડળીનો વહીવટ વહીવટદાર હેઠળ હતો અને સહકારી કાયદાની જે તે કલમ હેઠળ વહીવટદારની મહત્તમ અવધી વીતી ગયેલ હોવાં છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદ ઈચ્છતા ન હોવાથી તથા વહીવટદાર દ્વારા સદર સોસાયટીને અસરકારક રીતે સંચાલિત થઈ શકેલ ન હોવાથી પુખ્ત વિચારણાને અંતે સહકારી કાયદા કાનૂન અને નિયમોનુસારની પ્રક્રિયા અનુસર્યા બાદ સંદર્ભ--૧ થી ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ, જે અન્વયે ફડચા અધિકારી દ્વારા સદર સોસાયટીને વહીવટ સંભાળી લેવામાં આવેલ છે.

આમુખ--૨ માં દર્શાવેલ ફડચા અધિકારીશ્રીના પત્રોથી કરવામાં આવેલ રજુઆત મુજબ સદર સોસાયટીના ફડચામાં ગયા તારીખ ફડચા લેણું રૂા. ૭૨,૦૪૬-૯૦ હતું, તે તમામની વસુલાત મેળવી સંસ્થાને ભરપાઈ કરેલ છે અને તે બદલ જરૂરી નોડયુ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે. સોસાયટીને પુન : જીવીત કરવા અને-વ્યવસ્થાપક કમીટીની રચના કરવા પૂર્વ મંજુરી આપવા વિનંતી કરેલ છે.

ઉકત તમામ વિગતો જોતાં સોસાયટી વર્ષો જુની બંધાયેલી છે. સભ્યો વ્યવહાર કરે છે. સોસાયટીની તમામ બાકી રકમ સંસ્થાને ભરપાઈ કરી આપેલ છે. એન. ડી. સી. મેળવવામાં આવેલ છે, તે સંજોગોમાં સોસાયટીના સભ્યો સોસાયટનો વહીવટ પરત મેળવવા અગ્રેસર હોવાનું જણાતું હોઈ ફડચા અધિકારીશ્રીનો અહેવાલ જોતાં નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હુ શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૯ (ખ) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારીની રૂઈએ ધી ગંગાનગર (ઓઢવ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ રજી. નં. ધ-૧૬૬૩, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૬૬ ને નીચે દર્શાવેલ શરતોને આધિન પુન : જીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમોનુસાર ખાતા મારફત કરાવી લેવાનું રહેશે.

(૨) સહકારી કાયદા કાનૂન અને મંડળીના ધેટા-નિયમો લેન્ડ સીલીંગ એકટ, જમીન સંપાદનને લગતા કાયદા તથા અન્ય લાગુ પડતા સંબંધીત તમામ કાયદાઓનું સોસાયટીએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહુ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાની શરતે સોસાયટીને પુન : જીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) જિલ્લા રૂપે. ઓડીટરશ્રી સહકારી મંડળી (શહેર) અમદાવાદને તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૬ નો પત્ર ક્રમાંક આપણુ/ગ-૨/૨૮૮/૩૦૧૭.

(૨) ગુજરાત સમાચાર તારીખ ૫મી જુન ૧૯૯૬ ના પાન નં. ૬ ઉપર પ્રસિધ્ધ કરાવાયેલ જાહેર નોટીસ.

(૩) આ કચેરીને તારીખ ૨૭ મી માર્ચ ૧૯૯૭ ના ક્રમાક ફડચ / ફ-૧૧૩૫૦ / ધ-૨ / ૭૮૪/૯૭ ને ફડચાને વચગાળાને હુકમ.

(૪) સોસાયટીને તારીખ ૧૦ મી એપ્રિલ ૧૯૯૭ નો પત્ર

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓન અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૧૧૩૫૦/ ધ-૨ / ૧૧૮૦/૯૮. ધી જીવન પ્રકાશ ગ્રાહક સહકારો ભંડાર લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોધાયેલ નોધણી નં. ભ. ૨૭૦૪ તારીખ ૮મી ડિસેમ્બર ૧૯૭૨ થી નોધાયેલ ગ્રાહક સહકારી ભડાર છે.

સદર સોસાયટીના ઓડીટ માટે ઓડીટરે રૂબરૂ મુલાકાત લેતા સંસ્થા ઘણા સમયથી બધ થઈ ગયેલ હોવાનું જણાતા સદર્ભ-૧ થી કલમ ૨૦ (૧) અન્વયે સોસાયટીની નોધણી રદ કરવા ભલામણ થઈ આવતા આ કચેરી દ્વારા સંદર્ભ--૨ થી પ્રસિધ્ધ કરાયેલ જાહેર નોટીસમા સોસાયટી ને ક્રમાંક ૨૦ ઉપર સમાવેશ કરી રજુઆત કરવા જણાવતા સોસાયટીના તારીખ ૨૮ મી ઓકટોબર ૧૯૯૬ના પત્રથી જણાવાયેલ કે ઓડીટ અંગેની નોટીસ જુન હોદ્દે દારોના સરનામે જવાથી સોસાયટીને મળેલ ન હતી પણ ચાલુ માસમાં ઓડીટ કરાવી લેવાની ખાતરી આપેલ જે ધ્યાને લઈને સોસાયટીને આ કચેરીના તારીખ ૭ મી ડિસેમ્બર ૧૯૯૬ ન પત્રથી ઓડીટ કરાવી તથા સરકારશ્રીની લોન રૂા. ૪૫૦૦/- અને તે ઉપરનું વ્યાજ સરકારશ્રીમા જમા કરાવી ૩૧ મી ડિસેમ્બર ૧૯૯૬ સુધીમાં આ કચેરીમાં રજુઆત કરવા જણાવતા છતા સોસાયટી તરફથી કોઈ વિગતે રજુ ન થવાથી સદર્ભ--૩ થી સદર સોસાયટી ને ફડચામાં લઈ જવાને સેલ્ફ સ્પીકીંગ અને સ્પષ્ટ વચગાળાને હુકમ કરી દિન-૩૦ મા આમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામા આવેલ. જે અંગે સોસાયટીના સદર્ભ--૪ ના પત્રથી રજુઆત કરવામાં આવેલ કે સોસાયટી નું ૭/૯૦ થી ૩૦મી જુન ૧૯૯૬ સુધીનું ઓડીટ કરાવેલ છે. સરકારશ્રીના લેણા ટુક સમયમા ભરપાઈ કરવામા આવશે. તેમ જણાવેલ હોવા છતા ઘણો સમય પસાર થવા છતા સંસ્થા તરફથી

INDEX

સરકારશ્રીના લેણા ભરપાઈ કરવામાં આવેલ નથી. તેમજ આ કચેરીએ તારીખ ૨૮ મી ઓગષ્ટ ૧૯૯૮ અને ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ સુનાવણી રાખી કુબરૂમાં આધારપુરાવ સહ હાજર રહેવા જણાવવા છતા સોસાયટીઓ કોઈ દરકાર લીધેલા લેખિત જવાબ રજુ કરેલ નથી. સુનાવણીએ હાજર રહેલ નથી. જે તમામ બાબતે ધ્યાને લેતા આબાબત સ્પષ્ટ થાય છે કે સોસાયટી સહકારી કાયદા કાનુન નિયમો અને મડળીના પેટા નિયમો મુજબ કામ કરતી નથી. સરકારશ્રીના લેણા સમયસર ભરપાઈ કરવા દરકાર લીધેલ નથી. સરકારશ્રીના લેણાની વસુલાત કરાવી પણ જરૂરી બનતી હોઈ સદર કેસની બાબતે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવા મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મડળીઓ (શહેર) અમદાવાદ ધ ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી જીવન પ્રકાશ ગ્રાહક સહકારી ભડાર લી., અમદાવાદને ફડચામા લઈ જવાનો અંતીમ હુકમ કરૂ છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી અધિકારી ફડચો-૧ લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

૧. જિલ્લા સ્પેશિયલ ઓડીટરશ્રી સહકારી મંડળી (શહેર) અમદાવાદનો તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૭ ના ક્રમાંક આપણ/૦૧ /ગ-૨/ ૫૦૯૬/નો ખાસ અહેવાલ.

૨. આ કચેરીની તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ ના જા. નં. ફડચ/૦૧/ધ-૨/૯૯૬/૯૮ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૧૪૭૪/ધ-૨/૧૧૮૧/૯૮ —ધી નવજ્યોત ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ રજી. નંબર ભ-૪૦૧૭, તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૦ વાળો ગ્રાહક ભંડાર છે.

સદર મંડળીનું બાકીથી ૬/૯૫ સુધીનું ઓડીટ પુર્ણ કરવા ઓડીટરશ્રી ઓ સોસાયટી ને પાઠવેલ પત્રો સમન્સ બજવણી થયા વગર પરત ફરતા સદર સોસાયટીનો કુબરૂ સંપર્ક કરતા આવી કોઈ સોસાયટી અસ્તીત્વમાં હોય તેવું જણાવેલ ન હોઈ સોસાયટી સામે સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરવા ભલામણ સંદર્ભ-૧ થી કરવામાં આવેલ. પણ સદરહુ કામગીરી હાથ ધરાય તે અગાઉ સદર સોસાયટી ઓડીટ કરાવવા તૈયાર હોવાનું જી. સ્પે ઓડીટરશ્રી સહકારી મંડળી (શહેર) અમદાવાદના તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૭ ના પત્રથી રજુઆત થતા સોસાયટીના બદલાયેલ સરનામે સોસાયટીને સહકારી કાયદા નીકલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની રજઆત કરવા સંદર્ભ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ અને તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ આમારી સમક્ષ કુબરૂ સુનાવણી રાખવામાં આવે પણ સદર દિવસે સોસાયટીના હોદ્દેદારોએ ઉપસ્થિત થઈને લેખીત મૌખિક રજુઆત કરેલ નથી.

આમ ઉપરથી વિગતો જોતાં સદર સોસાયટી સ્થગીત અવસ્થામાં છે. સહાકરી કાયદા કાનુન અને મંડળીના પેટા કાયદા મુજબના ઉદ્દેશો પુર્ણ કરવા કામગીરી કરતી નથી. તેમ માનવાને પુરતા કારણો હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મડળીઓ (શહેર) અમદાવાદથી ધી ગુજરાત સહકારી મડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી નવજ્યોત ગ્રાહક સહકારી ભડાર લી. અમદાવાદ નોંધણી નંબર ભ-૪૦૧૭ તારીખ ૨૩મી ઓગસ્ટ ૧૯૯૦ ને ફડચામા લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છુ અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) ની જોગવાઈ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી આઈ. આઈ. સૈયદી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદો હોદ્દેદારોને કોઈ રજઆત કરવી હોય તો હુકમની તારીખથી દિન-૩૦મા આધાર પુરવા સહ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમા રજુઆત નહી થાય તો આ મંડળીને ફડચામા લઈ જવાનો અંતીમ હુકમ કરવામા આવે છે.

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પે. ઓડીટર શ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૯૪ ના ક્રમાંક આપણ/ગ-૫/૬૪૨૫નો પત્ર.

(૨) આ કચેરીનો તારીખ ૧૩મી ઓક્ટોબર ૧૯૯૭ ના ક્રમાંક ફડચ/ફ-૧૧૪૪૭/ધ-૨/૧૧૮૯/૯૭નો વચગાળાનો ફડચાનો હુકમ

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/ફ-૧૧૪૪૭/ધ-૨/૧૧૮૫/૧૦૫૪૨/૧૯૯૮.— ધી વિજયંત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગૃહમંડળી છે જેનો નોંધણી નંબર ધ-૧૦૨૭૦ તારીખ ૫મી નવેમ્બર ૧૯૮૨ છે. આ મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૦થી ૩૦મી જુન ૧૯૯૩ સુધીના અન્વેષણ રીપોર્ટ મુજબ મંડળીને નબળા વર્ગની યોજના અંગે અન્વયે એટલે કે વીકર સેકશનની કલમ ૨૧ અન્વયે નબળા વર્ગના સભ્યો માટે કુલ ૧૫૪ મકાનોની ઓન. ઓ. સી. મેળવેલ હતી. જે મુજબ મર્યાદિત સમયમાં, મર્યાદિત કીંમતમાં નબળા વર્ગના સભ્યો માટે મકાનો તૈયાર કરી સભ્યોને આપવાના રહે છે. પણ મંડળીના અન્વેષણ રીપોર્ટ સાથેની સભ્યોની યાદી મુજબ સભ્યો નબળા વર્ગના જણાતાં નથી. આ સંજોગોમાં મંડળીને રજુઆત કરવા માટે આ કચેરીના તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૫ ૨૭મી માર્ચ ૧૯૯૫, ૨૫મી માર્ચ ૧૯૯૭ તથા અન્ય પત્રો નોટીસ પાઠવવામાં આવેલ જે સંદર્ભે સોસાયટીના તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૭ તથા ૨૫મી જુલાઈ ૧૯૯૭ના પત્રોથી કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં સોસાયટીએ કુલ ૧૫૪ મકાનો બનાવવાના થતા છતા તે પૈકી કુલ ૮૫ ટકા સભ્યોની યાદી મોકલી આપેલ જેમાંના મોટા ભાગના સભ્યો સબળા વર્ગના ન હોવાનું સ્પષ્ટપણે ફલીત થવાથી તે અંગે સ્પષ્ટતા કરવા માટે અત્રેથી પુછવામાં આવેલ વિગતે કોઈ પ્રત્યુતર

INDEX

સોસાયટીએ આપેલ નહી અને જવાબ આપવાનું ટાળેલ હતું. સોસાયટીની મુળ યોજના મુજબ નબળા વર્ગના સભ્યો/લોકો માટે ૧૫૪ મકાનો સમય અવધિમાં બાંધવાના રહેતા હતા. જેથી સામે ૧૫ વર્ષથી વધુ સમય પસાર થવા છતાં પણ માત્ર ૮૫ આવાસો બાંધેલ જે સોસાયટી સહકારી કાયદા કાનૂન નિયમો અને મંડળીના પેટા કાયદા મુજબની કાર્યવાહી કરી રહેલ ન હોવાનું જણાતાં તેમજ મંડળીની નોંધણીના તથા જમીન સંપાદન કર્યા પછીના ઉદ્દેશો પરીપુર્ણ કરેલ ન હોવાથી સંદર્ભ-૨ થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરી દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે અંગે સોસાયટીએ તેઓના તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૭, ૮મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રોથી લેખીતમાં તથા રૂબરૂમાં કરેલ રજુઆત મુજબ સોસાયટીને શહેરી જમીન ટોચમર્યાદાની અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૨૧ (૧) અન્વયે મકાન બાંધકામની પરવાનગી મળેલ છે. તે યોજના મુજબની કિંમતે સભ્યોને મકાન આપવામાં આવેલ છે. નબળા વર્ગની યોજનાની રૂપરેખા સભ્યોને સમજાવવામાં આવેલ છે. મંડળીએ ૮૫ સભાસદો નોંધેલ છે. તમામને મકાન એલોટ કરેલ છે અને તેઓ વસવાટ કરે છે. સોસાયટીની સર્વે નંબર ૬૧૫ અને ૬૧૬ પૈકીની ૧૯૨૦૩ ચો.મી. જમીન પૈકી ૧૩૨૧૦ ચો.મી. જમીન ઉપર અલગ સોસાયટી બનાવવા જમીન વેચાણ કરવાની આ કચેરીના તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૬ ના પત્રથી મંજુરી આપવામાં આવેલ તેના આધારે આ અલગ જગ્યા ઉપર રેણુકા (ઈસનપુર) કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. ની નોંધણી કરાવવામાં આવેલ છે. આમ મંડળીની કુલ જમીનમાંથી ૧૩૨૧૦ ચો.મી. જમીન ઉપર બીજી મંડળીની નોંધણી કરવામાં આવેલ હોઈ મુજબ યોજના મુજબના વધુ આવાસો બની શકે તેમ નથી. તેથી વધુ સભાસદો થઈ શકે નહી મંડળીનું નિયમીત ઓડીટ થાય છે. ઓડીટ વર્ગ-બ છે. જે તમામ બાબતો ધ્યાને લઈને સોસાયટીને ફડચામાં ન લઈ જવાની વિનંતી કરવામાં આવેલ છે.

ઉપર મુજબની સોસાયટીની રજુઆત ધ્યાને લેતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે સોસાયટીનું બાંધકામ થયેલ છે તેમાં હાલના સભ્યો વસવાટ કરે છે. મંડળી ચાલુ છે. નિયમિત ઓડીટ થાય છે. જેથી ફડચાની કાર્યવાહી કરવી ઉચીત જણાતી નથી. પણ સોસાયટીમાંની અન્ય જે કાંઇ અનિયમીતતાઓ અને કાયદાના ભંગ થયેલ છે તે બાબતે સોસાયટીના હોદ્દેદારોની જવાબદારી યથાવત રહે છે. તે અંગે યોગ્ય સત્તા ધરાવતી હકુમતને કાર્યવાહી કરવામાં બાધ ન આવે તે શરતે સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવો જરૂરી બનતો હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી વિજયંત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીના તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૯૭ ના ક્રમાંક ફડચ/ફ-૧૧૪૪૭/ધ-૨/૧૧૯૯/૯૭ નો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નંધણુ/૪૩૦૩/ક-૨/૧૧૪૭/ભ.૪૯૯૩/૯૮.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી વનિતા મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો, સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક :નધણુ/૪૩૧૦/ક-૨/૧૧૫૮/ધ/૧૮૪૨૭/૯૮.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી શાંતિવાડી કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો, સીટી, જિલ્લે અમદાવાદને સને. ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૮.

વંચાણે લીધા :

૧. આ કચેરીનો તા. ૧૦મી ઓકટોબર ૧૯૯૧ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૨૫૫/૯૧ નો ફડચાનો અંતીમ હુકમ.
૨. સોસાયટીના બહુમત સભ્યોની વહીવટ પરત લેવા અંગેની સંયુક્ત અરજી.
૩. સહકારી અધિકારી ફડચા-૨ લગત કચેરીની તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજની દરખાસ્ત.
૪. ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૯(ખ)ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૦૦/૧૦૩૬૮.—ધી ભંગી હરીજન કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ. , ગણેશ સોસાયટીની બાજુમાં, શંકર-ભુવન, શાહપુર, અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નં. બી-૧૨૧૦ તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૫૨ વાળી ગૃહ મંડળી છે.

સદર મંડળીનો વહીવટ વહીવટદાર હેઠળ હતો અને વહીવટદારની મહત્તમ અવધી વીતી ગયેલ હોવા છતાં વહીવટદાર પાસેથી સોસાયટીના સભ્યોએ વહીવટ સંભાળેલ ન હોવાથી સહકારી કાયદા કાનૂન, નિયમાનુસારની પ્રક્રીયા અનુસર્યા બાદ સંદર્ભ-૧ થી ફડચાનો અંતીમ હુકમ કરવામાં આવેલ. સદર સોસાયટીના સભ્યો પછાત રીતે નબળા વર્ગના હરીજન સભ્યો હોવાથી સમાજ કલ્યાણ ખાતા તરફથી પી. ડબલ્યુ. આર. ૨૧૯ સ્કીમ હેઠળ લોન આપવામાં આવેલી. જેમાં બે સભ્યોએ લોનની રકમ પુરી ભરપાઈ કરેલ ન હોવાથી ફડચા અધિકારીએ કલમ ૧૧૦(હ) અન્વયેના હુકમો કરી અત્રેથી વસુલાત ના કલમ-૧૦૩ના પ્રમાણપત્રો મેળવી સમાજકલ્યાણ ખાતાના નાયબ મામલતદાર અને લોન વસુલાત અધિકારીશ્રીને ડીડ ઓફ એસાઈન-મેન્ટ કરી આપેલ છે. જે અંગેનો વિગતવાર અહેવાલ સંદર્ભ-૩ શ્રી ફડચા અધિકારીએ અત્રે કરેલ છે. સદર સોસાયટીને કલમ-૧૧૪ અન્વયે મુદત વધારો તા. ૯મી ઓકટોબર ૧૯૯૮ સુધીનો પણ આપવામાં આવેલ છે.

આમુખ-૩ મુજબ ફડચા અધિકારીશ્રીના અહેવાલ ને ચકાસતા સોસાયટી વર્ષો જુની બંધાયેલી છે. સભ્યો આર્થિક રીતે નબળા વર્ગના હરીજન સભ્યો છે. જેઓ વસવાટ કરે છે. તે સંજોગોમાં સોસાયટીના સભ્યો સોસાયટીનો વહીવટ પરત મેળવવા અગ્રેસર હોવાનું જણાતું હોઈ ફડચા અધિકારીશ્રીનો અહેવાલ જોતા નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

INDEX

હુકમ

આથી હું, શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯(ખ) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રુઈએ ધી ભંગી હરીજન કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ. અમદાવાદ રજિ. નં. બી-૧૨૧૦ તા. ૨૬મી ઓગષ્ટ ૧૯૫૨ને નીચે દર્શાવિલ શરતોને આધિન પુન : જીવીત કરવાનો હુકમ કરુ છું.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમોનુસાર ખાતા મારફત કરાવી લેવાનું રહેશે.

(૨) સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમો લેન્ડ શીલીંગ એકટ, જમીન સંપાદનને લગતા કાયદા, મે. કલેકટરશ્રીના હુકમો કાયદાઓનું સોસાયટીએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહુ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાની શરતે સોસાયટીને પુન : જીવીત કરવામાં આવે છે.

અમદવાદ, તા. ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૩૦૨/ક-૨/૧૧૫૯/ભ/૪૯૯૨/૯૮.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સંસ્કાર લક્ષ્મી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૩૧૧/ક-૨/૧૧૬૪/ધ/૧૦૮૬૩/ધ-૧૮૪૨૮/૯૮.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સુકુમ કો.ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર તાલુકો સીટી, અમદાવાદને જિલ્લે સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) સહકારી અધિકારી. ફડચો-૧ મહેસાણાના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/૮૩/૯૮ તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૮થી નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

INDEX

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૯૯૨/૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી સમી વિભાગ ઘેટા પાલકોની સહકારી મંડળી લી. મુકામ નાની ચંદુર તા. સમી, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૧૫૨ તારીખ ૨૭મી નવેમ્બર ૧૯૮૨થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ખ/ધ/૨૫૩૭/૯૬ તારીખ ૧૩મી નવેમ્બર ૧૯૯૬થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક . ફડચ/૦૧/૮૩/૯૮ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે તેમજ ઉપરોકત આમુખ નં. ૨ મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી સમી વિભાગ ઘેટા પાલકોની સહકારી મંડળી લી. નાની સદુરની નોંધણી રદ કરતો હકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાના પત્ર ક્રમાંક : નં. ફડચ/૦૧/૭૮/૯૮, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. : ઉખાસ/ફડચ/૦૧/ધ / ૧૯૯૩ / ૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કિસાન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુકામ : ગોરાદ, તાલુકો : ચાણસ્મા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૧૧૦૫ તારીખ ૧૯૬૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં., મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૯૮૬/૯૬, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૬ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૭૮/૯૮ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કિસાન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., ગોરાદની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૬૩/૯૮ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. : ઉખાસ/ફડચ/૦૧/ધ/ ૧૯૯૪ / ૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી સંખારી ગોપાલન વિ. કા. સહકારી મંડળી લી., મુકામ : સંખારી, તાલુકો : પાટણ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૪૫૦૪, તારીખ ૭મી જૂન, ૧૯૬૦ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉખાસ/ફડચ / ૦૧/૧૨૦૮ / ૯૭ તારીખ ૯મી મે, ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૬૩/૯૮, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તેમજ ઉપરોકત આમુખ નં. ૨ મુજબ કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી સંખારી વિભાગ ગોપાલન વિ. કા. સહકારી મંડળી લિ., સંખારીની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : નં. ફડચ/૦૩/૨૬૫/૯૮ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગાવાઈઓ.

હુકમ

જા. નં. : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૯૯૫ / ૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ભાંખર સેવા સહકારી મંડળી લી., મુકામ : ભાંખર, તાલુકો : સિધ્ધપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૧૪૩૩, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૮૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉખાસ/ફડચ/૦૧/ધ/૭૧૯/૯૫, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૬૫/૯૮, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તેમજ ઉપરોકત આમુખ નં. ૨ મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત

INDEX

કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ભાંખર સેવા સહકારી મંડળી લી., ભાંખરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્રક્રમ'ક : ફડચ/૦૧/૭૯/૯૮ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮. થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૯૯૭ / ૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી બાદરગંજ સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. મુકામ : બાદરગંજ, તાલુકો : સમી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર . ૨૧૭૨. તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૨ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર . ઉખાસ/ફડચ/૦૧/ધ/૫૩૫ / ૯૬ તારીખ ૩જી નવેમ્બર. ૧૯૯૬ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સદર સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૭૯/ ૯૮ તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી બાદરગંજ સામુદાયિક સહકારી ખેતી મંડળી લી. મુકામ : બાદરગંજ, તાલુકો : સમીની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. : ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૧૩૭ / ૯૭, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૭ ની કારણદર્શક નોટીસ તેમજ સ્વીકૃતિ પાવતી.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ધ/૫૨૫ /૯૮ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૮ નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. : ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૯૯૯ / ૯૮.—શ્રી ડેરતમપદ સેવા સહકારી મંડળી લી., મુકામ : ડેર, તાલુકો : પાટણ, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર : ૨૫૪૬૧, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧ છે.

વિભાગીય ઈન્સ્પેકટર, ધી. મ. ડી. સે. કો-ઓ. બેન્ક લિ., પાટણ શાખાના તારીખ ૯મી જૂન, ૧૯૯૭ ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત મેનેજરશ્રી, ધી મહેસાણા ડીસ્ટ્રીકટ, સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લિ., મહેસાણાના પત્ર ક્રમાંક : ૮૨ / લોન / ૨૬૯૯, તારીખ ૨૩મી જૂન, ૧૯૯૭ ના અભિપ્રાય શેરા સહ અત્રે રજુ થતાં અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક નં. : ઉખાસ / ફડચ / ૦૧ / ધ / / ૨૧૩૦ / ૯૭, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૭ થી રજિ. પોસ્ટ. એ. ડી.થી કારણદર્શક નોટીસ પાઠવી મંડળી તરફથી મંડળીના કોઈ પ્રતિનિધિએને તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ ના રોજ હાજર રહી રજુઆત કરવા પુરતી તક આપવા માટે આવેલ છે. આમ મંડળી તરફથી કોઈ પ્રતિનિધિએ નિયત તારીખે હાજર રહી કોઈ રજુઆત કરવાની કે લેખિતમાં કોઈ સ્પષ્ટતા કરવાની દરકાર કરેલ નથી.

આમ, કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદા નં. ૧ થી ૧૨ નીચે મુજબ છે.

(૧) છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે.

(૨) પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો અન્વયે કોઈપણ પ્રવૃત્તિ કરતી નથી.

(૩) મંડળી વ્ય. ક. સભ્યો / પ્રમુખશ્રી તથા સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૪) મંડળી વ્ય.ક.સભાએ સા. સભાઓ પણ મળતી નથી.

(૫) મંડળી દિન-પ્રતિદિન ખોટ કરતી જૂથ છે. ૩૦મી જુન, ૧૯૯૬ ના સરવૈયા મુજબ મંડળીની ખોટ રૂા. ૧,૩૩૧.૮૯ છે.

(૬) મંડળી બિન કાર્યક્ષમ થયેલ છે સભાસદોનું ભરપાઈ શેર ભંડોળ પરત ચુકવી શકાય તેટલી પણ અર્થક્ષમ નથી.

(૭) છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૮) ૧લી જુલાઈ, ૧૯૯૫ થી ૩૦મી જુન, ૧૯૯૬ ના ઓડીટ નોંધમાં ઓડીટરશ્રીએ મંડળીનં ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૯) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટ નોંધ દુરસ્તી કરેલ નથી.

(૧૦) મંડળી અર્થક્ષમ એકમ બની શકે તેમ નથી.

(૧૧) મંડળીમાં કોઈ પગારદાર મંત્રી નથી તેમજ મંડળી પગારદાર મંત્રીનો પગાર ખર્ચ ભોગવી શકે તેવી અર્થક્ષમ હીલ કુલ નથી.

(૧૨) મંડળીની નોંધણી થયાથી આજ સુધી માત્ર સને ૧૯૯૧ થી ૯૨ તેમજ સને ૧૯૯૨-૯૩ માં ખરીદ-વેચાણની પ્રવૃત્તિ કરેલ છે. પરંતુ તેમાં પણ અનુક્રમે રૂા. ૧,૦૫૫.૦૦ તેમજ રૂા. ૧,૪૭૩.૦૦ ખોટ કરેલ છે.

આમ, મંડળીને અત્રેથી કારણદર્શક નોટીસ આપ્યા બાદ પુનઃ ઉપરોકત આમુખ નં. ૩ માં જણાવ્યા મુજબ મંડળીને તક આપવા છતાં મંડળી તરફથી કોઈ જ પ્રતિનિધિ હાજર રહેલ નથી કે આજદિન સુધી કોઈ રજુઆત થયેલ /કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતોને લક્ષમાં લઈ નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ડેરતમપદ સેવા સહકારી મંડળી લી., મુકામ ડેર, તાલુકો પાટણ, જિલ્લો મહેસાણાને નોંધણી નં. ૨૫૪૬૧, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૧ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં

INDEX

આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ સ્પષ્ટ કરવો કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮.

નં. : નધણ / ધ-૧૮૩૭૭ / ધ / ૨૦૩૮ સને-૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી મંગલમૂર્તિ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૮.

નં. : નધણ / સે-૧૭૧૩૧ / ધ / ૨૦૯૮ / ૯૮.—આથી જાહેર કરે છે કે ધી રાધનપુર સાંતલપુર કો-ઓપરેટીવ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ રાધનપુર, તાલુકો રાધનપુર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૮.

નં. : નધણ / સે-૨૭૧૩૨ / ધ / ૨૨૧૫ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી ઊંઝા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ મર્યાદિત સ્થળ ઊંઝા, તાલુકો ઊંઝા, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૮.

નં. : નધણ / સે-૩૦૧૭૮ / ધ-૨૨૯૬ / સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી ભૂમિ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૯૮.

નં. : નધણ / ધ-૧૮૩૭૮ / ધ-૨૩૪૧ / સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી પૂજન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર સહકારી મંડળી વિજાપુરના પત્ર ક્રમાંક નં. અપણ/૦૧/૨૫૯/૯૭ તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૭ થી ફડચાનો ખાસ અહેવાલ.

(૨) જિલ્લા રૂપે. ઓડીટર સહકારી મંડળી મહેસાણાના પત્ર ક્રમાંક નંબર અપણ/૦૧/૪૦૩/૩૫૨૬/૯૭ તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૭ નો અભિપ્રાય.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકનંબર ફડચ/૦૧/ધ/૨૧૮/૯૭ તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮ થી કારણ દર્શક નોટીસ તેમજ સ્વીકૃતી પહોંચ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૩૫૨/૯૮ તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ થી સ્મૃતિ પત્ર તથા સ્વીકૃતી પહોંચ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૫૧/૯૮.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયેથી ઈભરામપુરા સેવા સહકારી મંડળી લી ઈભરામપુરા તાલુકા વિજાપુર નોંધાયેલ સેવા મંડળી છે જેનો નોંધણી નંબર ૨૭૩૮૪ તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૫૯ છે.

સબ ઓડીટર સહકારી મંડળી વિજાપુરના પત્ર ક્રમાંક અપણ/૦૧/-૨૫૯/૯૭ તારીખ ૨૯મી નવેમ્બર ૧૯૯૭થી વહીવટી ખાસ અહેવાલ જિલ્લા રૂપે. ઓડીટર સહકારી મંડળી મહેસાણાના તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૭ ના પત્રથી અત્રે રજુ થતા.

અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક ફડચ/૧૦/ધ /૨૧૮/૯૦ તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ પાઠવેલ જેમાં નીચે જણાવેલ ખામીઓ દર્શાવેલ હતી.

(૧) મંડળી તેના મંજૂર થયેલ પેટા કાયદાના મુખ્ય ઉદ્દેશો મુજબની કામગીરી બે વર્ષોથી કરતાં નથી. મંડળી બિલકુલ સ્થગિત છે.

(૨) સને ૧૯૯૩-૯૪ ૧૯૯૪-૯૫ ૧૯૯૫-૯૬ ના ત્રણ વર્ષના ઓડીટ મેમાની ઓડીટ દૂરસ્તી કરેલ નથી, કલમ-૮૫નો ભંગ થાય છે.

(૩) અન્વેષણ સમય દરમ્યાન વ્યવસ્થાપક કમીટી એક પણ બેઠક થયેલ નથી.

(૪) કલમ-૨૭ અન્વયે મંડળીની વા. સા. સભા મળેલ નથી.

(૫) છેલ્લા ત્રણ વર્ષથી મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે.

ત્યારબાદ અત્રેથી તારીખ ૨જી માર્ચ ૧૯૯૮ થી સ્મૃતિ પત્ર પાઠવવા છતાં અધપિ મંડળી તરફથી કોઈ જ રજુઆત થયેલ નથી કે સાધનિક પુરાવા રજુ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામા જણાવેલ હકીકતોને લક્ષમા લઈ નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

INDEX

ધી ઈભરામપુરા સેવા સહકારી મંડળી લી મુકામ ઈભરામપુરા તાલુકો વિજાપુર નોંધણી નંબર ૨૭૩૮૪ તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૫૯ છે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૩ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) હેઠળ સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે અને ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

(નોધ : સદર હુકમ કાઢયાની તારીખથી એક માસમા નીચે સહી કરનાર સમક્ષ ખુલાસો કરવા તક આપવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરના પત્ર ક માંક સમવ/૦૧/ખ/૯૭૭/૯૭, તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૭ થી તપાસણી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૩૨/૯૭, તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૭થી કારણ દર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૩૩૪/૯૮, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી સ્મૃતિપત્ર

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૩ જોગવાઈઓ.

પ્રસ્તાવના.

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૫૦/૧૯૯૮:—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી ગંગાપુરા સેવા સહકાર મંડળી લી. મુકામ પોસ્ટ ગંગાપુરા, તાલુકા સિધ્ધપુર નોંધાયેલ સેવા મંડળી છે, તેનો નોંધણી નંબર ૧૫૮૦૩ તારીખ ૮મી મે ૧૯૭૮ છે.

ઉપરોકત આમુખ નંબર ૧ માં જણાવ્યા મુજબ મ. સ. અ. (સેવા) એ તેઓના તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૭થી તપાસણી અત્રે અહેવાલ રજુ કરેલ છે. જે સંબંધે તેઓના અહેવાલમાં જણાવેલ ખામીઓ આવરી અત્રેથી પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૩૨/૯૭, તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૭ થી કારણ દર્શક નોટીસ મંડળીને પાઠવેલ છે જેમાં નીચે મુજબ ખામીઓ જણાવેલ.

(૧) સને ૧૯૯૦-૯૧ થી સને ૧૯૯૫-૯૬ના વર્ષના ઓડીટ નોંધની ખામીઓની દસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપેલ નથી.

(૨) ૧લી એપ્રિલ, ૧૯૯૪ થી ૩૧મી જાન્યુઆરી ૧૯૯૫, ૧લી ફેબ્રુઆરી ૧૯૯૫થી ૩૧મી ઓગષ્ટ ૧૯૯૫ સુધીના સમયના એક ઈન્સપેકશનની દુરસ્તી રીપોટ મોકલી આપેલ નથી.

(૩) પેટા નિયમ અનુસાર ધીરાણ, વેપાર પ્રવૃત્તિઓ હાથ ધરેલનથી

(૪) છેલ્લા ચાર વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૫) મંડળી અર્થ ક્ષમ થઈ શકે તેમ નથી.

(૬) મંડળી અનુભવી/તાલીમ પામેલ મંડળીની નિમણુંક કરેલ નથી

(૭) મંડળીનુ ભંડોળ વધારવા કોઈ પ્રયત્ન કરેલ નથી.

(૮) પેટા-નિયમ અનુસાર સભાઓ ભરી તે મુજબ વહીવટ કરેલ નથી.

(૯) મંડળી છ વર્ષથી બિલકુલ સ્થગિત છે.

(૧૦) સને ૧૯૯૫-૯૬ ના ઓડીટ નોંધમાં પેરા નંબર ૬ થી મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરવાની ટીકા આપેલ છે

(૧૧) સને ૧૯૯૬-૯૭ તારીખ ૩૦મી જુન ૧૯૯૭, ના સરવૈયા સંબંધી.

(અ) એમ. એસ. સી. માં રૂા. ૧૬૦૦-૦૦ નું રોકાણ કરેલ છે. જેની પાવતી તારીખ વીતી ગયેલ હોવા છતાં પાકતી મુદતે રકમ ન ઉપાડી મંડળીને વ્યાજ ખાધ પડેલ છે સદર બાબતે ખુલાસો કરવો.

(બ) મંડળી સ્થગિત હોવા છતાં ૩૦મી જૂન ૧૯૯૭ એ બંધ સિલક રૂા. ૮૭૬-૬૭ હાથ પર રાખવા અંગે મંડળીઓ પ્રમુખશ્રીએ ખુલાસો કરવો મંડળીના હાથ પર સિલક મર્યાદા રૂા. ૧૦૦-૦૦ છે તેમ છતાં વધુ સિલક હાથપર રાખી મંડળીને આર્થિક નુકસાન કરેલ છે. આમ ઉપરોકત બાબતે રજૂઆત કરવા મંડળીના કોઈ પ્રતિનિધિઓએ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૭ ના રોજ હાજર રહી રજૂઆત કરવા તક આપેલ.

ત્યારબાદ અત્રેના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૩૩૪/૯૮, તારીખ ૨૩મી ફેબ્રુઆરી (૧૯૯૮ થી સ્મૃતિપત્ર પાઠવેલ હોવાછતાં અદ્યપી મંડળી તરફથી કોઈ જ રજુઆત થયેલ નથી કે નિયત મુદતે કોઈજ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ હકીકતોને લક્ષમાં લઈ નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ.

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા, મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

ધી ગંગાપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ ગંગાપુરા તાલકા સિધ્ધપુર નોંધણી નંબર ૧૫૮૦૩, તારીખ ૮મી મે ૧૯૭૮ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ (૧)ના ખંડ (ક) ગ (૨) અને (૪) હેઠળ સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

તેમજ ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી (ફડચા-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

(સદર હુકમ કાઢયાની તારીખથી એક માસમાં નીચે સહી કરનાર સક્ષમ ખુલાસો રજુ કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) ધી મ. ડી. સે. કો. ઓ. બેન્ક લી. મહેસાણાનો તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૬ નો પત્ર

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૮૮/૯૬ તારીખ ૫મી ડીસેમ્બર ૧૯૯૬ થી કારણદર્શક નોટીસ તથા સ્વીકૃતીતી પહોંચ.

(૩) મંડળીની તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૬ના પત્રથી રજૂઆત

(૪) મદદનીશ સહકારી અધિકારી (સેવા) લગત મજકુર કચેરીનો પત્ર ક્રમાંક ખાસમ/૦૧/ખ/૧૩૧૧/ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૭ નો પત્ર તથા સ્વીકૃતી પહોંચ.

(૫) મદદનીશ સહકારી અધિકારી (સેવા) લગત મજકુર કચેરીનો તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૭ થી અભિપ્રાય સહ અહેવાલ.

(૬) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૩૪૮/૯૮ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ ની કારણદર્શક નોટીસ.

INDEX

(૭) ૩૧મી માર્ચ ૧૯૯૮ ની કારણદર્શક નોટીસ બજવ્યા બદલની પહોંચ.

(૮) મદદનીશ સહકારી અધિકારી સેવા (લગત) મજકૂર કચેરીના દફ્તરેથી તારીખ ૨૭મી જુલાઇ ૧૯૯૮ થી રજુ થયેલ કાર્યાલય નોંધ.

(૯) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૪૯/૯ તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૮ નો પત્ર.

(૧૦) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૮૬/૯૮/:—ધી સિધ્ધપુર સેવા સહકારી મંડળી લી. મુકામ સિધ્ધપુર નોંધાયેલ સેવા સહકારી મંડળી જે નોંધણી નંબર ૨૭૩૨૯ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૫૯ થી નોંધાયેલ છે.

ધી. મ. ડી. સે. કો. ઓ. બેન્ક. લી. મહેસાણાએ તેઓના તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૬ થી સદર મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ હતી જે અંગે અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૮૮/૯૬ તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૬ થી મંડળીને કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જે અંગે મંડળીએ તેઓના તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૬ ના પત્રથી રજુઆત કરેલ હતી. પરંતુ તેઓની રજુઆત સાથે સબળ સાધનિક પુરાવા રજુ ન થતાં મંડળીની સાચી પરિસ્થિતિ અંગે અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા)ને ચકાસણી માટે તેઓને સુપ્રત કરતાં તેઓએ મંડળીની તારીખ ૧૫મી ઓકટોબર ૧૯૯૭ ના રોજ સ્થળ મુલાકાત લીધેલ તે દરમ્યાન મંડળીને તારીખ મંત્રીશ્રીએ જણાવેલ છે કે મંડળીનું દફ્તર પ્રમુખશ્રી પાસે રહેતું હોવાથી રજુ થઇ શકે તેમ નથી. આથી મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા) લગત મજકુર કચેરીએ તેઓના પત્ર ક્રમાંક ખસમ/૦૧/ખ/૧૩૧૧/૯૭ તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૯૭ થી આર. પી. એ. ડી. થી દિન-૧૦માં સાધનિક પુરાવા રજુ કરવા જણાવેલ જેની બજવણી થઇ ગયેલ હોવા છતાં મંડળી તરફથી કોઇજ પુરાવા રજુ ન થવાને કારણે તેઓએ તેઓના પત્ર ક્રમાંક નંબર ખસમ/૦૧/ખ/૧૪૨૦/૯૭ તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૭ થી સદર મંડળીને ફડચામાં લઇ જવા સ્વયંસ્પષ્ટ અભિપ્રાય અત્રે રજુ કરતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૩૪૮/૯૮ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ થી મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા) એ આપેલ અહેવાલને આધિન નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે કારણદર્શક નોટીસ મંડળીના સરનામે તેમજ પ્રમુખ શ્રીના સરનામે પાઠવેલ હતી.

(૧) તારીખ ૩૦મી જૂન ૧૯૯૬ તથા તારીખ ૩૦મી જૂન ૧૯૯૭ ના ઓડીટ વર્ગ.

(૨) છેલ્લા પાંચ વર્ષની ઓડીટ દુરસ્તી રિપોર્ટ મોકલ્યાની વિગત.

(૩) છેલ્લા પંદર વર્ષથી ઇન્સ્પેકશન કરવાની રિપોર્ટ મોકલ્યાની વિગત.

(૪) સને ૧૯૯૫-૯૬, ૧૯૯૬-૯૭ ના વર્ષના હિસાબી પત્રકો.

(૫) મંડળીમાં રૂા. ૯૫૦૭૧/૭૨ જેટલી રકમની નુકસાનીની ઘટાડેલ વિગત.

(૬) રૂા. ૧,૩૫,૯૧૮-૪૦ કૃષિ બિયારણ સહકારી સંઘ લી. સિધ્ધપુરનું દેવું છે જે વસૂલ આવ્યાની વિગત.

(૭) ૧૫ સભાસદો પાસે રૂા. ૫૦૦૦/- નું ધિરાણ મુદતવીતી બાકી પડે છે જે વસૂલ લીધાની વિગત.

(૮) વ્યવસ્થાપક કમિટિની મિટીંગ અંગેનું હાજરી પત્રક.

(૯) બેન્કે શાખ પત્રક મંજુર કર્યાની વિગત.

(૧૦) રૂા. ૫૫૫૩/૩૩ જમીન મહેસૂલ લેણાં છે જે અંગેનો આધાર રજુ કરવો.

(૧૧) મંડળીના સ્ટોકપત્રક મુજબ છેવટનો હાજર માલ સ્ટોકની યાદી રજુ કરવી.

(૧૨) ૧૫ સભાસદો પાસેથી રૂા. ૪૫,૦૦૦ નું ધિરાણ વસૂલ કર્યાની વિગત રજુ કરવી.

(૧૩) મંડળીને છેલ્લા બે વર્ષમાં કરેલ પ્રગતિના તુલનાત્મક આંકડા

આમ ઉપરોકત બાબતે આધુનિક પુરાવા સહ હાજર રહી મંડળીને સાંભળવા રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી પરંતુ બન્ને કવર સ્વીકૃત સિવાય પરત આવતાં સદ કવરા સહિતની કારણદર્શક નોટીસ તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ બજવાયેલ છે સંસ્થાના પ્રમુખશ્રીની સહી મેળવેલ છે.

તેમજ અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૪૯/૯૮, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ થી મંડળીને તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ માં જણાવેલ મુદ્દાઓ સંબંધે સાધનિક પુરાવા સહ હાજર રહી રજુઆત કરવા તક આપવામાં આવેલ અને નિયત મુદતે મંડળીના પ્રમુખશ્રી હાજર રહી તેઓના તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રથી તેમજ પુરાવા રૂપે માત્ર ૧૯૯૭-૯૮ના વર્ષના હિસાબો ધિરાણ વસૂલાતની યાદી રજુ કરેલ છે તેઓ નીચે મુજબ લેખિત રજુઆત કરેલ છે.

(૧) તારીખ ૩૦મી જૂન ૧૯૯૭ સુધીનું ઓડીટ પૂર્ણ થયેલ છે ઓડીટ રિપોર્ટ મળેલ નથી તેમજ તારીખ ૩૦મી જૂન ૧૯૯૭ સુધીનું બેન્ક ઇન્સ્પેકશન પણ થઇ ગયેલ છે. ૧૯૯૭-૯૮ના હિસાબો સામેલ કરેલ છે.

(૨) છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રીતે ઓડીટ કરાવેલ છે અને ઓડીટ રીપોર્ટ દુરસ્તી વગેરે સમય મર્યાદામાં આપ સાહેબની કચેરીમાં મોકલી આપેલ છે.

(૩) મ. ડી. બેન્કનું ઇન્સ્પેકશન પણ નિયમિત કરાવેલ છે. અને રિપોર્ટ વગેરે મોકલી આપેલ છે.

(૪) છેલ્લું ઓડીટ સરવૈયું તેમજ બેન્કના ઇન્સ્પેકશન વખતનું સરવૈયું નફા નુકસાન તારીખ વિગેરે સામેલ કરેલ છે.

(૫) મંડળીમાં છેલ્લે ૮૪૨૪૩/૯૨ પૈસાની નુકસાન છે જે જોતાં મંડળીને સને ૧૯૯૭-૯૮માં રૂા. ૬૦૯૨/૦૦ ફી કરેલ છે આમ નુકસાની ઘટાડેલ છે.

(૬) કૃષિ બિયારણ ગ્રામોદ્યોગ સપનું દેવું રૂા. ૧,૩૫,૯૧૮/- છે જે ભરપાઇ કરવા માટે વેપારી પ્રવૃત્તિ વધારી નફો વધુ કરીને સંઘનું દેવું ભરપાઇ કરવાની વ્યવસ્થાપક કમિટિએ ખાત્રી આપે છે.

(૭) ૧૫ સભાસદો પાસે મુદતવીતી બાકી રકમ સને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં વસુલ લીધેલ છે.

INDEX

(૮) વ્યવસ્થાપક કમિટીના હાજરી પત્રક બાબતે સામેલ છે.

(૯) બેન્કમા શાખ પત્રક બનાવી મોકલેલ છે. અને તેની કાર્યવાહી ચાલુ છે.

(૧૦) જમીન મહેસૂલ બાબતે આધાર મળેથી રજ કરવાની ખાત્રી આપીએ છીએ.

(૧૧) મડળીનો છેલ્લો હાજર માલ સ્ટોકનીલ હોઈ સ્ટોકપત્રક રજ કરવાનું રહેતું નથી.

(૧૨) ૧૫ સભાસદો પાસેથી રૂા. ૪૫ ૦૦૦/- નું ધિરાણ વસૂલ લીધિલાની વિગત સામેલ છે.

મડળીના છેલ્લા તારીખ ૩૦મી જુન ૧૯૯૮ સુધીના સરવૈયા મુજબ મડળીએ રૂા. ૬૦૯૨/- નફો કરેલ છે. તેમ જણાવેલ છે અને વધુ એક તક એટલે કે એક વર્ષની મુદત આપી મંડળીને વધુ પ્રમાણમાં સક્ષમ બનાવવા સહકાર આપવા ભલામણ કરેલ છે.
તારણ :

મંડળીએ કરેલ રજુઆત તેમજ સને ૧૯૯૭-૯૭ના વર્ષના રજ કરેલ વાર્ષિક હિસાબો તેમજ સને ૧૯૯૫-૯૬ અને ૧૯૯૭-૯૮ મધ્યમ મુદત ધિરાણ વસુલાતની રજુ કરેલ યાદીની સમગ્ર ચકાસણી કરતાં નીચેના કારણોસર મંડળીને વધુ એક વર્ષની મુદત આપી શકાય તેમ નથી.

(૧) મંડળીને સને ૧૯૯૫-૯૬ના વર્ષની ઓડીટ વર્ગ અંગે કોઈ બાબત જણાવેલ નથી.

(૨) ઓડિટ દુરસ્તી રિપોર્ટ, બેન્ક ઈન્સ્પેકશન રિપોર્ટ મોકલી આપ્યા બદલ કોઈ જ આધાર રજુ કરી શકયા નથી.

(૩) સને ૧૯૯૫-૯૬, ૧૯૯૬-૯૭ ના વર્ષના હિસાબી પત્રકો રજુ કરેલ નથી.

(૪) રૂા. ૧ ૩૫ ૪૯૧૮-૪૦ કૃષિ બિયારણ સંઘ લી. મુકામ સિધ્ધપુરનું દેવું બિલકૂલ ચૂકવી શકેલ નથી. યથાવત રહેલ છે.

(૫) વ્યવસ્થાપક કમિટિની મીટીંગ મળ્યા બદલનું હાજરીપત્રક રજૂ કરેલ નથી.

(૬) મંડળીએ પેટા નિયમ અન્વયે મુળભૂત ઉદેશ્ય એટલે કે સમગ્ર ૧૯૯૭-૯૮ વર્ષ દરમ્યાન રૂા. ૨૯,૫૦૦/-નું ધિરાણ કર્યા અંગે લાભાર્થી સભ્યોની યાદી રજૂ કરેલ નથી. જે ધિરાણ પ્રવૃત્તિ દર્શાવવાના હેતુસર જ આમ કર્યાનું જણાય છે.

(૭) રૂા. ૫૫૫૩/૩૩ જમીન મહેસૂલ જણાય છે લેણાં અંગે આ આધાર રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮) મંડળીએ છેલ્લા બે વર્ષના પ્રગતિના તુલનાત્મક આંકડા રજુ કરેલ નથી.

(૯) મંડળીને આર્થક્ષમ બનાવવા અંગે મંડળીની કારોબારીએ કોઈજ પ્રયત્ન કર્યાનું જણાતું નથી.

(૧૦) મંડળીએ રજુ કરેલ સને ૧૯૯૭-૯૮ ના વાર્ષિક હિસાબો જોતાં ડી. એ. પી. ખાતરનો જુનો સ્ટોક રૂા. ૨૬,૪૦૦/-નું વેચાણ કરવા સિવાય અન્ય કોઈ જ પ્રવૃત્તિ કર્યાનું જણાતું નથી.

(૧૧) સને ૧૯૯૬-૯૭ના વર્ષમાં રૂા. ૬૦૯૨/- નો નફો દર્શાવેલ છે જે અંગે રૂા. ૪૮૦૦/- પગાર ખર્ચના જમા કરી આભાસી નફો ઉભો કરવામાં આવેલ છે.

(૧૨) મંડળીની નોટ અને દેવા સામે ફંડની ગતણતરી કરતાં સમગ્ર ફંડ ધોવાઈ ગયેલ છે.

(૧૩) મંડળીની નોંધણી થયે ૩૯ વર્ષ થવા છતાં મંડળી બિલ્કુલ ન અર્થક્ષમ રહેલ છે. જે મંડળી અર્થક્ષમ થઈ શકે તેવા કોઈ જ સંજોગો જણાતા નથી.

(૧૪) મંડળીની કારોબારીને મંડળીને કામ કરતી કરવામાં કોઈજ રસ જણાતો નથી.

(૧૫) તારીખ ૩૦મી જુન ૧૯૯૮ ના રોજ કુલ રૂા. ૮,૪૨૪૩-૬૨ છે મંડળીની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ છે.

(૧૬) મંડળીએ સભાસદોના હિત સારૂ પેટા નિયમના ઉદેશ્યો અન્વયે શાખ પત્રક મંજૂર કરાવ્યાનો કોઈ આધાર રજુ કરેલ નથી.

(૧૭) મંડળીએ પેટા નિયમ મુજબ સસ્તા અનાજની વહેચણી અંગે કોઈ જ પ્રવૃત્તિ કરેલ નથી.

(૧૮) મંડળીનું રૂા. ૮૨,૩૦૦/- તારીખ ૩૦મી જુન ૧૯૯૮ ના રોજ સભાસદ ધિરાણ બોલે છે. જે પૈકી ૧૯૯૭-૯૮મા રૂા. ૨૯૫૦૦ નું કરેલ ધિરાણ સિવાય વર્ષ દરમ્યાન બિલ્કુલ વસૂલાત આવેલ નથી. આમ મંડળીના લેણદારો લ્હેણા વસૂલાત કરવામાં અને દેણાં ચૂકવવામાં બિલ્કુલ નિષ્ફળ ગયેલ છે.

(૧૯) મંડળી અસ્થિત અવસ્થામાં છે.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકિકતો જોતા મંડળીના સભ્યો, લેણદાર સહકારી સંસ્થાઓના હિતાર્થે સદર મંડળીને ફડચામાં લઈ જવા વ્યાજબી જણાતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એ. બી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

ધી સિધ્ધપુર સેવા સહકારી મંડળી લી. મુકામ સિધ્ધપુરને નોંધણી નંબર ૨૭૩૨૯ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૫૯થી નોંધાયેલ છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના ખંડ (ક) ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે, ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામા ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) અન્વયે અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (ન. ૭.-૨) મહેસાણાના પત્ર ક્રમાંક : નં. મપાણ / ૦૧ -૨૩૪ /૯૮ તારીખ ૧લી જુન, ૧૯૯૮ થી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. : ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૨૫૪ / ૯૮, તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૮ થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીસ તથા પરત આવેલ કવર.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૩૮૭ / ૯૮.—ધી કૃષિ બિયારણ અને ગ્રામોદ્યોગ સહકારી સંઘ લિ. મુકામ : સિધ્ધપુર નોંધાયેલ સહકારી સંઘ છે. જે નોંધણી નંબર : ૨૪૩૨૬ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૦ થી નોંધાયેલ છે.

સ્પેશ્યલ ઓડાટર સહકારી મંડળીઓ મહેસાણા (ન.૭-૨) એ ઉપરોકત આમુખ નં. ૧ માં જણાવ્યા મુજબ પત્ર ક્રમાંક : પસણ / ૦૧ / ૨૩૪ / ૯૮ તારીખ ૧લી જુન, ૧૯૯૮ થી ફડચા હેઠળ ખાસ અહેવાલ અત્રેન કચેરીએ રજુ થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. : ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૨૫૩ / ૯૮ તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. તેમજ મંડળીને નીચેના મુદાસર સાધનીક પુરાવા સહ હાજર રહેવા તક આપેલ હતી.

(૧) સંસ્થાએ સને ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫ બે વર્ષના થયેલ ઓડીટના સુચનોનો અમલ કરેલ નથી. તે દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

(૨) સંસ્થાના આગાઉના વર્ષોમાં ખાતર ઉધાર બાકી આપેલ જેના વ્યાજના હવાલાના ક્રેડીટનોટ જે તે સંસ્થાને આપેલ ન હોવાથી આવી બાકીઓ તફાવત મેળવવા કોઈ પ્રયત્ન કરેલ નથી.

(૩) તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૭ ના રોજ ખાતર ઓડવાન્સ બાકી રૂપિયા ૬,૫૬,૯૨૩.૬૧ ખાતર ઉધારબાકો ૭,૭૫,૩૯૯.૮૫ આગાઉના ઓડીટ સમયની લહેણી બાકી છે. વસુલાત માટે કોઈ કાર્યવાહ કરેલ નથી.

(૪) ગુજકો માસોલ સંસ્થાના ચોપડે નીચે મુજબની રકમો આપવા પાત્ર / બાકી છે.

વિગત	જમા	ઉધાર
	રૂા.	રૂા.
ખરીદી વિભાગ		૨૪,૭૭૭.૨૧
વિવેકા ...	૧૧,૩૪૫.૭૧	...
બિયારણ		૮૪,૨૬૬.૦૦
ખાતર	૧૭,૫૧,૦૦૨.૨૦	...
રાયડા કમીશન		૧,૨૩,૭૫૩.૩૩
	કુલ જમા બાકી	
	૧૫,૨૯,૫૫૦.૯૭	

(૫) નીચેની સંસ્થાઓ પાસેથી લહેણી રકમો વસુલાત માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

અનુ. નંબર.	મંડળીનું નામ	ખાતર ઓડવાન્સ લેણી રૂા.	ખાતર ઈન્ડેક્ષ લેણી રૂા.
૧	ચુજાણપુર ફળ અને શાકભાજી ઉગાડનાર સ.મં.લી., (સંસ્થાના પ્રમુખશ્રી સંકળાયેલા છે.)	૩,૮૨,૫૫૧.૦૪	૨,૯૫,૦૮૩.૬૦
૨	દેવહુતી કન્ઝયુમર્સ-સ્ટોર્સ લી.	૮૬,૮૭૦.૪૨	૧,૦૨,૪૪૯.૦૧
૩	સિધ્ધપુર સેવા સ.મં.લી.	...	૧,૦,૩૮૬૩.૭૦

(૬) સંસ્થાની નુકશાની સંસ્થાના સ્વકીય ભંડોળ કરતાં બે ગણી છે. જેથી સંસ્થા પાસે કાયદાકીય જોગવાઈ મુજબ કોઈ સ્વીકીય ભંડોળ નથી.

(૭) મંડળીના હોદ્દેદારોએ પેટા નિયમ મુજબ તેમની કરવાની કામગીરી સંસ્થાના ઉદ્દેશ્યો મુજબ પ્રવૃત્તિઓ વિકાસ થાય તેવાં પગલાં ભરવામાં નિષ્ક્રીયતા સેવેલ છે.

આમ મંડળીના સરનામેથી એન. એફ. ના શેરા સાથે કવર પરત આવેલ છે. જે મંડળીની શિથિલતા જણાઈ આવે છે. આમ ઉપરોકત તમામ મુદાઓ બાબતે મંડળી સબળ પુરાવા કે સ્પષ્ટતા કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ સભાસદોના તેમજ અન્ય સહકારી મંડળીઓના હિતમાં સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એ. બી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

ધી કૃષિ બિયારણ અને ગ્રામોદ્યોગ સહકારી સંઘ લી. મુકામ સિધ્ધપુરને નોંધણી નંબર : ૨૪૩૨૬ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૦ થી નોંધાયેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ "ક", ગ (૧) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા-૧) ની મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) અન્વયે અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૮

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA—14-E

©



The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, APRIL 12, 2001 / CAITRA 22, 1923 [No. 15

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	1274-1384
Part I-A	Orders and Notifications (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette —	15
Part I-B	—Government Notifications published under Land Acquisition Act (1)	173-176
Part I-L	—Notifications, Orders and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C, under (Central) Industrial Disputes Act and General Industrial Relations Act.	7962-8516

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (૩) હેઠળ.

ક્રમાંક એસ. બી./૯૭૫૬/જાહેરનામું/૧૫/૨૦૦૧:— સુરત શહેરમાં તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧થી તારીખ ૨૧મી એપ્રિલ ૨૦૦૧ સુધી એસ.એસ.સી. તથા એચ. એસ. સી. ની પરીક્ષા લેવામાં આવનાર છે જે પરીક્ષાઓ નીચે મુજબના પરીક્ષા કેન્દ્ર ઉપર (હાઈસ્કુલો સ્કુલો) લેવામાં આવશે, જેથી પરીક્ષા દરમ્યાનમાં કોઈ તોફાન ન થાય અને પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતીમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓએ પરીક્ષા દરમ્યાનમાં કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર પરીક્ષા કેન્દ્રો ની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની કે સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

Supplies. C. G. I—188

INDEX

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની કલમ-૩૭ ની પેટા કલમ (૧) (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર આથી સદરહું વિસ્તારોમાં તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી એપ્રિલ ૨૦૦૧ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવાની સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઇ ફરમાવું છું.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની હાઈસ્કુલો સ્કુલો (એસ. એસ. સી તથા એચ. એસ. સી) પરીક્ષા કેન્દ્રો.

(૧) સરસ્વતી વિદ્યાલય, ઓ. કે. રોડ યુનીટ-૧.
(૨) સરસ્વતી વિદ્યાલય ઓ. કે. રોડ યુનીટ-૨.
(૩) આર્યના વિદ્યાલસંકુલ, લંબે હનુમાન રોડ.
(૪) એ. વી. પટેલ ક્રરંજ હાઈસ્કુલ, માતાવાડી.
(૫) રામકૃષ્ણ વિદ્યાભવન, લંબે હનુમાન રોડ.
(૬) નવચેતન વિદ્યાલય, સંતોષનગર.
(૭) પ્રિયદર્શની વિદ્યાલય. વરાછા રોડ, સુરત.
(૮) જી. જી. ઝડરીયા, શાળા એ. કે. રોડ.
(૯) આશાદિપ વિદ્યાલય, શકિત ન્ પ સોસાયટી.
(૧૦) આદર્શ વિદ્યાલય, માતાવાડી.
(૧૧) સાધના કન્યા વિદ્યાલય સાધના સોસાયટી, વરાછારોડ.
(૧૨) એમ. એન. જે. પટેલ, શાળા, વરાછા
(૧૩) કાશીબા વિદ્યાલય, નાના વરાછા.
(૧૪) સંસ્કાર વિદ્યાલય, સત્ય નારાયણ સોસાયટી.
(૧૫) પી. પી. સવાણી હાઈસ્કુલ, વરાછા રોડ સુરત.
(૧૬) સુરત ડાયમંડ ગર્લ્સ હાઈસ્કુલ, વરાછા રોડ, સુરત.
(૧૭) આર. એન. નાયક હાઈસ્કુલ, ઉધના યુનીટ-૧
(૧૮) આર. એન. નાયક હાઈસ્કુલ, ઉધના યુનીટ-૨
(૧૯) એસ. ઈ. એમ. હાઈસ્કુલ, ઉધના.
(૨૦) પી. એચ. બુચકાનીવાલા હાઈસ્કુલ, ખરવનરનગર.
(૨૧) ન્યુ મોર્ડન ઈંગ્લીશ સ્કુલ, ભેસ્તાન રોડ, સુરત.
(૨૨) છત્રપતિ શિવાજી મરાઠી શાળા, ઉધના.
(૨૩) આર. એન. નાયક ઉચ્ચ માધ્યમિક શાળા, રોડ નંબર ૧૪
(૨૪) શારદા વિદ્યા મંદિર, ગોપાળનગર, ઉધના
(૨૫) આર. એન. નાયક ઉચ્ચ એકેડેમીપ્રાથમિક શાળા, ઉધના.
(૨૬) સાર્વજનિક હાઈસ્કુલ, લીંબાયત.
(૨૭) બ્રાઈટ લેન્ડ ગુજરાતી હાઈસ્કુલ, સુમુલ ડેરી, રોડ, સુરત.
(૨૮) વી. ટી. ચોકસી હરીપુરા રામપુરા મેઈન રોડ, સુરત.
(૨૯) લીચ્છાબા ગર્લ્સ વિદ્યાલય, લાલ દરવાજા, સુરત.
(૩૦) પ્રોપાયટરી ઈંગ્લીશ સ્કુલ, ભાગળ, સુરત.
(૩૧) આઈ. સી. ગાંધી હાઈસ્કુલ, સુમુલ ડેરી રોડ, સુરત.
(૩૨) મહિધરપુરા અંગ્રેજી માધ્યમીક શાળા, સુમુલ ડેરી, સુરત.
(૩૩) સર જે. જે. ગુજરાતી હાઈસ્કુલ, શાહપોર, સુરત.
(૩૪) સર જે. જે. ગુજરાતી હાઈસ્કુલ, શાહપોર, સુરત.
(૩૫) આઈ. પી. મીશન ગર્લ્સ હાઈસ્કુલ, મુગલીસરા, સુરત.
(૩૬) એન. એમ. ઝવેરી હાઈસ્કુલ, લાલગેટ, સુરત.
(૩૭) એગ્લો ઉદુ હાઈસ્કુલ, સોદાગરવાડ, સુરત.
(૩૮) આઈ. પી. મીશન બોયઝ સ્કુલ. મુગલીસરા, સુરત.
(૩૯) અંબાબા ગર્લ્સ હાઈસ્કુલ, સુરત.
(૪૦) ગુરૂકુલ કુમાર વિદ્યાલય, કતારગામ.
(૪૧) ગુરૂકુલ કુમાર વિદ્યાલય, કતારગામ.
(૪૨) ગજેરા વિદ્યાભવન, કતારગામ.
(૪૩) બાળાશ્રમ માધ્યમિક શાળા, કતારગામ.
(૪૪) સ્વામી નારાયણ ગુરૂ વિદ્યાલય, વેડ રોડ, સુરત.
(૪૫) શિશુવિહાર વિદ્યાલય, રાણછોડ પાર્ક, કતારગામ.
(૪૬) નિલકંઠ કન્યા વિદ્યાલય, સીંગણપોર ચારરસ્તા, સુરત.
(૪૭) જી. વી.વી. ટી. ચોકસી ઈંગ્લીશ શાળા, કતારગામ.
(૪૮) પી. એમ. ભગત માધ્યમીક શાળા, કતારગામ.
(૪૯) અખંડ આનંદ વિદ્યાભવન, વેડરોડ, સુરત.
(૫૦) વી. એન. ગોંધાણી કન્યા વિદ્યાલય, કતારગામ
(૫૧) નવસર્જન વિદ્યાલય, પાંડેસરા.
(૫૨) એન. જી. ઝવેરી જૈન હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૫૩) રતિ સાગર જૈન હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૫૪) ટી. એન્ડ. ટી. વી. હાઈસ્કુલ ગોપીપુરા, સુરત.
(૫૫) એસ. પી. ઝવેરી ગર્લ્સ સ્કુલ, ગોપીપુરા, સુરત-
(૫૬) કે. એ. વી. એસ. ખાંડવાલા હાઈસ્કુલ યુનીટ-૧
(૫૭) કે. એવી. એસ. ખાંડવાલા હાઈસ્કુલ યુનીટ-૨
(૫૮) એમ. જી. સીંગાપુરી ગર્લ્સ હાઈસ્કુલ, ગોપીપુરા, સુરત.
(૫૯) પ્રવૃત્તિ વિદ્યાલય ટીમલીયાવાડા, સુરત.
(૬૦) જીવન ભારતી વિદ્યાલય, સુરત.
(૬૧) સિગ્મા ગુજરાતી માધ્યમીક શાળા, સગરામપુરા, સુરત.
(૬૨) સિગ્મા ઉર્દુ માધ્યમીક શાળા, સંગરામપુરા, સુરત.
(૬૩) જી. એન્ડ. જી. વી. કડીવાલા હાઈસ્કુલ, સગરામપુરા, સુરત
(૬૪) આર.ડી. કોન્ટ્રાકટર હાઈસ્કુલ, નાનપુરા, સુરત.
(૬૫) એમ. ટી. જરીવાલા માધ્યમિક શાળા, અઠવાલાઈન્સ, સુરત
(૬૬) લુડઝ કોન્વેન્ટ હાઈસ્કુલ, અઠવાલાઈન્સ, સુરત.
(૬૭) આઈ. જી. દેસાઈ વિદ્યાલય, ભટાર ચારરસ્તા, સુરત.
(૬૮) સી. સી. શાહ સાર્વજનીક સ્કુલ અઠવાલાઈન્સ, સુરત.
(૬૯) સર ટી. ડી. ટી. ગર્લ્સ સ્કુલ, અઠવાલાઈન્ય, સુરત.
(૭૦) શારદાયતન સ્કુલ, પીપલોદ.
(૭૧) વિદ્યાભારતી હિંદી વિદ્યાલય ભટાર મગદલ્લા રોડ, સુરત.
(૭૨) લોકભારણી વિદ્યાલય સોમનાથ માર્ગ, સુરત.
(૭૩) સેન્ટ ઝેવીયર્સ સ્કુલ, ઘોડદોડ રોડ, સુરત.
(૭૪) એમ. એમ. પી. હાઈસ્કુલ, રાંદેર.
(૭૫) આઈ. એન. ટેકરાવાલા, અડાજણ પાટીયા, સુરત.
(૭૬) એચ. એચ. બી. દાળીયા હાઈસ્કુલ, અડાજણ, સુરત.
(૭૭) સરદાર ઈંગ્લીશ સ્કુલ, રાદેર રોડ, સુરત.
(૭૮) ડી. આર. રાણા હાઈસ્કુલ, પાલનપુર પાટીયા, સુરત.
(૭૯) બોધરા એન્ડ અગ્રવાલ હાઈસ્કુલ, અડાજણ રોડ, સુરત.
(૮૦) સંસ્કારી ભારતી વિદ્યાલય, રાંદેર રોડ, સુરત.
(૮૧) લોકમાન્ય વિદ્યાલય યુનીટ-૧/૨
(૮૨) પીપરડીવાલા ઈંગ્લીશ હાઈસ્કુલ, રાંદેર સુરત.
(૮૩) શાંતિનિકેતન વિદ્યાવિહાર, પાલનપુર, પાટીયા, સુરત.
(૮૪) આમોદ એન્ડ આપીતા હાઈસ્કુલ, રાંદેર.
(૮૫) વી. ડી. દેસાઈ વાડીવાલા હાઈસ્કુલ, અડાજણ, પાટીયા,સુરત.
(૮૬) સનફલાવર હાઈસ્કુલ, કૃષ્ણકોનગર, સુરત.
(૮૭) ઉચ્ચતર માધ્યમિક શાળા, કૃષ્ણકોનગર, સુરત.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત એસ. એસ. સી / એચ. એસ. સી. પરીક્ષામાં વિદ્યાર્થીઓ તથા પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તેવી વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને (વાજીત્રો વગાડયા સિવાય).

(૪) કોઈ સ્મશાન યાત્રાને (શાંતીમય રીતે).

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજરોજ તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read :—High Court of Gujarat Letter No. C. 2103/2001, dated 23rd March, 2001.

Notification

No. 1011 of 2001.—In pursurance of the Instructions contained in Paragraph-629, Chapter XXXI, Civil Manual, Volume-I, 1960 and with the previous permission of the High Court of Gujarat Ahmedabad, the District Judge, Panchmahals, at Godhra is hereby Pleased to notify that all the Civil Courts in the District of Panch Mahals shall remain closed during the Annual Summer Vacation for Five weeks,from Monday the 7th May 2001 to Sunday 10th June, 2001 (both days inclusive) and for One Week from Monday 19th November, 2001 to Sunday 25th November, 2001 (both days inclusive) suffixing Diwali Holidays.

The Office of the Nazir and the Record--keeper, District Court, Panch Mahals, at Godhra and the Offices of the Nazir, of the Subordinate Courts in the District shall, however remain open during the vacation on working days. Civil work of urgent nature will received during the vacation.

Panchmahals, Godhra, 23rd March 2001.

C K, RANE,
District Judge,
Panchmahals, Godhra

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

ઉચ્ચ ન્યાયાલયના પત્ર ક્રમાંક નંબર સી.-/૨૧૦૩/૨૦૦૧, તારીખ ૨૩ મી માર્ચ, ૨૦૦૧, નો વંચાણે લીધો :

જાહેરનામું

નંબર / ૧૦૧૧ સને ૨૦૦૧.— સીવીલ મેન્યુઅલના ભાગ--૧, ૧૯૬૦ ના પ્રકરણ--૩૧ ના ફકરા નંબર--૬૨૯ માં આપેલી સુચનાઓ અનુસાર તેમજ ગુજરાત રાજ્યની વડી અદાલતની પૂર્વ મંજૂરીથી આથી પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેના જિલ્લા ન્યાયાધિશ એવું જાહેર કરે છે કે સને--૨૦૦૧ ના ઉનાળુ વેકેશન દરમ્યાન મે-- માસની ૭ મી ને સોમવાર થી જુન, માસની તારીખ ૧૦ મી ને રવિવાર (બંન્ને દિવસો સહીત) પાંચ અઠવાડીયાનો તેમજ એક અઠવાડીયાની સને ૨૦૦૧ ના નવેમ્બર, માસની તારીખ ૧૯ મી ને સોમવારથી નવેમ્બર, માસની તારીખ ૨૫મી ને રવિવાર સુધી (બંન્ને દિવસો સહીત) દિવાળીની રજાઓ જોડીને પંચમહાલ જિલ્લામાં આવેલ તમામ દિવાની અદાલતો બંધ રહેશે. તેમ છતાં આ વેકેશન દરમ્યાન ચાલુ કામકાજના દિવસોએ પંચમહાલ જિલ્લામાં આવેલ ગોધરા ખાતેના જિલ્લા ન્યાયાધિશના નાઝર તથા દફતરોની તેમજ જિલ્લામાં આવેલી તાબાની તમામ અદાલતોની નાઝરની ઓફીસોનું કામકાજ ચાલુ રહેશે. તાકીદના પ્રકારના દિવાની કામો પણ વેકેશન દરમ્યાન સ્વીકારવામા આવશે.

પંચમહાલ, ગોધરા, તારીખ ૨૩ મી માર્ચ, ૨૦૦૧.

સી. કે. રાણે,
જિલ્લા ન્યાયાધિશ,
પંચમહાલ, ગોધરા.

Read :—High Court letter No. : C. 2103 / 2001, dated 23rd March, 2001.

Notification

No. UHC / B-10 / 2614 / 2001.—In exercise of the power vested under paragraph 629, Chapter-XXXI, of Civil Manual, Volume-I, 1960, the District Judge, Bhavnagar, with the previous permission of the High Court, *vide* the letter dated 23rd March, 2001, cited in a preamble declare the closing of all the Civil Courts in the Judicial District of Bhavnagar for the ensuing Annual Summer Vacation for Five Weeks commencing from Monday 4th May, 2001 to Sunday 10th June, 2001 (both days inclusive).

The District Judge, Bhavnagar further, declare that the closing of all the Civil Courts of the Judicail District of Bhavnagar, for the remaining period of Annual Summer Vacation for One Week, commencing from Monday 19th November, 2001 to, Tuesday 25th November, 2001 (both days inclusive) prefixing Diwali Holidays.

The Office of the Nazir and Record Keeper District Court, Bhavnagar and the Nazir of all Subordinate Courts in the District shall remain open during the aforesaid period of Vacation on working days.

Bhavnagar, 27th March, 2001.

B. D. SONI,
District Judge, Bhavnagar.

Read : High Court Letter No. C. 2103 / 2001, dated 23rd March, 2001.

Notification

No. B. 10/435 of 2001.—Under the Powers vested in her under paragraph 629, Chapter-XXXI Civil Manual, Volue-I, 1960, The District Judge, Surat, with the previous permission of the High Court, directs the closing of all the Civil Courts in the Judicial District of Surat for the ensuing Annual Summer Vacation of Five Weeks commencing from Monday 7th May, 2001 to Sunday 10th June, 2001 (both days inclusive).

The District Judge, Surat, further directs the closing of all the Civil Courts of the Judicial District of Surat, for the remaining period of Annual Summer Vacation for One Week, commencing from Monday 19th November, 2001 to

INDEX

Sunday 25th November, 2001 (both days inclusive), suffixing Diwali Holidays.

The Offices of the Nazir and the Record Keeper, District Court, Surat, the Nazir, Small Cause Court, Surat and the Nazirs of all the Civil Courts in the District shall remain open during the aforesaid period of vacation on working days.

Surat, 27th March, 2001.

Ms. H. G. PANDYA,
District Judge, Surat.

જાહેરનામું

નંબર બી. ૧૦/૪૩૫ સને ૨૦૦૧.—હાઈકોર્ટ સીવીલ મેન્યુલ ૧૯૬૦નાં ભાગ-૧નાં પેરેગ્રાફ ૬૨૯ ચેપ્ટર-૩૧ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ આથી જાહેર કરે છે કે, સુરત જિલ્લાની તમામ દિવાની અદાલતો વાર્ષિક ઉનાળાના વેકેશન માટે પાંચ અઠવાડીયા પુરતુ સોમવાર તારીખ ૭મી મે ૨૦૦૧ થી તારીખ ૧૦મી જુન ૨૦૦૧ રવિવાર (બંન્ને દિવસો સહિત) સુધીના સમય માટે બંધ રહેશે.

સુરતનાં જિલ્લા ન્યાયાધીશશ્રી વધુમાં આથી જાહેર કરે છે કે, સુરત જિલ્લાની તમામ દિવાની અદાલતો વાર્ષિક ઉનાળા વેકેશનના બાકીનાં એક અઠવાડીયા માટે તારીખ ૧૯મી નવેમ્બર ૨૦૦૧ સોમવારથી તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૦૧ રવિવાર (બંન્ને દિવસો સહીત) દિવાળી રજાના દિવસો જોડીને બંધ રહેશે.

સુરત જિલ્લા ન્યાયાલયની નાઝર તથા દફ્તરીની કચેરીઓ તથા જિલ્લામાં આવેલી તમામ દિવાની અદાલતોની નાઝરની કચેરીઓ વેકેશન દરમ્યાન તમામ કામનાં દિવસોએ કામકાજ માટે ખુલ્લી રહેશે.

સુરત, તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૧.

હિતા ગ. પંડ્યા,
જિલ્લા ન્યાયાધીશ, સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર ડી / એમએજી/ ૧ /રીક્ષા સ્ટેન્ડ / ૩૩૮૮ / ૩૪૦૦ / જાહેરનામા.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માંની) કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચે મુજબનો મુસદો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી સર્વે વ્યકિતઓની જાણ સારૂ કલમ-૩૩ ની પેટા કલમ (ક) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યા છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે સદરહુ મુસદો જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા રાજયપત્ર માં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિના પુરો થયે ફેર વિચારણામાં લેશે.

ઉપરોકત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠાને જે કોઈ વાંધા-સુચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદો

નં. ડી/એમએજી/૧/રીક્ષા સ્ટેન્ડ/૩૩૮૮-૩૪૦૦/જાહેરનામા.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨ માંની) કલમ-૩૩ ની પેટા કલમ (૧) ના ખંડ (ક) થી જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠાને મળેલ અધિકારની રૂએ આથી પાલનપુર તાલુકાના મોજે : પાલનપુર શહેરમાં ઓટોરીક્ષા માટે સ્ટેન્ડ તેમજ પાર્કીંગ માટે નીચે મુજબના સ્થળો તે સામે દર્શાવવામાં આવેલ સંખ્યાના વાહનો માટે નિર્ણય કરવામાં આવે છે.

અ. નં.	સ્થળ	કેટલા વાહનો માટે ઓટોરીક્ષા
૧	૨	૩
૧	ગુરૂ નાનક ચોક બનાસ હોટલની બાજુમાં ...	૧૫
૨	સીટીલાઈટ સિનેમા આગળ દિવાલને અડીને ...	૫
૩	સંજય ચોક સમાજ સુરક્ષા ઓફિસની બાજુમાં ...	૭
૪	એસ. ટી. સ્ટેન્ડ પ્રવેશદ્વાર આગળ ...	૭
૫	એસ. ટી. સ્ટેન્ડ બહાર નિકળવાના દરવાજે ...	૭
૬	ગુપ્તા લોજ આગળ ...	૫
૭	રેલ્વે સ્ટેશન ...	૧૫
૮	સીમલા ગેટ સરદાર માર્કેટ આગળ ...	૫
૯	સીવીલ હોસ્પિટલ પ્રવેશદ્વાર આગળ ...	૩
૧૦	ભાગ્યોદય સોસાયટી ડી. પી. આગળ ...	૫
૧૧	ટેલીફોન એક્ષચેન્જ ત્રણ રસ્તા ...	૫
૧૨	દિલ્હી દરવાજા લીલાવતી હોસ્પિટલ આગળ ...	૫
૧૩	બારડપુરા ચોક ...	૭
૧૪	બીન્જરવર કોલોનીના નાકે ...	૮
૧૫	વડલીવાળા પરામાં વડલા નીચે ...	૮
૧૬	કમાલપુરા ચોક ...	૭
૧૭	માલણ દરવાજા ચોક ...	૮
૧૮	સલેમપુરા દરવાજા ...	૮
૧૯	વિજારાના તકીયા આંબલી નીચે ...	૮
૨૦	નાની બજાર હાથીખાના ચોક ...	૫
૨૧	રાજગઢી બહાર ચોક બનાસ બેન્કની બાજુમાં ...	૫
૨૨	મોટી બજાર ચોક ...	૭
૨૩	તીનબત્તી ચોક ...	૫
૨૪	આંખની હોસ્પિટલ સામે એફ.સી.આઈ. ઓફિસ પાસે.	૭
૨૫	ગઠામણ દરવાજા ઓકટ્રોયની બાજુમાં ...	૮
૨૬	ગઠામણ દરવાજા પેટ્રોલપંપ આગળ ...	૭
૨૭	કોઝી સિનેમા પાસે ...	૫
૨૮	જી.આઈ.ડી.સી. નાકા મેજિસ્ટ્રેટ બંગલા ...	૨
૨૯	જિલ્લા પંચાયત આગળ ...	૮
૩૦	કલ્યાણ તંત્ર ભવન આગળ ...	૮
૩૧	બેચરપુરા મંદિર પાસે ...	૫
૩૨	હોટલ નેશનલ હોટલની આગળ ...	૫
૩૩	હોટલ વે વેઈટ ...	૫
૩૪	હનુમાન ટેકરી રોડની બંને બાજુ ...	૭
૩૫	આર. ટી. ઓ. કચેરી ઓકટ્રોય નાકા ...	૧૦
૩૬	નવા ગંજબજાર જગાણા રોડ	૧૦
૩૭	નવાગંજ બજાર ડેરી રોડ ...	૧૦
૩૮	કીર્તીસ્તંભ જૈન આઈસ્ક્રીમ આગળ ...	૩

INDEX

૧	૨		૩
૩૯	ઢુંઢિયાવાડી ગેસ ઓફિસ આગળ	...	૫
૪૦	કીર્તી સ્તંભ ડો. બુરાનપુરી સા. ના. દવાખાના પાસે		૫
૪૧	કોલેજ કમ્પાઉન્ડ દરવાજા બહાર	...	૫
૪૨	લક્ષ્મણ ટેકરી ઢાળ ચઢતાં	...	૩
૪૩	ફાસીયા ટેકરા પાસે ચોકમાં	...	૭
૪૪	હરીજન કોલોની આગળ	...	૫
૪૫	હાઉસીંગ બોર્ડ સામે ગેસ ગોડાઉન પાસે	...	૫
૪૬	છનિયાણા ચાર રસ્તા અંબાજી રોડ	...	૫
૪૭	જનતાનગર રોડ	...	૫
૪૮	મીરા દરવાજા બહાર મુરસદના રોઝા આગળ	...	૫
૪૯	ખોડા લીમડા ચોકમાં	...	૨
૫૦	ભગવતી સોસાયટીના નાકે	...	૨
૫૧	વસાહતની બાજુમાં બેચરપુરાના નાકે	...	૩
૫૨	કૃષ્ણ કોલોનીના નાકે	...	૩
૫૩	આકેસણ રોડના નાકે	...	૫
૫૪	વિદ્યુત બોર્ડની અગળ	...	૫
૫૫	નવજીવન સોસાયટીના રોડ પર	...	૨
૫૬	જુની કલેકટર ઓફિસ	...	૫

ઉપરોક્ત નિયત કરેલ જગ્યા સિવાય જાહેર માર્ગ ઉપર ઓટો-રીક્ષા પાર્કીંગ; હોલ્ટીંગ કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૮મી માહે માર્ચ-૨૦૦૧ ના રોજ મારી સહી અને કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. કે. દાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) હેઠળનું.

ક્રમાંક : એમઓજી-પીઓએલ-વશી/ ૧૫૮૮.—ભરુચ શહેરના તાજીયા નો પર્વ રાબેતા મુજબ તા. ૪થી એપ્રિલ ૨૦૦૧ તથા ૫મી એપ્રિલ ૨૦૦૧ ના સમય દરમ્યાન ઉજવવામાં આવનાર છે. તા.૪થી એપ્રિલ ૦૧ના રોજ કતલની રાત્રી તથા ૫મી એપ્રિલ ૨૦૦૧ના રોજ મહોરમના તાજીયા નિમિત્તે જુલુસ નિકળનાર છે તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થનાર હોય જાહેર જનતાની સલામતી બાબતે તથા તાજીયાનું જુલુસ સરળતાથી પસાર થાય તે માટે ઉપરોક્ત દીવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર નિયંત્રણ મુકવાની આવશ્યકતા છે.

વાસ્તે હું, રાજદેવસિહ ગોહીલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ ને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે ભરુચ શહેરના વેજલપુર થઈ પીરમાંઠી મોટા ચાર રસ્તા, છીપવાડ ફાટાતળાવ થઈ કતોપોર દરવાજા થઈ વડાપડા જુમ્મા મસ્જીદ થઈ ભઠીયારવાડ બીસ્મીલ્લા હોટલ થઈ મોટા ચાર રસ્તા કુરજા રોડ નદી કીનારા સુધીનો રસ્તો તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તારીખ પમી એપ્રિલ ૨૦૦૧ ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર માટે બંધ કરવા ફરમાવું છું. આ સમય દરમ્યાન આ રુટ પર લગ્નનો વરઘોડો પણ પસાર થઈ શકશે નહી.

આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જેઓ પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે કે રોકાયેલા હશે તેમને લાગુ પડશે નહી.

આજરોજ આ હુકમ પર તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૧ના રોજ સહી સીક્કા કરી આપ્યા છે.

રાજદેવસિહ ગોહીલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરુચ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પી-ઓ.એલ./વશી(/૫૦૫ થી ૫૩૦/ ૨૦૦૧.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આ જિલ્લામાં ન્યું. એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપરથી તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ના સમય દરમ્યાન લેવાનાર છે.

ઉપરોક્ત કેન્દ્રો ઉપરથી લેવાનાર બોર્ડ સંલગ્ન પરીક્ષાઓનું સંચાલન શાંત અને સરળતા ભર્યા વાતાવરણમાં થાય તથા પરીક્ષાઓમાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપી શકે અને પરીક્ષા ખંડના નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારું જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોના મકાનો તથા કંમ્પાઉન્ડની આજુબાજુના ૧૦૦મીટરના વિસ્તારમાં કોઈ અસામાજીક તત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ છે. અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે. તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું, એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા બોર્ડ સંલગ્ન લેવાનારી ન્યું.એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓની નિયત તારીખો દરમ્યાન જિલ્લાના કેન્દ્રો તથા પરીક્ષા સ્થળોના મકાનો તથા તેના કંમ્પાઉન્ડની આજુબાજુના ૧૦૦ (એક સો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહીં.

વધુમાં, આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગું પડશે નહી :—

(૧) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સદર પરીક્ષાઓમાં બેસનાર પરીક્ષાર્થીઓને.
(૨) સદરહું પરીક્ષાની કામગીરીમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના રોકાયેલ અધિકારીશ્રી / કર્મચારીઓને.
(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરવાથી આ કામગીરીમાં રોકાયેલ કર્મચારી / અધિકારીશ્રી.

INDEX

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી માહે માર્ચ-૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જાહેરનામું

નંબર પીઓએચ/વશી/૪૮૪ થી ૫૦૪/૨૦૦૧.—મહેસાણા જિલ્લાના વિજાપુર, બેચરાજી, કડી, સતલાસણા, વડનગર, ઉંઝા, મહેસાણા તથા ખેરાલું ખાતે આ સાથેના પરિશિષ્ટ મુજબના સ્થળે ઘાસ ડેપો ખોલવામાં આવેલ છે. આ ઘાસ ડેપોના વિસ્તારોની આજુબાજુમાં રહેણાંક વિસ્તાર આવેલ છે. અને લોકોની અવર જવર સતત ચાલું રહે છે. આ રહેઠાણના વિસ્તારની જનતા અને લોકો મારફતે લગ્ન પ્રસંગે ધાર્મિક પ્રસંગે તેમજ સામાજીક પ્રસંગોએ તેમજ તહેવારના દિવસોએ ફટાકડા અને સ્ફોટક પદાર્થો ફોડવાના તેમજ રાખવાના પ્રસંગોએ ઘાસ ડેપોના ઘાસને નુકશાન થવાની અગર આગથી નાશ થવાની શકયતા રહેવી છે. જેથી આવો પ્રકાર બને નહી તેની સાવ-ચેતીના પગલાં રૂપે આ ઘાસ ડેપોની આજુબાજુના ૧૦૦૦ (એક હજાર) મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ફટાકડા, સ્ફોટક પદાર્થો રાખવાની અગર ફોડવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, એન. સી. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (યુ) થી મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના વિજાપુર, બેચરાજી, કડી, સતલાસણા, વડનગર, ઉંઝા, મહેસાણા તથા ખેરાલું તાલુકામાં આવેલ ઘાસ ડેપોના પરિશિષ્ટ મુજબના સ્થળની આજુ-બાજુના વિસ્તારથી ૧૦૦૦ (એક હજાર) મીટરની ત્રિજ્યામાંના વિસ્તારમાં ફાટુખાનું, ફટાકડા, તેમજ સ્ફોટક પદાર્થો ફોડવા, અગ્નિ સળગાવીને નાંખવા, આતશબાજીનું બલુન અથવા રોકેટ ઉડાડવાની તેમજ આગ લાગે તેવાં પ્રક્ષેપાત્રો રાખવા/ફોડવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું તારીખ ૨૨મી મે, ૨૦૦૧ સુધીના સમય માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર/ કરાવનાર અગર તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૧૩૧ તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

આનુ. નંબર	તાલુકાનું નામ	ઘાસ ડેપોનું નિયત સ્થળ.
૧	૨	૩
(૧)	કડી.	રેસ્ટ હાઉસ, કડીનું કંમ્પાઉન્ડ કડી.
(૨)	વિજાપુર	રેસ્ટ હાઉસ, વિજાપુરની બાજુમાં વિજાપુર.
(૩)	બેચરાજી	માતાજીના ગેસ્ટ હાઉસના પાછળના ભાગે, બેચરાજી.
(૪)	સતલાસણા	માર્કેટયાર્ડ પાછળ, સતલાસણા.
(૫)	વડનગર	સરકારી પશુ દવાખાનું, વડનગર.
(૬)	ઉંઝા	નિલકંઠવર મહાદેવની જગ્યા, ઉંઝા.
(૭)	મહેસાણા	એરોડ્રોમ સેન્ટ્રલ ઘાસ ડેપો, મહેસાણા.
(૮)	ખેરાલું	સરકારી પશું દવાખાનું, રેલ્વે સ્ટેશનની બાજુમાં, ખેરાલું.

આજ તારીખ ૨૩મી માહે માર્ચ-૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું જાહેર કર્યુ.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ.

નંબર ઉ/મકપ/મજસ/વશી/૮૫૪ થી ૮૬૩.—કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ ગોધરાએ તેમના તારીખ ૨૭મી માર્ચ ૨૦૦૧ ના પત્ર ક્રમાંક નંબર સીબી/૨/૨૪૨/થી જણાવેલ છે કે સંતરોડ મુકામે તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૮મી એપ્રિલ ૨૦૦૧ સુધી યુગતીર્થ ગાયત્રી શકિતપીઠ અને કબીર મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ રાખવામાં આવેલ છે જે માટે સંતરોડ ચોકડી ઉપર હજારોની માનવ મેદની ઉપસ્થિત થનાર છે સદર સ્થળ સંતરોડ સંતરામપુર રસ્તાના સંતરોડ ચોકડી ઉપર આવેલ છે. નાટાપુર ચોકડીથી સંતરોડ ચોકડી સુધીનો રસ્તા તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૮મી એપ્રિલ ૨૦૦૧ સુધી બંધ કરવા દરખાસ્ત કરેલ છે. જેથી લોકોને ભય હરકત અગવડ ન થાય એટલા માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

આથી, હું, એચ. કે. કટારા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (ખ) અન્વયે ફરમાવું છું કે નાટાપુર ચોકડી થી સંતરોડ ચોકડી સુધીનો રસ્તો તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૮મી એપ્રિલ ૨૦૦૧ સુધી જાહેર વાહન વ્યવહાર માટે ઉપયોગમાં લેવો નહી આને વિકલ્પે લોકોએ જાહેર વાહન વ્યવહાર માટે પાનમ ચોકડી થી નાટાપુર ચોકડી રસ્તો ઉપયોગમાં લેવો.

આ હુકમ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૮મી એપ્રિલ ૨૦૦૧ સુધી (બન્ને દિવસો સહીત) અમલી રહેશે.

આજ તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબનો.

નં. ઉખસ/ધ-૧૬૩૮૬/૨૨૪૮/૯૩ -આથી જાહેર કરે છે કે પ્રતિક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમી. મર્યાદિત સ્થળ નવસારી તાલુકો નવસારી જીલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૮-૧૨-૧૯૯૩.

વાંચ્યો :

(૧) શ્રી ફડ્યા અધિકારી લગત જિલ્લા સહ. બેંક લી. વલસાડ અને ફડ્યાધિકારી શ્રી નવસારી તા. પોલ્ટ્રી ફાર્મસ કો. ઓ. સો. લિ. ફડ્યામાંનો તા. ૩૦-૧૧-૯૩નો અહેવાલ.

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડનો તા. ૩૦-૧૧-૯૮ના હુકમ ક્રમાંક ઉખસ-ફડ્ય-સે-૧૪૧૯૫/ધ-૧૯૯૬થી કરેલ મંડળીનો ફડ્યાનો આદેશ

(૩) શ્રી સબ ઓડીટર સ. મં. નવસારીનો તા. ૧-૭-૯૩થી તા. ૧૧-૧૧-૯૩ સુધીનો છેવટનો અન્વેષણ હેવાલ

આદેશ

ક્રમાંક ઉખસ-ફડ્ય-સે-૧૪૧૯૫/ક-૭/૨૨૫૬/સને ૧૯૯૩ શ્રી નવસારી તાલુકા પોલ્ટ્રી ફાર્મર્સ કો. ઓપ. સોસાયટી લી. ડાભેલ તા. નવસારી જી. વલસાડ કે જેને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૧૪૧૯૫ તા. ૯/૨/૧૯૭૭થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડ્યામાં લઈ જવામાં આવી હતી ફડ્યાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડ્યા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડ્યાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તા. ૨૩-૧૨-૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧.
(૨) અત્રેની કચેરીના તા. ૪-૨-૯૧ના પત્રાંક/અ/ન/૦૧/છ-૨ ૩૨૪/૯૧થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ

ક્રમાંક:વહટ/૦૧/ધ-૨/૧૦૨૭/૯૧ વખતપુરા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. વખતપુરા તા. ડભોઈ, જી. વડોદરાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખ-૨ના સંદર્ભથી નીચેના કારણોસર મંડળીને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી.

(૧) મંડળીમાં મોજે કોઠેરા, તા. ડભોઈના રહીશ શ્રી કરણસિંહ નરપતસિંહ રાજને મંડળીમાં કાર્યક્ષેત્ર બહારના રહીશ હોવા છતાં સભાસદ બનાવેલ છે અને મંડળીની તા. ૧-૩-૮૫ના રોજની વ્યવસ્થાપક કમિટિએ ઠરાવ નંબર-૧૯થી બેન્કમાં શ્રી કરણસિંહ

INDEX

નરપતસિંહ રાજની કરજ માંગણી મંજુર કરી તા.૨૭/૬/૮૫ના રોજ રૂા. ૩૩૨૪૦/-નું ટુંકી મુદત ધિરાણ કરવામાં આવેલ છે. આ ધિરાણ શ્રી રાજના મોજે કોઠરાની સીમના સર્વે નંબર ૯૨, ૧૨૦, ૧૮૯, ૧૧૯ અને ૧૬૫ ઉપર કરવામાં આવેલ છે જે સર્વે નંબરો ઉપર અગાઉ ધી મંડાળા કેન્દ્ર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. મંડાળા, તા. ડભોઈએ ધિરાણ કરેલ છે આમ શ્રી રાજ કાર્યક્ષેત્ર બહારના હોવા છતાં સભાસદ બનાવી મંડળીના પેટા નિયમનો ભંગ થયેલ જોવા મળેલ છે અને એક જમીન ઉપર મંડળીએ લેવામાં થતા આધારો જેવા કે ૭/૧૨ ૮-અ અને નમુના નં-૬ લીધા સિવાય બે જવાબદારીથી ધિરાણ કરી મંડળીને આર્થિક નુકશાન પહોંચાડેલ જણાય છે.

(૨) શ્રી રાજને કરેલ ધિરાણ સમયે મંડળીની વ્યવસ્થાપક કમિટિએ ફરજ અદા કરેલ નથી અને મંડળીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે જે સંજોગોમાં વ્યવસ્થાપક કમિટિને બરતરફ કેમ ન કરવી અને મંડળીમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ મુજબ કાર્યવાહી કેમ ન કરવી તે અંગે જે કાઈ રજુઆત કરવી હોય તે રજુઆત કરવા અત્રેની કચેરી સમક્ષ તા.૧૮-૨-૯૧ના રોજ ૧૪-૦૦ કલાકે અત્રેની કચેરીમાં ૬. નર્મદા ભુવન, 'સી' બ્લોક, ૪થા માળે જેલ રોડ, વડોદરા મુકામે રૂબરૂ ઉપસ્થિત થઈને યોગ્ય રીતે લેખિત કે મૌખિક રજુઆત કરવા હાજર રહેવા કારણદર્શક નોટીસ ક્રમાંક:અજન-૦૧/૭૭-૨/૩૨૪/૯૧. તા. ૪-૨-૯૧ માજી પ્રમુખશ્રી તેમજ ૭ કમીટી સભ્યોને આપવામાં આવેલ જેમાં નવા પ્રમુખનો પણ સમાવેશ થાય છે. તેમ થવામાં કસુર થયે આગળની કાર્યવાહી કરવામાં આવશે અને પાછળથી કોઈ રજુઆત ગ્રાહય આપવામાં આવશે નહિ તેની પણ નોંધ લેવા જણાવવામાં આવેલ જે અંગે તા. ૧૮-૨-૯૧ના રોજ મંડળીના માજી પ્રમુખશ્રી ઈન્દ્રવદન મોતીભાઈ પટેલ, મંત્રીશ્રી અરવિંદભાઈ ભગવાન પટેલ, કમીટી સભ્યશ્રી ભાનુપ્રસાદ પ્રાગજીભાઈ પટેલે, કચેરીમાં હાજર રહીને વસુલાતની કાર્યવાહી તાકીદે હાથ ધરી અત્રેની કચેરીને જાણ કરવા રૂબરૂમાં જણાવેલ પરંતુ આ અંગેની પ્રગતિ નહી જણાતાં અત્રેના તા. ૨૧-૩-૯૧ ના પત્ર નંબર-અજન/૦૧/૭૭-૨/૭૧૮/૯૧થી શ્રી રાજ પાસેથી સદરહુ રકમની તાકીદે વસુલાતની કાર્યવાહી હાથ ધરી અથવા કાયદેસરના પગલા ભરવા સુચના આપવામાં આવેલ અને તેમ કર્યા અંગેની વિગતવાર જાણ આધાર પુરાવા સહ દિન-૧૦માં અત્રેની કચેરીએ રજુ કરવા જણાવવામાં આવેલ અને તેમ કરવામાં કસુર થવાના કારણે મંડળી મજકુરમાં વહીવટદારની નિમણુંક કરવા અત્રેથી ફરજ પડશે જેની નોંધ લેવા જણાવેલ પરંતુ મંડળી તરફથી સદર બાબતે કોઈ કાર્યવાહી થયેલાનું જણાવેલ નથી તેમજ કોઈ લેખિતમાં પ્રત્યુત્તર આપેલ નથી.

ઉકત હકીકતો લક્ષમાં લેતા મંડળીનું કામકાજ પેટા નિયમો ઉદેશો અને હેતુઓ મુજબ ચાલતુ નથી વહીવટકર્તાઓ ધિરાણની રકમ વસુલ કરવામાં સક્રિય નથી તેમજ રસ ધરાવતા નથી મંડળીનું કામકાજ અનિયમિત તથા સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો પાસે વહીવટ હશે ત્યાં સુધી કામગીરીમાં ફેરફાર થવાની શકયતા નથી પરિણામે બેન્કના નાણાં જોખમાય તેમ છે સમગ્ર રીતે જોતા મંડળીનો વહીવટ તદ્દન કથળી ગયેલ છે. વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા નિયમો તેમજ સહકારી કાયદા કાનુન અન્વયે ફરજો બજાવવામાં તદ્દન નિષ્ફળ નિવડયાનું સ્પષ્ટ જણાઈ આવેલ છે મંડળીનું હિત અસ્તિત્વ તથા સભ્યોના હિતોને સાચવવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે આથી ઉપરોકત કારણે ધ્યાનમાં જણાતા નીચે મુજબ વહીવટદારની નિમણુંક કરવા હુકમ કરવામાં આવે છે.

૬—૩૨—૪

હુકમ

આથી હું શ્રી એસ. પી ભટ્ટ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧(૧)(ક) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ વખત પુરા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી મું. વખતપુરા તા. ડભોઈ વડોદરાની વ્યવસ્થાપક સમિતિનો પ્રાથમિક તબકકે વહિવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે આથી દૂર કરવાનો હુકમ કરું છું. અને મજકુર અધિનિયમની કલમ-૮૧ (૧)(બ)(૨) અન્વયે મંડળીનો વહીવટ કરવા ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપરેટીવ બેન્ક લી. વડોદરાને વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો પ્રવાસ ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી આપવાનો રહેશે.

(૨) નિમાયું ક દરમ્યાન વહીવટદારે મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવા અને મંડળીના હિતમાં તમામ કામગીરી અત્રેની દેખરેખ તથા સંમતિ હેઠળ કરવાની રહેશે

(૩) વહીવટદારના મહેનતાણા પ્રતિક રૂપે માસિક રૂા. ૨૫-૦૦અંકે રૂપિયા પચ્ચીસ પુરા નક્કી કરવામાં આવે છે.

(૪) વહીવટદારો દર માસે મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ અને હિસાબી પત્રકો આ કચેરીમાં નિયમિત રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૧૦-૧૦-૧૯૯૧.

વંચાણે લીધા :

(૧) ઓડીટર/ઓડીટરશ્રી, સ. મં. વડોદરા-૮નો તા. ૨૫-૨-૯૨નો પત્ર.

(૨) તા. ૨૦-૧-૯૩ના રોજ લોકસત્તા સમાચારપત્રમાં તથા તા. ૨૪-૨-૯૩ના રોજ લોકસત્તા સમાચાર પત્રમાં પ્રસિદ્ધ થએલ જાહેર નોટીસ.

ક્રમાંક:ફડચ/ઉખસ/ક-૯૫૦૬/૦૧/ક-૨/૧૧૩૮/૧૯૯૩;
ધી ફતેગંજ કા.ઓપ. ક્રેડીટ સોં. લી. વડોદરા નોંધણી નંબર એસ-૦૨૦૨૯૨ તા. ૧૯૮૪ થી નોંધાએલ સહકારી મંડળી છે. સદર મંડળીના નોંધાએલ સરનામે ઓડીટરશ્રીઓ તપાસ કરતા સદર મંડળીનું અસ્તીત્વ હોવાનું જણાવેલ નથી જેથી સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૩ અનુસાર ફડચામાં લઈ જવા ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૧વાળા પત્રથી ભલામણ કરેલ જે અન્વયે ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૨ મુજબના સમાચાર પત્રોમાં સદર મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે બાબત રજુઆત કરવા મંડળીના વ્યવસ્થાપકો સભાસદો તથા અન્ય હિત સંબંધ ધરાવતા ઈસમોનું જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી ધ્યાન દોરવામાં આવેલ પરંતુ ન અન્વયે સદર મંડળીને ફડચામાં નહી લઈ જવા અંગેની રજુઆત કોઈ સભાસદ અગર હિતસંબંધકર્તા દ્વારા અત્રેની કચેરીએ આધારપુરાવા રજીત થએલ નથી જેથી આમ સદર મંડળીનું નોંધાએલ સરનામે અસ્તીત્વ ન હોઈ, ઉદેશ, મુજબની કામગીરી કરતી ન હોઈ ત્યા સદર મંડળીના સભાસદોને મંડળ

INDEX

કામગીરી ચાલુ કરવામાં રસ ન હોઈ સદર મંડળીને ચાલુ રાખવી હિતાવહ નથી જેથી નિચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું એસ. પી. ભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ અધિકારની રૂએ, સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ધી ફતેગંજ કો.ઓપ.ક્રેડીટ સ. મં.લી વડોદરાને ફડચામાં લઈ જવાનો અંતિમહુકમ કરું છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી એ. ડી. ગાંધી ફડચા અધિકારી નં-૨, લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં., વડોદરાની સહકારી કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૩-૬-૯૩.

નં ઉખસ/નધણુ/ગ-૨/૪૨૮ ભં-૩૭૭૪/૧૯૯૩; જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે એકલવ્ય સહકારી ગ્રાહક ભંડાર લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫/૬/૧૯૯૩.

નં. ઉખસ/નધણુ/ગ-૨/૪૨૯/ભં.૩૭૭૫/૧૯૯૩; જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે મહાવીર સહકારી ગ્રાહક ભંડાર લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા.૨૫/૬/૧૯૯૩.

વાંચ્યો :

(૧) અત્રેના તા. ૩૧-૩-૯૩ના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ઝ-૨/૫૫૬/૯૩ થી કરેલ પ્રાથમિક આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ તથા સને ૧૯૬૫ નિયમોની નિયમ-૧૦.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઝ-૨/૧૧૮૦/૯૩ :-અત્રેના ધંધોડા ઉકત વંચાણે લીધેલ અ. નં. (૧)ના પ્રાથમિક આદેશ અન્વયે દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. છોટાઉદેપુરને પુન: જીવિત કરવા પ્રાથમિક આદેશ કરી જે સામે વાંધા/સુચનો જો હોય તો માસ-૧માં આ કચેરીને રજુ કરવા જણાવવામાં આવેલ.

જણાવેલ સમયમર્યાદામાં અત્રે કોઈ રજુઆત થયેલ નથી., સબબ વંચાણે લીધેલ અ નં.(૨)ની પ્રાપ્ત સત્તા અને જોગવાઈ મુજબ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એસ. પી. ભટ્ટ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા મને પ્રાપ્ત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ની કલમ-૧૯ તેમજ સને ૧૯૬૫ના નિયમોના નિયમ-૧૦ની સત્તા અને જોગવાઈ મુજબ ધી ધંધોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. છોટાઉદેપુર નોંધણી ક્રમાંક : સે.દુ. ૧૯૫૯૪ તા. ૧૨-૫-૮૨ને પુન:જીવિત કરવાની અત્રેની તા. ૩૧-૩-૯૩ની પ્રાથમિક આદેશ કાયમ કરવાનો હુકમ કરૂ છું.

વડોદરા, તા. ૩૦-૬-૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) અત્રેના તા. ૩૧-૩-૯૩નો પ્રાથમિક આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ઝ-૨/૫૫૭/૯૩.

(૨) ગુજરાત સહ-મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ તથા નિયમ-૧૦.

જા. નં. ફડચ/૦૧/ઝ-૨/૧૧૮૩/૯૩ :-અત્રેના ઉકત વાંચેલા અ નં. (૧)ના તા. ૩૧-૩-૯૩ના આદેશ અન્વયે ડુંગરગામ દુધ ઉત્પા. સ. મં. તા. છો. ઉ.ને વંચાણે લીધેલ અ. નં. (૨)ની જોગવાઈ ઓ હેઠળ પુન: જીવિત કરવા પ્રાથમિક આદેશ કરી, આદેશની તારીખ થી માસ-૧માં જો કોઈ રજુઆત, વાંધા હોય તો રજુ કરવા તક આપવામાં આવેલ હતી.

જણાવેલ સમય-મર્યાદામાં અત્રે કોઈ રજુઆત, વાંધા મળેલ નથી. સબબ વંચાણે લીધેલ અ નં. (૨)ની જોગવાઈ હેઠળ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એસ. પી. ભટ્ટ જિલ્લા સ. મં. વડોદરા મને પ્રાપ્ત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ તથા નિયમ-૧૦ અન્વયે ધી ડુંગરગામ દુધ ઉત્પાદક સહ. મંડળી લી. તા. છો. ઉ. નોંધણી ક્રમાંક : સે.દુ/૨૧૫૩૦ તા. ૨૩-૫-૮૫ને અત્રેના તા. ૩૧-૩-૯૩ના પ્રાથમિક આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ઝ-૨/૫૫૭/૯૩ અન્વયે પુન:જીવિત કરવાના આદેશને કાયમ કરવા હુકમ કરૂ છું.

વડોદરા, તા. ૩૦-૬-૯૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તા. ૩૧-૩-૯૩નો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઝ-૨/૫૫/૯૩.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ તથા ૧૯૬૫નો નિયમ-૧૦.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઝ-૨/૧૧૮૪/૯૩ :-વંચાણે લીધેલ અત્રેના ઉકત અ. નં. (૧) ના હુકમથી ઘેલવાટ દુધ ઉત્પા. સ. મં. લી.

INDEX

ઘેલવાટ તા. છો. ઉને ગુજરાત સ. મં. અધિ-૧૯૬૧ની કલમ-૧૯ તથા નિયમ-૧૦ અનુસાર જે તે સ્થિતિમાં પુન:જીવિત કરતો આદેશ વચગાળાનો કરવામાં આવેલ અને સદર આદેશ સામે જો કોઈ વાંધા, સુચનો રજુઆત હોય તો આદેશની તારીખથી એક માસમાં રજુ કરવાની લાગતા-વળગતાને તક આપવામાં આવેલ.

ઉકત હુકમથી નિયત કરેલી સમય મર્યાદામાં આ કચેરીને કોઈ રજુઆત મળી નથી. તેથી વંચાણે લીધેલ અ. નં. (૨)ની જોગવાઈ હેઠળ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એસ. પી. ભટ્ટ જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. વડોદરા મને પ્રાપ્ત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦ તથા ૧૯૬૫ના નિયમ ૧૦ની જોગવાઈ મુજબની સત્તાની રૂએ ધી ઘેલવાંટ દુધ ઉત્પાદક સ. મં. લી. તા. છો. ઉ. નોંધણી નં. સેદુ/૧૯૩૪૫ તા. ૭-૫-૮૨ને પુન:જીવિત કરવાના અત્રેના તા. ૩૧-૩-૯૩ ના પ્રાથમિક હુકમને કાયમ કરવાનો આદેશ કરૂ છું.

વડોદરા, તા. ૩૦-૬-૧૯૯૩.

નં. ઉખસ/નધણુ-ગ-૨-૪૬૮ ધ-૧૪૫૯૫/૧૯૯૩ : :-જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છેકે અવધૂત પાર્ક કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૭-૧૯૯૩.

જા. નં. ઉખસ//નધણુ/ઝ-૨/૪૬૯/૯૩ ધ-૧૪૫૯૬:-આથી જાહેર કરે છે કે પીતાંબર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૭-૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીના તા. ૪-૩-૯૩ના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ઝ-૩/૨૧૮ની કારણદર્શક નોટીસ.

(૩) સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સ. મં. વડોદરાના પત્ર ક્રમાંક અપણ/૮૯૦/મ-૧/૮૪૨ તા. ૧૭-૧૧-૯૨નો અહેવાલ...

નં વહટ/૦૧/ઝ-૩/૧૨૨૩/૯૩ ધી પુનીયાદ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુનીયાદ તા. ડભોઈ જી. વડોદરાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૧૭૮૭૮ તા. ૩૦-૫-૮૯ છે જેનો ઉલ્લેખ આ કામે હવે પછી 'મંડળી' તરીકે કરવામાં આવેલ છે.

ધી ઓડીટર સહકારી મંડળીઓ નં.૩ વડોદરાએ મજકુર મંડળીના તા. ૧-૭-૯૦ થી તા. ૩૦-૬-૯૧ સુધીના કરેલ ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ અત્રે જણાવેલ વહીવટી ગેરરીતિઓ સબબ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા ભલામણ થઈ આવેલ છે.

(૧) ૧. શ્રી બાબુભાઈ રણછોડભાઈ પટેલ
૨. શ્રી નગીનભાઈ રણછોડભાઈ પટેલ
૩. શ્રી કૌશિકભાઈ નગીનભાઈ પટેલ

વ્યવસ્થાપક સમિતિના સભ્યો પૈકી એક જ કુટુંબના ત્રણ સભ્યો છે, જે મંડળીના હીતમાં નથી.

(૨) શ્રી બાબુભાઈ રણછોડભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ નગીનભાઈ ભાઈ,શ્રી રામચંદ્ર ઈશ્વરભાઈ પટેલ અને શ્રી રમણભાઈ ગોપાલદાસ ફકત રૂ. ૧૦/-ના શેર ધારણ કરે છે. કુલ ૭ વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી ૪ વ્યવસ્થાપક કમીટી સભ્યો ધિરાણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ નથી.

(૩) શ્રી મહંમદભાઈ બાવાભાઈ પઠાણની ધીરાણ બાકી રૂ. ૧૯૬૦૮/- અને શ્રી બાબુભાઈ છત્રસિંહ રાઠોડની ટુંકી મુદત બાકી રૂા. ૧૬૭૮/- છે જે મુદત વીતી બાકી છે. જે પેટા કાયદાની કલમ-૪૧ અન્વયે ચાલુ રહેવાને લાયક નથી.

(૪) મંડળીએ સને ૮૮-૮૯, ૮૯-૯૦ની ઓડીટની દુરસ્તી કરેલ નથી., તેમજ બેન્ક ઈન્સ્પેકશન રીપોર્ટની પણ દુરસ્તી કરવામાં આવેલ નથી. આમ પેટા કાયદાની કલમ-૪૪(૨)નો ભંગ કરેલ છે.

(૫) પેટા કાયદાની કલમ-૩૮ મુજબ દર મહિને વ્યવસ્થાપક કમિટની મીટીંગ બોલાવવામાં આવતી નથી.

(૬) પેટા કાયદાની કલમ-૪૪(૨૨) અનુસાર જેની પાસે સિલક રાખવામાં આવે છે તે મંત્રી પાસેથી જામીનખત મેળવેલ નથી.

(૭- મંડળીનો વહીવટ ચલાવવા માટે જાણકાર અને અનુભવી મંત્રીશ્રીની નિમણુંક કરેલ નથી. જેથી ગુજરાત સહકારી મંડળીના નિયમ ૧૯૬૫ના નિયમ ૩૩(૩)નો ભંગ કરેલ છે.

(૮) જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર અપણ/૦૧/૪૩/૯૦ તા. ૨૮-૧૧-૯૦ની નોટીસ આપેલ છે અને રેવન્યુ રાહે ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીનાઅધિનિયમ-૧૫૩ અન્વયે ઓડીટફીની રકમ, નીચે મુજબની જમીન-મહેસુલ બાકી તરીકે વસુલ કરવાનો હુકમ કરેલ છે. જે વસુલ થઈ નથી.

સને ૧૯૮૭--૮૮	રૂા. ૯૬૪/-
સને ૧૯૮૮--૮૯	રૂા. ૧૦૨૬/-
સને ૧૯૮૯--૯૦	રૂા. ૧૧૪૪/-
	રૂા. ૩૧૩૪/-

INDEX

(૯) ઓડિટ સમય દરમ્યાન કપાસ એડવાન્સ બાકીની યાદી રજુ થયેલ નથી. તેમજ તેને લગત દફ્તર રજુ કરી શકયા નથી. જેથી ગુજરાત સહકારી મંડળીઓ નિયમ-૧૯૬૫ના નિયમ નં.-૩૪ (૪,૭)નો ભંગ થયેલ છે.

(૧૦) મંડળીનું મિલકત પત્રક અને શાખ પત્રક નિયમિત રીતે બનાવીને બેંક મારફત મંજૂર કરવામાં આવતું નથી.

(૧૧) ધિરાણ પ્રવૃત્તિ નથી અને લગભગ સ્થગિત અવસ્થામાં છે. મંડળીના વહીવટી ખર્ચને પહોંચી વળવા માટે ખેતી વિષયક વસ્તુનો ધંધો કરવામાં આવતો નથી. અને સભાસદોને ખેતી વિષયક વસ્તુ પુરી પાડવામાં આવતી નથી.

(૧૨) સભાસદ ધિરાણ બાકી રૂા. ૧,૭૪,૯૩૯-૭૫ છે. જે લગભગ મુદત વીતી બાકી છે અને તેમાં ૧૦ ટકા ખરાબ અને શકમંદ લેણા ફંડ રૂા. ૧૭૪૯૪/- હોવુ જોઈએ તે સામે ફકત રૂા. ૩૩૧૭-૯૪ છે જે નહીંવત છે અને મંડળીની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ છે.

(૧૩) સભાસદ ધિરાણ બાકી મુદતવતી બાકી છે જેની વસુલાત માટે લવાદ દાવા કરેલ નથી. અને વસુલાત કરવામાં આવી નથી. પરિણામે ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫ની નિયમ-૩૪ (૧)નો ભંગ થાય છે.

(૧૪) બેંક લોન સમયસર ભરપાઈ કરી નથી અને મુદત-વીતી બાકી થયેલ છે. જે સકીય ધિરાણ વસુલાત પ્રત્યે નિષ્કાળજીના કારણે છે અને બેંકના નાણા જોખમાય તેવી પરિસ્થિતિ છે. જેથી ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ-૩૪ (૧) નો ભંગ થયેલ છે.

(૧૫) ઓડિટ નોંધની ખામી નં.૬ મુજબ વાર્ષિક સાધારણ સભા મંડળીનું સહકારી વર્ષ પુરૂ થયા પછી ત્રણ માસમાં બોલાવવાની ફરજીયાત હોય છે. તે અનુસાર તા. ૨૯-૯-૯૦ની વાર્ષિક સાધારણ સભા કોરમના અભાવે મુલ્તવી રાખ્યા બાદ તા. ૧૦-૧૦-૯૦ના રોજ બોલાવવામાં આવેલ તે અંગે જિલ્લા રજીસ્ટ્રારની, મંજુરી મેળવેલ નથી.

(૧૬) ખામી નં-૨૩ મુજબ ફરજીયાત બચત પુનવર્સન ટુંકી ધિરાણ સભાસદ પુનવર્સન લખ્યા ધિરાણ, બેંક વ્યાજના લાંબી મુદત ધિરાણ, ટુંકી મુદત ધિરાણની સરવૈયા બતાવેલ રકમ અને રજુ થયેલ યાદીમાં તફાવત રહેલ છે.

આમુખ-(૨)ની કારણ દર્શક નોટિસમાં ઉકત મુદ્દાઓ પરત્વે રજુઆત કરવા અને પૂર્તતા કરવા જરૂરી રેકર્ડ આધાર પુરાવા રજુ કરવા મંડળીના કાર્યવાહકોને તા. ૨૨-૩-૯૩ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ તેઓને કારણ દર્શક નોટિસ મળ્યા બદલની રજીસ્ટ્રર એ. ડી. અંગેની કચેરીએ મળેલ છે. જેથી કાર્યવાહકો ઉકત આમુખ-(૨)ની નોટિસથી અજાણ હોવાનું જણાતું નથી. કાર્યવાહી સુનાવણી માં હાજર રહેલ નથી. તેમજ કોઈ લેખીત જવાબ રજુ કરેલ નથી કે જવાબ રજુ કરવા કે સુનાવણી અર્થે બીજે મુદતની માંગણી કાર્યવાહી તરફથી કરવામાં આવેલ નથી. જેથી આમુખ(૨)ની કારણ દર્શક નોટિસના સંદર્ભે મંડળીના કાર્યવાહકો કોઈ રજુઆત કરવા માંગતા નથી. તેમ માની મંડળીની વહીવટ સહકારી કાયદા-કાનૂન અને મંડળીના ધેટા કાયદા મુજબ ચલાવવા કમીટી નિષ્ફળ નિવડયાનું ફલિત થતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ પ્રાપ્ત થતી સત્તાની રૂએ ધી પુનીયાદ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., પુનીયાદ તા. ડભોઈ જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીઓને દુર કરી મંડળીનો વહીવટ કલમ૮૧ (૧) મુજબ વહીવટદાર સોંપણ તે તારીખથી એક વર્ષ માટે શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., વડોદરાની માસિક રૂા.૨૫/-ના પ્રતિક મહેનતાણાથી નીચેની શરતોને આધિન વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેની ચાલુ ખર્ચ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે

(૩) વહીવટદારે મંડળીની વહીવટ કાયદા-કાનૂન અને ધેટા-નિયમોને આધિન રહી કરવાની રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૩-૭-૯૩.

વંચાણે લીધા :

શ્રી સહકારી અધિકારી ફરચા નં.૨ લગત/ઝાઝપુર/ ખેતી પિયત સ. મં. લી. તા. તિલકવાડાની તારીખ ૨૯-૪-૯૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં ફરચા/૦૧/ઝ-૨/૧૨૪૩/સને ૧૯૯૩; ધી ઝાઝપુર/ખેતિપિયત સ. મં. લી. તા. તિલકવાડાની નોંધણી ક્રમાંક:-ખે-૨૪૫૪ તારીખ ૧૬-૨-૮૫થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમથી નંબર ફરચ/ઉખસ/ફ-૯૧૯૩/ઝ-૨/૪૫ તારીખ ૨૭-૧-૯૩થી ફરચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફરચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફરચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૬૪ (૨) અન્વયે ફરચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ ની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૨૨-૭-૯૩.

INDEX

વંચાણે લીધા :

આ કાર્યાલયને તા. ૯-૩-૯૩નો ક્રમાંક:-ફડચા/૦૧/ઝ-૨/ ૨૧૮/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં ફડચ/ઉખસ/ફ-૯૫૧૦/ઝ/૧૨૪૪/૯૩; ધી રણોલી તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. રણોલી તા. વડોદરા જે તારીખ ૨૫-૧-૮૪ના નોંધણી ક્રમાંક-સે-૨૦૧૧૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક)(૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજૂઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

———

નં-ઉખસ/નધણુ/ગ-૨-૫૪૯-ભં.-૪૪૯૧-૧૯૯૩; જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે શ્રીનાથ કો.ઓપરેટીવ કન્ઝ્યુમર્સ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા.૪/૭/૧૯૯૩.

———

નં ઉખસ/નધણુ/ગ-૨-૫૫૮/ધ-૧૪૫૯૭/૯૩; જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે મેઘદૂત એપાર્ટ-મેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો-ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૮-૧૯૯૩.

———

વંચાણે લીધા :

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ નંદકેશ્વર કો.ઓપ. ક્રેડીટ સ. મં. લી. મુ. પો. તા. વડોદરા જિ. વડોદરા ની તારીખ ૨૮-૬-૯૩ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં ફડચા-૦૧/ઝ-૨/૧૨૧૫/સને ૧૯૯૩; ધી નંદકેશ્વર કો. ઓપ. ક્રેડીટ સો. લી. વડોદરાની નોંધણી ક્રમાંક:-સે-૨૯૯૭ તારીખ ૧૭-૧૧-૮૦થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમથી નંબર ફડચ-ફ/૮૦૬૫/૭૧/ધ-૨/ ૧૬૯૨/૧૭૦૧/ તારીખ ૧૩-૧૦-૮૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તા. ૩૧-૭-૧૯૯૩

———

વંચાણે લીધા :

શ્રી સહકારી અધિકારી ફડચા નં-૨ લગત નર્મદા સહકારી ગ્રાહક ભંડાર-લી ચાંદોદ તા ડભોઈની તારીખ૩૦-૪-૯૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં ફડચા/ઝ-૨/૧૨૬૧/સને ૧૯૯૩; ધી નર્મદા સહકારી ગ્રાહક ભંડાર લી. ડભોઈની નોંધણી ક્રમાંક-ભ-૩૯૬૨ તારીખ ૧૬-૧-૯૧થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમથી નંબર ફડચ/ઉખસ/ફ-૯૧૯૨/ઝ-૨/ ૭૫ તારીખ ૧૮-૨-૯૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારી એ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થએલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ ની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા.૫/૭/૧૯૯૩.

———

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.
(૨) અત્રેની કચેરીનો તા. ૩૧-૩-૯૩ના ક્રમાંક:-વલટ/૦૧/ઝ-૩/ ૫૩૪ની કારણદર્શક નોટીસ.
(૩) કચેરીની તા. ૧૮-૯-૯૨ના અપણુ/૦૧/ચ-૨/૧૯૬/૯૨ની કલમ-૮૬ અન્વયેનો ચોકસી અહેવાલ.

ક્રમાંક:વલટ/૦૧/ઝ-૩/વશી/૧૨૬૭/૯૩; આરાધના રેલ્વેમેન્સ કો.ઓપ. હા. સો. લી. વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૩૪૨૩ તા. ૧૮-૧-૭૦ છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સહકારી કાયદાની કલમ-૮૬ અન્વયે થયેલ ચોકસી અહેવાલમાં ચોકસી અધિકારીએ મંડળીની કમીટીને દુર કરી મંડળીને વહીવટ હેઠળ મુકવા ભલામણ કરેલ. ચોકસી દરમ્યાન નીચે મુજબની જણાઈ આવેલ ગંભીર વહીવટી ક્ષતિઓ/ગેરકાયદા મુજબ આમુખ(૧)ની જોગ-વાઈઓને આધીન આમુખ-(૨) થી કારણદર્શક નોટીસ આપવામાં

INDEX

આવેલ (૧) મંડળીના પ્લોટનંબર-એ/૧૩ અગાઉના વહીવટી વર્ષ દરમ્યાનની સાધારણ સભામાં સર્વ સભાસદોની સર્વ સંમતિથી મન પ્લોટ તરીકે મંજુર રાખી ઠરાવકરી કોમન પ્લોટ નકકી કરેલો. આ કોમન પ્લોટ મંત્રીશ્રી ભાઈલાલભાઈ સીમાભાઈ પરમારે અંગત સ્વાર્થ ખાતર અને પોતાના સગા ભત્રીજાને એનકેન પ્રકારે વ્યવસ્થા કરી જાહેર હરાજી ગોઠવી સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી હરાજ કરી, ત્યારની કમીટીના તેમના સગા બનેવી તેમજ બીજા મળતીયાઓને ભેળવી મોટી રકમ ઉપજે તેવો પ્લોટ ચાલુ બજાર ભાવ કરતા અડધી કિંમતે હરાજીની શરતો પોતાને અનુકુળ રહે એવી બનાવી કમીટીને ગેરમાર્ગે દોરી ભત્રીજાને ફાળવી આપેલ છે. અને હરાજીથી એ-૧૩પ્લોટ તેમના એકજ ભત્રીજા અરવિદભાઈ મહીજીભાઈ પરમારને દાખલ કરેલ અને પાછળથી તેમના બીજા સગા ભત્રીજા જ્યોતિભાઈ મહીજીભાઈ પરમારને ગેરકાયદેસર દાખલ કરી એ/૧૩ અને ૧૩/એવા એકજ પ્લોટના વિભાગ પાડી બે શેર સર્ટીફીકેટ આપી બન્નેને સભાસદ બનાવી દીધેલ છે. વધુમાંએ/૧૩ પ્લોટ ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હા. સો. લી. અમદાવાદ ખાતેથી મેળવેલ લોન પેટે ગીરવી મોરગેજ હોવા છતાં અગાઉ લેવી પડતી કાયદાકીય મંજૂરી લીધેલ નથી અને ઉપજેલ નાણાં અન્યથા ખોટી રીતે ખર્ચ કરી નાણાની હયગય કરી સભાસદોને લોન દેવામાં ડુબેલા રાખેલ છે.

(૨) ગૃહ મંડળીનો પ્લોટ ૯/એ માજી મંત્રીશ્રી દેશમુખનો હતો. તે માજી મંત્રીશ્રી દેશમુખ પાસે અગાઉ થયેલા નાણાંની હયગય કલમ-૯૩ પ્રમાણે જવાબદાર ઠેરવી મોટી રકમ ૧૨ ટકાના ચઢતા વ્યાજે વસુલ લેવા સીવીલ કોર્ટમાં કેસ ગૃહ મંડળીએ કરેલો. કેસ ચાલતો હતો તે સર્વ બીના ગમે તે પ્રકારે પાછી ખેંચી તેની જાહેર હરાજી ગોઠવી તેમની જ કમીટીના તેમના મળતીયા સભાસદનાં જમાઈને બજાર ભાવથી અડધી કિંમતે વેચાણ આપી સભાસદ બનાવી દીધેલ છે. હરાજીની શરતો સરકારી કાયદા મુજબ ન બનાવી બીજા લોકો હરાજીમાં ન આવે એવી શરતો બનાવી મનની મુરાદ પાર પાડેલ છે. અને ૯/એ ના નાણાં પણ લોન પેટે ભર્યા નથી. ઉપરાંત મકાન લીંટલ લેવલ સુધી આવુ છે છતાં ખોટુ એન. ઓ. સી. આપી. કંમ્પલીશન સર્ટીફીકેટ મેળવ્યા સિવાય ગટર પાણીને કનેકશન આપી દીધેલ છે તેમજ સદર પ્લોટના ઉપજેલ નાણામાંથી શ્રી દેશમુખને તેમણે ભરેલા નાણાં પરત કરેલા છે અને ઉકત સર્વ કાર્યવાહી માટે સામાન્ય સભાની મંજુરી મેળવેલ નથી.

(૩) સોસાયટીમાં અગાઉની ૧"ની ગેલ્વેનાઈઝની સી. ગ્રેડની પાઈપોની લાઈન જે મંત્રીશ્રીએ કઢાવી લઈ ૯૩ નંગ પાઈપો આપખુદીથી વેચી મારી નાણાં ઉભા કરેલ એક પાઈપ રૂ. ૧૦૦/- ના એકના ભાવે વેચી જેના રૂ. ૯૩૦૦/-જમા આપવા તેનો હિસાબ સરવૈયામાં મળતો નથી. સદર પાઈપો કઢાવવા માટે મજુરી પેટે રૂ. ઉધારેલ છે. પ્લમ્બર શ્રી કનુભાઈ રાઠોડને પાઈપો કાઢવાની મજુરી પેટે રૂ. ૯૦૦ ચુકવેલા છે. પૂરેપુરા નાણાં ચૂકવેલ નથી.

(૪) મંત્રીશ્રીએ સદર સોસાયટીના આતરીક રોડ બનાવવા એમ. કે. રાઠોડ એન્જીનીયર એન્ડ કોન્ટ્રાકટર, દિપક કો.ઓપ.હા. સો. લી. બ્લોક નં. ૧ છાણી જકાતનાકા વડોદરાને કોન્ટ્રાકટ આપેલો છે અને રોડ સમિતિ રચી તેના ચેરમેનશ્રી લલ્લુભાઈ જે. પરમારને બનાવી રોડ બનાવવા માટે ખાનગીમાં ટેન્ડરો આપેલા. રૂપિયા બે લાખથી વધારે ખર્ચ થાય તેવા કામ માટે વર્તમાન પત્રોમાં જાહેરાત આપેલી નથી. વળી શ્રી એમ. કે. રાઠોડ ચો.મી.ના ભાવ રૂ.૭૮/- થી પણ ઓછા ભાવે કામ કરી આવા તૈયાર હોવા છતાં વધારે ભાવ આપી ટેન્ડર મુજબ મંજુર કરેલ અને સોસાયટીને ખોટા મોટા ખર્ચમાં નાંખેલ છે. ડી-૧ થી ડી-૪ અને બી-૨૫ થી બી-૨૮ વચ્ચેના રોડ સમિતિના ઠરાવ મુજબ ૨૧ ફુટનો સેન્ટરમાં બનાવવાનો હતો છતાં ૩૨ ફુટનો બનાવડાવી સોસાયટીના નાણાંનો દુરઉપયોગ કરેલ છે. વધુમાં રોડનું કામકાજ ચાલુ હતુ તે અરસામાં પ્રમુખશ્રીએ એન. ઓ. સી. સભાસદોને આપી. પાણી ગટરનાં કનેકશનો અપાયેલા અને પછીથી રોડ કોન્ટ્રાકટર પાસે બનાવડાવેલા રોડ તોડી નાંખી ગટર પાણીના કનેકશનો થયા છે. એવી મતલબનો પત્ર મેળવી કટીંગ માટેના લગભગ રૂા.૨૨૦૦૦/- કરતાં વધારે રકમ ચુકવવાની કાર્યવાહી થઈ રહેલ છે. સી-૧ થી સી-૧૨ અને ડી-૧ થી ડી-૪ અને ૧૫ ફુટ જગ્યા આપે તો મંત્રીશ્રી અને તેના બનેવી અને તેમના શાળાનું મકાન અનુક્રમે સી-૧૧, સી-૧૨, અને ડી-૧૨ ઓથે પડી જાય છે. તેમજ ડી-૧ થી ડી-૪ ના સભાસદોને કાયદેસર મળેલી ૧૫ ફુટ જમીન મંજૂર કરેલ પ્લાન મુજબ હતી. તે તા.૧૯-૧૧-૮૯ની સામાન્ય સભામાં ઓપન કરી ન આપવા જણાવેલ. આ સભાસદોને મળતાં કાયદેસરનો લાભમાંથી વંચિત રાખવા મંત્રીશ્રીઓ કાર્યવાહી કરેલ છે.

(૫) શ્રી એમ. કે. રાઠોડ રોડ કોન્ટ્રાકટર પાસેથી ચેકથી કામ થયા અગાઉ ઓવર પેમેન્ટ કરી રૂા. ૧૦,૦૦૦/-જેવી રકમ લાંચ સ્વરૂપે લીધેલ છે.

(૬) સોસાયટીમાં વીજળીના પોલ અગાઉ વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશનની જે પ્લાન નક્કી કરી આપેલ જગ્યાએ સી-૧ થી સી-૧૨ સાઈડ નાંખેલા તે અંગત સ્વાર્થ ખાતર મંત્રીશ્રીએ ખસેડાવી રૂા. ૨૧૩૪૫/- જેવી મોટી રકમનું બીન જરૂરી ખર્ચ કરેલ છે. જેને વાર્ષિક સાધારણ સભાએ મંજુર રાખેલ નથી.

(૭) તા. ૧૯-૧૧-૮૯ની સામાન્ય સભા બોલાવી પોતાને અનુકુળ કમીટી રચી અને પોતે તેમાં સામેલ રહેવા મંત્રીશ્રીએ પ્રયત્ન કરેલો. સભાસદોએ વિરોધ કરતાં રહેલા સભાસદોની ઉપરવટ જઈને કમીટીના ખોટા નામ નોંધી હાજર રહેલા સભાસદો તેમજ સામાન્ય સભાના પ્રમુખશ્રીની સહી લીધા વગર મંત્રીશ્રી ઠરાવબુક લઈ ચાલ્યા ગયા હતા. અને પાછળની તારીખોમાં સભાસદોના રહેઠાણે જઈ એનકેન પ્રકારે હાજર રહેલા કે ન રહેલા સભાસદોની પાછળની તારીખોમાં સહી લઈ સમિતી રચી નવી કમીટીને ચાર્જ આપી પોતે પોતાની ટ્રાન્સફર થઈ હોવાથી ચાલ્યા ગયા છે.

(૮) ડી-૪ના સભાસદે અગાઉથી મંજુરી મેળવી પોતાને મળતી પ્લોટ જગ્યામાં બાઉન્ડ્રીની વોલ બનાવતા હતા છતાં મે. બોર્ડ ઓફ નીમીનીઝમાં રજુઆત કરી સ્ટે લાવી કામ રોકાવી સભાસદોને અને સોસાયટીને બીન જરૂરી ખોટા ખર્ચમાં નાંખી છે.

(૯) સી-૧ થી ૯ના સભાસદોને ખોટી રીતે ચઢાવી બોર્ડ ઓફ નીમીનીઝમાં સોસાયટી વિરૂધ્ધ કેસ કરાવેલ છે. અને સભાસદોને તેમજ સોસાયટીને અંગત સ્વાર્થ ખાતર ખર્ચમાં નાંખેલ છે.

(૧૦) વહીવટી વર્ષ ૧૯૮૮-૮૯ના કમીટી સભ્યો.

(૧) શ્રી એસ. એચ. પરમાર
(૨) શ્રી પીલ્લોલવાળા
(૩) શ્રી મણીલાલ ભાણાભાઈ પરમાર (પ્રમુખ)
(૪) શ્રી જીવાભાઈ વાઘેલા (સહમંત્રી)
(૫) શ્રી સુરેશભાઈ મેકવાન

વગેરેએ મંત્રીશ્રીના આપખુદ વહીવટ માટે તેમજ ખોટા ખર્ચ કરતા હોવા માટેનો વિરોધ દર્શાવેલ હતો.

INDEX

(૧૧) ગત વહીવટી વર્ષ દરમ્યાન મંત્રીશ્રીએ રોડ કોન્ટ્રાક્ટર પાસેથી લાંચ રૂપે મેળવેલ રૂા. ૧૦,૦૦૦/- તેમજ સભાસદોના બ્લોકના કમ્પલીશન સર્ટીફીકેટ માટે રૂા. ૫૦૦/- ફાળાથી મેળવેલ તે બાબતના આર્કીટેક્ટ શ્રી પીઠવા પાસે લાંચ કમીશન પેટે મેળવેલ નાણાંની રકમ માજી કોન્ટ્રાક્ટર શ્રી બી. એન. શાહ પાસેથી ગેરકાનુની રીતે મેળવેલ નાણાં જુની પાઈપો વેચી તેના ઉપજેલા રૂા. ૯૩૦૦/- અને પાણી અને ગટર લાઈન આંતરીક નાંખવામાં થયેલ નાણાંકીય લેવડ-દેવડ માટે અન્ય ઘણી બાબતે મંત્રીએ લાંચ કમીશન મેળવેલ છે.

(૧૨) પ્રમુખશ્રી મણીલાલ ભાનાભાઈ પરમારે મંત્રીશ્રીને લખેલ તા. ૨-૪-૯૯ના પત્રથી લાંચ અને કમીશનમાંથી અડધો ભાગ મેળવવા માંગણી અને તાકીદ કરેલ છે.

(૧૩) માજી કોન્ટ્રાક્ટર શ્રી ભાગવતભાઈ શાહ પાસેથી રૂા. ૧૫૦૦/- સહમંત્રીએ મેળવેલ છે અને ચેક મંજુર થયા વગર બેન્કમાંથી પાછા ફરેલા તે બાબતે મંડળી કાયદાકીય કાર્યવાહી ન કરે એવી બાંહેધરી સહમંત્રીએ આપેલ છે તે બાબતે તારીખ ૧૮-૧૧-૯૯ની શ્રી ભાગવતભાઈ શાહના પત્રની નકલ રજુ થયેલ છે.

(૧૪) બ્લોક નં. ૧૪ શ્રીમતી ગાયત્રીબેન વર્માને ફાળવેલ હતી. તેના ઉપર મંત્રીશ્રી ભાઈલાલભાઈ સોમાભાઈ પરમારે બદઈરાદેથી અને સદર પ્લોટ પોતાના સગાવહાલા માટે પડાવી લેવા કાવાદાવા કરી પ્રયત્નો કરી રહયા હતા અને તેઓએ ઉપર કરેલ બાંધકામ તોડી પાડી શ્રીમતી વર્માને મોટું આર્થિક નુકશાન કરેલ છે.

(૧૫) બ્લોક નં. ડી-૧૨ પહેલા મંજુર થયેલ નહીં તે બ્લોક મંત્રીશ્રીએ તેમના સાળાને અપાવી પ્લીન્થ સુધીનું કામ કરાવી લીધેલ છે.

(૧૬) તા. ૧૬-૭-૯૯ના રોજ રોડ કમીટીની મીટીંગમાં બી. અને ડી ના વચ્ચે રોડમાં સેન્ટરમાં ૨૦ ફુટનો રોડ બનાવવા ઠરાવ થયેલ છતાં મંત્રીશ્રીએ આપખુદી વાપરી ડી અને બી વચ્ચેનો રોડ છે. તેટલો પુરેપુરો બનાવવા કોન્ટ્રાકટરશ્રી ઉપર દબાણ લાવી રોડનું વધારાનું કામ કરાવેલ છે અને ખોટો ખર્ચ થયેલ છે. વળી નામ ખાતર જે રોડ કમીટી રચી પ્રમુખ/મંત્રીશ્રીએ જ રોડનો સર્વે લેવડ-દેવડ કરેલ છે.

ઉકત મુદ્દાઓ સબબની કારણદર્શક નોટીસના સંદર્ભે તા. ૧૦-૫-૯૩ના રોજની સુનાવણીમાં પ્રમુખશ્રી મણીલાલ ડાહ્યાભાઈ તેમજ મંત્રીશ્રી સુરેશભાઈ આશાભાઈએ આમુખ(૨)ની કારણદર્શક નોટીસના મુદ્દા નં. ૧૨ સિવાયના તમામ મુદ્દાઓની હકીકત સાચી હોવાનું તેમજ જે તે સમયની સમિતી દોષિત હોવાનું કબુલ કરેલ છે. તેમજ મંડળીમાં વહીવટની નિમણુંક કરવા સામે હરકત નથી તેમ રજુઆત કરેલ છે. સહમંત્રીશ્રી જીવાભાઈ એમ. વાઘેલાએ તા. ૧૫-૪-૯૩ના પત્રથી મુદ્દા-૧૩નાં જવાબમાં માજી કોન્ટ્રાક્ટર શ્રી ભાગવતભાઈ શાહ સામે કાયદેસરની કાર્યવાહી નહીં કરવા રૂા. ૧૫૦૦/- મેળવી બાંહેધરી આપેલ છે જે બાબત સત્યથી વેગળી હોવાનું જણાવેલ છે તેમજ શ્રી ભાગવતભાઈ શાહે મંડળીમાં ભરવા આપેલ નાણાં રૂા. ૧૫૦૦/- તેઓને શ્રી સુરેશભાઈ એ. મેકવાનની રૂબરૂમાં પરત આપ્યાની પાવતીની ઝેરોક્ષ રજુ કરેલ છે. તે સિવાય મંડળીના હોદ્દેદારોએ કોઈ રજુઆત કરેલ નથી પરંતુ મંડળીનાં પ્રમુખ/મંત્રીએ તા. ૩૦-૫-૯૩ના પત્રથી હાલના તબક્કે સોસાયટીમાં વહીવટદારની જરૂર જણાતી નથી જેથી વહીવટદારની નિમણુંક નહી કરવા રજુઆત કરેલ છે. અને તે બાબતના તા. ૩૦-૫-૯૩ના ઠરાવ નં. ૩ની નકલ રજુ કરેલ છે.

ઉકત વિગતો જોતા તા. ૧૦-૫-૯૩ની સુનાવણીમાં આમુખ(૨)ની કારણદર્શક નોટીસના મુદ્દા નં. ૧૨ સિવાયના તમામ મુદ્દાઓ અંગેની હકીકત સાચી હોવાનું પ્રમુખ/મંત્રીશ્રીએ કબુલ કરેલ છે તેમજ મંડળીને વહીવટમાં લઈ જવાની સંમતિ દર્શાવેલ છે. પરંતુ તા. ૩૦-૫-૯૩ના પત્રથી મંડળીને વહીવટમાં નહી લઈ જવાનો ઠરાવ કરી મંડળીમાં વહીવટદારની નિમણુંક નહી કરવા ભલામણ કરેલ છે. પરંતુ કારણદર્શક નોટીસના મુદ્દાઓ સબબ કોઈ જવાબ રજુ કરેલા નથી. અન્ય કમીટી સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહેલ નથી કે કારણદર્શક નોટીસના મુદ્દાઓ અંગેની સ્પષ્ટતા કરવા માટે કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. જેથી કાર્યવાહકોને કોઈ પ્રશ્ન નહી હોવાનું તારણ સ્પષ્ટ થતાં તેમજ કારણદર્શક નોટીસના મુદ્દાઓ ગંભીર હોઈ મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીની તા. ૩૦-૫-૯૩ની મંડળીને વહીવટમાં નહી લઈ જવાની ભાલમણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આમ તમામ બાબતોને અનુલક્ષીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ આરાધના રેલ્વેમેન્સ કો. ઓપ. હા. સો. લી. વડોદરાની વ્યવસ્થાપક કમીટી પ્રાથમિક તબક્કે મંડળીનો વહીવટ વહીવટદાર સંભાળે તે તારીખથી એક વર્ષ માટે દૂર કર છું. અને કલમ-૮૧(૧)(ખ) અનુસાર વહીવટદાર તરીકે શ્રી આર. જે. મસીરીની માસિક રૂા. ૩૦૦/-ના મહેનતાણાથી નીચેની શરતોને આધીન વહીવટદાર તરીકે નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ તેમજ સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદાર મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલાવાનો રહેશે તેમજ મંડળીનાં સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૬-૮-૧૯૯૩.

એસ. પી. ભટ્ટ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

INDEX

ક્રમાંક : નં.-ઉખસ/નંધાણુ/સે.દુ-૨૬૫૪૧/ગ-૨-૫૭૬/૯૩ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે, મહાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ મહાપુરા તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૯-૭-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૨૫-૬-૯૩નો ક્રમાંક : ફડચા/ફડચ/ઝ-૨/૧૧૫૮/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.-ફડચ/ઉખસ/ફ-૯૫૧૧/ઝ-૨/૧૩૪૫/૯૩

ધી ઝીલાવા ગ્રુપ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઝીલાવા તા. છોટાઉદેપુર જે તારીખ ૧૭-૧-૮૫ના નોંધણી ક્રમાંક સે.દુ-૨૦૮૨૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરા ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષ (એકવર્ષની) મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૨૪-૧-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૩૦-૬-૯૩નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૧૧૮૮/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.-ફડચ/ઉખસ/ફ/૦૧/૯૫૧૨/ઝ-૨/૧૩૪૬/૯૩,

ધી શ્રીનાથજીનગર કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. પવલેપુર તા. વાઘોડિયા જે તારીખ ૩૦-૯-૮૩ના નોંધણી ક્રમાંક : લ-૧૧૦૬૨થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક : તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૧) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરા નીમાણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી એક વર્ષ (એકવર્ષ)ની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૩૦-૬-૯૩નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૧૧૮૨/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.-ફડચ/ઉખસ/૦૧/ફ/૯૫૧૩/ઝ-૨/૧૩૪૭/૯૩

ધી શિવકૃપા કો. ઓપ. હાઉસીંગ સો. લી., કરજણ મુ. કરજણ તા. કરજણ જે તારીખ ૨૬-૪-૮૪ના નોંધણી ક્રમાંક : લ-૧૧૧૪૫થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક : તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષ (એકવર્ષ)ની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૨૫-૬-૯૩નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૧૧૫૭/નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.ફડચ/ઉખસ/ફ-૯૫૧૪/૦૧/ઝ-૨/૧૩૪૮/૯૩

ધી કરજણ કરબાની ભંગી કોલોની કેડીટ સહકારી મંડળી લી., મુ. કરજણ તા. કરજણ જે તારીખ ૧૧-૧૦-૪૮ના નોંધણી ક્રમાંક : ૧૭૩૪૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક : તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષ (એકવર્ષ) ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૩૦-૬-૯૩નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૧૧૮૫/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.-ફડચ/ઉખસ/ફડચ/૯૫૧૫/૦૧/ઝ-૨/૧૩૪૯/૯૩

ધી ઈકબાલ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. સાંસરોદ તા. કરજણ જે તારીખ ૧-૧૨-૮૩ના નોંધણી ક્રમાંક : ઘ-૧૧૦૭૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક : તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક), (ગ) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષ (એકવર્ષ)ની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૨૫-૬-૯૩નો ક્રમાંક : ફડચા/૦૧/ઝ-૨/૧૧૫૯/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં. ફડચા/ઉખસ/૦૧/ફ/૯૫૧૬/ઝ-૨/૧૩૫૦/૯૩

ધી શ્રી શ્રધ્ધા કો. ઓપ. કન્ઝ્યુમર્સ સહકારી મંડળી લી. મુ. બોડેલી તા. સંખેડા જે તારીખ ૧૯-૯-૮૬ના નોંધણી ક્રમાંક ભ-૩૪૫૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૧) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા નં.-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષ (એકવર્ષ-ની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૩૦-૬-૯૩નો ક્રમાંક : ફડચા /ઝ-૨/ ૧૧૮૧/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.-ફડચ/ઉખસ/ફ-૯૫૧૭/ઝ-૨/૧૩૫૧/૯૩

ધી કામરોલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કામ-રોલ તા. વાઘોડિયા જે તારીખ ૧૬-૪-૮૪ના નોંધણી ક્રમાંક : સે.-૨૦૭૭૭થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૧) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૩૦-૬-૯૩નો ક્રમાંક : ફડચા/ઝ-૨/ ૧૧૮૬/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.-ફડચ/ઉખસ/ફ-૯૫૧૮/ઝ-૨/૧૩૫૨/૯૩

ધી ડાભીયા સહકારી ખેતી ધિરત મંડળી લી., મુ. ડાભીયા તા. તિલકવાડા જે તારીખ ૨૯-૩-૭૮ના નોંધણી ક્રમાંક સે-૨૩૪૫થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક : તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિ-નિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) (૫) મુજબ સદરહુ વચગાળાના આદેશની સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. નં.-૧ વડોદરાની નિમ-ણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૪-૮-૯૩.

INDEX

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીના તા. ૨૦-૩-૯૩ના પત્ર ક્રમાંક:વહટ/૦૧ /ઝ/૩/૩૬૦ની કારણદર્શક નોટીસ.

(૩) તા. ૨૩-૩-૯૩નો પ્રમુખશ્રીનો જવાબ.

ન. વહટ/૦૧/ઝ/-૩/૧૩૭૦/૯૩; આથી પદ કો.ઓપ. હાઉસીંગ સો. લી. વડોદરાએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ધ-૬૦૭૭ તા. ૧૧-૧૧-૭૫ છે. જેનો ઉલ્લેખ આ કામે હવે પછી "મંડળી" તરીકે કરવામાં આવેલ છે.

શ્રી ઓડીટર, ગ્રેડ-૧ સ.મં.(૨) વડોદરાએ મજકુર મંડળીના તારીખ ૧-૭-૯૧ થી ૩૦-૬-૯૨ સુધીના સમયના હાથ ધરેલ અન્વેષણ દરમ્યાન જણાઈ આવેલ વહીવટી ગેરરીતીઓ સબબ. મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા ભલામણ થઈ આવેલ છે.

(૧) કાયદાની કલમ-૭૭ મુજબ તથા પેટા નિયમની કલમ-૩૮ અન્વયે દર વર્ષે વાર્ષિક સાધારણ સભા બોલાવી વાર્ષિક અહેવાલ મંજુર કરવામાં આવતા નથી.

(૨) કાયદાની કલમ-૭૫ મુજબ મંડળીના દફતરો-દસ્તાવેજો જુના પ્રમુખશ્રી પાસેથી મેળવવાની કાર્યવાહી કરેલ નથી.

(૩) કાયદાની કલમ-૮૫ મુજબ ગત ઓડીટની દુરસ્તી કરેલ જોવા મળેલ નથી.

(૪) કાયદાની કલમ-૭૪ તથા પેટા નિયમની કલમ-૪૭ મુજબ સમિતિની રચના તથા સમિતિએ કરવાના કાર્યો કરેલ નથી.

(૫) કાયદાની કલમ-૬૬ તથા પેટા નિયમની કલમ-૬૧ અન્વયે નફાની ફાળવણી કરેલ નથી.

(૬) કાયદાની કલમ-૭૧ મુજબ અન્ય બેન્કમાં ખાતાની પરવાનગી મેળવ્યા સિવાય ખાનુ ખોલાવવાનું જણાઈ આવેલ છે.

(૭) રજુ થયેલ તા. ૩૦-૬-૯૨ના સરવૈયામાં શેરભંડોળ દર્શાવેલ નથી.

તેમજ અન્ય ફાળા કે જે સભ્યો પાસેથી અગાઉ ઉઘરાવેલ તે પણ સરવૈયામાં દર્શાવિલ નથી.

(૮) તા. ૩૦-૬-૯૨ના સરવૈયે મંડળીની આર્થિક પરિસ્થિતિ રજુ કરી સરવૈયે પૂંજી તથા લેણાં બાજુએ જમીન ખરીદી તથા સભાસદોને ધિરાણની રકમો દર્શાવિલ નથી. આમ મંડળીના પાછલા હિસાબો સાથે ચાલુ હિસાબો મેળવી મંડળીની સાચી આર્થિક સ્થિતિ રજુ કરેલ નથી.

(૯) બાકીદારો સામે પેટા નિયમ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તેમ જણાતું નથી.

(૧૦) ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન અમદાવાદ તરફથી મેળવેલ લોન અંગેની વિગતો ઓડીટ દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી.

આમુખ-(૨)ની કારણદર્શક નોટીસના ઉકત મુદ્દાઓ પરત્વે રજુઆત કરવા પૂર્તતા કરવા જરૂરી રેકર્ડ આધારપુરાવા રજુ કરવા મંડળીના કાર્યવાહકોને તારીખ ૫-૪-૯૩ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ પરંતુ મુદતે કોઈ સુનાવણીમાં હાજર રહેલ નથી પરંતુ આમુખ-(૩) મુજબનો જવાબ પ્રમુખશ્રીએ કમીટી વતી રજુ કરેલ છે. જે નીચે મુજબ છે.

(૧) મંડળીએ વાર્ષિક સાધારણ સભા તા. ૩-૩-૯૩એ બોલાવી વાર્ષિક અહેવાલ મંજુર કરેલ છે. કારોબારીની મીટીંગ તા. ૨૩-૩-૯૩ એ બોલાવેલ છે. વાર્ષિક સાધારણ સભામાં નવી કારોબારીની રચના કરેલ છે. તેમજ નિયમિત મંડળીની સભા બોલાવવા નોંધ લીધેલ છે.

(૨) મંડળીના દફતરો/દસ્તાવેજો, શેર ભંડોળ અંગેના ચોપડા, અગાઉના પ્રમુખ તથા ઓર્ગેનાઈઝરોએ વારંવારની માંગણી છતાં ચાર્જમાં આપેલ નથી.

(૩) કારોબારીની રચના કરવામાં આવેલ છે અને તે કાર્યશીલ છે.

(૪) ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સોસાયટી લી મં. સને ૧૯૮૧ થી ૧૯૯૩ ફેબ્રુઆરી સુધીમાં રૂ. ૧૩/- લાખ મંડળીએ ભરપાઈ કરેલ છે. અને ફાયનાન્સ સોસાયટીએ તે મુજબનુ સર્ટીફીકેટ પણ આપેલ છે.

(૫) મંડળીમાં નફો નહી હોવાથી નફાની ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી.

(૬) સોસાયટીમાં બેન્કની શાખા ખુલવાથી મંડળીની સગવડ માટે બેન્ક બદલવામાં આવેલ છે.

(૭) ૧૯૮૧ પહેલાના દફતરના અભાવે શેરભંડોળ અને અન્ય ફાળા સરવૈયે દર્શાવિલ નથી.

(૮) ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી લી.એ. બાકીદારો સામે અવારનવાર વસુલાતની કાર્યવાહી કરેલ છે અને હપ્તા નહીં ભરનારના મકાનને ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ સો.લી. એ તાળા મારેલ છે.

(૯) લોન અંગેની જુની વિગતો જુના દફતરના અભાવે ઓડીટ દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી.

મંડળી તરફથી રજુ થયેલ ઉપર મુજબના જવાબના સંદર્ભે આધાર-પુરાવા રજુ કરવા તા. ૨૪-૫-૯૩ના રોજ રૂબરૂ હાજર થવા જણાવવામાં આવેલ પરંતુ પ્રમુખ/મંત્રી તરફથી કોઈ આધાર-પુરાવા રજુ કરવામાં આવેલ નથી. તેમજ સદર મુદતે કચેરીમાં હાજર રહેલ નથી અને તા. ૨૩-૩-૯૩ની મંડળીની કારોબારીની મીટીંગનાં ઠરાવ-૨થી આમુખ(૨)ની કારણદર્શક નોટીસ સબબ મંડળીના સંચાલન માટે વહીવટદારની નિમણુંક વિરોધ કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતો જોતાં અત્રેની આમુખ-૨-ની કારણદર્શક નોટીસનાં મુદ્દાઓ સભામાં રજુઆત કરવા મંડળીના કાર્યવાહકો કચેરીમાં સુનાવણી દરમ્યાન હાજર થયેલ નથી તેમજ આમુખ (૩)થી મંડળી તર્ફે રજુ થયેલ જવાબના સંદર્ભે કોઈ આધાર-પુરાવા રજુ કરવામાં આવેલ નથી. કે આવા આધાર-પુરાવા રજુ કરવા કોઈ મુદ્દતની માંગણી કરવામાં આવેલ નથી. વળી મંડળીના કાર્યવાહકોને અગાઉના દફતર દસ્તાવેજો મેળવેલ નથી. જેથી

INDEX

મંડળીની સાચી આર્થિક સ્થિતિ રજુ કરી શકયા નથી. બાકીદારો સામે કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકો સરકારી કાયદા કાનૂન તેમજ પેટા નિયમો મુજબની કાર્યવાહી બજાવવામાં નિષ્ફળ નિવડયાનું ફલીત થતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧(૧) હેઠળ પ્રાપ્ત થતી સત્તાની રૂએ સભાસદ કો. ઓપ. હાઉસીંગ સો.લી., વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીનો વહીવટ કલમ-૮૧(૧) મુજબ વહીવટદાર સંભાળે તે તારીખથી એક વર્ષ માટે શ્રી કે. સી. શાહ ની માસિક રૂ. ૨૨૫/-ના મહેનતાણાથી નીચેની શરતોને આધીન વહીવટદાર તરીકે નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ સભેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરાવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા નિયમોને આધિન રહી કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રાતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૩-૯-૯૩.

નં.ઉખસ/નધણ/ગ-૨/૬૫૨/સે-૨૬૫૪૩/૯૩;આથી જાહેર કરે છે કે હિન્દુસ્તાન ફેશન્સ લીમી. એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લીમી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૪-૧૦-૯૩.

નં.ક-નધણ/ગ-૨/૬૧૩/ધ-૧૪૫૯૮/૯૩; જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે ગૌરવપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૪/૯/૧૯૯૩,

નં.ઉખસ/નધણ/ગ-૨/૬૫૪/સે-૨૬૫૪૪/૧૯૯૩; જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા આથી જાહેર કરે છે કે દ્વારકેશ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ ડભોઈ તાલુકો ડભોઈ જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૪/૧૦/૧૯૯૩.

વંચાણે લીધા :- આ કાર્યાલયને તા. ૨૪-૮-૯૩નો ક્રમાંક ફડચા-૦૧/ઝ-૨/૧૨૮૯ નો વચગાળાનો ફડચાનો હુકમ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૫૧૯/ઝ-૨/૧૭૮૧/૯૩ :-ધી હનુમાન દાદા પિયત સહકારી મંડળી લી. મુ. કોલ તા. છોટા-ઉદેપુર જે તારીખ ૨૭-૩-૭૯ના નોંધણી ક્રમાંક ખે-૨૩૬૧ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૩ (ગ)(૨)(૪)(૫) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૩(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૬-૧૦-૧૯૯૩.

વંચાણે લીધા :- આ કાર્યાલયને તા. ૨૪-૮-૯૩નો ક્રમાંક ફડચા/૦૧/ઝ-૨/૧૨૯૦નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ/૯૫૨૦/૦૧/ઝ-૨/૧૭૮૨/૯૩ :-ધી બાબાદેવ ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ખડખડ તા. છે.-ઉ. જે તારીખ ૨૭-૩-૭૯ના નોંધણી ક્રમાંક ખે-૨૩૬૩થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીને ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૩(૧)(ગ)(૨)(૪)(૫) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૩(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિ-ફડચા નં-૩ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૬-૧૦-૧૯૯૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક વહટ/૦૧/ઝ-૩/૮૬૭ તા. ૩૧-૫-૯૩.

ક્રમાંક વહટ/૦૧/ઝ-૩/૧૭૧૭/૯૩ :-ધી ભીમપુરા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. ભીમપુરા તા. ડભોઈ જી. વડોદરા એ સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલા સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર સે-૩૧૧૧ તા. ૨૮-૧૦-૬૬ છે. જેનો ઉલ્લેખ આ કામે હવે પછી મંડળી તરીકે કરવામાં આવેલ છે.

શ્રી સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષણ સહકારી મંડળીઓ (વિભાગીય) વડોદરાની આમુખ(૨)ની દરખાસ્ત મુજબ સબ ઓડીટર સહકારી મંડળીઓ (૨) ડભોઈએ મંડળીના તા. ૧-૭-૯૧ થી ૩૦-૬-૯૨ સુધીના હાથ ધરેલ અન્વેષણ દરમિયાન અત્રે જણાવેલ વહીવટી ગેર રીતીઓ સબબ મંડળીમાં વહીવટદારની નીમણુંક કરવા ભલામણ થઈ આવેલ છે.

(૧) તા. ૧-૭-૯૧થી૩૦-૬-૯૨ દરમિયાન કોઈ વસુલાત થયેલ નથી. સરકારશ્રીના દેવા રાહત યોજના અન્વયે મળેલ રકમથી બેંકની લોન તથા વ્યાજ ભરપાઈના હવાલા થયેલ છે.

(૨) સને ૧૯૯૧--૯૨ના વર્ષની વ્યવસ્થાપક કમીટી તેમજ મંત્રીશ્રી મુદત વીતી બાકીદાર છે.

(૩) સને ૧૯૯૧--૯૨ વર્ષ દરમિયાન બાર કમીટી સભ્યોને તા. ૨૯-૯-૯૧ના રોજ સામાન્ય સભા બોલાવેલ છે. પરંતુ વસુલાત બાબતે કોઈ ઠરાવ કે કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૪) વસુલાત બાબતે દાવા કર્યાનું ધ્યાન ઉપર આવેલ નથી.

(૫) છેલ્લા બે વર્ષનો ઓડટી વર્ગ ડ છે.

(૬) પાછલા તેમજ ચાલુ વર્ષની ઓડીટ ફી ભરપાઈ કરવાની બાકી છે.

(૭) ગત હીસાબ તપાસણી યાદીની દુરસ્તી કરેલ નથી.

(૮) મંડળીએ ટુંકી મુદત મધ્યમ મુદત, કન્વરજન રીફેસમેન્ટ જેવી બેંક લોનો મેળવેલ છે. પરંતુ તેમાં થયેલ કરાર અને શરત મુજબ નીયમીત હપ્તા ભરવામાં આવતા નથી. વસુલાત માટે કાયદેસરની કાનુની કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૯) મંડળીનો ડેડ સ્ટોક ઉપર ધસારો કાઢવામાં આવતો નથી.

(૧૦) સભાસદોના લેણા-દેવાની બાકી અંગે કબુલાત પત્રકો મેળવેલ નથી.

આમુખ (૨)ની કારણદર્શક નોટીસના ઉકત મુદ્દાઓ પરની રજુઆત કરવા અને પુર્તતા કરવા જરૂરી રેકર્ડ આધાર પુરાવા રજુ કરવા મંડળીના કાર્યવાહકોને તા. ૧૪-૬-૯૩ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવેલ તેઓને કારણદર્શક નોટીસ મળ્યા બદલની પુરાવો અત્રેની કચેરીને મળેલ છે. જેથી કાર્યવાહકો ઉકત આમુખ(૨) નો કારણદર્શક નોટીસથી અજાણ હોવાનું જણાયું નથી. ત્યારબાદ તા. ૧૪-૭-૯૩ના પત્રથી મંડળીના કાર્યવાહકોને તા. ૧૯-૭-૯૩ની મુદત આપી સુનવણીની બીજી તક આપવામાં આવેલ છતાં કાર્યવાહકોએ એક પણ સુનવણીમાં હાજર રહી કારણદર્શક નોટીસના મુદ્દાઓ સબબ કોઈ લેખીત જવાબ રજુ કરેલ નથી. કે જવાબ રજુ કરવા કે સુનવણી અર્થે બીજી મુદતની માંગણી કરેલ નથી. જેથી આમુખ(૨)ની કારણદર્શક નોટીસના સંદર્ભ મંડળીના કાર્યવાહકો કોઈ રજુઆત કરવા માંગતા નથી. તેમ તેમની મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા કાયદા મુજબ ચલાવવા કમીટી નીષ્ફળ નીવડયાનું ફલિત થતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧(૧) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ભીમપુરા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. ભીમપુરા તા. ડભોઈ જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દુર કરી મંડળીનો વહીવટી કલમ-૮૧(૧) મુજબ વહીવટદાર સંભાળેલ તે તારીખથી એક વર્ષ માટે શ્રી બરોડા સેન્ટલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની માસીક રૂ. ના મહેનતાણાર્થે નીચેની શરતોને આધીન વહીવટદાર તરીકે નીમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીનો તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નીયંત્રણ અને સંમતી હેઠળ કરવાનો રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નીયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસીક પ્રગતી અહેવાલ નીયમીત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નીયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૭-૧૦-૯૩.

વંચાણે લીધો :- આ કાર્યાલયને તા. ૩-૧-૯૨નો ક્રમાંક : ફડચા/૦૧/ઘ-૩/૧૩નો વચગાળાનો ફડચાનો હુકમ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ/૯૫૨૧/૦૧/ઝ-૨/૧૭૯૪/૯૩:-ધી માંગલેજ પિયત સહકારી મંડળી લી. મુ. માંગલેજ તા. કરજણ જે તારીખ ૧૧-૮-૬૩ના નોંધણી ક્રમાંક-૩૬૫થી નોંધવામાં આવી

INDEX

હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૨ની નિમાણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રાણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૧-૧૦-૧૯૯૩.

વંચાણે લીધા :- શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ લગત નવાપુરા નાગરીક સેવા સહ-ગ્રાહક ભંડાર લી. વડોદરાની તારીખ ૩૦-૮-૯૩ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૧૭૯૭/૯૩ :-થી નવાપુરા નાગરીક સેવા સહ-ગ્રાહક ભંડાર લી. વડોદરાની નોંધણી ક્રમાંક ભં-૩૨૫૮ તારીખ ૩-૮-૮૧થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમથી નંબર ઉખસ/ફડચ/ફ/૯૧૯૦/ઝ-૨/૭૮ તારીખ ૨૦-૨-૯૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૧૧-૧૦-૧૯૯૩.

નં. ઉખસ/નધણુ/ભં-૪૪૯૨/ ગ-૨/૭૬૦/૯/૯૩ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે રંગ અવધૂત મહિલા ગ્રાહક સહકારી ભંડાર લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૧૦-૧૯૯૩.

વંચાણે લીધા :-
(૧) અત્રેની કચેરીનો તા. ૩૧-૩-૯૩નો પત્ર વલટ/૦૧/૩-૩/૧૨૯/૯૩.

જા. નં. વસંગ/ને-૩/૩/૧૮૩૦/૯૩

આમુખ-૧ના અત્રેની કચેરીના હુકમ નંબર :વલટ/૦૧/૩-૩/૧૨૯ તા. ૩-૩-૯૩થી શ્રી શીતળ એપાર્ટમેન્ટ કો. ઓ. હાઉસીંગ જે--૩૨--૭.

સોસાયટી લી., કારેલીબાગ, વડોદરામાં સને ૧૯૬૨ના ગુજરાત સહકારી મંડળીઓની કલમ-૮૧ અન્વયે વહીવટદારની નિમાણુંક વહીવટદાર મંડળીનો હવાલો સંભાળે તે તારીખથી એક વર્ષમાટે કરવામાં આવેલ વહીવટદાર તરીકે શ્રી જે. આર. ત્રિવેદીની માસિક રૂા. ૨૦૦/-ના મહેનતાણાથી નિમાણુંક કરવામાં આવી. સને ૧૯૯૩-૯૪ની વહીવટદારની પેનલ મારી મુજબ શ્રી જે. આર. ત્રિવેદીનો સમાવેશ ચાલુ વર્ષની યાદીમાં નથી. તેમજ શ્રી ત્રિવેદીએ મંડળીનો ચાર્જ સંભાળેલ નથી.

શ્રી ત્રિવેદીનો ૯૩/૯૪ની પેનલમાં સમાવેશ ન હોઈ શ્રી ત્રિવેદીને બદલે શ્રી આર. જે. મશનરીની વહીવટદાર તરીકે રૂા. ૨૦૦/-ના માસિક મહેનતાણાથી નીચેની શરતોને આધિન ચાર્જ સંભાળે તે તારીખથી નિમાણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુડી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારે વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓબોર્ડના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા-નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ માસિક અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૩-૧૦-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નધણુ/ધ-૧૪૫૯૯/ગ-૨/૮૬૩/૯૩ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે, પારિતોષ કો.-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૧૦-૧૯૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નધણુ/ગ-૨/૮૬૪/સિ.-૨૬૫૪૫/૯૩ આથી જાહેર કરે છે કે, પાદરા વાહન વાહક ટૂર-ટ્રાવેલ્સ અને ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો પાદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૧-૧૦-૯૩.

INDEX

ક્રમાંક : નં.-ઉખસ/નધાણુ/ગ-૨/૮૭૦/ભં.-૪૪૯૩/૯૩ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી રીદ્ધિસિદ્ધિ સહકારી ગ્રાહક ભંડાર વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૮-૧૦-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નધાણુ/ગ-૨/સિ.-૨૬૫૪૬/૯૩ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા આથી જાહેર કરે છે કે, ક્રેન્ડઝ કો. ઓ. ક્રેડીટ સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ કરજણ તાલુકો કરજણ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૮-૧૦-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયને તા. ૩૧-૭-૯૧નો ક્રમાંક : ફડચ/૦૧/ધ-૩/૭૮૮/૯૧નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.ફડચ/ઉખસ/ફ-૯૫૨૨/૦૧/ઝ-૨/૧૯૨૦/૯૩

ધી ઈંદ્રપુરી સહકારી ગ્રાહક ભંડાર લી., વડોદરા મુ. વડોદરા તા. વડોદરા જે તારીખ ૨૮-૨-૭૫ના નોંધણી ક્રમાંક : ભ-૪૮૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ (૧) (ક) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૩ (૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ-અધિ. ફડચા-૩ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષ (એકવર્ષ)ની મુદતમાં પૂરી કરવી.

વડોદરા, તા. ૨૯-૧૦-૯૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયના તા. ૧૭-૮-૯૨નો ક્રમાંક : ફડચા/૦૧/ધ-૩/૧૨૫૨/૯૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ.

જા. નં.ફડચ/ઉખસ/ફ-૯૫૨૩/૦૧/ઝ-૨/૧૯૨૧/૯૩

ધી સાંઈનાથ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. વડોદરા તા. વડોદરા જે તારીખ ૨૮-૭-૮૧ના નોંધણી ક્રમાંક : ૧૮૪૬૭ થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ (૧) (ક) (ગ) (૨) (૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સૂચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ-૧૦૩(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૨૯-૧૦-૯૩.

ક્રમાંક : નં,-ઉખસ/નધાણુ/ગ-૨/૮૭૮/ભ.-૪૪૯૪/૯૩ આથી જાહેર કરે છે કે ધી વડોદરા જિલ્લા પંચાયત કર્મચારી કો.ઓપ. કન્ઝ. સોસાયટી લી,, વડોદરા, મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા તા. ૧-૧૧-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નધાણુ/૦૧/ગ-૨/૯૭૦/સિ. ૨૬૫૪૭/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી બોડેલી વિભાગ ફળ અને શાકભાજી ખરીદ વેચાણ પ્રોસેસીંગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બોડેલી તાલુકો સંખેડા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૯-૧૧-૯૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ લગત એસ. ટી. લી. એમ્પ. કો. ઓપ. કન્ઝયુમર્સ સ્ટોર્સ લી. વડોદરાનો તારીખ ૨૮-૯-૯૩નો પત્ર

હુકમ.

—. નં.ફડચા-ઝ-૨/૨૦૪૯/૯૩

ધી એસ. ટી. લી. એમ્પ. કો. ઓપ. કન્ઝયુ. સ્ટોર્સ લી., વડોદરાની નોંધણી ક્રમાંક : ભ-૪૮૩ તારીખ ૮-૪-૯૧થી કરવામાં આવી હતી. જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વડોદરાના હુકમ

INDEX

નંબર ફડ્યા/ઉખસ/ફ/૯૧૮૨/૭૪૫ તારીખ ૨૫-૫-૯૨ થી ફડ્યામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડ્યા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડ્યા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડ્યાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૧-૯૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડ્યા નં.-૧ લગત શ્રીનાથજીનગર કો. ઓપ. હા. સો. લી., મુ. પવેલપુર તા. વાઘોડીયા નો તારીખ ૯-૧૧-૯૩નો પત્ર.

હુકમ.

જા. નં.-ફડ્યા/ઝ-૨/૨૦૬૬/૯૩.

ધી શ્રીનાથજીનગર કો. ઓપ. હા. સો. લી., મુ. પવેલપુર તા. વાઘોડિયાની નોંધણી ક્રમાંક : ધ-૧૧૦૬૨ તારીખ ૩૦-૯-૮૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડ્ય/ફ/૯૫૧૨/ઝ-૨/૧૩૪૬/૯૩ તારીખ ૨૪-૮-૯૩થી ફડ્યામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડ્યા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડ્યા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડ્યાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૧-૯૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડ્યા નં.-૨ કાળાઘોડા દૂધ ઉત્પાદક સ. મં. લી., મુ. કાળાઘોડા તા. તિલકવાડા નો તારીખ ૨૫-૧૦-૯૩નો પત્ર.

હુકમ.

જા. નં.-ફડ્યા/ઝ-૨/૨૦૬૭/૧૯૯૩.

ધી કાળાઘોડા દૂધ ઉત્પાદક સ. મં. લી., તા. તિલકવાડાની નોંધણી ક્રમાંક : સે.દુ-૨૧૫૩૯ તારીખ ૨૭-૧૦-૮૫થી કરવામાં આવી હતી. જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડ્ય/ફ-૯૨૯૧/૭૬/૯૩ તારીખ ૨૦-૨-૯૨ થી ફડ્યામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડ્યા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડ્યા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડ્યાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૧-૯૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડ્યા નં.-૨ લગત રણોલી તમાકુ ઉત્પાદન સ. મં. લી., તા. જિ. વડોદરા. નો તારીખ ૨૨-૧૦-૯૩નો પત્ર.

હુકમ.

જા. નં. ફડ્યા/ઝ-૨/૨૦૬૮/૯૩.

ધી રણોલી તમાકુ ઉત્પા. સ. મં. લી., તા. જિ. વડોદરાની નોંધણી ક્રમાંક : સે.-૨૦૧૧૫/તારીખ ૨૫-૧-૮૪થી કરવામાં આવી હતી. જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડ્ય-ફ/૯૫૧૦/ઝ-૨/૧૨૪૪/૯૩ તારીખ ૨૨-૭-૯૩થી ફડ્યામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડ્યા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડ્યા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪-(૨) અન્વયે ફડ્યાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૧-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નધણ/૦૧/ગ-૨/૯૮૧/ભં-૪૪૯૫ ૧૯૯૩ આથી જાહેર કરે છે કે, બાલાજી ખેડૂત ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ પાદવ તાલુકો પાદવ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૧૨-૯૩.

ક્રમાંક : નં.-નયન/ગ-૨/૯૮૨/સે.-૨૬૫૪૯ આથી જાહેર કરે છે કે, સર્જન પ્રીમાઈસીસ ઓનર્સ કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨-૧૨-૯૩.

ક્રમાંક : ઉખસ/નધાણ/ગ-૨/૯૨૩/સે.-૨૬૫૪૮/૯૩ જિલ્લા રજી-સ્ટ્રાર, સહકારી મંડળી, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી સાંઈનાથ પ્રીમાઈયીલ ઓનર્સ કો. ઓ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨-૧૨-૯૩.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૬૧ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીની વહટ/૦૧/ઝ/૩/૧૧૨૬/તા.૧૭-૬-૯૩ તથા વહટ/૦૧/ઝ/ ૩/૧૩૬૯ તા.૧૩-૯-૯૩ની કારણદર્શક નોટીસ.

(૩) સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક સ. મં.(વિભાગીય) વડોદરાની તારીખ ૨૭-૧-૯૩ની દરખાસ્ત.

નં.વહટ/૦૧/ઝ/૨૦૬૧/૯૩.કેલનપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. કેલનપુર તા. વડોદરાના સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૧૭૮૭૧ તા. ૩૦-૫-૫૯ છે હવે પછી આ કામે તેની "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

શ્રી સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષક સ.મં.(વિભાગીય) વડોદરા તા.૨૭-૧-૯૩ના પત્ર આમુખ (૩) થી દરખાસ્તથી ઓડીટર સહકારી મંડળીઓ નં.૮ વડોદરાએ મજકુર મંડળીના તા. ૧-૧-૯૧ થી ૩૦-૬-૯૨ ના હાથ ધરેલ અન્વેષણ દરમ્યાન જોવા મળેલ વહીવટી ગેરરીતીઓ સબબ સરકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવા અહેવાલ રજુ કરી મંડળીને વહીવટમાં લઈ જવાની ભલામણ કરેલ. જેમાં અત્રે જણાવેલ વહીવટી ગેરરીતીઓ સબબ આમુખ (૨) થી કારણદર્શક નોટીસ આપવામાં આવી.

(૧) મંડળીના ૧-૧-૯૦ થી ૩૧-૧૨-૯૦ ના ઓડીટની ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫ તેમજ મંડળીના પેટા નિયમ-૪૪(૨૩)નો ભંગ કરેલ છે.

(૨) સરકારશ્રીના દેવા રાહત યોજના હેઠળ મંજુર થયેલ રાહતના બેન્ક પત્રક નં. ૨ મુજબ મંજર કર્યા મુજબ મુદલ રૂ. ૨૭૮૭૩૭/ તથા વ્યાજ રૂ. ૪,૭૪,૫૧૮/ ના હવાલા રોજ મેળે ન કરતાં મુદત ખાતે રૂ. ૬,૬૯,૦૨૦/ અને વ્યાજ ખાતે રૂ. ૮૪,૫૩૯/ ના હવાલા પાડેલ તે તા.૩-૮-૯૧ના રોજ સુધારેલ છે. જે મંત્રીશ્રીની આણઆવડત અને ભૂલ થયેલ છે. આ અંગે મંત્રીશ્રી સાથે કમીટી પણ જવાબદાર જણાય છે.

(૩) શ્રી દાઉદભાઈ મહંમદભાઈ પટેલ તથા શ્રી બાબુલાલ મિસરીલાલ જયસ્વાલને ધિરાણ તેમજ વ્યાજની વસુલાત થયા પહેલા મંત્રીશ્રી મુકુદબીહારી સાકરલાલ શાહે ધિરાણ બાકી નથી તે બાબતનો દાખલો તેમજ સહીથી આપેલ છે.

વધુમાં મંડળીની તા.૨૫-૩-૯૧ની કમીટીની મીટીંગમાં થયેલ ઠરાવ મુજબ જે સભાસદો પુરેપુરુ મુદલ આપે તો તેને વ્યાજના ૫૦ ટકા રાહત આપવી તથા ઠરાવમાં વધુમાં જણાવેલ છે કે કેટલાક બેન્ક અધિકારીઓની ખાંભા મુકામે તા. ૨૨-૨-૯૧ની મીટીંગમાં વસુલાત અંગે ચર્ચા થતા તેમાં વ્યાજમાં રાહત આપવા મૌખિક ચર્ચા થયેલ આ મીટીંગ શ્રી દાઉદભાઈ મહંમદભાઈ પટેલ તથા બાબુભાઈ મીસરીલાલે તેઓના નિવેદનમાં આ બાબત જણાવેલ પરંતુ મંડળીના રેકર્ડ ઉપર આ અંગે કોઈ લેખીત આધાર નથી. જરૂરી અધિકૃત આધાર વિગેરે કમીટીએ ઠરાવ કરેલ હોઈ આમ બનવા પામેલ છે આ અંગે મંડળીના કાર્યવાહકોની નિષ્કાળજી અને બીન કાર્યક્ષમ વહીવટ ગણી શકાય.

(૪) મંડળીના સભાસદો શ્રી સોમાભાઈ બેચરભાઈ તથા શ્રી બાબુલાલ મીસરીલાલાની ધિરાણ બાકી રકમ રૂ. ૩૮૩/ અને રૂ. ૩૧૧૨/ બાકી હોવા છતાં ધિરાણ ચુકતે કર્યાના દાખલા મંત્રીશ્રી મુકંદબીહારી શાહે સત્તાનો દુરઉપયોગ કરી મનસ્વી રીતે આપેલા છે.

(૫) સભાસદો વસુલાત ચુકતે આપવા માટે શેર તથા બચતની રકમ મજરે મળે તેવી રજુઆત કરતાં કમીટીએ તા૧૫-૧૧-૯૦ની ની મીટીંગમાં ઠરાવ કરી ધિરાણ પુરેપુરુ ચુકતે આપે તેવા સભાસદોને રૂા. ૧૦/-નો શેર રાખી બાકીની શેરની રકમ તથા ફરજીયાત બચત પરત કરવા ઠરાવી મંડળીના ૧૨ સભ્યોને ૧૯૯૦-૯૧ના શેર ભંડોળ તથા ફરજીયાત બચતની રકમો રૂા. ૨૩,૩૧૫/-બેંકની પૂર્વ મંજુરી સિવાય ધિરાણ બાકીની રકમોમાં મજરે આપેલ છે. તે બાબત મંત્રીશ્રી કમીટીના ધ્યાન પર લાવેલ નથી. અને કમીટીએ પણ જાણ્યા સિવાય ઠરાવ કરેલ છે જે અંગે મંત્રી- શ્રી તથા કમીટી જવાબદાર ગણી શકાય.

(૬) વ્યવસ્થાપક કમીટીના સભ્યો પૈકી :

(૧) શ્રી બેચરભાઈ કરશનભાઈ
(૨) શ્રી બળવંતભાઈ સાહેબસિંહ
(૩) શ્રી પુંજાભાઈ વજાભાઈ
(૪) શ્રી ચીમનભાઈ ધુળાભાઈ

મુદતવીતી બાકીદાર છે. પેટા-નિયમ-૪૧ અનુસાર મુદતવીતી બાકી દારો કમીટી સભ્યો તરીકે રહી શકે નહીં મુદતવીતી બાકીદારોની ધિરાણ વસૂલાત માટે તેમજ વસૂલાત ન આવે તો આ સભ્યોને કમીટીમાંથી દૂર કરવા કમીટીએ કોઈ કાળજી લીધી નથી. પેટા-નિયમ-૪૧નો ભંગ કરેલ છે.

(૭) સભાસદ રજીસ્ટર, શેર રજીસ્ટર અને શેર ખાતાવહીમાં પૂરેપૂરી વિગતો દર્શાવેલ નથી.

(૮) મંડળીની રોકડ સિલક તેમજ દફતર સંભાળનાર મંત્રી-શ્રી મુકુંદ બિહારી શાહ પાસેથી કમીટીએ જામીનગીરી મેળવેલ નથી પેટા-નિયમ-૪૪(૨)નો ભંગ કરેલ છે.

(૯) મંડળીની મુદતવીતી બાકી રૂા. ૧૭,૯૩,૫૭૮/- છે બાકીદારો સામે લવાદી રાહે પગલાં લીધાનું જણાતું નથી. પેટા-નિયમ-૪૪(૮) મુજબ કમીટીએ કાર્યવાહી કર્યાનું જણાતું નથી.

INDEX

(૧૦) તા. ૬-૫-૮૮ના રોજ તલાટી કમ-મંત્રી કેલનપુરે મિલકત પત્રક ચકાસેલ છે પછી મિલકત પત્રક બનાવી મંજુર કરાવેલ નથી. મંત્રીશ્રીએ પેટા-નિયમ-૪૭ (૫) મુજબ કાર્યવાહી કરી નથી.

(૧૧) તા. ૨૯-૯-૯૧ની વાર્ષિક સાધારણ સભાનું કોરમ થયેલ નથી છતાં કાર્યવાહી કરેલ છે જે કાયદેસર નથી.

(૧૨) તા, ૩૦-૬-૯૨ના સરવૈયા સભાસદ બોનસ રૂા. ૩૯૧૧૪/- પર બોલે છે, જેની યાદી નથી. ગોડાઉન બાંધકામ પુરૂં થયેલ હોઈ સબસીડીની રકમ રૂા. ૪૬૮૭-૫૦ તથા બોનસની રકમ રીઝર્વબેંક ખાતે લઈ જમા હવાલો કરેલ નથી.

(૧૩) મંડળીના કામકાજ અંગેનો ખર્ચ મંજુર કરેલ નથી જેમાં પેટા કાયદાની કલમ-૪૪(૧૦) મંત્રીશ્રીએ મંડળીના હિસાબે અને રોકડ સિલકની ચકાસણી કરવાની હોય છે તે નહીં કરીને પેટા-નિયમ-૪૪ (૧૦) તેમજ ઓડિટ મેમા કમીટીના ધ્યાન પર લાવી દુરસ્તી નહી કરીને પેટા-નિયમ-૪૭(૭)નો ભંગ કરેલ છે.

(૧૪) રોજમેળ જમા પાવતી મુજબ લખવામાં આવતી નથી.

ઉકત ખામીઓની પૂર્તતા કરવા મંડળીના હોદ્દેદારોને તમામ આધાર-પુરાવાઓ સહીત હાજર થઈ રજુઆત કરવાની તક આમુખ-(૨) ની કારણદર્શક નોટિસ આપી આપવામાં આવી જે નોટિસ મંડળીના તમામ હોદ્દેદારોને મળ્યા અંગેનો પુરાવા અત્રે આવેલ છે સુનાવણીમાં મંડળીના કમીટી સભ્ય શ્રી ચંપકલાલ બાબુલાલ જયસ્વાલે હાજર થઈ મંડળીની વ્યવસ્થાપક કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા સબબ કોઈ વાંધો નથી તેમ રજુઆત કરી તે સિવાય મંડળીના કોઈ વ્યવસ્થાપકો સુનાવણીમાં હાજર થયેલ નથી કે કોઈ પુરાવો-આધાર રજુ કરેલ નથી. તેમજ રજુઆત કરવા અન્ય મુદ્દતની માંગણી કરેલ નથી. જેથી મંડળીના વ્યવસ્થાપક કમીટીને મંડળીનો વહીવટ ચલાવવામાં કોઈ રસ હોય તેમ લાગતું નથી તેમજ મંડળીની કમીટી મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનુંન તથા પેટા નિયમો મુજબ ચલાવવામાં નિષ્ફળ નિવડયાનું સાબિત થાય છે જેથી અત્રે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ કેલનપુર વિવિધ કાર્યકારી સેવા. સ. મં. લી., મુ. કેલનપુર તા. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને દુર કરી મંડળીનો વહીવટ કલમ-૮૧(૧) મુજબ વહીવટદાર સંભાળ તે તારીખથી બે૯ વર્ષ માટે શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક. લી., વડોદરાને માસિક રૂા. ૨૫/-ના પ્રતિક મહેનતાણાથી નીચેની શરતોને આધિન વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી સાધેના મુજબ કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમત્તિ હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૩-૧૨-૯૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીની તા. ૧૬-૮-૯૩ની વહટ/૦૧/ઝ-૩/૧૨૮૪ની કારણ દર્શક નોટિસ.

(૩) સ્પેશ્યલ ઓડિટર મીલ્ક ઓડિટ ઓફીસ વડોદરાનો તા. ૧૯-૧૦-૯૬નો ખાસ અહેવાલ.

ક્રમાંક : નં.-વહટ/૦૧/ઝ-૩/૨૦૬૨/૯૩.

માંજરોલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. માંજરોલ તા. સિનીક જીલ્લો વડોદરા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે.

સ્પેશ્યલ ઓડિટર મીલ્ક ઓડિટ ઓફિસ વડોદરાના આમુખ-(૭) ના ખાસ અહેવાલથી સબ-ઓડિટર (લી. રી.) લગત મીલ્ક ઓડિટ ઓફિસ વડોદરાએ હાથ ધરેલ મજકુર મંડળીના તા. ૧-૧-૯૨થી ૩૦-૬-૯૨ સુધીના અન્વયે દરમ્યાન જણાઈ આવેલ ખામીઓ સબબ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા ભલામન થઈ આવેલ જેમાં સંદર્ભે અત્રેની વિગતે આમુખ-(૨)ની તા. ૧૬-૮-૯૩થી કારણ દર્શક નોટિસ આપવામાં આવેલ.

(૧) મંડળીની વ્યવસ્થાપક કમીટી બેઠકોમાં દર માસે પેટા-નિયમ-૨૯ અનુસાર માસિક દુધ વેપાર આવક જાવક, વધઘટ નફો નુકશાન ખર્ચાઓ હિસાબો વિગેરે મંજુર કરવામાં આવેલ નથી અનિયમિત રીતે હિસાબો રજુ કરેલા છે.

(૨) મંડળીના માલ સ્ટોકનું વેચાણ રોકડેથી કરવા પેટા નિયમમાં જણાવેલ છે. તેમજ વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં.-૧૩ થી પણ એડવાન્સ નહીં આપવાનું ઠરાવેલ છે તેમ છતાં ઓડિટ દરમ્યાન ઉપલક પ્રથાથી દાણ વેચાણ કરેલ છે વર્ષ દરમ્યાન એકવાર પણ કમીટીએ હાજર માલ સ્ટોક/સિલકની ખરાઈ કરેલ નથી. તેમ કર્યાની કોઈ શેરો જોવા મળેલ નથી.

(૩) મંડળીએ અગાઉના ઓડિટમાં કરેલ સૂચનો છતાં વારંવાર ઓડિટ દુરસ્તી રીપોર્ટ મોકલાવેલ નથી અને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૪) મંડળીએ વારંવાર સહકારી કાયદાની કલમ-૬૯ નો ભંગ કરેલ છે અને શિક્ષણ ફાળાની રકમ જિલ્લા સહકારી સંઘમાં જમા કરાવ્યા સિવાય શેર-ડિવિડન્ડ, બોનસની વહેંચણી કરેલ છે.

INDEX

(૫) મંડળીની તા. ૩૦-૯-૯૧ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં ૯ થી મંડળીના પ્રમુખશ્રી જશવંતસિંહ હરીસિંહ ગોહેલ ખાતે રૂા. ૫૦૦૦/ મર્યાદામાં રાખવાનું શકરાવેલ છે જ્યારે ૧૦ ૨ ૯૨ની વ્યવસ્થ પક કમીટીની બેઠકમાં ઠરાવ નં. ૪ થી નકકી કરેલ સિલક મર્યાદા રૂા, ૫૦૦૦/- થી વધ રી કોઈપણ ક રણ બતાવ્યા સિવ ય બીન જરૂરી રીતે રૂ. ૧૦,૦૦૦/ ઠરાવેલ છે ન ણાંકીય હીતને નુકશ ન પહોંચાડવામાં પરે ક્ષ રીતે વ્યવસ્થાપક કમીટી મદદરૂપ બનેલ છે.

(૬) મ હે મે ૯૨ની વ્યવસ્થાપક કમીટીની મળેલ બેઠકમાં ફકત ત્રણ કમીટી સભ્યો હાજર રહેલા છે. જુન-૯૨ની વ્યવસ્થાપક કમીટીની બેઠકમાં બે કમીટી સભ્યો હાજર રહેલા છે. આમ બન્ને મ સની બેઠક ને ન કે રમ થયેલ છે મંડળીની વ્યવસ્થ પક કમીટી સભ્યોએ મંડળીના વહીવટમાં રસ લીધો નથી.

(૭) ઓડીટ સમય દરમ્યાન કુલ૬૭ નવા સભાસદો દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૨૯ સભાસદોની અરજ વ્યવસ્થાપક કમીટીએ તા. ૨૯ ૧૦ ૯૧ ધી બેઠકમાં ઠર વ નં. ૧૦ થી માન્ય રાખેલા છે અને સભાસદ બનાવવા ઠરાવેલ છે જ્યારે બાકીની સભાસદ અરજીઓ કોઈપણ જાતના ઠરાવ સિવાય બારોબાર સભાસદ રજીસ્ટરમાં નોંધ કરી સભાસદ બનાવવામાં આવેલ છે.

(૮) મંડળીની કાયમી સભ્યો પૈકી નીચેની કમીટી સભ્યો મંડળીના મુદતવીતી બાકી દારો હોવા છતાં તેઓને કાયમી સભ્યો તરીકે ચાલુ રાખવા પેટા નિયમ૨-૪(એ) નો ભંગ કરેલ છે.

શ્રી ખુમાનસિંહ મોહનસિંહ રાણા રૂ. ૫૮૮/ મુદતવીતીબાંકી
શ્રી જશવંતસિંહ હરીસિંહ ગોહીલ રૂ. ૩૧૩૩/૭૦ ,,
શ્રી મનહરભાઈ ડાભઈભાઈ પટેલ રૂ. ૮૯૬/- ,,

(૯) મંડળીની નીચે મુજબની ઓડવાન્સ ધીરાણની રકમ લાંબા સમયથી વસુલ થવા બાકી છે તેમ છતાં વ્યવસ્થાપક કમીટીઓ કોઈપણ જાતની કાર્યવાહી હાથ ધરી વસુલાત કરેલ નથી અને પેટા નિયમ ૨૯(૧૩) નો ભંગ કરેલ છે.

મંડળી લોન ધિર ણ(૩૦-૬-૮૯) રૂ.. ૨૦૭૨૭/૯૦
સભાસદ ઓડવાન્સ—૬ રૂ. ૧,૧૦૨/૫૦
સભાતદ એડવાન્સ—૨(૩૧-૩-૯૧) રૂ. ૧૭,૫૧૬/-

(૧૦) સને ૧૯૯૯૧ ૯૨ ના વર્ષના હીસાબો વ્યવસ્થાપક કમીટી બેઠકમાં મંજુર કર્યા સિવાય બારોબાર તા.૧૯-૮-૯૨ નાં રોજવાર્ષિક સાધારણ સભા બોલાવી હિસાબો મંજુર કરાવેલ છે.

(૧૧) મંડળીના પેટા નિયમમાં ઉધાર માલ વેચાણની કોઈ જોગવાઈ નથી વાર્ષિક સાધારણ સભાના ઠરાવ-૧૩ થી એડવાન્સ દાણ આપવાનું બંધ કરવા ઠરાવેલ છે તેમ છતાં પ્રમુખશ્રીએ ઉપલક માલ-વેચાણ કરેલ છે. રીપોર્ટ મુજબ

તા. ૧૯-૯-૯૨ની હાજર સ્ટોક રૂ.૨૩,૦૫૦/૫૦ની કિંમતની ઓડીટ થયેલો તા. ૯-૯-૯૨ ના રોજ રૂબરૂમાં ખરાઈ કરવા માજી પ્રમુખશ્રી જશવંતસિંહ હરિસિંહ ગોહીલ બતાવી શકેલ નથી માજી પ્રમુખશ્રી ઓડીટરને રૂબરૂ આપેલ નિવેદન અનુસાર સદર સ્ટોકનું ઉપલક વેચાણ કરેલ હોઈ તેની તમામ જવાબદારી તેઓએ સ્વીકારેલ છે તેમ છતાં સદર દિવસે મંડળીની કમીટી સભ્યોએ ઓડીટર તરીકે બોલાવેલ મીટીંગમાં કોઈપણ જાતના ઠરાવો કરવાનો ઈન્કાર કરે છે. તેમજ ઠરાવબુકમાં સહીઓ કરવા માટે પણ ઈન્કાર કરેલ છે. ઉકત વિગતે માજી પ્રમુખના લીખિત નિવેદનમાં પણ સાક્ષી તરીકે કમીટી સભ્યોએ સહી કરવા ઈન્કાર કરેલ છે. આ અંગે મંડળીના ત્રણ કમીટી સભ્યો શ્રી અદેસિંહ ચંદ્રસિંહ (૨) શ્રી ઉદેસિંહ હરીસિંહ ગોહીલ અને (૩) શ્રી જશવંતસિંહ હરીસિંહ ગોહીલના તા. ૧૯-૯-૯૨ના લીખિત નિવેદન સામેલ છે. આમ મંડળીની નાણાંકીય બાબતે થયેલ ગેર-રીતીમાં પણ કમીટીએ ઓડીટરને જરૂરી સહકાર આપી ગેરરીતી બહાર લાવવામાં રૂકાવટ કરેલ છે.

(૧૨) તા. ૧૯-૯-૯૨ના રોજ ઓડીટરશ્રીએ બોલાવેલ વ્યવસ્થાપક કમીટી બેઠકની એજન્ડા બે નકલમાં કાઢવામાં આવેલ જેની નકલ ઓડીટરને આપેલ નથી. નિયત તારીખ અને સમયે એજન્ડા મુજબ બેઠક મળેલ હોવા છતાં બેઠકમાં થયેલ ચર્ચાની વિગતો માં ઠરાવો પણ ઠરાવબુકમાં લખેલ નથી તેમજ ઓડીટરને કોઈપણ જાતનું લખાણ આપવા ઈન્કાર કરેલ છે. મંડળીની કમીટીઓ મંડળીમાં થયેલ ગેરરીતીઓ બહાર લાવવા માટે ઓડીટરના કામમાં રૂકાવટ કરેલ છે. સ્ટોક પત્રકની જરૂરી નકલો તા. ૧૯-૯-૯૨ના રોજ ઓડીટરને પુરી પાડેલ નથી.

(૧૩) દૂધ દૈનિક પત્રક વિગતવાર તૈયાર કરી વ્યવસ્થાપક કમીટીની બેઠકમાં રજુ કરી બહાલી મેળવવામાં આવેલ નથી.

(૧૪) જુથ વીમા પોલીસી રૂા. ૧૯૭૬/૨૫ લાંબા સમયથી બાકી છે તેની વસુલાત કરેલ નથી તેમજ બાકીદારો સામે કાયદેસરની કાર્યવાહી કરેલ નથી.

(૧૫) શંકર વાછરડી દાણ સહાયની રકમ રૂા. ૧૮૬૫/૯૯ મંડળીએ સભાસદોને ચુકવી આપેલ છે જે તા. ૩૦-૬-૯૦ના સરવૈયે લેણી બાકી પડે છે. જે રકમ પશુપાલન નિયામકશ્રીની કચેરીમાંથી મેળવવાની કોઈ કાર્યવાહી થયેલ નથી.

(૧૬) બેન્ક ઓફ બરોડાની ઢોર લોન વસુલાત રૂા. ૪૦૦/- તા. ૩૦-૬-૯૨નાં અને બેન્કમાં જમા કરવાની બાકી છે.

(૧૭) મંડળીએ સિલક અને માલ સ્ટોક માટેની જરૂરી રકમની વીમા પેકેજ પોલીસી મેળવી નથી.

(૧૮) મંડળીના પેટા નિયમમાં સસ્તા અનાજની દુકાન ચલાવવાની કોઈ જોગવાઈ નથી તેમજ મીઢોળ ગામ મંડળીના કાર્યક્ષેત્રમાં ન હોવા છતાં મંડળી સસ્તા અનાજની દુકાન ચલાવે છે.

ઉકત ખામીઓની પૂર્તતા કરવા મંડળીના હોદેદારોને લેખીત કે મૌખિક પુરાવાઓ રજુ કરવા તા. ૬-૯-૯૩એ હાજર થઈ તક આપતા મંડળીના હોદેદારો પૈકી (૧) શ્રી જશવંતસિંહ હરીસિંહ ગોહીલ (માજી પ્રમુખ- (૨) ઉદેસિંહ હરીસિંહ ગોહીલ તેમજ (૩) ખુમાનસિંહ મોહનસિંહ રાણાસિંહના તમામ હોદેદારોએ હાજર થઈ કારણદર્શક નોટીસના ૧ થી ૭ તેમજ ૯ થી ૧૯ મુજબની ક્ષતિઓ માજી પ્રમુખશ્રી જશવંતસિંહ હરીસિંહના એકલથુ વહીવટના કારણે થવા પામેલ છે. તેવી રજુઆત કરેલ છે. તેમજ મુદ્દા નં,૮ની ક્ષતિઓ સબબ જશવંતસિંહ હરીસિંહ ગોહીલ સિવાયના બન્ને કમીટી સભ્યો (૧) શ્રી ખુમાનસિંહ મોહનસિંહ રાણા તેમજ (૨) મનહર કાભઈભાઈ પટેલની વસુલાત આવી ગયાનું જણાવેલ છે પરંતુ તે સબબ કોઈ પુરાવા રજ કરેલ નથી. ઉપરાંત નાણાંકીય વસુલાતની કાર્યવાહી માટે કૃતનિશ્ચિત હોવાની રજુઆત કરી એક માસમાં દાવા દાખલ કરવા બાંહેધરી આપેલ.

મુદ્દા નં. ૧૧ની ખામી સબબ રજુઆત કરી કે ઓડીટરશ્રી ના સુચન મુજબ ઠરાવ કરતા શ્રી જશવંતસિંહ બચાવ થાય તેવા ખ્યાલથી ઠરાવ કરવા હોદેદારો સંમત થયા નથી.

INDEX

ઉકત વિગતોએ તા. ૬-૯-૯૩ના રોજ રજુઆત કરી મંડળીના હોદેદારોની ઉપર મુજબની રજુઆત જોતાં મંડળીમાં જે ગેર-રીતીઓ થઈ છે તે તેમના સમયના ચેરમેનશ્રી દ્વારા થઈ છે. છતાં સમિતિના સભ્ય તરીકે તેઓ ચેરમેન ગેરરીતી કરતા અટકાવી શકેલ નથી.

ઓડીટર ચેરમેનની ગેરરીતીઓમાંથી બચાવ કરે એટલે નિવેદન આપેલ નથી. તે અંગે પુરાવાનું સમર્થન આપેલ નથી આવી રજુઆત માન્ય રાખી શકાય નહી.

ગેરરીતીઓમાં અટવાયેલી રકમ વસુલ કરી લેવા કૃતનિશ્ચિયથી હોવાનું જણાવેલ છે પરંતુ હજુ સુધી વસુલાત કરી નથી કે વસુલાત માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ નથી આમ ગેરરીતીમાં અટવાયેલ રકમ અંગે કાયદેસર કાર્યવાહીમાં વિલંબ થાય તેમજ નાણાંકીય જોખમ ઉપસ્થિત થયેલ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧(૧) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ માંજરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ લી. માંજરોલ તા. શિનોર જી. વડોદરા ની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી મંડળીનો વહીવટ કલમ-૮૧(૧) મુજબ વહીવટદાર સંભાળે તે તારીખથી૧ વર્ષ માટે શ્રી વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, બરોડા ડેરીની વડોદરાની માસિક રૂ. ૨૫/-ના પ્રતિક મહેનતાણાથી નીચેની શરતોને આધીન વહીવટદાર તરીકે નિમણુંક કરુ છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીની નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીને વહીવટ કાયદા-કાનૂન અને ધેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીત મોકલાવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૩-૧૨-૯૩.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૨) અત્રેની કચેરીની તા. ૫-૮-૯૩ ની વહટ/૦૧/ઝ-૩/૧૨૫૩ ની કારણદર્શક નોટીસ.

(૩) સ્પે. ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ વડોદરાનો તા. ૨૫-૫-૯૩નો ખાસ અહેવાલ .

નં. વહટ/૦૧/ઝ-૩/૨૦૮/૯૩ :-વણીયાદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. વણીયાદ તા. શિનોરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે જેનો નોંધણી નંબર સે-દુ. ૩૧૯૩ તા. ૬-૧૨-૬૬ છે. જેની આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓડીટ એફીસ. વડોદરાના આમુખ(૩) ના ખાસ અહેવાલથી સબ ઓડીટર (લી.રી.) લગત મીલ્ક ઓડીટ ઓફીસ વડોદરાએ મજકૂર મંડળીના તા. ૧-૪-૯૨ થી ૩૦-૯-૯૨ સુધીના હાથ ધરેલ અન્વેષણ દરમ્યાન જણાઈ આવેલ ગંભીર ખામીઓ સબબ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા ભલામણ થઈ આવેલ જેના સંદર્ભે આમુખ(૨) ના તા. ૫-૮-૯૩થી અત્રેની વિગતે ખામીઓ સબબ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ.

(૧) મંડળીની છેલ્લી પાંચ વર્ષની ઓડીટ વર્ગ-ડ-૨,ક-૧,ડ-૧,ડ-૧ છે. ચાલુ વર્ષની (૧૯૯૧-૯૨)નો ઓડીટ વર્ગ-ડ છે.

(૨) મંડળીનાં મંત્રીશ્રી તેમજ વહીવટકર્તાઓએ છેલ્લા ત્રણ વર્ષથી એકપણ ઓડીટ નોંધની દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી. આમ સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૩) મંડળીનાં મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈ વસાવાએ ઓડીટ સમયે તા. ૧૧-૮-૯૨ ના રોજ આપેલ લેખિત નિવેદન અનુસાર ૩૦-૬-૯૨ની પુરવણી રોજમેળ, રોજમેળ પાન-૯૩ સુધી લખાયેલ હતો જે મુજબ સિલક રૂા. ૨૬,૪૧૮-૩૪ પૈસા હતો તેમજ સ્ટોક પત્રક મુજબ દાણ સ્ટોક બરોડા-દાણ-૯૧ ગુણ અને સમૃધ્ધ દાણ-૭ ગુણ હતો જે સિલક અને માલ સ્ટોકની જવાબદારી મંત્રીશ્રીએ કબુલેલ છે. પરંતુ તે દિવસે તેઓના લેખીત નિવેદન અનુસાર તેઓ પાસે સંપૂર્ણ દફતર નહીં હોવાથી અને દફતર પૂર્તતા માટે બીજા વ્યકિતને આપેલ હોઈ, ઓડીટ થઈ શકેલ નહીં. પાછળથી તેઓએ રોજમેળ સ્ટોકપત્રક વગેરે લખી તા. ૨૫-૭-૯૨ ના રોજ સ્ટોક પત્રકમાં બરોડા દાણ-ગુણ-૮૮ તેમજ સમૃધ્ધ દાણ-૭નું વેચાણ બતાવી પાન-૪ઉપર દાણ વકરો જમા કરી તમામ વકરાની રકમ કોઈપણ જાતના વ્યવસ્થાપક કમીટીનાં ઠરાવ કે ધેટા નિયમની વિરૂધ્ધ દાણ એડવાન્સ ખાતે પોતાના મળતીયાઓની વાઉચરોમાં સહી લઈ ઉધારેલ છે. આમ મંત્રીશ્રીએ દાણ સ્ટોકની થતી રકમ રૂા. ૧૨,૪૯૦/- ની ગેર વહીવટ કરેલ છે. અને તેઓના આ ગેર વહીવટમાં મંત્રી-શ્રીનો નીતીના જ સભાસદોએ વાઉચરો ઉપર સહી કરી આપી સહકાર આપેલ છે. જેમાં બે કમીટી સભ્યો શ્રી વિઠ્ઠલભાઈ રણછોડભાઈ વસાવા અને હરજીભાઈ રણછોડભાઈ વસાવા પણ સામેલ છે.

(૪) મંડળીની સને ૧૯૯૧--૯૨ના વર્ષની સાધારણ સભા તા. ૧૭-૧૧-૯૨ સુધી બોલાવેલ નથી. મંડળીના હિસાબો તૈયાર થયેલ હોવા છતાં તેમજ મંડળીના સભાસદોની લેખિત માંગણી હોવા છતાં મંત્રીશ્રીએ વ્યવસ્થાપક કમીટી બેઠક કે વાર્ષિક સાધારણ સભા બોલાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૫) મંડળીના મંત્રીશ્રી ભીખાભાઈ વસાવાએ વ્યવસ્થાપક કમીટીની બેઠકમાં તારીખ ૧૧-૭-૯૨ના રોજ સહમંત્રીની સહીવાળી પાવતી બતાવી સહમંત્રીશ્રી પરસોત્તમ કાભભઈભાઈ વસાવાના ખાતે રૂા. ૧૮,૫૨૧/૫૦ ઉધારવાનો ઠરાવ નં. ૨ કરાવેલ છે. હકીકત માં ઓડીટ સમયે તેઓએ કોઈપણ જાતનું વાઉચર કે પાવતી રજુ કરેલ નથી. આમ વ્યવસ્થાપક કમીટી સભ્યો સામે છેતરપીંડી કરી

INDEX

ખોટી રકમ રીતે ઉધાર કરી ઉચાપત કરેલ છે અને કમીટીને ગેરમાર્ગે દોરી ખોટો ઠરાવ કરાવેલ છે.

(૬) તા. ૧૧-૭-૯૨ના રોજ મળેલ વ્યવસ્થાપક મકમીટીની બેઠકનો પ્રોસીડીંગમાં ઠરાવબુકમાં ચેડા કરી તા. ૨૫-૭-૯૨ના રોજ એજન્ડા વગરની વ્યવસ્થાપક કમીટી મીટીંગ બોલાવી મંત્રીશ્રી ભીખાભાઈ વસાવાએ તેઓની જ્ઞાતિના જ વ્યવસ્થાપક કમીટી સભ્યો શ્રી વિઠ્ઠલભાઈ રણછોડભાઈ વસાવા, ભુરાભાઈ રણછોડભાઈ વસાવા, હરજીભાઈ રણછોડભાઈ વસાવા, મગન દેવજી વસાવા અને અંબાલાલ મગનભાઈની સહીઓ મેળવી ઠરાવ નંબર ૧ થી ૩ કરેલ છે જે તદ્દન ખોટા ઠરાવ છે. ઠરાવ નં. ૩ મુજબ અગાઉ આપવામાં આવેલ દાણ એડવાન્સની રકમની વસુલાત કરવા ભીખા ભાઈ હીરાભાઈ વસાવાને કાર્યવાહી કરવા સત્તા આપેલ છે. હકીકત માં તા. ૨૫-૭-૯૨ના રોજ મંત્રીશ્રીએ રોજમેળ દાણ એડવાન્સ ઉધારેલ છે. આમ મંડળીના મંત્રી તેમજ કમીટી સભ્યોએ ગેર વહીવટ કરેલો છે.

(૭) મંડળીના ૯ સભ્યોની કમીટીમાં ત્રણ સભ્યો સગાભાઈઓ છે. જે શ્રી ભુરાભાઈ રણછોડભાઈ વસાવા, વિઠ્ઠલભાઈ રણછોડભાઈ વસાવા અને હરજીભાઈ રણભિછોડભાઈ વસાવા છે જે પેટા નિયમ અને સહકારી સિધ્ધાંતોની વિરૂધ્ધ છે.

(૮) ઓડીટ સમયે ઓડીટરની ખામીઓની ચર્ચા કરવા ઓડીટર તરીકે તારીખ ૧૪-૮-૯૨, ૧૨-૯-૯૨, ૨૨-૯-૯૨, ૨૯-૧૦-૯૨, ના રોજ વ્યવસ્થાપક કમીટીની મીટીંગ બોલાવવા એજન્ડા બહાર પાડેલ હોવા છતાં એજન્ડામાં સહી કરવાનો વ્યવસ્થાપક કમીટી સભ્યોએ ઈન્કાર કરેલો છે. તેમજ નક્કી કરેલ સમયે હાજર પણ રહેલ નથી. મંડળીના નવ કમીટી સભ્યો પૈકી શ્રી અમૃતકુમાર અંબાલાલ રાય (પ્રમુખ) પટેલ અરવિંદભાઈ છોટાભાઈ, પટેલ જ્યંતિભાઈ ઈશ્વરભાઈ, અંબાલાલ મગનભાઈ, મોટાભાગના સમયે હાજર રહી સહકાર આપેલ છે જ્યારે બાકીના ૩ સભ્યો શ્રી ભુરાભાઈ રણછોડભાઈ વસાવા, વિઠ્ઠલભાઈ રણછોડભાઈ વસાવા હરજીભાઈ રણછોડભાઈ વસાવા, મગનભાઈ દેવજીભાઈ વસાવા, સોમાભાઈ મનસુખભાઈ સોલંકીએ સતત અનાદર કરી ગેરહાજર રહેલા છે. તેઓને શ્રી રૂપે. ઓડીટર મિલ્ક ઓડીટ ઓફીસ વડોદરા તરફથી તા. ૭-૧૧-૯૨ના રોજની કારણદર્શક નોટીસથી સુચના કરી હાજર રહેવા જણાવેલ જેથી તેઓ તા. ૧૭-૧૧-૯૨ના રોજ ઓડીટર સમક્ષ હાજર રહેલ. પરંતુ કોઈપણ જાતનું લેખિત નિવેદન આપવા ઈન્કાર કરેલ છે.

(૯) મંડળીની તા. ૩૦-૬-૯૨ના અંતની નાણાંકીય તેમજ આર્થિક સ્થિતિ બતાવતું સરવૈયું જોતાં મંડળીની આર્થિક સ્થિતિ પડી ભાંગેલ જણાયેલ છે. મંડળીને તેના ગ્રાહકોને જ દુધ ખરીદીની રકમ રૂા. ૫૦,૯૫૫/૭૯ ચુકવવાનાં બાકી છે. તેમજ શિક્ષણફાળો રૂા. ૨૪૭/૬૮ નિગમ લોન રૂા. ૭૫૬૯/૦૨ અને અનામત રૂા. ૨૫૦૦/- ચુકવવાના બાકી છે જેની સામે મંડળી પાસે ભંડોળ રૂા. ૧૦,૬૬૧/૬૮ નું જ છે જ્યારે ૩૦-૬-૯૨ના અંતે રૂા. ૫૧૩૧૪/૧૨ની દેવા સામે ચુકવવા માટેનું ભંડોળ રૂા. ૧૩,૪૫૩/૬૫નું છે આમ મંડળીની આર્થિક સ્થિતિ નાજુક અને ડામાડોળ છે.

(૧૦) વ્યવસ્થાપક કમીટીની સતત ૪ મીટીંગમાં વિઠ્ઠલભાઈ રણછોડભાઈ તથા કેસુરભાઈ અભેસિંહ ગેરહાજર રહેઈ તેમની નિમણુંક રદ કરી અન્ય સભાસદોને કો. ઓપ. કરેલ નથી આમ પેટા નિયમ-૨૬(અ) નો ભંગ કરેલ છે.

(૧૧) કર્મચારીઓને ચુકવવાનો પગાર બાકી રૂા. ૧૯૧૦/- બાકી છે. જેનું ૧૯૯૧--૯૨ના વર્ષમાં પ્રોવીજન કરેલું નથી.

(૧૨) પગાર પત્રકમાં એપ્રિલ-૯૨નો સહમંત્રીશ્રી પરસોત્તમ કાભઈભાઈનો પગાર રૂા. ૩૦૦/- ચૂક્યા બદલની રેવન્યુ સ્ટેમ્પ ઉપર સહી મેળવેલ નથી. તેમ છતાં રો, પાન ૭૪ તા. ૩૦-૪-૯૨ ના રોજ પગાર ખર્ચ ખાતે રૂા. ૩૦૦/- સહમંત્રીશ્રીને ચુકવાયેલ બતાવી ઉધાર કરેલ છે. મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈ વસાવાએ રૂા. ૩૦૦/-ની ઉચાપત કરેલ છે જે તેઓની પાસે વસુલ કરવાની થાય.

(૧૩) માહે મે-૯૨નો પગાર શ્રી મનુભાઈ પ્રાગજીને રૂા. ૨૦૦/- અને શ્રી શાંતિલાલ મોતીને રૂા. ૧૧૦/- પગાર પત્રક મુજબ ચુકવેલ છે. સદર પગાર રોજમેળે ઉધારેલ નથી.

(૧૪) ઓડીટ સમય દરમ્યાન નીચેની વિગતે જણાવેલ દૂધ પેમેન્ટની રકમ જે તે સભાસદોને ચુકવી નથી અને આજદિન સુધી ચુકવવાની બાકી છે તેમ છતાં મંત્રીશ્રીએ પેમેન્ટ રજીસ્ટર મુજબ કુલ રકમ જે તે તારીખોએ રોજમેળ ઉધારેલ છે પરંતુ ચુકવવાની બાકી રકમ ગ્રાહક બાકી તરીકે જમા લીધી નથી અને આમ કરીને મંડળીની સિલક ઓછી કરીને મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈએ રૂા, ૯૪૨/૦૨ની ઉચાપત કરેલ છે જેની વસુલાત તેઓશ્રીની પાસેથી કરવી.

પેમેન્ટનો સમયગાળો	ગ્રાહકનું નામ	રકમ રો. પા.	દુધ ખરીદીની કુલ ઉધારેલ રકમ
૧-૫-૯૨થી ૧૦-૫-૯૨(ભેંસ)	સોમાભાઈ મનસુખ	૦૨૯/૦૩ ૭૭	૨૦૬૩-૨૫
૧-૫-૯૨થી ૨૦-૫-૯૨(ભેંસ)	રમેશભાઈ જયંતીભાઈરાય	૨૦૫/૦૦ ૭૮	૧૯૪૧૬-૮૫
—"—	જ્યંતિ વિઠ્ઠલ પટેલ	૧૭૮/૪૦ ૭૮	
—"—	કીરણભેન મનહરભાઈ પટેલ	૫૨૯/૧૫ ૭૮ ૯૪૨/૦૨	

(૧૫) દૂધ સંઘના ધારાધોરણ મુજબ ખાનગી વેપારીઓને દૂધનું વેચાણ નહી કરવાની સુચના છતાં ખાનગી વેપારીઓને વેચાણ કરવા બદલ દૂધસંઘે મંડળીની રૂા. ૪૩૭૩/-દંડ કરેલ છે. વ્યવસ્થાપક કમીટીએ જવાબદાર કર્મચારી/વહીવટકર્તા પાસેથી દંડની રકમ વસુલ કરવી.

(૧૬) દૂધ વેપારમાં મંડળીએ વેપારી ખોટ રૂા. ૧૫૫૩/૪૬ કરેલ છે જવાબદાર તરીકે મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈ વસાવા પાસેથી લવાદી રાહે નુકશાનીની રકમ વસુલ કરેલ નથી.

(૧૭) ઉધાર વેચાણની રકમ રૂા. ૧૨૪૯૦/- મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈ વસાવા પાસે લવાદી રાહે વસુલ કરેલ નથી.

(૧૮) દૂધ સંઘે એલ્યુમીનીયમ કેનનાં રૂા. ૩૦૦/-મંડળી પાસેથી બીલમાંથી કપાત કરેલ છે. કસુરવાર કર્મચારી પાસેથી રૂા. ૩૦૦/- ની વસુલાત કરેલ નથી.

INDEX

(૧૯) ૨૨-૫-૯૨ થી ૨૦-૬-૯૨ સુધીનાં દૂધ પેમેન્ટની રકમ રૂા. ૪૫૬૮૪/૪૭ યાદી અનુસાર ગ્રાહકોને ચુકવવાની બાકી છે. જે સરવૈયે દેવા બાજુ બતાવેલ છે જેને સભાસદોને ચુકવી નથી.

(૨૦) બે નવા સભાસદો બનાવવા માટે શેર ભંડોળ અને પ્રવેશ ફીની રકમ જમા પાવતીથી મંત્રીશ્રીએ વસુલ લીધેલી છે પરંતુ સભાસદ દાખલ અરજ લીધેલ નથી. તેથી જ તેઓના નામ વ્યવસ્થાપક કમીટીમાં નવા સભાસદ તરીકે દાખલ કરવા રજુ કરેલ નથી કે કમીટીની બહાલી મેળવી નથી.

(૨૧) મંડળીમાં વ્યવસ્થાપક કમીટી બોલાવવા માટે એજન્ડા કાઢવાની પ્રથા નથી જેથી વ્યવસ્થાપક કમીટીની કાર્યસૂચિ બાબત કોઈ માહિતી મેળવી શકાય નહીં. તમામ કમીટી સભ્યોને પણ આ બાબતની નોંધ લેવડાવવામાં આવતી નથી.

(૨૨) સને ૧૯૯૧-૯૨ દરમ્યાન પ્રતિ માસે વ્યવસ્થાપક કમીટીની મીટીંગ બોલાવેલ નથી.

આમુખ(૨)ની કારણદર્શક નોટીસથી મંડળીના તમામ વ્યવસ્થાપક કમીટીના સભ્યોને ઉકત મુદ્દાઓ સબબ લેખિત કે મૌખિક આધારસહ પુરાવાઓ સાધન સામગ્રી સહીત તા ૨૪-૮-૯૩ ના રોજ રૂબરૂ ઉપસ્થિત થઈ રજુઆત કરવાની તક આપવામાં આવી. મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈ વસાવાએ તા.૨૪-૮-૯૩ની મુદતે હાજર થઈ મુદતની માંગણી કરતાં પત્ર રજુ કરેલ. મુદ્દતની માંગણીના કારણો પુછતા કારણો રજુ કરી શકયા નથી હાજર થયેલ કમીટીના અન્ય સભ્યોને પણ મુદ્દતની માંગણી બાબતે કારણો પુછતાં તેઓ પણ વ્યાજબી કારણો રજ કરી શકયા નથી. પ્રમુખશ્રીને પુછતા તેઓએ મુદતની જરૂર નથી અને જવાબ આપવા રજુઆત કરી તેમજ તમામ કમીટી સભ્યોએ સર્વાનુમતે કારણદર્શક નોટીસના મુદ્દા નં. ૧ થી ૨૨ સબબ કાંઈ રજુઆત નથી તેમ જણાવી મંડળીની વ્યવસ્થાપક સમિતિને હોદ્દા ઉપરથી દૂર કરી કલમ-૮૧ હેઠળ વહીવટદાર નિમાય તો તે સામે તેઓને કોઈ વાંધો/હરકત નહીં હોવાની રજુઆત કરી.

મંત્રીશ્રી ભીખાભાઈ હીરાભાઈ વસાવાએ તા. ૨૪-૮-૯૩ની સુનાવણીમાં મંડળીમાં વહીવટદાર નિમવા સામે કોઈ વાંધો કે હરકત નથી. રજુઆત કર્યા બાદ તારીખ ૧-૯-૯૩ના પત્રથી અત્રેના વહટ/૦૧/ઝ/૩/૧૨૫૭/તા.૨૪-૮-૯૩ ના રોજ થયેલ ઠરાવની નકલની માંગણી કરતાં અત્રેથી આમુખ(૨)થી અપાયેલ કારણદર્શક નોટીસ મંડળીના પ્રમુખ/મંત્રીશ્રી હોદ્દાની રૂએ પાઠવેલ જે મંડળીના મંત્રીશ્રીએ ભીખાભાઈ હીરાભાઈ વસાવાએ જ સ્વીકારેલ છે તેમજ તા.૨૪-૮-૯૩નું પ્રોસીડીંગ તેઓની રૂબરૂમાં થયેલ હોઈ તેઓની માંગણી મુજબની નકલ આપવાની રહેતી નથી.

ઉકત વિગતો જોતાં મંડળીમાં થયેલ ગંભીર પ્રકારની વહીવટી ગેરરીતીઓ સબબ નિયંત્રણ રાખવામાં મંડળીની વ્યવસ્થાપક કમીટી નિષ્ફળ નિવડેલાનું ફલીત થાતા નીચે મુજબનો હકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એસ. પી. ભટ્ટ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી વણીયાદ દૂધ ઉત્પાદક સ. મં. લી. વણીયાદ તા. શિનોરની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી વહીવટદાર મંડળીના વહીવટ સંભાળે તે તારીખથી જે.—૩૨—૯.

એક વર્ષની મુદત માટે વહીવટદાર તરીકે શ્રી વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સ. મં. લી. વડોદરાની નિમણુંક નીચેની શરતોને અધીન રહીને કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદાકાનુન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલવાના રહેશે. તેમજ મંડળીના સભાસદોનાં હીતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૮-૧૨-૯૩.

વંચાણે લીધા :

શ્રી સહકારી અધિકારી ફડચા નં(૩) લગત પાદરા તાલુકા આરોગ્ય ખાતા કર્મચારી કો.ઓપ. ક્રેડીટ સો.લી. પાદરાનો તારીખ ૩૧-૭-૯૩નો પત્ર.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૨૧૧૯ સને ૧૯૯૩; ધી પાદરા તાલુકા આરોગ્ય ખાતા કર્મચારી કો.ઓપ. ક્રેડીટ સો.લી.ની નોંધણી ક્રમાંક સે-૨૦,૮૦૦ તારીખ ૧૩-૯-૮૪થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ઉખસ/ફ/૯૧૨૭/૦૧ ધ-૩/૫૬૦/તારીખ ૨૫-૬-૯૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી ૧૯૬૧ના ગુજ. સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ ની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૧૩-૧૨-૧૯૯૩.

વંચાણે લીધા :- શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૩) સંખેડા તા. પછાતવર્ગની શકરટેટી તથા શાકભાજી ઉત્પાદક સ. મં. સંખેડાનો તારીખ ૩૦-૮-૯૩નો પત્ર.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઝ-૨/૨૧૨૦/સને ૧૯૯૩ :- ધી સંખેડા તા. પછાતવર્ગની શકરટેટી તથા શાકભાજી ઉ. સ. મં.ની નોંધણી ક્રમાંક સે-૩૧૯૬ તારીખ ૧૬-૧૨-૬૬થી કરવામાં આવી હતી. જીલ્લા

INDEX

રજીસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડચા/ફ/૮૫૭૦/૦૧/ચ-૧/૬૩૧૨ તારીખ ૧૮-૧૨-૮૮થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૧૩-૧૨-૧૯૯૩.

વંચાણે લીધા :- આ કાર્યાલયને તા. ૨૨-૧૦-૯૩નો ક્રમાંક-ફડચા ૦૧/ઝ-૨/૧૮૪૬નો વચગાળાનો ફડચાનો હુકમ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ/૯૫૨૪/ઝ-૨/૨૧૨૫/૯૩ :- ધી ખંડેરાવપુરા (ડભાસા) સીમાંત નાના ખેડુતોની પિયત સહકારી મંડળી લી. મુ. ખંડેરાવપુરા તા. પાદરા જે તારીખ ૭-૬-૬૬ના નોંધણી ક્રમાંક ખે-૨૨૭૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(3) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા નં. (૧) વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષ (૩ વર્ષ) ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૩-૧૨-૧૯૯૩.

વંચાણે લીધા :- આ કાર્યાલયને તા. ૧૯-૧૦-૯૩નો ક્રમાંક ફડચા/ઝ-૨/૧૯૩૪નો વચગાળાનો ફડચાનો હુકમ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ ફ-૯૫૨૫/ઝ-૨/૨૧૨૬/૯૩ :-ધી હરિનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. સહકારી મંડળી લી. મુ. પાદરા તા. પાદરા જે તારીખ ૩૦-૭-૮૪ના નોંધણી ક્રમાંક ધ-૧૧૪૬૯થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(3) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. ફડચા-૧ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૩-૧૨-૧૯૯૩.

વંચાણે લીધા :- આ કાર્યાલયને તા. ૧૨-૧૦-૯૩નો ક્રમાંક-ફડચા/૦૧/ઝ-૨/૧૮૦૯નો વચગાળાનો ફડચાના હુકમ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૫૨૬/ઝ-૨/૨૧૨૭/૯૩ :- ધી જનકલ્યાણ કો. ઓપ. ક્રેડીટ સહકારી મંડળી લી. મુ. ડભોઈ તા. ડભોઈ જે તારીખ ૯-૧૧-૮૨ના નોંધણી ક્રમાંક સે-૧૯૫૮૦થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪)મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(3) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ અધિ. ફડચા-૩ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષ (ત્રણ વર્ષ)ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૩-૧૨-૧૯૯૩.

વંચાણે લીધા :- આ કાર્યાલયને તા. ૨૨-૧૦-૯૩નો ક્રમાંક-ફડચા/૦૧/ઝ-૨/૧૮૪૩નો વચગાળાનો ફડચાનો હુકમ

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ઉખસ/ફ-૯૫૨૭/ઝ-૨/૨૧૨૮/૯૩ :-ધી મુવાલ સીમાંત ખેડુતોની પિયત સહકારી મંડળી લી. મુ. મુવાલ તા. પાદરા જે તારીખ ૧૦-૩-૭૮ના નોંધણી ક્રમાંક ખે-૨૦૭૦થી નોંધવામાં આવી હતી તે મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો આદેશ અત્રેની કચેરીના ઉપરોકત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) મુજબ સદરહુ વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને જે વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહુ અધિનિયમની કલમ ૧૦૭(3) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સ. અધિ. ફડચા નં. ૩ વડોદરાની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ (ત્રણ વર્ષ) ની મુદતમાં પુરી કરવી.

વડોદરા, તા. ૧૩-૧૨-૧૯૯૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક વહટ/૦૧/ધ-૨/૨૧૬ તા. ૨૬-૩-૯૧.

(૨) ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી. વડોદરાની શાખાનો તા. ૨૦-૧-૯૩નો પત્ર.

હુકમ

જા. નં. વહટ/૦૧/૩૧૩/૨૧૭૦ :-આમુખ(૧)માં દર્શાવેલ અત્રેની કચેરીના તા. ૨૬-૩-૯૧ના હુકમથી ચિત્રાનગર કો.ઓપ. હા. સો. લી. વડોદરામાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની નિમણુંક કરી કરવામાં આવેલ તેમાં અંશત: સુધારો કરી સદર મંડળી ના વહીવટદાર તરીકે શ્રી યુ. આઈ. મતાદારની નિમણુંક તેઓ વહીવટદાર તરીકે ચાર્જ સંભાળે તે તારીખથી માસિક રૂા. ૧૫૦/- ના મહેનતાણાંથી નીચેની શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજનાં કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ મુસાફરી અંગેનો ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળ માંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકાર ભોગવવાનાં રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતો-વખત જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. વડોદરાના નિયંત્રણ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા-નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનાં રહેશે. તેમજ મંડળીના સભાસદોનાં હીતમાં કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૦-૧૨-૯૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક : વહટ/૦૧/ધ-૨/૭૮૧ તા. ૩૧-૭-૯૧.

(૨- ધી બરોડા સેન્ટ્રલ કો.-ઓપ. બેંક લી., વડોદરાનો તા. ૧૩-૮-૯૩નો લોન/૮૭૩૬/પત્ર

હુકમ.

જા. નં.-વહટ/૨૩૩/૨૧૭૧/૯૩

આમુખ (૧) જણાવેલ અત્રેની કચેરીનાં કામ તા. ૩૧-૭-૯૧ ના હુકમથી ધી ડભોઈ કડીપાવાડ કો. ઓપ. ક્રેડીટ મંડળી લી., ડભોઈમાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., વડોદરાની નિમણુંક કરવામાં આવેલ હતી. તેમાં અશંત સુધારો કરીને સદર મંડળીના વહીવટદાર તરીકે શ્રી પી. એમ. પટેલ ની નિમણુંક તેઓ વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળે તે તારીખથી માસિક રૂા. ૧૫૦/-ના મહેનતાણાથી નીચેની શરતોને આધિન નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકાર ભોગવવાના રહેશે અને મંડળીની તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટર સ. મં. વડોદરાનાં નિયંત્રણ હેઠળ અને સંમતિ હેઠળ કરવાનું રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને પેટા-નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયત કરવામાં આવે તેવા સમયે નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૨૦-૧૨-૯૩.

એસ. પી. ભટ્ટ
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા

ક્રમાંક : નં-ઉખસ/નધણુ/૦૧/૩/૧૧૧૪/૯૩/સે દુ-૨૬૩૦૨ આથી જાહેર કરે છે કે, ધી નારણપુર (મ) દૂધ ઉત્પાદક સ મં. લી , મર્યાદિત સ્થળ નારણપુર તાલુકો ઈડર જિલ્લો સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

હિમતનગર, તા. ૨૮-૬-૯૩.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક: હ-૨૮, ૮૪/ડીડીસી/૧૧૮૨/ ૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪

(૨) ફડચા અધિકારીશ્રી ધી સરદાર ભુમી વિકાસ અને ટયુબવેલ સ. મં. લી , (ફડચામાં) અને શ્રી સહકારી અધિ-કારી લગત આ કચેરીના તા ૨૯-૬-૯૩નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૨૩૬/૯૩

શ્રી સરદાર પટેલ ભુમી વિકાસ અને ટયુબવેલ સહકારી મંડળી લી , મુ હિમતનગર તા હિમતનગર જિ બનાસકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં -ખ/૯૩૩/તા ૫-૫-૭૬ થી

INDEX

નોંધાયેલ છે જેને આ કચેરીના હુકમ ક્રમાંક : સરખા/તા ૨૮-૫-૮૬થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૨૬-૪-૯૩ના સરખા ક્રમાંક : ના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૬૧ની કલમ-૨૦ અન્વયે હું એમ. સી. પટેલ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, હિમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિમતનગર, તા ૩૦-૬-૯૩

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી અધિકારીના કાયદા ની કલમ અને ૧૦૮ની જોગવાઈઓ

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક : ધખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૭/૧૪૪૯૬ તા ૨૭-૫-૬૮

(૩) શ્રી મદદનીશ સહ. અધિ લગત કચેરીનો તા ૨૮-૬ ૯૦નો ખાસ અહેવાલ.

(૪) ધી પાટડીયા ખેતી માટે પાણી પાડનારી સહ. મંડળી લી., ના તા ૨૮-૯-૯૧ના રોજ મળેલ સધારણ સભાના ઠરાવ નં-૮ થી મંડળીને ફડચામાં લઈ જવા થયેલ ઠરાવની ખરી નકલ.

(૫) આ કચેરીના તા ૯-૭-૯૩ની મંજુર થયેલ નોંધ

આલોચના

જા નં-ફડચ/ગ/૯૨૮૧/૦૧/ગ/૧૩૦૪/૯૩

ધી પાટડીયા ખેતી માટે પાણી પુરું પાડનારી સહ મંડળી લી., મુ. પાટડીયા તા. ખેડબ્રહ્મા જિ. સા. કાં ઓ સને ૧૯-૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે સદર સંસ્થાનો વહીવટી તથા આર્થિક સ્થિતિ કથળી જતાં કચેરીના શ્રી મદદનીશ સહકારી અધિકારીએ મંડળી ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરેલ છે જેમાં જણાવ્યા મુજબ મંડળીને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ની લોન, શેર લોન, ન્યુક્લીયર બજેટ તથા કામ કાજના ભંડોળ માટે લોન મળેલ છે પરંતુ તે પૈકી એક પણ હપ્તો ભરાયેલ નથી તથા મંડળીના કુવામાંથી પાણી નહિવત છે કુવો હવે ઉંડો થઈ શકે તેમ નથી, પાણીનો લાભ પણ અમુક સભ્યોને અંશત: જ મળે છે મંડળીનો હેતુ સિદ્ધ થયેલ નથી તથા મંડળીને પૂર્ણતાને ૧૧ વર્ષ થયા છતાં ૧૦૦% પીયત એક વર્ષ પણ થયેલ નથી પાણીના ભાડાની રકમ સભાસદો પાસે બાકી છે મંડળી પાસે વહીવટી ખર્ચ પૂરતી પણ જોગવાઈ નથી મંડળી બિલકુલ સ્થગિત છે તથા વ્ય. ક, સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી આ ઉપરાંત મંડળીની તા ૨૮-૯-૯૧ના રોજ મળેલ છે સાધારણ સભામાં ઠરાવ નં-૮થી પ્રી -૪માં જણાવ્યા મુજબ ફડચામાં લઈ જવા સર્વાનુમતે ઠરાવ થયેલ છે જેથી ઉકત તમામ બાબતોનો વિગતે ઉંડાણપૂર્વક અભ્યાસ કરતાં મંડળી ચાલુ થઈ શકે તેમ ના હોય ફડચામાં લઈ જવા નીચે મુજબ અંતિમ આદેશ કરું છું

હુકમ

આથી હું એમ. સી. પટેલ જિલ્લા રજી. સ મં. ઓ. હિમતનગર સને ૧૯૬૧ના ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અનુસાર મંડળીને ફડચામાં લઈ જવા અંતીમ આદેશ કરું છું તથા કાયદાની કલમ ૧૦૮(૧) નીચે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની નિમણુંક કરું છું ચાર્જ મળ્યા તારીખથી મંડળી ૧ વર્ષમાં આટોપવાની રહેશે.

શ્રી સહકારી અધિકારી ફડચાઓ નિયમાનુસાર ફડચા ફી આકારી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તા ૯-૬-૯૩

સહી/-(એમ. સી. પટેલ
જિલ્લા રજીસ્ટ્રાર,
સહ. મં. ઓ હિમતનગર

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો આદેશ નં.-સવન/૦૧/ક/૪૧૪/ તા. ૨૮-૨-૯૦.

શ્રી મેનેજર, ધી સાબરકાંઠા જી. સ. બેંક લી., હિમતનગરનો તા. ૧૬-૭-૯૩ના પત્ર નં.-લોન્સ/વહટ/૩૬ ૧૨૩૬૦.

આલોચના.

ક્રમાંક : વહટ/૦૧/ક/૧૨૪૮/૯૩.

ધી વાસણીરેલ સેવા સહ. મં. લી., વાસણીરેલ તા. બાયડ, જિ. સાબરકાંઠા સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થામાં ઉકત પ્રિયમ્બલ-૧ના આદેશથી સહકારી અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વહીવટદાર પ્રથા અમલમાં મુકવામાં આવેલ અને તા. ૩૦-૬-૯૩ સુધીની મુદત વધારો આપવામાં આવેલ છે. કલમ-૮૧ની જોગવાઈમુજબ વહીવટદાર પ્રથા વધુમાં વધુ ચાર વર્ષ સુધી અમલમાં રાખી શકાય.

વહીવટદાર બેંકના તા. ૧૬-૭-૯૩ના પત્રથી જણાવ્યા મુજબ મંડળી સાધારણ સભા તા. ૨૭-૬-૯૩ના રોજ રાખવામાં આવેલ અને વહીવટદાર પ્રથાને સમય મર્યાદા પૂર્ણ થવા બાબતે ચર્ચા કરી ઠરાવ નં.-૪થી મંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના કરેલ છે. આમ સંસ્થાનો વહીવટ સંભાળવા સંચાલક મંડળની રચના થઈ છે. જેથી કલમ-૮૧(૩) અન્વયે વહીવટદાર સમાપ્તીનો નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

INDEX

હુકમ.

આથી હું, એમ. સી. પટેલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહ. મં. હિંમતનગર મને મળેલ સત્તાની અને અધિકારની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે ધી વાસણીરેલ સેવા સહ. મં. લી., વાસણીરેલ તા. બાયડમાં વહીવટદારની નિમણુંક કરવામાં આવેલ છે. તે ઉકત અધિનિયમની કલમ-૮૧(૩) અન્વયે વહીવટદાર પ્રથા હુકમની તારીખથી સમાપ્તિ કરવા આદેશ કરું છું.

હિંમતનગર, તા. ૨૭-૭-૯૩. સહી/-(એમ. સી. પટેલ.)
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ. હિંમતનગર.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : હ-૨૮,૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ તા. ૨૨-૩-૮૪

(૨) ફડચા અધિકારીશ્રી ધી રવિપુરા કંપ દુધ ઉત્પાદક સહ મં લી (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તા ૨૬-૭-૯૩નો અહેવાલ

આદેશ

ક્રમાંક: ફડચ/૦૧/ગ/૧૪૩૫/૯૩ :-શ્રી રવિપુરા કંપા/દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મુ રવિપુરાકંપા તા મોડાસા જી સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં સેદુ-૧૮૨૪૧ તા ૧૬-૧૦-૮૦ થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ/ક્રમાંક સરખા/ ૩૦-૧-૦૯૩થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા ના સરખા ક્રમાંક ના આદેશથી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ નીકલમ-૨૦અન્વયે હું એમ. સી. પટેલ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી ઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાના તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત શાખાને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર તા. ૩૦-૭-૧૯૯૩

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : હ-૨૮, ૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪

(૨) ફડચા અધિકારીશ્રી ધી જાનકા દુધ ઉત્પાદક સ મં લી. (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીના તા. ૩૦-૭-૯૩ નો અહેવાલ

આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૪૩૬/૯૩ : શ્રી ધી જાનકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મું જાનકા તા મોડાસા જી સાબરકાંઠા જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં સેદુ-૧૮૨૪૧ તા ૨૪-૧૧-૮૦ થી નોંધાયેલ છે જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા/તા ૩૦-૧-૯૩ થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે અને આ અન્વયે મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા ના સરખા ક્રમાંક ના આદેશથી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે લઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું એમ. સી. પટેલ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની સંમત શાખાને આપી દેવાનું રહેશે

હિંમતનગર, તા. ૩૦-૭-૧૯૯૩

વંચાણે લીધા :--

(૧) શ્રી મેનેજર ધી સા. કા. જી. મ. સહ. બેંક લી. હિંમતનગર ના જા. નં. સુપર/૨૩૫/૩૩૫૭૨ તા.૮/૨/૯૩

(૨) અત્રેની કચેરીના જા નં વહટ/૦૧/૩/૧૧૫૪ તા.૯-૭-૯૩

આલોચના

ક્રમાંક : વહટ/૦૧/ગ/૧૨૬૪/૯૩ :-ધી ભાવનગર પિયત સહકારી મંડળી લી તા ઈડર જી, સાબરકાંઠા એ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીની વહીવટીય પરિસ્થિતિ કથળતાં ઉકત પ્રી ૧ના પત્રથી શ્રી મેનેજર સા. કો. બેંક લી હિંમતનગર કલમ-૮૧(ક) અન્વયે વહીવટદાર ની નિમણુંક કરવા ભલામણ આહે માલ રજુ કરતાં તે અન્વયે જણાવેલ વિગતો મુજબના અત્રેના ઉકત પ્રી. ૨ ના જા નં થી મંડળીના ચેરમેન/સેક્રેટરીને રજી. પોસ્ટથી નોટીસ આપી તા. ૧૯-૭-૯૩ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત યા મૌખિક રજુઆત કરવાની તક આપવામાં આવતા સદર તારીખે હાજર રહી લેખિતમાં જણાવેલ કે બેંકે વહીવટદાર માટે જે રીપોર્ટ કરેલ છે જેની અમો અનુમતિ આપીએ છીએ જે જોતાં નીચેના મુદ્દાઓના કારણે મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમ અનુસાર સહકારી પ્રવૃત્તિના હિતમાં તેમજ સભાસદોના બહોળા હિતને લક્ષમાં લેતા નિયમાનુસાર વહીવટ ચાલે તે માટે નીચેના મુદ્દાઓ અન્વયે મંડળીની કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવાની જરૂરીયાત રહે છે

(૧) મંડળીની તા. ૧૩-૧-૯૩ની ખાસ સાધારણ સભાના ઠ નં ૨થી મંડળીને વહીવટદારની પ્રથા નીચે લઈ જવા ઠરાવ કરેલ છે.

(૨) મંડળીમાં આવકના સાધન તરીકે પાણીવેરો છે પરંતુ વ્ય. ક. નિષ્ક્રીય હોવાને કારણે આવક થતી નથી જેથી ૩૧-૧૨-૯૨ના રોજ રૂા. ૧૭૫૯૪/-ની ખોટ થયેલ છે તેમજ ઘણા લાંબા સમયથી રૂા. ૧૧૮૦૧/-મુદતવીતી રકમ. રહેવા પામેલ છે

જા. નં. ફડચા/ઉખસ/૧૨૪૨/ખ/૧૦૮૪ સને ૧૯૯૩ :-ધી હમદર્દ ચિત્ર કો. ઓ. સોસાયટી લી. મુ. સુરત તા. ચોર્યાસી જી. સુરતનો ક્રમાંક નં. સા-૧૬૨૫ તારીખ ૯-૨-૮૩થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓના સુરતના આદેશ ક્રમાંક : નં. ફડચ/ઉખસ/૧૨૪૨/ખ/૯૮૭/૮૯ તારીખ ૨૦-૨-૮૯ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીને નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૩-૬-૧૯૯૩.

વંચાણે લીધું :-

(૧) તા. ૧૭-૭-૯૧ના હુકમ ક્રમાંક : નધણ/૦૧/ઝ/૬૦૪/૯૧

હુકમ

ક્રમાંક : નધણ/૦૧/ઝ/૫૦૭/સને ૧૯૯૩:-આ કચેરીના તા.-૧૭-૭-૯૧ના હકમ ક્રમાંક : નધણ//૦૧/ઝ/૬૦૪/૯૧ થી ધી પુરૂષોત્તમનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરતનું વિભાજન ૨૬ મંડળીઓમાં કરવા અંગેનો હુકમ કરેલ હતો અને તે મુજબ પુરૂષોત્તમનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરત નં. ૧ થી ૨૬ ની કુલ : ૨૬ મંડળીઓની નોંધણીના નંબર અલગ અલગ ફાળવેલ હતા અને આ ૨૬ મંડળી ઉપરાંત પુરષોત્તમનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરતના નામની મંડળી પણ નોંધણી નં. ધ-૪૭૫૭ તા. ૧૯-૪-૮૦થી નોંધાયેલ તેનું અસ્તીત્વ પણ ચાલુ રહેલ હતું. એટલે મુળ મંડળીનું વિભાજન થતા ૨૬ નહિ પરંતુ ૨૭ મંડળીઓમાં વિભાજન થયુ હતું અને તેથી સહકારી કાયદાની કલમ : ૨૦ મુજબ નોંધણી રદ કરવાની જોગવાઈ લક્ષમાં લેતાં પુરષોત્તમનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. સુર નોંધણી નંબર : ૪૭૫૭ તા. ૧૯-૪-૮૦ની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦(૧) મુજબ રદ કરી પુરૂષોત્તમનગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરતને નોંધણી નંબર : ૧૬૧૫૮ તા. ૨૬-૬-૯૩ હેઠળ નોંધણી કરવામાં આવે છે. અને તેની અન્ય વિગતો નીચે મુજબ રાખવા હુકમ કરવામાં આવે છે.

અ નં.	મંડળીનું નામ	નોંધણી નં. તારીખ	મંડળીની જમીન ગામ	સ. નં.
૧.	પુરષોત્તમ નગર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરત	ધ-૧૬૧૫૮ તા. ૧૨-૬-૯૩	પાંડેસરા	૧/૧

ચો. મી.	સભ્યો	અલગ મંજુર કરેલ પેટા નિયમો	અલગ મંજુર કરેલ પેટા નિયમ સાથે મંજુર કરેલ સરવૈયુ
૩૬૦૧.૧૪ ચો. મી./ ૧૦		પેટા નિયમ	પેટા નિયમ સાથે સામેલ કરેલ મુજબ

સુરત, તા. ૨૮-૬-૯૩.

નં. ઉખસ/નધણ/ધ-૧૬૧૫૯/ઝ/૫૬૨/૯૩ :-આથી જાહેર કરે છે કે શ્રી જીવન જ્યોત કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૯-૭-૧૯૯૩.

નં. ઉખસ/નધણ/સા-૨૫૪૫/૭૪/૫૬૩/૯૩ :-આથી જાહેર કરે છે કે શ્રી વર્ષા કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૯-૭-૧૯૯૩.

વાંચ્યો :- અત્રેની કચેરીના સદર જા. નં. ફડચ/૧૩૭૮/૫/૯૮૪ તા. ૯-૬-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક : ફડચા/ઉખસ/૧૩૭૮/૫૬૨૦/અ/૧૧૯૨/૧૯૯૩ :- જે ને મેં રામાનંદ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. સુરત તાલુકો

INDEX

ચોર્યાસી જીલ્લા સુરત નોંધણી ક્રમાંક ધ-૯૭૯ તા. ૧-૭-૮૨થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૬-૯૩ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ કરવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી ફડચા-૨ સુરતનો નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૫-૭-૧૯૯૩.

વાંચ્યો :

અત્રેની કચેરીના સદર જા. નં. ફડચ/૧૩૭૦/ખ/૯૮૧/ તા. ૯-૬-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક:ફડચા/ઉખસ/૧૩૭૯/ખ/૧૧૯૪/૧૯૯૩; જેને મેં શેખપુર વિભાગ વિ. કાર્યકારી સ. મં. લી. મુ. શેખપુર તાલુકો મહુવા જીલ્લા સુરત નોંધણી ક્રમાંક:૧૦૬૫૬ તા.૨૫-૧-૭૦ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૬-૯૩ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧૫-૭-૧૯૯૩.

નં ઉખસ/નધણ/ધ-૧૬૧૬૦/ઝ/૫૯૨/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી સોના કોમ્પલેક્ષ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૧-૭-૧૯૯૩.

નં ઉખસ/નધણ/સા-૨૫૪૬/ઝ/૫૯૫/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી પૂર્વીનગર કો.ઓપ. હાઉસીંગ સર્વિસ લીમી. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧-ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૧-૭-૧૯૯૩.

નં ઉખસ/નધણ/ધ-૧૬૧૬૧//ઝ/૫૯૬/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી પરીતોષ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૧-૭-૧૯૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જા. નં. ફડચ/૧૩૮૩/ખ/૧૦૬૦/ તા. ૨૧-૬-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક:ફડચા/ઉખસ/૧૩૮૩/ખ/૧૨૩૦/૧૯૯૩ જેને મેં સેગવા વિભાગ પોલીટ્રી ફાર્મસ સ. મં. લી. મું. સેગવા તાલુકો કામરેજ જીલ્લા સુરત નોંધણી ક્રમાંક:/સે-૨૦૩૨૮ તા.૧૯૮૬ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૧-૬-૯૩ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૬-૭-૧૯૯૩.

નં ઉખસ/નધણ/ધ-૧૬૧૬૨/ઝ/૬૦૯/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી જી. કો.ઓ.પ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કરજણ (સુરત) તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૭-૭-૧૯૯૩.

નંઉખસ/નધણ/સા-૨૫૪૭/ઝ/૬૧૫/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી રોયલ પીપલ્સ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૩-૮-૧૯૯૩.

INDEX

નં ઉખસ/નધણ/સે-૨૬૧૩૪/ઝ/૬૪૮/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી બંધારપાડા (નિઝર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ બંધારપાડા તાલુકો નિઝર જીલ્લો સુરત.

સને-૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૯-૮-૧૯૯૩.

નં ઉખસ/નધણ/સે-૨૬૧૩૩/ઝ/૬૪૮/૯૩; આથી જાહેર કરે છે શ્રી જુની ભીલભવાણી દુધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લિ. મર્યાદિત સ્થળ જુની ભીલભવાણી તાલુકો નિઝર જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા. ૯-૮-૧૯૯૩

વાંચ્યો :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૨) વિહારા વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. પો. વિહારા તા. ઓલપાડ જિ. સુરતના સને ૧૯૯૧-૯૨ ના વર્ષનો ઓડીટ મેમો તથા મંડળીના મ્રમુખશ્રીની તા. ૧૩-૪-૯૩ની અરજી.

(૩) સરકારશ્રીના સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૨-૩-૮૪ના પત્ર નં. ૨૮૮૪/ડીડીસી/૭૪૨૫/ગ થી બહાર પાડેલ જાહેર નામું.

(૪) મંડળીના તમામ કમીટી સભ્યોને અત્રેના તા. ૨૧-૬-૯૩ના પત્ર નં. સકક/૦૧/ખ/૧૦૪૧ સને ૧૯૯૩થી આપેલ કારણદર્શક નોટીસ.

ક્રમાંક : સકક/૦૧/ખ/૧૨૮૩ સને ૧૯૯૩ વિહારા વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. વિહારા તા. ઓલપાડ જિ. સુરત એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો ઉલ્લેખ હવે પછી 'સદર હુકમમાં" 'સંસ્થા' તરીકે કરવામાં આવશે.

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક ૩ વાળા સરકારશ્રીના સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૨-૩-૮૪ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે અધિકારો જિલ્લા રજીસ્ટ્રારશ્રીને સુપરત કરાયેલ છે.

સંસ્થાનું સને ૧૯૯૧-૯૨ના વર્ષનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ સુરત મારફત હાથ ધરાયેલ ઓડીટ દરમ્યાન મંડળીમાં ગંભીર વહીવટી તથા નાણાકીય/ક્ષતીઓ તથા ગેરરીતીઓ જણાય આવેલ, આથી અત્રેના અનુ નં.૩માં જણાવેલ પત્રથી મંડળીના તમામ હોદ્દેદારો તથા કમીટી સભ્યોને નીચે જણાવેલ મુદ્દાઓ હેઠળ કારણદર્શક નોટીસ આપી તા. ૧૨-૭-૯૩ના રોજ સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

જે—૩૨—૧૪.

(૧) મંડળીના સંચાલકો મંડળીની કાર્ય વ્યવસ્થામાં કોઈભાગ લેતા હોવાનું જણાયેલ નથી.

(૨) મંડળીમાં વર્ષ દરમ્યાન વસુલાત ઘણીજ જુજ આવેલ છે.

(૩) મંડળીમાં મુદતવીતી બાકીનું પ્રમાણ ઘણુ જ છે.

(૪) કમીટી સભ્યો છેલ્લા કેટલાંક વર્ષોથી મુદતવીતી બાકીદાર હોવા છતાં કમીટી સભ્યપદે ચાલુ રહેલ છે.

(૫) મંડળીનો વહીવટ પેટા નિયમ તથા સહકારી કાયદા-કાનુન મુજબ ચાલતો નથી.

(૬) અગાઉના વર્ષના ઓડીટ પેરા નં. ૨,૩,૪,૫,૧૮,૨૧,૨૪, ૨૭,૨૮,૩૦,૩૧,૩૨ની વાસ્તવીક દરસ્તી કરવામાં આવેલ નથી.

(૭) સંસ્થાએ સભાસદોને આપેલ ધિરાણ અંગે કરજખતો લીધેલ નથી. ધિરાણ કરેલ રકમ અંગે જામીન મેળવી જામીનની સધ્ધરતા બાબત જરૂરી તપાસ કરવામાં આવેલ નથી. આ અંગે અગાઉના ઓડીટ દરમ્યાન સુચન આપવા છતાં સુચનાનું પાલન થયેલ નથી.

(૮) ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. ઓલપાડ શાખામાંથી સામાન્ય ઓવરડ્રાફટ તથા ખેતી વિષયક ટુકી મુદતી લોન કરજ મેળવી લોન ખાતેથી કરંટ ખાતામાં રકમ ટ્રાન્સફર કરી નાણાંનો ઉપાડ કરી જે તે હેતુ માટે ઉપયોગ ન કરતાં સભ્યોની થાપણ પરત કરવામાં નાણાંનો ઉપયોગ કરેલ છે. આમ નાણાંનો દુર-ઉપયોગ થયેલ છે. નાણાંનો ઉપાડ કયા હેતુ અર્થે કરવામાં આવે છે તેની ખાત્રી કર્યા વિના પ્રમુખશ્રીએ ચેક ઉપર સહી કરી નાણાં ઉપાડ કરવાની પરવાનગી આપેલ છે.

(૯) સભાસદોના ખાતામાં કરજ ઉપર નિયત દરે વ્યાજની આકારણી કરવામાં આવેલ નથી.

(૧૦) પેટા નિયમ ૬૯ની જોગવાઈ મુજબ થાપણ પર આપવાના વ્યાજના દર મુજબ વ્યાજ આકારવામાં આવેલ નથી.

(૧૧) મંડળીમાં મુસાફરી ખર્ચ ભથ્થા ખર્ચ તથા પરચુરણ ખર્ચનું પ્રમાણ ખુબજ વધુ પ્રમાણમાં છે જે અંગેના પુરા વાઉચરો રજુ કરવામાં આવેલ નથી.

(૧૨) સભાસદ દાખલ ફી તથા શેર ટ્રાન્સફર ફી જમા કરાવવામાં આવેલ નથી.

(૧૩) મંડળીની વાર્ષિક સાધારણ સભામાં પેટા નિયમ-૫૬ તથા ૬૨માં જણાવ્યા મુજબ કામકાજ હાથ ધરવામાં આવેલ નથી.

(૧૪) મંડળીના કાર્યક્ષેત્ર બહારની વ્યકિતને ધિરાણ આપવામાં આવેલ છે. જે પેટા નિયમ વિરૂદ્ધ છે.

(૧૫) મંડળીના મેનેજર મનસ્વીપણે મંડળીનો વહીવટ ચલાવતા હોવાનું મ્રમુખશ્રીએ તેઓની તા.૧૩-૪-૯૩ની અરજીમાં જણાવેલ છે.

INDEX

(૧૬) મંડળીની આર્થિક સ્થીતી દિનપ્રતિદિન નબળી થતી જાય છે.

(૧૭) તા. ૧-૭-૯૨ થી મંડળીનું કામકાજ બંધ છે.

અત્રેથી આપેલ કારણદર્શક નોટીસના સંદર્ભમાં મંડળી તરફથી કોઈ મુદ્દાસર જવાબ કરવામાં આવેલ નહીં, પરંતુ તા. ૧૨-૭-૯૩ના રોજ મંડળીના પ્રમુખ તથા બે કમીટી સભ્યોએ હાજર રહી જણાવેલ છે કે મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવામાં આવેતો તેઓને વાંધો નથી.

ઉપરોકત વિગતો જોતાં સંસ્થાના હોદ્દેદારો સહકારી કાયદા કાનુન તથા પેટા નિયમ દ્વારા તેઓ ઉપર લાદવામાં આવેલ ફરજ તથા જવાબદારી બજાવવામાં કસુર કરેલ અને તેમ કરી સંસ્થાના હીતને બાધ આવે તેવુ કૃત્ય કરેલ છે. આથી ભવિષ્યમાં સંસ્થા આર્થીક રીતે ભાંગી ન પડે તથા સભાસદોનું હીત જળવાઈ રહે તેને નજર સમક્ષ રાખી હાલની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરીને વહીવટદારની નિમણુંકની આવશ્યકતા જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું પી.પી. ઉપાધ્યાય જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ વિહારા વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. વિહારા તા. ઓલપાડ જિ. સુરતની વ્યવસ્થાપક કમીટીને દુર કરી પ્રથમ તબક્કે સંસ્થાનો વહીવટદાર સંભાળે તે તારીખથી એક વર્ષ માટે મજકુર કાયદાની કલમ ૮૧(૧-ક) અન્વયે સંસ્થાના વહીવટદાર તરીકે ધી સુરત જિલ્લા સહકારી બેંક લી. સુરતની નિમણુંક નીચે જણાવેલ શરતોને આધીન કરી છે.

(૧) ધી સુરત ડી. કો.-ઓપ બેંકે વહીવટદાર તરીકે પોતાના અધિકારીની નિમણુંક કરવાની રહેશે.

(૨) સંસ્થાના રોજબરોજના કામકાજનો ખર્ચ તેમજ વહીવટનો વેતન તેમજ મુસાફરી ખર્ચ સંસ્થાના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૩) સંસ્થાના પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો તથા ફરજો જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુરતના નિયંત્રણ હેઠળ ભોગવી શકાશે.

(૪) વહીવટદારે સંસ્થાના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે તથા દરમાસની તારીખ પાંચમી સુધીમાં સંસ્થામાં કરેલ કામકાજ અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

સુરત, તા. ૧૬-૮-૧૯૯૩.

નં. ઉખસ/નધણુ/ધ-૧૬૧૬૩/ઝ/૬૬૨/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી નિર્માણ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)-ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૦-૮-૯૩.-

નં. ઉખસ/નધણુ/ધ-૧૬૧૬૪/ઝ/૬૬૩/૯૩ ;-આથી જાહેર કરે છે કે ન્યુ નવ નિર્માણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી! મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ -ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૦-૮-૯૩.

નં. ઉખસ/નધણુ/સા-૨૫૪૮/ઝ/૬૬૪/૯૩ આથી જાહેર કરે છે કે શ્રીનાથ એપાર્ટમેન્ટ કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી. મર્યાદિત સ્થળ મોટાબાગળ તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)-ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૦-૮-૯૩.

નં. ઉખસ/નધણુ/સે-૨૭૧૭૬/ઝ/૬૬૭/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી અલગઢ-જામલીયા વિભાગ ખેતી પેદાશ ફુપાંતર અને વેચાણ કરવારી સ. મં. લી. જામણીયા મર્યાદિત સ્થળ જામણીયા તાલુકો વાલોડ જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪-૮-૧૯૯૩.

વાંચ્યો :- અત્રેની કચેરીના સદર જા. નં. ફ૬ચ/૧૩૮૪//૧૧૫૫/૯૩ તા. ૮-૭-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક : ફ૬ચ/ઉખસ/૧૩૮૪/અ/૧૧૪૬/૧૯૯૩ જેને મેં માંગરોળ વિ. ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ. મં. લી. મુ. માંગરોલ તાલુકો માંગરોળ જીલ્લા સુરતની નોંધણી ક્રમાંક સે-૨૨૭૧૬ તા. ૧૧-૧૦-૮૮થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૮-૭-૯૩ના વચગાળા આદેશથી ફ૬ચ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફ૬ચ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧)(ક(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફ૬ચ્યા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી ફ૬ચ્યા-૧ સુરતની નિમણુક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૪-૮-૧૯૯૩.

INDEX

વાંચ્યો :- અત્રેની કચેરીના સદર જા. નં. ફડ્યા/૧૩૮૫/૫/૧૧૫૪/૯૩ તા. ૮-૭-૯૩થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક : ફડ્યા/ઉખસ/૧૩૮૫/અ/૧૫૪૭/૧૯૯૩ જેને મેં બુણધા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. બુલધા તાલુકો માંડવી જીલ્લા સુરત નોંધણી ક્રમાંક ઉ-૯૦૯૩ તા. ૩૧-૧-૮૯થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૮-૭-૯૩ના વચગાળા આદેશથી ફડ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧-ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૩(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડ્યા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૪-૮-૧૯૯૩.

વાંચ્યો :- અત્રેની કચેરીના સદર જા. નં. ફડ્ય/૧૩૮૭/અ/૧૧૯૬/૯૩ તા. ૧૫-૭-૯૩થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક: ફડ્યા-ઉધસખસ/૧૩૮૭/અ/૧૧૫૬/૧૯૯૩ જેને મેં લુવારા પોલ્ટ્રી ફાર્મસ સ. મં. લી. મુ. લુવારા તાલુકો માંગરોળ જીલ્લા સુરત નોંધણી ક્રમાંક : સે-૨૨૭૧૫/ તા. ૧૧-૧૦-૮૮થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૫-૭-૯૩ના વચગાળા આદેશથી ફડ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૩(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આપેલ વચાગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડ્યા-૩ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૫-૮-૧૯૯૩

ક્રમાંક : નં.-ઉખસ/નધણુ/ધ-૧૬૧૬૫/ઝ/૬૮૧/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી સંત સવૈયાનાથ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૬-૮-૯૩.

વાંચ્યો :-

(૧) સરકારી અધિકારી ફડ્યા-૩ સુરતના જા. નં.- તા. ૨૪-૮-૯૩થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ.

જા. નં. ફડ્યા-ઉખસ/નધણુ/૧૩૪૪/ખ/૧૧૯૫/૯૩

ધી કોસમ વિભાગ પોલ્ટ્રી ફાર્મસ સ. મં. લી., મુ. કોસમ તા. ઓલપાડ જિ. સુરતના નો ક્રમાંક : નં.-સે.૨૨૭૧૮ તારીખ ૧૯-૧૨-૮૮થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નં.-ફડ્યા/ઉખસ/૧૩૪૪૫/૨૨૬૭ તારીખ ૧૭-૧૦-૯૨ના હુકમથી ફડ્યામાં લઈ જવામાં આવી હતી ફડ્યા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોાવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડ્યાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૩-૯-૯૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જા. નં. ફડ્ય/૧૩૮૮/ખ/૧૨૩૨/૯૩ તા. ૨૬-૭-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક:ફડ્યા/ઉખસ/૧૩૮૮/ખ/૧૨૦૩/૧૯૯૩ જેને મેં ભટગામ હળપતિ ઘર બાંધનારી સહકારી મં. લી. મું. ભટગામ તાલુકો ઓલપાડ જીલ્લા સુરત નોંધણી ક્રમાંક:/બી-૨૬૭૫ તા.૧૯-૫-૯૬ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬-૭-૯૩ના વચગાળા આદેશથી ફડ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૩(૧)(ક)(ગ) (૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારીફડ્યા-૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૪-૯-૧૯૯૩.

નં.ઉખસ/નધણુ/સા-૨૫૪૯/ઝ/૭૦૮/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી જયજલારામનગર ઝુંપડપટી ઉત્કર્ષ અને ગૃહ લક્ષ્મી મર્યાદિત સ્થળ અડાલજળા તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૯-૧૯૯૩.

INDEX

નં.ઉખસ/નધાણ/સે-૨૬૧૩૫/ઝ/૭૦૯/૯૩ આથી જાહેર કરે છે કે શ્રી ધૂપી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધૂપી તાલુકો ઉચ્છલ જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૭/૯/૧૯૯૩.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ

(૨) ધી નવી સીવીલ હોસ્પીટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. સુરતમાં વહીવટદારની નીમણુંક બાબતની ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી. સુરતની તા. ૨૯-૧૦-૯૨ તથા તારીખ ૨૦-૮-૯૩ની દરખાસ્ત.

(૩) ધી નવી સીવીલ હોસ્પીટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ને અત્રેનો તા ૧૯-૧-૯૩ના પત્ર નં. સકક/૦૧/ખ/૧૦૧ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૪) સરકારશ્રીના સહકાર વિભાગ સચીવાલય ગાંધીનગરના તા.૨૨-૩-૮૪ના પત્ર નં.૨૮૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ/થી બહાર પાડેલ જાહેરનામું.

ક્રમાંક:સકક/૦૧/ખ/૧૨૬૬/સને ૧૯૯૩ ધી નવી સીવીલ હોસ્પીટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મજુરાગેટ સુરત એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો ઉલ્લેખ હવે પછી સદર હુકમમાં સંસ્થા તરીકે કરવામાં આવશે.

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક-૪ વાળા સરકારશ્રીના સહકાર વિભાગ સચીવાલય ગાંધીનગરના તા. ૨૨-૩-૮૪ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વેયના અધિકારી જિલ્લા રજીસ્ટ્રારશ્રીને સુપરત કરાયેલ છે.

ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપ. બેંક લી. સુરત તરફથી ધી નવી સીવીલ હોસ્પીટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. સુરતના હિસાબો તપાસતા કેટલીક ગંભીર પ્રકારની ક્ષતીઓ જણાય આવતા વંચાણે લીધેલ ક્રમાંક:૩ વાળા પત્રથી નીચેના મુદ્દા હેઠળ મંડળીના તમામ કમીટી સભ્યોને કારણદર્શક નોટીસ આપી તા. ૧-૩-૯૩ના રોજ સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

(૧) મંડળીને ૧૮ ટ્રાન્સફર તથા ૩ સસ્પેન્ડ થયેલ કુલ ૨૧ કર્મચારીઓની પાસે રૂા. ૧.૧૧ લાખની વસુલાત અર્થે મંડળીએ કલમ-૯૬ હેઠળ લવાદી રાહે કોર્ટ કાર્યવાહી કરેલ નથી. તેમજ ટ્રાન્સફરથી અન્ય બદલી થયેલ કર્મચારીઓના સભ્યોના સંબંધીત ખાતાની વડાને વસુલાત બાબતે રીકવરી સ્ટેટમેન્ટ ઘણા લાંબા સમયથી મોકલેલ નથી.

(૨) જે સભ્યોની વસુલાત આવતી નથી તેવા કીસ્સામાં સંચાલક મંડળે કલમ-૫૨(૨) હેઠળ કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૩) વ્યવસ્થાપક કમીટીમાં માસીક ખર્ચાઓ તથા ટ્રાયલ બેલેન્સ મંજુર કરવામાં આવતા નથી.

(૪) મંડળીની મુદતવીતી બાકીનું પ્રમાણ ૪૪.૪૬ટકા જેટલી છે કુલ ૧૪૨ સભ્યો મુદતવીતી બાકીદારો હોવા છતાં લવાદી રાહે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૫) પ્રતિ વર્ષના ઓડીટ મેમાની દુરસ્તીની નોંધ વાર્ષિક સાધારણ સભામાં વાંચનમાં લીધેલ નથી.

(૬) સને ૧૯૯૧-૯૨ના વર્ષમાં કેટલાક સભાસદો મુદતવીતી બાકીદારો હોવા છતાં નવું ધિરાણ કરેલ છે.

(૭) લાલ સીલીકની મર્યાદા તથા જવાબદારી મંત્રીશ્રી મહેન્દ્ર ઓસ. ત્રિવેદી પાસે રૂા.૨૦૦૦ની મર્યાદામાં રાખવા ઠરાવેલ હોવા છતાં પ્રમુખશ્રી ભાઈલાલભાઈ બી. વૈષ્ણવ પાસે બીની અધિકૃત રીતે દૈનિક સરેરાશ રૂા. ૬૦૦૦૦ થી ૬૫૦૦૦ની મર્યાદામાં હાથ સીલક લાંબા સમય સુધી રહેતી હોવાનું તથા તેનો અંગત વપરાશ કરતા હોવાનું જાણવા મળેલ છે.

(૮) બેંકની ઓવર ડ્રાફટ બાકી લાંબા સમયથી રથગીત જોવા મળેલ છે.

(૯) મંડળી દફતરે કુલ ૧૧ કમીટી સભ્યો પૈકી ૭ કમીટી સભ્યો પાસે રૂા.૬૫૦૨૫/- મુદતવીતી બાકી લેણું પડતું હોવા છતાં મજકુર સભ્યોને કમીટીમાંથી ફારેગ કરેલ નથી.

(૧૦) લોન અરજી રજીસ્ટર બનાવેલ નથી. જેથી લોન અરજીઓ અંગેનું ચીત્ર સ્પષ્ટ થતુ નથી.

(૧૧) સભ્યો તરફથી આવતી વસુલાત પ્રતિમાસ બેંકઓવર ડ્રાફટ ખાતે ભરવામાં આવતી નથી. બેંક ઓવર ડ્રાફટ ખા. નં. ૧ અને ૨ મળી કુલ ૬,૮૭,૪૬૫/-બેંક લેણું મુદતવીતી પડે છે.

(૧૨) મંડળીનો વહીવટ પેટા નિયમની કલમ-૧૧, ૧૯, ૨૩પેટા કલમ-(૮) કલમ-૪૬, ૫૦, ૫૦(૨) અને ૫૩ વિરૂદ્ધ એક હથ્થુ મનસ્વી પણે ચાલતી હોવાનું જોવા મળેલ છે.

અત્રેની કારણદર્શક નોટીસના સંદર્ભમાં મંડળી તરફથી તેઓના તા. ૨૮-૧-૯૩ના પત્રથી સુનાવણીની બીજી તારીખ માંગવામાં આવેલ જે ધ્યાને લઈ સુનાવણીની બીજી તારીખ ૨૨-૨-૯૩ રાખવામાં આવેલ તા ૨૨-૨-૯૩ના મંડળીના પ્રમુખશ્રીએ હાજર રહી બીજી તારીખ માંગેલ ત્યારબાદ તા. ૯-૩-૯૩ના રોજ રૂબરૂ હાજર રહી લેખીતમાં નીચે મુજબ રજુઆત કરેલ.

સંસ્થાનું સને ૧૯૯૧-૯૨ના વર્ષનું ઓડીટ ઓડીટરગ્રેડ-૧ (પ્રમાણીત) સહકારી મંડળીઓ સુરત તરફથી હાથ ધરવામાં આવેલ ઓડીટરશ્રીના માર્ગદર્શક અને સમજ મુજબ ઘણીખરી ક્ષતીઓની દુરસ્તી કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી તરફ વધુ ધ્યાન આપવામાં આવેલ છે. તમામ ખાતાની બાકીની મેળવણી કરેલ છે. મુદતવીતી બાકીદારો સામે લવાદ કેસ કરવા જણાવેલ છે.

INDEX

હાલ વસુલાત માટે સકીય પ્રયત્નો કરવામાં આવી રહયાં હોય હાલ પુરતી વહીવટદારની નીમણુંક નહીં કરવા જણાવેલ.

ઉપર મુજબ મંડળી તરફથી રજુઆત લેખીતમાં કરવામાં આવેલ પરંતુ નોટીસમાં જણાવેલ તમામ મુદ્દાઓની વાસ્તવીક દુરસ્તી કરવામાં આવેલ નહી જે સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક તરફથી મળેલ તો ૨૦-૮-૯૩ના પત્રથી જાણી શકાય છે. બેંક તરફથી મંડળીની તપાસણી તા૩થી ૬-૮-૯૩નો રોજ કરવામાં આવેલ જેમાં હજુ પણ નીચે મુજબની ક્ષતીઓ રહેવા પામેલ છે.

(૧) મંડળીના કુલ ૧૧ વ્યવસ્થાપક કમીટી સભ્યો પૈકી પ્રમુખ સહીતના ૭ કમીટી સભ્યો પાસે રૂા. ૭૧૭૦૧/-ની રકમની મુદતવીતી બાકી છે.

(૨) તા.૩૦-૬-૯૩ના રોજ ૨૧૫ સભ્યોની રોકડ ધિરાણ બાકી રૂા.૧૦,૩૩,૩૭૨/-પૈકી ૧૦૧ સભ્યોની રૂા. ૩,૨૬,૦૩૦/-ની રકમ મુદત વીતી છે. ૩૧.૫ ટકા જેટલી.

(૩) તા. ૩૦-૬-૯૩ના રોજ ૨૮ સભ્યોની સાધન ધીરાણ બાકી રૂા. ૨,૫૭,૭૪૨/-પૈકી ૨૭ સભ્યોની રૂા.૨,૪૨,૭૪૨/-ની મુદત વીતી બાકી છે. ૯૪ટકા જેટલી.

(૪) કુલ ધિરાણના ૪૪ટકા જેટલી મુદતવીતી છે.

(૫) મુદતવીતી બાકીદારો સામે કેસો દાખલ કરેલ નથી.

(૬) સાધન ધિરાણમાં રૂા.૬૭૦૬૪નો ખુટકો પડે છે.

(૭) રોકડ ધિરાણમાં તા.૧-૨-૯૨ થી તા.૩૦-૬-૯૩ સુધીમાં કુલ રૂા. ૯,૭૮,૯૦૯/-ની વસુલાત આવી છે. સુ. તેમાંથી ફકત રૂા. ૧,૧૨,૭૧૦/- નીજ વસુલાત બેંકમાં જમા કરાવેલ છે.

(૮) બેંકલોન ઉભી રાખી વસુલાતમાંથી નવું ધિરાણ રૂા.૧૧,૧૮,૧૦ ૧૦૦/-નું કરેલ છે.

(૯) મુદતવીતી બાકીદારોને પણ નવું ધિરાણ કરેલ છે,

(૧૦) બેંક તરફથી આપેલ રોકડ ધિરાણ માટેનો ઓવરડ્રાફટ અને સાધન ધિરાણ માટેનો ઓવરડ્રાફટ તા ૩૧-૯૨ના રોજથી મુદતીવીતી થયેલ છે જે હાલ અનુક્રમે ૩,૪૨,૪૦૪ અને રૂા. ૩,૨૪,૮૦૬/-ની બાકી મુદતવીતી છે.

(૧૧) રોજમેળ નિયમીત લખાતો નથી.

ઉપરોકત તમામ વિગતો જોતાં મંડળીના હોદેદારોએ મંડળીનો વહીવટ સુધારવા બાંહેધરી આપવા છતાં મંડળીના વહીવટમાં કોઈ સુધારો થયો નથી. વહીવટ નિયમાનુસાર ચાલતો નથી. મનસ્વી પણે ચલાવવામાં આવે છે. લવાદી કેસો કરવા જણાવેલ હોવા છતાં સુચનાનું પાલન કરેલ નથી. મંડળીમાં બેંકલોન વસુલાત સમયસર ન આપતા વ્યાજનું ભારણ વધતું જાય છે. મંડળીની આર્થીક પરીસ્થીતી નબળી થતી જાય છે. આમ મંડળીના હોદેદારોએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ અને તે હેઠળના કાયદા કાનુન હેઠળ અને સંસ્થાના પેટા નિયમ દ્વારા તેમના ઉપર લાદવામાં આવેલ ફરજો અને તેને અનુરૂપ વર્ત્યા નથ. ફરજો બજાવવામાં કસુર કરેલ છે. સંસ્થાના હીતોને બાધ આવે તેવા કાર્યો કરેલ છે. મંડળીનો વહીવટ મનસ્વી પણે ચાલે છે. જે—૩૨—૧૫.

મંડળીની નાણાંકીય પરીસ્થીતી જોતાં મુદતવીતી બાકીનું પ્રમાણ વધતું જાય છે. તેવા સંજોગોમાં સદર કમીટીને વધુ ચાલુ રાખવી હીતાવહ નથી. ત્થા ભવિષ્યમાં સંસ્થાને વધુ આર્થીક નુકશાન નથાય તથા સભાસદોનું હીત જળવાય રહે તેને નજર સમક્ષ રાખી હાલની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરીને વહીવટદારની નીમણુંક ની આવશ્યકતા જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રીપી.પી. ઉપાધ્યાય જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરત સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ હેઠળ પ્રાપ્ત થયેલ અધિકારની રૂએથી નવી સીવીલ હોસ્પીટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય કર્મચારીઓની ધિરાણ અને સહકારી ગ્રાહક સહકારી મંડળી લી. મજુરાગેટ સુરત તા. ચોર્યાસી જિ. સુરતની વ્યવસ્થાપક કમીટીને દુર કરી પ્રથમ તબકકે વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે મજકુર કાયદાની કલમ ૮૧(૧)(ક) અન્વયે સંસ્થાના વહીવટદાર તરીકે ધી સુરત ડીસ્ટ્રી. કો-ઓપરેટીવ બેંક લી. સુરતની નીમણુંક નીચે જણાવેલ શરતોને આધીન રહીને કરું છું.

(૧) સંસ્થાના રોજ બરોજના કામકાજ અંગેનો ખર્ચ સંસ્થાના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) સંસ્થાના પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો તથા ફરજો જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરતના નિયંત્રણ હેઠળ ભોગવી શકાશે.

(૩) વહીવટદારે સંસ્થાના હીતમાં કામગીરીકરવાની રહેશે તથા દર માસની તારીખ ૫મી સુધીમાં સંસ્થામાં કરેલ કામકાજ અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

સુરત, તા. ૧૩-૯-૯૩.

———...

વાંચ્યો :-

(૧) સહકારી અધિકારી ફડચા-૨ સુરતના જા. નં. ફડચા:-૨૮/૧૦૪/૯૩. તા. ૬-૯-૯૩થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ.

જા. નં. : -ફડચા/ઉખસ/૧૩૭૧/ખ/૧૨૯૫/૯૩

ધી સમીર ડામમંડ મેન્યુફેકચરીંગ પ્રા. લી., ના કર્મ-ધિ.-અને ગ્રા. સ. મં. લી., મુ. લસકાણા તા. કામરેજ જિ. સુરતના નો. ક્રમાંક : નં.-૨૨૭૦૯ તારીખ ૯-૫-૮૮થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક : નં.-ફડચ/ઉખસ/૧૩૭૧/ખ/૯૨૬/૯૩ તારીખ ૧-૬-૯૩ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને

INDEX

૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૧૬-૯-૯૩.

વાંચ્યો :-

(૧) સહકારી અધિકારી ફડચા-૨ સુરતના જા. નં.-ફડચ/૩૭/૧૦૫/૯૩ તા. ૬-૯-૯૩થી આવેલ મંડળીની નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ.

જા. નં. ફડચા/ઉખસ/૧૩૪૭/ખ/૧૨૯૬/૯૩.

ધી અમરદીપ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ. બલેશ્વર તા. પલસાણા જિ. સુરતના નો ક્રમાંક નં.-ધ-૧૨૨૦૬ તારીખ ૨૮-૫-૯૦થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓના સુરતના આદેશ ક્રમાંક : નં.-ફડચા/ઉખસ/૧૩૪૭/ખ/૨૫૦૧/૯૨ તારીખ ૩-૧૨-૯૨ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૧૬-૯-૯૩.

ક્રમાંક : ઉખસ/નધણ/સે-૨૬૧૩૬/ઝ/૭૯૪/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી લીડીયાદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ લીડીયાદ તાલુકો માંગરોલ જિલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત. તા. ૨૨-૯-૯૨.

ક્રમાંક : નં.-ઉખસ/નધણ/સે.-૨૫૧૨/ઝ/૭૯૬/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી નગીનાવાડી કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસીની જિલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત. તા. ૨૨-૯-૯૩.

ક્રમાંક : ઉખસ/નધણ/સા.-૨૫૫૧/ઝ/૮૦૪/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી સુરત જિલ્લા અર્બન કો. ઓપ ક્રેડીટ સોસાયટી ફેડરેશન બ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૨-૯-૯૩.

વાંચ્યો :-

(૧) સરકારી અધિકારી ફડચા-૨ સુરતના જા. નં.-ફડચ/૧૭/૯૭/૯૩ તા. ૩૦-૮-૯૩થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ.

જા. નં.ફડચા/ઉખસ/૦૧/ખ/૧૩૧૭/૯૩.

ધી ગોજી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગોજી તા. બારડોલી જિ. સુરતના નો ક્રમાંક : નં.-સે.દુ-૧૩૯૦૯ તારીખ ૧૩-૭-૭૬થી નોંધવામાં આવી હતી જેને મહેરબાન જિ. રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક: નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૦૮૦/૮૮ તારીખ ૨૭-૬-૮૮ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૦-૯-૯૩.

વાંચ્યો :-

(૧) સહકારી અધિકારી ફડચા-૩ સુરતના તા. ૩૦-૮-૯૩ના પત્રથી આવેલ મંડળીની નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં.-ફડચા/ઉખસ/૧૨૦૯/ખ/૧૩૧૮/૯૩.

ધી વાલોડ તા. મરઘાં/બતકા ઉછેર કરનારાઓની સ. મં. લી., મુ. વાલોડ તા. વાલોડ જિ. સુરતનો ક્રમાંક : નં.-સે-૪૮૭૯ તારીખ ૧૯-૧૦-૭૧થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક : નં.-ફડચ/ઉખસ/૧૨૦૯/ખ/૪૩૬ તારીખ ૩-૩-૮૮ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે

સુરત, તા. ૨૦-૯-૯૩.

INDEX

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના સદર જા. નં.-ફડ્યા/૧૩૯૧/ખ/૧૨૬૩/૯૩ તા. ૯-૮-૯૩થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડ્યા/ઉખસ/૧૩૯૧/અ/૧૩૧૯/૯૩.

જે ને મેં કાકડવા વિભાગ પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લી., મુ. કાકડવા તાલુકો વ્યારા જિલ્લા સુરત નોંધણી ક્રમાંક : ૧૭૬૭૦ તા.૧-૯-૮૨થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૮-૯૩ ના વચગાળા આદેશથી ફડ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળી-ઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રખાવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડ્યા-૨ સુરતની નિમાણું ક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦-૯-૯૩.

વાંચ્યો :-

અત્રેની કચેરીના સદર જા. નં.-ફડ્યા/૧૩૮૯/ખ/૧૨૩૧/૯૩ તા. ૨૬-૭-૯૩થી કરવામાં આવેલ વચાગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડ્યા/ઉખસ/૧૩૮૯/અ/૧૩૫૩/૯૩.

જેને મેં પૂર્વ વ્યારા મજુર અને કામદારોની સહકારી મંડળી લી., મુ. ડોલારા તાલુકો વ્યારા જિલ્લા સુરત નોંધણી ક્રમાંક ઉ-૪૮૧૦ તા. ૧૦-૯-૮૨થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬-૭-૯૩ના વચગાળા આદેશથી ફડ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડ્યા-૧ સુરતની નિમાણું ક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૨-૯-૯૩.

વાંચ્યો :- અત્રેની કચેરીના સદર જા. નં. ફડ્ય/૧૩૯૦/ખ/૧૨૬૨/૯૩ તા. ૯-૮-૯૩થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

"અંતિમ આદેશ"

ક્રમાંક : ફડ્યા/ઉખસ/૧૩૯૦/ખ/૧૩૫૨/૧૯૯૩ :- જે ને મેં કરંજ પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લી. મુ. કરંજ તાલુકો ઓલપાડ જીલ્લા સુરત નોંધણી ક્રમાંક : સે-૨૦૭૩૮ તા. ૧૩-૨-૮૭થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૯-૮-૭૩ના વચગાળા આદેશથી ફડ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડ્યામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચાગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડ્યા-૧ સુરતની નિમાણું ક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૨-૯-૧૯૯૩.

વાંચ્યો :- સહકારી અધિકારી ફડ્યા-૩ સુરતના તા. ૧૭-૭-૯૩ના પત્રથી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડ્યા/ઉખસ/૧૨૪૬/ખ/૧૩૫૭/સને ૧૯૯૩ :-ધી પાલી હળપતિ સહકારી ઘર મંડળી લી. મુ. પાલી તા. ચોર્યાસી જી. સુરતનો ક્રમાંક નં. બી-૨૭૫૫ તારીખ ૨૪-૧-૫૭થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક નં. ફડ્ય/ઉખસ/૧૨૪૬/ખ/૯૭૯/૯૯ તારીખ ૨૦-૪-૯૯ના હુકમથી ફડ્યામાં લઈ જવામાં આવી હતી ફડ્યા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડ્યાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૨-૯-૧૯૯૩.

નં. ઉખસ/નધણુ/આ-૨૫૫૦/૬/૭૮૫/૯૩ :-આથી જાહેર કરે છે કે શ્રી અખંડ આનંદ વિદ્યાભવન પરિવાર કો.ઓપ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૮-૯-૯૩.

નં. ઉખસ/નધણુ/સે-૨૬૧૩૭/૮૨૦/૬/૯૩ :-આથી જાહેર કરે છે કે શ્રી ભાટપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભાટપુર તાલુકો વ્યારા જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪-૯-૧૯૯૩.

INDEX

નં. ઉખસ/નધણુ/ધ-૧૬૪૪૧/ઝ/૮૨૧/૯૩ :-આથી જાહેર કરે છે કે શ્રી અંકુર એપાર્ટમેન્ટ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સુરત, તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪-૯-૧૯૯૩.

નં ઉખસ/નધણુ/ભ-૨૨૭૪/ઝ/૮૪૭/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી ફુલપાડા અર્બન કો.ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સો. લિ. મર્યાદિત સ્થળ ફુલપાડા તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૧-૧૦-૧૯૯૩.

નં ઉખસ/નધણુ/ધ-૧૬૪૧૩/ઝ/૮૪૮/૯૩: આથી જાહેર કરે છે કે શ્રી શ્રેણિકપાર્ક કો.ઓપ હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.
સુરત, તા.૧-૧૦-૧૯૯૩.

નં ઉખસ/નધણુ/ધ-૧૬૪૧૨/ઝ/૮૫૨/૯૩;આથી જાહેર કરે છે કે શ્રી નીલકંઠ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા ૪-૧૦-૧૯૯૩.

નંઉખસ/નધણુ/ધ-૧૬૪૧૪/ઝ/૮૬૯/૯૩;આથી જાહેર કરે છે કે શ્રી લક્ષ્મીનારાયણ કો.ઓપ હાઉસીંગ સોસાયટી લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧-ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા. ૫-૧૦-૧૯૯૩.

વાંચ્યો :—
અત્રેની કચેરીના સદર જા નં ફડચ/૧૩૯૩/ખ/૧૪૪૫/૯૩; તા ૨૪-૮-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ

"અંતિમ આદેશ"

ક્રમાંક:ફડચા/ઉખસ/૧૩૯૩/ખ/૧૪૫૮/૧૯૯૩; જેને મેં અનાવલ પછાતવર્ગની ઘર બાંધનારી સ. મં. લી.મું. અનાવલ તાલુકો મહુવા જીલ્લા સુરત નોંધણી ક્રમાંક:વી-૧૩૭૪/તા૨-૮-૫૧ થી નોંધવામાં આવી હતી તેને અત્રેની કચેરીના તા.૨૪-૮-૯૩ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને૧૯૬૧ ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧)(ક)(ગ) (૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા ૮-૧૦-૧૯૯૩:

વાંચ્યો :—

અત્રેની કચેરીના સદર જા નં ફડચ/૧૩૯૪/ખ/૧૧૫૯/૯૩ તા ૨૫-૮-૯૩ થી કરવામાં અવેલ વચગાળાનો આદેશ

"અંતિમ આદેશ"

ક્રમાંક:ફડચા/ઉખસ/૧૩૯૪/ખ/૧૪૫૯/૧૯૯૩; જે ને મેં ડોલારા વિભાગ મરઘા બતકા ઉછેરનારાઓની સ. મં. લી.મું.ડોલારા તાલુકો વ્યારા જીલ્લા સ્રુત નોંધણી ક્રમાંક:/સિ-૧૭૬૬૬ તા૧૯૮૧ થી નોંધવામાં આવી હતી તેને અત્રેની કચેરીના તા ૨૫-૮-૯૩ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે

સુરત, તા ૮-૧૦-૧૯૯૩:

નં ઉખસ/નધણુ/સા-૨૫૫૪/ઝ/૮૯૮/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી વાડીયાનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સરદાર પુલના નાકે. સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, ૧૨-૧૦-૧૯૯૩.

નં ઉખસ/નધણુ/સા-૨૫૫૩/ઝ/૮૯૯/૯૩;આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય બેન્ક એમ્પલોઈઝ કો.ઓપ. ક્રેડીટ સો. લિ. મર્યાદિત સ્થળ ખાંડબજાર સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૨-૧૦-૧૯૯૩.

INDEX

વાંચ્યો :—

સરકારી અધિકારી ફડચા-૧ સુરતના જા. નં.ફડચ/૦૧/૧૩૧/૯૩/તા.૩૦-૯-૯૩ થી આપેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/ઉખસ/૧૩૫૯/ખ/૧૪૮૮/સને ૧૯૯૩; ધી ધી બોરીગાળા વિભાગ પિયત સ. મં.લી મુ. બોરીગાળા તા. માંડવી જી.સુરતનો ક્રમાંક નં.ખે-૩૨૩૮ તારીખ ૩૦-૧૦-૯૦ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક:નં-ફડચ/ઉખસ/૧૩૫૯/ખ/૪૭૩/૯૩; તારીખ ૨૨-૩-૯૩ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણુ નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત તા. ૧૨-૧૦-૧૯૯૩.

નં.ઉખસ/નધણુ/સા-૨૪૫૫/ઝ/૯૧૬/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી કોસંબા પૂર્વ વિભાગ કો.ઓપ. ક્રેડીટ સો. લિ. મર્યાદિત સ્થળ કોસંબા(કે.ઓસ.) તાલુકો માંગરોળ જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૧૬-૧૦-૧૯૯૩.

નં.ઉખસ/નધણુ/સે-૨૬૧૩૯/ઝ/૯૧૩/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી મોઘવાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મોઘવાળા તાલુકો સોનગઢ જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૧૬-૧૦-૧૯૯૩.

નં. ઉખસ/નધણુ/સે-૨૬૧૩૮/ઝ/૯૧૮/૯૩;આથી જાહેર કરે છે કે શ્રી સાંકળી(વ્યારા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સાંકળી તાલુકો વ્યારા જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૧૬-૧૦-૧૯૯૩.

નંઉખસ/નધણુ/સા-૨૫૫૬/ઝ/૯૩૧/૯૩; આથી જાહેર કરે છે કે શ્રી સ્વસ્તીક અર્બન કો.ઓપ. ક્રેડીટ સો. લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૨-૧૦-૧૯૯૩.

નં ઉખસ/નધણુ/સા-૨૫૫૭/ઝ/૯૩૩/૯૩;આથી જાહેર કરે છે કે શ્રી સમેતશિખર કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લિ. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુંજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા- ૨૫-૧૦-૧૯૯૩.

વાંચ્યો :-

(૧) સ. મ. ફડચા-૨ સુરતના જા. નં.-ફડચ/૦૧/૧૦૮/૯૩ તા. ૭-૧૦-૯૩થી આવેલ નોંધણી રદ અંગેની દરખાસ્ત.

હુકમ.

જા. નં. ફડચા/ઉખસ/૮૫૩/ખ/૧૫૫૨/૯૩.

ધી વ્યારા કાનપુરા વિદ્યુત સ. મં. લી., મુ. વ્યારા, તા. વ્યારા જિ. સુરતના નો ક્રમાંક : નં.-૧૮૮૨/૩૮૬૧ તારીખ ૧૦-૫-૪૦ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક : નં.-ફડચ/ઉખસ/૮૫૩/ખ/૭૮/૮૬ તારીખ ૨૦-૧-૮૬ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત/ સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૩૦-૧૦-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નધણુ/ખ/૨૫૫૮/ઝ/૯૬૮/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી જયપ્રકાશ નારાયણનગર ઝુપડપટ્ટી ઉત્કર્ષ ગૃહલક્ષ્મી સ. મં. લી., મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩-૧૧-૯૩.

INDEX

ક્રમાંક નં.-ઉખસ/નઘણુ/સા/૨૫૫૯/ઝ/૯૬૯/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી એકતાનગર આદિવાસી ઝુ પડપટ્ટી ઉત્કર્ષ ગૃહલક્ષ્મી સ. મં. લી., મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩-૧૧-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નઘણુ/સા.-૨૫૬૦/ઝ/૯૭૦/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી સંતોષીનગર ઝુડપડપટ્ટી ઉત્કર્ષ ગૃહલક્ષ્મી સ. મં. લી., મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩-૧૧-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નઘણુ/સા.-૨૫૬૧/ઝ/૯૮૭/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી પંચવટી ટેનામેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ. સો. લી., મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩-૧૧-૯૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના સદર જા. નં.-ફડચ/૧૩૭૩/ખ/૬૦૧/૯૩ તા. ૩૧-૩-૯૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ

"અંતિમ આદેશ"

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૩૭૩/ખ/૧૬૬૦/૯૩.

જેને મેં, વકતાણા વિભાગ વિ. કાર્યકારી સહકારી મં. લી., મુ. વકતાણા તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત નોંધણી ક્રમાંક : ઈ-૩૫૫/૧૦૩૧૩ તા. ૫-૩-૪૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩૧-૩-૯૩ના વચગાળા આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી C/o સુ. ડી. કો. બેંક લી., સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૮-૧૧-૯૩.

વાંચ્યો :-

(૧) સરકારી અધિકારી ફડચા-૩ સુરતના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૯૩-૯૪ તા. ૨૮-૧૦-૯૩નો આવેલ પત્ર.

હુકમ.

જા. નં.-ફડચા/ઉખસ/૧૨૩૪/ખ/૧૬૬૪/૯૩.

ધી ચોર્યાસી તાલુકા મત્સ્યઉદ્યોગ સ. મં. લી., મુ. ભીમપોર તા. ચોર્યાસી જિ. સુરતના નો ક્રમાંક : નં.-સે.મા.-૧૫૭૨૪/ તા. ૩૦-૬-૭૮થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના આદેશ ક્રમાંક : નં.-ફડચા/ઉખસ/૧૨૩૪/ખ/૯૮૪/૮૯ તા. ૨૦-૪-૮૯ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવુ અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત મંડળીઓ કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૮-૧૧-૯૩.

ક્રમાંક : નં.-ઉખસ/નઘણુ/સા.-૨૫૬૪/ઝ/૧૦૫૧/૯૩ આથી જાહેર કરે છે કે, શ્રી ઈચ્છાનગર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૦-૧૧-૯૩.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગના કર્મચારીઓની કો-ઓપરેટીવ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લી. ખુશાલપુરા તા. વ્યારા જિ. સુરતને અત્રેના તા. ૧૦-૧૧-૯૩ના પત્ર નં. સક્ક/૦૧/ખ/૧૬૯૯ સને ૧૯૯૩ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) સંસ્થાના લોદેદારો તરફથી મળેલ તા. ૩૦-૧૧-૯૩નો પત્ર.

ક્રમાંક:સક્ક/૦૧/ખ/૧૮૫૯/સને ૧૯૯૩; ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગના કર્મચારીઓની કો-ઓપરેટીવ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લી. ખુશાલપુરા તા. વ્યારા જિ. સુરતએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નં. સે ૨૦૭૨૭ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો ઉલ્લેખ હવે પછી સદરહુ હુકમમાં "સંસ્થા" તરીકે કરવામાં આવેલ છે.

INDEX

મંડળીનું તા. ૧-૭-૯૧ થી તા. ૩૦-૬-૯૨ના સમયનું અન્વેષણ કરાવવામાં આવતા મંડળીના હિસાબો અને વહીવટી કારોબારમાં ગંભીર પ્રકારની ક્ષતી અને સંસ્થાને આર્થીક નુકશાન થાય તેવા કાર્યો કર્યાનું ફલીત થાય છે.

સંસ્થાના તમામ હોદેદારો ત્થા કમીટી સભ્યોને વંચાણે લીધેલ ક્રમાંક:૩ વાળા પત્રથી નીચેના મુદ્દાસર કારણદર્શક નોટીસ-આપવામાં આવેલ જેનો જવાબ તેઓ તરફથી તેઓના તા. ૩-૧૧-૯૩ના પત્રથી કરવામાં આવેલ. નોટીસમાં આપેલ મુદ્દા ત્થા જવાબની વિગત નીચે મુજબ છે.

(૧) મંડળીએ તા ૧-૭-૯૯થી ૩-૬-૯૧ સુધીના આડીટ અહેવાલ આવેલ તેનો દુરસ્તી અહેવાલ આજ પર્યંત મોકલેલ નથી. કલમ-૮૫ હેઠળ આ અહેવાલ ત્રણ માસમાં મોકલવાનો રહે છે, તથા નિયમ ૩૪(૫) અને પેટા નિયમ ૩૧(૧૬)માં ઠરાવ્યા પ્રમાણે આ અંગેની જવાબદારી સમિતિથી નકકી થયેલ છે. આમ નિયમોનો ભંગ થયેલ છે.

ઉપરોકત સંદર્ભમાં મંડળીના પ્રમુખશ્રીએ રજુઆત કરી છે કે મેનેજરશ્રીએ આજદિન સુધી ઓડીટ મેમો આપ્યો છે એવી જાણ કરી નથી તથા સુપરત કર્યો નથી. પ્રમુખશ્રીએ અને સભ્યોએ ની ઉપરોકત રજુઆત સ્વીકારી શકાય તેમ નથી જ્યારે મંડળીનું ઓડીટ પુર્ણ થયુ હોય અને બીજુ ઓડીટ પૂર્ણ થાય ત્યારે આવી બીના જાણવે તે માની શકાય નહીં.

(૨) સભાસદ દાખલ કરવા અંગે પેટા નિયમ-૩માં જોગવાઈ છે, કે સભાસદની લેખીત અરજી મેળવી અને કમીટીએ બહુમતી એ ઠરાવ કરી સભાસદ દાખલ કરી શકાય છે. આ અંગે કારોબારી મંડળીના પેટા નિયમ ૩૧(૧)માં નવા સભાસદ દાખલ કરવાની સત્તા કમીટીની છે પરંતુ ઓડીટ મેમોની ખામી (૨) માં જણાવ્યા પ્રમાણે સભાસદોની દાખલ અરજી મેળવેલ નથી તેમજ તે અંગે કોઈ ઠરાવ કમીટીમાં કરવામાં આવેલ નથી.

હોદેદારો જણાવેછે કે જવાબદાર મેનેજરશ્રીએ કાર્યવાહી કરવાની હોય તે કરી નથી. આ જવાબ હોદેદારોનો વજુદ વગરનો છે. એટલું જ નહીં પણ નવાઈ પમાડે તેવું છે. કમીટીની ફરજો પેટા કાયદામાં સ્પષ્ટ થયેલ છે. એટલું જ નહીં પણ સહકારી મંડળીઓના નિયમોના નિયમ-૩૪માં પણ સ્પષ્ટ દર્શાવેલ છે. સમિતિ જાણી બુઝી ભંગ કરે છે. ફરજ કે પાલન ન કરે અને જવાબદારી મેનેજર ઉપર ઢોળી દેવાની વાત સ્વીકારી શકાય તેમ નથી. આથી ખુલાસો ગ્રાહય રાખવામાં આવતો નથી.

(૩) કાયદાની કલમ-૩૯ તથા નિયમ ૩૪(ક) અન્વયે સભાસદ રજીસ્ટર અદ્યતન રાખવાની જવાબદારી કમીટીની છે પણ આ રજીસ્ટર ન રાખી કમીટીએ તેની જવાબદારી નીભાવેલ નથી.

ઉપરોકત મુદ્દા અન્વયે રજુઆત કરેલ છે કે સભાસદ રજીસ્ટર પુર્ણ કરી લેવામાં આવેલ છે પણ સંદર્ભમાં કોઈ પુરાવા રજુ કરેલ નથી.

(૪) પેટા નિયમ-૩૧ અન્વયે મુદતવીતી બાકીની વસુલાત કરજ અરજીનો નિકાલ હિસાબોની ચકાસણી સ્ટોકની ચકાસણી, અન્વેષણની દરસ્તી વિગેરે કામગીરી કમીટીએ કરવાની છે પરંતુ આ જવાબદારીમાંથી કમીટી નિષ્ફળ ગયેલ છે.

રજઆતમાં જણાવવામાં આવ્યું છે કે મેનેજરને વારંવાર માસીક હિસાબો તૈયાર કરી રજુ કરવાનું સુચન કરવા છતાં તેમ કરવામાં આવ્યું નથી. તથા નિયમ મુજબ પ્રોસીજર કરવાનું કામ મેનેજરનું છે જે નોટીસ મળેથી ચકાસણી કરી ૭૦ ટકા જેવી પુર્ણતા કરી લેવામાં આવી છે.

ઉપર મુજબનો હોદેદારનો ખુલાસો બે જવાબદારી ભરેલો અને પોતાની જવાબદારી અન્યપર ટાળવા પ્રયત્ન કરેલ જ છે. જો મેનેજર આમ કરતા હતા નહિ તો પછી તેમની સામે પગલાં લેવા જોઈએ અને કામ પુર્ણ કરવું જોઈએ. અધુરા રેકર્ડ ચલાવી લીધેલ છે એજ બતાવે છે કે વ્યવસ્થાપક સમિતિએ પોતાની જવાબદારી ટાળેલ છે. ૭૦ટકા જેટલી પુર્તતા કરી લેવામાં આવી છે પણ કઈ બાબતની અને કઈ કઈ પુર્તતા કરેલ છે તે અંગેની કોઈ રજુઆત કરી શકયા નથી. આથી પુર્તતાની બાબતનો કોઈજ સમર્થન મળતું નથી. આથી તેમનો ખુલાસો ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૫) પેટા નિયમ ૩૬(૧) પ્રમાણે સભાસદને શેરની રકમના ૧૦ ગણા, મળતા પગારના દશગણાને રૂ. ૩૦૦૦/- આ પૈકી જે ઓછું હોય તેટલું જ ધીરાણ કરી શકાય અન્ય ધીરાણ મીલકત અને વાહન માટેની જોગવાઈ છે પરંતુ અન્વેષણ થાદીમાં જણાવ્યા પ્રમાણે આ મર્યાદા બહારનું ધિરાણ ગણા કિસ્સામાં કરવામાં આવેલ છે. વળી આ અંગે અરજદાર પાસે પેટા નિયમ ૩૭(૨) અન્વયે કરજખત અને જામીનખત મેળવેલ નથી. પેટા નિયમ ૩૧ (૪) અન્વયે ધિરાણ અંગે કમીટીએ કોઈ ઠરાવ પસાર કરેલ નથી મુદતવીતી હોવા છતાં પેટા નિયમ ૩૧(૯) અન્વયે વસુલાતની કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ મંડળીના ચેરમેનશ્રીએ હોદ્દાનો દુરઉપયોગ કરી કાયદો કાનુન અને પેટા નિયમને નેવે મુકી મનસ્વી રીતે પોતે તેમજ અન્યને નિયમ વિરૂધ્ધ ધિરાણ કરી મંડળીના ફંડનો દરઉપયોગ કર્યો છે અને લેણુ જોખમાયેલ છે જે અંગે કમીટીએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

ઉપરોકત મુદ્દા સંબંધે હોદેદારો જણાવે છે કે સભાસદો પાસે અરજી લેવામાં આવે છે તેના ઉપર પ્રમુખશ્રીએ લીમીટ લખી આપેલ છે. પ્રમુખશ્રીની એકલાની સત્તા ધિરાણ આપવાની નથી તથા મનસ્વી પણે કરેલ નથી. લધુ ધિરાણ મનસ્વી રીતે મેનેજરે કર્યું છે છતાં વધુ નોટીસ મળ્યે ચકાસણી કરવામાં આવી અને ૭૦ટકા વસુલાત થઈ ગઈ છે. કરજખત જામીનો વિગેરેનો પુર્તતા કરવાનું કામકાજ ચાલુ છે.

હોદેદારોની રજુઆત વજુદ વગરની છે મંડળીની કમીટી નિયમીત મળેલ નથી. ધિરાણ અંગેના કોઈ ઠરાવ નથી તો પછી ઠરાવ વિના કરેલ ધિરાણનો નિર્ણય મનસ્વી જ ગણાય. વળી વધુ ધિરાણ મેનેજરે કર્યું છે અવો જવાબ કેવી રીતે સ્વીકારી શકાય. તમે જાણો જ છો તો અટકાવી શકયા નહીં અને વસુલાત કેમ કરી શકયા નહીં. ચેરમેનશ્રીઅ પોતે પણ ધિરાણ નિયમ ઉપરાંતની રકમનું મેળવેલ છે. તેમ છતાં મેનેજરે કર્યું એમ કહી શકાય અને તે સ્વીકારી શકાય. ચેરમેનશ્રીને પોતેજ તો ધિરાણ લીધું છે તેમજ અન્ય સભ્યોએ મેળવેલ જ છે. આમ ધિરાણ હોદેદારોએ પોતે મેળવી કે અન્ય સભાસદોને આપી આપાવી મેનેજરશ્રીએ કરેલ છે તે વજુદ વગરની બાબત સ્વીકારવાને કોઈજ કારણ નથી.

વસુલાત ૭૦ટકા થઈ ગયા સામે કોની વસુલાત કેટલી આવી કયારે આવી અને કેટલી બાકી રહી છે તે અંગેના કોઈ આંકડા કે માહીતી રજુ કરી શકયા નથી. આથી વસુલાત દર્શાવ્યા બાબત તનો મુદ્દા પણ સ્વીકારવા બાબતે પુરું સમર્થન મળતું નથી. વળી આજની તારીખે ઘણા કરજખત અને જામીનખતની પુર્તતાનું કામકાજ ચાલુ છે. આથી કરજખત/જામીનખત મેળવ્યા વિના

INDEX

ધિરાણ કરેલ છે તેનું સમર્થન કરી આપેલ છે. અને આજની તારીખે ઘણા હજી કામ અધુરુ છે. આમ રજુઆત સ્વીકારવામાં આવતી નથી.

(૬) માલ ધિરાણ બાબતે પેટા નિયમ ૩૮(ક)માં જોગવાઈ કરવામાં આવી છે. જે અનુસાર પગારના ૧૦૫ અને રૂા.૨૦૦૦/- તે પૈકી આછું હોય તેટલી રકમનું ધિરાણ થઈ શકે પણ મોટા ભાગના કીસ્સામાં સત્તા બહાર ધિરાણ કરેલ છે. કરજખત કે જામીનખત મેળવેલ નથી. વ્યાજ પણ વસુલ કરેલ નથી. અને મુદ્દલ પણ વસુલ કરેલ નથી.

આ મુદ્દ સામે રજુઆત એવી છે કે વ્યવસ્થાપક સમિતિએ પગારના ૬૦ટકા વધુમાં વધુ ધિરાણ કરવાનું નકકી કરી આપેલ છે. ઠરાવનું પાલન કરવાનું કામ મેનેજરશ્રીનું છે. જેથી કમીટી જવાબદાર નથી.

લોદેદારોનો આ ખુલાસો બરાબર નથી કમીટીએ પોતે મીટીંગ નકકી કરી પણ ધિરાણની જવાબદારી પેટા નિયમ પ્રમાણે કમીટી-ની જ ઠરેલી હોય તેમાંથી છટકી શકાય નહીં. આમ આવો ખુલાસો ગ્રાહય રાખી શકાતો નથી.

(૭) મંડળીના માજી મંત્રીશ્રીએ જે ઉચાપત કરેલ તે રકમ રૂા. ૧૪૩૯૮.૫૨ પૈસા લેણા બોલે છે તેની સામે કોઈ પગલા કે કાર્યવાહી હાથ ધરેલ નથી.

આમ મુદ્દા સામે અવુ જણાવે છે કે વકીલ મારફત રજી. ઓડી. નોટીસ આપી અને કાનુની રાહે કાર્યવાહી કરનાર છીએ.

આ રજુઆત જ બતાવે છે કે એમણે કોઈ પગલાં લીધા નથી અને કમીટી ઉદાસીન રહે છે. આમ આ મુદ્દા ઉભા રહેવા પામેલ છે.

(૮) મંડળીના માલ સ્ટોકનું પત્રક માલની આઈટમ પ્રમાણે રાખવાનું હોય છે પરંતું તે પ્રમાણે રાખેલ નથી. આથી ઉપજના હિસાબોમાં કોઈ સમર્થન નથી.

આ સામે રજુઆત છે કે નિયમ મુજબ માલ સ્ટોક પત્રક રાખેલ છે.

જવાબ મુદ્દાસર ન આપી ટાળેલ છે. આવક-જાવકના સ્ટોક કે હિસાબો રાખેલ નથી તે અંગે કોઈ ખુલાસો કરેલ નથી. આથી ખુલાસો ગ્રાહય રાખી શકાય નહીં.

(૯) તા. ૩૦-૬-૯૨ના સરવૈયામાં વાહન ખરીદીના રૂા.૧૨૫૩૯/ અને રૂા. ૫૩૧૮૯/- લેણા બોલે છે. આ રકમની કોઈ વસુલાત આવેલ નથી. તેમ છતાં વસુલાતની કોઈ કાર્યવાહી કરેલ નથી. પરંતુ આ રકમ કોની પાસે લેવાની છે તેની યાદી પણ મંડળીમાં નથી. આમ એ રકમ જોખમાયેલ છે.

આ મુદ્દા સામે માજી મેનેજરશ્રીએ કાર્યવાહી કરેલ છે ઓડીટ મેમો તારીખ ૨૭-૧૧-૯૩ના રોજ સાધારણ સભામાં વાંચનમાં લેવામાં આવ્યો છે અને એક માસમાં નિકાલ કરવાનું ઠરાવવામાં આવશે.

લોદેદારોએ તમામ જવાબદારી મેનેજર ઉપર ટાળેલ છે તે સ્વીકારી શકાય તેમ નથી.

(૧૦) સભાસદોના રાજીનામા વ્યવસ્થાપક સમિતિએ રજુ કરવાના હોય છે. પણ તેમ થયેલ નથી.

આ સામે જણાવેલ છે કે મેનેજરે વ્યવસ્થાપક સમિતિમાં મુકયા નથી પણ આ હવે પછીની વ્યવસ્થાપક સમિતિમાં બહાલી આપવામાં આવશે. જે પુરવાર કરે છે કે કમીટી એ પોતાનું કામ જવાબદારી પુર્વક કરેલ નથી.

(૧૧) પેટા નિયમ૩૧(૧) અન્વયે આવક-જાવકના હિસાબો મેળવેલ નથી. ૩૧(૬) અન્વયે હિસાબો તપાસેલ નથી. નિયમ ૩૪(૧)(૨) અન્વયે નિયત જવાબદારી કમીટીએ અદા કરેલ નથી. રોજમેળ ઉપર પ્રમુખ કે મંત્રીની સહી નથી પરીણામે રજુ હિસાબોના ખરાપણા સમર્થન મળતુ નથી.

આ મુદ્દામાં રજુઆત કરેલ છે કે મેનેજરને વારંવાર કમીટીએ મૌખિક સુચના આપવા છતાં તૈયાર કરવામાં નહી આવ્યા હોય તત્કાળ તેમ નહી થતા પાછળથી તપાસમાં આવે છે મંત્રી/મેનેજરની સહી લેવામાં આવી છે. સુચનાનો અમલ કરવામાં આવેલ છે.

લોદેદારોએ જ સ્વીકાર કરે છે અને મેનેજર ઉપર દોષ ઢાળે છે. જે સ્વીકારી શકાય નહીં.

(૧૨) પેટા નિયમ ૩૧(૧૫) અન્વયે કર્મચારીઓના જામીન ખત મેળવેલ નથી. અને ૩૧(૧૮) પ્રમાણે કામની વહેંચણી કરેલ નથી.

આ સામે રજુઆત કરેલ છે કે સમગ્ર જવાબદારી મેનેજરની રહે છે.

આમ પેટા નિયમનો ભંગ થયેલ છે. અને જવાબદારી મેનેજર ઉપર ઢાળી દેવાની જવાબદારી બરાબર નથી.

(૧૩) મંડળીના લોદેદારો પૈકી કેટલાક સભ્યો મુદતવીતી બાકીદાર થવા પામેલ છે જેના પરીણામે તેઓ નિયમ ૩૨ અન્વયે કમીટી સભ્યોની ગેરલાયકાત પ્રાપ્ત કરે છે અને તે તારીખથી લોદે-દાર મટી જાય છે તેમ છતાં આવા લોદેદારો સમિતિમાં ચાલુ રહેલ છે. અને ગેર કાયદેસર વહીવટ કરી રહેલ છે.

રાજભવન સહિત મંત્રીશ્રીઓના રહેણાંક વિસ્તાર એટલે કે, રાજભવન તથા મંત્રીશ્રીના રહેણાંક વિસ્તાર તેમજ તેની ચારે તરફનો ૫૦૦ મીટરનો વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના ૪૫ મ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ.

નંબર પલમ/મજપ/વશી/૯૫૩ થી ૧૦૦૦:— દાહોદ જિલ્લાની અંદર નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી એસ. એસ. સી. તથા એચ. એસ. સી. બોર્ડની પરીક્ષાઓ લેવાનાર હોઈ, સદરહું પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય અને વિદ્યાર્થીઓ નિર્ભય પણે પરીક્ષા આપી શકે તેમજ ગેરરીતી અટકી શકે ઉપરાંત પરીક્ષાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે જાહેર હીતમાં જે તે પરીક્ષા સ્થળોની આજુબાજુના વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારોમાં પરીક્ષાના સ્થળથી ૨૦૦ મીટર અને શહેરી વિસ્તારોમાં પરીક્ષાના સ્થળેથી ૧૦૦ મીટરના વિસ્તારમાં બિન-અધિકૃત વ્યકિતએ પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાના સમયથી એક કલાક પહેલા અને પરીક્ષા પુરી થયા પછીના એક કલાક સુધી આવ જા કરવા ઉપર ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવાની જરૂરીયાત જણાય છે.

સબબ ઉપરોકત સંજોગોમાં હું, કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે નીચે આપેલ અનુસૂચિમાં જણાવેલ એસ. એસ. સી./એચ. એસ. સી. પરીક્ષા કેન્દ્રો અને તેના સ્થળની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા સ્થળથી આજુબાજુના ૨૦૦ મીટર તથા શહેરી વિસ્તારમાં પરીક્ષા સ્થળના આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારોમાં પરીક્ષા દરમ્યાન તથા પરીક્ષાના ૧ (એક) કલાક અગાઉ અને પરીક્ષા પુરી થયાના એક કલાક પછીના અમલ સુધી અવાર-નવાર બોર્ડ તરફથી આવનાર સ્કવોર્ડના સભ્યો, ઓળખપત્ર ધારણ કરતા હોય તે ફરજ ઉપરના અધિકારીઓ, ઉપરોકત ફરજ ઉપરના કર્મચારીઓ તથા ફરજ ઉપરના પોલીસ અધિકારીશ્રીઓ અને પરીક્ષાર્થીઓ સિવાયના બિન અધિકૃત વ્યકિત / વ્યકિતઓએ દાખલ થવું નહી કે હેરાફેરી કરવી નહી.

એસ.એસ.સી. ના પરીક્ષા કેન્દ્ર અને સ્થળની વિગત

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧.	દાહોદ	૧. આર. એન્ડ એલ. પંડયા હાઈ., દાહોદ. ૨. એમ. વાય. હાઈસ્કુલ., દાહોદ. ૩. નવજીવન ગર્લ્સ હાઈસ્કૂલ, દાહોદ ૪. એમ. એન્ડ પી. હાઈ. દાહોદ.
૨.	દે. બારીયા	૧. એસ. આર. હાઈસ્કુલ, દેવ. બારીયા.
૩.	ઝાલોદ	૧. બી. એમ. હાઈ., ઝાલોદ મકાન, ૧.૨.૩. ૨. મણીબેન હાઈ., ઝાલોદ. ૩. પી.વી. પટેલ ગર્લ્સ હાઈ., ઝાલોદ. ૪. આઈ. પી. મિશન હાઈ., ઝાલોદ.
૪.	પીપલોદ	૧. ક.મ.લ. હાઈસ્કુલ, પીપલોદ.
૫.	ગરબાડા	૧. માધ્યમિક શાળા, ગરબાડા યુનીટ-૧. ૨. માધ્યમિક શાળા, ગરબાડા યુનીટ-૨
૬.	લીમખેડા	૧. નૂતન હાઈસ્કુલ, લીમખેડા. ૨. પ્રગતિ ગર્લ્સ હાઈ., લીમખેડા. ૩. તાલુકા પ્રા. શાળા, લીમખેડા.
	પાણીયા	૪. આદિવાસી નિર્માણ વિદ્યા-મંદિર, પાણીયા
૭.	કંજેટા	૧. મા. શાળા કંજેટા ૨. ઝરીકુંજ છાત્રાલય, કંજેટા
૮.	સિંગવડ	૧. જી. એલ. હાઈ., સિંગવડ ૨. પ્રાથમિક શાળા, સિંગવડ.
૯.	જેસાવાડા	૧. યશવાટીકા પ્ર. બુ. વિ. જેસાવાડા ૨. કન્યા છાત્રાલય, જેસાવાડા.
૧૦.	રાછરડા	૧. આદિવાસી મા. શાળા રાછરડા, યુનીટ-૧ ૨. આદિવાસી મા. શાળા રાછરડા, યુનીટ-૨ ૩. પ્રાથમિક શાળા, હિમાલા(રાછરડા)
૧૧.	સાગટાળા	૧. સર્વોદય વિદ્યામંદિર, સાગટાળા ૨. ગુજરાતી પ્રા.શાળા, સાગટાળા.
૧૨.	લીમડી	૧. બી. પી. અગ્રવાલ હાઈ., લીમડી. ૨. સી. બી. શાહ સીડલ સ્કુલ, લીમડી. ૩. પ્રાથમિક કુમાર શાળા, લીમડી. ૪. પ્રાથમિક કન્યા શાળા, લીમડી.
૧૩.	ગાંગરડી	૧. જે. કે. તન્ના હાઈ., ગાંગરડી.
૧૪.	દુધીયા	૧. દુધીયા મા. શાળા
૧૫.	દાસા	૧. નહેરૂ ઉ. બુ. વિદ્યાલય, દાસા યુનીટ-૧ ૨. નહેરૂ ઉ. બુ. વિદ્યાલય, દાસા યુનીટ-૨

INDEX

અ.નં.	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧૬.	ફતેપુરા	૧. આઈ. કે. દેસાઈ હાઈસ્કુલ, ફતેપુરા ૨. જાગૃતિ કન્યા વિદ્યાલય, ફતેપુરા ૩. આઈ. કે. દેસાઈ પ્રા. વિભાગ, ફતેપુરા ૪. પ્રાથમિક શાળા, ફતેપુરા
૧૭.	સુખસર	૧. નુતન વિદ્યાલય સુખસર
૧૮.	સંજેલી	૧. ડો. એસ.આર. જોષી મેમો. હાઈ., સંજેલી.

ઓચ.એસ.સી. ના પરીક્ષા કેન્દ્રની સ્થળની વિગત

અનું. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧૯.	દાહોદ	૧. નવજીવન ગર્લ્સ હાઈ., દાહોદ ૨. એમ. વાય. હાઈ., દાહોદ ૩. આર. એન્ડ. એલ. પંડયા હાઈ., દાહોદ ૪. એમ. એન્ડ. પી. હાઈ., દાહોદ ૫. બુરહાની અંગ્રેજી મા. શાળા, દાહોદ.
૨૦.	ઝાલોદ	૧. બી. એમ. હાઈસ્કુલ, ઝાલોદ ૨. મણીબેન હાઈ., ઝાલોદ. ૩. શ્રીમતી પી. વી. પટેલ ગર્લ્સ હાઈ., ઝાલોદ ૪. આઈ. પી. મીશન હાઈ., ઝાલોદ ૫. શ્રીમતી જે. પી. શેઠ મીડલ સ્કુલ, ઝાલોદ.
૨૧.	લીમખેડા	૧. નૂતન હાઈસ્કુલ, લીમખેડા. ૨. પ્રગતિ હાઈ., લીમખેડા. ૩. આર્ટસ કોલેજ, લીમખેડા. ૪. પ્રાથમિક શાળા, લીમખેડા ૫. પ્રા. શાળા, લીમખેડા.
૨૨.	દાસા	૧. નહેરૂ ઉ. બુ. આ. શાળા, દાસા યુનીટ-૧ ૨. નહેરૂ ઉ. બુ. આ. શાળા., દાસા યુનીટ-૨ ૩. નહેરૂ ઉ. બુ. આ. શાળા., દાસા યુનીટ-૩
૨૩.	ફતેપુરા	૧. જાગૃતિ કન્યા વિદ્યાલય, ફતેપુરા ૨. આઈ.કે. દેસાઈ હાઈ., ફતેપુરા.
૨૪.	દે. બારીયા	૧. જી.એમ. મોદી હાઈ., બારીયા
૨૫.	સાગટાળા	૧. સર્વોદય વિદ્યામંદીર, સાગટાળા ૨. પ્રાથમિક શાળા, સાગટાળા

આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સહિતની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી માર્ચ-૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

હુકમ

નંબર પલસ/મન્જસ/વશી/૧૦૦૧ થી ૧૦૫૦.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી દાહોદ જિલ્લામાં આ સાથેની યાદી મુજબના સેન્ટરોમાં એસ. એસ. સી/એચ. એસ. સી ની પરીક્ષા લેવાનાર છે પરીક્ષાને ધ્યાને લેતા પરીક્ષા દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરનો સંચાલકે દ્વારા ઝેરોક્ષ મશીનનો દૂરઉપયોગ રોકવાના હેતુસર પ્રતિબંધિત હુકમો કરવા યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

૧. દાહોદ જિલ્લામાં જુદા જુદા કેન્દ્રોની વિસ્તારમાં આવેલા ગામોમાં ઝેરોક્ષ મશીનના સંચાલકો પરીક્ષાના સમય દરમ્યાન ઝેરોક્ષ મશીનનો થતો દુર ઉપયોગ રોકવા સારૂ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી આ સાથે યાદીમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં થતી ગેરરીતી આ અટકાવવા માટે સવારના ૮-૩૦ થી સાંજના ૧૮-૦૦ સુધી ઝેરોક્ષ મશીનો કોપી પર મશીનનો ઉપયોગ સદંતર બંધ કરવો.

૨. આ સાથેની યાદીમાં જણાવેલ સેન્ટરોની આજુબાજુ ૧૦ કીલોમીટરની ત્રિજ્યામાં આવેલ ઝેરોક્ષ કોપી પર મશીનના સંચાલકોએ પણ ઉપરોકત હુકમનો અમલ કરવાનો રહેશે.

૩. આ હુકમ સરકારી કચેરીઓના ઝેરોક્ષ મશીનોના કાર્યવાહીને લાગુ પડશે નહી.

૪. આ હુકમનો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

એસ. એસ. સી. ની પરીક્ષા કેન્દ્ર અને સ્થળની વિગત

અનુ. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧.	દાહોદ	(૧) આર. એન્ડ. એસ. પંડયા હાઈ. દાહોદ (૨) એમ. વાય હાઈસ્કુલ, દાહોદ. (૩) નવજીવન ગર્લ્સ હાઈસ્કુલ દાહોદ. (૪) એમ. એન્ડ. પી. હાઈસ્કુલ દાહોદ
૨	દેવગઢબારીયા	(૧) એસ. આર હાઈસ્કુલ દેવગઢબારીયા
૩	ઝાલોદ	(૧) બી. એમ હાઈસ્કુલ ઝાલોદ મકાન ૧,૨,૩ (૨) મણીબેન હાઈસ્કુલ, ઝાલોદ. (૩) પી. વી. પટેલ ગર્લ્સ હાઈસ્કુલ ઝાલોદ. (૪) આઈ. પી. મીશન હાઈસ્કુલ ઝાલોદ
૪	પીપલોદ	(૧) ક.મ. લ. હાઈસ્કુલ પીપલોદ.
૫	ગરબાડા	(૧) માધ્યમિક શાળા ગરબાડા યુનીટ-૧ (૨) માધ્યમિક શાળા ગરબાડા.
૬	લીમખેડા	(૧) નૂતન હાઈસ્કુલ લીમખેડા. (૨) પ્રગતિ ગર્લ્સ હાઈસ્કુલ લીમખેડા (૩) તાલુકા પ્રાથમીક શાળા લીમખેડા
	પાણીયા	(૩) આદિવાસી નિર્ણય વિદ્યા મંદિર પાણીયા
૭	કંજેટા	(૧) માધ્યમિક શાળા કંજેટા (૨) શ્રી કુંજ છાત્રાલય કંજેટા.
૮	સિંગવડ	(૧) જી. એલ. હાઈસ્કુલ સિંગવડ (૨/ પ્રાથમિક શાળા સિંગવડ
૯	જેસાવાડા	(૧) યશવાટીકા પ્ર. બુ. વિ. જેસાવાડા (૨) કન્યા છાત્રાલય જેસાવાડા

INDEX

અનું. નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧૦	રાછરડા	(૧) આદિવાસી મા. શાળા રાછરડા યુનીટ-૧ (૨) આદિવાસી મા. શાળા રાજરડા યુનીટ-૨ (૩) પ્રાથમિક શાળા, હિમાલા (રાછરડા)
૧૧	સાગટાળા	(૧) સર્વોદય વિદ્યામંદિર સાગટાળા (૨) ગુજરાતી પ્રાથમિક શાળા, સાગટાળા
૧૨	લીમડી	(૧) બી. પી. અગ્રવાલ હાઈસ્કુલ, લીમડી (૨) સી. બી. શાહ મીડલ સ્કુલ, લીમડી. (૩) પ્રાથમિક કુમાર શાળા, લીમડી (૪) પ્રાથમિક કન્યા શાળા, લીમડી
૧૩	ગાંગરડી	(૧) જે. કે. તન્ના હાઈસ્કુલ, ગાંગરડી
૧૪	દુધીયા	(૧) દુધિયા માધ્યમિક શાળા
૧૫	દાસા	(૧) નહેરૂ ઉ. બુ. વિદ્યાલય, દાસા યુનીટ-૧ (૨) નહેરૂ ઉ. બુ વિદ્યાલય, દાસા યુનિટ-૨
૧૬	ફતેપુરા	(૧) આઈ. કે. દેસાઈ હાઈસ્કુલ, ફતેપુરા. (૨) જાગૃતિ કન્યા વિદ્યાલય, ફતેપુરા. (૩) આઈ. કે. દેસાઈ પ્રા. વિભાગ, ફતેપુરા. (૪) પ્રાથમિક શાળા, ફતેપુરા.
૧૭	સુખસર	(૧) નૂતન વિદ્યાલય, સુખસર.
૧૮	સંજેલી	(૧) ડો. એસ. આર. જોષી મેમો. હાઈ., સંજેલી.

ઓ.એસ.સી. ની પરીક્ષા કેન્દ્રની સ્થળની વિગત

આ. નં.	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ અને મકાનનું નામ
૧	૨	૩
૧૯	દાહોદ	(૧) નવજીવન ગર્લ્સ, હાઈસ્કુલ, દાહોદ (૨) એમ. વાય. હાઈસ્કુલ, દાહોદ. (૩) આર. એન્ડ એલ. પંડયા હાઈસ્કુલ દાહોદ. (૪) એમ. એન્ડ. પી. હાઈસ્કુલ, દાહોદ. (૫) ભુરલાની અંગ્રેજી મા. શાળા, દાહોદ.
૨૦	ઝાલોદ	(૧) બી. એમ. હાઈસ્કુલ, ઝાલોદ. (૨) માણીબેન હાઈસ્કુલ, ઝાલોદ. (૩) શ્રીમતી પી. વી. પટેલ ગર્લ્સ, હાઈ. ઝાલોદ. (૪) આઈ. પી. મીશન હાઈસ્કુલ ઝાલોદ. (૫) શ્રીમતી જે. જી. શેઠ, મીડલ સ્કુલ, ઝાલોદ.
૨૧	લીમખેડા	(૧) નૂતન હાઈસ્કુલ, લીમખેડા. (૨) પ્રગતિ હાઈસ્કુલ લીમખેડા (૩) આર્ટસ કોલેજ, લીમખેડા. (૪) પ્રાથમિક શાળા, લીમખેડ. (૫) પ્રા. શાળા, લીમખેડા.
૨૨	દાસા	(૧) નહેરૂ ઉ. બુ. આ. શાળા., દાસા યુનીટ-૧. (૨) નહેરૂ ઉ. બુ. આ. શાળા. દાસા યુનીટ-૨ (૩) નહેરૂ ઉ. બુ. આ. શાળા. દાસા યુનીટ-૩
૨૩	ફતેપુરા	(૧) જાગૃતિ કન્યા વિદ્યાલય, ફતેપુરા. (૨) આઈ. કે. દેસાઈ હાઈ., ફતેપુરા.
૨૪	દે. બારીયા	(૧) જી. એમ. મોદી હાઈસ્કુલ, બારીયા.
૨૫	સાગટાળા	(૧) સર્વોદય વિદ્યામંદિર, સાગટાળા. (૨) પ્રાથમિક શાળા, સાગટાળા.

આજરોજ તરીખ ૨૭મી માર્ચ ૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ નો પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનું .

નંબર મકમ-પલસ-મજસ-વશી-૧૨૦૧ થી ૧૨૨૫.—આગામી તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ ન સમય દરમ્યાન શ્રી રામનવમી, પરશુરામ જ્યંતિ, મહોરમ, મહાવી[1] જ્યંતિ, ગુડ ફ્રાઈડે, ડો. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિન તથ[2] ભગવાનશ્રી તહેવારોની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમની, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે, સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ (બંને દિવસો સહિત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં અથવા તેવા પત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યક્તિઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય,

INDEX

અથવા આવું હથિયાર લઈ જવાની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રીથી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જે તે શારીરિક અશક્તિના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

આજરોજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

કે. આઈ. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમજી/બીપીએ/૨જી. નં./૧૫/૨૦૦૧.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જયંતકુમાર સેવક અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ આગામી મહોરમ, મહાવીર જયંતી, ગુડ ફ્રાઈડે પૂર્વેની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૧૭મી એપ્રિલ ૨૦૦૧ (બંને દિવસો સુધીના) સમય માટે કૃત્યે કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.
કૃત્યો :

(ક) શસ્ત્રો દંડા તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરીક હિંસા પહોચાડવામા ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.
(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની
(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.
(ઘ) વ્યક્તિઓ અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.
(ચ) અપમાન કરવાના ઈગદાથી બિભત્સ સૂત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.
(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રિકા બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.
(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મ) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કા કરી આપી છે.

જયંતકુમાર સેવક,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૭ (૩) અન્વય કાઢેલો

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજિ. ૧ / ૨૦૦૧.— જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ આગામી આવતાં રામનવમી, મહોરમ (તાજીયા) અને મહાવીર જયંતિના તહેવારોને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું જાહેર સરઘસ કાઢવાની તેમજ સભા કરવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ-૨૨મે), નો કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ થી ૧૦મી એપ્રિલ, ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધાં) નાં સમય દરમ્યાન ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી નહીં કે, બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યકિતઓએ (એકત્ર) ભેગા થવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાનયાત્રા કે એસ. ટી. બસમાં / રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નો અધિનિયમ-૨૨) ની કલમ-૧૩૫ (૩) મુજબ ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૧ નાં રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવ્યા છે.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નં. : ડીસીબી / એમએજી / વશી-રજિ. નં. ૧ / ૨૦૦૧.—નવસારી જિલ્લામાં આગામી તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી (બંને દિવસો સહિત) એસ. એસ. સી. / એચ. એસ. સી. બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે. આ બંને પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય તેમજ પરીક્ષાર્થીઓ ખંડ નિરીક્ષકો જાહેર જનતા વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહીં તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા ભય વગર આપી શકે તે માટે આવા નીચે નિર્દિષ્ટ કરેલા નવસારી જિલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપર કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાના વિસ્તારમાં ચાર કરતાં વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર સભા ભરવા પર. સરઘસ કાઢવા પર મંડળી કે સરઘસ સદરહું ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારોમાં પ્રવેશવા પર તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી

INDEX

હું, કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોકત હુકમનો ભંગ કર્યાથી ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ / અધિકારીઓ.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.
(૩) આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે / એસ. ટી. માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓ તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ / વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.
(૪) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં કે ભેગા થવું નહીં.

નિર્દિષ્ટ વિસ્તાર :—

(૧) એલ. એમ. પી. રેવા એક્ષ હાઈસ્કુલ બીલીમોરા તા. ગણદેવી.
(૨) સેંટ જોસેફ ઈ. ટી. હાઈસ્કુલ બીલીમોરા તા. ગણદેવી.
(૩) અસ્પી કન્યા વિદ્યાલય આંતલીયા તા. ગણદેવી.
(૪) જે. જે. મહેતા સાર્વજનિક હાઈસ્કુલ બીલીમોરા તા. ગણદેવી.
(૫) એમ.એન્ડ આર. ટાટા હાઈસ્કુલ બીલીમોરા તા. ગણદેવી.
(૬) એચ. ડી. મલ્ટી પરપઝ હાઈસ્કુલ અમલસાડ તા. ગણદેવી.
(૭) એચ. ડી. કન્યા વિદ્યાલય અમલસાડ તા. ગણદેવી.
(૮) સર સી. જે. ન્યુ. હાઈસ્કુલ ગણદેવી તા. ગણદેવી.
(૯) ડી. આઈ. કાપડીયા કન્યા વિદ્યાલય ગણદેવી તા. ગણદેવી.
(૧૦) કે. વી. એસ. હાઈસ્કુલ ગણદેવી તા. ગણદેવી.
(૧૧) વાણીયા મીલ હાઈસ્કુલ આંતલીયા તા. ગણદેવી.
(૧૨) ધો. ડી. ઈ. ઈટાલીયા સાર્વ. હાઈસ્કુલ ચીખલી તા. ચીખલી.
(૧૩) ક્રોયસ હાઈસ્કુલ સાદકપોર તા. ચીખલી.
(૧૪) આઈ. સી. દેસાઈ હાઈસ્કુલ તલાવચોરા તા. ચીખલી.
(૧૫) શ્રી સદગુરૂ ર. મ. મા. વિદ્યાલય વંકાલ તા. ચીખલી.
(૧૬) શ્રી જનતા માધ્યમિક શાળા ખેરગામ તા. ચીખલી.
(૧૭) પ્રાથમિક શાળા ખેરગામ, તા. ચીખલી.
(૧૮) માધ્યમીક શાળા ધામધુમા, તા. ચીખલી.
(૧૯) શ્રી પ્રતાપ હાઈસ્કુલ વાંસદા તા. વાંસદા.
(૨૦) શ્રી સદગુરૂ હાઈસ્કુલ ભીનાર, તા. વાંસદા.
(૨૧) આદર્શ નિવાસી શાળા વાંસદા, તા. વાંસદા.
(૨૨) માધ્યમિક ગ્રામ શાળા પ્રતાપનગર તા. વાંસદા.
(૨૩) શ્રી જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ દિવેન્દ્રનગર તા. વાંસદા.
(૨૪) શ્રી જનતા હાઈસ્કુલ ઉનાઈ, તા. વાંસદા.
(૨૫) વિદ્યાકિરણ હાઈસ્કુલ, ઉનાઈ, તા. વાંસદા.
(૨૬) શ્રી જે. બી.પંચાલ મા. શા. લીમઝર, તા. વાંસદા.
(૨૭) સંસ્કાર વિદ્યામંદિર. પાણીખડક, તા. ચીખલી.
(૨૮) શેઠ આર. જે. જે. હાઈસ્કુલ, નવસારી.
(૨૯) ધી ડી. કે. ટાટા હાઈસ્કુલ, નવસારી.
(૩૦) ડી. ડી. હાઈસ્કુલ ફોરગર્લ્સ, નવસારી.
(૩૧) નગરપાલિકા હાઈસ્કુલ, નવસારી.
(૩૨) શેઠ પ. હ. વિદ્યાલય, નવસારી.
(૩૩) સર સી. જે. એન. ઝેડ. મદ્રેસા, નવસારી.
(૩૪) ભકતાશ્રમ (આશ્રમશાળા), નવસારી.
(૩૫) શેઠ આઈ. એમ. બનાતવાળા હાઈસ્કુલ, નવસારી.
(૩૬) શ્રી સરદાર શારદા મંદિર વિજલપુર, નવસારી.
(૩૭) શ્રી એમ. કે. આર. વશી હાઈસ્કુલ મરોલી, નવસારી.
(૩૮) વિદ્યાકુંજ હાઈસ્કુલ, નવસારી.
(૩૯) બાઈ એન. ટી. ઝેડ. ગર્લ્સ હાઈસ્કુલ, નવસારી.
(૪૦) આર. ડી. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ ચોવીસી, નવસારી.

આજરોજ તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૧ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે

નંબર ડીસીબી/એમએજી/વશી/૧૭૩૮ થી ૧૭૫૮/૨જી/૩/૦૧:— તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૧ ના રોજ (મહોરમ) કતલની રાત તથા તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૧ ના રોજ મહોરમ તાજીયાનો તહેવાર યોજાનાર છે. આ તહેવાર દરમ્યાન મુસ્લીમ ભાઈઓ તરફથી બન્ને દિવસો સહીત નવસારી શહેરમાં તાજીયાનું જુલુસ કાઢવામાં આવનાર છે.

આ સમય દરમ્યાન જાહેર જનતા એકત્રિત થાય તેવી સંભાવના હોઈ તેમજ વાહનોની અવર જવરથી ટ્રાફીક નિયમનને અસર થવા સંભાવના હોઈ આ અંગે ટ્રાફીક નિયમન માટે અને જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા મને જરૂરી જણાયું છે. સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ (૧) ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે દુધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી નીચે જણાવ્યા પ્રમાણે વાહનોની અવર જવર માટે આથી મનાઈ ફરમાવું છું.

(૧) ટાવરથી પોલીસ સ્ટેશનથી મોટા બજાર કંસારવાડ પાંચ હાટડી જુનાથાણાના માર્ગે તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૧ ના રોજ રાત્રે ૯-૦૦ થી તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૧ના રોજ મળસ્કે ૩-૦૦ કલાક સુધી વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવેછે.

(૨) પોલીસ સ્ટેશનથી ડબગરવાડ ખાટકી વાડ સહકારી પેટ્રોલ પંપ સુધીના માર્ગે પણ તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૧ ના રોજ રાત્રે ૯-૦૦ થી તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૧ના રોજ મળસ્કે ૩-૦૦ કલાક સુધી વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૩) ઉપરોકત પ્રતિબંધિત માર્ગ માટે સુરતથી આવતાં અને શહેરમાં જવા માગતા વાહનો વિરાવળ નાકા, ઝવેરી રોડ, જુનાથાણા થઈ શહેરમાં જઈ શકશે તેમજ પોલીસ સ્ટેશન તરફ જતાં વાહનો સાંઢકુવા, આશાનગર, દુધિયાતળાવ અથવા શાકભાજી માર્કેટ, કુવારા ગોલવાડ માર્ગે જઈ શકશે.

(૪) તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૧ ના રોજ જુનાથાણાં થી પાંચહાટડી, કંસારવાડ, મોટાબજાર ના માર્ગે કલાક ૧૪-૦૦ થી કલાક ૨૩-૦૦ સુધી વાહન વ્યવહારોની અવર જવર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૫) તારીખ ૫મી એપ્રિલ ૨૦૦૧ ના રોજ ટાવરથી પોલીસ સ્ટેશન ડબગરવાડ પારસી અગિયારી તરોટા બજારનો માર્ગ કલાક ૧૯-૦૦ થી કલાક ૨૩-૦૦ સુધી વાહન વ્યવહારોની અવરજવર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

INDEX

(૬) ક્રમ નંબર ૪ અને ૫ માં પ્રતિબંધિત કરેલ સમય અને વિસ્તાર માટે વાહન વ્યવહારોની અવર જવર વિરાવળ નાકાથી ઝવેરી ચોક પ્રજાપતિ આશ્રમ કાલીયાવાડી નાકા, દશેરા ટેકરી, લુન્સીકુઈ થઈને વાહન વ્યવહાર જઈ શકશે તેમજ સ્ટેશનથી સાંઢકુવા આશાનગર, દુધિયા, તળાવ અથવા શાકભાજી માર્કેટ ગોલવાડ ટાવર વન વે લુન્સીકુઈ થઈને વાહન વ્યવહાર જઈ શકશે.

ઉપરોક્ત હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની (૨૨માંની) કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર કરશે.

નવસારી, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પી. ઓ. એલ./વશી-૧૨૧૮-૩૨/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું. ડી. યુ. પટેલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી રામનવમી મહોરમ, મહાવીર જયંતી જેવા ધાર્મિક તહેવારો અને માધ્યમિક શિક્ષણ બોર્ડ જેવી કે એચ.એસ.સી. તેમજ એસ.એસ.સી. ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨) ની પરીક્ષાને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાંતા ફરમાવું છું કે ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તા. ૩૦મી માર્ચ ૨૦૦૧ થી તા. ૧૩મી એપ્રિલ ૨૦૦૧ (બંને દિવસો સહિત) નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ પણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ ચુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ, અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ તથા અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨માં) નાં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૧ના રોજ મારી સહી કરી સીક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ.

ક્રમાંક ઉ/મકડ/પીઓએલ/વશી- ૧૨૩૩-૪૭/૨૦૦૧.—જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી રામનવમી, મહોરમ, મહાવીર જયંતી જેવા ધાર્મિક તહેવારો અને માધ્યમિક શિક્ષણ બોર્ડ જેવી કે એચ.એસ.સી. તેમ એસ.એસ.સી. (ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨) ની ચરીક્ષાને અનુલક્ષીયે જાહેર શાંતિ, કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂં જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. યુ. પટેલ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૩૦મી માર્ચ ૨૦૦૧ થી તારીખ ૧૩મી એપ્રિલ ૨૦૦૧ (બંને દિવસો સહિત) નાં સમય માટે ચાર કરતા વધુ માણસો ની કોઈ સભા ભરવી નહીં કે સરઘસ કાઢવું નહીં તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓએ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી

સદરહું હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૧નાં રોજ મારી સહી કરી સીક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ આહવા.

INDEX

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું.

નંબર એમએજી / વશી / ૨૧૧૯ થી ૨૧૪૯ / ૨૦૦૧.—વડોદરા જિલ્લાના ડભોઈ ડીવીઝનમાં નીચે જણાવેલ તાલુકાઓમાં માધ્યમિક શાળાઓમાં તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૧. થી ૨૦મી એપ્રિલ. ૨૦૦૧ ના સમય દરમ્યાન માધ્યમિક પ્રમાણપત્ર (S.S.C.) તથા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (H.S.C.) ની પરિક્ષાઓ લેવાનાર છે. સદરહું પરીક્ષા કેન્દ્રમાં અનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષા કેન્દ્રમાં સ્થળે પ્રવેશ કરી શાંતિ જોખમે તેવો સંભવ છે. વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે શાંતિ જાળવવી અત્યંત જરૂરી હોઈ નીચે પ્રમાણે હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ધીરેન પંડયા (જી. એ. એસ.) સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ ડભોઈ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપુ છું અને ફરમાવું છું કે. નીચે પરિશિષ્ટમાં જણાવેલ સમય દરમ્યાન માધ્યમિક શાળાઓના પરીક્ષા કેન્દ્રના સ્થળેથી ૨૦૦ મીટર વિસ્તારમાં પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરું છું. જેથી અન અધિકૃત વ્યકિતઓએ દાખલ થવું નહી, કે દાખલ થવા દેવા નહી.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતઓ ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ ની જોગવાઈઓ મુજબ પગલાં લેવાને પાત્ર થશે.

અ. નં.	તાલુકાનું નામ	શાળા / કેન્દ્રનું નામ	તારીખ / સમય
૧	૨	૩	૪
૧	ડભોઈ	શ્રી દયારામ શારદા મંદિર હાઈસ્કુલ, ડભોઈ.	૩જી એપ્રિલ ૨૦૦૧ થી ૨૦મી એપ્રિલ ૨૦૦૧
૨	,,	વિભાગ હાઈસ્કુલ, ડભાઈ	,,
૩	,,	શ્રી મહેદ્રીયા સાર્વજનિક હાઈસ્કુલ, ડભોઈ	,,
૪	,,	શ્રી આર. જી. પંડયા હાઈસ્કુલ, ડભોઈ	,,
૫	,,	નવપદ હાઈસ્કુલ, ડભોઈ	,,
૬	,,	શ્રી એન. કે. મોદી હાઈસ્કુલ, ડભોઈ	,,
૭	,,	શ્રી ડી. કે. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ. થુવાવી. તા. ડભોઈ.	,,
૮	શિનોર	સાર્વજનિક હાઈસ્કુલ, શિનોર.	,,
૯	,,	બી. એલ. પટેલ શારદા મંદિર આનંદી તા. શિનોર.	,,
૧૦	નસવાડી	શ્રીમતી એસ. બી. સોલંકી હાઈસ્કુલ, નસવાડી.	,,
૧૧	,,	નસવાડી, હાઈસ્કુલ, પ્રાથમિક વિભાગ	,,
૧૨	વાઘોડીયા	ડો. એન. જી. શાહ સાર્વજનિક હાઈસ્કુલ, વાઘોડીયા.	,,

આજ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ ના રોજ સહી તથા કોર્ટનું સીલ કર્યું.

ધીરેન પંડયા,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ડભોઈ.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર એમ.એ.નજી/પરીક્ષા/૩/૨૦૦૧:—આગામી તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધીના સમય ગાળા દરમ્યાન મેઘરજ તાલુકામ શ્રી પી. સી. એન. હાઈસ્કુલ મેઘરજ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ મેઘરજ, શ્રી પી. વી. એચ બીયોવાલા હાઈસ્કુલ ઈસરી પ્રાથમિક શાળા ઈસરી તથા શ્રી રેલ્લાવાડા માધ્યમિક શાળામાં એસ. એસ. સી. એચ. એસ. સી. ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા સમયે ઘણા માણસો ભેગા થવાન શક્યતા છે. જેથી પરીક્ષાના સ્થળે તેમજ તેની આસપાસમાં સુલેહી શાંતી અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે જેથી શ્રી પી. સી. એન. હાઈસ્કુલ મેઘરજ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ મેઘરજ શ્રી પી. વી. એચ. બીયોવાલા હાઈસ્કુલ ઈસરી તથા

INDEX

રેલ્લાવાડા માધ્યમિક શાળાની હદમાં અને તેનાથી ૨૦૦ (બસો) મીટરની હદ સુધી નીચેની બાબતો માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પ્રતિબંધીત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું શ્રી આર. એસ. પારગી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, મેઘરજ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૩જી એપ્રિલ ૨૦૦૧ થી ૨૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી તમામ દિવસ સહીત જાહેર રજાના દિવસ સિવાય સવારના ૯-૦૦ કલાકથી સાજના ૧૯-૦૦ કલાક સુધી શ્રી પી. સી. એન. હાઈસ્કુલ, મેઘરજ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ મેઘરજ પી. વી. એચ. બીયોલા હાઈસ્કુલ ઈસરી તથા શ્રી રેલ્લાવાડા માધ્યમીક શાળાની હદ અને તેની આસપાસના ૨૦૦ (બસો) ચોરસ મીટરના અંતર સુધીના ફરતા વિસ્તારમાં નીચેની બાબતો માટે પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

(૧) સદરહુ વિસ્તારમાં પાચ કે તેથી વધુ શખ્સોએ કેભેગા થવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી સરઘસ કે રેલી કાઢવી નહી કે જાહેર સભાઓ યોજવી નહી.

(૩) હથીયાર જેવા કે તલવાર ભાલા, બંદૂક દંડા, છરા, છરી, ચાકું લાકડી ઈટ, પથ્થર, વિગેરે કે તેનો જેવા બીજા હથીયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તેવી વસ્તુ કે પદાર્થો સાથે રાખી ફરી શકશે નહી.

(૪) પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને કે પરીક્ષાના કામમાં રોકાયેલ કર્મચારીઓને તેમની કામગીરીમાં અડચણ રૂપ થાય તેવું કૃત્ય કરી શકાશે નહી. કે તેમને કામગીરી ન કરવાં સમજાવી શકશે નહી.

(૫) પ્રતિબંધિત વિસ્તારમાં પરીક્ષાર્થીઓને તથા અધિકૃત વ્યકિતઓ સિવાય કોઈએ પ્રવેશ કરવો નહી.

અપવાદ : આ હુકમ અનુ. નંબર ૧ થી ૪ ની જોગવાઈઓનો પ્રતિબંધ જે માણસ સરકારી ફરજ ઉપર હોય અગર પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા કર્મચારી કે અધિકારીને લાગુ પડશે નહી. તેમજ અનુકમ નંબર ૧ પરીક્ષાર્થીઓને લાગુ પડશે નહી.

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સહીતાંની કલમ-૧૮૮ અન્વયે શીક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિકકો કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

આર. એસ. પારગી,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
મેઘરજ.

Supple. C. G. I—208

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I, should be *read* to have been published in Issue No. 16 *Gujarat Government Gazette*, Part-I, dated 19th April, 2001 and for pages VAD-641 to VAD-675 (in 1 set) *read* page No. 1400 to 1434.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૧૯મી એપ્રિલ ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૧૬ માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી-૬૪૧ થી વીએડી-૬૭૫ (૧-બંચમાં) ને પાન નંબર ૧૪૦૦ થી ૧૪૩૪ વાંચવા.

Vadodara, 19th April, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૬ સુધીની અન્વેષણ નોંધ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૭૦૯ / ૯૭, તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૭ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેનો તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ નો વચગાળાનો આદેશ.

(૪) મંડળીનો તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ની લેખિત રજૂઆત.

(૫) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે, ૧૯૬૮ ના હુકમ ક્રમાંક ધ(ખ)-ડી.ડી.સી. / ૧૧૬૮ / ૧૮૪૯૬ / બી થી મળેલ સત્તાઓ.

(૬) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૦૮૬ / ૧૧૭૧૮ / ૯૮.—ધી ગરાંબડી ગ્રુપ ઘેટાં ઉછેર સહકારી મંડળી લી., ગરાંબડી, તાલુકે : વાવ, જિલ્લો : બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર-૧૬૭૦૦, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૭૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧ માં દર્શાવેલ ઓડીટ નોંધમાં મંડળીએ પેટા નિયમ મુજબના ઉદેશ્યો પ્રમાણેની કામગીરી છેલ્લા ચાર વર્ષથી બંધ કરેલ હોવાથી મંડળીના કાર્યવાહકોને કારણદર્શક નોટીસ આપેલ જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે જણાવવામાં અને તે અંગે કચેરીમાં રજૂઆત કરવાની તક આપવામાં આવેલ. આથી મંડળીએ લેખિત રજૂઆતમાં જણાવેલ છે કે ૧૯૯૨ ની સાલમાં પૂરનું પાણી આવવાથી મંડળીના ચોપડા તથા ફાઈલો તણાઈ ગયેલ. ત્યારથી મંડળીની કામગીરી સ્થગિત થયેલ છે. મંડળી પાસે નાણાં નથી, જે માટે સહાયની માંગણી કરેલ છે. આમ મંડળી સ્થગિત હોવાથી ફડચાનો વચગાળાનો હુકમ તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ થી કરવામાં આવેલ. અને એક માસમાં રજૂઆત કરવા જણાવવામાં આવેલ. પરંતુ કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત થયેલ નથી. મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી. આથી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળીના પેટા નિયમ મુજબના ઉદેશ્યો પ્રમાણેની કામગીરી છેલ્લા ચાર વર્ષથી બંધ થયેલ છે.

(૨) પેટ નિયમ મુજબ વાર્ષિક સાધારણ સભા તથા વ્યવસ્થાપક કમિટિની બેઠકો મળેલ નથી.

(૩) નામદાર સરકારશ્રીની ઓડીટ ફી રૂ. ૭૫૦ ભરપાઈ કરી નથી.

(૪) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.

(૫) કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

ઉપરોક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં વચગાળાની તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ના હુકમને બહાલ રાખી નીચે મુજબને અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી કે. બી. ઉપાધ્યાય, જિલ્લ. રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી ગરાંબડી ગ્રુપ ઘેટા ઉછેર સહકારી મંડળી લી., મુકામ : ગરાંબડી, તાલુકો : વાવ, જિલ્લો : બનાસકાંઠા, નોંધણી નંબર : ૧૬૭૦૦ તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૭૯ થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા, પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, બનાસકાંઠા,
પાલનપુર.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૭૬/૯૮, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૮ થી નોંધણી રદ અંગની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૯૯૬ / ૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ઈન્દ્રપુરા-ગુલાબપુરા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ., મુકામ : ઈન્દ્રપુર, તાલુકો, : લિ.જાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૨૪૩૩૯, તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૧ થી નોંધાયેલ હતા. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાના કચેરીના જાવક નંબર : ઉખાસ/ફડચ/૦૧/ધ/ ૨૯૩૧ / ૯૭ તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૭૬ / ૯૮, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ઉપરોક્ત આમુખ નં. ૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે સદર મંડળી નીમે ધી ઈન્દ્રપુર-ગુલાબપુરા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., ઈન્દ્રપુર ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :

૧ અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) ના પત્ર ક્રમાંક નંબર ખસમ/૦૧/ખ/૫/૭૩૭/૯૮તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૮ થી ફડચા સંબંધી અભિપ્રાય/અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ફડચ/૦૧-ધ-૨૨૫૨-તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રથી થયેલ રજૂઆત.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૮૮/૧૯૯૮.—ધી મુડવાડા ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લી મુકામ મુડવાડા તાલુકા સિધ્ધપુર. નોંધાયેલ મંડળી છે.

જે નોંધણી નંબર ૧૦૯૪૩ તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૯૩થી નોંધવામાં આવેલ છે. અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) ઓ મંડળીની મુલાકાત લઈ તપાસ કરતાં તેઓએ તેઓના પત્ર ક્રમાંક ખસમ/૦૧/ખ/૬૩૭/૯૮, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૮ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય આપી અહેવાલ રજુ કરેલ.

જે અન્વયે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ફડચ/૦૧-ધ-૨૨૫૨ તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ પાઠવી મંડળી તમામ આધુનિક પુરાવા સહ હાજર રહી રજુઆત કરવા તક આપવામાં આવેલ કારણદર્શક નોટીસમાં નીચે જણાવેલ મુદ્દા જણાવેલા હતા.

(૧) મડળીઓ આજદિન સુધી પેટા નિયમના ઉદ્દેશો મુજબની કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી.
(૨) મંડળીએ ઓડીટ મેમાની દુરસ્તી મોકલી આપેલ નથી.
(૩) પેટા નિયમ મુજબ મંડળીમાં કમીટીની મીટીંગો મળતી નથી.
(૪) વ્યવસ્થાપક કમીટી સભ્યો પૈકી ઘણાખરા સભ્યો બહારગામના છે.
(૫) મંડળીએ દિન પ્રતિદિન ખોટનું પ્રમાણ વધેલ છે.
(૬) મંડળી તદ્ન સ્થગિત અવસ્થામાં છે.

ઉપરોકત મુદ્દાઓ બાબતે મડળીએ તેઓના તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્રથી રજુઆત કરેલ છે તેમજ નીચે મુજબના આધુનિક પુરાવા રજુ કરેલ છે.

૧. તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૮ ના વ્યવસ્થાપક કમીટી ઠરાવની નકલ.
૨. ૧૨મી જુન ૧૯૯૮ના વ્ય. ક. ઠરાવની નકલ.
૩. ૧૦મી મે ૧૯૯૮ ના વ્ય. ક. ઠરાવની નકલ
૪. સભાસદ યાદી
૫. વ્ય. ક. સભ્યની યાદી.
૬. સને ૧૯૯૮-૯૯ ના વર્ષના હિસાબો.

મંડળીએ તેઓના તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

૧. પેટા-નિયમના ઉદ્દેશો બાબતે અમારી મંડળીનું રજિસ્ટ્રેશન સને ૧૯૯૩માં થયેલ આ પહેલાં અમારા માર્કેટીંગ યાર્ડ વિસ્તારમાં આવી કોઈ મંડળી ન હોવાથી અમારી વ્યવસ્થાપક કમીટીએ આ બાબતે સતત ખેડુતોના સંપર્કમાં રહી ખેડૂતોને શાકભાજી ઉગાડવા તેમજ વેચવા માટે જાગૃત કરેલ અને છેલ્લા બે માસથી અમારી મંડળીએ વેપાર વિગેરેની પ્રવૃત્તિ શરૂ કરેલ છે. તેમજ હવે પછી કરવાની કામગીરી બાબતના વ્ય. ક. ન ઠરાવે સામેલ છે.

૨. અમારી મંડળીનું ઓડીટ નિયમ મુજબ કરવામાં આવે છે છેલ્લું ઓડીટ તારીખ ૩૦મી જુન ૧૯૯૭ સુધીનું કરેલ છે. જેનો ઓડીટ રીપોર્ટ આવેથી દુરસ્તી કરી મોકલી આપવામાં આવશે તેની ખાત્રી આપીએ છીએ. અત્યાર સુધીનો મંડળીનો ઓડીટ વર્ગ "બ" આવેલ છે.

૩. અમારી મંડળીની વ્યવસ્થાપક કમીટીની મીટીંગ બાબતે જણાવવાનું કે અમારી મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યો છેલ્લા ચાર વર્ષથી મંડળીના હેતુની જાણકારી બાબતે સતત ખેડુતોના અનઔપચારીક સંપર્કમાં રહેતા હતા. તેમજ મંડળીનું કામકાજ ઓછું હોવાથી બિન જરૂરી રીતે માત્ર ઠરાવબુક ભરવાના હેતુસર જ મીટીંગો બોલાવવાનું યોગ્ય ન લાગતા મીટીંગો બોલાવેલ નથી. પરંતુ છેલ્લા ચાર વર્ષની અમારી યોગ્ય દિશાની મહેનતના પરિણામ રૂપે ખેડૂતોએ શાકભાજી તથા ફળો ઉગાડવાનું શરૂ કરેલ છે. તથા તેનું વેચાણ મંડળી મારફતે કરવા પણ સંમત થયેલ છે અને તેના ફળ સ્વરૂપે મંડળીના કામકાજ અંગેની કાર્યવાહી માટે મીટીંગો બોલાવેલ છે. જેના ઠરાવની નકલો સામેલ છે.

૪. વ્યવસ્થાપક કમીટી સભ્યો બાબતે જણાવવાનું કે જે તે સમયે સભ્યો કમાન્ડ વિસ્તારમાં રહેતા હતા પરંતુ અનિવાર્ય સંજોગોમાં કમાન્ડ વિસ્તાર બહાર જવાનું થવાથી તેમની જગ્યાએ નવીન સભ્યો દાખલ કરેલ છે. જેની યાદી સામેલ છે.

૫. મંડળીની ખોટ બાબતે જણાવવાનું કે અત્યાર સુધીની કામગીરી મંડળીના સંકલન માટેની જ હતી. પરંતુ તેના ફળ સ્વરૂપ છેલ્લા બે માસમાં વેપાર વગેરેની પ્રવૃત્તિ કરેલ છે. જે આપ સાહેબને અમારા તારીખ ૩૦મી જુન ૧૯૯૮ ના સરવૈયા ઉપરથી જાણ થશે. મંડળીએ નફો કરેલ છે. સરવૈયાની કોપી સામેલ છે. તથા આગામી સમયમાં અમારી કામગીરીના પ્રયત્નોથી મંડળી વધુ નફો કરશે તેની ખાત્રી આપીએ છીએ. તેમજ રાસાયણિક ખાતરનું લાયસન્સ પણ મેળવેલ છે. સીઝનમાં વેપાર શરૂ કરીશું. આમ ઉપરની હકિકતો જણાવી મંડળીના વ્યવસ્થાપક કમીટીએ વધુ એક વર્ષની મુદત આપવા વિનંતી કરેલ છે..

તારણ :—

મંડળીએ કરેલ રજુઆત તેમજ સાધનિક પુરાવાઓનો અભ્યાસ કરતાં નીચેના કારણસર મંડળીને વધુ એક વર્ષ માટે તક આપવી વ્યાજબી જણાતી નથી.

(૧) સંસ્થાન રજુઆતમાં વિસંગતતા જણાય છે.
(૨) છેલ્લા પાંચ વર્ષથી નોંધાયેલ મંડળીની વ્ય. કમીટી સભ્યો પ્રયત્ન કરે છે. છતાં મંડળી સતત સ્થગિત છે.
(૩) બે માસથી મંડળીએ કામ શરૂ કરેલ છે. તે બાબત પણ શંકાસ્પદ છે.
(૪) સદર મંડળી સભાસદ હિતલક્ષી નહી પરંતુ ચૂંટણીલક્ષી હેતુસર જ ઉપયોગ થતો હોય તેમ જણાય છે.
(૫) પેટા નિયમ અન્વયે દર માસે વ્ય. કમીટીની બેઠક મળેલ નથી. તે બાબતનો પણ તેઓની રજુઆતમાં સ્પષ્ટ એકરાર કરેલ છે.
(૬) પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો અન્વયે બિલકુલ પ્રવૃત્તિ થયેલ નથી.
(૭) મંડળીને નોંધણી થયે પાંચ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં મંડળીએ ભંડોળમાં કોઈજ વધારો કરેલ નથી.
(૮) પેટા નિયમમાં ઉદ્દેશો અન્વયે ફળ ખરીદ-વેચાણની બિલકુલ પ્રવૃત્તિ કરેલ જ નથી.
(૯) આજદિન સુધી મંડળીઓ મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક, લિ. મહેસાણામાં ખાતું ખોલાવેલ નથી.
(૧૦) મંડળીએ વર્ષ દરમિયાન માત્ર રૂપિયા ૨૦,૫૧૭.૫૦ નો નહિવત શાકભાજીનો વેપાર કરેલ છે.

INDEX

(૧૧) મંડળીએ ઓડીટ મેમાની દુરસ્તી રીપોર્ટ મોકલી આપ્યા બાબતનો કોઈ જ આધાર રજુ કરેલ નથી.

(૧૨) મંડળીની નોંધણી થયા તારીખથી નિયત મુદ્ત સુધીમાં મંડળીએ પોતાનું કામકાજ શરૂ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ અને પ્રસ્તાવનાઓને લક્ષમાં લેતાં સભાસદોના હિત અર્થે સદર મંડળીને એક વર્ષની મુદત આપવી વ્યાજબી ન જણાતાં ફડચામાં લઈ જવી તેવો અમારો અભિપ્રાય થતો હોઈ નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

ધી મુડવાડા ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લી. મુકામ મુડવાડા, તાલુકો સિધ્ધપુરને નોંધણી નંબર ૧૦૯૪૩ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭-(૧) ના ખંડ (ક) (ગ) (૧), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાની નિમણૂક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતાં કલમ-૧૦૭ (૩) અન્વયે અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૮.

———

વંચાણે લીધા :-

૧. મદદનીશ સહકારી અધિકારી(સેવા) વિગત મજકુર કચેરીના પત્ર ક્રમાંક નં. ખસમ/૦૧/ખ/૭૩૭/૯૮ તા. ૨૭મી જુલાઈ ૧૯૯૮થી ફડચામાં લઈ જવા અંગેનો અભિપ્રાય સહ અહેવાલ

૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧-૨૨૫૦/ધ/૯૮, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮ થી કારણ દર્શક નોટીસ.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૯૯/૯૮.—શ્રી સુજાણપુર ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લિ., મું. સુજાણપુર, તા. સિધ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૦૯૪૨ તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૩ છે.

અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) એ મંડળીની મુલાકાત લઈ સ્થળ તપાસણી કરતાં તેઓએ તેઓના પત્રક્રમાંક નં. ખસમ/૦૧/ખ/૭૩૭/૯૮, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૮થી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે અભિપ્રાય સહ અહેવાલ અત્રે સુપ્રત કરતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ-૦૧-૨૨૫૦--ધ-૯૮, તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૮થી મંડળીને કારણદર્શક નોટીસ આપી મંડળીને સાધનિક પુરાવા સહ અત્રેની કચેરીએ હાજર રહી રજુઆત કરવા તક આપવામાં આવેલ જેમાં નીચેની ખામીઓ જણાવેલ હતી.

૧. પે. નિયમના ઉદ્દેશ્યો મુજબની કોઈ જ કાર્યવાહી હાથ ધરેલ નથી.

૨. મંડળીનો છેલ્લો ઓડીટ વર્ગ 'ડ' છે.

૩. સંસ્થાને છેલ્લા ત્રણ વર્ષની ઓડીટ દુરસ્તી કરેલ નથી.

૪. મંડળીના સભ્યોને આજદિન સુધી શેર સર્ટિ. આપેલ નથી.

૫. ૯ વ્ય. ક. સભ્યો પાસે રુ. ૧,૬૭,૧૬૪-૦૦ મુદતવીતી ખાસ ધિરાણ બાકી બોલે છે.

૬. ૯૬/૯૭ના વર્ષ દરમ્યાન માત્ર ૫ જ બેઠક મળેલી છે.

૭. કૃષિ બિયારણ સહકારી સંઘ લી. નં. ૭૭૬૩૪/૬૪ બાકી બોલે છે.

૮. ૩૦મી જુન ૧૯૯૭ની અંતની ખોટ રુા. ૧,૨૬,૧૨૯.૧૫ છે.

૯. ૩૦મી જુન ૧૯૯૭ અંતે રુા. ૫,૪૩,૭૭૫.૪૦ મુદતવીતી બાકી ખાસ ધિરાણ વસુલાત માટે કોઈ પ્રયત્ન કરેલ નથી.

૧૦. સિધ્ધપુર નાગરિક સહકારી બેંકમાં રોકેલ ફાજલ નાણાં અંગે કલમ-૭૧ અન્વયે મંજુરી મેળવેલ નથી.

જે આ મંડળીએ તેઓના તારીખ ૧૯મી ઓગસ્ટ ૧૯૯૭ના પત્રથી કોઈપણ પ્રકારના સાધનિક પુરાવા વગર માત્ર ખાત્રીઓ આપેલ છે. આમ મંડળીના પ્રમુખશ્રીએ ખામી નં. ૧ થી ૧૦ મુદ્દાઓ સંબંધે ભવિષ્યમાં આમલ કરવાની આપેલ ખાત્રી પરથી જ કારણ દર્શક નોટીસમાં જણાવેલ ખામીઓ અંગે તેઓએ સ્પષ્ટ સંમતિ દર્શાવી દીધેલ છે એ બાબત ફલિત થાય છે.

આમ મંડળીના પ્રમુખશ્રી કોઈ જ સાધનિક પુરાવા કે મંડળીના હિસાબો રજુ કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઈ સભાસદોના હિતાર્થે સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એ. બી. ગઢવી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રુએ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

ધી સુજાણપુર ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લિ. મુ. સુજાણપુર, તા. સિધ્ધપુરને નોંધણી નંબર ૧૦૯૪૨ તારીખ ૧૧મી માર્ચ ૧૯૯૩ થી નોંધાયેલ મંડળી છે.તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ના ખંડ'ક'ગ(૨),(૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) -૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ.:-

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રુબરુ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમનો બહાલી આપતી કલમ -૧૦૭(૩) અન્વયે અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગસ્ટ ૧૯૯૮.

———

INDEX

નંબર નધણુ/સે-૩૦૧૭૯/ધ/૨૪૦૮/૯૮.—આથી જાહેર કરે છે કે, ધરતી કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી ઓગસ્ટ ૧૯૯૮.

નંબર નધણુ/સે-૩૦૧૮૦/ધ/૨૪૪૭/૯૮.—આથી જાહેર કરે છે કે, શ્રી ભાડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ભાડીયા તાલુકો રાધનપુર, જિલ્લો પાટણ. સને ૧૯૬૧ને ગુજરાત કાયદો, (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીને તા. ૧૬મી જુલાઈ ૧૯૯૭નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭૨/૯૭, થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીનો તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૭નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્રક ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૯૮૯/૯૮, તારીખ ૩૦મી મે ૧૯૯૮નો પત્ર.

(૪) ફડચો-૧, મહેસાણાના તારીખ ૨૫મી જુન ૧૯૯૮ થી રજુ થયેલ દફ્તરનો ચાર્જ રીપોર્ટ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૫૫/૧૯૯૮.—ધી મૌર્ય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ રાંચરડા, તા. કલોલ, જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૭ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭૨/૯૭થી ફડચામાં લઈ જવા નો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ.૧૦૭ (૩) હેઠળ બરખાસ્તી આપવાનો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧ ,૪ મહેસાણા ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદ્દતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૭નો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૬/૯૭, થી વચગાળાનો આદેશ સ્વીકૃત થયા સિવાય પરત આવેલ કવર.

(૨) મંડળીની તારીખ વગરની સાધનિક પુરાવા સિવાયની રજુઆત.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૩૩૫/૯૮, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮થી માગેલ માહિતી.

(૪) મંડળીની તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૯૮થી આવેલ રજુઆત.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૯૮૭/૯૮, તારીખ ૩૦મી મે ૧૯૯૮નો પત્ર.

(૬) મંડળીની તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૮થી આવેલ રજુઆત.

(૭) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૪૫૭/૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી આનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. પાટણ, તા. જિ. પાટણ., નોંધણી નં. ૯૩૪૩, તારીખ ૧૮મી જાન્યુઆરી ૧૯૮૨થી નોંધાયેલ મંડળી છે.

સદર મંડળીને અત્રેથી તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૭ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૬/૯૭ થી નીચેના કારણોસર ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ.

(૧) રહેઠાણના બ્લોકોમાં કેટલાક સભ્યોએ ધંધાકીય પ્રવૃત્તિ માટે બાંધકામ કરેલ છે.

(૨) દાખલ થયેલા સભ્યોનો ઉદ્દેશ ફક્ત નફાકીય પ્રવૃત્તિનો છે.

(૩) સભ્યો નિયમ વિરુધ્ધ સંયુકત સભ્યપદ ધરાવે છે. સભ્યોએ પૂરતા એકરારનામા પણ આપેલ નથી.

(૪) સભ્યો આવી બીજી મંડળીમાં પણ સભ્યપદ ધરાવે છે. સભ્યોને એ પુરતા એકરારનામા પણ આપેલ નથી.

(૫) સભ્યોએ આજદિન સુધી મકાનો બાંધી, રહેઠાણની વ્યવસ્થા કરી નથી. મંડળીએ આ અંગે કોઈ પ્રયાસ કરેલ નથી કે કરી શકે તેમ નથી.

(૬) એકાદ વહીવટકર્તા સિવાય મંડળીની કામગીરી વિષે કોઈને ખ્યાલ નથી.

(૭) તારીખ ૩૦મી જુન ૧૯૯૬નું સરવૈયું ચકાસતાં, મંડળીની ખોટ રૂા. ૧૫૩૨.૨૨ છે.

જે વચગાળાના આદેશનું કવર પરત આવેલ. પરંતુ, ફડચા અધિકારીશ્રી ચાર્જ લેવા જતાં, તેઓના હુકમને આધીન મંડળીએ તારીખ વગરના પત્રથી રજુઆત કોઈપણ જાતના સાધનિક પુરવા સિવાય માત્ર લેખિત પત્રથી કરતાં, અત્રેથી તારીખ ૨૩મી ફેબ્રુઆરીના ૧૯૯૮ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૩૩૫/૯૮, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૮થી સાધનિક પુરાવા સહ સ્પષ્ટતા કરવા જણાવતાં મંડળીએ તેઓના તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૯૮થી લેખિત રજુઆત કરી નીચેની વિગતો પુરી પાડેલ હતી.

(૧) સભાસદોના નામ, સરનામા, પ્લોટ નંબરની વિગત સહ યાદી.

(૨) એન. એ. ની નકલ.

(૩) મંડળીની જમીન વેચાણથી ખરીદ કર્યા અંગેના વેચાણ દસ્તાવેજ.

(૪) શેર ટ્રાન્સફર ની વિગત.

INDEX

ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૯૮૭/ /૯૮, તારીખ ૩૦મી મે ૧૯૯૮થી મંડળીને પૂરક માહિતી માગી સાધનિક પુરાવા સહ હાજર રહેવા જણાવેલ. પરંતુ, મંડળી તરફથી કોઈ જ પ્રતિનિધિ એ હાજર રહેવા દરકાર કરેલ નથી. કે, સાધનિક પુરાવા રજુ કરી શકયા નથી. માત્ર પાછળથી તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૮ના પત્રથી લેખિત રજુઆત માત્ર કરેલ છે.

આમ, મંડળીને નીચેના કારણોસર ડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળી તરફથી ઉદેશ્યો મુજબ સભાસદોને મકાનો બાંધવાની પ્રવૃત્તિ થઈ શકી નથી. સભાસદો એ જાતે પોતાની રીતે મકાનો બાંધવા શરુ કરેલ છે. આમ, મંડળી તરફથી રહેઠાણો બનેલ નથી.

(૨) રહેઠાણના રોડ પાસે આવેલા બ્લોકો ધરાવતા સભ્યોએ ધંધાકીય પ્રવૃત્તિ શરુ કરેલ છે. જે ચાલુ રહેલ છે.

(૩) મંડળી હિસાબો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

આમ, ઉપરોકત કારણોસર સભાસદોનાં હિતાર્થે સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

ધી આનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ પાટણ, તા. જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૭ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૬/૯૭થી ફડચામાં જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાએ ફડચાની કામગીરી આ તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮.

વાંચણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૦ મી ઓગષ્ટ ૧૯૯૭ ના આદેશ ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૯૩૧/૯૭, થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની તારીખ ૨૦ મી નવેમ્બર ૧૯૯૭ થી થયેલ રજૂઆત.

(૩) મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.., મહેસાણાનો તારીખ ૧૧ મી જુલાઈ, ૧૯૯૮ થી ફડચામાં લઈ જવાનો અભિપ્રાય પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૫૮/૧૯૯૮.— શ્રી કારોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ કારોલી તાલુકા કલોલ, જિલ્લો મહેસાણા, નોંધાયેલ દૂધ મંડળી છે.

જેનો નોંધણી નંબર ૧૭૧૪૩, તારીખ ૨૫ મી ફેબ્રુઆરી, ૧૯૮૦ છે.

અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૧/૯૭, તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૭ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ જેમાં નીચેની ખામીઓના ઉલ્લેખ કરવામાં આવેલ હતો.

(૧) મંડળી તેના પેટા-નિયમ ઉદ્દેશો પ્રમાણે કામકાજ કરતી નથી.

(૨) મંડળી પેટા-નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટી વાર્ષિક સાધારણ સભા મળતી નથી.

(૩) સભાસદો તથા કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી.

(૪) મંડળી કામકાજ કરતી બંધ થયેલ છે.

(૫) ઓડીટ દુરસ્તી રીપોર્ટ તારીખ ૧ લી ઓકટોબર ૧૯૯૧ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૫ સુધીના મોકલી આપેલ નથી.

(૬) મંડળીના છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

જે સામે મંડળીએ તેઓના તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૭ ના પત્રથી મંડળીનો વચગાળાનો આદેશ રદ કરવા જણાવેલું, જેમાં નીચેની કારણોના ઉલ્લેખ કરેલ હતો.

(૧) દૂધ સંઘ તરફથી દૂધ ન લેવાવાને કારણે સંસ્થા બંધ હાલતમાં છે.

(૨) સંસ્થા ખાનગી રીતે કામગીરી કરવા વિચારી રહેલ છે.

(૩) સભ્યોને કામકાજ કરવા આતુરતા જણાયેલ છે.

(૪) સભ્યોને રોજી-રોટી સારા પ્રમાણમાં મળી રહે તેમ છે.

ઉપરોકત બાબતો અંગે વાસ્તવિક પરિસ્થિતિની જાણકારી હેતુ સર અત્રેથી પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૦૪૯/૯૮, તારીખ ૯મી જૂન, ૧૯૯૮ થી મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી., પાસેથી અહેવાલ માગતા તેઓએ સદર મંડળીને સત્વરે નીચેના કારણોસર ફડચામા લઈ જવા અભિપ્રાય આપેલ છે.

(૧) અત્રેના તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૦ થી ક્લમ-૭૬(બી) હેઠળ મંડળી પ્રમુખ / મંત્રીશ્રીના હોદ્દા ઉપરથી બે વર્ષ માટે દુખસદ આપવામા આવેલ છે.

(૨) મંડળીના વ્યવસ્થાપકોએ મંડળીના વહીવટ ગેરકાયદેસર રીતે ચલાવી નાણુંની ઉચાપત કરી કૌભાંડ કરવાને કારણે સભાસદો / ગ્રાહકો એ સદર મંડળીમાં દૂધ ભરવાનું સદંતર બંધ કરતાં, મંડળીનું કામકાજ બંધ થયેલ છે.

(૩) મંડળીના ઉત્પાદકોની સગવડ માટે મંડળીની માંગણીથી પેટા કેન્દ્ર-૨ ચાલુ કરવામાં આવેલ. પરંતુ સદર પેટા કેન્દ્રના ગ્રાહકોને પણ કારોલી મંડળીના વ્યવસ્થાપકોએ દૂધના નાણાં નહીં ચુકવવાથી તે કેન્દ્ર પણ બંધ કરવામાં આવેલ હતું.

(૪) મંડળીના વ્યવસ્થાપકોએ દૂધની ખરીદીમાં પણ હલકા દૂધની ખરીદી કરી મંડળીને નુકશાન પહોચાડી તેમજ બધ'રણીય રીતે સ'ધ'રણ સભા કે વ્યવસ્થાપક કમિટીમાં કાયદેસરની કાર્યવાહી

INDEX

નહી કરી. એક હથ્થું વહીવટ જાળવી રાખવાથી મંડળીના ઉત્પાદકોનો વિશ્વાસ ગુમાવતાં આ મંડળીનું કામકાજ દૂધ નહીં મળતા વ્યવસ્થા પકોએ જ આટોપી લીધેલ હોઈ સદર મડળીને કાયમી ધોરણે ફડચામાં લઈ જવા ભલામણ છે. સદર મંડળીને પુન : જિવીત કરવાની કોઈજ શકયતા રહેતી નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

શ્રી કારોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ કારોલી, તાલુકા કલોલ જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૭ ના હુકમ ક્રમાક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૯૩૧/૯૭ થી ફડચામા લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ--૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચા--૧) મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમા પૂર્ણ કરવની રહેશે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના ક્રમાંક ધરમ / ૦૧ / ખ / ૬૦૯/૯૮, તારીખ ૧ લી જુલાઈ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ધરમ / ૦૧ / ખ / ૭૨૮/૯૮, તરીખ ૧૮ મી જુલાઈ ૧૯૯૮ થી સ્મૃતિપત્ર--૧.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ધરમ / ૦૧ / ખ ૭૮૬/૯૮ તારીખ ૫ મી ઓગષ્ટ ૧૯૯૮ થી માંગેલ પ્રગતિ અહેવાલ.

(૪) મંડળીનો તારીખ ૧૬ મી ઓગષ્ટ ૧૯૯૮ નો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ--૧૦૭ ની જોગવાઈઓ.

(૬) મદદનીશ સહકારી અધિકારીશ્રી (હાઉસીંગ) લગત મજકૂર કચેરીનો તારીખ ૧૭ મી ઓગષ્ટ ૧૯૯૮-થી મંડળીને ફડચામાં લઈ જવાનો અભિપ્રાય.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૨૪૫૯/૯૮.— ધી વંદનાપાર્ક-કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ વિજાપુર, તાલુકા વિજાપુર નોંધાયેલ ગૃહ મંડળી છે. જે નોંધણી નંબર ૧૦૩૧૪ તારીખ ૮મી ડિસેમ્બર ૧૯૮૨ થી નોંધાયેલ છે.

ન્યુ વંદના પાક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી, મુકામ વિજાપુરના તારીખ ૩ જી ઓગષ્ટ ૧૯૯૭ની અરજીના અનુસંધાને મંડળીને તારીખ ૩ જી ઓકટોબર ૧૯૯૭ થી પ્રત્યુતર પાઠવેલ.

અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી (હાઉસીંગ) તરફથી તારીખ ૧ લી જુલાઈ ૧૯૯૨ થી તારીખ ૩૦ મી જુન ૧૯૯૪ ની ઓડીટ નોધને આધીન તેમજ સદર મંડળીના ૧૪ સભ્યોની સંયુકત સહીથી રજુ કરેલ તારીખ ૨૮ મી મે ૧૯૯૮ ના પત્રને-આધીન પત્ર ક્રમાંક ધરમ/૦૧/ખ/૬૦૯/૯૮ તારીખ ૧ લી જુલાઈ ૧૯૯૮ થી નીચેની વિગતે ખામીઓ દર્શાવી કારણદર્શક નોટીસ--પાઠવેલ હતી.

(૧) પ્રમુખશ્રીએ સદર સસ્થામાં તારીખ ૧ લી જુલાઈ ૧૯૯૨ થી હોદો ભોગવી મનસ્વી એક હથ્થું વહીવટ કરેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષથી વાર્ષિક સાધારણ સભા ભરેલ નથી કે મંજૂરી મેળવેલ નથી.

(૩) તારીખ ૧૦ મી સપ્ટેમ્બર ૧૯૯૪ પછી વ્યવસ્થાપક કમિટી સભા મળેલ નથી.

(૪) તારીખ ૩૦ મી જુન ૧૯૯૪ પછી ઓડીટ થયેલ નથી.

(૫) બેંક પાસબુક / જમા પાવતી / જમા-ઉધારના આધારો દફતરે નથી.

(૬) ઓડીટ નોંધોની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી કે અહેવાલ મોકલેલ નથી.

આમ દિન--૭ માં મંડળી પાસે સ્પષ્ટતા, આધારભૂત પુરાવા સહ રજુ કરવા જણાવવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતા મંડળીને અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક ધરમ / ૦૧ / ખ / ૭૨૮/૯૮ તારીખ ૧૮ મી જુલાઈ ૧૯૯૮ થી સ્મૃતિપત્ર--૧ થી દિન--૩ મા રજુઆત કરવા તક આપેલ હતી.

જે અંગે મંડળી વતી મંડળીના પ્રમુખશ્રી કોઈપણ જાતના સાધનિક પુરવા સિવાય તારીખ ૨૦ મી જુલાઈ ૧૯૯૮ ના રોજ હાજર રહેતા તેઓએ તારીખ ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીમા સમગ્ર પૂર્તતા કરી કચેરીને રીપોર્ટ કરવામાં આવશે તેમ જણાવેલ.

જે બાબતે અત્રેથી પત્ર ક્રમાંક ધરમ / ૦૧ / ખ / ૭૮૬/૯૮ તારીખ ૫ મી ઓગષ્ટ ૧૯૯૮ થી સ્મૃતિપત્ર પાઠવી થયેલ કાર્યવાહીનો પ્રગતિ અહેવાલ મ-ગવા છતા મંડળી તરફથી કોઈ જ પ્રત્યુત્તર ન આવવાને કારણે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ધરમ / ૦૧ / ખ / ૮૪૫/૯૮ તારીખ ૧૭મી ઓગષ્ટ ૧૯૯૮થી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) તરફથી અભિપ્રાય થતા.

તેમજ મંડળીએ તેઓના તારીખ ૧૬ મી ઓગષ્ટ ૧૯૯૮ ના પત્રમાં પણ કોઈ જ પ્રગતિ થયાનું જણાવેલ નથી કે સાધનિક પુરાવા રજુ કરેલ નથી. માત્ર તારીખ ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૯૮ પહેલા રજુ કરવાની ખાત્રી આપેલ છે. આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતા મંડળીને સભ્યોના હિતાર્થે સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

શ્રી વંદનાપાર્ક કો. ૨ોપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ વિજાપુર, તાલુકા વિજાપુર, જિલ્લો મહેસાણાને નોંધણી નં. ૧૦૩૧૪, તારીખ ૮ મી ડિસેમ્બર ૧૯૮૨ થી નોંધવામા આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ ૧૦૭ (૧)ના ખંડ ગ (૧)-ક, (૪) અન્વયે ફડચામાં લઈ જવામા આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો--૧) મહેસાણાની નિમણુંક કરવામા આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખ થી એક માસની મુદ્દતમા આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ નો આદેશ ક્રમાક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૭૩/૯૭ થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૭ થી થયેલ રજૂઆત.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૮૦૫/૯૮, તારીખ ૫મી મે, ૧૯૯૮ થી પાઠવેલ સ્મૃતિપત્ર--૧.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/ ૨૩૩૭/૯૮ તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૯૮થી પાઠવેલ સ્મૃતિપત્ર- ૨.

(૫) મંડળીની તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૮ના પત્રથી થયેલ રજૂઆત.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૬૦/૯૮.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી રણછોડપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ રણછોડપુરા, તાલુકા સિધ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નબર ૧૨૬૭, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૬૧ છે.

સદર મંડળીને અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૦૭૩/૯૭, તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૭ થી વચગાળાનો આદેશ કરવા આવેલ. જેમા નીચે જણાવેલ ખામીઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે.

(૨) છેલ્લા છ વર્ષથી ઓડીટ નોંધની દૂરસ્તી કરેલ નથી.

(૩) રૂા. ૧,૬૨,૮૭૭.૬૦ મંડળી પાસેથી ઉચાપતની રકમ વસુલ થયેલ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટીની બેઠકો નિયમિત મળતી નથી.

(૫) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી કોઈ પ્રવૃતિ કરતી નથી. સ્થગિત છે.

(૬) તારીખ ૩૦ મી જૂન ૧૯૮૬ના અંતે ખોટ રૂા. ૧૧,૪૩૨.૬૦ની છે.

(૭) મંડળીના સરવૈયા મુજબ સિધ્ધપુર તાલુકા સંઘની બાકી રકમ રૂપિયા ૧.૨૪,૧૬૨.૮૧ ની છે જયારે સંઘની બાકી મુજબ રૂપિયા ૧,૯૮,૪૪૭.૨૨ છે. મેળવેલી થયેલ નથી.

(૮) મંડળી બિન-આર્થક્ષમ થયેલ છે.

આમ, ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૭ ના પત્રથી લેખિત રજુઆત કરતાં મંડળી તરફથી હાજર પ્રતિનિધિને છ માસની મુદત આપવામા આવેલ. ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૮૦૫/૯૮ તારીખ ૫મી મે, ૧૯૯૮ થી સ્મૃતિપત્ર પાઠવી મંડળીને સાધનિક પુરાવા સહ પ્રગતિ અહેવાલ મંગાવેલ.

પરંતુ, મંડળી તરફથી કોઈ માહિતી / પુરાવા પ્રગતિ અહેવાલ પ્રાપ્ત ન થતા પુન : અત્રેના પત્ર ક્રમાક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૩૩૭/ ૧૯૯૮, તારીખ ૧૨ મી ઓગષ્ટ ૧૯૯૮ થી સ્મૃતિપત્ર--૨ પાઠવી મંડળીને નિયત મુદતે હાજર રહી સાધનિક પુરાવા રજૂ કરવા તક આપેલ.

મંડળી તરફથી મંડળીના પ્રમુખ /મંત્રીઓ હાજર રહી તેઓનાં તારીખ ૧૯ મી ઓગષ્ટ ૧૯૯૮ના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

(૧) મંડળીમાં ગેરરીતીઓ થવાથી ઓડીટ વર્ગ "ડ" મળેલ છે. હવે મંડળીએ ધિરાણ પ્રવૃત્તિ શરૂ કરેલ છે. ગત સાલે મધ્યમ મુદતનું ધિરાણ રૂપિયા ૯૩,૦૦૦.૦૦ નું કરેલું. જે પૈકી ચાલુ વર્ષને હપ્તો વસુલ થતા મધ્યમ મુદતના ધિરાણ પેટે રૂા. ૬૮,૨૫૦.૦૦ ચાલુ લ્હેણું બાકી છે. વળી ટુંકી મુદતના ધિરાણ માટેનું શાખ-પત્રક પણ મજૂર કરાવેલ છે. અને બેંકે રૂ. ૫૧,૦૦૦ ની લોન મંજૂર કરેલ છે. જેનું બે દિવસ ધિરાણ કરવાના છીએ. શાખ પત્રક મંજૂર કર્યાનો બેંકનો દાખલો રજૂ કરેલ છે. મંડળી વેપારી પ્રવૃતિ હાથ ધરવા માગે છે. પરંતુ, મંડળીમાં ઉચાપત કરનાર થયેલી. તેનું હુકમનામું અમોએ મેળવેલ છે. પરંતુ, ઉચાપત વ્યકિત નામ ટીબ્યુનલમા અપીલમાં ગયેલી હોવાથી સદર કેસનો નિકાસ આપેથી તેની વસુલાતની કાર્યવાહી હાથ ધરી નાણાકીય સગવડ કરી આ પ્રવૃત્તિ શરુ કરવાની છે. તેની ખાત્રી આપીએ છીએ.

(૨) મંડળીના તમામ ઓડીટ દુરસ્તી રીપોર્ટ અમોએ તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૭ના પત્રમાં જણાવ્યા મુજબ મોકલી આ આપેલ છે. હવે કોઈ દરસ્તી રીપોર્ટ બાકી નથી.

(૩) મંડળીમાં થયેલ ઉચાપત અંગે વિવાદી કેસ દાખલ કરેલો જે ચાલી જતા, મંડળીની તરફેણમા જજમેન્ટ આપેલ છે. પરંતુ, ઉચાપત કરનાર વ્યકિતએ નામ ગુજરાત રાજય સહકારી ટીબ્યુનલ-અમદાવાદ સમક્ષ અપીલ દાખલ કરેલી છે. જે ચાલવા ઉપર

INDEX

હોવાથી જજમેન્ટ આવેથી વસુલાતની કામગીરી હાથ ધરીશું. વળી મંડળીએ આ ઉચાપત માટે માજી મંત્રીશ્રી સામે પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે જે મહેસાણા ચીફ જ્યુડીશીયલ કોર્ટમાં ચાલું છે.

(૪) મંડળીએ ગત સાલે સભાસદોને રૂા ૯૩,૪૦૦ નું અલ્પમ મુદતનું ધીરાણ કરેલ છે. અને ચાલુ વર્ષે પણ ટુકી મુદતનું શાખ પત્રક મંજુર કરાવેલ છે. જેનું ધિરાણ બે દિવસમાં કરવાના છીએ, શાખપત્રક મંજરીનો દાખલો આ સાથે રજુ કરીએ છીએ.

(૫) મંડળીના માજીમંત્રીશ્રી સામે લવાદી હુકમ નામું મેળવેલ જેની સામે અપીલ થતાં કેસ ચાલુ છે. નિવેડો આવેથી રકમ વસુલ થયેલી મંડળી નફામાં આવશે. તેની ખાત્રી આપીએ છીએ.

(૬) ચાલુ સાલે મંડળીએ ૨૦ સભાસદો નવિન દાખલ કરેલ છે. આમ મંડળીએ ગત સાલ કરતાં ચાલુ વર્ષમાં પ્રગતિ શરૂ કરી છે. અને અને મંડળીએ ત્રણ વર્ષની અંદરઅર્થક્ષમ બનાવવાની યોજના મંડળીએ કરેલી છે. ગત સાલે કરેલ ધરાણની રકમના હપ્તા સમયસર વસુલ કરી લીધેલ છે. કોઈ રકમ હાલમાં ઓવર–ડ્યું બાકી નથી આમ મંડળીએ કરેલ ઉપરોકત રજુઆત તેમજ સાધનિક પુરાવા રૂપે રજુ કરેલ શાખ પત્રક મજુર કર્યા અંગેનો દાખલો તેમજ સને ૧૯૯૭–૧૯૯૮ ના વાર્ષિક હિસાબો જોતાં નીચેના કારણોસર મંડળીને ચાલુ રાખવાની મંડળીના પ્રમુખશ્રી ની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૧) મંડળીનો છેલ્લા જ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૨) ઓડીટ નોંધની દુરસ્તી કરી, દરસ્તી રીપોર્ટ મોકલી આપ્યા બદલનો કોઈ જ આધાર રજુ કરી શકેલ નથી.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમિટીની બેઠકો નિયમિત મળતી નથી.

(૪) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી કોઈ જ વેપારી પ્રવૃતિ કરતી નથી, સ્થગીત છે.

(૫) તારીખ ૩૦ મી જૂન ૧૯૯૮ ના અંતનું સરવૈયું ચકાસતાં તારીખ ૩૦ મી જૂના ૧૯૯૬ સુધીની ખોટ રૂા ૧૧,૫૩૨.૬૦ છે સને ૧૯૯૭–૯૮ ના વર્ષ દરમ્યાન માત્ર રૂા ૯૮.૫૦ અંશત : નફે કરેલ છે.

(૬) મંડળી બિલકુલ બિન–અર્થક્ષમ છે.

આમ, મંડળીએ ધિરાણ પ્રવૃત્તિ કરવા સિવાય અન્ય કોઈ જ પ્રવૃત્તિ કર્યાનું જણાતું નથી- તેમજ મંડળી અર્થક્ષમ થઈ શકે તેવી કોઈજ શકયતા જણાતી ન હોઈ મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

આદેશ

ધી રણછોડપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ રણછોડપુરા તાલુકા સિધ્ધપુર। જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ ના તારીખ ૫ મી સપ્ટેમ્બર, ૧૯૯૭ ના હુકમ ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૦૭૩/૯૭ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામા લઈ જવાનો અંતિમ આદેશ આપવામા આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો–૧) મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમા પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૯૮.

———

નં.બર નંધાણ / ઉ-૧૦૪૩૫/ધ /૨૭૪૮ / સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી જગદંબા મજૂર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ ભીમપુર, તાલુકો સતલાસણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર : ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૭૨૩ / ૯૮, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ નો વચગાળાનો આદેશ.

અંશત : સુધારા હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૮૧૦ / ૧૯૯૮.—ઉપરોકત આમુખ નંબર (૧) માં જણાવ્યા મુજબ અત્રેની કચેરીના હુકમ ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૨૩ / ૧૯૯૮, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના વચગાળાના આદેશમાં સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી સહકારી અધિકારી (બજાર) ની નિમણુંક કરવામાં આવે છે. તેના બદલે નીચે મુજબના અંશત : સુધારા હુકમ વાંચવો.

સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક અપણ / ૦૧ / ગ-૨ / ૩૩૨૨ / ૯૮, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮ નો પત્ર.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૨૪૯૬ / ધ/૯૮, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી થયેલ લેખિત રજુઆત.

(૪) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, પાટણનો તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી રજુ કરેલ ફડચાનો ખાસ અહેવાલ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૮૦૯ / ૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ખોલવાડા સેવા સહકારી મંડળી લી., મુકામ ખોલવાડા, તાલુકો સિધ્ધપુર, નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૫૪૭૩, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૨ છે.

જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૨/૩૩૨૨ / ૯૮, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮ અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય થઈ આવતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧ / ૨૪૯૬ / ૯૮, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચેના મુદ્દા ઉપસ્થિત થયેલ હતા.

INDEX

(૧) મંડળીનો ઓડિટ વર્ગ છેલ્લા ચાર વર્ષથી "ક" છે.
(૨) મંડળીની ઓડીટ દુરસ્તી કરેલ નથી. અને દુરસ્તી અહેવાલ અત્રે મોકલી આપેલ નથી.
(૩) મંડળીએ અગાઉ સને ૧૯૯૬-૯૭ ના વર્ષમાં ખોટ કરેલ હતી જે પૈકી ચાલુ વર્ષે રૂા. ૬૧૦.૨૫ નફામાંથી નુકશાન બાદ કરેલ છે.
(૪) મંડળીમાં ખાતર વેચાણનું લાયસન્સ હોવા છતાં, રાસાયણિક ખાતરનું વેચાણની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૫) મંડળીએ માત્ર નવ સભ્યોને મધ્યમ મુદતનું ધિરાણ કરેલ છે. જે વસુલ કરેલ નથી. ટુંકી મુદતનું ધિરાણ કરેલ નથી.
(૬) મંડળીએ રેશનીંગનો વેપાર કરેલ નથી. જેથી ઉદ્દેશો બર આવે તેમ નથી.

જેની સામે મંડળીએ તેઓના તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના પત્રથી લેખિત રજુઆત થયેલ છે. તેમજ, સાધનિક પુરાવા રૂપે વ્યવસ્થાપક કમિટીના ઠરાવ નં. ૩, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ તથા ૧૯૯૭-૯૮ ના વર્ષના હિસાબો તેમજ, દુરસ્તી અહેવાલ તથા ઠરાવ નં. ૪, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી અત્રે રજુ થયેલ છે.

મંડળીએ નીચે મુજબ લેખિત રજુઆત કરેલ છે.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ છેલ્લા ૪ વર્ષથી "ક" છે, તે હકીકત છે. પરંતુ ચાલુ સાલે મંડળીએ મધ્યમ મુદત ધિરાણ કરેલ છે. તેમજ, ટૂંકી મુદત ધિરાણની પ્રક્રિયા ચાલુ હોઈ, તેમજ, ખાતર વેપાર પ્રવૃત્તિ ચાલુ કરવાની હોઈ, ઓડીટ વર્ગ સુધારવાની શકયતા છે.

(૨) તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૬ સુધીના ઓડીટ દુરસ્તી રીપોર્ટ ઠરાવ નં. ૬, તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૭ થી મહેસાણા ડીસ્ટ્રીકટ બેંક સિધ્ધપુર શાખાને મોકલી આપવામાં આવેલ છે.

(૩) સને ૧૯૯૬-૯૭ ના વર્ષમાં ખોટ હતી. પરંતુ, ચાલુ ચાલુ વર્ષે રૂા. ૬૧૦.૨૫ નફો થયેલ છે. જે મંડળીની પ્રગતિ સુચવે છે.

(૪) ખાતર વેચાણ લાયસન્સ હોઈ, ખાતર વેચાણ પ્રવૃત્તિ હાથ ધરવાની કાર્યવાહી શરૂ કરેલ છે. જે અંગેનો પેટામાં ઠરાવ સામેલ છે.
(૫) મંડળીએ ૧૫ સભ્યોના કેસ મૂકેલા હતા. પરંતુ બેંકે નવ કેસો મંજૂર કરેલ છે. અને ટુંકી મુદત ખેતી વિષયક ધિરાણની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. બેંક સાથે પરામર્શ ચાલુ છે. તથા મધ્યમ મુદત ધિરાણ હપ્તા વસુલ કરી બેંકમાં ભરવામાં આવે છે.

(૬) મંડળીએ રેશનીંગના વ્યાપાર માટે મામલતદાર કચેરીમાં માંગણી કરેલી છે. જે જાહેરનામું બહાર પાડેથી મળવા શકયતા છે. જે અંગે જરૂરી કાર્યવાહી કરી રેશનીંગ વેપાર કરવાનો મેળવી વેપાર કરવા ખાત્રી આપીએ છીએ.

તારણ :—

મંડળીએ કરેલ રજુઆત તેમજ રજુ કરેલ સાધનિક પુરાવા જોતાં, નીચેના કારણોસર સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ સળંગ ચાર વર્ષથી "ક" રહેલ છે. તેમાં કોઈજ પ્રગતિ થયેલ નથી.

(૨) મંડળીનું સને ૧૯૯૭-૯૮ નું સરવૈયું જોતાં મંડળીએ કોઈ જ વ્યાપારી પ્રવૃત્તિ કરેલ નથી.
(૩) માત્ર ડીવીડન્ડ / વ્યાજની આવક સામે બિનજરૂરી જહીવટી ખર્ચ કરી માત્ર આભાસી નફો ઉભો કરેલ છે.
(૫) મંડળીએ રાસાયણિક ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ કે કંટ્રોલનો કોઈજ વ્યાપાર કરેલ નથી.
(૫) મંડળીનું શેર ભંડોળ પણ યથાવત રાખેલ નથી.
(૬) મધ્યમ મુદતનું ધિરાણ માત્ર નવ સભ્યોને કરેલ છે. જેની વસુલાત થયેલ નથી.

વચગાળાનો આદેશ

ધી ખોલવાડા સેવા સહકારી મંડળી લી., મુકામ ખોલવાડા, તાલુકો સિધ્ધપુર, જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૨૫૪૭૩ તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૨ નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના અંઠ ક, ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારી, ફડચા-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૮.

— — —

વંચાણે લીધા :

(૧) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, અમદાવાદના પરિપત્ર ક્રમાંક સકક/૧૧/ચ/૪૨૮૫/૧૯૬૬, તારીખ ૧૬મી જુન ૧૯૬૬.
(૨) આ કચેરીના હુકમ ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૯૦/૯૮, તારીખ ૩૦મી જુન ૧૯૯૮નો ફડચાનો હુકમ.
(૩) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી(ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૪૨૧/૯૮ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮ થી મંડળીને પુન: જીવીત કરવાની રજુ થયેલ દરખાસ્ત.
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦/૦૧/ધ/૨૩૩૮/૯૮, તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૮ થી પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. /ઉખસફડચ/૦૧/ધ—૨૮૨૯ /૧૯૯૮.— ધી સુર્યદર્શન કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ વડસર, તાલુકો કલોલ નોંધાયેલ મંડળી છે જેનો નોંધણી ૧૦૩૦૯ તારીખ ૪થી નવેમ્બર ૧૯૮૨ છે.
સદર મંડળીની અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૯૦/૯૮. તારીખ ૩૦મી જુન ૧૯૯૮ થી ફડચાનો હુકમ થયેલ ત્યારબાદ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણા ના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૪૨૧/૯૮, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૮ થી સદર મંડળીને નીચેના કારણોસર પુન: જીવીત કરવા અભિપ્રાય થઈ આવેલ.

INDEX

(૧) મંડળીએ તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૮ ની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ કરી પુનઃ જિવીત કરવાના હેતુસર ઠરવ કરેલ છે.

(૩) સદરહુ સોસાયટી જમીનોનો વિવાદ અગાઉ ચાલુ હતો જેનો ચુકાદો ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલનો આવી ગલેલ હોઈ સદરહુ હુકમ અન્વયે સોસાયટીએ જમીનની રેકર્ડ ઉપર નોંધ સારૂ જરૂરી કાર્યવાહી હાથ ધરી આ જમીનની કાચી નોંધ તલાટીના રેકર્ડ ઉપર નમૂના ૭/૧૨માં પડાવેલ છે.

(૩) જમીનના સ્થળની કબજાની કાર્યવાહી ચાલુ છે.

આમ ઉપરોકત બાબત તેમજ મંડળીની તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રથી સાધનિક પુરાવા સહ રજુ થયેલ મંડળીની લેખિત માંગણીને આધીન.

અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૩૮.—તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૮ થી ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦માં કરેલ જોગવાઈ બાબતે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ હિત સંબંધક કોઈજ શખ્સ કે સંસ્થા તરફથી કે સંસ્થા તરફથી કોઈજ વાંધા અગર વિરોધ આવેલ ન હોઈ.

ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાના અભિપ્રાય તેમજ મંડળીની માંગણીને ધ્યાને લઈ સદર મંડળીના સભ્યોના હિતાર્થે સદર મંડળીનો નોંધણી નંબર ચાલુ રાખવો વ્યાજબી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું.

શ્રી સુર્યદર્શન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ વડસર, તાલુકા કલોલ, જિલ્લા મહેસાણાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયે આમુખ-અને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતાં પુનઃ જિવીત કરવો હુકમ કરૂ છું.

મંડળીનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૮મી ઓકટોબર ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રીના પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૨/૩૩૧૪/૯૮ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૮ થી અભિપ્રાય.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૫/૦૦/ધ/૯૮ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.
(૩) મંડળીની તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી લેખિત સાધનિક પુરાવા સહ રજઆત.
(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૯૯/૧૯૯૮.—શ્રી નેદા સેવા સહકારી મંડળી લી. મુ. નેદા, તાલુકા સિધ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૬૮૧૭ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૮૩ છે.

જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાની પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૨/૩૩૧૪/૯૮ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૮ ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો અભિપ્રાય સહ ભલામણ થતાં, તથા કચેરીના પત્ર ક્રમાંક અપણ/૦૧/ધ-૧/૩૩૫૨/૯૮ તારીખ ૧લી સપ્ટેમ્બર. ૧૯૯૮ થી સબ ઓડીટર, સહકારી મંડળી, વિસનગરનો ખાસ અહેવાલ અભિપ્રાય સહ અત્રે રજુ થતાં, નીચેના મુદ્દાસર મંડળીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ.

(૧) છેલ્લા ત્રણ વર્ષથી રેશનીંગનો વ્યાપાર કે અન્ય ખાતરનો વેપારનો પ્રવૃત્તિ કરવામાં આવેલ નથી.

(૨) ગામના લોકોને આવી મંડળી છે કે કેમ? તેની પણ માહિતી નથી.

(૩) મંડળીની ગામમાં કોઈ ચોકકસ સ્થળે ઓફીસ નથી.

(૪) મંડળીની નોંધણી થયા બાદ ધિરાણ સિવાય કોઈ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી હોઈ, તેવા સંજોગોમાં મંડળી ચાલુ રાખવાથી કોઈ હેતુ બર આવે તેમ નથી.

આમ, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૫૦૦/ધ/૯૮ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સદર મંડળીને કારણદર્શક નોટીસ આપતાં કાર દર્શક નોટીસ આપતા, મંડળીનેએ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના પત્રથી લેખિત રજૂઆત તેમજ સાધનિક પુરાવા અંગે નીચે મુજબ ખુલાસો કરેલ છે.

(૧) સને ૧૯૯૬-૯૭ના વર્ષ દરમ્યાન ખાતરનો વ્યાપાર કરેલ છે તેમજ ચાલુ સાલે રેશનીંગના વેપાર બાબતે મે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને અરજી કરેલ છે. લાયસન્સ માંગેલ છે. જે આવેથી રેશનીંગનો વેપાર પ્રવૃત્તિ શરૂ કરવાની ખાત્રી આપેલ છે તેમજ ચાલુ સાલે ખાતરના વેપારની પ્રવૃત્તિ કરવા ખાત્રી આપેલ છે.

(૨) ગામના લોકોને મંડળી હોવાનો ખ્યાલ બાબતે ગ્રામ પંચાયત તથા દૂધ મંડળીના આધાર રજૂ કરેલ છે.

(૩) પ્રવૃત્તિઓ શરૂ કર્યા બાદ મકાન ખરીદવાની ખાત્રી આપેલ છે.

(૪) પ્રવૃત્તિ કરવાની ખાત્રી આપેલ છે.

આમ મંડળીની રજૂઆત તેમજ કરેલ આધુનિક પુરાવા જોતાં સભાસદોના હિતાર્થે નીચેના કારણોસર સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ સને ૧૯૯૭-૯૮ દરમ્યાન કોઈજ વ્યાપારી પ્રવૃત્તિ કરેલ નથી.

(૨) વ્યાજ આવક/ડિવિડન્ડ આવક સામે રૂા. ૨,૯૨૫/- વહીવટી ખર્ચ કરેલ છે આમ રૂા. ૭૧૨.૫૦ આભાસી નફો ઉભો કરેલ છે.

(૩) મંડળીનું પોતાનું કે ભાડાનું મકાન નથી.

(૪) શેર ભંડોળ કે સભ્ય સંખ્યામાં કોઈ વૃદ્ધિ થયેલ નથી.

(૫) રૂા. ૫,૩૮૦/- ભંડોળ સામે રૂા. ૮૦૦/- પુંજી બાજુ બોલે છે. આમ, તારીખ ૩૦મી જૂન, ૧૯૯૮નું સરવૈયું જોતાં મંડળી સભ્યોને શેરભંડોળ ચૂકવી શકે તેમ નથી.

(૬) સને ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮માં મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે.

આમ, ઉપરોકત કારણો જોતાં મંડળીને નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

ધી નેદ્રા સેવા સહકારી મંડળી લી. મુ. નેદ્રા તાલુકો સિધ્ધપુર જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ૨૬૮૧૭ તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૩ (૧) ના ખંડ, ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૮.

નંબર નધણ/સે/૨૭૧૩૩/ધ/૨૯૦૭/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે ધી કિસાન ગ્રુપ કો. ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ રંગપુરડા તાલુકો કડી જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮.

નંબર નધણ/સે-૩૦૧૮૫/ધ/૨૯૩૬/૧૯૯૮.—આથી જાહેર કરે છેકે પાટણ જિલ્લા સહકારી સંઘ સ્થળ પાટણ તાલુકો પાટણ જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરો નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮.

નંબર નધણ/સે/૩૦૧૮૪-ધ/૨૯૪૪/૧૯૯૮.-આથી જાહેર કરે છે કે શ્રી નળિયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ નળીયા તાલુકો સાતલપુર જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરો નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૩મી ઓકટોબર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) ધી મહેસાણા ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી. ના તારીખ ૧લી જુન ૧૯૯૫ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેના અભિપ્રાય સહ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૪૮૮/૯૫, તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૫ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) ના પત્ર ક્રમાંક ખશમ/૦૧/ખ/૩૬૬/૯૮ તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૮ ના મંડળીને ઉદ્દેશીને લખાયેલ પત્ર

(૪) તારીખ ૧લી જુલાઇ ૧૯૯૫ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ની ઓડીટ નોંધ તથા તારીખ ૧લી જુલાઇ ૧૯૯૭ થી તારીખ ૧૫મી જુન ૧૯૯૮ સુધીના હિસાબો.

(૫) અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા) ના તારીખ ૩૭ ઓગસ્ટ ૧૯૯૮ ના પત્ર ક્રમાંક ખશમ/૦૧/ખ/૭૭૬/૯૮, તારીખ ૩૭ ઓગસ્ટ ૧૯૯૮ થી અભિપ્રાય સહ અહેવાલ.

(૬) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૨૭૯, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮.

(૭) મંડળીની તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રથી થયેલ લેખીત રજુઆત તથા આધુનિક પુરાવા રૂપે રજુ કરેલ તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ ના હિસાબો તથા ઠરાવ નંબર ૫૯ તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮ ના ઠરાવની નકલ

(૮) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૧૦/૧૯૯૮.—ધી ખટાસણા સેવા સહકારી મંડળી લી. મુ. ખટાસણા, તાલુકા સિધ્ધપુર, જીલ્લા મહેસાણા, નોંધાયેલ સેવા મંડળી છે જે નોંધણી નંબર ૧૨/૪૫૪, તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૬૧ થી નોંધાયેલ છે.

ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. મહેસાણાએ તેઓના તારીખ ૧લી જુન ૧૯૯૫ ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અહેવાલ સહ અભિપ્રાય રજુકરતી મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૪૮૮/૯૫, તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૫ થી કારણદર્શક નોટીસ પાઠવતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં સદર પ્રકરણ અત્રેના કાર્યાલયના મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા) ને સુપ્રત કરતા તેઓએ તેઓના પત્ર ક્રમાંક ખશમ/૦૧/ધ/૩૬૬/૯૮/તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૮ થી મંડળીને મુદ્દા નંબર ૧ થી ૮ મુદ્દા બાબતે માહિતી મંગાવેલ.

મંડળી તરફથી તારીખ૧લી જુલાઇ ૧૯૯૫ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ના ઓડીટ નોંધને આધીન તથા તારીખ ૧લી જુલાઇ ૧૯૯૭ થી તારીખ ૧૫મી જુન ૧૯૯૮ સુધીના હિસાબોને આધીન મદદનીશ સહકારી અધિકાર શ્રી (સેવા) એ તેઓના તારીખ ૩૭ અ ગસ્ટ ૧૯૯૮ ના પત્ર ક્રમાંક ખશમ/૦૧/ખ/૭૭૬/૯૮ તારીખ ૩૭ ઓગસ્ટ ૧૯૯૮ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા સ્પષ્ટ ભલામણ સહ અહેવાલ અત્રે રજુ થતી.

મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા) લગત મજકૂર કચેરીના તારીખ ૩૭ ઓગસ્ટ ૧૯૯૮ ના અભિપ્રાય અહેવાલને આધીના મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૨૭૯/ધ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮થ સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે નીચેના કારણોસર કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

(૧) મંડળીનો છેલ્લા ૫ (પાંચ) વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૨) મંડળીએ ઘણા લાબા સમયથી ઓડીટ મેમાની તથા બેંક ઈન્સ્પેકશન મેમાની દુરસ્ત રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૩) મંડળી સ્થગિત છે.

INDEX

(૪) પેટા નિયમ મુજબ કોઈજ પ્રવૃત્તિ કરેલ નથી.
(૫) રૂા. ૯૨,૩૦૨.૯૦ પુનઃ વખત લોન પાછલ ૨૩ વર્ષથી મુદતવીતી બાકી તેમજ સભ્યો પાસેથી રૂા. ૨૩,૭૬૬/- વસુલાત અંગે કોઈજ પ્રયત્નો કરેલ નથી.
(૬) મંડળીની ખોટ રૂા. ૯૯,૭૯૧.૨૩ છે.
(૭) દરમાસે વ્યવસ્થાપક કમીટીની બેઠક બોલાવેલ નથી.
(૮) પગારદાર કર્મચારીની નિમણુંક થતી નથી.
(૯) મંડળીમાં આવક કરતા ખર્ચનું પ્રમાણ વધારે છે.

આમ મંડળીને ફુબરૂ રજઆત કરવા સારૂ સાધનિક પુરવા સહ હાજર રહેવા જણાવતાં મંડળીએ તેઓના તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના લેખિત પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

(૧) બાકીદારોને નોટીસો આપેલ છે. અને વસૂલાત માટેના પ્રયત્નો કરીએ છીએ વરસાદ નહી હોવાથી વસૂલાત હાલ પુરતા મુલત્વી રહે તેવું લાગે છે.

(૨) મંડળીને જિવતી કરવા માટે મંડળીએ નવું ધિરાણ માગેલ છે અને તે ધિરાણ મંજૂર પણ થયેલ છે. જે હવેથી ધિરવામાં આવતાં મંડળીનું કામકાજ શરૂ થશે ખાતર અને બિયારણના લાયસન્સ રીન્યુ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. એટલે ધીમે ધીમે મંડળીને ચેતનવંતી બનાવવાની પ્રયત્નો કારોબારી કરી રહી છે.

(૩) ઓડીટરની ઓડીટ પ્રતો હવેથી આમો દુરસ્તી કરીને અચૂક રજ કરીશું.

(૪) દર બે માસે ફરજિયાત કારોબારી મળી છે અને મંડળીને જિવીત કરવાની વિચારણા થાય છે રોજરોજનો હિસાબ લખાય છે.

(૫) ખાતર / બિયારણ લાવવાનું શરૂ કરીશું એટલે પગારદાર કર્મચારી રાખીશું. હાલમાં ખર્ચ પોષાય તેમ નથી.

(૬) કારોબારી અને ગામ સભા નિયમિત સમયે ભરાય છે. મંડળીમાં કોઈ વહીવટીખર્ચ પાડતા નથી. અને ખોટી ખર્ચ કરતા નથી.

આમ ઉપરોકત રજુઆત ઉપરાંત તારીખ ૧લી અપ્રિલ ૧૯૯૮ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ ના હિસાબો રજૂ કરેલ છે. તેમજ ક્રશવ નંબર ૫૯૬ના તારીખ ૧૪મી ઓગસ્ટ ૧૯૯૮ થી મંડળીને ફડચામાં નહી લઈ જવા આગ્રહભરી વિનંતી કરેલ છે.

આમ મંડળીની રજઆત તેમજ રજૂ કરેલ સાધનિક પુરાવા જોતાં મંડળીને નીચેની કારણોસર ફડચામાં લઈ જવા વ્યાજબી જણાય છે.
(૧) બાકીદારો પાસેથી વસૂલાત કરવામાં બિલકુલ નિષ્ફળ ગયેલ છે જે સને ૧૯૭૮થી ચાલુ છે.
(૨) ઓડીટ નોંધણી દૂરસ્તી આ પર્યંત કરેલ નથી.
(૩) ધિરાણ માટે તથા ખાતર બિયારણ માટેના વેપાર માટે માત્ર ખાત્રી આપેલ છે.
(૪) મંડળીના હિસાબી પત્રકો જોતાં જણાય છે કે મંડળી કોઈ જ કામગારી કરતાં નથી.
(૫) ઓડીટ ફી ભરવા જેટલો પણ નફો કરતાં નથી.
(૬) મંડળીના એકત્રિત ખોટ રૂા. ૯૯,૯૧૩.૨૩ થયેલ છે જેના કારણોસર સમગ્ર ભંડોળનું ધોવાણ થઇ ગયેલ છે.
(૭) મંડળીએ વસૂલાત માટે પ્રયત્ન કરેલ હોય તો ૨૦ વર્ષમાં વસૂલાત આવી શકત. પરતું મંડળીએ કોઈ પ્રયત્ન કર્યા હોય તેમ જણાતું નથી.
(૮) મંડળી આર્થક્ષમ બની શકે તેવા સંજોગો જણાતા નથી.
(૯) મંડળી પગારદાર કર્મચારી રાખી શકે તેટલી પણ આર્થક્ષમ નથી
(૧૦) દર માસે વ્યવસ્થાપક કમીટીની બેઠકો મળતી નથી.
(૧૧) મંડળી બિલકુલ સ્થગિત છે.
(૧૨) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ "અ" છે.
(૧૩) મંડળીમાં આવક કરતાં ખર્ચનું પ્રમાણ છે.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને આધીન સદર મંડળીને સભાસદોના હિતાર્થે ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો અદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ.

ધી ખટાસણા સેવા સહકારી મંડળી લી. મુકામ ખટાસણા તાલુકો સિધ્ધપુર જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ૧૨૫૪ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૬૧ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના કલમ-૧૦૭ (૧) ખંડ ક ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો (૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીઓ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નિકળ્યાની એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે ફુબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૮.

———

વાંચણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૮ નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૩/૯૮ થી વર્ચગાળાનો આદેશ.
(૨) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચો/૦૧/૧૪૩/૯૮ તારીખ ૮મી જુન ૧૯૯૮ થી રજ કરેલ દફ્તર અંગેનો ચાર્જ રીપોર્ટ.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ.

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૨૫/૧૯૯૮.—ધી જય આંબેડકર આનુસૂચિત જાતિ પિયત સહકારી મંડળી લી મુકામ ટાકોદી તાલુકા ચાણસ્મા જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૩/૯૮ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલ આપતો મંડળ ને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણા ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૮.

———

INDEX

ધ્યાને લીધા :

(૧) સને ૧૯૯૫- ૯૬ના વર્ષની ઓડીટ નોંધ.
(૨) ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૨૮૧/તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮થી કારણદર્શક નોટીસ.
(૩) મંડળીની તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્રથી થયેલ લેખિત રજુઆત તેમજ સને ૧૯૯૭-૯૮ના વર્ષના હિસાબો ધિરાણ યાદી.
(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૨૬/૧૯૯૮.—શ્રી વિશાળ જૂથ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ વિશાળ, તાલુકા સિધ્ધપુર. નોંધાયેલ મંડળી છે.

જેનો નોંધણી નંબર ૨૬૮૧૯ તારીખ જૂન ૧૯૯૪ છે તારીખ ૧લી જુલાઈ ૧૯૯૫ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૬ ની ઓડીટ નોંધને આધિન મંડળીને અત્રેની કચેરીમાં પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૨૮૧/૯૮ તારીખ ૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી નીચેના કારણોસર ફડચા સંબંધિત કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

(૧) મંડળીએ તેના પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશ્યો અન્વયે પ્રવૃત્તિ કરેલ નથી. હા દીવેલા સિવાય કોઈજ વ્યાપાર પ્રવૃત્તિ કરી નથી.

(૨) તારીખ ૩૦મી જૂન ૧૯૯૬ ના સરવૈયા મુજબ તારીખ ૦મી જૂન ૧૯૯૫ ની ખોટ રૂપિયા ૧૩,૬૩૨.૫૦ તથા તારીખ ૩૦મી જૂન ૧૯૯૬ ની ખોટ રૂા. ૬૨૮૨.૭૫ કરેલ છે.

(૩) પેટા નિયમ અન્વયે દર માસે વ્યવસ્થાપક કમિટીની બેઠક મળેલ નથી.

(૪) ખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણ રૂા. ૧,૨૭,૭૧૮/-વસુલાત અંગે આધાર રજુ કરવો.

(૫) વહીવટી ખર્ચાઓ પર અંકુશ મુકી ખોટ ઘટાડવામાં સંસ્થાના કાર્યવાહકો નિષ્ફળ ગયેલ છે.

મંડળીએ તેઓના તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રથી સને ૧૯૯૭-૯૮ ના હિસાબો તથા મ. મુદત ધિરાણની યાદી અત્રે રજૂ કરી નીચે મુજબની રજૂઆત કરેલ છે.

(૧) સને ૧૯૯૫-૯૬ના વર્ષમાં કોઈ ગંભીર પ્રકારની ખામીઓ જોવા મળી ન હતી આથી મંડળીને "બ" વર્ગ આપવામાં આવેલ છે.

(૨) મંડળી પેટા નિયમ મુજબ જ કામગીરી કરે છે. મંડળીના ઉદેશ્યો પ્રમાણે ખેતી વિષયક ધિરાણ અને સુધારેલ બિયારણોની વહેચણીનું કામ ચાલુ છે. હાલમાં મંડળીનું ભંડોળ નાનું હોઈ નાણાંકીય સગવડ ન હોવાથી અન્ય પ્રવૃત્તિઓ શરૂ થઈ શકેલનથી પરંતુ જેમ જેમ નાણાંકીય સગવડ થશે તેમ તેમ તમામ પ્રવૃત્તિઓ શરૂ કરવા ખાત્રી આપીએ છીએ.

(૩) મંડળીની નોંધણી સને ૧૯૯૪-થી ની સાલમાં થયેલ છે. શરૂઆતની વર્ષોમાં વહીવટી કામકાજ ફરજીયાત કરવું પડતું હોય છે. જ્યારે આવક હોતી નથી તેમ છતાં મંડળી સભાસદોને ખેતી વિષયક મધ્યમ મુદત પ્રકારનું ધિરાણ કરેલ છે સભાસદો તેમની વસ્તુઓ મુદ્દલ તથા વ્યાજ સાથે આપે છે. જ્યારે બેંકમાં લોન વ્યાજ સાથે આપે છે. જ્યારે બેંકમાં લોન વ્યાજ ખાતે રકમ જમાં થાય છે. આથી ખોટ બોલતી હોય છે. વાસ્તવમાં ખોટ હોતી નથી જેમ કે તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ આખરે સભાસદોના વ્યાજ બાકી રૂપિયા ૩૫,૪૭૭/- નો હવાલો લેવામાં આવે તો માલ ખોટ જતાં રૂપિયા ૧૩,૦૪૫/- નો નફો થવા સંભવ છે.

(૪) મેનેજીંગ કમિટીની સભાઓ નિયમિત મેળવવામાં આવે છે. છતાં કોઈ પ્રસંગે દર માસે ન મળી શકી હોય તો હવેથી દર માસે નિયમિત મેળવવા ખાત્રી આપવામાં આવે છે.

(૫) તારીખ૩૦મી જૂન ૧૯૯૬ ના સરવૈયા પ્રમાણે ખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણ રૂા. ૧,૨૭,૭૧૮/ બાકી પડે છે. જેની પાકતી તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૭ અને તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૮ છે. સદર બાકી પૈકી આજદીન સુધી માં રૂા. ૭૫ ૨૭૮/-ની વસૂલાત થયેલ છે. જ્યારે રૂા. ૫૨,૪૪૦/- બાકી પડે છે. જેની વસુલાત કામગીરી ચાલું છે. જે ચાલુ સાલે તમામ વસૂલાત આવી જવાની શક્યતા છે.

(૬) મંડળી સને ૧૯૯૪ ના વર્ષથી શરૂ થયેલ છે. મંડળીએ બીન જરૂરી વહીવટી ખર્ચ કરેલ નથી ફકત માત્ર પગાર ઓફીસ ભાડા અને ઓડીટ ફી જેવા ખર્ચ પડેલ છે. વહીવટી ખર્ચ અંકૂશમાં હોઈ સંસ્થાની કાર્યવાહકોના નિષ્ફળતાને કોઈ પ્રશ્ન રહેતો નથી.

ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, સભાસદોના હિતાર્થે નીચેના કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ સને ૧૯૯૫-૯૬ના વર્ષ દરમ્યાન માત્ર હાઈ. દીવેલાનો વહીવટ વ્યાપાર કરી રૂા. ૨/૦૦ વેચાણ નફો કરેલ છે. સને ૯૬/૯૭ ના વર્ષના હિસાબો રજુ થયેલ નથી. સને ૧૯૯૭/૯૮ના વર્ષ દરમ્યાન માત્ર હાઈ. દીવેલાનો વહિવટ વ્યાપાર કરી, માત્ર રૂા. ૩૧૭/- વેપારી નફો કરેલ છે.

(૨) સને ૧૯૯૭-/૯૮ના વર્ષ દરમ્યાન માત્ર વ્યાજની/ડીવીડન્ડ ની આવક દર્શાવેલ છે. જેની સામે વહીવટી ખર્ચ વધુ છે. આમ રૂા. ૮,૬૬૯.૫૦નું નુકશાન થયેલ હોવા છતાં, નફાનું પત્રકમાં ચાલુ નફો રૂા. ૮,૬૬૯.૫૦ દર્શાવી કચેરીને ગેર માર્ગે દોરવા પ્રયાસ કર્યાનું ફલિત થાય છે.

(૩) મંડળીનું શેર ભંડોળ તેમજ નામદાર સરકારશ્રીનો શેરફાળો પણ વપરાઈ ગયેલ છે.

(૪) મંડળીએ સને ૧૯૯૫-૯૬ના વર્ષ દરમ્યાન રૂા. ૬,૨૮૨.૭૫ ખોટ, તારીખ ૩૦મી જુન ૧૯૯૫ની ખોટ રૂા.૧૩,૬૩૨.૫૦ સરવૈયામાં તારીખ ૩૦મી જુન ૧૯૯૭ની ખોટ રૂા. ૧૩,૭૬૨.૨૫ તારીખ ૩૦મી જુન ૧૯૯૮ની ખોટ રૂા. ૮૬૬૯.૫૦ આમ મંડળીએ સળંગ ખોટ કર્યા કરેલ છે. ખોટ નિવારવા કોઈ જ પગલાં ભર્યાનું જણાતું નથી.

(૫) પેટાનિયમના ઉદેશ્યો અન્વયે મંડળીએ ખાતરનો કે કંટ્રોલ નો કોઈજ વ્યાપાર કરેલ નથી.

(૬) સતત ખોટ કરતી મંડળી આર્થક્ષમ થઈ શકે તેવા કોઈ જ સંજોગો જણાતા નથી.

આમ, સભાસદોના હિતાર્થે મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

ધી વિશોળ જુથ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. વિશોળુ, તા. સિધ્ધપુર, જિ. મહેસાણાને નોંધણી નંબર : ૨૬૮૧૯ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૪થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭(૧)ના ખંડક,ગ(૨), (૪) અન્વયેથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ -૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણા ની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ.-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના તા. ૨૧મી માર્ચ, ૧૯૯૮ના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ ૦૧/ધ/૫૩૦/૯૮ થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોનું મંડળીને ફડચામાં લઈ જવાનું નિવેદન.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૨૭/૧૯૯૮.—ધી જય શ્રી રામપુર (કોટ) ઉમિયાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., તા. વિજાપુર, જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૮ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૦/૯૮થી ફડચા માં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના તારીખ ૮મી ડીસેમ્બર, ૧૯૯૭ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૩૩/૯૭થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૨૮/૧૯૯૮.—ધી ગુરૂકૃપા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિભાગ-૨, મું. સિધ્ધપુર, પુર, તા. સિધ્ધપુર, જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૮મી ડીસેમ્બર, ૧૯૯૭ના હુકમ ક્રમાંક ખસ/ફડચ/૦૧/ ધ/૨૯૩૩ /૯૭, થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, (ફડચો-૧) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદત માં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૯૯/૯૮ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૨૯/૧૯૯૮.— ધી ડેરતળપદ સેવા સહકારી મંડળી લી. મુકામ ડેરતળપદ. તા. પાટણ, જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ ૧ ના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ના હુકમ ક્રમાક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૯૯/૯૮ થી ફડચામાં લઈ જવા ના વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૯૮/૯૮થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૩૦/૧૯૯૮.—ધી ભીલવણ સેવા સહકારી મંડળી લી. મુ. ભીલવણ, તા. પાટણ, જિ. મહેસાણાએ અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૯૮/૯૮ થી ફડચામાં લઈ જવાનો

INDEX

વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, (ફડચો-૩) મહેસાણાએ ફડચાના કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) મંડળીનો તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૮નો સ્વૈચ્છિક ફડચા માં લઈ જવા અંગેની રજુઆત.

(૨) મંડળીના ખાસ સાધારણ સભાના ઠરાવ નંબર : ૩૦ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮થી મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ.

(૩) સને ૧૯૯૪/૯૫, ૯૫/૯૬, ૯૬/૯૭, ના હિસાબો તથા વ્યવસ્થાપક કમિટી, ડેડ સ્ટોક દફ્તરની યાદી.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૭.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૫૩૧/૯૮.—ધી દેવપુરીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. પાટણ, નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર : ૭૭૧૮, તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૮૦ છે.

મંડળીએ તેઓના તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૮થી તેમના, તેની સાથે રજુ કરેલ ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩૦, તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૮ તેમજ રજુ કરેલ સને ૧૯૯૪/૯૫ થી ૧૯૯૬/૯૭ ના હિસાબો તેમજ વ્યવસ્થાપક કમિટી ની યાદી, ડેડ સ્ટોકની યાદી, દફ્તરની યાદી મુજબ નીચેના કારણોસર સદર મંડળીને વગર સુનાવણીએ તેમજ, વચગાળાના આદેશ સિવાય સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા જણાવેલ છે.

(૧) મંડળીએ કોઈ હાઉસીંગ ફાઈનાન્સ તથા મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંકની વચગાળાની લોન મેળવેલ નથી, કે મેળવવામાં રસ નથી.

(૨) સોસાયટીમાં તમામ મકાનોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. જે સભાસદોએ સ્વતંત્ર રીતે પૂર્ણ કરી હાલમાં વસવાટ કરે છે.

(૩) સોસાયટીના તમામ સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી તેમજ, કારોબારી સભ્ય તરીકે રહેવા સંમત નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માગણી અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જતો- નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

ધી દેવપુરીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. પાટણને ઉપરોકત આમુખ નં. ૧ થી ૩માં જણાવ્યા મુજબ મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માગણીને આધીન સદર-૧૦૭(૧)ના ખંડ ખ, ગ(૨) અન્વયે ફડચામાં લઈ જવો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ આપની મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નીમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાએ ફડચા ની કામગીરી આ આદેશની તારીખથીનિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધું :—

(૧) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની પત્ર ક્રમાંક ફડચ / ૦૩ / ૪૪૦/૧૯૯૮, તારીખ ૩૧ મી ઓગષ્ટ ૧૯૯૮ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ કલમ—૨૦ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૫૯/૧૯૯૮.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી નારદીપુર રાવળ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ નારદીપુર તાલુકા કલોલ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૧૦૯, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૬૫ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૪૬૪/૯૪, તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૪ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો—૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ / ૦૩ / ૪૪૦/૧૯૯૮, તારીખ ૩૧મી ઓગષ્ટ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમની કલમ ૧૪૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ—૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી નારદીપુર રાવળ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. લી. મુકામ નારદીપુર તાલુકો કલોલ ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યાં તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬ મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ / ૦૩ / ૪૩૭/૯૮ તારીખ ૩૧મી ઓગષ્ટ ૧૯૯૮થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૬૦/૧૯૯૮.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી કલોલ એસ. ટી. ડેપોના કર્મચારીઓની કેન્ટીન અને ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ કલોલ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૩૯૦૩, તારીખ ૩૦ મી જૂન, ૧૯૯૦થી નોંધાવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ /

INDEX

ધ / ૧૬૬૯/૯૭, તારીખ ૧૭ મી જુલાઈ ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો–૩) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ / ૦૩ / ૪૩૭/૯૮, તારીખ ૩૧મી ઓગષ્ટ ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨ માં જણાવ્યાં મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કલોલ એસ. ટી. ડેપોના કર્મચારીઓની કેન્ટીન અને ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ કલોલ, તાલુકા કલોલની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૨૬૦/૯૮, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ /ધ/ ૨૬૬૧/૧૯૯૮.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ફત્તેહ દરવાજા ખેડૂત સેવા સહકારી મંડળી લી., મુકામ વિસનગર, તાલુકા વિસનગર, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૫૮૩, તારીખ ૧૦ મી જુન, ૧૯૭૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૯૩૯/૯૭, તારીખ ૩૦ મી ઓગષ્ટ, ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ધ / ૨૬૦/૯૮, તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ફત્તેહ દરવાજા ખેડૂત સેવા સહકારી મંડળી લી., મુકામ વિસનગર, તાલુકા વિસનગર, ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાના પત્ર જાવક નંબર ફડચ / ૦૧ / ૧૭૩/ ૧૯૯૮, તારીખ ૧૬ મી જુલાઈ, ૧૯૯૮ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૨૬૬૨/૧૯૯૮.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી નારદીપુર માલ પુરો પાડનારી સહકારી મંડળી લી., મુકામ નારદીપુર, તાલુકા કલોલ, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૮૬૧, તારીખ ૧૩ મી જુલાઈ, ૧૯૪૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૯૩૨/૯૭, તારીખ ૮ મી ડિસેમ્બર, ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૧૭૩/૯૮, તારીખ ૧૬ મી જુલાઈ, ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી નારદીપુર માલપુરો પાડનારી સહકારી મંડળી લી., મુકામ નારદીપુર તાલુકા કલોલ, નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખ થી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૪૧/૧૯૯૮, તા. ૮મી જુન ૧૯૯૮થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ -૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૬૩/૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ન્યુ અંબિકા નગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કાંસા, તા. વિસનગર નોંધાયેલ)સંસ્થા છે. નોંધણી નંબર : ૧૦૦૦૭, તારીખ ૫મી જુલાઈ ૧૯૯૨થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૧૪/૯૭, તારીખ ૯મી મે ૧૯૯૭થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૧૪૧/૯૮, તારીખ ૮મી જુન ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો, અન્વયે સદર મંડળી નામે ધી અંબિકા કો. ઓપ. હા.સો. લી., મું. કાંસા, તા. વિસનગરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૮.

INDEX

વંચાણે લીધા:-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૪૦/૧૯૯૮, તારીખ ૮મી જુન, ૧૯૯૮થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૬૬૪/૧૯૯૮,—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી પાટણ શહેર કર્મચારી કન્ઝ્યુમર્સ સહકારી મંડળી લી., મું. પાટણ, તા. પાટણ, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર : ૩૦૮૪, તારીખ ૩૦મી જુન ૧૯૮૨થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૪૦૫ / ૯૭, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૭થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૪૦/૧૯૯૮, તારીખ ૮મી જુન, ૧૯૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી પાટણ શહેર કર્મચારી કન્ઝ્યુમર્સ સહકારી મંડળી લી., ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા : -

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૧૫૧/૯૮, તારીખ ૨૨મી જુન, ૧૯૯૮થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૬૬૫/૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી મહેસાણા ઘટક-૧, મેલેરીયાના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મું. મહેસાણા, તા. મહેસાણા., નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નં. ૧૫૫૫, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૭૦થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રાર શ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૨૦૬/૯૭, તારીખ ૯મી મે, ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૫૧/૧૯૯૮, તારીખ ૨૨મી જુન ૧૯૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી મહેસાણા ઘટક-૧, મેલેરીયાના કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા : -

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૪૩૮/૯૮, તા. ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮થી રદ અંગેની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૬૬૬/૧૯૯૮.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી જીતોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ-જીતોડા, તા. ચાણસ્મા, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર : ૧૭૭૬૪, તા. ૧૨મી જાન્યુઆરી ૧૯૮૧ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૯૮૨/૯૫, તારીખ ૨૯મી ઓગસ્ટ ૧૯૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૪૩૮/૯૮, તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી જીતોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ જીતોડા, તા. ચાણસ્માની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાના પત્ર ક્રમાંક ૮૧ / લોન / ૭૮૬૪, તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૬ નો પત્ર.
(૨) અત્રેની કચેરીના પત્ર જાવક નંબર ફડચ / ૦૧ / ધ / ૨૬૮૭, તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૬થી આપાયેલ કારણદર્શક નોટીસ.
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ધસમ/૦૧/ખ/૩૬૫/૯૮, તારીખ ૨૭ મી એપ્રિલ, ૧૯૯૮.
(૪) મદદનીશ સહકારી અધિકારી (સેવા) મજુકુર કચેરીના પત્ર ક્રમાંક ખરખ /૦૧/૭૫૨૯૮/--૩૦૭/૯૮ થી મંડળીને ફડચામાં લઈ જવા બાબતનો અભિપ્રાય.

INDEX

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૨૯/૯૮, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના સ્મૃતિપત્રથી મંડળીને રજુઆત માટે આપેલ પુન : તક સબંધે પત્ર.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૯૪/૧૯૯૮.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ના ક્લમ અન્વયે શ્રી જગન્નાથપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ જગન્નાથપુરા, તાલુકા સિધ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર સે-૧૪૧૭, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૬૩ છે. ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાના પત્ર નંબર ૮૧/લોન/૭૮૬૪, તારીખ ૧૬ મી નવેમ્બર, ૧૯૯૬ને આધિન મંડળીને નીચેના કારણોસર અત્રેના કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૮૭/૯૬, તારીખ ૫ મી ડિસેમ્બર, ૧૯૯૬ થી કારણ દર્શક નોટીસ પાઠવેલ છે.

(૧) મંડળી પેટા-નિયમ મુજબ ધિરાણ, રાસાયણ ખાતર, બીયારણ સસ્તા અનાજના વેપારનું કામકાજ કરતી નથી.

(૨) પાછલા દસ વર્ષથી ઓડીટ ઈન્સ્પેકશનમાં જણાવેલ ખામીઓ અને સુચનાઓની દુરસ્તી કરવામાં આવી નથી. તેમજ, દુરસ્તી રીપોર્ટ પણ રજુ કરેલ નથી.

(૩) બે સભાસદો પાસે રૂા. ૧,૮૮૦નું ધિરાણ મુદતવીતી બાકી પડે છે. જે વસુલ કરવા માટે કંઈપણ તજવીજ કરવામાં આવતી નથી.

(૪) મંડળીમાં હાલમાં રૂા. ૪,૮૫૧.૧૬ નુ નુકશાન બોલે છે.

(૫) પાછલા પાંચ વર્ષના ઓડીટ વર્ગ "ડ" છે.

(૬) મંડળીના પેટા-નિયમ મુજબ કામગીરી કરવા માટે કોઈ પગારદાર કર્મચારીની નિમણુંક કરેલ નથી. તેમજ, ઓડીટ પણ રાખેલી નથી.

(૭) મંડળીમાં રૂા. ૧૪, ૨૨૦.૪૬ ની રકમ ઉચાપત થયેલ છે. જે વસુલ કરવા માટે કંઈપણ તજવીજ કરવામાં આવી નથી.

(૮) વ્યવસ્થાપક કમિટીની મિટીંગો બીલકુલ મળતી નથી.

(૯) મંડળી બીન-અર્થક્ષમ થયેલ છે. ડી.એ.પી., પ્રોગ્રામ મુજબ કામ કરી શકે તેમ નથી.

વધુમાં, કારણદર્શક નોટીસ સબંધમાં અત્રેની કચેરીએથી મદદનીશ સહકારી અધિકારી (સેવા) ને સદર મંડળીની ચકાસણી સુપ્રત કરતાં તેઓએ તારીખ ૨૭ મી એપ્રિલ, ૧૯૯૮ ના પત્ર ક્રમાંક ખશમ / ૦૧ / ખ / ૩૬૫/૯૮ થી સદર મંડળી પાસેથી પુન : માહિતી માંગેલ છે.

તદ્ ઉપરાંત મદદનીશ સહકારી અધિકારી-૧ (સેવા) એ સદર મંડળીની સ્થળ મુલાકાત લઈ, ચકાસણી કરી મંડળીના પ્રમુખશ્રી નટવરભાઈ નરસિંહભાઈનું તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૮ ના રોજનું નિવેદન મેળવેલ છે. જે, નિવેદનમાં પ્રમુખશ્રીએ નીચે પ્રમાણે રજુઆત કરેલ છે :—

(૧) મંડળીમાં કોઈ ધિરાણ કરવામાં આવતું નથી.

(૨) ખાતર-બિયારણ કે કોઈપણ જાતનો વેપાર કરવામાં આવતો નથી.

(૩) ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.

(૪) મંડળી તરફથી મુદતવીતી બાકીદારો સામે કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૫) મંડળીની વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમિટીની મિટીંગ મળતી નથી. તેમજ, પગારદાર મંત્રીની કોઈ નિમણુંક કરેલ નથી.

(૬) મંડળીના રોજમેળ લખવાનો બંધુરો છે.

(૭) મંડળીના માજી મંત્રીએ રૂા. ૧૪,૨૨૦ની ઉચાપત કરેલ છે. તથા બે સભાસદોનું રૂા. ૧૮૮૦ નું મુદતવીતી લ્હેણું બાકી છે. જેની સામે કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૮) મંડળીને ચાલુ રાખવામાં કમિટી સભ્યો તથા સભાસદોને કોઈ રસ નથી.

મંડળીના પ્રમુખશ્રીની રજુઆતને આધારે અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી (સેવા) એ પત્ર ક્રમાંક : ખશમ / ૦૧ / ખ / ૭૫૨ / ૯૮, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૮ થી મંડળીને જણાવેલ કારણદર્શક નોટીસના મુદ્દાઓને સંલગ્ન ફડચામાં લઈ જવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. તદ્ઉપરાંત મંડળીને તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના સ્મૃતિપત્રથી પુન : રજુઆત માટે અત્રેથી તક આપવામાં આવેલ. પરંતુ, મંડળી તરફથી કોઈ કમિટી સભ્ય કે પ્રમુખશ્રી રજુઆત માટે ઉપસ્થિત રહેલ નથી.

આમ, મંડળીના પ્રમુખશ્રી નટવરલાલ નરસિંહભાઈ પટેલના તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૮ ના નિવેદનની રજુઆત તેમજ, મદદનીશ સહકારી અધિકારી (સેવા) ના પત્ર ક્રમાંક : ખશમ / ૦૧ / ખ / ૭૫૨ / ૯૮, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૮ ની રજુઆતને આધારે સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી ગણાય છે :—

(૧) મંડળીનો છેલ્લો પાંચ વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે.

(૨) મંડળીએ છેલ્લા બાર વર્ષથી ઓડીટ ઈન્સ્પેકશન મેમોમાં જણાવેલ ખામીઓ અને સુચનાઓની દુરસ્તી કરેલ નથી કે દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૩) બે સભાસદો પાસે રૂા. ૧,૮૮૦ નું ધિરાણ મુદતવીતી બાકી પડે છે. જે વસુલ કરવા માટે કંઈ પણ તજવીજ કરવામાં આવેલ નથી. સંસ્થા તરફથી કોઈ નોટીસ કે દાવાના કાગળો તૈયાર કરવામાં આવેલ નથી.

(૪) મંડળીમાં તારીખ ૩૦મી જુન, ૧૯૯૬ ના અંતે કુલ રૂા. ૪,૮૬૧.૧૬ નું નુકશાન થયેલ છે.

(૫) મંડળી તેના પેટા-નિયમોના ઉદ્દેશો પ્રમાણે કંઈ કામગીરી કરતી નથી. મંડળીમાં કોઈ પગારદાર કર્મચારીની નિમણુંક કરેલ નથી. તેમજ ઓફીસ પણ રાખેલ નથી.

(૬) મંડળીમાં રૂા. ૧૪,૨૨૦.૪૬ ની રકમની ઉચાપત થયેલ છે. જે વસુલ કરવા માટે કંઈપણ તજવીજ કરવામાં આવી નથી.

(૭) મંડળીમાં સને ૧૯૯૬-૯૭ ના વર્ષ દરમ્યાન બેંક વ્યાજના હવાલા સિવાય એકપણ વ્યવહાર નોંધાયેલ નથી.

(૮) મંડળીનો તારીખ ૭મી માર્ચ, ૧૯૯૮ પછીનો રોજમેળ લખાયેલ નથી.

INDEX

(૯) મંડળીની તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૭ થી તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૮ સુધીના સમયમાં માત્ર ત્રણ મિટીંગો મળેલ છે. જેમાં બે મિટીંગોમાં માત્ર ઠરાવો લખાયેલ છે. હાજર સભ્યોની સહીઓ નથી. સભા મળ્યાનું ફલિત થતું નથી. માત્ર ઠરાવો જ લખાયાનું જણાવેલ છે.

આમ, મંડળીને ઉપરોકત કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં, નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી જગન્નાથપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ : જગન્નાથપુરા, તાલુકો : સિધ્ધપુર, જિલ્લો : મહેસાણાને નોંધણી નંબર : ૧૪૧૭, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૬૩ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ ની જોગવાઈ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આંપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણા (ન.જ.-૧) તરફથી રજુ થયેલ ફડચા સંબંધી ખાસ અહેવાલ તથા જિલ્લા સ્પે. ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાનો તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના પત્રથી રજુ થયેલ અભિપ્રાય.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૨૪૯૭, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ તથા સ્વીકૃતિ પહોંચ.
(૩) મંડળી તરફથી રજુ થયેલ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના પત્ર તથા સાધનિક કાગળો તથા તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના પત્રથી રજુ કરેલ પુરક ખુલાસો.
(૪) ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., મહેસાણાનો તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના પત્રથી રજુ થયેલ ખાસ અહેવાલ.
(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક : ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૩૧૧૮ / ૧૯૯૮.—શ્રી મુંડવાડા સેવા સહકારી મંડળી લી., મુંડવાડા, તાલુકો : સિધ્ધપુર, નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર : ૧૩૦૧૭, તારીખ ૧૬મી ઓકટોબર ૧૯૭૪ થી નોંધાયેલ છે.

ઉપરોકત આમુખ નં. (૧) માં જણાવ્યા મુજબ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણા (ન. જ. ૧) એ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૭ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૮ નું અન્વેષણ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ પૂર્ણ કરી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના તારીખ વગરના પત્રથી તેઓના નિયંત્રણ અધિકારીશ્રી, જિલ્લા સ્પે. ઓડીટર, સ. મં., મહેસાણાના તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૮ ના પત્રથી અત્રે રજુ થતાં.

અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક : ફડચ / ૦૧ / ૨૪૯૭ / ધ, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સદર મંડળીને કારણદર્શક નોટીસ પાઠવેલ. જેની સ્વીકૃતિ થયેલ. કારણદર્શક નોટીસમાં નીચે મુજબની ખામીઓ જણાયેલ હતી.

(૧) મંડળીએ પાછલા ત્રણ ઓડીટ નોંધ તથા બે ઈન્સ્પેકશન મેમાની આજદિન સુધી દુરસ્તી કરેલ નથી.
(૨) તારીખ ૩૦મી જુન, ૧૯૯૮ ના રોજની વ્યવસ્થાપક કમિટીની યાદી જોતાં, મંડળીના પ્રમુખશ્રી મુદતવીતી બાકી હોવા છતાં, સને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં ફરજ બજાવે છે. પેટા નિયમનું ઉલ્લંઘન કરેલ છે.
(૩) સંસ્થામાં અનામતો મૂકી માત્ર કંટ્રોલ વ્યાપાર પ્રવૃત્તિ કરેલ છે. સંસ્થાને ઉત્તરોત્તર ખોટી નુકશાની થવા પામેલ છે.
(૪) મંડળીએ બેંક લોન પરત ચુકવવા અંગેની કોઈ કામગીરી કરેલ નથી.
(૫) મુદતવીતી બાકીદારો સામે કલમ-૧૦૬ અન્વયે વસુલાત કાર્યવાહી કરેલ નથી.
(૬) સંસ્થાની પ્રવૃત્તિમાં સંસ્થાના કાર્યવાહકોને કોઈ રસ / ઉત્સાહ જણાયેલ નથી.

આમ, ઉપરોકત કારણોસર મંડળીને કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ નાં રોજ અત્રેની કચેરીએ રૂબરૂ સાંભળવાની / રજુઆત કરવાની તક આપતો મંડળીએ તેઓના તારીખ ૧૧મી સપ્ટેમ્બર. ૧૯૯૮ ના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

(૧) છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ તેમજ બે ઈન્સ્પેકશન રીપોર્ટ મોકલવાના બાકી છે. તે એક માસમાં મોકલી આપવાની ખાત્રી આપેલ છે.
(૨) મંડળીના પ્રમુખશ્રીએ મુદતવીતી બાકી રકમ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૮ ના રોજ ભરી દીધેલ છે.
(૩) મંડળીના મુદતવીતી બાકી હોવાથી જો બેંકમાં નાણાં મુકવામાં આવે તો, બેંક ધિરાણ ખાતે જમા કરી લે છે. આમ, બેંકમાં સેવિંગ્સ ખાતે ખાસ નાણાં નહીં હોવાને કારણે અનામત લઈ કંટ્રોલ કામગીરી કરવામાં આવે છે.
(૪) મંડળીએ બેંક લોન પરત કરવા સારું ૧૯૯૬-૯૭ માં રૂા. ૧,૦૦,૦૦૦ ની તથા ૧૯૯૭-૯૮ ના વર્ષ રૂા. ૭૦,૦૦૦ ની વસુલાત કરેલ છે. જે બેંકમાં ધિરાણ ખાતે જમા કરાવેલ છે.
(૫) મંડળીના મુદતવીતી બાકીદારો સામે કાયદેસરની કાર્યવાહી ૧ માસમાં કરવાની ખાત્રી આપેલ છે.
(૬) મંડળીના હોદ્દેદારોને તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૮ના વ્યવસ્થાપક કમિટીના ઠરાવ નંબર : ૨ થી મુદતવીતી બાકીદારોની વસુલાત કરાવી તેમજ, મંડળી દિન-પ્રતિદિન પ્રગતિ કરે તેવી કાર્યવાહી કરવાનું નક્કી કરેલ છે.

ત્યારબાદ મંડળીએ પુન : તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮થી નીચે મુજબ રજુઆત કરેલ છે.

INDEX

(૧) સને ૧૯૯૭-૯૮ ની ઓડીટ નોંધ અમોને મળેલ નથી. જે મળે તે બાબતે યોગ્ય પ્રબંધ કરવા વિનંતી છે.

(૨) આ ઉપરાંત સને ૧૯૯૪-૯૫ થી સને ૧૯૯૬-૯૭ સુધીના ઓડીટ મેમા મંડળીને મળેલ નથી. જે ઓડીટર તરફથી મોકલી આપવા વિનંતી છે.

(૩) મંડળી તરફથી કરેલ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના જવાબમાં પેરા નં. ૧ માં જણાવેલ વિગતમાં ત્રણ વર્ષનાં ઓડીટ દુરસ્તીના ખુલાસા કરવાની ૧ માસની મુદત માંગેલ છે. તેમાં બેંક ઈન્સ્પેકશન રીપોર્ટના ખુલાસા એ શબ્દ વાંચવો.

ત્યારબાદ સદર મંડળીના વિભાગીય ઈન્સ્પેકટર, ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., સિધ્ધપુર શાખા તરફથી તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૭ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૮ ના રોજ તપાસણી પણ કરતાં તપાસણી અહેવાલ મેનેજર, ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., મહેસાણા તરફથી અત્રે રજુ થયેલ છે. તેમાં પણ તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

આમ, મંડળીની રજુઆત તેમજ, ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., ના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના અહેવાલ ચકાસતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડિટ વર્ગ 'ડ' છે.

(૨) મંડળીએ પાછલા ૩ ઓડીટ નોંધ તથા બે ઈન્સ્પેકશન મેમાની આજદિન સુધી દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીએ કંટ્રોલ વ્યાપાર પ્રવૃત્તિ સિવાય અન્ય કોઈજ પ્રવૃત્તિ કરેલ નથી.

(૪) મુદતવીતી બાકીદારો સામે કલમ-૧૦૬ અન્વયે વસુલાત કાર્યવાહી કરેલ નથી.

(૫) સંસ્થાની પ્રવૃત્તિમાં સંસ્થાના કાર્યવાહકોને કોઈ રસ / ઉત્સાહ જણાયેલ નથી.

(૬) પેટા નિયમ મુજબ વ્ય. કમિટીની મિટીંગો દર માસે નિયમિત મળતી નથી.

(૭) સને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં રૂા. ૮,૭૩૧.૨૧ નુકશાન કરેલ છે.

(૮) મંડળી છેલ્લા કેટલાક વર્ષથી વિરાણુ કરતી નથી.

(૯) આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધતું જાય છે.

(૧૦) ચોખ્ખા નફાની ફાળવણી કરવમાં આવેલ નથી.

(૧૧) બેંક લોન ચુકવવાની બાકી છે. આમ, મુદતવીતી વિરાણુ પણ લોનના પ્રમાણનાં ઊંચું છે.

ઉપરોકત કારણોસર સદર મંડળીને ફડચામાં લઈ જતા નીચે મુજબ વચગાળાના આદેશ કરવામાં આવે છે.

વચગાળાના આદેશ

ધી મુડવાડા સેવા સહકારી મંડળી લી., મુકામ : મુડવાડા, તાલુકો : સિધ્ધપુર, જિલ્લો : મહેસાણાને નોંધણી નં. : ૧૩૦૧૭, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૭૪ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ (૧) ના ખંડ ક, ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી લીકવીડેટર સીનીયર ઈન્સ્પેકટરશ્રી, ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નિકળ્યા તારીખથી ૧ માસમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવામાં જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૮.

નં. : નધણુ / સે-૩૦૧૮૬ / ધ / ૩૦૪૪ / સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે ધી સર્વોદય કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી મર્યાદિત સ્થળ : રંગાકુઈ, તાલુકો : વિસનગર, જિલ્લો : મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૮.

નં. : નધણુ / ઉ-૧૦૪૩૬ / ધ / ૩૦૫૮ / સને-૧૯૯૮.—આથી જાહેર કરે છે કે પાટણ જિલ્લા મજુર કામદાર સહકારી સંઘ મર્યાદિત સ્થળ : પાટણ, તાલુકો : પાટણ, જિલ્લો : પાટણ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ/સે/૩૦૧૮૭/ધ/૬૩૩૧/૩૧૨૫/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી યોગેશ્વર કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કલોડા, તાલુકો સિધ્ધપુર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ/સે-૨૭૧૩૪/ધ/૩૧૭૫/સને ૧૯૯૮.— આથી જાહેર કરે છે કે શ્રી હારીજ રૂ ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી મર્યાદિત સ્થળ હારીજ, તાલુકો હારીજ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત (કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૮.

INDEX

નંબર નધણુ/ઉ/૧૦૪૩૭/ધ/૩૨૦૩/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી મહેસાણા જિલ્લા મજૂર કામદાર સહકારી સંઘ મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૮.

નંબર નધણુ/ધ-૧૮૩૮૦/ધ/૩૨૦૪/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે ચામુંડા કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૮.

નંબર નધણુ/સે/૩૦૧૮૮/ધ/૩૨૦૫/સને ૧૯૯૮:—આથી જાહેર કરે છે કે ધી કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી ઓફ વિસનગર મર્યાદિત સ્થળ વિસનગર, તાલુકો વિસનગર, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૮.

નંબર નધણુ/ઉ/૧૦૪૩૮/ધ/૩૪૦૯/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી રામદેવ મજૂર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ વડલી, તાલુકો પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવ ીછે

મહેસાણા, તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૩૯/૧૦૧૦૦/૯૫, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૫ થી થયેલ હુકમ.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ધ/૨૭૩૪/૯૮, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી થયેલ હુકમ.
(૩) ફડચા અધિકારીશ્રી, સહકારીઅધિકારીફડચો-૧ અને ફડચો-૩, મહેસાણાનો તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૮ નો પત્ર.

આદેશ

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૦૬/૧૯૯૮.—ઉપરોક્ત આમુખ, ૧માં જણાવ્યા મુજબ ચાટાવાડા સેવા સહકારી મંડળી લી. મુકામ ચાટાવાડાની તાલુકા સિધ્ધપુરની ફડચા અંગેની કામગીરી બાબતે ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાને બદલે ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

આમુખ- નંબર ૨ માં જણાવ્યા મુજબ વંદના પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ વિજાપુર, તાલુકા વિજાપુરની ફડચા અંગેની કામગીરી બાબતે ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાને બદલે ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ ઉપરાંત આમુખ- નં.૩માં જણાવ્યા પ્રમાણે પરસ્પર સંમતિથી કરવામાં આવેલ હોઈ, ફડચા સંબંધી કામગીરી સદર હુકમ મળ્યા તારીખથી અમલ કરવાનો રહેશે.

મહેસાણા, તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૮.

નંબર નધણુ/ધ-૧૮૩૮૧/ધ/૩૪૪૩/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે રામેશ્વર કો. ઓ. હાઉસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૪મી ડિસેમ્બર ૧૯૯૮.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નંબર નધણુ/સે-૩૦૧૮૩/સને ૧૯૯૮.—આથી જાહેર કરે છે કે ધી કૃષિ પેદાશ અને ગ્રામોદ્યોગ સહકારી સંઘ મર્યાદિત સ્થળ રાધનપુર, તાલુકો રાધનપુર, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નીકલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, કડીના તારીખ ૩૧મી જુલાઇ ૧૯૯૮ થી ખાસ અહેવાલ.
(૨) મંડળીના વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૬ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૬ થી સ્વેચ્છિક ફડચામાં લઇ જવાનો ઠરાવ.
(૩) ગુ રાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૧૩/૧૯૯૮.—ધી જય મહાકાળી ગોપાલક ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી. મુકામ બલાસર, તાલુકો કડી, નોંધાયેલ મંડળી છે.

INDEX

જેનો નોંધણી નંબર ૨૬૯૨, તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૮૪ છે.

સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૬ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ના સમયનું ઓડીટ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, કડી દ્વારા હાથ ધરી પૂર્ણ કરતાં, તેઓએ તેઓની તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮ ના પત્રથી ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રી મારફત તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૮ ના પત્રથી અત્રે રજુ થતાં, તેમાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સને ૧૯૯૩-૯૪માં મંડળીનો બોર નિષ્ફળ જતાં, છેલ્લા ત્રણ વર્ષથી મંડળી સ્થગિત છે.

(૨) ભંગાર થતી જતી મિલ્કતો વેચાણ કરી ઉપજેલી રકમમાંથી શક્ય તેટલા દેવા ચુકતે કરેલ છે હાલ મંડળી પાસે કોઈજ મિલ્કત નથી.

(૩) મંડળીના રૂા. ૧૨,૦૧૬ ના સ્વભંડોળ સામે તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ના રોજ રૂા. ૧૬,૭૭૨.૭૩ ની ખોટ બોલે છે. જેથી ભંડોળ શુન્ય થઈ જાય છે.

(૪) તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ના રોજ મંડળીને રૂા. ૫૧૧/ -નું દેવું છે. જે ચુકવવા કોઈ મૂડી નથી કે મંડળી પાસે આવકના કોઈ સાધન નથી.

(૫) મંડળી છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ડ" ધરાવે છે.

(૬) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ રીપોર્ટની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૭) મંડળીના સભાસદો તથા કાર્યવાહકોને મંડળી પુનઃ ચાલુ કરવાનો રસ હોયતેમ જણાતું નથી.

(૮) મંડળીનું વીજ જોડાણ વેચાણ લઈ ખેડૂત બળદેવભાઈ દેસાઈએ મંડળીના કમાન્ડ એરીયામાં નવો બોર બનાવેલ છે. જેમાંથી મંડળીના સભાસદોને વેચાણથી પાણી મળી રહેતું હોઈ, કોઈ સભાસદોને મંડળીનો નવો બોર બનાવવામાં રસ નથી કે મંડળીની કોઈ આર્થિક સધ્ધરતા નથી.

આમ, મંડળીએ તેની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૬ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૬ થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ હોઈ, મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માગણી ધ્યાને લઈ, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-(૧૦૭) (૧) ના ખંડ ક, ખ, ગ, (૨), (૪) હેઠળ નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

ધી જય મહાકાળી ગોપાલક ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી. મુકામ બલાસરા, તાલુકા કડી, જિલ્લા મહેસાણાને સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, કડીના તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૬થી રજુ થયેલ ખાસ અહેવાલ તેમજ, મંડળીની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૬, તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૬ થી ફડચામાં લઈ જવાની માગણી કરવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ મંડળીની સ્વૈચ્છિક માગણી મુજબ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા એ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

અત્રેની કચેરીના તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૫૧/૯૮, થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાનો તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૯૮ નો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ.

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૧૧/૧૯૯૮.— શ્રી ઈભરામપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ ઈભરામપુરા, તાલુકા વિજાપુર, જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૫૧/૯૮ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી. શ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર, સહકારી મંડળીઓ, સિધ્ધપુરનો સને ૧૯૯૩-૯૪નીઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાક ફડચ/૦૧/૨૨૮૦/ધ, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીના તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્રથી થયેલ રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૩૧/૯૮ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮, નો પત્ર.

(૫) મંડળીનો તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના પત્રથી થયેલ રજુઆત

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના.

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૧૫/૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે શ્રી વિશાળ શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની સહકારી મંડળી લી., મુકામ વિશાળ, તાલુકા સિધ્ધપુર, નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૫૮૧૦, તારીખ ૧લી જૂલાઈ ૧૯૭૮ છે.

સદર સને ૧૯૯૩-૯૪ની ઓડીટ નોંધને આધીન અત્રેથી સદર મંડળીને નીચેના કારણોસર અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૨૮૦/ધ, તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

(૧) સને ૧૯૮૯-૯૦ થી ૧૯૯૨-૯૩ના સમયનો દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

(૨) સંસ્થાના મૂળભુત ઉદેશો પ્રમાણે સંસ્થાના કાર્યવાહકોએ કોઈજ કાર્યવાહી કરેલ નથી.

(૩) સંસ્થા સ્થગિત છે.

INDEX

(૪) આડિટ સમય દરમ્યાન ત્રણજ વ્યવસ્થાપક કમિટી ની બેઠક મળેલ છે.

(૫) મંડળીનો છેલ્લા ચાર વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૬) તારીખ ૩૦મી જૂન ૧૯૯૪ ના રોજના સરવૈયા મુજબ નુકશાન રૂા. ૯૮૮.૭૯ છે.

(૭) મંડળીએ વર્ષ દરમ્યાન માત્ર ઘાઈગ્રેડ બાજરી ખરીદ—વેચાણ સિવાય અન્ય કોઈ પ્રવૃત્તિ કરેલ નથી.

(૮) મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી ચલાવવામા બીલકુલ રસ નથી.

જે સામે મંડળીએ તેઓના તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૮ ના પત્રથી લેખિત રજુઆત કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) સને ૧૯૮૯-૯૦ થી ૧૯૯૨-૯૩ ના ઓડિટ દુરસ્તી રીપોર્ટ સધ્યાન્તે વખતે સંબંધકર્તા ઓડીટરશ્રીને મોકલી આપેલ છે. જેની નકલ સામેલ કરેલ છે.

(૨) સંસ્થાના મૂળભૂત ઉદ્દેશો પ્રમાણેજ કામગીરી કરે છે સંસ્થાના કાર્યસવાહકો હેતુલક્ષી કામગીરી કરવા ખૂબજ સક્રિય છે. અને ટુંકા સમયમાં વધુ પ્રગતિની ખાત્રી આપવામાં આવે છે.

(૩) સંસ્થા પ્રગતિ કરી રહી છે. હવે વધુ પ્રગતિ કરવા કાર્યરત છે.

(૪) સૂચના પ્રમાણે મેનેજીંગ કમિટીની બેઠકો નિયમિત ખાત્રી આપવામાં આવે છે. પેટા નિયમ કોર્ટમાં પડેલ છે.

(૫) મંડળી હવે પ્રગતિ ઉપર હોઈ, ઓડીટ વર્ગ સુધારવાની ધારણા છે.

(૬) તારીખ ૩૦મી જૂન ૧૯૯૪ ના સરવૈયામાં રૂપિયા ૯૮૮.૭૯ની ખોટ થયેલ છે જે ટુંકસમયમાં નફામાં લાવવાની ખાત્રી આપવામાં આવે છે.

(૭) હવે મંડળી સુધરેલા બિયારણની વહેચણી તથા શાકભાજી ખરીદ-વેચાણની કામગીરી શરૂ કરવા માગે છે.

(૮) મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળીના કામકાજમાં ખૂબજ રસ છે. તેઓને મંડળી ચલાવવામાં પુરતો રસ છે મંડળીની કારોબારી સક્રીય છે.

(૯) આમારી મંડળી આવતા એક વર્ષમાં ખાતર તેમજ, બિયારણના વેપાર કરવાની ઈચ્છા રાખે છે. જે અમોને એક વર્ષની તક આપવા મહેરબાની કરેલ છે.

ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૩૧/૯૮ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સ્મૃતિપત્ર પાઠવી પુરક માહિતી મંગાવેલ જે અંગે મંડળીએ તેઓના તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના પત્રથી રજૂ કરેલ છે.

આમ મંડળીએ કરેલ લેખિત રજુઆત તેમજ સાધનિક પુરાવા જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) સને ૧૯૯૩-૯૪ ના વર્ષની સંખ્યા ૩૮, હતી તે ઘટીને સને ૧૯૯૭-૯૮ ના વર્ષ દરમ્યાન ૩૦ થયેલ છે.

(૨) મંડળીએ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૧ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૨ તથા સને ૧૯૯૨-૯૩ ના વર્ષના ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલી આપ્યા સંબંધે કોઈજ ખુલાસો કરેલ નથી.

(૩) મંડળીએ ૧૯૯૭-૯૮ ના વર્ષ દરમ્યાન કોઈ જ પ્રકારની વેપારી પ્રવૃત્તિ કરેલ નથી.

(૪) મંડળીએ ખોટ ઓછી કરવાને બદલે તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ ના સરવૈયા મુજબ રૂા. ૧૪૫૯.૦૪ થયેલ છે.

આમ મંડળીને નોંધણી થયે ૨૦ વર્ષ જેટલો સમય થઈ ગયેલ હોવા છતાં મંડળીએ પોતાના ભંડોળમાં કોઈજ વધારો કરેલ નથી. આમ મંડળીની આર્થિક સ્થિતિ ખુબજ ખરાબ છે અનામત થાપણ મૂકી મંડળીનો વહીવટ ચલાવવો તે મંડળીની બીન-અર્ધક્ષમતા સૂચવે છે સંસ્થાના મૂળભૂત ઉદ્દેશો પ્રમાણે સંસ્થાએ કોઈજ કાર્યવાહી કરેલ નથી મંડળી સ્થગિત છે. વ્યવસ્થાપક કમિટીની બેઠક નિયમિત મળતી નથી

આમ, ઉપરોકત કારણો જોતાં સભાસદોના હિતાર્થે મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી વિશોળ શાકભાજી અને ફળફળાદી ઉગાડનાર ખરીદ—વેચાણ સહકારી મંડળી લી મુકામ વિશોળ, તાલુકા, સિધ્ધપુર જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ૧૫૮૧૦ તારીખ ૧લી જુલાઈ ૧૯૭૮ થી નોંધવામાં આવે છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ (૧) ના ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાનો સને ૧૯૯૬-૯૭ ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ખસમ/૦૧/ખ/૨૨૭૮/૯૮, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના પત્રથી લેખિત રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૨૮/૯૮, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સ્મૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૩ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૪૮ / ૧૯૯૮.—શ્રી સુણોક સેવા સહકારી મંડળી લી., મુકામ સુણોક, તાલુકો : સિધ્ધપુર નોંધાયેલ સેવા મંડળી છે. જેનો નોંધણી નંબર : ૨૭૩૮૮, તારીખ ૯મી નવેમ્બર, ૧૯૫૮ છે.

ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના સને ૧૯૯૬-૯૭ ના ઓડીટ નોંધને આધીન મંડળીને નીચેના કારણોસર અત્રેથી કચેરીના પત્ર ક્રમાંક ખસમ / ૦૧ / ખ / ૨૨૭૮ / ૯૮, તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

(૧) મંડળીએ ઘણાજ લાંબા સમયથી ઓડીટ મેમાની દુરસ્તી મોકલી આપેલ નથી.

(૨) સ્પેશ્યલ ડુબત લ્હેણાં ફંડની પાસબુક તારીખ ૩૦મી અપ્રિલ, ૧૯૯૪ થી અધુરી છે.

INDEX

(૩) શેર યાદી તથા સરવૈયામાં રૂા. ૬૬૦ ને તફાવત છે. જે આજદિન સુધી મેળવેલ નથી.

(૪) ધિરાણ યાદી તથા સરવૈયામાં રૂા. ૪,૬૧૦ નો તફાવત છે.

(૫) ઠાકોર સવધન તહાજી મુદતવીતી બાકીદાર હોવા છતાં, વ્યવસ્થાપક કમિટી સભ્ય તરીકે રહેલ છે.

(૬) મંડળીએ પુન : ધિરાણ તથા મુદતવીતી ધિરાણની વસુલાત કરેલ નથી.

(૭) બેરલ ડિપોઝીટ રૂા. ૧૦૦, નેશનલ સેવિંગ્સ સર્ટી.,રૂા. ૨,૨૫૦ સિધ્ધપુર તાલુકા સંઘ રૂા. ૧૦૦, કાપડ અનામત રૂા. ૧૦૦, મામલતદાર ડીપોઝીટ રૂા. ૧૫૦ ની પાવતી કે સર્ટિફિકેટ દફતરે નથી.

(૮) સભાસદ રજિસ્ટ્રાર અધુરૂ છે.

(૯) તારીખ ૨૩મી ઓગષ્ટ, ૧૯૯૬ રૂા. ૩,૨૪૪.૪૦ તથા તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૬ રૂા. ૧,૬૨૨.૭૭, કેરોસીન ખરીદતાં બીલ ઓડીટમાં રજુ કરેલ નથી.

(૧૦) ચોખ્ખા ખરીદીની એક બોરીની રકમ વધુ ભરેલ છે. જે રકમ મજરે મેળવેલ નથી.

(૧૧) બેંક લોન ખાતે રૂા. ૨૫,૦૦૦ ઉધાર્યાની પાકી પાવતી ઓડીટ વખતે રજુ કરેલ નથી.

(૧૨) શેર રજિસ્ટર તથા શેર ખાતાવહી રજુ કરેલ નથી.

(૧૩) સિલક તથા માલસ્ટોક સંભાળાતા કર્મચારીના જામીનખત મેળવી બેંક કસ્ટડીમાં રાખેલ નથી.

(૧૪) સિલક તથા માલસ્ટોકની સલામતી માટે પેકેજ પોલીસી મેળવી બેંક કસ્ટડીમાં રાખેલ નથી.

(૧૫) જમા પાવતીબુકનું સ્ટોક પત્રક તથા રોકાણ રજિસ્ટર રાખેલ નથી.

(૧૬) નફાની ફાળવણી વાર્ષિક સાધારણ સભામાં પેટા-નિયમ મુજબ કરેલ નથી.

(૧૭) ૧૯ વર્ષે ડેડ સ્ટોક ઉપર ઘસારા ફંડની જોગવાઈ નફા-નુકશાન ખાતેથી કરેલ નથી.

(૧૮) દર વર્ષે સભ્યોના બાકી અંગેના કબુલાતનામા મેળવવાની પ્રથા નથી.

(૧૯) સંસ્થામાં કંટ્રોલ કમિટીની નિમણુંક કરી નિયમિત સ્ટોકની તપાસ તથા આંતરિક હિસાબ તપાસણી થતી નથી.

ઉકત કારણદર્શક નોટીસ સામે મંડળીએ તેઓના તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના પત્રથી કોઈપણ પ્રકારના સાધનિક પુરાવા રજુ કર્યા સિવાય માત્ર અમલ કરવાની ખાત્રી જ આપેલ છે.

જે અંગે પુન : મંડળીને અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક નં. : ઉખાસ / ફડચ / ૦૧ / ચ / ૨૬૨૮ / ૯૮, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સ્મૃતિપત્ર પાઠવી સાધનિક પુરાવા તેમજ છેવટ સુધીના હિસાબી પત્રકો સહિત અત્રેની કચેરીએ હાજર રહેવા તક આપવા છતાં પણ મંડળી તરફથી કોઈ જ પ્રતિનિધિ હાજર રહેલ નથી. કે સાધનિક પુરાવા રજુ કરી શકેલ ન હોઈ સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સુણોક સેવા સહકારી મંડળી લી. મુકામ : સુણોક, તાલુકો સિધ્ધપુર જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૨૭૩૮૮ તારીખ ૯મી નવેમ્બર, ૧૯૫૮ થી નોંધવામાં આવેલ છે.તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામા આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચાં અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારીશ્રી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (પ્રમાણિત-૧) મહેસાણાની તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૩ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૫ ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૨૨૮૩ / ૯૯૮ તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તારીખ ૩૦મી ઓગષ્ટ, ૧૯૯૮ થી થયેલ લેખિત રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૨૭ / ૯૮ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સ્મૃતિપત્ર

(૫) મંડળીની તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી થયેલ લેખિત રજુઆત.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૭૨૨ / ૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ અન્વયે શ્રી વરવાડા જૂથ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ વરવાડા તાલુકો સિધ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર-૨૬૮૨૦ તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૪ છે.

ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમાણિત-૧) મહેસાણાની તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૩ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ ના ઓડિટ નોંધને આધિન સદર મંડળીને નીચેના કારણોસર અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૨૨૮૩ / ધ તારીખ ૫મી ઓગષ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી.

(૧) મંડળીએ પેટા નિયમના ઉદેશો અન્વયે પ્રવૃત્તિ કરેલ નથી.

(૨) મંડળીએ તારીખ ૩૦મી જૂન, ૧૯૯૪ ના સરવૈયા મુજબ રૂા. ૧૮૨૮.૨૫ ખોટ કરેલ છે. તેમજ તારીખ ૩૦મી જૂન, ૧૯૯૫ ના સરવૈયા મુજબ રૂા. ૩,૭૩૯.૫૦ ખોટ કરેલ છે.

(૩) સભાસદ ધિરાણ મધ્યમ મુદત રૂા. ૧,૯૩૩૧૫ વસુલાત બાકી બોલે છે. જે અંગે થયેલ વસુલાતની વિગત જણાવવી.

(૪) પેટા નિયમ અન્વયે વ્યવસ્થાપક કમિટીની બેઠક નિયમિત મળતી નથી.

(૫) વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી.

સદર કારણદર્શક નોટીસ સામે મંડળીએ તેઓના તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ ના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

(૧) મંડળી તેના પેટા નિયમ પ્રમાણે જ પ્રવૃત્તિઓ કરે છે.

INDEX

(૨) મંડળી નવિન છે. પ્રથમ ઓડીટ છે. પ્રથમ વર્ષ હોઈ રૂા. ૧૮૨૮.૨૫ ની ખોટ કરેલ છે. જે વ્યાજબી છે. ચાલુ વર્ષ તારીખ ૩૦મી જુન ૧૯૯૮ આખર રૂપિયા ૯૨૨.૬૦ નફો કરેલ છે.

(૩) મંડળી ખેતી વિષયક મધ્યમ મુદતની દૂધાળા ઢોરનું ખરીદવાનું ધિરાણ કરે છે. તારીખ ૩૦મી જુન ૧૯૯૫ના સરવૈયા મુજબ રૂા. ૧,૯૩,૭૧૧ નું ૩૬ સભાસદોને ધિરાણ કરેલ છે. જે ચાલુ ધિરાણ છે. જેમાં કોઈપણ સભાસદ પાસે મુદતવીતી બાકી નથી. સદર બાકી ધિરાણની વસુલાત ચાલુ છે. જે પૈકી તમામ વસુલાત આવી ગયેલ છે. તારીખ ૨૦મી ઓગષ્ટ ૧૯૯૮ના રોજ ૨૨ માસે રૂા. ૬૫,૩૫૬ બાકી છે જેની વસુલાતની કામગીરી ચાલુ છે. સદર રકમ બે માસમાં ચુકતે વસુલ કરવાની ખાત્રી આપવામાં આવે છે.

(૪) પેટા નિયમ અન્વયે મેનેજિંગ કમિટીની બેઠકો નિયમિત, દર માસે મળેલ નથી. તેમજ મેનેજિંગ કમીટી ખુબ જ રસ લઈ, ખુબ જ સક્રિય હોઈ, મંડળીના વિકાસમાં ખુબજ ધ્યાન આપે છે. ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નંબર-ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૬૨૭ / ૯૮, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી પુરક માહિતી મંગાવેલ.

આમ, મંડળીની તારીખ ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૮ તેમજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રજુ કરેલ સાધનિક પુરાવાઓ પરથી સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ સને ૧૯૯૬-૯૭ તેમજ ૧૯૯૭-૯૮ના વર્ષ દરમ્યાન કોઈપણ વેપારી પ્રવૃત્તિ કરેલ નથી. માત્ર વ્યાજ આવક પર મંડળીના વહીવટી ખર્ચાઓ કરેલ છે.

(૨) મંડળીનું તમામ ભંડોળ ધોવાઈ ગયેલ છે. મંડળી બિન-આર્થક્ષમ છે.

(૩) સને ૧૯૯૭-૯૮ ના વર્ષ દરમ્યાન વ્યવસ્થાપક કમિટીની બેઠકો નિયમિત મળેલ નથી.

(૪) સભાસદ ધિરાણ તારીખ ૩૦મી જુન, ૧૯૯૮ના રોજ રૂા. ૧,૦૭,૫૧૯ વસુલ કરવાની બાકી છે.

(૫) મંડળીએ પેટા નિયમના ઉદ્દેશો અન્વયે ધિરાણ સિવાય કોઈ જ પ્રવૃત્તિ કરેલ નથી.

આમ, સભાસદોના હિતાર્થે મંડળી બિન-આર્થક્ષમ હોઈ, તેમજ, અન્ય કોઈ વેપારી પ્રવૃત્તિ કરતી ન હોઈ, સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી વરવાડા જૂથ ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ-પોસ્ટ વરવાડ, તાલુકો સિધ્ધપુર, જિલ્લો મહેસાણાને નોંધણી નંબર : ૨૬૮૨૦, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૪ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ ની જોગવાઈઓ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે, ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી. ફડચો ૧. મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧ / ૩૧૩ / ૯૮. તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૭૨૫ / ૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી રાજીવનગર કો.-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મુકામ પાટણ. તાલુકો પાટણ. નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર: ૩૪૩૯ તારીખ ૧૪મી નવેમ્બર ૧૯૮૬ થી નોધવામા આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૭૪૨/૯૭, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-/ ૦૧ / ૩૧૩૩ / ૯૮ તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાના કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે સદર મંડળી નામ ધી રાજીવનગર કો.-ઓપરેટીવ સોસાયટી લી. મુકામ પાટણની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, (૪) મહેસાણાની સને ૧૯૯૫-૯૬ની ઓડીટ નોંધ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૨૮૨/તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ થી મંડળીએ કરેલ રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૨૬/૯૮, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮, મંડળીની તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના પત્રથી થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૨૩/૧૯૯૮.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ અન્વયે શ્રી વરવાડા શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુકામ વરાવાડ, તાલુકા સિધ્ધપુર, નોંધાયેલ મંડળી છે જેનો નોંધણી નંબર ૧૫૮૧૧ તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૭૮ છે. સદર મંડળીની સને ૧૯૯૫-૯૬ ની ઓડીટ નોંધને આધીન અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૨૮૨/ધ તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮ થી નીચેના કારણોસર કારણદર્શક નોટીસ પાઠવેલ છે.

(૧) ઓડીટ સમય દરમ્યાન પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબ કામગીરી કરેલ નથી.
(૨) તારીખ ૩૦મી જુન ૧૯૯૬ના રોજ સરવૈયા મુજબ મંડળીની ખોટ રૂા. ૨૯,૯૬૯.૮૪ છે.
(૩) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીની બેઠક નિયમિત બોલાવેલ નથી.
(૪) સને ૧૯૯૪-૯૫ ના વર્ષની ઓડીટ દુરસ્તી મોકલેલ નથી.
(૫) આવકની સામે વહીવટી ખર્ચ વધુ હોઈ, ખોટ ઘટાડવા પ્રયત્ન કરેલ નથી.

આમ સદર કારણદર્શક નોટીસ અન્વયે મંડળીએ તારીખ ૨૬મી ઓગસ્ટ ૧૯૯૮ ના લેખિત પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

(૧) મંડળી તેના પેટા નિયમ મુજબનું કામકાજ નિયમ પ્રમાણેજ પ્રવૃત્તિઓ કરેલ છે.

(૨) મંડળીએ ચાલુ સાલે રાસાયણિક ખાતરો વગેરેનું કામકાજ ચાલુ કરેલ છે. જેથી તારીખ ૧લી જુલાઈ ૧૯૯૭ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ સુધીના વર્ષમાં મંડળીએ ચોખ્ખો નફો રૂા. ૩,૨૦૬.૨૫નો કરેલ છે, જેથી મંડળી હવે પેટા નિયમ મુજબનું કામકાજ શરૂ કરેલ હોઈ, આગાઉની ખોટ ધીરે ધીરે ઓછી કરવામાં આવશે અને મંડળીની આર્થક્ષમ બનાવવાના તમામ પ્રયત્નો ચાલુ કરેલ છે.

(૩) મંડળી તેના પેટા નિયમ અન્વયે મેનેજીંગ કમિટીની બેઠકો દર માસે નિયમિત મળે છે તેમજ મંડળીના કામકાજ કમિટી સભ્યો કાર્યશીલ છે તેથી વાંધો દૂર કરવા વિનંતી કરવામાં આવે છે.

(૪) મંડળીનું ૧૯૯૪-૯૫ના વર્ષનું ઓડીટ થયેલ છે, પરંતુ તેનો ઓડીટ રિપોર્ટ મંડળીને અત્યાર સુધીમાં મળેલ નથી જેના કારણે દુરસ્તી રીપોર્ટ મોકલી શકાયેલ નથી.

(૫) ચાલુ સાલે મંડળીએ તેના પેટા નિયમ મુજબ કામકાજ કરી આપી વધારેલ છે અને ખર્ચમાં કરકસર કરી વહીવટી ખર્ચ ઓછો કરેલ છે. જેથી તારીખ ૩૦થી જુન ૧૯૯૮માં મંડળીએ નફો કરેલ છે. જેથી મંડળી મૂળ વિકાસમાં ખૂબ ધ્યાન આપે છે અને કમિટી પણ મંડળીના વિકાસમાં પુરેપુરો રસ ધારાવે છે ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૨૬/૯૮ તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી સ્મૃતિપત્ર પાઠવી પુરક માહિતી માંગવતાં મંડળીએ તેઓના તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૮ના પત્રથી સાધનિક પુરાવા રજુ કરેલ છે આમ, મંડળીની તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ની તેમજ તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૯૮ની લેખિત પત્રથી થયેલ રજુઆત તેમજ સાધનિક પુરાવાઓ જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) સને ૧૯૯૭-૯૮ના વર્ષ દરમ્યાન માત્ર માલ ખરીદ-વેચાણ સિવાય અન્ય કોઈ પ્રવૃત્તિ કરેલ નથી.

(૨) તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ ના સરવૈયા મુજબ નુકશાન રૂા. ૩૩,૫૬૯.૫૦ છે.
(૩) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે.

(૪) મંડળીના તમામ ફંડો જોતાં મંડળીની નાણાંકીય સ્થિતિ ફંડો જેટલી પણે નથી તમામ ફંડોનું ધોરણ થઈ ગયેલ છે.

(૫) મંડળી બિલકુલ બિન આર્થક્ષમ છે.
(૬) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટીની બેઠકો નિયમિત મળતી નથી.
(૭) સને ૧૯૯૪-૯૫ના વર્ષનું ઓડીટ દુરસ્તી રીપોર્ટ ઓડીટ નોંધ ન મળવાના કારણોસર મોકલી શકાયેલ નથી તે બાબત વ્યાજબી નથી.

આમ મંડળીને ઉપરોકત કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી વરવાડા શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની ખરીદ-વેચાણ સહકારી મંડળી લી. વરવાડા તાલુકા સિધ્ધપુર જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ૧૫૮૧૧ તા. ૧લી ઓગસ્ટ ૧૯૭૮ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭ની જોગવાઈ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી સહકારી અધિકારીશ્રી (બજાર)ની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ઓડીટર સહકારી મંડળી (ગ્રાહક) પાટણના પત્ર ક્રમાક અષણ / ૦૧ / ૧૫૦/૯૮, તારીખ ૧૩ મી એપ્રિલ, ૧૯૯૮ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) મંડળી વા. સા. સભાની ઠરાવની નકલ તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ-૦૧-ધ-૪૦૮૫-૧૯૯૮ તારીખ ૧૨મી જુન, ૧૯૯૮થી કારણદર્શક નોટીશ સ્વીકૃતિ પહોચ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૭૨૬/૯૮.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ અન્વયે ધી કલ્યાણ કો. ઓપ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી., મુકામ ઉંઝા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નં. ૩૦૯૭ તારીખ ૮ મી માર્ચ, ૧૯૮૮ છે.

ઓડીટર, સહકારી મંડળી (ગ્રાહક) પાટણએ તેઓના તારીખ ૧૩ મી એપ્રિલ, ૧૯૯૮ થી સદર મંડળીનું તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૬ થી ૩૦ મી જુન, ૧૯૯૭ ના સમયનું અન્વેષણ હાથ ધરી સદર મંડળીને ફડચામા લઈ જવાનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રી મારફત તારીખ ૨૨ મી એપ્રિલ, ૧૯૯૮ ના પત્રથી અત્રેના કાર્યાલયે રજુ થતા તેઓના ખાસ અહેવાલનો આધીન નીચેના કારણોસર સદર મંડળીને કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેની બજવણી પણ થયેલ છે.

(૧) મંડળીએ તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૬ ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૮ થી ફડચામા લઈ જવા ઠરાવેલ છે.

(૨) મંડળીએ સને ૧૯૯૨--૯૩ પછીથી કોઈ જ પ્રવૃત્તિ કરેલ નથી. મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે.

(૩) સંસ્થાએ છેલ્લા ત્રણ ઓડીટની દુરસ્તી કરેલ નથી.

(૪) સતત પાચ વર્ષથી માત્ર સને ૧૯૯૬--૯૭ ના વર્ષમાં સા. સભા મળેલ છે.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટીની બેઠક તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૧ પછીથી મળેલ નથી.

(૬) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામા રસ નથી.

(૭) તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૩૦ મી જુન, ૧૯૯૭ સુધીના સમયનો ઓડીટ વર્ગ "ડ" છે.

આમ મંડળીએ સુનાવણીની તારીખે રુબરુ હાજર રહી રજુઆત કરવાની દરકાર કરેલ નથી. કે અરજ પર્યંત કોઈજ લેખિત રજુઆત કરેલ નથી.

આમ મંડળીની વા. સા. સભા ના. ઠરાવ નં. ૮ તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૬ થી મંડળીએ ફડચામાં લઈ જવા ઠરાવેલ હોઈ.

મડળીની માંગણી મુજબ નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી કલ્યાણ કન્ઝ્યુમર્સ કો. ઓપ. સોસાયટી લી., મુકામ કલ્યાણપુરા (ઉંઝા) સિધ્ધપુર જિલ્લો મહેસાણાને નોંધણી નંબર ૩૦૯૭, તારીખ ૨૯ મી સપ્ટેમ્બર, ૧૯૯૬ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના આધિનિયમની કલમ ૧૦૭ (૧) ના ખડ ખ, ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામા આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો--૧, મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રુબરુ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી ઓગષ્ટ ૧૯૯૮ નો આદેશ ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૫૯/૯૮ થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારી, સહકારી અધિકારી, ફડચો--૧, મહેસાણાનો તારીખ ૨૮ મી સપ્ટેમ્બર ૧૯૯૮ થી દફતરનો ચાર્જ લેવા અત્રેનો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ /ધ / ૨૭૩૪/૯૮.— ધી વંદના-પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ વિજાપૂર તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ--૧ ના તારીખ ૩૧ મી ઓગષ્ટ ૧૯૯૮ હુકમ ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૫૯/ ૧૯૯૮ થી ફડચામાં લઈ જવાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપનો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી, ફડચો--૧, મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૯૮.

આર. વી. દવે .
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધા :—

(૧) શ્રી શકિત સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસ લી. મુકામ કડીનો તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૮નો પત્ર.

વચગાળાનો હુકમ

જાવક નંબર ઉખાસ / ફડચ / ૧૬૪૯ / ૧૯૩૫૬/૯૮.— શ્રી શકિત સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસ લી. મુકામ કડી તાલુકા કડી જિલ્લો મહેસાણા શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ)--મહેસાણાની કચેરીના નોંધણી ક્રમાંક ઉ--૪૫૦૭ તારીખ ૧૭ મી ઓગષ્ટ ૧૯૮૩ થી નોંધાવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી (૧) (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી

INDEX

(ફડચો) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીએ કોઈ પણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ (એક) માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક ફડચ / ૦૧ / ખ / ૧૬૯૭/૯૮, તારીખ ૧૪ મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

(૨) આ કચેરી તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ ની નોંધ.

હુકમ

ક્રમાંક જીઉકે /મહે /ફડચા/૨૦૨૫૧/૧૭૨૧/૯૮.— શ્રી સહયોગ ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કલોલ, તાલુકો કલોલ, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસના જાવક નં, ઉખસ/ ફડચ / ૧૫૮૪ / ૯૪. તા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ--૨૦ (૧) મુજબ રદ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક ફડચ / ૦૧ / ખ / ૧૬૯૬/૯૮, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

(૨) આ કચેરી તારીખ ૪ થી ફેબ્રુઆરી, ૧૯૯૪ ની નોંધ

હુકમ

ક્રમાંક જીઉકે / મહે / ફડચા / ૧૭૨૭ / ૨૦૩૦૨/૯૮ —શ્રી ભાસરીયા વણકર ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુકામ ભાસરીયા, તાલુકો [illegible], જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસોના જાવક નંબર ઉખસ / ફડચ / ૦ખ / ૩૦૮/૯૪, તારીખ ૭ મી ફેબ્રુઆરી, ૧૯૯૪થી આ આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) શ્રી જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળી (ઉદ્યોગ) મહેસાણાનો મંડળીનો ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ / ફડચ / ૧૬૪૯/૯૮ તારીખ ૭ મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

અંતિમ હુકમ

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧ / જ / ૨૦૩૦/૨૩૬૦૫/૯૮.—, શ્રી શકિત સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસ લી., મુકામ કડી, તાલુકા કડી જિલ્લો મહેસાણા શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ-૪૫૦૭, તારીખ ૧૭ મી ઓગષ્ટ ૧૯૮૩ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીનો ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરું કરવું.

મહેસાણા, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક ફડચ/૦૧/ખ/૧૯૨૭/૯૮, તારીખ ૨૬ મી ઓકટોબર, ૧૯૯૮.

(૨) આ કચેરી તારીખ .....ની નોંધ.

હુકમ

ક્રમાંક જીઉકે / મહે / ફડચા / ૨૦૭૧ / ૨૪૦૮૭/૯૮.— શ્રી કડી ચર્મોદ્યોગ સહકારી મંડળી લી., મુકામ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસના આવક નંબર ઉખસ / ફડચ / ૦ખ / ૨૫૯૮/૯૬, તારીખ ૨૬ મી ડિસેમ્બર, ૧૯૯૬ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૮.

કે. જી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ), મહેસાણા.

INDEX

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક ફડચ / ૦૧ / ખ / ૧૮૯૨/૯૮ તારીખ ૨૬ મી ઓક્ટોબર ૧૯૯૮.

(૨) આ કચેરી તારીખ ..... ની નોંધ.

હુકમ

ક્રમાંક જીકે / મહે / ફડચા / ૨૦૬૨ / ૨૩૯૨૭/૯૮.— શ્રી વિક્રમ કો. ઓ. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ લી. મુકામ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસોના જાવક નંબર ઉખાસ / ફડચ / ૦ખ / ૨૫૬૦/૯૬ તારીખ ૨૦ મી ડિસેમ્બર ૧૯૯૬ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૮.

એચ. ઓ. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ ઉદ્યોગ, મહેસાણા.

સે. ક્રમાંક ઉખાસ / નધણ / દસમ / સે. દૂ.-૩૦૫૩૫ / ક-૪ / ૮૫૫/૯૮.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી આદીવાસી દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગરબાડા, તાલુકો ગરબાડા, જિલ્લો દાહોદ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૮.

વાંચ્યો :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.
૨. સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએચ/એમ.૭/૧૯૯/સીડીઈ-૧૦૯૭ /૧૫૩/જે તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.
૩. આ કચેરીના છેલ્લા હુકમ નં. સવન/૦૯૮/ચ/૬૪૧/૯૮ તારીખ ૧૮મી એપ્રિલ ૧૯૯૮.
૪. વહીવટદારશ્રી ધી દાહોદ ઝાલોદ તાલુકાની ગ્રામ્ય ધીરાણ સ. મં. લી. ના કર્મચારીઓનો સ. મં. લી. દાહોદના પત્ર નં. ૪/૩૭૫ તારીખ ૧૮મી જુન ૧૯૯૮.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૯૮/ચ/૧૦૦૫/૯૮.—ધી દાહોદ-ઝાલોદ તાલુકાની ગ્રામ્ય ધીરાણ સહકારી મંડળીઓના કર્મચારીઓની સ. મં. લી. દાહોદ તા. દાહોદ જિ. દાહોદની વ્ય. કમીટીને દુર કરી સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાની નિમણુંક આ કચેરીના આમુખ. ઉથી ૨૭મી જુન ૧૯૯૮ સુધીની વધારી આપવામાં આવેલ. સંસ્થાના વહીવટદારશ્રીએ જણાવેલ છે કે. મુદત પુર્ણ થતાં અગાઉ સંસ્થાના પેટાનિયમ પ્રમાણે નવીન કમીટીની ચુંટણી કરાવી શકેલ નથી. કારણકે દરેક સંસ્થાના કર્મચારીઓ વસુલાતની સીઝનમાં ગયેલ હોવાથી વાર્ષિક સાધારણ સભા ભરી શકાયેલ નથી. જેથી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮ સુધીની મુદત વધારી આપવા જણાવેલ છે. જેથી મુદત વધારા માટેની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર. સ. મં. ગોધરા આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી દાહોદ-ઝાલોદ તાલુકાના ગ્રામ્ય ધીરાણ સહકારી મંડળીઓના કર્મચારીઓની સ. મં. લી. દાહોદ તા. દાહોદ જિ. દાહોદના વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાનો આમુખ. ઉના હુકમથી કરેલ નિમણુંક પ્રથમ હુકમથી તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૭ થી ૩૧મી જુલાઈ ૧૯૯૮ સુધીની વધારી આપવા હુકમ કરું છું. નિમણુંકની શરતો અગાઉના હુકમની શરતો મુજબ યથાવત રહેશે. તેમજ મુદત પુરી થતાં અગાઉ વહીવટદારશ્રીએ ચુંટાયેલ કમીટીને વહીવટ સુપ્રત કરવાનો રહેશે.

ગોધરા, તારીખ ૪થી જુલાઈ ૧૯૯૮.

વાંચ્યો : -

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.
૨. સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએચ/એમ.૭/૧૯૯/સીડીઈ-૧૦૯૭/૧૫૩/જે, તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.
૩. આ કચેરીના છેલ્લા હુકમ નં. સવન/૦૩૬/ચ/૨૪/૯૭ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮.
૪. વહીવટદારશ્રીનો તારીખ ૭મી જુન ૧૯૯૮નો અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૩૬/ચ/૧૦૦૬/૯૮.—ધી જયનારેશ્વર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ગોધરા, જિ. પંચમહાલની વ્ય. કમીટીને દુર કરી સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદાર તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલ રે. ડેરોલ ગામની નિમણુંક આ કચેરીના આમુખ ૩ ના હુકમથી ૩૦મી જુન ૧૯૯૮ સુધી વધારી આપવામાં આવેલ હતી. સંસ્થાના વહીવટદારશ્રીનો પ્રગતિ અહેવાલ જોતાં હજી સંસ્થામાં વહીવટદારશ્રીની જરૂરત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ગોધરા આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી જયનારેશ્વર કો. ઓપ. હા.સો. લી. ગોધરા, જિ. પંચમહાલના વહીવટદાર તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલ રે. ડેરોલ, ગામની આમુખ ૩ના હુકમથી કરેલ નિમણુક પ્રથમ હુકમની તારીખ ૧૫મી ઓક્ટોબર ૧૯૯૪થી ૧૪મી ઓક્ટોબર ૧૯૯૮ સુધીની વધારી આપવા હુકમ કરુ છું. નિમણુંકની શરતો અગાઉના હુકમની શરતો મુજબ યથાવત રહેશે. મુદત પુરી થતાં અગાઉ વહીવટદારશ્રીએ મંડળીની વ્ય. કમીટીનો ચુંટણી સંસ્થાના

INDEX

નિયમો પ્રમાણે કરાવી ચાર્જ સુપ્રત કરવાનો રહેશે. હવે પછી મુદત વધારો આપી શકાશે નહીં.

ગોધરા, તારીખ ૪થી જુલાઈ ૧૯૯૮.

વાંચ્યો :

૧. સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.
૨. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા નં.જીએચકેએચ/એમ. ૭/૧૯૯/ સીડીઈ-૧૦૯૭/૧૧૫/ જે તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.
૩. આ કચેરીના છેલ્લા હુકમ નં. ખસમ/૦૭૪/ચ/૨૬/૯૭, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮
૪. વહીવટદારશ્રીના પત્ર નં. ૪૪/૨૬૬, તારીખ ૧૭મી જુન ૧૯૯૮

પ્રસ્તાવના

જા. નં. ખસમ/૦૭૪/ચ/૧૦૦૭/૯૮.—ધી રળીયાતી મોટા કદની ખેત વિષયક વિવિધ કાર્યકારી સ. મં. લી. દાહોદ, તા. દાહોદ. જિ. દાહોદની વ્ય. કમીટીને દુર કરી સહકારી મંડળીઓના અધિનિયમો ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળ વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ગોધરાની નિમણુંક આ આમુખ ૩ ના હુકમથી ૩૦મી જુન ૧૯૯૮ સુધીની વધારી આપવામાં આવેલ છે. જે મુદત પૂર્ણ થયેલ છે. જેથી સંસ્થાના વહીવટદારશ્રીએ તા. ૧૭મી જુન ૧૯૯૮ના પત્રથી જણાવેલ છે કે સંસ્થામાં વહીવટદાર તરીકેનો ચાર્જ લીધા પછીથી સંસ્થાનો વહીવટ દિન પ્રતિદિન સુધરવા પામેલ છે. અને હાલમાં વસુલાતની સીઝન હોવાથી નવીન કમીટીની ચુંટણી થઈ શકેલ નથી. તો તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની મુદત વધારી આપવા વિનંતી કરેલ છે. જેના સંદર્ભમાં મુદત વધારા અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી રળીયાતી લેમ્પ્સ સ. મં. લી. તા. દાહોદ, જિ. દાહોદના વહીવટદારની નિમણુંકની પ્રથમ મુદતના હુકમ તારીખ ૨૯મી જુન ૧૯૯૫થી ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની વધારી આપવા હુકમ કરું છું. નિમણુંકની શરતો અગાઉના હુકમમાં જણાવેલ શરતો મુજબ યથાવત રહેશે.

ગોધરા તારીખ ૪થી જુલાઈ ૧૯૯૮.

વાંચ્યો :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

૨. આ કચેરીના હુકમનં. સવન/૦૭૨/ચ/૨૪૭૩/૯૫, તા. ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૫, સવન/૦૭૨/ગ/૧૯૮૦/૯૭, તા. ૧૦મી ઓકટોબર ૧૯૯૭.

૩. વહીવટદારશ્રીની ૧૩મી એપ્રિલ ૧૯૯૮નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૭૨/ચ/૧૦૨૧/૯૮.—ધી જયશ્રી ઈન્સ્યુલેટર્સ કંપનીના કર્મચારી ધીરાણ અને ગ્રાહક સ. મં. લી. હાલોલ, જિ. પંચમહાલની વ્ય. કમીટીને દુર કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલની નિમણુંક આ કચેરીના આમુખ-૨ના હુકમથી તા. ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૯૮ સુધીની કરવામાં આવેલ વહીવટદારશ્રીએ વહીવટદારની મુદત પુરી થતાં અગાઉ સદરહું સંસ્થાએ ઈન્ડીયન રેયોન ઈન્સ્યુલેટર્સના કર્મચારી ધીરાણ અને ગ્રાહક સ. મં. લી.માં એકત્રીકરણ કરવા માટેની દરખાસ્ત મોકલી આપવામાં આવેલ જે અન્વયે જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરાએ સદરહું મંડળીને ઈન્ડીયન રેયોન ઈન્સ્યુલેટર્સ કર્મચારી ધીરાણ અને ગ્રાહક સ.મં.લી.માં એકત્રીકરણ કરી દેવાના હુકમ કરેલ છે. જેની અસર ૧લી એપ્રિલ ૧૯૯૮થી કરવાની શરતે હુકમ કરેલ છે. જેથી નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મં. ગોધરા રાથી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રુએ ધી જયશ્રી ઈન્સ્યુલેટર્સ કંપનીના કર્મચારી-ઓની ધીરાણ અને ગ્રાહક સ. મં. લી. ના વહીવટદારશ્રી તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલની આમુખ. ૨ના હુકમથી કરેલ નિમણુંક તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ના રોજથી સમાપ્ત થયેલ જાહેર કરુ છું.
ગોધરા, તારીખ ૬ ઠ્ઠી જુલાઈ ૧૯૯૮.

વાંચ્યો : -

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪(ધ) ની જોગવાઈ.
(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએચ/એમ. ૭/૧૯૯/સીડીઈ/૧૦૯૭ /૧૧૩/જે તા. ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.
(૩) આ કચેરીના હુકમ નં. સકક/૦૨૪/ચ/૯૬૮/૯૮ તા. ૨૪મી જુન ૧૯૯૮.
(૪) મેનેજરશ્રી ધી પંચમહાલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ગોધરાના પત્ર નં. આર.વી.એસ. કેન્દ્ર કસ્ટોડીયન -૪૪-૩૮ તા. ૩૦મી જુન ૧૯૯૮.
(૫) કસ્ટોડીયન કમીટીના અધ્યક્ષશ્રીના પત્ર તા. ૧૯મી મે ૧૯૯૮નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૨૪/ચ/૧૦૨૫/૯૮.—ધી ગાંગરડી મોટા કદની ખેતિ વિષયક વિવિધ કાર્યકારી સ. મં. લી., ગાંગરડી, તા. ગરબાડા, જિ. દાહોદની વ્ય. કમીટીને દુર કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ-૭૪(ધ)ની જોગવાઈ અનુસાર કસ્ટોડીયન કમીટીની આમુખ- ૩માં જણાવેલ હુકમથી કરવામાં આવેલ હતી જેની મુદત તારીખ ૩૦મી જુન ૧૯૯૮ ના રોજ પુર્ણ થયેલ છે. ધી પંચમહાલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ગોધરાના આમુખ. ૪ના પત્રથી જણાવવામાં આવેલ છે કે બેંકનું દેવું સંસ્થામાં મોટા પ્રમાણમાં છે. અને કસ્ટોડીયન કમીટીમાં સરકારશ્રીના પ્રતિનિધી અને બેંકના પ્રતિનિધિની નિમણુંક કરવા ભલામણ કરેલ છે. જે અન્વયે કસ્ટોડીયન કમીટીની રચના અંગેનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., ગોધરા આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ. ૭૪(ધ) હેઠળ મને મળેલ સત્તાની રુએ ધી ગાંગરડી વિભાગ મોટા કદની ખેતિ વિષયક વિવિધ કાર્યકારી સ. મં. લી., ગાંગરડી, તા. ગરબાડા, જિ. દાહોદની કચેરીના આમુખ- ઉમાં જણાવેલ હુકમથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪(ધ) હેઠળ કસ્ટોડીયન કમીટીની કરવામાં આવેલ નિમણુંક તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ થી સમાપ્ત થયેલ જાહેર કરું છું. અને સંસ્થાનો વહીવટ ચલાવવા માટે તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ની અસરથી નીચે જણાવેલ સભ્યોની કસ્ટોડીયન કમીટીની નિમણુંક નીચેની શરતોને આધીન કરું છું.

અનુ. નંબર	નામ	હોદ્દો
૧.	ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., ગોધરા,	અધ્યક્ષશ્રી.
૨.	શ્રી સહકારી અધિકારી (ગ્રાહક) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા.	સભ્યશ્રી.
૩.	શ્રી બી. એમ. વથુનીયા, વિકાસ અધિકારી, આઈ. સી. ડી. પી., પંચમહાલ.	સભ્યશ્રી.

શરતો :

૧. કસ્ટોડીયન કમીટીની મુદત હુકમની તારીખથી બીજી ચુંટણી નહીં થાય ત્યાં સુધીની રહેશે.
૨. કસ્ટોડીયન કમીટીએ ચાર્જ જુની કસ્ટોડીયન કમીટી પાસેથી તુર્તજ મેળવી આ કચેરીને જાણ કરવાની રહેશે.
૩. આ કચેરી તરફથી વખતોવખત આપવામાં આવતી સુચનાઓને આધીન સંસ્થાનો વહીવટ કરવાનો રહેશે.
૪. કસ્ટોડીયને કોઈ ખર્ચ સંસ્થામાં પાડવાનો રહેશે નહિ.
૫. કસ્ટોડીયને આ કચેરીની પુર્વમંજુરી મેળવ્યા સિવાય અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં મંડળી વતી મત આપી શકાશે નહીં તેમજ ચુંટણીમાં ઉમેદવારી પણ કરી શકાશે નહીં.

ગોધરા, તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૮.

વાંચ્યો:-

(૧) શ્રી ફડચ અધિકારી કચેરીના તારીખ ૧૩મી જુલાઈ ૧૯૯૮ના પત્ર નં. ફડચ/૦૭૭૭/છ/૪૯૧/૯૮ના દરખાસ્ત.

(૨) શ્રી સબ-ઓડીટર, સ. મં. લી. રી. લગત જિલ્લાના રૂપે. ઓડીટર સ. મં., ગોધરાના ઓડીટ અંગેની દાખલા ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચા/ચ/૧૨૧૪/૯૮.—ધી સંતોષી ગ્રાહક સહકારી ભંડાર લી. ફડચામાં મુ. લખાણાગોજીયા, તા. લીમખેડા, જિ. દાહોદની, નોંધણી તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજથી નોંધણી નં. ભ-૪૧૨૮ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચા/૦૧/ચ/૭૫૩/૯૮ તારીખ ૧૪મી મે ૧૯૯૮થી કરવામાં આવેલી હતી. જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને. ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮.

વાંચ્યા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ. ૭૪(ધ) ની જોગવાઈ.
૨. સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ જાહેરનામા નં. જીએચકેએચ/એમ.૭/૧૯૯/સીડીઈ/૧૦૯૭/૧૫૩/જે, તા. ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૮.
૩. આ કચેરીના હુકમ ક્રમાંક સકક/૦૨૪/ચ/૧૮૪, તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૮.
૪. કસ્ટોડીયન કમીટીની તા. ૧૪મી માર્ચ ૧૯૯૮ના મીટીંગના ઠરાવ નં. ૩.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૨૪/ચ/૧૨૧૫/૯૮.—ધી કૃષ્ણ કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સો. લી., ટીમ્બારોડ, તા. ગોધરા જિ. પંચમહાલમાં કસ્ટોડીયનની નિમણુંક રદ કરી આમુખ.-ઉના હુકમથી કસ્ટોડીયન કમીટીની નિમણુંક કરવામાં આવેલ જેની મુદત તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૮ના રોજ પુર્ણ થયેલ છે. સંસ્થાના કસ્ટોડીયન કમીટીના જણાવ્યા મુજબ મંડળીના ઉદેશો મુજબની કામકાજ પૂર્ણ થયેલ નથી અને ચુંટણી અંગેના કાર્યવાહી થઈ શકેલ નથી. જેથી વધુ છ માસની મુદત સંસ્થા આપવા વિનંતી કરેલ છે. મુદત વધારા અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., ગોધરા આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૭૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ ધી કૃષ્ણ કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સો. લી. ટીંબારોડ, તા. ગોધરા, જિ. પંચમહાલ કસ્ટોડીયન કમીટીની આમુખ ઉનાં હુકમથી કરેલ નિમણુંક હુકમની તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૮ થી ૫મી જાન્યુઆરી ૧૯૯૯ સુધીની મુદત વધારો આપવા હુકમ કરુ છું. નિમણુંકની બાકીની શરતો અગાઉના હુકમની શરતો મુજબ યથાવત રહેશે. તેમજ મુદત પુરી થતાં અગાઉ કસ્ટોડીયન કમીટીએ સંસ્થાના પેટાનિયમ પ્રમાણે ચુંટણી કરવા અંગેના દરખાસ્ત તૈયાર કરીને આ કાર્યાલયને મોકલી આપવાની રહેશે.

ગોધરા, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮.

વાચ્યો :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના, અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૭૪(ધ) ની જોગવાઈ.

(૨)સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નબર જીએચકેએચ/એમ ૭/૧૯૯ સીડીઈ/૧૦૯૭/૧૫૩-જે તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.

INDEX

(૩) આ કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૨૦/ચ/૧૧૨૯/૯૭, તારીખ ૧૦મી જાન્યુઅરી ૧૯૯૨.
(૪) કસ્ટોડીયનશ્રીના પત્ર નંબર ૪૩/૨૮૧, તારીખ ૩૦મી જૂન, ૧૯૯૮.

પ્રસ્તાવના

જાવક નંબર સવન/૨૦/ચ/૧૨૧૬/૯૮:—ધી વડાતલાવ અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. વડતલાવ, તાલુકા હાલોલ, જિલ્લા પંચમહાલના વ્યવસ્થાપક કમીટીને દૂર કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ના કલમ ૭૪ (ધ) જોગવાઈ અનુસાર કસ્ટોડીયન કમીટીના આમુખ ૩માં જણાવેલ હુકમથી કરવામાં આવેલ હતી જેની મુદત ૧૬મી જુલાઈ ૧૯૯૮ ના રોજ પૂર્ણ થયેલ છે. અને મુદત પુરી થતી અગાઉ સંસ્થાનો વહીવટ ચુટાયેલી કમીટીને સુપ્રત થઈ શકેલ નથી આ સંજોગોમાં ચૂટણી ન થાય ત્યાં સુધી કસ્ટોડીયનની નિમણુંકનો મુદત વધારો આપવાની જરૂરી જણાતી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, ગોધરા આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૭૪ (ધ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી વઢતલાવ અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી, વડતલાવ, તાલુકા હાલોલ, જિલ્લા પંચમહાલની આ કચેરીના આમુખ ૩માં જણાવેલ હુકમથી કરેલ કસ્ટોડીયનની મુદત કસ્ટોડીયનની જગ્યાએ સંસ્થાના વ્યવસ્થાપક કમિટીના ચુંટણી ન થાય ત્યાં સુધીના વધારી આપવા આથી હુકમ કરૂ છું નિમણુંકની શરતો આમુખ ૩માં જણાવેલ હુકમ મુજબ યથાવત રહેશે.

ગોધરા, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮.

———

વાંચ્યો :

(૧) સબ ઓડીટર સહકારી મંડળી (ગ્રે. ૩પો) દાહોદનો તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી ૩૧મી ડિસેમ્બર ૧૯૯૬ સુધીનો ઓડીટ.

(૨) અત્રેથી પાઠવેલ નારીખ ૪થી ડિસેમ્બર ૧૯૯૭ ની કારણદર્શક નોટીસ તથા તારીખ ૯મી જાન્યુઆરી ૧૯૯૮ તથા ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ જાન્યુઆરીનો હુકમ.

ફડચા અંગેનો અંતિમ આદેશ


ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખાસા/ફડચ/૦૧/ચ/૧૬૫૮/૯૮:—ધી આંબલી વિભાગ વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. આંબલી મુકામ પોસ્ટ આંબલી તાલુકા ગરબાડા જિલ્લા દાહોદ નોંધણી ક્રમાંક સે-૨૬૫૬૦ તારીખ ૫મી નવેમ્બર ૧૯૯૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) અન્વયે આમુખ-૪માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આદેશની તારીખથી ત્રણ વર્ષના મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૮

INDEX

વાંચ્યો :

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નંબર ફડચ/૦૧/ચ/૧૧૨૪/૯૮ તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) ને જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસા/ફડચ/૦૧/ચ/૧૬૫૯/૯૮.—ધી બારીઆ વિભાગ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. દેવગઢબારીયા, મુકામ પોસ્ટ, તાલુકો દેવગઢબારીયા, જિલ્લા દાહોદ, નોંધણી ક્રમાંક રો-૨૬૫૯૫ તારીખ ૮મી ઓક્ટોબર, ૧૯૯૩થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ગ) (૧) (૨) (૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધો સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

ગોધરા, તારીખ ૨૭ ડિસેમ્બર, ૧૯૯૮.

નંબર ઉખસ / ૪૭૪ / ધ / ૧૮૫૦૮.— આથી જાહેર કરે છે કે, યોગેશ્વર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વાપી, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૫ મી જૂન ૧૯૯૮.

નંબર ઉખસ / ૫૨૧ / ધ / ૧૮૫૦૯.— આથી જાહેર કરે છે કે, જેસચ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી મર્યાદિત સ્થળ પારડી, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭ મી જુલાઈ, ૧૯૯૮.

નંબર ઉખસ / ૫૨૬ / ધ / ૧૮૫૧૦.— આથી જાહેર કરે છે કે, વનગંગા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ જલાલપોર નવસારી, તાલુકો જલાલપોર, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૮.

નંબર ઉખસ / ધ / ૧૮૫૧૧.— આથી જાહેર કરે છે કે, મંગલમ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ધરમપુર, તાલુકો ધરમપુર, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૩ મી જુલાઈ, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા-૨) લગત જિ. રજિ., સ. મં., વલસાડ અને ફડચાધિકારી શ્રી વૃંદાવન કો. ઓપ. હાઉ. સો. લી. વાંસદા સહકારી મંડળી લી. ફડચામાંનો તારીખ ૨૯ મી જૂન ૧૯૯૮નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૨૦ મી મે, ૧૯૯૬ ના હુકમ ક્રમાંક ફડચ-ધ / ૧૨૬૫૧ / ક / ૪૦૫ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ. મં. નો તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૫ થી તારીખ ૨૬ મી જૂન ૧૯૯૮ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ / ફડચ / ૧૨૬૫૧ / ક-૭ / ૫૫૯/૧૯૯૮.— શ્રી વૃંદાવન કો. ઓપ. હાઉ. સો. લી. વાંસદા, સહકારી મંડળી લી. મુકામ વાંસદા, તાલુકા વાંસદા, જિલ્લો વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ધ-૧૨૬૫૧, તારીખ ૧૪ મી જૂન ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોક્ત પત્રથી જાણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૪થી ઓગષ્ટ ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા--૨) લગત જિ. રજિ., સ. મં., વલસાડ અને ફડચાધિકારી શ્રી, વલસાડ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. સહકારી મંડળી લી. ફડચામાંનો તારીખ ૨૯મી જૂન, ૧૯૯૮ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭ નાં હુકમ ક્રમાંક ફડચ / ભ-૯૮૧ / ક-૭ / ૧૦૯૧ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

INDEX

(૩) શ્રી સબઓડીટર, સ. મં. નો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૨૪મી જૂન, ૧૯૯૮ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખાસ / ફડચ / ભ-૯૮૧ / ક-૭ / ૫૭૪/૯૮.— શ્રી વલસાડ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. મુકામ વલસાડ, તાલુકા વલસાડ, જિલ્લો વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ભ-૯૮૧ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૭૬ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરે કત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે.. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૯૮.

વાંચો :—

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા--૧) લગત જિ. રજિ. સ. મં., વલસાડ અને ફડચાધિકારી શ્રી દાંડી મત્સ્યોદ્યોગ સેવા સ. મં. લી. ફડચામાંનો તારીખ ૨૩ મી જુલાઈ, ૧૯૯૮ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડના તારીખ ૨૮મી જૂન, ૧૯૯૬ નાં હુકમ ક્રમાંક ફડચ / સે-૨૧૬૫૨ / ક / ૪૮૫/૯૬ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર, સ. મં., નો તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ થી તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૮ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખાસ / ફડચ / સે-૨૧૬૫૨ / ક-૭ / ૫૮૦/૯૮.— શ્રી દાંડી મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી. મુકામ દાંડી, તાલુકા વલસાડ, જિલ્લો વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૨૧૬૫૨ તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૮૬ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ પૂર્ણ થઈ ગયુ હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે

વલસાડ, તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૯૮.

નંબર ઉખાસ/૫૮૭/ધ-૧૮૫૧૨.—આથી જાહેર કરેછે કે, એકતા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વાપી, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આનરોન્ડ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૮.

નંબર ઉખાસ/૬૦૮/સા--૨૯૬૪૧/૯૮.—આથી જાહેર કરે છે કે, પ્રેરણા બચત અને ધીરાણ કરનારી મહિલા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાપી, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આનરોન્ડ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

નંબર ઉખાસ/૬૧૩/સેદુ-૨૯૬૪૨/૯૮.—આથી જાહેર કરે છે કે, મહીલાઓ સંચાલિત બાવળી ફળિયા (ખેરગામ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ખેરગામ, તાલુકો ચીખલી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આનરોન્ડ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

નંબર ઉખાસ/૬૧૯/સેદુ-૨૯૬૪૩/૯૮.—આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત બારડીપાડા (રૂમલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કમલા તાલુકો ચીખલી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આનરોન્ડ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૮.

નંબર ઉખાસ/૬૨૫/સેદુ-૨૯૬૪૪/૯૮.—આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ધાકમાળ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધાકમાળ, તાલુકો વાંસદા જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આનરોન્ડ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૮.

નંબર ઉખાસ. ૫૯૩/ધ-૧૮૫૧૩/૯૮.—આથી જાહેર કરે છે કે, પીનલ કો. ઓપરેટીવ હાંઉસીંગ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ વિજલપોર, તાલુકો જલાલપોર, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આનરોન્ડ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

નં. ઉખાસ /૫૯૮/ધ-૧૮૫૧૪/૯૮.—આથી જાહેર કરે છે કે કામધેનુ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નવસારી

INDEX

તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

નંબર ઉખાસ. ૬૦૩/ધ-૧૮૫૧૫/૯૮.—આથી જાહેર કરે છે કે સાગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, મર્યાદિત સ્થળ નવસારી. તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૮.

નંબર ઉખાસ-૬૩૬/ધ-૧૮૫૧૬/૯૮.—આથી જાહેર કરે છે કે નેમ-રાજુલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વાપી તાલુકો પારડી જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૮.

નંબર ઉખાસ. ૬૪૫/ધ-૧૮૫૧૭/૯૮.—આથી જાહેર કરે છે કે, જાનકી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નવસારી તાલુકો જલાલપોર જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વાંચો :-

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા-૧) લગત જિલ્લા રજિ. સ. મં. વલસાડ અને ફડચાધિકારી શ્રી નવસારી નગર-પાલિકા સફાઈ કામદાર વિરાણુ અને ગ્રાહક સહકારી મંડળી લિ. ફડચામાનો તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૮નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૦મી જૂન ૧૯૯૬ નાં હુકમ ક્રમાંક ઉખાસ-ફડચ/સે-૧૩૯૭૨/ક/૪૬૭/૯૬ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ. મં. નો તારીખ ૧લી જુલાઈ ૧૯૯૫ થી તારીખ ૨૪મી જુલાઈ ૧૯૯૮ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખાસ/-ફડચ-સે-૧૩૯૭૨/ક-૭/૬૫૯થી૬૬૫ સને ૧૯૯૮ —શ્રી નવસારી નગરપાલિકા સફાઈ કામદાર વિરાણુ અને ગ્રાહક સહકારી મંડળી લિ. મુ. નવસારી તા. નવસારી જિ. નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૧૩૯૭૨ તારીખ ૨૯મી ઓગષ્ટ ૧૯૮૩ થી નોંધવામાંઆવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનુ કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના આધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખ થી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નંબર ઉખાસ / ૬૮૪ / સા.-૨૯૬૪૫.—આથી જાહેર કરે છે કે ખેરગામ વિભાગ બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ખેરગામ તાલુકો ચીખલી જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૮.

નંબર ઉખાસ/ ૬૮૯ / ઉ.-૧૦૬૨૫.—આથી જાહેર કરે છે કે દેગામ વિભાગ મજુર અને કામગારોની સહકારી મંડળી લીમીટેડ મર્યાદીત સ્થળ દેગામ તાલુકો ચીખલી જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (-ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૮.

નંબર ઉખાસ /૬૯૪ / ઉ.-૧૦૬૨૬.—આથી જાહેર કરે છે કે, શીવ મજુર અને કામગારોની સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ વલસાડ, તાલુકો વલસાડ જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૮.

નંબર ઉખાસ / ૭૩૦ / ઉ.-૧૦૬૨૭.—આથી જાહેર કરે છે કે, ટ્રારકેશ મજુર અને કામગારોની સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ જલાલપોર, તાલુકો જલાલપોર, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૮.

નંબર ઉખાસ / ૭૧૫ / ધ-૧૮૫૧૮.—આથી જાહેર કરે છે કે, મેહુલપાર્ક કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૮.

INDEX

નંબર ઉખાસ / ૭૨૦ / ધ-૧૮૫૧૯.—આથી જાહેર કરે છે કે, પરીક્રમા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ : નવસારી, તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૮.

નંબર ઉખાસ / ૭૩૮ / ધ-૧૮૫૨૧.—આથી જાહેર કરે છે કે, શ્રી નારાયણ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વલસાડ તાલુકો વલસાડ જિલ્લો : વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૮.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

નંબર ઉખલ/ ૭૭૯ / ધ-૧૮૫૨૨.—આથી જાહેર કરે છે કે, ઋષિકેશ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ : વલસાડ, તાલુકો : વલસાડ, જિલ્લો : વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૮.

નંબર ઉખસ/૭૯૭/૯૮/ ઉ-૧૦૬૨૮.—આથી જાહેર કરે છે કે, ફલધરા વિભાગ વિવિધલક્ષી મજુર અને કામગારોની સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ફલધરા, તાલુકો વલસાડ, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮.

વંચાણમાં લીધું :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૧, ૧૭મી ઓગષ્ટ ૧૯૯૮ના પત્ર ક્રમાંક : સકક/ખ-૩ / ૨૯૫૭ / ૯૮ ની કારણદર્શક નોટીસ.

(૨) જિલ્લા ખાસ અન્વેષક સ. મં. વલસાડનાં ખાનગી પત્ર ક્રમાંક : આપણુ / ૦૧ / ગ-૨ / ૪૬ / ૩૯૦-૯૮ તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ નો પત્ર.

(૩) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ.-હાઉસીંગ ફાઇ. કોર્પોરેશન લિ.. મુ. અમદાવાદના તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૮ ના જા.નં. આરઈસી / વહટ / ૦૧ / ૧૪૦૯૧ નો પત્ર.

(૪) મેનેજિંગ ડીરેકટર શ્રી સી. પી. પટેલ વગત શ્રી ગુજરાત સ્ટેટ કો.-ઓ. હાઉ. ફાઈનાન્સના અ. સ. પત્ર ક્રમાંક ૪૮૯ તારીખ ૨૪મી એપ્રિલ ૧૯૯૮ નો પત્ર.

જા. નં. સકક / ખ-૩ / ૪૦૩૭ / ૧૯૯૮.—વિરાટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. નવસારી મુ. પો. તાલુકો - જિલ્લો : નવસારીની વ્યવસ્થાપક કમિટીએ સહકારી કાયદો-કાનુન અને પેટા નિયમોથી તેમના પર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ નિષ્ક્રિયતા અને બેદરકારી બતાવવામાં આવી છે. પરિણામે મંડળીના સભાસદો સહિત મંડળીનું હીત જોખમમાં મુકાયેલ છે.

ધી ગુજરાત સ્ટેટ કો-ઓ. હાઉસીંગ કાર્પોરેશન લિ. મુકામ અમદાવાદ એટલે કે આમુખ-૩ વાળા પત્રથી જણાવેલ છે કે: મંડળીનું તારીખ ૩૦મી જુન ૧૯૯૬ ના રોજ રૂા. ૫૮,૧૮,૦૦૦ કોર્પોરેશનનું મુદતવીતી બાકી લોન છે. તથા આમુખ-૨ ના પત્રથી જિલ્લા ખાસ અન્વેષક સ. મં. વલસાડે તેના ખાસ અહેવાલમાં જણાવેલ છે કે ઓડિટ સમય દરમ્યાન મંડળીમાં કોઈજ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. વ્યવસ્થાપક કમિટિની મીટીંગો થતી નથી. પાછલા ઓડીટની દુરસ્તી થયેલ નથી. લોદ્દારોને વહીવટ ચલાવવામાં કોઈ રસ નથી ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સના લેણાં / ખાતાઓનાં મેળવણાં થતાં નથી કે વસુલાત અંગે કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ નથી.

ઉપર મુજબની હકીકતોથી સ્પષ્ટ જણાય છે કે ગુજરાત સહકારી મંડળીઓના કાયદા-કાનુન તથા મંડળીના પેટા નિયમથી મંડળીની વ્યવસ્થાપક સમિતિ ઉપર લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે મંડળીના સભાસદો તેમજ લેણદારોનું હિત જોખમાયેલ છે. અને આવી પરિસ્થિતિનું નિર્માણ થતા મંડળીનો વહિવટ કથળી જવા પામેલ છે. જે અંગે અત્રેની કચેરીએથી તારીખ ૧૧મી-૧૭મી ઓગષ્ટ ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ અને તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ નાં રોજ સુનાવણી રાખવામાં આવેલ. પરંતુ પાંચ કમિટી સભ્યો પૈકીના ત્રણ કમિટી સભ્યોના કવર પરત આવેલ છે. તેમજ સુનાવણી વેળા બાકીના કોઈ વ્યવસ્થાપક કમિટિના સભ્યો હાજર રહેલ નથી કે કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓ બાબતે અત્રે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો આદેશ મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આથી ફરમાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી એન. એન. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ વિરાટ એપાર્ટમેન્ટ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., નવસારી મુકામ-પોસ્ટ, તાલુકો-જિલ્લો નવસારી નોંધણીક્રમાંક : ધ-૬૮૨૦. તારીખ ૭મી ઓકટોબર ૧૯૮૦ ની નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક સમિતિપદેથી અને તે અન્વયેના તમામ લોદ્દા પરથી દૂર કરી ઉકત અધિનિયમની કલમ-૮૧ (૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો-ઓ. હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન નિમણું કરું છું.

શરતો

(૧) સદર નિમણુંક પ્રથમ તબકકે મંડળીનો ચાર્જ અખત્યાર કરે તે તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) નિમણુંકના સમય દરમ્યાન વહીટદાર વ્યવસ્થાપક કમિટિની તમામ અધિકારો મંડળીના પેટા નિયમો અને સહકારી મંડળીઓના અધિનિયમની અને નિયમો અન્વયે ભોગવશે મંડળીના નામે

INDEX

મંડળીના હિતમાં તમામ કામગીરી વખતો વખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિમાસે માસિક પ્રગતિ અહેવાલ સંપૂર્ણ વિગતે નિયમિત રીતે મોકલવાનો રહેશે.

(૪) વહીવટદારે ઓડીટ-નોંધમાં સૂચવેલ મુજબના પગલાંઓ તથા આગળ ઉપર ટાંકેલ કારણદર્શક નોટિસના મુદ્દાઓ મુજબની દુરસ્તીના સક્રિય પગલાંઓ લેવાના રહેશે તેમજ તે અંગેની કાર્યવાહીનો અહેવાલ દર માસે અત્રે મોકલવાનો રહેશે.

(૫) વહિવટદારે તેમની પદાવિધિ પૂરી થયેથી અથવા સમાપ્ત થયેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૮૧ (૪) મંડળીની ઉપવિધિ અન્વયે નવી સમિતિની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૬) વહીવટદાર તરીકેની નિમણુંકનો હવાલો સંભાળ્યા બાબતે વિગતવાર ચાર્જ રિપોર્ટ ચાર્જ્યાદીની નકલ-સહ અત્રેની કચેરીએ કરવાની રહેશે.

(૭) સદર નિમણુંક અંગે વધુ શરતો આમેજ કરવાનું જરૂરી અથવા સુધારો-વધારો કરવાનું જરૂરી બને તેમ કરવામાં આવશે.

સદર મંડળીની ચાલુ વ્યવસ્થાપક સમિતિનાં હોદેદારોના હોદ્દા અને કમીટી સભ્યપદ આથી ખાલી જાહેર કરું છું.

(૧) કૃષ્ણકુમાર એન. ગાંધી
(૨) અશોકકુમાર આર. દેસાઈ
(૩) મહેન્દ્ર ગોકળદાસ
(૪) રમણભાઈ અમથાભાઈ
(૫) મોહનભાઈ નાનજીભાઈ

વલસાડ, તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૮.

નંબર ઉખાસ/૮૦૩/સેદુ/૩૦૮૬૦/૧૯૯૮.—આથી જાહેર કરે છે કે મહિલાઓ સંચાલીત નિશાળ ફળિયા (કાકડવેલ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ કાકડવેલ, તાલુકો ચીખલી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૮.

નંબર ઉ-૧૮૫૨૩/ઉખાસ.— આથી જાહેર કરે છે કે અંબીકા કોમ્પલેક્ષ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી. જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૮.

નંબર ઉખાસ/૮૪૬/ધ-૧૮૫૨૪/૧૯૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી હરિધામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વિજલપોર, તાલુકો જલાલપોર, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૮.

નંબર ઉખાસ/૮૫૧/ધ/૧૮૫૨૮/૯૮.—આથી જાહેર કરે છે કે અમીધરા કો. ઓપ હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ વાપી, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૮.

નંબર ઉખાસ/૮૫૬/ધ-૧૮૬૭૬/૧૯૯૮.—આથી જાહેર કરે છે કે ખુશ્બુ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ પારડી, તાલુકો પારડી, જિલ્લો વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૮.

એન. એન. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

વંચાણે લીધા શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૨ વડોદરા લગત કચેરી ફડચ/૦૨/૫૭૬/૯૭ની તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૭ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨/૧૧૫૪/૧૯૯૮.— ધી રૂનવાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ રૂનવાડ ની નોંધણી ક્રમાંક સેદુ-૨૪૪૫ તારીખ ૨જી જુલાઈ ૧૯૯૦ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૦૦૬/ધ-૨/૧૧૨૫/૧૧૩૮/૯૬ તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨૪મી જુન ૧૯૯૮.

વંચાણે લીધો : શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરા લગત કચેરીની તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૭ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા. નંબર ફડચ/૦૧/ધ-૨/૧૧૫૫/સને ૧૯૯૮.—શ્રી ખંડેવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ ખંડેવાડાની નોંધણી ક્રમાંક સેદુ-નંબર ૧૫૭૨ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૮૬ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૬૦/ધ-૨/૧૭૪૮-૫૫/૯૫ તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ

INDEX

કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨૪મી જુન ૧૯૯૮.

વંચાણે લીધો : શ્રી સહકારી અધિકારી ફડચાનં.૩ વડોદરા લગત કચેરી ફડચ/૦૧/૫૨૧/૯૭/થી તારીખ ૨૭મી ઓકટોબર ૧૯૯૭ ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨/૧૧૫૬/સને ૧૯૯૮.—ધી ગંધારા સાજી ખેતી પિયત સહકારી મંડળી લી. મુકામ ગંધારા ની નોંધણી ક્રમાંક સે-૨૪૬૦ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૮૧ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ઉખાસ/૯૫૩૦/૦૧/ક-૨/૧૪૯, તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે કાંઇ કરવાનુ રહેતું ન હોવાથી ફડચા અધિકારીઓ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨૪મી જુન ૧૯૯૮. ડી. એસ. ભાવસાર
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :

૧. ધી ઓડીટર સહકારી મંડળીઓ (૯) વડોદરા, તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૮નો વહીવટી અહેવાલ.

૨. ધી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, વડોદરા તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૮ નો ભલામણપત્ર

૩. ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨/૧૨૦૦/૧૯૯૮.—ધી દંતેશ્વર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તાલુકા-જિલ્લા વડોદરા નોંધણી નંબર ૧૭૪૪૭, તારીખ ૮મી મે ૧૯૫૨ કાયદા અન્વયે નોંધાયેલ અને જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે.

મજકુર મંડળીની ઓડીટ તારીખ ૧લી જુલાઇ ૧૯૯૬ થી ૩૦મી જુન ૧૯૯૭ સુધીના સમયનું ધી ઓડીટર સહકારી મંડળીઓ (૯) વડોદરાએ હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. સદરહું ઓડીટ દરમ્યાન મજકુર મંડળી છેલ્લા આઠેક વર્ષથી સ્થગિત છે. ઉદ્દેશો પ્રમાણેની કોઇ કામગીરી કરતી નથી. વખતો વખતના હિસાબોની તપાસણી થવામાં હોઇ છતાં તે તપાસણી અહેવાલોની દુરસ્તી કરવામાં આવતી નથી વાર્ષિક સામાન્ય સભાઓ બોલાવવામાં આવતી નથી. પેટા કાયદાઓ અનુસાર કારોબારીની નિમણુંક નથી. જેથી પેટા કમિટીની બેઠકો બોલાવવામાં આવતી નથી. જે કાર્ય કારણોસર આમુખ (૧) માં જણાવેલ વહીવટી અહેવાલ થયેલ છે. જેને જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળી, વડોદરાએ અભીપ્રાય આપેલો છે.

સબબ ઉપરોકત વિગતે મજકુર મંડળીને આમુખ (૩) માં જણાવેલ જોગવાઇઓને આધીન નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

પ્રાથમિક હુકમ

હું શ્રી જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, વડોદરા મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) હેઠળ સત્તાની રૂએ મજકુર મંડળી ધી દંતેશ્વર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુકામ દંતેશ્વરએ તાલુકા-જિલ્લા વડોદરાને આથી પ્રસ્તાવનામાં જણાવેલ કાર્યકારણોસર ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું.

મજકુર મંડળીના ફડચા અધિકારી તરીકે અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા નંબર ૧) વડોદરા લગત કચેરીની નિમણુક કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ સામે જે કોઇ વાંધો અથવા હરકત હોય તો તે અત્રેને માસ-૧માં લેખીત યા મૌખિક રજુઆત કરવાની રહેશે અન્યથા હુકમને કાયમ કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૨૦મી જુલાઇ ૧૯૯૮

વંચાણે લીધા :

(૧) શ્રી સબ-ઓડીટર (૧) વડોદરા તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૮ નો ધી નમીસરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકા સાવલી જિલ્લા વડોદરાનો વહીવટ અહેવાલ.

(૨) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી, વડોદરા તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૯૮ નો અભીપ્રાય પત્ર.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨/૧૨૦૧/૧૯૯૮.—ધી નમીસરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકા સાવલી જિલ્લા વડોદરા નોંધણી નંબર સે-૨૦૭૯૧ તારીખ ૫મી મે, ૧૯૮૪ થી કાયદા અન્વયે નોંધણી થયેલ અને જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે

મજકુર મંડળીનું ઓડીટ તારીખ ૧લી જુલાઇ ૧૯૯૬ થી ૩૦મી જુન ૧૯૯૭ સુધીના સમયનું સબ ઓડીટરશ્રી (૧) વડોદરાએ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહું ઓડીટ દરમ્યાન મંડળી નોંધણી થયા બાદ તેના ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. છેલ્લા ૧૩ વર્ષ ઉપરાંતથી જ સ્થગિત છે. મંડળીમાં કમીટીની બેઠકો કે કાયદા અન્વયે વાર્ષિક સામાન્ય સભાઓ બોલાવવામાં આવતી નથી સંસ્થાના વર્ષોવર્ષ થયેલ ઓડીટના તપાસની અહેવાલોની દુરસ્તી કરવામાં આવતી નથી છેલ્લે મંડળીનો ડવર્ગ ચાલે છે સભ્યોને કે કારોબારી સભ્યોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

INDEX

સબબ ઉપરોકત કાર્ય કારણોસર આમુખ(૧) માં જણાવેલ પત્રથી વહીવટી અહેવાલ થયેલ છે જેને આમુખ-(૨) માં જણાવેલ પત્ર દ્વારા જરૂરી અભીપ્રાય આપવામાં આવેલ છે.

ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની આમુખ ૩ માં જણાવેલ જોગવાઈઓને આધીન મજકુર મંડળીને નીચે મુજબનો પ્રાથમિક હુકમ કરૂ છું.

વચગાળાનો હુકમ

હું શ્રી જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૩) (૪) હેઠળ સત્તાની રૂએથી ધી નમીસરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી તાલુકા સાવલી જિલ્લા વડોદરાને આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું.

મજકુર મંડળીને આમુખ (૨) માં જણાવેલ જોગવાઈઓને આધીન સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રી, સહકારીઅધિકારી (ફડચા નં. ૨ લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ સામે જે કોઈપણ વાંધો હરકત હોય તો અત્રેને મૌખિક / લેખિત સદરહું હુકમ મળ્યા તારીખથી માસ-૧માં રજુઆત કરવાની રહેશે અન્યથા હુકમને કાયમ કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) સર્ટિફાઈડ ઓડીટરશ્રીનો ધી મકરપુરા ઈન્ડ. કો. ઓ. સોસાયટી લી. ને ૧૦૭ હેઠળ પગલાં લેવાનો અહેવાલ.

(૨) ધી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી વડોદરાના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૮ નો ભલામણપત્ર.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ. ૨/૧૨૦૨ / ૯૮.—ધી મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ સોસાયટી લી. મુકામ : મકરપુરા, તાલુકો જિલ્લો : વડોદરા નોંધણી નંબર : ૩૨૬૯, તારીખ ૨૦મી જૂન, ૧૯૮૪ કાયદા હેઠળ રજિસ્ટ્રેશન થયેલ અને જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલ છે.

મજકુર મંડળીનું ઓડીટ સર્ટીફાઈડ ઓડીટરશ્રીને સુપ્રત થતાં તેઓશ્રીએ હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ દરમ્યાન પ્રકાશમાં આવેલ ક્ષતિઓ અને કાયદાકીય ભંગ થવાના કારણોમાં મજકુર મંડળી ઉદ્દેશો પ્રમાણે કોઈ કામગીરી કરતી નથી. વાર્ષિક સામાન્ય સભાઓ બોલાવવામાં આવતી નથી. જેથી કમીટીની બેઠકો પણ મળતી નથી. મંડળીમાં કોઈ આવક નથી. સામે વહીવટી ખર્ચ પડતો હોઈ પરિણામે વર્ષે વર્ષે ખોટનું પ્રમાણ વધે છે. જે ભરપાઈ થઈ શકવાની કોઈ શકયતા જણાતી નથી, તથા કાયદા વિરૂધ્ધ વર્ષ દરમ્યાન, સભ્ય-સંખ્યા ૧૩૩ પૈકી ૧૨૪ સભ્યોનું શેરભંડોળ પરત કરેલ છે. કામદાનુસાર મંડળીનું અસ્તિત્વ ટકી શકે તેમ નથી. અને છેલ્લે મંડળીનો "ડ" વર્ગ સતત ચાલે છે. તપાસણી અને મંડળીની આર્થિક સ્થિતિ સંતોષકારક નથી.

સબબ ઉપરોકત જણાવેલ કાર્યકારણોસર આમુખ (૧) માં જણાવેલ પત્રથી વહીવટી અહેવાલ થતા આમુખ (૨) માં જણાવેલ પત્રથી જરૂરી અભિપ્રાય આપેલ હોય મજકુર મંડળીને નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

પ્રાથમિક હુકમ

હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ધી મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ કન્ઝ્યુમર્સ સોસાયટી લી. મુકામ-. : મકરપુરા, તાલુકો-જિલ્લો વડોદરાને ધી ગુજરાત સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) (ક) (૨) (૪) (૫) હેઠળ મળેલ સત્તાની રૂએ મજકુર મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ કરવામાં આવે છે.

સદરહુ સંસ્થાના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી તરીકે (ફડચા નં. ૩) લગત કચેરીની અધિનિયમની કલમ-૧૦૮ હેઠળ નિયુકત કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ સામે જે કોઈપણ વાંધો યા હરકત હોય તો અત્રેની કચેરીને મૌખિક અથવા લેખિત હુકમ મળ્યાની તારીખથી ૧ માસમાં કરવાની રહેશે. અન્યથા સદરહું હુકમને કાયમ કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) ધી તિલકવાડા આદિવાસી વિસ્તાર મજુર કામદાર સહકારી મંડળી લી., મુકામ તીલકવાડા, જિલ્લો વડોદરાને ફડચામાં લઈ જવાની તારીખ ૩૦ મી નવેમ્બર, ૧૯૯૭ નો અહેવાલ.

(૨) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળી, વડોદરા તારીખ ૨૩ મી માર્ચ, ૧૯૯૮ નો ભલામણ પત્ર.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ સને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ૦૧ / ધ-૨ / ૧૨૦૩/૯૮.— ધી તિલકવાડા આદિવાસી વિસ્તાર મજુર કામદાર સહકારી મંડળી લી., મુકામ તિલકવાડા, તાલુકા તિલકવાડા, જિલ્લો વડોદરા નોંધણી નંબર ૭૬૨૭ તારીખ ૧૯ મી જાન્યુઆરી, ૧૯૭૮ થી સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ થયેલો છે.

મજકુર મંડળીનું ઓડીટ તારીખ ૧ લી જુલાઈ, ૧૯૭૬ થી ૩૦ મી જૂન, ૧૯૯૭ સુધીના સમયનું સબ-ઓડીટરશ્રી સહકારી મંડળી (૧) ડભોઈએ હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો પ્રમાણે કોઈ કામગીરી કરતી નથી. વાર્ષિક સામાન્ય સભાઓ બોલાવવામાં આવતી નથી. પેટા-કમિટિની બેઠકો મળતી નથી. કોઈ વ્યવહાર ન હોઈ મંડળી સ્થગિત અવસ્થામાં છે. છેલ્લે તપાસણી વર્ગ "ડ" ચાલે છે. વખતો વખત થતાં ઓડીટ અહેવાલોની દુરસ્તી કરતાં નથી. વિના પ્રવૃત્તિએ વહીવટી ખર્ચ પડતો રહે છે.

INDEX

જેથી ખોટનું પ્રમાણ વધે છે. આમ સંસ્થાની આર્થિક સ્થિતિ નબળી છે. જેના અનુસંધાનમાં આમુખ (૧) માં જણાવેલ વહીવટી અહેવાલ કરેલ છે. જેને આમુખ (૨) માં જણાવેલ પત્રથી ધી જિલ્લા રૂપેશ્યલ ઓડીટર, સહકારી મંડળી, વડોદરાએ પગલાં લેવા અભિપ્રાય આપેલ છે. આમુખ (૩) માં જણાવેલ જોગવાઈઓને આધિન નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

પ્રાથમિક હુકમ

હું, શ્રી જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ધી તિલકવાડા આદિવાસી વિસ્તાર મજુર કામદાર સહકારી મંડળી લી., મુકામ તિલકવાડા, જિલ્લો વડોદરાને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તાની રુએ મજકુર મંડળીને કાયદાની કલમ ૧૦૩ (૧) (ક) (ગ) (૧) (૨) (૪) (૫) મુજબ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જવામાં આવે છે.

મજકુર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા નંબર (૨) લગત કચેરીની નિયુકિત કરું છું.

સદરહું હુકમ સામે જે કોઈ વાંધા યા હરકત હોય તો હુકમ મળ્યા માસ--૧ માં અત્રેને લેખિત યા મૌખિક રજુઆત કરવાની રહેશે. અન્યથા હુકમને કાયમ કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૫ મી જુલાઈ, ૧૯૯૭ ના હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ધ-૨ / ૯૦૧ થી ૯૧૧ - - ૧૯૯૭.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૩ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ / ફ-૧૧૦૪૪ / ધ-૨ / ૧૨૧૪/૯૮.— ધી સાવલી તાલુકા બાંધકામ ઔદ્યોગિક વિકાસ મજુર કારીગર વર્ગની સહકારી મંડળી લી., મુકામ સાવલી, નોંધણી ક્રમાંક ઉ--૩૭૭૬, તારીખ ૩ જી એપ્રિલ, ૧૯૭૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૩ (૧) (ક) (ગ) (૧) (૨) (૪) (૫) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ ૧૦૩ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) નં. ૨, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫ માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌપ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૩૦ મી જુલાઈ, ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૭૫૩ / સે-૩૦૫૬૧/૯૮.— આથી જાહેર કરે છે કે શ્રી અંબિકા કો. ઓપ. ક્રેડીટ સોસા. લી., મર્યાદિત સ્થળ. રાદ્પારા, તાલુકા વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ / ૦૧ / ધ-૩ / ૯૭૪/૯૮, તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૮.

(૩) મંડળી તરફથી રજુ થયેલ પત્ર તારીખ ૧૦ મી જૂન, ૧૯૯૮.

(૪) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરાનો તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૮ નો પત્ર.

જાવક નંબર વહટ / ૦૧ / ધ-૩ / ૧૨૫૨ સને ૯૮.— ધી હલદરવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ હલદરવા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરાના તારીખ ૯ મી જાન્યુઆરી, ૧૯૯૮ ના પત્ર ક્રમાંક ૧૧૮૯૯ ની દરખાસ્તની મંડળીને નીચે જણાવેલ ખામીઓ સબબ બેંન્ક વહીવટ હેઠળ મુકવા ભલામણ કરવામાં આવેલ છે.

(૧) મંડળી પાસે બેંક લોન રૂા. ૧,૪૦,૮૫૦ તથા વ્યાજ રૂા. ૫,૯૧,૨૧૬ બાકી છે જે મુદતવીતી છે.

(૨) મંડળીના ૩૦ સભાસદો પાસે મુદ્લ રૂા. ૨,૭૦,૧૦૦-૪૧ તથા વ્યાજ જે થાય તે મુદતવીતી બાકી છે. તમામ સભાસદો ઉપર ૧૦૬ ના દાવા થયેલ.

(૩) મંડીળીના ૧૩ સભાસદો પાસે ક્રેડીટ ધિરાણ રૂા. ૫૪,૫૩૧ બાકી છે. જે ઘણું જુનું બાકી છે. જે સામે દાવાની કાર્ય-વાહી થયેલ નથી.

(૪) મંડળીમાં મંત્રી નથી. જેથી કાર્યવાહી સ્થગિત છે. તેમ કમીટી પણ નિષ્ક્રીય છે. મંડળીનો વહીવટ છેલ્લા કેટલાંક વર્ષોથી બંધ સ્થિતિમાં છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની

INDEX

પ્રવૃત્તિ ચલાવવામાં રસ નથી. મંડળીમાં મંત્રી કોઈ રહેવા તૈયાર નહી હોવાથી મંડળીની કમીટીએ તારીખ ૧ લી માર્ચ, ૧૯૯૭ થી ઠરાવ કરી બેંકને વહીવટ સુપ્રત કરવા ઠરાવેલ છે.

ઉપરોકત સંજોગોમાં બેંકનું નાણાંકીય હીત જોખમાય નહી. તે ટ્રસ્ટિએ મંડળીની ચાલુ વ્યવસ્થાપક કમીટીને કાયદાની કલમ--૮૧ હેઠળ વહીવટમાં લઈ જવાની જરૂરીયાત જણાંતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, વડોદરા, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી હલદરવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુકામ હલદરવા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરાની વ્યવસ્થાપક કમિટિને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., વડોદરાનો મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણૂંક કરૂ છું.

(૧) મંડળીનો રોજ-બરોજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીની નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનૂન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાના રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૮૧/૯૮.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૧૦૪૯/ધ-૨/૧૨૫૮/૯૮.—ધી સહયોગ સહકારી ગ્રાહક ભંડાર લી., મુકામ : વાઘોડિયા, તાલુકો : વાઘોડિયા, જિલ્લો : વડોદરાના નોંધણી ક્રમાંક : ભ-૩૪૫૩, તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૫ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકાર અધિકારી (ફડચા નં. ૨), લગત કાર્યાલયની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૮.

જે. જે. શાહ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નં. : નધણ / ગ-૨ / ૮૧૩ / સે-૩૦૫૭૧ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રીજી કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો: વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નં. : નધણ/ગ-૨/૮૧૪/ધ/૧૮૧૬૪/૧૯૯૮.—આથી જાહેર કરે છે કે રાજરત્ન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નં. : નધણ / ગ-૨ / ૮૩૩ / ધ-૧૮૧૬૫ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી મહીસાગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નં. : નધણ / ગ-૨ / ૮૩૫ / સેદુ-૩૦૫૭૪ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી છાણી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : છાણી, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

INDEX

નંબર નધણુ / ગ-૨ / ૮૩૬ / સે.દુ.-૩૦૫૭૨/૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી છોટાનગર (હરખાપુર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : છોટાનગર (હરખાપુર), તાલુકો : જેતપુર-પાવી, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

નંબર નધણુ / ગ-૨ / ૮૩૭ / સે.દુ.-૩૦૫૭૩ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી ટીમ્બી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ટીમ્બી, તાલુકો : પાવી-જેતપુર, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

નંબર નધણુ / ગ-૨ / ૮૩૮ / સે-૩૦૫૭૫ / ૯૮.—આથી જાહેર કરે છે કે, શ્રી હાટકેશ્વર કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૩મી જુન ૧૯૯૮ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૧૫૧/૯૮.
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ/ફ-૧૧૦૫૦/ધ-૨/૧૩૨૮/૧૯૯૮.—ધી હરીઓમ ખેતી પિયત સહકારી મંડળી લી. મુકામ મોરાંગણા (સાંકળ) તાલુકા છોટાઉદેપુર, જિલ્લા વડોદરા, નોંધણી ક્રમાંક ખે/૨૨૯૮/૭૮ તારીખ ૪થી માર્ચ ૧૯૭૮ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ-(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમીક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નંબર-૨) વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.
(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધો : શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૨ વડોદરાના જાવક નંબર ફડચ/૦૧/ફ-૨/૧૦૮/૯૮નો તારીખ ૨૬મી જુન ૧૯૯૮ નો પત્ર.

હુકમ

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨ /૧૩૩૨/સને ૧૯૯૮.—ધી ભીમપુરા ખેતી પિયત સહકારી મંડળી લી. મુકામ ભીમપુરા તાલુકો ડભોઈની નોંધણી ક્રમાંક ખે/૧૪૦૨ તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૬૬ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી વડોદરાના હુકમ નંબર ફડચ/ઉખસ/ફ-૯૧૭૮/૦૧/૭૧૨/૯૨થી તારીખ ૧૩મી મે ૧૯૯૨થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગે કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કોઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૮.

એન. ઓ. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

———

વંચાણે લીધા : શ્રી સહકારી અધિકારી ફડચા નંબર--૨ વડોદરા લગત ના જાવક નંબર ફડચ/૦૨/૫૭/૯૮ ની તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૮ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ.

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨-૧૭૭૯/થી ૧૭૮૬.—ધી વડોદરા શહેરમાં ફેરીથી ધંધો કરનારી કો. ઓ. સો. લી. મુકામ વડોદરા ની નોંધણી ક્રમાંક તારીખ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ઉખસ/ફ/૯૪૯૪/ચ-૩/૧૦૩/થી-૧૧૧ તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેના કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૮.

———

INDEX

નંબર નધણુ/ગ-૨/૯૫૦/સે-૩૦૮૪૦/૧૯૯૮:—આથી જાહેર કરે છેકે શ્રી સોખડા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સોખડા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

વડોદરા, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૪.

કે. કે. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નંબર ઉખસ/નધણ/સા-૩૦૮૭/૩/૬૭૯-૬૮૦/૧૯૯૭:— આથી જાહેર કરે છે કે, સ્વીટ ઓમ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સોસાયટી લી. સુરત મર્યાદિત સ્થળ સુરત તાડવાડી તાલુકા ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરાજ નોંધવામાં આવી છે

સુરત, તારીખ ૩જી જૂન, ૧૯૯૭.

નંબર ઉખસ/નધણ /૧૮૦૪૧/ઝ/૬૯૪-૬૯૫/સને ૧૯૯૭: આથી જાહેર કરે છે, ઈન્ડોરીજન્સી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭.

નંબર ઉખસ/નધણ/ધ-૧૮૦૪૨/ઝ/૬૯૬-૬૯૭/સને ૧૯૯૭:— આથી જાહેર કરે છે કે, ગ્રીનપાર્ક કોમ્પલેક્ષ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી, મર્યાદિત સ્થળ અડાજણ, સુરત, તાલુકો ચોર્યાસી, જિલ્લા સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

સુરત, તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭.

નંબર ઉખસ/૬૪૫૫/નધણ/સા-૩૦૮૮/ઝ/૭૦૦-૭૦૧/સને૯૭:— આથી જાહેર કરે છે કે, જયજલારામનગર કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. સુરત મર્યાદિત સ્થળ પઅરપાટીયા સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૧મી જૂન, ૧૯૯૭.

નંબર ઉખસ/૬૪૫૪/નધણ/સે/૨૯૩૪૪/ઝ/૮૦૦/૮૦૧/સને ૧૯૯૭. આથી જાહેર કરે કે, સાતોળા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ સાતોળા મર્યાદિત સ્થળ સાતોળા તાલુકો નિઝર જિલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

સુરત, તારીખ ૧૧મી જૂન, ૧૯૯૭.

વાંચ્યો :—

(૧) સહકારી અધિકારી ફડચા-૨ સુરતના તારીખ ૨૪મી જૂન ૧૯૯૭ ના પત્રથી આવેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચ / ઉખસ / ૧૩૩૧ / ખ / ૯૯૭ સને-૯૭.—ધી સુરત કામદાર રાજ્ય વીમા યોજના સ્ટાફ કન્ઝયુમર્સ સ્ટોર્સ લી. મુકામ સુરત તાલુકો ચોર્યાસી જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક નં. : ભ-૨૨૪૬ તારીખ ૧૩મી મે, ૧૯૮૨ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક : નં. ૬૫૬ / ૧૯૯૨ તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૨ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદકરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૯૭.

નંબર ઉખસ/નધણ/ધ-૧૮૦૪૫/ઝ/૧૦૧૨-૧૦૧૩/સને ૧૯૯૭:— આથી જાહેર કરે છે કે, શ્રી ભાગ્યલક્ષ્મ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સીગણપોર, સુરત તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ને ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

સુરત, તારીખ ૨૮મી જૂન ૧૯૯૭.

જે. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, MAY 3, 2001/ VAISAKHA 13, 1923 [No. 18

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B, and Part I-L

	Pages		Pages
Part I-Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	1458-1480	**Part I-B-Government Notifications** published under Land Acquisition Act only.	200—
Part I-A-Orders and Notifications, other than those published in Part IV-E) under the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.	18	**Part I-L-Notifications, Orders and Awards,** other than those published in Parts I, V-A, IV-E and IV-C under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.	9586-10195

Miscellaneous Notifications, Appointments, etc.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું .

ક્રમાંક ઉ /ગપક / એસબી/જાહેરનામુ/વશી / ૧૮ / ૨૦૦૧.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું વિનીતકુમાર ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા કલમ-૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી મે, ૨૦૦૧ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી. લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્ર ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)બી મુજબ

ક્રમાંક ઉ/ગપક/ટફક/જાહેરનામું/૮૧૦/૨૦૦૧.—સુરત શહેરમાં જોખમી રસાયણના વહન દરમ્યાન ટ્રાન્સપોર્ટ જોખમ ઉભું ન થાય અને આવા રસાયણોને વહન કરતા વાહનો સરળતાથી પસાર થઈ શકે તે માટે આવા વાહનોનો યોગ્ય રૂટ નક્કી કરવો જરૂરી જણાય છે. જેથી જાહેર જોખમ ઉભું ન થાય તે માટે હું વી. કે. ગુપ્તા, આઈ. પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ ની સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી. મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સુરત શહેરમાં જોખમ ઉભું ન થાય તે માટે નીચે દર્શાવેલ રૂટ સિવાય જોખમી રસાયણો ભરેલ ટ્રક / ટેન્કર કે અન્ય વાહન દ્વારા વહન કરવા નહિ.

રૂટ નં. ૧ નેશનલ હાઈવે પકાસાણાથી સચીન ઓવરબ્રીજ થઈ એસ. કે. નગર ચોકડી જકાતનાકા, ટોલનાકા બ્રીજ થઈ ઓ.એન.જી.સી. સર્કલ થઈ હજીરા.

રૂટ નં. ૨ ઓ.એન.જી.સી. સર્કલ થઈ સરોલી જકાતનાકા થઈ ઓલપાડ તથા રાંદેર ટાઉન થઈ સુરત.

આજ રોજ તારીખ ૨૧મી એપ્રિલ ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ--૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ. એ. જી.-પી.ઓ.એલ.-વશી.-૧૭૯૧.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુ થી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે દર્શાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ ની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ- ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ સવારના ૬--૦૦ કલાક થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ના રોજ સાંજના ૨૪--૦૦ વાગ્યા સુધી (બન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

" સમગ્ર ભરૂચ જિલ્લો "

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિ-નિયમ--૧૯૫૧ની કલમ--૩૫(૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૧માં ની કલમ--૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ-૨૨ મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર : ડીસી / બીપીએ / જાહેરનામું-૩૭ (૧) / વશી / ૨૦૦૧.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ-સ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુ થી હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૧ થી ૨જી મે, ૨૦૦૧ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ જ્વલનશીલ પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેરવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું, અથવા ટોળામાં ફરવાનું.

(૬) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કવરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની,

વિસ્તાર :—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર:—ફકત ઉપવાસીઓ માટે ચ-૫, સેકટર-૧૭, અને સેકટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

અપવાદ :—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશકિત છે તેવા કારણોસર લાકડી / સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહીં.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૧ ના રોજ મારી સહી-સિક્કા કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨ માં) ના કલમ ૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર . ડીસી / બપાએ / જાહેરનામું ૩૭ (૩) / વશી / ૨૦૦૧.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાને, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ. ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મારી સત્તાની રૂઈએ હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧૮મી એપ્રિલ ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી મે, ૨૦૦૧ કલાક ૨૪-૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૨) ફરજ પર હોય તેવા ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર .—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા સિવાયનો વિસ્તાર.

INDEX

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર.—ફકત ઉપવાસીઓ માટે ચ-૫, સેક્ટર-૧૭, અને સેક્ટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૮મી એપ્રિલ ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (૨૨માંની) કલમ-૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/૧૫૬૦૩/૨૦૦૧.—પાટણ જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર, મહેસાણા ખાતે ફાયરીંગ બટના સ્થળે નિયત બટ ઉપર પાટણ જિલ્લાના પોલીસ કર્મચારીઓની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ તારીખ ૨૩મી એપ્રિલ ૨૦૦૧ થી તારીખ ૩૦મી એપ્રિલ ૨૦૦૧ સુધી યોજવાનું નક્કી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૭(૪)થી મને મળેલ સત્તાની રુઈએ મહેસાણા ખાતે પોલીસ હેડક્વાટરના ફાયરીંગ બટના નિયત સ્થળ વિસ્તાર અને તેની આજુબાજુના ૧૫૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં તારીખ ૨૩મી એપ્રિલ ૨૦૦૧ થી ૩૦મી એપ્રિલ ૨૦૦૧ના સવારના ૬-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી સાવચેતીના પગલાં રુપે માણસો તથા ઢોરઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી એપ્રીલ ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part-I. should be *read* to have been published in Issue No. 18 *Gujarat Government Gazette*, Part-I, dated 3rd May, 2001 and for pages VAD-691 to VAD-709 (in 1 set) *read* page No. 1462 to 1480.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજપત્ર, ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે તારીખ ૩જી મે ૨૦૦૧ના ગુજરાત રાજપત્ર ભાગ-૧ના અંક ૧૮ માં પ્રસિધ્ધ થયેલ છે તેમ વાંચવું. અને પાના વીએડી-૬૯૧ થી વીએડી-૭૦૯ (૧-બંચમાં) ને પાન નંબર ૧૪૬૨ થી ૧૪૮૦ વાંચવા.

Vadodara, 3rd May, 2001.

J. A. SHAH,
Manager,
Government Press and Stationery Department,
Vadodara.

INDEX

જિલ્લા સહકારી મંડળીઓ દ્વારા

નં. : નધણ / ગ-૨ / ૭૫૮ / સે-૩૦૫૬૪ / ૯૮.—આથી જાહેર કરે છે કે, ધી આદર્શ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ : કરજણ, તાલુકો : કરજણ, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮.

— — —

નં. : નધણ / ગ-૨ / ૭૬૫ / સે-૩૦૫૬૨ / ૯૮.—આથી જાહેર કરે છે કે, ભાટપુર વિભાગ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદે (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૮.

—

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨, વડોદરાના જા. નં. : ફડચ / ૦૨ / ૯૧ / ૯૮, તારીખ ૨૫મી મે, ૧૯૯૮ નો પત્ર

હુકમ

જા. નં. : ફડચ / ૦૧ / ધ-૨ / ૧૨૯૧ સને ૧૯૯૮.—ધી ચાંદપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ચાંદપુર, તાલુકો : સંખેડાની નોંધણી ક્રમાંક : ઓફ / ૨૧૫૫૪, તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૬ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, વડોદર ના હુકમ નંબર : ફડચ / ઉખસ / ફ-૯૭૯૭ / ધ-૨ / ૧૦૪૩-૧૦૫૦ /૯૬ તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪-(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથ સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

— — —

નંબર નધણ / ગ-૨ / ૭૯૭-સે. દુ./૩૦૫૬૫ / ૯૮.—આથી જાહેર કરે છે કે, વડીવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : વડીવાડા તાલુકો જેતપુર પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮.

— — —

નંબર નધણ / ગ-૨ / ૭૯૮ / સે. દુ. ૩૦૫૬૭ / ૯૮.—આથી જાહેર કરે છે કે, ગરોલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : ગરોલ તાલુકો સંખેડા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮.

— — —

નંબર નધણ / ગ ૨ / ૭૯૯ / સે.દુ. ૩૦૫૬૬ / ૯૮.—આથી જાહેર કરે છે કે ભાથુજીનગર ગૃપ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ ભાથુજીનગર તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૧૯૯૮.

— — —

નં. નધણ / ગ-૨ / ૮૦૦ / સે.દુ.-૩૦૫૬૫ / ૯૮.—આથી જાહેર કરે છે કે, આંકડીયાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આંકડીયાપુરા, તાલુકો : વાઘોડીયા, જિલ્લો : વડોદરા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

— — —

નં. નધણ / ગ-૨ / ૮૦૩ / સે-૩૦૫૬૮ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી ક્વાંટ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., મર્યાદિત સ્થળ : ક્વાંટ, તાલુકો : ક્વાંટ, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

— — —

નં. નધણ / ગ-૨ / ૮૧૧ / સે-૩૦૫૬૯ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી અદીતી કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

— — —

નં. નધણ / ગ-૨ / સે-૩૦૫૭૦/૮૧૨ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી ગણાધીશ ટાવર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

— — —

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૭ના હુકમ ક્રમાંક ફડચ/ ૦૧/ ધ-૨/ ૯૭૭–૯૮૨/૯૭.—

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ / ફ-૧૧૭૭૬ / ધ-૨ / ૧૩૩૪ / ૯૮.— ધી દાલફેક્ટ એન્જીનીયર્સ કામદાર સહકારી ક્રેડીટ મંડળી લી. વડોદરા, નોંધણી ક્રમાંક ૨૦૨૬૪/૮૩ તારીખ ૩ જી જુન ૧૯૬૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા–સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય આમુખ (૨) માં જણાવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન–૧૫માં મેળવી લઈ, મંડળીના દેવાં–લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સહકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૫મી મે, ૧૯૯૮ના હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ધ-૨ / ૧૦૭૩/૯૮.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ / ફ –૧૧૭૭૭ / ધ-૨ / ૧૩૩૫ / ૯૮.— ધી માતોરા ગ્રામ સ્વરાજ સહકારી મંડળી લી. મુકામ માતોરા, તાલુકા નસવાડી જિલ્લો વડોદરા નોંધણી ક્રમાંક ૧૫૭૦૪ તારીખ ૩૦ મી જુલાઈ, ૧૯૫૯ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ગ) (૧) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા–સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન–૧૫માં મેળવી લઈ મંડળીના દેવા–લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૮૪૩ / સે-૩૦૫૭૬ / ૯૮.— આથી જાહેર કરે છે કે, શ્રી પાદરા તાલુકા સહ ખરીદ વેચાણ સંઘ લી. મર્યાદિત સ્થળ પાદરા, તાલુકા પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૯મી સપ્ટેમ્બર. ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૮૭૦ / –ભં-૪૫૦૮/૯૮.— આથી જાહેર કરે છે કે, શ્રી રંગ કન્ઝુમર્સ કો. ઓપ. સોસાયટી મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકા વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૩ મી ઓકટોબર ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૮૭૧ / સે–૩૦૫૭૮/૯૮.— આથી જાહેર કરે છે કે સંખેડા તાલુકા ફળ અને શાક-ભાજી ઉત્પાદન ખરીદ–વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બોડેલી તાલુકા સંખેડા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૪ મી ઓકટોબર ૧૯૯૮.

નંબર નધણુ / ગ ૨ / ૮૯૪ / સે ૩૦૫૭૯/૯૮.— આથી જાહેર કરે છે કે, શ્રી જંબુસર પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કારેલીબાગ, હરણી રોડ વડોદરા, તાલુકા વડોદરા જિલ્લે વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૮.

INDEX

નંબર નધણુ / ગ-૨ / ૯૦૭ / ધ/૧૮૬૭૧/૯૮.— આથી જાહેર કરે છે કે અમરકુંજ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિભાગ-૧, મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૯૦૮ / ધ / ૧૮૬૭૨ / ૯૮.— આથી જાહેર કરે છે કે, અમરકુંજ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિભાગ-૨, મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૯૦૯ / ધ-૧૮૬૭૩ / ૯૮.— આથી જાહેર કરે છે કે, અમરદીપ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકા વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ / ગ.૨ / ૯૧૦ / સે ૩૦૮૩૫ / ૯૮.— આથી જાહેર કરે છે કે, ધી કનકપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી સર્વિસ લી., મર્યાદિત સ્થળ કરજણ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

નંબર નધણુ / ગ-૨ / ૯૧૧ / સે ૩૦૮૩૬ /૯૮.— આથી જાહેર કરે છે કે, નેશનલ પ્લાઝા કો. ઓપ. મેન્ટેનન્સ સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :—

(૧) અમરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વડોદરાના તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૭ ના પત્રથી રજુ થયેલ દરખાસ્ત તથા તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૭ની સાધારણ ઠરાવ નં. ૭.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯ અને ૧૭ ની જોગવાઈઓ.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રાંક : ધરમ / ૦૧ / છ / ૨૫૮૦ તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૮.

(૪) નાયબ સચિવશ્રી (અપીલ), કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશ ક્રમાંક : જીસીએસ / ૨૨૯૮ / ૧૨૩ / છ, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૯૮.

પ્રસ્તાવના

ક્રમાંક નધણુ / ગ-૨ / ૯૦૬ / સને ૧૯૯૮.—અમરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ધ/૭૦૩૨, તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૭૮ થી નોંધવામાં આવેલ હતી.

મંડળીને કલેકટરશ્રી, વડોદરા તરફથી પ્રથમ તારીખ ૩જી માર્ચ, ૧૯૮૦ ના રોજ ગૃહનિર્માણ મંડળીને આપવા અનામત રાખેલ જમીનમાંથી જમીન ફાળવવામાં આવેલ. જે જમીન સભ્યો માટે અપૂરતી જણાતા કલેકટરશ્રી પાસે બીજી જમીનની માંગણી કરતાં તારીખ ૭મી જુલાઈ, ૧૯૮૪ ના રોજ કલેકટરશ્રીએ મંડળીને વધારાની જમીન ફાળવી આપેલ. પરંતુ સ્થળ ઉપર કબજો લેવા જતા સવાલવાળી જમીન સ્લમ ક્લીયરન્સ બોર્ડને સુપ્રત થયેલી, જણાતાં મંડળી તરફથી મોજે ગામ માંજલપુરના સર્વે નં. ૪૮૯ ૪૯૦/૧, ૪૯૦/૨ અને ૪૯૨ વાળી જમીનની માંગણી કરતાં સરકારશ્રીના મહેસુલ વિભાગે તેની મંજુરી આપતાં તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૨ ના રોજ મંડળીની તરફેણમાં જમીન ખરીદીને દસ્તાવેજ કરવામાં આવેલ. સવાલવાળી જમીન બાબતે કલેકટરશ્રી તરફથી તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૨ ના રોજ બીનખેતીની મંજુર મળતાં તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા તરફથી બાંધકામની મંજુરી મળતાં બાંધકામ પુર્ણ કરવામાં આવેલ.તે દરમ્યાન કલેકટરશ્રી તરફથી બીજી ૨,૩૫૦ ચો. મી. જમીન મળતાં તે જમીન ઉપર બાંધકામ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલ. મંડળીની જમીનો વચ્ચે ૫ થી ૬ કિ. મી. નું અંતર છે. જુદી જુદી જમીન સાથે જુદા જુદા પ્રશ્નો સંકળાયેલા હોવાથી ૪૦૦ સભ્યોની મંડળીનું સંચાલન કરવાની તકલીફ પડતી હોઈ દરેક ગૃપ વહીવટમાં પોતાનું પ્રતિનિધિત્વ ઈચ્છતું હોઈ બધાનો એકજ કમીટીમાં સમાવેશ કરવો શક્ય ના હોવાથી તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૭ ની સામાન્ય સભાએ મંડળીનું વિભાજન કરવા સર્વાનુમતે ઠરાવ પસાર કરેલ અને વિભાજનની સમીક્ષા તારીખ ૨૫મી મે, ૧૯૯૭ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૨ હેઠળ કરવામાં આવ્યાની વિગતો રજુ કરવામાં આવેલી છે.

મંડળીએ તારીખ ૩૦મી જુન, ૧૯૯૭ ની સ્થિતિ મુજબ વિભાજનના કામે વિભાજિત અને એકત્રિત હિસાબી પત્રકો રજુ કરેલા છે. મંડળીમાં ૪૦૦ સભ્યો છે. જે તમામએ જે તે વિભાગમાં રહેવા સંમતિપત્રો રજુ કરેલા તેની નકલો રજુ કરેલી છે. તારીખ ૩૦મી જુન, ૧૯૯૭ ના અંતિમ હિસાબી પત્રકો અનુસાર વિભાગવાર દર્શાવેલ ખોટને વહીવટી ફાળા દ્વારા સરભર કરવા જણાવેલ છે. મંડળીએ અન્ય કોઈ સંસ્થા પાસેથી લોન મેળવેલ નથી.

INDEX

રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ક્રમાંક ધરમ/૦૧/છ/૨૫૮૦, તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૮ ના પત્રથી વિભાજનની દરખાસ્ત પત્રમાં જણાવેલ બાબતે નામંજુર કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર મંડળીએ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના રોજ રીવીઝન રજિ. નં. ૧૨૩/૯૮ સરકારશ્રીમાં દાખલ કરેલ છે. જેની સુનાવણી તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૮ ના રોજ રાખવામાં આવેલ. જેના હુકમની નકલ અત્રે મોકલવામાં આવેલ છે. જેમાં રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વિભાજનની દરખાસ્તને નામંજુર કરતાં તારીખ ૧૦મી જુલાઈ. ૧૯૯૮ ના પત્રને રદ કરી મંડળીના નામાધિનિધાન સાથે વિભાજનને મંજુરી આપવામાં આવેલ.

આમ ઉપરોકત વિગતે ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૭ હેઠળની માંગણીને આથી સદર બાબતે સંદર્ભ ૬ હેઠળ સરકારશ્રીના હુકમને અનુલક્ષીને નીચે મુજબ નિર્ણય લેવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ થી કલમ-૯ અને ૧૭ હેઠળ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાને પ્રાપ્ત અધિકારની રૂએ અમરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વડોદરા જેના નોંધણી ક્રમાંક ધ/૭૦૩૨, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૭૮ થી નોંધાયેલ. તેની તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૭ ની વાર્ષિક સાધારણ સભાએ ઠરાવ્યા મુજબના વિભાજનને નીચે દર્શાવેલ વિગતે આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) અમરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિભાગ-૧, મોજે સૈયદ-વાસણા, વડોદરા સર્વે નંબર ૧૭૩, જમીન ૪,૦૨૫ ચો. મી. સભ્ય સંખ્યા-૨૦.

(૨) અમરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. વિભાગ-૨, મોજે માંજલપુર, વડોદરા સર્વે નંબર ૪૮૯, ૪૯૦/૧, ૪૯૦/૨-બ અને ૪૯૨ વાળી કુલ જમીન ૪૭,૪૪૯ ચો. મી. સભ્ય સંખ્યા-૩૨૫.

(૩) અમરદીપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મોજે : સૈયદ-વાસણા, વડોદરા સર્વે નંબર-૧૭૩ પૈકી ૨,૩૫૦ ચો. મી. જમીન સભ્ય સંખ્યા-૫૫.

ઉપરોકત વિભાજનથી અસ્તિત્વમાં આવેલી નવી મંડળીઓએ આ સાથે સામેલ રાખેલ મંજુર કરેલા અદ્યતન પેટા નિયમો તેમજ સાથે સામેલ કરાવેલ જે તે વિભાગના સભ્યોની યાદી તથા દેવા-પુંજીના પત્રકોને અનુલક્ષીને તે મુજબ નવા નામથી પોતાનું કામકાજ કરી શકશે તથા ઉપરોકત ઠરાવ્યા મુજબ દેવા-પુંજી, મિલકત લેણાં વિભાજન થયા મુજબની જવાબદારીઓ અને હક્કોનું [illegible] મંડળીઓ ગુજરાત સહકારી મંડળી [illegible] (૧) અન્વયે નીચે જણાવ્યા મુજબના નામ સામે જણાવેલ નોંધણી ક્રમાંક : હેઠળ નોંધાયેલી ગણાશે.

અમરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વડોદરા નોંધણી ક્રમાંક : ધ/૭૦૩૨, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૭૮ ની નોંધણી ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૨૦ હેઠળ આથી રદ કરવામાં આવે છે અને કલમ ૯ મુજબ નીચે મુજબની વિગતે ત્રણ મંડળીની નોંધણી કરવામાં આવે છે.

આનુ. નંબર	નામ	નોંધણી ક્રમાંક
૧	અમરકુંજ કો ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વિભાગ –૧ મોજે સૈયદ વાસણા, વડોદરા સર્વે નં.૧૭૩, જમીન ૪૦૨૫ ચો. મી સભ્ય સંખ્યા ૨૦	ધ/૧૮૬૭૧
૨	અમરકુંજ કો ઓપ-હાઉસીંગ સોસાયટી લી. વિભાગ –૨ મોજે : માંજલપુર, વડોદરા સર્વે નં. ૪૮૯, ૪૯૦/૧, ૪૯૦/૨-બ અને ૪૯૨ વાળી કુલ જમીન ૪૭,૪૪૯ ચો.મી. સભ્ય સંખ્યા ૩૨૫.	ધ/૧૮૬૭૨
૩	અમરદીપ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મોજે : સૈયદવાસણા,વડોદરા સર્વે નં. ૧૭૩ પૈકી ૨,૩૫૦ ચો. મી. જમીન, સભ્ય સંખ્યા ૫૫.	ધ/૧૮૬૭૩

ઉપરોકત મંડળીઓ ભાડુતોની માલિકી પધ્ધતિની યોજના હેઠળ નોંધવામાં આવેલ છે.

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૮.

નં. નધણુ / ગ-૨ / ૯૨૪ / ઉ ૧૧૪૧૩ / ૯૮.—આથી જાહેર કરે છે કે જય માતંગી મજુર બાંધકામ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૮.

નં. નધણુ / ગ-૨ / ૯૨૭ / સે ૩૦૮૩૭ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી રામ વે પ્લાઝા કો ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૮.

નં. નધણુ / ગ-૨ / ૯૨૮ / સે ૩૦૮૩૮ / ૯૮.—આથી જાહેર કરે છે કે ધી મર્કેન્ટાઈલ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચેરી ક્રમાંક : ફડચ-૦૧-૧૧-૯૮ ની તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૮ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચા/૦૧/ધ-૨-૧૭૩૭ થી-૧૭૪૪ સને ૧૯૯૮:—ધી ગણેશપુરા નાના સીમાંત ખેડુતોની પિયત સહકારી મંડળી લી. મુકામ ગણેશપુરા ની નોંધણી ક્રમાંક : ૨૪૦૬ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૮૦ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર : ફડચ / ફ/૮૯૦૦/૦૧/ધ-૨/ ૧૫૯૬ / ૮૦, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૦ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૯મી ઓગષ્ટ ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૨૪૭/૯૮ નો વચગાળાનો હુકમ.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ.

જાવક નંબર ફડચ/ફ-૧૧૭૭૮/ધ-૨/૧૭૪૭ થી ૧૭૫૪:—ધી માંકણી શાકભાજી અને ફળફળાદી સહકારી મંડળી લી માંકણી તાલુકો સંખેડા નોંધણી ક્રમાંક સે-૨૧૧૩૩ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૮૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એકમાસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી (૩) (ત્રણ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૮ ના હુકમ ક્રમાક ફડચ/૦૧/ધ-૨/૧૨૦૧/૯૮ નો વચગાળાનો હુકમ.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ.

જાવક નંબર ફડચ/ફ-૧૧૭૭૯/ધ-૨/૧૭૫૫ થી ૧૭૬૨:—ધી નમીસરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી નમીસરા તાલુકા સાવલી નોંધણી ક્રમાંક સે-૨૦૭૯૧ તારીખ ૫મી મે ૧૯૮૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય આમુખ (૨) માં જણાવેલ ૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં. ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ (૩) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી સરકારી લોન વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૮

એન. એ. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

———

નંબર નધણ/ગ-૨/૯૪૧/સે/૩૦૮૩૯/૧૯૯૮:—આથી જાહેર કરે છે કે શ્રી જનશક્તિ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ મર્યાદિત રશળ દશરથ, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૭મી ડિસેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ ની કલમ ૮૧ ની જોગવાઈ.

(૨) અત્રેના જાવક નંબર વહટ/૦૧/૧૯૩/૧૭૬૮ તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૮ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૮ ના રોજ થયેલ હીયરીંગના કાર્યવાહીની નોંધ.

જાવક નંબર વહટ/૦૧/૧૯૩/૧૭૩૪/૧૯૯૮:—સજવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સજવા તાલુકા જેતપુર પાવી જિલ્લા વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

INDEX

બરોડા ડેરી તરફથી તેમજ મંડળીના કારોબારીના સભ્યો તથા સભાસદોની સહી સાથે આવેલ પત્રો ધ્યાને લેતાં સદર મંડળીમાં વહીવટદાર તરીકે બરોડા ડેરીની નિમણુંક કરવા અત્રે ભલામણ થઈ આવેલ છે. મંડળીમાં નીચે જણાવેલ ક્ષતિઓ અને ગેર રીતીઓ હોવાની રજુઆત થયેલ છે જેથી આ અંગે અત્રેથી સદર મંડળીને વહીવટ હેઠળ લેવા માટે સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદાર નિમણુંકનો હુકમ કરવામાં આવે છે.

(૧) મંડળીના મંત્રીશ્રીના ગેર વહીવટને કારણે મંડળીના પ્રમુખને આઘાત લાગતાં તેઓનું અવસાન થતાં મંડળીનું કામકાજ બંધ થયેલ છે.
(૨) મંડળીના મંત્રીશ્રી રસીકભાઈ મસુભાઈના ગેર વહીવટ બાબત
(૩) મંડળીના મંત્રીશ્રીએ મંડળીને નાણાંકીય નુકસાનમાં ઉતારેલ છે સભાસદોને નામે ખોટા નાણાં ધીરેલ છે.
(૪) મંડળીના ૭૩ સભાસદોની બાકી રકમ રૂા. ૫૦૨૫૨ છે.
(૫) મંડળીના કમિટી સભ્યો વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેલા ન હતાં અને હિસાબો વાર્ષિક સામાન્ય સભામાં રજુ કર્યા નથી અને સહકારી કાયદાની કલમ ૭૩૮ જોગવાઈનો ભંગ કરેલ છે.
(૬) મંડળીના મંત્રીશ્રી સભ્યોના કુલ પેમેન્ટ નિયમિત રીતે ચૂકવણી કરતા નથી.
(૭) મંડળીના વહીવટી ગેર વ્યવસ્થાને કારણે સભ્યોને દુરના ગામોમાં દૂધ ભરવા જવું પડે છે આમ મંડળીના ગેરવહીવટને કારણે મંડળીનો વહિવટ સહકારી ધોરણે થતો નથી અને સભ્યોને મુશ્કેલીઓનો ભોગ બનવું પડેલ છે.
(૮) મંડળીના મંત્રીશ્રી એક હથ્થુ શાસન ચલાવે છે અને વહીવટ સહકારી ધોરણે ચાલતો નથી.
(૯) મંડળીના નાણાંકીય ઉચાપત ગોટાળા અને ગેર વહીવટને પરિણામે મંડળીના આર્થિક હિતોને નુકસાન કરેલ છે.

આમ મંત્રીશ્રી દ્વારા વધુને વધુ નાંણાંકીય ગેરરીતીઓ થતી હોવાથી મંડળીનો વહીવટ પ્રમુખ તથા કમીટી સભ્યો ચલાવી શકે તેમ ન હોવાથી દૂધ ઉત્પાદકોનું હિત જળવાય તે માટે વડોદરા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘને નિમણુંક વહીવટદાર તરીકે નિમણુંક કરવા માટે પણ વડોદરા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ તરફથી અત્રે ભલામણ થઈ આવેલ છે.

ઉપરોકત સંજોગોમાં સદર સાજવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના ચાલુ વર્ષના વ્યવસ્થા કમીટીના સભ્યોને બરતરફ કરી કલમ-૮૧ હેઠળ વહીવટદાર નિમણુંક કરવા સંબંધે અત્રેની નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી સાજવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ સાજવા તાલુકો પાવીજેતપુર જિલ્લા વડોદરાની ચાલુ વર્ષની વ્યવસ્થાપક કમીટીની સભ્યોને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મુકામ વડોદરાની નિમણુંક અત્રેથી કરવામાં આવે છે વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નો વહીવટદાર તરીકે મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી નીચે જણાવેલ શરતોને આધિન રહી નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબેરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ ચાલુ રાબેતા મુજબ મંડળીના ભંડોળ માંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી દપ્તરો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.
(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.
(૪) વહીવટદારશ્રીએ મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના તમામ હિતમાં કામગીરી કરવાની રહેશે.
(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ/ફ/૧૧૭૮૦/ધ ૨/૧૭૮૮ થી ૧૭૯૫૯-૯૮.-ધી નિરજલ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા સહકારી મંડળી લી વડોદરા નોંધણી ક્રમાંક ૧૪૫૭૭ ક્રમાંક તારીખ ૬ ઠ્ઠી એપ્રિલ ૧૯૯૨થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી, ઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (બી) (સી)(૧ (૨) (૪) ૨,૩ અન્વયે આમુખ ૧મી જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે રજુઆત કરવામાં આવેલ નહોય આમુખ (૨)માં જણાવેલ કલમ ૧૦૭(૩)અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા, નંબર ૩, વડોદરા ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદ્દતમાં પૂર્ણ કરવાની રહેશે.
(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન ૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળી સાવલીનો તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ નો વહીવટી અહેવાલ.
(૨) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, વડોદરાનો તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૮ નો ભલામણ પત્ર
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૧ અને ૧૦૮ ની જોગવાઈઓ.

INDEX

બરોડા ડેરી તરફથી તેમજ મંડળીના કારોબારીના સભ્યો તથા સભાસદોની સહી સાથે આવેલ પત્રો ધ્યાને લેતાં સદર મંડળીમાં વહીવટદાર તરીકે બરોડા ડેરીની નિમણુંક કરવા અત્રે ભલામણ થઈ આવેલ છે. મંડળીમાં નીચે જણાવેલ ક્ષતિઓ અને ગેર રીતીઓ હોવાની રજુઆત થયેલ છે જેથી આ અંગે અત્રેથી સદર મંડળીને વહીવટ હેઠળ લેવા માટે સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદાર નિમણુંકનો હુકમ કરવામાં આવે છે.

(૧) મંડળીના મંત્રીશ્રીના ગેર વહીવટને કારણે મંડળીના પ્રમુખને આઘાત લાગતાં તેઓનું અવસાન થતાં મંડળીનું કામકાજ બંધ થયેલ છે.
(૨) મંડળીના મંત્રીશ્રી રસીકભાઈ મસુભાઈના ગેર વહીવટ બાબત
(૩) મંડળીના મંત્રીશ્રીએ મંડળીને નાણાંકીય નુકસાનમાં ઉતારેલ છે સભાસદોને નામે ખોટા નાણાં ધીરેલ છે.
(૪) મંડળીના ૭૩ સભાસદોની બાકી રકમ રૂા. ૫૦૨૫૨ છે.
(૫) મંડળીના કમિટી સભ્યો વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેલા ન હતાં અને હિસાબો વાર્ષિક સામાન્ય સભામાં રજુ કર્યા નથી અને સહકારી કાયદાની કલમ ૭૭૮ જોગવાઈનો ભંગ કરેલ છે.
(૬) મંડળીના મંત્રીશ્રી સભ્યોના કુલ પેમેન્ટ નિયમિત રીતે ચૂકવણી કરતા નથી.
(૭) મંડળીના વહીવટી ગેર વ્યવસ્થાને કારણે સભ્યોને દુરના ગામોમાં દૂધ ભરવા જવું પડે છે આમ મંડળીના ગેરવહીવટને કારણે મંડળીનો વહિવટ સહકારી ધોરણે થતો નથી અને સભ્યોને મુશ્કેલીઓનો ભોગ બનવું પડેલ છે.
(૮) મંડળીના મંત્રીશ્રી એક હથ્થુ શાસન ચલાવે છે અને વહીવટ સહકારી ધોરણે ચાલતો નથી.
(૯) મંડળીના નાણાંકીય ઉચાપત ગોટાળા અને ગેર વહીવટને પરિણામે મંડળીના આર્થિક હિતોને નુકસાન કરેલ છે.

આમ મંત્રીશ્રી દ્વારા વધુને વધુ નાંણાંકીય ગેરરીતીઓ થતી હોવાથી મંડળીનો વહીવટ પ્રમુખ તથા કમીટી સભ્યો ચલાવી શકે તેમ ન હોવાથી દૂધ ઉત્પાદકોનું હિત જળવાય તે માટે વડોદરા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘને નિમણુંક વહીવટદાર તરીકે નિમણુંક કરવા માટે પણ વડોદરા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ તરફથી અત્રે ભલામણ થઈ આવેલ છે.

ઉપરોકત સંજોગોમાં સદર સાજવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના ચાલુ વર્ષના વ્યવસ્થા કમીટીના સભ્યોને બરતરફ કરી કલમ-૮૧ હેઠળ વહીવટદાર નિમણુંક કરવા સંબંધે અત્રેની નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી સાજવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ સાજવા તાલુકો પાવીજેતપુર જિલ્લા વડોદરાની ચાલુ વર્ષની વ્યવસ્થાપક કમીટીની સભ્યોને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મુકામ વડોદરાની નિમણુંક અત્રેથી કરવામાં આવે છે વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નો વહીવટદાર તરીકે મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી નીચે જણાવેલ શરતોને આધિન રહી નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબેરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ ચાલુ રાબેતા મુજબ મંડળીના ભંડોળ માંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી દફતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.
(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.
(૪) વહીવટદારશ્રીએ મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના તમામ હિતમાં કામગીરી કરવાની રહેશે.
(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨, તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ/ફ/૧૧૭૮૦/ધ ૨/૧૭૮૮ થી ૧૯૯૫૯-૯૮.-ધી નિરજલ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા સહકારી મંડળી લી વડોદરા નોંધણી ક્રમાંક ૧૪૫૭૭ ક્રમાંક તારીખ ૬ ઠ્ઠી એપ્રિલ ૧૯૯૨થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી, ઓના કાયદાની કલમ ૧૯૭ (૧) (બી) (સી)(૧ (૨) (૪) ૨,૩ અન્વયે આમુખ ૧મી જાણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે રજુઆત કરવામાં આવેલ નહોય આમુખ (૨)માં જણાવેલ કલમ ૧૦૭(૩)અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા, નંબર ૩, વડોદરા ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદ્દતમાં પૂર્ણ કરવાની રહેશે.
(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન ૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળી સાવલીનો તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૮ નો વહીવટી અહેવાલ.
(૨) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, વડોદરાનો તારીખ ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૮ નો ભલામણ પત્ર
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૧ અને ૧૦૮ ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ-૦૧-ધ ૨-૧૮૧૯ થી ૧૮૨૫/૧૯૯૮.—ધી વેરાઈમાતા સીમાંત ખેડૂતોની સહકારી ખેતી પિયત મંડળી લી મુકામ પોસ્ટ વાસણા કોનરીયા તાલુકા વડોદરા જિલ્લો વડોદરા નોંધણી નંબર ખે-૨૬૩૪ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૮૬ થી નોંધાયેલ અને જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીનું ઓડીટ તારીખ ૧લી ફેબ્રુઆરી ૧૯૯૬ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ સુધીના સમયનું ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ સાવલીએ હાથધરી પુર્ણ થયેલ છે. સદરહું ઓડીટ દરમ્યાન મજકુર મંડળી છેલ્લા આશરે બે ત્રણ વર્ષથી પેટા નિયમ મુજબની કામગીરી કરતી નથી. તેમજ ઉદેશો પ્રમાણેની કોઈ કામગીરી કરતી નથી વખતો વખત હિસાબોની તપાસણી થવામાં હોઈ છતાં તપાસણી અહેવાલોની દુરસ્તી કરવામાં આવતી નથી વાર્ષિક સામાન્ય સભા તેમજ વ્યવસ્થાપક કમીટીની મીટીંગો બોલાવવામાં આવતી નથી જે કારણોસર આમુખ (૧) માં જણાવેલ વહીવટી અહેવાલ થયેલ છે જે તે જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી વડોદરાએ અભિપ્રાય આપેલો છે.

સબબ ઉપરોકત વિગતે મજકુર મંડળીને આમુખ(૩) માં જણાવેલ જોગવાઈઓને આધીન નીચે મુજબના હુકમ કરવામાં આવે છે

પ્રાથમિક હુકમ

હું શ્રી કે કે. મકવાણા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વડોદરા મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (૩) (ગ) (૨) (૪) હેઠળ સત્તાની રૂએ મજકુર મંડળી વેરાઈમાતા સીમાંત ખેડૂતોની સહકારી ખેતી પિયત મંડળી લી મુકામ પોસ્ટ વાસણા કોતરીયા તાલુકા જિલ્લા વડોદરાને આથી પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂ છું.

મજકુર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરા લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ સામે જે કોઈ વાંધા અથવા હરકત હોય તો તે અત્રે માસ-૧માં લેખીત યા મૌખિક રજુઆત કરવાની રહેશે અન્યથા હુકમને કાયમ કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા : શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨. વડોદરા લગત કચેરી ફડચ-૦૨-૧૭૨-૯૮ ની તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮ ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જાવક નંબર ફડચા/૦૧/ધ ૨/૧૮૩૫થી ૧૮૪૨/૧૯૯૮.—ધી પરથમપુરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. પરથમપુરા, મુકામ પરથમપુરાની નોંધણી ક્રમાંક સે ૨૦૭૮૪ તારીખ ૨૭મી એપ્રિલ ૧૯૮૪ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૦૪૬/ધ ૨/૧૧૪૭/૯૮ તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા :
(૧) આ કચેરીના તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૨૦૦/૯૮/૧૯૯
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩)ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જાવક નંબર ફડચ/ફ-૧૧૭૮૧/ધ-૨/૧૮૭૭ થી ૧૮૮૪/૧૯૯૮.—શ્રી દંતેશ્વર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. દંતેશ્વર તાલુકા જિલ્લા વડોદરા નોંધણી નંબર ૧૭૪૪૭, તારીખ ૮મી મે ૧૯૫૨થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (૬) (ગ) (૨) (૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાંવેલ કલમ ૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩)ફડચા અધિકારીએ સદરહું મંડળીના હવાલો દિન ૧૫માં મેળવી લઈ મંડળીના દેવા લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા : શ્રી સહકારી અધિકારી ફડચા ૨ વડોદરા લગત કચેરી જાવક ફડચ/૦૧/ફ-૨/૯૭/૧૯૮ ની દરખાસ્ત તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૮ ની નોંધણી રદની દરખાસ્ત.

જાવક નંબર ફડચા/૦૧/ધ-૨/૧૮૮૫-૧૮૯૨/૧૯૯૮.—ધી શ્રી જીમેની પિયત સહકારી મંડળી લી મુકામ એકારી ના. પાદરા ની નોંધણી ક્રમાંક મે ૩૦૪૫ તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૦ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા હુકમ નંબર ફડચ/ઉખાસ/૯૭૯૫-ધ-૨/૧૦૨૯ થી ૧૦૩૪-૧૯૯૬ તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી પુર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના

INDEX

ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચેરી જા. નં. : ફડચ-૦૧-૬૪૨-૯૭ ની તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૭ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. : ફડચા / ૦૧ / ધ-૨-૧૯૯૩ થી ૧૯૦૦-સને ૧૯૯૮.—ધી પીપલસર સીમાંત નાના ખેડૂતોની ખેતી પિયત સહકારી મંડળી લી., મુકામ : પીપલસર, ની નોંધણી ક્રમાંક : સે-૨૪૦૭, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૦ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર : ફડચ / ફ/૮૫૬૬-૦૧-ચ-૧-૪૬૮૪-૮૮ તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૮૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૮.

———

નં. : નધણ / ગ-૨ / ૯૫૯ / ધ-૧૮૬૭૪ / ૯૮.—આથી જાહેર કરે છે કે શ્રી હરી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : વડોદરા, તાલુકો : વડોદરા, જિલ્લો : વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૮ ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૩૨૭ / ૯૮.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ / ફ / ૧૧૭૮૨ / ધ-૨ / ૧૯૦૯ / ૯૮.—ધી સ્વામીનારાયણ કો-ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી. મુકામ પીલોલ, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા નોંધણી ક્રમાંક : ધ-૧૧૧૩૨, તારીખ ૧૯મી માર્ચ, ૧૯૮૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

૨. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

૩. ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવાં-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણું, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

———

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૭મી ઓકટોબર ૧૯૯૮ ના હુકમ ક્રમાંક : ફડચ-૦૧-ધ-૨-૧૩૭૯-૯૮

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. : ફડચ / ફ-૧૧૭૮૩ / ધ-૨ / ૧૯૧૭ / ૯૮.—ધી માલપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. માલપુરી તાલુકો : સંખેડા જિલ્લો : વડોદરા નોંધણી ક્રમાંક : સે-૧૭૭૩૪ તારીખ ૬ઠ્ઠી મે ૧૯૫૫ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજૂઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતા છતાં તે પરત્વે કોઈ રજૂઆત કરવામાં આવેલ ન હોય આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે

(૨) ફડચા અધિકારીઓ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીઓ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫ માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી. સરકારી લોન વ્યાજ દંડનીય વ્યાજ શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૮.

કે. કે. મકવાણા,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, વડોદરા.

———

INDEX

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી ધી સાતરડા ગ્રુપ સહકારી મંડળી લી.) (ફડચામાં) સાતરડા તાલુકો માલપુરનો તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૮ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૯૨૮૮/૦૧/ગ/૧૪૮૨/૧૯૯૯.— ધી સાતરડા ગ્રુપ સેવા સહકારી મંડળી લી સાતરડા લી. મુકામ સાતરડા તાલુકા માલપુર જિલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે-૨૭૫૦૯ તારીખ ૨૯મી મે ૧૯૫૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે જેને આ કચેરીના તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૩ ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ જેનો સંદર્ભ-૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું, ડી. કે. રોહિત, જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ હિંમતનગર સદરહુ મંડળીના નોંધણી આથી રદ કરૂ છું

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાની તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીને આપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક ૨૪૯૧/ડી. ડી. જી/૧૧૮૮ ૫૨૦૪/જ/તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી ધી સુધાસણ ગ્રુપ સેવા સહકારી મંડળી લી. (ફડચામાં) સુધાસણ તાલુકો પ્રાંતિજ નો તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૮ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૯૮૪૩/૦૧/ગ/૧૪૮૩/૧૯૯૮.—ધી સુધારણા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. મુકામ સુધાસણ તાલુકા પ્રાંતિજ, જિલ્લા સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે-૨૫૧૬ તારીખ ૪થી માર્ચ ૧૯૬૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તારીખ ૨૦મી માર્ચ ૧૯૯૩ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ-૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઈ જતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું ડી. કે. રોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૮.

આમુખ :

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ/તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૦૮/૯૮ તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૮.

આલોચના

ક્રમાંક ફડચ/ચ/૧૧૨૮૦/ખ/૧૬૭૫/૯૮.—ધી સામપુર સેવા સહકારી મંડળી લી. સામપુર, તાલુકા મોડાસા, જિલ્લો સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ૯૫૮૦ તારીખ ૮મી જુન ૧૯૮૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે સદરહું મંડળીની આર્થિક તેમજ વહીવટી સ્થિતિ કથળી જતાં સરસોડી ૮૨ સહકારી મંડળી મોડાસાએ તેમના તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૭ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે ખાસ અહેવાલ કરેલ સદર બાબતે અત્રેની કચેરીએથી તારીખ ૨૭મી ઓક્ટોબર ૧૯૯૭ના ક્રમાંક ફડચ/ ૦૧ / ગ/ ૩૦૦૯ /૯૭ થી હોદેદારોને મંડળી ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા તારીખ ૧૭મી નવેમ્બર ૧૯૯૭ની મુદત આપેલ જે મુદતે મંડળીના હોદેદારો તરફથી કોઈ લેખિત મૌખિક રજુઆત ન થતા ફરીથી તારીખ ૮મી ડિસેમ્બર ૧૯૯૭ તથા ૧૯મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજની મુદત આપેલ પરંતુ મંડળીના હોદેદારો તરફથી આપેલ મુદતે કોઈ લેખિત રજુઆત ન થતાં આમુખ-૩માં વંચાણે લીધેલ આ કચેરીની તારીખ ૧૫મી એપ્રિલ ૧૯૯૮ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૦૮/૯૮ થી મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશો થી તારીખ ૮મી મે ૧૯૯૮ ના રોજ રજુઆત કરવા સારૂ મુદત આપેલ આમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી આથી અત્રેથી કરવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે પ્રમાણે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

ફડચાનો અંતિમ આદેશ

આથી હું, ડી. કે. રોહીત, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હિંમતનગર જિલ્લા સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ નીકલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તા અને અધિકારની રૂએ ધી સામપુર સેવા સહકારી મંડળી લી સામપુર તાલુકા મોડાસા જિલ્લા સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું અને સદર કાયદાનીકલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે થી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી બે વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક હિંમતનગરમાં જમા કરવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :

૧ સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક ૨૪૯૧/ડી. ડી. જી./૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૧.

૨ ફડચા અધિકારીશ્રી ધી ઓઈલા શાકભાજી અને બીજ ઉત્પાદક (ફડચામાં) સહકારી મંડળી લી. ચોઈલા તાલુકા બાયડનો તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૮ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૧૨૫૫/૦૧/ગ/૧૭૧૧/૧૯૯૮.—ધી ચોઈલા શાકભાજી અને બીજ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ ચોઈલા બાયડ જિલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ૫૨૦૩ તારીખ. ૨૯મી ઓકટોબર ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૭ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ-૨ માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું, ડી. કે. રોહિત, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂ છું

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૨૫મી ઓગસ્ટ ૧૯૯૮.

નંબર નપણ/૦૧/ક/૪૩૭/સે.દુ/૩૦૨૩૨/૯૮.—આથી જાહેર કરે છે કે ધી હરીપુરા (ઈ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ હરીપુરા તાલુકો ઈડર જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૮

ડી. કે. રોહીત,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

વંચાણે લીધા:—

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન.જ.) મહેસાણાના પત્ર ક્રમાંક આપણુ/ભાલક સર્વોદય હાઉસીંગ/૧૯૨/૯૯, તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૯ના પત્રથી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) જિલ્લા રૂપે. ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક આપણુ/૦૧/ધ-૧/૭૩/૯૯, તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૯નો પત્ર.

(૩) મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા અંગેનો તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૮નો પત્ર.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૫૭૬ ૯૯, તારીખ ૧૯મી મે, ૧૯૯૯થી કારણદર્શક નોટીસ તથા કારણદર્શક નોટીસ મળ્યા બદલની સ્વીકૃથી પહોંચ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૬ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૩૩૦/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ભાલક સર્વોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. ભાલક, તાલુકો-વિસનગર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર બી/૨૬/૭૮/૫૯, તારીખ ૨૫મી મે ૧૯૬૯ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળી તારીખ ૧લી જુલાઈ ૧૯૯૫થી તા. ૩૦મી જુન ૧૯૯૮ ના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન.જ.), મહેસાણા દ્વારા હાથ ધરાતાં, તેઓએ તેઓના પત્ર ક્રમાંક આપણુ/ભાલક/સર્વોદય હાઉસીંગ /૧૯૨/૯૯, તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૯ થી સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ કરેલ. જે બાબતે જિલ્લા રૂપે. ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક આપણુ/૦૧/ધ-૧/૭૩/૯૯, તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૯થી અત્રે પ્રાપ્ત થતાં, ઓડીટરશ્રીના ખાસ અહેવાલને આધીન સદરમંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ /ધ/૧૫૭૬/૯૯, તારીખ ૧૪મી મે ૧૯૯૯થી ફડચા સંબંધી વૈધાનિક કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ આ. આ. નં. ૧ થી ૧૩ બાબતે રુબરુ સુનાવણી /રજુઆત કરવાની તક પુરી પાડેલ હતી.

(૧) મંડળીના છેલ્લા સાત વર્ષથી ઓડીટ વર્ગ- 'ડ' છે.

(૨) મંડળીએ તેના મકાન બાંધકામની કામગીરી ઘણા વર્ષો અગાઉ પરીપૂર્ણ કરેલ હોઈ, મંડળીના ઉદ્દેશો પૂર્ણ થયેલ હોઈ, નોંધણી ચાલુ રાખવી હિતાવહ નથી.

(૩) મંડળી અર્થક્ષમ અને કાર્યક્ષમ નથી.

(૪) મંડળી ઘણા વર્ષોથી સ્થગિત છે.

(૫) તા. ૨૦મી એપ્રિલ ૧૯૯૯ના રોજ પ્રમુખશ્રી રાવલ અરજણભાઈ માણાભાઈના લેખિત જણાવ્યામુજબ તારીખ ૩૦મ જુન ૧૯૯૮ પછી નામ. સરકારશ્રીની લોન ચુકતે ભરપાઈ થઈ ગયેલ હોઈ, કોઈ લોન બાકી નથી.

(૬) મંડળીમાં કોઈ પગારદાર કર્મચારી નથી.

(૭) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષથી ઓડીટ મોંમાની દુરસ્તી નહી કરીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૮) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનુન અને પેટા-કાયદા મુજબ ચાલતો નથી.

(૯) દરેક સભાસદો પાસેથી વહીવટીય ફાળો, વસુલ લીધેલ નથી. જેથી, તા. ૩૦મી જુન ૧૯૯૮ના અંતે રુા. ૫,૬૩૮.૪૭ની ચોખ્ખી ખોટ છે. જેથી ઘણા વર્ષોથી મંડળી સતત ખોટમાં છે.

(૧૦) વ્યવસ્થાપક કમિટીની એક પણ મીટીંગ મળેલ નથી.

(૧૧) વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૧૨) મંડળીમાં વ્યવસ્થાપક કમિટીની ઠરાવ બુક, વાર્ષીક સાધારણ સભા ની ઠરાવ બુક, પેટા કાયદો, શેર ખાતાવહી, લોન વ્યકિતગત ખાતાવહી જેવાં મહત્વનાં રજીસ્ટરો રખાયેલ નથી.

(૧૩) તા. ૧લી જુલાઈ ૧૯૯૭થી છેવટ સુધીના હિસાબી પત્રકો તથા શેર ભંડોળ ની યાદી રજુ કરવા જણાવવામાં આવે છે.

આમ, સદર નોટીસની બજવણી થયેલ હોવા છતાં, મંડળી તરફથી સુનાવણી તારીખે કોઈ જ હોદ્દેદાર હાજર રહેલ નથી કે આજ પર્યંત કોઈ લેખિત રજુઆત કરેલ નથી.

INDEX

આમ, સદર મંડળીના પ્રમુખશ્રીએ તેઓના તારીખ. ૨૦મી એપ્રિલ ૧૯૯૮ ના પત્રથી સ્વેચ્છાએ મંડળીને ફડચામાં લઈ જવા જણાવેલ છે. તદઉપરાંત સભાસદો પાસેથી વહીવટી ફાળો ઉઘરાવવામાં આવતો ન હોઈ, ઘણા વર્ષોથી મંડળી સતત ખોટમાં છે. તારીખ ૩૦મી જુન ૧૯૯૮ના અંતે રૂા. ૫,૬૩૮.૪૭ ખાટ છે.

આમ, ઉપરોત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, સદર મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ભાલક સર્વોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. ભાલક તા. વિસનગર, જિ. મહેસાણાને નોંધણી નંબર બી/૨૬/૭૮/૫૮, તારીખ ૨૫મી મે ૧૯૬૯થી નોંધવામાં આવે છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ(૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો,તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૯.

વંચાણે લીધા :

(૧) ઓડીટ ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન. જ.) મહેસાણાના પત્ર ક્રમાંક આપણુ/પારસ/પિયત/૨૭/૯૯ તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૯૯ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ.

(૨) જિલ્લા રજી. ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક આપણુ/૦૧/ધ-૧/૨૭/૯૯, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૯ નો પત્ર

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૫૨૫/૯૯ તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી કારણદર્શક નોટીસ.

(૪) મંડળીની તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૯ થી લેખિત રજુઆત તેમજ, સાધનિક કાગળો વ્યવસ્થાપક કમિટીના ઠરાવ નંબર ૩ થી ૫ તારીખ ૨૧મી એપ્રિલ ૧૯૯૯ ની નકલ.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૧૫૦/૯૯ તારીખ ૧૪મી મે ૧૯૯૯નો પત્ર

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના.

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૩૩૧/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે પારસ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મુકામ તારોરા તાલુકા સમી, નોંધાયેલ સહકારી મંડળી છે જેનો નોંધણી નંબર ૩૬૮૪ તારીખ ૨૨મી માર્ચ ૧૯૯૩ છે.

સદર મંડળીનું ઓડીટ ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન. જ.) મહેસાણાએ તારીખ ૧લી જુલાઇ ૧૯૯૭ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૮ના સમયનું અન્વેષણ હાથ ધરતા, તેઓએ તેઓના પત્ર ક્રમાંક આપણુ/પારસ/પિયત/૨૭/૯૯, તારીખ ૨૫મી જન્યુઆરી ૧૯૯૯થી સદર મંડળી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ રજુ કરેલ છે. જે ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક આપણુ/૦૧/ધ/૧/૨૭/૯૯, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૯થી અત્રે પ્રાપ્ત થતાં અન્વેષણશ્રીએ રજુ કરેલ ફડચા સંબંધી ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૫૨૫/૧૯૯૯, તારીખ ૨૦મી ફેબ્રુઆરી ૧૯૯૯ થી ફડચા સંબંધી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

સદર કારણદર્શક નોટીસમાં નીચે જણાવેલ મુદ્દા નંબર ૧ થી ૧૦ નો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળી અર્થક્ષમ તથા કાર્યક્ષમ નથી.

(૨) મંડળીમાં કોઈ પગારદાર કર્મચારી નથી જેથી મંડળીનું દફતર નિયમિત લખાતું ન હોઈ, ઓડીટ અંગે ધક્કા ખાવા પડેલ હતા અને સખત પરિશ્રમને અંતે દફતર તૈયાર કરાવી ઓડીટ પૂર્ણ કરવું પડેલ હતું.

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૦૩/૧૯૯૯.— ધી પારસ ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી છે. મું. તારોરા, તાલુકા સમી, જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ના હુકમ ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૩૩૧/૯૯, થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચા ૩, મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૫ મી નવેમ્બર, ૧૯૯૯.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નો આદેશ ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૩૫૩/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૦૫/૧૯૯૯.—ધી ગુરૂ-નાનક કો ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ મહેસાણા, તાલુકા મહેસાણા, જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના હુકમ ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૩૫૩/૯૯ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૯.

વંચાણે લીધા :

(૧) ઓડીટર સહકારી મંડળીઓ, મહેસાણાની તારીખ ૧લી જુલાઇ ૧૯૯૪ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૬ના સમયની ઓડીટ નોંધ

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ/૩૦૯૪/૯૮, તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૮ તેમજ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૮ થી મુદત માગણી અંગેના પત્રો.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૩૮૪/ ૧૯૯૯, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૯ નો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૪૦૬/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી સોમેત્રા સેવા સહકારી મંડળી લી., મુકામ સામેત્રા તાલુકા જિલ્લા મહેસાણા નોંધાયેલ મંડળી છે (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે) સદર મંડળી નો નોંધણી નંબર ૧૨૪૫, તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૬૦ છે.

ઉપરોકત આમુખ ૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૬ સમયનું અન્વેષણ ઓડીટર સહકારી મંડળીઓ, મહેસાણા તરફથી હાથ ધરાતાં, તેઓના ઓડીટ નોંધને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩૦૯૪/ધ/ તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

INDEX

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી.

(૧) મંડળી પેટા નિયમ મુજબ કોઇ પ્રવૃત્તિ કરતી નથી.
(૨) મંડળીના છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.
(૩) મંડળી સ્થગિત છે.
(૪) ઓડીટ નોંધની ખામીઓની દુરસ્તી કરેલ નથી.
(૫) તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૭ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૯૮ ના વાર્ષિક હિસાબી પત્રકો રજુ કરવા.

(૬) મંડળીની કારોબારી ગેર વહીવટ થવાથી રસ ધરાવતી નથી
(૭) મંડળીના મંત્રીશ્રીએ મંડળીમાં ઉચાપતો કરેલ છે.
(૮) મંડળી બિન અર્થક્ષમ છે. તારીખ ૩૦મી જુન ૧૯૯૭ ના સરવૈયા મુજબ ખોટ રૂા. ૪૨.૭૧૨.૯૬ છે.

જેથી બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહી તેઓએ તેઓના તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૮ ના પત્રથી લાંબી મુદતની માંગણી કરતાં અત્રેથી રૂબરૂમાં તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૮ થી મુદત આપવામાં આવેલ હતી. આમ, તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૮ની રોજ પણ મંડળીના પ્રમુખશ્રી હાજર ન રહેતા તેઓએ તેઓના તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૮ ના પત્રથી બીજી તારીખ આપવાની માગણી કરેલ છે.

આમ, મંડળીને વ્યાજબી મુદત તથા સમય આપવા છતાં મંડળી તરફથી કોઇજ રજુઆત ન થતાં ન્યાયના હિતમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫/૧૨૮૪/૯૯, તારીખ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૯ થી આખરી મુદત આપવામાં આવેલ હતી.

આમ મંડળીને વ્યાજબી તકો પુરી પાડવા છતાં મંડળી સાધનિક પુરાવા સહ રજુઆત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળી પેટા નિયમના મૂળભૂત ઉદ્દેશો અન્વયે પ્રવૃત્તિ કરતી નથી.
(૨) મંડળી સ્થગિત છે.
(૩) સને ૧૯૯૭-૯૮ના વર્ષના હિસાબી પત્રકો રજુ કરેલ નથી.
(૪) ઓડીટ નોંધની ખામીઓથી દુરસ્તી કરેલ નથી.
(૫) મંડળીના મંત્રીશ્રીએ મંડળીમાં ઉચાપતો કરેલ છે.
(૬) મંડળી બિન અર્થક્ષમ છે.
(૭) ૩૦-૬-૧૯૯૭ ના સરવૈયા મુજબ ખોટ રૂા. ૬૩,૦૨૩.૬૨ છે.
(૮) ૩૦-૬-૧૯૯૬ ના સરવૈયા મુજબ મોટા ખેડૂત બેંક લોન રૂપિયા ૪,૭૯,૫૪૦ છે.
(૯) મંડળીના ફંડોનું ધોવાણ થઈ ગયેલ છે.
(૧૦) મુદતવીતી ધીરાણ પણ વર્ષોથી બાકી પડે છે.
(૧૧) મંડળીને ચાલુ રાખવાથી મંડળીનું અને સભાસદોનું હિત જોખમાય તેમ છે.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સામેત્રા સેવા સહકારી મંડળી લી., મુકામ સામેત્રા, તાલુકા જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ૧૨૪૫, તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૬૦ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ (ક) ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી લીકવીડેટર C/o ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૯.

વંચાણે લીધા :

(૧/ અત્રેની કચેરીના તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૯નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/ ૧૨૭૨/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૮૪૯/૯૯, તારીખ ૧૯-૮-૯૯ થી દફ્તરનો ચાર્જ સંભાળ્યા બદલનો અહેવાલ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૭/૧૯૯૯.—ધી મેઉ જૂથ તેલીબીયાં ઉત્પાદન સહકારી મંડળી લી, મુકામ મેઉ, તાલુકા જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૯ ના હુકમ ક્રમાંક ઉખસ /ફડચ/૦૧/ધ/૧૨૭૨/૯૯ થી ફડચામાં લઈ જવાનો આદેશ વચગાળાનો આદેશ આપવામાં આવેલ છ જેથી આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશનો તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૯.

વંચાણે લીધા : -

(૧) સબઓડીટર. સહકારી મંડળીઓ (દુધ) ખેરાલુનો તારીખ ૧લી જુલાઇ ૧૯૯૯ થી રજુ થયેલ ખાસ અહેવાલ.
(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જાવક નંબર આષણ/ગ/૩૯૩/૧૩૩/ ૯૯, તારીખ ૩જી જુલાઇ ૧૯૯૯ નો પત્ર
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫/૧૮૮૭/૯૯, તારીખ ૭મી જુલાઇ ૧૯૯૯ થી કારણદર્શક નોટીસ.
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫/૧૩૭૮/ ૧૯૯૯, તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯ થી સ્મૃતિપત્ર
(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૯/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી વડનગર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ વડનગર, તાલુકા વડનગર, જિલ્લા મહેસાણા, નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે સદર મંડળીનો નોંધણી નંબર ૧૭૧૩૨ તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૮૨ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૭ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ સુધીના સમયનું અન્વેષણ સબ ઓડીટર—૨ સહકારી મંડળીઓ દૂધ ખેરાલુ તરફથી હાથ ધરાતા તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ આત્રે રજૂ થતાં તેઓના ખાસ અહેવાલને આધિન સદર મંડળીને આત્રેની કચેરી ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૮૮૦/૯૯ તારીખ ૭મી જુલાઈ ૧૯૯૯ થી કારણદર્શક નોટિસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી.

(૧) વડનગર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. જૂન-૧૯૮૮ થી સ્થગિત છે અને તેના ઉદ્દેશો મુજબ બીલકુલ તે તારીખથી પ્રવૃત્તિ કરેલ નથી.

(૨) મંડળીનો છેલ્લા છ વર્ષથી અન્વેષણ વર્ગ-"ડ" છે.

(૩) મંડળીની ૧૯૯૦--૯૧ થી ૧૯૯૭--૯૮ સુધી ૮ વર્ષની-- વાર્ષિક સાધાર સભા મળેલ નથી કે, સહકારી કાયદાની કલમ-૭૭ ભંગ કરેલ છે.

(૪) ૧૯૯૫--૯૬, ૧૯૯૭--૯૮ તથા ૧૯૯૭--૯૮ ના સહકારી વર્ષ દરમ્યાન વ્યવસ્થાપક કમિટીની એક પણ બેઠક મળેલ નથી.

(૫) સંસ્થાને નીચેના સમયના દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી. જે સહકારી કાયદાની કલમ-૧૯૮૫ નું વારંવાર ઉલ્લંઘન કરેલ છે.

(૧) ૧-૧૦-૧૯૯૧ થી તા. ૩૦-૬-૧૯૯૨.
(૨) ૧-૦૭-૧૯૯૨ થી તા. ૩૦-૬-૧૯૯૩.
(૩) ૧-૦૭-૧૯૯૩ થી તા. ૩૦-૬-૧૯૯૪.
(૪) ૧-૦૭-૧૯૯૪ થી તા. ૩૦-૬-૧૯૯૫.
(૫) ૧-૦૭-૧૯૯૫ થી તા. ૩૦-૬-૧૯૯૬.
(૬) ૧-૦૭-૧૯૯૬ થી તા. ૩૦-૬-૧૯૯૭.

(૬) મંડળીના પ્રમુખ તથા વ્યવસ્થાપક કમિટી સભ્યોમાં મંડળી શરૂ કરવા માટે ઉત્સાહ જણાતો નથી.

(૭) તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, ડેડસ્ટોકની યાદી, તથા શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવામાં આવે છે.

જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. તેઓએ મુદ્દતની તારીખે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. મંડળી તરફથી કોઈ સાધનિક પુરાવા કે સ્પષ્ટતા રજુઆત ન થતાં, ન્યાયના હિતમાં આત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૩૭/૯૯, તારીખ ૩૧ મી ઓગષ્ટ, ૧૯૯૯ સ્મૃતિપત્ર પાઠવેલ.

આમ મંડળીને રજુઆત કરવા વ્યાજબી તક આપવા છતાં મંડળી તરફથી આજ પર્યંત કોઈજ સાધનિક પુરાવા સહ રજુઆત થયેલ નથી.

આમ ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણો સર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) જૂન ૧૯૮૮ થી મંડળી સ્થગિત છે.
(૨) પેટા નિયમના મૂળભૂત ઉદ્દેશો અન્વયે મંડળીએ દૂધ ખરીદ વેચાણની પ્રવૃત્તિ બિલકુલ હાથ ધરેલ નથી.

(૩) છેલ્લા ૬ વર્ષથી મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૪) મંડળીની ૧૯૯૦-- ૯૧ થી ૧૯૯૭--૯૮ સુધી ૮ વર્ષની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૫) છેલ્લા છ ઓડીટ નોંધના દુરસ્તી રીપોટ મોકલેલ નથી.

(૬) મંડળીના પ્રમુખશ્રી તથા વ્યવસ્થાપક કમિટી સભ્યોને મંડળી શરૂ કરવા માટે ઉત્સાહ જણાતો નથી.

(૭) તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ સરવૈયા મુજબ ૧૯૯૬/૪૩ રૂપિયા ખોટ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી વડનગર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ વડનગર, તાલુકા વડનગર, જિલ્લો, મહેસાણાને નોંધણી નંબર ૧૭૧૩૨ તારીખ ૨૧ મી ઓકટોબર, ૧૯૮૨ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ ના ગુજરત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના ખંડ ક, ગ, (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી ફડચો-૩ મહેસાણાનો નિમણુંક કરવામાં આવે છે.

નોંધ:—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીઓ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૯.

———

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, વિજાપુરના પત્ર ક્રમાંક આષણ / ૦૧ / ૧૭૯/૯૯, થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્ર અધિકારીશ્રીનો જા. નં. આષણ / ૦૧ / ધ-૧/૧૩૬/૯૯, તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૯ નો પત્ર.

INDEX

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૧૮૭/૯૯, તારીખ ૫ મી ઓગષ્ટ, ૧૯૯૯ થી કારણદર્શક નોટીસ.

(૪) મંડળીનો તારીખ ૫મી જુન, ૧૯૯૯ ના ખાસ સાધારણ સભાના ઠરાવની નકલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૨૪૧૦/૧૯૯૯.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી ગુજરાત ડ્રગ્સ એન્ડ કેમીકલ લેબર એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુકામ મહેસાણા, તાલુકા, જિલ્લો મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૦૦૬૮, તારીખ ૧૭ મી ડિસેંમ્બર, ૧૯૮૩ છે.

ઉપરોકત આમુખ--૧ માં જણાવ્યાં મુજબ સદર મંડળીનું તારીખ ૧ લી ડિસેંમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૦ મી જુન, ૧૯૯૮ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ--૨, સહકારી મંડળીઓ, વિજાપુર તરફથી હાથ ધરાતાં, તેઓએ સદર સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ધ / ૧૧૮૭/૯૯, તારીખ ૫ મી ઓગષ્ટ, ૧૯૯૯ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી.

(૧) સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ તેના સભાસદોનાં પાસેથી બચત ઉઘરાવીને તેમને ઓછા વ્યાજે ધિરાણ કરી, વસુલાત કરવાનો છે. પરંતુ, સંસ્થાએ ઓડીટ સમયમાં આવી કોઈપણ પ્રકારની કામગીરી કરેલ નથી. આમ, સંસ્થા પેટા-કાયદા મુજબના ઉદ્દેશો મુજબની કામગીરી કરતી નથી હોઈ, તેમજ હાલ સંપૂર્ણ સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષના ઓડીટ મેંમાની દુરસ્તી કરી, દુરસ્તી અહેવાલ જે તે ઓડીટરશ્રીને નિયત સમય મર્યાદામાં મોકલી આપવા જોઈએ, જે આજદિન સુધી મોકલી આપેલ નથી. તેમજ, મંડળીની પ્રગતિ પણ અવરોધાય છે. તેમજ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ--૮૫ નો ભંગ કરેલ છે. સબબ મંડળીની ઓડીટ દુરસ્તી ન કરી, કરેલ સુચનાનો અમલ કરવામાં મંડળીની વ્યવસ્થાપક કમિટી નિષ્ફળ ગયેલ છે.

(૩) સંસ્થાની તપાસણી સમય સુધીમાં (૧-૧૨-૧૯૯૫ થી તારીખ ૩૦-૬-૧૯૯૮) ની વ્યવસ્થાપક કમિટીની એકપણ બેઠક મળેલ નથી. જે પેટા-નિયમ મુજબ દર માસે એક બેઠક મળવી જોઈએ, જે મળેલ નથી. તથા ઓડીટ સમયમાં સંસ્થાની સાધારણ સભાની બેઠક પણ મળેલ નથી. જે ઉપરથી ફલિત થાય છે કે, સંસ્થાની વ્યવસ્થાપક કમિટીને સદરહું સંસ્થાને ચલાવવામાં બિલકુલ રસ નથી.

(૪) સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના તારીખ ૫ મી જુન, ૧૯૯૯ ના ઠરાવ નં. ૧ થી સદરહું સંસ્થાને ફડચામાં લઈ જવા કારોબારીએ પણ ભલામણ કરી છે.

(૫) તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૮ થી છેવટ સુધીના હિસાબી પત્રક તથા શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવામાં આવે છે.

જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. મંડળીએ કારણદર્શક નોટીસ ના અનુસંધાને આજ પર્યંત કોઈજ રજુઆત કરેલ નથી.

વિશેષમાં અન્વેષણશ્રીએ રજુ કરેલ ખાસ અહેવાલમાં પણ ઠરાવ નં. ૧, તારીખ ૫ મી જુન, ૧૯૯૯ ના ખાસ સાધારણ સભાના ઠરાવની નકલ સામેલ જેમાં પણ મંડળીએ સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાએ પેટા-નિયમના મૂળભૂત ઉદ્દેશો અન્વયે પ્રવૃત્તિ કરેલ નથી.

(૨) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષના ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.

(૩) તારીખ ૧ લી ડિસેંમ્બર, ૧૯૯૫ થી તારીખ ૩૦ મી જુન, ૧૯૯૮ સુધીમાં એક પણ વ્યવસ્થાપક કમિટીની બેઠક મળેલ નથી. તેમજ, વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૪) મંડળીનું તારીખ ૩૦ મી જુન, ૧૯૯૮ નું સરવૈયું જોતાં, શેર ભંડોળ રૂા. ૨૯૦.૦૦, રીઝર્વ ફંડ રૂા. ૫૭.૦૦ છે. જેની સામે મંડળી પાસે સભ્યોને શેર ભંડોળ ચુકવવા પુરતી પણ મિલ્કત નથી.

(૫/ તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ ના સરવૈયા મુજબ રૂા. ૨૫૧.૨૩ ખોટ છે.

(૬) મંડળીએ સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા અંગે સાધારણ સભામાં ઠરાવ નંબર ૧ તારીખ ૫મી જૂન ૧૯૯૯ થી ઠરાવ કરેલ છે.

(૭) મંડળી સ્થગિત છે બીન અર્થક્ષમ છે.

આમ ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ગુજરાત ડ્રગ્સ એન્ડ કેમીકલ લેબર એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી મુકામ તાલુકા જિલ્લા મહેસાણા ને નોંધણી નંબર ૨૦૦૬ તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક , ગ, (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈજવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ:—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૯.

———

INDEX

બંચાણે લીધા : -

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (નં.જ.૪) પત્ર ક્રમાંક : અષણુ/મીઠા તેલીબીયાં/૮૦૬/૯૮ તા. ૫મી ડીસેમ્બર ૧૯૯૮ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રી નો જા. નં. અષણુ/૦૧/ધ-૧/૦૪ ૯૮ તારીખ ૧૩મી જાન્યુઆરી ૧૯૯૯નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૬/ ૯૯ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૦૫/ ૯૯ તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૯થી આપવામાં આવેલ મુદત.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૭૦/ ૯૯ તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૯થી આપેલ સ્મૃતિ-પત્ર.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૧૩/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી મીઠા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મીઠા તા. જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર : ૨૧૭૪૨/તા. ૧લી માર્ચ ૧૯૮૬ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૭થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ સુધીના સમય અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (નં.જ.૪.) મહેસાણા તરફ થી હાથ ધરાતાં તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૬/૯૯, તા. ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ-'ડ' છે.

(૨) મંડળી કાર્યક્ષમ તેમજ આર્થક્ષમ નથી.

(૩) મંડળી સ્થગિત છે.

(૪) મંડળીએ તેના પેટાનિયમના ઉદેશો અન્વયે ખોડૂતો સભાસદ પાસેથી બિયારણ તેલીબીયાં મેળવી મહેસાણા જિલ્લા સહકારી તેલીબીયાં સંઘ લી. મહેસાણાને પુરી પાડવાનો છે. તેમજ પેટા-નિયમ-૨માં જણાવેલ ૧ થી ૭ સુધીના ઉદેયો હાથ ધરવાના છે. પરંતુ સંસ્થાએ ઘણાજ સમયથી આવી પ્રવૃત્તિ હાથ ધરેલ નથી

(૫) છેલ્લા ત્રણ વર્ષથી મંડળીએ તેલીબીયાં વેચાણની કોઈ પ્રવૃત્તિ કરેલ નથી.

(૬) સભાસદ સંખ્યા શેર ભંડોળ રીઝર્વ ફંડ, કે અન્ય ફંડોમાં કોઈજ વધારો થયેલ નથી.

(૭) સને ૧૯૯૬/૯૭ના વર્ષમાં તથા ૯૭/૯૮ના વર્ષમાં મંડળીએ આવિરત ખોટ કરેલ છે.

(૮) સને ૯૫/૯૬ તથા ૯૬/૯૭ના વર્ષના ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.

(૯) મંડળીના અન્વેષણ દરમ્યાન ઓડીટ નોંધમાં ૧ થી ૨૬ સુધીના વહીવટીય ક્ષતિઓ જણાયેલ છે. જે મંડળીનું દફતર અવ્યવસ્થીત તથા વહીવટ ઘણોજ શિથીલ, નબળો તથા હોદેદારોની નિસ્કીયતા જણાઈ આવેલ છે.

(૧૦) ઓડીટ સમય દરમ્યાન મંડળીના મંત્રીકીએ ઓડીટ અંગેના પત્રકો તથા માહિતી તૈયાર ન કરતાં, સરભર ન આપતાં અન્વેષકશ્રીઓ જાતે તૈયાર કરાવવાં પડેલ હતાં. જે મંત્રીઓ શ્રીની ફરજ પ્રત્યેની ગંભીર-બેદરકારી છે.

(૧૧) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનુન અને પેટ'-કાયદા પ્રમાણે ચાલતો નથી.

(૧૨) મંડળીએ સ્વીકારેલ પેટાનિયમોમાં, પેટાનિયમ-૨, ૮(૩), ૧૭, ૨૦, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૫નો સદતર ભંગ કરેલ છે.

(૧૩) તા. ૧લી જુલાઈ ૧૯૯૮ થી છેવટ સુધીના હિસાબો, ડેડ સ્ટોકના યાદી વિગેરે પુરા પાડવા જણાવવામાં આવે છે.

જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળ ના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેઓએ તા. ૫મી માર્ચ ૧૯૯૯ના રોજ રૂબરૂમાં હાજર રહી રજુઆત કરેલ છે. કે મંત્રીશ્રીને બદલી નવી નિમણુંક કરવાની છે.

ગ્રાફેડના તેલ વેચાણની કાર્યવાહી શરૂ કરેલ છે. બિયારણ, તેલની વિતરણ કામગીરી ત્રણ માસમાં ચાલુ કરવા ખાત્રી આપતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૦૫/૯૯, તા. ૧૬મી માર્ચ ૧૯૯૯થી ત્રણ માસની મુદત આપવામાં આવેલ હતી.

આમ મુદત પૂર્ણ થયા બાદ પણ મંડળી તરફથી કોઈ પ્રગતિ અહેવાલ પ્રાપ્ત ન થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/ ૦૧/ધ/૧૩૭૦/૯૯ તા. ૩૧મી આગસ્ટ ૧૯૯૯ થી રજી. પોસ્ટ એડી. થી માહિતી માંગેલ. જે આજ પર્યંત મંડળી તરફથી કોઈજ પ્રત્યુત્તર/સાધનિક પુરાવા/ રજુઆત થયેલ નથી.

આમ ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ 'ડ' છે.
(૨) મંડળી કાર્યકામ કે આર્થક્ષમ નથી.
(૩) મંડળી સ્થગિત છે.
(૪) મંડળીએ તેના પેટાનિયમના મૂળભુત ઉદ્દેશો અન્વ પ્રવૃતિ કરેલ નથી.
(૫) છેલ્લા ૩ વર્ષથી મંડળીએ તેલીબીયાં વેચાણની પ્રવૃતિયે કરેલ નથી.
(૬) સભાસદ સંખ્યા, શેર ભંડોળ રીઝર્વ ફંડ કે અન્ય ફંડોમાં કોઈજ વધારો થયેલ નથી.
(૭) સને ૧૯૯૬/૯૭ ના વર્ષમાં તથા ૯૭/૯૮ના વર્ષમાં મંડળી એ ખાટ કરેલ છે.
(૮) સને ૯૫/૯૬ તથા ૯૬/૯૭ના વર્ષના ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.
(૯) મંડળીનું દફતર અવ્યવસ્થિત તથા વહીવટ ઘણોજ સિથિલ નબળો તથા હોદેદારોની નિષ્ક્રિયતા જણાઈ આવેલ છે.
(૧૦) મંત્રીશ્રી ફરજ પ્રત્યે ગંભીર બેદરકાર છે.
(૧૧) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનૂન અને પેટા કાયદા પ્રમાણે ચાલતો નથી.
(૧૨) મંડળીએ સ્વીકારેલ પેટાનિયમોમાં પેટાનિયમ ૨, ૮(૩) ૧૭, ૨૦, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૫નો સદંતર ભંગ કરેલ છે.

INDEX

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મીઠા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મું. મીઠા, તા. જિ. મહેસાણાને નોંધણી નંબર : ૨૧૭૪૨, તા. ૧લી માર્ચ ૧૯૮૬ થી નોંધવામાં આવેલ છે.તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાની નિમણંક કરવામાં આવે છ.

નોંધ:—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીઓ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીઓ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૯.

———

વંચાણે લીધા : -

(૧) ફર્સ્ટ ગ્રેડ ઓડીટર, સહકારી મંડળીઓ, સિધ્ધપુરના પત્ર ક્રમાંક આપણ/૨૩૭/૯૯, તા. ૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૯થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નં. આપણ/૦૧/ગ-૧/૧૮૧/૯૯, તા. ૧૧મી નવેમ્બર ૧૯૯૯નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૩૨૦/૯૯, તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૯થી કારણદર્શક નોંટીસ.

(૪) મંડળીની તા. ૩૦મી નવેમ્બર ૧૯૯૯ના પત્રથી થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ખાધ/૨૫૬૧/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ડીંડરોલ સેવા સહકારી મંડળી લી., મું. ડીંડરોલ, તા. સિધ્ધપુર, જિ. પાટણ નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૧૨૪૭ તા. ૧૧મી જાન્યુઆરી ૧૯૬૧ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧લી જુલાઈ ૧૯૯૮થી તા. ૩૦મી જુન ૧૯૯૯ સમયનું અન્વેષણ ફર્સ્ટ ગ્રેડ ઓડીટર, સ. મં. સિધ્ધપુર તરફથી હાથ ધરાતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૩૪૦/૯૯, તા. ૧૬મી નવેમ્બર ૧૯૯૯થી કારણદર્શક નોંટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ પાંચ વર્ષથી 'ડ' છે.

(૨) મંડળી કાર્યક્ષમ-અર્થક્ષમ નથી.

(૩) છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ મેમાની દુરસ્તી કે ઓડીટ નોંધની સુચનાનો સહેજ પણ અમલ થયેલ નથી. અને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ વ્યવસ્થાપક કમિટીએ કરેલ છે.

(૪) મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તરફથી હાથ ધરવામાં આવેલ બેંક ઈન્સ્પેકશન રીપોર્ટમાં જણાવેલ ખામીઓની પૂર્તતા કરેલ નથી.

(૫) મંડળી આગાઉના ચાર વર્ષથી ખોટમાં કામ કરે છે. છતાં વહીવટી ખર્ચ જેવા કે, મકાન ભાડાં, કર્મચારી પગાર પાડવામાં આવેલ છે. જે ઉત્તરોત્તર વધારે ખોટ થવા સંભવ છે.

(૬) વ્યવસ્થાપક કમિટીની સભાઓ પેટા-નિયમ મુજબ મળેલ નથી. પાંચ વ્યવસ્થાપક કમિટીની મીટીંગો મળેલ છે, જેમાં નીચેના વ્યવસ્થાપક કમીટી સભ્યોએ હાજરી આપેલ નથી. આમ જોતાં તેમને કોઈ રસ જણાતો નથી. તેમ તે જે તે સભ્યે છુટા પણ કરેલ નથી.

૧. શ્રી પચાણભાઈ કાળુજી ચૌધરી,
૨. શ્રી ગણેશજી દરધાજી ઠાકોર,
૩. શ્રી દલસંગભાઈ ગમોરભાઈ ચૌધરી,
૪. શ્રી હાથીભાઈ હેમરાજભાઈ ચૌધરી.

(૭) મંત્રીશ્રીના ૧ કારોબારી સભ્ય પાસે રૂા. ૫૦૦/-મુદતવીતી બાકી રકમ પડે છે. જેની સત્વરે વસુલાત કરેલ નથી, પેટા-નિયમ ૪૧(૫) મુજબ જે તે સમયે શ્રી રાવળ શંકરભાઈ કાનાભાઈને સભ્ય તરીકે છુટા કરેલ નથી.

(૮) મંડળીમાં સને ૧૯૯૨થી સભાસદ ધિરાણ ૧૫ સભાસદો પાસે થી રૂા. ૧૯૨૦૦/- મુદતવીતી બાકી લાંબા સમયથી પેટા-નિયમની કલમ-૫૭ તથા સહકારી કાયદાની કલમ-૯૬ તથા ૧૦૬ મુજબ હાથ ધરી હુકમનામું મેળવેલ નથી કે બેંક લોન રૂા.૧૬૬૦૦/- ભરેલ નથી.

(૯) સંસ્થામાં શેર ભંડોળ વર્ત્તા લાંબા સમયથી વધારેલ નથી. અને ઓડીટ સમયમાં વધારેલ છે. જે ચાર સભાસદોના રૂા.૫૦૦/- લેખે રૂા. ૨,૦૦૦/- શેર ભંડોળ મંત્રીશ્રીના કુટુંબના જ સભ્યોનું જમા કરી વધારેલ છે. કોઈ બીજ સભ્યોનું શેર ભંડોળ વધારેલ નથી.

(૧૦) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનૂન અને પેટા-નિયમ પ્રમાણે ચાલતો નથી. અને ભંગ કરેલ પેટા-નિયમની કલમ-૩ ૨૬(૧), (૭), ૩૮,૪૧(૫), ૪૨,૪૪(૭), ૪૪(૧૦), (૧૫)(૨૨), ૪૫,૫૦નો ભંગ કરેલ છે. જેનો અમલ કરેલ નથી.

(૧૧) મંડળીના પેટાનિયમોના મુખ્ય ઉદ્દેશો મુજબ મંડળીએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી. ઓડીટ સમયમાં નહીવત બિયારણ ખરીદી વેચાણ કરેલ છે. જ્યારે સભાસદોને ટુંકી મુદત ધિરાણ, વસુલાતની કામગીરી રાસાયણિક ખાતર, કંટ્રોલ, તથા બીજ કંટ્રોલ ની વિતરણ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૧૨) આ મંડળીનો મુખ્ય ઉદ્દેશો તેના ૭૦ સગાઓ પૈકી તમામ ને ધિરાણ કે વેપારી લાભ આપેલ જણાતો નથી. ગામમાં આશરે ૨૦૦ ખેડૂત ખાતેદારો છે. પરતુ ૭૦ સભાસદો બનાવેલ છે. જેમાં કોઈ પ્રગતિ જણાતી નથી.

જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખ મંડળી ના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેઓએ નીચે મુજબ લેખિત રજુઆત કરેલ છે.

(૧) મંડળીનો વર્ગ સુધારવા અમારી કાર્યવાહી ચાલુ જ છે.

(૨) મંડળી ધિરાણથી વંચિત હોવાથી કાર્યક્ષમ અર્થક્ષમ નથી.

(૩) મંડળીના ઓડીટ મેમાથી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક માં તારીખવાર જમા કરાવેલ છે. જેની સાથે વ્યવસ્થાપક કમિટીના ઠરાવો પણ રજુ કરેલ છે. તારીખ ૩૦મી જુન ૧૯૯૯ સુધીના તમામ ઓડીટ મેમા બેંકમાં છે.

INDEX

(૪) મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના તમામ દુરસ્તી રીપોર્ટ ૩૦મી જુન, ૧૯૯૯ સુધીના જમા કરાવ્યા છે.

(૫) વહીવટી ખર્ચમાં મકાન, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯ના ઠરાવથી ભાડાનું છુટું કર્યું છે.

(૬) વ્યવસ્થાપક કમિટી જરૂર પ્રમાણે બોલાવેલ છે. જેમાં વ્ય. કમિટી સભ્યોએ હાજરી આપેલ નથી. જે સભાસદો ૩૦મી જુન, ૧૯૯૮ના રોજ રાજીનામાં આપી છુટા થયેલ છે.

(૭) મંડળીના કારોબારી સભ્યો પાસે રૂા. ૫૦૦/- મુદતવીતી બાકી છે. જે સભાસદો લ્હેણું ભરપાઈ કરવાની બાંહેધરી આપેલ છે. જે તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૯ સુધી લ્હેણું ભરપાઈ નહી કરે તો, તેમને છુટા કરવા નોટીસ આપી છે.

(૮) સને ૧૯૯૨થી સભાસદ ધિરાણ ૧૫ સભ્યો પાસે બાકી છે. જેમાં વસુલાત ચાલુ વર્ષમાં આવેલ છે. જેમના બાકી છે, તેમના ઉપર દાવાના કાગળો બનાવી બેંકમાં મોકલ્યા છે.

(૯) સંસ્થામાં શેર ભંડોળ વત્તા લાંબા સમયથી વધારેલ નથી. અને ઓડીટ સમયમાં રૂા. ૨૦૦૦/- ભંડોળ કરતાં સભ્યો પાસે વધારેલ છે. જે શાખાપત્રક બનાવતી વખતે બેંક ના નિતિ નિયમ મુજબ રૂા. ૮૨૩/-વધારવા માટે જમા લીધેલ છે.

(૧૦) મંડળીનો વહીવટ સાધારણ ઓછો છે. અને બેંકની મંડળી ઉપર સહાનુભુતિ વપરાયેલ નથી કાયદા કાનૂન પ્રમાણે યથાવત રહેલ છે. મંડળી કાર્ય કરવા માટે મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંકને વિનંતી કરેલ છે.

(૧૧) અમારી મંડળીના ઉદેશ મુજબ મંડળી બેંક તરફ વારંવાર માંગણી મુકેલી છે. જે બેંક અમોને લાગણી બતાવતી નથી. તેથી અમારી મંડળી ઓછો વેપાર કરેલ છે. તો આપ સાહેબ ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંકને અમારી વતિથી લોન મળે તેવી સુચના આપવા વિનંતી છે.

(૧૨) મંડળીના ઉદ્દેશો મુજબ ધિરાણ માટે જે સભાસદો છે તે સિવાયના બીજા ખેડુતો દેના બેંક કાકોશી તથા ગુજરાત ખેડૂત બેંક સિધ્ધપુર મારફતે ધિરાણ મેળવેલ છે. અને મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંકના નિયમો મુજબ જે બીજી બેંકોએ ધિરાણ કરેલ હોય એમને મંડળીએ ધિરાણ કરવું નહી. આ પ્રમાણેના ઉલ્લેખથી મંડળીએ ખાતેદાર ખેડૂતોને જે તે લોનની જરૂરીયાત હોય તેમને રાષ્ટ્રિય દેના બેંક કાકોશીમાં તથા ગુજરાત રાજ્ય કો. ઓપ. ખેડુત બેંક લેન્ડ મોર્ગેજ જેને ધિરાણ મેળવવું હોય તે ધિરાણ લેવા માટે ધિરાણ માટે જાય છે અને ધિરાણ મેળવે છે. ગણા ખરા મુદતવીતી બાકીદાર છે. એટલેમંડળી એ ધિરાણ કેવી રીતે કરવું તેનો વિચાર કરી ધિરાણ વધારાનું કરી શકતી નથી. અમોએ બેંકને બે વર્ષનો અલગ અલગ શાખ પત્રક મંજુર કરવા માટે મોકલેલ છે. પરંતુ બેંક તરફથી કોઈ ઈન્ટીમેશન મળેલ નથી. અમારી મંડળી બાંહેધરી આપે છે કે, બાકી ધિરાણના વસુલાતના ધિરાણમાં ખોટ નિકળી જશે. અનેં મંડળી પગારદાર વગર કામ કરી ખોટ ઓછી કરશે તેવી બાંહેધરી છે.

આમ, મંડળીને રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

આમ ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે :—

(૧) મંડળીએ તારીખ ૧લી જુલાઈ ૧૯૯૮ થી તા. ૩૦મી જુન, ૧૯૯૯ દરમ્યાન એફડા વેચાણ સિવાય અન્ય કોઈ વ્યાપાર કરેલ નથી.

(૨) પેટા-નિયમના મુળભુત ઉદેશો અન્વયે ધીરાણ પ્રવૃત્તિ કરેલ નથી.

(૩) વર્ષ દરમ્યાન વ્યાજ આવક સિવાય અન્ય કોઈ આવક જમા નથી. જેની સામે વહીવટી ખર્ચ વધુ પડતો છે. આમ વહીવટી ખર્ચ પર અંકુશ મુકેલ નથી.

(૪) મંડળીઓનો ઓડીટ વર્ગ 'ડ' છે.

(૫) વ્યવસ્થાપક કમિટીની બેઠકો નિયમિત મળતી નથી.

(૬) ૧૯૯૨થી સભાસદ ધિરાણ મુદતવીતી બાકી દાર છે. જે વસુલ કરેલ નથી.

(૭) ગામમાં આશરે ૨૦૦ ખેડૂત ખાતેદારો છે. પરંતુ ૭૦ સભાસદો બનાવેલ છે, જેમાં કોઈ પ્રગતિ જણાતી નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ડીંડરોલ સેવા સહકારી મંડળી લી., મું. ડીંડરોલ, તા. સિધ્ધપુર, જિ. પાટણ ને નોંધણી નં. ૧૨૪૭, તા. ૧૧મી જાન્યુઆરી, ૧૯૬૧થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૪ કલમ-૧૦૭ (૧) ના ખંડ ક,ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા. સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ.—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રુબરુ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨જી ડીસેમ્બર, ૧૯૯૯.

વંચાણે લીધા :—

(૧) સ્પે. ઓડીટર, સહકારી મંડળીઓ (ન.જ.-૨) મહેસાણાના પત્ર ક્રમાંક : આષણ / ૦૧ / ૭૭ / ૯૮, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૮ થી રજુ થયેલ કલમ-૮૧ અન્વયેનો ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નં. : ઓષણ / ખા.અ./૯૧૯ / ગ-૩ / ૨૨૯, તારીખ ૨જી એપ્રિલ, ૧૯૯૮ નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : સકક/૦૧/ધ/૯૦૧ / ૯૮, તારીખ ૨૧મી મે, ૧૯૯૮ થી કારણદર્શક નોટીસ.

(૪) મંડળીની તારીખ ૪થી ઓગષ્ટ ૧૯૯૮ના પત્રથી થયેલ રજુઆત. તથા તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૮ના પત્રથી આપાયેલ ખાત્રી.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : સકક / ૦૧ / ધ / ૨૬૯૭ / ૯૮, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૮ થી આયેલ છ માસની મુદત.

(૬) ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો ઓપ બેંક લી. મહેસાણાનો તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૯ ૧૪મી મે, ૧૯૯૯ નો પત્ર.

(૭) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ / ૦૧ / બ / ૧૭૧૫ / ૯૯, તારીખ ૨૮મી મે, ૧૯૯૯ થી ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૮) મંડળી તરફથી તારીખ ૧૪મી મે, ૧૯૯૮ ૫મી જુલાઈ, ૧૯૯૯, ૨૬મી જુલાઈ, ૧૯૯૯ ૨જી ઓગષ્ટ, ૧૯૯૯ થી મુદતની માંગણી કરતા પત્રો.

INDEX

(૯) મંડળીની તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૯ ના પત્રથી થયેલ રજુઆત.
(૧૦) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૩૬ /૯૯, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૯ નો પત્ર.
(૧૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. : ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૨૫૮૧ / ૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી વિજાપુર નવયુવક સહકારી શાખવાળી નાગરિક મંડળી લી., તાલુકો : વિજાપુર જિલ્લો મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર : ૨૧૭૦૧, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૫ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૬ સમયનું અન્વેષણ સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ (ન.જ.૨/ મહેસાણા તરફથી હાથ ધરાતાં તેઓએ સદર મંડળીને કલમ-૮૧ અન્વયે ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરાં સહ અત્રે રજુ થતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક સક્ક/૦૧/૫/૯૦૧/૯૮, તારીખ ૨૧મી મે, ૧૯૯૮ થી કારણ-દર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી.

મુદ્દા નંબર ૧ :
સંસ્થાના પેટા-નિયમ-૨૬ મુજબ મંડળીના સભાસદોની એકંદર સંખ્યાના ૨/૫ અગર ૨૫ પૈકી જે સંખ્યા હોય તેટલા સભાસદો વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી માટે કોરમ થવું જરૂરી છે જ્યારે મંડળી તરફથી રજુ થયેલ માહિતી તથા ઠરાવ બુક જોતાં તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં ૧૬ સભાસદો હાજર રહેલ છે. અને તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ ની મળેલ વાર્ષિક સાધારણ સભામાં ૯ (નવ) સભાસદો હાજર રહેલ છે તેટલી સહીઓ છે જેથી આ બંને સભાસદો નોન કોરમ છે છતાં નોન કોરમ સભાઓમાં કામગીરી કરી જરૂરી ઠરાવો કરેલ છે.

મુદ્દા નંબર ૨ :
મંડળીના પેટા-નિયમ ૨૮ (આ) (૩) મુજબ જે વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી લાગલગાટ ચાર સભામાં ગેર હાજર રહેશે તો, તેની કમિટી સભ્ય પદની મુદત પુરી થયેલ ગણાશે જે અનુસાર નીચેના સભ્યો સતત ચાર સભા કરતાં વધુ સભામાં ગેરહાજર રહેલ છે. છતાં વ્યવસ્થાપક કમિટી સભ્ય પદે ચાલુ રહેલ છે. જે પેટા નિયમવિરૂધ્ધ છે, (૧) પટેલ ભોગીલાલ પુંજીરામ (૨) બારોટ મહેશકુમાર વનરાજ (૩) રાવ પ્રદીપકુમાર પુંજીરામ (૪) રામી ચંદ્રકાન્ત શાંતીલાલ

મુદ્દા નંબર ૩ :
પેટા-નિયમ-૨૮ (આ) (૪) મુજબ વ્યવસ્થાપક કમિટી સભ્ય મુદત વીતી બાકીદાર થવાથી પેટા નિયમ-૮ (૯) મુજબ લાગ-લગાટ લીધેલ ધિરાણના ત્રણ મહિના સુધી હપ્તા ભરવામાં નિષ્ફળ જાય તો, તેવા સભ્યને કમિટી સભ્યપદેથી દૂર કરવી જોઈએ એટલે મુદતવીતી બાકીદાર કમિટી સભ્યપદે રહી શકે નહી અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમ ૧૯૬૫ની જોગવાઈ અનુસાર સમિતિની સદસ્યો માટેની લાયકાત મુજબ નિયમ-૩૨ ૧ (આ) મુજબ પેટા-કાયદામાં નિર્દિષ્ટ તેવી મુદત માટે તેણે લીધેલી કોઈપણ લોન સંબંધમાં ક્સુર ન કરેલ હોય તોજ કમિટી સભ્ય તરીકેની લાયકાત મળી શકે જેમાં નીચેના વ્યવસ્થાપક કમિટી સભ્યો મુદતવીતી ધિરાણ બાકી છે. છતાં પણ કમિટીમાંથી દૂર કરાયેલ નથી.

૧. પટેલ અરવિંદભાઈ કાશીભાઈ	૧૫,૦૦૦	મુદત વીતી લોન
૨. પટેલ બાબુલાલ મંગળદાસ	૧૨,૪૮૦	
૩. રાવ પ્રદીપકુમાર પુંજીરામ	૬,૧૮૦	,,
૪. રામી ચંદ્રકાન્ત શાંતીલાલ	૧૯,૫૭૦	,,
૫. દરજી અમરતલાલ ગોબરદાસ	૧૫,૦૦૦	,,

મુદ્દા નંબર ૪ :

મંડળીની વ્યવસ્થાપક કમિટીની સભ્યો તથા હોદ્દેદારોને ઓડીટમાં વારંવાર સુચના આપવા છતાં એક જ કુટુંબના સભ્યોના અરસપરસ જમીન લઈને ધિરાણની પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે. જેમાં વ્યવસ્થાપક કમિટી સભ્યોના કુટુંબીજનોને ધિરાણ આપેલ છે, જે તમામ સભ્યો પાસે મુદતવીતી બાકી ધિરાણ છે. જે વસૂલાત માટે મંડળીની વ્યવસ્થાપક કમિટીએ કોઈ કાર્યવાહી કરેલ નથી કે દરકાર લીધેલ નથી.

દા. ત.	ધિરાણ મુદતવીતી બાકી
(૧) પટેલ અરવિંદભાઈ કાશીભાઈ (પ્રમુખ)	૧૭,૯૫૦
પટેલ જ્યોત્સનાબેન અરવિંદભાઈ (પત્ની)	૧૭,૯૫૦
પટેલ વિનલબેન અરવિંદભાઈ (પુત્રી)	૧૭,૯૫૦
(૨) પટેલ બાબુલાલ મંગળદાસ (માનદ્ મંત્રી)	૧૨,૪૮૦
પટેલ ડાહીબેન બાબુલાલ (પત્ની)	૧૨,૪૮૦
(૩) બારોટ મહેશકુમાર નટવરલાલ વ્ય.ક. સભ્ય	૧૫,૦૦૦
બારોટ ભારતીબેન મહેશકુમાર (પત્ની)	૨,૯૫૦
બારોટ નટવરલાલ ગુલાબસિંહ (પિતા)	૨,૯૫૦
(૪) ચોકસી જયેશકુમાર નટવરલાલ વ્ય.ક. સભ્ય	...
ચોકસી આલકાબેન જયેશકુમાર (પત્ની)	૪૭,૬૦૫
ચોકસી નિકુંજકુમાર નટવરલાલ (ભાઈ)	૪૭,૪૯૨
ચોકસી યશવંતકુમાર નટવરલાલ (ભાઈ)	૪૭,૫૨૭
ચોકસી દિલીપકુમાર નટવરલાલ (ભાઈ)	૧૮,૧૫૭
સોની મીનાબેન દિલીપકુમાર (બેન)	૧૮,૬૭૩
(૫) રામી ચંદ્રકાન્ત શાંતીલાલ (વ્ય.ક. સભ્ય)	૧૯,૫૭૦
રામી કાન્તાબેન શાંન્તીલાલ (માતા)	૧૫,૯૫૦
રામી વસંતકુમાર શાન્તીલાલ	૧૯,૦૪૩
(૬) પટેલ ભોગીલાલ પુંજીરામ (વ્ય.ક. સભ્ય)	...
પટેલ ભારતીબેન ભોગીલાલ (પત્ની)	૧૫,૦૦૦

મુદ્દા નંબર ૫ :—

તારીખ ૩૦ મી જૂન, ૧૯૯૬ ના રોજ ધિરાણ બાકી રુપિયા ૨૬,૭૪,૪૦૭.૯૫ છે. જે તમામ ધિરાણ મુદતવીતી બાકી થયેલ છે. આ ધિરાણ વસુલાત માટે મંડળીના હોદ્દેદારોએ કોઈ સક્રિય પગલાં ભરેલ નથી. અને વસુલાતની કામગીરી કરવામાં નિષ્ક્રિયતા દાખવેલ

INDEX

મુદ્દા નંબર ૬ :—

મંડળીના સાચા વાર્ષિક હિસાબો બનાવી રજુ કરવાની મંડળીના મેનેજર તથા વ્યવસ્થાપક કમિટી સભ્યો અને હોદ્દેદારોની ફરજ / જવાબદારી છે. જ્યારે, મંડળીના હોદ્દેદારોએ વર્ષ દરમ્યાન સાચા હિસાબો ન બતાવી ખોટો નફો દર્શાવી ડીવીડન્ડ વહેંચણી કરેલ છે. જેથી સંસ્થાના ભંડોળ સ્વકિય મૂડીનું ધોવાણ થવા પામેલ છે. આમ, કાયદાની કલમ--૬૬ (૧/ તથા સંસ્થાના પેટા--નિયમ વિરુધ્ધ જઈ, હિસાબો કરેલ છે. આમ, સંસ્થાના વ્યવસ્થાપક કમિટી સભ્યો તરીકે ફરજ બજાવવામાં કસુર કરેલ છે.

મુદ્દા નંબર ૭ :—

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૮૫ મુજબ સંસ્થાના થયેલ ઓડીટની સુચનાઓનો અમલ કરી, તેનો દુરસ્તી અહેવાલ ત્રણ માસમાં મોકલી આપવાની મંડળીના હોદ્દેદારોની ફરજ છે. છતાં, મંડળી ના સને ૧૯૮૯--૯૦ થી ૧૯૯૨--૯૩ સુધી થયેલ ચાર વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. તેમાં સુચવાયેલ સુચનોનો વાસ્તવિકપણે અમલ કરેલ નથી. તેમજ, દુરસ્તી અહેવાલ મોકલવાના બાકી છે. આમ, કલમ--૮૫ નો ભંગ કરેલ છે.

મુદ્દા નંબર ૮ :—

મંડળીના અન્વેષણ દરમ્યાન મંડળીના રોજમેળે બીન જરૂરી બે લાખ જેટલી સરેરાશ સતત હાથ પર રહેલ છે. છતાં, બીજી જરુરી સિલ્લક ન રહે તેવી કોઈ તકેદારી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યો કે હોદ્દેદારોએ લીધેલ નથી. મંડળીએ સભાસદોને ધિરાણ આપવા માટે એકબીજી કેશ ક્રેડીટ લીધેલ છે. જે મુદતવીતી બાકી છે. જ્યારે, બીજી બાજુ મંડળીના રોજમેળે મર્યાદા કરતાં સિલક વધુ હાથ પર રહેવ પામેલ છે. આમ, મંડળીના પેટા-નિયમ ૩૫ નો ભંગ કરેલ છે. અને વધુ પડતી સિલક હાથ પર રહેવાના કિસ્સામાં સિલકનું વ્યાજ કરવા અંગેની કોઈ કાર્યવાહી મંડળીના કાર્યવાહકોએ કરેલ નથી.

મુદ્દા નંબર ૯ :—

મંડળીના અનવેષણ દરમ્યાન તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ રંગરેજ ગુલાબનબી મીયાં મહમદ ખાતે રૂા. ૨,૫૬,૨૭૩.૮૫ મંડળીની સિલક વાપરી નાખેલ તે ઉધારેલ છે. જે રકમ તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૬ ના રોજ જમા આવેલ છે આવી નાણાંકીય ઉચાપત થયા બદલ કોઈ કમિટીએ કાર્યવાહી કરેલ નથી. અને આ રકમનો સંસ્થાને "વ્યાજખાદ્ય" પડેલ તે પણ વસુલ કરવા કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમજ, તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ રૂા. ૫૬,૦૮૮ દૂધ સંઘ ખાતે જમા ન કરી, તારીખ ૧૮મી જુન, ૧૯૯૪ ના રોજ રૂા. ૯૧,૪૪૮ દૂધ સંઘ ખાતે ઉધારેલ. જે સંઘમાં જમા ન કરાવી નાણાંકીય ઉચાપત થવા પામેલ છે. જે બાબત મંડળીની વ્યવસ્થાપક કમિટીએ કોઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ નથી. કે વસુલાતની કામગીરી પણ કરેલ નથી. આમ, કમિટીના સભ્યોએ તેઓની ફરજ બજાવવામાં નિષ્કાળજી સેવેલ છે.

મુદ્દા નંબર ૧૦ :—

મંડળીની વ્યવસ્થાપક કમિટીએ સભાસદોને ધિરાણ માટે મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાંથી કેશ ક્રેડીટ મેળવેલ છે. જે શરતોથી આ કેશ ક્રેડીટ મેળવેલ છે, તે શરતોનું પાલન કરેલ નથી. તેમજ તારીખ ૩૦મી જુન, ૧૯૯૬ ના રોજ બેંકને કેશ ક્રેડીટ રૂા. ૧૦,૮૫,૫૬૬-૦૯ની પરત આપવાની બાકી છે. જે ભરવા સારું મંડળી / વ્યવસ્થાપક કમિટીએ કોઈ સક્રિય પ્રયાસો કરેલ નથી.

મુદ્દા નંબર ૧૧ :—

મંડળીની વ્યવસ્થાપક કમિટી સભ્યો દ્વારા મંડળીના જે સભાસદો મુદ્દતવીતી બાકી દાર હોવાં છતાં પણ, તેઓએ તારીખ ૨૯ મી જુન, ૧૯૯૬ ના રોજ નવીન ધિરાણ આપેલ છે. દા. ત. જે સભાસદો વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી ચોકસી જયેશકુમાર નટવરલાલના કુટુંબીજનો છે.

ચોકસી અલકાબેન જયશકુમાર	... રૂા. ૨૯,૪૪૮
ચોકસી યશવંતકુમાર નટવરલાલ	... રૂા. ૨૯,૩૬૬
ચોકસી નિકુંજકુમાર નટવરલાલ	રૂા. ૨૯,૩૫૫

આમ, કમિટી સભ્યોએ પેટાનિયમ-૩૨ની જોગવાઈ મુજબની કામગીરી કરવામાં કસુર કરેલ છે. અને સહકારી કાયદા કાનૂન અને પેટા નિયમનો ભંગ કરેલ છે.

આમ, મંડળીએ તેઓના તા. ૮મી જુન ૧૯૯૮ની મુદતે કોઈ રજુઆત ન કરતાં, તા ૪થી ઓગસ્ટ ૧૯૯૮ના રોજ લેખિત રજુઆત કરેલ, જેમાં નીચે મુજબ રજુઆત કરેલ હતી.

(૧) સંસ્થાના પેટા-નિયમ-૨૬ મુજબ મંડળીના સભાસદોની એકંદરે સંસ્થા ના ૨/૫ અગર ૨૫ પૈકી કે જે સંખ્યા કમી હોય, તેટલી સભાસદો વાર્ષિક સભાની કાર્યવાહી માટે કોરમ થયું તેમ ગણાશે. પેટા કાયદામાં વિહીત કરેલ જોગવાઈઓ મુજબ તથા કાયદા કાનૂન મુજબ વાર્ષિક સાધારણ સભા યોજાતા પહેલાં, પંદર દિવસ અગાઉ સામાન્ય રીતે એજન્ડા કાઢી મંડળીના તમામ સભાસદોને ફુલ્ફ સંસ્થાના કર્મચારીઓ દ્વારા મોકલવામાં આવે છે. અને બાકી રહેતા સભ્યોને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. આમ છતાં, સાધારણ સભામાં સભ્યો હાજરી આપે છે. પરંતુ, તેઓની હાજરી અંગેની સહીઓ કરવાનું ચુકી જાય છે. તથા અમારી મંડળીની સાધારણ સભામાં હાજર રહેલ સભ્યોની સહીઓ ઈલાયદા કાગળમાં લેવાની પ્રથા છે. જેથી, તા. ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૪ તથા ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫-ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાંઓમાં અનુક્રમે ૧૬ તથા ૯ સભ્યોની સહીઓ માલુમ પડે છે. જે અંગે ઓડીટરશ્રીએ ઝામારુ ધ્યાન દોરતાં, આ અંગે મેનેજરશ્રીએ સાધારણ સભાના દિવસે તેઓ એકલા હોઈ, કામગીરીના ભારણના કારણે હાજર સભ્યોની સહીઓ લેવાનું ચુકી ગયેલ હતાં, જેથી, આમ બનેલ આ અંગે વિગતવાર ઓડીટરશ્રી સમક્ષ તા. ૨૨મી ડિસેમ્બર ૧૯૯૭ના રોજ મળેલ વ્યવસ્થાપક કમિટીની મિટીંગમાં ઠરાવ નં. ૧(૫) થી નોંધ લઈ, તે અંગે જરુરી સુચનાઓ અને કાળજી લેવા મેનેજરશ્રીને જણાવેલ છે. ઠરાવની નકલમાં આ સાથે સામેલ છે. આમ, ઉપરોક્ત વિગતો જોતાં આપશ્રીને જણાશે કે મંડળીના પેટા કાયદા તથા કાયદા, કાનૂનથી અમારી ઉપર મુકવામાં આવેલ ફરજો તથા જવાબદારીઓ અદા કરવામાં અમો કમિટી સભ્યો પુરેપુરા પ્રયત્નો કરીએ છીએ અને હવેથી આવી કોઈ વહીવટી ખામી ઉત્પન્ન નહીં થાય તેની અમો ખાત્રી આપીએ છીએ. મેનેજરશ્રીની વહીવટી કામગીરીમાં બેદરકારી બતાવેલ છે. જેથી તેઓએ આ મંડળીમાંથી રાજીનામું આપી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ છુટા થયેલ છે. જે જાણમાં લઈ થયેલ બેદરકારીને ક્ષમ્ય ગણવા વિનંતી છે.

(૨) મંડળીના પેટા નિયમ-૨૮ (અ) (૩) મુજબ જે વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી લાગલગાટ ચાર સભામાં ગેરહાજર રહેશે તો, તેની કમિટી સભ્યપદની મુદત પુરી થયેલી ગણાશે. જે અનુસાર મંડળીના થયેલ ઓડીટમાં જે કમિટી સભ્યો નિયમિત કમિટીની મીટીંગ હાજરી આપતાં ન હતાં, તે પૈકી (૧) બારોટ મહેશકુમાર વનરાજભાઈ,

INDEX

ઠરાવ પ્રદિપકુમાર પુંજારામ ને મંડળીની તારીખ ૨૨મી ડીસેમ્બર ૧૯૯૭ ની મિટીંગમાં ઠરાવ નંબર-૧(૭) થી ઓડીટરશ્રીને આપેલ ખાત્રી મુજબ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮ ની વ્યવસ્થાપક કમિટીની મીટીંગમાં નિર્ણય લઈ, તેઓને કમિટીના સભ્યપદેથી દુર કરી, તેઓની જગ્યાએ અનુક્રમે (૧) પટેલ મંગળભાઈ શંકરભાઈ, (૨) પટેલ મૂળચંદભાઈ મોહનભાઈની મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્ય તરીકે કો. ઓપ. કરવામાં આવેલ છે. જ્યારે, બાકીના તમામ કમિટી સભ્યોને વ્યવસ્થાપક કમિટીના સભામાં નિયમિત હાજરી આપવા અંગે સુચના આપવામાં આવી છે. અને તે સુચનાનું પાલન હવેથી ચોક્કસપણે કરવામાં આવે જે નિગાહે લેવા વિનંતી છે.

(૩) આપશ્રીની નોંટીસમાં જણાવ્યા મુજબ મંડળીની પાંચ કમિટી સભ્યો પાસેથી મુદતવિતિ લોન ધિરાણ રૂા. ૬૮,૨૩૦/- બાકી હતું. જે પૈકી (૧) પટેલ અરવિદકુમાર કાશીભાઈ પાસેથી રૂા. ૧૫,૦૦૦/- તારીખ ૪થી જુન ૧૯૯૮ના રોજ વ્યાજ સહ રકમ ભરપાઈ થઈ ગયેલ છે. ખાતાની નકલ આ સાથે સામેલ છે. (૨) પટેલ ભારતી-બેન ભોગીલાલ પાસેથી રૂા. ૧૫,૦૦૦/- તા. ૫મી જુન ૧૯૯૮ના રોજ વ્યાજ સહ રકમ ભરપાઈ થઈ ગયેલ છે. આ સાથે ખાતાની નકલ સામેલ છે. (૩) રાવ પ્રદિપકુમાર પુંજારામ પાસે રૂા. ૬,૧૮૦/- મુદત વીતી લોન વસુલ કરવાની બાકી દર્શાવેલ છે. હકીકતમાં તેઓશ્રીએ તા. ૩જી સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ રૂા. ૧૫,૦૦૦/- નું ધિરાણ મેળવેલું. જેના હપ્તા તેઓશ્રીએ ટ્રારા નિયમિત ભરપાઈ કરવામાં આવતાં હતાં. અને તેઓશ્રીએ મેળવેલ ધિરાણ તા. ૨૧મી જાન્યુઆરી ૧૯૯૭ ના રોજ વ્યાજ સહ વસુલ થઈ ગયેલ છે. આમ, તેઓશ્રી પાસે મંડળીનું કોઈ મુદતવીતી લેણું બાકીમાં નથી. ઓડીટરશ્રીએ ભુલથી આ રકમ લખેલ જણાય છે. તેઓશ્રીના ખાતાનો ઉતારો આ સાથે સામેલ છે. અને સક્રિયપણે વસુલાત ચાલુ છે. જે નિગાહે લેવા નમ્ર વિનંતી છે.

(૪) મંડળીના વ્યવસ્થાપક કમિટીજન સભ્યશ્રીઓના કુટુંબીજનો વિભકત કુટુંબમાં રહેતાં હોઈ અને તેઓની આવક અલગ હોવાને કારણે આવું ધિરાણ કમિટીએ મંજુર કરેલ. પરંતુ, ઓડીટરશ્રી ટ્રારા સુચના થતાં અમોએ વ્યવસ્થાપક કમિટીના કુટુંબીજનો પાસેથી નીચે વિગતે નાણાં ની વસુલાત વ્યાજ સહ કરી લીધેલ છે. તેમજ, હવેથી આમ ન બને તેની કાળજી રાખી નોંધ લેવામાં આવેલ છે.

(૫) મંડળીમાં તા. ૩૦મી જુન ૧૯૯૬ના રોજ મુદત વીતી ધિરાણ રૂા. ૨૬૭૪૪૦૭.૮૫ આપ સાહેબની નોંટીસમાં દર્શાવેલ છે. હકીકત-માં મંડળી તેના પેટા-નિયમની કલમ-૩૬ મુજબ મંડળીએ લીધેલ રકમ ૩૬ હપ્તાઓમાં વસુલાત કરવાની થાય. આથી, પેટાનિયમ મુજબ જોતાં, મંડળીમાં ખરેખર તા. ૩૦મી જુન ૧૯૯૬ના રોજ મુદતવીતી ધિરાણ રૂા. ૧૭,૨૮,૮૧૬/- બાકી હતું. ઓડીટરશ્રીએ ધિરાણ વસુ-લાત અંગે જણાવતાં, મંડળીની કમિટીએ ધિરાણની વસુલાત માટે સક્રિય પ્રયત્નો હાથ ધરેલ છે. અને મુદતવીતી બાકીદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. મંડળીની કમિટીએ કરેલ પ્રયત્નોને કારણે સને ૯૬/૯૭ના વર્ષ દરમ્યાન રૂા. ૧,૩૮,૫૩૪/ ની મુદત વસુલાત તથા રૂપિયા-૭૫,૩૧૧/- વ્યાજ મળી કુલ રૂા. ૨,૧૩,૮૪૫/-ની વસુલાત કરેલ છે. જ્યારે ૯૭/૯૮ના વર્ષ દરમ્યાન એટલે કે, તા. ૩૧મી જુલાઈ ૧૯૯૮ સુધીમાં રૂા.૨,૮૫,૧૪૪/- મુદલ તથા વ્યાજ રૂા. ૩,૬૪,૯૦૩/- તથા દે. વ્યાજ રૂા. ૬,૫૩૬/- મળી કુલ રૂા. ૬,૫૬,૫૮૩/-ની વસુલાત કરેલ છે. આમ મંડળીએ વસુલાત અંગે સક્રિય પ્રયત્નો હાથ ધરેલ છે.

(૬) મંડળીના વાર્ષિક હિસાબો મેનેજરશ્રીએ તૈયાર કરેલ હતા. જે સાધારણ સભામાં રજુ કરી સાધારણ સભાની બહાલી મળતાં, ડીવીડન્ડ-ની વહેચણી કરવામાં આવેલ છે. અમો તમામ કમિટી સભ્યો હિસાબી કામકાજના પુરેપુરા જાણકાર ન હોઈ, આમ બનેલ હશે. પરંતુ હવેથી હિસાબોની આંતરીક ઓડીટરશ્રીની પાસે ચકાસણી કરાવ્યા બાદ જ વાર્ષિક હિસાબો રજુ કરવાની આપશ્રીને ખાત્રી આપવામાં આવે છે. આ ઉપરોકત અમારી મંડળીનું ઓડીટ છેલ્લા ત્રણ વર્ષનું ભેગું થયેલ છે. ઓડીટ દર વર્ષે નિયમિત ન થવાને કારણે પણ આવી વહીવટી ભુલ થયેલ છે. હવેથી હિસાબોની બાબતમાં ખુબજ ચોકસાઈ રાખવાની ખાત્રી આપવામાં આવે છે.

(૭) અમારી મંડળીમાં સને ૧૯૯૦--૯૧ થી ૧૯૯૨--૯૩ સુધીના ઓડીટ મેમાના દુરસ્તી રીપોર્ટ જે તે ઓડીટરશ્રીને મોકલી આપવાના દુરસ્તી રીપોર્ટ તૈયાર કરી વ્યવસ્થાપક કમિટી તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ ના ઠરાવથી કમિટીમાં મંજુર કરી મોકલી આપેલ છે. તથા ઓડીટરશ્રી ટ્રારા દર્શાવવામાં આવેલ તમામ ખામીઓની વાસ્તવીક દુરસ્તી કરી, સુચનાઓનો અમલ કરવાની પ્રથા આપનાવેલ છે. કરેલ ઠરાવની નકલ આ સાથે સામેલ છે.

(૮) મંડળીની સિલક રૂા. ૫૦,૦૦૦ સુધી ક્લાર્ક / મેનેજરશ્રી, પાસે રાખવા તારીખ ૧ લી ઓગષ્ટ, ૧૯૯૪ ની વ્યવસ્થાપક કમિટીના ઠરાવની રાખવાનું ઠરાવવામાં આવેલ હતું. આ ઉપરાંત, મંડળી મોજે વિજાપુર ગામમાં મહેસાણા ડેરી પાસેથી દૂધ મેળવી તેના વિતરણ કામગીરી કરે છે તથા મંડળી ટ્રારા બે સંસ્થા અનાજની દુકાનો મારફતે રેશનીંગ વેચાણની પ્રવૃત્તિ પણ કરવામાં આવતી હતી. મંડળીમાં તેના આવા પરચુરણીયા વેપારના કારણે દરરોજ સરેરાશ રૂા. ૨,૦૦૦ જેવી પરચુરણ આવતી આવતી હતી. આવી પરચુરણનો ભરાવો થવાને કારણે રોજમેળ ઉપર સિલ્લક વધુ રહેવી જણાય છે. પરંતુ, વાસ્તવમાં આવી પરચુરણ મંડળીનો કોઈ પણ સભાસદ તેના મંજુર થયેલ ધિરાણના બદલામાં લઈ જવાં તૈયાર ન હતા. તેથી મંડળીની કમિટીએ ધિરાણ લેતા સભ્યોને ફરજીયાત બે કે ત્રણ હજારનું પરચુરણ આપવાનું નક્કી કરેલ. જેથી ધીમે ધીમે ઓછી થઈ અને સસ્તા મુજબ રહેલ તેવા પ્રયત્નો કમિટી ટ્રારા હાથ ધરવામાં આવેલ છે. આમ, મંડળીની સિલક ખોટી રીતે હાથ ઉપર રાખવામાં આવેલ નથી. પરંતુ વહીવટી કારણોસર સિલક વધુ હાથ ઉપર રહેવા પામેલ છે. જે હવેથી ન રહે તેની કાળજી રાખવામાં ખાસ નોંધ લેવામાં આવેલ છે. મંડળીની કમિટીએ પરચુરણનો નિકાલ કરવા ધિરાણ સભ્યોને ધિરાણના ચેક સાથે જ પરચુરણ આપેલ છે. તેના આધાર તરીકે આપેલ ચેકનો અને અદા કરેલ પરચુરણનો આધાર સામેલ છે.

(૯) મંડળીના અન્વેષણ દરમ્યાન જે નાણાંકીય ઉચાપત થયેલ તે તમામ રકમો વસુલ કરી લેવામાં આવેલ છે. જેમ કે, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ રૂા. ૨,૫૬,૨૭૩.૮૫ પૈસા મંડળીની સિલ્લક રંગરેજ ગુલામનબી મીયાંજમહંમદ એ વાપરી નાખેલ તે તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ રોજમેળ જમા લેવામાં આવેલ છે. જ્યારે તારીખ ૩૦ મી જુન, ૧૯૯૩ ના રોજ રૂા. ૫૬,૦૮૮ દૂધ સંઘ ખાતે જમા ન કરેલ. તે તારીખ ૧૦ મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ રોજમેળે જમા કરવામાં આવેલ છે. જ્યારે, તારીખ ૧૮ મી જુન, ૧૯૯૪ ના રોજ રૂપિયા ૯,૧૪,૪૮ દૂધ સંઘ ખાતે ઉધારેલ. જે સંઘમાં જમા કરાવેલ નહી તે રકમ તારીખ ૨૨ મી ડિસે મ્બર, ૧૯૯૭ ના રોજ ઓડીટરશ્રી રુબરૂ વસુલ લઈ રોજમેળે જમા કરવામાં આવેલ છે. આમ, મંડળીમાં થયેલ હંગામી ઉચાપતોની વસુલાત અંગે કમિટીએ સક્રિય રસ લઈ તમામ રકમની વસુલાત કરી દીધેલ છે. જેની સંસ્થાને કોઈ નાણાંકીય નુકશાન થયેલ નથી. આમ, મંડળીની કમિટી મંડળીના નાણાં અને નિધિનો કોઈ દૂરવ્યય ન થાય તે બાબતે પુરેપુરી સજાગ અને સક્રિય રહેલ છે. સંસ્થામાં થયેલ નાણાંકીય ઉચાપતો અંગેનો વ્યાજની વસુલાત માટે કમિટી યોગ્ય નિર્ણય કરી વ્યાજ વસુલાત માટે સક્રિય છે. જે જાણમાં લેવા વિનંતી છે.

INDEX

(૧૦) મંડળીના સભાસદોને ધિરાણ કરવાના હેતુથી મહેસાણા મધ્યસ્થ બેંકમાંથી કેશ ક્રેડીટ મેળવવામાં આવેલ હતી. જે અંગે મંડળીના સભાસદો તરફથી તેઓએ મેળવેલ ધિરાણ સમયસર મંડળીને પરત ન મળતાં, તે કારણે કેશ ક્રેડીટ ઓવરડયુ થયેલ છે. પરંતુ કમિટીના ધ્યાન ઉપર આવતાં. વસુલાતની કાર્યવાહી સક્રિયપણે કરતાં, સને ૧૯૯૬-૯૭ ના વર્ષમાં કેશ ક્રેડીટ રૂા. ૩૫,૩૦૪ તાથ ૧૯૯૭-૯૮ ના વર્ષમાં રૂા. ૩,૪૯,૫૦૩ બેંકના કેશ ક્રેડીટમાં જમા કરાવેલ છે. આમ, હવે મંડળીને સ્થગિત થઈ ગયેલ ધિરાણ વસુલાતની કામગીરી સક્રિય રીતે બેંકની કેશ ક્રેડીટ ઓવરડયુ ના થાય તેની ખાસ કાળજી રાખવા નોંધ લેવામાં આવી છે. અને હવેથી નિયમિતપણે ધિરાણની વસુલાત સમયસર કરી કેશ ક્રેડીટ મેળવવા અંગેની તમામ શરતોનું પાલન થાય તેની કાળજી રાખવા ગંભીર પણે નોંધ લીધી છે.

(૧૧) મંડળીની વ્યવસ્થાપક કમિટિએ મુદતવીતી બાકીદારો સામે બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટ મહેસાણામાં ૧૯ મુદત મુદતવીતી બાકીદારો સામે દાવા દાખલ કરવાનો નિર્ણય કમિટીએ તારીખ ૧ લી એપ્રિલ, ૧૯૯૮ ની મીટીંગમાં કરેલ છે. જે આધારે દાવાની કામગીરી કરવા સારૂ તમામ સાધનિક કાગળો તૈયાર કરી, મંડળીના વકીલશ્રીને આપવામાં આવેલ છે. જેના લવાદી દાવાઓ નામદાર કોર્ટમાં દાખલ થઈ ગયેલ છે. આમ મુદતવીતી બાકીદારો પાસેથી ધિરાણની વસુલાત અંગે કાયદેસરની કાર્યવાહી અંગે મંડળીની કમિટી દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત મંડળીનો મુદતવીતી બાકીદાર જ્યાં સુધી પોતે મેળવેલ ફરજ મંડળીને વસુલ ન આપે ત્યાં સુધી, તેને નવીન ધિરાણ ન કરવા તથા મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં કે મંડળીની ચૂંટણી પ્રકિયામાં ભાગ ન લેવા દેવાનું ઠરાવવામાં આવે છે.

તદ-ઉપરાંત મંડળીના પ્રમુખશ્રીએ તેઓના તારીખ ૧૭ મી ઓગષ્ટ, ૧૯૯૮ ના પત્રથી બેંકના કેશ ક્રેડીટ ખાતામાં નિયમિત પૈસા ભરવા તેમજ બેંક તરફથી કોઈ પણ વાંધો નહીં આવે તેની લેખિતમાં ખાત્રી આપેલ હતી. આમ, ન્યાયના હિતમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : સક્ક / ૦૧ /ધ / ૨૩૯૭ / ૯૮, તારીખ ૨૫ મી ઓગષ્ટ ૧૯૯૮ થી નીચેની શરતોએ છ માસની મુદત આપવામાં આવેલ હતી.

(૧) ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી , મહેસાણા ની કેશ ક્રેડીટમાં નિયમિત પૈસા ભરવા તેમજ તે અંગે દર માસે પ્રગતિ રીપોર્ટ મોકલી આપવાનો રહેશે.

આમ, મંડળીને આપેલ મુદતમાં કરેલ શરતોનું મંડળીએ બિલકુલ પાલન કરેલ નથી.

ત્યારબાદ ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. મહેસાણાએ તેઓના તારીખ ૧૭મી માર્ચ ૧૯૯૯ તથા તારીખ ૧૪મી મે ૧૯૯૯ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય આપેલ છે.

ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ.બેંક લી., મહેસાણાના પત્રમાં જણાવેલ ખામીઓના વ્યાજબીપણા બાબતે મંડળીને રજુઆત કરવા વ્યાજબી તક આપવી તે ન્યાયના હિતમાં હોઈ, સહકારી અધિકારી (ઉદ્યોગ) લંગત મજકુર કચેરીના પત્ર ક્રમાંક સક્ક /૦૧/ધ/-૧૬૭૭/૯૯, તારીખ ૧૭મી મે ૧૯૯૯ થી ફડચામાં લઈ જવા અભિપ્રાય થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૧૧/૯૯, તારીખ ૨૮મી મે ૧૯૯૯ થી નીચેના મુદ્દા બાબતે ફડચા સંબંધી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

(૧) મંડળીના ઓડીટમાં, મંડળીની વહીવટી તથા નાણાંકીય ગફલતો વ ભુલો જણાઈ આવેલ.

(૨) મંડળીની વ્યવસ્થાપક કમિટી પોતાની પેટા કાયદા, કાયદા કાનૂન થી સુપ્રત કરાયેલ જવાબદારીઓ ફરજો તથા ફરજો અદા કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાવી મંડળીની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી, કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદારશ્રીના નિમણુંક કરવા જણાવી તે અંગે ખાસ અહેવાલ કરેલ જે અન્વયે અત્રેથી તારીખ ૨૧મી મે ૧૯૯૮ના રોજ અત્રેથી તારીખ ૨૧મી મે ૧૯૯૮ ના રોજ કારણદર્શક નોટીસ પાઠવી તારીખ ૮મી જુન ૧૯૯૮ ના રોજ હિયરીંગ રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ તારીખ ૧૫મી જુન ૧૯૯૮ તારીખ ૨૪મી જુન ૧૯૯૮ તથા ઉજી ઓગષ્ટ ૧૯૯૮ ના રોજ સુનાવણી રાખી મંડળીના પ્રમુખશ્રીએ મંડળીનો વહીવટ સુધારવા તથા મુદતવીતી લ્હેણીની વસૂલાત કરી કેશ ક્રેડીટ ભરપાઈ કરવાની ખાત્રી આપતા છ માસનો સમય આપી મંડળીનો વહીવટ સુધારવાની તક કાર્યવાહકોને આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી દર માસે પ્રગતિ રીપોર્ટ અત્રે મોકલી આપવામાં થતા હતા. તે મોકલી આપેલ નથી તથા નીચે જણાવ્યા પ્રમાણેની ક્ષતિઓની પૂર્તતા પણ કરેલ નથી.

૧. મંડળીના પ્રમુખ તથા કારોબારી સભ્યોની વહીવટ સુધારવાની તથા પેટા નિયમ મુજબ કામગીરી કરવાની રજુઆત ધ્યાને લઈ મંડળીનો વહીવટ સુધારવા આપેલ મુદતમાં મંડળીના વહીવટમાં કોઈ સુધારો થયેલ નથી તથા પ્રગતિ અહેવલ પણ અત્રે મોકલી આપેલ નથી.

૨ મંડળીના કારોબારી સભ્યોની મીટીંગ પેટા નિયમ મુજબ મળતી નથી.

૩. ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણા દ્વારા મંજુર કરાયેલ રૂા. ૧૦/- લાખ કેશ ક્રેડીટ કે જેની પાકતી તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૫ હતી જે રીન્યુ કરાવેલ નહી હોવાથી આજ તારીખે રૂા ૧૧૪૭૬,૨૭૦/- કેશ ક્રેડીટ મુદતે વીતી બાકી છે.

૪. મંડળીના પ્રમુખ તથા કારોબારી સભ્યોએ જુદા જુદા ૧૮ સભાસદોના નામે ધીરાણ મેળવેલ છે જે પૈકી રૂા. ૪,૧૮,૧૯૦/- બાકી છે, જે તમામ મુદતવીતી બાકી છે.

૫. મંડળીના બે કર્મચારીઓએ ૩ સભાસદોના નામે રૂા. ૫૬,૩૧૧/- ધિરાણ મેળવેલ છે. જે તમામ મુદતવીતી છે.

૬. મંડળીના ૧૩૫ સભાસદો પાસે રૂા. ૩૧,૮૫,૪૨૪/- ધીરાણ બાકી છે જે તમામ મુદતવીતી બાકી છે.

૭. મંડળીની તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૪ તથા તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ ની વાર્ષિક સાધારણ સભામાં સભ્યોનું કોરમ ન હોવા છતાં નોંધ કોરમ સભાઓમાં કામગીરી કરી જરૂરી ઠરાવો કરેલ છે.

૮. મંડળીના પેટા નિયમ-૨૮ (અ) (૩) મુજબ જે વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી લાગ લગાટ ચાર સભામાં ગેર હાજર રહેશે તો તેની કમિટી સભ્ય પરની મુદત પુરી થયેલ ગણાશે. આમ છતાં મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યો સભામાં ગેરહાજર રહેવા છતાં પેટા નિયમ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૯. મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યો તથા હોદ્દેદારોને ઓડીટમાં વારંવાર સુચના આપવા છતાં એકજ કુટુંબના સભ્યોને આરસ પરસ જમીન લઈને ધિરાણ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે. વ્યવસ્થાપક કમિટી સભ્યોના કુટુંબીજનોને ધિરાણ આપેલ છે. જે તમામ સભ્યો પાસે મુદત વીતી બાકી ધિરાણ છે.

૧૦. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૫ મુજબ સંસ્થાના થયેલ ઓડીટના સુચનોનો અમલ કરી તેનો દુરસ્તી અહેવાલ ત્રણ માસમાં મોકલી આપવાની મંડળીના હોદ્દેદારોની

INDEX

ફરજ છે. છતાં મંડળીના સને ૧૯૯૯-૯૦ થી ૧૯૯૨-૯૩ સુધીના ઓડીટ મેમાની દુરસ્તી કરી મોકલેલ નથી કે અમલ પણ કરેલ કરેલ નથી.

૧૧. મંડળીના અન્વેષણ દરમ્યાન મંડળીના રોજમેળ બીનજરૂરી લેવાય જેટલી સિલક સરેરાશ હાથ ઉપર રહેલ છે. છતાં બીનજરૂરી સિલક ન રહે તેની કોઈ તકેદારી મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યો સભ્યો કે હોદ્દેદારોએ લીધેલ નથી

૧૨. મંડળીના અન્વેષણ દરમ્યાન રૂા. ૨,૫૬,૨૭૩.૮૫ ની હંગામી સિલક ઉચાપત તથા તારીખ ૩૦મી જુન ૧૯૯૩, રૂા. ૫૬,૦૮૮/-, દૂધ સંઘ ખાતે જમા ન કરી, તારીખ ૧૮મી જુન ૧૯૯૪ ના રોજ રૂા. ૯૧,૪૪૮/- દૂધ સંઘ ખાતે ઉધારેલ. જે સંઘમા જમા ન કરાવી નાણાંકીય ઉચાપત થવા પામેલ છે. જે અંગે કાર્યવાહકોએ બેદરકારી દાખવેલ છે.

(૧૩) સને ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮, ૧૯૯૮-૯૯ તેમજ છેવટ સુધીના હિસાબી પત્રકો રજુ કરવા જણાવવામાં આવે છે.

જે અનુસંધાને મંડળીએ પોતાની લેખિત રજુઆત તેમજ, સાધનિક પુરાવ નિયત મુદતે રજુ ન કરતાં, તેઓના તારીખ ૧૪મી જુન ૧૯૯૯ના, તારીખ ૫મી જુલાઈ ૧૯૯૯, ૨૬મી જુલાઈ ૧૯૯૯, ૨જી ઓગસ્ટ ૧૯૯૯ ના પત્રથી મુદતની માગણી કરેલ છે. આમ સદર મંડળીને રજુઆત કરવા સંપૂર્ણ તક આપતાં તેઓએ તેઓના તારીખ ૧૬મી ઓગસ્ટ ૧૯૯૯ ના પત્રથી નીચે મુજબની લેખિત રજુઆત કરેલ છે.

(૧) મંડળીના ઓડીટમાં જણાવેલ મંડળીની વહીવટી તથા નાણાંકીય ગફલતો વ ભુલો થયેલ તે તમામ રકમો વસૂલ કરી લેવામાં આવેલ છે. જેમ કે, તારીખ ૧૪મી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ રૂા. ૨,૫૬,૨૭૩.૮૫ મંડળીની સિલક વાપરી નાખેલ તે તારીખ ૧૮મી ઓક્ટોબર ૧૯૯૬ ના રોજ રોજમેળે જમા લેવામાં આવેલ છે જ્યારે તારીખ ૩૦મી જુન ૧૯૯૩ ના રોજ રૂા. ૫૬,૦૮૮/- તથા તારીખ૧૮મીજુન ૧૯૯૪ના રૂપિયા ૯૧,૪૪૮ દૂધ સંઘ ખાતે જમા ન કરેલ રકમો તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૯૭નાં રોજ ઓડીટરશ્રી રૂબરુ વસૂલ લઈ રોજમેળે જમા કરવામાં આવેલ છે આમ છતાં મંડળીમાં થયેલ નાણાંકીય ગફલતો વ ભુલોની વસૂલાત અંગે સક્રિય રસ લઈ તમામ રકમની વસૂલાત કરી દીધેલ છે જેથી સંસ્થાને કોઈ નાણાંકીય નુકશાન થયેલ નથી આ ઉપરાંત મંડળીની સિલક વ્યાજ અંગે આર્થિક નુકશાન બાબતે કરવામાં આવેલ કાયદાની કલમ-૯૩ અન્વયે ની કાર્યવાહીમાં તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના હુકમથી મંડળીના કોઈપણ કર્મચારીઓ કે વ્યવસ્થાપક કમિટીના સભ્યોની કોઈ જવાબદારી ઠેરવવામાં આવેલ નથી. જેથી થયેલ ભુલોની પુર્તતા અમોએ કરી દીધેલ છે.

(૨) કાયદાની કલમ-૮૧ અન્વયેની તારીખ ૨૧મી મે ૧૯૯૮ની કારણદર્શક નોટીસની તમામ પૂર્તતાઓ તારીખ ૩જી ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ તમામ પૂર્તતાઓ કરવામાં આવેલ છે.

૩ (૧) મંડળીના પ્રમુખ તથા કારોબારી સભ્યોને વહીવટ સુધારવાની તથા પેટા નિયમ મુજબ કામગીરી કરવા માટે આપેલ બાંહેધરીનો પુરેપુરો અમલ કરવામાં આવેલ છે.

(૨) મંડળીમાં મંડળીની કારોબારી સભ્યોની મીટીંગો મંડળીના પેટા નિયમ મુજબ દર માસે નિયમિતપણે ભરવામાં આવે છે.

૩ મંડળીના સભાસદોને ધિરાણ કરવાના હેતુથી મહેસાણા મધ્યસ્થ બેંક માંથી કેશ ક્રેડીટ મેળવવામાં આવેલ છે. જે અંગે મંડળીના સભાસદો તરફથી તેઓએ મંડળીમાંથી મેળવેલ ધિરાણ સમયસર મંડળીને પરત ન કરવા તે કારણે કેશ ક્રેડીટ ઓવર ડયુ થયેલ છે. પરંતુ કમિટીના ધ્યાન ઉપર આવતાં, વસૂલાતની કાર્યવાહી સક્રિયપણે કરતાં સને ૧૯૯૬-૯૭ના વર્ષમાં કેશ ક્રેડીટમાં રૂા. ૩૫,૯૦૪/- તથા ૧૯૯૭- ૯૮ના વર્ષમાં રૂા. ૨,૪૧,૫૦૩/- તથા ૧૯૯૮-૯૯ વર્ષમાં રૂા. ૧,૬૮,૩૦૭/- બેંકના કેશ ક્રેડીટમાં જમા કરાવેલ છે. આમ હલે મંડળીને સ્થગિત થઈ ગયેલ ધિરાણ વસૂલાતની કાર્યવાહી સક્રીય કરી બેંકની કેશ ક્રેડીટ ઓવર ડયુ ના થાય તેની ખાસ કાળજી રાખવા નોંધ લેવામાં આવી છે. હવેથી નિયમિતપણે ધિરાણની વસૂલાત સમયસર કરી કેશ ક્રેડીટ મેળવવા અંગેની તમામ શરતોનું પાલન થાય તેની કાળજી રાખવા ગંભીરપણે નોંધ લીધી.

૪ મંડળીના વ્યવસ્થાપક કમિટીના કુટુંબીજનો વિભકત કુટુંબમાં રહેતા હોઈ તેઓની આવક અલગ હોઈ તે કારણે આવું ધિરાણ કમિટીએ મંજુર કરેલ પરંતુ ઓડીટરશ્રી દ્વારા સુચના થતાં અમોએ વ્યવસ્થાપક કમિટીના કુટુંબીજનો પાસેથી નીચેની વિગતે નાણાંની વસૂલાત વ્યાજ સહ કરી લીધેલ છે. જે હવેથી આમ ન બને તેની કાળજી રાખી નોંધ લેવામાં આવેલ છે.

૫ મંડળીના કર્મચારીઓએ મેળવેલ ધિરાણ રૂા. છે. જે તમામ ધિરાણની વસૂલાત કાર્યવાહી કરવામાં આવે છે. અને વસુલાત કરવામાં આવેલ છે. જે તમામ રકમ મુદત વીતી બાકી રહેતી નથી.

(૬) મંડળીના સભાસદો પાસે રૂા. ૩૧,૮૫,૪૨૪/- મુદતવીતી બાકી છે. તેવું નોટીસમાં દર્શાવેલ છે. ઓડીટરશ્રીએ ધિરાણ વસૂલાત અંગે જણાવતાં મંડળીની કમિટીએ ધિરાણની વસૂલાત માટે સક્રિય પ્રયત્નો હાથ ધરેલ છે. અને મુદતવીતી બાકીદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. મંડળીની કમિટીઓ કરેલ પ્રયત્નોને કારણે સને ૧૯૯૬-૯૭ ના વર્ષ દરમ્યાન રૂા. ૧,૩૮,૫૩૪/- ની મુદત વસૂલાત તથા રૂપિયા ૭૫,૩૧૧/-ની વ્યાજ મળી કુલ રૂા. ૨,૧૩,૮૪૫/- વસૂલાત કરેલ છે જ્યારે ૧૯૯૭-૯૮ના વર્ષ દરમિયાન રૂા. ૧,૪૭,૨૬૦/- મુદલ તથા વ્યાજ રૂા. ૮,૪૫,૦૭૯ /-મળી કુલ રૂા. ૯,૯૨,૩૩૯/- ની વસૂલાત કરેલ છે જ્યારે, ૧૯૯૮-૯૯ ના વર્ષ દરમ્યાન રૂા. ૨,૫૭,૨૯૭/- મુદલ તથા વ્યાજ રૂા. ૪,૧૭,૮૫૩/ મળી -કુલ રૂા. ૬,૭૫,૧૫૦/ - ની રકમ વસૂલાત કરેલ છે આમ. મંડળીએ વસૂલાત અંગે સક્રિય પ્રયત્નો હાથ ધરેલ છે.

(૭) સંસ્થાના પેટા નિયમ-૨૬ મુજબ મંડળીના સભાસદોના એકદરે સંખ્યાના ૨/૫ અગર ૨૫ પૈકી જે સંખ્યા કમી હોય તેટલા સભાસદો વાર્ષિક સભાની કાર્યવાહી માટે કોરમ થયું ગણાશે પેટા કાયદામાં વિહીત કરેલ જોગવાઈઓ મુજબ તથા કાયદા કાનૂન મુજબ વાર્ષિક સાધારણ સભા યોજતાં પહેલાં ૧૫ દિવસ અગાઉ સામાન્ય રીતે એજન્ડા કાઢી મંડળીના તમામ સભાસદોને રૂબરૂ સંસ્થાના કર્મચારીઓ દ્વારા મોકલવામાં આવે છે. અને બાકી રહેતા સભ્યોને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે આમ છતાં સાધારણ સભામાં સભ્યો હાજરી આપે છે પરંતુ તેઓની હાજરી અંગેની સહીઓ કરવાનું ચુકી જાય છે તથા આમારી મંડળીની સાધારણ સભામાં હાજર રહેલ સભ્યોની સહીઓ ઈલાયદા કાગળમાં લેવાની પ્રથા છે. જેથી તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૪ તથા તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૫ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાઓમાં અનુક્રમે ૧૬ તથા ૯ સભ્યો ની સહીઓ માલુમ

INDEX

પડેલ છે. જે અંગે ઓડીટરશ્રીએ અમારૂ ધ્યાન દોરતાં આ અંગે મેનેજરશ્રીએ સાધારણ સભાના દિવસે તેઓ એકલા હોઈ, કામગીરીના ભારણના કારણે હાજર સભ્યોની સહીઓ લેવાનું નક્કી ચુકી ગયેલ હતાં જેથી આમ, બનેલ આ અંગે વિગતવાર ખુલાસો ઓડીટરશ્રીએ સમક્ષ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ મળેલ વ્યવસ્થાપક કમીટીની મીટીંગમાં ઠરાવ નંબર૧ થી ૫ સુધી નોંધ લઈ તે અંગે જરૂરી સૂચનાઓ અને કાળજી લેવા મેનેજરશ્રીને જણાવેલ છે. ઠરાવની નકલ આ સાથે સામેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતાં, જણાય છે કે, મંડળીના પેટા-કાયદા તથા કાયદા કાનૂનથી મંડળી પર મૂકવામાં આવેલ ફરજો તથા જવાબદારી અદા કરવામાં અમો કમિટી સભ્યો પુરેપુરા પ્રયત્નો કરીએ છીએ. હવેથી આવી કોઈ વહીવટી કે ખામી ઉત્પન્ન નહી થાય તેની ખાત્રી આપીએ છીએ. મેનેજરશ્રીની વહીવટી કામગીરીમાં બેદરકારી બતાવેલ છે. જેથી તેઓએ આ મંડળીમાંથી રાજીનામું આપી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૮ થી છૂટા કરેલ છે જે જાણમાં લઈ થયેલ બેદરકારીને મુખ્ય ગણવા વિનંતી છે.

(૮) મંડળીના પેટા-નિયમ-૨૮ (આ) (ક) મુજબ જે વ્યવસ્થાપક કમિટી સભ્યને શ્રી લાગ લગાટ ચાર સભામાં ગેર હાજર રહેશે તો, તેની કમિટી સભ્યપદની મુદત પુરી થયેલી ગણાશે. જે અનુસાર મંડળીના થયેલ ઓડીટમાં જે કમિટી સભ્યો નિયમિત કમિટીની મીટીંગમાં હાજરી આપતા નથી, તેવા પૈકી (૧) બારોટ મહેશકુમાર વનરાજભાઈ, (૨) રાવ પ્રદિપકુમાર પુંજીરામને મંડળી તારીખ ૨૨મી ડિસે મ્બર, ૧૯૯૭ ની મીટીંગમાં ઠરાવ નંબર ૧/૭ થી ઓડીટરશ્રીને આપેલ ખાત્રી મુજબ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૮ ની વ્યવસ્થાપક કમિટીની મીટીંગમાં નિર્ણય લઈ તેઓને કમિટીના સભ્યપદેથી દુર કરી તેઓની જગ્યાએ અનુક્રમે (૧) પટેલ મંગળભાઈ શંકરભાઈ, (૨) પટેલ મૂળચંદભાઈ મોહનદાસની- મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્ય તરીકે કો. ઓપ. કરવામાં આવેલ છે. જ્યારે બાકીના તમામ કમિટી સભ્યોને વ્યવસ્થાપક કમિટીનાં સભામાં નિયમિત હાજરી આપવા અંગે સૂચના આપવામાં આવી છે. અને તે સુચનાનું પાલન કરવામાં આવે છે. જે નિગાહે લેવા વિનંતી છે.

(૯) મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યોના કુટુંબીજનો વિભકત કુટુંબમાં રહેતા હોઈ અને તેઓની આવક અલગ હોઈ, આવું ધિરાણ કમિટીએ મંજુર કરેલ. પરતુ, ઓડીટરશ્રી દ્વારા સુચના થતાં અમોએ વ્યવસ્થાપક કમિટીના કુટુંબીજનો પાસેથી નાણાંની વસુલાત વ્યાજ સહ કરી લીધેલ છે. તેમજ, આરસ પરસ જમીન લેવાની પ્રથા બંધ કરેલ છે. તેમજ હવેથી આમ, ન બને તેની કાળજી રાખી અમલ કરવામાં આવેલ છે.

(૧૦) આમારી મંડળીમાં સને ૧૯૮૯--૯૦ થી ૧૯૯૨--૯૩ સુધીના ઓડીટ મેમાની દુરસ્તી રીપોર્ટ જે તે ઓડીટરશ્રીને મોકલી આપવાના દુરસ્તી રીપોર્ટ તૈયાર કરી વ્યવસ્થાપક કમિટી તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૯૮ ના ઠરાવ નં. ૫ થી કમિટીમાં મંજુર કરી મોકલી આપવામાં આવેલ છે. તથા ઓડીટરશ્રી દ્વારા દર્શાવવામાં આવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરી સુચનાનો અમલ કરવાની પ્રથા અપનાવેલ છે. કરેલ ઠરાવની નકલ આ સાથે સામેલ છે.

(૧૧) મંડળીના અન્વેષણ દરમ્યાન મંડળીની સિલક રૂ. ૫૦,૦૦૦ સુધી મેનેજરશ્રી પાસે રાંખવા તારીખ ૧ લી ઓગષ્ટ, ૧૯૯૪ ની વ્યવસ્થાપક કમિટીના ઠરાવથી રાખવાનું ઠરાવવામાં આવેલ છે.હતું. આ ઉપરાંત મંડળી મોજે વિજાપુર ગામમાં મહેસાણા ડેરી પાસેથી દૂધ મંડળી તેના વિતરણની કામગીરી કરે છે. તથા મંડળી દ્વારા બે સસ્તા અનાજની દુકાનો મારફતે રેશનીંગ વેચાણની પ્રવૃત્તિ પણ કરવામાં આવી હતી. મંડળીમાં તેના અથવા પરચુરણીયા વેપારના કારણે દરરોજ સરેરાશ રૂા. ૨,૦૦૦ જેવું પરચુરણ આવતી હતી. આવી પરચુરણનો ભરાવો થવાને કારણે રોજમેળ ઉપર સિલક વધુ રહેવા પામેલ છે. પરંતુ વાસ્તવમાં આવી પરચુરણ મંડળીના કોઈ સભાસદ તેના મંજુર થયેલ ધિરાણમાં બદલામાં લઈ જવા તૈયાર ન હતા. જેથી મંડળીની કમિટીએ ધિરાણ લેતા સભ્યોને ફરજિયાત બે કે ત્રણ હજાર પરચુરણ આપવાનું નક્કી કરેલ. જેથી ધીમે ધીમે સિલક ઓછી થઈ અને સત્તા મુજબ રહેલ તેવા પ્રયત્નો મિટીંગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આમ, મંડળીની સિલક ખોટી રીતે હાથ ઉપર રાખવામાં આવેલ નથી. પરતુ, વહીવટી કારણોસર સિલક વધુ હાથ ઉપર રહેવા પામેલ છે. હવેથી ન રહે તેની કાળજી રાખી ખાસ નોંધ લેવામાં આવેલ છે. મંડળીઓ કમિટીઓ પરચુરણનો નિકાલ કરવા ધિરાણ લેનાર સભ્યોને ધિરાણની ચેક સાથે જે પરચુરણ આપેલ છે. તેનો આધાર તરીકે અદા કરેલ પરચુરણનો આધાર સામેલ છે.

(૧૩) મંડળીના અન્વેષણ દરમ્યાન જે નાણાંકીય ઉચાપત થયેલ તે તમામ રકમો વસુલ કર લેવામાં આવેલ છે. જેમ કે, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ રૂા. ૨,૫૬,૨૭૩.૮૫ મંડળીની સિલક વાપરી નાખેલ, તે રકમ તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ રોજમેળે જમા લેવામાં આવેલ છે. જ્યારે, તારીખ ૩૦ મી જુન, ૧૯૯૩ ના રૂા. ૫૬,૦૮૮ દૂધ સંઘ ખાતે જમા કરેલ. તે તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૮ ના રોજ રોજમેળે જમા કરવામાં આવેલ છે. જ્યારે, તારીખ ૧૮મી જુન, ૧૯૯૪ના રોજ રૂા. ૯૧,૪૪૮ દૂધ સંઘ ખાતે ઉધારેલ છે. જે સંઘમાં જમા કરાવેલ નથી તે રકમ તારીખ ૨૨મી ડિસે મ્બર, ૯૭ ના રોજ ઓડીટરશ્રી રુબરુ વસુલ લઈ રોજમેળે જમા કરવામાં આવેલ છે. આમ, મંડળીમાં થયેલ લંગામી ઉચાપતોની વસુલાત અંગે કમિટીએ સક્રિય રસ લઈ, તમામ રકમની વસુલાત કરી દીધેલ છે. જેથી સંસ્થાને કોઈ નાણાકીય નુકશાન થયેલ નથી. આમ, મંડળી ની કમિટી મંડળીના નાણાં અને નિધિનો દુર વ્યય ન થાય તે બાબતે પુરેપુરી સજાગ અને સક્રિય રહેલ છે. સંસ્થામાં થયેલ નાણાંકીય ઉચાપતો અંગેની વસુલાત સક્રિય છે. જે જાણમાં લેવા વિનંતી છે.

(૧૩) મંડળીના સને ૧૯૯૬--૯૭ તથા ૧૯૯૭--૯૮ તેમજ ૧૯૯૮--૯૯ ના સુધીના હિસાબી પત્રકો આ સાથે રજુ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને જોતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ધ / ૧૩૩૬/૯૯, તારીખ ૨૨ મી સપ્ટેમ્બર, ૧૯૯૯ થી માંગેલ પ્રગતિ અહેવાલ પણ મંડળીએ આજપર્યંત અત્રે મોકલેલ ન હોઈ, નીચેના કારણોસર સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) તારીખ ૩૦ મી જુન, ૧૯૯૯ ના રોજ ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણા ખાતે કેશ ક્રેડીટ ખાતે રૂા. ૧૧,૪૪,૬૬૬.૮૪ છે. જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) કુલ મુદતવીતી બાકીદારો પૈકી તમામ બાકીદારો સામે દાવા દાખલ કરવાની જોગવાઈ છે. જેનું પાલન કરેલ નથી.

(૩) કુલ લોન ધીરાણ રૂા. ૩૩,૪૧,૬૧૯.૯૫ પૈકી વિગતવાર યાદી રજુ થયેલ નથી જે તમામ મુદતવીતી બાકીદાર છે. કોઈજ પ્રગતિ નથી.

INDEX

(૪) મંડળીના વહીવટી ખર્ચ પર અંકુશ મૂકેલ નથી.

(૫) લોન ધીરાણ મુદત વ્યાજ મળી રૂા. ૬,૭૫,૧૫૦ વસુલાત કરી જે પૈકી બેંક સી. સી. ખાતે માત્ર ૧,૬૮,૩૦૭ જમાં કરાવી આગામી નફો ઉભો કરેલ છે.

(૬) સદર મંડળીના કસુરવાર કર્મચારીઓ ઉપર ગુન્હા રજી. નં. ૨૬૪/૯૮, તારીખ ૧૦ મી નવેમ્બર, ૧૯૯૮ ના રોજ વિજાપુર પોલીસ મથકે રૂા. ૪૧,૫૬,૩૨ ની હંગામી ઉચાપત અંગે પોલીસ કેસ નોંધાયેલ છે. જે પડતર છે. જેમાં કસૂરવાર કર્મચારી પૈકી શ્રી રંગરેજ ગુલામનબી મીયાંમહંમદ હાલ મેનેજર પદે ચાલુ છે.

(૭) મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યો પ્રમુખશ્રી તેમજ માનદ મંત્રીશ્રી તથા અન્યોન્ય કુટુંબીજનોના નામે ધીરાણ-આપાયેલ હોઈ વસુલાત કોણ કોની કરે તે મોટો પ્રશ્ન છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી વિજાપુર નવ યુવક સહકારી શાખવાળી નાગરીક મંડળી લી., મુકામ વિજાપુર, તાલુકો વિજાપુર, જિલ્લો મહેસાણાને નોંધણી નં. ૨૧૭૦૧, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૮૫ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના ખંડ ક., ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૯.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કલોલ ના પત્ર ક્રમાંક અપણુ/૦૧/૧૯૨/૩૧૨/૯૯, તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૯થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીના જાવક નંબર અપણુ/૦૧/ધ-૧/૧૮૬/૯૯ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૯ નો પત્ર

(૩) મંડળીના પ્રમુખ/મંત્રીશ્રી તથા એકાઉન્ટન્ટશ્રી તરફથી તેઓના તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૯ ના પત્રથી ઓડીટરશ્રીને ઉદ્દેશી લખાયેલ ફડચા અંગેનો પત્ર.

(૪) મંડળીની તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૮ ની સાધારણ સભાના ઠરાવની નકલ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ—૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૮/૧૯૯૯.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી શકિત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ કલોલ તાલુકો, કલોલ, જિલ્લો મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૪૧૮૭, તારીખ ૪થી મે, ૧૯૭૨ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૯ સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, કલોલ તરફથી હાથ ધરાવતાં, તેઓએ સદર મંડળીને ફરડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં તેઓના ખાસ અહેવાલને આધીન તથા મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માગણી ધ્યાને લેતાં સદર મંડળીને કારણદર્શક નોટીસ આપવી વ્યાજબી જણાતી નથી.

આમ ઉપરોકત બાબતોને જોતાં સદર મંડળીની માંગણી તથા અન્વેષકશ્રીના ખાસ અહેવાલને આધીન નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) સદર મંડળીએ તેના સભ્યશ્રીઓના મકાન બાંધકામ બાબતે મેળવેલ લોન ભરપાઈ થઈ ગયેલ છે.

(૨) મંડળીના સભ્યશ્રીઓને સદર મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

(૩) મંડળીએ તેમના તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૯ના પત્રથી તથા વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૭ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૮ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા બાબતે પણ નિર્ણય કરેલ છે.

(૪) અન્વેષકશ્રીએ સદર મંડળીને ફડચામાં લઈ જવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

(૫) તારીખ ૩૦મી જુન, ૧૯૯૯ના સરવૈયા મુજબ નીચે મુજબ નુકશાન થયેલ છે.

તારીખ ૩૦મી જુન, ૧૯૯૮	રૂા. ૩,૫૨૫.૦૬
તારીખ ૩૦મી જુન, ૧૯૯૯	રૂા. ૧,૧૬૫.૦૦

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં મંડળીની માગણી મુજબ નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી શકિત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ તાલુકા કલોલ, જિલ્લા મહેસાણાને નોંધણી નંબર ૪૧૮૭, તારીખ ૪થી મે, ૧૯૭૨ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહું કાયદાની કલમ-૧૦૮)(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૯.

INDEX

નંબર ઉખાસ / નધણુ /સે-૩૧૧૪૧/ધ/૨૬૧૩/ સને ૧૯૯૯.— આથી જાહેર કરે છે કે, મહેસાણા જિલ્લા પૂર્વ સૈનિક સુરક્ષા સેવા સહકારી મંડળી, મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૩મી ડિસેમ્બર ૧૯૯૯.

નંબર ઉખાસ/નધણુ/સે—૩૧૧૪૨/ધ/૨૬૬૫/સને-૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી ઉમિયા બેતાલીસ ક્રેડીટ કો. ઓ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૯.

નંબર ઉખાસ/નધણુ/ધ-૧૩૩૯૨/ધ/૨૬૬૬/સને ૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, ચિરાગ કો. ઓપ. હા. સો. લી. સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકરી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૯.

નંબર ઉખાસ/નધણુ/ધ-૧૩૩૯૩/ધ/૨૭૦૪/૧૯૯૯.—આથી જાહેર કરે છે કે પાવનધામ કો. ઓ. હા. સો. લી., સ્થળ કડી, તાલુકો કડી, જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૩મી ડિસેમ્બર ૧૯૯૯.

નંબર ઉખાસ/નધણુ/સે-૩૧૧૪૩/સને-૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી હાટકેશ ક્રેડીટ એન્ડ થ્રીફટસ કો. ઓ. સોસાયટી મર્યાદિત સ્થળ વડનગર, તાલુકો વડનગર, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૦

વંચાણે લીધા :

(૧) અધિક રજિસ્ટ્રાર, (અપીલ) સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક સકક/રીવીઝન/ક/૧૦૭૪ /૧૯૯૯, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૯થી ચુકાદાની નકલ.

(૨) વિસ્તરણ અધિકારીશ્રી (સહકાર), તાલુકા પંચાયત, પાટણના તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૧૯૯૯ના પત્રથી રજુ થયેલ અહેવાલ.

(૩) મદદનીશ સહકારી અધિકારી (સેવા) ના તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી રજુ થયેલ વાર્ષિક સાધારણ સભામાં થયેલ કાર્યવાહી અંગેનો અહેવાલ.

(૪) મંડળીનો તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૯ના પત્રથી સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા અંગેનો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના.

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/૫/૨૯૦૧/૧૯૯૯.—શ્રી ભદ્રાડા જૂથ સેવા સહકારી મંડળી લી., મુકામ ભદ્રાડા, તાલુકા પાટણ, જિલ્લા પાટણ નોંધાયેલ "સેવા" મંડળી છે. જેનો હવે પછી ઉલ્લેખ મંડળી તરીકે ગણવામાં આવેલ છે. સદર મંડળીનો નોંધણી નંબર ૩૦૦૪૧ તારીખ ૯મી જુન ૧૯૬૦ છે.

સદર મંડળી આ અગાઉ ફડચામાં હતી. પરંતુ મંડળીની માગણી અનુસાર સદર મંડળીને ફડચા અધિકારીશ્રીના અભિપ્રાય અનુસાર મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, મહેસાણાના હુકમથી પુન:જીવીત કરવામાં આવેલ હતી.

જે દફ્તરનો ચાર્જ મંડળીને તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૯૬ના રોજ પરત કરવામાં આવેલ હતી. આમ, મંડળીને પુન:જીવીત કર્યા બાદ મંડળીમાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ હતી.

(૧) તારીખ ૧૧મી ડિસેમ્બર ૧૯૯૬ના રોજ પ્રથમ સાધારણ સભામાં ચાર્જ સુપ્રત કર્યા બાદ વ્યવસ્થાપક કમિટી તારીખ ૩૦મી જૂન ૧૯૯૮ ના રોજ મળેલ. ત્યારબાદ કોઇ જ કાર્યવાહો થયેલ નથી.

(૨) વિસ્તરણ અધિકારીશ્રી (સહકાર), તાલુકા પંચાયત, પાટણના અહેવાલ મુજબ તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૮ ના રોજ છેલ્લી સાધારણ સભામાં બોલાવેલ છે. ત્યારબાદ, મંડળીની કોઈપણ સાધારણ સભા મળેલ નથી. અને છેલ્લે તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ મળેલ હતી તે પણ નિષ્ફળ ગઈ છે.

(૩) એકજ મંડળીમાં તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૮ની વાર્ષિક સાધારણ સભામાં શ્રી ભલાભાઈ સરતાનભાઈ દેસાઈએ કારોબારીની વરણી કરેલ તેમજ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૮ ના રોજ શ્રી ગોવિંદભાઈ લીલાભાઈ દેસાઈએ પણ વાર્ષિક સાધારણ સભા બોલાવી કારોબારીની વરણી કરેલ. આમ બંને પ્રમુખશ્રીએ બોલાવેલ વાર્ષિક સાધારણ સભા તથા બનાવેલ વ્યવસ્થાપક કમિટીની યાદી યથાર્થ હોવા અંગે મુદ્દો ઉપસ્થિત થયેલ. પરંતુ તેનું કોઇ પરિણામ આવેલ નથી.

(૪) અધિક રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગર એ તેઓના પત્ર ક્રમાંક સકક/રીવીઝન/ક/૧૦૭૪/૯૯ તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૯ ના પત્રથી નીચે મુજબ તારીખ ૧૯મી જુલાઈ ૧૯૯૯ ના રોજની અમલીકરણ કરવા ચુકાદો આપેલ.

INDEX

"જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાએ તેઓની કચેરીના અધિકારીના અધ્યક્ષપણે સભા બોલાવેલ હુકમ કરવો અને તેમાં પક્ષકારો વચ્ચેના સમાધાન મુજબ ૨૫૨ સભાસદો હાજર રાખવા અને વ્યવસ્થાપક કમિટીની રચના/ચુટણીની કાર્યવાહી હાથ ધરવી.

(૫) અત્રેની કચેરી તરફથી ઉપરોક્ત ચુકાદા મુજબ ન્યાયી પ્રક્રિયા હાથ ધરી તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ ભદાડા મુકામે સાધારણ સભામાં બન્ને જુથ વચ્ચે ખોટા સભ્યોના વાંધા બાબતે વિવાદ સર્જાતા ગામનું વાતાવરણ અત્યંત તંગ બનતાં પરિસ્થિતિ વધુ બેકાબુ ન થાય તે હેતુસર બીજી પોલીસની વધી તાત્કાલીક બોલાવવી પડેલ હતી. અને સાધારણ સભામાં કોઈજ પરિણામ આવેલ ન હતું. છેવટે બન્ને પક્ષના મોટા માથા ગણાતા એવા શ્રી ભલાભાઈ રબારી તથા ગોવિંદભાઈ રબારીએ ભેગા મળી સમાધાન કરવા એક અઠવાડીયાની મુદતની માગણી કરેલ હતી.

(૬) મંડળીના ઉપરોકત બન્ને ઈસમો તથા અન્ય ગણ ગામના સભ્યોના સંયુકત સહીથી સદર મંડળીને કાયમી ધોરણે વિવાદનો અંત લાવવા માટે બન્ને પક્ષોએ સદર મંડળીને ફડચામાં લઈ જવા વિનંતી કરેલ છે. જેમાં તેઓને નીચેના કારણો દર્શાવેલ છે :

(૧) મંડળીમાં છેલ્લા એક વર્ષથી વહીવટી બાબતે વિવાદના કારણે અનેક પ્રશ્નો ઉભા થયેલ છે.
(૨) તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૯ ની સાધારણ સભામાં પછ મંડળીના વહીવટ બાબતે સુખદ અંત ન આવતાં, ગામમાં બંને પક્ષે ઝગડાનું વાતાવરણ ઉભું થયેલ છે.
(૩) છેલ્લા બે વર્ષથી મંડળી કાર્યરત નથી.

આમ, બંને પક્ષો તરફથી રજુ થયેલ વિનંતી તેમજ, માંગણીને ધ્યાને લેતાં સભાસદોના હિતાર્થે ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ભદ્દાડા જૂથ સેવા સહકારી મંડળી લી. મુકામ ભદ્દાડા, તાલુકો પાટણ, જિલ્લો પાટણને નોંધણી નંબર . ૩૦૦૪૧, તારીખ ૯મી જૂન ૧૯૬૦ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૧) (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથી સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

પાટણ, તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૯.

———

વંચાણે લીધા:-

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક), પાટણની તા. ૧લી જૂલાઈ ૧૯૯૭થી તા. ૩૦મી જુન ૧૯૯૮ની ઓડીટ નોંધ.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૬૦/૯૯, તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૯ થી ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.
(૩) મંડળીના પ્રમુખશ્રીનો સદર મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા અંગેનો તા. ૨જી એપ્રિલ, ૧૯૯૯નો પત્ર.
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૯૫/૯૯, તારીખ ૨૮મી એપ્રિલ ૧૯૯૯થી વચગાળાનો આદેશ.
(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૫૧/૯૯, તારીખ ૧૪મી જુન ૧૯૯૯થી અંતિમ આદેશ.
(૬) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૮૧/૯૯, તા. ૯મી ઓગસ્ટ, ૧૯૯૯થી રજુ થયેલ ચાજ રીપોર્ટ.
(૭) ગામના ૧૩૨ સભ્યોની સંયુકત સહીથી રજુ થયેલ તા. ૧૫મી ઓગસ્ટ ૧૯૯૯ની પુન: જીવીત અરજી.
(૮) ગામના ૫૨ સભ્યોની સંયુકત સહીથી રજુ થયેલ તા. ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ની પુન : જીવીત અરજી.
(૯) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણા ના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૧૦૦/૯૯, તા. ૭મી ઓકટોબર, ૧૯૯૯થી રજુ થયેલ પુન: જીવીત દરખાસ્ત.
(૧૦) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૯૪/૯૯, તા. ૧૫મી ઓકટોબર, ૧૯૯૯થી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણને રજુ કરેલ પુન: જીવીત દરખાસ્ત.
(૧૧) દેસાઈ શંકરભાઈ હરીભાઈનો તા. ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯નો પત્ર તથા તેઓ તેમજ અન્ય ૩ સભ્યોની સંયુકત સહીથી રજુ થયેલ તા. ૧૭મી ઓકટોબર ૧૯૯૯ નો પત્ર.
(૧૨) મામલતદાર કચેરીનો તા. ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૯, ૧૩મી ઓકટોબર, ૧૯૯૯, ૫મી નવેમ્બર, ૧૯૯૯, ૧૯મી નવેમ્બર, ૧૯૯૯નો પત્ર.
(૧૩) મામલતદારશ્રી વાગડોદને ઉદ્દેશીને લખાયેલ અત્રેની કચેરીના તા. ૨૫મી ઓકટોબર ૧૯૯૯ તથા ૨૭મી નવેમ્બર ૧૯૯૯ને પત્ર.
(૧૪) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણના પત્ર ક્રમાંક : જીપં/સહક/૧૭૦૬/૧૭૩૧/૯૯, તા. ૨૮મી ઓકટોબર ૧૯૯૯ થી પરત થયેલ પુન : જીવીત દરખાસ્ત.
(૧૫) ફડચા અધિકારીશ્રીના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૧૧૮/૯૯, તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૯થી પુન : જીવીત અંગેની અભિપ્રાય દરખાસ્ત.
(૧૬) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણના પત્ર ક્રમાંક : સહક/નધણ/રુબરુ/૯૯, તા. ૮મી ડીસેમ્બર ૧૯૯૯નો પત્ર.
(૧૭) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ -૧૯૬૧ની કલમ- ૧૯.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૬/૧૯૯૯.—ધી વાગડોદ સેવા સહકારી મંડળી લી., મું. વાગડોદ, તા. વાગડોદ, નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી ઉલ્લેખ "મંડળી" તરીકે કરવાનો રહેશે.)

INDEX

સદર મંડળીનો નોંધણી નંબર : ૨૯૨૮૦, તારીખ ૨૩મી માર્ચ ૧૯૬૦ છે. સદર મંડળીને અન્વેષકશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક), પાટણના તા. ૧લી જુલાઈ ૧૯૯૭ થી તા. ૩૦મી જુન ૧૯૯૮ના સમયના ઓડીટ નોંધને આધીન તેમાં જણાવેલ ખામીઓ તથા સુચનોને ધ્યાને લેતા નીચેના મુદાઓ બાબતે કલમ-૧૦૭ અન્વયે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૧૬૦/૯૯, તા. ૨૪મી માર્ચ ૧૯૯૯થી ફડચા સંબંધી વૈધાનિક કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

(૧) સને ૧૯૯૭/૯૮ના વર્ષ દરમ્યાન ખોટ રૂા. ૯,૩૮૫,૦૨ છે.
(૨) જુની મુદતવીતી રૂા. ૬૩,૯૯૯/-ની વસુલાત કરેલ નથી.
(૩) મંડળીનો ઓડીવટ વર્ગ- 'ક' છે.
(૪ પેટા નિયમ મુજબ દર માસે મિટીંગ મળેલ નથી.
(૫) ઓડીટ નોંધની ખામી નં. ૨૩ થી મંડળીમાં વહીવટી ખર્ચ પર અંકુશ રાખેલ નથી.

(૬) પેટાનિયમના મૂળભુત ઉદ્દેશ્યો મુજબ ધિરાણ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.
(૭) ગત ઓડીટ નોંધનો દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી. બેંક ઈન્સપેકશનનો દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.
(૮) તા. ૧લી જુલાઈ, ૧૯૯૮થી છેવટ સુધીના હિસાબી પત્રકો રજુ કરવા.

મંડળીના પ્રમુખશ્રીને સદર કારણદર્શક નોટીસની બજવણી થતાં, તેઓએ તેઓના તા. ૨જી એપ્રિલ, ૧૯૯૯ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા સ્પષ્ટ અભિપ્રાય આપતાં, મંડળીની માંગણી ધ્યાને લઈ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૪૯૫/૯૯, તા. ૨૮મી એપ્રિલ, ૧૯૯૯થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો.

વચગાળાના આદેશમાં પણ એક માસમાં રજુઆત કરવા તક આપેલ હતી. આમ, નિયત મુદતમાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના ફડચાના વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૬૫૧/૯૯, તા. ૧૪મી જુન ૧૯૯૯થી કરવામાં આવેલ હતો.

આમ, અંતિમ આદેશ બાદ નિયુકત ફડચા અધિકારશ્રીએ લગભગ દોઢ માસ બાદ સદર મંડળીના દફ્તરના ચાર્જ તા. ૩જી ઓગસ્ટ ૧૯૯૯ના રોજ મેળવેલ હતો. જે બાબતે તેઓએ તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૮૧/૯૯, તા. ૯મી ઓગસ્ટ, ૧૯૯૯થી ચાર્જ રીપોર્ટ રજુ કરેલ.

ફડચા અધિકારીશ્રી તરફથી ચાર્જ મેળવ્યા બાદ, સદર મંડળીના કુલ સભ્યો પૈકી ૧૩૨ સભ્યોની સંયુકત સહીથી તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૯ના પત્રથી પુન : જીવીત કરવા અંગેની અરજી અત્રેની કચેરીએ રજુ કરેલ હતી.

ત્યારબાદ, પુન : જીવીત અંગેની બીજી અરજી તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૯ના પત્રથી સદર મંડળીના કુલ સભ્યો પૈકી ૫૪ સભ્યોની સંયુકત સહીથી અત્રે રજુ થયેલ હતી.

આમ, ફડચા અધિકારીશ્રીએ તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૧૦૦/૯૯, તા. ૭મી ઓકટોબર, ૧૯૯૯ થી ઉપરોકત બંને અરજીઓ ધ્યાને લઈ, ગુણદોષ ચકાસી અત્રેની કચેરી મારફત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણને ઉદેશીને પુન : જીવીત બાબતે ઘટીત નિર્ણય થવા અભિપ્રાય આપતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ધ/૨૦૯૪/૯૯, તા. ૧૫મી ઓકટોબર, ૧૯૯૯થી પુન : જીવીત અંગે. જરૂરી કાર્યવાહી થવા સારૂ. મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણને દરખાસ્ત મોકલી આપવામાં આવેલ હતી.

તે અરસામાં ગામના જ એક સભાસદશ્રી દેસાઈ શંકરભાઈ હરીભાઈ તથા અન્ય ત્રણ સભ્યોની સહીથી તેઓના તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૯ના પત્રથી સદર મંડળીમાં પોતે ધીરાણ લીધેલ ન હોવા છતાં, ધીરાણ ઓવર-ડયુ દર્શાવેલ હોવા બાબતે સ્પષ્ટ તપાસ કરી, ન્યાયની માંગણી કરેલ હતી. તેમજ, કસુરવાર ઈસમોને ફરીથી પુન : જીવીત કરી, સદર મંડળી તેઓના હાથમાં ન આપાય તેની માગણી કરેલ છે.

તદ્પરાંત, સભાસદ ઈસમ શ્રી રબારી શંકરભાઈ હરીભાઈએ તેઓના તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૯ના પત્રથી આવેલ પુન : જીવીત દરખાસ્ત સામે વાંધો રજુ કરેલ હતો.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણ તરફથી પુન : જીવીત દરખાસ્ત નીચે જણાવેલ બાબતે પુર્તતા સહ પરત કરેલ હતી. જેમાં,

દેસાઈ શંકરભાઈ હરીભાઈ સહીત ચાર સભાસદોની સહીઓ સાથેની તા. ૧૭મી ઓકટોબર, ૧૯૯૯ ના વાંધા અન્વયે નીચે જણાવેલ બાબતે મુદાવાર તપાસ થવા ફડચા અધિકારીશ્રી મારફતે ઘટતું કરવા વિનંતી કરેલ.

(૧) તેઓના નામે ખોટું ધિરાણ કરી, ઉચાપત કર્યાનું જણાવેલ છે. જેથી, જરૂરી તપાસ થવાં તેમજ ફોજદારી રાહે પગલાં ભરવા ઘટીત કાર્યવાહી કરવા તેમજ, બીજા સભ્યોના નામે પણ ખોટું ધિરાણ કરેલ છે. કે કેમ? તે તપાસવા જણાવેલ છે.
(૨) મુદ્દા નં. ૨ મુજબ માજી મંત્રીશ્રીઓ મંડળીનું ઘણું અહિત કરેલનો આક્ષેપ છે. જેથી ફરીથી તેઓને વહીવટ નહીં સોંપવા માગણી કરેલ છે.

(૩) મુદ્દા નં. ૩માં જણાવ્યા મુજબ મંડળીના વહીવટની તેમજ, બોગસ ધિરાણની હકીકતોની પુરેપુરી તપાસ કરી, વિગતો બહાર આવે તે રીતે કરવા માગણી કરેલ છે.

(૪) મંડળીનું જુનું રેકર્ડ ગુમ કરવામાં આવેલ છે. ડેડસ્ટોક વેંચી માર્યાનું જણાવેલ છે. ગેરરીતીઓ ઉપર ઠાંકપીછોડો કરવા મંડળીને પુન : જીવીત કરવા માગણી કરેલ છે. ત્રીજી વખત પુન : જીવીત કરી, તેઓને વહીવટ ન સોંપવા તેમજ ઉંડી તપાસ થવા વિનંતી કરેલ છે.

ત્યારબાદ, ફડચા અધિકારીશ્રીએ તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૧૧૮/૯૯, તા. ૮મી ડીસેમ્બર ૧૯૯૯ થી પુન : જીવીત અંગે દરખાસ્ત અત્રે રજુ કરેલ છે. જેમાં તેઓએ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ પુન : જીવીત કરવા અંગે અભિપ્રાય આપેલ છે.

(૧) સદર મંડળીમાં અરજદારશ્રીનું ખોટું ઓવર-ડયુ ધીરાણ બાબતે પુન : જીવીત થયા બાદ પણ તપાસ થઈ શકે છે.

(૨) મંડળીના મુખ્ય પ્રયોજકશ્રી તેઓના તા. ૧૫મી ઓગસ્ટ ૧૯૯૯ના પત્રથી મંડળીને પુન : જીવીત કરવા ભલામણ કરેલ છે. જેમાં તેઓના પિતા શ્રી દેસાઈ શંકરભાઈ હરીભાઈની સહી છે.

INDEX

ત્યારબાદ, મંડળીના મુખ્ય પ્રયોજકના પિતાશ્રી તેઓના તા. ૨૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ તથા તા. ૧૭મી ઓક્ટોબર ૧૯૯૯ થી પુન : જીવીત ન કરવા અંગે જણાવેલ બાબતે બંને પક્ષોએ સામ-સામે પ્રતિષ્ઠાનો પ્રશ્ન-બનાવ્યો હોવાનું જણાય છે.

(૩) સદર મંડળી તાલુકા મથકની હોઈ, તેમજ ગ્રામ્ય સભાસદો ને મંડળીના ઉપલબ્ધ લાભોથી વંચિત રાખવાએ ઉચિત નથી.

આમ, ફડચા અધિકારીશ્રીના અભિપ્રાયને આધીન સદર મંડળીના પુન : જીવીત અંગેના અધિકાર મદદનીશ જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, પાટણને પહોંચતા હોઈ, તેઓને નિર્ભય કરવાનો રહે. પરંતુ- આજરોજ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પાટણએ તેઓના પત્ર ક્રમાંક :સહક/નધણ/રુબરુ/૯૯, તા. ૮મી ડીસેમ્બર ૧૯૯૯થી અત્રેની જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના અધિકાર પરત્વે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરેલ છે. જેવામાં નીચેની બાબતો રજુ કરેલ છે.

(૧) પાટણ મુકામે હાલ ચુંટાયેલ બોડીનું અસ્તિત્વ નથી. તેમજ સમિતી પણ અસ્તિત્વ ધરાવતી નથી. જેથી આ બાબતે હાલનાં તબક્કે-જિલ્લા પંચાયતની કમિટી પુન : જીવીત અંગે કોઈ નિર્ણય કરી, શકે તેમ નથી.

આમ, સદર મંડળી અંગેની પુન : જીવીત પ્રક્રિયા બાબતે જિલ્લા પંચાયત પાટણની કમિટીની નવીન રચના થાય ત્યાં સુધી રાહ જોવામાં આવે તો, સદર મંડળી પુન : જીવીત પ્રક્રિયા વધુ વિલંબમાં પડે તેમ હોઈ, ન્યાયના હિતમાં મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાટણના પત્ર ક્રમાંક : સહક/નધણ/રુબરુ/૯૯, તારીખ ૮મી ડીસેમ્બર ૧૯૯૯ની વિગત ધ્યાને લઈ સદર મંડળીને પુન : જીવીત કરવા અંગેના નિર્ણય નીચેના કારણોસર/શરતોએ લેવામાં આવે છે.

(૧) વાગડોદ ગામ તાલુકા મથક છે.

(૨) ગામમાં બક્ષીપંચની વસ્તી છે.

(૩) નાના અને સીમાન્ત ખેડુતોને આપેલ ધિરાણ વસુલાત કરી, પ્રગતિ અહેવાલ રજુ કરવાનો રહેશે.

(૪) આમ જનતાને નિયંત્રિત ચીજવ સ્તુઓ વગર મુશ્કેલી પડે તેમ છે.

(૫) ખેતી વિષયક બિયારણ દવાઓ, ખાતરોનું વિતરણ અટકી જાય તેમ છે.

(૬) પુન જીવીત થયે ગ્રામ સભાનું આયોજન કરી, બહુમતી ધરાવતા સભ્યોની માગણી મુજબ વ્યવસ્થાપક કમિટીની વરણી કરી, બહુમતી સભ્યોના નિર્ણય મુજબ દફ્તરનો ચાર્જ સુપ્રત કરવાની કામગીરી ફડચા અધિકારીશ્રીએ કરવાની રહેશે..

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ સદર મંડળીને પુન : જીવીત કરતો આદેશ કરવામાં આવે છે.

આદેશ

આથી હું એ. બી. ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ., આજરોજ રુબરુમાં મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પાટણ રુબરુમાં થયેલ પરામર્શ અન્વયે તેમજ ઉપરોકત આમુખ તથા પ્રસ્તાવનાને આધીન તથા મદદ. જિ. રજિ. સ. મં. જિ. પં. પાટણના તા. ૮મી ડીસેમ્બર ૧૯૯૯ના પત્ર અન્વયે હુકમ કરું છું કે, ધી વાગડોદ સેવા સહકારી મંડળી લી., વાગડોદ, તા. વાગડોદ, જિ. પાટણ ને પુન : જીવીત કરવામાં આવે છે.

સદર મંડળીનો ને ધણી નં. ૨૯૨૮૦, તા. ૨૩મી માર્ચ ૧૯૬૦ ચાલુ રાખવામાં આવે છે.

પાટણ, તા. ૮મી ડીસેમ્બર ૧૯૯૯.

———

વંચાણે લીધા : -

(૧) અત્રેની કચેરીના તા. ૧૨મી જાન્યુઆરી ૧૯૯૯ ના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫/૯૯થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રી,સહકારી અધિકારી,ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચો/૪૫૭/૯૯, તા. ૨૧મી જન્યુઆરી ૧૯૯૯ના પત્ર તથા ચાર્જ રીપોર્ટ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૧૨/૧૯૯૯.—ધી બલીરણા તમાકુ ઉત્પાદકોની મંડળી લી., મું. બાલીરણા, તા. પાટણ, જિ. પાટણને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૧૨મી જન્યુઆરી ૧૯૯૯ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫/૯૯ થી ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામાં લઈ જવાના અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચા-૧, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

પાટણ, તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૯.

———

નંબર નધણ/૩-૧૦૪૩૯/ધ/૩૮૨/સને ૧૯૯૯:—આથી જાહેર કરે છે કે ધી રોજી મજૂર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ માગુંદ તાલુકો પાટણ, જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરેજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૪થી ફેબ્રુઆરી ૧૯૯૯.

———

નં નધણ/સા-૩૨૬૧/ ધ/૧૭૦૪/સને ૧૯૯૯—આથી જાહેર કરે છે કે, ગોકુલ ખેત પેદાશ પ્રોસેસીંગ અને વેચાણ સહકારી મંડળી મર્યાદિત સ્થળ સિધ્ધપુર, તાલુકો સિધ્ધપુર, જિલ્લો પાટણ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૧મી જુન, ૧૯૯૯.

———

INDEX

નંબર નધણુ/ઉ-૧૧૬૬૩/ધ-૧૭૩૭/સને-૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, ધી ઉંઝા ફળ અને શાકભાજી ખરીદ વેચાણ સહકારી મંડળી મર્યાદિત સ્થળ ઉંઝા, તાલુકો ઉંઝા, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૪મી જુન, ૧૯૯૯.

નંબર નધણુ/સા-૩૨૬૨/ધ/૧૭૮૩/સને-૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી બહુચર ખેતપેદાશ પ્રોસેસીંગ અને વેચાણ સહકારી મંડળી મર્યાદિત સ્થળ વાગડોદ, તાલુકો વાગડોદ, જિલ્લો પાટણ

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૯.

નંબર નધણુ/સા-૩૨૬૩/ધ/૧૭૮૪/સને-૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી પાટણ તાલુકા ખેતપેદાશ પ્રોસેસીંગ અને વેચાણ સહકારી મંડળી મર્યાદિત સ્થળ પાટણ, તાલુકો પાટણ, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧લી જુલાઈ ૧૯૯૯.

નંબર નધણુ/સે-૩૧૩૨૧/ધ/૧૭૮૫/સને ૧૯૯૯ —આથી જાહેર કરે છે કે લોધી દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ લોધી, તાલુકો પાટણ, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧લી જુલાઈ ૧૯૯૯.

નંબર નધણુ/ભં-૫૦૯૧-ધ/૧૧૩૯/સને ૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી રાધનપુર તાલુકા કન્ઝ્યુમર્સ કો. ઓ. સ્ટોર્સ મર્યાદિત સ્થળ રાધનપુર, તાલુકો રાધનપુર, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૯૯.

નંબર નધણુ/સે-૩૧૩૨૨/ધ-૧૧૪૦/સને- ૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી સેઢાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ સેઢાલ, તાલુકો ચાણસ્મા, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨જી ઓગસ્ટ ૧૯૯૯.

નંબર ઉખસ/નધણુ/ઉ-૧૧૬૬૪/ધ-૧૧૯૮/સને-૧૯૯૯.— આથી જાહેર કરે છે કે, શ્રી બાબા આંબેડકર મજૂર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ વાંસા, તાલુકો હારીજ, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

પાટણ, તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૯.

નંબર ઉખસ/નધણુ/ઉ.—૧૧૬૬૫/ધ / સને ૧૯૯૯.— આથી જાહેર કરે છે કે શ્રી મેત્રાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ મેત્રાણા, તાલુકો સિધ્ધપુર જિલ્લો પાટણ

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૭મી ઓગસ્ટ ૧૯૯૯.

નંબર નધણુ-ભ-૫૦૯૨/ક-૨/૬૮ સને ૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, ધી સ્વામીનારાયણ ગ્રાહક સહકારી ભંડાર લિ. સ્થળ પાટણ, તાલુકો પાટણ, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૯.

નંબર ઉખસ/નધણુ/ભ- ૫૦૯૩/ક-૨/૬૯ સને ૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી પાટણ કન્ઝ્યુમર્સ કો.-ઓપરેટીવ સોસાયટી લિ. સ્થળ પાટણ, તાલુકો પાટણ, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૯.

નંબર ઉખસ/નધણુ/સે - ૩૧૩૨૫/ક-૨/૭૦ સને ૧૯૯૯.—આથી જાહેર કરે છે કે, શ્રી રેલ્વેપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., સ્થળ રેલ્વેપુરા, તાલુકો ચાણસ્મા, જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૦મી ડીસેમ્બર ૧૯૯૯.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

---

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ / ૦૧ / ચ / ૧૬૬૫, તારીખ ૧૨ મી નવેમ્બર, ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૩ (૩) ને જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસા / / ફડચ / ૦૧ / ચ / ૧૭૬૯/૯૮.— ધી રાબડાલ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., મુકામ, પો. રાબડાલ, તાલુકા, જિલ્લો દાહોદ, નોંધણી ક્રમાંક ઉ-૯૯૧૫, તારીખ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૧ થી નોધાયેલ સહકારી મંડળી છે. તેને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૩ (૧) (ગ) (૨) (૪) અન્વયે આમુખ ૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી રુબરુ રજુઆત કરવા માટે પણ આમુખ-૧માં જણાવવામાં આવેલ હતું છતાં મંડળી

INDEX

તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ--૨ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ / ૦૧ / ચ / ૧૬૭૧, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસા / / ફડચ / ૦૧ / ચ / ૧૭૭૦/૯૮.— ધી સીમલીયા બુઝર્ગ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી., સીમલીયા--મુકામ સીમલીયા, પો. ગરબાડા, જિલ્લો દાહોદ નોંધણી ક્રમાંક-સે--૨૭૭૧૨, તારીખ ૧૮મી મે, ૧૯૯૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ગ) (૨) અન્વયે આમુખ--૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી રુબરુ રજુઆત કરવા માટે પણ આમુખ--૧ થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ--૨ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકાર અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેની વચગાળાનો આદેશ નં. ફડચ / ૦૧ / ચ / ૧૧૬૮, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસા / / ફડચ / ૦૧ / ચ / ૧૭૭૧/૯૮.— ધી આફવા વિભાગ મજુર કામદાર સહકારી મંડળી લી., આફવા મુકા, પો. આફવા, તાલુકા સંતરામપુર, જિલ્લો દાહોદ નોંધણી ક્રમાંક ઉ--૮૫૫૧, તારીખ ૨૪ મી ડિસેમ્બર, ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ગ) (૨) (૩) આમુખ ૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ--૧ થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ--૨ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રીએ અને સહકાર અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નંબર ફડચ / ૦૧/ચ/૧૬૬૩, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) ની જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસા / / ફડચ / ૦૧ / ચ / ૧૭૭૨/૯૮.— ધી મોવાસા મહીલા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી., મુકામ પોષ્ટ-મોવાસા, તાલુકા સંતરામપુર, જિલ્લો દાહોદ નોંધણી ક્રમાંક-સે.-૨૫૦૩૧, તારીખ ૩૦ મી જુન, ૧૯૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૧) (ગ) (૨) (૪) અન્વયે આમુખ ૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ--૨ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીઓ અને સહકાર અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખ થી ત્રણ વર્ષના મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪ મી ડિસેમ્બર, ૧૯૯૮.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેના વચગાળાની આદેશ નંબર ફડચ/૦૧/ચ/૧૬૬૮, તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ના કલમ ૧૦૭ (૩) ને જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખસા/ફડચ/૦૧/ચ/૧૭૭૪/૧૯૯૮.—ધી આદીવાસી પ્રાયોજના વિસ્તાર આરોગ્ય સહકારી મંડળી લી. દાહોદ મુકામ પોસ્ટ તાલુકો જીલ્લો દાહોદ નોંધણી ક્રમાંક સે-૨૫૨૦૫, તારીખ ૩૦મી જુન, ૧૯૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેને ગુજરાત

INDEX

સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૩ (૧) (ગ) (૨) (૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧ અને ૨ થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૩ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ડિસેમ્બર ૧૯૯૮.

વાંચ્યો :

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નંબર ફડચ/૦૧/ચ//૧૬૬૬ તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૩ (૩) ને જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ચ/૧૭૭૫/૧૯૯૮.—ધી મોટી નાદુકુશ મજુર કામદાર સહકારી મંડળી લી. મોટી નાદુકુશ, તાલુકા સંતરામપુર, નોંધણી ક્રમાંક ઉ-૪૦૪૬, તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૯૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૩ (૧) (ગ) (૨) (૪) અન્વયે આમુખ ૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧ થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૩ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ડિસેમ્બર ૧૯૯૮

વાંચ્યો :

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નંબર ફડચ/૦૧/ચ/૧૬૬૭, તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૩ (૩)ની જોગવાઈ.

ફડચા અંગેની અંતિમ આદેશ

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ચ/૧૭૭૬/૧૯૯૮.—ધી વાંદરીયા કેણુપુર મહીલા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. વાંદરીયા કેણુપુર, તાલુકા સંતરામપુર જીલ્લા દાહોદ નોંધણી ક્રમાંક સે-૨૫૦૩૩ તારીખ ૩૦મી જુન ૧૯૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧નીકલમ ૧૦૩ (૧) (ગ) (૨) (૪) અન્વયે આમુખ ૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧ થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૩ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૨૪મી ડિસેમ્બર ૧૯૯૮.

સે. ક્રમાંક ઉખાસ/નધણુ/દસમ/સેદુ/૩૦૫૪૦/ક-૩/૧૬૧૬/૧૯૯૮.—જિલ્લા રિજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ગરાડીયા દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી, લી. મર્યાદિત સ્થળ ગરાડીયા, તાલુકો ઝાલોદ, જિલ્લો દાહોદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮.

સે. ક્રમાંક ઉખાસ/નધણુ/નસમ/ઝ-૪૦૫૪/ક-૪/૧૬૨૦/૧૯૯૮.—જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી સાથી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગોઠ, તાલુકો ઘોઘંબા, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૮.

વાંચ્યો :

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૮ના પત્ર નંબર ફડચ/૦૪૯/છ/૧૦૧૪/૧૯૯૮ ની દરખાસ્ત

(૨) શ્રી સબ-ઓડીટર લી.રી. લગત સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી ગોધરા ના ઓડીટ અંગેની ઓડીટ મેમો.

ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૧૦૯/૧૯૯૯:—ધી બાંડીબાર પીપલીયા મરઘાં ઉછેર સહકારી મંડળી લી. ફડચામાં મુકામ બોડીબાર, તાલુકા લીમખેડા, જિલ્લા દાહોદની નોંધણી તારીખ ૧૧મી જુલાઈ ૧૯૭૮ ના રોજથી નોંધણી નંબર ઉ-૭૬૬૧ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાના અંતીમ આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ચ/૫૨/૯૨, તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૨ થી કરવામાં આવેલ હતી જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯.

INDEX

વાંચ્યો : (૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૩૦મી નવેમ્બર ૧૯૯૮ના પત્ર નં. ફડચ/૦૫૨/જ/૯૫૨/૯૮ના દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સ. મં. લી. રી. ૧. દુધ, ગોધરા. ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૦૫/૯૯.—ધી પરથમપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં મુ. પરથમપુરા, તા. ઝાલોદ, જિ. દાહોદ ની નોંધણી તા. ૩જી સપ્ટેમ્બર ૧૯૮૧ના રોજથી નોંધણી નં. ૧૮૫૪૪ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાની અંતિમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૧૫/૯૨ તા. ૨૪મી જાન્યુઆરી ૧૯૯૨ થી કરવામાં આવેલા હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીના ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રુએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખ થી મજકુર મંડળીનુ સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યા :- (૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૮મી ઓકટોબર ૧૯૯૮ના પત્ર નં. ફડચ/૦૬૩૩/જ/૯૨૨/૯૮ના દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સ. મં. લી. રી. લગત સ્પે. ઓડીટર ગોધરા નાં ઓડીટ અંગેનાં ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૦૬/૯૯.—ધી વર્ધમાન સહકારી ગ્રાહક ભંડાર લી. ગોધરા. સહકારી મંડળી લી. ફડચામાં મુ. ગોધરા, તા. ગોધરા, જિ. પંચમહાલ ની નોંધણી તા. ૩૧મી માર્ચ ૧૯૯૧ના રોજથી નોંધણી નં. ભ. ૫૭૧ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ઉખાસ/૦૧/ફડચ/૦૧/૬૩૪/૯૩ તા. ૨૨મી એપ્રિલ ૧૯૯૩થી કરવામાં આવેલા હતો જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીના ની ક ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને. ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ના જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીશ્રીની રુએ સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યો:- (૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૮ના પત્ર નં. ફડચ/૦૭૬૮/છ/૯૦૬/૯૮ના દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સ. મં. લી. રી. લગત સ્પે. ઓડીટર, ગોધરાના ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૦૭/૯૯.—ધી ખરેડી વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. ફડચામાં મુ. ખરેડી, તા. દાહોદ, જિ. દાહોદની નોંધણી તા. ૧૪મી માર્ચ ૧૯૯૧ના રોજથી નોંધણી નં. સે. ૨૫૦૪૯થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતિમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ફડચ/૦૧ ચ/૪૭૨/૯૮ તા. ૨૭મી ફેબ્રુઆરી ૧૯૯૮થી કરવામાં આવેલા હતાં જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ સને. ૧૯૬૧ના સહકારી મંડળીઓને અધિનિયમની કલમ. ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યો :—(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૧૩મી ઓગસ્ટ ૧૯૯૮ના પત્ર નં. ફડચ/૦૭૭૨/છ/૬૫૯/૯૮ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સ. મં. લી. રી. લગત સ્પે ઓડીટર સ. મં. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૦૮/૯૯.—ધી મોટીભંડી શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની મંડળી વેચાણ કરનારી મોટીભંડી, તા. ઝાલોદ, જિ. દાહોદની નોંધણી તા. ૨૩મી જુલાઈ ૧૯૯૨ના રોજથી નોંધણી નં. સે. ૨૬૫૫૭ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાની અંતિમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૫૫/૯૮ તા. ૨૬મી માર્ચા ૧૯૯૮થી કરવામાં આવેલા હતા જે અનુસાર સદરહું મંડળીની ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહ પુર્ણ થયેલ હોઈ સને. ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ. ૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૯.

INDEX

વાંચ્યો :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.
(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં નંબર જીએચકેએચ/એમ-૭-૧૯૯૯/સીડીઈ/૧૦૯૭ / ૧૫૩/જે તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.
(૩) આ કચેરીના હુકમ નંબર ખસમ/૦૭૪/ચ/૧૦૦૯/૯૫ તારીખ ૨૯મી જુન ૧૯૯૫.
ખસમ/૦૭૪/ચ/૧૬૧૬/૯૭/તારીખ ૧લી ઓગસ્ટ ૧૯૯૭.
ખસમ/૦૭૪/ચ/૨૬/૯૮ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૮.
ખસમ/૦૭૪/ચ/૧૦૦૯/૯૮/તારીખ ૪થી જુલાઈ ૧૯૯૮ અને
ખસમ/૦૭૪/ચ/૧૫૪૬/૯૮ તારીખ ૧૭મી ઓક્ટોબર ૧૯૯૮.
(૪) વહીવટદા શ્રીના તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૮ના પત્ર નંબર ૪૪/૮૫૪.

પ્રસ્તાવના

જાવક નંબર ખસમ/૦૭૪/ચ / ૧૫૫/૯૯.—ધી રળીયાતી વિભાગ મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. દાહોદની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે થી પંચમહાલ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ગોધરાના નિમણુંક અંગેની કચેરીના આમુખ-ઉના હુકમથી કરેલ જેની મુદત તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૮ના રોજ પુર્ણ થયેલ છે. આમુખ-૪ મુજબ વહીવટદારશ્રીની મુદત પુરી થતાં અગાઉ વ્યવસ્થાપક કમીટીની ચુંટણી કરી સંસ્થાનો વહીવટ ચુંટાયેલા વ્યવસ્થાપક કમીટીને તારીખ ૨૭મી જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ સુપ્રત કરેલ છે. જેના સંદર્ભમાં આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી ગોધરા તે સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ થી રળીયાતો મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી દાહોદના વહીવટદાર તરીકે થી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. ગોધરાની આમુખ ઉના હુકમથી કરેલ નિમણુંક આથી તારીખ ૨૮મી નવેમ્બર ૧૯૯૮ ના રોજથી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું.

ગોધરા, તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યો :-

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ. ૭૪(ધ) ની જોગવાઈ.
૨. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએચ/ એમ. ૭/૧૯૯૯/સીડીઈ/ ૧૦૯૭/૧૫૩/જે. તા. ૧૭મી જાન્યુઆરી ૧૯૯૮.
૩. આ કચેરીના હુકમ ક્રમાંક સકક/૦૨૪/ચ/૧૮૪/તા. ૧૯મી જાન્યુઆરી ૧૯૯૮. સકક/૦૨૪/ચ/૧૨૧૫/તા. ૩૧મી માર્ચ ૧૯૯૮.
૪. કસ્ટોડીયન કમીટીના મળ્યાનો પત્ર નં. ૪૪/૩૬૩ તારીખ ૮મી જાન્યુઆરી ૧૯૯૯

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૨૪/ચ/૧૫૭/૯૯.—ધી કૃષ્ણા કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સો. લી. ટીંબારોડ, તા. ગોધરા, જિ. પંચમહાલમાં કસ્ટોડીયન કમીટીની નિમણુંક આમુખ-૩ના હુકમથી કરવામાં આવેલ જેની મુદત તા. ૫મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ પૂર્ણ થયેલ છે. કસ્ટોડીયન કમીટીના અધ્યક્ષશ્રી આમુખ. ૪માં જણાવેલ પત્રથી કસ્ટોડીયન કમીટીની મુદત વધુ એક માસ માટે લંબાવી આપવા રજુઆત કરેલ છે. સદરહુ રજુઆતને ધ્યાનમાં લેતાં મુદત વધારા માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ. ૧૯૬૧ની કલમ ૭૪(ધ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી કૃષ્ણ કો. ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી લી. ટીમ્બારોડની કસ્ટોડીયન કમીટીની મુદત પ્રથમ હુકમની તા. ૪થી જાન્યુઆરી ૧૯૯૮ થી ૫મી જાન્યુઆરી ૧૯૯૯ સુધીની વધારી આપવા આથી હુકમ કરૂ છું. નિમણુંકના હુકમની શરતો અગાઉના હુકમમાં જણાવેલ યથાવત રહેશે.

ગોધરા, તારીખ ૧૫મી જાન્યુઆરી ૧૯૯૯.

વાંચ્યા :—

(૧/ શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૩૦ મી નવેમ્બર, ૧૯૯૮ ના પત્ર નં. ફડચ / ૦૫૩ / ૬ / ૯૫૧ ના દરખાસ્ત.
(૨) શ્રી સબ ઓડીટર લી. રી. ૧ સહકારી મંડળી (દુધ) ગોધરા નો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ / ૦૧ / ચ / ૩૦૫/૯૯.— ધી મહુડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ફડચામાં મુકામ મહુડી, તાલુકા ઝાલોદ, જિલ્લો દાહોદ ની નોંધણી તારીખ ૨૯ મી ડિસેમ્બર, ૧૯૮૦ ના રોજથી નોંધણી નં. ૧૮૧૪૦ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાના અંતીમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/૧૦૭/૯૨, તારીખ ૧૨૪મી જાન્યુઆરી, ૧૯૯૨ થી કરવામાં આવેલા હતાં જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર-- કલમથી મળેલ અધિકારોની રૂએ સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૯.

સે. ક્રમાંક ઉખાસ / નધણ / નસમ / સે. ૪૦૫૫ / ક-૪ / ૧૩૪/૯૯.— જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી દેવગઢબારીયા નગરપાલિકા હરીજન કામદારોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી મર્યાદિત સ્થળ દેવગઢ બારીયા, તાલુકો દેવગઢબારીયા, જિલ્લો દાહોદ.

સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ--૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૯.

INDEX

વાંચ્યો :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૩૦ મી જાન્યુઆરી, ૧૯૯૯ ના પત્ર નં. ફડચ / ૦૫૯ જ / ૩૮ / ૯૯ ના દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર, સહકારી મંડળીલી, રી. લગત જિલ્લા સ્પે. ઓડીટર, સ. મં. ગોધરા ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ / ૦૧ / ચ / ૩૧૧/૯૯.— ધી પંચમહાલ જિલ્લા પુર્વ વિભાગ આદીવાસી વનવૃક્ષ અને રોપા ઉછેર સહકારી મંડળી લી., ફડચામાં મુકામ રીંછવાણી, તાલુકા દેવગઢબારીયા, જિલ્લો દાહોદ ની નોંધણી તારીખ ૨૧ મી માર્ચ, ૧૯૮૮ ના રોજથી નોંધણી નં. ઉ. ૬૮૧૩ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ઉખસા / ૪૭ / ફડચ / ૦૧ / ચ / ૬૯૩/૯૧, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૧ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ—૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રુએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૩૦ મી જાન્યુઆરી, ૧૯૯૯.

સે. ક્રમાંક ઉખસ / નધણ / નસમ / સે. ૪૦૧૬ / ક-૪ / ૧૮૪/૯૯. જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી વૈજનાથ બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી મર્યાદિત સ્થળ વેજલપુર, તાલુકો કાલોલ, જિલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

વાંચ્યા :—

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તારીખ ૨૪ મી નવેમ્બર-૧૯૯૮ ના પત્ર નં. ફડચ / ૦૩૮૦ / છ / ૯૪૭/૯૮ ના દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર લી. રી. લગત સ્પેશ્યલ ઓડિટર સહકારી મંડળી ગોધરા નો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ / ૦૧ / ચ / ૪૨૬/૯૯.— ધી ભીટોડી આદિવાસી ગ્રાહક સહકારી ભંડાર લી. ફડચામાં મુકામ ભીટોડી, તાલુકા દાહોદ જિલ્લો દાહોદની નોંધણી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૦ના રોજથી નોંધણી નં. ભ—૩૮૩૮ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અંતીમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ૦૧ / ચ /૭૫૬ / ૯૮ તારીખ ૧૪ મી મે, ૧૯૯૮ થી કરવામાં આવેલા હતો જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારી શ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાના કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારીની રુએ સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૯.

વાંચ્યા :—

(૧) શ્રી ફડચા અધિકારીની કચેરીની તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૯ ના પત્ર નં. ફડચ /૦૭૮૫ / છ/ ૩૪/૯૯ ના દરખાસ્ત.

(૨) શ્રી સબ—ઓડીટર લી. રી. લગત જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળી, ગોધરા નો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ / ૦૧ / ચ / ૪૨૭/૯૯.— ધી અછાલા—વન—વિકાસ લક્ષી સહકારી મંડળી લી. ફડચામાં મુકામ અછાલા તાલુકો ગોધરા જિલ્લો પંચમહાલ ની નોંધણી તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૩ના રોજથી નોંધણી સે. નં. ૨૬૫૯૮થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાના અંતિમ આદેશ અત્રેના કચેરીના ક્રમાંક ઉખસ / ફડચ / ૦૧ / ચ / ૧૬૫૬ / ૯૮ તારીખ ૨૭ ડિસેમ્બર, ૧૯૯૮ થી કરવામાં આવેલા હતો જે અનુસાર સદરહું મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીની કાર્યવાહી પુર્ણ થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમ થી મળેલ અધિકારની રુએ સદર મંડળીના નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

વાંચ્યો:-

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૨૦મી માર્ચ ૧૯૯૯ના પત્ર નં. ફડચ/૦૫૯/જ/૮૪/૯૮ના દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સ. મં. લી. રી. લગત જિલ્લા સ્પે. ઓડીટર સ. મં. ગોધરા ની ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૩૯/૯૯.—ધી દાદુર પિયત સહકારી મંડળી લી. ફડચામાં મુ. દાદુર તા. દાહોદ જિ. દાહોદ ની નોંધણી તા. ૧૧મી માર્ચ ૧૯૮૮ ના રોજથી નોંધણી નં. ખે. ૧૬૩૪ થી

INDEX

સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી. મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ ૦/ફડચ/૦૧//ચ/૨૫૧/૯૨ તા. ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૨ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારી શ્રીના દરખાસ્ત મુજબ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ-સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ. ૨૦ ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકાર ની રુએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯.

વાંચ્યો : -

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીની તા. ૨૪મી ડીસેમ્બર ૧૯૯૮ ના પત્ર નં. ફડચ/૦૬૨/છ/૧૦૨૧/ની દરખાસ્ત

જણાવવા છતાં કોઈ હાજર રહેલ નથી અને કોઈ રજુઆત કરવામાં ન આવતા આ કચેરીના સંદર્ભ-૩માં દર્શાવેલથી ફડચાનો વચગાળાનો હુકમ કરી દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ જે અન્વયે કોઈ રજુઆત ન આવતા આ કચેરીના તા. ૧-૯-૯૭ના પત્રથી રજુઆત માટે પુનઃ નોટીસ પાઠવે છે જે સ્વીકારાયા વગર પરત આવેલ છે. આમ સોસાયટી સ્થગીત અવસ્થામાં છે. તેમ માનવાને કારણ રહે છે. જેથી નીચે મુજબ હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી ઝવેરવાડ કન્ઝુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧-૧૦-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૯-૮-૯૬નો ક્રમાંકઃ અષણ/૧૨૯/ખા. અ./ગ-૩/૫૩૦૦/૯૬નો ખાસ અહેવાલ.

(૨) ગુજરાત રાજય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૪૫/ધ-૨/૧૧૪૪/૯૭.– ધી વંદનપાર્ક કો, ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગુહ મંડળી છે. જેનો નોંધણી નંબર : . . . . . છે. સદરહુ સોસાયટીના ઓડીટ માટે સબ-ઓડીટર, સ. મં. (શહેર) અમદાવાદ દ્વારા અનેક પ્રયાસો કરવા છતાં સોસાયટી તરફથી સહકાર ન આપી અન્વેષણ કરાવેલ નથી. સંસ્થાના સ્થળે રૂબરૂ મુલાકાત લેવામાં આવતા આ સંસ્થામાં છેલ્લા કેટલાક વર્ષોથી વ્યવસ્થાપક કમીટી અસ્તીત્વ ધરાવતી ન હોવાનું જાણવા મળતા સંદર્ભ-૧ના ખાસ અહેવાલથી મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદાર મૂકવા ભલામણ થયેલ. પરંતુ ખાસ અહેવાલમાંની વિગતો જોતાં મંડળીમાં હોદ્દેદારો જ નથી. મંડળી સ્થગીત અવસ્થામાં હોવાનું સ્પષ્ટ જણાય છે તથા મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમ મુજબ ચાલતી નથી તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે જેથી સોસાયટી સામે સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવાનું મુનાસીબ જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી વંદનપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. તથા સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦મા રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહીં થાય તો ફડચાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧-૧૦-૯૭.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તા. ૮-૪-૯૬નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંકઃ ફડચ/ફ- /ધ-૨/૪૪૩/૯૬.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

જા. નં. ફડચ/ફ-૧૧૪૩૬/ધ-૨/૧૧૪૫/૯૭.– ધી શીતલ કો, ઓ, હા, સો. લી. અમદાવાદએ સહકારી કાયદા હેઠળ નોંધણી નંબરઃ ધ-૬૫૬૦ તા. ૨૦-૯-૭૭થી નોંધાયેલ ગૃહમંડળી છે.

ધી શીતલ કો. ઓ. હા. સો. લી. અમદાવાદને સને ૧૯૯૨-૯૩ના ઓડીટ અન્વયે મંડળીની નોંધણી બાદ ઘણા વર્ષો પસાર થવા છતાં પેટાનિયમના ઉદ્દેશ મુજબ કામગીરી કરેલ ન હોઈ અને ફકત જમીન બાનાખત કરી હોઈ મંડળીની નોંધણી રદ કરવા ભલામણ કરેલ જે અન્વયે મંડળીની નોંધણી રદ કેમ ન કરવી તે બાબતે જરૂરી નોટીસ આપવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતા સંદર્ભ-૧ના ફડચાના વચગાળાના હુકમથી મંડળીને દિન-૩૦માં રજુઆત કરવા જણાવેલ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી. જેથી મંડળી કાયદા-કાનુન મુજબ ચાલતી નથી. તેમ માનવાને કારણ રહે છે જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી શીતલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૨) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની નિમણુંક કરું છું.

અમદાવાદ, તા. ૧-૧૦-૯૭.

INDEX

વંચાણે લીધા:

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૪-૧-૯૬નો ક્રમાંક: અષણ/ગ-૨/૨૮૮/૪૮૦/નો પત્ર.

(૨) ગુજરાત સમાચારની તા. ૫-૬-૯૬ની આ કચેરીની જાહેર નોટીસ

(૩) આ કચેરીનો તા. ૨૭-૩-૯૭ના ક્રમાંક: ફડચ/ફ-૨૨૪૦૬/૫-૨/૩૯૦નો ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૦૬/૫-૨/૧૧૪૬/૯૭.– થી ભાર્ગવ ગ્રાહક સહકારી ભંડાર લિ. અમદાવાદને સહકારી કાયદાની જોગવાઈઓ અન્વયે નોંધણી ક્રમાંક : ભ-૪૦૦૧ તા. ૧૯-૧૨-૮૯થી નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. સદર મંડળીના ઓડીટ માટેની નોટીસ પરત આવતા તથા સરનામા ઉપર હોદ્દેદારો ન મળતા જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદના સંદર્ભ-૧ના અહેવાલને ધ્યાને લઈ સંદર્ભ-૨ અન્વયે સદરહુ મંડળીની નોંધણી કલમ-૨૦ અન્વયે રદ કેમ ન કરવી ? તે અંગે તા. ૫-૬-૯૬ના ગુજરાત સમાચારમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે દરમ્યાન જિ. સ્પે. ઓડીટરશ્રીની કચેરી તરફથી રજુઆત થયેલ કે સદરહુ સોસાયટીનું સને ૧૯૯૧-૯૫નું ઓડીટ કરવામાં આવેલ છે. પણ મંડળી સહકારી મંડળીના પેટા નિયમોના ઉદ્દેશો મુજબ કામગીરી કરેલ ન હોઈ કલમ-૨૦ અન્વયે નોંધણી રદની કાર્યવાહી ન કરવા ફડચામાં લઈ જવા ભલામણ થયેલ હતી જે અન્વયે મંડળીના હોદ્દેદારોને પાઠવવામાં આવેલ નોટીસ અંગે કોઈ રજુઆત ન આવતા આ કચેરીના સંદર્ભ-૩ના પત્રથી ફડચાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને રજુઆત માટે દિન-૩૦નો સમય આપવામાં આવેલ જે હુકમનું આ. પી. એ. ડી. કવર સ્વીકારયા વગર પરત આવેલ છે અને કોઈ રજુઆત મંડળી તરફથી મળવામાં ન હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી ભાર્ગવ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧-૧૦-૯૭.

વંચાણે લીધા:

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૧૯-૫-૯૪ના ક્રમાંક: ગસભ/સી-૪/૮૭૮/૯૪નો પત્ર.

(૨) આ કચેરીની તા. ૫-૬-૯૬ના ગુજરાત સમાચારની જાહેર નોટીસ

(૩) આ કચેરીનો તા. ૨૭-૩-૯૭ના ક્રમાંક: ફડચ/ફ-૧૧૩૪૯/૫-૨/૩૮૩/૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૪૯/૫-૨/૧૧૪૭/૯૭.– થી જેતમલ ગ્રાહક સહકારી ભંડાર લિ. અમદાવાદએ સહકારી કાયદા અન્વયે રજિસ્ટ્રેશન નંબર ૨૯૭ તા. ૨૬-૧૧-૬૪થી નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. સદર સંસ્થાના ઈન્સ્પેકશન માટે લેખિત નોટીસો આપેલ અને રુબરુ મુલાકાત લેવા છતાં સંસ્થાના હોદ્દેદારોએ રેકર્ડ એક યા બીજા બહાના બતાવી રજુ ન કરતાં સંદર્ભ-૧ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ થતાં આ કચેરી દ્વારા મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે બાબતે નોટીસોથી જણાવેલ છતાં કોઈ રજુઆત ન થતા આ કચેરીની સહકારી મંડળીઓની નોંધણી રદ અંગેની તા. ૫-૬-૯૬ના રોજ ગુજરાત સમાચારની જાહેર નોટીસમાં મંડળીનો અનુક્રમ નંબર ૧૦ ઉપર સમાવેશ કરી રજુઆત કરવા જણાવેલ છતાં કોઈ રજુઆત આજદીન સુધી થયેલ નથી જેથી મંડળી પેટા નિયમ મુજબ કામ કરતી નથી અને સ્થગિત છે તેમ માનવાને કારણ રહે છે. આ મંડળીને સરકારશ્રી તરફથી આપવામાં આવેલ લોન શેરફાળાની રકમ વસુલ કરવાની બાકી હોઈ સંદર્ભ-૩થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ જે અન્વયે આજદીન સુધી કોઈ રજુઆત મળવામાં ન હોઈ, મંડળી સ્થગીત છે અને સહકારી કાયદા કાનુન મુજબ કામ કરતી નથી તેમ માનવાને કારણ રહે છે જેથી નીચે મુજબ હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી જેતમલ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧-૧૦-૯૭.

INDEX

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૨૮-૫-૧૯૯૬ના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/૯૪૬/૯૬.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૪૬/ધ-૨/૧૧૪૮/૯૭.– થી મહેનતપુરા કો. ઓ. હા. સો. લી. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ-મંડળી છે. જેનો નોંધણી નંબર : ધ-૧૩૭૮૭ તારીખ ૫-૧૨-૧૯૮૯ છે.

સદર મંડળી વહીવટીદાર હેઠળ હતી. અને આ મંડળીનાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદારની મહત્તમ અવધિવીતી ગયેલ હોવો છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતાં નથી. તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસકારક રીતે સંચાલીત થઇ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઇ જઈ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની નિમણુક કરવી મુનાસીબત જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

વચગાળાનો હુકમ

હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારીની રુએ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે થી મહેનતપુરા કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામા આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઇ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહી થાય તો આ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧-૧૦-૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૭૬/ક-૨/૧૩૮૨/ધ-૧૮૦૭૮/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શ્રીનાથજી કો. ઓપ. હા. એન્ડ કો. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭-૧૦-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૭૬/ક-૨/૧૩૮૩/ધ-૧૮૦૭૯/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જે. ડી. એપાર્ટ. કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૩-૧૦-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૮૨/ક-૨/૧૪૦૬/ધ-૧૮૦૮૦/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પાર્ક પોઈન્ટ કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૩-૧૦-૧૯૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૨-૪-૯૪નાં ક્રમાંક : અષણ/ગ-૫/૬૫૨૫/નો પત્ર.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૪૭/ધ-૨/૧૧૮૯/૯૭.– થી વિજયંત કો. ઓ. હા. સો. લી. અમદાવાદએ સહકારી કાયદા કાનુન અન્વયે નોંધણી નંબર ધ-૧૦૨૭૦ તા. ૫-૧૧-૮૨થી નોંધાયેલ ગૃહમંડળી છે. આ મંડળીનું તા. ૧-૭-૯૦ થી ૩૦-૬-૯૩ સુધીના અન્વેષણ નોંધ મુજબ સોસાયટીએ કલમ-૨૧ અન્વયે નબળા વર્ગની યોજના માટે કુલ ૧૫૪ મકાનોની એન. ઓ. સી. માંગેલ અને મેળવેલ હતી. જેમાં મર્યાદીત સમયમાં, મર્યાદીત કિંમતમાં નબળા વર્ગના સભ્યો માટે મકાનો તૈયાર કરી સભ્યોને આપવાના રહે છે. પણ મંડળીના અન્વેષણ રીપોર્ટ સાથેની સભ્યોની યાદી જોતાં મોટા ભાગના સભ્યો નબળા વર્ગના જણાતા નથી. આ સંજોગોમાં મંડળીને રજુઆત કરવા આ કચેરીના તારીખ ૧૪-૨-૯૫, તા. ૨૭-૩-૯૫, તા. ૨૫-૩-૯૭ તથા અન્ય પત્રોથી નોટીસ પાઠવવામાં આવેલ જેના સંદર્ભમાં સોસાયટી દ્વારા તેઓના તા. ૭-૪-૯૭ તથા ૨૫-૭-૯૭ના પત્રોથી કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં સોસાયટીએ ૧૫૪ મકાનો નબળા વર્ગના સભ્યો માટે બનાવવાના

INDEX

રહે છે. જે અંગે કુલ ૮૫ જ સભ્યોની યાદી મોકલેલ છે. જેમાંના મોટા ભાગના સભ્યો નબળા વર્ગના નથી તે અંગે પૂછવામાં આવેલ વિગતે કોઈ પ્રત્યુતર સોસાયટીએ આપેલ નથી અને તેનો જવાબ આપવાનું ટાળેલ છે. સોસાયટીની મૂળ યોજના મુજબ ૧૫૪ આવાસો બાંધવાના રહે જેની સામે ૧૫ વર્ષ પછી પણ માત્ર ૮૫ આવાસો બાંધેલ છે. આમ સોસાયટી સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબની કાર્યવાહી કરી શકેલ નથી અને મંડળીની નોંધણીના તથા જમીન સંપાદન કર્યા પછીના ઉદ્દેશો પરિપૂર્ણ કરેલ નથી. જે વિગતોને ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરતો મુનાસીબ ગણાય છે.

વચગાળાનો હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએથી ધી વિજયંત કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે ફડચા-૨ લગત આ કચેરીની નિમણુંક કરૂં છું આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે.જો સમયમર્યાદામાં યોગ્ય રજુઆત નહીં થાય તો ફડચામાં હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૩-૧૦-૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૮૮/ક-૨/૧૪૮૭/ભં-૪૭૭૦/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પદ્માવતી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૮૩/ક-૨/૧૪૮૯/ધ-૧૮૦૮૧/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ન્યુ. સુર્યોદય (મેમનગર) કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૮૯/ક-૨/૧૪૮૯/ભં-૪૭૭૧/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અબોર ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૮૯/ક-૨/૧૪૯૦/ધ-૧૮૦૮૩/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સુમેરૂ (શાહીબાગ) કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૩-૧૦-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૯૨/ક-૨/૧૫૪૨/ભં-૪૭૭૨/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જયભવાની ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦-૧૧-૧૯૯૭.

વંચાણે લીધા:

(૧) આ કચેરીની તા. ૧૫-૩-૯૭ના ક્રમાંક: સક્ક/૦૧/૫-૨/૨૯૪/૯૭ની કલમ-૧૦૭ની કારણદર્શક નોટીસ તથા તારીખ ૩૧-૩-૯૭ની નોટીસ

(૨) ન્યુ ગોપાલનગર કો. ઓપ. હાઉ. સોસા. લી. અમદાવાદના તા. ૨૫-૩-૯૭, ૭-૪-૯૭, ૧૦-૬-૯૭, -૧૦-૯૭ના પત્રો.

(૩) આ કચેરીનો તા. ૧૫-૫-૯૭ના ક્રમાંક : ફડચ/૦૧/૫-૨/૫૬૯/૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૩૬/૯૭.– ધી ન્યુ ગોપાલનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદએ કાયદા કાનુન અન્વયે નોંધણી નંબર : ધ-૪૨૦૩ તા. ૩-૧૨-૭૦ થી નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે.

સદરહુ મંડળીએ તા. ૩૦-૬-૯૨ સુધીનું ઓડીટ કરાવેલ અને ઓઢવ ખાતે મંડળીએ ખરીદેલ જમીનમાં અનઅધિકૃત છાપરા થઈ ગયેલ, મંડળીએ અન્ય જગ્યાએ જમીન મેળવેલ નથી, અને નોંધણીને ૨૫ વર્ષ જેટલો સમય વ્યતીત થવા છતાં મંડળીના ઉદ્દેશો મુજબ સભ્યો માટે રહેઠાણ તૈયાર કરી આપવામાં નિષ્ફળ જવાથી તારીખ ૧૫-૩-૯૭થી કારણદર્શક નોટીસ આપી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે રજુઆત કરવાની તક આપ્યા બાદ સંદર્ભ-૩ના આ કચેરીના હુકમથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જેના સંદર્ભમાં સોસયટી તરફે સંદર્ભ-૨માં દર્શાવેલ તા. ૧૦-૬-૯૭ અને તા. -૧૦-૯૭નાં પત્રથી રજુઆત કરેલ છે કે મંડળીનું તા. ૩૦-૬-૯૬ સુધીનું ઓડીટ કરાવવામાં આવેલ છે. ઓડીટ વર્ગ 'બ' છે. મંડળીએ મોજે ઓઢવ વિસ્તારમાં વેચાણ દસ્તાવેજથી મેળવેલ જમીન ઉપર ગેરકાયદેસર દબાણ થયેલ છે. જે હજુ ખાલી કરાવીને પ્રત્યક્ષ કબજો મેળવી શકેલ નથી. વિકલ્પ તરીકે એન. ઓ. સી. વાળી જમીન મેળવવાના પ્રયત્નો ચાલુ છે. મંડળીએ જમીન વાવીને ઉદ્દેશો મુજબ કામગીરી પૂર્ણ થઈ શકે તે માટે એક વર્ષની સમય મર્યાદાની માંગણી કરીને ફડચાનો વચગાળાનો હુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

ઉકત વિગતે મંડળીની રજુઆત મંડળી દ્વારા એક વર્ષમાં બાંધકામની પ્રવૃતિ શરુ કરવા આપવામાં આવેલ બાંહેધરી, મંડળીએ તા. ૩૦-૬-૯૬ સુધી કરાવેલ ઓડીટની વિગતો ધ્યાને લેતા મંજળીના સભ્યોના વિશાળ હિતને ધ્યાને રાખીને નીચે મુજબ હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારની રૂએથી ધી ન્યુ. ગોપાલનગર કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો આ કચેરીનો તા. ૧૫-૫-૯૭નાં જા. નં. ફડચા/૦૧/ધ-૨/૫૬૯નો વચગાળાનો હુકમ રદ કરું છું

મંડળીએ આ હુકમની તારીખથી એક વર્ષના સમયમાં જમીન મેળવી સભ્યો માટે રહેઠાણ પુરા પાડવાના ઉદ્દેશ મુજબ કામગીરી કરવાની રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જયેથી મંડળીને આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૦-૧૧-૯૭.

વંચાણે લીધા:

(૧) આ કચેરીની તા. ૯-૨-૯૩નો ક્રમાંક: ફડચ/૧૭૯/ધ-૨/૧૧૬૭/ નો હુકમ

(૨) અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ) સહકારી મંડળીઓ, જુના સચિવાલય, ગાંધીનગરનો તા. ૧૯-૮-૯૭નો પત્ર ક્રમાંક: સક્ક/ ૬૧૫૯/ક/૧૨૩૨/૯૭

(૩) આ કચેરીનો તા. ૧૮-૯-૯૭ના ક્રમાંક : ફડચ/૧૭૯/ધ-૨/ ૧૦૪૯/નો પત્ર.

(૪) ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૪૮/ધ-૨/૧૩૩૮/૯૭.– ધી નૂતન આદ્યશકિત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધણી ક્રમાંક: ધ-૮૨૭૪ તા. ૨૩-૬-૮૦નાં રોજથી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળીને સંદર્ભ-૧ ના હુકમથી ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવેલ જેની સામે સોસાયટીએ અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગાંધીનગર સમક્ષ અપીલ અરજી નં. ૧૧/૯૪ દાખલ કરેલ જે ઉપર સંદર્ભ-૨ના પત્રથી તા. ૧૯-૮-૯૭ના અધિક રજિ. શ્રી (અપીલ) ના આદેશથી આ કચેરીનો સંદર્ભ-૧નો હુકમ રદ કરીને સોસા.ને પૂરતી તક આપવા અને પૂનઃ વિચારણા કરવા કેસ રીમાન્ડ કરવામાં આવેલ જે અન્વયે સંદર્ભ-૩ના પત્રથી સોસા.ને રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. સોસયટી તરફથી તારીખ ૧૫-૧૦-૯૭ના રોજ મૌખિક અને લેખીત રજુઆત કરવામાં આવેલ તે ધ્યાને લેતા મંડળીએ ફકત જમીન રજિસ્ટર્ડ બાનાખત કરાવેલ છે. પણ કલમ-૨૦(૧)હેઠળ હજી સુધી જમીન અંગે મંજુરી મળી નથી. જેથી દસ્તાવેજ પણ કરાવેલ નથી. આમ જમીનનો કબજો મંડળી પાસે નથી. મંડળીએ જમીન અંગે એન. એ., એન. ઓ. સી. કે ટાઈટલ કલીયરન્સ મેળવેલ નથી જેથી મંડળીના સભ્યો માટે મકાન બાંધકામની પ્રવૃત્તિ હાથ ધરી શકેલ નથી. હાલમાં જમીન મેળવવા માટે મંડળી તરફથી સરકારી જમીન અથવા ફાજલ જમીન મેળવવા માટે સરકારશ્રી કક્ષાએ, કલેકટરશ્રી કક્ષાએ કોઈ જ કાર્યવાહી ચાલુ નથી આમ મંડળી સ્થગીત અવસ્થામાં છે. અને મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી પૂર્ણ કરી શકેલ નથી, સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ કામ કરતી નથી. તેમ માનવાને કારણ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો ઉચીત જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી નૂતન આદ્યશકિત કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો અંતીમ હુકમ કરું છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૩-૧૧-૯૭.

INDEX

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૬-૩-૯૬નો પત્ર ક્રમાંક : અષણ/ગ-૨/૨૮૮/૩૦૧૯

(૨) આ કચેરીની તા. ૨૫-૯-૯૭ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૦૯૪/૯૭ની કારણદર્શક નોટીસ

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૯/ધ-૨/૧૩૩૯/૯૭.– ધી સૂહાગ જીવન કો. ઓ. હા. સો. લી. અમદાવાદએ સહકારી કાયદા કાનુન અન્વયે રજિ. નંબર ધ-૫૯૬૩ તા. ૧૬-૬-૭૫થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળીનું તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૭ સુધીનું ઓડીટ જિ. સ્પે. ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદ દ્વારા નિયુક્ત ઓડીટર દ્વાર કરવામાં આવેલ જે અન્વયે ઓડીટ રીપોર્ટના આધારે સંદર્ભ-૧ના પત્રથી સોસાયટીમાં વહીવટદારની નિયુક્તી કરવા ખાસ અહેવાલ થઈ આવેલ, જે ધ્યાને લેતા મંડળી સામે સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવાનું નક્કી થતાં સંદર્ભ-૨ના પત્રથી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની તક આપવામાં આવેલ. જેના સંદર્ભમાં સોસાયટી દ્વારા તા. ૧૫-૧૦-૯૭નાં રોજ રુબરુમાં લેખીત અને મૌખિક રજુઆત કરેલ છે. તેની વિગતો ધ્યાને લેતાં મંડળી પાસેની સને ૧૯૭૫માં વેચાણ દસ્તાવેજ કરી ખરીદેલ જમીનનો કબજો અમદાવાદ શહેરી વિકાસ મંડળ (ઔડા)એ મેળવીને જમીન સીલ કરેલ છે. સોસાયટી પાસે જમીન નથી. તથા ઔડાએ કરેલ કાર્યવાહી સામે મંડળી તરફથી કોઈપણ કક્ષાએ કાયદેસરની કાર્યવાહી ચાલુ કરેલ નથી અગર તો કરેલ હોય તો તે અંગે કોઈ જ આધારે રજૂ કરેલ નથી. જેથી સોસાયટી જમીન મેળવીને મંડળીના ઉદ્દેશ મુજબ સભાસદોને માટે આવાસોનું બાંધકામ વેળાસર કરી શકે તેવી શક્યતા નથી તેમ માનવાને કારણ છે. આમ મંડળીએ નોંધણી થયાને ૨૨ વર્ષ જેટલો સમય પસાર થયેલ હોવા છતાં મંડળી ઉદ્દેશો મુજબ કામગીરી કરી શકી નથી. આમ મંડળી સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ કામ કરતી નથી. તેમ માનવાને સ્પષ્ટ કારણ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી સૂહાગ જીવન કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૩-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૦-૯-૯૬નો પત્ર ક્રમાંક : અષણ/૨૨૫/ગ-૪/૫૫૩૬

(૨) આ કચેરીની તા. ૧૯-૭-૯૭ની કારણદર્શક નોટીસ

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૫૦/ધ-૨/૧૩૪૦/૯૭.– ધી સત્નામ સદગુરુ કબીર સાહેબ કો. ઓ. હા. સો. લી. અમદાવાદ તે સહકારી કાયદા કાનુન અન્વયે નોંધાયેલ રજિ. નંબર ધ-૯૦૯૯ તારીખ ૧૯૮૨ વાળી સહકારી ગૃહમંડળી છે.

સદર મંડળીના ઓડીટ માટે નિયુક્ત ઓડીટરશ્રીએ અનેક વાર લખાણ કરવા છતાં ઓડીટ થઈ શકેલ નથી. ઉક્ત સંસ્થા વાઘરી કોમના સભ્યો માટે વગર જમીને નોંધવામાં આવેલ હતી તે પછી સરકારશ્રીએ વાઘરી કોમના ૧૨૬ સભ્યોને રહેણાંકના બાંધવા માટે મંજુરી મળતા કલેકટરશ્રી દ્વારા ફાળવાઈ હતી. પરંતુ આ જમીન ઉપર કબીર ચેમ્બરનું નામનું શોપીંગ સેન્ટર બંધાયેલ છે. અને મંડળી તરફથી કોઈ રેકર્ડ ઓડીટ માટે રજુ થયેલ નથી. આમ મંડળીની નોંધણીનાં ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરાયેલ જણાતી નથી. મંડળી સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ કામગીરી અને વહીવટ કરતી ન હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી સત્નામ સદગુરુ કબીર સાહેબ કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૩-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨-૧-૯૬ના પત્ર ક્રમાંક અષણ/૧૪૨/ખા.અ/ગ-૫૩/૫૧

(૨) આ કચેરીની તા. ૨-૭-૯૬ના પત્ર ક્રમાંક: ફડચ/૦૧/ધ-૨/૭૪૩/૯૬ની કારણદર્શક નોટીસ

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૫૧/ધ-૨/૧૩૪૧/૯૭.– ધી દાદસાહેબ આંબેડકર કો. ઓ. હા. સો. લી. અમદાવાદ તે સહકારી કાયદાની કલમ-૯ અન્વયે રજિસ્ટર્ડ નંબર ધ-૮૭૨૦ તારીખ ૨૫-૧૨-૮૧ થી નોંધાયેલી ગૃહમંડળી છે.

સદર મંડળીના તા. ૧-૭-૮૭ થી ૩૦-૬-૯૩ સુધીના ઓડીટ અહેવાલને ધ્યાને લઈ સંદર્ભ-૧ના જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદના પત્રથી ખાસ અહેવાલ થઈ આવેલ છે. જે મુજબ સોસાયટીના ધ્યાને આવેલ ખામીઓ નીચે મુજબ છે.

(૧) મંડળીના પેટા નિયમ ૧૩(બ) મુજબ સમાજ કલ્યાણ અધિકારીશ્રીનો કોઈ સભ્ય માટે જાતીનો દાખલો ઓડીટમાં રજુ કરવામાં આવેલ નથી પેટા કાયદાની કલમ-૭૭નો પણ ભંગ કરેલ છે.

(૨) આ કચેરીના તા. ૩૦-૪-૬૩ના મંડળીને પુન:જીવીત કરવાના આદેશની શરતોનું પાલન કરેલ નથી.

(૩) મંડળીના તમામ પ્રમોજકો બદલાઈ ગયેલ છે. અને ૧ થી ૧૦ સભ્યો અનુસુચિત જાતીના નથી.

આમ સદરહુ મંડળીએ સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમોનો ભંગ કરેલ છે. અને કાયદા કાનુન મુજબ મંડળીના ઉદ્દેશો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ સંદર્ભ-૨ના પત્રથી કારણદર્શક નોટીસ પાઠવી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે રજુઆતની તક આપવામાં આવેલ પણ મંડળી તરફથી કોઈ રજુઆત મળવામાં ન હોઈ મંડળી સ્થગીત અવસ્થામાં હોવાનું અને સહકારી કાયદા-કાનુન અને પેટાનિયમો મુજબ કામગીરી કરતી ન હોવાનું માનવાને કારણ રહે છે જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએથી ધી દાદાસાહેબ આંબેડકર કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૩-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૯-૯૬ના ક્રમાંક: સક/હસબ/બોરી/ખાતા નં. ૪૦/જ/૨૦૧૪/ તથા તા. ૮-૧-૯૭નો પત્ર ક્રમાંક: સક/હસબ/બોરી/ખાતા નં. ૩૯/૪/૪૭

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૫૨/ધ-૨/૧૩૪૨/૯૭.– ધી બોરડીવટનગર કો. ઓ. હા. સો. લી. અમદાવાદ તે સહકારી કાયદા અને કાનુન અન્વયે નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ઉપલબ્ધ નથી.

સદરહુ સોસાયટીને સરકારશ્રીના સહકાર ખાતા મારફત મકાન બાંધકામ માટે લોન રૂા. ૨૭૦૦૦/- અને સમાજ કલ્યાણ ખાતા તરફથી રૂા. ૭૨૦૦૦/-લોન ચૂકવાયેલ છે. સોસાયટી પાસે માહે ૫/૯૬ સુધીની લોન રૂા. ૮૩૭૨૦/-બાકી રહે છે. તથા તે ઉપરનુ શરતો મુજબ ૨ ટકા મુજબ દંડ નીય વ્યાજની વસૂલાત બાકી છે. સોસાયટીને લોનની હપ્તાની ચડત બાકી રકમ અંગે વખતોવંખત નોટીસ આપવા છતાં વસુલાત આવતી ન હોઈ સંદર્ભ-૧ના પત્રથી સોસાયટીમાં વહીવટદારશ્રીની નીમણુંક કરવાની ભલામણ થઈ આવેલ હતી, પરંતુ કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો નિર્ણય લેવાયેલ તે મુજબ સોસાયટીને અત્રેથી ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે કારણદર્શક નોટીસ પાઠવવામાં આવતા કવર પરત આવેલ છે. આમ સોસયટીના ચૂટાયેલ વ્યવસ્થાપક કમીટી કે ચેરમેન/સેક્રેટરી હાલમાં નથી. સોસાયટી સહકારી કાયદા કાનુન મુજબ કામ કરતી નથી. તેમ માનવાને કારણ રહે છે. તથા સરકારશ્રીની ચડત બાકી લોન/વ્યાજની વસૂલાત ઝડપી થઈ શકે તે હેતુથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

આથી હું જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ - ૧૯૬૧ કલમ-૧૦૭(૧) અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી બોરડીવટનગર કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરુ છું. સદર મંડળીના ફડચા અધીકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮અન્વયે સહકારી અધીકારી (ફડચા-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૩-૧૧-૯૭.

INDEX

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો તા. ૫-૭-૯૬નો ક્રમાંક ધરમ/૦૧/અ-૧/૧૨૪૪નો પત્ર

(૨) આ કચેરીનો તા. ૧૭-૨-૯૭ના ક્રમાંક : ફડચ/ફ. ૧૧૩૧૦/ધ/૨/૧૬૧/૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૧૦/ધ-૨/૧૩૭૩/૯૭.– ધી નુરે એહમદી કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો રજિ. નંબર ધ-૯૭ તા. ૨૫-૭-૬૧ છે.

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડીયમ હેઠળ હતી. જેની મહત્તમ અવધી પુરી થતાં છતાં મંડળીના વહીવટ સંભાળી લેવા સભાસદો ઈચ્છતા ન હતા. જેથી સંદર્ભ-૨માં દર્શાવેલ આ કચેરીના હુકમથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જે અંગે મંડળી તરફે શ્રી એમ. એ. સોલંકીએ તા. ૧૭-૨-૯૭ અને ૨૩-૯-૯૭ ના પત્રોથી મંડળીને ફડચામાં ન લઈ જવા રજુઆત કરેલ છે તથા તા. ૨૩-૯-૯૭ના રોજ રુબરુમાં મૌખિક રજુઆત કરેલ છે તે મુજબ મંડળીની ગત વર્ષની સાધારણ સભા મળી હતી, ચાલુ વર્ષ ૩૦-૯-૯૭ના રોજ સાધારણ સભા છે. મંડળીના સભ્યોની ચુંટાયેલી કારોબારી સમીતીએ મંડળીનો વહીવટ સંભાળી લીધેલ છે. તા. ૭-૧૨-૯૫ના રોજ વહીવટદારશ્રી કાદરી પાસેથી વહીવટ સંભાળી લીધેલ છે. તારીખ ૩૦-૬-૯૬ સુધીનું ઓડીટ થઈ ગયેલ છે. તેમજ હાઉસીંગ ફાયાનાન્સ કોપો. ની લોનો સભ્યો પાસેથી મેળવીને જમા કરાવવામાં આવી રહેલ છે અને જે સભ્યો તરફથી ભરવા ઈન્કાર કરવામાં આવે તેમની સામે લવાદી દાવા ટુંક સમયમાં દાખલ કરવા અંગે કાર્યવાહી ચાલુ છે. તેવી રજુઆત કરેલ છે. જે રજુઆત ધ્યાને લેતા મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમો મુજબ કામ કરે છે. તેમ માનવાને કારણ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ - ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી નુરે એહમદી કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીના તા. ૧૩-૨-૯૭ના ક્રમાંક: ફડચ/ફ-૧૧૩૧૦/ધ-૨/૧૬૧/૯૭ થી કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરું છું.

અમદાવાદ, તા. ૧૭-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનાં તા. ૧૯-૧-૯૬નો પત્ર ક્રમાંક: અષણ/૧૪૦/ખા. અ./ગ-૩/૨૮૯. ઓ.

(૨) આ કચેરીનો તા. ૨૧-૬-૯૬ના ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/૧૧૫૭ નો પત્ર.

(૩) આ કચેરીના તારીખ ૨૩-૩-૯૭, ૧૫-૫-૯૭, ૭-૭-૯૭, ૮-૯-૯૭ના પત્રો.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૫૩/ધ-૨/૧૩૭૪/૯૭.– ધી આદીનાથ કો. ઓ. હા. સો. લી. અમદાવાદનો સહકારી કાયદા-કાનુન અન્વયે નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો રજિ. નં. ધ-૧૦ સને ૧૯૬૦ છે. સહકારી મંડળીની તમામ વહીવટી કામગીરી આ કચેરીના સીધા નિયંત્રણ હેઠળ આવે છે. સદરહુ સોસાયટીમાં બાકી ઓડીટ માટે ઓડીટરે સંપર્ક કરતાં હાલમાં સોસાયટીમાં કોઈ ચુંટાયેલી કમીટી દ્વારા વહીવટ થતો ન હોઈ, તથા ઓડીટ માટે દફતર ન મળતા સંદર્ભ-૧ના પત્રથી કલમ-૮૧ હેઠળ વહીવટદાર નિયુક્ત કરવા ભલામણ થઈ. આવેલ જે ઉપર વધુ ચકાસણીના અંતે સંદર્ભ-૨ના પત્રથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવાનું જરુરી જણાતા, સંદર્ભ-૩ના પત્રોથી સોસાયટી શા માટે ફડચામાં ન લઈ જવી ? તે અંગે નોટીસ અને સ્તુતિપત્રો પાઠવીને રજુઆત માટે તક આપવામાં આવેલ પણ આજસુધી કોઈ રજુઆત થયેલ ન હોઈ સોસાયટી સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા મુજબ કામ કરતી નથી અને સોસા.નો વહીવટ સ્થગીત અવસ્થામાં છે. તેમ માનવાને કારણ રહે છે. આથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ - ૧૯૬૧ કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી આદીનાથ કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરુ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાનો તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહીં થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૭-૧૧-૯૭.

INDEX

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૭-૧૦-૯૭નો પત્ર ક્રમાંકઃ અષણ/૬૬/ખા. અ./ગ-૩/૪૯૬૮.

(૨) આ કચેરીનો તા. ૨૭-૮-૯૭ના ક્રમાંક : સક્ક/ફડચ/૦૧/૫-૨/૯૧૨/૯૭ ની કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ક-૧૧૪૫૪/૫-૨/૧૪૦૦/૯૭.– ધી મુકત જીવન ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ તે નોંધણી ક્રમાંકઃ ભ-૪૨૮૩ તા. ૩૧-૧-૯૨ થી નોંધાયેલ છે. સંસ્થા જે ઉદ્દેશો માટે નોંધાયેલ છે તે ઉદ્દેશો મુજબ કામ કરતી નથી. સંદર્ભ-૧ના પત્ર અન્વયે ઓડીટરશ્રીએ સને ૯૨/૯૩ના ઓડીટ અંગે મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. મંડળીના હોદ્દેદારોને મંડળીના કામકાજમાં રસ નથી. સંસ્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદા કાનુન, તે હેઠળના નિયમો અને મંડળીના પેટા નિયમોની જોગવાઈને આધીન જે તે કાર્ય વિસ્તારમાં મંડળીના ઉદ્દેશો મુજબ કામગીરી કરતી નથી. જેથી સંસ્થાને શા માટે ફડચામાં ન લઈ જવી તે અંગે સંદર્ભ-૨ના પત્રથી આપવામાં આવેલ નોટીસ સ્વીકારાયા વગર પરત આવેલ છે. આમ મંડળી સ્થગીત છે. અને ઉદ્દેશો મુજબ કામકાજ કરતી ન હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ - ૧૯૬૧ કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી મુકત જીવન ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરુ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા-૧) લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૦-૧૧-૯૭.

પરવાનો

જા. નં. વખર/૦૧/ચ-૨/૭૨૬/૯૭. – સને ૧૯૫૯ના મુંબઈ વખારધારાના અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખાર ધારાના કાનુન અન્વયે શ્રી ગુજરાત સ્ટેટ વેર હાઉસીંગ કોર્પોરેશન વખારધારા, નારોલ, શાહીબાગ વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે. રૂા. ૨૦૦/- (અંકે રુપિયા બસ્સો, પુરા) નું લવાજમ લાયસન્સથી ભરેલ હોવાથી વખારદાર નારોલ, શાહીબાગ મધ્યે આવેલ વખારના સ્થળે જે હવે વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઈને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૯ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે. નહીં.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજુરી સિવાય મુંબઈ વખારધારાના કાનુન નં. ૧૧૭ થી નક્કી થયેલ દરોનો અનુસુચિમાં કોઈ જાતના યા સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ-૮ અને કલમ-૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાની રહેશે.

અમદાવાદ, તા. ૨૦-૧૧-૯૭.

પરવાનો

જા. નં. વખર/૦૧/ચ-૨/૭૨૨/૯૭. – સને ૧૯૫૯ના મુંબઈ વખારધારાના અધિનિયમ સને ૧૯૬૦ના મુંબઈ વખાર ધારાના કાનુન અન્વયે શ્રી સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશન વખારધારા, સેન્ટ્રલ વેર હાઉસ, શાહલમ રોડ વખાર મંડળી જેને હવે પરવાનેદાર તરીકે ઓળખાશે. રૂા. ૨૯૫૦/- (અંકે રુપિયા બે હજાર નવસો પચાસ પુરા) નું લવાજમ લાયસન્સથી ભરેલ હોવાથી વખારદાર આવેલ વખારના સ્થળે જે હવે વખાર તરીકે ઓળખાશે. વખારદાર તરીકે ધંધા ચલાવવાને કાનુન પાંચ અન્વયે નીચે જણાવેલ શરતોને અને ઉપરોકત વખારના કાયદા કાનુનની જોગવાઈને આધિન પરવાનો આપવામાં આવે છે.

(૧) સદર પરવાનો ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૮ સુધીની મુદતનો છે.

(૨) પરવાનેદાર ઉપરોકત વખાર સિવાયના અન્ય સ્થળે વખાર તરીકેનો ધંધો કરી શકશે. નહીં.

(૩) પરવાનેદાર આ સાથેના નિયત કરેલા દરોથી માલ સંગ્રહ માટે લઈ શકશે.

(૪) આ પરવાનો તબદીલ થઈ શકશે નહીં.

(૫) નિયત કરેલા અધિકારીની મંજુરી સિવાય મુંબઈ વખારધારાના કાનુન નં. ૧૧૭ થી નક્કી થયેલ દરોનો અનુસુચિમાં કોઈ જાતના ફેરફાર યા સુધારો થઈ શકશે નહીં.

(૬) સને ૧૯૫૯ના મુંબઈ વખારોના અધિનિયમ કલમ-૮ અને કલમ-૯ અનુસાર સદર પરવાનો પાછો ખેંચવાનો કામચલાઉ રદ કરવાને પાત્ર છે.

(૭) પરવાનો પાછો ખેંચવામાં આવે યા કામચલાઉ રદ કરવામાં આવે ત્યારે પરવાનેદાર તેના કબજામાં રહેલ વગર વપરાયેલી રસીદોનો કબજો વિહીત કરેલ અધિકારીને સોંપવાની રહેશે.

અમદાવાદ, તા. ૨૨-૧૧-૯૭.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૯૫/ક-૨/૧૩૨૧/ભં-૪૭૭૩/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી બહુચર ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૭-૧૧-૧૯૯૭.

વંચાણમાં લીધા:-

(૧) આ કચેરીના તા. ૨૬-૧૦-૯૪ના ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨ /૧૪૦૪/૮૪ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારીશ્રી-૨ના તા. ૨૯-૪-૯૭ના. ક્રમાંક : ફડચ /ફ-૨/૧૪૨-૯૭થી થયેલ દરખાસ્ત તથા તા. ૨-૯-૯૭ના પત્રથી કરેલ પુર્તતા.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ જોગવાઈઓ.

: હુકમ :

જા. નં. ફડચ/૦૧/ધ/-૨/૧૪૩૬/૯૭.– ધી ગુજરાત બેકાર મીલ મજુરોની વાહન ચાલક સ, મં. લી. અમદવાદ નંબર ૨૦૪૪૩ તા. ૨૭-૪-૮૪થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના સંદભ-૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે. અને સદરહુ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે સદર મંડળીની રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમાદવાદ, તા. ૨૮-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૨-૧૧-૯૫નો પત્ર ક્રમાંક: અષણ/૧૦૭/ ખા. અ./ગ-૩/૬૦૯૨.

(૨) આ કચેરીની તા. ૧૦-૧-૯૬ની કલમ-૧૦૭ની કારણદર્શક નોટીસ અને તારીખ ૭-૨-૯૬, તા. ૧૧-૩-૯૬, તારીખ ૨૪-૪-૯૬ની નોટીસો

(૩) આ કચેરીનો તા. ૧૩-૨-૯૭ના ક્રમાંક : ફડચ/ફ-૧૧૩૦૩/ ધ-૨/૧૫૪નો ફડચાનો વચગાળાનો હુકમ

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૦૩/ધ-૨/૧૪૩૭/૯૭.– ધી સ્વાશ્રય સેવા સહકારી મંડળી લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજિ. નં. ૨૩૨૫૨ તા. ૨૮-૧-૮૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીના ઓડીટ સમન્સ આપવા છતાં હોદ્દેદારોએ ઓડીટ ન કરાવતા સંદર્ભ-૧ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ થઈ આવેલ, સંદર્ભ-૨ના પત્રોથી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે રજુઆત કરવા જણાવેલ જે અન્વયે સંસ્થાના હોદ્દેદારોએ તારીખ ૩૦-૩-૯૬નાં રોજ રુબરુ હાજર રહી જણાવેલ કે મંડળી પાસે કોઈ કામ નથી. જ્યારે કોઈ કામ આવે ત્યારે સભાસદ બહેનોને કામ આપવામાં આવે છે. મંડળી સમાજ સેવાનું કામ કરે છે. જે રજુઆત અનવ્યે અત્રેથી તા. ૨૪-૪-૯૬નાં રોજ પત્રથી મંડળીનું ઓડીટ દિન-૩૦માં કરાવી અત્રે રજુઆત કરવા જણાવેલ. પણ મંડળી તરફથી કોઈ રજુઆત ન થતા મંડળીને સંદર્ભ-૩ના હુકમથી ફડચામાં લઈ જવાનો, વચગાળાનો હુકમ કરી દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ હોવા છતાં આજસુધી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળી સ્થગીત છે અને ઓડીટ પણ કરાવેલ નથી. તેમ માનવાને કારણ રહે છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી સ્વાશ્રય સેવા સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરુ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૮-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) શ્રી અલ્તાફ જી. શેખ, એડવોકેટની તા. ૨૯-૩-૯૭ની નોટીસ તથા ૮૭ થી ૯૧ નો ઓડીટ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૩૦-૪-૯૭નો ક્રમાંક: ૦૧/ધ-૨/૪૮૩નો ફડચાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૪૩૮/૯૭.– ધી રાધાપાર્ક કો. ઓ. હા. સો. લી. ધોડાસર, અમદાવાદ તે રજિસ્ટ્રાર રજિ. નં. ધ-૧૦૨૯૩ તા. ૨૯-૧૨-૮૨થી નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. સદર મંડળીનું તા. ૧-૭-૮૭ થી તા. ૩૦-૬-૯૧ સુધીનું ઓડીટ ઓડીટર ગ્રેડ-૨ સ. મં. ન. જ. ૧ (શહેર) અમદાવાદ એ કરેલ હતું. આ ઓડીટ મેમાના

INDEX

ભાગ-૧માં જણાવ્યા મુજબ જમીન શહેરી ટોચમર્યાદા અધિનિયમ-૧૯૭૬ અન્વયે કલમ-૨૬ હેઠળ એન. ઓ. સી. મેળવેલ તે રેવન્યુ ખાતાના તા. ૨૭-૩-૮૪ના હુકમ ક્રમાંકઃ યુ. એલ. સી/૩૪૮૨/૭૨૯/૫૦/વ-૩ થી રદ કરવામાં આવેલ છે અને એન. એ. પરમીશન પણ બાકી છે. એન. ઓ. સી. રદ થવાથી વેચાણ દસ્તાવેજ પણ કરવામાં આવેલ નથી તેવું ઓડીટ મેમામાં દર્શાવેલ છે. આમ મંડળી જે હેતુ માટે નોંધવામાં આવેલ છે તે હેતુ પણ બર આવેલ નથી લાંબા સમયથી જમીનનું બાનાખત બાદ બાંધકામ શરુ કરેલ નથી. જેથી મંડળી તેના ઉદ્દેશો પાર પાડવામાં નિષ્ફળ ગયેલ છે. અને બાકી સભ્યો રાજીનામું આપતા ૧૦ સભ્યો જ રહે છે.

વિશેષમાં આ જમીન બાબતે એડવોકેટ તરફથી મળેલ નોટીસમાં જણાવ્યા મુજબ આ જમીન અંગે દાવાદુવીઓ કોર્ટમાં ચાલે છે. સબબ આ મંડળી તેના ઉદ્દશો મુજબ કામકાજ કરી શકે તેમ ન હોવાથી સંદર્ભ-૨ થી ફડચાનો વચગાળાનો હુકમ કરી દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે દરમીયાન સોસાયટી તરફે વિધ્વાન વકીલ શ્રી મહેન્દ્ર રાવલ એ રજુઆત કરેલ છે કે સોસાયટીને ફડચામાં લઈ જવાનો કલમ-૧૦૭ અન્વયે હુકમ કરતા અગાઉ રજુઆતની કોઈ તક આપવામાં આવેલ નથી તથા તે અંગે નામદાર હાઈકોર્ટના એસ. સી. એ. ૯૪૧/૧૯૭૯ ઉપરના ચૂકાદાની નકલ રજુ કરેલ છે. તે મુજબ રાધાપાર્ક કો. ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડના સભ્યો કે હોદ્દેદારોને રજુઆતની પૂરતી તક આપવામાં આવેલ ન હોઈ અને સદર કેસમાં શ્રી અલતાફ જી. શેખ, એડવોકેટની રજુઆત મંડળીને ફડચામાં લઈ જંવી અંગે થયેલ છે. પરંતુ તેઓ સોસાયટીના સભ્ય નથી કે સભ્યોની વતી રજુઆત કરેલ નથી તે ધ્યાને લેતો નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમન-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી રાધાપાર્ક કો. ઓપ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આ કચેરીના તા. ૩૦-૪-૯૭ના ક્રમાંકઃ ફડચ/૦૧/૫-૨/૪૮૩ થી કરવામાં આવેલ છે તે રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૨૮-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૧-૧૨-૯૫નો પત્ર ક્રમાંકઃ અષણ/૧૩૪/ખા. અ./ગ-૩/૭૪૯૨/૯૫.

(૨) આ કચેરીની કલમ-૧૦૭ની તા. ૯-૪-૯૬ની કારણ દર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૧૩-૨-૯૭ની ક્રમાંક/ફ-૧૧૩૦૫/૫-૨/૧૫૬નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓની અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૦૫/૫-૨/૧૪૩૯/૯૭.– ધી સહયોગ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી. અમદાવાદ તે સહકારી કાયદા અન્વયે રજિ. નં. ૩૨૫૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીના ઓડીટ અંગે નોટીસ સમન્સ આપવા છતાં ઓડીટ કરાવેલ નથી અને મંડળીના હોદ્દેદારો સામે નામ. કોર્ટમાં કેસ નંબર ૨૮૫૧/૯૫ તારીખ ૧૨-૧૨-૯૫એ નોંધાવવા છતાં ઓડીટ ન કરાવતા સંદર્ભ-૧ થી ખાસ અહેવાલ થઈ આવેલ જે અન્વયે અત્રેથી સંદર્ભ-૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે અંગે કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ પણ મંડળી તરફથી કોઈ રજુઆત ન આવતા સંદર્ભ-૩ થી ફડચાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે દરમીયાન ખાસ અહેવાલમાની વિગતો નિગાહે લેતા મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવી જરૂરી જણાતાં તે મુજબ કારણદર્શક નોટીસ આપવાની થાય છે પણ તે અગાઉ ફડચાનો વચગાળાનો હુકમ રદ કરવો પણ જરૂરી બને છે. આથી મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમો મુજબ કામગીરી અને વહીવટ કરતી થાય તે માટે જરૂરી કાર્યવાહી કરતા અગાઉ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી સહયોગ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આ કચેરીના તા. ૧૩-૨-૯૭ના ક્રમાંકઃ ફડચ/ફ-૧૧૩૦૫/૫-૨/૧૫૬ થી કરવામાં આવેલ છે તે રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૨૮-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની કચેરીનો ચામુંડા કો. ઓપ. હા. સો. લી. અમદાવાદનો કલમ-૨૦નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૦-૧-૯૬, ૭-૨-૯૬, ૮-૩-૯૬ની કલમ-૨૦ની નોટીસ

(૩) ઈન્દીરાબેન વાઘેલાની તા. ૪-૩-૯૬ના પત્રની રજુઆત

(૪) આ કચેરીનો તા. ૭-૬-૯૬નો પત્ર.

(૫) આ કચેરીની તા. ૧૩-૨-૯૭ની ક્રમાંક/૦૧/૫-૨/૧૧૫૮/૯૭/નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૬) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૦૭/ધ-૨/૧૪૪૦/૯૭.– ધી ચામુંડા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજિ. નં. ધ-૧૦૮૧૨ તા. ૧૫-૨-૮૫ થી નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. સદર મંડળીએ સભ્યોને રહેઠાણ પુરા પાડવા જમીન મેળવવાની કોઈ પ્રવૃત્તી કરેલ ન હોઈ, જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રીના સંદર્ભ-૧ના પત્રથી મંડળીની નોંધણી કલમ-૨૦ અન્વયે રદ કરવા ભલામણ થયેલ. જે અન્વયે આ કચેરીની કલમ-૨૦ અન્વયેની સંદર્ભ-૨ની નોટીસો અન્વયે સંદર્ભ-૩ના પત્રથી રજુઆત થયેલ કે મંડળીએ ખાનગી જમીનનું બાનાખત કરેલ છે. પરંતુ મંડળીના સભ્યો પછાતવર્ગના બંધ મીલના કામદારો હોઈ નાણાં ન ભરી શકતા બાનાખત રદ થયેલ છે. મંડળીએ સરકારશ્રીમાં જમીનની માંગણી કરેલ છે. મંડળીની સદરહુ રજુઆત અન્વયે મંડળીના સભ્યોના નામ-સરનામા મંગાવતા મંડળી તરફથી કોઈ માહીતી ન મળતા સંદર્ભ-૫ થી ફડચાનો વચગાળાનો આદેશ કરી દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે અન્વયે આજસુધી કોઈ રજુઆત મળવામાં ન હોઈ મંડળી સભ્યોને મકાનો આપવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરેલ નથી અને સ્થગીત અવસ્થામાં છે. તેમ માનવાને કારણ રહે છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી ચામુંડા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધીકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી (ફડચા-૨) લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૮-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) ધી સીલ્વર કોટન મીલ એમ્પ્લો. કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદનો તા. ૧૭-૯-૯૬નો પત્ર

(૨) આ કચેરીનો તા. ૩-૩-૯૭ની ક્રમાંકફડચ/ફ-૧૧૩૪૧/ધ-૨/૨૭૩નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૪૧/ધ-૨/૧૪૪૧/૯૭.– ધી સીલ્વર કોટન મીલ્સ એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. અમદાવાદ એ સહકારી કાયદાની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો પાન નંબર-૨૦૨૧૩ તા. ૩૧-૮-૧૯૫૪ છે.

ધી સીલ્વર કોટન મીલ્સ એમ્પ્લોઈઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. એ સીલ્વર મીલ્સના કારીગરો માટે નોંધાયેલ મંડળી છે. સદર મીલ ગુજરાત ટેક્ષ ટાઈલ્સ કોર્પો. લી. નું એકમ છે. અને સરકાર તથા મજુર મહાજન સંઘ વચ્ચે થયેલ છટણી વળતરના કરાર મુજબ ૯૦ ટકા ઉપરાંત કારીગરોએ રાજીનામા આપેલ છે. જે મંડળીના સભાસદો છે. તેમને પણ રાજીનામા આપવાનું ચાલુ કરેલ છે. અને કામદારોમાં અસંતોષ ઉભો થયેલ છે. વ્ય. કમીટીની ચુંટણીમાં તોફાન તથા ગેરરીતીઓ થવાની શકયતાઓ જણાતાં તા. ૩૦-૮-૯૬ના ઠરાવથી ચુંટણી મુલતવી રાખેલ જેને મંજુરી આપવા અત્રે જણાવેલ તેમજ સોસાયટીના સંદર્ભ-૧ના પત્રમાંની વિગતો ધ્યાને લઈ સંદર્ભ-૨ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો ફડચાનો હુકમ કરી રજુઆત કરવા દિન-૩૦ની તક આપવામાં આવેલ. જે અંગે તા. ૧૧-૩-૯૭ના પત્રથી મંડળીએ રજુઆત કરેલ છે કે મંડળીનું સને ૧૯૯૪-૯૫ સુધીનું ઓડીટ થયેલ છે. ઓડીટરે ફડચામાં લઈ જવા ભલામણ કરેલ નથી. હાલ મંડળીમાં સભાસદો જે ચાલુ છે તેમ મંડળીનું અસ્તીત્વ ટકાવી રાખવા માંગે છે. મીલ બંધ થવાથી મંડળીનું કામકાજ બંધ થઈ ગયેલ નથી. તેમાં રુકાવટ આવી ગયેલ છે. મંડળીએ નવી વ્યવસ્થા કમીટીની રચના કરી છે. અને ચાલુ તથા છૂટા થયેલ સભ્યોને રોજગારી આપવાની વૈકલ્પીક વ્યવસ્થા વિચારી રહેલ છે. તેવી રજુઆત કરેલ છે. જે ધ્યાને લેતા મીલ બંધ થઈ ગયેલ છે અને સોસાયટી મીલના કામદારોની ક્રેડીટ સોસાયટી છે. જેથી સોસાયટીનું કામકાજ બંધ થઈ ગયેલ હોઈ મંડળી હવે સહકારી કાયદા કાનુન મુજબ અને પેટા કાયદા મુજબ કામ કરતી નથી તથા સ્થગીત અવસ્થામાં છે તેમ માનવાને પૂરતા કારણો હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી સીલ્વર કોટન મીલ્સ એમ્પ્લો. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધીકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી (ફડચા-૨) લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૮-૧૧-૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નધણ/૪૧૯૩/ક-૨/૧૬૩૫/ધ-૧૮૦૮૫/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રીધ્ધી (જોધપુર) કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૯-૧૧-૧૯૯૭.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટલ ક્રમાંક : નષણ/૪૧૯૪/ક-૨/૧૬૩૫/ધ-૧૮૦૮૬/૯૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હરિઓમ એપાર્ટ કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૯-૧૧-૧૯૯૭.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૦-૧-૯૬નો પત્ર ક્રમાંકઃ અષણ/૧૬૦/ખા. અ./ગ-૩/૩૬૪/૯૬.

(૨) આ કચેરીની તા. ૧૨-૪-૯૬ની કલમ-૧૦૭ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીની તા. ૧૩-૨-૯૭ના ક્રમાંકફડચ/ફ-૧૧૩૦૪/ધ-૨/૧૫૫નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૦૪/ધ-૨/૧૪૪૨/૯૭.– થી ગુજરાત મેટલ બોક્ષ કર્મચારી ક્રેડીટ સોસા. લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજિ. નંબર-૧૭૫૩૪ તા. ૧૮-૯-૭૧ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીની ઓડીટર દ્વારા મુલાકાત લેતા ગુજરાત મેટલબોક્ષ કંપનીના એકાઉન્ટન્ટશ્રીએ તા. ૯-૧૧-૯૫ના પત્રથી જણાવેલ કે કંપની બે વર્ષથી બંધ છે તથા કંપનીના કારીગરો કે જે આ સોસાયટીના સભ્ય છે. તેમને છુટા કરેલ છે. મંડળી સ્થગીત છે. જેથી સંદર્ભ-૧ ના પત્રને ધ્યાને લઈ સંદર્ભ-૨ થી કલમ-૧૦૭ ની નોટીસ આપવામાં આવેલ જે અન્વયે કોઈ રજુઆત ન આવતા સંદર્ભ-૩ થી ફડચામાં વચગાળાનો હુકમ કરી દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ જે કવર પરત આવેલ છે. અને આજસુધી કોઈ રજુઆત થયેલ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી ગુજરાત મેટલબોક્ષ કર્મચારી ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધીકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી (ફડચા-૨) લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો તા. ૧૩-૨-૯૭નો ક્રમાંકફડચ/ફ-૧૧૩૨૬/ધ-૨/૧૭૭/૯૭નો હુકમ.

(૨) આ કચેરીનો તા. ૨૫-૬-૯૬ની ક્રમાંકફડચા/૦૧/ધ-૨/૭૨૧/૯૬નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) અધિક રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (અપીલ) ગાંધીનગરનો તા. ૨૨-૭-૯૭ના ક્રમાંક સક્ક/અપીલ/૧૦૭૩/૯૭ થી આપેલ ૧૯-૭-૯૭નો હુકમ.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૨૬/ધ-૨/૧૪૪૪/૯૭.– થી જયસર્વમંગલ મજુર કામદાર સહકારી મંડળી લી. અમદાવાદ તે સહકારી કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ઉ-૬૯૪૮ તા. ૭-૧-૯૯ થી નોંધાયેલ મજુર મંડળી છે. સદર મંડળીને ઓડીટ માટે નોટીસ સમન્સ આપવા છતાં ઓડીટ ન કરાવતા આ કચેરીના સંદર્ભ-૧ થી ફડચાનો અંતીમ હુકમ કરવામાં આવેલ છે જે ઉપર સોસાયટીએ અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગાંધીનગર સમક્ષ અપીલ દાખલ કરતા તે ઉપર સંદર્ભ-૩ના આદેશથી આ કચેરીનો સંદર્ભ-૧નો હુકમ રદ કરવામાં આવેલ અને સદરહુ બાબત તે ફરી નિર્ણય માટે અત્રે રીમાન્ડ બેંક કરવામાં આવેલ જે અંગેની સૂનાવણી દરમ્યાન અરજદાર સોસા. એ રજુઆત કરેલ છે. કે સોસા. એ ૩૦-૬-૯૬ સુધીનું ઓડીટ પૂર્ણ કરાવેલ છે અને પૂરાવારૂપે ઓડીટ મેમાની નકલ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં ભવિષ્યમાં ઓડીટ નિયમીત કરાવી લેવાની અને ઓડીટ મેમાની પૂર્તતા સમયસર કરવાની શરતે નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રુએ ધી જયસર્વમંગલ મજુર કામદાર સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીનો તા. ૨૫-૬-૯૬ના ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૭૨૧/૯૬નો ફડચાનો વચગાળાનો હુકમ રદ કરું છું.

અમદાવાદ, તા. ૨૯-૧૧-૯૭.

જે. જી. વ્યાસ
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર)
અમદાવાદ.

INDEX

વંચાણે લીધા :–

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૨૪-૧-૯૬ના ક્રમાંકઃ ગસભ/સી-૪/૭૧/૯૬નો પત્ર.

(૨) આ કચેરીની તા. ૫-૬-૯૬ના ગુજરાત સમાચારના પાન નં. ૬ની જાહેર નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨૭-૩-૯૭ના ક્રમાંકઃ ફડચ/ફ-૨૨૪૦૫/ધ-૨/૩૮૯નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૦૫/ધ-૨/૧૪૪૫/૯૭.–ધી હરસિધ્ધ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે રજિ. નંબર-ભ-૨૮૭ તારીખ ૨૯-૩-૮૯ થી નોંધાયેલ સહકારી ભંડાર છે. સદર મંડળીના ઈન્સ્પેકશન માટે નોટીસો આપતા પરત આવેલ અને સ્થળે રૂબરૂ જતાં મંડળીનું અસ્તિત્વ ન જણાતાં સંદર્ભ-૧ ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરવામાં આવેલ, આ કચેરી દ્વારા સંદર્ભ-૨ થી આપવામાં આવેલ જાહેર નોટીસમાં ક્રમાંક ૨૩ ઉપર સંસ્થાનો સમાવેશ કરવામાં આવેલ તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત મળેલ નહી. વળી મંડળીને સરકારશ્રી તરફથી મળેલ લોન/સહાયની વસુલાત બાકી હોઈ સંદર્ભ-૩ થી ફડચાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ જે કવર પરત આવેલ અને હજુ સુધી કોઈ રજુઆત ન હોઈ નીચે મુજબનો આદેશ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી હરસિધ્ધ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા)-૧ લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સ. મં. (શહેર) અમદાવાદની કચેરીનો તા. ૨૧-૧૨-૯૫ ના ક્રમાંકઃ અષણ/૧૩૫/ખા.અ/ગ-૩/૭૪૯૩/૯૫નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૧-૩-૯૬, ૪-૫-૯૬, ૭-૬-૯૬ ની નોટીસો.

(૩) આસોડીયા કો. ઓપ. હાઉસીંગ સોસા. લી., નો તા. ૧૬-૩-૯૬ અને તા. ૨૫-૪-૯૭ નો પત્ર.

(૪) આ કચેરીનો તા. ૩૧-૩-૯૭ના ક્રમાંકઃ ફડચ/ફ-૨૨૪૩/ધ-૨/૪૦૪/૯૭ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૧૩/ધ-૨/૧૪૪૬/૯૭.–ધી આસોડીયા કો. ઓપ. હાઉસીંગ સોસા. લી., અમદાવાદ એ રજિ. નં.-ધ-૧૪૬૮૧ તા. ૨૪-૭-૯૧ થી નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. સદર મંડળીના શરૂથી તા. ૩૦-૬-૯૪ના ઓડીટમાં મંડળી અનુ-જાતિના સભ્યો માટે જમીન વીના નોંધાયેલ અને સરકારશ્રી પાસે જમીનની માંગણી કર્યા સિવાય મંડળીના સેક્રેટરીશ્રી શીવાભાઈ સોમાભાઈ પરમારે અસારવાના સર્વે નંબર ૨૭૦ ની ૧૧૧૩૨ ચો. વાર તથા સર્વે નં. ૨૭૧/૨ની ૯૮૦૧ ચો. વાર જમીન દસ્તાવેજ કર્યા સિવાય જનરલ પાવર ઓફ એટર્ની કરારથી મેળવી એન. એ. એન. ઓ. સી. મેળવ્યા સિવાય તથા પ્લાન મંજુર કરાવ્યા સિવાય સભ્યોને પ્લોટ પાડીને વહેંચી આપેલ હોઈ સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમની જોગવાઈઓના ભંગ બદલ અને અનધિકૃત બાંધકામ કરેલ હોઈ વટતી કાર્યવાહી કરવા સંદર્ભ-૧ના પત્રથી ભલામણ થતા સંદર્ભ-૨ ના પત્રોથી નોંધણી રદ કેમ ન કરવી ? તે અંગે રજુઆતની તક આપ્યા બાદ સોસાયટી તરફથી કોઈ રજુઆત કે હકારાત્મક કાર્યવાહી કરવામાં ન આવતા સંદર્ભ-૪ ના હુકમથી ફડચાનો વચગાળાનો હુકમ કરીને દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ જેના સંદર્ભે સોસા. ના તા. ૨૫-૪-૯૭ ના પત્રથી દિન-૩૦ની વધુ મુદતની માંગણી કરવામાં આવેલ પણ ત્યારબાદ કોઈ હકારાત્મક રજુઆત કે આધારપૂરાવા રજુ કરવામાં આવેલ નથી. જેથી સોસાયટીના હોદ્દેદારો કોઈ રજુઆત કરવા માંગતા નથી તેમ જણાય છે. આમ સોસાયટી સહકારી કાયદા-કાનૂન અને પેટાનિયમોની જોગવાઈની વિરુધ્ધ કામગીરી કરી રહેલ છે. તેથી મંડળીને સહકારી કાયદા અન્વયે ચાલુ રાખવી યોગ્ય જણાતી ન હોઈ નીચે મુજબનો ફડચામાં લઈ જવાનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી આસોડીયા કો. ઓપ. હાઉસીંગ સોસા. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા) ૧ લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તા. ૬-૫-૯૩ ના પત્ર ક્રમાંકઃ ધરમ/ખ-૧/૮૯૭/૯૩.

(૨) આ કચેરીનો તા. ૩૦-૮-૯૭ના જા. નં.-ફડચ/૦૧/ધ-૨/૯૩૩/૯૫ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૩૯/ધ-૨/૧૪૪૭/૯૭.–ધી તેજેન્દ્રપ્રકાશ કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. વિભાગ-૨ અમદાવાદ એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધાયેલ ગૃહમંડળી છે. જેની નોંધણી નંબર-ધ-૮૮૪૧ તા. ૨૯-૧૨-૮૦ છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી અને આ મંડળી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જે તે કલમ હેઠળ વહીવટદારની નિયત મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઇ શકેલ ન હોઈ સંસ્થાને ફડચામાં લઇ જવાનો સંદર્ભ-૨થી વચગાળાનો હુકમ કરીને સોસાયટીના સભ્યોને જો કાંઈ રજુઆત કરવી હોય તો તે માટે દિન-૩૦ની મુદત આપવામાં આવેલ હોવા છતાં સોસાયટી સભ્યો તરફથી આજસુધી કોઈ રજુઆત મળવામાં નથી. તેથી સોસાયટીના સભ્યોને વહીવટ સંભાળી લઈ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ સોસાયટીનો વહીવટ ચલાવવામાં રસ ધરાવતા નથી. તેમ માનવાને કારણ છે. આથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ તેજેન્દ્રપ્રકાશ કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. વિભાગ-૨ અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા) ૧ લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) ઓડીટરશ્રી ગ્રેડ-૨ સ. મં. (શહેર) (ન. જ.) અમદાવાદનો તા. ૯-૧-૯૨ નો પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/૬/૯૨ તથા તા. ૧૮-૪-૯૪ ના પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/ઓડીટ/૪૫૮/૯૪.

(૨) આ કચેરીની તા. ૫-૩-૯૨ની કલમ-૧૪૭ની નોટીસ તથા તા. ૧૨-૧૨-૯૪ની નોટીસ ક્રમાંકઃ સકક/૦૧/ધ-૨/૧૫૪૧/૯૪.

(૩) જિલ્લા સ્પે. ઓડીટરશ્રી સં. મં. (શહેર) અમદાવાદનો તા. ૭-૧૦-૯૫ના ક્રમાંક અષણ/૧૦/ખા.અ./૭/૦૩/૪૯૭૨.

(૪) આ કચેરીનો તા. ૧૬-૯-૯૭ના ક્રમાંકઃ ફડચ/૦૧/ધ-૨/૧૦૩૨/૯૭ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૦/ધ-૨/૧૪૪૮/૯૭.–ધી જગદીશ પ્રોસેસર્સ કર્મચારીઓની ધિરાણ સ. મં. લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીના ઓડીટ માટે ઓડીટર દ્વારા નોટીસ સમન્સ આપવા છતાં ઓડીટ ન થઈ શક્તા ઓડીટર્સના સંદર્ભ-૧ના પત્રોથી મંડળી સામે કલમ ૧૪૭ અને કલમ ૧૦૭ અન્વયે કાર્યવાહી કરવા ભલામણ થયેલ જે અન્વયે અત્રેની કચેરીની કલમ ૧૪૭ ની સંદર્ભ-૨ની નોટીસથી મંડળીના હોદ્દેદારોને રજુઆત કરવા જણાવેલ છતાં કોઈ રજુઆત થયેલ નહી અને સંદર્ભ-૩ના ખાસ અહેવાલથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ થયેલ મંડળીને સંદર્ભ-૨ની આપેલ નોટીસો બાબતે કોઈ રજુઆત થયેલ નથી તથા જગદીશ પ્રોસેસર્સ છેલ્લા પાંચેક વર્ષથી બંધ છે. સંસ્થા બંધ હોઈ સોસાયટી પણ બંધ થઈ ગયેલ છે. અને સહકારી કાયદા કાનુન મુજબ વહીવટ ચાલતો નથી. તથા આ કચેરીની તા. ૬-૧-૯૫, તા. ૪-૨-૯૫ અને તા. ૧૬-૯-૯૫ની નોટીસો સંદર્ભે કોઈ રજુઆત થયેલ ન હોઈ સંદર્ભ-૪ના હુકમથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જે કવર પરત આવેલ છે. આમ મંડળી સ્થગીત હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ લાગે છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી જગદીશ પ્રોસેસર્સ કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી(ફડચા) ૧ લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદનો તા. ૬-૩-૯૬નો ક્રમાંક અષણ/૧-૨/૨૮૮/૩૦૧૭નો ખાસ અહેવાલ.

(૨) ગુજરાત સમાચારની તા. ૫-૬-૯૬ની જાહેર નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨૭-૮-૯૭ના ક્રમાંકઃ ફડચા/ફ. ૦૧/ધ-૨/૯૦૦/૯૭ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૩૭/ધ-૨/૧૪૪૯/૯૭.–ધી શ્રધ્ધા મજુર કામદાર સહકારી મંડળી લી. અમદાવાદ એ રજિ. નં. ઉ.-૫૬૭૩ તા. ૧૫-૧૦-૮૭થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાના ઓડીટ અર્થે નોટીસ ટપાલ લેફટના શેરાથી પરત આવતા તથા રુબરુ

INDEX

મુલાકાતમાં પણ આવી સંસ્થાનું અસ્તિત્વ હોવાનું ન જણાતા સંદર્ભ-૧ના ખાસ અહેવાલથી મંડળીની નોંધણી રદ કરવા ભલામણ થતાં આ બાબતે અત્રેની કચેરીએથી તા. ૫-૬-૯૬ના ગુજરાત સમાચારમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી મંડળીઓને રજુઆત કરવા જણાવેલ, જેમાં અનુ. નં.-૫૭ ઉપર શ્રધ્ધા મજુર કામદાર સહકારી મંડળી લી. નો સમાવેશ કરેલ. પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નહીં અને મંડળી પાસે સરકારશ્રીના શેર ફાળાના રૂા. ૫૦૦૦/- બાકી હોઈ મંડળીની કલમ-૩૦ હેઠળ નોંધણી રદ ન કરતાં સંદર્ભ-૩ના હુકમથી ફડચાનો વચગાળાનો હુકમ કરીને દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ. જે અંગે હજુ સુધી કોઈ રજુઆત મળવામાં ન હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી શ્રધ્ધા મજુર કામદાર સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા) ૧ લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડીટર સ. મં.(શહેર) અમદાવાદનો તા. ૩-૭-૯૫નો પત્ર ક્રમાંકઃ અષણ/૦૧/૧૫૨/૯૫.

(૨) આ કચેરીનો તા. ૨૫-૯-૯૫ના ક્રમાંકઃ સક્ક/૦૧/ધ-૨/૧૦૮૬ ની કારણદર્શક નોટીસ તથા તા. ૨-૨-૯૬, ૨૯-૨-૯૬, ૪-૫-૯૬, ૧૯-૫-૯૭ ના પત્રો.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-સક્ક/૦૧/ધ-૨/૧૪૫૦/૯૭.–ધી અંબેવિહાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા-કાનુન અન્વયે નોંધાયેલ ગૃહ મંડળી છે કે જેનો રજિ. નં. ધ-૬૯૯૨ તા. ૧-૨-૭૮ છે.

સદર સોસાયટીનું સને ૯૩-૯૪ના ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ કે મંડળીની નોંધણીને ૧૭ વર્ષ ઉપરાંતનો સમય પસાર થવા છતાં મંડળીના પેટા નિયમના ઉદેશો મુજબ કામગીરી પૂર્ણ થયેલ નથી. અને મંડળીના હોદ્દેદારોએ કોઈ રસ દાખવેલ નથી જેથી સંદર્ભ-૧ના પત્રથી સોસાયટીની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવા ભલામણ કરેલ છે. જેના સંદર્ભે સોસાયટીને સંદર્ભ-૨માં દર્શાવેલ તા. ૨૫-૯-૯૫ના પત્રથી મંડળીની નોંધણી રદ કેમ ન કરવી ? તે અંગે રજુઆત કરવા કારણદર્શક નોટીસ પાઠવીને આધાર-પુરાવા લેખીત/મૌખીક જવાબ રજુ કરવા જણાવેલ તથા સંદર્ભ-૨માં દર્શાવેલ આ કચેરીના અન્ય પત્રોથી રજુઆતની તક આપવામાં આવેલ. જેના સંદર્ભે સોસાયટીએ તેના તા. ૧૦-૧૦-૯૫, ૧૫-૫-૯૬, ૨૨-૫-૯૭ના પત્રોથી લેખીતમાં તથા સૂનાવણીની તારીખોએ મૌખીક રજુઆત કરેલ છે. તે મુજબ સોસાયટી ગરોડા જાતિના સભ્યોની બનેલી છે. જેનો સરકારશ્રીએ વિચરતી જાતિમાં સમાવેશ કરેલ છે. સોસાયટીએ રખિયાલના સર્વે નં. ૨૩૩, ૨૩૬ વાળી જમીનની તથા નિકોલના સર્વે નં. ૨૦૭ની જમીનની કલેકટરશ્રી કચેરીમાંથી માંગણી વખતોવખત કરેલ છે. જે પૈકી રખીયાલના સર્વે નં. ૨૩૩, ૨૩૬ વાળી જમીન સરકારશ્રીએ ધી રાયપુર મીલ કું લી., ને વેચાણ આપી છે. તે જમીન ઉપર અમારી માંગણી ચાલુ રહે છે. જે જમીન માટે સીટી ડેપ્યુટી કલેકટરશ્રી, નાયબ સચિવશ્રી જાહેર બાંધકામ વિભાગ તથા ઉપસચિવશ્રી, મહેસૂલ વિભાગ દ્વારા તેઓના અનુક્રમે તા. ૭-૭-૧૯૬૭, ૧૦-૨-૬૮ તથા ૧૨-૨-૬૮ ના પત્રોથી સદર જમીન આપી શકાય તેમ નથી અથવા જમીન આપવા ઉપલબ્ધ ન હોઈ માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. તેમ જવાબ સોસાયટીને આપવામાં આવેલ છે. તેમ સોસાયટીએ તેઓના પત્રમાં જણાવેલ છે. સદરહુ જમીન માટે સોસાયટીની માંગણી હજુ ચાલુ હોઈ મંડળીની નોંધણી રદ ન કરવા વિનંતી કરેલ છે.

ઉપર મુજબની સોસાયટીની રજુઆતો ધ્યાને લેતા એ સ્પષ્ટ થાય છે કે સોસાયટીએ માત્ર જમીનની માંગણી કરેલ છે જે અંગે કોઈપણ કક્ષાએ વહીવટી ક્ષેત્રમાં સોસાયટીને જમીન ફાળવવા માટે હકારાત્મક કાર્યવાહી ચાલુ છે તેવા આધારો સોસાયટી રજુ કરી શકેલ નથી. કલેકટર કચેરીમાં પણ મંડળીને જમીન ફાળવવા અંગે કોઈ ભલામણ થઈ હોય તેમ જણાતું નથી. આમ એકંદરે જોતાં મંડળી તેના પેટા નિયમો મુજબના ઉદેશો પૂર્ણ કરી શકી નથી તેમજ સભ્યોને રહેઠાણ માટે આવાસો પૂરા પાડી શકી નથી. મંડળીની નોંધણી ૧૯૭૮માં થયેલ છે. જેથી વ્યાજબી સમય કરતાં પણ વધુ સમય પસાર થવા છતાં મંડળી ઉદેશો પૂર્ણ કરી શકી નથી. આમ મંડળી સ્થગીત અવસ્થામાં છે. અને મંડળી સહકારી કાયદા-કાનૂન અને પેટા નિયમો મુજબ કામગીરી કરી શકે તેમ ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી અંબેવિહાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું.

અમદાવાદ, ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) જયજવાન કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી, અમદાવાદના તા. ૨૦-૧-૯૭, ૭-૫-૯૭, ૨૬-૫-૯૭, ૩૦-૮-૯૭ વગેરે પત્રોથી કરવામાં આવેલ લેખીત તથા સુનવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆતો.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

INDEX

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૫૫/ધ-૨/૧૪૫૫/૯૭.–ધી જયજવાન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજિ. નં. ધ.-૩૩૦૧ તા. ૯-૪-૬૯ વાળી સહકારી ગૃહ મંડળી છે. સોસાયટીનું તા. ૧-૭-૭૯ થી બાકી ઓડીટ ખેંચાતું હોવાથી ઓડીટરના અહેવાલના આધારે કાયદા મુજબ હુકમ કરવામાં આવેલ. જે અન્વયે અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ)ના તારીખ ૨૦-૯-૯૬ના આદેશથી આ કચેરીનો સદરહુ નોંધણી રદનો હુકમ રદ કરવામાં આવેલ અને અરજદાર સોસાયટીને રજુઆતની તક આપવા અને ઓડીટ કરાવી લેવા સમય આપવા હુકમ કરવામાં આવેલ. જે ધ્યાને લઈને સોસાયટીના હોદેદારોને અત્રેથી તા. ૨૦-૧-૯૭, ૨૫-૩-૯૭, ૨૬-૫-૯૭, ૨૯-૭-૯૭ ના રોજ રજુઆતની તક આપવામાં આવેલ જે મુજબ સોસાયટીએ સંદર્ભ-૧માં દર્શાવેલા જુદા જુદા પત્રોથી રજુઆત કરેલ છે તે મુજબ સોસાયટીએ સને ૧૯૭૯થી ૧૯૯૬ સુધીનું ઓડીટ એક સાથે કરાવેલ છે. પણ સોસાયટીની નોંધણી થયા તારીખથી લગભગ ૨૭ વર્ષ ઉપરાંતનો સમય પસાર થવા છતાં સોસાયટીના પેટા નિયમો અને ઉદેશો મુજબ જમીન મેળવીને સભ્યોના રહેઠાણ માટે આવાસોના બાંધકામ અંગે કોઇ કામગીરી શરુ કરેલ નથી. ઓડીટ રીપોર્ટ મુજબ જે જમીન માટે બાનાખત કરેલ છે તેને સંપાદન કરવાની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી. સદરહુ જમીન, જમીન સંપાદનના કાયદા નીચે મુક્ત થયેલ નથી. આમ સમગ્ર વિગતો જોતા સોસાયટીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા કાયદા મુજબ સોસા.ના પેટા નિયમો અને ઉદેશો મુજબ ચાલતો ન હોવાનું માનવાને પુરતા કારણો છે. સરકારશ્રીએ જમીન સંપાદન કરીને સોસાયટીને આપી હોવાના કોઇ આધારો રજુ થયા નથી. આમ મંડળી સ્થગીત અવસ્થામાં જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી જયજવાન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે સહકારી અધિકારી (ફડચા)-૨ લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, ૨૯-૧૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદનો તા. ૨-૧-૯૫નો પત્ર ક્રમાંક અષણ/ગ-૫/૧૪/૯૫.

(૨) આ કચેરીનો તા. ૩-૭-૯૫ના ક્રમાંકઃ ફડચ/૦૧/ધ-૨/૭૭૩/ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) મંડળીના તા. ૧૩-૮-૯૫, ૮-૩-૯૬, ૧૨-૧૧-૯૭ના પત્રોની રજુઆત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/૦૧/ધ-૨/૧૪૫૬/૯૭.–ધી ગોકુલી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો રજિ. નં. ધ.-૧૦૨૯૮ તા. ૩૧-૧૨-૮૨ છે.

સદર સંસ્થાના તા. ૧-૭-૮૫ થી ૩૦-૬-૯૩ ના ઓડીટ મેમાની ચકાસણી કરતાં મંડળીને નોંધણી થયે બાર વર્ષ ઉપરાંતનો સમય પસાર થવા છતાં મંડળીના પેટા નિયમોના ઉદેશો મુજબ સભાસદોને રહેઠાણ પુરા પાડવામાં આવેલ ન હોવાથી મંડળીએ મોજે શાહવાડી ના સર્વે નંબર ૫૭૬/૫૭૮ ની જમીન ખરીદવા બાનાખત અંગે મંજુરી ન મળવાથી બાનાખત રદ કરવામાં આવેલ હોઈ સંદર્ભ-૧ના પત્રથી આવેલ ખાસ અહેવાલને ધ્યાને લઇ મંડળીને કારણદર્શક નોટીસ આપીને રજુઆત માટે પુરતી તક આપ્યા બાદ સંદર્ભ-૨ થી ફડચાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને તે સંદર્ભે સોસાયટીને રજુઆતની તક આપવામાં આવેલ હતી. જે દરમ્યાન સોસાયટીની સંદર્ભ-૩નાં પત્રોથી લેખીત/મૌખિક રજુઆત અને રજુ કરવામાં આવેલા આધાર-પુરાવા ધ્યાને લેતાં સક્ષમ અધિકારી અને અધિક કલેકટરશ્રી શહેરી જમીન ટોચમર્યાદાની કચેરી, અમદાવાદના તા. ૨૩-૧૦-૯૭ ના પત્રની વિગતો જોતા સોસાયટી દ્વારા સભ્યોને રહેઠાણ પુરા પાડવા માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ હોઇ, મંડળી તેના પેટા નિયમોથી નિયત ઉદેશો મુજબ કામગીરી પૂર્ણ કરી શકે તે હેતુથી સભ્યોના વિશાળ હિતને ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને મળેલ સત્તાની રુઇએ ધી ગોકુલી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીનો તારીખ ૩-૭-૯૫નો વચગાળાનો હુકમ રદ કરુ છું.

અમદાવાદ, ૨૯-૧૧-૯૭.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૧૯૭/ક-૨/૧૭૦૪/૯૭ ભં.-૪૭૭૪.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સહજાનંદ ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦-૧૨-૧૯૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૧૯૮/ક-૨/૧૭૦૫/૯૭ ભં.-૪૭૭૫.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નયા ગુજરાત ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૦-૧૨-૧૯૯૭.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા ખાસ અન્વેષક સ. મં. (શહેર) અમદાવાદનો તા. ૨૦-૭-૯૫ ના ક્રમાંકઃ અષણ/ગ-૫/૪૦૯૫/૯૫ ના પત્ર.

(૨) આ કચેરીની તા. ૫-૬-૯૬ ના રોજના ગુજરાત સમાચાર દૈનિક પત્રમાં પાન-૬ ઉપરની જાહેર નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨-૧૧-૯૬ના ક્રમાંકઃ સકક/૦૧/ઘ-૨/૧૧૫૫/૯૬.

(૪) રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગરના તા. ૯-૪-૯૭ના ક્રમાંકઃ સકક/૦૧/ક/૩૩૩/૯૭ થી આવેલ અધિક રજિસ્ટ્રાર (અપીલ)નો તા. ૩૧-૩-૯૭નો હુકમ.

(૫) આ કચેરીના તા. ૨૪-૪-૯૭, ૧૯-૫-૯૭, ૧૩-૮-૯૭, ૧૨-૯-૯૭, ૧૫-૧૦-૯૭ ના પત્રો.

(૬) જીમી મહીલા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદના તા. ૩૦-૭-૯૭, તા. ૮-૯-૯૭, તા. ૩૦-૯-૯૭ અને ૧૨-૧૧-૯૭ ના પત્રોથી કરવામાં આવેલ રજુઆત.

(૭) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૪૪૫૬/ઘ-૨/૧૫૧૦/૯૭.–ધી જીમી મહીલા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. જેનો નોંધણી નંબર ભ-૪૩૮૪ તારીખ ૨૩-૩-૯૩ છે. સદર સોસાયટી સહકારી કાયદા કાનુનની જોગવાઈઓ અને તેના નોંધાયેલ પેટા નિયમના ઉદેશો મુજબ કામગીરી કરતી ન હોઈ સંદર્ભ-૧ ના પત્રથી આવેલ ભલામણ ધ્યાને લઇ સંદર્ભ-૨ અન્વયેની કાર્યવાહી કર્યા બાદ સંસ્થા તરફથી કોઇ રજુઆત ન થતા સંદર્ભ-૩ અન્વયે નોંધણી રદનો હુકમ કરવામાં આવેલ. જે સામે સોસાયટીએ અધિક રજિસ્ટ્રાર (અપીલ) સમક્ષ અપીલ કરતા સંદર્ભ-૪ના હુકમથી ફેરનિર્ણય લેવા સારુ આ કેસ રીમાન્ડ બેક કરવામાં આવેલ છે. જેના સંદર્ભે સંદર્ભ-૫ના પત્રોથી સોસાયટીને સહકારી કાયદા કાનુન મુજબ અને પેટા નિયમોના ઉદેશ મુજબ કામગીરી કરે છે તે મતલબના જરૂરી આધાર-પુરાવા સહીત લેખીત/મૌખિક રજુઆતની તક આપવામાં આવેલ અને અમારી સમક્ષ તા. ૫-૫-૯૭, ૨-૬-૯૭, ૯-૯-૯૭, ૩૦-૯-૯૭, ૧૪-૧૦-૯૭ અને ૧૨-૧૧-૯૭ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જે દરમ્યાન સોસાયટી દ્વારા સંદર્ભ-૬ ના પત્રોથી રજુઆત કરવામાં આવેલ છે કે અમારી મંડળી ચાલુ જ છે. એ.ઈ.સી. ઈલેકટ્રીક બીલની અરજી કરેલ હતી. રેશનીંગનો બ્લોક સોસાયટીના ક્ષેત્રમાં જાહેર થયેલ નથી. છતાં મંડળી આજે નોન રેશનીંગ પ્રવૃત્તી કરીને પોતાનું અસ્તીત્વ ટકાવી રાખેલ છે. તેવી રજુઆત કરીને નોટીસ દફ્તરે કરવા વીનંતી કરેલ છે.

ઉપરની રજુઆતો ધ્યાને લેતા સંસ્થાએ ઓડીટ કરાવ્યા સિવાય સંસ્થાની કામગીરીની કોઇ વિગતો આપી શકેલ નથી. સોસાયટી જે હેતુ માટે સ્થપાયેલ છે તે સિધ્ધ થઇ શકે તેમ જણાતું નથી. સંસ્થાને સસ્તા અનાજની દુકાનનું લાયસન્સ મળેલ નથી. તેમજ તે મેળવવા કરવામાં આવેલ પ્રયાસો અંગે કોઈ આધારો રજુ કરેલા નથી. સંસ્થાએ બોલાવેલી વાર્ષિક સાધારણ સભાઓ, વ્યવસ્થાપક કમીટીની રચના કે સામાન્ય સભા, સોસાયટીના વાર્ષિક હીસાબો વગેરે અંગે કોઇ વિગતો રજુ કરેલ નથી. સંસ્થાએ સને ૧૯૯૪ પછી ઓડીટ કરાવેલ નથી એટલે કે પુરતી તકો આપવા છતાં ૯૪-૯૫, ૯૫-૯૬, ૯૬-૯૭ ના ત્રણ વર્ષનું ઓડીટ હજુ પણ કરાવેલ નથી. આમ પુરતી તકો આપવા છતાં સંસ્થા સહકારી કાયદા કાનુન મુજબ કામ કરતી હોવાના કોઇ આધારો રજુ કરી શકેલ નથી. આમ સોસાયટી સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમો મુજબ ઉદેશો સિધ્ધ કરી શકે તેમ ન હોવાનું માનવાને પુરતા કારણો છે. સંસ્થા સ્થગીત અવસ્થામાં જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી જીમી મહીલા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયાને સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, ૧૦-૧૨-૯૭.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સેન્ટ્રલ ક્રમાંક : નઘણ/૪૧૯૩/ક-૨/૧૭૨૦/૯૭ ધ.-૧૮૦૮૭.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સુગમ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭-૧૨-૧૯૯૭.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીનો તા. ૨૨-૧-૯૭નો પત્ર ક્રમાંકઃ ધરમ/૦૧/ખ-૧/૯૪.

(૨) આ કચેરીનો તા. ૧૩-૨-૯૭નો ક્રમાંકઃ ફડચ/ફ-૧૧૩૧૪/ધ-૨/૧૬૫ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) શ્રી વસંતબેન આચાર્ય તથા અન્ય સભ્યોની તા. ૩૧-૩-૯૭ની રજુઆત.

(૪) કસ્ટોડીયનશ્રી લગત સીંગાપોર કો. ઓ. હા. સો. લી. અમદાવાદનો તા. ૨૫-૯-૯૭ ના ક્રમાંકઃવહટ/૦૧/૯૭ નો પત્ર.

(૫) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.-ફડચ/ફ-૧૧૩૧૪/ધ-૨/૧૫૨૯/૯૭.–ધી સીંગાપોર કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ સહકારી કાયદા કાનુન અન્વયે નોંધાયેલ રજિ. નં. ધ.-૯૭૩૪ તા. ૨૬-૩-૮૨ ધરાવતી ગૃહમંડળી છે. સદર મંડળી કસ્ટોડીયન હેઠળ હતી અને સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સભ્યો તૈયાર ન હોવાથી સંદર્ભ-૧ ના પત્રથી આવેલ ભલામણ ધ્યાને લઇ સંદર્ભ-૨ થી સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને દિન-૩૦માં રજુઆતની તક સોસાયટીના સભ્યોને આપવામાં આવેલ જે દરમ્યાન સંદર્ભ-૩ ના પત્રથી સભ્યોની રજુઆત ધ્યાને લઇ અત્રેથી તા. ૨-૯-૯૭ ના પત્રથી સભ્યો વહીવટ સંભાળી લેવા તૈયાર હોય તો સહકારી કાયદા-કાનુનની પ્રક્રિયા કરીને વ્ય. કમીટીની રચના કરીને ચૂંટાયેલ ચેરમેન/સેક્રેટરીને વહીવટ સોંપી દેવા કસ્ટોડીયનને જણાવવામાં આવેલ જે મુજબ સંદર્ભ-૪ ના પત્ર અન્વયે સોસાયટીના ચૂંટાયેલ ચેરમેન/સેક્રેટરીને કસ્ટોડીયનશ્રીએ દફ્તર/ચાર્જ સોંપી દીધેલ છે. આમ સોસાયટી સ્વયં સહકારી કાયદા મુજબ કામ કરતી શરૂ થઇ છે. તેમ માનવાને કારણ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી સીંગાપુર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો સંદર્ભ-૨ અન્વયે જે વચગાળાનો હુકમ કરવામાં આવેલ તે રદ કરવાનો હુકમ કરું છું.

અમદાવાદ, ૧૯-૧૨-૯૭.

J-81-13.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૭-૫-૯૭નો જા. નં. ફડચ/ફ-૨૨૪૨૩/ધ-૨/૫૧૦/૯૭નો વચગાળાનો ફડચાનો આદેશ

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૨૩/ધ-૨/૧૫૩૦/૯૭.–ધી નિર્મલનગર કો. ઓ. હા. સો. લી. અમદાવાદે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નં. ધ.-૮૧૮૯ તા. ૧૧-૬-૧૯૮૦થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદારની મહત્તમ અવધિ વિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલિત થઇ શકેલ નથી. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજ દિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મળેલ સત્તાની રુઇએ ધી નિર્મલનગર કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે સહકારી અધિકારી ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, ૧૯-૧૨-૯૭.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીનો તા. ૨૫-૩-૯૭ના પત્ર ક્રમાંકઃ ધરમ/૦૧/ખ-૧/૭૭૬/૯૭.

(૨) આ કચેરીનો તા. ૩૧-૩-૯૭ના ક્રમાંકઃ ફડચ/ફ-૨૨૪૨૦/ધ-૨/૪૧૧/૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૨૦/ધ-૨/૧૫૩૧/૯૭.–ધી ચત્રભુજ દર્શન કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર-ધ-૨૭૫૦ છે.

INDEX

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીમાં વહીવટદાર/કસ્ટોડીયનની કાયદા અન્વયેની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ સંભાળી લેવા સભાસદો ઈચ્છતા ન હતા તેમજ વહીવટદાર પણ મંડળીનો ચાર્જ મેળવી શકેલ ન હતા. જે દરમ્યાન મંડળીને ફડચામાં લઈ જવા સંદર્ભ-૧ ના પત્રથી ભલામણ થઈ આવતા સંદર્ભ-૨ થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને તે સામે સોસાયટીના સભ્યોને દિન-૩૦માં રજુઆત કરવા માટે તક આપવામાં આવેલ. જે દરમ્યાન સોસાયટીના સભ્યો દ્વારા નિયુક્ત વિદ્વાન વકીલ શ્રી કંદર્પ ભવાનીશંકર પાનેરીએ તેઓના તારીખ ૩૦-૪-૯૭ અને તા. ૧૫-૧૦-૯૭ના પત્રોથી રજુઆત કરેલ છે કે સોસાયટીના સભ્યો વચ્ચે મતભેદ ઉત્પન થવાને કારણે સોસાયટીનો વહીવટ સારી રીતે થઈ શકેલ નહીં. ત્યારબાદ સભ્યો વચ્ચેના વિવાદો અને મતભેદો દુર થવા પામેલ છે અને તેમની વચ્ચે તા. ૨૨-૯-૯૭ ના રોજ સમાધાન થઈ ગયેલ છે. તે અંગે રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવેલ સમાધાનના કરારની નકલ રજુ કરીને હવે સભ્યો નવી કારોબારીની રચના કરી કાયદા કાનુન મુજબ વહીવટ કરવા તૈયાર હોઈ વચગાળાનો ફડચાનો હુકમ રદ કરવા અંગે રજુઆત કરેલ છે. તે વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુ ક મ

હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુઈએ ધી ચત્રભુજ દર્શન કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો સંદર્ભ-૨ થી કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરું છું.

અમદાવાદ, તા. ૧૯-૧૨-૯૭.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭-૨-૯૭નો જા. નં. ફડચ/ફ-૧૧૩૨૯/ઘ-૨/૧૮૬/૯૭ નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૩૨૯/ઘ-૨/૧૫૩૨/૯૭.–ધી પદ્મશાલી કો. ઓ. હા. સો. લી. અમદાવાદે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર-૮૯૭૭ તારીખ ૩૧-૩-૧૯૮૧ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદાર મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ. છતાં મંડળી તરફથી કોઈ લેખીત/મૌખિક રજુઆત આજદીન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુ ક મ

હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મળેલ સત્તાની રુઈએ ધી પદ્મશાલી કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે સહકારી અધિકારી ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (શહેર) અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, ૧૯-૧૨-૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૦૪/ક-૨/૧૭૬૦/૯૭ ભં.-૪૭૭૬.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સૌરભ ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૦-૧૨-૧૯૯૭.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સ. મં. (શહેર) અમદાવાદનો તા. ૧૪-૧૦-૯૭ નો પત્ર ક્રમાંકઃ અષણ/ખા. અ./ગ-૪/૫૬૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૫૭/ઘ-૨/૧૫૪૧/૯૭.–ધી લેધર કામદાર કો. ઓપ. ક્રેડીટ સો. લી. તે સહકારી કાયદા-કાનુન અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર : ૧૨૪૬૭ તા. ૫-૩-૭૫ છે.

સંસ્થાના બાકીથી ૩૦-૬-૯૬ સુધીના ઓડીટના સંબંધે ઓડીટરના રીપોર્ટના સંબંધે સંદર્ભ-૧ ના પત્રથી સંસ્થાને કલમ-૧૦૭ અન્વયે ફડચાની કાર્યવાહી કરવા ભલામણ થઈ આવેલ છે. સંસ્થાના ભૂતપુર્વ સેક્રેટરીશ્રી અરજણભાઈ વાલાભાઈ વાઘેલા છે. તેઓના તારીખ ૮-૭-૯૬ ના પત્રથી ઓડીટરને લખાણ આપેલ છે કે આ સંસ્થાના સભ્યો તે એલાઈટ ટેક્ષટાઈલ લેધર ઈન્ડસ્ટ્રીઝના તમામ કારીગરો હતા અને ફેકટરી છેલ્લા આઠ વર્ષથી બંધ થઈ ગયેલ છે. ફેકટરીના કારીગરો અંગે કોઈ માહીતી ઉપલબ્ધ

INDEX

નથી. જેથી મંડળીનું અસ્તીત્વ બંધ થઈ ગયેલ છે. તેઓ પણ ૧૯૭૮ માં સેક્રેટરીપદેથી છુટા થયેલ છે. અને હાલમાં આ સોસાયટીના હોદ્દેદારોની કોઇ વિગતો ઉપલબ્ધ નથી. અને સંસ્થાનું ઓડીટ પણ થઇ શકેલ નથી. આમ સંસ્થા બંધ હાલતમાં છે. અસ્તીત્વ ધરાવતી નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમ મુજબ ચાલતો નથી તેવું પ્રસ્થાપિત થાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુઇએ ધી લેધર કામદાર કો. ઓપ. ક્રેડીટ સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા સહકારી અધિકારી ફડચા-૨ લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૦-૧૨-૯૭.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીનો તા. ૯-૫-૯૪નો જા. નં. ફડચ/૦૧/ધ-૨/૫૬૪/૯૪ નો હુકમ.

(૨) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ જુના સચિવાલય, ગાંધીનગરના તા. ૬-૮-૯૭ના ક્રમાંકઃ સકક/૬૨૨૩/ક/૧૧૬૮/૯૭ થી આવેલ અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગાંધીનગરનો તા. ૩૧-૭-૯૭નો હુકમ.

(૩) આ કચેરીની તા. ૨-૯-૯૭ના ક્રમાંક : સકક/૦૧/ધ-૨/૯૭૯ ની કારણદર્શક નોટીસ.

(૪) સાદીક ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદના તા ૧૩-૧૧-૯૭ અને તા. ૨૦-૧૧-૯૭ ના પત્રો.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૫૮/ધ-૨/૧૫૪૩/૯૭.–ધી સાદીક ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગ્રાહક ભંડાર છે કે જેનો નોંધણી નં. સી.-૩૫૩ સને ૧૯૮૬ છે.

સદર મંડળી તેના ઉદ્દેશો મુજબ કામ કરતી ન હોઈ અને સ્થગીત અવસ્થામાં હોઈ સંદર્ભ-૧ થી ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવેલ. જેની સામે સોસાયટીએ અધીક રજિસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગાંધીનગર સમક્ષ અપીલ દાખલ કરતા અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ) સ. મં. ગાંધીનગરના સંદર્ભ-૨ના હુકમથી આ કચેરીનો સંદર્ભ-૧ નો હુકમ રદ કરવામાં આવેલ અને ફેર વિચારણા માટે આ કચેરીને કેસ રીમાન્ડ કરવામાં આવેલ. જે ધ્યાને લઈ સંદર્ભ-૩થી સોસાયટીને કારણદર્શક નોટીસ આપી તા. ૨૪-૯-૯૭ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જે દરમ્યાન સોસાયટી તરફે વિદ્વાન વકીલશ્રીએ હાજર રહી મુદતની માંગણી કરતા તે ગ્રાહ્ય રાખી ૧૫-૧૦-૯૭ની મુદત આપવામાં આવેલ હોવા છતાં કોઈ ઉપસ્થિત રહ્યા ન હતા કે કોઈ રજુઆત મળવામાં ન હતી પણ ત્યારબાદ તારીખ ૧૨-૧૧-૯૭ના રોજ એડવોકેટશ્રીએ ઉપસ્થિત થઈને મુદતની માંગણી કરતા તા. ૧૩-૧૧-૯૭ની મુદત રજુઆત માટે આપી અમારી સમક્ષ સુનાવણી રાખવામાં આવેલ જે દરમ્યાન સોસાયટીએ સંદર્ભ-૪માં દર્શાવેલ પત્રોથી લેખીત પ્રત્યુત્તર તથા સોસાયટી તરફે પુરાવા રજુ કરતા જણાવેલ છે કે સોસાયટીની કામગીરી ચાલુ છે હાલમાં સંસ્થા ખાંડ અને અનાજનું વિતરણ કરે છે અને તે અંગે પુરવઠા ખાતાનું લાયસન્સ ધરાવે છે. સોસાયટી દ્વારા ૮૪૨ કાર્ડ હોલ્ડરોને સસ્તા અનાજનું વિતરણ કરવામાં આવે છે. મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (ગ્રાહક) એ તા. ૬-૧૨-૯૩ ના રોજ પ્રિજ્યુડાઇસ માઈન્ડથી ખોટા અહેવાલ આપેલ છે. તેઓ સોસાયટીના અગાઉના મેનેજર પદ્મકાંત ભટ્ટના અણબનાવથી પ્રેરીત થઇ સંસ્થા વિરુધ્ધ ખોટા અવાસ્તવીક રીપોર્ટ રજુ કરેલ છે. મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી (ગ્રાહક) એ કોઇપણ દસ્તાવેજી પૂરાવા સંસ્થાને ફડચામાં લઈ જવા બાબતના એકઠા કરવા દરકાર લીધી નથી. સંસ્થા લઘુમતી કોમ માટેની એક માત્ર સોસાયટી છે. જેનો ઉદ્દેશ નહી નફો નહી નુકશાન હોઇ અને હાલમાં નુકશાનમાં ચાલતી હોઇ સોસાયટીના વિસ્તારના કાર્ડ હોલ્ડરના હીતમાં સંસ્થા ચાલુ રહે તે જરુરી છે. તેવી રજુઆત કરીને સોસાયટીને ફડચામાં લઈ જવાની આપવામાં આવેલ નોટીસ રદ કરવા વિનંતી કરેલ છે.

સોસાયટીની ઉપર મુજબની રજુઆતો તથા તારીખ ૨૦-૧૧-૯૭ ના પત્ર સાથે રજુ કરવામાં આવેલ આધારો જોતા તે માત્ર સીવીલ સપ્લાયનો માલ ખરીદ વેચાણને લગતા છે. મંડળી કાર્ડ હોલ્ડરોને રેશનીંગના અનાજનું વિતરણ કરે છે. તેટલા માત્રથી મંડળી સહકારી કાયદા કાનુન મુજબ કામ કરે છે તેમ પ્રસ્થાપિત થતું નથી. તે અંગેનું કોઇ રેકર્ડ સુનાવણીના કોઇ તબક્કે રજુ કરેલ નથી કે મદદ. જિલ્લા રજિસ્ટ્રારશ્રી (ગ્રાહક)ની સંસ્થાની મુલાકાત સમયે રજુ કરેલ નથી. મંડળી સહકારી કાયદા અન્વયે માહીતી પુરી પાડતી નથી. આમ સમગ્ર વહીવટ પણ અંગત રીતે ખાનગી ધોરણે દુકાન ચલાવવા સહકારી માળખાનો ઉપયોગ કરવામાં આવતો હોય તેમ જણાય છે. જેથી અત્રેથી સંદર્ભ-૧ થી કરવામાં આવેલ આદેશમાં કોઇ ફેરફાર કરવા માટે વ્યાજબી અને પૂરતા કારણો જણાતા નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી સાદીક ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરુ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુક કરવામાં આવે છે.

અમદાવાદ, ૨૦-૧૨-૯૭.

INDEX

વંચાણે લીધા :–

(૧) છઠ્ઠા વધારાના ઓડીટરશ્રી (ગ્રાહક) સ. મં. (શહેર) અમદાવાદનો તા. ૩-૮-૯૪નો ખાસ અહેવાલ.

(૨) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ. મં. (ગ્રાહક) અમદાવાદના તારીખ ૨૧-૨-૯૭ અને ૧૫-૭-૯૭ના પત્રો.

(૩) મદદનીશ સહકારી અધિકારી છ.-૩ લગત આ કચેરીનો તા. ૧૭-૧૦-૯૭નો તથા સહકારી અધિકારી (ગ્રાહક)નો તા. ૨૫-૧૧-૯૭ના પત્ર ક્રમાંક : ગસભ/૦૧/ગ-૧/૨૦૨૫/૯૭.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં. સક્ક/૦૧/ધ-૨/૧૫૪૨/૯૭.– આનલ ગ્રાહક સહકારી ભંડાર લી. તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર : ભ/૩૮૮૫ તા. ૨૦-૫-૮૯ છે. સદરહુ સોસાયટી સહકારી કાયદા-કાનુન અધિનિયમ અને ઉદ્દેશો મુજબ કામ કરવા નોંધાયેલ મંડળી છે. સોસાયટીના મુખ્ય પ્રયોજકશ્રીએ તા. ૭-૧-૯૭ના પત્રથી લેખિત રજુઆતમાં જણાવેલ છે કે સોસાયટીએ નોંધણી કરાવ્યા તારીખથી આજ સુધી મંડળીની નોંધણીના ઉદેશો મુજબનું કામકાજ શરુ કરેલ નથી તથા ભવિષ્યમાં કામકાજ ચાલુ કરવાનો વિચાર પણ નથી. તથા સદર બાબતને સંદર્ભ-૨ના પત્રોથી મ. જી. રજિ.શ્રી સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદ તથા સંદર્ભ-૧ ના પત્રથી ઓડીટરશ્રીએ ખાસ અહેવાલમાં કલમ-૨૦ હેઠળ મંડળીની નોંધણી રદ કરવા ભલામણ કરેલ છે. તથા સંદર્ભ-૩ ના પત્રો અન્વયે સોસાયટી પાસે સરકારશ્રીનું કોઈ લેણું વસુલ કરવાનું બાકી રહેતું નથી. જે તમામ બાબતો જોતાં મંડળી સહકારી કાયદા-કાનુન પેટા કાયદા અને ઉદેશો મુજબ કામ કરતી ન હોઈ હું નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ માનું છું.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ અન્વયે મને મળેલ સત્તાની રુઈએ ધી આનલ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદની નોંધણી રદ કરવાનો હુકમ કરું છું.

અમદાવાદ, ૨૦-૧૨-૯૭.

વંચાણે લીધા :–

(૧) મદદ. જિલ્લા રજિ. સ. મં. (ગ્રાહક) અમદાવાદની કચેરીનો તા. ૪-૧-૯૬નો પત્ર ક્રમાંક: ગસભ/સી-૪/૩૨/૯૬.

(૨) આ કચેરીનો તા. ૨૭-૮-૯૭ના પત્ર ક્રમાંક: ફડચ/ફ-૦૧/ધ-૨/૮૯૯/૯૭ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) આ કચેરીની તા. ૫-૬-૯૬ના ગુજરાત સમાચારની જાહેર નોટીસ.

(૪) નિશા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદના તા. ૧૦-૯-૯૭, ૧૦-૧૨-૯૭ ના પત્રોથી કરવામાં આવેલ રજુઆત.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

જા. નં.-ફડચ/ફ-૧૧૪૩૮/ધ-૨/૧૫૫૩/૯૭.–ધી નિશા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ એ સહકારી કાયદા અન્વયે નોંધણી ક્રમાંક: ભ.-૩૮૭૫ તા. ૨૭-૩-૮૯ થી નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. સદર સંસ્થાની મુલાકાત લેતા કોઈ મળેલ નહી અને ટપાલ લખવા છતાં કોઈ જવાબ ન મળતા મદદ. જિલ્લા રજિ. સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદના સંદર્ભ-૧ ના પત્રથી સદર મંડળી ફડચામાં લઇ જવા ભલામણ થયેલ છે અન્વયે આ કચેરીની તા. ૫-૬-૯૬ની ગુજરાત સમાચાર (પા. નં. ૬) ઉપરની જાહેર નોટીસમાં નિશા ગ્રાહક સહકારી ભંડાર લી.નો અ. નં. ૨૯ પર સમાવેશ કરી રજુઆત કરવા જણાવતા મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી તથા સદર મંડળી પાસે સરકારશ્રીની રૂા. ૮,૦૦૦/- શેર ફાળાના બાકી છે જે ભરપાઈ કરેલ નથી. જેથી મંડળી સહકારી કાયદા અને નિયમો મુજબ કામ કરતી નથી. તેમ માનવાને પુરતા કારણ હોવાથી સંદર્ભ-૩ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરીને દિન-૩૦ માં રજુઆત માટે સોસાયટીને તક આપવામાં આવેલ જે દરમ્યાન અમારી સમય તા. ૧૬-૧૦-૯૭, ૧૨-૧૧-૯૭ અને ૧૦-૧૨-૯૭ ના રોજ સુનાવણી રાખીને સોસાયટીને લેખીત/મૌખીક અને આધારપુરાવા સહ રજુઆત કરવા જણાવવામાં આવતા સોસા.એ સંદર્ભ-૮ના પત્રોથી લેખીત અને તા. ૧૦-૯-૯૭ અને ૧૦-૧૨-૯૭ના રોજ રુબરુ મૌખીકમાં કરેલ રજુઆત ધ્યાને લેતા સોસાયટીએ કેરોસીન લાયસન્સ તથા વ્યાજબી ભાવની દુકાનનું / રેશનીંગ લાયસન્સ મેળવવાની કાર્યવાહી હાથ ધરેલ છે. અને સોસાયટી હાલ ચાલુ છે એ. ઈ. સી. કંપનીના લાઈટ બીલના કલેકશન સેન્ટર મેળવવાની કાર્યવાહી પણ ચાલુ છે તેથી રજુઆત કરેલ છે જે ધ્યાને લેતા સોસાયટીએ આગામી છ માસમાં કામગીરી શરુ કરશે તેવી રજુઆત કરેલ છે. જે તમામ બાબતો ધ્યાને લેતા સોસાયટીના સભ્યોના વિશાળ હિતને ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુ ક મ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રુએ ધી નિશા ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને આ કચેરીનો તા. ૨૭-૮૯૭નો ક્રમાંક: ફડચ/૦૧/ધ-૨/૮૯૯/૯૭ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, ૨૨-૧૨-૯૭.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૦૬/ક-૨/૧૭૬૨/૯૭ ધ.-૧૮૦૮૯.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જે. કે. ડ્રાઈવઈન પાર્ક કો. ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૧-૧૨-૧૯૯૭.

(જે જી. વ્યાસ)
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

INDEX

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૭૧૬/૯૬ તા. ૧૪-૧૦-૯૬.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નં. ઘ(ખ) ૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬ બી તા. ૨૭-૫-૬૮ થી મળેલ સત્તાઓ.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૮૫/૯૭.–ધી આદ્યશક્તિ પિયત સહકારી મંડળી લી. મુ. દૂધવા તા. વાવ જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૮૧૮ તા. ૩૦-૧૨-૮૫થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીએ ગુજરાત સહકારી મંડળીઓ બાબતના નિયમો ૧૯૬૫ તથા મંડળીના નોંધાયેલ પેટા કાયદા મુજબ તેના ઉપર નાંખવામાં આવેલાં ઉદેશ્યો, ફરજો અને તેને મળેલ અધિકારોનો ઉપયોગ કરેલ નથી જે નીચે દર્શાવેલ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીનો બોર છેલ્લા છ વર્ષથી નિષ્ફળ ગયેલો, તેને ચાલુ કરવાના કોઈ પ્રયત્નો કરવામાં આવેલાં નથી.

(૨) મંડળીની બેન્ક લોન મુદતવીતી થવા છતાં વસુલાતના કોઈ પ્રયત્નો હાથ ધરેલ નથી.

(૩) મંડળીના કાર્યવાહકો તથા સભાસદોને મંડળીના વહીવટમાં રસ ન હોઈ મંડળી તદ્દન સ્થગિત અવસ્થામાં છે.

(૪) ઓડીટ/ઈન્સ્પેકશન મેમાની દુરસ્તી થતી નથી. મંડળીનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૫) મંડળીની ખોટમાં ઉત્તરોત્તર વધારો થતો હોઈ મંડળીના ભંડોળ ઓછાં થયેલાં છે.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં આમુખ (૧)થી વચગાળાનો હુકમ કરેલ હતો. જે સામે કાર્યવાહકો તરફથી કોઈ રજૂઆત થયેલ નથી. આમ સભાસદોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ જણાતો નથી અને મંડળી સંપૂર્ણ સ્થગિત છે. આવા સંજોગોને ધ્યાનમાં લેતાં મંડળીને આટોપી લેવી યોગ્ય જણાતાં મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે. આથી હું શ્રી એલ. પી. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું ધી આદ્યશક્તિ પિયત સહકારી મંડળી લી. મુ. દૂધવા તા. વાવ જિલ્લો બનાસકાંઠા, નોંધણી ક્રમાંક ૨૮૧૮ તા. ૩૦-૧૨-૮૫થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૦-૧-૯૭.

J-81-14.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડીટર (પ્રમાં) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. પાલનપુર તરફથી આવેલ તા. ૧-૭-૯૧ થી તા. ૩૦-૬-૯૫ સુધીના ઓડીટનો, મંડળીને ફડચામાં લઈ જવાનો તારીખ ૪-૭-૯૬નો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭-૫-૬૮ ના હુકમ ક્રમાંકઃ ઘ(ખ) ૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬ બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેના તા. ૪-૧૦-૯૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૬૬૪/૯૬થી મંડળીના હોદેદારોને મંડળીને ફડચામાં લઈ જવા આપેલ કારણદર્શક નોટીસ.

(૫) મંડળીના કમિટિ સભ્યોએ મંડળીને ફડચામાં લઈ જવા આપેલ સંમતી પત્રક.

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૩૪/૧૦૧૩૬/૯૭.–ધી ગીરીરાજ કો.-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. ડીસા જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ/૫૦૬૫ તા. ૨૯-૬-૭૩થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧માં દર્શાવેલ સબ ઓડીટર (પ્રમાણિત) સહકારી મંડળીઓ, પાલનપુરએ તા. ૧-૭-૯૧થી તા. ૩૦-૬-૯૫ સુધીના ઓડીટ દરમ્યાન સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ તે અહેવાલના મુદ્દાઓ ધ્યાનમાં લેતાં આ કચેરીના તા. ૪-૧૦-૯૬ થી મંડળીના હોદેદારોને કારણોદર્શક નોટીસ આપવામાં આવેલી નોટીસમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલી. પરંતુ આમુખ-પથી મંડળીના કમિટિ સભ્યોએ સહીઓ સાથેનું મંડળીને ફડચામાં લઈ જવા સંમતી પત્રક ઓડીટ દરમ્યાન રજૂ કરેલ, હવે મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી આવશ્યક બને છે.

(૧) છેલ્લાં છ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) પેટા નિયમ મુજબ વાર્ષિક સા. સભા કે કમિટિ મીટીંગ ભરાયેલ નથી.

(૩) મંડળીએ ઉદેશ્યો મુજબ સભાસદોને રહેઠાણના મકાનો પૂરા પાડેલ છે અને સહિયારી માલિકીની કોઈ મિલકત નથી.

(૪) લોન કે અન્ય કોઈ દેવા-લ્હેણાં બાકીમાં નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટિના સભ્યોએ ફડચામાં લઈ જવાની લેખિત સંમતી આપેલ છે.

ઉક્ત કારણોને ધ્યાનમાં લઈ મંડળીને ફડચામાં લઈ જવા અત્રેથી તા. ૪-૧૦-૯૬થી આપેલ કારણોદર્શક નોટીસ સામે મંડળીના કમિટિ સભ્યોએ મંડળીને ફડચામાં લઈ જવા કરેલ માગણી અન્વયે મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી એલ. પી. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

INDEX

ધી ગીરીરાજ કો.-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. ડીસા જિલ્લો બનાસકાંઠા નોંધણી ક્રમાંકઃ ઘ/૫૦૬૫ તા. ૨૯-૬-૭૩થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૬-૧-૯૭.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, રાધનપુર તરફથી આવેલ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૪ સુધીના ઓડીટનો, મંડળીને ફડચામાં લઈ જવાનો તારીખ ૨૯-૪-૯૫નો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭-૫-૬૮ ના હુકમ ક્રમાંકઃ ઘ(ખ) ૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેના તા. ૨-૯-૯૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૪૭૫/૯૬થી મંડળીના હોદેદારોને મંડળીને ફડચામાં લઈ જવા આપેલ કારણદર્શક નોટીસ.

(૫) અત્રેના તા. ૨૯-૧૧-૯૬ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૯૫૦/૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૩૫/૧૦૧૩૭/૯૭.-ધી સગતમા ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ગોતરકા તા. રાધનપુર જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૩૪૪૫ તા. ૩-૧૦-૯૧થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧માં દર્શાવેલ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, રાધનપુરએ તા. ૧-૭-૯૩થી તા. ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ દરમ્યાન સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ તે અહેવાલના મુદ્દાઓ ધ્યાનમાં લેતાં આ કચેરીના તા. ૨-૯-૯૬ થી મંડળીના હોદેદારોને કારણોદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટ એ. ડી. મોકલી આપેલ જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે જણાવવામાં આવેલ. અને કચેરીમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ. પરંતુ મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ નથી. જે બાબત ધ્યાને લઈ તા. ૨૯-૧૧-૯૬ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. અને તેની જાણ મંડળીના પ્રમુખશ્રીના નામ અને હોદા જોગ રજિસ્ટર પોસ્ટ એ. ડી.થી કરેલ. વચગાળાના સદર હુકમ સામે એક માસની અંદર રજૂઆત કરવા જણાવવામાં આવેલ, પરંતુ મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ નહીં, હવે એવું માનવાને કારણ રહે છે કે મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી, આથી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી આવશ્યક બને છે.

(૧) નોંધણી થયા બાદ ઉદેશ્યો મુજબની કોઈ કામગીરી કરી નથી.

(૨) મંડળીએ અગાઉના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરી નથી.

(૩) સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧૦૦/- ભરી નથી.

(૪) મંડળીમાં શેર ભંડોળ રૂા. ૫૫૦/- સિવાય કોઈ ભંડોળો નથી.

(૫) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.

(૬) કાર્યવાહકો-સભાસદોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉપરના કારણોની કારણદર્શક નોટીસ, વચગાળાનો હુકમ વિગેરે ધ્યાનમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તા. ૨૯-૧૧-૯૬ના વચગાળાના હુકમને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી એલ. પી. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી સગતમા ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ગોતરકા તા. રાધનપુર જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબરઃ ૩૪૪૫ તા. ૩-૧૦-૯૧થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૬-૧-૯૭.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, રાધનપુર તરફથી આવેલ તા. ૧-૭-૯૪ થી તા. ૩૦-૬-૯૫ સુધીના મંડળીના ઓડીટનો, મંડળીને ફડચામાં લઈ જવાનો તારીખ ૩૦-૪-૯૬નો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭-૫-૬૮ ના હુકમ ક્રમાંકઃ ઘ(ખ) ૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેના તા. ૬-૮-૯૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૩૫૯/૯૬થી મંડળીના હોદેદારોને મંડળીને ફડચામાં લઈ જવા આપેલ કારણોદર્શક નોટીસ.

(૫) અત્રેના તા. ૨૯-૧૧-૯૬ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૯૪૭/૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

INDEX

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૩૬/૧૦૧૩૮/૯૭.–ધી કિસાન પિયત સહકારી મંડળી લી. મુ. જાવંત્રી તા. રાધનપુર જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૩૪૩૩ તા. ૧-૧-૯૧થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧માં દર્શાવેલ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, રાધનપુરએ તા. ૧-૭-૯૪ થી તા. ૩૦-૬-૯૫ સુધીના ઓડીટ દરમ્યાન સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ છે અહેવાલના મુદ્દાઓ ધ્યાનમાં લેતાં, તા. ૬-૮-૯૬ થી મંડળીના હોદેદારોને કારણોદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટ એ. ડી. મોકલી આપેલ જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી? તે જણાવવામાં આવેલ, અને કચેરીમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ, પરંતુ મંડળી તરફથી કોઇ રજૂઆત થયેલ નથી, જે બાબત ધ્યાને લઇ તા. ૨૯-૧૧-૯૬ થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જેની જાણ મંડળીના ચેરમેનશ્રીના નામ અને હોદા જોગ રજિસ્ટર પોસ્ટ એ. ડી.થી રવાના કરેલ. વચગાળાના સદર હુકમ સામે એક માસની અંદર રજૂઆત કરવા જણાવવામાં આવેલ, પરંતુ મંડળી તરફથી કોઇ રજૂઆત થયેલ નથી, હવે એવું માનવાને કારણ રહે છે કે મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી, આથી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી આવશ્યક બને છે.

(૧) નોંધણી થયા બાદ ઉદેશ્યો મુજબની કોઇ કામગીરી કરી નથી.
(૨) મંડળીએ ત્રણ વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.
(૩) ના. સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧૦૦/- મંડળીએ ભરપાઈ કરેલ નથી.
(૪) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.
(૫) મંડળીના કાર્યવાહકો-સભાસદોને મંડળી ચાલુ રહે તેમાં કોઈ રસ નથી.

ઉપરના કારણોની કારણદર્શક નોટીસ, વચગાળાનો હુકમ વિગેરે ધ્યાનમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઇ વચગાળાના તા. ૬-૮-૯૬ના હુકમને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી એલ. પી. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી કિસાન પિયત સહકારી મંડળી લી. મુ. જાવંત્રી તા. રાધનપુર જિલ્લો બનાસકાંઠા નોંધણી ક્રમાંકઃ ૩૪૩૩ તા. ૧-૧-૯૧થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુર નવી જગ્યાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૬-૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, રાધનપુર તરફથી આવેલ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૪ સુધીના ઓડીટનો, મંડળીને ફડચામાં લઈ જવાનો તારીખ ૨૯-૪-૯૫નો ખાસ અહેવાલ.
(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭-૫-૬૮ ના હુકમ ક્રમાંકઃ ઘ(ખ)૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી.
(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.
(૪) અત્રેના તા. ૨-૯-૯૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૪૭૬ થી મંડળીના હોદેદારોને મંડળીને ફડચામાં લઈ જવા આપેલ કારણોદર્શક નોટીસ.
(૫) અત્રેના તા. ૨૯-૧૧-૯૬ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૯૪૯/૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૩૭/૧૦૧૩૯/૯૭.–ધી ઝેકડા ખેડૂત પિયત સહકારી મંડળી લી. મુ. ઝેકડા તા. સાંતલપુર જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૩૪૪૧ તા. ૩-૧૦-૯૧થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧માં દર્શાવેલ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, રાધનપુરએ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ દરમ્યાન સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરેલ. અહેવાલના મુદ્દાઓ ધ્યાનમાં લેતાં, તા. ૨-૯-૯૬ થી મંડળીના હોદેદારોને કારણોદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટ એ. ડી. મોકલી આપેલ જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી? તે જણાવવામાં આવ્યું હતું અને કચેરીમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ, પરંતુ મંડળી તરફથી કોઇ રજૂઆત થયેલ નથી, જે બાબત ધ્યાને લઇ તા. ૨૯-૧૧-૯૬ થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જે મંડળીના પ્રમુખશ્રીના નામ અને હોદા જોગ રજિસ્ટર પોસ્ટ એ. ડી.થી રવાના કરેલ. વચગાળાના સદર હુકમ સામે એક માસની અંદર રજૂઆત કરવા પણ જણાવેલ, પરંતુ મંડળી તરફથી કોઇ રજૂઆત થયેલ નથી, હવે એવું માનવાને કારણ રહે છે કે મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી, આથી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી આવશ્યક બને છે.

(૧) નોંધણી થયા પછી ઉદેશ્યો મુજબની કોઇ કામગીરી શરૂ કરી નથી.
(૨) મંડળીએ એક પણ ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.
(૩) ના. સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧૫૦/- મંડળીએ ભરપાઈ કરેલ નથી.
(૪) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.
(૫) મંડળીના કાર્યવાહકો તથા સભાસદોને મંડળી ચાલુ રહે તેમાં કોઈ રસ નથી.

ઉપરના કારણોની કારણદર્શક નોટીસ, વચગાળાનો હુકમ વિગેરે ધ્યાનમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઇ તા. ૨૯-૧૧-૯૬ના વચગાળાના હુકમને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

INDEX

હુ ક મ

આથી હું શ્રી એલ. પી. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી ઝેકડા ખેડૂત પિયત સહકારી મંડળી લી. મુ. ઝેકડા તા. સાંતલપુર જિલ્લો બનાસકાંઠા નોંધણી ક્રમાંકઃ ૩૪૪૧ તા. ૩-૧૦-૯૧થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૬-૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, રાધનપુર તરફથી આવેલ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૪ સુધીના ઓડીટનો, મંડળીને ફડચામાં લઈ જવાનો તા. ૨૯-૪-૯૫નો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭-૫-૬૮ના હુકમ ક્રમાંકઃ ધ(ખ)૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેના તા. ૨-૯-૯૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૪૭૭/૯૬થી મંડળીના હોદેદારોને મંડળીને ફડચામાં લઈ જવા આપેલ કારણોદર્શક નોટીસ.

(૫) અત્રેના તા. ૨૯-૧૧-૯૬ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૯૪૮/૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૩૮/૧૦૧૪૦/૯૭.–ધી ગુલાબપુરા ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ગુલાબપુરા તા. રાધનપુર જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ખે/૩૪૫૫ તા. ૩-૨-૯૨થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧માં દર્શાવેલ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, રાધનપુરએ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ દરમ્યાન સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલી, જે અહેવાલના મુદ્દાઓ ધ્યાનમાં લેતાં, તા. ૨-૯-૯૬ થી મંડળીના હોદેદારોને કારણોદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટ એ. ડી. મોકલી આપેલ જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી? જણાવેલ. અને રજુઆત કરવાની તક આપવામાં આવેલ, પરંતુ મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ નથી, તે બાબત ધ્યાને લઈ તા. ૨૯-૧૧-૯૬ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો હુકમ કરવામાં આવેલો. અને તેની નકલ મંડળીના પ્રમુખશ્રીના નામ અને હોદા જોગ રજિસ્ટર પોસ્ટ એ. ડી.થી મોકલેલ. વચગાળાના સદર હુકમ સામે એક માસમાં રજૂઆત કરવા પણ જણાવેલ, છતાંય મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ નહી, હવે એવું માનવાને કારણ રહે છે કે મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી, આથી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી આવશ્યક બને છે.

(૧) નોંધણી થયા બાદ મંડળીના ઉદેશ્યો મુજબની કોઈ કામગીરી કરી નથી.

(૨) મંડળીના પેટા નિયમ મુજબ વાર્ષિક સા. સભા કે વ્ય. કમિટિની એક પણ બેઠક મળેલ નથી.

(૩) સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧૫૦/- મંડળીએ ભરપાઈ કરેલ નથી.

(૪) મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.

(૫) મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં રસ જણાતો નથી.

ઉપરના કારણોની કારણદર્શક નોટીસ, વચગાળાનો હુકમ વિગેરે ધ્યાનમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઇ તા. ૨૯-૧૧-૯૬ના વચગાળાના હુકમને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી એલ. પી. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મને મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી ગુલાબપુરા ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ગુલાબપુરા તા. રાધનપુર જિલ્લો બનાસકાંઠા નોંધણી ક્રમાંકઃ ખે/૩૪૫૫ તા. ૩-૨-૯૨થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૬-૧-૯૭.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ, શિહોરી તરફથી આવેલ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૫ સુધીના ઓડીટનો, મંડળીને ફડચામાં લઈ જવાનો તા. ૧૩-૫-૯૬નો ખાસ અહેવાલ.

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તા. ૨૭-૫-૬૮ના હુકમ ક્રમાંકઃ ધ(ખ)૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૪) અત્રેના તા. ૧-૬-૯૬ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૮૦૩/૯૬થી મંડળીના હોદેદારોને મંડળીને ફડચામાં લઈ જવા આપેલ કારણોદર્શક નોટીસ.

(૫) અત્રેના તા. ૨૯-૧૧-૯૬ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૯૪૬/૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

INDEX

પ્ર સ્તા વ ના

પત્ર-ક્રમાંકઃ ફડચ/૦૧/ગ/૧૦૧૪૧/૩૯૦/૯૭.–ધી પાલનપુર વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ. તા. પાલનપુર જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૧૬૫૫ તા. ૬-૧૦-૭૯થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧માં દર્શાવેલ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, શિહોરીએ તા. ૧-૭-૯૩ થી તા. ૩૦-૬-૯૫ સુધીના ઓડીટ દરમ્યાન સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ કરી ભલામણ કરેલ, તે અહેવાલના મુદ્દાઓ જોતાં, તા. ૧-૬-૯૬ થી મંડળીના હોદેદારોને કારણોદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટ એ. ડી. મોકલી આપેલ જેમાં મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી? તે જણાવવામાં આવેલું અને કચેરીમાં રજુઆત કરવાની તક આપવામાં આવેલ, જે સામે મંડળીના પ્રમુખશ્રીએ તા. ૨૨-૭-૯૬થી લેખિત રજૂઆત કરતાં ખાત્રી આપેલી કે વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૪થી નવીન મંત્રીની નિમણુંક સાથે વિગતવાર માહિતી મોકલી આપવાની હતી જે ખાત્રીનો અમલ પણ કરેલ નથી આમ વાસ્તવિક રજૂઆત ન થતાં, તમામ વિગતોને ધ્યાને લઇ તા. ૨૯-૧૧-૯૬ થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને તેની જાણ મંડળીના પ્રમુખશ્રીના નામ અને હોદા જોગ રજિસ્ટર પોસ્ટ એ. ડી.થી કરેલી. વચગાળાના હુકમ સામે એક માસમાં રજૂઆત કરવા જણાવવામાં આવેલું, પરંતુ મંડળીના જવાબદારો તરફથી કોઈ રજૂઆત થયેલ નહી, હવે એવું માનવાને કારણ રહે છે કે મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી, તેમજ નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરીએથી પણ મંડળીને ફડચામાં લઇ જવા જણાવેલ છે. આથી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા સાત વર્ષથી તેના પેટા નિયમના ઉદેશ્યો મુજબની કોઇ કામગીરી કરી નથી આમ મડળી સ્થગિત અવસ્થામાં છે.
(૨) મંડળીએ તેના કાર્યક્ષેત્ર બહારની મંડળીઓને આપેલ ધિરાણ રૂા. ૪૫,૫૦૦/- જેવી વસુલાત કરેલ નથી.
(૩) શેર ફાળાની રકમ પરત જમા કરી નથી.
(૪) છેલ્લા ચાર ઓડીટ વર્ષથી વર્ગ ''ડ'' છે.

ઉપરના કારણોની કારણદર્શક નોટીસ, વચગાળાનો હુકમ વિગેરે ધ્યાનમાં લઇ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઇ તા. ૨૯-૧૧-૯૬ના હુકમને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુ ક મ

આથી હું શ્રી એલ. પી. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી પાલનપુર વિભાગ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ. તા. પાલનપુર જિલ્લો બનાસકાંઠા નોંધણી ક્રમાંકઃ ૧૧૬૫૫ તા. ૬-૧૦-૭૯થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

પાલનપુર, તા. ૧૩-૨-૯૭.

(એલ. પી. પરમાર)
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, બનાસકાંઠા.
પાલનપુર.

વંચાણમાં લીધા :–

(૧) ફડચા અધિકારીશ્રી ધી માલગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ડીસા જિ. બનાસકાંઠાના તા. ૨૮-૨-૯૭ના પત્ર ક્રમાંકઃ સઅફ/ફડચ/૧૭/૯૭.

(૩) છેલ્લા ઘણા વરસના ઓડીટ/ઈન્સ્પેકશન દુરસ્તી રીપોર્ટ પણ રજુ કરેલ નથી.

(૪) બેન્ક લોન ૩૪૬૭૦૦/- જેટલી બાકી બોલે છે.

(૫) ૩૧/૧૨/૯૪ના રોજ રૂા. ૨૩૦૫૦/૦૦ જેટલુ ધીરાણ બાકી બોલે છે.

(૬) ધીરાણમાં મોટી રકમનો ગેર વહીવટ થયેલ છે. લોન બાકી તથા ધીરાણ બાકીમાં મોટો તફાવત થવા પામેલ છે. સિલકની રકમોની ઉચાપત થયેલ છે. મંડળીમાં થયેલ ગેરરીતિ સંબંધે પોલીસ ફરીયાદ પણ દાખલ કરવામાં આવેલ છે,

(૭) મંડળીના પ્રમુખશ્રીએ ગેરરીતિઓ કરેલ હોવાથી વહીવટ લેવા કોઈ તૈયાર નથી.

(૮) મંડળી બીલકુલ બિન અર્થક્ષમ છે.

(૯) મંડળીના પેટા નિયમ મુજબ વ્ય. કમિટીની મીટીંગ મળતી નથી તથા મંડળી તથા સભાસદોને મંડળી ચલાવવામાં બીલકુલ રસ નથી.

તદ્ઉપરાંત મંડળીએ સ્વેચ્છાએ ફડચામાં લઈ જવા સંમતિ આપેલી છે. અને દફ્તરો પણ બેન્કને સુપ્રત કરી દીધેલ હોઈ તેમજ વચગાળાના આદેશ સામે મંડળીએ કોઈ રજુઆત કરેલ ના હોઈ સભાસદોના હીત ખાતર મંડળીને ફડચામાં લઈ જતા અંતિમ હુકમ કરું છુ.

હુકમ

આથી હું એમ. એમ. પરમાર જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ આપુછું.

ધી સુરજનગર સેવા સહકારી મં. લી. મુ. સુરજનગર તા. સિધ્ધપુર જી. મહેસાણાનો નોંધણી નં. સે. ૯૯૨૪ તા. ૨૮/૪/૬૭ થી નોંધાવવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમની કલમ ૧૦૭(૧)ક,ગ,૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વરસ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

મહેસાણા, તા. ૯/૫/૯૭.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૯૮/૯૬ તા. ૨૩/૧૨/૯૬અન્વયે વચગાળાનો આદેશ.

(૩) ફડચામાં લઈ જવા બાબતનું પ્રમુખ/મંત્રીશ્રીનું નિવેદન.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૧૪/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ન્યુ અંબીકાનગર કો. આપ. હા. સો. લી. મુ. કાંસા તા. વિસનગર જી. મહેસાણા નોંધણી નં. જી. પં./ધ/૧૦૦૦૭ તા. ૫/૭/૮૨થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી ઉલ્લેખ 'મંડળી' તરીકે થશે.)

ઉપરોકત આમુખ નં. ૨માં જણાવ્યા પ્રમાણે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૯૮/૯૬ તા. ૨૩/૧૨/૯૬ અન્વયે વચગાળાનો આદેશ કરવામાં આવેલ જેમાં નીચેની ખામીઓ નો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળી છેલ્લા આઠ વરસથી સ્થગિત છે.

(૨) મંડળી પેટા નિયમ મુજબ વ્ય. કમિટી તથા વા. સભા ભરેલ નથી.

(૩) સરકારશ્રીની ઓડીટ ફી રૂા. ૧૦૦/- જમા થયેલ નથી.

(૪) મંડળીએ તેના ઉદ્દેશો પ્રમાણે સભાસદોને રહેઠાણો પુરા પાડેલ નથી.

(૫) કાર્યવાહકો તથા સભાસદોને મંડળી ચાલુ રહે તેમાં કોઈ રસ નથી.

આમ વચગાળાના આદેશ બાદ રજુઆત કરવા પુરતી તક આપેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી તેમજ મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીને પણ મંડળીને ફડચામાં લઈ જવા નિવેદન આપેલ હોઈ મંડળીની માગણી મુજબ મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરું છું.

હુકમ

આથી હું એમ. એમ. પરમાર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી

INDEX

મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી ન્યુ. અંબીકાનગર કો.ઓ. હા. સો. લી. મુ. કાંસા તા. વિસનગર જી. મહેસાણા તે નોંધણી નં. જી. પં./ધ/૧૦૦૦૭ તા. ૪/૭/૮૨ થી નોંધવામાં આવેલ છે તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૦૭(૧) ના ક,ગ,૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદર હું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકેની સહકારી અધિકારી (ફડચો)મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહે છે. ફડચાનું કામકાજ ત્રણ વરસ પહેલાં પુર્ણ કરવું.

મહેસાણા, તા. ૯/૫/૯૭.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારી, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાના જા. નં.-ફડચ/૦૧/૧૨૪/૯૭ તા. ૧૧-૩-૯૭ની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉપસ/ફડચ/૦૧/ચ//૧૨૫૨/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી દુદખા વિભાગ ઘેટા માલીકોની સ. મં. લી., મુ. દુદખા તા. સમી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થાની નોંધણી નંબર-૨૧૫૪ તારીખ ૨૯-૯-૮૩ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉપસ/ફડચ/૦૧/ધ/૨૫૪૦ તારીખ ૧૩-૧૧-૯૬થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૨૪/૯૭ તા. ૧૧-૩-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨ માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી દુદખા વિભાગ ઘેટા માલીકોની સ. મં. લી., દુદખા તા. સમીની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૨-૫-૯૭.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉપસ/ફડચ/૦૧/ધ/૨૮૩૯૭ તા. ૨૮-૧-૯૭થી વચગાળાનો આદેશ

(૩) મંડળીની તા. ૧૫-૧૨-૯૬થી મંડળીને ફડચામાં લઈ જવા સંબંધીના ઠરાવની નકલ તેમજ મંડળીનો તા. ૮-૧-૯૭નાં પત્રની નકલ.

(૪) મેનેજર, ધી. મ. ડી. એ. કો. ઓ. બેંક લી., મહેસાણાના પત્ર ક્રમાંક : નં.- ૮૭/લોન//૧૦૬૭૪ તા. ૩૦-૧-૯૭ અન્વયે બેંકની લીકવીકેટર તરીકે નિયુણંક કરવા માંગણી કરતો પત્ર.

પ્રસ્તાવના :

જા. નં.-ઉપસ/ફડચ/૦૧/૧૨૫૪/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી જેતપુર સેવા સહકારી મંડળી લી., મુ. જેતપુર તા. ચાણસ્મા જિ. મહેસાણા નોંધણી નંબર ૧૨૪૮૧ તા. ૨૭-૧૦-૭૦ થી નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરેલ છે

ઉપરોકત આમુખ નં.-૨માં જણાવ્યાં પ્રમાણે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં. -ઉપસ/ફડચ/૦૧/ધ/૨૮૩/૯૭ તા. ૨૮-૧-૯૭ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ તેમજ ઉપરોકત આમુખ-નં.-૩માં જણાવ્યાં પ્રમાણે મંડળીની તા. ૧૫-૧૨-૯૬ થી મંડળીને ફડચામાં લઈ જવા સંબંધે ઠરાવ કરેલ છે. તેમજ મંડળીનો તા. ૮-૧-૯૭ના પત્રની નકલ અત્રે રજુ કરેલ છે. ઉપરોકત આમુખ નં. ૨માં જણાવ્યાં પ્રમાણે વચગાળાના આદેશમાં નીચે મુજબની ખામીઓનો ઉલ્લેખ કરેલ હતો. પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી.

(૧) છેલ્લાં પાંચ વર્ષના ઓડિટ મેમાની દુરસ્તી કરેલ નથી. અને કરેલ સૂચનોનું પુનરાવર્તન ચાલુ રાખેલ છે.

(૨) મ. ડી. બેંક મહેસાણાની ટૂંકી મુદતની લોન રૂા. ૫૨૫૩૮-૦૦ તથા પુન:વસન લોન રૂા. ૫૧૨૦૦ મળી કુલ રૂા. ૧૦૩૭૩૮-૦૦ની લોન બાકી છે. તેની સામે સભાસદ પુન:વસન ધીરાણ રૂા. ૯૮૬૬ વસૂલ કરવાનું બાકી છે.

(૩) ધીરાણ વસુલાત માટે કાર્યવાહકોએ સક્રિય પ્રયત્નો કરેલ નથી.

(૪) મ. ડી. બેંક લોનનું વ્યાજ દિન-પ્રતિદીન વધતું જાય છે. તેનાં કારણે ખોટનું પ્રમાણ દિન-પ્રતિદીન વધતું જાય છે. તા. ૩૦-૬-૯૫ અંતે ખોટ રૂા. ૧,૧૬,૫૭૪-૦૦ છે.

(૫) મંડળીએ તેના ઉદ્દેશ્યો મુજબ કોઈ પ્રવૃત્તિ કરેલ નથી. કામગીરી સ્થગિત છે.

(૬) મંડળીની પાછલી ઓડીટ ફી ૩૬૬૨/૬૫ કરેલ નથી.

ઉકત વિગતો ધ્યાને લેતાં મંડળીની માંગણી મુજબ મંડળીને ફડચામાં લઈ જતો નીચે પ્રમાણેનો હુકમ કરું છું.

INDEX

આદેશ

ધી જેતપુર સેવા સહકારી મંડળી લી., જેતપુર. તા. ચાણસ્મા જિ. મહેસાણાનો નોંધણી નંબર-૧૨૪૮૧ તા. ૨૦-૧૦-૭૦ થી નોંધાયેલ સહકારી મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૩ (૧) કે, ગ/૨, ૨ અને ૪ અન્વયે સંસ્થાને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા ઉપરોકત આમુખ નં.-૪માં જણાવ્યા પ્રમાણે મેનેજર, ધી મ. ડી. સે. કો. ઓ. બેંક લી., મહેસાણાના પત્ર ક્રમાંક : નં.-૮૧/લોન/ઇ ૧૦૬૭૪ તા. ૩૦-૧-૯૭ અન્વયે ફડચા અધિકારી તરીકે લીકીવ-ડેટર, ધી મ. ડી. સે. કો. ઓ. બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે ફડચા અંગેનું કામકાજ ત્રણ વર્ષ પૂર્ણ થયા પહેલાં પૂર્ણ કરવાનું રહેશે તેમજ સરકાર શ્રીનું લહેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે.

મહેસાણા. તા. ૧૯-૫-૯૭.

ધ્યાને લીધા :

(૧) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, અમદાવાદના પરિપત્ર નં. સકક/૧૧/૨અ/૪૫૮૫/૧૯૬૬/ તા. ૧૬/૬/૬૬.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક : ઉપસ/ફડચ/૦૧/ધ/૭૧૩/ ૯૫ તા. ૯-૩-૯૫નો ફડચાનો હુકમ.

(૩) સહકારી અધિકારી (ફડચો), મહેસાણાના પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૧/૧૫૩/૯૭ તા. ૧૯-૪-૯૭ની પુનઃજીવીતની દરખાસ્ત.

પ્રસ્તાવના :

જા. નં.-ઉપસ/ફડચ/૦૧/ધ/૧૨૫૬/૯૭.

ધી ચાણસ્મા તાલુકા પ્રગતિ મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. ચવેલી તા. ચાણસ્માને આ કચેરીના હુકમ ક્રમાંક : ઉપસ/ફડચ/૦૧/ધ/૭૧૩/૯૫ તા. ૯-૩-૯૫થી ફડચામાં લઈ જવામાં આવેલ અને તેના ફડચો અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો, મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ હતી. જે અન્વયે ફડચા અધિકારીશ્રીએ મંડળીના દફતરનો ચાર્જ તા. ૨૨-૫-૯૫ ના રોજ સંભાળેલ છે. સદર મંડળીને પુનઃજીવીત કરવા માટે તા. ૨૮-૯-૯૫ની જાહેર સભામાં સર્વાનુંમતે મંડળીને પુનઃ જીવીત કરવા ઠરાવેલ છે. અને તા. ૯-૪-૯૭ના પત્રથી મંડળીના નવીન વરણી કરાયેલ પ્રામુખશ્રીએ મંડળીને પુનઃજીવીત કરવા માંગણી કરેલ છે. આમાઉના હોદ્દેદારો નિષ્ક્રિય રહેતાં મંડળી બિન અધ્યક્ષમ બનેલ. હવેથી સક્રિય વકીયટકર્તા રાખી મંડળીના ચોટા નિયમો મુજબ કામો રાખીને સભાસદોના રોજગાર માટે પ્રયત્નો કરવાની ખાત્રી આપેલ છે. મંડળીના સભાસદોને રોજી-રોટી મળી રહે તે હેતુથી મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ આમુખ-૩ દ્વારા મંડળીને પુનઃજીવીત કરવાની દરખાસ્ત કરી અભિપ્રાય આપેલ. જેને ધ્યાનેલઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું એમ. એમ. પરમાર જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું.

ધી ચાણસ્મા તાલુકા પ્રગતિ મજુર કામદાર સહકારી મંડળી લી., ચવેલી તા. ચાણસ્મા જિ. મહેસાણાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે આમુખ અને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાંનમાં લેતાં પુનઃજીવીત કરતો હુકમ કરૂ છુ.

મંડળીનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૯-૫-૯૭.

ધ્યાને લીધા :-

(૧) સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણા તા. પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૩/૬૮/૯૭ તા. ૧૦-૪-૯૭ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.ઉપસ/ફડચ/૦૧/ચ/૧૯૫૭/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી વીજાપુર તાલુકા સરકારી નોકરોની શાખ અને માલ પુરો પાડનારી સ. મં. લી., મુકામ વિજાપુર તા. વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર સે.-૧૮૩૭ તારીખ ૨૭-૩-૪૩થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉપસ/ફડચ/૦૧/ધ/૧૭૨૩/૯૫ તા. ૧૭-૭-૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૬૮/૯૭ તા. ૧૦-૪-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ- ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યાં પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વિજાપુર તાલુકા સરકારી નોકરોની શાખ અને માલ પુરો પાડનારી સ. મં. લી., વિજાપુરની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા. તા. ૧૯-૫-૯૭.

INDEX

વંચાણે લીધો :

(૧) સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૬૯/૯૭ તા. ૧૦-૪-૯૭ની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉપસ/ફડચ/૦૧/ધ/૧૨૫૮/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી રામોસણા સેવા સહકારી મંડળી લી., મુકામ રામોસણા તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૧૩૪૦૫ તારીખ ૩૧-૩-૭૫થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉપસ/ફડચ/૦૧/ધ/૨૧૯૫/૯૫ તારીખ ૧૩-૯-૯૫ થી હુકમ કરવામાં આવેલ ફડચામી કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૬૯/૬૭ તા. ૧૦-૪-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪-(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યાં પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી રામોસણા સેવા સહકારી મંડળી લી., રમોસણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૪-૫-૯૭.

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : -ફડચ/૦૩/૬/૯૭ તા. ૧૭-૪-૯૭ની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉપસ/ફડચ/૦૧/ચ/૧૨૬૦/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગુલમર્ગ હરસ કો. ઓપ. કા. સો. લી., મુકામ સાંતેજ તા. કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર છ-૯૮૫૯ તારીખ ૨૨-૪-૮૨થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉપસ/ફડચ/૦૧/ધ/૨૫૭/૯૬ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફ(ફડચો-૩) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૬૭/૯૭ તા. ૭-૪-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ગુલમર્ગહરસ કો. ઓપ. હા. સો. લી., મુ. સાંતેજની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૯-૫-૯૭.

વંચાણે લીધા ।

(૧) સહકારી અધિકારી (ફડચો-૩૪, મહેસાણાના પત્ર ક્રમાંક : નં. ફડચ/૦૩/૬૬/૯૭ તા. ૭/૪/૯૭ની નોંધણી રદની દરખાસ્ત.

(૨) ગુજરાત રાસહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૨૬૧/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગુલમર્ગ કોટેજ કો.ઓપ. હા. સો. લિ. મુકામ સાંતેજ તા. કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ધ-૯૮૬૩ તા. ૨૨/૪/૮૨થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/છ/૨૧૯૮/૯૫ તારીખ ૧૩/૯/૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચાઅધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૩-૬૬-૯૭ તા. ૭/૪/૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ગુલમર્ગ કોટેજ કો.ઓ પ.હા. સો. લિ. સાંતેજની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૯/૫/૯૭.

વંચાણે લીધા :-

(૧) સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ-૦૩-૭૦-૯૭ તા. ૧૦/૪/૯૭ની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

INDEX

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૨૬૨/૯૭ :ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી મહેસાણા ગ્રીડ સ્ટાફ કો.ઓપ. ક્રેડીટ સો. લિ. મુકામ મહેસાણા તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર સે-૧૫૨૯ તારીખ ૩/૩/૬૫થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૩૭/૯૬ તારીખ ૧૩/૧૧/૯૬થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ-૦૩-૭૦-૯૭ તા. ૧૦/૪/૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળી ઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી મહેસાણા ગ્રીડ સ્ટાફ કો.ઓપ. હા. ક્રેડીટ સો લિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૯/૫/૯૭.

નં. નધણ/ધ/૧૬૫૨૫/૧૨૭૬/૯૭ :-આથી જાહેર કરે છે કે સુરભી કો.ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કડી તાલુકો કડી જીલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૯-૫-૯૭.

નં. નધણ/ભં/૪૭૧૫/ધ/૧૨૮૧/૯૭ :-આથી જાહેર કરે છે કે ધી શંમુરા ગ્રાહક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૧/૫/૯૭.

નં. નધણ/ધ/૧૬૫૨૬/૧૪૦૦/૯૭ આથી જાહેર કરે છે કે શ્રી યોગેશ્વર કો.ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૯/૬/૯૭.

ક્રમાંક : નં.-નધણ/ધ/૧૬૫૨૭/૧૪૦૨/૩૯૧/૯૭ આથી જાહેર કરે છે કે, શ્રી અમૃત કો. ઓ. હા. સો. લી., મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૯-૬-૯૭

ક્રમાંક : નધણ/ધ/૧૬૫૨૮/૧૪૦૩/૯૭ આથી જાહેર કરે છે કે શ્રી ઈશ્વર કૃપા કો. ઓ. હા. સો. લી., મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૧-૬-૯૭.

ક્રમાંક : નં.-નધણ/ધ/૧૬૫૨૯/૧૪૦૧/૯૭ આથી જાહેર કરે છે કે, શ્રી સહયોગ કો. ઓ. હા. સો. લી., મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી--ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૧-૬-૯૭.

નં. નધણ/ધ/૧૬૫૩૦/૧૪૦૫/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૨/૬/૧૯૯૭.

નં. નધણ/ધ/૧૬૫૩૧/૧૪૦૪/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી ચિત્રકુટ કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૨/૬/૯૭.

INDEX

નં. નધણ/ધ/૧૬૫૩૨/૧૪૧૧/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી બંસીધર કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૩/૬/૧૯૯૭.

નં. નધણ/સે/૨૯૧૯૭/ધ/૧૪૧૪/૩૯૧૭/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી મેડીકો કો. ઓ. હા. સો. લી. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૩/૬/૧૯૯૭.

નં. નધણ/સે/૨૯૧૯૮/ધ/૧૪૧૩/૩૯૧૬/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી સિધ્ધાચલ કો. ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વિસનગર તાલુકો વિસનગર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૩/૬/૧૯૯૭.

નં. નધણ/સે/૨૯૧૯૮/ધ/૧૪૧૩/૩૯૧૬/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી સિધ્ધાચલ કો.ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વિસનગર તાલુકો વિસનગર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૩/૬/૯૭.

વંચાણે લીધા :-

(૧) સહકારી અધિકારી (ફડચા-) મહેસાણાનાં જા. નં. ફડચ/૦૧/૧૩૯/૯૭ તા. ૩૧/૩/૯૭ની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૪૦૭/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી પરમાર કો.ઓ. હા. સો. લિ. મુકામ લાંઘણજ તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ધ/૧૩૫૬ તારીખ ૩૦/૬/૫૩થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર અ.મ. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૧૦૧૫/૧૪૨૧/૧૦૧૬૨ તારીખ ૩૦/૫/૯૫ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થા ના ફડચા અધિકારીશ્રી સરકારી અધિકારી (ફડચો) મહેસાણા તરફ થી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૩૯/૯૭ તા. ૩૧-૩-૯૭ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨ માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી પરમાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. લાંઘણજની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૯/૫/૯૭.

એમ. એમ. પરમાર
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ. મહેસાણા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૯૪/૯૫ તા. ૬/૧૦/૯૫ અન્વયે વચગાળાનો આદેશ.
(૨) મંડળીની તા. ૨૧-૧૦-૯૫, ૧-૧૧-૯૫ તેમજ ૨૬-૧-૯૭ ની રજૂઆત.
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૯/૯૭ તા. ૯/૧/૯૭ના પત્રથી તા.૩૦/૧/૯૭નાં રોજ હાજર રહેવા બદલની સુનાવણી તેમજ સુનાવણી સમયે લેવાયેલ પ્રમુખ શ્રીનું નિવેદન.

પ્રસ્તાવના

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭૪/૯૭/ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ભૂતિયાવાસણા સેવા સહકારી મંડળી લિ. ભુતીયાવાસણા તા.પાટણ નોંધણી નંબર ૨૯૨૬૧ તા. ૩૦-૧-૬૦થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૯૪/૯૫ તા.૬/૧૦/૯૫થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. જે સામે મંડળીની ઉપરોકત આમુખ નં. ૨ માં જણાવ્યા મુજબ તા.૨૧/૧૦/૯૫ તા.૧-૧૧-૯૫ થી મંડળીની રજૂઆત થતાં, મંડળીની માંગણી મુજબ ફડચા સંબંધે કાર્યવાહી તા. ૫/૨/૯૬ની નોંધ પરનાં આદેશ અન્વયે મોકૂફ રાખવામાં આવેલ.

ત્યારબાદ મુદ્દત પૂર્ણ થતાં ઉકત આમુખ નં.૩માં જણાવ્યા પ્રમાણે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૯/૯૭ તા.૯/૧/૯૭નાં પત્રથી તા.૩૦/૧/૯૭ના રોજ હાજર રહી

INDEX

મંડળી તરફથી થયેલ પ્રગતિ અંગે રૂબરૂમાં સમીક્ષા તેમજ મંડળીની તા. ૨૬/૧/૯૭ની લેખિત રજૂઆત ચકાસતાં મંડળીએ નીચે મુજબ પ્રગતિ કરેલ છે.

(૧) મંડળી છેલ્લાં એક વર્ષથી ખાતરનું લાયસન્સ મેળવી ખેડૂતોને સહભાગી બનેલ છે.
(૨) ઈન્સ્પેકશન/ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલી આપવા આવેલ છે.
(૩) મંડળીના પ્રમુખશ્રી બિલકુલ ભણ્યું/ભાડું આકારતાં નથી.
(૪) ધિરાણ સંબંધી શાખા પત્રક બેન્કને મોકલી આપવામાં આવે છે.
(૫) મંડળીનો પાછલો નફો રૂા.૪૭૦૧૫/૬૮ છે. તેમજ ચાલુ નફો રૂા. ૫૪૭૫-૫૦ છે.

તદ્‌પરાંત સદર ગામ પાટણ તાલુકાના આંતરિયાળ પ્રદેશમાં આવેલું હોઈ ખાનગી વેપારીઓના શોષણનો ભોગ ખેડૂતો નબને તે સારું નીચેની શરતોએ અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ રદ કરતો નીચે મુજબ હુકમ કરૂં છું.

(૧) ઓડીટ વર્ગ સુધરે તે માટે વહીવટ સુધારવા નક્કર પગલાં ભરવાના રહેશે.
(૨) ધીરાણ પ્રવૃત્તિ હાથ ધરવાની રહેશે.

હુકમ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકાર અન્વયે ભુતિયાવાસણા સેવા સહકારી મંડળી લિ., ભુતિયાવાસણા તા. પાટણ મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧) ક, ગ, ૨ અને ૪ અન્વયે અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ હકીકતોને આધીન રદ્દ કરતો હુકમ કરૂં છું.

મહેસાણા, તા.૧૭/૭/૯૭

વંચાણે લીધા :

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/ધ/૧૬૮૮/તા૧/૭/૯૬ ની ફડચાની કારણદર્શક નોટીસ.

(૨) અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીની તા૧૫/૫/૯૭ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેની અભિપ્રાય નોંધ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા.નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૬૭/૯૭; ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે શ્રી સયાજીરાવ ગાયકવાડ કો. ઓપ. હાઉ. સોસા. લિ. મુ. ડાંગરવા તા. કડી, જી. મહેસાણા નોંધણી નં. ૬૬૩૮ તા.૧૩/૯/૭૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. મંડળીનું અન્વેષણ તા.૧/૧/૯૨ થી તા. 30/૬/૯૫ નાં સમયનું થયેલ છે. જે સંબંધે ઉપરોકત આમુખ નં-૧માં જણાવ્યા મુજબ અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક:ફડચ/૦૧/ધ/૧૬૮૮/તા૧/૭/૯૬ની ફડચાની કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેમાં નીચેના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) પેટા નિયમ અનુસાર કામ થતું નથી.
(૨) મંડળી છેલ્લાં ૧૨ વર્ષથી સ્થગિત છે.
(૩) કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી.
(૪) છેલ્લી પાંચ ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી.
(૫) તા. ૨૬/૯/૮૨ પછી વાર્ષિક સા. સભા મળેલ નથી.
(૬) વ્ય. ક. ની ઠરાવ બુક ૧૯૮૨થી લખાયેલ નથી.
(૭) મંડળીનો છેલ્લાં ૧૦વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે.
(૮) મંડળીની કુલ રૂા. ૭૦૦/-ઓડીટ ફી બાકી પડે છે.
(૯) મંડળી અર્થક્ષમ નથી.

મંડળીના સરનામે કારણદર્શક નોટીસ રજી. પોષ્ટ એ. ડી.થી મોકલી આપવા છતાં સ્વીકૃત થયા સિવાય પરત આવેલ છે. જેથી ન્યાયનાં હિતમાં અત્રેની તા.૨૮/૧૧/૯૬નાં પત્રથી મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) લચત મજકૂર કચેરીનો ફડચામાં લઈ જવા સંબંધે અભિપ્રાય માંગતાં તેઓએ પણ મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરતાં મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો નીચે મુજબ હુકમ કરું છું.

વચગાળાનો હુકમ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રુએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

શ્રી સયાજીરાવ ગાયકવાડ કો.ઓપ. હા. સોસા. લિ. મુ. ડાંગર તા. કડી જી. મહેસાણાનો નોંધણી નં. ૬૬૩૮ તા.૧૩/૯/૭૬ થી નોંધવામાં આવેલ છે. તો તે સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૦૭(૧) ખંડ ક, ખ ગ(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧)અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા.૧૭/૭/૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૪૦ ૯૫ તા.૬-૧૧-૯૫નો વચગાળાનો આદેશ.
(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૬૮/૯૭; ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી હારીજ તાલુકા ઘેટાં પાલકોની સહકારી મંડળી લિ. મુ. તા. હારીજ જી. મહેસાણાની નોંધણી નં. ૨૧૫૩/૧૪-૪-૮૩થી નોંધાયે સહકારી મંડળી છે. સદર મંડળી તેનાં પેટા નિયમો અને ઉદ્દેશો મુજબ કામ કરતી

બંધ થતાં સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૧૦૭(૧)ક, ગ, (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ તેમજ ફડચા અધિકારી તરીકે ધી સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણૂંક કરવા બદલનો અત્રેના કાર્યાલયનાં ઉકત આમુખ નં૧માં જણાવ્યા મુજબ પત્ર ક્રમાંક:નંઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૪૦/૯૫ તા.૬/૧૧/૯૫થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. જે અંગે મંડળીના સરનામે રજી. પોષ્ટ એ.ડી. થી જાણ કરતાં કવર પર "જાણમાં નથી' નાં શેરા સાથે કવર બજવણી થયા સિવાય પરત આવે છે. જે સંબંધે અત્રેની કચેરીનાં મદદનીશ સહકારી અધિકારી (ખેતી/પિયત)એ રૂબરૂ મુલાકાત લેતાં હારીજ મુકામે આવી મંડળી અસ્તિત્વમાં નથી. તેવું પ્રાથમિક તપાસમાં જણાઈ આવેલ છે. આમ, ઉપરોકત તમામ બાબતો જોતાં તેમજ મંડળીનું તા.૩૦/૬/૯૩નાં રોજનું સરવૈયું ચકાસતાં મંડળીની નોંધણી તા. ૧૪/૪/૮૩થી દસ વર્ષ સુધી મંડળીએ ઉદેશ્યો મુજબ કોઈજ પ્રકારની પ્રવૃત્તિ થયેલ જણાતી નથી. તેમજ મંડળીના કાર્યવાહકો ને મંડળી ચલાવવામાં બિલકલ રસ નથી. તેમ જણાય છે. આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતો લક્ષમાં લેતાં સભાસદોનાં હિત ખાતર મંડળીને આટોપી લેતો નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

આથી હું એ. બી. ગઢવી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીએ મહેસાણા મને હોદ્દાની રૂએમળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું.

ધી હારીજ તાલુકા ઘેટાં પાલકોની સહકારી મંડળી લિ. મુ. તા. હારીજ જી. મહેસાણાની નોંધણી નં. ૨૧૫૩/૧૪-૪-૮૩થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ કલમ ૧૦૭(૧)ક, ગ, (૨) અને(૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાંની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે સરકારશ્રીનું લ્હેણુ પ્રથમ વસૂલ કરવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

મહેસાણા, તા ૧૭/૭/૯૭.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.
(૨) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકનંઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૦/૯૫ તા. ૬/૧૦/૯૫ અન્વયે વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૬૯/૯૭;ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ અન્વયે શ્રી કલોલ એસ.ટી. ડેપોના કર્મચારીઓની કેન્ટીન એન્ડ કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લિ. મુ. કલોલ તા. કલોલ જી. મહેસાણાને નોંધણી નં. ૩૯૦૩ તા૩૦/૬/૯૦થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઉપરોકત આમુખ નં-૨માં જણાવ્યા મુજબ નીચે દર્શાવેલ ખામીઓ સંબંધે તા. ૯/૩/૯૫ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જે સંબંધે મંડળી તરફથી કોઈ રજૂઆત ન થતાં અત્રેથી તા. ૬/૧૦/૯૫નાં પત્રથી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. જે સંબંધે રજી. પોષ્ટ એ.ડી. થી આદેશ મોકલી આપતાં "બંધ થઈ ગયેલ છે." નો શેરો થઈ કવર પરત આવેલ છે. આમ, મંડળી બિલકલ સ્થગિત છે. જે બાબત ફલિત થાય છે.

ફડચા સંબંધી નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) મંડળીની નોંધણી થયા બાદ પેટા નિયમ મુજબ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.
(૨) સંસ્થામાં શેર ભંડોળ સિવાય અન્ય કોઈ ફંડો એકત્ર થયેલ નથી. આમ, સંસ્થાની આર્થિક સ્થિતિ નબળી છે.
(૩) મંડળીના કાર્યવાહકો કે સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.
(૪) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટીની બેઠક મળેલ નથી.
(૫) મંડળી સ્થગિત અવસ્થામાં છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ બાબતો ચકાસતાં મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ અંતિમ આદેશ કરૂં છું.

હુકમ

આથી હું જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું.

શ્રી કલોલ એસ.ટી. ડેપોનાં કર્મચારીઓની કેન્ટીન એન્ડ કન્ઝ્ યુમર્સ સ્ટોર્સ લિ. મુ. કલોલ તા. કલોલ જી. મહેસાણાને નોંધણી નંબર ૩૯૦૩ તા.૩૦-૬-૯૦ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ કલમ-૧૦૭(૧) નાં ક, ગ, ૨ અને ૪અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું. સરકારશ્રીનું લ્હેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે.

મહેસાણા, તા ૧૭/૭/૯૭

વંચાણે લીધા :
(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૫/૯૫ તા. ૬-૧૦-૯૫ અન્વયે વચગાળાનો આદેશ

(૩) મંડળીની તા. ૨૮-૧૦-૯૫ના પત્રથી રજુઆત.

(૪) મંડળીની તા. ૨૮-૧૦-૯૫ના પત્રથી કરેલ રજુઆત સંબંધે અત્રેના પત્ર ક્રમાંક : તા. ૯-૧-૯૭ના પત્રથી માંગેલ માહિતી.

INDEX

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭૦/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે વીર વિજય પિયત સહકારી મંડળી લી., મુ. ગદોસણ તા. પાટણ જિ. મહેસાણાની નોંધણી નં.-૨૧૬૭ તા. ૧૫-૧૦-૭૯થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઉપરોકત આમુખ નં.-૨માં જણાવ્યાં પ્રમાણે અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૫/૯૫ તા. ૬-૧૦-૯૫ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ.

જે સામે મંડળીએ ઉપરોકત આમુખ- નં.-૩ માં જણાવ્યાં મુજબ મંડળીએ તા. ૨૮-૧૦-૯૫ના પત્રથી રજુઆત મુજબ અમારી મંડળી તા. ૩૦-૬-૯૬ સુધીમાં તમામ દેવું ચુકતે કરવા અને વસૂલાત કરવા બાંહેધરી આપેલ અને મંડળીને તા. ૩૦-૬-૯૬ સુધી ચાલુ રાખવા તક આપવા વિનંતી કરેલ. જે સંબંધે ઉપરોકત આમુખ-૪માં જણાવ્યાં મુજબ અત્રેના તા. ૯-૧-૯૭ના પત્રથી તા. ૩૧-૧૨-૯૬ સુધીનાં હિસાબો મોકલી આપવા જણાવેલ. જે પત્રની રજી. પોસ્ટ એ. ડી.ની બજવણી થયેલ હોવા છતાં મંડળીએ આજદિન સુધી રજુઆત કરવા કે લેખિતમાં હિસાબો પૂરા પાડવાની કોઈ દરકાર કરેલ નથી. આમ, મંડળી ચલાવવામાં મંડળીના કાર્યવાહકોને કોઈ જ રસ ન હોવાનું ફલિત થાય છે.

આમ, સભાસદોનાં હિતમાં મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરું છું.

હુકમ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂ છું

શ્રી વીર વિજય પીયત સહકારી મંડળી લી., મુ. ગદોસણ તા. પાટણને નોંધણી નંબર-૨૧૬૭ તા. ૧૫-૧૦-૭૯થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૦૭(૧), (ક), (ગ) (૨) અને (૪) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. સરકારશ્રીનું લ્હેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું.

મહેસાણા, તા. ૧૭-૭-૯૭

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૪/૯૫ તા ૬/૧૦/૯૫થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

(૩) મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) લગત મજકૂર કચેરીનો તા. ૩/૫/૯૭થી મંડળીને ફડચામાં લઈ જવા સંબંધિનો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭૧/૯૭ શ્રી ભીમરાવનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. કલોલ, તા. કલોલ જી. મહેસાણાને નોંધણી નંબર ધ/૧૦૯૧૨ તા. ૩૧/૫/૮૪થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ-૧૦૭(૧), ક, ગ, ૨ અને ૪ અન્વયે આથી ફડચામાં લઈ જવા બાબતે ઉપરોકત આમુખ નં-૧માં જણાવ્યા પ્રમાણે અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૪ ૯૫, તા. ૬/૧૦/૯૫થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. જે અન્વેષકશ્રીએ દર્શાવેલ સરનામે મોકલી આપવા છતાં રજી. પોષ્ટ એ.ડી. કવર પરત આવેલ છે. આમ, મંડળીને ઉદ્દેશ્યો મુજબ પ્રવૃત્તિ કરવામાં કોઈ રસ ન હોય તેમ જણાય છે. મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) મજકૂર કચેરીએ તેઓનાં તા. ૩/૫/૯૭ નાં પત્રથી નીચેનાં મુદ્દાઓ રજૂ કરી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૧) મંડળી છેલ્લા દશ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) સોસાયટી પાસે જમીન પણ નથી. તેમજ જમીન ખરીદી માટે કોઈ પ્રયત્નો કરેલ નથી.

(૩) મંડળીનો છેલ્લાં બે વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે.

(૪) તા. ૩૦/૪/૯૪નાં રોજ રૂા. ૩૬૩૪/૯૭ની ખોટ છે.

(૫) સોસાયટીનાં કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૬) છેલ્લાં બે વર્ષની ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી. તેમજ અગાઉની નોંધોની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૭) વ્ય. કમીટીની મીટીંગો નિયમિત મળતી નથી.

(૮) મંડળીએ સહકારી કાયદા, પેટા કાયદાની જોગવાઈઓનું પાલન કરેલ નથી.

(૯) મંડળી પાસે સરકારશ્રીનું કે અન્ય કોઈ સંસ્થાનું નાણાંકીય હિત નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતો જોતાં મંડળીની બિલકલ સ્થગિતતાં જોતાં મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો અંતિમ આદેશ કરૂં છું.

હુકમ

આથી હું જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું.

શ્રી ભીમરાવનગર કો.ઓપ. હા. સો. લિ. મુ. કલોલ, તા. કલોલ, જિ. મહેસાણાને નોંધણી નંબર ધ/૧૦૯૧૨ તા. ૩૧-૫-૮૪થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૦૭(૧) ના ક,ગ, ૩૨ અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

INDEX

મહેનતાણાંની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવું. સરકારશ્રીનું લહેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૭/૭/૯૭.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૪૧/૯૫ તા. ૬/૧૧/૯૫થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીનો તા. ૨૦/૧૧/૯૫નો રજૂઆત પત્ર.

(૩) અત્રેની કચેરીએથી પત્ર ક્રમાંક નં ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૩/૯૬ તા. ૭/૧/૯૭થી માંગેલ માહિતી.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭૩/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ધી સરસ્વતી કન્ઝ્યુમર્સ કો. ઓપ. સ્ટોર્સ લિ. મુ. તા. સિધ્ધપુર જિ. મહેસાણા નોંધણી નંબર ભ-૧૩૩૧ તા. ૧/૬/૭૬થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઉપરોકત આમુખ નં-૧ અન્વયે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૪૧/૯૫ તા. ૬/૧૧/૯૫થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. જેમાં નીચેની ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો.

(૧) તા. ૩૧/૧૨/૯૪ પછી ખરીદ-વેચાણની કામગીરી હાથ ધરેલ નથી.

(૨) પેટા નિયમ મુજબ વ્ય. કમીટીની બેઠક મળતી નથી.

(૩) સંસ્થા હજું ખોટમાં છે.

(૪) સંસ્થાની આર્થિક સ્થિતિ સારી નથી.

(૫) મંડળીનો ઓડીટ વર્ગ 'ક' ઘણાં સમયથી મળેલ છે.

આમ, ઉપરોકત જણાવ્યાં મુજબ વચગાળાના આદેશ સામે મંડળીએ તા. ૨૦/૧૧/૯૫થી રજૂઆત કરેલ. જેમાં વ્ય. કમીટી સભ્યોએ 'કન્ઝ્યુમર્સ સ્ટોર્સમાં પૂરો રસ લઈ સક્રિય બની કાર્યવાહી કરી અમારા ઓડીટ વર્ગ 'ડ'ને બદલે 'અ' લાવી આપવાની શરતે ફડચામાં ન લઈ જવા વિનંતી કરતાં મંડળીને ફડચામાં લઈ જવા અંગેની કાર્યવાહી તત્પુરતી મોકૂફ રાખવામાં આવેલ હતી. ત્યાર બાદ અત્રેના કાર્યાલયનાં પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૩/૯૭ તા. ૭/૧/૯૭નાં પત્રથી તેઓના તા. ૨૦/૧૧/૯૫ની રજૂઆત સંબંધી વિગતવાર માહિતી માંગેલ. પરંતુ મંડળીએ આજદિન સુધી કોઈ માહિતી લેખીતમાં મોકલી આપવા બિલકલ દરકાર કરેલ નથી. આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ બાબતો જોતાં મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરૂં છું.

હુકમ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂં છું.

ધી સરસ્વતી કન્ઝ્યુમર્સ કો.ઓપ. સ્ટોર્સ લી. મુ.તા. સિધ્ધપુર જિ, મહેસાણા નોંધણી નંબર ભ-૧૩૩૧ તા. ૧/૬/૭૬થી નોંધાયેલ સહકારી મંડળી છે. તેને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ કલમ-૧૦૭(૧)નાં ક,ગ,(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાંની રકમ સર્વ સામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવું. સરકારશ્રી નું લ્હેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે.

મહેસાણા, તા. ૧૭/૭/૯૭.

નં. નધણ/સિ/૨૯૧૯૯/ધ/૧૭૦૫/૯૭ ;-આથી જાહેર કરે છે કે ધી કો.ઓ. બેંક ઓફ મહેસાણા લી. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા જી. મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧,-ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૪/૭/૧૯૯૭.

નં.નધણ/સિ/૨૯૨૦૦/ધ/૧૧૮૧/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી બહુચર કો.ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા જી. મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧, ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૮/૭/૯૭.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫૧/૯૭ તા. ૧૦/૫/૯૭થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૩૧/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ગ્રીન કો.ઓપ. હા. સો. લિ. મુ. સાંતેજ તા. કલોલ, જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ધ/૯૮૫૮ તા. ૨૨/૪/૮૨થી નોંધાયેલ છે.

ઉપરોકત આમુખ નં-૧માં જણાવ્યા પ્રમાણે ઓડીટર, સહકારી મંડળીઓ, કલોલના ખાસ અહેવાલની નોંધમાં જણાવ્યા મુજબ તા. ૧૯/૫/૯૭ના પત્રથી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. જેમાં નીચેની ખામીઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીએ સભાસદોના મકાન બાંધવા, જમીન ખરીદવી, ભાડાપટ્ટે રાખવી વિ. કાર્યવાહી આજદિન સુધી કરેલ નથી. મંડળી સ્થગિત છે.

(૨) સાંતેજ ગામના સર્વે નંબર ૩૬૨/૨ એકર-૧ ગુંઠા-૨૧ ઉપર નોંધવામાં આવેલ જે બાનાખત ઉપર નોંધેલ. તે બાનાખતનો નોંધણી તારીખથી હજું સુધી વેચાણ લેખ કરેલ નથી. કે, બાનાખત રીન્યુ કરાવેલ નથી.

(૩) છેલ્લા પાંચ વર્ષના ઓડીટ નોંધમાં જણાવેલ ખામીઓના દુરસ્તી રીપોર્ટ કરેલ નથી કે, ઓડીટર એ કરેલ મહત્વના સૂચનોનો અમલ કરેલ નથી.

(૪) વ્ય. ક. ની બેઠકો પેટા નિયમ-૪૮(૪) અન્વયે બોલાવવામાં આવતી નથી.

(૫) વા.સા. સભાની બેઠકના એજન્ડા પેટા નિયમ-૨૯ અન્વયે સભ્યોને મોકલવામાં આવતા નથી. સભા મળેલ નથી.

(૬) મંડળીના કેટલાક સભ્યો કાર્યવિસ્તારમાં રહેતા નથી.

(૭) દફતર જવાબદારી,, દુરસ્તી રીપોર્ટ વંચાણે લેતા ઠરાવ થયેલ નથી.

(૮) સભ્યો પાસેથી જમીન ફાળો બાંધકામ ફાળો નક્કી કરી ઉઘરાવવા અંગે આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરેલ નથી.

(૯) જમીન ખરીદી પ્લાન એસ્ટીમેટ માટે કોઈ નક્કર નિર્ણય કે ઠરાવ કરેલ નથી.

(૧૦) સોસાયટીના સભ્યો વ્ય, ક. સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. પરંતુ સોસાયટીના ઓર્ગેનાઈઝર ને તેઓનું ધંધાકીય હેતુ સિધ્ધ કરવા મંડળી પકડી રાખેલ હોઈ તેમ સ્પષ્ટ જણાય છે.

આમ, અત્રેથી તા. ૧૯/૫/૯૭ના પત્રથી આર.પી.એ.ડી.થી મોકલી આપેલ જે. અન્વયે કવર પરત આવેલ નથી. જે વચગાળા નો આદેશ કર્યાબાદ બે માસ જેટલો સમય વીતી ગયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં મંડળીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં અગર ઉદ્દેશ્યો મુજબ કોઈ પ્રવૃત્તિ હાથ ધરવામાં રસ ન હોય તેવું સ્પષ્ટપણે ફલિત થાય છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં સભાસદોના હિત ખાતર સ્થગિત મંડળી તેમજ વારંવાર આદેશો સ્વીકૃત થયા સિવાય પરત આવતા હોઈ વધુ તક આપવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. જેથી મંડળીના કાર્યવાહકોની મંડળીના સ્થળે કોઈ ટપાલ સ્વીકારવાની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવી તે તેમની ઉદાસીનતા જણાઈ આવે છે. જે કારણોસર મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે ધી ગ્રીન કો.ઓપ. હા. સો. લિ. મુ. સાંતેજ, તા. કલોલનો નોંધણી નંબર ધ/૯૮૫૮ તા. ૨૨/૪/૮૨ થી નોંધવામાં આવેલ છે.

જેને ઉપરોકત આમુખ નં-૧માં જણાવ્યા પ્રમાતેણે તા. ૧૯/૫/૯૭ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતા મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમામેલા ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયમ મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તા. ૨૯/૭/૯૭.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫૨/૯૭ તા. ૧૯-૫-૯૭ થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાનો તા. ૨૯-૫-૯૭ના પત્રથી મેળવેલ ચાર્જ રીપોર્ટ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૩૨/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી અર્બુદા કો. ઓપ. હા. સો. લિ. કલોલ તા. કલોલ જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૧૦૯૩ તા. ૧૪/૧૦/૮૫ છે.

ઉપરોકત આમુખ નં-૧માં જણાવ્યા મુજબ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫૨/૯૭ તા. ૧૯/૫/૯૭થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. જેમાં નીચેની ખામીઓ નો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીના પેટા નિયમ પ્રમાણે રૂા. ૫૦૦/-શેર ફાળાને આપેલ હોય તેવા કાયદેસરના માત્ર એક જ સભ્ય છે.

(૨) સને ૧૯૯૪-૯૫ના વર્ષના સરવૈયા મુજબ સભાસદો પાસે બાંધકામ ફાળો રૂા. ૧,૪૫,૨૪૫ વહીવટી ફાળો રૂા.

INDEX

રૂા. ૬૫,૧૦૦/- બાકી છે. જે ફાળો કેટલો બાકી છે તેની વિગત રજુ થયેલ નથી.

(૩) મંડળી છેલ્લા બે વર્ષથી 'ડ' વર્ગમાં છે.

(૪) મંડળીની આર્થિક સ્થિતિમાં કોઈપણ જાતનો સુધારો થવા પામેલ નથી.

(૫) તા. ૩૦/૪/૯૫ની ખાસ સા. સભામાં માત્ર ૧૬ સભ્યો જ હાજર રહેલ છે.

(૬) મંડળીની જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરવા બદલ કલેકટરશ્રી, મહેસાણાના પત્ર ક્રમાંક નં. એન.એ./વશી/ ૧૬૨૫ થી ૧૬૩૦ તા. ૩૧/૫/૯૪થી બિન-પરવાનગી બાંધકામ દૂર કરવાનો હુકમ થયેલ છે.

(૭) તા. ૩૦/૬/૯૫એ ખોટ રૂા. ૨૩૧૨૩/૨૫ થયેલ છે.

સદર વચગાળાના આદેશ પરથી ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાએ તેઓના પત્ર ક્રમાંક નં. ફડચો/૦૩/૮૩/૯૭ તા. ૨૯/૫/૯૭ થી તા. ૨૮/૫/૯૭ના રોજ ચાર્જ મેળવી લીધેલ છે. અને ચાર્જ રીપોર્ટ પણ રજુ કરી દીધેલ છે. આમ, મંડળીના સભ્યશ્રીએ કોઈપણ પ્રકારના વાંધા/વિરોધ વગર રાજીખુશીથી ફડચા અધિકારીશ્રીને ચાર્જ સુપ્રત કરી દીધેલ હોઈ મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો અંતિમ હુકમ કરું છું.

અંતિમ હુકમ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે શ્રી અર્બુદા કો.ઓપ. હા. સો. લિ. મુ. કલોલ જે નોંધણી નંબર ધ-૧૦૯૩ તા. ૧૪/૧૦/૯૫થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ક, ગ(૨) અને (૪) અન્વયે આથી ઉકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નીમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખ થી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે. સરકારશ્રીનું લ્હેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે.

મહેસાણા, તા. ૨૮/૭/૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક નં.ઉખસ/ફડચ/૦૧/ધ/ ૧૨૫૩/૯૭ તા. ૧૯/૫/૯૭થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૩૩/૯૭;શ્રી ન્યુ સત્યનારાણ કો.ઓપ. હા. સો. લિ. મહેસાણા તા.જી.મહેસાણા નોંધણી નંબર ઉખસ/ધ/૧૦૬૪૩/૨૬૩૫ તા.૨૨/૭/૮૬ને અત્રેની કચેરીના આમુખ નં-૧ના પત્ર ક્રમાંક નંઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫૩/૯૭ તા.૧૯/૫/ ૯૭થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંઢળીઓનો અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. સરકારશ્રીનું લ્હેણું પ્રથમ વસૂલ કરવાનું રહેશે.

મહેસાણા, તા. ૨૯/૭/૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. -ફડચ/૦૧/ધ/૧૧૫/૯૭ તા. ૯/૧/૯૭ થી કારણદર્શક નોટીસ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૬૯/૯૫ તા. ૨૧/૧૦/૯૫નો વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૩૪/૯૭;ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી અપના બજાર કન્ઝ્યુમર્સ કો.ઓપ. સ્ટોર્સ લિ. મુ. તા જીલ્લો મહેસાણા નોંધણી નંબર ઉનભ ૩૦૯૦/ તા૪/૬/૮૫થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળી તેના પેટા નિયમો અને ઉદેશ્યો મુજબ કામ કરતી ન હોવાથી તા. ૯/૩/૯૫થી ફડચાની કારણદર્શક નોટીસ આપવામાં આવેલી. મંડળીના નોંધાયેલ સરનામે મોકલવા છતાં રજીસ્ટર પરત આવવાને કારણે મંડળી સ્થગિત હોવાની તેમજ કાર્યવાહકો, સભાસદોને મંડળી ચલાવવામાં રસ ન હોવાનું જણાઈ આવતાં અત્રેથી પત્ર ક્રમાંક નં ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૬૯/૯૫ તા. ૨૧/૧૦/૯૫થી વચ-ગાળાનો આદેશ કરવામાં આવેલ, જે રજી. પોષ્ટ એ.ડી. થી મોકલી આપેલ. પરંતુ તે આદેશનો સ્વીકાર થયા બદલનો કોઈ આધાર અત્રેના દફતરે ન હોઈ ન્યાયના હિતમાં ઉપરોકત આમુખ-નં-૧માં જણાવ્યા મુજબ તા. ૯/૧/૯૭ના પત્રથી કારણદર્શક નોટીસ આપ-વામાં આવેલ. જેનો સ્વીકાર થયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ પણ પ્રકારની રજુઆત થયેલ નથી. આમ, તા.૧/૩/૯૦ તા.૩૦/૬ ૯૨ના ઓડીટ નોંધ પરથી ચકાસણી કરતાં નીચે મુજબની ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થાનો ઓડીટ વર્ગ છેલ્લા ૩ વર્ષથી 'ડ' છે.

(૨) મંડળીએ ચાર વર્ષથી ઓડીટ મેમોની દુરસ્તી મોકલી આપેલ નથી.

(૩) મંડળીએ ફટાકડા સિવાયની કોઈ ગ્રાહક પ્રવૃત્તિ ચાલુ કરેલ નથી.

(૪) પેટા નિયમ અનુસારની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૫) મંડળીએ સરકારશ્રીની ઓડીટ ફી બે વર્ષથી જમા કરાવેલ નથી.

INDEX

(૬) તા. ૩૦/૬/૯૨ના સરવૈયા મુજબ મંડળીની ખોટ રૂા. ૪૦૩૫૩/ થયેલ છે. આમ મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી.

(૭) બે વર્ષમાં વ્ય. ક. મળેલ નથી. આમ, મંડળી ચલાવવા કોઈ રસ નથી.

આમ, ઉપરોકત તમામ કારણોસર સભાસદોના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી અપના બજાર કન્ઝ્યુમર્સ કો.ઓપ. સ્ટોર્સ લિ. મુ.તા.જી. મહેસાણા નોંધણી નંબર ઉનભ-૩૦૯૦ તા. ૪/૬/૮૫થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ,(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદા ની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો નિયત મુદતમાં કોઈ રજુઆત નહિ આવેલ હોય તો કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપી અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા તા. ૨૯-૭-૧૯૯૭

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં. ફડચ/૦૧/ધ/૧૬૭૦/૯૬ તા. ૧/૮/૯૬થી કારણદર્શક નોટીસ તેમજ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં ફડચ/૦૨/ધ/૨૬૨૧/૯૬ તા. ૨૮/૧૧/૯૬થી કારણદર્શક નોટીસ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૪૨/૯૭;ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી રાજીવનગર કો.ઓપ. હા. સો.લિ. મુ. પાટણ તા. પાટણ જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૩૪૩૯ તા. ૧૪/૧૧/૮૬થી નોંધાયેલ છે.

ઉપરોકત આમુખ નં-૨માં જણાવ્યા મુજબ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/ધ/૧૬૭૦/૯૬ તા.૧/૮/૯૬થી કારણદર્શક નોટીસ રજી. પોષ્ટ એ. ડી. થી પાઠવેલ. પરંતુ સ્વીકૃત થયા સિવાય પરત આપતા ન્યાયના હિતમાં ખુન:.તા ૨૮/૧૧/૯૬ના પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ. જેની બજવણી થયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈપણ પ્રકારની રજુઆત થયેલ નથી. કારણદર્શક નોટીસમાં નીચે મુજબની ખામીઓ જણાયેલ હતી.

(૧) તા. ૩૦/૬/૯૨ પછી ઓડીટ થયેલ નથી.
(૨) કલ રૂ. ૪૦૦/- ઓડીટ ફી સરકારશ્રીમાં ભરવાની ના પાડે છે
(૩- મંડળી છેલ્લા ૧૦ વર્ષથી સ્થગિત છે.
(૪) જમીન બાંધકામ અંગેની કોઈ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

તદ્‌પરાંત મંડળીનું તા.૩૦/૬/૯૨ ના સરવૈયા મુજબ દા.ફી. રૂા. ૧૬૦/૦૦ શેર ભંડોળ રૂા. ૧૬૦૦/- તથા અનામત રૂા૪-૦૦ છે. મિલકત લેણાં બાજુ મ. ડી. બેંકમાં રૂા.૧૬૦૦/- થયા છે. બાકી ખોટ રૂા. ૧૬૮/૦૦ છે. આમ, મંડળીની આર્થિક સ્થિતિ પણ બિલકલ નબળી છે. તેમજ મંડળીએ નોંધણી થયેથી આજદિન સુધી ઉદેશ્યો મુજબ કોઈ જ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, મંડળીના કાર્યવાહકો/સભાસદોને મંડળી ચલાવવામાં બિલકૂલ રસ ન હોય તેમ ફલિત થાય છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને લક્ષમાં લેતા મંડળી આજદિન સુધી વિદિત કરેલ ઉદેશ્યો અન્વયે પ્રવૃત્તિ કરવામાં નિષ્ફળ જવાને કારણે મંડળીને ફડચામાં લઈ જવાનું વ્યાજબી જણાતાં નીચે મુજબનો વચગાળાનો આદેશ કરું છું.

વચગાળાનો આદેશ

શ્રી રાજીવનગર કો.ઓપ. હા. સો. લિ. મુ. પાટણ તા. પાટણ જી. મહેસાણાને નોંધણી નંબર ધ-૩૪૩૯ તા.૧૪/૧૧/૮૬ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ના ખંડ ક, ખ, ગ(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખ-થી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કર-વામાં ચૂક થશે તો કલમ-૧૦૭(૩) હેઠળ આખી મંડળીને અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા ૩૦/૭/૯૭.

વંચાણે લીધા :
(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૭/૯૬ તા. ૯/૧/૯૭ની કારણદર્શક નોટીસ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૩) કારણદર્શક નોટીસ સામે તારીખ વગરની મંડળીના પ્રમુખ-શ્રીની રજુઆત.

(૪) તા. ૩/૭/૯૭ની સુનાવણી સમયે મંડળીએ તા૩/૭/૯૭ ના પત્રથી લેખીત રજુઆત.

પ્રસ્તાવના

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૪૩/૯૭;ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે શ્રી એઠોર વિવિધ કાર્યકારી

INDEX

સહકારી મંડળી લિ. મુ. એઠોર તા.સિદ્ધપુર જી. મહેસાણા નોંધણી નં. સે-૧૫૩૭૦ તા. ૯/૯/૫૯થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા પ્રમાણે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૭/૯૬તા.૯/૧/૯૭ થી મંડળીને કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ. જેમાં નીચે મુજબની ખામીઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) પેટા નિયમ મુજબ ધિરાણ/વસુલાત કામગીરી તેમજ સસ્તા અનાજની વહેંચણી, રાસા. ખાતર, બિયારણ વિ.ના વિતરણની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) પાછલો ઓડીટ વર્ગ 'ડ' છે.

(૩) કાર્યવાહકોને પણ મંડળીના કામમાં કે વિકાસમાં કોઈ જ રસ નથી.

(૪) મંડળીએ ડી.એ. પી. પ્રોગ્રામ મુજબ પ્રવૃત્તિ કરેલ નથી કે કરી શકે તેમ નથી.

ઉપરોકત કારણદર્શક નોટીસ સામે મંડળીએ તારીખ વગરના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

૧) તા. ૧૪/૧૧/૯૫ના પત્રથી રાસાયણિક ખાતરના લાયસન્સ માટે મંજુરી આપવા માટે પત્ર આપેલ. જે અન્વયે કોઈ પ્રત્યુત્તર ન મળતાં ખેતી વિષયક પ્રવૃત્તિમાં રાસાયણિક ખાતરનો ધંધો થઈ શકેલ નથી.

(૨) સ્થાનિક રાજકારણને લીધે ધીરાણની પ્રવૃત્તિ હાથ ધરવામાં મંડળીને માઠા પરિણામો ભોગવવા પડે તેમ છે. તેમ છતાં તમામ લોકો સામે સુમેળ સાધી સર્વસંમતિ સધાયેથી ધીરાણની પ્રવૃત્તિ હાથ ધરી શકાય તેમ છે. તેમ જણાવેલ છે.

ઉપરોકત બાબતોએ વિશેષ જાણકારી સારું મંડળીને તા.૩/૭/૯૭ ના રોજ કચેરીમાં હાજર રહી રૂબરૂ રજુઆત સારું તક આપેલ હતી. જેમાં પણ મંડળીએ તેઓના તા.૩/૭/૯૭નાં લેખિત પત્રથી તાત્કાલિક ધોરણે લાયસન્સ મેળવી ખાતર બિયારણ વિતરણની કામગીરી શરૂ કરવા નકકી કરેલ છે. તેમજ સ્થાનિક રાજકારણના કારણે ધીરાણની પ્રવૃત્તિ શરૂ કરવામાં ઘણાં જ ભયસ્થાનો રહેલ છે. જેમાં ખાસ કરીને મુદત વીતી બાકીદારો પાસેથી વસુલાત કરવી મુશ્કેલ પડે તેમ છે. તેમ જણાવેલ છે અને વધુ છ માસની મુદતની માંગણી કરેલ છે.

આમ, મંડળીએ આ અગાઉ તા. ૧૬/૭/૮૮ના રોજ ફડચામાં લઈ જવામાં આવેલી. જે મંડળીને ફરીથી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં.(પંચાયત) મહેસાણાના તા'૫/૧૨/૯૧ ના હુકમથી પુન:જીવીત કરીને એક તક આપવામાં આવેલ હોવા છતાં મંડળીએ આજ દિન સુધી પેટા નિયમ અન્વયે મુખ્ય ઉદેશ્ય ધીરાણની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. તેમજ ધીરાણ પ્રવૃત્તિ હાથ ધરવામાં ઘણા જ ભયસ્થાનો રહેલા છે. તેમ તેમના લેખિત રજુઆતમાં પણ કબૂલ કરેલ છે.

મંડળીને જો લાયસન્સ બાબતે કોઈ પ્રત્યુત્તર ન મળેલ હોય તો મંડળીએ અત્રેની કચેરીએ પુન:કોઈ લેખિત યા મૌખિક રજુઆત કરવાની પણ દરકાર કરેલ નથી. મંડળી હાલ બિલકુલ સ્થગિત છે, તેમજ મંડળીનો વર્ગ પણ 'ડ' છે. મંડળીના કાર્યવાહકો કે સભાસદોને મંડળી ચલાવવામાં લેશમાત્ર રસ હોય તેમ જણાતું નથી. મંડળીની સુનાવણી સમયે મંડળીના પ્રમુખશ્રી હાજર રહી કોઈપણ જાતના સાધનિક પુરાવા રજુ કરી શકયા નથી.

જે.—૮૧—૪૭.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ વિગતો ધ્યાને લઈને મંડળીને આટોપી લેવી યોગ્ય જણાતા સભાસદોના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરું છું.

હુકમ

આથી હું એ. બી. ગઢવી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

એઁઠોર કાર્યકારી સહકારી મંડળી લિ. એઁઠોર તા. સિદ્ધપુર જિ. મહેસાણા નોંધણી નંબર સે-૧૫૩૭૦ તા/૯/૯/૫૯ થી નોંધવામાં આવી હતી. તે સંસ્થાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)ક, ગ, (૨) અને (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧)અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે, ફળદ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા.૩૦/૭/૯૭.

વંચાણે લીધા :

(૧- મંડળીના મંત્રીશ્રીનો તા. ૧૧/૩/૯૭ના પત્રથી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાનો પત્ર(સા. સભાના ઠ. નં. ૨/૬-૨-૯, અન્વયે)

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૪૪/૯૭;ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી સરદારનગર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. વિસનગર તા. વિસનગર જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ૮૬૮૬/૨૪-૧૨-૮૦ છે.

ઉપરોકત આમુખ નં.૧માં જણાવ્યા મુજબ મંડળીના મંત્રીશ્રીએ તેઓના તા. ૧૧/૩/૯૭ના પત્રથી (સા. સભાના ઠ. નં. ૨/૬/અ/૯૪ ની નકલ સહિત) નીચેના કારણોસર મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા જણાવેલ છે.

(૧) તા. ૬/૨/૯૪ પછી મંડળીની વ્ય. કમીટી કે સા. સભા મળેલ નથી.
(૨) મંડળીના મંત્રીશ્રીએ વહીવટ સંભાળવા અસમર્થતા જાહેર કરેલ છે.
(૩) પ્લોટોની દરેક સભાસદોને ફાળવણી કરી દીધેલ છે.
(૪) મંત્રીશ્રીએ સને ૧૯૮૬થી આજ દિન સુધી માનદ્ સેવા આપેલ છે.

INDEX

(૫) કોઈપણ પ્રકારની વહીવટી કાર્યવાહી થતી નથી.
(૬) મંડળીનું સરવૈયું ચકાસતા તા.૩૦/૬/૯૫ના સરવૈયા મુજબ ચો. ખોટ રૂા. ૩૨૫૯૯-૯૩ છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લઈ મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માંગણી અન્વયે મંડળીને ફડચામાં લઈ જતો મુજબનો વચગાળાનો હુકમ કરું છું.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે ધી સરદારનગર કો.ઓપ.હા. સો. લિ. વિસનગર તા. વિસનગર જી. મહેસાણા નોંધણી નંબર-૮૬૮૬/૨૪-૧૨-૮૦થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ખ, ગ (૨) અને (૪) અન્વયે આથી ઉકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા-૧), મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે, રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો મુદ્દત પૂર્ણ થયે કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા.૩૦/૭/૯૭.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સ. મં., વિજાપુરની મંડળીને ફડચામાં લઈ જવાની ખાસ જોગવાઈની તા.૬/૧/૯૬ની દરખાસ્ત તેમજ જિલ્લા રૂપે. ઓડીર, સ. મં., મહેસાણાની તા.૧૧/૩/૯૬ની સદર મંડળીને ફડચામાં લઈ જવાનો અભિપ્રાય.

(૨) મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીને હિસાબી તેમજ અન્ય દફતર લખવા સંબંધે હાજર રહેવા બાબતનો તા,૨૬/૩/૯૭નો પત્ર.

(૩) સહકારી અધિકારી (ઉદ્યોગ) વિગત મજકૂર કચેરીનો તા. ૧૦/૬/૯૭થી મંડળીને ફડચામાં લઈ જવાનો અભિપ્રાય.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૪૫/૯૭;ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ગણેશ કો.ઓ. કન્ઝ્યુમર્સ સ્ટોર લિ. મુ. લાડોલ તા. વિજાપુર જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ભ-૧૯૮૬ તા. ૨-૧-૮૧ થી નોંધાયેલ છે.

ઉપરોકત આમુખ નં-૧માં જણાવ્યા પ્રમાણે ઓડીટર, સહકારી મંડળીઓ, વિજાપુરએ તેઓના તા ૬/૧/૯૬ ના પત્રથી ફડચામાં લઈ જવા અંગે વહીવટી ખાસ અહેવાલ કરેલ છે. જેને જિલ્લા રૂપેશ્યલ ઓડીટરશ્રી, સ. મં. મહેસાણાના તા.૧૧/૩/૯૬ના અનુમોદનથી ફડચામાં લઈ જવા જણાવેલ છે. અન્વેષણશ્રીએ ફડચામાં લઈ જવા અંગે વહીવટી ખાસ અહેવાલમાં તેઓને ઓડીટ સુપ્રત થતાં તેઓ ઓડીટ હાથ ન ધરી શકવાને કારણે નીચેના મુદ્દા તેઓના અહેવાલમાં રજુ કરેલ છે.

(૧) મંડળીનું ઓડીટ તા.૧/૭/૯૧ થી આજદિન સુધી બાકી છે.

(૨) મંડળીના મંત્રીશ્રીએ ઓડીટ સારું રેકર્ડ તૈયાર કરેલ નથી. તેમજ ઓડીટ માટે સુપ્રત કરેલ નથી.

(૩) અત્રેની કચેરીના તા. ૧૧/૮/૯૫ ના પત્ર અન્વયે મંડળીનું દફતર ઓડીટર સ. મં. વિજાપુરએ જમા કરેલ છે. જે તેઓના તાબામાં છે.

(૪) મંડળીના પ્રમુખશ્રીને રેકર્ડ લખાવવા અત્રેની કચેરીના તા. ૨૯/૯/૯૫ થી જણાવેલ. જે મુજબ પણ કોઈ પ્રગતિ થઈ નથી.

(૫) રેકર્ડ રજુ કરવા સંબંધે વિજાપુરની કોર્ટમાં આ પી.સી. ૧૭૫ કેસ નં. ૧૩૪૪/૯૪ તા.૧૫/૧૦/૯૪ થી દાખલ કરેલ છે.

(૬) મંડળીની વ્ય. કમીટી પેટા નિયમ મુજબ સુચવેલ જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ છે. મંડળીના સભાસદોના શ્રેષ્ઠ હિતોને નુકશાન પહોંચેલ છે મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

અત્રેની કચેરીના તા. ૨૬/૩/૯૭ના પત્રથી આદેશ વિસામો કયાં સુધી લખાયેલ છે તેમજ ઓડીટ કયાં સુધી થયેલ છે, તેની વિગત તેમજ આગળ હિસાબો લખવાની વ્યવસ્થા સારું તા. ૧૦/૪/૯૭ ના રોજ મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીને હાજર રહેવા જણાવેલ પરંતુ મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી, આમ, ઉકત તમામ બાબતો પરથી મંડળીના પ્રમુખ/મંત્રીશ્રી તેમજ કાર્યવાહકો પર નાંખવામાં આવેલ ફરજો પરત્વે બિલકુલ નિષ્કાળજી સેવતા હોય તેવું સ્પષ્ટ ફલિત થાય છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને લક્ષમાં લેતા સ્થગિત મંડળી તેમજ અત્રેથી આપવામાં આવતા સૂચનોનું પાલન કરવામાં બેદરકારી રાખતા મંડળીના પ્રમુખશ્રી તેમજ કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ ન હોય તેવું સ્પષ્ટ થતાં સભાસદોના હિત ખાતર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

INDEX

ધી ગણેશ કો.ઓપ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લી. મુ. લાડોલ તા. વિજાપુર, જી. મહેસાણાને નોંધણી નંબર ભ-૧૯૮૬ તા ૨/૧/૮૧ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ગ(૨) અને અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને કલમ-૧૦૭-૩- હેઠળ બહાલી આપી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૩૦/૭/૯૭ .

વંચાણે લીધા :

(૧) સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/૨૩૦/સને ૧૯૯૭ની તા.૧૬/૭/૯૭ની ફડચાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ચ/૧૭૬૪/૯૭;ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ચાણસ્મા વિભાગ ઘેટામાલિકોની સહકારી મંડળી લિ. મુકામ ચાણસ્મા તા. ચાણસ્મા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૧૫૬ તારીખ ૨૧/૭/૮૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૧૧૯૮/૯૭ તારીખ ૯/૫/૯૭થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૩૦/૯૭ તા.૧૬/૭/૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨ માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ચાણસ્મા વિભાગ ઘેટા માલિકોની સહકારી મંડળી લિ. ચાણસ્માની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૧/૭/૯૭.

વંચાણે લીધા :-

(૧) સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/૨૧૬/૯૭તા.૧૦-૭-૯૭ ની ફડચાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ચ/૧૭૬૫/૯૭; ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી જામઠા સેવા સહકારી મંડળી લિ. મુકામ જામઠા તા. પાટણ નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર સે-૧૨૨૨૮ તારીખ૬/૫/૭૪-થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર અ. મ. મહેસાણાની કચેરીના જાવક નંબર ફડચ/૦૧/ધ/૨૫૬૯/૯૪ તારીખ ૧૮/૮/૯૪ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક: ફડચ/૦૧/૨૧૬/૯૭ તા.૧૦/૭/૯૭ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ -૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી જામઠા સેવા સહકારી મંડળી લિ. જામઠા તા.પાટણની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૧-૭-૯૭.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નંઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫૫/૯૭ તા. ૧૯/૫/૯૭થી કારણદર્શક નોટીસ.

(૨) ગુજરાત સહકાડી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૬૮/૯૭; ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૭૧ અન્વયે શ્રી કલ્યાણ કો.ઓ. હા. સો.લિ. મહેસાણા, તા. જિ. મહેસાણા નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે.

જેનો નોંધણી નંબર ધ-૩૧૯૫/તા. ૧૧-૧૧-૬૮ થી નોંધાયેલ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીના તમામ પ્રયોજકોને તા. ૧૯-૫-૯૭ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તેમજ અત્રેની કચેરીએ તા. ૨૨-૫-૯૭ના રોજ હાજર રહી રૂબરૂ સ્પષ્ટતા કરવા તક આપવામાં આવેલ, પરતુ મંડળીના તમામ પ્રયોજકો પૈકી એક પણ પ્રયોજક હાજર રહેલ નથી. કે લેખિત

INDEX

માં કોઈ રજુઆત પણ કરેલ નથી. તા. ૧૯-૫-૯૭ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસમાં નીચેના મુદ્દાનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) ઓ. ગ્રે-૨ સ. મં. (પ્રમાણીત-૧, મહેસાણાએ તા.૩૦-૬-૯૬ના સમયનું ઓડીટ હાથ ધરવા સારૂં મંડળીની મુલાકાત લેતાં તેમજ મંડળીના પ્રયોજકોને કારણદર્શક નોટીસ પાઠવવા છતાં અન્વેષકશ્રીને ઓડીટ સારૂં પાઠવવા દફતર રજુ કરું શકયા નથી.

(૨) મંડળીના મુખ્ય પ્રયોજકશ્રી મગનલાલ કેવળદાસ પ્રજાપતિ તા. ૨૧-૧૨-૮૦ ના રોજ મૈયત થયેલ છે.

(૩) મંડળીની જમીન લીધેલ નથી. તેમજ પેટા નિયમ અન્વયે ઉદેશ્ય મુજબ કોઈજ કાર્યવાહી થયેલ નથી.

પટેલ પરસોત્તમદાસ કેવળદાસના નિવેદન મુજબ દફતર બાબતે તેમજ થયેલ ઓડીટ બાબતે કોઈ જાણકારી નથી. મંડળીની જમીન પણ લીધેલ નથી. તેમજ બેંકમાંથી કે હાઉ. ફાઈનાન્સ કોર્પો. માંથી પણ લોન લીધેલ નથી. કે મકાન બનાવેલ નથી. તેમજ મુખ્ય પ્રયોજકશ્રીનું અવસાન થયે લગભગ ૧૬ વર્ષ જેટલો સમય થયેલ હોઈ નોંધણી રદ કરવા અગર ફડચામાં લઈ જવા વિનંતી કરેલ છે.

આમ નીચેના પ્રયોજકો અને મંડળીની નોંધણી રદ કરવા તેઓના નિવેદનમાં જણાવેલ છે.

(૧) પટેલ પરસોત્તમદાસ કેવળદાસ.
(૨) પટેલ પીતાંમ્બરભાઈ પરસોત્તમભાઈ.
(૩) પટેલ ખોડીદાસ દ્વારકાદાસ.
(૪) પટેલ ભોગીલાલ દ્વારકાદાસ
(૫) પટેલ ખેમાભાઈ વિઠલદાસ

તદ્ઉપરાંત મુખ્ય પ્રયોજક, શ્રી; કલ્યાણ કો.ઓ. હા. સો. લિ. મહેસાણાના પુત્ર ભીખાભાઈ મગનભાઈ પ્રજાપતિએ પણ તેઓના પિતાશ્રીના કાર્યની તેઓને કોઈજ પ્રકારની જાણકારી ન હોવા અંગે જણાવેલ છે. તેમજ તેઓએ નીચે જણાવ્યા મુજબના સ્થળે/સરનામે ટપાલ ન લખવા જણાવેલ છે.
પ્રજાપતિ મગનલાલ કેવળદાસ (પાંચોટવાળા)

વહેપારી અને કમીશન એજન્ટ
ઠે. બજાર, મહેસાણા.

તેમજ સાથે મરણનો દાખલો બીડેલ છે. આમ ઉપરોકત પ્રસ્તાવના તેમજ આમુખને લક્ષમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી કલ્યાણ કો.ઓ. હા. સો. લિ., મું. મહેસાણા તા.જિ. મહેસાણાને નોંધણી નંબર ધ-૩૧૯૫ તા. ૧૧-૧૧-૬૮થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૧૦૭(૧)ના ખંડક, ગ(૧)(૨)(૪) હેઠળ ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકેથી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨/૮/૯૭.

નં. નધણુ/સે/૨૯૨૦૨/ધ-૧૮૧૨/૯૭;આથી જાહેર કરે છે કે શ્રી આદર્શ મહિલા કો.ઓ. બેન્ક લી. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૭/૮/૯૭.

નં.નધણુ/સે/૨૯૨૦૧/ધ-૧૮૧૦/૯૭; આથી જાહેર કરે છે કે શ્રી ચાણસ્મા તાલુકા ગોપાલક વિવિધ કાર્યકારી સ. મં. લી. મર્યાદિત સ્થળ ચાણસ્મા તાલુકો ચાણસ્મા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૭/૮/૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/ધ/૩૨૯/૯૬ તા. ૬/૨/૯૬ તેમજ અત્રેની કચેરીના પત્ર ક્રમાંકનં. ફડચ/૦૧ ધ/૧૧૮/૯૭ તા. ૯/૧/૯૭ થી કારણદર્શક નોટીસ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૧/૫૯૮૧/૯૭;શ્રી કારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. કારોલી તા. કલોલ, જી. મહેસાણાને નોંધણી નંબર ૧૭૧૪૩ તા. ૨૫/૨/૮૦ થી નોંધવામાં આવેલ છે.

સબ-ઓડીટર કે સ્પેશ્યલ ઓડીટર (દુધ) મીલ્ક ઓડીટ ઓફિસ મહેસાણાએ તેઓના તા. ૧/૭/૯૩ તા. ૩૧/૩/૯૫ ના ઓડીટ દરમ્યાન ખાસ અહેવાલ, ફડચા સંબંધિત તેઓના તા ૧/૯/૯૫થી રજુ કરેલ હતો. જે સંબંધે અત્રેના પત્ર ક્રમાંક;નં ફડચ/૦૧/ધ ૩૨૯/૯૬ તા.૬/૨/૯૬ થી કારણદર્શક નોટીસ મંડળીને આપવામાં આવેલ. જે બજ્યા સબંધે કોઈ આધાર અત્રેના દફતરે ન હોઈ પુન:અત્રેની કચેરીના પત્ર ક્રમાંક :ફડચ/૦૧/ધ/૧૧૮/૯૭ તા. ૯/૧/૯૭ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેની

INDEX

બજવણી થવા છતાં મંડળી તરફથી આજ દિન સુધી કોઈ લેખિત રજુઆત થયેલ નથી. નોટીસમાં નીચેના મુદ્દાઓને ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળી તેના પેટા નિયમ - મુજબના ઉદેશ્યો પ્રમાણે કામ-કાજ કરતી નથી.

(૨) મંડળી પેટા નિયમ મુજબ વ્ય. કમીટી તથા વાર્ષિક સાધારણ સભા મળતી નથી.

(૩) સભાસદો તથા કાર્યવાળકોને મંડળી ચલાવવામાં બિલ કુલ રસ નથી.

(૪) મંડળી કામકાજ કરતી બંધ થયેલ છે.

(૫) ઓડટી દુરસ્તી રીપોર્ટ તા.૧/૧૦/૯૧ થી તા.૩૧/૩/૯૫ સુધીના આપેલ નથી.

તદ્‌પરાંત મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડટી વર્ગ 'ડ' છે.

આમ, ઉકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાને લેતા મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નિચે મુજબનો આદેશ કરૂં છું.

શ્રી કારોલી દુ. ઉ.સ. મં. લિ. કારોલી તા. કલોલ જી. મહેસાણા નોંધણી નંબર ૧૭૧૪૩ તા ૨૫/૨/૮૦થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ના ખંડ ક, ગ(૨) અને (૪) હેઠળ ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હકમ સામે મંડળીએ કંઈ રજઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો કલમ ૧૦૭(ક) હેઠળ સદર હુકમને બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

મહેસાણા, તા. ૩૦/૨/૯૭.

બંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્રકમાંક:નંઉખસ/ફડચ/૦૧/ધ/૧૦૬૧/૯૭. તા. ૨૨/૪/૯૭થી કારણદર્શક નોટીસ.

(૨) મદદનીશ સહકારી અધિકારી (સેવા) લગત મજકૂર કચેરીના તા. ૨૭/૨/૯૭નો મંડળીને ફડચામાં લઈ જવાનો સ્પષ્ટ અભિપ્રાય.

(૩) વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં.૧૩/૨૨-૯-૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૨/૫૯૮૨/૯૭;શ્રી ફતેહ દર-વાજા ખેડૂત સેવા સહકારી મંડળી લિ. મુ. વિસનગર તા. વિસનગર જિ. મહેસાણાને નોંધણી નંબર સે. ૧૫૮૩ તા.૧૦/૬/૭૪થી નોંધા-યેલ મંડળી છે.

સદર મંડળીને અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંકનં.ઉખસ/ફડચ/૦૧ ધ/૧૦૬૧/૯૭ તા. ૨૨/૪/૯૭ ના પત્રથી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) ઓડીટ મેમા/ઈન્સ્પેકશન મેમાની વાસ્તવિક દુરસ્તી અહેવાલ દફ્તરે જોવા મળેલ નથી.

(૨) છેલ્લા પાંચ વર્ષનો ઓડટી વર્ગ 'ક' છે.

(૩- મંડળી કેટલાય સમયથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીના કાર્યવાહકો/સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૪) પેટા નિયમ મુજબ ધિરાણ, વેપાર પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૫) તા. ૩૦/૬/૯૬ના અંતે એકંદર ખોટ રૂા. ૨૫૧૮/૬૨ છે.

(૬) વાર્ષિક રૂા.૫૪૦/- મકાન ભાડું પગાર રૂા. ૬૦૦/- ખર્ચ પડે છે. જેની સામે આવક ન હોવાથી મંડળીની ખોટ ઉત્તરોત્તર વધતી જાય તેમ છે.

ઉકત તમામ બાબતોની સ્પષ્ટતા/રજુઆત સારૂં તા. ૮/૫/૯૭ના રોજ ૧૪-૩૦ કલાકે મંડળીના કોઈ પ્રતિનિધિ હાજર રહેવા સારૂં પૂરતી તક પણ આપવામાં આવેલ છે. પરંતુ મંડળી તરફથી કોઈ જ હાજર રહેલ નથી કે લેખિતમાં કોઈ રજૂઆત કરેલ નથી.

આ ઉપરાંત મંડળીએ વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૧૩/ ૨૨/૯/૯૬થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે. આમ, મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાના ઠરાવ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાના ઠરાવ અન્વયે મંડળીને ફડચામાં જતો નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ હું નીચે મુજબ આદેશ કરૂં છું.

શ્રી ફતેહ દરવાજા ખેડૂત સેવા સહકારી મંડળી લિ. મુ. વિસનગર તા. વિસનગર જિ. મહેસાણાને નોંધણી નંબર સે. ૧૫૮૩ તા. ૧૦/૬/૭૪થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ના ખંડ ક,ખ,ગા (૨- (૪) હેઠળ મંડળને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામા આવે છે તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧)ના અન્વયે ફડચા

INDEX

અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

વંચાણે લીધા :

(૧) સબ-ઓડીટર કે સ્પેશ્યલ ઓડીટર મીલ્ક, ઓડીટ ઓફિસ, મહેસાણાની તા.૧/૧/૯૬ની મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં ફડચ/૦૧/ધ/૩૩૦/૯૬ તા. ૬/૨/૯૬ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૯૪/૯૬ તા. ૧૨-૧૨-૯૬ થી તેમજ અત્રેન કચેરીના પત્ર ક્રમાંક:નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૭૨/૯૭/તા૯/૬/૯૭થી દૂધ સંઘને ઉદેશીને લખાયેલ પત્ર.

(૪) મંડળી વ્ય. કમીટીના ઠરાવ નંબર ૧ તા. ૮/૫/૯૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ.

પ્રસ્તાવના

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૩/૫૯૮૫/૯૭; શ્રી પેઢામણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. પેઢામણી તા. વિજાપુર જિ. મહેસાણા નોંધાયેલ દૂધ મંડળી છે. જે નોંધણી નંબર ૨૬૭૨૬ તા. ૩૧/૩/૯૩ થી નોંધાયેલ છે. સબ-ઓડીટર (લી.રી.) કુ સ્પેશ્યલ ઓડીટર (દૂધ), મીલ્ક ઓડીટ ઓફિસ, મહેસાણાના તા૧/૧/૯૬થી દરખાસ્ત મોકલી આપેલ છે. તા.૧/૪/૯૫ થી તા. ૩૦/૯/૯૫ ના ઓડીટ દરમ્યાન નીચેની ખામીઓ રજુ કરી ખાસ અહેવાલ ફડચા સંબંધી કરવામાં આવેલ છે. જે સબંધે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/ધ/૩૩૦/૯૬ તા. ૬/૨/૯૬થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેની બજવણી થયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ નથી.

(૧) મંડળીના કાર્યવાહકો તથા સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૨) ઓડીટ સમય દરમ્યાન મંડળી સદંતર બંધ રહેલ છે.

(૩) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી.

(૪) સંસ્થાના કર્મચારીઓએ રાજીનામા આપેલ છે.

તદ્‌પરાંત મંડળી વ્ય. કમીટીએ તેઓના ઠરાવ નં.૧/૮-૫-૯૫ થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે. તેમજ મંડળીએ તેઓના તા. ૨૦/૫/૯૫ના પત્રથી મંડળીના પ્રમુખશ્રીએ પણ તેઓના લેખિત પત્રથી જણાવેલ છે કે તા ૧૧/૯/૯૪થી ગ્રાહકો દૂધ ભરાવતા નથી. મંડળીનો વહીવટ ચાલી શકે તેમ નથી. વહીવટ ચલાવવો આર્થિક રીતે પરવડે તેમ નથી. તેમજ ગ્રાહકો દૂધ ભરાવવાની બિલકુલ ના પાડે છે. તો દૂધ મંડળી બંધ કરવા વિ. કરેલ છે. તેમજ મંડળીને ફડચામાં લઈ જવા જણાવેલ છે.

તદ્‌પરાંત અત્રેના તા. ૧૨/૧૨/૯૬ના પત્રથી તેમજ તા. ૯/૬/૯૭ના પત્રથી ધી મ. જિ. સ. દૂ. ઉ. સંઘ લિ. મહેસાણાને સદર મંડળીના સુપરવાઈઝરની તરફથી તપાસ કરી જરૂરી અહેવાલ મોકલી આપવા જણાવેલ. તેમ છતાં દૂધ સંઘ તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતા મંડળીના કાર્યવાહકોના ફડચામાં લઈ જવા સંબંધેના ભલામણ ઠરાવ અન્વયે તેમજ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો નિગાહે લેતા મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હકમ

આથી હું જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ હું નીચે મુજબ આદેશ કરું છું.

શ્રી પેઢામલી દૂ. ઉ. સ. મં. લિ. પેઢામલી તા. વિજાપુરને નોંધણી નંબર ૨૬૭૨૬ તા. ૩૧/૩/૯૩થી નોંધાયેલ દૂધ મંડળ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) અને (૪) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપતા કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ સદર હુકમને બહાલી આપાતો અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

વંચાણે લીધા :-

(૧) ઓ. ગ્રેડ ૨(૨) સ. મં. વિજાપુરનો તા. ૧/૧/૯૭નો ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/ધ/૮૦૩/૯૭ તા. ૨૦/૩/૯૭થી કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૪/૫૯૮૪/૯૭ :-શ્રી હસ્નાપુર (સે.) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. હસ્નાપુર (એસો.) તા. વિજાપુર, જિ. મહેસાણાથી નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૩૮૮૦ તા. ૨૩/૭/૭૬ છે. ઓડીટરશ્રી ગ્રેડ-૨(૨) સ. મં. (દૂધ), વિજાપુરએ તેઓના તા. ૧/૧/૯૭ના પત્રથી સદર મંડળીને

ફડચામાં લઈ જવાની દરખાસ્ત મોકલી આપેલ જે સંબંધે અત્રેના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/ધ/૮૦૩/૯૭ તા. ૨૦/૩/૯૭ થી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ, જેની બજવણી થયેલ હોવા છતાં મંડળી એક વર્ષથી કોઈ રજૂઆત થયેલ નથી. કારણદર્શક નોટીસમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીએ તા. ૨૬/૮/૯૪થી કોઈપણ જાતની બિલકુલ પ્રવૃત્તિ કરેલ નથી.

(૨) મંડળીના તમામ કર્મચારીઓને તા. ૩૧/૮/૯૪થી છૂટા કરેલ છે. માત્ર દફતર નિભાવણી પૂરતા તા. ૧/૯/૯૪ થી કામચલાઉ મંત્રી તરીકે નિમણુંક કરેલ છે.

(૩) પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશ્યો મુજબ કોઈ જ કામગીરી કરેલ નથી.

(૪) સભાસદોને મંડળી પ્રત્યે કોઈ જ રસ નથી.

(૫) સભાસદોને ખાનગી ડેરીઓ પ્રત્યે આકર્ષણ વધુ છે.

(૬) મંડળીનું તા. ૩૦/૯/૯૬ના રોજનું સરવૈયું ચકાસતા ખોટ રૂા. ૫૨૦૦-૮૦ છે.

(૭) ૯૫-૯૬ના વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે.

તદ્ઉપરાંત તા. ૩૦/૯/૯૬ના રોજના સરવૈયા મુજબ ચોખ્ખી ખોટ રૂા. ૫૨૦૦-૮૦ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ હું નીચે મુજબનો આદેશ કરૂં છું.

શ્રી હરનાપુર દૂ.ઉ.સ.મં.લિ. હરનાપુર (સો.) તા. વિજાપુર, નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૩૮૮૦ તા. ૨૩/૭/૭૬ થી નોંધાયેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ના ખંડ ક,ગ, (૨) અને (૪) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું તથા કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજૂઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો કલમ-૧૦૭ (૩) અન્વયે સદર હુકમને બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર સ. નં. કલોલની તા. ૧૭/૧૦/૯૬નો મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૧/૯૭ મળ્યા બદલની સ્વીકૃતિ પાવતી.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ--૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૫/૫૯૮૩/૯૭ :- ધી ઈન્દ્રપુરા-ગુલાબપુરા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. ઈન્દ્રપુરા તા. વિજાપુર નોંધાયેલી મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૪૩૩૯ તા. ૧૨/૩/૯૧થી નોંધાયેલ છે.

સદર મંડળીનું તા. ૧/૭/૯૫થી તા. ૩૦/૬/૯૬ના સમયનું ઓડીટ ઓડીટર સહકારી મંડળીઓ, કલોલ એ હાથ ધરતા તેઓએ તેઓના તા. ૧૭/૧૦/૯૬ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા અંગે ખાસ અહેવાલ રજું કરેલ છે. જે સંદર્ભમાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૧/૯૭ તા. ૨૮/૧/૯૭થી કારણ-દર્શક નોટીસ મોકલી આપવામાં આવેલ, પરંતુ મંડળીને સદર નોટીસ ની બજવણી થયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ જ રજુઆત થયેલ નથી. કારણદર્શક નોટીસમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ અહેવાલમાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી કે દુરસ્તી અહેવાલ સંબંધકર્તા ઓડીટરશ્રીને મોકલી આપેલ નથી.

(૨) મંડળીએ પેટા નિયમ ઉદ્દેશ્યમાં જણાવેલ હેતુઓ પૈકી પેટા નિયમ ૨(ક) (ખ), (ધ), (ઘ) અન્વયે છેલ્લા બે વર્ષથી પ્રવૃત્તિ કરેલ નથી.

(૩) રાયડા પુલીંગ જેવી મહત્વની કામગીરી મંડળીએ છેલ્લા ૨ વર્ષથી બંધ કરેલ છે. તથા વ્ય. કમીટી સભ્યો પોતાના રાયડાનું વેચાણ મંડળી મારફત કરતા નથી.

(૪) જિલ્લા સહકારી સંઘને લિ, ફંડ ભરવાનું બાકી હોવા છતાં ડિવિડંડ વહેંચેલ છે.

(૫) મંડળીની વાર્ષિક સાધારણ સભાના પેટા નિયમ-૧૫(૧) અન્વયે તેલીબીયાં એકઠા કરવાની અને ફેડરેશનની સૂચના મુજબ વખતસર સંઘને પહોંચતી કરવાની વ્યવસ્થા અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૬) પેટા નિયમ ૩૧(ગ)(૬) અન્વયે સભાસદોએ મંડળીમાં જ પોતાના તેલીબીયાં આપવાની લેખિત બાંહેધરીનો ભંગ ભંગ કરેલ છે.

(૭) પેટા નિયમ-૫(૫) અન્વયે સભ્યો પોતાના તેલીબીયાં મંડળી મારફત ન પહોંચતા અન્ય વેપારીઓને વેચાણ કરેલ છે.

INDEX

(૮) પેટા નિયમ ૨૩(૮) અન્વયે વ્ય. કમીટી સભ્યોએ પોતાના તેલીબીયાં મંડળી મારફત વેચાણ કરેલ હોવા જોઈએ. છતાં વ્ય. ક. સભ્યોએ મંડળી મારફત તેલીબીયાં વેચેલ નથી.

(૯) પેટા નિયમ-૨૬ અન્વયે વ્ય. ક. બેઠકો દર માસે ઓછામાં ઓછી એક વખત મળવી જોઈએ. જે ફકત ત્રણ જ વ્ય. ક. બેઠક મળેલ છે.

(૧૦) નીચે જણાવ્યા પ્રમાણે વ્ય. ક. એ કામગીરી કરેલ જણાતી નથી.

પેટા નિયમ	ન કરેલ કામગીરી
૩૨ (૭)	મંડળીના હિસાબો તપાસવા, રોકડ સિલક ગણવી તથા રોજમેળ નિયમિત સહીઓ કરવાના અધિકાર આપવા.
૩૨(૧૫)	દુરસ્તી અહેવાલ મોકલી સામેલ નથી.
" (૧૮)	મંડળીના ચોપડા, સાધન, માલ સ્ટોક વિ. અંગેની જવાબદારી નક્કી કરેલ નથી.
" (૧૯)	માલ-સ્ટોકનો વિમો લીધેલ નથી.
" (૨૦)	તેલીબીયાં, વનસ્પતિ ઘી, પશુ આહાર, ખાતર વિ. ની ખરીદ-વેચાણ પ્રવૃત્તિ કરેલ નથી.
" ૨૪ (૩)	કર્મચારી જામીન મત મેળવેલ નથી.
" ૩૩(૪)	માલ-સ્ટોક-સિલાઈ ખરાઈ ચકાસણી થતી નથી.
" ૩૭(બ)	ચોખ્ખા નફાની ફાળવણી પેટા નિયમ સાથે સુસંગત વિગતે કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને લક્ષમાં લેતા મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણા મને મળેલ સત્તા ની રૂએ નીચે મુજબ આદેશ કરુ છું.

ધી ઈન્દ્રપુરા-ગુલાબપુરા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. ઈન્દ્રપુરા તા. વિજાપુર, નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૪૩૩૯ તા. ૧૨/૩/૯૧થી નોંધાયેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ગ (૨) અને (૪) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરી એ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ સદર હુકમને બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭

વંચાણે લીધા :—

(૧) પ્રમાણીત ઓડીટર, પાટણની તા. ૧૫-૧-૯૭ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/૪૦૨/૯૭ના તા. ૨૦-૨-૯૭ના પત્રથી કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૬/૫૯૮૭/૯૭ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી આનંદ કો. ઓપ. હા. સો. લિ. મુ. પાટણ નોંધણી નં. ૯૩૪૩ તા. ૧૮/૧/૮૨થી નોંધાયેલ મંડળી છે.

પ્રમાણીત ઓડીટર, પાટણ એ સદર મંડળીનું તા. ૧/૭/૯૫થી તા. ૩૦/૬/૯૬ ના સમયનું ઓડીટ હાથ ધરેલ. જે અંગે તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવા સંબંધે ભાલામણ કરેલ છે. જે અંગે અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક નં. ફડચ-૦૧-૮૦૨-૯૭ તા. ૨૦/૩/૯૭ના પત્રથી કારણદર્શક નોટીસ પાઠવેલ . પરંતુ "માલીક" જાણમાં નથી. ના શેરા સાથે આર.પી.એ.ડી. કવર પરત આવેલ છે. જેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) રહેઠાણના બ્લોકોમાં કેટલાક સભ્યોએ ધંધાકીય પ્રવૃત્તિ માટે બાંધકામ કરેલ છે.

(૨) દાખલ થયેલા સભ્યોનો ઉદ્દેશ ફકત નફાકીય પ્રવૃત્તિનો છે.

(૩) સભ્યો નિયમ વિરૂધ્ધ સંયુકત સભ્યપદ ધરાવે છે. એક જ કુટુંબના પણ સભ્યો છે.

(૪) સભ્યો આવી બીજી મંડળીમાં પણ સભ્યપદ ધરાવે છે. સભ્યોએ પૂરતા એકરારનામા પણ આપેલ નથી.

(૫) સભ્યોએ આજદિન સુધી મકાનો બાંધી રહેઠાણની વ્યવસ્થા કરી નથી. મંડળીએ આ અંગે કોઈ પ્રયાસ કરેલ નથી કે કરી શકે તેમ નથી.

(૬) એકાદ વહીવટકર્તા સિવાય મંડળીની કામગીરી વિષે કોઈને ખ્યાલ નથી.

(૭) તા. ૩૦/૬/૯૬નું સરવૈયું ચકાસતા મંડળીની ખોટ રૂા. ૧૫૩૨-૨૨ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતોને લક્ષમાં લઈ મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

ધી આનંદ કો. ઓપ. હા. સો. લિ. મુ. પાટણ નોંધણી નં. ૯૩૪૩ તા. ૧૮/૧/૮૨થી નોંધાયેલ મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ

ક, ગ (૨), (૪) હેઠળ સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુંકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૩(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

વંચાણે લીધા :

(૧) મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીનો તા. ૧૩-૩-૯૭ના પત્રથી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા અંગેનો પત્ર (તા. ૨૯-૯-૯૬-ની સાધારણ સભાની નોટિસ તેમજ ઠરાવ નં.-૯/૨૯-૯-૯૬થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાનો ઠરાવ૯૫/૯૬ના હિસાબો તેમજ શેર ભંડોળ/ધિરાણ બાકીની યાદી સહિત.

(૨) સહકારી અધિકારી (ઉદ્યોગ) લગત મજકૂર કચેરી તરફથી સ્થળ પાસણી થતાં તેઓના તા. ૧૦-૬-૯૭ની નોંધ મુજબ મંડળીને ફડચામાં લઈ જવાનો અભિપ્રાય.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૩ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૭/૫૯૮૬/૯૭.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી કડી મ્યુ. ભંગી કામદાર શાખ સહકારી મંડળી લી., મુ. કડી તા. કડી. જિ. મહેસાણાએ નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર-૧૫૩૫૭ તા. ૩૦-૯-૫૭ છે. સદર મંડળીના પ્રમુખ/મંત્રી-શ્રી એ તેઓના તા. ૧૩-૩-૯૭ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા વિનંતી કરેલ છે. મંડળીએ ઠરાવ નં.-૯/૨૯/૯/૯૬થી સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ઠરાવેલ છે. જે સંબંધે વિસ્તૃત જાણકારી સારૂ અત્રેની કચેરીના સહકારી અધિકારી (ઉદ્યોગ) ને સ્થળ તપાસણી કરી ફડચામાં લઈ જવા સંબંધે સ્વયં-સ્પષ્ટ અહેવાલ માંગતા તેઓના તા. ૧૦-૬-૯૭ની નોંધ અન્વયે નીચેના કારણોસર મંડળીને ફડચામાં લઈ જવા જણાવેલ છે.

(૧) મંડળી છેલ્લા ૩ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીના સભાસદો/કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૩) મંડળી પેટા નિયમ તથા સહકારી કાયદા, કાનૂન મુજબ ચાલતી નથી.

(૪) છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ મેમાની દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલી આપવામાં આવેલ નથી.

(૫) વ્ય. કમીટી સભાઓ નોન-કોરમ ભરાય છે. પ્રમુખ/મંત્રી શ્રી સિવાય કોઈપણ વ્ય. ક. સભ્ય સભામાં હાજરી આપતા નથી.

(૬) તા. ૩૦-૬-૯૬ના રોજ મંડળીના તામમ સભાસદો પાસે ધિરાણ મુદત વીતી બાકી પડે છે. જેની વસૂલાત અંગે દાવાઓ કરવામાં આવેલ નથી.

(૭) સ્વકીય ભંડોળ કરતાં ધિરાણ મુદત વીતી બાકી વધુ છે. પેટા નિયમ વિરૂદ્ધ મર્યાદા કરતા વધુ ધિરાણ થયેલ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ હકીકતો નિગાહે લઈ મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માંગણી મુજબ નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ વચગાળાનો આદેશ કરૂં છું.

કડી મ્યુ. ભંગી કામદાર સહકારી મંડળી લી., મુ. કડી તા. કડી જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર-૧૫૩૫૭ તા. ૩૦-૯-૫૭ તા. ૩૦-૯-૫૭ છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ (૧)ના ખંડ ક, ખ, ગ (૨), (૪) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૩(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૩૦-૮-૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/ધ/અ૩-૧૬૭૬ તા. ૧/૮/૯૬થી કારણદર્શક નોટીસ તેમજ કારણદર્શક નોટીસ સ્વીકૃત થયા સંબંધની સ્વીકૃતિ પાવતી.

(૨) મદદનીશ સહકારી અધિકારી(સેવા) લગત મજકૂર કચેરીનો સદર મંડળીને ફડચામાં લઈ જવા સંબંધેનો તા૧૬/૬/૯૭થી અભિપ્રાય.

INDEX

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં.ઉખસ/ફડચા/૦૧/ધ/૧૯૩૮/૫૯૮૮/૯૭; ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ઉંઝા કમાણીયાપુરા સેવા સહકારી મંડળી લિ. મું. ઉંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૨૨૯૩ તા.૩/૩/૮૭છે.

મ. ડી. સે. કો.ઓપ. બેંક લિ. મહેસાણાએ તેઓના તા. ૩૦/૫/૯૫ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા દરખાસ્ત કરેલ. જે સંબંધમાં અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક:નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૬૭૬/૯૬ તા ૨૭/૩/૯૬થી સ્પષ્ટતા માંગેલ. પરંતુ મંડળી તરફથી કોઈ સ્પષ્ટતા ન થવાને કારણે અત્રેનાપત્ર ક્રમાંક:ફડચ/૦૧/ધ/૧૬૭૬ તા૧/૮/૯૬થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ છે.

(૧) મંડળીના છેલ્લા ૫ વર્ષનો ઓડીટ વર્ગ 'ડ' છે.
(૨) પેટા નિયમ મુજબ કામગીરી શરૂ કરેલ નથી.
(૩) સંસ્થા બિન અર્થસર છે.
(૪) મંડળી બેંકમાંથી લોન ઉપાડ કરતીનથી. ફકત પોતાના ભંડોળ-માંથી ૭ સભ્યોને રૂા.૧૦૩૬૭/-નું ધીરાણ કરેલ છે. જે મુદ્દત વીતી બાકી છે.
(૫) દફતરો નિયમિત લખાતા નથી.
(૬) પેટા નિયમ મુજબ વ્ય. કમીટીની નિમણુંક કરવામાં આવતી નથી.
(૭) મંડળીને ચાલુ રાખવી સભાસદોના હિતમાં નથી.

જે અંગે મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી(સેવા)ને સ્થળ ચકાસણી કરી સ્વયંસ્પષ્ટ અહેવાલ માંગતા તેઓના તા. ૧૬/૬/૯૭ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય આપેલ છે. તેઓએ તેઓના અહેવાલમાં નીચેના મુદ્દા રજુ કરેલ છે.

(૧) પેટા નિયમ મુજબ દર માસે વ્ય. કમીટીની બેઠક મળેલ નથી. ૩/૯૬, ૯/૯૬, ૨/૯૭, ૫/૯૭ માં વ્ય. કમીટીની બેઠક મળેલ નથી.
(૨) રોજમેળ રોજ-બરોજ લખાતો નથી.
(૩) છેલ્લા ૬ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે.
(૪) પેટા નિયમ મુજબ ધિરાણ પ્રવૃત્તિ તેમજ વેપાર પ્રવૃત્તિ કરેલ નથી.
(૫) પગારદાર કર્મચારીની નિમણુંક કરેલ નથી.
(૬) મૈયત થયેલ સભાસદના વારસદારના નામે શેર ટ્રાન્સફર કરેલ નથી.
(૭) પુરવઠા નિયંત્રિત માલ-સામાનનું વિતરણ કરેલ નથી.
(૮) પાછલા ઓડિટ નોંધની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.
(૯) પેટા નિયમ ૪૫(૪) મુજબ દર માસે ઓછામાં ઓછી એક વખત તમામ સિલક બેંકમાં જમા કરાવેલ નથી.
(૧૦) વ્ય. કમીટીએ પેટા નિયમ ૪૪(૩) મુજબ ભંડોળ ઉભું કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી.
(૧૧) રીઝર્વ ફંડ કાઢતા વ્યાજબી ડિવિડંડ વહેંચી શકાય તેટલો નફો કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતોને લક્ષમાં લેતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું નીચે સહી કરી આપનાર જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ઉંઝા કમાણીયાપુરા સેવા સહકારી મંડળી લિ. મુ. ઉંઝા, તા.સિદ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૨૨૯૩/તા૩/૩/૮૭થી થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ની ખંડ ક, ગ(૨), (૪) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧)અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ ૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા.૩૦/૮/૯૭.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં. ફડચ/૦૧/ધ/૦૧/૧૪૦૦/૯૬ તા. ૯/૭/૯૬ની જાણમાં નથી ના શેરા સહ પરત આવેલ કારણદર્શક નોટીસ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:નં.ફડચ/૦૧/ધ/૧૨૦/૯૬ તા. ૯/૧/૯૭થી કારણદર્શક નોટીસ.

(૩) ઓડીટર, સ. મં. (ગ્રાહક) પાટણની તા.૩૦/૩/૯૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૪) વાર્ષિક સાધારણ સભાનો ઠરાવ નં-૧૦ તા.૧૯/૯/૯૫ થી તેમજ વ્ય. કમીટીના ઠરાવ નંબર ૫/તા૩૦/૧૧/૯૫થી મંડળી ને ફડચામાં લઈ જવાનો ઠરાવ.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૩૯/૬૫૯૮૯/૯૭;ધી પાટણ તાલુકા મજૂર કામદાર સહકારી મંડળી લિ. મુ. પાટણ તા. પાટણ જી. મહેસાણાને નોંધણી નંબર ઉખસ/૫૬૮૬ તા૧૩/૭/૮૭થી નોંધવામાં આવેલ છે. ઓડીટર સ. મં. (ગ્રાહક), પાટણની તા.૩૦-૩-

INDEX

૯૬થી ફડચા સંબંધી ખાસ અહેવાલની દરખાસ્ત અન્વયે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/૧૪૧૦/ધ/૯૬ તા.૯/૭/૯૬ થી કારણદર્શક નોટીસ રજી. પોષ્ટ એ. ડી. થી મોકલી આપેલ. પરંતુ કવર પર જાણમાં નથી ના શેરા સહ પરત આવેલ. જેથી પુન: અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/૧૨૦/ધ/૯૭ તા.૯/૧/૯૭ના પત્રથી કારણદર્શક નોટીસ મોકલી આપવામાં આવેલ. જેની બજવણી થયેલ હોવા છતાં મંડળી તરફથી આજદિન સુધી કોઈ જ રજુઆત થયેલ નથી.

કારણદર્શક નોટીસમાં નીચેથા મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળી છેલ્લા સાત વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૩) મંડળીમાં ખોટ રૂા.૨૯૦૫૯-૧૭ તા ૩૦/૬/૯૫ના સરવૈયા મુજબ છે.

(૪) મંડળીનો ઓડીટ વર્ગ 'ડ' છે.

આમ, ઉકત આપની ઉપરોકત મંડળીએ વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નંબર ૧૦/૧૯-૯-૯૫ થી તેમજ વધારાના ઠરાવ નંબર ૫/૩૦/૧૧/૯૫ થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા માંગણી કરેલ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ બાબતોને ધ્યાને લેતા મંડળીની માંગણી મુજબ સદર મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ હું નીચે મુજબ આદેશ કરું છું.

ધી પાટણ તાલુકા મજૂર કામદાર સહકારી મંડળી લિ. મુ. પાટણ તા. પાટણ જિ. મહેસાણાને નોંધણી નંબર ઉખસ/૫૭૮૬ તા. ૧૩/૭/૮૭થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ખંડ ક, ખ, ખ(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં અવે છે. અને આ અંગે નીમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદ્દતમાં કરવાની રહેશે. સરકારશ્રીનું લ્હેણું પ્રથમ વસુલ કરવાનું રહેશે.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૯/૯૭ તા. ૯/૧/૯૭ થી કારણદર્શક નોટીસ.

(૨) મંડળીના પ્રમુખશ્રીનો તા. ૨૬/૩/૯૭ થી મંડળીને ફડચામાં લઈ જવાનો પત્ર.

(૩) વાર્ષિક સામાન્ય સભાનાં ઠ. નં.૩/૩૦૯/૯૫ થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાનો ઠરાવ તેમજ વ્ય. ક.ના ઠ. નં. ૨/૧૦-૧૦-૯૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમો-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૪૦/૫૯૯૦/૯૭;શ્રી ચવેલીનગર કો. ઓપ. હા. સો. લિ. નાગલપુર તા. જી. મહેસાણાને નોંધણી નંબર ધ-૧૦૩૧૨ તા. ૧૨-૧૧-૮૨ થી નોંધવામાં આવેલ ગૃહ મંડળી છે.

સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંકનં.ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૯/૯૭ તા.૯/૧/૯૭થી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ. જેમાં નીચે મુજબની ખામીઓ રજુ કરેલ હતી.

(૧) સદર મંડળીનાં ઓડીટ વર્ગ 'ડ' છે.

(૨) મંડળીએ પેટાનિયમ મુજબ બાંધકામની કોઈ જ પ્રવૃત્તિ કરેલ નથી.

(૩) મંડળીએ ૧૧ વર્ષથી કોઈજ કામગીરી કરેલ નથી.

(૪) મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

જે કારણદર્શક નોટીસની બજવણી થતાં મંડળીના પ્રમુખશ્રીએ તેઓના તા. ૨૬/૩/૯૭ ના પત્રથી મંડળીને સત્વરે ફડચામાં લઈ જવાની કાર્યવાહી કરવા ભલામણ છે.

આમ, ઉપરોકત આમુખમાં જણાવ્યા મુજબ વા. સા. સભાના ઠ. નં.૩/૩૦/૯/૯૫ થી તેમજ વ્ય. ક. ના ઠ. નં.૨-/૧૦/૧૦/૯૬ થી મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

આમ, મંડળીની સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માંગણી મુજબ નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

શ્રી ચવેલીનગર કો.ઓપ. હા. સો. લિ. મુ. નાગલપુર તા. જી. મહેસાણાને નોંધણી નંબર દા-૧૦૩૧૨ તા. ૧૨-૧૧-૮૨ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. આ અંગે ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદ્દતમાં પૂર્ણ કરવાની રહેશે. સરકારશ્રીનું લ્હેણું પ્રથમ વસુલ કરવાનું રહેશે.

મહેસાણા, તા.૩૦/૮/૯૭.

INDEX

વંચાણે લીધા :

(૧) સબ-ઓડિટર સહકારી મંડળીઓ (નં.જ.-૧), મહેસાણાનો તા. ૧-૧-૯૭થી મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૧/ધ/૩૧૩/૯૭ તા. ૨૮-૧-૯૭થી મંડળીને ફડચામાં લઈ જવાની કારણ દર્શક નોટિસ તેમજ તે સ્વીકૃત થયા બદલની પાવતી.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૪૧/૯૭.

ધી મેલોજ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ., મેલોજ તા. સિદ્ધપુર, જિ. મહેસાણાને નોંધણી નંબર-૨૫૯૩૫ તા. ૧૦-૨-૯૨થી નોંધાયેલ મંડળી છે.

સદર મંડળીનું તા. ૧-૭-૯૪થી તા. ૩૦-૬-૯૬ના સમયનું ઓડિટ સબ-ઓડિટર, સહકારી મંડળીઓ (નં.જ.-૧), મહેસાણાએ કરતા તેઓના તા. ૧૦૧-૯૭ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા સંબંધે કલમ-૧૦૭ મુજબ ખાસ અહેવાલ રજુ કરેલ છે. જે સંબંધે અત્રેના પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૧/ધ/૩૧૨/૯૭ તા. ૨૮-૧-૯૭થી મંડળીને કારણ દર્શક નોટિસ આપવામાં આવેલ. જેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો. પરંતુ સદર કારણ-દર્શક નોટિસની બજવણી થયેલ હોવા છતાં મંડળી તરફથી આજ-દિન સુધી કોઈ જ રજુઆત થયેલ નથી.

(૧) મંડળી છેલ્લા ત્રણ કરતા વધુ વર્ષથી સ્થગિત છે.

(૨) તા. ૪-૪-૯૪ પછી મંડળીની વાર્ષિક સાધારણ સભા સને ૧૯૯૪-૯૫ અને ૧૯૯૫-૯૬ના વર્ષની મળેલ નથી. સરકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૩) તા. ૪-૪-૯૪ની વાર્ષિક સાધારણ સભામાં ફક્ત ૨(બે) સભ્યોની હાજરી બાબતે સહી છે. સભાસદોને મંડળીના વહીવટમાં કોઈ રસ નથી.

(૪) મંડળીની વ્ય. કમીટીની બેઠક છેલ્લા ૨ વર્ષથી મળેલ નથી. વ્ય. ક. સભ્યોને મંડળીમાં સંચાલનમાં રસ નથી.

(૫) ઓડિટ દરમ્યાન મંડળીના પ્રમુખશ્રી હાજર રહેલ નથી. તેમજ મંત્રી તરીકે કોઈ ઈસમ નથી.

(૬) મંડળીએ છેલ્લા ૩ વર્ષથી ઓડિટ ફી ભરેલ નથી.

(૭) મંડળી ઉદ્દેશ્યો મુજબ કામ કરતી બંધ થયેલ છે. તેમજ ભવિષ્યમાં ઉદ્દેશ્યો મુજબ કામ કરે તેમ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ વિગતો નિગાહે લેતા મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં સદર મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ :

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળે અધિકારની રૂએ હું નીચે મુજબ આદેશ કરૂં છું.

શ્રી મેલોજ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મેલોજ તા. સિદ્ધપુર જિ. મહેસાણા નોંધણી નંબર-૨૫૯૩૫ તા. ૧૦-૨-૯૨થી નોંધાયેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ (૨) (૪), હેઠળ મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : -ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવા હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સહ-કારી કાયદાની કલમ-૧૦૭(ક) હેઠળ સદર બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

મહેસાણા, તા. ૩૦-૮-૯૭.

વંચાણે લીધા :

(૧) ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (ખેરાલું)ની તા. ૧૦-૧૦-૯૬ ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ--૧૦૭ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૩૧૨/ તા. ૨૮-૧-૯૭થી કારણ દર્શક નોટિસ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૪૨/૫૯૯૩/૯૭.

શ્રી ગવાડા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગવાડા તા. વિજાપુરને નોંધણી નંબર-૨૦૬૫૫/જ/૫૬૭ તા. ૧૯-૩-૮૫થી નોંધાયેલ મંડળી છે.

ઓ. ગ્રે.-૨, સહકારી મંડળીઓ, ખેરાલું એ તેઓના તા. ૧૦-૧૦-૯૬ ના પત્રથી તા. ૧-૭-૯૪થી તા. ૩૦-૬-૯૬ના ઓડિટ દરમ્યાન સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહે-વાલ રજુ કરેલ છે. જે સંબંધમાં અત્રેથી તા. ૨૮-૧-૯૭ ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની કારણ દર્શક નોટિસ પાઠ-વેલ. જેની બજવણી થયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ રજુ-આત થયેલ નથી. તા. ૨૮-૧-૯૭ની કારણ દર્શક નોટિસમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીના મંત્રીશ્રીની જગા ભરેલ નથી.

(૨) સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે. ઓડિટ સમયમાં બે વખત વાર્ષિક સાધારણ સભા મળવી જોઈએ, જે મળેલ નથી.

INDEX

(૩) મંડળીના પેટા કાયદાની કલમ-૨ (૩) થી (જ) માં જણાવેલ ઉદ્દેશ્યો પ્રમાણે મંડળી બિલકુલ કામ કરતી નથી.

(૪) પેટા કાયદાની કલમ-૩૨ અન્વયે વ્ય. ક. ની બેઠક બીલકુલ મળેલ નથી.

(૫) સંસ્થાનો છેલ્લા ચાર વર્ષથી ઓડિટ વર્ગ "ડ" છે"

(૬) સંસ્થાએ સને ૧૯૯૦-૯૧થી ૧૯૯૩-૯૪ના ઓડિટ નોંધના દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

(૭) મંડળી ચલાવવામાં મંડળીના સભાસદ વ્ય. ક. સભ્યોને બિલકુલ રસ નથી.

(૮) તા. ૩૦-૩-૯૬ના અન્વયે રાયડા સબસીડી રૂા. ૩૦૦/- તથા ગોકુડે ફર્નીચર સહાય રૂા. ૩૦૦૦/- પરત જમા કરાવેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતોને ધ્યાને લેતાં તેમજ મંડળીના પ્રમુખશ્રીના તા. ૨૭-૯-૯૬ના લેખિત નિવેદન અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા વિનંતી કરતાં સદર મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ હુકમ કરું છું.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ કરું છું.

શ્રી ગવાડા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગવાડા તા. વિજાપુર. જિ. મહેસાણાને નોંધણી નંબર-૨૦૬૫૫/જ/૫૬૭ તા. ૧૯-૩-૮૫થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯-૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ,(૨) અને (૪) હેઠળ આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તેથી સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (ક) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

મહેસાણા, તા. ૩૦-૮-૯૭.

વંચાણે લીધા :-

(૧) મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો મંડળીના પ્રમુખશ્રીનો તારીખ વગરનો પત્ર.

(૨) ખાસ સા. સભાના ઠરાવ નં. ૩/૫-૧૧-૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાનો ઠરાવ તેમજ મંડળીના વ્ય. ક. ના ઠરાવ નં.-૨ તા. ૬/૬/૯૭નો ઠરાવ તેમજ મંડળીના તા. ૩૧/૧૨/૯૬ના રોજનું સરવૈયું.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૪૩/૫૯૯૧/૯૭ :— શ્રી જય ખોડીયાર પિયત સહકારી મંડળી લિ. મુ. કોરડા, તા. કડી જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૧૯૯૨ તા. ૧૪/૯/૯૨થી નોંધાયેલ છે.

મંડળીના પ્રમુખશ્રીએ તેઓના તારીખ વગરના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા વિનંતી કરેલ છે. તેમજ ખાસ સા. સભાના ઠ. નં. ૩/૫-૧૧-૯૬થી પણ મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે. તદ્‌ઉપરાંત વ્ય.ક. ના ઠરાવ નં.-૨ તા. ૬/૬/૯૭ના ઠરાવથી પણ મંડળીને વહેલી તકે ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. મંડળીને ફડચામાં લઈ જવા નીચેના કારણો રજૂ કરેલ છે.

(૧) સભાસદો તથા સંચાલકોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૨) તા. ૨૫/૪/૯૪ના રોજ નિગમને બોર પરત સોંપી દીધેલ છે.

(૩) મંડળી સ્થગિત છે.

(૪) ભવિષ્યમાં બોર ચાલુ કરવા સભ્યો તૈયાર નથી કે કોઈ જ રસ જણાતો નથી.

(૫) મંડળીએ ગુજરાત જળ સંપત્તિ નિગમ પાસેથી કોરડાની સીમમાં બોર નં. ૪૦૪ ટોકન ભાડે મેળવી પિયતની કામગીરી કરેલ હતી.

(૬) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી આજ તારીખ સુધી પેટા નિયમ મુજબ પ્રવૃત્તિ કરતી નથી કે ભવિષ્યમાં મંડળી ચાલુ રાખવાનું કોઈ જ આયોજન નથી.

(૭) તા. ૩૧/૧૨/૯૬ના રોજનું સરવૈયુ જોતા મંડળીએ રૂા. ૧૫૩૦૫--૫૦ ખોટ કરેલ છે. તેમજ મ.ડી. બેંક એવિ ખાતે માત્ર રૂા. ૫૯-૦૦ છે. આમ, મંડળીની આર્થિક સ્થિતિ બિલકુલ ખરાબ થયેલ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ વિગતોને ધ્યાને લેતાં મંડળીની માંગણી મુજબ નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ કરું છું.

શ્રી જય ખોડીયાર પિયત સહકારી મંડળી લિ. કોરડા તા. કડી જિ. મહેસાણાનો નોંધણી નંબર ૨૧૯૯૨ તા. ૧૪/૯/૯૨થી નોંધાયેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ખ, ગ(૨) અને (૪) અન્વયે

INDEX

મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે જો તેમ કરવામાં ચૂક થશે તો સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ સદર હુકમને બહાલી આપતો અંતિમ આદેશ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

બંચાણ લીધા :-

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ધરમ/૦૧/ધ/૩૦૩૩/૯૫ તા. ૨૧/૧૨/૯૫થી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફાઈ. કોર્પો. લિ. અમદાવાદનો નિમણુંક હુકમ તેમજ વહીવટદાર ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફાઈ. કો.લિ. અમદાવાદનો તા. ૧/૨/૯૬ના પત્રથી વહીવટદારનો હુકમ રદ કરવા કરેલ રજૂઆત.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ધરમ/૦૧/ધ/૬૪૩/૯૭ તા. ૪/૩/૯૭થી મંડળીને ફડચામાં લઈ જવા કરવામાં આવેલ ભલામણ પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/છ/૮૮૧/૯૭ તા. ૨૦/૩/૯૭ થી કારણદર્શક નોટીસ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૦ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૪૪/૫૯૯૪/૯૭:-ધી હરસિધ્ધ કો. ઓપ. હા. સો. લિ. રાધનપુર રોડ, જકાત નાકા સામે, મહેસાણા તા. જી. મહેસાણાને નોંધણી નંબર ધ-૪૬૭૧ તા. ૩/૧૧/૭૯થી નોંધવામાં આવેલ ગૃહ મંડળી છે.

અત્રેના હુકમ ક્રમાંક ધરમ/૦૧/ધ/૩૦૩૩/૯૫ તા. ૨૧/૧૨/૯૫ થી સદર મંડળીના વહીવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફાઈનાન્સ કોર્પો. લિ. અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ. પરંતુ તેઓના તા. ૧/૨/૯૬ના પત્રથી હાઉ. ફાઈનાન્સની લોન મુદત વીતી બાકી રકમ રૂા. ૨૩૪૨૫/૫૦ હોઈ અત્રેની સંસ્થા સદરહું ગૃહ મંડળીમાં વહીવટદારના હુકમો રદ કરી ખાતાકીય પેનલ ઉપરના વહીવટદાર તરીકેની નિમણુંક આપતા હુકમો કરવા વિનંતી કરતા અત્રેથી સદર મંડળીને તા. ૨૭/૩/૯૬, તા. ૨૨/૫/૯૬, તા. ૧૧/૯/૯૬ થી માહિતી પૂરી પાડવા જણાવવા છતા મંડળીએ આજ-દિન સુધી મંડળીએ કોઈ માહિતી પૂરી પાડેલ નથી. સહકારી અધિકારી (ઉદ્યોગ) ના તા. ૪/૩/૯૭થી મંડળીને ફડચાની કાર્યવાહી કરવા સંબંધિનો પત્ર મળતા મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૮૮૧/૯૭ તા. ૨૦/૩/૯૭થી ફડચામાં લઈ જવાની કારણદર્શક નોટીસ પાઠવેલ જેની બજવણી પણ થઈ ગયેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ લેખિતમાં રજૂઆત થયેલ નથી. કારણદર્શક નોટીસમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળી પાસે ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફાઈનાન્સ કોર્પો. લિ. અમદાવાદની કેટલી લોન બાકી છે, તેની વિગત રજુ કરેલ નથી.

(૨) સહકારી કાયદા, કાનૂનથી નિયત કરવામાં આવેલ દફ્તર અદ્યતન રીતે નિભાવવામાં આવેલ છે કે કેમ તેની માહિતી રજુ કરેલ નથી.

(૩) લોન ભરપાઈ કરેલ સભાસદોને તે બદલની પાવતીઓ આપવામાં આવેલ છે કે કેમ ? તેની વિગત રજુ કરેલ નથી.

(૪) પેટા, કાયદા મુજબ નિયત સમયે મીટીંગો બોલાવવામાં આવે છે કે કેમ તે અંગે આધાર રજુ કરેલ નથી.

(૫) અન્વેષણ નોંધમાં જણાવેલ ખામીઓ/સૂચનોની વાસ્તવિક દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ મોકલેલ છે કે કેમ ? તેનો આધાર રજુ કરેલ નથી.

(૬) કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી.

(૭) મંડળીના પ્રમુખશ્રી નારણભાઈ પી. મકવાણા તથા વ્ય.ક. સભ્યો શ્રી ડાહ્યાભાઈ કે. મકવાણા, દિવ્યાબેન મ. સુતરીયા શાંતાબેન મંગુબાઈ વણકર સોસાયટીમાં રહેતા નથી. મકાન વેચીને જતા રહેલ છે.

(૮) મંડળીના સભ્યોને હિસાબો સંબંધી, ઓડીટ સંબંધી મંડળીના ના પત્ર વ્યવહાર સંબંધી કોઈ ખ્યાલ ન હોઈ મંડળીના સભ્યોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી.

(૯) નવીન દાખલ થનાર સભ્યો સંબંધે નિયત પધ્ધતિ મુજબની કાર્યવાહી અદા કરાયેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં મંડળીને ફડચામાં લઈ જતો નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણેનો આદેશ કરું છું.

શ્રા હરસિધ્ધ કો. ઓપ. હા. સો. લિ. મુ. મહેસાણા તા.જી. મહેસાણાને નોંધણી નંબર ૧/૪૬૭૧ ૩-૧૧-૭૯થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ગ, (૨) (૪) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કડવામાં આવે છે.

INDEX

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૩૦/૮/૯૭.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડિટર, સહકારી મંડળીઓ, મહેસાણા ના પત્ર ક્રમાંક: નં. -અપણુ/૦૧/ગ/૨૨૨/૪૬૧૩/૯૬ તા. ૨-૧૨-૯૬થી મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૬/૯૭ તા. ૯-૧-૯૭થી કારણદર્શક નોટિસ તેમજ કારણદર્શક નોટિસ મળ્યા બદલની સ્વીકૃતિ પાવતી.

(૩) મંડળીની તા. ૧૮-૨-૯૭ની રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્રક્રમાંક : નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૮૪/૯૭. તા. ૧૯-૭-૯૭થી મંડળીને રજુઆત કરવામાં આવેલ તક.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૭૩/૯૭.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી રણછોડપુરા સેવા સહકારી મંડળી લી., મુ. રણછોડપુરા તા. સિદ્ધપુર નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નં.-૧૨૬૭/૩૧-૩-૬૧ છે.

જિલ્લા સ્પેશ્યલ ઓડિટર, સં. મં. મહેસાણા, ના પત્રકમાંક નં.-અપણુ/૦૧/ધ/૨૨૨/૪૬૧૩/૯૬ તા. ૨-૧૨-૯૬થી સ. મં. ઓડિટર, સહકારી મંડળીઓ સિદ્ધપુરના તા. ૧-૭-૯૫થી ૩૦-૬-૯૬ના ઓડિટ નોંધને આધીન સદર મંડળીને ફડચામાં લઈ જવા દરખાસ્ત રજુ કરેલ છે. જે સંબંધે અત્રેની કચેરીના પત્રકમાંક : નં.-ઉખસ/ફડચ/૦૨/ધ/૧૨૬/૯૭ તા. ૯-૧-૯૭થી મંડળીને ફડચામાં લઈ જવા બાબતે કારણદર્શક નોટિસ આપવામાં આવેલ. જેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) છેલ્લા ૪ વર્ષથી ઓડિટ વર્ગ "ડ" છે.

(૨) છેલ્લા ૬ વર્ષથી ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી.

(૩) ૧,૬૨,૮૭૭/૬૦ મંત્રીશ્રી પાસેથી ઉચાપતની રકમ વસૂલ થયેલ નથી.

(૪) મંડળીની વ્ય. ક. ની બેઠકો નિયમિત મળતી નથી.

(૫) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી કોઈ પ્રવૃત્તિ કરતી નથી. સ્થગિત છે.

(૬) ૩૦-૬-૯૬ના અંતે ખોટ રૂ' ૧૧૪૩૨/૬૦ની છે.

(૭) મંડળીના સરવૈયા મુજબ સિદ્ધપુર તાલુકા સંઘની બાકી રકમ રૂા. ૧,૨૪,૧૬૨/૮૧ની છે. જ્યારે સંઘની બાકી મુજબ રૂા. ૧,૯૮,૪૪૭/૨૨ છે. એ ફાળવણી થયેલ નથી.

(૮) મંડળી બિન અર્થક્ષમ થયેલ છે.

જેની સામે મંડળીઓ તેઓના તા. ૧૮-૨-૯૭ના પત્રથી રજુઆત કરેલ છે, કે જે સંબંધે તેઓને અ. નં. ૧થી ૭ મુદ્દા અંગે સાધનિક પુરાવા સહ હાજર રહેતા સારૂ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૮૪/૯૭ તા. ૧૯-૯-૯૭થી તક પણ આપવામાં આવેલ તેમ છતાં મંડળી તરફથી કોઈ જ પ્રતિનિધિ રૂબરૂ રજુઆત કરેલ નથી. કે લેખિતમાં કોઈ ન સાધનિક પુરાવા રજુ કરી શકેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતોને લક્ષમાં લેતાં સદર મંડળીને ફડચામાં લઈ આદેશ વ્યાજબી જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી રણછોડપુરા સેવા સહકારી મંડળી લી., મુ. રણછોડપુરા સિદ્ધપુર જિ. મહેસાણાને નોંધણી નં.-૧૨૬૭ તા. ૩૧-૩-૬૧થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ની સહકારી અધિકારી ફ(ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : -ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૫-૯-૯૭.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર, સ. મં. (કલોલ)ના પત્રકમાંક : નં.-અપણુ/ તા. ૪-૯૭તા ૧૭-૧-૯૭ની મંડળીને ફડચામાં લઈ આ અંગેના ખાસ અહેવાલની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના પત્રકમાંક : નં.-ફડચ/૦૧/૮૦૬/ધ/ તા. ૨૦-૩-૯૭થી મંડળીને ફડચામાં લઈ જવાની કારણ દર્શક નોટિસ તેમજ સદર નોટિસની બજવણી થયા બદલની સ્વીકૃતિ પાવતી.

(૩) મંડળીની તા. ૪-૪-૯૭ના પત્રથી રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્ર નં. ક્રમાંક : ઉપસ/ફડચ/૦૧/ધ/૧૬-૮૨/૯૭. તા. ૧૯-૭-૯૭થી મંડળીને રૂબરૂ હાજર રહી રજુઆત કરવા આપેલ તક.

INDEX

પ્રસ્તાવના :

જા. નં.-ઉપસ/ફડચ/૦૧/ધ/૨૦૭૩/૬૩૩૩/૯૭.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયેથી સમર્પણ કો. ઓપ. હા. સો. લી., મુ., કલોલ તા. કલોલ જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નં.-ધ-૪૯૫૯/૨૪ ૧-૭૪ છે.

ઓડિટર, સહકારી મંડળીઓ, કલોલ એ તેઓના તા. ૧૭-૧-૯૭ થી સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા ખાસ અહેવાલ રજુ કરેલ છે. જે સંબંધે અત્રેની કચેરીના પત્રકમાંક : નં.-ફડચ/૦૧/ધ/૮૦૬/ધ તા. ૨૦-૩-૯૭થી મંડળીને ફડચામાં લઈ જવા સંબંધે કારણ દર્શક નોટિસ આપવામાં આવેલ હતી જેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) અત્રે ૧૯-૩-૯૪, ૧૯-૪-૯૫, ૧૯૯૫-૯૬ ના સમયની વા. સા. સભા મળેલ નથી.

(૨) મંડળીની વ્ય. ક. બેઠક છેલ્લા ૩ વર્ષથી નિયમિત મળતી નથી.

(૩) ઓડિટ નોંધમાં જણાવેલ ખામીઓનો વાસ્તવિક અમલ કરેલ નથી. કે દુરસ્તી અહેવાલ મોકલેલ નથી.

(૪) મંડળીના ઉદ્દેશ્યો, સા. સભાના ઠરાવો, કાયદા, કાનૂન અને પે. નિયમને આધિન રહીને. મંડળીના કામકાજ થયેલ નથી,

(૫) સભાસદોને વ્ય. ક. સભ્યોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી.

(૬) ૩૦-૬-૯૬ના સરવૈયા મુજબ સભાસદોને લોન ખાતે રૂા. ૮૬૫૭૩/૩૫, લોન, હપ્તા બાકી રૂા. ૩૪૭૮૧/૧૦૦ વ્યાજ તથા વધારાના વટાવ ખર્ચ ખાતે રૂા. ૮૧૩૪/૦૦ ઉ. ખામી બોલે છે.

જે અંગે મંડળી તરફથી તેઓના તા. ૪-૪-૯૭ના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

(૧) ૩૦-૬-૯૭ સુધીની જવાબ આપવાની મુદત માંગેલ છે.

(૨) ૧૧-૪-૯૭ની વ્ય. ક. મળ્યા બાદ જવાબ આપવાનું, તેમજ ફડચાનો વચગાળાનો હુકમ નહિ કરવા જણાવેલ છે.

(૩) ઓડિટ વખતે આવો રીપોર્ટ કરવાની શકયતાની ઓડિટર શ્રીએ કોઈ ચર્ચા ન કર્યાનું જણાવેલ છે.

(૪) ઓડિટર વર્ગ'ડ' ઓડિટરશ્રીએ કોઈ અગમ્ય કારણસર આપેલ હોવાનું જણાવેલ છે.

(૫) ઓડિટરશ્રીએ સિલક શુન્ય છે તેમ લખી સહી કરવી જોઈએ તે કરેલ નથી.

(૬) ઓડિટ વર્ગ બદલાવવા ઘટતું કરવાનું હોવાનું તેમજ બે ચાર વખત સતત 'ડ' વર્ગ હોય તો જ ફડચાની કાર્યવાહી થઈ શકે તેમ જણાવેલ છે.

(૭) વહીવટદાર કે ફડચા અધિકારી પણ ગુ. હા. ફાઈનાન્સના જ નિમાય તેમ જણાવેલ છે. સાથે સાથે તેની જરૂર પણ નથી તેમ વિસંગતતા ભર્યા જવાબ આપેલ છે.

(૮) ઓડિટ દુરસ્તીમાં કયાં વાસ્તવિક દુરસ્તી થઈ નથી તે મુદ્દાવાર જણાવવા કહેલ છે. ઉપરોકત બાબતે તા. ૩૦-૬-૯૭ની મુદતની માંગણી કરેલ.

જે અંગે તેઓની રજુઆત સંબંધે તેઓની માંગણી મુજબ તા. ૩૦-૬-૯૭ની મુદત પૂર્ણ થયા બાદ મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૮૨/૯૭ તા. ૧૯-૭-૯૭થી રજી. પો. એ. ડી. થી તમામ સાધનિક પુરાવા અત્રેની કચેરીએ રૂબરૂ આવી રજુઆત કરવા તક આપવામાં આવેલ હોવા છતાં મંડળી તરફથી કોઈ જ જવાબદાર પ્રતિનિધિ હાજર રહી સાધનિક પુરાવા રજુ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ વિગતોને લક્ષમાં લેતાં મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબ આદેશ કરું છું.

ધી સમર્પણ કો. ઓ. વ. સો. લી., મુ. કલોલ તા. કલોલ જિ. મહેસાણાને નોંધણી નં.-ધ-૪૯૫૯ તા. ૨૪-૧-૭૪થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ની ખંડ ક, ગ(૨) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદર હું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સહકારી અધિકારી ફડચાનો મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉ. ફાઈ. કોર્પો. લિ. અમદાવાદના પત્ર ક્રમાંક:નં.આરઈસી/ઓ-૫/૭-૫૩૧૦ તા. ૭-૧૦-૯૭ નો પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

અંતિમ આદેશ

જા.નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૩૪/૯૫૭૧/૯૭; ધી માનવમંદિર કો. ઓપ. હા. સો.લિ. મું. કલોલ, તા. કલોલ જિ. મહેસાણા નોંધણી નં.૭૭૦૮ તા. ૨૮-૨-૮૦થી નોંધાયેલ મંડળી છે.

અત્રેની કચેરીના ઉપરોકત આમુખ નં. ૧માં જણાવ્યા મુજબ હુકમ ક્રમાંક:નં.ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૨૯/૯૭ તા. ૧૧-૯-૯૭ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેના ખાતાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારીશ્રી (ફડચો-૧) મહેસાણાની નિમણુંક કરેલ પરંતુ ઉપરોકત આમુખ નં ૨ તથા આમુખ નં.૩માં જણાવેલ પત્ર અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફાઈ. કોર્પો. લિ. અમદાવાદની તેઓની સંસ્થાને ફડચા અધિકારી તરીકે નિમણુંક આપવા કરેલ વિનંતીને ધ્યાનમાં લઈ આ અંગે અગાઉ નિમાયેલ ફડચા અધિકારી સહકારી અધિકારી (ફડચો-૧), મહેસાણાની નિમણુંક રદ કરી, ફડચા અધિકારીશ્રી, તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હા. ફા. કો. લિ. અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે, તે સિવાયની તમામ બાબતે અગાઉ કરવામાં આવેલ વચગાળાના આદેશને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ની કલમ ૧૦૭(૩)હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન, લિમિટેડ, અમદાવાદને ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તા. ૮/૧૨/૯૭.

———

વંચાણે લીધા :-

(૧) અત્રેન કચેરીના પત્ર ક્રમાંક :ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૬૪/૯૭ તા. ૧૫/૯/૯૭થી કારણદર્શક નોટીસ.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૨૮/૯૫૭૨/૯૭ :-શ્રી ગોપાલ પાર્ક કો.ઓપ. હા. સો. લિ. મુ. નાગલપુર તા. જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૦૩૦૨ તા. ૪-૧૦-૮૯ છે.

સદર મંડળીનું તા. ૧-૭-૯૪થી ૩૦-૬-૯૬ના સમયનું ઓડીટ ઓડીટર, સ. મં. મહેસાણાને સુપ્રત થતાં તેઓએ સદર મંડળીનું દફતર મેળવી ઓડીટ હાથ ધરતા સારૂં મુલાકાત લેવા પૂરતા પ્રયત્ન કરવા છતાં ઓડીટ હાથ ધરી ન શકવાને કારણે તેઓ ૨-૧૨-૯૬ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરેલ છે. તેમજ તેઓના પત્રક્રમાંક નં. આપણ/૦૧/૧૦૮/૯૭ તારીખ ૧૯-૫-૯૭થી વિગતવાર ખાસ અહેવાલ રજુ કરેલ છે. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ ઉપસ્થિત થયેલ જે અંગે ઉપરોકત આમુખ નં. ૧માં જણાવ્યા મુજબ તા. ૧૫-૯-૯૭થી રજી. પોસ્ટ એ.ડી.થી કારણદર્શક નોટીસ આપતાં માત્ર એકાઉન્ટન્ટ હાજર રહેલ છે. તેઓએ જણાવેલ છે કે મંડળીના હોદ્દેદાર પટેલ અમૃતલાલ એ હિસાબ લખવા માટે દફતર સોંપેલ ત્યારબાદ દફતર લેવા તેઓ આવ્યા નથી તેમ જણાવેલ. આ સિવાય મંડળી તરફે કોઈ હોદ્દેદાર હાજર રહેલ નથી. કે કોઈ લેખિત રજઆત કરેલ નથી.

(૧) ૧-૭-૯૪થી ૩૦-૬-૯૬ના સમયનું ઓડીટ થઈ શકેલ નથી.

(૨) નાગલપુર ગામ તેમજ આજબાજુના વિસ્તારમાં અન્વેષક-શ્રીએ મુલાકાત લેતાં લે-આઉટ પ્લાન જાણી શકાયેલ નથી.

(૩) મંડળીનું દફતર મંડળીના પ્રમુખશ્રી પાસે છે. તેમજ તેઓ સુરત સ્થળાંતર કરી ગયેલ છે

(૪) મંડળીની નોંધણી થયા તારીખ ૪-૧૦-૮૨ થી ૩૦/૬/૯૩ સુધી બાંધકામ પ્રવૃત્તિ થયેલ નથી

(૫) બેંકના સુચિત ખાતામાંથી સેવિંગ્સ ખાતામાં રકમ ટ્રાન્સફર કરેલ નથી.

(૬) ૩૦-૬-૯૨ના સરવૈયા મુજબ ખોટ રૂા ૪૪૮/૩૦ છે

(૭) સભ્યો પાસેથી શેરફાળો, જમીન ફાળો ઉઘરાવી, જમીન ખરીદી સોસાયટીની નોંધણી કરાવ્યા સિવાય કોઈપણ જાતની પ્રવૃત્તિ કરેલ નથી

(૮) મંડળી બિલકુલ સ્થગિત છે

(૯) ૩૦-૬-૯૬ના સરવૈયા સંબંધી જમીન ખરીદી ખાતે રૂા. ૩૬ ૦૦૦/-બોલે છે જેનો સ્ટેમ્પ દસ્તાવેજ થયેલ છે. સદર જમીન સર્વે નં. ૩૪ ફાઈનલ પ્લોટ ૩૯થી ૫૦ની કુલ ૬૮૬૪ ચોરસવાર જમીન ઉપર નોંધણી થયેલ છે.

(૧૦) નોંધણી વખતે સર્વે નં ૩૪માં સૂચિત ગોપાલનગર કો. ઓપ. હા. સો. ના નામનો દસ્તાવેજ કરેલ છે. ગોપાલપાર્ક કો.ઓ. હા. સો. ઓના નામનો દસ્તાવેજ કરવા તા ૨૪-૮-૯૨ના પત્રથી સોગંદનામુ રજુ કરેલ છે.

સોગંદનામા મુજબ અમલ કર્યાની ખાત્રી થતી નથી

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ હકીકતોને લક્ષમાં લેતાં નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

શ્રી ગોપાલપાર્ક કો.ઓ.પ. હા. સો. લિ. મુ. નાગલપુર, તા.જિ. મહેસાણાનો નોંધણી નં. ૧૦૩૦૨ તા. ૪-૧૦-૮૨થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ના ખંડ ક, ગ(૩) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૮-૧૨-૯૭.

નં. નધણ/ભં/૪૭૧૬/૨૮૨૧-૯૯૦૫-૯૭ :-આથી જાહેર કરે છે કે આદર્શ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૭-૧૨-૧૯૯૭.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક : સકક/૦૧/ધ/૨૪૪૪/૧૯૯૫, તા. ૨૩-૧૧-૯૫.

(૩) વહીવટદારશ્રી ચરાડા સેવા સહકારી મંડળી લી. મુ. ચરાડા તા. વિજાપુરનો તા. ૪-૧૨-૯૭નો પત્ર.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ધ/૯૫/૨૮૩૦/૯૯૦૬/૯૭ :-શ્રી ચરાડા સેવા સહકારી મંડળી લી. મુ. ચરાડા, તાલુકા વિજાપુર, જી. મહેસાણાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈ અન્વયે નોંધાયેલ સહકારી સેવા મંડળી છે. (જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.) મંડળીની વ્યવસ્થાપક સમિતિએ મંડળીની ક્ષતિઓ સુધારવા કોઈ પગલાં જે તે સમયે ન લેતાં, તેમજ મંડળીનો વહીવટ ગેરકાયદેસર રીતે ચાલુ રાખતાં, અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સકક/૦૧/ધ/૨૪૪૪/૧૯૯૫, તા. ૨૩-૧૧-૯૫ના હુકમથી મંડળીની સને ૯૪-૯૫ના વર્ષની વ્યવસ્થાપક કમિટીને બરતરફ કરી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ મુજબ વહીવટદાર તરીકે શ્રી મહેસાણા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ છે. આ હુકમ આધારે વહીવટદારશ્રીએ મંડળીનો ચાર્જ તા. ૨૮-૧૧-૯૫ના રોજ સંભાળી લીધેલ હતો.

વહીવટદારશ્રી ચરાડા સેવા સહકારી મંડળી લી. મુકામ ચરાડા, તા. વિજાપુરના તા. ૪-૧૨-૯૭ના પત્રથી જણાવ્યા મુજબ મંડળીની ખાસ સાધારણ સભા તા. ૨૮-૧૧-૯૭ના રોજ યોજવામાં આવેલ અને તેમાં વ્ય. સમિતિની ચુંટણી કરવામાં આવેલ. તેમજ, મંડળીના પ્રમુખ/સેક્રેટરી વિગેરે હોદ્દેદારોની ચુંટણી પણ કરેલ છે. આમ, મંડળીમાં લોકશાહી રીતે ચુંટાયેલ હોદ્દેદારોનું અસ્તિત્વ થતાં, મંડળીમાં વહીવટદારશ્રી વહીવટ ચલાવવાની વ્યવસ્થા સમાપ્ત કરવાનું જરૂરી જણાય છે. અને મંડળીનો વહીવટ નવીન ચુંટાયેલ કારોબારી તેમજ, હોદ્દેદારોને સુપ્રત કરવા સારુ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હુ એ બી. ગઢવી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ (૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ચરાડા સેવા સહકારી મંડળી લી. મુ. ચરાડા, તા. વિજાપુર, જી મહેસાણામાં પ્રસ્તાવનામાં નિર્દિષ્ટ કરેલ કારણોને અનુલક્ષીને વહીવટદારશ્રી વહીવટ ચલાવવાની વ્યવસ્થા તા ૩-૧૨-૯૭થી ના રોજ સમાપ્ત થાય તે પ્રમાણેની સમાપ્તીનો હુકમ કરું છું.

મહેસાણા, તા ૧૯-૧૨-૧૯૯૭

નં. નધણ/સે-૩૦૧૬૪/ધ-૨૮૬૦-૧૦૨૪૫-૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી પીપલ્સ કો ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ પીલુદરા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તા. ૨૬-૧૨-૧૯૯૭

વાંચ્યો :- (૧) શ્રી અંબિકા સ્ટેશનરી ઉત્પાદક એન્ડ કન્ઝ્યુ. સ. મં. લી. મહેસાણાના વ્ય.ક.ના તા. ૧-૬-૯૭ના ઠરાવ નં-૩ તથા મંડળીની તા. ૨૯-૯-૯૬ની વા.સા. સભાના ઠરાવ નં.૮

(૨) શ્રી ઓડીટર સ. મં. (વિવર્સ) મહેસાણાનો ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તા. ૧-૮-૯૭ જા. નં. અસણ-૦૧-૬૯-૯૭.

વચગાળાનો હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૫૯૭/૧૭૫૩૦/૯૭ :-શ્રી અંબીકા સ્ટેશનરી ઉત્પાદક એન્ડ કન્ઝ્યુ. સ. મં. લી. મુકામ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ઉદ્યોગ મહેસાણાની ઓફીસ ના નોંધણી ક્રમાંક: ઉ-૪૫૦૦ તારીખ ૩૦-૧-૮૨થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના

INDEX

કાયદાની કલમ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી મહેસાણા જીલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીઓ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમ ની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૧/૮/૧૯૯૭.

વાંચ્યો :-

(૧) ફડચા અધિકારીશ્રાની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક : ૭૮/લોન/૭૭૬ તા. ૬-૯-૯૩.

(૨) આ કચેરી તા. ૧૫-૯-૯૭ની નોંધ.

હુકમ

ક્રમાંક : જીઉકે/મહે/ફડચા/૧૬૨૭/૧૯૮૭૮ /૯૭ :-શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ સ. મં. લી. જોટાણા મુકામ જોટાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસના જાવક નંબર : ઉખસ/ ફડચ/૦૧/ખ/૧૭૨૮/૯૦ તારીખ ૨૮-૧૨-૯૦થી આટોપી લવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ-૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૩-૯-૧૯૯૭.

વંચાણે લીધા :-

(૧) મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૧૫૯૭-૯૭, તા. ૧-૯-૯૭.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦ખ/૧૭૭૪/૧૯૯૯૮/૯૭ :-શ્રી અંબીકા સ્ટેશનરી ઉત્પાદક એન્ડ કન્ઝ્યુ સ. મં. લી. મુ. મહેસાણા તા. મહેસાણા જી. મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક : ઉ-૪૫૦૦ તા. ૩૦-૧-૮૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ટી-૧૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી રતરીકે શ્રી હિ. જી. સ. હ. બેંક લી. મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૬-૧૦-૧૯૯૭.

વંચાણે લીધા :—

આ કચેરીનો વચગાળાનો હુકમનાં ઉખસ/ફડચ/૧૬૮૯/૯૬ તા. ૧૯-૯-૯૬.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦ખ/૫૯૮/૨૪૭૮૨/૯૬ :-શ્રી કડી ચર્મોદ્યોગ સ. મં. લી. મુ. તા. કડી જી. મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ/૪૫૧૮ તા. ૧૭-૨-૮૬ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી ૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. (ફડચો) જિ. ઉ. કે. મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૩૧-૧૨-૯૬.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના વચગાળાનો હુકમના નં. જા નં. ઉખસ/ફડચ/૧૬૬૩ ૯૬, તા. ૧૧-૯-૯૬.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦ખ/૨૫૯૯/૨૪૭૮૮/૯૬ :-ન્યુ સંત રોહિત દાસ ચર્મોદ્યોગ સ. મં. લી. મુ. જાસપુર તા. કલોલ જી. મહેસાણા મદદનીશ રજીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણા ની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ/૫૦૭૯ તા. ૧૭-૨-૮૮થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ અધિ. (ફડચો) જિ. ઉ. કે. મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૩-૧૨-૯૬.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ જા. નં. ઉખસ/ફડચ/ ૧૬૩૫/૯૬. તા. ૧૦-૯-૯૬.

(૨) મંડળીનો તા. ૨૪-૯-૯૬નો પત્ર કે જે જવાબ ગ્રાહય રાખેલ નથી.

અંતિમ હુકમ.

જા. નં. ઉખસ/ફડચ/૦ખ/ચ/૨૩/૧૭૧/૯૬.

શ્રી જય ખોડિયાર વણકર સ. મં લી., મુ. કલોલ તા. કલોલ જિ મહેસાણા મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક

ઉ/૪૫૧૬/ તા. ૨૧-૧૨-૮૫ થી નોંધવામાં આવી હતી તે મંડળી ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહ. અધિ. (ફડચા)ની જિ. ઉ. કે. મહેસાણા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વે સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂં કરવું.

સ્થળ: મહેસાણા. તા. ૧-૧૨-૯૭.

વાંચ્યો :-

(૧) આ કચેરીની કારણદર્શક નોટીસ જા. નં.ફડચ/ધ/જા.૧૬૫૬/૯૬ તા. ૧૧-૯-૯૬.

(૩) આપનો તા. ૨૭-૯-૯૬નો જવાબ કે જે ગ્રાહય રાખેલ નથી.

વચગાળાનો હુકમ.

જા. નં. ઉખસ/ફડચ/૨૪/૧૭૭/૯૬.

શ્રી દેલોસી ચર્મોદ્યોગ સ. મં. લી., મુકામ દેલોસી તાલુકો મહેસાણા જિલ્લો મહેસાણા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક : પી.-૭૦૪૯ તા. વર્ષ ૧૯૮૩થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ--૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી શ્રી તરીકે સહકારી અધિકારી ફડચો, લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીઓ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસના મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે'

મહેસાણા, તા. ૧-૧-૯૬.

વાંચ્યો:- (૧) આ કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/૦૧/ની ૧૬૪૯/૯૬, તા. ૧૧-૯-૯૬.

(૨) આપનો તા. ૨૯-૯-૯૬નો પત્ર કે જેનો જવાબ ગ્રાહય રાખેલ નથી.

વચગાળાનો હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૨૫/૧૮૨/૯૬ :-શ્રી ગાયત્રી ઔદ્યોગિક ઉત્પાદકોની સ. મં. લી. મુકામ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક પી-૪૫૨૭ તારીખ ૨૩-૩-૮૮થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીએ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૧-૧-૯૬.

વાંચ્યો :- (૧) આ કચેરીની કારણદર્શક નોટીસ જા. નં. ફડચ/૦૧ની ૧૬૫૯/૯૬, તા. ૧૧-૯-૯૬.

(૨) આપનો તા. ૨૮-૯-૯૬નો પત્ર કે જે જવાબ ગ્રાહ્ય રાખેલ નથી.

વચગાળાનો હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૨૬/૧૮૭/૯૬ :- અનર્ત ચિત્ર નિર્માણ કો-ઓ. સોસા. લી. મહેસાણા મુકામ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ/૪૫૧૩ વર્ષ ૧૯૮૪થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચ અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, લગત જીલ્લા ઉદ્યોગ, કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીઓ કંઈપણ રજઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૧-૧-૯૬.

વાંચ્યો :- (૧) આ કચેરીની કારણદર્શક નોટીસ નં.જા. નં. ફડચ/૦૧/જ/ની ૧૬૩૧/૯૬, તા. ૧૦-૯-૯૬.

(૨) મંડળીનો તા. ૨૨-૯-૯૬નો પત્ર કે જે જવાબ ગ્રાહ્ય રાખેલ નથી.

વચગાળાનો હુકમ

જા. નં. ઉ સ/ફડચ/૨૭/૧૯૨/૯૬ :-જય ભવાની વણકર સ. મં. લી. મુકામ કલોલ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની ઓફીસના નોંધણી ક્રમાંક ઉ/૫૦૫૮ તારીખ ૧-૩-૮૯થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો, લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીઓ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૧-૧-૯૬.

INDEX

વાંચ્યો :- (૧) આ કચેરીની કારણદર્શક નોટીસના જા. નં. ફડ્ચ/૦૧/જ/ ૧૬૨૪/૯૬, તા. ૭-૯-૯૬.

(૨) મંડળીનો પત્ર તા. ૧૫-૯-૯૬નો કે જે જવાબ ગ્રાહ્ય રાખેલ નથી.

વચગાળાનો હુકમ

જા. નં. ઉખસ/ફડ્ચ/૨૮/૧૯૭/૯૬ :-જીજ્ઞાસા હાથવણાટ સ. મં. લી. મુકામ સઈજ તાલુકો કલોલ જીલ્લો મહેસાણા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ/૪૫૭૮ તારીખ ૬-૧૦-૯૦થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડ્ચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડ્ચા અધિકારી તરીકે શ્રી સહકારી ફડ્ચો, લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાના સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ સામે મંડળીઓ કંઈપણ રજુઆત કરવાની હોય તો આ હુકમની તારીખથી ૧ માસની અંદર આ કચેરીએ કરવી. એક માસની મુદત વિત્યા બાદ વચગાળાનો હુકમ કાયમી કરી મંડળીને ફડ્ચામાં લઈ જવાનો આખરી હુકમ કરવામાં આવશે.

મહેસાણા, તા. ૧-૧-૯૬.

જા. નં. જીઉકે/ફડ્ચ/જ/૧૯૫/૧૬૫૭ ઉ-૫૮૮૪/૯૭ :-આથી જાહેર કરે છે કે શ્રી શાન્તિકુટિર ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મીયાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૦-૧-૯૭.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમજા નં. ઉખસ/ફડ્ચ/૨૪૦૭૩/ ૯૬, તા. ૧૯-૧૨-૯૬.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડ્ચ/૦ખ/૪૫૨/૪૯૮૨/૯૭ :-શ્રી કલોલ તાલુકા કોશેટો રેશમ ઉત્પાદક સ. મં. લી. મુ. ખોજા તા. કલોલ જી. મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણા ની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ/૫૦૮૩ તા. ૨૫-૯-૯૯થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડ્ચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડ્ચા અધિકારી તરીકે શ્રી ફડ્ચા અધિ. જિ.ઉ.કે. મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડ્ચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૭-૨-૯૭.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ જા. નં. ઉખસ/ફડ્ચ/ ૨૪૦૯૭/૯૬, તા. ૧૯-૧૨-૯૬.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડ્ચ/૦ખ/૪૫૩/૪૯૮૮/૯૭ :-શ્રી ખેરાળુ કસ્બા વણકર હાથશાળ ઓદ્યો. સ. મં. લી. મુ. ખેરાળુ તા. ખેરાળુ જી. મહેસાણું મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક : ઉ/૫૪૯૦ તા. ૮-૭-૯૩થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડ્ચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડ્ચા અધિકારી તરીકે શ્રી ફડ્ચા અધિ. જિ.ઉ.કે. મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડ્ચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૭-૨-૯૭.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ જા. નં. ઉખસ/ફડ્ચ/૨૫૫૯ ૯૭, તા. ૨૦-૧૨-૯૬.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડ્ચ/૦ખ/૪૫૪/૪૯૯૪/૯૭ :-શ્રી મહેસાણા જિલ્લા તેલઘાણી સહકારી સંઘ લી. મુ. ધિણોજ તા ચાણસ્મા જી. મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક પી-૪૯૪૦ તા. ૨૦-૫૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત ૪ કારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે સહામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીફડ્ચડચા અધિકારી તરીકે શ્રી ફડ્ચા અધિ. જિ ઉ. કે. મહેસાણાના ફદ૨ કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવોની સાને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાની રહેશે. ફડ્ચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૭-૨-૯૭.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ઉખસ/ફડ્ચ/૨૩/૯૭. તા. ૧-૧-૯૭ જા. નં.

અંતિમ હુકમ

જા. નં. ઉખસ/ફડ્ચ/૦ખ/૪૫૫/૫૦૦૦/૯૭ :-આનર્ત ચિત્ર નિર્માણ કો.ઓ. હા. સો. લી. મુ. મહેસાણા તા. મહેસાણા જી. મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક ઉ-૪૫૧૩ તા. વર્ષ ૧૯૮૪થી નોંધવામાં

INDEX

આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિ. જિ. ઉ. કે. મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તા. ૨૭-૨-૯૭.

વાંચ્યો :-

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક : ફડચ/૦૧/ખ/૨૫૮૦/૯૬, તા. ૨૩-૧૨-૯૬.

(૨) આ કચેરી તા. ૬-૨-૯૭. ની નોંધ.

હુકમ

ક્રમાંક : જીઉકે/મહે/ફડચા/૪૬૫૫/૨૩૩/૯૭ :-શ્રી હરિઓ. મહિલા ઔદ્યો. સ. મં. લી. મુકામ ઊંઝા તાલુકો સિધ્ધપુર જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણાની ઓફીસોના જાવક નંબર : ઉખસ/ફડચ/૦ખ/૧૫૨૫/૯૬, તા. ૬-૯-૯૫થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ-૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૧૭-૨-૧૯૯૭.

વાંચ્યો :-

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક : ફડચ/૦૧/ખ/૧૭૫૧/૯૭, તા. ૨૬-૯-૯૬.

(૨) આ કચેરી તા. ૬-૨-૯૭ની નોંધ.

હુકમ

ક્રમાંક જીઉકે/મહે/ફડચ/૪૬૬/૫૨૩૮/૯૭ ;-શ્રી સિધ્ધપુર મહિલા ગૃહ ઉદ્યોગ સ. મં. લી. મુકામ સિધ્ધપુર તાલુકો સિધ્ધપુર જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (ઉદ્યોગ - મહેસાણાની ઓફીસોના જાવક નંબર : ઉખસ/ફડચ/૦ખ/૧૫૨૪/૯૫ તારીખ ૬-૯-૯૫થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ-૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૭/૨૮-૨-૯૭.

વાંચ્યો :

(૧) ફડચા અધિકારીની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત ક્રમાંક:ફડચ/૦૧/ખ/૧૭૫૨/૯૬, તા. ૨૬/૯/૯૬.
(૨) આ કચેરી તા. ૬-૨-૯૭ ની નોંધ.

હુકમ

ક્રમાંક:જીઉકે/મહે/ફડચા/૪૬૭/૫૨૪૩/૯૭;શ્રી ગ્રામ્ય લક્ષ્મી મહિલા ઔ. સ. મં. લી. મુકામ સતલાસણા તાલુકો ખેરાળુ જીલ્લો મહેસાણા કે જેનું કામકાજ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(ઉદ્યોગ) મહેસાણાની ઓફીસોના જાવક નંબર ઉખસ/ફડચ/૦ખ/૧૦૯/૯૩ તારીખ ૯/૩/૯૩ થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ-૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તા. ૨૮/૨/૯૭.

જા.નં.જી.ઉ.કે./મહે/૫૭૨૨/જ/૫૧૬;ઉ/૫૮૮૫/૯૭;ઓથી જાહેર કરે છે કે શ્રી યોગીમીલ મહિલા ગૃહ ઉદ્યોગ ઉ. સ. મં.મર્યાદિત સ્થળ લી. તાલુકો સિદ્ધપુર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩-૩-૯૭.

જા. નં.જીઉકે મહે/નધણ/૦૧/જ/૭૧૪/૬૯૪૫/૫૯૨૬/૯૭; આ થી જાહેર કરે છે કે શ્રી જલારામ કૃપા ખેરાળુ તાલુકાની ઈંટ ઉત્પાદક સ. મં.લી. મર્યાદિત સ્થળ ખેરાળુ તાલુકો ખેરાળુ જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા.૨૦/૩/૯૭.

જા.નં.જી.ઉ.કે./મહે/જ/૭૯૧/૭૪૪૩/૫૯૨૭/૯૭;આથી જાહેર કરે છે કે શ્રી મલ્ટી પર્પઝ ઔદ્યોગિક ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા.૩૧-૩-૯૭.

જા.નં. જી.ઉ.કે./મહે/જ/૧૦૦૪/૮૩૩૯/ઉ/૫૯૨૮/૯૭; આથી જાહેર કરે છે કે હરસિદ્ધ વણકર ઔદ્યોગિક સહકારી મંડળી મર્યાદિત સ્થળ વિસનગર તાલુકો વિસનગર જીલ્લો મહેસાણા.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા.૧૭/૪/૯૭.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ જા. નં.ઉખસ/ફડચ/સ/૯૭, તા. ૧-૧-૯૭.
(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ જા.નં.ફડચ/૦૧/જ/૧૬૪૯/૯૬; તા. ૧૧-૯-૯૬.

અંતિમ હુકમ

જા.નં.ઉખસ/ફડચ/૦ખ/૧૦૩૧/૮૬૮૨/૯૭;શ્રી ગાયત્રી ઓદ્યોગિક ઉત્પાદક ની સ. મં. લી. મું. મહેસાણા તા. મહેસાણા જી. મહેસાણા મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ(ઉદ્યોગ) મહેસાણાની ઓફિસના નોંધણી ક્રમાંક:ઉખસ-૪૯૨૭/તા.૨૩-૩-૮૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ સી-૧-૨ અન્વયે ફડચામાં લઈ જવાનો હુંકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી જી. લ.અ. લેજ, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂં કરવું.

મહેસાણા, તા.૨૪/૪/૯૭.

જા. નં. જી.ઉ.કે/મહે/જ/૧૧૨૪/૯૬૯૨/૩/૫૯૨૯/૯૭ ; આથી જાહેર કરે છે કે મહિલા રેડીમેડ અને ગારમેન્ટ ઉત્પાદક વેચાણ સ. મં. મર્યાદિત સ્થળ વિસનગર તાલુકો વિસનગર જીલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૩-૫-૯૭.

સે. ક્રમાંક:ઉખસ/નધણ/૦૯૫૫/સે.દુ-૨૯૩૧૧/ક-૪/૧૯૯૫/૯૬; જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી રણાપુર બુઝર્ગ મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ રણાપુર બુઝર્ગ તાલુકો દાહોદ જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા.૨૩-૧૨-૯૬.

સે. ક્રમાંક:ઉખસ/નધણ/૦૯૫૬/સે.દ/૨૯૩૧૨/ક-૪/૧૯૯૬/૯૬ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ટાંડી(બી) મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ટાંડી (બી) તાલુકો ઝાલોદ જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને. કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૩-૧૨-૯૬.

સે. ક્રમાંક:ઉખસ/નધણ/૦૯૫૮/સે.દુ/૨૯૩૧૩/ક-૪/૧૯૯૭/૯૬ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી રણીયાર (સ) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રણીયાર (સ) તાલુકો ઝાલોદ જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદા(ગુજરાત સહકારી પંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા.૨૩-૧૨-૯૬.

સે. ક્રમાંક:ઉખસ/નધણ/૦૯૬૧/સે.દુ/૨૯૩૧૪/ક-૪/૧૯૯૮/૯૬ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કોટડા બુઝર્ગ(મહીલા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી મર્યાદિત સ્થળ કોટડા બુઝર્ગ તાલુકો દાહોદ જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧-ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૦-૧૨-૯૬.

સે. ક્રમાંક:ઉખસ/નધણ/૦૯૬૨/સે.દ-૨૯૩૧૫/ક-૪/૧૯૯૯/૯૬ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી લીમડી દુંધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ લીમડી તાલુકો ઝાલોદ જીલ્લો પંચમહાલ સને-૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૦-૧૨-૯૬.

સે.ક્રમાંક:ઉખસ/નધણ]૦૯૬૩/સે.દ-૨૯૩૧૬/ક-૪/૧૯૦૦ /૯૬ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી ગવાડુંગરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગવાડુંગરા તાલુકો સંતરામપુર જીલ્લો પંચમહાલ સને-૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા.૩૦-૧૨-૯૬.

INDEX

વાંચ્યો : (૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.
(૨) સહકારી અધિકારી (ફડચા)સદર કચેરીની તા૨૩-૧૨-૯૬થી મળેલ મંડળીને પુન:જીવીત કરવા બાબતની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૨૪૨૪/૯૬; ધી ભાગ્યોદય કો.ઓ.હાઉ. સહકારી મંડળી લી. તા. હાલોલની નોંધણી નંબર-૯૬૨ તા૧-૯-૭૨ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા.૩૧-૩-૯૬ના હુકમ ક્ર.ઉખસ/૦૧/ફડચ/૦૧/ચ/૬૦૨/૯૬ થી હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ-૨માં જણાવેલ ફડચા અધિકારીની દરખાસ્તમાં જણાવ્યા મુજબ મંડળીના સંચાલકો તરફથી મંડળીને પુન:જીવીત કરવા ઠરાવેલ હોઈ, તેમજ સંસ્થાએ ઉદેશો મુજબની કામગીરી કરવા ખાત્રી આપેલ હોઈ સદર હકીકત ગ્રાહય રાખી આમુખ-૧ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ મંડળીને પુન:ઘટન કરવા આથી નીચેની શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

શરતો :—

(૧) મંડળીએ તેનું કામકાજ પેટાનિયમ મુજબ અને કાયદા કાનુન કરવાનું રહેશે.

(૨) સંસ્થાએ અગાઉના કાર્યવાહકોના બદલે નવીન કાર્યવાહકોની વરણી કરી ચાર્જ સંભાળવાનો રહેશે.

ગોધરા, તા. ૩૧-૧૨-૯૬.

સે.ક્રમાંક:ઉખસ/નધણુ/૦૯૬૯/સે. દુ.૨૯૩૨૦/ક-૪/૧૯૧૧/૯૬; જીલ્લા રજીસ્ટ્રાર, સહક રી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી તેજાકુઈ દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ તેજાકુઈ તાલુકો લુણાવાડા જીલ્લો પંચમહાલ સને-૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા.૩૧-૧૨-૯૬.

સે.ક્રમાંક:ઉખસ/નધણુ/૦૯૭૦/સે. દુ./૨૯૩૨૧/ક-૪/૧૯૧૨/૯૬ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ગોબણપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ગોબણપુર તાલુકો સંતરામપુર જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા.૩૧-૧૨-૯૬.

વાંચ્યો :-
(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯ની જોગવાઈઓ.

(૨) સહકારી અધિકારી (ફડચા) સદર કચેરીની તા. ૨૭-૧૨-૯૭ થી મળેલ મંડળીને પુન:જીવીત કરવા બાબતની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૫/૯૭ :-ધી લખણપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. સંતરામપુરની નોંધણી નંબર સે.દૂ. ૨૪૫૫૪ તા. ૨૯-૯-૮૯થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૩૧-૩-૯૬ના હુકમ ક્ર : ઉખસ/૦૧/ફડચ/૦૧/ચ/૫૯૮/૯૬થી હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ-૨માં જણાવેલ ફડચા અધિકારીની દરખાસ્તમાં જણાવ્યા મુજબ મંડળીના સંચાલકો તરફથી મંડળીને પુન: જીવીત કરવા ઠરાવેલ હોઈ. તેમજ સંસ્થાએ ઉદ્દેશો મુજબની કામગીરી કરવા ખાત્રી આપેલ હોઈ સદર હકીકત ગ્રાહ્ય રાખી આમુખ-૧ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ મંડળીને પુન: ઘટન કરવા આથી નીચેની શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

શરતો

(૧) મંડળીએ તેનું કામકાજ પેટા નિયમ મુજબ અને કાયદા કાનુન મુજબ કરવાનું રહેશે.

(૨) તા. ૨૪/૧૨/૯૬ની ખા.સા. સભામાં નીમાયેલ નવીન ચેરમેનશ્રીને ચાર્જ સોંપવાનો રહેશે.

(૩) તા. ૨૪-૧૨-૯૬ની ખાસ સા.સભામાં થયેલ ઠરાવોના પાલન કરવાની શરતે.

ગોધરા, તા. ૭-૧-૯૭.

વાંચ્યો :-
(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં.-જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે/તા. ૩૦-૩-૯૧.

(૩) આ કચેરીનો હુકમ નં.-સવન/૦૩૯/ચ/૨૫૫૫/ તા. ૨૨-૧૨-૯૦.

(૪) વહીવટદારશ્રી, ધી જેશીવાડા વિભાગ મોટા કદની ખેતિ વિષયક વિ.કા.સ. મં. લી., તા. .દાહોદનો પત્ર તા. ૨૬-૧૧-૯૬.

પ્રસ્તાવના :

જા. નં. સવન/૦૩૯/ચ/૭૮/૯૭.

ધી જેશાવાડા વિભાગ મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સ.મં.લી., જેશીવાડા તા.દાહોદ જિ. પંચમહાલ વ્ય. કમીટીને દૂર કરી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી., ગોધરાની નિમણુંક આ કચેરીના આમુખ-૩ના હુકમથી બે વર્ષની મુદત માટે કરવામાં આવેલ છે. જે. મુદત તા. ૨૨-૧૨-૯૬ના રોજ પૂર્ણ થતાં, વહીવટદારશ્રીએ તેમના આમુખ-૪ના પત્રથી સંસ્થાના બે વર્ષના વહીવટ દરમ્યાન થયેલ પ્રગતિની વિગતો મોકલી, સંસ્થામાં વહીવટદારની નિમણુંક વધુ એક વર્ષ માટે એટલે કે, તા. ૩૧-૧૨-૯૭ સુધી ચાલુ રાખવા

INDEX

ભલામણ કરેલ છે. આમ વહીવટદારશ્રીએ મંડળીના વહીવટ સંદર્ભમાં થયેલ પ્રગતિની જે વિગતો રજુ કરેલ છે. જે જોતાં વહીવટના બે વર્ષના સમયગાળા દરમ્યાન સંસ્થાના વહીવટમાં સુધારો થયેલ છે જેથી હવે વધુ સમય સંસ્થાની વહીવટ હેઠળ રાખવી, વ્યાજબી ન જણાતાં, મુદત વધારી આપવા સંદર્ભમાં આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ.

હું શ્રી એ. વી. મછર, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ગોધરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધી જેશીવાડા વિભાગ મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સ. મં. લી., જેશીવાડા તા. દાહોદ જિ. પંચમહાલના વહીવટદારની નિમણુંકની મુદત પ્રથમ હુકમની તા. ૨૨-૧૨-૯૬થી ૩૧-૩-૯૭ સુધી વધારી આપવા આથી હુકમ કરું છું. નિમણુંકના હુકમથી શરતી અગાઉના હુકમમાં જણાવેલ શરતો મુજબ યથાવત રહેશે.

ગોધરા, તા. ૧૩-૧-૯૭.

વાંચ્યો :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) સહકારી અધિકારી -(ફડચા) સદર કચેરીની તા. ૨૭-૧-૯૭ થી મળેલ મંડળીને પુનઃજીવીત કરવા બાબતની દરખાસ્ત.

હુકમ.

જા. નં. ફડચ/૦૧/ચ/૧૫૧/૯૭. ધી શીર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. સંતરામપુરની નોંધણી નંબર ૨૩૦૮૯ તા. ૨૩-૫-૮૮થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૧૬-૧૦-૯૫ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ચ/૨૫૪૦/૯૫થી હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ-૨માં જણાવેલ ફડચા અધિકારીની દરખાસ્તમાં જણાવ્યાં મુજબ મંડળીના સંચાલકો તરફથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ હોઈ. તેમજ સંસ્થાએ ઉદ્દેશો મુજબની કામગીરી કરવા ખાત્રી આપેલ હોઈ સદર હકીકત ગ્રાહ્ય રાખી આમુખ-૧ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ મંડળીને પુનઃઘટન કરવા આથી નીચેની શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) મંડળીએ તેનું કામકાજ પેટા-નિયમ મુજબ અને કાયદા કાનૂન મુજબ કરવાનું રહેશે.

(૨) હુકમ મળતાં દૂધ ભરવા ઈચ્છતા અને લાયકાત ધરાવતા શીર ગામના ઈસમોને સભાસદ તરીકે દાખલ કરવાના રહેશે.

(૩) શીર ગામના સભાસદો દાખલ કર્યા બાદ ખા. સા. સભા ભરી કાર્યક્ષેત્રના ગામો બાબતે શીર સિવાયના ગામો કમી કરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ૨૫-૧-૯૭ની ખા. સા. સભામાં થયેલા ઠરાવનું પાલન કરવાનું રહેશે.

ગોધરા, તા. ૩૧-૧-૯૭.

સે. ક્રમાંક: ઉખસ/નધણ/૦૯૮૧/સે.દુ/૨૯૩૨૪/ક-૪/ ૨૯૮/૯૭ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી લીલવાઠાકોર દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ લીલવાઠાકોર તાલુકો ઝાલોદ જિલ્લા પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧-ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૬-૨-૯૭.

સે. ક્રમાંક: ઉખસ/નધણ/૦૯૮૦/સે.દુ/૨૯૩૨૩/-ક-૪/ ૨૯૯/૯૭ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી વાંસીયાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ વાંસીયાં તાલુકો ઝાલોદ જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૬-૨-૯૭.

સે.ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૭૩/સે.દુ/૨૯૩૨૨/ક-૪/ ૩૦૧/૯૭ જિલ્લા રજીસ્ટ્રાર, શ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી લખેશ્વરી મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ જાલત તાલુકો દાહોદ જિલ્લા પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૬-૨-૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૪૦/સે.દુ/૪૦૪૪/૯૪/૩૦૨/૯૭ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી પંચમહાલ જિલ્લા કે. આપ. ક્રેડીટ સોસાયટી એસોશીએશન મર્યાદિત સ્થળ ગોધરા તાલુકો ગોધરા જિલ્લા પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

ગોધરા, તા. ૬-૨-૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૬૦/સે./૪૦૪૫/ક-૪/૩૯૧/૯૭ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી લુણાવાડા તાલુકાની માન્ય માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લુણાવાડા મર્યાદિસ્થળત તાલુકો લુણાવાડા જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧૭/૧૯-૨-૯૭

INDEX

સે. ક્રમાંક: ઉખસ/નધણ/૦૯૭૪/સે.દુ/૨૯૩૨૫/ક-૪/૩૯૨/૯૭, જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ડુંડાળા ફળીયા (મોવાસા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ડુંડાળા ફળીયાં તાલુકા સંતરામપુર જિલ્લા પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓને કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ-રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ત. ૧૭/૧૯/૨-૯૭.

સે.ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૭૫/સે./૨૯૩૨૬/ક-૪/૩૯૩/૯૭, જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધીરાણાની સરસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યા-દિત સ્થળ રણની સરસણ તાલુકે સંતરામપુર જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવીછે.

ગોધરા તા. ૧૭/૧૯/૨-૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૭૬/સે.દુ૨૯૩૨૭/ક-૪/૩૯૪/૯૭, જિલ્લા રજીસ્ટ્રારશ્રીસહકારી મંડળીઓા, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ઘોળીઘાંટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ઘોળીઘાંટી તાલુકો સંતર મપુર જિલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ત. ૧૭/૧૯/૨/૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૭૭/સે.દ.૨૯૩૨૮/ક-૪/૩૯૫/૯૭. જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી મઠટીમ્બાના મુવાડા (ચાંપેલી) દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ મઠટીમ્બાના મુવાડા તાલુકો લુણાવાડા જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧૭/૧૯/૨-૯૭.

સે. ક્રમાંક: ઉખસ/નધણ/૦૯૭૮/સે.દુ.૨૯૩૨૯/ક-૪/૩૯૬/૯૭. જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી મોટાઝાંઝરી દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ મોટી ઝાંઝરી તાલુકો લુણાવાડા જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧૭/૧૯/૨-૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૭૯/સે.દુ.૨૯૩૩૦/ક-૪/૩૯૭/૯૭ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી કનકાપગીના મુવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ, મર્યાદિત સ્થળ કનકાપગીનાં મુવાડા તાલુકો લુણાવાડા જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) નો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧૭/૧૯-૨-૯૭.

વાંચ્યો :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ, ૭૪(ધ)ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

(૩) આ કચેરીનો હુકમ નં. સકક/૦૨૮/ચ/૩૦૪૧/૯૫ તા. ૨૨-૧૨-૯૫.

(૪) ક્સ્ટોડીયનશ્રી ધી મોટી સરસણ દુધ ઉત્પાદક સ. મં. લી. તા. સંતરામપુર, જી. પંચમહાલના તા. ૧૬-૧૨-૯૬ના પત્ર નં. પંચ/પીએન્ડઆઈ/૯૬/૮૬૩૦.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, મ.૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ખ)ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૨૮/ચ/૨૩૬/૯૭ :-ધી મોટી સરસણ દુધ ઉત્પાદક સ. મં. લી. મોટી સરસણ તા. સંતરામપુર, જી. પંચમહાલ તે સહકારી કાયદા, કાનુન હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. સદરહું સંસ્થાની વ્ય. કમિટીને દુર કરી ક્સ્ટોડીયનની નિમણુંક આ કચેરીના આમુખ-૩ માં જણાવેલ હુકમથી કરવામાં આવેલ છે. ક્સ્ટોડીયનશ્રીએ તેમના આમુખ ૪ના પત્રથી જણાવેલ છે કે, મંડળી ચાલુ કરવા માટે અત્રેથી વારંવાર સુપરવાઈઝરશ્રીઓ, અધિકારીશ્રીઓ નિયામક મંડળના સભ્યશ્રીઓએ પ્રયત્ન કરેલ તેમાં તા. ૧૧-૧-૯૬ના રોજ ગામના સહકારથી મંડળી શરૂ કરેલ પણ માથાભારે અને વિરોધી તત્વોએ આંતક મચાવી મંડળી શરૂ કરવા દીધી નથી. ત્યાર પછીથી અત્રેથી તા. ૯-૭-૯૬, ૧૦-૮-૯૬, ૧૪-૧૧-૯૬, અને ૬-૧૨-૯૬ના રોજ વારંવાર ગામમાં સભાઓ યોજી સમાધાન માટે વારંવાર પ્રયત્ન કરેલ પરંતુ આખા ગામના લોકો આ મંડળીનો વહીવટ નિયમ અને કાયદા કાનુન મુજબ ચલાવવા સંમત નથી. તેમજ રણની સરસણ ગામે નજીકમાં સુચિત મંડળી શરૂ કરી છે. અને તે મંડળી ચાલુ હો ઈ ત્યાં લોકો દુધ ભરે છે. જેથી આ મંડળી ચાલુ કરવામાં લોકોને રસ નથી તેમ જણાવેલ છે. આમ છેલ્લા એક વર્ષથી મંડળી બંધ છે. જેથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. આ સંજોગોમાં મંડળીના ક્સ્ટોડીયનની સમાપ્તી અને મંડળીને ફડચામાં લઈ જવા અંગે નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એ. વી. મચ્છાર, રજીલ્લા રજીસ્ટ્રાર સ. મં. ગોધરા ધી મોટી સરસણ દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. મોટી સરસણ તા.

INDEX

સંતરામપુર, જી. પંચમહાલના કસ્ટોડીયન તરીકે આ કચેરીનો આમુખ-૩ના હુકમથી કરેલ નિમાણું'ક સમાપ્ત થયેલ જાહેર કરું છું. અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ૧૦૭ (૧)(ખ)નો જોગવાઈ અનુસાર મંડળીને ફડચામાં લઈ જવા અંગે અંતિમ આદેશ કરુ છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) સદર કચેરીની નિમાણું'ક કરું છું.

ગોધરા, તા. ૧૮-૨-૯૭.

વાંચો :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) આ કચેરીનો હુકમ નં. સવન/૦૪૫/ચ/૨૬૦૦ તા. ૩૧-૧૨-૯૪ તથા હુકમ નં. સવન/૦૪૫/ચ/૫૧૦/૯૫ તા. ૧૮-૨-૯૫.

(૩) વહીવટદારશ્રી ધી રાજ્ય અનામત પોલીસ જુથ-પના કર્મચારીઓની ધીરાણ સ. મં. લી. ગોધરાનો તા. ૩૧-૧૨-૯૬

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૪૫/ચ/૨૫૬/૯૭ :-ધી રાજ્ય અનામત પોલીસ જુથ-પના કર્મચારીઓની ધીરાણ સ. મં. લી. ગોધરા જી. પંચમહાલ નીં બ. સમિતિને દુર કરી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલ રે. ડેરોલ ગામની નિમાણું'ક આ કચેરીના આમુખ-૨ ના હુકમથી પ્રથમ બે વર્ષ માટે એટલે કે તા. ૩૧-૧૨-૯૬ સુધીની મુદત માટે કરવામાં આવેલ છે. વહીવટદારશ્રીએ તેમના આમુખ-૩ ના પત્રથી જણાવેલ છે કે, મંડળી ફકત સરકાર માન્ય સસ્તા અનાજ ની દુકાન ચલાવે છે અને ઉદ્દેશો મુજબ ધીરાણની તથા અન્ય કોઈ પ્રવૃત્તિ કરતી નથી અને જે દુકાન ચલાવે છે. જેમાં જુજ આવક મળે છે. આ સંજોગોમાં દુકાન તા. ૧-૪-૯૭ના રોજથી રદ કરવા જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાએ જાણ કરેલ છે. અને જે મંજુરી ન મળે ત્યાં સુધી વહીવટદારની મુદત તા. ૩૧-૩-૯૭ સુધીની વધારી આપવા વિનંતી કરેલ છે. જેના સંદર્ભમાં આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એ. વી. મચ્છાર, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ગોધરા મને મળેલ સત્તાની રૂએ ધી રાજ્ય અનામત પોલીસ જુથ પના-કર્મચારીઓના ધીરાણ સ. મં. લી. ગોધરા જી. પંચમહાલના વહીવટદાર ની મુદત જે તા. ૩૧-૧૨-૯૫ના રોજ પુરી થયેલ છે. જે મુદત તા. ૩૧-૩-૯૭ સુધીની વધારી આપવા હુકમ કરૂં છું. અને વહીવટ દાર તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલ રે. ડેરોલ ગામની અગાઉ કરેલ નિમાણું'ક ચાલુ રાખુ છું. વહીવટદારશ્રીએ મુદત પુરી થતાં અગાઉ મંડળી તેના માન્ય ઉદ્દેશો મુજબ ધીરાણની પ્રવૃત્તિ પુન:શરૂ કરે તે અંગે સક્રિય પ્રયત્નો કરવાના રહેશે. નિમાણું'કની અન્ય શરતો અગાઉના હુકમની શરતો મુજબ યથાવત રહેશે.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૪૪/ભં-૪૪૩૪/ક-૪/૪૧૬/૯૭ : જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી દાહોદ શહેર મહીલા ગ્રાહક સહકારી મંડળી મર્યાદિત સ્થળ દાહોદ તાલુકો દાહોદ જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૧--૨-૧૯૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૫૪/સે.દુ. ૨૯૩૩૧/ક-૪/૪૪૩/૯૭ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી વાંકીયા મહીલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ વાંકીયા તાલુકો દાહોદ જીલ્લો પંચમહાલ, સને ૧૯૬૨નો ગુજરાતકાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૧-૩-૧૯૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૮૪/ક-૪/સે.દુ. ૨૩૯૩૩૨/૪૪૪/૯૭ :- જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી રોયલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રોયલ તાલુકો કાલોલ જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૧-૩-૧૯૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૮૯/સે.દુ. ૨૯૩૩૩/ક-૪/૪૪૫/૯૭ : -જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ઈચ્છા પગીનાં મુવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ઈચ્છા પગીના મુવાડા તાલુકો ગોધરા જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૧-૩-૧૯૯૭.

સે. ક્રમાંક : ઉખસ/નધણ/૦૯૯૮/સે. દુ. ૨૯૩૩૪/ક-૪/૪૪૬/૯૭ :-જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કોઠાપડી દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ કોઠાપડી તાલુકો દે. બારીયા જીલ્લો પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૧-૩-૧૯૯૭.

INDEX

વાંચ્યા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) આ કચેરીના હુકમ નં. સવન/૦૪૫/૨૫૬/તા. ૨૧-૨-૯૭.

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ ખાતાના જાહેરનામા ક્રમાંક:જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી૧૧૮૮/ ૫૨૦૪/જે તા. ૩૦/૩/૯૧થી સુપ્રત થયેલ અધિકાર.

(૪) વહીવટદારશ્રી, ધી રાજ્ય અનામત જુથ. પના કર્મચારીઓની ધિરાણ સ. મં. લી. ગોધરાનો પત્ર તા.૩/૨/૯૭.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ખ)ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં.સવન/૦૪૫/ચ/૪૦૮/૯૭;ધી રાજ્ય અનામત પોલીસ જુથ-પના કર્મચારીઓની ધિરાણ સ. મં. લી.ગોધરા જી. પંચમહાલની વ્ય. સમિતિને દુર કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકે શ્રી ગોકળભાઈ મોતીભાઈ પટેલ રે. ડેરોલ ગામની નિમણુંક આ કચેરીના આમુખ ૨ના હુકમથી તા.૩૧/૧/૯૭ સુધીની મુદત માટે કરવામાં આવેલ છે. વહીવટદારશ્રીએ તેમના આમુખ-૪ના પત્રથી જણાવેલ છે કે, મંડળીના વહીવટના (બે) ૨ વર્ષ ઉપરાંતના સમય દરમ્યાન મંડળી તેના માન્ય ઉદેશો મુજબ સભાસદોને ધિરાણ કરવા અંગેના પ્રવૃત્તિ કરી શકે તે માટે પ્રયત્નો કરવા છતાં સભાસદો ધિરાણ લેતા નથી. અને તેઓને ધીરાણ મેળવવામાં કે મંડળી ચલાવવામાં કોઈ રસ કે ઉત્સાહ જણાતો નથી. મંડળી ફકત સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન ચલાવે છે. અને જે દુકાનમાં ફકત ખાંડ તથા કેરોસીન વિતરણની કામગીરી થાય છે જે પ્રવૃત્તિની મંડળીની જુજ આવક થાય છે અને આર્થિક રીતે પોષણક્ષમ નથી અને જેના કારણે મંડળી દિન-પ્રતિદિન ખોટમાં કામ કરે છે આ સંજોગોમાં મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. જે જોતાં મંડળીના વહીવટદારની સમાપ્ત કરી, મંડળીને ફડચામાં લઈ જવા અંગે નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

...આથી હું એ. વી. મચ્છાર જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ગોધરા ધી રાજ્ય અનામત પોલીસ જુથ-પના કર્મચારીઓની ધિરાણ સ. મં. લી ગોધરા જી. પંચમહાલના વહીવટદાર તરીકે આ કચેરીના આમુખ-૨ના હુકમથી કરેલ નિમણુંક તા.૩૧/૩/૯૭ ના રોજથી સમાપ્ત થયેલ જાહેર કરૂં છું. અને ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ખ) ના જોગવાઈ અનુસાર મંડળીને ફડચામાં લઈ જવા અંગે અંતિમ આદેશ કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફડચા) સદર કચેરીના નિમણુક કરૂ છું.

ગોધરા, તા.૩૧-૩-૯૭.

વાંચ્યો :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જી.એચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪ /જે તા. ૩૦-૩-૯૧.

(૩) આ કચેરીના કારણદર્શક નોટીસ નં સવન/૦૧૦૦/ચ/૨૩૫૮ ૯૬; તા. ૧૨-૧૨-૯૬.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૧૦૦/ચ/૪૦૪/૯૭; ધી પાણીયા મજુર કામદાર સ. મં. લી. પાણીયા તા. લીમખેડા જી. પંચમહાલ તે સહકારી કાયદા, કાનુન હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે સદરહુ મંડળીની વ્ય. કમીટીને દુર કરી, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા માટે આ કચેરીના આમુખ-૩ના પત્રથી કારણદર્શક નોટીસ આપી, દિન-૧૫માં લેખિત ખુલાસા કરવા અને રૂબરૂ રજુઆત માટે તા. ૩૦-૧૨-૯૬ના રોજ સુનાવણી રાખેલ હતા સદરહુ મુદતે ખુલાસા રજુ ન થતાં, અને બીજી મુદતો મળવા રજુઆત થતાં, ન્યાયના હિત ખાતર વધુ મુદતો તા.૬-૧-૯૭, ૧૬-૧-૯૭, ૨૦-૧-૯૭ના રોજની આપણાં, નોટીસના મુદ્દાઓના ખુલાસા રજુ કરેલ છે. અને ખુલાસાઓના સંદર્ભમાં જરૂરી રેકર્ડ તેમજ આધારો ખાત્રી માટે રજુ કરેલ છે જે તમામ હકીકતો જોતાં કારણદર્શક નોટીસના મુદ્દાઓ સંદર્ભમાં નીચેની હકીકતો જણાયેલ છે.

(૨) મંડળીની સને-૧૯૯૦-૯૧ થી ૧૯૯૪-૯૫ સુધીની પાંચ વર્ષની વા. સા. સભાઓ ભરવામાં આવેલ નથી આ ઉપરાંત તા. ૨-૧-૯૧ બાદ વ્ય. કમીટીની કોઈ મીટીંગ ભરવામાં આવેલ નથી આમ સંસ્થામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મીટીંગો બોલાવ્યા સિવાય જે કાર્યવાહી કરેલ છે જેના સંદર્ભમાં ખુલાસો કરેલ છે કે મંડળીના સભ્યો અભણ અને અધુરા અભ્યાસવાળા હોવાથી તેમજ સહકારી કાયદા, કાનુનનું પુરતુ જ્ઞાન ન હોવાથી મીટીંગો ભરવામાં આવેલ નથી જે ખુલાસો વ્યાજબી અને ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.

(૨) મંડળીએ તેની શરૂઆતથી દર વર્ષે જે ઓડીટ કરવામાં આવેલ છે કે ઓડીટની મહત્વની ખામીઓ તથા સુચનાઓનો અમલ કરી, નિયત સમયમર્યાદામાં દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી. અને જેના ખુલાસામાં મંડળીના મંત્રીશ્રી ઓછા સભ્યસવાળા અને બીનઅનુભવી હોવાથી ક્ષતિ થયેલ હોવાનું જણાયેલ છે જે વ્યાજબી નથી.

(૩) મંડળીએ બાંધકામના કામો મેળવવા અંગે બાંધકામ અંગેનું જરૂરી વર્ગીકરણ આ કચેરી પાસેથી મેળવવું જોઈએ જે મેળવ્યા સિવાય મંડળીના ચેરમેનશ્રી ગામના સરપંચ હોવાના નાતે તાલુકા પંચાયત કચેરી, લીમખેડામાં તેમના વર્ગનો ઉપયોગ કરી, બાંધકામના કામો મેળવી, સહકારી, કાયદા, કાનુન અને પેટાનિયમનો ભંગ કરેલ છે. અને ખુલાસામાં બીન અનુભવના કારણે બનેલ હોવાની જે બાબત રજુ કરેલ છે જે વ્યાજબી જણાયેલ નથી.

INDEX

(૪) મંડળીએ ૯૩/૯૪ તથા ૯૪/૯૫ ના વર્ષમાં બાંધકામના કુલ-૬ કામો મેળવી કરેલ છે. જે પૈકી ત્રણ કામો પુર્ણ કર્યાના કંમ્પલીશન સર્ટી પાછળથી મેળવી ખાત્રી માટે રજુ કરેલ છે બાકીના ત્રણ કામોના કમ્પ. સર્ટી મેળવેલ નથી આમ મેળવેલ કામો નિયત સમય મર્યાદામાં, પુર્ણ કરેલ છે કે કેમ? જેના કોઈ આધાર પુરાવા જે તે સમયે અથવા તો પાછળથી મેળવેલ નથી.

(૫) મંડળી બાંધકામના જે કામો મેળવી, તે અંગે ખરીદવામાં આવતા માલસામાનનાં ઉપયોગ, વપરાશ અને સ્ટોક અંગે રજીસ્ટર નિભાવવાનું હોય છે જે નિભાવેલ નથી આ ઉપરાંત માલસામાન ખરીદીના બીલો ૯૪/૯૫ના વર્ષમાં જે તે સમયે મેળવી ઓડીટમાં રજુ કરવા જોઈતા હતા, પરંતુ તેમ થયેલ નથી. પાછળથી મેળવી, ખાત્રી માટે રજુ કરેલ છે. જે વ્યાજબી જણાયેલ નથી.

(૬) મંડળી પાસે રૂા. ૫૦૦૦,નો ડેડસ્ટોક છે જેમાં ત્રિકમ, પાવડા, તગારાં વિગેરે સામાન છે જે અંગે કોઈ ડેડસ્ટોક રજીસ્ટર અત્યાર સુધી નિભાવેલ નથી આ ઉપરાંત ઓડીટ સમયે ડેડસ્ટોકની ચીજવસ્તુઓ હાજર હોવા બદલ રૂબરૂ ખાત્રી કરાવેલ નથી અને હાલ ચેરમેનશ્રીના હવાલામાં તેવો ખુલાસો કરેલ છે.

(૭) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી કોઈપણ જાતની મીટીંગો ભરેલ નથી. અને મીટીંગો ભર્યા સિવાય ચેરમેનશ્રી બારોબાર ઠરાવો લખી, વહીવટ કરી બાંધકામના કામો મેળવી, એક હથ્થુ રીતે મંડળીનું તમામ સંચાલન અને વહીવટ કરતા હોવાનું સ્પષ્ટપણે ફલીત થયેલ છે.

(૮) મંડળીને અગાઉના વર્ષોમાં સરકારશ્રી તરફથી સાધન ઓજાર, લોન, તથા શેરફાળો ચુકવવામાં આવેલ છે. જેની મુદ્દલ તથા વ્યાજ મળી કુલ રૂા. ૬૪૪૬/-ની રકમ મુદતવીતી ભરપાઈ કરવાની બાકી પડે છે. જે નાણાં દિન-૩માં ભરપાઈ કરવા રૂબરૂમાં ખાત્રી આપેલ હોવા છતાં, ભરવામાં આવેલ નથી અને સરકારશ્રીની લોન તથા શેરફાળાના બોલીઓ અને શરતોનો ભંગ કરેલ છે.

૨. આમ ઉકત તમામ હકીકતો જોતાં મંડળીનો વહીવટ તેની શરૂઆતથી સહકારી, કાયદા, કાનુન અને પેટા-નિયમોની જોગવાઈ-ઓ અનુસાર કરવામાં આવતો નથી અને વ્ય. કમીટીની જે નિમણુંક કરવામાં આવેલ છે તે વ્ય. કમીટીના સભ્યો પણ મંડળી ના વહીવટમાં રસ કે ઉત્સાહ દાખવતા નથી અને ફકત ચેરમેનશ્રી એક હથ્થુ રીતે વહીવટ કરી રહેલ છે. અને મંડળીની વ્ય.કમીટી સહકારી અધિનિયમ, નિયમો અને પેટાનિયમથી સુપ્રત થયેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાનું અથવા તો તેમાં બેદરકાર રહેલ હોવાનું અથવા તો તેમાં વારંવાર કસુર કરેલ હોવાનું જણાતાં, હાલની વ્ય. કમીટીને દુર કરી, મંડળીનો વહીવટ ચલાવવા સંદર્ભમાં વહીવટદારની નિમણુંક કરવાનું જરૂરી જણાતાં આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એ.વી. મઠાર, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ગોધરા આથી શ્રી પાણીયા મજુરકામદાર સ. મં. લી. પાણીયા તા. લીમખેડા જી. પંચમહાલની હાલની વ્ય. કમીટીને ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ દુર કરી, મંડળીના વહીવટદાર તરીકે શ્રી કૃષ્ણકાંત ભીખાલાલ શાહ રે. ગોધરાની નિમણુંક નીચેની શરતોને આધીન કરું છું.

(૧) વહીવટદારની નિમણુંક પ્રથમ તબકકે હુકમની તારીખથી એક વર્ષ સુધીની રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીના ચાર્જ તાત્કાલીક સંભાળી, સંસ્થાનો વહીવટ આ કચેરીની વખતોવખતની સુચનાઓને આધીન કરવાનો રહેશે.

(૩) વહીવટદારશ્રીએ કરેલ કામગીરીનો માસિક પ્રગતિ અહેવાલ દર માસે નિયમિત પાંચમી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રી આ કચેરીની પુર્વમંજુરી મેળવ્યા સિવાય મંડળી વતી અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં ભાગ લઈ શકશે નહીં, અને મંડળી વતી મત આપી શકશે નહીં.

(૫) વહીવટદારશ્રીના મહેનતાણાની રકમ હવે પછી નક્કી કરવામાં આવશે.

ગોધરા, તા.૨૧-૩-૯૭.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ઘ) તથા ૭૪-ગની જોગવાઈ.

(૨) આ કચેરીનો હુકમ નં. સવન/૦૬/ચ/૬૪૨/૯૫ તા ૧૫-૩-૯૫

(૩) આ કચેરીના હુકમ નં.સવન/૦૬/ચ/૨૨૯૯/૯૫ તા. ૩૧-૮-૯૫

પ્રસ્તાવના

જા.નં.સવન/૦૬/ચ/૪૧૦/૯૭/થી લુણાવાડા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. લુણાવાડા જી. પંચમહાલની વ્ય. કમીટીની જગ્યાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ઘ)ની જોગવાઈ અનુસાર કસ્ટોડીયન કમીટીની નિમણુંક તા. ૧૫/૩/૯૭ સુધીમાં વિગત માટે આ કચેરીના આમુખ-૧ તથા ૨ માં જણાવેલ હુકમથી કરવામાં આવેલ છે. જે મુદત પુરી થતાં અગાઉ સંસ્થાની વ્ય. કમીટીની ચુંટણી કરાવવાની થાય છે. સદરહુ સંસ્થાનો નિર્દિષ્ટ પ્રકારની સંસ્થામાં સમાવેશ થાય છે. જેથી વ્ય. કમીટીની ચુંટણી ક્લેકટરશ્રી પંચમહાલ ગોધરા મારફતે કરાવવાની થાય છે. મુદત પુરી થતાં અગાઉ ચુંટણી અંગેની દરખાસ્ત મોકલી આપવા સંસ્થાને જરૂરી સુચના આપેલ છે. જેથી ચુંટણી પ્રક્રિયા પુરી થવામાં સમય જાય તેમ છે. આ સંજોગોમાં ચુંટણી ન થાય ત્યાં સુધી કસ્ટોડીયન કમીટીની નિમણુંકોની મુદત વધારો આપવાની જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એ. વી. મઠાર જીલ્લા રજીસ્ટાર સ. મં. ગોધરા મને મળેલ સત્તાની રૂએ ધી લુણાવાડા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. લુણાવાડાની વ્ય. કમીટીની જગ્યાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪(ઘ)ની જોગવાઈ અનુસાર આ કચેરીના આમુખ-૧ તથા ૨ ના હુકમથી નિમણુંક

INDEX

કરેલ કસ્ટોડીયન કમીટીની જગ્યાએ સંસ્થાની વ્ય. કમીટીની ચુંટણી ન થાય ત્યાં સુધીની મુદત માટે વધારી આપવા આથી હુકમ કરૂં છું. નિમણુંકની શરતો આમુખ-૨માં જણાવેલ હુકમ મુજબ યથાવત રહેશે.

ગોધરા, તા. ૨૧-૩-૯૭.

વાંચ્યા : (૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ ખાતાના જાહેરનામા નં.જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી ૧૧૮૮/૫૨૦૪/જે તા ૩૦/૩/૯૧ થી સુપ્રત થયેલ અધિકાર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ધ) તથા ૭૪(ગ)ની જોગવાઈ.

(૪) આ કચેરીનો હુકમ નં સવન/૦૨૪/ચ/૨૯૦ તા. ૨૩-૨-૯૬.

પ્રસ્તાવના

જા. નં. સવન/૦૨૪/ચ/૪૧૧/૯૭; ધી લીમખેડા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. તા. લીમખેડા જી. પંચમહાલની વ્ય. કમીટીને દુર કરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે વહીવટદાર બોર્ડની નિમણુંક ચાર વર્ષની મુદત માટે આ કચેરીના આમુખ-૪ના હુકમથી કરવામાં આવેલ છે. જે મુદત તા.૧૮-૨-૯૭ના રોજ પુરી થયેલ છે. સદરહુ સંસ્થામાં નિર્દિષ્ટ પ્રકારની મંડળીનો સમાવેશ થતો હોવાથી વ્ય. કમીટીની ચુંટણી કલેકટરશ્રી પંચમહાલ, ગોધરા મારફતે કરાવવાની થાય છે. અને તે મુજબ સંસ્થાએ વહીવટદારની મુદત પુરી થતા અગાઉ ચુંટણી અંગેની દરખાસ્ત આ કચેરીને મોકલેલ હતી અને જે દરખાસ્ત આ કચેરીના તા. ૭/૧/૯૭ના પત્ર નં.સહમ/ચટણ/૦૯/ક-૧/૮/૯૭ થી નાયબ કલેકટરશ્રી, ગોધરાનો મોકલેલ છે. પરંતુ તેઓશ્રી તરફથી ચુંટણી કાર્યક્રમ બહાર પાડેલ નથી. જેથી ચુંટણી પ્રક્રિયામાં સમય જાય તેમ છે અને વહીવટદારની નિમણુંકમાં સહકારી કાયદાની જોગવાઈ અનુસાર હવે કોઈ મુદત વધારો આપી શકાય તેમ ન હોવાથી સંસ્થાના વહીવટદારની સમાપ્તી કરી તેની જગ્યાએ કસ્ટોડીયનની નિમણુંક કરવા સંદર્ભમાં આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એ. વી. મછાર જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ગોધરા આથી મને મળેલ સત્તાની રૂએ ધી લીમખેડા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. લીમખેડા જી. પંચમહાલના વહીવટદાર બોર્ડની આ કચેરીના આમુખ-૪ના હુકમથી કરેલ નિમણુંક તા. ૧૮/૨/૯૭ના રોજથી સમાપ્ત થયેલ જાહેર કરૂં છું અને સંસ્થાના કસ્ટોડીયન તરીકે ધી પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી ગોધરાની નિમણુંક ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ધ)ની જોગવાઈ અનુસાર નીચે જણાવેલ શરતોને આધીન કરું છું.

શરતો

૧. કસ્ટોડીયનની નિમણુંકની મુદત તા.૧૯/૨/૯૭ થી સંસ્થાની વ્ય. કમીટીની ચુંટણી ન થાય ત્યાં સુધીની રહેશે.

૨. કસ્ટોડીયનશ્રીએ આ કચેરીની વખતોવખતની સુચનાઓને આધીન વહીવટ કરવાનો રહેશે.

૩. કસ્ટોડીયનશ્રીએ મહેનતાણા પેટે કોઈપણ જાતનો ખર્ચ સંઘમાં પાડવાનો રહેશે નહીં.

૪. કસ્ટોડીયનશ્રી આ કચેરીની પુર્વમંજુરી મેળવ્યા સિવાય અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં સંસ્થા વતી મત આપી શકશે નહીં તેમજ ચુંટણીમાં ઉમેદવારી પણ કરી શકશે નહીં.

ગોધરા, તા.૨૧-૩-૯૭.

વંચાણે લીધા :--

(૧) સરકારશ્રી કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં નંબર જીએચ.કેએચ./૨૪/૯૧/ડીડીસી/ ૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦/૩/૯૧.

(૨) અત્રેની કચેરીના જા. નં.નસમ/૧૬/ખ/૧/૬૦૫/૯૬ તા. ૩૦/૮/૯૬.

(૩) અત્રેની કચેરીના જા. નં. નસમ/૧૬/ખ/૧/૭૫૪/૯૬ તા. ૨૮/૧૦/૯૬.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૧૧/૨૦૩/૨૦૦૦.— આનંદપુરા સેવા સહકારી મંડળી લી. આનંદપુરા મુ. કણજરી તા. નડીઆદની નોંધણી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત દ્વારા તા. ૨૦–૮–૯૧ના રોજ કરવામાં આવેલ છે. સદર નોંધણી અંગેની દરખાસ્તની ચકાસણી કરતાં સદર મંડળીની નોંધણી સહકારી કાયદો કાનુન અને પેટા નિયમ મુજબ થયેલ નથી તેવી હકીકતો ધ્યાન ઉપર આવતાં આ નોંધણી અંગેની કાર્યવાહીને કલમ–૧૫૫ હેઠળ રીવીઝનમાં લઇ અને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. જી. પં. નડીઆદની આ આ અંગેની કાર્યવાહી અંગે તેમના નિર્ણયની યથાર્તતા ચકાસતાં રજુઆત થઈ હતી. જે અંગે આમુખ–૧ અનુસાર થયેલ હુકમની પ્રસ્તાવના મુજબ સહકારી મંડળી ની નોંધણી અંગેની અર્થક્ષમતા કે તેના ધોરણોને લક્ષમાં લેવામાં આવ્યા નથી સુધારણા સમિતીનો ઠરાવ નથી અન્ય મંડળીઓના વાંધા પ્રમાણપત્ર પણ મેળવવામાં આવ્યા નથી પરીણામે આ મંડળીની નોંધણી કાયદા કાનુન સાથે સુસંગત ન હોય રદ કરવા માટે માંગણી કરેલ છે. તે અનુસાર સદર મંડળીની હાલના પરિસ્થિતિ લક્ષમાં. લઇને આ મંડળીઓની નોંધણી સહકારી કાયદા કાનુન અન્વયે થયેલ ન હોય તે નોંધણી રદ થાય તે અંગે કલમ–૨૦ અથવા કલમ ૧૦૭ અન્વયે જરૂરી કામ ચાહી કરવા જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ, નડીઆદને આદેશ કરવામાં આવે છે. તે અનુસાર સદર મંડળીનાં ઓડીટ ઓડીટર સહકારી મંડળીઓ, ડાકોર તરફથી તા. ૧–૭–૯૮ થી ૩૦–૬–૯૯ સુધીનું ઓડીટ હાથ ધરેલ છે. ઓડીટ વર્ગ–૬ છે. ઓડીટરશ્રીએ મંડળીને નીચેની ખામીઓને ધ્યાનમાં લઇ સહકારી કાયદાની કલમ–૧૦૭ મુજબ ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે.

(૧) મંડળી તા. ૨૦–૮–૯૧ થી નોંધાયા બાદ કોઇ પ્રવૃતિ હાથ ધરેલ નથી. સંપૂર્ણ સ્થગિત છે.

(૨) ઓડીટ વર્ગની ખામીઓની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૩) મંડળીની પ્રથમ સાધારણ સભા મળ્યા બાદ એક સભા મળેલ નથી.

(૪) ઓડીટ સમયે દરમ્યાન વ્યવસ્થાપક કમીટીની એક પણ બેઠક મળેલ નથી મંડળીના સભાસદોને મંડળીના કામકાજ માં રસ જણાતો નથી.

(૫) મંડળી પાસે પુરતા ભંડોળ ન હોય મંડળી ચાલુ થઈ શકે તેમ નથી.

(૬) મંડળીએ ૯૪–૯૫ થી ઓડીટ ફી ભરેલ નથી.

ઉપરના મુદ્દાઓ અંગે આમુખ-૩ મુજબ હોદેદારોને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. તે અંગે આર. પી. એ. ડી. ટપાલ સ્વીકારવામાં આવેલ નથી. ત્યારબાદ તા. ૩–૫–૨૦૦૦ ના રોજ સહકારી કાયદાની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવા અંગે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) નો જોગવાઇ અનુસાર સહકારી અધિકારી ફડચા નં. ૧ નડીઆદ નિમણુક કરી હુકમ કરવામાં આવેલ સદર હુકમનું આરપીએડી કવર પરત આવેલ છે. જે અનુસાર સદર મંડળીના હોદેદારો મંડળીની ટપાલ સ્વીકારતા નથી તથા સદર મંડળીની નોંધણી તા. ૨૧–૮–૯૧ બાદ મંડળીઓએ તેના પેટા નિયમ ઉદેશ મુજબ કોઇ કામગીરી હાથ ધરેલ નથી તથા વર્ડા કચેરી ના તરફથી તા. ૧૯–૪–૧૯૯૬ ના પરાપત્ર અનુસાર પ્રાથમિક સહકારી મંડળીઓને અર્થક્ષમતા માટેના પરીપત્રમાં જણાવેલ નોંધણી અંગેના માપદંડોનું ચકાસણી કરતાં સદર મંડળી કાર્યક્ષમ રીતે ચાલી શકે તેમ ન હોય ૧૫૦ ઓછામાં ઓછાં ધિરાણ લઇ શકનાર સભ્યો રેવન્યુ વિસ્તાર હોવું જોઇએ. ૧૫૦ થી ૨૦૦ સભાસદો ખેતી વિષયક ધિરાણ જીવન જરૂરી ચીજવસ્તુઓ ૫૦૦૦ હેકટર જેટલી ખેતીની જમીનનો વિસ્તાર કાર્યક્ષેત્ર વિગેરે ધોરણો જળવાતાં ન હોય તા. ૩૦–૬–૯૯ સુધીના ઓડીટ સમય દરમ્યાનમાં કોઈ પ્રવૃત્તિ હાથ ધરેલ ન હોય તેને ધ્યાને લઇ આમુખ-૪ અનુસાર સદર મંડળીને ફડચા

INDEX

માં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. તથા અધિક રજીસ્ટ્રાર સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૪–૨–૯૯ ના રીવીઝન અરજી નં, ૩૮/૯૨ હુકમ અનુસાર સદર મંડળીની નોંધણી રદ્દ કાર્યવાહી હાથ ધરવા સારૂં. સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આનંદપુરા સેવા સહકારી મંડળી લી. મુ. કણજરી તા. નડીઆદ જી. ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીઆદની ઓફીસ નોંધ નં. ૧૦૩૨૭ તા. ૨૦–૮–૯૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુ. રા. સહકારી મંડળીઓના કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદર ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૨ નડીઆદની સહકારી કાયદાની કલમ–૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમમુજબ સહકારી તીજોરીમાં " ૯૪૨૫ સહકાર " ના સદરે જમા કરાવવા ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવું.

નડીઆદ, તા. ૧૦–૭–૨૦૦૦.

વચાળે લીધા :—

(૧) અધિક રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર, ગાંધીનગર સમક્ષ સાહેબ રૂબરૂ, રીવીઝન અરજી નંબર ૩૯/૯૨ અંગે આવેલ નિવેડો તા. ૪–૨–૯૯.

(૨) ઓડીટર સહકારી મંડળીઓ, ડાકોરના તા. ૩૦–૯–૯૯ના પત્ર ન. ખસણ/ખા. અ./૧૩૪/૯૯ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગે આવેલ વહીવટી અહેવાલ.

(૩) અત્રેની કચેરી તરફથી તા. ૬-૩-૨૦૦૦ના પત્ર નં. સક્ષ/ફડચ/ગ–૨/૯૯/૨૦૦૦ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના તા. ૨૮–૩–૨૦૦૦ના જા. નં. ફડચ/ગ–૨ / ૧૪૭ / ૨૦૦૦ થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ–૨/ ૨૦૪ / ૨૦૦૦.— રામપુર સેવા સહકારી મંડળી લી., રામપુરા તા.એ ચકલાસી ત. નડીઆદની નોંધણી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીઆદ દ્વારા તા. ૨૦–૮–૯૧ના રોજ કરવામા આવેલ છે. સદર નોંધણી અંગેના ચકાસણી કરતાં સદર મંડળીની નોંધણી સહકારી કાયદા અને કાનુન અને પેટા નિયમ મુજબ થયેલ નથી. તેવા હકીકતો ધ્યાન ઉપર આવતાં આ નોંધણી અંગેની કાર્યવાહી ને કલમ ૧૫૫ હેઠળ રિવીઝનમાં લઈ જવા અને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, જીલ્લા પંચાયત નડીઆદની આ અંગેની કાર્યવાહી અંગે તેમના નિર્ણયની યથાર્થતાને ધ્યાનમાં લઇ ચકાસવા રજુઆત થઇ હતી. જે અંગે આમુખ–૧ અનુસાર થયેલ હુકમની પ્રસ્તાવના મુજબ સહકારી મંડળીની નોંધણી અંગેની અર્થક્ષમતા કે તેના ધોરણો ને લક્ષમાં લેવા આવ્યા નથી. સુપરવીઝન સમિતિનો ઠરાવ નથી. અન્ય મંડળીઓના વાંધા પ્રમાણપત્ર પણ મેળવવા આવ્યા નથી પરિણામે આ મંડળીની નોંધણી કાયદા કાનુન સાથે સુસંગત ન હોય રદ્દ કરવા માટે માગણી કરેલ છે. તે અનુસાર સદર મંડળીની હાલની પરિસ્થિતિ લક્ષમાં લઇને આ મંડળીની નોંધણી સહકારી કાયદા કાનુન અન્વયે થયેલ ન હોય તે નોંધણી રદ્દ થાય તે તે અંગે કલમ–૨૦ અથવા કલમ–૧૦૭ અન્વયે જરૂરી કાર્યવાહી કરવા જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ. નડીઆદને આદેશ કરવામાં આવે છે. તે અનુસાર સહકારી મંડળીના ઓડીટ ઓડીટર સહકારી મંડળીઓ, ડાકોર તરફથી તા. ૧–૭–૯૭ થી ૩૦–૬–૯૯ સુધીનું હાથ ધરેલ છે. ઓડીટ વર્ગ-૬ છે. અને અન્વેષક તરફથી નીચેની ખામીઓને ધ્યાનમાં લઇ સહકારી કાયદાની કલમ–૧૦૭ મુજબ ફડચામા લઇ જવા ભલામણ કરેલ છે.

(૧) મંડળીની તા. ૨૦–૮–૯૧ થી નોંધણી કરવામાં આવે છે. અને ૯૭–૯૯ના વર્ગમાં મંડળી સદંતર સ્થગીત છે.

(૨) મંડળી એકંદરે ખોટમાં છે.

(૩) સને ૯૬–૯૭ના વર્ષની સાધારણ સભા મળેલ નથી. વ્યવસ્થાપક કમિટીની મીંટીંગ પણ થયેલ નથી.

(૪) ઓડીટની ખામીઓની દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૫) ખેતી વિષયક ધિરાણ પ્રવૃત્તિ કરેલ નથી.

(૬) મંડળી પાસે નાણાંકીય ભંડોળ અપુરતા પ્રમાણમાં હોય કોઇ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. છેલ્લા ૫ વર્ષના ઓડીટ કૂલ બાકી છે.

ઉપરના મુદ્દા અંગે આમુખ-૩માં હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આર. પી એ. ડી.થી આપવામાં આવેલ છે. જે અંગે મંડળી / હોદ્દેદારો ટપાલ સ્વીકારેલ નથી. જે પરત આવેલ છે. ત્યારબાદ તા. ૨૮–૩–૨૦૦૦ના રોજ વચગાળાનો હુકમ ફડચ/ગ-૨/૧૪૭/૨૦૦૦થી કરવામાં આવેલ છે. પરંતુ મંડળીના હોદ્દેદારોએ કોઇ રજુઆત કરેલ નથી. મંડળીની નોંધણી તા. ૨૭–૮–૯૧ બાદ મંડળીએ તેના પેટા નિયમમાં ઉદ્દેશ મુજબની કોઇક કામગીરી હાથ ધરેલ નથી. વડી કચેરીના તા. ૧૯–૪–૯૬ના પરિપત્ર અનુસાર પ્રાથમિક સહકારી મંડળીઓને અર્થક્ષમ બનાવવા માટેના પરીપત્રમાં જણાવેલ નોંધણી માપદંડોના ચકાસણી કર્તા સદર મંડળી કાર્યક્ષમ રીતે ચાલી શકે તેમ ન હોય તથા રેવન્યુ વિલેજ ન હોય ૧૫૦ ઓછામાં

INDEX

ઓછી ધિરાણ લઈ શકનાર સભ્યો/૫૦૦૦ હેકટર જેટલી ખેતી જમીનનો વિસ્તાર કાર્યક્ષેત્ર વિગેરે ધ્યાનમાં ક્રોઇ પ્રવૃત્તિ હાથ ધરેલ ન હોય તેને ધ્યાને લઇને આમુખ-૪ અનુસાર સહકાર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા અધિક રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૪-૨-૯૯ના રીવીઝન અરજી નં. ૩૯/૯૨ હુકમ અનુસાર સહકાર મંડળીની નોંધણી રદ્દના કાર્યવાહી હાથ ધરવા સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગેનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

રામપુરા સેવા સહકારી મંડળી લી. મુ. રામપુરા તા. નડીઆદ જી. ખેડાની શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદની ઓફીસ નોંધ નંબર ૨૬૦૨૨ તા. ૨૦-૮-૯૧થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં. ૧નો સહકારી કાયદાની કલમ ૧૦૮/૩ હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને તેમનાં મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં '૦૪૨૫ સહકાર' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૧૦-૭-૨૦૦૦.

નં. નધણ/સેદૂ/૧૦૭૫/૦૧/ખ/૪૦૭/સેદુ-૩૨૦૭૭/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, પડાલ દુધ ઉત્પાદક સહકારી મં. લી. મર્યાદિત સ્થળ પડાલ તાલુકો ઠાસરા જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ આજરોજ નોંધવામાં આવેલ છે.

નડીઆદ, તા. ૨૧-૭-૨૦૦૦.

નં નધણ/ભં/૧૦૭૬/૦૧/ખ/૪૧૮/ભં-૪૬૮૮/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, ધા નૂતન ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ મલાસિનોર તાલુકો માલાસિનોર જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવો છે.

નડીઆદ, તા. ૩૧-૭-૨૦૦૦.

નં. નધણ/સેદૂ/૧૦૭૭/૦૧/ખ/૪૨૮/સેદૂ-૩૨૦૭૮/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, અજીપુરા (ઠા) દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ અજીપુરા તાલુકો ઠાસરા જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૧-૭-૨૦૦૦.

વંચાણમાં લીધા :— ધર્મપુરા દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. ધર્મપુરા તા. નડીઆદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-/૧૧૭/૨૦૦૦, તા. ૩-૫-૨૦૦૦

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨૨૬/૨૦૦૦.— ધર્મપુરા દુધ ઉત્પાદક સ. મં. લી. મુકામ ધર્મપુરા તાલુકા નડીઆદ જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે ૧૨૧૩૮. તા. ૨૩-૬-૯૯ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં. ૨ નડીઆદ ની લદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમા "૦૪૨૫ સહકાર' સદરે જમા કરા૦ ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૨૭-૭-૨૦૦૦.

વંચાણમાં લીધા :— કેવડીયા સેવા સ. મં. લી. મુ. કેવડીયા તા. કપડવંજને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૧૫૯/૨૦૦૦, તા. ૩-૫-૨૦૦૦.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ગ-૨/૨૨૭/૨૦૦૦.—કેવડીયા સેવા સ મં. લી. મુકામ કેવડીયા તાલુકો કપડવંજ જિલ્લા ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર તા. થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે

INDEX

ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં. ૧ નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમા પુરૂં કરવું.

નડીઆદ, તા. ૨૭–૭–૨૦૦૦.

વંચાણમાં લીધા :

ભદ્રાઆ તમાકુ ઉત્પાદક સ. મ. લી. મુ. ભદ્રાઆ, તા. કાણજરા, ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ–૨/૧૫૭/૨૦૦ તા. ૨૮–૪–૨૦૦૦.

હુકમ

જા. નં, ઉખસ/ક-૪/ફડચા/ગ–૨/૨૨૮/૨૦૦૦.— ભદ્રાઆ તમાકુ ઉત્પાદક સ. મ. લી. મુકામ ભદ્રાઆ, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત નડીઆદની ઓફીસના નોંધ નંબર એ–૨૦૭૭૨ તા. ૨૮–૮–૯૯ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં. ૨ ની નડીઆદની ની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે, અને તેમના મહેણુતાનાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનુ કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૨૭–૭–૨૦૦૦.

નં. નધણ/સે/૧૦૭૮/૦૧/ખ/૪૪૧/સે-૩૨૦૭૯/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, ડંકપુર કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ડાકોર તાલુકો ઠાસરા જીલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, ૧૧–૮–૨૦૦૦.

નં. નધણ/સેદ્ર/૧૦૭૯/૦૧/ખ/૪૪૩/સેદ્ર-૩૨૦૮૦/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, વાંટાનગર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાંટાનગર તાલુકો મહેમદાવાદ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૧૧–૮–૨૦૦૦.

નં. નધણ/સે/૧૦૭૮/૦૧/ખ/૪૬૦/સે–૩૨૦૮૧/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે અમદાવાદી બજાર કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નડીયાદ તાલુકો નડીયાદ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ. તા, ૩૦–૮–૨૦૦૦.

વંચાણમાં લીધા :

કેવડીઆ સેવા સહકારી મંડળી લી. ને ફડચામાં લઇ જવાનો આ કાર્યાલયનો હુકમ ક્રમાંક ઉખસ/કજ/ફડચ/ગ–૨/ખ /૨૨૭/૨૦૦૦ તા. ૨૭–૭–૨૦૦૦,

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ–૨–૨૫૬/૨૦૦૦. —કેવડીયા સેવા સહકારી મંડળી લી., મુ. કેવડીયા, તા. કપડવંજ, જિ. ખેડાને આ કાર્યાલયના હુકમ ક્રમાક ઉખસ/ક-૪/ફડચ/ગ–૨/ ૨૨૭/૨૦૦૦ તા. ૨૭-૭-૨૦૦૦થી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) અન્વયે ફડચામાં લઈ જવામાં આવી હતી અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) સહકારી અધિકારી નં. ૧ નડીઆદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વહીવટી અનુકુળતાને લક્ષમાં લઇ ફડચા અધિકારીની જગ્યા કમી થવાથી ખેડા જીલ્લાનું વિભાજન થવાથી કામગીરીને લક્ષમાં લેતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી ઓના કાયદાની કલમ ૧૦૮ (૩) અન્વયે મળેલ અધિકારની રૂએ સહકારી અધિકારી નં. ૧ નડીઆદની નિમણુંક રદ કરી સદર મંડળીના ફડચા અધિકારી તરીકે આસી. ઈન્સ્પેકટરશ્રી ધી ખેડા સ. મ. બે. લી. નિમણુક કરૂં છે.

નડીઆદ, તા, ૩૦–૮–૨૦૦૦.

વંચાણમાં લીધે :

(૧) અત્રેની કચેરીનો તા ૨૨–૯–૯૯નો હુકમ નં. ઉખસ/ ક-૪/ફડચ/ધ/૨૮૬૮ થી મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ.

INDEX

(૨) અધિક રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (અખમ) ગુ. રા. ગાંધીનગરની અખમ અરજી નં. ૩૬/૯૦ તા. ૧૩-૬-૯૦ નો સદર મંડળીના હુકમ અંગેનો નિવેડો.

(૩) નામદાર હાઇકોર્ટ ગુ. રા. અમદાવાદની ઓ. સીવીલ એપ્લીકેશન ૮૮૬૪/૯૦નો તા. ૨૭-૪-૨૦૦૦નો ઓરલ જજમેન્ટ.

પ્રસ્તાવના

ઉખસ/કજ/ફડચ/૦૧/ગ ૨/૨૬૩.—આમુખ નં. ૧ અનુસાર રામપુરા બાર સેવા સહકારી મંડળી લી. રામપુરા (કઠાણા) તા. કપડવંજને મંડળીના સને ૮૫/૮૬ ના ઓડીટ અહેવાલના આધારે મંડળીને ફડચામાં લઇ અંગેનો હુકમ કરવામાં આવેલ એ હુકમથી નારાજ થઇ સદર મંડળીએ અધિક રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુ. રા. ગાંધીનગરને અપીલ અરજી નં. ૩૬/૯૦ થી અમલ કરવામાં આવેલ જે અંગેનો તા. ૧૩-૬-૯૦ થી નિવેડો આપી અને સદર અખમ સમયમર્યાદા બહાર નો હોવાથી ફાઇલે થી દુર કરવાનો હુકમ કરવામાં આવે છે. જેનાથી મંડળીના હોદેદારો જે નારાજ થઇ અને નામદારશ્રી હાઇકોર્ટ ગુજરાત રાજય અમદાવાદમાં રપે. સીવીલ એપ્લી. ફેસ નં. ૮૮૮૪/૯૦ દાખલ કરવામાં આવેલ જે અંગેનો નામદારશ્રી હાઇકોર્ટ અમદાવાદનો તા. ૨૭-૪-૨૦૦૦ના રોજ આવેલ ચુકાદા અનુસાર કરવામાં આવેલ હુકમ મુજબ સદર મંડળીને ફડચામાં લઇ ગયા બાદ ૧૦ વર્ષ અંગેની મંડળીની કાર્યવાહીની સમીક્ષા કરી મંડળીને ફડચામા લઇ જવા અંગેનો હુકમ ચાલુ રાખવો કે રદ કરવો તે અંગે છ માસમાં નિર્ણય લેવા જજમેન્ટ આવેલ જે અનુસાર સદર મંડળી અત્રેની કચેરીના તા. ૧૦-૭-૨૦૦૦ના રોજ RPAD કારણદર્શક નોટીસ આપી અને જે કંઈ રજુઆત કરવી હોય તે કરવા સારૂ છેલ્લા ફસ વર્ષના તારીજ, વેપાર, નફા નુકસાન સરવૈયુ તથા મંડળીને ફડચામાં લઇ અંગેના મુદ્દાઓમાં થયેલ દુરસ્તી પુરાવા રજુ કરવા જણાવતાં મંડળીના હોદેદારો એ તારીખ ૮-૭-૨૦૦૦ના કરી લેખીત રજુઆત, મંડળી બાકી પડતી ઓડીટ વસુલાત ચલણ, તથા ૯૯/૨૦૦૦ના વર્ષમાં કરેલ રૂા. ૯૦૪૫/૯૫ નફો તથા મંડળી મોટા ખેડુત તથા નાના ખેડુત સભાસદોને કરેલ ખેતી વિષયક ધિરાણ ૨૫,૪૫,૦૦૦/- ને લક્ષમાં ખેના સદર મંડળી હાલમાં નફામાં હોઇ તથા ઉદ્દેશ મુજબ મંડળી ખેતી વિષયક ધિરાણ કરેલ હોવાથી મંડળીને ચાલુ રાખવા અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું,

આપ હું નીચે સહી કરનાર શ્રી એ. બી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી નડીઆદ તે સદર મંડળીનો તા ૨૨-૬-૮૬નો અત્રેની કચેરીનો ફડચામાં લઇ જવાનો હુકમ ઉપર જણાવેલ વિગતે રદ કરવામાં આવે છે.

નડીઆદ, તા. ૧-૬-૨૦૦૦.

નં. નધણ/ભં/૧૦૮૧/૦૧/ખ/૪૮૬/ભ-૪૬૮૬/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે નૂતન સહકારી ગ્રાહક ભંડાર લી. મર્યાદિત સ્થળ મહેમદાવાદ તાલુકો મહેમદાવાદ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૧૫-૬-૨૦૦૦.

નં. નધણ/સેદૂ/૧૦૮૨/૦૧/ખ/૪૮૧/સેદૂ/૩૨૦૮૨/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે નધાનપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નધાનપુર તાલુકો માતર જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૮-૬-૨૦૦૦.

નં. નધણ/સે/૧૦૮૩/૦૧/ખ/૪૮૪/સે/૩૨૦૮૩/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે મહીસાગર કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નડીયાદ તાલુકો નડીયાદ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૮-૬-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) શ્રી વિઠ્ઠલપુરા (બીઠજ) સેવા સ. મં. લિ, મુ. વિઠ્ઠલપુરા (બી) ના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૦-૭-૨૦૦૦ નો પત્ર નં. ફ/૫૭/૫૦૧૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી. એચ કે. એચ.-૨૮-૯૧/ડી.ડી.સી ૧૨૮૮ ૩૨૦૮/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૪૯૬/૨૦૦૦.— શ્રી વિઠ્ઠલપુરા (બીઠજ) સેવા સ. મં. લિ. મુ. વિઠ્ઠલપુરા (બી) તાલુકા

INDEX

મહેમદાવાદ, જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૧૯૮૫૦ તા, ૩૦-૪-૫૪ થી નોંધવામાં આવી હતી જેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ફડચા/ગ-૨/૨૨૨૫/૯૩ તારીખ ૫-૭-૯૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેનો ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી-ઓના કાયદાની કલમ ૨૭ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બધ કરવામાં આવ્યો છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૨૯-૯-૨૦૦૦.

નં. નધણ/સ/૧૦૮૦/૦૧/ખ/૫૦૧/સા/-૩૦૩૦/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે જયમાડી મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ પીજ તાલુકો નડીઆદ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

નડીઆદ, તા ૩-૧૦-૨૦૦૦.

નં. નધણ/સે/૧૦૮૫/૦૧/ખ/૫૪૨/સે/-૩૨૨૯૬/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે અક્ષય કો. ક્રેડીટ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નડીઆદ તાલુકો નડીઆદ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ તા. ૧૮-૧૦-૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના જા. નં. નધણ/સેદુ/૧૦૮૨/૦૧/ખ/૪૮૧ ૨૦૦૦ તા. ૨૮-૯-૨૦૦૦.

(૨) અત્રેની કચેરીની 'ખ' શાખાની નોંધ તા. ૧૮-૧૦-૨૦૦૦

સુધારો

જા. નં. નધણ/૦૧/ખ/૫૫૫/૨૦૦૦.— આમુખ-૧ નધાનપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નવાનપુર તા. માતર જિ. ખેડાની નોંધણી સહકારી કાયદાની કલમ-૯ અન્વયે કરવામાં આવેલ, જેનો નોંધણી નંબર સેદુ-૩૨૦૮૨/ ૨૦૦૦ તા, ૨૮-૯-૨૦૦૦ આપવાથાં આવેલ છે. રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય; ગાંધીનગરની કચેરી તરફથી અત્રેની કચેરીને સે-૩૨૦૮૧ સુધી નોંધણી નંબર આપવામાં આવેલ છે. જેથી સદરહુ મંડળીને નોંધણી નંબર સે-૩૨૦૮૨/૨૦૦૦ આપવામાં આવેલ જે હાલ જણાઇ આવતાં નધાનપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નધાનપુર તા. માતર જિ. ખેડાનો નોંધણી નંબર સેદુ-૩૨૨૯૭/ ૨૦૦૦ તા. ૨૮-૯-૨૦૦૦ આપવામાં આવે છે.

નડીઆદ, તા. ૨૩-૧૦-૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના જા. નં. નધણ/સે/૧૦૮૩/૦૧/ખ/૮૮૩/ ૨૦૦૦ તા ૨૮-૯-૨૦૦૦

(૨) અત્રેની કચેરીની 'ખ' શાખાની નોંધ તા ૧૮-૧૦-૨૦૦૦

સુધારો

જા.નં. નધણ/૦૧/ખ/૫૫૬/૨૦૦૦.—આમુખ.૧ થી મહી-સાગર કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., મુ. નડીઆદ તા. નડીઆદ જી. ખેડાની નોંધણી સહકારી કાયદાની કલમ-૯ અન્વયે કરવામાં આવેલ જેનો નોધણી નંબર સે ૩૨૦૮૩/૨૦૦૦ તા. ૨૮-૯-૨૦૦૦ આપવામાં આવેલ છે. રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરી તરફથી અત્રેની કચેરીને સે ૩૨૦૮૧ સુધી નોંધણી નંબર આપવામાં આવેલ છે જેથી સદરહુ મંડળીને નોંધણી નંબર સે-૩૨૦૮૩/૨૦૦૦ આપવામાં આવેલ જે હાલ જણાઈ આવતાં મહીસાગર કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મુ. તા. નડીઆદ જિ. ખેડાનો નોંધણી નંબર સે-૩૨૨૯૮/૨૦૦૦ તા. ૨૮-૯-૨૦૦૦ આપવામાં આવે છે.

નાડિઆદ, તા. ૨૩-૧૦-૨૦૦૦.

જા. નં. નધણ/સા/૧૦૮૬/૦૧/ખ/૫૭૦/સા-૩૦૩૧/૨૦૦૦— આથી જાહેર કરે છે કે સાંધાલી ત્રિભાગ મજુર કામદાર સોસાયટી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સાંધાલી તાલુકો મહુધા જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૬-૧૧-૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :—

આનંદપુરા તમાકુ ઉત્પાદક સ. મં. લી. મુ. આનંદપુરા તા. ડાકોરને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧૭૮–૨/૨૭૮/૨૦૦ તા.૧૪–૯–૨૦૦૦.

હુકમ

જા. નં. ઉખસ / કજ / ફડચા / ૭–૨ / ૩૧૪/૨૦૦૦.— આનંદપુરા તમાકુ ઉત્પાદક સ. મં. લી. મુકામ આનંદપુરા તાલુકો ડાકોર જિલ્લો ખેડાને શ્રી મદ્રાનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે/૨૪૪૮૪ તા. ૧૫/૨/૯૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી નં. ૧ નડીયાદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૨૩–૧૧–૨૦૦૦.

વંચાણે લીધા :

વાલીનાથ સેવા સ. મં. લી. મુ. વાલીનાથ તા. ડાકોરને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/ ૦૧/૭–૨/ /૨૦૭ તા. – ૨૦૦૦.

હુકમ

જા. નં. ઉખસ / કજ / ફડચા / /૭–૨ / ૩૦૭/૨૦૦૦.— વાલીનાથ સેવા સ. મં. લી. મુકામ વાલીનાથ તાલુકો ડાકોર જિલ્લો ખેડાને શ્રી મદ્રાનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસના નોંધ નંબર સે/૧૨૦૫૯ તા. ૯–૪–૭૩ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ફડચા અધિકારી નં. ૧ નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૨૩–૧૧–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) શ્રી તેતરીયાની મુવાડી સેવા સ. મંડળી લિ. તેતરીયાની મુવાડીના ફડચા અધિકારીશ્રીનો તા. ૩૧–૧–૨૦૦૦ નો પત્ર નં. ૫૨/૪૦૬.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૨૦ અ ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.–૨૪–૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/ ૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૯૧૬/૨૦૦૦.— શ્રી તેતરીયાની મુવાડી સેવા સ. મં. લિ. મુકામ તેતરીયાની મુવાડી તાલુકા નડીઆદ જીલ્લા ખેડા શ્રી મદ્રાનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે–૧૩૦૭૬ તા. ૪–૮–૧૯૭૫ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ ફડચા/મ–૨,૭૪/૯૪, તા. ૧૨–૧–૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે ત્યાથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાનો કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૨૫–૧૧–૨૦૦૦

વંચાણે લીધા :—

(૧) શ્રી મહોળેલ સેવા સ. મં. લિ. મહોળેલ ના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૧૭–૧૧–૯૯ નો પત્ર નંબર ફ/૫૨/ ૧૪૫૬૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.–૨૪–૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/ ૩૨૦૪/જે.

INDEX

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૬૧૮/૨૦૦૦.— શ્રી મૂહોળેલ સેવા સહકારી મંડળી લી. મુકામ મૂહોળેલ તાલુકા નડીઆદ જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદનો ઓફીસનો નોંધણી નંબર સે-૪૪૧૮ તા. ૬–૭–૧૯૬૩ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ફડચા /ગ–૨/૧૫૨૫/૯૫ તારીખ ૧૭–૭–૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સબબે ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તા. ૨૫–૧૧–૨૦૦૦.

વંચાણમાં લીધા :—

ધી અંતિસર ગોપાલક વિકાસ સ. મં. લી. મુ. અંતિસર તા. કપડવંજને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ–૨/૫૮૯/૯૭ તા. ૧૧–૧૨–૧૯૯૭.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા / ગ–૨ / ૩૩૯ / ૨૦૦૦.—ધી અંતિસર ગોપાલક વિ. સ. મં. લી. મુકામ અંતિસર તાલુકો કપડવંજ જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફિસના નોંધ નંબર એમ ૧૫૬૫૦ તા. ૧૦–૧–૫૮ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી આસી. ઇન્સપેકટરશ્રી ધી ખેડા મ. ભ. સહ. બેંકની કપડવંજ શાખાનાં સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નામણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણા ની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીઆદ, તા. ૨૮–૧૧–૨૦૦૦.

(સહી) એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડીઆદ.

નં. નધણ/ધ/૩/૦૧/ખ/૯૬/ધ–૮૫૨૮/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે, જયરામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૦–૩–૨૦૦૦.

જા. નં. નધણ/ધ/૩૮/૦૧/ખ/૧૦૦/સે./૩૦૯૮૩/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે વિદ્યુલ ઉદ્યોગનગર કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ વિદ્યુલ ઉદ્યોગનગર તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ તા. ૧૩–૩–૩૦૦૦.

જા. નં. નધણ/સે/૩૯/૦૧/ખ/૧૨૭/સે./૩૦૯૮૪/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે સુશીલ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૨–૩–૨૦૦૦.

જા. નં. નધણ/સે/૦૧/ખ/સે. ૩૦૯૮૫/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ચમોસ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૮–૪–૨૦૦૦.

જા. નં. નધણ/૦૧/ખ/૪૨/૩૫૭/સે./૩૦૯૮૭/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે વૈભવ લક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૨–૫–૨૦૦૦.

જા. નં. નધણ/સા/૦૧/ખ/૩૭૫/સા. ૩૭૫/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે શ્રી મહીકાંઠા કામદાર મજુર સ.મ.લી. મર્યાદીત સ્થળ ધૂવારણ તાલુકા ખંભાત જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૭–૫–૨૦૦૦.

જા. નં. નધણ/સે/૩૦૯૫૦/૪૫/૦૧/ખ/૪૧૪/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ધી જલારામ મર્કન્ટાઈલ કો. ઓ. ક્રેડીટ સોસા. લી. આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)નો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૩૦–૫–૨૦૦૦.

નં. નધણ/સે. દૂ./૬૧/૦૧/ખ/સે. દૂ ૩૦૯૯૧/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ધી ઈસ્લામપુરા ફ. ઉ. સ. મ. લી. ઈસ્લામપુરા તાલુકો ખંભાત જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૨–૬–૨૦૦૦.

નં. નધણ/સે. ૩૦૯૯૨/૬૨/૦૧/ખ/૨૦૦૦. – આથી જાહેર કરે છે કે આણંદ સીટી કો. ઓ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૬–૬–૨૦૦૦.

નધણ/સા. ૩૧૮૦/૦૩/૦૧/ખ/૫૨૭/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે શ્રી પ્રમુખ સ્વામી મજુર કામદાર સ. મં. મર્યાદિત સ્થળ થારોલ (સં) તાલુકો પેટલાદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૨–૬–૨૦૦૦.

નં. નધણ/સે. ૩૦૯૯૩/૦૧/ખ/૬૩૫/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ચોવીસગામ કો. ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ બોરસદ તાલુકો બોરસદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૦–૭–૨૦૦૦.

નં. નધણ/૦૧/ખ/૬૬/સે. ૩૦૯૯૪/૭૩૫/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ધી જનતા કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૭–૭–૨૦૦૦.

નં. નધણ/૦૧/ખ/૬૭/૭૬૭/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે સત્યમ કો. ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા, ૩૧–૭–૨૦૦૦.

જા. નં નધણ/૦૧/ખ/૬૯/સે./૩૧૮૦૮/૮૧૮૮/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ધી તારાપુર મહીલા ઉત્કર્ષ ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ કો. ઓ. સ. મ. લી. તારાપુર તા. તારાપુર જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) નો કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૩–૮–૨૦૦૦.

INDEX

જા. નં. નવણ/૦૧/૭૦/સે./૩૧૮૦૫/૮૩૫/૨૦૦૦ — આથી જાહેર કરે છે કે શ્રદ્ધા ક્રે. એન્ડ. ક્રેડીટ સ. મ. લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૭–૮—૨૦૦૦.

જા નં. નવણ/૦૧/ખ/સે./૩૧૮૧૦/૭૧/૮૪૮/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે દ્વારકેશ ક્રે. એન્ડ ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

આણંદ, તારીખ ૯–૮–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) યોગીરાજ ક્રે–ઓપ. હાઉસીંગ સોસાયટીના ચેરમેન/ સેક્રેટરીશ્રીના તારીખ ૩૦–૬–૨૦૦૦ની વહીવટદારની નિમણુંક કરવા બાબતની અરજી.

(૨) અત્રેની કચેરીના તા. ૧૮–૭–૨૦૦૦ના પત્ર નં. વહટ/ ૦૧/૬/૬૮૬/૨૦૦૦થી મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપેલ કારણદર્શક નોટીસ.

જા. નં. વહટ/૦૧/૭/૯૭૯/૨૦૦૦.—યોગીરાજ ક્રે ઓપ હાઉસીંગ સોસાયટી લી., મુકુમ વલ્લભ વિદ્યાનગર. તાલુકો આણંદ, જીલ્લો આણંદ. એ (કે જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલીનો વહીવટ સંસ્થાના માન્ય થયેલ પ્રવર્તમાન પેટા–નિયમો યા સહકારી કાયદા–કાનુન અને નિયમો મુજબ ચલાવવાનો હોય છે. સંસ્થાના પેટા–નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ સંસ્થાના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

સંસ્થાના ચેરમેન/ સેક્રેટરીશ્રીઓએ વંચાણે લીધેલ આમુખ (૧)થી મંડળીની વ્યવસ્થાપક સમિતિ મંડળીના પેટા–નિયમ તથા સહકારી અધિનિયમ હેઠળ નાખવામાં આવેલી નીચે મુજબની ફરજો તથા જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સહકારી કાયદાની કલમ ૮૧ મુજબ વહીવટદારની નિમણુંક કરવા માંગણી કરેલ.

મુદ્દા નંબર (૧) મંડળીની વ્યવસ્થાપક સમિતિની તથા વાર્ષિક સાધારણ સભાની મિટીંગો ઘણા વર્ષોથી મળતી ન હતી.

મુદ્દા નંબર (૨) મંડળીના ૨૧ સભાસદો પૈકી ૮ સભાસદો પરદેશમાં વસવાટ કરે છે. અને મકાન બંધ હાલતમાં અગર તો ભાડે આપેલ છે.

મુદ્દા નંબર (૩) મંડળીના ક્રોઇપણ સભ્યશ્રીને મંડળી ચલાવવામાં ક્રોઇપણ જાતનો રસ નથી.

મુદ્દા નંબર (૪) મંડળીના વહીવટ અર્થે જેવા કે જમીન મહેસુલ, સફાઇ ખર્ચ, સ્ટેશનરી, ઓડીટ ફી વિગેરે માટેનો ક્રોઇ વહીવટી ફાળો સભ્યો આપવા સમંત થતા નથી.

મુદ્દા નંબર (૫) મંડળીના ક્રેટલાક સભાસદોએ તેમના મકાની બાજુમાં આવેલ રસ્તા ઉપર ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. અને તે અંગેની મંડળીની ક્રે મ્યુનિસીપાલીટીની પરવાગી લીધેલ નથી.

મુદ્દા નંબર (૬) ઓડીટ મેમાની દુરસ્તી કરવામાં આવતી નથી. તેમજ સહકારી કાયદા–કાનુન અને પેટા–નિયમની જોગવાઇઓ મુજબ વ્યવસ્થાપક સમિતિ પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે

મંડળીની વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યો ઉપરોકત મુદ્દાઓ બાબત અત્રેથી અમુખ (૨)થી કારણદર્શક નોટીસ આપી. સદરહું બાબતે ક્રોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તા. ૩૧–૭–૨૦૦૦ ના રોજ રૂબરૂ હાજર રહેવા તથા સુનાવણી કરવાની તક આપવામાં આવેલી હતી. સદર તારીખે મંડળીની વ્યવસ્થાપક સમિતિના એક પણ સભ્યો રૂબરૂ હાજર રહેલ ન હતાં. તેમજ ક્રોઇપણ પ્રકારની લેખિતમાં રજુઆત આજદિન સુધી મોકલી આપેલ ન હતી.

સભ્યો બાંધકામ વિગેરે બાબત નિયમ ભંગ કરતા હોય તો તે જે તે સંબંધિત સત્તા અધિકારીશ્રીનો પ્રશ્ન છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યો / સામાન્ય સભ્યો વહીવટમાં રસ લેતા ના હોય તો ખરેખર તો મંડળીને ફડચામાં લઈ જઇ તે તેની નોંધણી રદ કરવી જોઇએ પરંતુ સદર મંડળી હાઉસીંગ મંડળી હોઇ જો અખતરા તરીકે વહીવટદાર નિમાય તો તે વધુ યોગ્ય રહે તેમ મારું મતવ્ય હોઈ સહકારી અધિનિયમની કલમ ૮૧ હેઠળની કાર્યવાહી કરવી તે મંડળીના તથા સભાસદો ના હિતમાં જણાતા સંસ્થ ની હાલની વ્યવસ્થાપક સમિતિનો જગ્યાએ વહીવટદારની નિમણુંક કરવા ઉચીત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું, એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ મોગીરાજ કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ વલ્લભવિદ્યાનગર, તાલુકો આણંદ, જીલ્લો આણંદની હાલની વ્યવસ્થાપક સમિતિને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી આર. એમ. ભાવા મુકામ બોરસદ તાલુકો બોરસદ, જીલ્લો આણંદની વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું. સદર નિમણુંકનો સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ માટેનો રહેશે. વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તા. ૧૮–૮–૨૦૦૦.

જા. નં. નધણ/૦૧/૭૨/સે./૩૧૮૧૧/૧૦૨૫/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે જાફરગંજ દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ જાફરગંજ તા. તારાપુર જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૨૪–૮–૨૦૦૦.

જા. નં. નધણ/૦૧/૭૩/સે./૩૧૮૧૨/૧૦૫૪/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ધી ભાણુરામ મહારાજ કો. એન્ડ. ક્રેડીટ સ. મ. લી. ખંભોળજ મર્યાદિત સ્થળ બોરસદ તાલુકો બોરસદ જીલ્લો આણંદ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૩૦–૮–૨૦૦૦.

નં. નધણ/૦૧/૭૪/સે/૩૧૮૧૩/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે શ્રી બળિયાદેવ કો-ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૩૧–૮–૨૦૦૦.

નં. નધણ/૦૧/૭૫/સે/૩૧૮૧૪/૧૦૯૩/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ધી ક્રેમ્બે ક્રોમર્શીયલ ક્રો-ઓ ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ખંભાત તાલુકો ખંભાત જીલ્લો આણંદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૪–૯–૨૦૦૦.

નં. નધણ/૭૬/સે/૧૮૫૨૯/૧૧૯૩/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી ભવાનીનગર હાઉસીંગ સર્વિસ કો. ઓ. સો. લી. પેટલાદ તા. પેટલાદ જીલ્લો આણંદ,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૩–૯–૨૦૦૦.

નં. નધણ/૭૭/સે-૩૧૮૧૫/૧૧૯૫/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે સર્વોદય કો. ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ કણભઈ તાલુકો બોરસદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૪–૯–૨૦૦૦.

નં. નધણ/૭૮/સે/૩૧૮૧૬/૧૨૭૯/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ચરોતર એજ્યુકેશન કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૨–૯–૨૦૦૦.

નં, નધણ/૩૯/સે/૩૧૮૧૭/૧૨૮૯/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે શ્રી ધનલક્ષ્મી ક્રો. ઓ. ક્રેડીટ સો. લી. ગોપાલપુરા તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૫–૯–.૨૦૦૦.

INDEX

જા. નં. નધણુ/૬૨/સે/૩૧૮૧૮/૧૩૩૨/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, ઠરી ગણેશ કો. ઓ. ક્રેડિટ સો. લિ., મર્યાદિત સ્થળ કરમસદ તાલુકો આણંદ જીલ્લો આણંદ

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે,

આણંદ, તારીખ ૨૮–૯–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૧–૯–૨૦૦૦ના પત્ર નં. સક્ષ/૧૧૫૭/૨૦૦૦થી મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યોને આપેલ કારણદર્શક નોટીસ.

(૨) મંડળીના આઠ સભ્યોએ તા. ૨૫–૯–૨૦૦૦ના રોજ આપેલ સંયુકત નિવેદન.

જા. નંબર સક્ષ/૦૧/ગ/૧૩૮૭/૨૦૦૦.— ધી શુભલક્ષ્મી કો–ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુકામ આણંદ, તાલુકો આણંદ, જીલ્લો આણંદ. એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી મંડળી છે. જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા-નિયમો તથા સહકારી કાયદા કાનુન અને નિયમોનુસાર ચલાવવાનો હોય છે, મંડળીના પેટા-નિયમોની લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

મંડળીના હોદેદારો પેટા-નિયમ તથા સહકારી અધિનિયમ હેઠળ લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હતા તેથી આમુખ–૧થી કારણદર્શક નોટીસ આપી સદરહું બાબતે કોઇ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તા. ૨૫–૯–૨૦૦૦ના રોજ રૂબરૂ હાજર રહેવા તથા સુનાવણી કરવાની તક આપવામાં આવેલી હતી. મંડળીના હોદેદારો નોટીસમાં જણાવેલ તારીખે અત્રેની કચેરીએ હાજર રહી અત્રેની નોટીસના મુદ્દાઓની તરફેણમાં આમુખ–૨ થી સંયુકત નિવેદન આપેલ છે. આમ અધિનિયમની કલમ ૮૧ હેઠળની કાર્યવાહી કરવી તે મંડળીના તથા સભાસદોના હિતમાં જણાતા મંડળીની હાલની સમિતિની જગ્યાએ વહીવટદારની નિમણૂંક કરવી ઉચીત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે,

હુકમ

આથી હું, એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી શુભલક્ષ્મી કો–ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુકામ આણંદ, તાલુકો આણંદ, જીલ્લો આણંદની હાલની વ્યવસ્થાપક કમિટીને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા શ્રી એમ. એચ. ઠાકોર. મુકામ આણંદ, તાલુકો આણંદ, જીલ્લો આણંદની વહીવટદાર તરીકે નિમણૂંક કરું છું. સદર નિમણૂંકનો સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ માટેનો રહેશે. વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તા. ૩–૧૦–૨૦૦૦.

જા. નં. નધણુ/૮૧/સે/૩૧૮૧૯/ /૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, ચરોતર મર્કેન્ટાઈલ કો. ઓપ. ક્રેડીટ સો. લી. તાલુકો આણંદ જીલ્લો આણંદ,

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૪–૧૦–૨૦૦૦.

જા. નં. નધણુ/સે/૩૧૮૨/૧૫૫૭/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, શ્રી જલારામ ગૃપ મજુર કો. સ. મં. લી. મર્યાદિત સ્થળ પેટલાદ તાલુકો પેટલાદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૧૪–૧૦–૨૦૦૦.

નં. નધણુ/૮૩/ધ-૧૮૫૩૦/૧૫૭૯/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, પ્રિન્સ કો. ઓપ. હાઉસીંગ સો. મં. લી. સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ,

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૭–૧૦–૨૦૦૦.

INDEX

જા. નં. નધણ/સે/૩૧૮૨૧/૧૬૦૮/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે ચરોતર હાઉસીંગ ફાઇનાન્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. આણંદ તા. આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા ૨૦–૧૦–૨૦૦૦.

નં. નધણ/૦૧/ખ/૧/૪–૧૧૭૫૨/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે, આણંદ તમાકુ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ આણંદ તાલુકો આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૫–૧૦–૨૦૦૦.

નં. નધણ/૮૭/સે–૩૧૮૨૨/૨૦૦૦ —આથી જાહેર કરે છે કે, હરભારી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. આસોદર તાલુકો આકલાવ જીલ્લો આણંદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૫–૧૦–૨૦૦૦.

જા. નં. નધણ/૫૨/૧૮૨૮/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે, મહીરોડા પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી., મર્યાદિત સ્થળ કઠાણા તાલુકા બોરસદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૭–૧૧–૨૦૦૦.

નં. નધણ/સે.–૩૧૮૨૬/ ૧૮૫૫ / ૨૦૦૦ —આથી જાહેર કરે છે કે, ધી વાસદ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી.. સ્થળ વાસદ તા. જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ તા. ૨૦–૧૧–૨૦૦૦.

નં. નધણ/૬૧/સા./૩૧૮૫/૨૧૦૫/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે, ધી આણંદ તાલુકા મજુર કામદાર સ. મ. લી., તા. આણંદ જીલ્લો આણંદ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)નો કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૧૮–૧૨–૨૦૦૦.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૬–૧૧–૨૦૦૦ ના પત્ર નં. સક્ક/૦૧/ગ/૧૮૧૮/૨૦૦૦ થી મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યોને આપેલ કારણદર્શક નોટીસ.

(૨) મંડળીની આઠ કમીટી સભ્યોએતા. ૩૦–૧૧–૨૦૦૦ ના રોજ આપેલ સંયુક્ત નિવેદન.

જા. નં. સક્ક/ક/૦૧/ગ/૨૧૬૪/૨૦૦૦.—શ્રી અભ્યુદય કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લિ. મુ. આણંદ તા. આણંદ જી. આણંદ એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી મંડળી છે, જેનો વહીવટ માન્ય થયેલા પેટા નિયમો તથા સહકારી કાયદા કાનુન અને નિયમોનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટા નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોને નિભાવવાનો હોય છે.

મંડળીના હોદ્દેદારો પેટા નિયમ તથા સહકારી અધિનિયમ હેઠળ લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હતા, તેથી આમુખ ૧ માં કારણદર્શક નોટીસ આપી સદરહુ બાબતે કોઇ ખુલાસો કે રજુઆત કરવા તા. ૩૦–૧૧–૨૦૦૦ ના રોજ રૂબરૂ હાજર રહેવા તથા સુનાવણી કરવાની તક આપવામાં આવેલી હતી, મંડળીના હોદ્દેદારો નોટીસમાં જણાવેલ તારીખે અત્રેની કચેરીએ હાજર રહી અત્રેની નોટીસના મુદ્દાઓની તરફેણમાં આમુખ–૨ થી સંયુક્ત નિવેદન આપેલ છે, આમ અધિનિયમની

કલમ ૮૧ હેઠળની કાર્યવાહી કરવી તે મંડળીના તથા સભ્યોના હિતમાં જણાતાં મંડળીની હાલની સમીતીની જગ્યાએ વહીવટદારની નિમણુંક કરવા ઉચીત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જે. પરમાર જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ અને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ–૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી અભ્યુદય કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લિ. મુ. આણંદ તા. આણંદ જી. આણંદની હાલની વ્યવસ્થાપક કમીટીને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી પી. એસ. મહેતા મુ. નડીયાદ તા. નડીયાદ જી. આણંદના વહીવટદાર તરીકે નિમણુંક કરૂ છું. સદર નિમણુંકનો સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ માટેનો રહેશે, વહીવટદારનું મહેનતાણું હવે પછી નકકી કરવામાં આવશે.

આણંદ તારીખ ૨૬–૧૨–૨૦૦૦.

નં નધણ/૬૨/૧૯૫૪/૨૦૦૦ — આથી જાહેર કરે છે કે, શ્રી જલિયાણ કો. ઓ. ક્રેડીટ સોસા. લી., મર્યાદિત સ્થળ તા. આણંદ, જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૩૦–૧૧–૨૦૦૦.

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. આણંદ.

જા. નં. નંધણ/સ./૯/૦૧/ખ/૭૯/સા./૩૧૭૮/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, ભાલબારા મજુરકામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ફતેપુરા તાલુકો તારાપુર જીલ્લો આણંદ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

આણંદ, તા. ૨૮–૨–૨૦૦૦.

(સહી) અશાચ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
આણંદ

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ (ન. જ) કલોલના પત્ર ક્રમાંક : અપણ/ખા. અ./૧૫૦/૯૯, તા. ૩૧–૭–૯૯ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નં. અપણ/૦૧/ખ-૧/૨૯૨૧/૧૫૧/૧૯૯૯, તા. ૧૮–૯–૯૯નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૫૫/૯૯, તારીખ ૨૨–૯–૯૯ થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૫૮/૧૯૯૯, તારીખ ૪–૧૧–૯૯ થી રમૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૫૧/૨૦૦૦,—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી નવપદ કો. ઓપ હાઉસીંગ સો.સાયટી લી. મું. જાસપુર તા. કલોલ, જીલ્લા મહેસાણા નોંધાયેલ મંડળી છે, (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે) સદર મંડળીનો નોંધણી નંબર ૧૦૭૨૩, તા. ૨૨–૬–૮૩ છે.

ઉપરોક્ત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૩–૯૭ થી તા. ૩૦–૬–૯૮ સુધીના સમયનુ અન્વેષણ ઓડીટ, સહકારી મંડળીઓ (ન.જ.) કલોલ તરફથી હાથ ધરાતાં, તેઓએ સદર મંડળીની નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેઓનો ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૫૫/૯૯, તા. ૨૨–૯–૯૯થી ફડચા સંબંધી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુચવણું રાખવામાં આવેલી હતી.

(૧) સદર મંડળી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ હોવા છતાં, મહત્વના દસ્તાવેજ તરીકે મેનેજીંગ કમિટીની ઠરાવ બુક, વાર્ષિક સાધારણ સભાની ઠરાવ બુક તેમજ સભાસદ રજીસ્ટર, શેર રજીસ્ટર જેવા કોઇ દસ્તાવેજ પુરાવા નિભાવેલ નથી. આમ, મંડળીનો વહીવટ મનસ્વીપણે અને એક હથ્થુ શાસનથી ચાલ્યો રહ્યાનું ફલિત થાય છે.

(૨) સદર મંડળીનું તા. ૩૦–૬–૯૮ સુધી નિયમિતપણે ઓડીટ થયેલ છે. તેમ છતાં, એ.ડીટ રીપોર્ટના દુરસ્તી રીપોર્ટ આજ પર્યંત મંડળીએ મોકલી આપેલ નથી

(૩) મંડળીને નોંધણી થયેલ અંદાજે ૧૬ વર્ષનો સમયગાળો પૂર્ણ થયેલ હોવા છતાં, આજ સુધી નોંધણીના મુળભૂત ઉદ્દેશો મુજબની કોઇજ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. તેમજ તે દિશામાં કોઇ હકારાત્મક પગલાં હાથ ધરેલ નથી.

INDEX

(૪) મંડળી જે આશયથી નોંધવામાં આવેલ હતી, તે ઉદ્દેશો ફળીભુત ન કરતાં અન્વેષણ સમય દરમ્યાન અગાઉના વર્ષોમાં ખરીદેલ જમીન પૈકીની કેટલીક જમીન કોઈપણ પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મૂક્યા સિવાય મનસ્વીપણે એકજ વ્યક્તિને વેચાણ કર્યાનું હિસાબોમાં દર્શાવેલ છે. આમ, મંડળીએ માત્ર જમીનની સોદાબાજીના કોઈપણ જાતના આધાર પુરાવા સિવાયના હવાલા નાખેલ છે.

(૫) સદર મંડળીના ચેરમન શ્રી વિકાસભાઇ અરવિંદભાઇ શાહ અમદાવાદ મુકામે "માનસી બિલ્ડર્સ" નામની કંપની ધરાવે છે. આમ, સદર મંડળી વાસ્તવમાં સહકારી કાયદા મુજબ નોંધાયેલ એક સ્વતંત્ર સંસ્થા ન રહેતાં, એક બિલ્ડર્સના ઠેકા હેઠળ એક ડમી સભ્યોવાળી બિલ્ડર્સની માલિકીની મંડળી હોય તેવું પ્રથમ દૃષ્ટિએ જણાય આવેલ છે.

(૬) તા. ૧–૭–૯૮ થી છેવટ સુધીના હિસાબી પત્રકોની યાદી, તેમજ શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવામાં આવે છે.

જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૫૮/૯૯, તા. ૪-૧૧-૯૯ થી સ્મૃતિપત્ર પાઠવેલ હતો. આમ, મંડળીને રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામા લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) મંડળી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ હોવા છતાં મહત્વના દસ્તાવેજ તરીકે મેનેજીંગ કમિટીની ઠરાવ બુક, વાર્ષિક સાધારણ સભાની ઠરાવ બુક, સભાસદ રજીસ્ટર શેર રજીસ્ટર જેવા કોઇ દસ્તાવેજ પુરાવા નિભાવેલ નથી. આમ, મંડળીનો વહીવટ મનસ્વીપણે અને એકહથ્થું શાસનથી ચાલી રહયાનું ફલિત થાય છે.

(૨) સદર મંડળીનું તા. ૩૦–૬–૯૯ સુધી નિયમિતપણે ઓડીટ થયેલ છે. તેમ છતાં દુરસ્તી રીપોર્ટ આજપર્યંત મોકલેલ નથી.

(૩) મંડળીને નોંધણી થયે અંદાજે ૧૬ વર્ષનો સમયગાળો પુર્ણ થયેલ હોવા છતાં, આજપર્યંત નોંધણીના મુળભુત ઉદ્દેશો મુજબની કોઇજ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. તે દિશામાં કોઈ હકારાત્મક પગલાં હાથ ધરેલ નથી.

(૪) મંડળી જે આશયથી નોંધવામાં આવેલ હતી, તે ઉદ્દેશો ફળિભૂત ન કરતાં અન્વેષણ સમય દરમ્યાન અગાઉના વર્ષોમાં ખરીદેલ જમીન પૈકીની કેટલીક જમીન કોઈપણ પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મુકયા સિવાય મનસ્વીપણે એકજ વ્યક્તિને વેચાણ કર્યાનું હિસાબોમાં દર્શાવેલ છે. આમ, મંડળીએ માત્ર જમીનની સોદાબાજીના કોઇપણ જાતના આધાર–પુરાવા સિવાયના હવાલા નાખેલ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી નવપદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. જાસપુર તા. કલોલ, જી. મહેસાણાને નોંધણી નંબર ૧૦૭૨૩, તા. ૨૨–૬–૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો–૩ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :–

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૫–૧–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/ધ–૧૮૩૯૪/ધ–૧૨૬/૨૦૦૦.— આથી જાહેર કરે છે કે, શ્રી નારાયણ કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કડી તાલુકો કડી જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

મહેસાણા, તા. ૧૧–૧–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/સે–૩૧૧૪૪/ધ–૧૪૧/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે, શ્રી કુવાસણા જુથ કો. ઓ. ક્રેડીટ સો. મર્યાદિત સ્થળ કુવાસણા તાલુકો વિસનગર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૫–૧–૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૧૮-૧૧-૯૯ ના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૩૭/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા, નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૨/૨૦૦૦.— ધી પાલા-વાસણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પાલાવાસણા, તા. મહેસાણા જી. મહેસાણા અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૧૮-૧૧-૯૯ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૩૭/૯૯ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિ-નિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭-૧૨-૨૦૦૦

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૮-૧૧-૯૯ના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૩૭/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૪/૨૦૦૦.— દિવ્યપ્રકાશ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. કણુભા તા. વિજાપુર જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૧૮-૧૧-૯૯ ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૩૩૯/૯૯ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી-અધિ-કારી, ફડચો-૩ મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭-૧-૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૫-૧૧-૯૯ ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫/૨૪૧૦/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૫/૨૦૦૦.—ધી ગુજરાત ડ્રગ્સ એન્ડ કેમીકલ લેબર એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મું. મહેસાણા, તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૨૫-૧૧-૯૯ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૪૧૦/૯૯ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૭-૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી. ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ / ૦૧ / ૮૭૩ / ૯૯, તા. ૧૧-૧૦-૯૯ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ / ૧૪૩ / ૨૦૦૦.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઇઓ હેઠળ ધી સવાલા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સવાલા, તા. વિસનગર, નોંધાયેલ સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૨૫૯૩૪ તા. ૫-૨-૯૨ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. ન. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૯૩૯/૯૭, તા. ૮-૧૨-૯૭ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી

INDEX

તેઓના પત્ર ક્રમાંક ફડચ / ૦૧/૮૭૭/૯૯, તા. ૧૧–૧૦–૯૯ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુ –૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારે અન્વયે સદર મંડળી નામે ધી સવાલા તેલબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સવાલા, તા. વિસનગરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૦.

વ ચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૮–૧૧–૯૯ ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦ /ધ–૨૬૮/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો–૩, મહેસાણાના તા. ૨૫–૧૧–૯૯ નો પત્ર તથા ચાર્જ રીપોર્ટ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ના જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ–૨૪૭/૨૦૦૦.—ધી બલોલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ બલોલ, તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૧૮–૧૧–૯૯ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ–૨૩૬૮/૯૯ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો, મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો–૩, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે, સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો–૧, મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૮૬૪/૯૯ તારીખ ૨૭–૯–૧૯૯૯ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ– ૧૯૬૧ ની કલમ ૨૦ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૬/૨૦૦૦.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી ખેરાલુ ગામના દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લીમીટેડ મુ. ખેરાલુ, તા. ખેરાલુ, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર : ૪૯૦૨, તા. ૧૮–૧૨–૯૯ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા એ અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૧/૯૯, તારીખ ૨૨–૨–૯૯ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો–૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૮૬૪/૯૯, તા. ૨૭–૯–૯૯ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી ખેરાલુ ગામના દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મુ. ખેરાલુ તા. ખેરાલુની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો–૩, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ / ૦૩ / ૬૨૮ / ૯૯, તા. ૨૦–૧૨–૯૯ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧ / ધ / ૧૪૮ / ૨૦૦૦.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી કનકપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કનકપુરા, તા. વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૧૪૩૧૦/તા. ૪–૫–૯૦થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અત્રે ગુજરાત સહકારી મંડળી

INDEX

અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૩૮/૯૯, તા. ૩-૫-૯૯થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચાના અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૧૨૮/૯૯ તા. ૨૦-૧૨-૯૯થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કનકપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કનકપુરા, તાલુકા વિજાપુરની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નિકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૭-૧-૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાના ક્રમાંક : ફડચ/૦૩/૧૩૧/૯૯, તા. ૨૦-૧૨-૯૯ થી નોંધણી અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૯/૨૦૦૦,— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ હેઠળથી નાગલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ નાગલપુર, તા. મહેસાણા જી. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૬૨૭૮ તા. ૨૩-૧-૯૬ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૭૬/૯૪, તા. ૨૧-૭-૯૪ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૭૩/૧૩૧/૯૯ તા. ૨૦-૧૨-૯૯ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી નાગલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાગલપુર, તા. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નિકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૭-૧-૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણાના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૧૦૧/૯૯ તા. ૭-૧૨-૯૯ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/૫/૧૫૦/૨૦૦૦.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઇઓ હેઠળ ધી ભાવપુરા સેવા સહકારી મંડળી લી., મુ. ભાવપુરા, તા. કલોલ નોંધયેલ સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૨૯૨૧૭, તારીખ ૧૪-૨-૯૬ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ—૧૦૭ અન્વયે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૪૯૮/૧૯૯૬, તા. ૨૮-૪-૯૬ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૧૦૧/૯૯, તા. ૭-૧૨-૯૯ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ—૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ભાવપુરા સેવા સહકારી મંડળી લી. મુ. ભાવપુરા, તા. કલોલ ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૭-૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૨૫-૧૧-૯૬ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૬/૯૬ થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રી, ૦/૦ થી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાનો તા. ૨૦-૧૨-૯૯નો પત્ર તથા જાહેર નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૫૧/૨૦૦૦.—ધી સામેત્રા સેવા સહકારી મંડળી લી., મુ. સામેત્રા, તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૨૬-૧૧-૯૬ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૦૬/૯૬ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેની અંદર મુદત

INDEX

સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, ૦/૦ ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૦.

વંચાણમાં લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો–૩. મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૧૦૨/૯૯, તા. ૭–૧૦–૯૯ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૫૫/૨૦૦૦. – ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી અર્બુદા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ કલોલ. તા. કલોલ નોંધાયેલ સંસ્થાના જેનો નોંધણી નંબર ૧૦૯૩, તા ૧૪–૧૦–૮૫થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આરોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ. મહેસાણાની કચેરીના જા. નં, ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૩૨/૯૭, તા. ૨૮–૭–૯૭ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી, ફડચો–૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૩/૧૦૨/૯૯, તા. ૭–૧૦–૯૯ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત ક્રમાંક-૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી અર્બુદા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કલોલ, તા. કલોલની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૭–૧–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૫–૧૧–૯૯ના આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૧૩/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૫૭/૨૦૦૦.–ધી મીઠા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મીઠા, તા. મહેસાણા જી મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૨૫–૧૧–૯૯ ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૧૩/૯૯ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેથી આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો, મંડળીને ફડચામાં લઈ જવાને અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો–૩, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં કરવાની રહે છે

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૦.

એ. બી. ગઢવી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ.
મહેસાણા.

નં. ઉખસ/નધણ/સે./૩૧૧૪૫/ધ./૧૭૩/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી ઊંઝા મર્કન્ટાઈલ કો. ઓ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ ઊંઝા તાલુકો ઊંઝા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૮–૧–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/સે/૩૧૧૪૬/ધ./૧૮૭/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ટીટોદણ-મોતીપુરા કો. ઓ. ક્રેડીટ સો. મર્યાદિત સ્થળ ટીટોદણ તાલુકો વિજાપુર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨–૨–૨૦૦૦.

INDEX

નં. ઉખસ/નધણુ/ઉ/૧૦૪૪૬/ધ/૧૮૮/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી વડનગર તાલુકા મજુર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ રાજપુર (વડ) તાલુકો વડનગર જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨–૨–૨૦૦૦.

નં. ઉખસ/નધણુ/સે./૩૧૭૩૭/ધ/૧૮૯/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ટીંટોદણ તાલુકો વિજાપુર જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨–૨–૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૮–૧૨–૯૯ નો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૮/૯૯ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૩૧૧/૨૦૦૦.—થી શકિત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. કલોલ, તા. કલોલ જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ ના તારીખ ૮–૧૨–૯૯ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૮/૯૯ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭(૩) હેઠળ બહાલી આપતી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી આધકારી (ફડચો–૩), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૭–૨–૨૦૦૦.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તા. ૮–૧૨–૯૯ નો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૧/૯૯, થી વચગાળાનો આદેશ.

(૨) ફડચા અધિકારીશ્રીનો તા. ૨૦–૧૨–૯૯ નો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૩૧૨/૨૦૦૦.—થી વિજાપુર નવયુવક સહકારી શાખવાળી નાગરીક મંડળી લી., મુ. વિજાપુર, તા. વિજાપુર, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧, તા, ૮–૧૨–૯૯ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૧/૯૯ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, ૦/૦ થી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૭–૨–૨૦૦૦

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, ચાણસ્માના પત્ર ક્રમાંક આણ/૦૧/૯૯, તા. ૧૧–૧૦–૧૯૯૯થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નંબર અપણ/૦૧/ધ–૧/૧૬/૯૯. તા. ૨૫–૧૧–૧૯૯૯નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/૦૧/ધ–૨૭/૨૦૦૦, તા. ૫–૧–૨૦૦૦. થી કારણ દર્શક નોટીસ

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ધ–૩૩૯/૨૦૦૦.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે થી સિધ્ધેશ્વરી વિપત સહકારી મંડળી લી., મુકામ ધારપુર (ખાંટ), તાલુકો ખેરાળુ, જીલ્લો મહેસાણા નોંધાયેલી મંડળી છે,

INDEX

(જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાવેલ છે.) સહકર મંડળીનો નોંધણી નં.૨૨ ૩૭૦૧, તા. ૨-૧૨-૧૯૯૪ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સહકર મંડળીનું તા. ૧-૭-૧૯૯૬થી તા. ૩૦-૬-૧૯૯૯ સમયનું અન્વેષણ ઓડીટર, સહકારી મંડળીઓ, ચાણસ્માને સુપ્રત થતાં, અન્વેષણ થયા સિવાય તેઓએ સહકર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રેરજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સહકર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ-૨૭/૨૦૦૦, તા. ૫-૧-૨૦૦૦થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી.

(૧) સંસ્થાના ઓડીટ માટે અવાર નવાર જવા છતાં, ઓડીટ માટે ચોપડા રજુ ન કરતા, ૩ વર્ષનું ઓડીટ બાકી રહેવા પામેલ છે.

(૨) સંસ્થાના પ્રમુખ/મંત્રી બન્નેનું અવસાન થતા વ્યવસ્થાપક કમિટીને તા. ૩૧-૩-૧૯૯૯ના રોજ કારણદર્શક નોટીસ થી દિન-૧૫માં રેકર્ડ તૈયાર કરવા જણાવેલ છતા, આજ દિન સુધી ઓડીટ માટે ન તો, રેકર્ડ તૈયાર કરેલ છે કે ન તો કોઇ જાણ કરેલ છે.

(૩) મંડળીએ જળ સંપત્તિ નિયમ પાસેથી પાતાળ કુવો ચલાવવા માટે રાખેલ, જે હાલ બંધ હાલતમાં છે. વીજળી બીલની રકમ ભરવાની બાકી છે. તેમજ જળ સંપત્તિ નિગમે ઓરનો હવાલો પરત લઇ લીધેલ છે.

(૪) મંડળી છેલ્લા બે ત્રણ વર્ષથી સ્થગિત હાલતમાં છે.

(૫) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ જ રસ નથી.

(૬) તા. ૩૦-૬-૧૯૯૬ના સુરગેંયા મુજબ મંડળીએ રૂા. ૧૮,૧૫૨-૭૪ની ચોખ્ખી ખોટ કરેલ છે.

(૭) તા. ૧-૭-૧૯૯૬થી છેવટ સુધીના હિસાબી પત્રકો તથા શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવામાં આવે છે.

જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. તેઓએ આજ પર્યન્ત કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દા સંબંધે કોઇ જ રજુઆત કરેલ નથી.

આમ, ઉપરોકત તમામ બાબતોને જોતાં, સહકર મંડળીને નીચેના કારણોસર ફડચામાં જઇ જવી વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાના ઓડીટ માટે અવાર નવાર જવા છતાં ઓડીટ માટે ચોપડા રજુ ન કરતા, ત્રણ વર્ષનું ઓડીટ બાકી રહેવા પામેલ છે.

(૨) સંસ્થાના પ્રમુખ/મંત્રી બન્નેનું અવસાન થતા વ્યવસ્થાપક કમિટીને તા. ૩૧-૩-૧૯૯૯ના રોજ કારણદર્શક નોટીસથી દિન-૧૫માં રેકર્ડ તૈયાર કરવા જણાવેલ છતાં આજદિન સુધી ઓડીટ માટે ન તો કોઇ રેકર્ડ તૈયાર કરેલ છે કે ન તો કોઇ જાણ કરેલ છે.

(૩) મંડળીએ જળ સંપત્તિ નિગમ પાસેથી પાતાળ કુવા ચલાવવા માટે રાખેલ, જે હાલ બંધ હાલતમાં છે. વીજળી બીલની રકમ ભરવાની બાકી છે. જળ સંપત્તિ નિગમે ઓરનો હવાલો પરત લીધેલ છે.

(૪) મંડળી છેલ્લા બે-ત્રણ વર્ષથી સ્થાગત હાલતમાં છે.

(૫) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ જ રસ નથી.

(૬) તા. ૩૦-૬-૧૯૯૬ના સુરગેંયા મુજબ મંડળીને રૂા. ૧૮,૧૫૨-૭૪ની ચોખ્ખી ખોટ કરેલ છે.

(૭) તા. ૧-૭-૧૯૯૬થી છેવટ સુધીના હિસાબી પત્રકો તથા શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવામાં છતાં, આજ પર્યન્ત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સિધ્ધેશ્વરી પિયત સહકારી મંડળી લી., મુકામ ધારપુર (ખાંટ), તાલુકો બેચરાજી, જીલ્લો મહેસાણાને નોંધણી નંબર ૩૭૦૧, તા. ૨-૧૨-૧૯૯૪થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ના ખંડ ક, ગ(૨), (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સહકરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે કામ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૩-૨-૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, ચાણસ્માના પત્ર ક્રમાંક અપણુ/૦૧/૧૫૮/૯૯, તા. ૬–૮–૯૯ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નં. અપણુ/૦૧/ધ–૧/૧૬૦/૧૯૯૬, તા. ૧–૯–૯૯ નો પત્ર.

(૩) અત્રેના કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ–૨૩૨૨/૯૯, તારીખ ૧૬–૧૧–૯૯ થી કારણદર્શક નોટીસ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ ની જોગવાઇઓ.

(૫) ઈન્સ્પેકટરશ્રી ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., અમદાવાદના પત્ર ક્રમાંક ૭૩૮૧, તા. ૧–૨–૯૯.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ–૩૪૦/૨૦૦૦.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ધનશ્યામપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મહેસાણા, તા. મહેસાણા, જી. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી " મંડળી " તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૧૦૧૨૪, તા. ૧૫–૩–૮૪ છે.

ઉપરોકત આમુખ–૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું અન્વેષણ ઓડીટર, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, અન્વેષણ થયા સિવાય તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીનો શેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ–૨૩૨૨/૯૯, તા. ૧૬–૧૧–૯૯ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી.

(૧) ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (પ્રભા–૧), મહેસાણા દ્વારા ઓડીટ માટે અવાર નવાર પ્રયત્નો હાથ ધરવા છતા, ઓડીટ થઈ શકેલ નથી. તેઓ દ્વારા રજી. એડી. થી પત્ર નં. અપણુ/૦૧/૫૫૮/૯૬, તા. ૨–૧૨–૯૬ થી પ્રમુખ/મંત્રીશ્રીને પત્ર લખેલ, છતાં સદર ટપાલ કોઇએ સ્વીકારેલ ન હતી. અને રજી. પો. એડી. પરત આવેલ.

(૨) ઉપરોકત અન્વેષકશ્રી તરફથી સોસાયટીની મુલાકાત લેવામાં આવેલ હાલ સોસાયટીમાં રહેતા ઇસમો મંડળીના રેકર્ડ બાબતે કોઇ જવાબ આપતા નથી કે પત્રો સ્વીકારતા નથી.

(૩) સોસાયટીમાં રહેતા સભ્યો કચ્છ મુલાકાતમાં પણ કોઇ મૌખિક કે, લેખિત નિવેદન–જવાબ આપવા તૈયાર નથી.

(૪) મંડળીનું અગત્યનું રેકર્ડ જેમની પાસે હતું, તેવા શ્રી જે. કે. રાઠોડ, મહેસાણા શહેર છોડી ફરાર થઈ ગયા છે. તેઓ મુખ્ય પ્રયોજક હતા. તેઓ કયાં ગયા છે ? તે અંગે પણ કોઇની માહિતી નથી.

(૫) આ મંડળીનું ઓડીટ થયે વર્ષો થયા છે, જેથી કોણે ઓડીટ કર્યુ છે? જે જાણી શકાયેલ નથી કે પાછલા ઓડીટ નોંધના અભાવે છેલ્લું ઓડીટ કયારેય સરવૈયું કે વ્યવસ્થાપક કમીટીની યાદી પણ મળી શકેલ નથી.

(૬) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફાઈ. કોર્પો. લી., અમદાવાદના પત્ર ક્રમાંક ૭૩૮૧ તા. ૧૭–૨–૯૯ ના પત્રથી જણાવેલ છે કે, તેઓની સંસ્થા તરફથી સદર મંડળીને લોનનું ધિરાણ કરવામાં આવેલું છે. જેની તા. ૩૧–૮–૯૮ ના રોજ ઓવર ડયુ રકમ રૂા. ૩,૧૫,૩૦૫–૫૫ થાય છે.

(૭) સદર મંડળીનો વહીવટ ઘણા વર્ષોથી સુષુપ્તમાં જોવા મળે છે.

(૮) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉ. ફાઇનાન્સ કોર્પો. લી. અમદાવાદે પણ મંડળીને ફડચામાં લઇ જવા અભિપ્રાય આપેલ છે.

જેની મંડળીના ૧૧ સભાસદોને બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના કોઈ જ પ્રતિનિધિ હાજર રહેલ નથી. તેઓએ આજપર્યંત કોઈ લેખિત યા મૌખિક રજુઆત કરેલ નથી.

આમ, ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી વ્યાજબી જણાય છે.

(૧) ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ, ((પ્રભા–૧), મહેસાણા દ્વારા ઓડીટ માટે અવાર નવાર પ્રયત્નો હાથ ધરવામાં છતાં, ઓડીટ થઇ શકેલ નથી. તેઓ દ્વારા રજીસ્ટર એડીથી પત્ર નંબર અપણુ/૦૧/૫૫૮/૯૬૬, તા. ૨–૧૨–૯૬૬ થી પ્રમુખ/મંત્રીશ્રીને પત્ર લખેલ, છતાં સદર ટપાલ કોઇએ સ્વીકારેલ ન હતી. અને રજીસ્ટર પોસ્ટ એડી પ્રેરત આવેલ.

(૨) ઉપરોકત અન્વેષણશ્રી તરફથી સોસાયટીની મુલાકાત લેવામાં આવેલ હાલ સોસાયટીમાં રહેતા ઇસમો મંડળીના

INDEX

રેકર્ડ બાબતે કોઇ જવાબ આપતા નથી કે પત્રો સ્વીકારવામાં આવતા નથી.

(૩) સોસાયટીમાં રહેતા સભ્યો કંપની મલાકાતમાં પણ મૌખિક કે લેખિત નિવેદન–જવાબ આપવા તૈયાર નથી.

(૪) મંડળીનું અગત્યનું રેકર્ડ જેમની પાસે હતું, તેવા શ્રી જે. કે. રાઠોડ, મહેસાણા શહેર છોડી ફરાર થઇ ગયા છે. તેઓ મુખ્ય પ્રયોજક હતા. તેઓ કયાં ગયા છે ? તે અંગે પણ કોઇને માહિતી નથી.

(૫) આ મંડળીનું ઓડીટ ગયે વર્ષો થયા છે. જેથી કોણે ઓડીટ કરેલ છે ? તે જાણી શકાયેલ નથી કે પાછલા ઓડીટ નોંધના અભાવે છેલ્લુ ઓડીટેડ સરવૈયું કે બ્ય. કમિટીની યાદી પણ મળી શકેલ નથી.

(૬) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇ. કોર્પો. લી. અમદાવાદના પત્ર ક્રમાંક ૭૩૮૧, તા. ૧૭–૨–૯૯ના પત્રથી જણાવેલ છે કે, તેઓની સંસ્થા તરફથી સદર મંડળીને લોનનું ધીરાણ કરવામાં આવેલું છે. જેની તા. ૩૧-૮-૯૮ના રોજ ઓરડયુ રકમ રૂા. ૩,૧૫,૩૦૫.૫૫ થાય છે.

(૭) સદર મંડળીનો વહીવટ છેલ્લા ઘણા વર્ષોથી સુષુપ્તમાં જોવા મળે છે.

(૮) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદએ પણ મંડળીને ફડચામાં લઇ જવા અભિપ્રાય આપેલ છે.

સદર મંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદના રૂા. ૩,૧૫,૩૦૫.૫૫ તારીખ ૩૧–૮–૯૮ના રોજ ઓવર ડયુ રકમ બોલે છે. આમ, ઈન્સ્પેકટર, ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી. ના પત્ર ક્રમાંક ૭૩૮૧ તા. ૧-૨-૯૯ના પત્ર અન્વયે સદર મંડળીને વહીવટદાર ખુલ્લા કરતા, ફડચામાં લઇ જવા અભિપ્રાય આપેલ છે. આમ, સદર મંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફા. કોર્પો. લી., અમદાવાદનું હિત રહેલું હોઇ, ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિયુક્તી કરવી વ્યાજબી જણાય છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતા, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ઘનશ્યામપાર્ક કો. ઓપ. હા.ઉસીંગ સોસાયટી લી., મહેસાણા., તા. જી. મહેસાણાને નોંધણી નં. ૧૦૧૨૪, તા. ૧૫–૬–૮૩થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ(૨), (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ–૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઇનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, ૧૩–૭–૨૦૦૦.

———

વંચાણે લીધા :—

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ, (ન. જ.) કલોલના પત્ર ક્રમાંક અપણ/ખા.અ./૧૫૦/૯૯, તા. ૩૧–૭ ૧૯૯૯થી રજુ થયેલ ખાસ અહેવાલ

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નંબર અપણ/૦૧/ધ–૧/૨૯૨૧/૧૫૧/૯૯. તા. ૧૮–૮–૧૯૯૯નો પત્ર

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ(૧૧૫૫/૯૯. તા. ૨૨–૯–૧૯૯૯ થી કારણદર્શક નોટીસ મંડળીને બજાવ્યા સિવાય પરત આવેલ કવર તથા ચેરમેનશ્રીને બજવાયેલ સ્વીકૃતી પહોંચ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૨૨૫૮/૯૯, તા. ૪–૧૧–૧૯૯૯થી સ્મૃતિ પત્ર તથા મંડળીને બજવાયા સિવાય પરત આવેલ કવર તથા ચેરમેનશ્રીને બજવાયેલ સ્વીકૃતી પહોંચ.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ–૫૧/૨૦૦૦, તા. ૫–૧–૨૦૦૦થી વચગાળાનો આદેશ તથા બજવ્યા સિવાય પરત આવેલ કવર.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૬૨૧/૨૦૦૦.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી નવપદ કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ જસપુર, તાલુકો કલોલ. જીલ્લો મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૧૦૭૨૩, તા. ૨૨–૬–૧૯૮૩ છે.

INDEX

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૧૯૯૭થી તા. ૩૦–૬–૧૯૯૮ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર, સહકારી મંડળીઓ, (ન.જ. ૪) કલોલ તરફથી હાથ ધરાતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જવા/નોંધણી રદ કરવા અંગેના ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતા, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ/૧૭૪૫/૯૯, તા. ૨૨–૬–૧૯૯૯થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી.

(૧) સદર મંડળી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ હોવા છતાં, મહત્વના દસ્તાવેજ તરીકે મેનેજીંગ કમિટીની ઠરાવ બુક, વાર્ષિક સાધારણ સભાની ઠરાવ બુક તેમજ સભાસદ રજીસ્ટર, શેર રજીસ્ટર જેવા કોઇ દસ્તાવેજી પુરાવા નિભાવેલ નથી. આમ મંડળીનો વહીવટ મનસ્વી પણે એક હથ્થુ શાસનથી ચાલી રહ્યાનું ફલિત થાય છે.

(૨) સદર મંડળીનું તા. ૩૦–૬–૧૯૯૬ સુધી નિયમિત પણે ઓડીટ થયેલ છે. તેમ છતા, ઓડીટ રીપોર્ટના દુરસ્તી રીપોર્ટ આજ પર્યન્ત મંડળીએ મોકલી આપેલ નથી.

(૩) મંડળીને નોંધણી થયે અંદાજે ૧૬ વર્ષનો સમયગાળો પૂર્ણ થયેલ હોવા છતાં, આજ સુધી નોંધણીના મુળભૂત ઉદ્દેશો મુજબની કોઇ જ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. તેમજ તે દિશામાં હકારાત્મક પગલા હાથ ધરેલ નથી.

(૪) મંડળી જે આશયથી નોંધવામાં આવેલ હતી, તે ઉદ્દેશો ફળીભૂત ન કરતા, અન્વેષણ સમય દરમ્યાન અગાઉના વર્ષોમાં ખરીદેલ જમીન પૈકીની કેટલીક જમીન કોઇપણ પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મુકયા સિવાય મનસ્વીપણે એકજ વ્યકિતને વેચાણ કર્યાનું હિસાબોમાં દર્શાવેલ છે. આમ, મંડળીએ માત્ર જમીનની સોદાબાજીના કોઇપણ જાતના આધાર પુરાવા સિવાયના હવાલા નાખેલ છે.

(૫) સદર મંડળીના ચેરમેનશ્રી વિકાસભાઇ અરવિંદભાઇ શાહ અમદાવાદ મુકામે "માનસી બિલ્ડર્સ" નામની કંપની ધરાવે છે. આમ, સદર મંડળી વાસ્તવમાં સહકારી કાયદા મુજબ નોંધાયેલ એક સ્વતંત્ર સંસ્થા ન રહેતા, એક બિલ્ડર્સના કેદા હેઠળ એક ડમી સભ્યોવાળી બિલ્ડર્સની માલિકીની મંડળી હોય તેવું પ્રથમ દૃષ્ટિએ જણાઇ આવેલ છે.

(૬) તા. ૧–૭–૧૯૯૮થી છેવટ સુધીના હિસાબી પત્રકોની યાદી તેમજ શેર ભંડોળની માંદી રજુ કરવા જણાવવામાં આવ છે.

જેની ચેરમેનશ્રીને બજવણી થયેલ છે. જ્યારે, મંડળીનું કવર પરત આપે છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૫૧/૨૦૦૦, તા. ૫–૧–૨૦૦૦થી નીચેના મુદ્દા સંબંધે વચગાળાનો આદેશ કરેલ છે.

(૧) મંડળી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ હોવા છતાં, મહત્વના દસ્તાવેજ તરીકે મેનેજીંગ કમીટીની ઠરવા બુક, વાર્ષિક સાધારણ સભાની ઠરાવ બુક સભાસદ રજીસ્ટાર, શેર રજીસ્ટર જેવા કોઇ દસ્તાવેજી પુરાવા નિભાવેલ નથી. આમ, મંડળીનો વહીવટ મનસ્વીપણે એકહથ્થું સાધનથી ચાલી રહ્યાનું ફલિત થાય છે.

(૨) સદર મંડળીનું તારીખ ૩૦–૬–૯૬ સુધી નિયમિતપણે ઓડીટ થયેલ છે. તેમ છતાં, દુરસ્તી રીપોર્ટ આજ પર્યંત મોકલેલ નથી.

(૩) મંડળીને નોંધણી થયે અંદાજે સમયગાળો પૂર્ણ થયેલ હોવા છતાં, આજપ્રયંત નોંધણીના મૂળભુત ઉદ્દેશો મુજબની કોઇજ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૪) મંડળી જે આશયથી નોંધવામાં આવેલ હતી, તે ઉદ્દેશો ફળીભૂત ન કરતાં, અન્વેષણ સમય દરમ્યાન અગાઉના વર્ષોમાં ખરીદેલ જમીન પૈકીની કેટલીક જમીન કોઇપણ પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મુકયા સિવાય મનસ્વીપણે એકજ વ્યકિતને વેચાણ કર્યાનું હિસાબોમાં દર્શાવેલ છે. આમ, મંડળીએ માત્ર જમીનની સોદાબાજીના કોઇપણ જાતના આધાર–પુરાવા સિવાયના હવાલા નાખેલ છે.

આમ, વચગાળાના આદેશની પણ મંડળી તરફથી બજવણી થયા સિવાય કવર પરત આવેલ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, વચગાળાના આદેશને બહાલી આપતો નીચે મુજબ ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

શ્રી નવપદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ જાસપુર, તાલુકો કલોલ, જીલ્લો મહેસાણાને નોંધણી નંબર : ૧૦૭૨૩, તા. ૨૨–૬–૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨), (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી–ફડચા–૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

INDEX

નોંધ :— સદર ફડચા સંબંધી કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. નિયત ધોરણે ફડચા ની સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૨૩–૨–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/ઉ./૧૦૪૪૭/ધ/૪૦૨ / ૨૦૦૦.—આથી જાહેર કરે છે કે જયશ્રી મેલડી મજુર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ નગરાસણ તાલુકો કડી જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫–૩–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/ઉ. ૧૦૪૪૮/ધ-૪૦૧/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે શ્રી એવન જુથ મજુર કામદાર સહકારી મંડળી મર્યાદિત સ્થળ ઉપેશ તાલુકા ઊંઝા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, ૧૫–૩–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/ધ-૧૮૩૯૬/ધ / ૪૨૬ / ૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી શુકન કો. ઓ. હા. સો. લી. મર્યાદિત સ્થળ કડી તાલુકો કડી જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૬–૩–૨૦૦૦.

નં. ઉખસ/નધણ/સે-૩૧૭૩૯/ધ / ૪૨૭ / ૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ધી ગોઝારીયા પીપલ્સ કો. ઓ. ક્રેડીટ સો. લી. સ્થળ ગોઝારીયા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૬–૩–2000.

નં. ઉખસ/નધણ/સે-૩૧૭૪૦/ધ / ૪૩૨ / ૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ધી મેધા મહિલા કો. ઓપ. સોસાયટી મર્યાદિત સ્થળ મહેસાણા તાલુકો મહેસાણા જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૧–૩–૨૦૦૦.

એન. બી શેખ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, JULY 5, 2001 / ASADHA 14, 1923 [No. 27

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compliation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	2220-2229
Part-IA	Orders and Notificaltons (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	27
Part I-B-Government Notifications published under Land Acquisition Act only,		299-301
Part-I-L-Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act,		14585-15102

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

BY DITRICT JUDGE

Notification

No. B. 10/860 of 2001.—During the Summer Vacation Observed for Five Weeks from 07th May, 2001, to 10th June, 2001 (both days inclusive), in the Judicial District of Surat, the following Judicial Officers, were prevented from availing the benefit of Summer Vacation for the period shown against their names in Column No. 3, under the Provision of Rule 741 read with Rule 743 of B. C. S. Rules, Volume-I.

INDEX

Sr. No. 1	Name and Designation of the Judicial Officers 2	Period for which Prevented 3	Days for which prevented 4	Remarks 5
1	Ms. D. V. Vashi, .. Judge, Small Cause Court, Surat.	20th May, 2001 to 23rd May, 2001 and 25th May, 2001 to 27th May, 2001 and 30th May, 2001 to 10th June, 2001.	19	Posted as Additional Judge, Small Cause Court, Surat.
2	Mr. J. K. Jani, .. Civil Judge (S. D.), Surat.	21st may, 2001 to 31st May, 2001	11	Posted as Chief Judicial Magistrate, Surat.
3	Mr. K. J. Upadhyay, Chief Judicial Magistrate, Surat.	9th May, 2001 to 13th May, 2001 and 22nd May, 2001 to 3rd June, 2001 and 8th June, 2001 to 10th June, 2001	21	Posted as 2nd Joint Civil Judge (S.D.) and JMFC, Surat.
4	Mr. S. R. Goswami, 2nd Join Civil Judge (S.D.) and JMFC., Surat.	7th May, 2001 to 11th May, 2001 and 28th May, 2001 10th June, 2001	19	Transferred and posted as 5th Joint Civil Judge (S. D.) and JMFC., Godhra Dist. Panchmahals.
5	Ms. D. L. Desai, 3rd Joint Civil Judge (S.D.) and JMFC., Surat.	11th May, 2001 to 28th May, 2001 and 30th May, 2001 and 03rd June, 2001 to 4th June, 2001 09th June, 2001 to 10th June, 2001	23	
6	Mr. F. Y. Ghanchibhai, 4th Joint Civil Judge (S. D.) and JMFC., Surat.	7th May, 2001 to 19th May, 201 and 27th May, 2001 to 10th June, 2001	28	
7	Mr. K. S. Patel, .. 5th Joint Civil Judge (S. D.) and JMFC., Surat.	7th May, 2001 to 17th May, 2001 and 20th May, 2001 to 31st May, 2001 and 3rd June, 2701 to 10th June, 2001	31	
8	Mr. P. P. Mekhia, .. 6th Joint Civil Judge (S. D.) and JMFC., Surat.	7th May, 2001 to 17th May, 2001 and 19th May 2001 to 24th May, 2001 and 26th May, 2001 to 6th June, 2001 and 9th June, 2001 to 10th June, 2001	31	
9	Mr. V. D. Charan, .. 7th Joint Civil Judge (S. D.) and JMFC., Surat.	14th May, 2001 to 17th May, 2001 and 19th May, 201 to 10th June, 2001	27	
10	Ms. B. S. Chauhan, .. Joint Civil Judge (J. D.) and JMFC., Surat.	7th May, 2001 to 10th June, 2001	35	
11	Mrs. T. M. Parmar, .. 2nd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	7th May, 2001 to 10th June, 2001	35	

INDEX

1	2	3	4	5
12	Mr. N. A. Ejner, .. 3rd Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	7th May, 2001 to 10th June, 2001	35	
13	Mr. A. L. Vyas, .. 4th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	7th May, 2001 to 10th May, 2001 and 4th June, 2001 to 10th June, 2001	11	Vacation Leave for 24 days granted as a special case on conditional basis that in future, leave will be debited in his leave account.
14	Mr. R. C. Modi, .. 5th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	7th May, 2001 to 10th June, 2001	35	
15	Mr. D. M. Panchal, .. 6th Joint Civil Judge (J. D.) and J. M. F. C., Surat.	7th May, 2001 to 10th June, 2001	35	
16	Mr. N. V. Tadvi .. J.M.F.C., 1st Court, Surat.	7th May, 2001 to 16th May, 2001 and 20th May, 2001 to 22nd May, 2001 and 26th May, 2001 to 27th May, 2001 and 2nd June, 2001 to 10th June, 2001	24	
17	Ms. P. V. Pandya, J. M. F. C., 2nd Court, Surat.	7th May, 2001 to 13th May, 2001 and 15th May, 2001 to 31st May, 2001 and 5th June, 2001 to 10th June, 2001	30	
18	Ms. S. K. Baxi, .. J. M. F. C., 3rd Court, Surat.	7th May, 2001 to 20th May, 2001 and 26th May, 2001 to 1st June, 2001 and 3rd June, 2001 to 10th June, 2001	29	
19	Mr. A N. Joshi, .. J. M. F. C., (Rlys.), Surat.	7th May, 2001 to 14th May, 2001 and 16th May, 2001 to 17th May, 2001 and 24th May, 2001 to 3rd June, 2001 and 7th June, 2001 to 10th June, 2001	25	
20	Mr. P. H. Gohil, .. J. M. F. C., (Muni.), Surat.	7th May, 2001 to 14th May, 2001 and 23rd May, 2001 to 10th June, 2001	27	
21	Mr. R. D. Adhvaryu, .. Civil Judge (J.D.) and J.M.F.C., Olpad.	7th May, 2001 to 13th May, 2001 and 26th May, 2001 to 10th June, 2001	23	

INDEX

1	2	3		4	5
22	Mr. K. D. Parmar, .. Civil Judge (J. D.) and J.M.F.C., Kathor.	7th May, 2001	to	20	Transferred and posted as Joint Civil Judge (JD), and JMFC., Ider, Dist. Sabarkantha.
		10th May, 2001	and		
		12th May, 2001	to		
		14th May, 2001	and		
		16th May, 2001	to		
		18th May, 2001	and		
		21st May, 2001	to		
		23rd May, 2001	and		
		25th May, 2001	to		
		28th May, 2001	and		
		30th May, 2001	and		
		1st June, 2001	to		
		2nd June, 2001			
23	Mr. N. C. Barot, .. Civil Judge (J.D.) and J.M.F.C., Bardoli.	7th May, 2001	to	24	
		19th May, 2001	to		
		10th June, 2001			
24	Mr. C. G. Mehta, .. Joint Civil Judge (J.D.) an J.M.F.C, Bardoli.	7th May, 2001	to	35	
		10th June, 2001			
25	Mrs. M. R. Shah, .. Joint Civil Judge (J.D.) J.M.F.C. Mangrol.	7th May, 2001	to	21	
		19th May, 2001	and		
		3rd June, 2001	to		
		10th June, 2001			
26	Mr. S. P. Tamang, .. Civil Judge (J.D.) and J.M.F.C., Vyara.	7th May, 2001	to	30	
		17th May, 2001	and		
		19th May, 2001	to		
		3rd June, 2001	and		
		8th June, 2001	to		
		10th June, 2001			
27	Mr. N. K. Parikh .. Civil Judge (J.D.) and J.M.F.C. Mandvi.	7th May, 2001	to	21	Transferred and posted as Civil Judge (JD) and JMFC., Ankleshwar District : Bharuch.
		22nd May, 2001	and		
		24th May, 2001	to		
		28th May, 2001			

Surat, 16th June, 2001.

S. B. TOLIA ,
District Judge, Surat.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જા. નં. બી. ૧૦/૮૬૦ સને ૨૦૦૧.—ગુજરાત સરકારના મુખપત્રક ભાગ-૧ નું જોડાણ તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૦૧થી તારીખ ૧૦મી જૂન, ૨૦૦૧ સુધીનાં પાંચ અઠવાડીયાનાં ઉનાળુ વેકેશન સુરત જ્યુડીશીયલ ડીસ્ટ્રીક્ટમાં કામ કરતાં નીચે જણાવેલ જ્યુડીશીયલ ઓફિસરોને તેઓનાં નામની સામે કોલમ નંબર-૩માં દર્શાવેલ સમયગાળા દરમ્યાન ઉનાળુ વેકેશન પર જતાં રોકવામાં આવ્યાં હતાં. બી. સી. એસ. આર. નાં ૭૪૧ સાથે ૭૪૩ વોલ્યુમ વાંચતા.

આનુક્રમ નંબર	ન્યાયાધિકારીનું નામ	વેકેશન ભોગવવાં માટે અટકાયત કરવામાં આવેલ તે સમય		અટકાયત	રીમાર્કસ
૧	૨	૩		૪	૫
૧	કુ. ડી. વી. વશી ... જજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત.	૨૦મી મે. ૨૦૦૧	થી	૧૯	એડીશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત તરીકે બદલી થઈ.
		૨૩મી મે, ૨૦૦૧	આને		
		૨૫મી મે, ૨૦૦૧	થી		
		૨૭મી મે, ૨૦૦૧	આને		
		૩૦મી મે. ૨૦૦૧	થી		
		૧૦મી જૂન, ૨૦૦૧			

INDEX

૧	૨	૩	૪	૫
૦૨	શ્રી જે. કે. જાની સીવીલ જજ (સી.ડી.), સુરત. ...	૨૧મી મે, ૨૦૦૧ થી ૩૧મી મે, ૨૦૦૧	૧૧	ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, સુરત તરીકે બદલી થઈ.
૦૩	શ્રી કે. જે. ઉપાધ્યાય ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ, સુરત. ...	૯મી મે, ૨૦૦૧ થી ૧૩મી મે, ૨૦૦૧ અને ૨૨મી મે, ૨૦૦૧ થી ૩જી જૂન, ૨૦૦૧ અને ૮મી જૂન, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૨૧	બીજા જો. સીવીલ જજ (સી.ડી) સુરત તરીકે બદલી થઈ.
૦૪	શ્રી એસ. આર. ગોસ્વામી બીજા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૭મી મે, ૨૦૦૧ થી ૧૧મી મે. ૨૦૦૧ અને ૨૮મી મે. ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૧૯	પાંચમા જો. સીવીલ જજ (સી.ડી.) જ્યુડી. મેજિ. ફ. ક. ગોધરા જિ. પંચમહાલ તરીકે બદલી થઈ.
૦૫	કુ. ડી. એલ. દેસાઈ ત્રીજા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૧૧મી મે, ૨૦૦૧ થી ૨૮મી મે, ૨૦૦૧ અને ૩૦મી મે, ૨૦૦૧ અને ૩જી જુન, ૨૦૦૧ થી ૪થી જુન, ૨૦૦૧ અને ૯મી જુન, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૨૪	–
૦૬	શ્રી એફ વાય. ધાંચીભાઈ ચોથા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૭મી મે, ૨૦૦૧ થી ૧૯મી મે, ૨૦૦૧ અને ૨૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૨૮	–
૦૭	શ્રી કે. એસ. પટેલ પાંચમા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૭મી મે, ૨૦૦૧ થી ૧૭મી મે, ૨૦૦૧ અને ૨૦મી મે, ૨૦૦૧ થી ૩૧મી મે, ૨૦૦૧ અને ૩જી જુન, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૩૧	–
૦૮	શ્રી પી. પી. મેખીયા છઠ્ઠા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૭મી મે, ૨૦૦૧ થી ૧૭મી મે, ૨૦૦૧ અને ૧૯મી મે, ૨૦૦૧ થી ૨૪મી મે, ૨૦૦૧ અને ૨૬મી મે, ૨૦૦૧ થી ૬ઠ્ઠી જુન, ૨૦૦૧ અને ૯મી જુન, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૩૧	–
૦૯	શ્રી વી. ડી. ચારણ સાતમા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૧૪મી મે, ૨૦૦૧ થી ૧૭મી મે. ૨૦૦૧ અને ૧૯મી મે, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૨૭	–
૧૦	ક. બી. એસ. ચૌહાણ જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત. ...	૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૩૫	–

INDEX

૧	૨	૩	૪	૫
૧૧	શ્રીમતિ ડી. એમ. પરમાર બીજા જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૫	–
૧૨	શ્રી એન. ઓ. ઈજનેર ત્રીજા જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૫	–
૧૩	શ્રી ઓ. એલ. વ્યાસ ચોથા જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી મે, ૨૦૦૧ અને ૪થી જૂન, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૧૧	દિન-૨૪ની વેકેશન રજા ખાસ કિસ્સામાં ભવિષ્યમાં જમા થનાર રજામાંથી કપાત કરવાની શરતે મંજૂર કરેલ છે.
૧૪	શ્રી આર. સી. મોદી પાંચમા જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૫	–
૧૫	શ્રી ડી. એમ. પંચાલ છઠ્ઠા જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૫	–
૧૬	શ્રી એન. વી. તડવી જ્યુડી. મેજિ. ફ. ક., પ્રથમ કોર્ટ, સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૬મી મે, ૨૦૦૧ અને ૨૦મી મે, ૨૦૦૧ થી ૨૨મી મે, ૨૦૦૧ અને ૨૬મી મે, ૨૦૦૧ થી ૨૭મી મે, ૨૦૦૧ અને ૨જી જૂન, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૨૪	–
૧૭	કુ. પી. વી. પંડ્યા જ્યુડી. મેજિ. ફ. ક., બીજી કોર્ટ, સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૩મી મે, ૨૦૦૧ અને ૧૫મી મે, ૨૦૦૧ થી ૩૧મી મે, ૨૦૦૧ અને ૫મી જૂન, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૦	–
૧૮	કુ. ઓસ. કે. બક્ષી જ્યુડી. મેજિ. ફ. ક., ત્રીજી કોર્ટ, સુરત	... ૭મી મે, ૨૦૦૧ થી ૨૦મી મે, ૨૦૦૧ અને ૨૬મી મે, ૨૦૦૧ થી ૧લી જૂન, ૨૦૦૧ અને ૩જી જૂન. ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૨૯	–
૧૯	શ્રી એ. એન. જોષી જ્યુડી. મેજિ. ફ. ક., (રેલ્વે), સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૪મી મે, ૨૦૦૧ અને ૧૬મી મે, ૨૦૦૧ થી ૧૭મી મે, ૨૦૦૧ અને ૨૪મી મે, ૨૦૦૧ થી ૩જી જૂન, ૨૦૦૧ અને ૭મી જૂન ૨૦૦૧ થી ૧૦મી જૂન ૨૦૦૧	૨૫	–

INDEX

૧	૨	૩	૪	૫
૨૦	શ્રી પી. એચ. ગોહિલ જ્યુડી. મેજિ. ફ. ક., (મ્યુની.), સુરત.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૪મી મે, ૨૦૦૧ અને ૨૩મી મે, ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૨૭	
૨૧	શ્રી આર. ડી. અધ્વર્યુ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., ઓલપાડ.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૩મી મે, ૨૦૦૧ અને ૨૬મી મે. ૨૦૦૧ થી ૧૦મી જુન, ૨૦૦૧	૨૩	
૨૨	શ્રી કે. ડી. પરમાર સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., કઠોર.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી મે, ૨૦૦૧ અને ૧૨મી મે, ૨૦૦૧ થી ૧૪મી મે, ૨૦૦૧ અને ૧૬મી મે, ૨૦૦૧ થી ૧૮મી મે, ૨૦૦૧ અને ૨૧મી મે, ૨૦૦૧ થી ૨૩મી મે, ૨૦૦૧ અને ૨૫મી મે, ૨૦૦૧ થી ૨૮મી મે, ૨૦૦૧ અને ૩૦મી મે, ૨૦૦૧ અને ૧લી જૂન, ૨૦૦૧ થી ૨જી જૂન, ૨૦૦૧	૨૦	જોઈન્ટ સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., ઈડર, જિ. સાબરકાંઠા તરીકે બદલી થઈ.
૨૩	શ્રી એન. સી. બારોટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., બારડોલી.	... ૭મી મે, ૨૦૦૧ ૧૯મી મે, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૨૪	
૨૪	શ્રી સી. જી. મહેતા જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને, મેજિ. ફ. ક., બારડોલી.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૫	
૨૫	શ્રીમતિ એમ. આર. શાહ જોઈન્ટ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., માંગરોલ.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૯મી મે, ૨૦૦૧ અને ૩જી જૂન, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૨૧	
૨૬	શ્રી એમ. પી. તંમગ સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., વ્યારા.	... ૭મી મે, ૨૦૦૧ થી ૧૭મી મે, ૨૦૦૧ અને ૧૯મી મે, ૨૦૦૧ થી ૩જી જૂન, ૨૦૦૧ અને ૮મી જૂન, ૨૦૦૧ થી ૧૦મી જૂન, ૨૦૦૧	૩૦	
૨૭	શ્રી એન. કે. પરીખ સીવીલ જજ જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., માંડવી.	... ૭મી મે, ૨૦૦૧ થી ૨૨મી મે, ૨૦૦૧ અને ૨૪મી મે, ૨૦૦૧ થી ૨૮મી મે, ૨૦૦૧	૨૧	સીવીલ જજ (જુ. ડી.) અને જ્યુડી. મેજિ. ફ. ક., અંકલેશ્વર જિ. ભરૂચ તરીકે બદલી થઈ.

સુરત, તારીખ ૧૬મી જૂન, ૨૦૦૧.

એસ. બી. ટોળિયા,
જિલ્લા ન્યાયાધીશ, સુરત.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર વોર્ડઝ/વશી/૬૦૮.— ખેડા જિલ્લાના મહેમદાવાદ નગર પંચાયત વિસ્તારમાં અને નડીઆદ નગરપાલીકા મરીડા ભાગોળ વિસ્તારમાં ઝાડા ઉલ્ટીના કેસની સ્ટુલ ચકાસણી પબ્લીક હેલ્થ લેબોરેટરી, વડોદરામાં તપાસમાં કોલેરા (વીબ્રીઓ) પોજીટીવ માલુમ પડેલ છે. આ અંગે પબ્લીક હેલ્થ લેબોરેટરી, વડોદરાના રીપોર્ટને ધ્યાને લઈ જાહેર આરોગ્યની દ્રષ્ટીએ કોલેરાનો ઉપદ્રવ ના વધે તે અંગે સાવચેતીનાં પગલાં રૂપે મહેમદાવાદ નગર પંચાયત વિસ્તાર અ નો નડીઆદ નગરપાલિકા વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કરવ જરૂરી બને છે.

સને ૧૯૮૭ના વાવડ રોગ અધિનિયમ-૩ ની કલમ-૨ (બી) વંચાણે લેતાં તે મુજબ મળેલ સત્તાની રૂએ હું, શ્રી ભરતકુમાર એન. જોષી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર, ખેડા આથી મોજે મહેમદાવાદ નગર પંચાયત વિસ્તાર અને નડીઆદ નગરપાલિકા વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે તેમજ મહેમદાવાદ નગર પંચાયત વિસ્તાર અને નડીઆદ નગરપાલિકા વિસ્તારના આજુબાજુની ૧૦ કી. મી. ના વિસ્તારમાં આવેલ ગામોને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું.

આ અંગે તમામ પગલાં તેમજ જરૂરી કાર્યવાહી અંગે મામલતદારશ્રી, મહેમદાવાદ અને મામલતદારશ્રી (શહેર) અને મામલતદાર શ્રી (ગ્રામ્ય) નડીઆદને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂ છુ. આ જાહેરનામું તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

નડીઆદ, તારીખ ૧૪મી જુન ૨૦૦૧.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, અને કલેક્ટર,
ખેડા (નડીઆદ).

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબનું:

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૨૭૬૬.—ભરૂચ શહેરમાં તારીખ ૨૩મી જુન ૨૦૦૧ નાં રોજ જગન્નાથ ભગવાનની રથયાત્રા દત્ત મંદિર રજારોડથી નિકળી મોટા ચારરસ્તા, કતોપોર બજાર, કતોપોર સ્લોપ, વડાપાડા ચોક્સીવાડ, લાલબજાર, જુનાબજાર, લલ્લુભાઈ ચકલા, હાજીખાના બજાર ત્રણ રસ્તા, આચારવાડ રોડ, સોનેરીમહેલ, મોટા ભોઈવાડ થઈ ભોઈપંચની વાડીમાં જશે. સદર રથયાત્રામાં મોટી મેદનીમાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતી માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર આંશત: નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૩મી જૂન, ૨૦૦૧ના રોજ બપોરનાં ૧૨-૦૦ કલાકથી રથયાત્રાના વિસર્જન થતાં સુધી નીચેના રૂટનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રાખવા ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીશ્રીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :—

(૧) વડાપડાથી ચાર રસ્તા સુધી
સદર રસ્તો બંધ થતાં ટ્રાફિક લાલબજાર ચોકી સામેથી ફાટાતળાવ ગાંધીબજારનાં રસ્તે થઈને જશે.

(૨) હાજીખાના ત્રણ રસ્તાથી ચકલા તરફ જતો રસ્તો.
સદર રસ્તો બંધ થતાં હાજીખાના ત્રણ રસ્તાથી બળેલી બે અથવા સોનેરી મહેલ તરફના રસ્તેથી થઈને જશે.

(૩) ચોક્સીવાડ અને વડાપાડામાં થઈને જતો રસ્તો
સદર રસ્તો બંધ થતાં વાહન વ્યવહાર ડો. બાબરઅલીના દવાખાનાથી પાયોનીયર હાઈસ્કુલ તરફ થઈને જશે.

(૪) રથયાત્રા હાજીખાના ત્રણ રસ્તેથી સોનેરીમહેલ તરફ જવા રવાના થાય ત્યારે સોનેરીમહેલથી હાજીખાના તરફને જતો ટ્રાફિક રતનતળાવવાળા રસ્તે થઈને જશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૧૬મી જુન, સને ૨૦૦૧ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) મુજબનું.

નં. ઉ./મફપ/મજસ/વશી/ ૧૭૮૬ થી ૧૮૧૩.—આગામી તારીખ ૨૩મી જુન ૨૦૦૧ના રોજ રથયાત્રાના તહેવારની ઉજવણી થનાર છે. તેમજ ચાલુ સાલ-૨૦૦૦-૨૦૦૧માં વરસાદને કારણે પંચમહાલ જિલ્લામાં અછતની પરિસ્થિતિ સર્જાયેલ છે. દરેક તાલુકા મથકના ગ્રામ્ય વિસ્તારોમાં અછતની પરિસ્થિતિને લીધે ધાડ-લુંટ ચોરીઓના ગુન્હા સમય અંતરે બનતા રહે છે. ગ્રામ્ય વિસ્તારના ઘણાખરા માણસો પોતાના સાથે મારક હથિયારો લઈ રાત્રે અગર દિવસે ફરતા રહે છે. અને સમય મળે આ માણસો દ્વારા લુટફાટ થતી હોય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતીમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવુ જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રુએ હું એન. પી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૮મી જુન ૨૦૦૧ થી તારીખ ૩૦મી જુન ૨૦૦૧ બન્ને દિવસો સહીત.

(ક) શસ્ત્રો દંડા, તલવાર, ધોકા, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાની યંત્રો સાધનો લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા

INDEX

આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં. તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લિલ ગીતો ગાવા નહીં.

(ધ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તેવા ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં. બનાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતાં કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ હથિયાર લઈ જવ ની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટર આ નીચેના પાયરી નું ન હોય તેના અધિકારીએ જેને શારિરીક અશકિતના કારણે લાઠી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૧૮મી જુન-૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

એન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. નં. ૧૯/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મું) અધિનિયમ કલમ ૩૭(૧)પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જયંતકુમાર સેવક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આગામી રથયાત્રા તહેવાર પૂર્વની સ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો જાહેર શાંતિ, કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટ નીચે જણાવેલ તારીખ ૨૧મી જુન ૨૦૦૧ થી તારીખ ૧૫મી જુલાઈ ૨૦૦૧ (બંને દિવસો સુધીમાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જવની અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બેડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર, કરવા બનાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાંનાં કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૯મી જુન ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જયંતકુમાર સેવક,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/૨જી. ૮/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી રથયાત્રા તારીખ ૨૩મી જુન ૨૦૦૧નાં તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૧મી જૂન ૨૦૦૧ થી તારીખ ૨૮મી જૂન ૨૦૦૧ સુધી (બંને દિવસો શુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદૂક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જવની અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોને ભુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

INDEX

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના અધિકારીએ પોતાની ફરજ ના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨માં કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૧૮મી જૂન ૨૦૦૧નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

બી. એન. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડના આધારે)

તારીખ મે-૩,૧૦,૧૭,૨૪, ૩૧ અને જૂન ૭,૧૪,૨૧,૨૮ માહે મે-જૂન સન ૨૦૦૧ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનું. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	ખાતું
૧	૨	૩
૧	૬૨/૪-૫-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨	૬૩/૮-૫-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ જિલ્લો.
૩	૬૪/૧૧-૫-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૪	૬૫/૧૫-૫-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૫	૬૬/૧૯-૫-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૬	૬૭/૨૨-૫-૨૦૦૧	ઈ./ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૭	૬૮/૨૫-૫-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૮	૬૯/૨૯-૫-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ.
૯	૭૦/૩૧-૫-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૧૦	૭૧/૬-૬-૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૧	૭૨/૭-૬-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડીઆદ.
૧૨	૭૩/૮-૬-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૩	૭૪/૮-૬-૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૪	૭૫/૧૧-૬-૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—RA-14—E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, JULY 12, 2001 / ASADHA 21, 1923 [No. 28

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	2230-2461	Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	302-309
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	28	Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C. under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	51103-15649

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ :

ક્રમાંક ઉ/ગપક/એસબી/જાહેરનામું / વશી / ૨૨ / ૨૦૦૧.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું વિનીતકુમાર ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૧ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની ;

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થ લઈ જવાની ;

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની ;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની ;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની ;

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી, અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી જુલાઈ, ૨૦૦૧ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) ના ખંડ સી મુજબનું.

નં. ડી.એમ.ઓ.જી./૧ રથયાત્રા-વશી-૮૧૧૨ થી ૨૮.—બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તેમજ ડીસા શહેરમાં તારીખ ૨૩મી જૂન, ૨૦૦૧ ના રોજ અષાઠી બીજના તહેવાર નિમિત્તે રથયાત્રા નિકળનાર છે. આ રથયાત્રામાં બહોળા પ્રમાણમાં માનવમેદની સામેલ થવાની શકયતા છે. જેથી વાહનોના અવરજવરથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભાવના છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એમ. કે. દાસ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર તારીખ ૨૩મી જૂન, ૨૦૦૧ ના રોજ કલાક ૧૪-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન પાલનપુર તેમજ ડીસા શહેરમાં નગરપાલીકાના સમગ્ર વિસ્તારમાં ત્રણ (વ્હીલ) ચાર વ્હીલના વાહનો જેવા કે રીક્ષા, જીપ, ટ્રક ટેમ્પો મેટાડોર, ઉંટગાડી વિગેરે વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. આ પ્રતિબંધ રથયાત્રા પસાર થવાના સમયે પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે.

આજરોજ તારીખ ૧૯મી માહે જૂન, ૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. કે. દાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (સી)

વાંચો :

(૧) અત્રેના પ્રાથમિક જાહેરનામાં ક્રમાંક એમએજી/જા. ના./૬૨૪૦ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૦.

ક્રમાંક એમએજી/પીએચએલ/વશી/૨૩૮૫/—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માંની) કલમ-૩૩ (૧) (સી) આધારે મને મળેલ સત્તાની રૂએ હું, અંજુ શર્મા (આઈ.એ.એસ. જિલ્લા) મેજિસ્ટ્રેટ, ભરૂચએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો અને તેનાથી અસર થતાં લાગતા વળગતા તમામને જાણ માટે પ્રસિધ્ધ કરી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં વાંધા સૂચનાઓ માંગવામાં આવેલ.

નિયત કરેલ સમય મર્યાદામાં કોઈ ઈસમ-સંસ્થા તરફથી અત્રે વાંધા સૂચનાઓ ઉપલબ્ધ થયેલ નથી સબબ હવે નીચે મુજબ આખરી જાહેરનામાનો મુસદ્દા પ્રસિધ્ધ કરૂ છું.

આખરી જાહેરનામાનો મુસદ્દો

ભરૂચ શહેરમાં રેલ્વે સ્ટેશન પાસે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ખુલ્લી જગ્યા આવેલી છે. આ જગ્યામાં કેટલાંક ઈસમો તેમના વાહનો પાર્ક કરતાં હોય છે જેના કારણે ટ્રાફીક જામ થાય છે. ડૉ બાબાસાહેબની પ્રતિમાં નજીક અવાર નવાર કરવામાં આવતા કાર્યક્રમોમાં ભારે અડચણ પેદા થાય છે. તેમજ ધર્ષણ થવાની શકયતા રહેલ છે. જેથી પણ ટ્રાફીકને અડચણરૂપ છે. જેથી રાહદારીઓની સલામતી જાળવવા તથા અકસ્માત નિવારવા ઉપરોકત જગ્યા એટલે કે ભરૂચ શહેરના રેલ્વે સ્ટેશન પાસે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી ખુલ્લી જગ્યાને "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવી આવશ્યક છે.

INDEX

વાસ્તે હું અંજુ શર્મા, આઇ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (સી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે ભરૂચ શહેરમાં રેલ્વે સ્ટેશન પાસે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી ખુલ્લી જગ્યાને "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરૂ છું.

આજ તારીખ ૨૫મી જુન ૨૦૦૧ માં રોજ મારી સહી તથા કચેરીની મહોર કરી આપી છે.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.ઓજી.-વશી-૧૩૫૨ થી ૧૩૬૮.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમા વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું સી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૯મી જુન ૨૦૦૧ થી ના દિવસના સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી જુન ૨૦૦૧ ના રોજ સાંજના ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના કલમ—૩૫ (૧) મુજબ સને ભા.૨૯ના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુન ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ની) કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૨૧/૨૦૦૧.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) માંની કલમ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી જુન, ૨૦૦૧ થી તારીખ ૧૫મી જુન, ૨૦૦૧ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવા ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પદ્ધતિનો ભંગ થતો હોય, જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :— અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ :—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

INDEX

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જે તે ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન રિવોલ્વર સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિ. પો. અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી મે, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭(૩) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસ. આર. ૨૨//૨૦૦૧.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭(૬) થી મને મળેલ અધિકારની ૩ઈએ ફરમાવું છું કે, નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી જૂન ૨૦૦૧ થી તારીખ ૧૫મી જૂન ૨૦૦૧ ના ક્લાક ૨૪.૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ

અનુસૂચિ.—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.
વિસ્તાર.—(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાય-નો વિસ્તાર)
ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા /કામ-ગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૬૦ ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૧મી મે ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૨૭૭૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈના ૨૨ ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૨મી જુન, ૨૦૦૧ નાં રોજ સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૧ નાં રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસ સુધ્ધાની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો".

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી જૂન, સને ૨૦૦૧ નાં રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ.

ક્રમાંક /પી.ઓ.એલ.-જા. ના./વશી-૨૯૦૩.—આથી ભરૂચ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે તારીખ ૩૧મી મે ૨૦૦૧નાં રોજ ભાડભૂત મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લિ., ભાડભૂત, તાલુકા-જિ. ભરૂચ વિગેરેએ અત્રે આવેદનપત્ર આપી નર્મદા નદીમાં ઝણોરથી લુવારા સુધી ખૂંટા લગાડીને મચ્છીમારી કરવા ઉપર પ્રતિબંધ મકત જાહેરનામું પ્રસિધ્ધ કરવા રજૂઆત કરી જણાવેલ છે કે

INDEX

મચ્છીનાં વેપારીઓ હોડીઓ દ્વારા મચ્છી પકડવાનો ધંધો કરે છે. અને નર્મદા નદીના પટમાં ખૂંટા હારબંધ ચોઢી જાળો બાંધી આવરોધ ઉભા કરે છે. આ આવરોધથી નર્મદા નદીમાં મચ્છીમારી માટે આવર જવરમાં સરળ રસ્તો મળતો નથી અને ખૂંટાના કારણે પાથરેલ જાળો ખૂંટામાં ફસાઈ જતાં નુકશાન કરે છે. અને અકસ્માત થવાનો તેમજ જાનહાનિ થવાની શકયતા રહેલી છે.

આ બાબતે અત્રેથી સ્થળ નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચનાને સૂચના આપતાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચ એ તારીખ ૧૨મી જુન ૨૦૦૧નાં રોજ ભાડભૂત કિનારેથી મનાડ-મહેગામ વેંગણી સુધી લુવારા નજીક સુધી નર્મદાનદીમાં બોટમારફતે સ્થળ નિરીક્ષણ કરેલ છે તે અનુસાર મનાડ કાંસવા, મહેગામના નર્મદા વિસ્તારમાં કેટલાંક સ્થળે નદીના અંદરના ભાગમાં મચ્છીમારી સીઝનની પૂર્વ તૈયારી રૂપે ખૂંટા રોપી દીધેલ છે. કેટલાક સ્થળોએ ખૂંટા રોપવાનાં કામે ઢગલા સ્વરૂપે જોવા મળેલ છે. ચોમાસાની સીઝનમાં મોટા પ્રમાણમાં હિલસા મચ્છી પ્રજનન માટે દરીયાના પાણીથી ઓછી ખારાશવાળા નદીના વિસ્તાર તરફ આવતી હોય છે. જેથી ખૂંટા પધ્ધતિથી થતી મચ્છીમારી હીલસા ફીશરીઝના ઉત્પાદનને અસર કરે છે. તેમજ તરતી જાળો વડે લુવારા તરફ ભરતી-ઓટના સમયે મચ્છીમારી માટે જતાં મચ્છીમારોની જાળ વચ્ચે લગાડેલ ખૂંટાઓમાં જાળો ભરાય જવાથી જાળને નુકશાન થવા ઉપરાંત હોડી પણ ઉંડી વળી જવાની અને જાનહાની થવાની સંભાવના હોય, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી ભરૂચએ નર્મદા નદીનાં ખૂંટા મારી થતી મચ્છીમારી પર પ્રતિબંધ મુકવા અભિપ્રાય આપેલ છે.

નર્મદા નદીમાં મંડાળા બાંધી ખૂંટા ચોડી જાળો બાંધવાના આવરોધથી નર્મદા નદીમાં ફીશીંગ માટે ફરતી હોડીઓને આવર-જવરમાં અડચણરૂપ થવાથી હોડી અને જાળ ફસાય જાય તો હોડી ડૂબી જવાથી અકસ્માત થવાની શકયતા રહેલી છે. તેમજ જાનહાનિ થવાની પણ શકયતા રહેલી છે. તદ્ઉપરાંત નદીમાં ભરતીના સમયે આ ખૂંટાઓ પાણીનાં નીચે તળીયાને ભાગે જતા રહેતા હોવાથી દેખાતા બંધ થવાથી મોટી દૂર્ઘટના થવાનો ભય રહેલ છે.

ઉપરના કારણો ધ્યાને લઈ હાલમાં ફીશીંગની સીઝન ચાલુ હોય અને લોકો હોડીઓની મોટા પ્રમાણમાં આવર-જવર કરતાં હોય આ આવર-જવર કરતાં હોડી, વહાણને કે તેમાં રહેલ કોઈપણ વ્યકિતને થતી અડચણ નુકશાન અટકાવવા તથા લોકોના જાન કે સલામતીને થતું જોખમ અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા ભરૂચ તાલુકાના ઝણોરથી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદાનદીમાં કોઈપણ સ્થળે કોઈપણ પ્રકારના ખૂંટા ચોડવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ હું રાજદેવસિહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ભરૂચ તાલુકાના ઝનોરથી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં કોઈપણ સ્થળે કોઈપણ પ્રકારના ખૂંટા મારવા, આ હુકમની તારીખથી બે માસ માટે પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂ છું. આ હુકમનો અનાદર કરનાર ઈન્ડીયન પીનલ કોડ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી જૂન ૨૦૦૧ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

રાજદેવસિહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ-૨૨મા) ની કલમ-૩૩(૧) ખ હેઠળ

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૩(૧)ખ/વશી. ૩૪૩૧/૨૦૦૧.— ગાંધીનગર જિલ્લાના મોટેરા ગામે સંત આશારામ આક્રામ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે દર વર્ષની જેમ ચાલુ વર્ષે તારીખ ૩જી જુલાઈ ૨૦૦૧ ના કલાક ૨૨.૦૦ થી તારીખ ૫મી જુલાઈ ૨૦૦૧ ના ૨૨.૦૦ સુધી ગુરૂપુર્ણીમાનો મહોત્સવ ઉજવવામાં આવનાર છે. તે પ્રસંગે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ સંત આશારામ આક્રામ ખાતે આવે તેવી પૂરેપુરી શકયતા છે. દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં એકત્ર થવાને કારણે લોકોના વાહનોની ભારે ભીડ રહેવાની પણ પૂરેપુરી શકયતા છે. તે સમયે કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે/ ટ્રાફીક પર નિયંત્રણ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરીયાત છે.

તે સારૂં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ખ થી મને મળેલ સત્તાની રૂઈએ હું, જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી નીચે જણાવેલ માર્ગ પર તારીખ ૪થી જુલાઈ ૨૦૦૧ ના રાત્રીના કલાક ૨૩.૦૦ થી તારીખ ૫મી જુલાઈ ૨૦૦૧ ના કલાક ૨૦.૦૦ સુધી એક દિવસ માટે ભારે વાહનો (લોડીંગ) (દર્શનાર્થીઓના વાહનો સિવાયના વાહનો) ની આવર-જવર ઉપર સંપુર્ણ મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત માર્ગ.—

૧. સાબરમતી તરફથી ગાંધીનગર તરફ જતો માર્ગ. (વાયા મોટેરા) સ્ટેડીયમ મુખ્ય ગેટ, આશારામ આક્રામ ત્રણ રસ્તા, મોટેરા ગામ તથા સુઘડ રાધાસ્વામી આક્રામ ત્રણ રસ્તા.

૨. ભાટ ગામથી કોટેશ્વર થઈ મોટેરા આક્રામ તરફ આવતો માર્ગ.

વૈકલ્પિક માર્ગ.—

ઉપરોક્ત પ્રતિબંધિત એપ્રોચ રોડ ઉપર જતા આવતા વાહનો (લોડીંગ) આ દિવસ દરમ્યાન અમદાવાદ મહેસાણા હાઈવે રોડ ઉપર થઈ વિસત પેટ્રોલપંપ ઉપરથી ગાંધીનગર આવ જવ કરી શકશે. તેવી જ રીતે ઈન્દીરા બ્રીજ તરફથી વાહનો (લોડીંગ) ભાટ ગામથી કોટેશ્વર ન જતા એ વાહનો વાયા કોબા વિસત થઈ આવ જવ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯મી જૂન ૨૦૦૧ના રોજ મારા સહી-સિક્કા કર્યા.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી-૩૪૯૭-૨૧/૨૦૦૧.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ.ક્વાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર

INDEX

ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હુ, જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી જુલાઈ ૨૦૦૧ ક્લાક ૦૦.૦૦ થી ૧૬મી જુલાઈ ૨૦૦૧ ક્લાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું ;

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું ;

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) આપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું ;

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર.—ફકત ઉપવાસીઓ માટે ૫, સેકટર-૧૭ અને સેકટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

અપવાદ.

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહીં.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, ગાંધીનગર, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરીક અશકિત છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી જૂન ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી. ૩૫૨૨-૪૬/૨૦૦૧.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તાર માં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ.ક્વાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને આવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં કોઈ વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ની પેટા કલમ-(૩) થી મારી સત્તાની રૂઈએ હુ, જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તાર માં તારીખ ૨જી જુલાઈ ૨૦૦૧ ક્લાક ૦૦.૦૦ થી તારીખ ૧૬મી જુલાઈ ૨૦૦૧ ક્લાક ૨૪.૦૦ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હુ આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાનયાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર.—ફકત ઉપવાસીઓ માટે ચ.૫, સેકટર૧૭, અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટાકલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી જુન ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

———

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.૯/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, કિરીટ કે. દૂધાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, આગામી તારીખ ૩જી જુલાઈ ૨૦૦૧ થી તારીખ ૭મી જુલાઈ ૨૦૦૧ સુધી અલુણાનાં તહેવારને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ-ઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જણાતાં ફરમાવું છું કે, તારીખ ૧લી જૂલાઈ ૨૦૦૧ થી તારીખ તારીખ ૧૦મી જુલાઈ ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરોઅથવાબીજાશસ્ત્રો, અથવાસાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ(ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે આસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨મા કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૩૦મી જૂન ૨૦૦૧નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

નં. એમએજી / માછીમારી / ૧૨૩૧/વશી / ૨૦૦૧.— મત્સ્યોદ્યોગ કમિશનર, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગુમ/ઈજ/૨/ઈ/એ.સી. / ૫૬-૧૪૦ તારીખ ૭મી મે, ૨૦૦૧ નાં આદેશ તથા રાહત નિયામક

INDEX

અને નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકારના, તારીખ વગરના પત્રથી જણાવ્યા મુજબ દરિયાઈ માછલીઓમાં મોટા ભાગની માછલીઓનું પ્રજનન વર્ષમાં એક જ વાર ચોમાસામાં થતું હોય છે. આથી ચોમાસાની ઋતુમાં ઈંડા આપનાર આવી માછલીઓ અને તેઓનાં બચ્ચાની સુરક્ષા કરવી જરૂરી છે. મચ્છ સંવર્ધન દરમ્યાન માછીમારી ન થાય તે ઘણું જ જરૂરી છે. જેથી મચ્છ સંવર્ધન ઋતુ દરમ્યાન માછીમારી ઉપર પ્રતિબંધ મુકવો અનિવાર્ય છે. કે જેથી આવો પ્રતિબંધ મુકવાથી મત્સ્ય સંવર્ધન થાય છે. માછલીની સંખ્યામાં વધારો થાય છે. અને નાના બચ્ચાનો ઉછેર સારી રીતે થઈ શકે છે.

સબબ ઉપરોકત સંજોગો લક્ષમાં લઈ તારીખ ૧૫મી મે, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૧ નાં સમયગાળાનો મત્સ્ય સંવર્ધન સમય ગણી સુરત જિલ્લાનાં દરીયાઈ કાંઠાના વિસ્તારમાં કોઈપણ ટ્રોલર, નાની કે મોટી બોટ, માછીમારીના ઉપયોગ માટે વાપરી શકાશે નહીં.

સદરહુ જાહેરનામાનો સમયગાળો તારીખ ૧૫મી મે, ૨૦૦૧ થી ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૧ સુધીનો છે. તે સમયગાળા દરમ્યાન જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જાહેરનામાનો ભંગ કરનારની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ માછીમાર જનતાએ નોંધ લેવાં વિનંતી છે.

સંબંધિત મહેસુલી અધિકારીઓ / પંચાયત અધિકારીશ્રીઓ તથા પોલીસ અધિકારીશ્રીઓએ જાહેરનામાનો અમલ ચુસ્તપણે થાય તે જોવા વિનંતી છે.

સુરત, તારીખ ૪થી મે ૨૦૦૧.

(સહી) અવાચ્ય,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. વોર્ડઝ/વશી/૬૮૨.—ખેડા જિલ્લાના નડીઆદ તાલુકાના મોજે ગામ અલીન્દ્રામાં ઝાડા ઉલ્ટીનો એક કેસ થવા પામેલ છે. જે કેસની સ્ટુલ ચકાસણી દરમ્યાન કોલેરા (વીબ્રીઓ) પોઝીટીવ માલુમ પડે છે. આ અંગે પબ્લીક હેલ્થ લેબોરેટરી વડોદરાના મુખ્ય રીપોર્ટ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનો રીપોર્ટ ધ્યાને લઈ જાહેર આરોગ્યની દ્રષ્ટિએ કોલેરાનો ઉપદ્રવના વધે તે માટે સાવચેતીના પગલા રૂપે ગામ અલીન્દ્રા તાલુકા નડીઆદને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા જરૂરી બને છે.

સને-૧૯૮૭ના વાવડ રોગ અધિનિયમ-૩ની કલમ-૨(બી) વંચાણે લેતાં તે મુજબ મળેલ સત્તાની રૂએ હું, શ્રી ભરતકુમાર એન. જોષી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર, ખેડા આથી ગામ અલીન્દ્રા તા. નડીઆદને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે તેમજ આજુબાજુના ૧૦ કી.મી. ના વિસ્તારમાં આવેલ ગામોને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું.

આ અંગે તમામ પગલાં તેમજ જરૂરી કાર્યવાહી અંગે મામલતદારશ્રી નડીઆદ (ગ્રામ્ય)ને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂ છું. આ જાહેરનામું તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

નડીઆદ, તારીખ ૨૬મી જૂન ૨૦૦૧.

બી. એન. જોષી,
જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર,
ખેડા (નડીઆદ).

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 28, *Gujarat Government Gazette*, Part —I, dated 12th July , 2001 and for pages AMD -1 to AMD - 224 (in 1 set) *read* page No. 2238 to 2461.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૨૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના એએમડી-૧ થી એએમડી-૨૨૪ (૧ બંધમાં) ને પાન નંબર ૨૨૩૮ થી ૨૪૬૧ વાંચવા.

Vadodara, 12th July, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી સબઓડીટર પ્રમાણીત, સ. મ. શહેર, અમદાવાદ, તા. ૫-૯-૯૪ના પત્રાંક અષણ/૧૮૩/૯૪

(૨) આ કચેરીના તા. ૧૪-૬-૧૯૯૫ના વચગાળાના હુકમકમાંક ફડચ/૦૧/ઘ-૨/૭૧૧

(૩) સહકારી કાયદાની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૪૦/૧૯૯૬ ધી સુમંગલમ કો.ઓપ. હાઉસીંગ સો.લી. સ.મ.લી. એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો રજી. નંબર ઘ-૩૨૨૭ તા. ૨૮-૫-૬૯ છે.

સદરહુ મંડળી તેના ઉદેશો મુજબ કામકાજ કરતી નથી, મંડળીના હોદેદારો મળતા નથી, ઓડીટ કરવાના નથી, આ મંડળીએ બદલાયેલ સરનામાની અત્રે જાણ કરેલ નથી. ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભવાળા પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર મંડળીએ તેના છેવટના હિસાબોનું ઓડિટ કરાવેલ નથી. મંડળીના સભ્યો કે કમીટી સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી. મંડળી સહકારી કાયદા, કાનૂન તથા તેના મંજુર થયેલ પેટા નિયમ મુજબ ચાલતી નથી. કામકાજ કરતી નથી. મંડળી સ્થગિત અવસ્થામાં હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થાય છે. સબબ ઉક્ત તમામ વિગતો જોતાં સદર મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસીબ જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. એચ. રાઠોડ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી સુમંગલ કો.ઓ. હા.સો.લી. સ.મ.લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી અધિકારી લગત આ કચેરીનાની નિમણૂંક કરવામાં આવે છે.

તારીખ : ૨-૧-૧૯૯૬ (કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી જીલ્લા સ્પે. ઓડીટર શહેરના તા. ૧-૨-૧૯૯૫ના પત્રાંક અષણ/૭/ખા.અ./ગ-૩/૧૨૭/૯૫

(૨) આ કચેરીના તા. ૨-૫-૯૫ના વચગાળાના હુકમકમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૯૭/૯૫

(૩) સહકારી કાયદાની કલમ ૧૦૭ની જોગવાઈઓ

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૪૧/૧૯૯૬ ધી આયોજન મજુર કામદાર સહ. મંડળી લી. સ.મ.લી. એ ધી ગુજરાત સહકારી મજુર મંડળી છે. જેનો રજી. નંબર ઉ-૬૯૪૪ તા. ૨૮-૯-૮૮ છે.

સદરહુ મંડળી તેના ઉદેશો મુજબ કામકાજ કરતી નથી, મંડળીના હોદેદારો મળતા નથી, ઓડીટ કરાવતા નથી, આ મંડળીએ બદલાયેલ સરનામાની અત્રે જાણ કરેલ નથી. ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભવાળા પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામંણ કરેલ છે. સદર મંડળીએ તેના છેવટના હિસાબોનું ઓડિટ કરાવેલ નથી. મંડળીના સભ્યો કે કમીટી સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી. મંડળી સહકારી કાયદા, કાનૂન તથા તેના મંજુર થયેલ પેટા નિયમ મુજબ ચાલતી નથી. કામકાજ કરતી નથી. મંડળી સ્થગિત અવસ્થામાં હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થાય છે. સબબ ઉક્ત તમામ વિગતો જોતાં સદર મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસીબ જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. એચ. રાઠોડ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર વિભાગ) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી સુમંગલ કો.ઓ. હા.સો.લી. સ.મ.લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી અધિકારી લગત આ કચેરીનાની નિમણૂંક કરવામાં આવે છે.

તારીખ : ૨-૧-૧૯૯૬ (કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (ગ્રાહક) અમદાવાદનો તા. ૯-૩-૯૫નો પત્ર ક્રમાંક : ગસભ/સી-૪/૧૭૫/૯૫

(૨) અત્રેની કચેરીના તા. ૨૯-૫-૯૫ના જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૬૯૬/૯૫નો વચગાળાનો

INDEX

(૩) મંડળીનો તા. ૨૬-૬-૯૫નો પત્ર

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૪૫/૯૬ ધી મહેમદી પૂર્વ ભાગ ગ્રાહક સહકારી મં.લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર સી-૩૫૬ સને ૧૯૪૩થી નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે.

સંસ્થાના બાકી સમયના ઈન્સ્પેકશન અંગે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (ગ્રાહક) અમદાવાદની કચેરીની સહકારી અધિકારી (ગ્રાહક) સંસ્થાના સ્થળે તપાસણી અંગે ગયેલા ત્યારે સંસ્થાનું રેકર્ડ તૈયાર ન હોવાથી, તા. ૩૦-૧૧-૯૪ના રોજ રેકર્ડ તૈયાર રાખી રૂબરૂ કચેરીમાં હાજર રહેવા લેખિત આપેલ છતાં, મંડળીના કાર્યવાહકો હાજર રહેલ નહીં, ત્યાર પછી અવારનવાર સંસ્થાની મુલાકાત લેવા છતાં રેકર્ડ તૈયાર કરેલ ન હોવાથી પરત આવેલ. છેલ્લે તા. ૬-૩-૯૫ના રોજ રેકર્ડ સાથે કચેરીમાં હાજર રહેવા જણાવેલ છતાં ઉક્ત તારીખે હાજર રહેલ નહીં, જેથી સંદર્ભ-૧ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા દરખાસ્ત કરવામાં આવેલ, જે દરખાસ્ત મુજબ, સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચલાવવામાં રસ ન હોઈ, રેકર્ડ તૈયાર રાખતાં ન હોઈ, સંદર્ભ-૨ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને એક માસમાં રજૂઆત થયેલ કે, મંડળીનું રેકર્ડ નિયમિત લખાય છે તથા ૯૪/૯૫ના વર્ષનું પણ ઓડીટ થયેલ છે તથા મદદનીશ સહકારી અધિકારી (ગ્રાહક) દ્વારા તા. ૩૧-૧૨-૯૪ સુધીનું ઈન્સ્પેકશન પણ કરેલ છે. મંડળીની રજૂઆતને ધ્યાનમાં લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદ મને મલેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ધી મહેમદી પૂર્વ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો તા. ૨૯-૫-૯૫નો વચગાળાનો હુકમ રદ કરૂં છું.

હું કે. એચ. રાઠોડ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર સિવાય) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી સુમંગલ કો.ઓ. હા.સો.લી. સ.મ.લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી અધિકારી લગત આ કચેરીનાની નિમણૂંક કરવામાં આવે છે.

તારીખ : ૪-૧-૧૯૯૬

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (ગ્રાહક) અમદાવાદનો તા. ૬-૧-૯૫નો પત્ર ક્રમાંક : ગસભ/સી-૪/૩૭/૯૫

(૨) અત્રેની કચેરીના તા. ૩-૨-૯૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૬૯/૯૫ની કારણદર્શક નોટીસ

(૩) મંડળીનો તા. ૧૯-૨-૯૫નો પત્ર

(૪) અત્રેની કચેરીના તા. ૬-૩-૯૫ અને તા. ૨૭-૩-૯૫ના પત્રો

(૫) અત્રેની કચેરીના તા. ૧૫-૬-૯૫ના પત્ર ક્રમાંક : ફડચ/ ૦૧/ધ-૨/૭૧૮/૯૫નો વચગાળાનો હુકમ

(૬) મંડળીનો તા. ૫-૯-૯૫નો પત્ર

(૭) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ધ-૨/૪૯/૯૬ ધી સર્વમંગલ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નં. ભ-૪૦૦૭ તારીખ ૨૪-૧૨-૮૫ થી નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે.

સદર મંડળીની સહકારી અધિકારી (ગ્રાહક) લગત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (ગ્રાહક) અમદાવાદની કચેરી તરફથી તપાસણી કરતાં, મંડળીએ તા. ૩૦-૯-૯૦ પછી વા. સા. સભા બોલાવેલ નથી. એટલે કે, સંસ્થાનાં હોદેદારોને સંસ્થા ચલાવવામાં રસ નથી. સંસ્થા તેના નોંધાયેલ પેટા કાયદા મુજબ કામકાજ કરતી નથી, સંદર્ભ-૧ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરતાં, સંદર્ભ-૨ના પત્રથી મંડળીને નોટીસ આપી રજૂઆત કરવા જણાવેલ પરંતુ તેના કાર્યવાહકો હાજર રહી શકે તેમ ન હોવાથી સંદર્ભ-૩ના પત્રથી મુદત માંગેલ અને સંદર્ભ-૪ના પત્રથી મુદત આપેલ, જે અન્વયે મંડળીના કાર્યવાહકોને તા. ૨૪-૪-૯૫ના રોજ હાજર રહી રજૂઆત કરેલ કે, મંડળીના મોટાભાગનાં સભ્યો કર્મચારીઓ છે, તેથી કામકાજ થઈ શકતું નથી તેમજ દુકાનની કિંમત વધુ હોઈ, મંડળી મેળવી શકેલ નથી અને ભાડે દુકાન મળતી નથી, તેથી મંડળીનું કામકાજ થઈ શકતું નથી.અને મંડળીને ફડચામાં લઈ જવામાં આવે તો અમને વાંધો નથી, તેવી રજૂઆત થતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/ધ-૨/૭૧૮/૯૫થી હુકમ કરવામાં આવેલ અને રજૂઆત કરવા જણાવેલ, પરંતુ ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભ-૬થી મંડળીએ જણાવેલ કે, તા. ૧-૭-૯૫ની વ્ય. કમિટીએ ઠરાવ કરી, મંડળી બંધ કરવાનું નક્કી કરેલ છે, જેથી મંડળીની ઉપર મુજબની રજૂઆતને ધ્યાનમાં લઈ, મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે

INDEX

અંતિમ હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે, ધી સર્વમંગલ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે તથા મંડળીના ફડચા અધિકારી તરીકે સહ. અધિકારી ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદની સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે.

જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૩૦૫૬/ક-૨/૦૨૩/૯૬ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જીવનદીપ ગ્રાહક સહકાર ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ૮૪/૪૬૫૬ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શમા સહકારી ગ્રાહક ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ/૧૭૩૪૨ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મેઘાણી મધુવન કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) *જીલ્લા ખાસ અન્વેષકશ્રીનો તા. ૭-૧૨-૯૪નો પત્ર ક્રમાંક : અધણ/૧૫૧/મા.મ./ગ-૩/૫૮૮૪/૯૪*

(૨) *અત્રેની કચેરીની તા. ૨૭-૩-૯૫ના પત્ર ક્રમાંક : ૫૨મ/ખ-૧/૪૧૯/૯૫ની કારણદર્શક નોટીસ*

(૩) *અત્રેની કચેરીની તા. ૩-૭-૯૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨/૭૭૨/૯૫ થી કરવામાં આવેલ વચગાળાનો હુકમ*

(૪) *ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.*

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૫૮ ધી ગરવી ગુજરાત કો. ઓ. હા. સો. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નં. ધ-૮૦૫૧ તારીખ ૨૩-૨-૮૪ થી નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે.

સદર સંસ્થા જે ઉદેશો માટે નોંધાયેલ છે તે ઉદેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી, મંડળીના કાર્યવાહકો ઓડીટ માટે દફ્તર રજુ ન કરતાં હોવાથી, ઉક્ત વંચાણે લીધા સંદર્ભ-૧થી કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જેના આધારે સંદર્ભ-૨થી મંડળીને કારણદર્શક નોટીસ આપી રજૂઆત કરવા જણાવેલ. મંડળીના હોદેદારો બદલાયા હોવા છતાં, કાર્યવાહકોએ અત્રે જાણ કરેલ ન હોઈ, સંદર્ભ-૩માં જણાવેલ હુકમથી મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ, અને એક માસમાં રજૂઆત કરવા જણાવેલ હતું. આ તક આપવા છતાં, આજદિન સુધી મંડળીને અત્રે લેખિત કે મૌખિક રજૂઆત કરેલ નથી, તેમ માનવાને કારણ રહે છે. આમ, સમગ્ર વિગતો અંગે મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો નીચે મુજબ અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ધી ગરવી ગુજરાત કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે, સહકારી અધિકારી ફડચા-૨ લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદ

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ/૧૭૩૪૩ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી દર્શન (શાહીબાગ) કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૮-૧-૧૯૯૬ના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/૮૮/૯૬

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૬૬/૬૬ ધી બહરામપુરા જનકલ્યાણ કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૭૯/૧૯૬૧ છે.

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર/કસ્ટોડીયન મહત્તમ અવધિવીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન/વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી, તથા વહીવટદાર/કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જઈ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૧/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ/(શહેર) અમદાવાદની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ધી બહેરામપુરા જનકલ્યાણ કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ. (શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજૂઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજૂઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજૂઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : એ/૨૭૬૯૯ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અમદાવાદ દશાપોરવાડ કો. ઓપ. ક્રેડીટ સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : એ/૨૭૭૦૦ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સમતા કો. ઓપ. પ્રકાશન સોસાયટી. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ/૧૭૩૪૪ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સિદ્ધિ વિનાયક (પાલડી) કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૭૧૫, તા. ૧૫-૬-૯૫

(૨) ફડચા અધિકારી શ્રી કન્ઝયુમર્સ કો. ઓ. હા. સો. લી. અને સહકારી અધિકારી ફડચા-૨ના તા. ૧૨-૧૨-૯૬ના પત્રાંક ફડચ/ફ-૨/૨૮૬/૯૫ થી થયેલ દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧)ની જોગવાઈ

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૧૯/૧૯૯૬ ધી હિન્દ કન્ઝયુમર્સ કો. ઓ. હા. સો. લી. ની નોંધણી ક્રમાંક નં. ૨૩૫૧, તા. ૧૨-૩-૫૮ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતી, તેને જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદના તા. ૧૫-૬-૯૫ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૭૧૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી, તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૦૨૯/૯૪, તા. ૧૧-૮-૯૪

(૨) ફડચા અધિકારી ધી કર્ણાવતી ભીલ કો. ઓ. હા. સો. લી. અને સહકારી અધિકારી ફડચા-૨ના તા. ૨૪-૮-૯૪ના પત્રાંક ફડચ/ફ-૨/૨૨૮/૯૫ થી થયેલ દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧)ની જોગવાઈ

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૦/૧૯૯૬ ધી કર્ણાવતી ભીલ કો. ઓ. હા. સો. લી. ની નોંધણી ક્રમાંક નં. ધ-૧૦૭૯૪, તા. ૪-૨-૮૪ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતી, તેને જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદના તા. ૧૧-૮-૯૪ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૦૨૯/૪૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી, તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૦૦૦/૯૪, તા. ૫-૧૦-૯૪

(૨) ફડચા અધિકારી ધી હિન્દુ મુસ્લીમ ગૃહસાધન સ. મં. લી. અને સહકારી અધિકારી ફડચા-૧/૨ના તા. ૨૪-૮-૯૫ના પત્રાંક ફડચ/ફ-૨/૨૨૮/૯૫ થી થયેલ દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧)ની જોગવાઈ

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૧/૧૯૯૬ ધી હિન્દુ મુસ્લીમ ગૃહસાધન સ. મં. લી. ની નોંધણી ક્રમાંક : ૪૭૦૬, તા. ૧૯૪૩ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતી, તેને જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદના તા. ૫-૧૦-૯૪ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૦૦૦/૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી, તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૧૭૫/ધ-૨/૧૦૪૨, તા. ૧૮-૧૦-૯૩

(૨) ફડચા અધિકારી ધી બ્રહ્મક્ષત્રિય કન્ઝયુમર્સ કો. ઓ. હા. સો. લી. અને સહકારી અધિકારી ફડચા-૨ના તા. ૨૫-૮-૯૫ના પત્રાંક ફડચ/ફ-૨/૨૩૦/૯૫ થી થયેલ દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧)ની જોગ

INDEX

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૨/૧૯૯૪ ધી ધી બ્રહ્મક્ષત્રિય કન્ઝ્યુમર્સ કો. ઓ. હા. સો. લી. ની નોંધણી ક્રમાંક : સી-૪૯૪, તા. ૨૧-૧૦-૪૩ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતી, તેને જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર), અમદાવાદના તા. ૧૮-૧૦-૯૩ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૧૭૫/ધ-૨/૧૦૪૨ થી ફડચામાં લઈ જવામાં આવી હતી, તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે, સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૩૧-૮-૯૫નો પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/૧૬૫૩/૯૫

(૨) અત્રેની કચેરીનો તા. ૧૨-૧૨-૯૫ નો જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૯૪/૯૫નો વચગાળાનો ફડચાનો આદેશ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૩/૯૬ ધી ગણેશ કન્ઝ્યુમર્સ કો. ઓ. હા. સો. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે.

સદર મંડળી કસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. સો. કોર્પોરેશન લી. ની નિમણૂંક કરવા તેમના તરફથી સંમતી મળેલ છે. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતિ ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંકલિત થઈ શકતી નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૨ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છતાં મંડળી તરફથી ચાર્જ સંભાળવા અંગે આજદિન સુધી કોઈ લેખિત/મૌખિક રજૂઆત કરવામાં આવેલ નથી, જેથી મંડળીનો નીચે મુજબનો ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની રૂએ ધી ગણેશ કન્ઝ્યુમર્સ કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદની અત્રેના તા. ૧૨-૧૨-૯૫ના જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૯૪/૯૫ ના વચગાળાના હુકમથી નિમણૂંક કરવામાં આવેલ, પરંતુ તેમાં ફેરફાર કરીને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવે છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૮-૮-૯૫નો પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/ /૯૫

(૨) અત્રેની કચેરીનો તા. ૧૫-૧૧-૯૫ નો જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૯૨/૯૫નો વચગાળાનો ફડચાનો આદેશ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૪/૯૬ ધી આવકાર લક્ષ્મી કો. ઓ. હા. સો. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે.

સદર મંડળી કસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. સો. કોર્પોરેશન લી. ની નિમણૂંક કરવા તેમના તરફથી સંમતી મળેલ છે. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતિ ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંકલિત થઈ શકતી નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૨ના હુકમથી વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે અને મંડળીને જો કોઇ

INDEX

રજૂઆત કરવી હોય તો માસ એકમાં કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી આજદિન સુધી કોઈ લેખિત/મૌખિક રજૂઆત કરવામાં આવેલ નથી, જેથી મંડળીનો નીચે મુજબનો ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની રૂએ ધી આવકાર લક્ષ્મી કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદની અત્રેના તા. ૧૫-૧૧-૯૫ના જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૯૨/૯૫ ના વચગાળાના હુકમથી નિમણૂંક કરવામાં આવેલ, પરંતુ તેમાં ફેરફાર કરીને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવે છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ/૧૭૩૪૫ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જટાવિ પોલીક્લીનીક કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ધ/૧૭૩૪૬ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી બાગેમેરાજ કો. ઓપ. ક્રેડીટ સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૨૨/ધ-૧/૨૭૭૦/૮૭, તા. ૨૭-૮-૮૭

(૨) ફડચા અધિકારીશ્રી ટેક્ષી લક્ઝરી ટુરીસ્ટ કો. ઓ. હા. સો. લી. અને સહકારી અધિકારી ફડચા-૨ના તા. ૨૧-૮-૯૫ના પત્રાંક ફડચ/ક-૨/૨૨૭/૯૫ થી થયેલ દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) ની જોગવાઈ

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૭૯/૯૬ ધી ટેક્ષી લક્ઝરી ટુરીસ્ટ કો. ઓ. હા. સો. લી. ની નોંધણી ક્રમાંક : ૧૦૯૧૯, તા. ૬-૩-૬૯ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતી, તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તા. ૨૭-૮-૮૭ના અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/૨૨/ધ-૧/૨૭૭૦/૮૭ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

તા. ૩-૨-૯૬
અમદાવાદ

(કે. એચ. રાઠોડ)
જીલ્લા રજીસ્ટ્રાર
સ.મં. (શહેર), અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૬-૬-૧૯૯૫ના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ધ-૧/૧૨૩૨/૯૫

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી

પ્રસ્તાવના

ધી રામજ્યોત કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૧૪૯૩, તા. ૧૭-૬-૬૫ છે.

સદર મંડળી ક્સ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર/ક્સ્ટોડીયન મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ ક્સ્ટોડીયન/વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી, તથા વહીવટદાર/ક્સ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થા ... જઈ

INDEX

તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૧/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ/(શહેર) અમદાવાદની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ધી રામજ્યોત કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ.(શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજૂઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજૂઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

તા. ૩-૨-૯૬ (કે. એચ. રાઠોડ)
અમદાવાદ જીલ્લા રજીસ્ટ્રાર,
સ.મં. (શહેર), અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) *અત્રેની કચેરીનો તા. ૩૧-૮-૯૫નો પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ધ-૧/૧૬૫૩/૯૫*

(૨) *અત્રેની કચેરીનો તા. ૧૨-૧૨-૯૫ નો જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૮૮/૯૫નો વચગાળાનો ફડચાનો આદેશ*

(૩) *ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.*

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ધ-૨/૧૬૧/૯૬ ધી મનમોતી કો. ઓ. હા. સો. લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ ગૃહ સહકારી મંડળી છે.

સદર મંડળી કસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. સો. કોર્પોરેશન લી. ની નિમણૂંક કરવા તેમના તરફથી સંમતી મળેલ છે. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતિ ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંકલિત થઈ શકતી નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૨ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે અને જો કોઈ રજૂઆત કરવી હોય તો માસ એકમાં કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી વહીવટ સંભાળવા અંગે આજદિન સુધી કોઈ લેખિત/મૌખિક રજૂઆત કરવામાં આવેલ નથી, જેથી મંડળીનો નીચે મુજબનો ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું કે. એચ. રાઠોડ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની રૂએ ધી મનમોતી કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.

સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદની અત્રેના તા. ૧૨-૧૨-૯૫ના જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૮૮/૯૫ ના વચગાળાના હુકમથી નિમણૂંક કરવામાં આવેલ, પરંતુ તેમાં ફેરફાર કરીને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (શહેર) અમદાવાદની નિમણૂંક કરવામાં આવે છે.

તા. ૩-૨-૯૬ (કે. એચ. રાઠોડ)
અમદાવાદ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) *અત્રેની કચેરીના તા. ૧૬-૯-૧૯૯૫ના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ધ-૧/૧૭૫૩/૯૫*

(૨) *ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી*

પ્રસ્તાવના

ધી અર્જુન કૃપા કો. ઓ. હા. સો. લી. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૭૫૨૩, તા. ૧૧-૧૦-૭૯ છે.

સદર મંડળી વહીવટદાર/કસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે વહીવટદાર/કસ્ટોડીયન મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન/વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી, તથા વહીવટદાર/કસ્ટોડીય

INDEX

મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જઈ તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા ૧/૨ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ/(શહેર) અમદાવાદની નિમણૂંક કરવી મુનાસીફ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું કે. એચ. રાઠોડ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ધી અર્જુન કૃપા કો. ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ લગત જીલ્લા રજીસ્ટ્રાર સમ.(શહેર) અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજૂઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજૂઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

તા. ૩-૨-૯૬ (કે. એચ. રાઠોડ)
અમદાવાદ જીલ્લા રજીસ્ટ્રાર,
સ.મં. (શહેર),.અમદાવાદ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેના કાર્યાલયના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૩૨૯૩/૯૩, તા. ૧૭-૩-૯૪

(૨) અત્રેના કાર્યાલયના તા. ૧૫-૩-૯૫ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૩૭૯/૯૫

(૩) અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચા-૨ની તા. ૨૧-૬-૯૫ની નોંધ

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ

હુકમ

તૃપ્તી એપાર્ટમેન્ટ, વેડ રોડ, સુરત, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૩૨૯ તા. ૩-૪-૯૨ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જીઉકે/સુ/અધગ/ઉખસ/ફડચ/૪૦૯/૯૫ તા. ૧૬-૧૨-૯૫ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત (એન. એન. પટેલ)
તા. ૨૭-૨-૯૬ મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) અત્રેની કચેરીનો તા. ૨૯-૧૦-૯૫નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૩૬૨/૯૫.

અંતિમ આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ફડચ/૪૯/૬૫૦૮/૯૬, ધી ડુમસ વણકર તથા ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુ. ડુમસ, તા. ચોર્યાસી, જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૨૦-૨-૮૮ ના નોંધણી ક્રમાંક પી-૫૬૭ થી નોંધવામાં આવી હતી. સબ ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧-૭-૯૩ થી ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે

(૧) સંસ્થા સ્થગીત અવસ્થામાં છે. ઉદ્દેશ મુજબની પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) લ્હેણાંની વસુલાત કરેલ નથી.

(૩) અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.

(૪) સંચાલકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉક્ત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કોઈપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉ) સુરત આથી ધી ડુમસ વણકર તથા ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. ડુમસ, તા. ચોર્યાસી, જી. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. જોગી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરૂ છું.

સુરત મેનેજર (કે. વી. સી. આઈ.) અને
તા. ૨૯-૨-૯૬ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) અત્રેની કચેરીનો તા. ૨૮-૧૦-૯૫નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૩૬૧/૯૫.

અંતિમ આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ફડચ/૫૯/૭૪૧૭/૯૬, ધી ચચરબુંદા કાપડ અને ગાલીચા વણાટ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.પો. ચચરબુંદા, તા. સોનગઢ, જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૧૪-૫-૯૦ ના નોંધણી ક્રમાંક ઉ-૯૫૬૬ થી નોંધવામાં આવી હતી. સબ ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧-૭-૯૨ થી ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે

(૧) સંસ્થા સ્થગીત અવસ્થામાં છે. ઉદ્દેશ મુજબની શરૂ કરેલ નથી.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી. અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.

(૩) મંડળીનો વહીવટ પેટા નિયમ મુજબ થતો નથી.

(૪) સરકારી લ્હેણું ભરપાઈ કરેલ નથી.

(૫) સંચાલકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉક્ત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કરેલ રજુઆત ગ્રાહ્ય ન રાખતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉ) સુરત આથી ધી ચચરબુંદ કાપડ અને ગાલીચા વણાટ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.પો. ડુમસ, તા. ચોર્યાસી, જી. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. જોગી સહકારી

INDEX

અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરૂં છું.

સુરત
તા. ૧૧-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૬-૧૨-૯૫નો મંડળીને ફડચામાં લઈ ગયાનો અંતિમ આદેશ ક્રમાંક : જીઉકે/સ/અધગ/ઉધમ/ફડચ/૪૦૮/૯૫ નો હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો તા. ૧૧-૩-૯૬ નો પત્રક્રમાંક : જીઉકો/સ/અધગ/ઉખબ/ફડચ/૪૪/૯૬.

પ્રસ્તાવના

ક્રમાંક : જીઉકો/સ/ઉખઅ/અધન/પુનઃજીવીત/૬૨/૯૬, ધી ડાયમંડ એન્ટર પ્રિન્ટર્સ ઈન્ડ. કો. ઓપ. સો. લી. પહેલા માળે, ઓમકાર ચેમ્બર્સ, સ્ટેશન સામે, સુરતને અનુ. નં. ૧ના હુકમથી મંડળીને ફડચામાં લઈ જવામાં આવી હતી અને મંડળીનો ચાર્જ સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતે તા. ૭-૩-૯૬ ના રોજ મંડળીના સભ્યોની ખાસ સાધારણ સભા મેળવી હતી. મંડળીની ખાસ સાધારણ સભામાં હાજર રહેલ સભ્યોએ મંડળીને ચાલુ કરવા માટે જણાવેલ છે. મંડળીને જો પુનઃજીવીત કરી આપવામાં આવે તો મંડળીમાં હાલમાં જે ઉત્સાહી સભ્યો છે તેઓ હીરા ઉદ્યોગમાં મજુરી કરી આવક રળી શકે એમ છે. અગાઉના સમયમાં હીરાના ઉદ્યોગમાં ઘણું જ મંદીનું વાતાવરણ હતું. જેથી વિકાસ કરી શકયા નથી હવે સભ્યોને આ અંગે નાણાંકીય પરિસ્થિતિને લક્ષમાં લઈને ધંધાનો વિકાસ કરી શકેલ નહતો. જેથી હવે ઘરઆંગણે સભ્યોને રોજી મળી રહે એમ હોય મંડળીની ઉત્પાદન કરવાની ક્ષમતા વધી શકે તેમ જણાય છે. સંસ્થાના ૧-૭-૯૫ થી ૨૯-૨-૯૬ની તારીજ જોતાં સંસ્થાએ મજુરી આવક રૂા. ૨,૪૬,૦૦૦/- કરેલ છે. સંસ્થાએ હિસાબી તથા વહીવટી ખામીઓની પુર્તતા કરેલ હોવાનું જણાવેલ છે. આમ, મંડળીના ફડચા અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના તારીખ ૧૧-૩-૯૬ ના પત્રથી કરેલ ભલામણને ધ્યાને લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૭ અન્વયે મંડળીને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

સુરત
તા. ૧૬-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

ક્રમાંક : જીઉકે/સુ/નધણ/૯૯/૯૬/૯૫૬૧/ઉ-૫૭૭૨, આથી જાહેર કરે છે કે ગ્રે રીબન મેન્યુફેકચર્સ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ ૧૪/૧૦૫૩, મહાત્મા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખટોદરા, સુરત, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત
તા. ૨૫-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
હિંમતનગર.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧૮-૩-૯૬ નો પત્ર.

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૭૫/૯૧૭૧/૯૬, ધી વ્યારા તાલુકા કોશેટા રેશમ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. વ્યારા, તા. વ્યારા, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૩૧ તા. ૧૬-૧૧-૮૪ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૧૯૩/૯૫ તા. ૯-૬-૯૫ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૨૬-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૭-૯૪ થી તા. ૩૦-૬-૯૫ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ઉબસ/ફડચ/૮૦/૯૬, ધી વંઝોડીયા ગોટીયા શિવણ કારીગરોની ઉત્પાદક સહ[illegible]

INDEX

લી. મુ. વંઝોડીયા, પો. અમલસાડી, તા. પલસાણા, જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૯૦૮૩ તા. ૯-૧૨-૮૮ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૯૪ થી તા. ૩૦-૬-૯૫ સુધીના અન્વેષણ અહેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા સ્થગીત અવસ્થામાં છે. ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી. અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી. વ્ય. કમિટીની મિટીંગ મેળવેલ નથી.

(૪) શરૂઆતથી સંચાલકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉદ્યોગ (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણૂંક કરૂં છું.

સુરત
તા. ૨૭-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૨૭-૩-૯૬ નો પત્ર.

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૮૩/૯૩૩૨/૯૬, ધી અનુરાધા ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ કો. ઓપ. સોસાયટી લી. મુ.પો. ડાયમંડ પાર્ક, જી.આઈ.ડી.સી., સચીન, તા. ચોર્યાસી, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૧૦૪૯૧ તા. ૧૮-૨-૯૧ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૨૧/૯૫ તા. ૨૧-૧-૯૫ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૩૦-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૨૭-૩-૯૬ નો પત્ર.

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૮૪/૯૭૩૩/૯૬, ધી બોરીસાવર પ્રદેશ નીરા અને ગ્રામોદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. બોરીસાવર, તા. સોનગઢ, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૦૪૩ તા. ૧૫-૧૨-૮૩ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૧૭૮/૯૪ તા. ૫-૫-૯૪ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૩૦-૩-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતનો તા. ૧-૭-૯૨ થી તા. ૩૦-૬-૯૩ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ઉબસ/ફડચ/૯૩/૧૦૪૪૩/૯૬, શ્રી ઉમા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. સર્વિસ સોસાયટી લી.

INDEX

મુ. ૬/બી, પરિબ્રહ્મા સોસાયટી, રાંદેર રોડ, જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૪૪૨૦ તા. ૩૦-૬-૯૩ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૯૨ થી તા. ૩૦-૬-૯૩ સુધીના અન્વેષણ અહેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૨) સંસ્થાની મોજે ભેસ્તાન, તા. ચોર્યાસી, જી. સુરતની સર્વે નં. ૧૯૯ની જમીનના ટાઈટલ કલીયર થયેલ નથી. મંડળી શરૂઆતથી સ્થગિત અવસ્થામાં છે. અસ્કયામતની મુદત પુરી થયેલ છે.

(૩) સંસ્થાના મુખ્ય વિભાગે વિ-૩ નો ઠરાવ કરેલ હોવા છતાં તેનું ઓડીટ આજદિન સુધી કરાવેલ નથી તેમજ માહિતી પુરી પાડેલ નથી.

(૪) વિ-૧માં ચાર સભ્યો પાસે જમીન ફાળો, વહીવટી પાળો બેલેન્સમાં આવેલ નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉદ્યોગ (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણૂંક કરૂં છું.

સુરત
તા. ૧૦-૪-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧-૫-૯૬ નો પત્ર. ક્રમાંક : જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૯૧/૯૬

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૧૧૨/૧૨૧૬૬/૯૬, ધી અમલસાડી સુથારી કારીગરોની ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.પો. અમલસાડી, તા. પલસાણા, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૮૩૮ તા. ૬-૬-૮૫ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૧૩૩/૯૫ તા. ૨૯-૪-૯૫ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૬-૫-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧-૫-૯૬ નો પત્ર.

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૧૧૩/૧૨૧૬૯/૯૬, ધી સીંગપુર વિભાગ કોશેટા રેશમ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. સીંગપુર, તા. સોનગઢ, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૯૦૮૪ તા. ૨૪-૯-૯૩ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૧૦૨/૯૪ તા. ૨૯-૩-૯૪ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૬-૫-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) અત્રેની કચેરીનો તા. ૨૭-૩-૯૬નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૮૦/૯૬.

અંતિમ આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ફડચ/૧૦૮/૧૨૨૦૫/૯૬, ધી વંઝોડીયા-ગોડીયા ગામની શિવણ કારીગરોની ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.પો. વંઝોડીયા, પો. અમલસાડી, તા. પલસાણા, જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૯-૧૨-૮૮ ના નોંધણી ક્રમાંક ઉ-૯૦૮૩ થી નોંધવામાં આવી હતી. સબ ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧-૭-૯૪ થી ૩૦-૬-૯૫ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે

(૧) સંસ્થા સ્થગીત અવસ્થામાં છે. ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી. અગત્યના રજીસ્ટરો બનાવેલા નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી.

(૪) વ્ય. કમિટીની મિટીંગો મેળવેલ નથી.

(૫) શરૂઆતથી સંચાલકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

ઉક્ત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કોઈપણ જાતની લેખિત કે મૌખિક રજુઆત ન થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉ) સુરત આથી ધી વંઝોડીયા-ગોડીયા ગામની શિવણ કારીગરોની ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. વંઝોડીયા, પો. અમલસાડી, તા. પલસાણા, જી. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. જોગી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરૂં છું.

સુરત
તા. ૩૦-૪-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (વણાટ) સુરતનો તા. ૧-૭-૯૪ થી તા. ૩૦-૬-૯૫ સુધીના અન્વેષણની નોંધ.

(૨) અત્રેની કચેરીના તા. ૧૪-૩-૯૬ નો રજી. પોસ્ટ

વચગાળાનો આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ઉબસ/ફડચ/૧૧૪/૧૨૫૪૩/૯૬, ધી વ્યારા તાલુકા ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી. મુ. પૂર્ણ કાંઠા કંપાઉન્ડ, તા. વ્યારા, જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૩૬૬૬ તા. ૩૧-૩-૭૭ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૭-૯૪ થી તા. ૩૦-૬-૯૫ સુધીના અન્વેષણ અહેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા સ્થગીત અવસ્થામાં છે. મુખ્ય વિભાગ તથા સુથારી વિભોગો સ્થગિત અવસ્થામાં છે.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી. સંસ્થાએ ચેકબુક/પાસબુક રજુ કરેલ નથી.

(૩) વ્ય. કમિટીની મિટીંગ પેટા નિયમ મુજબ મળતી નથી. આદિવાસી નિગમના બેંકના હપ્તાઓ ભરપાઈ કરેલ નથી.

(૪) બાકી લેણાંની વસુલાત ઘણાં સમયની બાકી હોવા છતાં સક્રિય પગલાઓ કમિટીએ ભરેલા નથી. .

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉદ્યોગ (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણૂંક કરૂં છું.

સુરત
તા. ૧૩-૫-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

INDEX

સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૫૦૩૨ તા. ૧૯-૧૧-૮૨ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૪-૯૪ થી તા. ૩૧-૩-૯૬ સુધીના અન્વેષણ અહેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા શરૂઆતથી જ સ્થગીત અવસ્થામાં છે. તક આપવા છતાં પ્રવૃત્તિ શરૂ કરેલ નથી.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા છેલ્લા ચાર વર્ષથી મેળવેલ નથી. કમિટીની મિટીંગો મેળવેલ નથી.

(૪) સંચાલકોને મંડળી ચલાવવામાં જરાપણ રસ જણાતો નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉદ્યોગ (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણૂંક કરૂ છું.

સુરત
તા. ૧૨-૬-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) શ્રી મદદનીશ સહકારી અધિકારી (હેન્ડલુમ) જી.ઉ.કે. સુરતનો તા. ૧-૪-૯૪ થી તા. ૩૧-૩-૯૬ સુધીના અન્વેષણની નોંધ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ઉબસ/ફડચ/૧૨૮/૯૬, શ્રી પલસાણા તાલુકા ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી. મુ.પો. અમલસાડી, તા. પલસાણા, જી. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૭૫૭૮ તા. ૨૯-૭-૭૭ થી નોંધવામાં આવી હતી. મંડળીનું અન્વેષણ તા. ૧-૪-૯૪ થી તા. ૩૧-૩-૯૬ સુધીના અન્વેષણ અહેવાલમાં જણાવ્યા મુજબ.

(૧) સંસ્થા શરૂઆતથી જ સ્થગીત અવસ્થામાં છે. તક આપવા છતાં પ્રવૃત્તિ શરૂ કરેલ નથી.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા છેલ્લા ચાર વર્ષથી મેળવેલ નથી. કમિટીની મિટીંગો મેળવેલ નથી.

(૪) સંચાલકોને મંડળી ચલાવવામાં જરાપણ રસ જણાતો નથી.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ઉદ્યોગ (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણૂંક કરૂ છું.

સુરત
તા. ૧૨-૬-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૨૭-૫-૯૬ નો પત્ર. ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૯૯/૯૬.

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૧૨૯/૧૭૮૮/૯૬, ધી ચિત્તપુર વિભાગ કાર્પેટ એન્ડ હેન્ડી. સહકારી મંડળી લી. મુ.પો. ચિત્તપુર, તા. ઉચ્છલ, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર ઉ-૫૦૪૬ તા. ૧૬-૧-૮૪ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૪૧૫/૯૫ તા. ૧૮-૧૨-૯૫ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૧૨-૬-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૩-૬-૯૬ નો પત્ર. ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૧૦૨/૯૬.

હુકમ

જા. નં. : જીઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૧૩૦/૯૬, ધી ભારત કો. ઓપ. પ્રિન્ટીંગ પ્રેસ લી. નવસારી બજાર, બંબાગેટ પાસે, જી. સુરતના નોંધણી ક્રમાંક નંબર પી-૧૩૮૦ તા. ૧૨-૧૨-૫૬ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ફડચ/૪૧૧/૯૫ તા. ૧૮-૧૨-૯૫ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત
તા. ૧૨-૬-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધો :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૩-૫-૯૬નો વચગાળાનો આદેશ ક્રમાંક જીઉકે/સુ/ઉખસ/અધગ/ફડચ/૧૧૫/૯૬.

અંતિમ આદેશ

ક્રમાંક : જીઉકે/સુ/અધગ/ફડચ/૧૬૧/૨૫૩૭૬/૯૬, ધી સુરત ટેક્ષટાઈલ ફેબ્રીકસ મેન્યુ. કો. ઓપ. સોસાયટી લી. ૧૪, ધારીવાલા ચેમ્બર્સ, સલાબતપુરા, જી. સુરતને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. (ઉ) સુરતના તા. ૩૦-૬-૭૨ ના નોંધણી ક્રમાંક ઉ-૧૧૪૯ થી નોંધવામાં આવી હતી. સબ ઓડીટર સહકારી મં. (ઉદ્યોગ) સુરતના તા. ૧-૭-૯૧ થી ૩૦-૬-૯૫ સુધીના ઓડીટ અહેવાલ પ્રમાણે

(૧) સંસ્થા "ડ" વર્ગમાં છે. સ્થગીત અવસ્થામાં છે.

(૨) પાછલા ઓડીટ રિપોર્ટની દુરસ્તી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભાઓ મેળવેલ નથી. કમિટીની બુક રજુ કરેલ નથી.

(૪) બાકી લ્હેણાંની વસુલાત કરેલ નથી.

(૫) મંડળીનો ફોન અન્યને ગેરકાયદેસર રીતે આપી દીધેલ જણાય છે.

ઉક્ત ઓડીટ અહેવાલમાં જણાવેલ કારણો જોતાં તથા મંડળીને અગાઉ આપેલ વચગાળાના આદેશના સંદર્ભમાં કરેલ રજુઆત ગ્રાહ્ય ન રાખતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. એન. પટેલ મેનેજર (કે. વી. સી. આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉ) સુરત આથી ધી સુરત ટેક્ષટાઈલ ફેબ્રીકસ મેન્યુ. કો. ઓપ. સોસાયટી લી. ૧૪, ધારીવાલા ચેમ્બર્સ, સલાબતપુરા, જી. સુરતને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપુ છું અને એ જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી બી. આર. જોગી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની સદર મંડળીના ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરૂ છું.

સુરત
તા. ૧૯-૬-૯૬

મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

INDEX

REGISTERED No. G—BA-14 - E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, JULY 19, 2001 / ASADHA 28, 1923 [No. 29

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	2462-2505
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	29
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	310-313
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C, under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	15650-16210

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ગ/ઉપક/૯૩/૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૩(બી)ના આધારે મળેલ સત્તાની રૂએ હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર નીચે મુજબ હુકમ કરૂ છું.

આશારામ આશ્રમ મોટેરા સાબરમતી ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ હોઈ તારીખ ૪થી જુલાઈ, ૨૦૦૧ ના રોજ કલાક ૨૩-૦૦ થી તારીખ ૫મી જુલાઈ, ૨૦૦૧ ના રોજ કલાક ૨૦-૦૦ સુધી સાબરમતી વિસત પેટ્રોલ પંપથી સાબરમતી ટોલનાકા સુધીનો રસ્તો ભારે વાહનોની અવર જવર માટે બંધ રહેશે. તેમજ લાઈટ વાહનોની અવર જવર એક તરફી રહેશે.

INDEX

આજ, તારીખ ૩જી જુલાઈ ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરેલ છે.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ (૧)(બી) હેઠળ નિયમ.

ક્રમાંક ટફક/૩૧૫૬/જાહેરનામું/૧૪૩૩/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રુએ બહાર પાડવા ધારેલા જાહેરનામાના નો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામનાં જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે સદરહું જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા-સુચનો પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર નાઓને લેખીતમાં મોકલવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં)ની કલમ-૩૩ની પેટાકલમ (૧)(બી) થી મળેલ સત્તાની રૂએ હું, જે. મહાપાત્રા પોલીસ કમિશનર,વડોદરા શહેર, વડોદરા મહાનગર પાલિકા ની હદ વિસ્તારમાં આવેલ શાસ્ત્રી બ્રીજથી ફતેગંજ તરફ જતા રોડ પર આવેલ પોલીટેકનીકનાં મેઈન ગેટ એટલે કે પોલીટેકનીકનાં મેઈન ગેટ પશ્ચિમ તરફ આવેલ પ્રવેશ દ્વારના નાકેથી નવાયાર્ડ તરફ જતા રોડ વચ્ચે આવેલ પોલીટેકનીકની કમ્પાઉન્ડ વોલ સુધી ૧૦૦મીટરનાં વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલને અડીને આવેલ રોડ પર તમામ પ્રકારના વાહનો માટે "નોપાર્કીંગ" રહેશે જે અંગેનો નિયમ કરું છું.

મેં આજરોજ તારીખ ૧૦ માહે જુલાઈ, ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામુ

સને ૧૯૫૧નાં મુંબઈનાં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક ટફક/જાવક/૩૧૫૬/જાહેરનામું/૧૪૩૪/૨૦૦૧.—મુંબઈ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામનાં જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. કે કિર્તીસ્થંભ પાસે ટ્રાફીક ઘણો રહે છે. તેમાં છકડાની સંખ્યા પણ ઘણી જ વધારે હોય છે. આ છકડા ત્યાં ઉભા રહે છે. તેથી તે માર્ગ પર ટ્રાફીકનું સરળ નિયમન મુશ્કેલ બને છે. આથી સામાન્ય પ્રજાજનોને ઘણી જ અગવડ પડે છે. જે નિવારવા નીચેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી બન્યુ છે. સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીનાં ગેઝેટમાં અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈપણ વ્યકિત તરફથી વાંધા સુચનો પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેર નાઓને લેખીતમાં વડોદરા શહેર મોકલવામાં આવશે તો તે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા મહાનગર પાલિકા ની હદ વિસ્તારમાં આવેલ કિર્તીસ્થંભ બસ સ્ટેન્ડની બન્ને બાજુ ૨૦૦ મીટર સુધી તથા નહેરૂભવન લાડભવન જવાના માર્ગ પર નહેરૂભવનથી ૨૦૦ મીટર સુધી છકડા ઉભા રહી શકશે નહીં જે અંગે નિયમ કરું છું.

વડોદરા, તારીખ ૧૦મી જુલાઈ ૨૦૦૧.

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો

ક્રમાંક ઓમએજી-પીઓએલ-વશી-૨૯૭૭.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઈને નીચેના અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૭ જુલાઈ ૨૦૦૧ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના રોજ રાત્રીનાં ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાં) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવા બીજા વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(ડ) આપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો પત્રિકા પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહીં તથા સરકારી રેકર્ડ નોટીસો પરિપત્રો ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

INDEX

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર ".

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨જી જુલાઈ સને ૨૦૦૧નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.ઓ.જી. / પી.ઓ.એલ. / વશી / ૨૯૯૩.— ભરૂચ-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ માં મુંબઈના ૨૨) ની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૮મી જુલાઈ ૨૦૦૧ના રોજ સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૨૨ મી જુલાઈ ૨૦૦૧ નાં રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંન્ને દિવસ સુધ્ધાતની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

" સમગ્ર ભરૂચ જિલ્લો "

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ નાં ૪૫ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૫ મી જુલાઈ સને ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

———

જાહેર હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ.

નંબર ઉ / મકમ / મજસ / વશી / ૨૧૨૩ થી ૨૧૪૭.— કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ ગોધરાએ તેઓના તારીખ ૨જી જુલાઈ ૨૦૦૧ ના પત્ર ક્રમાંક સી.બી. / લુણાવાડા / ૭૦૦ થી લુણાવાડા ગામ નજીક પાનમ નદી ઉપર હાઈલેવલ પુલની મરામત કામગીરી કરવી જરૂરી છે. આ કામગીરીમાં પુલના સ્લેબને ઉંચકીને નીચેની બેરીંગ બદલવાની હોઈ અને આ કામગીરી ૨૦ દિવસ ચાલે તેમ હોઈ સદર પુલ ઉપર પસાર થતો વાહન વ્યવહાર બંધ કરવા દરખાસ્ત કરી સદર પુલથી પસાર થતાં વાહનો માટે ગોધરા તરફથી આવતો ટ્રાફીક લુણાવાડા નજીક આવેલ વિરણીયા ચોકડીથી આગરવાડા ગામ થઈ લુણાવાડા જઈ શકશે અને લુણાવાડાથી ગોધરા તરફનો ટ્રાફીક લુણાવાડા ગામમાંથી શરૂ થતાં લુણાવાડા, હાડોડ રસ્તે આગરવાડા ગામ થઈ વિરણીયા ચોકડીથી ગોધરા આવી શકશે તે મુજબ વૈકલ્પીક રસ્તાનો ઉપયોગ કરવા જણાવેલ છે. જેથી લોકોને ભય, હરકત, અગવડ ન થાય તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ જાહેર હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

આથી હું એન. કે. ડામોર, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ) અન્વયે ફરમાવું છું કે લુણાવાડા નજીક લુણાવાડા--ગોધરા હાઈવે પર પાનમ નદી પરનો હાઈવે પુલ તારીખ ૧૧ મી જુલાઈ ૨૦૦૧ થી તારીખ ૩૦ મી જુલાઈ, ૨૦૦૧ સુધી જાહેર વાહન વ્યવહાર માટે ઉપયોગમાં લેવો નહી વિકલ્પે ગોધરાથી લુણાવાડા તરફ જતાં ટ્રાફીક માટે વિરણીયા ચોકડીથી આગરવાડા / લુણાવાડા રસ્તો અને લુણાવાડાથી ગોધરા તરફ આવતા વાહનો માટે લુણાવાડા ગામથી લુણાવાડા હાડોડ રસ્તે આગરવાડા ગામ થઈ વિરણીયા ચોકડીવાળો રસ્તો ઉપયોગમાં લેવો.

આજ તારીખ ૯ મી જુલાઈ ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

એન. કે. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

———

INDEX

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૦ (૧) (૨) મુજબ

નંબર પ્લસ / વશી / ૧૨૭૦ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અત્રેના જિલ્લામાં નાગરીક સહકારી બેંકો તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તેમજ દુધ ઉત્પાદન સહકારી મંડળીઓની ચુંટણીઓ યોજાનાર છે. સદરહુ ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને ચૂંટણીઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે જરૂરી છે. તેવું મને જણાયું છે.

જે અર્થે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ ની પેટા કલમ ૧ અને ૨ અન્વયે મળેલ અધિકારની રૂએ હું, શ્રી એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૫ મી જુન ૨૦૦૧ થી તારીખ ૩૦ મી જુન ૨૦૦૧ (બંન્ને દિવસો સુધ્ધા) સુધી કોઈ પણ વ્યકિતએ.

(ક) શસ્ત્રો, દંડો, તલવાર, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ પણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયધર્મો પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવામાં કે ધકેલવામાં શસ્ત્રો અથવા સાધનો લઈ જવા નહીં. એકઠા કરવા નહી. તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરુચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહીં. તેમજ તેવા ચિત્રો પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ પણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીઓ આવું કોઈ પણ પ્રકારનું હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા પોલીસ વડા કે તેમના અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે કોઈ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

પરિશિષ્ટ

સુરત જિલ્લાનો સમગ્ર વિસ્તાર

(પોલીસ કમિશનરશ્રી વિસ્તાર સિવાય)

(૧) આ જાહેરનામાં કોઈ પણ ખંડનો ભંગ થતો અથવા ઉલ્લંઘન થતો જણાશે તો તેવી વ્યકિતઓ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫ મી જુન ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૭ (૩) મુજબ.

નંબર પલસ/વશી/૧૨૭૧/૨૦૦૧.—આગામી દિવસોમાં અત્રેના જિલ્લામાં નાગરીક સહકારી બેંકો તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી તેમજ દુધ ઉત્પાદન સહકારી મંડળીઓની ચુંટણીઓ યોજાનાર છે. સદરહુ ચુંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને ચુંટણીઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે જરૂર છે. તેવું મને જણાયું છે.

વાસ્તે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨)માં ની કલમ-૩૭ ની પેટા કલમ-૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૧૬મી જુન ૨૦૦૧ના રોજથી તારીખ ૩૦મી જુન ૨૦૦૧ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધા) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી, તેમજ ચારથી વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

૧. આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા મસ્જિદ દેવળમાં પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

૨. એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

૩. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જુન ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

એમ. વાય દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

———

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર એમ.ઈ.ડી/કોલેરા/વશી/૧૭૦૦/૨૦૦૧.—છોટાઉદેપુર તાલુકાના જલોદા ગામે કોલેરા ભય ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક ઈએમઓ/કોલેરા જાહેરનામું/૫૯૧/૨૦૦૧/તારીખ ૪થી જુલાઈ ૨૦૦૧થી અત્રે નિવેદન કરેલ છે.

INDEX

કોલેરા રેગ્યુલેશન તારીખ ૨૬મી મે ૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે, તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર તાલુકાના જબોદા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કિ.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મામલતદારશ્રી છોટાઉદેપુર ને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબની તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૫મી જુલાઈ, ૨૦૦૧.

ભાગ્યેશ જહા,
કલેકટર, વડોદરા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમઈડી / કોલેરા / વશી-૪૭૬ થી ૫૦૬.—મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર-જીપ-જાઆ-ઈસીસી-ઈસી-એસએસ-૪૬૫-૭૭, તારીખ ૩જી જૂલાઈ, ૨૦૦૧ થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને-કોલેરાગ્રસ્ત કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઈને ઈ. પી. ડી. એકટ, ૧૮૯૭ ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું, અંજુ શર્મા, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટનાં કોલમ નંબર-૧માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરા ગ્રસ્ત તરીકે, કોલમ નંબર-૨ માં જણાવેલ વિસ્તારને કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું. તથા કોલમ નંબર-૩ માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરું છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી
૧	૨	૩
વેડચ	સમગ્ર જંબુસર તાલુકો	મામલતદારશ્રી, જંબુસર.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૧.

અંજુ શર્મા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

Supple. C. G. I—368

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 29, *Gujarat Government Gazette*, Part —I, dated 19th July, 2001 and for pages VAD-1037 to VAD-1075 (in 1 set) *read* page No. 2467 to 2505.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૨૯માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૦૩૭ થી વીએડી-૧૦૭૫ (૧ બંચમાં) ને પાન નંબર ૨૪૬૭ થી ૨૫૦૫ વાંચવા.

Vadodara, 19th July, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણુ/૪૫૯૪/ક-૨/૯૩૭/૭૧૦૨ ધ/૧૯૫૨૯/સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ધી ન્યુ પલકટીપ કો.ઓ.પરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ની ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણુ /૪૫૯૩/ક-૨/૯૪૮/૭૧૩૫ સે-૩૨૧૬૩/૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સિધ્ધિ વિનાયક કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણુ/૪૫૯૨/ક-૨/૯૩૯/૭૧૩૬/સે-૩૨૧૬૪/૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હાથી જણ ખેતી સહકારી મંડળી લી., સ્થળ : અમદાવાદ શહેર, તાલુકા સીટી, જલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણુ/૪૫૯૭/ક-૨/૮૫૮/૭૩૧૮-ધ-૧૯૫૩૦/સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ધી વૃદાવન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણુ/૪૫૯૬/ક-૨/૮૪૨/૭૬૨૦ સે-૩૨૧૬૬/સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગણેશ કન્યા વિદ્યાલય કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. નધણુ/૪૫૯૮/ક-૨/૮૫૩ સે-૩૨૧૬૭/સન ૨૦૦૦.—આથ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ડ્રેસર એન્ડ એમ્પ્લો. ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો : અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૦.

સેન્ટ્રલ ક્રમાંક: નધણુ/૪૫૯૯/ક-૨/૮૫૬/૭૫૭૨/ધ-૧૯૫૫ ૩૧/સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી દેવશ્રી ઓપાર્ટમેન્ટ (વિજલપુર) કો. ઓ. હા. સોસાયટી, લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત ના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તા. ૨૦મી એપ્રિલ, ૧૯૯૯નાં પત્ર ક્રમાક: ધરમ/૦૧/ખ-૧/૬૦૯/૯૯.

(૨) આ કચેરીના તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૯ના જા. નં. ફડચ/ફ ૧૧૪૯૦/ધ-૨/૫૯૯/૯૯નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૩) અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્ક લી, અમદાવાદનો તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૯૯ના જા. નં. ૧૦૩૨૪નો પત્ર.

(૪) શ્રી ગોપાલભાઇ જી. શાહ, ચેરમેન, વિશિષ્ટ નગર કો. ઓ. હા. સો.શેલી., અમદાવાદ એકશન કમીટીનો તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૯નો પત્ર.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૪૯૦/ધ- ૨/૮૩૮/૭૬૨૬/સને ૨૦૦૦.—ધી વિશિષ્ટનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી, અમદાવાદ એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૮૮૭૨, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૧ છે.

સદર મંડળી ક્રસ્ટોડીયન હેઠળ હતી અને આ મંડળીમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ન જે તે કલમ હેઠળની અંતીમ અવધિ વિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ ક્રસ્ટોડીયન પાસેથી સભ્યો સંભાળી લેવા આગેસર ન થવાના કારણે અને ક્રસ્ટોડીયન દ્વારા મંડળીનો વહીવટ અસરકારક રીતે સૂસંચાલીત ન કરી શકવાના કારણે પૂરતી વિચારણાના અંગે સંદર્ભ-૧ થી સોસાયટી ને ફડચામાં લઈ જવાનો વચગાળાને હુકમ કરી અમારી સમક્ષ દિન-૩૦ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ, જે દરમ્યાન

INDEX

સંદર્ભ-૩થી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્ક લી., અમદાવાદ અને સંદર્ભ-૪થી સભ્યો તરફે શ્રી ગોપાલભાઈ જી. શાહ દ્વારા સોસાયટીને ફડચામાં લઈ જવાના હુકમ સામે વાંધો રજુ કરી, ફડચાનો વચગાળાનો હુકમ રદ કરવા વિનંતી કરવામાં આવેલ જે ઉપર કોઈ નિર્ણય લેવામાં આવે તે અગાઉ શ્રી ભોગીલાલ દ્વારકાદાસ નાયી દ્વારા નાયબ રજિસ્ટ્રાર (અપીલ) સહકારી મંડળીઓ, ગાંધીનગર સમક્ષ અપીલ નંબર ૮૦/૯૯ દાખલ કરવામાં આવતા કેસની સમગ્ર બાબત અપીલ ઓથોરિટી મોકલી આપવામાં આવેલ જે ઉપર તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી અપાયેલ ચુકાદાની વિગતો ધ્યાને લઈ સદરહું અપીલ અરજના અરજદારને રજુઆત માટેનો વ્યાજબી સમય આપવામાં આવેલ પણ તેઓ દ્વારા કોઈ રજુઆત અત્રે મળવામાં નથી.

ઉક્ત સંજોગોમાં સદર કેસની બાબતે સંદર્ભ-૩ અને સંદર્ભ-૪થી મળેલ રજુઆતો ધ્યાને લેતાં તેમજ સદર સોસાયટી હાઉસીંગ પ્રકારની હોઈ, સભ્યો વસવાટ ધરાવતાં હોઈ પૂરતી વિચારણાને અંતે હાલને તબક્કે મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવો મુનાસીબ જણાતો હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની દરૂઈએ ધી વિશિષ્ટનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને આ કચેરીનો તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૯ન ક્રમાંક ફડચ/ફ ૧૧૪૯૦/ધ-૨/૫૯૯/૯૯ થી ફડચામાં લઈ જવાને કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૬૦૦/ક-૨/૯૦૦/૮૦૧૩/ધ-૧૯૫૩૨ સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કિસ્મત (નરોડા) કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૬૦૧/ક-૨/૯૦૨/૮૦૧૨/સે -૩૨૧૬૮ સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સંધ્યા ક્રેડીટ કો. ઓ. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો, સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૬૦૨/ક-૨/૯૧૫/ઉ ૧૧૮૪૪/સને ૨૦૦૦. —આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રિધ્ધિ મજૂર કામદાર સહકારી મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો, સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૬૦૩/ક-૨/૯૨૧/૮૩૫૪/ધ-૧૯૫૩૩/સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હરિલિલા કો. ઓ. હા. સોસા. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક :નધણ/૪૬૦૪/ક-૨/૯૨૨/૮૩૫૧/ધ-૧૯૫૩૪/સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ધી રાધે હાઉસિંગ એન્ડ કોમર્શીયલ કો. ઓ. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક ; નધણ/૪૬૦૫/ક-૨/૯૨૩/૮૩૫૫/ધ- ૧૯૫૩૫/ સને ૨૦૦૦.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નંદન વન કો. ઓ. હા. સોસાયટી, લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૦.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૫ મી જુલાઈ, ૨૦૦૦ નો પત્ર ક્રમાંક આધણ/૦૧/ગ-૪/૫૩૧૫ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૯ મી ઓગષ્ટ, ૨૦૦૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૭૭૨/૨૦૦૦ની કારણદર્શક નોટીસ.

INDEX

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના /અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૧૧૫૧૧ / ધ-૨ / ૮૯૧ સને /૨૦૦૦.— ધી નૂતન મીલ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધિરાણ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૯૯૩૪, તારીખ ૨૬ મી સપ્ટેમ્બર, ૧૯૫૧ છે. મજકુર મંડળીના વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકી થી તારીખ ૩૦ મી જુન, ૧૯૯૯ સુધીનું ઓડીટર ગ્રેડ--૨, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગ રૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહિ. આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઈ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઈ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ--૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામા લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ--૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ--૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા "કલોઝડ" ના શેરા સાથે અત્રે પરત મળેલ છે

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ-સરનામાંની વિગતો ઉપલબ્ધ થતી ન હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતુ હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ. ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ, ધી નૂતન મીલ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને સદર મંડળીની ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમયમર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦.

વંચાણે લીધા

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૫મી જુલાઈ ૨૦૦૦ નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ-૪/૫૩૧૫/થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૯મી ઓગસ્ટ ૨૦૦૦ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૭૭૫/૨૦૦૦ ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના.

જાવક નંબર ફડચ/ફ/૧૧૫૦૭/ધ-૨/૮૯૩/સને ૨૦૦૦.—ધી પ્રસાદ મીલ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લીમીટેડ અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધીરાણ મંડળી છે જેના નોંધણી નંબર૭૬૨ તારીખ છે. મજકુર મંડળીનો વહીવટ દેખરેખ કામકાજ કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

(૩) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ગ્રાહક), અમદાવાદ નો તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૯૭નો અહેવાલ.
(૪) અત્રેની તારીખ ૧૨મી નવેમ્બર, ૧૯૯૭ની કારણદર્શક નોટીસ. તારીખ ૧૨મી ડીસેમ્બર, ૧૯૯૭, ૪થી ડીસેમ્બર, ૧૯૯૭, ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૭, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૮, ૧૪મી ડિસેમ્બર ૧૯૯૯ ના પત્રો.

ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી કાલીનગર મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. કાલી, તા. દસ્ક્રોઈ.

મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) નોંધણી થયા બાદ મંડળીને પેટા નિયમના ઉદ્દેશો મુજબની કોઈ કાર્યવાહી શરૂ કરેલ નથી.
(૨) મંડળી તદ્દન સ્તથગિત અવસ્થામાં છે.
(૩) મંડળીની આર્થીક સ્થિતિ તદ્દન કથળેલ છે.
(૪) સામાન્ય સભા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ પછી બોલાવેલ નથી. ક્લમ ૭૭નો ભંગ થયેલ છે.
(૫) વ્યવસ્થાપક કમીટીની બેઠકો ન બોલાવીને પેટા નિયમનો ભંગ કરેલ છે.
(૬) હોદ્દેદારો/સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી.
(૭) પુરતી તકો આપવા છતાં કોઈ રજુઆત થયેલ નથી.

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ગ-૩/૮૭૦/૫૩૭૪/૨૦૦૦.—ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની ક્લમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી કાલીનગર મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. કાલી કે જેનો નોંધણી ક્રમાંક ૩૬૧૮ તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૦ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની ક્લમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું. અને આજ અધિનિયમની ક્લમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારીને શ્રીમતી કે. કે. શાહ, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ), અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરૂં છુ. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી એક માસ લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૦.

વંચાણમાં લીધા :

(૧) સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની ક્લમ-૧૦૭ અને ક્લમ-૧૦૮ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૪૪૯૬/તા. ૨૫મી મે ૧૯૬૮

(૩) જિલ્લા સ્પેશ્યલ ઓડિટર, સ. મં.(૩), અમદાવાદનો તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૯નો પત્ર તથા સામેલ સબ ઓડીટર શ્રી દહેગામનો તા. ૧૪મી જુન, ૧૯૯૯નો અહેવાલ.
(૪) અત્રેની તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૯ની કારણદર્શક નોટીસ. તથા ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૯, ૧લી ફેબ્રુઆરી ૨૦૦૦, ૯મી માર્ચ, ૨૦૦૦ના પત્રો.

ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી રામકૃષ્ણ કો. ઓપ. હાઉ. સોસા. લી. મુ. હાંસોલ, તા. ગાંધીનગર. મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીની જનરલ સત્તા કે કમીટી મીટીંગો મળતી નથી.
(૨) ઓડીટ સમય દરમ્યાન મંડળીએ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી શરૂ કરેલ નથી.
(૩) મંડળીએ જમીન ખરીદ કરેલ નથી. સભ્યોને પણ મંડળી ચાલુ રાખવામાં રસ નથી.
(૪) મંડળી સ્થગિત અવસ્થામાં છે.
(૫) પુરતી તકો આપવા છતાં ઉદ્દેશો મુજબ કામગીરી શરૂ થયેલ નથી.

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ગ-૩/૮૭૧/૫૩૭૭/૨૦૦૦.—ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની ક્લમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સ.મં. (રૂરલ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી રામકૃષ્ણ કો. ઓપ. હાઉ. સોસા. લી. મુ. હાંસોલ, કે જેનો નોંધણી ક્રમાંક ૧૪૨૩૬ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૩ છે. તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની ક્લમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું. અને આજ અધિનિયમની ક્લમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારીને શ્રીમતી કે.કે. શાહ, લગત, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ), અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુકત કરૂ છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહીં તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૦.

INDEX

વંચાણમાં લીધા :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈઓ.
(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૪૪૯૬/તા. ૨૭મી મે ૧૯૬૮
(૩) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સ. મં. (રૂરલ) અમદાવાદનો તારીખ ૧૭મી જૂન ૧૯૯૯નો પત્ર તથા સામેલ એડીશનલ ઓડીટર ધોળકાનો તારીખ ૧૬મી મે ૧૯૯૯નો અહેવાલ
(૪) અત્રેની તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૯ની કારણદર્શક નોટીસ. તથા તા. ૨૫મી ઓગસ્ટ ૧૯૯૯, ૨૪મી ડીસેમ્બર ૧૯૯૯ ના પત્રો.

ઉપર દર્શાવેલ ક્રમાંક-૩થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી સરઢી પછાતવર્ગ સામુદાયીક ખેતી સ. મં. લી. મુ. સરઢી, તા. ધોળકા.
મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) છેલ્લા ૩ વર્ષના ઓડીટ નોંધોની દુરસ્તી ન કરી મંડળીએ કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) વ્યવસ્થાપક કમીટીની એકપણ બેઠક મળેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા નહી બોલાવી મંડળીએ કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૪) મંડળીની નોંધણીને ૯ વર્ષ જેટલો સમય થયેલ હોવા છતાં પેટા નિયમ મુજબ કામગીરી શરૂ કરેલ નથી.

(૫) છેલ્લા પાચ વર્ષનો ઓડિટ વર્ગ 'ડ' છે.

(૬) ખોટનું પ્રમાણ મંડળીના સ્વરૂપ ભંડોળના ૧૦૦ ટકા ઉપર છે અને ઉત્તરોત્તર વધવા પામેલ છે.

(૭) ઓડીટ રૂા. ૨૫૦/- બાકી પડે છે.

(૮) પુરતી તકો આપાયા છતાં કોઈ રજુઆત થયેલ નથી.

(૯) મંડળી સ્થગિત અવસ્થામાં છે.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૮૭૨/૫૩૭૮/૨૦૦૦.—ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એચ. એન. દરજી જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી સરઢી પછાતવર્ગ સામુ. ખેતી સ. મં. લી. મુ. સરઢી કે જેનો નોંધણી ક્રમાંક ૩૧૫૧ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૯૦ છે. તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂ છું. અને આજ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારીને ક્રીમતી કે. કે. શાહ વગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ), અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુકત કરૂં છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે. અને મંડળીને જે કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહી. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગસ્ટ ૨૦૦૦.

વંચાણમાં લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને કલમ ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડી.ડી.સી. ૧૧૬૮/ ૧૪૪૯૬ / તારીખ ૨૭-૫-૧૯૬૮.

(૩) રૂપે. ઓડીટરશ્રી સહકારી મંડળી ((જમીન) અમદાવાદનો તારીખ ૨૮-૩-૧૯૯૯નો પત્ર તથા સહકારી મંડળી સબ-ઓડીટર (દૂધ) આણંદનો તારીખ ૨૨-૨--૧૯૯૯નો અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૩૧ મી મે ૧૯૯૯ ની કારણદર્શક નોટીસ નો પત્ર તથા ૨૦-૮-૧૯૯૯ ૨૪-૧૨-૧૯૯૯ ના પત્રો.

ઉપર દર્શાવેલ ક્રમાંક ૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી કરીયાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ કરીયાણા તાલુકા ધોળકા મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થઈ ગયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) મંડળી તારીખ ૩૦-૬-૧૯૯૪ થી બંધ છે અને કમીટીને સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૨) ૧-૭-૧૯૯૩ થી વ્યવસ્થાપક કમીટીની કોઈ બેઠક મળેલ નથી. પેટા નિયમ નો ભંગ કરેલ છે.

(૩) ૫ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" આવે છે.

(૪) સામાન્ય સભા મળેલ નથી. ક-૭૭ નો ભંગ થયેલ છે.

(૫) પુરતી તકો આપવા છતાં કોઈ રજુઆત ન થતાં મંડળી સ્થગિત છે અને હોદ્દેદારોને ચલાવવામાં રસ નથી.

જાવક નંબર ઉખસ / ફડચ / ૦૧/૫૩૭૯.— ઉપરના સંજોગો ધ્યાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી- (રૂરલ) અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી કરીયાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ કરીયાણા કે જેનો નોંધણી

INDEX

ક્રમાંક ૨૨૭૯૫ તારીખ ૧૦-૫-૧૯૮૯ છે તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું. અને આજ અધિનિયમ ની કલમ ૧૦૮ (૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારીને શ્રીમતી કે. કે. શાહ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી (રૂરલ), અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરૂ છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાના તારીખથી માસ એકમ લેખિત / મૌખિક / રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવ' આથી તારીખથી માસ એકમાં લેખિત / મૌખિક / રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહી. તો મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૦૦.

વંચાણમાં લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક . ધખ/૨૭૭/ડી.ડી.સી./૧૧૬૮/૧૪૪૯૬ / તારીખ ૨૭મી મે ૧૯૬૮.

(૩) જિલ્લા સ્પે. ઓડીટરશ્રી સ. મં. (રૂ.) અમદાવાદનો તારીખ ૧૩મી જુલાઈ ૧૯૯૯ નો પત્ર તથા સામેલ બીજા વધારાના ઓડીટરશ્રીનો તારીખ ૨૪મી મે. ૧૯૯૯ નો અહેવાલ.

(૪) અત્રેની તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૯ ની કારણદર્શક નોટીસ તથા ૨૫મી ઓગષ્ટ ૧૯૯૯ ૨૪મી ડિસેમ્બર ૧૯૯૯ ના પત્રો.

ઉપર દર્શાવેલ ક્રમાંક-૩ થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી જેતલપુર રામનિવાસ હરીજન કો-ઓપરેટીવ તાલુકો : દસક્રોઈ.

મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશ્યો અનુસાર કામ-કાજ સ્થગિત થઈ ગયેય છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) છેલ્લા ૧૫ વર્ષથી મંડળી બંધ છે. અને વ્ય. કમીટીની બેઠકો કે વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી.
(૨) સભ્યોને મંડળીના કામમાં બિલકૂલ રસ નથી.
(૩) મંડળીના અગાઉના વર્ષોનાં સરકારશ્રી તરફથી આશરે એક વીઘા જમીન મળેલ છે અંગેના આધારો / રેકર્ડ નથી મંડળીએ તમે જ કરેલ હિસ્સાઓમાં સભ્યોનું શેર ભંડોળ કે અન્ય કોઈ બાબત રજુ થયેલ નથી. બાબતે મંડળીના ચેરચેનશ્રી એ કોઈ સ્પષ્ટતા કરેલ નથી.
(૪) અગાઉના વર્ષોની ઓડીટ નોંધની દુરસ્તી થયેલ નથી.
(૫) ઓડીટ ફી અગાઉના વર્ષોની બાકી પડે છે.
(૬) મંડળી પાસે પોતાનો મંજુર કરેલ પેટા-કાયદો તથા જરૂરી દફ્તર પૈકી કોઈ દફ્તર નિભાવેલ નથી.

જા. નં. : ઉખાસ / ફડચ/૦૧/ગ-૩/૮૭૪-૫૩૭૬ / ૨૦૦૦.— ઉપરના સંજોગો ધ્દાને લેતા ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતા આથી આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એચ. એન. દરજી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં.ચે(રૂરલ), અમદાવાદ મને મળેલ અધિકારની રૂઈએ ધી જેતલપુર રામનિવાસ હરીજન કો-ઓપરેટીવ હાઉસી'ંગ સોસાયટી લી. મુકામ જેતલપુર કે જેનો નોંધણી ક્રમાંક:૧૬૧૩, તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૬૦ છે. તે મંડળીને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરું છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીને આટોપી લેવાની કામગીરી સાથે ફડચા અધિકારીશ્રી એ. બી. કોરીયા, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (રૂરલ), અમદાવાદની ફડચા-અધિકારી તરીકે નિયુક્ત કરું છું. આ આદેશની જાણ મંડળીના અધિકૃત હોદ્દેદારોને નોંધાયેલ ટપાલથી કરવામાં આવેલ છે અને મંડળીને જો કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આ આદેશ થયાની તારીખથી માસ એકમાં લેખિત / મૌખિક / રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તથી કોઈપણ ખુલાસો કે રજુઆત થશે નહીં, તે મુદત વીત્યેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૦૦.

વંચાણે લીધા :-

૧. સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ધખ/૨૭૭/ડીડીસી/ ૧૧૫૬૮/૧૪૪૯૬/બી તારીખ ૨૭મી મે ૧૯૭૮.

૩. રજિસ્ટારશ્રી સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધી-નગરના હુકમ ક્રમાંક : ખસમ/૨ ક/૩૯૬૫ તારીખ ૮મી જુન ૧૯૭૬.

૪. અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૫મી ઓકટોબર ૧૯૯૬

૫. અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ /ગ-૩/૨૧૭૯/તારીખ ૨૫મી ઓકટોબર ૧૯૯૯

૬. અત્રેની કચેરીના તારીખ ૧૭મી ડીસેમ્બર ૧૯૯૬ ૧૩મી ઓગસ્ટ ૧૯૯૭ ૧લી ડીસેમ્બર ૧૯૯૭ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૮ ના પત્રો.

૭. મંડળીની તારીખ ૧૬મી ડીસેમ્બર ૧૯૯૯ ૧લી ડીસેમ્બર ૨૦૦૦ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૭૪૨/૨૦૦૦.— ધી ચિપાડા ગોપાલક વિવિધ કાર્યકારી સ. મં. લી. મુ. ચિપાડા, તાલુકો ધોલકા, જિ. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : સે-૧૨૩ તારીખ ૪થી નવે-મ્બર ૧૯૬૧ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૨૧૭૯/તારીખ

INDEX

૨૫મી ઓકટોબર ૧૯૯૯થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થવાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ યોગ્ય રજૂઆત નથી. આમ છતાં મંડળીને સંદર્ભ-૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ આધાર પુરાવા થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧નીકલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સબંધે અંતિમ આદેશ કરતા પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ યોગ્ય રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે.

ઉકત વિગતે જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઈએ ધી ચિપાડા ગોપાલક વિવિધ કાર્યકારી સ. મં. લી. મુ. ચિપાડા તાલુકો ધોળકા જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક સે-૧૨૩ તારીખ ૪થી નવેમ્બર ૧૯૬૧થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૦૦.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

REGISTERED No. G—SA-14-8

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, AUGUST 16, 2001 / SRAVANA 25, 1923 [No. 33

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette.	2688-2720
Part I-A	Orders and Notificaitons (other than those published in Part IV-B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	33
Part I-B	—Government Notifications published under Land Acquisition Act only.	339-351
Part I-L	—Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act	18445-19100

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭ ની પેટા-કલમ (૧) હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/એસબી. જાહેરનામું/૨૫/૨૦૦૧.—સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી, વાસ્તે હું વિનીતકુમાર ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલા વિસ્તારોમાં તારીખ ૪થી ઓગસ્ટ, ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ-વસ્તુઓ લઈ જવાની.

INDEX

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આ પવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી અથવા નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય, તેવા છટાદાર ભાષણ આપવાથી, અથવા ચાળા વિગેરે કરવાથી અથવા ચિન્હો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૧ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર, સુરત.

નાયબ પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ક્રમાંક ટફક / જાહેરનામુ / ૧૬૬૯ / ૨૦૦૧.—સુરત શહેરમાં વરીયાવરોડ ઉપર સંત શ્રી આશારામજીનો આશ્રામ આવેલ છે. જે આશ્રામમાં જન્માષ્ટમી ના પર્વ દરમ્યાન તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૨મી ઓગષ્ટ, ૨૦૦૧ દરમ્યાન દિન-૩ માટે સંતશ્રી આશારામજીના આશ્રામમાં જન્માષ્ટમીનો ઉત્સવ તથા જાહેર સત્સંગનું આયોજન થયેલ છે. જેમાં મોટી સંખ્યામાં સાધક ભકતો વાહનો સાથે ભેગા થાય છે. જેના લીધે ટ્રાફિકની આવરજવરમાં ઘણીજ આગવડતા ઉભી થાય છે. તેથી આ પ્રસંગે જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહશાંતીનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું બી. એસ. જાની, નાયબ પોલીસ કમિશનર, પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ ના કલાક ૦-૦૦ થી તારીખ ૧૨મી ઓગષ્ટ, ૨૦૦૧ ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી જાહેર જનતાના હિતાર્થે નીચે મુજબની [illegible]

(૧) જહાંગીરપુરા ત્રણ રસ્તાથી વરીયાવ જકાતનાકા સુધીનો માર્ગ વાહન ચલાવવા માટે એકમાર્ગીય "વન-વે" તરીકે જાહેર કરૂં છું. જેમાં જહાંગીરપુરા ત્રણ રસ્તાથી વરીયાવ જકાતનાકા તરફ જઈ શકાશે. પરત તે રસ્તે આવી શકાશે નહીં.

(૨) વરીયાવ જકાતનાકાથી જહાંગીરપુરા ત્રણ રસ્તા તરફ આવવા માંગતા વાહન ચાલકોએ વરીયાવ જકાત નાકાથી સારોલી પુલ નીચેથી સારોલી જકાતનાકા થઈ જહાંગીરપુરા ત્રણ રસ્તા આવી શકાશે.

આપવાદ :—સરકારી આવશ્યક સેવાના વાહનો ફાયરબ્રીગેડ એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

બી. એસ. જાની,
નાયબ પોલીસ કમિશનર,
પશ્ચિમ અને ટ્રાફિક, સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડી. બી. પી./એ-૮/૨૦૦૧ બી ૧૫૯૬૪ થી ૧૬૦૧૪.—માહે ૮/૨૦૦૧ના ઓગસ્ટ માસમાં તારીખ ૧૨મી ઓગસ્ટ ૨૦૦૧ના રોજ હિન્દુ ભાઈઓનો જન્માષ્ટમી તહેવાર ઉજવનાર છે. જિલ્લાના વિવિધ શહેરોમાં શોભાયાત્રા નિકળનાર છે. આ માસમાં શ્રાવણ માસ દરમ્યાન વિવિધ જગ્યાઓએ મેળા ભરાનાર છે. તથા તારીખ ૨૮મી ઓગસ્ટ ૨૦૦૧ના રોજ ભાદરવી પુનમનો મોટો મેળો ભરાનાર છે. જેથી લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતિ જાળવવા સારું સમગ્ર બનાસકાંઠા જિલ્લાના માઈલ વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહી;

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થો સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી;

INDEX

(છ) અલંકારિક ભાષણો કરવાથી ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નિતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

પારસ્તે, હુ જન. જી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના ગાઈલ વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરું છું. આ હુકમ તારીખ ૧લી ઓગસ્ટ ૨૦૦૧ થી તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૦૧ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઇ હથિયાર લઇ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા જિલ્લા પોલીસ, અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીશ્રી જેતે શારિરીક અશકતિના કારણે લાકડી અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૩૧મી માહે જુલાઇ ૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એમ. બી. પટેલ.,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલા

હુકમ

ક્રમાંક ઓમઓજી/પીઓઓળ/વશી-૩૧૩૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈને નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૧ નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ રાત્રીનાં ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન લઈ જવુ નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં ;

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ. એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સરૂચિનો ભંગ થાય તેવં ભાષણ કરવાં નહીં તેવા હાવભાવ કરવા નહી, તેવા ચષ્ટા કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, ચ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહીં તેવા સરકારી રેકર્ડ, નોંટીશો, પરિપત્રો, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવી નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૨જી ઓગષ્ટ, સને ૨૦૦૧ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક ઓમઓજી-પીઆઓલ-વશી-૩૧૩૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ઠ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસ સુધ્ધાની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

INDEX

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લો."

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓ ને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ઓગષ્ટ, સને ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક એમએજી-વશી-૩૧૪૫.—ભરૂચ શહેરમાં ગોકળ અષ્ટમીના તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૧ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાશે. અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય જાહેર જનતાની સલામતિ માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર આંશત : નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ફરમાવું છું કે, ભરૂચ શહેરના નીચે જણાવેણ વિસ્તારમાં તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ઢ, ૨૦૦૧ (બંને દિવસો સુધ્ધાં) બપોરના ૧૨-૦૦ કલાકથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીશ્રીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.
(૨) લલ્લુભાઈ ચકલાથી સોનેરી મહેલ સુધી.
(૩) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.
(૪) વલંદા કોઠીથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૩જી ઓગષ્ટ સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ). અન્વયે.

ક્રમાંક : એમએજી-પીઓએલ-વશી-૩૧૪૬.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છઠીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૧ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે. અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, રાજદેવસિહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ઉપરોકય મેળાના દિવસો દરમ્યાન ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માહે ઓગષ્ઢ, સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક : પીઓએલ-વશી-૩૧૪૭.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી, છઠીનોમ, મેઘરાજાનો ઉત્સવ નિમિત્તે તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ટ. ૨૦૦૧ સુધીનાં સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રિત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલ-સામાન રાખી વેપાર કરના ૨ વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાઓ લારીઓ ઉભી રાખી વેપાર કરવા કેવા પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ટ. ૨૦૦૧ સુધીના સમય મ ટે (બંને દિવસો સહિત) ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં મેળામાં કોઈપણ ઈસમોએ પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહી. પરંતુ પોલીસ ખાતા અગર નગર-પાલિકા તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમના ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩જી માહે ઓગષ્ટ, સને ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્ક કરી આપ્યો.

જાહેરનામુ

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે.

ક્રમાંક પીઓએલ-વશી-૩૧૪૮.—ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં જન્માષ્ટમી, છઠીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ

INDEX

૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૫મી ઓગષ્ટ. ૨૦૦૧ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને આમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યો પૈકી ચેપી રોગચાળો ફાટી નિકળવાનો સંભવ છે. જેથી દરેક વ્યકિતઓ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકના ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે ઉપર નહાવું ધોવુ કે કપડા ધોવા કે જાનવરોને નહવડાવવા નહિ. અને વાહનો ધોવા નહિ.

(૨) યાત્રાના સમયે-મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા, વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બિનઉપયોગી એવા ફળફળાદી, ઠંડા પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પિડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી એવા રોગ અટકાવવા માટેના ઈન્જેક્શનો, વિગેરે આગાઉથી લીધા વગર મેળામાં આવવુ નહિ.

વાસ્તે હું આર. જી. ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં જ્યા મેળો ભરાતો હોય તેવા સ્થળોએ ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂ. ૨૦૦ (બસો) સુધીનાં દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૧૦મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૧ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી ઓગષ્ટ, સને ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

આર. જી. ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબ :

નંબર ઉ.મ.ક.પ. / પલસ / મજસ / વશી / ૨૪૬૦ થી ૨૫૦૯.— આગામી તારીખ ૪ થી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧ લી સપ્ટેમ્બર ૨૦૦૧ ના સમયગાળા દરમ્યાન રક્ષાબંધન, જનમાષ્ટમી, પંદરમી-ઓગષ્ટ, ગણેશચતુર્થી જેવા તહેવારોની ઉજવણી થનાર છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. પી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૪ થી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૧ લી સપ્ટેમ્બર. ૨૦૦૧ બન્ને દિવસો સહિત.

(ક) શસ્ત્રો. દંડા તલવાર. ધોકા. બંદૂક. છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવાં નહીં એકઠા કરવા નહીં. તથા તૈયાર કરવા નહીં. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. અશિલલ ગીતો ગાવા નહીં, જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીઓ જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજ તારીખ ૩ જી ઓગષ્ટ, ૨૦૦૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

એન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની) કલમ-૩૩ (૧) (બી) મુજબ કાઢેલું.

નં. પલસ / જોખમી વાહનો / વશી-૧૨૬૮ / ૨૦૦૧.—સુરત રૂરલ જિલ્લામાંથી ૫૮ કી. મી. નો નેશનલ હાઈવે નં. ૮ તેમજ નવો બનેલ નેશનલ હાઈવે નં. ૬ પસાર થાય છે. આ નેશનલ હાઈવે ઉપરથી તેમજ તેની આજુબાજુના વિસ્તારમાંથી અતિભારે વાહનો તેમજ જોખમકારક રસાયણ કેમિકલ્સ અને ગેસ જેવા પદાર્થો ભરેલ ટ્રેલર તથા ટેન્કરો ખુબ મોટા પ્રમાણમાં પસાર થાય છે. અને આવા વાહનો તેના ચાલકો ઘણી વખત ખુબ જ ગીચ વસ્તીવાળા વિસ્તારમાં એક યા બીજા કારણોસર થોભાવે છે. લાંબા સમય સુધી આવા વાહનો ત્યાં થોભાવવાના કારણે ગંભીર પ્રકારના અકસ્માતો બનવાની પૂરી શકયતા છે.

જે અંગે હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમ) ની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ ની બાબત "બી" થી મને મળેલા અધિકારની રૂએ સુરત જિલ્લામાં આવેલ નીચે મુજબના વિસ્તારોમા તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૩૧મી

INDEX

ઓગષ્ટ, ૨૦૦૧ સુધી આ વાહનો થોભે નહી અને બિલકુલ રોડની સાઈડથી હંકારી પસાર થવા જણાવવામાં આવે છે.

(૧) ચલથાણ ગામથી ઉભેળ ગામ સુધીનો આશરે ૫ કી. મી. નો નેશનલ હાઈવે નં. ૮ નો વિસ્તાર.
(૨) કામરેજ વિસ્તારમાં આંબોલી થી દાદા ભગવાનના મંદિર સુધીનો નેશનલ હાઈવે નં. ૮.
(૩) કીમ ચાર રસ્તાથી બંને સાઈડ ૨૦૦ મીટર નેશનલ હાઈવે નં. ૮.
(૪) કીમ ગામથી લીમોદરા ગામ સુધી.
(૫) સાઈનાઈડ ફેકટરીથી ઓલપાડ ગામ થઈ ઓલપાડ વિશ્રામગૃહ સુધી.
(૬) નિયોલ પાટીયાથી કડોદરા ચાર રસ્તા થઈ જોડવા જી.આઈ.ડી.સી. સુધી.
(૭) નાંડીદા પાટીયાથી સરબોણ ચારરસ્તા સુધી નેશનલ હાઈવે નં. ૬.
(૮) બુહારી ત્રણ રસ્તાથી બંને બાજુ ૨૦૦ મીટર સુધી.

આ જાહેરનામાનો અમલ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૧થી કરવાનો રહેશે.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત.

કાર્યપાલક મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫ મુજબ.

નં. : એમએજી / બિન વારસી મુદ્દામાલ / વશી-૧૫૫૦ / ૨૦૦૧.— ગુજરાત રાજ્યના નવસારી જિલ્લાના નવસારી તાલુકાના નવસારી (ગ્રામ્ય) પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર નવસારી (ગ્રામ્ય) તરફથી નીચે જણાવેલ વિગતનો બિન વારસી મુદ્દામાલનો કોઈ માલિકી હક્ક દાવો આવેલ ન હોય તેના માલિકી હક્ક ધરાવતા હોય તો તેઓએ આ જાહેરનામું પ્રસિધ્ધ થયાના તારીખથી છ માસના અંદર સદર મિલકત પોતાના હોવાના ખાત્રી કરી અત્રેથી મેળવી લેવા તજવીજ કરવી જો કોઈપણ ઈસમ મુદત વીતી ગયા બાદ હાજર થશે તો તેઓના હક્ક બાબતે કોઈ દાવો ચાલશે નહીં અને તમામ ચીજો સરકારી મિલકત તરીકે હરાજી કરી તેની જે કિંમત ઉપજશે તે સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે જેની સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

આનુ. નં.	બિનવારસી મુદ્દામાલનું વર્ણન
૧	કાળા કલરની જુની હીરો હોન્ડા મોટર સાયકલ-૧ (એક) નં. : જી.બીયુ. /૨૩૧૮એન્જિનનં. સી.૯૦ઈ૧૨૦૮૮૪નું.

નવસારી, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૧.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫ મુજબ.

નં. એમએજી / બિનવારસી - મુદ્દામાલ / વશી-૧૫૫૧ / ૨૦૦૧.— ગુજરાત રાજ્યના નવસારી જિલ્લાના નવસારી તાલુકાના નવસારી (ગ્રામ્ય) પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર નવસારી (ગ્રામ્ય) તરફથી નીચે જણાવેલ વિગતનો બિન-વારસી મુદ્દામાલનો કોઈ માલિકી હક્ક દાવો આવેલ ન હોય તેના માલિકી હક્ક ધરાવતા હોય તો તેઓએ આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી છ માસની અંદર સદર મિલકત પોતાની હોવાની ખાત્રી કરી અત્રેથી મેળવી લેવા તજવીજ કરવી જો કોઈપણ ઈસમ મુદત વીતી ગયા બાદ હાજર થશે તો તેઓના હક્ક બાબતે કોઈ દાવો ચાલશે નહીં અને તમામ ચીજો સરકારી મિલકત તરીકે હરાજી કરી તેની જે કિંમતા ઉપજશે તે સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે જેની લાગત વળગતાને જાણ કરવામાં આવે છે.

આનુ. નંબર	બિન-વારસી મુદ્દામાલનું વર્ણન
૧	બજાજ મોટર-૧ (એક) સાયકલ જેનો નંબર જીસીકે ૭૪૨૭ જેનો એન્જિન નંબર ૩૦ ઈ ૦૪૫૧૧૦ ચેસીસ નંબર ૩૦૦૦૪૫૪૭૯ જે જુની હાલતમાં છે.

નવસારી, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૧.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૮૫ મુજબ.

નંબર એમ.એ.જી. /બિન-વારસી મુદ્દામાલ / વશી / ૧૫૫૨/૨૦૦૧. — ગુજરાતરાજ્યનાં નવસારી જિલ્લાના નવસારી તાલુકાના નવસારી (ગ્રામ્ય) પોલીસ સ્ટેશનના પોલીસ સબ-ઈન્સ્પેકટર નવસારી (ગ્રામ્ય) તરફથી નીચે જણાવેલ વિગતનો બીન-વારસી મુદ્દામાલનો કોઈ માલીકી હક્ક દાવો આવેલ નહોય તેના માલીકી હક્ક ધરાવતા હોય તો તેઓએ આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી છ માસની અંદર સદર મિલકત પોતાની હોવાની ખાત્રી કરી અત્રેથી મેળવી લેવા તજવીજ કરવી જો કોઈ પણ ઈસમ મુદત વીતી ગયા બાદ હાજર થશે તો તેઓના હક્ક બાબતે કોઈ દાવો ચાલશે નહી. અને તમામ ચીજો સરકારી મિલકત તરીકે હરાજી કરી તેની જે કિંમત ઉપજશે તે સરકારશ્રીમાં જમા કરવામાં આવશે જેની સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

આનુ. નંબર	બીન-વારસી મુદ્દામાલનું વર્ણન.
(૧)	બેરલ--૨ (બે) કાળા ંગનો ઓઈલ ૨૦૦X૨૦૦— ૪૦૦ લીટર
(૨)	બેરલ--૧ (એક) ૧૦૦ લીટર કાળા ઓઈલ (ફરનીસ ઓઈલ)

નવસારી, તારીખ ૩૦ મી જુલાઈ, ૨૦૦૧.

બી. આર. પટેલ,
કાર્યપાલક મેજિસ્ટ્રેટ, નવસારી (ગ્રામ્ય).

INDEX

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર વોર્ડઝ / વશી / ૭૩૮.—ખેડા જિલ્લાના મહુધા તાલુકાના મોજે ગામ મહીસામાં ઝાડા ઉલ્ટીના કેસની સ્ટુલ ચકાસણી પબ્લીક હેલ્થ લેબોરેટરી વડોદરામાં તપાસમાં કોલેરાં "વીબ્રીઓ'. પોઝીટીવ માલુમ પડેલ છે. આ અંગે પબ્લીક હેલ્થ લેબોરેટરી વડોદરાના રીપોર્ટને ધ્યાને લઈ જાહેર આરોગ્યની દ્રષ્ટિએ કોલેરાનો ઉપદ્રવના વધે તે અંગે સાવચેતીના પગલા રૂપે મોજે ગામ મહીસા, તાલુકા મહુધાને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કરવો જરૂરી બને છે.

સને ૧૯૮૭ ના વાવડ રોગ અધિનિયમ, ૩ ની કલમ-૨(બી) વંચાણે લેતા તે મુજબ મળેલ સત્તાની રૂએ હું, શ્રી ભરતકુમાર એન. જોષી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર ખેડા આથી મોજે ગામ મહીસા, તાલુકા મહુધાને કોલેરાગ્રસ્ત તરીકે તેમજ તેની આજુ-બાજુના ૧૦ કી. મી. વિસ્તારમાં આવેલ ગામોને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું.

આ અંગે તમામ પગલાં તેમજ જરૂરી કાર્યવાહી અંગે મામલતદારશ્રી મહુધાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂં છું. આ જાહેરનામું તારીખ ૩૧ મી ઓકટોબર, ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

નડીઆદ, તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૦૧.

બી. એન. જોષી.
જિલ્લા મેજિસ્ટ્રેટઅને કલેકટર, ખેડા (નડીઆદ).

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette,* Part —I, should be *read* to have been published in Issue No. 33, *Gujarat Government Gazette,* Part —I, dated 16th August, 2001 and for pages VAD-1234 to VAD-1259 (in 1 set) *read* page No. 2695 to 2720.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૩૩માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૨૩૪ થી વીએડી-૧૨૫૯ (૧ બંચમાં) ને પાન નંબર ૨૬૯૫ થી ૨૭૨૦ વાંચવા.

Vadodara, 16th August, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. દ્વારા

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તા. ૭–૧૧–૨૦૦૦ના જા. નંબર ફડચ/ફ–૧૧૫૨૨/ધ–૨/૧૦૦૮/૨૦૦૦નો ફડચાનો અંતિમે હુકમ.

(૨) રજિસ્ટ્રાર, સહકાર મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૨૨–૩–૨૦૦૧ના ક્રમાંક સક્ષ/૭૪૬૭/ક/૧૫૨/૨૦૦૧ થી આવેલ અપીલ અરજી નંબર ૧૪૭/૨૦૦૦ ઉપરનો અધિક રજિસ્ટ્રાર (અપીલ), સહકારી મંડળીઓ, ગાંધીનગર દ્વારા અપાયેલ તા. ૪–૧–૨૦૦૧નો ચુકાદો.

(૩) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત), અમદાવાદના તા. ૨૧–૫–૨૦૦૧ના પત્ર ક્રમાંક પચત/સહક/ગૃહ મંડળી/૫૦૬ / ૨૦૦૧થી આવેલ શીવમ્ સેટેલાઇટ કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિભાગ–૨૦ નો ક્રમાંક ધ–૧૪૧૩૯, તા. ૧–૧૧–૧૯૯૦નો નોંધણીનો ફાઇલ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના આધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૨૨/ધ-૨/૫૫૭/૪૫૬૮, સને ૨૦૦૧.– ધી શીવમ્ સેટેલાઇટ કો–ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વિભાગ–૨૦, અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના આધિનિયમ, ૧૯૬૧નો કલમ ૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ધ–૧૪૧૩૯, તા. ૧–૧–૧૯૯૦ વાળી સહકારી ગૃહ મંડળી છે. મજકુર મંડળીનું તા. ૧–૪–૧૯૯૬ થી તા. ૩૦–૬–૧૯૯૮ સુધીનું ઓડીટ, શ્રી એમ. જે. મકવાણા, સબ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર), (પ્રમાણીત, અમદાવાદ દ્વારા પુર્ણ કરવામાં આવેલ અને સદર મંડળીમા ઓડીટ દરમ્યાન જણાવેલ ગેર વહીવટ અંગે વિગતવાર ખાસ અહેવાલ રજુ કરીને તેને સહકારી કાયદાના કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા જણાવેલ જે અહેવાલ જીલ્લા રપેરયલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તા. ૨૦–૯–૧૯૯૯ના પત્રથી ભલામણસહ અત્રે લખી મોકલવામાં આવશે.

ઉકત અહેવાલમાંની વિગતો લક્ષમાં લઇ અત્રેથી મજકુર સોસાયટીને રજુઆત માટે વ્યાજબી અને પુરતી તક આપ્યા બાદ સોસાયટીની રજુઆત લક્ષમા લઇને તે ઉપર પુષ્ત વિચારણાને અંતે સંદર્ભ–૧ અન્વયે મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ હુકમ પસાર કરવામાં આવેલ. જેનાથી નારાજ થઇ મજકુર સોસાયટી દ્વારા માનનીય અધિક રજિસ્ટ્રાર (અપીલ), સહકારી મંડળીઓ, ગાંધીનગર સમક્ષ અપીલ અરજી દાખલ કરાવી આ કચેરીનો સંદર્ભ–૧નો હુકમ રદ કરાવવા દાદ માંગેલ જે ઉપર સંબંધીત અધિકારી દ્વારા સોસાયટી તરફે થયેલ રજુઆત ધ્યાને લઇ સંદર્ભ–૨થી અપાયેલ ચુકાદા મુજબ આ કચેરીનો સંદર્ભ–૧નો હુકમ રદ કરીને મંડળીના વિભાજન અંગેના રેકર્ડની ખરાઇ કરી નિર્ણય લેવા કેસ અત્રે રિમાન્ડ કરવામાં આવેલ.

મજકુર ચુકાદાની વિગતો લક્ષમાં લઇ મજકુર સોસાયટીને નોંધણી/વિભાજનની ફાઇલ મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) અમદાવાદની કચેરીએથી મંગાવતા સદર કચેરી દ્વારા સંદર્ભ–૩ અન્વયે અસલ ફાઇલ અત્રે લખી મોકલવામાં આવેલ છે. જે ફાઇલ ઉપરની વિગતો જોતાં મંડળી વિભાજનથી અસ્તિત્વમા આવેલ હોવાનું જણાતું નથી. નોંધણી સમયે મંડળીના ૧૦ સભાસદો છે. અને ૧૮ સભ્યો માટે મંડળીની નોંધણી કરવામાં આવેલ છે. મંડળીની નોંધણી તા. ૧–૧–૯૦ના રોજ થયેલી છે જ્યારે ઓડા દ્વારા પ્લોટ પાડવા અંગેના લે. આઉટ પ્લાન તા. ૨૨–૧૨–૮૯થી મંજુર થયેલા છે. મંડળીની જમીનને મહેસુલ વિભાગ દ્વારા તા. ૨૭–૧૧–૮૯ના રોજ કલમ ૨૦ હેઠળ મુકિત આપવામાં આવેલ છે.

ઉકત વિગતો ધ્યાને લેતાં મંડળીની નોંધણી સમયે બાંધકામ પ્રવૃતિ હાથ ધરાયેલ ન હતી. તે સંજોગોમાં મંડળીની નોંધણી જેટલા સભાસદો માટે થઇ છે તેટલા સભાસદો માટે રહેઠાણના યુનીટો મંજુર કરાવવાની કાર્યવાહી મંડળી તરફથી હાથ ધરી શકાઇ હોત. જેમ કરવાને બદલે મંડળીએ રહેઠાણના ૧૮ યુનીટોના બદલે ૯ યુનીટો મંજુર કરાવ્યા તે મુજબ બાંધકામ પ્રવૃત્તા કરેલ છે. આ સંજોગોમાં મંડળીમાં ફકત નવ સભાસદો માટે નવ રહેઠાણો જ બનાવેલ હોઇ સહકારી કાયદાની કલમ–૬ મુજબ ઓછામાં ઓછા દસ સભાસદોની જોગવાઇઓનો પણ સીધો ભંગ થવા જાય છે. તેથી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જઇ મંડળી આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના આધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ, ધી શીવમ સેટેલાઇટ કો. ઓપ. હા. સોસા. લી., વિભાગ–૨૦ અમદાવાદ, નોંધણી નંબર ધ. ૧૪૩૯, તા. ૧–૧–૧૯૯૦ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહ્રહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી નોએલ ડ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચા–૧,) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૪–૭–૨૦૦૧.

INDEX

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૩૧–૫–૦૧ નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ–૪/૧૯૯૩ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૭/ધ. ૨/૫૬૨/૪૫૬૯/૨૦૦૧.— ધી ભગવતી ફાઉન્ડ્રીઝ એમ્પ્લોઇઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધીરાણ મંડળી છે. જેના નોંધણી નંબર સે. ૧૧૦૬૨, તા. ૪–૧–૧૯૭૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ કામકાજ, કાર્યશૈતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદેદારો એ સોસાયટીના નોંધાયેલા પેટાનિયમો અને સહકારી કાયદા–કાનૂન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીને દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧–૪–૯૯ થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનું શ્રી આર. એસ. પટેલ, ઓડીટર ગ્રેડ–૧, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા અંગે ખાસ અહેવાલ રજુ કરવામાં આવેલ, જે અહેવાલની ટૂંકમાં વિગતો મુજબ મજકુર સોસાયટી ભગવતી ફાઉન્ડ્રીઝ લી. નામની કંપનીના કારીગર વર્ગના સભાસદો દ્વારા રચવામાં આવેલ પણ તે કંપની છેલ્લા બે વર્ષથી બંધ છે અને કારીગરો પોતપોતાની શેરમૂડી પરત મેળવી પોતપોતાના વતન ચાલ્યા ગયેલા છે. મંડળી ચલાવવામાં કોઇ સભાસદને રસ નથી. સોસાયટીના સભ્યોની તારીખ ૨૦–૪–૦૧ ની સાધારણ સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવની નકલ રજુ કરી સોસાયટીને ફડચામાં લઇ જવાની કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને પર્યાપ્ત કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતા નથી. સ્થાપેત અવસ્થામાં છે ઉદ્દેશો પારિપુર્ણ થાય તે દશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા–કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના હોદેદારોને મંડળીનો વહીવટ ચલાવવામાં / ટકાવી રાખવામાં રસ નથી જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી વેળાસર હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી ભગવતી ફાઉન્ડ્રીઝ એમ્પ્લોઇઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર સે. ૧૧૦૬૨, તારીખ ૪–૧–૧૯૭૧ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી અજય આર. પરીખ સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ તા. ૫–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશિયલ ઓડીટરશ્રી, મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૮–૨–૨૦૦૧ની પત્ર ક્રમાંક અપણ/૦૧ ગ–૪/૩૩૬/૨૦૦૧થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨૩–૩–૨૦૦૧ના પત્ર ક્રમાંક ફડચ/૦૧ ધ–૨/૨૬૯/૨૦૦૧ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૧૫૫૩/ધ–૨/૫૮૭/૪૮૧૦/૨૦૦૧.–ધી પંચશીલ (વટવા) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૧૧૭૬, તા. ૧૦–૧–૮૪ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટાનિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકી થી તા. ૩૧–૩–૨૦૦૦ સુધીનું શ્રી ડી. એમ. પટેલ, ઓડીટર ગ્રેડ–૧ સહકારી મંડળીઓ (પ્રમાણીત) (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહી. આમ સોસાયટીના હોદેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબ્જામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ

ધરી શકાયેલ નથી. આમ સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ—૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ—૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ—૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ—૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને નોટીસ મળી જવા છતાં તેમજ ત્યારબાદ રજુઆત માટે વ્યાજબી અને પુરતી તક આપવા છતાં તેઓ તરફે કોઇ હોદ્દેદારો સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ—૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણ રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા—કાનુન અને મંડળીના પેટાનિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના દફ્તર અને હોદેદારોના નામ—સરનામાની વિગતે ઉપલબ્ધ થતાં ન હોઇ મજકુર સોસાયટીને ફડચામા લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતુ હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ની કલમ—૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી પંચશીલ (વટવા) કો. ઓપ. રેટીંવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ૧૧૧૭૬, તા. ૧૦—૧—૧૯૮૪ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ—૧૦૮ અન્વયે શ્રી એન. ડ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો—૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમની બાબતે એક માસની સદર મંડળીને જરૂરી રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં મંડળી તરફથી કોઇ સંતોષકારક રજુઆત કરવામાં નહી આવે તો મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ કાયમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૨—૭—૨૦૦૧.

— —

વંચાણે લીધા :

(૧) જિલ્લા ખાસ અન્વેષકશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૦—૫—૨૦૦૧નો પત્ર ક્રમાંક અપણુ/ગ—૪/૧૭૨૮.

(૨) અત્રેની કચેરીના તા. ૨૪—૫—૨૦૦૧ના પત્ર ક્રમાંક સકક/૦૧/ધ—૨/૪૫૮/૨૦૦૧ તથા તા. ૧૪—૬—૨૦૦૧, તા. ૨૬—૬—૨૦૦૧, તા. ૭—૭—૨૦૦૧ના પત્રો.

(૩) મંડળીના માનદ મંત્રીશ્રી બી. કે. ઠરજીનું તા. ૨૧—૪—૨૦૦૧નું ઓડીટર ગ્રેડ—૧ સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ સમક્ષનું ફાઇલ નિવેદન અને તા. ૭—૭—૨૦૦૧ના પત્રની રજુઆત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ધ—૨/૫૯૫/૪૯૨૩/ સને ૨૦૦૧.—ધી જયુડીશીયલ સ્ટાફ કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી., અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૯ અન્વયે રજીસ્ટ્રેશન નંબર ૧૦૩૦, તા. ૫—૧—૧૯૬૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

સદર મંડળીનું બાકીથી તા. ૩૧—૩—૨૦૦૦ સુધીના વર્ષના ઓડીટ માટે ઉપલબ્ધ સરનામે ઓડીટર દ્વારા સંપર્ક કરતા મંડળી અંગે મળેલ વિગતો લક્ષમાં લઇ સંદર્ભ—૧ થી અત્રે રજુ થયેલ અહેવાલની વિગતો મુજબ મજકુર મંડળીનું તા. ૩૦—૬—૮૬ સુધીના હિસાબોનું ઓડીટ થયેલ છે. સોસાયટીના તા. ૧૫—૨—૮૮ના રોજની વ્યવસ્થાપક કમીટીએ કરેલ ઠરાવ મુજબની તપાસ કમીટીએ તા. ૧૬—૧૧—૮૮ના રોજ રજુ કરેલ અહેવાલ આધારે સોસાયટીના હિસાબોમાં જણાયેલ ઉચાપત અંગે જવાબદારો સામે જુદા જુદા ક્રિમીનલ કેસો દાખલ કરવામાં આવેલ જેમાં તા. ૨૨—૧૨—૯૯ના રોજ અપાયેલ ચુકાદામાં આરોપીને કેદ અને દંડની સજાનો હુકમ થયેલ છે. સોસાયટીનું ૮૫/૮૬ સુધીનું રેકર્ડ કોઇ જગ્યાએ ઉપલબ્ધ થઇ શકે તેમ નથી. મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં હિસાબો સમજવામાં કે વહીવટમાં કોઇ રસ નથી. મંડળી છેલ્લા ૧૪ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીના માનદમંત્રીશ્રી બી. કે. ઠરજીએ ઓડીટર સમક્ષ રજુ કરેલ તા. ૨૧—૪—૨૦૦૧ના નિવેદનમાં સોસાયટી સ્થગિત અવસ્થા હોઇ ઓડીટ કરાવવા કોઇ દફ્તર ન હોઇ વિગેરે રજુઆત સાથે મંડળીને ફડચામાં લઇ જવાની કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

મજકુર અહેવાલની વિગતો લક્ષમાં લે મજકુર સોસાયટીમાં કોઇ દફ્તર ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોઇ સોસાયટીના

માનદમંત્રીનું રૂબરૂ નિવેદન મેળવી મજકુર મંડળીને કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવાની કાર્યવાહી હાથ ધરવા અત્રેથી નિર્ણય લેવામાં આવેલ અને તે મુજબ સંદર્ભ–૨ થી સોસાયટીના માનદમંત્રીને પત્ર પાઠવી રૂબરૂ રજુઆત માટે અત્રે હાજર રહેવા જણાવતા સંદર્ભ–૩ મુજબ તા. ૭–૭–૨૦૦૧ના પત્રથી મજકુર મંડળીની બાબતે ઓડીટર સમક્ષ રજુ કરેલ નિવેદનથી વિશેષ કાંઈ રજુઆત કરવાની રહેતી ન હોવાનું માનદમંત્રીશ્રીએ જણાવી મંડળીનો નોંધણી રદ કરવા વિનંતી કરેલ હતી.

ઉકત વિગતો જોતાં મજકુર સોસાયટીના માનદમંત્રી વિશેષ કોઇ નિવેદન આપવા માંગતા નથી. તા. ૨૧-૪-૨૦૦૧ ના રોજ ઓડીટર ગ્રેડ–૧, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ સમક્ષ આપેલ નિવેદનને વળગી રહે છે. જે મુજબ મંડળી ચલાવવા કોઇ સભાસદોને રસ નથી. છેલ્લા ૧૫ વર્ષોથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીનું દફતર ઉપલબ્ધ નથી. આમ મજકુર મંડળી તેના ઉદેશો મુજબની કામગીરી છેલ્લા ૧૫ કરતી બંધ થઇ ગયેલ છે. અને તેના નોંધાયેલ સરનામે કામ કરતી ન હોઇ મંડળીની નોંધણી રદ કરવા મુનાસીબ જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૦ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી જયુડીશીયલ સ્ટાફ કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી., અમદાવાદ કે જેનો નોંધણી નં. ૫૨ ૧૦૩૦, તા. ૫–૧–૬૫ છે, તેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ, તા. ૧૮–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૧–૯–૨૦૦૦ના પત્ર ક્રમાંક. મસભ/ખ/૯ થી અત્રેલ ખાસ વહીવટી અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૦–૧૦–૨૦૦૦ ના જા. નં. મસભ/૦૧/ગ-૧/૯૭૬/૨૦૦૦ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૨૦-૧૨-૨૦૦૦નો પત્ર ક્રમાંક. મસભ/૦૧/ગ–૧/૧૨૪૨/૨૦૦૦.

(૪) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદની તા. ૧–૧૨–૨૦૦૦ ના પત્ર ક્રમાંક અમણ/૦૧/ગ-૪/૬૪૬૪/૨૦૦૦ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૫) આ કચેરીનો તારીખ ૧૨–૨–૦૧નો ક્રમાંક. ફડચ/ફ. ૧૧૫૪૩/ધ–૨/૧૨૩/૨૦૦૧નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૬) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૪૩/ધ-૨/૬૦૧/૪૯૨૪/૨૦૦૧.— ધી પરિચય ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. જેને નોંધણી નંબર ભ–૩૬૦૭, તારીખ ૧–૧૨–૮૮ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતો વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવાનું ફરજીયાત છે.

(ઘ) ઉકત ખંડ (ક) (ખ) અને (ગ) માં ગમે તે જોગવાઈઓ હોય તો પણ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, અથવા તાલુકો મેજિસ્ટ્રેટ, આ અર્થે કરેલ સામાન્ય અથવા ખાસ હુકમ કરીને એવું ફરમાન કરી શકાશે કે તે ઠરાવે તેના કલાક દરમ્યાન આવી જગામાં સંગીત કે વાજિંત્ર વગાડવું નહી કે વગાડવા દેવું નહીં.

સ્પષ્ટીકરણ :—આ નિયમના હેતુ સારૂ " વાજિંત્ર " માં ગ્રામોફોન, રેડીયો, રેડીયો ઓમ્પ્લીફાયર રેડીઓ ગ્રામોફોન બેન્ડ, ઢોલક, ત્રાસા, નગારા વિગેરે કોઈપણ વાંદ્ય સંગીત વગાડવાનો સમાવેશ થશે.

(૨૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, લાયસન્સ અધિકારીશ્રી, લાયસન્સ અધિકારીશ્રીએ અધિકૃત કરેલ અધિકારી, તાલુકા અધિકારીશ્રીએ અધિકૃત કરેલ અધિકારી તાલુકા મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, અધિકૃત આરોગ્ય અધિકારી પોલીસ અધિકારીને આવી જગાની તપાસણીના હેતુ માટે આવી જગામાં કોઈપણ સમય છુંટથી દાખલ થવા દેવા પડશે અથવા તેવી જગામાંથી બહાર જવા દેવા પડશે, તેમજ તપાસણીમાં જરૂરી તમામ સહાય તથા સગવડતા આપવાની રહેશે.

(૨૨) આ જગામાં વેચવામાં આવતી અને ઉપલબ્ધ ખાનપાનની વસ્તુ, કોઈપણ દિવસે કામકાજના કલાકો દરમિયાન કોઈપણ ગ્રાહકને વેચવાની ના પાડી શકાશે નહી,

નિયમ-૮ લાયસન્સ રદ કરવા અથવા મોકુફ રાખવા બાબત :—

(૧) આ નિયમો હેઠળ કાઢી આપેલ લાયસન્સ ધરાવનારે અથવા તેના એજન્ટ અથવા નોકરે તેના વતી કામ કરતી બીજી કોઈપણ વ્યકિતએ તેને કાઢી આપેલ લાયસન્સની શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરેલ હોય અથવા આવું લાયસન્સ ખોટી વિગતે રજુ કરીને કે કોઈ માહિતી વિગતો છુપાવીને મેળવેલ હોય તો તેની સામે લઈ શકાય તેવાં બીજા કોઈ પગલાને બાધ આવ્યા સિવાય, લાયસન્સ ધરાવનારને પોતાનો કેસ જણાવવાની વ્યાજબી તક આપીને તેનું લાયસન્સ અધિકારી રદ કરી શકશે અથવા મોકૂફ રાખી શકાશે.

(૨) લાયસન્સ અધિકારીને પ્રથમ દ્રષ્ટિએ ખાતર થાય કે લાયસન્સ ધરાવનારે કે તેના એજન્ટ કે તેના વતી કામ કરતી કોઈપણ વ્યકિતએ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે અને કારણસર લાયસન્સ રદ કરવા માટેનાં પુરતાં કારણો છે, તો જે મુદત દરમિયાન લાયસન્સ અધિકારી, વિચારણા કરી છેવટનો નિર્ણય કરી શકે તેવી ૯૦ દિવસ કરતાં વધુ ન હોય તેટલી મુદત માટે મોકૂફ રાખી શકશે.

INDEX

(૩) ઉકત ચેટા નિયમોની જોગવાઈઓનો ભાધ આવ્યા સિવાય, આ ચેટા નિયમ-૧માં જણાવેલ બાબતોના ઉલ્લંઘન બદલ, લાયસન્સ અધિકારી, લાયસન્સ મેળવવા અંગે ચુકવેલ ફી થી દશ ગણી રકમ સુધી યોગ્ય લાગે તેવા દંડ કરી શકશે અને આવા દંડની રકમ લાયસન્સ ધરાવનાર, લાયસન્સ અધિકારી જણાવે તેવા સમયમાં જમા ન કરાવે તો "જમીન મહેસુલની બાકી" તરીકે વસુલ કરવા પગલાં લઈ શકશે.

નિયમ—૯ : અપીલ

(૧) આ નિયમો હેઠળની જોગવાઈઓ મુજબ લાયસન્સ કાઢી આપવા અથવા તાજું કરી આપવાની ના પાડતો અથવા લાયસન્સ રદ કરતાં અથવા મોકુફ રાખતા અથવા લાયસન્સ અધિકારીએ કરેલ દંડની અથવા લાયસન્સમાં કરવાના સુધારા વધારા કરવાની ના પાડતા અથવા લાયસન્સ તબદીલ કરવાની માંગણી નામંજુર કરતાં અથવા નામ ફેરફાર કરવાની માંગણી નામંજુર કરતાં લાયસન્સ અધિકારીને હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યકિત અથવા પ્રસંગ માટે પ્રમાણે લાયસન્સ ધરાવનાર આવો હુકમ તેને મળ્યાની તારીખથી ૧૦ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટને આ નિયમ ચેટે નિયમ-૩ મુજબથી અપીલ ફી સરકારશ્રીમાં જમા કરાવીને અપીલ કરી શકશે.

પરંતુ અપીલ અધિકારીને જો અપીલ કરનાર એવી ખાતરી આપે કે તેને સદરહું ૩૦ દિવસની મુદતમાં અપીલ દાખલ ન કરવા માટે પુરતું કારણ હતું તો એવી મુદત પુરી થયા પછી અપીલ દાખલ કરી શકશે.

(૨) અપીલ અધિકારી અપીલ કરનારને પોતાનો કેસ જણાવવાની તથા રૂબરૂ સાંભળવાની વ્યાજબી તક આપીને, અપીલ અધિકારી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૩) આ નિયમ હેઠળની અપીલ કરનાર વ્યકિતને રૂ. ૫૦ ની રકમ અપીલ ફી તરીકે સરકારશ્રીમાં જમા કરવવાની રહેશે.

નિયમ ૧૦ જાહેર હીતમાં કારણો પ્રગટ નહી કરવા બાબત :

આ નિયમો હેઠળની કોઈપણ જોગવાઈ જો લાયસન્સ અધિકારીને અથવા પ્રસંગ પ્રમાણે અપીલ અધિકારીને અથવા રાજ્ય સરકારશ્રીને એવી ખાતરી થાય કે જાહેર હિતમાં લાયસન્સ માટેની અથવા લાયસન્સ તાજું કરવા માટેની અરજી નામંજુર કરવા માટેના અથવા આ નિયમ હેઠળ આપેલું લાયસન્સ રદ કરવા અથવા મોકુફ રાખવા માટેના કારણોની જણ કરવી યોગ્ય નથી તો તેઓ તેમ કરી શકશે.

નિયમ-૧૧ રદ કરવા બાબત અને અપવાદ :

આ નિયમો અમલમાં આવતો ખેડા જિલ્લામાં આ અગાઉ અમલમાં હોય તેવા તમામ નિયમો ઠરાવો પરીપત્રો સુચનાઓ આથી રદ કરવામાં આવે છે.

પરંતુ આવી રીતે રદ કરવાની અગાઉના નિયમો વગેરે હેઠળ કરેલા કોઈપણ હુકમો કે પગલાંઓને બાધ આવશે નહી અને તેવા હુકમો કે પગલાં આ નિયમો હેઠળ કરેલા છે તેવી ગણવામાં આવશે.

નમૂનો-૧
(જુઓ નિયમ)

સાર્વજનિક ખાનપાનની જગા (હોટલ/ ગેસ્ટ હાઉસ) ચલાવવા લાયસન્સ મેળવવા માટેની તાજુ કરવા માટેની અરજી :-

૧ હોટલ/ગેસ્ટ હાઉસનું નામ અને પુરૂપુરૂ સરનામું.—
૨ હોટલ/ગેસ્ટ હાઉસમાં માલીકનું પુરેપુરૂ નામ/ઉમર તથા ધધો :
૩ માલીકના રહેઠાણનું પુરેપુરૂ સરનામું.—
૪ સ્થાનિક સંસ્થા/નગરપાલિકા પાસેથી મેળવેલા લાયસન્સનો ક્રમાંક તથા તેની અવધિ.
૫ સને ૧૯૪૮ના મુંબઈના દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેના નોંધણી પ્રમાણપત્રનો ક્રમાંક તથા તેની અવધિ.
૬ અન્ય જરૂરી કોઈ લાયસન્સ/નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય તો તેનો ક્રમાંક અને અવધિ.
૭ કોઈપણ ગુના માટે અરજદાર/માલીક કોર્ટમાં દોષિત કરેલ છે, ? તો હા, તો તેની વિગતો તથા અગાઉ લાયસન્સ ધરાવતા હોય તે રદ થયેલ છે ? જો હા, તો તેની ટુંકી વિગતો આપવી.
૮ હોટલ/ગેસ્ટ હાઉસ કયા સમય દરમ્યાન ખુલ્લી રાખવાની છે? તે સમય
૯ આવી જગ્યા પરત્વે વપરાશી કાયદેસરના હકક છે કે કેમ? પુરાવા આપવા.
૧૦ કાયદેસરના હકક છે કે કેમ? પુરાવા આપવા, લાયસન્સ તાજુ કરવાનું હોય તો કેટલા સમય માટે, ? તેની વિગત.

INDEX

૧૧ અરજદાર સિવાય આવી જગ્યા ચલાવવા માટેના અધિકૃત એજન્ટ કોને રાખવાનું છે તેનું નામ તથા સરનામું.

હું એકરાર કરૂ છું કે ઉપર જણાવેલા વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સ્થળ:
તારીખ.

અરજદારની સહી.

નમુનો-૨

સાર્વજનિક ખાનપાનની જગા (હોટલ/ગેસ્ટ હાઉસ) ચલાવવા માટેનું લાયસન્સ

લાયસન્સ નંબર.....

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈનો ૨૨મો) ની કલમ-૩૩ (૧)(ડબલ્યુ) હેઠળ રાજ્ય સરકારની પૂર્વ મંજુરીની ખેડા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ તે અન્વયે કરેલા નિયમોને આધીન રહીને શ્રી..... રહેવાસી.....તારીખ.....જિલ્લો.....ને.....ના નામે

સાર્વજનિક ખાનપાનની જગા હોટલ/ગેસ્ટ હાઉસ.....(હોટલ / ગેસ્ટ હાઉસનું નામ) સ્થળે ચલાવવા તેને અધિકાર આપતું આ લાયસન્સ આ (સ્થળનું નામ) સાથેની પરિશિષ્ટમાં જણાવેલી શરતોનું પાલન કરવાની શરતે તારીખ.....સુધીની મુદત માટે આથી આપવામાં આવે છે.

આજ રોજ સને ૧૯.....ના.....મહિનાની.....તારીખે મારી સહી અને સિક્કો કરીને આપ્યું.

સ્થળ.....
તારીખ.....

લાયસન્સ અધિકારીનો
હોદ્દો-સહી

પરિશિષ્ટ

(૧) દરેક લાયસન્સ ધરાવનારે મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ તથા તે હેઠળના નિયમો તથા અન્ય કોઈ કાયદા/નિયમો હેઠળ કોઈ લાયસન્સ કે કોઈ પરવાનગી કે કોઈ મંજુરી લેવાપાત્ર હશે તો તે મેળવી લેવાની રહેશે.

(૨) લાયસન્સમાં દર્શાવવામાં આવે તેવા કલાકો દરમ્યાન હોય તે સિવાય કે જગા ખુલ્લી રાખવી નહી.

પરંતુ નીચેના તહેવારોમાં કોઈ ખાસ પરવાનગી મેળવ્યા સિવાય અથવા વધારાની ફી ભર્યા સિવાય મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ ૧૯૪૮ના હેઠળ આવી જગા ખુલ્લી રાખવાના સમય સંબંધી જે છુટછાટ જાહેર કરવામાં આવી હોય તે સમય સુધી પોતાની જગા ખુલ્લી રાખી શકાશે.

(ક) પ્રજાસત્તાક દિન
(ખ) સ્વાતંત્ર્ય દિન
(ગ) રમઝાન માસ
(ઘ) નાતાલનો દિવસ
(ચ) દિવાળી તહેવાર : દિવાળીના પાંચ દિવસ એટલે કે ધનતેરસથી ભાઈબીજ સહીત
(છ) દશેરા
(જ) ગોકુલ અષ્ટમી

(૩) આવી જગામાં દાખલ થવાનું કોઈ અમુક જ્ઞાતી અથવા ધર્મની વ્યકિત અથવા વ્યકિતઓનાં વર્ગો પૂરતુંજ મર્યાદિત છે. એમ દર્શાવતું કોઈ પાટીયું અથવા બોર્ડ પ્રદર્શિત કરવું જોઈશે નહીં.

પરંતુ આવી જગાએ શાકાહાર, શાકાહારી, અથવા માંસાહારી ખાન પાન આપવામાં આવે છે એમ દર્શાવતું પાટીયું અથવા બોર્ડ પ્રદર્શિત કરવાની બાબતને આ બાબત લાગુ પડશે નહીં.

(૪) લાયસન્સ ધરાવનાર વ્યકિતએ, આવી જગામાં કે જગાની બહાર જાહેર જનતા કે રાહદારીઓ સહેલાઈથી જોઈ શકે તે રીતે આવી, જગા ધરાવનારનું નામ અને ખાનપાનના કયા અમુક હેતુ સારૂ તેનો ઉપયોગ કરવામાં આવે છે ,તેની વિગત દર્શાવતું પાટીયું અથવા બોર્ડ હિન્દી તથા પ્રાદેશિક ભાષામાં લગાવવાનું રહેશે.

INDEX

(૫) લાયસન્સ ધરાવનારે ગ્રાહકોને આવી જગ્યાએથી વેચવામાં/આપવામાં આવતી તમામ ચીજ વસ્તુઓના ભાવોની યાદી પ્રદર્શિત કરવું બોર્ડ/પાટીયું આવી જગાએ જાહેર જનતા/ગ્રાહકો સહેલાઈથી જોઈ શકે તે રીતે લગાડવાનું રહેશે તથા તેમાં દર્શાવેલ ભાવો કરતાં વધુ ભાવ લઈ શકાશે નહીં.

(૬) આવી જગા જો નિવાસી હોટલ અથવા રહેવાસી સગવડતા ધરાવતી હોય તો, લાયસન્સ ધરાવનારે આવી જગામાં આવતાં ગ્રાહકોની સંપૂર્ણ વિગતો દર્શાવતું રજીસ્ટર લાયસન્સ અધિકારીશ્રી નિયત કરે તેવા નમૂનામાં રાખવાનું રહેશે.

(૭) લાયસન્સ ધરાવનારે આવી જગામાં મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોઈ દારૂ, દેશીદારૂ અથવા કેફી ઔષધિ રાખવા કે નહી કે ગ્રાહકોને પુરા પાડવા નહીં અથવા તેનો ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહીં.

(૮) આવી જગામાં વેચવામાં આવતી ચીજવસ્તુ બનાવવા માટે બળતણ તરીકે ઉપયોગમાં લેવા અધિકૃત ગેસ જેવા સગવડના રાંધવા ગેસ અથવા અધિકૃત પરમીટ ઉપર મેળવેલા કેરોસીન અથવા અન્ય કાયદેસરના બળતણ સિવાયનું કોઈ બળતણનો ઉપયોગ કરવો નહીં કે સંગ્રહ કરવો નહીં.

(૯) આવી જગામાં વેચવામાં આવતી ચીજવસ્તુ બનાવવા માટે બળતણ તરીકે ઉપયોગમાં લેવા અધિકૃત ગેસ જેવા સગવડના રાંધવા ગેસ અથવા અધિકૃત પરમીટ ઉપર મેળવેલા કેરોસીન અથવા અન્ય કાયદેસરના બળતણ સિવાયનું કોઈ બળતણનો ઉપયોગ કરવો નહીં કે સંગ્રહ કરવો નહીં.

(૧૦) લાયસન્સ ધરાવનારે આવી જગામાં ધુળ લાગે તેવી રીતે ખુલ્લા ખાદ્ય પદાર્થો અથવા પીણાંનો સંગ્રહ કરી શકાશે નહીં અથવા તે રાખી શકાશે નહીં. તેમજ તે બંધ રાખેલ પેટીઓ, કબાટો, શીશીઓ, કેઈસો અથવા બીજા બંધ રાખેલા વાસણો અથવા કોઈપણ જીવજંતુ પ્રવેશી ન શકે તેવી જાળીની અંદર હોય તે સવાદ બીજી રીતે ખાદ્ય પદાર્થો અથવા પીણાંનો તેના થી તેમાં સંગ્રહ કરી શકાશે નહીં અથવા તે રાખી શકાશે નહીં.

(૧૧) લાયસન્સ ધરાવનારે આવી જગા ચોખ્ખી અને સ્વચ્છ તથા સ્વાસ્થયને હાનિકર્તા ન થાય તેવી રીતે રાખવાની રહેશે

(૧૨) જે ખાનપાન પુરા પાડવા અધિકૃત કરેલ હોય તેવા પ્રકારના ખાનપાન સિવાય બીજા કોઈપણ ખાનપાન લાયસન્સ અધિકારીની પુર્વ પરવાનગી સિવાય પુરા પાડી શકાશે નહીં.

(૧૩) કોઈ સ્પર્શ જન્ય અથવા ચેપી રોગથી પીડાતી કોઈ વ્યક્તિને આવી જગામાં નોકરીએ કે ગ્રાહકોને સેવા પુરી પાડવા માટે ઉપયોગમાં લેવા રાખી શકાશે નહી જો લાયસન્સ ધરાવનાર પોતે આવા રોગથી પીડાતી હોય તો તેણે આવા રોગથી મુક્ત હોય તેવા પોતાના અધિકૃત એજન્ટ મારફતે પોતાનો ધંધો ચલાવવાનો રહેશે. તેમજ કોઈપણ સમયે કોઈપણ નોકર કે એજન્ટ આવા રોગથી પીડાતી થાય તો તેવા એજન્ટ કે નોકરને નોકરીમાંથી તરતજ દૂર કરવાની રહેશે. અને પોતાને આ રોગ થાય તો આવા રોગથી પીડાતા ન હોય તેવી વ્યક્તિને એજન્ટ તરીકે રાખી ધંધો ચલાવવાનો રહેશે.

(૧૪) લાયસન્સમાં વર્ણવેલા ધંધાના સ્થળ / જગા સિવાયની કોઈપણ જગાનો લાયસન્સ અધિકારીની પુર્વ પરવાનગી મેળવ્યા સિવાય, આવા ખાનપાનની જગા તરીકે ઉપયોગ કરી શકાશે નહીં.

(૧૫) સ્થાનિક સંસ્થા અથવા મ્યુનિસીપાલીટીએ કોઈ પરવાનગી આપી હોય તેમ છતાં લાયસન્સ અધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય. ફૂટપાથનો અથવા રસ્તાના કોઈ ભાગનો આવી ખાનપાનની જગા તરીકે લાયસન્સ ધરાવનાર દ્વારા ઉપયોગ કરી શકાશે નહીં.

(૧૬) આવી જગામાં ગીરદી થતી અટકાવવા માટે જરૂરી પગલાં લેવાના રહેશે. તથા તે જગામાં મનુષ્યની જિંદગી અથવા તેના શરીરને ઈજા પહોંચે તેવું કોઈ તોફાન અથવા અકસ્માત થાય અથવા કોઈ ઝઘડો થાય તે પ્રસંગે તે મનલબની ખબર ત્વરિત જ પોલીસને કરવાની રહેશે.

(૧૭) ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ,૧૯૭૭ તથા તે હેઠળના નિયમો આવી જગાના સંદર્ભમાં જેટલે અંશે લાગુ પડતા હશે તેટલે અંશે તે અધિનિયમ / નિયમો હેઠળની જોગવાઈઓનું લાયસન્સ ધરાવનારે પાલન કરવાનું રહેશે.

(૧૮) આવી જગાનો રાજ્યના તથા કેન્દ્ર સરકારના પ્રવર્તમાન કાયદાઓથી નિષેધ એવી કોઈપણ પ્રવૃત્તિ ચલાવવા માટે ઉપયોગ થવા દેશે નહીં.

(૧૯) આવી જગામાં ધર્મ, જાતિ, પાતિ, લીંગ, જન્મસ્થળ અથવા તે પૈકીના કોઈ કારણે જ કોઈ વ્યક્તિને દાખલ થવાની ના પાડી શકાશે નહીં અથવા તેવા કારણોસર આવી જગામાં એવી કોઈ વ્યક્તિને દાખલ કર્યા પછી તેની સાથે ભેદભાવ બતાવવામાં આવે તેવું કોઈ કૃત્યું કરવુ નહીં.

તેમજ આ જગામાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ નીચેના શબ્દો હિન્દી અથવા ગુજરાતી ભાષામાં બોર્ડ ઉપર કે દિવાલ ઉપર લખીને પ્રદર્શિત કરવા.

"ધર્મ, જાતિ, જ્ઞાતિ, લીંગ, જન્મસ્થળ વિગેરેના કારણે કોઈપણ શખ્સને આ જગામાં દાખલ થવાની ના પાડવામાં આવશે નહીં.

(૨૦) (ક) આવી જગામાં, માણસોના ટોળાને આકર્ષે તેવા સમયે કોઈ સંગીત કે વાદ્યિંત્ર વગાડવું નહીં કે વગાડવા દેવું નહીં, અને આવું સંગીત કે વાદ્યિંત્ર સાંભળવાના હેતુ સારૂ આવી જગાની સામે કે ટોળામાં ભેગું થાય તો સંગીત કે વાદ્યિંત્ર તરત જ બંધ કરી દેવાનું રહેશે.

(ખ) સંગીત અથવા વાદ્યિંત્રના સાધનો એવા સ્થળે હોવા જોઈએ કે તે કોઈ રસ્તા, શેરી અથવા બીજા કોઈ સાર્વજનિક જગ્યાથી ઓછામાં ઓછા વીસ ફૂટ દૂર હોય.

(ગ) ઉકત ખંડ (ક) તથા (ખ) માં ગમે તે મજકુર હોય તેમ છતાં કોઈ આવી જગા :—

(૧) કોઈપણ સાર્વજનિક પુજાના સ્થાનેથી ૧૦૦ વારના અંતરની અંદર આવેલી હોય તો પુજા કરવાનો સામાન્ય રીતે જે સમય રાખવામાં આવ્યો હોય તે સમય દરમ્યાન.

(૨) કોઈ કોર્ટ અથવા સરકારી કાર્યાલયથી ૧૦૦ વારના અંતરની અંદર આવેલી હોય તો આવી કોર્ટ અથવા કાર્યાલયના કામ-કાજનો જે સમય હોય તે દરમ્યાન.

(૩) કોઈ કોલેજ અથવા શાળાથી ૧૦૦ વારના અંતરની અંદર આવેલી હોય તો આવી કોલેજ અથવા શાળાના અભ્યાસના સમય દરમ્યાન.

(૪) કોઈ હોસ્પિટલ અથવા સુશ્રુષાગૃહેથી ૧૦૦ વારના અંતરની અંદર આવેલી હોય તો, કોઈપણ સમય દરમ્યાન.

INDEX

તેવી સાર્વજનિક ખાનપાનની જગામાં કોઈ સંગીત કે વાજિંત્ર વગાડવું નહીં કે વગાડવા દેવું નહીં.

(૪) ઉકત ખંડ (ક) (ખ) અને (ગ) માં ગમે તે જોગવાઈઓ હોય તો પણ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, અથવા તાલુકા મેજિસ્ટ્રેટ આ અર્થે કરેલા સામાન્ય અથવા ખાસ હુકમ કરીને એવું ફરમાન કરી શકશે કે ઠરાવે તેવા કલાક દરમ્યાન આવી જગામાં સંગીત કે વાજિંત્ર વગાડવું નહીં કે વગાડવા દેવું નહીં.

સ્પષ્ટીકરણ—આ નિયમના હેતુ સારૂ "વાજિંત્ર" માં ગ્રામોફોન ફોનોગ્રાફ રેડીયો રેડીયો એમ્પ્લીફાયર, રેડીયો, ગ્રામોફોન બેન્ડ, ઢોલક ત્રાસા, નગારા સિવેરે કોઈપણ વાદ્ય સંગીત વગાડવાનો સમાવેશ થશે.

(૨૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, લાયસન્સ અધિકારીશ્રી, લાયસન્સ અધિકારીશ્રીએ અધિકૃત કરેલ અધિકારી, તાલુકા અધિકારીશ્રીએ અધિકૃત કરેલ અધિકારી, તાલુકા મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, અધિકૃત આરોગ્ય અધિકારી, પોલીસ અધિકારીને આવી જગાની તપાસણીના હેતુ માટે આવી જગામાં કોઈપણ સમયે છુટથી દાખલ થવા દવા પડશે અથવા તેવી જગામાંથી બહાર જવા દેવા પડશે. તેમજ તપાસણીમાં જરૂરી તમામ સહાય તથા સગવડતા આપવાની રહેશે.

(૨૨) આવી જગામાં વેચવામાં આવતી અને ઉપલબ્ધ ખાનપાનની વસ્તુ, કોઈપણ દિવસે કામકાજના કલાકો, દરમિયાન કોઈપણ ગ્રાહકને વેચવાની ના પાડી શકાશે નહીં.

નમુનો—૩

અનુ. નંબર	વિગત	૫૦,૦૦૦થી નીચેની વસ્તીવાળા સ્થળ માટે રકમ રૂપિયા	૫૦,૦૦૦થી ૧ લાખ વચ્ચેની વસ્તીવાળા સ્થળ માટે રકમ રૂપિયા	૧ લાખથી વધારે વસ્તીવાળા સ્થળ માટે રકમ રૂપિયા
૧	૨	૩	૪	૫
૧	સવારે ૫-૦૦ થી રાત્રીના ૧-૦૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી નિવાસી હોટલ અથવા રેસ્ટોરન્ટ અથવા તે સાથેના ભોજનગૃહનાં સંબંધમાં પ્રત્યેક લાયસન્સ માટે.	૨૫૦	૫૦૦	૧૦૦૦
૧	સવારના ૫-૦૦ થી રાત્રે ૧૧-૩૦ વચ્ચે ખુલ્લી રાખવામાં આવતી સાર્વજનિક ખાનપાનની બીજી કોઈ જગા માટે.	૨૫૦	૫૦૦	૧૦૦૦
૨	બાબત-૧ માં નિર્દિષ્ટ કરેલ કલાકો ઉપરાંતનો દરેક વધારાના કલાક માટે	૧૦૦ વાર્ષિક	૧૫૦ વાર્ષિક	૨૦૦ વાર્ષિક
૩	લાયસન્સ તાજુ કરવા માટે ...	૨૫૦	૫૦૦	૧૦૦૦
૪	નિયમ-૪ ના પેટા નિયમ-૨ નાં પરંતુક હેઠળ કાઢી આપેલા દરેક કામચલાઉ લાયસન્સ માટે	૨૫૦	૨૫૦	૫૦૦
૫	ગમે તેટલા કલાક સુધી જગા ખુલ્લી રાખવામાં આવી હોય તો પણ આને વધુમાં વધુ ૩૦ દિવસને આધીન રહીને ખાસ પ્રસંગોએ કામ ચલાઉ લાયસન્સ માટે પરંતુ નીચે જણાવેલી કોઈપણ સંસ્થા તરફથી રાખવામાં આવેલી "આનંદમેળા" માટે કામચલાઉ લાયસન્સ જરૂર પડે ત્યારે "આનંદમેળા" માટેની લાયસન્સ ફી સ્ટોલની સંખ્યા ગમે તેટલી હોય અને મેળો ગમે તે સ્થળે રાખવામાં આવ્યો હોય તો પણ એક દિવસના રૂા. ૨૫૦ રહેશે.	૧૦૦	૧૫૦	૨૦૦
		૨૫૦ એક દિવસના	૨૫૦ એક દિવસના	૨૫૦ એક દિવસના
	(૧) શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થા			
	(૨) મુંબઈ સાર્વજનિક અધિનિયમ, ૧૯૫૦ અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ સંસ્થાઓ			

INDEX

૧	૨	૩	૪	૫
૬	તમામ અંઠવાડિક બજારો ખાતાના લાયસન્સ માટે ...	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૭	જગા નામફેર કરવા માટે ...	૨૫૦	૨૫૦	૨૫૦
૮	જે હેતુ સારૂ સાર્વજનિક ખાનપાનની જગાનો ઉપયોગ કરવામાં અધિકાર આપ્યો હોય તે હેતુમાં અથવા લાયસન્સ ફરી તાજુ કરવાના સમયે નહીં પણ વર્ષ દરમ્યાન ફરી તાજુ કરવાના સમયે નહીં પણ વર્ષ દરમ્યાન પુરા પાડવાને અથવા અધિકાર આપેલ ખાનપાનના પ્રકાર કે પ્રકારોમાં ફેરફાર કરવા માટે.	૨૫૦	૫૦૦	૧,૦૦૦
૯	લાયસન્સમાં દરેક એજન્ટને નામ દાખલ કરવા માટે— નોંધ : લાયસન્સ ફરી તાજું કરવામાં આવે ત્યારે તેમાં તેના તે જ એજન્ટનું નામ લખવાનું હોય તો કોઈપણ ફી આપવી પડશે નહીં.	૧૦૦	૧૫૦	૨૦૦
૧૦	લાયસન્સ બીજાના નામે કરી આપવા માટે ...	૨૫૦	૨૫૦	૨૫૦
૧૧	લાયસન્સની બીજી નકલ કાઢી આપવા માટે ...	૧૦૦	૧૦૦	૧૦૦

નડીઆદ, તારીખ ૬ ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૦.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા જિલ્લો, નડીઆદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નં. ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર. ૨૮ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧) નો મુંબઈ અધિનિયમ નં. (૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૧ સુધીના નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, છોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપૂરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને આઠી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવા કોઈપણ ક્ષપકારી પદાર્થો, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, ભેગા કરવાની, તૈયારી કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય).

અપવાદ :—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.—

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

INDEX

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન લિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલ હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈપણ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નં. ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર.-૨૯ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જળવણી વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૧ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં,

અનુસૂચિ :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

વિસ્તાર :—(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા—ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા/કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારોની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩/૬ મુજબ,

ક્રમાંક ઉ / મકપ / પલસ / વશી / ૨૬૧૮ થી ૨૬૬૭.— પંચમહાલ-જિલ્લામાં તારીખ ૨૨મી ઓગષ્ટ ૨૦૦૧ થી ગણપતિ ઉત્સવની ઉજવણી શરૂ થનાર છે. તથા તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધીમાં જુદી જુદી તારીખોએ જુદાં જુદાં સ્થળે વિસર્જન થનાર છે. ત્યારે સાર્વજનીક સ્થળોએ ગણપતિ સ્થાપના કરી જાહેર કાર્યક્રમો રાખવામાં આવે છે. સામાન્ય રીતે ગણપતિના વિસર્જન અંગે શોભાયાત્રાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગે દરમ્યાન થતા નાચગાનમાં જુદાં જુદાં પ્રકારના રંગો ગુલાલ, અબીલ લિગેરે પદાર્થોનાં બહોળા પાયે ઉપયોગ થાય છે. શાંતિ સમિતિની મીટીંગમાં થયેલ ચર્ચાઓ રજુઆતો મુજબ આ પ્રસંગોએ કેટલીક વ્યક્તિઓ શરીરના કોમળ ભાગો અને મુખ્યત્વે આંખને હાની કરે તેવા પદાર્થ, પાવડર કે ભુકીના સ્વરૂપમાં ઉપયોગ કરે છે. જેથી આવી મુશ્કેલી નિવારવા માટે આંખ તેમજ શરીરને હાની કરે તેવા પાવડર પદાર્થ કે ભુકાનું વિતરણ અને છટકાવ અટકાવવો જરૂરી છે.

આથી હું એન. પી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩/૬ મુજબ પંચમહાલ જિલ્લાના કોઈપણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય કોઈ સ્વરૂપના પદાર્થને વેચાણ વિતરણ પર તારીખ ૨૨ મી ઓગષ્ટ ૨૦૦૧ થી તારીખ ૧ લી સપ્ટેમ્બર ૨૦૦૧ (બન્ને દિવસો સહીત) પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ગણપતિ વિસર્જનની શોભાયાત્રા દરમ્યાન કોઈપણ વ્યકિતએ આવો આંખ તેમજ શરીરને હાની પહોંચાડે તેવો પાવડર કે ભુકો કે પદાર્થ પોતાની પાસે રાખવો નહી કે તેનો ઉપયોગ કરવો નહીં.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર કોઈ ઈસમને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩ મી ઓગષ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કર્યો.

એન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર એમ.ઈ.ડી / વશી / ૨૦૦૧.— પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં કોલેરાના ચેપીરોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે. કાલોલ તાલુકામાં ચેપીરોગ પ્રસરે નહીં તે હેતુથી મે. કલેકટર સાહેબ, પંચમહાલ ગોધરાના જાહેરનામા નંબર એમ.ઈ.ડી / ૮૮૨ / વશી / ૮૮૨, તારીખ ૧૮ મી ઓગષ્ટ ૨૦૦૧ થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર કાલોલની નિમણુંક કરવામાં આવી છે.

INDEX

જે અન્વયે કલોલ તાલુકાના સદર ગામને કોલેરાગ્રસ્ત તરીકે અને તેની આજુબાજુના ૮ કિ. મી. વિસ્તારને તથા કલોલ તાલુકાને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

વાસ્તે હું, આર. પી. કટારા, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, કલોલ, કોલેરાના રોગનાં નિયંત્રણ માટે તથા તેનો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશનો તાત્કાલિક અમલ કરવા ફરમાવું છું.

(૧) કલોલ તાલુકામાં આવેલ તમામ પ્રાથમિક શાળાઓ, હાઈસ્કુલો અને છાત્રાલયોમાં બાળકોને પીવાનું પાણી પુરૂં પાડવાની ટાંકી તથા પાઈપ સંપૂર્ણપણે સાફ કરી પીવાના પાણીની ટાંકીમાં જંતુનાશક દવા નાંખી સ્વચ્છ પાણી પુરૂં પાડવાની વ્યવસ્થા જે તે શાળા, છાત્રાલયોમાં સંચાલકો તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવી અત્રે રજૂ કરવાનું રહેશે.

(૨) શાળા / છાત્રાલયોની બહાર કે કંમ્પાઉન્ડમાં ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણ તે માટે આચાર્યશ્રીઓએ કાળજી લેવી અને જરૂર જણાયે અત્રે જાણ કરવામાં આવે.

(૩) કલોલ તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પીટલો, નર્સીંગ હોમો, પ્રાઈવેટ પ્રેક્ટીશનરો, રકતદાન કેન્દ્રો અને લેબોરેટરીઓ વિગેરેને તેમના દ્વારા દરદીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીંજ તથા સોય તેમજ લોહી લેવા માટે કે લેબોરેટરી તપાસમાં વાપરવામાં આવતી સીરીંજ કે સોયનો ઉપયોગ કરતાં પહેલાં તેની ઓટોકલીન અથવા ઓછામાં ઓછી ૧૫ મીનીટ સુધી પાણીમાં ઉકાળી ફરજીયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે. અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજીયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

(૪) તાલુકામાં તમામ ખાણી-પીણીના સ્થળે અને પીવાના પાણી માટેની કેઠીઓ અથવા માટલા રાખી શકશે નહી, અને જાહેર પાણીની પરબો પર પાણીનાં ઘડાં, કોડી અને માટલા રાખી શકશે નહીં તેમજ ખુલ્લો ઉઘાડો કે વાસી કોઈપણ જાતનો ખોરાક પણ વેચી શકાશે નહીં.

(૫) કોલેરા રોગ પ્રતિબંધક રસી મુકવાની કામગીરી મેડીકલ ઓફીસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

(૬) નાના બાળકોને જાહેર સ્થળોએ ખુલ્લામાં ઝાડે બેસાડવા નહીં અને મળમૂત્ર મારફતે રોગનો ફેલાવો થતો હોઈ મળમૂત્ર જાહેર કે ખુલ્લી જગામાં નાંખવું નહીં.

(૭) કલોલ તાલુકામાં ખાનગી હોસ્પીટલોમાં કોલેરાના રોગનાં દર્દીઓનો અંદરના દર્દી તરીકે દાખલ કરી શકાશે નહી અને આવા દર્દીઓને પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી દવાખાના કે હોસ્પીટલોમાં દાખલ થવાં માટે મોકલવાના રહેશે.

(૮) પીવા માટેનું પાણી સપ્લાય કરતી સંસ્થાઓને ક્લોરીનેશન કરીને જ પાણી પુરૂં પાડવું.

ઉપરોક્ત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઈ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી છ માસની મુદત સુધી અમલમાં રહેશે.

કલોલ, તારીખ ૨૦મી ઓગષ્ટ ૨૦૦૧.

આર. પી. કટારા,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, કલોલ.

[redacted]

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 36, *Gujarat Government Gazette*, Part —I, dated 6th September, 2001 and for pages VAD-1289 to VAD-1343 (in 1 set) *read* page No. 2972 to 3026.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૩૬માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૨૮૯ થી વીએડી-૧૩૪૩ (૧ બંચમાં) ને પાન નંબર ૨૯૭૨ થી ૩૦૨૬ વાંચવા.

Vadodara, 6th September, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. દ્વારા

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૨—૧૧—૧૯૯૬ના પત્ર ક્રમાંક ધરમ/૦૧/ધ—૧/૨૦૫૪/૧૯૯૬.

(૨) આ કચેરીનો તા. ૧૭—૨—૧૯૯૭ના જા. નંબર કડચ/ક—૧૧૩૩૩/ધ—૨/૧૯૦ / ૧૯૯૭નો વચગાળાનો કડચાનો હુકમ.

(૩) મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) ખ—૪ વગત આ કચેરીના તા. ૩—૭—૨૦૦૧થી રજુ થયેલ સ્થળ તપાસ અહેવાલ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નંબર કડચ/ક—૧૧૩૩૩ /ધ—૨ / ૬૨૫ / ૫૦૯૫/ સને ૨૦૦૧.—ધી ઇન્દ્રવિહાર કો—ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ—૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર ધ—૧૦૪૪૪, તા. ૧૦—૬—૧૯૮૩ છે.

સદર મંડળી વહીવટદાર હસ્તક હતી અને મંડળીમાં સહકારી કાયદા અન્વયે નિયુક્ત વહીવટદાર દ્વારા કાયદા અન્વયે નિયત થયેલ મહત્તમ અવધિ વિતી ગયેલ હોવા છતાં, સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથા સભાસદો સંભાળી લેવા ઇચ્છતા ન હોવાથી સંડર્ભ—૧ અન્વયેની ભલામણ લક્ષમાં લઈ સંડર્ભ—૨થી સોસાયટીને કડચામાં લઈ જવાનો વચગાળાનો કુકમ પસાર કરી તે સામે વાંધો હોય તો દિન—૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવા જણાવવામાં આવેલ. સદર બાબતે સભાસદો તેમજ વહીવટદાર તરફથી ચોક્કસ રજુઆત / વિગતો રજુ ન થવાને કારણે કચેરીના મદદનીશ સહકારી અધિકારી દ્વારા સ્થળ તપાસ કરાવતાં તેઓના સંડર્ભ—૩થી રજુ થયેલ અહેવાલની વિગતો મુજબ મજકુર સોસાયટીનો વહીવટ વહીવટદાર દ્વારા સોસાયટીની પાંચ સભ્યોની ચૂંટાયેલી વ્યવસ્થાપક કમિટીને સુપ્રત કરવામાં આવેલ છે અને છેલ્લે તા. ૩૧—૩—૨૦૦૦ સુધીનું ઓડીટ થવા પામેલ છે. સોસાયટીમાં ચૂંટાયેલી વ્યવસ્થાપક કમિટી દ્વારા વહીવટ ચાલી રહેલ છે.

ઉકત વિગતો જોતાં મજકુર સોસાયટીના સભાસદો ચૂંટાયેલ વ્યવસ્થાપક કમિટી દ્વારા વહીવટ સંભાળી લેવામાં આવેલ હોઇ, જે કારણોસર મંડળીને કડચામાં લઈ જવાનો નિર્ણય લેવામાં આવેલ, તેની પુર્તતા થતી હોઇ મંડળીને કડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ રદ કરવો જરૂરી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ—૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી ઇન્દ્રવિહાર કો—ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ—૧૦૪૪૪, તા. ૧૦—૬—૧૯૮૩નો આ કચેરીના તા. ૧૭—૨—૧૯૯૭ના જા. નંબર કડચ/ક—૧૧૩૩૩/ધ—૨/૧૯૭/૧૯૯૭થી કડચામાં લઈ જવાનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૨૪—૭—૨૦૦૧.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ
(શહેર વિભાગ), અમદાવાદ.

જા. નં. નપમુ/૨૯૩૦/ક—૩/૫૩૭—એ—સે—૩૩૦૧૦/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે અવની મજુર અને હામદાર સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ મીઠાપુર, તાલુકો બાવળા જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ તા. ૩૦—૬—૨૦૦૧.

જા. નં. નપમુ/૨૯૬૦/ક—૩/૫૪૪—એ/સે—૩૩૦૧૧/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે જયઅંબે એતી ઉત્પાદન ખરીદ વેચાણ સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ સાણંદ, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૦—૬—૨૦૦૧.

જા. નં. નપમુ/૦૧/ક—૩/૪૮૯/ધ—૧૯૮૬૨/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શ્રી જનતાનગર કો. ઓપ. હાઉ. સોસાયટી લી., વિભાગ—૧ મર્યાદિત સ્થળ કલોલ તાલુકો કલોલ જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૩—૬—૨૦૦૧.

INDEX

જા. નં. નધણુ/૦૧/ક–૩/૪૯૧/ધ–૧૯૮૬૩/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શ્રી જનતાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. વિભાગ–૨ મર્યાદિત સ્થળ કલોલ, તાલુકો કલોલ, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૩–૬–૨૦૦૧.

જા. નં. નધણુ–૨૯૭૪–ક–૩ / ૫૬૬ - એ /સે–૩૩૦૧૨/ ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શ્રી સ્મૃતિવન વૃક્ષ ઉછેર સહ. મંડળી લિમીટેડ મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૭–૭–૨૦૦૧.

નંબર નધણુ/ક-૩/૫૮૨/સે-૩૩૦૧૩/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે મારૂતિ શોપ્પ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ હાઉસીંગ સર્વિસ કો. ઓપ. સોસા. લી., મર્યાદિત સ્થળ ધંધુકા, તાલુકો ધંધુકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૦–૭–૨૦૦૧.

નંબર નધણુ/૨૯૮૬/ક–૩/૬૨૫/સે–૩૩૦૧૫/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે કર્ણાવતી મજૂર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ થલતેજ, તાલુકો દસક્રોઇ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૮–૭–૨૦૦૧.

જા.નં. નધણુ/૨૯૯૭/ક–૩/૬૨૬/સે–૩૩૦૧૪/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે ધરણીધર મજૂર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગુંદી, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૮–૭–૨૦૦૧.

જા. નં. નધણુ/૩૦૦૧/ક-૩/૬૨૭/ધ-૧૯૮૬૮/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે આનંદપાર્ક (નાનાચિલોડા) કો. ઓપ. હાઉ. સો. લી., મર્યાદિત સ્થળ નાના ચિલોડા, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૮–૭–૨૦૦૧.

જા. નં. નધણુ/૨૯૮૨/ક-૩/૬૩૯/ધ-૧૯૮૬૫/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શિવસાગર (ચાંડખેડા) કો. ઓપ. હાઉ. સોસા. લી., મર્યાદિત સ્થળ ચાંડખેડા, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૯–૭–૨૦૦૧.

નં. નધણુ/૩૦૦૦/ક–૩/૬૪૦/સે-૩૩૦૧૬/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, શિવ (સાણંદ) ક્રેડીટ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ સાણંદ, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૯–૭–૨૦૦૧.

નં. નધણુ/૨૬૬૨/ક–૩/૬૬૧/સે–૩૩૦૧૭/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, શિવ શક્તિ દુધ ઉત્પાદકોની સહકારી મંડળી

INDEX

લિ., મર્યાદિત સ્થળ વિજયનગર, તાલુકો દેત્રોજ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ. તા. ૨૧–૭–૨૦૦૧.

નં. નધણ/ક–૩/૬૬૩/ધ–૧૯૮૭૦/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, શ્રેયેશ્વર (વરમોર) ક્રે. ઓ. હા. સો. લિ., મર્યાદિત સ્થળ વરમોર, તાલુકો માંડલ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૧–૭–૨૦૦૧.

ક્રમાંક ન. નધણ/૩૦૦૪/ક–૩/૬૬૯/ધ–૧૯૮૭૧/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે અલ્પા ક્રે. ઓપ. હાઉ. સો. લિ., મર્યાદિત સ્થળ અમદાવાદ, તાલુકો અમદાવાદ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪–૭–૨૦૦૧.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(ફરજ), અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) કચ્છ અધિકારીશ્રી, ધી ચામુંડા પિયત સહકારી મંડળી લી., ધ્રેચાણા, તાલુકા વાવ, જીલ્લા બનાસકાંઠાના તા. ૨૪–૭–૨૦૦૧ ના પત્ર ક્રમાંક સબ/ કચ્છ/ ૧૬૩/ ૨૦૦૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૧૪ (૨) અને કલમ–૨૦ (૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. કચ્છ/ગ / ૧૩૧૨ / ૨૦૦૧.—કચ્છ હુકમ નંબર ક–૧૦૧૩૧ તારીખ ૧૪–૧૦–૯૬, ધી ચામુંડા પિયત સહકારી મંડળી લી., મુ. ધ્રેચાણા, તાલુકો વાવ, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૭–૫–૯૦ના નોંધણી ક્રમાંક ૨૯૧૯ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૧૪–૧૦–૯૬ના હુકમ નંબર કચ્છ/૦૧/ગ/૧૩૧૨/૧૦૧૩૧/૯૬ થી કાયદાની કલમ–૧૦૩ અન્વયે આરોપી લેવામાં આવી હતી. અને તેના કચ્છ અધિકારી અને આમુખ–૧ના પત્રથી સદરહું મંડળીની કચ્છની કાર્યવાહી પુર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મં. ઓના અધિનિયમની કલમ–૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ–૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૬–૭–૨૦૦૧.

અમૃતાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
પાલનપુર.

નં. નધણ/૦૧/ક–૨/૪૨૩/ધ–૧૮૪૭૪ / ૨૦૦૧.—આથી જાહેર કરે છે, કે, ધી લક્ષ્મી કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૯–૭–૨૦૦૧.

નં. નધણ / ૦૧ / ક–૨/૪૨૯ / ઉ–૬૫૦૦ / ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, ટંકારીયા મજૂર કોમદાર સહકારી મં. લી., મર્યાદિત સ્થળ ટંકારીયા, તાલુકો ભરૂચ જીલ્લો, ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૯–૭–૨૦૦૧.

નં. નધણ/૦૧/ક–૨/૪૩૬/સે–૩૧૮૭૦/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે, ભરૂચ જીલ્લા પોલીસ સ્ટાફ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જીલ્લો, ભરૂચ.

INDEX

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૯–૭–૨૦૦૧.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :—

(૧) તા. ૧૭–૭–૨૦૦૧ ના રોજ મંડળીના આઠ વ્ય. કમીટી સભ્યોએ મંડળીના વહીવટ બાબતે મંડળીના ચેરમેનશ્રીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા અંગેની અરજી.

(૨) તા. ૧૭–૭–૨૦૦૧ ના રોજ મંડળીના આઠ વ્ય. કમીટી સભ્યોએ રાજીનામા આપી મંડળી ઉપર વહીવટદારની નિમણુંક કરવા અંગેનો પત્ર.

જા. નં. વહટ/૧/૪/૨૧૪/૨૦૦૧.—ધી ડરબારી કો. ઓપ. ક્રેડીટ સો. લી. આમોદર, તા. આંકલાવ, જી. આણંદ,

(કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી મંડળી છે. જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા નિયમો અનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટા નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

ઉપર આમુખ નં. (૧) તથા (૨) માં ના પત્રોમાં મંડળીની વ્ય. કમીટીના આઠ સભ્યોની રજુઆત મુજબ મંડળીના ચેરમેનશ્રી મંડળીના મેનેજરનો હોદ્દો પણ ધરાવે છે. તથા મંડળીનો વ્ય. કમીટીના સભ્યોના જણાવ્યા અનુસાર મંડળીના ચેરમેનશ્રી / મેનેજરશ્રી મંડળીનો નિરકુંશ વહીવટ ચલાવીને મંડળીમાં કેટલીક નાણાંકીય તથા વહીવટી ગેરરીતીઓ આચરેલ હોવાનું જણાવેલ છે. મંડળીની વ્ય. કમીટીનો મંડળીના ચેરમેનશ્રી/મેનેજર ઉપર કોઈ જાતનો અકુંશ ન રહેવાથી મંડળીની વ્ય. કમીટીના સભ્યોએ તા. ૧૭–૭–૨૦૦૧ ના રોજ રાજીનામા આપીને મંડળીનો વહીવટ કરવા તેઓ સક્ષમ ન હોવાથી મંડળીની વ્ય. કમીટીની જગ્યાએ મંડળીનો વહીવટ ચલાવવા માટે વહીવટદારની નિમણુંક કરવા માંગણી કરેલ છે. સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરતા પહેલા મંડળીને સાંભળવાની તક આપવી જોઈએ. પરંતુ પ્રસ્તુત કેસમાં વ્ય. કમીટીના સભ્યોએ જાતે હાજર રહીને લેખિતમાં વહીવટદારની નિમણુંક માટે માંગણી કરેલ હોઈ આ વિધિ કરવાની જરૂરિયાત રહેતી નથી. આમ અધિનિયમની કલમ ૮૧ હેઠળની કાર્યવાહી કરવી મંડળીના તથા સભાસદોના હિતમાં જણાતા મંડળીની હાલની વ્યવસ્થાપક કમીટીની જગ્યાએ વહીવટદારની નિમણુંક કરવી ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. જે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી ડરબારી કો. ઓપ. ક્રેડીટ સો. લી. આસોદર તા. આંકલાવ, જી. આણંદની હાલની વ્ય. કમીટીને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી મીસબીલ્લાખાન એમ. પઠાણ, મુ. ખોરસદ, તા. ખોરસદ, જી. આણંદની વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું. સદરહું નિમણુંકનો સમય વહીવટદારએ ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ માટેનો રહેશે. વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તા. ૨૬–૭–૨૦૦૧.

એમ. જે. પરમાર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૧–૧૨–૨૦૦૦ નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૧/ધ–૪૪૯૬ થી ૪૫૦૬/૨૦૦૦ થી વચગાળા નો આદેશ.

(૨) સમય મર્યાદા છતાં ન રજુ થયેલ પુરાવાઓ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૯૮૬/ધ–૪૭૬/૨૦૦૧.—ધી ભગવતી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ચલુવા, તા. જી, મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ ના તારીખ ૨૧–૧૨–૨૦૦૦ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ધ–૪૪૯૬ થી ૪૫૦૬/૨૦૦૦ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૬) હેઠળ

INDEX

બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ નિયત ધોરણની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૫–૫–૨૦૦૧નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૧૨૮/૨૦૦૧થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૩ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૯૮૭/ખ/૪૭૭ / ૨૦૦૧.—ધી પરિશ્રમ મજુર કામદાર સુહકારી મંડળી લી., મુ. ફતેપુરા, તા. મહેસાણા, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૨૫–૫–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૧૨૮ ૨૦૦૧થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૩(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમણેલ ફડચા અધિકારીશ્રી, એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, નિયત ધોરણની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૭–૨૦૦૧.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૭–૫–૨૦૦૧ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૩૬/૨૦૦૧થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૩ અન્વયેની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧/૧૨૯૮૮/ખ/૪૭૮/૨૦૦૧.— ધી અઠારીયા કો. ઓપરેટીવ, હાઉસીંગ સોસાયટી લીમીટેડ, (વિભાગ–"એ"), મુ. તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ના તારીખ ૧૭–૫–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૩૬/૨૦૦૧થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૩(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ નિયત ધોરણસરની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૭–૨૦૦૧.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૭–૫–૨૦૦૧ ની આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૩૭/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૯૮૯/ખ/૪૭૫/૨૦૦૧.—ધી અઠારીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., (વિભાગ–"બી") મુ. તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૧૭–૫–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/ ૧૬૩૭/૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૩ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, નિયત ધોરણની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૧૭–૫–૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૩૮/૦૧, થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૩ જોગવાઇઓ.

INDEX

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૯૯૦/ખ/૪૮૦/૨૦૦૧.— ધી અઠારીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., કડી (વિભાગ–૧), તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૧૭–૫–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૩૮/૨૦૦૧ તા. ૧૭–૫–૨૦૦૧ ના હુકમ ક્રમાંક થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી (ફડચો), મહેસાણા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ નિયત ધોરણસરની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના તા. ૨૪–૫–૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૮૬/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૩ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૨૯૯૧/ખ/૪૮૧/૨૦૦૧.—ધી પુલેત્રા સહકારી ગોપાલક વસાહત સહકારી મંડળી લી., મુ પુલેત્રા, તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૨૪–૫–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૬૮૬/૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ નિયત ધોરણની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૭–૭–૨૦૦૧.

———

વંચાણમાં લીધા :—

(૧) મુખ–ઓડીટર, સહકારી મંડળીઓ, ખેરાલુના પત્ર ક્રમાંક અપણ/૦૧/૨૦૦૧ તા. ૨૮–૨–૨૦૦૧થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીના જા. નં. અપણ/૦૧/ખ–૧/૫૫/૯૭૭/૨૦૦૧, તા. ૨૨–૩–૨૦૦૧નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૯૫/૨૦૦૧, તા. ૩૦–૪–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૪) મંડળીની સમય મર્યાદામાં ન થયેલ ફ્રોર્મ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ની જોગવાઇ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૫૦૫/૨૦૦૧. –ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી કેસીમ્પા (શેખ) જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., કેસીમ્પા તા. ખેરાલુ, જી. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી " મંડળી " તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૫૯૪૧, તારીખ ૧૯–૨–૯૨ છે.

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૯૯થી તા. ૩૦–૬–૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ સમ–ઓડીટર સહકારી મંડળીઓ, ખેરાલુને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના મોરાસહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૯૫/૨૦૦૧, તા. ૩૦–૪–૨૦૦૧થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમા મુદ્દા નં ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજાવણી થયેલ છે મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. એટલે કે, રજુઆતનો પુરતો સમય આપવા છતાં ફ્રોર્મ રજુઆત કરેલ નથી. જેથી અત્રેની રજુઆત કરવા બાબતની તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી બાબતની જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૩) મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. સ્થગીતની સ્થિતી પાંચ વર્ષથી જેમની તેમ રહે છે. આર્થિક સ્થિતી પણ સુધરવાની સારી નથી.

INDEX

(૪) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી તેના ઉદ્દેશો અને પેટા નિયમ મુજબની ક્રામગીરી કરેલ નથી.

(૫) તપાસણી સમયમાં પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમિટિની બેઠકો મળેલ નથી. ફકત તપાસણી સમયમાં એક બેઠક મળેલ છે.

(૬) સહકારી કાયદાની કલમ–૭૭ મુજબ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૭) તા. ૩૦–૬–૨૦૦૦ના મંડળીના સરવૈયા જોતાં, એકત્રિત બોટ રૂપિયા ૪૦૦/– બોલે છે.

(૮) તા. ૧–૭–૨૦૦૦થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ઉઠાળ તેમજ, ડેઇલ્ટોકની યાદી રજુ કરવા જણાવવામાં છતાં, આજપર્યંત રજુ કરી શકેલ નથી.

આમ, ઉકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીનો નીચે મુજબ કચ્યાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ઠેસીમ્પા (શેખ) જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઠેસીમ્પા, તા. ખેરાલુ, જી. મહેસાણાની સહકારી મંડળધીન રજીસ્ટર્ડ નં. ૨૫૯૪૧, તા. ૧૯–૨–૫૨થી નોંધવામાં આવેલ, તેને સહકારી કાયદો ૧૯૬૧ની કલમ–૧૦૩(૧)ના અંડ ક, ગ(૨) (૪) અન્વયે આથી કચ્યામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ–૧૦૮(૧) અન્વયે કચ્યા અધિકારી તરીકે શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :–

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ ક્રોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૯–૭–૨૦૦૧.

નકલો લીધા :—

(૧) શ્રી એસ. જે. પટેલ, સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, ખેરાલુના પત્ર ક્રમાંક અપણ/૦૧/૨૦૦૭, તા. ૧૫–૧–૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નં. અપણ/૦૧/ધ–૧/૨૬/૬૫૩/૨૦૦૧, તા. ૨૯–૧–૨૦૦૧નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/કડચ/૦૧/ખ–૨૦૫/૨૦૦૧, તારીખ ૭–૨–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/કડચ/૦૧/ખ–૧૫૪૫/૨૦૦૧, તા. ૪–૫–૨૦૦૧ થી સ્મૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ ૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / કડચ / ૦૧/ખ–૫૦૭/૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી સાગથળા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સાગથળા, તા. ખેરાલુ, જી. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૦૬૮૩, તા. ૨૦–૯–૮૫ છે.

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૯૮ થી તા. ૩૦–૬–૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, ખેરાલુને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને કચ્યામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અત્રેનો ખાસ અહેવાલ તેમોના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેમોના ખાસ અહેવાલને આધિન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/કડચ/૦૧/ખ–૨૦૫/૨૦૦૧, તા. ૭–૨–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી ક્રોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/કડચ/ખ–૧૫૪૫/૨૦૦૧, તા. ૪–૫–૨૦૦૧ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા બાબતની તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર કચ્યામાં લઈ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીનો છેલ્લા ૩ વર્ષનો ઓડીટ વર્ગ "ઇ" છે.

(૩) મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. સરવૈયાની સ્થિતી વર્ષોથી જેમની તેમ રહેલ છે. આર્થિક સ્થિતી પણ સારી નથી.

(૪) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી તેના ઉદ્દેશો અને પેટા નિયમ મુજબની ક્રામગીરી કરેલ નથી.

INDEX

(૫) તપાસણી સમયમાં પેટા નિયમ મુજબ એકપણ બેઠક મળેલ નથી.

(૬) સહકારી કાયદાની કલમ ૭૭ મુજબ વાર્ષિક સાધારણ સભા મળેલ છે.

(૭) તા. ૩૦–૬–૨૦૦૦ના સરવૈયા મુજબ મંડળીની એકત્રિત બોટ રૂા. ૧૦,૫૯૦–૦૪ છે.

(૮) તા. ૧–૭–૨૦૦૦થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડ સ્ટોકની યાદી રજુ કરવા જણાવવામાં છતાં રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સાગથળા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સાગથળા, તા. બેરાલું, જી. મહેસાણાની સહકારી કાયદા-ધીન રજીસ્ટર્ડ નંબર ૨૦૬૮૩, તા. ૨૦–૯–૮૫ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો ૧૯૬૧ ની કલમ ૧૦૩ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી, (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્તમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૯–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સબ–ઓડીટર, સહકારી મંડળીઓ, વિસનગરના પત્ર ક્રમાંક અપણ/૦૧/૧૭૩/૨૦૦૧, તા. ૧૨–૩–૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીના જા. નંબર અપણ/૦૧/ધ–૧/૬૧/૫૭૯૮/૨૦૦૧, તા. ૨૨–૩–૨૦૦૧નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/ ૧૪૯૭/૨૦૦૧, તા. ૩૦–૪–૨૦૦૧થી કારણદર્શક નોટીસ.

(૪) મંડળીની સમય મર્યાદામાં ન થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ–૧૦૩ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૫૦૮/૨૦૦૧,—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી રંઢાલા જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રંઢાલા, તાલુકો વિસનગર, જીલ્લો મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૫૯૪૬, તા. ૧૯–૩–૧૯૬૨ છે.

ઉપરોક્ત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૧૯૯૬થી તા. ૩૦–૬–૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ સબ–ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, વિસનગરને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારી-શ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/ ૧૪૯૭/૨૦૦૧, તા. ૩૦–૪–૨૦૦૧થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નંબર ૧ થી ૬ આજને મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. રજુઆત કરવામાં અત્રેથી વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છતાં સમય આપવા છતાં કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) વ્યવસ્થાપક કમિટીના તથા મંડળીના હોદ્દેદારો મંડળીને ફરી ચાલુ કરી શકે તેમ જણાતું નથી. તથા કોઈને રસ જણાતો નથી. જેથી કામ કરતા નથી.

(૨) મંડળીમાં વ્યવસ્થાપક કમિટીની મીટીંગો પેટાનિયમ મુજબ એકપણ ભરાતી નથી. તથા વાર્ષિક સાધારણ સભા પણ ભરવામાં આવતી નથી.

(૩) સદર મંડળીમાં પેટાનિયમ મુજબ ઉદ્દેશ પૂર્ણ કરવામાં આવતો નથી. રાયડા પુલીંગનું કામ ઘણા વખતથી બંધ છે. તથા મંડળીમાં અન્ય કોઈ પ્રવૃત્તિ થતી નથી.

(૪) મંડળીની આર્થિક પરિસ્થિતિ ખુબ નબળી છે.

(૫) મંડળીમાં પેટાનિયમ મુજબનું દફ્તર રાખવામાં આવેલ નથી. તથા ચોપડા/દફ્તરનો યોગ્ય નિભાવ કરવામાં આવતી નથી.

(૬) મંડળીમાં છેલ્લા પાંચ વર્ષથી દુરસ્તી કરવામાં આવતી નથી.

INDEX

(૭) મંડળી છેલ્લા ૭/૮ વર્ષથી બિલકુલ બંધ હાલતમાં છે.

(૮) મંડળીના તા. ૩૦–૬–૨૦૦૦ના નફા–નુકશાન ખાતે મંડળીમાં એકત્રિત થયેલ રૂા. ૨૦૦/– બોલે છે.

(૯) તા. ૧–૭–૨૦૦૦ થી છેવટ સુધીના હિસાબી પત્રકો તેમજ શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી રંડાલા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રંડાલા, તાલુકો વિસનગર, જીલ્લો મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર ૨૫૯૪૯, તા. ૧૬–૬–૧૯૯૨થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ના ખંડ ક, ગ(૨)(૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, હંગામી કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ આમે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

જહેસાણા, તા. ૧૬–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ, (પ્રમાણિત–૧) મહેસાણાના પત્ર ક્રમાંક અપણ / ૦૧ / ૭૬ / ૨૦૦૧, તારીખ ૨૮–૨–૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જા. નં. અપણ/૦૧/૫–૧/૫૮/ ૯૭૬/૨૦૦૧, તા. ૧૨–૩–૨૦૦૧ નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૪૯૮/ ૨૦૦૧, તા. ૩૦–૪–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૪) મંડળીને અપાયેલ તા. ૧૭–૫–૨૦૦૧ ના રોજ ના થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે કલમ–૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૫૦૯ / ૨૦૦૧.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી કરવી જૂથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કરવી, તા. ઉંઝા, જી. મહેસાણા, નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી " મંડળી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૧૭૩૭ તા. ૧૪–૨–૮૬ છે.

ઉપરોકત આમુખ – ૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૯૫ થી તા. ૩૦–૬–૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ ૨, સહકારી મંડળીઓ (પ્રમા–૨) મહેસાણા ને સુપ્રત થતા તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા અંગેના ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧ /ખ / ૧૪૯૮ / ૨૦૦૧. તા. ૩૦—૪–૨૦૦૧ થી કારણદર્શક નોટિસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૭ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી. જેની જાહેરાત થયેલ છે, મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. જેમાં તારીખ ૩૦–૪–૨૦૦૧ થી કારણદર્શક નોટીસ આપવા છતા., આજદીન સુધી કોઈ રજુઆત થવામાં નથી કે કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી, જેથી યોગ્ય સમય મળવા છતાં કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવા કાનૂની રીતે બાજબી જણાય છે.

(૧) મંડળીનું છેલ્લા ત્રણ વર્ષનું ઓડીટ વર્ગ "ક" છે. તથા ચાલુ તપાસણી વર્ગ "ડ" છે.

(૨) મંડળીના નોંધાયેલ પેટા નિયમ મુજબ મંડળી તેલી-બીયાંની પુલિંગ પદ્ધતિ બ્યારા ખરીદ કરી તેલીબીયાં સુધીને વેચાણ કરવાની પ્રવૃત્તિ કરી શકશે. જે મુજબ તપાસણી સમયમાં મંડળીએ કોઇ પ્રવૃત્તિ કરેલ નથી.

(૩) ઓડીટ તપાસણી સમયમાં મંડળીએ બ્યવસ્થાપક કમિટીની બેઠકો બોલાવ બખત મળેલ નથી. તે જોતાં, મંડળી બ્યવસ્થાપક કમિટીને સદર મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

(૪) ઓડીટ તપાસણી સમયના તા. ૩૦–૬–૨૦૦૦ ના સરવૈયા મુજબ મંડળીનું કુલ એકત્રિત બોહ રૂા. ૨૦,૬૪૦/– નું છે.

INDEX

(૫) મંડળીની તા. ૩૦–૬–૨૦૦૧ નાં સરવૈયા મુજબ ચકાસતાં મંડળીને અર્થક્ષમ ગણી શકાય તેમ નથી.

(૬) તા. ૧–૭–૨૦૦૦ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેપ્રીસીએશનની યાદી રજુ કરવા જણાવવા છતાં, રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતા, નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨માંની) કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા મહાનગર પાલિકાની હદ વિસ્તારમાં આવેલ રાજમહેલ મેઈન ગેટ સામે ઉત્તર દક્ષિણ, પૂર્વ દિશામાં આવેલ જાહેર માર્ગોનું ટી જંકશન સામે આવેલ—

(૧) રાજમહેલ મેઈનગેટ જમણી બાજુ ફુટપાથને અડીને ૨૦૦ મીટર સુધીનો વિસ્તાર "નો--પાર્કીંગ " રહેશે. તેમજ ડાબી બાજુના દરવાજાનો છેડાનો ફુટપાથને અડીને ૨૦૦ મીટરનો--વિસ્તાર "નોપાર્કીંગ" રહેશે.

(૨) તેમજ રાજમહેલ મેઈન ગેટ સામે આવેલ કલાભુવનથી કિર્તીસ્થંભ તરફ જતા મેઈન રોડ કાટખુણાની ફુટપાથને અડીને ૧૦૦ મીટર અને કિર્તીસ્થંભ તરફ જતાં રોડના ફુટપાથને અડીને ૧૦૦ મીટર વિસ્તાર "નોપાર્કીંગ" રહેશે.

(૩) તેમજ કિર્તીસ્થંભથી કાશીવિશ્વનાથ મંદિર તરફ જતાં રોડનો કાટખુણો એટલે કે, આર્મી-ઓફીસર્સ મેસ કાટખુણાના ફુટપાથને અડીને ૧૦૦ મીટરનો વિસ્તાર અને મેઈન રોડ ફુટપાથને અડીને ૧૦૦ મીટર કિર્તીસ્થંભની તરફથી આવતા રોડનો વિસ્તાર "નો પાર્કીંગ" રહેશે. જે અંગે નિયમ કરું છું.

મેં આજરોજ તારીખ જથી માહે ઓગષ્ટ ૨૦૦૧નાં રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ.

ક્રમાંક ટફક/જાવક/ઉગપક/જાહેરનામું/૧૭૮૨/૨૦૦૧.—મુંબઈપોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ મ્યુનિસીપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં કીર્તીસ્તંભ પાસે ટ્રાફીક ઘણો રહે છે. તેમાં છગડાની સંખ્યા પણ ઘણી વધારે હોય છે. આ છગડા ત્યાં ઉભા રહે છે, તેથી તે માર્ગ પર ટ્રાફીકનું સરળ નિયમન મુશ્કેલ બને છે. આથી સામાન્ય પ્રજાજનોને ઘણી જ અગવડ પડે છે. જે નિવારવા કીર્તીસ્તંભ બસ સ્ટેન્ડની બન્નેવ બાજુમાં ૨૦૦ મીટર સુધી તથા નહેરૂભુવન લાડ ભવન જવાના માર્ગ પર નહેરૂભુવનથી ૨૦૦ મીટર સુધી છગડા ઉભા રહી શકશે નહી. જે અંગેનું પ્રાથમિક જાહેરનામું ક્રમાંક ઉગપક/જાહેરનામું/૧૪૩૪/૦૧ તારીખ ૧૦મી જુલાઇ ૦૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે જાહેરનામા સંદર્ભે આમ જનતા તરફથી સૂચનો આવેલ છે. જેમાં રજુઆતો કરેલ છે કે લાલબાગ ફાટક તરફથી આવતા છગડાઓ મોટી સંખ્યામાં બગીખાના રોડ પર પુર ઝડપે આવના જતા હોય છે. અને બગીખાના રોડ વિસ્તારમાં આવેલ સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓ આવના જતા હોય છે. તેઓને અકસ્માત થવાનો પુરેપુરો ભય રહેતો હોય છે. અને કીર્તીસ્તંભ બસ સ્ટેન્ડ અને નહેરૂભુવનથી બગીખાના રોડ પર ટ્રાફીકનું ભારણ વધુ રહેતુ હોવાથી છગડા રીક્ષા મોતીબાગ તોપથી બગીખાના તથા કિર્તીસ્તંભથી રાજમહેલ મેઈન ગેટ સુધીનાં માર્ગ પર પ્રવેશવાં નહી દેવા પ્રતિબંધ મુકવા બાબતની રજુઆતો ધ્યાને લઈ આમ જનતાને ભય અગર અગવડ ન પડે અને વાહન વ્યવહાર સલામત રીતે સરળતાથી પસાર થાય તે હેતુસર તાત્કાલીક અમલમાં આવે તે રીતે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે કોઈ પ્રજાજનોને આ સામે વાંધા સૂચનો હોય તેઓએ સરકારી ગેઝેટમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાથી ૩૦ દિવસમાં વાંધા સુચનો મોકલી આપવા.

જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્રા, પોલીસ કમિશનર વડોદરા શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ લાલબાગ ફાટકથી મકરપુરા તરફથી તેમજ પાદરા રોડ પરથી આવતી છગડા રીક્ષાઓ શહેર વિસ્તારમાં મોતીબાગ તોપથી બગીખાના રોડ અને નહેરૂભુવન કિર્તીસ્તંભ અને રાજમહેલ મેઈન ગેટ તરફ આવવા અને જવા પર પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવામાં આવે છે. જે અંગે નિયમ કરું છું.

મેં આજ રોજ તારીખ ૨૮મી માહે ઓગસ્ટ ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે

જે. મહાપાત્રા,
પોલીસ કમિશનર,
વડોદરા.

BY DITRICT JUDGE

Notification

No. CB-991 of 2001.—The following Assistants working on the establishment of the Judicial District of Vadodara, are declaredto have passed the Higher and Lower Standard Departmental Examinations of the Judicial Department, held on 2nd July and 3rd July, 2001 in the District Court, Vadodara in pursuance of paragraph 569 of the Civil Manual 1960

Their names are arranged in Order of merits

Sr. No.	Name of the candidates with Seat Number	Designation and Office in which working	Remarks
1	2	3	4

Higher Standard Departmental Examination

INDEX

1	2	3	4

PART—I

Candidates appearing in all papers
No candidates are declared successful at the Higher Standard Departmental Examination

PART—II

The following Assistants, though fail at the Higher Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :—

No candidates are exempted in any of the paper or papers.

Lower Standard Departmental Examination

PART—I

Candidates appearing in all papers NIL !

PART II

Candidates who oabtained exemption in one or more than one paper in previous attempts:—

1.	Shri H. C. Vasava	(09)	Assistant, Civil Court (J. D.) Dabhoi
2.	Shri J. J. Tadvi	(10)	Assistant, Civil Court (J. D.), Chhotaudepur
3.	Shri A. B. Tadvi	(15)	Assistant, Civil Court (J. D), Padra
4.	Kum. R. P. Soni	(19)	Assistant, Small Causes Court, Vadodara
5.	Shri A. V. Shah	(20)	Assistant, Civil Court (J. D.), Savli
6	Shri M. J. Bhatt	(21)	Assistant, Civil Court (S. D.), Vadodara
7.	Shri B. D. Makwana	(22)	Assistant, Civil Court (J. D.), Sankheda

The following Assistants though failat the Lower Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :—

				Paper No.
1.	Shri Kishor B. Gohil	(1)	Assistant, District Court, Vadodara ..	II
2.	Smt. G. C. Dhodia	(04)	Assistant, Small Causes Court, Vadodara	III and Type Test
3	Shri V. A. Thakkar	(12)	Assistant Civil Court (J. D.), Dabhoi ..	Type Test
4.	Shri D. N. Vasava	(13)	Assistant, Civil Court (S. D.), Vadodara	Type Test
5.	Shri K. S. Vasava	(14)	Assistant, Civil Court (J. D.), Karjan ..	Type Test
6.	Shri A. V. Rathwa	(15)	Assistant, Additional Sessions Court, Chhotaudepur	Type Test

Vadodara, 29th August, 2001.

C. D. PATEL,
District Judge,
Vadodara.

જિલ્લા ન્યાયાધીશ શ્રી

જાહેરનામું

ક્રમાંક સી.બી./૯૯૧ / ૨૦૦૧.— વડોદરા જિલ્લાના ન્યાય ખાતાનાં મહેકમના નીચે જણાવેલા આસીસ્ટંટની તારીખ ૨ અને ૩ જુલાઈ, ૨૦૦૧ ના રોજ જિલ્લા ન્યાયાલય, વડોદરામાં સીવીલ મેન્યુઅલ, ૧૯૬૦ ના ફકરા–૧૬૬૯ અન્વયે લેવામાં આવેલી ન્યાયખાતાની ઉચ્ચ તથા નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલાં જાહેર કરવામાં આવે છે. તેઓના નામ ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલા છે :—

અનું નંબર	ઉમેદવારનું નામ તથા બેઠક નંબર	હોદ્દો તથા તેઓ જે કચેરીમાં કામ કરે છે તે કચેરીનું નામ	શેરો
૧	૨	૩	૪

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

INDEX

૧	૨	૩	૪

ભાગ— ૧

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં કોઈ ઉમેદવાર પાસ જાહેર થયેલ નથી.

ભાગ— ૨

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં કોઈપણ ઉમેદવારને એકપણ પ્રશ્નોપત્રોમાંથી મુક્તિ આપવામાં આવેલ નથી.

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

ભાગ— ૧

બધા પ્રશ્નપત્રોમાં બેઠા હોય તેવા ઉમેદવાર

..... જાથી .....

ભાગ— ૨

અગાઉના પ્રવાસોમાં એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં મુક્તિ મેળવી હોય તેવા ઉમેદવારો :

૧	શ્રી એચ. સી. વસાવા	(૯) આસીસ્ટંટ સીવીલ કોર્ટ, (જુડી.) હલોલ
૨	શ્રી જે. જે. તડવી	(૧૦) ,, સીવીલ કોર્ટ, (જૂ.ડી.) છોટાઉદેપુર
૩	શ્રી એ. બી. તડવી	(૧૫) ,, સીવીલ કોર્ટ, (જૂ.ડી) પાદરા
૪	કુ. આર. પી. શેની	(૧૯) ,, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા
૫	શ્રી એ. વી. શાહ	(૨૦) ,, સીવીલ કોર્ટ, (જૂ. ડી.), સાવલી
૬	શ્રી એમ. જે. ભટ્ટ	(૨૧) ,, સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા
૭	શ્રી બી. ડી. મકવાણા	(૨૨) ,, સીવીલ કોર્ટ (જુ. ડી.), સંખેડા

નીચે જણાવેલા ઉમેદવારો ન્યાયખાતાની નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં અનુત્તિર્ણ હોવા છતાં તેઓને તેમના નામ સામે જણાવેલા પ્રશ્નપત્રોમાંથી મુક્તિ આપવામાં આવે છે :—

		પેપર નંબર
(૧) શ્રી કિશોર બી. ગોહીલ	(૧) આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વડોદરા	૨ જો
(૨) શ્રીમતિ જી. સી. ઠોડીયા	(૪) આસીસ્ટન્ટ સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા	૩ જો અને ટાઈપ ટેસ્ટ
(૩) શ્રી વિ. એ. ઠક્કર	(૧૨) આસીસ્ટન્સ્ટ, સીવીલ કોર્ટ (જુ.ડી.), હલોલ	ટાઈપ ટેસ્ટ
(૪) શ્રી ડી. એન. વસાવા	(૧૩) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (સી. ડી.), વડોદરા	,,
(૫) શ્રી કે. એમ. વસાવા	(૧૪) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ (જુ. ડી.), કરજણ	,,
(૬) શ્રી એ. વી. રાઠવા	(૧૬) આસીસ્ટન્ટ, એડી. સેસન્સ કોર્ટ, છોટાઉદેપુર	,,

વડોદરા, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૧.

સી. ડી. પટેલ,
જિલ્લા ન્યાયાધીશ, વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમ.ઈ.ડી. વશી-૮૬૦/૨૦૦૧—નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામે ઝાડા ઉલ્ટીના ૧૯ કેસો થયેલા છે. જે પૈકી ૨(બે) કેસ કોલેરા પોઝીટીવ તરીકે માલુમ પડે છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા જિલ્લા પંચાયતના તારીખ ૨૨મી ઓગસ્ટ ૨૦૦૧ તારીખનો અહેવાલ ધ્યાને લેતાં કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દૃષ્ટિએ સાવચેતીનાં પગલાં રૂપે મોજે સેલંબા તા. સાગબારા ગામને કોલેરા ગ્રસ્ત જાહેર કરવું જરૂરી બનેલ છે,

સને ૧૯૮૭ના વાવડ રોગ અધિનિયમની કલમની ૨(બ) વંચાણે લેતાં અને કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું જી. જે. ચાંપાનેરી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા આથી મોજે સેલંબા તા. સાગબારા ગામને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું. તેમજ સેલંબાની આજુબાજુ ૧૦કી.મી. ના ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરૂં છું.

આ અંગે જરૂરી પગલાં લેવા સારૂ મામલતદારશ્રી, સાગબારાને ને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂ છું. જાહેરનામુ તા. ૩૧મી ઓક્ટોબર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૩મી ઓગષ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

———

જાહેરનામું

ક્રમાંક એમ.ઈ.ડી. / વશી / ૮૮૫. —નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામે ઝાડા ઉલ્ટીના ૧૯ કેસો થયેલ છે. જે પૈકી ૨(બે) કેસ કોલેરા પોઝીટીવ તરીકે માલુમ પડેલ હતાં. જેથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયત નર્મદાનાં તા, ૨૨મી ઓગષ્ટ ૧૦૦૧નો અહેવાલ ધ્યાને લઈ કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દૃષ્ટીઓ સાવચેતીનાં પગલાં રૂપે મોજે, સેલંબા, તાલુકો સાગબારા ગામને કોલેરા ગ્રસ્ત તથા સેલંબા ગામની આજુબાજુના ૧૦ કિ.મી. ત્રિજ્યાનાં ગામોને કોલેરા ભયગ્રસ્ત તરીકે અત્રેના જાહેરનામા ક્રમાંક એમ.ઈ.ડી. / વશી / ૮૬૦ / ૨૦૦૧, તા. ૨૩મી ઓગસ્ટ ૨૦૦૧ થી જાહેર કરવામાં આવેલ હતાં,

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત નર્મદાનાં પત્ર નં. જીપનં./જા.આ./ઈપીસી/૯૯૧, તા. ૨૪મી ઓગસ્ટ ૨૦૦૧ નાં મોજે, ગોનઆંબા, તા. સાગબારા ગામે પણ ઝાડા ઉલ્ટીનો ૧(એક) કેસ થયેલ અને તેજ કેસ કોલેરા પોઝીટીવ તરીકે માલુમ પડતાં મોજે ગોનઆંબા, તા. સાગબારા ગામને પણ કોલેરા ગ્રસ્ત જાહેર કરવું જરૂરી બનેલ છે.

સને-૧૯૮૭નાં વાવડ રોગ અધિનિયમની કલમ-૨(બી) વંચાણે લેતા અને કલમ-૨ થી મળેલ સત્તાની રૂએ હું જી. જે. ચાંપાનેરી, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા આથી મોજે ગોનઆંબા, તાલુકો સાગબારા ગામને કોલેરા ગ્રસ્ત તરીકે જાહેર કરૂં છું. તેમજ ગોનઆંબા ગામની આજુબાજુ ૧૦ કિ. મી. નાં ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરૂં છું.

આ અંગે જરૂરી પગલાં લેવાં સારૂં મામલતદારશ્રી સાગબારાને કોલેરા નિયંત્રણ અધિકારીશ્રી તરીકે જાહેર કરૂં છું. આ જાહેરનામું તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૪મી ઓગસ્ટ ૨૦૦૧ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ.

નંબર એમએજી/વશી/૧૧૯૫/૨૦૦૧.—લોકસભાની ચેટા ચૂંટણીના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ૧૫-સાબરકાંઠા લોકસભા મત વિભાગની ચેટા ચૂંટણીનું મતદાન તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ યોજાનાર છે અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ પૂરી થનાર છે. ભારતના ચૂંટણી પંચના તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના આદેશ ક્રમાંક ૪૬૪/એલએન્ડઓ/ઈઓસ/૦૨/૯૪ થી ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનોની અવર જવર અંગે સુચનાઓ આપેલ છે.

લોકસભાની ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકજ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થાય ટ્રાફીકને અડચણ ઉભી થાય વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટાં પ્રમાણમાં વાહનો ગાડીઓમાં સવાર થઈને જનારાને કારણે સાઈકલ ઉપર જનારા અથવા ચાલતા જનારને અગવડ ઉભી થવા સંભવ છે જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વારસે, હું મુકેશ પુરી, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના કલમ-૩૩(૧) (બી) હેઠળ અને મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ કે

(૧) સાબરકાંઠા જિલ્લામાં જાહેર રસ્તા ઉપર ત્રણથી વધુ વાહને કાફલામાં મોટરકાર અન્ય વાહનો અવર જવર કરવા દેવામાં આવશે નહી.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહી.

(૧) મેજિસ્ટ્રેટ અને પોલીસના વાહનો,

(૨) ચૂંટણી કામે જતાં સરકારી વાહનોને,

(૩) સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણી કામે સંપાદન કરવામાં આવેલ વાહનોને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિક્કો કરવામાં આવ્યો.

———

INDEX

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે

નંબર એમઝેજી/વશી-૧૧૯૬/૨૦૦૧.—ભારતના ચુંટણી પંચ દ્વારા ૧૫-સાબરકાંઠા લોકસભાની પેટા ચુંટણી-૨૦૦૧ નો ચુંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મતદાન યોજાનાર છે. ચુંટણીની સમગ્ર પ્રક્રિયા તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ પુરી થનાર છે. ચુંટણી પંચ દ્વારા હથિયારો અંગે જરૂરી સુચના તેમના તારીખ ૧૩મી માર્ચ ૧૯૯૬ ના હુકમ નંબર ૪૬૪/૯૪/એલએન્ડઓ/પીએલએન-૧થી બહાર પાડેલ છે.

ચુંટણી દરમિયાન જિલ્લાની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુકત ન્યાયી અને શાંતિપૂર્ણ ચુંટણી યોજાય તેમજ ચુંટણી પ્રક્રિયા દરમિયાન લોકોની સલામતી રહે, સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું મુકેશ પુરી, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઇપણ હથિયાર ધારણ કરી ફરવું નહી તેમજ હથીયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતાં હોય તેપને પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું અને હથિયાર ધારણ કરી હરવું ફરવું નહી.

ચુંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઇ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઇ અને સુનાવણી આપવાનું શકય નહોઇ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂ છું.

સદરહુ આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારી સ્ત્રીઓ સુરક્ષા કર્મચારીઓ, ચુંટણી પંચે નિમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહીં

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૧મી ઓગસ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

———

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

નંબર એમઝેજી /વશી-૧૧૯૩/૨૦૦૧.—ભારતના ચુંટણી પંચ દ્વારા ૨૦૦૧ ની ૧૫-સાબરકાંઠા લોકસભાની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લામાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મતદાનની તારીખ નક્કી થયેલ છે અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ પુરી થનાર છે. મુખ્ય ચૂંટણી અધિકારી ગાંધીનગરના તારીખ ૨૯મી જાન્યુઆરી ૧૯૯૮ ના પરિપત્ર નંબર ઇએલસી/૧૦૯૮/૭૬(૨)૬૭ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમિયાન વિશાળ કટઆઉટ, પાટીયાં બેનર વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવશે પ્રદર્શિત કરવામાં આવશે, એ જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી / ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહિત તમામ પ્રકારની જગાએ વિશાળ કમાનો દરવાજા જાહેરાત, પાટીયા, બેનર્સ ભીતસૂત્રો ધજા, પતાકા ભીતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકવામાં આવે છે આના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થતા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થતા સંભવ છે, જેથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે આગામી ૧૫-સાબરકાંઠ લોકસભાની પેટા ચૂંટણીની પ્રક્રિયા દરમિયાન વિશાળ કટ આઉટ જાહેરાત, પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર પ્રતિબંધ મુકવા માટે હું મુકેશ પુરી, આઇ, એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરાંઠા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું.

(૧) રાજય સરકારના નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ, નિગમો પંચાયતની માલીકીના રસ્તાઓ, માર્ગો મકાનો અથવા અન્ય કોઇ જાહેર જગાએ ઉપર કોઇપણ રાજકીય પક્ષ અથવા લોકસભાના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઇ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સપાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઇપણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા બેનર્સ મુકી શકાશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કપાનો દરવાજા ઉભા કરી શકાશે નહી, આવી આ મિલકત ભાડે આપી હશે તો પણ મૂકી શકાશે નહી.

(૨) સપાચાર બોર્ડ અથવા કટ આઉટ જાહેરાત, પાટીયા, પોસ્ટર ધજા, પતાકા, બેનર્સ ખાનગી માલીકીની જગામાં મુકવા માગતા હોય તો લોકસભાના ઉમેદવાર, માટેના કોઇ મંડળ, સંગઠન અથવા વ્યકિતને નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકશે.

(૧) હોર્ડીંગ્સની સાઇઝ ૧૫ફુટ × ૮ ફુટથી વધારે હોવી જોઇએ નહી.

(૨) કટ આઉટની ઉંચાઇ ૮ ફુટથી વધવી જોઇએ નહી.

(૩) જે તે રાજકીય પક્ષ ઉમેદવાર ખાનગી જગામા કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ મુકયા હશે તે જગાના માલીકની લેખીત મંજુરી લીધેલ હોવી જોઇએ આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી જ્યારે માગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) કટ આઉટ જાહેરાત ભીતસુત્રો પાટીયા, બેનર વિગેરે કોઇક સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ કટ આઉટ વિગેરે મુકવા સ્થાનિક કાયદા અનુસાર, સંબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલ હોવી જોઇએ.

INDEX

આ હુકમના ભંગ બદલ ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૧મી ઓગસ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે કરેલ.

નં. એમએજી / વશી-૧૨૦૦-૨૦૦૧.—ભારતના નિર્વાચન આયોગ દ્વારા ૧૫—સાબરકાંઠા લોકસભાની પેટા ચૂંટણી-૨૦૦૧ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં મતદાનની તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ નક્કી કરવામાં આવેલી છે. જે પ્રક્રિયા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધીમાં પુરી થનાર છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩ ૮-૯૪/ જેઓસ-૨, તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ ના પારા નં. ૩.૩ અને ૩.૫ માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાંવાળા વાહનો, સ્કુટર, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબ જ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ બાગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસાહતોને, મહોલ્લાઓ, વસાહતો અને લત્તાઓમાં પણ જાય છે. આના કારણે ખૂબ ધ્વનિ પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખૂબ જ પ્રતિકુળ અસર પડે છે. કારણ કે વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાનું શરૂ થઈ જાય છે અને તે ખૂબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજની ખૂબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખૂબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું મુકેશ પુરી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર)(૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે :—

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યાથી પહેલાં અને રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

(૨) કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલાં કે રાત્રે ૨૨-૦૦ કલાક પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સત્તાધિકારીએ જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતાં વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી, અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

મુકેશ પુરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા,
હિંમતનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ. ૧/૨૦૦૧/વશી/૧૭૦૩૩ થી ૧૭૦૮૩.— આગામી સપ્ટેમ્બર-૨૦૦૧ના માસમાં ૧૫, સાબરકાંઠા લોકસભાની પેટા ચૂંટણી યોજનાર હોવાથી રાજકીય પક્ષો દ્વારા પ્રચાર ઝુંબેશ શરૂ થશે જેના કારણે જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાન્તી અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લા વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી. અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈ પણ સાધન સાથે લઈ જવું નહી;

INDEX

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી;

(છ) આલંકારીક ભાષણો કરવાથી ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા નો ફેલાવો કરવાની રૂથી અથવા નિતીનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વારને હું એમ.બી. પટેલ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં માઈલ વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મના કરૂં છું આ હુકમ તારીખ ૨૦મી ઓગસ્ટ ૨૦૦૧ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીઓ એવું કંઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૨૦ માહે ઓગષ્ટ સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા) ની કલમ-૩૩(૧) મુજબ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલ

નં. ડી.બી.પી.એ. ૧/૨૦૦૧/વશી/ ૧૭૦૮૩ થી ૧૭૧૩૩.— આગામી સપ્ટેમ્બર-૨૦૦૧ના માસમાં ૧૫-સાબરકાંઠા લોકસભાની પેટા ચુંટણી યોજનાર હોવાથી આ ચુંટણી દરમ્યાન માન્ય રાજકીય પક્ષો તથા અન્ય ઉમેદવારો દ્વારા પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. લાઉડ સ્પીકરનો ઉપયોગ ચુંટણી પંચે નક્કી કરેલ નીતિ નિયમો મુજબ થાય તે જરૂરી છે જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવું મને જરૂરી જણાયેલ હોઈ હુ એમ.બી. પટેલ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા) ની કલમ-૩૩(૧) થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૨૦મી ઓગષ્ટ ૨૦૦૧ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી (બંન્ને દિવસો સહીત) સવારના ૬-૦૦ કલાકથી રાત્રિના ૨૨-૦૦ કલાકના સમય દરમ્યાન ચુંટણીના પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજૂરી મેળવીને કરી શકાશે, તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પિકર કોઈપણ સ્થળે તથા કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા પ્રતિબંધ મુકવા આથી હુકમ કરું છું.

તારીખ ૨૦ માહે ઓગષ્ટ સને ૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એપ્રુજી-પીઓએલ-વશી-૩૨૦૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, ભરૂચ આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૧ નાં રોજ સવારનાં ૬-૦૦ વાગ્યાથી તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧ નાં રોજ સાંજના ૨૪-૦૦ વાગ્યા સુધી (બંને દિવસ સુધ્ધાંની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું

અનુસૂચિ

સમગ્ર ભરૂચ જિલ્લો."

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ:—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતનાં ફોજદારી અધિનિયમ-૧૮૬૦ નાં ૪૫ માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી ઓગષ્ટ, સને ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની ક.મ-૩૭ ની પેટા કલમ ૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૧)વશી/૨૦૦૧.—ગાંધીનગર, ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભાં,

INDEX

સચિવાલય, રાજ્યભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ એમ. એલ. એ. ક્વાર્ટર્સ શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રિજુઆતો કરવા આવતા હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવાના હેતુથી હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૧ ક્લાક 00-00 થી ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ક્લાક ૨૪-00 સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, પોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ સ્ફોટક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું.

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું.

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું.

(૬) છટાદાર ભાષણ આપવાના, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચીત્રો, નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામની જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે ચ. પ. સેક્ટર-૧૭ અને સેક્ટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો.મી. વિસ્તાર.

અપવાદ :

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, જેઓને શારીરીક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી;

(૪) ફાયર બ્રીગેડ એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી;

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૯૫૯ ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ ૩ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭ (૩) વશી/૨૦૦૧.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજ્યભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ. એલ. એ. ક્વાર્ટર્સ, શાળા કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે અને અવાર નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆત કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબજ જરૂરીયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) તે વિસ્તારમાં વ્યક્તિઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ-(૩) થી મારી સત્તાની રૂઈએ હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર આથી સદરહું વિસ્તારમાં તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૧ ક્લાક 00-00 થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ક્લાક ૨૪-00 સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરનો નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફક્ત ઉપવાસીઓ માટે ચ. પ, સેક્ટર-૧૭ અને સેક્ટર-૨૨ ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

સદરહું હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

INDEX

જાહેર હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે,

નંબર ઉ/મકપ/મજસ/વશી/૨૭૪૭ થી ૨૭૫૬.— પંચમહાલ જિલ્લાના સંતરામપુર ખાતે સંતરામપુર પોલીસ સ્ટેશન-ની હદમાં સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા વિસ્તારમાં રવાડીનો મેળો તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી રાતદિવસ દરમ્યાન ભરાનાર છે. આ મેળામાં પંચમહાલ-દાહોદ-સાબરકાંઠા જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યોમાંથી ઘણાં મોટા પ્રમાણમાં માનવ મેદની એકત્ર થાય તેમ છે. અગાઉના વર્ષોના દુષ્કાળને લઈને કુવા તથા હેડપંપમાં પાણીના સ્તર નીચાં ગયેલ છે સંતરામપુર પ્રતાપપુરામાંથી પસાર થતી નદીમાં પણ પાણીનો જથ્થો નથી, સંતરામપુર નગરમાં પીવાના પાણીની પરિસ્થિતિ સંતોષકારક નથી, એકત્રિત થનાર જનમેદની પીવાના પાણીના પ્રશ્ન તથા જાહેર આરોગ્ય વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવાના હેતુથી "રવાડી"ના મેળામાં લોકોને એકત્ર થતાં રોકવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું એન. પી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૧ (બન્ને દિવસો સહ) સુધી સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા ખાતે "રવાડી" ના મેળા માટે લોકોએ એકત્ર થવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરતા શખ્સ ઈન્ડીઅન પીનલ કોડની કલમ ૧૮૮ અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ સહી કરી, કચેરીનો સિક્કો કર્યો.

એન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા.

જાહેરનામું

નંબર એમઈડી/વશી, ૨૦૦૧.—પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં કોલેરાના ચેપી રોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે, લુણાવાડા તાલુકામાં ચેપી રોગ પ્રસરે નહી તે હેતુથી મે. કલેકટર સાહેબ પંચમહાલ ગોધરાના જાહેરનામાં નંબર એમઈડી/વશી/૮૮૪ તારીખ ૧૮મી ઓગસ્ટ ૨૦૦૧ થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર લુણાવાડાની નિમણુંક કરવામાં આવી છે.

જે અન્વયે લુણાવાડા તાલુકાના હાડોડ ગામને કોલેરા ગ્રસ્ત તરીકે અને તેની આજુબાજુના ૮ કી. મી. વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

વાસ્તે હું, આર. એમ. ખાંટ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી લુણાવાડા કોલેરાના રોગના નિયંત્રણ માટે તથા તેનો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશનો તાત્કાલીક અમલ કરવા ફરમાવું છું.

(૧) લુણાવાડા તાલુકામાં આવેલ તમામ પ્રાથમિક શાળાઓ હાઈસ્કુલો અને છાત્રાલયોમાં બાળકોને પીવાનું પાણી પુરૂ પાડવાની ટાંકી તથા પાઈપ સંપૂર્ણ પણે સાફ કરી પીવાના પાણીની ટાંકીમાં જંતુનાશક દવા નાખી સ્વચ્છ પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા જે તે શાળા છાત્રાલયોમાં સંચાલકો તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવી અને રજુ કરવાનું રહેશે.

(૨) શાળા/છાત્રાલયોની બહાર કે કમ્પાઉન્ડમાં ખાણી પીણાની ચીજવસ્તુઓ ના વેચાય તે માટે આચાર્યશ્રીઓએ કાળજી લેવી અને જરૂર જણાય ત્યાં જાણ કરવામાં આવે.

(૩) લુણાવાડા તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પિટલો, નર્સીંગ હોમો, પ્રાઈવેટ પ્રેક્ટીશનરોને રકતદાન કેન્દ્રો અને લેબોરેટરીઓ ટિગેરેનો તેમના દ્વારા દરદીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીંજ કે સોયનો ઉપયોગ કરતાં ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીંજ કે સોયનો ઉપયોગ કરતાં પહેલાં તેની ઓટો ક્લીન અથવા ઓછામાં ઓછી ૧૫ મીનીટ સુધી પાણીમાં ઉકાળી ફરજીયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે, અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજીયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

(૪) તાલુકામાં તમામ ખાણીપીણાની સ્થળે અને પીવાના પાણી માટેની કોઠીઓ અથવા માટલા રાખી શકશે નહી અને જાહેર પાણીની પરબો પર પાણીના ઘડા કોઠી અને માટલા રાખી શકશે નહી તેમજ ખુલ્લો ઉઘાડો કે વાસી કોઈપણ જાતનો ખોરાક પણ વેચી શકશે નહી.

(૫) કોલેરા રોગ પ્રતિબંધક રસી મુકવાની કામગીરી મેડીકલ ઓફીસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

(૬) નાના બાળકોને જાહેર સ્થળોએ ખુલ્લામાં ઝાડે બેસાડવા નહી અને મળભુત મારફતે રોગનો ફેલાવો થતો હોઈ મળમુત્ર જાહેર કે ખુલ્લી જગ્યામાં નાખવું નહી.

(૭) લુણાવાડા તાલુકામાં ખાનગી હોસ્પિટલોમાં કોલેરાના રોગના દર્દીઓનો અંદરના દર્દી તરીકે દાખલ કરી શકાશે નહી અને આવા દર્દીઓને પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી દવાખાના કે હોસ્પિટલોમાં દાખલ થવા માટે મોકલવાના રહેશે.

(૮) પીવા માટેનું પાણી સપ્લાય કરતી સંસ્થાઓને કલોરીનેશન કરીને જ પાણી પુરૂ પાડવું.

ઉપરોકત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઈઓ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ થયા તારીખથી છ માસની મુદત સુધી અમલમાં રહેશે.

લુણાવાડા, તારીખ ૨૪મી ઓગષ્ટ ૨૦૦૧.

આર. એમ. ખાંટ,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી,
લુણાવાડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette,* Part —I, should be *read* to have been published in Issue No. 37, *Gujarat Government Gazette,* Part —I, dated 13th September, 2001 and for pages BHV-1 to BHV-208 (in 1 set) *read* page No. 3037 to 3244.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૩૭માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના બીએચવી-૧ થી બીએચવી-૨૦૮ (૧ બંચમાં) ને પાન નંબર ૩૦૩૭ થી ૩૨૪૪ વાંચવા.

Vadodara, 13th September, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

(૨) આ કચેરીની તા. ૫-૬-૯૬ની ગુજરાત સમાચારની જાહેર નોટીસ

(૩) શ્રી બી. એમ. પટેલ પાર્ક કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદના તા. ૩-૪-૯૭, ૨૨-૪-૯૭, ૨૩-૪-૯૭ અને તા. ૧૯-૧૨-૯૭ના પત્રો.

(૪) આ કચેરીની તા. ૮-૭-૯૬ની નોટીસ તથા તા. ૩૦-૪-૯૭, ૨૭-૮-૯૭ના પત્રો.

(૫) આ કચેરીનો તારીખ ૨૭/૩/૯૭ના ક્રમાંક : ફડચ/ફ ૨૨૪૧૧/ધ ૨/૩૯૫/૯૭નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ ૧૧૪૧૧/ધ ૨/૧૫૫૫/૯૭ :-ધી બી. એચ. પટેલ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલી રજી. નંબર : ધ-૯૮૨૩ તારીખ ૧૨-૧૧-૮૧ ધરાવતી ગૃહમંડળી છે. સદર મંડળીને ઓડીટ માટે લખેલ નોટીસ પરત આવતા સંદર્ભ ૧ના પત્રથી નોંધણી રદ કરવા ખાસ અહેવાલ થઈ આવેલ, જેના સંદર્ભે સંદર્ભ-૨ અન્વયે ગુજરાત સમાચારમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જા. નં. ૯૭ ઉપર સદર મંડળીના સમાવેશ કરી નોંધણી રદ કેમ ન કરવી તે બાબતે એક માસમાં રજુઆત કરવા જણાવતા મંડળીના તા. ૨૦-૬-૯૬ના પત્રથી થયેલ રજુઆત મુજબ મંડળીએ ઓડીટ ન કરાવતા સંદર્ભ-૪ના પત્રથી મંડળીએ ખરીદેલ જમીન અને કરાવેલ ઓડીટના રીપોર્ટ સહ આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન મળવાથી સંદર્ભ-૫ થી ફડચાનો વચગાળાનો હુકમ કરી દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ. જે દરમ્યાન સોસાયટીએ સંદર્ભ-૬માં દર્શાવેલ જુદાં જુદાં પત્રોથી રજુઆત કરી જણાવેલ છે કે મંડળીએ તારીખ ૩૦-૬-૯૬ સુધીનું ઓડીટ કરાવેલ છે. ઓડીટ વર્ગ-"બ" છે. સોસાયટીની નોંધણી બાદ સભ્યોને રહેઠાણ માટે આવાસો પુરા પાડવા માટે જમીન ખરીદેલ છે. તારીખ ૩૦-૬-૯૬ના અંતે ૩૪ સભ્યો પાસેથી રૂા. ૧૬-૫૧ લાખ જમીન ફાળો ઉઘરાવેલ છે. અને જમીન ખરીદ પેટે રૂા. ૧૫.૨૮ લાખ ચુકવેલ છે. મંડળી ના નામે રેવન્યુ રેકર્ડમાં જમીન થયેલ નથી. સરકારશ્રીની રીઝર્વેશન વાળી જમીન ખરીદેલ છે. જેથી જમીન ખરીદીના ટાઈટલ ક્લીયર કરવાના બાકી છે. જે જમીન અંગે સુપ્રિમ કોર્ટમાં કેસ પડતર હોવાનો ઓડીટ અહેવાલમાં ઉલ્લેખ છે. જે તમામ બાબતો જોતા સોસાયટીએ સભ્યોને આવાસો પુરા પાડવા જમીન ખરીદ કરેલ હોવાથી મંડળીને ફડચામાં લઈ જવાથી સભ્યોને ન પુરી શકાય તેવી હાની થવાની સંદર્ભ છે. મંડળી સભ્યોને જમીન મેળવી વ્યાજબી કીંમતે આવાસો પુરા પાડવા પ્રયત્નશીલ છે. મંડળી વર્ષોથી ખરીદેલ જમીન માટે લડી રહેલ છે. અને તે અંગે નિર્ણય થવાના તબક્કામાં હોવાની સોસાયટીની રજુઆત હોઈ સભ્યોના વિશાળ હીતને ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર ૨) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી બી. એચ. પટેલ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીનો તા. ૨૭-૩-૯૭નો ક્રમાંક : ફડચ/ફ-૨૨૪૧૧/ધ-૨/૩૯૫/૯૭નો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરૂ છું.

અમદાવાદ, તા. ૨૬-૧૨-૯૭.

જે—૮૨—૧

સેન્ટ્રલ ક્રમાંક : નઘણ/૪૧૮૬/ક-૨/૧૭૮૭/૯૭ :- ક્રમાંક : ધ-૧૮૦૯૦/ ૯૭:- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઓમ તિરૂપતિ કો.ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૪-૧૨-૧૯૯૭.

વંચાણે લીધા :-

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૨૨-૧૧-૯૫નો ક્રમાંક અપણ/૧૦૪/ખા-આંગ-૩/૬૦૮૯/૯૫ તથા તા. ૪-૧૦-૯૭ના ક્રમાંક: અપણ/૦૧/ગ-૨/૫૫૧૯નો પત્ર.

(૨) આ કચેરીની ગ-૩ શાખા તરફથી મળેલ સાંગા વિન્ડેલ ઓપ્લોં. કો-ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લિ. નો ૮૯-૯૦-નો ઓડીટ રીપોર્ટ.

(૩) ગુજરાત રાજય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

જા. નં. ફડચ/ફ ૧૧૪૫૯/ધ ૨/૮૦/૯૮ : ધી સાંગા વિન્ડેલ કો ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લિ. અમદાવાદ તે ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેના રજી. નંબર ૧૨૪૫૧ તા. ૧૫-૬-૭૮ છે. સદર સોસાયટીની સ્થાપના સાંગા વિન્ડેલ એન્જીનીયર્સ પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના કર્મચારીઓએ કરેલી છે. સદર ફેકટરી તેઓના તા. ૧૬-૮-૯૫ના નિવેદન મુજબ છેલ્લા પાંચ વર્ષથી બંધ છે. સદર સોસાયટીનું રેકર્ડ શ્રી જી. બી. પિલ્લાઈ ભુતપૂર્વ પ્રમુખ લગત સદર સોસાયટીના કબજામાં છે. ફેકટરી બંધ થયા તારીખથી સોસાયટી સ્થગિત અવસ્થામાં છે. સદર સોસાયટીનું તા. ૧-૭-૮૯ થી તા. ૩૦-૬-૯૦ સુધીનું ઓડીટ શ્રી બી. બી. પટેલ સબ-ઓડીટરે કરેલ છે અને સોસાયટીના સભ્યો ૫-૯૦ થી ફેકટરી બંધ થવાથી રાજીનામા આપીને ચાલ્યા ગયાનું જણાવેલ છે. ૩૦-૬-૯૦ને અંતે સોસાયટીમાં માત્ર ૭ સભ્યો છે. આમ સોસાયટી મે ૯૦ થી સ્થગિત અવસ્થામાં છે. ઓડીટ દરમ્યાન વાર્ષિક સા. સભાની ઠરાવ બુક રજુ થયેલ નથી. ૩૦-૬-૯૦ પછીનું હિસાબી રેકર્ડ લખાયેલ નથી. મંડળીની પાસબુક કે બેન્કના ઉતારા દફતરે નથી. જે તમામ બાબતો ધ્યાને લઈને કલમ ૧૦૭ અન્વયે કાર્યવાહી કરવા ભલામણ થયેલ છે.

ઉકત વિગતો જોતાં તથા સોસાયટીના ભુતપૂર્વ પ્રમુખ શ્રી જે. બી. પિલ્લાઈનું નિવેદન જોતાં સોસાયટી મે ૯૦થી સભ્યો રાજીનામું આપી ચાલ્યા ગયા ત્યારથી સ્થગીત અવસ્થામાં છે. સોસાયટીમાં સભ્ય સંખ્યા માત્ર ૭ ની રહે છે. જેથી મંડળીના રજીસ્ટ્રેશનની શરતો-૬(૧) નું પાલન થતું નથી. વળી મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબના ઉદ્દેશો માટે ચાલી શકે તેમ નથી. તેવું માનવાને પૂરતા કારણો છે જેથી સહકારી કાયદાની કલમ-૧૦૩(૧) સી-૨ મુજબ મંડળી કામકાજ કરતી બંધ થઈ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

ક્રમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ની કલમ ૧૦૩ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી સાંગા વિન્ડેલ કો.ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લિ. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું. મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એચ. જે. કાપડીયા સહકારી અધિકારી (ફડચા ૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૩૧ ૧ ૯૮

---

(૧) આ કચેરીનો તા. ૩-૧-૯૫નો પત્ર ક્રમાંક : ધરમ/૯૦૧/ખ-૧/૨૧/૯૫

(૨) આ કચેરીનો તા. ૨૦-૩-૯૫ના જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૪૮૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) આ કચેરીનો તા. ૫-૭-૯૫ના જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૯૫ ના ફડચાનો અંતિમ હુકમ.

(૪) ફડચા અધિકારી (મેનેજીંગ ડિરેકટરશ્રી, ન્યુ મહાલક્ષ્મી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદના તા. ૨૪-૧૦-૯૭ અને ૨૩-૧૨-૯૭ના પત્રો.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૪/૯૮ :-ધી ન્યુ મહાલક્ષ્મી કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર-ઘ-૫૯૭૭ તા. ૪-૯-૭૫ વાળી ગૃહ મંડળી છે.

સદરહુ મંડળીનો વહીવટ કસ્ટોડીયન હેઠળ હતો અને સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીએ વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઈચ્છતા ન હોવાથી તથા કસ્ટોડીયન દ્વારા સદર સોસાયટીને અસરકારક રીતે સંકલીત થઈ શકેલ ન હોવાથી સંદર્ભ-૧ની ભલામણ અન્વયે સંદર્ભ-૨થી વચગાળાનો ફડચાનો હુકમ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો તે માટે દિન-૩૦માં રજુઆતની તક આપવા છતાં સભ્યો તરફથી કોઈ રજુઆત ન આવતાં સંદર્ભ-૩થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો.ની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે ફડચા અધિકારી દ્વારા સદર સોસાયટીનો વહીવટ સંભાળી લેવામાં આવેલ છે.

આમુખ ૪માં દર્શાવેલ ફડચા અધિકારીના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અને સોસાયટીના સભ્યોની તા. ૨૧-૧૦-૯૭ના રોજ બોલાવવામાં આવેલ ખાસ સાધારણ સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ નંબર-૨ની વિગતે સોસાયટીના બહુમતી સભ્યોએ સોસાયટીને પુનઃજીવીત કરવાનું ઠરાવેલ છે. સદર સોસાયટી મોજે વટવા, અમદાવાદના સરનામે બંધાયેલ સોસાયટી છે અને સભ્યો ઘણા વખતથી વસવાટ કરે છે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાય. કોર્પો, લી.ની તમામ બાકી રકમ ચૂકવી દેવામાં આવેલ છે. હવે સંસ્થાનું સોસાયટી પાસે કોઈ લેણું નથી. અને સોસાયટીના સભ્યોએ સોસાયટીનો વહીવટ પરત મેળવવા વિનંતી કરેલ છે.

ઉકત તમામ વિગતો જોતાં સોસાયટી જુની બંધાયેલી છે. અને સોસાયટીના સભ્યોનો વહીવટ મેળવવાની માંગણી તથા ફડચા અધિકારીનો અહેવાલ જોતાં સોસાયટીની કાર્યવાહી અંગે નીચે દર્શાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદથી ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯(ખ) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી ન્યુ મહાલક્ષ્મી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. રજી.નં. ઘ ૫૯૭૭ તા.૪-૯-૧૯૭૫ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમીત કરાવી લેવાનું રહેશે.

(૨) સહકારી કાયદા કાનૂન અને મંડળીઓના પેટા નિયમો, લેન્ડ, સીલીંગ એકટ, જમીનને લગતા કાયદા, તથા અન્ય લાગુ પડતા સંબંધીત તમામ કાયદાઓનું સોસાયટીએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

સદરહુ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાની શરતે સોસાયટીને પુનઃજીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૮ ૧ ૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૦૫/ક-૨/૪૨૧૪/-ઘ૧-૮૦૯૧/૯૮ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ત્રિશુલમ કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩-૧-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૧૭૯/ક-૨/૦૩૬/ સે-૩૦૨૯૦/૯૭ :- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નેશનલ ચઈઝ સ. ડી.વી. કો.ઓપ. એમ્પ. ક્રેડીટ સો. લી. સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૬ ૧ ૯૮.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૧૦/ક ૨/૦૩૭/સે ૩૦૨૯૧/૯૮ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી હરભોળાનાથપાર્ક કો.ઓપ. હા. સર્વિસ સો. લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૬-૧-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૦૯/ક-૨/૦૫૭/ધ-૧૮૦૯૨/૯૮ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુરમ્ય એપાર્ટ. કો.ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭-૧-૧૯૯૮.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૧૩/ક-૨/૦૮૪/૯૪;ક્રમાંક:ભં-૪૭૭૭ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વરદાવિની નવાવાડજ ગ્રાહક સહકારી મંડળી લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા ૧૫/૧/૧૯૯૮.

સેન્ટ્રલ ક્રમાંક-નધણ/૪૨૨૦/ક-૨/૧૦૯/૯૮;ભં-૪૭૭૮:- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી અંબિકા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૩૧-૧-૯૮.

સેન્ટ્રલ : ક્રમાંક નધણ/૪૨૨૩/ક-૨/૧૦૮/૯૮ ભં-૪૭૭૯:- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રીનાથજી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩૧-૧-૯૪.

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૨૨૪/ક-૨/૧૧૦;ભં-૪૭૮૦:૭૭/- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ઘનશ્યામ ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)નીકલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૩૧-૧-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૧૯/ક-૨/૧૩૭/૯૮/ભં-૪૭૮૧:- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી વિદ્યાસાગરજી ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સોટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૨-૨-૯૪.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૧૬/ક-૨/૧૩૯/૯૮//ભં-૪૭૮૨ સને ૧૯૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે કે શ્રી સાંઈનાથ ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦)ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૨-૨-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૧૫/ક-૨/૧૯૦/૯૮/ઉ-ભં ૪૭૮૩ સને ૧૯૯૮:- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સુદર્શન ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦)ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)નીકલમ-૯ મુજબ આજ-રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૨-૨-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૧૮/ક-૨/૧૩૮/૯૮/ભં-૪૭૮૪/ સને ૧૯૯૮;- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી શીવ-શકિત ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદો-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૨-૨-૯૮.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા.૨૧-૬-૯૬ના પત્ર ક્રમાંક:ધરમ/૦૧/ખ-૧/ ૧૧૫૬/૯૬.

(૨) આ કચેરીનો તા.૩૧-૩-૯૭ના ક્રમાંક:ફડચ/ફ-૨૨૪૧૪/ધ-૨/ ૪૦૫/૯૭ નો ફડચાનો વચગાળાનો હુકમ.

INDEX

(૩) સોસાયટીનો ૨-૭-૮૮ થી ૩૦-૬-૯૦નો ઓડીટ રીપોર્ટ અને મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) લગત આ કચેરીનો તા. ૮-૧૨-૯૭નો સ્થળ તપાસ અહેવાલ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/ફ-૧૧૪૧૪/ધ-૨/૧૦૨/૯૮/૧/ધી દીપલક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ રજી.નંબર ધ-૧૨૯૩૩ તા.૨૯-૩-૮૮થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદરહુ મંડળીની નોંધણી થયા બાદ ૩૦-૬-૯૦ સુધીનું ઓડીટ થવા પામેલ છે. ત્યારબાદનું ઓડીટ પૂર્ણ કરાવવા માટે ઓડીટર દ્વારા ઘણા પ્રયત્નો કરવા છતાં સોસાયટીનું ઓડીટ હાથ ધરી શકાયેલ નથી અને સોસાયટીના નોંધાયેલ સરનામે સભ્યોનો સંપર્ક કરતા સોસાયટીના બિલ્ડર્સ વડોદરા ખાતે રહે છે અને રેકર્ડ તેઓની પાસે હોઈ સોસાયટીમાં કોઈ રેકર્ડ નથી તેમ જાણવા મળેલ જેથી સોસાયટીમાં કોઈ કાયદેસરની કમીટી ન હોઈ વચગાળાની વ્યવસ્થા તરીકે કલમ-૭૪ ડી. અન્વયે કસ્ટોડીયનનો નિમણુંક કરવા ભલામણ થઈ આવતા કસ્ટોડીયનની નિમણુંક કરવામાં આવેલ. કસ્ટોડીયનને પણ સોસાયટીના દફ્તરનો ચાર્જ મળી શકેલ નહીં જેથી સંદર્ભ-૧ના પત્રની ભલામણ અન્વયે સંદર્ભ-૨ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને સભ્યોને રજુઆત માટે દિન-૩૦ની તક આપવામાં આવેલ હતી. સોસાયટીના નોંધાયેલ સરનામેથી દીપલક્ષ ફ્લેટ ઓસોસીએશનના સભાસદોની રજુઆત થયેલ છે કે તેઓ દીપલક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. સાથે સંકળાયેલ નથી. સદર બાબતે કચેરીના મદદ. સહકારી અધિકારી દ્વારા સ્થળ તપાસ કરાવતા સદર સહકારી મંડળીના મુખ્ય પ્રયોજક વડોદરા ચાલ્યા ગયેલ હોવાનું જાણવા મળેલ છે. ૩૦-૬-૯૦ના ઓડીટ રીપોર્ટ સાથે સભાસદોની યાદી બન્ને દીપલક્ષ ફ્લેટ એસોસીએશનના સભાસદોની યાદી ચકાસતા બન્ને સંસ્થાના સભ્યો ભિન્ન ભિન્ન છે. ઓડીટ રીપોર્ટ મુજબ સહકારી મંડળીએ બાનાખત કરાવેલ જમીન માફક ન આવતા બાનાખત રદ કરાવીને બાનાની રકમ પરત મેળવેલ છે. અને સોસાયટી જમીન વગરની નોંધાયેલ ગૃહમંડળી થવા પામેલ છે. આમ સોસાયટીના નોંધાયેલ સરનામે તપાસ કરવા છતાં સોસાયટી અંગેની કોઈ ચોકકસ મોહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી. આમ સોસાયટીનું કોઈ અસ્તીત્વ હોવાનું પ્રસ્થાપીત થતું નથી. આમ સોસાયટીના જમીન સાથે રજીસ્ટ્રેશન થયા પછીના વ્યાજબી સમયની અંદર મંડળીના ઉદેશો મુજબની કામગીરી કરેલ હોવાનું પ્રસ્થાપીત થઈ શકતું નથી. આમ સોસાયટી અસ્તીત્વ ધરાવતી નથી અને સહકારી કાયદા-કાનુન અને પેટાકાયદા તથા મંડળીના પેટાનિયમો મુજબના ઉદેશો પૂર્ણ કરવા નિષ્ફળ ગયેલ હોવાનું માનવાને પૂરતા કારણો રહે છે. જેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧)ની જોગવાઈ હેઠળ અમોને પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી દીપલક્ષ કો-ઓપરેટીવ હાસીંગ સોસાયટી લિ. અમદાવાદ રજી. નંબર-૧૨૯૩૩ તા.૨૯-૩-૮૮એ મંડળીનું રજી-સ્ટ્રેશન થયાના વાજબી સમયની અંદર મંડળીના ઉદેશો મુજબની કામગીરી શરૂ કરેલ ન હોઈ સદર કાયદાની કલમ-૨૦(૧)ની જોગવાઈ મુજબ ધી દીપલક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. અમદાવાદની નોંધણી રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા.૪-૨-૧૯૯૮. ——

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક/નધણ/૪૨૦૮/ક-૨/૯૪૬/૯૮;- ક્રમાંક ધ-૧૮૦૯૪/સને ૧૯૯૮:-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે:- શ્રી અલનૌરીન કો.ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)નીકલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ તા. ૪/૨/૯૮

વંચાણે લીધા :-

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદનો તા.૧૮-૧૨-૧૯૯૭નો પત્ર ક્રમાંક:અધણ/ગ-૫/૭૪૫૯.

(૨) આ કચેરીનો તા.૨૭-૩-૧૯૯૭નો ક્રમાંક:ફડચ/ફ/૨૨૪૦૧/ધ-૨/૩૮૫/૭નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) બાણાવાળીપાર્ક કો.ઓ. હા. સો. લી. અમદાવાદના તા.તાં. ૨૮-૪-૧૯૯૭, ૧૫-૫-૧૯૯૭, ૨૭-૧૦-૧૯૯૭, ૧૫-૧૨-૯૭ના પત્રોથી મળેલ રજુઆત.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૦૧/ધ-૨/૧૧૨/૯૮/ધી બાણા-વળી પાર્ક કો.ઓ. હા. સો. લી. અમદાવાદ તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નં. ધ-૯૮૯૮ તા. ૩-૫-૧૯૮૨થી નોંધાયેલ ગૃહમંડળી છે. સદર મંડળીનું તા. ૧-૧-૧૯૮૪થી ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ ને અંતેની ઓડીટ નોંધ મુજબ સોસાયટીએ નોંધણી તારીખથી ઓડીટ સમય સુધીમાં જમીન ખરીદેલ ન હોઈ અને સભ્યોને રહેઠાણ માટે મકાનો પુરા પાડવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોઈ સંદર્ભ-૧ના ખાસ અહેવાલથી સોસાયટીની કલમ-૨૦(૧) અન્વયે નોંધણી રદ કરવા ભલામણ થતા આ કચેરીથી સોસાયટીને નોંધણી રદ કેમ ન કરવી તે બાબતે કારણદર્શક નોટીસ પાઠવીને રજુઆતની પુરતી તક આપીને સોસા.ની રજુઆત ધ્યાને લીધા બાદ સંદર્ભ-૨ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરીને દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ જે અંગે સોસાયટી તરફથી સંદર્ભ-૩નં જુદા જુદા પત્રોથી કરવામાં આવેલ રજુઆત મુજબ સોસાયટી પછાત વર્ગની અને ગરીબ વર્ગની મંડળી છે. સરકારી ફાજલ જમીન મેળવવા મહેસુલ વિભાગ, પછાત વર્ગ કલ્યાણ ખાતાનો સહકાર સાંપેલ છે સોસા. એ ખોખરા મહે-મદાવાદની સીમના સર્વે નં-૧૦૬ની જમીનની માંગણી કરેલ છે.

INDEX

કેથી વચગાળાનો આદેશ સ્થગીત રાખવા વિનંતી કરેલ જે અંગે પુન:થયેલ પ્રગતી રીપોર્ટ આ કચેરીના તા.૧૫-૧૦-૧૯૯૭ના પત્રથી પુછાવતા સોસાયટીએ જવાબ રજુ કરવા તા.૨૭-૧૦-૯૭ના પત્રથી એક માસની મુદતની માંગણી કરતા તે બાહય રાખીને એક માસની મુદત આપવામાં આવેલ જે અંગે તા.૧૫-૧૨-૯૭ના પત્રથી લેખીત રજુઆત કરતા જણાવેલ છે કે સોસાયટીએ અગાઉ ૨૫-૩-૯૬, ૨૪-૬-૯૬, ૧૫-૫-૯૭ના પત્રોથી જરૂરી રજુઆતો કરેલ છે. મંડળીએ જમીન નથી મેળવી તે એક કારણસર ફડચામાં લઈ જવી યોગ્ય નથી, મંડળીની નોંધણી થઈ ત્યારે જમીન વગર નોંધણી થયેલ હોઈ જમીન ન મેળવવાના કારણોસર ફડચામાં લઈ જવી કોઈપણ સંજોગોમાં વ્યાજબી અને ઉચીત નથી સોસા. એ ૩૦-૬-૯૪સુધીનું ઓડીટ કરાવેલ છે. મંડળીએ નોંધણી થયા બાદ સરકારી ફાજલ જમીન મેળવવા પ્રયાસ કરેલ છે. જે તમામ બાબત ધ્યાને લઈને સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

સોસાયટીની ઉપર મુજબની તથા સંદર્ભ-૩માં દર્શાવિલ પત્રો-માંની રજુઆતો ધ્યાને લેતા જણાય છે કે સોસાયટીની નોંધણી સને ૧૯૮૨માં થયેલ છે ત્યારથી આજ સુધીમાં સોસાયટીને વ્યાજબી સમય મળેલ હોવા છતાં મંડળીના ઉદેશો મુજબની કાર્ય-વાહી શરૂ કરી શકેલ નથી તેમ સ્પષ્ટ થાય છે. મંડળીએ સને ૧૯૮૪થી ૧૯૯૪નું લગભગ ૧૧વર્ષનું ઓડીટ એક સાથે કરાવેલ છે. આમ મંડળી સ્થગીત અવસ્થામાં છે. અને સહકારી કાયદા કાનુન અને પેટાનિયમો મુજબના ઉદેશો પુર્ણ કરી શકે તેવી શક્યતા જણાતી નથી. આમ ઓડીટરશ્રીનો રીપોર્ટ અને સોસાયટી ની રજુઆતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએથી બાણાવળી પાર્ક કો.ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરું છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ.સૈયદ સહકારી અધિકારી(ફડચા-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૫-૨-૯૮.

વંચાણે લીધા .

(૧) અત્રેના કાર્યાલયના તા. ૧-૧૦-૯૭નાં જા નં. ફડચ/ફ ૧૧૪૦૬/ધ—૨ ૧૧૪૬નો ફડચામાં લઈ જવામાં આવેલ અંતિમ હુકમ

(૨) સહકારી અધિકારી ફડચા ૧ લગત આ કચેરીનાનો તા. ૧૯-૧-૯૮ના જા. નં. ફડચ/ફ ૧/૨૫/૯૮થી સામેલ થઈ આવેલ પુન:જીવીતની દરખાસ્ત તથા તે સાથેના બીડાણો.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯(ખ)ની જોગવાઈ.

પ્રસ્તાવના :

જા.નં. ફડચ/ફ ૧૧૪૦૬/ધ ૨/૧૧૬/૯૮

ધી ભાર્ગવ ગ્રાહક સહકારી મંડળી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહ. મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ અન્વયે નોંધા

યેલ, નોંધણી ક્રમાંક : ભ ૪૦૦૧ તા. ૧૯ ૧૨ ૯૯ ધરાવતો સહકારી ગ્રાહક ભંડાર છે. જેને સંદર્ભ ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. અને તે હુકમ કરતા પહેલાં મંડળીને કારણોદર્શક નોટિસ વચગાળાળાનો હુકમ તથા સાંભળવાની માટે આપેલ તકો ના કારણે કવર સહિત પરત આવતા હતા. જેથી સોસાયટીને જે તે વખતે રજુઆતની તક સાંપડેલ ન હતી. જેથી સંદર્ભ ૧ નો હુકમ કરવામાં આવેલ હતો. અને તે હુકમ અન્વયે સહકારી અધિકારી ફડચા ૧ની 'નિમણુંક કરવામાં આવેલ હતી. અને તે હુકમ મુજબ મંડળીનો ચાર્જ મેળવવા ફડચા અધિકારી એ તપાસ કરતાં તેના છેવટના કાર્યવાહકોનો સંદર્ભક કરેલ, અને મંડળીનો દફતરનો હવાલો સંભાળી લીધેલ છે. ત્યારબાદ સંદર્ભ ૨ ના ફડચા અધિકારીશ્રીના પત્રથી સોસાયટી દ્વારા સોસાયટીને પુન: જીવીત કરવા આપેલ તા. ૮-૧-૯૮ની દરખાસ્ત સંદર્ભ ૨થી ભલા મણ થઈ આવતા, આ મંડળીએ નોન રેશનીંગની કામગીરી કરેલછે. અને છેવટ સુધીના હિસાબો પણ રજુ કરેલ છે. અને મંડળીએ રેશનીંગનું લાયસન્સ મેળવવાની કાર્યવાહી અરંભેલ હોવાનું જણા-વેલ છે. સબબ ફડચા અધિ. દ્વારા તેમના અહેવાલમાં હિસાબી પત્રકો ચકાસીને આ મંડળી હાલ કાર્યરત હોવાની અને પુન. જીવીત કરવા માટે સ્પષ્ટ ભલામણ કરવામાં આવેલ છે.ઉકત વિગતો સોસાયટીની રજુઆત ફડચા અધિકારીનો રિપોર્ટ તથા ફાઈલ ઉપરની વિગતો જોતા સોસાયટીએ તા. ૩૦-૬-૯૫ સુધીનું ઓડિટ કરાવેલ છે. ઓડિટ વર્ગ-'ક' છે. તા. ૩૦-૬-૯૭ તથા છેવટ સુધીના હિસાબો નિભાવેલ છે, અને રેશનીંગ લાયસન્સ કાર્યવાહી ચાલુ હોવાની મેળવવાની રજુઆત છે. સોસાયટીને અત્રેથી પાઠવેલ નોટિસ કે વચગાળાનો હુકમ કે અંતિમ હકમ હોદેદારો બદલીના મળેલ નથી પણ ફડચા અધિકારીના પ્રયાસને કારણે સોસાયટીના વરેએબાઉટસ તથા છેવટના હોદ્દેદારોનાં નામ સરનામાં મળી આવેલ છે, સોસાયટી સ્થગિત અવસ્થામાં નથી. સોસાયટીના પ્રયોજકોને સહકારી કાયદા કાનૂન મુજબ વહીવટ ચલાવવામાં રસ છે. અને અત્રેથી આપવામાં આવેલી સુચનાઓનું પાલન કરવાની અને સમયસર ઓડિટ કરાવી લેવાની ખાત્રી આપેલ છે. અને સહકારી અધિકારી ફડચા-૧-એ સહકારી કાયદાની કલમ ૧૯ (૫) અન્વયે સો.સા.ને પુન:જીવીત કરવા અંગે સ્પષ્ટ ભલામણ કરેલ છે. જે ધ્યાને લેતા નીચે મુજબનો હકમ કરવો મુનાસીબ જણાયછે

હુકમ.

આથી હું શ્રી જે, જી. વ્યાસ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯(ખ) અન્વયે મને મળેલ અધિ-કારોની રૂએ ધી ભાર્ગવ ગ્રાહક સહકારી ભંડાર લી., રજી. નં. ભ-૪૦૦૧ તા. ૧૯-૧૨-૯૯ને નીચે દર્શાવિલ શરતોને આધિન પુન: જીવીત કરવાનો હુકમ કરૂં છું.

શરતો :

(૧) મંડળીઓ તેનું બાકી ઓડિટ સહકારી કાયદાની કલમ ૯૪ અન્વયે પૂર્ણ કરાવી લેવાનું રહેશે. અને વખતોવખત ઓડિટ નિમમોનુસાર સમયસર કરાવી લેવાનું રહેશે.

(૨) મંડળીઓ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧, નિયમોના ૧૯૬૫ તથા મંડળીના પેટા નિયમોને સુસંગત અને આધિન રહીને વહીવટ કરવાનો રહેશે.

અમદાવાદ, તા. ૫-૨-૯૮.

INDEX

સેન્ટ્રલ ક્રમાંક : નંધણ/૪૨૧૭/ક ક૨/૧૪૮/૯૮ ક્રમાંક ઉ ધ ૧૮૦૯૫/૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સમૃદ્ધિ કો. ઓપ. હા. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગજરાતના કાયદા ૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૫-૨-૯૪.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૯-૯-૯૫ના ક્રમાંક : અધણા/ગ ૨/૪૪૮૬ થી મોકલેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨-૧૦-૯૭ના ક્રમાંક : ફડચ/ફ/૧૧૪૪૧/ધ ૨/૧૧૨૯/નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

(૪) ધી સોહમકુંજ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદના તા. ૧૦-૧૦-૯૭, ૨૫-૧૧-૯૭, ૧૮-૧૨-૯૭ અને ૫-૧-૯૮ના પત્રો.

પ્રસ્તાવના :

જા. નં. ફડચ/ફ/૧૧૪૪૧/ધ-૨/૧૫૬/૯૮.

ધી સોહમકુંજ કો ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૧૬ ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ધ-૬૭૬૨ તારીખ ૫-૮-૭૭ વાળી ગૃહ મંડળી છે. સંદર્ભ ૧ના પત્રથી સોસાયટીને ઓડિટ માટે પાઠવવામાં આવતા પત્રો સોસાયટીના નોંધાયેલા સરનામા ઉપરથી સ્વીકારાયા વગર પરત ફરતા કલમ ૨૦(૧) હેઠળ નોંધણી રદ કરવા ભલામણ કરવામાં આવેલ જે ધ્યાને લઈ સોસાયટીને રજૂઆતની વ્યાજબી તક મળી રહે તે તથા કુદરતી ન્યાયના હિતમાં તા. ૫-૬ ૯૬ના ગુજરાત સમાચારમાં જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવેલ. જે અન્વયે સોસાયટી દ્વારા થયેલ રજાઆત ધ્યાને લઈને તા. ૧૨-૭-૯૬ના આ કચેરીના પત્રથી બાકી ઓડિટ કરાવી લઈને જાણ કરવા જણાવવામાં આવેલ જેનો અમલ ન થવાથી સંદર્ભ ૨થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો સેલ્ફ સ્પીકીંગ વચગાળાનો હુકમ કરી તે સામે રજુઆત કરવા માટે સોસાયટીને દિન ૩૦ની તક આપવામાં આવેલ જે અંગે સોસાયટીના સંદર્ભ ૪ના પત્રોથી કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં સોસાયટીએ તા. ૩૦-૬-૯૬ સુધીનું ઓડિટ કરાવેલ છે ઓડિટ વર્ગ 'બ' છે.

સોસાયટીને સમાજ કલ્યાણ ખાતાની ૨૧૯ હેઠળની હાઉસીંગ લોન મળેલ છે. જેની વસૂલાત નિયમિત સભ્યો પાસેથી કરવાની અને સરકારશ્રીમાં ભરપાઈ કરવાની સોસાયટીએ બાંહેધરી આપેલ છે. આમ સમગ્ર હકીકતો અને રજુઆત ધ્યાને લેતા સોસાયટી સહકારી કાયદા કાનૂન અને પેટા નિયમો મુજબ વહીવટ કરી રહેલ છે. અને ઓડિટ પણ કરાવેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી સોહમકુંજ કો ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો જે આ કચેરીના તારીખ ૧૦-૧-૯૭ના ક્રમાંક : ફડચ/ફ/૧૧૪૪૧/ધ ૨/૧૧૨૯ થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે રદ કરતો હુકમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૬-૨-૯૮.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદનો તા. ૧૦-૯-૯૬નો પત્ર ક્રમાંક : અધણ/૨૨૫/ગ-૪/૧૫૩૬.

(૨) આ કચેરીની તા. ૧૯-૭-૯૭ની કારણ દર્શક નોટિસ.

(૩) આ કચેરીનો તા. ૧૩-૧૧-૯૭નો ક્રમાંક : ફડચ/ફ-૧૧-૪૫૦/ધ-૨/૧૩૪૦નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ચેરમેનશ્રી, સતનામ સદ્‌ગુરૂ કબીર સાહેબ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદનો તા. ૧૭-૧૨-૯૭નો પત્ર.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ફડચ/ફ-૧૧૪૫૦/ધ-૨/૧૫૭/૯૮

ધી સતનામ સદ્‌ગુરૂ કબીર સાહેબ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદ તે સહકારી કાયદા કાનૂન અન્વયે નોંધાયેલ રજી. નંબર ધ ૯૦૯૯ સને ૧૯૮૨વાળી સહકારી ગૃહ મંડળી છે.

સદર મંડળીના ઓડિટ માટે નિયુકત ઓડીટરશ્રીએ અનેકવાર લખાણ કરવા છતાં ઓડિટ થઈ શકેલ નથી. ઉકત સંસ્થા વાઘરી કોમના સભ્યો માટે વગર જમીને નોંધવામાં આવેલ હતી. તે પછી સરકારશ્રીએ વાઘરી કોમના ૧૨૬ સભ્યોને રહેણાંકના મકાન બાંધવા માટે મંજૂરી આપતા કલેકટરશ્રી દ્વારા જમીન ફાળવાઈ હતી. પરંતુ આ જમીન ઉપર કબીર ચેમ્બર નામનું શોપીંગ સેન્ટર બંધાયેલ છે. અને મંડળી તરફથી ઓડિટ માટે કોઈ રેકર્ડ રજુ થયેલ નથી. આમ મંડળીની નોંધણીના ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં આવતી ન હોઈ સંદર્ભ-૩થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરી તે સામે દિન ૩૦માં રજુઆત કરવા માટે તક આપવામાં આવેલ હતી જેના સંદર્ભ ૪-થી સોસાયટીએ કરેલ રજુઆતમાં સોસાયટીને ફડચામાં લઈ જવાના વચગાળાના હુકમ સંદર્ભે કોઈ રજુઆત કરેલ નથી. અને ઓડિટ કરાવવા માટે મુદતની માંગણી કરવામાં આવેલ છે. સોસાયટીની રજુઆત જોતાં સોસાયટી સહકારી કાયદા કાનૂન અને પેટા-નિયમો મુજબ કામગીરી કરતી નથી તેમ માનવાને સ્પષ્ટ કારણ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ.

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી સતનામ સદ્‌ગરૂ કબીર સાહેબ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું.સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા સહકારી અધિકારી (ફડચા-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૬-૨-૯૮. સહી (જે.જી. વ્યાસ)
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર)
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ તા. ૨-૧-૯૬ના પત્ર ક્રમાંક : અપણ/૧૪૨/ખ/ અ./ગ-૫૩/૫૧.

(૨) આ કચેરીની તા. ૨-૭-૯૬ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૭૪૩/૯૬ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તા. ૧૩-૧૧-૯૭ના ક્રમાંક : ફડચ/ફ-૧૧૪૫૧/ ધ-૨/૧૩૪૧/૯૭નો ફડચામાં લઈ જવાનો વચગાળાનો હૂકમ.

(૪) ગુજરાત રાજય સહકારી મંડળીઓની અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૫૧/ધ-૨/૧૫૮/૯૮ :-ધી દાદાસાહેબ આંબેડકર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદ તે સહકારી કાયદાની કલમ-૯ અન્વયે રજીસ્ટર્ડ નંબર ધ-૮૭૨૦ તા. ૨૫-૧૨-૮૧થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળીના તા. ૧-૭-૮૭થી ૩૦-૬-૯૩ સુધીના ઓડીટ અહેવાલને ધ્યાને લઈ સંદર્ભ-૧ના જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સ. મં. (શહેર), અમદાવાદના પત્રથી ખાસ અહેવાલ થઈ આવેલ છે, જે તે મુજબ સોસાયટીના ધ્યાને આવેલ ખામીઓ નીચે મુજબ છે.

(૧) મંડળીના પેટા નિયમ-૧૩(બ) મુજબ સમાજ કલ્યાણ અધિકારીશ્રીનો, કોઈ સભ્ય માટે જાતીનો દાખલો ઓડીટમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી પેટા કાયદાની કલમ-૨૭ નો પણ ભંગ કરેલ છે.

(૨) આ કચેરીના તા. ૩૦-૪-૯૩ના મંડળીને પુનઃજીવીત કરવાના આદેશની શરતોનું પાલન કરેલ નથી.

(૩) મંડળીના તમામ પ્રયોજકો બદલાઈ ગયેલ છે. અને ૧ થી ૧૦ સભ્યો અનુસુચિત જાતીના નથી.

આમ સદરહ મંડળીએ સહકારી કાયદા-કાનુન અને પેટાનિયમોનો ભંગ કરેલ છે. એઅને કાયદા કાનુન મુજબ મંડળીના ઉદ્દેશો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ સંદર્ભ-૨ના પત્રથી કારણદર્શક નોટીસ પાઠવી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી ? તે અંગે રજુઆતની તક આપવામાં આવેલ પણ મંડળી તરફથી કોઈ રજુઆત મળવામાં ન હોવાથી સંદર્ભ-૩થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હકમ કરવામાં આવેલ અને દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ પણ મંડળીના નોંધાયેલ સરનામે મોકલવામાં આવેલ આર.પી.એ.ડી. સ્વીકારાયા વગર પરત ફરેલ છે. આમ મંડળી સ્થગીત અવસ્થામાં હોવાનું અને સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમો મુજબ કામગીરી કરતી ન હોવાનું માનવાને પૂરતા કારણો હોવાથી નીચે મુજબનો હકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી દાદાસાહેબ આંબેડકર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું. સદરહ મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા સહકારી અધિકારી (ફડચા --૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૬-૨-૯૮.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭-૨-૯૭નો જા. નં. ફડચ/ફ-૧૧૩૨૮ ધ-૨/૧૮૪/૯૭નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) સોસાયટીના વહીવટદારના તા. ૧૯-૧૨-૯૭ના પત્રની રજઆત.

(૩) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. હા. ફાય. કોર્પો. લી. અમદાવાદ નો તા. ૧૦-૯-૯૭નો જા. નં. આઈ.ઈ.સી. વહટ/૨૬/ ૪૫૩૫નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૨૮/ધ-૨/૧૫૯/૯૮ :-ધી જયંતપાર્ક કો.ઓ. હા. સો. લી. અમદાવાદે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ધ-૮૦૮૫, તા. ૧૯-૨-૧૯૮૦થી નોંધાયેલ ગૃહ મંડળી છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. સરકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદારની મહત્તમ અવધિ વિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલિત થઈ શકેલ નથી. જેથી સોસા. ને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં

INDEX

મંડળીના સભ્યો તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજદીન સુધી કરવામાં આવેલ નથી. તથા સંદર્ભ-૩ના પત્રથી રજુઆત કરવામાં આવેલ, જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી જ્યંતપાર્ક કો.ઓ. હા. સો. લિ. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો-રેશન લીમીટેડ, અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૬-૨-૧૯૯૮.

---

(૧) આ કચેરીનો તા. ૨૫-૩-૯૭નો પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ધ ૧/૭૮૦/૯૭

(૨) આ કચેરીનો તા. ૩૧-૩-૯૭ના ક્રમાંક : ફડચ/ફ ૨૨૪૧૮/ધ ૨/૪૦૯/૯૭નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી. અમદાવાદના તા. ૨૧-૭-૯૭ના જા. નં. આરઈસી/ઓ. ૫/૧૩૯/૩૧૦૯નો પત્ર.

(૪) ધી ગજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ન જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ ૧૧૪૧૮/ધ ૨/૨૧૬૦/૯૮: ધી પટેલ દ્વારકા-દાસ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લો. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ ગૃહમંડળ છે. જેનો નોંધણી નંબર : ધ ૭૮૦૮ તા. ૧૫ ૧૦ ૭૯ છે.

સદર મંડળી તા. ૨-૮-૯૧થી વહીવટદાર હેઠળ હતી અને તે આ મંડળીમાં સંદર્ભ ૪ની કલમ ૮૧ નીચે વહીવટદારની મહત્તમ અવધી વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળ લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા ન હતા તેમજ વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સંદર્ભ ૧ની ભલામણ અન્વયે સોસાયટીને સંદર્ભ ૨થ ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કર ને સોસા ટીના સભ્યોને સદર બાબતે રજાઆત કરવા માટે દિન ૩૦ની મુદત આપવામાં આવેલ તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા ૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ ત્યારબાદ આજસુધી સોસાયટીના સભ્યો દ્વારા મંડળીનો વહીવટ સંભાળી લેવા અંગે તથા સદર સંદર્ભ ૨ના હુકમ વિરૂધ્ધ કોઈ રજુઆત કર સોસાયટીને સહકાર કાયદા કાનુન અને પેટાનિયમો મુજબ સંચાલીત કરવા રસ દાખવેલ નથી. સંદર્ભ ૩નાં પત્રથી સંસ્થાએ તેઓનું સદર સોસાયટીમાં ૩૧-૩-૯૭સુધીનું રૂપિયા ૩૯૦૬૦૦૭-૪૨ પૈસાનું લેણુ બાકી હોઈ સોસાયટીને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવે તો ફડચા અધિકારી તરીકે સંસ્થાની નિમણુંક કરવા અંગે સંમતી સાથે વિનંતી કરેલ મે. જે તમામ બાબતે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે જી વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી પટેલ દ્વારકાદાસ કો ઓપ હાઉસીંગ સોસાયટી લી- અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરું છું- સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો ઓપ હાઈઉસીંગ ફાયસનાન્સ કોર્પો લી- ની નિમણુંક કરવામાં આવે છે

અમદાવાદ, તા ૧૬-૨-૧૯૯૮

વંચાણે લીધા :

(૧) ધી સબ ઓડીટર પ્રમાણીત સ મં. શહેર અમદાવાદ તા. ૫ ૯ ૯૪ના પત્ર ક્રમાંક : અપણુ/૧૮૩/૯૪

(૨) આ કચેરીનો તા. ૨-૧-૯૬ના ક્રમાંક ફડચ/૦૧/ધ૨-૪૦/૧૯૯૬નો ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ.

(૩) સહકારી અધિકારી (ફડચા ૧) લગત આ કચેરીનો તા. ૧-૫-૯૭નો જા. નં. ફડચ/ફ ૧/૪૭/૧૯૯૭નો પત્ર

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધીનીયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ ૨/૧૬૧/૯૮ : ધી શુભમંગલ કો.ઓ. હા. સો. લી.એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો રજી. નંબર ધ ૩૨૨૭ તા. ૨૮-૫-૬૯ છે.

સદરહું મંડળી તેના ઉદ્દેશો મુજબ કામકાજ કરતી નથી. મંડળીના ચોપડે દારો મળતા નથી. ઓડીટ કરાવતા નથી આ મંડળીને બદલાયેલ સરનામાની અત્રે જાણ કરેલ નથી. ઉકત વંચાણે લીધેલ સંદર્ભ ૧ વાળા પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે. સદર મંડળીને તેના છેવટના હીસાબોનું ઓડીટ કરાવેલ નથી. મંડળી ના સભ્યો કે કમીટી સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી મંડળી સહકારી કાયદા કાનુન તથા તેના મંજુર થયેલ પેટા નિયમ મુજબ ચાલતી નથી. કામકાજ કરતી નથી. મંડળી સ્થગીત અવસ્થામાં હોવાનું સ્પષ્ટ રીતે ફલીત થતુ હોવાથી સંદર્ભ ૨થી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરવામાં આવેલ, જેના સંદર્ભે સંદર્ભ-૩ ના પત્રથી સહકારી અધિકારી (ફડચા ૧)એ જણાવેલ છે કે, ફડચાના હુકમના સરનામે મંડળીના વેરએબાઉટ મળી આવેલ નથી તથા ખોખરા, બાલભવન પાસે શુભમંગલ એપાર્ટમેન્ટ છે કે જેનો નોંધણી નંબર : ધ ૩૨૨૭ તા. ૨૮-૫-૬૯છે. તે સોસાયટીનું છેવટ સુધીનું ઓડીટ થયેલ છે. જે અંગે જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદના તા. ૧-૧-૧૨-૯૭ના પત્રથી પણ સદરહુ નોંધણી નંબર ધ ૩૨૨૭ વાળી સોસાયટીનું ૩૦-૬-૯૫ સુધીનું ઓડીટ થયેલ હોવાનું જણાવેલ છે. આમ તમામ વિગતો જોતાં

INDEX

આ કચેરીઓથી થયેલ તા. ૨-૧-૯૬નો ફડચો અંતીમ હુકમ ભૂલ-ભરેલો જણાય છે અને હુકમમાં જણાવેલ નામ અને નોંધણી નંબર વાળી સોસાયટી અસ્તીત્વમાં ન હોવાથી સદરહુ હુકમ રદ કરવો જરૂરી બનતો હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૩ હેઠળ ધી ગુભમંગલ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને આ કચેરીના તા. ૨-૧-૯૬ના ક્રમાંક : ફડચ/૦૧/ધ ૨/૪૦/૧૯૯૬થી ફડચામાં લઈ જવાનો અંતીમ હકમ કરવામાં આવેલ છે તે ખામી ભરેલ જણાતાં રદ કરતો હકમ કરું છું

અમદાવાદ, તા. ૧૬-૨-૯૮.

વંચાણે લીધા :—

(૧) સાતમા વધારાના ઓડીટરશ્રી સહકારી મંડળીઓ(ગ્રાહક) અમદાવાદનો તા.૯-૧-૯૫નો ક્રમાંક:અધણ/૦૧/૫/૯૫નોપત્ર

(૨) તા. ૧-૪-૯૫ના ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ કરેલ જાહેર નોટીસ.

(૩) અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેઙ. લી., અમદાવાદ(મુખ્ય-શાખા) નો તા.૧૬-૩-૯૬ના જા.નં.૩૧૩૨૨નો પત્ર.

(૪) અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંકલી., અમદાવાદ(મુખ્ય-શાખા)નો તા.૫/૧૧/૯૭ના જા. નં.૧૮૦૩૭નો પત્ર.

(૫) આ કચેરીનો તા.૧-૧૦-૯૭ના ક્રમાંક:ફડચ/ક-૧૧૪૪/ધ-૨/૧૧૪૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૬- ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧નીકલમ ૧૦૩ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/ફ-૧૧૪૪૪/ધ-૨/૧૬૩/ધી અમરરાજ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ એ સહકારી કાયદાની જોગવાઈઓ અન્વયે નોંધણી ક્રમાંક ઉ-૮૧૫૯ તા.૧-૧-૮૨થી નોંધાયેલ મજુર મંડળી છે. સદર મંડળીના ઓડીટ માટે નોટીસો આપતા મંડળીના સરનામે મંડળીના ભૂતપૂર્વ ચેરમેનશ્રીનો સંપર્ક કરતા મંડળીના હાલના ચેરમેનશ્રીના સરનામાની પૂરેપુરી જાણકારી ઉપલબ્ધ થઈ શકી ન હતી પણ રૂબરૂ નિવેદનમાં જણાવેલ છે કે હાલના ચેર-મેનશ્રી કાચા ઝુંપડામાં રહેતા હતા. અને પૂર્વ વિસ્તારમાં ઘણું પાણી ભરાઈ જતા હાલના ચેરમેનશ્રી હીરાભાઈ રેડાભાઈ વાંઘેલા સ્થળ છોડી ચાલ્યા ગયા હતા. ત્યારબાદનું તેઓનું સરનામું ઉપ-લબ્ધ થઈ શકેલ નથી તેમ જણાવેલ જેથી સંદર્ભ-૧ના પત્રથી સદરહું મંડળીની નોંધણી રદ કરવા ભલામણ કરેલ જે ધ્યાને લઈ

સંદર્ભ-૨થી ગુજરાત સમાચારમાં જાહેર નોટીસ પ્રસિદ્ધ કરીને સોસાયટીની નોંધણી રદ કેમ ન કરવી? તે મતલબે રજુઆત કરવા જણાવતા સંદર્ભ-૩ થી બેંકની કેસ ક્રેડીટ ની વસૂલાતની બાકી હોય મંડળી ઉપર બેંકે લવાદી દાવોકરેલ અને હુકમનામું મેળવેલ છે. તેવી રજુઆત કરેલ છે. તેમજ તે હુકમનામું ખાસ વસુલાત અધિકારી, સ. મં.(સી.ઓફ. એ)અમદાવાદ પાસે બજવણીમાં છે. તેમ જણાવેલ છે. આમ સદરહુ બેંકના નાણા સોસાયટી પાસે ણેલાં બાકી હોઈ મંડળીની નોંધણી રદ ન કરતા ફડચાનો વચગાળાનો હુકમ કરી સોસાયટીના બેંકે મોકલેલ સરનામે સદરહુ હુકમ આર. પી. એ. ડી. થી મોકલતા, 'એન. કે.' ના શેરા સાથે પરત આવેલ છે. તથા તે ઓને અન્ય કોઈ તરફથી કોઈ રજુઆત મળવામાં નથી તથા સંદર્ભ-૪ના અમદાવાદ ડી. કો.ઓ. બેંક લી.નુ ના પત્રથી તેઓએ સદરહુ સોસા.માં ફડચા અધિકારી તરીકે ફરજો બજાવવા સંમતી દર્શાવિલ છે. ઉકત વિગતે મંડળી સ્થગીત અવસ્થામાં છે. મંડળી સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ કામ કરતી નથી તેમ માનવાને સ્પષ્ટ કારણ છે. સદર સોસાયટીમાં એ. ડી. સી. બેંકના લેણાં બાકી હોઈ તથા બેંકે સદર મંડળીમાં ફડચા અધિકારી તરીકે ફરજો બજાવવા સદર મંડળીમાં ફડચા અધિ-કારી તરીકે ફરજો બજાવવા સંમતી દર્શાહિલ હોઈ સદર તમામ બાબતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી અમરરાજ મજર કામદાર સહકારી મંડળી લી., અમદા-વાદને ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંકલી., મુખ્ય શાખા અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા.૧૬-૨-૯૮.

સેન્ટ્રલક્રમાંક:નધણ/૪૨૧૪/ક-૨/૨૬૪/૯૮/ધ-૧૮૦૯૬ સને ૧૯૯૮:-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છેકે શ્રી સમ્રાટ કો. ઓપ. હા. સો. લી.સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭-૨-૧૯૯૮.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૦૭/ક-૨/૨૩૯/ધ-૧૮૦૯૭/ સને ૧૯૯૮:-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સૌજન્ય એપાર્ટમેન્ટ કો.ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા.૨૦-૨-૧૯૯૮.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૨૭/ક-૨/૨૬૩/ભં-૪૭૮૫/સને૧૯૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે, શ્રી ચેતના ગ્રાહક સહકારી ભંડાર લી.સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭-૨-૧૯૯૮

INDEX

વંચાણે લીધા :-

(૧) જીલ્લા રૂપે. ઓડીટરશ્રી સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદના તા. ૬-૧૧-૯૭ના જા. નં.અપણ/ખા.અ./ગ-૪/૬૦૦૬/૯૭નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૪-૧૨-૯૭ના ક્રમાંક:ફડચ/૦૧/ધ-૨/૧૫૭૧/૯૭ની કારણદર્શક નોટીસ તા. ૧૨-૧-૯૮નો પત્ર.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.ફડચ/ફ-/૧૧૪૬૧/ધ-૨/૨૦૮/૯૮:-ધી નાઈટબર્ડ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજી. નં.ભ-૩૮૭૦ ધરાવતો ગ્રાહક ભંડાર છે.

સદરહુ સંસ્થાના ઓડીટ માટે ઓડીટર દ્વારા સોસાયટીને પાઠવવામાં આવેલ નોટીસની બજવણી થાય છે. પણ હોદેદારો ઓડીટ કરાવવા રૂબરૂ ચર્ચા માટે મુદતે આવતા નથી તેમજ સ્થળ ઉપર પણ રૂબરૂમાં હોદેદારો મળતા નથી. જેથી સંદર્ભ-૧ થી સોસાયટી સામે કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવા ભલામણ થઈ આવેલ છે. જેથી સંદર્ભ-૩ થી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની પાઠવવામાં આવેલ કારણદર્શક નોટીસ તથા પત્ર સોસાયટીને બજાવાયેલ છતાં સોસાયટી તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આમ સોસાયટીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તથા મંડળી સહકારી કાયદા કાનુન અને નોંધાયેલ પેટા નિયમો મુજબ મંડળી જે હેતુસર નોંધાયેલ છે તે ઉદેશો બર લાવવા કાર્ય કરતી નથી અને સ્થગીત અવસ્થામાં છે તેમ માનવાને પુરતા કારણો હોઈ નીચે મુજબનો ફડચાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રૂઈએ ધી નાઈટબર્ડ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ની અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી અધિકારી (ફડચા-૧) લગત આ કચેરીની નીમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દીન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા.૨૬-૨-૯૮.

વંચાણે લીધા :-

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ(શહેર)અમદાવાદ તા. ૫-૯-૯૭ના જા. નં. અપણ /ખા.અ./ગ-૪/૪૯૧૪/

(૨) આ કચેરીની તા. ૨૩-૧૨-૯૭ના જા.નં.ફડચ/૦૧/ધ-૨/૧૫૬૨/૯૭ ની કારણદર્શક નોટીસ.

(૩- ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં.ફડચ/ફ/૧૧૪૬૦/ધ-૨/૨૧૦/૯૮;-ધી નવી શાહવાડી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯હેઠળ નોંધાયેલ રજી. નંબર સે-૯૪૭ તા.૨૬-૧૧-૭૧ વાળી સહકારી મંડળી છે.

સદરહુ સંસ્થાના બાકી ઓડીટર માટે ઓડીટરશ્રી દ્વારા વારંવાર પ્રયત્નો કરવા છતાં સંસ્થાના હોદેદારોશ્રી અજાભાઈ ભરવાડ તરફથી ઓડીટ અંગે રેકર્ડ રજુ કરવામાં આવતું નથી. તેઓએ ઓડીટર સમક્ષ રૂબરૂ હાજર રહી જાન્યુ-૯૭ સુધીમાં ઓડીટ કરાવી લેવાની ખાત્રી આપવા છતાં ઓડીટર કરાયેલ નથી. જેથી સંદર્ભ-૧ ના પત્રથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ની અન્વયે ફડચામાં લઈ જવા અંગે ખાસ અહેવાલ થઈ આવેલ છે જે ધ્યાને લઈ સંદર્ભ-૨થી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની કારણ દર્શક નોટીશ પાઠવવામાં આવેલ. જે આર, પી. ડી. સ્વીકારાયા વગર પરત ફરેલ છે. આમ મંડળી સ્થગિત અવસ્થામાં છે અને સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટાનિયમો મુજબ ફરજો/કામગીરી બજાવતી નથી. તેમજ મંડળી જે હેતુ માટે નોંધાયેલ છે તે હેતુ બર લાવવા કે ઉદેશો મુજબ કોઈજ કાર્યવાહી થતી નથી. તેમ માનવાને કારણ રહે છે. આથી નીચે મુજબનો સોસાયટીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી નવી શાહવાડી ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી આઈ. આઈ. સૈયદ સહકારી (ફડચા-૧) લગત લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય-મર્યાદામાં યોગ્ય રજઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા.૨-૩-૯૮.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનો તા.૧૪-૧૧-૯૬ના પત્રક્રમાંક:ધરમ/૦૧/ખ-૧/૨૧૦૪/૯૬.

(૨) આ કચેરીનો તા.૧૩-૨-૯૭ના જા.નં.ફડચ/ફ-૧૧૩૧૨/ધ-૨/૧૬૩નો વચગાળાનો ફડચાનો હકમ.

(૩) વહીવટદારશ્રી રામપ્રતાપનગર કો.ઓ. હા. સો. લી. અમદાવાદના તા. ૯-૯-૯૭, ૩૧-૧૨-૯૭નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં.ફડચ/ફ-૧૧૩૧૨/ધ-૨/૨૧૬/૯૮:-ધી રામપ્રતાપનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલગૃહમંડળી છે કે જેનો નોંધણી નંબર ધ-૧૧૦૩૬ તા. ૧૭-૧૨-૮૩ છે.

સદરહ મંડળી વહીવટદાર હેઠળ હતી અને સહકારી કાયદા દ્વારા નિયત વહીવટદારની મહત્તમ અવધિ પૂરી થવા છતાં સોસાયટીના સભ્યો મંડળીનો વહીવટ સંભાળવા તૈયાર ન હોવાથી સંદર્ભ-૧ની ભલામણ અન્વયે સોસાયટીને સંદર્ભ-૨થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને સોસાયટીના સભ્યોને રજુઆતની તક આપવામાં આવેલ. જે દરમ્યાન સોસાયટીના વહીવટદારના સંદર્ભ-૩ના પત્રોથી આવેલ રજુઆત સોસાયટીના સભ્યો વહીવટ સંભાળી લેવા તૈયાર થવાથી સોસાયટીના સભ્યોમાંથી સહકારી કાયદા કાનુન મુજબની પ્રક્રિયા કરીને વ્યવસ્થાપક કમીટીની રચના કરી તેને વહીવટ વહીવટદારે સુપ્રત કરી દીધેલ છે. આમ મંડળી સહકારી કાયદા કાનુન અને પેટાનિયમો મુજબ કામ કરતી થયેલ હોઈ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસીબ ન હોઈ નીચે મુજબનાં હકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂઈએ ધી રામપ્રતાપનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીનો તા.૧૩-૨-૯૭ના ક્રમાંક:ફડચ/ફ/૧૧૩૧૨/ધ-૨/૧૬૩નો વચગાળાનો હકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા.૨-૩-૯૮.

---

(૧) આ કચેરીના તા. ૨૯-૩-૯૭ના પત્ર ક્રમાંક : ધરમ/૦૧/ખ-૧/૪૦૯/૯૭.

(૨) આ કચેરીનો તા. ૩-૫-૯૭ના ક્રમાંક : ફડચ/ફ-૨૨૪૨૪/ધ-૨/૫૧૧/૯૭નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૩) વહીવટદારશ્રી સૌરાષ્ટ્ર વિશ્વકર્મા વિશ્વનગર કો. આ. હા. સો. લી. વિભાગ-૨નો તા. ૬ ૧ ૯૮ને અ ને ત. તા. ૩૧-૧-૯૮નો પત્રો.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૨૪/ધ-૨/૨૨૬/૯૮ :- ધી સોરાષ્ટ્ર વિશ્વકર્મા વિશ્વનગર કો.ઓ. હા. સો. લી., વિભાગ-૨ અમદાવાદએ ગુજરાત સહકારી ઉમંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ધ-૭૬૧ તા. ૧૧-૮ ૭૮ છે.

સદર મંડળી તા. ૧૭-૧૦-૯૨થી વહીવટદાર હેઠળ હતી અને આ મંડળીમાં ચાર વર્ષથી વધુ સમય વહીવટદાર હોવા છતાં સભ્યો દ્વારા વહીવટ સંભાળવા કોઈ તજવીજ થઈ નથી અને મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલિત થઈ શકેલ નથી. જેથી સોસાયટીને સંદર્ભ-૨ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને રજુઆતની તક આપવામાં આવેલ જે દરમ્યાન સંદર્ભ-૩ના પત્રથી વહીવટદારે રીપોર્ટ કર્યા મુજબ સોસા. ના સભ્યો વહીવટ સંભાળવા તૈયાર થત ત. ૨૧-૨૧-૯૭ રોજની વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે વ્ય.કમીટીની રચના કરીને તા. ૨૯-૧-૯૮ના રોજ વહીવટ સોસા. ને વ્ય. કમીટીને સુપ્રત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં સોસાયટી સહકારી કાયદા કાનુન અને પેટા નિયમો મુજબ અસ્તીત્વમાં આવેલ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી.ગુજરાત સહકારી મંડળીઓના અધીનિયમ ૧૯૬૧ના કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધીકારોની રૂએ ધી. સોરાષ્ટ્ર વિશ્વકર્મા વિશ્વનગર કો.ઓ. હા.સો.લી.વિભાગ-૨ અમદાવાદને ફડચામાં લઈ જવાનો આ કચેરીનો તા. ૩-૫-૯૭ના ક્રમાંક : ફડચ/ફ-૨૨૪૨૪/ધ-૨/૫૧૧/૯૭નો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તા. ૨૬-૩-૯૮.

વંચાણ લીધા : —

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૪-૧૦-૯૭ના જા. નં. અપણ/ખા. ઓ/ગ-૪/ ૫૬૯૭નો ખાસ અહેવાલ

(૨) આ કચેરીની તા. ૨૩-૧૨-૯૭ના ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૫૬૫/ની કારણદર્શક નોટીસ.

(૩) ચેરમેનશ્રી, ગીતામંદિર લાટી બજાર હાથલારી ઔદ્યોગિક સહકારી મંડળી લી, અમદાવાદનો ૯/૧૯૯૮નો પત્ર

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા નં ફડચ/ફ-૧૧૪૬૨/ધ-૨/૨૩૮/૯૮ : ધી ગીતામંદિર લાટી બજાર હાથલારી ઔદ્યોગિક સહકારી મંડળી લી, અમદાવાદ તેથી ગજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯ હેઠળ રજી- નં. ઉ. ૨૧૯૬ તા. ૨૧-૧-૭૩વાળી સહકારી મંડળી છે.

સદરહું સંસ્થાના બાકી ઓડીટ માટે ઓડીટર દ્વારા સોસાયટી ના હોદ્દેદારોનો સંપર્ક કરીને સોસાયટીનુ તા ૧૬/૧૨/૮૦ થી ૩૦/૬/૯૬ સુધીનું ઓડીટ પૂર્ણ કરેલ છે ઓડીટર ના રીપોર્ટ મુજબ મંડળીમાં બાદ કોઈ વા સભા કે વ્યવસ્થાપક કમીટીની બેઠક મળેલ નથી. મંડળી તેના ઉદ્દેશો અને પેટાનિયમોની જોગવાઈ મુજબ કામ કરતી નથી. સદંતર સ્થગીત અવસ્થામાં છે મંડળીના કાર્યવાહકો અને સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી, મંડળીના ચેરમેનશ્રીએ ઓડીટ સમયે રૂબરૂ નિવેદન આપેલ છે કે મંડળીને ચલાવવાની કોઈ ઈચ્છા ન હોઈ મંડળી બંધ કરવાની કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે જેથી સંદર્ભ ૧થી આવેલ ખાસ અહેવાલને ધ્યાને લઈ

INDEX

અત્રેથી સંદર્ભ-૨થી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી તે મતલબની પાઠવવામાં આવેલ નોટીસના સંદર્ભે સંદર્ભ-૩થી કરેલ રજુઆત ધ્યાને લેતા મંડળી બીલકુલ સ્થગીત અવસ્થામાં છે. મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટાનિયમો મુજબ ચાલતી નથી તેમ સ્પષ્ટપણે જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. વ્યાસ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી ગીતામંદિર લાટીબજાર હાથલારી ઔદ્યોગિક સહકારી મંડળી લી., ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એચ. કે. કાપડીયા સહકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે આ હુકમ બાબતે દિન ૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ,-૩-૩-૯૮

વંચાણે લીધા :

(૧) મલ્ટી સ્ટેટ કો. ઓ. એક્ટની કલમ ૧૮(૫)ની જોગવાઈઓ.

(૨) ધી માધવપુરા મર્કેન્ટાઈલ કો ઓપરેટીવ બેન્ક લી. અમદાવાદનો તા. ૬ ૨ ૯૮ પત્ર ક્રમાંક : એમ.એમ.બી./એચ.ઓ./૩૦/૨૮૬/૯૭૯૮.

(૩) સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૪૯૧/ડી.ડી.સી./૧૧૮/૫૨૦૪/જે.

પ્રસ્તાવના

જા. નં. નસવ/૦૧/ચ/૨/૧૨૭/૯૮ : ધી માધવપરા મર્કેન્ટાઈલ કો.ઓપરેટીવ બેન્ક લી. એ. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે નોંધણી નંબર : સે ૧૦૯૦૨ તા. ૨૭-૯-૧૯૬૮થી નોંધાયેલ સહકારી બેન્ક છે. પ્રસ્તુત બેન્કનું કાર્ય ક્ષેત્ર અમદાવાદ મેટ્રોપોલીટન અર્બન અને સેમી અર્બન સેન્ટર્સ અને ૧૦ કિ.મી. સુધીના પેરીફેરીઅલ એરીયા પુરતું હતું.

બેન્ક તરફથી બેન્કના કાર્યક્ષેત્રમાં ગુજરાત રાજ્ય ઉપરાંત મહારાષ્ટ્ર રાજ્યમાં વધારવાની દરખાસ્ત થતાં સેન્ટ્રલ રજીસ્ટ્રાર કો.ઓપરેટીવ સોસાયટી અને જોઈન્ટ સેક્રેટરી ગર્વન્મેન્ટ ઓફ ઈન્ડીયાના તા. ૧૦-૯-૭૫ના હુકમથી બેન્કનું કાર્યક્ષેત્ર "મહારાષ્ટ્ર રાજ્યના શહેરોના મ્યુનીસીપલ એરીયા" ની લીમીટ સાથે વધારવા અંગેનો સુધારો મંજુર રાખવામાં આવેલ. ત્યારબાદ પણ બેન્ક તરફથી વખતો વખત પેટા નિયમ સુધારાઓની દરખાસ્ત ભારત સરકારના સેન્ટ્રલ રજીસ્ટ્રારશ્રી, નવી દિલ્હી સમક્ષ કરવામાં આવેલ અને ભારત સરકારના સેન્ટ્રલ રજીસ્ટ્રારશ્રી, નવી દિલ્હી તરફથી મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ ૧૯૮૪ની કલમ ૯ અન્વયે પેટા નિયમ સુધારાઓ મંજૂર કરી આવેલ હતાં.

મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી એક્ટ ૧૯૮૪ની કલમ-૧૮(૫)(એ) અન્વયે બાયલોઝ સુધારા એક વખત સેન્ટ્રલ રજીસ્ટ્રાર, રજીસ્ટર કરે ત્યાર પછી સુધારો રજીસ્ટર કર્યા તારીખથી સંસ્થા મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી બનશે. જ્યારે કલમ-૧૮ (૫)(સી) અન્વયે સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર, સેન્ટ્રલ રજીસ્ટ્રારે રજીસ્ટર કર્યા તારીખથી સહકારી મંડળીઓને લગતા કાયદા હેઠળ મંડળી તરીકે બંધ કરવાના હુકમો કરશે. આથી પ્રસ્તુત બેન્કને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ સંસ્થા તરીકે બંધ કરવા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ અન્વયે ધી માધવપુરા મર્કેન્ટાઈલ કો ઓપરેટીવ બેન્ક લી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર : સે ૧૦૯૦૨ તા. ૨૭-૯-૧૯૬૮ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ મંડળી તરીકેની નોંધણી રદ કરૂ છું.

અમદાવાદ, તા. ૧૦-૩-૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૩૧/ક-૨/૩૫૮/૯૮ : ક્રમાંક : ધ-૧૮૦૯૯/૯૮ :-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શિવદર્શન કો.ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૨-૩-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૩૪/ક-૨/૩૫૫/૯૮ : ક્રમાંક : ભ-૪૨૩૪/૯૮ :-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આદીનાથ સહકારી ગ્રાહક ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા ૧૨-૩-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૨૬/ક-૨/૩૬૦ ધ-૧૮૧૦૦ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જયસૂર્ય કો-ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬-૩-૧૯૯૮.

INDEX

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણુ/૪૨૩૦/ક-૨/૩૫૯/૯૮ : ધ/૧૮૫૦૧આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અજય કો. ઓપ. હા. સો. લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬-૩-૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણુ/૪૨૨૯/ક-૨/૩૬૧/૯૮ : ભં-૪૯૨૨:- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી લક્ષ્મી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૬-૩-૧૯૯૮..

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણુ/૪૨૩૩/ક-૨/૩૬૪/ :સે ૩૦૨૯૨/૯૮ :- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી યોગી કો. ઓપ. કે. એન્ડ કન્ઝયુ સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે

અમદાવાદ, તા ૧૬-૩-૧૯૯૮

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણુ/૪૨૩૫/ક-૨/૩૬૩/૯૮ : ભં ૪૯૨૪ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નર્મદા ગ્રાહક સહકારી ભંડાર લી. સ્થળ અમદાવાદ શહેર, તાલકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે

અમદાવાદ, તા ૧૬-૩-૧૯૯૮

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૧૨-૯૭નો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક : ફડચ/ફ/૧૧૪૨૩/ધ-૨/૧૧૩૦/૯૭.

(૨) ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી., મુખ્ય શાખા, અમદાવાદના તા. ૩૧-૧૨-૯૭નો પત્ર ક્રમાંક: ૨૩૬૨૨.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ફડચ/ફ/૧૧૪૨૩/ધ-૨/૨૮૧ /૯૮.

ધી નિર્મલનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ઉકત સંદર્ભ-૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ અને સદર સોસાયટીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ની નિમણુંક કરવામાં આવેલ. સંદર્ભ-૨ના પત્રથી ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, અમદાવાદ તરફથી રજુઆત થયેલ, કે સદર સંસ્થા પાસે બેંકનું લેણું બાકી હોવાથી તેમની સંસ્થાને સદરહું મંડળીમાં ફડચા અધિકારી તરીકે નિમણુંક આપવા વિનંતી કરેલ છે. જે રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ.

હું જે. જી. વ્યાસ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ-(શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી નિર્મલ-નગર કો. ઓ. હા. સો. લી., અમદાવાદના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા-૧ લગત આ કચેરીની નિમણુંક કરેલ, જેમાં ફેરફાર કરીને સદર સોસાયટી ના ફડચા અધિકારી તરીકે ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. અમ-દાવાદની ફડચા અધિકારી તરીકે નિમણુંક કરું છું.

અમદાવાદ, તા. ૧૬-૩-૯૮.

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૩-૨-૯૭ના ક્રમાંક : ફડચ/ફ/-૧૧૩૧૯/ધ-૨/૧૭૦/૯૭નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારીશ્રી એસ. કે. કાપડીયાના તા. ૨૦-૧-૯૮ ના ક્રમાંક : ફડચ/ફ/૨/૧૧/૯૮/થી થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

હુકમ.

જા. નં.-ફડચ/ફ-૧૧૩૧૯/ધ-૨/૨૭૬/૯૮.

ધી આદર્શ મજુર કામદાર સહકારી મંડળી લી., એ નોંધણી ક્રમાંક : નંબર-ઉ-૮૧૫૩ તારીખ ૧૭-૬-૮૧થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનાં તારીખ ૧૩-૨-૯૭ના હુકમ ક્રમાંક : ફડચ/ફ-૧૧૩૧૯/ધ-૨/૧૭૦/૯૭થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિ--નિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૧૬-૩-૯૮.

INDEX

વંચાણે લીધા :-

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૬-૩-૯૬નો ક્રમાંક : અપણ/ગ-૨/૨૮૮/૩૦૧૯નો પત્ર

(૨) આ કચેરીનો તા. ૨૫-૯-૯૭નો પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૧૦૯૪/૯૭

(૩) આ કચેરીનો તા. ૧૩-૧૧-૯૭નો ક્રમાંક:ફડચ/ફ-૧૧૪૪૯/ધ-૨/૧૩૩૯/નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી સુહાગ જીવન કો. ઓ. હા. સો. લી., નો ૩-૧૨-૯૭નો પત્ર.

(૫) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ફડચ/ફ-૧૧૪૪૯/ધ-૨/૨૭૭/૯૮

ધી સુહાગજીવન કો. ઓ. હા. સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા-કાનૂન અન્વયે રજી. નં.-ધ-૫૯૬૩ તા. ૧૯-૬-૭૫થી નોંધાયેલ ગૃહ મંડળી છે.

સદર મંડળીનું તા. ૧-૭-૯૩થી ૩૦-૬-૯૭ સુધીનું ઓડિટ જી. સ્પે. ઓડિટરશ્રી સ. મં. (શહેર) અમદાવાદ દ્વારા નિયુકત ઓડિટર દ્વારા કરવામાં આવેલ જે અન્વયે ઓડિટ રીપોર્ટના આધારે સંદર્ભ-૧ના પત્રથી સોસાયટીમાં વહીવટદારની નિયુકતી કરવા ખાસ અહેવાલ થઈ આવેલ જે ધ્યાને લેતાં મંડળી સામે સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવાનું નક્કી થતાં સંદર્ભ-૨ના પત્રથી સોસાયટીને ફડચામાં કેમ ન લઈ જવી? તે બાબતની કારણ દર્શક નોટિસ પાઠવી રજુઆતની તક આપવામાં આવેલ જેના સંદર્ભમાં સોસાયટી દ્વારા તારીખ ૧૫-૧૦-૯૭ના રોજ રૂબરૂમાં લેખિત/મૌખિક રજુઆત કરવામાં આવેલ જે વિગતો ધ્યાને લેતાં મંડળી પાસેની સને ૧૯૭૫માં વેચાણ દસ્તાવેજ કરી ખરીદેલ જમીનનો કબજો અમદાવાદ શહેરી વિકાસ મંડળ(ઔડા) એ મેળવીને જમીન સીલ કરેલ છે. સોસાયટી પાસે જમીન નથી તથા ઔડાએ કરેલ કાર્યવાહી સામે સોસાયટી તરફથી કોઈપણ કક્ષાએ કાયદેસરની કાર્યવાહી શરૂ કરેલ નથી અગર તો કરેલ હોય તો તે અંગે કોઈ જ આધારો રજુ કરેલ ન હોવાથી સંદર્ભ-૩થી સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને સોસાયટીને દિન-૩૦માં રજુઆતની તક આપવામાં આવેલ જે દરમ્યાન સોસાયટીએ સંદર્ભ-૪ના પત્રથી કરેલ રજુઆત અને તા. ૨૪-૨-૯૮ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ સોસાયટી પાસે જુની જમીનનો કબજો છે. સોસાયટીના નામે છે. ટાઉન પ્લાનીંગની સ્કીમ આવતા જુની જમીન રીઝર્વેશનમાં જતાં તે પરત લઈ નવી જમીન મેળવવાની રહે છે. ઔડાએ આ અંગે આપેલ નોટિસની નકલ રજુ કરીને આ પ્રકરણનો નિકાલ આવે ત્યારે સોસાયટીના હિતને નુકશાન ન થાય તે માટે હાલનો ફડચાનો આદેશ રદ કરવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું શ્રી જે. જી. વ્યાસ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી સુહાગ જીવન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આ કચેરીના તા. ૧૩-૧૧-૯૭નો ક્રમાંક : ફડચ/ફ/૧૧૪૪૯/૧૩૩૯ થી કરવામાં આવેલ તે હુકમ રદ કરતો હુકમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૬-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૩૧-૩-૯૭નો જા. નં.-ફડચ/ફ/૨૨૪૧૬/ધ-૨/૪૦૭/૯૭નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨- સોસાયટીના સભ્યોના તા. ૨-૬-૯૭, ૫-૬-૯૭, ૧૦-૬-૯૭ ના પત્રોની રજુઆત.

(૩) અમદાવાદ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી., અમદાવાદનો તા. ૧૫-૭-૯૭નો અને તા. ૫-૧૧-૯૭નો પત્ર.

(૪) વહીવટદારશ્રીના તા. ૧૦-૧૧-૯૭નો પત્ર.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ફડચ/ફ/૧૧૪૧૬/ધ૨/૨૮૦/૯૮.

ધી રાણીપ અયોધ્યાનગર કો. ઓપ . હા. સો. લી., અમદાવાદે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર-ધ-૮૯૬૫ તા. ૩૧-૩-૧૯૮૧ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદારની મહત્તમ અવધિ વિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઇચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને કોઈ કોઈ રજુઆત કરવાં હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળીના સભ્યો તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત કરી મંડળીના ચાર્જ સંભાળી લેવા તત્પરતા દર્શાવેલ નથી. સંદર્ભ-૨ થી ૪ના પત્રથી રજુઆત કરવામાં આવેલ, જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ.

હું શ્રી જે. જી. વ્યાસ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી રાણીપ અયોધ્યાનગર કો. ઓપ. હા. સો. લી., અમ-

INDEX

દાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો-ઓપ. બેંક લી., મુખ્ય શાખા, અમદાવાદથી નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૬-૩-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૩૨/ક-૨/૩૮૭/૯૮/ધ.-૧૮૧૦૨/૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સજન કો. ઓપ. હા. સો. લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૩-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૩૮/ક-૨/૪૧૭/૯૮/ભ.-૪૯૨૫/૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રાષ્ટ્ર-ભારતી સહકારી ગ્રાહક ભંડાર લી., સ્થળ અમદાવાદ, શહેર તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૧-૩-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૪૪/ક-૨/૩૪૦/૯૮સે.-૩૦૨૯૩ ૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મૈત્રી કો.-ઓપ. ક્રે. સો. લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૫-૩-૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૩૯/ક-૨/૩૪૧/૯૮સે.-૩૦૨૯૪/૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રેવાતર કો. -ઓપ. ક્રે. સો. લી., સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૫-૩-૯૮.

સેન્ટ્રલ ક્રમાંક:નધણ/૪૨૩૬/ક-૨/૪૪૬/૯૮/ધ.-૧૮૧૦૩/ક-૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ગુર્જરરત્ન કો. ઓપ. હા. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૬-૩-૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૨૧/ક-૨/૪૪૫/ધ.-૧૮૧૦૪/૯૮ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શ્રીજી કૃપા સેટેલાઈટ લી., કો. ઓપ. હા. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧-ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૬-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૬-૧૧-૯૭ના પત્ર ક્રમાંક : અધણ/ખા.મ./ગ-૪/૬૦૦૪/૯૭.

(૨) આ કચેરની તા. ૧૨-૧-૯૮ના ક્રમાંક : સકક/૦૧/ધ-૨/૩૩/૯૮ની કારણદર્શક નોટીસ તથા તા. ૪-૨-૯૮નો પત્ર.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૪૬૭/ધ-૨/૩૩૨/૯૮ :-ધી મત્સ્યગંધા સેવા સહકારી મંડળી લી. અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજી. નં. સે-૨૩૨૬૮ તા. ૪-૧૦-૮૮ વાળી સહકારી મંડળી છે.

સદર મંડળીના સને ૯૫-૯૬ના ઓડીટના અંતે ઓડીટરશ્રીના રીપોર્ટના આધારે સંદર્ભ-૧ના પત્રથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની ભલામણ થયેલ. જે મુજબ મંડળીની કારોબારી સમીતી જે તે કાયદા મુજબ કાર્યવાહી કરતી નથી. જે હેતુ માટે નોંધાયેલ છે તે બર લાવવા માટે પ્રયત્નશીલ નથી. મંડળીના હીસાબો વ્યવસ્થીત નિભાવેલ નથી. વુમન બેંકમાંથી લોન મેળવીને સાણંદ તાલુકામાં મચ્છી/જીંગાંના ઉછેર માટે પ્લાન્ટ નાખેલ. જેમાં નિષ્ફળ ગયેલ છે એ.રીતે બાકિદાર લોનની વિગતો સોસા. એ પુરી પાડેલ નથી. જેથી સંદર્ભ-૨ના પત્રથી સોસાયટીને કારણદર્શક નોટીસ પાઠવીને મંડળીને કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી શા માટે ન કરવી તે અંગે રજુઆત કરવા અંગે તા. ૨૮-૧-૯૮ અને ત્યારબાદ તા. ૧૨-૨-૯૮ના રોજ રજુઆતની તક આપવા છતાં મંડળી તરફે કોઈ હોદ્દેદારોએ હાજર રહી રજુઆત કરેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ મંડળી સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમો મુજબ સોસાયટીનો વહીવટ કરવામાં અને ઉદ્દેશો મુજબની કામગીરી બજાવવામાં રસ ધરાવતી નથી તેમ માનવાને પૂરતા કારણો હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી જે. જી. ત્યાગી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ થયી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાઓની રૂએ ધી મત્સ્યગંધા સેવા સહકારી મંડળી લી. અમદાવાદને [illegible]

INDEX

જવાનો વચગાળાનો હુકમ કરૂ છું. સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી આઈ આઈ. સૈયદ સહકારી અધિકારી (ફડચા)-૧ લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં યોગ્ય રજુઆત નહી થાય તો ફડચાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૨૬-૩-૧૯૯૮.

નોંધણીનું પ્રેમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૪૫/ક ૨/૪૫૬/૯૮ :ક્રમાંક ભ ૪૯૨૬ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી સુરભિ મહિલા ગ્રા. સ. ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧-૪-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૪૨/ક ૨//૪૭૩/૯૮ : ક્રમાંક : ધ ૧૮૧૦૫ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી વનરાજ (રાણીપ) કો.ઓપ.હા.સો. લી.સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨-૪-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૪૬/ક ૨/૪૪૩/૯૪ : ક્રમાંક : ભં ૪૯૨૭ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી દયા સહકારી ગ્રાહક ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૪-૪-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૩૭/ક ૨/૪૯૦/૯૮ : ક્રમાંક : ધ ૧૮૪૦૧ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રાધાસ્વામિ (વાડજ) કો.ઓપ. હા. સોસાયટી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૩-૪-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૪૩/ક ૨/૪૯૨/ ૯૮ : ક્રમાંક : ધ ૧૮૪૦૨ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ન્યુ વનરાજ કો.ઓપ. હા. સોસા. લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૧-૪-૧૯૯૮.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૨૪૯/ક ૨/૫૦૮/૯૮ : ક્રમાંક : ભં ૪૯૩૦ : આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મહા શક્તિ મહિલા ગ્રા. સ. ભંડાર લી. સ્થળ અમદાવાદ, શહેર, તાલુકો સીટી, જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૮-૪-૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૧૩-૨-૯૭નો જા. નં. ફડચ/ફ-૧૧૩૧૧/ધ-૨/૧૬૨/૯૭નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદના તા. ૧૩-૮-૯૭, તા. ૨૩-૧૨-૯૭ ના પત્રોની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૩૧૧//ધ-૨/૪૦૦/૯૮ :ધી ન્યુ જોગેશ્વરી કો. ઓ. હા. સો. લી. અમદાવાદે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર-૮૦૭૨થી નોંધાયેલ ગૃહ મંડળી છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદારની મહતમ અવધિ વિતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે

INDEX

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની લોનની રકમ લ્હેણી બાકી છે. સદર સોસાયટીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશનલિ.નો નિમણૂંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૨ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત મૌખિક/રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. સંદર્ભ-૨ના પત્રથી રજુઆત કરવામાં આવેલ, જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે :-

અંતિમ હુકમ

હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી ન્યુ જોગેશ્વરી કો-ઓપ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂ છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિ. અમદાવાદની નિમણૂંક કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૮-૪-૧૯૯૮.

વંચાણે લીધા

૧. અત્રેની કચેરીના તા. ૧૬/૩/૧૯૯૮ના પત્ર ક્રમાંક ધરમ/૦૧/ખ-૧/૩૮૨/૯૮

૨. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

જા. નં. ફડચ/ફ-૧૧૪૬૮/ધ-૨/૪૦૧/૯૮ :- ધી સાબરમતી ત્રિમુર્તિ કો. ઓ. હા. સો. લી. અમદાવાદએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર : ધ-૭૨૪૨ તા. ૩૦-૯-૭૮ છે.

સદર મંડળી વહીવટદાર હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે વહીવટદાર મહત્તમ અવધિ વીતી જયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા વહીવટદાર દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલાત થઈ શકેલ નથી. જેથી સંસ્થાને ફડચામાં લઈ જવા તેના ફડચા અધિકારી તરીકે શ્રી એચ. કે. માપડીયા સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ધી સાબરમતી ત્રિમુર્તિ કો.ઓ. હા. સો. લી. અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીનાં સભાસદોને જો કોઈ રજૂઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજૂઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાંર જૂઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૮-૪-૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો તા ૧૩-૨-૯૭ના જા. નં.ફડચ ફ-૧૧૩૨૧/ધ-૨ ૧૭૨/૯૭નો સોસાયટીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ.

(૨) શ્રી સત્યનારાયણ એસ. પાઠક ઈન્દ્રજીત સોસાયટી, અમદાવાદનો તારીખ ૨૦-૧૦-૯૭નો પત્ર.

(૩) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીનો તા.૧૫-૧-૯૮ના જા. નં.ફડચ/ફ-૨-૮-૯૮નો પત્ર.

(૪) આ કચેરીનો તા. ૨૫-૩-૯૪ના ક્રમાંક:ફડચ/૦૧/ધ-૨/૯૧૮/૯૪નો નોંધણી રદનો હુકમ.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ધી ગાયત્રીકૃપા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ નોંધણી નંબર ધ-૩૩૦૯ તા.૨૨-૧૦-૮૨વાળી સહકારી મંડળી છે. સદર મંડળીને સંદર્ભ-૧થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ. જેથી ફડચા અધિકારીશ્રીની નોટીસના સંદર્ભે સંદર્ભ-૨થી શ્રી સત્યનારાણ પાઠકે સદર સોસાયટીની નોંધણી રદ થયેલ હોવાની રજૂઆત સાથે સંદર્ભ-૪ના હુકમની નકલ મોકલી આપેલ અને તે આધારે સોસાયટીનું રેકર્ડ નાશ કરેલ હોવાની રજૂઆત કરેલ જે ધ્યાને લઈ સંદર્ભ-૩ના ફડચા અધિકારીશ્રીના પત્રની રજૂઆત ધ્યાને લેતા નીચે મુજબની સુધારા યાદી જાહેર પાડવામાં આવે છે.

સુધારા યાદી

આથી હું શ્રી જે. જી. વ્યાસ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ મુજબ અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ આ કચેરીના સંદર્ભ-૪ના હુકમથી ધી ગાયત્રીકૃપા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદનો નોંધણી રદના હુકમમાં સોસાયટીનો નોંધણી નંબર દર્શાવેલ નથી તે નોંધણી નંબર ભ-૩૩૦૯ તા. ૨૨-૧૦-૮૨ વંચાણમાં લેવા અંગેનો સુધારો જાહેર કરૂ છું. સદર હુકમની અન્ય બાબતો યથાવત રહેશે.

અમદાવાદ, તા.૧૮-૪-૯૮.

વંચાણે લીધા :

૧. જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ(શહેર) અમદાવાદનો તા. ૧૪/૧૦/૯૭નો ક્રમાંક:અપણ/ખા.અ./ગ-૪/૫૬૯૬/૯૭નો ખાસ અહેવાલ.

૨. આ કચેરીની તા.૨૩-૧૨-૯૭ના ક્રમાંક:ફડચ/૦૧/ધ-૨/૧૫૬૬/૯૭ની કારણદર્શક નોટીસ અને તા. ૨-૧-૯૮, ૧૭-૨-૯૮નો પત્રો. .

૩. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

(૩) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૧) મહેસાણાનો પત્ર ક્રમાંક : નં.-ફડચ્ય/૦૧/૫૪૬/૧૫૭૭/૯૭.-તા. ૨૭-૧૧-૯૭થી મંડળીને પુનઃજીવીત કરવાની રજુ થયેલ દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમ ૧૦ અન્વયે જાહેર નોટિસના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ્ય/૦૧/ધ/૨૮૩૧/૯૭ તા. ૨૭-૧૧-૯૭ની કલમ

(૫) સહકારી અધિકારી (ફડચો-૧) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક નં.-ફડચ્ય/૦૧/૯૭ તા. ૧૫-૧૨-૯૭ થી જાહેર નોટિસ પ્રસિધ્ધ કર્યા અંગેના જાણ કરતો પત્રની નકલ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ્ય/૦૧/ધ/૧૩૮/૯૮

ધી ગમાનપુરા ગ્રુપ મજુર સહકારી મંડળી લી., ગમાનપુરા તા. જી મહેસાણાને અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : નં.-ઉખસ/ફડચ્ય/૦૧/ધ/૧૦૪૦/૧૦૧૪૩ તા. ૩૧-૩-૯૫ થી ફડચામાં લઈ જવામાં આવેલ અને તેના ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ હતી.

ફડચા અધિકારીશ્રીએ મંડળીના દફ્તરનો ચાર્જ તા. ૫-૬-૯૫ ના રોજ સંભાળેલ છે. સદર મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ તેઓનાં પત્ર ક્રમાંક : નં.-ફડચ્ય/૦૧/૫૪૬/૧૫૭૭/૯૭ તા. ૨૭-૧૧-૯૭થી દરખાસ્ત રજુ કરેલ છે.

સદર મંડળીને પુનઃજીવીત કરવા માટેના તા. ૯-૧૧-૯૭ ના રોજ મળેલ સભ્યોની ખાસ સાધારણ સભામાં મંડળીએ ૩/૪ સભ્યોની બહુમતી થી પુનઃજીવીત કરવા વિનંતી કરતો ઠરાવ કરેલ છે.

તેમજ માજી પ્રમુખશ્રી, ગમાનપુરા ગ્રુપ મજુર સહકારી મંડળી લી., ગમાનપુરા તા. જિ. મહેસાણાએ નીચેની બાબતો રજુ કરી તેઓના તા. ૧૧-૧૧-૯૭ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા વિનંતી કરેલ છે.

(૧) ફડચામાં લઈ ગયા પછી સભ્યોને ઘણું નુકસાન સહન કરવું પડે છે.

(૨) સરકારશ્રીની યોજનાઓ મુજબ મંડળીને કામગીરી સારી મળે તેમ છે.

(૩) સભાસદોને બહારથી મજુરીએ જવું પડે છે. જેમ મજુરીની રકમ પુરતી મળતી નથી.

(૪) મજુરોનું શોષણ થાય છે.

(૫) મંડળીના સભ્યોને મંડળી ચાલુ કરવામાં રસ જાગેલ છે.

(૬) મંડળીના દરેક કોન્ટ્રાકટના કામો કરવા મજુરીએ જવા અને મંડળીને સદ્ધર કરવા માટેના તમામ પ્રયત્નો હાથ ધરવા જણાવેલ છે.

(૭) સરકારશ્રીના નાના મોટા કામો મેળવીને તેમાંથી રોજી રોટી મળે તે માટે મંડળીને ચાલુ કરી આપવા વિ. કરેલ છે.

આમ, ફડચા અધિકારીશ્રીના પત્ર ક્રમાંક : નં. ફડચ્ય/૦૧/૫૪૬/૧૫૭૭/૯૭ તા. ૨૭-૧૧-૯૭થી નમૂનો 'ડ' થી આપેલ અભિપ્રાય, તા. ૨૭-૧૧-૯૭ના રોજનું સરવૈયું મંડળીના માજી -

INDEX

પ્રમુખશ્રીનો તા. ૧૧-૧૧-૯૭નો પત્ર (૯-૧૧-૯૭)ના ખાસ સાધારણ સભાના ઠરાવ, સભ્યોની સહી સહીત) ધ્યાને લેતાં મંડળીને પુનઃજીવીત કરવાનો નિર્ણય લેતાં અગાઉ ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫ના નિયમ-૧૦માં કરેલ જોગવાઈ અન્વયે અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૩૧/૯૭ તા. ૨૭-૧૧-૯૭થી જાહેર નોટિસ અત્રેની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમજ એક નકલ મંડળીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધી સારૂં.

સદર મંડળીના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી(ફડચો) મહેસાણાને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૮૩૧ તા. ૨૭-૧૧-૯૭ સૂચના આપતાં ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ તેઓના તા. ૧૫-૧૧-૯૭ના પત્રથી સદર જાહેર નોટિસ તા. ૨-૧૨-૯૭ના રોજ માજી મંત્રીશ્રીને બજાવેલ છે.

આમ નોટિસની બજવણી થયા તારીખથી એક માસમાં કોઈપણ શખ્શો અથવા હિત ધરાવનારાઓએ તરફથી કોઈપણ પ્રકારના વાંધો અગર વિરોધ રજુ ન થવાને કારણે ઉપરોકત પ્રસ્તાવના તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ, મંડળીની વિનંતી ધ્યાને લેતાં, તેમજ ફડચા અધિકારીશ્રીના અભિપ્રાય અન્વયે મંડળીને પુનઃજીવીત કરતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરૂંછું.

શ્રી ગમાનપુરા ગ્રુપ મંજુર કામદાર સહકારી મંડળી લી., ગમાનપુરા તા. જિ. મહેસાણાને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાનમાં લેતા પુનઃજીવીત કરતો હુકમ કરૂં છું.

મંડળીનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે

મહેસાણા, તા. ૧૬-૧-૯૮

નં. નધણ/ભં-૪૭૧૭/ધ/૧૮૪/૯૮ :-આથી જાહેર કરે છે કે ધી મદારસા ગ્રાહક સહકારી ભંડાર મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૯-૧-૧૯૯૮.

વંચાણે લીધો :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો)-૧,ના મહેસાણાના પત્રક્રમાંક : નં. ફડચ/૦૧/૫૧૯/૯૭ તા. ૨૭-૧૦-૯૭થી નોંધણી રદની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૭/૧૯૯૮ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી સેંદરડી સેવા સહકારી મંડળી લી. મુકામ સેંદરડી તા. કડી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૧૫૩૦૪ તારીખ : ૧૬-૭-૯૦થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૮૩૬/૯૪ તારીખ : ૭-૩-૯૪થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૫૧૯/૯૭ તા. ૨૭-૧૦-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉપરોકત આમુખ નં. ૨માં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ અન્વયે સદર મંડળી નામે ધી સેંદરડી સેવા સહકારી મંડળી લિ. સેંદરડી તા. કડીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૯-૧૨-૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો--૧, મહેસાણાના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૫૫૧/૧/૯૭ તા. ૨૭-૧૧-૯૭.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૧૬૮/૧૯૯૮ :-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી શીતલ કો. ઓપ. હાઉસીંગ સો. લી. મુકામ ઉંઝા તા. સિધ્ધપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૬૩૭૫ તારીખ : ૨૪-૯-૭૯ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ફડચ/૦૧/ધ/૨૯૨/૯૭ તારીખ : ૨૮-૧-૯૭થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારી શ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૫૫૧/૯૭ તા. ૨૭-૧૧-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે ઉકત આમુખ નં. ૨ માં કરેલ જોગવાઈ અન્વયે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ સદર મંડળી નામેથી શીતલ કો.ઓપ. હાઉસીંગ સો. લી. મુ. ઉંઝાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૯-૧૨-૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર-૨, સ. મં. (દૂધ) પાટણની તા. ૧-૯-૯૭ ના પત્રથી ફડ્યામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડ્ય/૦૧/ધ/૨૪૨૮/૯૭ તા. ૯-૧૦-૯૭

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૭૭ની જોગવાઈ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડ્ય/૦૧/ધ/૧૬૯/૧૯૯૮ :-ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી ગોપનાથ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ગોપનાથ તા. સમી નોંધાયેલ દૂધ મંડળી છે. જેનો નોંધણી નંબર ૧૪૮૭૩ તા. ૨૮-૭-૭૭ છે.

સબ ઓડીટર-૨, સ. મં. (દૂધ) પાટણનો તા. ૧-૯-૯૭ના પત્રનો ખાસ અહેવાલ સ્પેશ્યલ ઓડીટર (દૂધ) દૂધ અન્વેષણ કાર્યાલય, મહેસાણાના પત્ર નં અપણ/ગ/૪૪૪/૮૦૯૦/૯૭ તા. ૮-૯-૯૭ના પત્રથી અત્રે રજુ થતાં અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક : નં. ઉખસ/ફડ્ય/૦૧/ધ/૨૪૨૮/૯૭. તા. ૯-૧૦-૯૭ થી કારણદર્શક નોટીસ પાઠવેલ અને મંડળીના પ્રતિનિધિને તા. ૨૩-૧૦-૯૭ ના રોજ હાજરી કરી રજુઆત કરવા તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી કોઈ જ પ્રતિનિધિ હાજર રહેલ નથી. કે આજદિન સુધી કોઈ લેખિત રજુઆત કરવાની પણ દરકાર કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોની નિષ્ક્રિયતા સ્પષ્ટ પતે જણાઈ આવે છે.

કારણદર્શક નોટીસમાં નીચેની ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧) મંડળી તેના પેટા નિયમમાં જણાવેલ હેતુ મુજબ પ્રવૃત્તિ કરતી નથી.

(૨) સંસ્થાનો છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે.

(૩) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી.

(૪) સંસ્થા ચાલુ રાખવામાં કાર્યવાહકોને કોઈ જ રસ નથી.

(૫) સંસ્થાની તા. ૩૦-૬-૯૭ની ખોટ રૂા. ૧૪૭૭૦-૨૯ છે. તે દિન પ્રતિ દિન વધતી જાય છે.

(૬) મંડળીએ સને ૧૯૯૬-૯૭ની સરકારી ઓડિટ ફી રૂા.-૧૦૦ ભરેલ નથી.

(૭) પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટીની બેઠક મળતી નથી.

(૮) સંસ્થાના કાર્યવાહકોને મંડળીનું ઓડિટ નિયમિત કરાવતા નથી.

(૯) સંસ્થાને લાંબો સમય ચલાવવામાં સભાસદના હિતને નુકશાન થાય તેમ છે.

(૧૦) ૩૦-૬-૯૭ના સરવૈયા સંબંધી નીચેની વગતો રજુ કરવી.

(૧) શેરભંડોળ ખાતે રૂા. ૧૦,૪૦૦/- ટે. સાધન ખાતે ૫૮૬૨/૯૫ ડેડસ્ટોક ખાતે રૂા. ૧૦૬૫-૭૦ બોલે છે. તેની વિગતે યાદી રજુ કરવી.

(૨) ચાવડા ભેમરાજ ખાતે રૂા. ૧૯૦૨-૦૦ વસૂલ લેવાના બાકી બોલે છે. તે અંગે શું હકીકત છે તેની સ્પષ્ટ વિગત રજુ કરવી. તેમજ આપની કક્ષાએથી વસૂલાત સારૂ શી કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ટી. વી. સેટ ખાતે રૂા. ૨૦૦૦/- બોલે છે. તે ટી. વી સેટ ખરીદ કર્યા અંગેના પુરાવા રજુ કરવા.

(૪) ભાવ ફેર રૂા. ૩૧૩૯૮/- ચુકવવાના બાકી છે. જે કયા ગ્રાહકોને કેટલી રકમ ચુકવવાની બાકી છે? તેની યાદી રજુ કરવી.

(૫) કેન ડીપોઝીટ ખાતે રૂા. ૭૫૦/- બોલે છે. કેન પાસબુક છેવટ સુધીની ભરાવી હાજર કેન કેટલા છે? કેટલા કેન સંઘમાં જમા કરાવેલ છે તેની વિગત રજુ કરવી.

આમ ઉપરોકત તમામ બાબતો અંગે મંડળીએ કોઈ રજુઆત ન કરતાં તેમજ મંડળી હાલ સ્થગિત હોઈ, નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ગોચનાદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ગોચનાદ તા. સમી જિ. મહેસાણાને નોંધણી નંબર ૧૪૮૭૩ તા. ૨૮-૭-૭૭ થી નોંધવામાં આવેલ છે. તેની સને ૧૯૬૧ના ગુજરાતની સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ના અંડ ક, ગ (૨) અને (૪- હેઠળ આથી ફડ્યામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડ્યો) ૩, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે ફબ૩ રજાઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૯-૧-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડ્યા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડ્યો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : નં.-ફડ્ય/૦૩/૧૯૦/૯૭ તા. ૩-૧૧-૯૭નો નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈઓ.

જા. નં.-ઉખસ/ફડ્ય/૦૧/૫/૧૭૦/૯૮.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી પાલાવાસણા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ પાલાવાસણા તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૨૧૭૩૯ તારીખ ૨૯-૧-૮૬થી નોંધવામાં

INDEX

આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવાઅર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉખસ/ફડચ/૦૧/૫/૧૫૨૭/૯૨ તારીખ ૬-૭-૯૨થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૧૯૦/૯૭ તા. ૩-૧૧-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨માં કરેલ જોગવાઈ સદર મંડળી નામે. ધી પાલાવાસણા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પાલાવાસણાની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૧૯-૧-૯૮.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ધરમ/૦૧/ખ/૫૩૬૬/૯૭ તા. ૮-૫-૯૭થી કારણદર્શક નોટિસથી રૂબરૂ રજુઆત કરવા આપેલ તક.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ધરમ/૦૧/ખ/૬૧૯/૯૭ તા. ૧૬-૫-૯૭થી પુન આપેલ તક.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૯૬/૯૭ તારીખ ૧૧-૬-૯૭થી કારણદર્શક નોટિસ

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ કલમ ૧૦૭ની જોગવાઈઓ.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૩૦/૯૭ની તારીખ ૯-૯૭ની કારણદર્શક નોટિસ તથા સ્વીકૃતિ પહોંચ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૧/૧૯૯૮.

ધી સૂર્યદર્શન કો. ઓપ. હા. સો. લી., મુ. વડસર તા. કલોલ જિલ્લો મહેસાણાને નોંધણી નંબર-ય-૧૦૩૦૯ તા. ૪-૧૧-૮૨થી નોંધવામાં આવેલ ગૃહ મંડળી છે.

અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ધરમ/૦૧/ખ/૫૩૬/૯૭ તારીખ ૮-૫-૯૭ થી રજી. પો. એડી. થી કારણદર્શક નોટિસ પાઠવેલ અને તા. ૧૫-૫-૯૭ના રોજ ૧૩-૦૦ કલાકે રજુઆત કરવા તક આપેલ પરંતું "જાણમાં નહિ હોવાથી પરત" ના શેરા સાથે કવર પરત આપેલ છે. ત્યારબાદ તા. ૧૬-૫-૯૭ના પત્રથી તા. પુન: તા. ૨૯-૫-૯૭ને ૧૫-૩૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહી રજુઆત (૨) કરવા તક આપવામાં આવેલ પરંતું "જાણમાં ન હોઈ પરત" ના શેરા સહ કવર પરત આવેલ છે.

ત્યારબાદ અત્રેની કચેરીના તા. ૧૧-૬-૯૭ના પત્રથી નીચે જણાવેલ (મુદ્દાઓ સંબંધે કારણ દર્શકનોટિસ પાઠવેલ પરંતુ "જાણમાં ન હોવાથી કવર પરત" આવેલ છે.

(૧) સોસાયટીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડિટ વર્ગ ક, ડર છે.

(૨) સોસાયટીના પેટા નિયમ મુજબ મૂળ ઉદ્દેશ્ય રહેઠાણોના મકાનો સભાસદોને પૂરા પાડવાની છે. તે મુજબ ઉદ્દેશ્ય મુજબ કામગીરી હાથ ધરેલ નથી.

(૩) મંડળીનું તા. ૩૦-૬-૯૫ના રોજનું સરવૈયું ચકાસતાં જમીન ખરીદી ખાતે રૂા. ૩,૮૨,૨૦૦/- બોલે છે. તેની અવેજમાં મંડળીએ જમીન ખરીદેલ છે કે કેમ ? તથા તેનો કબજો મંડળી પાસે છે કે કેમ ? મંડળીની એન. એ. પરવાનગી મેળવેલ હોય તો આધાર રજુ કરવો તેમજ ૭/૧૨ અને ૮(અ) ના ઉતારા તથા નમૂના નં.-૬ લક્કપત્રકની નકલ રજુ કરવી.

(૪) તા. ૩૦-૬-૯૫ના સરવૈયાના પંચરત્ન પ્લોટ ઓનર્સ ખાતે રૂપિયા ૧૪૫૦૫/- જમા બોલે છે. તેની કાયદેસરતા અંગે તે ઓનર્સનું તારીખ ૩૦-૬-૯૫ના રોજની સરવૈયાની નકલ રજુ કરવી.

(૫) મંડળીના મેનેજીંગ કમીટીના નામ/સરનામા તેમજ સભ્યોના પૂરા નામ તેમજ પત્રવ્યવહારના સરનામા રજુ કરવા.

(૬) સોસાયટીમાં ૨૩ સભ્યોના નામે બોલે છે. જેઓને સભાસદ બનાવવા માટે કરેલ કાર્યવાહીની વિગત રજુ કરવી.

(૭) તા. ૩૦-૬-૯૫ના સરવૈયા મુજબ મંડળીએ રૂા. ૮૭૨૮/૧૮ કરેલ છે. સદર ખોટ નિવારણ માટે આપની અપેક્ષાએથી કરેલ કાર્યવાહીની વિગત રજુ કરવી.

(૮) મંડળીના તમામ સભ્યો કાર્યક્ષેત્ર વિસ્તારના અને વડસર ગામના રહેવાસી હોવા બદલ ના તમામ સભ્યોના રેશનીંગ કાર્ડની નકલ રજુ કરવી.

(૯) મંડળીએ જનરલ કો. ઓ. બેંક લી., શાખામાં ખાતુ ખોલાવેલ છે. જેની સહકારી કાયદાની કલમ-૭૧નો ભંગ કરેલ છે.

(૧૦) મંડળીએ સને ૧૯૯૪-૯૫ તથા તે અગાઉના વર્ષની ઓડિટ નોંધની ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી. અને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૧૧) સભાસદ રજીસ્ટર પ્લોટ એલોટમેન્ટ રજીસ્ટર, પૂર્ણ વિગતે તૈયાર કરી રજુ કરવું.

(૧૨) પેટા-નિયમોની જોગવાઈ મુજબ સોસાયટીની વ્યવસ્થાપક કમીટીની મીટીંગ દર માસે બોલાવેલ નથી.

(૧૩) સોસાયટી એન. એ. વિવાદનો પ્રશ્ન હલ કરેલ નથી. અને પેટા નિયમના ઉદ્દેશ્ય પ્રમાણે કામગીરી કરેલ નથી.

આમ મંડળીને રૂબરૂ રજુઆત કરવા વારંવાર તક આપવા છતાં કવર પર "માલિક જાણમાં નથી" ના શેરા સહ આવતું હોઈ પુન: અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૩૦/૯૭ તા. ૧-૯-૯૭થી રજી. પો. એડીથી. મંડળીને દિન-૧૦ માં રજુઆત કરવા તક આપેલ જેની બજવણી થયેલ હોવા છતાં મંડળી રજુઆત કરવામાં બિલકુલ નિષ્ફળ ગયેલ છે ? આમ મંડળીના કાર્યવાહકોને પેટા-નિયમમાં જણાવેલ ઉદ્દેશ્યો અન્વયે મંડળી તા. ૪-૧૧-૮૨થી નોંધણી થયે આજદિન સુધી કામગીરી કરી શકેલ નથી. જે મંડળીના કાર્યવાહકોની નિષ્ક્રિયતા ઉદાસિનતા ફલિત થાય છે.

INDEX

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ બાબતો પરથી મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકાર પરત્વે, નીચે મુજબનો વચગાળાનો આદેશ કરું છું.

ધી સૂર્યદર્શન કો. ઓપ. હા. સો. લી., મુ. વડસર તા. કલોલ જિલ્લો મહેસાણાને નોંધણી નંબર-ધ-૧૦૩૦૯ તા. ૪-૧૧-૮૨થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી અધિનિયમની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ, (૪) ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની અચૂક નોંધ લેવી.

મહેસાણા, તા. ૧૯-૧-૯૮.

ક્રમાંક : નં.-નધણ/સે-૩૦૧૬૬/ધ-૩૨૨/૯૮ આથી જાહેર કરે છે કે, શ્રી ઈશ્વરપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ ઈશ્વરપુરા (બકપુરા) તાલુકો વિજાપુર જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૩-૨-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૩૪/૯૮ તા. ૧૯-૧-૯૮ ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૩૫૪/૯૮.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી વડાવસ્વામાં સેવા સહકારી મંડળી લી., મુકામ વડાવસ્વામી તા. કલોલ નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર-૩૦૦૨૭ તારીખ ૩૦-૫-૬૦થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૦૮૩/૯૫ તારીખ ૭-૪-૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણા તરફથી તેઓ પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૩૪/૯૮ તા. ૧૯-૧-૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨ના જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી વડાવસ્વામી સેવા સહકારી મંડળી લી., વડાસ્વામી તા. કલોલ, ની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨/૩/૨/૯૮

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી(ફડચો-૧), મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ધ/૯૭ તા. ૫-૧-૯૮ ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈ.

(૩) અત્રેની કચેરીના ડીડ ઓફ એસાઈનમેન્ટનો હુકમ.

(૪) રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક : ફડચ/૧૬૧/૩-૧/૮૪૫૬૫/ તા. ૧૩-૩-૮૪.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૩૫૬/૯૮

ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી નંદનવન પિયત સહકારી મંડળી લી. મુ. પુંધરા તા. વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૨૦૪૦ તા. ૧૩-૯-૭૪થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અંગે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૮૮૮૦/૧૩૫૩/૯૧ તારીખ ૪-૫-૯૧થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧), તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૬/૯૭ તા. ૫-૧-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી નંદનવન પિયત સહકારી મંડળી લી., ની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૩/૨૩૦/૯૮ તા. ૧૮-૧-૯૮ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૩૫૭/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી ન્યુ સત્યનારાયણ કો. ઓપ. હા. સો. લી., મુકામ મહેસાણા તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૧૦૬૪૩ તારીખ ૨૨-૭-૮૬થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉખસ/ફડચ ૦૧/ધ/૧૭૩૩ તારીખ ૨૯-૭-૯૭થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) ૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૩૦/૯૮ તા. ૧૯-૧-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ન્યુ સત્યનારાયણ કો. ઓ. હા. સો. લી., મુ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

ઉકત આમુખ-૨માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૩ની જોગવાઈઓ મુજબ.

મહેસાણા, તા. ૨-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાનો પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૩૭/૯૮ તા. ૧૯-૧-૯૮ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ચ/૩૫૮/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ઈટલા જુથ ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી., મુકામ ઈટલા તા. કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૧૧૮૪ તારીખ ૨-૧-૭૦ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ધ/૧૦૩૪/૯૫ તારીખ ૩૧-૩-૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક / ફડચ/૦૩/૨૩૧/૯૮ તથા. ૧૯-૧-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ઈટલા જુથ ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી., ઈટલા તા. કલોલની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યાની તારીખ થી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨-૩-૯૮

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્રકક્રમાંક : નં.-ફડચ/૨૩૩/૦૩/૯૮ તા. ૧૯-૧- ૯૮ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ચ/૩૧૯/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી મહાવીર નગર કો. ઓપ. હા. સો. લી., મુકામ મહેસાણા તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૭૩ તારીખ ૭-૫-૬૧થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નં.-ઉખસ/ફડચ/૦૧/છ/૨૯૯૨/૯૪ તારીખ ૨૮-૯-૯૪થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૩૩/૯૮ તા. ૨૯-૧-૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯-૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી મહાવીર નગર કો. ઓપ. હા. સો. લી., મુ., મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમની નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૩/૨૩૨/૯૮ તા. ૧૯-૧-૯૮.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમનો ૧૯૬૧નો કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ચ/૩૬૦/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કર્મચારી નગર કો. ઓ. હા. સો. લી., મુકામ કડી, તા. કડી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૯૩૨૮ તારીખ ૩૦-૯-૮૧થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર,

INDEX

સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૩૧ ૯૬ તારીખ ૧૩-૧૧-૯૬થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૩૧/૯૬ તા. ૧૩-૧૧-૯૬થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ઉક્ત આમુખ-૨ માં જણાવ્યા પ્રમાણે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી કર્મચારીનગર કો. ઓપ. હા. સો. લી., મુ. કડીની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨-૩-૯૮.

ક્ર. નં.-નધણ/ધ-૧૬૫૩૬/ધ/૩૬૧/૯૮ આથી જાહેર કરે છે કે, શ્રી ગંગા-જમના કો. ઓ. હા. સો. લી., મર્યાદિત સ્થળ બોરીસણા તાલુકો કલોલ જિલ્લો મહેસાણા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૩-૩-૯૮

ક્ર.-નં.-નધણ/સિ.-૩૦૧૬૭/ધ-૪૩૭/૯૮ આથી જાહેર કરે છે કે, ધી બાલીસણા નાગરિક ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ બાલીસણા તાલુકો પાટણ જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

(એ. બી. ગઢવી.)
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા

મહેસાણા, તા. ૧૬-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) મંડળીનો તા. ૬-૧-૯૮નો પત્ર (ઠરાવ નં.-૨ તા. ૩૧-૧૨-૯૭ના વ્ય. ક. ઠરાવની નકલ સહિત)

(૨) સબ-ઓડિટર, સ. મં. કડીના પત્રક્રમાંક : અપણ/૦૧/૮/૯૮ તા. ૩૧-૧-૯૮થી મંડળીને ફડચામાં લઈ જવા બાબતે કલમ-૧૦૭ અન્વયે ખાસ અહેવાલ તેમજ જિલ્લા રજી. ઓડિટર સહકારી મંડળીઓ મહેસાણા પત્રક્રમાંક : અપણ/૦૧/૯૯/૭૦૯/૯૮ તા. ૨૧-૨-૯૮થી અભિપ્રાય.

(૩) મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો તા. ૨૨-૨-૯૮ નો પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૨૫/૯૮

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી અપના બજાર કન્ઝ્યુમર્સ કો. ઓ. સો. લી. મુ. કલોલ એ નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર-૩૦૯૪ તા. ૫-૫-૯૬ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ મંડળીએ વ્ય. ક. સ. ના ઠરાવ નં.-૨ તા. ૩૧-૧૨-૯૭થી સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

(૧) ૩૦-૬-૯૭ના રોજની એકત્રીત ખોટ રૂા. ૧,૬૮,૯૦૧/છે
(૨) મહારથી દેવું કરવાની કોઈ હદ રહેતી નથી.
(૩) માલ સ્ટોક બગડી ગયેલ લોઈ તેમાં પણ ખોટ આવે તેમ છે.
(૪) પાછલા દોઢ વર્ષથી મંડળીનું વેપારી કામકાજ સંપૂર્ણ બંધ છે.
(૫) ભાડાની રકમ સદી જવાથી ભાડાના મકાન માલિકને પરત ચૂકવેલ છે.
(૬) મંડળી હાલ બિલકુલ સ્થગિત છે.

તદ્ઉપરાંત ઉપરોકત આમુખનં.-૨માં જણાવ્યા મુજબ સબ-ઓડિટર સહકારી મંડળીઓ કડીએ તેઓના તા. ૩૧-૧-૯૮ના પત્રથી સદર મંડળીને કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ કરેલ છે. જે તેઓના નિયંત્રણ અધિકારીશ્રી મારફત તા. ૨૧-૨-૯૮ના પત્રથી રજુ થયેલ છે.

તેઓએ તા. ૧-૭-૯૬ થી ૩૦-૬-૯૭ના સમયનું ઓડિટ હાથ ધરતાં ઓડિટ સમય દરમ્યાન નીચે મુજબ ખામીઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) સંસ્થાનો મુખ્ય હેતુ પોતે ખરીદેલ અથવા બીજી માલ વાપરનાર મંડળીએ બનાવેલ જીવન-જરૂરીયાતની વપરાશી ચીજ-વસ્તુઓ પોતાના સભાસદો તથા બિન સભાસદોને વિતરણ કરવી તથા માલના વપરાશના પ્રમાણમાં સભાસદ અને ગ્રાહકોને નફો વહેંચવાનો છે. પરંતુ સંસ્થાએ ઓડિટ સમય તથા અગાઉના બે વર્ષમાં આ પ્રવૃત્તિ ખુબ જ અલ્પ પ્રમાણમાં કરેલ છે. સંસ્થા તેની મુખ્ય પ્રવૃત્તિમાં ગુજરાત વિદ્યુત બોર્ડના એજન્ટ તરીકે ગ્રાહકોના વીજળી બીલોના નાણાં સ્વીકારી ગુજરાત વિદ્યુત બોર્ડમાં નાણાં ભરપાઈ કરવાની [illegible] મંડળીના વહીવટી ખર્ચાઓ અંશત: નીકળતા હતા. પરંતુ આ એજન્સી ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા તા. ૨૪-૬-૯૭થી બંધ કરી દેવાતાં મંડળી પાસે અન્ય કોઈ પ્રવૃત્તિ ન રહેતાં સંસ્થા ઓડિટ તારીખે સ્થગિત હાલમાં રહેલ છે.

(૨) ૩૦-૬-૯૭ના રોજ સંસ્થા ની ચોખ્ખી ખોટ રૂા. ૧,૬૮,૯૦૦ રહેવા પામેલ છે.

૩ વીજળી કલેકશન સેન્ટરો બંધ થતાં સંસ્થાને અન્ય કોઈ આવક /પ્રવૃત્તિના રહેતાં સંસ્થાના કર્મચારીઓના પગાર ખર્ચ તથા મકાન ભાડું તથા મકાન ભાડું માસિક રૂા. ૧૪૦૦/- વિગેરે ખર્ચાઓની સંસ્થાના દેવા ના વા તે માટે સંસ્થાના કાર્ય વાહકો એ તા. ૩-૧૦-૯૭ની વ્ય. ક. ની બેઠકમાં મકાન ભાડું બંધ કરી મકાન ખાલી કરવા નિર્ણય કરી, મકાન ખાલી કરેલ છે. અને રેકર્ડસ્ટોક, સ્ટોક તથા દફતર સાચવવા લંગાની વ્યવસ્થા કરેલ છે. જે તે સમયે કાર્યવાહકોના ઓળખીતાઓના મકાન દુકાનોમાં રાખેલ છે.

INDEX

(૪) વ્ય. ક. ઠરાવ નં.-૩ તા. ૩-૫-૧૧-૯૭થી કર્મચારીઓનો પગાર બંધ કરવા નિર્ણય કરેલ છે. અને ચાર્જ વ્ય. ક. સભ્ય થી રાજ ભાઈ એમ. પટેલ એ તા. ૩૧-૧૦-૯૭થી સંભાળી લીધો છે.

(૫) સંસ્થાના ઓડિટ વખતે ઉપરની વ્યવસ્થા મુજબ ડેડ સ્ટોક દફ્તર તથા જુનો ખેંચાતો આવતો સ્ટોક બે ત્રણ સ્થળોએ અસ્તવ્યસ્ત હાલતમાં જોવા મળેલ છે. સંસ્થા બંધ હોઈ આ ચીજોની નિયમિત સંભાળ રાખવામાં આવતી નથી. જેથી મંડળી ની ચીજોને વધુ નુકશાન થવાની સંભાવનાઓ ઉભી થયેલ છે.

(૬) કલેકશન સેન્ટરો બંધ થયા પછી સંસ્થાની અન્ય પ્રવૃત્તિઓ ચાલુ કરવા અંગે કાર્યવાહકોએ કોઈ નક્કર પગલાં લીધા નથી. પરંતુ સંસ્થામાં વધુ બોજા ઉભા ના થાય અને જે હાલતમાં છે તે હાલતમાં જાળવી રાખવા પ્રયત્નો કર્યા છે. જેમાં સંસ્થા આટોપી લેવાનો આશય હોય તેવું જણાય છે.

(૭) સંસ્થા છેલ્લા બે વર્ષથી ઓડિટ વર્ગ-ડ હેઠળ કામ કરે છે.

(૮) સંસ્થાના સભાસદો તથા કાર્યવાહકોને સંસ્થા પુન: ચાલુ કરવાનો રસ હોય તેમ જણાતું નથી. તથા ગ્રાહક ઉપયોગી ચીજ વીતરણમાં સંસ્થાનો વહીવટ તથા બજારની હરીફાઈ જોતાં સંસ્થા ટકી શકે તેમ નથી.

(૯) સંસ્થા લાંબો વખત રહે તો તેની રહી સહી મિલકત પણ નષ્ટ થવાની શકયતાઓ જણાય છે.

તદ્ઉપરાંત સદર મંડળી તરીકે ના. સરકારશ્રીનું લ્હેણું જિલ્લા રજીસ્ટ્રાર, લોન ગ્રા. દયગેર/- તથા જિલ્લા રજીસ્ટ્રાર, ફર્નીચર લોન ગ્રા. ૩૭૮૫/- ભરપાઈ કરવાનું બાકી બોલે છે.

તદપરાંત મંડળીના પ્રમુખશ્રીએ પુન: તા. ૨૨-૨-૯૮ થી સદર મંડળીને તાકીદે ફડચામાં લઈ જઈ આર્થિક નુકશાનમાંથી બચાવવા વિનંતી કરેલ છે.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ બાબતો પરથી મંડળીની માંગણી મુજબ સદર મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાતા નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું એ. બી. ગઢવી જિલ્લા રજીસ્ટ્રા ર, સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકારી પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

ધી અપના બજાર કન્ઝ્યુમર્સ કો. ઓપ. સો. લી., મુ. કલોલ તા. કલોલ જિ. મહેસાણાનો નોંધણી નંબર-૩૦૯૪ તા. ૫-૫-૮૬થી નોંધાવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭(૧)ના ખંડ ક, ગ(૨), (૪) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩) મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉપરોકત વચગાળાના હૂકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હૂકમ નીકળ્યા તારીખથી એક માસ ની મુદતમાં આ કચેરી એ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સદર હૂકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની અચુક નોંધ લેવી.

મહેસાણા, તા. ૨૧-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાના પત્રક્રમાંક : નં.-ફડચ/૦૧/૫૪/૯૮ તા. ૧૨-૨-૯૮ ની નોંધણી રદની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ.

જા. નં.ઉખસ/ફડચ/૦૧/ચ/૫૨૭/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી સેવા કેન્દ્ર કન્ઝ્યુમર્સ કો. ઓપ. હા. સો. લી., મુકામ સિદ્ધપુર તા. સિદ્ધપુર, નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૧૦૪ તારીખ ૩૧-૭-૬૧થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/૫/૧૦૩૫/૯૮ તારીખ ૩૧-૩-૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો)૧- મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૫૪/૯૮ તા. ૧૨-૨-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ--૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી સેવા કેન્દ્ર કન્ઝ્યુમર્સ કો. ઓપ. સો. લી., સિદ્ધપુરની નોંધણી રદ કરતો હૂકમ કરું છું આ હૂકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨૧-૭-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) સહકારી મંડળીઓ મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૫૩/૯૮ તા. ૧૨-૨-૯૮થી નોંધણી રદની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ચ/૫૨૮/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી પાટણ કો. ઓપ. હા. સો. લી. મુકામ :સાંતેજ

INDEX

તા. કલોલ, નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર-૧૦૦-૧૭ તારીખ ૩-૮-૮૨થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ--૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણા ની કચેરીના જાવક નંબર-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૮૬ તારીખ ૨૯-૮-૯૫થી હૂકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, (ફડચો-૧) મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૫૩/૯૮ તા. ૧૨-૨-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ માં કરેલ જોગવાઈ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી પારૂલ કો. ઓપ. હા. સો. લી. મુ. સાંતેજ તા. કલોલની નોંધણી રદ કરતો હૂકમ કરું છું. આ હૂકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા' ૨૧-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૭૩/૯૭ તા. ૮-૯-૯૭થી વચગાળાનો આદેશ.

(૨) સેક્રેટરીશ્રી, ધી સમર્પણ કો. ઓ. હા. સો. લી., મુ. કલોલની તા. ૮-૯-૯૭, ૩૦-૯-૯૭, ૨૭-૧૦-૯૭, ૧૯-૧૨-૯૭ તા. ૬-૧-૯૮ના પત્રથી કરેલ રજુઆત.

(૩) સને ૧૯૯૬-૯૭ના સમયની અન્વેષણ નોંધ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૫૨૯/૯૮

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી સમર્પણ કો. ઓપ. હા. સો. લી. મુ. કલોલ તા. કલોલ, જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર ૪૯૫૯ તા. ૨૪-૧-૭૪ છે.

ઉપરોકત આમુખ નં.-૧માં જણાવ્યા પ્રમાણે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૦૭૩/૯૭ તા. ૮-૯-૯૭ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ.

જે સંબંધે ઉપરોકત આમુખ નં.-૨માં જણાવેલ પત્ર ક્રમાંક : તેમજ તેની સાથે રજુ કરેલ તમામ સાધનિક કાગળો અન્વયે તેઓએ સદર મંડળીને ફડચામાં ન લઈ જવા કરાવેલ છે.

આમુખ નં.-૩થી જણાવ્યા મુજબ સને ૧૯૯૬-૯૭ ના ઓડિટ નોંધ મુજબ ઓડિટ વર્ગ(ક) મળેલ છે. તેમજ ઓડિટ નોંધમાં ઓડિટરશ્રીએ મંડળીના ઉદ્દેશ્યો મુજબ પૂર્ણ કરેલ કામગીરી હિસાબી કામગીરી, આર્થિક પરિસ્થિતિ વહીવટી કામગીરીમાં રસ દાખવેલ છે. તેમ જણાવેલ છે.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ હકીકતોને ધ્યાને લઈ વચગાળાનો આદેશ રદ કરતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકાર પરત્વે

મંડળીની માંગણી તેમજ ઓડિટ નોંધને આધિન ધી સમર્પણ કો. ઓ. હા. સોસાયટી લી. મુ. કલોલ, તા. જિ. મહેસાણાનો વચગાળાનો આદેશ રદ કરતો હુકમ કરવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૧-૩-૯૮.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૯૧/૯૭ તા. ૨૨-૧૦-૯૭ની કારણ દર્શક નોટિસ તેમજ સ્વીકૃતિ પાવતી.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૩ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૦/૯૮

શ્રી રામપુર (કોટ) ઉમીયાનગર કો. ઓ. હા. સો. લિ. મુ. રામપુર (કોટ) તા. વિજાપુર જિ. મહેસાણા, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધાયેલ ગૃહ મંડળી છે. જેનો નોંધણી નંબર-૧૦૭૩૬ તા. ૨૦-૭-૮૩થી નોંધાયેલ છે.

મંડળીએ શરૂઆતમાં તેઓના તારીખ વગરના પત્રથી ઓડિટરની રૂબરૂ સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવા વિનંતી કરેલ.

(૧) મંડળીએ લોન લીધેલ નથી.
(૨) મંડળી સ્થગિત અવસ્થામાં છે.
(૩) મંડળીમાં સભાસદોને રસ નથી.
(૪) મંડળીનો ઓડિટ વર્ગ 'ડ' છે.
(૫) મંડળીમાં કોઈ કામ નથી.

જે અંગે મંડળીએ સામાન્ય સભાના ઠરાવ નં.-૨ તા. ૨૫-૯-૯૧૮થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

તે પછી મંડળીએ તેઓ ખાસ તા. ૩૦-૧૨-૯૫ના ખાસ વાર્ષિક સામાન્ય સભાના ઠરાવથી મંડળીને ફડચામાં ન લઈ જવા વિનંતી કરેલ છે.

આમ, આવા વિશેધાભાસી નિર્ણય કરવા સંબંધે અત્રેના તા. તા. ૧૩-૯-૯૬ના પત્રથી વિગતવાર મુદ્દાઓ દિન-૨૦માં રજુ કરવા જણાવેલ છે. જે સંબંધે મંડળી તરફથી કોઈ લેખિતમાં રજુ ન થતાં અત્રેથી તા. ૨૩-૧૨-૯૬ના પત્રથી મદદનીશ (અધિકારી (હાઉસીંગ) લગત મજકૂર કચેરીને સ્થળ તપાસણી કરી ફડચામાં લઈ જવા સંબંધે સ્પષ્ટ અભિપ્રાય માંગતા તેઓએ તા. ૧૫-૫-૯૭ના પત્રથી દિન-૧૦માં રજુઆત કરવા મંડળીને જણાવેલ પરંતુ મંડળી તરફથી કોઈ સાધનિક પુરાવા સહ-લેખિત રજુઆત થયેલ નથી. તેમના મદદનીશ સહકારી અધિકારી રૂબરૂમાં પણ મંડળીના ૯ સભ્યોએ સદર મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાં લેખિત નિવેદન આપેલ છે. જેથી ઉકત તમામ બાબતોને ધ્યાને લેતાં મદદનીશ સહકારી અધિકારી શ્રી (હાઉસીંગ) એ તેઓના તા. તા. ૩-૧૦-૯૭ની નોંધથી સદર મંડળીને ફડચામાં લઈ જવા આપેલ અભિપ્રાય તેમજ મંડળીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાની માંગણી ધ્યાને લેતા નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે

વચગાળાનો આદેશ

જયશ્રી રામપુર (કોટ) ઉમીયાનગર કો. ઓ. હા. સો. લી., મુ. રામપુર (કોટ) તા. વિજાપુર જિ. મહેસાણાને નોંધણી નંબર-૧૦૭૩૬ તા. ૨૭-૭-૮૩થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ના ખંડ કલમ-ગ(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉપરોકત વચગાળાના હૂકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હૂકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ લેખિતમાં અગર રૂબરૂમાં રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૧-૬-૯૮.

———

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી અને સીની. ઈન્સ્પેકટર, ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાના જા. નં.-૮૨/લોન/ફડચો તા. ૩-૧૨-૯૭થી મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

(૩) અત્રેની કચેરીના ડીડ ઓફ એસાઈમેન્ટનો હૂકમ.

(૪) રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ફડચ/૧૬૧/ડ-૧/૮૪૫૬૫ તા. ૧૩-૩-૯૪.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ચ/૫૩૨/૯૮.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈ હેઠળ ધી ન્યુ સમી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., મુકામ સમી, તા. સમી નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૧૩૦૨૪ તારીખ ૨૩-૧૨-૭૪થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૮૫૪૭/૨/૧૪૫૫/૮૮ તારીખ ૨૧-૧૧-૮૮ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી ધી. મ. ડી.સે. કો. ઓ. બેંક લી., મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ૮૨ લોન/ફડચો તા. ૩-૧૨-૯૭થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦માં જણાવ્યા મુજબ સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ન્યુ સમી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., મુ. તા. સમીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હૂકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨૧-૩-૯૮.

———

વંચાણે લીધા :-

(૧) સબ-ઓડિટર સહકારી મંડળીઓ, ચાણસ્માના પત્ર ક્રમાંક : નં.-અષણ/ખા. અ./૫૦/૯૬ તા. ૧-૭-૯૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૮૭/૯૬ તા. ૫-૧૨-૯૬નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૫૯૭/૮ ધ/ તા. ૮-૭-૯૭થી ફડચાની કારણ દર્શક નોટિસ તથા અત્રેની કચેરીના પત્રક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૩૪/૯૭ તા. ૧૧-૯-૯૭થી સ્મૃત્તિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૫૩૩/૯૮.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી જય આંબેડકર અનુસૂચિત જાતિ પિયત સહકારી મંડળી લી., મુ. ટાકોદી તા. ચાણસ્મા, નોંધણી નંબર : ૩૬૯૦ તા. ૨૪-૮-૯૩થી નોંધાયેલ મંડળી છે.

સબ ઓડિટર, સહકારી મંડળીઓ ચાણસ્માએ સદર મંડળીનું તા. ૧-૭-૯૪થી ૩૦-૬-૯૫ના સમયનું ઓડિટ હાથ ધરેલ જે અંગે તેઓએ ઉપરોકત આમુખ-૧માં જણાવેલ વિગતે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ રજુ કરતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ધ/૨૬૮૭/૯૬ તા. ૫-૧૨-૯૬થી સામાન્ય નોટિસ પાઠવેલ પરંતુ મંડળી તરફથી કોઈ લેખિત રજુઆત ન થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ફડચ/૦૧/૧૫૯૭/ધ/ તા. ૮-૭-૯૭થી વૈધાનિક કારણ દર્શક નોટિસ પાઠવેલ જેમાં નીચેની ખામીઓ અંગે સ્પષ્ટતા કરવા તક આપવામાં આવેલ હતી.

(૧) ગત તપાસણી મેમાની દૂરસ્તી કરેલ નથી.

(૨) બેંક સૂચિત ખાતાને સેવિંગ્ઝ ખાતામાં ટ્રાન્સફર કરાવેલ નથી.

(૩) મંડળી બેંક સાથે સંયોજીત થયેલ નથી.

(૪) મંડળીની નોંધણી બાદ વા. સા. સભા મળેલ નથી.

(૫) તપાસણી દરમ્યાન વ્ય. ક. ની એકપણ બેઠક મળેલ નથી

(૬) સને ૧૯૯૩-૯૪ રૂા. ૫૦/- અને ૧૯૯૪-૯૫ રૂા. ૫૦/- ઓડિટ ફી ભરેલ નથી.

(૭) મંડળી સ્થિગિત અવસ્થામાં છે.

(૮) મંડળીને નાણાકીય સહાય મળેલ ન હોઈ કાર્યવાહકો સાથે રૂબરૂ થયેલ ચર્ચા મુજબ મંડળી ચલાવવામાં રસ નથી.

ઉપરોકત ખામીઓ અંગે મંડળી તરફથી કોઈ સ્પષ્ટતા ન થતાં ન્યાયના હિતમાં મંડળીને રજુઆત કરવા વધુ એક તક અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૧૩૪/૯૭ તા. ૧૭-૯-૯૭થી આપવામાં આવેલ છે.

INDEX

આમ મંડળીને રજુઆત કરવા પુરતી તક આપવા છતાંય કઈ પણ રજુઆત/સ્પષ્ટતા કરવામાં મંડળી સરીયામ નિષ્ફળ ગયેલ છે. ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકત લક્ષમાં લઈ મંડળીને ફડચામાં લઈ જવી વ્યાજબી જણાંતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે.

વચગાળાનો આદેશ

આથી હું જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ વચગાળાનો આદેશ કરૂં છું.

શ્રી જય આંબેડકર અનુસૂચિત જાતિ પિયત સહકારી મંડળી લી. મુ. ટાકોદી તા. ચાણસ્મા નોંધણી નંબર-૩૬૯૦ તા. ૨૪-૮-૯૩થી નોંધાયેલ મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ--૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે ખંડ ક, ગ(૧), (૪) હેઠળ સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહું કાયદા-ની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો)૧-ની મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉપરોકત વચગાળાના હૂકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હૂકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવો કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સદર હૂકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મહેસાણા, તા. ૨૧-૩-૯૮.

નં.-નધણ/સે/૩૦૧૬૮/ધ-૫૩૮/૧૯૯૮ આથી જાહેર કરે છે કે, શ્રી બાલીસણા કો.-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., મર્યાદિત સ્થળ બાલીસણા તાલુકો પાટણ જિલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૪-૩-૯૮.

નં.-નધણ/ભં-૪૭૧૮/૫૪૨/૧૯૯૮ આથી જાહેર કરે છે કે, ધી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર મર્યાદિત સ્થળ પાટણ તાલુકો પાટણ જિલ્લો પાટણ

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી--ઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૪-૩-૯૮.

વંચાણે લીધા

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં. સકમ/૦૧/ધ/૬૪૫/૯૭ તા. ૪-૨-૯૭ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો પત્ર.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ફડચ/૦૧/ધ/૮૮૦/૯૭ તા. ૨૦-૩-૯૭ ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં. ફડચ/૦૧/ધ/૧૮૫૧ તા. ૧૩-૮-૯૭ ની કારણદર્શક નોટીસ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૫૬૦/૯૮ :-શ્રી હારીજ મહીલા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. હારીજ તા. હારીજ જિ. મહેસાણા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નં. ૧૭૮૫ તા. ૨૪-૧૨-૭૬ છે.

ઓ. ગ્રેડ-૨, સહકારી મંડળીઓ હારીજ એ તા. ૧-૭-૯૪ થી ૩૦-૬-૯૬ સમયનું ઓડીટ હાથ ધરેલ છે. જે અંગે તેઓએ તેઓના પત્ર ક્રમાંક : નં. અધણ/૦૧/૧૮/૯૭ તા. ૩૧-૧-૯૭ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧(૧) મુજબ વહીવટદારની નિમણુંક કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરેલ.

જે અન્વયે અત્રેના કચેરીના પત્ર ક્રમાંક : સકમ/૦૧/ધ/૬૪૫/૯૭ તા. ૪-૩-૯૭ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા જણાતાં

મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૮૮૦/૯૭ તા. ૨૦-૩-૯૭ થી નીચેના કારણદર્શક નોટીસ પાઠવેલ.

(૧) મંડળી ઓડીટ કરાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨) મંડળીનું છેલ્લું ઓડીટ થયા બાદ મંડળીએ કોઈજ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. મંડળી સ્થગિત છે.

(૩) મંડળીના કાર્યવાહકોએ મંડળીએ સ્વીકારેલ પેટા નિયમની કલમ-૨૧ થી વિદિત થયેલ જોગવાઈઓ મુજબ મંડળીનું સંચાલન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૪) મંડળીના ઓડીટ નોંધના દુરસ્ત રીપોર્ટ મોકલેલ નથી.

(૫) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી. જે રજી. પોસ્ટ એ. ડી. થી મોકલી આપતાં કવર પર માલિક "મહેતા શેરીમાં રહેતા હોઈ પરત" ના આદેશ સાથે પરત આવતાં અત્રેથી ખુન: ફડચ/૦૧/૧૮૫૧/ધ/ તા. ૧૩-૮-૯૭ના પત્રથી કારણદર્શક નોટીસ મંડળીના સરનામે તેમજ કવર પર દર્શાવેલ શેરા મુજબ ના સરનામે પાઠવ્યા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

શ્રી હારીજ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લિ. મુ. હારીજ તા. હારીજ જિ. મહેસાણાને નોંધણી નંબર : ૧૭૮૫ તા. ૨૪-૧૨-૭૬ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૩(૧)ના ખંડ ક, ગ(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી (ફડચો)૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા જે મુદ્દા રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૫-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) સુપરવાઈઝર ધી મ.ડી. સે. કો. ઓ. બેંક લિ. વિસનગર શાખાનો તા. ૧-૧૧-૯૪ થી ૩૦-૬-૯૫ નો તપાસણી અહેવાલ તેમજ મેનેજર ધી મ. ડી. સે. કો. ઓ. બેન્ક લિ. મહેસાણાનો તા. ૧૭-૮-૯૫નો અભિપ્રાય

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : નં ઉખસ/ફડચ/૦૧/ધ/૬૭૮/૯૬ તા. ૨૭-૩-૯૬ નો પત્ર તેમજ સદર પત્ર અન્વયે મંડળીની તા. ૯-૪-૯૪ના પત્રથી રજૂઆત.

(૩) સને ૧૯૯૪-૯૫ તથા સને ૧૯૯૫-૯૬ની ઓડીટ નોંધ

(૪) મદદનીશ સહકારી અધિકારીશ્રી, (સેવા) લગત મજકુર કચેરીના પત્ર ક્રમાંક નં. સમવ/૦૧/ખ/૯૭૫/૯૭ તા. ૫-૮-૯૭ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અભિપ્રાય.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૪૯/૯૭ તા. ૨૭-૧૧-૯૭ થી કારણદર્શક નોટીસ તેમજ સ્વીકૃતિ પહોંચ.

(૬) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૫૬૧/૯૮ :-ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી હસનપુર સેવા સહકારી મંડળી લિ. મુ. હસનપુર તા. વિસનગર જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. જેનો નોંધણી નંબર : ૧૫૩૭૪ તા. ૧૪-૪-૫૮ છે. સુપરવાઈઝરશ્રી ધી. મ. ડી. સે. કો. ઓ. બેન્ક લી. વિસનગર શાખાના તપાસણી અહેવાલ પરથી મેનેજર ધી મહેસાણા ડી. એ. કો. ઓ બેન્ક લી. મહેસાણાના પત્ર ક્રમાંક નં. ૮૦/લોન તા. ૧૭-૮-૯૫ ના અભિપ્રાય સહ અહેવાલ રજુ થતાં અત્રેના કાર્યાલયના પત્ર ક્રમાંક : નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૬૭૮/૯૬ તા. ૨૭-૩-૯૬ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા સાદા પત્રથી મંડળીને જાણ કરતાં મંડળીએ તા. ૯-૪-૯૬ ના પત્રથી ફડચામાં લઈ જવા અંગેની સુચનાઓનો લેખિત જવાબ પાઠવેલ છે.

ત્યારબાદ અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારીશ્રી (સેવા) લગત મજકુર કચેરીએ તેઓના તા. ૫-૮-૯૭ થી સદર મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય આપેલ જે અન્વયે અત્રેથી પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/૨૭૪૯/૯૭ તા. ૨૭-૧૧-૯૭ થી કારણદર્શક નોટીસ પાઠવી મંડળી તરફથી કોઈ પ્રતિનિધિને તા. ૩-૧૨-૯૭ ના રોજ હાજર રહેવા જણાવેલ પરંતુ આજદિન સુધી મંડળીએ કોઈ લેખિત રજુ કરેલ નથી. કે મંડળી તરફથી કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. ઉખસ/ફડચ/૦૧/ધ/૨૭૪૯/૯૭ તા. ૨૭-૧૧-૯૭ થી રજીસ્ટર્ડ પોષ્ટ એ. ડી. થી કારણદર્શક નોટીસ પાઠવેલ જેમાં નીચે જણાવેલ ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧) મંડળી ધિરાણ પ્રવૃત્તિ કરતી નથી.

(૨) છેલ્લા આઠ માસથી વેપાર પ્રવૃત્તિ બંધ કરેલ છે.

(૩) છ વર્ષની મંડળી બિન અર્થક્ષમ છે.

(૪) મંડળીને પોતાનું કે ભાડાનું મકાન નથી.

(૫) મંડળીમાં ખોટ હોવા છતાં વહીવટી ખર્ચા વધુ કરી મંડળીના આર્થિક હિતને નુકસાન પહોંચાડેલ છે.

(૬) ૯૪/૯૫, ૯૫/૯૬ ના સમયના ઓડીટ નોંધના દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી.

(૭) ૩૦-૬-૯૬ના સરવૈયા સંબંધી :-

(૧) ચોરાયેલ માલ રૂા. ૧૪૭૪/૬૫ અંગે કરેલ વસુલાત પ્રગતિની વિગત રજુ કરવી.

(૨) સબસીડી ખાતે રૂા. ૩૭૪/૮૦ ઉ. બાકી છે. સ્પષ્ટતા કરવી.

(૩) બંધ સિલક રૂા. ૧૧૨૮૩/૦૯ છે. આટલી મોટી સિલક રાખવાનું શું પ્રાયોજન છે? વ્ય. ક. માં સિલક મર્યાદાના ઠરાવની નકલ રજુ કરવી. હાથ પર રાખેલ સિલકનું વ્યાજ જમા થયેલ છે કે કેમ? સ્પષ્ટતા કરવી.

(૪) કિસાન વિકાસ પત્રો ખાતે રૂા. ૧૩૦૦/- (સને ૧૯૯૫-૯૬ની ઓડીટ નોંધની ખામી નં. ૯ સંબંધેની ઝેરોક્ષ નકલ રજુ કરવી.

(૮) ભેટ સોગાદ ખાતે રૂા. ૩,૮૦૦/- જમા કરેલ છે. જે શું હકીકત છે? સ્પષ્ટતા કરવી.

(૯) સને ૧૯૯૫-૯૬ના વર્ષ દરમ્યાન રૂા. ૩૦૨૨/૮૫ ખોટ કરેલ છે. વહીવટી ખર્ચા પર અંકુશ મુકેલ નથી.

(૧૦) સને ૧૯૯૬-૯૭ના વર્ષના વાર્ષિક હિસાબો રજુ કરવા.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનામાં જણાવેલ તમામ હકીકતોને ધ્યાને લેતાં નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો આદેશ

આથી હું એ. બી. ગઢવી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહેસાણા મને મળેલ અધિકારી પરત્વે નીચે મુજબ વચગાળાનો આદેશ કરું છું.

શ્રી હસનપુર સેવા સહકારી મંડળી લિ. મુ. હસનપુર તા. વિસનગર જિ. મહેસાણાને નોંધણી નંબર : ૧૫૩૭૪ તા. ૧૪-૪-૫૮ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૩(૧) ના ખંડ ક, ગ(૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે, તથા સદરહુ કાયદાની કલમ ૧૦૪(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો)-૧ મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે ઉભરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૫-૩-૯૮.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો)૩,/મહેસાણાના પત્રકમાંક:ફડચ/ ૦૩/૨૪૩/૯૮ તા. ૧૯-૩-૯૮ ની નોંધણી રદ અંગેની દરખાસ્ત.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ

જા. નં.ઉપસ/ફડચ/૦૧/૫/૫૯૪/૯૮; ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ ધી અજયકૃપા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ દેદીયાસણ તા.મહેસાણા નોંધાયેલ સંસ્થા છે સદર સંસ્થા નોંધણી નંબર ૧૦૬૦૪ તા. ૧૭/૩/૮૨-થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/૫/૧૦૧૪/૯૫ તા. ૩૧/૩/૯૫થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક: ફડચ/૦૩/૨૪૩/૯૮ તા.૧૯/૩/૯૮ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે ઉકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈ મુજબ સદર મંડળી નામે ધી અજયકૃપા કો. ઓપ: હા. સો. લી. મુ. દેદીયાસણ તા. જિ. મહેસાણા નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૭.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્રકમાંક : ફડચ/૦૩/૨૪૬/૯૮ તા. ૧૧-૩-૯૮ ની નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/...૦૧/ધ/૫૯૫/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કાલોધી સેવા સહકારી મંડળી લી., મુકામ : કાલોધી તા. પાટણ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર ૩૦૦૧૪ તારીખ ૨૩-૩-૬૦થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહ મં. મહેસાણાની કચેરીના જાવક નંબર-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૫૮૨ તા. ૩૦-૧૦-૯૫ સુધી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્રકમાંક : ફડચ/૦૩/૨૪૭/૯૮ તા. ૧૬-૩-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે ઉકત આમુખ-નં.-૨માં જણાવ્યાં પ્રમાણે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ--૧૦૬૧ની કલમ-૨૦ ની જોગવાઈ મુજબ સદર મંડળ નામે ધી કાલોધી સેવા સહકારી મંડળી લી., કાલધી તા. પાટણની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧, મહેસાણાના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૯/૯૮ તા. ૨-૩-૯૮ ની નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૧૯૬/૯૮.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ગુંદરાસણ સેવા સહકારી મંડળી લી., મુ.-ગુંદરાસણ, તા. વિજાપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર-૧૭૧૦૫ તારીખ ૭-૯-૭૯થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નં.-ઉખસ/ફડચ/૦૧/૫/૨૯૯૧/૯૪ તારીખ ૨૮-૯-૯૪થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચો-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૨૯૧૯/૯૮ તા. ૨-૩-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારી અન્વયે ઉકત આમુખ નં.-૨માં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળી

INDEX

અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ મુજબ સદર મંડળી નામે ધી ગુંદરાસણ સેવા સહકારી મંડળી લી. તા. વિજાપુર ની નોંધણી રદ કરતો હુકમ કરું છું આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૧) મહેસાણાના પત્રક્રમાંક : : ફડચ/૦૧/૫૮/૯૮ તા. ૨-૩-૯૮ અન્વયે નોંધણી રદની દરખાસ્ત

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૫૯૭/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કલોલ મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. કલોલ તા. કલોલ નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૨૧૨૫ તારીખ ૧-૫-૬૫થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. મહેસાણાની કચેરીના જાવક નંબર : ઉખસ/ફડચ/૦૧/ધ/૧૩૫૪/૯૧ તા. ૪-૫-૯૧થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૧ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૫૮/૯૮ તા. ૨-૩-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે ઉપરોકત આમુખ નં.-૨માં જણાવ્યા મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ મુજબ સદર મંડળી નામે ધી કલોલ મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. કલોલની નોંધણી રદ કરતો હુકમ કરું છુ. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશ.

મહેસાણા, તા. ૩૧-૩-૯૮

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો-૩), મહેસાણાના પત્રક્રમાંક : નં.-ફડચ/૦૩/૨૪૪/૯૮ તા. ૫-૩-૯૮ની રદ કરવાની દરખાસ્ત

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૩૪૨/૯૮

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી બ્રાહ્મણી પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ બ્રાહ્મણવાડા તા. સિદ્ધપુર નોંધાયેલ સંસ્થા છે. સદર સંસ્થા નોંધણી નંબર : ૧૧૫૭૯ તા. ૧૩-૯-૮૪થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સે. મં. મહેસાણાની કચેરીના જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૨૪૨૩/૯૧ તા. ૭-૧૦-૯૧થી હુકમ કરવામાં આવેલ ફડચાના કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી, ફડચો-૩ મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૩/૨૪૪/૯૮ તા. ૫-૩-૯૮થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના ઉકત આમુખ-૨માં કરેલ જોગવાઈઓ મુજબ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ મુજબ સદર મંડળી નામે ધી બ્રાહ્મણી પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. બ્રાહ્મણવાડા તા. સિદ્ધપુર ની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૩૧-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, (ફડચો-૧), મહેસાણાના પત્રક્રમાંક : ફડચ/૦૧/૬૯/૯૮ તા. ૧૯-૩-૯૮ની નોંધણી રદ કરવાની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઈઓ.

હુકમ.

જા. નં.-ઉખસ/ફડચ/૦૧/ધ/૩૪૩/૯૮

નં. ફડચ/સેદુ-૨૫૮૭૪/ક-૭/૩૧૫/૯૮. શ્રી મહિલાઓ સંચાલિત વડિયાકાંછ (સોંઢલવાડા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સુખેશ તા. પારડી જિલ્લો વલસાડને આમુખ-૧ વાળા- આ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ-૧૦૭(૧)ના પેટા ખંડ (ક) (ગ) (૧) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીએ આમુખ-૨ના પત્રથી કરેલ રજુઆત આમુખ-૧ના હુકમમાં જણાવેલ કારણો સાથે સુસંગત, આધારભૂત તથા વ્યાજબી ન હોવાથી ગ્રાહય રાખી શકાય તેમ નથી.

આદેશ

શ્રી મહિલાઓ સંચાલિત વડિયાકાંછ (સોંઢલવાડા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. સુખેશ તા. પારડી જિલ્લો વલસાડ કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સેદુ-૨૫૮૭૪ તા. ૧૧-૪-૯૧થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૨૫-૪-૯૭ના હુકમ ક્રમાંક ફડચ/સેદુ-૨૫૮૭૪/ક-૭/૫૨૩/૯૭થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ફડચા-૧ લગત જીલ્લા રજી. સહકારી મંડળી વલસાડએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

વલસાડ, તા. ૧૮-૫-૯૮.

નં. ઉખસ/ઘ-૧૮૫૦૧ આથી જાહેર કરે છે કે, શીવ કોમ્પ્લેક્ષ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદીત સ્થળ વલસાડ તા. વલસાડ જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧-૫-૯૮.

INDEX

વંચાણે લીધા :-

(૧) મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી (ગ્રાહક) સુરતના ખાનગી અહેવાલ ક્રમાંક : અષણ/૯૭ તા. ૧-૪-૯૭.

(૨) મંડળીના મેનેજરશ્રી કમ સેક્રેટરીશ્રીએ રજુ કરેલ માહિતી પત્ર નં. તા. ૨૬-૧૨-૯૭.

(૩) મંડળીના તા. ૧૯-૧૨-૯૬ના પત્ર નં. બીઆરએ/૯૦૨/૯૬થી રજુ થયેલ તા. ૧-૧૨-૯૬ની વ્ય. ક. ના ઠરાવ નં. ૧.

(૪) મે. ગાંધી એડવોકેટ અમદાવાદે આપેલ સહકારી કાયદાની કલમ-૧૬૭ અન્વયેની નોટીસ તા. ૨૭-૧૧-૯૭ તથા તા. ૩૦-૮-૯૭.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧.

જા. નં. સવન/ખ-૩/૩૭૮/૯૮. શ્રી બલસાર રેલ્વે કો. ઓપ. એસોસીએશન લી. રેલ્વેસ્ટેશન-વલસાડ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. મંડળીનો નોંધણી નંબર : ૨૫૧૦ તા. ૮-૮-૧૯૧૯ છે. જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. સદર મંડળીમાં કલમ-૮૧ હેઠળ વહીવટદાર મુકવાનું નીચેના કારણોસર વિચારણા હેઠળ હતું.

(૧) આ મંડળીની વ્યવસ્થાપક કમિટિની ૯ સભ્યોની વરણી સને ૧૯૯૫-૯૬થી થઇ શકેલ નથી. ફકત નીચે મુજબના ૨ સભ્યો જ સમગ્ર મંડળીનો વહીવટ સંભાળે છે. છેલ્લા ૫ વર્ષથી મંડળીના સભાસદો વ્યવસ્થાપક કમિટિની ચૂંટણીમાં નોમીનેશન પત્રક ભરતા નથી.

(૨) મંડળીની તા. ૧૯-૧૨-૯૬ની માંગણી અન્વયે તેમજ તા. ૧-૧૨-૯૬નાં વ્યવસ્થાપક કમિટિના ઠરાવ નં. ૧થી (જે વ્યવસ્થાપક કમિટિમાં પૂરતુ કોરમ થયેલ ન હતું અને ફકત બેજ સભ્યો શ્રી શવજીભાઇ સી. પટેલ પ્રમુખ અને રાજેન્દ્રપ્રસાદ સીંગ મેમ્બર તરીકે ઠરાવ કરેલ છે.)

(૩) મંડળીમાં તા. ૧-૪-૯૩થી તા. ૩૧-૩-૯૫ સુધીનું ઓડીટ અહેવાલમાં કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા ભલામણ કરેલ છે.

(૪) મંડળીના પેટા કાયદા કલમ-૧૫૭ હેઠળ દર માસે એક વાર વ્યવસ્થાપક કમિટિની બેઠક મળવી જોઇએ જ્યારે ૯૭-૯૮નાં વર્ષ દરમ્યાન નીચે મુજબ વ્ય. કમીટીની બેઠક મળેલ છે.

તા. ૨૭-૫-૯૭, તા. ૨-૭-૯૭, તા. ૨૫-૭-૯૭, તા. ૧૫-૧૦-૯૭, તા. ૧૮-૧૨-૯૭,

સહકારી કાયદાની તેમજ પેટાકાયદાની જોગવાઇ મુજબ કુલ કમિટિ સભ્યોના $\frac{2}{3}$ સભ્યોની હાજરીથી કોરમ બને અને કોરમ બાદ મળેલ કાર્યવાહી કાયદેસરની ગણાય સદર મંડળીના કિસ્સામાં તેમ બનવા પામેલ નથી.

(૫) મંડળીની સને ૧૯૯૩થી વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૬) મંડળીનાં તા. ૩૧-૩-૯૭નાં સરવૈયા મુજબ એકત્રીત ખોટ રૂા. ૧૨,૯૮,૯૬૭/- છે.

(૭) મંડળીનું હાલ ૩૧-૩-૯૮નું નાણાકીય વર્ષ પૂરા થવા છતાં વાર્ષિક હિસાબો લખાયા નથી.

(૮) મંડળીમાં કુલ ૧૯ કર્મચારીઓ છે. મંડળીનો વેપાર દીન પ્રતીદીન ઘટતો જાય છે. ખોટ ઓછી થવા સંભવ નથી.

(૯) હાયર પરચેજ યોજનામાં ખરીદ કરનાર સભાસદો તરફથી વસુલાત નિયમિત મેળવવામાં આવતી નથી.

(૧૦) માજી મેનેજરશ્રી એમ. પી. પટેલ સામે રૂા. ૧,૯૬,૧૬૬-૭૮ ની ઉચાપત વસુલ કરવા કોઇ સઘન કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૧૧) સને ૧૯૯૬-૯૭નાં હિસાબો તૈયાર કરી વાર્ષિક સાધારણ સભામાં મંજુર કરાવેલ નથી આમ મંડળીના ૨૬૯૩ સભ્યોનું આર્થિક હિત સમયેલ હોય તેવી સંસ્થામાં સને ૧૯૯૩થી હિસાબો મંજુર થયા સિવાય મંડળીનો એક હથ્થું વહીવટ ચાલે તે કાયદા-કાનુન મંડળીના પેટા-નિયમ અને જાહેર હિતમાં યોગ્ય જણાતો નથી.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં નીચેનો આદેશ મંડળીના વ્યવસ્થાપક કમિટિના બે સભ્યોને આથી ફરમાવવામાં આવે છે.

આદેશ

હું શ્રી વાય એ. બ્લોચ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ-વલસાડ આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ બલસાર રેલ્વે કો. ઓપરેટીવ એસોસીએશન લી. બલસાર તા. જિ. વલસાડના નીચે જણાવેલ સભ્યોને વ્યવસ્થાપક કમિટિ પદેથી અને તે અન્વયેના તમામ હોદા પરથી દૂર કરી સદર અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે શ્રી પી. સી. કુમાર સહકારી અધિકારી બજાર લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડને વહીવટદાર તરીકે તથા તેમનાં મદદનીશ તરીકે શ્રી પી. એન. ગાંધી સીનીયર કલાર્ક લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડને નીચેની શરતોને આધીન નિમણુંક કરૂં છું.

શરતો :-

(૧) સદર નિમણુંક પ્રથમ તબક્કે મંડળીનો ચાર્જ અખત્યાર કરે તે તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) નિમણુંક સમય દરમ્યાન વહીવટદાર, વ્યવસ્થાપક સમિતિના તમામ અધિકારો મંડળીનાં પેટા-નિયમો અને સહકારી મંડળીઓના અધિનિયમની અને નિયમો અન્વયે ભોગવશે મંડળીના નામે મંડળીના હિતમાં તમામ કામગીરી વખતોવખત ખાતાની દોરવણી મુજબ કરશે.

(૩) વહીવટદારે પ્રતિ માસે માસિક પ્રગતિ રીપોર્ટ સંપૂર્ણ વિગતે નિયમીત રીતે મોકલવાનો રહેશે.

(૪) વહીવટદારે અગાઉના ઓડીટ રીપોર્ટ તા. ૧-૪-૯૩થી તા. ૩૧-૩-૯૫ તથા હાલ છેલ્લા ઓડીટ રીપોર્ટમાં સૂચવ્યા મુજબ જરૂરી તમામ સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૫) વહીવટદારે તેમની પદાવિધિ પૂરી થયેથી અથવા સમાપ્તી થયેથી સહકારી કાયદાની કલમ-૮૧(૪) મુજબ મંડળીના પેટા કાયદા અન્વયે નવી સમિતિની રચના કરવા માટે ગોઠવણ કરવાની રહેશે.

INDEX

(૬) વહીવટદારે મંડળીના કામે પ્રવાસ / કોર્ટ ફરિયાદ / બચાવ અથવા વસુલાત માટે કરેલ પ્રવાસ અંગેનો યોગ્ય ખર્ચ મંડળીમાં પાડવાના રહેશે.

(૭) વહીવટદાર તરીકેનો નિમણુંકનો હવાલો સંભાળ્યા બાબતનો વિગતવાર ચાર્જરીપોર્ટ અત્રેની કચેરીએ મોકલવાનો રહેશે.

(૮) મંડળીની ધંધાકીય પ્રવૃત્તિ ચાલુ-રાખવા માટે કાયદા અન્વયે મળેલ તમામ સત્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

સદર મંડળીની ચાલુ વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારોના કમિટિ સભ્યપદ આથી ખાલી જાહેર કરૂં છું.

(૧)	શ્રી રવજીભાઇ સી. પટેલ	પ્રમુખ
(૨)	શ્રી રાજેન્દ્રપ્રસાદ સીંગ	કમિટિ સભ્ય

વલસાડ, તા. ૨૧-૫-૯૮.

વાંચ્યો :-

(૧) અત્રેનાં કાર્યાલયનો તા. ૩૧-૮-૯૪નો હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/પી-૨૪૬૭/ક-૭/૨૦૪૬/૯૪.

(૨) ફડચા અધિકારીશ્રીનો તા. ૯-૩-૯૮નો અહેવાલ.

જા. નં. ફડચ/પી-૨૪૬૭/ક-૭/૩૩૦/૯૮. શ્રી ડુમલાવ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લી. મુ. ડુમલાવ તા. પારડી જિ. વલસાડ કે જેને આ કાર્યાલયનાં ઉપરોકત આમુખ-૧ના આદેશ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. સદર મંડળીની ફડચાની કામગીરી તા. ૩૦-૮-૯૭ સુધીમાં પૂર્ણ કરવાની હતી પરંતુ તેવા નિયત સમયમાં તેવી કામગીરી પૂર્ણ થવા પામી નથી. ફડચા અધિકારીશ્રીનાં આમુખ-૨ વાળા અહેવાલને ધ્યાનમાં લઇ, ગુજરાત સહકારી મંડળીઓનાં સને ૧૯૬૧નાં કાયદાની કલમ-૧૧૪ની જોગવાઇ તથા મળેલ સત્તાની રૂએ હું શ્રી વાય. એ. બ્લોચ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ સદર મંડળીની આટોપી લેવાની તમામ કાર્યવાહી પૂર્ણ કરવા માટે તા. ૩૦-૮-૯૮ સુધીની મુદત આપું છું. સદર મુદત દરમ્યાન ફડચા અધિકારીએ તમામ કાર્યવાહી પૂર્ણ કરી નોંધણી રદ કરવાની દરખાસ્ત રજુ કરવા સૂચના કરૂં છું.

વલસાડ, તા. ૨૨-૫-૯૮.

નં. ઉખસ/૩૭૪/સેદુ-૨૯૬૩૨ આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ધોલ ફળિયા ઉંડાચ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ ઉંડાચ તા. ગણદેવી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૯-૫-૯૮.

નં. ઉખસ/૪૦૪/સેદુ-૨૯૬૩૩ આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત શંકરતળાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ શંકરતળાવ તા. વલસાડ જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૯-૫-૯૮.

નં. ઉખસ/૩૮૬/સેદુ-૨૯૬૩૭ આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત પાંખરિયાવાડ (ફલધરા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાંખરિયાવાડ તા. વલસાડ જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૯-૫-૯૮.

નં. ઉખસ/૩૮૦/સેદુ-૨૯૬૩૬ આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત જાગૃતિ (રોણવેલ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રોણવેલ તા. વલસાડ જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૯-૫-૯૮.

નં. ઉખસ/૩૫૦/સેદુ-૨૯૬૨૮/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ઘોઘરપાટી (બામરી) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ઘોઘરપાટી તા. ધરમપુર જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૪૧૦/સેદુ-૨૯૬૨૯/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત કુંભારવાડ (સોલપરા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સોલપરા તા. ચીખલી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૩૬૨/સેદુ-૨૯૬૩૦/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત પરવાસા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પરવાસા તા. પારડી જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

INDEX

નં. ઉખસ/૪૦૪/સેદુ-૨૯૬૩૧/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત વજીફા ફળિયા ગોડથલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગોડથલ તા. ચીખલી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૪૧૬/સેદુ-૨૯૬૩૪ આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ગોંપડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગોંપડી તા. ગણદેવી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૩૫૭/સેદુ-૨૯૬૩૫/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ખારવેલ ફળિયા (વાંકલ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાંકલ તા. વલસાડ જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૩૯૨/સેદુ-૨૯૬૩૮/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ચીરપાડા (રૂમલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ચીરપાડા તા. ચીખલી જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૩૯૮/સેદુ-૨૯૬૩૯/૯૮. આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત કચવાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કચવાલ તા. પારડી જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૫-૯૮.

નં. ઉખસ/૪૨૨/ઘ/૧૮૫૦૨/૯૮. આથી જાહેર કરે છેકે શ્રી સહયોગ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વિજલપોર તા. નવસારી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨-૬-૯૮.

નં. ઉખસ/૪૩૦/ઘ/૧૮૫૦૩/૯૭. આથી જાહેર કરે છે કે મહેશ્વર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી તા. નવસારી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૮-૬-૯૮.

નં. ઉખસ/૪૩૫/ઘ/૧૮૫૦૪/૯૭. આથી જાહેર કરે છેકે અમન એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી તા. નવસારી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૮-૬-૯૮.

નં. ઉખસ/૪૪૩/ઘ/૧૮૫૦૫/૯૭. આથી જાહેર કરે છે કે રંગુન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી તા. નવસારી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૮-૬-૯૮.

નં. ઉખસ/૪૪૯/ઘ/૨૯૬૪૦/૯૭. આથી જાહેર કરે છે કે લક્ષ્મી સેંવીગ્સ એન્ડ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ઉમરગામ તા. ઉમરગામ જી. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૨-૬-૯૮.

નં. ઉખસ/૪૫૮/ઘ/૧૮૫૦૬/૯૭. આથી જાહેર કરે છે કે સ્ટાર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી તા. નવસારી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૨-૬-૯૮.

નં. ઉખસ/૪૬૩/ઘ/૧૮૫૦૭/૯૭. આથી જાહેર કરે છે કે રીયલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી તા. નવસારી જી. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૨૨-૬-૯૮.

નં. નઘણ/ગ-૨/૨૯/સે. દૂ./૩૦૦૮૫/૯૮. આથી જાહેર કરે છે કે ધી ખલીલપુર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ખલીપુર તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩-૧-૯૮.

INDEX

નં. નઘણ/ગ-૨/૪૩/સે./૩૦૩૧૪/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી સ્વામી નારાયણ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સમલાયા સ્ટેશન તા. સાવલી જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૭-૧-૯૮.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૫-૭-૯૭ હુકમ ક્રમાંક નં. ફડચ/૦૧/ધ-૨/૯૦૦/૯૦૮/ / /૧૯૯

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાકાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૦૩૫/ધ-૨/૨૨ થી ૨૯ ધી સાવલી શ્રમજીવી મજુર કામદાર સહકારી મંડળી લિ. સાવલી તા. તિલકવાડા નોંધણી ક્રમાંક ઉ-૯૪૩ તારીખ ૭-૧૧-૭૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) (૧). અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામા આવેલ ન હોય, આમુખ(૨)મા જણાવેલ કલમ -૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારીની રૂએ નં. ૨, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએસદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૮-૧-૯૮.

નં. નઘણ/ગ-૨/૧૨૯/સે.૩૦૩૧૬/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી અગ્રસેન કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૧-૯૮.

નં. નઘણ/ગ-૩/૧૩૦/સે.૩૦૩૧૭/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી કવાંટ નાગરીક કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કવાંટ તા. કવાંટ જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૧-૯૮.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૫-૭-૯૭ હુકમ ક્રમાંક નં. ફડચ/૦૧/ધ-૨/૯૧૬ થી ૯૨૧/ / /૧૯૯૭

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાકાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૦૩૬/ધ-૨/૧૪૨ થી ૧૪૭ ધી અંબાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. અંબાડા નોંધણી ક્રમાંક. . . . . તારીખ. . . . . થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) (૫). અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામા આવેલ ન હોય, આમુખ(૨)માં જણાવેલ કલમ -૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૧-૨-૯૮.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૫-૭-૯૭ હુકમ ક્રમાંક નં. ફડચ/૦૧/ધ-૨/૯૨૨ થી ૯૩૪/ / /૧૯૯૭

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૦૩૭/ધ-૨/૧૪૮ થી ૧૫૪ ધી બોડેલી પીપલ્સ કો. ઓ. ક્રેડીટ સહકારી મંડળી લિ. બોડેલી નોંધણી ક્રમાંક. સે. ૧૪૦૦૬ તારીખ ૧૯-૩-૭૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) (૫). અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામા આવેલ ન હોય, આમુખ(૨)માં જણાવેલ કલમ -૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

INDEX

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૧-૨-૯૮.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૫-૭-૯૭ હુકમ ક્રમાંક નં. ફડચ/૦૧/ધ-૨/૯૪૨ થી ૯૪૮/ / /૧૯૯૭

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૦૩૮/ધ-૨/૧૫૬ થી ૧૬૩ ધી વાઘાનાના સીમાંત ખેડુતોની ખેત વિષયક સહકારી મંડળી લિ. વાઘા નોંધણી ક્રમાંક ખો-૨૩૫૯ તારીખ ૨૭-૧૨-૫૯થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ -૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) (૫) . અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામા આવેલ ન હોય, આમુખ(૨)માં જણાવેલ કલમ -૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૧-૨-૯૮.

નં. નઘણ/ગ-૨/૧૬૩/સેદુ.૩૦૩૨૦/૯૮. આથી જાહેર કરે છે કે ધી પીપળીયા દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ પીપળીયા તા. સંખેડા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૨-૯૮.

નં. નઘણ/ગ-૨/૧૭૪/સેદુ.-૩૦૩૨૧/૯૮. આથી જાહેર કરે છે કે ધી સરસીંડા (કા. જી.) દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ સરસીંડા (કા. જી.) તા. સંખેડા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૨-૯૮.

નં. નઘણ/ગ-૨/૧૭૫/સેદુ.૩૦૩૧૯/૯૮. આથી જાહેર કરે છે કે ધી ઇટોલી દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ ઇટોલી તા. વાઘોડીયા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૨-૯૮.

નં. નઘણ/ગ-૨/૧૯૨/સે.૩૦૩૨૨/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી જલા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૯-૨-૧૯૯૮.

નં. નઘણ/ગ-૨/૧૯૩/સેદુ.૩૦૩૧૮/૯૮. આથી જાહેર કરે છે કે ધી ગુડેર દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ ગુડેર તા. સંખેડા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૨-૧૯૯૮.

નં. નઘણ/ગ-૨/૧૯૪/સે.૩૦૩૨૩/૯૮. આથી જાહેર કરે છે કે ધી ડભોઇ પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ ડભોઇ તા. ડભોઇ જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૯-૨-૧૯૯૮.

INDEX

નં. નઘણ/ગ-૨/૨૧૮/સે.૩૦૩૨૪/૯૮. આથી જાહેર કરે છે કે જય માતાજી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૩-૨-૧૯૯૮.

નં. નઘણ/ગ-૨/૨૩૮/સે.૩૦૩૨૬/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી કોટયર્ડ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩-૩-૧૯૯૮.

નં. નઘણ/ગ-૨/૨૩૯/સે.૩૦૩૨૫/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી દિશા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તા. વડોદરા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩-૩-૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત ફડચ/૦૨/૨૦/૯૮. ની તારીખ ૨૩-૧-૯૮ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૭૫૧/૯૮. શ્રી વાંટડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. વાંટડાની નોંધણી ક્રમાંક નંબર સેદુ-૧૨૭૫૮ તા.૧૯-૫-૮૨થી કરવામાં આવી હતી. શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૧૫૨/૦૧/ધ-૩/૭૬૮/૯૧ તા.૩૦-૭-૯૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોઈ તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તા. ૪-૩-૯૮.

વંચાણે લીધા :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરીના પત્ર ક્રમાંક ફડચ/૦૨/૬૦૧/૯૭. ની તારીખ ૨૨-૧૨-૯૭ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૭૫૪/૯૮. ધી ફતેપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ફતેપુરની નોંધણી ક્રમાંક નંબર સેદુ-૧૬૭૧૫ તા.૨૯-૧૧-૮૦થી કરવામાં આવી હતી. શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૧૪૮/૦૧/ધ-૩/૭૧૨/૯૧ તા. ૧૫-૭-૯૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૪-૩-૯૮.

નં. નઘણ/ગ-૨/૨૭૦/સે.દુ.૩૦૩૨૭/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી તિલકવાડા મહિલા દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ તિલકવાડા તા.તિલકવાડા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭-૩-૯૮.

નં. નઘણ/ગ-૨/૨૭૧/સે.દુ.-૩૦૩૨૮/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી વાસણ મહિલા દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ વાસણ તા. તિલકવાડા જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭-૩-૯૮.

નં. નઘણ/ગ-૨/૨૭૨/સે.૩૦૩૨૯/૯૮. આથી જાહેર કરે છે કે શ્રી સાવલી પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ સાવલી તા, સાવલી જી. વડોદરા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭-૩-૧૯૯૮.

INDEX

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

(૨) ડભોઇ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ડભોઇને આ કચેરીનાં પત્ર ક્રમાંક /વહટ/ ૦૧/૬/૧/૧૦૫ તા. ૧૭-૨-૯૮થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૩) ડભોઇ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ડભોઇના પેટા નિયમો.

(૪) ડભોઇ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. નાં કમીટી સભ્યો તરફથી રજુ થયેલ જવાબો. તા. ૧૦-૩-૯૮, ત્થા અલગ રીતે રજુ કરેલ પુરાવાનાં કાગળો.

પ્રસ્તાવના

જા. નં. વહટ/ ૦૧/ઘ-૧/૯૮/૯૯ ડભોઇ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ડભોઇએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ હેઠળ નોંધણી નંબર જુનો ૨૫૩૦/૨ તા.. ૧૯-૪-૪૮ નવો નંબર ૧૭૪૨૨/૭ તા. ૧૭-૩-૬૦થી નોંધાયેલ છે.

સદર સંઘના વહીવટ બાબતે થયેલ રજુઆતો, દૈનિક પેપરોમાં આવેલ સમાચારો અને દરમ્યાન સંઘની મુખ્ય ઓફીસ કે જ્યાં સંઘનું વહીવટી, હિસાબી દફ્તર રાખવામાં આવે છે તે સ્થળ ૪૬, સરદાર શોપીંગ સેન્ટર, ડભોઇ ખાતે તા. ૮-૧૨-૯૭નાં રોજ વહેલી સવારે આકસ્મીક આગ લાગતા સંઘની હિસાબી દફ્તર, ફર્નિચર, લાઇટ સામાન, વિગેરે નાશ પામેલ. આ બાબતોની જરૂરી તપાસનો અહેવાલ આ કચેરીનાં સહકારી અધિકારી (બજાર) મારફત મેળવતાં તેઓનો અહેવાલ તા. ૧૨-૨-૯૮નાં રજુ થયેલ આ અહેવાલની વિગતે સંઘના વહીવટ અને હિસાબોમાં ગંભીર પ્રકારની ક્ષતિઓ જણાતાં સંદર્ભ (૨) થી સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. આ કારણદર્શક નોટીસની બજવણી સંઘના તમામ કમીટી સભ્યોને વ્યકિતગત રીતે તેમજ સંઘને તેમજ સદર સંઘ કે જે રાજ્ય કક્ષાની એપેક્સ માર્કેટીંગ મંડળી ગુજકોમાસોલને પણ બજવણી કરવામાં આવેલ છે. સદર કારણ દર્શક નોટીસની સુનાવણી તા. ૩-૩-૯૮નાં રોજ રાખવામાં આવેલ જે મુદતે સંઘ તરફે તમામ ડિરેકટરો હાજર હતાં અને તેઓએ રોકેલ એડવોકેટ પણ હાજર હતાં. તેઓએ અલગ જવાબ રજુ કરી ગુજકોમાસોલનાં હિસાબો મંગાવવા અને કેટલુંક દફ્તર કસ્ટોડીયન પાસેથી મેળવવા અને જવાબ રજુ કરવા મુદતની માંગણી કરતાં તા. ૧૦-૩-૯૮ની મુદત આપવામાં આવેલ જે મુદતે કારણ દર્શક નોટીસનાં અનુસંધાને તા. ૧૦-૩-૯૮નો લેખીત જવાબ તેમજ અલગ પુરાવા પત્રક રજુ કરેલ. લેખીત જવાબ ઉપરાંત કમીટી સભ્યો તરફે એડવોકેટ શ્રી સુભાષચંદ્ર પટેલ એ કાયદાકીય જોગવાઇઓ અને સહકારી કાયદાની કલમ-૮૧ સંદર્ભે અલગ અલગ અદાલતોનાં ચુકાદા અને રૂલીંગસ ત્થા સહકારી કાયદાનાં અલગ અલગ પ્રકાશનોનાં લેખકોનાં સહકારી કાયદાની કલમ-૮૧ સંદર્ભે સ્પષ્ટીકરણો, મંતવ્ય વગેરે ટાંકી વિસ્તૃત દલીલો કરેલ જે સમગ્ર બાબતોને કારણદર્શક નોટીસ સંબંધે આક્ષેપો, રજુઆતો, કાનુની જોગવાઇએ પેટા નિયમો, વિગેરે તમામ જોગવાઇઓની વિસ્તૃત છણાવટ મુદ્દાવાર નીચે મુજબ છે.

(૧) તા. ૧-૭-૯૪થી એટલે કે સને ૯૪-૯૫, ૯૫-૯૬, અને ૯૬-૯૭માં ૩ વર્ષનાં ઓડીટ બાકી છે. આ ઓડીટ કરાવી લેવા બાબતે વ્યવસ્થાપક સમીતીની ફરજમાં નિષ્ફળ નિવડેલ છે, તેવો આક્ષેપ અત્રેનાં એવાં મંતવ્ય હેઠળ છે કે ત્રણ વર્ષનુ ઓડીટ બાકી છે અનેં સને ૯૬ થી વ્યવસ્થાપક સમીતી ચુંટાઇને અસ્તિત્વમાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન વ્યવસ્થાપક સમીતીએ કોઇ પગલાં ભર્યા નથી. આ આક્ષેપનાં અનુસંધાને રજુ થયેલ જવાબો અને દલીલમાં આ જવાબદારી કસ્ટોડીયનની હતી તેમ જણાવેલ છે. તેવો જવાબ આપી કમીટી પોતાની ફરજમાંથી મુકત થતી નથી. કસ્ટોડીયન બાદ સને ૯૬-૯૭ નાં બે વર્ષનાં સમય ગાળા દરમ્યાન વ્યવસ્થાપક સમીતીએ ઓડીટ કરાવવા બાબતે કોઇ કાર્યવાહી કરેલ નથી . નોટીસનો આશય એવા કારણોસર ઉપસ્થિત થયો છે કેસંઘમાં ખાતરનાં હિસાબોમાં ગંભીર પ્રકારના ગોટાળા છે, અને આ બાબતોથી કમીટી સભ્યો વાકેફ હતા અને તેઓની જાણકારી હોવા છતાં આવા ગોટાળાની બાબતો ઓડીટ અહેવાલ કે તપાસ માટે જીલ્લા રજીસ્ટ્રાર કે ઓડીટમાં ખાતાકીય વડા જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રીને કરેલ નથી.

(૨) સંઘની મુખ્ય ઓફીસ ખાતે આગ લાગવાથી હિસાબી, વહીવટ દફ્તર, ડેડ સ્ટોક વિગેરે નાશ પામેલ છે. આ અંગે પોલીસ સ્ટેશન ડભોઇમાં તા. ૮-૧૨-૯૭નાં રોજ લેખીત જાણ કરેલ છે. પોલીસ સ્ટેશનેથી એફ. આઇ. આર. ત્થા પંચનામાંની નકલ મેળવીને દફ્તરે રાખવાની કાર્યવાહી કમીટીએ કરેલ નથી. સદર આક્ષેપનાં સંબંધે આગ લાગ્યા બાબતેની જાણ તા. ૧૧-૧૨-૯૭નાં રોજ અત્રે કરેલ અને અત્રેથી પણ જરૂરી માર્ગદર્શન લેખીતમાં આપવામાં આવેલ છે. મંડળીનું તમામ દફ્તર આગમાં નાશ પામે અને આ પ્રસંગ સંઘનાં હિસાબોમાં અક્ષમ્ય ગોટાળાનાં સમયે બને ત્યારે તેની ગંભીરતા કેટલી હોય તે સ્પષ્ટ રીતે સમજી શકાય તેવી બાબત છે. અને પોલીસ કાર્યવાહી વ્યવસ્થિત અને ઝડપી થાય તેવી કાર્યવાડી કમીટીએ કરવી જોઇએ. એફ. આઇ. આર. અને પંચનામા મેળવવાની કાર્યવાહી કરવાની પણ કમીટીએ તકેદારી રાખી નથી જે હકીકત કમીટીની જાગૃતતા બાબતે સ્પષ્ટ પણે નિષ્ફળ નિવડ્યાનું સ્પષ્ટ થાય છે.

(૩) તા. ૩૦-૧૧-૯૭નાં સરવૈયાની વિગતે દેવા-લેણાંની વિગતો સંઘ અને સંઘનાં હોદ્દેદારો પાસે છે. તા. ૮-૧૨-૯૭ની આગથી સને ૯૪ પછીનું હિસાબી દફ્તર નાશ પામેલ છે. અને ઓડીટ પણ ૯૪ થી બાકી છે. આ સંજોગોમાં ઉપલબ્ધ હિસાબો પ્રમાણે દેવા અને લેણાંનાં હિસાબોનાં મેળવણાં અને કન્ફરમેશન મેળવવા બાબતની કાર્યવાહી કમીટીએ કરેલ નથી. તેવા આક્ષેપનાં સંદર્ભમાં કમીટીએ શું કાર્યવાહી કરી તે રજુ કરવાને બદલે ૯૪-૯૫ અને ૯૫-૯૬નું ઓડિટ કસ્ટોડીયને કરાવેલ ન હતું જેથી ૯૬-૯૭નું ઓડીટ કમીટી કરાવી શકેલ નથી તેવું જણાવે છે. પરતું કમીટિ ૧૯૯૬થી અસ્તિત્વમાં આવ્યા બાદ પણ કમીટીએ શું કાર્યવાહી કરી તેનાં પુરાવા રજુ કર્યા નથી.

(૪) સહકારી કાયદાની કલમ-૮૧ લેખક નારણભાઇ એમ. પટેલ પાન-૧૩૦ પેરા-૫ અનુસાર જુની સમીતીનાં કૃત્યો અને વર્જન માટે નવી સમીતીને બરતરફ કરી શકાય. અગાઉ જે કસ્ટોડીયનની વ્યવસ્થા હતી તેઓ એ કરેલાં કાર્યો પણ નવી સમીતીને બંધનકર્તા રહેશે. અને તેની જવાબદારી પણ નવી સમીતીની રહેશે. આમ સદર બાબતો જોતાં હિસાબોનાં મેળવણાં બાબતે કમીટીએ કાર્યવાહી કરેલી નથી.

(૪) સંઘની મુખ્ય ઓફીસમાં આગ લાગવાની પોલીસ ફરીયાદ બાબતે પોલીસ ખાતા તરફથી અસરકારક તપાસ થતી નથી અને સંઘની કમીટી પણ કોઇ અસરકારક રજુઆત કરતી નથી. સદર

INDEX

બાબતો મે. કલેકટરશ્રી ત્થા મામલતદારશ્રી ડભોઈની સંઘની મુલાકાતએ સંઘનાં કાર્યવાહકોની ફરીયાદનાં આધારે છે. અને આ બાબત સંઘનાં કાર્યવાહકોની જાગૃતતા જણાવે છે. પરતું આવી રજુઆતમાં કોઈક તાર્કિક તથ્ય જણાતુ નથી. કારણકે સંસ્થાને આગનો બનાવ એ સામાન્ય કાયદો અને વ્યવસ્થાની બાબત છે જે થી આવા અધિકારીઓ મુલાકાત લે એ સાહજીક છે. પરતું સંઘનાંહોદ્દેદારોએ જો સંઘના મેનેજર આગનાં કારણમાંશંકાશીલહોય તો તેઓ સામે સીધી પોલીસ ફરીયાદ કમાટીએ દાખલ કરવી જોઈએ. પરતું આવી પણ કોઈ કાર્યવાહી થયેલી જણાતી નથી. જે જવાબો આપવામાં આવેલા છે તે આક્ષેપોમાંથી છટકવાનો એક પ્રયાસ છે અને આ બાબતે સહકારી કાયદા ઉપરાંતના જે કાયદા લાગુ પડે તે અન્વયે કાર્યવાહીને પાત્ર છે. કારણકે આપનાં તારણોમાં કમીટી પણ સ્વચ્છ અને નિર્દોષ હોય તેવાં કારણો જણાતાં નથી.

(૫) સંઘની ઓફીસને આગ લાગવાનાં પ્રસંગે વહીવટી બાબતોને લગતી પુછપરછમાં સંઘનાં હોદ્દેદારો અને કર્મચારીઓ નીચે મુજબનાં નાં નિવેદનો લેવામાં આવ્યાં છે.

(૧) શ્રી મ્યુરભાઈ તુલસીદાસ પટેલ પ્રમુખ તા.૨૩-૧-૯૮
(૨) ,, રતીલાલ રણછોડભાઈ પટેલ ક.સ. તા. ૨૩-૧-૯૮
(૩) ,, શિરીષભાઈ નરહરીભાઈપુરોહીતક.સ. તા.૨૩-૧-૯૮
(૪) ,, પટેલ મનુભાઈ ઈશ્વરભાઈ માજી પ્રમુખ તા. ૨૯-૧-૯૮.
(૫) ,, પટેલ મણીભાઈ મગનાભાઈ મા.મત્રી તા.૨૯-૧-૯૮
(૬) ,, પટેલ પ્રવીણભાઈ બેચરભાઈ ક.સભ્ય તા. ૨૯-૧-૯૮
(૭) ,, ચૌહાણ ઠાકોરભાઈ બાબરભાઈ ઉપ પ્રમુખ તા. ૨૯-૧-૯૮
(૮) ,, વ્યાસ મહેશભાઈ નટવરલાલ મેનેજર તા. ૧૭-૧-૯૮ તથા તા.૨૮-૧-૯૮
(૯) ,, પટેલ અશ્વિનભાઈ રતીભાઈ કલાર્ક કમ સ્ટોરકીપર તા. ૨૮-૧-૯૮
(૧૦) ,, પુછપરછ નિવેદન તથા નિવેદનો સાથે રજુ કરેલ માહિતી પત્રકો, પુરાવાની વિગતો જોતાં સંઘમાં ખાતરની પ્રવૃત્તિમાં ઉપલક આપવાની પ્રથા ચાલુ હતી અને આ બાબત સંઘનાં તમામ હોદેદારો અને કર્મચારીઓએ સ્વીકારેલ છે. નિવેદનોની રિરેકટરો એવું પણ જણાવે છે કે મેનેજરશ્રી દ્વારા હિસાબો કરતાં ન હતા અને તે વખતનાં પ્રમુખ મનુભાઈ ઈશ્વરભાઈ તથા મેનેજર મીટીંગો બોલાવતાં નહતા અને હિસાબો કમીટી સભ્યને આપવામાં આવતાં ન હતા અને કમીટીમાં પણ રજુ કરતાં ન હતાં વારંવારની રજુઆતને અંતે તા.૧૭-૧૧-૯૭નાં રોજ કમીટીની મીટીંગ બોલાવવામાં આવેલ તે મીટીંગમાં તા. ૩૦-૯-૯૭નું સરવૈયું આપેલ જેથી કમીટી સભ્યોએ વિરોધ કરી તા. ૧૫-૧૧-૯૭ સુધીના હિસાબોની માંગણી કરેલ અને આમ આ મીટીંગ મુલત્વી રહી.

સંઘની ખાતર પ્રવૃત્તિમાં ગુજકોમાઓલને રૂા. ૫૧ લાખ ઉપરાંતની રકમ આપવાની બાકી હતી. જેથી ગુજકોમાસોલ તરફથી સંઘને ખાતર આપવાનું બંધ કરવામાં આવેલ આ હકીકત સંઘના તમામ રિરેકટરોએ સ્વીકારેલ છે અને તે લેખિત છે. સંઘના રિરેકટરો અને મેનેજર ગુજકોમાસોલના લાએજન ઓફિસર સાથે અમદાવાદ ખાતે ખાતરનાં હિસાબોનાં મેળવણા માટે ગયેલાં અને ગુજકોમાસોલમાંથી ડભોઈ સંઘનાં રૂા. ૫૦/- લાખ બાકી છે તે ભરપાઈ કરવા જણાવેલ હતું ત્યારબાદ ગુજકોમાસોલનાં અધિકારી ડભોઈ મુકામે તા. ૨૭ તથા ૨૮-૧૧-૯૭નાં રોજ સંઘની ઓફિસે આવી હિસાબોનું મેળવણું કરતાં રૂા. ૫૧,૧૧,૪૪૨-૭૨ ગુજકોમાસોલને ચુકવવાનાં બાકી હતાં. બોર્ડનાં સભ્યોએ મેનેજરશ્રી વ્યાસને તા. ૩૦-૧૧-૯૭ સુધીનાં હિસાબો તૈયાર કરવા જણાવેલ જે તૈયાર ન કરતા પ્રમુખશ્રીએ તા. ૧-૧૨-૯૭નાં રોજ લેખીત સુચના આપેલ અને દિન-૫માં હિસાબો તૈયાર કરી કમીટી સમક્ષ રજુ કરવા જણાવેલ ત્યારબાદ તા. ૬-૧૨-૯૭નાં રોજ તે વખતનાં પ્રમુખશ્રી મનુભાઈ પટેલનાં નિવાસ સ્થાને રિરેકટરોની ઔપચારીક બેઠક મળેલ જેમાં માનદ મંત્રી શ્રી મણીભાઈ પટેલ સિવાયનાં તમામ રિરેકટરો હાજર હતાં સદર બેઠકમાં મેનેજરશ્રી વ્યાસે તા. ૧-૭-૯૭થી ૩૦-૧૧-૯૭ સુધીમાં તારીજ, વેપારખાતુ, નફા-નુકશાન સરવૈયું અને તા. ૩૦-૧૧-૯૭નાં રોજના માલ સ્ટોકની યાદી આપેલ આ હિસાબોમાં ખાતરમાં ગુજકોમાસોલને રૂા. ૧૯,૧૧,૪૪૨-૭૨ આપવાનાં બાકી હતા જ્યારે લેણાં બાજુ ખાતર સ્ટોક રૂા. ૫,૭૯,૭૯૫/- અન્ય મંડળીઓ પાસે ખાતર પેટે લેણાં રૂા. ૧૪,૧૦,૫૩૬-૭૦ બાકી હતાં. સંઘના હોદેદારોના હિસાબો પ્રમાણે ખાતર પેટે ગુજકોમાસોલનાં લેણાં રૂા. ૧૯,૧૧,૪૪૨,-૭૨ તથા સ્ટોક રૂા. ૫,૭૯,૭૯૫/- મળી કુલ રૂપીયા ૨૪,૯૧,૨૩૭-૭૨ સામે ગુજકોમાસોલને રૂા. ૫૧,૧૧,૪૪૨-૭૨માંથી બાદ જતાં તફાવત રૂા. ૩૧,૦૭,૭૬૨-૨૮ બાબતે મેનેજરથી ધારાનો ખુલાસો અને પુછપરછ કરતાં રૂા. ૧૭,૯૭,૪૨૬-૩૦નાં ઉપલક ખાતરની યાદી આપેલ આમ ગુજકોમાસોલનાં લેણાં રૂા. ૫૧,૧૧,૪૪૨,-૭૨ સામે સંઘના હિસાબો પ્રમાણે બતાવેલ રૂા. ૧૯,૧૧,૪૪૨-૭૨ બાદ જતાં રૂા. ૩૨,૦૦,૦૦૦/-નાં ખાતરનાં હિસાબોનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ આ ચર્ચા દરમ્યાન સાંજનો મોટો સમય થતાં અને તા. ૭-૧૨-૯૭નો દિવસ રવિવાર અને રજાનો દિવસ હોઈ તા. ૮-૧૨-૯૭નાં રોજ સંઘમાં એકત્ર થવાનું નક્કી કરવામાં આવેલ, દરમ્યાન તા. ૮-૧૨-૯૭ની વહેલી સવારે સંઘની મુખ્ય ઓફીસ કે જ્યાં સંઘનું તમામ રેકર્ડ, કેશબોક્ષ વિગેરે રાખવામાં આવે છે. તે સ્થળે આકસ્મીક આગ લાગવાથી સંઘનું હિસાબી દફતર ફર્નીચર વિગેરે નાશ પામેલ છે. આ પ્રસંગ ઉપરોકત વિગતો જોતાં અતિ સંવેદનશીલ અને શંકાસ્પદ છે.

તા. ૮-૧૨-૯૭નાં રોજ સંઘની ઓફિસને આગ લાગ્યા બાદ પોલીસ કાર્યવાહી, પંચનામુંની કાર્યવાહી બાદ કમીટી સભ્યો સમક્ષ સંઘનાં મેનેજરશ્રી વ્યાસને બોલાવી ખાતરનાં હિસાબોની પુછપરછ દરમ્યાન રૂા. ૩૨/- લાખ અંદાજેનો બારોબાર વેચાણ ઉપલક આપેલ હોવાનું કબુલાત કરેલ અને આ રકમ તારીખ ૨૮-૨-૯૮ સુધીમાં ભરપાઈ કરવાની બાંહેધરીનું લખાણ કરાવેલ આ કબુલાત રૂા. ૨૦/-નાં સ્ટેમ્પ પેપર ઉપર લેખીતમાં છે. લખાવી લેનાર પ્રમુખશ્રી મનુભાઈ ઈશ્વરભાઈ પટેલ છે. આ કરાર લેખીત છે. પરંતુ એકઝયુકેટીવ મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ

INDEX

અધિકારી સમક્ષ કરી આપેલ કરાર કે એકરાર નથી કે આ કરાર રજીસ્ટર કરાવેલ નથી.

તા. ૮-૧૨-૯૭નાં રોજ પાંચ ડીરેકટરોએ સંયુકત રીતે ડેપ્યુટી કલેકટરશ્રી ડભાઈને લેખીતમાં જાણ કરી જણાવેલ છે કે સંઘમાં લાગેલ આગ શોટ સર્કીટથી લાગેલ નથી. મેનેજરની વર્તણુંક શંકાસ્પદ છે. સાચું કારણ શોધવા અંગત રસ લઈ ઉંડી તપાસ કરવા વિનંતી કરેલ છે. આવી જાણકારી, રીપોર્ટ કે ઠરાવ પોલીસ ખાતાને આપી શકયા હોત અથવા કોર્ટકેસ કરી સાચી હકીકત બહાર લાવવા કાર્યવાહી કરી નથી આમ તમામ તબક્કે મેનેજરશ્રી સાથો સાથ સંઘના તમામ ડિરેકટરોની વર્તણુંક પણ વિવાદસ્પદ જણાય છે અને ખાતર ઉપલકની પ્રવૃત્તિમાં તેઓ વ્યકિતગત અને સામુહિક રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલાં છે.

સંઘનાં મેનેજરશ્રી વ્યાસને તા. ૧૬-૧૨-૯૭ની કારણદર્શક સુચના (નોટીસ) આપવામાં આવેલ છે. આ નોટીસમાં રૂા. ૩૨/- લાખનાં ખાતરનાં હિસાબોની કબુલાત તથા ગુનાની અને હોદાનાં દુરપયોગની બાબતે નોટીસ આપેલ હતી આ નોટીસનો શ્રી વ્યાસે આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. તે પછી નોટીસ અનુસાર કમીટીએ કોઈ કાર્યવાહી કરી નથી.

તા. ૨૮-૧-૯૮નાં નિવેદનમાં મેનેજરશ્રી વ્યાસ રૂા. ૩૨/- લાખની કબુલાતમાં ઈનકાર કરેલ છે. રૂા. ૧૭,૯૭,૪૨૬-૩૭ની યાદીઓ કમીટીને તા. ૮-૧૨-૯૭નાં રોજ આપેલ છે. આ રકમ ખાતર ઉપલક આપ્યાની બાકી રકમો હતી. આ વ્યવહાર નીચે મુજબનાં ડિરેકટરોની સુચનાથી ઉપલક આપેલ તેની યાદીઓ રજુ કરી છે.

(૧)	શ્રી પ્રવીણભાઈ બેચરભાઈ પટેલ	ડિરેકટર.	
	યુરીયા-૪૫૧ થેલી રૂા. ૮૭,૨૯૧-૦૫.		
(૨)	શ્રી મણીભાઈ મગનભાઈ પટેલ	માનદમંત્રી	
	યુરીયા-૨૦૦ થેલી રૂા. ૩૮,૭૧૦/-		
(૩)	શ્રી મનુભાઈ ઈશ્વરભાઈ પટેલ	માજી પ્રમુખ	
	યુરીયા-૩૮૦૭ થેલી.		
	સલ્ફેટ-૪૫૫ થેલી.		
	ડી.એ.પી-૨૪૬ થેલી.	કુલ રૂા. ૧૦,૬૪,૦૬૮-૬૦	
	નર્મદાજેન-૩૩૯ થેલી.		
	ફોસ-૧૭૩ થેલી.		
(૪)	ઠાકોરભાઈ બાબરભાઈ ચૌહાણ	ઉપ પ્રમુખ	
	યુરીયા-૧૬૦ થેલી.		
	સલ્ફેટ-૧૮૬ થેલી.	કુલ રૂા. ૯૧,૩૧૫-૬૦	
	ડી.એ.પી-૩૧ થેલી.		
	ફોસ-૨૫ થેલી.		
(૫)	શ્રી મહેશભાઈ વ્યાસ	મેનેજર	
	યુરીયા-૨૦૨૧ થેલી.		
	સલ્ફેટ-૬૫ થેલી.		
	નર્મદાજૈન-૨૨૩ થેલી.		
	ડી.એ.પી-૨૦૧ થેલી.	કુલ રૂા. ૬,૧૫,૭૩૬-૩૦	
	ફોસ-૨૪૫ થેલી.		

કુલ એકંદર રૂા. ૧૮,૯૭,૧૨૧-૫૫.

એકત્રીત પત્રકની વિગતો જોતાં ડભાઈ ખાતે તા. ૩૦-૧૧-૯૭ની બાકી રૂા. ૧૦,૧૫,૦૭૬-૬૦ દર્શાવેલાં છે. જે ખરેખર ૧૦,૩૨,૪૯૬-૧૦ થાય છે. યુરીયા ખાતરનો સરવાળો ૪૧૫૧ને બદલે ૪૧૦૦ દર્શાવેલ છે. આમ રૂા. ૧૭,૪૧૯-૫૦નો તફાવત છે સિનોર ખાતેની યાદીમાં ડી.એ.પી. ખાતર ૩૩૩ થેલીનાંરૂા. ૪૧૫/- પ્રમાણે રૂા. ૧,૩૮,૧૯૫/- થાય તેનાં બદલે રૂા. ૫૫,૯૧૯-૨૫ દર્શાવેલાં છે. આમ સમગ્ર યાદીમાં રૂા. ૯૯,૬૯૫-૨૫ ઓછા દર્શાવેલા છે.

મંડળીમાં ખાતર વેચાણ ઉપલકની પ્રથાનો ઈન્કાર કરેલ છે. જે અગાઉ આપેલ નિવેદનોથી વિરૂધ્ધની બાબત છે.સંસ્થાના હિસાબો નિભાવવાની તૈયાર કરવાની જવાબદારી મેનેજરની હોવાનું જણાવે છે પરંતુ તે હિસાબો સાચા છે કે ખોટાં તે તપાસવાની અને મંજુર કરવાની જવાબદારી કમીટીની છે તે નિભાવવામાં કમીટી નિષ્ફળ નીવડી છે.

ઉપલક આપેલાની કબુલાત બાબતે હિસાબ લેવાનું તથા તેની જવાબદારી પુર્ણ કરવાની કાર્યવાહી ચાલુ છે. તેમ જણાવે છે પરતું ૧૬-૧૨-૯૭ની નોટીસનો ૧૧-૧-૯૮નાં જવાબ પછી જે ગુનાહીત કૃત્ય આ પ્રકરણમાં થયું છે તે બાબતે કાર્યવાહી કરેલી નથી. ૮-૧૨-૯૭નાં રોજ જે આગ લાગી તે બાબત અતિ સંવેદનશીલ અને શંકાસ્પદ હોવાનું અમારા માટે ઉચીત નથી તેવું રજુઆત છે.મેનેજરશ્રીએ રૂા. ૩૨/- લાખનું ઉપલક વેચાણ બતાવેલાની કબુલાત કરી છે. પરતું આ વેચાણ કયા ગાળાનો છે તે બતાવેલ નથી. જે માલ આવ્યો તે યોગ્ય રીતે રોજમેળમાં જમાં થયેલ હોવાનું જણાઈ આવ્યું નથી.ગુજકોમાસોલનાં હિસાબો મળતાં આવતાં નથી તેવી કબુલાતો જવાબ લેઢળ કરેલ છે. કાયદાકીય કાર્યવાહીમાં ડીરેકટરો પોતે કાયદાના અજ્ઞાન અને ખેડુતો હોવાનું જણાવેલ છે. અને સાથેસાથે પોતે જે કંઈ કાર્યવાહી કરી તે કાયદેસરની અને જાગૃતતામાં કરેલી હોવાનું જણાવે છે. તાલુકા ખરીદ વેચાણ સંઘ એ રાજય કક્ષાની સંસ્થા સાથે સંયોજીત થયેલી ફેડરલ સંસ્થા છે.સંસ્થાના હિસાબોમાં રૂા. ૩૨/- લાખ જેટલી રકમ ગેરવહીવટમાં સંડોવાયેલી હોય તેવી બાબતોમાં ન્યાયતંત્રમાં અને સામાન્ય રીતે તાલુકા મથકોમાં પણ એડવોકેટો અને કાનુની સલાહકારો ઉપલબ્ધ થાય છે. ડિરેકટરોને વહીવટી બાબતે જવાબદારો ઠેરવ્યા ત્યારે સંસ્થાનાં ખર્ચે સંઘમાં લાગેલ આગ શોર્ટ-સરકીટથી નહી પરતું મેનેજરશ્રીને આ કામે કારણ શોધવા અંગત રસ લઈ તપાસ કરવા વિનંતી કરેલ છે. કમીટી-સભ્યોની આ રજુઆત સમગ્ર પ્રકરણ જોતા ન સમજી શકાય તેવીછે. કારણકે ડીરેકટરોની દ્રષ્ટિએ મેનેજર એ આક્ષેપિત વ્યકિત છે. વધુ રજુઆતમાં જણાવે છે કે અમારી પાસે તપાસ કરવાની એજન્સી નથી આવી એજન્સી માત્ર કલેકટરશ્રી અને જિલ્લા રજીસ્ટ્રારશ્રી પાસે છે. અને આ બાબતની જાણ આપ સાહેબને કરેલ હોવા છતાંકોઈ તપાસ કરેલ નથી. આ રજુઆતની વિગતો જોતા એક હકીકત એ પણ છે કે ખાતરના સ્ટોકમાં અને ગુજકોમાસોલના હિસાબમાં તફાવત સપ્ટેમ્બર-૯૬ના સમયથી હતી. આ બાબતથી તમામ ડિરેકટરો વાકેફ હતા. છતાંય જિલ્લા રજીસ્ટ્રારને આવી જાણ કરવાની દરકાર રાખી નથી અથવા જાણીબુઝીને જાણ કરેલ નથી. તે કારણો જોતા પણ આ પ્રકરણમાં ડિરેકટરો વ્યકિતગત કે સાંયોગીક રીતે અથવા તો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ હોવાના ઈન્કારને સમર્થન મળતું નથી.

INDEX

સદર કારણદર્શક નોટીસ ફકત મેનેજરને ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરવા બળ મળશે તથા પ્રોત્સાહન મળશે તેવુ ડિરેકટરો માને છે. તથા આ નોટીસ મેનેજરશ્રીને આર્શીવાદ રૂપ બની રહેશે અને સહકારી કાયદા પેટા કાયદા અને સ્થાપિત સિધ્ધાંતો મુજબ જે કાંઇ અધિકારો અને ફરજો પહોચે છે તે બજાવવા છતાં આપેલ નોટીસ કાયદા વિરુધ્ધ છે. તથા મેનેજરશ્રી કે જેઓ આરોપીના પિંજરા માં છે તેમની હકીકતો સાચી માની જે નોટીસ આપી છે. તે રદ થવાને પાત્ર છે. અત્રેથી આપવામાં આવેલ નોટીસ સંઘના સમગ્ર વહીવટ અને થયેલ નાણાંકીય ગેર વહીવટ અને કૌભાંડની તપાસનો એક પ્રાથમિક ભાગ છે. તેનાથી મેનેજર નિર્દોષ છે. તેવુ નથી. મેનેજર તરીકે તેઓની જે વ્યકિતગત જવાબદારી છે. તે જવાબદારી કોઇપણ સ્થિતીમાં તેઓની જ છે. અને આ નાણાંકીય ગેરવહીવટ અને કૌભાંડમાં ડિરેકટરો પણ વ્યકિતગત અને સામુહિક રીતે જેટલા જવાબદાર છે. ને ઇલાયદી કાનૂની કાર્યવાહીને પાત્ર છે જ. સંઘને થયેલ આર્થિક નુકશાન અને તેની જવાબદારી અને તેમાં સંડોવાયેલ વ્યકિતઓ સરકારી કાયદાની કલમ-૮૧ ઉપરાંતની જોગવાઇઓ કેમ કે કલમ ૮૬, ૯૧ અને ૯૬ નવા ભારતીય ફોજદારી ધારો લાગુ પડે તે રીતે ઇલાયદી કાર્યવાહીને પાત્ર છે. પરંતુ તેવા પરિણામો સુધી પહોંચવાના સમય સુધી આવી વ્યવસ્થાપકને સમજીને ચાલુ શકાય તેમ નથી.

વ્યકિતગત બાકીદારોના ઇન્ફરમેશન્સ ન મળવાની બાબતો તેમજ સંઘના સભ્યો રસ ન દાખવતા હોવાની બાબત ફકત મેનેજરના નિવેદન પર આધારીત નથી. કમિટીના સભ્યો વારંવાર સામુહિક રીતે જણાવે છે કે તમામ જવાબદારી મેનેજરની છે. મેનેજર તમામ હિસાબો રાખે, જણાવે, તૈયાર કરે તે બાબત જોતાં મેનેજરએ સંસ્થાનો પગારદાર કર્મચારી છે. તેની પાસેથી કામ લેવાની તેની ફરજો પર દેખરેખ રાખવાની જવાબદારી વ્યવસ્થાપક સમિતિની છે. તેમ જણાવીને કમીટી સભ્યો પોતાની કોઇ જવાબદારી નથી અથવા નાણાંકીય કૌભાંડ હોઇ જવાબદારીમાંથી છટકવા આ રજુઆત કરી છે. ડીરેકટરો વધુમાં જણાવે છે કે આ પ્રકરણમાં મેનેજરની અને અમારી પૂછપરછ કરી છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ તેની પાછળનું કારણ શું છે તે તપાસવાનો કોઇ પ્રયત્ન કરેલ નથી. તા. ૨૮-૧૧-૯૭ અને તે પહેલા ગુજકોમાસોલ સાથેના હિસાબોની ચકાસણી અને મંડળીના ચોપડે તથા ગુજકોમાસોલના ચોપડા વચ્ચેનો તફાવત જે રૂા. ૩૨ લાખનો થાય છે. તેનો કોઇપણ રીતે મેળ ખાતો ન હોઇ તથા મેનેજર પાસે તે અંગેનાં હિસાબોની માંગણી તેમજ આવું આગનું કારણ બની શકે તેમ હોઇ સાંયોગીક પુરાવા તરીકે લખી જિલ્લા રજીસ્ટ્રારશ્રીએ આગળની તપાસ કરવી જોઇએ તે કરી નથી. આ રજુઆતની વિગતો જોતા આ પ્રકરણની તપાસ બાબતે સંઘમાં આતર કૌભાંડની કોઇ ફરિયાદ નહોતી. જો કે આ બાબત ડીરેકટરોની જાણમાં હતી. અત્રેથી તપાસ કરતા પુછપરછ દરમ્યાન આગના કારણોની સાથેસાથે રૂા. ૩૨/- લાખના ખાતરનું કૌભાંડ હોવાનું સંઘના ડીરેકટરોના નિવેદનો લેતાં પ્રથમ એટલે કે તા. ૨૩-૧-૯૮ના રોજ નિવેદનો લેવાયા તે સમયે હાલના પ્રમુખશ્રી મયુરભાઇ તુલસીભાઇ તથા ડીરેકટરો, રતીલાલ રણછોડભાઇ પટેલ તથા શિરીષભાઇ નરહરીભાઇ પુરોહીત હાજર હતા. આ ત્રણેય ડીરેકટરોએ તપાસ અધિકારીને પુછપરછમાં લેખીત એ હકીકત જણાવી કે આગનું કારણ કંઇક અલગ છે. સંઘમાં રૂા. ૩૨/- લાખના ખાતરનું કૌભાંડ છે. અને તે બાબતે તે સમયના પ્રમુખશ્રી મનુભાઇ ઇશ્વરભાઇ પટેલ તથા મેનેજરશ્રી મહેશભાઇ વ્યાસ એ બંને ગુનેગાર વ્યકિતઓ છે. અને તેઓ સામે ફોજદારી રાહે ફરિયાદ કરવા નિવેદનો આપેલા છે. અન્ય ચાર ડીરેકટરો એટલે કે પટેલ મનુભાઇ ઇશ્વરભાઇ, પટેલ મણીભાઇ મગનભાઇ, પટેલ પ્રવિણભાઇ બેચરભાઇ, તથા ચૌહાણ ઠાકોરભાઇ બાબરભાઇએ એક જ તારીખે એટલે કે તા. ૨૯-૧-૯૮નાં રોજ લેખીતમાં જવાબ આપી રૂા. ૩૨/- લાખના ખાતર બાબતે અને આગનાં કારણો બાબતે મેનેજર જવાબદાર હોવાનું નિવેદન કરેલ છે. આ ચાર ડીરેકટરોએ પોતે ખાતર વ્યવહાર બાબતે કોઇ જવાબ આપેલ નથી.તેઓ ફકત મેનેજરને જ દોષીત માને છે. જ્યારે મેનેજર પોતાના નિવેદનમાં આ જ ચાર ડીરેકટરોની સૂચનાથી ઉપલક ખાતર આપેલ હોવાની કબુલાત કરે છે. આ તપાસ એ રેકર્ડ સિવાયની નિવેદનો અને ડીરેકટરો તથા સંઘ પાસે જે કાંઇક મુખ્ય રેકર્ડ ઉપરાંતની જે માહિતી પુરાવા છે, તે આધારીત છે.ડીરેકટરો જવાબમાં પોતાની જવાબદારીમાંથી છટકી જવાના બહાના હેઠળ કોઇ જ સાચા જવાબો રજુ કર્યા નથી.

તા. ૨૮-૧-૯૮નું નિવેદન એ અમોએ નોટીસ આપ્યા બાદનું છે. અને તે કદાચ સરકારી અધિકારીનો પણ આશય કાંઇક સત્ય હકીકત બહાર લાવવાનો હોવા છતાં નોટીસ આપ્યા બાદ મેનેજર સત્ય હકીકત ન બોલે તે માનવા જોગ છે. પરતું અધિકારીએ રૂા. ૩૨/- લાખના ઉપલક ખાતર વેચાણ બાબત તથા ગુજકોમાસોલના હિસાબો બાબત યોગ્ય તપાસ ન કરી ગંભીર ભૂલ કરી છે. તથા માત્ર સ્વેચ્છાએ મેનેજરશ્રીએ રૂા. ૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ખાતર ઉપલકના રૂા. ૩૨/- લાખની જવાબદારી સ્વીકારી હોઇ પરતું તેને અવળા માર્ગે દોરવાનું મેનેજર પ્રયત્ન કરી રહ્યા છે. તેને વળગી રહી પ્રમુખ અને ડીરેકટરોની સૂચનાથી તેઓએ આપેલાની હકીકત ખોટી રીતે જણાવતા હોવા છતાં તેને ઢાલરૂપ બનાવેલ છે. તથા તેવી તે તપાસનો કાંઇ અર્થ રહેતો નથી. આ રજુઆતની વિગતો જોતા ડીરેકટરો એટલું સ્વીકારે છે કે સમગ્ર પ્રકરણમાંમેનેજરશ્રી ઉપરાંત વધુ જવાબદારો છે. આ અહેવાલમાં તપાસના તથ્યમાં હોદ્દેદારો આ પ્રકરણના પ્રાથમિક જવાબદારો છે અમે અગાઉ જણાવ્યા મુજબ કલમ-૮૧ એ આ આગ પ્રકરણનું પ્રથમ પગથીયું છે.

મેનેજરે નિવેદનમાં જે યાદી આપી છે તે યાદી ખરી નથી કબુલ નથી અને જે ઉપલક માલ વેચાણની વાતો કરેલ છે. તે રીતે ઉપલક આપેલ નથી તેવું આપવાનો મેનેજરને અધિકાર નથી તેવું સૂચન નથી. તથા કોઇ ઠરાવ નથી. ઉપલક માલ આપ્યો તો પણ તે મંડળીમાં ગુજકોમાસોલમાંથી આપેલ માલ તેટલા પ્રમાણમાં આપ્યો હોય તેજમા થવો જોઇએ તે જમા પણ ન થયેલ હોઇ તો તે એક ગંભીર બાબત છે. તથા અધિકારીએ તે તરફ ધ્યાન દોર્યુ નથી અને આખી તપાસને નિરર્થક ઠરાવી દીધેલ છે. તથા એકત્રિત પત્રકની વિગત જ બતાવી હોય તો તે તપાસનો વિષય છે. અને તે બોર્ડ ઓફ ડીરેકટરર્સના એકમાત્ર તપાસ કરાવી શકે છે. તેથી આગળ કાંઇ કરાવી શકે નહી.

કારણદર્શક નોટીસમાં જે યાદી આપેલ છે. તે યાદી તારીખ ૩૦-૧૧-૯૭ના હિસાબો મેળવણીના સમયે તા. ૮-૧૨-૯૭ ના રોજ મેનેજરે ડિરેકટરોને આપેલ વ્યકિતગત યાદીની ડિરેકટરોની સૂચના પ્રમાણે આપેલ ખાતરનું સમરીપત્રક છે. આ યાદી કારણદર્શક નોટીસ બાદ કે તે પહેલા કે રજુઆતનાં સમય

INDEX

દરમ્યાન જોયેલી નથી કે નકલ માંગેલી નથી આનો અર્થ એ થાય છે કે જે તારીખ ૮-૧૨-૯૭ના રોજ જે વ્યકિતગત ડભોઇ અને શિનોર સેન્ટરની યાદીઓ બનાવેલ તેમા દર્શાવેલા ઇસમોને ક્યા ડિરેકટરની સૂચનાથી ખાતર આપેલ તે હકીકત ડીરેકટરો પોતે જાણે છે. પરતું કબુલ કરતા નથી. આમ યાદી કે નામો જોયા સિવાય પોતે ઉપલક આપેલ નથી તેવું જણાવે છે. તે બાબત તેઓના બચાવમાં જણાવી આપોઆપ ખુલ્લા પડી જાય છે.

(૧) સંઘના બોર્ડ ઓપ ડિરેકટરોએ પેટા નિયમ ૪૬(૫),૪૬(૧૩), ૪૬ (૧૬) અનુસાર માલસ્ટોક હિસાબો વખતોવખત બતાવ્યા નથી. આ આક્ષેપોનો ઇન્કાર કરે છે. પણ ચકાસણી કર્યાના કોઇ પુરાવા રજુ કરતા નથી. આમ કામકાજની સમીક્ષા, માલસ્ટોકની ચકાસણી, દફતરની ચકાસણી, વખતોવખત બોર્ડ ઓફ ડીરેકટર્સની બેઠકો બોલાવવી.

(૨) પેટા નિયમ-૪૭ અનુસાર દર માસે વ્યવસ્થાપક સમિતિની બેઠકો બોલાવવામાં આવતી નથી તેવા આક્ષેપના જવાબમાં કથન થતું નથી, અને મીટીંગ બોલાવવાનું કામ મેનેજરનું છે. અને તે માટે વારંવારની માંગણી થએલી છે. અને ત્યારબાદ પ્રમુખશ્રીએ ન બોલાવતા પ્રમુખશ્રીને બદલી નાંખવામાં આવ્યાં છે. તેની વિગતો જોતા પેટા નિયમ (૪૯) (૨) અનુસાર વ્યવસ્થાપક અગાઉની મીટીંગ બોલાવવાની જવાબદારી પ્રમુખની છે. સમગ્ર કમીટી-સભ્યોએ આ કામ મેનેજરનું હોવાનું જણાવ્યુ છે. તે આ પ્રકરણને ગેરમાર્ગે દોરનારું છે. પ્રમુખશ્રીને બદલી નાંખવામાં આવ્યા છે તેવું જણાતી પેટા-નિયમની આ જોગવાઇનું ઉલ્લંઘન કર્યાની સ્પષ્ટ કબુલાત કરી છે.

(૩) પેટા નિયમ ૪૯ (૧), ૪૯ (૨) ૪૯ (૪) અનુસાર સામાન્ય સભા અને કમાટીના ઠરાવો પ્રમાણે કામકાજ થાય છે કે નહી તે જોવાની સત્તા વ્યવસ્થાપક સમિતિની મીટીંગ બોલાવવાની જવાબદારી પ્રમુખની છે. આ જોગવાઇનું પાલન કરવામાં નિષ્ફળતાના આક્ષેપ સામે ડિરેકટરોએ જવાબમાં જણાવેલ છેકે મીટીંગ બોલાવવાની જવાબદારી સંઘના પ્રમુખની હોવાનું આશીંક અજ્ઞાન છે, પ્રમુખે માત્ર આદેશ આપવાનો છે અને તે પ્રમાણે મેનેજરશ્રીએ કામ કરવાનું હોય છે. આ મુદ્દામાં પ્રમુખ અને કમીટી સભ્યો તથા મેનેજર સામુહિક રીતે નિષ્ફળ નિવડેલ છે. અને પેટા-નિયમની ઉકત જોગવાઇનું પુનરાવર્તીત ઉલ્લંઘન થયેલ છે.

(૪) પેટા નિયમ ૪૬ (૨) અનુસાર કર્મચારીઓની નોકરી અંગેના નિયમો રજીસ્ટ્રાર પાસે મંજૂર કરાવવાના જવાબમાં હાલમાં કોઇ કર્મચારીને લીધેલા નથી અને અગાઉના કર્મચારી ચાલ્યા આવે છે અને કસ્ટોડીયનના સમયમાં પણ આ જ કર્મચારીઓ હતા. સદર જવાબની વિગતો જોતા કસ્ટોડીયન એ પણ વ્યવસ્થાપક અગાઉ ૪ હતા અને ડીરેકટરો એ પણ વ્યવસ્થાપક સમિતિમાં છે. આમ પેટા નિયમની સદર જોગવાઇનું ઉલ્લંઘન વારંવાર થતું આવ્યુ છે. તે પણ સ્પષ્ટ થાય છે. કમીટીએ પેટા-નિયમો અનુસાર વહીવટ ચલાવવાનો હોય છે અને તેની દરેક બાબતમાં ઓડીટરના સૂચનની આવશ્યકતા નથી.

(૫) પેટા નિયમ ૫૧(૧), ૫૧(૨) ૫૧(૩) ૫૧ (૬), ૫૧(૧૦) વિષે આ જોગવાઇઓ એ સેક્રેટરીની ફરજો છે. સંઘમાં સેક્રેટરીએ બોર્ડ ઓફ ડિરેકટર્સ પૈકીના માનદ્ મંત્રી છે. આ ફરજો સાધારણ-સભાએ મેનેજરને ફરજના ભાગરૂપે સોંપેલ છે. અને તેમા તેઓ ચલિત થાય છે. અને તેમાં સેક્રેટરીની જવાબદારી ફરતી નથી. પેટા-નિયમની જોગવાઇઓ મુજબ સેક્રેટરીની જવાબદારીઓમાંથી સેક્રેટરી નિયમીત રીતે નિષ્ફળ નિવડયા છે. અને સાધારણ સભાએ આ ફરજો મેનેજરને સોંપી છે. તો તેમાં પણ મેનેજર નિષ્ફળ નિવડયાં છે. આ બાબતો જોતા પેટા-નિયમોની જોગવાઇઓ અનુસાર સંઘનો વહીવટ ચલાવવામાં વ્યવસ્થાપક સમિતિ પણ નિષ્ફળ નિવડેલ છે.

(૬) પેટા નિયમ ૪૬(૫), ૪૬(૧૩) ૪૬(૧૬) અને ૫૧(૨) ની જોગવાઇઓ અનુસાર હિસાબો તૈયાર કરવા અને નિભાવવાની બાબતમાં વ્યવસ્થાપક કમીટી સભ્યો નિષ્ફળ નિવડયાના આક્ષેપના જવાબમાં હિસાબ વગેરે આગળથી અને ૯૪-૯૫થી ચાલતો આવેલો હોય અને તેની નિષ્કાળજીને કારણે એટલે કે કસ્ટોડીયનની નિષ્કાળજીને કારણે ઓડીટ કરાવ્યુ ન હોઇ હિસાબોની ચકાસણી થતા તેમ બનવા પામેલ છે. સરકારી સંસ્થામાં હિસાબો નિયમીત રોજેરોજ નિભાવવાના હોય છે. અને દર માસે તે મંજુર કરવાની આ ઉપરાંત વખતોવખત આંતરીક તપાસણી, હિસાબો, માલસ્ટોકની ચકાસણીથી આ પેટા-નિયમની જોગવાઇઓ છે. અને આ જોગવાઇઓ હેઠળ આ જવાબદારી વ્યવસ્થાપક સમિતીની છે. જેનું પાલન કરવામાં વ્ય. સમિતી સંદતર નિષ્ફળ નિવડેલ છે.

(૭) સંઘના સને ૧૯૯૬-૯૭ના વાર્ષિક અહેવાલો અને હિસાબો બે વખત અલગ અલગ તૈયાર કરી છપાવેલા છે. અને મંજુર કરેલા છે. કારણદર્શક નોટીસના આક્ષેપમાં જણાવેલ બાબતો કમીટીએ સ્વીકારેલ છે. અને કાયદાકીય અજ્ઞાનતાના કારણે બનવા પામેલ છે. જવાબની સદર વાસ્તવિકતા જોતાં કમીટીએ ખોટા હિસાબો તૈયાર કરી ખોટા હિસાબો મંજુર કરવાનું સ્પષ્ટ પણે પુરવાર થાય છે.

(૮) કારણદર્શક નોટીસના ૧ થી ૩ ની વિગતે કેટલા આક્ષેપો કમીટીએ સ્વીકાર્યા છે. રૂા. ૧,૫૬,૦૬૫-૯૫ પૈસાના ચોખ્ખા નફાવાળા અહેવાલની બાબતે નફાની ફાળવણી મંજુર કરી છે. બે કમીટીએ ખોટી રીતે મંજુર કરેલ છે. બીજીવાર તૈયાર કરેલા હિસાબોમાં જમાનું પ્રમાણ ઓછું હોવાથી સિલ્વર જયુબીલીની જોગવાઇ પડતી મૂકેલ છે. આમ ખોટી રીતે ખોટા હિસાબો તૈયાર કરી મંજુર કરવાનું કૃત્ય સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૯) (એ) ખાતર વેપારમાં ઉપલકપ્રથા આગઉથી ચાલતી આવતી હોવાની સ્વીકારતા નથી અને મેનેજર આવા ઉપલકનો ધંધો કરે છે. અને તેમાં કોઇ કમીટી સભ્યો સંડોવાયા નથી તા. ૮-૧૨-૯૭ના રોજ સંઘની ઓફીસને આગ લગાડતા અગાઉના સમયથી ગુજકોમાઓલ હિસાબો મળતા ન હોતા આનુ મેળવણું તા. ૨૭-૧૧-૯૭ અને તા. ૨૮-૧૧-૯૭ના રોજ થયેલા અને તે સમયે તફાવતના હવાલા સંઘના ચોપડે નાંખવામાં આવેલા હતા તે હવાલા ક્યાં છે. તેની કોઇ સ્પષ્ટતા સભ્યો કરતા નથી. આ હવાલામાં કમીટી સભ્યો રૂબરૂ સંઘના ચોપડે લેવા છતાં તા. ૩૦-૧૧-૯૭ના હિસાબો તૈયાર થતાં તફાવતના હિસાબો મળતા ન હોતા. આમ ખાતર ઉપલકની પ્રવૃતિમાં કમીટી સભ્યો સંડોવાયેલા હોવાનું પુરવાર થાય છે.

(૯) (બી) તા. ૮-૧૨-૯૭ના રોજ રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરાવેલ છે. તેમાં કોઇ પ્રતિષ્ઠીત વ્યકિતઓ આવી નથી તથા સાક્ષી તરીકે કમીટી સભ્યોએ સહી કરેલ નથી. આમ કરવામાં તેમના આશયનો કોઇ ફેર પડતો નથી. હકીકતમાં મેનેજરશ્રીએ પોતે પોતાની રીતે સ્વેચ્છાએ લખાણ કરી આપેલ છે. પરંતુ ત્યારબાદ અન્ય કોઇ ખાતેદારોના માર્ગદર્શન હેઠળ તેઓ ગુનાને પાત્ર ઠરે છે. આ જવાબમાં કમીટી પોતે આખી રહેવાની બાબતમાં સ્પષ્ટ થતી નથી અથવા તો જવાબદારીમાંથી છટકવાનું પ્રાથમિક આયોજન હોય તેમ સ્પષ્ટ થાય છે.

INDEX

(સી) સંઘની ઓફીસને આગ લાગવવાના પ્રસંગે પોલીસ ફરિયાદ કમીટીએ કરેલ નથી. બે આક્ષેપના જવાબમાં આ ફરિયાદ કમીટીના આદેશથી મેનેજરે કરેલી તેવું જણાવે છે. જવાબ તથ્યપૂર્ણ માનીએ તો પણ ફરિયાદમાં તેવો કોઈ ઉલ્લેખ નથી.

(ડી) તા. ૮-૧૨-૯૭ના રોજ સંઘની આગના કારણો બાબતે માનેજર તરફ શંકા વ્યક્ત કરતી અને ખાતર ઉપલકની ગેરરીતીઓ બાબતે ડેપ્યુટી કલેકટરશ્રીને લેખીત રજુઆત કરેલ છે. આવી ફરિયાદ પોલીસને આપેલી નથી ફરિયાદ કેવી આપવી તે ક્રીમીનલ પ્રોસીજર કોડની બાબત છે. તેવી રજુઆત કરી પોતે કરેલ કાર્યવાહી બરોબર છે તેવુ પુરવાર કરવાનો પ્રયાસ છે. પરતું એ પણ હકીકત છે કે સુનાવણીની મુદત સુધી આવી ફરિયાદના કોઈ પરિણામો રજુ થયા નથી.

(ઇ) તા. ૮-૧૨-૯૭ના રોજ સંઘનું રેકર્ડ સળગી ગયા બાદ રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણની કાયદેસરતાના જવાબમાં સ્ટેમ્પ પેપર રજીસ્ટર ન કરાવ્યાના ઠરાવાથી શુધ્ધ ઉદ્દેશમાં કે આશયમાં ફેર પડતો નથી. અમારો આશય ચોરને ખુલ્લો પાડવો અને સંઘને મજબુત બનાવવાનો છે. અને કોઇ રીતે કૌભાડોને છાવરવાનો કે ઢાંક પિછાડો કરવાનો નથી. જવાબની વિગતો જોતા સ્ટેમ્પ-પેપર ઉપરનો કરાર રજીસ્ટર્ડ કરાવેલ નથી અને તેમાં કમીટીનો આશય પણ શુધ્ધ નથી કારણ કે કમીટી સભ્યો સામુહિક જવાબમાં ચોરને ખુલ્લો પાડવાની બાબત જણાવે છે. જ્યારે આ પૈકીના જ ત્રણ કમીટી સભ્યો કે જે પૈકી એક હાલ આ સંઘના પ્રમુખ છે. તેઓએ લેખિતમાં એમ જણાવેલ છે કે આ કૃત્યમાં ચેરમેનશ્રી અને મેનેજરશ્રી સંયુકત રીતે સંડોવાયેલા છે.

(એફ) તા. ૮-૧૨-૯૭ના રોજ કમીટી સભ્યોની મેનેજરને પુછપરછ દરમ્યાન રૂા. ૧૭૯૭૪૨૬-૩૦ પૈસા ઉપલક ખાતરની યાદી રજુ કરેલ છે. આ યાદીમાં અત્રેની ચકાસણી હેઠળ લેતાં રૂા. ૯૯,૬૯૫-૨૫ પૈસા ઓછા દર્શાવેલા છે. આમ ખોટા હિસાબો અને ખોટી માહિતી તૈયાર કરેલ છે. અ બાબતે કોઇ જવાબ આપેલ ન હોઇ આક્ષેપ પુરવાર થાય છે.

(૧૦) તા. ૮-૧૨-૯૭ની ખાતર ઉપલકની યાદી પૈકી સંઘના ડીરેકટરો અને મેનેજર પોતે ઉપલક ખાતર આપેલ તેવી વિગત નીચે મુજબ છે.

(૧) પ્રવિણભાઇ બેચરભાઇ પટેલ યુરિયા ૪૫૧ થેલી રૂા. ૯૭,૨૯૧-૦૫ પૈસા
(૨) મનુભાઇ ઇશ્વરભાઇ પટેલ યુરિયા ૩૮૦૭ થેલી સલ્ફેટ ૪૫૫ થેલી, ડીએપી-૨૪૬ થેલી નર્મદાકેન-૩૯ થેલી અને ફોસ-૩૧૭૩ કુલ રૂા. ૧૦,૬૪,૦૬૮-૬૦ પૈસા
(૩) મણીભાઇ મગનભાઇ પટેલ યુરિયા ૨૦૦ થેલી, રૂા. ૩૮૩૧૦/-
(૪) ચૌહાણ ઠાકોરભાઇ બાબરભાઇ યુરીયા ૧૬૦ થેલી, સલ્ફેટ ૧૮૬ થેલી, ડીએપી ૬૧ થેલી અને ફોસ-૨૫ થેલી, રૂા. ૯૧,૬૧૫-૬૦ પૈસા
(૫) મહેશભાઇ વ્યાસ યુરીયા ૨૦૨૧ થેલી, સલ્ફેટ ૬૫ થેલી નર્મદાકેન ૨૨૩, ડીએપી-૨૦૧ થેલી, ફોસ ૨૪૫ થેલી, રૂા. ૬,૧૫,૭૩૬-૩૦ પૈસા એંકદરે કુલ રૂપિયા ૧૮,૯૭,૧૨૧-૫૫ પૈસા.

આગળ જવાબ આપ્યા પ્રમાણે ડીરેકટરો આ યાદીની ખાતરી કર્યા સિવાય જ અથવા યાદીની માહિતી જાણ્યા સિવાય જ સીધો ઇન્કાર કરે છે. તેનાથી તેઓ સંડોવાયેલા હોવાની હકીકતને સમર્થન મળે છે. ખાતર ઉપલકની બાબત અત્રેની તપાસ બાદ જ બહાર આવવા પામેલ છે. જેથી તા ૧૧-૧૨-૯૭ના રોજ આ કચેરીને યોગ્ય રીતે જાણ કરવામાં આવેલી છે. અને પગલાં લેવામાં આવ્યાં નહી તેવી જે રજુઆત કરી છે તે તદ્ન ખોટી છે. કારણકે સંઘના પ્રમુખ તરફથી ફકત સંઘને આગ લાગવાની જ જાણ કરેલ છે. ખાતરમાં ગોટાળાની બાબત અગાઉથી ચાલતી આવતી હોવા છતાં પણ રજીસ્ટ્રારની કચેરીના ધ્યાને આ બાબત લાવવા આવેલ નથી.

(૧૧) ગુજકોમાસોલ અને સંઘના હિસાબોમાં રૂા. ૩૨ લાખનો તફાવત તા. ૨૭-૨૮-૧૧-૯૭ ના રોજ હિસાબોનાં મેળવણાં થતાં આવતો હતો. તે વખતે કમીટીએ મેનેજરની કોઇ જવાબદારી બતાવેલ નથી. ત્યારબાદ તા. ૮-૧૨-૯૭ના રોજ તા. ૩૦-૧૧-૯૭ અગાઉના હિસાબો કમાટી સમક્ષ રજુ થયા હતા તે વખતે પણ જવાબદારી બતાવેલ નથી. ત્યારબાદ તા. ૬-૧૨-૯૭ના રોજ સંઘની ઓફીસને આગ લાગી દફતર સળગી ગયા બાદ સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરાવેલ છે. હિસાબમાં ગેરરીતિ, નાંણાકીય ગેર વહીવટની રકમ સ્પષ્ટ હતી છતાં પણ કમીટીએ કોઇ કાયદાકીય પોલીસ ફરિયાદ નોંધાવેલ નથી કે કોઇ કોર્ટ-કેસની કાર્યવાહી કરેલ નથી. અને તમામ કમીટી સભ્યો જાણતા હોવા છતાં આવા નાણાંકીય ગોટાળાની હકીકત જીલ્લા રજીસ્ટ્રારશ્રીને જણાવેલ નથી. જે આક્ષેપના જવાબમાં જવાબદારી બતાવેલ ન હોવાનું કથન ખરુ નથી. તેટલો જવાબ કરીને સંતોષ માન્યો છે. આગની બાબત એ પોલીસની બાાબત છે. તે હજી માની શકાય પરતું નાંણાકીય ગોટાળાની બાબત તે કમીટીએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૧૨) સંઘ રાસાયણીક ખાતરો, બીયારણો, જંતુનાશક દવાઓ, ઉપરાંતના ઉદ્દેશોમાં પેટાનીયમ ૨ હેઠળનાં નીચે મુજબ નાં ઉદ્દેશો મુજબની કામગીરી કરવા કોઇ પ્રયાસો કરેલ નથી.

૨ (૧) સભાસદોનો માલ વેચી આપવાની પ્રવૃતિ.
૨ (૪) સહકારી મંડળીઓને લગતાં વીમાની કામગીરી.
૨ (૫) કાચો માલ ખરીદીને પાકોમાલ તૈયાર કરી વેચી આપવાની કામગીરી.
૨ (૭) સભ્યો માં કરકસર, સંઘ સ્વાશ્રય અને ઉન્નતી થાય તેવી કામગીરી અને શિક્ષણની બાબતે કોઇ પ્રયાસો કરેલા નથી.

સદર મુદાના જવાબમાં જે કામ અગાઉથી કરવામાં આવતું નથી તે થતું નથી. પરતું સંઘમાં જે કામ આગળકરવામાં આવે છે તે જ કરવામાં આવે છે. તેમાં હાલની કમીટીની કોઇ જવાબદારી નથી. જવાબની વિગતો જોતાં ખાતરો, બીયારણો અને દવાની ખરીદ વેચાણ ઉપરાંતની પ્રવૃતિ કરવામાં કમીટીને કોઇ રસ નથી. તેથી ઉપર મુજબનાં ઉદ્દેશોને બર લાવવા કોઇ પ્રયાસો કરેલા નથી. સદર મુદાનાં જવાબ તદન બે જવાબદારી પુર્વક હોવાનું સ્પષ્ટ થાય છે.

૧૦. સૈયદપુરા પંપીંગ સ્ટેશનથી હરીજનવાસ રાણી તળાવ બસ સ્ટેન્ડ ભાજીવાળી પોળ ભાગળ તરફ આવતા ડાબા હાથ તરફથી તમામ ગલીઓ બેરીકેટીંગ કરવાથી બંધ રહેશે.

૧૧ કાંસકીવાડ બસ સ્ટેન્ડથી કળજુગ મહોલ્લો તરફ જતો રસ્તો તેમજ કળજુગ મહોલ્લો શરૂ થાય તેના નાકાથી ભવાની મંદિર તરફ જતો વાહનો માટે ગણપતિ માટે બંધ રહેશે.

૧૨ રૂવાળા ટેકરાની શાકભાજી માર્કેટ તરફનો રસ્તો રૂવાળા ટેકરાથી ગણપતિ માટે બંધ રહેશે.

૧૩ ભવાની મંદિરથી ગલેમંડી તરફ જવાનો રસ્તો વાહન વ્યવહાર માટે રહેશે. અને રૂવાળા ટેકરા તરફ પણ જઈ શકાશે નહિ.

૧૪. ગોળવાલા ચકલાના પશ્ચિમ તરફનો રસ્તો વાહનો અને ગણપતિ માટે બંધ રહેશે.

૧૫. રૂવાળા ટેકરાથી ભાગળ આવતો રસ્તો બંને બાજુ ગણપતિ તથા વાહનો માટે બંધ રહેશે.

૧૬ ડીકેએમ સર્કલથી મુલ્લાજીની દેવડી તરફ જવાનો રસ્તો બંધ રહેશે.

૧૭ હોટલ સમ્રાટની બાજુમાં ડાંગી શેરી તરફ જતો રસ્તો ટ્રાફિક અને ગણપતિ માટે બંધ રહેશે.

૧૮ જૂની ગલેમંડી પોલીસ ચોકીથી પાણીની ટાંકી તરફ આવતો દારૂખાના રોડ જૂની ગલેમંડી ગેટથી બંધ રહેશે.

૧૯ ગોવાલક તરફથી ઝરવરનગર તરફ આવતો રસ્તો બંધ રહેશે.

૨૦ મક્કાઈ પુલ સર્કલથી નાનપુરા ટીમલીયાવાડ થઈ આઠવા ગેટ તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને મક્કાઈ પુલ સર્કલથી આઠવા ગેટ સુધીની જમણી બાજુની તેમજ ડાબી બાજુની તમામ ગલીઓ પણ વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને ત્રણ ફુટ કે ત્રણ ફુટથી નાની ગણપતિનું મૂર્તિનું વિસર્જન નાવડી ઓવારા કરવાનું હોય ઉંચ ગાર્ડનવાળો રસ્તો ગણપતિ માટે ખુલ્લો રહેશે. વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

જમણી બાજુની ગલીઓ :—

૧ ગોલંદાઝ સ્ટ્રીટ ૨ કંકાગલી ૩ ખારાદી શેરી ૪. ધોબીશેરી ૫ કાકાજી સ્ટ્રીટ ૬ ડોકટર માણેકજીની શેરી ૭ હથુગર મહોલ્લો, ૮ જૈન મંદિરની ગલી

ડાબી બાજુની ગલી :—

૧ શંકર ધોબીની શેરી ૨ બારાહજારી મહોલ્લો ૩ જમરૂખગલી ૪ માછીવાડ તરફ જવાનો નવો રોડ, ૫ ધમેન્દ્ર શુઝની ગલી ગોવર્ડનવાડ ૬ મારવાડી મોહલ્લો ૭ ટીમલીયાવાડ ઓલઆઈસીથી કાદરશાની નાળ તરફ જતો રોડ ૮ ગાંધીસ્મૃતિ તરફ જતો રોડ ૯ કેલાસ હોટલની ગલી ૧૦ મથુર ફર્નિચરની ગલી ૧૧. આંધ્ર બેન્કની ગલી.

૧. નવસારી બજાર ચાર રસ્તાથી હનુમાન ચાર રસ્તા ગોપીપુરા ચોકી ખપાટીયા ચકલા ચૌટાપુલ નીચે થઈ નાણાવટ થઈ, મહાનગર પાલીકાના રસ્તેથી જશે.

૨ નવસારી બજાર ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક શ્રીજી સીનેમા ઢેડ તલાવડી, કૈલાસનગર મજૂરાગેટથી રીંગરોડ જશે.

...

સરકારી સેવાના આવશ્યક વાહનો, પોસ્ટલ વાહનો, ફાયરબ્રીગેડ, એમ્બ્યુલન્સ વાહનોનું ઉપરોકત જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ૭/ગપક/પો.હેડ ક્વાર્ટર/ફા.પ્રે./વશી/૨૪૨૭૧/૨૦૦૧.—સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૪) મુજબ જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ જમીન--ઉપર તારીખ ૧ લી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૧૦ મી સપ્ટેમ્બર. ૨૦૦૧ સુધી દિન--૧૦ સુધી હેડ ક્વાર્ટર ખાતે ૬ (છ) ગુજરાત ગલ્સ બટાલીયન એન.સી.સી. સુરત નાઓ ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૪) પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું અધિક પોલીસ કમિશનરશ્રી (વહીવટ) સુરત શહેર--હુકમ નં. એમ.સી.બી.-૧/૧૯૮૮/૨૯૦૬૫ તારીખ ૧૪ મી નવેમ્બર. ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સર્વે નં. નંબર ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૧૦ મી સપ્ટેમ્બર ૨૦૦૧ દિન-૧૦ સુધી ૬ (છ) ગલ્સ બટાલીયન--એન. સી. સી. સુરતનાઓએ ૨૨ રાય ફલ્સનું ફાયરીંગ હોવાથી આજુ--બાજુમાં રહીશો તથા બહારના કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ ઉપરોકત તારીખો દરમ્યાન સવારના ૭--૦૦ વાગ્યાથી સાંજના કલાક ૧૬--૦૦ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહીં તેમજ તે હદમાં આવેલ તાપી નદીનાં વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી ઓગષ્ટ ૨૦૦૧ ના મારા સહી સિક્કા કરી આપેલ છે.

સુરત, તારીખ ૩૧મી ઓગષ્ટ ૨૦૦૧.

મીરા રામનિવાસ,
અધિક પોલીસ કમિશનર, (વહીવટ) સુરત શહેર.

BY DISTRICT AND SESSIONS JUDGE
Notification

No. ADM / 10 / 1194 of 2001.—The result of the Departmental Examinations for the members of staff of the Judicial Department, held on July 2nd and 3rd 2001, in the District Court, Valsad at Navsari is hereby declared as under :—

I

Higher Standard Departmental Examination :

1. The following examinee who appeared in all the papers are declared suceessful in the Higher Standard Departmental Examination.

	Name	Total marks obtained
1.	Mr. R. D. Patel Assistant, Civil Court (S.D.) Navsari.	357-6

2. The following examinees who appeared with exemption obtained in one or more than one papers in previous attempts, is declared successful in the Higher Standard Departmental Examination.

1. Mr. V. I. Patel,
Assistant,
Office of the District Government
Pleader Valsad at Navsari.

2. Mr. I. P. Mahajan,
Assistant,
Civil Court (J.D.), Vansda.

3. Following examinees appeared at the Higher Standard Departmental examination are not succeeded but as they have obtained 50 per cent or more of the total marks in the papers shown against their names, are exempted from appearing for the same paper again.

	Name	Paper No.
1.	Mr. M. S. Dhoon, Assistant, Civil Court (S. D.) Valsad.	I
2.	Mrs. S. A. Patel, Assistant, District Court, Valsad at Navsari.	I
3.	Miss. A. M. Tandel, Assistant, Civil Court (S. D.) Navsari.	I and II

II

Lower Standard Departmental Examination :

1 The following examinee who appeared with exemption obtained in one or more than one papers in previous attempts, is declared successful in the Lower Standard Departmental Examination.

1. Mrs. B. M. Patel
Assistant,
Civil Court (J. D.), Chikhli.

2. Miss. L. M. Patel
Assistant,
Civil Court (J. D.), Chikhli.

3. Mr. S. M. Patel,
Assistant,
Civil Court (S. D.), Navsari.

4. Mr. K. S. Bhavsar,
Assistant,
District Court, Valsad
At : Navsari.

5. Mr. D. S. Bhavsar,
Assistant,
Civil Clurt (J. D.) Umbergaon.

INDEX

6. Mr. C. C. Patel,
Assistant,
Assistant Court, Valsad
At : Navsari.

7. Miss S. D. Bhatt,
Assistant,
District Court, Valsad
At : Navsari.

8. Mr. R. C. Patel,
Assistant,
Civil Court (S. D.), Navsari.

2. Following examinees appeared at the Lower Standard Departmental examination are not succeeded but as they have obtained 50 percent or more of the total marks in the papers shown against their names, are exempted from appearing for the same paper again.

	Name	Paper No.
1	Miss S. P. Tandel, .. Assistant, Civil Court(J.D.),Umbergaon.	I.
2	Mr. P. P. Patel, Assistant, District Court, Valsad At : Navsari.	I.
3	Mr. P. B. Patel, .. Assistant, District Court, Valsad At : Navsari.	III.
4	Mr. R. J. Parekh, Assistant, Civil Court (S. D.), Valsad.	I.
5	Mr. R. B. Champavat Assistant, District Court, Valsad At : Navsari.	I and III
6	Mr. R. U. Patel, .. Assistant, Joint District Court, Valsad, At : Navsari.	I and III
7	Mr. P. C. Raval, .. Assistant, Civil Court (S. D.) Gandevi.	I and III
8.	Miss R. B. Shah, .. Assistant, District Legal Service Authority, Valsad at : Navsari.	I and III
9.	Mr. S. I. Vyas, Assistant, Civil Court (J. D.) Pardi.	I and III
10,	Mr S. B. Patel, Assistant, Civil Court (S. D.), Navsari,	I
11.	Miss S. N. Naik, Assistant, District Court Valsad, At : Navsari.	II
12.	Mr. A. D. Lakhtaria. .. Assistant, Chief Judicial Magistrate Court, Valsad at : Navsari.	I and III
13	Miss G. R. Patel, .. Assistant, District Court, Valsad At : Navsari,	I

Navsari, 27th August, 2001.

R. P. DHOLARIA,
District Judge, Valsad,
at : Navsari.

ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજ દ્વારા

આધિસુચના

ક્રમાંક વહીવટી ૧૦/૧૧૯૪ સને ૨૦૦૧.— ૨૦૦૧ ના જુલાઈ મહિનાની ૨ અને ૩ તારીખના દિવસોએ વલસાડ જિલ્લાના નવસારી મુકામે ડીસ્ટ્રીકટ કોર્ટમાં લેવાયેલ ન્યાયખાતાના કર્મચારીગણના માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ છે —

(૧)

ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષા :

(૧) બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાને ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

નામ	મેળવેલ કુલ ગુણ
(૧) શ્રી આર. ડી. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), નવસારી	૩૫૭.૬

(૨) નીચેના પરીક્ષાર્થીઓ કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નોમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવલ મુકિત લઈને બેઠા હતાં, તેને પણ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉતીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

(૧) શ્રી વી. આઈ. પટેલ,
આસીસ્ટન્ટ,
જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી,
વલસાડ, મુકામ : નવસારી

(૨) શ્રી આઈ. પી. મહાજન,
આસીસ્ટન્ટ,
સિવિલ કોર્ટ (જુ.ડી.) વાંસદા.

INDEX

(૩) નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતાં અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયેલા પરંતુ તેઓ એ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ કુલ ગુણ માંથી મેળવેલ હોય તેઓને-- તેજ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુકિત આપવામાં આવે છે.

નામ	પેપર નંબર
(૧) શ્રી એમ. એસ. ધુન, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, (સી. ડી.) વલસાડ.	પેપર પહેલું
(૨) શ્રીમતી એસ. એ. પટેલ, આસીસ્ટન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ મુકામ : નવસારી.	પેપર પહેલું.
(૩) કુમારી એ. એમ. ટંડેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.) નવસારી.	પેપર પહેલું અને-- બીજું.

નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા :

(૧) નીચેના પરીક્ષાર્થી કે જેઓ આ પરીક્ષામાં તેમના પ્રયત્નમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુકિત લઈને બેઠા હતાં તેને પણ નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉર્તીણ થયેલ જાહેર કરવામાં આવે છે.

(૧) શ્રીમતી બી. એમ. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ. ડી.) ચીખલી.

(૨) કુમારી એલ. એમ. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ. ડી.) ચીખલી.

(૩) શ્રી એસ. એમ. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી. ડી.) નવસારી.

(૪) શ્રી કે. એસ. ભાવસાર, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ વલસાડ, મુકામ : નવસારી.

(૫) શ્રી ડી. એસ. ભાવસાર આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ. ડી.), ઉમરગામ.

(૬) શ્રી સી. સી. પટેલ, આસીસ્ટન્ટ આસીસ્ટન્ટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી.

(૭) કુમારી એસ. ડી. ભટ્ટ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ . નવસારી.

(૮) શ્રી આર. સી. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી. ડી.) નવસારી.

(૨) નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયેલા પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા અથવા વધુ ગુણ કુલ ગુણમાંથી મેળવેલા હોય તેઓને તે જ પ્રશ્નપત્રોમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુકિત આપવામાં આવે છે.

નામ	પેપર નંબર
(૧) કુમારી એસ. પી. ટંડેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ.ડી.) ઉમરગામ.	પેપર પહેલુ
(૨) શ્રીમતી પી. પી. પટેલ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી.	,,
(૩) પી. બી. પેટેલ આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી.	પેપર ત્રીજુ
(૪) શ્રી આર. જે. પારેખ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી. ડી.) વલસાડ.	પેપર પહેલું
(૫) શ્રી આર. બી. ચંપાવત, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ. મુકામ : નવસારી.	પેપર પહેલું અને ત્રીજુ
(૬) શ્રી આર. યુ. પટેલ, આસીસ્ટન્ટ, જોઈન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી.	પેપર પહેલું અને ત્રીજું
(૭) શ્રી પી. સી. રાવલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી. ડી.) ગણદેવી.	,,
(૮) કુમારી આર. બી. શાહ, આસીસ્ટન્ટ, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, વલસાડ, મુકામ : નવસારી.	પેપર પહેલુ અને ત્રીજુ
(૯) શ્રી એસ. આઈ. વ્યાસ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ.ડી.), પારડી.	પેપર પહેલું અને ત્રીજુ
(૧૦) શ્રી એસ. બી. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (સી.ડી.), નવસારી.	પેપર પહેલું

INDEX

(૧૧) કુમારી એસ.એન. નાયક, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ. મુકામ : નવસારી. — પેપર ત્રીજુ

(૧૨) શ્રી ઓ. ડી. લખતરીયા, આસીસ્ટન્ટ, ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, વલસાડ, મુકામ : નવસારી. — પેપર પહેલું અને ત્રીજુ

(૧૩) કુમારી જી. આર. પટેલ, આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ. મુકામ : નવસારી. — પેપર પહેલું

નવસારી, તારીખ ૨૭મી ઓગસ્ટ ૨૦૦૧.

આર. પી. ઢોલરિયા,
ડીસ્ટ્રીક્ટજજ, વલસાડ,
મુકામ નવસારી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે.

ક્રમાંક એમ.એ.એ.જી. / વશી / ૧૯૪૦ થી ૧૯૫૮.— નર્મદા જિલ્લામાં ગણેશોત્સવના તહેવાર દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિતમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈનાં ૨૨ માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ નર્મદા (રાજપીપલા), આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૮ મી ઓગષ્ટ ૨૦૦૧ થી ના દિવસ સવારના ૦૦--૦૦ કલાકથી તારીખ ૫મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ સાંજનાં ૨૪--૦૦ સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું,

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં,

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને
(૫) ગણેશજીની શોભાયાત્રાને

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ--૧૮૬૦ (સને ૧૮૬૦ નાં ૪૫ માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે,

આજ તારીખ ૨૭ મી ઓગષ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ :

ક્રમાંક એમ.એ.જી./વશી./૨૦૬૭ થી ૨૦૮૫.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતી ખાતર ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી (સવારના ૦૦-૦૦ કલાકથી ૨૪-૦૦ સુધી બંને દિવસો સહિત)

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા. લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈ જવું નહિ.
(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.
(૩) પદથર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.
(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.
(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.
(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ, તથા તેવા ચિત્રો, પત્રિકા, પોષ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બનાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીને જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે આમ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની

INDEX

કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી રાહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક ઓમ.એજી.-વશી-૨૦૮૬ થી ૨૧૦૩.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા (રાજપીપલા) આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ થી ના દિવસ સવારના 00-00 કલાકથી તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ સાંજના ૨૪-00 સુધી (બન્ને દિવસો સુધી) ની મુદત માટે નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૫ (૧) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેર હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ.

ક્રમાંક ઉ / હુકમ / પલસ / મજસ / વશી / ૨૫૬૭— ગોધરા શહેરમાં સ્ટેશનરોડ ઉપર રેલ્વે ગોદી જવાના રસ્તા ઉપર રીક્ષા ચાલકો ગેરકાયદેસર રીક્ષા સ્ટેન્ડ બનાવી ઉભા રહે છે. સદર વિસ્તાર વેપારી સંકુલ હોઈ ટ્રાફીકની આવર જવર વધુ રહે છે. આ વિસ્તાર સંવેદનશીલ હોઈ ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જાહેર હિતમાં હોઈ આ વિસ્તારને "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવા પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ, ગોધરા તરફથી તેમના ક્રમાંક વહન/સીબી/૬/૧૧૩૮૧-૦૧, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૧ થી ભલામણ સહ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. જે સાથે સમંત થતાં નીચે મુજબ હુકમ કરૂં છું.

હું શ્રીમતિ જયંતિ ઓસ. રવિ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા મને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ, ૨૨) ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર સ્ટેશન રોડ વિસ્તારમાં રેલ્વે ગોદી જવાના રસ્તા ઉપર મુખ્ય રોડથી નાળા સુધીનાં વિસ્તારમાં કોઈ ખાનગી બસ, પીક-અપવાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડો, રીક્ષા, મોટર-સાયકલ, સ્કુટર, પ્રાઈવેટ કાર વિગેરે વાહનો ઉભા રાખવા નહીં.

હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ--૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮ માહે સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

જયંતિ ઓસ. રવિ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ત) મુજબનું.

નં. ડીસી / એમઓજી / પી.ઓ.એલ. / એસ. આર.૩૦/૨૦૦૧.— નદીના પટમાં આડ બંધ કરી વાવેતર કરી, નદીનું પાણી ગેરકાયદેસર રીતે ખેતી માટે ઉપયોગમાં લેવાનું તથા પૂરને કારણે જાન-માલનું નુકશાન ન થાય તે માટે નદી તટમાં કાચા ઝુંપડા કે અન્ય કોઈપણ પ્રકારનું કાચું / પાકું બાંધકામ કરી રહેનારા ઈસમોને પણ તેમ કરતાં અટકાવવાનું જરૂરી જણાય છે. આથી હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ત) થી મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના તમામ મહેસુલી વિસ્તારમાં આવેલ નદી પટમાં વાવેતર કરવાની તથા કાચું / પાકું બાંધકામ કરી રહેવાની મનાઈ ફરમાવું છું.

સદરહુ જાહેરનામું જાહેરનામાની તારીખથી તારીખ ૩૧મી ઓકટોબર ૨૦૦૧ સુધી અમલી રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનાર કોઈપણ શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતના

INDEX

ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧)ના મુંબઈ અધિનિયમ નં./૨૨ ની કલમ ૩૭ (૧) મુજબનો.

નં. ડીસી / પીઓએલ / ઓમઓજી / એસ. આર./૩૧ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરના જાળવણી વાસ્તે હું, મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧) નો મુંબઈ અધિનિયમ નં. (૨૨) ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને નાઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાસ પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની, અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર. (પોલીસ કમિશનરશ્રી. અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ :—આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ સાથે જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાની કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ ૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતની ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૮ (૩) મુજબનો.

નં. ડીસી / પીઓએલ / ઓમઓજી / એસ. આર. ૩૨ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું મનોરમા ભગત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના કલાક ૨૪ ૦૦ સુધી ચાર કરતાં વધી માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવરે નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

અનુસૂચિ :—અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

વિસ્તાર :—(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર).

INDEX

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકાર નોકરીમાં અથવા / કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારોની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા. સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

———

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ ૩૩ (૧) (ખ) મુજબનું

નં. ડીસી / એમએજી / પીઓએલ / એસ. આર. ૩૩/૨૦૦૧.— ખાનગી બસ સંચાલકો મુસાફરોને પોતાના બસમાં લઈ જવા ખેંચી શકાય તે માટે તથા મેટાડોર, જીપ, રીક્ષા વિગેરે જેવા અન્ય વાહન ચાલકો એસ. ટી. નિગમની બસ સ્ટેશનોની આસપાસ પોતાની બસો / વાહનો પાર્ક કરે છે. જેના કારણે એસ. ટી. નિગમની બસો તથા અન્ય વાહનોના સરળ પરિવહનમાં વિક્ષેપ ઉભો થાય છે. અને અકસ્માત થવાની શકયતા રહે છે. જેથી ટ્રાફિકની સરળતા તથા નિગમના માટે એસ. ટી. નિગમની બસ સ્ટેશનોની આસપાસના ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારને "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવો આવશ્યક, ઈષ્ટ અને જરૂરી જણાય છે.

આથી હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સન ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૩ (૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં આવેલ એસ. ટી. નિગમની તમામ બસ સ્ટેશનોની આસપાસના ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારને તમામ પ્રકારના વાહનો માટે "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરૂં છું.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઈપણ શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ (ખ) (જ) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મેં મારી સહી / સિક્કો કરી આપ્યા છે.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

———

જાહેરનામું

નંબર ડી સી બી / એમ એ જી / બી પી એ / ફાયર તાલીમ / રજી. ૨૬/૨૦૦૧ — કમાન્ડન્ટ એકઝીકયુટીવ ઓફિસરશ્રી કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, નાની દમણ, દમણના પત્ર નં ૩૧૧/૨, તારીખ ૨૭ મી જુલાઈ, ૨૦૦૧ થી જણાવ્યાનુસાર કવાટરલી સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨ મો) કલમ--૩૭ ની પેટા-કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ--૪ ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા-- ઉમરગામ જિલ્લો વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૧૨ મી સપ્ટેમ્બર, ૨૦૦૧ અને ૧૩ મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ સમય સવારે ૭--૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર--ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ--૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ ૧૧ મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

———

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) અન્વયે કાઢેલો

હુકમ

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી-૩૨૩૭.—ભરૂચ જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ,-૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈને નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૧નાં દિવસે સવારના ૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ રાત્રીનાં ૨૪-૦૦ કલાક (બંને દિવસો સુધ્ધા) સુધી.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન લઈ જવુ નહીં.

INDEX

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં ;

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ. એકઠા કરવા નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરુચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુ તૈયાર કરવા નહીં, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહીં તથા સરકારી રેકર્ડ, નોંટીશો, પરિપત્રો, ખરડા વિગેરેની હોળી કરી સળગાવવી નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રીએ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૩૧મી ઓગષ્ટ, સને ૨૦૦૧ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ.

———

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ / ફાયરીંગ / સેરૂલા / વશી / ૧૧૬૩/૨૦૦૧.— સેનાપતિ, રાજય અનામત પોલીસ દળ જુથ--૧૦ ઉકાઈના પોલીસ કર્મચારીઓની સને ૨૦૦૧ ના વર્ષની ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તારીખ ૨ જી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી સેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું એમ. વાય. દક્ષિણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે સોનગઢ તાલુકાના ઉકાઈ સેરૂલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુ બાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહીં.

આજ-તારીખ ૧ લી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

એમ. વાય. દક્ષિણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત,

———

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમઈડી / કોલેરા / વશી-.—મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર-જીપ-જીઆઈસીપી- કોલેરા-૫૫૬-૫૫૮ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૧થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઈને ઈ. પી. ડી. એકટ, ૧૮૯૭ ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું, અંજુ શર્મા, આઈ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટનાં કોલમ નંબર-૧માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરા ગ્રસ્ત તરીકે, કોલમ નંબર-૨ માં જણાવેલ વિસ્તારને કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું. તથા કોલમ નંબર-૩ માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરું છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી
૧	૨	૩
દેશાડ	સમગ્ર વાલીયા તાલુકો	મામલતદારશ્રી, વાલીયા.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૧.

———

INDEX

જાહેરનામું

ક્રમાંક એમ.ઈ.ડી. / કોલેરા / વશી.— મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયતના પત્ર નંબર જીપ / જાઆ / ઈસીપી / કોલેરા / ૬૭૧ / ૬૭૩, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત આસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઈને ઈ.પી.ડી. એકટ-૧૮૯૭ ની કલમ--૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું, અંજુ શર્મા, આઈ. એ. એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી, ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટનાં કોલમ--૧ માં જણાવ્યાં મુજબના વિસ્તારને કોલેરા ગ્રસ્ત તરીકે, કોલમ નંબર--૨ માં જણાવેલા વિસ્તારને કોલેરા આસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું તથા કોલમ નંબર ૩ માં જણાવેલ અધિકારીશ્રીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરું છું.

કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા આસરગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી
ધમરાડ	સમગ્ર હાંસોટ--તાલુકો	મામલતદારશ્રી હાંસોટ

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

અંજુ શર્મા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette,* Part —I, should be *read* to have been published in Issue No. 38, *Gujarat Government Gazette,* Part —I, dated 20th September, 2001 and for pages BHV-1 to BHV-141 (in 1 set) *read* page No. 3257 to 3397.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૩૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના બીએચવી-૧ થી બીએચવી-૧૪૧ (૧ બંચમાં) ને પાન નંબર ૩૨૫૭ થી ૩૩૯૭ વાંચવા.

Vadodara, 20th September, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

નં. નઘણ/ગ-૨/૬૦૪/સે-૩૧૩૮૪/૯૯.—આથી જાહેર કરે છે કે રૂતુવીજ કોમ્પલેક્ષ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૭-૯-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૦૫/સેદુ.-૩૧૩૮૫/૯૯.—આથી જાહેર કરે છે કે કરચીયા મહિલા દુધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ કરચીયા તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૭-૯-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૧૦/સે.-૩૧૩૮૬/૯૯.—આથી જાહેર કરે છે કે પ્રગતિ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ છોટા ઉદેપુર તાલુકો છોટા ઉદેપુર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩-૯-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૧૭/સે.-૩૧૩૮૭/૯૯.—આથી જાહેર કરે છે કે પારસ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૬-૯-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૧૯/સે.-૩૧૩૮૮/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી રંગ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૯-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૩૫/સેદુ-૩૧૩૮૯/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી રતનપુર (જે) દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ રતનપુર તાલુકો જેતપુર પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૯-૯૯.

નં./નઘણ/ગ-૨/૬૩૬/સેદુ.-૩૧૩૯૧/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી તલાવ ફળિયા દુધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ તલાવ ફળિયા તાલુકો છોટા ઉદેપુર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૯-૯૯.

નં./નઘણ/ગ-૨/૬૩૭/સેદુ.-૩૧૩૯૦/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી નાના કાંટવા દુધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ નાના કાંટવા તાલુકો જેતપુર પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૯-૯૯.

નં./નઘણ/ગ-૨/૬૩૮/સે.-૩૧૪૬૭/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી શિવાની કો.-ઓપરેટીવ ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ સાવલી તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૯-૯૯.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પે. ઓડીટર સહકારી મંડળીઓ, વડોદરાના તારીખ ૨૪-૮-૯૮ ના પત્ર ક્રમાંક: અષણ/૦૧/ક-૧/૨૭૯ મારફત ઓડીટર સહકારી મંડળીઓ, શિનોરે કરેલી દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૩/૧૩૭૦/૯૮ તા. ૧૪-૧૦-૯૮.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

INDEX

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૨૦૨૪/૯૯.– ધી વિવેકાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સાવલીએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ઘ. ૨૯૫૦ તા. ૧૦-૪-૭૪ છે.

મંડળીમાં ઓડીટર સ. મં. શિનોરના ઓડીટ દરમ્યાન નીચે મુજબની ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) ઓડીટરશ્રીના ઓડીટ દરમ્યાન મંડળીએ તા. ૧-૭-૮૪ થી ઓડીટ માટે દફ્તર રજુ ન થવાથી ઓડીટ થયેલ નથી.

(૨) દફ્તર મેળવવા વારંવાર પ્રયત્નો કરવા છતાં મંડળીના કાર્યવાહકો તરફથી દફ્તર રજુ ન થતાં તેઓએ ભારતીય ફોજદારી દાવાની કલમ-૧૭૫ મુજબ ફોજદારી ફરીયાદ નં. ૭૫૨/૯૪ તા. ૧-૮-૯૪ થી સાવલી જ્યુડી. સીવીલ મેજીસ્ટ્રેટ સાહેબ (ફસ્ટ કલાસ)ની કોર્ટમાં મંડળીના તહોમતદારો વિરુધ્ધ દાખલ કરેલ છે.

(૩) સદર મંડળી તા. ૧-૭-૮૪ થી હિસાબો તૈયાર ન થવાથી ઓડીટ માટે રજુ કરતી નથી, તેમજ મંડળીના માજી પ્રમુખશ્રી સુરેશભાઈ શંકરભાઈ આ મંડળીના હાલના પ્રમુખ/મંત્રીને દફ્તર સુપ્રત કરતા નથી.

(૪) મંડળીએ ગુ. સ્ટેટ કો. ઓપ. હા. ફા. કો. લી. પાસેથી રૂા. ૨,૮૭,૦૦૦-૦૦ ની તારીખ ૪-૧૧-૭૭ ના રોજ લોન લીધેલ હતી જે ઉક્ત સંસ્થાના તા. ૩૧-૩-૯૮ પત્રથી ભરપાઈ કરેલ છે. સંસ્થાનું મંડળી પાસે કોઇ લહેણું બાકી નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતાં મંડળીનો વહીવટ પેટા નિયમ મુજબ ચાલતો ન હોઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર ધી વિવેકાનંદ કો. ઓપ. હા. સો. લી. સાવલીની વ્યવસ્થાપક કમિટિને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે બરતરફ કરવાનો હુકમ કરું છું તે રીતે મજકુર કાયદાની કલમ-૮૧ અનુસાર મંડળીનો વહીવટ કરવા શ્રી ડી. બી. પટેલને નીચેની શરતોને આધિન રહી વહીવટદાર તરીકે નિમણુંક આપવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીની મુસાફરીનો ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન મંડળીના વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો પ્રગતિનો અહેવાલ અને હીસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

(૪) વહીવટદારના મહેનતાણા રૂપે રૂા. ૨૫૦૦/- નક્કી કરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૭-૯-૯૯.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૦-૮-૧૯૯૯ ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨/૧૮૬૭ થી ૧૮૭૩/૯૯.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૮૦૪/ઘ-૨/૨૦૪૯ થી ૨૦૫૬/૯૯.–ધી સૂર્યોદય ગ્રાહક સહકારી ભંડાર લિ. મુવાલ તા. જાદરા જિ. વડોદરા, નોંધણી ક્રમાંકઃ ભ-૩૪૬૫ તારીખ ૧૭-૫-૮૮ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૦-૮-૧૯૯૯ ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨/૧૮૭૪ થી ૧૮૮૦/૯૯.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૮૦૫/ઘ-૨/૨૦૫૭ થી ૨૦૬૪/૯૯.–ધી ડુંગરીપૂરા પછાતવર્ગની ઘરો બાંધનારી સહકારી મંડળી લિ., નોંધણી ક્રમાંકઃ તારીખ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

INDEX

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૦-૮-૧૯૯૯ ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ધ-૨/૧૮૯૫ થી ૧૯૦૦/૯૯.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૮૦૬/ધ-૨/૨૦૬૫ થી ૨૦૭૨/૯૯.–ધી વણાદરા તેલીબીયાં ઉત્પાદન સહકારી મંડળી લિ. વણાદરા તા. ડભોઈ જિ. વડોદરા, નોંધણી ક્રમાંકઃ ૨૪૪૧૨ તારીખ ૨૧-૫-૯૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરા લગત કચેરી ફડચ/૦૧/ફ-૩/૨૧૪/૯૯ની તારીખ ૨૭-૯-૯૯ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૦૮૧ થી ૨૦૮૮/૯૯.–ધી દામનગર ખેતી પિયત સ. મં. લિ. મુ. દામનગર ની નોંધણી ક્રમાંકઃ એ.એફ.-૩૬૭ તારીખ ૧૦-૯-૬૩ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૫૦/ધ-૨/૧૬૭૦-૭૭ તારીખ ૧૧-૯-૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરી ફડચ/૦૨/૯૯૯/૯૯ ની તારીખ ૨૭-૯-૯૯ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૦૮૯ થી ૨૦૯૬/૯૯.–ધી શ્રીદત્ત કો. ઓપ. હા. સો. લી. મુ. વડોદરા ની નોંધણી ક્રમાંકઃ ધ.-૧૪૫૫૫ તારીખ ૨૧-૨-૯૧ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૮૦૨/ધ-૨/૧૩૭૬ થી ૧૩૮૩ તારીખ ૧૫-૭-૯૯ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

INDEX

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરી ફડચ/૦૨/૯૯૮/૯૯ ની તારીખ ૨૭-૯-૯૯ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઘ-૨/૨૦૯૭ થી ૨૧૦૪/૯૯.–ધી વૃત્તીકા પાર્ક કો. ઓપ. હા. સો. લી. મુ. વડોદરા ની નોંધણી ક્રમાંકઃ ઘ.-૧૨૮૬૭ તારીખ ૭-૮-૮૯ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૭૯૭/ઘ-૨/૬૩૦ થી ૬૩૮ તારીખ ૧૬-૪-૯૯ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરા લગત કચેરી ફડચ/૦૧/ફ-૩/૨૧૫/૯૯ ની તારીખ ૨૭-૯-૯૯ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઘ-૨/૨૧૦૫ થી ૨૧૧૨/૯૯.–ધી નિરજલ કો. ઓપ. હા. સો. લી. મુ. વડોદરા ની નોંધણી ક્રમાંકઃ ઘ.-૧૪૫૭૭ તારીખ ૬-૪-૯૨ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૭૮૦/ઘ-૨/૧૭૮૮ થી ૧૭૯૫/૯૮ તારીખ ૮-૧૨-૯૮ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચેરી ફડચ/૦૧/૧૨૯/૯૯ ની તારીખ ૨૭-૮-૯૯ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઘ-૨/૨૦૭૩ થી ૨૦૮૦/૯૯.–ધી શ્રી મહીસાગર મચ્છીમાર સ. મં. લી. મુ. અનગઢ ની નોંધણી ક્રમાંકઃ સે.-૨૦૭૯૩ તારીખ ૧૫-૬-૬૪ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૦૬૪/ઘ-૨/૧૩૬૩-૯૬ તારીખ ૨૪-૧૨-૯૬ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૯-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૪૪/સેદુ.-૩૧૪૬૮/૯૯.–આથી જાહેર કરે છે કે સીમળીયા દુધ ઉત્પાદક સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ સીમળીયા તાલુકો જેતપુર પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૭-૧૦-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૫૧/સે.-૩૧૪૭૦/૯૯.–આથી જાહેર કરે છે કે સત્કાર હાઉસીંગ સર્વિસ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૮-૧૦-૯૯.

INDEX

નં. નઘણ/ગ-૨/૬૫૨/સેદૂ.-૩૧૪૭૧/૯૯.—આથી જાહેર કરે છે કે સિથોલ દુધ ઉત્પાદક સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ સિથોલ તાલુકો જેતપુર પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૮-૧૦-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૫૩/સેદૂ.-૩૧૪૬૯/૯૯.—આથી જાહેર કરે છે કે લોઢણ (સં) દુધ ઉત્પાદક સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ લોઢણ તાલુકો સંખેડા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૮-૧૦-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૬૩/સે.-૩૧૪૭૩/૯૯.—આથી જાહેર કરે છે કે અનાવિલ કો. ઓપરેટીવ ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૬-૧૦-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૭૦/સે.-૩૧૪૭૪/૯૯.—આથી જાહેર કરે છે કે ડભોઈ કોટન એન્ડ એગ્રો. પ્રોસેસીંગ કો. ઓપ સોસા. લી. મર્યાદિત સ્થળ ડભોઈ તાલુકો ડભોઈ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૮-૧૦-૯૯.

નં. નઘણ/ગ-૨/૬૭૫/ઘ.-૧૮૭૯૬/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી શિવ નિકેતન કો. ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૧૦-૯૯.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૩૦-૭-૧૯૯૯ ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨/૧૭૫૫ થી ૧૭૬૧/૯૯.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૮૦૦/ઘ-૨/૨૨૦૮ થી ૨૨૧૬/૯૯.—ધી રાજશ્રી એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લિ. વડોદરા, નોંધણી ક્રમાંકઃ ઘ-૧૯૫૦ તારીખ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૨૫-૧૦-૯૯.

નં. ભ.-૪૫૧૧/નઘણ/ગ-૨/૬૯૩/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી મકરપુરા કો. ઓપ. કન્ઝુમર સોસા. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૧૦-૯૯.

નં. સેદુ.-૩૧૪૭૫/નઘણ/ગ-૨/૭૦૩/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી રામદેવપુરા (ચોકાર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. રામદેવપુરા મર્યાદિત સ્થળ રામદેવપુરા તાલુકો પાદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦-૧૦-૯૯.

INDEX

નં. સેદુ.-૩૧૪૭૬/નધણ/ગ-૨/૭૦૪/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી ધોબીકુવા (જા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધોબીકુવા તાલુકો પાદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦-૧૦-૯૯.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરી ફડચ/૦૧/ફ-૨/૧૦૪૬/૯૯ ની તારીખ ૨૫-૧૦-૯૯ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૨૨૪ થી ૨૨૩૧/૯૯.—ધી રામકૃપા સહકારી ગ્રાહક ભંડાર લી. વડોદરા મુ. વડોદરા ની નોંધણી ક્રમાંકઃ ભ.-૩૭૬૯ તારીખ ૩૦-૪-૯૨ થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૪૫/ધ-૨/૧૩૯૪/૯૫ તારીખ ૨૫-૭-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૦-૯૯.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચેરી ફડચ/ફ-૧/૧૮૫/૯૯ ની તારીખ ૨૮-૧૦-૯૯ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨૧/૨૨૩૨ થી ૨૨૪૦/૯૯.—ધી શીહોર દુધ ઉત્પાદક સ. મં લી. મુ. શીહોર તા. પાદાની નોંધણી ક્રમાંકઃ સે.દુ-૧૩૨૫૬ તારીખ ૨૭-૫-૭૫ થી કરવામાં આવી હતી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૫૮/ધ-/૧૭૩૪/૪૦/૯૫ તારીખ ૧૧-૯-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૦-૯૯.

વંચાણે લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચેરી ફડચ/ફ-૧/૧૮૬/૯૯ ની તારીખ ૨૮-૧૦-૯૯ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૨૪૧ થી ૨૨૪૯/૯૯.— ધી ફાજલપુર દુધ ઉત્પાદક સ.મં. લી. મુ. ફાજલપુર તા. વડોદરા ની નોંધણી ક્રમાંક સે.દુ. ૧૦૨૫૬ તારીખ ૫-૪-૬૮ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૮૦/ધ-૨/૨૨૭૯/૮૫/૯૫ તારીખ ૨૬-૧૨-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૧૦-૯૯.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ ની જોગવાઇ.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૩/૬ થી ૧૪/૯૭.

(૩) અત્રેની સુનવણીનો પત્ર ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૩/૧૩૨૦/૨૩/૯/૯૮.

(૪) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની તારીખ ૯-૮-૯૬ નો લોન/૯૫૪૩ નો પત્ર.

ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૨૨૮૬.— ધી હરણી વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. હરણી તા. જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીમાં આમુખ નં. (૪)થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર ભલામણ થતાં વહીવટદાર હસ્તક મુકવામાં આવે છે.

INDEX

(૧) મંડળીની બેન્ક લોન નીચે મુજબ બાકી છે.
તા. ૩૧-૩-૯૬ આખરે બેન્ક લોન બાકી રૂા. ૩,૧૧,૦૦૦ છે તથા વ્યાજ રૂા. ૬૩,૫૯૪-૦૦ છે.

(૨) મંડળીના કુલ ૯ સભાસદો પાસે વ્યાજ સહ રૂપિયા ૩,૨૬,૮૬૭-૦૦ ધિરાણ બાકી પડે છે તે પૈકી રૂા. ૩,૨૬,૮૬૭ મુદતવીતી બાકી પડે છે તેની વસુલાત માટે કોઈ સક્રિય પ્રયાસો કાર્યવાહી થતી નથી.

(૩) સભાસદો સામે કલમ-૧૦૬ અન્વયે દાવાની કાર્યવાહી કરવાની બાકી છે.

(૪) મંડળીના પ્રમુખ/મંત્રી મુદતવીતી બાકીદાર છે. જેથી તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહિ તેમને છુટા કર્યા નથી.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ માટે મંડળી મારફતે કોઇ વ્યવસ્થા કરેલ નથી સભાસદો બારોબાર વેચાણ કરતાં હોય તેમને અટકાવ્યા નથી. વસુલાત કરવા કોઈ પગલાં લીધા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઈ રસ નથી.

(૬) મંડળીની વ્યવસ્થાપક કમિટિ ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેજવાબદાર રહેલ છે. મંત્રી પણ કાળજી લેતા નથી. મંડળીની પેટા કમિટિ/સાધારણ સભા નિયમોનુસાર બોલાવવામાં આવતી નથી. પેટા નિયમ અનુસાર કામકાજ અટકી ગયેલ છે.

(૭) મંડળીનું કામકાજ ઘણાં લાંબા સમયથી સ્થગિત દશામાં છે. ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી. મંડળીમાં ખોટનું પ્રમાણ વધ્યું છે.

(૮) મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળીના તમામ ભંડોળો ધિરાણ તથા ખોટમાં રોકાઇ ગયેલા જણાઇ આવે છે. મંડળીની કર્જ કરવાની મર્યાદા પણ રહેતી નથી.

(૯) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોવાથી આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ ધિરાણ વસુલાત જોખમમાં મુકાયેલ નથી.

(૧૦) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ હોઇ કામકાજ બિલકુલ બંધ હોઇ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ મંડળી ચાલુ થઇ શકે તેવી કોઇ શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી હરણી વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. હરણી તા. જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધિન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૧૨-૧૧-૯૯.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ ની જોગવાઇ.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૧૭૮૫/૯૯ તારીખ ૩૧-૭-૯૯.

(૩) અત્રેની સુનવણીનો પત્ર ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૧૯૭૨ તા. ૧૩-૯-૯૮.

(૪) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનો તારીખ ૨૭-૧૧-૯૮ નો લોન/૯૯૨૭ નો પત્ર.

ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૨૨૮૭.– ધી તાંદળજા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. તાંદળજા તા. જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીમાં આમુખ નં. (૪) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર ભલામણ થતાં વહીવટદાર હસ્તક મુકવામાં આવે છે.

(૧) મંડળીની પાસે બેન્ક લોન મુદલ રૂા. ૬૮,૫૦૦-૦૦ બાકી છે તે પૈકી વ્યાજ રૂા. ૧,૩૮,૪૪૦-૦૦ મુદત વીતી બાકી છે.

(૨) મંડળીના ૭ સભાસદો પાસે મુદલ રૂા. ૬૭,૧૮૦-૦૦ તથા વ્યાજ બાકી છે જે પણ મુદતવીતી બાકી છે.

(૩) સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબના દાવા કરવામાં આવતા નથી. પ્રમુખ સહિત કમિટિ સભ્યો મુદતવીતી બાકીદારો છે, જે હાલ કમિટિમાં ચાલુ છે.

(૪) મંડળીના કમિટિ સભ્યો મનસ્વી રીતે મંડળીનો વહીવટ ચલાવે છે. બેન્કની વસુલાત જાણીબુઝીને કરવામાં આવતી નથી, પરિણામે મંડળીને બેન્ક તરફથી આપવામાં આવેલ નાણાંકીય હિત જોખમાય તેમ છે.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ હોઇ કામકાજ બિલકુલ બંધ હોઇ, સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ મંડળી ચાલુ થઇ શકે તેવી કોઇ શક્યતા જણાતી નથી. આવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી તાંદલજા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. તાંદલજા તા. જિ. વડોદરાની વ્યસ્થાપક કમીટીને પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધિન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૧૨-૧૧-૯૯.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ ની જોગવાઈ.
(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૧૭૮૬/૯૯ તારીખ ૩૧-૭-૯૯.
(૩) અત્રેની સુનવણીનો પત્ર ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૧૯૬૭ /૯૯ તારીખ ૧૩-૯-૯૯.
(૪) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનો તારીખ ૨૮-૧૦-૯૮ નો ૮૬૩૯ પત્ર.

જા. નં. : વહટ/૦૧/ધ-૧/૨૨૮૮.– ધી અજબપુરા સેવા સહકારી મંડળી લી. મુ. અજબપુરા તા. સાવલી જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીમાં આમુખ નં. (૪) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર ભલામણ થતાં વહીવટદાર હસ્તક મુકવામાં આવે છે.

(૧) મંડળીની પાસે બેન્ક લોન મુદલ રૂા. ૩૦,૯૧૦-૦૦ તથા વ્યાજ રૂા. ૩૮,૧૫૦ બાકી છે જે મુદતવીતી છે.
(૨) મંડળીના સાત સભાસદો પાસે મુદલ રૂા. ૧૫,૯૪૮ તથા વ્યાજ બાકી છે જે પણ મુદતવીતી છે.
(૩) છેલ્લા ત્રણ વર્ષથી બેન્ક કક્ષા ની તેમજ મંડળી કક્ષાની વસુલાત બિલકુલ નથી. શાખ પત્રક પણ બનાવવામાં આવતું નથી.
(૪) સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબના દાવા સભાસદો ઉપર કરવામાં આવતા નથી. પરિણામે મંડળીને બેન્ક તરફથી આપવામાં આવેલ નાણાંકીય હિત જોખમાય તેમ છે.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ હોઇ કામકાજ બિલકુલ બંધ હોઇ, સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ મંડળી ચાલુ થઇ શકે તેવી કોઇ શક્યતા જણાતી નથી. આવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી અજબપુરા સેવા સહકારી મંડળી લી., મુ.અજબપુરા તા. સાવલી જિ. વડોદરાની વ્યસ્થાપક કમીટીને પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધિન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૧૨-૧૧-૯૯.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાના હુકમ ક્રમાંકઃ ફડચ/ઉખસ/ફ/૯૭૯૩/ધ/ટ/૧૦૧૪/૧૦૨૦/૯૬ તા. ૫-૧૦-૯૬.
(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરાના લગત કચેરીના તા. ૧૫-૯-૯૯ ના પત્ર નં. ફડચ/ફ/૩/૨૧૨/૯૯ ના મંડળીને પુર્નજીવિત કરવા માટેની ભલામણ સહીતની આવેલ દરખાસ્ત.

પ્રાથમિક હુકમ

ક્રમાંક નં. ફડચ/૦૧/ધ-૨/૨૨૯/૯૯.– નસવાડી મજુર કામદાર સહકારી મંડળી લી. નસવાડી તાલુકો નસવાડી જી. વડોદરાને ફડચામાં લઇ જવા માટે વાંચ્યા ૧ તા. ૫-૧૦-૯૬ થી ફડચાનો અંતીમ હુકમ થયેલ છે અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૩, વડોદરાની નિમણુંક થયેલ છે.

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરા લગત કચેરીના પત્ર નં. ફડચ-ફ-૩-૨૧૨-૯૯ તા. ૧૫-૯-૯૯ થી સદરહુ મંડળી હાલ જે સ્થિતિમાં છે તેજ સ્થિતીએ પુનઃજીવીત કરવા ભલામણ કરી મોકલી છે. તે આધારે વાંચ્યા-૨ ની તા. ૧૫-૯-૯૯થી પુનઃજીવીતની દરખાસ્ત મળેલ છે. તે આધારે સદરહુ મંડળીને પુનઃજીવીત કરવા પ્રાથમીક નિર્ણય કરેલ છે જેઓને તે સામે કોઇને વાંધો હોય તેમણે આ હુકમથી દિન-૩૦માં વાંધા રજુ કરવા ઠરાવેલ છે. તે અન્વયે નસવાડી મજુર કામદાર

INDEX

સહકારી મંડળી લી. નસવાડી તાલુકો નસવાડી જી. વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ ના મળેલા અધિકારની રુઇએ સદરહુ મંડળી હાલ જે સ્થિતિમાં છે તેજ સ્થિતિમાં પુનઃજીવીત કરવા પ્રાથમીક હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૧૨-૧૧-૯૯.

વંચાણે લીધા :

(૧) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનો તા. ૨૭-૧૦-૯૮ ના જા. નં. ૮૬૩૭ થી મળેલ દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીની તા. ૩૧-૭-૯૯ ના જા. નં. વહટ/૦૧/ઘ-૧/૧૭૭૭ થી મળેલ દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઇ.

નં.: વહટ/૦૧/ઘ-૧/૨૨૯૫/૯૯.– ધી માંકણી ગૃપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. માંકણી તા. સંખેડા જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની તા. ૨૮-૧૦-૯૮ ના જા. નં. ૮૬૩૭ થી મંડળીને નીચે જણાવેલ ખામીઓ સબબ બેંક વહીવટ હેઠળ મુકવા ભલામણ કરવામાં આવલે છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન મુદલ રૂા. ૧,૧૮,૭૯૮ તથા વ્યાજ રુપિયા ૯૮,૪૩૨/- મુદત વીતી બાકી છે.

(૨) મંડળીના ૭ સભાસદો પાસે મુદલ રૂા. ૬૧૮૧૨/- તથા વ્યાજ મુદતવીતી બાકી છે.

(૩) મંડળીના ૨ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. જેમાં પ્રમુખનો પણ સમાવેશ થાય છે.

(૪) મંડળીના બાકીદારો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબના દાવાની કાર્યવાહી બાકી છે.

(૫) મંડળીના કમિટિ સભ્યોને ધિરાણ વસુલાતમાં રસ નથી શાખ પત્રક પણ બનાવવામાં આવતું નથી.

(૬) મંડળીનો ઓડીટ વર્ગ-ક છે. ઉપર મુજબના કારણોસર બેંક તરફથી મંડળીને આપવામાં આવેલ નાણાંકીય હીત જોખમાય છે.

આમ, ઉપરોક્ત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉક્ત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ પાઠવી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આમુખ નં. ૨થી આપવામાં આવેલ હતી. આ સંજોગોમાં મંડળીને બેંક વહીવટ હેઠળ મુકવાનું ઉચીત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી માંકણી ગૃપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. માંકણી તા. સંખેડા જી. વડોદરાની વ્યસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૬-૧૧-૯૯.

નં. સે.-૩૧૪૮૧/નઘણ/ગ-૨/૭૩૮/૯૯.–આથી જાહેર કરે છે કે શ્રી ભારત રત્ન ડૉ. આંબેડકર કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૨-૧૧-૯૯.

નં. ઉ.-૧૧૪૧૬/નઘણ/ગ-૨/૭૪૫/૯૯.–આથી જાહેર કરે છે કે શ્રી જય કુબેર મજુર બાંધકામ સ. મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૧૧-૯૯.

INDEX

વંચાણે લીધા :

(૧) સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, વડોદરા નં. ૪નો પત્ર ક્રમાંકઃ-અષણ-૦૧-૨૦૪-૯૯ તા. ૨૦-૯-૯૯.

(૨) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી અને ખાસ અન્વેષક સ. મં. (વિભાગીય) વડોદરાનો પત્ર ક્રમાંકઃ-અષણ-ખા-અ-છ-૪૪૮-૯૯ તા. ૧-૧૦-૯૯.

(૩) ધી મોટા મોતીપુરા ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. સમલાયા તા. સાવલીનાં સભાસદોની તારીખ ૨૮-૯-૯૯ ની અરજી.

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ઘ-૧/૨૨૧૭/૯૯ તા. ૨૬-૧૦-૯૯.

(૫) મંડળીનાં હોદેદારોનો તારીખ ૧૨-૧૧-૯૯ તેમજ ૨૫-૧૧-૯૯ ના રોજ રૂબરૂમાં આપેલ જવાબ.

(૬) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ ની જોગવાઇ.

જા. નં. : વહટ/૦૧/ઘ-૧/૨૩૧૩-૯૯.– ધી મોટા મોતીપુરા ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. સમલાયા તા. સાવલી જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

સદરહુ મંડળીનું તા. ૧-૭-૯૭ થી તા. ૩૦-૬-૯૮ નાં સમયગાળાનું રી-ઓડીટ સ્પે. ઓડીટર સ. મં. (૪) વડોદરા દ્વારા હાથ ધરવામાં આવેલ. સદર રી-ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ વહીવટી ક્ષતિઓ અને તેઓએ આમુખ (૧) માં જણાવ્યા મુજબ ખાસ અહેવાલ કરી મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે કાર્યવાહી કરવા જણાવેલ જેને સંયુક્ત રજિસ્ટ્રારશ્રી અને ખાસ અન્વેષકશ્રી (વિ.) વડોદરાના આમુખ (૨) મુજબના પત્રથી અનુમોદન આપવામાં આવેલ છે. મંડળીમાં નીચે મુજબની ક્ષતિઓ જણાઇ આવેલ હોઇ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીને વહીવટદારના વહીવટ હેઠળ મુકવામાં આવે છે.

(૧) સંસ્થાએ છેલ્લા બે વર્ષથી ઓડીટ રીપોર્ટમાં વાસ્તવિક દુરસ્તી કરેલ નથી તેમજ મધ્યસ્થ બેંક તરફથી થતાં તપાસણી અહેવાલની દુરસ્તી કરેલ નથી. આમ સંસ્થાના પેટા નિયમ ૪૪(૨૩)નું પાલન કરેલ નથી.

(૨) સંસ્થાએ પેટા નિયમ ૩૮ મુજબ વ્યવસ્થાપક કમીટીની મીટીંગો ભરેલ નથી અને મળેલ મીટીંગોમાં વિગતે ઠરાવો કરેલ નથી.

(૩) સહકારી કાયદા કાનુનના નિયમ-૩૪ મુજબ ધિરાણની વસુલાતની કામગીરી કરેલ નથી જેને કારણે મુદતવીતી બાકી રૂા. ૬૯૫૪૦૦/- છે. સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબનાં દાવા બાકીમાં છે.

(૪) પેટા નિયમની કલમ ૪૪(૧૧) મુજબ મંત્રીશ્રીએ તૈયાર કરેલ હિસાબો તપાસવા તેમજ સિલકની ચકાસણી થયેલ નથી.

(૫) પેટા નિયમની કલમ ૪૪(૧૨) (૧૬) મુજબ સ્ટોકપત્રક અને સિલકની ખરાઇ કરેલ નથી.

(૬) પેટા નિયમની કલમ ૭૧(અ) મુજબ મિલ્કત પર વસારો કાઢેલ નથી.
તેમજ મંડળીનાં અરજદાર સભાસદોએ કરેલ અરજી મુજબ.

(૧) કમીટીએ એજન્ડા ઉપર લીધા સિવાય બીજા મંત્રીની નિમણુંકનો ઠરાવ કરેલ છે.

(૨) સંસ્થાની તા. ૨૫-૯-૯૯નાં રોજ વાર્ષિક સાધારણ સભા રાખવા અંગેનાં એજન્ડા તેમજ વાર્ષિક અહેવાલ સભાસદોને આપવામાં આવેલ નથી.

(૩) ચુંટણીની જાહેરાત કરેલ પરંતુ કોઇ કાર્યક્રમ બહાર પાડેલ નથી તેમજ ચુંટણી અંગે સભ્યોને કોઇ જાણ કરેલ નથી અને સભ્યોને અન્યાય કરી રહ્યા છે.

ઉપરોક્ત કારણો હેઠળ સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર કારણદર્શક નોટીસ આપી તા. ૧૨-૧૧-૯૯ ના રોજ સુનાવણી રાખવામાં આવી. સદર મુદતે કેટલાંક હોદેદારો તરફથી મુદતની માંગણી થતાં તારીખ ૨૫-૧૧-૯૯ ના રોજ સુનાવણી રાખવામાં આવી તે મુદત અગાઉ પટેલ ઠાકોરભાઈ શંકરભાઈ પટેલ, કૌશીકભાઈ શનાભાઈ પટેલ, મુકેશભાઈ જે.અને પટેલ ઘનશ્યામભાઈ એલ. પટેલ તરફથી સંયુક્ત મુદ્દાવાર જવાબ રજુ કરેલ છે. જે અત્રે તા. ૧૮-૧૧-૯૯ ના રોજ મળેલ જવાબોની વિગતો જોતાં મુદ્દા નંબર ૧ થી ૬ ની વિગતે આક્ષેપો સ્વીકારેલ છે. અને એક યા બીજા કારણો જણાવી બચાવ કરેલ છે. જે ખુલાસાઓ સહકારી પ્રવૃત્તિ અને મંડળીનાં આર્થિક હિતો અને વહીવટી હિતોને નુકશાન કર્તા જણાય છે. દુરસ્તી રીપોર્ટ કરવામાં આવેલ નથી. કમીટીની મીટીંગો નીયમીત મળેલ નથી. મંત્રીએ તૈયાર કરેલા હિસાબો ચકાસેલ નથી. સ્ટોકપત્રક તપાસેલ નથી. તેમજ હિસાબી બાબતોની અજ્ઞાનતાને કારણે યોગ્ય રીતે કામગીરી કરી શક્તાં નથી તેવી રજુઆત છે. ત્યારબાદ ભાઈલાલભાઈ શંકરભાઈ પટેલ અને હરિભાઈ રા. પટેલએ પણ અલગ રીતે લેખીત જવાબ રજુ કરેલ છે. જે તા. ૨૨-૧૧-૯૯ નાં રોજ અત્રે મળેલ છે. તેમના પણ ઉપર મુજબ જવાબ છે. ત્યારબાદ મણીભાઈ છોટાભાઈ પટેલ, છત્રસીંહ શનાભાઈ પરમાર, ઘનશ્યામભાઈ નરસિંહભાઈ પટેલ, દિનશા એન. પટેલ, જશાભાઈ નરોત્તમદાસ, બાબુભાઈ ચુનીભાઈ પટેલ, ભુપેન્દ્ર જે. પટેલ તથા રમેશભાઈ નારણભાઈ પટેલએ તા. ૧૨-૧૧-૯૯ ના પત્રથી સંયુક્ત જવાબ રજુ કરેલ છે.

ઉપરોક્ત સામુહિક જવાબ આપનારા પૈકી પટેલ મણીભાઈ છોટાભાઈ, છત્રસીંહ શનાભાઈ પરમાર, જશાભાઈ નરોત્તમદાસ, ભુપેન્દ્ર જે. પટેલ તથા પટેલ રાજેશભાઈ નારણભાઈ કમીટી સભ્યો નથી. સદર સંયુક્ત જવાબમાં મુદ્દાસર જવાબો આપેલ છે. જેની વિગતો જોતાં ૯૬/૯૭ તથા ૯૭/૯૮ ના અહેવાલમાં ઘણી મોટી ક્ષતિઓ, બેંક લોનમાં તફાવત, જિલ્લા ખરીદ વેચાણની બાકી, હાથ પરની સિલક લાંબા સમય સુધી મંત્રીના હાથ પર રાખવી, બેંક ઈન્સ્પેકશનમાં સ્ટોક પત્રકની ખોટી માહિતી, રી-ઓડીટનાં અહેવાલની વિગત, મંત્રીનો મનસ્વી વહીવટ, ઓડીટ રીપોર્ટની દુરસ્તી રીપોર્ટ ન કરવી વગેરે બાબતો જવાબ હેઠળ સ્વીકારેલ છે.

આમ ઉપરોક્ત વિગતો કારણદર્શક નોટીસનાં આક્ષેપો તેમજ રજુ થયેલ જવાબોની વિગતો જોતાં મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમોને અનુરૂપ ચાલતો નથી અને તે પ્રમાણે વહીવટ ચલાવવા કમીટી સક્ષમ નથી. પરિણામે મંડળી અને મંડળીના સભાસદોના આર્થિક તેમજ વહીવટી હિતોને નુકશાન કર્તા હોવાનું સ્પષ્ટ થાય છે.

સદર મંડળીના વહીવટ બાબતે મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી નથી. કમીટીની રચના કરેલ નથી. વાર્ષિક અહેવાલ તથા હિસાબો સભાસદોને મોકલવામાં આવેલ નથી. તેમજ ખોટું રેકર્ડ બનાવી સાધારણ

INDEX

સભા મળી છે. અને કમીટીની ચુંટણી થયેલ છે. તેવું ખોટું રેકર્ડ બનાવી સભાસદોને ગેરમાર્ગે દોરી સભાસદોની ખોટી રીતે સહીઓ મેળવી છે તેનો વિરોધ કરી ખોટું રેકર્ડ બનાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને વહીવટદાર વહેલીતકે નીમવા મંડળીના ૧૫૮ સભાસદોએ તા. ૧૭-૧૧-૯૯ની સામુહીક રજુઆત કરેલ છે.

તારીખ ૨૫-૧૧-૯૯ની સુનાવણીમાં દિનસા એન. પટેલ સહિત ૪ હોદેદારો હાજર હતા. કારણદર્શક નોટીસનાં સંદર્ભમાં તા. ૧૨-૧૧-૯૯ નો લેખીત જવાબ રજુ કરેલ છે તેમજ માજી મંત્રી મહેન્દ્રભાઈ પટેલ પાસેથી દફ્તર મેળવવા તેમજ તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા પરવાનગી આપવા રજુઆત કરી માંગણી કરવામાં આવી.

પ્રકરણની તમામ વિગતો જોતાં મંડળીનો વહીવટ મંડળીના પેટા કાયદા અને સહકારી કાયદાનુસાર ચાલતો નથી અને હાલના તબક્કે સહકારી કાયદાની કલમ-૮૧ અનુસાર વહીવટદાર નીમવા અનિવાર્ય જણાય છે. હાલનાં તબક્કે અસ્તિત્વની કમીટીમાં પણ અંદરો અંદર વિવાદો જણાય છે. કેટલાંક હોદેદારો જુદું રેકર્ડ બનાવી રહ્યા હોવા ની વાત છે વિવાદોનાં પરિણામે મંડળીનો વહીવટ સદંતર ઠપ થઈ ગયેલ છે. આ બાબતે મંડળી અને સભાસદોનાં આર્થિક હિતોને નુકશાનકર્તા છે તેમજ મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં રૂકાવટો ઉભી થયેલ છે. અને સભાસદોને તેઓનાં મુળભુત હક્કો આપી શકાતાં નથી. તમામ બાબતો જોતાં વહીવટદાર નીમવા અનિવાર્ય જણાતાં નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ સત્તાની રુએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અનુસાર ધી મોટા મોતીપુરા ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. મોટા મોતીપુરા તા. સાવલી જિ. વડોદરાની વ્યસ્થાપક કમીટીને દુર કરી નીચે મુજબની વહીવટદાર કમીટીની મંડળીનો વહીવટ કરવા સારૂ નીચે જણાવેલ શરતોને આધીન નીમણુંક કરું છું.

(૧) શ્રી ઠાકોરભાઈ શંકરભાઈ પટેલ– ચેરમેન
(૨) શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી.– સમવાય શાખાના એજન્ટ.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ વર્ષ તેમજ વહીવટદાર કમીટીનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.
(૨) વહીવટદાર કમીટીએ વ્ય. સમીતીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારના નિયંત્રણ અને સમીતી હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદાર કમીટીએ મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.
(૪) મંડળીનો આર્થિક પ્રગતી અહેવાલ નીયમીત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીનાં સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૬-૧૧-૯૯.

વંચાણે લીધો : - શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચરી ફડચ/૦૧/૨૦૪/૯૯ ની તારીખ ૨૬-૧૧-૯૯ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૩૧૭ સને ૧૯૯૯.– ધી દેણા દુધ ઉત્પાદક સ. મં. લી. મું. દેણા તા. વડોદરા ની નોંધણી ક્રમાંક સેદુ. ૧૨૯૮૬ તારીખ ૨૧-૯-૮૫ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૫૬/ધ-૨/૧૭૧૮-૨૫-૯૫ તારીખ ૧૧-૯-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું ન રહેતું હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા.-૩૦-૧૧-૯૯.

વંચાણે લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ વડોદરા લગત કચેરી ફડચ/૦૧/૨૦૫/૯૯ ની તારીખ ૨૭-૧૧-૯૯ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૩૭૮ સને ૧૯૯૯.– ધી ખોવા (પા) દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. ખોવા તા. પાદરાની નોંધણી ક્રમાંકઃ સેદુ. ૧૧૩૧૭ તારીખ ૪-૧૦-૭૧ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/૯૭૫૭/ધ-૨/૧૭૨૬/૩૩-૯૫ તારીખ ૧૧-૯-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા.૩૦-૧૧-૯૯.

વંચાણે લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરી ફડચ/૦૨/૧૦૭૨/૯૯ ની તારીખ ૨૬-૧૧-૯૯ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૩૧૯ સને ૧૯૯૯.– ધી કરચીમા દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. કરચીમા તા. સાવલી ની નોંધણી ક્રમાંકઃ સેદુ. ૧૩૨૫૪ તારીખ ૩૧-૧૨-૭૪ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર,

INDEX

સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૬૩/ધ-૨/૧૭૭૧/૭૬-૯૫ તારીખ ૧૧-૯-૯૫ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા.૩૦-૧૧-૯૯.

વંચાણે લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરી ફડચ/૦૨/૧૦૭૩/૯૯ ની તારીખ ૨૭-૧૧-૯૯ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૨૩૨૦ સને ૧૯૯૯.– ધી ઈ. પી. એફ. એમ્પ્લો. કો. ઓ. કેન્ટીન સો. લી. મુ. વડોદરાની નોંધણી ક્રમાંકઃ ભ.-૪૪૯૯ તારીખ ૨૪-૭-૯૪ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૮૦૩/ધ-૨/૧૩૮૪ થી ૧૩૯૧/૯૯ તારીખ ૧૫-૭-૯૯ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા.૩૦-૧૧-૯૯.

નં. ધ.-૧૯૧૫૨/નઘણ/ગ-૨/૭૫૬/૯૯.–આથી જાહેર કરે છે કે શ્રી લાભુબાનગર કો. ઓપ. હાઉસીંગ સો. લી. મર્યાદિત સ્થળ વડસર, વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૧૨-૯૯.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઇઓ.

(૨) અત્રેની કચેરીની તા. ૩૧-૭-૯૯ ના જા. નં. વહટ/૦૧/ધ-૧/૧૭૭૫ થી આપેલ કારણદર્શક નોટીસ.
તા. ૨૩-૮-૯૯ ના રોજ તેમજ તા. ૨૭-૯-૯૯ના રોજ રૂબરૂ થયેલ સુનાવણીની કાર્યવાહીની નોંધ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૨૩૭૩/૯૯.– ધી લોટીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. લોટીયા તા. સંખેડા જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

ઉક્ત મંડળીમાં ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાએ તેના જા. નં. લોન/૯૯૧૯ તા. ૨૭-૧૧-૯૮ ના પત્રથી મંડળીમાં સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ બેંકને વહીવટદાર તરીકે નિમણુંક કરવા જણાવેલ છે. જે સંદર્ભમાં અત્રેની કચેરીના આમુખ (૨) ના પત્રથી મંડળીને રુબરુમાં રજુઆત કરવા માટે કારણદર્શક નોટીસ આપી જાણ કરેલ અને તા. ૨૩-૮-૯૯ તેમજ તા. ૨૭-૯-૯૯ ના રોજ રૂબરૂ કરેલ સુનાવણી દરમ્યાન થયેલ કાર્યવાહીની નોંધ વંચાણે લેતા સદર મંડળીમાં નીચે જણાવેલ મુદ્દાઓ બાબતે ક્ષતિઓ હોઇ કલમ ૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન મુદલ રૂા. ૫,૩૫,૩૬૨-૦૦ તથા વ્યાજ રુપિયા ૩,૪૮,૮૭૮-૦૦ મુદત વીતી બાકી છે.

(૨) મંડળીના ૩૪ સભાસદો પાસે મુદલ રૂા. ૬,૨૦,૨૦૦-૦૦ તથા વ્યાજ બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે.

(૩) કમીટી સભ્યો પ્રમુખ સહીત મુદતવીતી બાકીદાર છે. સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ દાવા કરવાના બાકી છે.

(૪) મંત્રી મુદતવીતી બાકીદાર છે.

(૫) નોટીસ દરમ્યાન વ્ય. કમિટિ સભ્યો હીયરીંગમાં હાજર રહેલ નથી. ફક્ત પ્રમુખ હાજર રહેલ છે.

આમ મંડળીની આર્થિક નાણાંકીય પરિસ્થિતિ કથળી ગયેલ છે. આર્થિક સ્થિતિને કારણે કામકાજ બિલકુલ સ્થગિત દશામાં છે. અને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. મંડળીમાં બેંકના નાણાં જોખમાય તેમ હોઇ મંડળીની ચાલુ વ્યવસ્થાપક કમિટિને દૂર કરી સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ મંડળીમાં વહીવટદાર નીમતો નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી લોટીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. લોટીયા તા. સંખેડા જી. વડોદરાની હાલની વ્યસ્થાપક કમીટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ.

INDEX

બેંક લી. વડોદરાની માસીક રૂા. ૨૫-૦૦ ના મહેનતાણાથી મંડળીનો ચાર્જ સંભાળ્યાની તારીખથી ૧ વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધિન રહી નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ અને વહીવટદારશ્રીને મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.
(૨) વહીવટદારશ્રીએ તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.
(૪) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કામગીરી કરવાની રહેશે.
(૫) મંડળીના કાર્યાલય પર નિયત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૦-૧૨-૯૯.

નં. ઘ.-૧૯૧૫૩/નઘણ/ગ-૨/૮૦૪/૯૯.–આથી જાહેર કરે છે કે શ્રી છત્રપતિ શિવાજી મહારાજ કો. ઓપ. હાઉસીંગ સો. લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૧૨-૯૯.

નં. સે.-૩૧૪૮૨/નઘણ/ગ-૨/૮૦૫/૯૯.–આથી જાહેર કરે છે કે શ્રી પટેલ કો. ઓપ. ક્રેડીટ સો. લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૧૨-૯૯.

નં. સે.-૩૧૪૮૩/નઘણ/ગ-૨/૮૦૬/૯૯.–આથી જાહેર કરે છે કે શ્રી લક્ષ્મી કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ ડભોઈ તાલુકો ડભોઈ જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૧૨-૯૯.

વંચાણે લીધા :

(૧) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, વડોદરાની કચેરીની તારીખ ૩૦-૧૦-૯૯ની કારણદર્શક નોટીસ તથા તા. ૧૮-૧૧-૯૯ તથા તા. ૧૩-૧૨-૯૯ ના રોજ કમીટી સભ્યોએ આપેલ નિવેદન.
(૨) વડોદરા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. વડોદરાનો તારીખ ૨૯-૧૦-૯૯ ના પત્ર ક્રમાંક: એમપી/૫૯૨૩ અન્વયે કરેલ ભલામણ.
(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૭૪(ડી) તથા ૭૯(૩) ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. હસમ/૦૧/જ-૧/૧૧૬૫/૯૯.– શ્રી નારા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., નારા તા. સાવલી જી. વડોદરા સને ૧૯૬૧ ના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો રજિસ્ટર નં. સે.દુધ ૧૬૯૯૬ તા. ૨૯-૨-૮૦ છે.

સદરહુ મંડળીના ગેરવહીવટ બાબતે અત્રેની કચેરીએ શ્રી રતનસિંહ પરમાર, શ્રી બળવંતસિંહ પરમાર ત્થા અન્ય સભાસદોએ તારીખ ૮-૧૦-૯૯ તથા ૧૩-૧૦-૯૯ ના રોજ લેખિત અરજીઓ આપી રજુઆત કરેલ કે સદરહુ મંડળીમાં છેલ્લા ત્રણ વરસો ઉપરાંતથી પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક મંડળના સભ્યોની ચૂંટણી થતી નથી અને કાયદાનો ભંગ કરેલ છે. પ્રમુખશ્રી મનસ્વી રીતે મંડળીનો વહીવટ ચલાવે છે. તારીખ ૨૮-૯-૯૯ ના રોજ વાર્ષિક સભામાં થયેલ ઠરાવ મુજબ કમીટીની ચૂંટણી કરવાનું તાત્કાલીક નક્કી કરવામાં આવેલ તેમ છતાં પ્રમુખશ્રીએ કોઇ કાર્યવાહી કરેલ નથી. તથા મંડળીના મંત્રીશ્રીને ચૂટણી અંગેની ફરજ અદા કરવા દેતા નથી અને ધાક ધમકી આપી મનસ્વી વહીવટ કરે છે તેમજ કેટલાક દિવસ મંડળી બંધ રાખી દૂધની પ્રવૃત્તિ બંધ કરી દીધેલ.

આમ સદરહું કમીટીની ચૂટણી બાબતે વિવાદ-તકરાર ઉભી થતાં વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.વડોદરાએ તેમના તારીખ ૧૨-૧૦-૯૯ ના પત્રથી મંડળીના સંચાલકોને મંડળીના પ્રશ્નો બાબતે નોટીસ આપી તારીખ ૨૦-૧૦-૯૯ ના રોજ રુબરુ બોલાવેલ પરંતુ મંડળીના સંચાલકો હાજર રહેલ નહી. તેજ પ્રમાણે અત્રેથી તારીખ ૧૪-૧૦-૯૯ ના પત્ર ક્રમાંક : હસમ/૦૧/જ-૧/૧૦૨૩/૯૯ થી મંડળીના સંચાલકોને ચૂંટણી બાબતે જરુરી સુચનાઓ આપેલ, તેમ છતા તેનો અમલ કરેલ નથી તેમજ જરુરી દસ્તાવેજોની નકલો માંગેલ છતા અત્રેની કચેરીને પુરી પાડેલ નથી. અને સુચનાનો અનાદર કરેલ છે. મંડળીના પ્રમુખ સહીત કમીટી સભ્યો મંડળીનો વહીવટ મનસ્વી રીતે ચલાવે છે અને મંડળીના પેટા નિયમ મુજબ ચૂંટણીની કાર્યવાહી કરતા નથી. જેના અનુસંધાને તા. ૧૮-૧૧-૯૯ તથા તા. ૧૩-૧૨-૯૯ ના રોજ સુનાવણી દરમ્યાન પ્રમુખશ્રી સહિત કમીટી સભ્યોએ મંડળીમાં કસ્ટોડીયન નીમવા જણાવેલ છે, તદ્ ઉપરાંત વડોદરા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. વડોદરાએ તેમના તારીખ ૨૯-૧૦-૯૯ ના પત્ર ક્રમાંક : એમપી/૫૯૨૩ થી જરુરી તપાસ કરી મંડળીમાં કસ્ટોડીયન નીમવા ભલામણ કરેલ છે.

તા. ૧૩-૧૨-૯૯ ના રોજ જુના કમીટી સભ્યોને હીયરીંગ આપેલ જેમાં મંત્રીશ્રીએ ઠરાવ બુક રજુ કરી લેખિતમાં જણાવેલ છે ખાસ સાધારણ સભાનો એજન્ડા મંડળીના મકાને ચોંટાડેલ છે. ફકત ૨૦ થી ૨૫ સભ્યોને એજન્ડા પહોંચાડેલ છે. આમ ખાસ સાધારણ સભાની કરેલ કાર્યવાહી

INDEX

પેટા નિયમ મુજબ થયેલ નથી. જેમા શુધ્ધબુધ્ધિ પૂર્વક ખાસ સાધારણ સભાની કાર્યવાહી થયેલ જણાયેલ નથી. નવીન કમીટીની ઠરાવબુક જોતા પણ શુધ્ધબુધ્ધિ પૂર્વકની કાર્યવાહી થયેલ જણાયેલ ન હોઈ, આવા સંજોગોને ધ્યાને રાખે સદર મંડળી માં ઉપરોકત કારણો હેઠળ સહકારી કાયદાની કલમ-૭૪-ડી અનુસાર કસ્ટોડીયનની નિમણુંક કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, કે. કે. મકવાણા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૭૪ (ડી) હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ નારા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. જી. નારા તા. સાવલી જી. વડોદરામાં કસ્ટોડીયન તરીકે શ્રી વડોદરા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. વડોદરાને નિયુકત કરું છું.

૧. કસ્ટોડીયનની મુદત પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક કમીટીની ચુંટણી થાય અને કાર્ય કરવાનું શરુ કરે અથવા ૩ માસ અને એમાંથી જે વહેલું હશે તે રહશે.

૨. કસ્ટોડીયનને વ્યવસ્થાપક કમીટી તરીકેની તમામ સત્તાઓ અને ફરજો રહેશે અને આ અંગે જિલ્લા રજિસ્ટ્રારશ્રીના સીધા માર્ગદર્શન અને સૂચનાઓ હેઠળ પેટાનિયમ તેમજ કાયદા કાનૂનની મર્યાદામાં ફરજ બજાવવાની રહેશે.

૩. કસ્ટોડીયને ચૂંટણીની બાબતમાં પ્રાથમિકતા આપવાની રહેશે અને તે અંગેનો અહેવાલ વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીને આપવાનો રહેશે.

૪. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત નિયત સમયે હાજરી આપી જરુરી કામગીરી કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૦-૧૨-૯૯.

નં. સે.-૩૧૪૮૪/નઘણ/ગ-૨/૮૧૧/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી ગૌતમ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૩-૧૨-૯૯.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ઘ-૧/૨૩૫૫-૯૯ તા. ૬-૧૨-૯૯.

(૩) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનો તા. ૨૩-૭-૯૯ નો પત્ર નંબર-૪૧૬૧.

જા. નં.: અજન/૦૧/ઘ-૧/૨૩૯૭/૯૯.— ધી સોનગીર ઈન્દ્રાલ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. સોનગીર ઈન્દ્રાલ તા. સંખેડા જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

આમુખ નં. (૩) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર મંડળીમાં વહીવટદાર હસ્તક મુકવા દરખાસ્ત રજુ થયેલ, જે સંદર્ભ અને મંડળીના વ્યવસ્થાપક કમીટીના હોદેદારોને અત્રેથી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખવામાં આવેલ સુનાવણીમાં કમિટિ સભ્યો ૧. પટેલ જશુભાઈ અમથાભાઈ તથા (૨) ભાઈલાલભાઈ જેસીંગભાઈ હાજર હતા. મંડળી તરફે કારણદર્શક નોટીસના મુદ્દાઓ પરત્વે કોઈ રજુઆત કરેલ નથી. ચાલુ સાલે શેરડીનું વાવેતર કરેલ હોઈ વસુલાત આપીશું તેવી રજુઆત કરેલ.

(૧) મંડળી પાસે ૩૧-૩-૯૮ આખરે બેન્ક લોન રૂા. ૪૦,૫૩,૮૦૦-૦૦ તથા વ્યાજ રૂા. ૧૮,૮૧,૦૦૦-૦૦ અંદાજે વસુલ કરવાનું બાકી છે. જેની વસુલાત આપવા કોઈ પ્રયત્નો થયેલા નથી.

(૨) મંડળીએ મુદતવીતી બાકીદારો સામે ૧૦૬ પ્રમાણે દાવા કરેલ નથી. આ ઉપરાંત કમીટી સભ્યો પોતે બાકીદારો હોઈ કાર્યવાહી થતી નથી.

(૩) મંડળીના કાર્યકર્તાઓએ તા. ૧-૧૦-૯૬ બાદ બેન્કને તપાસણી અંગે સવલત સહકાર આપેલ નથી.

(૪) મંડળીના સાત કમીટી સભ્યો પૈકી ત્રણ કમીટી સભ્યો પાસે રૂા. ૩,૧૮,૭૬૦/- મુદતવીતી બાકી છે. વ્ય. કમીટી સભ્યને રૂા. ૫૦,૦૦૦/- જેટલું શાખ ઉપરાંત ધિરાણ કરેલ છે જે વસુલ આવેલ નથી. વસુલાત બાબતે પણ મંડળીના કાર્યકર્તાઓ નિષ્ક્રીય છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ફક્ત ૩/૮૪ ટકા જેટલી વસુલાત આવેલી છે.

(૫) મંડળીના કમિટિ સભ્યો મનસ્વી રીતે મંડળીનો વહીવટ ચલાવે છે. બેન્કની વસુલાત જાણીબુઝીને કરવામાં આવતી નથી. પરિણામે મંડળીને બેન્ક તરફથી આપવામાં આવેલ નાણાંકીય હીત જોખમાય તેમ છે.

ઉપરોકત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ હોઈ કામકાજ બીલકુલ બંધ હોઈ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ જણાતો ન હોઈ, મંડળી ચાલુ થઈ શકે તેવી કોઈ શક્યતા જણાતી નથી, તેમજ પેટા નિયમોનો વારંવાર ભંગ થયેલો જણાઈ આવેલ હોઈ, આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી સોનગીર-ઈન્દ્રાલ ગૃપ વિવિધ ગૃપ

INDEX

વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. સોનગીર-ઈન્દ્રાલ તા. સંખેડા જી. વડોદરાની વ્યસ્થાપક કમીટીને બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને તે વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધિન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો વહીવટદારે ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૭-૧૨-૯૯.

નં. સે.-૩૧૩૭૯/નધણ/ગ-૨/૮૩૩/૯૯.—આથી જાહેર કરે છે કે પુરોહિત એપાર્ટમેન્ટ હાઉસીંગ સર્વિસ કો. ઓપ. સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૮-૧૨-૯૯.

નં. સે.-૩૧૪૮૫/નધણ/ગ-૨/૮૩૫/૯૯.—આથી જાહેર કરે છે કે ધી વૈભવ કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ કરચીયા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૮-૧૨-૯૯.

નં. સે.-૩૧૬૯૮/નધણ/ગ-૨/૮૩૭/૯૯.—આથી જાહેર કરે છે કે પ્રતાપનગર કો. ઓપ. ક્રેડીટ સોસા. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૯-૧૨-૯૯.

નં. સે.-૩૧૬૯૭/નધણ/ગ-૨/૮૩૮/૯૯.—આથી જાહેર કરે છે કે કુંજ પરિવાર 'ઈ' ટાવર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૯-૧૨-૯૯.

નં. ઉ.-૧૧૪૧૭/નધણ/ગ-૨/૮૪૨/૯૯.—આથી જાહેર કરે છે કે શ્રી નર્મદા મજુર બાંધકામ કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦-૧૨-૯૯.

નં. સેદુ. ૩૧૬૯૯/૯૯ નધણ/ગ-૨/૮૫૭/૯૯.—આથી જાહેર કરે છે કે પ્રતાપનગર (જે) દુધ ઉત્પાદક સ. મ. લી. મર્યાદિત સ્થળ પ્રતાપનગર તાલુકો જેતપુરપાવી જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૧-૧૨-૯૯

નં. સે.-૩૧૭૦૦/૯૯ નધણ/ગ-૨/૮૫૮/૯૯ આથી જાહેર કરે છે કે ધી એમ્પસ કોમ્પલેક્ષ ઓનર્સ કો. ઓપ. સર્વિસ સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા તા. ૩૧-૧૨-૯૯.

વંચાણે લીધો :-

(૧) જલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના તા. ૩૧-૮-૯૮ ના હુકમ ક્રમાંક: ફડચ/૦૧/ઘ-૨/૧૨૬૦-૯૮.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ)(૨)(૪) ની જોગવાઇઓ.
(૩) શ્રી કે. ટી. રાઠવા, મંડળીના માજી પ્રમુખશ્રીની તા. ૮-૨-૯૯ નો પત્ર તથા મંડળીના સભાસદોએ રદ કરવા અંગેનો કરેલ સંમતી ઠરાવનો પત્ર તા. ૧૦-૬-૯૯ નો.

INDEX

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૨૪૦૫ થી ૨૪૧૨/૯૯, ધી ગુરુકૃપા ખેતી પિયત સહકારી મંડળી લી. નારુકોટ તા. છોટાઉદેપુર જી. વડોદરાને આમુખ (૧) ના હુકમથી કલમ ૧૦૭ અને ૧૦૮ હેઠળ ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરેલ હતો અને તેની સામે સદર મંડળીના આમુખ (૩) નામંડળીના સભાસદો તેમજ મંડળીના માજી પ્રમુખશ્રીએ મંડળીને ફડચામાં નહી લઇ જવા ફડચાનો વચગાળાનો હુકમ રદ્ કરી મંડળીને ચાલુ રાખવા બાબતનો કરેલ અને મંડળીનો કારભાર સંભાળવા તથા તમામ દફ્તરનો ચાર્જ કાયમી ધોરણે સંભાળવા સભાસદોએ શ્રી કે. ટી. રાઠવાને પસંદ કરેલા છે અને તેમણે સંમતી આપેલ છે.

મંડળી આદીવાસી વિસ્તારની હોવાથી સરકારશ્રી તરફથી સહાય તેમજ લોનની રકમ સદર મંડળીને આપવામાં આવેલ છે.

મજકુર મંડળીની મુલાકાત કાર્યપાલક ઇજનેર સર્વીસ-ટેકનીકલ સેલ, સરકાર, વડોદરાએ લીધેલ હતી અને તથા સરકારમાં સદર મંડળી બિન અર્થક્ષમ હોવાનું જણાયેલ હતું જેની યાદી વડી કચેરીને સુપ્રત કરેલ હતી. તેમજ આ સંસ્થાના છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ અહેવાલ તથા ઓડીટવર્ગ અને સરવૈયા ઉપરથી ખાત્રી કરતા મંડળી કાર્યક્ષમ નહોય તો મંડળીને સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદાર નિમવા અથવા કલમ-૧૦૭-હેઠળ પગલાં લેવામાટે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીએથી જણાવવામાં આવેલ હતું. જે અંગેની ખાત્રી તા. ૧-૭-૯૫ થી તા. ૩૦-૬-૯૬ ના ઓડીટ રીર્પોટ ઉપર થી કરતા મજકુર મંડળીનો ઓડીટ વર્ગ -'ક' છે. સદર મંડળીનું ઓડીટ સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, છોટાઉદેપુર ધ્વારા કરવામાં આવેલ હતું મંડળીની આર્થિક સ્થિતિ જોતા નબળી જણાયેલ હતી. ઓડીટ અહેવાલ જોતા મંડળી પેટા નિયમ અનુસાર મંડળીની કારોબારીની બેઠકો નિયમિત મળતી નથી. ઉદેશવાળી પ્રવૃત્તિ બંધ હોવાનું જણાયેલ હતું. કારોબારીની નિમણુંક નિયમ પ્રમાણે થતી નથી. તમામ સભ્યોને યોજના પ્રમાણે પાણી પુરુ પાડવું જોઈએ.છતાં તેનો લાભ આપવામાં આવતો નથી.

ઉપરોકત કારણસર મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો.

સદર મંડળીને ફરીથી કાર્યક્ષમ બનાવવા માટે મંડળીના માજી પ્રમુખ તથા સભાસદોએ ખાત્રી આપેલ હોઇ મંડળીનો ફડચાનો વચગાળાનો હુકમ રદ્ કરીને મંડળીને ચાલુ રાખવાની સબંધીત સભાસદોએ વિનંતી કરેલ છે. સબબ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું નીચે સહી કરનાર કે. કે. મકવાણા જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા ગુરુકૃપા ખેતી પિયત સહકારી મંડળી લી. નારુકોટ તા. છોટાઉદેપુર જી. વડોદરાને નોંધણી નંબર ખે-૨૬૩૬ તા. ૧૭-૩-૮૬ ને આમુખ (૧) માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જવાનો હુકમમાં જણાવેલ કારણોસર એક તક આપી કલમ ૧૦૭ અને ૧૦૮ હેઠળ કરેલ ફડચાનો હુકમ આથી રદ્ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૩૧-૧૨-૯૯.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ની જોગવાઇ.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૨૩૫૫/૯૯. તા. ૬-૧૨-૯૯.

(૩) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાનો તા. ૨૩-૭-૯૯નો પત્ર નંબર-૪૧૬૧.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૪/૨૦૦૦ ધી સોનગીર ઇન્દ્રાલ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. સોનગીર ઇન્દ્રાલ તા. સંખેડા જિ. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

આમુખ નં. (૩) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર મંડળીમાં વહીવટદાર હસ્તક મુકવા દરખાસ્ત રજુ થયેલ, જે સંદર્ભ અને મંડળીના વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોને અત્રેથી કારણદર્શક નોટીસ આપી સુનાવણી રાખવામાં આવેલ સુનાવણી માં કમિટિ સભ્યો ૧. પટેલ જશુભાઇ અમથાભાઇ તથા (૨) ભાઇલાલભાઇ જેસીંગભાઇ હાજર હતા. મંડળી તરફે કારણદર્શક નોટીસના મુદ્દાઓ પરત્વે કોઇ રજુઆત કરેલ નથી. ચાલુ સાલે શેરડીનું વાવેતર કરેલ હોઇ વસુલાત આપીશું તેવી રજુઆત કરેલ.

(૧) મંડળી પાસે ૩૧-૩-૯૮ આખરે બેન્ક લોન રૂા. ૪૦,૫૩ ૮૦૦-૦૦ તથા વ્યાજ રૂા. ૧૮,૮૧,૦૦૦-૦૦ અંદાજે વસુલ કરવાનું બાકી છે. જૈની વસુલાત આપવા કોઇ પ્રયત્નો થયેલા નથી.

(૨) મંડળીએ મુદતવીતી બાકીદારો સામે ૧૦૬ પ્રમાણે દાવા કરેલ નથી. આ ઉપરાંત કમીટી સભ્યો પોતે બાકીદારો હોઇ કાર્યવાહી થતી નથી.

(૩) મંડળીના કાર્યકર્તાઓએ તા. ૧-૧૦-૯૬ બાદ બેન્કને તપાસણી અંગે સવલત સહકાર આપેલ નથી.

(૪) મંડળીના સાત કમીટી સભ્યો પૈકી ત્રણ કમીટી સભ્યો પાસે રુ ૩,૧૮,૭૬૦) મુદતવીતી બાકી છે. વ્ય. કમીટી સભ્યને રૂા. ૫૦,૦૦૦) જેટલું શાખ ઉપરાંત ધિરાણ કરેલ છે જે વસુલ આવેલ નથી. વસુલાત બાબતે પણ મંડળીના કાર્યકર્તાઓ નિષ્ક્રિય છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ફકત ૩/૮૪ ટકા જેટલી વસુલાત આવેલી છે.

(૫) મંડળીના કમીટી સભ્યો મનસ્વી રીતે મંડળીનો વહીવટ ચલાવે છે. બેન્કની વસુલાત જાણીબુઝીને કરવામાં આવતી નથી. પરિણામે મંડળીને બેન્ક તરફથી આપવામાં આવેલ નાણાંકીય હીત જોખમાય તેમ છે.

ઉપરોકત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ હોઇ કામકાજ બીલકુલ બંધ હોઇ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોઇ, મંડળી ચાલુ થઇ શકે તેવી કોઇ શકયતા જણાતી નથી, તેમજ પેટા નિયમોનો વારંવાર ભંગ થયેલો જણાઇ આવેલ હોઇ, આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી.

INDEX

વડોદરાને વહીવટદાર તરીકે નિમણૂંક કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી સોનગીરી-ઈન્દ્વાલ, તા. સંખેડા, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટી ને બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાને તે વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારની મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો વહીવટદારે ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૧-૧-૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની તારીખ ૧૦-૧૦-૯૮ નાં જા. નં. ૮૦૨૦ થી મળેલ દરખાસ્ત.
(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૧૭૭૩/ તારીખ ૩૧-૭-૯૯.
(૩) અત્રેની સુનાવણીનો પત્ર ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૧૯૬૬/૯૯ તારીખ ૧૩-૯-૯૯.
(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઇ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૧૧/૨૦૦૦ ધી સાંઢિયા ગૃપ સેવા સ. મં લી. મું. સાંઢિ.યા તા. નસવાડી જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠલ નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીમાં આમુખ (૧) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર સદર મંડળીને બેન્ક વહીવટ હસ્તક સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મુકવાની ભલામણ થતાં વહીવટદાર હસ્તક મુકવામાં આવે છે

(૧) મંડળી પાસે મુદલ ટુંકી મુદત રૂા. ૯૯,૦૦૦-૦૦ તથા વ્યાજ રૂા.૨૪,૮૬૮-૦૦ પુનઃવસહન હપ્તા ૯૧ રૂા. ૧૨,૩૨૦-૦૦ બાકી છે તે પૈકી રૂા.૨,૦૦૦-૦૦ મુદતવીતી બાકી છે તથા વ્યાજ રૂા. ૧૨,૩૧૩-૦૦ બાકી પડે છે. લા. મું. સરકારશ્રીના રૂા.૧૨,૦૦૦-૦૦ મુદલ તથા વ્યાજ રૂા. ૨૧,૫૪૪-૦૦ બાકી છે, જે મુદતવીતી બાકી છે.
(૨) ૧૫ સભાસદો મુદતવીતી બાકી પાસે મુદલ રૂા. ૧૩,૦૬૦-૦૦ તથા વ્યાજ મુદતવીતી બાકી છે. ૨ કમિટિ સભ્યો મુદતવીતી બાકીદાર છે જેમાં પ્રમુખનો પણ સમાવેશ થાય છે. તમામ સભાસદો ઉપર ૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.
(૩) મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં બિલકુલ રસ નથી.
(૪) મંડળીમાં શેર ભંડોળ કરતા ખોટ વધુ છે. ધિરાણ પ્રવૃત્તિ છેલ્લા ૩ વરસથી બંધ છે. મંડળીનો ઓડીટ વર્ગ ''ક'' છે.

ઉપરોકત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્ન નબળી થયેલ હોઇ કામકાજ બિલકુલ બંધ હોઇ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિમાં રસ જણાતો ન હોઇ મંડળી ચાલુ થઇ શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમીટીને દુર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી સાંઢિયા ગૃપ સેવા સ. મં.લી. મું. સાઢિયા તા. નસવાડી જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટી ને પ્રથમ તબકકે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બન્ક લી., વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૩-૧-૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની તારીખ ૧૦-૧૦-૯૮. જા. નં. ૮૦૬૧ મળેલ દરખાસ્ત
(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૧૭૭૪/ તારીખ ૩૧-૭-૯૯.
(૩) અત્રેની સુનાવણીનો પત્ર ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૧૯૬૯/ તા. ૧૩-૯-૯૯.

INDEX

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઇ.

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૧૨/૨૦૦૦ ધી કડુલી મહુડી મોટા કદની સેવા સ. મં લી. મું. કડુલી મહુડી તા. નસવાડી જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠલ નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીમાં આમુખ (૧) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણસર સદર મંડળીને બેન્ક વહીવટ હસ્તક સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મુકવાની ભલામણ થતાં વહીવટદાર હસ્તક મુકવામાં આવે છે

(૧) મંડળી પાસે ટુંકી લોન મુદત મુદલ રૂા. ૯૧,૦૦૦-૦૦ તથા વ્યાજ રૂપિયા ૫૦,૭૬૯-૦૦ તથા વ્યાજનું રૂા. ૪૩,૭૦૯-૦૦ બાકી છે જે મુદતવીતી બાકી છે.
(૨) ૧૦૬ મુજબના દાવા ૩૨ સભાસદો ઉપર કરવાના બાકી છે.
(૩) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે. મંડળીના કમિટિ સભ્યો મનસ્વી રીતે મંડળીનો વહીવટ ચલાવે છે. બેન્કની વસુલાત જાણી બુઝીને કરવામાં આવતી નથી. પરિણામે મંડળીને બેન્ક તરફથી આપવામા આવેલ નાણાંકીય હીત જોખમાય તેમ છે.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન નબળી થયેલ હોઇ કામકાજ બિલકુલ બંધ હોઇ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિમાં રસ જણાતો ન હોઇ મંડળી ચાલુ થઇ શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓમાં અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી કડુલી મહુડી મોટા કદની સેવા સ. મં.લી., મું. કડુલી મહુડી તા. નસવાડી જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટી ને પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૩-૧-૨૦૦૦.

(સહી- અવાચ્ય)
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :-

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ તા. ૩૦-૩-૯૧.
૨. ફડચા અધિકારીશ્રી, ધી ભેસાવાડા ગૃપ સેવા સ. મં. લી. (ફડચામાં) ભેસાવાડા તાલુકો મોડાસા નો તા. ૩૧-૧૨-૯૮નો અહેવાલ.

આદેશ

ક્રમાંકઃ ફડચ/ફ/૯૨૭૯/૦૧/ગ/૨૩૯૩/૧૯૯૮.–ધી ભેસાવાડા ગૃપ સેવા સહકારી મંડળી લી. મુ. ભેસાવાડા તા. મોડાસા જિલ્લા સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ૨૦૭૩૪ તા. ૪-૩-૫૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૩૦-૪-૯૩ ના હુકમથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ-૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું એમ. કે. દેથલીયા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૩૧-૧૨-૯૮.

વંચાણે લીધા :-

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ તા. ૩૦-૩-૯૧.
૨. ફડચા અધિકારીશ્રી, ધી લાલજીના પહાડીયા ગૃપ સેવા સ. મં. લી. (ફડચામાં)તાલુકો માલપુર નો તા. ૩૧-૧૨-૯૮નો અહેવાલ.

આદેશ

ક્રમાંકઃ ફડચ/ફ/૯૮૩૭/૦૧/ગ/૨૩૯૪/૧૯૯૮.– ધી લાલજીના પહાડીયા ગૃપ સેવા સ. મં. લી. મુ. લાલજી નાં પહાડીયા તાલુકો માલપુર જિલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ૧૩૫૩૧ તા. ૧૯-૭-૭૫ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૨૧-૫-૯૬ ના હુકમથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ જેના સંદર્ભ-૨માં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતીમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે હું એમ. કે. દેથલીયા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

INDEX

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન-૧૫માં આ ક્ચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૩૧-૧૨-૯૮.

નં. સેદુ.-૩૦૨૩૭/નવણ/૦૧/ક/૨૧/૯૯.—આથી જાહેર કરે છે કે ધી અયોધ્યાનગર મહિલા દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ સુદરપુરા તાલુકો બાયડ જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૮-૧-૧૯૯૯.

અંતીમ આદેશ

આથી હુ એમ કે. દેખલીયા, જલ્લા રજીસ્ટ્રાર સ. મં. હિમતનગર, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રુએ ધી જાલોદર ગૃપ તેલી. ઉત્પા. સહ.મં. લી. જાલોદર તા. મોડાસા જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરુ છું અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સતતા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ ક્ચરીની નીમણુંક કરુ છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નીયમોનુસાર ફડચા ફી આકારણી કરી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૨-૧-૯૯.

આમુખ :—

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: જીએચકેએચ/૨૪-૯૧/ડી.ડી.જી./૧૧૮૮/૫૨૦૪/જ તા. ૩૦-૩-૯૧.
૨. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
૩. આ ક્ચેરીના તા. ૫-૧૦-૯૮ ના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ/૦૧/ગ/૧૯૫૦/૯૮.

આલોચના

ક્રમાંક: ફડચ/ફ/૧૧૨૮૭/૦૧/ગ/૧૯૯/૯૯.— ધી જાલોદર ગૃપ તેલીબીયાં ઉ. સ. મં. લી. જાલોદર તાલુકો મોડાસા જિલ્લો સાબરકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક: ૨૦૨૬ તા. ૫-૯-૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહુ સંસ્થાની આર્થિક તેમજ વહીવટી સ્થિતિ કથળી જતાં સભ-ઓડીટર સ. મં. પ્રાંતિજ તેમના તા. ૨૩-૯-૯૮ ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે ખાસ અહેવાલ કરલ જે ખાસ અહેવાલ જીલ્લા સ્પે. ઓડિટરશ્રી સ.મં. હિંમતનગર ના તા. ૨૫-૫-૯૮ ના પત્રથી કલમ ૧૦૭ ની કાર્યવાહી સારુ અત્રે મોકલાવેલ સદર બાબતે અત્રેની કચેરીએથી તા.૩-૬-૯૮. ના ક્રમાંક:/ફડચ/૦૧/ગ/૯૬૧/૯૮ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી તા.૨૯-૬-૯૮. ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતું નીયત મુદતે કોઇ લેખીત/મૌખિક રજુઆત ન થતાં, અત્રેથી ફરીથી તા.૭-૯-૯૮ ની મુદત આપેલ પરંતુ આપેલ મુદતે કોઇ રજુઆત ન થતાં આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા.૫-૧૦-૯૮ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ અને તા.૨૯-૧૦-૯૮ ના રોજ રજુઆત સારુ મુદત આપેલ પરંતુ આપેલ મુદતે મંડળીના હોદેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ સંસ્થાના કાર્યવાહકોને કે સભાસદોને-સંસ્થા ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આથી સદર સંસ્થાને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતીમ આદેશ કરવામાં આવે છે.

આમુખ :-

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/તા.૩૦-૩-૯૧.
(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.
(૩) આ કચેરીમા તા. ૫-૧૦-૯૮ ના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ/૦૧/ગ/૧૯૮૬-૯૮.

આલોચના

ક્રમાંક:/ફડચ/ફ/૧૧૨૮૮/૦૧/ગ/૧૯૦ ધી ખાખરીયા ગૃપ તેલી. ઉ.સ.મં.લી. ખાખરીયા તા. મેઘરજ, જીલ્લા સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક:૧૦૨૬૭ તા.૩૦-૧૧-૭૬ થી નોંધાયેલા સહકારી સંસ્થા છે. સદરહુ સંસ્થાની આર્થિક તેમજ વહીવટી સ્થિતિ કથળી જતાં સભ ઓડિટર સ. મં.પ્રાંતીજ એ તેમના તા. ૨૩-૩-૯૮. ના પત્રથી સદર મંડળીને ફડચામાં લઈ જવા માટે ખાસ અહેવાલ કરેલ જે ખાસ અહેવાલ જીલ્લા સ્પેશ્યલ ઓડિટર શ્રી સ.મં. હિંમતનગરના તારીખ ૨૫-૫-૯૮ ના પત્રથી કલમ ૧૦૭ ની કાર્યવાહી સારુ અત્રે મોકલાવેલ. સદર બાબતે અત્રેની ક્ચેરીએથી તા.૩-૬-૯૮. ના ક્રમાંક :ફડચ/૦૧/ગ/૯૬૦/૯૮ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણે દર્શાવવા મંડળીના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૯-૬-૯૮ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નીયત મુદતે કોઇ લેખિત/મૌખિક રજુઆત ન થતાં અત્રેથી ફરીથી તા.૭-૯-૯૮ ની મુદત આપેલ પંરતું આપેલ મુદતે કોઇ રજુઆત ન થતાં આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૫-૧૦-૯૮ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ અને તા. ૨૯-૧૦-૯૮ ના રોજ રજુઆત સારું મુદત આપેલ પરંતુ આપેલ મુદતે મંડળીનાં હોદેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી આમ સંસ્થાના કાર્યવાહકોને કે સભાસદોને સંસ્થા ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આથી. સદર સંસ્થાને ફડચામાં લઇ જવાનાં વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતીમ આદેશ કરવામાં આવે છે.

INDEX

અંતીમ આદેશ

આથી હુ એમ. કે. દેથલીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. હિંમતનગર જી. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી ખાખરીયા ગૃપ તેલબીયાં ઉ.સ.મં. લી. ખાખરીયા તા. મેઘરજ જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરુ છુ અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નીમમું કરુ છું.

ફડચા અધિકારીઓ ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નીયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજારીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૧૨-૨-૯૯.

આમુખ :-

ક્રમાંક: ફડચ/૦૧/ઘ-૨/૧૨૪/૨૦૦૦.– શ્રીજી કન્સ્ટ્રકશન લેબર કો. ઓપ. સોસાયટી લી., મુ. તાજપુરા તા. પાદરા જિ. વડોદરાને ફડચામાં લઈ જવા માટે આમુખ(૧) ના તારીખ ૨૬-૧૨-૯૫ના હુકમથી અંતીમ હુકમ થયેલ છે અને ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી નં. ૩ વડોદરાની નિમણુંક થયેલ હતી.

INDEX

આમુખ (૨)નાતારીખ ૧૧-૧-૨૦૦૦ના હુકમથી સદરહું મંડળી હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવાનો પ્રાથમિક હુકમ કરેલ છે અને તે સામે જો કોઈને વાંધો હોય તો તેમણે હુકમની તારીખથી દિન-૩૦માં અત્રે વાંધો રજુ કરવા જણાવેલ હતું. પરંતુ આજદિનસુધી તે અંગે કોઈ વાંધો મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુ થયેલ નથી. જેથી સદરહું મંડળીને જે તે સ્થિતિએ પુનઃજિવીત કરવાની થાય છે.

આથી શ્રીજી કન્સ્ટ્રકશન લેબર કો. ઓપ. સોસયટી લી. મુ. પો. તાજુપરા તા. પાદરા જિ. વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ના મળેલ અધિકારની રૂએ સદર મંડળી હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૩-૩-૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ ક્રમાંકઃ ફડચ/ફ-૯૭૬૭/ધ-૨/૧૭૯૫ થી ૧૮૦૦ તા. ૧૧-૯-૯૫.

(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૨) લગત કચેરીના જા. નં. ફડચ/૦૨/૨૧/૨૦૦૦ તા. ૨-૨-૨૦૦૦ થી ભલામણ સહ આવેલ દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમની-૧૯૬૧ કલમ-૧૯

પ્રાથમિક હુકમ

ક્રમાંકઃ ફડચ/૦૧/ધ-૨/૧૨૫/૨૦૦૦.– ધી વંકલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તાલુકા પાવી જેતપુર, જિ. વડોદરાને ફડચામાં લઈ જવા અંગે વાંચ્યા-૧ તા. ૧૧-૯-૯૫ થી ફડચાનો અંતીમ હુકમ થયેલ છે અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. (૨) વડોદરાની નિમણુંક થયેલ છે.

શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૨) લગત કચેરીના આમુખ-(૨) માં જણાવેલ પત્રથી સદરહું મંડળી જે સ્થિતિમાં છે, તે જ સ્થિતિએ પુનઃજિવીત કરવા ભલામણ કરી અત્રે મોકલી આપેલ છે, તે આધારે સદરહુ મંડળીને પુનઃજિવીત કરવા પ્રાથમિક નિર્ણય કરેલ છે. જેઓને તે સામે વાંધો હોય તો તેમણે આ હુકમથી દિન-૩૦ માં વાંધા અત્રે રજુ કરવા ઠરાવેલ છે, તે અન્વયે વંકલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો પાવી જેતપુર જિ. વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ ના મળેલા અધિકારીની રૂએ સદરહું મંડળી હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવા પ્રાથમિક હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૪-૩-૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના હુકમ નં. ફડચ/૨-૯૭૯૩/૦૧/ધ-૨/૧૦૧૪-૧૦૨૦ તારીખ ૫-૧૦-૯૬ થી થયેલ ફડચાનો અંતીમ હુકમ.

(૨) આ કચેરીનો પ્રાથમિક હુકમ નં. ફડચ/૦૧/ધ-૨/૨૨૮૯/ તારીખ ૧૨-૧૧-૨૦૦૦.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૨૬/૨૦૦૦.– નેસવાડી મજુર કામદાર સ. મં. લી. નસવાડી તા. નસવાડી જિ. વડોદરાને ફડચામાં લઈ જવા માટે વાંચ્યા (૧) ના તારીખ ૫-૧૦-૯૬ થી ફડચાનો અંતીમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરાની નિમણુંક થયેલ હતી.

વાંચ્યા-૨ ના તારીખ ૧૨-૧૧-૯૯ના હુકમથી સદરહું મંડળી હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવાનો પ્રાથમિક હુકમ કરવામાં આવેલ અને તે સામે જો કોઈને વાંધો હોય તો તેમણે હુકમની તારીખથી દિન-૩૦માં અત્રે વાંધો રજુ કરવા જણાવેલ હતું. પરંતુ આજદિન સુધી તે અંગે કોઈ વાંધો મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુ થયેલ નથી. જેથી સદરહું મંડળીને જે તે સ્થિતિએ પુનઃજિવીત કરવાની થાય છે.

આથી ધી નસવાડી મજુર કામદાર સ. મં. લી. નસવાડી તાલુકા નસવાડી જિ. વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ના મળેલ અધિકારની રૂએ સદરહું મંડળી હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવા આથી હુકમકરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૪-૩-૨૦૦૦.

વંચાણે લીધાઃ

(૧) સરદાર નાગરિક સહકારી બેન્ક લી. વડોદરાને પુનઃજીવીત કરવા અંગેની ફડચા અધિકારી તરફથી આવેલ તા. ૧૯-૧૦-૯૬ની દરખાસ્ત તેમજ વડી કચેરીને તા. ૨૬-૩-૯૭. ૨૧-૧૨-૯૮ અને તા. ૧૨-૧૦-૯૯ ની કરેલ પૂર્તતા દરખાસ્તો.

(૨) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના એ બેન્કને પુનઃજીવીત કરવા આપેલ મંજુરી પત્ર ક્રમાંક નસબ/૦૧/ઝ-૩/૩૨૪૦ તા. ૧૫-૧૨-૯૯ તેમજ તારીખ ૨૯-૨-૨૦૦૦ ના ક્રમાંકઃ નસબ/૦૧/ઝ-૩/૩૯૩/૨૦૦૦.

(૩) આ કચેરીના તા. ૬-૩-૨૦૦૦ ના ડ્રાફટ ઓર્ડર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૫૪/૨૦૦૦.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯(અ)ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંકઃ ફડચ/૦૧/ધ-૨/૧૨૭/૨૦૦૦.– ધી સરદાર નાગરિક સહકારી બેન્ક લી. વડોદરા જેનો રજિસ્ટ્રેશન નંબર સે-૨૭૯૩. તારીખ ૧૮-૪-૧૯૭૪ છે તે બેન્કને ફડચામાંથી પુનઃજીવીત કરવા અંગેનો ડ્રાફટ ઓર્ડર તા. ૬-૩-૨૦૦૦ના રોજ નોટિસ બોર્ડ પ્રસિધ્ધ કરવામાં આવેલો અને વાંધાઓ સુચનો માંગવામાં આવેલા, પરંતુ આજદિન સુધી કોઈ વાધાઓ કે સુચનો આ કચેરીએ આવેલા નથી કે મળેલ નથી. સબબ ડ્રાફટ ઓર્ડર મુજબ મજકુર બેન્કને પુનઃજીવીત કરવા માટેનો નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

INDEX

અંતિમ હુકમ

ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૯(અ) અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ના નિયમ ૧૦ મુજબ અમોને પ્રાપ્ત થતી સત્તાની રુઈએ ધી સરદાર નાગરિક સહકારી બેન્ક લી. 'બી', અંલકાર એપાર્ટમેન્ટ, દાંડિયા બજાર, વડોદરા નોંધણી નં. સે. ૨૭૯૩ તા. ૧૮-૪-૧૯૭૪ને નીચેની શરતોને આધીન રહીને આથી પુનઃજીવીત કરવામાં આવે છે.

(૧) મજકુર બેન્કના નવા મંજુર કરવામાં આવેલ મોડેલ બાયલોઝ (પેટા નિયમ) આજની તારીખથી અમલમાં આવશે.

(૨) મજકુર બેન્કનું પ્રથમ બોર્ડ ઓફ ડીરેકટર્સ ૯ સભ્યોનું સામેલ પરિશિષ્ટ મુજબ નિયુકત છે. જે આ હુકમથી તારીખથી કાર્યરત થશે. રિઝર્વ બેન્ક તરફથી મંજુરી મળ્યાની તારીખથી એક વર્ષ બાદ સદરહુ બોર્ડ ઓફ ડીરેકટર્સની મુદત વધારવી કે ચુંટણી કરાવી તેનો નિર્ણય આ કચેરી દ્વારા કરવામાં આવશે.

(૩) મજકુર બેન્કનું નિયુકત થયેલ બોર્ડ ઓફ ડીરેકટર્સ પેટા નિયમ, તેમજ સહકારી કાયદા, કાનુન તેમજ સરકારશ્રીની સુચનાઓ નિર્દેશ અનુસાર કામકાજ કરશે. પરંતુ બેકીંગ બીઝનેશ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી મંજુરી મળ્યાં બાદ જ કરી શકશે.

(૪) રઝિર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી પુનઃજીવીતની મંજુરી મળતાં સુધી શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત આ કચેરી સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે કામકાજ કરશે.

(૫) રજીસ્ટ્રારશ્રીના તા. ૧૫-૧૨-૯૯ના મંજુરી પત્રમાં જણાવ્યા અનુસાર તબક્કાવાર મુદતવીતી બાકી રકમોની વસુલાત કરી, આવેલ વસુલાતની રકમ ડીપોઝીટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન મુંબઈને રેગ્યુલેશન નં. ૨૨ (એ) મુજબ તુર્તજ આ કચેરીની જાણ હેઠળ ચુકવી આપવાની રહેશે.

(૬) નિયુકત બોર્ડ ઓફ ડીરેકટર્સોએ તેઓએ રજુ કરેલ પુનઃજીવીતની યોજનાના લક્ષ્યાંકને નિયત સમયમર્યાદામાં પુર્ણ કરવાનો રહેશે.

(૭) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા. ૧૫-૧૨-૯૯ અને તા. ૨૯-૨-૨૦૦૦ના મુજુરી પત્રોની સુચનાઓ અને શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે તમામ શરતો અને સુચનાઓ મજકુર બેન્કને બંધનકર્તા રહેશે.

(૮) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના હાલના એન્ટી પોઈન્ટ નોર્મ્સ મુજબનાં શેર ભંડોળના લક્ષ્યાંકો રૂા. ૧ કરોડનાં પ્રથમ વર્ષમાં પ્રાપ્ત કરવાના રહેશે. તેમ છતાં સદર નોર્મ્સમાં જે કોઈ ફેરફાર કે વધારો ઘટાડો રિઝર્વ બેન્ક દ્વારા કરવામાં આવે તો તે મુજબના નોર્મ્સ પુરા કરવાનાં રહેશે.

(૯) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી બેંકીંગ બીઝનેશ માટેના લાયસન્સ મેળવવાની કાર્યવાહી તુર્તજ કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૪-૩-૨૦૦૦.

પરિશિષ્ટ

પ્રથમ નિયુકતબોર્ડ ઓફ ડીરેકટર્સની નામાવલી યાદી

(૧) શ્રી ભાસ્કરભાઈ બી. પટેલ — ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર
૩, આભાર સોસાયટી,
એચ, આર. પેટોલપંપ સામે,
નિઝામપુરા, વડોદરા.

(૨) શ્રી સતીષ ડી. શાહ — ડીરેકટર
૬૦૪, સીલ્વર કાસ્કેડ એપાર્ટમેન્ટ,
બગીખાના રોડ, વડોદરા.
ફોન : ૪૨૩૫૩૭

(૩) શ્રી રજની એમ. જોશી — ,,
૧૩૯, સરદાર નગર, છાણી રોડ,
વડોદરા. ફોન : ૭૯૩૬૫૫

(૪) શ્રી કૃષ્ણવદન એચ. દવે — ,,
૭, અનલ એપાર્ટમેન્ટ, કોઠી,
વડોદરા. ફોન : ૪૩૯૦૪૫

(૫) ડો. વિજય આર. શાહ — ,,
૧૪, રામપાર્ક સોસાયટી, આજવારોડ,
વડોદરા. ફોન : ૫૬૨૦૨૦

(૬) શ્રી પંકજ એસ. પટેલ — ,,
૯૦, હિરા નગર સોસાયટી,
હરણી, વડોદરા. ફોન : ૪૪૭૭૫૮

(૭) શ્રી રમેશ એન. પટેલ — ,,
૨૦૨, રચના એપાર્ટમેન્ટ,
દિપ ચેમ્બર્ચ પાસે, માંજલપુર,
વડોદરા. ફોન : ૬૪૫૨૬૯

(૮) શ્રી નગીનભાઈ એમ. શાહ — ,,
દેસાઈ શેરી, બાવા મઢીનો ખાંચો,
વડોદરા.

(૯) શ્રી કનુભાઈ એમ. શાહ — ,,
૩૬, ઠક્કરબાપા સોસયટી, આયુર્વેદીક
હોસ્પીટલ સામે, પાણીગેટ બહાર,
વડોદરા.

વંચાણે લીધાઃ-

(૧) આ કચેરીના તારીખ ૧૩-૧૦-૧૯૯૯ના હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ધ-૨/૨૧૭૭૧૦/૨૧૮૭/ / /૧૯૯

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૮૭૭/ધ-૨/૧૦૮/૨૦૦૦– ધી સાંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. સાંપા તા. કરજણ જી. વડોદરા નોંધણી ક્રમાંકઃ સેદૂ-૧૩૬૦૦ તારીખ ૩-૧૧-૭૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક

INDEX

હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી ફડચા-નં.-૨ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૨૪-૩-૨૦૦૦.

વંચાણે લીધા:-

(૧) આ કચેરીના તારીખ ૧૩-૧૦-૧૯૯૯ના હુકમ ક્રમાંક: ફડચ/૦૧/ધ-૨/૨૧૬૮ /૧૯૯૯

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૧૮૭૨/ધ-૨/૧૦૯/૨૦૦૦– ધી પરસોત્તમનગર કો. ઓપ. હાઉસિંગ સહકારી મંડળી લિ. મુ. પલાસવાડા તા. ડભોઈ જી. વડોદરા નોંધણી ક્રમાંક: ૧૧૧૨૯ તારીખ ૧૭-૧-૮૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી ફડચા-નં.-૩ લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની કાર્યવાહી એક વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૨૪-૩-૨૦૦૦.

નં. સે-૩૧૮૪૨/નધણ/ગ-૨/૨૮૨/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી ગીરીરાજજી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૭-૩-૨૦૦૦.

નં. સે-૩૧૮૪૩/નધણ/ગ-૨/૨૮૩/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી પારેશ્વર કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૭-૩-૨૦૦૦.

નં. ધ-૧૯૧૫૫/નધણ/ગ-૨/૨૮૬/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી ગિતાશ્રય પ્રિમાઈ સીસ ઓનર્સ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૯-૩-૨૦૦૦.

નં. સેદુ.-૩૧૮૪૪/નધણ/ગ-૨/૨૮૭/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. પુનીયાવાંટ દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ પુનીયાવાંટ તાલુકો છોટા ઉદેપુર જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૯-૩-૨૦૦૦.

વંચાણે લીધા:

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક:વહટ/૦૧/ધ-૧/૨૦૨૧ તા. ૨૭-૯-૯૯ તેમજ તા. ૪-૧-૨૦૦૦ના પત્ર નં. વહટ/૦૧/ધ-૩/૧૫/૨૦૦૦.

INDEX

જા. નં. વહટ/૦૧/૫-૧/૧૧૧/સને ૨૦૦૦.– ધી મોતીપુરા નિયમિત જવાબદારીવાળી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. મોતીપુરા તા. ડભોઈ જિ. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેના આ કામે હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

(૧) તા. ૩૦-૬-૯૮ આખરે મંડળી પાસે બેંક લોન મુદલ રૂા. ૫૨૮,૪૪૫/- તથા વ્યાજ રૂા. ૧૪,૩૯,૬૪૫/- બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે. જેની સામે ૪૩ સભાસદો પાસે મુદલ રૂા. ૮,૧૩,૦૮૦/- તથા વ્યાજ બાકી છે.

(૨) મંડળીના ૪૩ મુદતવીતી બાકીદારોના લેણા બાકી અંગેની નોટીસો આપવા તેમજ તેઓ સામે કલમ-૧૦૬ અન્વયે દાવાની કાર્યવાહી મંડળીએ કરેલ નથી.

(૩) મંડળીના ૭ વ્ય. કમિટિ સભ્યો પૈકી ૫ મુદતવીતી બાકીદારો પાસે રૂા. ૬૫૩૦૩/- મુદલ મુદતવીતી તેમજ વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહી પણ તેમને છુટા કરેલ નથી.

(૪) મંડળીની વ્ય. કમીટી પોતાની ફરજો બજાવવામાં વારવાર નિષ્ક્રિયતા અને બેદરકારી દાખવેલ છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીનું કામકાજ સ્થગિત દશામાં છે. ધિરાણ વસુલાતની કામગીરી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાના કારણે ધોરણ પ્રવૃત્તિમાં અવરોધ આવેલ છે.

(૬) મડળાના આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે.

(૭) મંડળીનો ઓડીટ વર્ગ 'ડ' છે.

(૮) મંડળી પાંચ વર્ષથી શાખ પત્રક બનાવતી નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતી કથળી ગયેલ અને નબળી હોવાના કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દુર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્ય. કમિટિ ને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનવણીમાંહાજર રહી રજુઆત કરવાની તક આમુખ નં. (૩) થી આપવામાં આવેલ હતી. મંડળી તરફે રજુઆત થયેલ છે. પરંતુ મંડળી ચલાવવા માટે કોઈ નક્કર આયોજન નથી. મંડળી વહીવટી અને આર્થીક રીતે નિષ્ફળ ગયેલ હોઈ મંડળી અને લભ્યોના વહીવટી અને આર્થીક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઈ આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચીત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. કે મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી મોતીપુરા નિયમિત જવાબદારીવાળી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. મોતીપુરા તા. ડભોઈ જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી ૧ વર્ષની મુદત માટે નીચેની શરતોને આધીન રહી નિમણુંક કરુ છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીની નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાનો રહેશે.

(૩) મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૩૦-૩-૨૦૦૦.

વંચાણે લીધા:
શ્રી સહકારી અધિકારી ફડચા (૧)ના પત્ર નં. ફડચ-૦૧-૪૧૩૦-૯૨ તા. ૩૦-૧૨-૯૨થી નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૧૩૯/૨૦૦૦.– ધી ચાણસદ ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ચાણસદ તા. પાદરાની નોંધણી ક્રમાંક બે-૩૬૦ તા. ૧૧-૨-૬૩ થી કરવામાં આવી હતી જિલ્લા રાજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૮૦૯૯/૦૧/ગ-૧/૪૬૫/૭૫/૮૮ તા. ૬-૨-૮૮ થી ફડચામાં લઈ જવાનો હુકમ કરી ફડચામાં લઈ જવામાં આવેલ હતી સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહું મંડળીની નોંધણી સબસીડી માંડવાળ થતા સુધીના સમય માટે યથાવત રાખવા અને બાકી કામગીરીના ટ્રસ્ટી તરીકે શ્રી પી. બી. રાઠવા (સીક પિયત)ની નીમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

નં. સેદુ.-૩૧૮૪૫/નઘણ/ગ-૨/૩૦૮/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. મુઢીયારી ગૃપ દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત-સ્થળ મુઢીયારી તાલુકો જેકપાવી જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

INDEX

નં. સેહુ.-૩૧૮૪૬/નઘણ/ગ-૨/૩૦૯/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. જેપૂરા દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ જેપૂરા તાલુકો વાઘોડીયા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

નં. સેહુ.-૩૧૮૪૭/નઘણ/ગ-૨/૩૧૦/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. તરગોળ દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ તરગોળ તાલુકો સંખેડા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

વંચાણે લીધા:
શ્રી સહકારી અધિકારી ફડચા વડોદરા લગત કચેરીના જા. નં. ફડચ/૦૧/૨૬/૯૪ની તા. ૨૮-૧-૯૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ-૨/૧૩૨/૨૦૦૦.– થી જલારામ ઈન્ડસ્ટ્રીઝ મજુર બાંધકામ સહકારી મંડળી લી. મુ. જસલપુર તા. સાવલી નોંધણી ક્રમાંક-ડ-૭૮૬૬ તા. ૧૯૮૨ થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નં. ફડચ/ફ/ઉખસ/૯૧૯૯/ચ-૩/૫૮/ થી ૬૬ તા.૩-૪-૯૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

વંચાણે લીધા:
(૧) ધી હનુમાન દાદા ખેતી પિયત સં.મં. લી. મું. કોલ તા. છોટાઉદેપુર જી. વડોદરાને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ઉખસ/૯૫૧૯/૪૪૨/૧૭૮૧/૯૩ તા. ૬-૧૦-૯૩.
(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરાના પત્ર ક્રમાંક:ફડચ/૦૧/ક-૩/૧૧ તા. ૨૭-૧-૨૦૦૦.
(૩) સરકારીશ્રી ના ખેતી વન અને સહકાર વિભાગના પત્રાંક સીએલએ/૪૯૬૯/૧૮૫૭૦/ડી-૨ તા. ૨૩-૯-૭૭.
(૪) રજીસ્ટ્રારશ્રી, સ.મં.ગું.રા. ગાંધીનગરનો પત્રાંક ફડચ ૧૮૫/ખ/૧૬૩૩ તા. ૧૦-૯-૮૭.
(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ધ-૨/૧૩૩/૨૦૦૦ ધી હનુમાન દાદા ખેતી પિયત સ.મં.લી. મું. કોલ તા. છોટાઉદેપુર વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક: એ-૨૩૬૧ તા. ૨૭-૩-૭૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને સંદર્ભ (૧) ના આ કચેરીના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

ઉક્ત આદેશ હેઠળ નિમાયેલ સહકારી અધિકારી ફડચાએ મંડળીનો હવાલો સંભાળી ફડચાની કામગીરી કરેલ છે. સદરહુ મંડળીને ફડચામાં ૭ વર્ષની મુદત પુરી થયેલ છે.

મજકુર મંડળીનું અંતીમ ઓડીટ આ કચેરીના સીક (પીયત) તરફથી તારીખ ૧-૭-૯૭ થી ૧૦-૧-૨૦૦૦ સુધીના સમયનું તા. ૨૭-૧-૨૦૦૦ ના રોજ હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. અને સદર ઓડીટર અહેવાલ હેઠળ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે આટોપી લેવા ભલામણ કરવામાં આવેલ છે.

સહકારી અધિકારી (ફડચા) તરફથી ફડચાની કામગીરી દરમ્યાન ગુજરાત આદિજાતી વિકાસ લોન, સબસીડી વિગેરે તથા ટ્રાયબલ સપ્લાયની રકમો બાકી પડે છે. જેની સામે મંડળીની માલ મિલ્કતો વગેરેની વારંવાર હરાજીઓ કરવા છતાં કોઈ માલ મિલ્કત લેવા તૈયાર નથી જેથી વેચાણ થઈ શકે તેમ નથી અને સરકારશ્રી તેમજ આદિજાતિ વિ. કા. લોન સબસીડી બાકી રહે છે.

ઉપરોક્ત વિગતો જોતાં મંડળીને કાયદાની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ ન કરતા કાયદાકીય જોગવાઈ હેઠળ ફડચા મંડળીનું અસ્તિત્વ ફડચામાં ગયા તારીખ થી સાત વર્ષની અંદર સમાપ્ત થતુ હોય, સહકારી કાયદાની કલમ-૧૧૪(૧) અન્વયે ઉક્ત મંડળીને આટોપી લેવા અંગેની કાર્યવાહી અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે. અને ઉપરોક્ત જણાવેલ બાકી કામગીરી અંગે મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી પી. બી. રાઠવા સી.કે. પિયત હસ્તક ચાર્જ રાખવા આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ તથા સંદર્ભ (૩) અને (૪) અન્વયે ધી હનુમાનદાદા ખેતી પિયત સ.મં.લી. મું. કોલ તા. છો. ઉ. જીલ્લો વડોદરાની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી આથી જાહેર કરવામાં આવે છે.

ઉક્ત વિગતે ની જણાવ્યા મુજબની મંડળીની બાકી રહેતી કામગીરી અંગે મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી પી. બી. રાઠવા (સી. કે. પિયત) હસ્તક રાખવા આદેશ કરવામાં આવે છે.

INDEX

મજકુર બાકી કામગીરી અને મંડળીના દેવાની પતાવટ થતા સુધી મંડળીની નોંધણી યથાવત રહેતી હોય સદર કાર્યવાહી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ-૨૦ અનુસારના આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારી (૩) એ તેઓ હસ્તક નો મંડળી મજકુર મંડળીની દફતરી હકીકતો અને હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટી ને સુપરત કરવાનો રહેશે.

વડોદરા, તા. ૩૧-૧-૨૦૦૦.

વંચાણે લીધા:

(૧) ધી બાબાદેવ ખેતી પિયત સં.મં. લી. મું. ખડખડ તાલુકો છોટાઉદેપુર જી. વડોદરા ને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ઉખસ/ફ/૯૫૨૦/૦૧/૪૪૨/૧૭૮૨/ તા. ૬-૧૦-૯૩.

(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ વડોદરાના પત્રાંક ફડચ/૦૧/૧૦/૨૦૦૦ તારીખ ૨૪-૧-૨૦૦૦.

(૩) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના પત્રાંક સીએલએ/૪૯૬૯/૧૮૫૭૦/ડી-૨/ તા. ૨૩-૯-૭૭.

(૪) રજીસ્ટ્રારશ્રી, સ.મં.ગું.રા. ગાંધીનગરનો પત્રાંક ફડચ/૧૮૫/બ/૧૬૩૩ તા. ૧૦-૯-૮૭.

(૫) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ધ-૨/૧૩૪/૨૦૦૦ ધી બાબાદેવ ખેતી પિયત સ.મં.લી. મું. ખડખડ તા. છોટાઉદેપુર જી.વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક: બે-૨૩૬૩ તા. ૨૭-૩-૭૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને સંદર્ભ (૧) ના આ કચેરીના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

ઉકત આદેશ હેઠળ નિમાયેલા સહકારી અધિકારી ફડચાએ મંડળીનો હવાલો સંભાળી ફડચાની કામગીરી કરેલ છે. સદરહુ મંડળીને ફડચામાં ૭ વર્ષની મુદત પુરી થયેલ છે.

મજકુર મંડળીનું છેલ્લું અંતીમ ઓડીટ આ કચેરીના સી.ક. (પીયત) તરફથી તારીખ ૧-૭-૯૭ થી ૧૦-૧-૨૦૦૦ સુધીના સમયનું તા. ૨૪-૧-૨૦૦૦ ના રોજ હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. અને સદર ઓડીટ અહેવાલ હેઠળ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે આટોપી લેવા ભલામણ કરવામાં આવેલ છે.

સહકારી અધિકારી (ફડચા) તરફથી ફડચાની કામગીરી દરમ્યાન ગુજરાત આદિજાતી વિકાસ લોન, સબસીડી વિગેરે તથા ટ્રાયબલ સપ્લાયની રકમો બાકી પડે છે. જેની સામે મંડળીની માલ મિલ્કતો વગેરેની વારંવાર હરાજીઓ કરવા છતાં કોઈ માલ મિલ્કત લેવા તૈયાર નથી જેથી વેચાણ થઈ શકે તેમ નથી અને સરકારશ્રી તેમજ આદિજાતિ વિ. કા. લોન સબસીડી બાકી રહે છે.

ઉપરોકત વિગતો જોતાં મંડળીને કાયદાની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ ન કરતાં કાયદાકીય જોગવાઈ હેઠળ ફડચા મંડળીનું અસ્તિત્વ ફડચામાં ગયા તારીખ થી સાત વર્ષની અંદર સમાપ્ત થતું હોય, સહકારી કાયદાની કલમ-૧૧૪(૧) અન્વયે ઉકત મંડળીને આટોપી લેવા અંગેની કાર્યવાહી અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે. અને ઉપરોકત જણાવેલ બાકી કામગીરી અંગે મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી પી. બી. રાઠવા સી.કે. પિયત હસ્તક ચાર્જ રાખવા આદેશ કરવામાં આવે છે.

આદેશ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ તથા સંદર્ભ (૩) અને (૪) અન્વયે ધી બાબાદેવ ખેતી પિયત સ.મં.લી. મું. ખડખડ તા. છોટાઉદેપુર જીલ્લો વડોદરાની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી આથી જાહેર કરવામાં આવે છે.

ઉપરોકત વિગતેની જણાવ્યા મુજબની મંડળીની બાકી રહેલી કામગીરી અંગે મંડળી વતી ટ્રસ્ટી તરીકે શ્રી પી. બી. રાઠવા (સી. કે. પિયત) હસ્તક રાખવા આદેશ કરવામાં આવે છે.

મજકુર બાકી કામગીરી અને મંડળીના દેવાની પતાવટ થતા સુધી મંડળીની નોંધણી યથાવત રહેલી હોય સદર કાર્યવાહી પુર્ણ થયે સહકારી કાયદાની કલમ-૨૦ અનુસારના આદેશ કરવાના રહેશે.

ફડચા અધિકારી (૩) એ તેઓ હસ્તક મજકુર મંડળીની દફતરી હકીકતો અને હવાલો આ હુકમ હેઠળ નિમાયેલ ટ્રસ્ટી ને સુપરત કરવાનો રહેશે.

વડોદરા, તા. ૩૧-૧-૨૦૦૦.

વંચાણે લીધા:

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧-૨-૩/બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી. વડોદરા લગત કચેરીના જા.નં.ફડચ/ફ-૩/૧૪૯/૨૦૦૦ ની તારીખ ૨૮-૩-૨૦૦૦ ની નોંધણી રદની દરખાસ્ત.

જા.નં. ફડચા/૦૧/ધ-૨/૧૩૫/૨૦૦૦. ધી નવજીવન કો. ઓપ. ક્રેડીટ સો. મું. વડોદરાની નોંધણી ક્રમાંક સે-૨૭૬૫ તારીખ ૧૨-૧-૭૩ થી કરવામાં આવી હતી જિલ્લા રજીસ્ટ્રર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૩૯/૪૪૨/૪૩૫ થી ૪૪૨ તારીખ ૨૮-૨-૯૫ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

INDEX

વંચાણે લીધા:

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧-૨-૩/બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી. વડોદરા લગત કચેરીના જા.નં.ફડચ/૦૧/૮૬/૨૦૦૦ની તારીખ ૨૯-૩-૨૦૦૦ ની નોંધણી રદની દરખાસ્ત.

જા.નં. ફડચા/૦૧/ધ-૨/૧૩૬/૨૦૦૦. ધી સમા તમાકુ ઉ. સ. મં. લી. મું. સમા તા. વડોદરાની નોંધણી ક્રમાંક સે-૨૧૧૨૭ તા ૧-૧૦-૮૪ થી કરવામાં આવી હતી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૦૩૪/ધ-૨/૧૪ થી ૨૧ તારીખ ૮-૧-૯૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારી નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

વંચાણે લીધા:

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરીના જા.નં.ફડચ/૦૨/૭૭/૨૦૦૦ની તારીખ ૨૮-૩-૨૦૦૦ ની નોંધણી રદની દરખાસ્ત.

જા.નં. ફડચા/૦૧/ધ-૨/૧૩૭/૨૦૦૦. ધી વણાદરા તેલીબીયાં ઉત્પાદક સ. મં. લી. મું. વણાદરા તા. ડભોઈની નોંધણી ક્રમાંક ૨૪૪૧૨ તા ૨૧-૫-૯૦ થી કરવામાં આવી હતી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૧૧૮૦૬/ધ-૨/૨૦૬૫ થી ૨૦૭૨ તારીખ ૩૦-૯-૯૯ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૧-૩-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૦/સે.-૩૧૮૪૮/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. અન્નપુર્ણા કો. ઓપ. હાઉ. સર્વિસ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૦-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૩/ઉ.-૧૧૮૩૨/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી શ્રમ સાધના મજુર બાંધકામ કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૧-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૪/ધ.-૧૯૧૫૬/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. સયાજીનગરી વિભાગ-૧ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૫/ધ.-૧૯૪૪૨/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. સયાજીનગરી વિભાગ-૨ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદારા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૬/સે.-૩૧૮૪૯/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી સર્વ સ્ટાફ ફેમીલી વેલ્ફર કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૧/સે.-૧૯૪૪૩/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી સાંઈનાથ વ્યુ. કો. ઓપ. ક્રેડીટ સો. લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૪-૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :-

(૧) સહકારી અધિકારી (હાઉસીંગ) લગત સદર કચેરીનો તપાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૨૩૬૪/૯૯/તા. ૮-૧૨-૯૯.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ કલમ-૮૧ની જોગવાઈઓ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૧૨૯/૨૦૦૦.– ધી અરુણોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. મંડળીની અત્રેની કચેરીથી તપાસ કરતા નીચે મુજબની ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) મંડળીમાં પોતાનો પ્લોટ, મકાન, કે ફલેટ સભાસદે વેચવાથી મળતા નફાનો દસ ટકા નફાની રકમ વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- મંડળીમાં આપવાનો નિયમ પેટા કાયદાના પાના નં. ૩૬ માં ફકરા નં. ૧, ૨, ૩ માં જણાવ્યા મુજબ અત્રેની સુચનાથી સાધારણ સભાએ નિયમમાં સુધારો કરેલ ઠરાવ મજૂર કરી નિયમમાં વધારો કરેલ છે. પેટા કાયદાની કલમ ૧૬(૪) મુજબ કારોબારી સમિતિની સંમતિ લઈને મકાન/પ્લોટ/ફલેટ/ વેચાણ કરવાનો નિયમ છે. તે મુજબ કેટલાક ફલેટ વેચનારા-૧૫ સભ્યોએ અમલ કરેલ નથી. ટ્રાન્સફર ફી સોસાયટીને આપેલ નથી. તેથી સાધારણ સભાએ વસુલ ન થાય તો દાવા મુકવા ઠરાવેલુ હતું. પરંતુ તે પૈકી ફકત બે જ સભ્યો ઉપર દાવા મુકેલા. જે પરત ખેંચી લેવામાં આવેલ અને બાકીના સભ્યો ઉપર દાવા આજદિન સુધી મુકવામાં આવેલા નથી. આમ પેટા કાયદા ૧૬(૪) નો ભંગ કરેલ છે.

(૨) સમિતિના કેટલાક સભ્યો વગર પરવાનગીથી મકાન ભાડે આપે છે. ઓફીસ કરવા ભાડે ન અપાય છતાં ભાડે આપીને ભાડા લઈ ભાડાની આવકના ૫ ટકા જેટલી રકમ સોસાયટીને આપવા ઠરાવેલ છે છતાં આપતા નથી.

(૩) પેટા કાયદાની કલમ ૧૨(અ) અને ૧૬-૪ થી સમિતિની મંજૂરીથી ફલેટ વેચવાનું ઠરાવેલ હોવા છતાં ફલેટ વેચનાર સભ્ય મંજુરી મેળવ્યા શીવાય વેચે છે અને સોસાયટીને ટ્રાન્સફર ફી મળતી નથી. આમ પેટા કાયદાનું ઉલ્લંઘન કરેલ છે.

(૪) સભાસદે કોર્પોરેશનમાં મનફાવતો નકશો રજુ કરી પરવાનગી મેળવીને બહુમાળી મકાન તથા દુકાનો બાંધવામાં આવેલ છે. પેટા કાયદા ૧૨(અ) ૭(અ) તથા ૭(બ)નો ભંગ કરી બાંધકામ થયેલ છે. જે બાંધકામ ગેરકાયદેસર છે.

(૫) ૧૧ સભ્યો ૫૫ વર્ષથી મકાનો બધાવતા નથી.

(૬) કમિટિ સભ્ય થવા માટે પેટા કાયદાની કલમ ૪૭ માં ઠરાવેલ છે કે સભાસદો એક મકાન ધરાવતો હોવો જોઈએ. શ્રી સંદીપભાઈ પી. પટેલ તથા જયદીપભાઈ પી. પટેલ બંન્ને એક પણ મકાન પોતાના નામે ધરાવતા નથી, છતાં કમિટિ સભ્ય તરીકે ગેરકાયદેસર નિમાયેલા છે. આમ પેટા કાયદાની કલમ ૫૦(૧)નો અમલ કરેલ નથી.

(૭) પેટા કાયદાની કલમ ૫૦ મુજબ સભાસદ મંડળીના પોતાના મકાનમાં રહેતો હશે નહી તે તથા મંડળીનું લ્બેણું બાકી હશે તે સમિતિનો સભ્ય થવાપાત્ર ગણાશે નહી તેવો નિયમ હોવા છતાં શ્રી પી. જે. પટેલ પોતાનું મકાન ભાડે આપી દીકરાના મકાનમાં રહે છે. વળી પોતાના મકાનનાં પાંચ ભાગ પાડી, પાંચ વેચાણ દસ્તાવેજોથી વેચાણ કરેલું છે. તેના મળતા નફાથી રકમના દશ ટકા જેટલી રકમ આપેલ નથી., છતાં કમિટિ સભ્ય ગેરકાયદેસર બનાવ્યા છે. આમ પેટા કાયદાની કલમ ૫૦(૨)નો અમલ કરેલ નથી.

(૮) સભાસદ પેટા કાયદાની કલમ ૮,૮(અ), ૯ મુજબ એકજ પ્લોટ ધારણ કરી શકશે. વડોદરાની બીજી સોસાયટીમાં પણ પ્લોટ રાખી શકશે નહીં. તે નિયમ હોવા છતાં શ્રી જ્યોતિન્દ્ર છોટુભાઈ ભટ્ટ તેમજ કમલેશભાઈ કાંતીભાઈ પટેલને કમિટિ સભ્ય બનાવેલ છે. આમ મંજુરી મેળવ્યા વગર બે જગ્યાએ પ્લોટ લીધા છે. આમ પેટા કાયદાની કલમ ૮,૮અ, ૯નો અમલ કરેલ નથી.

ઉપરોકત કરાણોને ધ્યાને લઈ મંડળીના હોદ્દેદારોને સહકારી કાયદાની કલમ-૮૧ મુજબ દુર કેમ ન કરવા તે બાબતે રજુઆત કરવા માટે આમુખ નં. (૨) થી રુબરુ સુનવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. પરંતુ સદર તારીખે કોઈપણ હોદ્દેદાર હાજર રહેલ નથી. પ્રમુખશ્રીએ તા. ૨૦-૧૨-૯૯ના પત્રથી મુદત માંગેલ છે. મુદ્દત આપવાનું ગ્રાહ્ય રાખવામાં આવતુ નથી. મંડળીનો વહીવટ પેટા નિયમ મુજબ ચાલતો ન હોઈ પેટા નિયમનો વારંવાર ભંગ થયેલો જણાયેલ છે. જેથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ હેઠળ નીચે મંડળીને વહીવટમાં લેવા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. કે. મકવાણા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર ધી અરુણોદય કો. ઓપ. હાઉસીંગ સો. લી. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે બરતરફ કરવાનો હુકમ કરુ છું. તે રીતે મજકુર કાયદાની કલમ-૮૧ અનુસાર મંડળીનો વહીવટ કરવા નીચેની શરતોને આધિન રહી વહીવટદાર તરીકે શ્રી બી. કે ત્રિવેદી નિમણુંક આપવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીનો મુસાફરીનો ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતી હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

(૪) વહીવટદારના મહેનતાણા રુપે રૂા. ૧૧૦૦/-નક્કી કરવામાં આવે છે.

વડોદરા, તા. ૨૦-૪-૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :-

(૧) બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની તા. ૨૧-૭-૯૯નો જા. નં. લોન/૪૧૫૮.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૧૮/ તા. ૧૦-૧-૨૦૦૦.

(૩) અત્રેની સુનવણીનો પત્ર ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૩૧/૨૦૦૦ તા. ૨૪-૧-૨૦૦૦.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૧૩૦/૨૦૦૦.– ધી બરોલી જુથ મોટા કદની સહકારી મંડળી લી. મુ. બરોલી તા. નસવાડી જિ. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

આમુખ (૧) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાએ રજુ કરેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર સદર મંડળીને સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ વહીવટદાર હસ્તક મુકવાની રજુઆત કરેલ છે.

(૧) મંડળી પાસે બેંક લોન મુદ્લ રૂા. ૩૦૮૦૦૦/ તથા વ્યાજ રૂા.૧,૬૨,૭૩૧/ બાકી છે. જે મુદતવીતી છે તેની સામે ૮૩ સભાસદો પાસે મુદ્લ રૂા. ૩૭૪૭૯૬/-તથા વ્યાજ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીએ ફકત ૧૩ સભાસદો ઉપર ૧૦૬ મુજબના દાવા કરેલ છે. હજુ ૭૦ સભાસદો ઉપર દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૩ કમીટી સભ્યો મુદ્તવીતી બાકીદારો છે. કમિટિ સભ્યોને મંડળીની ધિરાણ વસુલાતમાં રસ નથી.

(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. વસુલાત કરવા કોઈ પગલાં લીધા નથી સ. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઈ રસ નથી.

(૫) મંડળીની વ્ય. કમિટિ/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીનું કામકાજ બીલકુલ સ્થગિત દશામાં છે.

(૭) મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે.

(૮) મંડળીની બેક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

આમ ઉપરોકત કારણોને ધ્યાને લઈ મંડળીના કમિટિ સભ્યોને સહકારી કાયદાની કલમ-૮૧ મુજબ દુર કેમ ન કરવા તે બાબતે રજુઆત કરવા માટે આમુખ નં. (૨) ના પત્રથી રુબરુ સુનવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. પરંતુ સદર તારીખે કોઈપણ કમિટિ સભ્યો હાજર રહેલ નથી. કે લખીતમાં કોઈપણ પ્રકારની રજુઆત કરેલ નથી. જેથી ન્યાયના હિતમાં આમુખ (૩) થી વંચાણે લીધેલ પત્રથી મંડળીના હોદ્દેદારોને સુનવણીની પુરી તક આપી રજુઆત કરવા જણાવવામાં આવેલ હતું તેમ છતાં તારીખે પણ કોઈપણ હોદ્દેદારો હાજર રહેલ નથી. તારીખ ૩-૨-૨૦૦૦ ના પત્રથી જવાબ આપેલ. સદર આપેલ નોટીસના મુદ્દાઓને સુસંગત ન હોઈ જવાબ ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. સંસ્થાને આપેલ નોટીસના આધારે સંસ્થાના કમિટિના સભ્યો જવાબ આપવા હાજર રહેલ નથી. તેમજ લેખીતમાં આપેલ જવાબ નોટીસના મુદ્દાઓને સુસંગત નથી. જેથી સંસ્થાના વ્ય. કમિટિ સભ્યોને સંસ્થા ચલાવવામાં રસ નથી તેમ જણાઈ આવેલ છે.

ઉપરોકત સંજોગામાં મંડળીની આર્થીક પરિસ્થિતિ તદ્ન નબળી થયેલ હોઈ, કામકાજ બીલકુલ બંધ હોઈ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિમાં કોઈ રસ જણાતો નથી. આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દુર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેકં લી. વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. કે. મકવાણા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી બરોલી જુથ મોટા કદની સેવા સહાકરી મંડળી લી. મુ. બરોલી તા. નસવાડી જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેક લી. વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન રહી નિમણંકનો હુકમ કરુ છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતી હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૦-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૩૯/સે.-૩૧૮૫૦/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કો. ઓપ. કેડીટ સો. લી. મર્યાદિત સ્થળ કરજણ તાલુકો કરજણ જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૪-૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની તા. ૨૧-૭-૯૯ના જા. નં. લોન.-૪૧૫૭ થી મળેલ દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ધ-૧/૧૬/ તા. ૧૦-૧-૨૦૦૦.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૧૩૨/૨૦૦૦.– ધી સમસપુરા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. સમસપુરા તા. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

INDEX

આમુખ (૧) થી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર સદર મંડળીને સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ બેંકના વહીવટમાં મુકવાની ભલામણ કરવામાં આવેલ છે.

(૧) મંડળીમાં તારીખ ૩૦-૬-૯૮ આખરે બેંક લોન મુદ્લ રૂા. ૯,૧૨,૦૦૦/- તથા વ્યાજ રૂા. ૧૨,૨૦,૦૦૦-૦૦ જે મુદત વીતી બાકી છે. જેની સામે ૪૫ સભાસદો પાસે મુદ્લ રૂા. ૭૮૬૪૯૭/- તથા વ્યાજ બાકી છે. જે પણ મુદતવીતી છે.

(૨) બે કમિટિ સભ્યો મુદ્તવીતી બાકીદાર છે.

(૩) ૨૩ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ દાવા કરવામાં આવતા નથી.

(૪) મંડળીની કમિટિને મુદતવીતી રકમો વસુલ કરવામાં તથા નવીન ધિરાણ કરવામાં રસ નથી.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફત કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ તેમને અટકાવ્યા નથી.

(૬) મંડળીની વ્ય. કમિટિ/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટાનિયમ અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૭) મંડળીનું કામકાજ સ્થગિત દશામાં છે. મંડળી હાલ ખોટમાં છે. મંડળીની આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી છે.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થીક પરિસ્થિતિ તદ્ન નબળી થયેલ હોઈ, કામકાજ બીલકુલ બંધ હોઈ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિમાં કોઈ રસ જણાતો ન હોઈ કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દુર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું કે. કે. મકવાણા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી ગણપતપુરા ગ્રુપ વિવેપ કાયકારી સહકારી મંડળી લી. મુ. સમસપુરા જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેક લી. વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન રહી નિમણંકનો હુકમ કરુ છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીનો મુસાફરીનો ખર્ચ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) બેંકના વહીવટ દરમ્યાન બેંકને મંડળીની વ્યવસ્થાપક કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજુ કરવાના રહેશે.

(૪) બેંકે વહીવટદાર હેઠળ ૧ વર્ષ પુરુ થયેથી મંડળીની વ્ય. કમિટિની ચુંટણી કરી ચાર્જ સુપ્રત કરી તેની જાણ અત્રે કરવાની રહેશે. વર્ષ દરમ્યાન કામગીરી પુર્ણ કરવાની રહેશે અને જો કામગીરી અધુરી હોય તો વર્ષ પુરા થવાના ત્રણ માસ અગાઉ મુદ્ત વધારાની દરખાસ્ત કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૪-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૪૫/સે.-૩૧૮૫૧/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી અલકાપુરી કોમર્શિયલ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૭-૪-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૫૬/ધ.-૧૯૪૪૫/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી ગીરીકુંજ વિભાગ-૧ કો. ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૫-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૫૭/ધ.-૧૯૪૪૬/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી ગીરીકુંજ વિભાગ-૨ કો. ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૫-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૫૮/સે.-૩૨૦૨૭/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી ગોપીનાથજી કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૫-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૩૬૦/સે.-૩૨૦૨૮/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી સહયોગ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૫-૨૦૦૦.

INDEX

નં. નવણ/ગ-૨/૩૬૧/ઘ.-૧૯૪૪/૨૦૦૦– આથી જાહેર કરે છે કે. શ્રી પુષ્પ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ બ્રોદરા તાલુકો વડોદરા જિલ્લો. વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૫-૨૦૦૦.

વંચાણે લીધા:-

(૧) આ કચેરીના હુકમ નં. : ફડચ/ફ/૯૫૧૧/ગ-૨/૧૩૪૫/તારીખ ૨૪-૮-૯૩.

(૨) આ કચેરીનો પ્રાથમિક હુકમ નંબર ફડચ/૦૧/ઘ-૨/તારીખ ૨૩-૩-૨૦૦૦.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૬૧/૨૦૦૦.– ધી ઝીલાવા ગૃપ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ઝીલાવા, તા. કવાંટને ફડચામાં લઈ જવા માટે વાચ્યાં-૧ ના તારીખ ૨૪-૮-૯૩ થી અંતીમ હુકમ કરવામાં આવેલ હતો અને ફડચા અધિકારી તરીકે ફડચા અધિક નં.-૧ વડોદરાની નિમણુંક કરી હતી.

આમુખ (૨) ના તારીખ ૨૩-૩-૨૦૦૦ના હુકમથી સદર હું મંડળી હાલ જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવાનો પ્રાથમિક હુકમ કરેલ છે. અને તે સામે જો કોઈને વાંધો હોય તો તેમણે હુકમની તારીખથી દિન-૩૦માં અત્રે વાંધો રજુ કરવા જણાવેલ હતુ પરંતુ આજદિન સુધી તે અંગે કોઈ વાંધો મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુ થયેલ નથી. જેથી સદરહું મંડળીને જે તે સ્થિતિએ પુનઃજીવીત કરવાની થાય છે.

આથી ધી ઝાલાવા ગૃપ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા, કવાંટ જિલ્લો વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ના મળેલ અધિકારની રુએ સદર મંડળી હાલ જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૧૧-૫-૨૦૦૦.

વંચાણે લીધા:-

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ફ/૯૭૬૭/ઘ-૨/૧૭૯૫/થી ૧૮૦૦ તારીખ ૧૧-૯-૯૫.

(૨) આ કચેરીના પ્રાથમિક હુકમ નંબર ફડચ/૦૧/ઘ-૨/૧૨૫/ તારીખ ૨૪-૩-૨૦૦૦.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૬૨/૨૦૦૦.– ધી વંકલા ગૃપ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. તા. પાવી-જેતપુર જિ. વડોદરાને ફડચામાં લઈ જવા અંગે વાચ્યાં-૧ ના તારીખ ૧૧-૯-૯૫ ના હુકમથી ફડચાનો અંતીમ હુકમ થયેલ હતો અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં.-૨ વડોદરાની નિમણુંક થયેલ હતી.

આમુખ (૨) ના તારીખ ૨૪-૩-૨૦૦૦ના હુકમથી સદર હું મંડળી હાલ જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવાનો પ્રાથમિક હુકમ કરેલ છે. અને તે સામે જો કોઈને વાંધો હોય તો તેમણે હુકમની તારીખથી દિન-૩૦માં અત્રે વાંધો રજુ કરવા જણાવેલ હતુ પરંતુ આજદિન સુધી મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુ થયેલ નથી. જેથી સદરહું મંડળીને જે તે સ્થિતિએ પુનઃજીવીત કરવાની થાય છે.

આથી ધી વંકલા ગૃપ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા, પાવી-જેતપુર જિલ્લો વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ના મળેલ અધિકારની રુએ સદર મંડળી હાલ જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૧૧-૫-૨૦૦૦.

વંચાણે લીધા:-

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૯૫૩૫/૦૧/જ-૨/૫૨૦/ ૯૪/તારીખ ૫-૫-૯૪.

(૨) આ કચેરીના પ્રાથમિક હુકમ નંબર ફડચ/૦૧/ઘ-૨/૧૧૨/ તારીખ ૧૩-૩-૨૦૦૦.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૧૬૩/૨૦૦૦.– ધી રામગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. તા. વડોદરા જિ. વડોદરાને ફડચામાં લઈ જવા અંગે વાચ્યાં-૧ ના તા. ૫-૫-૯૪ના હુકમથી ફડચામાં લઈ જવાનો અંતીમ હુકમ થયેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં.-૧ વડોદરાની નિમણુંક થયેલ

આમુખ (૨) ના તારીખ ૧૩-૩-૨૦૦૦ના હુકમથી સદર હું મંડળી હાલ જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવાનો પ્રાથમિક હુકમ કરેલ છે. અને તે સામે જો કોઈને વાંધો હોય તો તેમણે હુકમની તારીખથી દિન-૩૦માં અત્રે વાંધો રજુ કરવા જણાવેલ હતુ પરંતુ આજદિન સુધી તે અંગે કોઈ વાંધો મંડળી તરફથી લેખિત કે મૌખિક રજુ થયેલ નથી. જેથી સદરહું મંડળીને જે તે સ્થિતિએ પુનઃજીવીત કરવાની થાય છે.

આથી ધી રામગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા, વડોદરા જિલ્લો વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ના મળેલ અધિકારની રુએ સદર મંડળી હાલ જે સ્થિતિમાં છે. તે જ સ્થિતિમાં પુનઃજીવીત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૧૧-૫-૨૦૦૦.

કે. કે. મકવાણા
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

INDEX

નં. સે-૩૨૦૩૦/નઘણ/ગ-૨/૩૬૯/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી રણછોડરાય ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૫-૨૦૦૦.

નં. સે-૩૨૦૨૯/નઘણ/ગ-૨/૩૭૦/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે આઈ. એમ. એ. વડોદરા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૫-૨૦૦૦.

નં. સે-૩૨૦૩૧/નઘણ/ગ-૨/૩૭૧/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી ચર્તુભુજ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૬-૫-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાના તા. ૨૧-૭-૯૯ ના જા. નં. લોન/૪૧૬૦ થી મળેલ દરખાસ્ત.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ઘ-૧/૨/૨૦૦૦/ તા. ૧-૧-૨૦૦૦.

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૧૫૩/૨૦૦૦.— ધી મેથી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. મેથી તા. કરજણ જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેના આ કામે હવે પછી ''મંડળી '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને તા. ૨૧-૭-૯૯ થી દરખાસ્ત જા. નં. લોન/૪૧૬૦ થી મંડળીને નીચે જણાવેલ ખામીઓ સબબ બેંક વહીવટ હેઠળ મુકવા ભલામણ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અત્રેથી સંસ્થાના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ. જે અન્વયે સંસ્થાના હોદેદારોએ સંતોષકારક જવાબ ન આપતા મંડળીના વહીવટમાં નીચે મુજબની ખામીઓ છે તેમ જણાઇ આવેલ છે.

(૧) મંડળીમાં તા. ૩૦-૬-૯૯ આખરે બેન્ક લોન મુદલ રૂા. ૩૧.૭૬ લાખ પૈકી રૂા. ૨૧.૩૧ લાખ તથા વ્યાજ રૂા. ૧૯.૨૮ લાખ મુદત વીતી બાકી છે. જેની સામે ૮૩ સભાસદો પાસે મુદલ રૂા. ૨૪.૮૭ લાખ તથા વ્યાજ મુદત વીતી બાકી છે.

(૨) તમામ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી કરવાની બાકી છે.

(૩) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફત કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરે છે. તેમાંથી વસુલાતના કોઇ પગલાં લીધા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૪) મંડળીની વ્યવસ્થા કમીટી/મંત્રી ફરજ બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર છે. મંડળીમાં પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીનું કામકાજ સ્થગિત દશામાં છે. મંડળી ખોટમાં છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી છે.

આમ ઉપરોક્ત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત થઇ ગયેલ છે. તેમજ મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએથી મેથી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. મેથી તા. કરજણ જિ. વડોદરાની વ્યસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખ થી ૧ વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારને મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખતે જિલ્લા રજીસ્ટ્રારશ્રીની નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધીન રહીને કરવાનો રહેશે.

(૪) મંડળીનો માસીક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૮-૫-૨૦૦૦.

INDEX

નં. નઘણ/ગ-૨/૩૭૮/સે-દુ.-૩૨૦૩૪/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે સાગવા દુધ ઉત્પા. સ.મં. લી. સાગવા મર્યાદિત સ્થળ સાગવા તાલુકો સંખેડા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૭૯/સે-દુ.-૩૨૦૩૩/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ગંભીરપુરા ગૃપ દુધ ઉત્પા. સ.મં. લી. મર્યાદિત સ્થળ ગંભીરપુરા તાલુકો જે. પાવી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૮૦/સે-દુ.-૩૨૦૩૫/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે નાનીરાસ્કી દુધ ઉત્પા. સહ. મં. લી. મર્યાદિત સ્થળ નાનીરાસ્કી તાલુકો સંખેડા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૮૧/સે-દુ.-૩૨૦૩૭/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ખાંધા મહિલા દુધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ ખાંધા તાલુકો પાદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજસત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૮૨/સે-દુ.-૩૨૦૩૬/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે નવાકેસરના મુવાડા મહિલા દુધ ઉત્પાદક સ.મં.લી. મર્યાદિત સ્થળ નવા કે.મુવાડા તાલુકો સાવલી જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૮૩/સે-દુ.-૩૨૦૩૯/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે સાવલી મહિલા દુધ ઉત્પા. સ.મં.લી. મર્યાદિત સ્થળ સાવલી તાલુકો સાવલી જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૮૪/સે-દુ.-૩૨૦૩૮/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ફલોડ મહિલા દુધ ઉત્પા. સ.મં.લી. મર્યાદિત સ્થળ ફલોડ તાલુકો વાઘોડીયા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૪-૫-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાના તા. ૨૮-૧૦-૯૮ ના જા. નં. ૮૬૩૫ થી મળેલ દરખાસ્ત.
(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ઘ-૧/૧૭૭૯/૯૯ તા. ૩૧-૭-૯૯.
(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૧૧-૯૯ ના જા.નં. વહટ/૦૧/ઘ-૧/૨૨૯૮ થી રાખવામાં આવેલ સુનવણી.
(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૧૭૯/૨૦૦૦.—ધી મદાપુર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. મદાપુર તા. પાદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

આમુખ નં. (૧) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર સદર મંડળીને સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ બેંકના વહીવટમાં મુકવાની ભલામણ કરવામાં આવેલ છે.

(૧) મંડળી પાસે બેંક લોન મુદલ રૂા. ૯,૦૧,૦૯૭/—તથા વ્યાજ રૂા. ૧૯,૨૮,૬૫૨/— મુદતવીતી બાકી છે.
(૨) મંડળીના ૬૧ સભાસદો પાસે મુદલ રૂા. ૧૧,૦૯,૭૪૯/— તથા વ્યાજ બાકી છે. જે પણ મુદતવીતી બાકી છે. સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ કોઇપણ સભાસદ ઉપર દાવા કરેલ નથી.
(૩) ૬ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહી.

INDEX

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન નબળી થયેલ હોઈ કામકાજ બીલકુલ બંધ હોઈ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિમાં રસ જણાતો ન હોઈ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા બાબતે રજુઆત કરવા માટે આમુખ નં. (૨) તેમજ આમુખ નં. (૩) ના પત્રથી રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ. પરંતું સદર તારીખે મંત્રીશ્રી/સરપંચશ્રી હાજર રહી મંડળીને બેંક વહીવટ હેઠળ ન લઇ જવા જણાવેલ છે. પરંતું તેઓએ આપેલ જવાબ વ્યાજબી ન હોઇ ગ્રાહય રાખી શકાય તેમ ન હોઇ બેંકે કરેલ ભલામણ મુજબની ક્ષતિઓ છે તેમ જણાઇ આવે છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી મદાપુર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. મદાપુર તા. પાદરા જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાને વહીવટદાર તરીકે નીચેની શરતોને આધિન રહી નિમણુંકનો હુકમ કરુ છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.
(૨) બેંકના વહીવટ દરમ્યાન બેંકને મંડળીના વ્ય. કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતી હેઠળ કરવાની રહેશે.
(૩) બેંકે વહીવટદાર હેઠળ ૧ વર્ષ પુરુ થયેથી મંડળીની વ્ય. કમિટિની ચૂંટણી કરી ચાર્જ સુપ્રત કરી તેની જાણ અત્રે કરવાની રહેશે અને જો કામગીરી અધુરી હોય તો વર્ષ પુરા થવાના ત્રણ માસ અગાઉ મુદ્દત વધારાની દરખાસ્ત કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૬-૫-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૮૯/સે-૩૨૦૪૧/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે ધી બરોડા ડીસ્ટ્રીકટ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી ફેડરેશન લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૬-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૩૯૦/સે-૩૨૦૪૦/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે વડોદરા ગુજરાતી કેથોલીક કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. વડોદરા મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧-૬-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૩-૧૦-૧૯૯૯ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૧૭૦થી૨૧૭૬/૧૯૯
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા..નં. ફડચ/ફ/૧૧૮૧૩/ધ-૨/૧૯૦/૨૦૦૦.– ધી માલસર ખેતી પિયત સહકારી મંડળી લિ. માલસર તા. સીનોર જી. વડોદરા નોંધણી ક્રમાંક ખે-૧૫૫૫૨ તારીખ ૨૪-૩-૫૧ ની નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(૬)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા (૩) ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૧ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.
(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૮-૬-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ.
(૨) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાના તારીખ ૨-૧૨-૯૯ ના જા. નં. ૯૧૫૪ થી મળેલ દરખાસ્ત.
વડોદરા, તા. ૪-૯-૨૦૦૦.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા લગત કચેરીના જા. નં. ફડચ/૦૨/૨૮૧/૨૦૦૦ ની તારીખ ૩૧-૭-૨૦૦૦ ની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા..નં. ફડચા/૦૧/ધ-૨/૨૯૪/૨૦૦૦.– ધી ઝેર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ઝેર તા. નવસારી ની નોંધણી ક્રમાંક સેદુ-૨૨૪૦૨ તારીખ ૯-૯-૮૭ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૬૮/ધ-૨/૧૮૦૧ થી૧૮૦૭/ તારીખ ૧૧-૯-૯૫ થી ફડચામાં લંઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૬-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/ઉ-૧૧૮૩૫/૫૮૮/૨૦૦૦.– આથી જાહેર કરે છે કે શ્રી સહજાનંદ બાંધકામ મ. કા. સ. મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૧-૯-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૦-૬-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૯૭/૨૦૦૦.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા.નં. ફડચ/ફ/૧૧૮૨૨/ધ-૨/૩૦૩/૨૦૦૦.– ધી આરાધના પાર્ક હાઉસીંગ સહકારી મંડળી લિ. વડોદરા નોંધણી ક્રમાંક ધ-૪૧૨૫ તારીખ ૧૪-૯-૭૧ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૩-૯-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૬-૬-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૯૩/૨૦૦૦.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા.નં. ફડચ/ફ/૧૧૮૨૩/ધ-૨/૩૦૪/૨૦૦૦.– ધી સત્યનારાયણ (ગણેશ) સીમાંત ખેતી પિયત સહકારી મંડળી લિ. મુ. ઉમરાયા તા.

INDEX

પાદરા વડોદરા નોંધણી ક્રમાંક ખે-૨૪૭૪ તારીખ ૧૮-૯-૯૯ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલય-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૩-૯-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનાં તા ૨૮-૬-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૨/૧૧૮૧૫/ઘ-૨/૨૦૭/૨૦૦૦.

(૨) ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ ની જોગવાઇઓ.

સુધારા હુકમ

જા.નં. ફડચ/૦-૧/ઘ-૨/૩૦૨/૨૦૦૦.–શ્રી ઇકબાલ ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. વલણ તા. કરજણ જી. વડોદરા નોંધણી નં. ખે.-૧૪૨૪ તા. ૧૮-૩-૬૭ ને આમુખ (૧) ના હુકમથી ફડચામાં લઇ જઇ ફડચા, અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૩) લગત કચેરીની કરેલ નિમણુંકમાં ફેરફાર કરી ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ લગત કચેરીની આથી નિમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તા. ૧૩-૯-૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ વડોદરાનો તા. ૧૭-૭-૯૯ નો પત્ર નં. અધણ/૦૧/ક-૧/૨૧૨

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંકઃ વહટ/૦૧/ઘ-૧/૨૧૯૭ તેમજ તારીખ ૧-૧૧-૯૯ ના રોજ રાખેલ સુનાવણી.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૩૯/૨૦૦૦:– ધી યુવાશક્તિ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

સદર સંસ્થાનું તા. ૧-૭-૯૯ થી તા. ૩૦-૬-૯૮ સુધીનું ઓડીટ ઓડીટર, સહકારી મંડળીઓ ગ્રાહક (૧) એ હાથ ધરતા મંડળીમાં વહીવટી ક્ષતિ જણાતા આમુખ નંબર ૧ થી સ્પે. રીપોર્ટ કરેલ છે. મંડળીને નીચે જણાવેલ કારણોસર કલમ-૮૧ હેઠળ વહીવટદારના વહીવટ હેઠળ મુકવામાં આવે છે.

(૧) મંડળીની તપાસણી સમય દરમ્યાન મંડળીની એકપણ વ્યવસ્થાપક કમિટિની મીટીંગ મળેલ નથી અને મંડળીના માસિક હિસાબો મંજુર કરેલ નથી પેટા કાયદા ૩૨ (૧) નો ભંગ કરેલ છે. મંડળીમાં જાત-જામીન ધિરાણ સ્થાવર મિલ્કત પર ધિરાણ, થાપણો પર ધિરાણ તથા થાપણોદારને પરત કરવી વ્યાજ ચુકવવુ લેવાની કામગીરી મંત્રી શ્રી ચંન્દ્રકાન્ત બી. પાઠ અને ચેરમેન શ્રી પોતાની મનસ્વી રીતે કોઇપણ જાતના નિયમો સિવાય બીન લોકશાહી ઢબે કરેલ છે. તથા પોતાની ફરજો અને અધિકારોનુ ભાણ ભુલેલ છે. લોન વસુલાતની કામગીરી સમયસર થતી નથી આમ સમગ્ર હકીકત જોતા મંડળીની વ્યવસ્થાપક કમિટિ નિશક્રીય રહેલ છે.

(૨) સને ૧૯૯૫-૯૬ ના વર્ષની સાધારણ સભા સમયસર બોલાવેલ નથી. આ સભા બોલાવવા માટેની જી. રજી. શ્રી વડોદરા તરફથી નિર્દિષ્ટ કરેલ તારીખે બોલાવેલ નથી અને ત્યાર બાદ તા. ૧૫-૧-૯૮ ના રોજ બોલાવેલ છે. આ અંગે કોઇ સ્પષ્ટ કારણ વહીવટદાર પાસે નથી. તેઓએ કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૩) મંડળીની સને ૧૯૯૬-૯૭ ના વર્ષની વા. સાધારણ સભા તા. ૩૦-૯-૯૮ ના રોજ બોલાવેલ છે. સભામાં કોરમ મુજબ ઘણા સભાસદો હાજર રહેલ છે. તેઓની સહીઓ ઠરાવ થતા પહેલા લઇ લેવામાં આવી છે. ત્યારબાદ સામાન્ય સભામાં કોઇપણ જાતનો ઠરાવ કરી ઠરાવ બુકમાં લખવામાં આવેલ નથી. આમ વ્ય. કમિટિ બોર્ડ, સેક્રેટરી ચેરમેન પોતાની ફરજ તેમજ જવાબદારી અદા કરવામાં બેદરકારી દાખવેલ જણાય છે.

(૪) મંડળીના ચેરમેનશ્રી વિનયકાંત પરીખ તેના પુત્ર હિમાંશુ વી. પરીખ તા. ૨૪-૧૦-૯૭ ના રોજ રૂા. ૧૦૭૫૮/- વત્તા વ્યાજના રૂા. ૪૪૪/- મળી કુલ રૂા. ૧૧૦૯૪/- થાપણ મંડળીમાં મુકેલ છે. તેની સામે મંડળીએ શ્રી હિમાશુ વી. પરીખને તા. ૨૪-૧૨-૯૭ ના રોજ રૂા. ૬૧૩૦૦/- તા. ૩૧-૧૨-૯૭ ના રોજ રૂા. ૬૧૦૦૦/- તથા તા. ૨૭-૨-૯૮ ના રોજ રૂા. ૮૩૦૦૦/- મળી કુલે રૂા. ૨૦૫૩૦૦/- ધિરાણ એફ. ડી. સામે મંડળીએ આપેલ છે. મંડળીના પેટા કાયદા ૩૬ (અ)(૧) મુજબ થાપણ પર ૭૫% ધિરાણ મેળવવા ચેરમેનશ્રી ના પુત્ર પાત્રતા ધરાવે છે. તે મુજબ તેઓશ્રીને તેમની થાપણ રૂા. ૧૧૦૯૪/- ના ૭૫% રૂા. ૮૩૨૦/- મળવાપાત્ર થાય છે. જેની સામે મંડળીએ રૂા. ૨૦૫૩૦૦/- ધિરાણ આપી ૧,૯૬,૯૭૯/- વધુ ચુકવેલ છે. મંડળીએ શ્રી હિમાંશુ વી. પરીખ પાસેથી લોન અરજી મેળવેલ નથી. કે આ અંગે વ્યવસ્થાપક કમિટિની મીટીંગ મળેલ નથી અને ઠરાવ થયેલ નથી આમ મંડળીના મંત્રી તથા ચેરમેનશ્રી એક હથ્થુ તથા બીન લોકશાહી પધ્ધતિથી વ્યવસ્થા કરી પોતાના કુટુંબીઓને લાભ આપાવેલ છે.

INDEX

(૫) મંડળીના ચેરમેનશ્રી વિનયકાંત પરીખ ના પત્નિ શ્રીમતિ પ્રવિણાબેન વી. પરીખ તા. ૩૦-૬-૯૮ ના રોજ યાદી મુજબ તેમના ખાતે રૂા. ૪૩૨૮૪/- ની થાપણ મંડળીમાં જમાં બોલે છે. જ્યારે તેઓશ્રી ખાતે રૂા. ૯૨,૦૦૦/- થાપણ લોન વસુલ કરવાની બાકી બોલે છે. તો આમ પેટા કાયદા ૩૬ (અ)(૧) નો ભંગ થયેલ છે. આમ ચેરમેનશ્રી ના સગાઓએ મંડળીમાંથી ખોટી રીતે આર્થિક લાભો મેળવેલ છે. તેમ ફલિત થાય છે.

મંડળીમાં ઉપર જણાવેલ ક્ષતિઓને ધ્યાને લઇ અત્રેની કચેરીમાં તા. ૧-૧૧-૯૯ ના રોજ હાજર રહી સાંભળવાની તક આપવામાં આવેલ હતી હાજર રહી તેઓશ્રીએ લેખિતમાં જવાબ આપેલ છે પરંતુ તેઓશ્રીએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

સમગ્ર મુદ્દાઓને ધ્યાનમાં લેતા ફલિત થાય છે. કે મંડળીની વ્યવસ્થાપક કમિટિએ કોઇ ચોકસાઇ કે દેખરેખ રાખેલ નથી. અને પોતાની ફરજો બજાવવામાં નિષ્ક્રીય ગયેલ છે. ઓડીટરશ્રીએ તેમના ખાસ અહેવાલમાં જણાવેલ ઉપરોકત મુદ્દાઓ જોતા મંડળીનો વહીવટ તેના પેટા કાયદા અને કાનુન હેઠળ ચલાવવામા મંડળીની વ્ય. કમિટિ નિષ્ફળ ગયેલ હોઇ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૮૧ અનુસાર ધી યુવાશકિત કો. ઓપ. ક્રેડીટ સો. લી. વડોદરાની વ્યસ્થાપક કમીટીને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે બરતરફ કરવાનો હુકમ કરું છું. તે રીતે મજકુર કાયદાની કલમ-૮૧ અનુસાર મંડળીનો વહીવટ કરવા શ્રી બી. એ. પટેલ ની નીચેની શરતોને આધિન રહી વહીવટદાર તરીકે નિમણુંક આપવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીનો મુસાફરીનો ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીનો પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીમાં રજુ કરવાના રહેશે.
(૪) વહીવટદારના મહેનતાણા રૂપે રૂા. ૪૦૦૦/- નક્કી કરવામાં આવે છે.

વડોદરા, તા. ૧૩-૯-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૦-૧-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૮/૨૦૦૦.
(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા.નં. ફડચ/ફ/૧૧૮૨૪/ધ-૨/૩૦૫/૨૦૦૦.– ધી ચિત્રાનગર હાઉસીંગ સહકારી મંડળી લિ. વડોદરા નોંધણી ક્રમાંક તારીખ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.
(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૪-૯-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક: ફડચ/ફ-૯૭૬૬/ધ-૨/૧૭૮૯/૯૪/૯૫ તારીખ ૧૧-૯-૯૫.
(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ લગત કચેરીનાં તા. ૩૧-૭-૨૦૦૦ ના જા. નં. ફડચ/૦૧/૨૩૯/૨૦૦૦ થી મંડળીને પુનઃજીવીત કરવા માટેની ભલામણ સહિતની આવેલ દરખાસ્ત.
(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૯ તેમજ નિયમ-૧૦.

અંતિમ હુકમ

ક્રમાંક: ફડચ/૦૧/ધ-૨/૩૦૭/૨૦૦૦.– ધી ગઢચૂલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ગઢચૂલી પો. ભીલાપુરા તા.પાવી-જેતપુર, જિ. વડોદરાને ફડચામાં લઇ જવા અંગે આમુખ (૧) ના તારીખ ૧૧-૯-૯૫ ના હુકમથી ફડચામાં લઇ જવાનો અંતીમ હુકમ થયેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. (૧) વડોદરાની નિમણુંક થયેલ.

શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૧) વડોદરા લગત કચેરીના જા. નં. ફડચ/૦૧/૨૩૯/૨૦૦૦ તા. ૩૧-૭-૨૦૦૦ થી મંડળીને જે તે સ્થિતિમાં પુનઃજીવીત કરવા ભલામણ કરી અત્રે મોકલી આપેલ છે. અને આ આધારે મંડળીને પુનઃજીવીત કરવા નિર્ણય કરેલ છે. જેઓને તે સામે કોઇ વાંધો હોય તો તેમણે આ હુકમથી દિન-૩૦ માં વાંધા સહ રજૂ કરવા ઠરાવેલ છે તે અન્વયે ગઢચૂલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.મુ. ગઢચૂલી

INDEX

પો. ભીખાપુરા તા. પાવી-જેતપુર જિ. વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ તેમજ નિયમ-૧૦ હેઠળ પ્રાપ્ત સત્તાની રૂએ સદરહું મંડળીને જે તે સ્થિતિમાં પુનઃજીવીત કરવા હુકમ કરવામાં આવે છે.

વડોદરા, ૧૫-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૧૨/ઉ-૧૧૮૩૬/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે જીવનદીપ મજુર અને કારીગરોની બાંધકામ સ.મં. લી. મર્યાદિત સ્થળ જલાલપુર તાલુકો પાદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૫-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૨૧/સેદુ-૩૨૨૭૪/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે કપુરાદ દુધ ઉત્પાદક સ.મં. લી. મર્યાદિત સ્થળ કપુરાદ તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૦-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૨૫/નં.ઉ-૧૧૮૩૭/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે સત્યકામ મજુર બાંધકામ સ.મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા શહેર તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૨-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૨૭/સે.૩૨૨૭૭/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે આર્શીવાદ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૨૯/સે.૩૨૨૭૬/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે જયસ્વાલ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૩૦/સે.૩૨૨૭૫/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે સર્વોદય કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ કરજણ તાલુકો કરજણ જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ઘ-૧/૧૭૮/૨૦૦૦/તારીખ ૨૬-૫-૨૦૦૦.

જા. નં. વહટ/૦૫/ઘ-૧/૩૪૮/૨૦૦૦.— ધી ખાંધા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. ખાંધા તા. કરજણ જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી ''મંડળી '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થામાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે વહીવટદાર નીમવા માટે નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેંક લોન રૂા. ૫૪,૦૬,૪૯૬/- તથા વ્યાજ રૂા. ૩૬,૯૬,૩૯૪/- વસુલ કરવાની બાકી છે. જે મુદત વીતી છે. તેજ પ્રમાણે સભાસદ કક્ષાએ પણ મુદતવીતી રકમો વસુલ કરવાની બાકી છે. બેંક નું રૂા. ૯૧,૦૨,૮૯૦/- નું નાંણાકીય હીત જોખમાયેલ છે.

(૨) મંડળીના હોદેદારોને વારંવાર સુચનાઓ આપવા છતાં મુદતવીતી બાકીદારો સામે કલમ-૧૦૬ મુજબ દાવા કરવામાં આવેલ નથી.

(૩) મંડળીના પ્રમુખ/મંત્રી અને કમિટિ સહકારી કાયદાની કલમો પ્રમાણે કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૪) મંડળીમાં ૭ કમિટિ સભ્યો પૈકી ૩ સભ્યો મુદતવીતી બાકીદાર છે તેમની પાસે રૂા. ૩,૧૨,૦૦૦/- મુદલ મુદતવીતી ઉપરાંત વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી પડે છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહિ. તેમને છુટા કર્યા નથી.

INDEX

(૫) મંડળીમાં વારંવાર મુલાકાતો લેવા છતાં ઈન્સ્પેકશન કરાવવાની સવલત આપતા નથી.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી, ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં હોવાથી, મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃતિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઈજ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિ ને દૂર કરી તેની જગ્યાએ બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લિ. ને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્ય. કમિટિ ને ઉકત મુદાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી, પરંતુ મંડળી તરફથી કોઈ જ હાજર રહેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી તેમ ફલિત થાય છે. મંડળી અને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અત્રેનો અભિપ્રાય હોઈ આ સંજોગોમાં મંડળી ને બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી ખાંધા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. ખાંધા તા. કરજણ જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખ થી ૧ વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ મંડળીની વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાનો રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

(૪) મંડળીમાં વહીવટદારની મુદત પુરી થયેથી નવીન કમિટિની ચુંટણી કરી નવીન કમિટિને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે. અને જો કામગીરી બાકીમાં હોય તો મુદત વધારા માટે ત્રણ માસ અગાઉ અત્રે દરખાસ્ત કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૦.

વંચાણે લીધો :

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ લગત કચેરીના જા.નં. ફડચ/૦૨/૨૯૭/૨૦૦૦ ની તારીખ ૨૫-૮-૨૦૦૦ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા..નં. ફડચા/૦૧/ધ-૨/૩૨૨/૨૦૦૦.– ધી લાલજીપુરા સીમાંત ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. લાલજીપુરા તા. વડોદરા ની નોંધણી ક્રમાંક ખે-૨૧૫૫ તારીખ ૧૯-૯-૭૫ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચ/ફ/૯૭૮૫/ધ-૨/૧૭૬ થી ૧૮૨ તારીખ ૧૨-૩-૯૬ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦-૬-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સ. મં. વડોદરાના ખાનગી પત્ર નં. અષણ/૦૧/ક-૧/૯૨/૨૦૦૦ તારીખ ૧૨-૭-૨૦૦૦.

(૨) ઓડિટર સ. મં. ગ્રેડ-૧ પ્રમાણિત વડોદરા તરફથી પત્ર નં. અષણ/૦૧/૧/તારીખ ૪-૧-૨૦૦૦ થી આવેલ અહેવાલ.

(૩) અત્રેની કચેરીની તારીખ ૪-૮-૨૦૦૦ ના જા. નં. વહટ/૦૧/ધ-૧/૨૭૮ થી આપવામાં આવેલ કારણ દર્શક નોટીસ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૬૦/૨૦૦૦.–ધી પાદરા તાલુકા પ્રાથમિક શિક્ષકો ની કો. ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝયુ સોસાયટી લી. મુ. પો. પાદરા જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી નં. ૧૭૭૩૨ તારીખ ૨૮-૪-૫૨ થી નોંધાયેલ ગણાતી સહકારી સંસ્થા છે.

સદરહું મંડળીનું તારીખ ૧-૭-૯૭ થી તારીખ ૩૦-૬-૯૮ સુધીનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ (પ્રમાણિત) વડોદરા દ્વારા હાથ ધરવામાં આવેલ સદર ઓડીટ દરમ્યાન જણાઇ આવેલ વહીવટી ક્ષતિઓ આમુખ (૧) માં જણાવ્યા મુજબ ખાસ અહેવાલ કરી મંડળીમાં સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે કાર્યવાહી કરવા જણાવેલ મંડળીમા નીચે મુજબની ક્ષતિઓ જણાઇ આવેલ હોઇ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીને વહીવટદારના વહીવટ હેઠળ મુકવામાં આવે છે.

(૧) મંડળીના કાર્યવાહકોએ પેટા કાયદાની કલમ-૬ મુજબ કરજ કરવાની ક્ષમતા કરતાં વધુ કરજ કરેલ છે. જેની મંજુરી સંબધિત સત્તાધિકારીની મેળવેલ નથી.

INDEX

(૨) મંડળીના કાર્યવાહકોએ પેટા કાયદાની કલમ-૭ ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૭૧ નો ભંગ કરી નીચે મુજબ વધારાના ભંડોળનું રોકાણ કરવામાં આવેલ છે. જેની મંજુરી સત્તાધિકારીની મેળવેલ નથી.

(એ)	અન્યોન્ય કો. ઓપ. બેંક લી. વડોદરાની પાદરા શાખા.	૪૦,૯૧.૦૦૦/-
(બી)	પીપ્લસ કો. ઓપ. બેંક લી વડોદરા.	૪૭,૪૭,૧૦૬/-
(સી)	મહાલક્ષ્મી કો. ઓપ. બેંક લી. સયાજીગંજ શાખા.	૩,૦૦,૦૦૦/-

(૩) મંડળીના કાર્યવાહકોએ પેટા કાયદાની કલમ-૧૪ મુજબ નિવૃત્ત થયેલ સભાસદોને સભ્યપદેથી દૂર કર્યા નથી. કે આ અંગે તેમને ચાલુ રાખવા અંગેની જોગવાઈઓ મંજુર કરાવેલ નથી. સદર ૩૯ સભાસદો પાસે તારીખ ૩૦-૬-૯૮ ના અંતે રૂા. ૧૧,૪૫,૩૬૦/- ની મુદતવીતી ધિરાણ બાકી બોલે છે. જેની વસુલાત કરવા માટે સ. કા. ની. કલમ-૧૦૬ મુજબ કોઈ પગલા લીધેલ નથી.

(૪) મંડળીનો મંત્રી મુદતવીતી બાકીદાર હોવા છતાં મંત્રી ના હોદા ઉપરથી દૂર કરેલ નથી. જેથી પે. કા. ની કલમ-૩૩(અ) નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૫) મંડળીના કાર્યવાહકોએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ-૬૬ મુજબ હિસાબો તૈયાર ન કરી વાર્ષિક સાધારણ સભામાં ખોટા હિસાબો રજૂ કરી ઉક્ત કલમ અને પેટા નિયમ ૫૬ (અ)નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૬) મંડળીના કાર્યવાહકોએ કલમ ૩૯ (૬) મુજબ હિસાબો સાચા તૈયાર કરી સાધારણ સભામાં રજુ કરેલ નથી. જેથી સદર પેટા નિયમનો સ્પષ્ટ ભંગ થયેલ જોવા મળે છે.

(૭) સોસાયટીના કાર્યવાહકોએ પેટા કાયદાની કલમ-૪૧ મુજબ આંતરિક ઓડીટરની નિમણુંક કરી સમયાંતરે આંતરીક ઓડીટ કરાવેલ નથી.

(૮) મંડળીના કાર્યવાહકોએ તારીખ ૧-૭-૯૬ થી તારીખ ૩૦-૬-૯૭ સુધીના ઓડીટ સમયના ઓડીટ ખામીઓની દુરસ્તી સમય મર્યાદામાં ન કરી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૯) મંડળીના કાર્યવાહકોએ ત્રણ વર્ષ ઉપરની બાકી પડતી ડીવીડન્ડની રકમ પેટા કાયદા નં. ૫૮ મુજબ રીઝર્વફંડ ખાતે લઈ જવાની કોઈ કાર્યવાહી હાથ ધરી નથી.

(૧૦) મંડળીના કાર્યવાહકોએ જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. વડોદરાએ મકાન બાંધકામ અંગે ખર્ચ કરવા મંજુરી પત્ર નં. સક્ક/૦૧/ઝ-૧/૫૦૨ તારીખ ૨૧-૧૦-૯૮ થી જે શરતે મંજુરી આપેલ છે. તેનું પાલન કરેલ નથી.

(૧૧) મંડળીના મંત્રી દ્વારા ઓડીટ સમય દરમ્યાન રૂા. ૧૭,૧૫,૦૦૦/- ની કામચલાઉ ઉચાપત કરવામાં આવેલી છે. જે અંગે મંડળીના કાર્યવાહકોએ કોઈ પગલા લીધેલ નથી. અને ફરજ પ્રત્યેની નિષ્કાળજી દાખવી પેટા નિયમ અને કાયદાનો સ્પષ્ટ ભંગ કરેલ છે.

ઉપરોક્ત કારણો હેઠળ સ. કા. ની કલમ-૮૧ અનુસાર કારણ દર્શક નોટીસ આપી તારીખ ૧૬-૮-૨૦૦૦ ના રોજ સુનવણી રાખવામાં આવી. સદર મુદતે કેટલાક હોદેદારો હાજર રહી રજુઆત કરેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોઈ મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા નિયમને અનુરૂપ ચાલતો નથી. અને તે પ્રમાણે વહીવટ ચલાવવા કમિટિ સક્ષમ નથી પરિણામે મંડળી અને મંડળીના સભાસદોના આર્થિક તેમજ વહીવટી હિતોને નુકશાન કર્તા હોવાનું સ્પષ્ટ થાય છે. તમામ બાબતો જોતાં વહીવટદાર નીમવા અનિવાર્ય જણાતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

J-33-16.

: હુકમ :

હું, કે. કે. મકવાણા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અનુસાર ધી પાદરા તાલુકા પ્રાથમિક ટીચર્સ કો. ઓપ. ક્રેડીટ કન્ઝયુ. સોસાયટી લી. મુ. પાદરા જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી એ. ડી. પંડિત ની નિમણુંક મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી ૧ વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારને મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રી નિયંત્રણ અને સંમત્તિ હેઠળ કરવાનો રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

(૪) વહીવટદારશ્રીને માસિક રૂા. ૩૦૦૦/- મહેનતાણા તરીકે ચુકવવાના રહેશે.

વડોદરા, તા. ૪-૧૦-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૬૫૭/સે.૩૨૨૭૮/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી હરી કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૪-૧૦-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૬૬૭/સે.૩૨૨૭૯/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી જી સીટી કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૬-૧૦-૨૦૦૦.

નં. નધણ/ગ-૨/૬૬૮/ધ-૧૯૪૫૦/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી લક્ષ્મીનારાયણ કો. ઓપ. હા. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૧૦-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૭૩/ઉ-૧૧૮૩૮/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે વ્રજેશ મજુર બાંધકામ સ. મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૨-૧૦-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) સંસ્થાના હોદેદાર તરફથી તારીખ ૨૨-૩-૨૦૦૦ ના રોજ આવેલ પત્ર.

(૩) અત્રેની કચેરીના સ.અ.(હા) નો તા. ૨૬-૬-૨૦૦૦ ના પત્ર નં. ઘરમ/૦૧/ગ-૧/૩૦૨/૨૦૦૦ થી કરેલ અહેવાલ.

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૩૭૨/૨૦૦૦.—ધી મહેંદીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી આ કામે 'મંડળી' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર સંસ્થાના હોદેદારો એ અત્રે તા. ૨૨-૩-૨૦૦૦ ના પત્રથી અરજી કરી જણાવેલ છે. કે સદર સંસ્થાની વા. સા. સભા. ૧૨-૩-૨૦૦૦ ના રોજ રાખવામાં આવેલ હતી. મંડળીના પ્રમુખ/મંત્રી તથા તમામ વ્યવસ્થાપક કમીટી સભ્યોએ રાજીનામાં આપેલ છે. તેમજ હાલમાં મંડળીમાં કોઇ સભ્યો વહીવટ લેવા તૈયાર નથી જેથી મંડળીના વહીવટદાર નીમવા જણાવેલ છે. આમુખ નં. (૩) થી અત્રેની કચેરીના સ..અ. (હા) સ્થળ તપાસ કરી અહેવાલ આપેલ છે. કે મંડળીનો વહીવટ કોઈ સંભાળવા તૈયાર નથી. તેમજ તા. ૧૨-૩-૨૦૦૦ ની વા. સા. સભામાં નવી વ્ય. કમીટીની રચના માટે હાજર રહેલ સભ્યો પૈકી કોઇએ મંડળીનો વહીવટ સંભાળવા રસ ધરાવેલ ન હોઈ હાલની કામચલાઉ વ્ય. કમીટીને બરખાસ્ત કરી વહીવટદારની નિમણુંક કરવા ઠરાવ કરેલ છે. મંડળીમાં કોઇ કાર્યવાહી થતી નથી. કારોબારીની મીટીંગ મળતી ન હોઇ મંડળીને કારણ દર્શક નોટીસ પાઠવવાની જરુરીયાત રહેતી નથી. અને વહીવટદાર હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, શ્રી કે. કે. મકવાણા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાએ ધી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી. મહેંદીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાની હાલની કમીટીને દુર કરી મંડળીના વહીવટદાર તરીકે શ્રી આઈ. એમ. પઠાણ ની વહીવટ સંભાળ્યા તારીખથી ૧ વર્ષ માટે નીચે જણાવેલ શરતોને આધિન નિમણુંક કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારની મુસાફરીનો ખર્ચ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રી ના નિયંત્રણ અને સમંતિ હેઠળ પુરા કરવાના રહેશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનુન અને પેટા. નિ. આધિન રહીને કરવાનો રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત અત્રે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે.

વડોદરા, તા. ૧૬-૧૦-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાના તા. ૨-૧૨-૯૯ ના જા. નં. /૯૧૫૩ થી મળેલ દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૯-૨-૨૦૦૦ ના પત્ર નં. વહટ/૦૧/ઘ-૧/૪૬/૨૦૦૦/ થી આપવામાં આવેલ કારણ દર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

જા. નં. વહટ/૦૧/ઘ-૧/૩૭૪/૨૦૦૦.— ધી જય ચામુંડા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. મુ. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેના હવે પછી આ કામે ''મંડળી '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાના તા. ૨-૧૨-૯૯ જા. નં. /૯૧૫૩ થી મંડળીને નીચે જણાવેલ ખામીઓ સબબ બેન્ક વહીવટ હેઠળ મુકવા ભલામણ કરવામાં આવેલી છે.

(૧) મંડળીએ બેન્કની માંડવી શાખામાંથી કેશ ક્રેડીટની સવલત રૂા. ૪૫,૦૦૦-૦૦ પા. તારીખ ૧૬-૧૨-૮૨ માટે લીધેલ હતી જે રકમો મુદતવીતી તથા વ્યાજ સહિત રૂા. ૫,૬૧,૨૦૭-૦૦ બાકી નીકળે છે.

(૨) મંડળીના ૫૭ મુદતવીતી બાકીદારોના લેણા બાકી અંગેની નોટીસો આપવા તેમજ તેઓ સામે કલમ-૧૦૬ અન્વયે દાવાની કાર્યવાહી કરવા માટે બેન્ક તરફથી વારંવાર સૂચનાઓ આપેલ હોવા છતાં તેનો અમલ થતો નથી.

(૩) મંડળીના ૯ વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી ૬ મુદતવીતી બાકીદારો પાસે રૂા. ૯,૮૦૦ તથા વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી પડે છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી તેમને કમીટીમાંથી દૂર કર્યા નથી.

INDEX

(૪) મંડળીનું કામકાજ બિલકુલ સ્થગિત દશામાં છે. ધિરાણ વસુલાત કાર્યવાહી થતી નથી. સંચાલકોની નિષ્ક્રીયતાના કારણે ધિરાણ પ્રવૃત્તિમાં અવરોધ આવેલ છે.

(૫) મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઇ આવેલ છે.

(૬) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ ધિરાણની વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૭) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી. હાલ મંડળીમાં સાધરણ સભા, વ્યવસ્થાપક કમિટિની મીટીંગ બોલાવવામાં આવતી નથી. મંડળી ૧૩ વર્ષથી સ્થગિત હાલતમાં છે.

આમ ઉપરોક્ત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી.

આ સંજોગોમાં વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ પાઠવી સુનાવણીમાં હાજર રહી રજૂઆત કરવાની તક આમુખ-૨ થી આપવામાં આવેલ તેમજ તા. ૩૧-૩-૨૦૦૦ તેમજ તા. ૫-૬-૨૦૦૦ ના રોજ સાંભળવાની તક આપેલ પરંતુ તેવોશ્રીએ લેખિતમાં કરેલ રજૂઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોઈ મંડળીને બેન્ક વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી જય ચામુંડા કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી, વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી ૧ વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાનો રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૬-૧૦-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૯૨/સે.દૂધ-૩૨૨૮૦/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે બોરીયાદ દૂધ ઉ. સ. મં. લી. મર્યાદિત સ્થળ બોરીયાદ તાલુકો ડભોઈ જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૬-૧૦-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૯૫/સે.-૩૨૨૮૧/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી હરીઓમ સહાયક સ. મં. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૧-૧૦-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૯૬/ઘ.-૧૯૪૫૧/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી મંગલા કો. ઓપ. હાઉસીંગ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૧-૧૦-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૬૯૭/સે-૩૨૨૮૨/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે જય કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૧-૧૦-૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) અત્રેની કારણદર્શક નોટીસ ક્રમાંક/વહટ/૦૧/ધ-૧/૧૭૬/ ૨૦૦૦ તારીખ ૨૬-૫-૨૦૦૦.

(૩) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરા ના તારીખ ૮-૧-૨૦૦૦ નાં પત્ર નંબર ૧૧૪૪૮ નાં પત્રથી મંડળીને બેન્ક હસ્તક વહીવટમાં મુકવા માટે ની દરખાસ્ત.

(૪) અત્રેની કચેરીનાં મદદનીશ સહકારી અધિકારી (પ્લાન) ને તારીખ ૨૨-૮-૨૦૦૦ નો મંડળીને વહીવટમાં લઈ જવા અંગ નો સ્થળ-તપાસ અંગેનો અહેવાલ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૮૪/૨૦૦૦.–ધી ભાવનગરપુરા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મું. ભાવનગરપુરા તાલુકો વાઘોડીયા જી. વડોદરા. એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીમાં આમુખ નં. (૩) થી ધી, બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરા. ની અત્રેની કચેરીમાં રજુ થયેલ દરખાસ્ત માં નીચે જણાવેલ કારણોસર ભલામણ થતાં વહીવટદાર હસ્તક મુકવા માટે અભિપ્રાય થાય છે.

(૧) તારીખ ૩૦-૬-૨૦૦૦ આખરે મંડળી પાસે કુલ ધિરાણ રૂપિયા ૨૨,૬૬,૩૦૦/- બાકી પડે છે. જે પૈકી મુદતવીતી બાકી રૂપીયા ૧૫,૫૪,૩૫૦-૦૦ છે જ્યારે બેન્ક લોન રૂા. ૨૩,૨૮,૧૦૦-૦૦ બાકી પડે છે, જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) તારીખ ૧૨-૬-૨૦૦૦ ના રોજ સુનાવણી સમયે મંડળીના હોદેદારોએ તા. ૩૦-૬-૨૦૦૦ સુધીમાં રૂા. ૫,૦૦,૦૦૦-૦૦ વસુલાત આવશે તેમ જણાવેલ પરંતુ ત્યારબાદ રૂપિયા ૧,૨૪,૮૦૦-૦૦ ની વસુલાત તા. ૩૦-૬-૨૦૦૦ સુધી આવેલ છે જે વસુલાત ચાલુ ધિરાણ પૈકીની છે. મુદતવીતી બાકી રકમ પૈકીની વસુલાત આવેલ નથી.

(૩) મંડળીના હોદેદારોએ તારીખ ૧૨-૬-૨૦૦૦ ના રોજ સુનાવણી સમયે મુદતવીતી બાકીદારો સામે કલમ-૧૦૬ મુજબ તા. ૩૦-૬-૨૦૦૦ સુધી દાવા કરવાની બાહેંધરી આપેલ જે કાર્યવાહી મંડળીએ બાકીદારો સામે કલમ-૧૦૬ મુજબ દાવાઓ કરેલ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજ બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે.મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવેલ નથી.

(૫) મંડળીની કામગીરી સ્થગિત અવસ્થામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ ધિરાણની વસુલાત જોખમમાં મુકાયેલ છે.

ઉપરોક્ત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન કથળી ગયેલ હોઇ કામકાજ બીલકુલ બંધ હોઇ સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોય મંડળી ચાલુ રહી શકે તેવી શકયતા જણાતી નથી. આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી. ભાવનગરપુરા ગૃપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી., મુ. ભાવનગરપુરા તા. વાઘોડીયા જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી., વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી એક વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધીન રહી નિમણુંકનો હુકમ કરું છું.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજૂ કરવાના રહેશે.

વડોદરા, તા. ૨૪-૧૦-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૪) સ્પેશ્યલ ઓડીટરશ્રી મીલ્ક ઓડીટ ઓફિસ વડોદરાનો તારીખ ૧૯-૫-૨૦૦૦ ના પત્ર નં. અષણ/૦૧/ખ-૧/૧૪.

(૨) અત્રેની કચેરીના તારીખ ૨૫-૭-૨૦૦૦ ના પત્ર નં. વહટ/ ૦૧/ધ-૧/૨૬૭/૨૦૦૦ થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૮૫/૨૦૦૦.–ધી અવાખલ દૂધ ઉત્પાદક સ. મં. લી. મું. અવાખલ તાલુકો શિનોર જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

સ્પેશ્યલ ઓડીટરશ્રી મિલ્ક ઓડીટ ઓફિસ વડોદરાના ઓડીટ અહેવાલ થી મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા જણાવેલ છે. મંડળીમાં નીચે જણાવેલ ક્ષતિઓ અને ગેરરીતિઓ હોવાનું જણાવેલ છે. જેથી આ અંગે અત્રેથી સદર મંડળીને વહીવટ હેઠળ લેવા માટે સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંકનો હુકમ કરવામાં આવે છે.

(૧) સંસ્થા ના પે. નિ. ૨૪(અ), ૨૯(૧૧), ૨૯(૧૩), ૨૯(૧૬), ૨૯(૧૮) તથા ૩૧, ૩૨ નું ઉલ્લંઘન કરવામાં આવે છે.

(૨) સંસ્થાએ સ. કા. ની કલમ ૩૯, ૭૨, અને ૮૫ નો ભંગ કરેલ છે.

(૩) પે. નિ. વિરુધ્ધ કર્મચારીને રૂા. ૧૫,૧૭૫/- નું એડવાન્સ કર્મચારીની અરજી જામીનગીરી વગર ચુકવેલ છે.

INDEX

(૪) વ્ય. કમિટિએ પેટા કાયદાની વિરુધ્ધ જઈ રૂા. ૧,૨૪,૭૦૦/-નું સભાસદ એડવાન્સ આપેલ છે.

(૫) પે. નિ. ની કલમ ૨૪(અ) ની જોગવાઈ વિરુધ્ધ સંસ્થાના સભાસદ મુદતવીતી બાકીદાર શ્રી ચુનીભાઈ કસ્તુરભાઈ પટેલ હોવા છતાં વ્ય. કમિટિ તરીકે ચાલુ રાખેલ છે.

(૬) પે. નિ. ની કલમ ૨૯ મુજબ વ્ય. કમિટિ પોતાની ફરજ જવાબદારી નિભાવવામાં કસુરવાર થયેલ છે.

(અ) મંડળીના હિસાબો તથા મંડળીની સિલક માલ સ્ટોક દૂધ ની વધઘટ અંગે કમિટિએ ધ્યાન આપેલ નથી.

(બ) મંડળીના લ્હેણા તેમજ મુદતવીતી બાકી અંગે કોઈપણ પ્રકારના સક્રિય પગલા લીધા નથી.

(ક) સંસ્થાના કર્મચારીની ફરજ જવાબદારી નક્કી કરતા ઠરાવો કરેલ નથી.

(ડ) સંસ્થાએ હાથ ઉપર સિલક રાખવા અંગે ઠરાવ કરી તેની ભૌતિક ચકાસણી કરેલ નથી.

(ઇ) સંસ્થાએ વા. સા. સભામાં. સ્થાનિક ઓડીટરની નિમણુંક કર્યા બાદ સ્થાનિક ઓડીટરે પોતાની ફરજ જવાબદારી અદા કરેલ નથી.

(૭) વ્ય. કમિટિએ મંડળીના હિસાબો, ચોપડા દફતર રાખવા અંગે કાળજી રાખેલ નથી.

(૮) સંસ્થાએ કર્મચારી માટે પ્રોવિડન્ડ ફંડની જોગવાઈઓ બાબતે પે. નિ. સુધારાની કાર્યવાહી કરેલ નથી.

(૯) સભાસદ રજીસ્ટ્રારમાં વારસદારની નિમણુંક કરવા અંગે કમિટિ એ કાળજી રાખેલ નથી.

(૧૦) સંસ્થાએ પાછલા ઓડીટ રીપોર્ટની દુરસ્તી કરેલ નથી.

આમ સંસ્થાએ પેટા નિયમ તેમજ સહકારી કાયદા કાનૂન ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને વ્ય. કમિટિએ મનસ્વી રીતે તેમજ બીન જવાબદારી રીતે વહીવટ કરી મંડળીને આર્થિક નુકશાન પહોંચાડેલ છે.

ઉપરોકત સંજોગોમાં સદર સંસ્થા ધી અવાખલ દૂધ ઉત્પા. સ. મં. લી. ના ચાલુ ૧ વર્ષની વ્યવસ્થાપક કમીટીના સભ્યોને બરતરફ કરી કલમ-૮૧ હેઠળ ધી વડોદરા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. વડોદરાને વહીવટદાર તરીકે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, કે. કે. મકવાણા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની-૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી. અવાખલ દૂધ ઉત્પાદક સ. મંડળી લી., મુ. અવાખલ તા. શિનોર જી. વડોદરાની ચાલુ વર્ષની વ્યવસ્થાપક કમિટિના સભ્યોને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે વડોદરા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. મું. વડોદરાની નિમણુંક અત્રેથી કરવામાં આવે છે.

વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નો વહીવટદાર તરીકે મંડળીનો ચાર્જ સંભાળ્યા તારીખથી નીચે જણાવેલ શરતોને આધિન રહી નિમણુંક કરવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજ ના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા કાનૂન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના તમામ હીતમાં કામગીરી કરવાની રહેશે.

વડોદરા, તા. ૨૪-૧૦-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) સ્પેશ્યલ ઓડીટરશ્રી મિલ્ક ઓડીટ ઓફીસ વડોદરાનો તારીખ ૧૯-૫-૨૦૦૦ ના પત્ર નં. અષણ/૦૧/ખ-૧/૧૧/૨૦૦૦ થી આવેલ સબ ઓડીટર સહકારી મંડળીઓ (દૂધ) નસવાડીનો ખાસ અહેવાલ તારીખ ૧-૫-૨૦૦૦.

(૨) અત્રેની કચેરીની તા. ૨૮-૭-૨૦૦૦ ની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૨૭૧/૨૦૦૦.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૮૭/૨૦૦૦.– ધી પોચંબા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પોચંબા તા. નસવાડી જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧ દરખાસ્ત અને પત્રથી સદર સંસ્થામાં નીચે જણાવેલ કારણોસર સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવા માટે મંતવ્ય થાય છે.

(૧) તા. ૩૦-૬-૯૭ તથા ૩૦-૬-૯૮ ના વાર્ષિક ઓડીટ નોંધની દુરસ્તી કરી દુરસ્તી રીપોર્ટ મોકલેલ નથી. સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૫ તથા પેટા નિયમ ૩૮(૧૫) નો વ્યવસ્થાપક કમિટિએ ભંગ કરેલ છે.

(૨) પેટા નિયમ પ્રમાણે વ્યવસ્થાપક કમીટીની બેઠક દર માસે બોલાવવામાં આવતી નથી. ઠરાવો પણ વિગતવાર લખાતા નથી.

(૩) હાથ ઉપર સિલક ઠરાવેલ મર્યાદા કરતા વધુ રહે છે. હાથ ઉપર સિલક હોવા છતાં બેન્કમાંથી નાણાં ઉપાડવામાં આવે છે.

(૪) પેટા નિયમ ૩૮ (૧૯) મુજબ સિલક સ્ટોકની સલામતી માટે પેકેજ પોલીસી મેળવેલ નથી.

(૫) પેટા નિયમ ૩૮(૮) મુજબ હિસાબી કામકાજમાં જરુરી તમામ દફતરો જેવા કે દૂધ વ્યકિતગત ખાતાવહી, રોકાણ રજિસ્ટ્રર, દૈનિક પત્રક, સામાન્ય ખાતાવહી, કરજ ધિરાણ રજિસ્ટ્રર અને એડવાન્સ રાખવામાં આવેલ નથી.

INDEX

(૬) દૂધ ઉત્પાદક સંઘના ખાતાની મેળવણી કરવામાં આવતી નથી.
(૭) દૈનિક પત્રક નિભાવવામાં આવેલ નથી.
(૮) મંડળીના ટેસ્ટ અને સંઘના ટેસ્ટમાં વધારે તફાવત પડે છે.
(૯) દૂધ વેપારમાં ૩ ટકા વધ અને ૧૦ ટકા નફો જળવાતો નથી.
(૧૦) દૂધ ખરીદીમાં એસ.એન.એફ. અને ખાટા દૂધનું પ્રમાણ વધારે છે.
(૧૧) સરવૈયા મુજબના લેણા બી. ઓ. બી. ધીરાણ રૂા. ૧૦૮૪-૩૦ તથા અન્ય લહેણા આર. ઉપાધ્યાય રૂા. ૭૫૪-૦૦ યુસુફ વોરા રૂા. ૬૬૯૬-૦૦ દાણ એડવાન્સ રૂા. ૪૦૩૮-૧૫ પૈસા ભવાન ત્રિકમ રૂા. ૨૪૨૪-૬૭ ને સભાસદ એડવાન્સ રૂા.૮૯૦૦-૦૦ ની વસુલાત માટે મંડળીની વ્યવસ્થાપક કમીટીએ કાર્યવાહી કરેલ નથી.
(૧૨) સભાસદોને બોનસ અને ડીવીડન્ડ વહેંચેલ નથી, તેમજ પેટા નિયમ ૪૨ મુજબ શિક્ષણ ફંડ રૂા. ૩૧૦૬-૭૪ જમા કરાવેલ નથી.
(૧૩) જમા પાવતી રકમોની જમા પહોંચો આપવામાં આવતી નથી.
(૧૪) સેમ્પલ દૂધ કેનમાં નાખે છે, પરંતુ જરુરી હવાલા પાડવામાં આવતા નથી.
(૧૫) પેટા નિયમ ૧૮ મુજબ વારસદારની નિમણુંક કરેલ નથી. સભાસદ રજીસ્ટ્રર અપૂર્ણ છે.
(૧૬) પેટા નિયમ ૩૮(૭) મુજબ રોકડ સિલક સ્ટોક ડેડસ્ટોક વિગેરેની ચકાસણી કરી તેમ કર્યાની નોંધ કરી સહીઓ કરવામાં આવતી નથી.
(૧૭) પેટા નિયમ ૩૮(૭) મુજબ માસિક હિસાબો આવક જાવકની વિગતો મંત્રી પાસેથી મેળવેલ નથી. તેમજ બજેટ વાર્ષિક સાધારણ સભામાં મંજુર કરાવી ખર્ચમાં કરકસર ન કરતા તા. ૧-૭-૯૮ થી ૩૧-૧૨-૯૮ સુધી રૂા. ૫૩૮૪-૫૪ ની ખોટ જતાં મંડળીને આર્થિક નુકસાન થયેલ છે.
(૧૮) પેટા નિયમ ૩૮(૧૮) મુજબ મંડળીની સિલક દફતર સ્ટોક સાધન ઓજાર વિગેરેની સ્પષ્ટ જવાબદારી અગાઉની ઓડીટ નોંધ ખામી ૨૪ થી સૂચના આપવા છતા નક્કી કરી અમલ કરેલ નથી.
(૧૯) પેટા નિયમ ૩૮(૨૪)(૨) અને (૩) મુજબ મંડળીના કર્મચારીઓની ફરજો અને જવાબદારીઓ નક્કી કરેલ નથી તેમજ અગાઉની ઓડીટ નોંધમાં સૂચના આપવા છતા જામીન ખતો પણ જવાબદારીના પ્રમાણમાં મેળવેલ નથી.
(૨૦) પેટા નિયમ ૩૯(૧), ૩૯(૩), ૩૯(૪), ૩૬(૬) નો ભંગ કરી મંડળીના પ્રમુખે પોતાની ફરજોનું પાલન કરેલ નથી.
(૨૧) પેટા નિયમ ૪૦(૨) (૪) (૬) (૮) (૯) (૧૧) અને (૧૩) નો ભંગ મંડળીના મંત્રીશ્રીએ કરેલ છે. છતાં વ્યવસ્થાપક કમીટીએ કોઈ દેખરેખ રાખેલ નથી.
(૨૨) બેન્ક લોન રૂા. ૪૭૬૫/- ઘણા લાંબા સમયથી બાકી છે. હાથ ઉપર સિલક બોલવા છતા જમા કરાવવામાં આવતી નથી.
(૨૩) તા. ૩૦-૬-૯૮ ના વર્ષ અંતે રૂા. ૯૯૭૩-૬૭ પૈસા નફો થયેલ છે. જેની ફાળવણી કરી જરુરી હવાલા પાડેલ નથી.
(૨૪) તા. ૧-૭-૯૮ થી. ૩૧-૧૨-૯૮ સુધીના સમયમાં દૂધ ભરતા સભાસદોના દુધના નાણાં નિયમિત અને પુરેપુરા કુલ-૮ સભાસદોના રૂા. ૬૬૬૧-૧૮ ચુકવવામાં આવેલ નથી.
(૨૫) મંડળીના માજી મંત્રી કરશનભાઇ છગનભાઇએ ૧૦-૧૨ વર્ષ પહેલા કરેલ ઉચાપત રૂા. ૧૨,૧૩૯-૦૨ ના નાણાં જમા થયેલ નથી છતા મંડળીમાં જમા થયા અંગેનું કોર્ટમાં લખાણ નિવેદન કરેલ છે. સદર રકમ તા. ૩૦-૬-૯૯ ના સરવૈયામાં પણ બાકી પડે છે.

ઉપરોકત મુદ્દાઓ બાબતે અત્રેથી કારણ દર્શક નોટીસ પાઠવી તા. ૧૬-૮-૨૦૦૦ તથા તા. ૨૫-૯-૨૦૦૦ ના રોજ રુબરુમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. પરંતુ મંડળીના કમીટી સભ્યો હાજર રહેલ નથી આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી તેમ જણાઈ આવેલ છે. તેમજ મંડળીનો વહીવટ ચલાવવામાં વ્યવસ્થાપક સમિતિ વારંવાર કસુર કરતી હોય તેમ જણાતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, કે. કે. મકવાણા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાએ સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અનુસાર ધી પોચંબા દૂધ ઉત્પાદક સ.મં. લી. મુ. પોચંબા તા. નસવાડી, જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરીને પ્રાથમિક તબક્કે વહીવટદાર વહીવટ સંભાળે તે તારીખથી નિમણુંક કરવાનો હુકમ કરું છું તે રીતે મજકુર કાયદાની કલમ-૮૧ અનુસાર મંડળીનો વહીવટ કરવા ધી વડોદરા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી., વડોદરાની નીચેની શરતોને આધિન રહી વહીવટદાર તરીકે ૧ વર્ષ માટે નિમણુંક આપવામાં આવે છે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારશ્રીનો મુસાફરીનો ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.
(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમીટીની તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.
(૩) વહીવટદારે મંડળીનો પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ કચેરીને રજૂ કરવાના રહેશે.

વડોદરા, તા. ૩-૧૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) અત્રેની કારણ દર્શક નોટીસ ક્રમાંક/વહટ/૦૧/ધ-૧/૪૨/ તારીખ ૯-૨-૨૦૦૦.

(૩) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાનો તારીખ ૨૧-૭-૯૯ ના જા. નં. ૪૧૫૭ ની વહીવટદાર ની નિમણુંક કરવા બાબતની દરખાસ્ત.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૯૦/૨૦૦૦.–ધી ખુનવાડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું. ખુનવાડ તાલુકો સંખેડા જીલ્લો વડોદરા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી આ કામે મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખ નં. (૩) થી ધ બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાએ રજુ કરેલ દરખાસ્તમાં નીચે જણાવેલ કારણોસર સદર મંડળીને સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર હસ્તક મુકવાની રજુઆત કરેલ છે

INDEX

(૧) મંડળીમાં ૩૦-૬-૯૮ આખરે બેંક લોન મુદ્દલ રૂા. ૧,૧૦,૬૦૦-૦૦ તથા વ્યાજ રૂા. ૨૧,૧૭૫-૦૦ બાકી છે. જે મુદત વીતી છે. તે સામે ૩૭ સભાસદો પાસે મુદલ રૂા. ૨,૧૦,૨૧૭-૦૦ તથા વ્યાજ મુદત વીતી છે.

(૨) ૩૭ સભાસદો પૈકી ૧૧ સભાસદો ઉપર સ. કા. કલમ ૧૦૬ અન્વયે દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૮ વ્ય. ક. સભ્યો પૈકી મુદતવીતી બાકીદારો પાસે રૂા. ૧૬,૦૦૦ મુદતવીતી ઉપરાંત વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી પડે છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહી તેમને છુટા કર્યા નથી.

(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરે છે. અથવા તેમાથી વસુલાત કરવા કોઈ પગલા લીધા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૫) મંડળીના વ્ય. કમિટિ મંત્રી ફરજો બજાવવામાં નિશ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમ અનુસાર કામગીરી થતી નથી.

(૬) મંડળીનું કામકાજ બિલકુલ સ્થગિત દશામાં છે. ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી મંડળીની આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે.

આમ ઉપરોકત કારણોને ધ્યાને લઈ મંડળીના કમિટિ સભ્યોને સહકારી કાયદાની કલમ-૮૧ મુજબ દુર કેમ ન કરવા ? તે બાબતે રજુઆત કરવા માટે આમુખ (૨) ના પત્રથી રુબરુ સુનવણીમાં હાજર રહેવા જણાવામાં આવેલ હતુ પરંતુ કોઈજ હાજર રહેલ નથી. તારીખ ૩૧-૩-૨૦૦૦ ના રોજ રાખવામાં આવેલ હીયરીંગમાં મંડળીના પ્રમુખશ્રી હાજર રહેલ હતા અને મૌખિક રજુઆત કરેલ હતી પરંતુ તેઓશ્રીએ કરેલ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર નથી. તેમજ તા. ૧૭-૭-૨૦૦૦ ના રોજ પણ અત્રે હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. પરંતુ કોઈજ હાજર રહેલ નથી જેથી સંસ્થાના વ્ય. કમિટિ સભ્યોને સંસ્થા ચલાવવામાં રસ નથી. તેમ જણાઈ આવેલ છે.

ઉપરોકત સંજોગોમાં મંડળીની આર્થિક પરિસ્થિતિ તદ્દન નબળી થયેલ હોઈ, કામકાજ બિલકુલ બંધ હોઈ, સંચાલકોને વસુલાતની પ્રવૃત્તિમાં કોઇ રસ જણાતો નથી. આ સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ મંડળીની વ્યવસ્થાપક કમિટિને દુર કરી ધી. બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાને વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, શ્રી કે. કે. મકવાણા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ની કલમ-૮૧ અનુસાર પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી. ખુનવાડ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. ખુનવાડ તા. સંખેડા જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટી પ્રથમ તબક્કે ૧ વર્ષ માટે બરતરફ કરી ધી. બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી., વડોદરાને વહીવટ સંભાળે તે તારીખથી ૧ વર્ષ માટે વહીવટદાર તરીકે નીચેની શરતોને આધિન રહી નિમણુંક નો હુકમ કરું છું.

(૧) મંડળીનાં રોજ બરોજના કામકાજ અંગેનો ચાલુ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે

(૨) નિમણુંક દરમ્યાન મંડળીની વ્યવસ્થાપક કમિટિના તમામ હક્કો ભોગવવા અને મંડળીની તમામ કામગીરી અત્રેની દેખરેખ અને સંમિતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારે મંડળીની પ્રગતિનો અહેવાલ અને હિસાબી પત્રકો દર માસે આ ક્ચેરીને રજુ કરવાના રહેશે.

વડોદરા, તા. ૩-૧૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) ધી. બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરાના તા. ૨-૧૨-૯૯ ના પત્ર નંબર ૯૧૫૫ થી મળેલ દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા. ૯-૨-૨૦૦૦ ના પત્ર નં. વહટ/૦૧/ધ-૧/૪૮/૨૦૦૦ થી આપવામાં આવેલ કારણ દર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળ ની જોગવાઈ.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૯૧/૨૦૦૦.– ધી બારીયાના મુવાડા ખેડુતોની ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. બારીયાના મુવાડા તા. સાવલી જીલ્લો-વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો આ કામે હવે પછી ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાના તા. ૨-૧૨-૯૯ ના ૯૧૫૫ થી મંડળીને નીચે જણાવેલ ખામીઓ સબબ બેંક વહીવટ હેઠળ મુકવા ભલામણ કરવામાં આવેલ છે.

(૧) ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. ડેસર શાખામાંથી પાઈપ લાઈન માટે રૂા. ૧,૮૫,૦૦૦/- ની મધ્યમમુદ્દત ખેતી વિષયક લોન મેળવેલ હતી. પાંચ હપ્તામાં ભરપાઈ કરવાની હતી. પરંતુ ૧૬-૪-૯૭ થી અત્યાર સુધીમાં ત્રણ હપ્તા તથા વ્યાજ પૈકી બિલકુલ વસુલાત આવેલ નથી. ફકત વ્યાજની રૂા. ૧૦૦૦/--ની વસુલાત આવેલ છે. ૧,૧૦,૦૦૦/- મુદતવીતી બાકી છે. તેમજ તે પુરતુ ૯૦,૫૩૮/- વ્યાજ બાકી છે.

(૨) મંડળીના વ્ય. કમીટી મંત્રી ફરજ બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. પેટા નિયમ અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૩) મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાના કારણે ધિરાણ પ્રવૃત્તિમાં અવરોધ આવેલ છે.

(૪) મંડળી પાણીનું વેચાણ કરી આવક મેળવે છે.મંડળી આવકનું પ્રમાણ જાળવી શકતી નથી. જેથી ઈલેકટ્રીક બીલ મરામતનો ખર્ચ વધુ આવે છે.

આમ ઉપરોકત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી, ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃતિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેમ કોઈ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીના વ્ય. કમીટીને દુર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્ય. કમીટીને ઉકત મુદ્દાઓ સબબ કારણ દર્શક નોટીસ પાઠવી સુનવણીમાં હાજર રહી રજુઆત

INDEX

કરવાની તક આમુખ (૨) થી આપવામાં આવેલ હતી. તેમજ તારીખ ૧૯-૨-૨૦૦૦ ના રોજ હાજર રહી સાભળવાની તક આપવામાં આવેલ કોઈજ હાજર રહેલ નથી. તા. ૩૧-૩-૨૦૦૦ ના રોજ પણ તક આપવામાં આવેલ હતી. પ્રમુખશ્રીએ હાજર રહી ૩૦-૪-૨૦૦૦ સુધીમાં ૩૦,૦૦૦ ભરવા જણાવેલ હતુ તા. ૫-૬-૨૦૦૦ ના રોજ ત્રીજી તક આપવામાં આવેલ હતી. પરંતુ કોઈજ હાજર રહેલ નથી. જો પૈસા જમા કરાવ્યા હોત તો બેંક ઈન્સ્પેકટરે આ બાબતે જણાવેલ હોત પરંતુ બેંક ઈન્સ્પેકટરે મંડળીને બેંક વહીવટ હસ્તક લઈ જવા જણાવેલ છે. આ સંજોગોમાં મંડળીને બેંક વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

હું, કે. કે. મકવાણા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી. બારીયાના મુવાડા ખેડુતોની ખેતી પિયત સહકારી મંડળી લી., મુ. બારીયાના મુવાડા તા. સાવલી જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટ બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી. બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી ૧ વર્ષથી મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જીલ્લા રજીસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાની રહશે.

(૩) વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા કાનુન અને પેટા નિયમોને આધિન રહીને કરવાનો રહશે.

(૪) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહશે. તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યલય ઉપર નિયમિત આપવાની રહશે.

વડોદરા, તા. ૩-૧૧-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૭૨૬/સે.૩૨૨૮૩/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી ગણેશકૃપા કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૦-૧૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૭-૯-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૩૨૦/૨૦૦૦.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા.નં. ફડચ/ફ/૧૨૬૧૧/ધ-૨/૩૬૯/૨૦૦૦.– ધી ફાજલપુર પાતાળ કુવા નં. ૩ ખેતી પિયત સહકારી મંડળી લિ. ફાજલપુર તા. જી. વડોદરા નોંધણી ક્રમાંક ખે-૩૧૯૬ તારીખ ૧૬-૩-૧૯૯૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૧) લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૧-૧૧-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૭૩૫/સે.૩૨૨૮૪/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી પંચેશ્વર કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩-૧૧-૨૦૦૦.

નં. નઘણ/ગ-૨/૭૩૭/ધ-૧૯૭૪૭/૨૦૦૦.—આથી જાહેર કરે છે કે શ્રી સેવાશ્રમ કો. ઓપ. હા. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરાને.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૩-૧૧-૨૦૦૦.

INDEX

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૮-૮-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૮૦/૨૦૦૦.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા.નં. ફડચ/ફ/૧૨૬૧૯/ધ-૨/૩૬૧/૨૦૦૦.– ધી એ. પી. એસ. સ્ટાર ઈન્ડ એન્ડ ક્રેડીટ સહકારી મંડળી લિ. વડોદરા નોંધણી ક્રમાંક ૨૭૬૮/૭૩ તારીખ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ગ)(૨)(૪)(૫) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ લગત કચેરી ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૩-૧૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧૮-૮-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૨૮૩/૨૦૦૦.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા.નં. ફડચ/ફ/૧૨૬૧૮/ધ-૨/૩૬૨/૨૦૦૦.– ધી ડેસર વિભાગ અર્બન ક્રેડીટ સહકારી મંડળી લિ. મું. ડેસર તા. સાવલી જી. વડોદરા નોંધણી ક્રમાંક ૧૧૧૪૦ તારીખ ૧૯૭૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. (૪) ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૧૩-૧૧-૨૦૦૦.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૮-૬-૨૦૦૦ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૮૯/૨૦૦૦.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

(૧) ફડચા અધિકારીશ્રી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાટણના પત્ર નં. સુઅ/૨૫/૨૭૦/૨૦૦૧ તા. ૨૭–૭–૨૦૦૧ થી નોંધણી ૨૬ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સ. મં. ઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઇઓ.

હુકમ

નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૦૦/૨૬૪૮/૨૦૦૧ – ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઇઓ હેઠળ ધી તંબોલીયા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. તંબોલીયા, તા. હારિજ, નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર સે–૨૫૪૬૫ તારીખ ૩૧–૮–૯૧ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ પાટણની કચેરીના જા. નં. ઉખસ /ફડચ /૦૧/ક /૬૪૪/૨૦૦૧ તારીખ ૩૦–૩–૨૦૦૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) લગત કચેરી તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/સઅ/સ/૨૫/૨૭૦/૨૦૦૧ તા. ૨૭–૭–૨૦૦૧ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી તંબોલીયા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તંબોલીયા ની નોંધણી ૨૬ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તા. ૧૪–૮–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૨–૭–૨૦૦૧ નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૦૮૬/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ ની જોગવાઇએ..

INDEX

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૧૪/૨૯૭૪/૨૦૦૧.— ધી આશાપુરા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. મણુંદ તા. પાટણ જીલ્લો પાટણને અત્રેનો કચેરીના આમુખ–૧ તારીખ ૧૨–૭–૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી અધિકારી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૪–૮–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૩–૭–૨૦૦૧નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૧૦૫/૨૦૦૧ થી વચગાળાનો આદેશ

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ નીં જોગવાઇઓ.

હુકમ

જા નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૧૩/૨૯૭૫/૨૦૦૧.— ધી બાલીસણા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મું. બાલીસણા તા. પાટણ જી. પાટણને અત્રેની કચેરીના આમુખ –૧ તા. ૧૩–૭–૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચા) પાટણે ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિમત ધોરણે સરકારીશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૪–૮–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૨–૭–૨૦૦૧ નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૦૦/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ નીં જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૧૨/૨૯૭૬/૨૦૦૧.— ધી સંખારી તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મું. સંખારી તા. પાટણ જી. પાટણને અત્રેની કચેરીના આમુખ–૧ તા. ૧૨–૭–૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અને નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) પાટણે ફડચાની કામગીરી આ આદેશના તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.

પાટણ, તા. ૧૪–૮–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૧૨–૭–૨૦૦૧નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૦૮૮/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ નીં જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૧૧/૨૯૭૭/૨૦૦૧.—ધી સરેલ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સરેલ તા. વરીજ જી. પાટણને અત્રેની કચેરીના આમુખ–૧ તા. ૧૨–૭–૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિમત મુદતમાં પુર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૪–૮–૨૦૦૧.

એમ ટી ચાવડા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :—

(૧) ધી પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., ગોધરાના તા. ૧૯–૭–૨૦૦૧નો ભલામણ પત્ર.

(૨) ધી ઘોઘાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઘોઘાવાડા, તાલુકો ખાનપુર જીલ્લો પંચમહાલના ચેરમેનશ્રી, વ્યવસ્થાપક કમિટીના સભ્યો તથા અન્ય સભાસદોનો તા, ૬–૮–૨૦૦૧ની અરજી

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ, ગાંધીનગરના પત્ર નમ્બર જીએચકેએચ/૨૪/૬૧/ડીડીસી/૧૧૮૮/૭૨૦૪/જે, તા. ૩૦-૪–૧૯૬૧.

પ્રસ્તાવના

જા. નંબર દ્વઅમ/ખ–૨/૧૩૬૫/૨૦૦૧.— ધી ઘોઘાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઘોઘાવાડા, તાલુકો ખાનપુર, જીલ્લો પંચમહાલની વાર્ષિક સભા તા. ૩૦–૬–૨૦૦૧ના રોજ બોલાવવામાં આવેલ હતી. જેમાં કોરમ નવાથી મિટીંગનું કામકાજ શરૂ કરવામાં આવેલ હતું એજન્ડાના મુદ્દા નંબર ૪ મુજબ વ્યવસ્થાપક કમિટીના સભ્યોની નિમણુંક કરવાની હતી. જેમાં વ્યવસ્થાપક કમિટીના સભ્યોની નિમણુંક થઈ શકેલ નથી. તેમ આસીન્ટન્ટ જનરલ મેનેજર (પ્રોકયોરમેન્ટ) ગોધરાએ તેમના તા. ૧૯–૭–૨૦૦૧ના રોજ વ્યવસ્થાપક કમિટીની મિટીંગ બોલાવવામાં આવેલ હતી. તેમાં પણ વ્યવસ્થાપક કમિટીની નિમણુંક થયેલ નથી. અને તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યોએ તા. ૩૦–૬–૨૦૦૧ના રોજ મુકેલ રાજીનામા આ વ્યવસ્થાપક કમિટીમાં તા. ૧૧–૭–૨૦૦૧ના રોજ મંજુર કરવામાં આવેલ છે. અને તા. ૬–૮–૨૦૦૧ના રોજ વ્યવસ્થાપક કમિટી સભ્યોએ તથા અન્ય સભાસદો મંડળીમાં કરટોડીયન તરીકેની નિમણુંક કરવા અંગેની માંગણી કરેલ છે.

આમ ઉપરોકત હકીકતો જોતાં હવે મંડળીમાં વ્યવસ્થાપક સમિતિ અસ્તિત્વ ધરાવતી ન હોવાથી મંડળીના વહીવટમાં શુન્ય વિકાસ સર્જાવેલ છે. જેથી મંડળીના સભાસદોના વિશાળ હિતને ધ્યાનમાં લઈ ધી ઘોઘાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઘોઘાવાડા, તાલુકો ખાનપુરમાં ચૂંટણીના નિયમો અનુસાર વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી ના થાય તથા સભાસદો પોતે વહીવટ ના કરે ત્યાં સુધી મંડળીમાં કરટોડીયનની નિમણુંક કરવા જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું શ્રી એમ. એન. તબિયાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા. ધી ઘોઘાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઘોઘાવાડા, તાલુકો ખાનપુર, જીલ્લો પંચમહાલની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી કરવામાં ના આવે ત્યાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૭૪(ડી) હેઠળ સંદર્ભમાં કામાં જાહેરનામા અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉકત મંડળીના કરટોડીયન તરીકે ધી પંચમહાલ જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી., ગોધરાની નિમણુંક નીચે જણાવેલ શરતોને આધીન કરવામાં આવે છે.

શરતો

(૧) કરટોડીયન કમિટીની મુદ્દત હુકમની તારીખથી છ મહિના સુધીનો રહેશે.

(૨) કરટોડીયન કમિટીએ આગામી વાર્ષિક સાધારણ સભા પહેલા ચૂંટણી નિયમો અનુસાર ચૂંટણીની કાર્યવાહી હાથ ધરી ચૂંટાયેલ નવી વ્યવસ્થાપક કમિટીને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

(૩) અસામાન્ય સંજોગોમાં જો નિયત સમયમાં ચૂંટણી થઇ જ ન શકે તો તેના સ્પષ્ટ કારણો અત્રેને જાણ કરી કરટોડીયન કમિટીના મુદ્દત વધારા માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૪) કરટોડીયન કમિટીએ મંડળીનો ચાર્જ વ્યવસ્થાપક કમિટી પાસેથી તાત્કાલીક મેળવી લેવાનો રહેશે.

(૫) કરટોડીયન કમિટીએ આ કચેરીની વખતોવખતની સુચનાઓને આધીન વહીવટ કરવાનો રહેશે.

(૬) કરટોડીયન કમિટીએ મહેનાતાણા પેટે કોઈ ખર્ચ સંસ્થામાં પાડવાનો રહેશે નહીં.

(૭) કરટોડીયન કમિટી આ કચેરીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ચૂંટણીમાં મત આપી શકશે નહીં તેમજ તે અંગેની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં.

ગોધરા, તા. ૧૭–૮–૨૦૦૧.

એમ. એન. તબિયાર,
જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, ગોધરા.

નં. ઉખસ/સે.દુ.–૩૨૪૪૬/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, મહિલા સંચાલિત પાથરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાથરી તાલુકો વલસાડ જિ. વલસાડ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૬–૮–૨૦૦૧.

જા. નં. ઉખસ/સેહુ ૩૨૪૪૭/૨૦૦૧.—આથી જાહેર કર છે કે મહોલા સંચાલિત મંદિર ફળીયા શેરીમાળ (વિલપુડી) દૂધ ઉત્પાદક સ. મં. લિ., મર્યાદિત સ્થળ વિલપુડી તાલુકો ધરમપુર જીલ્લો વલસાડ.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૬–૮–૨૦૦૧.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વલસાડ.

વંચાણે લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી વલસાડ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. અને ફડચા અધિકારીશ્રી સુખાબારી સેવા સહકારી મંડળી લિ. ફડચામાંને તા. ૧૪–૭–૨૦૦૧ નો અહેવાલ.

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૦–૩–૯૩નાં હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૨૫૭૦૪/૩૭ કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ.મં. લી.રી. વલસાડનો તા. ૧-૭-૧૯૯૬થી તા. ૧૪–૭–૨૦૦૧ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ–ફડચ-સે/૨૫૭૦૪/ખ૩૩/૫૨૫/૨૦૦૧.— શ્રી સુખાબારી સેવા સહકારી મંડળી લિ. મુ.સુખબારી તા. વાંસદા જી. નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૨૫૭૦૪ તા. ૩–૨–૧૯૫૯ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઇ જવામાં આવી હતી ફડચાનુ કામ સંપુર્ણ થઇ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલ જાહેર કરવામાં આવે છે, અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી તા. ૩૧–૭–૨૦૦૧.

વાંચ્યો :—

(૧) ફડચા અધિકારી, વલસાડ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. અને ફડચાધિકારી શ્રી આમરી વિ. વિ. કાર્ય સેવા સહકારી મંડળી લિ. ફડચામાંને તા. ૨૮–૨–૨૦૦૧ નો અહેવાલ.

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૯–૪–૧૯૯૩ નાં હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/સે-૧૯૩૩૪/ક-૭/૧૧૪૩ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ. મ. લી.રી. વલસાડનો તા. ૧–૭–૧૯૯૬ થી તા. ૪–૧૦–૨૦૦૦ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-સે-૧૯૩૯૪/ક-૩/૫૩૨/૨૦૦૧. / સને ૨૦૦૧.—શ્રી આમરી વિ. વિ. કાર્યકારી સેવા સહકારી મંડળી લિ. મુ. આમરી તા. નવસારી જી. નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૧૯૩૬૪ તા. ૨૦–૧૦–૫૮ થી નોંધવામાં આવી હતી તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલ જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧નો આદેશ ક્રમાંક ઉખસ–ફડચ/૦૧/૧૧૮/૨૦૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧નો પત્ર નં. ફડચ-૦૧/૭૫/૦૧.

જા. નં. નધણ/ફડચ/ખ–૩/૫૩૯/૨૦૦૧.— શ્રી તેલાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તેલાડા તા. જલાલપોર જિલ્લો નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ–૧૦૭(૧)ના પેટા ખંડ (ક)(ગ)(૨)(૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઇ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

ધી તેલાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તેલાડા તા. જલાલપોર જિલ્લે નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા

INDEX

હેઠળ નોંધણી ક્રમાંક સેદુ–૨૫૯૦૪ તારીખ ૨૪–૬–૧૯૯૨થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧/૧૧૮/૨૦૦૧થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧ નો આદેશ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧/૧૧૯/૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧ નો પત્ર નં. ફડચ–૦૧/૬૩/૦૧.

જા. નં. નવણુ/ફડચ/ખ–૩/૫૪૬/૨૦૦૧.—શ્રી પરસોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. પરસોલી તા. જલાલપોર જિલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ–૧૦૭ (૧) નો પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઇ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ–૩ ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી પરસોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. પરસોલી તા. જલાલપોર જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સેદુ–૨૪૮૩૩ તા. ૩૧–૩–૧૯૯૮ થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૬–૬–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧–૧૧૯–૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયમ મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧ નો આદેશ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧/૧૨૨/૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧નો પત્ર નં. ફડચ–૦૧–૭૨–૦૧.

જા. નં. નવણુ/ફડચ/ખ–૩/૫૫૩/૨૦૦૧.—શ્રી મહુવર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મહુવર તા. જલાલપોર જિલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ–૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઇ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી મહુવર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મહુવર તા. જલાલપોર જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સેદુ–૨૫૮૮૦ તા. ૨૦–૭–૧૯૯૧થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૬–૬–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧–૧૨૨–૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/૧૨૦/૨૦૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧નો પત્ર નં. ફડચ/૦૧/૬૫/૦૧.

જા. નં. નવણુ/ફડચ/ખ–૩/૫૬૦/૨૦૦૧. –શ્રી આવડા ફળીયા મટવાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. આવડા ફળીયા મટવાડ તા. જલાલપોર, જિલ્લો નવસારીને આમુખ-૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના પેટા ખંડ (ક)

INDEX

(૧) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી આવડા ફળીયા મટવાડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. આવડા ફળીયા મટવાડ તા. જલાલપોર, જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સેદુ. ૨૪૨૦૪ તા. ૨૧–૪–૧૯૮૯થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૬–૬–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૧૨૦/૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે, જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧ નો આદેશ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧–૧૧૬–૨૦૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧નો પત્ર નં. ફડચ-૦૧–૬૯–૦૧.

જા. નં. નધણ/ફડચ/ખ-૩/૫૬૭/૨૦૦૧.—શ્રી ખરજપ પિયત સહકારી મંડળી લી. ખરજપ તા. વાંસદા જિલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી ખરજપ પિયત સહકારી મંડળી લી. ખરજપ તા. વાંસદા જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ખે-૧૦૨૩ તારીખ ૨૯–૧–૧૯૮૫ થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૬–૬–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ-ફડચ-૦૧-૧૧૬-૨૦૦૧ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

નવસારી તા. ૩૧–૭–૨૦૦૧.

———

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧ નો આદેશ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧–૧૧૭–૨૦૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧નો પત્ર નં. ફડચ–૦૧–૭૦–૨૦૦૧.

જા. નં. નધણ/ફડચ/ખ-૩/૫૭૪/ ૨૦૦૧—શ્રી કણભાઇ વિભાગ સંયુકત ખેતી સહકારી મંડળી લી. કણભાઇ તા. ચીખલી, જીલ્લો નવસારીને આમુખ— ૧ વાળા એ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી. તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ ૩ ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી કણભાઈ વિભાગ સંયુકત ખેતી સહકારી મંડળી લીમીટેડ કણભાઇ, તા. ચીખલી, જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ખે–૧૦૧૧ તારીખ ૧૫–૫–૧૯૮૦ થી થયેલ છે તેને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૬–૬–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–૦૧–૧૧૭–૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૬–૬–૨૦૦૧ નો આદેશ ક્રમાંક ઉખસ–ફડચ/સ/૨૨૫૦૮–ખ–૩–૪૪૮.

(૨) મંડળીના તા. ૧૬–૬–૨૦૦૧ ના પત્રવવાળી રજુઆત.

(૩) અત્રેની કચેરીનો તા. – – નો પત્ર નં. ફડચ–

જા. નં. નધણ/ફડચ/ખ–૩/૫૮૧/૨૦૦૧.—શ્રી જે. જે. મહેતા સાર્વજનિક હાઇસ્કુલ બીલીમોરા કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. બીલીમોરા તાલુકો ગણદેવી જિલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ–૧૦૭ (૧)ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી. આમુખ–૨ ના પત્રથી કરેલ રજુઆત આમુખ–૧ના હુકમમાં જણાવેલ કારણો સાથે સુસંગત, આધારભૂત તથા વ્યાજબી ન હોવાથી ગ્રાહ્ય ન રાખી તેની જાણ આ કચેરીના આમુખ–૩ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી જે. જે. મહેતા સાર્વજનિક હાઇસ્કુલ બીલીમોરા કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ બીલીમોરા તા. ગણદેવી જિલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સા. ૨૨૫૦૮ તારીખ ૨–૧૨–૧૯૯૮થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૨૬–૬–૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખસ–ફડચ–સા–૨૨૫૦૮–ખ–૩–૪૪૮ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે, જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૬–૬–૨૦૦૧નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૧૨૧/૨૦૦૧.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૬–૪–૨૦૦૧નો પત્ર નંબર ફડચ/૦૧/૭૧/૨૦૦૧.

જા. નંબર નધણ/ફડચ/ખ–૩/૫૮૮/૨૦૦૧.—શ્રી ધી ઓલ. ઓમ. પી. ગૃપ કર્મચારી કલ્યાણ ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ સહકારી મંડળી લી., બીલીમોરા, તાલુકો ગણદેવી, જીલ્લો નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ–૧૦૭(૧) ના પેટા ખંડ (ક)(ગ)(૨)(૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી. આ કચેરીના આમુખ–૨ના પત્રથી મંડળીને વિગતે જાણ કરવામાં આવેલ છે.

આદેશ

શ્રી ધી ઓલ. ઓમ. પી ગૃપ કર્મચારી કલ્યાણ ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ સહકારી મંડળી લી., બીલીમોરા, જીલ્લો નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૨૨૮૨૧, તા. ૧૧–૧૧–૧૯૮૭થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ–૧ના તા. ૬–૬–૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૧૨૧/૨૦૦૧થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ. નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તા. ૩૧–૭–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી વલસાડની કચેરીનો તા. ૨૪–૧૧–૯૯નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ.

જા. નં. નધણ/ફડચ/ખ–૩/૫૯૫/૨૦૦૧.—શ્રી બીલીમોરા માછીમારો અને વહાણવટુ સહકારી મંડળી લિ. બીલીમોરા તા. ગણદેવી, જીલ્લે નવસારીને આમુખ–૧ વાળાએ કચેરીના આદેશથી ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ–૧૦૭(૧) ના પેટા ખંડ (ક)(ગ)(૨)(૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરી, તેવા હુકમ સામે રજુઆત કરવાની યોગ્ય મુદત આપવામાં આવતા મંડળીએ આ કચેરીને કોઈ રજુઆત કરેલ નથી.

INDEX

આદેશ

શ્રી ખીલીમોરા માછીમારો અને વહાણવટુ સહકારી મંડળી લી. ખીલીમોરા તા. ગણદેવી, જીલ્લે નવસારી કે જેની નોંધણી, સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે.-૯૮૬૫ તારીખ ૮-૧૨-૧૯૭૫થી થયેલ છે. તેને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૨૪-૧૧-૯૯ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/સે.-૯૮૬૫/ક-૭/૧૩૫૪થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મ. નવસારી એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

નવસારી, તારીખ ૩૧-૭-૨૦૦૧.

નં. ઉખસ/૭/૧૧૯૧૬/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે મીયાંઝરી મજુર અને કામગારોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મિયાંઝરી તાલુકો ચીખલી જીલ્લો નવસારી.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૩૧-૭-૨૦૦૧.

એસ. એચ ધોળી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નવસારી.

નં. નધણુ / ૦૧ / ક/૨૧૨/૭/૧૦૫૮૮/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ધી આંબેડકર મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ હિંમતનગર તાલુકો હિંમતનગર જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૩૦-૭-૨૦૦૧.

નં. નધણુ / ૦૧ / ક / ૨૨૩/૭-૧૦૫૮૫/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ધી જૈનનાથ મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ લાંભવા તાલુકો ભિલોડા જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૬-૮-૨૦૦૧.

નં. નધણુ / ૦૧ / ક /૨૩૭/૭-૧૦૫૯૦/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ધી આદિવાસી મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પરવડ તાલુકો વિજયનગર જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૪-૮-૨૦૦૧.

એમ. કે. દેથલીયા,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ/૨૦૨૦૬/૯/૮૧૯/૮૨૦/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે રઝા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સુરત વોર્ડ નં. ૨ મર્યાદિત સ્થળ સગરામપુરા સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩-૮-૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૨૦૭/૯/૮૨૧/૮૨૨/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ડોલી કો-ઓપલેક્ષ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કતારગામ, સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩-૮-૨૦૦૧.

INDEX

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચા ૦૧/ખ/૮૬૪/૦૧ તા. ૫–૭–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૫૧/ખ/૧૦૨૪/૨૦૦૧.—ધી સાંડવાંવ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પો. સાંડવાંવ તા. માંડવી જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ઉ-૬૨૧૬ તા. ૩૦–૧૧–૮૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૫–૭–૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૬–૮–૨૦૦૧.

વાંચ્યો : અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/મ/૮૬૩/૦૧ તા. ૫–૭–૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૬૫૨/૧૦૨૫/ખ / ૨૦૦૧.– ધી કલમકુવા મજુર અને કામદાર સ. મં. લી. મુ. પો. કલમકુવા તા. માંડવી જી. સુરત વિ. સુરતનો નોંધણી ક્રમાંક ઉ-૧૧૬૩ તા. ૬/૨/૧૯૮૬ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૫/૭/૦૧ના વચગાળાના આદેશથી ફડચામા લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૧ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૬–૮–૨૦૦૧.

વાંચ્યો : અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/૫/૮૬૨/૦૧ તા. ૫–૭–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૬૫૩/૧૦૨૬/ખ/૨૦૦૧.–ધી દેવગઢ વિભાગ મજુર અને કામદાર સ. મં. લી. મુ. પો. અંધારવાડી (દેવગઢ) તા. માંડવી જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ઉ–૧૧૬૨ તા. ૬–૨–૧૯૮૬ થી નોંધવામાં આવી હતી, તેને અત્રેની કચેરીના તા. ૫–૭–૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૧ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૬–૮–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૨૦૮/ઝ/૮૨૪/૮૨૫/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે મા૨–ધ્વજ કો. ઓ. હાઉસીંગ સોસા. લી. મર્યાદિત સ્થળ અડાજણ સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા ૬–૮–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૨૦૯/ઝ/૮૨૬/૮૨૭/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે અક્ષર-આનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સરથાણા મર્યાદિત સ્થળ સરથાણા તાલુકો કામરેજ જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૬–૮–૨૦૦૧.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/ઉ–૬૨૬૯/ઝ/૮૨૮/૮૨૯ / ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શ્રી કિષ્ના મજુર અને કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ગુંદીકુવા તાલુકો ઉમરપાડા જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૮–૮–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણ/ધ–૨૦૨૧૦/ઝ/૮૩૦/૮૩૧/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે પરિવાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અમરોલી મર્યાદિત સ્થળ અમરોલી તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૮–૮–૨૦૦૧.

આર. આર. વધાસીયા,
જીલ્લા રજીસ્ટાર, સ. મં.
સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

ન. જી. પં. / સહક/નધણ/૧૬૮૪૭/સને ૨૦૦૧.—જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે ગુરૂદેવનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી, લી. કુંડાળ તા. કડી મર્યાદિતસ્થળ કુંડાળ, તાલુકો કડી, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૬–૭–૨૦૦૧.

ક્રમાંક જિ. પં. / સહક/નધણ/સે/૨૮૪૦૪/વશી/૧૧૩૦/ ૨૦૦૧.— જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે યોગેશ્વર બીજ અને ખેત ઉત્પાદક સહકારી મંડળી લી. વસાઈ મર્યાદિત સ્થળ વસાઈ તાલુકો વિજાપુર જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા તા. ૩૧–૭–૨૦૦૧.

વી. એસ. મોદી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.
[જીલ્લા પંચાયત, મહેસાણા વતી]

ક્રમાંક સા–૩૪૬૭.— વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, બાબાદેવ કૃપા આદિવાસી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ. મંડળી લી. મર્યાદિત સ્થળ ઝોઝ તાલુકો છોટાઉદેપુર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અઅન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૬–૨૦૦૧.

ક્રમાંક સા–૩૪૬૮.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, કોકણીપરા કામદાર ક્રેડીટ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મોકસી તાલુકો સાવલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૬–૨૦૦૧.

ક્રમાંક ખે–૫૨૭૩.— વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, અંબીકા નાના સીમાંત ખેડુતોની પિયત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મોકસી તાલુકો આંબલી જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા, ૨૫–૬–૨૦૦૧.

ક્રમાંક ભ–૫૦૮૩/૨૦૦૧.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, ચિઆડીયાગામ આદીવાસી ગ્રાહક ભંડાર લી. મર્યાદિત સ્થળ ચિઆડીયા તાલુકો છોટાઉદેપુર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭–૮–૨૦૦૧.

ક્રમાંક ભ–૫૦૮૪/૨૦૦૧.— વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, ભાગ્યલક્ષ્મી સહકારી ગ્રાહક ભંડાર લી. મર્યાદિત સ્થળ વડીજા તાલુકો પાવીજેતપુર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાદાયની કલમ ૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭–૮–૨૦૦૧.

ક્રમાંક આ–૩૪૬૯/૨૦૦૧.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, જયશ્રી સ્વામિનારાયણ ફળ અને

INDEX

શાકભાજી ઉત્પાદકોની સ. મં. લી. મર્યાદિત સ્થળ કરખડી તાલુકો પાદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)—અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭—૮—૨૦૦૧.

ક્રમાંક આ—૪૪૭૦/૨૦૦૧.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, કૃષ્ણા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ. મં. લી. મર્યાદિત સ્થળ મુવાળ તાલુકો પાદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)—અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭—૮—૨૦૦૧.

ક્રમાંક સ./૩૪૭૧.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, જેસીંગપુરા ગૃપ આદીવાસી મંડળ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ. મં. લી. મર્યાદિત સ્થળ ઉચાપણ તાલુકો પાવી જેતપુર જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ—૯(૧)—અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭—૮—૨૦૦૧.

ક્રમાંક સા/૩૪૭૨.—વડોદરા જિલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, ધાર્મિક મહીલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધામજ તાલુકો પાદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ—૯(૧)—અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૧૭—૮—૨૦૦૧.

એમ. આર. પરમાર,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ. મં., પંચાયત, વડોદરા.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૮—૫—૨૦૦૦ના વચગાળાના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ખ—૩/૬૨૪ થી ૬૨૬.

(૨) આ કચેરીના તા. ૩૦—૩—૨૦૦૧ના ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક ફડચ/૦૧/ખ—૩/૧૨૦/૨૦૦૧ થી મંડળીને આપેલ ફડચાનો આદેશ.

સુધારેલ હુકમ

જા. નંબર ફડચ/૦૧/ખ—૩/૩૦૨ થી ૩૦૫/૨૦૦૧.—શ્રી ડાંગ જીલ્લા ગરાસી સહકારી મંડળી લી.. આહવા, જીલ્લો ડાંગની નોંધણી સહકારી કાયદા અન્વયે નોંધણી નં. સે—૧૨૩૨૫, તા. ૨૯—૩—૧૯૬૯થી નોંધાયેલ છે. સદરહું મંડળીને આ કચેરીના વંચાણે લીધેલ આમુખ—૨થી ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવેલો. મંડળીનું સરવૈયું જોતાં વલસાડ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો—ઓપ. બેન્ક લિમિટેડનું લેણું છે. અને તેઓશ્રીનું બાકી લ્હેણાંની વસુલાત અંગે એવોર્ડ મેળવેલ હોય અન્ય કોઇ સંસ્થાનું લ્હેણું ન હોય. ફડચા અધિકારી તરીકે ખાતાના સહકારી અધિકારી (ફડચા) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડની નિમણુંક ઉપરોકત આમુખ—૨ના હુકમથી કરેલ જે હુકમ રદ કરી સદરહું સંસ્થાના ફડચા અધિકારીશ્રી તરીકે વલસાડ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો—ઓપ. બેન્ક લી., વલસાડની આથી નિમણુંક કરવામા આવે છે.

વંચાણે લીધેલ આમુખ—૨ મુજબની કાર્યવાહી થવા આથી જાણ કરવામાં આવે છે. તથા હુકમની નકલ આ સાથે સામેલ કરેલ છે.

ડાંગ—આહવા, તા. ૧૭—૮—૨૦૦૧.

એમ. જે. પટેલ,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ડાંગ—આહવા.

મેનેજર (કેવીસીઆઇ) અને જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) દ્વારા

જા. નં. જીઉકે/અમદ/મકમ/ઉ-૬૨૫૬—૨૦૦૧.—આથી જાહેર કરે છે કે શ્રી કરસીદ્ધી મહિલા હસ્તકલા સ. મં. મર્યાદિત સ્થળ ધનસુરપુર તાલુકો સીટી, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૫—૭—૨૦૦૧.

જા. નં. જીઉકે/અમદ/૨૧૨૨૮/ઉ-૬૨૫૭/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે જીવન આશા મહિલા ઔદ્યોગિક સ. મ. લી. મર્યાદિત સ્થળ શાહુસાસાલમ તાલુકો સીટી જીલ્લો. અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૮—૮—૨૦૦૧.

સહી અવાચ્ય,
મેનેજર (કેવીસીઆઇ.)
અને જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ),
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-1

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, OCTOBER 18, 2001 / ASVINA 26, 1923 [No. 42

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I-A, IV-A, IV-B) and IV-C) Pertaining only to the Supplement to the Central Gazette,	3692-3710
Part IA	Orders and Notifications (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette –	42
Part I-B–Government Notifications published under Bano Acquisition Act only,		417-436
Part-I-L-Notifications, Orders and Awards (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act,		24387-25083

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નં. ઉ/ગપક/મોર/-હજીરારોડ/૨૩૦૮/૨૦૦૧.—સુરત મોરા હજીરારોડ ઉપર ભાઠાગામે હયાત પાઈપ સી.ડી. વર્કસની જગ્યાએ નવો પુલ બનાવવાની કાર્યવાહી ચાલુ છે. આ કામગીરી વિના અવરોધે થાય અને પુલનું બાંધકામ સમયસર પુરૂ થાય તે હેતુથી હું વી. કે. ગુપ્તા આઈ.પી.એસ. પોલીસ કમિશનર સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

(૧) સુરત મોરા હજીરારોડ ઉપર ભાઠા ગામે પુલના બાંધકામ અંગે તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ થી ૨૮મી ડીસેમ્બર ૨૦૦૧ સુધી સદર બાંધકામની બંને બાજુ છેઠા થી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવે છે.

(૨) ડાયવર્ઝન ઉપરથી ફરત હલકા પ્રકારના પેસેન્જર વાહનો જેવા કે ઓટોરીક્ષા, કાર, જીપ, સુમો, ટેક્ષી જેવા વાહનો પસાર થવા દેવામાં આવશે.

INDEX

સુરત થી હજીરારોડ ઔદ્યોગિક વિસ્તારમાં આવવા જવા માટે ઉપર જણાવેલ વાહનો સિવાયના ભારે વાહનો માટે નીચે મુજબનો રૂટ રહેશે.

(૧) સુરત રાંદેરરોડ, મોરાભાગળ ચાર રસ્તાથી સુભાષચોકથી દાંડીરોડ ઉપર થઈને ઓ.એન.જી.સી. ચાર રસ્તા (ઈચ્છાપોર) જઈ તથા આવી શકશે.

(૨) સુરત રાંદેરરોડ મોરાભાગળ ચાર રસ્તાથી ભેંસાણ અને બરબોધનરોડ ઉપર થઈને ઓ.એન.જી.સી. ચાર રસ્તા તથા,

(૩) સુરત ડુમ્મસરોડ ઉપરના મગદલ્લા જંક્શન (સર્કલ) ચાર રસ્તાથી ઓ.એન.જી.સી. ચાર રસ્તા/ઈચ્છાપોર/ જઈ શકશે.

આજરોજ તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કા કર્યા છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું :

ક્રમાંક : ઉ/ગપક/ઓસબી / જાહેરનામું / વશી / ૩૦ / ૨૦૦૧.— સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, વિનીતકુમાર ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ માંની પેટા કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ઓક્ટોબર, ૨૦૦૧ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૧ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી ભાષણ આપવાથી અથવા નિશાની ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧લી ઓકટોબર ૨૦૦૧ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હંગામી જાહેરનામું

ક્રમાંક ઉ / ગપક / ટફક / જાહેરનામું / એસ.બી./૩૧ / ૨૦૦૧.— સુરત શહેરમાં સગરામપુરા મેઈનરોડ ખાતે આવેલ શ્રી રણછોડજી મંદિર મેઈનરોડ સગરામપુરા ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૯મી ઓકટોબર ૨૦૦૧ દરમ્યાન બપોરે કલાક ૩-૦૦ થી ૬-૦૦ તથા રાત્રે કલાક ૮-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન કરેલ હોઈ જે શ્રીમદ ભાગવત સપ્તાહ દરમ્યાન ખુબજ મોટી સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહેશે. જેના લીધે ટ્રાફિકની આવરજવરમાં ઘણીજ અગવડના ઉભી થાય છે. તેથી આ જાહેર પ્રસંગે જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે તે હેતુસર હું વી. કે. ગુપ્તા, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૧ સુધી સગરામપુરા મેઈનરોડ ખાતે આવેલ શ્રી સીતારામ મંદિર ચાર રસ્તાથી સગરામપુરા પુતળી સુધીનો રોડ બપોરના કલાક ૧૪-૦૦ થી રાત્રીના કલાક ૨૩-૦૦ સુધી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે. અને જાહેર જનતાના હિતાર્થે નીચે મુજબની ટ્રાફિક વ્યવસ્થા કરૂં છું.

(૧) સગરામપુરા થી નવસારી બજાર તરફ જતો ટ્રાફિક વાહન વ્યવહાર સગરામપુરા શિવદાસ ઝવેરીની શેરી થઈ સગરામપુર પુતળી પાસે સરળતાથી જઈ શકશે. તેમજ નવસારી બજારા તરફથી સગરામપુરામાં આવતો વાહન વ્યવહાર કબીર મંદિર રોડ આવી શકશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિ. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

INDEX

BY DISTRICT JUDGE

Read :—(1) High Court letter No. C/2105/74, dated 18th April 1974.
(2) Notification No. GS-2001-10/PHD/ 102001/3796/GH/ Sachivalaya, Gandhinagar, dated 7th September 2001, 16th Bhadra,1923.

Notification

No. H-6/Adm/1040/2001.—As the date of Election of Lok Sabha of Sabarkantha Constituency is fisxed on 20th September 2001 (Thursday) through out the area of 15, Sabarkantha Parliamentary Constituency is declared as Public Holiday by the Government of Gujarat, hence the District Judge, Sabarkantha at Himatnagar is please to declare 20th September 2001 (Thursday) as a Public Holiday in the Judicial District of Sabarkantha except Prantij and Bayad courts. There fore the District Courts and all other subordinate to it except Prantij and Bayad Courts it, shall remain closed on 20th September 2001(Thursday)

Himatnagar, 18th September 2001.

KAUSHAL J. THAKER,
District Judge.
Sabarkantha at Himatnagar.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ, ૨૨) ની કલમ-૩૩ (૧) (બી) સાથે ૩૩ (૬) મુજબ.

નંબર પી.ઓએલ/૨/જાહેરનામું/ઓસ.આર/૩૦/૨૦૦૧.—આણંદ જિલ્લાના ચિખોદ્રા આણંદ સોજીત્રા રોડ ઉપર એલસી નંબર ૨૫૯/એ પાસે ઓવર બ્રિજ બાંધવાના કામે રસ્તો બંધ કરવાની જરૂરીયાત હોઈ આ કામગીરી માટે જાહેરનામું બહાર પાડવા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, આણંદનાઓએ તેઓના તારીખ ૨૯મી મે ૨૦૦૧ તથા તારીખ ૩જી ઓક્ટોબર ૨૦૦૧ ના પત્રથી દરખાસ્ત કરેલ છે. આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના પત્રથી અભિપ્રાય પાઠવેલ છે.

જેથી હું, પી. એમ. વિદ્યાર્થી, જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૬૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ની બાબત "બી" સાથે કલમ-૩૩ની પેટા કલમ (૬) થી મને મળેલ અધિકારીની રૂઈએ ચીખોદરા આણંદ સોજીત્રા રોડ પર આવેલ એલસી નં. ૨૫૯/એ નો રસ્તો તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૦૧ થી ઓવર બ્રીજ બાંધવાનું કામ પુરૂ ન થાય ત્યાં સુધી સદંતર બંધ કરવા તથા સદર રસ્તાનો ટ્રાફીક નીચે જણાવ્યા માટે ડાયવર્ટ કરવા ઠરાવું છું.

(૧) ચીખોદરા આણંદ સોજીત્રા રેલ્વે ફાટક બંધ થતાં આણંદ ગણેશ ચોકડી પાસેથી કૈલાસ ફાર્મ થઈ એલસી નં. ૨૫૯ ક્રોસ કરી રજોડ પુરા ગામ થઈને હયાત રસ્તા પર ફક્ત નાના વાહનો જેવા કે સ્કુટર, રીક્ષા, જીપકાર તથા કાર પસાર થઈ શકશે.

(૨) સોજીત્રા તારાપુર રસ્તા કે બોરસદ આણંદ રસ્તા ઉપર આવતા તેમજ બરોડા થી આણંદસોજીત્રા તારાપુર રસ્તા ઉપર જતાં ભારે તેમજ હલકા વાહનો નેશનલ હાઈવે નંબર ૮ ના સામરખા ચોકડીથી સામરખા રેલ્વે ઓવર બ્રિજ થઈ આણંદ જી. ઈ. બી. (ગ્રીડ) ત્રણ રસ્તા થઈ આણંદ ખંભાત રેલ્વે લાઈનના રેલ્વે ફાટક ક્રોસ કરી આણંદ સોજીત્રા તારાપુર રસ્તા ઉપરથી પસાર થઈ શકશે.

(૩) કરમસદ તથા સોજીત્રા બોરીઆવી તરફથી તમામ પ્રકારનો ટ્રાફીક આને વડોદરા અલકાપુરી કે ગોત્રી તરફ જનાર ટ્રાફીક નાવલી ઉમેટા રસ્તાનો ઉપયોગ કરી ઉમેટા પુલથી વડોદરા જઈ શકશે.

આ હુકમનો અમલ તારીખ ૧૫મી ઓક્ટોબર ૨૦૦૧ થી સદરહુ કામ પુર્ણ થતાં સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૪થી ઓક્ટોબર ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. એમ. વિદ્યાર્થી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમ.એ.જી./પીઓએલ/વશી/૩૩૫૪.—ભરૂચ જીલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઇ મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ,આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ સવારના ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૦મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક (વાગ્યા) સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

અનુસૂચિ

"સમગ્ર ભરૂચ જિલ્લા"

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને,

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતન ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨૪થી માહે સપ્ટેમ્બર સને ૨૦૦૧ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/વશી/પીઓએલ/૩૩૮૩:—ભરૂચ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ ની પેટા-કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ જાહેર શાંતી અને સલામતી સારૂ ફરમાવું છુ કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૧ થી ૩૧મી ઓકટોબર ૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધા.)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમા બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહી અથવાં ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા ગ્રામોફોન રેકોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

૩. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ભરૂચે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં)ની કલમ-૩૭ની પેટા-કલમ-૧ હેઠળ.

નંબર ડીસી/બીપીએ/જાહેરનામુ/૩૭(૧) વશી./૫૩૬૭/૨૦૦૧.—ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસ સ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, એમ.એલ.એ.કવાર્ટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે, અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજૂઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ-શાંતિ જાળવવાના હેતુથી હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ક્લાક ૦૦.૦૦થી ૧૪મી ઓકટોબર ૨૦૦૧ ક્લાક ૨૪.૦૦ સુધીની મુદત માટે નીચેના કૃત્યો નહી કરવા ફરમાવું છું. :—

(૧) હથિયાર, તલવાર, ધોકા, બંદૂક, છરા, સળગતી મશાલ, કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ટોટક પદાર્થ સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે વસ્તુ લઈ જવા તથા તૈયાર કરવાનું,

(૪) મનુષ્યોની આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાનું,

(૫) અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું,

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની,.

વિસ્તાર : ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર.—ફકત ઉપવાસીઓ માટે ચ. ૫ સેકટર-૧૭ અને સેકટર-૨૨ના ખૂણાનો ૨૦૦ ચો. મી. વિસ્તાર.

INDEX

અપવાદ.—

(૧) આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને લાગુ પડશે નહી.

(૨) ફરજ પરના સરકારી કર્મચારીઓ કે જે ફરજ ઉપર હથિયાર લઈ જવાનું, ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જેઓને શારીરિક અશક્તિ છે તેવા કારણોસર લાકડી/સોટી રાખવાની પરવાનગી આપી હોય તેઓને લાગુ પડશે નહી.

(૪) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામેપ્ર વાસ કરતાં વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યાં.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨મા ની) કલમ-૩૭ની પેટા- કલમ-૩ હેઠળ

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/૩૭(૩)/વશી. ૫૩૬૮/૨૦૦૧.— ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ધારાસભ્યોના વિસ્તારોની કચેરીઓ, સેમ્.રોલ્.સેકેટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અને અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા આવતાં હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

જેથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ વિસ્તારમાં (જેનો આમાં સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે) તે વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી બનાવી સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ (સને. ૧૯૫૧ મુંબઈ ૨૨મા) ની કલમ-૩૭ની પેટા- કલમ-(૩)થી મારી સત્તાની રૂઈએ હું, જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર, આથી સદરહું વિસ્તારમાં તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ક્લાક 00.00 થી તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૧ ક્લાક ૨૪.00 સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે રેલી, સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.
(૪) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

વિસ્તાર.—ગાંધીનગર જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર તથા ગાંધીનગર શહેરને નીચે જણાવ્યા મુજબનો વિસ્તાર.

પ્રતિબંધ સિવાયનો વિસ્તાર : ફકત ઉપવાસીઓ માટે ચ.૫ સેકટર-૧૭, અને સેકટર-૨૨ના ચૂણાનો ૨૦૦ મી. વિસ્તાર.

સદરહુ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા- કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૫૯ના ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યાં.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને. ૧૯૫૧ના મુંબઈ-૨૨માં) ની કલમ-૩૩(૧) (ખ) હેઠળ.

નંબર : ડીસી/બીપીએ/જાહેરનામું/ ૩૩(૧)(ખ)/વશી. /૨૦૦૧.— આગામી તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૧ના રોજ હેલીપેડ ગાંધીનગર સેકટર-૧૭ ખાતે પદનામિત માન. મુખ્યમંત્રીશ્રીના શપથવિધિ સમારંભ યોજાનાર છે. આ પ્રસંગે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં મહાનુભાવો અને ઘણી મોટી સંખ્યામાં આમંત્રિતો ઉપસ્થિત રહેનાર છે તે સમયે કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે ટ્રાફિક પર નિયંત્રણ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવાની ખુબ જ જરૂરિયાત છે.

તે સારૂ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ હું જયશ્રી દેવાંગન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર આથી નીચે જણાવેલ માર્ગ પર તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૧ના સવારના ૮.00 કલાકથી શપથ વિધિનો કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી વી.વી.આઈ.પી. ના વાહનો તથા ઉચ્ચ અધિકારીશ્રીઓના વાહનો સિવાયના તમામ વાહનોની અવર-જવર ઉપર સંપુર્ણ મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત માર્ગ :—

(૧) 'ચ' રોડ ઉપર 'ચ. ૭' તરફથી 'ચ.૫' થી બળવંતરાય ભવન સુધી વાહનો જઈ શકશે અને બળવંતરાયભવન (પંચાયત પરીષદ) થી દક્ષિણે 'ચ' રોડ ઉપર (વી.વી.આઈ.પી. તથા ઉચ્ચ અધિકારીશ્રી સિવાય) કોઈ વાહન જઈ શકશે નહિ.

(૨) તે જ રીતે ઈન્ટ્રોડા સર્કલ તરફથી 'ચ' રોડ ઉપર આવતા વાહનો 'ચ.૩' સુધી આવી શકશે. ત્યાંથી ઉત્તરે 'ચ' રોડ ઉપર (વી.વી.આઈ.પી તથા ઉચ્ચ અધિકારીશ્રી સિવાય) કોઈ પણ વાહન આગળ જઈ શકશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૧ના રોજ મારા સહિ-સિક્કા કર્યા.

જયશ્રી દેવાંગન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

———

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૨જી.નં.૧૪/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા), અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલી સત્તાની રૂએ હું, કિરીટ કે. દુધાત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લામાં આગામી તારીખ ૨જી ઓકટોબર ૨૦૦૧ ના રોજ ગાંધી જયંતિના તહેવારને લક્ષમાં રાખી તથા પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી નવસારી જિલ્લામ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ જાહેર શાંતિ અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતા ફરમાવું છું કે, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧થી તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૦૧ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું: –

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, લાઠી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ઘ) કોઈ પણ સરઘસ માં જવતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી, ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લે કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની;

આ હુકમનો ખંડ (ક) થી જ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :—

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૪મી ઓગષ્ટ ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર સહકારી મંડળીઓ ખેરાલુના પત્ર ક્રમાંક આપણ/૦૧/૨૦૦૦ તારીખ ૧લી ઓગસ્ટ ૨૦૦૦ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીનો જાવક નંબર આપણ/૦૧/ધ-૧/૨૮૬૬/૧૨૮ /૨૦૦૦ તારીખ ૭મી ઓક્ટોબર ૨૦૦૦ નો પત્ર.

(૩) કચેરીની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૩૩૬૬/૨૦૦૦ તારીખ ૨૫મી ઓક્ટોબર ૨૦૦૦ ની કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૩૮૯૧/૨૦૦૦ તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૦૦ થી સ્મૃતિપત્ર.

(૫) મંડળીની તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૦૧ ના સાદ પત્રથી થયેલ રજુઆત.

INDEX

(૬) અત્રેની કચેરીના પુનઃ સ્મૃતિપત્ર ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૦૬૬/૨૦૦૧ તારીખ પમી ફેબ્રુઆરી ૨૦૦૧.
(૭) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ખ/૮૦૪/૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ચાચરીયા ગામના પિયત વિસ્તારમાં પાણીની વહેચણી માટેની સહકારી મંડળી લી. મુ., ચાંચરીયા, તાલુકા ખેરાલુ જિલ્લા મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૧૯૫ તારીખ ૧૩મી ઓક્ટોબર ૧૯૮૩ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૭ થી તારીખ ૩૦મી જૂન ૧૯૯૯ સુધીના સમયનું અન્વેષણ સબ ઓડીટર, સહકારી મંડળીઓ, ખેરાલુને સુપ્રત થતા તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારી શ્રીના શેરા સહ અત્રે રજૂ થતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૩૩૬૬/૨૦૦૦ તારીખ ૨૫મી ઓક્ટોબર ૨૦૦૦ થી કારણદર્શક નોટીસ પાઠવેલી.

જેમાં મુદ્દા નંબર ૧ થી ૮ મુદ્દાઓ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલી હતી, જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતા અત્રેની કચેરીના પત્રક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૩૮૯૧/થી ૩૮૯૨ તારીખ ૨૯મી મે ૨૦૦૦ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રે થી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ હતી તે સામે તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૦૧ ના પત્રથી અત્રે રજુઆત કરી દિન-૧૫માં પુરાવાઓ આધારો રજુ કરવા અત્રે બાંહેધરી આપી હોવા છતાં કોઈ પુરાવાઓ રજુ થયેલ નથી, ત્યારબાદ તારીખ પમી માર્ચ ૨૦૦૧ થી પુનઃ સ્મૃતિપત્ર પાઠવવા છતાં કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી જેથી ઉપરોક્ત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.
(૨) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.
(૩) મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. સરવૈયાની સ્થિતિ વર્ષોથી જેમની તેમ રહેલ છે આર્થિક સ્થિતિ પણ સારી નથી.
(૪) મંડળીએ છેલ્લા પાંચ વર્ષથી તેના ઉદ્દેશો અને પેટા નિયમ મુજબની કામગીરી કરેલ નથી.

(૫) તપાસણી સમય દરમ્યાન પેટા નિયમ મુજબ એકપણ બેઠક મળેલ નથી.
(૬) સહકારી કાયદાની કલમ-૭ મુજબ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.
(૭) તારીખ ૩૦મી જૂન ૧૯૯૯ ના સરવૈયા મુજબ મંડળીમાં રૂા. ૭૩૬/- ચોખ્ખી ખોટ બોલે છે.
(૮) તારીખ ૧લી જુલાઈ ૧૯૯૯થી છેવટ સુધીના હિસાબી પત્રકો તથા શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ચાંચરીયાં ગામના પિયત વિસ્તારમાં પાણીની વહેચણી માટેની સહકારી મંડળી લી. મુકામ ચાંચરીયા, તાલુકા ખેરાલુ, જિલ્લા મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર ૨૧૯૫ તારીખ ૧૩મી ઓક્ટોબર ૧૯૮૩ થી નોંધવામાં આવેલ તેને સહકારી કાયદો ૧૯૬૧થી કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૭મી ઓગસ્ટ ૨૦૦૧.

———

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૫/૨૦૦૧ થી વચગાળાનો આદેશ
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ/ફડચ/૧૨૯૯૪/ખ/૮૦૬/૨૦૦૧.—શ્રી કેસીમ્પા (શ્રેખ) જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કેસીમ્પા તાલુકા ખેરાલુ, જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૫/થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત મજકુર કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે. નિયત ધોરણસરની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૯મી ઓગસ્ટ ૨૦૦૧.

———

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૯/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.
(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ/ફડચ/૧૨૯૯૩/ખ/૮૦૫/૨૦૦૧.—કરલી જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કરલી, તાલુકા ઊંઝા, જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના

INDEX

તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૯/૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરીએ ફડચાની કામગીરી આમ આદેશથી તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. નિયત ધોરણસરની ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૯મી ઓગસ્ટ ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૭/૨૦૦૧થી વચગાળાનો આદેશ.
(૨) ગુજરાત સહકારી મંડળીઓની અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ/ફડચ/૧૨૯૯૫/ખ/૮૦૭/૨૦૦૧.—ધી સાગથળા જુથ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ સાગથળા તાલુકા ખેરાલુ જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/-૫૦૭/૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી, (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. નિયત ધોરણસરની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૯મી ઓગસ્ટ ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ના આદેશ ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૧૦ / ૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ / ફડચ / ૧૨૯૯૬ / ખ/૮૦૮ / ૨૦૦૧.—ધી ગાયત્રી ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી. મુકામ : સાદરા તાલુકો : કડી જિલ્લો : મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૧૯મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૧૦/૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. નિયત ધોરણસરની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૯મી ઓગસ્ટ ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૮ / ૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ / ફડચ / ૧૨૯૯૭ / ખ / ૮૧૦ / ૨૦૦૧.— ધી રંડાલા જુથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ રંડાલા, તાલુકો વિસનગર, જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૧ના હુકમ ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ખ/૫૦૮/૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સી. પી. પટેલ, મદદ. સહકારી અધિકારી, લગત કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. નિયત ધોરણસરની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન. જ.) મહેસાણાના પત્ર ક્રમાંક અપણ / લાડોલ પિયત / ૩૩૫ / ૨૦૦૧, તારીખ ૧૧મી જુન ૨૦૦૧ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ / ૧૯૧ / ૨૦૦૧ તારીખ ૨૬મી જુન ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ / ૭૦૧ / ૨૦૦૧ તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૦૧ થી સમગ્ર વ્ય. કમિટીને સ્મૃતિપત્ર.
(૪) મંડળીના મંત્રીશ્રી દ્વારા તારીખ ૧૬મી જુલાઈ ૨૦૦૧ થી કારણદર્શક નોટીસના પારા સિવાયની પત્રથી રજૂઆત.
(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૮૫૧ / ૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી પછાત નાના સીમાન્ત ખેડૂત પિયત સહકારી મંડળી લી. મુકામ : લાડોલ તાલુકો :

INDEX

વિજાપુર, જિલ્લો : મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયા "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે. ") સદર મંડળીનો નોંધણી નંબર : ખો-૪૨૪૪, તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૭ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન. જ.), મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારી-શ્રીના શેરા સહ અત્રે રજુ થતાં તેઓના ખાસ અહેવાલને આધિન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ / ૧૯૧ / ૨૦૦૧, તારીખ ૨૬મી જૂન, ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૪ બાબતે મંડળીને રજૂઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. તેઓએ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૧ ના પત્રથી કારણદર્શક નોટીસના મુદ્દાઓ સિવાય અન્ય વિગતની રજૂઆત કરેલ છે. ફડચા કાર્યવાહી સંબંધી વાસ્તવિક પુરાવા રજૂ કરેલ નથી.

મંડળી તરફથી વાસ્તવિક રજૂઆત ન થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૭૦૧ / ૨૦૦૧ તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૦૧ થી સંસ્થાની વ્યવસ્થાપક કમિટીને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં વ્ય. કમિટી દ્વારા કોઈ રજુઆત કરેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાના ચાલુ હોદ્દેદારોએ ગંભીર ગેરવહીવટ ચલાવી નાણાંકીય ઉચાપતો કરેલ છે.

(૨) મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે.

(૩) મંડળીના ૨૬ સભાસદો પૈકી બહુમતી સભ્યો એટલે કે ૧૫ સભ્યોએ મંડળીને ફડચામાં લઈ જવા તારીખ ૧૧મી એપ્રિલ ૨૦૦૧ ના રોજ સ્વેચ્છાએ રાજીખુશીથી અત્રે લેખિત અરજી કરેલ છે.

(૪) મંડળી આર્થક્ષમ અને કાર્યદક્ષતા ધરાવતી નથી.

(૫) મંડળીનો વહીવટ સહકારી કાયદા કાનૂન અને પેટા કાયદા અન્વયે ચાલતો નથી.

(૬) મંડળીનું દફ્તર અને વહીવટ વ્યવસ્થિત જણાયેલ નથી.

(૭) મંડળીના પ્રમુખશ્રી ત્રિભોવનભાઈ જોઈતારામ ચૌહાણ આપ-ખુદી મનસ્વી અને માથાભારે વર્તન કરી ગેર વહીવટ ચલા-વવાથી સભાસદોમાં અસંતોષ થવાથી સભાસદો ખુબજ હેરાન પરેશાન થઈ જવાથી મંડળી ચલાવવા માંગતા નથી.

(૮) મંડળીએ તારીખ ૩૦મી જુન ૧૯૯૮માં રૂા. ૨,૪૧૯ તથા તારીખ ૩૦મી જુન ૧૯૯૯ માં રૂા. ૨ ૬૩૬ની ચોખ્ખી ખોટ કરેલ છે. તથા તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ માં સરવૈયામાં રૂા. ૩૫,૬૫૪ નો ખોટો નફો દર્શાવેલ છે. કારણ કે બોર રીપેરીંગ ખર્ચ નફા-નોટામાં લેવાને બદલે સરવૈયામાં રૂા. ૩.૦૧,૪૭૩ સાધનસામગ્રી ખરીદી ખર્ચ મિલ્કત તરીકે દર્શાવેલ છે. જે મિલ્કત નથી. પરિણામે મંડળી સતત ખોટમાં છે.

(૯) મંડળીનો બોર સર્વે નં. ૧૧૭૫ ને બદલે સર્વે નં. ૧૧૭૨ માં બનાવી ખોટું વીજ જોડાણ મેળવેલ છે. તેવી સભ્યોએ રજુઆત કરેલ છે.

(૧૦) મંડળીની નોંધણી દરખાસ્ત પરિશિષ્ટ-આ માં ૮ સભાસદોની શંકાસ્પદ અને ખોટી સહીઓ થઈ હોવાનું ઓડીટ સમયે સભ્યોએ રૂબરૂ રજુઆત કરેલ છે.

(૧૧) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ નં. : સપમ/૧૬૯૯/૩૧૭૧/ બ/૮૩૦૭ સચિવાલય ગાંધીનગરના તારીખ ૩૦મી માર્ચ ૨૦૦૦ થી મંજુર થયેલ સબસીડીની શરતો અને બોલીઓનો ચુસ્તપણે અમલ કરેલ નથી.

(૧૨) મંડળીની બોરની ઓરડી અને કુંડીઓ નિયમ મુજબ બનાવેલ નથી.

(૧૩) સભ્યોને ખેતરમાં પાણી પુરું પાડવામાં પ્રમુખશ્રીએ ગંભીર બેદરકારી સેવેલ છે. જેથી સભાસદો વચ્ચે ગંભીર ઝગડા ચાલે છે.

(૧૪) તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં આજપર્યંત રજુ કરેલ નથી.

આમ ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી પછાત નાના સિમાંત ખેડૂત પિયત સહકારી મંડળી લી. મુકામ લાડોલ તાલુકો : વિજાપુર જિલ્લો : મહેસાણાની સહકારી કાયદાધન રજિસ્ટર્ડ નં. ખો-૪૨૪૪ તારીખ ૨૯મી ઓક્ટોબર ૧૯૯૭ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭-(૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગષ્ટ ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) શ્રી જી. વી. વ્યાસ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમા-૧) મહેસાણાના પત્ર ક્રમાંક : અપણ/૦૧/૧૮૬/ ૨૦૦૧, તારીખ ૩૦મી જૂન ૨૦૦૧ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૭૦/ ૨૦૦૧, તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૧થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૭૦૦/ ૨૦૦૧, તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧થી સ્મૃતિપત્ર.

(૫) મંડળીની ન થયેલ રજૂઆત.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ખ/૮૫૩/૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી બાલમશાહ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કુકસ, તા. મહેસાણા, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં મંડળી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ધ-૧૧૭૯૭, તારીખ ૧૫મી જૂન ૧૯૯૦ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમા-૧) મહેસાણા ને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓનાં નિયંત્રણ અધિકારીશ્રી-ના શેરા સહ અત્રે રજૂ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૭૦/૨૦૦૧, તારીખ ૧૮મી જુલાઈ ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં અત્રેની કચેરીના પત્રક ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ-૭૦૦/૨૦૦૧ તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળી છેલ્લા ૭ વર્ષથી ઓડીટ વર્ગ "ડ" ધરાવે છે.

(૨) મંડળીના ઓડીટ સમય દરમ્યાન સને ૧૯૯૪-૯૫ના વર્ષમાં મંડળીના પેટાનિયમ મુજબ સભાસદોના રહેઠાણના મકાનોના બાંધકામ પૂર્ણ કરેલ છે. જે માટે ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગરની મેળવેલ લોન પૈકી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ના સરવૈયા મુજબ રૂા. ૬,૦૭,૮૮૦/- બાકી રહે છે. મંડળીએ ઓડીટ સમય દરમ્યાન સભાસદો પાસેથી લોનના હપ્તા ઉઘરાવવાની તથા ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડમાં ભરવાની કોઈપણ કાર્યવાહી કરેલ નથી.

(૩) તપાસણી મુદતમાં મંડળીની વ્યવસ્થાપક કમિટીની બેઠકો મળેલ નથી. જે જોતાં મંડળીની વ્યવસ્થાપક કમિટીને મંડળી ચાલુ રાખવામાં કોઈ જ રસ જણાતો નથી.

(૪) તપાસણી મુદતમાં મંડળીની એકપણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. જે જોતાં મંડળીના સભાસદોને પણ મંડળી ચાલુ રાખવામાં રસ જણાતો નથી.

(૫) મંડળીએ શરૂથી આજદિન સુધીના ઓડીટ મેમાની દુરસ્તી રીપોર્ટ કરેલ નથી.

(૬) મંડળીના પ્રમુખશ્રીનું તા. ૨૫મી જુન ૨૦૦૧ના રોજ લીખેલ નિવેદનમાં પણ તેઓ મોટા ભાગના સભાસદો મંડળીના સ્થળેથી સ્થળાંતર કરી ગયેલ હોઈ સદર રહેઠાણોનો ઉપયોગ કરતા નથી. જેથી મંડળીને ફડચામાં લઈ જવાની કાર્યવાહી કરવા આપે તેઓ સંમત છે.

(૭) મંડળી અર્થક્ષમ કે કાર્યક્ષમ નથી.

(૮) મંડળીએ કાયદા-કાનૂન તથા પેટા કાયદા મુજબના ઉદ્દેશો બાબતે કોઈ કાર્યવાહી તપાસણી મુદતમાં કરેલ જણાતી નથી.

(૯) મંડળીમાં રોજમેળ તથા સાધનિક ખાતાવહી તથા વાઉચર વ્યવસ્થિત નિભાવેલ નથી. આ સિવાય મંડળીમાં કાયમી ગણાતું કોઈપણ રેકર્ડ તૈયાર કરવાની મંડળીના કાર્યવાહકોએ કાળજી લીધેલ નથી.

(૧૦) તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો તથા શેર ભંડોળ ની યાદી રજુ કરવા જણાવતા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી બાલમશાહ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. કુકસ, તા. જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૧૧૭૯૭ તારીખ ૧૫મી જુન ૧૯૯૦ થી નોંધણીમાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ :ક ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારી (ફડચો) મહેસાણા ની નિમણુંક કરવામાં આવે.

નોંધ :ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧/ ઓડીટર ગ્રેડ—૨ સહકારી મંડળીઓ (ન. જ. ૧) મહેસાણાના પત્ર ક્રમાંક અપણ/૦૧/૧૧૩/૨૦૦૧ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીના જાવક નં. અપણ / ૦૧ / ધ—૧ / ૮૬ / ૧૨૨૩ / ૨૦૦૧ તારીખ ૭મી મે, ૨૦૦૧ નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧/ ખ્ / ૧૭૨૨ / ૨૦૦૧, તારીખ ૨૫મી મે, ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૨૭૬ / ૨૦૦૧ તારીખ ૨૯મી જુન ૨૦૦૧થી સ્મૃતિપત્ર.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ—૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૮૬૧/૨૦૦૧.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી શક્તિનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુકામ કુકસ તાલુકો મહેસાણા જિલ્લો મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ૧૧૮૮૬ તારીખ ૭મી જુલાઈ, ૧૯૮૮ છે.

INDEX

ઉપરોકત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧ લી જુલાઈ ૧૯૯૪ થી તારીખ ૩૧ મી માર્ચ, ૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ--૨ સહકારી મંડળીઓ (ન. જ. ૧) મહેસાણાને સુપ્રત થતાં તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા અંગેના ખાસ ચાલેવાલ તેઓના નિયંત્રણ અધિકારી મારફત મેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ ચલેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૧૭૨૨/૨૦૦૧ તારીખ ૨૫ મી મે, ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૨૭૬/૨૦૦૧ તારીખ ૨૯ મી જુન, ૨૦૦૧ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

આમ ઉપરોકત તમામ બાબતોને જેનાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાનું તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૧ થી તારીખ ૩૦ મી જુન ૧૯૯૪ સુધીના સમયનું ઓડીટ થવા પામેલ. જેની ઓડીટ નોંધ મંડળીના રેકર્ડ પર નથી. જે મેળવવા કાર્યવાહકોએ કોઈ પ્રયત્ન કરેલ નથી કે, તેની ઓડીટ નોંધ મેળવી દુરસ્તી કરવાના કોઈપણ પ્રયત્ન કરેલ નથી. જેથી સંસ્થાના કાર્યવાહકોને મંડળીની પ્રવૃત્તિ / કાર્યવાહીમાં જરાં સરખો પણ ઉત્સાહ જણાતો નથી.

(૨) સંસ્થાએ પેટા--નિયમ--૪૬ (૪) ને આધીન દર ત્રણ માસે વ્યવસ્થાપક કમિટીની બેઠક બોલાવવી જોઈએ. જે છ વર્ષના લાંબા ગાળામાં એકપણ વખત વ્યવસ્થાપક કમિટી મળેલ નથી. જે પેટાનિયમનું સદંતર ઉલ્લંઘન કરવામાં આવેલ છે.

(૩) સદર સંસ્થાએ પેટા-નિયમ-૩૪ ને આધીન છ વર્ષમાં એક પણ વખત વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ નથી. જે પેટા-નિયમ તથા સહકારી કાયદાની કલમ-૭૭ની સ્પષ્ટપણે અવગણના કરવામાં આવેલ છે.

(૪) સંસ્થાએ અગાઉના વર્ષોમાં પેટા નિયમાનુસાર બાંધકામ પૂર્ણ કરાવવા સારું ગુજરાત ગ્રામ્ય ગૃહ નિર્માણ બોર્ડ-ગાંધીનગર-માંથી અગાઉનો વર્ષોમાં લોન મેળવી બાંધકામ કરેલ. પરંતુ સને ૧૯૮૬ માં આવેલ પુર હોનારતમાં સદર મંડળીના મકાનો પડી જતાં સદર મકાનોનો વીમા ક્લેઈમ જે મંજુર થયેલ, તે ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર એ બારોબાર ચેક લઈ લોન ખાતે જમા કરાવેલ છે. તેવું સંસ્થાના મંત્રીએ જણાવેલ. આમ છતાં આ અંગે સંસ્થાના વહીવટકર્તાઓ તરફથી તેની માહિતી મેળવવાની કે માહિતી મેળવી હવાલા નાખવાની કોઈ પ્રવૃત્તિ કે કાર્યવાહી થવા પામેલ નથી.

(૫) સદર મંડળીના મકાનો પુર હોનારતથી પડી જવાથી સભાસદો પોતાની સગવડ અનુસાર અન્યત્ર વસવાટ માટે રહેવા ગયેલ છે. જેથી મંડળીની કાર્યવાહીમાં કે કામગીરીમાં કોઈને રસ જણાતો નથી.

(૬) મંડળીએ સહકારી કાયદા--કાનૂન અને પેટા-નિયમનું સરેઆમ ઉલ્લંઘન કરેલ છે.

(૭) મંડળીના તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ ના સુધારેલ મુજબ મંડળીના નફા-નુકશાન ખાતે રૂા. ૧૦,૫૬૩.૪૮ બોલે છે.

(૮) તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૦ થી છેક સુધીના હિસાબી પત્રકો, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી શકિતનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ કુકસ, તાલુકા જિલ્લો મહેસાણાની સહકારી કાયદાધીન રજિસ્ટર્ડ નં. ૧૧૮૮૬, તારીખ ૭મી જુલાઈ ૧૯૮૮ થી નોંધાયાં આવેલ. તેને સહકારી કાયદો ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :--

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૧.

વંચાણમાં લીધા

(૧) અત્રેની કચેરીના તા. ૩૧મી જુલાઈ ૨૦૦૧ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૫/૨૦૦૧થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૧૨૯૯૮/ખ/૮૮૯/૨૦૦૧.--ધી યોગક્ષેમ પિયત સહકારી મંડળી લી., મું. લાડોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા ને અત્રેની કચેરીના આમખ-૧ ના તા. ૩૧મી જુલાઈ ૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૫/૨૦૦૧થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળી ધારા અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બજાવી આપનો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એચ. એચ. પટેલ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાને ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા. ૪થી સપ્ટેમ્બર ૨૦૦૧.

એન. બી. શેખ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14 E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, NOVEMBER 1, 2001 / KARTIKA 10, 1923 [No. 44

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part-I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications Appointment, Promotion, Leave of Absence, Rules and Orders other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaintng only to the Supplement to the Central Gazette.	3731-3835
Part-I-A	Order and Notification, (other than those published in Part IV-B) order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Act, pertaining only to Supplement to the Central Gazette.	44
Part I-B	Government Notifications published under Land Acquisitions Act only.	450-454
Part I-L	Notification, Order and Award other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central Industrial) Disputes Act and Gujarat Industrial Relations Act.	25703-26204

MISCELLANEOUS NOTIFICATIONS AND APPOINTMENTS ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ--૩૭ (૩) મુજબનો હુકમ. :

નં ૨ ૭ / ગપક / વિ. શા. / ૫૫૧ / ૨૦૦૧.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ--૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૧ ના કલાક ૦૦--૦૦ થી તારીખ ૧૫ મી ઓગષ્ટ, ૨૦૦૧ ના કલાક ૨૪--૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોઓ ભેગા થવું નહીં. અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

INDEX

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિસનરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી જુલાઈ સને ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ--૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

નંબર ઉ/ગપક/વિ. શા./૫૫૩/૨૦૦૧.— અમદાવાદ શહેરમાં આમુક વિસ્તારોમાં હિંસક બનાવોના કારણે સર્જાયેલ પરિસ્થિતીમાં લોકોના જાનમાલ જોખમમાં હોય જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવો ભય હોઈ અને ઝાડી રીતે ભંગ થતો અટકાવવાની જરૂરી અને તેમ થતું તાત્કાલીક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઈચ્છનીય છે.

અને મને ખાત્રી થઈ છે કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતા કારણો છે. અને પ્રવર્તમાન પરિસ્થિતી લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં ઓક તરફી હુકમ કરવા માટે પુરતા કારણો છે.

તેથી, હું પી. સી. પાંડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફરમાવું છું કે, નીચે જણાવેલ અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોના રહેવાસીઓએ તથા તેમાં આવરજવર કરનારઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ તે સુચિમાં નિર્દેશ કરેલા વિસ્તાર પુરતો અનુસુચિમાં દર્શાવેલ સમય દરમીયાન નીચે જણાવેલ વિસ્તારોની અંદર આવેલા કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ તેમજ પેટા ગલીઓમાં સવારી કરવી નહીં, ઉભા રહેવું નહીં, રખડવું નહી અથવા હરવું ફરવુ નહી, તેમજ તેનો બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહીં.

અનુસૂચિ	તારીખ સમય
વિસ્તાર : દરીયાપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર.	તા. ૨૫-૮-૨૦૦૧ ના કલાક ૧૫/૪૦ થી બીજા હુકમ થતાં સુધી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમ) ની કલમ--૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગુજરાત સરકારના ગૃહ ખાતાના જાહેરનામા નંબર જીજી / ૩૬૫ / ૭૯ / ઓસબી / ૧ / સીએલએ / ૧૦૭૯ / ૧૦૭૨૬ / તારીખ ૧૪ મી ડિસેમ્બર, ૧૯૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીનજામીન લાયક ગુનો છે.

અપવાદ :— આ હુકમ ફરજ પરના પોલીસ દળ, ફાયરબ્રીગેડ, રેડક્રોસ, એમ્બ્યુલન્સ, હોમગાર્ડ, એસઆરપી., દળના સભ્યો, સીલ તથા ફેક્ટરી કામદારો, ડોકટરો, નર્સો, પ્રેસ-રીપોર્ટરો, રેલ્વે, સ્યુની. કોર્પો. એઓમટીઓસ અને એસ. ટી. ના કર્મચારીઓ, ઈલેકટ્રીકસીટી કંપની, ઓએનજીસી, ટેલીગ્રાફ, તથા તાર અને ટપાલ ખાતાના કર્મચારીઓ જેમને તેમની સંસ્થાના વડાઓએ કટોકટીમાં ફરજ બજાવવા માટે ઓળખપત્રો આપેલ હોય તેમજ બીજાઓએ પોતાના ઓળખ પત્રો રજુ કરવાના રહેશે. તેમજ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી કરફ્યુ વિસ્તારમાં ફરવાની આપવામાં આવેલી પરમીટ ધરાવતી વ્યકિતઓને લાગુ પડતો નથી.

આજ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ

નંબર ઉ/ગપક/૫૫૩/તારીખ ૨૫મી ઓગસ્ટ ૨૦૦૧ ના રોજ કાઢેલ કરફ્યુમાં છુટછાટ :—અમદાવાદ શહેરમાં જણાવેલ હુકમથી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતિ ના કારણે લોકોના જાનમાલ જોખમમાં મુકાતા તેમજ શહેર સુલેહ શાંતીનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલ તે વિસ્તારમાં લોકોને જરૂરી રાહત રહે અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે તે માટે ફકત સ્ત્રીઓ અને બાળકો માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવાનું મને ઈસ્ટ જણાય છે.

જેથી હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર અમદાવાદ શહેર આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલા કરફ્યુ નંબર ઉ/ગપક/૫૫૫૩/૨૦૦૧ તારીખ ૨૫મી ઓગસ્ટ ૨૦૦૧ થી દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સામે જણાવેલ સમય દરમ્યાન ફકત સ્ત્રીઓ અને બાળકો માટે કરફ્યુ અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર.	છુટછાટનો સમય અને તારીખ
દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યુ અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.	૨૬મી ઓગસ્ટ ૨૦૦૧ ૧૬-૦૦ થી ૧૮-૦૦ સુધી.

આજ તારીખ ૨૬મી ઓગસ્ટ ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ કરફ્યુ હુકમ.

નંબર ઉ/ગપક/૫૫૩/વિ. શા./૨૦૦૧ તારીખ ૨૫મી ઓગસ્ટ ૨૦૦૧ ના રોજ કાઢેલ કરફ્યુ સંપૂર્ણપણે ઉઠાવી લેવા બાબત.

INDEX

નંબર ઉ/ગપક/વિ. શા./૫૫૫/૨૦૦૧.—અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી દરીયાપુર પો. સ્ટેશન વિસ્તારમાં તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતા તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલીક અટકાવવા માટે પગલાં લીધેલ અને કરફ્યુ અમલ કરેલ.

જેથી હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મે જાહેર કરેલા આ કરફ્યુ હુકમ નંબર ઉ/ગપક/૫૫૩/૨૦૦૧ તારીખ ૨૫મી ઓગસ્ટ ૨૦૦૧ થી કરફ્યુ અમલ કરેલ જે આજ તારીખ ૨૭મી ઓગસ્ટ ૨૦૦૧ના કલાક ૧૫-૦૦ થી સંપૂર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે.

વિસ્તાર : દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં કરફ્યું અમલમાં છે તે તમામ કરફ્યુગ્રસ્ત વિસ્તાર.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ સને ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૪૩(૧) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/૫૫૯./વિશા./૨૦૦૧.— તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૦૧ થી ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૧સુધી મણીનગર પોલીસ સ્ટેશન ની હદમાં આવેલ શાહ આલમ રોજા પાસે ભરાનાર ઉર્સ મેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ), ની કલમ-૪૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવ્યું છું કે, નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યકિતએ પાલન કરવા બાંધાયેલ છે.

(૧) કોઈપણ યાત્રાળુ પીવાના પાણીના તળાવમાં કે કુવામાં પોતાનું વાસણ બોળી શકશે નહી દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણાં મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહી ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પૂરી પાડશે.

(૩) ખાસ નકકી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરશે નહી.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચાની તથા ઠંડા પીણા અને ખાનપાનની દુકાનો તપાસી શકશે. અને સ્વચ્છતા માટે જરૂરી સૂચનાઓ આપશે જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે અને મરકી શીતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલીક મેળા વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરના નિયમોનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૯ અન્વયે મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪ માહે સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨મા અધિનિયમની કલમ--૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ / ગપક / વિ. શા. / ૫૬૦ / ૨૦૦૧.— અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦સી સપ્ટેમ્બર ૨૦૦૧ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ.શા./૫૬૧/૨૦૦૧.—પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં ૬૭, સાબરમતી વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી અંગે તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ મતદાન થનાર છે, અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના અધિનિયમની, કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૧ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી ૬૭, સાબરમતી વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

INDEX

મતદાન મથકથી ૨૦૦ મીટર વિસ્તારની અંદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહી કે ચિન્હો રાખવા નહી.

વિસ્તાર : પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી ૬૭, સાબરમતી વિધાનસભા મત વિસ્તારની પેટા ચુંટણી થનાર વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારની સત્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તથા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-(૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની અધિનિયમ નંબર ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૬ (ગ) (ઘ) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ. શા./૫૬૨/૨૦૦૧.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં ૬૭ સાબરમતી વિધાનસભા મત વિસ્તારની પેટા ચુંટણી અંગે નિયુકત કરેલ મતદાન મથકોએ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૨૬ (ગ) (ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સદરહું ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ.

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એકલાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

(૨) મતદારે મતદાન મથકમાં અનુકમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર : પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારપૈકી ૬૭, સાબરમતી વિધાનસભા મતવિસ્તારની પેટા ચુંટણી થનાર વિસ્તાર.

આજ તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ શા./૫૬૩/૨૦૦૧.—તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી ૬૭, સાબરમતી વિધાનસભા મત વિસ્તારની પેટા ચુંટણીની મત ગણતરી વખતે જુદા જુદા પક્ષો ના લોકો આ મતગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એક બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાન્ત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાન્તી જોખમાય તેવી સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું, પી. સી. પાન્ડે, પોલીસ કમિશનર અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના કલાક ૭-૦૦ થી મત ગણતરી પૂરી ન થાય ત્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી કોઈ સુત્રોચ્ચાર કરવા નહી. માઈક વગાડવું નહી તેમજ લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી. અને મતગણતરી સ્થાને બીન અધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેરમાં આવેલ મીકેનીકલ ડ્રોઈંગ હોલ એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ કંપાઉન્ડ તથા આજુ બાજુનો ૨૦૦ મીટર નો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવો ફરજ પર હોય તેઓને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) સને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માહે સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ (૩૭ (૩) મુજબનો હુકમ.

નંબર ઉ/ગપક/વિ.શા./૫૬૪/૨૦૦૧.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું પી. સી. પાન્ડે, પોલીસ કમીશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭

INDEX

(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૧ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમતનો સમગ્ર વિસ્તાર.

આપવાદ : આ હુકમ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સમશાન-યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી. આ હકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

BY POLICE COMMISSIONER

Notification

No. U/GPK/S.B./565/2001.—The central Government in exercise of powers conferred under section 3 of the Unlawful Activities (Prevention) Act, 1967 has declared the student Islamic Movement of India (SIMI) as an unlawful association.

And whereas the Central Government in exercise of powers conferred under section 19 of the Act has delegated all the powers exercisable by it under section 7 and 8 of the said act to the state Government.

And whereas, the state Government in exercise of powers conferred under section 19 of the said Act, has directed by order No. SBI/ULO/102001/GOI, dated the 29th September, 2001 that the said powers shall be exercised by the Commissioner of police in the commissionerate area of Ahmedabad, Vadodara, Surat, and Rajkot within their respective jurisdiction and elsewhere, by the District Magistrate of the District

And Whereas I. P. C. Pande, Commissioner of Police, am of the opinion that office of student Islamic Movement of India, Ist Floor, Noor Complex, Shahpur Bahi Centre, Shahpur, Ahmedabad City, is used for the purpose of the aforesaid unlawful association.

Now, Therefore inexercise of powers conferred, under section 8 of Police, Ahmedabad City hereby notify the office of Student Islamic Government of India Ist Floor Noor Complex, Shahpur Bahi Centre Shahpur Ahmedabad City as the place which is used for the purpose of the said unlawful association.

Ahmedabad, 28th September, 2001

P. C. PANDE,
Commissioner of Police,
Ahmedabad City.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૧૪૨૧/૨૦૦૧.—અમદાવાદ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ, જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે પશ્ચિમ ભાગ તરફ આવેલ. જે તે સદરી જગ્યા પર તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૧થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૨ સુધીના સમય દરમ્યાન પોલીસ અધિકારીઓ રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોય સદર જણાવેલ હદમાં રહેતા પ્રજાજનો તથા ઢોર ઢાંખરની સલામતી સારૂ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, કલમ-૩૭ (૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે—

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટની આજુબાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૧થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૨ સુધી સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈપણ આમ અધિકૃત વ્યકિતઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોરઢાંખરને પ્રવેશ આપવો નહી. રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા માર્યા છે.

પી. સી. પાન્ડે,
પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ધ) (ક) મુજબ

નંબર ડી એમઓજી/૧/નવરાત્રી/૨૦૦૧/વશી/૧૯૦૯૧ થી ૧૯૧૪૦.— આગામી નવરાત્રિની ઉજવણી તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૦૧ સુધી થનાર છે. આ પવિત્ર તહેવારની ઉજવણી સમૃધ્ધ ભારતીય પરંપરાને અનુરૂપ હર્ષ ઉલ્લાસ પૂર્ણ શ્રધ્ધા પુર્ણ અને સદભાવનાપૂર્ણ વાતાવરણમાં જાહેર પ્રજાને કોઈપણ પ્રકારે અડચણરૂપ થયા વગર થાય તે અતિ આવશ્યક છે.

નવરાત્રિ પૂર્વ સમૃધ્ધ ભારતીય પરંપરાને અનુરૂપ હર્ષ ઉલ્લાસ પુર્ણરીતે ઉજવવાનો તહેવાર છે. આ તહેવારની ઉજવણીમાં સમાજના તમામ માર્ગો તથા નાના બાળકોથી માંડી મોટી ઉંમરના સ્ત્રી પુરૂષો ભાગ લે છે. આ ઉત્સવની ઉજવણી દરમ્યાન ઉજવણીના જાહેર સ્થળે પાન મસાલા/બીડી/સીગારેટ/ગુટકા કે જેના સેવનથી આરોગ્યને નુકસાન તથા બાળકોના માનસ પર મોટી અસર પડવાનો પુરેપુરો સંભવ છે. જાહેર હિત તથા જાહેર સુખાકારી માટે આવી જાહેરાતો પર પ્રતિબંધ મુકવો અતિ આવશ્યક છે.

INDEX

વાસ્તે હું શ્રી એમ. કે. દાસ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (ધ) (ક) મુજબ મને મળેલ સત્તાની રૂએ, બનાસકાંઠા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૧ થી ૨૬મી ઓકટોબર, ૨૦૦૧ (નવરાત્રિ આરંભથી અંત) સુધી યોજાનારા નવરાત્રિ ઉત્સવમાં ઉજવણી દરમ્યાન ઉજવણીના જાહેરો સ્થળે પાન, મસાલા, બીડી, સીગારેટ ગુટકાની જાહેરાતો કરવા અને મુકવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરવા બદલ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. કે. દાસ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ-૩૩ (૧) (ત) મુજબ.

નંબર ડી.સી./એમ.ઓ.જી / એસ.આર.૩૪ / ૨૦૦૧.—અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ મુકામે તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી ઉર્સ (મેળો) ભરાનાર છે. ભડીયાદ ગામના તળાવનું પાણી ગામે લોકોપીવાના ઉપયોગમાં લે છે. જેથી જાહેર જનતાના સ્વાથ્યની સલામતી માટે આ તળાવના પાણીને દુષિત થતું અટકાવવું જરૂરી છે.

વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (ત) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ ગામે ઉર્સના મેળામાં આવનાર કોઈપણ યાત્રાળુ કે અન્ય કોઈપણ વ્યકિત ભડીયાદ ગામે આવેલ તળાવનું પાણી દુષિત થાય તેવું કે ગંદકી થાય તેવું કોઈપણ કૃત્ય તળાવની પાળથી આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કરી કે કરાવી શકશે નહી.

ઉપરોકત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એનએજી/એસ.પીઆર/૩૫/૨૦૦૧ આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરના જાળવણી વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ (સને ૧૯૫૧) નો મુંબઈ અધિનિયમ નંબર ૨૨ ની કલમ-૩૭(૧) ની મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી નીચેનાં કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરીક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતીને જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.
(પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર સિવાય)

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવા પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતનાં ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર (૨૨) ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/ઓસઆર/૩૬/૨૦૦૧.—આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ નંબર ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૧ની કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું કાઢવું નહીં.

અનુસૂચિ

અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

વિસ્તાર : (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો વિસ્તાર)

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ, તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારોની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ- હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) મુજબ

નં. : ડી / એમએજી / ૧/નવરાત્રિ / બી.પી.ઓ./વશી / ૧૯૧૪૧ થી ૧૯૧૫૨.—તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૧ થી તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૧ સુધીના સમય દરમ્યાન નવરાત્રિ ઉત્સવ યોજાનાર છે. પાલનપુર શહેરના સમગ્ર વિસ્તારમાં આલગ આલગ સ્થળોએ જાહેર જગ્યાઓ ઉપર ગરબાંના કાર્યક્રમો થાય છે. જાહેર સ્થળોએ અને રસ્તાઓ ઉપર ગરબાંના કાર્યક્રમો દરમ્યાન જીપ, રીક્ષા, સાયકલ, અને અન્ય વાહનોની અવરજવર અડચણરૂપ થાય છે. અને જેના કારણે સુલેહ શાંતિ જોખમાવવા સંભવ છે. આથી કાયદો અને વ્યવસ્થા તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી પાલનપુર શહેરમાં યોજાનાર તમામ ગરબાના સ્થળની ૧૦૦ મીટરના વિસ્તારમાં તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૧ થી ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૧ (બંને દિવસો સહિત) રાત્રીના ૨૦-૦૦ કલાકથી સવારના ૨-૦૦ કલાક સુધી સાયકલ, રીક્ષા, જીપ કે કોઈપણ હળવા કે ભારે વાહનો ફેરવવા ઉપર હું એમ. બી. પટેલ, જી.એ.એસ.એમ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં) ની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ સ્ટેટ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોને લાગુ પડશે નહી. અંબાજી જતા વાહનો ગુરૂનાનક ચોકથી ટેકનીકલ સ્કુલ થઈ મીરાંગેટ થઈ જનતાનગર થઈ ચાર રસ્તા બારોબાર અંબાજી લઈ જઈ શકાશે.

વેપારી હેતુ માટેના ઉપયોગ સિવાયની કોઈ તાકીદની આવશ્યક સેવાઓ વાહનનો ઉપાયોગ કરી શકાશે.

આજરોજ તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા.

જાહેરનામું

સને ૧૯૫૧નો પોલિસ અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબનું:

નંબર પલસ / મજસ / વશી / ૪૦૬૨ થી ૪૦૮૧.— આગામી તારીખ ૧૭ મી ઓક્ટોબર, ૨૦૦૧ થી તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૧ ના સમય દરમ્યાન નવરાત્રિ, દશેરા જેવા તહેવારોની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી, મુંબઈ પોલિસ અધિનિયમની ૧૯૫૧ ની કલમ ૩૭(૧)અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આઈ. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દાહોદ આથી ફરમાવું છું કે સમગ્ર દાહોદ જિલ્લામાં તારીખ ૧૫ મી ઓક્ટોબર, ૨૦૦૧ થી ૩૧ મી ઓક્ટોબર, ૨૦૦૧ (બંન્ને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહીં.

INDEX

(ખ) કોઈપણ ભયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પત્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા તો વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો સાથે લઈ જવાં નહીં, ઓકઠા કરવાં નહીં, તથા તૈયાર કરવાં નહી મનુષ્યો અથવા શબો અથવા, આકૃતિઓ અથવા પુતળા દેખાડવાં નહીં. અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાં નહીં. અશ્લીલ ગીતો ગાવાં નહીં.

(ઘ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી. તેવા હાવભાવ કરવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં. અથવા તેવા પત્રો, પ્લે-કાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ પણ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું હથીયાર લઈ જવાની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સપેકટરશ્રી થી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આજરોજ તારીખ ૧૧ મી ઓકટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

કે. આઈ. વઘાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
દાહોદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમઓજી/બીપીએ/૨જી. નં. ૨૯/૨૦૦૧:—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૩મી ઓકટોબર ૨૦૦૧ થી તારીખ ૨૭મી ઓકટોબર ૨૦૦૧ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર ભાલા, સોટા, બંદુક ચપ્પુ છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(છ) જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને (૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૨મી ઓકટોબર, ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. રહેવર.
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

———

જાહેરનામું

નં. : ડીસીબી / એમઓજી /બી.પી.એ. / રજિ. નં. ૩૦ / ૨૦૦૧.— કાર્યપાલક ઈજનેરશ્રી, વલસાડ (મ. અને મા.) વિભાગ, વલસાડનાં પત્ર નં. : સીબી/આર/૩૪૯૯ સને ૨૦૦૧ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૧ થી જણાવેલ છે કે, વાપી-સેલવાસ રોડના કિ. મી. ૦/૦ થી ૪/૦ (દાદરા ચેક પોષ્ટ) સુધીના રસ્તા ઉપર ટુંક સમયમાં ડામર કામગીરી શરૂ કરવામાં આવનાર છે. જેથી સદર રસ્તા ઉપરથી પસાર થતા હળવા તેમજ ભારે વાહનોની સતત ચોવીસ કલાક અવર જવરના કારણે રસ્તાના ડામર કામમાં વિક્ષેપ પડે તેમ છે. જેના કારણે વાહનોની અવરજવરનું નિયમન કરવાનું જરૂરી જણાતાં જાહેર સલામતી તથા જાહેર વ્યવસ્થાના હિતમાં વાહન વ્યવહાર માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનું જરૂરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ મો) ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ના ક્લોઝ (બી) થી મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, આથી તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૧ થી ૮મી નવેમ્બર, ૨૦૦૧ સુધીના સમય માટે નીચેના નિયમો કરૂ છું.

(૨) ઓડિટર ગ્રેડ-૧ સ. મ. સુરત મંજૂરીનો પત્રક્રમાંક અષણ/૦૧ ૬૭/૨૦૦૦ તા. ૩-૩-૨૦૦૦.

વચગાળાનો આદેશ

ક્રમાંક: જી. ઉ.કે. સુધગ/ઉબસ/ફડચા/૭૩/૨૫૩૭/૨૦૦૧ : — શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી લી. કુકરમુંડા તા. નિઝર જિ. સુરતને સહકારી મંડળીઓના અધિનિયમ અન્વયે મેનેજર કે. વી. સી. આઈ. અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર મંડળીઓ જિલ્લા પંચાયત, સુરતના નોંધણી ક્રમાંક ઉ-૬૨૨૦ તા.૮૧૫/૧/૯૮ થા નોંધવામાં આવી હતી.

મંડળીનું અન્વેષણ તા ૧/૭/૯૮ થી ૩૦/૬/૯૯ સુધીના અન્વેષણ હેવાલમાં જણાવ્યા મુજબ.

૧. મંડળી ઘણા વર્ષોથી સ્થગિત અવસ્થામાં છે. મંડળીનો ઓડિટ વર્ગ'ડ'

૨. પે. નિ.૨૧(બ)(૬) મુજબ વ્ય. કમિટિની મીટીંગ વર્ષમાં એકપણ વખત બોલાવેલ નથી.

૩. પે. નિ. ૧૬ મુજબ વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી.

૪. પે. નિ. (૨) મુજબ ઉદેશ પ્રમાણેની કામગીરી કરેલ નથી.

ઉપરોકત બાબતો ધ્યાનમાં લેતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી કાયદાની કલમ ૧૦૭ હેઠળ મળેલ સત્તાની રૂએ હું એ. એન. શાહ મેનેજર કેવીસીઆઈ અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરત સહકારી કાયદાની કલમ ૧૦૭૧(ક) અન્વયે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપુ છું. અને એજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી-ફડચા-લાગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની નિમણુંક કરું છું.

સુરત, તા. ૧૩-૨-૨૦૦૧.

વંચાણે લીધા :—(૧) સહકારી અધિકારી ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા.૬/૨/૨૦૦૧નો પત્ર.

હકમ

જા. નં. જિ.ઉ.કે./સુ/ઉખરા/અધગ/ફડચ/૧૮/૨૦૦૧ : — ધી ચોર્યાસી તાલુકા રેશમ ઉદ્યોગ સ. મં. લી. મુ.પો.વકતાણા તા. ચોર્યાસી જિ. સુરતના નોંધણી ક્રમાંક:નંબર ઉ-૬૫૫૬ તારીખ ૨૫/૯/૮૯ થી નોંધવામાં આવી હતી જેને મેનેજર(કેવીસી આઈ) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ(ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી. ઉ.કે./સુ/અધગ/ઉખસ/ફડચ/૩૪૫/૯૭ તા.૨૫/૭ ૯૭ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારી ના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૩-૩-૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સહકારી અધિકારી(ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૬/૨/૨૦૦૧નો પત્ર.

હકમ

જા. નં.જિ.ઉકે/સુ/ઉખરા/અધગ/ફડચ/૨૬/૫૩૪૯/૨૦૦૧ ધી કીમ વિભાગ ઔદ્યોગિક સ. મં. લી. મુ.પો.મોટા-ખોરસરા તા. માંગરોળ જિ. સુરતના નોંધણી ક્રમાંક:નંબર ઉ-૫૬૩૦ તારીખ ૫-૧-'૯૫ થી નોંધવામાં આવી હતી જેને મેનેજર(કેવીસીઆઈ) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ(ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી.ઉ.કે./સુ/અધગ/ઉખસ/ફડચ/૧૯૨/૨૨૧૨ તા.૯/૮/૨૦૦૦ ના હકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું, અગર લેણું નથી. તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૭/૫/૨૦૦૧.

સહી/-અવાચ્ય
મેનેજર (કેવીસીઆઈ) અને જિલ્લા
રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ(ઉદ્યોગ)
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત

INDEX

REGISTERED No. G. BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, NOVEMBER 8, 2001 / KARTIKA 17, 1923 [No. 45

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	3836-3865
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	45
Part I-B	Government Notifications published under Land Acquisition Act only.	455-468
Part I-L	Notifications, Order and Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	26205—26816

MISCELLANEOUS, NOTIFICATIONS AND APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ ૧ બી હેઠળ.

ક્રમાંક ઉગપક/૮૬૬૬/જાહેરનામું/૨૧૮૯/૨૦૦૧.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઇ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ ૧ બી હેઠળ મળેલ સત્તાની રૂએ તાત્કાલીક અસરથી જાહેર જનતા જોગ જણાવવાનું કે ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ગાંધીનગર દ્વારા છાણી ગામ મેઈન રોડ પર આવેલ છાયાપુરી રેલ્વે ગરનાળા ઉપર આર. આર. બી. (ઓવર બ્રીજ) બનાવવાની કામગીરી રણજીત કન્સ્ટ્રકશન કંપની મહેસાણા તરફથી તારીખ ૨૨મી ઓકટોબર ૨૦૦૧ થી શરૂ થનાર હોય જે ઓવર-બ્રીજ બન વવા માટેનો સમય ૧૮ માસ સુધી એટલે કે તારીખ ૨૨મી ઓકટોબર ૨૦૦૧ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૨ સુધી કામગીરી પુર્ણ થનાર છે. આ સમય ગાળા દરમ્યાન છાયાપુરી ગરનાળા થઈ શહેરમાં

INDEX

આવતા તમામ પ્રકારના વાહનો તેમજ છાયાપુરી ગરનાળાથી શહેરથી અમદાવાદ જતા તમામ પ્રકારના વાહનોને અકસ્માત ન થાય તથા જાહેર સલામતી જળવાઈ રહે તે માટે આ સમય ગાળા દરમ્યાન ટ્રાફીકની વૈકલ્પીત વ્યવસ્થા તેમજ લોકોને ભય અગર અગવડ ન પડે અને ટ્રાફીક સરળતાથી ચાલે તે હેતુથી હુ નીચે મુજબનો નિયમ કરૂ છું.

જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માંની) કલમ-૨૨ની પેટા કલમ (૧) બી હેઠળ મળેલ સત્તાની રૂએ હું જે. મહાપાત્ર પોલીસ કમિશનર વડોદરા શહેર વડોદરા શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં આવેલ છાણી મેઈન રોડ પર આવેલ છાયાપુરી રેલ્વે ગરનાળા.

(૧) અમદાવાદ તરફથી વડોદરા શહેર છાયાપુરી ગરનાળા તરફ આવતો હેવી વ્હીકલ ટ્રાફીક વાહનો જેવા કે ટ્રક ટેન્કર, ઓસ. ટી. બસ લકઝરી બસ, મીની લકઝરી બસ, ટ્રેકટર વિગેરે વાહનો ફર્ટીલાઈઝર બાયપાસ ત્રણ રસ્તાથી છાયાપુરી ગરનાળા તરફ પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીત રૂએ અમદાવાદ તરફથી શહેર તરફ આવતો હેવી વ્હીકલ ટ્રાફીક ફર્ટીલાઈઝર ત્રણ રસ્તા થઈ સમા જકાત નાકા થઈ ન્યુ સમા રોડ થઈ ચાણકય માર્ગ થઈ ચાણકય ચાર રસ્તા થઈ, અભિલાષા ચોકડી થઈ મિલીટ્રી બોઈઝ ચાર રસ્તા થઈ નવાયાર્ડ ત્રણ રસ્તા થઈ શહેરમાં પ્રવેશ કરી શકશે.

(૨) શહેરમાંથી અમદાવાદ તરફ જતાં હેવી વ્હીકલ જેવા કે ઓસ. ટી. બસ લકઝરી બસ, ટ્રક ટેન્કર, ટેઈલર, મીની લકઝરી બસ ટ્રેકટર વિગેરે વાહનો છાણી જકાત નાકા તરફ જવા પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીક રૂપે શહેરમાંથી અમદાવાદ તરફ જતો હેવી વ્હીકલ ટ્રાફીક નવાયાર્ડ ચીસ્તીયા નગર થઈ નતાશા ધાર્ક રોડ થઈ મિલીટરી બોઈઝ ચાર રસ્તા થઈ અભિલાષા ચોકડી થઈ ચાણકયપુરી ચાર રસ્તા થઈ ન્યુ સમા રોડ થઈ સમા જકાત નાકા થઈ હુમાડ ચોકડી થઈ ફર્ટીલાઈઝર બાયપાસ થઈ અમદાવાદ તરફ જઈ શકશે.

(૩) અમદાવાદ તરફથી આવતા લાઈટ વ્હીકલો જેવાં કે મેટાડોર, એમ્બેસેડર, મારૂતી થ્રી વ્હીલર, ટુ વ્હીલર વગેરે વાહનો ફર્ટીલાઈઝર ત્રણ રસ્તાથી છાયાપુરી ગરનાળા તરફ પ્રવેશ કરવા પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીક રૂપે અમદાવાદ તરફથી આવતા લાઈટ વ્હીકલો હરીધામ સોખડા જતા રોડ પરથી ઓમકારપુરી ચોકડી થઈ નેશનલ હાઈવે ઓવર બ્રીજ નીચે થઈ છાણી ગામ થઈ રામા કાકાની ડેરી રોડ અથવા છાણી ગામ બસ સ્ટેન્ડ થઈ શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

(૪) શહેરમાંથી અમદાવાદ તરફ જતા તમામ પ્રકારના લાઈટ વ્હીકલો છાણી ગામ બાજવા ચાર રસ્તા છાયાપુરી ગરનાળા તરફ જવા પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીક રૂપે શહેર વિસ્તારમાંથી અમદાવાદ તરફ જતા લાઈટ વ્હીકલો છાણી ગામ રામા કાકાની ડેરી રોડ છાણીગામ રોડ થઈ છાણી ઓવર બ્રીજ નીચેના રોડ ઉપર થઈ ઓમકારપુરી ચોકડી થઈ ફર્ટીલાઈઝર તરફ જતા રોડ પર ટર્ન લઈ અમદાવાદ તરફ જઈ શકશે.

મેં આજ રોજ તારીખ ૧૯મી ઓકટોબર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ બી હેઠળ.

ક્રમાંક ઉ/ગપક/ટફક/જાહેરનામું/૨૨૧૬/૨૦૦૧.—અત્રેની કચેરીઓ તારીખ ૧૯મી ઓકટોબર ૨૦૦૧ ના રોજ જાહેરનામાં ક્રમાંક ઉ/ગપક/ટફક / જાહેરનામું / ૨૧૮૯ / ૨૦૦૧ થી બહાર પાડવામાં આવેલ. જેમાં છાયાપુરી ગરનાળુ છાણીની ઉપર ઓવર બ્રીજનું બાંધકામ થનાર હોય ટ્રાફીકને તારીખ ૨૨મી ઓકટોબર ૨૦૦૧ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩ સુધી ડાયવરજન આપવાનો હુકમ કરવામાં આવેલ છે. જે બાબતે નાગરીકોએ રજુઆત થયેલ છે કે દિવાળીનો તહેવાર ખુબ નજીક છે. દિવાળીના સમયે શહેરમાં અમદાવાદ તરફથી ઘણી મોટી સંખ્યામાં નાગરીકો આવર જવર કરે છે. તેમને હાલ પુરતો નવો ડાયવરઝન પાસ થવામાં અગવડ પડશે. મ્યુ. કોર્પોરેશનને પણ ડાયવરઝનમાં માર્ગો રીપેર કરી પહોળા બનાવવવા તથા ઓકટ્રોય નાકા શીફટ કરવાના હોય તે માટે સમયની વિનંતી કરેલ છે. આ બાબતો ધ્યાનમાં લેતા લોકોને ભય અગર અગવડ ન પડે અને ટ્રાફીક સરળતાથી ચાલે તે હેતુથી અત્રેના તારીખ ૧૯મી ઓકટોબર ૨૦૦૧ ના જાહેરનામાં ક્રમાંક ૨૧૮૯/૨૦૦૧માં હું નીચે મુજબનો સુધારો કરૂં છું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩(૧) બી મુજબ મારી સત્તાની રૂએ હું, જે. મહાપાત્ર પોલીસ કમિનશ્નર વડોદરા શહેર વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હદ વિસ્તારમાં આવેલ છાણી મેઈન રોડ પર આવેલ છાયાપુરી રેલ્વે ગરનાળા પરથી ટ્રાફીક ડાયવરઝન કરવા માટે નીચેનો નિયમ કરૂં છું.

ક્રમાંક ઉ/ગપક/ટફક/જાહેરનામું/૨૧૮૯/૨૦૦૧ તારીખ ૨૨મી ઓકટોબર ૨૦૦૧ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩ ના બદલે તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૧મી એપ્રિલ ૨૦૦૩ સુધી અમલમાં રહેશે અને ટ્રાફીકને આ સમય દરમ્યાન જાહેરનામામાં સુચવેલ ડાયવરઝન મુજબ જ વળવાનું રહેશે. ઓટલે કે નીચે મુજબ ડાયવરઝન રહેશે.

(૧) અમદાવાદ તરફથી વડોદરા શહેર છાયાપુરી ગરનાળા તરફ આવતો હેવી વ્હીકલ ટ્રાફીક વાહનો જેવાં કે ટ્રક ટેન્કર, ઓસ. ટી. બસ, લકઝરી બસ, મીની લકઝરી બસ, ટ્રેકટર વિગેરે વાહનો ફર્ટીલાઈઝર બાયપાસ ત્રણ રસ્તાથી છાયાપુરી ગરનાળા તરફ પ્રવેશવાં પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીક રૂપે અમદાવાદ તરફથી શહેર તરફ આવતો હેવી વ્હીકલ ટ્રાફીક ફર્ટીલાઈઝર ત્રણ રસ્તા થઈ હુમાડ ચોકડી થઈ સમા, જકાત-નાકા થઈ ન્યુ સમા રોડ થઈ ચાણકય માર્ગ થઈ ચાણકય ચાર રસ્તા થઈ અભિલાષા ચોકરી થઈ મીલીટરી બોઈઝ ચાર રસ્તા થઈ નવાયાર્ડ ત્રણ રસ્તા થઈ શહેરમાં પ્રવેશ કરી શકશે.

(૨) શહેરમાંથી અમદાવાદ તરફ જતાં હેવી વ્હીકલો જેવા કે ઓસ. ટી. બસ. લકઝરી બસ, ટ્રક, ટેન્કર ટ્રેઈલર, મીની લકઝરી બસ ટ્રેકટર વિગેરે વાહનો છાણી તરફ જવા પર પ્રતિબંધ રહેશે.

INDEX

વૈકલ્પીક રૂપે શહેરમાંથી અમદાવાદ તરફ જતો હેવી વ્હીકલ ટ્રાફીક નવાયાર્ડ ચિસ્તિયાનગર થઈ નતાશા પાર્ક રોડ થઈ મીલીટ્રી બોઈઝ ચાર રસ્તા થઈ અભિલાષા ચોકડી, થઈ ચાણક્યપુરી ચાર રસ્તા થઈ ન્યુ સમા રોડ થઈ સમા જકાત નાકા થઈ દુમાડ ચોકડી થઈ ફર્ટીલાઈઝર બાયપાસ થઈ અમદાવાદ તરફ જઈ શકશે.

(૩) અમદાવાદ તરફથી આવતા લાઈટ વ્હીકલો જેવાં કે, મેટાડોર, એમ્બેસેડર, મારૂતી, ટુવ્હીલર થ્રી વ્હીલર વિગેરે વાહનો ફર્ટીલાઈઝર ત્રણ રસ્તાથી છાયાપુરી ગરનાળા તરફ પ્રવેશ કરવા પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીક રૂપે અમદાવાદ તરફથી આવતા લાઈટ વ્હીકલો હરીધામ સોખડા જતા રોડ પરથી ઓમકારપુરા ચોકડી થઈ નેશનલ હાઈવે ઓવર બ્રીજ નીચે થઈ છાણીગામ થઈ રામાકાકાની ડેરી રોડ અથવા છાણી ગામ બસ સ્ટેશન થઈ શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

(૪) શહેરમાંથી અમદાવાદ તરફ જતા તમામ પ્રકારના લાઈટ વ્હીકલો છાણી ગામ, બાજવા ચાર રસ્તા છાયાપુરી ગરનાળા તરફ જવા પર પ્રતિબંધ રહેશે.

વૈકલ્પીક રૂપે શહેર વિસ્તારમાંથી અમદાવાદ તરફ જતા લાઈટ વ્હીકલો છાણી ગામ રામાકાકાની ડેરી રોડ છાણી ગામ રોડ થઈ છાણી ઓવર બ્રીજ નીચેનાં રોડ પર થઈ ઓમકારપુરા ચોકડી થઈ ફર્ટીલાઈઝર તરફ જતા રોડ પર ટર્ન લઈ અમદાવાદ તરફ જઈ શકશે.

મેં આજરોજ તારીખ ૨૨મી ઓક્ટોબર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સીક્કો કરેલ છે.

જે. મહાપાત્ર
પોલીસ કમિશનર.
વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૩ (૧) (ખ) (ગ) હેઠળનું.

ક્રમાંક : ટ્રાફીક જાહેરનામું/૬૧૯૬/૬૨૧૬/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના (મુંબઈ-૨૨મો) કલમ-૩૩ની પેટા કલમ-(૧) (ખ) તથા (ગ) આધારે મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલ જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતા લાગતા વળગતા તમામ જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે જે કોઈપણ વ્યકિત તરફથી સદરહું જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધી થયાની તારીખ થી ૩૦(ત્રીસ) દિવસની અંદર કોઈપણ વાંધાઓ/સુચનાઓ/સુચનાઓ જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા તરફ લેખીતમાં મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમીક જાહેરનામાનો મુસદ્દો.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મો) કલમ-૩૩ ની પેટા કલમ-(૧)(ખ)(ગ) થી મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારમાં ટ્રાફીકની વૈકલ્પિક વ્યવસ્થા તેમજ લોકોને ભય અગર અગવડ ન થાય અને ટ્રાફીક વ્યવહાર સરળ તાથી પસાર થાય તે હેતુથી ચાર પૈડાવાળા તમામ પ્રકારના વાહનો માટે નીચે જણાવેલ રસ્તો સવારનાં ૮-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધીના સમય માટે નીચે જણાવેલ રસ્તાઓના એકમાર્ગી કરવા નિયમ કરૂ છું.

(૧) કરજણ નગરમાં પ્રવેશવા માટે મોટા વાહનો જેવા કે ઓસ. ટી. બસ, ટ્રક, કાર વિગેરે જેવા ચાર પૈડાવાળા વાહનો ઓવરબ્રીજથી ડાંબી બાજુથી સ્ટેટબેન્ક થઈ નગરપાલિકા ઓફીસ થઈ ઓસ.ટી. ડેપો તરફ જઈ શકશે.

(૨) કરજણ નગરમાંથી બહાર નીકળવા માટે ઓસ.ટી. બસ, ટ્રક, કાર વિગેરે ચાર પૈડાવાળા વાહનો ઓસ.ટી. ડેપોથી સરદાર-નગર થઈ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી થઈ લાયબ્રેરી ચાર રસ્તાથી સીવીલ કોર્ટ થઈ કરજણ પોલીસ સ્ટેશન પાછળથી જલારામ ચોક જઈ શકશે.

મેં આજરોજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) આર (૩) મુજબનું.

ક્રમાંક :એમએજી / લાઉડસ્પીકર / વશી / ૨૩૨૮ થી ૨૩૪૯.— નર્મદા જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જનતાના વિવિધ વર્ગો દ્વારા નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ અત્રેના જિલ્લામાં તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૧ થી તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૧ સુધી નવરાત્રિ મહોત્સવની ઉજવણી થનાર છે. આ તહેવાર દરમ્યાન જાહેર જનતાના વિવિધ વર્ગો, ગરબાના આયોજકો તથા વિવિધ કલબના આયોજકો દ્વારા રાત્રિના મોડે સુધી રાસ ગરબાનો કાર્યક્રમો રાખવામાં આવે છે. અને ખૂબ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવામાં આવે છે. જેના કારણે જાહેર જનતા, આડોશ પાડોશમાં રહેતા નાગરિકો, અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધા તથા બિમાર વ્યકિતઓને અગવડ પડે છે. જેથી જાહેર જનતાના હિતમાં નવરાત્રિના તહેવાર દરમ્યાન રાત્રિના મોડે સુધી ખૂબ મોટે અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર વ્યાજબી નિયંત્રણ મૂકવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું શ્રી જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજ્યોપલા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨મું) ની કલમ-૩૩ (૧) આર (૩) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૧ થી તારીખ ૨૫મી ઓક્ટોબર ૨૦૦૧સુધીના સમયગાળા માટે (બન્ને દિવસો સહિત) નર્મદા જિલ્લામાં નવરાત્રિના મહોત્સવ દરમ્યાન વધુમાં વધુ રાત્રિના ૧-૩૦ કલાક સુધીજ ધીમા અવાજે લાઉડ સ્પીકર વગાડી શકાશે. ત્યારબાદ કોઈ પણ સંજોગોમાં રાત્રિના ૧-૩૦ કલાક પછી લાઉડસ્પીકર વગાડી શકાશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ :

ક્રમાંક એમએજી-વશી / ૨૩૫૬ થી ૨૩૭૫.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, શ્રી જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૧ સુધી.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ, સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(૩) પથ્થર અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવામાં કે ધકેલવાનાં યંત્રો આ થવા સાધનો લઈ જવા નહિ, ઓકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિ.

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિ.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(૬) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ તેવા હાવભાવ કરવા નહિ તથા તેવા ચિત્રો, પત્રિકા, પોસ્ટકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ. બતાવવા નહિ તથા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીઓ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

"નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર".

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી-સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી,
જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ના ખંડ (સી) મુજબનું.

નંબર ડી/એમએજી/૧/બીપીએ/દશેરા/૨૦૦૧/વશી. ૧૯૩૩૦ થી ૧૯૩૪૮.—બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં તારીખ ૨૬મી ઓકટોબર ૨૦૦૧ ના રોજ દશેરાના તહેવાર નિમિત્તે શોભાયાત્રા નિકળનાર છે તથા રાવણ દહનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ શોભાયાત્રામાં બહોળા પ્રમાણમાં માનવ મેદની સામેલ થવાની શકયતા છે. જેથી વાહનોની હેરાફેરીથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભાવના છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨મા) ની કલમ-૩૩(૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એમ. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા -પાલનપુર, તારીખ ૨૬મી ઓકટોબર ૨૦૦૧ ના રોજ બપોરે ૧૪-૦૦ કલાકથી સાંજે ૨૦-૦૦ કલાક સુધી પાલનપુર શહેર રેલ્વે બ્રીજ અંદરના તમામ વિસ્તારમાં બે વ્હીલ, ત્રણ વ્હીલ, તેમજ ચાર વ્હીલના વાહનો માનવ સંચાલીત તેમજ પ્રાણી સંચાલીત વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ શોભાયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે.

આજરોજ તારીખ ૨૧મી માહે ઓકટોબર-૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) હેઠળ બહાર પાડેલ :
વાંચ્યો :—

(૧) મુખ્ય અધિકારીશ્રી, અંકલેશ્વર નગરપાલિકાના પત્ર જાવક નં. : સીઓ-જી.ઈ.-૧૩૫૮, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૧૯૩૧૩.—મુખ્ય અધિકારીશ્રી અંકલેશ્વર નગરપાલિકાએ આમુખ (૧) નાં પત્રથી દરખાસ્ત કરી જણાવેલ છે કે અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારના પંચાટી બજાર વડથી પંચાટી બજાર, પાંજરાપોળ થઈ ભરૂચી નાકા સુધીના મેઈન રસ્તા સુધી નગરપાલિકા અંકલેશ્વર દ્વારા ડ્રેનેજની મેઈન લાઈન નાંખવાનું તેમજ ચેમ્બર બનાવવાનું કામ હાથ ધરવાનું હોય, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી સદર રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવો જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરી છે.

INDEX

સબબ અંકલેશ્વર નાગરપાલિકા હદમાં ડ્રેનેજની મેઈન લાઈન નાંખવાનું તેમજ ચેમ્બર બનાવવાનું હોય પંચાટી બજાર વડથી પંચાટી-બજાર પાંજરાપોળ થઈ ભરૂચી નાકા સુધીનો માર્ગ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી બંધ રાખવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરું છું કે અંકલેશ્વર નગરપાલિકા હદમાં આવેલ પંચાટી બજાર વડથી પંચાટી બજારમાં પાંજરાપોળ થઈ ભરૂચ નાકા સુધીનો માર્ગ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી બંધ રહેશે.

સદર માર્ગ બંધ થતાં કસ્બાતીવાડનો આંતરનાથ મંદિરથી ગોયાબજાર અને સર્વોદય સપનાના માર્ગે રામકુંડ રોડ તરફથી આવતો ટ્રાફિક ભરૂચી નાકા તરફથી તથા પંચાટી બજાર આવતો ટ્રાફિક વડથી મ્યુ. દવાખાનાના માર્ગે આવી જઈ શકશે.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૫ માહે ઓકટોબર, ૨૦૦૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૩૪૭૪.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૨૮મી ઓકટોબર ૨૦૦૧નાં રોજ સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૧૧મી નવેમ્બર ૨૦૦૧નાં રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૩મી માહે ઓકટોબર ૨૦૦૧નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૩૪૭૫.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ની પેટા-કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, જાહેર શાંતિ અને સલામતી સારૂં ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૭ નવેમ્બર ૨૦૦૧ના દિવસે સવારનાં ૬.૦૦ વાગ્યાથી તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૧નાં રાત્રીના ૨૪.૦૦ કલાક (બંને દિવસો સુધ્ધાં) સુધી.

(ક) શસ્ત્રો, દંડા તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ.

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ, અથવા તેવી વસ્તુઓ ફેંકવાનો ધકેલવાનો યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહિ, એકઠાં કરવાં નહિ તથા તૈયાર કરવા નહિ.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(ડ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ. અશ્લીલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ.

(ચ) જેનાથી સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ તેવી ચેષ્ટા કરવી નહિ તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લે-કાર્ડ અથવા બીજો કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ, બતાવવા નહિ, તથા તેનો ફેલાવો કરવો નહિ, તથા સરકારી રેકર્ડ નોટીસો પરિપત્રો ખરડા વિગેરેની હોળી કરી સળગાવવા નહિ.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.
(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓ કે જે શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તેવા વ્યકિતને.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

INDEX

આજ રોજ તારીખ ૨૪મી ઓકટોબર સને ૨૦૦૧નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૩(૧) (ભ) મુજબનો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૫૨૦.—હું ઓન. પી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (ભ) થી મને મળેલ સત્તાની રુએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલકતોની સલામતિ માટે નીચે મુજબનો હુકમ કરું છું.

પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈપણ ઈસમે તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૧ (બંન્ને દિવસ સહ) જાહેર રસ્તા ઉપર તેમજ રસ્તાની ૨૦ ફુટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારુખાનું તેમજ દુર ફેંકી શકાય તેવા બલુન /રોકેટ/ હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારની ફટાકડા ફોડી શકાશે નહી. તેમજ ફેંકી શકાશે નહી. કોઈપણ ઈસમ કોઈપણ વ્યકિત ઉપર કે પશુ/પંખી ઉપર, રસ્તા ઉપર કે મકાન ઉપર તથા સંગ્રહ કરેલ ઘાસ કે ઘાસના ગંજી ઉપર દારુખાનું પડે તેવી રીતે ફોડી શકાશે નહી કે ફેંકી શકાશે નહી.

આ હુકમનો ભંગ /ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ના કલમ-૧૩૧ અને ભારતનાં ફોજદારી અધિનિયમની ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી માહે ઓકટોબર-૨૦૦૧ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપેલ છે.

ઓન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(યુ) મુજબનો.

નંબર ડીસી-ઓકસ્પ્લોજીવ-૨૦૦૧.—અત્રેના જિલ્લામાં દિવાળી, વિજ્યાદશમી તથા અન્ય જાહેર તહેવારો પ્રસંગે તમામ વર્ગના, માણસો દ્વારા 'ફટાકડા' નો મહત્તમ થતો ઉપયોગ ધ્યાને લેતાં હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળો જેવા શાંત વિસ્તારોમાં હવા/અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવા જરૂરી છે. જેથી હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિંમતનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ--૩૩(૧)(યુ) થી મને મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરું છું.

સાબરકાંઠા જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ અદાલતો તેમજ ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર કોઈપણ ઈસમે ફટાકડા સળગાવવા અથવા અવિચારીપણે અગનશસ્ત્ર મુકવાની અથવા આતશબાજી સળગાવીને નાખવાની અથવા આતશબાજીનું બલુન અથવા રોકેટ સળગાવી ઉડાડવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની પેટા કલમ-(ખ)(૧) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સદર આદેશ તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર-૨૦૦૧ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપ્યો.

હુકમ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/વશી/૧૦/૨૦૦૧:—દિવાળીના તહેવારો પ્રસંગે તેમજ વિજ્યાદશમીના તહેવાર નિમિત્તે ફટાકડાંનો વિશેષ પ્રમાણમાં થતો ઉપયોગ ધ્યાને લઈ હવા /અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવા નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના હુકમથી મળેલ સૂચનાઓ મુજબ સાજના કલાક ૬-૦૦ થી રાત્રિના કલાક ૧૦-૦૦ દરમ્યાન ફટાકડાનો ઉપયોગ કરી શકાય જ્યારે રાત્રિના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી આવા ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

સબબ નામદાર સુપ્રિમ કોર્ટના તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના હુકમથી મળેલ સૂચના મુજબ જિલ્લામાં દિવાળી વિજ્યાદશમીના તહેવાર પ્રસંગે હવા/અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવાનું વ્યાજબી કારણ છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા ફોજદારીકાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં દિવાળી / વિજ્યાદશમીના તહેવાર નિમિત્તે ઉપયોગમાં લેવાતા ફટાકડા સાંજના કલાક ૬-૦૦થી રાત્રિના કલાક ૧૦-૦૦ સુધી જ ફોડી શકાશે રાત્રિના કલાક ૧૦-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી હવા/અવાજના થતા પ્રદુષણને કારણે તેના વપરાશ ઉપર આથી પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

સદર આદેશ તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર ૨૦૦૧ના રોજ મારી સહી કરી સિકકો કરી આપ્યો.

આર. કે. પરમાર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ / પી.ઓ.એલ. / વશી-૨૨૧૫-૨૨૩૦ / ૨૦૦૧.— મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ પ્રવર્તમાન નવરાત્રી અને દશેરાનાં ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં, ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૧ થી તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૧ (બંને દિવસો સહિત) નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી' લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.
(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.
(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.
(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.
(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.
(છ) અપમાન કરવાના ઈરાદાથી ત્રિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.
(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. —

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય, અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.
(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.
(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ :

ક્રમાંક મકડ / પૌઓએલ / વશી / ૨૨૩૧ / ૨૨૪૬/૨૦૦૧.— જિલ્લામાં પ્રવર્તમાન નવરાત્રી તેમજ દશેરાના ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને-- જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ--૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૬ મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૧ (બંન્ને દિવસો સહિત) ના સમયમાટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓ ઓકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકાર, નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યકિતઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હકમનો ભંગ કરનાર કોઈ પણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૬ મી ઓકટોબર, ૨૦૦૧ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આહવા.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન ૧૯૮૭ના ઠરાવ મુજબ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૪, ૧૧, ૧૮, ૨૫, ૧ માહે ઓકટોબર, નવેમ્બર સને ૨૦૦૧ના રોજ પૂરા થયેલા આઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

INDEX

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૨૬/૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૧	કલેકટર, બનાસકાંઠા.
૨	૧૨૭/૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧	કલેકટર, નવસારી.
૩	૧૨૮/૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪	૧૨૯/૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧	કમિશનર ઓફ પોલીસ વડોદરા શહેર.
૫	૧૩૦/૨૨મી સપ્ટેમ્બર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૬	૧૩૧/૧લી ઓકટોબર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૭	૧૩૨/૩જી ઓકટોબર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર.
૮	૧૩૩/૩જી ઓકટોબર ૨૦૦૧	ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, ભરૂચ.
૯	૧૩૪/૩જી ઓકટોબર ૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા
૧૦	૧૩૫/૫મી ઓકટોબર ૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૧	૧૩૬/૯મી ઓકટોબર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૨	૧૩૭/૯મી ઓકટોબર ૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૩	૧૩૮/૧૫મી ઓકટોબર ૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૪	૧૩૯/૧૫મી ઓકટોબર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૫	૧૪૦/૧૮મી ઓકટોબર ૨૦૦૧	કલેકટર, ભરૂચ.
૧૬	૧૪૧/૧૯મી ઓકટોબર ૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૧૭	૧૪૨/૧૯મી ઓકટોબર ૨૦૦૧	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૮	૧૪૩/૨૦મી ઓકટોબર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૯	૧૪૬/૨૩મી ઓકટોબર ૨૦૦૧	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૦	૧૪૭/૨૪મી ઓકટોબર ૨૦૦૧	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 45, *Gujarat Government Gazette*, Part —I, dated 8th November, 2001 and for pages VAD-1394 to VAD-1415 (in 1 set) *read* page No. 3844 to 3865.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૪૫માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૩૯૪ થી વીએડી-૧૪૧૫ (૧ બંચમાં) ને પાન નંબર ૩૮૪૪ થી ૩૮૬૫ વાંચવા.

Vadodara, 8th November, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ), અમદાવાદ

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ મહેસાણાનાં પત્ર ક્રમાંક અપણ / ૬૫ / ૨૦૦૧, તારીખ--૭ મી એપ્રિલ ૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ

(૨) નિયંત્રણ અધિકારીશ્રીના જાવક નંબર અપણ / ૦૧ / ધ-૧ / ૧૨૫૬ / ૭૯/૨૦૦૧ તારીખ ૭ મી મે ૨૦૦૧ નો પત્ર

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૧૭૨૧ / ૨૦૦૧, તારીખ ૨૫મી મે, ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૨૮૨ / ૨૦૦૧ તારીખ ૨૯ મી જૂન ૨૦૦૧ તેમજ ૧૪મી ઓગષ્ટ ૨૦૦૧ થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૫) મંડળીની તારીખ ૧૧ મી જૂન ૨૦૦૧ તેમજ તારીખ ૧૨મી જૂન ૨૦૦૧ થી થયેલ રજુઆત.

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે કલમ--૧૭૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૮૫૨ / ૨૦૦૧.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી જેતપુર --રણેલા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. જેતપુર, તાલુકા બેચરાજી, જિલ્લો મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી આલેખ "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૨૧૭૨૫, તારીખ ૨૨ મી જાન્યુઆરી, ૧૯૮૬ છે.

ઉપરોક્ત આમુખ--૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૩૦ મી જૂન ૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ--૨ સહકારી મંડળીઓ મહેસાણાને સુપ્રત થતાં તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના--શેરા સહ અત્રે રજુ થતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૧૭૨૧ / ૨૦૦૧ તારીખ ૨૫મી મે ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૧ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેઓએ નીચે મુજબ લેખિત રજુઆત કરેલ છે.

ખેડૂતોની ખાતરીની જરૂરીયાત, બીયારણ જરૂરીયાત તેમજ --તેલીબીયાં સંઘ ચાલુ થયેલ રાયડા પુલિંગની કામગીરી કરવામાં આવશે. જે વિગત પત્રથી જણાવેલ છે. પરંતુ ફડચા સંબંધી કુલ-૧૧ પારાઓની પૂર્તતાના આધાર રજુ કરેલ નથી. જેથી વાસ્તવિક રીતે ઓડીટરશ્રીનો ફડચાના કારણોની કોઈ રજુઆત ન થતાં અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧ / ખ / ૨૮૨ / ૨૦૦૧ તારીખ ૨૯મી જૂન ૨૦૦૧ થી તેમજ તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૦૧ ના મળી કુલ બે સ્મૃતિપત્રો પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં કોઈ વાસ્તવિક પુરાવાઓ આધીન રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળી છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ડ" ધરાવે છે.

(૨) મંડળી છેલ્લા ૩ વર્ષથી તેના પેટા--નિયમના મુખ્ય ઉદ્દેશો મુજબની કામગીરી કરતી નથી.

(૩) ઓડીટ સમયમાં મંડળીએ તેના ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરેલ નથી. અને તદ્દન સ્થગિત છે.

(૪) મંડળીએ સને ૧૯૯૪--૯૫, ૧૯૯૫--૯૬, ૧૯૯૬--૯૭, ૧૯૯૭--૯૮, ૧૯૯૮--૯૯ એમ કુલ પાંચ વર્ષના ઓડીટ મેમાંની દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની--કલમ--૮૫ નો ભંગ થયેલ છે.

(૫) મંડળીના કાર્યવાહકો મંડળીના કામગીરી બાબતે તદ્દન ઉદાશીનતા દાખવેલ છે.

(૬) છેલ્લા ઓડીટ સમયમાં મંડળીની વાર્ષિક સાધારણ સભા મળેલ નથી અને તે અંગે અત્રેની કચેરીની કોઈ મંજુરી મેળવેલ નથી. જે વહીવટી કામગીરીમાં શિથીલતા દર્શાવે છે.

(૭) ઓડીટ સમયમાં વ્યવસ્થાપક કમિટીની એકપણ બેઠક મળેલ નથી. જેથી ફલિત થાય છે કે કાર્યવાહકોને મંડળી--ચલાવવામાં કોઈ રસ નથી.

(૮) મંડળીની તારીખ ૩૦ મી જુન ૨૦૦૦ ના સરવૈયા મુજબ આર્થિક સ્થિતી સારી ગણી શકાય તેમ ન હોઈ જેથી મંડળી અર્થક્ષમ બની શકે તેમ જણાતું નથી.

(૯) ઓડીટ સમયમાં મંડળીએ પેટા નિયમના મુખ્ય ઉદ્દેશો--તેલીબીયાં ઉત્પાદક અને પુલીંગની કોઈ કામગીરી કરેલ નથી. તેમજ લાંબા સમયથી વેચાણ થયા સિવાયના એસ. એસ. પી. ખાતારના જથ્થામાંથી માત્ર--૧ થેલીનું જુજ વેચાણ કરેલ હોઈ વ્યાપારી પ્રવૃતિ પણ તદ્દન શિથીલ છે. મંડળીની વ્યવસ્થાપક કમિટીએ ઓડીટ સમયમાં પેટા-નિયમની જોગવાઈઓ મુજબની કોઈ જ ફરજ અદા કરેલ નથી.

(૧૦) તારીખ ૩૦મી જૂન ૨૦૦૦ ના સરવૈયા મુજબ મંડળીમાં રૂા. ૩૩૧.૩૦ની ચોખ્ખી ખોટ બોલે છે.

(૧૧) તારીખ ૧લી જુલાઈ ૨૦૦૦ થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજૂ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી જેતપુર--રણેલા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ જેતપુર તાલુકા બેચરાજી જિલ્લો મહેસાણાની સહકારી

INDEX

કાયદાધીન રજિસ્ટર્ડ નં. ૨૧૭૨૫, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૮૬ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ--૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ--૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) મહેસાણા ની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજૂઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૧.

ચંચાણે લીધા :

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (ન.જ.) મહેસાણાના પત્ર ક્રમાંક આપણ / અભયપાર્ક હાઉ સીંગ/૩૪૫/૨૦૦૧, તારીખ ૧૧મી જૂન ૨૦૦૧થી રજુ થયેલ ખાસ અહેવાલ.
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૯૫/૨૦૦૧, તારીખ ૨૬મી જુન ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૭૦૨/૨૦૦૧, તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧થી સ્મૃતિપત્ર.
(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ખ/ ૮૫૭/૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી અભયપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. મહેસાણા, જિલ્લા, મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી આહીંયાં 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે). સદર મંડળીનો નોંધણી નંબર ધ-૪૧૮૬ તારીખ ૨૪મી મે ૧૯૭૨ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૯ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ સુધીનાં સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ (ન.જ.) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૯૫/૨૦૦૧ તારીખ ૨૬મી જુન ૨૦૦૧થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી૧૫ બાબતે મંડળી રજુઆત કરવા કેળવણી રાખવામાં આવેલ હતી જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૭૦૨/૨૦૦૧, તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.
(૨) મંડળીએ ઘણા વર્ષો અગાઉ મકાન બાંધકામની કામગીરી પૂર્ણ કરેલ છે.
(૩) મંડળી કાર્યક્ષમ અને અર્થક્ષમ નથી.
(૪) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી ન કરી, સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.
(૫) પેટા નિયમની નકલ મંડળીના દફતરે નથી.
(૬) વાર્ષિક સાધારણ સભાયાં પેટા-નિયમ મુજબના તમામ ઠરાવો કરેલ નથી.
(૭) વ્યવસ્થાપક કમિટીની મીટીંગ દર માસે મળેલ નથી. અને પેટા-નિયમ મુજબ ઠરાવો થયેલ નથી.
(૮) મંડળીયાં પગારદાર મંત્રી નથી.
(૯) સિલક સંભાળનાર પ્રમુખશ્રીના જામીનખત નથી.
(૧૦) સિલક મર્યાદાનો ઠરાવ કમીટીમાં કરેલ નથી. સાધારણ સભામાં રૂા. ૫,૦૦૦/-મર્યાદાનો ઠરાવ કરેલ છે. જે વધુ પડતો છે.
(૧૧) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનૂન અને પેટા કાયદા અન્વયે ચાલતો નથી.
(૧૨) સભાસદો પાસેથી વહીવટી ફાળો ઉઘરાવવામાં આવતો નથી. જેથી મંડળી સતત ખોટમાં હોવાથી રૂા. ૭૩,૫૮૮.૭૩ની ખોટ આવેલ છે. જે ગંભીર બાબત છે.
(૧૩) સભાસદ રજી. મકાન ટ્રાન્સફર, રજી. શેર ટ્રાન્સફર, રજીસ્ટર, જમા પાવતીનું સ્ટોક વપરાશ રજીસ્ટર, શેર રોકાણ રજીસ્ટર, જેવા આગત્યના રજીસ્ટરો રખાયેલ નથી.
(૧૪) સરવૈયાની લેણી રકમોની વસુલ લેવા કમિટીઓ કોઈ કાર્યવાહી કરેલ નથી.
(૧૫) તારીખ ૧લી એપ્રિલ ૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબી પત્રકો તેમજ શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી અભયપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. તા. મહેસાણા જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર ધ-૪૧૮૬, તારીખ ૨૪મી મે ૧૯૭૨થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ -૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી, (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : -

ઉપરોક્ત વચગાળાના હુક્સ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૦૧.

INDEX

નંબર ઉખાસ/નધણ/સે. ક. / ૩૩૨૦૯/ખ/૮૫૯/સને ૨૦૦૧—. આથી જાહેર કરે છે કે શ્રી બેડસ્મા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બેડસ્મા, તાલુકો સતલાસણા જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૧.

---

(૧) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ કડીના પત્ર ક્રમાંક આપણ ૦૧/૮૩/૨૦૦૧, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) નિયંત્રણ અધિકારીશ્રીના જાવક નંબર આપણ/૦૧/ધ-૧/૮૭/ ૧૨૨૪/૨૦૦૧. તારીખ ૭મી મે ૨૦૦૧ નો પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૭૦૪/ ૨૦૦૧. તારીખ ૨૫મી મે ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૨૭૦/૨૦૦૧, તારીખ ૨૯મી જુન ૨૦૦૧ તેમજ તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧ થી સ્મૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ જોગવાઇનો.

પ્રસ્તાવના.

જાવક નંબર ઉખાસ/ફડચ/૦૧/ખ/૮૬૪/૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે ધી ફ્રિદોસ્ત ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી. મુકામ પંથોડા તાલુકા કડી જિલ્લા મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે જેનો હવે પછી આલીખા "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે. સદર મંડળીનો નોંધણી નંબર ૨૬૮૯ તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૮૩ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઇ ૧૯૯૯ થી તારીખ ૩૦મી જુન ૨૦૦૦ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ કડી ને સુપ્રત થતાં તેઓને સદર મંડળીને ફડચામાં લઇ જઇ નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ તેઓના નિયંત્રણ અધિકારીશ્રીના શેરા સહ અત્રે રજુ થતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ધ/૧૭૨૪/૨૦૦૧, તારીખ ૨૫મી મે ૨૦૦૧ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નંબર ૧થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં અત્રેની કચેરીના પત્રક ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૨૭૦/૨૦૦૧, તારીખ ૨૯મી જુન ૨૦૦૧ થી તેમજ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧ થી સ્મૃતિપત્રો પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવે છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષમાં ઓડીટ મેમાની એટલે કે ૯૬/૯૭, ૯૭/૯૮, ૯૮/૯૯ ના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.

(૨) વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી કે મળેલ પણ નથી જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમિટ્રી પેટા નિયમ અનુસાર મળેલ નથી.

(૪) મંડળીની બોર ફેઇલ થઇ ગયેલ છે છેલ્લા બે વર્ષથી મંડળી સ્થગિત છે. નવીન બોર બનાવવામાં સભાસદો કે કાર્યવાહકોએ કોઇ રસ દાખવેલ નથી. તેમજ ઉદેશ મુજબ સભાસદોને ખેતી માટે પાણી ધિરાણની કામગીરી થયેલ નથી.

(૫) મંડળીની તારીખ ૩૦મી જુન ૨૦૦૦ અંતિમ ખોટ રૂા. ૯૦,૨૭૬.૩૦ છે. શેર ભંડોળ કરતાં ખોટનું પ્રમાણ વધુ છે.

(૬) છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "૬" છે.

(૭) મંડળીએ ગત વર્ષે તેની મિલ્કતોનો પણ નિકાલ કરી દીધેલ છે

(૮) મંડળીનું ઓરીએન્ટલ બેન્કમાં ખાતું ચાલે છે. જે અંગે અત્રેની કોઇ પરવાનગી જોવા મળેલ નથી.

(૯) સભાસદ રજીસ્ટર શેર રજીસ્ટર, નિભાવેલ નથી.

(૧૦) તારીખ ૧લી જુલાઇ ૨૦૦૦ થી છેવટ સુધીનું હિસાબી પત્રકો શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવામાં આજ પર્યત રજુ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ.

શ્રી ફ્રિદોસ્ત ખેતી માટે પાણી પુરૂં પાડનારી સહકારી મંડળી લી. મુકામ પંથોડા તાલુકા કડી જિલ્લા મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર ૨૬૮૯, તારીખ ૩૦મી ડિસેમ્બર ૧૯૮૩ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમા-૨) મહેસાણાના પત્ર ક્રમાંક આપણ/૦૧/૧૭૨/૨૦૦૧, તારીખ ૧લી જુન ૨૦૦૧થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૩૭/ ૨૦૦૧, તા. ૧૧મી જુન ૨૦૦૧થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૯૮/ ૨૦૦૧, તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧થી સ્મૃતિપત્ર.

(૪) મંડળીની ફડચા સંબંધી ન થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઇનો.

પ્રસ્તાવના

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/ખ/૮૬૫/૨૦૦૧.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી સત્યનારાયણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. નાગલપુર, તા. જિ. મહેસાણા નોંધાયેલ મંડળી છે. (જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૩૪૦૫, તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૭૨ છે.

INDEX

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી જુલાઈ ૧૯૯૬ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ સુધીના સમયનું ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમા-૨) મહેસાણાને સુપ્રત થતાં તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૩૭/૨૦૦૧, તારીખ ૧૧મી જુન ૨૦૦૧થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૩ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૯૮/૨૦૦૧, તારીખ ૧૪મી ઓગસ્ટ ૨૦૦૧ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળી છેલ્લા ૭/૮ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીની છેલ્લી વાર્ષિક સાધારણ સભા તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૬ના રોજ મળેલ છે. ત્યારબાદ વા. સા. સભા મળેલ નથી. તેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થવા પામેલ છે.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમિટી છેલ્લા ૭/૮ વર્ષથી મળેલ નથી. તેથી સહકારી કાયદાની કલમ-૭૪નો ભંગ થવા પામેલ છે.

(૪) મંડળીમાં પગારદાર કર્મચારી રાખેલા નથી.

(૫) સહકારી કાયદાની કલમ-૮૫ મુજબ છેલ્લા ૭/૮ વર્ષનાં ઓડીટ નોંધની ખામીઓની દુરસ્તી કરેલ નથી.

(૬) મંડળી છેલ્લા ૭/૮ વર્ષથી "ડ" વર્ગમાં છે.

(૭) મંડળીનો પેટાકાયદા તથા સભાસદ રજીસ્ટર ઓડીટ સમય દરમ્યાન જોવા મળેલ નથી.

(૮) હાથ પરની સિલક કોની પાસે કેટલી રાખવી તેનો ઠરાવ થયેલ નથી.

(૯) બેંક પાસબુક જોવા મળતી નથી.

(૧૦) મંડળીએ અગાઉના વર્ષોમાં સમાજ કલ્યાણ ખાતામાંથી લોન મેળવેલ હતી તેમાંથી રૂા. ૫૪૮૨.૧૨ ભરપાઈ કરવાના બાકી પડે છે.

(૧૧) તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ના સરવૈયા મુજબ સભાસદ ધિરાણ રૂા. ૫,૪૦૪.૧૨ વસુલ કરવાના બાકી પડે છે. જે માટે કાર્યવાહકોએ કોઈ ખાસ તકેદારી રાખીને વસુલાત કરેલ નથી.

(૧૨) તા. ૩૧મી માર્ચ ૨૦૦૧ના સરવૈયા મુજબ મંડળીમાં ચોખ્ખી ખોટ રૂપિયા ૨,૭૪૪.૬૯ની રહેવા પામેલ છે. ખોટમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે. જે ઘટાડવા માટે કાર્યવાહકોએ કોઈ સંગીન પ્રયાસો હાથ ધરેલા નથી.

(૧૩) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. તેથી મંડળી ચાલુ રાખવી હિતાવહ જણાતી નથી.

(૧૪) તા. ૧લી એપ્રિલ ૨૦૦૧થી છેવટ સુધીના હિસાબી પત્રકો તેમજ શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સત્યનારાયણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. નાગલપુર તા. જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર-ઘ-૩૪૦૫ તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૭૨થી નોંધવામાં આવેલ. તેને સહકારી ધારા ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. એસ. પટેલ સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદરહુ હુકમ નીકળ્યા તારીખની એક માસ ની મુદતમાં અત્રેની કચેરીએ મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૧.

વંચાણમાં લીધા :

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૬/૨૦૦૧થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ઉખાસ/ફડચ/૧૨૯૯૯/ખ/૮૯૦/૨૦૦૧.—ધી કેસીમ્પા પોલ્ટ્રી ફાર્મ સહકારી મંડળી લી. મુકામ કેસીમ્પા, તાલુકા ખેરાલુ જિલ્લા મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૬/૨૦૦૧થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની સામે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિયમો ફડચા અધિકારીશ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૬૨૭ / ૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ / ફડચ / ૧૩૦૦૦ / ખ / ૮૯૧ / ૨૦૦૧.—ધી ભાલક તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ ભાલક તાલુકો વિસનગર જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક : ઉખાસ / ફડચ / ૦૧ / ખ / ૬૨૭ / ૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની સામે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા-અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૧.

INDEX

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૯/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૦૧/૧૩૦૦૧/ખ/૮૯૨/૨૦૦૧.—શ્રી રામ કન્ઝ્યુમર્સ ગ્રાહક સહકાર ભંડાર લી. મુકામ - તાલુકો વિસનગર, જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૯/૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર ૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૮/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખાસ/ફડચ/૧૩૦૦૨/ખ/૮૯૩/૨૦૦૧.—શ્રી ભીમરાવનગર ગૃહનિર્માણ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુકામ વરવાડા, તાલુકો ઊંઝા, જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૨૮ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૧ ના આદેશ ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૬૩૦/૨૦૦૧ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

જા. નં. ઉખાસ/ફડચ/૧૩૦૦૩/ખ/૮૯૪/૨૦૦૧—ધી પુદગામ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ પુદગામ તાલુકો વિસનગર, જિલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ઉખાસ/ફડચા/૦૧/ખ/૬૩૦/૨૦૦૧થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વંચાણે લીધા :-

(૧) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ ખેરાલુના પત્ર ક્રમાંક આપણ/૦૧/૧૩૭/૨૦૦૧, તારીખ ૨જી જુલાઈ ૨૦૦૧થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખાસ/ફડચ/૦૧/ખ/૧૬૯/૨૦૦૧. તા. ૧૮મી જુલાઈ ૨૦૦૧થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૧ ની રજુઆતમાં તા. ૨૩મી ઓગસ્ટ ૨૦૦૧ સુધીમાં પુરાવાઓ સહી મુદ્દાવાર વિગતે ન થયેલ રજુઆત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

(૧) અત્રેની કચેરીની તા. ૨૦-૯-૧૯૯૯. ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ/સે-૧૯૩૫૦/ક-૧/૩૪૩/૧૯૯૯,

શ્રી સુલતાનપુર કલ્યાણ સેવા સહકારી મંડળી લી. સુલતાનપુર તા. જલાલપોર જિલ્લો નવસારીને, નીચે જણાવેલ કારણોસર, ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ નાં અધિનિયમની કલમ ૧૦૭ (૧) નાં પેટા ખંડ (ક) (ગ) (૨) (ક) હેઠળ આટોપી લેવા ફડચામાં લઇ જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેની કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમુખ-૨થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત, વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) પેટા નિયમ અનુસાર ઉદ્દેશો મુજબની કામગીરી કરતી બંધ થયેલ છે.

(૨) મંડળી રથગિત અવસ્થામાં છે. બીન અર્થક્ષમ છે.

(૩) મંડળીની વા. સા. સભા. કે વ્ય. કમિટિની મીટીંગ મળતી નથી

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-સે. ૧૯૩૫૦/ખ-૩/૮૪૩/૨૦૦૧.— શ્રી સુલતાનપુર કલ્યાણ સેવા સહકારી મંડળી લી. સુલતાનપુર તા. જલાલપોર જિલ્લો નવસારી, કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. ૧૯૩૫૦ તા. ૧-૫-૧૯૫૯ થી થયેલ છે, તેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) નાં પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું અને ફડચા અધિકારી તરીકે શ્રી આર. ડી. પટેલ અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા) ની નિમણુંક કરું છું આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તા. ૨૨-૧૦-૨૦૦૧.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નવસારી.

INDEX

નં. નધણ / ગ–૨ / સે-૩૩૦૫૦ / ૧૪૮૯ / ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે સર્વેશ્વર કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૮–૯–૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળની જોગવાઇ.

(૨) અત્રેની ક્યેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ ધ-૧/૪૦૭ તારીખ ૧૭–૭–૦૧.

જા. નં વહટ/૨૮/ધ-૧/૫૧૫/૨૦૦૧.—ધી લાછરસ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. લાછરસ તાલુકો સંખેડા, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી " મંડળી " તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

(૧) મંડળી પાસે બેંક લોન રૂા. ૨૮૩૭૩૦૦/– મુદ્દલ તથા વ્યાજ રૂા. ૬૭૮૫૭૪/– બાકી છે. જે પૈકી મુદ્દલ રૂા. ૧૩૬૯૪૦૦/– મુદ્દતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૬૧ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ ૧૦૬ મુજબ લાવવાની કાર્યવાહી બાકી છે.

(૩) સભાસદો પાસે મુદ્દલ રૂા. ૩૭૨૮૧૮૬/– મુદ્દતવીતી બાકી છે.

(૪) મંડળીના ૭ વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી ૫ કમીટી સભ્યો મુદ્દતવીતી બાકીદાર છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહિ તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૬) મંડળીની વ્યવસ્થાપક કમિટી / મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેંક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૮) મંડળીની બેંક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી મજબુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનુ જણાવતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દુર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવાપાત્ર ન હોઇ, મંડળી વહીવટ અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હીતો માટે વહીવટદાર નિમવા અભીપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચીત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ નાં કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલાં સત્તાની રૂએ ધી લાછરસ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. લાછરસ તા. સંખેડા જી. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાની મંડળીના ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધીન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારને મુસાફરી ખર્ચ રાખેતા મુજબ મંડળીના નાંડાગમાથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજીસ્ટ્રારના નિયંત્રણ અને સંમતી હેઠળ કરવાનો રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમીત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૯–૯–૨૦૦૧.

———

INDEX

વંચાણે લીધો :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ વડોદરા હસ્તક કચેરીના જા. નં. ફડચ/૦૪/ ૫૦૨ / ૨૦૦૧ ની તારીખ ૨૪–૯–૨૦૦૦ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ–૨/૨૭૦ સને ૨૦૦૧.— ધી રણું ખેડૂત ગૃપ ફળ શાકભાજી ઉગાડનારા ખેડૂતોની અમલી મુકામ રણું તા. પાદરા જી. વડોદરા. ક્રમાંક ૨૦૧૦૪ તારીખ ૪–૮–૧૯૮૩થી કરવામાં આવી હતી. જીલ્લા તારીખ ૩–૩–૨૦૦૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપ્યુ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તા. ૨૯–૯–૨૦૦૧.

વંચાણે લીધો :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ વડોદરા હસ્તક કચેરીની જા. નં. ફડચ/૦૨/૨૨૮/૨૦૦૧ની તા. ૨૪–૯–૨૦૦૧ ના નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ–૨/૨૭૧ સને ૨૦૦૧.—ધી માંકણી શાકભાજી અને ફળફળાદી ઉત્પાદક સ. મં. લી. મુ. માંકણી તા. સંખેડા જી. વડોદરા. ક્રમાંક સે–૨૧૧૩૭ તારીખ ૧૧–૨–૮૫થી કરવામાં આવી હતી. જીલ્લા તા. ૧૭–૧૧–૯૮ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૨૯–૯–૨૦૦૧.

વંચાણે લીધો :—શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ બરોડા સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેન્ક લી. વડોદરા હસ્તક કચેરીના જા. નં. ફડચ/૦૧/ ફ–૩/૨૬૫/૨૦૦૧ની તારીખ ૨૭–૯–૨૦૦૧ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ધ–૨/૨૭૨ સને ૨૦૦૧.—ધી જ્ઞાનપરી કો. ઓપ. હાઉસીંગ સો. લી. મુ. ચપલા તલાવડી, તા. વાઘોડીયા, જી. વડોદરા. ક્રમાંક ધ–૧૧૦૫૪ તારીખ ૧૪–૯–૯૩ થી કરવામાં આવી હતી. જીલ્લા તારીખ ૨૫–૩–૯૬ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

વડોદરા, તા. ૨૯–૯–૨૦૦૧.

નં. નધણ/ગ–૨/સે–૩૩૦૫૧/૧૫૩૮ / ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે જયશ્રી માતાજી સોસાટી કો. ઓપ. ક્રેડીટ સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯–૧૦–૨૦૦૧.

નં. નધણ/ગ–૨/ધ/૨૦૧૦૩/૧૫૩૯/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે સાઈનાથ કેમ્પ્લેક્ષ કો. ઓપ. હા. સો. લી. મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો, વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯–૧૦–૨૦૦૧

INDEX

નં. નધણ/ગ-૨/સે-૩૩૦૫૫/૧૬૦૫/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ધી ફેશવ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી; મર્યાદિત સ્થળ વડોદરા તાલુકો વડોદરા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૩–૧૦–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ–૨/૧૨૫/૨૦૦૦.

(૨) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગરના ક્રમાંક : નસળ/૦૧/ઝ–૩/૨૨૨ તા. ૩–૨–૨૦૦૧.

(૩) ભારતીય રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, અમદાવાદ નંબર ૩૮૨/૧૫/૧/૦૯૮/૨૦૦૧–૨૦૦૨ તા. ૨૭–૬–૦૧.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૫) અત્રેની કચેરીના હુકમ નં. ફડચ/૦૧/ધ–૨/૧૫૨/૨૦૦૧ તા. ૧૨–૬–૨૦૦૧.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ–૨/૩૬૩/૨૦૦૧.—સરદાર નાગરીક સહકારી બેન્ક લી., વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું બેન્કનું સંચાલન અને વહીવટ આ અધિનિયમના ગુજરાત સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫, બેન્કના પેટા-નિયમો તેમજ બેકીંગ રેગ્યુલેશન એકટ અને ભારતીય રીઝર્વ બેન્કના વખતો વખતના હિશા સૂચનો (ડાયરેકટીવ્ઝ) ને આધીન રહીને કરવાનો હોય છે.

સરદાર નાગરીક સહકારી બેન્કને વડી કચેરીના તારીખ ૧૫–૧૨–૧૯૯૯ના પત્ર ક્રમાંક નસળ / ૦૧ / ઝ–૩ / ૩૨૪૦થી પુનઃજીવીત કરવા બાબતે મંજુરી મળતાં આ કચેરીના આમુખ (૧)માં જણાવેલ હુકમથી પુનઃજીવીત કરવામાં આવેલ હતી.

વડી કચેરીના તારીખ ૩–૨–૨૦૦૧ના પત્રથી જણાવ્યા મુજબ ભારતીય રીઝર્વ બેન્કે પ્રસ્તુત બેન્કની બેન્કીંગ કામ-કાજ અંગેની લાયસન્સ અરજી નકારી દીધેલ હોય, તેમજ બેન્કની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી વડી કચેરીએ તેઓના તારીખ ૧૫–૧૨–૯૯ના પત્ર ક્રમાંક નસળ/૦૧/ઝ–૩/૩૨૪૦થી બેન્કને પુનઃજીવીત કરવા આપેલ મંજુરી રદ કરવામાં આવતા બેન્કને અત્રેની કચેરીના તા. ૭–૫–૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ/૦૬/ધ-૨/૧૨૧/૦૧થી ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. અને તે સામે બેન્ક તરફથી તેઓના તા. ૧૪–૫–૦૧ અને ૨૧–૫–૨૦૦૧થી લેખીત રજુઆત થતા આ કચેરીના હુકમ નં. ફડચ / ૦૧ / ધ-૨/૧૫૨/૦૧ તા. ૧૨–૬–૨૦૦૧થી કડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરવામાં આવેલ હતો.

ભારતીય રીઝર્વ બેન્ક શહેર બેન્ક વિભાગ અમદાવાદના જા. નં. ૩૮૨/૧૫-૦૧-૦૯૯૮/૨૦૦૧–૦૨ તા. ૨૭-૬-૦૧થી રીઝર્વ બેન્કે પ્રસ્તુત બેન્કની બેન્કીંગ લાયસન્સની અરજી નકારી દીધેલ હોય, અને બેન્કને ફડચામાં લઈ જવા સુચના આપેલ છે. જેથી આમુખ (૨) અને (૩)ના પત્રોને ધ્યાનમાં લેતા સદર બેન્કને ચાલુ રાખવી હિતાવહ જણાતી ન હોઈ આમુખ (૪)માં જણાવેલ કાયદાની જોગવાઇઓ અને ઉપરોક્ત વિગતોને ધ્યાને લઇ પ્રસ્તુત બેન્કને ફડચામાં લઈ જવા અંગે નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

વચગાળાનો હુકમ

આથી હું શ્રી એમ. જે પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરા મને પ્રાપ્ત ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ–૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) ની સત્તા અન્વયે ધી સરદાર નાગરીક સહકારી બેન્ક લી., દાંડીયા બજાર, વડોદરાને ફડચામાં લઈ જવા અંગે વચગાળાનો હુકમ કરું છું. અને સહકારી કાયદાની કલમ–૧૦૮ હેઠળ બેન્કના ફડચા અધિકારી તરીકે શ્રી એચ. બી. ચૌહાણ, સહકારી અધિકારી ફડચા નં. ૩ લગત કચેરીની નિમણુંક કરું છું.

સદર હુકમ સામે જો કોઇ રજુઆત હોય તો તે હુકમની તારીખથી માસ– એક માં લેખિત આધાર / પુરાવા સહિત કરવાની તક આપવામાં આવે છે. અન્યથા સદર હુકમને કાયમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

વડોદરા, તા. ૨૪–૧૦–૨૦૦૧.

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

જા. નં. નધણ / ૦૧ / ક / ૩૪૬/ સે. ૩૨૮૭૩/ ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે ધી સા. કાં. નાગરિક સહકારી શરાફી મંડળી લી. મર્યાદિત સ્થળ હિંમતનગર તાલુકો હિંમતનગર જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળી-ઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૬–૯–૨૦૦૧.

INDEX

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ / ૨૪–૯૧ / ડી.ડી.જી / ૧૧૮૮ / ૫૨૦૪ જે, તા. ૩૦–૩–૧૯૯૧.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૦–૯–૨૦૦૧ના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૬૬૪/૨૦૦૧.

આલોચના

ક્રમાંક ફડચ/ફ–૧૨૮૬૪ / ૦૧ / ગ / ૪૦૬૦ / ૨૦૦૧.—ધી લાલપુર ગ્રુપ સેવા સહકારી મંડળી લી., મુકામ લાલપુર, તાલુકો માલપુર, જીલ્લો સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે–૨૫૧૩૯, તા, ૨૪–૭–૧૯૯૧થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું સંસ્થાની આર્થિક તેમજ વહીવટી પરિસ્થિતિ કથળી જતાં ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરે તેમના તા. ૭–૧૦–૧૯૯૯ના પત્ર ક્રમાંક સુપર/૩૯/૧૬૫૮૩ થી સદર મંડળીને ફડચામાં લઇ જવા માટે ખાસ અહેવાલ કરેલ. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૩૧–૭–૨૦૦૧ના ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૫૭૩/૨૦૦૧થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને નોટીસ આપી. તા. ૧૩–૮–૨૦૦૧ના રોજ રજુઆત કરવા મુદ્દત આપેલ હતી. જે મુદ્દતે મંડળીના ચેરમેનશ્રી / સેક્રેટરીશ્રી તરફથી મંડળીને ફડચામાં ન લઈ જવાની રજુઆત થયેલ હતી. સદર રજુઆત ગ્રાહ્ય ન રહેતાં આમુખ–૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૦–૯–૨૦૦૧ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ. અને તા ૨૪–૯–૨૦૦૧ના રોજ રજુઆત સારૂં મુદ્દત આપેલ. જે મુદ્દતે મંડળીના ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી તરફથી મંડળીને ફડચામાં ન લઈ જવાની લેખિતમાં રજુઆત થયેલ હતી. આમ સદર રજુઆત ગ્રાહ્ય ન રાખતાં આમ સંસ્થાના કાર્યવાહકોને અને સભાસદોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. આથી સંસ્થાને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતાં નીચે મુજબનો આદેશ કરવામા આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એચ. કે. દેથલીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી લાલપુર ગ્રુપ સેવા સહકારી મંડળી લી., મુકામ લાલપુર, તાલુકો માલપુર, જીલ્લો સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાનો કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ વર્ષમા ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિમતનગર, તા. ૯–૧૦–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪–૯૧ / ડીડીજી / ૧૧૮૮ / ૫૨૦૪/જે,તા. ૩૦–૩–૯૧.

(૨) સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-કલમ-૧૦૭ અને ૧૦૮નાં જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૦–૯–૨૦૦૧ના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૬૬૩/૨૦૦૧.

આલોચના

ક્રમાંક : ફડચ/ફ/૧૨૮૬૫/૦૧ / ગ / ૪૦૬૧ / ૨૦૦૧.—ધી મોડાસા ગ્રુપ સેવા સહકારી મંડળી લી., મુ. મોડાસા, જી. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૧૩૩૩૩, તા. ૫–૧૨–૧૯૫૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહું સંસ્થાની આર્થિક તેમજ વહીવટી પરિસ્થિતિ કથળી જતાં ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરે તેમના તા. ૨૯–૬–૧૯૯૯ના પત્ર ક્રમાંક ધ–પે./૪૨/૧૨૫૩૨થી સદર મંડળીને ફડચામાં લઇ જવા માટે ખાસ અહેવાલ કરેલ. તેમજ ઓડીટર ગ્રેડ-૧ સ. મં. બાયડ તેમના તા. ૧–૩–૨૦૦૦ના પત્ર ક્રમાંક અપણ/૦૧/૭૭/૨૦૦૦થી સદર મંડળીને ફડચામાં લઇ જવા માટે ખાસ અહેવાલ કરેલ. જે ખાસ અહેવાલ જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સ. મં. હિંમતનગરના તારીખ ૧૯–૪–૨૦૦૦ના પત્રથી ઘટતી કાર્યવાહી સારૂ અત્રે મોકલાવેલ. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૩–૭–૧૯૯૯ના ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૦૪૩/૧૯૯૯થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને નોટીસ આપી તા. ૨–૮–૧૯૯૯ના રોજ રજુઆત કરવા મુદ્દત આપેલ હતી, જે મુદ્દતે ચેરમેનશ્રી તરફથી મંડળી ફડચામાં ન લઈ જવાની લેખિતમાં રજુઆત થયેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૯–૨–૨૦૦૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૪૭ થી સંસ્થાના તા. ૩૧–૩–૨૦૦૦નો પ્રગતિ અહેવાલ હિસાબી પત્રકો સહીત મોકલી આપવા જણાવેલ હતું. ત્યાર પછી ફરીથી અત્રેની કચેરીએથી તા. ૪–૫–૨૦૦૦ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૬૫૮/૨૦૦૦ થી તા. ૧૫–૫–૨૦૦૦ ના રોજ

INDEX

રજુઆત કરવા મુદત આપેલ હતી. જે મુદતે હાજર ન રહેતાં ફરીથી તા. ૨૧-૯-૨૦૦૦ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૮૧૫/૨૦૦૦ થી તા. ૩-૧૦-૨૦૦૦ ના રોજ રજુઆત કરવા ફરી તક આપેલ હતી. જે મુદતે હાજર ન રહેતા ફરીથી તા. ૨૧-૧૧-૨૦૦૦ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૧૦૨/૨૦૦૦થી તથા ફરીથી તા. ૧૬-૪-૨૦૦૧ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૮૨૮/૨૦૦૧થી અનુક્રમે છેલ્લી તક તા. ૩૦-૧૧-૨૦૦૦ના રોજ તથા તા. ૨૪-૪-૦૧ના રોજ રજુઆત કરવા સારૂં આપેલ હતી. ફરીથી કોઈ લેખિત મૌખિક રજુઆત ન થતાં આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૦-૯-૨૦૦૧ના આદેશથી મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશ કરેલ અને તા. ૨૪-૯-૨૦૦૧ના રોજ રજુઆત કરવા સારૂં મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ સંસ્થાના કાર્યવાહકને અને સભાસદોને સંસ્થા ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. આથી સંસ્થાને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એમ. કે. દેથલીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી મોડાસા ગૃપ સેવા સહકારી મંડળી લી., મુકામ મોડાસા, તાલુકો મોડાસા, જીલ્લો સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ વર્ષમાં ફડચાનાં કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તા. ૯-૧૦-૨૦૦૧.

એમ. કે. દેથલીયા,
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં.
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૬૨/ઝ/૯૦૬૦/૧૨૦૫/૧૨૦૬/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે, મુકતાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., જહાંગીરાબાદ મર્યાદિત સ્થળ જહાંગીરાબાદ તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫-૧૦-૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૬૩/ઝ/૯૦૫૭/૧૨૦૭/૧૨૦૮/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે વૃન્દાવન (જહાંગીરાબાદ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મર્યાદિત સ્થળ જહાંગીરાબાદ તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫-૧૦-૨૦૦૧.

ક્રમાંક ઉખસ / નધણુ/ધ-૨૦૪૬૪/ઝ/૯૦૫૬/૧૨૦૯/૧૨૧૦/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે અંબિકા (અડાજણ) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અડાજણ સુરત મર્યાદિત સ્થળ અડાજણ તાલુકો સુરતસીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫-૧૦-૨૦૦૧.

ક્રમાંક ઉખસ / નધણુ/સ-૩૬૨૭/ઝ/૯૦૫૫/૧૨૨૫/૧૨૨૬/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શ્રીજીપાર્ક કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. કતારગામ મર્યાદિત સ્થળ કતારગામ સુરત, તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫-૧૦-૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ / ઉ-૬૨૭૧/ઝ/૯૦૬૬/૧૨૨૭/૧૨૨૮/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે શ્રી બાલાજી મજુર અને કામદારોની સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ અમરોલી તાલુકો ચોર્યાસી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૫–૧૦–૨૦૦૧.

વાંચ્યો : સરકારી અધિકારી ફડચા–૨ સુધીનાં તા. ૯–૮–૨૦૦૧ નાં જા. નં. ફડચ/૦૨/૧૦૩/૦૧ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૫૩૯/ખ/૧૫૦૧/૨૦૦૧.— ધી ભૂતપોર પછાતવર્ગની ધરબાંધ મં. લી. મુ. ભૂતપોર તા. પલસાણા જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. બી-૨૦૧૦ તા. ૩૧–૮–૫૭ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/ખ/૧૫૩૯/૧૦૦૮ તારીખ ૧૮–૬–૯૬ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૧૬–૧૦–૨૦૦૧.

વાંચ્યો : — સરકારી અધિકારી ફડચા–૨ સુરતનાં તા. ૨૫–૯–૨૦૦૧ નાં જા. નં. ફડચ / ૦૨ / ૧૧૭/ ૦૧ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૫૦૦/ખ/૧૫૦૦/૨૦૦૧.— ધી તલંગપોર પછાતવર્ગની ધરબાંધ મં. લી, મું. તલંગપોર, તા. ચોર્યાસી, જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. બી–૧૯૦૦ તા. ૮–૭–૧૯૫૭ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/ખ/૧૫૬૦/૫૨૯ તારીખ ૨૨/૪/૯૭ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૧૬–૧૦–૨૦૦૧.

વાંચ્યો :–સહકારી અધિકારી ફડચા–૨ સુરતના તા. ૨૭–૯–૨૦૦૧નાં જા. નં. ફડચ/૦૨/૧૨૧/૦૧થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૫૬૧/ખ/૧૪૬૯/૨૦૦૧.—ધી સણીયાહેમાદ પછાત વર્ગની સહ. ધર બાં મં. લી. મુ. સણીયાહેમાદ તા. ચોર્યાસી જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. બી-૨૦૧૧ તા. ૩૧–૮–૧૯૫૭ થી નોંધવામાં આવી હતી. જેને મેહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/ખ/૧૫૬૧/૫૩૦, તા ૨૨–૪–૯૭ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૧૬–૧૦–૨૦૦૧.

વાંચ્યો :

સહકારી અધિકારી ફડચા–૨ સુધીનાં તા. ૧૦–૯–૨૦૦૧ નાં જા. નં. ફડચ/૦૨/૧૧૩/૦૧ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ /૧૬૩૪/ખ/૧૪૬૮/૨૦૦૧.—ધી ભાલ્લા ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. ભાલ્લા તા. નિઝર, જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. ભ–૩૨૧ તારીખ ૨૩-૨-૯૫ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર

INDEX

સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/ખ/૧૬૩૪/૧૮૨૦ તારીખ ૧૯–૧૨–૨૦૦૦ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈ પણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, ૧૬–૧૦–૨૦૦૧

નં. ઉખસ/નધણ/સા. ૩૬૨૮/ઝ/૯૦૫૮/૧૨૩૧ / ૧૨૩૨/ ૨૦૦૧–આથી જાહેર કરે છે કે શ્રી દર્શન એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., અડાજણ સુરત મર્યાદિત સ્થળ અડાજણ સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૬–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણ/સા-/૩૬૨૯/ઝ/૯૦૫૯/૧૨૩૩/૧૨૩૪/ ૨૦૦૧.–આથી જાહેર કરે છે કે રોશની બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી., સોનગઢ ફોર્ટ મર્યાદિત સ્થળ સોનગઢ તાલુકો સોનગઢ જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૬–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણ/ધ-૨૦૪૬૫/ઝ/૯૧૮૯/૧૨૪૫/૧૨૪૬/ ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, દીપકકૃપા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., રાંદેર મર્યાદિત સ્થળ રાંદેર સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૯–૧૦–૨૦૦૧,

ક્રમાંક ઉખસ/નધણ/સા-૩૭૩૦/ઝ/૯૧૮૮/૧૨૫૬/ ૧૨૫૭/ ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, સ્ટર્લીંગ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., અઠવા સુરત મર્યાદિત સ્થળ અઠવા સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૯–૧૦–૨૦૦૧.

વાંચ્યો : અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૫૧/ ૨૦૦૧ તા. ૧૮–૯–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૬૭૧/ખ/૧૫૨૪/૨૦૦૧.–ધી નવયુગ સહકારી ઘર બાંધનારી મંડળી લી. ૨/૩૨૪ ઠે. હરિનગર–ઉધના–સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક બી–૧૬૮૭ તા. ૨૬–૭–૫૬ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૮–૯–૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦–૧૦–૨૦૦૧.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૩૫/ ૨૦૦૧ તા. ૧૭–૯–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ ૧૬૭૨ / ખ / ૧૫૨૫ / ૨૦૦૧.–ધી બોધાન વેપારી શરાફી સ. મં. લી. મુ. પો. બોધાન ઠે. તા. માંડવી જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ૪૮૪૮ તા. ૧૬–૧૧–૧૯૬૮ થી નોંધવામાં આવી હતી, તેને અત્રેની કચેરીના તા. ૧૭–૯–૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો

INDEX

સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૨ સુરતની નીમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦–૧૦–૨૦૦૧.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા નં. ફડચા/૦૧/ખ/૧૬૩૬/૨૦૦૧ તા. ૧૭–૯–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૭૩/ખ/૧૫૨૬/૨૦૦૧.— ધી બાલ્દા ગ્રુપ સહકારી પાંક સરંક્ષક સ. મંડળી લી. મુ. પો. બાલ્દા તા. નિઝર જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ૧૩૧૬૭ તા. ૨૬–૫–૧૯૪૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૭–૯–૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા–૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦–૧૦–૨૦૦૧.

વાંચ્યો : અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૩૮/૨૦૦૧ તા. ૧૭–૯–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૭૪/ખ/૧૫૨૭/૨૦૦૧.–ધી મયુરેશ કો. ઓપ હા. સો. લી. આહવા સો. પાછળ ઠે આહવા લાઈન સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ધ–૮૫૨૦, તા. ૧૨–૨–૮૧ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૭–૯–૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૧ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦–૧૦–૨૦૦૧.

વાંચ્યો :- અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૪૮/૨૦૦૧ તા. ૧૮–૯–૨૦૦૧ થી રજુ કરવામાં આવેલ વચગાળાનો આદેશ

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૬૭૫ / ખ/૧૫૨૮/૨૦૦૧: – ધી આશ્રવા પાક સંરક્ષક સ. મં. લી. મુ. પો. આશ્રવા ઠે. તા. નિઝર જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક જા–૫૫૨ તા. ૨૭–૫–૬૫ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૮–૯–૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦–૧૦–૨૦૦૧.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં.૨ ફડચ/૦૧/ખ/૧૩૩૭/૦૧ તા. ૧૭–૯–૨૦૦૧થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૭૬/ખ/૧૫૨૯/૨૦૦૧.— ધી કોઠલી બુદ્રક વિભાગ સહકારી ગ્રાહક ભંડાર લી., ઠેકાણું મુ. પો. કોઠલી બુદ્રક, તા. નિઝર, જીલ્લો સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ભ–૩૮૧૪, તા. ૩૦–૮–૧૯૯૧ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૭–૯–૨૦૦૧ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧)(ક)(ગ)(૨)(૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો

INDEX

આદેશ કાયમ રાખવામાં આવે છે. સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૬૬/ઝ-૯૨૮૨/૧૨૭૨/૧૨૭૩/ ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે પાલવ (અડાજણ) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અડાજણ સુરત મર્યાદિત સ્થળ અડાજણ સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૨–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ / નધણુ / ધ-૨૦૪૬૭ / ઝ/ ૯૨૮૩/૨૦૦૧.— આથી જાહેર કરે છે કે મંગલવિહાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અડાજણ સુરત મર્યાદિત સ્થળ અડાજણ સુરત તાલુકો સુરત સીટી જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૨–૧૦–૨૦૦૧.

ક્રમાંક : ઉખસ / નધણુ / ધ-૨૦૪૬૮ / ઝ / ૯૨૮૦ / ૧૨૬૮ / ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, પ્રવેશ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અડાજણ સુરત. મર્યાદિત સ્થળ અડાજણ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૨–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૬૯/ઝ/૯૨૮૧/ ૧૨૬૬/ ૧૨૬૭/સને ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે, માફતિનંદન (અડાજણ) કો. ઓ પ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ અડાજણ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧, ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૨–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૭૦/ઝ/૯૨૯૭/સને ૨૦૦૧.— આથી જાહેર કરે છે કે, વિજયલક્ષ્મી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. અડાજણ સુરત, મર્યાદિત સ્થળ અડાજણ સુરત તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪–૧૦–૨૦૦૧.

ક્રમાંક ઉખસ/નધણુ/ધ-૨૦૪૭૧/ઝ/૯૨૯૬/૧૨૬૪/૧૨૬૫/ ૨૦૦૧.—આથી જાહેર કરે છે કે મેઘધનુષ (વેસુ) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વેસુ મર્યાદિત સ્થળ વેસુ, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૪–૧૦–૨૦૦૧.

વાંચ્યા :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૪૮૪/ ૨૦૦૧, તા. ૧૫–૧૦–૨૦૦૧ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૭૭/ખ/૯૩૨૨/૨૦૦૧.—ધી સંતોષ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ડે. ઘોડદોડ રોડ, સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ધ–૪૫૪૦ તા. ૨૦–૩–૧૯૭૨ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૫–૧૦–૨૦૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલા કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામા આવે છે અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા–૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા ૨૯–૧૦–૨૦૦૧.

INDEX

વાંચ્યો :–અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૫૦૩/૨૦૦૧ તારીખ ૧૮–૧૦–૨૦૦૧ થી કરવામાં કારણદર્શક નોટીસ તથા તારીખ૨૯–૧૦–૨૦૦૧ નારોજ સુપ્રત કરેલ ચાર્જ બાબત.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૬૭૮ / ખ / ૯૩૨૯ / ૨૦૦૧.— ધી વિજય ફાઉન્ડ્રી એન્ડ મશીનરી વર્કસના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. કે. ઉધના જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ૫૦૦૯, તા. ૨૯–૭–૧૯૬૭ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૧૯–૧૦–૦૧ ની કારણદર્શકથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી, આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૯–૧૦–૨૦૦૧.

આર. આર. વધાસીયા,
જીલ્લા રજીસ્ટાર, સ. મં.
સુરત.

———

વાંચ્યો : (૧) સરકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતનો તા. ૧૯–૯–૨૦૦૧નો પત્ર.

હુકમ

જા. નં. જિઉકે-સુ-ઉખસ/અધ્યગ/ફડચ/૨૯૩/૨૦૦૧.—ધી આમકુટી વિભાગ હીરા ઉદ્યોગ સ. મ. લી. મુ. પો. આમકુટી તા. ઉમરપાડા જી. સુરતના નોંધણી ક્રમાંક નં. ઉ–૧૦૪૯૭ તારીખ ૫–૧૨–૯૧ થી નોંધવામાં આવી હતી. જેને મેનેજર (કેવીસીઆઇ) જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરતના આદેશ પ્રમાણે જી. ઉ. કે. / સુ. અધ્યગ / ૨૯૩/ ફડચ / ઉખસ/ ૨૦૦૦ તારીખ ૧૩–૧૨–૨૦૦૦ નો હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી. તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની રહેતી. ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે તેમ ગણાશે.

સુરત, તા. ૩૦ ૯–૨૦૦૧.

(સહી) અવાચ્ય,
મેનેજર, (કે. વી. સી. આઇ.,)
અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરત.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—SA-14-B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLII] THURSDAY, DECEMBER 6, 2001 / AGRAHAYANA 15, 1923 [No. 49

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENTS

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Orders (other than these published in Parts I–A, IV–A, IV–B) and IV–C) Pertaining only to the Supplement to the Central Gazette,	3923-3958
Part-IA	Orders and Notificaitons (other than those published in Part IV B) under the Bombay Local Boards Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts, pertaining only to the Supplement to the Central Gazette.—	49
Part I-B–Government Notifications published under Land Acquisition Act only.		505-510
Part-I-L-Notification, Orders and Awards (other than those published in Parts I, IV–A, IV–B and IV–C) under Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.		28523-29179

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નં. ઉ/ગપક/એસબી/ડીસીબી./ જાહેરનામું/વશી./૩૬/૨૦૦૧.— (૧) સુરત શહેરમાં હાલના વર્ષમાં માફીયા ગેંગ સાથે સંકળાયેલ માણસો ગંભીર ગુનો કરવા માટે પ્રી-પેઈડ સીમકાર્ડથી મોબાઈલ વડે સંદેશા વ્યવહારનું નેટવર્ક ચલાવતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. આવા કેટલાક કેસોની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે મોબાઈલ કંપનીઓ જે પ્રી-પેઈડ સીમકાર્ડ વેચી રહેલ છે તે વેચનારા ડીસ્ટ્રીબ્યુટરો ડીલરો કે પ્રો. ડીલરો કાર્ડ લેનારની ઓળખ અંગે કોઈપણ ખાત્રી કર્યા વગર અથવા તે અંગેના પુરાવા મેળવ્યા સિવાય સીમકાર્ડનું વેચાણ કરી રહેલ છે. જેને કારણે ગુનેગારો પોતાની ઓળખ છુપાવી શકે છે. મોબાઈલ કંપનીઓ અને તેમના પ્રી-પેઈડ સીમકાર્ડ

INDEX

વેચનારાઓ કાર્ડ લેનારનું નામ સરનામું તથા તેની ખરાઈ માટેના દસ્તાવેજી રેકર્ડથી નહીં મેળવવાના કારણે ગુન્હાહિત માનસ ધરાવતા ગુનેગારોને તેઓ આડકતરી રીતે મદદરૂપ બની પ્રોત્સાહક બની રહેલા છે. જેના કારણે ખુન, ધાડ, લુંટ, ધરફોડ ચોરીના ગુન્હામાં ગુનેગારોએ વાપરેલ પ્રી-પેઈડ સીમકાર્ડનો ઉપયોગ કરીને ગંભીર ગુન્હાઓ આચર્યા છે. અને જેઓની ભાળ કયારેય મળી શકતી નથી. આમ આ હકિકત જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનું માલુ માનવું છે.

(૨) આવા પ્રી-પેઈડ સીમકાર્ડના વેચાણ બાબતે અમુક ચોક્કસ પ્રતિબંધ રાખવો અનિવાર્ય અને તાત્કાલીક જરૂરીયાત બનેલ છે. સરકારશ્રી અને મોબાઈલ કંપનીના લાયસન્સ એગ્રીમેન્ટમાં જોગવાઈ છે કે પ્રી-પેઈડ સીમકાર્ડ ખરીદનારનું નામ સરનામું અને ઓળખના પુરાવા વેચનાર લેશે. છતાં ઉપરોકત તપાસની હકિકત પ્રમાણે આ જોગવાઈનું છડેચોક ભંગ થયેલ છે. જેથી કાયદાકીય જોગવાઈ કરવાથી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહાય મળે તેમ છે.

(૩) વાસ્તે હું, વી. કે. ગુપ્તા પોલીસ કમિશનર સુરત શહેર, સુરત ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૨ ના નોટીફીકેશન નંબર જી—/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચે ની પેટા કલમ. (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેમાં પુનરાવર્તન ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં સુરત શહેર પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ મદદનીશ પોલીસ કમિશનરશ્રીને એકઝયુકેટીવ મેજિસ્ટ્રેટ, તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓની ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧૩મી નવેમ્બર ૨૦૦૧ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૨૨મ જાન્યુઆરી ૨૦૦૨ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) કોઈપણ મોબાઈલ ફોન કંપની કે તેના કોઈપણ ડીસ્ટ્રીબ્યુટર ડીલર કે અન્ય કોઈપણ મોબાઈલ ફોન માટેના પ્રીપેઈડ સીમકાર્ડ વેચાણ પ્રીપેઈડ કાર્ડ લેનારની પુરેપુરી ઓળખ ,નામ સરનામું તથા ઓળખનું પ્રુફ જેમાં ડ્રાઈવીંગ લાયસન્સ,રેશન કાર્ડ, ટેલ ટોન બીલ્સ ક્રેડીટકાર્ડ, મતદાર ઓળખ કાર્ડ વિગેરે કોઈપણ એક ની નકલ મેળવી ને તેમજ પ્રી - ઈડ કાર્ડ વેચાણ માટેનું એક અલગ રજીસ્ટર રાખીને જેમાં કાર્ડ લેનારની ઉપરોકત વિગતો લખી તેની સહી લીધા વગર કાર્ડનું વેચાણ કરશે નહી.

(૫) પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ, ચોકી સબ ઈન્સ્પેકટર અથવા તેમના પ્રતિનિધિ દર માસે તેમના કાર્યક્ષેત્રમાં આવેલ વેચાણ કેન્દ્રનું નિરીક્ષણ કરશે. અને ઈન્સ્પેકશન નોટ ડી.સી.બી.ને મોકલશે. જરૂર પડયે સરપ્રાઈઝ ચેકીંગ કરશે. તે માટે મોબાઈબ કંપની તેમના ડીસ્ટ્રીબ્યુટર ડીલર પોલીસ ઓફિસરને પુરતો સહકાર આપવા આદેશ કરવામાં આવે છે.

(૬) વિસ્તાર.—સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

(૭) આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

(૮) હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી તેમજ દૂરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ ૧૨મી નવેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

હંગામી જાહેરનામું

ક્રમાંક : ૩ / ગપક / એસ.બી. / જાહેરનામું / ૩૭ / ૨૦૦૧.— સુરત શહેર મહીધરપુરા વાણીયા શેરી બાલાજી મંદિર ખાતે તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ તથા શ્રી ભાગવતયોગનું આયોજન કરેલ હોઈ જે શ્રીમદ ભાગવત સપ્તાહ દરમ્યાન ખુબજ મોટી સંખ્યામાં શ્રોતાગણો ઉપસ્થિત રહેશે જેના લીધે ટ્રાફીકની અવર-જવરમાં ઘણીજ અગવડતા ઉભી થાય છે. તેથી આ જાહેર પ્રસંગે જાહેર વ્યવસ્થા જળવાઈ રહે. અને સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ રહે, તે હેતુસર હું વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩-૧-બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી મહીધરપુરા મેઈનરોડ વાણીયા શેરીનો રસ્તો દાળીયા શેરીના નાકેથી ઘીયા શેરી નાકા સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે. અને જાહેર જનતાના હિતાર્થે નીચે મુજબની ટ્રાફીક વ્યવસ્થા કરૂ છું.

(૧) ગલેમંડીથી આવતા વાહનો દાળીયા શેરીથી જઈ શકશે. તેમજ ગલેમંડી તરફ આવી પણ શકશે. તેમજ મહીધરપુરા જદાખાડી તરફથી આવતા વાહનો ઘીયા શેરીથી જઈ શકશે. તેમજ આવી પણ શકશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિ. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર, સુરત શહેર.

અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ૩ / ગપક / ફા.પ્રે. / ૨૦૦૧ / પો. હેડકવાર્ટર / ફા.પ્રે. / વશી / ૩૨૮૨૫.— સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબ જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ના વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૩૦ મી નવેમ્બર, ૨૦૦૧ સુધી દિન--૧૨ સુધી પોલીસ હેડ કર્વાટર ખાતે ૬ (૭) ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી. સુરતનાઓ

INDEX

ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોના સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમની કલમ ૩૭ (૪) પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું અધિક પોલીસ કમિશનરશ્રી, (વહીવટ) સુરત શહેર હુકમ નં. એમ.સી.બી.--૧/૧૯૮૮/૨૯૦૬૫, તારીખ ૧૪-મી નવેમ્બર, ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૩૭ (૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સુરત જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉંમરા ગામની નજીક આવેલ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૧૯ મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૩૦ મી નવેમ્બર, ૨૦૦૧ દિન--૧૨ સુધી ૬ (છ) ગર્લ્સ બટાલીયન એન.સી.સી. સુરતનાઓએ ૨૨ રાયફલ્સનું ફાયરીંગ રાખેલ હોવાથી આજબાજુનાં રહીશો તથા બહારના કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓએ ઉપરોકત તારીખ દરમિયાન ઉપરોકત તારીખો દરમ્યાન સવારના ૭-૦૦ વાગ્યાથી કલાક સાંજના ૧૬--૦૦ સુધી આ જમીનના હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તાપી નદીનાં વિસ્તારમાં હોડી ફેરવવી નહીં કે માછલા પકડવા નહીં તેમજ ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો ઈ.પી.કો કલમ--૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૩ મી નવેમ્બર, ૨૦૦૧ ના મારા સહી સિક્કા કરી આપેલ છે.

મીરા રામનિવાસ,
અધિક પોલીસ કમિશનર, (વહીવટી) સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ ની કલમ--૩૩ (૧) ઝ હેઠળ :

ક્રમાંક એમ. ઓ. જી. જાહેરનામું / વશી / ૨૫૧૬ થી ૨૫૩૬.— આગામી દિવાળીના તહેવાર દરમ્યાન આ તહેવારની ઉજવણી સાથે નાગરિકો દ્વારા ખૂબ મોટા અવાજના સ્ફોટક પદાર્થો ફોડવામાં આવે છે. જેના કારણે નાગરિકોને અગવડ પડે છે તથા પ્રદુષણનો ફેલાવો થાય છે. આ તહેવાર દરમ્યાન લોકોને અગવડ ન પડે તેમજ પ્રદુષણનો ફેલાવો ન થાય તે માટે વધુ અવાજ ઉત્પન્ન કરતા સ્ફોટક પદાર્થો માટે નામદાર સુપ્રીમ કોર્ટે મુકેલ નિયંત્રણ મુજબ મોડી રાત સુધી ફોડવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, શ્રી જી. જે. ચાંપાનેરી, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા--રાજપીપળા, મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ની કલમ--૩૩ (૧)ઝ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે દિવાળીના તહેવાર દરમ્યાન ૧૨૫ ડેસીબલથી વધુ અવાજ ઉત્પન્ન કરતાં સ્ફોટક પદાર્થો ફોડી શકાશે નહીં. તમામ પ્રકારના સ્ફોટક પદાર્થ રાત્રીના ૨૨--૦૦ થી સવારના ૬-૦૦ કલાક દરમ્યાન ફોડી શકાશે નહીં. શાંત વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તાર જેમા કે, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ કોર્ટ, ધાર્મિક સ્થળો વગેરેથી ૧૦૦ મીટરથી ત્રિજ્યામાં કોઈપણ પ્રકારના સ્ફોટક પદાર્થો ફોડી શકાશે નહીં. કાયમી કે હંગામી ફટાકડાના લાયસન્સ ધારકો ૧૨૫ ડેસીબલથી વધુ અવાજ ઉત્પન્ન કરે તેવા સ્ફોટક પદાર્થોનું વેચાણ કરી શકશે નહીં.

સદર હુકમનો અમલ સમગ્ર નર્મદા જિલ્લામાં લાગુ પડશે. સદરહુ હુકમ તારીખ ૬૨ મી નવેમ્બર ૨૦૦૧ થી ૨૦ મી નવેમ્બર,/૨૦૦૧ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારની સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૫ મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જી. જે. ચાંપાનેરી.
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

નંબર પીઓએલ/રીક્ષા/સ્ટેન્ડ-હિંમતનગર-૧૧/૨૦૦૧,—નીચેના હુકમનો ખરડો ગુજરાત રાજયના ભાગ-૧ના તારીખ ૨જી માર ૨૦૦૦ના કેન્ટ્રીય ગેઝેટમાં પાના નંબર ૮૫૨ ઉપર પ્રસીદ્ધ થયેલ છે. આ હુકમના ખરડા સામે લેખિત વાંધા આપવા સૂચનો મંગાવામ આવેલ અને તે ટ્રસ્ટીએ ઉપરોકત જાહેરનામાની મુદત દરમ્યાન પાંચ વ્યકિતઓના વાંધા રજુ થયેલ જે ધ્યાનમાં લઈને અંતે ગ્રાહ્ય રાખી સદર હુકમનો છેવટનો ખરડો નીચે મુજબ મંજુર કરવામાં આવે છે.

આદેશ. :

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ના ખંડ (સી) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, મુકેશ પુરી, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા જિલ્લા હિંમતનગર હિંમતનગર નગરપાલીકા વિસ્તારમાં નીચે જણાવેલ જગાઓએ તેની સામે જણાવેલ સંખ્યામાં ઓટોરીક્ષા ઉભી રાખવા સ્ટેન્ડ નકકી કરૂ છું આ સિવાય બીજી કોઈ જગાએ ઓટો રીક્ષાઓ થોભાવી કે ઉભી રાખી શકાશે નહી.

અનુ. નંબર.	વિસ્તાર	જગાનું નામ	રીક્ષાની સંખ્યા
૧	સેન્ટ્રલ બસ સ્ટેન્ડ	રાજેન્દ્ર કલબની આગળ ખુલ્લી જગા.	૧૦
૨	ન્યાયમંદિર વિસ્તાર.	રાજકમલ બીલ્ડીંગ, પેરેમાઉન્ટ હોટલની સામે.	૫
૩	મોતીપુરા વિસ્તાર.	કડીવાલા પેટ્રોલ પંપ સામે.	૫
૪	મહાવીરનગર વિસ્તાર.	લક્ષ્મીનારાયણ સોસાયટીના નાકે.	૫

INDEX

૧	૨	૩	૪
૫	મહાવીરનગર વિસ્તાર	ગાયત્રીમંદિર	૫
૬	સહકારી જીન	સહકારી જીન ચારર રસ્તા નેશનલ હાઈવે નંબર ૮ ની બાજુમાં	૫
૭	સાબરડેરી	બારોટની હોટલ પાસેથી જગામાં.	૫
૮	મહેતાપુરા	સિધ્ધાર્થનગર, મરઘા કેન્દ્રની બાજુમાં.	૫
૯	ગોકુલનગર	બળવંતપુરા સાઈડ	૫
૧૦	મહાવીરનગર	અંબાજી ચોક પોલીસ ચોકી સામે	૧૦
૧૧	શારદાકુંજ સોસાયટી.	રામેશ્વર મંદીર સામે	૫
૧૨	નવી માર્કેટ યાર્ડ	માર્કેટ યાર્ડની ખુલ્લી જગા.	૫

ઉપરોકત આદેશનો ભંગ ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સીકકો કરી આપ્યો છે.

મુકેશ પુરી.
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા.

જાહેરનામું.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનો.

નંબર ડીસી/એમ એજી/પીઓએલ/એસ.આર/૪૩/૨૦૦૧.—આગામી દિવાળીના તહેવાર દરમ્યાન મોટા અવાજ ધડાકાવાળા દારૂખાનાના (ફટાકડા બોમ્બ વગેરે) ઉપયોગથી વૃદ્ધ અશકત બિમાર વ્યકિતઓને અરચણ કે ત્રાસ થવાની અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચવાની શકયતા રહે છે, તેમજ દારૂખાનાના આકસ્મીક મોટા અવાજથી વાહન વ્યવહારની એકાગ્રતાને અસર થવાથી અકસ્માત થવાની શકયતા રહે છે તેથી લોકોના જાન સ્વાસ્થ્ય અને સલામતી માટે મોટા અવાજ ધડાકાવાળા દારૂખાનાના ઉપયોગને નિયંત્રિત કરવાનું જાહેર હિતમાં આવશ્યક અને જરૂરી જણાય છે.

તેથી હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે—

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભાં આસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુરા બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા કોઠ, સાણંદ વિરમગામ ટાઉન વિરમગામ રૂરલ વિઠ્ઠલપુરા માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તારીખ ૨૯મી ઓકટોબર ૨૦૦૧ થી તારીખ ૩૦મી ઓકટોબર ૨૦૦૧ થી (બન્ને દિવસો સહિત) દરમ્યાન ચાર મીટરની અંદર ૧૨૫ ડેસીબલ (એઆઈ) યુનીટ અથવા ૧૪૫ ડેસીબલ(સી) પીકે યુનીટથી અવાજ વધે તેવા દારૂખાનાનું (ફટાકડા, બોમ્બ વગેરે વેચાણ કે વપરાશ કરવો નહી તેમજ સાંજના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાકના સમયગાળા સિવાયના સમયમાં કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહી.

નોંધ :—શાંત વિસ્તાર (સાઈલેન્સ-ઝોન) તરીકે જાહેર કરેલા વિસ્તારની આસપાસના ૧૦૦ (સો) મીટરના વિસ્તારમાં કોઈપણ સમયગાળા દરમ્યન કોઈપણ પ્રકારનું દારૂખાનું (ફટાકડા, બોમ્બ વગેરે ફોડી શકાશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી ઓકટોબર ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ અન્વયે :

નંબર ડી.સી // એમ.એ.જી. / પી.ઓ.એલ. / એસ.આર. ૪૩ / ૨૦૦૧.— આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતાં--આવતાં રાહદારીઓ તથા વાહનોમાં જતાં--આવતાં ઈસમોને ચેકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તેમજ નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસદાયક કૃત્યોથી લોકોને ત્રાસ, અડચણ, ઈજા અથવા જાહેર સુલેહ-શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શકયતા રહે છે. અને તેમ થતું અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ--૧૪૪ મુજબ પગલાં લેવા માટેના પુરતા કારણો અસ્તિત્ત્વમાં હોવાનું મારું માનવું છે.

તેથી હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ--૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સમગ્ર વિસ્તારમાં (પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના વિસ્તાર) તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૩૧મી ઓકટોબર ૨૦૦૧ (બન્ને દિવસો સહીત) દરમ્યાન કોઈપણ વ્યકિતએ કોઈપણ જાહેર જગ્યાએ જતાં--આવતાં રાહદારીઓ તથા વાહનોમાં જતાં--આવતાં શખ્સો યા ઈસમો પાસેથી નવરાત્રી કે દશેરાના તહેવારો અંગે બળ--જબરીથી પૈસા ઉઘરાવવા નહીં કે બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા--આતવાં રાહદારીઓને તથા વાહનોને રોકવા નહીં. નવરાત્રીની ઉજવણી દરમ્યાન અશ્લીલ, અરૂચિકર કે ત્રાસદાયક લેખાય તેવા કોઈપણ કૃત્યો કરવા નહીં.

INDEX

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૯૬૦ નો અધિનિયમ--૪૫) ની કલમ--૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓકટોબર, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યાં.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨ની) કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમઓજી/એસઆર/૪૮/૨૦૦૧.—આગામી દિવસોમાં અમદાવાદ રૂરલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૦૧ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી આણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું આણીવાળું ઘાતક શસ્ત્રો સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની અને તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી, અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય, તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :— અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાનો સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :—આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને તે ઉપરી અધિકારી શ્રીઓએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિ. પો. અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નં. ડીસી / પીઓએલ / એમઓજી / એસ.આર.-૪૯ / ૨૦૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ ની મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :—અમદાવાદ (ગ્રામ્ય)જિલ્લાના સરખેજ,કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, કોઠ, સાણંદ વિરમગામ ટાઉન, વિરમગામ, રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :—આ વિસ્તારમાં રસ્તાઓ રસ્તાઓની ફટપાથો, ગલીઓ તથા પેટા—ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા/કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા-સરઘસોને લાગુ પડશે નહીં.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબનો.

ક્રમાંક ઉ/મ કપ/પલસ/મજસ/વશી/.—પંચમહાલ જિલ્લાના સંતરામપુર ખાતે મોજે સંતગામના સ. નં. ૩૫ પૈકીની જમીનમાં આવેલ ફાયરીંગ બટ વિસ્તાર ઈ. ચા. પોલીસ અધિક્ષકશ્રી ની દાહોદએ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ થી ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી દાહોદ જિલ્લા પોલીસ દળ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે તથા જિલ્લા કમાન્ડરશ્રી, હોમગાર્ડઝ, દાહોદએ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૧ થી ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ (બે દિવસ) માટે હોમગાર્ડ સભ્યોને રાયફલ તાલીમ માટે અનામત કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું ઓન. પી. પટેલ જી. ઓ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના મોજે સંતગામના સર્વે નંબર ૩૫ પૈકી માં આવેલ ફાયરીંગ બટ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ થી ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી દાહોદ જિલ્લા પોલીસ દળ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કરવા તથા તે પૈકીના તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૧ થી ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ (બન્ને દિવસ) માટે દાહોદ જિલ્લાના હોમગાર્ડઝ સભ્યોને રાયફલ તાલીમ આપવા માટે અનામત રાખવું. અને સદરહું જમીનનાં સ્થળે ઉકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનઅધિકૃત શખ્સે દાખલ થવું નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈ. પી. કો. કલમ ૧૧૮ મુજબની શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ ૨૨ માહે નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી સિકકો કર્યો.

ઓન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૩૫૩૨.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ આથી સદરહું વિસ્તારમાં તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૧નાં રોજ સવારના ૬.૦૦ વાગ્યાથી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૧નાં રોજ સાંજના ૨૪.૦૦ વાગ્યા સુધી (બંને દિવસો સુધ્ધાંની) મુદત માટે ભરૂચ જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

"ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં ૪૫માંની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૩મી માહે નવેમ્બર, ૨૦૦૧નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની પેટા કલમ-૩૩-૧-(સી) હેઠળ.

નંબર જેચ / વશી / ૧૭૬૬ થી ૧૭૭૬ / ૨૦૦૧.—પ્રહલાદણા જિલ્લાનું સતલાસણા ગામ ગાંધીનગરથી અંબાજી તરફ જતાં, રાજય ધોરીમાર્ગ ઉપર આવેલું છે આ રાજય ધોરી માર્ગ ઉપરથી અંબાજીના દર્શનાર્થે ઘણા વાહનો પસાર થાય છે. રાજય ધોરી માર્ગ જયાંથી પસાર થાય છે. ત્યાં ત્રણ રસ્તા પડે છે. અને આ ત્રણ રસ્તા પર એસ. ટી. "પીક-પ" સ્ટેન્ડ આવેલ છે. આ ત્રણ રસ્તા ઉપર ખાનગી વાહનો ટ્રાફીકને અડચણરૂપ થાય છે. જેથી અકસ્માતો થવાનો સંભવ રહે છે જેથી સતલાસણા હાઈવે પર આવેલ એમ. ટી. "પીક-અપ" સ્ટેન્ડથી ૧૦૦ મીટર દૂરના વિસ્તારમાં કોઈ વાહન ઉભા ન રહે તે માટે "નો-પાર્કિંગ" ઝોન જાહેર કરવો ઉચિત જણાય છે.

ઉકત હેતુ માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૬ મુજબનો જાહેરનામાંનો ખરડો તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવી તમામની જાણસારું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં એક (૧) વ્યકિત તરફથી લેખિત વાંધો અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મળેલ હતો. જે સ્વીકાર પાત્ર ન જણાતાં દફતરે કરી જવાબ પાઠવવામાં આવેલ છે. હવે આ બાબતે આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું થાય છે.

INDEX

વાસ્તે, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧, ૨૨ માંની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (સ) થી મને મળેલ સત્તાની રૂઈએ હું એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મહેસાણા જિલ્લાના સતલાસણા ગામે આવેલ ત્રણ રસ્તા પરના એસ. ટી. "પીક-અપ" સ્ટેન્ડની આજુબાજુના ૧૦૦ (એક સો મીટર) મીટરના વિસ્તારમાં ખાનગી બસો, જીપો, મેટાડોર, ટ્રક, ટ્રેકટર વિગેરે ખાનગી વાહનો ઉભા નહીં રાખવા આદેશ કરું છું.

આ આદેશ એસ. ટી. તથા સરકારી વાહનોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથી કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૨૨માંની કલમ-૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/વશી /૧૭૯૧ થી ૧૮૦૧/૨૦૦૧:—મહેસાણા જિલ્લાના પોલીસ કર્મચારીઓની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ મહેસાણા પોલીસ હેડ ક્વાર્ટર પરેડ ગ્રાઉન્ડ ફાયરીંગ બટ તેમજ ધરોઈ ગામના ડેમ પાસે આવેલા સર્વે નંબર ૫૦માં નિયત બટ ઉપર યોજનાર છે. જેમાં ફાયરીંગ તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી જાન્યુઆરી ૨૦૦૨ સુધી યોજવાનું નકકી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૭ (૪)થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના પોલીસહેડ પરેડ ગ્રાઉન્ડ ફાયરીંગ બટ તેમજ ધરોઈ ગામના ડેમ પાસેના સર્વે નંબર ૫૦ ના બટના નિયત સ્થળના વિસ્તાર અને તેની આજુબાજુના ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી જાન્યુઆરી ૨૦૦૨ સુધીના દરરોજ સવારના ૬-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાંરૂપે માણસો તથા ઢોર ઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની ૨૨ માંની કલમ-૩૭ (૪) મુજબ

નંબર : પીઓએલ / વશી / ૧૭૭૯ થી ૧૭૮૯ / ૨૦૦૧.— મહેસાણા જિલ્લાના સતલાસણા મુકામે કે. એમ. કોઠારી હાઈસ્કુલ મુકામે તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ સુધી મહેસાણા જિલ્લા હોમગાર્ડઝનો બેઝિક તાલીમ કેમ્પ યોજનાર છે. જેમાં ફાયરીંગ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ સુધી યોજવાનું નક્કી થયેલ છે. જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માંની) કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના સતલાસણા મુકામે ધરોઈબટના નિયત સ્થળના વિસ્તાર અને તેની આજુ-બાજુનાં ૧૫૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૧ સુધીના સવારના ૭-૦૦ કલાકથી ૯-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રૂપે માણસો તથા ઢોરઢાંખરની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનોભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરના શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમનો કલમ-૩૩ (૧) મુજબનો :

નં. ડી.સી.પી.એ. / ફાયર પ્રેકટીસ / જાહેરનામું / ૧૧ / ૨૦૦૧ / વથી / ૧૯૫૬૫-૭૩.—બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના દાંતવાડા ગામે બનાસકાંઠા જિલ્લાના પોલીસ જવાનો તથા અધિકારી શ્રીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૧ સુધી યોજાનાર હોઈ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (૨૨ માં) ની કલમ-૩૩ (૧) અન્વયે સત્તાની રૂએ હું એમ બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, ફરમાવું છું કે, બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામે ફાયરીંગ બટ પાછળના વિસ્તાર તરફ જતા રસ્તાની આજુબાજુના વિસ્તારોમાં તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૦૧ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૧ ના બન્ને દિવસો સહિત સવારના ૬-૦૦ થી ૧૩-૦૦ તથા સાંજે ૧૫-૦૦ થી ૧૯-૦૦ સુધી દાખલ થવું નહી. આ વિસ્તાર જણાવેલ સમય દરમ્યાન જાહેર લોકોને દાખલ થવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજ તારીખ ૯મી માહે નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એમ. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમઓજી/બીપીએ/૨જી. નં. ૩૨/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-

INDEX

કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા આગામી ગ્રામ પંચાયત ચુંટણીઓ પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતા ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૦૭મી ડિસેમ્બર ૨૦૦૧ (બંને દિવસો સુધીનાં) સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક ચપ્પુ છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, આક્રિલલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(છ) જેનાથી સુરૂચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ, અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ પાડી.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને (૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

પર્યાવરણ (પ્રદુષણ) કાયદા હેઠળ કાઢેલ

નં. ડીસીબી / એમએજી / ૫. પ્ર./રજિ. નં. ૧૭ / ૨૦૦૧.— દિવાળીના તહેવારો (પ્રસંગ નિમિત્તે ફટાકડાનો વિશેષ પ્રમાણ થતો ઉપયોગ ધ્યાને લઈ હવા / અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુકમથી આપેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ નવસારી જિલ્લામાં દિવાળીના તહેવાર પ્રસંગે ઉપયોગમાં લેવાતા ફટાકડા સાંજના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ ફોડી શકાશે રાત્રીનાં ૧૦-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી હવા / અવાજના થતા પ્રદુષણના કારણે તેનો વપરાશ કરવો નહી.

તેમજ જિલ્લામાં આવેલ તમામ હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો, સરકારી કચેરીઓ તેમજ ધાર્મિક સ્થળોના આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ ઈસમે ફટાકડા સળગાવવા અથવા અગ્નિચારીપણે અગ્નિશસ્ત્ર ચૂકવાની અથવા આતશબાજી સળગાવીને નાંખવાની અથવા આતશબાજીનું બલુન તથા રોકેટ સળગાવી ઉડાડવું નહી.

આ સુચનાનો ભંગ કરનાર પર્યાવરણ (પ્રદુષણ) કાયદા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દુધાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમ,—૧૯૬૬.

નં. ઉમકવ / જીવી / કયુઓલ / જાહેરનામું / ૮૮૪૫.—આથી ગુજરાત ગૌણ ખનીજ નિયમ—૧૯૬૬ ના નિયમ અન્વયે નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ અગાઉ કવોરીલીઝ મંજુર થયેલ પરંતુ નિયમ અનુસાર કવોરીલીઝ કરારખત કરાયેલ ન હોઈ, લીઝની મુદત પુરી થયેલ હોવાથી.

ગુજરાત ગૌણ ખનીજ નિયમ—૧૯૬૬ના નિયમ-૧૮ (૧)સી) મુજબ હું કલેકટર, શ્રી ભાગ્યેશ જહા, સદર ધારા હેઠળ જાહેર થયેલ સક્ષમ અધિકારી, વડોદરા તરીકે મળેલ સત્તાની રૂએ પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી કવોરીલીઝ મા ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદ જાહેર કરું છું નિયમ સમય પહેલાં આવેલ અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

INDEX

પરિશિષ્ટ

અનુ. નંબર	નામ	ગામ અને તાલુકો	ખનીજ	સર્વે નંબર	વિસ્તાર (હેક્ટરમાં)
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રી વાડીલાલ મગનલાલ શાહ	બોડેલી તા. સંખેડા	સા. રેતી	૬૨ ને લાગુ ઓરસંગ નદી પટ	૧ ૪૨ ૬૫
૨	ભૂપેન્દ્રભાઈ વાડીલાલ શાહ	બોડેલી તા. સંખેડા	સા. રેતી	૬૨ ને લાગુ ઓરસંગ નદી પટ	૧ ૦૦ ૦૦
૩	સંજયકુમાર દિનેશભાઈ મોદી	ડભોઈ કસ્બા તા. ડભોઈ	સા. માટી	૧૬૬૮ (તલાવડી)	૦ ૩૬ ૮૬
૪	દશરથભાઈ સોમાભાઈ પાટણવાડીયા	ડભોઈ તા. ડભોઈ	સા. માટી	૧૪૫૬, ૧૪૫૭	૨ ૦૦ ૦૦
૫	પ્રફુલચંદ્ર પરસોત્તમભાઈ ઠાકોર	સીતપુર તા. ડભોઈ	સા. રેતી	બ્લોક નં. ૯૦ની સામે ઓરસંગ નદી પટ.	૨ ૦૦ ૦૦
૬	દિગ્વીજયસિંહ દિલીપસિંહ ગાયકવાડ	દુમાડ તા. વડોદરા	સા. માટી	૭૬૪ પૈકી	૫ ૦૦ ૦૦
૭	દિગ્વીજયસિંહ દિલીપસિંહ ગાયકવાડ	દુમાડ તા. વડોદરા	સા. માટી	૭૬૪ પૈકી	૫ ૦૦ ૦૦
૮	સંજય મધુકરભાઈ મહેતા	સંખેડા તા. સંખેડા	સા. રેતી	ગામ તળની સામે ઓરસંગ નદી પટ	૧ ૦૦ ૦૦
૯	સેલાબેન દલાજી વણઝારા	બહાદરપુર તા. સંખેડા	સા. રેતી	૫૮, ૫૯ ને લાગુ ઓરસંગ નદી પટ	૧ ૫૦ ૦૦
૧૦	નજમાબાનુ ઈકબાલહુસેન સિન્ધી	સંખેડા તા. સંખેડા	સા. રેતી	૭૧૯, ૭૨૦ની સામે ઓરસંગ નદી પટ.	૨ ૮૦ ૦૦
૧૧	કંચનભાઈ મથુરભાઈ બારીયા	સંખેડા તા. સંખેડા	સા. રેતી	૧૯૯ની સામે ઓરસંગ નદી પટ	૨ ૦૦ ૦૦
૧૨	નજમાબાનુ એ. સિન્ધી	પીપળસટ તા. સંખેડા	સા. રેતી	૩/અ ની સામે ઓરસંગ નદી પટ	૧ ૮૨ ૦૦
૧૩	મનોજકુમાર અમૃતલાલ પરીખ	સંખેડા તા, સંખેડા	સા. રેતી	૨૪૪/૨ ને લાગુ ઓરસંગ નદીપટ	૨ ૦૦ ૦૦
૧૪	મનોજકમાર અમૃતલાલ પરીખ	સંખેડા તા. સંખેડા	સા. રેતી	૨૪૪/૨ ને લાગુ ઓરસંગ નદી પટ	૧ ૦૦ ૦૦
૧૫	નરેન્દ્રસિંહ નારસિંહ રાઠોડ	સૂર્યા તા. સંખેડા	સા. રેતી	૩, ૨, ૧ ની સામે ઓરસંગ નદી પટ	૨ ૦૦ ૦૦
૧૬	સવાજી ભવાજી વણઝારા	કડીલા તા. સંખેડા	સા. રેતી	૨૦, /૨૧, ૨૨ ની સામે ઓરસંગ નદી પટ.	૭ ૨૦ ૦૦
૧૭	ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલ	રૂપણકુંડી તા. સાવલી	બ્લેકટ્રેપ	૨૧૯થી ૨૨૬ ની સામે મહી નદી પટ.	૬ ૦૦ ૦૦
૧૮	ભલાજી સરદારજી વણઝારા	ગોપરી તા. સાવલી	સા. રેતી	૧૧, ૧૦, ૮ અને ૭ ની સામે મેઢરી નદી પટ.	૨ ૦૦ ૦૦
૧૯	સુભાષભાઈ જીવાભાઈ પટેલ	વરસડા તા. સાવલી	બ્રેક	૧૩૪ની સામે મહી નદી પટ.	૦ ૬૦ ૦૦
૨૦	સરજુભાઈ ગલુભાઈ રાઠવા	વસેડી તા. છોટાઉદેપુર	સા. રેતી	૮૪, ૮૬ ને લાગુ ઓરસંગ નદી પટ	૧ ૦૦ ૦૦
૨૧	હાજમી આર્શદઅલી એચ.	વસેડી તા. છોટાઉદેપુર	સા. રેતી	૮૬, ૮૭, ૮૮ને લાગુ ઓરસંગ નદી પટ.	૧ ૪૦ ૦૦
૨૨	શ્રવણકુમાર હરીવલ્લભભાઈ ભીલ	દમોવી તા. નસવાડી	બ્લેકટ્રેપ	—૨ પૈકી	૧ ૦૦ ૦૦
૨૩	ઠગલાજી નંગાજી વણઝારા	સાયર તા. કરજણ	સા. રેતી	૩૯ ની સામે નર્મદા નદી પટ.	૨ ૫૦ ૦૦
૨૪	જેસીંગભાઈ ચીમનભાઈ ઓડ	સાયર તા. કરજણ	સા. રેતી	૪૬૦, ૪૬૧, ૪૬૨ ની સામે નર્મદા નદી પટ.	૨ ૦૦ ૦૦
૨૫	ભીખીબેન જયંતીભાઈ ઓડ	મોટીકોરલ તા. કરજણ	સા. રેતી	૯ ની સામે નર્મદા નદી પટ	૨ ૦૦ ૦૦
૨૬	શનુભાઈ નાગજીભાઈ વણઝારા	મોટીકોરલ તા. કરજણ	સા. રેતી	બ્લોક નં. ૨૫ નર્મદા નદી	૨ ૬૦ ૦૦
૨૭	રાકેશભાઈ ગેમાભાઈ ઓડ	મહંમદપુરા તા. પાદરા	સા. રેતી ગ્રેવલ	૨૮૪ થી ૨૯૭ ની સામે મહી નદી પટ પૈકી.	૧ ૦૦ ૦૦
૨૮	રાકેશભાઈ ચંદુભાઈ ઓડ	મહંમદપુરા તા. પાદરા	સા. રેતી ગ્રેવલ	૨૯૨ /૨૯૩, ૨૯૭ અને ૨૯૯ ની સામે મહી નદી પટ.	૪ ૬૦ ૦૦
૨૯	સુરેશભાઈ છોટુભાઈ સલાટ	સાયર તા. કરજણ	સા. રેતી	૪૨૪, ૪૪૩, ૪૪૬ ની સામે નર્મદા નદી પટ.	૨ ૦૦ ૦૦
૩૦	નૈતેશકુમાર ઈશ્વરભાઈ ઓડ	સાયર તા. કરજણ	સા. રેતી	૩૨૪, ૪૬૮ની સામે નર્મદા નદીપટ	૧ ૦૦ ૦૦
૩૧	ગેમાજી પીરાજી વણઝારા	શિનોર તા. શિનોર	સા. રેતી	૭૬ ની સામે નર્મદા નદી પટ	૧ ૦૦ ૦૦

વડોદરા, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૧.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette*, Part —I, should be *read* to have been published in Issue No. 49, *Gujarat Government Gazette*, Part —I, dated 6th December, 2001 and for pages VAD-1450 to VAD-1476 (in 1 set) *read* page No. 3932 to 3958.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૪૯માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૪૫૦ થી વીએડી-૧૪૭૬ (૧ બંચમાં) ને પાન નંબર ૩૯૩૨ થી ૩૯૫૮ વાંચવા.

Vadodara, 6th December, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૦ ના પત્ર ક્રમાંક અધણ/૦૧/ગ ૪/૫૫૦૬/૨૦૦૦ ના થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૦ના જાવક નંબર ફડચ/ ૧૧૫૨૫ / ધ ૨ / ૧૦૫૭, નો ફડચાનો અંતિમ હુકમ.

(૩) સહકારી અધિકારી (ફડચો -૧) લગત આ કચેરીનો તારીખ ૧ લી ઓગષ્ટ, ૨૦૦૧ નો પત્ર ક્રમાંક ફડચ / ફ ૧ / ૧૫૨/૨૦૦૧.

(૪) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧નો પત્ર ક્રમાંક અધણ / ૦૧ / ગ ૪ / ૩૩૫૬/૦૧.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ / ફ-૧૧૫૨૫ / ધ-૨ / ૮૦૮ સને ૨૦૦૧.— ધી ન્યુ રાજપુર મીલ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર ૧૩૩૫૨, તારીખ ૨૮ મી જાન્યુઆરી, ૧૯૫૨ ને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા સંદર્ભ ૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ જરૂરી કાનુની પ્રક્રિયા અનુસર્યા બાદ મજકુર સોસાયટીને સંદર્ભ ૨ થી ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ. સંદર્ભ ૩ થી ફડચા અધિકારીએ કરેલ રજુઆત મુજબ મજકુર નામવાળી સોસાયટીને આ કચેરીના તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૯ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. જ્યારે આ ફડચામાં લઈ જવાયેલ મંડળીના નોંધણી નંબર /તારીખવાળી આ નામની કોઈ મંડળી નોંધાયેલ ન હોવાનું જણાતું હોઈ તેનો હુકમ રદ કરવા વિનંતી કરેલ હતી જેથી અત્રેથી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની કચેરીને સંદર્ભ ૧ થી રજુ થયેલ અહેવાલની બાબતે તેઓશ્રીની કચેરીના રેકર્ડ ઉપર ચકાસણી કરી ખરી વિગતો અત્રે લખી મોકલવા વિનંતી કરવામાં આવેલ જે બાબતે સંદર્ભ ૪ થી રજુ થયેલ અહેવાલની વિગતો મુજબ ઓડીટરને ઓડીટ માટે સુપ્રત થયેલ મંડળીના નામ અને નોંધણી નંબર / તારીખની વિગતો સંદર્ભ ૧ થી રજુ થયેલ ખાસ અહેવાલમાંની વિગતો કરતા ભિન્ન છે. જે મુજબ "ન્યુ રાજપુર મીલ્સ-એમ્પ્લો. સપ્લાય સોસાયટી લી., નોંધણી નંબર ૩૩૫૨, તારીખ ૨૮ મી જાન્યુઆરી, ૧૯૫૬ "મંડળીનું ઓડીટ ઓડીટરને સુપ્રત થયેલ હતું.

ઉકત વિગતો જોતાં ઓડીટર દ્વારા રજુ થયેલ ખાસ અહેવાલમાં ખોટા નોંધણી નંબર / તારીખ અને મંડળીનું નામ / સરનામું દર્શાવવાના કારણે અત્રેથી સંદર્ભ ૨ થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવા નો હુકમ કરવામાં આવેલ કે જેનું કાયદેસર કોઈ મહત્ત્વ રહેતું ન હોઈ સંદર્ભ ૩ અને ૪ ની વિગતો ધ્યાને લેતાં તે હુકમ રદ કરવો જરૂરી બનતો હોઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ, ધી ન્યુ રાજપુર મીલ એમ્પ્લો. કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ૧૩૩૫૨, તારીખ ૨૮મી જાન્યુઆર , ૧૯૫૨ ને આ કચેરીનાં તારીખ ૨૧ મી નવેમ્બર, ૨૦૦૦ ના ક્રમાંક ફડચ / ફ ૧૧૫૨૫ / ધ ૨ / ૧૦૫૭/૨૦૦૦ થી ફડચામાં લઈ જવાનો જે અંતિમ હુકમ કરવામાં આવેલ, તેને સંદર્ભ ૩ અને સંદર્ભ ૪ થી મળેલ રજુઆત ધ્યાને લેતાં રદ કરતો હુકમ કરું છું.

અમદાવાદ, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૭૦૮/ક-૨ / ૫૦૮/૯૩૬૮ / સે.૩૩૦૯૭.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી પંચશીલ ક્રેડિટ એન્ડ સપ્લાય કોપ. ઓપ. સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/ ૪૭૧૦ / ક-૨ / ૫૧૬ / ૯૮૩૯ / ધ-૧૯૯૭૯.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ચંચલ (વાસણા) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના ક્રમાંક : ફડચ / ફ. ૧૧૫૫૪ / ધ.૨ / ૭૮૭ / ૨૦૦૧ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના ક્રમાંક ફડચ. / ફ.૨ / ૨૨૫ / ૨૦૦૧ થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈ.

હુકમ

જા. નં. ફડચ/ફ.૧૧૫૫૪/ધ.૨ / ૮૩૫/૧૦૬૯૩ સને ૨૦૦૧.—ધી મૈત્રી કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે નોંધણી ક્રમાંક સે. ૩૦૨૯૩, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૮ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુકમ ક્રમાંક ફડચ / ફ. ૧૧૫૫૪ / ધ.૨ / ૭૮૭ / ૨૦૦૧

INDEX

થી ફડચામાં લઈ જવામાં આવેલ હની. સંદર્ભ-૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓ ના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) ધી નાઈટીંગેલ હેલ્થ સર્વીસીસ કો.ઓપ સો. લી., અમદાવાદના તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના પત્રથી રજુ થયેલ મંડળીની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. સકક / ૦૧/ધ-૨/૮૩૬ / સને ૨૦૦૧.—નાઈટીંગેલ હેલ્થ સર્વીસીસ કો.ઓપરેટીવ સોસાયટી લી., અમદાવાદ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ અન્વયે રજિસ્ટ્રેશન નં સે. ૩૦૮૧૧, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૯થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

સંદર્ભ-૧ થી સદર મંડળીએ કરેલ રજુઆતની વિગતો મુજબ તાજેતરમાં આવેલ ભુકંપના કારણોસર બજારમાં પ્રવર્તત મંદીના લીધે સભ્યો મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરી શકતા નથી. પરિણામે મંડળીની આર્થિક પરિસ્થિતિ વિકટ બનેલ છે. મંડળીના હોદ્દેદારોની તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૧ ની મીટીંગમાં મંડળીની રનાપક જાવકના હિસાબો થયેલ ન હોઈ, મંડળીનું સરવૈયું શૂન્ય થઈ ગયેલ હોઈ મંડળીની નોંધણી રદ કરવા સર્વાનુમતે ઠરાવેલ છે બેંક બેલેન્સ સર્ટી રજુ કરેલ છે. જે મુજબ બેંક બેલેન્સ શુન્ય છે આમ મંડળીની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લઈ તેમજ મંડળીના હોદ્દેદારો / સભ્યોને મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરવામાં કોઈ રસ ન હોઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ હેઠળ મજકુર મંડળીની નોંધણી રદ કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતો જોતાં, મંડળએ નોંધાયા બાદ ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ ન હોઈ, મંડળીના સભાસદો કે હોદ્દેદારોને મંડળીનું અસ્તિત્વ ટકાવી રાખવામાં કે મંડળી ચલાવવામાં રસ હોઈ મંડળીનું સરવૈયું શૂન્ય થયેલ હોઈ, મંડળીની આર્થિક પરિસ્થિત પણ ધ્યાને લેતા મજકૂર મંડળીની નોંધણી રદ કરવામાં હરકત સરખું જણાતું ન હોઈ મજકુર મંડળીની નોંધણી રદ કરવા બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૨૦અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી નાઈટીંગેલ હેલ્થ સર્વીસીસ કો.ઓપરેટીવ સોસાયટી લી, અમદાવાદ કે જેનો નોંધણી નંબર : સે ૩૦૮૧૧, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૯ છે, તેની નોંધણી રદ કરું છું

અમદાવાદ. તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તારીખ ૬ ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૧ ના ક્રમાંક ફડચ / ફ ૧૧૫૩૧ / ધ-૨ / ૧૮ / ૨૦૦૧ નો ફડચાનો અંતિમ હુકમ

(૨) સહકારી અધિકારી (ફડચો ૨) લગત આ કચેરીના તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના ક્રમાંક : ફડચ / ફ-૨ / ૨૨૬ / ૨૦૦૧ થ રજુ થયેલ દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ ની જોગવાઈઓ

હુકમ

જા નં. ફડચ / ફ ૧૧૫૩૧ / ધ-૨ / ૮૩૭ સને ૨૦૦૧.—ધી અમદાવાદ સ્ટીલ મરચન્ટ મેન્યુ. કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી, અમદાવાદ તે નોંધણી ક્રમાંક : નં સે ૧૧૦૭૪, તારીખ ૭મી એપ્રિલ, ૧૯૭૧ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી તેને જિલ્લા રજિસ્ટ્રાર, સહકાર મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૬ ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૧ ના હુકમ ક્રમાંક : ફડચ / ફ ૧૧૫૩૧ ધ-૨ / ૧૮ / ૨૦૦૧ થી ફડચામાં લઈ જવામાં આવેલ હની સંદર્ભ ૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતા મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે સદરહુ હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે

અમદાવાદ, તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તારીખ ૧૩ મી નવેમ્બર, ૧૯૯૭ ના ક્રમાંક ફડચ/ફ ૧૧૪૪૮/ધ-૨/૧૩૩૮/૧૯૯૭ નો ફડચાનો અંતિમ હુકમ

(૨) સહકારી અધિકારી (ફડચો ૧) લગત આ કચેરીના તારીખ ૨૭ મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના ક્રમાંક ફડચ / ફ-૧ / ૧૫૦ / ૨૦૦૧ થી રજુ થયેલ નૂતન આદ્યશક્તિ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી, અમદાવાદને સહકારી કાયદાની કલમ ૧૯ ખ અન્વયે પુન : જીવીત કરવા અંગેની દરખાસ્ત

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની જોગવાઈઓ

જાવક નંબર ફડચ / ફ ૧૧૪૪૮ / ધ-૨ / ૮૫૮ સને ૨૦૦૧.— ધી નૂતન આદ્યશકિત કો ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી , અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૯ હેઠળ રજિસ્ટર્ડ થયેલ સહકારી ગૃહ મંડળી છે કે જેનો નોંધણી નંબર ધ ૮૨૭૪, તારીખ ૨૩ મી જૂન, ૧૯૮૦ છે

મજકુર મંડળીના ચેરમેન શ્રી ચતુરભાઈ બુધાભાઈ પરમાર દ્વારા તારીખ ૧૫ મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ના પત્રથી આ સોસાયટીનું રેકર્ડ સોસાયટીના સેક્રેટરીના કબજામાં રહેતુ હોવાની અને તેઓ દ્વારા-- સોસાયટીના રેકર્ડ સાથે ચેડા થવાની શક્યતા હોવાની તથા અન્ય થયેલ

INDEX

રજુઆતો લક્ષમાં લઈ આ કચેરી દ્વારા જરૂરી કાનુની પ્રક્રિયા અનુસર્યા બાદ મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ--૧૦૩ અન્વયે ફડચામાં લઈ જવા અંગેના નિર્ણય ઉપર આવેલ અને આ કચેરીના તારીખ ૯ મી ડિસેમ્બર, ૧૯૯૩ ના હકુમથી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ પસાર કરવામાં આવેલી. જેનાથી નારાજ થઈ સોસાયટી દ્વારા નામદાર અધિક રજિસ્ટ્રારશ્રી, (અપીલ) સહકારી મંડળીઓ, ગાંધીનગર સમક્ષ અપીલ અરજી નંબર ૧૧/૯૪ દાખલ કરાયેલ જે ઉપર તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૭ થી સંભાયેલ ચુકાદા મુજબ મજકુર કેસની બાબત પુનઃ વિચારણા અર્થે રીમાન્ડ કરવામાં આવેલ હતી. મજકુર રીમાન્ડ કેસની બાબતે સોસાયટીને રજુઆતની વ્યાજબી અને પુરતી તક આપવામાં આવેલ અને સોસાયટી દ્વારા રજુ થયેલ વિગતો ધ્યાને લેતાં નોંધણીના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે અને સભાસદોને રહેઠાણ માટે આવાસો પુરા પાડવા માટે જમીન સંપાદન કરવા અંગે વિગેરે બાબતની હોઈ અસર કારક કાર્યવાહી હાથ ધરાયેલ હોવાનું ન જણાતા તથા મંડળી સ્થગિત અવસ્થામાં આવી ગયેલ હોવાનું સ્પષ્ટ થતાં સંદર્ભ--૧થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો હુકમ પસાર કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો--૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી જેને સોસાયટી દ્વારા ન્યાયની પ્રક્રિયાના પ્રોપર તબક્કાવાર નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ. સી. એ. નંબર ૨૮૨૪/૨૦૦૦ દાખલ કરાવી પડકારેલ.

ફડચા અધિકારી દ્વારા સંદર્ભ--૨ થી રજુ થયેલ દરખાસ્ત અને ભલામણ મુજબની ટૂંકમાં વિગતો મુજબ મજકુર સોસાયટી અનુસુચિત જાતિના સભાસદો દ્વારા રચવામાં આવેલ છે. મોજે. વાસણા વિસ્તારમાં આવેલ સર્વે નંબર ૨૮૧/૨, ટી. પી. સ્કીમ નંબર ૨૬, ફાઈનલ પ્લોટ નં. ૨૨૫ ની ૧૨૧૦૦ ચો. મી. જમીન અંગે તારીખ ૨ જી જાન્યુઆરી, ૧૯૯૨ થી રજિસ્ટર્ડ બાનાખત કરાવેલ છે. જમીન માલિકોને જમીનની કિંમતના રૂા. ૮,૫૦,૦૦૦ ચુકવી દીધેલ છે. જમીન માલિકો જમીનનો કબજો સોંપાતાં ન હોવાથી તથા વેચાણ દસ્તાવેજ કરી આપતા ન હોવાથી સોસાયટીએ તે સામે જરૂરી કાનુની કાર્યવાહીઓ કરેલ છે. છેલ્લે નામદાર સીટી સીવીલ કોર્ટ, ભદ્રમાં દીવાની મુકદ્દમા નંબર ૩૭૩૯/૯૮ દાખલ કરાવી જમીનનો કબજો મેળવવા અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી આપવા દાદ માંગેલ છે અને તે દાવાનો આખરી નિકાલ થાય ત્યાં સુધી સોસાયટીની તરફેણમાં જમીનની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા અંગે મનાઈ હુકમ મેળવેલ છે. મંડળીના કાબુ બહારના સંજોગોને કારણે જમીનનો કબજો ન મળવા સભાસદો માટે મકાનો બાંધી શકેલ નથી પણ રહેઠાણ પૂરા પાડવા પુરા કટિબધ્ધ હોવાનું જણાવેલ છે. આમ મંડળીના સભાસદોના રૂા. ૮,૫૦,૦૦૦/-- જેટલી રકમ ભરાઈ ગઈ હોય તે સંજોગોમાં મંડળીને ફડચામાં લઈ જવાથી મંડળી / સભાસદોને આર્થિક રીતે અન્ય પ્રકાર નુકસાન પહોંચે તેમ છે અને આ સંજોગોમાં નામદાર સીવીલ કોર્ટમાં મેળવવામાં આવેલ દાદનું કોઈ મહત્વ રહે તેમ ન હોવાનું જણાવી સભાસદોએ મજકુર મંડળીને પુન : જીવીત કરવા વિનંતી કરેલ છે. અને તેજ હેતુથી સોસાયટી દ્વારા નામદાર--હાઈકોર્ટ સમક્ષ દાખલ કરાયેલ પીટીશન પુરસીસ રજ કરીને વીથ ડ્રો કરવામાં આવેલ છે. આ સંજોગો ધ્યાને લઈ સોસાયટીને ફડચામાં ચાલુ રાખવામાં આવે તો સભાસદોને ઘણું આર્થિક નુકશાન ભોગવવું પડે તેમ હોઈ ફડચાનો હુકમ રદ કરી સહકારી કાયદાની કલમ-૧૯ (ખ) અન્વયે મજકુર મંડળીને શરતી પુન : જીવીત કરવા ફડચા અધિકારએ ભલામણ કરેલ છે.

ઉક્ત વિગતે ફડચા અધિકારીની રજુઆત અને કેસના ખાસ સંજોગો ધ્યાને લેતાં મજકુર મંડળી અનુસુચિત જાતિના નબળા વર્ગના સભ્યો દ્વારા રચવામાં આવેલ છે. સભાસદોના આવાસો બાંધવા જમીન મેળવવા રજિસ્ટર્ડ બાનાખત કરેલેલ છે તે જમીનની પુરેપુરી કિંમત ચુકવવા છતાં જમીનનો કબજો ન મળી શકવાથી સોસાયટી દ્વારા મકાનો બાંધી શકાયેલ નથી. આ અંગે નામદાર સીવીલ કોર્ટમાં દિવાની દાવો દાખલ કરી જમીનનો કબજો મેળવવા તથા અન્ય વિગતે દાદ મંગાયેલ છે. દફતર સોસાયટી હસ્તક છે. સભ્યો પોતે વહીવટ સંભાળવા અને જમીનનો કબજો મળેથી ઉદ્દેશો મુજબ મકાનો બાંધી રહેઠાણ સભાસદોને પુરા પાડવા કટિબધ્ધ હોવાની ખાત્રી આપેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ પીટીશન સોસાયટીને પરત પેચેલ છે. નામદાર સીવીલ કોર્ટમાં ચાલતાં દાવામાં જમીનના યથાવત પરિસ્થિતિ જાળવવા માટેનો મનાઈ હુકમ સોસાયટીની તરફેણમાં થયેલ છે. ત્યારે સભ્યોના હિતાળ હિતને લક્ષમાં લઈ મજકુર મંડળીને ફડચાના હુકમ હેઠળ આટોપી લેવાની કાર્યવાહી કરવા જણાતું નથી. ભવિષ્યમાં અત્રેથી આપાતી સુચનાઓની અમલવારી કરવાની અને કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવાની પ્રથા જાળવવાની સ્પષ્ટ સૂચના સહ મંડળીને પુન : જીવીત કરવામાં હરકત સરખું જણાતું ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯ (ખ) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી નૂતન આદ્યશકિત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ-૧૮૨૭૪, તારીખ ૨૩ મી જુન, ૧૯૮૦ ને નીચેની શરતોને આધીન પુન : જીવીત કરવાનો હુકમ કરું છું.

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમાનુસારનુ ખાતા મારફત સ્થાયી સૂચનાઓ અનુસાર કરાવી લેવાનું રહેશે

(૨) સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા નિયમ લેન્ડ સિલીંગ એકટ, જમીન સંપાદનને લગતા કાયદા તથા અન્ય લાગુ પડતા સંબંધિત તમામ કાયદાઓનું સોસાયટીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) નામદાર સીટી સીવીલ કોર્ટમાં દાખલ કરાયેલ દિવાની મુકદ્દામાં નંબર ૩૭૩૯/૯૮ ની બાબતે અસરકારક પગલાં ભરી મજકૂર કેસનું વેળાસર નિરાકરણ લાવવાનું રહેશે.

સદરહુ શરતોનો ચુસ્તપણે અમલ કરવાની શરતે મજકુર સોસાટીને પુન : જીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનો તારીખ ૨૮મી જુન, ૨૦૦૧ નો પત્ર ક્રમાંક અપણ / ૦૧ / ગ-૪ / ૨૪૮૭ થી આવેલ ખાસ અહેવાલ

(૨) આ કચેરીના તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૧ ના જા. નં. ગસભ/૦૧/ગ-૧/૭૧૧ થી આવેલ સહકારી અધિકાર (ગ્રાહક) લગત આ કચેરીનો સ્થળ તપાસ અહેવાલ.

(૩) આ કચેરીના તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૧ ના પત્ર ક્રમાંક : ફડચ / ૦૧ / ધ.૨ / ૬૯૯ / ૨૦૦૧ ની કારણદર્શક નોટીસ.

INDEX

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૫૬/ધ.૨/૮૫૯/૧૧૬૪૩ સને ૨૦૦૧.—શ્રી ઓમ રણછોડ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. જેનો નોંધણી નંબર : ભ-૫૦૦૫, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીત વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૧ સુધીનું શ્રી બી. બી. પટેલ, સબ ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહી કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઈ શકવાથી તથા દફ્તર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઈ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૨૦ અન્વયે નાવણી રદ કરવાની કાર્યવાહી કરવા ખાસ અહેવાલ અત્રે લખી મોકલવામા આવેલ. અહેવાલની વિગતો લક્ષમાં લઈ આ કચેરીના સહકારી અધિકારી (ગ્રાહક) ને મજકુર સોસાયટીની ઉભરૂ મુલ્યાંકાત લઈ અહેવાલ રજુ કરવા જણાવતાં તેઓ દ્વારા સંદર્ભ-૨ થી અહેવાલ રજુ થયેલ જેની વિગતો મુજબ મુખ્ય પ્રયોજકશ્રીના નામ / સરનામાની વિગતો ઉપલબ્ધ થયેલ પણ તેઓ દ્વારા સહકારી અધિકારી (ગ્રાહક) લગત આ કચેરીને રૂબરૂ મુલાકાતમાં રેકર્ડ રજુ કરી સહકાર આપેલ નથી જેથી યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવેલ જે લક્ષમાં લઈ પુખ્ત વિચારણાને અંતે મજકુર સોસાયટીની બાબતે કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા નિર્ણય કરવામાં આવેલ. મજકુર વિગતો લક્ષમાં લઈ સંદર્ભ-૩ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ, સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર સોસાયટીની બજી જવા પામેલ અને ત્યારબાદ પુનઃ રજુઆત માટે તક આપવા છતાં સોસાયટી તરફે કોઈ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત ધ્યાને સ્પષ્ટ કારણે રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા-કાનુનથી કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીનું દફ્તર હોદ્દેદારો દ્વારા ઓડીટ માટે રજું થતું ન હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ ઓટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ, શ્રી ઓમ રણછોડ ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ, નોંધણી નંબર : ભ.-૫૦૦૫, તારીખ ૧ લી માર્ચ, ૧૯૯૯ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી અજય આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લયન આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન-૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીને આંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ચ-૩/૧૦૯૮/૦૦, તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૬.

(૨) મંડળીને પુનઃ જિવીત કરવા ફડચા અધિકારીશ્રીઓ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૧ ના પત્રથી કરેલ ભલામણ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા કલમ-૧૯(બ) ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ / ૦૧ / ગ-૩ / ૧૨૧૬ / ૨૦૦૧.—શ્રી પોલારપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ : પોલારપુર, તાલુકો : ધંધુકા, એ રજિ નં. ઉ-૮૪૯૯ થી નોંધાયેલ સહકારી દુધ મંડળી છે.

મંડળી તેના ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતાં બંધ થયેલ હોઈ મંડળીના સબ ઓડીટર દ્વારા ધંધુકાના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી ૩૦મી જુન, ૧૯૯૪ ના ઓડીટ અહેવાલથી મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરતાં મંડળીને કલમ-૧૦૭ અન્વયેની નોટીસ તથા અન્ય પત્રોથી રજુઆતો કરવાની તકો આપેલ હતી છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં મંડળીને તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૫ ના વચગાળાના હુકમથી દિન-૩૦ માં રજુઆત કરવા તક આપવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત ન મળતાં સંદર્ભ-૧ના હુકમથી મંડળીને ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરવામાં આવેલ હતો.

સંદર્ભ-૨ ના પત્રથી મંડળીના ફડચાઅધિકારીને મંડળીના સભ્યોના તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૧ ની ખાસ સાધારણ સભાએ મંડળીને પુનઃ જિવીત કરવા ઠરાવ કરેલ, મંડળીને અમદાવાદ દુધ ઉત્પાદક સંઘમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૧ થી દુધ ભરવાનું ચાલુ કરેલ જે અંગે સંઘના તા. ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૧ ના પત્રથી ભરાપત્ર કરેલ છે. તથા મંડળીનું છેલ્લું સરવૈયું પત્ર સામેલ રાખેલ છે. મંડળી સંઘમાં દૈનિક ૧૧૫ લીટર દુધ ભરાવતી હોઈ તથા ફડચા અધિકારીશ્રીની ભલામણ વગેરે બાબતો ધ્યાને લેતાં અત્રેના મિતિ આધારે મંડળીને તક આપવા છતાંવડ જણાતાં નીચે પુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૯ (બ) ની સત્તાની રૂએ ધી પોલારપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ પોલારપુર, તાલુકો ધંધુકા કે જેનો નોંધણી નંબર ઉ-૮૪૯૯ છે. તેની સામે કરવામાં આવેલ તારીખ ૨૦મી ઓપ્રિલ, ૧૯૯૬ નો અંતિમ આદેશ રદ કરું છું અને મંડળીને પુન : જિવીત કરું છું.

અમદાવાદ, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬ / બી, તારીખ ૨૭મી મે, ૧૯૭૮.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તારીખ ૮મી જુન, ૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૦૧.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩ / ૧૦૪૧, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તારીખ ૮મી માર્ચ, ૨૦૦૧ના પત્રો.

(૭) મંડળીની તારીખ ... ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ / ગ-૩ / ૧૨૪૭ / ૧૦૩૨૯ / ૨૦૦૧.—ધી ભીમનાથ હરીજન ગોપાળની સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુકામ ભીમનાથ, તાલુકો બરવાળા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક બે-૨૦૦૮, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૭૧ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૧૦૪૧, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૧ થી ઓટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. એમ છતાં મંડળીને સંદર્ભ-૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો / લોદ્દારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (રૂરલ), અમદાવાદ મને મળેલ સત્તાની રૂઈએ ધી ભીમનાથ હરિજન ગોપાલની સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુકામ ભીમનાથ, તાલુકો બરવાળા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક બે-૨૦૦૮, તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૭૧ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ--૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ / ૨૭૭ / ડીડીસી / ૧૧૬૮ / ૧૮૪૯૬ / બી, તારીખ ૨૭ મી મે, ૧૯૭૮.

(૩) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ /૨/ક/૩૯૬૫, તારીખ ૮ મી જુન, ૧૯૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તારીખ ૧ લી સપ્ટેમ્બર, ૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/ ૦૧ / ગ-૩ / ૬૭૨, તારીખ ૧૦ મી મે, ૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૦, ૮ મી માર્ચ, ૨૦૦૧ ના પત્રો.

(૭) મંડળીની તારીખ.....ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ગ ૩/૧૨૨૪૬/૧૨૯૫/૨૦૦૧.—ધી બાબરા દૂધ ઉત્પાદક સહકરી મંડળી લી., મુકામ બાબરા, તાલુકા ધંધુકા, જિલ્લો અમદાવાદ, કે જેનો નોંધણી ક્રમાંક ૭૩૮૨ તારીખ ૪થી માર્ચ ૧૯૭૮ છે. તેના આ કચેરીના વંચાણે લીધા દરમિયાન (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ / ૦૧ / ગ-૩ / ૬૭૨, તારીખ ૧૦મી મે ૨૦૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તે આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ--૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઈ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ--૧૯૬૧ ની કલમ--૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો--વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો / લોદ્દારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

INDEX

અંતિમ આદેશ

આથી હું, એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઈએ ધી બાબરા ડૂબ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ બાબરા, તાલુકા ધંધુકા, જિલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૭૩૮૨, તારીખ ૪થી માર્ચ ૧૯૭૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાની હુકમ કાયમ કરું છું.

અમદાવાદ, તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૧.

—...

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો અંતિમ આદેશ ક્રમાંક ફડચ / ન / ગ / ૫૩૫ / ૨૦૦૦, તારીખ ૨૩મી મે, ૨૦૦૦.

(૨) મંડળીને પુન :જીવીત કરવા અંગે ફડચા અધિકારીશ્રી ના તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧ના પત્ર ક્રમાંક ફડચ / ન / ૩૯૯/૨૦૦૧ થી કરેલ ભલામણ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ--૧૦૭ તથા કલમ-૧૯ (ખ) ની જોગવાઈનો.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/ન / ગ-૩ / ૧૨૨૫૯ / ૧૨૯૬ / ૨૦૦૧.— ધી અનુસુચિત નળકાંઠા ખેતી સહકારી મંડળી લી., મુકામ કેસરડા, તાલુકા ધોળકા, (બાવળા) જિલ્લો અમદાવાદ રજિસ્ટર નંબર ખે--૩૩૨૧, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૦ થી નોંધાયેલ ખેતી સહકારી મંડળી છે.

મંડળી તેના ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ હોઈ, સબ ઓડીટરશ્રી, સહકારી મંડળી, ધોળકા દ્વારા તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૪ થી ૩૦મી જુન, ૧૯૯૫ સુધીના ઓડીટ તથા તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૫ થી ૩૦ મી જુન, ૧૯૯૬ સુધીના ઓડીટ અહેવાલ અન્વયે તારીખ ૩૦ મી એપ્રિલ, ૧૯૯૬ તથા તારીખ ૩૦મી જુન, ૧૯૯૭ તથા તારીખ ૧ લી જુલાઈ, ૧૯૯૮ થી ૩૦મી જુન, ૧૯૯૯ના ઓડીટર ધોળકાનો ઓડીટ રીપોર્ટને આધિન તારીખ ૧૫ મી એપ્રિલ, ૨૦૦૦ ના ખાસ અહેવાલોથી કરેલ ભલામણ અનુસાર મંડળીને ફડચામાં લઈ જવા જણાવતાં અત્રેથી સહકારી કાયદાની કલમ--૧૦૭ અન્વયે કારણદર્શક નોટીસો તથા અન્ય પત્રોથી રજુઆતો કરવા તકો આપવા છતાં મંડળી દ્વારા કોઈ રજુઆત ન મળતા અત્રેનાં તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૯ ના વચગાળાના આદેશથી માસ અેકમાં રજુઆત અર્થે તક આપવામાં આવેલ સબબ મંડળી તરફથી કોઈ કોઈ રજુઆત ન મળતાં વંચાણે-૧ ના અંતિમ આદેશ મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ હતી.

વંચાણે--૨ ના પત્રથી ફડચા અધિકારીશ્રીની ભલામણ તથા-મંડળીની તારીખ ૧૫ મી ઓગષ્ટ, ૨૦૦૧ના ખાસ સાધારણ સભાના ઠરાવ નંબર ૧ થી મંડળીને પુન : જીવીત કરવા ઠરાવેલ છે તથા મંડળીના ચેરમેનશ્રીએ તારખ ૮ મી ઓગષ્ટ, ૨૦૦૧ના પત્રથી કરેલ રજુઅત મુજબ મંડળીને પુન : જીવીત કરવામાં આવે તો મંડળીને જમીન મળે તેમ છે. જે મેળવવા મંડળીના કાર્યવાહકો સતત પ્રયત્નશીલ છે. સદર વિગતો ધ્યાને લેતાં તથા ફડચા અધિકારીશ્રીના ભલામણ ધ્યાને લેતાં મંડળના સભ્યોના ઉત્પાતને લક્ષમાં લેતાં એક તક આપવી હિતાવહ જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, નીચે સહી કરનાર શ્રી એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ) અમદાવાદ મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૯ (ખ) ની સત્તાના રૂએ ધી અનુસુચિત નળકાંઠા ખેતી સહકારી મંડળી લી., મુકામ કેસરડા, તાલુકા ધોળકા, (બાવળા), જિલ્લો અમદાવાદ જેનો નોંધણી નંબર ખે--૩૩૨૧ તારીખ ૨૩૧ મી જુલાઈ, ૧૯૯૦ છે. તેની સામે કરવામાં આવેલ તારીખ ૨૩મી મે, ૨૦૦૦ નો અંતિમ આદેશ રદ કરું છું અને એક વર્ષમાં જમીન મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવાની તથા દર ત્રણ માસે મંડળીએ કરેલ કાર્યવાહીનો પ્રગતિ અહેવાલ અત્રે મોકલી આપવાની શરતે મંડળીને પુન : જીવીત કરું છું.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૧.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ફરલ),
અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) શ્રી ફડચા અધિકારી ધી રાણપુર (૩) વાસ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. તા. ડીસા અને શ્રી સહકારી અધિકારી (ફડચો) નવા જગ્યા પાલનપુરની તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૧ ના દરખાસ્ત ક્રમાંક સસફ/ન/૧૬૪/૨૦૦૧.

(૨) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦ નં. જોગવાઈનો.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ / ગ / ૧૭૩૬ / ૨૦૦૧.—ધી રાણપુર (૩) વાસ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકો ડીસાને આ કચેરીના તારીખ ૮મી મે, ૨૦૦૧ના હુકમ ક્રમાંક ફડચ / ૦૧ / ગ / ૯૭૦/ ફ-૧૨૮૮૧ સને ૨૦૦૧થી ફડચામાં લઈ જવાનો અને તેના ફડચ અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની, નિમણુંક કરતા હુકમો કરવામાં આવેલ હતા. એ મુજબ તેઓએ સદરહુ ફડચા મંડળીનો દફતર ચાર્જ તારીખ ૬ઠ્ઠી જૂન, ૨૦૦૧ ના રોજ સંભાળેલ. ત્યારબાદ મંડળીના કાર્યવાહકો-સભાસદોએ મંડળીને પુન : જિવાન કરવા અરજીથી વિનંતા કરતા જણાવેલ છે કે મંડળી ઉદ્દેશો મુજબ સભાસદોને જરૂરી ખાતર પૂરી પાડવાનું કામ કરતા હતા. હવે સભાસદોને સુધારેલા બિયારણો તેમજ જંતુનાશક દવાઓના સગવડ પૂરા પાડવા ખાત્રી આપવામાં આવેલ છે. તથા મંડળીના પેટા નિયમ મુજબ વહીવટ કરવાના પણ તારીખ ૨૫મી જુલાઈ, ૨૦૦૧ ના નિવેદનથી મંડળીના સભાસદોએ ખાત્રી આપેલ છે. વળી મંડળીના પર સભાસદો-ખેડુતો ફળ અને શાકભાજીનું ઉત્પાદન કરતા હોવાનો ગામના તલાટી / મંત્રીનો દાખલો રજુ કરી ખાત્રી આપેલ છે કે સભાસદોના ફળ અને શાક ભાજી ના મંડળી દ્વારા ખરીદી કરી વધુ ભાવ મળે તે રીતે વેપાર કરવાના ખાત્રી આપવામાં આવેલ છે. આમ સભાસદો-ખેડુતોના ફળ અને

INDEX

શાકભાજીની ખેતી અંગેના પ્રશ્નને ધ્યાને લઈ ફડચા અધિકારીશ્રીએ મંડળીને પુન : જિવીત કરવાની ભલામણને ગ્રાહ્ય રાખી મંડળીને પુન : જિવીત કરવાનું ઠરાવીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી રાણપુર (ઉ) વાસ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ : રાણપુર (ઉ) વાસ તા. ડીસાને અત્રેની કચેરીના તારીખ ૮મી મે, ૨૦૦૧ ના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૮૭૦/ફ-૧૨૮૮૧ સને ૨૦૦૧ થી ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ હુકમ રદ કરી મંડળીને પુન : જિવીત કરતો, તેમજ તેના મૂળ નોંધણી નંબર : ૨૯૯૯, તારીખ ૨૭ ડિસેમ્બર, ૧૯૯૭ ચાલુ રાખતા સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ અન્વયે પુન : જિવીતનો હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વંચાણે લીધા :

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુર તરફથી આવેલ તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૦૧ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેથી આપેલ કારણદર્શક નોટીસ તારીખ ૧૮મી મે, ૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તારીખ ૧૨મી જુલાઈ, ૨૦૦૧.

(૪) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે, ૧૯૬૮ ના હુકમ ક્રમાંક : ધ(ખ)/ડીડીસી / ૧૧૬૮ / ૧૮૪૯૬-બી થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. : ફડચ / ૦૧ / ગ / ૧૭૪૬/ફ ૧૨૮૮૯ સને ૨૦૦૧.— ધી પાલનપુર દૂધ વાપરનારાઓની ગ્રાહક સહકારી મંડળી લી., મુકામ તાલુકો : પાલનપુર, જિલ્લો : બનાસકાંઠા એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૩૮૬ / ૧૦૬૫ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ ૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરતી નહિ હોવાથી ફડચાના ખાસ અહેવાલ સબબ આમુખ ૨ થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટથી આપેલ. નોટીસમાં જણાવ્યા પ્રમાણેના કારણો સામે ૧૫ દિવસ સુધીમાં રજુઆત કરવા જણાવેલ હતું. તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આથી આમુખ ૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવાની તક પણ આપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળીના કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મંડળીના કાર્યવાહકો અને સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી. આમ મંડળી ઉદ્દેશો મુજબ તેમજ પેટા નિયમ મુજબ કામગીરી કરશે તેવી કોઈ બાબત સ્પષ્ટ થતી ન હોઈ નીચેના કારણોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) મંડળીની નોંધણી થયા પછી ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ વર્ષથી કરેલ નથી.

(૨) મંડળીના પેટા નિયમ પ્રમાણે વાર્ષિક સામાન્ય સભા તેમજ વ્યવસ્થાપક કમિટિની બેઠક છેલ્લા છ વર્ષથી ભરેલ નથી.

(૩) આગાઉના ઓડીટ મેમાની દુરસ્તી રિપોર્ટ મોકલી આપેલ નથી.

(૪) મંડળીના સભાસદો કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ ધરાવતા નથી.

ઉકત કારણોને ધ્યાને લેતાં મંડળીને ફડચામાં લઈ જવા આવશ્યક જણાતા અત્રેના તારીખ ૧૨મી જુલાઈ ૨૦૦૧ના ફડચાના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી પી. એન. નિનામા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું.

ધી પાલનપુર દૂધ વાપરનારાઓની ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ તાલુકો : પાલનપુર જિલ્લો : બનાસકાંઠા, નોંધણી નંબર : ૨૩૮૬ / ૧૦૬૫ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૪ થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મદદનીશ અધિકારી (ફડચો), નવી જગ્યા, પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારણીની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વંચાણે લીધા :—

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુર તરફથી આવેલ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૧ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેથી આપેલ કારણદર્શક નોટીસ તારીખ ૯મી માર્ચ, ૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૧.

(૪) મંડળીએ કરેલ રજૂઆત તારીખ ૪થી જૂન, ૨૦૦૧.

(૫) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગના તારીખ ૨૭મી મે, ૧૯૬૮ ના હુકમ ક્રમાંક : ધ (ખ)/ડીડીસી/૧૧૬૮ / ૧૮૪૯૬-બી થી મળેલ સત્તાઓ.

(૬) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ / ગ/ ૧૭૪૭/ફ.૧૨૮૯૦ / સને ૨૦૦૧.— ધી સેજલપુરા સેવા સહકારી મંડળી લી. મુકામ : સેજલપુરા, તાલુકો : પાલનપુર, જિલ્લો : બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળી અધિ નિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર : સે ૨૯૫૫૫, તારીખ ૨૧મી

INDEX

સપ્ટેમ્બર, ૧૯૯૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ ૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીના ઉદ્દેશો પ્રમાણે સભાસદોને લાભ થાય તેવી પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. તેમજ પેટા કાયદા પ્રમાણે વહીવટ પણ થતો ન હતો જે ધ્યાને લઈ આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેની કારણદર્શક નોટીસ મંડળીના કાર્યવાહકોને રજિસ્ટર પોસ્ટથી આપેલ. જેમાં જણાવેલ મુદ્દાઓ અંગે સબબ ૧૫ દિવસ સુધામાં રજૂઆત કરવાની હતી. આમ છતાં મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ ન હતી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ સાથે સાથે ઓક માસ સુધી યોગ્ય રજૂઆત કરવા જણાવવામાં આવેલ હતું. મંડળી ના કાર્યવાહકોએ તારીખ ૪થી જૂન, ૨૦૦૧ થી રૂબરૂ અને લેખિતમાં રજૂઆત કરેલ જેમાં જણાવ્યા પ્રમાણે મંડળીને ચાલુ રાખવા ત્રણ માસનો સમય આપવા માંગણી કરેલ હતી. મંડળીના કાર્યવાહકોની રજઆત અને મંડળીને ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરવાની ખાત્રી આપતાં અત્રેથી મંડળીને ત્રણ માસ સુધી કામગીરી કરવાની તક આપવામાં આવેલ હતી. ત્યારબાદ અત્રેથી તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૧ ના પત્રથી મંડળીએ કરેલ કામગીરીનો અહેવાલ મોકલી આપવા જણાવેલ, પરંતુ મંડળી તરફથી કામગીરીનો કોઈ અહેવાલ મોકલી આપેલ નથી. જે બાબત સાબિત કરે છે કે મંડળીઓ કોઈ કામગીરી કરી નથી અને મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી. જે બાબતને ધ્યાને લઈ હવે મંડળીને નીચેના કારણો સાથે ફડચામાં લેવાનું સ્પષ્ટ થાય છે.

(૧) મંડળીના સભાસદોને ધિરાણની સગવડ પૂરી પાડવામાં આવેલ નથી.
(૨) મંડળીના પેટા નિયમ મુજબ મંડળીનો વહીવટ કરવામાં આવેલ નથી.
(૩) મંડળીનં ખોટ રૂ. ૪,૨૭૧ ની થવા પામેલ છે.
(૪) મંડળીના કાર્યવાહકો, સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ ધરાવતા નથી.

ઉકત કારણોને ધ્યાનમાં લઈ મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના તારીખ ૨૨મી મે, ૨૦૦૧ ના વચગાળાના હુકમને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી પી. એન. નિનામા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો આદેશ કરું છું ધી સેજલપુરા સેવા સહકારી મંડળી લી., મુકામ : સેજલપુરા, તાલુકો : પાલનપુર, જિલ્લો : બનાસકાંઠા, નોંધણી નંબર : સે-૨૯૫૫૫૫, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૭ થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે. મહેનતાણાની રકમ સર્વસામાન્ય નિયમોનુસાર આકારવાની રહેશે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

———

વંચાણમાં લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી ધી મલ્ટી મેટલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠાના તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૧ ના પત્ર ક્રમાંક ૨૫૨૦/ફડચ/૧૭૩/૨૦૦૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ફડચ/ગ/૧૭૪૮/૨૦૦૧.—ફડચા હુકમ નંબર ફ-૧૧૭૪૫ તારીખ ૧૫મી જૂલાઈ ૧૯૯૯ ધી મલ્ટી મેટલ કર્મચારીઓની ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લી. મુકામ અંબાજી તાલુકો દાંતા, જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) પાલનપુરના તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૯૧ ના નોંધણી ક્રમાંક ૨૪૩૮૩ થી નોંધાયેલ હતી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, પાલનપુર તારીખ ૧૫મી જૂલાઈ ૧૯૯૯ ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૧૦૧૭/૧૧૭૪૫/૯૯ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧.

———

વંચાણમાં લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી ધી પાંથાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તાલુકા ધાનેરા (પાંથાવાડા) જિલ્લા બનાસકાંઠા ના તારીખ ૭મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના પત્ર ક્રમાંક સઅ/ફડચ/૧૭૪/૨૦૦૧

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જાવક નંબર ફડચ/ગ/૧૭૪૯/૨૦૦૧:ફડચા.- હુકમ નંબર ફ-૧૧૭૦૧ તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૮ ધી પાંથાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ પાંથાવાડા તાલુકો ધાનેરા (પાંથાવાડા) જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી (પંચાયત) પાલનપુરના તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૭૭ ના નોંધણી ક્રમાંક ૧૪૭૩૫ થી નોંધાયેલ હતીઅને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી પાલનપુરના તારીખ ૨૯મી એપ્રિલ ૧૯૯૮ ના હુકમ નંબર ફડચ/ગ/૫૯૪/૧૧૭૦૧/૯૮ થી કાયદાનો કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે સાથો સાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયેઆ મંડળીની નોંધણીરદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧.

———

INDEX

વંચાણમાં લીધાં :

(૧) ફડચા અધિકારીશ્રી ધી ધરણીધર પિયત સહકારી મંડળી લી. તાલુકા વાવ, જિલ્લા બનાસકાંઠાના તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના પત્ર ક્રમાંક કાયમ, /ફડચ/૧૭૭/૨૦૦૧.

(૨)ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-કલમ-૧૧૪ (૨) અને કલમ-૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ.

જા.ક નંબર ફડચ/ગ/૧૭૫૦/૨૦૦૧:ફડચા હુકમ નંબર ફ-૧૧૭૧૫ તારીખ ૫મી જુન ૧૯૯૮ ધી ધરણીધર પિયત સહકારી મંડળી લી. મુકામ વાવ, તાલુકો વાવ, જિલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી (પંચાયત), પાલનપુરના તારીખ ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૨ ના નોંધણી ક્રમાંક ખે/૭૪૫૭, થયેલ હતી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, પાલનપુરના તારાખ ૫મી જુન ૧૯૯૮ ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૭૭૯/ ૧૧૭૧૫/ ૯૮ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે, સાથોસાથ આજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧.

પી. એન. નીનામા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પાલનપુર.

ક્રમાંક નધણ / ૦૧ / ક-૨ / ૬૦૬/ સે-૩૧૮ ઝ.— આથી જાહેર કરે છે કે આઈ. સી. પી. ઓ. એમ્પ. ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ સહકારી મંડળી મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

ક્રમાંક નધણ / ૦૧ / ક-૨ / ૬૧૨ / સા--૧૫૮૨.— આથી જાહેર કરે છે કે અભિલાષા કો. ઓ. હા. (સર્વીસ) સોસા. લી., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતુ હોય તેવું ચપ્પુ તથા ત્રણ ઈંચથી વધારે લંબાઈ ધરાવતું અણીવાળુ ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની, તૈયાર કરવા ની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સા રાખવાની.

INDEX

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી, અથવ નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર.—અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓને જેને શારીરિક અશકિતના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામા નો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ સહી અને સિક્કો કરી આપ્યો.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, નંબર-(૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી / પીઓએલ / એમએજી / એસ.આર./૫૧/૦૧.— આગામી દિવસોમાં અમદાવાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને, ૧૯૫૧ની મુંબઈ અધિનિયમ નંબર-૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૧થી ૧૪મી ડીસેમ્બર, ૨૦૦૧ના ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી, આગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

અનુસૂચિ

વિસ્તાર.—અમદાવાદ (ગ્રામ્ય)જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા/ કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી અને સિક્કો કર્યો.

———

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ :

નંબર ડી.સી. ઓમ.ઓ.જી. / એસ.આર. ૫૨ /૨૦૦૧.—ગ્રામ પંચાયતની ચૂંટણીઓ તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ યોજાનાર છે. રાજ્યના ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ ના આદેશ નંબર : ૨ / ઈએલસી / સીઓસી / પ્રિવેન્શન ઓફ ડીફેસમેન્ટ ઓફ પ્રોપર્ટીથી આપાયેલ સુચનાનુસાર ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો, કાર્યકરોની,-ઉમેદવારો ખાનગી કે જાહેર લોકોની દિવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે કે ચિતરીને લખે કે તેમના પ્રતિકનું ચિન્હ ચિતરીને દિવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલિકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલિકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલકતો જેવી કે આગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સૂચવતા પાટીયા હાઈવે રસ્તા ઉપરનાં માઈલસ્ટોન અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરનાં ચેતવણી આપતાં બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતાં બોર્ડ, ટેલીફોન અને ઈલેકટ્રીકનાં થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓના મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો/ દિવાલો, જાહેર માર્ગો તથા ખાનગી માલિકીના મકાનો/દિવાલો અને ખાનગી બોર્ડ ઉપર સબંધિત મિલકતના માલિકની લેખિત પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીયપક્ષ, સંસ્થા, ચૂટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈપણ વ્યકિત ચૂંટણી જાહેરાત / પ્રચાર કરતાં પોસ્ટરો, ચોંટાડે કે ચિતરીને લખે ચિન્હો ચિતરે, બેનરો / પડદા લગાડે કે ચૂંટણીના પ્રચાર કરતાં લખાણે કે સૂત્રો લખે તે ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું મનોરમા ભગત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર-સંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિતઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલકતો ઉપર ચૂંટણી પ્રચાર અંગે પોસ્ટરો ચોંટાડી કે ચિતરીને, ચિન્હો ચિતરીને, બેનરો/ પડદા લગાડી કે અન્ય ચૂંટણી પ્રચારના લખાણો લખી મિલકતોને બગાડવા ઉપર પ્રતિબંધ મુકું છું.

(૨) મિલકતના માલિકના લેખિતમાં પુર્વમંજૂરી મેળવ્યા સિવાય મિલકતને બગાડવા કે નુકશાન પહોંચાડશે તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે, તેમજ બગડેલ કે નુકશાન પામેલ મિલકતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

(૩) આ હુકમની તારીખથી ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૪) આ હકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના અધિનિયમ ૪૫) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમ અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) ના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાગુ પડશે.

આજરોજ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

મનોરમા ભગત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

સુધારા હુકમ

નં. જેલ/ વશી /૧૮૬૭/ ૨૦૦૧.—આ કચેરીના તારીખ ૨૧મી નવેમ્બર ૨૦૦૧ ના જાહેરનામા ક્રમાંક પીઓએલ/વશી/ ૧૭૯૧/૨૦૦૧ થી જિલ્લા પોલીસ કર્મચારીઓની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ સારૂ મહેસાણા પોલીસ હેડ કવાર્ટર પરેડ ગ્રાઉન્ડ ફાયરીંગ બટ તેમજ ધરોઈ ગામના ડેમ પાસે આવેલ સ. નં. ૫૦ ના નિયત બટ વિસ્તારમાં ઢોર-ઢાંખર અને માનવ અવર-જવર ઉપર તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૨ સુધી દરરોજ સવારના ૬-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હતો.

પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાની રજુઆત તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૧ ના પત્રાંક / ૧૨૫/ સીબી-૬/ ૩૨૯૬/ ૨૦૬૧ અન્વયે સદર પ્રતિબંધ તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩૦મી જાન્યુઆરી ૨૦૦૨ દરરોજ સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી અમલમાં મુકવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૦૧.

ઓન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) મુજબનુ.

નં. ઉ/મકમ/પલસ/મજસ/વશી./૩૮૧૬.—આગામી તારીખ ૧૭મી ડીસેમ્બર ૨૦૦૧ રમજાન ઈદ, તારીખ ૨૫મી ડીસેમ્બર ૨૦૦૧, નાતાલના તહેવારો તથા ૨૬મી ડીસેમ્બર ૨૦૦૧ સુધી ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામપંચાયત ચૂંટણીની કામગીરીને લઈને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે અને શાંતિમય વાતાવરણ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ કલમ-૩૭(૧) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું એન. પી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૩જી ડીસેમ્બર ૨૦૦૧ થી ૩૧મી ડીસેમ્બર ૨૦૦૧ બન્ને દિવસો સહીત,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદૂક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથ લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની, ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં. મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં. અપમાન કરવાના અથવા જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવા નહીં.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી થી નીચેની પાયરીના ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાકડી લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

આ હુકમનો ભંગ /ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ડીસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપવામાં આવ્યો.

ઓન. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

જાહેરનામું

નંબર પીઓએલ-ઓસ.આર-૪૪-૦૧.—ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ તારીખ ૨૩મી ડિસેમ્બર ૨૦૦૧ ના રોજ યોજાનાર છે.

રાજ્ય ચૂંટણી પંચ તરફથી વાહનોના ઉપયોગ સંબંધે આચાર-સંહિતા બહાર પાડવામાં આવેલ છે. મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે ત્રણથી વધુ વાહનો કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ જિલ્લો આણંદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૩૩ ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચુંટણી પંચના આદેશ મુજબ નકકી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યકિત ઉપર જણાવેલ વિગતો ત્રણથી વધુ વાહનોના કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સૂચનાઓ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) "વાહનનો અર્થ" પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતું કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર છે તે સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી અન્ય રાજકીય વ્યકિતઓ જ અપવાદ રૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજજાથી સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યકિત.

આજ તારીખ ૪થી ડિસેમ્બર ૨૦૦૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામું

સને ૧૯૫૧ ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ-વશી-૩૫૭૦.—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તીકી પૂનમનો મેળો તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ થી ૩જી ડિસેમ્બર ૨૦૦૧ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં સમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાલ લારીઓમાં માલ સામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નકકી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાઓ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, જે. આર. નાયક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૩જી ડિસેમ્બર ૨૦૦૧ સુધીના સમયગાળામાં (બંને દિવસો સહીત) શુકલતીર્થ ગામના મેળામાં કોઈપણ ઈસમે પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહી. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાઓજ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)અન્વયે.

ક્રમાંક એમએજી-પીઓએલ-વશી-૩૫૭૨.— ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧થી તારીખ ૩જી ડિસેમ્બર ૨૦૦૧ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે અને ઘાસ, કામળા વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન શુકલતીર્થ ગામની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, જે. આર. નાયક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે. ઉપરોકત મેળામાં દિવસો દરમ્યાન શુકલતીર્થ ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉકત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૮મી નવેમ્બર સને ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સીકકો કર્યો છે.

INDEX

જાહેરનામું

ક્રમાંક પીઓએલ-વશી-૩૫૭૩.—ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે કાર્તિકી પૂનમને લીધે તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ થી તા. ૨જી ડીસેમ્બર ૨૦૦૧ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પુરો સંભવ છે. તેથી દરેક વ્યકિતએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

૧. જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકમ ૧૨ફૂટના વિસ્તારમાં અથવા જે તે જગ્યા ઉપર ન્હાવું-ધોવું કે કપડાં ધોવા કે જાનવરોને નહવડાવવા નહી અને વાહનો ધોવાં નહી.

૨. યાત્રાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો પેશાબ કરવા નહી.

૩. ગંધાતા વાસી અને ઉતરી ગયેલા અગર માનવખાદ્ય માટે બીનઉપયોગી મેવા ફળફળાદી પીણા તથા ખોરાક વેચવા નહી.

૪. ખાનપાનની દૂકાનો, હોટલો,રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો આરોગ્યપ્રદ અને ગંદી રાખવી નહી.

૫. યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરની સેનેટરી ઈન્સ્પેકટર પાસેથી તેવા રોગ અટકાવવા માટેની દવા ઈન્જેકશન વિગેરે આગાઉથી લીધા વગર યાત્રામાં આવવું નહી.

વાસ્તે હું, જે. આર. નાયક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ શુકલતીર્થ અને જ્યાં આજુબાજુના ગામમાં જ્યાં જ્યાં યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલા નિયમોનો જે કોઈ વ્યકિત ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂ. ૨૦૦/- સુધીના દંડ અગર બંન્ને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧થી તારીખ ૨જી ડીસેમ્બર ૨૦૦૧ સુધી બંન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ના રોજ મે મારી સહી કરી તથા સીક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (ઓમ) અન્વયે.

ક્રમાંક ઓમઓજી-વશી-૩૫૭૪.— ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામે તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૨જી ડીસેમ્બર ૨૦૦૧ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમજ સમગ્ર અન્ય રાજ્યોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થાય છે તથા શુકલતીર્થ મુકામે આવેલ નર્મદા નદીના ઘાટ પર સ્નાન કરે છે. નર્મદા નદીના પાણી ઉંડા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શકયતા છે. જેથી નર્મદા નદીમાં અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. આર. નાયક, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (ઓમ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૨જી ડીસેમ્બર ૨૦૦૧ સુધીના સમયમાં (બંન્ને દિવસો સહીત) શુકલતીર્થ, કબીરવડ, તથા મઠી મુકામેના નર્મદા નદીના ઘાટથી ગ્રામ પંચાયત તથા પોલીસ ખાતા તરફથી નક્કી થયેલ હદની અંદર જે લોકોએ સ્નાન કરવું તથા નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવા આદેશ કરું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજરોજ તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૧ના રોજ મેં મારી સહી તથા સીક્કો કરી આપ્યો છે.

જે. આર. નાયક,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

ક્રમાંક ઓમઓજી/વશી/પીઓએલ/વશી/૩૫૭૮.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ ની પેટા-કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ જાહેર શાંત અને સલામતી સારૂ ફરમાવું છુ કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવિલ વિસ્તારમાં તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૧ના દિવસે સવારના ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધાં.)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધારીયા, ધોકા, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા હાનિકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહી અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાં નહીં.

(ડ) આપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમા બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહી અથવાં ટોળામાં ફરવું નહી.

(ચ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહી બતાવવા નહી તથા તેનો ફેલાવો કરવો નહીં.

INDEX

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

૧. સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને જેને તેના ઉપર અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વધી/૩૫૭૯.—ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, રાજદેવસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ,આથી સદરહુ વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સવારના ૦૬-૦૦ વાગ્યાથી તારીખ ૧૫મી ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સાંજના ૨૪-૦૦ કલાક (વાગ્યા) સુધી (બંન્ને દિવસો સુધ્ધા) ની મુદત માટે ભરૂચ જિલ્લાનાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

" ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

વધુમાં હું, આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને,

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦માં (૪૫માં ની) કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧લી ડિસેમ્બર સને ૨૦૦૧નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

રાજદેવસિંહ ગોહિલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ.

———

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ--૩૭ (૩) અન્વયે :

નંબર ડીસીબી / એમએજી / બીપીઓ / રજી. નં. ૩૩/૨૦૦૧.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) અધિનિયમ કલમ--૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ જિલ્લામાં પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા આગામી ગ્રામ પંચાયત ચુંટણી-પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષી ને જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ડી. બી. રહેવર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ--૩૭ ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨ જી ડિસેમ્બર, ૨૦૦૧ થી ૧૫ મી ડિસેમ્બર, ૨૦૦૧ સુધી (બંન્ને દિવસ સુધ્ધાં) આ અધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલવેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ--૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વલસાડ, તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૧.

———

INDEX

હુકમ

નંબર ડીસીબી/ઓમઅોજી/ગ્રા.પં.ચું./રજિ.નં. ૩૫/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ડી)(બી) તથા ૩૩ (૧)(બી) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. રહેવર,—અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તથા રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગર તરફથી મળેલી સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે મુકત અને ન્યાયી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી કે રાજકિય પક્ષ, બીન રાજકીય પક્ષ, અર્ધ રાજકીય પક્ષ તથા આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૧ થી ૧૪મી ડિસેમ્બર, ૨૦૦૧ના સમય દરમ્યાન નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર હું પ્રતિબંધ ફરમાઉ છું.

(૧) ચુંટણી અંગેના સુત્રો, નિશાનીઓ તથા આકૃતિઓ કે ભીતચિત્રો વિગેરે તથા ધ્વજદંડ ઉભા કરવા, પટાકા બાંધવા, નોટીશ ચોંઠવી, સૂત્રો લખવા વિગેરે માટે કોઈપણ વ્યકિતની ખાનગી જમીન, ખાનગી મકાન કે ચોગાનની દિવાલની વિગેરેનો જે તે વ્યકિતની પરવાનગી વિના પોતે કે પોતાના અનુયાયીઓએ કાર્યવાહી કરવી નહીં.

(૨) જાહેર મકાનો કે જાહેર સ્થળોઓ સૂત્રો, નિશાનીઓ કે—ભીતચિત્રોનું ચિત્રણ કે પ્રદર્શન કરવું, કરાવવું નહિ તેમ છતાં જો રાજકીય પક્ષો કે ઉમેદવારો તરફથી આ અંગે પ્રતિબંધ હોવા છતાં જો કાર્યવાહી કરવામાં આવશે તો આ અંગેનો ખર્ચ જે તે ઉમેદવારના ખર્ચ અને જોખમે દર કરાવવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિ—નિયમ—૧૯૫૧ ની કલમ—૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બન્ને પ્રકારી કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૧નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

ડી. બી. રહેવર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી ઓમઓજી-બીપીઓ-જી.૧૮/૨૦૦૧:—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું કિરીટ કે દૂધાત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૧ ના રોજ ગુરૂનાનક જયંતિ તથા દેવદિવાળીનાં તહેવારને લક્ષમાં રાખી તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતી અને સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૮મી ડિસેમ્બર ૨૦૦૧ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક ચપ્પુ છરા લાકડી અથવા શારીરીક હિસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાના એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઆ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો પત્રીકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) થી (ઝ) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણેઅધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીઓ જેને શારીરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુઓક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૧ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

કિરીટ કે. દૂધાત.
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૩૩૬૧ થી ૩૭૭૬/૨૦૦૧.—મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ,

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, પ્રવર્તમાન આગામી ચૂંટણી તેમજ ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૬મી નવેમ્બર ૨૦૦૧ થી તારીખ ૧૧મી ડિસેમ્બર ૨૦૦૧ ના સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું :—

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યકિતઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧નાં રોજ મારી સહી કરી સિક્કા કરી આપેલ છે

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પીઓએલ/વશી/૩૩૭૭ થી૩૩૯૨/૨૦૦૧.— જિલ્લામાં પ્રવર્તમાન દિવાળીનાં ધાર્મિક તહેવારોને અનુલક્ષીને જાહેરશાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂં જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) નીં કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. યુ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ થી તારીખ ૧૧મી ડિસેમ્બર, ૨૦૦૧ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતાં વધુ વ્યકિતઓ એકત્ર/ ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :—

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યકિતઓ.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓ.
(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.
(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બેનાફાઈડ વ્યકિતઓ.
(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.
(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

ડી. યુ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આહવા.

BY DISTRICT JUDGE

Notification

No. B/7/1/1370 / 2001.— The following Assistants serving in the District Court and Subordinate Courts in the Judicial District of Sabarkantha who have appered in the Higher and Lower Standard Departmental Examination held on 2nd and 3rd, July, 2001 are declared successful.

I

Higher Standard Examination

1. Mrs. P. R. Patel, Assistant, Civil Court (J. D.) & J. M. F. C., Modasa.

2. Mr. B. R. Bhatt, Assistant, Civil Court, (J. D.) & J M. F. C., Pranti.

3. Mr. A. B. Raval, Assistant, Civil Court (J. D.) & J. M. F. C., Prantij.

II

Lower Standard Examination

NIL

Their names are arranged in order of merits. Out of the candidate, who had appeared in the Departmental Examination held on 2nd and 3rd July, 2001 the following candidates have failed but have obtained exemption in the papers shown agains their names as under :—

INDEX

Higher Standard Examination

Sr. No.	Name	Paper in which exemption is earned
1	Mrs. S. V. Pandor	Paper I & II
2	Mr. M. K. Tabiyar	Paper I
3	Mr. U. S. Hotha	Paper I
4	Mr. R. D. Soni	Paper I

Lower Standard Examination

Sr. No.	Name	Paper in which exemption is earned
1	Mr. V. S. Baleva	Paper III & Type Test
2	Mr. M. U. Mirza	Type Test
3	Mr. R. P. Rathod	Type Test

Himatnagar, 22nd November, 2001.

KAUSHAL J. THAKER,
District Judge,
S. K., Himatnagar.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જા. નં. બી/૭/૨/૧૩૭૦/૨૦૦૧.—સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૨જી અને ૩જી જુલાઈ સને ૨૦૦૧ ના રોજ લેવાયેલી ન્યાયખાતાની ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીમાં પરીક્ષામાં બેસેલ ઉમેદવારો પૈકી નીચે જણાવેલ ઉમેદવારો ઉક્ત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા :

૧. શ્રીમતી પી. આર. પટેલ	આસીસ્ટન્ટ સીવીલ જજ (જુ.ડી.)	કોર્ટ, મોડાસા.
૨. શ્રી બી. આર. ભટ્ટ	આસીસ્ટન્ટ સીવીલ જજ (જુ.ડી.)	કોર્ટ, પ્રાંતિજ.
૩. શ્રી ઓ. બી. રાવલ	આસીસ્ટન્ટ સીવીલ જજ (જુ.ડી.)	કોર્ટ પ્રાંતિજ

નિમ્નશ્રેણી પરીક્ષા : કોઈ નહીં.

ઉપરોકત નામો ગુણવત્તાના ક્રમમાં ગોઠવેલા છે.

ખાતાકીય ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં જે ઉમેદવારો બેસેલ તે પૈકી અન-ઉત્તીર્ણ થયેલ નીચે જણાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ પેપરમાં ફરીને બેસવામાંથી મુકિત મળેલ છે.

ઉચ્ચશ્રેણી પરીક્ષા :

૧. મીસ. એસ. વી. પાંડોર	...	પેપર પહેલું અને બીજુ.
૨. શ્રી એમ. બી. તબીયાર	...	પેપર પહેલું.
૩. શ્રી યુ. એસ. હોથા	...	પેપર પહેલું
૪. શ્રી આર. ડી. સોની	...	પેપર પહેલું.

નિમ્નશ્રેણી પરીક્ષા :

૧. શ્રી વી. એસ. બલેવા	...	પેપર ત્રીજુ અને ટાઈપ ટેસ્ટ
૨. શ્રી એમ. યુ. મીરજા	...	ટાઈપ ટેસ્ટ.
૩. શ્રી આર. પી. રાઠોડ	...	ટાઈપ ટેસ્ટ.

કૌશલ જે. ઠાકર,
જિલ્લા ન્યાયાધીશ,
સાબરકાંઠા, હિમતનગર.

હિમતનગર, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૧.

PRINTED AT THE GOVERNMENT PRESS, AHMEDABAD

INDEX

NOTE

The Notifications issued by the District Registrar, Co-operative Societies published in *Gujarat Government Gazette,* Part —I, should be *read* to have been published in Issue No. 51, *Gujarat Government Gazette,* Part —I, dated 20th December, 2001 and for pages VAD-1477 to VAD-1505 (in 1 set) *read* page No. 4136 to 4164.

વિજ્ઞપ્તિ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧ના અંક ૫૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૪૭૭ થી વીએડી-૧૫૦૫ (૧ બંચમાં) ને પાન નંબર ૪૧૩૬ થી ૪૧૬૪ વાંચવા.

Vadodara, 20th December, 2001.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તા. ૨૭-૪-૨૦૦૧ન. ક્રમાંક ફડચ/ફ-૧૧૫૪૪/ધ-૨/૩૯૭/૨૦૦૧નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તા. ૨૨-૧૦-૨૦૦૧ના ક્રમાંક ફડચ/ફ-૨/૨૪૮/૨૦૦૧થી રજૂ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નંબર ફડચ/ફ-૧૧૫૪૪/ધ-૨/૯૨૬, સને ૨૦૦૧.— ધી અંબિકા ટયુબ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ૫૪૦, તા. ૧૬-૧-૧૯૬૫ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી, તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૭-૪-૨૦૦૧ ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૪૪/ધ-૨/૩૬૭/૨૦૦૧ થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લતા મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩-૧૧-૨૦૦૧.

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તા. ૪-૧-૯૯ ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૭૬ ધ. ૨/૮/૯૯ નો ફડચાનો અંતિમ હુકમ તથા તા. ૧૯-૪-૨૦૦૧ ના જા. નં. ફડચ/ફ. ૧૧૪૭૬/ધ.૨/૩૮૫/૨૦૦૧ તથા તા. ૪-૭-૦૧ ના જા. નં. ફડચ/૦.૧/ધ.૨/૫૫૮/ સને ૨૦૦૧ ના હુકમો.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તારીખ ૧૫/૧૯-૧૦-૨૦૦૧ ના ક્રમાંક ફડચ/ફ. ૨/૨૪૭/૦૧ થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૪૭૬ / ધ. ૨ / ૯૨૭/૨૦૦૧.— ધી વિજય ધિરાણ, ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી ક્રમાંક સે. ૧૧૦૮૫, તા. ૨૯-૬-૧૯૭૧થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી, તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૪-૧-૯૯ના હુકમ ક્રમાંક ફડચ/ફ.-૧૧૪૭૬/ધ-૨/૮/૧૯૯૯થી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહું કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩-૧૧-૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૭૨૨/ક-૨/૬૧૩/૧૨૧૫૧/ધ-૧૯૯૮૭/૨૦૦૧૬—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આશ્રય (ધોડાસર) કો. ઓ. હા. સો. લી,. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૬-૧૧-૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૭૨૧/ક-૨/૬૧૪/૧૨૧૫૨/સે-૩૩૧૨૧/૨૦૦૧.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઓમશીપ કો. ઓપ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી , સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૬-૧૧-૨૦૦૧.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૭૨૩/ક-૨/૬૧૫/૧૨૧૬૬/ધ-૧૯૯૮૮/૨૦૦૧.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી જાનકી એજલપુર કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ. શહેર, તાલુકો સીટી જીલ્લે અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૭-૧૧-૨૦૦૧.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ), અમદાવાદ.

INDEX

જા. નં. નધણ (૧૬)-ક-૩-૨૬૯૮-૯૨૦/ઉ-૧૨૦૫૮/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે ઉન્નતી મજુર કામદાર સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ રાશમ. તાલુકો આતળા જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ,૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૪-૯-૨૦૦૧.

જા. નં. નધણુ-૩૧૧૭-ક-૩ - ૯૯૨ - એ - ૫૩૯૬/૨૦૦૧—આથી જાહેર કરે છે કે નવાગામ નર્મદા પિયત સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નવાગામ, તાલુકો માંડલ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, ૨૬-૯-૨૦૦૧.

જા. નં. નધણુ/૩૧૪૫/ક-૩/૯૯૩/બી-૫૪૦૦/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે શ્રી કડવાસણ નર્મદા પિયત સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ કડવાસણ તાલુકો માંડલ જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૬-૯-૨૦૦૧.

જા. નં. નધણુ / ૩૦૦૯ / ક-૩ / ૧૦૦૧ / ઉ-૧૨૦૫૯/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે નવદિપ મજુર કામદાર સહકારી મંડળી લિ, મર્યાદિત સ્થળ ચાંદીયેલ તાલુકો દસ્ક્રોઇ જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૭-૯-૨૦૦૧.

જા. નં. નધણુ-૩૧૧૫-ક-૩-૧૦૧૪ / ઉ-૧૨૦૬૦/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય મજુર કામદાર સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ ધોળકા તાલુકો ધોળકા જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે,

અમદાવાદ, તા. ૨૯-૯-૨૦૦૧.

જા. નં. નધણુ/૩૧૪૬/ક-૩/૧૦૨૧/૦૧/ધ-૨૦૧૧૫/૨૦૦૧.—આથી જાહેર કરે છે કે વેણુવદેવી (ચાંદખેડા) કો. ઓપ. શોપ્સ એન્ડ કોમર્શીયલ સો. લિ., મર્યાદિત સ્થળ ચાંદખેડા તાલુકો ગાંધીનગર જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૪-૧૦-૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ની કલમ ૧૦૭ની અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ધખ/૨૭૭/કોસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તારીખ ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખક્રમ/૨/ક/૩૯૬૫, તા. ૮-૬-૭૮.

(૪) અત્રેની કાર્યાલયના કારણદર્શક નોટીસ તા. ૧-૯-૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩ ૬૯૪, તા. ૧૬-૫-૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તા. ૬-૧૦-૨૦૦૦, ૮-૩-૦૧ના પત્રો.

(૭) મંડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૨૮૪/૨૦૦૧.—બીલીમણા દુધ ઉત્પાદક સહ. મંડળી લી. મુ. બીલમણા, તા. દહેગામ જી. ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક ૨૫૧૨ તા. ૧૬-૩-૭૮ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૬૯૪ તા. ૧૬-૫-

INDEX

૨૦૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીએ કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતા મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી, આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તક્કો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તક્કો આપવામાં આવેલ છે, જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો / હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતા મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (૩૨લ), અમદાવાદ, મને મળેલ સત્તાની રૂઇએ ધી બીલમણા દુધ ઉત્પાદક સહ. મંડળી લી. મુ. બીલમણા તા. દહેગામ જીલ્લો ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક ૨૫૧૨ તા. ૧૬–૩–૭૮ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તારીખ ૧૭–૧૦–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ધખ / ૨૭૭ / ડીડીસી / ૧૧૬૮ / ૧૮૪૬૬/બી, તા. ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ : બસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧–૯–૨૦૦૦

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ ગ–૩/૬૯૨, તા. ૧૬–૫–૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તા. ૬–૧૦–૨૦૦૦, ૮–૩–૨૦૦૧. ના પત્રો.

(૭) મંડળીની તા. – ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૩૮૫/૨૦૦૧.– ધી પંપળી દુધ ઉત્પાદક સ. મં. લી. તા. મુ. પીપળી તા. ધંધુકા જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૮૦૮૫૩૮ તા. ૮–૫–૮૦ છે. તેના આ કચેરીના વંચાણેલીના ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૬૯૨, તા. ૧૬/૫/૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તક્કો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તક્કો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨લ), અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી પીપળી દુધ ઉત્પા. સ. મં. લી. પીપળી, તા. ધંધુકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૮૦૫૩૮ તા. ૮–૫–૮૦ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૭–૧૦–૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ / ૨૭૭ / ડીડીસી / ૧૧૬૮ / ૧૮૪૬૬ / બી, તા. ૨૭–૫–૧૯૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના હુકમ ક્રમાંક બસમ/૨/ક–૩૯૬૫, તા. ૮–૬–૧૯૭૬,

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧–૯–૨૦૦૦

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ–૩/ ૬૯૫, તા. ૧૬–૫–૨૦૦૧.

INDEX

(૬) અત્રેની કચેરીના તા. ૬–૧૦–૨૦૦૦, ૮–૩–૨૦૦૧, ૩–૭–૨૦૦૧ના પત્રો.

(૭) મંડળીની તા. ૨૨–૬–૨૦૦૧ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં.પર ફડચ/૦૧/ગ–૩/૧૩૮૬/૨૦૦૧.—થી જામીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ જામીલા, તાલુકો રાણપુર, જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ઉ–૭૦૮૪, તા. ૩૧–૩–૧૯૮૨ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ–૩/૬૯૫, તા. ૧૬–૫–૨૦૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો – વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતા પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો–વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દવજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (૩૨લ) અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ થી જામીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ જામીલા, તા. રાણપુર, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ઉ–૭૦૮૪, તા. ૩૧–૩–૧૯૮૨થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂ છું.

અમદાવાદ, તા. ૧૭–૧૦–૨૦૦૧.

વંચાણે લીધા :

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક :– ધખ/૨૭૭/ડીડીસી/૧૬૬૮/૧૮૪૯૬/ઝ, તા. ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક :– ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૪-૯-૨૦૦૦.

(૫) અત્રેના કચેરીના વચગાળા આદેશ ક્રમાંક :– ફડચ/૦૧/ગ–૩/૬૯૩ તા. ૧૬–૫–૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તારીખ ૬–૧૦–૨૦૦૦, ૮–૩–૦૧ ના પત્રો.

(૭) મંડળીની તા. – – ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ–૩/૧૩૮૭/૨૦૦૧.—થી જાગૃતિ ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. ઝેંઝરા તા. વિરમગામ જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૩૬૬૯ તા. ૧૪–૯–૯૩ છે. તેનો આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક :– (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક :– ફડચ/૦૧/ગ–૩/૬૯૩/તારીખ ૧૬-૫-૨૦૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉક્ત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દવજી, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૩૨લ), અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ થી જાગૃતિ ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. ઝેંઝરા તા. વિરમગામ જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૩૬૬૯ તા. ૧૪–૯–૯૩ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ. ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક :– (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૭–૧૦–૨૦૦૧.

INDEX

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તા. ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણ દર્શક નોટીસ તા. ૧-૯-૨૦૦૦

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ–૩/૬૯૮ તા. ૧૬–૫–૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તા. ૮–૩–૦૧ ના પત્રો.

(૭) મંડળીના તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ–૩/૧૩૯૧/૨૦૦૧–ધી સંતોષ દુધ વાપરનારાઓની સ. મં. લી. મુ. ધોળકા, તા. ધોળકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૧૦૮૧૫ તા. ૫-૪-૭૯ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧ગ–૩/૬૯૮ તા. ૧૬-૫-૨૦૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતા મંડળી તરફથી કોઈ વાંધો–વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમ- ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો–વિરોધ કે રજુઆત થયેલ નથી, જેથી મંડળીના સભ્યો / હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતા મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

આદેશ

આથી હું એચ. એન. ઠરજી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (૩૨લ), અમદાવાદ મને મળેલ સત્તાની રૂએ ધી સંતોષ દુધ વાપરનારાઓની સહકારી મંડળી લી., મુકામ ધોળકા, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૧૦૮૧૫, તા. ૫–૪–૧૯૭૯થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૮–૧૦–૨૦૦૧.

———

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તારીખ ૨૭–૫–૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮–૬–૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧–૯–૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩ ૭૦૦ તા. ૧૬/૫/૨૦૦૧.

(૬) અત્રેની કચેરીના તા. ૬–૧૦–૨૦૦૦, ૮–૩–૦૧ ના પત્રો.

(૭) મંડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ–૩/૧૩૯૨/૨૦૦૧.–ધી નાવડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નાવડા તા. બરવાળા જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૮૪૮૪ તા. ૨૯–૫–૮૧ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૭૦૦ તારીખ ૧૬–૫–૨૦૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ–૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/ હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીએ આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

INDEX

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (૨૨૯) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી નાવડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાવડા તા. ધરવાળા જીલ્લો અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક ૮૪૮૪ તા. ૨૯-૫-૮૧ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૮-૧૦-૨૦૦૧.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : ધખ/૧૭૭/ડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તા. ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના હુકમ ક્રમાંક : ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮-૬-૭૬.

(૪) અત્રેનો કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૧-૭-૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક :- ફડચ/૦૧/ગ-૩/૬૯૭/ તા. ૧૬-૫-૦૧.

(૬) અત્રેની કચેરીના તારીખ ૨૨-૮-૨૦૦૦, ૧૨-૧-૨૦૦૧ ૮-૩-૨૦૦૧ના પત્રો.

(૭) મંડળીની તા. - - ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૩૯૩/૨૦૦૧.— ધી પુરોહિત કન્ઝુમર્સ કો. ઓપ. સો. લી. મુ. સઈજ, તા. કલોલ, જિલ્લા ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૨૮૩૧ તારીખ ૨૦-૩-૯૫ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક :- (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક :- ફડચ/૦૧/ગ-૩/૬૯૭/ તા. ૧૬-૫-૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઈ વાંધો કે વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતા મંડળીને સંદર્ભ-૬ ના પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઈ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું એચ. એન. દરજી, જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (૨૨૯) અમદાવાદ મને મળેલ સત્તાની રૂઇએ ધી પુરોહિત કન્ઝુમર્સ કો. ઓપ. સો. લી. મુકામ સઈજ તા. કલોલ જીલ્લો : ગાંધીનગર કે જેનો નોંધણી ક્રમાંક :- ૨૮૩૧ તા. ૨૦-૩-૯૫થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક (૫) મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરૂં છું.

અમદાવાદ, તા. ૧૮-૧૦-૨૦૦૧.

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના ખેતી વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તા. ૨૭-૫-૭૮.

(૩) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગર ના હુકમ ક્રમાંક ખસમ/૨/ક/૩૯૬૫, તા. ૮-૬-૭૬.

(૪) અત્રેની કાર્યાલયની કારણદર્શક નોટીસ તા. ૪-૭-૨૦૦૦.

(૫) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક: ફડચ/૦૧/ગ-૩/૬૬૩, તા. ૯-૧-૦૧.

(૬) અત્રેની કચેરીના તા. ૨૪-૮-૨૦૦૦, ૬-૧૦-૨૦૦૦, ના પત્રો.

(૭) મંડળીની તા. ના રોજની રજુઆત.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ-૩/૧૩૯૪/૨૦૦૧.- ધી લક્ષ્મી પિયત સહકારી મંડળી, લી. મું નાનીકુમાદ તા. વિરમગામ જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક : ૨૮૮૪ તા. ૨૫-૫-૮૮ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક : (૫) મુજબ વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૬૬૩ /

INDEX

તા. ૯-૫-૦૧ થી આટોપી લેવા આદેશ સામે મંડળીને કોઇ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર કરવા જણાવેલ. આમ છતાં મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. આમ છતાં મંડળીને સંદર્ભ –૬ નાં પત્રોથી ન્યાયના હિતમાં રજુઆત માટે તકો આપવામાં આવેલ હતી. આ અંગે પણ મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ રજુ થયેલ નથી. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની મંડળીને આટોપી લેવા સંબંધે અંતિમ આદેશ કરતાં પુર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ છે. જે અન્વયે મંડળી તરફથી કોઇ વાંધો-વિરોધ કે રજુઆત થયેલ નથી. જેથી મંડળીના સભ્યો/હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. તેમ માનવાને કારણ રહે છે. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

